ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી

સરસ્વતીચંદ્ર

ક્લાસિક નવલકથા

સંયુક્ત આવૃત્તિ



VISIT…

LANZAROTE Caliente.com


ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી

સરસ્વતીચંદ્ર

ક્લાસિક નવલકથા

સંયુક્ત આવૃત્તિ








આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.


eBook

દેશ અને કાળ પ્રમાણે લખાયેલી કોઈપણ સામાજિક નવલકથા, એક વિશિષ્ટ પ્રેમકથા નિમિત્તે, સંસ્કૃતિકથા બની જાય એવું દુનિયાના સાહિત્યમાં બહુ જ ઓછી માત્રામાં બન્યું છે. સરસ્વતીચંદ્ર એ એવી જ કીર્તિમાન નવલકથા છે, જે દેશ અને કાળ સંદર્ભે ઉદ્ભવતા સામાજિક, આર્થિક, ધાર્મિક, આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને રાજનૈતિક પરિપ્રેક્ષ્યમાં પ્રગટ થઈ આજે પણ જીવનસત્યને ઉજાગર કરી રહી છે.


તમારાં સંતાનોને પેઢી દર પેઢી, સંયુક્ત પરિવારની હૂંફ, પ્રિયજનો અને પરિવારજનો માટે 'ગમતાંનો ગુલાલ' કરવાની કેળવણી, તેમજ ત્યાગભાવના સાથે વિનય-વિવેકના જીવનબોધનો અમૂલ્ય સંસ્કાર-વારસો ભેટમાં આપી શકે તેવું એકમાત્ર પુસ્તક — જે તમારા હાથમાં છે, એ છે: સરસ્વતીચંદ્રનો આ સંયુક્ત ગ્રંથ!

 ...એમને થયું કે હવે મારે જગતને જેટલું આપવું છે તે આ પુસ્તક દ્વારા જ આપી દઉં તો કેવું સારું!


—ગાંધીજી

 'સરસ્વતીચંદ્ર' અર્વાચીન ગુજરાતનો ગૌરવગ્રંથ છે.


— ડૉ. ઉમાશંકર જોશી

 'સરસ્વતીચંદ્ર' પોતાની વિલક્ષણ તેટલી જ અસાધારણ ગુણવત્તાએ કરીને 'વિલ્હેલ્મ મિસ્ટર' (૧૮૩૯), 'વૉર ઍન્ડ પીસ' (૧૮૮૬-૮૯) તથા 'ઝાં ક્રિસ્ટાફે' (૧૯૧૦-૧૨)ની સમાનકક્ષ લેખે જગતસાહિત્યમાં શોભાયમાન છે.

— વિજયરાય ક. વૈદ્ય

 'સરસ્વતીચંદ્ર'ના પાત્રોનાં મંથન ચરિત્રપરિપાક અને ફલિત થતાં જીવન જનતાને ઉન્નત ભાવનામય જીવનસંદેશ પૂરા પાડે છે.

— બ. ક. ઠાકોર

 ભારતના મહોત્સવમાં ગુજરાત બે ચીજ અર્પી શકે તેમ છે: એક મહાત્મા ગાંધી અને બીજી ચીજ ગ્રન્થમણિ 'સરસ્વતીચંદ્ર'.

— મનુભાઈ પંચોળી 'દર્શક'

સરસ્વતીચંદ્ર

ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી

પુસ્તક વિશે

દેશ અને કાળ પ્રમાણે લખાયેલી કોઈપણ સામાજિક નવલકથા, એક વિશિષ્ટ પ્રેમકથા નિમિત્તે, સંસ્કૃતિકથા બની જાય એવું દુનિયાના સાહિત્યમાં બહુ જ ઓછી માત્રામાં બન્યું છે. સરસ્વતીચંદ્ર એ એવી જ કીર્તિમાન નવલકથા છે, જે દેશ અને કાળ સંદર્ભે ઉદ્‌ભવતા સામાજિક, આર્થિક, ધાર્મિક, આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને રાજનૈતિક પરિપ્રેક્ષ્યમાં પ્રગટ થઈ આજે પણ જીવનસત્યને ઉજાગર કરી રહી છે.

તમારાં સંતાનોને પેઢી દર પેઢી, સંયુક્ત પરિવારની હૂંફ, પ્રિયજનો અને પરિવારજનો માટે ‘ગમતાંનો ગુલાલ’ કરવાની કેળવણી, તેમજ ત્યાગભાવના સાથે વિનય-વિવેકના જીવનબોધનો અમૂલ્ય સંસ્કાર-વારસો ભેટમાં આપી શકે તેવું એકમાત્ર પુસ્તક — જે તમારા હાથમાં છે, એ છે: સરસ્વતીચંદ્રનો આ સંયુક્ત ગ્રંથ!

લેખક વિશે

'...ગોવર્ધનરામભાઈનો - અને સરસ્વતીચંદ્રમાંનો પ્રતિભાપ્રવાહ આપણી પરિસીમાળી બુદ્ધિએ અમાપ છે એટલું જ નહિ, એમનો જ્ઞાનભંડારે કુબેર ભંડારીના જેવો અગાધ છે. ત્હેમની કવિતજ્યોત તેજસ્વિની છે એટલું જ નહિ, એમનો અનુભવસંચય રત્નાકરવિશાળ છે. ત્હેમનું ધર્મચિન્તન ઊંડું ગહન આમાસમું અગોચર છે એટલું જ નહિ, એમનું સંસારચિન્તનને માનવઉદાર છે. ત્હેમની રાજનીતિ રાજાપ્રજાની હિતકારિણી છે એટલું જ નહિ, એમની લોકસંસ્થાઓની ફિલસૂફી ને રહસ્યવાદ લોકકલ્યાણક છે. National નહિ Society ; રાજ્યબંધારણના નહિ, સંસારબંધારણના ગોવર્ધનભાઈ મ્હોટેરા મંત્રવિચારક ને મન્ત્રોચ્ચારક છે. કોમ્ટના જેવી સંસારમીમાંસા, વર્ટરની રસકથા સમી ન્હાનકડી પણ પ્રબળ વેગવન્તી કુમુદચન્દ્રની સ્નેહકથા, ન્યૂમેનના જેવી પ્રાચીન પૂજા, ડાન્ટે કે સ્વીડનબોર્ગની કલ્પના ભૂમિમાંનાં વિશુદ્ધચરિત દેવદેવીઓ જેવાં સુન્દરગિરિવાસી સાધુસાધ્વીઓ, દુખી કુમુદમાં સીતાજીની આછીપાતળી છાયા. બાણભટ્ટના જેવી, શબ્દગાજન્તી સમર્થ વર્ણનમાળા અને એ સમર્થ સામર્થ્યમાં એ નિગૂઢ સંતાતી, તોફાનની મેઘમાળા માંહેલી ચન્દ્રલેખા સમી, મૃદુ મૃણાલિકાના જેવી; ચિરંજીવ લેખિનીમાં ભવભૂતિની ભાવમયતા ને સુકુમારતા અને એ સકલ વૈભવોપનો ઉપર ઝરમરતી વીજળીઓના ચમકારવન્તી કવિતાની રસવૃષ્ટિ; આવા આવા વિભૂતિયોગવન્તો સરસ્વતીચન્દ્રનો રસગ્રન્થ છે. મહાભારત કે રામાયણ સમો, સરસ્વતીચન્દ્ર એટલે મહાકાવ્યનો ગદ્યાવતાર.

* * *

ગોઈથેનું વિલ્હેમ મિસ્ટર, અરબની રાત્રીઓ, હ્યુગોનું લેમિઝરેબલ ને ગોવર્ધનભાઈનો સરસ્વતીચન્દ્ર: ચાર દિશાઓની દેવીઓ જેવી દિશાઓને સિંહાસને એ ચાર કાદંબરીઓ વિરાજે છે. એ સહુ ઉપર આકાશકેન્દ્રે, દેવલોકના ઝુમ્મર જેવી અનેક જ્યોત, પાંચમી બાણભટ્ટની કાદમ્બરી લળેઢળે ને લૂમેઝૂમે છે. છઠ્ઠી એવી મહાકાદમ્બરી લખાશે ત્યારે પૃથ્વી ત્હેને તેટતેટલા ભાવે પૂજશે. દિશામંડળનો ખૂટતો ચોક આજે તો ગુજરાતે પૂર્યો છે.

ઇતિહાસ કહે છે કે સરસ્વતીચન્દ્ર છપાયો એ મહાતિથિએ આપણા અર્વાચીન ગુજરાતી સાહિત્યે જગતસાહિત્યમાં પગ મૂક્યો.'

— ન્હાનાલાલ દલપતરામ કવિ

‘સરસ્વતીચંદ્ર’ નવલકથા હવે સંયુક્ત ગ્રંથરૂપે!

ગુજરાતી સાહિત્યમાં મુખ્ય ત્રણ ધારાઓનો સંગમ જોવા મળે છે. **(૧) પ્રાચીન યુગ (૨) મધ્યકાલીન યુગ** અને **(૩) અર્વાચીન યુગ.** આમાં અર્વાચીન યુગનો પ્રથમ તબક્કો એટલે **પંડિત યુગ** — જેમાં નર્મદ, નવલરામ અને ગોવર્ધનરામ ત્રિપાઠી જેવા સારસ્વત સર્જકોનો સમાવેશ કરવામાં આવે છે.

ગોવર્ધનરામે ‘સરસ્વતીચંદ્ર’ ના ચાર ભાગ લખીને ગુજરાતી સાહિત્યના ગદ્યપ્રવાહને એક યાદગાર અને નોંધપાત્ર વળાંક આપ્યો છે. માત્ર ગુજરાતી કે ભારતીય ભાષાઓમાં જ નહીં, વિદેશી ભાષાઓમાં પણ જે સાહિત્યકૃતિઓ યાદગાર અને નોંધપાત્ર બની રહી છે તેવી કૃતિઓમાં ‘સરસ્વતીચંદ્ર’ એક અનોખું સ્થાન ધરાવે છે એ, માત્ર ગુજરાત માટે જ નહીં, ભારત માટે પણ એટલું જ ગૌરવપ્રદ છે.

આ નવલકથામાં લેખકે સંયુક્ત પારિવારિક કથાનું જે નિરૂપણ કર્યું છે એ તત્કાલીન સમય પૂરતું જ મર્યાદિત બની રહે તેવું અલ્પજીવી નહીં, પણ સમયના સર્વકાલીન પટ પર પોતાનું બૌદ્ધિક બળ પૂરું પાડતું રહે તેવું ચિરંજીવી બની ગયું છે. આજના સમયમાં વાચક, પોતાના વાચનરસને જીવંત રાખવા માટે પોતાની ભરચક પ્રવૃત્તિઓમાંથી પણ વાચન માટે નિશ્ચિત સમયનું અલગ મૅનેજમૅન્ટ કરે દે. તેના ટાઇમ મૅનેજમૅન્ટને ધ્યાનમાં રાખીને જ અમે આ નવલકથાના ચારેય ભાગોને સંયુક્ત કરી, પૂરી નવલકથાને એક સંપૂર્ણ ગ્રંથની ગરિમા આપવાનો પ્રયાસ કર્યો છે. વળી, સંયુક્ત કુટુંબકથાના આ મહાકાવ્યને મહાગ્રંથરૂપે રજૂ કરી, સમસ્ત વાચકો માટે વાચનસુવિધા ઊભી કરવાનો અમારો આ નમ્ર પ્રયાસ છે.

ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં નોંધપાત્ર સ્થાન ધરાવતી આ કૃતિના પ્રકાશનપર્વે અમે ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી અને પુસ્તકના મુખ્ય પ્રકાશક એન. એમ. ત્રિપાઠી ઍન્ડ કંપની પ્રા.લિ. ને કૃતજ્ઞતાપૂર્વક યાદ કરીએ છીએ.

વાચકો, ભાવકો, સર્જકો અને વિવેચકો અમારા આ પ્રયોગાત્મક સાહસને આવકારશે, પોંખશે એવી અમને પૂરી શ્રદ્ધા છે.

— પ્રકાશક

PREFACE

Novels have in these days become an universal luxury and in competing for public interest have succeded to an extent almost unrivalled. The very natural result has been that the bulk of fiction in the West has ceased to aspire beyond an artistic disply of such of the sentimental and emotional idiosyncrasies of mankin as happen to tickle the fancy of the ordinary reader. It is however certain - and the higher class of novelists never fail to recognise and claim – that the functions of the novel are more numerous, higher and more sacred than the mere pandering to the taste of the novel - reading public.

The writer of these pages admits that the origin of his undertaking was in the first instance neither so ordinary nor so ambitions. Like all who live and look around, he had his memoranda of what may be called the substrata of this our world of human affairs. When he first desired to give an objective existence to all that was so sketched out in his mind's book, he intended to give it the form of essays. Second thoughts discovered that the reading class in Gujarat were, for various reasons, difficult to reach through abstruse or discursive matter, and that illustrations of real or ideal life would be the best medium, best in the sense of being attractive and impressive, for communications like those which the writer has to make. Hence the present contribution.

The conviction has also grown upon him that reality in flesh and blood under the guise of fiction can supply the ordinary reader with subtler moulds and finer casts for the formation of his inner self than abstract discussions and that this is especially so with a people who must be made, and not simply left, to read.

It remains to note that by inducing reality under fiction it is not meant to convey any personal allusion whatever in any part or even a line of the book. The actualities of life of locality are referred to only and strictly so far as they belong to any of the varied conditions of life amongst our people.

And even these are on occasions ideal. The ideal and the actual are in some places inseparable.

Bombay ,

April, 1887

G.M.T.

પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવના

આજકાલ પૃથ્વી ઉપર એવો સમય આવ્યો છે કે કીર્તિ અમર કરવાનાં સાધન દિવસે દિવસે શક્તિહીન થતાં જાય છે. માનવીની રુચિ કાલ ન હતી એવી આજ થાય છે, અને આજ નથી તેવી કાલ થશે. ભવિષ્યમાં એ રુચિને કયો પદાર્થ પ્રિય લાગશે એ વર્તમાનમાં કલ્પવું પણ કઠિન છે. પ્રતિદિવસે વધતી શોધોના આ સમયમાં શાસ્ત્રીય ગ્રંથો પણ આજના કાલ નિરુપયોગી થાય છે, તેમ અપૂર્વ ત્વરાથી નિત્ય નવી થતી રુચિના આ સમયમાં સ્વભાવે ક્ષણજીવી નવલકથાઓ દીર્ઘાયુ થાય અને લખનારને ભવિષ્યકાલ સાથે કીર્તિની સાંકળથી સાંધે એ ધારણાથી અનુભવનો બોધ વિરુદ્ધ છે. નાટકોને દૃષ્ટિમર્યાદામાંથી ખસેડી પાડી તેને સ્થળે માનવીના હાથમાં નવલકથાઓ ઊભરાવા લાગી છે, એ જ આનું દૃષ્ટાંત છે. ગ્રંથકારના હૃદયમાં કીર્તિનો લોભ આમ નિષ્ફળ અને નિર્જીવ લાગે એ પણ વર્તમાનકાળની એક ઉત્સાહક દશા છે. માનનું મૂલ્ય તેના ઉપયોગીપણા ઉપર આધાર રાખે તો તે ઇષ્ટાપત્તિ છે, અને કીર્તિએ છોડી દીધેલા આસન ઉપર તે ઇષ્ટાપત્તિની સ્થાપના થાય તો સાહિત્યનો ફલવિસ્તાર સ્થિર મહત્તા ભોગવે એ ઘણે અંશે સંભવિત છે. પરંતુ પાશ્ચાત્ય દેશની અવસ્થા અને આપણા દેશ પર પડતી તેની છાયા પ્રધાનભાગે એવી છે કે સંગીન ઉપયોગ ભૂલી બાહ્ય સુંદરતાની પ્રત્યક્ષ માયાથી માનવી મોહ પામે છે, અને આથી પ્રધાન વસ્તુને ઠેકાણે ગૌણ વસ્તુનું આવાહન થાય છે. ખરી વાત છે કે, રસના પ્રત્યક્ષ માયાથી અંતર તત્ત્વ સ્વાદિષ્ટ બની માનવીના અંતરમાં વધારે પચે છે; માયાની સુંદરતા ચિત્તની રસજ્ઞતાને અતિસૂક્ષ્મ, ઉચ્ચાભિલાષી અને વેગવાળી કરી મૂકે છે; અને તેથી નવો અવતાર ધરતા મનુષ્યના જીવનનો અને અન્ય પ્રાણીઓનો ભેદ વધારે વધારે સ્પષ્ટ થતો જાય છે. પરંતુ માયાનો લય તત્ત્વમાં થઈ જાય છે — માયા એ માત્ર તત્ત્વની સાધક છે - માયાનો લક્ષ્ય અંત તે જ તત્ત્વનો આરંભ હોવો જોઈએ — માયાનું અંતર્ધાન થતાં તત્ત્વનો આવિર્ભાવ થવો જોઈએ — માયાઅંડ ફૂટતાં તત્ત્વ-જીવ સ્ફુરવો જોઈએ: એ વાત ભૂલવી જોઈતી નથી. સુંદર થવું એ સ્ત્રીનું તેમ જ નવલકથાનું લક્ષ્ય છે, પરંતુ એ લક્ષ્યની સંપત્તિ તે માત્ર કોઈ બીજા ગુરુતર લક્ષ્ય પામવાનું પગથિયું છે — એ પગથિયે ચડીને પછી ત્યાં અટકવાથી તે ચડવું નકામું થાય છે — હાનિકારક પણ થાય છે.

ત્યારે નવલકથાનું હાર્દ શું જોઈએ? નવલકથા કોના હાથમાં જશે તેનો ઉપયોગ કોણ કેવી દૃષ્ટિથી કરશે — તે જાણ્યાથી તેનું હાર્દ કેવું રાખીએ તો સફળબોધક થાય તે સમજાશે.

૧. સત્યશોધક વર્ગ માનસશાસ્ત્રના અભ્યાસને અર્થે જ નવલકથાઓ વાંચે છે.

૨. સારશોધક વર્ગ નવલકથામાંથી સુંદરતાઆદિ પોતાને રુચતાં તત્ત્વ શોધે છે અને શેષભાગ પડતો મૂકે છે.

આ ઉભય વર્ગની સાથે વ્યવહાર રાખવામાં ગ્રંથકારોને નવલકથા એ જ એક સાધન છે એમ નથી. અનેક આકારમાં તેમની સાથે સંબંધ કરાય છે; પરંતુ નવલકથાના લહાણામાં એ વર્ગ પણ ભાગ માગશે તે ભૂલવા જેવું નથી, કારણ વાંચનાર વર્ગમાં એ મુકુટમણિને સ્થાને છે. તેમની સંખ્યા ઘણી ઓછી હોય છે, પરંતુ તેમની પૂજનીયતા — તેમનું બ્રહ્મવર્ચસ્ — સર્વમાન્ય છે.

૩. ત્રીજા વર્ગની સંખ્યા અગણ્ય છે. નવલકથા વાંચવાની વૃત્તિમાં નીચલાં કારણોમાંથી એક અથવા અનેક તેમને પ્રેરનાર હોય છે.

(ક) વાર્તાની રચનાનો જિજ્ઞાસારસ. આ રસ સર્વ બાળકોમાં હોય છે. સ્ત્રીઓનું તે લક્ષ્ય ગણાય છે, અને ચડતી અવસ્થામાં ઘણાંકમાંથી તે જતો નથી.

(ખ) મદન અને સ્ત્રીની વાર્તાઓને વશ થયેલાં ચિત્ત. આવાં ચિત્ત નવલકથાઓ જોઈ વિહ્વલ બની જાય છે, અને એવી કથાઓના અતિસંભોગથી અંતે નિર્વીર્ય થાય છે.

(ગ) કથાઓ વાંચવાનું વ્યસન — અફીણ, દારૂ વગેરેના વ્યસન જેવું જ; તે છોડ્યું છૂટતું નથી.

(ઘ) શાસ્ત્રીય અને કઠિન ગ્રંથો વાંચતાં પડતો શ્રમ. ઘણાંક ભણેલાંઓ આળસુ હોય છે અને શ્રમ લેવાની તેમની અનિચ્છાને, વિદ્યાર્થી અવસ્થા છૂટતાં, વારનાર કોઈ હોતું નથી.

(ડ) શાસ્ત્રીય વિષયનું અસંસ્કારી રસેન્દ્રિય.

(ચ) નિરક્ષરતા અને નવરાશ.

ભણેલા તેમજ અભણ વર્ગનો મોટો ભાગ આ છેલ્લા વર્ગમાં આવી જોય છે અને તેથી જ નવલકથાઓ આજકાલ દિગ્વિજય પામી દેખાય છે. આ સર્વ વિચારી ભિન્ન ભિન્ન સર્વ આવા વાંચનારને જમે ઉધાર કરતાં સરવાળે હાનિ ન થાય અને લાભ થાય એવી રચના કરવી એ એકેએક કથાકારનો ઉદ્દેશ હોવો જોઈએ. ને વાંચનારની રુચિ શોધી તેને અનુકૂળ પોતે થવું તેના કરતાં સદ્રુચીને જ અનુકૂળ થવાનું રાખી, બીજી રીતે પોતાની અભીષ્ટ સદ્રુચિ વાંચનારમાં ઉત્પન્ન કરવામાં વીર્યવાન ગ્રંથકારનું પુરુષત્વ સફળ થાય છે.

જિજ્ઞાસારસને દ્રવતો કરી મિષ્ટ વાર્તા ભેગો ઉપદેશ પાઈ દેવો; પરવશ થતાં જ સુમાર્ગે ચાલે એવા પુરુષત્વહીન ચિત્તોને સન્મૂર્તિઓની ઉચ્ચ સુન્દરતાના મોહપાશમાં નાંખી સદ્વૃત્તના ઘેનમાં ગતિમાન થવાનો અવકાશ

આપવો; કથાના વ્યસનીને સુકથાની મદિરા પાઈ સત્કર્મના વ્યસનમાં પઢવાનો માર્ગ દેખાડવો; આળસ વિદ્વાનોમાં સત્પ્રતિભા જગાડવી; સૂચિત્રોના મિષ્ટ પરિપાકમાં શાસ્ત્રના સંસ્કારોનો મધુર મધુર સંભાર ભરવો; અવકાશવાળાના અવકાશરૂપ ભૂંગળામાં સન્મોહની ફૂંક મારવી; અને નિરક્ષરજનને તેના ગજા પ્રમાણે અક્ષરલભ્ય જીવનના રસિક કરવા: આ અને એવા ઘણાક કાવ્યકથાના ઉદ્દેશ આર્ય કથાકરોથી અજાણ્યા નથી અને યુરોપમાં પણ પ્રશસ્ત વર્ગમાં પ્રશસ્ત ગણાય છે. આપણા શાસ્ત્રકારો તો કહે છે જ કે આવી કથાઓ મિત્રની પેઠે - સ્ત્રીની પેઠે — ઉપદેશ કરે છે.

સાધારણ વર્ગની આ સેવા દુસ્તર નથી એટલી સત્ય અને સારના શોધકોની સેવા ગહન છે; કારણ મનહર થવા કરતાં મનભર થવું એ વધારે સાધન અને શક્તિની અપેક્ષા રાખે છે. પંડિતવર્ગ દેખીતી કલ્પનામાંથી સત્ય ચાળી કાઢે છે અને તેમના હાથ તેમને યોગ્ય સદ્વસ્તુથી ભરવા એ જ્ઞાન શ્રીમંતની જ શક્તિથી બને એવું છે. જડ વ્યવહારમાં જ પલોટાયેલાં દેખાતાં કેટલાંક ચિત્ત અન્ય ચેતનને અગોચર રહેતાં સ્થાનોમાં પળવાર સંચાર પામી ઊંડી કવિતા અનુભવે છે; તેવાં ચિત્ત દેખીતા વ્યવહારગદ્યની વચ્ચોવચ હૃદયનાં ગાન સાંભળવા ઉત્સુક થાય છે. તેમને તૃપ્ત કરવાં એ પણ કોઈ શુદ્ધ કવિના પ્રાસાદિક મહિમાથી જ સાધ્ય છે. સંસારપંડિત મનુષ્યો નવલ કલ્પનાના મંડપ વચ્ચે કયો ઇતિહાસ, વરરાજા પેઠે, ઊભો છે તે સૂક્ષ્મ દૃષ્ટિથી જુએ છે, અને કઈ નીતિ, કન્યા પેઠે, વરાવાની છે તે શોધ છે: ટૂંકમાં, માનવીના બ્રહ્માંડ જેવા ચિત્તની હજારો હજારો વિગતો પંડિતવર્ગ નવલકથાઓમાં શોધે છે તે વીગતનું આ માત્ર દિગ્દર્શન જ છે. એ વર્ગને ક્વચિત્ પણ તૃપ્તિ અપાય તો તે મહાસંતોષની વાત છે.

નવલકથાનું શુદ્ધ હાર્દ આવું છે. કથાનું સ્વરૂપ માયિક હોવું જોઈએ તે ખરું, પરંતુ ગૌણ પક્ષે જ. હૃદય વિના સ્વરૂપ નિર્જીવ છે — તેના ઉપભોગથી હાનિ જ છે.

આ નવલકથામાં હાર્દ અને સ્વરૂપ કેટલાં સચવાય છે તેની તુલના પરીક્ષકને જ હાથ થવી યોગ્ય છે. તથાપિ ગ્રંથકર્તાના કેટલાક વિશેષ ઉદ્દેશ સૂચકરૂપે અત્રે પ્રગટ કરવા તે પણ કથાની સપૂર્તિ કરવા જેવું છે.

આ ગ્રંથમાં એકથી વધારે કથાઓની ફૂલગૂંથણી છે. ગ્રંથના નાયકનો સ્ફુટ આવિર્ભાવ થતાં પહેલાં ઉપનાયક પ્રથમ ધ્યાન રોકે છે. આથી વાર્તાની સંકલનાનું ઐક્ય રાખવું એવો યુરોપ દેશમાં ચાલતો નિયમ તૂટે છે, પરંતુ એક વાર્તાની વચ્ચે અનેક વાર્તા દર્શાવતા ઈશ્વરે રચેલા ઇતિહાસોનો નિયમ જળવાય છે. કૃત્રિમ નિયમો સાચવવા એ આ ગ્રંથનો પ્રધાન ઉદ્દેશ નથી. ઈશ્વરલીલાનું સદર્થે ચિત્ર આપવું એ જ પ્રયાસ છે.

માનવીના મલિન વિકારોથી આખું ધ્યાન રોકવું એ કેટલાક ગ્રંથનું કર્મ હોય છે. ઈશ્વરસૃષ્ટિમાં એ વિકારો પણ આવી જાય છે એ વાત ખરી છે; તદપિ તે વિકારોમાં આપણા જીવનની સમાપ્તિ થતી નથી, તે વિકારોનાં ચિત્ર જાણવાનાં સાધન વિદ્વાન વર્ગને અન્યત્ર એટલે શાસ્ત્રીય ગ્રંથોમાં મળી આવે એમ છે, અને એમ છે એટલે મલિન ચિત્ર કાઢવાનું કંટાળા ભરેલું કામ આ કથામાં બનતા સુધી ઘતે અંશે દૂર રાખ્યું છે.

પૃથ્વી ઉપરનાં માનવીને ઊંચે ચડાવવું હોય તો નિસરણીનું છેક ઉપલું પગથિયું બતાવવું એ તેની હિંમત હરાવવા જેવું છે. પૃથ્વી જ બતાવવી એમાં ઉત્કર્ષ બતાવાતો નથી. આ કારણને લીધે ગ્રંથનાં પાત્ર ઉત્કૃષ્ટતમ કર્યાં નથી કે વાંચનાર તેમને કેવળ કાલ્પનિક ગણે અને અનુકરણનો વિચાર જ ન આવે. તેમ જ લોકવર્ગનાં કેવળ સાધારણ મનુષ્યો જ ચીતર્યા નથી કે ઉત્કર્ષને ઉત્સાહક પગથિયું જ જોવામાં ન આવે. આપણા સાધારણ વિકારો ક્ષમા કરવા યોગ્ય નિર્બળતા — તેથી ડગમગતાં, પરંતુ સ્થિર થવા, ઉત્કર્ષ પામવા, યત્ન કરતાં માનવીઓનાં ચિત્ર આપ્યાં છે. નિર્બળ માનવીમાં નિર્બળ માનવી પર સમભાવ ઉત્પન્ન થાય, અને તેમ કરતાં, સંસાર સાગરમાં બાથોડિયાં મારવાના ઉપાય સૂઝે: એ માર્ગનું દિગ્દર્શન અત્રે ઇરછ્યું છે. તેમ કરવામાં મલિન માણસોનાં ચિત્ર શુદ્ધ ચિત્રોમાં કાળા લસરકા પેઠે ક્વચિત્ આણવાં પડ્યાં છે. કારણ અશુદ્ધિના અવલોકનથી શુદ્ધિના ગૌરવનું માપ સ્પષ્ટ થાય છે.

વિદ્યા, દ્રવ્ય, અધિકાર, સ્વતંત્રતા અને વિશુદ્ધિ: એ સર્વના પ્રકાશમાં, છાયામાં, અંધકારમાં, તથા અધવચ રહેતાં મનુષ્યોની સ્થિતિઓ અને સંક્રાન્તિઓ દર્શાવવા યત્ન કર્યો છે કે સર્વ વાંચનારને કોઈ કોઈ પાત્ર ઉપર સમભાવ થાય અને અનુકરણ સારુ ઉપમાન મળે.

માનવી માત્ર સારાસારની મેળવણી જેવું છે. આ જગતમાં સર્વ રીતે સારું જ અથવા સર્વ રીતે નરસું જ એવું કાંઈ નથી. એ મળવણી અત્રે દર્શાવવામાં આવી છે અને તેમ કરવામાં અનુભાવક ઉપદેશ કરવો ઇચ્છ્યો છે.

વાર્તાનો સમય છેક સમીપનો અને પ્રદેશ આપણી ગુર્જર વસ્તીનો રાખેલો છે. એટલે હજી સુધી આપણા કાનમાં વાગતા ભૂતદશાના ભણકારા, વર્તમાન દશાનો પ્રત્યક્ષ પડદો, અને ભવિષ્યકાળમાં વિદ્યાર્થી થનાર અવસ્થાની, આજથી આપણી કલ્પના પર પડતી પ્રતિચ્છાયા એ સર્વનું મિશ્રણ કરવાથી શાસ્ત્રીય દેશોદ્ધારકોને કાંઈ સૂચના મળશે એવી કલ્પના છે.

આ વિનાના બીજા ઉદ્દેશ પરીક્ષકને જાતે પ્રકટ થશે તો જ તે સફળ છે એમ માની અત્રે કથવામાં નથી આવતા.

વસંતમાસ,


વિક્રમાર્ક ૧૯૪૩
મુંબઈનગરી.

ગો.મા.ત્રિ.

અનુક્રમણિકા

ભાગ-૧: બુદ્ધિધનનો કારભાર

ભાગ-૨: ગુણસુંદરીનું કુટુંબજાળ


MAGAZINE AND BOOK PDF
Join Our Telegram Channel
ForBooks And Magazines
@magazineandbookpdf
टेलेग्राम डाउनलोड करने के बाद सर्च बार में
हमारी चैनल का नाम सर्च करे और जॉइन हो जाइए

સરસ્વતીચંદ્ર

ભાગ ૧



૧. સુવર્ણપુરનો અતિથિ

‘ઘર તજી ભમું હું દૂર સ્વજનહીન ઉર ભરાઈ આવે,
નહીં ચરણ ઊપડે હુંથી શોકને માર્યે.

* * *

સુખ વસો ત્યાં જ જ્યાં ભૂલે રંક નિજ દુ:ખો,
જ્યાં પામે આદરમાત્ર પ્રવાસી ભૂખ્યો.’

- ઑલિવર ગોલ્ડસ્મિથ

સુવર્ણપુર પશ્ચિમસાગરની સાથે ભદ્રાનદી સંગમ પામે છે ત્યાં આગળ આવેલું છે. સાગરે નદીરૂપ હાથ વડે કેડ ઉપર બાળક તેડ્યું હોય તેમ એક ટેકરીના ઢોળાવ ઉપર પથરાયેલો એનો વિસ્તાર લાગે છે. એ નગરના બંદરમાં માઘ માસમાં એક દિવસ એક વહાણ આવી નાંગર્યું, અને જુદા જુદા નાનામોટા મછવાઓ તે ઉપરનો માલ ઉતારવા ગયા તેમાં માલની ગાંસડીઓ ઊતરતી હતી તેમ કોઈ કોઈ ઉતારુઓ પણ ઊતરતાં હતાં. એક મછવામાં કેટલાક વ્યાપારીઓ ઊતર્યા તેની સાથે એક તરુણ પુરુષ પણ આવી ઊતર્યો અને મછવાની એક બાજુએ લપાઈ રહેતો હોય તેમ બેઠો. તેની દૃષ્ટિ સમુદ્ર અને સુવર્ણપુર વચ્ચે હીંચકા ખાધાં કરતી હતી — જાણે કે સમુદ્રના તરંગથી મછવો આમતેમ ખેંચાતો હતો તેનો પ્રત્યાઘાત થતો હોય અથવા તો એક બાળકની પેઠે તેની આંખને મછવાના ચાળા પાડવાનું મન થતું હોય. તે પુરુષનું વય ત્રેવીસ-ચોવીસ વર્ષનું દેખાતું હતું. તેનાં વસ્ત્ર પર ઉજાસ ન હતો અને મોં કરમાયેલું હતું. તે નિઃશ્વાસ નાખતો ન હતો પણ તેના અંતઃકરણમાં ઘણા નિઃશ્વાસ ભરાઈ રહેલા હોય એવું એની મુખમુદ્રા સૂચવતી હતી. પરંતુ તેની કાન્તિમાં કાંઈક લાવણ્ય હતું અને તેના મુખ ઉપર કોમળતા હતી. આ સર્વથી આસપાસના આનંદમાં ગરકાવ થઈ ગયેલા પણ ગ્રામ્ય અને કઠોર કાન્તિવાળા વ્યાપારીઓમાં આ તરુણ સર્વ રીતે ભાત પાડતો હતો.

હોડી કિનારે આવી અને સૌ લોકો ઝપોઝપ ગાંસડાંપોટલાં લઈ ઊતર્યા. તેમની સાથે એ પણ ઉદાસ અને મન્દવૃત્તિથી ઊતર્યો. થોડી વાર તે કિનારા ઉપર દાઢીએ હાથ દઈ ઊભો રહ્યો અને આખરે એક દિશામાં ચાલ્યો. લોકો નગર ભણી વળતા હતા, પણ એ એક બીજી દિશાએ ચાલ્યો અને થોડીક વારમાં એક ઝાડપાનવાળા મેદાન વચ્ચે એક મોટા બાંધેલા રસ્તા ઉપર સૌ લોકથી જુદો તથા એકલો પડી, એક મોટા પુલ પર એક એકલ એંજિન સંભાળથી ધીમે શ્વાસે ચાલતું હોય તેમ જવા લાગ્યો. સામાનમાં તેની સાથે એક નાનીસરખી પોટલી હતી. આકાશ, પૃથ્વી, આગળ તથા પાછળ, વારાફરતી જોતો જોતો તે સ્થિર પગલે ચાલતો હતો. પ્રાતઃકાળનો

બાળક સૂર્ય તેનાં આછાં કપડાંવાળા શરીરને ઠીક લાગતો હતો, તથાપિ કોઈ કોઈ વખત પવનને લીધે તેને હાથનો સ્વસ્તિક * રચવો પડતો હતો. તોપણ ચાલવાના પરિશ્રમને લીધે તેમ જ તડકાને લીધે તેના વિશાળ કપાળ ઉપર પરસેવાનાં ટીપાંનું જાળ બાઝયું હતું. તાપથી તેનું કમળપત્ર જેવું મુખ તથા ગાલ રાતાચોળ થઈ ગયા હતા. આખરે એક મહાદેવનું દેવાલય આવ્યું તેના દ્વારમાં ચારે પાસ જોતો જોતો તે પેઠો.

આ દેવાલય રાજેશ્વર મહાદેવનું હતું. તે સુવર્ણપુરના અમાત્ય (કાઉન્સિલર) બુદ્ધિધનના પૂર્વજોનું બંધાવેલું હતું. દેવાલયની આસપાસ ફરતો ફરસબંધી ચોક હતો અને તેની આસપાસ છાપરીવાળી ઓસરી હતી. ઓસરીની આસપાસ કાચા પથ્થરની પણ ઘણી જૂની છપાયેલી ભીંત હતી. આ ઓસરીમાંથી પછીતમાં એક બારી પડતી હતી, અને તે બારી પાછળ એક વાડો હતો જેમાં મહાદેવને ઉપયોગમાં આવે એવા ફળફૂલના છોડ તથા એક બીલીનું વૃક્ષ હતું. વાડાની આસપાસ કાંકળો તથા થોરની વાડ કરી લીધેલી હતી અને તેમાં એકબે છીંડાં રાખેલાં હતાં. ઓસરીની બહાર બે બાજુએ મોટા ઓટલા બાંધી લીધેલા હતા, અને જમણી બાજુએ એક નાનું સરખું આરાવાળું તળાવ હતું જેનું નામ રાજસરોવર રાખેલું હતું. દેવાલયની સામી બાજુએ એક કૂવો પણ હતો. ઉત્સવને દિવસે ભીડવેળા ઉપર ઊભા રહી મહાદેવનું દર્શન થાય એટલું ઊંચું તેનું થાળું હતું. શિવાલયનું દ્વાર પણ પ્રમાણમાં જમીનથી ઊંચું હતું. પણ ઊમરા ઉપરથી તેનું ઊંચાણ જાણી જોઈને ઓછું રાખવામાં આવેલું હતું તે એવા વિચારથી કે જાણ્યે-અજાણ્યે પણ મંદિરમાં જનારને નીચા નમી દેવને નમસ્કાર કરવા જ પડે. ઓસરી બધેથી લીંપેલી હતી પણ વટેમાર્ગુઓને ધર્મશાળાના ઉપયોગમાં આવતી તેથી ઘણે ઠેકાણેથી લીંપણ ઊખડી ગયેલું. તેના ઉપર થીગડાં દીધાં હતાં. ઓસરીની ભીંતો ઉપર વટેમાર્ગુએ પોતાનાં નામ અમર રાખવા અગર પ્રસિદ્ધ કરવાના હેતુથી, અથવા માત્ર અટકચાળાપણાથી, ખડી, ઈંટાળા, કોયલા વગેરેથી લખેલાં હતાં અને કોઈ કોઈ ઠેકાણે તો ખીલા વગેરેથી કોતરેલાં હતાં. આ આલેખોમાં ગામડિયા કવિતા, શુદ્ધઅશુદ્ધ શ્લોક, કહેવતો, અશ્લીલ ગાળો, ધર્મશાળાના ધણીને આશીર્વાદો, સૂચનાઓ, ધમકીઓ, કંઈ કંઈ બનાવોની તિથિ, દેવ વગેરેનાં સારાંનરસાં ચિત્રો, ઇત્યાદિ ડગલે ડગલે જોવામાં આવતાં. ચોકની વચ્ચે શિવાલય, સાધારણ ઘાટનું અને દશબાર પગથિયાં, ઓટલા, પોઠિયો વગેરે સામગ્રીસમેત હતું.

દ્વારમાં પેસતાંમાં જ નવો આવેલો તરુણ ચારે પાસ તેમ જ દેવાલયના ગર્ભદ્વારમાં દૃષ્ટિ ફેરવી, પગથિયાં પર ચડી, બહારના ઘુમ્મટમાં લટકાવેલો ઘંટ વગાડી, દેવને નમસ્કાર કર્યા જેવું કરી, ગર્ભદ્વારમાં ઊમરા ઉપર બેઠો અને પોટલી મોં આગળ મૂકી; પણ અંદર પૂજારીને મહિમ્નનો પાઠ ભણી

રુદ્રી કરતો હતો તેણે તેના સામું જોઈ સાન કરી તે તરત ઊમરા બહાર હેઠળ બેઠો.

પૂજારી ત્રીસપાંત્રીસની વયનો એક તપોધન હતો. તેની હજામત વધી ગયેલી હતી અને બેભાન તથા જડ માણસ જેવો દેખાતો હતો પણ અમાત્યના ઘરનો સહવાસી હોવાથી તથા તેના ચાકરોના અનુકરણની લઢણ પડવાથી તે જરીજરી સભ્યતા શીખ્યો હતો; ગ્રામ્ય ભાષા તેને સહજ હતી તોપણ તેમાં વાક્ચાતુર્યનાં ચોરેલાં થીગડાં મારતો. લાંબું લાંબું બોલવાની ટેવ રાખતો, સવાસલાં તથા ખુશામત કરવા જતો, નાના વિષયોમાં મોટાનું ધ્યાન ચુકાવી કપટ કરી ફાવી જતો, મોટા વિષયોમાં કપટ કરવા જતાં પકડાઈ જતો, નાનાં તથા અજાણ્યાં માણસોને મોટાંને નામે ધમકાવી શિરજોરી કરી અભિમાન પામતો, અમાત્યનાં માણસો સાથે ઘડીમાં લડતો અને ઘડીમાં નીચ મસલતોમાં ભળતો, અને અમાત્યનાં કુટુંબવર્ગમાં ગરીબ પૂજારીનો દાવો કરી લાચારી બતાવી ધાર્યું કરવા પામતો હતો. આવું છતાં તેને ભોળો અને બેવકૂફ ગણી અમાત્ય તેનો નિભાવ કરતો.

નવા તરુણને જોઈ પૂજારી મૂર્ખદત્તે રુદ્રીનો ઢોંગ વધાર્યો, જળાધારીમાં અભિષેકથી રેલ આણી, બાણ ઉપર ફૂલબીલીનો ઢગ રચ્યો અને સ્તવન કરતાં અશુદ્ધ ગર્જના કરવા લાગ્યો. આ મંદિર નગરથી દૂર હોવાને લીધે તેમાં કોઈ આવતું નહીં; પણ શિવરાત્રિ પાસે આવવાથી રાજમંડળ, અમાત્યકુટુંબ તથા નગરલોક આવવાના — એ વિચારનો નવો કેફ મૂર્ખદત્તને ચડ્યો હતો તેમાં 'શ્રી ગણેશાય નમ:'માં તરુણને જોઈ ભાંગ પીધેલાને દીવો જોતાં અસર થાય તેમ મૂર્ખદત્તને પણ થયું.

થોડીવાર તો તરુણ પુરુષ એ સર્વ એકીટશે જોઈ રહ્યો પણ પૂજારીની પૂજાના માહાત્મ્યને વિકાસ પામતું જોઈ તેને કાંઈક હસવું આવ્યું, અને મૂર્ખદત્તે એમ ધાર્યું કે મારી મહાપૂજાના આડંબરની યોગ્ય અસર થઈ. આમ ધારી તે મનમાં પ્રસન્ન થઈ પૂજા થઈ રહેવા આવી એટલે મોટા ડોળ તથા આડંબરથી ખોંખારી વચ્ચે વચ્ચે પ્રશ્નપરંપરા કરવા લાગ્યો:

'તમે બહુ શ્રદ્ધાળુ દેખાઓ છો! તમારું નામ શું? તમે કેણી પાસેથી આવ્યા? કાંઈ ધંધાનોકરીનો વિચાર છે? અત્યારે ક્યાંથી? તમે આ ગામમાં નવા આવ્યા જણાઓ છો. હું આ મહાદેવનો વંશપરંપરાનો પૂજારી છું. મારું નામ મૂર્ખદત્ત.' અંતે ઊઠી મહાદેવનું નમણ તથા બીલીપત્ર તરુણ આગળ ધર્યાં.

મહાદેવના પ્રસાદથી આંખનાં પોપચાં પવિત્ર કરી તરુણ બોલ્યો: 'મારું નામ નવીનચંદ્ર છે. હું બ્રાહ્મણ છું. અત્યારે જ બંદર ઉપરથી ઊતરી ચાલ્યો આવું છું. આ ધર્મશાળામાં થોડા દિવસ ઉતારો રાખવો છે તેમાં તમારી મદદની જરૂર પડશે. મારી રસોઈ તમારા ભેગી કરી નાખશો તો મને બાધ

નથી.' 'બાધ નથી' સાંભળી તપોધન આશ્ચર્યમાં પડ્યો; એટલામાં નવીનચંદ્રે ઊમરામાં એક રૂપિયો નાખ્યો. પથ્થર ઉપર રૂપિયાના શબ્દે તપોધનનું મન વશ કર્યું અને આશ્ચર્યને અપૃચ્છામાં લીન કર્યું.

આનંદસ્વપ્નમાં મગ્ન થતો થતો પૂજારી લક્ષ્મીદેવીનો સત્કાર કરી ઊઠ્યો અને આગળ એ અને પાછળ નવીનચંદ્ર એમ બે જણ ચાલ્યા. જતાં જતાં મૂર્ખદત્તે વાગ્ધારા છોડી.

'ભાઈ નવીનચંદર! તમારું નામ અટપટું છે તેથી હું તમને ચંદરભાઈ કહી બોલાવીશ અને તમે પણ બધાંની પેઠે મને દત્ત કહી બોલાવજો. ચંદરભાઈ! ચાલો. આ ઓસરીમાં મારી ઓરડી છે ત્યાં રસોઈ થશે. તમારી પાસે જોખમ હોય તે મારા પટારામાં મૂકજો અને કુંચી ગમે તો તમારી પાસે રાખજો. આ પાછળ વાડો છે અને જોડે તળાવ છે. તળાવમાં નાહી વાડીમાં બેસી બે છાંટા નાખવા હોય તો નાખી દેજો. જમવાનો વખત થયે હું તમને બોલાવીશ; ધુમાડામાં બેસવાનું તમને નહીં ગમે અને ઓસરી કરતાં વાડામાં ગમશે. વળી કાલે શિવરાત્રિ છે એટલે મહાપૂજાની ગોઠવણ કરવા અમાત્યના ઘરનાં બધાં આવવાનાં છે તે વખત પણ તમે વાડામાં હો તો તેમની મરજાદ સચવાય. ચાલો. આ મારી ઓરડી.'

---

* સ્વસ્થિક-સાથિયો, હાથનો સ્વસ્તિક રચવો = અદબ વાળવી.

૨. બુદ્ધિધનનું કુટુંબ *

નવીનચંદ્ર વાડામાં ગયો. મૂર્ખદત્તની ઓરડીમાંથી ધુમાડાના ગોટેગોટ નીકળવા લાગ્યા અને માત્ર થોડી જ વાર થઈ એટલામાં ગાડીઓનો ગડગડાટ અને ઘોડાઓની ખરીના પડઘા સંભળાયા. કણકણવાળા બે હાથ અગાડી ધરી ઉતાવળો ઉતાવળો મૂર્ખદત્ત ઓરડીના બારણા આગળ આવ્યો અને ડોકું ઊંચું કરી કાંડા વતે ચોટલી ઠીક કરી આંખો લોહતો લોહતો દરવાજા ભણી જોવા લાગ્યો. એટલામાં તેમાં થઈ ચારપાંચ સુંદરીઓ પગના ઘૂઘરાના ઘમકાર કરતી અંદર આવી પહોંચી અને શિવાલયનાં પગથિયાં પર પ્રયત્નથી ચડતી હોય એય દેખાઈ.

આ ટોળીમાં બે જણ અગ્રેસર હતી. છેક અગાડી વીશબાવીશ વર્ષની છકેલ જોબનના પૂરમાં તણાતી બુદ્ધિધનની દીકરી અલકકિશોરી હતી. તેની સાથે — પણ જશ પાછળ — ચૌદપંદર વર્ષની સંપૂર્ણ મુગ્ધાવસ્થામાં પણ જુવાનીના મળસકાના ઉજાસમાં તથા તે સમયને યોગ્ય મદનની વિરલ પણ શીતળ લહેરોમાં મોજ માણતી, બુદ્ધિધનના પુત્ર પ્રમાદધનની નવોઢા પત્ની કુમુદસુંદરી હંસગતિથી ચાલતી હતી. તડાકાભડાકા કરતી અને આખા અંધકારને સળગાવી મૂકતી ચમકતી વીજળીની પાછળ મેઘ વેરાઈ જતાં કોમળ અને મનોહર મંદ ચંદ્રિકા પ્રકાશે તેમ ભભકભરી અલકકિશોરી પાછળ સૌમ્ય કાન્તિવાળી અર્ધવિકસેલા સ્મિતભરી કુમુદસુંદરી શરમાતી શરમાતી પોતાના પ્રફુલ્લ વદનનો સ્થિર આભાર આખા મંદિરમાં પ્રકટાવતી હતી.

નણંદ-ભોજાઈ વચ્ચે દેખાવમાં, સ્વભાવમાં અને આચારવિચારમાં દેખાઈ આવે એટલો ફરક હતો; અને તેનું કારણ ઘણે અંશે તેમના કુટુંબ, ઇતિહાસ અને શિક્ષણમાં હતું. તે ફરકનાં બીજ ઈશ્વરે તો જન્મથી જ મૂકેલાં હતાં પણ તે બીજનો વિકાસ આ બાહ્ય કારણોથી પ્રફુલ્લ થયેલો હતો.

અલકકિશોરી સ્ત્રીવર્ગ જેને ‘જાજરમાન’ * કહે છે તે પ્રકારની હતી. તેનો રંગ સોનેરી, ગોરા તથા મધ્યાહ્નના તાપની પેઠે ચળકાટ મારતો હોય તેવો હતો, એટલે પાસે આવનારની નજર તેના ભણી સહસા ખેંચાતી અને અંજાતી. તેના સર્વ અવયવોનો ઘાટ પ્રમાણસર પણ મોટો હતો એટલે જોનારની આંખ એકદમ ભરાઈ જતી. તેના હાવભાવ ચંચળ, પ્રબળ અને પ્રતાપી હતા તેથી તેની સામે ઊભા રહેનારનું હૃદય સભાક્ષોભના જેવો ક્ષોભ પામતું અને ગરીબ બની જતું. અમલ ચલાવતી હોય તેવી રીતે તેને બોલવાની ટેવ હતી; તેની સાથે વાત કરનાર માણસ, વાત કરતાં સુધી અને એની પાસેથી છૂટતાં સુધી, સ્વાભાવિક પરાધીનતા ભોગવતાં અને જેમ બુદ્ધિધનનો દોર તેના અમલથી ચાલતો તેમ અલકબહેનનો દોર તેના દૃષ્ટિપાતથી ચાલતો. સાધારણ બુદ્ધિના લોકનું એમ માનવું હતું કે આ સર્વનું

કારણ તેના શરીરની સુંદરતા છે. આમ માનવામાં તેનો દોષ ન હતો, કારણ ભભકધમકથી અંજાયેલી તેમની દૃષ્ટિઓની વિવેકશક્તિને પક્ષાઘાત થતો. ખરું અને ઝીણવટથી તપાસી જોનારને અથવા તેની ગેરહાજરીમાં સ્મરણ આણી વિચારનારને અલકકિશોરીમાં વધારે વધારે બોડો માલૂમ પડતી; પરંતુ તેવાને પણ તેના રુઆબ આગળ લાચાર દિલના બની જવું પડતું. આવું છતાં કોઈ પણ માણસનું મન બંડ કરવા ચાહતું તો આ પ્રતાપી હરિણાક્ષીના જોબનનો ઉકળાટ તેનું ગુમાન ઉતારી દેતો અને એનો નિરંતર મચી રહેતો તનમનાટ તેને દિગ્મૂઢ બનાવી દેતો. આ આકર્ષણશક્તિને લીધે આ ઉન્મત્ત યૌવનવાળીની આસપાસ કચેરી ભરાઈ રહેતી જેમાં તે પોતે શક્તિ જેવી શક્તિ ધરાવતી હતી.

અલકકિશોરીની મા સૌભાગ્યદેવી માત્ર એક સાધારણ રૂપગુણની સ્ત્રી હતી અને તેના ઠરેલપણાને લીધે બુદ્ધિધન તેને ચાહતો. તોપણ અલકકિશોરી નાની હતી ત્યારથી જ બાપને હાથે ઘણું લાડ પામી હતી. અને ઉમ્મરમાં આવવા પછી પોતાના જલદ મિજાજને લીધે, નાનપણમાં ન દેખાડેલો અંકુશ હવે દેખાડવાની કોઈની શક્તિ ન હોવાને લીધે વ્યવહારમાં ગૂંચવાઈ રહેતા બુદ્ધિધનને ઘરખટલા ઉપર ધ્યાન આપવા અવકાશ ન હોવાથી તથા કોઈ પણ માથે લઈ લે એવા માણસને એ કામ કરવા દેવાની જરૂર હોવાથી, સૌભાગ્યદેવીને દીકરીનું કરેલું બધું કામ પસંદ જ આવતું એવું ન હતું તોપણ ભાર તાણવામાં તેની વૃત્તિ શિથિલ હોવાથી, તથા મૂળ સ્વભાવે જ શાંત હતી અને તેમાં વળી આવી સૌ માનીતી દીકરી ઉપર મત્સરી જાણી જોઈને ન હોવાથી, અને ઉપર કહેલા અલકકિશોરીના પોતાના જ ગુણોને લીધે સૌ પર સવાર થવાની પોતાની તાકાત હોવાને લીધે, એ ઉન્મત્ત કિશોરી બુદ્ધિધનના ઘરમાં, કુટુંબમાં, પરિવારમાં, બહારના માણસો સાથે જરૂર પડતા વ્યવહારમાં, અને માથું મારી શકે ત્યાં રાજકાર્યમાં પણ નિષ્કંટક રાજ્ય ચલાવતી હતી. તેને પૂછ્યા વિના ઘરમાંનું કાંઈ કામ થતું નહીં. તેનો દોષ કોઈ કાઢી શકતું નહીં. તેની ગતિ કોઈ રોકી શકતું નહીં. બહારનાં માણસો આખા અમાત્યકુટુંબનો જીવ તેમાં જ દેખતાં, અમાત્ય ઉપર સત્તા તેની મારફત જ ચલાવવા જતાં, મા અને ખુશામત તેના ઉપર જ ઢોળી દેતાં, અને કેટલાકનું ધારવું એમ પણ હતું કે એ સાસરે જાય તો અમાત્યના ઘરમાં અંધારું જ વળી જાય. અમાત્ય આ સર્વ જાણતો, એ સૌનો ગેરલાભ કોઈ લઈ જાય નહીં તે વિષે સાવધ રહેતો અને પુત્રીનું માન રાખી પોતાનું જ ધાર્યું કરતો. તોપણ જગતનો અભિપ્રાય ફેરવવા તેની પૂરી શક્તિ ન હતી, શક્તિ હતી તેટલી વાપરતાં પુત્રીની અવગણના થાય માટે તે વાપરવા ઇચ્છા ન હતી, જગત કેવું આંધળું બની કેવા અભિપ્રાય બાંધે છે તે જોવામાં તેનું કુતૂહલ જાગતું, અને કેટલીક વખત તો એ ન જાણતો હોય એમ — પણ સ્વાભાવિક રીતે — જગતનું ધાર્યું ખરુંયે પડતું. આવી રીતે સુવર્ણપુરના અમાત્યના ઘરસંસારની ઘટમાળ ફર્યા કરતી હતી.

અલકકિશોરી ગમે તેવી પણ બાળક હતી; રંક અવસ્થા તેણે દીઠી ન હતી; પોતાનું ધાર્યું કર્યું જ સમજતી; પોતાને હમેશ ફાવેલી જ જોતી; હુકમ કર્યો સમજતી; મનમાન્યું અમલમાં આવ્યું જ જોતી; ચારે પાસથી વખાણ જ સાંભળતી. અમાત્યના ઉદય કરતાં તેનું વય મોટું ન હતું; વયમાં, જ્ઞાનમાં, અનુભવમાં, જાતિમાં અને સુંદરતામાં પોતાનાથી ચડિયાતાં માણસોને પોતાથી દબાયેલાં રહેતાં અનુભવતી; ખરું શું છે તે તેને કોઈ સંભળાવતું ન હતું; ખોટું શું છે તે તેની આગળ કહેવા કોઈની હિંમત ચાલતી ન હતી; હિતઅહિત શામાં છે તે તેને કહેવાની કોઈને ગરજ ન હતી; ભૂતકાળની વાત સંભળાવી તેને કંટાળો આપવો એ સૌના સ્વાર્થવિરુદ્ધ હતું; ભવિષ્યકાળની સાચી વાતો ઉપર તેની આંખ દોડાવવી એ તેની કલ્પનાને શ્રમ આપવા જેવું અને તેના મનને ખેદ આપવા જેવું મનાતું; આથી વર્તમાન રંગભૂમિ ઉપરનાં નાટકો ઉપર તેનું લક્ષ રહેતું અને પ્રત્યક્ષ પડદા આગળ તેની દૃષ્ટિસીમા આવી રહેતી. આ સૌનું ફળ એ હતું કે ભયંકર ગુમાનરૂપી સર્પ તેના કુમળા મગજમાં પેસી રહી, ધૂંધવાઈ રહી, તેની ભમરો ઉપર ફણા માંડતો, આંખમાં ઘૂર્ણાયમાન થતો, જીભમાંથી ફૂંફાડા મારતો અને આખા શરીરમાં વિષમય ચંચળતા પ્રેરતો. આ સર્પનો પ્રતિકાર કરવા તેનામાં વિદ્યામૃત હતું નહીં અને સત્સંગતિના કલ્પવૃક્ષનો વાસ તેણે અનુભવ્યો પણ ન હતો. માત્ર અમાત્યકુટુંબના સહજ વિનયરૂપ પોલા રાફડાથી વિષમય ચેતન ઢંકાઈ રહ્યું હતું.

આ લડાયક કિશોરીનો ઉદયભાનુ મધ્યાકાશમાં હતો. તેનાં સાસરિયાં તેની મરજી પ્રમાણે ચાલતાં. તેના પતિને તેનું ગુમાન ખૂંચતું તથાપિ તેનું દિલ દુખવવું એ કૃતઘ્નતા ભરેલું વસતું. સૌના મનમાં એય હતું કે પ્રમાદધનભાઈ ઉમ્મરમાં આવશે અને ગૃહસ્થાશ્રમ માંડશે એટલે અલકબહેનનો મત્સર નરમ પડશે અને અમાત્યના ઘરમાં નવો કારભાર ચાલશે. પણ આવું ધારનારાઓને તરત તો વિચાર ફેરવવાનો અવસર આવ્યો.

પ્રમાદધનને ઘણી કન્યા વાસ્તે કહેણ આવ્યાં હતાં. પણ તેમનાં રૂપ, ગુણ અને કુળની તુલનામાં માબાપ અને દીકરીના મતનો ફેર પડતો એટલે ચોકઠું બેસતું નહીં. આખરે રત્નનગરીના પ્રધાન વિદ્યાચતુરની દીકરી કુમુદસુંદરી ખાલી પડી. તેનો વિવાહ પ્રથમ તો મુંબઈનગરીના એક ધનાઢ્ય અને પ્રખ્યાત વેપારી લક્ષ્મીનંદનના વિદ્વાન પુત્ર સરસ્વતીચંદ્રની સાથે થયો હતો. પણ લગ્નનું મુહૂર્ત પાસે આવ્યું તેવામાં ઈશ્વર જાણે શાથી સરસ્વતીચંદ્ર એકાએક અલોપ થયો, તેની ભાળ ખોળતાં પણ લાગી નહીં, અને આખરે મુંબઈથી લખેલો તેનો એક કાગળ વિદ્યાચતુર ઉપર આવ્યો. તેમાં તેણે લખ્યું હતું કે ‘કાંઈ કારણથી મેં મારું ઘર ને નામ છોડી દીધું છે, મારે પરણવાની ઇચ્છા નથી, હું ભવસાગરનું એક અગોચર મોજું થઈ મનસ્વીપણે સંસારમાં એકલો અને અપ્રખ્યાત અથડાઈશ, મારી કોઈએ ચિંતા કરવી નહીં, મારી ભાળ હવે લાગવાની નથી. ગુણવતી કુમુદસુંદરીને

પરણી હું ભાગ્યશાળી થાત, પરંતુ મારાથી તે સુખી થઈ શકત એવું એકદમ મારાથી મનાતું નથી; તેનું સૌભાગ્ય અમર રહો, તેને હવે મરજી પડે ત્યાં પરણાવજો.' આ કાગળ વાંચી, તેની ખાતરી કરી, નિરાશ થઈ, વિદ્યાચતુર કુમુદસુંદરીનું શું કરવું તે વિષે ગભરાટમાં પડ્યો; કારણ કુમુદસુંદરીનો કન્યાકાળ વીતી ગયો હતો અને સરસ્વતીચંદ્રની સાથે તુલના કરી શકાય એવો એક પણ વર તેની નજરે આવતો ન હતો. તેને કુમુદસુંદરી સિવાય બીજી પણ એક એનાથી ચડે એવી નાની દીકરી હતી, અને પોતાને પુત્ર ન હતો તોપણ બે કન્યારત્ન જોઈ એને સંતોષ થતો અને સરસ્વતીચંદ્ર તથા કુમુદસુંદરીની જોડ જોઈ એને પરમાનંદ વ્યાપતો; તેમાં આ આપત્તિ આવ્યાથી તેને પુત્રનાશનાથી અધિક શોક થયો. આવા ચતુર અને સમજુ જમાઈને એકદમ આ શું સૂઝ્યું તે એ વિચારી ન શક્યો. માત્ર 'ઈશ્વરની ઇચ્છા' કહી નિઃશ્વાસ સાથે गतं न शोचामि કરી ભવિષ્યના વિચારમાં પડ્યો.

આ વાતો દેશવિદેશ પ્રસરી ગઈ. વર્તમાનપત્રોમાં છપાઈ. નાતજાતમાં ચાલી રહી. જાણ્યાઅજાણ્યામાં ચર્ચાઈ રહી. વિદ્યાને માથે કલંક દેવાયાં. છોકરવાદી સર્વની બત્રીશીમાં ચડી. પ્રમાદધને એ વાત વાંચી, સાંભળી અને જમતી વખત કહી બતાવી. કુમુદસુંદરીના દુર્ભાગ્યની વાત પણ સાથે નીકળી, સૌને બિચારીની દયા આવી, એમાંથી એના રૂપગુણની વાત ચાલી અને આખરે અલકબહેન બોલી ઊઠ્યાં: 'ત્યારે મારા ભાઈને એ કન્યા ન ખપે?' સૌભાગ્યદેવીએ કહ્યું કે ખપે. બુદ્ધિધને કહ્યું કે વિદ્યાચતુર સાથે મારે જૂની મિત્રતા છે, તે ઊંચા કુળમાં જન્મેલો છે, અને તેની સ્ત્રી ચતુર, સુશીલ અને ભણેલી છે. સૌભાગ્યદેવી કહે: 'કન્યા મેં દીઠી છે, રાજચંદ્રના લગ્નમાં અમે જોડકણાં ગાતી વેળા એકઠાં થયાં હતાં. એ ફૂટડી ને ચતુર છે.' અલકબહેને કહ્યું કે પ્રાતઃકાળમાં કન્યાનું માગું કરવા માણસ મોકલવું. એ દરખાસ્ત પસાર થઈ. કુળજોશી બ્રાહ્મણ જમવામાં સાથે હતો. તેણે કહ્યું: 'પ્રાત:કાળમાં ઉત્તમ મુહૂર્ત છે અને કામ સિદ્ધ થશે.' પ્રમાદધને શાંત રહી સૌ વાત સાંભળી, દિવસશેષ ઉત્સવમાં ગાળ્યો અને રાત્રિ આનંદ સ્વપ્નમાં એક ઊંઘે કાઢી. સવારે માણસ સંદેશો લઈ રત્નનગરી ભણી ગયો. વિદ્યાચતુર ચિંતાગ્રસ્ત હતો તેથી સૌ કામ તેની સ્ત્રી ચલાવતી. તેને વર અને ઘર બંને સારાં લાગ્યાં. વરની બહુ ખબર ન હતી પણ ઘર સારું એટલે વર પણ સારો હશે જ એમ કલ્પના કરી. સ્વામીનાથને વાત કહી ક્ષોભ પામેલ હોવાથી પ્રધાનના મુખમાંથી હા નીકળી ગઈ. બુદ્ધિધનનો માણસ વધામણી લઈ પાછો સુવર્ણપુર દોડ્યો. પ્રધાનને ભાન આવ્યે વિચાર થયો પણ હા કહેલી તેની ના કહેવાઈ નહીં. ઈશ્વરે સારા સારું જ કર્યું હશે ધારી ચિંતામુક્ત થયો. લગ્ન થયાં અને કુમુદસુંદરી પિયર છોડી સાસરે આવી. કથાનો પ્રસંગ ચાલે છે તે સમયે તેને સાસરે આવ્યે માત્ર દશપંદર દિવસ થયા હતા. ભાઈને આવી સારી કન્યા પરણાવવાનું માન અલકબહેનને જ આપવામાં આવ્યું. માએ ભાઈને જન્મ આપ્યો અને બહેને કન્યા આપી;

બહેનનું ઘરમાં માન વધ્યું અને ભાઈની તેના પરની પ્રીતિ વજ્રલેપ જેવી દૃઢ થયેલી ભાસી.

કુમુદસુંદરીનો સ્વભાવ પણ આ સ્થિતિને અનુકૂળ જણાયો. તેની મા વિદ્યાચતુરની બાલ્યાવસ્થામાં પરણી હતી અને નિશાળે તો નહોતી ગઈ પણ પતિને અવકાશ, આગ્રહ તથા ઉત્સાહ હોવાથી પોતાના સીમંત પહેલાં તેની પાસેથી કાંઈક ભણી હતી. તે જાતે ચકોર તથા ચપળ લાગણીવાળી હતી. પતિ ભણેલો અને પોતે અભણ, તેથી કેટલીક વખત પતિ ખરેખરા દુ:ખમાં ગરકાવ હોય તોપણ તેનું દુ:ખ સમજી ન શકતી. ઘણુંય પૂછે: ‘વહાલા! તમને શું દુ:ખ છે?’ પણ તેના જવાબમાં વિદ્યાચતુર નિ:શ્વાસ નાખી તથા તેને ખભે હાથ નાખી માત્ર એટલું જ મનમાં બોલતો કે: ‘અરેરે! પ્રિય મેના! તું બોલે છે મધુર, પણ મેના જ્યારે મનુષ્યનાં દુ:ખ સમજી શકશે ત્યારે તું મારું દુ:ખ સમજી શકીશ; તને કહેવામાં ફળ શું? મધુર મેના, મારાં આંસુ જોઈ બાળકની પેઠે માત્ર રોયાં કર અને તે દેખાડી મને વધારે રોવરાવ.’ આવું કહી તે પોતાના પુસ્તકમાં કે વ્યવહારકાર્યમાં જીવ પરોવતો. સારાં પુસ્તકો વાંચતાં, નવીન વિચારો સૂઝી આવતાં, દેશોન્નતિના સમાચાર સાંભળતાં અને ઈશ્વરલીલા મનમાં રમી રહેતાં તેનું મુખારવિંદ આનંદથી ઊભરાઈ જતું. આ વખત તેની સ્ત્રી માત્ર પતિનો મુખચંદ્ર જોઈ રહેતી અને તેને આનંદમાં જોઈ નિર્દોષ પણ અણસમજ્યા આનંદમાં મગ્ન થતી. પરંતુ કેટલીક વખત તેના મનમાં ખેદ થતો. પતિના સુખદુ:ખમાં ભાગ લેવાય નહીં, વહાલામાં વહાલાનું અંત:કરણ ભેદાઈ જતું હોય અને પોતે લાચાર બની જોયાં કરે છે એ ગુણસુંદરીને સારું ન લાગતું. કેટલીક વખત તેને મન તો સહજ હોય એવા બોલમાંથી — નિર્માલ્ય હોય એવા કાર્યમાંથી — પતિને સાગરમાં વહાણ બૂડ્યા જેટલી દિલગીરી થતી. કેટલીક વખત તે મહાભારત પ્રયાસ કરે અને પતિને મન અલ્પ વસે. તેના ખરેખરા ઉત્સાહમાં જાણે માત્ર છોકરવાદી જ હોય તેમ પતિના લેખામાંયે ન આવે. આ સૌ વિચારથી તેના મનમાં મહા ગૂંચવાડો થતો અને અમૂંઝણમાં શું કરવું — શો ઉપાય ખોળવો — એ ન સૂઝતાં કેટલીકવાર પથારીમાં સૂતી સૂતી, કેટલીક વાર પોતાના શૃંગારગૃહના મેજ ઉપર ઊંધું માથું ઘાલી, કેટલીક વાર બારીમાંથી નદી, મેદાન અને આકાશ ભણી જોતી જોતી, અને કેટલીક વાર પતિને ખોળે માથું હોય તેવે વખતે, આંખમાંથી આ:સુ સારતી અને છાનું છાનું — ઝીણું ઝીણું રોતી.

એક દિવસ દંપતી ઘરની અગાસીમાં બેઠેલાં હતાં. મધ્યરાત્રિ થઈ હતી અને ચંદ્રમા પણ મધ્યઆકાશમાં હતો. શરદઋતુએ તારારત્નોથી અને શ્વેત મેઘામ્બરથી આકાશસખીને શણગારી હતી અને ચંદ્રમા આ સજ્જિત નાયિકા સાથે નિરંકુશ વિહાર કરતો હતો. તે સમયે અગાસીમાં એક ગાલીચા ઉપર તકિયો નાખી વિદ્યાચતુર તે પર પડ્યો પડ્યો ચંદ્ર ભણી જોયાં કરતો હતો અને કાંઈ ઊંડા વિચારમાં પડ્યો દેખાતો હતો. ગુણસુંદરી

તેના ખોળામાં માથું મૂકી, તેનો હાથ પોતાના હાથમાં રાખી, ચતી સૂતી સૂતી આકાશમાં ચંદ્ર છતાં પતિમુખચંદ્ર ઊંચી દૃષ્ટિએ નિહાળ્યાં કરતી હતી. આ મૌન વિહાર કેટલીક વાર ચાલ્યો એટલામાં રસજ્ઞ પતિના મુખમાંથી — હૃદયમાંથી — અચિંત્યું મધુર ગાયન નીકળવા માંડ્યું:

‘અડોઅડ કપોલ લાગી રહેલ;

મન્દ અતિમન્દ શી ગોષ્ઠિ [૧] મચેલ!

નહીં પૂર્વાપર કાંઈ ગણેલ,

મુખે કાંઈ એમ લવંતાં ગેલ:

આલિંગન-અશિથિલ-થી રહી ચાંપી કર અક્કેક

ગમતસ્વપ્નમાં એમ નિશાના પ્રહર ન જાણ્યા છેક! ૧ [*]

હસતું ત્યાં શિશુ સમું મુગ્ધ પ્રભાત

આવી ઊભું રહતું શયનની પાસ

અચિન્ત્યુ! લજવાતો શૃંગાર

છુપાતો લપ્પાઈ તુજ ગાલ!

ગોષ્ઠિસુખ સૂતું નયનની જ માંહ્ય! — પ્રિયે તે!’ ૨

આના પ્રત્યેક પદના છેલ્લા સ્વરોના લુપ્ત ઉચ્ચાર આકાશમાં અને મુગ્ધાના કાનમાં અને હૃદયમાં ઊંચા ચડી, મોહનમંત્ર પેઠે સર્વ આત્મવશ કરી, ધીમે ધીમે કૃતકૃત્ય બનતા હોય તેમ આનંદભર મંદ પડતા પડતા, નીચા બેસતા બેસતા, છેલ્લામાં છેલ્લા પદના અંત્યસ્વરમાં લીન થતા થતા વિરામ પામ્યા.

‘વહાલા! મને એ સમજાવો. એ શું ગાયું?’

જરાક અચકી રસજ્ઞ બોલ્યો: ‘તારાથી સમજાશે? સમજાશે, સમજાશે.’ એમ કહી કથાનો પ્રસંગ તથા ગાયનનો અર્થ સમજાવ્યો.

‘આ સાંભળતાં મારાં રૂંવાં ઊભાં થાય છે. મને કંપારી વછુટે છે. હું શું કરું કે એવું એવું મારી મેળે સમજાય? તમે મારા મનોરથ બધી રીતે પૂરા પાડો છો પણ એક વિષયમાં હું મરતાં સુધી તમારી લેણદાર રહીશ. મરીશ તોયે ભૂત થઈશ. તમારા મનની વાતો સમજાય, તમારું મન સમજાય, અને આમ તમારા સુખદુ:ખમાં અને તમારા આવા આવા વખતમાં મારે તમારા સામું જ જોઈ રહેવું ન પડે, એવું શું કરું જે થાય?’

વિદ્યાચતુર હસ્યો. ‘ચાલ, ચાલ. એ બધુંયે થશે. હું ભણાવું તે ભણ. છે મરજી?’

આને બીજે દિવસેથી ગુણસુંદરીએ અભ્યાસ કરવા માંડ્યો અને સીમંત આવતાં સુધીમાં પતિ પાસે ભણી તે ભણી. પછી જંજાળમાં પડી. વધારે ભણાયું નહીં, પણ તેનો અસંતોષ મટી ગયો. પતિને કામ લાગે એવી શક્તિ તો ન આવી પણ તેના હૃદયમંદિરમાં પેસવા લાયક, તેમની રસશય્યા પર સૂવા લાયક અને તે ઉપરના મર્મ સાથે યથેચ્છ વિલાસ કરવા લાયક તે ગણાવા લાગી; અને પતિ પાસેથી વિદ્યાગ્રહણ કરવું બંધ પડ્યું તે છતાં પોતે વયે વધતી ગઈ તેમ તેમ ઘરની જંજાળમાંથી અવકાશ શોધી કાઢતાં શીખી, એ અવકાશપ્રસંગે આત્મપ્રયત્નથી યથાશક્તિ અભ્યાસ વધારી શકી, અને કાળક્રમે આ મહાપ્રયાસ અને ઉત્સાહનું એ પરિણામ આવ્યું કે વિદ્યાચતુરની વિદ્યા, રસજ્ઞતા વગેરેનું પ્રબળ વીર્ય વાતચીત અને વિનોદના વિહાર સમયે તેના મનહૃદયમાં ઠેઠ પહોંચવા લાગ્યું અને તે તેજગર્ભ દિવસે દિવસે પ્રફુલ્લ થયો. આનો લાભ કુમુદસુંદરીને મળ્યો.

એક પ્રખ્યાત વિદ્વાને માણસને દરજીની ઉપમા આપી છે. સૌ સૌને પોતાનાં જેવાં અને બને તો પોતે સીવેલાં કપડાં પહેરાવવા ઇચ્છે છે. વિદ્યાનો પણ એક સાધારણ નિયમ એવો છે કે ભણેલા સૌને ભણાવવા મથે છે. દીકરી નાની હતી અને તેના ઉપરનો મોહ તાજો હતો તેવામાંથી જ ગુણસુંદરીએ ઠરાવ કર્યો કે આને ભણાવવી. આપણા દેશમાં સ્ત્રીઓની વિદ્યાવૃદ્ધિમાં ઘણી અડચણો પડે છે. નાનપણમાં છોકરી નિશાળે જાય ત્યાં ધૂળધમાટ ભણે. પરણ્યા પછી સંસારમાં પડતાં અભ્યાસ પ્રતિકૂલ થાય છે. ઘરના વ્યવહારમાં, અભણ સ્ત્રીવર્ગમાં — સાસરિયામાં અને સાહેલીઓમાં — રહી, વિદ્યાનાં દર્શન પાવક ગણાતાં છતાં, પતિની તથા પોતાની પશુસામાન્ય વૃત્તિઓ સાચવવામાં, છોકરાં-છૈયાંની લબ્ધાને લીધે, સ્ત્રી વર્ગના ઘડીઘડીના નાના મોટા રોગથી પગલે પગલે અડચણો લાગવાને લીધે, અને ઘણી અનુકૂલ હોય તોપણ સ્ત્રીશિક્ષણમાં તેની શક્તિ અથવા વૃત્તિ અથવા અવકાશની ખામીને લીધે હિંદુ સ્ત્રીઓ ભણી શકતી નથી. પોતાના ચકોરપણાને લીધે તથા સદાગ્રહથી ગુણસુંદરી આ હરકતો દૂર કરી થોડુંઘણું શીખી તો તેના મનમાં એમ જ રહેતું કે આ અડચણો પડે ત્યાર પહેલાંથી મારી પુત્રીને વિદ્યાનું ભાથું બંધાવી પછી જગતમાં મોકલું. વિદ્યાચતુર પોતે વ્યવહારજાલમાં દિવસે દિવસે વધારે લપટાતો હતો અને તેના અવકાશ સંસારનાં વાદળાંથી ઘણુંખરું ઘેરાયેલો રહેતો. તોપણ પ્રસંગે પ્રસંગે ગુણસુંદરીના સ્તુતિપાત્ર ઉત્સાહ, આગ્રહ અને પ્રયાસને આશ્રય આપવામાં, સુગમતા કરી આપવામાં, સુધારવામાં, માર્ગ દર્શાવવામાં અને વધારવામાં તે જાતે પ્રયત્ન કરતો; અને તેમાં રહેતી ખામીઓ વાતચીતમાં, વિનોદમાં અને વ્યવહારમાં પડતા પ્રસંગો સમયે પૂરી દેતો. થોડાં વર્ષમાં કુમુદસુંદરીનો અભ્યાસ ઘણો વધી ગયો અને આખરે તેની પોતાની બુદ્ધિ જાતે ચાલવા માંડી અને માબાપને પ્રમાણમાં પ્રયાસ ઓછો કરવાની, અને થયેલો પ્રયાસ સફળ થયો જોઈ આનંદ ભોગવવાની તક મળી. પરણતાં પહેલાં અંગ્રેજી અને સંસ્કૃતમાં પ્રવેશ થયેલો હોવાથી સંસારધર્મ, રસજ્ઞતા

અને રસિકતા, વ્યવહારકુશળતા, નીતિમાર્ગ આદિ ગૃહસ્થાશ્રમના દ્વારપાળો અણબોલાવ્યા પોતાનો સમય સમજી, મંદિરમાં આવતી રાણીને વણમાગ્યા સત્કાર દેવા તત્પર થઈ રહ્યા અને સંસારસિંહાસન પર આ રાણી સાથે સ્વાભાવિક રીતે સરસ્વતીચંદ્રને શોધી નિરાશ થઈ મન પાછું ફરતું, એ સિવાય બીજી બધી બાબતમાં કુમુદસુંદરીનાં માબાપ દીકરીને જોઈ જગતને સ્વર્ગ સમું ગણી લેતાં.

આવા સંસ્કારવાળી કુમુદસુંદરી બુદ્ધિધનના ઘરમાં આવી એટલે તરત એને એક નવી દુનિયામાં પેઠા જેવું લાગ્યું. દેખાવમાં તે અલકકિશોરીનાથી બહુ જુદી હતી. તેના શરીરનો વર્ણ રૂપેરી ગોશે હતો. તેનું કાઠું નાજુક હતું. 'નાનીશી નાર ને નાકે રે મોતી' એ વર્ણનના સહાધ્યાસી સંસ્કારો તેનામાં મૂર્તિમાન થતા હતા. ભભકની આકર્ષણશક્તિ તેનામાં રજ પણ ન હતી. રુઆબનો દોર તેનાથી જુદો પડતો હતો. કેટલાકને તે ગરીબ ગાય જેવી દેખાતી. કેટલાકને તે નિર્માલ્ય — માલ વગરની — લાગતી. તેના મુખ સામું સૌ કોઈ જોઈ શકતા. તે માત્ર મંગળઆભૂષણ અને આછાં પણ સુંદર ચિત્રવાળાં સાદાં જેવાં — વસ્ત્ર પહેરતી. નાજુક — બાળકના જેવા — હાથ અને તેવા જ કુમળા મેંદી મૂકેલા નાના પગ વગર તેના અંગનો સર્વ ભાગ વસ્ત્રમાં ઢંકાઈ રહેતો. તેના હાવભાવ પ્રસંગે જ જોવામાં આવતા અને પ્રસંગોપાત હોવાથી કાઈનું ધ્યાન ખેંચતા ન હતા. શરદઋતુનાં નાનાં વાદળાં ઉપર ચંદ્રલેખા જણાય તેમ એનાં વસ્ત્ર ઉપર તેનું ઘણુંખરું આછા સ્મિતવાળું મુખ દેખાતું. તે બોલતી થોડું, પણ બોલે તે વખત રૂપાની નાની ઘંટડીના જેવો સ્વર નીકળતો અને સૌ કોઈને એનાં વચન મધુર લાગતાં. સાત્ત્વિક વૃત્તિવાળાં મનુષ્યો તેના ઉપર દૃષ્ટિ ઠારતાં અને જેઓને એનું મોં નિહાળવાની ટેવ પડતી તેમને એના ઉપર સહજ, નિર્દોષ અને શાંત પ્રીતિ ઊપજતી. રસજ્ઞ પુરુષોને વધારે વધારે જોતાં એના મુખ ઉપર વધારે વધારે શુદ્ધ સુંદરતા સ્પષ્ટ માલૂમ પડતી. ચતુર સ્ત્રીઓને તેની આંખ ચકોર લાગતી. આધેડ સ્ત્રીઓ એમ કહેતી કે એનામાં સોજ બહુ છે. જુવાન લલનાઓને એની વાતોમાં રસ પડતો. રસિયણ બાઈડીઓ એની પાસે બેસતી, એના સામું જોઈ રહેતી, એની બોલવાની રીત સરતમાં રાખતી, એના હાવભાવનું અનુકરણ કરતી અને કરવાની બીજાને શિખામણ આપતી, અને એની નાજુકતા, સુંદરતા, ચતુરાઈ ને લજ્જા, એનું લાવણ્ય અને કોમળપણું: આ સૌ કયા કયા પ્રસંગમાં કેવી કેવી રીતે દેખાયું તેનું પૃથક્કરણ કરતી અને તે પર એ આઘે હોય ત્યારે રસભેર ચર્ચા ચલાવતી. નાનાં બાળકો રમવાનું મૂકી દઈ એની પાસે આવી એને વીંટાઈ બેસી રહેતાં. કોઈ પણ માણસ એની સુંદરતા શોધી કાઢતું તો સૌ સાંભળનાર તે શોધનારની ચતુરતા વખાણતાં અને તેના મતમાં ભળતાં. કેટલાંક અંતઃકરણોમાં એને જોતાં આશીર્વાદની ઊર્મિ ઊછળતી. એને જોનાર, એને સાંભળનાર, એની સાથે બોલનાર: સૌ એકસરખાં શાંત ચંદ્રિકામાં

નહાતાં હોય, અમૃતસરોવરમાં ડૂબકી મારતાં હોય, શીતળ આનંદની વૃષ્ટિમાં ફરતાં હોય — એવી નિર્દોષ રસિક વૃત્તિનો અનુભવ કરતાં.

સાસરિયામાં પણ અત્યાર સુધીમાં એણે સારો સમાસ કરી લીધો હતો. અલકકિશોરીને અમલ ચલાવવાની ટેવ પડી હતી, તો કુમુદસુંદરીને નાનપણમાંથી આજ્ઞા માનવાની ટેવ પડી હતી. અમાત્યના ઘરમાં સ્ત્રીવર્ગને કાંઈ કામ કરવાનું હતું નહીં કે વાદ થાય, પૈસાનો તોટો હતો નહીં કે સૌની ઇચ્છાઓ પૂરી પાડતાં ભેદ રાખવો પડે. તેમાં વળી નવી વહુને લાવ્યાનું માન અલકબહેનને હતું એટલે એ વહુને શણગારવી, અગાડી પાડવી, એની શોભા વધારવી, એને નાતમાં, જાતમાં, સગાંવહાલાંમાં ને કુટુંબરૂઢિમાં દાખલ કરવી, સારી શિખામણ આપવી, ઇત્યાદિ કામ ઉત્સાહથી કરવાનો ઓરિયો પણ બહેનને લેવાનો હતો. સૌ બાબતમાં સૌભાગ્યદેવીની તો અનુમતિ જ લેવામાં આવતી, બુદ્ધિધન પાસે તો વાતો જ કરવામાં આવતી અને પ્રમાદધનની પસંદગી પૂછવામાં આવતી. ભાભીસાહેબ બાબત ભાઈ પાસે ચાકરો વાતો કરી, બંનેની મહેરબાની મેળવવા યત્ન કરતા અને બહેન નર્મ [૧] વાક્યો બોલી ટોળ કરતાં.અત્યાર સુધી ઘરમાં સર્વનો વખત આ નિર્દોષ અને નવીન આનંદમાં ગયો હતો. કુમુદસુંદરી સાસરે આવી ત્યાર પછી પણ તરતમાં તો સરસ્વતીચંદ્રને સંભારી સંભારી છાની છાની રોતી, લાગ મળ્યે નિ:શ્વાસ મૂકતી, પણ બધાં બેઠાં હોય ત્યારે તેમની રમતગમતોમાં તથા ઉત્સાહમાં શૂન્યહૃદયથી ભાગ લેતી, ફીકા હાસ્ય વડે મર્મશોક પર ઢાંકપિછોડો કરતી, લજ્જાળુપણાને નામે સૌ ચાલ્યું જતું, અને હૃદયશંકુનાં ઉપજાવેલાં આંસુ આનંદનાં આંસુમાં ગણાતાં. પ્રમાદધન સાથે મન મેળવવા ઇચ્છતી અને પ્રયત્ન કરતી, પરંતુ તેનું હૃદય માત્ર ઘસડાતું આવતું અને ઘસડાતાં ઘણાક ઘા ખમતું. આમ છતાં કાળના પ્રવાહનું બળ, નવી સૃષ્ટિનો અનુભવ, બીજાં સૌના આનંદની ભરતીનો વેગ, પોતાના બાળક મનની સ્થિતિસ્થાપકતા, ઈશ્વરઇચ્છાને શરણ થવાની આવશ્યકતાબુદ્ધિ, નિરુપાય વાતને નિભાવી લેવાનો શાણો વિચાર, અને નવા પતિના સંબંધને લીધે હવે પરપુરુષ બની ગયેલાની કલ્પના પણ કરવી એ પતિવ્રતાધર્મથી વિરુદ્ધ છે એવું જ્ઞાન: આ સૌને લીધે બલવતી બાળકીએ પોતાના મનને તંગ ખેંચી હળવે હળવે સ્વાધીન કરી લીધું હતું અને સમયધર્મને અનુસરવા લાગી હતી. પાછલી વાત વિસારે પડવા માંડી હતી અને પ્રસન્નતા તેના મુખ ઉપર ભાસતી હતી; માત્ર એટલું હતું કે આ પ્રસન્નતા પ્રાત:કાળની ચંદ્રલેખા જેવી હતી. ગુણસુંદરી વિના તેને કળી શકે એવું કોઈ હતું નહીં. તે પાસે હોત તો આ જોઈ તેનું વત્સલ હૃદય ફાટી જાત. પ્રમાદધન માત્ર આનંદની સપાટી ઉપર જ રહેતો હતો. એને તથા સૌ જોનાર મંડળને કુમુદસુંદરી સુખની સીમા ભોગવતી પ્રત્યક્ષ પ્રમાણથી લાગતી હતી અને પરોક્ષ પ્રમાણ સૌને પરોક્ષ હતાં.

પિતાના ઘરમાં મળેલા તેના સંસ્કારને ઉછેરનારા સાસરે કોઈ ન હતું. પ્રમાદધને શાળામાં વેઠિયાવાડથી અભ્યાસ કરેલો હતો. અને ઉમ્મરમાં આવ્યે વિદ્યાવસ્થામાં પરતંત્રતા લાગવાથી, શાળામાં નાનમ લાગવાથી, અભ્યાસ કંટાળા ભરેલા વૈતરા જેવો થવાથી, વિદ્યામાં નિર્ધન પુરુષોની ઉપજીવિકાના સાધનપણા વગર બીજું ફળ ન દેખાવાથી, વિદ્યામાં બીજું કાંઈ પણ ફળ હોય તો તે ફળ ભણેલાઓને નોકર રાખી તેમની પાસેથી લઈ શકાશે એવી સમજ હોવાથી, વિદ્યાના ભંડારના નમૂનામાં શાળાના માસ્તર નજર આગળ હતા તેને સૌ ખાલી માન આપતા પરંતુ રાજ્યકાર્યમાં તેમની સલાહ લેવાની પણ કદી કોઈને જરૂર લાગતી ન હતી તે જોવાની ટેવ હોવાથી, અંગ્રેજી વિદ્યામાં માત્ર પરભાષા અને રાજભાષાનું જ મહત્ત્વ લાગવાથી, સંસ્કૃત ભાષા માત્ર શાસ્ત્રીપુરાણી જેવા પૂજનીય પણ ભિક્ષુકવર્ગને જ ઉપયોગી તથા શોભાવાળી દેખાવાથી, ગણિતવિદ્યા, તત્ત્વવિદ્યા, વેદાંત વગેરે તો નવરા માણસો, ઘરડાઓ, સંન્યાસીઓ, સાધનરહિત માણસો અને એવા બીજા માન આપવા યોગ્ય પણ ખરું જોતાં નકામા માણસોને જ ઉપયોગી છે એવું લાગવાથી, પિતાના તરફથી પણ આવા સર્વ વિચારોનું બીજ મળેલું અને તે પોતાના આળસુ વિચારરૂપ જળથી વૃદ્ધિ પામેલું હોવાથી, પિતાનો અને પોતાનો મતભેદ પડે તે પણ પુત્રધર્મથી વિરુદ્ધ છે એ રીતની આવા વિષયોમાં બુદ્ધિ રહેવાથી, આસપાસના મંડળની ખુશામત — અપ્રિય પણ સત્ય બોલનારની ખામી અને અનિષ્ટ પરિણામોના અનુભવનો પ્રસંગ નહીં આવેલો — એ સૌ કારણથી, પોતાની બુદ્ધિને સારું સામાન્ય રીતે સર્વને હોય છે તેમ પોતાનો ઊંચો અભિપ્રાય હોવાથી: પ્રમાદધન પ્રમાદમાં જ રહેતો, સંપત્તિને અચળ ગણતો, કાળના પ્રવાહમાં આંખો મીંચી તણાયે જતો, અને ધારતો કે હું પોતાના બળથી તરું છું. દરબારી કામમાંથી નવરો પડતાં, નવલકથાઓ વાંચવામાં તથા મિત્રમંડળ વચ્ચે બેસી આત્મસ્તુતિ, પરનિન્દા, સ્ત્રીઓના પ્રસંગ, મનને વિહ્વળ કરી નાખે એવી કલ્પનાઓ, મરજી પડે ત્યાં ફરવું, હરવું, ફાવે તે બોલવું, મનમાં ઊર્મિ ઊઠે તે પ્રમાણે વર્તવું, અને એવા એવા વ્યાપારોમાં અમાત્યપુત્રનો કાળ જતો અને એવી રીતે વખત ગુમાવવાની જોગવાઈ તથા શક્તિ મળતી તેમાં પોતાનો ભાગ્યોદય અને સંપત્તિનો સદુપયોગ માનતો. બીજી રીતે તેનો સ્વભાવ સુશીલ, આનંદી અને સંતોષકારક હતો. કુમુદસુંદરીના સર્વ અભિલાષ તૃપ્ત કરું એવી તેની વૃત્તિ હતી અને તેને સુખ આપવા શુદ્ધ અંત:કરણથી મથતો, તેની સુંદરતાનું અભિમાન રાખતો, તેની વિદ્યાની સ્તુતિ કરતો, એને તેની સાથે પોતાનો યોગ થયો તે નંગકુન્દન જેવો યોગ માનતો.

પ્રમાદધન, અલકકિશોરી અને ટૂંકામાં અમાત્યકુટુંબનો બધો વ્યવહાર: તેમાં વિદ્યાચતુરના ઘરમાં જે સંસ્કાર થયા હતા તેનાથી જુદી જ જાતના સંસ્કાર કુમુદસુંદરીના અનુભવમાં આવ્યાં, પિયરમાં અને સાસરામાં વ્યવહાર, વિનોદ અને સર્વ રીતના આચાર-વિચારમાં ફેર હતો. નવે ઘેર

પુસ્તકો હશે જાણી તેણે જૂને ઘેરથી પુસ્તક એક પણ નહોતું આણ્યું. આ નવી સૃષ્ટિમાં જૂની સૃષ્ટિને સંભારનાર તેની પાસે એક જ વસ્તુ રહી હતી. સરસ્વતીચંદ્રે વિદ્યાચતુર પર કાગળ લખ્યો હતો તે જ ટપાલમાં એક બીજો કાગળ કુમુદસુંદરી પર પણ લખ્યો હતો. પરંતુ તેમાં માત્ર એક શ્લોક જ સોનેરી શાહી વડે લખ્યો હતો અને માત્ર તે લખનાર અક્ષરનો પરિચય હોવાથી તથા શ્લોક ઉપરથી જ કાગળ મોકલનારનું નામ કુમુદસુંદરી જાણતી હતી.

‘શશી જતાં, પ્રિય રમ્ય વિભાવરી, [૧]

થઈ રખે જતી અંધ [૨] *વિયોગથી;*

દિનરૂપે સુભગા [૩] *બની રહે, ગ્રહી*

કર [૪] *પ્રભાકરના મનમાનીતા! ’*

આ શ્લોક તેણે કોઈને બતાવ્યો ન હતો અને બતાવતી ન હતી; માત્ર કંચુકીમાં છાતી સરસો સાચવી રાખતી, એકાંત વખતે લાગ મળ્યે કાઢી જોતી, શ્લોક મોઢે થયો હતો તોપણ કાગળ વાંચી જ ગાતી, કાગળ જોઈ શ્લોક ગાઈ રોતી અને આંસુ સારતી, અને કોઈને દેખે એટલે કાગળ સંતાડી સજ્જ તથા સાવધાન થતી. કાગળના સામું કોઈને ઠપકો દેતી હોય તેમ જોતી, ભમર ચડાવતી, અને વદનકમળને દુખિયારું, દયામણું અને કોપાયમાન કરી, આકાશ સામું જોઈ, નિ:શ્વાસ નાખી, આંખમાંનાં આંસુ પોતાને જ હાથે લોહતી. અસંસ્કારી સાસરિયામાં સર્વ છાનું રાખી શકતી હતી અને સંસારની દૃષ્ટિને તેની સ્થિતિમાં કાંઈ અસાધારણ જણાતું ન હતું. ટૂંકામાં, ચર્મચક્ષુથી જોનારને તો અમાત્યકુટુંબમાં સર્વ રીતે સૌનામાં ઉત્સવ, ઉત્સાહ અને આનંદ દેખાતો હતો. એવા કુટુંબની કામિનીઓ રાજેશ્વર મહાદેવનાં પગથિયાં ઉપર ઠમક ઠમક કરતી હાંફતી દેખાતી ચડી તે સમયે મૂર્ખદત્ત તપોધન સિવાય તેમને કોઈ જોનારું ન હતું, તેથી આ એકાંત શિવાલયમાં ક્ષુદ્ર માનવજાતની દૃષ્ટિથી અગોચર રહેનારી દેવાંગનાઓ, મૃત્યુલોકમાં આનંદામૃત છાનુંમાનું ઢોળવા, દેવોના દેવનાં દર્શન કરવાને મિષે સ્વર્ગમાં ઊતરી આવી હોય એવી કલ્પના જાણ્યેઅજાણ્યે ત્યાં સંતાઈ રહી જોનાર કોઈ યક્ષાદિક કરે તો અયોગ્ય ન કહેવાય.

તપોધન ઉતાવળો ઉતાવળો હાથ ધોઈ અબોટિયાની કાછડી ખેંચી પાટલી જેમતેમ પગે આંટી ન આવે તેમ ઘાલી, છેટીના અંગૂછા વડે હાથ લોહતો લોહતો આવ્યો અને ‘પધારો, પધારો’ કહેતો મંદિરના ગર્ભદ્વારમાં પેઠો અને રીત પ્રમાણે જલાધારીમાંથી નમણ બીલીપત્ર વગેરે તરુણ સુંદરીઓને પાવન કરવા આપતાં આપતાં બોલ્યો:

‘બહેન! તમારા કહાવ્યા પ્રમાણે સૌ વિચાર રાખ્યો છે. શિવપૂજનની સૌ સામગ્રીની ટીપ આપી દીધી છે અને બીજો હુકમ ફરમાવશો તે પ્રમાણે

કરી દઈશું.' પાર્વતી પાસે મહાદેવના ગળોમાંથી ભૂત ઊભું હોય તેમ આ લલનાઓ પાસે ઊભો ઊભો મૂર્ખદત્ત વાતો કરે છે અને આવતી કાલે શું કરવું તેની આજ્ઞા સાંભળી લે છે એટલામાં બહારથી એક સિપાઈ દોડતો દોડતો આવ્યો.

'બહેન! બહેન! ભાઈસાહેબ' [૧] આવે છે અને ઘણું કરી રાણાજી પણ આવે છે.'

'અમારાથી પાછાં જવાય એમ છે કની?'

'ના જી, રસ્તાના ફાંટા પડે છે તેની આણીપાસ ડંકો, નિશાન અને સવાર આવી પહોંચ્યા છે.'

'ત્યારે?' — ઉતાવળી ઉતાવળી અલકકિશોરી પૂછવા લાગી: 'હવે?'

આવા પ્રસંગોના અભ્યાસીઓને પોતાના કાર્યમાં સમયસૂચકતાની ટેવ પડેલી હોય છે. સમો જોઈ એકદમ પગથિયાં ઉપરથી ઝટઝટ મૂર્ખદત્ત બોલતો બોલતો નીચે ઊતરવા લાગ્યો:

'ચાલો, ચાલો, વાડામાં આવો. રાણાજી માત્ર દર્શન કરવા આવે છે એટલે બહુ વાર નહીં બેસે અને હું બારીએ તાળું દઈ સૌ ગયા પછી ઉઘાડીશ.' વાડામાં નવીનચંદ્ર હતો તેની મૂર્ખદત્તને ખબર ન રહી.

સ્વાભાવિક રીતે સ્ત્રીમંડળ વશ થઈ ગયું હોય એમ તેની પાછળ ચાલ્યું. જતાં જતાં અલકકિશોરી વિચારમાં કુમુદસુંદરીના સામું જોઈ બોલી: 'કલાક બે કલાકની કેદ હવે સમજવી. રાણાજી કાંઈ અમસ્તા દર્શન કરવા જ નથી આવતા. એમને અહીંયાં વાર થશે. આપણે અત્યારે આવ્યાં તે જ ભૂલ થઈ હશે. સરત ન રહી.'

ચાલતાં ચાલતાં કુમુદસંદરીએ નણંદના સામું વળીને જોયું અને થયું તે ખરું એવું સમજાવવા, વદનકમળ ઊંચું કર્યું હતું તે મન્દ લીલાથી નમાવ્યું અને પાછું જમીન સામું જોઈ ચાલી.

સૌ બારણામાં પેઠાં એટલે પાછું જોતાં જોતાં ભડોભડ બાર વાસી તપોધને સાંકળ મારી દીધી અને તાળું પણ દીધું.

---

* પ્રકરણ-૨, ૩, ૪ અને ૫ એમાં વાર્તાના પ્રસંગ કરતાં ઇતિહાસ જ પ્રધાનભૂત છે.

* *जाज्वल्यमान*


૧ . ગોઠ, ગોઠડી, છાનીછાની વાતચીત.

* રા. મણિલાલ નભુભાઈ દ્વિવેદીના ઉત્તરરામચરિતના ભાષાંતર ઉપરથી.

૧ . મધુર મશ્કરી.

૧ . રાત ૨. નિસ્તેજ, અંધારી ૩. સૌભાગ્યવતી ૪. કિરણ, હાથ

૧ . બુદ્ધિધન


MAGAZINE AND BOOK PDF
Join Our Telegram Channel
ForBooks And Magazines
@magazineandbookpdf
टेलेग्राम डाउनलोड करने के बाद सर्च बार में
हमारी चैनल का नाम सर्च करे और जॉइन हो जाइए

૩. બુદ્ધિધન

રાજેશ્વર મહાદેવનું દેવાલય સુવર્ણપુરથી ત્રણેક ગાઉને છેટે હતું, એટલે લોકોની અવરજવર થોડી રહેતી. કોઈ કોઈ વેળા આ કારણથી શ્રીમંત વંઠેલાનું અને કોઈ કોઈ વખત રાજ્યપ્રપંચના ખટપટી વર્ગનું તે સંકેતસ્થાન થઈ પડતું. તપોધનને આ માર્ગે ઊપજમાં વધારો થતો હતો અને સર્વ જાતના યજમાનવર્ગને પ્રસન્ન રાખવાની, અનુકૂળતા કરી આપવાની, અને અનુકૂળ થઈ જવાની તેનામાં કળા આવી હતી. ઘણુંખરું યજમાનવર્ગ તેની સાથે પ્રથમથી બંદોબસ્ત કરી મૂકતા એટલે એક સંકેત સમયે બીજાઓ સંકેત કરવા આવી ગૂંચવાડામાં પડતા ન હતા. પરંતુ કથાનો પ્રસંગ ચાલે છે તે વખતના સાંકેતિક સાધારણ વર્ગના ન હતા અને પૂજારી અથવા બીજા સર્વ સાંકેતિકોની ફરજ હતી કે નગર અને દેવાલય બેના સ્વામીઓ સ્વતંત્ર રીતે વર્તે તેમાં ખલેલ ન પહોંચે એ જાતે પોતાની બુદ્ધિથી જ જોઈ લેવું.

‘ધ્યાન રાખો મહેરબાન!’ એમ પોકાર થતાં જ સુવર્ણપુરનો સ્વામી બુદ્ધિધન સાથે દેવાલયમાં આવ્યો અને પોઠિયા આગળ રાજસેવકો સોનેરી ભરતનો ગાલીચો બિછાવી ચાલ્યા ગયા તેના ઉપર બંને જણ બેઠા. મૂર્ખદત્ત જમીન સુધી નીચો પડી ત્રણ સલામ કરી પોતાની ઓરડીમાં રસોઈ કરવા ચાલ્યો ગયો. ચોમાસામાં રાત્રે વાદળાં આવે અને એક બાકામાંથી માત્ર ચંદ્ર અને કોઈ પાસેનો તારો જણાય તેમ રાણો અને અમાત્ય આખા શિવાલયની એકલી વસ્તીરૂપ રહ્યા. *

રાણો સાડત્રીશ-આડત્રીશ વર્ષની ઉમ્મરનો હતો. પાછલા રાણાને ઔરસપુત્ર ન હોવાથી, જૂના કારભારીઓ અને જૂની રાણીઓને ખોટો પુત્ર મેળવવામાં કાંઈ જોગવાઈની ખામીને લીધે અને જોગવાઈ મળી તેટલી નિષ્ફળ જવાને લીધે, તે મેળવનારાઓમાં ફાટ પડી એટલે ખરા વારસને જાતે — સરકારી રેસિડેંટ મારફતે — અને પોતાના ધનપરિજનના બળ અને યુક્તિ વડે પોતાનો હક સંભાળવામાં અનુકૂળ પડવાથી, મૈયત રાણાના પિત્રાઈ ભૂપસિંહને ત્રણચાર વર્ષ થયાં ગાદી મળી હતી. તે સાધારણ વર્ગમાં ઊછર્યો હતો અને તેની કોમળ વયે રાજમહેલની ઝેરી હવા જરી પણ અનુભવી ન હતી, તેથી તેની સાધારણ બુદ્ધિ નષ્ટ થવા પામી ન હતી. ગરીબ અવસ્થા થોડાંક વર્ષ દીઠી હતી એટલે ઝાઝી ઉદારતા ન હતી પરંતુ એ અવસ્થા યાદ રહેવાથી ગરીબ લોકો ઉપર અમીદૃષ્ટિ રહેતી. બાપનો ગરાસ ખવાઈ જતો અટકાવવા કારભારીઓ, અમલદારો અને તેમના સિપાઈઓનો પણ પ્રસંગ પડેલો હતો. કોઈની પાસે આજીજીઓ કરી અપમાન અને લુચ્ચાઈને તાબે થવું પડ્યું હતું, લાંચ આપવી પડી હતી, ધકકા તેમ જ ધપ્પા ખાવા પડ્યા હતા, પ્રપંચો જોવા તથા કરવા પડ્યા હતા, રાજાના સંબંધમાં બહારથી દેખાડવામાં અને મનમાં રાખવામાં માન તથા પ્રીતિમાં જે અંતર તેનાં પોતાનાં કહેવાતાં માણસો પણ રાખતાં તેની

કાંઈક વાસના આવી હતી. રાજમહેલમાં રાજ્યકાર્યને પ્રસંગે અને બહાને અધિકારીવર્ગની સ્વચ્છંદ વર્તણૂક તેના સાંભળવામાં આવી હતી, અને આ સર્વ અનુભવનાં ફળ ગાદીએ બેઠા પછી લેવાં તેનો ઠરાવ હતો. રાજ્યતંત્રનાં ઘણાં માણસને ઓળખતા અને ઘણાંને ઓળખું છું એમ ધારતો. જૂની અવસ્થામાં પહોંચેલા અપમાનનું વેર વાળવું એ પોતાનો ધર્મ સમજતો હતો અને તે સમયે પોતાનો પક્ષ ખેંચનારાઓને હવે ઊંચા ચડાવવા એમાં વટ માનતો હતો. ખરેખરા રાજધર્મનો આભાસ પણ મગજમાં ન હતો તેથી આ ધર્મ અને વટ રાખવામાં જ ખરેખરો રંગ રહેશે એમ તેની દૃઢ શ્રદ્ધા હતી. આ શ્રદ્ધાનો તણખો જૂની અવસ્થામાં પ્રકટાયો હતો અને તેની નવી અવસ્થામાં સ્વાભાવિક રીતે પુષ્ટિ મળી હતી એટલે બને તો પ્રદીપ્ત બની ભડકો થવા તત્પર રહેતો. પરંતુ ગાદી પર બેઠા પછી જૂના કારભારીના લચી પડવાથી, વેશ બદલવાથી, ઉદારપણાથી, અને ઉચ્ચનીચ યુક્તિઓથી ભૂપસિંહનો સ્વભાવ બદલાયો હોય તેમ દેખાતો હતો અને રાજવૈભવના શિયાળામાં તેનો અનુભવઅગ્નિ ધીમે ધીમે કજળાતો અને તેના ઉપર મોજશોખની રાખનાં પડ બંધાતાં જોઈ સર્વ જૂનું મંડળ નિશ્ચિંત થઈ જતું હતું.

અમલના ઘેનમાં, સ્વાર્થના જડપણામાં, ઉન્માદ વિષયના આવેગમાં, બાહ્યસૃષ્ટિની ભભકમાં અને રોજના લાગ્યા વ્યવહારની જાળમાં ઘેરાઈ જતું, ઊંઘતું, મૂર્છા પામતું, અંજાઈ જતું અને લપટાઈ જતું — સર્વમંડળ આ પ્રમાણે શૂન્યવત્ થતું હતું અને રાજફેરની વાત જૂની થઈ જતી હતી તે સમયે માત્ર બુદ્ધિધન એકલો જાગતો હતો, જોતો હતો, સાંભળતો હતો, વિચારતો હતો અને નવા ખેલ રચતો હતો. सर्वभूतની આ निशाમાં સુવર્ણપુરના રાજ્યતંત્રનો આ પંત્રી, માંદા માણસની પથારી પાસે જાગનાર વૈદ્યની પેઠે, અને શિકારટોળું નજરબહાર — ક્રમ [૧] બહાર — ન થઈ જાય એ સરત રાખતા સિંહની પેઠે જાગતો હતો; અને સુવર્ણપુરનું રાજ્ય શ્રેષ્ઠ કહેવાય, પોતાનો અમલ સ્થિરઅને ઉચ્ચ થાય, રાજ્યતંત્ર પોતાના હાથનું રમકડું બની જાય, અને ભૂપસિંહ અને તેની પ્રજા પોતાની અને પોતાના સ્વજનની કામધેનુ થઈ રહે; આવા વિચાર બુદ્ધિધનની આંખ આગળ ભૂત પેઠે નાચ્યાં કરતા, અહોનિશ તેને ઉજાગરો કરાવતા, બીજા કોઈ પણ વિષય પર તેનું નેત્ર પડતાં તેમાં અંધારાં આણતા, તથા નિરંતર ચિંતામાં આનંદમાત્રને લીન કરતા, અને આ તેના મહાયોગને જોઈ શકવા — પરખી શકવા — જડ જગતનાં ચર્મચક્ષુમાં તાકાત ન હતી.

બુદ્ધિધનના ચોથીપાંચમી પેઢીના પૂર્વજો સુવર્ણપુરના કારભારીઓ હતા; અને કારભાર ગયા પછી પણ નાનામાં નાની નોકરીને પણ હાથમાં રાખી દરબારમાં પગ રાખવો એ નીતિ તેના કુટુંબે રાખી હતી. પેઢીએ પેઢીએ તો શું પણ એક જ પેઢીમાં કાળચક્રના વારાફેરા બદલાયા હતા અને શ્રીમંતપણા અને નિર્ધનતા વચ્ચે આ ગર્ભશ્રીમંતપણાની ખુમારીવાળા કુટુંબે

ઝૂલા ખાધા હતા. બુદ્ધિધનને પિતાના તરફથી વારસામાં પોતાના આભિજાત્યનું અભિમાન — ખાનદાનની ખુમારી — અને તે ગુણની પાછળ ખેંચાતા ગુણો વિના બીજું કાંઈ મળ્યું ન હતું. પરંતુ તેની મા ઘણી બુદ્ધિવાળી, ડાહી તથા ગરીબ અવસ્થામાં ઘરરખણી અને સારી અવસ્થામાં ઉદાર રહી શકે એવી હતી; અને એવું કહેવાતું કે તે પુરુષ હોત તો આ ‘કારભારી’ કુટુંબનો કારભાર પાછો મેળવત. આ બાઈના આ ઊજળા ગુણો તેના પુત્રમાં વિકાસ પામ્યા હતા અને તેમની દિન પર દિન વૃદ્ધિ થતી જોઈ નિર્ધન માતાપિતા આશા અને આનંદમાં સારા દિવસની વાટ જોતાં હતાં. મહારાજ શિવાજીને જીજીએ ઉશ્કેર્યા હતા તેમ બુદ્ધિધનની પાસે તેની મા નાનપણામાંથી રસભેર વાતો કહી સંભળાવતી હતી કે એક દિવસ રામરાય આવી રીતે કારભારી થયા, લક્ષ્મણચંદ્રે નાની ઉમ્મરમાં રાણાની પ્રીતિ મેળવી હતી, અને કૃષ્ણદાસે સુંદરસિંહ રાણાના વખતમાં ઢગલા ધન મેળવ્યું હતું, કુટુંબને તારી દીધું હતું, અધિકારીઓમાં આણ વર્તાવી હતી અને વસ્તીમાં તેની હાક વાગતી હતી. આ સર્વ વાતો બાળક બુદ્ધિધન એકાગ્ર ચિત્તથી બોલ્યાચાલ્યા વિના સાંભળતો. માની વર્ણનશક્તિ વિદ્યાના સંસ્કાર વગરની હતી પરંતુ તેમાં સ્વભાવોક્તિ, સુંદરતા, રસિકતા અને સૂચકતા ઊભરાઈ જતાં. સ્ત્રીભાષાનું કોમળપણું તથા સંસ્કારીપણું તેમાં બહેકી રહેતું. સુંદર અને લલિત સ્ત્રીએ સંસારના પ્રેરેલા સાધારણ અલંકારો ધ્યાન ખેંચ્યા વિના હૃદયમાં પરોવાઈ જતા. માના મસ્તિકની (મગજની) કલ્પનાશક્તિ અને હૃદયની ઇચ્છાઓ બાળકના મસ્તિક તથા અંત:કરણમાં નદીની પેઠે વહ્યાં જતી. બાપ પોતાના કુટુંબના જૂના વખતની મોટી મોટી વાતો સંભારતો, બડાશો હાંકતો, અને રંક જન્મેલા આજકાલના મોટા થયેલા જુવાનિયાઓ અને અમલદારો તુચ્છ હોય તેમ તેમને ધિકકારી હસી કાઢતો, ગણતરીમાં જ ન ગણતો, અને અપ્તરંગી[૨] મૂર્ખ વિધાતા — નસીબ — ને માથે આ ક્ષુલ્લક લોકને થનથન નચાવી સાતમે આકાશ ચડાવી દેવાનો દોષ તિરસ્કાર ભરેલી દૃષ્ટિથી મૂકતો. કુમળા મસ્તિકમાં આ સર્વ સંસ્કારો ભરાયા હતા અને બુદ્ધિધને ઠરાવ કર્યો હતો કે બ્રહ્માની આવી ભૂલ સુધારી દેવી અને પોતાની યોગ્યતા પ્રમાણે મોટા પદ પર ચડવું.

જન્મનો કારભારી નિશાળે ગયો હતો પણ ત્યાં ભણવાનું પ્રયોજન ન જડવાથી ઘણા દિવસ ગૂંચવાડામાં કાઢ્યા. આખરે એવી શોધ કરી કે ભણવું એ એક હુન્નર છે, પૈસા કમાવાનું સાધન છે, એ હુન્નર પાસે હોય તો એકની એક વાત, લોક અંજાઈ જાય એમ લખતાં આવડે છે, અને મુસદ્દાઓ લખવાસમજવામાં ઝીણવટ આવે છે. માનું કહેવું એવું હતું કે ભણવાથી બુદ્ધિ વધે છે અને આ મત સામે દીકરાએ કદી તકરાર ન કરી પણ તેના મનમાં એમ જ છેક છેલ્લે સુધી હતું કે આ બાબતમાં મા ભૂલ કરે છે. આવી વૃત્તિથી નિશાળે કંઈક ભણ્યો અને વર્ગમાં અવકાશ મળતો ત્યારે મહેતાજી વર્ગ કેમ ચલાવે છે, છોકરાઓની સંખ્યા કેમ વધારે છે, છોકરાનાં

માબાપને કેમ ખુશ કરે છે, ઠોઠ છોકરાઓ સાથે કેમ માથું કૂટે છે, અને છોકરાઓ મહેતાજીની પૂંઠે કેવું ટોળટીખળ કરે છે તે સૌ જોતો, સરત રાખતો અને ગમત તથા બોધ પામતો. પ્રથમ તો આખા જગતમાં બુદ્ધિવાળાં માણસોની સંખ્યામાં માનાથી બીજે નંબરે મહેતાજી મુકાતા, પણ આખરે મહેતાજીનો નંબર ઊતરતો ગયો. એમ કરતાં કરતાં મહેતાજી મૂર્ખાઈ અને કમબુદ્ધિના નમૂના જેવા લાગવા માંડ્યા એટલે તેમને પોતાની વિદ્યાથી, બુદ્ધિથી અને દ્રવ્યથી સંતોષ આપી અક્કલવાળા વિદ્યાર્થીએ નિશાળ છોડી, અને ભણેલા માણસો ઘણુંખરું મહેતાજી જેવા જ હશે એવો વિચાર, જગતમાં પ્રવાસ સમયે ભાથા સારું લીધો. આવી રીતે તેણે નિયમ બાંધ્યો હતો તેમાંથી બહુ બળવાન સાબિતીવાળા અનુભવ પછી જ એ મોટી વયે પણ થોડાક પ્રસંગ પડેલા માણસોની બાબતોમાં અપવાદ સ્વીકારતો.

નિશાળ છોડ્યા પછી સંસારશાળામાં પાસ થવાની મહેનતમાં ઘણાક અનુભવ થયા અને ઘણાક વિચાર બદલવા પડ્યા. નાનપણાનાં સ્વપ્નોમાં એકદમ મોટા થઈ જવાનો વિચાર રાખ્યો હતો તેનો આવેગ કપરા અનુભવે મંદ પાડી નાંખ્યો; અને ધીમે ધીમે, પગલે પગલે, અડચણો વેઠી, ઘણીક મહેનત કરી, ઘણીક ચિન્તા સહી, ઘણીક વખત નિરાશ થઈ, પોતાની બાજીનું પરિણામ લાચાર બની અદૃષ્ટના હાથમાં રહેવા દઈ, ઘણાં વર્ષ પછી, મૂળ ધારેલા પદે તો નહીં જ પણ એનાથી અર્ધે રસ્તે પણ પહોંચાય તો સંતોષ રાખ્યા વિના છૂટકો નથી એવો સિદ્ધાંત કરી, બુદ્ધિધને સંસારસાગરમાં વગર તૂમડે તરવા વામો ભરવા માંડી. બાપની બુદ્ધિ વિષે બહુ ઊંચો અભિપ્રાય ન હતો તે છતાં તેનો અનુભવ ઘણી વખત કામ લાગતો અને કેટલીક વખત તેની શિખામણ અને સૂચનાઓની અવગણના કર્યા પછી ‘મા, તું કહેતી હતી તે કહે’ કરવું પડતું. માની સૂચનાઓ કેટલીક વખત રુચિને અનુકૂળ લાગતી હતી, તથાપિ પ્રથમ જે માન તેની બુદ્ધિ વાસ્તે હતું તેમાંથી દિવસે દિવસે ઘણું કમી થતું ગયું. પુત્રને બહારના અનુભવે વધારે વધારે ઘડ્યો અને તેની બુદ્ધિને વધતી વયે પકવી તેમ તેમ ઘરના જ અનુભવવાળી જનનીની બુદ્ધિમાં કચાશ માલૂમ પડવા માંડી, અને ચડતી અવસ્થાના બાળકને ઊતરતી અવસ્થાની મામાં સ્ત્રીબુદ્ધિ ભાસવા માંડી તથા અંગવિકલ થતો પિતા બુદ્ધિવિકલ થતો લાગ્યો. બાળકપક્ષી માબાપના આશ્રય વિના ઊડવાની હિંમત કરવા લાગ્યું. માબાપના ધર્મની સીમા અનુમોદન અને અનુશોચનમાં આવી રહી. વ્યવહારશક્તિ જવાથી, બીજા સ્વાર્થ પરથી, દૃષ્ટિ વિરામ પામવાથી, અને કઠણ વૃત્તિઓ વિકલ થઈ જવાથી વૃદ્ધ માબાપની વત્સલતા ઘાડી થઈ, ઉઘાડી ઊભરાવા લાગી, અને તે જમીન પર નિષ્ફળ ઢોળાઈ ન જાય એવી રીતે પોતાના ઉમળકાથી તેનો યોગ્ય સત્કાર કરી વૃદ્ધોના અપંગ આનંદને ટેકો આપવો એ મારો ધર્મ છે એવી બુદ્ધિ બુદ્ધિધનમાં સ્પષ્ટ સ્ફુરવા લાગી. સંસારપંડિતનો સ્વાભાવિક

પ્રેમ સ્વાભાવિક રીતે નિર્ગન્ધ અદૃષ્ટ રહેતો તેના પર બુદ્ધિના રેડ્યા કૃત્રિમ પ્રેમનું પડ બંધાયું — જેણે રમણીયતા તથા સુગંધ ધરવા માંડી.

સંસારમાં કયા પ્રવાહમાં દોરાવું અને કયા બંદર ભણી જવું એ વિચાર કરવાની બુદ્ધિધનને હવે જરૂર પડી અને તેના વિચારને પોતાના અભિલાષ પ્રમાણે વાળવા વૃદ્ધ માબાપ મથતાં. બાપના મનમાં જીવવાની મર્યાદા આ સંકલ્પ સિદ્ધ થયો જોવા સુધીની હતી. તેના મનમાં એમ હતું કે મારા કુટુંબના ઓળખાણથી રાણાનો અને બુદ્ધિધનનો પ્રસંગ કરી આપવામાં હું સાધનભૂત થાઉં અને પોતાની ગરીબ અવસ્થા છતાં પણ બાપના તરફથી આટલી મદદ વારસામાં આપ્યાનો સંતોષ પામું. માની ઇચ્છા એવી હતી કે રાણાનો કારભારી મારા પિયરનો સગો થાય છે તેના ઉપર મારા મસિયાઈ ભાઈ પાસે ભલામણ કરાવી પુત્રને તેની વયના બીજા છોકરાઓ કરતાં ઊંચી પાયરીની જગા અપાવું. ડોસોડોસી પરસ્પર એકબીજાની દરખાસ્તના સરસપણા વિશે ચર્ચા ચલાવતાં. બુદ્ધિધન સર્વ ચર્ચાનો ઉદ્દેશ સમજતો અને ઇચ્છતો કે પોતાના વિચાર પાર પડે અને માર્ગ માબાપનો ઇચ્છ્યો લેવાય. સર્વસાધનભૂત લક્ષ્મીને ખેંચી કાઢવી એ તો સૌને સિદ્ધ હતું પણ કયા કૂવામાંથી તે બાબત મતભેદ હતો. राजद्वारे महालक्ष्मीर्व्यापारे वसति તથા વ્યાપાર કરવો, કે રાજલક્ષ્મી શોધવી? વ્યાપારમાં ખોટની બીક; મૂડીની જરૂર, ચિંતાની જરૂર, અધિકારીની ગરજ પડે ઇત્યાદિ કારણોથી રાજલક્ષ્મી શોધવી એવો ઠરાવ સંસારના ઉમેદવારે કર્યો. પણ આ કામ શી રીતે પાર પાડવું તેની ચિંતા રાતદિવસ રહ્યાં કરતી. રાણાને ત્યાં પ્રથમ તો નાની સરખી નોકરી મળે, તેમાં પેટ ભરાય નહીં, પ્રતિષ્ઠાનું દ્વાર રહે નહીં, રાજસત્તા તો દુર જ રહે, અને વળી મૂર્ખ અને પારકી માના જાયા અમલદારો પાસે વગર રાખવા કરગરવું પડે. બળી આ નોકરી. ધૂળ નાખી, દુ:ખી તો દુ:ખી પણ વ્યાપારમાં આમ અરુચિકર ન થાય. આવી રીતે સંશયહિંદોળે બુદ્ધિધન ચડ્યો અને રાત્રે અને દિવસે, ઘરમાં અને બહાર એકાંત શોધતો, વિચારમાં ગરક થઈ જતો, અને ઘણી વાર માબાપની પાસે પણ શૂન્યહૃદય, શૂન્યનેત્ર, શૂન્યકર્ણ બનતો. એકલો બેઠો બેઠો હજારો તર્ક કર્યા કરતો, હજારો લોકો પોતાનો નિર્વાહ કેમ ચલાવે છે તેનું સંશોધન કરતો, તેમને ઉપજીવિકાનું સાધન પ્રથમ કેમ મળ્યું એ વિષે ખંતથી પૂછતો અને એ સૌ રસ્તા પોતાને વાસ્તે ઉઘાડા છે કે નહીં તે વિચારતો. વળી એક રસ્તો અરુચિકર લાગતો. બીજો નિર્ભય નથી. ત્રીજામાંથી લક્ષાધિપતિ થવાય એમ નથી. ચોથામાં તો ઘણીક ખરાબ અડચણો પડે. એવી રીતે ગણતો ગણતો આંગળી વડે ભોંય ઉપર, હવામાં અને કપાળે, મોટાં મોટાં મીંડાં વાળતો અને ગણગણતો કે:

શું થાશે તેની નહીં સમજણ પડતી કાંઈ;

વિફળ વિમાસી ભાવિને અમુઝાવું મનમાંહ્ય.

વળી આ રસ્તામાં બેવકૂફી લાગતી અને અચિંત્યો એકાંતે ખડખડ હસી પડતો. આખરે પાછો ફરી ઠરાવ કર્યો કે નોકરી ખોળવી, પણ થોડા દિવસ વાટ જોઈ, ધીરજ ખમી, સારી નોકરી કઈ છે તે ખોળવું અને ખોળી તેને જ મેળવવા યત્ન કરવો, આ સર્વ વિચાર પુત્રના મગજમાં ચાલતા અને તોફાન મચાવતા તે વખતે માબાપ તેથી અજાણ્યાં રહેતાં. તેઓ તો ઘણી વખત પૂછતાં કે ‘ભાઈ, શું કરવું છે?’ પણ જવાબમાં કંઈ સંતોષકારક મળતું નહીં.

આ બધા સમયમાં બુદ્ધિધનનો બાહ્ય વ્યાપાર દેખીતો આનંદમય હતો. તેમાંથી તે કાંઈ કાંઈ ઉપયોગ શોધી લેતો અને તેમાં તેની મા રસ પૂરતી. વિદ્યાભ્યાસનો ખાસ પ્રસંગ ન હતો તોપણ કાજીસાહેબ સાથે ઘરનું જૂનું ઓળખાણ હતું તેમની પાસે જઈ ફારસી બેતો મોઢે કરતો અને સમજતો અને આખરે તેમાંથી તેનો સ્વભાવ ગંભીર અને શાણા બગલા જેવો થયો. શાસ્ત્રીપુરાણીની કથાઓમાંના સંસ્કાર વડે તેનું અંત:કરણ ઊંચી વૃત્તિઓથી ભરાયું અને સંન્યાસીઓને પ્રસંગે તેમાં શાંતિનો પટ બેસાર્યો. બ્રહ્મજ્ઞાનના શબ્દ કાનમાં પડવાથી તથા તેના સંસ્કાર સ્ફુરવાથી સંસારી વિષયોમાં પણ ઊંડી વિવેકબુદ્ધિ (ફિલસૂફી) ઉત્પન્ન થતી. અવકાશને વખતે વૃદ્ધ પુરુષો સાથે ગપાટા મારવામાં પણ આવતા. તેઓએ પોતાની જુવાનીના જોરમાં અને મદમાં પરાક્રમ કરેલાં અથવા ખત્તા ખાધેલા તથા યુક્તિઓ રચેલી; તેઓ ફાવેલા, હારેલા, ફસાયેલા, લલચાયેલા અને બચેલા. કોઈએ કારભાર કરેલો, કોઈએ વ્યાપાર કરેલો, કોઈએ રંડીબાજીમાં જુવાની ગુમાવેલી, કોઈથી બેવકૂફીમાં કંઈ જોવાયેલું નહીં, કોઈએ પ્રમાદમાં થતું થવા દીધેલું, કોઈ ખટપટનો ભોગ થઈ પડેલો; ઇત્યાદિ વાતો અનુભવનારને જ ઘરડે મોંએ કોઈ વાર વગર પસ્તાવે, કોઈ વાર બડાશના સંતોષ સાથે, અને કોઈ વાર કથાઓ અને ઘરડાઓના ગપાટા, સર્વ વાતો પ્રસંગે તથા અપ્રસંગે પુત્રના મોંથી નીકળતી તેમાં હોંકારો ભણી, ઉમેરો કરી, તેના જેવી જ બીજી વાતો પોતે કહી, ટોળ કરી, તાળી આપી, ‘જોયું? આમ થયું તેનું આ પરિણામ’ કહી સાર કાઢી આપી, મા દીકરાને રીઝવતી, કેળવતી અને રાચતી. આ વાર્તાઓ રસભરી થઈ બુદ્ધિધનના મનમાં ઠરતી અને વજ્રલેપ થતી. બ્રહ્મની પેઠે આ સર્વ માયામયી સૃષ્ટિનો નિર્ગુણ અને નિષ્કર્મ સાક્ષી — કુટુંબનો વડીલ — બુદ્ધિધનનો બાપ સાંભળતો અને સૌના આનંદમાં ગુપ્ત ભાગ લેતો. દાતણને વખતે, નહાતાં નહાતાં, જમવાની ઘડીએ, વાળુ કરતાં, પથારીમાં સૂતાં સૂતાં, શિયાળામાં તાપણાં તાપતાં, ઉનાળામાં ચાંદની રાતના ગપાટા વખતે, અને ચોમાસામાં અંધારી રાતે કાળા વાદળમાંથી વરસાદ ટપક ટપક થયાં કરતો સાંભળતાં સાંભળતાં — સુવર્ણપુરના ‘કારભારી કુટુંબ’માં આવી રીતે સંસારશાળા વગર મહેતાજીએ વગર પુસ્તકે વણજાણી ચાલતી. સ્ત્રીજાતની કોમળતા, કલ્પના, પ્રતિભાન, સ્નેહીપણું, રસિકતા અને માર્મિકતાની લહેરો સ્ત્રીબુદ્ધિની અવગણના કરનારના અંત:કરણમાં સતતગતિ [૧] બની પેસી જતી, અને નદી ઉપર

પ્રભાતનો કમલસ્પર્શી પવન શરીરના ઉપર જેવી રમણીય, પાચક અને બળવાન ગુપ્ત અસર કરે છે તેવી જ અસર આ અંત:કરણ ઉપર થતી. બેતો, કથાઓ, શ્લોકો અને ગપાટા પ્રાસાદિક[2] બુદ્ધિશાળી બાઈએ ભેળવેલા સ્વાદિષ્ટ સંભારથી પચવામાં સુલભ થઈ જતાં.

બુદ્ધિધનના બાપને પરાપૂર્વથી ચાલતું આવેલું વર્ષાસન મળતું. તે વર્ષાસન માત્ર બસેં રૂપિયાનું હતું પરંતુ હાલ તેની કનિષ્ઠ અવસ્થામાં કોઈક વખતે મદદ કરનારું થઈ પડતું અને લોકમાં પ્રતિષ્ઠા આપનારું ગણાતું. કારભારી મંડળમાં એ વર્ષાસનથી 'કારભારી કુટુંબ'નું નામ વર્ષે દિવસે એકેકી વાર સ્મરણમાં આવતું. એ સિવાય મૂળ કારભારીઓએ પૈસો એકઠો કરી મૂકેલો તથા જમીન હાથમાં રાખેલી તેમાંથી આવદાન ભરવા જોગ ઉત્પન્ન થાય એટલું બાકી રહ્યું હતું. રાજસત્તા હોય તો ઘણી મિલકત ખરી થાય એવી હતી. પણ તેવી સત્તા તો ભૂતકાળની વાત થઈ હતી અને હાલ તેનું સ્વપ્ન પણ કોઈને આવતું ન હતું. પૈસો પૈસાને પેદા કરે છે. પણ આ કુટુંબમાં તો પૈસો ન હતો એટલે સરકાર દરબારને રસ્તે ચડવું અને લાંચ આપી જીતવું મુશ્કેલ થયું હતું. વગવાળા અને પૈસાવાળાઓ પાસે હાથ નીચે પડી જતા અને પોતાના જેવા જ માણસો પ્રતિસ્પર્ધી હોય ત્યારે ન્યાય મળવાનો સંભવ રહેતો અને એ સંભવનો આધાર પણ અમલદારના ઉદ્યોગ, ઉત્સાહ અને સાવધાનપણા ઉપર રહેતો. આવું છતાં કુટુંબનો વ્યવહાર ચાલતો અને ઘર ચલાવનારીની બુદ્ધિ, વેતરણ અને કરકસરથી નામ પ્રમાણે ખરચ રાખ્યું દેખાતું છતાં ઝાઝું ખરચ થતું ન હતું અને કોઈ રીતે લાગે એવી અડચણ પડતી ન હતી અને કેટલીક અડચણો વેઠવાની તો સૌને ટેવ પડી ગઈ હતી. મોજશોખ અપથ્ય ગણાતા; અને કુટુંબનો આનંદ, વૈભવ અને ભોગ માદીકરાના ટાઢા પહોરના ગપાટાની બાંધી હદમાં રહેતા.

બુદ્ધિધનનો વિવાહ એના જેવા જ કુટુંબની કન્યા સાથે થયો હતો અને તે નમાઈ હોવાથી સાસુના હાથ નીચે ઊછરી હતી એટલે ગજા પ્રમાણે કુશળ થઈ હતી. તેનું નામ સસરાએ પાડ્યું હતું અને નિર્ધનના ધન — વરકન્યા — ઉપર રંક 'કારભારી કુટુંબ' સૂતું ઊઠતું હતું.

એમ દિવસ ચાલ્યા જતા હતા અને રંક કુટુંબ ઉપર ઉન્મત્ત પ્રમત્ત જગતમાંથી કોઈ પણ આંખ ફરકતીયે ન હતી. સૂર્ય કિરણનાં દર્શન કર્યા વગર જમીનની અંદર કોઈ બળવાન ઝાડનું બીજ વધતું જાય તેવી અવસ્થા બુદ્ધિધન ભોગવતો હતો, તેમ વિપત્તિનો તાપ તેના ઉપર પડ્યો ન હતો. મોટા થવાની ઇચ્છા સિવાય તેના મનમાં પણ બીજું કાંઈ ચિંતાનું કારણ ન રહેતું, અને આ ઇચ્છા એક જીર્ણજ્વર જેવી તેના મનમાં રહ્યાં કરતી. એ વ્યાધિની હયાતી ઘરમાં કોઈ જાણતું ન હતું. માત્ર જાતે જ એકાંત સમયે તેની સહજ પીડા અનુભવતો.

આવી અવસ્થા પણ ઘણા દિવસ ન ટકી. વિપત્તિનું વાદળ ઊછરતા છોડ ઉપર તૂટી પડવા લાગ્યું. બાપનું મરણ અણચિંતવ્યું વિષૂચિકાથી [૧] થયું. આ બનાવ સારું બુદ્ધિધન જશ પણ તૈયાર થયો ન હતો. અજાણ્યા અચિંત્યાં થતા ઘાની પેઠે તે તેને લાગ્યો. તેનું બળવાન મન ઘડીક ચૂરા થતું જણાયું. તેના સ્વભાવને લીધે ગમત કરનાર જુવાન જગતમાં તેના સમાનશીલ વ્યસનવાળું કોઈ ભાગ્યે મળી શકે એમ હતું. ગરીબ અવસ્થાને લીધે પૈસાવાળા ખુશામત સિવાય મિત્રતાનાં બીજાં દ્વાર બંધ રાખતા. ગરીબ લોકોમાં કુલીન સંસ્કાર ન મળતો. અને કોઈ એમ છતાં મિત્ર થવા જેવો મળે તો બુદ્ધિમાં અંતર રહેતું. આથી થયું એ કે બુદ્ધિધન મિત્ર વગરનો રહ્યો અને ખરી વિપત્તિ સમયે તેના મનનું ઔષધ કરવા તેની મા વગર બીજું કોઈ હતું નહીં અને તે માને પણ વૈધવ્ય દુ:ખ પડવાથી તેની મનની સંભાળ લેવી એ પણ હવે ખરેખરા એકલા પડેલા બુદ્ધિધનને માથે ફરજ થઈ પડી.

આટલાથી જ વિપત્તિનું ઝાપટું પૂરું થયું નહીં.

‘जीवतो वाक्यकरणात् मृताहे भूरिभोजनात्।

गयायां पिण्डदानेन त्रिभिः पुत्रस्य पुत्रता॥’

બ્રાહ્મણસંસ્કારવાળા પુત્રને આ શ્લોક ઘણો વહાલો હતો અને રમણીય લાગતો. સુધારાવાળાઓની પુત્રના પોતાની રુચિને અનુસરતી રીતે પિતાનું નામ લોકપ્રસિદ્ધ કરવામાં વિકાસ પામે છે. બુદ્ધિધનની પુત્રતા પિતાની રુચિને અનુસરતી રીતે વર્તવામાં સ્ફુરવા ઇચ્છતી હતી. ઘણી ચિંતા કરી, આમતેમથી પૈસા એકઠા કરી, શ્રમ વેઠી, અને એવી એવી અનેક વર્તમાન તથા ભવિષ્ય વિપત્તિઓ માથે વહોરી, તેમ કરવામાં પિતાના મરણનો શોક વ્યવહારવિપત્તિઓમાં લીન કરી, બુદ્ધિધને શાસ્ત્રોક્ત પુત્રતા અનુભવવા માંડી. આ વિપત્તિઓના કુહાડા ખમી ખમી ચંદનવૃક્ષ જેવો બાળક શરીરે ક્ષીણ થતો ગયો અને તેના અંતરમાંથી બુદ્ધિગંધ બહેકવા લાગ્યો. ચારે પાસ વિપત્તિઓની ભીડ થઈ રહી હતી. તેને બળવાન બાહુ વડે હડસેલી હડસેલી ધક્કાધક્કી વચ્ચેથી અગાડી ધપી સંસારસુખની ઝાંખી ખોળવામાં પાછળ રહી ગયેલા ભૂતકાળ ઉપર નજર નાખવાનો અવકાશ ન રહ્યો; અને તે નિમિત્તે વિપત્તિઓની વધતી ભીડમાં ચગદાતો બાળક એકલો બળ અજમાવવા લાગ્યો.

---

* આટલા ભાગની સાથે પ્રકરણ છઠ્ઠાનું અનુસંધાન છે. વચલા ભાગમાં બુદ્ધિધનની પૂર્વવાર્તા છે.

૧ . કૂદકો

૨ . ‘અફતરંગી’, અપ્તરંગી, પાણીના તરંગ જેવા તરંગી ચિત્તવાળા.

૧ . પવન: હંમેશાં ચાલનાર ૨. ઈશ્વરની કૃપાથી જ મળેલ

૧ . કૉલેરા, કોગળિયું

૪. બુદ્ધિધન (અનુસંધાન)

નમાઈ સૌભાગ્યદેવી બાળક અવસ્થામાં આજ સુધી સાસરે જ રહેતી. તેનું કન્યાવય હવે બદલાવા લાગ્યું અને શરીર તથા સમજમાં દેખીતો ફેર પડવા લાગ્યો. સસરા ગુજરી જવાથી સાસુ ઓરડે બેઠાં અને આખા ઘરનું કામ ઉપાડી લેવાનો ભાર ઊછરતી વહુને માથે પડ્યો. ઓરડામાં બેઠાં બેઠાં સાસુ કામ બતાવે અને તેમની સગવડ વણમાગી સાચવવી તથા તેમના વચન ઉપાડી લેવા એ સૌ ચિંતા વહુને માથે પડી અને વણપરણ્યે ગૃહિણી ધર્મનો તેને અનુભવ થવા લાગ્યો. બુદ્ધિધન સાથે આજ સુધી બોલવાનો પ્રસંગ પડ્યો ન હતો, પરંતુ ઘરખટલાના સમયમાં ન ચાલ્યે હળવે હળવે છાનાં છાનાં તથા બીતે બીતે વાતચીતનો પ્રસંગ પડવા લાગ્યો. આઘાં ઊભાં ઊભાં પણ વણપરણ્યાં દંપતી ઊગનાર મદનના આભાસથી નવીનતા ભોગવતાં અને બીડેલાં હૃદયકમલની પાંખડીઓ જોબનના જોસને વાસ્તે તૈયાર થતા ઉમળકાઓના જોરથી ‘ઓ ઊઘડી,’ ‘ઓ ઊઘડી’ થતી. ચારે પાસ ખરેખરી વિપત્તિ છતાં પણ બાલકસ્નેહ એકાંત અવકાશ મળશે એવી રીતે મુગ્ધવિનોદનાં નિર્દોષ સ્વપ્ન ભોગવતો અને વરવહુ બેમાંથી એકને પણ આનું ભાન ન રહેતું. કારણ આવી ક્રીડાસમયે સંસાર પર નજર ન રહેતી અને સંસારકાર્ય સમયે મુગ્ધપણું ભૂલી જવાતું, એટલે બંને અવસ્થાનો એકમેકથી વિરોધ વિચારી જોવાનો પ્રસંગ જ મળતો નહીં તે એટલે સુધી કે ચંચળ થવા સર્જેલી મનોવૃત્તિઓનો તનમનાટ કોઈ વખત તો આજથી જ સાકાર થવા યત્ન કરતો અને વધતા પરિચયની વેદી ઉપર સહજ અટકચાળાપણાના સાથિયા પૂરતો. આવી રીતે બે બાળકોને એકબીજાં સાથે ‘માયા’ થઈ અને ભરચક દુ:ખની અંધારી અમાસ જેવી સાડી ઉપર નિર્દોષ મુગ્ધવિલાસની આકાશગંગા જેવી તારાટપકી, એકાંતમાં અને જાણે આખું જગત ઊંઘી ગયું હોય એવા વિશ્વાસથી ચમકારા કરતી. સુખદુ:ખના પટ કેવળ એકરંગી ક્વચિત જ હોય છે. વિપત્તિના પથરા પર અથડાતાં એક રીતે કઠણ બનતું બુદ્ધિધનનું શૂરવીર મન આવી રીતે બીજી પાસથી કોમળ બનવાની કેળવણી પામતું હતું. ગંભીરતામાં દૃઢ થતા સ્વભાવના ઊંડા અંતર્ભાગમાં આવી વિલાસશીલતાના ફણગા ફૂટતા હતા અને તે આખા જગતમાં કોઈને માલૂમ પડતું ન હતું.

એક દિવસ ઓરડામાં બેઠાં બેઠાં સાસુવહુ વાતો કરતાં હતાં અને ગઈગુજરી સંભારી નિ:શ્વાસ મૂકતાં હતાં. સાસુનું હૈયું ભરાઈ આવ્યું અને બાળકના દેખતાં રોઈ ન પડાય તો સારું એવો વિચાર કરી તેને કાંઈ કામને મિષે આઘી મોકલવાની યુક્તિ કરી. ‘વહુ! જશ પાણી લઈ આવશો?’ સાંભળતાં જ કુટુંબદીપિકા પાણી લેવા ચાલી. ઘરના બીજા ભાગમાં જાય છે અને ગોળીમાંથી પાણી ભરે છે. બુદ્ધિધન કાંઈક વિચારમાં પડ્યો પડ્યો હીંચકા ખાતો હતો તેને નજર ચમકાવનાર મળતાં હીંચકા બંધ કર્યા; સૌભાગ્યદેવી પાણી ભરતી હતી તેણી પાસે એકીટશે જોવા લાગ્યો અને

ઉઘાડાં મુખ, નેત્ર આદિ જોઈ દૃષ્ટિ ઠારવાની, અને ઢંકાયેલાં પરંતુ છાના ન રહેતા મુગ્ધ અને લલિત અવયવો જોઈ કૌતુકમાં મગ્ન થવાની અવસ્થાઓ વચ્ચે આમથી તેમ હિંદોળા ખાવા લાગ્યો. પાણી ભરતાં ભરતાં સૌભાગ્યદેવીની પણ સ્વાભાવિક રીતે વર ભણી નજર ગઈ અને બે જણ એકબીજાને કેટલીક વાર સુધી જોઈ રહ્યાં અને બીજા સર્વ અંતર્બાહ્ય વ્યાપાર સ્તબ્ધ થઈ ગયા. સાસુને પાણી જોઈએ છે એ વાત વહુ ભૂલી ગઈ. વહુ ગઈ એટલામાં અશ્રુપાત કરી ઊભરો કાઢી સાસુ સાવધાન થયાં અને વહુને આવતાં વાર કેમ થઈ તે વિચાર થયો તથા રખેને મારા મોં ઉપરથી ચેતી એ પોતે રોતી હોય એવો વિચાર કરી, વિધવાનો રૂઢિધર્મ ભૂલી ઓરડામાંથી બહાર નીકળી વહુની પાછળ ચાલી. ‘મારા ઘરનું સૌભાગ્ય — મારા રંક ઘરની આશા — મારા વધનાર કુળની દેવી! મારા આવા દુ:ખમાં તારું સુખ છાજશે ખરું? હે પ્રભુ!’ એમ કહેતી કહેતી નિ:શ્વાસ નાખી આવે છે ત્યાં દીકરાવહુની મુગ્ધ ચેષ્ટા નજરે પડી અને એકદમ પગ પાછો ખેંચ્યો. પરંતુ આપત્તિકાળથી ઘેરાયેલીથી આ સુભગ દેખાવનું ખરાપણું માની ન શકાયું અને તે ખરાપણું અજમાવવા સારુ — કૌતુકથી — રંગમાં ભંગ ન પડે એવી રીતે છુપાઈ રહી જોવા લાગી અને તે સૌભાગ્યવૃત્તિમાં એના રંક તરંગો લય પામ્યા. અત્યાર સુધી જેને ઓછું આવતું હતું તે માતા છાતીએ હાથ દઈ, ઈશ્વરનો આભાર માનતી સ્નિગ્ધ ભીની આંખ વડે જ જીવતી હોય એમ વડીલનો રૂઢિધર્મ ભૂલી પોતાને ન જોવાનું જોઈ રહી.

બુદ્ધિધન અને સૌભાગ્યદેવીનું તારામૈત્રક રચાયું હતું તેની સીમા આવી રહેતાં હમણાં એ મને પાણી છાંટશે એવી બીક લાગવાથી બુદ્ધિધન તે રમણીય બીક ખરી પડવાની વાટ જોઈ સજ્જ થયો હતો. પરંતુ તે બીક ખરી ન પડી અને વધારે જોતાં સૌભાગ્યદેવીની આંખ આંસુ ભરી ભાસી. તે એકદમ ઊઠ્યો. પાણી ભર્યો કળશ દૂર મુકાવી મુગ્ધ કન્યાનો હાથ ઝાલી ‘શું થયું? આ શું’ એમ પૂછવા લાગ્યો અને ઉત્તરમાં નીચી દૃષ્ટિ તથા વધતાં ડૂસકાં સિવાય બીજું કાંઈ ન મળ્યું એટલે તેને છાતીસરસી ચાંપી વાંસે હાથ ફેરવવા લાગ્યો.

તેની માને રૂઢિધર્મ ઓળંગાયાનું અચિંત્યું ભાન આવ્યું અને એકદમ પાછી હઠી, વિચારમાં પડી, ઝડપથી પોતાના ઓરડામાં જઈ બેઠી. ન જોવાનું જોયું એમ તેને સ્પષ્ટ લાગ્યું.

‘કંઈ નહીં’ — ‘કંઈ નહીં’ — કહી બાથ છોડવી ભાન આવ્યું હોય તેમ સૌભાગ્યદેવી પાણીનું પાત્ર લઈ એકદમ ઝડપથી સાસુ પાસે ચાલી. બુદ્ધિધન સાશ્ચર્ય અને દિગ્મૂઢ બની ઊભો જ રહ્યો.

આટલા ભેદભંગનો પ્રસંગ આજ સુધીમાં આ પ્રથમ જ થયો હતો. બન્નેને તેનાથી તનમનમાં નવા વિકારના ચમકાર થતા જણાય. વિચારમાં

પડી ધીમે ધીમે પોતાને ઠેકાણે જઈ બુદ્ધિધને હીંચકા ખાવા પાછા આરંભ્યા.

તેની માના મનમાં થયું કે ડહાપણનો રસ્તો એ છે કે વરકન્યાને એકદમ પરણાવી દેવાં અને પોતાના વૈધવ્યનું વર્ષ પૂરું નથી થયું તેનો બાધ ન ગણવો. મનમાં માત્ર જરાક ઓછું આવ્યું, પણ પોતાની નાની વયના દિવસ સંભારી ઉદાર ચિત્તમાં ક્ષમાદૃષ્ટિ ભરી. 'નાચી ખૂંદીને પગ સામું જોવું' અને 'છોકરાંને ઢાંકવાં' એ આર્ય માતાઓની સહજ બુદ્ધિ છે. દેવી કન્યાવસ્થાની બહાર નીકળવા યોગ્ય થવા છતાં શોકના બાયસથી તેનું લગ્ન કરવું અટકી પડ્યું હતું, પરંતુ આ કૃત્રિમ બાધ ઈશ્વરલીલા આગળ ટકી રહેવાનો નથી અને કૃત્રિમ લગ્નની વાટ અંતઃકરણોનું લગ્ન જોશે નહીં એ વાતનું તાત્પર્ય ચકોર માતા તરત સમજી ગઈ.

લગ્ન તરત બંધ રાખવાનું બીજું કારણ પણ હતું. પિતાના ક્રિયાખરચમાં બુદ્ધિધન આવ્યો હતો અને લગ્નના ખરચમાં તેવે વખતે પડવું તે માથે આપત્તિ આણવા જેવું હતું. પરંતુ માતાની પાસે શરમ છોડાઈ નહીં. લગ્ન થયું અને વરકન્યા સાકાર ગાંઠથી જગતની આંખ આગળ જોડાયાં. ઉત્સવ પૂરો થયો. ચોરી છૂટી. સંસારનું મંડાણ થયું અને લેણદારોનાં મોં જોવાનાં આવ્યાં. આજ સુધી વર્ષાસનમાંથી ઘરખરચ નભતું પરંતુ લેણદારોને સંતોષવા ક્યાંથી? ઘરમાં હજાર હજાર નવી વસ્તુઓનો ખપ પડવા લાગ્યો. જમીનની ઊપજ પણ તણાઈ જવા લાગી અને ઉઘરાણી ઘસાતી હતી. ઘરમાં મા કે સ્ત્રી આગળ આ ફિકર દર્શાવવી એ તેમને નિરર્થક ચિંતામાં નાખવા જેવું હતું. ખોટી પણ ધીરજ બતાવી ઘરમાં પુરુષપણું જાળવવાની જરૂર હતી. સ્ત્રીઓમાં બીક ઉપજાવવી તે પોતાના પગ કાપવા જેવું અને નવું દુઃખ ઉત્પન્ન કરવા જેવું હતું. સર્વ ચિંતાથી બુદ્ધિધનનું શરીર ઘસાતું ગયું, તેના મુખ ઉપર કાંતિ રહી નહીં, શરીર પર લોહી રહ્યું નહીં અને જુવાનીમાં ઘડપણ આવ્યું. ઘોર અંધારી રાતમાં એક જ દીવો બળતો હતો. આખા દિવસથી કંટાળી પરવારતાં સાયંકાળે વિધવા માની સાથે વાતોમાં પડતાં, તે વાતોમાં સૌભાગ્યદેવીની કોમળ ટાપશીઓ સાંભળતાં, અને આખર એકાંતમાં સૌભાગ્યદેવીની મીઠી વાણી, મધુર ગાયન અને મુગ્ધ વિલાસામૃત અનુભવતાં, દુઃખી પુરુષ ઘડીભર સુખી અવસ્થા ભોગવતો હતો અને સંસારના વ્યાપારમાંથી થાકેલું મન જાગતી ઊંઘમાં આનંદસ્વપ્ન જોતું હતું. કુટુંબસુખની પરિસીમા રંક અવસ્થામાં જ ભોગવાય છે.

આ સ્વપ્ન પણ ટૂંકા જીવતરવાળું હતું. ચિંતાનું ઔષધ કરવા ઘરનું સુખ અસમર્થ નીવડ્યું. બુદ્ધિધનને કોઈ કોઈ વખત તાવ આવવા લાગ્યો. તેને તરત ન ગાંઠ્યો. તેમાંથી જીર્ણજ્વર પેદા થયો અને આખરે એ હડહડતા તાવના ઝપાટામાં પછડાયો અને પથારીવશ થયો. ચિંતાના દુઃખ આગળ ઔષધ ઉપચારનું ચાલે એમ ન લાગ્યું. ગામમાં વૈદ્યો ઘણા હતા, પણ તેમાંનો મોટો ભાગ ઊંટવૈદ્યોનો હતો. સૌ પોતપોતાનું ઔષધ બતાવતા.

બુદ્ધિધનનું ઘર ગરીબ હતું પણ 'કારભારી કુટુંબ'નું પ્રસંગે માન રહેતું. એટલે ઘણા લોકો જોવા આવતા અને ભીડ કરી, માંદા માણસને કંટાળો આપી, ઘરમાં પુરુષ ન હોવાને લીધે આદરસત્કારમાં ખામીઓ કાઢી, ઘરની સ્થિતિ ઉપર અને માણસો ઉપર ટીકા કરી, મોંએ અને કદીક મનમાં લૂખી દયા આણી, કોઈક વાર ઘરમાંની સ્ત્રીઓ માંદા માણસની પથારી પાસે બેસતી તેના ઉપર કુદૃષ્ટિભરી નજર નાખી અને કંઈ કંઈ તર્કવિતર્ક કરી, કોઈ વાર હાથ આવ્યું ચોરી લઈ, શોરબકોર કરી, આખર સૌ પોતપોતાને ઘેર રજા માગી અથવા માગ્યા વગર ખરુંખોટું બહાનું કાઢી જતાં રહેતાં. સૌભાગ્યદેવી અને તેની સાસુ મૂળ તો દુખિયારાં થઈ ગયાં હતાં તેમાં આ ગરબડાટથી કાયર થઈ ગયાં. ઔષધમાં કોઈ કામે ન લાગે અને ઘણા લોકો ઔષધ કંઈ કંઈ બતાવે તેમાં ખરું શું કરવું તે ન સૂઝે. આખરે શોક ન ગણી બધાં આવ્યાં હોય તે વખત પણ મા દીકરા પાસે બેસી રહે અને વહુ હેરોફેરો કરે અને હરતાંફરતાં ડસડસી રહે. રંક કુટુંબના આધારભૂત બુદ્ધિધનને હજુ કરાર ન થયો.

દુ:ખ ઉપર દુ:ખ આવી પડે. બુદ્ધિધનના બાપને ગુજર્યે વર્ષ થવા આવ્યું. નવો પટ્ટો કરી આપવાની કારભારીઓએ ના પાડી. ખાનગી રીતે સૂચના મળી કે કારભારી અને વચલા માણસોના હાથ ભરાય તો વર્ષાસન ચાલુ રહે. આપત્તિમાં પડેલા નિર્ધન કુટુંબને આ અશક્ય થઈ પડ્યું હતું અને વર્ષાસન બંધ પડ્યું! લાચાર અબળાઓ — સાસુવહુ — રોઈ રહ્યાં અને બુદ્ધિધનને સમાચાર ન કહ્યા. મંદવાડ લાંબો પહોંચ્યો, ઘરમાંથી ખરચી ખૂટી, આવક બંધ થઈ, પુરુષ વગર જમીન અને ઉઘરાણી નકામાં પડ્યાં. બજારકામ કરનાર કોઈ રહ્યું નહીં. વૈદ્યને દવા કરવાના ઉત્સાહનું કારણ રહ્યું નહીં અને એના ફેરા ઓછા થવા લાગ્યા. લોકો જોવા આવતા હળવે હળવે થાકી ગયા અને બંધ પડ્યા. ઘરમાં શૂન્યકાર લાગવા માંડ્યો, અને માંદા માણસ ભણીથી બીજી પાસ ધ્યાન ખેંચનાર વસ્તુ રહી નહીં. માંદા માણસ પાછળ સાજા માણસ પણ માંદાં જેવાં — હવેરાં જેવાં — બની ગયાં. બિચારી સાસુવહુના દુ:ખની — વિડંબનાની — મર્યાદા રહી નહીં. ઉપર આભ અને નીચે પાણી એ બે વિના ત્રીજું, રંક અબળાઓને જોવાનું રહ્યું નહીં.

બુદ્ધિધનનું દરદ વધતું ગયું. મૂળ વ્યાધિમાંથી કંઈ કંઈ વધ્યું. પથારીમાં સૂતો સૂતો બુદ્ધિધન, વૃદ્ધ માતા અને બાળક પત્ની આમતેમ ફરતાં તેમ તેમ તેમના ભણી ડૂબી ગયેલા ડોળા ફેરવતો. વહુ આખો દિવસ વર ભણી જોઈ એકાંતે રોયાં કરતી અને આંખો સુજાવી નિ:શ્વાસ મૂકતી. માને પણ દુ:ખની સીમા ન રહી. પરંતુ દીકરા વહુ ભણી વારંવાર વારાફરતી જોયાં કરતી, એકાંતે કપાળ કૂટતી, અને દેખીતી હિંમત રાખી દીકરાની બરદાસ કરતી અને વહુ એકાંતે પડી સોરે નહીં તેની ચિંતા રાખી તેને ચાલતા સુધી નજર આગળથી ખસવા ન દેતી.

આખરે ઘરમાં સૌનો અવરજવર બંધ થઈ ગયો. માત્ર એક વૈદ્ય પરમાર્થ બુદ્ધિથી જ નિર્ધન થઈ ગયેલાનું ઔષધ કરવા આવતો; અને એક વૃદ્ધ પડોશીની વાતો બુદ્ધિધન સારો હતો ત્યારે સાંભળતો એટલે બેની વચ્ચે પ્રીતિ થયેલી હતી તેથી તે પડોશી ઘડીવાર આવી પથારી પાસે બેસી વાતો કરી તેના મનમાં શાંતિ ઉત્પન્ન કરતો, અને વિધવાની દયા જાણી બજારકામ તથા વૈદ્યને ઘેર ફેરાફાંટાનું કામ કરતો. વર્ષાસન બંધ પડવાની વાત અત્યાર સુધી બુદ્ધિધનને કોઈએ જણાવી ન હતી તે એના જ કહ્યાથી. એક દિવસ તે પણ બિચારો માંદો પડ્યો એટલે એક આખો દિવસ તેનાથી અવાયું નહીં અને વૈદ્યથી પણ અવાયું નહીં. વિધવા બારણે નીકળતી નહોતી તેને બહુ અકળામણ થઈ. વહુને મોકલવી એ વાજબી લાગ્યું નહીં અને આખરે દીકરા સારુ લોકમર્યાદા અને રૂઢિ તરછોડી બીજે દિવસે મળસકામાં વત્સલ માતા વૈદ્યને ઘેર લજવાતી છુપાતી ચોરની પેઠે ચાલી અને લાજ છોડી છોડવી વહુને દીકરાની પથારી પાસે પોતાની ગેરહાજરીમાં બેસવાનું અને ખબર રાખવાનું સૂચવતી ગઈ.

સાસુ ગયાં એટલે કમાડ વાસી વહુ વરની પથારી આગળ આવી બેઠી. બુદ્ધિધનની આંખ જશ મીંચાઈ હતી; તેનું ફીકું અને માંદલું મોં નિંદ્રાને લીધે શબ જેવું લાગતું હતું, અને દુર્બળ થઈ ગયેલા બાકીના આખા શરીર ઉપર ધોતિયું ઓઢી લીધું હતું. હાથ ઉઘાડો હતો અને તેના નળા તથા હાડકાં સ્પષ્ટ દીસતાં હતાં. સાસુ બારણે ગયાથી ઊભરો કાઢવાને વહુના ડસડસી રહેલા અંત:કરણને કાંઈક અવકાશ મળ્યો હતો, અને તેની આંખમાં ઝળઝળિયાં ભરાઈ આવ્યાં હતાં. તેમાં પથારી પાસે બેઠી અને પોતાના 'નોધારાં આધાર' સ્નેહી પતિનું આવું શરીર અને મુખ જોતાં તેનું કોમળ બાળક હૈયું ભરાઈ આવ્યું. થોડીક વાર તો પતિમુખ સામું માત્ર જોઈ રહી અને વિચારમાં ને વિચારમાં ઝીણે રાગે ગાવા — ગણગણવા — લાગી:

'દુ:ખી દારા દુનિયામાંહ્ય કંથ વિદેશ ગયે,

સુખી સમજે સ્ત્રી સંસાર સ્વામી સંગ રહ્યો,

આ અવસરમાં, પ્રીતમ પ્યારા, ન્યારા! તજી, પરદેશ રે

જાવા આવા સિદ્ધ થયા પણ મનમાં ઊપજે ક્લેશ,

કંથ વિદેશ ગયે!

કંથ વિદેશ ગયે —કંથ વિદેશ —' *

આ ગાતાં ગાતાં અને પતિના મડદા જેવા મોં સામું જોતાં જોતાં તેની કલ્પનાશક્તિ સળગી ઊઠી. દુ:ખના અંધારામાં નબળા મનની આંખ આગળ કંઈ કંઈ અમંગલ તર્કવિતર્ક ભૂત પેઠે ખડા થયા અને અંત:કરણ પર મહાજોરથી મારી રાખેલો આગળો કલ્પનાને ધક્કે એકદમ ઊઘડી ગયો. પતિ જાગશે એ ભાન રહ્યું નહીં અથવા રહેવા છતાં તેને વશ રહી

શકી નહીં. 'હાય, હાય, હાય, હાય, હાય!' કરી બુદ્ધિધનના પગ આગળ એકદમ માથું પછાડી, તેના પગ બે હાથ વચ્ચે માથા સરસા ચાંપી, મોકળું મૂકી મોટે સાદે છાતીફાટ અનાથ બાળક અબળા રોવા લાગી અને ઊનાં આંસુના ખળી ન રહેતા પ્રવાહથી પથારી ભીની થઈ ગઈ. બુદ્ધિધન અચિંત્યો જાગી ઊઠ્યો. નબળાઈને લીધે ઊઠવાની તેની શક્તિ ઘણા દિવસથી ગઈ હતી તે કોણ જાણે ક્યાંથી આવી કે ઝડપ લઈ પથારીમાં બેઠો થયો અને લાંબા નાખેલા પગના છેડા આગળથી દૂબળા સોટા જેવા હાથ વડે દુ:ખી પતિવ્રતાનું માથું ખોળામાં ખેંચી લીધું અને તે હાડપિંજર જેવી પોતાની છાતી સાથે દાબવા — જોર ન હોવાથી વ્યર્થ શ્રમ કરવા — લાગ્યા. તેનું બેબાકળું — ભયવ્યાકુલ — મોં જોઈ દીન બની ગયેલો, પરંતુ ધીર, પુરુષ તેના શોકનું કારણ સમજી ગયો, અને સજલનયન બની અમી વગરને મોંએ ત્રુટ્યે ગદ્ગદ સ્વરે બોલ્યો:

'દેવી! આમ શું કરે છે? ધીરજ રાખ, ઈશ્વર અનાથનો બેલી છે.'

ઈશ્વરને ઠપકો દેતી હોય — ઈશ્વરની ઇચ્છા પોતાને પ્રતિકૂળ થઈ માનતી હોય — એમ કાંઈપણ બોલ્યા વગર દીન બનેલી માત્ર પતિના સામું ઘેલી જેવી જોઈ રહી. તેને ખભે હાથ નાખી, થોડીવારે નીચું જોઈ, રોતી રોતી બોલી ઊઠી: 'હું શું કરું? મારાથી નથી ખમાતું! માતુશ્રી(સાસુ)એ તો કરવાનું કર્યું: પલ્લું વેચી આપણા લગ્નમાં થયેલું દેવું તેમણે વાળ્યું. થોડું વધ્યું તેનાથી ઘરખરચ નભાવે છે. હું ઘણુંયે કરું છું પણ મારું પલ્લું વેચવા ના પાડે છે! શોક ન ગણી અત્યારે વૈદ્યને ઘેર ગયાં છે. હાય! હાય! મને તે દૈવે શાને ઘડી? મને પરણવા તમારે દેવું થયું. મારી જાત એવી નકામી છે કે માતુશ્રીને આટલી અડચણ છતાં બારણે જઈ મારાથી કામમાં ન અવાયું ને એ ગયાં. એમનું કર્યું કોણ કરશે? એમનો અવતાર સફળ થયો. હું મોઈ નકામી. મારું પલ્લુંયે નકામું! તમને ન ખપે! હાય, હાય! વર્ષાસન ગયું, તો ગયું પણ — બળ્યું એ પલ્લું! તમારે કામ ન આવે તો મારે પણ ન આવે! મારે શું કામ હતું એનું?' એમ કહી ઝપોઝપ શરીર પરનાં ઘરેણાં કાઢી સામી ભીંત ભણી રીસ કરી જોરથી ફેંકી દીધાં. 'હું તો માત્ર તમારું આવું શરીર અને આવું મોં જોવાને જ સરજી છું! આ નથી જોવાતું રે મારા નાથ!' એમ કહી વળી ઠૂઠવો મૂક્યો.

નરમ બની વધારે ખેદ પામી બુદ્ધિધન પત્નીના મુખ સામું લાચાર આંખે જોતો બોલ્યો: 'દેવી! આમ શું કરે છે? વર્ષાસન ગયું તેની મને ખબર કેમ કરી નથી? હશે. તું નકામી નથી. તું નકામી કેમ? તું તો ઘણેય કામ આવીશ. મારા આધાર — મારી વહાલી! મારી દેવી! ધીરજ રાખ. ઈશ્વર અનાથનો બેલી છે. આ ઘરેણાં તારા સૌભાગ્યનાં છે. તેને ફેંક નહીં.'

'મારું સૌભાગ્ય તમારા વિના બીજે ક્યાં છે? મારે ઘરેણાં સાથે કાંઈ સગપણ નથી. તમારા મોંની તેજી ક્યાં? ઈશ્વર હસે તેનો હસે. હું શું કરું રે ઈશ્વર! તમે સૂઈ જાઓ, તમારી નબળાઈ વધશે. અરે, આ વખતે પણ હું

તમને દુ:ખ દેવાને સરજી છું’. એમ કહી બે હાથે મોં અને આંખો ઢાંકી રોઈ લઈ પતિને ઝાલી પાછો સુવાડ્યો.

આમ કેટલોક વખત ગયો એટલામાં બારણું ખખડ્યું. ઉતાવળમાં ઘરેણાં એમ ને એમ રહેવા દઈ સૌભાગ્યદેવીએ બારણું ઉઘાડ્યું.

વત્સલ માતા ઘરમાં આવી. તે નિરાશ દેખાતી હતી. તેના મોં પર ઉગ્ર કોપ અને આંખોમાં રતાશ અને પાણી ઢાંક્યાં રહેવા અશક્તિમાન લાગતાં હતાં. તેના ઓઠ ફફડતા હતા અને વૃદ્ધ હૈયું ધબકતું હતું. તેમાં વળી દીકરો, વહુ, અને ઘરેણું એ સૌનો નવો તાલ જણાયો અને એક પળવારમાં કંઈ કંઈ ચિંતાઓ અને શંકાઓ તેના અંત:કરણમાં નવીજૂની થઈ ગઈ.

સૂતો સૂતો હળવે હળવે પુત્ર બોલ્યો: ‘માતુશ્રી! ક્યાં ગયાં હતાં? આજ સુધી વર્ષાસનના સમાચાર મને ન કહ્યાં તે ઠીક કર્યું? તમારું મોં આમ કેમ?’

વર્ષાસનની વાત ઉઘાડી પડી જાણી ઠપકા ભરેલી આંખે વહુના સામું જોઈ ઘરેણાં ભણી નજર કરી સાસુ ઊભી જ રહી.

સૌભાગ્યદેવી ઊઠી, સાસુને બાઝી પડી અને તેની છાતીમાં માથું સમાવી દઈ રોતી રોતી બોલી: ‘માતુશ્રી! વાંક માફ કરો. આટલું મારું ઘરેણું તો કામમાં આણો!’

બારણું વાસી બે જણ પથારી પાસે બેઠાં. બેસતાં સાસુ બોલી: ‘દેવી! બેટા! તું બાળક છે. તારાં ઘરેણાંને કેમ કામ નહીં લગાડીએ? જરૂર પડશે ત્યારે એમ પણ કરવું પડશે. તારી સમજ કાચી છે. તારી ફિકર મારે છે. ઈશ્વર એ ઘરેણાં સદૈવ તારા શરીર ઉપર જ રાખો! બેટા, તું આમ રો નહીં, પહેર ઘરેણાં.’ એમ કહી નિ:શ્વાસ મૂક્યો.

‘દીકરા! હું શું કહું? કેટલું કહું?’ એમ કહી લૂગડા વતે આંખો લોહી. વૈદ્ય પરગામ ગયો હતો અને તેની બાઈડી મળી તે હલકા સ્વભાવની હતી. વૈદ્ય મફત ઔષધ આપતો તે વાત વૈદાણીથી છાની રાખી હતી, કારણ એવાં એવાં મફતિયાં તો ઘણાંયે આવે અને તેનું કામ વૈદ્ય કરે તો વૈદાણીનો જીવ જતો અને ધણી પર રમસ્તાન મચાવી મૂકતી. બુદ્ધિધનની માને આવતી જોઈ મફતિયું ઘરાક જાણી તેને ગાળો દઈ ધમકાવી અને વૈદ્યનો પત્તો પણ ન બતાવ્યો, તે કોઈ દયાળુ પડોશીએ કહ્યું ત્યારે જાણ્યું કે અચિંત્યું વૈદ્યને જવું પડ્યું. નિરાશ બની બાઈ પાછી ફરી. પાછાં ફરતાં વિચાર થયો કે કારભારી મારો પિયરનો સગો છે, તેને માંહ્યમાંહ્યથી જઈ વર્ષાસનની વાત કરું. કારભારીના ઘરમાં પેસતાં તેની દીકરી ઓટલે ઊભી હતી. તેણે ગરીબ બાઈ ઉપર મોં મરડ્યું ને ચાળા પાડ્યા. ગરજ ગધેડીને મા કહે. ચાળાબાળા જાણે કોઈએ પાડ્યા નથી એવું ગણી બાઈ ઘરમાં પેઠી. કારભારી ચોકમાં ચાકરો વચ્ચે બેઠો બેઠો દાતણ કરતો હતો. બાઈને જોઈને જ તેને આવવાનું કારણ તે કળી ગયો. આવા ભૂખઘરાક પાસેથી

કાંઈ પાકવાનું નથી અને નકામી માથાકૂટ સવારના પહોરમાં પડશે જાણી કારભારીએ કસમોડું મોં કર્યું અને ચાકર મારફત કહેવડાવ્યું: 'હાલ કામદાર કામમાં બેઠા છે. જાઓ, કામ હોય તો દરબારમાં અરજી લખી આપજો.' બીતી બીતી: ઉમર ઓળંગતી હતી તે આ સાંભળી બાઈ પાછી વળી. થોડેક ચાલી એટલે એક રાંડેલી પણ શણગારાયેલી બાઈ કારભારીના ઘરમાંથી નીકળી અને થોડેક છેટે ગયા પછી દુ:ખી વિધવાને પકડી પાડી તેની સાથે વાતોમાં પડી.

'તમે વર્ષાસન સારુ કારભારીને ઘેર ગયાં હશો.'

'હા.'

'મારું એક કહ્યું કરો તો તમારું વળે.'

'મારી પાસે લાંચ આપવાને પૈસા નથી. હું તો ગરીબ છું.'

'પૈસાના કરતાં વધારે તમારી પાસે છે.'

અચિંતી ચમકીને બુદ્ધિધનની મા પેલી બાઈ સામું શંકા અને ભય ભરેલી આંખે જોઈ રહી અને બોલી: 'શું?'

બેશરમી કુલટા હિંમત રાખી બોલી: 'કંઈ નહીં. મારી જોડે તમારી વહુને જરી મોકલો. હું કામ કરી આપીશ. કારભારીના દીકરાને ને મારે સારાસારી છે. તમારા સારા સારુ કહું છું.' ગરીબની વહુ સૌની ભાભી.

પવિત્ર વિધવાએ દાંત કચડ્યા અને ઓઠ પીસ્યા. આંખો રાતી થઈ ગઈ. પણ દુષ્ટ રાક્ષસી આગળ મોંનું બળ બતાવવાથી પણ ભયનું કારણ હતું. પવિત્ર કોપ દેખીતો ઢાંકી દીધો અને 'બાઈ, મારે વર્ષાસન નથી જોઈતું' કહી તેના દુષ્ટ પડછાયાની હદ તજી ચાલવા માંડ્યું. દેશી રજવાડામાં દીકરો ફોજદાર, ભાઈ ન્યાયાધીશ અને બાપ કારભારી: કોની ફરિયાદ કોની પાસે કરવી? અનાથ અબળા છાનીમાની ઘેર ચાલી.

આ સર્વ સમાચારથી બુદ્ધિધનને મંદવાડમાં દુ:ખ થશે જાણી તેને ન કહેવા ઠરાવ કર્યો હતો. પરંતુ તે માના મોં ઉપરથી કળી ગયો કે કાંઈ નવાજૂની થઈ છે. તેને સંતોષવાને માત્ર એટલું જ કહ્યું કે 'જોને, દુ:ખીનું નસીબે દુ:ખી. વૈદ્ય ગામ ગયા છે.' બાકીની વાત, આડીઅવળી વાત કરી, ભુલાવી અને નબળા મગજ પર તેમ કરવું કઠણ ન પડ્યું. બુદ્ધિધન પાછો ઊંઘી ગયો. સાસુવહુ હળવે રહીને જોડેના ભાગમાં જઈને બેઠાં. વહુનું રોવું રહ્યું નહીં. સાસુ વહુનું માથું ખોળામાં મૂકી બેઠી અને તેવી રીતે સૂતી સૂતી બાળક વહુ રોતી રોતી ઊંઘી ગઈ અને સ્વપ્નવશ થઈ. વડીલ વિધવા આમ એકલી જેવી પડી એટલે વિચારમાં ગરક થઈ ગઈ. બેઠી બેઠી એક હાથે વહુને થાબડતી હતી અને આંખમાંથી ચોધાર આંસુ છાનાંમાનાં વણઅટકાવ પડતાં હતાં તેને બીજે હાથે વ્યર્થ લોહ્યાં કરતી હતી. એટલામાં વૃદ્ધ પડોશી દયાશંકરે બારણું ઉઘાડ્યું. તેને છાનાંમાનાં આવવા વિધવાએ

નિશાની કરી. તે પ્રમાણે તે બારણાં પાછાં વાસી આવ્યો અને તેની પાસે બેઠો. એક દિવસ ન અવાયું તેનું કારણ બતાવી ખબર પૂછવા લાગ્યો.

અનાથ બાઈ ગળગળી થઈ ગઈ અને સાદ સંભળાય નહીં એમ રોઈ પડી.

'स्वजनस्य हि दुःखमग्रतो।

विवृतद्वारमिवोपजायते॥'

પોતાનું માણસ મળ્યું એટલે દુ:ખીનાં દુ:ખનાં બારણાં ઊઘડી જાય છે. દયાળુ પડોશી પાસે દુખિયારી બાઈએ વૈદ્યના અને કારભારીના ઘરના સર્વ સમાચાર અથઇતિ સવિસ્તાર કહી બતાવ્યા. દીકરાની અને વહુની પણ વાત કરી. 'હાય હાય, આ અનાથ ફૂલની શી અવસ્થા થશે? દયાશંકર! હું તો ઘડપણમાં બેઠી. પણ આ બાળક મારા જેવી થઈને બેસશે તો એનું મોં મારાથી કેમ જોવાશે? એની શી વલે થશે? હુંયે હવે મરવાની એટલે આ મારી દેવીનું કોણ?' વૃદ્ધ દયાશંકરે બાઈને હિંમત આપી.

'બહેન! તમે હિંમત રાખો. તમારા ભાગ્યમાં હજી ઘણાં સારાં વાનાં છે. બુદ્ધિધનને પાછો આરામ થવાનો એમાં સંદેહ નથી. અને એને આરામ થયો એટલે એ સિંહનું જોર કરવાનો. એ બાબતમાં મારું અંત:કરણ સાક્ષી પૂરે છે માટે સત્ય માનજો. તમારી વહુનું સૌભાગ્ય અમર છે એવું મેં એની જન્મોત્રીમાં જોયું છે. બુદ્ધિધનને પણ હમણાં તો વર્ષ નડે છે પણ આખરે સારું છે.'

દયાશંકરને જ્યોતિષ ઉપર કાંઈ વિશેષ શ્રદ્ધા હતી એવું ન હતું પરંતુ દુ:ખી વિધવાના અંત:કરણમાં એ નિમિત્તે આશાનું અમૃત રેડ્યું વાતો કરી દુ:ખી માતાનું અર્ધું દુ:ખ શાંત કરી દીધું અને તેનાં આંસુ સૂકવ્યાં. એટલામાં સૌભાગ્યદેવી પણ ઊઠી અને વિનયસર બેઠી. આખરે સૌ બુદ્ધિધન પાસે ગયાં.

દયાશંકરના પગના ઘસારાથી જ બુદ્ધિધન જાગ્યો હતો. મંદવાડમાં તેના કાન સરવા થયા હતા. સર્વ વાતો તેણે જિજ્ઞાસાથી તથા તૃષ્ણાથી સાંભળી લીધી. સાંભળતાં સાંભળતાં ક્રોધ, દયા, દીનતા, આશા અને ઉત્સાહ એવી કંઈ કંઈ વૃત્તિઓ કંઈ કંઈ વિચારોની પાંખો ઉપર ચડી તેના મનોનિધિમાં પ્રતિબિંબ પાડતી પાડતી ઊડી ગઈ. આખરે તે શાંત થયો, અને એટલામાં તો બધાં અંદર આવ્યાં.

દયાશંકર પથારી આગળ બેઠા અને બુદ્ધિધનના માથા ઉપર હાથ મૂકી નાડી જોઈ બોલ્યા: 'કેમ, ભાઈ, પ્રકૃતિ તો ઠીક છે કની? મને તો કાંઈ સારો ફેર લાગે છે. માત્ર તારા મોં ઉપર જશ ગભરાટ છે.'

'હા, કાકા, મને આજ જેરી ઠીક છે. પણ માતુશ્રીએ તમને કહ્યા તે સમાચાર સાંભળી જીવ જરી ઊકળી આવ્યો. તમે જુઓ છો કારભારી

કેવો લુચ્ચો છે તે! આખું વાજું જ નફટ અને દુષ્ટ છે. હસે; ઘણું કરે તે થોડાને માટે.' એમ કહી બુદ્ધિધન કાંઈક ગુપ્ત ક્રોધ અને વિચારમાં પડ્યો દેખાયો.

'ભાઈ! એ તો એમ જ હોય. આપણે કારભાર કરો ત્યારે સરત રાખજો.' એમ કહી દયાશંકર જશ હસ્યા. 'બે'ન, એમાં કંઈ ન થવા જેવું ન જાણશો, હોં! આ જ કારભારીને ઘેર ધાન ખાવા ન હતું તે તમને ખબર છે. શા વારાફેરા થવાના છે તે કોઈને ખબર છે? તમારું અસલનું કારભારી કુટુંબનું ખાનદાન, તે હતું એવું આજ પચાસ વર્ષે પાછું થાય તો એમાં ઈશ્વરને ઘેર શું અશક્ય છે?'

બુદ્ધિધન ડોસી ભણી જોઈ રહ્યો.

રંક વિધવા નિ:શ્વાસ નાંખી કપાળે હાથ દઈને બોલી: 'ભાઈ! અમારે તો કારભારે નથી જોઈતો ને બારભારે નથી જોઈતો. લાખ મળવાના નથી ને લખેશરી થવાનાં નથી. મારે તો આ એક આંખ ઠારવા જેટલું ઈશ્વર રાખે તો ઇન્દ્રપુરી છે. દીકરો સારો થાય અને કંઈ રસ્તે પડે, અને આ જોડ સુખી થાય એટલે ગંગા નાહ્યાં. આ અવસ્થામાં વીતેલું હું એટલેથી જ વિસારે નાંખીશ. પછી તો પરમેશ્વર મને તેડું મોકલે એટલું જ માગવાનું બાકી રહે.' માને ઓછું આવ્યું તે તેના મુખ ઉપર દીકરાએ સ્પષ્ટ દીઠું.

'નિશ્ચિંત રહો. રૂડાં વાનાં થશે. કેમ ભાઈ બુદ્ધિધન?'

માનો નિ:શ્વાસ જોઈ, વહુની આંખોમાં લાચારીનાં આંસુ જોઈ બુદ્ધિધન ધુણી ઊઠ્યો:

'કાકા! તમારા મોંમાં સાકર. અત્યારે તો મશ્કરી જેવું દેખાય છે. પણ સરત રાખજો કે આ લુચ્ચા કારભારીએ આ અનાથ અને કુલીન મારાં માતુશ્રીને જે તરછોડ્યાં છે અને એના દુષ્ટ દીકરાએ મારા કુટુંબને આવી રંક અવસ્થામાં જે અપમાન પહોંચાડ્યું છે તેનું વેર બુદ્ધિધન લેશે. ઈશ્વર ખોટામાંથી સારું કરે છે. વર્ષાસન ગયું તે સારું જ થયું છે. હું હવે કારભારીનો દબેલો નથી અને આવા દબેલા રહી શું કરવું તે ઘાટ મને સૂઝતો નહોતો. પણ હવે મારી ચિંતા દૂર થઈ છે અને હું સ્વતંત્ર મારો મુખત્યાર થયો છું. આહા! ઈશ્વર! કારભારીએ મારો રસ્તો મોકળો કરી દીધો. હવે હું સાજો જ થવાનો. મને જીવવાની ઇચ્છા પાછી થઈ છે. મારાં વહાલાંમાં વહાલાં આ બે રત્ન — તેની ખાતર હું શું નહીં કરું? હા. છું તો ગરીબ. મારી પાસે નથી પૈસો અને નથી એવા મિત્ર. કારભારે પહોંચવું ન પહોંચવું એ તો ભાગ્યની વાત છે. પરંતુ આ કારભારીને તો પાયમાલ કરું જ — અને વળી તેને જ મોંએ મને પોતાને સારો કહેવરાવું — એવી મારામાં તાકાત છે તે જગત જોશે. વેર — હવે — રાતદિવસ મારા કાળજામાં બળ્યા કરવાનું અને એ આગ કારભારીના આખા ઘરને સળગાવી મૂકી પછી હોલાશે! હું પણ પુરુષ છું — કારભારી કુટુંબમાં

જન્મ્યો છું. આજકાલના આ ફાટી ગયેલા કારભારી જેવો નીચ કુટુંબનો નથી. માતુશ્રી, હું તમારી કૂખમાં ઊછર્યો છું. મેં ચૂડીઓ નથી પહેરી!' દાંત પીસતો, ઓઠ કરડતો, લાંબા હાડકા જેવા એક હાથે છાતી ઠોકતો અને બીજે હાથે મૂછ ખેંચતો, ધ્રૂજતો ધ્રૂજતો અને પથારીમાં ઘડીએ ઘડીએ ઊંચોનીચો થતો હતો, ઘણું બોલવાથી અને ક્રોધ ચડવાથી માંદો માણસ થાકી ગયો; તેના હાથ પહોળા થઈ પથારીમાં બે પાસ પાછા પડ્યા, અને તેની રાતી થયેલી આંખોમાં ડોળા થોડી વાર આમ તેમ ફર્યા અને આખરે આવેશમાં ને આવેશમાં તેની આંખ મીંચાઈ. થોડી વારમાં ઘારણ બોલવા માંડ્યાં અને આ જાગ્રત અવસ્થાનું સ્વપ્ન બિલકુલ શાંત થઈ ગયું. માત્ર નિદ્રામાં પણ તેની ભમર ચડેલી રહી હતી અને ઘડીએ ઘડી વાંકીચૂકી થઈ જતી હતી તે પરથી સ્પષ્ટ દીસતું હતું કે નિદ્રામાં પણ કાંઈક બળવાન સ્વપ્નમાં તે ધૂંધવાય છે.

દિઙ્મૂઢ સૌ જણ તેના ભણી જોઈ રહ્યાં અને તેને ઊંઘેલો જોઈ આશ્ચર્ય અને વિચારમાં પડી સૌ ઊઠ્યાં. 'ઊંઘવા દો, ઊંઘવા દો એને' એમ કહી દયાશંકર કેટલીક સૂચનાઓ કરી ઘેર ગયા. બુદ્ધિધનના શબ્દ ક્રોધ અને મંદવાડના લવારામાં ગણાયા. પરંતુ બીજે દિવસેથી વૈદ્ય પાછો આવતો થયો. તેના ઔષધનો ગુણ હવે વહેલો લાગવા માંડ્યો અને થોડા દિવસમાં બુદ્ધિધન ઘરમાં હરતોફરતો થયો. મંદવાડ સમૂળગો ગયો અને નિશાનીમાં માત્ર વૈર અને ક્રોધના ધૂંધવાટને પાછળ મૂકતો ગયો. મધ્યરાત્રિએ ઉત્પાતસૂચક ધૂમકેતુ આકાશમાં ઘણા દિવસ સુધી દેખાયાં કરે તેમ એકાંતમાં પણ આ ક્રોધથી ચડેલી ભ્રૂકુટિ હંમેશાં બુદ્ધિધનને કપાળે ચડી આવતી, અને તે કારભારીનો નિ:સંશય વિનાશ સૂચવતી હતી. [૧]

---

* એક વર્તમાન સ્ત્રીગીતમાંથી

૧. *'शत्रूणामनिशं विनाशपिशुनः क्रुद्धस्य वैद्यं प्रति।*
व्योम्नीव भ्रूकुटिच्छलेन वदने केतुश्चकारास्पदम्॥' माघ, सर्ग १ ***એ ઉપરથી સૂચિત.***

૫. બુદ્ધિધન (અનુસંધાન, સંપૂર્તિ)

મોટા માણસોનો ખોટો ડોળ ખરામાં ચાલ્યો જાય છે, અને નાનાંની ખરી વાત ખોટામાં ચાલી જાય છે. રંક બુદ્ધિધનનો ક્રોધ જોઈ દયાશંકરને હસવું આવ્યું અને ઘરમાં સૌ તેની વાત જ ભૂલી ગયાં. જે કારભારીને ત્યાં માનું અપમાન થયું હતું ત્યાં બુદ્ધિધન પ્રસંગે અપ્રસંગે પ્રથમથી જ જતો હતો અને સાજો થયા પછી પાછો જવા લાગ્યો. પણ ઈશ્વરે સૌનાં મગજ અને કાળજાં અપારદર્શક કર્યાં છે. એમ કરતાં મોટાનાં મન સમજવા નાનાંને અવકાશ મળે છે, પરંતુ ગરીબ બિચારાં નાનાં માણસોનાં મન તો મોટાં માણસોની પ્રમત્ત — અંધ આંખોને દૃશ્ય જ રહે છે અને એ આંધળાંઓને મન રંક પુરુષોનાં કાર્યો સ્વાભાવિક રીતે અર્થ વિનાનાં, અક્કલ વિનાનાં, મૂર્ખતા ભરેલાં, માલ વિનાનાં અથવા તો અપ્તરંગી વસે છે. કોઈ વખત આંધળામાં કાણો રાજિયો મળી આવે તો રંક માણસોની બુદ્ધિની પરીક્ષા કરવા યોગ્ય — મૂલ્ય જાણવા લાયક — વધારે બુદ્ધિવાળા તો આપણે જ છીએ એમ માને છે અને આ બિચારામાં આટલી બુદ્ધિ છે એવું કહી કદર બૂજવાની હિંમત કરે છે. કારભારીમંડળ ભરાયું હોય, ગપાટા મારતું હોય, બડાશો હાંકતું હોય, નિન્દા કરતું હોય, કોઈને નુકસાન કરવામાં જય પામી અભિમાન અને આનંદ પામતું હોય, નીચ ઉત્સવ કરતું હોય, ખોટા ઢોંગ રચતું હોય, નીતિના નિયમને ઊલટપાલટ કરી દેતું હોય, અને મૂર્ખતાથી રંગેલાં — દુષ્ટતાનાં ભરેલાં — બુદ્ધિના દુરુપયોગે ધક્કેલેલાં અને ખુશામતે સળગાવેલાં સ્વપ્નજાળ જોતું હોય તેવે વખતે બુદ્ધિધન એકલો સેવકવર્ગ સાથે ભળનાર મુત્સદ્દીવર્ગની છેલ્લી પાયરીના માણસોમાં સૌની પાછળ બેસતો અને આંખ, કાન અને મનને જુદા જુદા વ્યાપારોમાં રોકી અને સંસારનો અભ્યાસ કરતો અને કારભારી અને તેના દીકરાને જોઈ, અંત:કરણમાં પોતાની મેળે હોલાતા ભડકાને ઘડી ઘડી વધારે વધારે પ્રદીપ્ત કરતો. પરંતુ તેના ઉપર કોઈની નજરે પડતી ન હતી. માત્ર કારભારીનો દીકરો દુષ્ટરાય, તિરસ્કારને અહંકારભરી બાડી આંખે કોઈ વાર તેના ભણી આઘેથી જોઈ રહેતો, છાતી કાઢતો, અને એના જેવા કંઈ કંઈ રંક માણસોને તેમની અવસ્થાનું ભાન આવે એવાં અટકચાળાં કરી તથા તાબેદાર માણસો પાસે વણકહ્યે કરાવી, એમ કરવામાં પોતાની પદવી સાર્થક થતી હોય — પોતાનો હક જળવાતો હોય એવો ડોળ કરી દમભેર ચાલ્યો જતો અને તેની પાછળ તેનાં પૂછડાં ચાલ્યાં જતાં. તેનો બાપ શઠરાય તેના કરતાં કંઈ વધારે સારો અને અક્કલવાળો હતો. દીકરાના જેવા કામ તે ન કરે એમ ન હતું પરંતુ પ્રયોજન હોય ત્યારે જ કરતો અને ચાલતાં સુધી સ્વાર્થ સિવાય બીજું પ્રયોજન રાખતો ન હતો. આથી બુદ્ધિધનનો અને તેનો પ્રસંગ જવલ્લે જ પડતો, પરંતુ પડેલા પ્રસંગ સમયે તેણે પરીક્ષા કરી હતી કે આ છોકરો ચંચળ અને બુદ્ધિવાળો છે — અલબત્ત 'ચંચળ' અને 'બુદ્ધિવાળો' એટલે શઠરાયના પોતાના જેવો તો

નહીં જ. પરંતુ આ પરીક્ષાથી બુદ્ધિધનને કાંઈ લાભહાનિનો સંભવ ન હતો. કારણ ‘બુદ્ધિ’ અને ‘ચંચળતા’ એ બે ગુણને લીધે કારભારી કંઈ લાભ કરે એમ ન હતું, તેમ બુદ્ધિધનની અવસ્થામાં કાંઈ એવું પણ ન હતું કે શઠરાયને કાંઈ બીકનું કારણ રહે. તે તેનો સગો અથવા વૈરી બેમાંથી એક પણ ન હતો. જે વૈર હતું તે માત્ર રંક અવસ્થાવાળા બુદ્ધિધનના અંત:કરણમાં ગુપ્ત રીતે બળ્યાં કરતું હતું અને તેને બાપદીકરે અજાણતાં સળગાવેલું હતું. સ્વાભાવિક સદ્ગુણ વિનાના માણસો બધે ઠેકાણે વિવેક રાખી શકતા નથી અથવા રાખવાનું કારણ જોઈ શકતા નથી. પરંતુ ઈશ્વર તો અજાણ્યે ઠોકર ખાનારના પગમાંથી પણ લોહી કાઢે છે અને અવિવેકનાં ફળ જાણ્યેઅજાણ્યે દેખીતાં કે અણદેખીતાં પણ સર્વ જમીનમાં પોતાનાં મૂળ નાંખે છે. ફળ દેખાયે અજ્ઞાની માનવ કારણ ન સમજાવાથી ઈશ્વરને માથે આરોપ મૂકે છે અને પોતાનો પાછલો અવિવેક ભૂલી જાય છે અથવા તો તે આ વિવેક અને તેનાં ફળનો સંબંધ જોઈ નથી શકતાં.

विवेकप्रध्वसाद्लवति सुखदु:खव्यतिकर:॥ [१]

ધન્ય છે તેમને કે જેમનાં અંત:કરણ સ્વાભાવિક રીતે જ સદ્ગુણ અને વિવેકનાં કવચ ધારણ કરનાર હોય છે અને જેમની વિવેકબુદ્ધિ દુ:ખના અંધકારમાં પણ અંતર્દીપ સળગાવી એકાંત આનંદનો પ્રકાશ ભોગવે છે! શઠરાય અને દુષ્ટરાયને જોઈ, તેમના અપરાધનો અવસર વિચારી, તેનાં ભાવિ ફળ અને પોતાનો કોપ વિચારી, કોપની શાન્તિના વખતમાં શાસ્ત્રસંસ્કારી બુદ્ધિધન વિસ્મય પામી આવા આવા વિચાર કરતો હતો.

એક સમયે કારભારીના ઘરમાં તેના મંડળની પાછળ બેઠાં બેઠાં બુદ્ધિધન આ જ વિચારમાં ગરક થઈ ગયો હતો. એટલામાં સૌ મંડળ ઊઠી ચાલ્યું ગયું અને વિચારમાં ને વિચારમાં, નજર આગળથી સ્વપ્ન ચાલ્યું જતું હોય તેમ આ સૌ મંડળના પ્રવાહને વહી જતો શૂન્ય નયનથી જોતો જોતો, બુદ્ધિધન એક બારીના પગથિયા પર બેસી રહ્યો, ઊઠવું ભૂલી ગયો અને એકલો પડ્યો. એટલામાં વાસીદું કાઢનાર એક ચાકર સાવરણી વીંઝતો વીંઝતો આવ્યો અને તેણે હવામાં સાવરણી ઝાપટી માંહ્યનો કસ્તર ઉડાડ્યો કે બુદ્ધિધન ચમકીને જાગ્રત-નિદ્રામાંથી જાગ્યો. સર્વને ગયેલ જોઈ, આળસ મરડી, હળવે હળવે દરવાજા બહાર નીકળ્યો.

દરવાજામાંથી નીકળતાં એક રજપૂત ગરાસિયો સામો મળ્યો. તેને માથે મોટું કસબી લપેટાવાળું પાઘડું, હાથમાં રૂપેરી હુક્કો, કસકસી પહેરેલું ઝીણું બુટ્ટાબુટ્ટાવાળું એક અંગરખું, કેડે બાંધી લીધેલા વસ્ત્રમાં જમૈયો, છરો, તરવાર અને એમ કેટલાંક હથિયાર બાંધેલાં, પગે કસકેસલો પાયજામો જેને એડી ઉપર બોરિયાં ઘાલી દીધેલાં હતાં, અને રાતી ભરેલી મોજડીઓ: આ સર્વ પહેરી ગરાસિયો બુદ્ધિધનના સામો આવતો હતો તે ગરાસિયા પાછળ બીજો એક સાધારણ ડોળનો ગરાસિયો અને એકબે માણસ હતાં. સૌ

મંડળ હળવે હળવે ચાલતું હતું. બુદ્ધિધનને જોઈ અગ્રેસર ગરાસિયો બોલ્યો:

‘કેમ બુદ્ધિધનભાઈ, ક્યાં ચાલ્યા? કામદાર છે કે?’

‘પધારો, પધારો, ભૂપસિંહજી! કામદાર હમણાં જ ગયા.’

મોં કસમોડું કરી ભૂપસિંહ બોલ્યો: ‘ઠીક! ત્યારે અમને ફેરો શા માટે ખવરાવ્યો? ઠીક ભાઈ, ઠીક. આજ અેનો પણ દી છે. બુદ્ધિધન! તમે કેમ હાલ દેખાતા નથી? હવે અમારે ઘેર કોઈ દિવસ આવતા રહો. કારભારીના ઘરમાં સોનું લાખ મણ હશે, પણ તમારે એમાંથી કાંઈ કામ આવવાનું નથી. આ કામદારને ઊમરે જોડા ઘસવી નાંખશો તેના કરતાં અમારા જેવાને ઘેર કોઈ વખત આવતા રહો તો તમારા જેવાને અમે તો કાંઈ કામ લાગીએ હોં! પછી તો ભાઈ, તમારી મરજી!’

‘એમ શા વાસ્તે? ઘણા દિવસથી હું પણ તમારે ત્યાં આવવાનો વિચાર રાખું છું.’

હવેથી બુદ્ધિધને ભૂપસિંહ સાથે પોતાનો પ્રસંગ વધારવા માંડ્યો. ભૂપસિંહ રાણા જડસિંહનો પાસેમાં પાસેનો પિત્રાઈ હતો. સગીર વયને લીધે આજ સુધી તેના વંશનો ગરાસ રાણાના કારભારીઓના વહીવટ તળે હતો અને ગરાસનો વહીવટદાર તથા કારભારી મળી તેની ઊપજમાંથી ખવાય એટલું ખાઈ ગયા હતા. રાણાને પણ પિત્રાઈપણું સાચવવા ભણાવી મૂક્યો હતો. અત્યાર સુધી ભૂપસિંહને ગરાસમાંથી જિવાય જોગ મળતું હતું. અને સગીર ઉમ્મરમાં જીવ જોખમમાં ન રહે માટે તે મોસાળ જઈ રહ્યો હતો. હાલ તે ઉમ્મરમાં આવવાથી ગરાસનો સ્વતંત્ર વહીવટ પાછો મેળવવા તજવીજ કરતો હતો, અને જીવ જોખમમાં નાંખી સુવર્ણપુર આવ્યો હતો. પરંતુ તેને કોઈ દાદ આપતું ન હતું અને સૌ ધક્કેલે ચડાવતા હતા. આથી રાણા અને કારભારીઓ ઉપર તે મનમાં પુષ્કળ વેર રાખતો હતો. પણ તે વેર નપુંસક હતું, કારણ તે કાંઈ કરી શકે એમ ન હતું. હલકા મુત્સદ્દીઓ પાસે બેસી કામ કાઢવાના રસ્તા ખોળતો અને કારભારીને લાંચ આપવા વિના બીજો માર્ગ તેને કોઈ બતાવતું ન હતું. કારભારી અને તેના જુદા જુદા પાસવાનો મળી સૌને ઓછામાં ઓછા પચાસ હજાર લાંચના જોઈતા હતા અને એટલો જ દરબારને નજરાણો જોઈતો હતો.

આવા વખતમાં શત્રુના શત્રુ તે મિત્ર એમ થયું. બુદ્ધિધને ભૂપસિંહને અર્થે કારભારીઓ સાથે બાથ ભીડવા હિંમત કરી. ભૂપસિંહને પૈસે ટકે મોસાળમાંથી આશ્રય હતો અને તેમાંથી બુદ્ધિધનને પણ ઘરના નિર્વાહની ચિંતા દૂર થઈ અને કારભારીઓ સાથે લડતાં ‘હળવટ કે જળવટ’ કરવા તત્પર થયો. ભૂપસિંહને પણ બીજું કોઈ કારભારીની બીકે મળતું ન હતું. એટલે આ ઠીક પડી ગયું. ગરાસિયો અને મુત્સદ્દી રાત્રે મળતા, વર્તમાન

તથા ભવિષ્યનો વિચાર કરતા, અને હજી સુધી કોઈની નજરે ચડે એટલું તેમનું વજન થયું નહોતું.

એમ કરતાં કરતાં બુદ્ધિધન અને ભૂપસિંહનો પ્રસંગ પ્રસિદ્ધ થયો, અને એક સાથે બીજો પણ કારભારીઓના શત્રુમાં લેખાવા લાગ્યો. પોતે કાંઈ પણ દેખીતું કામ કરી શક્યો ન હતો એટલામાં આ પરિણામ થયું જોઈ બુદ્ધિધનને સારું ન લાગ્યું. આખરે સામાં શસ્ત્ર વાપરવા સજ્જ રહેવાની તેને જરૂર લાગી. સુવર્ણપુરમાંથી ઘર તથા જમીન વેચી અંગ્રેજી હદમાં જમીન લીધી અને લીલાપુર નામના અંગ્રેજી થાણામાં બે જણ જઈ રહ્યા. બુદ્ધિધને કુટુંબ પણ સાથે લીધુ. કુટુંબ નીકળ્યું તે દિવસે દુષ્ટરાય તરફથી સૌભાગ્યદેવીને પકડવા નીચ હુમલો કરવા ધારેલો પાછળથી માલૂમ પડ્યો તે ઉપરથી કુટુંબ સાથે લઈ લીધું તે સાર્થક થયું લાગ્યું.

લીલાપુરમાં બન્ને જણાએ જુદાં જુદાં ઘર ભાડે રાખ્યાં. ગામથી એકબે ગાઉના છેટે સરકારી એજંટ કર્નલ બસ્કિન સાહેબ રહેતા. તેમના તાબામાં સુવર્ણપુર, રત્નપુરી તથા બીજાં બેચાર સંસ્થાનો અને સાતઆઠ તાલુકા હતા. તે સંસ્થાનો દસથી પચાસ લાખ સુધીની જુદી જુદી ઊપજનાં હતાં. સાહેબ જાતે લશ્કરી માણસ હોવાથી આનંદી મિજાજના હતા, શીઘ્ર વિચાર પસંદ કરતા, અને હુકમનો અમલ થતાં ક્ષણ પણ ઢીલ થતી અથવા સામું કારણ કોઈ બતાવે તો અધીરા થઈ જતા અને તપી જતા. સીધો રસ્તો લેવાની જાતે ટેવ રાખતા, સામું માણસ આડે રસ્તે જાય છે એમ હમેશ વહેમાતા, અને તેવા માણસ સામે સર્વ જાતના ઉપાય લેવામાં ન્યાયબુદ્ધિને નિરુપયોગી ગણતા. જાતે કામ કરવું હોય ત્યારે સ્વાભાવિક ડહાપણ ભરેલા અને દૂરદર્શી વિચાર કરી શકતા પરંતુ ઘણુંખરું કામ શિરસ્તેદાર મારફત લેતા. શિરસ્તેદારને ઘણી બાબતમાં સામા માણસના સારાનરસાપણા વિશે પૂછતા અને તેનો તથા પોતાનો મત મળ્યે ખુશી થતા અને શિરસ્તેદારને હોશિયાર તથા સારા માણસમાં ગણવા લાગ્યા હતા. શિરસ્તેદારની જગા ઉપર હાલમાં એક દક્ષિણી ગૃહસ્થ સદાશિવપંત નામનો હતો. તે અંગ્રેજી સારું જાણતો, ચાલાક હતો, અને સાહેબનો મિજાજ જાળવી સ્વતંત્ર દેખાવ કરવામાં પ્રવીણ હતો. સાહેબની મહેરબાનીથી એક વખત તેણે શાન્તિગઢની દીવાનગીરી મેળવી હતી. પરંતુ સાહેબની મહેરબાનીથી આ પદ મળ્યું એટલે એ સંસ્થાનના ઠાકોર પ્રતિ પોતાનો કાંઈ પણ ધર્મ હોય એમ માનતો ન હતો. કેટલાંક કામમાં દરબારી માણસોની ગરજ પડતી તે વખતે તેમને ખુશ કરતો હતો પણ ગરજ સર્યે તેમની પરવા પણ ન રાખતો. આથી એક પણ મંડળ તેને પોતાના વર્ગનો ન ગણતું. ન્યૂસપેપરોવાળામાં આ રીતિથી તેણે નિષ્પક્ષપાત અને ન્યાયીપણાની કીર્તિ મેળવી હતી અને સાહેબ પાસે પ્રતિષ્ઠા વધારી હતી. આથી એના સામી ફરિયાદ કરવાનાં દ્વાર સર્વત્ર બંધ થઈ ગયાં હતાં અને પોતાની ગુપ્ત ઇચ્છાઓ પૂરી પાડવામાં અને લોભ તથા ઉદ્ધતપણાનો પૂરો

અમલ કરવામાં નિરંકુશ બની ‘નામીચો શાહુકાર રળી ખાતો હતો.’ દેશી માણસો લાયક નથી અથવા તો સ્વતંત્રતા જાળવી શકતા નથી અથવા તો તેમનું વજન પડતું નથી એવે એવે બહાને ઘણીક જગાઓ પરદેશી માણસોથી ભરી દીધી હતી અને તે પરદેશીઓમાં દક્ષિણીવર્ગ કરતાં બીજી જાતનાં માણસો જડી આવ્યાં ન હતાં. આખરે ઠાકોર, દેશી મુત્સદ્દીવર્ગ, ગરાસિયાઓ અને રૈયત — સર્વના તરફથી જુલમની બૂમ ઊઠી. પરંતુ રાજ્યના અને ઠાકોરના શત્રુઓ સાહેબ પાસે જતા અને પોતે દેશી છતાં દીવાનસાહેબના ન્યાયથી સંતોષી છીએ એમ બતાવતા એટલે બીજા લોકોની બૂમને સાહેબ ગણકારતા નહીં. પણ એક વખત તો ઠાકોરને પોતાને અપમાન મળવાથી સાહેબને જાતે મળી ફરિયાદ કરી અને કેટલીક ખટપટ જાગી. તેમાંથી સાહેબનો અભિપ્રાય એવો બંધાયો કે દીવાન પ્રમાણિકાપણાને લીધે આ સર્વને ‘મૅનેજ’ કરી શકતો નથી એટલે તેને પાછો અસલ જગા ઉપર બોલાવી લીધો. તેનો ‘જાતદરમાયો’ વધારી આપ્યો, અને પ્રસંગ મળ્યે મોટી જગા અપાવવા કહ્યું.

સાહેબની પાસે ન્યાયનું પણ કામ હતું. તે તથા રજવાડી કામ સબંધમાં વકીલ મુખત્યારો રાખવામાં આવતા. બુદ્ધિધને સાહેબને મળી પોતાની બુદ્ધિથી ખુશ કરી સનદ મેળવી અને સ્વતંત્ર ગુજરાન જોગ પૈસો તથા એજંસીના અમલદારોમાં જવાઆવવા જોગ મોભો મેળવ્યો. સદાશિવપંત સાથે મિત્રતા કરી અને ભૂપસિંહનું તથા તેનું ઓળખાણ કરી આપ્યું. પંતને સમજાવી દીધું કે ભૂપસિંહને જતે દિવસે ગાદી મળવાનો સંભવ છે અને તરતમાં ગરાસ વાસ્તે કાંઈ ખરચી શકે એમ છે. પોતે પણ ધંધા પ્રસંગે સાહેબ પાસે જવરઅવર વધાર્યો અને ધંધામાં પોતાની પ્રમાણિકતા, ચાલાકી અને વિવેકબુદ્ધિથી સાહેબની પ્રીતિ મેળવી. એટલે સુધી કે સૌની બાબતમાં સાહેબ પંતને પૂછી ન્યાય કરતો, અને બુદ્ધિધનની હકીકત સાંભળે ત્યારે કોઈને પૂછવાપણું રહેતું નહીં. શિરસ્તેદાર અદેખાઈ કરી પોતાના કામમાં વચ્ચે ન પડે માટે બુદ્ધિધન તેને પણ પ્રથમથી મળતો અને તેનું મન રીઝવતો, અને એટલું કરવામાં પોતે કાંઈ દોષ કરે છે એમ તેના મનમાં ન આવતું. સદાશિવનો ભૂપસિંહ સાથે સંબંધ વધતો ગયો તેમ તેમ એને બુદ્ધિધનની આડખીલ લાગવા માંડી અને એને ખસેડી જાતે પરભાર્યો સંબંધ કરવા લાગ્યો. ઉદારતાની રીત બુદ્ધિધને ભૂપસિંહને શીખવી હતી અને એ શિખામણનો અમલ કરવાને પ્રત્યેક પ્રસંગે બુદ્ધિધનને પૂછવામાં આવતું હતું તે બંધ થયું. બુદ્ધિધને આ સંબંધ બાંધી આપવામાં જુદો જ વિચાર કર્યો હતો. ભૂપસિંહને તરત ગરાસ મળશે તો તે મોજશોખમાં પડશે, તેના મનના ઊભરા નરમ પડશે, અને સાહેબલોકોમાં તેનો પરિચય વધવાનો પ્રસંગ નહીં રહે, માટે ગરાસને બહાને તેને લીલાપુરમાં વધારે વાર રાખવો, સાહેબલોકમાં તેને જતોઆવતો કરવો, પોતે ત્રાહિત દેખાઈ સાહેબની પાસે તેનાં વખાણ કરવાં, અને શિરસ્તેદારો લાંબા તથા ઉદાર પરિચયની શરમે તથા અગાડીની આશાએ પ્રસંગ પડ્યે કામ લાગે, એવા વિચારથી ગરાસ

મેળવવાના ખરા ઉપાય બુદ્ધિધન મુલતવી રાખતો અને આ સર્વ પ્રસંગનો લાભ લઈ ભૂપસિંહની સાધારણ સમજણ સુધારવાની મહેનત કરતો. તેવામાં સદાશિવ તરફથી આ અનર્થ થયો અને જે બુદ્ધિધને તેને લાભ કરી આપેલો તે જ બુદ્ધિધન અને ભૂપસિંહની વચ્ચે ભેદ પડ્યો. આ બાબત જાણે પોતાના કળ્યામાં પણ આવી નથી એવો વેશ તેણે ધારણ કર્યો.

આ સર્વનો પ્રતિકાર કરવા અને ખોટામાંથી સારું કાઢવા હવે તેણે યુક્તિઓ રચવા માંડી. ‘સારો અર્થ અને સારાં સાધન’ એ નિયમ તેણે સાંભળ્યો પણ ન હતો. સ્વાભાવિક રીતે અંત:કરણ શુદ્ધ હોવાથી હંમેશાં સારાં સાધન ખોળતો. પરંતુ સારા અર્થને વળગી રહેવાથી જ તેનું અંત:કરણ તૃપ્ત થતું અને ‘સારે અર્થે ગમે તે સાધન’ લેવું તેમાં તેને કાંઈ દોષ સમજાય એવો ઉપદેશ મળ્યો ન હતો અને એમ સુઝાડે એવું કાંઈ પણ તેના સંસારમાં ન હતું. સારાં સાધન ન મળ્યે ખોટાં સાધન લેવાની તેને જરૂર લાગી. ભૂપસિંહના ઉપર પોતાની સારી અસર કરવી તરત તો છોડી દીધી અને વાતચીતને માત્ર મોજશોખના વિષયનું સંગ્રહસ્થાન થવા દીધી. સદાશિવ દારૂનો વ્યસની હતો. તે વ્યસનમાં ભૂપસિંહને પડવા દીધો. સદાશિવ સ્ત્રીલંપટ હતો અને નિશાચરવૃત્તિ રાખતો. આ નિશાચરવૃત્તિનો લાભ લેવા ભૂપસિંહને પોતાની મેળ સૂઝે એવા પ્રસંગ બુદ્ધિધને જાતે તટસ્થ રહી ઉત્પન્ન કર્યા. ગરાસિયો દક્ષિણીને ત્યાં રાતદિવસ પડી રહેવા લાગ્યો, અને સદાશિવ દિવસે કચેરીમાં જાય અને રાત્રે બહાર જાય તે વખતે તેની સ્ત્રી રમાબાઈ સાથે ભૂપસિંહે ગાળવા માંડ્યો. બુદ્ધિધન ભૂપસિંહને ઘેર તો જાય તો મેળાપ થવો મુશ્કેલ થવા લાગ્યો અને ત્યાં ઘડી બે ઘડી એકલો બેસી વાટ જોઈ પાછો જતો અને માત્ર શું થાય છે તે નજરમાં રાખતો. ભૂપસિંહની સ્ત્રી રાજબા આજ સુધી તો સુપાત્ર રહી હતી. બુદ્ધિધન બાબત તેના મનમાં ઊંચો વિચાર હતો. અને તેમાંથી એક્કેના મનમાં કુબુદ્ધિ હતી નહીં. પરંતુ ભૂપસિંહ બહાર રહેતો એટલે હવે આ બેની એકાંત વધારે થવા લાગી. પતિની કુચાલ સાંભળી રાજબાને અસંતોષ અને ઈર્ષ્યા ઉત્પન્ન થયાં, અને મનના વલણે તેને એવી બુદ્ધિ સુઝાડી કે હવે પત્નીધર્મ પાળવા હું બંધાઈ નથી. આથી તેને મોહ થયો અને એક દિવસ બુદ્ધિધન એકલો બેઠો છે અને રાજબા બેઠી છે, વાતો કરતાં કરતાં થોડીક વાર તે છાની રહી, અને કાંઈક મનમાં આવ્યું એટલે થોડી વાર બુદ્ધિધન સામું જોઈ રહી અને બુદ્ધિધન તેના સામું જોતાં તેનો વિકાર કળી ગયો — અને તેની પવિત્રતા ડગમગવા લાગી. તે ઊઠ્યો — તે ઊઠી. પોતાની ઇચ્છાવિરુદ્ધ — કોઈકના ધક્કેલ્યાં લાચાર બન્યાં હોય તેમ બન્ને જણે એકમેકની હાથેલીમાં હાથેલી મૂકી. બન્નેની નાડીઓ વેગવાળી થવા લાગી અને છાતીઓ ધબકવા લાગી, બન્નેનાં શરીર કંપવા લાગ્યાં, વિચારવિવેક હોલાઈ ગયા, મોં બાવરાં બની ગયાં. શરીર તાવવાળાં થઈ ગયાં, અને સમયનો પ્રેર્યો રાજબાની છાતી પરનો છેડો સરી ગયો. એટલામાં કાંઈક આકસ્મિક ધબકારાનો અવાજ થયો — પરવશ થયેલાં બન્ને જણ

ચમક્યાં, હાથમાંથી હાથ પડી ગયો, 'કાલ આવીશ' કહી બુદ્ધિધન વિચારમાં પડી ઘર ભણી ચાલ્યો અને તેને પાછો ખેંચવા — બોલાવવા — દિઙ્મૂઢ અને પરવશ રાજબાએ હાથ લાંબો કર્યો, મોં પહોળું કર્યું અને વળી તુરત જ બંધ થઈ ગઈ અને પોતાને ઠેકાણે જઈ બેઠી તથા થોડી વાર વિચારશૂન્ય બની — વિચારમાં પડી આખરે છાનીમાની રોઈ પડી, અને અંતે નવો અવતાર લીધો હોય એવી મનમાં બની વિહ્વળ મનથી પોતાને કામે પડવા યત્ન કરવા લાગી.

બુદ્ધિધન આ બનાવને આપત્તિરૂપ ગણી શોકમાં ડૂબી ફિક્કે મોંએ ઘેર ગયો. તેના અંતઃકરણમાં પશ્ચાત્તાપ અગ્નિ પેઠે સળગ્યો. બાઈ માણસ સાથે એકાંતમાં હવે ન રહેવું એવી મનમાં ગાંઠ વાળી. વળી કલ્પનાશક્તિ જાગી અને બનેલા બનાવનો ચિતાર પ્રત્યક્ષની પેઠે મન આગળ ખડો થયો અને સરી ગયેલા ચેડાવાળી — ટકટક જોઈ રહેતી — ઊઠતી — હાથમાં હાથ મૂકતી — આતુર મુખવાળી રાજબા તેના મન આગળ આવી ઊભી રહેતી અને તેના સુવિચારને હાંકી મૂકતી. આમ કરતાં કરતાં ઘરમાં આવ્યો. માતુશ્રી બેઠાં હતાં તેમનું મુખ એવું ને એવું છતાં બુદ્ધિધનને જુદું લાગ્યું. પોતે ભ્રષ્ટ અને અપરાધી હોય તેમ છેટે ઊભો રહ્યો અને માતુશ્રીના પવિત્ર પ્રતાપી મુખ સામું જોઈ ન શક્યો. શયનગૃહમાં ગયો ત્યાં નિર્દોષ સૌભાગ્યદેવી હસતી હસતી સામી આવી અને કણ્ઠે હસ્તદાન કરી પતિવ્રતા પતિને સ્નેહસત્કાર દેવા લાગી. પોતાનો સ્પર્શ તેને દૂષિત કરતો હોય તેમ આ સત્કારનો પ્રત્યાઘાત ન વાળતાં પોતે સ્તબ્ધ ઊભો રહ્યો અને મનમાંથી સ્પર્શ ન કરતો હોય એવી વૃત્તિ અનુભવવા લાગ્યો. આ મારી દેવી — મારી ધર્મપત્ની — એની મેં અવગણના કરી એમ ગણી પશ્ચાત્તાપના અગ્નિમાં બળવા લાગ્યો. વળી એના પવિત્ર નિર્દોષ મુગ્ધ મુખ સામું જોઈ રહ્યો. તેને પોતે છેતરી એ વિચાર તેને સાલવા લાગ્યો. હજુ સુધી આ મારી પાસે ઊભેલો પતિ આવો દુષ્ટ છે એ જાણતી નથી એવી પ્રતિભા જાગી. વળી એના મુખ ભણી જોઈ રહ્યો — તેમાં કાંઈક નવીન સુંદરતા લાગવા માંડી. તેની સાથે રાજબાનું મુખ સરખાવવા લાગ્યો — આખરે નક્કી થયું કે સૌભાગ્યદેવીની કાન્તિ આગળ રાજબા કાંઈ લેખામાં નથી. આવી હલકી સ્ત્રી પર પોતે ઘડીક પણ મોહિત થયો તે સારુ પોતાની કમઅક્કલ પર તિરસ્કાર કરવા લાગ્યો. બુદ્ધિ શાથી ગુમ થઈ ગઈ અને આ હંસીને મૂકી કાગડી પર મન કેમ ગયું એ બાબત બહુ આશ્ચર્ય લાગવા માંડ્યું. અંતે આ પવિત્ર પતિવ્રતા — મારી દેવી — તે જ મારા સ્નેહને યોગ્ય છે એમ ગણી તેના સ્નેહને ઉત્તર દેવા બુદ્ધિધનનું અંતઃકરણ તત્પર થયું. હવેથી ભૂપસિંહને ઘેર જવું નહીં અને જવું તો રાજબા પાસે અથવા એકલા બેસવું નહીં એવો પાકો ઠરાવ કર્યો અને ઈશ્વરે આવી રીતે ગમે તેમ પણ મહાપાપમાંથી ઉગાર્યો માટે તેનો આભારી બની ગયો, અને મર્દન કરાવી સ્નેહ — તેલ — ચોળાવી નાહ્યું હોય તેમ નિદ્રાવશ જેવું લાગતાં — મનનો ધણી — મનસ્વી પતિવ્રતાની પવિત્ર પાવક અને શાંત સોડમાં ઘસઘસાટ

ઊંઘી ગયો. ઊંઘમાં માત્ર તેને જ જોઈ રહ્યો. એના એક સ્વપ્નમાં તો ‘હૃદયમન્દિર’ નામના વિશાળ મન્દિરના સિંહાસન પર સૌભાગ્યદેવી બેઠેલી, તેના મુખ આગળથી ચંદ્રમાના જેવાં કોમળ કિરણ ફૂટતાં હતાં, બુદ્ધિધન પોતે પોતાને કૃતાર્થ અને ભાગ્યશાળી માનતો દેવીને ઘડી વાર ચામર ઢોળતો હતો, ઘડીક તેનો છડીદાર થતો હતો, અને ઘડીકમાં મન્દિરના દ્વાર આગળ કલબલાટ મચાવી મૂકી પચાસેક રાજબાઓ આવી ઊભી રહેતી તેને આઘેથી કાઢી મૂકતો હતો. ‘ઊભો રહેજે, શઠ!’ કરી તેને હસવામાં મન્દ પ્રહારે ધોલ મારતી હોય તેમ દેવીનો કોમળ હાથ ઊંઘમાં બુદ્ધિધનના લમણા ઉપર રહ્યો હતો અને તેના રમણીય બિંબાધર નિદ્રામાં મલકતા હતા.

બીજે દિવસ બુદ્ધિધન રીતસર કામકાજમાં ગૂંથાયો. પણ સંધ્યાકાળ પડી અને ભૂપસિંહને ઘેર જવાનો સમય થયો એટલે રાજબા સાંભરી, મન ઉત્સુક થયું, પ્રથમ દિવસનો ઠરાવ ભૂલી ગયો અને કપડાં પહેરી બહાર જવાનો વિચાર કરે છે એટલામાં સૌભાગ્યદેવી કાંઈક પૂછવા આવી. તેને જોતાં જ પવિત્ર વિચાર પાછા ઉત્પન્ન થયા અને આટલા સરખા બનાવથી એનું પત્નીવ્રત સદાકાળ અમર રહેવા બચ્યું! ‘હટ! હું કાંઈ નથી જતો રાજબાને ઘેર!’ કહી તે બીજે રસ્તે બીજે કામે ગયો અને તે સમયથી એ વિચારરાહુ એના મન આગળ કદી પોતાની મેળે પાછો આવ્યો નહીં. પરંતુ રાજબા સ્ત્રીબુદ્ધિવાળી હતી. તેનું મન આગ્રહી હતું અને તેમાં પકડાયેલી વાત ત્યાંથી ખસતી ન હતી. રજપૂતાણીમાં હિંમત પણ જબરી હતી. વચન આપવા છતાં બુદ્ધિધન આવ્યો નહીં. આજ રોકાઈ ગયો હશે — કાલે આવશે. કાલ થઈ, ન આવ્યો. પરમ દિવસ થયો. અને ન આવ્યો: એમ સાતઆઠ દિવસ થયા. અંતે એક દિવસે ભૂપસિંહ ઘરમાંથી રમાબાઈને ઘેર ચાલ્યો એટલે રાજબા પણ તેની પાછળ જોતી જોતી ઈર્ષ્યાભરી જવા વિચાર કરી વિહ્વળ બની ઊઠી અને પુરુષનો વેશ લીધો. કેડે હથિયાર બાંધી લીધાં અને બુદ્ધિધનના ઘર આગળ રાતના આઠ વાગ્યે આવી ઊભી અને સંદેશો કહાવ્યો કે ‘ભૂપસિંહના દોસ્ત રાજસિંહ તમને મળવા આવ્યા છે — કાંઈ એકાંત કરવાની છે.’ બુદ્ધિધન આ નવીન નામ સાંભળી ચમકયો — ઊભો થયો અને એકલો આગળ આવી ‘આવો, આવો, રાજસિંહ’ કરી તેને પોતાના દીવાનખાનામાં લઈ ગયો. તેનું મોઢું અને પોશાક ન્યાળતાં ન્યાળતાં ઘણાક તર્કવિતર્ક કરવા લાગ્યો અને અદ્ભૂત આશ્ચર્યમાં મગ્ન થતો બોલ્યો:

‘આ શું? તમે — અત્યારે — આમ ક્યાં?’

‘બુદ્ધિધન! તમે સારું ન કર્યું. ભૂપસિંહને તો સદાશિવપંતને ઘેર મદદ મળવા માંડી અને મને વચન આપ્યા છતાં તમે મદદ ન આપી એ શું મારા તમારા સ્નેહ—’ એમ કહેતાં કહેતાં રાજબા અટકી પડી — પુરુષનો ચાળો કરી અક્કડ અને ટટાર થઈ હાથ જમૈયા પર મૂકવા ગઈ, પણ તે સ્ત્રીની પેઠ

કેડે અર્ધચંદ્ર કરી મૂક્યો. છાતી કાઢવા ગઈ, પણ અણધાર્યો દેખાવ દીધો અને છેતરાઈ. વળી આંખ ઢાંકી ન રહી.

‘રાજસિંહ! હું તમારે વાસ્તે દિલગીર છું. ભૂપસિંહને લીધે મારો તમારો સંબંધ છે અને ભૂપસિંહને અળગા રાખી તમારી સાથે સ્વતંત્ર સંબંધ બાધવાથી તમારા કે મારા હકમાં સારું નથી. તમે ભૂપસિંહને પાછો હાથમાં લો અને હું તમો બન્ને દોસ્તોને આધીન છું. ભૂપસિંહ તમને જાતે જ મદદ આપે તે વધારે સારું છે.’ ઘણીક હિંમત આણી બેશરમ જેવાં દેખાઈ બુદ્ધિધન બોલ્યો.

‘અને તમારો કોલ! તમારો બોલ! તમારું વચન!’

‘હું બહું દિલગીર છું. ભૂલમાં બોલેલું પળતું નથી. વધારે મોટા કોલને લીધે આ બોલ તોડવો પડે છે.’

‘પણ કાંઈ મારો વિચાર કર્યો?’

‘તમારો પણ સારો જ વિચાર કર્યો છે.’

‘તમે નક્કી કહો છો? સરત રાખજો.’

‘હા, નક્કી.’

‘ફરી વિચાર કરો.’

‘પૂરો વિચાર કર્યો છે. રામ રામ’ — કરી ગભરાયેલો બુદ્ધિધન ઊઠવા લાગ્યો.

‘હવે જાણ્યો જાણ્યો તમારો વિચાર’ — કરી રાજબાએ બુદ્ધિધનનો હાથ ઝાલી એક ઊંચો તકિયો પડ્યો હતો તે પર બેસાડ્યો અને તેના શરીર સરસી જઈને શરીર ચાંપતી ઊભી. કોણ જાણે ક્યાંથી તેનામાં આ હિંમત આવી. રજપૂતાણી! ગજબ કર્યો! બેસતો બેસતો, હાથ લઈ લેતો, શરીર સંકોચતો બુદ્ધિધન બોલ્યો: ‘રાજ — હવે બસ થયું. મને ભૂપસિંહ મારફત બોલાવજો. હું આવીશ.’

‘એની બીક લાગે છે?’ કહી રજપૂતાણીએ ભ્રૂકુટી ચડાવી અને તિરસ્કારભર્યું હાસ્ય કરવા લાગી અને નીચી નમી બેઠેલા ઊઠતા બુદ્ધિધનના ખભા ઉપર હાથ અને હડપચી મૂકતી અડોઅડ ઊભી.

‘બીક ઈશ્વરની! બીજા કોઈની મને બીક નથી.’

નહીં ચાલે જાણી રજપૂતાણી ડોળા ફેરવતી ઊઠી.

‘ઠીક છે. ઈશ્વરની બીક રાખો. ભૂપસિંહના બોલાવ્યા આવજો. પણ કોલ પળાવું ત્યારે હું રજપૂતા — ખરો. વારુ, જાઉં છું.’ એમ કહી હાથ

તરછોડી, પોતાને શરીરે બુદ્ધિધનના શરીરને ધક્કો મારી રુઆબબંધ રજપૂતાણી ચાલી ગઈ.

સહજ વિચાર અને આશ્ચર્યમાં પડી બુદ્ધિધને આ સ્મરણમાંથી હોડી મૂક્યું અને કામે લાગ્યો — જાણે કે કાંઈ બન્યું જ ન હોય! ભૂપસિંહને ઘેર જવું તરત તો એકદમ બંધ કરી દીધું. છેક સુવર્ણપુર સુધી કર્ણોપકર્ણ આ નાની સરખી વાત ઊડી. જગત માનવા લાગ્યું કે કાંઈક કારણથી ભૂપસિંહ અને બુદ્ધિધનની મિત્રતા તૂટી, અને કારણ વિષે ગપદેવીએ શેષનાગ જેવા લોકની જીભો ઉપર હજારો ખુલાસા મૂક્યા. બન્ને મિત્રો રસ્તામાં મળતા તો માત્ર લટકસલામ થતી.

ભૂપસિંહ અને સદાશિવ બેને જુદા શી રીતે પાડવા અને ગરાસિયાને ગરજીલો શી રીતે કરવો તે હવે બુદ્ધિધનનું ગુરુકાર્ય થઈ પડ્યું. એ બેનો સંબંધ કરવામાં પોતે ભૂલ કરી એવું સ્પષ્ટ દીસવા લાગ્યું. અને હવેથી કોઈનો પણ વિશ્વાસ ન રાખવો, કોઈને પણ સારો ન ગણવો, અને પોતાનું તંત્ર કોઈના હાથમાં જવા ન દેવું એવો મોટો ઉપદેશ આટલી નાની બાબતમાંથી લીધો. ગરાસિયાને પોતાના કાર્યનું સાધન બનાવવા હાથમાં લેવાની જરૂર લાગી, પરંતુ તેને પણ પોતાનો ન ગણવો એવો નિર્ણય કર્યો. તેમજ એ પણ શિખામણ મળી કે ભૂપસિંહને ખોટે રસ્તે ન પાડવો, કારણ ખોટે રસ્તે પડનાર માણસ પાડનારની પણ લગામમાં આગળ જતાં રહી શકતું નથી એ અનુભવસિદ્ધ થયું. કદાચિત્ લગામમાં રહે પણ તેમ કરવાને પોતાને નીચે રસ્તે જવું પડે એ પણ ખરાબ વાત. જો બુદ્ધિધન રાજબાની વૃત્તિમાં સામેલ થયો હોત તો ભૂપસિંહને આંગળીના ટેરવા પર રમાડી શકત, પરંતુ તે વિચાર શુદ્ધ અંતઃકરણમાંથી પારાની પેઠે સરી જતો.

એક દિવસ બુદ્ધિધન સાહેબની કચેરીમાં ચાલ્યો જાય છે ત્યાં પોતાનાથી આગળ ભૂપસિંહને જતો દીઠો. રસ્તામાં સદાશિવનું ઘર આવ્યું. મેડીએ બારી પર રમાબાઈ ઊભી હતી. નીચે આવી તેણે બારણું ઉઘાડ્યું, ભૂપસિંહ અંદર ગયો, બારણું બંધ થયું અને બુદ્ધિધન તેની આ દશા જોઈ નિઃશ્વાસ નાખી ચાલતો થયો. કચેરીમાં જઈ પોતે બેઠો તો ખરો પણ મન ચંચળ થયું હતું. એટલામાં સાહેબે બૂમ પાડી — ‘બુદ્ધિધન!’ એકદમ ઊઠી બુદ્ધિધન ત્યાં ગયો.

સાહેબ એક ટેબલ પાસે ખુરશી પર પીછું મોંમાં ઘાલી બેઠા હતા.

મોંમાંથી પીછું કાઢી સાહેબ બોલ્યા: ‘બુદ્ધિધન! તમને ખબર છે કે સુવર્ણપુરના ગરાસિયાનો જવાબ રાણાએ કયા વરસમાં આપ્યો?’

બુદ્ધિધન વિચારમાં પડી બોલ્યો: ‘પંત! બેચાર દિવસ ઉપર જે દફતર તપાસ સારુ આપ ઘેર લઈ ગયા છો તેમાં એ જવાબ હશે ને તેમાં તારીખ હશે.’

સાહેબ: ‘જાઓ, માણસ મોકલી મંગાવો.’

પંત તાબેદારીથી — નરમાશથી બોલ્યો: ‘સાહેબ! આજ હું ઑફિસમાં જોઉં છું, ત્યાં નહીં હોય તો કાલ ઘેર જોતો આવીશ.’

સાહેબ: ‘નહીં નહીં, અત્યારે જ માણસ મોકલો કે તમે જાઓ.’

પંત: ‘બુદ્ધિધન! મહેરબાની કરી કોઈને મારે ત્યાં મોકલશો?’

બુદ્ધિધનને લાગ મળ્યો. નરભેરામ કરીને એક ખંધો, મશ્કરો, અટકચાળો, અદેખો, બહુબોલો, કોઈની શરમ ન રાખે એવો કારકુન હતો. રમાબાઈને સ્વતંત્રતા આપવા સારુ પંતની પૂઠ પાછળ તે ટોળ કરતો. દક્ષિણીઓને ધિક્કારતો અને પંતની કડવી મશ્કરીઓ કરતો. તે પોતાના બીજા કામમાં બહુ લાગતો એટલે પંત આ સઘળું માફ કરતો અને તેને પોતાનો ગણતો. બુદ્ધિધને દસ્તાવેજ ખોળવા તથા લાવવા નરભેરામને શોધી કાઢી મોકલ્યો. નરભેરામ જઈ જુએ છે તો પંતનાં બારણાં બંધ. કોઈને બોલાવવાને બદલે ઉલાળાકૂંચીના કાણામાંથી નીચો પડી જોવા લાગ્યો તો ભૂપસિંહને અંદર દીઠો. કોઈને ખબર કર્યા કે બોલાવ્યા વિના એકદમ પાછો ફર્યો. બુદ્ધિધનના કાનમાં ગમત પામી સમાચાર કહ્યા. એણે પંતને કહેવા કહ્યું, અને પંત સાહેબનાથી જુદી ઓરડીમાં ગયો હતો ત્યાં જઈ નરભેરામ ઊભો રહ્યો અને મોં પર શોક આણી, ગુસ્સો આણી, મનમાં આનંદ પામી, જાણે કે જીભ ઊપડતી ન હોય તેમ ડોળ કર્યો. આખરે સૌ સમાચાર કહ્યા. સદાશિવનો ચહેરો બદલાઈ ગયો, માથું ફરી ગયું અને નરભેરામની સલાહ માગી. નરભેરામ કહે, ‘બુદ્ધિધનને પૂછો તો સારું. એ ઉપાય સુઝાડશે. મને તો લાગે છે કે આ લુચ્ચા ભૂપસિંહની ફજેતી કરવી ને મારવો.’ મનમાં જાણ્યું કે ‘ઠીક લાગમાં આવ્યો છે — ભૂપસિંહ તો મરદ છે. બચ્ચા, ફજેતી તો તારી બાયડીની થશે ને સાથે તારી!’ ગભરાયેલા સદાશિવને બુદ્ધિધને ગંભીર, ચિંતાવાળું અને અજાણ્યું મોં રાખી શિખામણ આપી કે ‘દસ્તાવેજ જડતો નથી માટે જાતે શોધવાની પરવાનગી લઈ ઘેર ચાલો.’ ત્રણે જણ ચાલ્યા. ગરાસિયાનું કામ અને મારામારી થાય કરી એકબે સિપાઈઓને પણ સાથે લીધા. બારણાના કાણામાંથી જુએ છે તો ભૂપસિંહ દાદરે ચડતો જણાયો. કાણામાં જુએ છે એટલામાં વાંકા વળેલા નરભેરામે હાથ પાછળ રાખી નિશાની કરી રસ્તે જનાર-આવનારને પણ ઊભા રાખ્યા. નરભેરામની સૂચનાથી પાડોશીનું ઘર ઉઘડાવી વંડેથી સૌ ચડી ઊતર્યા અને ભૂપસિંહ તથા રમાબાઈને બેઠાં હતાં તે મેડીની જોડેની મેડીમાં સૌ ભરાયા અને પાટિયાં ભરી દીધેલાં હતાં તેના વચાળાંમાંથી ત્રણે જણ જાતે અને સિપાઈઓ નજર કરવા લાગ્યા. સદાશિવની આંખ ફરી ગઈ — લાલચોળ થઈ, તેના ઓઠ ધ્રૂજવા તથા ફડફડવા લાગ્યા અને ગાંડા જેવો દેખાયો. ‘મારું કે મરું’ એ એનો નિશ્ચય થયો તે એણે જણાવ્યો. નરભેરામ પાછળ ઊભો ઊભો કાખલીઓ કૂટવા

મંડી ગયો અને બુદ્ધિધનના કાનમાં કહે: 'હાશ! ઠીક સ્વતંત્રતા લેવાય છે. મડમસાહેબ સાહેબને લાયક છે.'

બારી બહાર લોકો વધારે ભરાયા અને શોરબકોર થયો. રમાબાઈનું ધ્યાન ખેંચાયું અને તેણે ભૂપસિંહને ખબર કરી. ગરાસિયો ચમક્યો, રાતોપીળો થઈ ગયો, મૂછ પર હાથ નાખ્યો અને લોક ઉપર આવે છે એમ સમજી એક હાથે રમાબાઈને બગલમાં ઘાલી બીજે હાથે તરવાર મ્યાનમાંથી અર્ધી બહાર કાઢી અને બોલી ઊઠ્યો: 'લુંડિયાં ક્યા કરનેવાલી હૈ — આ સદાશિવ જાતે આવે કની તો એને તો ખીસામાં ઘાલું અને તને મારા ઘરમાં રાજબાની સાથે રાખું. મારી તરવાર અચળ છે!' સદાશિવ ભયભીત થઈ ગયો. ક્રોધ ઊતરી ગયો, બુદ્ધિધનના હાથ વચ્ચે દયામણે મોંએ પડી ગયો, અને બુદ્ધિધનને તેની ખરેખરી દયા આવી.

'સદાશિવ! તમે આને નહીં પહોંચો. અત્યારે દીઠું ન દીઠું કરો. ગમે તે ગરાસિયો મારશે કે ગમે તો બાયડી ઝેર દેશે. ચાલો, લોકોને કહીએ કે કંઈ નથી એટલે વેરાઈ જાય અને ફજેતી બંધ થાય. સાહેબની પાસેથી બેચાર માસની રજા લઈ દેશ જાઓ. દસ્તાવેજમાં કંઈ ન જડ્યું — કહીશું. દેશ જઈ રમાબાઈને ગમે તે કરજો. જીવ જોખમમાં ન નાંખો.' સૌ ગયા. લોકો 'હો! હો!' કરતા વેરાયા. કેમ વેરાય છે તે અધઉઘાડી બારી કરી રમાબાઈએ જોયું, અને સૌની વચ્ચે પાઘડી ઉપરથી સદાશિવને ઓળખ્યો. સૌ ગયા પછી ભૂપસિંહ છાનોમાનો ઘેર ગયો અને રાજબા તો જાણે પોતાની જ હોય તેમ તેના ઉપર રોજની પેઠે અમલ ચલાવવા લાગ્યો. પણ રાજબાએ તો રૂસણું લીધું. રમાબાઈની ફજેતી કોઈ માણસે રાજબાને કરી હતી. અને તેણે ઠરાવ કર્યો કે હવે ઝઘડો મચાવી બુદ્ધિધનને ઘેર બોલાવવો.

'ઠકરાળાં! હુક્કો ભરો.'

'અમારું કામ તો એ જ છેસ્તો. બીજાં કામમાં બીજાં' — કરી રાજબા રોઈ પડી અને બોરબોર જેવાં આંસુ આણ્યાં.

'આ શું?'

'નહીં જાણતા હો! બુદ્ધિધન જેવા સારા દોસ્તની સોબત છોડી; ગરાસ પાછો મેળવવાનું તો મનમાં જ શાનું હોય! સદાશિવ જેવા લુચ્ચાની સોબત શોધી અને—'

'અને શું?'

'શું તે એ કે હવે તમારે મારું કામ રહ્યું નથી. હાસ્તો, દક્ષિણી જેવાં રૂપાળાં અમે તે ક્યાંથી હોઈએ?'

એક પાસ આ સંવાદ શરૂ થયો. બીજી પાસ સદાશિવે રજા માગી, તરત તેનું કામ ઉપાડી લે એવું કોઈ ઑફિસમાં ન હોવાથી સાહેબે રજા

આપવા આનાકાની કરી. સદાશિવને મન હવે બુદ્ધિધન તેનો પોતાનો થયો હતો એટલે તેને વિનંતી કરી અને બુદ્ધિધને ઉપકાર કરતો હોય તેમ તે કબૂલ કરી તેની અવેજીમાં કામ કરવા સ્વીકાર્યું. સાહેબે પણ તે ગોઠવણ પસંદ કરી બુદ્ધિધનને ધાર્યો અર્થ સાધવામાં એક પગથિયું ચડવા મળ્યું.

ભૂપસિંહ હવે એકલો પડ્યો. રમાબાઈ ગઈ. રાજબા બમણું જોર કરી ચાલવા લાગી. રમાબાઈમાં અને સદાશિવમાં ભૂપસિંહનો પૈસો તણાઈ ગયો હતો અને ગરાસ સાંભરવા લાગ્યો. ગરાસ સાંભર્યો એટલે બુદ્ધિધન પણ પાછો સાંભર્યો અને તેની ગરજ પાછી પડી; પણ ટેક છોડી તેને ગરજ બતાવવી તે મરવા જેવું હતું. પણ રાજબાને રઢ લાગી. તેણે ધણીને મોસાળ સમાચાર મોકલ્યા. મામાએ કહાવ્યું કે 'બુદ્ધિધનને શોધો; એ હવે શિરસ્તેદાર થયો છે. આમ બાયલા થઈ બેસી રહો છો અને કુછંદે પડો છો તે ઠીક નહીં.' ઘરમાં વધારે વખત રહેવાનું થયું ને રાજબાએ પણ પોતાની વાત છોડી નહીં અને કહ્યું કે 'બુદ્ધિધન સાથે ટેક હોય નહીં; તે આપણા હિતેચ્છુ છે. તમારી કચાલને લીધે તેણે તમને છોડ્યા છે. તમે સુધર્યા જાણી તે રાજી થશે. હવે તે પદવી ઉપર છે અને તમને કામ પણ લાગશે.' આખરે ગરાસિયણે જય મેળવ્યો અને એનાથી કાયર થઈ ગરાસિયો ઉદાસ બની બુદ્ધિધન પાસે પાછો જવા આવવા લાગ્યો. એવામાં કંઈક રોગથી રાજબા અચિંતી એકાએક ગુજરી ગઈ, એટલે બુદ્ધિધન પણ ભૂપસિંહને ઘેર નિર્ભય બની જવા લાગ્યો. તેને પૈસેટકે મદદ કરવા માંડી, બંનેનો સંબંધ પાછો થયો, અને બુદ્ધિધનમાં આવેલી સાવચેતીથી એ વાત ઉઘાડી પડવા ન પામી.

આ સમયે લીલાપુર આવ્યે બુદ્ધિધનને પાંચેક વરસ થઈ ગયાં હતાં. સૌભાગ્યદેવીને વર્ષ દિવસની એક દીકરી થઈ હતી. પડોશમાં એક બંગાળીબાબુ મુસાફરીએ આવેલો રહેતો હતો. તેની વહુનું નામ સૌને નવું નવું લાગતું હતું અને ગમી ગયું હતું એટલે તે ઉપરથી ડોસીએ દીકરીનું નામ અલકકિશોરી રાખ્યું. વળી થોડાક દિવસ થયાં એક પુત્ર પ્રસવ્યો હતો. તેની રાશિ પપ્પા ઉપર હતી. એટલે બાપના નામ સાથે મળતું આણવાને પ્રમાદધન નામ રાખ્યું. છોકરો નાનપણમાં માતુશ્રીના ખોળામાં હાલવાચાલવા વગર ઘેનમાં પડી રહેતો એટલે પ્રમાદધન નામ બાપને પણ ગમી ગયું. આ સર્વ વર્તમાન પછી બુદ્ધિધનને શિરસ્તેદારની જગા મળી જોઈ માને સંતોષ થયો અને પોતાને ભાગ્યશાળી ગણતી ડોસી પુત્ર પૌત્ર અને વહુની નજર આગળ ગુજરી ગઈ અને ગુજરતાં પહેલાં દીકરાએ, હવે કારભારની બાબતમાં જીવ ઊંચો ન રાખવા માને કહ્યું અને તેનો જીવ ગતે જાય.

દીકરાવહુને માતુશ્રી ગયાં પછી ઘર સૂનું લાગવા માંડ્યું અને બન્નેને ઘણું દુ:ખ થયું. પણ દીકરાને કચેરીના કામમાં અને વહુને છોકરાંછૈયાંની જંજાળમાં સૌ ભૂલી જવું પડ્યું. ચકોર, બુદ્ધિશાળી, અને ડાહ્યાં માતુશ્રી

વગર છોકરાં બરોબર ઊછરવાનાં નથી એ વિચાર બુદ્ધિધનના મનમાં ઘણી વાર ઊઠતો. પોતાને એ બાબતમાં કાંઈ કરવા નવરાશ ન હતી, અને સૌભાગ્યદેવી પતિવ્રતા અને હેતાળ હતી પરંતુ સંસારવ્યવહારમાં તેની બુદ્ધિ ઝાઝી ચાલતી નહીં અને ડોસી હતાં ત્યાં સુધી કાંઈ ચિંતા માથે પડી ન હતી. ડોસી પાસે ઘરકામમાં માહેર થઈ હતી પરંતુ છોકરાં કેમ ઉછેરવાં તે શીખવાનો પ્રસંગ આવ્યો ન હતો અને પોતાને ઉછેરી તે સરત રાખવા જેટલી બુદ્ધિ ન હતી તો પોતાની મેળે ચલવવા જેવી બુદ્ધિ તો ક્યાંથી હોય? તે બિચારી, સાદી, ભોળી, સારા વિચારની, સાધારણ સમજવાળી, અને જગતને સાસુ ને વરના જેવાં સારાં માણસોથી ભરેલું માનનારી હતી. પતિવ્રતાપણું તેને સ્વાભાવિક થઈ ગયું હતું અને જગતની ગાડી પોતાની મેળે જ ચાલી જાય છે તેને ધક્કેલવાની જરૂર કદાપિ પણ પડતી હશે એનું તેને ભાન પણ ન હતું. આવી સ્ત્રીથી બુદ્ધિધન પોતાને સુખી માનતો. શિરસ્તેદારની જગા અને આવો નિષ્કંટક સંસાર એ બે જેટલા દિવસ નભ્યાં ત્યાં સુધીના જેવા દિવસ બુદ્ધિધનના આખા જીવતરમાં પહેલાં કદી જોવામાં આવ્યા ન હતા. કચેરીમાં આવ્યા પછી વહુની પાસે બેસી છોકરાંને રમાડતાં રમાડતાં, રાત્રે ઊંઘેલાં છોકરાંનાં મોં ન્યાળી ન્યાળી દેવી સાથે આનંદ ભોગવતાં, સવારે પવનની મીઠી લહેર બારીમાંથી આવતી હોય તે વખતે તેના ગાલ ઉપર કોમળ હાથ મૂકી દેવી જગાડે અને છોકરાંને હળવે રહી જાગે નહીં એમ આઘાં ખસેડી ઊઠતાં ઊઠતાં — આવા રમણીય દિવસો ફરી આવવાના નથી એ વિચાર ઘણી વાર બુદ્ધિધનને થતો અને તે વિચારના આનંદનો ઊભરો સૌભાગ્યદેવીને અથવા છોકરાંને આલિંગન દઈ કાઢતો.

સદાશિવ પંત રાજા ઉપર ગયો અને પોતાના દેશમાં એક સારી નોકરી શોધી કાઢી. બસ્કિન્ સાહેબે સારું સર્ટિફિકેટ મોકલ્યું અને બુદ્ધિધનને કાયમ કર્યો. રજવાડાંઓમાં એનું માન વધ્યું. ભૂપસિંહનો અને એનો સંબંધ તુટ્યો હતો એટલે સુવર્ણપુરમાં પણ આ નિમણૂક પસંદ કરવામાં આવી અને ત્યાંના મંડળ સાથે બુદ્ધિધને સંબંધ વધારવા માંડ્યો. પ્રસંગે પ્રસંગે નવા શિરસ્તેદારે સુવર્ણપુર જવા માંડ્યું અને કારભારી મંડળ તરફથી માન અને પૈસા મળવા માંડ્યા. દુષ્ટરાય તેની ખુશામતમાં અગ્રેસર થયો અને જડસિંહના દરબારમાં શઠરાયની જોડની જગા ઉપર તેને બેસાડવામાં આવતો. પ્રસંગે પ્રસંગે સૌની પાસે બુદ્ધિધન પૈસા કઢાવતો અને આ દુષ્ટ લોકો સાથે આવો વ્યવહાર રાખવામાં તેને કાંઈ અણઘટતું ન લાગતું. વળી આ સૌનો લાભ લઈ સુવર્ણપુરના રાજમહેલની ખટપટો જાણી લેવાય એવા સંબંધ બાંધવા માંડ્યા અને તે કાર્યમાં શઠરાય પાસેથી મળતા દ્રવ્યનો ઉદાર હાથે ઉપયોગ કરતો. હજુ સુધી શઠરાયનો સંપૂર્ણ વિશ્વાસ તેના ઉપર થયો ન હતો.

જડસિંહને એક ખોટો દીકરો પર્વતસિંહ નામનો હતો. શઠરાય તેને તેનાં ખરાં માબાપ બતાવી કાઢી મુકાવવાની ધમકી આપી કબજામાં રાખવાનું કરતો તેથી તે કંટાળેલો હતો. શઠરાયના પહેલાંના કારભારીનો દીકરો ગરબડદાસ નામનો આજ વહીવટદાર હતો અને તેણે પર્વતસિંહને સાધ્યો હતો. ગરબડદાસ ઘડીએ ઘડીએ લોકો પાસે શઠરાય સામે સરકારમાં અરજીઓ કરાવતો અને રાજમહેલમાં રાણીઓ અને ગોલાઓ પાસે કંઈ કંઈ ખટપટ ઊભી કરાવતો. આ લોકોએ પણ બુદ્ધિધનને સાધવા માંડ્યો. ભૂપસિંહને ગાદીએ બેસવામાં આ ખોટા પર્વતસિંહની આડખીલી હતી. બુદ્ધિધને પોતાની પાસે આવતી ખટપટનો ભેદ શઠરાયને તેનો પોતાનો થઈ જણાવ્યો અને ત્યાર પછી શઠરાયને બુદ્ધિધન ઉપર વિશ્વાસ ચોંટ્યો; પોતાની ખાનગી બાબતોમાં તેની કંઈક સલાહ લેવા લાગ્યો, અને કામનો માણસ ગણી દરબારમાંથી પૈસા ખવડાવવા લાગ્યો. શઠરાયે આખરે પર્વતસિંહનું કાટલું કરાવ્યું અને ગરબડદાસને બરતરફ કર્યો. ગરબડદાસ બુદ્ધિધન ઉપર વિશ્વાસ રાખતો, કારણ પોતાનો ભેદ એનાથી ફૂટ્યો હશે તેની એને ખબર ન હતી. હવેથી ગરબડદાસ પોતાની વાતો તથા શઠરાયની વાતોની બાતમી બુદ્ધિધન પાસે મૂકતો. શઠરાય એમ સમજતો કે બુદ્ધિધન મારું માણસ છે અને ગરબડદાસ સાથે માત્ર ઠગાઈનો સંબંધ રાખે છે. બુદ્ધિધન આ બન્ને લુચ્ચાને ઠગવામાં પાપ ન ગણતો અને પોતાનું છેવટ કાર્ય વાજબી હતું એટલે शठं प्रति शाठ्यं कुर्यात् એ ધોરણને અનુસરતો.

હવે પર્વતસિંહ ગયો એટલે જડસિંહને બીજો કુંવર ઊભો કરી આપવાની જરૂર કારભારીમંડળને લાગી. માત્રાઓ, ધાતુઓ અને રસાયણો ખાઈ ખાઈ અતિભોગ કરી જડસિંહે પુરુષત્વ હીન કરી દીધું હતું અને રાણીઓ યથેચ્છ વર્તતી હતી. કોઈ પણ રાણીને ખરો પુત્ર થાય તો તે રાણીનું તેમ જ તેના યારનું જોર વધે અને પોતાનું જોર કમી થાય એ શઠરાયને અનિષ્ટ હતું, અને પોતાના કબજામાં રહે એવો ખોટો પુત્ર ઊભો કરવા તેણે યુક્તિઓ કરવા માંડી. આ વાત બુદ્ધિધનને કાને આવી હતી પરંતુ કારભારીઓની મારફત આવી ન હતી. ભૂપસિંહ સાથે ઉઘાડો સંબંધ પોતે રાખી શકે એમ ન હતું તેમ એ માણસ બીજાના હાથમાં જાય એ સારું નહીં એ અનુભવે સિદ્ધ કરી આપ્યું હતું. કારભારીમંડળથી વિરુદ્ધ ન દેખાવું, પણ વિરોધ કરવાના સાધનની આવશ્યકતા હતી. ગરબડદાસ કાંઈ કામ પ્રસંગે લીલાપુર આવ્યો ત્યારે બુદ્ધિધનને મળ્યો અને બે જણ ભૂપસિંહને મળ્યા. રાણીની ઇચ્છા સિવાય ખોટો પુત્ર થાય નહીં માટે તે કાર્યમાં પટરાણીને સામેલ કરવા યુક્તિઓ ચાલતી હતી તે ગરબડદાસે કહ્યું. પર્વતસિંહ ગયો એટલે ભવિષ્યનો લોભ કરી સુવર્ણપુર ખાતે ભૂપસિંહના ગુપ્ત દૂતનું કામ કરવા ગરબડદાસે માથે લીધું અને ભૂપસિંહને હાથમાં લઈ શકે નહીં એમ છેટે રહી તેનું કામ કરનાર માણસ મળ્યું જોઈ બુદ્ધિધનની ઇચ્છા સફળ થઈ. ગરબડદાસને સલાહ પૂછવાનું ઠેકાણું બુદ્ધિધન થયું.

જડસિંહની પટરાણી ઊંચા કુળની હતી અને કારભારીની ખટપટ પસંદ કરતી ન હતી. પરંતુ આખરે તે લોભમાં લેવાઈ અને જગતમાં પ્રસિદ્ધ થયું કે તેને દિવસ છે. ભૂપસિંહ અને ગરબડદાસ ઉપરાઉપરી સાહેબ પાસે અરજીઓ કરવા લાગ્યા કે સીમંત ખોટું છે, પણ કારભારીઓ મૂછે તાલ દઈ ફરતા પરંતુ મનમાં ડરતા. એક પ્રસંગે શઠરાય લીલાપુર આવ્યો અને બુદ્ધિધનની પરીક્ષા કરવા વાત કાઢી અને ગરબડદાસની અરજીઓ બાબત ફરિયાદ કરી. બુદ્ધિધન કહે: 'જખ મારે છે: એમ તો હાથી પછવાડે કૂતરાં ઘણાં ભસે. આ તો ઠીક છે કે આપણી વાત સાચી છે, પણ કોઈ વખત એવોયે હોય કે આપણે એમ કરવુંયે પડે. આપણે પણ આપણો સ્વાર્થ છે.' આટલી વાતથી કાંઈ શઠરાયે ભેદ આપ્યો નહીં અને બુદ્ધિધનના બોલ્યામાં તેને કાંઈક વહેમ પડ્યો પણ તે જતો રહ્યો.

ભૂપસિંહનો ગરાસ હજી સુધી દરબાર પાસે હતો. ભૂપસિંહ અને એનાં ભાઈબહેનનાં લગ્ન, તેમનાં માબાપનાં ક્રિયાખરચ, ઇત્યાદિમાં ઘણું ખરચ કરવું પડ્યું છે, દુકાળ ગયા, અને એવાં એવાં નિમિત્તે કાઢી તો જડસિંહનો કારભારી ભૂપસિંહ પાસે દરબારનું લેણું કાઢતો હતો અને તે વસૂલ કરવાને નિમિત્તે પોતાનો વહીવટ લંબાવતો હતો. બુદ્ધિધને ચાલતા અરસામાં ભૂપસિંહ પાસે આ વહીવટ પાછો લેવા બસ્કિન્ સાહેબને અરજી કરાવી. બુદ્ધિધને તે અરજી શઠરાયને દેખાડી. હા ના કરતાં સુવર્ણપુરના દરબારમાંથી બુદ્ધિધનને પચાસ હજાર રૂપિયા મળ્યા અને ભૂપસિંહને ગરાસ ન મળવા દેવાનું તેણે માથે લીધું. વાતમાં વાત કરતાં અને પોતાનો ભરોસો ઊપજ્યો હતો તેથી કારભારીઓએ કયા કયા ચોપડા કેવી કેવી રીતે જૂઠા રાખ્યા હતા અને હિસાબ કેવી રીતે રાખ્યો હતો તે સમજવાની તક મળી અને તે તકનો ઉપયોગ કર્યો. સાહેબને અષ્ટંપષ્ટં સમજાવ્યો, હિસાબમાં કૂંડાળાં વાળ્યાં, અને બીજાં પાંચ વરસ સુધી ગરાસ દરબારના હાથમાં રહે એવો ફેંસલો થયો. પચાસે હજાર ભૂપસિંહને ગાદી મેળવવામાં વાપરવાના હતા તે એને ખબર હતી એટલે એ લોકમાં બડબડ્યો પણ મનમાં સંતોષ પામ્યો.

ભૂપસિંહ અને બુદ્ધિધનને કાંઈ સગપણ નથી અને બુદ્ધિધન પૈસાથી જિતાય એવો છે એવું હવે શઠરાયને સ્પષ્ટ લાગ્યું અને તેને હૈયે નિરાંત વળી. હવે તો સુવર્ણપુર આવે ત્યારે શિરસ્તેદારને આગ્રહ કરી કારભારી એકબે વાર પોતાને ઘેર જમાડે અને તેની સાથે ગપાટા હાંડે અને બીજાં માણસો પણ શિરસ્તેદાર સાથે હળી ગયાં. હળવે હળવે કારભારીનાં ઘરનાં સૌ માણસોને અને તેમની ઘણીક વાતોને બુદ્ધિધન જાણી ગયો. નરભેરામ પણ તેની સાથે આવતો અને એ ઘરનાં છિદ્ર શોધી કાઢી, જાણી, આનંદ પામતો.

દુષ્ટરાયની બહેન ખલકનંદા હતી અને વહુ રૂપાળી હતી. ખલકનંદા સાસરે જાય ત્યારે એક જમાલખાન નામનો સિપાઈ ફાનસ લઈ તેને મૂકવા

જતો. જમાલખાન ગાતો તથા ચિત્ર કાઢતો અને વાળબાળની ટાપટીપ કરતો. સાસરે જતાં જતાં ખલકનંદા કોઈક વખત જમાલખાનને ઘેર પણ જાય અને ઘડી બે ઘડી કાઢે. કોઈ વખત મરદનો લેબાસ પહેરી જમાલખાનને હાથે વળગી ગેલ કરતી કરતી રાત્રે ફરવા પણ જાય. રૂપાળી વહુને જુદો રસ્તો સૂઝ્યો હતો. દુષ્ટરાય ફોજદાર હતો એટલે ગામ પરગામ ફરવા જતો અને ઘરમાં રૂપાળી વહુ સાથે મેરુલો નામનો રજપૂત સિપાઈ રહેતો. ઘરમાં એકાંત પડે એટલે મેરુલો દુષ્ટરાયના શૃંગારગૃહમાં બિરાજતો. ચિકિત્સાખોર નરભેરામને આ બન્ને નાટક કંઈક જોયામાં અને બાકી સાંભળ્યામાં આવ્યાં હતાં અને બુદ્ધિધનને તેણે કહ્યાં હતાં. બૈરાંના વિશ્વાસુ, પુરુષોના વિશ્વાસુ થઈ ગયા હતા. જમાલખાન પર શઠરાયનો અને મેરુલા ઉપર દુષ્ટરાયનો વિશ્વાસ હતો અને પટરાણીને છૂટાછેડાના દિવસ પાસે આવ્યા એટલે કુંવર શોધવાનું કામ આ બન્ને વિશ્વાસુ ગૃહસ્થો ઉપર પડ્યું. જમાલખાન અને મેરુલો સ્વાભાવિક રીતે એકબીજાના પ્રતિસ્પર્ધી હતા અને આ કામમાં વધારે થયા. જમાલખાને એક તરકડીનો છોકરો શોધી કાઢ્યો અને મેરુલાએ એક કોળી શોધી કાઢ્યો. તરકડો રૂપાળો હતો અને શઠરાય પાસે જમાલખાનનું ચાલતું હતું માટે તરકડો પસંદ પડ્યો અને મેરુલો નિરાશ થયો.

બુદ્ધિધનની સૂચનાથી ગરબડદાસે આ બે જણા સાથે પરિચય કર્યો હતો અને એક દિવસ મેરુલો ખીજવાયેલો નિરાશ બનેલા ગરબડદાસ સાથે ગપ્પાં મારવા બેઠો અને વાએ ચડ્યો તેમાં કાંઈક લવી ગયો. લાલચ આપી વધારે ભેદ લીધો. એકદમ ગરબડદાસ લીલાપુર આવ્યો અને બુદ્ધિધનની સલાહ અને સૂચનાઓ વધતી ગઈ. આ તક ન જવા દેવી — વખત ખોવો નહીં એમ ઠરાવ થયો. સાહેબની પાસે અરજી થઈ અને તેમાં ભૂપસિંહે બંદોબસ્ત માગ્યો. એકદમ સવારો મળતાં તેને લઈ ભૂપસિંહ અને ગરબડદાસ જડસિંહને મહેલ ગયા, સાહેબનો કાગળ દેખાડી અંદર ઘસ્યા, અને જડસિંહ સાથે એકાંત માગી જડસિંહને સમજાવ્યો: ‘સાહેબને બધી ખબર પડી છે. તમે આ કામમાં સામેલ રહેશો તો જીવતાં ગાદી જશે. મરતાં ગાદી કોને જાય તેની તમારે શી ચિંતા છે? પિતરાઈને મૂકી તરકડાને ગાદી જાય તેમાં તમારી આબરૂ નથી — અને પરલોકમાં તમને લાભ નથી. કાલ સવારે તમારે ખરો છોકરો થશે તો તેને મૂકી ખોટાને સોંપવું પડશે. અમને સાહેબે મોકલ્યા છે. દેવો હોય તે જવાબ દેજો. તમે જાણો. તમારે માથે જુમ્મો છે.’ જડસિંહ સાહેબનું નામ સાંભળી ગભરાઈ ગયો. કાગળમાં સાહેબના નામનો શેરો હતો અને ભૂપસિંહની વાત સાંભળી તેને યોગ્ય ખુલાસો કરવામાં આવશે એવી આશા બતાવી હતી. જડસિંહ કહે: ‘આ બાબતમાં હું કાંઈ જાણતો નથી. કારભારીને પૂછી જોઈશ અને ખુલાસો લખી મોકલાવીશ. ભૂપસિંહના કરતાં કોળી તરકડાંનાં છોકરાં મને વધારે વહાલાં નથી. હું મારાથી ચાલતો બંદોબસ્ત કરીશ.’

ગરબડદાસ: 'પણ આજ રાત્રે જ સૌ નક્કી થઈ જાય તો?'

જડસિંહ: 'ભાઈ, કોણ જાણે. હું તો કારભારીને કહીશ એ જાણું. હું બીજું શું કરું?'

ગરબડદાસ: 'ત્યારે તમારાથી જાતે મદદ નહીં થાય?'

જડસિંહ: 'જાતે તે હું કાંઈ પોલીસનું કામ કરું? મળો કારભારીને.'

આવ્યા હતા તેવી જ ઝડપથી સૌ જણ ઘોડા દોડાવતા પાછા દોડ્યા. સુવર્ણપુરમાં ગભરાટ થઈ રહ્યો અને કારભારી રાજમહેલે આવ્યા. રાણાએ વાત કહી તેથી સંતોષ ન વળ્યો અને આમ આવ્યા અને આમ ગયા તે કંઈ આટલાથી સંતોષ પામી ન જાય એમ ધાર્યું. લીલાપુર અને સુવર્ણપુર વચ્ચે ઝાઝું છેટું ન હતું. ગરબડ તરત પહોંચ્યો અને બુદ્ધિધનને સમાચાર કહી બોલ્યો: 'રાણો જાતે કાંઈ કરી શકે તેમ નથી તે તમને ખબર છે. કોળી ને તરકડાં એટલું તો એના મોંમાંથી નીકળી ગયું. વાત મુદ્દે ખરી છે. ત્યાં વધારે રહેવાથી લાભ નથી જાણી અમે પાછા આવ્યા.'

થોડી વારમાં શઠરાયનું માણસ દોડતે ઘોડે આવ્યું અને તેની સલામ કહી બુદ્ધિધન પાસે બાતમી માગી. બુદ્ધિધન કહે: 'મારાથી આ બાબતમાં ઝાઝો ભેદ ખોલાય નહીં. કંઈક ગોલાંતરકડાંના છોકરાંની વાત અને કારભારી જાણે છે એવી વાત રાણાજીએ કરી છે. બીજું સૌ સાહેબ જાણે. શઠરાય તરત સૌ માંડેલી વાત બંધ કરશે તો ઠીક છે.' માણસ ગયું. બુદ્ધિધન પાસેથી બે હજાર રૂપિયા લઈ ગરબડદાસે મેરુલાને આપ્યા અને તેની મદદથી તરકડીનું ઘર શોધી કાઢ્યું ને એકબે સવાર ત્યાં રાખ્યા અને પોતે, ભૂપસિંહ અને એકબે સવાર રાણીના મહેલની પડોશમાં સંતાઈ રહ્યા. કારભારી ગભરાઈ ગયો. વધારે વાર લગાડવાથી વધારે તપાસ થશે અને માણસ ફૂટ્યાં એટલે ભોપાળું બહાર પડશે અને સાહેબ અગાડી તપાસ કરાવશે તો રાણાનું ઠેકાણું નહીં એટલે કોણ જાણે શું પરિણામ થાય. રાણીને દિવસ છે એવું જાહેર કર્યું હતું માટે પોતાનું મંડળ એકઠું કર્યું. રાત્રે ને રાત્રે વિચાર કર્યો અને એકબે દિવસમાં રાણીને મૂએલી દીકરી આણી દટાવી દીધી તથા જીવતો કુંવર આણવાનો વિચાર સૌ વાત ટાઢી પડ્યા પછી કરવાનો રાખ્યો.

એવામાં બસ્કિન્ સાહેબ તરફથી પત્ર આવ્યો તેમાં જડસિંહને ખોટા પુત્રની બાબતમાં લખ્યું હતું કે:

'આ બાબત સાંભળી હું ઘણો દિલગીર થયો છું. મારે તમને કહેવું જોઈએ કે આ ખટપટમાં તમારા કારભારીઓ સાથે તમે પણ સામેલ હશો એવો વહેમ આણવાનું અમને તમારા તરફથી મજબૂત કારણ મળ્યું છે. આ વખત તો આ બાબત સરકારમાં લખવામાં નથી આવતું પણ બીજી વખત આવો પ્રસંગ આવશે તો તમારા હકમાં સારું નહીં થાય એ યાદ રાખવું.

વળી તમને સૂચના કરવામાં આવે છે કે હવેથી તમારા અંત: પુરમાં કોઈ પણ રાણીને દિવસ હોય તો પ્રથમથી આ એજંસીમાં સમાચાર આપવામાં આવે. આ સૂચનાનો અમલ કરવામાં કાંઈ પણ શિથિલતા દેખાડવામાં આવશે તો તમારા વિરુદ્ધ શંકા સબળ થશે અને સરકારને ખબર કરવામાં આવશે. માટે આશા રાખવામાં આવે છે કે આ વિષે તમારા કારભારીઓ તરફથી સતત બંદોબસ્ત થશે. આ તુમારની નકલ એજંટના ખાસ દફતરમાં રાખવામાં આવશે.'

આ પત્રથી સર્વ મંડળ નરમ બની ગયું અને તેના ઉત્તરપ્રત્યુત્તર થોડાક થયા. પરંતુ મૂળ પત્રની અસરનો પટ સૌના મનમાં કાયમ બેસી ગયો.

કારભારીની આ સૌ વાત થયા પછી થતી સૌ બાતમી મેળવવાનાં સાધન હવે બુદ્ધિધને ગરબડદાસ મારફત કરી આપ્યાં અને શઠરાયે આપેલા રૂપિયા તેનું જ ઘર ફોડવાના કામમાં લાગવા માંડ્યા. નવો કુંવર કરવાનો વખત આવતાં પહેલાં કોણ જાણે કાંઈ ખટપટથી કે કોણ જાણે કાંઈ રોગથી જડસિંહ અચિંત્યો ગુજરી ગયો. તેની બાતમી એકદમ લીલાપુર પહોંચી અને સુવર્ણપુર ઉપર જપ્તી બેઠી. રાણીઓના મહેલ, તિજોરી, દફતરખાનું, સૌ ઠેકાણે ચામડાંના જીવતાં તાળાં દેવાયાં. ભૂપસિંહને રાજ્ય મળવાની સામગ્રી ચાલવા માંડી. તેના ઝૂંપડાં જેવા ઘર આગળ ચોબદારો અને અમલદારો જઈ ઊભા રહેવા લાગ્યા. પોતે કરેલા અપરાધ માફ કરાવવા શઠરાય જાતે બુદ્ધિધનને ત્યાં ફેરા ખાવા લાગ્યો. ગરબડદાસનો દોર વધ્યો. મહાસંપત્તિનો સૂર્ય ઊગતો જોઈ બુદ્ધિધનની ગંભીરતા ખસી નહીં અને તેના મનમાં ઉદ્યોગને ઉત્સાહને ઊભરે ઢાંકી દેવાયો નહીં. તે મોહમાં પડ્યો નહીં, ઉતાવળો થયો નહીં અને આંધળો બન્યો નહીં. સંપત્તિના સૂર્યને વગર ઝાંઝવે, વણઅંજાયે, સ્થિર વૃત્તિથી જોવા લાગ્યો. ભૂપસિંહની સંપત્તિ સાથે એને સંબંધ છે તે એના અને ભૂપસિંહના વિના બીજું કોઈ જાણતું નહીં. સર્વની આંખે એ ત્રિકાળમાં શિરસ્તેદાર જ ભાસતો.

સાહેબના તરફથી અભિનંદનપત્ર લઈ બુદ્ધિધન ભૂપસિંહને મળ્યો. ભૂપસિંહનું અંત:કરણ ઉપકારથી ભરાઈ આવ્યું. **'મારા રાણા! સુવર્ણપુરના સ્વામી!'** એટલા શબ્દ ગદ્‌ગદ કંઠે બોલી બુદ્ધિધન હર્ષનાં આંસુ સારતો ભૂપસિંહના સામું જોઈ ઊભો રહ્યો. ભૂપસિંહ એકદમ તેને ભેટી પડ્યો અને જોરથી બાઝ્યો. 'બુદ્ધિધન! તમારે લીધે આ દિવસ આવ્યા! તમારો આભાર મારાથી નહીં ભુલાય! હા! હવે હું રાજા અને તમે પ્રધાન, અને પાછલા દિવસ ભૂલી નવા દિવસ બંને જણ જોઈશું.' નવા રાણાના મનના આવેગને, તેમ જ પ્રસંગે સ્મરણમાં આણેલા પોતાના વૈરભાવને, મનસ્વી પુરુષે રોકી રાખવાનું યોગ્ય ધાર્યું. અભિષેકકાળનું મંગળાચરણ કોઈનું નુકસાન કરી કરવું, નવો રાણો પોતાની ખાનગી સ્થિતિનાં જૂનાં વેર તાજાં કરશે એ આશા સાહેબના મનમાં ઉત્પન્ન કરવી,

અને સત્તાથી હજી ન ખસેલા જૂના અમલદારોની મનમાંની બીક ખરી પાડી તેમને બુમાટો કરવાનું દેખીતું કારણ આપી તેમની પ્રપંચબુદ્ધિના વીર્યને ઉત્તેજિત કરવું: આ અને બીજાં પરિણામોના વિચાર બુદ્ધિધનના મગજ આગળ તરી આવ્યા અને તે પરિણામો ન થાય એવો તેણે માર્ગ પકડ્યો. ‘કાલે તમે સાહબને મળવા આવો, લીલાપુરમાં રહ્યા તેના સ્મરણ વાસ્તે અહીંયા અંગ્રેજ શાળા કાઢી અને સુવર્ણપુરમાં ‘બસ્કિન્ બાગ’ કરાવી તમારા અભિષેકનું મંગળાચરણ કરવાની વાત કાઢો, જૂના અમલદારોને કાયમ રાખવાનો વિચાર જણાવો, અને તમારે વિશ્વાસ રાખી શકવા લાયક પ્રમાણિક અને સારું બહારનું માણસ તમારા અંગનું કરી રાખવા સાહેબ પાસે માગો. અને ‘બુદ્ધિધન ઉપર આપનો વિશ્વાસ અનુભવથી થયો હોય તો તેને આપો નીકર બીજા કોઈને’ એમ સૂચના કરો. આ રીતે બુદ્ધિધને કહ્યું. તે પ્રમાણે થયું. ભૂપસિંહ વાસ્તે બસ્કિન્ સાહેબનો અભિપ્રાય ગરાસના પ્રસંગમાં કાંઈક ઠીક બંધાયો હતો અને તેની અવસ્થા જોઈ દયા ઊપજી હતી. તેમાં આ પ્રસંગે તેના મુખમાંથી આવા સારા વિચાર નીકળતા જોઈ સાહેબ ઘણા જ પ્રસન્ન થઈ ગયા, તેને વાસ્તે સરકારમાં બહુ સારો રિપોર્ટ કર્યો, જોઈએ તેટલી મદદ આપવા સ્વીકાર્યું, પોતાની ઑફિસનો બંદોબસ્ત કરી બુદ્ધિધનની મરજી હોય તો રાણાની નોકરીમાં તેને જ જવા દેવાની હા કહી, અને સરકારનો હુકમ આવતાં સુવર્ણપુર જઈ ઠાઠમાઠથી અભિષેક કર્યો. આ પ્રસંગે મુંબઈના વર્તમાનપત્રોવાળાઓને બુદ્ધિધનની સૂચનાથી બોલાવવામાં આવ્યા હતા. તેમની ખાતરબરદાસ અચ્છી રીતેથી કરી. પરાયા માણસ તરીકે બુદ્ધિધન તેમને મળતો અને રાણાનાં વખાણ કરતો. મુંબઈનાં અંગ્રેજી અને દેશી સૌ પત્રોમાં રાણા ભૂપસિંહના રાજ્યાભિષેકની લાંબી લાંબી અને છટાદાર હકીકત આવી, તેની બુદ્ધિ વગેરેનાં વખાણનાં બણગાં ફૂંકાયાં, અને જગતના ઘણા ભાગે સૌ ખરું જ માન્યું.

બુદ્ધિધનને ઠેકાણે બીજો માણસ આવ્યો એટલે જ સુવર્ણપુર આવ્યો અને ‘હજૂર સેક્રેટરી’ની નોકરી લીધી. ગરબડદાસ રાણાની પ્રીતિનું બીજું પાત્ર હતું તેને હિસાબી ખાતું સોંપાવ્યું. બીજા અમલદારો કાયમ રહ્યા. જતે દિવસે બુદ્ધિધનની પદવીનું નામ ફેરવી તેની ઇચ્છાથી એના એ કામ ઉપર રાખી તેને ‘અમાત્ય’ બનાવ્યો અને પગાર વધાર્યો. સર્વ મામલો હળવે હળવે શાતં થઈ ગયો હતો. કોઈ કોઈ વાર ખટપટ-વાયુથી મોજાં ઊછળતાં તો અમાત્યની બુદ્ધિ તેલ પેઠે તે ઉપર રેડાઈ તોફાન શાંત કરી દેતી. કેટલાક નાનામોટા બનાવો બનતા, અંદર અંદર ઈર્ષ્યા, વૈર, આદિ રહેતાં પરંતુ પરદેશી જોનારને મન કાંઈ દેખાય એમ ન હતું.

અમાત્ય પોતાનું કામ શાન્તિથી કરતો, સૌને સારે રસ્તે પાડી કોઈના કામમાં બહુ વચ્ચે ન આવી કારભારી વગેરેને સમજાવી કામ લેવા યત્ન

કરતો અને બધા એકઠા મળતા ત્યારે કોઈના મોં ઉપર અસંતોષનો લેશ દેખાતો ન હતો.

અમાત્યનું માન દિવસે દિવસે વધતું હતું. પોતાના પૂર્વજોના બંધાવેલા રાજેશ્વર મહાદેવનો તેણે જીર્ણોદ્ધાર કર્યો. લોકો તેના ઉપર આશાથી જોવા લાગ્યા. મુંબઈ જવાના પ્રસંગ મળતા ત્યારે ત્યાંના સાહેબ લોકોમાં જતો અને પ્રતિષ્ઠા પામી કાર્ય સાધી ઘેર આવતો. શાસ્ત્રીઓનો પરિચય રાખતો અને કર્મકાંડ પર શ્રદ્ધા બતાવતો. આ સર્વ તેનાં ભૂષણ થઈ પડ્યાં, અને રાણા પાસે એનું વધારે વધારે ચાલતું દેખાયું તેમ તેમ આ સૌ ભૂષણનાં વધારે વધારે વખાણ થવા લાગ્યાં.

રાજેશ્વર મહાદેવમાં રાણો અને અમાત્ય આવ્યા તે પ્રસંગે રાજ્યકાર્યની આ વ્યવસ્થા હતી અને અભિષેક થયે ત્રણચાર વર્ષ વીતી ગયાં હતાં.

રાજેશ્વરમાં આ બંને જણને બેસારી, અને નવીનચંદ્ર વાડામાં હતો તે સમયે અલકકિશોરી અને કુમુદસુંદરીને એ જ વાડામાં કેદ કરી, અત્યાર સુધી આપણું ધ્યાન આડી વાતોમાં ગૂંચાયું અને બુદ્ધિધનનો ઇતિહાસ જાણવામાં વાર્તાનો પ્રસંગ આપણી આંખ આગળથી આઠલી વાર દૂર રહ્યો તે બનાવ, વાંચનાર, જો તને સકારણ અને સફળ ન લાગે તો હવે એ ન જ બન્યો હોય એમ તારી નજર આગળથી કાઢી નાંખી, ગઈગુજરી વિસારી દે અને ભૂતકાળને ભૂલી વર્તમાનકાળની વાર્તામાં ડૂબવા નીચલા પ્રકરણના પ્રવાહમાં વહ્યો જા.

---

૧ . ચંડકૌશિક

૬. * રાજેશ્વરમાં રાજખટપટ

' તટસ્થ સ્વાનર્થાન્ ઘટયતિ ચ મૌનં ચ ભજતે॥ '

—ભવભૂતિ

સુવર્ણપુરનું રાજતંત્ર ઘેનમાં પડ્યું હોય તેમ પોતાની મેળે ચાલ્યું જતું દેખાતું હતું અને રાણો તથા અમાત્ય બે સિવાય સર્વ મંડળ ખરેખર ઘેનમાં જ હતું. જોનારને મન એમ જ વિચાર થતો કે આ ઘેન સ્વાભાવિક રીતે આવ્યું હશે અને તેના ઉપર તે અસર થાય એ પણ જાગનારને ઇષ્ટાપત્તિ જ હતી.

આ સર્વ નાટકનો સૂત્રધાર બુદ્ધિધન હજી પડદામાં જ હતો અને વેશધારીઓ પણ તેને પોતાના જેવો જ સમજતા હતા. અમાત્યનું રાણા પાસે ચાલે છે એ સિવાય બુદ્ધિધનને વાસ્તે બીજો અભિપ્રાય કોઈને હતો નહીં, પરંતુ આ કૂંચીને બળે રાણો જશ પણ ચાલે ચલવે છે — કાંઈ પણ કરે છે એમ કોઈના મનમાં પણ આભાસ થવા પામ્યો ન હતો. સર્વ એમ કલ્પતાં હતાં કે આપે આપણી મેળે જ ચાલીએ છીએ. પરંતુ આ સર્વ શાંતિનો પણ સૂત્રધાર હતો. પોતાની રંક અવસ્થામાં સળગેલા વૈરનો તણખો તેના મનમાંથી કજળી ગયો ન હતો. પરંતુ તેની હયાતીની ભૂપસિંહને પણ ખબર ન હતી. રાણો એમ જ સમજતો કે બુદ્ધિધન મારી ઇચ્છાઓનો સેવક જ છે અને તેમ ગણી તેના ઉપર નિર્મળ પ્રીતિ રાખતો. પરંતુ બુદ્ધિધને તો ભૂપસિંહને અને તેના સર્વ રાજ્યતંત્રને પોતાના ઊંડાં વૈરને સફળ કરવાનું સાધન કરી દીધું હતું. હળવે હળવે એ વૈરભાવની વચ્ચોવચ નિ:સ્વાર્થ રાજભક્તિ અને મિત્રતા, મહત્તાનો અભિલાષ, અને એવાં એવાં બીજાં રમણીય વૃક્ષ ઉત્પન્ન થતાં હતાં એ ખરું. તોપણ વૈરભાવ શાંત થયો ન હતો અને વૈરીઓનાં નિત્યદર્શનથી તે દૃઢ થતો હતો. ભૂપસિંહનો વૈરભાવ એ પોતાના વૈરભાવનું માત્ર સાધન હતું. જાતે કાંઈ પણ કરવું નહીં, કશામાં દેખાવું નહીં, પરંતુ સર્વ ફળ સાધન દ્વારા લેવાં; પોતાનો હાથ કોઈ ઠેકાણે દેખાય નહીં પરંતુ સર્વના હાથ પોતાના જ ચલાવ્યા ચાલે — ટૂંકામાં સૂર્યચંદ્રની પેઠે પોતે આઘા ઊભા રહી અદૃષ્ટ રીતે આખા સમુદ્રની પાસે પછાડા મરાવવા અને પોતે તો માત્ર સર્વ જોયાં કરવું — અને ધાર્યું થયું જોવું — એ ભૂપસિંહના અમાત્યની પ્રકૃતિ — નીતિ હતી. આમ સ્વાભાવિક રીતે અદૃષ્ટ સાધનો ન જોઈ શકનાર સાધનભૂત ભૂપસિંહ અધીરો બની નિષ્કર્મ જેવા દેખાતા અમાત્યની નીતિનો વેગ અને તેનાં નિર્માણ પામેલાં ફળ ચચ્ચાર વર્ષ સુધી ન દેખાતાં જોઈ ધૂંધવાતો હતો અને તે જોઈ અમાત્ય પોતાનું એક સાધન દૃઢ થયું માનતો હતો.

સોનેરી ગાલીચા ઉપર મહાદેવનું બાળ દેખાય એમ ભૂપસિંહ એક તકિયાનું અઠીંગણ દઈ બેઠો હતો. જૂની અવસ્થાના કરતાં આજ

સ્વાભાવિક રીતે તેનાં વસ્ત્રમાં, શરીરમાં, મોમાં અને સ્વભાવમાં ફેર પડી ગયો હતો. જડસિંહના કારભારીથી કંટાળેલા ગરાસિયાને ક્ષુદ્ર મુત્સદ્દીની ગરજ પડી હતી તેમ જ પોતાના કારભારીથી કંટાળેલા રાણાને અમાત્યની ગરજ હતી. પણ એ ગરજનો દેખાવ પહેલાં જુદો હતો અને આજ જુદો હતો. ભાઈબાપા, સમાનભાવ, દેખીતી એક પાસની ગરજ, અને સ્વાર્થ દેખાડી જોરથી કરવામાં આવતી મિત્રતા: તેને ઠેકાણે આજ અધીરાપણું, હુકમ, અને રાજાપ્રધાનનો અરસપરસ સ્નેહ અને ધર્મભાવ, એ સર્વ સ્પષ્ટ દેખાતાં હતાં અને વચ્ચે વચ્ચે જૂના સંબંધના ફુવારા ફૂટતા હતા.

'બુદ્ધિધન, તમે આજ સુધી કાંઈ ન કર્યું. આ ત્રણ ટકાનો શઠરાય જેણે મને આટલું આટલું દુ:ખ દીધેલું તેને આમ મારી પાસે આવી બેસતો જોઉં, મારો કારભારી કહું, મારું રાજ્ય સોંપું — એવું એવું હું કેટલા દિવસ ખમી શકું? મારા ગરાસમાંથી ખાઈ જનારને ગરદન ન મારવાં જોઈએ? તમે જ્યાં સુધી એની બાબત કાંઈ કરશો નહીં ત્યાં સુધી મને સંતોષ નથી.' એમ કહી બોલતાં બોલતાં ઊંચો થયેલો રાણો પાછો તકિયા પર પડ્યો અને અમાત્ય સામી આંખો કાઢી જોઈ રહ્યો.

બુદ્ધિધન રાણા સામે ઊંધે પગે બેઠો હતો તે જરીક હસ્યો અને બોલ્યો: 'રાણાજી, જશ ક્ષમા રાખો. આપને ગાદી મળે તેમાં આપના શત્રુને એટલો લાભ ન મળે? અપકારનો બદલો ઉપકાર ઘટે' કહી પાઘડી હેઠે મૂકી નિરાંતે બેઠો.

રાણા મોટે સાદે હસી પડ્યો: 'વાહ વાહ! વાહ વાહ! એ તો આજ જ જાણ્યું. પણ અપકારનો બદલો ઉપકાર અને ઉપકારનો બદલો અપકાર એક ઊલટસૂલટ કરવાનું તો તમને મુત્સદ્દીઓને જ સોંપ્યું, હોં! અમે તો એક વટવાળા. જિવાડતાને જીવ આપીએ ને મારતાને તો મારીએ જ. તમે મિત્ર અને એ શત્રુ — બેને એક અસ્ત્રે ન — ખાજું ને ભાજી બે ટકે શેર થાય તે તો અંધેરી નગરીમાં જ. નિશાળિયાયે એ તો જાણે!!'

'બહુ સારું, ત્યારે હવે હુકમ! કારભારીને કાલે બરતરફ કરવો હોય તો તે આપના જ હાથમાં છે.

'હવે એ મશ્કરી જવા દો. શું ધાર્યું તે તો કહો.' બંને જણ શાંત અને ગંભીર બની ગયા અને બુદ્ધિધને ભાષણ આરંભ્યું.

'રાણાજી! ઇચ્છાઓ ઉતાવળથી અને ધીરે ધીરે બે રીતે પાર પડે છે. પરંતુ ઉતાવળથી ફાલેલી વનસ્પતિ તરત સુકાઈ જાય છે અને ધીરે ધીરે ઊગતા વૃક્ષનાં મૂળ જમીનમાં ઊંડાં ઊંડાં પેસે છે. દાખલો જુઓ: શઠરાયના મૂળ કેટલાં ઊંડાં છે? આપ ગાદીએ બેઠા ત્યારે સર્વ અધિકારીમંડળ એનું હતું. રાજમહેલનાં માણસો એનાં જ હતાં. એજંસીમાં અને મુંબઈ સરકારમાં તે પંકાયેલો છે. છાપાંઓમાં તેની કીર્તિ ઘણી છે. બસ્કિન્ સાહેબને ઠેકાણે રસલ સાહેબ આવ્યા તેમને એના ઉપર વિશ્વાસ

જણાય છે. મને પણ પોતાનો કરવા એણે કેટલી યુક્તિઓ કરી છે? જો એને આપણે એકદમ કાઢ્યો હોત તો એ કોચલું ગૂમડું ભરનીંગળ થઈ જાત. હજારો તરકટો રચત, ખટપટો ઊભી કરત, રાજ્યમાં અને સરકારમાં શક્તિ અજમાવી વિઘ્નો નાખત! તમારી પ્રતિષ્ઠાનો ઊગતી અવસ્થામાં નાશ કરત. એમ શું શું ન થાત! એ સૌ ઉતાવળથી થાત.'

'હાસ્તો! ખરી વાત.' નરમ બની ભૂપસિંહ બોલ્યો, અને ફૂંફાડાં મારતો રજપૂતનો મિજાજ સાંડસામાં આવ્યા જોઈ તેને યોગ્ય ઠેકાણે આણવા ચતુર પકડનાર ધીરજથી યત્ન કરવા લાગ્યા.

'ત્યારે તેનાં ઊંડાં ગયેલાં મૂળ પૂરેપૂરાં ઉખાડી નાંખી આપણાં મૂળ ઊંડાં નાંખવાં એમાં બહુ વખત જોઈએ. અને બહુ ધીરજ જોઈએ.'

રાણો જિરાક નિરાશ દેખાયો અને નરમ બની તકિયા પર પડ્યો.

'પણ હવે અડચણ નથી. આપણું કર્તવ્ય કામ ઘણુંખરું થઈ ગયું છે. ઇમારતનું ખોખું તૈયાર થઈ ગયું છે અને ઈંટો ચણાઈ ગઈ છે. હવે તો ઉપર ઉપરનું કામ બાકી છે — માત્ર પ્લાસ્ટર કરવું અને એવું એવું કરવાનું રહ્યું છે.'

ભૂપસિંહ પાછો ટટ્ટાર બેઠો અને બરોબર ધ્યાન આપવા તત્પર થયો અને બોલ્યો: 'ઠીક, ચાલો.'

બુદ્ધિધને અલંકારશાસ્ત્ર પડતું મૂક્યું અને સ્વાર્થવાર્તાના રસમાં ડૂબતા રાણાની આંખ આગળ હકીકતની કાયા ઉઘાડી કરવા માંડી.

'મારો અને આપનો સંબંધ એ હવે ઢાંકી શકાય એમ નથી. હું આપની સાથે આવ્યો ત્યારથી એ વાત સૌ જાણે છે. શઠરાયને સ્વાભાવિક રીતે મારા પર વિશ્વાસ નથી પરંતુ તે મીઠાબોલો છે અને આપણા તરફથી એના ઉપર દેખીતો ઘા થયો નથી ત્યાં સુધી એનો અવિશ્વાસ સંપૂર્ણ નથી. અને એ વાત સારી છે. હું એના કારભારમાં વચ્ચે પડતો નથી દેખાતો એથી એની સર્વ ખટપટ આજ સુધી શાંત રહી છે પણ સદાકાળ એમ નહીં રહે. અને એ ખટપટ કરવા પ્રયત્ન કરે ત્યારે તે લૂલી થાય એના ઉપાય આપણે કરેલા જ છે. નરભેરામને એના સેક્રેટરીની જગા આપેલી છે. એ એના સ્વભાવ પ્રમાણે મારી પણ ચેષ્ટા કરે છે અને મારી નિંદા થતી હોય છે ત્યારે સામેલ રહે છે. આથી કારભારીનો વિશ્વાસ એના ઉપર સજડ ચોંટી ગયો છે. પરંતુ આપને ખબર છે કે એ આપણો જ માણસ છે. એણે મેરુલા સાથે દોસ્તી કરી છે અને દુષ્ટરાય પોતાની અને પોતાના બાપની જે જે બડાશો અને છાની વાતો રૂપાળી પાસે કરે છે તે આપણી પાસે ચાલી આવે છે. ન્યાયાધીશ કરવતરાય અને કારભારી, બે ભાઈઓ અને ત્રીજો ફોજદાર દુષ્ટરાય મળી ગરીબ પ્રજા ઉપર જે જે જુલમ કરે છે તેના પ્રત્યે આપણે આજ આંખ આડા કાન કરીએ છીએ એટલે એ લોક વધારે વધારે નિરંકુશ

થાય છે એટલે એ સૌના પાપનો ઘડો એની મેળે નહીં ફુટે તો જ્યારે ઇચ્છા થશે ત્યારે એક ટકોરો માર્યે ફુટશે. ટકોરો ક્યારે મારવો એ આપણી ઇચ્છાની વાત છે. એના નિરંકુશ બનવાથી પ્રજા બળી રહી છે. રાજા સારા પણ પ્રધાન ખોટો — એ સૌનો વિચાર થઈ ગયો છે, અને તેમના પોકારનો ભડકો ફૂંક મારતાં સળગી ઊઠશે. કારભારીને કાઢવાનું જગતની અને સાહેબની આંખે આ એક સબળ કારણ થશે. આપનો કોઈ દોષ નહીં કાઢે અને પડેલા ઉપર પ્રજા પાટુ મારવાની.

‘હાથી પાછળ કૂતરાં ઘણાં ભસે એ આપણી શિખામણ કારભારીને ગમી જવાથી તે દિવસે મુંબઈના છાપાંવાળાઓ રૂપિયા માગતા હતા ત્યારે તેણે આપ્યા નહીં. કારભારી મુંબઈ ગયો હતો ત્યારે એકબે છાપાંવાળાઓ આવ્યા હતા તેને નરભેરામની ઉશ્કેરણીમાંથી મેરુલાએ કારભારીને નામે અપમાન આપ્યું. પ્રજામાંથી કેટલાંક માણસો મુંબઈ રહે છે તેને આપણા તરફથી આવકાર મળે છે. પણ શઠરાયને રાવણના જેટલું અભિમાન છે અને આવાં માણસો સાથે ભારેખમ રહે છે એટલે તેને મળી પાછા જતાં તેઓ તેને ધિક્કારે છે અને કેટલીક વાર તો નરભેરામ તેમનો અને કારભારીનો મેળાપ પણ થવા નથી દેતો. બીજા સિપાઈઓ તેનું અનુકરણ કરે છે. આ સૌની અસર જોવી હોય તો આ છાપું વાંચજો. એમાં છપાયું એટલે જૂઠામાંથી સાચું ચાળી કાઢવા કોઈ બેસતું નથી. પરંતુ તેના લખાણનું વજન સરકાર ને લોકોમાં કેવું રહે છે તે પ્રસંગ પડ્યે બતાવીશ.

‘રસલ સાહેબ લશ્કરી માણસ નથી. બસ્કિન્ સાહેબની પેઠે તેમનું અંત:કરણ સમજાય એમ નથી. કોઈને નકામું અપમાન આપવું અથવા નઠારાને નઠારો કહેવો એ એમની પ્રકૃતિ નથી. શઠરાયના ઉપર એમનો વિશ્વાસ છે એમ આપની અને જગતની જાણમાં છે. પણ સાહેબ ઊંડાં છે. તરકડીના છોકરા બાબતનો ઠરાવ ખાસ દફતરમાં છે. તે સાહેબના જાણવામાં છે એ બાબત આ લીલાપુરથી કાગળ આવ્યો છે તે નિરાંતે વાંચજો.

‘પ્રજાનો પોકાર સાહેબ પાસે કાંઈક ગયો છે. આપ જશો ત્યારે સાહેબ એ વાત કાઢશે. કારભારીની નિંદા કર્યા સિવાય ખરી વાત કેમ કરવી તે હું કાલ વિચારી કાઢીશ. હાલના સર્વ કારભાર બાબત જુમ્મો કારભારીને શિર છે.

‘પેલા વાણિયાના કામમાં કરવતરાયે જુલમ કર્યો તે બાબત વાણિયાને સાહેબ પાસે મોકલવા યુક્તિ કરી છે. વાણિયાને લાભ કાંઈ નહીં થાય પરંતુ એ કામ સરકાર મારફતે આપની પાસે આવશે એ ઠીક પડશે.

‘હળવે હળવે દરબાર અને મહેલમાંથી સૌ જૂના માણસોને વધારે પગારે દૂર કાઢ્યાં છે અને નવાં માણસ આપણાં છે એ આપને ખબર છે.

શઠરાય તેમને પોતાનાં કરવા મથે છે અને એ સૌ વાત એમની જ મારફત આપણી પાસે આવે છે.

‘ગરબડદાસનો કેવો ઉપયોગ થવાનો છે તે આપને ખબર છે. એ ઉપયોગ કરવાનો વખત હવે આપની ઇચ્છા છે તો આવે છે. તમે સાહેબને મળી આવો એટલે સૌ વાત ઉપાડીએ.’

‘રિપોર્ટ’ પૂરો થઈ રહ્યો એટલે રાણાએ આળસ મરડ્યું અને મોં મલકાવી ઊભો થયો. બુદ્ધિધન પણ ઊભો થયો અને ઊઠતાં ઊઠતાં બોલ્યો: ‘આપણી પાસે ખેલનાં બધા સાધન છે. ખામીમાં એક અંગ્રેજી ભણેલો અને ગણેલો માણસ જોઈએ.

‘ઠીક, ઠીક, એ તો હવે જોજો. સરત રાખજો કે શઠરાયને બીજાં બેચાર વરસ ન મળે.’

‘રાણાજી, ધીરજ રાખો. વખત આવ્યે પ્રસવ એકદમ થાય છે અને જગત જાણે છે, પણ માના પેટમાં ગર્ભ પાકતાં નવ માસ લાગે છે અને તે ક્રિયા શી રીતે થાય છે તે કોઈથી સમજાતું નથી. લીલાપુરમાં કેટલાં વર્ષ થયાં ત્યારે ગાદી મળી?’

‘હા, એ તો ઈશ્વરઅધીન વાત હતી.’

‘શઠરાયે પર્વતસિંહનું કરાવ્યું એમ તમે જડસિંહનું કરાવ્યું હોત તો તમારા હાથમાં હતું.’

રાણો માત થયો.

‘ઠીક, ભાઈ, પ્રસવકાળ આણો. પણ એય પહેલેથી જણાય છે હોં! છોકરાવાળું પેટ ઢાંક્યું નથી રહેતું.’

‘પણ આ તો વગર પેટે છોકરું આવવાનું છે.’

રાણો ફરી માત થયો.

‘બહુ સારું. તમે કહો — કરો — તે ખરું.’

આગળ રાણો અને પાછળ અમાત્ય એમ બે જણ ચાલ્યા. પાછળ ચાલતાં ચાલતાં બુદ્ધિધન બોલ્યો: ‘રાણાજી! હવે થોડા દિવસમાં સૌ જણાશે.’ ફરી પાસે જઈ કાનમાં કેટલીક વાત કરી.

ભૂપતસિંહ ખુશ થયો, પાછો ફર્યો, પ્રધાનનો વાંસો થાબડ્યો અને મંદિર બહાર નીકળ્યો.

‘નિઘારખો મહેરબાન’ — બૂમ પડી. ગાડીમાં બેસી, ગાડીનાં ચક્ર, ઘોડાઓની ખરીઓ અને સવારોની તરવારોના ખડખડાટ ભડભડાટ સાથે સવારી ચાલી. ગાડી નજર બહાર થઈ જોઈ બુદ્ધિધન પાછો અંદર ચાલ્યો.

મંદિરનાં પગથિયાં પર ઊભો રહી, દાઢીએ હાથ મૂકી, વિચારમાં પડી બોલ્યો: 'ઈશ્વર! હું કાંઈ કરતો નથી. આ સૌ તું જ કરે છે.'

છાતી પર હાથ મૂકી બોલ્યો: 'ઈશ્વર! મેં કોઈનું નુકસાન — વગર કારણ નુકસાન કર્યું નથી — કરનાર નથી. યોગ્ય કારણસર નુકસાન કરવું — તે તો તુંયે ક્યાં નથી કરતો?' અંત:કરણને દિલાસો મળ્યો. તેમાંથી ખૂંચ નીકળી ગઈ. તે સાફ થતાં જાગ્યો હોય તેવો બની, ચારે પાસ નજર કરી બૂમ પાડી, 'દત્ત! દત્ત!'

મૂર્ખદત્ત ઉતાવળો ઉતાવળો આવ્યો. તે રસોઈ કરી રહ્યો હતો અને રાણો કલાક બેઠો હતો એટલે મૂર્ખદત્તને પણ અંદર ભરાઈ રહેવું પડ્યું હતું. અંદર ગયા પછી સાંભર્યું કે નવીનચંદ્ર પણ વાડામાં છે અને અમાત્ય કુટુંબ પણ ત્યાં ગયું. ગભરાયેલો ઊઠ્યો અને રસોઈની ઓરડીમાં એક જાળિયું બહાર તળાવમાં પડતું હતું ત્યાંથી અંગૂઠા પર ઊભો રહી બે હાથે જાળીના સળિયા ઝાલી જોવા લાગ્યો. સારે ભાગ્યે નવીનચંદ્ર વાડામાં ઝાઝી વાર ન રહેતાં તળાવામાં નાહવા પડ્યો હતો અને નાહી રહી ઓટલા પર ઊભો રહી ડિલ લોહતો હતો. બૂમ ન પાડવી ઠીક કરી દત્ત ઝપ લઈ ભોંય ઉપરથી લીંપણના પોપડા ઉખાડી નવીનચંદ્ર પર ફેંક્યા. જાળી બહાર હાથ નીકળતો ન હતો એટલે પોપડા બરોબર વાગ્યા નહીં. આખરે એક પોપડો બરાબર નાહેલ નવીનચંદ્રના વાંસા પર પડી, વાગી, ભાંગી ગયો. નવીનચંદ્ર ચમકયો અને પાછળ ફરી ઊંચે આંખો ચડાવી જુએ છે તો દત્તને દીઠો અને જાળિયા પાસે ગયો. દત્તે રાણો તથા અમાત્ય અને એનું કુટુંબ આવ્યાના સમાચાર ધીમે સાદે કહ્યા અને સૂચના આપી કે સૌ જાય ત્યાં સુધી વાડામાંયે ન જશો અને મંદિરમાંયે ન આવશો. 'રાણાને જોવા હોય તો પેલી પાસ થઈ દરવાજા આગળ ઊભા રહેજો' એમ કહ્યું. નવીનચંદ્રે વખત ગાળવા ગાંસડી છોડાવી એક ચોપડી માગી. દત્ત ચમક્યો અને આ વળી પંડિતની પેઠે ચોપડી માગે છે તે શું એમ વિચાર કરતાં કરતાં આપી. ઝાડની ડાળીમાં પોતાનું ભીનું પોતિયું ધોઈ નિચોવી મોં પર છાંયડો આવે એમ નવીનચંદ્રે સૂકવ્યું, અને શિયાળાની સવારનો તડકો સારો લાગવાથી ધડ તડકામાં રાખી ચોપડી વાંચતો બેઠો અને વચમાં વચમાં આસપાસનો દેખાવ જોવા લાગ્યો. મૂર્ખદત્ત રસોઈમાં પડ્યો, પરવાર્યો અને અમાત્યે બોલાવ્યો તે સાંભળી બહાર આવ્યો. ડોકું ઊંચું કરી બોલ્યો: 'જી!' ઘુંમટમાં જીકારનો પડઘો થયો.

બુદ્ધિધન: 'કેમ આજ કોઈ આવ્યું નથી કે?'

મૂખેદત્ત: 'અલકબહેન અને ભાભીસાહેબ આવ્યાં છે ને!'

'ક્યાં છે?'

'વાડામાં. પધારો. રાણાજી આવ્યા હતા એટલે તાળું વાસ્યું હતું.' આગળ તપોધન દોડ્યો અને પાછળ અમાત્યે ચાલવિ માંડ્યું.

‘હાલ કોઈ ઉતારુ નથી કે ધર્મશાળામાં?’

‘હા જી, એક જણ છે: તલાવ પર કે ઓટલે બેઠા હશે.’

તાળું ઉઘાડ્યું અને બારણું ઉઘાડ્યું.

---

* પૃષ્ઠ ૧૩ સાથે અનુસંધાન.

૭. વાડામાં લીલા

મહાદેવની પાછળના વાડામાં થોડા દિવસ થયાં મોગરો, ગુલાબ, ચંપો અને એવાં એવાં ફૂલની વાડી જેવું બનાવવા યત્ન કરવામાં આવ્યો હતો. મૂર્ખદત્તનો એક સૂતળીનો ભરેલો ઊંચાનીચા પાયાવાળો ખાટલો વચ્ચોવચ પડ્યો રહેતો. તેમાં એકલો હોય ત્યારે તે ચતો સૂતો સૂતો કઠોર ગાયન કરતો અથવા અશુદ્ધ શ્લોક ગાતો. અલકકિશોરી અને કુમુદસુંદરીએ વાડામાં આ ખાટલાની બેઠક શોધી કાઢી અને એક બાજુ ઉપર બેઠાં. સાહેલીઓ માથા અને પાંગથ આગળ બેઠી. અલકકિશોરીએ ઊઠી ફૂલ તોડી સૌને વહેંચી આપ્યાં.

‘કહો, ભાભીસાહેબ, કયું ફૂલ લેશો?’

‘તમો આપો તે.’

‘ના, પણ તમે પસંદ કરો.’

‘તમે આપશો તે હું પસંદ જ કરીશ.’

‘બધી બાબતમાં એમ કરશો તો તમને ભારે પડશે.’

‘આખા સારા તમારા આપેલા ભાઈને લીધા તો હવે એમ શા મેળે કહો છો?’

‘લો ત્યારે આ શાહાળી લો. તમારા જેવાં નાજુક ને તમારા જેવાં રંગવાળાં.’ હસતાં હસતાં કુમુદસુંદરીએ નાજુક હથેલીમાં ફૂલ લીધાં. લાંબા કરેલા, રૂપેરી પાણીવાળી નદી જેવા હાથમાં ફૂલ શ્વેત કમળ જેવાં લાગવા માંડ્યાં.

અલકકિશોરી: ‘જો વનલીલા, મારી ભાભીનો હાથ અત્યારે દેખાય છે એવો કોઈનો દેખાય છે?’

રાધા: ‘બહેન! તમારી ભાભી, એમાં તે કંઈ મણા હોય?’

વનલીલા: ‘તમે આ ફૂલ આપ્યાં પણ એવાં ફૂલની વેણી ગૂંથાવી આપો અને અંબોડે ઘલાવો. આ વસંતના દિવસ છે.’

રાધા: ‘વસંતે નવો અને એ પણ નવાં.’

અલકકિશોરી: ‘જો, આ ફૂલના હાર કરાવી એમના પલંગની ચારે પાસ બાંધીશું ને ગુલાબનું ફૂલ ઘાલી વેણી કરીશું.’

વનલીલા: ‘તે ચંપા અને મોગરાના ગજરા કરજો.’

અલકકિશોરી: ‘ને ભાભી, મારા ભાઈ પાસે મુજરા કરજો.’

કૃષ્ણકલિકા: (હસી પડી) ‘મરો, મુજરા તો ગુણકા કરે.’

અલકકિશોરી: ‘મેર, મેર, બોલનારી ન જોઈ હોય તો. લાજ.’

કાળી અને શીળીના ડાઘાવાળા મોંવાળી પણ શક્કાદાર કૃષ્ણકલિકા ઓછી બુદ્ધિની હતી અને વર્તણૂકમાં શિથિલ હતી એટલે આ ઠપકો નકામો ગણ્યો અને મનમાં અલકકિશોરીને ડહાપણડાહ્યલી અને ચોળી ગણવા લાગી. એમાં તે શું કહ્યું એમ જ મનમાં આવ્યું. એનું વચન સાંભળી કુમુદસુંદરીનું મોં ઊતરી ગયું. પોતાની અવગણના થઈ લાગી. પોતે નીચ સોબતનું ફળ ભોગવે છે એમ વિચાર થયો. શરીરનો ભોગ અને વૈભવ પૂરા પાડનાર પ્રમાદધન સાથેના સંબંધ ઉપર તર્ક કરવા લાગી અને તે જોતાં, ‘ખરે, આ શું ખોટું કહે છે?’ એમ મનમાં આવ્યું. પોતાનાં પ્રિય પુસ્તકો સાંભર્યાં. સરસ્વતીચંદ્ર સાથેનો સંબંધ સર્વ ઇચ્છાઓ તૃપ્ત કરત — સર્વ મનોરથ પૂરા કરતા એવો અસંતોષ થયો, સરસ્વતીચંદ્રના ગુણ સાંભરી આવ્યા, હૈયું ભરાઈ આવ્યું અને રોવા જેવી થઈ ગઈ. સર્વેએ જાણ્યું કે કૃષ્ણકલિકા પર ખોટું લાગ્યું અને એને ઠપકો દેવા તથા કુમુદસુંદરીને સમજાવવા મંડી ગયાં. કુમુદસુંદરીએ આંખો લોહી નાંખી, કૃષ્ણકલિકા પર ખોટું લાગ્યું નથી એવું કહ્યું, પણ તેની સાથે પોતાના મનોવિકારનું કારણ આપી શકી નહીં એટલે સૌને પોતાનો તર્ક ખરો જ લાગ્યો. સરસ્વતીચંદ્ર અને કુમુદસુંદરી એકબીજાને ઘણાક દિવસ ઉપર માત્ર એક જ વખત મળ્યાં હતાં અને પ્રમાદધન સાથે તો આટલો સંબંધ થયો હતો — પ્રમાદધનનો ‘સવારથ’ (સ્વાર્થ) દીઠો હતો તે છતાં બિચારીના મનમાં એ ચંદ્ર જેવાના સ્મરણનો સ્પર્શ થતાં ચંદ્રકાન્તમાંથી રસ ઝરે તેમ શોકમય રસ ઝરતો. સરસ્વતીચંદ્ર રૂપવાન છે કે નહીં તેનો તેને વિચાર પણ નહોતો થયો. માત્ર તેના પત્રવ્યવહાર અને વચનામૃત ઉપરથી મોહ પામી હતી. અને પ્રમાદધન કાન્તિવાળો, ફક્કડ અને ભોગી હતો તે છતાં આ મોહ ખસતો ન હતો. વયમાં અને શરીરમાં તેમ જ વિદ્યા, બુદ્ધિ, ડહાપણ, ચતુરાઈ અને રસિકતા તેમાં પણ ઘણી કરતાં સ્ત્રી ચડતી ન જોઈએ. એવી સ્ત્રી કજોડાનું દુ:ખ ભોગવે છે, પતિથી તૃપ્ત થઈ શકતી નથી. પતિ મોટો છે એવું સમજી શકતી નથી, તેને મનમાં માન આપતી નથી, તેના પર સ્નેહ થતો નથી, તેની સાથે અંતરમાંથી એક થઈ શકતી નથી. જો કુલીનવૃત્તિવાળી ન હોય તો મનમાં તિરસ્કાર પણ કરે છે. કુમુદસુંદરીમાં ઈશ્વરે કુલીનતા વાવી હતી, માબાપે ઉછેરી હતી અને વિદ્યાએ ફળફૂલવાળી કરી હતી. પણ બુદ્ધિધનનાથી વિદ્યાચતુરના ઘરની હવા જ જુદી હતી અને તેમાં એ ઊછરી હતી. વર અને સાસરિયાં સર્વને ચાહતી હતી, સર્વનું સારું વાંછતી હતી, અને તેમનાથી મનમાં પણ જુદાઈ ન આણવા મથતી હતી. પરંતુ તેની શક્તિની હદ હતી અને પાણી વગર હવામાં માછલી તરફડે તેમ વિદ્યા વગરના ઘરમાં વિદ્યાચતુરની બાળકી વલોપાત કરતી હતી, મહામહેનતે એ વલોપાત ઓછા થવા આવ્યા હતા,એટલામાં આ કૃષ્ણકલિકાના વચનથી સરસ્વતીચંદ્ર પાછો સાંભર્યો. તેણે મોકલેલા શ્લોકવાળો કાગળ અત્યારે પણ કમખામાં હતો. સૌના દેખતાં કાગળ કાઢ્યો તો નહીં, પણ એમાં મન

ભરાયું. મગજમાંથી છાતીમાં તાર ગયો હોય તેમ કાગળના સ્પર્શનું ભાન આણી હૈયું ધબકવા માંડ્યું. ટાઢની કંપારી આવી હોય તેમ શરીરમાં ચમકારા થયા અને રૂંવેરૂંવાં ઊભાં થયાં. કાંઈક પરસેવો પણ થયો. પરંતુ આ સર્વ તેણે એકલીએ જ જાણ્યું. મોં ઉપર આનંદ ઉત્પન્ન કર્યો. અને રંગમાં ભંગ પડ્યો હતો તે જતો રહ્યો. સૌ પાછાં વિનોદમાં પડ્યાં. ખાટલો ખૂંચવા લાગ્યો અને સૌ ઊઠ્યાં. વનલીલા અને કુમુદસુંદરી આંગળીએ વળગી તળાવ ભણીની બાજુએ ચાલ્યાં. અલકકિશોરીએ કૃષ્ણકલિકાને ગળે હાથ નાંખી વાડા વચ્ચોવચ ફરવા માંડ્યું. રાધા મોગરાના છોડની ડાળ હલાવતી ઊભી.

અલકકિશોરી કૃષ્ણકલિકા સાથે વાતોમાં પડી: ‘અલી, ખરેખરું બોલજે. કાલ પેલાં નણંદભોજાઈ જતાં હતાં અને અગાડી જમાલ ને મેરુલો હતો તેમાં મેં મોં મરડ્યું તેથી એ કાંઈ બોલ્યાં?’

‘ના ના.’

‘રાંડ કાળકા માતા, ખરું બોલ!’ કહી ગળા પરના હાથ વડે ઉન્મત્ત કિશોરીએ કૃષ્ણકલિકાને ગાલે ચૂંટી ભરી.

‘બળ્યું, આમ ચૂંટી શું ખણો છો જે? તમારા ઘરમાં જ સુવર્ણપુરનું રાજ્ય હશે!’ કહી કૃષ્ણકલિકાએ ડોકું ધુણાવ્યું. અલકકિશોરીએ એને બે હાથ વડે બાથ ભરી જોરથી દાબી.

‘બોલ, બોલ, હવે ડાહીલી.’

‘જેવું તમે કર્યું તેવું તેણે કહ્યું.’

‘શું કહ્યું?’

‘આ ખલકનંદાએ કહ્યું જે આ જોને આજકાલની ટીચકુડી સતી થઈ બેઠી છે! હું ખરી જે એનો મદ ઉતારું.’

‘મેર, રાંડ, તું તે શું ઉતારનારી હતી? — પછી?’

‘રૂપાળી બોલી કે ચાળણી કરબડાને હસે છે. આ જોને.’

‘જોયું, જોયું. મારી વાત કોણ કરનારું હતું જે? કૂવામાં હોય ત્યારે હવાડામાં આવે કની? મારામાં કવાણો નહીં હોય તો એ વાત શી કરશે?’

‘કોઈ બોલે સાચું તો કોઈ બોલે જૂઠું. કોણ સાચું જૂઠું જોવા જનાર છે?’

‘જીભ ખેંચી નાંખું, મારી વાત કરે તો.’

‘કારભારીની દીકરી છે.’

અલકકિશોરીએ ઓઠ વડે પુકાર કર્યો:

'બહુ સારું કારભાર કેવો રહે છે તે જોશે.'

'પણ બહેન, આપણે અભિમાન ન રાખીએ. ગમે તેટલું પણ એ મોટા ઘરની.'

'વારુ વારુ. આ એની સાથે કની તો હું બોલુંયે નહીં.'

એક પાસ આ સંવાદ ચાલે છે. બીજી પાસ કુમુદસુંદરી અને વનલીલા છાનાંમાનાં ફરતાં હતાં અને વનલીલા ઝીણે રાગે ગાતી હતી:

'આશાભંગ થઈ ભામિની,

રુએ, સ્તુતિ કરે સ્વામીની.' *

પોતે પણ 'આશાભંગ' થઈ હતી તે કુમુદસુંદરીને સાંભર્યું. હળવે રહી વનલીલાથી છૂટી પડી અને ઓટલાના મૂળ આગળ મહાદેવની પછીતની ભીંતને અઠીંગી તલાવ ભણી જોતી જોતી એકલી ઊભી રહી. વનલીલાવાળી કડી ફરી ફરી ગાતાં અણધારી એક નવી કડી એનાથી એને મેળે જ જોડાઈ ગઈ — ગવાઈ ગઈ.

'ગયો ચંદ્ર ક્ષિતિજ તજી ક્યાંય?

પડ્યું તિમિરે કુમુદ મીંચાય!'

વળી થોડી વાર અટકી એ બોલી ઊઠી:

'સૂઝ્યું ભ્રમર તને શાથી આવું રે?

કેમ કમળ તજી દઈ જવાયું રે?'

ચિત્તવૃત્તિ આમ સળગ્યે જતી હતી અને તેનો ભડકો કલ્પનાના રાતાપીળા રંગ ફેરબદલ ધારી વધ્યે જતો હતો. વિચાર અંજાઈ ગયા અને કોમળ અંત:કરણ તપી જતાં આંખે અને કાને પોતાનું કામ કરવું છોડી દીધું. જાગ્રત અવસ્થાનાં સ્વપ્નની પેઠે કુમુદસુંદરીના મગજમાં સરસ્વતીચંદ્ર આબેહૂબ ખડો થયો. પળવાર એક મોટા અરણ્યમાં એક ઝાડની છાયા તળે ઊભેલો દેખાયો. બીજી પળે એક ગામડાની ભાગોળે કોઈ કણબીના ખાટલા ઉપર થાક્યો પાક્યો બેઠેલો લાગ્યો. વળી એક મહાનગરના ધોરી રસ્તા પર ભીડમાં એકલો અજાણ્યો અપ્રસિદ્ધ આથડતો લાગ્યો. થોડીવારમાં એક ધર્મશાળામાં માંદો પડેલો અને કોઈ સંભાળનાર ન મળે એવું સ્વપ્ન થયું. પોતાની પાસે વેશ બદલી ઊભો રહ્યો હોય અને પોતે ઠપકાભરી આંખે જોતો હોય એમ લાગ્યું. આ જાગતી નિદ્રા — આ અવસ્થા — તેને ઘણીવાર અનુભવવી પડતી હતી, પરંતુ તે તેને પતિવ્રતાધર્મથી વિરુદ્ધ લાગતી હતી અને કાંઈક ઉપાય કરવા ઇચ્છતી હતી. સાસરે આવ્યા પછી આ આધિથી તે દૂબળી થઈ ગઈ હતી અને મન પણ નબળું પડ્યું હતું. સુવર્ણપુરનું પાણી નવા આવનારને માફક થઈ જતાં

વાર લાગે છે એવું કેટલાકનું માનવું હતું. ઔષધ ઉપચાર અને વસાણાં ચાલવા માંડ્યાં હતાં પણ ગુણ લાગતો ન હતો. બુદ્ધિધનનો ખ્યાલ એવો હતો કે વહુ પિયર સંભારી સોરે છે. તેથી તેણે હુકમ કર્યો હતો કે એને સોબતમાં રાખવી, રમતગમતમાં એનો દિવસ કઢાવવો, અને ગામ બહાર હરવાફરવા લઈ જવી, કારણ વિદ્યાચતુરના ઘરમાં સુધારો હતો. અને સ્ત્રીવર્ગને ફરવાહરવાની ટેવ હતી તે બુદ્ધિધનને માલૂમ હતું. આ હુકમનો અમલ અલકકિશોરી પૂરા ભાવથી કરતી. પણ કુમુદસુંદરી પોતાનો રોગ જાણતી હતી અને એમાંથી મુક્ત થવા પ્રમાદધનને મુંબઈથી કેટલાંક પુસ્તક મંગાવવા કહ્યું હતું, તે એવું ધારીને કે પુસ્તકમાં લક્ષ જવાથી પરપુરુષ થયેલા સરસ્વતીચંદ્રનું ભૂત મગજમાંથી જતું રહેશે. પુસ્તક હજુ આવ્યાં ન હતાં એટલે આ અવસ્થા ઘણીવાર થઈ આવતી અને અનુભવહીન બાળકી પુસ્તકની વાટ જોતી હતી. પરંતુ આજ તો સ્વપ્ન જોસભર આવ્યું હતું અને નિ:શ્વસ્ત બની ભીંત સાથે લપાઈ રહેલી આ પૂતળીના અંતરમાં કેવી જાતનો સંચો ચાલતો હશે તેની કોઈને ખબર ન હતી. એટલામાં વનલીલા છૂટી પડી હતી તે ગાતી ગાતી પાસે આવી:

‘સહિયર વેરણ ક્યાં થઈ લાગી,

મને નિદ્રામાંથી જગાડી રે

પિયુથી વિખૂટી મને પાડી રે

— સહિયર.’ *

પાસે આવી ગાતી બંધ પડી. ‘ભાભીસાહેબ! આ તો જુઓ.’ એમ એણે બૂમ પાડી કુમુદસુંદરીના રોકાયેલા મગજમાં બૂમના પહેલાં ગાયન ગયું અને તેના સંસ્કાર બૂમ કરતાં લાંબા પહોંચ્યા.

‘ભાભીસાહેબ! આ તો જુઓ.’ વનલીલાએ ફરી કહ્યું. ‘વેરણ’ થયેલી ‘સહિયર’ના સામું ટકટક જોઈ રહી કુમુદસુંદરી જાગી હોય તેમ બોલી: ‘હા, શું કહો છો?’

‘એ તો આ એક કૌતુક જોવું હોય તો. આ ઓટલા પર કોક સૂતું છે ને વળી ચોપડી વાંચતાં વાંચતાં સૂતું હશે ને ઊંઘ આવી હશે તે ચોપડી છાતી પર પડી ગઈ છે. લોકો શું કરે છે? તળાવ પરે ચોપડી?’

‘હશે, આપણે શું? પારકા પુરુષની આપણે શી ચિંતા?’

‘પણ કલાંઠી બદલતાં કે ઊઠતાં તળાવમાં પડશે તે?’

‘જગાડો ત્યારે.’

‘અરે ઓ ભાઈ, ઓ ભાઈ!’

કાનમાં સ્વર જતાં નવીનચંદ્ર જાગ્યો અને પાછું જોયું. ‘જશ સંભાળીને ઊઠજો. ઊંઘમાં પાસું બદલતાં તળાવમાં પડાય માટે જગાડ્યા છે.’

‘બહુ સારું કર્યું, બહેન.’

નવીનચંદ્ર બેઠો થયો. એની અને કુમુદસુંદરીની પળવાર

‘મળી દૃષ્ટોદૃષ્ટ.’ **

નવીનચંદ્રની આંખ તો આ સહજ હોય એમ પાછી ફરી અને તે પાછો ચોપડી ઉઘાડવા જાય છે એટલામાં મંદિરના દ્વાર ભણી ‘નિઘા રખો મહેરબાન’નો પોકાર સાંભળ્યો એટલે રાણો જતો હશે જાણી જોવા ઊઠ્યો અને ચોપડી ત્યાં જ મૂકી ઓટલાની પેલી પાસ ગયો.

ગરીબ બિચારી કુમુદસુંદરી! નવીનચંદ્ર પાછળ એની આંખ ગઈ, પોતે અને વનલીલા પાછાં ફર્યાં તોપણ આંખ પાછી ફરી નહીં, અને એક પાસ આંખ અને બીજી પાસ શરીર એમ ચાલ્યાં. થોડીક વાર પહેલાં જેનો ચિતાર મન આગળ હતો તેના જેવો જ નવીનચંદ્ર લાગ્યો. ‘શું એ જ સરસ્વતીચંદ્ર? ભમતા ભમતા અહીંયા આવ્યા હશે? ના, ના, એમ તો ન હોય. મારી કેવી દશા થઈ તે જોવા અહીંયા આવ્યા હશે? ના, ના, એમ એ મારા દુ:ખની મશ્કરી કરે એવા નથી. પણ છે તો એ જ — હા કહો કે ના. હશે.’ — નિ:શ્વાસ નાંખી — ‘મારે હવે એની સાથે શો સંબંધ છે? એનો તો વિચાર જ કાઢી નાખવો. એ હોય તોયે શું ને બીજો કોઈ હોય તોયે શું? ઈશ્વરે જેની સાથે પાનું પાડ્યું તે ખરો, બીજા સૌ ખોટા.’ નરમ બની જઈ મરજી ઉપરાંત વનલીલા સાથે ચાલી. વળી વિચાર થયો: ‘પણ એ જ એ હોય તો સારું હશે. મારે એનો બીજો કાંઈ તો સ્વાર્થ નથી, મારી પ્રીતિનો કળશ તો લગ્નથી રેડાયો તે રેડાયો. પણ આ અહીંયા રહેશે તો કોઈ વખત કોઈની સાથે પણ વાત કરશે તે એકલી બેઠી બેઠી સાંભળીશ. જો એ જ હશે તો એની વિદ્યા ઢાંકી નહીં રહે, કોઈક વખતે પણ તેનાં ઝરણ ઝરશે અને આ વિદ્યાના દેશમાં — અરણ્યમાં — એનાં સંસ્કારી વચનામૃત આઘેથી પણ મારે કાને આવશે.’

‘ના, ના, પણ એટલોયે સંબંધ ખોટો.’

‘પણ એવા અશરીર સંબંધમાં શો દોષ?’

‘પણ શાથી જાણ્યું કે આ તે એ જ?’

‘એ જ મુખારવિંદ. વળી પુસ્તક પાસે હતું — એ તો અમથું હોય. કોણ જાણે શુંયે હશે.’

‘પણ એ તો અહીંયાં રહે તો સારું એની ક્ષેમકુશળતા જાણીને જ મગ્ન રહીશ. મારો રોગ જશે. મારે બીજું વધારે શું જોઈએ? આટલો જ સંબંધ રહે તેમાં શો દોષ? એની સાથે બોલીશચાલીશ નહીં. એના સામું જોઈશ

નહીં. માત્ર એ કોઈની સાથે વાત કરશે તે સાંભળીશ. એને ક્ષેમકુશળ જાણી મને ચિંતા નહીં રહે.

વિચારમાળાનો મેર આવ્યો. બે જણાં ચાલતાં ચાલતાં અલકકિશોરી ભણી ગયાં. અલકકિશોરી પાસે આવી, ભાભીને ખભે હાથ મૂક્યા. સામું જોઈ રહી અને બોલી:

'કેમ ભાભીસાહેબ! આજ આમ કેમ છો? કાંઈક ઊંડા વિચારમાં પડ્યાં છો? તમારે શોક તો હોય નહીં. મનસૂબા તો કારભારીઓ કરે. કહો, પિયર સાંભર્યું છે કે મારો ભાઈ સાંભર્યો છે?'

'ઈશ્વર જાણે શાથી, આજ હું થાકી ગઈ હોઉ તેવી થઈ છું.'

એટલામાં વાડનાં બારણાં ઊઘડ્યાં, આગળ બુદ્ધિધન અને પાછળ મૂર્ખદત્ત — તાળું કૂંચી હાથમાં લીધેલાં એવો — એમ બે જણ અંદર આવ્યા.

અલકકિશોરી, કુમુદસુંદરી, વનલીલા અને કૃષ્ણકલિકા સૌ એકઠાં થઈ ગયાં અને અમાત્યની સામે ટોળું બની વીંટળાઈ વળ્યાં. રાધા એકલી ફરતી હતી તેણે ઓટલા ઉપર એકલી ચોપડી પડેલી દીઠી. 'કોની હશે?' 'કોણે અહીંયાં મૂકી હશે?' કહી ઓટલે જઈ નીચે વળી લીધી અને પાનાં ફેરવી જોવા લાગી. સૌને બતાવવા પાછી આવે છે તો ટોળું થતાં દીઠાં. તેમાં પોતે પણ ભળી અને કુમુદસુંદરીને ખભે એક હાથ મૂકી ઊભી રહી.

'રાધા ક્યાં?' કહી પાછું જુએ છે તો એને અલકકિશોરીએ દીઠી. કુમુદસુંદરીએ એના હાથમાંથી ચોપડી લઈ જોઈ.

'શાની ચોપડી છે?' બુદ્ધિધને પૂછ્યું. ચોપડીમાં પાનું જોતી જોતી શરમાતી કુમુદસુંદરી બોલી: 'આ તો રાધાના હાથમાં હતી. એનું નામ '— ધી પંડિત—કાશીવિદ્યાસુધાનિધિ' એવું છે. એમાં સંસ્કૃત તથા અંગ્રેજી 'આર્ટિકલો' તથા જૂનાં પુસ્તકોના ઉતારા આવે છે. મારા પિતાજીને ત્યાં પ્રતિમાસે આવે છે.' સૌ સ્ત્રીવર્ગ જોઈ રહ્યો. કાંઈ સમજાયું નહીં.

રાધા: 'એ તો પેલે ઓટલે પડી હતી કોકની તે મેં આણી.'

મૂર્ખદત્ત: 'આપણી ધર્મશાળામાં ઊતરેલા છે તેમની ચોપડી છે એ. એ ખોળતા હશે.'

બુદ્ધિધને ચોપડી હાથમાં લીધી અને નવીનચંદ્રને વાડામાં બોલાવવા કહ્યું. તપોધન દોડ્યો. નવીનચંદ્ર પાછો ફરી ચોપડી શોધતો હતો તેને કહ્યું કે 'અમાત્ય બોલાવે છે. આ ઓળખાણનો પ્રસંગ ઠીક છે, તમારી ચોપડી એમની પાસે છે, ચાલો.' બંને જણ આવ્યા. નવીનચંદ્રે નમસ્કાર કર્યા, બુદ્ધિધને ગંભીરતાથી સ્વીકાર્યા, સ્ત્રીવર્ગ છેટે સંકોચ પામી ઊભો રહ્યો અને કુમુદસુંદરી ધ્રૂજવા લાગી — પુસ્તક ઉપરથી તેની શંકા વધારે બળવાન

બની હતી અને સૌની પાછળ ઊભા રહી બધાં પોતાને દેખે નહીં એમ સૌનાં માથાંની વચ્ચે રહેતા અંતરમાંથી નવીનચંદ્રનું મુખ નિરાંતે અને નિ:શંક ન્યાળી શકતી હતી. તેના મનમાં એમ હતું કે જો મારી શંકા ખરી હશે તો એ મારો દૃષ્ટિપાત ખમતાં ક્ષોભ પામશે.

બુદ્ધિધન: 'તમે ક્યાંના વતની છો? અહીંયાં કાંઈ પ્રયોજને આવવું થયું હશે.'

નવીનચંદ્ર: 'હું મુંબઈ ભણીથી આવું છું. રજવાડો નજરે ન્યાળવાના હેતુથી આણી પાસ આવ્યો છું.'

'તમે મુંબઈમાં કાંઈ ધંધો કરો છો?'

'આપણા દેશમાં કહેવાય છે કે અન્નપૂર્ણા કોઈને ભૂખ્યું મૂકી સૂતી નથી તે હું અનુભવવા ઇચ્છું છું. મુંબઈમાં હું વિદ્યાર્થી હતો, હવે અનુભવાર્થી છું.'

'તો કાંઈ ધંધો કરો.'

'એક ધંધામાં એક જ જાતનો અનુભવ આવે છે. મારે સૌ જાતનો અનુભવ જોઈએ છે.'

બુદ્ધિધનને આ માણસ વિચિત્ર લાગ્યો અને કાંઈક હસવું આવ્યું.

'તમે એ કાર્ય સી રીતે પૂરું પાડશો?'

'હું બોલ્યા વગર જોઈ શકું છું, કાને સાંભળેલું મનમાં રાખી શકું છું. જાતે રંગાયા વિના સૌ રંગ જોઈ શકું છું.'

બુદ્ધિધને મહામહેનતથી હસવું ખાળી રાખ્યું.

'આ પુસ્તક તમારું છે?'

'હા જી.'

'તમે શું ભણ્યા છો?'

'કાંઈક અંગ્રેજી અને કાંઈક સંસ્કૃત.'

'ક્યાં શીખ્યા છો?' કુમુદસુંદરી ઉત્તર સાંભળવા આતુર થઈ.

'મુંબઈમાં.' કુમુદસુંદરી પૂરી તૃપ્ત થઈ નહીં.

'લો આ પુસ્તક; તમે જ્ઞાતે કેવા છો?'

'જી, આપની જ જ્ઞાતિનો છું.'

'અત્રે રહો ત્યાં સુધી આપણે ઘેર જમજો.'

'જેવી ઇચ્છા.'

કુમુદસુંદરીની ચિત્તવૃત્તિને ગમ્યું, તેની પતિવ્રતાવૃત્તિને ન ગમ્યું.

બુદ્ધિધન પોતાને ઘેર વિચિત્ર મનુષ્યોનું પ્રદર્શન જમાવતો તેમાં ઉમેરો થયો જાણી રાજી થયો. નવા અતિથિને યોગ્ય સત્કાર કરવાનું અલકકિશોરીને માથે પડ્યું — તેણે માથે લીધું. તપોધનને હુકમ થયો કે વાળુ વખત નવીનચંદ્રને ઘેર આણવો.

કુમુદસુંદરી જાણી જોઈ આના સામું જોઈ રહી હતી. કદી કદી તેના દૃષ્ટિપાત ન ખમાતા હોય એમ આંખો મળતાં તે આંખ ખેંચી લેતો હતો. ઘડીક બેધડક જોઈ રહેતો. ઘડીક દરકાર ન હોય તેમ જોઈ બીજે ઠેકાણે નજર નાંખતો. પરીક્ષાના કાર્યમાં સુંદરીના મનની અમૂંઝણ ધોવાઈ ગઈ. ‘ચંદ્ર’ અને ‘ભ્રમર’ વાળી કડીઓ જોઈ હતી તે ફરીફરી મનમાં ગાતી સૌની જોડે ગાડીમાં બેઠી. બુદ્ધિધન પોતાની ગાડીમાં બેસી ગયો.

---

* ઓખાહરણમાંથી

* ઓખાહરણમાંથી

** નળાખ્યાનમાંથી

૮. અમાત્યને ઘેર

નવીનચંદ્ર અમાત્યને ઘેર સવારસાંજ જમવા જવા લાગ્યો. શઠરાયને ઘેર કોઈનો અતિથિનો પણ — ભાવે પુછાતો ન હતો અને શેઠ આવ્યા તો નાંખો વખારે એમ સૌ કોઈને થતું. ઘરમાં આવનાર, પાસે બેસનાર, સાથે જમનાર, સૌ કોઈ શઠરાયને ઘેર જાય ત્યારે તેમનાં તેમ પાછાં આવતાં. કૂતરાની પેઠે કોળિયો ધાન ખાય, પણ શઠરાય પોતાની સાથે બોલે કે ચાલે નહીં એટલે આવનારને મન એમ જ થતું કે અહીંયાં ક્યાં ભરાઈ પડ્યા? બુદ્ધિધનને નાનપણમાં કોઈ વાર નોતરું તો તેડું નહીં ને તેડું તો નોતરું નહીં એમ થતું. ન જાય ને પાછળથી શઠરાયને સાંભરે કે એ આવ્યો નથી તો એને માથાના ફરેલમાં ગણે. કોઈ વાર તો કોઈ એવી મશ્કરી કરે અથવા એવું તો અભિમાન ભરેલું વાક્ય બોલે કે ઘરમાં આવેલો માણસ બેઠો ને બેઠો બળી જાય. બુદ્ધિધન તો કોઈ વાર શઠરાયને ઘેર ભરાઈ પડે ને લાગ મળે તો છાનોમાનો અથવા કંઈ બહાનું કાઢી ઘેર નાસી આવતો. આ સૌ જૂના જમાનાની વાત હતી પણ બુદ્ધિધનને હજી સુધી સાંભરતી હતી અને પોતાના ઘરમાં કોઈને એવું ન થાય માટે જાતે બહુ સાવચેત રહેતો અને છોકરાં તથા ચાકરોને પણ સભ્યતા અને વિવેકની રીતમાં તેણે કેળવી મૂક્યાં હતાં. બુદ્ધિધનની જોડે નવીનચંદ્રનો પાટલો નંખાતો. પંક્તિભેદ રજ પણ થતો નહીં, અને અથડાતા ભમતા વટેમાર્ગુ જેવા અતિથિ જોડે શુદ્ધ મનથી, વાણીથી અને કર્મથી સમાનભાવ રાખી સુવર્ણપુરના મહારાજનો પ્રિય બુદ્ધિશાળી અમાત્ય રસભેર વાતો કરતો અને ન બોલતાને બોલાવી ચર્ચા ચલાવતો, અને તે ચર્ચામાં બુદ્ધિનું અભિમાન લેશ પણ દેખાતું ન હતું. જમવાને પ્રસંગે સાથે જમવા બેઠેલો પ્રમાદધન અતિથિને હઠહઠ કરતો, અને તેની સગવડની સંભાળ રાખતો. સૌભાગ્યદેવી, અલકકિશોરી, કુમુદસુંદરી ગૂંચળું વળી જમનારની આગળ બેસતાં અને છાનાંમાનાં પાનની બીડીઓ કરતાં.

શઠરાયને ઘેર બુદ્ધિધને જુદી જ જાતનો દેખાવ જોયેલો હતો. ખલકનંદા અને રૂપાળી ઘરમાં ધબધબ ચાલે, દોડાદોડ કરે, હોંકારા પાડે, અને ચાકરોની સાથે ઘડીકમાં હસે અને ઘડીકમાં તેમને છણકા કરે. પૈસો ઘણો હોવાથી શરીર પર ઘરેણાં ઘણાં રાખે અને તેથી વધારે છાક રાખે. પણ એટલામાં જ તેમના મોટાપણાની સીમા આવી રહેતી. ઘરની સંભાળ રાખવી કે ત્રેવડ કરવી તેનું કોઈને ભાન નહીં. માથે લૂગડું ઓઢવાની તો બાધા. એકબે લટિયાં ઊડતાં ન હોય તો ભાગ્યશાળી. ભલું હોય તો વાંસો ઉઘાડો હોય કે ભલું હોય તો કમખો પહેર્યો ન હોય. ચણિયા પહેરવાથી શ્રમ લાગતો અને ઊઠતાં બેસતાં પહેરેલું લૂગડું કેમ રહે છે તેની જાતે સરત રાખવાની ટેવ ન હતી અને પરભાર્યાને યાદ આપવાની જરૂર ન રહેતી અથવા જરૂર લાગે તો આવી બાબતમાં બૈરાંમાણસને મોંએ કહેતાં શરમ આવતી. ઘરના પુરુષો પારકાં બૈરાંની ચેષ્ટા કરતા પણ પોતાના ઘરમાં

જોતા ન હતા. એમાંથી પરિણામ એ થયું હતું કે ઘરમાં આવનાર જનાર લાગ મળ્યે બૈરાં સાથે અણઘટતો પરિચય લેતા. બુદ્ધિધને આ સૌ જોયું હતું, કટાળો આવ્યો હતો. અને પોતાના ઘરમાં એવું ન થાય તે સારુ ખાસ ચટ અને ચીવટ રાખતો હતો. એની નાતમાં દેખીતો ઘૂંઘટો તાણવાનો ચાલ તો ન હતો. પરંતુ પરભાર્યાં મોટાં માણસો આવે ત્યારે સ્ત્રીઓ સંતાઈ રહેવા જેવું કરતી. નવીનચંદ્ર મોટા માણસમાં ગણાતો ન હતો અને પોતાની નાતનો એટલે એ જમતો હોય તે વખત કોઈ એની શરમ ન પાળતાં પણ ચાલતા સુધી તેના દેખતાં વાતોમાં ભાગ નહોતાં લેતાં.

નવીનચંદ્ર પણ કાંઈક શરમાળ હતો, સ્ત્રીવર્ગ સાથે જાતે પરિચય લેતો ન હતો, અને ચાલતા સુધી ઘરમાં કોઈને ભારે ન થઈ પડે એવી રીતે રાખતો. બેચાર દિવસમાં તો તેની સુશીલતાને લીધે તે સૌને ઘરના માણસ જેવો લાગવા માંડ્યો. પ્રથમ મેળાપને સમયે બુદ્ધિધનને વિચિત્ર લાગ્યો હતો તે અભિપ્રાયમાં કાંઈક ફેર પડ્યો. જમ્યા પહેલાં અને પછી પ્રમાદધન જોડે તે ગપ્પાં મારવા બેસતો. પ્રમાદધનને એનું 'ઇંગ્લિશ નૉલેજ' સારું લાગ્યું અને તેની તેણે પિતાને વાત કહી. એમ પણ માલૂમ પડ્યું કે એ મુંબઈનાં મોટાં અંગ્રેજી વર્તમાનપત્રોમાં લખવાનો પ્રસંગ રાખે છે. આવા આથડતા માણસની બાબતમાં બુદ્ધિધને આ તરત માન્યું નહીં.

એવામાં એક દિવસ નવીનચંદ્ર વાળુ સારુ આવેલો હતો. તે દિવસ દરબારના કામમાં બુદ્ધિધન રોકાયેલો હોવાથી વાળુનો વખત વીતી જવા છતાં કાંઈ ઠેકાણું ન હતું. નવીનચંદ્ર પ્રમાદધન સાથે એક દીવાનખાનામાં બેઠો હતો. બીજા છસાતેક જણા પ્રમાદધનને મળવા આવેલા હતા તે પણ બેઠા હતા. પ્રમાદધન સૌની વચમાં એક આરામખુરસી પર પડ્યો હતો. બધા બેઠા હતા તેમાંથી એક જણે એની પાઘડી લઈ ખૂંટીએ મૂકી અને બીજાએ અંગરખું મૂક્યું. ત્રીજાએ એને બંડી કાઢતાં મદદ કરી. ચોથો એનાં વખાણ કરવામાં રોકાયો હતો. પાંચમો તેમાં હાજિયા ભણતો હતો અને છઠ્ઠો એના શત્રુઓ અથવા પ્રતિસ્પર્ધીઓ શોધી કાઢી તેમની નિંદા કરતો હતો.

એવામાં ટપાલ આવી. કાગળો એકદમ સર્વ મંડળના અધ્યક્ષ પ્રમાદધનના હાથમાં મુકાયા. પહેલવહેલું અંગ્રેજી 'ન્યૂસપેપર' ફોડ્યું. ચારેબાજુઓ ઝપઝપ અધીરાઈથી ઉથલાવી આંખો તળે કાઢી હર્ષ અને ઉત્સાહથી પ્રમાદધન બોલ્યા:

'નવીનચંદ્ર! પેલો "આર્ટિકલ" આવ્યો છે.' પિતાની ખાતરી કરી આપવા નવીનચંદ્ર પાસે લખાવી એક વાનું મોકલ્યું હતું તે આજના છાપામાં હતું.

'હે! આવ્યું? વાંચો, વાંચો.' એક મિત્ર બોલ્યો.

તે વંચાવા માંડ્યું. એટલામાં બુદ્ધિધન આવ્યાની ખબર પડી. સર્વ મંડળ વેરાયું. પ્રમાદધન અને નવીનચંદ્ર ભોજનગૃહમાં ગયા ત્યાં એક પાટ ઉપર વચ્ચોવચ ભીંતનો તકિયો કરી અલકકિશોરી બેઠી હતી. પાટ પાસે એક બારી પર હાથ મૂકી કુમુદસુંદરી ઊભી હતી. જમીન પર એક પાટલા પર બેસી પાસેની સગડીમાં સૌભાગ્યદેવી તાપતી હતી. પાંચછ યુવતીઓ પાટ પર બેઠી હતી અને ગામગપાટા હાંકતી હતી. વૃદ્ધ થયેલા દયાશંકરની સ્ત્રી — ડોશી થયેલાં 'જમનાકાકી' સૌભાગ્યદેવીની પાસે બેસી તાપતાં તાપતાં ધીમા સાદે વાતો કરતાં હતાં. અમાત્ય આવ્યાની પ્રમાદધને ખબર કરી એટલે સૌ મંડળ વેરાઈ ગયું અને માત્ર ઘરનાં જ માણસ રહ્યાં. અલકકિશોરી પાટ ઉપરથી ઊઠી અને ત્યાં પ્રમાદધન બેઠો તથા બાજુએ નવીનચંદ્ર બેઠો.

કુમુદસુંદરી ભણી પુરુષોની પીઠ હતી. અલકકિશોરી ભાભી પાસે જઈ સોડમાં ઊભી, હળવે રહી તેને બે ભુજ ભરી દાબી અને કાનમાં કહ્યું: 'હાશ, હવે હૂંફ વળી. ભાભી! તમારા શરીરમાં ગરમાવો તો ઠીક રહે છે — શિયાળાની રાતમાં.' કુમુદસુંદરીએ મોં મલકાવ્યું અને અલકકિશોરી બાથ છોડી છૂટી ઊભી રહી. કુમુદસુંદરીને નવીનચંદ્રને જોતાં ઊપજતો ક્ષોભ દિવસે દિવસે ઓછો થતો હતો.

બુદ્ધિધન આવ્યો અને પાટલા નંખાયા. સૌ જમ્યાં. જમતી વખતે પ્રમાદધને નવીનચંદ્રના 'આર્ટિકલ'ની વાત કરી. બુદ્ધિધન કહે, 'હા, એ મેં જાણ્યું. સાહેબના શિરસ્તેદાર આવ્યા છે તેમણે એ વાંચ્યું અને વખાણ્યું. ઠીક લખ્યું છે. નવીનચંદ્ર! તમારે બધી જાતનો અનુભવ જોઈતો હોય તો અત્રે રહો. અમારે એક અંગ્રેજી લખનાર જોઈએ છે. એ અનુકૂળ પડશે તો રાણાજીને કહીશું પ્રસંગ આવ્યે.'

સૌ જમી રહ્યાં. રાત ઘણી ગઈ હતી. નવીનચંદ્રને અમાત્યને ઘેર સૂવાનું ઠર્યું અને પ્રમાદધનને બેસવાના દીવાનખાનામાં પથારી થઈ. તે સૂતો જોડેના દીવાનખાનામાં. બુદ્ધિધન અને પ્રમાદધન ગયા. અલકકિશોરી રાત વીતી હતી એટલે સાસરે ન ગઈ અને માએ તથા ભાભીએ શિખામણ દીધી કે 'સાસરે ના કહાવ.' પણ 'ના શું કહાવવી છે? જાણશેસ્તો.' કરી ના કહાવ્યું. પ્રમાદધનને સૂવાને વાર હતી એટલે નણંદભોજાઈ સગડી કરાવી ગપાટા મારવા બેઠાં.

બુદ્ધિધનને આજ કાંઈ અસાધારણ બનાવો સાંભળવાનો દિવસ હતો. બાપદીકરો દીવાનખાનામાં જઈને બેઠા.

'પિતાજી! શઠરાયના તરફના સમાચાર સાંભળ્યા?'

'મને લાગે છે કે આપણી વાત કાંઈક ફૂટી છે. કોના તરફથી ફૂટી છે અને કઈ રીતે તે જોવાનું છે.'

એવામાં વરધી મંગાવી અંદર એક સિપાઈના વેશવાળો આવ્યો. તે નરભેરામ હતો. એ શઠરાયનું માણસ થઈ રહ્યો હતો પરંતુ અંદરથી બુદ્ધિધનના પક્ષમાં હતો. બાપદીકરા સામો તે બેઠો.

‘બુદ્ધિધનભાઈ! કામ વસમું થયું છે.’

‘શું?’

‘આજ સુધી તો આપનો અને રાણાનો સંબંધ શઠરાયને અંધારામાં રહ્યો. હાલમાં આપ બે જણ વારંવાર મળો છો અને શિકારે ગયા હતા ત્યારે રાજેશ્વર મહાદેવમાં મળ્યા હતા તે કારભારીને ખબર થઈ છે.’

‘બસ? એટલું જ કે?’

‘વહેમવાળા માણસને દૂર કરવો એ એનો નિશ્ચય છે — એવી એને ટેવ છે.’

‘તે?’

‘રાજબા અને આપની વચ્ચેના જૂઠા કાગળ ઊભા કર્યા છે. તે રાણાને બતાવવાના છે.’

બુદ્ધિધન રાતપીળો થયો. ‘એ બતાવવાનું કોણે માથે લીધું છે?’

‘રાણાના જૂના ખવાસ મ્હાવાએ.’

‘ઠી-ક.’

‘કાગળ લખ્યા છે મેં. એમ કહી પંદરવીસ કાગળ અમાત્યના ખોળામાં નાંખ્યા.

‘ક્યારે બતાવવાના છે?’

‘આપ દરબારમાંથી પાછા ફરો તે પછી.’

‘મારા હાથમાં રહેવા દો. કાલ બાર વાગતે પાછા મોકલીશ.’

નરભેરામના ઉપર બુદ્ધિધનનો વિશ્વાસ હતો તે હવે સજડ થયો. ઘણાંક માણસો એણે દરબારમાં અને બીજે ઠેકાણે ઉઘાડાં અથવા છાનાં પોતાનાં કરી રાખ્યાં હતાં. પરંતુ થોડાકને જ કસી જોવાનો પ્રસંગ આવ્યો હતો. નરભેરામ કસોટીમાં શુદ્ધ નીકળ્યો અને અમાત્યનું અંતઃકરણ તેના ઉપર નવીન સ્નેહ અને ઉપકારથી સ્ફુરવા લાગ્યું. પરંતુ કાકા પરણ્યા અને ફોઈ રાંડ્યાં થયું. રાણાનો વિશ્વાસ રાખતાં સાવધાન રહેવાની જરૂર લાગી. આજ સુધી તે પોતાનો છે એવું માનનાર અમાત્યને નક્કી લાગ્યું કે રાજબાની બાબત રાણાના મનમાં ભરાશે તો નીકળવી કઠણ થશે અને પોતાની સૌ યુક્તિઓ, ‘કાંતી પીંજી કપાસ’ થશે. આજ સુધી દરબારના ભેદ રાણો પોતે જ ઉઘાડતો, હવે રાણા પાસે પોતાનો માણસ રાખવાની

જરૂર લાગી. પોતાનું માણસ કોણ? ગરબડદાસ? ના. નરભેરામ? હા. વળી રાણા પાસે રાખતાં નરભેરામે કરેલા ઉપકારનો બદલો પણ વળવાનો. આખા આકાશમાં વીજળી પુષ્કળ ચમકારા કરતી ચાલી જાય તેમ એ પળમાં અમાત્યના મનમાં આ સર્વ વિચારનો ચમકાર થઈ રહ્યો. બીજી પણ ઘણીક ખટપટ સમજાતી ન હતી તેનો મનમાં ખુલાસો થયો. યુદ્ધસામગ્રી તૈયાર કરી રાખી હતી. પણ સામાએ હુમલો કર્યા સિવાય પહેલો ઘા પોતે કરતાં શુદ્ધ અંત:કરણ આંચકો ખાતું હતું તે ટટાર થયું. સશયકાળ જતો રહેતો લાગ્યો અને નિર્ણયકાળ દોડતો દોડતો સમીપ આવ્યો લાગ્યો.

‘નરભેરામ! હવે અણીનો સમય આવશે. આ કાગળ જોયા પછી રાણા શઠરાય પર વિશ્વાસ બતાવશે, મારા પર કોપાયમાન દેખાશે, અને શઠરાય પર વિશ્વાસુ માણસ પોતાની પાસે રાખવા માગશે તે વખત એ તારું નામ આપે એમ કરવું. એ થાય એવું છે કની!’

‘હંમ્, થઈ શકશે. મારા જેવું વિશ્વાસનું પાત્ર આજે એને કોણ છે?’

‘વારુ, ગરબડ હાલ એની પાસે વધારે આવે છે?’

‘હા, એ તો કહેવાનું જ ભૂલી ગયો. એને રૂપાળીબાઈએ આંજ્યો છે.’

‘બરોબર. પણ એના ચાળા સરત રાખજે. એની સાથે એનું અને આપણી સાથે આપણું માણસ થાય — બે ધારની તરવારે રમે — એવો હાલ એનો ઘાટ છે.’

‘એમાં એને લાભ શો?’

‘કારભારી અને અમાત્ય બે લડીલડી નકામા થાય તો એ કારભારી થાય — પોતાને રાણાનો વિશ્વાસુ સમજે છે.’

‘એનું શું કરશો?’

‘એ તો થઈ રહેશે. કહેવાનું એટલું કે એ ત્યાં આવે જાય ત્યારે શા પ્રપંચ ઘડે છે તે સરત રાખજે.’

‘બહુ સારું. ત્યારે હાલ તો રજા લઉં છું.’

‘વારુ, પણ મને મળવાનું વધારે રાખવું.’ નરભેરામ ગયો. એની પાછળ આઘે સુધી નજર નાંખી સિપાઈનો વેશ સાંગોપાંગ ઊતર્યો જોઈ અમાત્ય હસ્યો.

‘પ્રમાદ! કારભારીને ત્યાંથી કાંઈ પણ ખાવાનું આવે તો હાલ સંભાળ રાખવી હોં! લેવું, પણ જમીનમાં દાટી દેવું.’

‘શું કાંઈ ઝેર દેવાનું છે?’

‘રાણો જડસિંહ માર્યો કહેવાયો અને પર્વતને તો માર્યો જ, તેનો આપણે વિશ્વાસ શો? વારુ. જાઓ, ઊંઘી જાઓ.’

પ્રમાદધન આભો બન્યો અને વિસ્મય પામતો પામતો ગયો.

બુદ્ધિધન ઊઠ્યો અને લાંબા દીવાનખાનામાં એકલો હેરાફેરા કરવા લાગ્યો અને ઓઠ પર આંગળી મૂકી પોતાના મન સાથે બોલવા લાગ્યો:

‘તારું કાળું થાય કારભારી! છેવટે જાત ઉપર જ આવ્યો. આજ સુધી ગમે તેટલું પણ મારો જાતભાઈ — મારો સગો — કરી મેં તારા પર ઘા ન કર્યો.’

‘બહુ સારું ત્યારે — હવે પડો મેદાનમાં. આજ સુધી છાના વેરી હતા. હવે ઉઘાડા થાઓ.’

‘ગરબડ, તેં પણ ઠીક ધંધો માંડ્યો છે — મેં પણ એક વખત એમ જ કર્યું હતું. પણ આપણા બેમાં ફેર છે. મેં કોઈનું ખૂન કરાવ્યું નથી — મને ઈશ્વરની કાંઈક બીક છે — મારા કહેવા વિના કોઈએ કોઈનું ખૂન કર્યું હોય તેમાં હું શું કરું? પર્વત મૂઓ તેમાં મને દોષ નથી.’

‘તું પણ મારો ગુરુ મળ્યો. અલ્યા, મારું જ ખૂન?’

‘પણ જો આ રજપૂત હાથમાંથી ગયો તો ઉપાય નથી. એક વાર રમાબાઈના હાથમાં ગયેલો પાછો કબજે થતાં સાતપાંચ વીતી છે અને આ કલાવતીમાં લપટાયો તો એને સટકવાનું નથી. પછી તો ભૂપસિંહ તારો નહીં જ, બુદ્ધિધન!’ મોટા અરણ્ય વચ્ચોવચ રાત્રે બ્રહ્મરાક્ષસ એકલો ઊભો રહે તેમ અદબ વાળી દીવાનખાના વચ્ચોવચ બુદ્ધિધન ઘડીક વાર ઊભો રહ્યો. તેનું મગજ ઉશ્કેરાઈ ગયું અને કાળજું ધબકવા લાગ્યું. ‘—અલ્યા ખૂની! મારું જ ખૂન?’

‘તારું સત્યાનાશ જાય, શઠરાય! કલાવતી ક્યાંથી સૂઝી? રાજબાની વાત જાણી ત્યારે કલાવતીનો ભેદ સમજાયો. એ તો તેં જ ભૂત ભરવેલું! મને અને રાણાને જુદા પાડવાનો રસ્તો!’

‘રાજબા!’ — આંખ આગળ બનેલો બનાવ ખડો થયો. મરેલી રાજબા હાથમાં હાથ મૂકવા તત્પર થતી પાસે આવતી લાગી.

‘ભૂત!’ બુદ્ધિધન ગભરાયો. પગ ધ્રૂજવા લાગ્યા. પરસેવાના ઝોબેઝોબ વળ્યા. જીભ ઊપડતી બંધ થઈ. અચિંતી દોટ મૂકી ગાદી પર બેઠો — તકિયે બેઠો. રાજસિંહનો વેશ ધરનારી પાસે આવી દેખાઈ અને ખભા ઉપર તેના હાથ અને હડપચીનો ભાર લાગ્યો. સુવર્ણપુરનો અમાત્ય બાવરો — દીન જેવો — ક્ષુદ્ર બની ગયો અને ફાટી આંખે દૃષ્ટિકલ્પના ભણી જોવા લાગ્યો — બેશુદ્ધ બનવા જેવો થયો.

એટલામાં દીવાનખાનાનું એક પાસનું બારણું ભચકાયું — ઊઘડ્યું. સૌભાગ્યદેવી અંદર આવી. ગાયત્રી જેવી પવિત્ર દેવી પર દૃષ્ટિ પડતાં મલિન સત્ત્વ દૃશ્ય થયું. સ્નેહભક્ત દેવી ભણી જોઈ રહ્યો.

‘મારા વહાલા! હવે તમે કારભારી થવાના — એટલે અમારા મટવાના. આમ ને આમ રાતરેડા જવાના અને અમારી સાથે વાતચીતોનું તો બાઢમ્, નાનાં હતાં ત્યારે તો બારબાર વાગતા સુધી વાતો કરતાં અને હવે તો તમે અને તમારો કારભાર. મારે વગર શોક્યે શોક્ય.’

હસતી હસતી દેવી આવી. પતિની પાસે શરીર સ્પર્શી બેઠી, ગળે હાથ નાખ્યો અને ઉઠાડી શયનગૃહમાં લઈ ગઈ. બન્ને મોટી વયના બાળકવાળા માબાપનાં વય અને મન હજી તરુણ જ હતાં અને વૃદ્ધ વિચારો જય પામી શક્યા ન હતા.

દેવીની શોડમાં સૂતેલો પુરુષ નિદ્રામાં લવતો હતો — નિદ્રામાંથી જાગી ઊઠી, સાંભળી રહી, દેવી પાછી આંખ મીંચતી હતી અને પતિને કોમળ હૂંફાળી છાતી સરસો વધારે વધારે જોરથી ચાંપતી હતી.

‘અલ્યા શઠરાય! મારું જ ખૂન કરવાના વિચારથી તને સંતોષ રહ્યો હોત તો હું બરાબર ફાવત નહીં. સાથે રાણાને પણ મારવાનો તારો મનસૂબો છે એટલી મારે અનુકૂળતા થશે. રાણો મારો રહેવાનો એટલો રસ્તો છે.’

‘તારા મનમાં એમ હશે કે બુદ્ધિધન જાય તો રાણો રહેશે, ને રાણો પણ હાથમાં ન રહે તો એ પણ સ્વાહા! વાહ! વાહ!’

‘પણ એ પણ ઠીક છે. દુષ્ટરાય કલાવતીને ઘેર જાય છે.’

સ્વપ્નસૃષ્ટિના ધૂમકેતુ આમ મુખાકાશમાં ચડી આવતા. તેને જોનાર જડ દીવા વગર કોઈ ન હતું. એ સ્વપ્નને બળે પુરુષ પાસું બદલવા જતો અને તેથી નિદ્રામાં પણ ચમકતી સ્ત્રી તેમ થવા ન દેતાં તેને હાથના જોરથી પોતાની સન્મુખ જ ખેંચતી — રાખતી — વિમુખ થવા ન દેતી. આ બનાવનો ઇતિહાસ ચારણ જેવો પલંગ ‘કચડ કચડ’ બોલી — ગાન કરી — કાન વિનાના બહેરા શૂન્ય શયનગૃહને સંભળાવવા યત્ન કરતો હતો. શિયાળાની લાંબી રાત આમ ટૂંકી થઈ જતી હતી.

૯. ઉન્મત્તપણાનું પરિણામ

લીલાપુરથી પાછા આવ્યા પછી રાણાની ઉદારતાને લીધે બુદ્ધિધને સારું અને વિશાળ ઘર બંધાવ્યું હતું. દરવાજા અંદર મોટી ખડકી હતી અને ખડકી પાછળ મોટો ચોક હતો. ચોકની બે પાસ મોટા ખંડ હતા તેમાં ખંડના ભાગ કરી રસોડું, પાણિયારું, જમવાનો ખંડ વગેરે કરાવ્યું હતું. બીજી પાસના ખંડમાં જુવાન સ્ત્રીવર્ગની કચેરી ભરાતી. ચોક પાછળ પરસાળ, ઓરડો, ગજાર વગેરે હતું. પરસાળમાં સૌભાગ્યદેવી બેઠક રાખતી. ચોક અને ખડકી વચ્ચે પાટિયાં ભરી દીધાં હતાં. ખડકીમાં અંગ્રેજોની ‘વેઇટિંગ રૂમ’ જેવી ગોઠવણ હતી અને બહારના ઓટલા ઉપર અમાત્યના સિપાઈઓ તથા ચાકરો બેસતા અને રાત્રે ખડકીમાં સૂતા. સ્ત્રીવર્ગના ખંડમાંથી જોડેની ગલીમાં બારી પડતી. એ ખંડ ઉપરની મેડીમાં પ્રમાદધનનું શયનગૃહ હતું. ખડકીની મેડી વિશાળ હતી. તેમાં બુદ્ધિધને પોતાનું દીવાનખાનું રાખ્યું હતું. પ્રમાદધનના શયનગૃહ ભણીથી દીવાનખાનાનો થોડો ભાગ નિરાળો રાખ્યો હતો અને તેમાં મિત્રમંડળ સાથે એ બેસતો. બીજી પાસના ખંડ ઉપર બુદ્ધિધનનું શયનગૃહ હતું. તેમાંથી પણ દીવાનખાનામાં બારી પડતી હતી.

ચારે પાસેની મેડીઓ ઉપર બીજો માળ હતો અને ચોક ઉપર રવેશોવાળી ફરતી અગાશી હતી. તેમાં ચારેપાસની બધી મેડીઓમાંથી જુદી જુદી બારીઓ પડતી હતી. નવીનચંદ્રને પ્રમાદધનવાળા દીવાનખાનામાં સૂવાનું રાખ્યું હતું. એની પથારી કરાવી પ્રમાદધન અમાત્યના દીવાનખાનામાં બારણું અટકાવી ગયો. નવીનચંદ્ર દીવો હોલવી સૂવાની તૈયારી કરે છે એટલામાં બે પાસથી સ્વર સંભળાયા. એક પાસ દીવાનખાનામાં અમાત્ય, નરભેરામ અને પ્રમાદધન વાતો કરતા હતા. બીજી પાસ પ્રમાદધનનું શયનગૃહ હતું અને પ્રમાદધન પિતા પાસે બેઠો હતો એટલી વાર નણંદ ભોજાઈ પાસે બેઠી બેઠી ગપાટા મારતી હતી. મુંબઈથી મંગાવેલાં પુસ્તકો એકબે દિવસ થયાં આવ્યાં હતાં અને તે વાંચ્યાથી એકલપેટો આનંદ ભોગવતાં સંતોષ ન વળતાં નણંદ પાસે ભાભી વાંચી બતાવતી હતી અને અંગ્રેજી તથા સંસ્કૃત પુસ્તકોના રમણીય ભાગોનું ભાષાંતર કરતી હતી તે અલકકિશોરી એકાગ્ર ચિત્તે સાંભળતી લીન અને દીન બનતી હતી.

‘અલકાબહેન! સાંભળો. આ એક રસિક વાત છે. એક બાયડીને મૂકીને એનો ધણી જતો રહ્યો તે ઉપરથી એ બિચારી એકાંતમાં મનમાં ને મનમાં રુએ છે ને કહે છે તે બોલ રોજ યાદ આવે એવા છે. સાંભળો:

‘બધાંને તો દુ:ખ ખમતાં ખમતાં નિરાંતની ઘડી આખરે મળે છે. કારણ કોઈક વખત પણ ખોળ્યું હાથ આવે છે અને ખરેખરાં તોફાન મચી રહે છે તે પણ કાંઈ જન્મારો રહેતાં નથી. ગમે તેવું પાપ કર્યું હોય તેવાંને પણ ઈશ્વર ગઈ ગુજરી વિસરાવે છે—’

‘એનો અર્થ શો?’

‘એટલે એમ કે આપણે ગમે તેવું પાપ કર્યું હોય ને તેથી જીવ તો બળ્યાં કરે પણ એયે રોજ નથી રહેતું. આખરે ભૂલી જવાય અને ભૂલી ગયાં તે તો ઈશ્વરે જ પશ્ચાત્તાપ બંધ કર્યા જેવું કની?’

‘હાસ્તો.’

‘ત્યારે કહે છે કે પાપી માણસોનેયે આવું થાય છે તો આ મારે જે દુ:ખ ભોગવવું પડે છે તેનો છેડો ઈશ્વર ક્યારે આણશે? હું તો નિર્દોષ છું. તો મારી શિક્ષા કદીયે કાઢી નાંખશે કે નહીં? મારે તો કાંઈ વધારે નથી જોઈતું. માત્ર એટલું માગું છું કે અનિષ્ટમાં અનિષ્ટ મારું થવાનું હોય તે મને માલૂમ પડે — કે, બહેન, પછી આટલેથી તો હદ. પછી તો કાળજું ફાટી જાય એટલું જ બાકી રહે તે ઈશ્વર આપે.’

‘એ શું કહ્યું?’

‘એટલે એવું કહે છે કે હવે મારો ને એનો એટલે મારા વરનો મેળાપ ન થવાનો હોય તો તે પણ કશુંયે મને માલૂમ પડે એટલે બસ. આ ફરી મળવાની આશા રહે છે તે છોડાતી નથી ને આશા પ્રમાણે થવાનું નથી એટલે મન ચણચણ્યાં કરે છે. તેને ઠેકાણે એક વખત સાથે લાગી જ આશા જતી રહે તો નિરાંત કે કાળજું ફાટી જાય એટલે થયું!’ [૧] કુમુદસુંદરીને કાંઈક વિચાર થયા ને મનમાં નિ:શ્વાસ મૂક્યો. અલકકિશોરી બોલી:

‘ઠીક, આવું આવું સમજીએ છીએ તે કેવું લાગે છે? પણ તમે કાલે ગાતાં’તાં તે આનાથી સારું હતું. અર્થ તો હું સમજું છું. તમે કહ્યો’તો. પણ જશ ગાઓ.’ ભાભીએ ગાવા માંડ્યું:

रुरुदिषा वदनाम्बुरुहश्रियः सुतनु सत्यमलंकरणाय ते।

तदपि संप्रति संनिहिते मधावधिगमं धिगमं गलमश्रुणः॥
*

‘કહેવાત જ જો હત કહ્યું, ભલે સાંભળે ખસી ઊભી પાસે:

કહ્યું તોય કાનમાં આવી લલિત તુજ મુખસ્પર્શની આશે;

થયું સુણવું અશક્ય જ એવું — પ્રિય એ કાજ આંખ શીદ તલ્પે?

મુજ મુખ એ ક્હાવે આમ, વળી આતુર, જોડી પદ, જલ્પે.’ [૧]

આ છેલ્લું તો કાલે મેં ન્હોય મેઘદૂતની વાત કરી હતી તેમાંથી મેં આજ ભાષાંતર કરી કાઢ્યું. એમ કહી તેનો અર્થ સમજાવ્યો.

‘ઓત્ તમારું ભલું થાય. તમે તો રંગીલા દેખાઓ છો.’ એમ કહી અલકકિશોરી કુમુદસુંદરીને બાઝી પડી અને તેને જોરથી દાબી.

ભાભીના મોં સામું જોઈ — ગાલ ભણી ઓઠ ધરી — બોલી: ‘કરું અટકચાળું — તમે ગાયું એવું જ? જો તમે ભાયડો હોત કની તો નક્કી તમને જ પરણત ને એક દિવસે પિયર રહેત નહીં.’

‘ભાભી! આવું આવું વાંચો ને સમજો તે પછી રંગીલાં કેમ ન હો? અમારા જેવું મોંએ બોલો તો નહીં, પણ સમજો વધારે. બા, શાણી બગલી જેવાં છો. વારુ, તમે ગાજો ને અમે સાંભળીશું.’

નવીનચંદ્રને પ્રમાદધનના દીવાનખાનામાં સૂવાનું રાખ્યું હતું અને દીવો ઘેર કરી સૂતો. પણ એક પાસના દીવાનખાનામાં બુદ્ધિધન અને નરભેરામની વાતો ઉઘાડા અંત:કરણથી ચાલતી હતી, અને બીજી પાસની મેડીમાં નણંદભોજાઈ ધીમે ધીમે પણ તેમની જોડેની મેડીમાં સંભળાય એમ વાતો કરતાં હતાં; અને બેમાંથી એકે પાસનાં માણસોને નવીનચંદ્ર ધ્યાનમાં ન રહ્યાથી એ ધ્યાન રાખીને સાંભળે તોપણ ન સંભળાય એટલું ધીમે બોલવું એવું કોઈને સૂઝ્યું ન હતું. બારણામાંથી કાંઈ નજરે પડે એમ ન હતું પણ કાનનો પૂરો ઉપયોગ થાય એવું હતું, અને નરભેરામ સિવાય સર્વના સ્વર નવીનચંદ્રના કાનને પરિચિત હતા. બે પાસના આકર્ષણથી તેના કાન ઘડી ઘડી ચમકતા હતા. પથારીમાંથી ઊઠી ઘડીકમાં આ બારી આગળ જાય અને ઘડીકમાં આ બારી આગળ જાય અને બારણાં સરસા કાન માંડે. સાંભળેલી વાતો કોઈને કહી દેવાનો અથવા તેનો ખોટો ઉપયોગ કરવાનો હેતુ ન હતો પરંતુ માત્ર કુતૂહલને લીધે આ છાની વાતો સાંભળવી એ ક્રિયા એને નિર્દોષ લાગી.

નણંદભોજાઈની વાતો સાંભળી તે ખુશ થતો હતો અને વિનોદ પામતો હતો. અમાત્યની વાતો સાંભળી તે અદ્ભુત આશ્ચર્યમાં પડતો અને ચમકતો હતો. કુમુદસુંદરીની કવિતાથી — રાગથી — અને તેના બોલેબોલમાં સ્ફુરી આવતી મનોવૃત્તિથી — અને બીજા પણ કાંઈક અકથ્ય હેતુથી નવીનચંદ્રનું અંત:કરણ દ્રવતું હતું અને જો દીવો તથા દીવા વડે એની મુખાકૃતિની કલ્પના કરનાર હોત તો તેને તર્ક કરવાનો હેતુ મળે એવું તેનું મુખ થતું હતું. પરંતુ એ સ્થિતિ થોડી જ વાર ટકતી અને કારભારની ખટપટ જાણવાની વૃત્તિ તેને બીજી પાસ દોરતી હતી.

સુખી અને નિશ્ચિંત દેખાતા બુદ્ધિધનને આટલી ચિંતાના ઊંડાં પાણીમાં ગળા સુધી ડૂબેલો જોઈ તેને નવાઈ લાગી તેના કરતાં વાંચેલું વધારે સાંભરી આવ્યું. નરભેરામના કહેલા સમાચાર અને બાપદીકરાની વાતો સાંભળતાં જ — તેણે શબ્દપ્રમાણથી જ જાણ્યું હતું કે રાજાઓના મુગટ ચિંતાની

ગાદીથી ભરેલા હોય છે, કારભારીનાં દુ:ખ કારભારી જ જાણે, સોનામાં કલિયુગ છે, ઇત્યાદિ એને પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ થયું. બુદ્ધિધનને અમાત્યપદવીમાં સંતોષ ન મળતાં કારભાર શોધવો પડે છે, લોભ વિના તેનું બીજું કારણ નથી દેખાતું, કારભારને સારુ આટલા શત્રુ, આટલી યુક્તિઓ અને આટલી ચિંતા કરવી પડે છે, આવાં માણસોમાં ભળવું પડે છે એવા એવા વિચારમાં નવીનચંદ્ર ડૂબી ગયો અને,

अतिलोभाभिभूतस्य चक्र भ्रमति मस्तके।

એનું હાર્દ બુદ્ધિધન એકલો પડ્યા પછી બોલતો હતો તે ઉપરથી પ્રત્યક્ષ સમજાયું. રાજબાની વાત સમજાઈ નહીં. સૌભાગ્યદેવીનું બોલવું સાંભળી નવાઈ લાગી, વિષયવાસના આટલી વય સુધી જતી નથી અને આવી અવસ્થામાં પણ રહે છે એવો વિચાર સૂઝ્યો, અને મોટાઈ અને વ્યવહારની જંજાળમાં પલોટાતો પુરુષ ઘરસંસારનાં સુખ ભોગવી શકતો નથી તથા પૈસાને પરણતો પુરુષ ઘરની સ્ત્રીનો ત્યાગ કરે છે એવા એવા તર્ક મનમાં ઊભરાવા લાગ્યા.

'અરરર! આ કારભાર! આ ખૂન શાં? આ ખટપટ! આ સૌ શાને માટે? આ ભાર માણસનું મગજ કેમ ખમતું હશે? આ તો બહાર વ્હાઈટવોશ અને અંદર કચરો! ઈશ્વર સર્વ રચનાઓ એવી જ કરે છે. સુંદર શરીરમાં માંસ જેવું જ ભરે છે. ઉદયકાળની સૃષ્ટિ અંધારી રાત્રિમાં ડૂબી પૃથ્વીમાંથી જ સ્ફુરે છે. મોટાઈનો પાછલો ઇતિહાસ જ ન પૂછવો — કંઈ કંઈ ભોપાળાં નીકળે. ભણેલાઓને અસંતોષ રહે છે એ આટલી આટલી મહેનત કરતાં કાંઈ પ્રમાણમાં દ્રવ્ય મળતું નથી અને કારભારીઓ અને બીજાઓ અમસ્તા દ્રવ્યમાં લોટે છે. પણ એ વિચાર ખોટો છે. આ ચિંતા, આ ખટપટ, આવા નીચ રસ્તા, આવાં અઘોર કર્મ અને આ 'વ્હાઈટવોશ' એ બધાની કિંમતમાં આટલી નામની — ન ખવાય ન પિવાય એવી મોટાઈ — આવું દ્રવ્ય — મળે છે તો મળો! કારભારીઓ, તમારું સુખ તમને જ હજો!'

'પણ વિદ્વાન કારભારીઓને આવું નહીં હોય.'

'અરે જવા દેને! જાત એક — ભાત જુદી, તેને તેના જેવું. સુધરેલા કારભારીનાં સુધરેલાં દુ:ખ!'

'અને આ સૌભાગ્યદેવી જેવી ફરિયાદ તો બધી કારભારણોની. મજૂર બિચારા કારભારીઓ — અને મુંબઈના શેઠિયાઓ — એ પણ એવા ને એવા જ!

'કારભારીઓ! તમે રાજ્ય ચલાવો તો તેમાં શાં શાં પરાક્રમો કરો છો? મૂર્ખવર્ગને નચાવવાની કળા વાપરો છો અને લુચ્ચાઓમાં લુચ્ચા થઈ ફાવતાં શીખો છો. તમે બુદ્ધિવાળા અથવા સારા અંત:કરણવાળા નથી જ એવું કહેનારાઓ બેવકૂફ છે. પણ તમારા સંસારનાં હવાપાણી મલિન છે અને

તેનો મેલ તમારાં અંત:કરણને અને બુદ્ધિને કેમ નહીં લાગતો હોય? ઈશ્વર જાણે. એ મેલનો પટ ભણેલાઓને કેટલો ચોંટતો હશે? ઈશ્વર જાણે. હું એવા અનુભવમાં બાળક છું — અને આજ જોયેલું તે પણ અનુભવ માળાનો પ્રથમ પાઠ છે. ઈશ્વર જાણે, પાછળથી શાં નાટક જોવાનાં હશે?

'પણ કુમુદસુંદરી! ગમે તે હો પણ આ તો ખરું કે તારું દર્શન આ દેશમાં ન જોઈએ. કમળ! તું તો સરોવરમાં જ જોઈએ. વિદ્યાચતુરની બાળકી — તું કોણ? આ માણસો કોણ? કારભારે ચડેલાં આ ક્ષુદ્રમાનવો તારી આગળ શું મોટાં થઈ ગયાં?

गिरिशिखरगतापि काकपंक्तिर्न हि तुलनामुपयाति राजहंसै:।।

'રાજહંસિની! તું બાળક છે સ્ત્રી જાત છે — પણ

गुणा: पूजास्थानं गुणिषु न च लिङ्गं न च वय:।।

'રાજહંસિની! તારા દિવસ અહીં કેમ જાય છે? વિશુદ્ધ પવિત્ર સુંદરી! મલિન અપવિત્ર દેશમાં તું! અરેરે! દિવ્ય ઉત્કર્ષભરી રાજહંસિની!

માનસ-સરમાં ઊછરેલી તું દિવસ કેમ અહીં કાઢે? (ધ્રુવ)

સારસ [1] શુદ્ધ તારે વિકસેલાં, અલિકુલ ગુંજા માંડે; માનસ૦

માંડી ગુંજા એ સરી જાતાં સુરભિ પરાગની માંહે,

સુરભિ પરાગ કરે સુરભિ ખરી, પ્રસરે સલિલપ્રવાહે! માનસ૦

એ માનસ-સરમાં ઊછરેલી! પડી અહીં તું આજ!

મલિન દેડકાંભર્યા જ ખાડામાં પડી હંસિની: હાય!

માનસસરમાં ઊછરેલી! તુજ દિવસ કેમ અહીં જાય? [2]

'અરેરે! સ્વાર્થમાં પરમાર્થ ડૂબ્યો. નહોતી ખબર કે આમ થશે — સરસ્વતીચંદ્ર! બહુ ખોટું કર્યું! ધૂળ પડી તારી સરસ્વતી પર!'

ઊછળતા અંત:કરણે મગજને વીજળીના સંચાનો સ્પર્શ કરાવ્યો હોય તેમ આવેશવાળું મગજ થઈ ગયું અને આવેશમાં ને આવેશમાં રઝળતો રખડતો પરદેશી વટેમાર્ગુ નવીનચંદ્ર સુવર્ણપુરમાં — સુવર્ણપુરના અમાત્યના દીવાનખાનામાં, અંધારામાં મોટી પથારીમાં, - ટાઢે થરથરતો, ગોદડું ઓઢી ટૂંટિયાં વાળી નિદ્રાવશ થઈ ગયો. અમાત્યના ઘરમાં સર્વ સૂઈ ગયાં અને સુવર્ણપુર શાંત થઈ ગયું હોય એમ એ ઘરમાં લાગવા માંડ્યું. કુમુદસુંદરીનું શરીર શરીરના પતિ સાથે સૂતું અને શરીર જોડે ઘસડાતું મન ક્લિષ્ટ નિદ્રા પામ્યું. અલકકિશોરી પરસાળીની મેડીનાં બારણાં વાસી પથારીમાં ચતીપાટ

પડી, પગથી માથા સુધી ઓઢી, ઘોરણ બોલાવવા લાગી અને સ્વપ્નમાં 'તું આજ કેમ ત્યાં સૂતી હતી.' એમ બીતો બીતો પતિ પૂછતો હતો તેને કાંઈ ચિંતા વગર રહેતી હતી કે 'વારુ — વળી ત્યાં જ સૂતાં હતાં; ત્યાં ને અહીંયાં, જ્યાં સૂતાં ત્યાં ખરાં, એમાં તમારે શું?' કહી જવાબ દેતી હતી અને એ સ્વપ્ન પૂરું થતાં પહેલાં બીજું સ્વપ્ન જોતી હતી તેમાં કૃષ્ણકલિકા સાથે મેઘદૂતમાંથી સાંભળેલાં અટકચાળાં કરતી હતી અને એ સામાં અટકચાળાં કરે એટલે કોપાયમાન થઈ ધમકાવતી હતી.

અમાત્યના ઘરમાં કલાકેક સુધી આ શાંતિ ટકી. એના ઘરમાંથી જોડે ગલીમાં બારી પડતી હતી ત્યાં આગળ રાતના આઠનવ વાગ્યાથી બેચાર માણસો ફર્યાં કરતાં હતાં. તેમાં સૌથી અગ્રેસર જમાલખાન હતો. અલકકિશોરીને કૃષ્ણકલિકાએ બીતે બીતે શિખામણ દીધી હતી પણ તે શિખામણનો એ અમાત્યકુમારીએ અભિમાનમાં તિરસ્કાર કર્યો હતો. નાની બાબતમાંથી મોટાં પરિણામ થાય છે તેની એ બાળકીને ખબર ન હતી. ખલકનંદાને તથા રૂપાળીને તેમના યારોની સાથે ચાલતાં જોઈ એણે મોં મરડ્યું હતું અને શા વાસ્તે મરડ્યું હતું તેનો ખુલાસો પણ બેચાર બૈરાં વચ્ચે આપી ચૂકી હતી. હાલ એ વાત એ સમૂળગી ભૂલી ગઈ હતી પણ ખલકનંદા વીસરી ન હતી. એ પણ કારભારીની દીકરી હતી અને સૌભાગ્ય દેવીનાથી વયમાં ઝાઝી નાની ન હતી. એટલે આ નાની છોકરી તેને ફાટી ગઈ લાગી. બૈરાંએ તેને મોંએ કહ્યું કે માએ દીકરીને શીખવ્યું અને તેથી એણે મોં મરડ્યું. ખલકનંદાને મોંએ કોઈ એની વાત કરી શકતું નહીં પણ એક જણીને કહ્યું કે અલકકિશોરી તારી આવી આવી વાતો કરે છે. અમાત્યને કારભાર મળવાનો છે એવી કુલાશનાં વચન પણ કિશોરીના મોંમાંથી નીકળી જતાં અને કારભારી તથા અમાત્યનું એકબીજા સાથેનું વેર તેમનાં બૈરાંછોકરાંમાં પણ આવ્યું હતું.

સૌભાગ્યદેવી પવિત્ર હતી તેમ તેનો પટ તેની પુત્રીમાં પણ હતો. પરંતુ ફેર એ હતો કે અલકકિશોરીને પવિત્રતાનું ગુમાન હતું અને કારભારીનાં અપવિત્ર બૈરાં પર દેખીતો તિરસ્કાર આમ ઘણી વાર બતાવતી. વરને દાબમાં રાખતી તેમ બીજા કોઈ પુરુષને પણ લેખામાં ગણતી ન હતી. રૂપાળીએ સુઝાડ્યું અને ખલકનંદાએ કબૂલ કર્યું કે આ ગુમાન ઊતરે એવું છે. જમાલને ઉશ્કેર્યો અને મને કોણ પૂછનાર છે કરી મિયાંભાઈએ બીડું ઝડપ્યું. એને તો એક પંથ ને દો કાજ થયાં. અલકકિશોરીની ધમક જોઈને અંજાઈ ગયો હતો અને તે ખલકનંદા જેવી પોતાની થાય એમ બહુ ઇચ્છતો. એવામાં આ લાગ મળ્યો. એને સાસરે જતાં પકડવાના મૂર્ખ હેતુથી બુદ્ધિધનના ઘર આગળ બેચાર મિત્ર સાથે રાખી હેરાફેરા કરતો હતો. સાસરે તો ગઈ નહીં. બાર વાગ્યા, એક વાગ્યો, અને મિત્રો પાછા ગયા એટલે પોતે એકલો પડ્યો અને ઘેર જવાનો વિચાર કરે છે એટલામાં સૂઝ્યું!

'સાળું હવે ઘેર જઈએ તે તો ખોટું. આટલી બધી તાલમેલ લગાવી તે ધૂળ જાય. આજ ફક્કડ બન્યો છું અને એ ગોરી ગોરી ન મળે તો તો થઈ જ રહ્યું. ચલો બે. રોજ ફોજદાર સાથે ચોરમાં ભળીએ છીએ. આજ બંદા જ ચોર.' વિચાર કર્યો કે બુદ્ધિધનના ઘરમાં ચડી ઊતરવું. ઘરની પછીતમાં ગયો, ઊંચું જોયું, તો એક ઓરડી ઉપર થઈ છાપરે છાપરે થઈ જવાય એવું લાગ્યું. મિયાંએ મૂછ પર હાથ નાંખ્યો અને ચડવા માંડ્યું.

'સાલા સબ દોસ્તો લૂંડીયાં જેસા — મારી સાથે રહ્યા હોત તો એ પણ ચમન કરત.'

'સાલા નસીબ ઉનકા ગયા એહી અચ્છા હુવા.' રાત અંધારી હતી અને હળવે હળવે ચતુષ્પાદ પશુ બની છાપરેથી વંડે ને વંડેથી છાપરે ચડ્યા અને એક જણના મોભ ઉપર ઊભા રહ્યા.

ઘુવડ બોલ્યું અને સામું મળ્યું. અપશુકન થયા માની એક નળિયું તેના ઉપર રીસ ચડાવી ફેંક્યું.

'ચલ, ચલ, મિયાંભાઈકુ અપસુકન ક્યા?' બુદ્ધિધનનું છાપરું આવ્યું અને તેની પાંખ ઉપર ઊભા. આકાશ સામું જોયું. ચારે પાસ જોયું — કોઈ દેખાય નહીં. આઘે એક છાપરા પર કોઈ દેખાયું.

'સાલા, ચોર હોયગા, પકડ સાલેકુ. સાલે, ક્યા મિલેગા તેરેકુ? બંદાકુ તો અલકકિશોરી મિલેગી. સાલીને ક્યા નામ રખા હે! અલકકિશોરી! દેખો તો સઈ! અલકકિશોરી! અલકકિશોરી!'

'ઓ સબ તો અચ્છા — લેકિન આપન જાવે કિધરસે?' હળવે રહી અગાશીમાં ઊતરવા માંડ્યું. પરસાળ પરની મેડીની એક બારી ઉઘાડી રહી ગઈ હતી તેમાં વાંકા વળી દાખલ થઈ ગયા. દાદર પણ ઈશ્વરે ઉઘાડો રાખ્યો હતો. પોતાનું જ ઘર હોય એમ જમાલખાન ઊતર્યો અને અમાત્યપુત્રીના પલંગ આગળ દુષ્ટ હલકો મુસલમાન ઊભો રહ્યો.

એક ચાડા પર દિવેલનો દીવો કોડિયામાં બળતો હતો. નદીકિનારે મસ્ત વાઘણ પડી રહી હોય તેમ પલંગ ઉપર 'પરછંડ' (પ્રચંડ) ઉન્મત્ત યૌવના ચતીપાટ પડી હતી. તેણે ઓઢેલું ગોદડું આઘું પડ્યું હતું — જાણે કે ટાઢ તેના શરીરમાં પેસી શકતી ન હોય! પહેરેલું લૂગડું સંભાળથી રાખ્યું હતું તોપણ આઘુંપાછું થયું હતું અને બે પાસ પડેલી તીરની ઊંચી ભેખડો જેવા પહોળા પડેલા પગની વચ્ચે પર્વત પરથી ઊતરતી નદીના પાણીના પટ પેઠે પાટલીનો પટ વેરાઈ જઈ પથરાઈ ગયો હતો. પલંગની ભમરીઓમાં થઈને દીવાનું ઝાંખું અજવાળું ઠેઠ છાતી ઉપર અને મોં ઉપર આવતું હતું. દીવાના કંપ સાથે એ તેજ પણ હાલતું હતું અને પડછાયાથી ઢંકાયેલી સુંદરતા ઉઘાડી કરી આપી, જોનારની કલ્પનાને મહક સૂચનાઓ અને દૃષ્ટિને ઉલ્લંઘાય નહીં એવી સાનો કરતું હતું. લાંબી પથરાયેલી પાંખો પેઠે બે પાસ

હાથ લાંબા નાખ્યાં હતા અને પગની પણ જુદી અવસ્થા ન હતી. મહિષાસુરનો વધ કરવા ઊભેલી ચંડીનું પલંગપાટી ઉપર કોતરેલું સ્વરૂપ હોય તેમ અલકકિશોરી સૂતી સૂતી પણ ઉગ્ર દેખાતી હતી અને તેને સ્પર્શ કરવા દુષ્ટ અસુરની હિમ્મત સરકી ચાલી નહીં. સ્ત્રીજાતિ! તું રાખે તો તારો પ્રતાપ અમાપ છે. પુરુષનું ગજું નથી કે તારા અબળાપણાનો લાભ લઈ તારી ઇચ્છાવિરુદ્ધ તારી પવિત્રતા ઉપર ધસી શકે. તારો એક પવિત્ર ભ્રૂભંગ પુરુષોની દુષ્ટતાને આઘેથી રોકી રાખવા — પાસે ન આવવા દેવા — બસ છે. એ બળ તારું છે. તેને અજમાવવું એ કેવળ તારી વૃત્તિની વાત છે. અલકકિશોરીની આંખ મીંચેલી હતી પણ તેનાં પોપચાં ઉપર પતિવ્રતાપણાના રત્નભંડારની ચોકી કરવા ભમરરૂપી સાપ ફણા માંડી બેઠો હતો, અને પોતે ઊભો હતો તેથી જશ પણ ખસી પાસે જવા ક્ષુદ્ર તરકડાના પગ ચાલ્યા નહીં અને તેના અંત:કરણે આ પગ ઉપર હુકમ કરવો મૂકી દીધો. પવિત્રતા પર હુમલો થતાં પણ વાર લાગે છે.

મુસલમાને ફક્કડ પોશાક પહેર્યો હતો અને ચોરીમાં પણ અડચણ ન પડે એમ તેને રાખ્યો હતો. માથે એક કાળી પણ દેખાવડી દિલ્હીશાહી ટોપી પહેરી બુકાની બાંધી દીધી હતી. દાઢીમૂછોની ટાપટીપ કરી હતી અને સુગંધી તેલ વાપર્યું હતું. શિયાળાને લીધે બનાતનો રૂપાના બટનવાળો કબજો પહેર્યો હતો અને તેને છેલબટાઉના જેવા કાપ મૂક્યા હતા. કેડે એક ધોતિયું કસકસી બાંધ્યું હતું અને અંદર નાની સરખી કટાર રાખી હતી. પગે અંગ્રેજી દેખાવનાં પણ દેશી બૂટ ચડાવી દીધાં હતાં અને પોતાની ખૂબસૂરતી ઉપર એકદમ અલકકિશોરી મોહી પડે એવી આશા રાખી હતી અને આંખોમાં સુરમો, કાનમાં અત્તર અને ખીસાના રૂમાલમાં ગુલાબજળ, એ સામગ્રી રાખી હતી. મોં પણ ધોઈ કરી સાફ બનાવ્યું હતું અને આવા ‘જુવાન’ને જોઈ ‘લુગાઈ’ આશક થશે એમ તેના મનમાં નક્કી હતું. પણ ખલકનંદાએ તેને ચેતાવ્યો હતો અને કહ્યું ન માને તો બળાત્કાર કરવા પણ મન તૈયાર હતું. ‘મરદ આગે રંડીકા જોર ક્યા’ એ બુદ્ધિમાં સંશયનો અંશ ન હતો. વળી એક નાનો સરખો કાળો જાડો ડંડૂકો મિયાંએ બગલમાં માર્યો હતો. આ વેશે હાથે ‘અદબ’ વાળી પહોળે પગે મિયાં ઊંઘતી અલકકિશોરીના પલંગ આગળ ઊભા રહ્યા અને સ્તબ્ધ બની વિષયલાલસા ભરી ભીની થતી ચળકતી આંખ વડે કંઈક ઢંકાયેલા, કંઈક ઉઘાડા, ગોરા અને ઉજ્જ્વળ, નિદ્રાયમાન ચિત્તવેધક ઉચ્ચાવચ અવયવો જોતા જોતા શું કરવું તેના મોહક વિચારમાં પડ્યા. સ્થળ, સમય અને સત્તાનું ભાન(એ ત્રિપુટીના સંભાર મસાલા)થી વિષયાભિલાષ ધમધમાટ થઈ ગયો, તેના તીખટથી લંપટ મગજ પ્રફુલ્લ થતું હોય તેમ સૂજવા લાગ્યું અને તીવ્ર અસહ્ય મદનવેદનાએ આનંદ-અનુભવનો આભાસ ધરવા માંડ્યો. ‘આહા! ક્યા ખૂબસૂરતી! એ મુખડા — એ ગુલાબકા જૈસા ગાલ... યા અલ્લા! અજબ તેરા ખેલ દેખા નહીં જાતા હૈ — ખલકાનંદા ઉસકી પાસ બિસાતમેં નહીં. આ જા મેરી માશૂક’ કરી વિષયકિંકર હાથ લાંબો કરવા ગયો, પલંગ

પર ચડવા ઇચ્છા કરી — પણ તાકાત માલૂમ ન પડી. વધારે વધારે જોઈ રહ્યો, વધારે તર્ક કરવા લાગ્યો, તેમ તેમ ઇચ્છાઓ — વૃત્તિઓ — વધારે પ્રબળ થઈ, સુખ લાચાર બની ગયું, મસ્તિકમાં — મગજમાં કામાસક્તિ પ્રસરી ગઈ, નયનમાં ઘેનના જેવો આભાસ થયો, પગ ધ્રૂજવા લાગ્યા અને નખથી શિખ સુધી શરીર દ્રવવા લાગ્યું. એમ ઇચ્છા થઈ કે એક ફાળ ભરી — ફલંગ મારી — પલંગ પર ચડી બેસું. તેને રોકનાર કોઈ હતું નહીં. પણ ઊંઘતી કિશોરીના મુખ પર પ્રતાપ તીવ્ર હતો. તેનું તેજ દુષ્ટથી ખમાયું નહિ — તે અગ્નિની પાસે જતાં હિમ્મત અટકી. અલકકિશોરીએ જાગ્રત અવસ્થામાં કોઈ વખત જમાલ ઉપર હુકમ બજાવ્યો હશે અને ચાલ્યે ન ચાલ્યે જ તેને તે પાળવો પડ્યો હશે.

'ખુદા માલૂમ! ક્યાં હોતા હે! ઉસકી પાસ જાનેકી હી મેરી મગદૂર નહીં!'

પારકા ઘરમાં — વસ્તીભર્યા ઘરમાં — સુવર્ણપુરના અમાત્યના મહેલમાં એકલો આવ્યો હતો.

'અમાત્યકુ માલૂમ હોયગા! મેરા ક્યા હોયગા?'

ઊંઘમાં ને ઊંઘમાં અલકકિશોરીએ પાસું ફેરવ્યું અને તેનું મુખ બીજી પાસ ગયું. મિયાંનો ક્ષોભ મટ્યો. એકલી વિષયવાસના નિષ્કંટક રહી અને ખલકનંદાનો હુકમ મન આગળ આવવા પામ્યો. બૂટ કાઢી મુસલમાન પલંગ પર ચડ્યો અને સૂતેલીની સાથે સૂતો, પણ સ્પર્શ કરતાં જરીક ખચક્યો — સચેત થયો — અને દુષ્ટ હાથ — દુષ્ટ પગ — પવિત્ર શરીર પર પડ્યો.

ચકોર કિશોરી — બુદ્ધિધનની કિશોરી — શરીરને અગ્નિ અડક્યો હોય તેમ ચમકી જાગી ઊઠી. જાગ્યા પહેલાં ચમકી — ચમકની સાથે સફાળી — સડક લઈ ઊઠી, દુષ્ટના કરચરણ તરછોડી નાંખ્યા અને કૂદકો મારી પલંગ બહાર જઈ ઊભી. કીકી આમથી તેમ ખસી જાય — પોપચું મીંચાઈ ઊઘડે — એટલી વારમાં, પોતે પૂરેપૂરી જાગી તે પહેલાં, આટલો બધો બનાવ થઈ ગયો અને તેની ઊંઘ ઊડી ગઈ. કેડે છેડો ખોસી સજ્જ થઈ રોષભરી આંખે જોતી આભા બનેલા નિશાચર ભણી ત્રાડી: ઘાંટો ફાટો થઈ ગયો.

'કોણ છે આ! જાગજો! જાગજો! પ્રમાદધનભાઈ! જાગજો! જાગજો! ચોર! ચોર!'

ભય અને કોપ કિશોરીમાં પેઠાં — મિયાં સજ્જ થયો અને બેઠો થઈ બોલ્યો:

'માશૂક! એ તો મૈં જમાલ. બીઓ મત. એ તો તમારા પર આશક થયો છું તે આ અંધારી રાત્રે પણ તમારી પાસે આવ્યો.'

કિશોરીનો ભયત્રાસ ઓછો થયો પણ પગ થરથરતા બંધ ન થયા.

‘અલ્યા જમાલિયા! લુચ્ચા! તું અહીંયાં! ઊઠ, નીકળ, નીકર જોઈ લઈશ. આ તે તારી ખલકીબલકી દીઠી કે શું?’

‘બાઈસાહેબ — ધીરાં પડો — માશૂક!—’

‘લુચ્ચા! જીભ કાપી નાંખીશ જો બોલ્યો ઝાઝું તો — બોલાવું છું મારા ઘરમાંથી બધાંને.’ કહી બારી ભણી ચાલી અને કાંઈક હિમ્મત આવી. ભય પાસે જોઈ મિયાં સજ્જ થયા, ઊઠ્યા અને સામધર્મ છોડી જોર અજમાવવા વિચાર કર્યો. પલંગ પરથી હેઠે ઊતરી અલકકિશોરીનો હાથ ઝાલ્યો અને બારી ભણી જતી અટકાવી.

‘અબે ઊભી રહેને!’

‘છોડ હાથ!’ કહી કિશોરીએ હાથ વછોડ્યો. મિયાંએ ફરી ઝાલ્યો અને પાસે જઈ દુષ્ટ સ્પર્શ કરી ગળે હાથ નાખ્યો. ‘અરે એમ શું કરે છે — જો — એક વાર —’

પવિત્ર કિશોરી પળવાર તેની આંખ સામું જોઈ રહી. એની આંખમાંથી જાણે અગ્નિ ઝરશે એમ થઈ ગયું. આમ પળવાર જ જોઈ રહી ડોકું નીચું કરી દુષ્ટ હાથમાંથી છૂટું કર્યું, અને સામે ઊભી રહી ઊંચી થઈ ઓચિંતી કુમળા પણ જોસભર્યા હાથની મુક્કી જમાલના મોં પર ઓઠ પર મારી ઓઠ પીસી ઊભી રહી. નજર પૃથ્વી ભણી ગઈ — જાણે કે પૃથ્વીમાતા ‘વાહ! વાહ! શાબાશ!’ એમ કંઈ કહે છે! જમાલ મોં ચંચળાવતો ઊભો રહ્યો, જરીક દિગ્મૂઢ થયો, અને આખરે ગુસ્સે થઈ પેલી નીચું જોતી હતી એને પાછળથી જોરથી બાઝી પડ્યો. ગમે તેટલું પણ સ્ત્રીજાત: તેને વળી કાયા સાચવી — સંભાળી — લડવું. પાછળથી બાજેલો અને પુરુષનું જોર: તેનાથી છૂટાં ન થવાયું, પણ હિંમત ન મૂકી અને બૂમેબૂમ પાડવા લાગી. જમાલ તેનું મોં દાબવા લાગ્યો અને ઘડીક ફાવે પણ ઘડીક હાથ ઢીલો પડે એટલે કિશોરી બૂમ પાડે:

‘ઓ ભાઈ! પિતાજી! દેવી! ધાજો! ધાજો!’

બાઝાબાઝી જબરી થઈ. કોણ જાણે ક્યાંથી જોર આવ્યું તે અલકકિશોરી થાકી નહીં અને આખી મેડીમાં ચકરડીભમરડી થવા માંડી. એક બીજાથી હારે નહીં. ઊંચું કરી કરી કિશોરી જમાલની હડપચીમાં, ડાચામાં, અને નાકમાં માથું મારતી હતી તે કોઈક વખત વાગતું હતું, કોઈક વખત માત્ર શિથિલ થયેલો અંબોડો જ વાગતો, અને કોઈક વખત જમાલ સંભાળી લેતો. આમથી તેમ કિશોરી તેને ખેંચતી હતી અને તે ખેંચાતો હતો.

અલકકિશોરીની પહેલી જ બૂમે ઘરમાં સૌ જાગી ઊઠ્યાં અને અવાજ કેણી પાસથી આવે છે તે જાણવા સૌ કાન માંડવા લાગ્યાં. બુદ્ધિધનના મનમાં એમ આવ્યું કે શઠરાયનું કોઈ માણસ મારા ઘરમાં ખૂનબૂન કરવા ભરાયેલું. નવીનચંદ્રે ‘ચોર’ શબ્દ સાંભળ્યો. કુમુદસુંદરી સફાળી ઊઠી અને

પ્રમાદધનને ઉઠાડ્યો. તેમણે જાણ્યું કે ઘરમાં આગ લાગી. સૌભાગ્યદેવીએ અલકકિશોરીનો અવાજ ઓળખ્યો અને એકદમ અગાશીનાં બારણાં ઉઘાડી બહાર ધસી. નીચે ચાકરો માંહોમાંહે પૂછાપૂછ કરવા લાગ્યા અને ચોકમાં આવી ઊંચું જોવા લાગ્યા. ઉપર સૂતેલાં સૌ અગાશીમાં ભેગાં થઈ ગયાં. પ્રમાદધને દાદર ઉઘાડી સૌને ઉપર બોલાવ્યાં. અલકકિશોરીવાળી મેડીની બારી આગળ સૌ અગાશીમાં ભેગાં થયાં અને ‘ઉઘાડો’ ‘ઉઘાડ’ એમ જુદી જુદી બૂમો પાડવા લાગ્યાં. સૌભાગ્યદેવી સૌથી મોખરે ઊભી રહી બારી હચમચાવતી હતી. જોડે બુદ્ધિધન ઊભો ઊભો ‘બ્હીશ નહીં, આ આવ્યો’ કરી બૂમો પાડતો હતો. સૌની પાછળ એકલી ધ્રૂજતી ધ્રૂજતી કુમુદસુંદરી ઊભી હતી અને ચાકરો વચ્ચેથી ધક્કા મારી અગાડી જવા નવીનચંદ્ર યત્ન કરતો હતો. ઘરમાં કોલાહલ મચી રહ્યો. બુદ્ધિધન અને એકબે ચાકરો બારણું ઉતારવા યત્ન કરવા લાગ્યા. પ્રમાદધન નીચે પરસાળમાં જવાય તો જવા એકબે ચાકરો લઈ નીચે ઊતર્યો. એટલામાં કુમુદસુંદરીએ બૂમ પાડી: ‘આ ઉપલી બારી ઉઘાડી છે — એમાં થઈ પેઠેલો.’ નવીનચંદ્રે તે સાંભળ્યું. એણે કસરતશાળામાં ચડી ઊતરવાની પણ કળા અનુભવી હતી. કુમુદસુંદરીનો બોલ સાંભળી, પાછો ફરી તેના ભણી જોઈ, ઊંચું બારી ભણી જોઈ, કચ્છો માર્યો અને થોડીક વારમાં પરસાળ પરની મેડીના ઉપરના માળમાં દાખલ થયો અને નીચે ઊતરવાનો દાદર, તેમાંથી અજવાળું અને અવાજ આવતાં હતાં તેથી શોધી કાઢ્યો.

અંદર બાઝાબાઝી ઘણી ચાલી રહી હતી. અલકકિશોરી પુરુષ આગળ થાકી ગઈ, હાંફી ગઈ અને ફેંફેં થઈ. તોપણ બળ અજમાવતાં અજમાવતાં દીવા આગળ જમાલને ઘસડી લાવી. દુષ્ટ તરકડાએ માણસો આવી પહોંચ્યાં જાણ્યાં. પોતાને બહાર જવાનો માર્ગ નથી. હવે તો થાય તે થવા દો એમ નિશ્ચય કર્યો અને તેમને અંદર આવવાનો માર્ગ સૂઝતો નથી જાણી નિરંકુશ થયો. બિચારી અબળા પર બળ કરતાં કંઈ કંઈ વિકાર અનુભવતો અને કંઈ કંઈ ભ્રષ્ટ વ્યવહાર અજમાવતો. એવામાં દીવા પાસે આવતાં અબળાના મગજમાં ઈશ્વરે તર્ક મૂક્યો. અંધારામાં દીવો સળગે તેમ એ સળગ્યો અને કિશોરી સમજી કે હવે હું બચી. દીવો પાસે આવતાં. ઝડપથી જમાલની કેડના ધોતિયાની ફડક અચિંતી દીવા પર ધરી. ધોતિયું સળગ્યું અને ભડભડ લાગવા માંડ્યું. મુસલમાને અમાત્યપુત્રીને પડતી — છૂટી — મૂકી અને મનમાં જય પામી અબળા બારી ભણી દોડી, પણ નિષ્ફળ થઈ. કેડેથી ધોતિયું છોડી બળતું ને બળતું જમાલે જમીન પર નાંખી દીધું, કટાર પડવા દીધી, અને બારી આગળ પહોંચી તે પહેલાં ફાળ ભરી સામે મોંએ અલકકિશોરીને બાઝ્યો. દુષ્ટતાની — મર્યાદાની — મર્યાદા આવી રહી તે લાચાર બની ગઈ, તેનું જોર સમૂળગું જતું રહ્યું; નિરાશ થઈ, અને હવે ઉપાય નથી એમ સમજી મોં વિકાસી પરાધીન થઈ અને શું થઈ છે તેનો વિચાર કરવા ભાન ન રહ્યું. ઘણે સ્થળેથી પવિત્ર સુંદરતા સ્પર્શદુષિત થઈ. છાતી પરથી તાણાતાણમાં છેડો નીકળી ગયો હતો. અને પૃથ્વીમાતાને ખોળે

પથરાતો હતો કે કાંઈ આશ્રય આપ. ધકકો મારી અબળાને જમાલે ચત્તીપાટ પાડી નાંખી, ગાય જેવી પર વાઘ પેઠે ચડી બેઠો, અને હાથ ઝાલી દુષ્ટે અતિ દુષ્ટ વચન કહ્યું — ‘માશૂક, બી મત.’

રાહુએ ચંદ્રલેખાને છાઈ.

પડતાં પડતાં નિરાશ નિરુપાય બાળકીએ મોટે સાદે કારમી ચીસ પાડી: હાય હાય રે! ઓ માડી! મારી નાખી રે!’ કરી ઠૂઠવો મૂક્યો. આવી ચીસ કોઈએ કદી સાંભળી ન હતી. સૌનો ત્રાસ અત્યંત સીમાએ પહોંચ્યો અને બારી બહાર તેમના ધમપછાડા વધ્યા. પણ નિરર્થક! અંદર આવવા કોઈની તાકાત ન હતી અને તે વાત દુષ્ટ નિશાચર જાણતો હતો. તેનો દુષ્ટાચાર વધવા લાગ્યો. અને અબળાના થાકેલા હાથ અને રાક્ષસનો જયવંત હાથ, એ બેની લડાંઈ નીવિબંધ પાસે થવા માંડી. એક પળ વધારે જાત તો પતિવ્રતાપણું છેદાઈ જાત અને ઈશ્વરને માથે કલંક રહેત. બહાર સૌભાગ્યદેવી ગાડી બનતી હતી અને માતાને બાધા ઉપર બાધા માન્યાં જતી હતી. નિરાધારનો આખર બેલી ઈશ્વર છે —

यादृशी भावना यस्य सिद्धिर्भवति तादृशी।

આ પ્રમાણે બુદ્ધિધનની દૃઢ શ્રદ્ધા હતી અને ગમે તો એના પુણ્ય આડે આવ્યાં, ગમે તો સૌભાગ્યદેવીની બાધાઓ સંભળાઈ કે કોણ જાણે શાથી પણ બરાબર અણીને સમયે દાદર ઉપરથી ધબ ધબ કરતો નવીનચંદ્ર ઊતર્યો, રોષથી અને જોરથી જમાલના વાંસામાં લાત મૂકી અને હાથ આવતાં તેને બુકાનીનો ઉપલો ભાગ પકડી એવો તો પાછો ખેંચ્યો કે ગળે ફાંસો આવવાની બીકથી મુસલમાને અલકકિશોરીને પડતી મૂકી, પાછો ખેંચ્યો ખેંચાયો અને સાવધ બની ગળા અને બુકાની વચ્ચે હાથ ઘાલી ફાંસો દેવાતો અટકાવી પાછો ફર્યો અને નવીનચંદ્રના પંજામાંથી જોર કરી છૂટી ગયો. નવીનચંદ્રે બહારનાં માણસોને બૂમ પાડી ‘ફિકર ન કરશો — મેં નવીનચંદ્રે બહેનને છોડાવ્યાં છે.’ સૌના જીવમાં જીવ આવ્યો. પણ એણે બૂમ પાડી એટલામાં તૈયાર થવાનો વખત મળતાં મુસલમાન ઊભી થયેલી અલકકિશોરી તરફ દોડ્યો. મહા મહેનતે સજ્જ થયેલી બાળા બીની-ત્રાસી, અને દુષ્ટને દેખી છળી જઈ, ‘ઓ નવીનચંદ્ર — મને સાચવી લ્યો રે’ કરી દોટ મૂકી એની પાછળ જઈ, હતી એવી ને એવી પાછળથી બાઝી પડી અને અશરણ અબળા તથા દુષ્ટ તરકડાની વચ્ચે રહેલો નવીનચંદ્ર આમથી તેમ ફરતો ફરતો પોતાની ભીરુને — ભીરુ હરિણાક્ષીને — વાઘની ફાળ બહાર રાખવા લાગ્યો. મુસલમાન નિરાશ થયો. ઉપાય ન સૂઝ્યો. એવામાં જમીન પર પડેલી કટાર દીઠી— લેવા દોડ્યો. તે તેમ કરવા જાય છે એટલામાં કાંઈક સૂઝી આવતાં નવીનચંદ્રને છોડી પાછી ફરી અલકકિશોરીએ બારીની સાંકળ ઉઘાડી દીધી અને બહાર સૌ ધક્કા તો મારતાં જ હતાં એટલે ફડાક લઈને બારી ઊઘડી ગઈ. તરકડો દાદર પર

ચડી ગયો. તેનો પગ નવીનચંદ્રે ખેંચ્યો અને જમાલ જમીન પર પડ્યો પણ પડતાં પડતાં નવીનચંદ્રના ખભામાં કટાંર મારી.

બારી ઊઘડતાં સૌ હડુડુડુ અંદર ભરાઈ ગયાં. સૌથી અગાડી સૌભાગ્યદેવી હતી. તેના ઉપર — તેના હાથમાં — દીકરીએ 'ઓ મારી મા રે!' કરી પડતું મૂક્યું, અને રોવું માતું ન હતું એવી છળેલી દીકરીને માએ છાતી સરસી ચાંપી લીધી. બુદ્ધિધન અને પ્રમાદધન તેની આસનાવાસના કરવા મંડી ગયા. ચાકરોએ પડેલા જમાલને પકડ્યો. ઉશ્કેરાઈ લાતે લાતે માર્યો, અને ચસકે નહીં એમ ઝાલી ઊભો રાખ્યો અને મુક્કાબાજી તથા ગડદાપાટુ અજમાવ્યાં. તે એણે ચૂપકીથી સહન કર્યું. કટાર વાગવિથી નવીનચંદ્ર જમીન પર પડ્યો હતો; લોહી ઘણું નીકળવાથી આંખે અંધારાં આવ્યાં હતાં અને બેશુદ્ધ થયો હતો તેના તરફ કોઈની નજર ન હતી. માત્ર માર ખાતો ખાતો પણ જમાલ તેના ભણી એકલો એકીટશે જયવંત નજરે જોઈ રહ્યો હતો અને માર ન ગણતાં મનમાં કહેવા લાગ્યો કે 'જખ મારે છે — સાલા તું તો લેતો જા.' અલકકિશોરીને જોતો જોતો ખિજાઈને ઓઠ કરડતો કરડતો મનમાં ઘુવડને ગાળો દેવા લાગ્યો. અને આખરે દિલાસો લીધો કે ધૂળ નાંખી — આટલો સ્પર્શ તો થયો છે! ઉચ્ચનીચની લડાઈમાં નીચે કાંઈ ખોવાનું નથી, હારે તો કાંઈ જતું નથી, અને એ જેટલું જીતે એટલું ઉચ્ચને બેવડું હારવાનું. પાણીને કચરાનો સંગમ થતાં કચરો ધોવાશે નહીં અને ધોવાશે તોયે પાણી તો મેલું થવાનું જ! એ ઈશ્વરની લીલા છે.

જમાલને સૌ અગાશીમાં ખેંચી ગયાં અને ત્યાંથી નીચે ચોકમાં આણ્યો. પૂછતાં પૂછતાં કહે કે, મને તો અલકકિશોરીએ બોલાવ્યો હતો. એ વચન તેના મોંમાંથી નીકળ્યું અને કોઈના કોપનો પાર રહ્યો નહીં. ઘણો માર ખાતાં ખાતાં મુસલ્લો ઠેકાણે આવ્યો અને પોતે શા કારણથી કોનો મોકલ્યો આવ્યો હતો તે ખરી વાત કહેવા માંડી. ઉપર મેડીના ઊમરા ઉપર સૌભાગ્યદેવી બેઠી હતી અને ખોળામાં અલકકિશોરી ડૂસકાં ખાતી બેભાન જેવી પડી હતી. કુમુદસુંદરી તથા પ્રમાદધન આસનાવાસના કરતાં હતાં અને બુદ્ધિધન વિચારમાં ગરક થઈ અગાશીમાં હેરાફેરા કરતો હતો. બેભાન અવસ્થામાં પણ જમાલના હેઠળથી ઉચ્ચારેલા શબ્દ અલકકિશોરીના કાનમાં જતા હતા અને આ સૌ તોફાન એક ઉન્મત અટકચાળામાંથી થયું એવું ભાન આણી તેના મનની વેદના વધારતા હતા. આ વખત સુધી પરાયા ઘરમાં બિચારો પરદેશી નવીનચંદ્ર કોઈને સાંભરતો ન હતો અને તે બેભાન પડ્યો રહ્યો હતો તથા લોહી નિરંકુશ વહેતું રહેવાથી ભાન આવવાનું સાધન ન હતું. અલકકિશોરી પાસે બેઠેલી કુમુદસુંદરી ચારે પાસ જો જો કરતી હતી પણ તેને એ જડતો ન હતો. આખરે તેના શબ જેવા શરીર પર નજર પડી. કાંઈ બહાનું કાઢી ઊઠી અને ફરવા લાગી. 'એ જ આ' એમ નિશ્ચય થયો અને તેની અવસ્થા જોઈ અમંગળ શંકાથી અંતરમાં ઊંડો ત્રાસ પડ્યો

પણ કોઈને કહેવાયું નહિ. આખરે અંતરના સગપણે લોકલજ્જાને જીતી અને નસાડી મૂકી.

‘અરે — આ નવીનચંદ્ર કે કોણ પડ્યું છે અહીંયાં?’ પાછું જોઈ એકદમ ઊભી થઈ કુમુદસુંદરી બોલી ઊઠી. પોતાની અવસ્થા ભૂલી એકદમ અલકકિશોરી પણ જાગી ઊઠ્યાં જેવી થઈ ઊભી થઈ. પરદેશીએ પોતાના ઉપર કેટલો બધો ઉપકાર કર્યો હતો તે તેના મનમાંથી પળવાર પણ ખસ્યું માટે પસ્તાઈ અને નવીનચંદ્ર ભણી દોડી.

‘ઓ દેવી — ઓ દેવી! આમને કટાર વાગી છે તે લોહી નીકળે છે. વહેલી આવ, વહેલી આવ.’ સૌ ચમક્યાં અને ગયાં. સૌથી અગાડી અલકકિશોરી બેઠી. આસપાસ સૌ ભરાઈ ગયાં. કુમુદસુંદરી દીવો લાવી અને બેભાન થયેલાના શરીર આગળ ધરી ઘવાયેલી જગા જોઈ લીધી. તેના હોસકોસ ઊડી ગયા. આંખમાં આવેલાં આંસુ પાછું જોઈ લોહ્યાં. નિસરણી પર સૌ બેઠા હતાં. ત્યાં અજવાળું આવે તેમ દીવાં ગોઠવ્યો, ગભરાયેલી પાછી ફરી, નવીનચંદ્રનું મોં જોયું અને કોઈ દેખે નહીં એમ કપાળે હથેળી મૂકી અલકકિશોરીના સામી નવીનચંદ્રના શરીરની બીજી પાસ બેઠી.

બુદ્ધિધન અગાશીમાંથી આવ્યો. પ્રમાદધનને ઉતાવળે હુકમ કર્યો કે ‘ઝટ, જા, એક ચીંથરાનો કટકો અને ઘાતેલ લાવ.’ સિપાઈને હુકમ કર્યો કે ‘જા વૈદ્યને બોલાવ.’ મુંબઈથી ઘાતેલ આણી ઘરમાં મૂક્યું હતું. પણ તે માહિતી પ્રમાદધનને ન હતી. તે આમતેમ ફાંફાં મારવા લાગ્યો.

‘ક્યાં છે ઘાતેલ? કેવું છે એ?

એકદમ અલકકિશોરી ઊઠી. ઘરનો કારભાર તેનો હતો. ઘાતેલ શોધી કાઢ્યું અને ભાઈ પાસે નામ વંચાવી શીશી આણી, પણ ચીંથરું ન મળે. મોટાનાં ઘરમાં ચીર હોય, ચીંથરાં શોધ્યાં ન જડે; ખોળાખોળ થઈ રહી. બુદ્ધિધન ચિડાયો.

‘લાવોને, એક ચીંથરું ખોળતાં કેટલી વાર?’ તેણે પોતે ઓઢેલા ધોતિયા સામી નજર કરી અને ફાડવાનો વિચાર કર્યો. તે પહેલાં તો કુમુદસુંદરીએ પોતે પહેરેલા સાળુમાંથી ચીંદરડું કાઢ્યું અને તેના ચરડકા ભણી કાન જતાં બુદ્ધિધને એણીપાસ નજર કરી. બાકીના ઉપચાર બુદ્ધિધન અને પ્રમાદધને મળી કર્યા. વૈદ્ય પણ આવી પહોંચ્યો. સવાર સુધી આ જ ઉદ્યોગ ચાલ્યો. નવીનચંદ્રને ભાન આવતાં ઝાઝી વાર ન લાગી, પરંતુ એ નક્કી થયું કે અમાત્યના ઘરમાં કેટલાક દિવસ સુધી એણે પથારીવશ રહેવું. તેને ઊંચકીને સૌ તેનાવાળી મેડીમાં લઈ ગયા. તેની બરદાસ સ્વાભાવિક રીતે કિશોરીને માથે પડી.

જમાલનો ભેદ વધારે જાણવા — તેનો વિશેષ ઉપયોગ કરવા — અવસર આવ્યો. એણે કરેલું કામ એને એ રૂપમાં પ્રસિદ્ધ કરવું એ પોતાની ફરજેતી કરવા જેવું હતું. સમરસેન રજપૂત બુદ્ધિધનનો વિશ્વાસુ સિપાઈ હતો. એજંસીમાંથી એનો અને બુદ્ધિધનનો પ્રસંગ થયો હતો અને બસ્કિન્ સાહેબના ખરેખરા કોપમાંથી ઉગારી લેનારનો રજપૂત અંતઃકરણથી બદલો વાળવા ઇચ્છતો. સુવર્ણપુરમાં એક મોટું દરબારી મકાન સચવાય કરી તેની એક ઓરડી રહેવાને સમરસેનને અપાવી હતી. આ મકાનમાં એક ભોંયરું હતું. તેમાં છાનોમાનો જમાલને લઈ જઈ પૂરવો એવો હુકમ થયો.

કુમુદસુંદરીએ દ્રૌપદીનું કામ કર્યું. હજી નવીનચંદ્ર તે સરસ્વતીચંદ્ર કે બીજો જે બાબત તેની ખાતરી થઈ ન હતી, પરંતુ બળવાન કલ્પનાને મનોવૃત્તિ અનુસરી. ફાટેલું લૂગડું તેણે જુદું રાખી મૂક્યું — સાચવી મૂક્યું.

‘ભાભી, જાઓ, સૂઈ જાઓ! હું ને દેવી આ ખટપટ કરીએ છીએ.’

પરપુરુષ થયેલા પર પક્ષપાત ન જણાવવો એ કર્તવ્ય હતું. બળાત્કારે પાછી ફરી કુમુદસુંદરી પોતાની મેડીના બારણામાં જઈ ઊભી.

‘હવે બધાં છે. આપણે હવે શું કરવાનાં હતાં?’ કરી પ્રમાદધન ઊઠ્યો. સૌની નજર ચુકાવી બારીમાં ઊભેલી કુમુદસુંદરીને ગળે હાથ નાંખી મેડીમાં ખેંચી લીધી અને બારી અટકાવી દઈ બાકી રાતનો પ્રહર પલંગ પર ગાળ્યો. તેની સાથે સૂતેલીનું ચિત્ત જોડેની મેડીમાં હતું અને જે કાળ પતિએ નિદ્રા-વિલાસમાં ગાળ્યો તે જ કાળ પત્નીએ ગુપ્ત ઈશ્વરપ્રાર્થનામાં આંખો મીંચી ગાળ્યો. કાંઈક ઊંઘ આખરે આવી તેમાંથી, પ્રાતઃકાળ થયો ત્યારે, ગજેન્દ્રમોક્ષ ગાતીગાતી ઊઠી અને નવીનચંદ્રને સાવધાન જોઈ રાજી થઈ.

---

૧ . વર્ડ્ઝવર્થ કૃત ‘ધી ફર્સેકન’

* માઘ, સર્ગ ૬ ‘હે શોભનઅંગવાળી! પતિવિયોગને લીધે તારું મુખકમળ રોવા જેવું થયું છે એ જ તેની લક્ષ્મીને અલંકાર આપવા બસ છે. પણ આ વસંત માસ પાસે આવ્યો છે તેવે સમયે આંસુ પાડી અમંગલ ન કરીશ!

૧ . યક્ષવિરહથી અમૂંઝાતી સ્ત્રીને પતિનો સંદેશો તેના જ શબ્દોમાં પહોંચાડતાં પહેલાં મેઘ આટલું પોતે જ કહે છે.

૧ . કમળ

૨ . જગન્નાથના ભામિનીવિલાસ ઉપરથી

૧૦. ખટપટનાં શસ્ત્ર અને કારભારીઓની યુદ્ધકળા

નવીનચંદ્રની ચિંતા અલકકિશોરીને માથે પડી. મૂર્ખદત્ત આવતો જતો અને ખબર લેતો. વૈદ્ય ઔષધ કરતો. ચાકરો ચાકરજોગ કામ કરતા. સૌભાગ્યદેવી નીચે રહી પૂછપરછ કરી તપાસ રાખતી અને દિવસમાં એક વાર ઉપર આવી સમાચાર પૂછી જતી. પ્રમાદધન ‘ન્યૂસપેપર’ વાંચી જતો અને જતાં આવતાં ફેરો ખાતો ને મિત્રમંડળ સાથે પથારીની આસપાસ બેસી ગામગપાટા ચલાવતો. બુદ્ધિધન પણ નિત્ય આવી પથારીમાં બેસી કાંઈક વાતો કરી જતો અને વૈદ્યને હુકમ આપ્યો હતો કે રોજ સમાચાર કહી જવા. કોઈપણ બીજું હાજર હોય તે વખતે કુમુદસુંદરી આવવાનો પ્રસંગ ભૂલતી નહીં, આવી આઘે રહી કુશળ વર્તમાન જોઈ જાણી આનંદ પામી પાછી જતી, અને જોડેની મેડીમાં બેસી કોઈની સાથે નવીનચંદ્ર કામની કે નકામી કાંઈ પણ વાતો કરે તે રસથી સાંભળતી. ત્રાહિત પુરુષો જોવા આવ્યા ન હોય ત્યારે ઘણુંખરું અલકકિશોરી એકલી હોય તોપણ પથારી પાસે બેસી રહેતી, ઉપચાર કરતી, નિર્દોષ વાતો કરતી, અને ભાભીને કે જે કોઈ હોય તેને બને તો વાતોમાં ભાગ લેવા બોલાવતી. કોઈ વખત નણંદ, ભોજાઈ, અતિથિ અને પ્રમાદધન ચોપાટ રમતાં. અતિથિ ઘરના માણસ જેવો થોડા કાળમાં થઈ ગયો અને તેની પ્રકૃતિ સુધરતી ચાલી. તેને પરાયા ઘર જેવું લાગતુ બંધ થઈ ગયું. અમાત્યના ઘરમાં આ શાંતિ વર્તતી હતી તે જ સમયે દરબારમાં ખટપટ જામી રહી હતી અને તે નજરે જોવા શક્તિ ન હોવાથી નવીનચંદ્ર પોતાને હીનભાગ્ય સમજતો હતો. વાયે વાતો ઊડતી હતી અને એની પાસે કંઈ કંઈ તડાંકા ચાલ્યા આવતા હતા.

જમાલવાળા બનાવથી બુદ્ધિધનનું માથું ફરી ગયું હતું. અને એ બનાવનું મૂળ દેખાતું તેથી વધારે ઊંડું એ કલ્પતો. ભોંયરામાં પૂરેલો જમાલ ન જડવાથી તેની તપાસ છાનીમાની ચાલી રહી હતી અને ચિંતામાં પડેલી ખલકનંદાએ તપાસ કરવા પોતાના ભાઈને કંઈ કંઈ નિમિત્તે ઉશ્કેર્યો અને કંઈ કંઈ કાર્યોમાં પ્રેર્યો. બુદ્ધિધને આ પરિણામ કલ્પી મૂક્યું હતું, અને તે પરિણામનાં પરિણામ પોતાનાં ઇષ્ટ કરી દેવા તત્પર હતો. શઠરાય સાથે મેદાનમાં ઉઘાડા પડવાનો દિવસ તેની દૃષ્ટિમર્યાદાની ભાગોળ આગળ ભમતો દેખાયો. માતુશ્રીને અને સૌભાગ્યદેવીની પવિત્રતાને આપેલા અપમાનથી ઉત્પન્ન થયેલો વૈરનો તણખો હોલાઈ ગયો ન હતો અને શઠરાયની ખટપટે તેને જાગ્રત રાખ્યો હતો અને ધીકધીકતા અંગારા જેવો બનાવી દીધો હતો. અલકકિશોરીએ ખમેલા અસહ્ય અપમાનથી આ અંગારા ઉપર ઘી હોમાયું અને ભડકો થયો. શઠરાયના કુટુંબ અને કારભારની આસપાસ બુદ્ધિધનની બુદ્ધિરૂપ વાયુ આ ભડકાને ફેલાવી દેતો હતો. એ આગ ચારે પાસ ફરી વળશે અને વચમાંની વસ્તુ બળી રાખ થઈ જવાની — એ પ્રસંગ એકલા પડ્યા બુદ્ધિધનની દૃષ્ટિ આગળ આવતો દેખાયો. તેની પાછળ અમાત્યનો પોતાનો મધ્યાહ્નકાળ ઊભો લાગ્યો.

અનાથ વિધવાના ગરીબ અને બાળક દીકરા બુદ્ધિધનના વૈરભાવના આવેશને મંદવાડના લવારામાં ગણનાર પણ હેતસ્વી દયાશંકર ઘણા વૃદ્ધ અને જર્જરિત બની જીવતા હતા. તેમણે હસી કાઢેલી વાતનું મહાપરિણામ તેમને પ્રત્યક્ષ કરાવવાનો સમય આવે છે એવું બુદ્ધિધનને લાગતું અને તેથી એક જાતનો આનંદ મળતો. માતુશ્રી આ સમયે હોત તો! તે કેટલું અનુમોદન કરત! તે આજ નથી એવું ભાન આવતાં પોતાનો આનંદચંદ્ર નિષ્કલંક નહિ ઊગે એવો કોઈક વખતે તેને વિચાર થતો. પરંતુ માતાનું શ્રાદ્ધ-તર્પણ પૂરું કરી દેવાના અવસરે દીકરાની વૃત્તિઓ જબરી ઊછળવા લાગી. એ તોફાની વૃત્તિઓના સાગરમાં પોતાની પ્રિય પુત્રીને થયેલા અપમાનરૂપી વાયુએ ખટપટના મોજાંને ઉછાળવા માંડ્યાં અને જે રાત્રે પકડાયેલો જમાલ ચોકમાં માર ખાતો હતો અને અલકકિશોરી પરસાળની મેડી પરના ઊમરા પર માના ખોળામાં પડીપડી ડૂસકાં ભરતી હતી, તે વખત અગાશીમાં હેરાફેરા કરતો બુદ્ધિધન ભ્રૂકુટી ચઢાવી, મૂછ પર હાથ નાખી બોલી ઊઠ્યો હતો કે ‘સંભાળજે! શઠરાય! હવે હું અસ્ત્ર નથી! એ તો હું!’ બૂમાબૂમમાં આ શબ્દ કોઈએ સાંભળ્યા ન હતા અને અંધારામાં ભ્રૂકુટી ચડેલી કોઈએ દીઠી નહોતી.

આમ અમાત્યનું મગજ ચકડોળે ચડ્યું હતું. અને દિને દિને વધારે વધારે સહેજ સહેજ નિમિત્તથી ચડતું હતું. એક દિવસ તો પ્રાત:કાળમાં ઊઠ્યો. દેવી રોજ વહેલી ઊઠતી હતી પણ આજ કાંઈક મોડી ઊઠી અને બુદ્ધિધન પહેલો ઊઠ્યો; પથારીમાં બેઠો થયો; પતિવ્રતાના મુખ સામું જોઈ રહ્યો; તેને પહોંચેલા અપમાનનું વેર લેવાયું નથી અને તેથી પોતે હજી દેવાદાર છે એમ મનમાં લાગ્યું. કમળની પાંખડીઓ પેઠે બિડાયેલી નાજુક આંખો, ઉશીકાની આસપાસ વેરાયેલા છૂટા લાંબા કાળા કેશ, ચળકતું ભવ્ય કપાળ, પક્વબિમ્બાધરનું સંપુટ, અને ઉજાસ મારતા લોભાવતા કોમળ ગાલ — સર્વ જોતાં મનોવૃત્તિ લલચાઈ. નાની ઉમ્મરના અને આજના દેખાવમાં ફેર લાગવા છતાં સુંદરતા કમી લાગી નહીં અને પોતાના અંત:કરણમાંથી વહાલની સેર વધારે જોસભેર વછુટી વૈર લેવાયું નથી ત્યાં સુધી આ સર્વ વહાલ લૂખું અને ઠગાઈ ભરેલું લાગ્યું. એ કલંક પોતાને માથેથી એકદમ ઉતારવા ઠરાવ કર્યો અને મનમાં ને મનમાં દેવીને વચન આપી હાથ ઊંચો કરી બોલી ઊઠ્યો: ‘દેવી! મને બાયલો ધારીશ નહીં. હવે,

‘રણ વચ્ચે પડે બૂમડી ત્યાં જોજે મારો હત્થ! [૧]

એમ કહી હસ્યો, દેવીના મોં સામે બરોબર ફર્યો, હાથ વતે ગાલ સંપુટ સાહી-દાબી નીચો પડ્યો અને લાંબા કરેલા ઓઠ દ્વારા નિદ્રાવશ ઓઠમાં, ને ઓઠમાંથી મગજમાં આત્મામૃત રેડ્યું. દેવી જાગી, અમૃતપાનથી સ્મિત બની અને પ્રત્યાઘાતરૂપ તેના મનહર સાકાર વિકારને મંગળ શકુન ગણી — સત્કાર આપી — બુદ્ધિધન ઊઠ્યો અને કર્તવ્ય કામનાં વૈરભાવ વગેરે

સાધનોમાં ઉત્સાહ ઉમેર્યો. કારભારી થવાના ઉત્સાહની ગંગામાં આ ઉત્સાહનદી વેગથી ભળી.

આણીપાસ શઠરાયે પણ બુદ્ધિધનને દૂર કરવા ઠરાવ કર્યો હતો. ઘણાં વર્ષ સુધી એણે કારભાર કર્યો હતો અને નિષ્કંટક સત્તા ભોગવી હતી. કંટક રાખવો નહીં એ તેનો નિશ્ચય હતો. ભૂપસિંહનો ડર હવે તેના મનમાંથી જતો રહ્યો હતો, પરંતુ બુદ્ધિધનની બીક તેને લાગવા માંડી. બીક તો મૂળથી જ હતી. પરંતુ રાણાની બીક હતી ત્યાં સુધી અમાત્યની બીક જણાઈ પડતી ન હતી. ભૂપસિંહ પોતાની પાસે શૂન્ય જેવો વસતો અને માત્ર બુદ્ધિધન કાળ જેવો લાગતો. એ કાટો કાઢી નાંખવો અને તેમ કરવામાં ભૂપસિંહ પ્રતિકૂળતા બતાવે તો તેનું પણ ઓસડ કરવું એ સર્વ લક્ષ્યનાં સાધન શઠરાય ચલાવતો હતો.

એક મ્યાનમાં બે તલવારો કોઈ ઠેકાણે સમાઈ સાંભળી નથી. જ્યાં સુધી બુદ્ધિધન અને શઠરાય એકબીજાને નમીને ચાલતા હતા ત્યાં સુધી સર્વ સમું ચાલ્યું. પરંતુ,

'અભિલાષી એક બાતકો યામે હોત વિરોધ.'

વિરોધ તો ગુપ્ત હતો જ, પરંતુ જૂનો સમો બદલાયો અને બુદ્ધિધનને પોતાનો પાયો સ્થિર લાગ્યો એટલે દેખીતી ઇમારત ચણવાનો પ્રસંગ આવ્યો. એનો તનમનાટ શઠરાય કળી ગયો, બુદ્ધિધનની જ બુદ્ધિથી ભૂપસિંહ શઠરાયના હાથમાં જતો જણાયો, અને શઠરાયે તેમ જાણ્યું અને ધાર્યું કે ભૂપસિંહ બુદ્ધિધનનાથી પૂરો જુદો પડતાં વાર નહીં લાગે. બુદ્ધિધન જેવા ચાંચડને મસળી નાખવામાં એને કાંઈ મુશ્કેલી લાગી નહીં. ખટપટમાં તે અનુભવી હતો. ઘણી કળાઓ તેને આવડતી હતી. ફલાણું કામ કરતાં ચિત્ત અટકે એમ ન હતું. ઘણી મિલકત અને ઘણાં માણસ તેનાં પોતાનાં હતાં. ભૂપસિંહની કૃપા, ઈશ્વરે આપેલી બુદ્ધિ અને તેથી મળેલાં ફળ, થોડાંક પણ સાચાં માણસો અને સાધારણ દ્રવ્ય: એટલામાં બુદ્ધિધનનાં સાધનોનો સમાવેશ થઈ રહ્યો હતો.

સંસ્થાનો વડો ન્યાયાધીશ શઠરાયનો ભાઈ કરવતરાય હતો. અમાત્ય થયા પછી કરવતરાયના ફેંસલા ઉપર ભૂપસિંહ પાસે અપીલો જતી અને એની જોડે અમાત્ય બેસતો અને અમાત્યના જ કહ્યા પ્રમાણે થતું. આ કામ કરવાનો સમય બપોરનો રાખ્યો હતો. તે વખતે સ્વાભાવિક રીતે રાણાને અને અમાત્ય એકલાને પડવાનો પ્રસંગ આવતો. પ્રથમ તો બુદ્ધિધન ઝાઝું વચ્ચે ન પડતો પણ આખરે ઉઘાડા પડવાનો પ્રસંગ વધારે વધારે પાસે આવ્યો તેમ તેમ કરવતરાયના ફેંસલા ફરવા માંડ્યા અને એમ થયું એટલે એને મળતી દક્ષિણા પણ ઓછી થઈ. આ હુમલાની ખબર શઠરાય પાસે જતાં તેણે ઔષધ શોધવા માંડ્યું. કલાવતી કરીને એક નાજુક, પાતળી, ગોરી અને સુંદર ગાનારી નાયકાને દુષ્ટરાયે મુંબઈથી આણી સુવર્ણપુરમાં

વસાવી હતી. તેને એક દિવસ દરબારમાં ગાવા આણી. રાણાને ગાયન ગમ્યું અને હળવે હલવે દરબાર વેરાઈ જાય તોપણ શીખવી મૂકેલા દરબારીઓની સૂચનાથી તે વધારે વાર બેસતી અને રાણો ના ન કહેતો. મંડળ થોડું હોય ત્યારે એનાં ગાનનાં વખાણમાંથી શરીરનાં વખાણની વાત કાઢવામાં આવતી. મૂર્ખ રાણો તે પ્રીતિથી સાંભળતો, અને આઘે બેસી ગાતી હોય અથવા ઊભી ઊભી ફરતી ફરતી નાચતી હોય તે વખતે તેના જાણી જોઈ નિર્લજ્જ અવસ્થામાં રહેતા — આવી જતા — અવયવો ઉપર રાણાની આંખ લાચાર બની ઠરતી. તોપણ બુદ્ધિધનની બીકે તે ઝાઝું ન બોલતો. એમ કરતાં એક દિવસ તો ખાનગીમાં — બુદ્ધિધનની ગેરહાજરીમાં — તેણે એની ખૂબી વખાણી અને શઠરાયે પોતાનો કરી મૂકેલો મ્હાવો ખવાસ હાજર જ હતો. તેણે સમયસૂચકતાથી કલાવતીને મહારાણાની સેવામાં હાજર કરવાનું માથે લીધું. રાણાએ ના ન કહી અને એક દિવસ બપોરે તેને રાજમહેલમાં આણી — રાજમહેલ અપવિત્ર કર્યો — સુવર્ણપુરના રાણાના શરીરને દૂષિત કર્યું — તેના મનને ભ્રષ્ટ કર્યું અને સુવર્ણપુરની પ્રજાને માથે અતિ નીચ શોક્ય લાવી બેસાડી. બપોરે ન્યાયનું કામ કરવા બેસવું તે ભૂપસિંહને વસમું લાગવા માંડ્યું. હજુરિયા તે વાત સમજ્યા. ખાનગી કારભારી નીચદાસે વાત કાઢી: ‘રાણાજી! આપને કાંઈ ઈશ્વરે આ વૈતરા સારુ સરજેલા નથી. કરવા દોને અમાત્યને જ એ કામ.’ અમાત્યને કોણ કહે? નીચદાસે શઠરાયને સમાચાર કહ્યા. બુદ્ધિધનના દેખતાં શઠરાયના શીખવી મૂકેલા જગાભાઈ ચારણે પ્રસંગ આણી કવિત ગાયું:

‘ભલો ભલો ભૂપ ભૂપ, ગુણ રૂપ બે અનુપ,

રાતદિન રાજકાજના જ સાજમાં જ આજ

ચિત્ત વિત્ત સર્વ દીધ, રીધ, સીધ એ જ કીધ,

મોજશોખ ને વિલાસ છોડી દીધ છે વિહાર!

ભલો ભલો ભૂપસિંહ! થા તું હવે સિંહ, સિંહ!

દિવસમાંહી એક વાર હોય તાહરે શિકાર!

રૂડી ઘટાઘાડીવાળી, ઝાડીમાંહી રહેવું દહાડી -

એ જ મૃગરાજતાજ, રાજને શું બીજું કાજ?’

‘ભલો, ભલો, ભૂપ ભૂપસિંહ!’ કરી ચારણે હાથ જોડયા અને બોલ્યો: ‘દીનાનાથ! મારા જેવાનેય રાતદિવસ વૈતરું ને આપના જેવાનેય વૈતરું — એ કાંઈ હોય?’

બુદ્ધિધન જરીક ચમક્યો અને વહેમાઈ ચારણ સામું જોઈ રહ્યો. ચારણે નજર ચુકાવી.

શઠરાય: ‘ત્યારે જગાભાઈ, રાજકાજ ન કરે તો બેસી રહે! શું ઇનસાફ ન કરે?’

જગાભાઈ: ‘ઓય, ઓય, બાપજી! જ્યારે એ કડાકૂટોયે રાણોજી કરશે ત્યારે આવા વિશ્વાસુ અમાત્ય શું કરશે?’

આવી આવી વાતોથી પથ્થર ઘસાયો અને ભૂપસિંહનો જીવ કામકાજમાંથી ઓછો થયો. બપોરે બુદ્ધિધન આવે ત્યારે રાણો કહાવે કે ‘ચાલતું કરો, હું આવું છું.’ આખરે આવે અને કાગળ પર બે બિલાડાં તાણી આપે. બુદ્ધિધન સૌ જોયાં કરતો. પોતાના પરથી ભાવ ઊઠી શઠરાય પર ગયો ન હતો પણ તેમ થવાનો આ રસ્તો હતો. કલાવતી રોજ બપોરે આવતી તે એને માલૂમ પડ્યું. કલાવતીનો ઇતિહાસ માલૂમ પડ્યો. બપોરે રાણાને ત્યાં એ ને રાત્રે એને ત્યાં દુષ્ટરાય — એમ થતું. રાણો પૈસા ખરચે એટલે દુષ્ટરાય વગર પૈસે મોજ માણતો. મેરુલાને પણ ગમ્મત થઈ. એ નરભેરામની પાસે ફૂલ્યો ને નરભેરામે અમાત્યને બધી વાત કહી. હળવે હળવે રાણો નફટ થયો અને સેવા કરવાને બહાને રઘી ખવાસણ, રાણો ને કલાવતી એકાંતમાં હોય તે સમયે હાજર રહેતી. રઘી કલાવતીની પણ સેવા કરતી અને બેની માનીતી થઈ પડી હતી. મ્હાવા સાથે એને સંબંધ હતો, અને એ લુચ્ચો છતાં બધી વાતો એને મોંએ કરતો. મ્હાવો લંપટ હતો અને રઘી પૈસાની અને ઘરેણાંની લોભી હતી. મ્હાવો લુચ્ચો હતો પણ રઘીની પાસે ગરજ વખતે મૂર્ખ બની જતો. રઘી મૂર્ખી હતી પણ રમતિયાળ હતી અને મ્હાવાને ગરજ હોય ત્યારે ચેતતી અને એને ઠગતી, ધમકાવતી, લૂંટતી અને ફાવી જતી. બે જણને મહેલમાં યથેચ્છ વર્તવા પુષ્કળ સગવડ મળતી; મોટાનાં ઘર એવાં જ હોય છે. શઠરાયના ઘરમાં રઘીને સૌ ખેલાવતાં અને ખેલાવનારમાં અગ્રેસર નરભેરામ હતો. નરભેરામે રઘીને છાનાંમાનાં શીખવ્યું કે ‘રાંડ, જાને, રાણો ને કલાવતી હોય ત્યારે જઈએ ને બધી જાતની ચાકરી કરીએ. એમાંથી પૈસાવાળી થઈશ ને કોઈ દહાડો રાણાની રાણીયે થવાય!’ રઘીએ આ ખરું માન્યું અને તેનું ફળ આપણે જાણીએ છીએ. નરભેરામનો રઘી ઉપકાર માનતી અને બધી વાત સાંભળતી તે નરભેરામ કલાવે એટલે કહી દેતી. એક મ્હાવાએ કરેલી વાતો એ કોઈને કહેતી નહીં. નરભેરામે એક દિવસ કહ્યું: ‘રાંડ, મ્હાવો તારો ક્યારે કે એની વહુને રાણીએ નથડી આપી છે તે તને આણી આપે તો. ગમે એટલું પણ તું તે રાખ — રાખેલી.’ રઘી ઉત્સાહ આણી ઊછળી બોલી: ‘હા, હા, એ તો હું આણું.’ પણ નિષ્ફળ થઈ. મ્હાવાને વહુ પાસેથી મળે એમ હતું નહીં. મ્હાવે બહાનું કાઢ્યું અને રઘીને સમજાવી, પણ રઘીએ માન્યું નહીં. નરભેરામે ફૂલીને કહ્યું: ‘હં, લેતી જા. મારો મ્હાવો — મારો મ્હાવો — તે તારો નહીં નીવડ્યો હોય! વખત આવ્યે સૌ જણાય.’ મ્હાવાનો સંબંધ તો રઘીથી તૂટ્યો નહીં પણ જીવ જુદો થયો. મ્હાવાની વાતો થોડી થોડી નરભેરામ પાસે કરવા માંડી. રાણાને રણજિત નામનો ચોબદાર હતો. તેને

આંખ એક જ હતી. મેરુલાના પહેલાં એને રૂપાળી સાથે સંબંધ હતો. દુષ્ટરાયને માલૂમ પડવાથી તેનો ઘડોઘાટ કરવાનો વિચાર થયો હતો. જડસિંહના વખતમાં પોતે લીલાપુર ગયો તે પહેલાં બુદ્ધિધનને શઠરાયને ત્યાં જવાનો પરિચય હતો ત્યારે આ વાત કાને આવ્યાથી બુદ્ધિધને રણજિતને ચેતાવ્યો હતો અને ઉપાય બતાવ્યો હતો. તે ઉપરથી રણજિત શઠરાયને મળ્યો અને ફરિયાદ કરી કે ‘સાહેબ, દુષ્ટરાયની પાસે મારા વેરીઓ ખોટું ખોટું ભેરવે છે, માટે કૃપા કરી મારી બદલી કરો; ત્યાં રાખવો હોય તો હું રજા લઉં છું.’ દુષ્ટરાયથી ખરું કારણ કહેવાયું નહીં અને ‘મૂઓ, છો બીજે ઠેકાણે જતો’ કરી હરકત ન કરી. એ બદલીમાંથી આખરે રણજિત ચોબદાર થયો. તે હજી બુદ્ધિધનનો ઉપકાર માનતો હતો અને અંદરથી એના પક્ષમાં હતો. બુદ્ધિધને સમરસેન પાસે શિખવાડ્યું અને રણજિતે રઘી જતી આવતી હતી તે વખત મશ્કરી કરી અને એમ કરતાં કરતાં બેનો સંબંધ થયો એટલે મ્હાવાની બધી વાતો ફૂટવા માંડી. રઘી રાણીઓની પણ માનીતી હતી. નરભેરામ અને રણજિત બેની કમાન બુદ્ધિધનની બુદ્ધિ હતી અને એ બુદ્ધિના બળથી રાણાનો મહેલ, અંત:પુર અને દરબાર બુદ્ધિધનને મન પારદર્શક થઈ ગયાં હતાં. કલાવતી અમાત્યને પોતાના હાથમાં લાગી અને તેની કરેલી રજેરજ વાત પોતાની પાસે આવતી. હજી સુધી શઠરાયે તેને રાણાના બિગાડ સિવાય બીજા પ્રપંચની સહાયભૂત નહોતી કરી, કારણ તે કરવાનો સમય આવ્યો લાગ્યો ન હતો. એમ કરતાં કોઈ કોઈ વખત તે કહેવા લાગી: ‘હવે અમારો ધંધો પડ્યો એટલે અમે વગોવાઈએ. અમને સારાં કહેવડાવે એવી સ્ત્રીઓ અંત:પુરમાં ક્યાં નથી હોતી?’ ‘કર્ણદોષ થયો છે — ખરું ખોટું ઈશ્વર જાણે, રાણીઓની વાતો કોણ કરી શકે?’ ‘રાજબાની વાત સાંભળવામાં આવી છે.’ એમ ક્રમે ક્રમે ચડી.

આખરે નરભેરામે કાગળ આપ્યા તે લઈ સવારના પહોરમાં બુદ્ધિધન દરબારમાં ગયો અને રાણાના ખોળામાં કાગળો નાંખ્યા. કંઈક આંસુભરી આંખે બોલ્યો: ‘રાજબાને મેં માતુશ્રીને ઠેકાણે ગણ્યાં છે. આ કાગળો જોઈ મને કંપારી વછૂટે છે. એ કાગળ વાંચી લો. શઠરાય મ્હાવા મારફત તમને બતાવશે. તમારા મનમાં લેશ પણ વહેમ હોય તો મને કહેજો. હું રાજીનામું આપી તમને આશીર્વાદ આપી તમારી ચડતી જોઈ રાજી રહીશ.’ રાણાને દયા આવી અને ઊઠી જૂના મિત્રનાં આંસુ લોહી બોલ્યો: ‘બુદ્ધિધન, તમારો મારે પૂર્ણ વિશ્વાસ છે. તમારે લીધે મારા આ દિવસ છે. આ તરકટી કાગળો મારી પાસે આવવા દો. આપનારને હું ફાંસીએ ચડાવીશ. શા વાસ્તે તમે શઠરાયનો ઉપાય કરતા નથી?’

કાગળો લઈ બુદ્ધિધને શિખામણ આપી: ‘આ કાગળો મ્હાવો આપે ત્યારે લેજો. માનતા હો તેમ જણવજો. મારા પર દ્વેષ જણવજો અને

શઠરાયના હો તેમ બહારથી ચાલજો.' બીજી જોઈતી સૂચના આપી અમાત્ય ઘેર ગયો.

મ્હાવાએ બપોરે કાગળો રાણાને આપ્યા. રાણો કોપાયમાન દેખાયો, બુદ્ધિધનને પાયમાલ કરવાની ગર્જના કરી, શઠરાયને બોલાવ્યો, સૌ વાત કહી, શઠરાય મનમાં ફૂલ્યો, અને વચન આપ્યું કે બુદ્ધિધનનું મોં તમારે જોવું ન પડે એમ કરી આપું. રાણો કહે: 'અમાત્યનું કામ માથે લેવા કોઈ માણસ તૈયાર રાખો અને આપણું ધાર્યું થાય ત્યાં સુધી અમાત્ય જાણે નહીં એમ કરજો.' કારભારી વિચાર કરી કહે: 'નરભેરામને આપની સાથે હજૂર સેક્રેટરી કરી રાખો. બુદ્ધિધનની પ્રથમ જગા એ જ હતી. એને નીમશો તો અમાત્ય વહેમ નહીં ખાય ને નરભેરામ તરત સૌ કામ શીખી જશે.' એ પ્રમાણે થયું.

બેચાર દિવસ પછી ચૈત્રી પડવો હતો. તે દિવસે દરબાર ભરાવાનો ત્યાં સૌ ખેલ રચવાનું નિર્માણ થયું. બુદ્ધિધને પૈસા ખાધેલા — ન્યાયમાં કૂંડાળાં વાળેલાં — તેની ચાડી ખાવાનું ભારેખમ પણ બેશરમ ગરબડદાસે માથે લીધું. મ્હાવાનો ભાઈ ખોડો થોડા દિવસ લીલાપુર ટપાલખાતામાં હતો તેણે રાજબાવાળા કાગળો ઉઘાડા કરવાનું માથે લીધું. તેણે પોતાની પાસે કાગળો શી રીતે આવ્યા તેની હકીકત જોડી કાઢી. રાજબાની વાતમાં સાક્ષી પૂરવાનું નરભેરામને માથે પડ્યું. રાણો ગુસ્સે થાય અને હુકમ કરે કે દુષ્ટરાયે બુદ્ધિધનને પકડવો અને એનું ઘર જપ્ત કરવું એ નક્કી થયું. રાણાને માથે કામ નાંખવામાં આવ્યું કે બુદ્ધિધનને માથે આવેલા ચાર્જનો ઇનસાફ કરવતરાયને સોંપવો. દુષ્ટરાયે રાણાના કાનમાં કહ્યું: 'બુદ્ધિધનને પકડ્યો એટલે એના ઘરનાં ત્રણે બૈરાંને આપની પાસે લાવીશું. બહુ દેખાવડાં છે.' રાણાને કંપારી છૂટી પણ મનોવૃત્તિ સંતાડી. દરબારમાંથી નીકળ્યા પછી રસ્તામાં જ શઠરાયે કરવતરાયના કાનમાં વાત કરી: 'તારે માથે વળી શું કરવા જોઈએ? પોલિટિકલનું લફરું આવી બેસે. રણજિત, મ્હાવો, ને એ બધાને સમજાવીશુ એટલે છાનીમાની કાશ કાઢશે. લોક જાણશે એણે આપઘાત કર્યો. રાણાને કહીશું કે રાજબાની કોર્ટમાં ફજેતી થતી અટકી. ઠીક પડશે. ટૂંકું ને ટચ.' પાપમાં વૃદ્ધ થયેલાને આ વિચાર ખૂંચ્યો સરખો નહિ. 'બુદ્ધિધન મૂઓ, રાણો કલાવતીમાં પડ્યો, અને રાણીઓને એક છોકરો કરી આપીશું એટલે પછી બીજું શું જોઈએ?' રાણીની દાસીઓમાં બેત્રણ સગર્ભા રાખી કે ઝટ લઈ અદલાબદલી થાય અને જડસિંહની રાણીની બાબતમાં થયું એમ ન થાય. શઠરાયની ખાતરી થઈ કે હું અને મારા પછી દુષ્ટરાય બેના કારભારનો તો બ્રહ્માએ લેખ કરી આપ્યો — રાણીને ખોટો છોકરો, એટલે છોકરો ને મા બે જણ હાથમાં! પરણ્યા પહેલાં સીમંતના વિચાર થઈ ગયા!

ચૈત્રી પડવે નવું વર્ષ તેમ રાણાનો જન્મદિવસ હતો. બે દરબાર, એક સવારે અને એક સાંજે, એમ ભરાતા. સવારના દરબારમાં બુદ્ધિધનને

પદવીભ્રષ્ટ કરવાનું ઠર્યું. એ દરબારમાંથી પાછો નીકળે તે જ સમયે સિપાઈઓને સ્વાધીન કરવાનું પણ નક્કી થયું. દુષ્ટરાયને આ બાબતમાં કેટલીક ગોઠવણ કરવાની આવી અને તેણે કહ્યું કે: ‘તારા સિપાઈઓ થોડીક વાર એને માન આપી એની સાથે ચાલે અને એને છૂટો ફરવા દે એમ રાખવું; દરબારની પાછળના ભાગમાંથી એને લઈ જવો.’ દરબારની પાછળ મોટો બાગ અને તેમાં ગલીકૂંચીઓ હતી. તે ગલીકૂંચીઓ ઉપર વેલા ચડાવી અંધારી જગા કરવામાં આવી હતી અને પક્ષીઓ રાખવામાં આવેલાં હતાં. જડસિંહના વખતમાં તેની રાણીઓ, દાસીઓ, કારભારીઓ અને બીજા હજૂરીઓનાં એમાં જુદે જુદે સ્થળે સંકેતસ્થાન થતાં. પાછળ એક શિવાલય હતું તેમાં દર્શન સારુ આવેલી સ્ત્રીઓને ફોસલવી, લલચાવી, ધમકાવી, છેતરી અને કોઈ કોઈ વખતે તો ઊંચકી આણી. આ ગલીઓમાં ગૂંચવવામાં આવતી અને સર્વ ભ્રષ્ટ મંડળમાં જડસિંહ પણ તે લાચાર સ્ત્રીઓ સાથે અનાચાર કરવામાં ભળતો. ભૂપસિંહ આવ્યા પછી બુદ્ધિધનના દોરથી આ સૌ બંધ પડ્યું હતું, અને એ રસ્તો માત્ર કલાવતીને જ કામમાં લાગતો. એ ગલીઓના મધ્યભાગમાં એક નાનું પણ પાતાળ પાણીવાળું ઊંડું તળાવ હતું. બુદ્ધિધનને એણીપાસ દોરવો — જવા દેવો અને તળાવ પાસે આવે કે મ્હાવાએ અને રણજિતે એક ગલીમાંથી નીકળી અચિંતો એને પાછળથી ધકકો મારી તળાવ પાસેના એક ખાડામાં ઊંધે માથે નાંખી દેવો, અને પીઠ પર ચડી બેસી ગળે ફાંસો દઈ મારી નાખી તળાવમાં ઝબકોળી પાછો ખાડામાં નાંખવો અને ડૂબેલાને બહાર કાઢી આસનાવાસના કરતા હોય તેમ કરવું એવી ગોઠવણ થઈ. દરબારમાં ઉઘાડા પડવાથી એણે આપઘાત કર્યો એમ ઠરાવી બાળી મૂકવો અને શઠરાયે અત્યંત શોક પાળવો એ પણ ઠર્યું.

રઘી ખવાસણે રણજિતને આ વાત કહી અને રણજિત દ્વારા બુદ્ધિધન પાસે આવી. રણજિત ઉપર કેટલો વિશ્વાસ રાખવો તે શંકા ભરેલી વાત હતી. રાણો ગમે તેટલું પણ ગરાસિયો — ગરાસિયો કોઈનો નહીં — તે પણ કલાવતીના હાથમાં ગયેલો! નરભેરામ પણ વખત આવ્યે કેમ વટલાય નહીં? આ અવિશ્વાસમાં અને અંતર્ભયમાં અમાત્ય અર્ધો થઈ ગયો. દેવી અને છોકરાંને જોઈ પાછળ તેમનું શું થશે એ વિચાર તેના મગજમાં ભમતો.

‘ત્રુટી સરખી ઝૂંપડી ને લૂંટી સરખી નાર,

સડ્યાં સરખાં છોકરાં મને મળ્યાં ન બીજી વાર!”

સુદામાચરિત સૌભાગ્યદેવીને મોંએ હતું તે એ અને વનલીલા બેસી ગાતાં ત્યારે આ કડી એક દિવસ કાનમાં પડવાથી બુદ્ધિધનના મનમાં કંઈક થઈ આવ્યું — તેનું હૈયું ભરાઈ આવ્યું — આંખમાં આંસુ આવ્યાં. અચિંત્યો ઊઠી મોં ધોઈ લોહી કામે વળગી ગયો. આવા પ્રસંગ હાલમાં ઘણા આવતા. પોતે કારણ પૂરું જાણતો ન હોવા છતાં સૂતો સૂતો નવીનચંદ્ર આ અવસ્થા કદી આઘેથી દેખતો, વિસ્મય પામતો અને દયા

આણતો. આ અવસ્થા બુદ્ધિધનને થઈ આવતી તે છતાં તેનું ધૈર્ય ગયું નહીં, તેની પ્રતિભા મીંચાઈ નહીં અને તેની બુદ્ધિની સતેજતામાં ન્યૂનતા આવી નહીં. મનની મોટાઈ કઠિનતામાં નથી, પણ કોમળ હોવા છતાં સંસારના ઘા સહેવામાં છે. મન મોટું તેમ તેની રસજ્ઞતા વધારે હોય છે અને તેના મર્મ કોમળ થાય છે. જ્ઞાનેન્દ્રિય તીક્ષ્ણ અને પટુ થાય છે તેમ તેમ રસેન્દ્રિય પણ તેવી જ થાય છે. મોટાં મન 'નઘરોળ' 'નઠોર' નથી હોતાં. માત્ર તેની સ્થિતિસ્થાપકતા વધારે હોય છે. તરવારના ઘાથી રૂ દબાય છે પણ કપાતું નથી. કદી કપાય છે તો પાછું એકઠું થઈ શકે છે. જડ પથ્થર પર પદાર્થ પડતાં એવો ને એવો રહે છે અથવા તો કટકા થઈ જઈ સંધાતો નથી. પણ પાણી પર પદાર્થ પડતાં પાણીનું અંત:કરણ ચિરાય છે અને પદાર્થને સમાસ આપે છે, પણ આખરે એ જ પાણી પોતાની મેળે એકઠું થઈ જાય છે. દેવતાઓને શસ્ત્ર વાગતાં નથી એમ નથી. પણ તેમના ઘા પોતાની મેળે જ રૂઝ છે. બુદ્ધિધનનાં મર્મસ્થળ બહેર મારી ન જતાં વધારે વધારે સચેત થયાં હતાં, પરંતુ તેમની સ્થિતિસ્થાપકતા બળવાન હતી.

વજ્રાદપિ કઠોરાણિ મૃદૂનિ કુસુમાદપિ

લોકોત્તરાણાં ચેતાંસિ કાऽત્ર પારયિતું ક્ષમ :

કુટુંબનો વિચાર કરતાં કુસુમથીયે કોમળ બનતું હૃદય કર્તવ્ય કામ વિચારતાં પથ્થર કરતાં કઠોર બનતું, વૈરભાવ વિચારી ફૂંફાડાં મારતું, શઠરાય આદિની દુષ્ટતા જોઈ કોપાયમાન થતું, ભવિષ્ય વિચારી કેસરિયાં કરવા તત્પર થતું, યુદ્ધપ્રસંગ પાસે જોઈ આતુર થતું, શત્રુની સ્થિતિ જોઈ બે હાથને એકબીજાની બાંયો ચડાવવા ઉશ્કેરતું, પોતાના બળની અજમાયશ કાઢી બળવાન બનતું, પુરાણી ઇચ્છાઓ પૂર્ણ થવાનો અવસર જોઈ ઉત્સાહ પામતું, સમૃદ્ધિ ખોળે બેસવા આવતી જોઈ પ્રફુલ્લ થતું, અને ઉદયસૂર્યનાં કિરણોને અવકાશ આપવા બુદ્ધિની પાંખડીઓને પહોળી કરતું.

ચૈત્રી પડવો પાસે આવતો ગયો તેમ તેમ મુંબઈનાં વર્તમાનપત્રોમાં સુવર્ણપુર વિષે ઉપરાઉપરી લગાણ થવા માંડ્યું. શઠરાયનો કારભાર, તેનું અંધેર અને તેમાં સુધારાની જરૂર; પ્રજા ઉપર જુલમ, ભૂપસિંહ ઉપર શઠરાયની ખરાબ અસર અને કલાવતીની વાત: ઇત્યાદિ વિષયોની ચર્ચાથી દિવસે દિવસે વર્તમાનપત્રોની કટારો ભરાવા માંડી. અંગ્રેજી પત્રોમાં તાન્ત્રિક લખાણ નહોતું આવતું, પણ લોકનાં ચર્ચાપત્ર આવતાં તે સ્વીકારાતાં. શઠરાયના મંડલમાં તે સર્વ વંચાતું અને બુદ્ધિધનને માથે એ લખાણની ઉશ્કેરણીનો આરોપ થતો. નરભેરામે કહ્યું: 'રાણાજીને આ બતાવવું જોઈએ — આ વાત અમાત્યને ન ઘટે.' શઠરાયે આ મત સ્વીકાર્યો અને દરરોજ નરભેરામ રાણા પાસે આવા પત્ર મૂકવા — વાંચી બતાવવા લાગ્યો. રાણો કોપાયમાન દેખાતો, અને નરભેરામને પણ કેટલીક વાર તે કોપ ખરો લાગતો. કલાવતીની વાત બાબત રાણાને ખોટું લાગ્યું પણ ખરું. બુદ્ધિધને કેટલીક વાત લખાવી હતી, રાણાને તે વિષે ભોમિયો રાખ્યો હતો, અને

આટલો બધો બુમાટ ઉઠાડવાની શક્તિ બુદ્ધિધનમાં જોઈ તે વિસ્મય પામ્યો. બુદ્ધિધને કહ્યું કે કલાવતીની વાત મેં ઉઘાડી પાડી નથી, પણ એ શબ્દ પર રાણાને પૂરો વિશ્વાસ ન આવ્યો અને અમાત્ય તે કળી ગયો. ગરાસિયા પર અવિશ્વાસ આણવાનું આ એક કારણ હતું.

પ્રજામાંથી ઘડીક પોકારની અરજો આવતી તે શઠરાયને કહી નરભેરામ રાણા સુધી જવા ન દેતો અને સંતાડી રાખતો; શઠરાયનો વિશ્વાસ નરભેરામ પર સંપૂર્ણ થયો.

કરવતરાયે કરેલા જુલમ બાબત એક વાણિયાએ સાહેબ પાસે અરજી કરી હતી. તે અરજી સરકારમાંથી એજંટ પાસે અને એજંટ પાસેથી દરબારમાં ખુલાસા સારુ આવી હતી. દરબારના મંત્રી નરભેરામે તે શઠરાય પર મોકલી. શઠરાયને નરભેરામે સુઝાડ્યું એટલે વાણિયાને કેદ કરી એની પાસેથી લખાવ્યું કે મને દરબાર તરફથી આખરે ઇન્સાફ મળ્યો છે. આ લખાણ સરકારમાં ગયું અને વણિક કેદમાં જ રહ્યો.

વર્તમાનપત્રોની નકલો અને પ્રજાપોકારની અરજીની નકલો સાહેબ પાસે પણ પરભારી જાય એ બંદોબસ્ત બુદ્ધિધને કર્યો. વાણિયાની સ્ત્રીને લીલાપુર મોકલી અને અરજી કરાવી. બસ્કિન્ સાહેબ બીજાં પ્રાંતમાં હતા તેમની સાથે પત્રવ્યવહાર ચલાવ્યો અને પોતાની સ્થિતિ કંઈક અંશે જણાવી. બસ્કિન્ સાહેબે ઉત્તરમાં એક આશ્વાસનપત્ર મોકલ્યું અને જણાવ્યું કે હું રસલ સાહેબને તારે વાસ્તે લખીશ. બસ્કિન્ સાહેબનાં મડમ વિલાયતથી આવવાનાં હતાં; તેમનો રસ્તો લીલાપુર થઈને હતો. બુદ્ધિધન પ્રમાદધનને સાથે લઈ તેમને મળી આવ્યો, મડમ સાહેબ મારફત રસલ સાહેબને મળ્યો, સંસ્થાની વાતો કરી, અને સાહેબને ખુલાસો મળતાં બોલ્યા કે, ‘સમય પડ્યે માગજો. હું સારી રીતે આશ્રય આપીશ.’ રસલ સાહેબનાં મડમ પણ મળ્યાં અને મેવામીઠાઈનો ઉપયોગી વિવેક થયો. સાહેબ પાસે ભૂપસિંહને જવાનો વિચાર કલાવતી આવ્યા પછી ફર્યો હતો. રાણાએ કરવાની વાત બુદ્ધિધને જ કરી. સાહેબના ઉપર રાણાનો કાગળ હતો, અને ઉત્તરમાં સાહેબે કાગળ લખ્યો તેમાં બુદ્ધિધનનાં વખાણ કર્યાં. લીલાપુર ખાતે સુવર્ણપુરનો એક વકીલ રાખવામાં આવ્યો હતો તે રોજ દરબારમાં ખોટા ખોટા અને અતિશયોક્તિ ભરેલા રિપોર્ટ કરતો ને વર્ણનની છટામાં લખતો કે આજ તો સાહેબ સાથે બે કલાક વાત કરી, આજ તો કારભારીનાં બહુ વખાણ કર્યાં, આજ તો કારભાર વખાણ્યો, ઇત્યાદિ ઇત્યાદિ. બુદ્ધિધન સાહેબને મળી આવ્યો તે બાબતે તેણે શઠરાયને એકબે લીટીઓ લખી અને જણાવ્યું કે બુદ્ધિધનને અત્રે કાંઈ માન મળ્યું નથી. શઠરાય ખુશ થયો. એ ખુશી ખોટી પાડવી એમાં બુદ્ધિધનને સ્વાર્થ ન હતો. બે મડમ સાહેબોએ પોતાની છબીઓ અમાત્યને આપી હતી અને ઉપર સ્વહસ્તે સહીઓ કરી હતી તે તથા સાહેબનો કાગળ બુદ્ધિધને રાણાને બતાવ્યો અને એ સર્વ મંડળ તરફથી મળેલા માન બાબત સંતોષ જણાવ્યો.

રાણાની ખાતરી થઈ કે એજંસીમાં બુદ્ધિધનની પ્રતિષ્ઠા બળવાન છે અને તે ધાર્યું કરે એમ છે. વર્તમાનપત્રો તથા સાહેબ બે ઠેકાણે પોતાનું બળ છે એ જણાવ્યાથી ભૂપસિંહ હાથમાં રહેશે એમ અમાત્યના મનમાં હતું. એ જણાવવાનો મનોરથ સિદ્ધ થયો. બરોબર ચૈત્રી પડવાથી એક દિવસ પહેલાં અંગ્રેજી પત્રમાં બુદ્ધિધનની બાબત લખાણ આવે એ બંદોબસ્ત કરવાનું નવીનચંદ્રને માથે પડ્યું. તેનામાં બેસવાની શક્તિ આવી હતી અને તે કામ તેણે ઉત્સાહથી સ્વીકાર્યું. પ્રકૃતિ સારી થાય તો પડવાના દરબારમાં જવા તેને અમિલાષ હતો અને તે અભિલાષ પાર પાડવા અમાત્યે કહ્યું હતું.

અમાત્યની નીતિ કારભારી પર ઘા કરવાની ન હતી પરંતુ તેને તેના પોતાના જ ખોદેલા ખાડામાં પાડવાની હતી અને તેમ કરવા સારુ યોગ્ય ઉપાય લેવા તે તત્પર હતો. દરબારને દિવસે કારભારીએ ધારેલા પ્રપંચ સામી ઢાલ રાખવાની પણ જરૂર હતી. ખટપટાસ્ત્ર સામું ખટપટાસ્ત્ર મૂકવાની તો યોજના હતી જ; પણ વખત છે, ધારેલી સિદ્ધિ ન થઈ અને કાંઈક હરકત પડી તો દુષ્ટરાયની પોલીસના હાથમાં ન પડવા સારુ યોગ્ય ઉપાય તેણે શોધ્યો.

અણીને સમયે દુષ્ટરાયને દરબારમાંથી ઘેર જવું પડે એવી યુક્તિનો અમલ નરભેરામને સોંપ્યો, તે એવા વિચારથી કે ફોજદારની આંખની શરમ દૂર થતાં એના સિપાઈઓમાં કેટલાકને બુદ્ધિધનની શરમ પડવાનો અવસર મળે. એમ પણ ન થાય તો પોલીસને વશ કરવા રસાલાનાં માણસોને તત્પર રાખ્યાં. સમરસેનનો મોટો ભાઈ વિજયસેન રસાલામાં એક ટુકડીનો ઉપરી હતો. આ શાંતિના અને અંગ્રેજ સરકારની સત્તાના દિવસોમાં રસાલો કટાંતો હતો અને માત્ર શોભાકાર્યે સ્મરણમાં આવતો. દરબાર પ્રસંગે તોપો ફૂટે અને આનંદોત્સવ થાય ત્યારે તે ઉત્સવની પૂર્તિ સારુ રસાલાની એક ટુકડી ઉઘાડી તરવારે રાજમહેલમાં હાજર રહેતી. આ વખતે વિજયસેન અને તેની ટુકડી હાજર રહે એવો હુકમ થયો. વિજયસેન થનાર ઊથલપાથલની વાત જાણતો ન હતો. પણ બુદ્ધિધને સમરસેનને હુકમ આપ્યો હતો કે દરબાર સમયે મારા શરીર પાસે રહેવું, અને પ્રસંગ પડ્યે વિજયસેનને કેવી સૂચના આપવી તે શીખવી મૂક્યું. પોતે દરબારમાં જાય તે સમયે ઘરનો બંદોબસ્ત રાખવા બેત્રણ વિશ્વાસુ રજપૂત સિપાઈઓ અને આરબોને વરદી આપી અને ખાનગી કહી મૂક્યું કે હું આવું ત્યાં સુધી કોઈ પરભાર્યા માણસને ઘરમાં ન જવા દેવો અને ફોજદાર અને તેનાં માણસોથી સાવધ રહેવું. સ્ત્રીવર્ગને સખત હુકમ થયો કે તે સમયે ઘરમાંથી બહાર ન નીકળવું. આ સર્વ સૂચનાઓ સિવાયનો સર્વ બંદોબસ્ત સાધારણ હતો, પણ સૂચનાઓ સૌને અસાધારણ લાગી. સૂચના ઉપરાંત કાંઈ વાત કોઈને ખબર ન હતી અને તર્કવિતર્ક કરતાં સૌ માણસો સૂચનાઓનો અમલ કરવા તૈયાર બન્યાં અને એ વિચિત્ર દિવસમાં શું બનવાનું છે તે જોવાં તળેઉપર થઈ રહ્યો.

ફાગણ વદ અમાસની રાત્રે અમાત્યના ઘરમાં આ સ્થિતિ હતી. કાલ કેવી પડે છે ને કાલની રાત કેવી જશે તે જોવા સૌ આતુર થઈ રહ્યાં. ઉનાળામાં વગર પવનની રાત્રે ઊકળતી પથારીમાં સૂત હોય તેમ બુદ્ધિધને આખી રાત પથારીમાં તરફડિયાં માર્યાં અને ત્યાં સુધી મેડીની છત સામી ઉઘાડી આંખો જોઈ રહી. તેને મીંચાવવા સૌભાગ્યદેવીની શય્યા અશક્ત નીવડી. આખરે છેક બે વાગતે થાકીને નિદ્રા જ આવી અને ચતા સૂતેલાને કલાંઠી બદલવા ન દીધી. રાજ્યચિંતાએ ગ્રહેલા હૃદયમાં મારે સારુ કંઈ અવકાશ ખાલી છે કે નહીં તે જાણવા સારુ અથવા તો એ હૃદયને પકડી પોતાને સ્વાધીન રાખવા સારુ ઊંઘતી અબળાને જાગતો હાથ જૂના મિત્રની છાતી પર પડાવ નાંખી રહ્યો હતો.

---

૧ . ભવાઈસંગ્રહ-સુરો સામળો

૧૧. દરબારમાં જવાની તૈયારીઓ

ઘણા લોક જેની વાટ જોઈ રહ્યા હતા એ ચૈત્ર સુદ પડવો આવ્યો. ઊગતા મળસકામાંથી દરબારીઓનાં ઘરમાં ચંચળતા વ્યાપી ગઈ. શઠરાય નાહીધોઈ તૈયાર થવા લાગ્યો. નરભેરામ કારભારીની સેવા બજાવવા સૌથી પહેલો આવી ઊભો. સિપાઈઓ બારણા આગળ ગરબડ મચાવતા એકઠા થવા લાગ્યા. શઠરાય જરાક નિરાંત વાળી ગાદીતકિયે બેઠો, એક ચાકરે તેને બંડી અંગરખું પહેરાવ્યું તે પહેરી આદર્શ (તકતો) મંગાવી વિચાર કરતો કરતો તેમાં મોં જોતો જોતો મૂછો આમળતો કારભારી બેઠો. નરભેરામ આમથી તેમ હેરાફેરા કરતો હતો તે જરાક ઊભો અને કારભારીને જોઈ મનમાં બોલ્યો:

‘મુખડા ક્યા દેખો દર્પનમેં?

નહીં કછુ દયા ધર્મ હે દિલમેં?’

‘હે ઈશ્વર!’ કરી માથું અને શરીર કંપાવતો કંપાવતો બીજી દિશામાં ચાલ્યો.

દુષ્ટરાયની મેડીના બારણા આગળ પોલીસ સિપાઈઓની ઠઠ બાઝી હતી. એ અંદર એક પલંગ પર રૂપાળી સાથે બેઠો હતો. રૂપાળી, કપડાં આણતી આણતી, જવાની ત્વરામાં મદદ કરતી હતી, દુષ્ટરાય, કપડાં પહેરતો પહેરતો, રૂપાળીની સાથે કંઈ કંઈ અટકચાળાં કરતો કરતો, પોતાની હોશિયારીની બડાશો બાયડીને સંભળાવતો હતો. બુદ્ધિધનના ભાગ્યની મશ્કરીઓ કરતો હતો, અને ‘આજ રાત્રે તો અલકકિશોરી, કુમુદસુંદરી અને સૌભાગ્યદેવીને પણ આવી આવી અવસ્થામાં આણવાનાં છે — મારું ફક્કડપણું આમ જણાવવાનું છે’ ઇત્યાદિ વાતો પ્રફુલ્લ અને આનંદમગ્ન બની કરતો હતો, અને પરપુરુષલંપટ કુલટા પતિની સ્ત્રીલંપટ બડાશો સાંભળી પોતે સૌભાગ્યની સીમાએ પહોંચી સમજતી હતી.

સર્વ પાસ ગરબડ મચી રહી હતી અને સૌ વાતોમાં, આમતેમ ફરવામાં, કંઈ કંઈ હુકમ કરવામાં અથવા અમલમાં આણવામાં ગૂંથાયાં હતાં એવામાં નરભેરામે મેરુલાને શોધી કાઢ્યો. મેરુલો એક ઠેકાણે ઊભો ઊભો ખલકનંદાનાં લૂગડાંની ગડીઓ કરતો હતો. પાસે એક ત્રાંબાનું પવાલું ઊંધું પડ્યું હતું તે પર ઉઘાડે માથે લાંબી ચોટલી છૂટી રાખી નરભેરામ બેઠો.

‘આજ તો કાંઈ બહેનનાં લૂગડાં સમાં કરવા માંડ્યાં છે?’

‘હાસ્તો કરવાં કની.’

‘બહેન ખરાં કની.’

‘એ તો હોય તો ના કહેવાય?’

‘હા, ભાઈ, હા, તારોયે વારો છે. ગોપીઓમાં કહાન, નહીં મહાલું તો ભોગ. જમાલ ગયો એટલે તારે એકનાં બે થયાં. અલ્યા, જમાલનું કાંઈ જાણ્યું?’

‘મૂઓ તરકડો. કોણ જાણે ક્યાંયે કોહી જતો હશે. બલા ગઈ.’

‘અલ્યા, પણ તેં વાત ઉડાવી. તારી બહેનની વાત ન કહી.’

‘બહેન હોય તેની. જુઓ નરભેરામભાઈ — આપણે તો ચોખ્ખા માણસ! મોટી એટલી મા ને નાની એટલી બહેન.’

‘ને સરખી એ?’

‘સરખી એ તો મારે સમાણી. જમાલની સરખી તે મારેય સરખી.’

‘અલ્યા, પણ રૂપાળી અદેખાઈ નથી કરતી?’

‘શી બાબત અદેખાઈ કરે? એને ગરબડ મળ્યો તેની હું અદેખાઈ કરું છું? એનેયે બે ને મારેયે બે.’

‘એ ગરબડ મારો વહાલો જોને પેધો પડ્યો છે!’

‘ભાઈસાહેબ, કહું? ગરબડે કરી ગરબડ. અમારા કારભારી કારભારમાં પડ્યા ને ફોજદારી કરવા ગયા. ઘરમાં બેમાંથી કોઈ ન હોય ત્યારે ગરબડદાસ બેને મળવા આવે ને તે પાછા ફરવાના એટલે વાટ જુએ. બુદ્ધિધનને ખરાબ કરવામાં એનું કામ, એટલે સદર પરવાનગી મળેલી તે ભાઈને પાછા કાઢવાનો અમને અખત્યાર નહીં. એટલે એકલા દીવાનખાનામાં બેસે ને બારીએ ડોકિયાં કરે ને અગાસીમાં પણ હેરાફેરા કરે.’

‘ત્યારે તેવામાં તું ક્યાં મૂઓ’તો જે?’

‘અરે, ભાઈસાહેબ, હું તો પેલા કામમાં રોકાયો હતો કની, તેમાં એનું ફાવ્યું, હં. એણે તો આમ કરવા માંડ્યું. પછી કની તે ખલકબહેન — બહેન એના ભાઈની — તો એને સાસરે હોય એટલે રૂપાળી પડે એકલાં. ચોકમાં આવે — માથે ચોટલો છુટો રાખે, ને પેલો ઉપર ઊભો હોય.’

‘તે જાણી જોઈને કે?’

‘ના, ભાઈસાહેબ. પહેલું તો અજાણમાં. એ તો એવી એને ટેવ જ છે. પછી તો એક દિવસ ગરબડથી છાનાં રહેવાયું નહીં તે તે ખોંખાર્યો. પછી તો જાણો જ છોસ્તો. અગાશીમાં આવજાવ થવા માંડી!’

‘તેં બધી વાત શાથી જાણી?’

‘કંઈક નજરે પડી ને બાકીની ફોસલાવી ધમકાવી મનાવી.’

‘ત્યારે આજ ગમત પડશે.’

‘હાસ્તો. મોટાં માણસો દરબારમાં કારભારની ઊથલપાથલ કરશે. મારા જેવા માણસ એમના ઘરનો કારભાર કરશે. એક પાસ રૂપાળી ને બીજી પાસ લટકાળી. પણ ભાઈસાહેબ, આજ દરબારમાં કેટલી વાર થશે?’

‘એ બાર વાગ્યા સુધી ત્યાં રોકાશે. તારે ત્યાં સુધી રાજધાની છે. તને ખબર નહીં હોય ક્યાં સુધી દરબાર છે તેની?’

‘મને તો સાંજના દરબારની ખબર છે, અલકકિશોરી અને બધાંને પકડી આણવાનાં છે તે વખતની. ત્યારે હું બાર વાગ્યા સુધી ઘરનો રાજા!’

‘આજ તો સિપાઈઓયે સાથે આવવાના છે. તું ફિકર ન કરીશ. સૌ પહેલો હું આવીશ ને છેક બારણેથી બૂમ પાડીશ.’

‘પાડ તમારો.’

‘જો ભોગ હશે તો બાર વાગ્યા પહેલો બીનીશ.’

‘અરે, ભાઈસાહેબ, આસપાસ ગોપીઓ ને વચ્ચે ખેલે કનૈયો. તેવે વખતે કેની તો શઠરાય જાતે આવે તોયે બીનું નહીંને! એ તો કરતા હોય સો કીજિયે. બધાને સમજાવું ને પહોંચું એવો છું.’

‘ફક્કડ! પણ અલ્યા બે સંપે છે ભલાં!’

‘સંપે નહીં? નણંદભોજાઈ આખું ગામ ધ્રુજાવે એવાં છે પણ મારી પાસે બકરીઓ—ગઉઆં.’

જે કુટુંબમાં વડીલવર્ગ સળેલો તે કુટુંબમાં સર્વ સળેલું હોય છે. ઉપરની નીતિઅનીતિનું છોકરાં અને ચાકરો સૂક્ષ્મ અવલોકન કરે છે, ઉપરીના ઉપર જેટલું માન તેટલા માનનો આરોપ તેની નીતિઅનીતિ ઉપર મૂકવામાં આવે છે. અને તેને જ ઉત્તમ ગણવામાં આવે છે, તેનું જ દૃષ્ટાંત લેવાય છે, તેનું જ અનુકરણ થાય છે, અને તેનાં જ પુણ્યપાપ આખા કુટુંબને તો શું પણ તેની સાથે સહવાસ કરનાર સર્વને વળગે છે. જો આમ ન હોય તો શઠરાય જેવા ઉગ્ર કારભારીની જ વહાલમાં વહાલી વહુદીકરી ઉપર એક હલકો ચાકર આટલું જોર શી રીતે કરી શકે? સ્વર્ગ અને નરક બે વાનાં ઈશ્વર આ જગતમાં જ દેખાડે છે તેનાં દૃષ્ટાંત બુદ્ધિધન અને શઠરાયના ઘરમાં જ પ્રત્યક્ષ છે. આ પ્રમાણે વિચાર કરતો કરતો નરભેરામ મેરુલા પાસેથી ઊઠ્યો.

એટલામાં સૌ એકઠા થયા. ચપોચપ જોડા પહેરવા મંડી ગયા અને સરઘસ ધીમે ધીમે ઝૂલતું ઝૂલતું દરબાર ભણી ચાલ્યું. નરભેરામે દુષ્ટરાયને શોધી કાઢ્યો — એનો સંગાથ કર્યો — સૌથી આગળ નીકળી આંગળીએ વળગી બે ગૃહસ્થો જેવા એકલા પડી ચાલ્યા. એકબે સિપાઈઓ બારણું સાચવવા રહ્યા. રૂપાળી બારીએ સૌને જતા જોતી ઊભી. દુષ્ટરાયે પાછા ફરીને તેના મોં સામું જોયું ને મલકાયો. અને છાતી કાઢી મનમાં ફૂલ્યો. સૌ

નજર બહાર થયા એટલે રૂપાળી નીચે ઊતરી. મેરુલો નીચે બેઠો બેઠો કાંઈક કામ કરતો હતો તેના વાંસા ઉપર પડી. થોડી વારે ખલકનંદા આવી. મેરુલાને આસપાસથી ગળે બાઝી બે જણી હીંચકા ખાવા લાગી. એ સ્થિતિ ન કલ્પતા શઠરાયનું સરઘસ બુદ્ધિધનનો વિનાશ કરવા દરબાર ભણી વધતું હતું. પરવિનાશની નિ:સંશયતાની કલ્પના મનપાત્રમાં ઊકળતી ઊકળતી ઊભરાતી હતી અને તેના જોરથી અહંકારનું ઢાંકણું તે પાત્ર પર ઘડીઘડી ઊછળતું ખખડતું હતું.

નરભેરામ: ‘કહો, ફોજદારસાહેબ, આજ તો પુરવેગમાં છો?’

દુષ્ટરાય: ‘હાસ્તો.’

‘હવે જડસિંહના વખતમાં ચાલતું હતું એટલું ચાલવા માંડશે?’

‘એમાં કાંઈ વાંધો કે? અરે જુઓને!’

‘પણ દરબારને જ રંગમહેલ કરી મૂકતા હતા તે કાંઈ થશે?’

‘એ પણ વખત આવશે.’

‘કરોને આજ જ શ્રી ગણેશાય નમ:!’

‘શી રીતે?’

‘આજ તો નાચ હશે.’

‘તે?’

‘તમારાં કલાવતીબાઈ વેશ બદલવા ઓરડામાં જશે કની? આપણેયે સાથે ભરાયા. સદર પરવાનગીવાળા માણસ છો.’

‘ના, ના, આજ શું? આવશે વખત.’

‘હિંમત ક્યાંથી મળે જે! જાઓ મારા સાહેબ, બહાદુર થાઓ. એ તો હમ્! કારભાર તે તમારો જ છે કની! એ તો સ્વાહા! કરો મંગળાચરણ! પછી તો તમે જાણો.’

‘રાણો ચેતે તો ખોટું.’

‘ચેત્યો, ચેત્યો, એ શું ગરાસિયો સમજવાનો છે? એ તો હુક્કો ફૂંકે.’

‘ત્યારે ઝંપલાવું? ખરે, એમાં શી હરકત છે? બહું વરસ થયાં છૂટ ભોગવ્યે.’

‘કંઈ હરકત નથી. હું રાણાનું ધ્યાન બીજી બાબતમાં નાખીશ.’

‘ઠીક છે ત્યારે. પણ બાપા જાણે ત્યારે?’

‘અંહ! આવા બીકણ બિલાડી તો કોઈ ન દીઠા. બાપાયે નાનપણમાં કિયા બીજા હતા જે? નાનપણમાં સૌ નાગું.’

‘જો જો, ત્યારે.’

‘હા. હા, હમ્. એ તો એ.’

‘ઠીક છે ત્યારે. જોજો આજ બંદાનાં પરાક્રમ. પણ તમે યાદ રાખજો!’

‘હા હા,’ કરી નરભેરામ મનમાં બોલ્યો: ‘અડચણ પડે તો મને કહેજો: હું હાથીને શિયાળવે કહ્યું હતું તેમ કહીશ — भगवत् मम पुच्छकावलंबनं कुरु — ભાઈ, પૂછડું પકડો મારું.’ સાળો, લુચ્ચો, જો ને ગરજ આગળ અક્કલ આંધળી. બાપાનું રાજ્ય થઈ ગયું! આજ જ જોવાનું છે તો! હત, તમારી માના લુચ્ચાઓ — ગધ્ધાઓ!’ કહી ચાલતાં ચાલતાં અમસ્તો હાથ ઉગામ્યો અને નીચલો ઓઠ કરડ્યો. કારભારીઓ, ન્યાયાધીશો અને વહીવટદારોના સિપાઈઓના પાલવવાળો પટ રસ્તામાં હાલતો હાલતો કરચલીવાળો થતો થતો પ્રસરતો હતો. તેની વચ્ચે માખીની પેઠે ભમતો ભમતો નરભેરામ ભરાઈ ગયો.

બુદ્ધિધનને ઘેર પણ દરબારમાં જવાની ધામધૂમ હતી. રાતના ચાર વાગ્યે બે કલાકની નિદ્રા ભોગવી ઊઠ્યો અને નાહીધોઈ સંધ્યાપૂજા કરી દીવાનખાનામાં ફરવા લાગ્યો. સૌભાગ્યદેવી પણ નાહી અને કપાળે ભસ્મની ત્રિરેખા તથા મધ્યભાગે કંકુનો ચાંલ્લો કરી સૂર્યોદય પહેલાં શિવપૂજા કરવા મંડી ગઈ. રૂપાનાં વાસણ પાસે રાખ્યાં છે, ઘીના દીવા બે પાસ દીવીઓમાં બળી રહ્યા છે, અગરબત્તીનો ધૂપ આખો ખંડ સુવાસિત કરે છે, અને પલાંઠી વાળી તકિયાવાળા પાટલા ઉપર બનાતની વિવિધરંગી આસની પર સ્વચ્છ વસ્ત્ર ધારી યોગેશ્વરી જેવી બેઠેલી સુઘડ પતિવ્રતા સૌભાગ્યદેવીને જોઈ નવીનચંદ્રને કાદમ્બરીમાંની મહાશ્વેતા સ્મરણમાં આવી અને ઘડીભર તેનું પૂજનીય પ્રતાપી મુખારવિંદ અને પ્રતિમા જોઈ એનાં જ દર્શન કરતો હોય તેવો પવિત્ર વિકાર એના મનમાં ઊગ્યો.

કુમુદસુંદરી અંગ્રેજી ભણી હતી પરંતુ ધર્મવિષયમાં બાળક જ હતી અને સુધરેલા સંસ્કાર આ બાબતમાં લાગ્યા ન હતા. સાસુને પૂજા કરતી જોઈ, પૂજાનો ઠાઠ જોઈ, અને એ ઠાઠને સાસુ શોભા આપતી તે જોઈ, બાળક અબલાની સંસ્કૃત કલ્પના પ્રફુલ્લ થઈ. કુમુદસુંદરી આમ એ પવિત્ર દેખાવ પર મોહી પડી હતી અને સાસુ પાસે સૂર્યપૂજા શીખવાનો એણે આરંભ કર્યો હતો. પુત્રીને આ વિષય પર ચિત્ત ન હતું પણ વહુનું ચિત્ત જોઈ સાસુ સંતોષ પામતી અને ઉત્સાહથી એને પોતાનાં સંસ્કારવાળી કરવા મથતી. સૂર્યપૂજા હજી પૂરી આવડતી ન હતી એટલે વહુ માત્ર સાસુને સામગ્રી કરી આપવામાં ગૂંથાઈ હતી. અને માતુશ્રીની સેવા પોતે કરી હતી તેમ પોતાની સેવા કુમુદસુંદરીને કરતી જોઈ સૌભાગ્યદેવીને સંસારનો ઓરિયો વીતતો હતો. બુદ્ધિધનને જવાનું હતું એટલે સર્વ કામ ઉતાવળથી

સમેટાતું હતું. સાસુની સામગ્રી પૂરી કરી, દરબારમાં બહુ વાર લાગવાની એટલે પુરુષવર્ગ સારુ હાજરી તૈયાર કરવાની સામગ્રી કરવામાં વહુ પડી. વહેલો ઊઠેલો નવીનચંદ્ર દાતણ કરી, નાહી, બીજું કાંઈ કામ ન હોવાથી અગાશીની રવેશ આગળ એકલો બેઠો બેઠો અમાત્યના ઘરનું આ મંગળ આહ્નિક જોતો હતો. સામગ્રીની વેતરણમાં પડેલી કુમુદસુંદરી હાથમાં દીવો લઈ ચોકમાં આવતી જતી તથા ઝળઝાંખળામાં ઝાંખી દેખાતી રવેશ પરની મુખાકૃતિ પર છાનીમાની દૃષ્ટિ કરતી અને ચાલી જતી હતી.

ખડકીમાં સમરસેન અને બીજાં માણસો ખડખડાટ ભડભડાટ કરતાં હતાં. ઘરના ચાકરો ઝાડુ કાઢવામાં, સાસુવહુના હુકમ પાળતાં ફેરાહેરા કરવામાં, અને એવાં બીજાં કામોમાં રોકાયા હતા. પ્રમાદધનને પિતાએ કેટલુંક કામ સોંપેલું તે દીવી પાસે બેસી તૈયાર કરતો હતો. અને તે કરી રહ્યો એટલે દયાશંકરકાકા અને બીજાં કેટલાક સ્નેહીઓને તેડવા માણસ મોકલવા નીચે ઊતર્યો. એટલામાં માણસ લઈ સાસરેથી અલકકિશોરી નાહીધોઈ આવી અને ઘરકામમાં ભળી ગઈ.

બુદ્ધિધનના દીવાનખાનામાં પણ માણસો ભરાતાં હતાં. એને ચિત્રવિચિત્ર માણસોનું સંગ્રહસ્થાન કરવાનો અને તેમની સાથે પરિચય પાડી વિનોદ પામવાનો શોખ હતો. દયાશંકરકાકા લાકડી લઈ ધીમે ધીમે આવ્યા અને એક કોચ પર પડ્યા. સ્કુલનો હેડમાસ્તર બૂટસ્ટૉકિંગ ચડાવી આવ્યો અને ટેબલ આગળ ખુરશી પર બેસી પહેલા દિવસે આવેલું વર્તમાનપત્ર વાંચવા મંડ્યો. તેમાં નવીનચંદ્રવાળો આર્ટિકલ હતો. એણે લખ્યો હતો એ ગુપ્ત હતું. શાસ્ત્રી મહારાજ શ્લોક ગાતા ગાતા દાદર પર ચડ્યા અને દયાશંકર સાથે બેસી વાતોમાં પડ્યા. કાજીસાહેબ ગંભીર દેખાવ ધારણ કરી આવ્યા અને વિવેકભરી સલામો કરી માસ્તર સાહેબ પાસે બેઠા. નગરનો ન્યાયાધીશ જિલ્લાવકીલની પરીક્ષામાં પાસ થયેલો, પ્રમાણિક અને સ્પષ્ટવક્તા હતો તે પણ આવ્યો. એને કરવતરાય સાથે કડાકડી ઊડતી અને બીજા અમલદારોને, કોઈ ઉપરને, અથવા રાણાને, કારભારીને, કે અમાત્યને કાંઈ ઉઘાડું કહેવડાવવું હોય ત્યારે આ ન્યાયાધીશને ઊભો કરતા. એની બુદ્ધિ ચોખ્ખી હતી પણ આડા રસ્તા પસંદ ન કરતી અને સ્વાભાવિક રીતે રજવાડામાં એનું હિત કરવા અયોગ્ય હતી. પણ બસ્કિન્ સાહેબના વખતમાં એમની ભલામણથી પેસી ગયો હતો અને બુદ્ધિધનની એને ઢાલ હતી. દરબારમાં જવા બધા અમલદારો શઠરાયને ઘેર ભેગા થયા ત્યારે એ બુદ્ધિધનને ઘેર આવ્યો. એ ખરેખર બેપરવા માણસ હતો અને એની પાસે કામ કઢાવવું હોય ત્યારે સૌ એની પ્રમાણિકતા અને સ્વતંત્રતા વખાણી તે બેને નિમિત્તે સ્વાર્થ સારતા. એનું નામ તર્કપ્રસાદ હતું પણ ભુજંગવૃત્તિવાળા અમલદારો આ સીધો રસ્તો લેનારને ઘેલો ગણતા ને પૂઠ પાછળ એનું નામ તેઓએ 'ડાહ્યાભાઈ' પાડ્યું હતું. ડાહ્યાભાઈ ડાહ્યો પણ હતો. ચારેપાસની અવસ્થાઓનો વિચાર કરી તેણે સિદ્ધાંત કરી મૂક્યો હતો

કે જતે દિવસે ધર્મજય અને પાપક્ષય થશે — શઠરાય નાશ પામશે અને બુદ્ધિધનનો ઉદય થશે. બુદ્ધિધનના પક્ષને તે વળગી રહેતો તેમાં આવી સ્વાર્થબુદ્ધિ પણ હતી. તર્કપ્રસાદ આવી સૌને નમસ્કાર અથવા સલામ યથાયોગ્ય કરી એક આરામખુરશી પર પડ્યો. બુદ્ધિધનનો જમાઈ વિદુરપ્રસાદ આવ્યો અને તર્કપ્રસાદ જોડે એક હાથ વિનાની ખુરશી પર બેસી ન્યાયાધીશને વાતોમાં નાંખ્યો. એને હિસાબી ખાતામાં ગરબડદાસના 'આસિસ્ટંટ'ની નોકરી હતી. થોડાક દિવસ પોલીસ ખાતામાં તથા થોડાક દિવસ ભાયાતી ખાતામાં પણ એણે નોકરી કરી હતી. જાતે નરમ સ્વભાવનો હતો પણ કોઈ કોઈ વખત માબાપના શીખવ્યાથી બુદ્ધિધનને કનડતો અને યોગ્યતા ઉપરાંત ઇચ્છાઓ શ્વશુર પાસે પૂરી પડાવવા મથતો, તેમ કરતાં બુદ્ધિધનને બીજી પ્રતિકૂળતા છે કે નહીં તેનો વિચાર ન કરતો, એક ઇચ્છા પૂરી પડતાં બીજી ઇચ્છા રાખતો, અને બુદ્ધિધન કાંઈ પણ કરે તો 'હોય સ્તો, એમાં શી નવાઈ કરી?' એવો વિચાર કરી ઉપકારવૃત્તિને ભાગ્યે જ મનમાં પેસવા દેતો; પરંતુ અલકકિશોરી આગળ 'જીલબ્બે' થઈ રહ્યો હોવાથી ઘણુંખરું શાંત રહેતો. બીજી રીતે સમજુ પણ હતો, પરંતુ શ્વસુરપક્ષનું ઘસાતું બોલાય ત્યારે તેનો શુભેચ્છક હોવા છતાં જશ રસથી સાંભળતો. કામકાજમાં આવડત હતી તે છતાં ભૂલો કરતો તેની બુદ્ધિધન ઘરમાં વાતો કરે તે સરત રાખી અલકકિશોરી રાત્રે વખતસર જીભ વડે ચાબખા લગાવતી તે વિદુરપ્રસાદ એક બોલ બોલ્યા વિના વેઠતો. એનાં માબાપ પણ તેમની અણઓશિયાળી વહુ ઘરમાં પગ મૂકે એટલે ચૂપ થઈ જતાં અને નિંદાને વહુની પૂઠ પાછળ જ પૂરી રાખતાં. દયાશંકરનો દીકરો જયમલશંકર પણ આવ્યો. બુદ્ધિધને આપેલી દ્રવ્યની સહાયતાથી એ અંગ્રેજી ભણ્યો હતો અને 'મેટ્રિક્યુલેશન'માં મુંબઈ જઈ પાસ થઈ આવ્યો હતો. એ શરીરે પ્રચંડ હતો. દેખાવમાં પ્રતાપી હતો અને વ્યવહારકાર્યમાં બુદ્ધિ ઠીક ચલાવતો. એના મોસાળ ભણીથી એ શઠરાયનો સગો હતો. અને ભૂપસિંહના મહેલમાં ખરચખૂટણ તથા બીજી વ્યવસ્થાની દેખરેખ પર નિમાયો હતો. બુદ્ધિધન એની બાબતમાં વાંધો નહીં આણે જાણી શઠરાયે એને આ જગાએ ગોઠવી દીધો હતો અને તેને ગોઠવી દેવા શઠરાયને ઉશ્કેરનાર નરભેરામ હતો. રાણાએ જયમલશંકરને બુદ્ધિધનને તેડવા મોકલ્યો હતો. એ આવ્યો કે તરત એણે બુદ્ધિધનને શોધી કાઢ્યો અને કાનમાં સમાચાર કહ્યા:

'ભાઈસાહેબ, આજ કલાવતી આખી રાત દરબારમાં રહી સવારે ચાર વાગ્યે ઘેર ગઈ. રણજિતે કહાવ્યું છે કે એણે રાજબાની જ વાતો કર્યા કરી છે અને રાણા ઉશ્કેરાયા છે. રાણાનો વિશ્વાસ કરવો ન કરવો એ તમે જાણો. કલાવતી ગયા પછી એમણે શઠરાય પર ચિઠ્ઠી લખી મોકલી. કોણ જાણે શું લખ્યું હશે. એમ બબડતા હતા કે 'આટલું બધું જૂઠાણું ન હોય' — 'રમાબાઈ' કે પછી એવું કંઈ નામ દીધું અને લવ્યા કે એણે પણ કાંઈક એવી જ વાત કરી હતી.'

આ વાત સાંભળી બુદ્ધિધને જયમલને પાછો દરબારમાં રવાના કર્યો અને કહાવ્યું કે હું થોડીવારમાં આવું છું. રાણો શઠરાયને ઠગે છે કે પોતાને ઠગે છે એ એને સમજણ ન પડી. તોપણ હવે લાંબો વિચાર કરવાનો વખત ન હતો. સર્વ વિચાર, સર્વ ગોઠવણ થઈ ગયાં હતાં. માત્ર ત્વરાના ગભરાટથી એક વાત નવી સૂઝી. થોડા સહવાસમાં એણે નવીનચંદ્રને નાણી જોયો હતો અને એ રૂપિયો બાદલો નથી એવી એની ખાતરી થઈ હતી. એને શઠરાય સાથે સંબંધ નહીં ને દરબારમાં સ્વાર્થ નહીં એટલે નરભેરામ કરતાં પણ વધારે વિશ્વાસપાત્ર ગણાયો. જયમલશંકર ગયો એટલે તરત નવીનચંદ્રને અને અલકકિશોરીને બોલાવ્યાં. 'દશમીનું તરત મેડીમાં આણો' કહી અલકકિશોરીને મોકલી અને નવીનચંદ્રને ખભે હાથ મૂકી તેની આંખો સામું જોઈ રહી અમાત્ય બોલ્યો:

'નવીનચંદ્ર, આજ મારે તમને એક કામ સોંપવાનું છે. ઘણા વિશ્વાસનું અને છાનું કામ છે. મારાં અમૂલ્ય રત્ન તમારા હાથમાં મૂકવા જેવું છે. તમે વિદ્વાન છો, કુલીન દેખાઓ છો અને સર્વ બાબતમાં પ્રમાણિક સમજું છું. હું ધારું છું કે મારી આંખની શરમ ન રહે તેવે સમયે પણ એ ગુણ તમારામાં રહેશે.

નવીનચંદ્રને કાંઈક નવાઈ લાગી: 'હા જી, મારે મોંએ મારી વાત કરવી યોગ્ય નથી. મારા પર જે વિશ્વાસ રાખશો તેનું કુપાત્રે દાન નહીં થાય એવી દૃઢ શ્રદ્ધા રાખજો. આપે મને ઉપકારથી બાધી લીધો છે. આપની કાંઈપણ યોગ્ય સેવા કરવી તે હું ઈશ્વર પ્રીત્યર્થે જ કરીશ.'

'તમે જાણો છો કે દરબારમાં આજ નવાજૂની થવાની છે.'

'હા જી, વિગત નથી જાણતો.'

'વિગત પછીથી જણાશે. હાલ એટલું કહેવાનું છે કે આજ ગમે તો શઠરાય કે ગમે તો હું એ નકકી થશે. ઈશ્વર કરશે તો સારું જ પરિણામ થશે. પણ વખત છે, મારે માથે કાંઈ અડચણ આવી લાગે અથવા હું સૂચના કરું તો એકદમ તમારે ઘેર આવવું અને આખા કુટુંબને લઈ લીલાપુર જઈ ઘરબાર ભાડે રાખી રહેવું. મારા દ્રવ્ય તથા દાગીના બાબત સૌ વાત અલક જાણે છે. તે બાબત દયાશંકરકાકાની સલાહ લઈ વર્તવું. લીલાપુર ગયા પછી સાહેબને મળી મારા સમાચાર કહેવા અને વિદ્યાચતુરને લખવું તથા એ કહે તે પ્રમાણે યોજના કરવી. પ્રમાદ બાળક છે — એની સંભાળ લેવાની પણ તરત તમારે શિર છે. જવું પડે તો જોડેના ડેલામાં ગાડી તથા વાહનો મેં તૈયાર રખાવ્યા છે. સમરસેન કે એ મોકલે તેને હથિયારબંધ સાથે લેવા.'

નવીનચંદ્ર આભો બન્યો. એકદમ આ પ્રસંગ આવશે — આટલા વિશ્વાસનું પાત્ર પરરાજ્યમાં પોતાને થવું પડશે — એ તેની કલ્પનામાં પણ ન હતું.

‘શઠરાય અથવા તો તેના દીકરાનો — અજાણ્યા કોઈપણ માણસનો વિશ્વાસ કરવો નહીં. એકદમ કૂચ કરવી. એ લોકોના વિચાર અતિદુષ્ટ છે. હું ધારું છું કે આ કામ તમારા ગજા ઉપરાંતનું નહીં લાગે.’ અમાત્ય એકીટશે અને આતુરતાથી જોઈ રહ્યો.

‘આપે બિલકુલ ડર ન રાખવો. મારી કુલીનતાની પરીક્ષાનો સમય ઈશ્વરે આ પહેલવહેલો આણ્યો છે, અને હું નિષ્ફળ નહીં થાઉં.’

કપાળથી આંખો ઉપર, અને આંખો ઉપરથી મોં ઉપર, હાથ ફેરવી નીકળતા નિ:શ્વાસને ઢાંકી અમાત્ય બોલ્યો:

‘નવીનચંદ્ર, હું મારાં વહાલામાં વહાલાં રત્ન તમને સોંપું છું. આજ સુધી આવો વખત મારે આવ્યો નથી.’

‘ભાઈસાહેબ, મને આપના ભાઈ જેવો — પુત્ર જેવો — ગણજો. હું આપને પગે હાથ મૂકું છું. આપનું કુટુંબ — તેની સાથે મારે ભિન્નભાવ નથી — વધારે શું કહું? કહ્યા કરતાં કરી બતાવવું એ વધારે યોગ્ય છે. આપનું દ્રવ્ય મારે શિવનિર્માલ્ય છે. દેવી મારાં માતુશ્રી છે અને અલકબહેન મારાં બહેન છે.’

‘મારા બીજા મિત્રો છે, પણ તેમને રાજ્યમાં સ્વાર્થ છે. શઠરાય દ્રવ્યવાન છે.’

‘ભાઈસાહેબ, હું આપના સંપૂર્ણ વિશ્વાસનું પાત્ર થવા ઇચ્છું છું. હું અપાત્ર નથી. પૈસાથી મને કોઈ ફોડે એમ નથી. મારી ગુપ્ત વાત હું પણ આપને કહું છું. મારા પિતા લક્ષાધિપતિ છે.’

આ વાત અમાત્ય ન માનતો હોય એમ દેખાયો. નવીનચંદ્રને તે જોઈ કાંઈક ખેદ થયો.

‘સાબિતીમાં આ મુદ્રા મેં મારી પાસે રાખેલી છે તે જુઓ.’ હીરાની વીંટી જનોઈએ બાંધેલી અને પંચિયાની બેવડમાં કેડે સંતાડેલી બતાવી. બુદ્ધિધને તે હાથમાં લીધી અને જોઈ રહ્યો. સાતઆઠ હજારનો હીરો લાગ્યો.

‘ભાઈસાહેબ! આપની કેટલીક ગુપ્ત વાતો પણ હું જાણું છું. દુષ્ટ શઠરાયે આપની હત્યા કરવા ધારેલી છે તે મને ખબર છે. કલાવતી બાબત હું જાણું છું.’

બુદ્ધિધન ચમક્યો, ટટાર થયો, ખભા ઊંચા કર્યા, હાથ ઊંચો કર્યો, મોઢે અડાડ્યો, આંખો વિકસાવી, કીકીઓ ફેરવી-ચડાવી, ભમર ભાંગી અને મોં પહોળું કર્યું — હેં!’

‘ભાઈસાહેબ, ચમકશો નહીં. એ બધી વાત શી રીતે જાણી તે હું પછી કહીશ. આટલી વાત જાણી પણ હજી સુધી કોઈને મોંએ — પ્રમાદભાઈને મોંએ પણ — ઓઠ ફફડ્યો હોય તો ઈશ્વરની આણ છે. હું વાત છાની

રાખી શકું છું. આપની છાની વાતનો મેં ગેરઉપયોગ કર્યો નથી. આપના વિશ્વાસને હું પાત્ર છું એ જણાવવા હું આ કહું છું.'

બુદ્ધિધન વિચારમાં પડ્યો.

'મને આ કામ સોંપતાં આપના મનમાં કાંઈ આશંકા રહેતી હોય તો હું તે કામ લેવા આતુર છું એમ નથી. હું તો પરદેશી — પ્રવાસી — પંખી છું. આપને અનુકૂળ હોય તો બીજે દેશ અબઘડી છાનોમાનો જતો રહેવા તૈયાર છું અને આપ મને સોંપો છો તે કામ ગમે તેને સોંપજો.'

'ના, ના. એવું કંઈ નથી. ચાલો. ચાલો. તમે મારા ભાડું છો. એ કામ તો તમારે જ માથે પડશે. એટલું સરત રાખજો કે દાંતને જીભ ભળાવવા નથી પડતી. મારાં અમૂલ્ય રત્ન —'

'જી, કાંઈ ચિંતા ન કરો.'

અલકકિશોરી આશી. સૌ દશમી કરવા ગયા. જમાઈ પણ દશમીમાં દાખલ થયો. દયાશંકર એક પાટલા પર વાતો કરવા બેઠા. સ્ત્રીવર્ગને હબકાવવો નહીં કરી આજ સુધી રાજ્ય ખટપટમાંની કાંઈ પણ વાત તેમની આગળ બુદ્ધિધને કરી ન હતી. આજ જરૂર પડી. નવીનચંદ્રને કહ્યું હતું તે જ વાત સૌને કહી — તે જ યોજના પ્રમાણે સૌને આજ્ઞા કરવામાં આવી. સૌ ચમક્યાં, ચિતામાં પડ્યાં, પણ શોક કરવા વખત ન હતો. જમી લઈ લૂગડાં પહેરવા અમાત્ય શયનગૃહમાં ગયો. પાછળ શોકભરી સૌભાગ્યદેવી આવી.

'દેવી, આ પેટીમાં કાગળિયા છે. જો નવીનચંદ્ર જોડે લીલાપુર જવાનો પ્રસંગ આવે તો એ ઉઘાડવી અને કાગળોમાં લખ્યા પ્રમાણે કરવું.'

'પણ આ બધું છે શું? અચિંત્યું?' ગભરાયેલ મોંએ દેવીએ પૂછ્યું.

'કંઈ નથી. તમારે ગભરાવું નહીં. હું પાછો આવું ત્યાં સુધી દયાશંકરકાકાને આપણે ઘેર રાખજો.'

'તમે મારાથી આવી છાન આજ સુધી રાખતા નહોતા! શું કાંઈ એવો દોષ મેં કર્યો છે કે મારો ભરોસો નથી પડતો?' આંખ ચોળતી દેવી બોલી.

'ના, ના, એ તો સહેજ. બધી વાત હું પછી કહીશ. અત્યારે કહેવાનો વખત છે? તો એટલું કે આજ દરબારમાં ખટપટ થવાની અને —'

'હું તમારા મોં ઉપરથી સમજું છું કે તમને કાંઈ મોટી બીક લાગે છે.'

બુદ્ધિધન ઉપરથી હસ્યો: 'ના, ના, બીક શાની? શું છે તે મેં કહ્યું જ છે કની?'

'હા, એ બીક તો ખરી. પણ મારું મન કહે છે કે આજ સારું જ થશે. મને કાંઈ બીક લાગતી નથી. કાંઈ બીજુ હશે —' અલકકિશોરી આવી.

'અલક, જો નવીનચંદ્ર સાથે જવું પડે તો હોશિયારી રાખજો હોં! તારી ભાભીને જોઈએ કેવી છાતી પર રાખે છે?'

પ્રમાદધન આવ્યો અને કહ્યું કે સૌ એકઠા થયા છે. દરબારમાંથી બીજું તેડું આવ્યું છે. અલકકિશોરીને કંકુ લેવા સૌભાગ્યદેવીએ મોકલી. કપડાં પહેરી બુદ્ધિધન નીચે ઊતર્યો, દાદર અર્ધો ઊતરે છે એટલામાં અલકકિશોરી કંકાવટી લઈ સામી આવી.

'ફતેહ! પિતાજી, લો. હું જ સાચી મળી. હવે જોઈ લો! કપાળ ધરો, હું ચાંલ્લો કરું. આજ તો ડંકા!'

સૌ મેડી ઉપરથી ઊતર્યા અને ખડકીમાં આવી જોડા પહેરી બારણા બહાર નીકળવા તત્પર થયા. નવીનચંદ્ર પણ તૈયાર થયો. બુદ્ધિધનના કહેવાથી પ્રમાદધને તેને સારાં કપડાં, અંગવસ્ત્ર વગેરે પહેરાવ્યું હતું. એને અમાત્યે આંગળીએ લીધો. વનલીલા સવારમાં સાસરેથી ઘેર જવા નીકળી હતી અને વર પાસેથી કાંઈક ખટપટની વાત સાંભળી હતી તે કહેવા કુમુદસુંદરીને બારણે બોલાવી હતી. ઓટલે ઊભાં ઊભાં બે જણે વાતો કરી. વનલીલા ગઈ અને કુમુદસુંદરી ઘરમાં પેસે છે એટલામાં અમાત્ય અને સર્વ મંડળ બહાર નીકળતું સામું મળ્યું એટલે સંકોડાઈ સોડિયું વાળી બહાર ખૂણામાં ઊભી રહી અને સૌ નીકળી ચૂક્યા એટલે અંદર ગઈ.

'નવીનચંદ્ર! શકુન તો સારા થયા. દાદર આગળ અલક મળી અને બારણા આગળ કુમુદુસંદરી મળ્યાં.' પ્રસન્નવદને અમાત્ય બોલ્યો.

'હા જી, મંગળ શકુન સંપૂર્ણ થયા. વારુ, આનંદ પામો.' સૌ અમાત્યને અભિનંદન કરવા મંડી ગયા અને ઘર બહાર ચાલ્યા.

આવું છતાં બુદ્ધિધનના મનમાં આશંકા રહી. 'આ ઘર પાછું જોવા વારો આવશે કે નહીં? કુટુંબનો ફરી ભેટો થશે કે અત્યારે જોઉં છું તે છેલ્લું પહેલું? નીકળતાં નીકળતાં દેવીને આખરનું સ્નેહાલિંગન ન દેવાયું! હે ઈશ્વર, શું થશે? આ મારાં અલક અને કુમુદ — ફરી મળશે? પ્રમાદ—' આ વિચારોથી ઊભરાતું મગજ આંખોની બારીઓમાંથી ઘરનાં બારણાંમાં ઊભેલી પવિત્ર સુંદરીઓને જોતું જોતું શરીરની સાથે ઘસડાયું અને ઘર દૃશ્ય થતાં ઘરને ભૂલી ગયું અને દરબારના વિચારોમાં લીન થયું. રંક જન્મેલાને ભવિષ્યના કારભારના બારણામાં કંઈ કંઈ વિઘ્નો દેખાયાં. તે દૂર કરવાનાં સાધનો પણ પોતે ઊભાં કરેલાં દેખાયાં. એની આસપાસ વિચિત્ર વિચારો કરનારું જુદા જુદા વેશવાળું વિચિત્ર મંડળ ચાલ્યું; રસ્તામાં શઠરાયના મંડળ સાથે ભેગું થયું. મળી ગયું. મળી ગયા છતાં જુદું જણાઈ આવ્યું. અને સર્વ મંડળમાં ભળેલો છતાં સર્વથી જુદો, પોતે નવો હોવાથી સર્વની આંખો ખેંચતો હોવા છતાં કોઈથી ન ઓળખાય એવો, નવીનચંદ્ર નવી સૃષ્ટિ નવી વૃત્તિથી નીરખતો ચાલ્યો.

૧૨. રાજા, રાજદરબાર અને રાજકારભાર

‘આ એકપાસ ઊતરે શશી અસ્તમાર્ગે,

આ ઊગતા રવિતણા જ કુસુંબી પાદ!

સંસાર આ અહીં દશા-યુગ-અંતરાળે

બે તેજના ઉદય-અસ્તથી બાંધી રાખ્યો.’ (શાકુંતલ)

રાણા ભૂપસિંહનો રાજમહેલ એક મોટા બગીચાની વચ્ચોવચ હતો અને બગીચાની આસપાસ એક કોટ જેવી ચારે પાસ ફરતી ભીંત હતી. ભીંતમાં બુરજોનું અનુકરણ હતું અને બધે ઠેકાણે કાંગરા હતા. ભીંતની ઊંચાઈ દસેક હાથ હતી. ભીંત પર ચડાવેલો ચૂનો કેટલેક ઠેકાણે કાળો થઈ ગરતો હતો, કેટલેક ઠેકાણે પોપડા વળ્યા હતા અને કેટલેક ઠેકાણે પાલખો બાંધી કડિયાઓ કામ કરતા હતા. બગીચામાંનાં ઊંચાં ઝાડોના લીલાં પાંદડાંનું વન ભીંતોને ખભે ચડી ડોકિયાં કરતું હતું, અને વચ્ચે વચ્ચે સુકાઈ ગયેલાં ઝાડોનાં લાકડાં તથા પાંદડાં વિનાની ડાળીઓ ખખડતી હતી અને સાથેનાં લીલાં ઝાડના પાંદડાંની સાથે અથડાઈ તેમને પણ ખેરવી દઈ પોતાના જેવાં કરવા મથતી હતી. કેટલાક ઊંચા આંબાને મથાળે રાતા મોર બેઠેલા જણાતા હતા અને ઊગતા સૂર્યના પ્રકાશમાં નહાતાં નાચતા હતા. લીલા વજ્રમાંથી ફૂલની ધોળી કળી નીકળે તેમ આ ઝાડોની વચ્ચોવચ મહેલના ઉપલા માળ દીસી આવતા હતા. બાગ અને ચારપાસની ભીંતો કરતાં મહેલની સંભાળ વધારે લેવામાં આવતી હતી. મૂળ બે માળનો મહેલ હતો તેમાં ભૂપસિંહના વારામાં બીજા બે માળ વધારવામાં આવ્યા હતા અને ઝાડો ઉપરથી તે જ દેખાતા હતા. પડવાની બીક ઓછી કરવાના હેતુથી બીજા માળ કરતાં ત્રીજા માળનો ઘેર નાનો રાખ્યો હતો અને તેના કરતાં ચોથાનો ઓછો રાખ્યો હતો. ચોથે માળે તો એક જ શયનગૃહનો મોટો ખંડ હતો અને તેને બુદ્ધિધનની કલ્પના પ્રમાણે મુંબઈનો ઘાટ આપ્યો હતો. એ શયનગૃહને ચાર પાસ કાચની તકતીઓ ભીંતને ઠેકાણે હતી. દોઢ બે હાથેલીથી મોટી તકતી ક્વચિત જ હતી અને સીસમના ઘરમાં બેસારી હતી. કેટલીક તકતીઓ ચોખંડી, કેટલીક લંબગોળ અને કેટલીક છ પાસાંવાળી એમ જુદા જુદા આકાર હતા. અંદરથી રાતા કસુંબાના પડદા ભરી દીધા હતા અને કેટલીક બારી આગળ એ પડદાઓ ઉઘાડા રાખ્યા હતા. તે કસુંબાનાં દ્વાર કોઈ ઠેકાણે ત્રિકોણાકાર અને કોઈક ઠેકાણે ચતુષ્કોણ હતાં. કેટલેક ઠેકાણે કાચ રંગીન પણ હતા. એ આયના મહેલ ઉપર સૂર્યનાં કિરણો પડતાં તેનું પ્રતિવમન તીવ્ર થતું અને મહેલ બહાર — ભીંત બહાર — નીચે ઊભેલા જોનારની આંખ પણ એકદમ તેનું પ્રતિફલ સહી શકતી ન હતી. કન્યાવય ગયા છતાં પણ ઘાટડી ચણિયો પહેરનારી કાઠિયાવાડની કદાવર સ્ત્રીના જેવો રાજમહેલનો દેખાવ હતો. ફરતી મોટી ભીંત કાળા પટાવાળા ધોળા ચણિયાના ઘેર જેવી લાગતી હતી. રાતી

ભાતવાળી, કરચલીવાળી, લીલીછમ ઘાટડી શરીર ઢાંકી નેફા પર વેરાઈ રહે તેમ ભીતના કાંગરા પર ઝાડો દેખાતાં હતાં, અને તેમના શિખર પર લીલો ગોળાકાર રચતી શાખાઓ લીલી ઘાટડીમાં ઢંકાયેલા સ્તનમંડળનો આભાસ ઉત્પન્ન કરતી હતી. સૌને માથે માથાની પેઠે મહેલના માળ દેખાતા હતા અને તીવ્ર કટાક્ષ મારતી ચળકતી આંખોની પેઠે કાચગૃહ તેજ મારતું હતું. એ નારીની સેંથીના આગલા છેડા પર બોર મૂક્યું હોય તેમ કાચગૃહ ઉપર અગ્રભાગે ઊડતો ઊડતો એક પોપટ આવી બેઠો હતો. રંગીન કાચ મોં પરનાં છૂંદણાં — ત્રાજવાં — જેવા લાગતા હતા.

આ મહેલની અંદર વસ્તી ગમે તેટલી હો પણ સૂર્યના તાપથી સળગતા જતા આકાશઘૂમટ નીચે એકાંતે એકલા ઊભેલા આ મહેલ ભણી પાસે પાસે આવતો પુરુષસંઘ આઘેથી ઊંચું જોઈ ચૈત્રના તેજસ્વી પ્રભાતના તડકામાં ક્લાંત થતો હતો, સૌનાં મોં રાતાંચોળ બનતાં હતાં, પરસેવો વળતો હતો, અંગરખાં ભીનાં થતાં હતાં, અને મહેલ પાસે આવતાં — છાંયડો પાસે આવતાં — પગનું જોર વધતું જતું હતું. તડકામાં રમી રમી, ખાવાનો વખત થયે — પેટમાં કૂકડાં બોલતાં — રમતિયાળ બાળક સૌ સાથ છોડી ઘરભણી વૃત્તિ કરે અને માને સંભારે તેમ નગર છોડી રાજમહેલ ભણી ધસતું મંડળ દરબારના અને રાણાના વિચાર કરવા માંડતું હતું અને ખટપટનાં ભૂખ્યાં ચિત્ત ફળ ચાખવા તળેઉપર થતાં હતાં. ઘણી ગાડીઓ વચ્ચેથી આગળ નીકળી રાજવાહન ધસે એમ દરબારનો દિવસ હોવાથી આવતા નિરપેક્ષી કૌતુકવાન સામાન્ય લોકવર્ગના સંઘમાંથી જુદો પડતો અમલદારોનો નાનો પણ સજડાસજડી થતો સંઘ આગળ નીકળી આવતો હતો અને બીજા લોક તેને માર્ગ આપતા હતા.

આવતા સરઘસને સમાસ આપે એવો મોટો ભીંતનો દરવાજો હતો. દરવાજાને બે મોટાં કમાડ જાડાં અને લોખંડના ચાપડાંથી નીચેથી તે ઠેઠ ઉપર સુધી ચોડી દીધેલાં હતાં. દરવાજાના માથા ઉપર એક મેડી હતી ત્યાં ટકોરખાનાવાળા બેસતા અને રાતદિવસના પ્રહર, દરબારના અવનવા બનાવો, તથા મહિમાવાળા દિવસો, જુદા જુદા રાગની ગર્જના મચાવી મૂકી, નગર સુધી જણાવતા. આખી ભીંતની જોડે અંદરથી ફરતો સાંકડો ઓટલો હતો તથા બુરજોમાંથી તોપો ગોઠવાય એવી જગા અને કાણાં હતાં. જુદે જુદે ઠેકાણે આ ઓટલા પર ચડવાના અંદરથી દાદર હતા અને દરવાજા પરની મેડીમાંથી ઓટલા પર જવાનાં બારણાં હતાં, મેડીની નીચે કમાડની પાછળ મોટા બે ઓટલા હતા તે ઉપર રાતદિવસ સિપાઈઓ સૂતા, બેસતા, ગપાટા મારતા, કટાતી તલવારો ઘસી તાજી રાખતા, બંદૂકો ગોઠવી મૂકતા અને ચોકી કરતા. આજ તેઓ હારબંધ ઓટલા નીચે દરવાજામાં ખડા થઈ ગયા હતા અને અમલદારો અંદર જાય તેમ તેમ સલામો કરતા હતા. એકબે સવારો અંદરબહાર આવજાવ કરતા હતા અને કંઈ કંઈ સૂચનાઓ કરતા હતા.

દરવાજામાં પેઠા એટલે ચારે પાસ ઝાડી જેવી ઝાડની ઘટા અને વચ્ચેવચ્ચે ખરેલાં પાંદડાંથી ભરેલી પગે ચાલવાની સાંકળી નેળો નજરે પડતી હતી. નેળોની આસપાસ કોસનાં વહેતાં નિર્મળ પાણી ભરેલી નીકો હતી. તેમાં ચકલીઓ અને કબૂતરો ઠેકાણે ઠેકાણે ચાંચો બોળતાં હતાં, નહાતાં હતાં અને પાંખો ફફડાવતાં હતાં. કોસનો અભિન્ન અવિચ્છિન્ન ચીકારશબ્દ ઝાડોમાંથી આવતો કાને પડતો હતો; અને નેળોમાં ઊભેલા તથા ફરતા કામ કરતા માળીઓ અને મજૂરોનાં અર્ધાં ઉઘાડાં, તરી આવતી રગોથી ભરપૂર, અને બળવાન કાળાં ચળકતાં શરીર આસપાસના બાગથી અસંવાદી ન હતાં. આ સ્થળે ઈશ્વરરચના ઉપર માનવીની કારીગરીએ ડહાપણ ડાહ્યલાપણું ઘણું ઓછું કર્યું છે અને જૂના વખતના સંસ્કારોને સ્મરણમાં રાખવાનો પ્રયત્ન અત્રે ઘસાયો નથી: આવા આવા વિચારો મુંબઈમાં ઊછરેલા મુંબઈના કૃત્રિમ બાગબગીચાના અનુભવી નવીનચંદ્રને દરવાજામાં પેસતાં થયા. પ્રાચીન પુસ્તકોમાં લખેલા ચિતાર નાટકરૂપે તેની આંખ આગળ ખડા થતા જણાયા. તેના મન ઉપર ગંભીરતાનું પ્રતિબિંબ પડ્યું.

ચોપાસ જામફળ, દાડમ, સીતાફળ, રામફળ એવાં એવાં ફળનાં નાનાંમોટાં ઝાડ હતાં. કંઈ કંઈ ઠેકાણે જુદા જુદા રંગનાં ફળ લચી રહ્યાં હતાં. જુદા જુદા રંગનાં અને જુદી જુદી વાસનાવાળાં ફૂલ ઘણે ઠેકાણે આંખ અને નાકને ઈશ્વરપ્રસાદીથી તૃપ્ત કરતાં. કોઈ કોઈ ઠેકાણે પોપટ, મોર, કોયલ, ચકલી અને કબૂતર ઊડતાં, ફળ ખાતાં અને વેરતાં અને પાંખના ફફડાટથી તથા તીવ્ર શબ્દથી સાંભળનારનો કાન ભરી મૂકતાં. માત્ર આંખને જ ઠારનારી શોભાથી ભરેલા મુંબઈના બાંગની નવીનચંદ્રને દયા આવી. તેનું ગંભીર થયેલું અંતઃકરણ દ્રવવા લાગ્યું. ઊંચાં એકાંત ઝાડ, ઊંચો એકલો મહેલ, સર્વને ઢાંકતું તપતું ત્રાંબા-પિત્તળ જેવું આકાશ, અને સર્વેની વચ્ચે ક્ષુદ્ર જંતુ જેવો ડૂબેલો પોતે એ જોઈ નવીનચંદ્રનું મન દીનવૃત્તિ અનુભવવા લાગ્યું. દુષ્યન્તે તપોવનમાં અનુભવેલા વિકાર સમજાયા. સમળીની ઊંડી લાંબી ચીસ સાંભળી કાઉપરે કરેલું વર્ણન સ્મરણમાં આવ્યું. પોતાની સાથનાં ધીમે ધીમે શાંત દેખાતાં ચાલતાં મનુષ્યો પણ આ જડસૃષ્ટિમાં ભળતાં જણાયાં. પોતે એકલો પડ્યો લાગ્યો અને ઘર તથા મુંબઈમાં રહેલાં માતાપિતા નવીનચંદ્રના મન આગળ આવતાં, કોઈ સાંભળે નહીં એમ મનમાં મોટે સાદે ગાવા લાગ્યો:

'ઘર તજી ભમું હું દૂર સ્વજનહીન, ઉર ભરાઈ આવે;

નહીં ચરણ ઊપડે હુંથી શોકને માર્યે!

ધીમી ધીમી શેલ્ટ વહી જતી, ભટકતી વળી પો નદી છન્દે.

ભમી ભમી મૂક્યા નિઃશ્વાસ ત્યાં જ મન મન્દે!

જઉં ત્યાં, હું આવું વળી અહીં, જઉં ક્યાં ક્યાંક, કંઈ કંઈ જોવા;

* * *

મારી ઠરે ન કંઈ પણ આંખ, માંડતી રોવા.

ડસડસી નિરંતર રહ્યું, ભાઈ, મુજ ઉર ભમતું તારામાં,

બધું જોઈ જોઈ, રહી રોઈ, જાય વહાલામાં!

તે રહે તું માં દિનરાત્ર, રહે તુજ સાથ સદા સંધાઈ,

દૂર થતું જાય તે તેમ પ્રીતિની દોરી જાય લંબાતી!

મારા મિત્ર!

મારી રમતગમતના મિત્ર! પુરાણ શી પ્રીત! સદા સુખી રહેજે!

તુજ ઘરની ચોકી પ્રતિપાળ કરો સ્થળીદેવ હોય જે જે તે.’ *

‘આહા! કુમુદસુંદરી! દૂર કરી પાસે આવી. શું તારી સંભાળ લેવાનો વખત મારે આવશે? ઘર! મિત્રતા! સ્નેહ! શું તમે ભુલાવો એવી વસ્તુઓ નથી? સુંદરતા! પવિત્ર મનની સુંદરતા! સરસ્વતીભરી સુંદરતા! શું તારો મોહ અનિવાર્ય છે? ના, ના.’

અચિંતી ટકોરખાનાએ ગર્જના કરી. કાન ચમક્યા. ઊંચું જોયું. મહેલ પર ધજા ચડી અભિમાનભરી ફરકતી જણાઈ. જનસમૂહ સચેતન થતો લાગ્યો. પોતાની દુનિયા મૂકી આંખકાનની દુનિયામાં મન સરી ગયું. દરબારીઓ વચ્ચે બુદ્ધિધન જોડે પોતે ચાલે છે, એ ભાન પરદેશી પ્રવાસીને થયું. સુવર્ણપુરના રાજઉદ્યાનના એક ભાગમાં એક જણના પણ મનમાં આવી જાતના વિચારો સૃષ્ટિની ઉત્પત્તિ પછી આજ પહેલવહેલા જ થયા હશે, થયા તે કોઈ જાણ્યાયે નહીં, એ જાણવાની યોગ્યતા કોઈનામાં હતીયે નહીં, એ વિચાર ઉત્પન્ન થતાં જ તરત ત્યાંનાં ત્યાં જ શાંત થયા: આ પરિણામ સુવર્ણપુરના સંસારને ઉચિત જ થયું.

દરવાજાથી આગળ બે પાસનાં ઝાડો વચ્ચે થઈને એક રસ્તો હતો તે પર ચાલતાં ગોળાકાર ઝાડનું ઝુંડ આવ્યું. તેમના વચાળામાંથી જતાં વિશાળ રાજમહેલ આવ્યો અને આકાશનું દર્શન બંધ થયું. રાજમહેલ પૂર્વાભિમુખ હતો અને બીજી બાજુઓ બારણાં વિનાની ન હતી. પૂર્વાભિમુખ દ્વાર આગળ વિજયસેન અને તેના ઉઘાડી તરવારોવાળા હારબંધ સવારોની એક પાસ એક વૃદ્ધ પણ બળવાન હાથી ઝૂલતો હતો. તેનું ભવ્ય મહ્તક ધીરે ધીરે આમતેમ ફરતું હતું અને સર્વ આવનાર પર

એની ગંભીર દૃષ્ટિ જિજ્ઞાસાથી — કૌતુકથી — પડતી હતી અને વચગાળે ઘટાંરવ થતો હતો. આ મહાન પ્રાણીને જોવાના પરિચયવાળા ઘોડા ચમકતા ન હતા, પણ ઘટાંરવ થતાં કાન ઊંચા કરતા અને તોફાન તથા ખોંખારા મૂકી દઈ પ્રતાપી હાથી આગળ શાંત થઈ ઊભા હતા. રાજમહેલ સામે ઊભેલા આ, બુદ્ધિવાળી ચેષ્ટાથી અને મનભર પ્રચંડ આકારથી સર્વને ગંભીર કરી નાંખનાર, પ્રાણીને જોઈ સર્વમંડળ તેને માન આપી સંકોચાઈ મહેલમાં જતાં હતાં. ભૂપસિંહ તે પર બેસી થોડીવાર પર જ આવ્યો હતો. ‘માતંગરાજ’ હાથી પર ઘણા રાણાઓએ સવારી કરી હતી અને કારભારીઓને તે ઓળખતો હતો. શઠરાય ને બુદ્ધિધનને જોઈ તેણે વિભૂતિવાળી શુંડ ઊંચી કરી અને મસ્તક કંપાવ્યું. શઠરાય તે જોઈ ચાલ્યો ગયો. બુદ્ધિધન તેની પાસે ગયો, શુંડ પર હાથ ફેરવ્યો અને મહાવત સાથે મીઠાશથી વાત કરી હાથીની ખબર પૂછી પાછો વળ્યો અને માતંગરાજ તેની પાછળ જોઈ રહ્યો. નવીનચંદ્ર આ સર્વ જોઈ વિસ્મય પામ્યો અને તર્કવિતર્ક કરતો કરતો સૌની સાથે મહેલમાં પેઠો.

મહેલમાં પહેલે માળે દરબાર ભરાવાનો હતો. પિત્તળના કઠેરાવાળા પહોળા દાદર પર ઊંચી ભરતવાળી શેતરંજી જડી દીધી હતી. હેઠે જોડાનો ઢગલો કરી સૌ મંડળ ઉપર ચડ્યું અને દરબારના દીવાનખાનામાં ગયું. દોઢ બે હજાર માણસ માય એવડું દીવાનખાનું હતું. ઊંચી ઊનનો ગાલીચો આખા દીવાનખાનામાં પાથરેલો હતો અને સામી પાસ રાણાનું સોનારૂપાએ જડેલું ખુરશીના આકારનું સિંહાસન હતું. તેને હાથાને ઠેકાણે સિંહ હતા. તેના ઉપર સોનેરી ભરતવાળા રેશમનાં ગાદીતકિયો હતાં. સિંહાસન નીચેથી તે લગભગ અર્ધા દીવાનખાનામાં ઊંચા સોનેરી ભરતવાળો ગાલીચો પાથરી દીધો હતો. વિવિધરંગી મોટી બારીઓમાંથી સૂર્યના પ્રકાશનો પ્રવાહ આવતો. તે તેમનાં પિત્તળની જાળીવાળાં ચકચકિત કમાડમાંથી પ્રતિફલિત થઈ આખા દીવાનખાનામાં તેજનો અંબાર ભરતો. બારીઓની સામી પાસ ભીંતે એવા જ રંગ અને આકારની કૃત્રિમ બારીઓ રાખી હતી અથવા એવો જ આભાસ આપનાર મોટાં તાકાં — કબાટ — હતાં. ખોટીખરી બારીઓના ગાળાઓમાં સામસામી મોટા નિર્મળ કાચવાળા તકતાઓ ટેબલ જેવી બેસણી પર મૂક્યા હતા અને તેમની આગળ રમકડાં, ચિનાઈ વાસણો અને એવા એવા પદાર્થો મૂકેલા હતા. ભીંત પર પણ આસમાની રંગ હતો અને નાટકના પડદા પેઠે તે ચીતરી કાઢી હતી. છત પર રાતો ચળકતો રંગ, બિલોરી ઝુંમરો, હાંડીઓ, કાચના ગોળા અને એવા એવા શણગાર હતા. છતની રંગીન કિનારીની આસપાસ ભીંત પર કિનખાબની ઝૂલ પર કરચલી પાડેલી હતી. નીચે ઊંચે અને આસપાસ જોતાં દીવાનખાનું એક વિશાળ પલંગ જેવું લાગતું હતું. એ પલંગ પર પડતાં માનવીનું મન અંજાઈ જઈ મોહનિદ્રા પામતું, રાજવૈભવનું સ્વપ્ન જોઈ ઘડીવાર પોતાની ખરી સ્થિતિ ભૂલી જતું અને અધિકારેષણા સાથે વધારે વધારે ગાઢ બાથ ભીડતું.

કારભારીઓ અને અમલદારો આ દીવાનખાનામાં એકઠા થતાં અહીંયાં ત્યાં ફરવા લાગ્યા, કોઈ બારીએ ઊભા રહ્યા, કોઈ આયનામાં જોવા લાગ્યા, કોઈ ઊંચે નજર કરવા લાગ્યા, કોઈ વાતોમાં ભળવા લાગ્યા, કોઈ દરબારની તૈયારીના કામમાં ગૂંથાતાં આમતેમ ઉતાવળથી હેરાફેરા કરવા લાગ્યા, કોઈ ઊભા, કોઈ બેઠા, કોઈ વાટ જુએ છે, કોઈ વિચાર કરે છે, કોઈ જોઈ રહે છે, કોઈ કાન માંડે છે, કોઈ શૂન્ય મનવાળા બની આરામ ભોગવે છે, કોઈ નવાજૂની પૂછે છે, કોઈ ગપાટા મારે છે, કોઈ ખરા સમાચાર કહે છે, કોઈ કોઈના કાનમાં આજનું ભવિષ્ય વર્તે છે, કોઈ બનનાર બનાવ પર પોતાના ભાગ્યનો આધાર વિચારે છે, કોઈ ઉત્સાહમાં છે, કોઈ ચિંતામાં છે, કોઈ નિરાશ છે, કોઈ પોતાની વૃત્તિ સંતાડે છે, કોઈ પારકાની વૃત્તિ જાણી લેવા પ્રયત્ન કરે છે, કોઈ શત્રુતા સંતાડી જીભ ઉપર મિત્રતાના ઊભરા આણે છે, કોઈક તે સમજે છે, કોઈક તેથી ભોળવાય છે, કોઈક સામા સાથે સામા જેવા બને છે, કોઈક સ્પષ્ટવક્તા થઈ હાસ્ય પામે છે, કોઈક વેરની આંટી વાળે છે, અને અનેક આદર્શો, કાચના ગોળામાં, બિલોરમાં, ચળકતા પિત્તળમાં અને એમ જ અનેક સાંભળનાર, જોનાર, અને વિચારનારના કાનમાં, કીકીમાં, મનમાં અને બોલમાં સર્વનાં પ્રતિબિંબ ઓછાવત્તાં, નાનાંમોટાં, ઝાંખાં અથવા સ્પષ્ટ, જુદે જુદે રૂપરંગે અને જુદી જુદી સ્થિરતાથી પડે છે. તે સર્વનો આભાસ બુદ્ધિધનની આંગળીએ વળગી ફરનાર અને તેથી સર્વની દૃષ્ટિ ખેંચનાર નવા નવીનચંદ્રના અંત:કરણમાં સ્ફુરવા લાગ્યો — ચમકારા કરવા લાગ્યો. વિલાયતી માલનું મહાપ્રદર્શન જોતો હોય, બોલતાંચાલતાં પૂતળાં જોતો હોય, અજાણી ભાષા બોલનાર લોકોના બજારમાં ફરતો હોય, સંસારજાળના સમૂહ વચ્ચે સંન્યાસ લઈ ઊભો હોય — તેમ આ સર્વ મંડળ વચ્ચે ઊભેલો તથાપિ પોતાને એકલો ધારતો નવીનચંદ્ર આ સર્વ ઇન્દ્રજાળ ઉપર ધીર દૃષ્ટિ નાંખતો, કૌતુક ધરતો અને અવલોકન કર્મ કરતો, કંઈ કંઈ વિષયનાં મનમાં પૃથક્કરણ કરવા લાગ્યો — અને ઘડી એ ક્રિયામાંથી વિરામ લેતાં સૂર્યકિરણના પૃથક્કરણનું સાધનભૂત થતા વિચિત્ર રમણીય રંગોથી ભરાતા માથા ઉપરના બિલોર સાથે પોતાને સરખાવવા લાગ્યો અને મનમાં હસ્યો.

આ અંત:ક્રિયા થતી હતી એઠલામાં ઊનના ગાલીચા ઉપર પ્રજાવર્ગના લોક આવી ભરાઈ ગયા અને ગરબડાટ મચાવતા ધક્કામુક્કી કરતા બેસવા લાગ્યા. કેટલાક તો ગામડિયા વર્ગ પેઠે ચારે પાસ જોવા લાગ્યા, કેટલાક ભારેખમ થઈ આઘા ઊભા રહ્યા, કેટલાક રાજદરબારમાં હક ધરાવતા હોય તેમ સૌથી આગળ આવી ઊભા, કેટલાક અમલદારોને સલામ કરવા લાગ્યા, કેટલાક પોતાની વગના અમલદારો ભણી આંગળી કરી પોતાના સ્નેહીઓને આનંદભેર બતાવવા લાગ્યા, અમલદારો પોતાની સલામ ઝીલે એટલે પોતાનું મહત્ત્વ વધ્યું માની કેટલાક મનમાં ફુલાવા લાગ્યા, અને રાજસત્તાએ નમસ્કાર કરવા જોઈએ — જેને પૂજનીય ગણવી જોઈએ એવી — રાજા અને કારભારીઓની કામધેનુ — પ્રજા ક્ષુદ્ર અધિકાર

આગળ પોતાનું ગૌરવ ભૂલી જઈ દીનતા ધરતી ઉત્સાહ માનવા લાગી. તેમના ઉત્સાહ ઉપર નવીનચંદ્રની આંખ ઠરી. આંખ જરી ફરી તો એક બારી આગળ ઘણા ગાઢ મિત્રો હોય એમ શઠરાય અને બુદ્ધિધનને એકબીજા સાથે હસતા અને દેખાઈ આવતા રસભેર રાજ્યકાર્યની વાતો કરતા જોઈ એ અદ્ભુત આશ્ચર્ય પામ્યો.

એવામાં અચિંતી દૂરના ખંડમાંથી ધીરગંભીર ગર્જના થઈ! 'નિઘા રખો મહેરબાન!' મેઘનાદથી મોરનું ટોળું ચમકે તેમ સર્વ એકદમ ચમકયા અને ઝટોઝટ પોતાનાં ઠેકાણાં ખોળવા લાગ્યા. સિંહાસનની જમણી પાસ શઠરાય બેઠો. જોડે કરવતરાય, દુષ્ટરાય, અને પછી બીજા કારભારીઓ અને અધિકારીઓ ક્રમ પ્રમાણે ગોઠવાઈ ગયા અને વચ્ચે કોઈ કોઈએ ક્રમવિરુદ્ધ પણ જગા લઈ લીધી અને બીજા ચેંપેં કરતા રહ્યા. સિંહાસનની ડાબી બાજુએ બુદ્ધિધન બેઠો અને જોડે પ્રમાદધન બેઠો. નવીનચંદ્ર તેની પાછળ બેઠો. સમરસેન કેડે તરવાર બાંધી સિંહાસન પાછળ ડાબી પાસ એક ખૂણામાં મૂછે હાથ ફેરવતો ઊભો. બુદ્ધિધન સાથે આવેલાં બીજાં માણસો — શાળાના માસ્તર વગેરે — જેની સાથે ફાવ્યું તેની સાથે ગોઠવાઈ ગયાં. અમાત્ય અને તેના પુત્રના પછી કાંઈક માર્ગ મૂકી, રાણાના ભાયાતો દાઢીમૂછનું આડંબર જુદી જુદી રીતે ધારી સુનેરી વળ અને પેચવાળાં પાઘડાં ઘાલી કેડે કટારો અને જમૈયા ભરી બેઠા અને નવા નવા આવતા જાય તેમ તેમ ખસતા જાય અને માગ આપતા જાય. એવામાં અંધકાર જેવા પાછળ આવતા તબલચી વગેરે મંડળને અગ્રભાગે ઝૂલતી ઝૂલતી, પશ્ચિમ મુખે ઊભેલા વાદળાના લિસોટા જેવા ઓઠને મોંમાં સારી પેઠે ભરેલા પાનના બીડાના રસથી રાતાચોળ કરતી, ઉજાસવાળી સંધ્યા (સંધ્યાકાળ) જેવી કલાવતી ઠમકા કરતી કરતી આવી અને દીવાનખાનાની દુનિયાના મધ્યભાગમાં સપરિવાર બેઠી. નિદ્રા સમીપ આવતી હોય તેમ સર્વની આંખો ઘૂર્ણાયમાન થવા માંડી. સૂવાનો સમય આવ્યો હોય અને વિષયવાસના ચારે પાસ પ્રબળ બનતી ઊડતી હોય તેમ સર્વનાં ચિત્ત નિર્લજ્જ થવા લાગ્યાં. સર્વની વચ્ચે ખાલી રહેલી જગા પથારી જેવી હોય અને તેમાં બેઠેલી કલાવતી સજ્જિત નાયિકા જ હોય તેમ તેના ઉપર સર્વ પુરુષવર્ગની આંખ જવા લાગી — ગઈ.

આવે વખતે માત્ર બેત્રણ જણની આંખો જુદું કામ કરતી હતી. સર્વની આંખોનો વ્યવહાર જોવામાં નવીનચંદ્રની આંખ ગૂંથાઈ. બુદ્ધિધનની પાછળ ભરાઈ સિંહાસનને ઓથે રહી જયમલ કાંઈક વાતો કરવા લાગ્યો અને મોં પાછું ફેરવી બુદ્ધિધને કાન માંડ્યા. શઠરાયની પાછળ બેઠેલા નરભેરામની આંખ આ દેખાવ એકટશે જોઈ રહી.

'દુષ્ટરાય કલાવતીના ખંડમાં કાંઈક તપાસ કરવા પેઠો હતો.' શ્વાસ ન માતા જયમલશંકરે અમાત્યના કાનમાં કહ્યું.

'શું કરવા?' આતુરતા સંતાડી અમાત્યે પૂછ્યું.

'તે તો કોણ જાણે, પણ અંદર કાંઈક અડપલું કરતો હતો.'

'ક્યાં મહેલ વચ્ચોવચ? અજાણ્યો બની અમાત્ય આભો બનેલો દેખાઈ બોલ્યો.

'હા હા. હું ને નરભેરામભાઈ તે વખત રાણાજ પાસે ઊભા હતા ને નરભેરામભાઈ આજનું અંગ્રેજી વર્તમાનપત્ર રાણાજને વાંચી સંભળાવતા હતા. એટલામાં આ નવાં અંગ્રેજી 'ફાશન'નાં પટપટિયાં હવણાં કરાવ્યાં છે તેમાં એમની નજર પડી એટલે વાંચવું છોડી જરીક બાડી આંખે જોવા લાગ્યા.'

'એટલે?'

'રાણાજએ પૂછ્યું કે 'કેમ બંધ પડ્યા? શું જુઓ છો?' નરભેરામ ભાઈએ 'કંઈ નહીં' કહી વાત ઉડાવવા માંડી પણ રાણાજએ આગ્રહ કર્યો અને પટપટિયાંમાંથી જોયું અને મિજાજ ગયો.'

બુદ્ધિધનના અંત:કરણમાં અમૃત રેડાયું પણ બહારથી જણાવ્યું નહીં. 'રાણાણ કાંઈ બોલ્યા?'

'તરવાર પર હાથ મૂકી ઓઠ પીસી બારણું ઉઘાડવા દોડ્યા અને આંખો રાતીચોળ કરી દીધી.'

'હેં!'

'પછી તો નરભેરામભાઈએ પાસે જઈ રાણાજએ હાથ ઝાલ્યો અને મને કાઢી મૂકી કાનમાં કાંઈક કહેતા હતા ને હું બહાર આવ્યો.'

વિચારમાં પડી બુદ્ધિધને જયમલને 'ઠીક, બેસો' કહ્યું. થોડી વારે પાછો બોલાવ્યો અને કાનમાં કહ્યું:

'જયમલ! ઉપલે માળે જઈ બારીએ ઊભા રહો અને લીલાપુરને રસ્તેથી ઘોડાગાડી આવતી દેખો એટલે પાછા આવી મને કહેજો. કોઈને ખબર પાડવાની જરૂર નથી.'

'બહુ સારું' કહી જુવાન સૌની પાછળ થઈ છજામાં ચાલ્યો ગયો. નરભેરામને કાંઈ સમજણ ન પડી. માત્ર જતાની પૂઠ પર નજર નાંખી તે દૃશ્ય થતાં અમાત્ય સામી ફેરવી કલાવતીને અને તેની આસપાસ પાંખો પેઠે બીજી બે ગણિકાઓ આવી બેઠી હતી તેને બધાની પેઠે જોવા લાગ્યો અને સૌમાં સુંદર કોણ છે તે વિષે શઠરાય અને કરવતરાય સાથે ચર્ચામાં પડ્યો.

એટલામાં સિંહાસન પાછળનું દ્વાર ઊઘડ્યું અને 'નિઘા રખો મહારાણા — મહારાજાધિરાજ — નિઘા રખો'ની ગર્જનાએ સૌના કાન પર છાપો માર્યો અને કલાવતીને જોવી મૂકી દઈ રાણા ભણી જોતું જોતું સર્વમંડળ એકદમ વાના ઝપાટા પેઠે ઊભું થયું — આખું દીવાનખાનું જ ઊભું થયું,

ઉપર ને આસપાસના કાચમાં અને અંત:કરણમાં સર્વ ઊભા જ થયા અને એકદમ બે હજાર માણસ નીચા પડી સલામો કરવા મંડી ગયા. સલામોનો વરસાદ વરસવા લાગ્યો. અગણિત કપાળક્ષેત્રો પર તીડની પેઠે હાથ ઊભરાવા લાગ્યા — ઊંચાનીચા થવા લાગ્યા.

જરિયાનનાં વસ્ત્રો ને હીરામોતીનાં આભૂષણ પહેરેલાં, હીરે જડેલી સોનાની મૂઠવાળી તરવાર કેડે રાખેલી, કસબી લપેટાવાળા માથાના મંડીલ પર હીરાનો મુકુટ ધરેલો એવો રાણો, દેખાતા પ્રસન્ન મુખથી, દબદબા સાથે, છાતી કાઢી આવ્યો અને શઠરાય ભણી જોઈ હસી સિંહાસન પર બિરાજ્યો. સર્વમંડળ પણ બેસી ગયું. સિંહાસન પાછળનો ભાગ છડીદારોથી ઊભરાવા લાગ્યો. બે પાસ સોનેરી ચામરો ઢોળાવા લાગ્યાં. એક પાસ વિજયસેન રાણાના શરીર રક્ષકને સ્થળે ઉઘાડી તરવારે ઊભો. દરબાર સમયે આમ રહેવાનો સુવર્ણપુરના રાજમહાલયનો વહીવટ હતો. બીજી પાસ રણજિત સોનેરી છડી લઈ ઊભો. આગળ એક પાસ ઊભો રહી એક મોટો પંખો એક જણ ઉરાડવા લાગ્યો. ગુલાબ વગેરે ફૂલના મોટા મોટા ગોટા, અત્તરદાનીઓ, ગુલાબદાનીઓ, સોનારૂપાના વરખવાળાં પાનનાં બીડાં, ઇત્યાદિથી ભરેલા મોટા રૂપેરી થાળો વચ્ચેવચ મૂકવામાં આવ્યા. રાણાના શરીર પરના અત્તર આદિ સુગંધી પદાર્થો મઘમઘાટ થવા લાગ્યા. સર્વનાં નેત્ર અને નાક તૃપ્તિ ભોગવવા લાગ્યાં. કાનને તૃપ્ત કરવા પ્રથમ સારંગીએ અને પછી કલાવતીના મધુર ઝીણા કંઠે આરંભ કર્યો.

‘આઆ..
.’

અને મૃદંગ, સારંગી અને સતાર ત્રણેનો યોગ્ય ક્રમે ઉપયોગ થયો. વસંત ઊતર્યા જેવો હતો તોપણ રાણાને શોખ હતો તેથી બીજું બધું ગાયું તેમાં દ્વિભાષિક હોરીઓ પણ ગાઈ અને

‘મેં તો નહીં રહુંગી તેરા નગરમેં;

ધોળે દહાડે કિસનજી લુટે છે અમને!’

એ હોરી ગવાતાં સર્વ સભાનાં અંત: કરણ આનંદમાં લીન થયાં. ગણિકાના ગાન સાથે અને હાવભાવ સાથે શ્રોતાગણનાં ચિત્ત ચમકતાં હતાં અને દ્રવતાં હતાં. સારંગીનો સંવાદ કરતો ગાનનો સ્વર આખા સભાલયમાં — આખી સભાના અંત:કરણમાં — લય પામતો હતો અને સતારના તારના રણકારથી સર્વનાં ચિત્ત ભેદાયાં. સર્વ સમાધિસ્થ થયા. છેલ્લું ચરણ આવ્યું:

‘જુલમ કરે તેને કોઈ ન પૂછે,

ન્યાય નહીં એ નગરમેં! — ધોળે દહાડે૦ [૧]

એ સ્વર કલાવતીના મુખમાંથી બહાર ભાગ્યે નીકળ્યા હશે એટલામાં જયમલ પાછો આવ્યો, બુદ્ધિધનના કાનમાં વાત કરી અને બે મિનિટમાં ઘોડાગાડીના પડઘા સંભળાયા. સર્વની સમાધિ ભાગી ન ભાગી થઈ એટલામાં રસલ સાહેબનો શિરસ્તેદાર રામચંદ્રરાવ સિપાઈ સાથે અંદર દાખલ થયો, ગાન જરીક અટક્યું, રામભાઉને સારુ રસ્તો થયો, બુદ્ધિધન સામે લેવા ગયો, શઠરાયે ઊઠી હાથ મેળવ્યા, રાણાએ બેઠાં બેઠાં સલામ સ્વીકારી અને રાણા અને અમાત્યની વચ્ચે રામભાઉ બેઠા.

ઉશ્કેરાયેલા જેવો રાણો મૂછો મરડતો મનમાં મનન કરતો હતો: અકવીય અનુકરણ કરતો હતો:

‘તું’ તો મત રહો મેરા નગરમેં!

ધોળે દહાડે, ઓ રંડી, ઠગે છે તું અમને.’

તે મનનમાં રામભાઉ આવ્યાથી વિક્ષેપ પડ્યો. રાણાએ સાહેબની પ્રકૃતિના સમાચાર પૂછ્યા, શઠરાયે આગમન પ્રયોજન પૂછ્યું. રામભાઉએ કહ્યું: ‘દરબાર પૂરો થયા પછી કહીશ, એટલી ઉતાવળ જેવું નથી.’

આ વાતો થાય છે તેનો લાભ લઈ કલાવતી ઊઠી. બેઠી બેઠી ગાયન કરતી હતી તે વેશ બદલવા ગઈ. એટલામાં એક સિપાઈ આવ્યો અને રણજિતના કાનમાં કાંઈ વાત કહી રણજિત દુષ્ટરાયને ખૂણે બોલાવી કહેવા લાગ્યો:

‘ભાઈસાહેબ, માફ કરજો. હું તો નિમકહલાલ છું કે હરામ છું તે મારો ઈશ્વર જાણે છે. પણ આપનો મેરુલો કેવો છે? તે જાણો છો?’

‘તારા કરતાં બહુ સારો છે.’

‘તો ભાઈસાહેબ! આવો લાગ નહીં મળે. આપને અહીં રોકાયા જાણી ઘરમાં–’

‘સાળા, લુચ્ચા! જીભ કાપી નાંખીશ.’ ભરદરબાર ન હોત તો દુષ્ટરાય હાથ ઉગામત.

‘ભાઈસાહેબ, અધઘડીનું કામ છે. ઘેર છાનામાના પધારો અને આંખ વડે ખાતરી કરો. હું જૂઠું બોલતો હોઉં તો તમારી તરવાર અને મારું માથું.’ કહી એક આંખે જોનાર તાકીને જોઈ રહ્યો. દુષ્ટરાય પાછો પોતાને ઠેકાણે ગયો પણ જીવ સ્થિર ન રહ્યો. ધૂંઆપૂંઆ થયો. સંશયમાં રહેવું એ માણસને મહાવસમું લાગે છે. બહાનું કાઢી ઘેર જઈ તપાસ કરી જોવી એ તો નક્કી થયું પણ આજ દરબારમાં હતું એનાથી કાંઈ પણ કામ વધારે જરૂરનું નહીં ગણાય. ઘરમાં કોઈ અચિંત્યું માંદું થયું છે તે જઈ બંદોબસ્ત કરી તરત પાછો આવું છું એવું કહી પિતાની રજા લઈ ઊઠ્યો અને ગભરાયેલો ગભરાયેલો ઘેર ગયો. ગભરાટમાં કોઈ સિપાઈને સાથે લેવાનું

ભૂલી ગયો. સિપાઈઓનાં મન દરબારના જોયામણામાં હતાં; તેણે એમને જતો દીઠો નહીં એટલે એની સાથે જવાનું કોઈએ કહ્યું નહીં. એકલો એકલો ગયો.

કલાવતી અંદર ગઈ એટલા વખતમાં બીજી નાયકાઓ ગાતી હતી. કોઈ કોઈ સ્થળે તેમનું ગાન કલાવતી કરતાં ચડતું હતું પણ હજૂરીઓએ દરબારની માનીતીનું જ ગાન વખાણ્યું. ટપ્પા, ઠુમરી અને એવા એવા ગાનથી થોડો વખત પ્રજાવર્ગને રમણીય થઈ પડ્યો, અને દરબારીઓએ જાણી જોઈ તે પર ધ્યાન ન આપ્યું અને ગરબડાટ મચાવી મૂક્યો. મનમાં ખીજવાતી પણ નિરુપાય ગાનારીઓ તે સર્વ મનમાં સહન કરી પોતાનો પ્રયત્ન વધારતી હતી કે કંઈ કરતાં પણ કોઈ વખતે પણ પોતાની અસર એની મેળે રાણા પર થાય.

બુદ્ધિધને હળવે રહી રામભાઉ પાસેથી સાહેબનો કાગળ માગી લીધો અને વાંચ્યો. શઠરાયે માગ્યો. બુદ્ધિધને રામભાઉને આપ્યો અને કહ્યું કે લાંબે હાથે પહોંચાડો. રાણાએ વચમાંથી માગ્યો, લીધો, વાંચ્યો અને શઠરાયને આપ્યો. જોડે બેઠેલા કરવતરાયે વાંકા વળી વાંચ્યો. કરવતરાયના જુલમનો ભોગ થઈ પડેલો વાણિયો છૂટો છે કે કેદમાં છે, તેના ઘરની શી અવસ્થા છે વગેરે બાબતો જાતે પ્રત્યક્ષ કરવા રામભાઉને મોકલ્યા છે તેને એ કાર્યમાં સૌ વાતની અનુકૂળતા કરી આપવી એવો રાણા પર કાગળ હતો. વાંચી સૌની ગુપચુપ વાતો થવા માંડી. વળી વળી એકબીજાના જ કાન સૌએ કરડવા માંડ્યા. શઠરાયે કાગળ રામભાઉને પાછો આપ્યો; દુષ્ટરાયને શોધ્યો પણ એ પાછો આવ્યો ન હતો; નરભેરામ પાછળ બેઠો બેઠો ખાનગી થઈ વાતો કરતો હતો. શઠરાયના પેટમાં તેલ રેડાયું તે એ કળી ગયો. અમાત્ય ને નરભેરામની નેત્રપલ્લવી થઈ. શઠરાયે ચારે પાસ ઊંચુંનીચું જોવા માંડ્યું. મનનું ધાર્યું કામ કરવતરાયને સોંપાય પણ એ જ તહોમતનું પાત્ર એટલે તેમ થાય એમ ન હતું. આખરે નરભો જ જડ્યો. તેને કાનમાં કહ્યું: ‘દરબાર થઈ રહે એટલે રાજબાની વાત ઉપાડવી છે તેમાં આ વિઘ્ન આવ્યું તે દૂર કરવાનું છે. તમે ઊઠો જઈને જેલર પર ચિઠ્ઠી લખો કે એકદમ વાણિયાને છોડી એને ઘેર રવાના કરે અને પૈસાબૈસા આપી સામદામ કરી ચટણા પાસે જોઈતા જવાબ આપે એવો બંદોબસ્ત કરાવી પાછા આવો એટલે દરબાર પૂરો થઈ રહેશે ને ચટણો ખાતરી કરી લેશે.’

‘ચિઠ્ઠી કોની સાથે મોકલું? જયમલ કરશે એ કામ?’

‘હા—મોકલો એને. એ આપણું જ માણસ છે. તમે પણ તમારે જવાને ઠેકાણે જજો.’ નરભેરામ ચાલ્યો. રામભાઉ ખટપટ ચેતી ગયો. બુદ્ધિધને લીલાપુરમાં નોકરી કરી ત્યાં સુધી એ રામભાઉ એના હાથ નીચે હતો અને એનો તથા સદાશિવપંતનો સંબંધ સારો જાણી પોતે પણ એના પર પ્રીતિ રાખતો. બુદ્ધિધન લીલાપુરથી નીકળ્યો ત્યારે શિરસ્તેદારની જગા સારુ બેત્રણ ઉમેદવાર હતા પણ જય રામભાઉને જ મળે એમ હતું એટલે

બુદ્ધિધને એની ભલામણ કરી. શઠરાય બીજા ઉમેદવાર તરફ હતો અને રામભાઉ હલકી અવસ્થામાં હતો તે વખતે શઠરાયે એની ઑફિસના માણસોનો સત્કાર કરતાં પંક્તિભેદ કરેલો અને તેમાંથી એને હાડોહાડ ચડી ગયેલી. આથી શઠરાયના પૈસા ખાતાં છતાં પણ વખત આવ્યે જોઈ લેવા એની વૃત્તિ હતી. શઠરાય પૈસા આપતો તે છતાં કોઈ ઉપકાર ન રાખતાં. રામભાઉ એમ ગણતો કે એ તો બુદ્ધિધન કારભારી થશે તો એ પણ આપશે ને ક્યાં મારી ગરજે આપે છે જે? બુદ્ધિધન રામભાઉને સારી પેઠે ઓળખતો હતો અને પોતે ગરજ બતાવ્યા વિના એને કેમ ગરજાળ કરવો તે સમજતો હતો. રસલ સાહેબ સાથે પોતે કરેલા ઓળખાણથી શિરસ્તેદારના મન ઉપર સત્તા ભોગવતો અને નિ:સ્વાર્થ દેખાઈ તેને સાહેબ પાસે લાભ કરાવી આપવા તત્પર રહેતો તેથી બે જણની ઠીક ગાંઠ પડી હતી. દક્ષિણી બ્રાહ્મણ ઘણો ચકોર હતો અને નરભેરામ ઊઠ્યો ત્યાંથી જ એને ચટપટી થઈ.

'કારભારી સાહેબ, દરબાર ચાલે છે એટલામાં હું જશ કાંઈ ખાનગી કામ છે તે જઈ આવું છું. પછી સાહેબની ફરમાશ બજાવી તરત પાછા ફરવું છે.'

'બહુ સારું.'

રામભાઉએ બુદ્ધિધનને કાનમાં પૂછ્યું: 'જેલની તપાસ કોણ કરે છે?'

'તર્કપ્રસાદ.' બુદ્ધિધને કાનમાં કહ્યું.

રામભાઉ ઊઠ્યો. ઊઠતાં ઊઠતાં બોલ્યો: 'જેલની તપાસ કોણ કરે છે?'

'તર્કપ્રસાદને જશ મારી સાથે લઉં છું.'

કોઈથી ના ન કહેવાઈ. ન્યાયાધીશ એની સાથે જવા ઊઠ્યો.

શઠરાય અને કરવતરાય બેને ગભરાટ થયો, એમ લાગ્યું કે વાણિયાને સમૂળગો સંતાડવો હતો અને ક્યાં છે તેનો પત્તો જ ન લાગવા દીધો હોત તો ઠીક થાત. પણ હવે વખત ગયો અને એ ઉત્તમ વિચાર પશ્ચિમ બુદ્ધિનો લાગવાથી પસ્તાવાનું સાધન થઈ પડ્યો. 'હવે તો થાય તે થવા દો. પડશે એવા દેવાશે. કયાં ચટણાને પૈસો વહાલો નથી?' એ વિચાર કરી, હિંમત ધારી શઠરાયે નિશ્ચિંત દેખાવ ધારણ કર્યો.

આ સર્વ કાળ નવીનચંદ્રે શાળાના માસ્તર સાથે વાતોમાં ગાળ્યો. કારભારીની સાથે બેઠેલા સર્વ અમલદારોનું માસ્તરે આઘેથી ઓળખાણ કરાવ્યું. સુવર્ણપુર સંસ્થાનને વીસ મહાલ હતા. દરેક મહાલમાં 'મહાલ કરી', 'ન્યાયાધીશ', 'ફોજદાર' આદિ અમલદારો રહેતા હતા. સુવર્ણપુર પણ એક મહાલનું મુખ્ય સ્થાન હતું અને એવા અમલદારો ત્યાં રહેતા હતા અને એ ઉપરાંત એ નગર ખાતેના અમલદારો — જેવા કે

'નગરન્યાયાધીશ', 'વેરાઉઘરાતદાર', 'શહેરફોજદાર' વગેરે પણ રહેતા. અમલદારોનાં નામ પેશવાઈ, મોઘલાઈ, અંગ્રેજી રાજ્ય વગેરે ઉપરથી ખીચડંપાક કરી રાખવામાં આવ્યાં હતાં અને નામ ઉપરથી અધિકારીનું કામ સમજાય એમ ન હતું, જેમ કે 'ફ્નેજદાર' કહેવાતા ' દુષ્ટરાય'ના હાથમાં આખા સંસ્થાનના 'પોલીસ કમિશનર'નો અધિકાર હતો. માસ્તરે નવા નવીનચંદ્ર પાસે આંખ વડે સૌને બતાવી મોં વડે વર્ણવવા માંડ્યા:

'આ કારભારી સાથે કરવતરાય છે — તે એમના ભાઈ. એમને બે હજારનું વરસ છે. પંદર વર્ષથી નોકરી કરે છે. એમના બાપે પૈસો મૂક્યો ન હતો. આજ એમની પાસે દસ લાખનો જીવ છે.'

'એ શી રીતે?'

'સાહેબ! એ બધું કહેવાનો અત્રે શિરસ્તો નથી. વળી જુઓ. આ એમની સાથે બેઠા છે તે દુષ્ટરાયના સસરા. દીકરીથી એમનું ઘર ઊજળું થયું છે. કન્યાદાનના બદલામાં નોકરી લેવી એ અત્રે યોગ્ય ગણાય છે. સૌના કરતાં એમની લાગવગ વધારે છે. પાસે પૈસા પણ ઠીક છે. જમાઈની ચાકરી ઠીક ઉઠાવી છે. બુદ્ધિની જરૂર ઈશ્વરે રાખી નથી. એમને હાલ વસૂલખાતાના ઉપરીની જગા છે.'

'આ કોણ?'

'એ સાહેબ જે જાડા જેવા બેઠા છે તેમનો કરબ બહુ છે. એમનું નામ સાંભળી લોક ત્રાસે છે. એઓ સાહેબ કારભારીના સાળા છે. એઓ સાહેબ સર્વજ્ઞ ગણાય છે. પોલીસ ખાતામાં પ્રથમ હતા. ત્યાં પરસ્ત્રી અને પરધન બે બાબત જુલમ કરવા માંડ્યો એટલે બસ્કિન્ સાહેબની તાકીદ આવ્યાથી એમને આ ખાતામાં નાલાયક ગણી એમને ન્યાયાસન પર બેસાડવામાં આવ્યા. ત્યાં, સાહેબ, એઓ બન્ને પક્ષકારોનું સારું ઇચ્છતા અને જે પક્ષકાર એમનું વધારે સારું ઇચ્છે તેના ઉપકારનો બદલો વાળવો ચૂકતા નહિ. અમાત્ય આવ્યા પછી એમને મહાલ સોંપવામાં આવ્યો છે એટલે, સાહેબ, રાજા અને પ્રજા બેના તરફથી લાભ પામે છે.'

'ત્યારે એમને કોઈ પૂછતું નથી?'

'અરરર! એ શું બોલ્યા! તમારા પર ફરિયાદ કરીએ તો તમારા મોટાભાઈ સાંભળે? તાકાત કોની હોય કે ફરિયાદ કરે?'

'પણ મહાલના કામમાં તો ગરબડગોટા અને નાલાયકી તરત જણાઈ આવે.'

'ના જી, ના. એ તો આપને અનુભવ નથી. કારભારી સાહેબના રસોઇયાને નાયબ કારભારીની જગા આપવામાં આવે તો તે જ દિવસથી એની હોશિયારી પંકાય જ — એની કદર જણાય જ. એ તો કોઈ

હરામખોર પરભાર્યો પેસી ગયો હોય તો તેની ખોડો તરત બહાર પડે. તેનામાં હોશિયારી હોય જ નહીં. વારુ સાહેબ, આમને ઓળખ્યા?'

'હા, એ નરભેરામ. એમને વિશે કાંઈક જાણું છું. ઇતિહાસ કહો.'

'જુઓ, સાહેબ, અમાત્યની નિન્દા એ એમનું અને કારભારીનું સગપણ, અને નીચામાં નીચી ખુશામત એ એમની હોશિયારી.'

'એટલું કરનાર તો ઘણાયે હશે.'

'હા. પણ બસ્કિન્ સાહેબે એમને મોકલ્યા એટલે દાખલ થઈ ગયા અને રાણાનો એમના પર કાંઈક વિશ્વાસ એટલે કારભારી તરફથી માન મળે છે.'

'ઠીક.'

ઘણા અમલદારોનું આ પ્રમાણે વખાણ થયું. તર્કપ્રસાદ બધું સાંભળ્યા કરતો હતો. તેને અચિંત્યું રામભાઉ સાથે જવાનું ઠર્યું. એટલે મૌન તજી દઈ ઊઠતાં ઊઠતાં બે વાતો કરનારને ખભે હાથ દઈ બોલ્યો.

'આ મારું વર્ણન ટૂંકામાં સાંભળો. ફોજદારી કાયદાની જેને સમજણ ન પડતી હોય તેને મારી પાસે આણજો. આ બધા જે ભારેખમ, ઠાવકા, લાલચોળ પાઘડીઓ પહેરી બેઠા છે અને ઇંદ્રસભાના દેવો જેવા દેખાવમાં છે તે બધાનાં કૃત્યનો ઇતિહાસ જાણ્યો હોય તો દ્રવ્યના દંડની શિક્ષાથી તે દેહાંતદંડની શિક્ષા યોગ્ય જે જે અપરાધો છે તેમનાં ઉદાહરણો આ સાહેબોનાં કૃત્યોમાંથી મળે એવાં છે! લાંચખાઉ, ચોર, વ્યભિચારી, વિશ્વાસઘાતી, ખૂની અને એવા એવા યોગ્યતાવાળા આ ગૃહસ્થો સારાં કપડાંમાં ઢંકાઈ અધિકારે ચડ્યા છે અને નિર્દોષ અને પવિત્ર પ્રજાનું રક્ષણ-ભક્ષણ કરનારા એ લોક જગતની આંખમાં ધૂળ નાખે છે, દુષ્ટ મુત્સદ્દીપણાથી સાહેબોને ઠગી અધિકાર જાળવી રાખે છે, અને દ્રવ્યની સત્તાથી સર્વ ઇચ્છાઓમાં ફાવી જાય છે. થોડું બોલ્યે ઘણું કરી માનજો.' એમ કહી મરોડમાં હહતો હસતો તર્કપ્રસાદ રામભાઉ સાથે ચાલ્યો ગયો એટલે નવીનચંદ્રનું ધ્યાન ગાનારી ભણી ગયું. 'પાસે બેસનાર માણસ છે' એવું સમજનાર અચિંત્યો એમ જાણે કે 'આ તો માણસ નથી, ભૂત છે' એટલે તેનું અંત:કરણ જેવું બની જાય તેવું જ નવીનચંદ્રનું અંત:કરણ આ સર્વ વર્ણન સાંભળી થયું. નાયકાઓ હજી સુધી ઘડીક શાંત વૃત્તિથી, ઘડીક તાળીઓ પાડી, ઘડીક હાવભાવ કરી, ઘડીક મોં પહોળું ગુફા જેવું કરી, ઘડીક મોં બગાડી, આંખોને ઢાળી, ઘડીક કીકીઓ ચંચળ કરી, ઘડીક ડોળા વિકસાવી, ઘડીક ઊંચા ચઢાવી, ઘડીક પાંપણોની કલ્લી કરી, ઊંચી કરી, અને ઘડીક ભમ્મર ચડાવી ઊંચેનીચે રાગે ગાઈ રહી હતી અને સભામંડળ ચિત્ર પેઠે તલ્લીન થઈ ગયું હતું. આ સર્વ નવીનચંદ્ર જોઈ રહ્યો, માસ્તર અને ન્યાયાધીશે ભરેલા વિચારોના ઊભરા ઉપરાઉપરી આવતાં તેથી

આમતેમ નજર ફેરવી અહુણાં આના ને અહુણાં આના મોઢા સામું જોતો ગયો, અને આખરે બુદ્ધિધન ભણી જોઈ દયા આણવા લાગ્યો. 'અરેબિયન નાઇટ્સ'ની વાતો પ્રત્યક્ષ કરતો હોય, રમતિયાળ અલાદીન જેવો — તેની પેઠે પોતે રાક્ષસોના મહેલમાં આવી ઊભો હોય — તેમ કલ્પના કરવા લાગ્યો.

એટલામાં આઘેની બારીમાં નજર પડતાં નાયકાઓ ગાતી બંધ પડી અને ઠસ્સાદાર કલાવતી આવી અને નૃત્ય આરંભ્યું. તેણે હવે પોતાની કલ્પના પ્રમાણે વૃન્દાવનની ગોપીનો વેશ લીધો હતો. મોટા ઊડતા ઘેરવાળો ભૂરા રેશમનો ઝીણી કસબી કોરનો રાતી કસુંબલ ભાતવાળો ઘાઘરો પહેર્યો હતો. તેના ઉપર ઓઢણાથી કોઈ કોઈ ઠેકાણે ઢંકાયેલો નેફો ભાગ્યાતૂટ્યા મેઘચાપ જેવો શોભતો હતો. સમુદ્ર જેવા કરચલીવાળા ઘાઘરાની — કિનાર પર જતાં ફીણવાળાં મોજાં જેવી ચળકતી — કોર તળેનાં ઘૂંટણ નીચે કમાન બની ઢળકતાં જંજીરાં માછલીઓ પેઠે ચળકતાં હતાં; અને પગની નાજુક આંગળીઓ પર પહેરેલી વીંટીઓ, માછલીઓ વગેરે ઝીણા અલંકાર અને નૃત્ય સમયે ઊછળતા સુંદર નાના નખ: એ સર્વથી સમુદ્રના જોરથી કિનારે ઊછળી પડતા શંખલા અને છીપોનું ભાન થતું હતું. એ સર્વ અલંકાર અને વસ્ત્રોની વચ્ચે દીસી આવતાં ગોરાં ઘૂંટણ, પગની નસો અને નખ અને નાચતી વખત ઊંચીનીચી થતી એડીઓ અને પાનીઓ: તે પર ઘણાકની નજર પડતી હતી અને માત્ર તેમના વિરામ સમયે જ ભભકધમકવાળા વસ્ત્રાલંકાર પર તેમની દૃષ્ટિ જતી. બેઠેલા સભાજનની દૃષ્ટિ આટલે જ અટકતી ન હતી. જગતને શિરે કાળાં વાદળાં પર પડી ક્ષિતિજરૂપી કેડે પ્રસરતી ચંદ્રિકા(ચંદની)ની પેઠે કાળા વાળ પર ઓઢેલી ઓઢણી શરીર ઓછુંવત્તું ઢાંકી કેડ પર પથરાઈ હતી. કોટે અને હાથે સોના અને હીરામોતીના અલંકારથી, તારા ભરેલા આકાશ પેઠે, નાયકા હળવે હળવે ચમકારા કરવા લાગી. તેના ગૌર વદનથી સર્વનાં બુદ્ધિલોચનને ઝાંઝવા વળ્યાં. તેની આંજેલી આંખો પલકારા મારી રહી. ચંચળ બની, ચારે પાસ ફરતી; સર્વની આંખો સાથે સંગમ કરવા લાગી. તેના હાથ, તેનાં આંગળાં, તેના પગ, તેનો ઘાઘરો, તેની ઓઢણી અને ઓઢણીનો પાલવ: સર્વનું સાથે લાગું નૃત્ય થવા લાગ્યું. સ્થિર આકાશમાં વીજળી આમથી તેમ ખસતી ચમકારા કરે, શાંત સરોવરમાં નાની માછલી આમતેમ દોડે, તેમ સ્તબ્ધ રાજશાલામાં નાજુક નાયકા ત્વરાથી પગની આંગળીઓ પર ચાલતી આગળપાછળ ખસતી નૃત્ય કરવા લાગી. સર્વ બેઠેલામાં એ જ એક ચાલતી હતી. સર્વનાં મન વીંધી નાંખી — તેમાં એ જ અનિવારિત ગતિથી પેસતી હતી — પરોવાતી હતી. વગર બોલ્યે હાથના જ ચાળાથી સમજાય, હાવભાવમાં ઢંકાયેલા હોવાથી વધારે કૌતુક ખેંચે, નાચનારીના અંત:કરણમાં રજ પણ ન હોવા છતાં તેમાં પ્રબળપળે દેખાય, તેના બિમ્બાધર પર અશબ્દ હોવા છતાં લસી રહે, પારદર્શક આંખમાં અને કીકીમાં છુપાયા ન રહે, અને લલાટમેઘને ઢંકાયેલા સૂર્ય પેઠે તપાવી સળગાવે, એવા

મદનવિકાર-મનોવિકાર-ચિત્રતુલ્ય સભામાં એકલી કલાવતી વગર બોલ્યે વગર ગાયે બતાવી રહી. તેના પગ નૂપુર સાથે થનથન થઈ રહ્યા. તેના આસપાસના વેરાતા ચળકતા ઘાઘરાની અડફટમાં સર્વનાં મન આવી જવા — ભરાઈ જવા — લાગ્યાં. કોઈ કોઈ વખત જરીક દેખાઈ આવી કુતૂહલ ખેંચી કલ્પના પ્રકટતું તેનું કૃશોદર સર્વના દૃષ્ટિપાતથી સગર્ભ થવા લાગતું — પ્રફુલ્લ થતું — હોય તેમ સ્ફુરવા માંડ્યું. તેની ઉરધરામાં ધરતીકંપ થતો હોય તેવા કમ્પાયમાન અને નૃત્યથી આગળ પાછળ ધસતા સ્તનમંડળ પર ચડી સર્વની આંખો થાક્યા જેવી થઈ ગઈ — સર્વનાં અંત: કરણ શ્વાસથી ભરાઈ ગયાં લાગ્યાં — સળગતાં જણાયાં. ફણાધરના ફણાકમળ પેઠે મુખકમળ ડોલવા લાગ્યું અને તેના ચારે પાસ પ્રસરતા વિષમય ઉચ્છ્વાસથી સર્વને લહેર આવવા લાગી. સ્ત્રી જેવા પુરુષવર્ગને પુરુષ જેવી સ્ત્રી આંગળીનાં ટેરવાં વડે રમાડવા લાગી. તેનું સર્વ નૃત્ય અને ગાન, હાથમાં, હાડકાં વિનાની હોય તેમ સર્વ પાસ વળી જતી મરડાઈ જતી હથેલીમાં, અને હાથની નાજુક આંગળીઓમાં, મૂર્તિમાન થઈ ગયું. એટલામાં અંત: કરણના કૃત્રિમ ઊભરાનાં મોજાં ઓઠ પર આવવા લાગ્યાં, ઓઠ સ્ફુરવા લાગ્યા, મોં પહોળું થતું હોય એમ આભાસ થવા લાગ્યો, કોમળ ગોરા ઊજળા ગાલ પ્રફુલ્લ થવા લાગ્યા અને સૌએ જાણ્યું કે અહીં સુધી ગાન આવી પહોંચ્યું છે. એટલામાં તણાઈ જતી આંખ વિકસવા માંડી, મોં પણ વિકસ્યું, અને શબ્દનું બાકી રહી જતું હોય તેમ ગાનરૂપે તે નીકળવા લાગ્યા અને નૃત્ય પણ સર્વાંગે ખીલવા લાગ્યું. હાવભાવમાં જણાઈ આવતા વિકાર ગાનમાં ચડી આવ્યા.

‘અબ જાન દે અબ જાન દે, સામ પરી ઘનશ્યામ વે! (ધ્રૂવ)

દૈયા મેં દૂપ્પેરકી આઈ, બીતે ગઈ જુગ જામ વે: અબ૦

સાસ લરેગી, મોકું પિયું પૂછેગો, લોક કરે બદનામ વે: અબ૦’

સર્વ મંડળનાં મન નૃત્ય કરવા લાગ્યાં, ગાનવશ થઈ ગયાં, તાલ દેવા લાગ્યાં. ભૂપસિંહ પણ સર્વના જેવો જ દેખાવ ધારણ કરી રહ્યો હતો. પરંતુ તે હવે અધીરા જેવો થઈ જાવા લાગ્યો અને મનમાં બબડ્યો: ‘રાંડ, જાને જા, કાલ જતી હોય તો આજ જા.’ એટલામાં ગાનની છેલ્લી કડી આવી:

‘દયાપ્રીતમ કહે સુન મેરી પ્યારી! અબ ઈહ કરો બિસરામ વે,

અબ જાન દે, અબ જાન દે, સાંમ પરી ઘનશ્યામ વે!’

કોણ જાણે શું ભૂત ભરાયું તે રાણાથી શાંત ગંભીર રહેવાયું નહીં અને એકદમ ઊઠ્યો. સર્વ સભા આ અતર્કિત બનાવથી આશ્ચર્ય અને ચિંતામાં

પડી. રાણો જે દ્વારથી આવ્યો હતો તેમાં જ પાછો પેઠો, ‘નિઘા રખો મહેરબાન’ની બૂમ ઉપરાઉપરી પડવા માંડી અને ઊઠી જતા, વેરાતા, ટોળે મળતા, પૂછાપૂછ કરતા, ગરબડાટ મચાવતા મચાવતા સભાજનના શોરબકોરમાં ચોબદારોનો પોકાર ડૂબી ગયો. રાણાની પાછળ દ્વારમાં બુદ્ધિધન, શઠરાય અને બીજા મુખ્ય અમલદારોનો ઘસારો થયો અને ભીડાભીડમાં માનઅપમાન કે પદવીનું ભાન કોઈને રહ્યું નહીં. રંગમાં ભંગ પામેલી નૃત્ય કરતી બંધ પડી સર્વની વચ્ચે કલાવતી ઊભી રહી અને બીજી નાયકાઓ ઊઠી; તે કોઈને ન દેખતા જેવા — ન ગણતા — લોક ધક્કા મારી અથવા તેમના પર નજર પડતાં સંકોચાઈ આમતેમ ચાલવા માંડ્યા. ભીડમાં બુદ્ધિધનની આંખ આગળથી જુદો પડેલો પણ તેની આંગળીએ વળગેલો નવીનચંદ્ર પણ અમાત્યની પાછળ ગયો. અને સંસારમાં આવા બનાવ કેટલા બનતા હશે તે વિચારમાં — ભર ભીડ વચ્ચે ઊભો ઊભો — પડતાં, આગળ નજર રાખવી ચૂકી જતાં, પોતાની અને અમાત્યની વચ્ચે આવી જનારના ધક્કા ખાતો, અમાત્યના હાથના બળથી ઘસડાતો અને ધક્કો ખાઈ વિચારસ્વપ્નમાંથી જાગતો, સર્વ પ્રવાહનો એક ભાગ બની, એ પણ આખરે જાગ્યો.

રાણાને બેસવાના ખંડમાં તેના સિંહાસન પાછળના દ્વારમાં થઈ દાદરે ઊતરી આ સર્વ મંડળ ભરાયું. એ ખંડ સો દોઢસો માણસો માય તેટલો હતો. તેમાં ચારે પાસ ઊંચી શેતરંજી પાથરી દીધી હતી. વચ્ચે એક નાનું ઝુંમર અને બાકીની હાંડીઓ લટકાવી હતી; પુરાણનાં જયપુરી ચિત્રોના, અંગ્રેજી ચિત્રોના, ચિનાઈ ચિત્રોના, અને સાદા પણ સોનેરી ઘરના ચારે પાસ તકતાઓ હતા. એ સિવાય ભીંતો ઉપર બબ્બે ત્રણત્રણ વાલસેટોનાં જોડાં ચોડ્યાં હતાં. એક પાસ પોતાની મેળે કેટલાક રાગ ગાતું અંગ્રેજી વાજું એક સુંદર અર્ધગોળ ટેબલ પર મૂક્યું હતું. બીજી પાસ ભૂપસિંહની પોતાની સર્વાંગી મોટી છબી હાથની કાઢેલી અને રંગેલી હતી. તેની સામેની ભીંતે અઠીંગી એક મોટો લંબગોળ તકિયો અને ચોખંડી ગાદી પાથર્યાં હતાં. અને તે ઉપર કિનખાબી કપડું ચાદરને ઠેકાણે પાથર્યું હતું. ભૂપસિંહ એ ગાદીતકિયે ઓઠ કરડતો લાંબા પગ નાંખી પડ્યો. રૂપાસુનેરી — ગંગાજમનાની ભાતવાળો — હુક્કો આવ્યો તે પીવા મંડ્યો. અને બીજા સર્વ આસપાસ શેતરંજી પર ગોઠવાઈ બેસી ગયા.

‘મહારાણા! અધિરાજ! શું કાંઈ આપની પ્રકૃતિ સ્વસ્થ નથી?’ હાથ જોડી શઠરાયે પૂછ્યું અને ઉત્તર જાણવા તેની આતુરતા સર્વસામાન્ય જણાઈ.

‘કામદાર! હા એવું કાંઈ છે.’ હુક્કાની નળી તથા વરાળ મોંમાંથી કાઢતાં કાઢતાં ઉશ્કેરાયેલા જેવો રાણો બોલ્યો. વળી નળીમાંથી એક ઘૂંટડો ભરી બોલ્યો: ‘મારે અત્યારે જરી એકાંત જોઈએ છે.’ સર્વ મંડળ એકદમ ઊઠ્યું અને ભીડાભીડ કરતું બારણા બહાર ચાલ્યું.

'કામદાર! તમે જરી અંદર રહેજો.' શઠરાયે જતાં જતાં પાછું ફરી જોયું અને અટક્યો. અમાત્ય સર્વ ત્રાંસી આંખે જોતો જોતો રાણા પર એક તીવ્ર દૃષ્ટિપાત નાંખી — આંખે આંખ મળી એટલે — બહાર ચાલ્યો. થોડીવારમાં આખા ખંડમાં રાણો અને શઠરાય બે જ રહ્યા અને શઠરાય ગાદી સામો જઈને બેઠો.

'કામદાર, આ કાગળોની વાત હું હવે ઉપાડું છું.'

'જી. બહુ સારું. પણ આપની પ્રકૃતિને અચિંત્યું શું થયું?'

'તમને ખબર નથી કે માણસની ધીરજને પણ કાંઈક હદ હોય છે! મારા મગજમાં ગૂંચવાડો કેટલા વખત સુધી રાખું?'

કામદાર ખુશ થયો. 'ખરી વાત છે, કાંઈ નિકાલ થવો જોઈએ. અરેરે! મહારાણાની સાથે આ વર્તણૂક આટલા વિશ્વાસુને ન ઘટે.'

'પણ સર્વ સાધન તૈયાર છે? આ કામ પ્રસિદ્ધ કરવાની જરૂર નથી. પોતાની જ ફજેતી કરવાનું કારણ નથી. તમે જાઓ અને અમાત્યને એકલાને મોકલો.

'સર્વ સાધન હાજર છે. એક નરભેરામ ગયા છે તે અહુણાં આવશે.' કહી શઠરાય ઊઠ્યો. રાણો તેના ભણી જોઈ રહ્યો. ચિંતાતુર અને રાણાના દુ:ખમાં ભાગ લેતી મુખાકૃતિ કરી દઈ અંતસંતુષ્ટ શઠરાય બારણામાં દૃશ્ય થયો અને થોડીવારમાં બુદ્ધિધન એકલો અંદર આવ્યો. રાણાની પાસે જતાં સંશય આવ્યો — કાંઈક ભય લાગ્યો. એ સર્વ અનુભવ બુદ્ધિધનને આખા જન્મારામાં આજ પ્રથમ જ થયો તે ગુપ્ત રાખ્યો. કૃત્રિમ ગંભીરતા ધારી શઠરાયની સાથે થયેલી વાત પોતાની પાસે કેવી રીતે આવે છે તે જોવા ઉપરથી ભય અભય યોગ્ય જણાશે ધાર્યું.

રોકી રાખેલા પાણીની અડચણ દૂર થતાં તેનો પ્રવાહ છૂટે તેમ બુદ્ધિધનને બારણું બંધ કરી અંદર આવતો જોઈ રાણાનો ધૂંધવાટ બહાર નીકળતો જણાયો, અને શઠરાય સાથે થયેલી વાત ગમે તો તેના વેગ નીચે દબાઈ ગઈ અથવા તો રાણાએ જાણી જોઈને ન કાઢી કે પછી શું થયું તે અમાત્યને ન સૂઝ્યું.

'બુદ્ધિધન, હવે તો આમ તમારી ધીરજને કૂવામાં ધકેલી પાડવી પડશે. આ દરબાર પૂરો થતાં સુધીયે મારી ધીરજ રહી નહીં એટલે મારું મન મારા હાથમાં નથી.'

'કારણ? રાણાજી, આટલું બધું શું છે?' અમાત્ય આવ્યો અને સામો ચિંતાતુર મુખથી બેઠો. ચિંતાનું કારણ મનમાં જુદું હતું અને દેખાડવાનું જુદું હતું.

'આ તમારો દુષ્ટરાય કલાવતીની સાથે મહેલ વચ્ચે ગેલ કરતો હતો — મારી આંખમાં ધૂળ નાંખીને!'

'હેં! ક્યારે? — રાણાજી યાદ હશે કે મેં આપને પ્રથમથી કહ્યું હતું કે એ ગણિકા કોઈની નહીં.'

'હા, ભાઈ, હા. તમારાં કહ્યાં તે હું કેટલાં સંભારું? આજ સુધીમાં તમારી કહેલી અનેક વાતો ખરી પડી હશે, પણ અમારા લોકનાં ચિત્ત જ ઠેકાણે નહીંને! એ દોષ દૈવનો. પણ હું તો આજ બેને પૂરાં કરત — આ નરભેરામે અટકાવ્યો. — એ ખરેખર તમારો જ માણસ છે કે નહીં એ બાબત હજી મારા મનમાં વહેમ છે. — હવે એ સાળી રંડી મારા દરબારમાં ગાય તે હું કેટલી વાર જોઈ રહું? — બુદ્ધિધનભાઈ, મારે તો હવે એ બેનું કાટલું કરવું — મારી આંખમાં ખૂન ભરાયું છે — મારાથી તો દરબારમાં રહેવાયું નહીં — હવે તમારે તરત કાંઈ કરવું જોઈએ — હું તો દરબારમાંથી એઠલા વાસ્તે જ ઊઠ્યો — હવે ઢીલ કરશો તો મારે તમારે નહીં બને!' હુક્કો ઘડીકમાં પીતો, ઘડીક મૂકી દેતો, લાંબા પગ કરતો અને વાળતો, ગાદી પર ઘડીક પડતો અને ઘડીકમાં ટટાર બેસતો, અસ્વસ્થ રાણો બુદ્ધિધનને આશાનું નિમિત્ત થઈ પડ્યો પણ — હજી 'પણ' હતુ — હજી શઠરાયને શું કહ્યું તે વાત અમાત્ય પાસે કાઢી નહીં એ શંકાકંટક રહ્યો.

'રાણાજી, જે ઉપાય મારી પાસે માગો છો તે આપના હાથમાં છે. હું આપનો ઇચ્છાધીન સેવક છું.'

'હા, હા, પણ શું કરવું ધાર્યું? એ સાળો દુષ્ટરાય ક્યાં નાસી ગયો?'

શઠરાય બહાર એ જ ચિંતામાં છે અને દુષ્ટરાયને તેડવા માણસો ઉપરાઉપરી મોકલે છે.'

'વારુ — પણ તમે શું ધાર્યું?'

રાણાની પાસે પૂરો ભરમ ફોડવો એ હજી નિર્ભય ન લાગ્યું. 'મહારાણા, રામભાઉ આવ્યા છે — એક કાગળ તો આપે વાંચ્યો છે. બીજા લખોટા હજી ફોડવાના છે. શઠરાયનું ઔષધ એમાંથી નીકળશે એવી હું આશા રાખું છું.'

'કેવી રીતે?'

'મારે ને સાહેબને થયેલી વાત આપને ખબર છે. હવે આજ કાગળમાં એ વિષે શું લખ્યું હશે તે તો વાંચ્યા વિના શી રીતે જણાય? પણ આપની ઇચ્છા જયવંત થશે જ.'

'પણ આ કલાવતીનું હાંલ્લું તો આજ ફોડવું જ અને બેને ગધેડે બેસાડવાં! હા.'

'હું આપને સાન કરીશ એટલે એ વાત ઉપાડજો.'

‘પણ આજ જ.’

‘હા, જી, હા!’

એટલામાં એક અંતર્દ્વાર ઉઘાડી હાંફતો હાંફતો મ્હાવો આવ્યો. રાણો ગુસ્સે થયો.

‘મ્હાવા! હરામખોર, ખબર નથી કે આ એકાંત ચાલે છે?’

‘હા જી, મને ખબર છે અને એટલા વાસ્તે જ આવ્યો છું. રાણાજીની વાત બે લોકમાં થાય તેના કરતાં એકાંતમાં જ એનો છેડો આવે તો સારું એ આપના સેવક જન ઇચ્છે.’

બુદ્ધિધને ભયથી ડોકું પાછું ફેરવી જોયું. મ્હાવાના હાથમાં કાગળનો બીડો દીઠો. મ્હાવાએ તે રાણાના પગ પર નાંખ્યો અને હાથ જોડી ઊભો રહ્યો. રાણાએ કાગળ વાંચવા માંડ્યા અને કપાળ પર ભ્રૂકુટિ ચડાવવા માંડી. બુદ્ધિધને પૂછ્યું:

‘મ્હાવા, શું છે?’

‘ભાઉસાહેબ, રાણાજી પાસે કાગળો છતાં ઉત્તર આપવા મને ગરીબને શો અધિકારા? આપ જ રાણજીના વિશ્વાસુ ક્યાં નથી?’

‘બહુ સારું.’ બુદ્ધિધને રાણા ભણી જોયું, રાજબા બાબતના કાગળ ઓળખ્યા. ઉત્તરમાં મ્હાવાએ તિરસ્કારભરી દૃષ્ટિ નાંખી. તેની આંખને, અમાત્યના અધિકારને સન્નિપાત થયો સ્પષ્ટ લાગ્યો. રાણાએ કાગળો અમાત્ય ઉપર ફેંક્યા.

‘કેવું તરકટ! મ્હાવા! તને ફાંસીએ લટકાવવો જોઈએ. મારા વિશ્વાસુ અમાત્ય ઉપર આવો આરોપ આણતાં તને શરમ ન આવી? — બીક ન લાગી? શું તેં એમ જાણ્યું કે રાણો, એટલો ભાગો છે કે આથી ઠગાશે? — પ્રિય બુદ્ધિધન, આ દુષ્ટ કાગળો જોઈ તમે રજ ગભરાશો નહીં!’

મ્હાવો હસીને બોલ્યો: ‘દીનાનાથ! રંકનું બોલ્યું રંક. મારી તાકાત શી કે આ કાગળો ખોટા હોય ને હું આપની પાસે લાવું? અમાત્ય આપના વિશ્વાસુ છે તેમ મારા પર એમનો ઉપકાર છે. પરંતુ આપનો ઉપકાર અત્યંત છે. આપના પ્રત્યે મારો ધર્મ વિશેષ એવી મારી સમજણ ન હોત તો અમાત્યના ઉપકારનો બદલો હું આમ ન વાળત. આ કામ કરતાં મારે મારા મનનું કેટલું સમાધાન કરવું પડ્યું તે ઈશ્વર જ જાણે છે.

બુદ્ધિધન મ્હાવા ભણી જોઈ રહ્યો: ‘મ્હાવાભાઈ! તમે કેટલા રાજનિષ્ઠ છો તે હવે કહી બતાવવાની જરૂર નથી. તમે મારો ઉપકાર જાણ્યો છે એ મોટી વાત છે. ઉપકાર તો ઊંઘી ગયો. પણ હવે મને કંઈક ઇન્સાફ કરો અને આ કાગળો મારા જ લખેલા છે અને તારી પાસે ક્યાંથી આવ્યા તે બધુ સાબિત કરી બતાવશો?’

અમાત્યની આંખની કાંઈક શરમ પડી હોય અને તે ન ખમાઈ હોય એમ જરીક નીચું જોઈ, શરમ છોડી દેવાની શક્તિ આવતાં ઊંચું જોઈ, મ્હાવો બેધડક બોલ્યો: ‘હા જી, અમાત્યને જ્યારે આવું કામ કરતાં શરમ ન આવી ત્યારે ખવાસને સાબિત કરતાં શી હરકત છે?’

રાણો ઓઠ પીસી મ્હાવા સામું જોઈ રહ્યો હતો તે હાથ પછાડી ગાજી ઊઠ્યો: ‘હરામખોર, બસ કર. મારે તારો પુરાવો કાંઈ નથી જોઈતો. તું આણીશ તોપણ હું એને મારનાર નથી. કેવો જુલમ! જા, તારું મોં કાળું કર. શઠરાય! કામદાર!’

શઠરાય દોડતો દોડતો અંદર આવ્યો.

‘પકડાવો આ લુચ્ચા મ્હાવાને! કેદ કરો એને — સોંપો એને દુષ્ટરાયને — ક્યાં છે દુષ્ટરાય?’

‘જી, આવે છે.’ શઠરાય અમાત્યની પાસે બેઠો, અને કાનમાં પૂછવા લાગ્યો કે શું છે.

‘કામદાર! જુઓ તો ખરા — આ કાગળો. આ ત્રણ ટકાનો ખવાસડો આપણા અમાત્ય સામે કેવી બાથ ભીડે છે તે! શો ગજબ! દુષ્ટરાય ન હોય તો કોઈ સિપાઈને બોલાવો. અરે — કોણ છે સિપાઈ બારણે?’ રાણો પોતે સિપાઈને બૂમ પાડી બોલાવે એ અનુભવ સૌ પ્રથમ જ થયો અને બહાર ઊભેલા સર્વ અમલદારમંડળમાં ક્ષોભ પ્રસર્યો.

‘જી, હું છું.’ — કહી વિજયસેન અંદર આવ્યો.

વિજયસેનને હુકમ થયો અને તે મ્હાવાને પકડી બહાર લઈ ગયો.

રાણો નિ:શ્વસ્ત થઈ તકિયા પર પડ્યો.

બુદ્ધિધન બોલ્યો: ‘રાણાજી, આ યોગ્ય નથી થયું. મ્હાવાની પાસે સાબિતી હોય તે લેવી જોઈએ. આપની આંખમાં હું નિર્દોષ છું તેવા જ જગતની આંખે પણ મારે ઠરવું જોઈએ.’

‘હવે સાબિતી ને બાબિતી; જવા દોને બધું. જે થયું તે ઠીક જ થયું છે. નીચ માણસોને ઊંચાં ચડાવવાં એ મોટાંને છેડ્યા કરતાં વધારે છે. એની પાસે સાબિતી માગી એટલે એ ફૂલી જાય ને કંઈ કંઈ કુભાંડ કરે.’ શઠરાયે કહ્યું:

‘રાણાજી — મારી પ્રાર્થના સાંભળવી જોઈએ.’

રાણો જરીક બેઠો થઈ ધીમે રહી બોલ્યો: ‘શઠરાય! અમાત્ય ખરું કહે છે. મ્હાવાને ધમકાવ્યો તે મેં જાણી જોઈને ધમકાવ્યો છે. નીચને ઊંચો ચડાવવો નહીં. પણ આ વાત મારી પાસે ઘણે ઠેકાણેથી આવી છે. હું એ વાત બિલકુલ માનતો નથી. પણ, બુદ્ધિધન, મનમાં ન લાવશો — હુંયે

માણસ છું. આજ નહિ તો ભવિષ્યમાં મારા મનમાં વહેમ ઉત્પન્ન થાય. અને તેમ થાય તો તે ખોટું, માટે તમારી ઇચ્છા પ્રમાણે થવું જોઈએ.'

'હાજી.' અમાત્ય ધારીધારીને રાણા સામું જોવા લાગ્યો.

'કામદાર, તમે આ બાબત તપાસ કરવાનો બંદોબસ્ત કરો. એટલામાં હું અંત:પુરમાં જઈ આવું છું. રાણીને પણ આ બાબતમાં કાંઈક ખબર છે ને મારે તેની તપાસ કરવી જોઈએ.'

શઠરાયની ખટપટનું ઊંડાણ જોઈ અમાત્ય આભો ન બન્યો. પણ રાણી પર રાણાનો વિશ્વાસ ઘણો હતો તેની એને ખબર હતી તેથી તેની બીક સમીપ લાગી. રાણો ઊઠ્યો અને વેગથી અંતર્દ્વાર ભણી ચાલ્યો. દ્વાર ઊઘડતાં જ બંદૂકના જેવો — કાંઈ તૂટી પડ્યું હોય તેવો — કડાકો થયો. રાણો ખચક્યો અને આશ્ચર્ય તથા ભયથી ઊંચુંનીચું જોવા લાગ્યો. 'હાં, હા — ખમા, ખમા' કરી શઠરાય અને અમાત્ય દોડી આવ્યા. રાણાના પગ તળેથી જમીન તૂટી પડી, એક મોટું ગાબડું પડ્યું, અને નીચે ધસતી માટીમાં રાણાનો પગ સર્યો. બુદ્ધિધને બાથ ભીડી રાણાને પકડી રાખ્યો અને બે જણ પાછા ખસી નક્કર જમીન પર આવી ઊભા. બેચાર પળમાં ચારપાંચ ફૂટનો એક ખાડો થયો અને માટીનો ઢગ બે પાસથી કોણાકારે પડી તેમાં સ્થિર થયો. મહેલની જમીનના સુંદર આરસ છૂટા થઈ માટીમાં અર્ધા દબાયા અને વહેંતિયાં માણસની દુનિયામાં ધરતીકંપથી અર્ધ ડૂબેલાં ઘર જેવા લાગવા માંડ્યા. અંતર્દ્વારનો લાકડાનો ઊમર પુલ પેઠે ખાડા પર રહ્યો. ખાડાની સામી બાજુએ અંદરથી માણસો ભરાયાં. રાણા ભણીની બાજુએ પણ બહારથી માણસો આવી ભરાયાં. ગભરામણ, શંકા, તર્ક, સૂચનાઓ, બૂમાબૂમ, અને એવાં એવાં મોટાંનાનાં પંખીઓનાં ટોળેટોળાં સર્વનાં મુખતરુ પરથી ઊડી ખાડા પર ભમવા લાગ્યાં.

'દગો, દગો, કપટ, કપટ,' કરી બુદ્ધિધને રાણાને ઝાલી રાખી બૂમ પાડી. સમરસેન, વિજયસેન, પ્રમાદધન, જયમલ, નવીનચંદ્ર અને તેમની સાથે આવેલું મંડળ અમાત્યની આસપાસ વીંટાઈ વળ્યું. બુદ્ધિધનની આંખના ઇશારાની વાટ જોતો નવીનચંદ્ર સામો ઊભો રહ્યો. સમરસેન અને વિજયસેન તરવાર પર હાથ મૂકી અમાત્ય અને રાણાની આસપાસ આવી ઊભા. ચોબદારો અને સિપાઈઓ ખડખડાટ, ભડભડાટ કરતા દોડાદોડ કરવા લાગ્યા. બિલકુલ અજાણ્યો શઠરાય — આંખ વતે દુષ્ટરાયને ખોળતો — દિગ્મૂઢ બની ગયો અને 'શું છે — શું છે -' કરતો રાણાની આસનાવાસના કરવા લાગ્યો. કરવતરાય અને બીજા અમલદારો તેની પાછળ તરવરવા લાગ્યા.

'અરે જુઓ છો શું? કોઈ મહા નીચ રાજદ્રોહીનો આ પ્રપંચ છે! મારા મહારાણા, ઈશ્વર તમ પર પ્રસન્ન રહો! વિજયસેન, વિજયસેન, જુએ છે શું? બાંધો કેડ અને એકદમ તપાસ કરો, શું છે આ? — પ્રિય રાણાજી,

આપને કાંઈ ઈજા તો નથી થઈ? અરે કરો આઘો આ માટીનો ઢગ અને જુઓ એની પાછળ અને નીચે: સાવધાન રહેજો, હથિયાર સજ્જ રાખજો — અરે કાંઈ દારૂબારૂનું તો તોફાન નથી — જુઓ પણે માટી ગરે છે!' બુદ્ધિધન ગાંડા જેવો બની, આંખો ફાટી કરી દઈ, ઘાંટો ફાટો કરી દઈ, ચારે પાસ નજર ફેરવતો એક હાથે રાણાને ઝાલી બીજે હાથે વિજયસેનને ધક્કેલતો ચિત્રગર્જના કરવા લાગ્યો.

'શુ, શું બુદ્ધિધન, આટલા બાવરા કેમ બની ગયા છો? જખ મારે છે. છોડો મને — જુઓ એ ખાડામાં અજવાળા જેવું શું જણાય છે?' — કહી ભૂપસિંહ ખાડામાં ઊતરવા લાગ્યો.

'ના, મારા રાણા, સુવર્ણપુરના સદ્ભાગ્યને એ જોખમમાં પડવાની જરી પણ જરૂર નથી. આપ છેટે ઊભા રહો. અમે તપાસ કરનાર ઘણા છીએ. ચાલો, કામદાર' — કરી બુદ્ધિધન ખાડાંમાં ઊતર્યો ને પાછળ સૌ ઊતરવા લાગ્યા. શઠરાય ચિંતામાં પડી વિચાર કરવા ઊભો.

ભૂપસિંહને બુદ્ધિધનની રાજભક્તિ સાકાર થતી પ્રિયદર્શન લાગી. શઠરાયના ભણી શંકા સાથે જોવા લાગ્યો. વિજયસેન, સમરસેન અને કેટલાય અમલદારો મજૂર પેઠે કામ કરવા મંડી ગયા. માટી દૂર ખસેડી દીધી. તેની તળેની છત ભાગી ગયાથી કટકા થઈ આડાં પડેલાં પાટિયાંની એક બાજુએ થઈ સૌ અંદર ગયા. તે જમીન નીચે ગલી જેવું દેખાયું તેમાં નીચાં વળી જુએ છે તો તેને મોખરે હાથમાં સળગાવેલું ફાનસ ધરી જમાલ અને પાછળ તરવાર લઈ રણજિત ઊભેલા દેખાયા! 'પકડો, પકડો, કાઢો, કાઢો!' એમ ભોંયરામાં બૂમ પડી અને ઉપર ઊભેલાઓએ જોસભેર ઉપાડી લીધી. ચોબદાર અને સિપાઈઓએ તેમને પકડી ઘસડી ઉપર આણ્યા અને તેમના મોં ઉપર અજવાળું પડતાં સૌ આશ્ચર્યમાં પડ્યા. તેમને મારવા લાગ્યા. અને જમાલ અહીં ક્યાંથી તે વિચારમાં પડ્યા. જમાલને જોઈ શઠરાયનું મોં ઊતરી ગયું; આશ્ચર્ય, ઊંડા વિચાર, અને ખેદમાં તે પડી ગયો; નીચી રાખેલી આંખો ત્રાંસી કરી બુદ્ધિધન ભણી ન્યાળવા લાગ્યો, અને ઊભો ઊભો ખશિયાણો પડી જઈ ધરતીમાં કળી જતો હોય તેમ શિથિલ વિકારને વશ થઈ ગયો. જમાલ શઠરાયનું પોતાનું માણસ છે એ રાણો સારી રીતે જાણતો હતો. 'હવે જમાલ અહીંયાં નીકળ્યો એ બાબત શો ખુલાસો કરવો? ગમે તે ખુલાસો કરીશું પણ રાણો શી રીતે માનશે? રાણાના કોપનું સમાધાન શી રીતે થશે અને એ કોપનું ફળ શું નીવડશે? આટલી ખોળ કર્યા છતાં પત્તો ન લાગ્યો અને આજ જમાલ આ પ્રકારે શાથી, શી રીતે, શા કારણથી, શું કરવા અને કોની પ્રેરણાથી આવ્યો હશે? દુષ્ટરાય હજી કેમ ન આવ્યો? આ સર્વ બનાવો અને રામભાઉનું પ્રકરણ એ સર્વ વચ્ચે સંબંધ તો નહીં હોય? અને એ પ્રકરણોનો સૂત્રધાર અમાત્ય જ હશે — અથવા એ ન હોય તો બીજું કોણ હોય?' એવા એવા અનેક તર્કમાં પડતું સુવર્ણપુરના જૂના કારભારીનું ચિત્ત, ક્ષિતિજ બહાર ઊભેલા

બીજા કોઈ જ્યોતિનો પ્રકાશ — ભાગ્યનું દ્વાર ઉઘાડવા તત્પર થયેલા કોઈ ન દેખાતા પરાક્રમીનો હાથ દ્વારની સાંકળ આગળ ઊભેલો — જોવા લાગ્યું અને સૂર્યના કિરણ જોઈ ચંદ્ર અસ્ત થાય તેમ અંતરમાં ઝાંખું પડવા લાગ્યું. તેની સમયસૂચકતા જતી રહી, ભાન ખસી ગયું, અમંગળ શંકાઓ અને ભય ચિત્ત પર ચડી બેઠાં, અને આવતી આપત્તિને બળે પોતાના પાસામાંથી ખસી જનાર સર્વ મંડળમાં પોતાની બુદ્ધિ જ અગ્રેસર થઈ હોય એમ લાગ્યું. જગતના જાણવા પહેલું પોતાનું ભવિષ્ય પોતે જ વર્તી કાઢતા જેવું ચિત્ત નિર્બળ થઈ ગયું. બુદ્ધિ સાથે ધૈર્ય ગયું અને કલ્પનારાત્રિનો કાળો અંધકાર પડ્યો અને તેથી એની નજર આગળ કંઈ કંઈ ભૂતો નાચતાં ખડાં થયા. ભૂતકાળનાં પ્રપંચો અને પાપોનું ભયંકર નૃત્ય સ્મશાનમાં ઊભેલા જેવા તેના દીન મનને ધ્રુજાવવા લાગ્યું. વિજયસેન પાસે રાણાએ મ્હાવાને પકડાવ્યો હતો તેમાં પોતે કૃત્રિમતા સમજતો હતો તેને ઠેકાણે ભયંકર સત્ય જણાયું. આપત્તિકાળના મિત્ર જોશી જેવી ખોટી આશા તેને વ્યર્થ વાહવા લાગી અને તે છતાં ભય ઓછો થયો નહીં. તેને કાંઈ સૂઝ્યું નહીં અને બુદ્ધિ પણ અવળી ફરી બેઠી. સર્વ સંપત્તિનો નાશ મન પાસે આવી ઊભો રહેતાં એકલા દુષ્ટરાય પર ચિત્ત ચોંટ્યું અને તેની ચિંતામાં પડ્યું. મડદું બની જતાં શરીરના રુધિર પેઠે એની વૃત્તિ થીજી ગઈ — જડ થઈ ગઈ. આણી પાસ અમાત્યનો ઉત્સાહી પ્રયત્ન પાણીદાર ઘોડા પેઠે વેગ પર દોડતો હતો ત્યારે આ કારભારી ગળિયા બળદ જેવો થઈને એક ખુરશી પર બેઠો અને આસપાસનો બનાવ એને ચંચળ કરવા અશક્ત નીવડ્યો. જે કારભારીની પ્રપંચબુદ્ધિ આખા રજવાડામાં ઘણા અનુભવાળી, શીઘ્ર, તીવ્ર, સર્વકાર્યગ્રાહી, રાણાઓ અને ઠાકોરને વશ કરનારી અને જયવંત ગણાતી હતી તે કારભારી વીર્યહીન અને ભાન વગરનો — બાળક જેવો — વૃદ્ધ જેવો — નપુંસક જેવો — થઈ શૂન્યમતિ બન્યો સાધનહીન જેવો ખોળામાં હાથ નાંખી એક ખુરશી પર બેઠો. એનો એ શઠરાય — એનાં એ એનાં સાધન — સર્વ નિષ્પ્રયોજન થયું લાગ્યું.

'કાબે અર્જુન લૂંટિયો, એ ધનુષ્ય, એ બાણ!"

નવીનચંદ્ર — જે આ સર્વ તમાસો જોઈ રહ્યો હતો, જેને કારભારીની કળા જોવાનો લાભ મળ્યો હતો — તેને પણ જમાલને ખાડામાંથી નીકળતો જોઈ નવું ભાન આવ્યા જેવું થયું. નિરનિરાળી છૂટીછૂટી ઘણીક વાતો તે જાણતો હતો તે સર્વ જમાલને જોતાં સંધાઈ ગઈ. ખટપટનું પરિણામ કાંઈક કળી ગયો અને બુદ્ધિધને સોંપેલું કાર્ય પોતાને કરવા વખત નહીં આવે એટલે શુભ પરિણામ ચેતી ગયો. શઠરાયની ધારણાઓ તેને અમાત્યે જ કહી હતી. કેવી તે ધારણાઓ હતી અને કેવું તેનું પરિણામ નીકળશે તે વિચારતાં તે મનમાં બોલી ઊઠ્યો:

'આવ્યો છે કોડે, પણ જશે માથે બોડે,

ધિક્કાર ફટ એના નામને રે!'

અને પોતે આવી જાતનું બોલી ઊઠ્યો તે વિચિત્ર લાગ્યાથી હસ્યો. પાછલા દિવસે — અમાસે જ વનલીલા કુમુદસુંદરી પાસે રુક્મિણી વિવાહમાંથી આ ગાતી હતી તે અત્યારે સાંભરી આવ્યું. કુમુદસુંદરી સાંભરી. તેની જોડેની મેડમ રહી અમાત્યના ઉજાગરાની પણ સાક્ષી સ્મરણશક્તિ પૂરવા લાગી અને વિચાર કરવા લાગ્યો: ‘આહા! આટલા ઉજાગરાથી આ ફળ મળવા વખત આવ્યો છે — શી વાત — શી બુદ્ધિ — પોતાના કુટુંબની ફજેતી ન થાય અને અપરાધી શિક્ષા પામે એ રસ્તો — બુદ્ધિધન — આ ઠીક શોધી કાઢ્યો! વારુ, જમાલ, તેં આટલું ન કર્યું હોય તો આ અનુભવ પ્રત્યક્ષ ન થાત! — અને તેની સાથે એ જ બનાવમાંથી શઠરાયને નુકસાન કરવાનો પ્રસંગ આણ્યો! ખોટામાંથી સારું પરિણામ આણવું — વિપત્તિને સપત્તિનું સાધન કરી દેવું — વગર ભણેલા બુદ્ધિધન — તમે ક્યાં શીખ્યા? ગજબ છે!’ આ વિચારનદી વહેતી વહેતી રાજખટપટના અવલોકન કાર્યમાં ભળી ગઈ.

જમાલ ને શુક્રાચાર્ય રણજિત બેના પર મુક્કાબાજી કરવા રાજનિષ્ઠ તેમ જ ખુશામતિયો વર્ગ એક થઈ ગયો. રાણાએ તેમને અટકાવ્યા.

બુદ્ધિધન: ‘સમરસેન, તું બીજા માણસો લઈ આ સુરંગનું મૂળ શોધી કાઢ. જોજે, સંભાળીને જજે, રાણાજી, આ જમાલ અને રણજિતને વિજયસેનને સોંપો. એમની ખાનગી તપાસ એકાંતમાં થશે, — કેમ કામદાર સાહેબ?’ બુદ્ધિધને ચારે પાસ જોવા માંડ્યું.

ઊભેલા મંડળની પાછળ બેઠેલા શઠરાયે ઊંડાણમાંથી જવાબ આપ્યો: ‘હાં!’

‘આવો, આવો, કામદાર, પાછળ કેમ બેઠા છો? આજ કેમ આમ છે?’ રાણાએ શઠરાયનો સ્વર આશ્યો તેણી પાસ નજર કરી કહ્યું. સૌ ખસી ગયા અને માણસોની ઠઠની ભીંતો વચ્ચે રાણા પાસેથી તે શઠરાય બેઠો હતો ત્યાં સુધી એક સાંકડી ગલી બની. રાણાએ શઠરાય ભણી ચાલવા માંડ્યું. ભોંયરામાંથી જમાલ નીકળ્યો અને શઠરાય આમ મન્દ બન્યો તે જોઈ સર્વ તર્કારૂઢ થયા. આખરે શઠરાય ઊઠ્યો અને મંદગતિથી વીલે મોંએ રાણા ભણી આવવા માંડ્યું. તેને ઊઠતાં કાંઈ એવી વાર લાગી ન હતી, ચાલવામાં કાંઈ અસાધારણ મંદતા હતી નહીં. અને તેના મુખની કલાંતિ હંમેશાં ધ્યાન ખેંચે એવી ન હતી, પણ એની રોજની ચપળતા અને આજનો બનાવ સરખાવી સર્વના મનમાં સ્વયંભૂ સૂચનાઓ ઉત્પન્ન થઈ આવી અને રજપૂત તેના ભણી જે સભ્યતા દર્શાવતો હતો તેમાં સર્વને ભયંકર કૃત્રિમતા લાગવા માંડી. છાતી કાઢી જમણો હાથ લાંબો કરી રાણાએ કારભારીનો હાથ પકડ્યો અને બોલ્યો:

‘મારા અનુભવી રાજભક્ત કામદાર, આજ તમારી મદદની ખરેખરી અગત્ય છે. તમને ખબર છે કે’ (બુદ્ધિધન ભણી નજર કરી) ‘અમારા જૂના

સ્નેહીઓ પર વિશ્વાસ રાખવાનો વખત રહ્યો નથી. ત્યારે, તમે પણ આમ મન્દ રહેશો તો અમારે કોને શોધવા જવું? જુઓ, આ તરકટનો ભાવાર્થ શોધો, બોલાવો દુષ્ટરાયને.' કામદારનો હાથ ઝાલી રાખી તેની આંખ ભણી શકરાબાજના જેવી — ગરુડના જેવી — તીણી દૃષ્ટિથી રજપૂત જોઈ રહ્યો.

'આહા! વિશ્વાસુ કારભારીઓનો ખપ આવે પ્રસંગે જ પડે છે — તેમની કિમ્મત આવે સમયે જ જણાય છે!' મૂછ આમળતો રાજા બોલ્યો.

રાણાનો અક્કેકો બોલ કારભારીને અંતરમાંથી ઊભો ને ઊભો બાળી મૂકવા લાગ્યો. અક્કેકો અક્ષર તેને અક્કેકા, પળેપળે દેવાતા વિષદંશ જેવા, ચાટકા દૈવા લાગ્યો; તેને આભ અને ધરા એક થયાં લાગ્યાં; પોતાના સર્વ મંડળમાં પોતાનું કોણ તે તેને ન સૂઝ્યું. આખરે તેનું પોતાનું માણસ નીકળી આવ્યું.

નરભેરામ પાછો આવ્યો હતો અને કેટલીક વાર થયાં કરવતરાયના કાનમાં લાંબી વાત કહ્યાં કરતો હતો. એ વાત થઈ રહી અને નરભેરામે ન્યાયાધીશનો કાન મુક્ત કર્યો એટલે કરવતરાયની દૃષ્ટિ શઠરાય પર પડી અને ભાઈની વિપદ અવસ્થા દેખી ભાઈ વહારે ધાયો.

કરવતરાયની પ્રપંચશક્તિ શઠરાયના જેવી ન હતી. તે દેખાવમાં પ્રતાપી ઓછો પણ કદાવર વધારે હતો. શઠરાયને કપાળે કરચલીઓ વળી હતી, તેને ધોળાં આવ્યાં હતાં અને ઊતરતી અવસ્થા શરીર પર બેઠી હતી. કરવતરાય હજી દેખાવે જુવાન અને મજબૂત હતો. તેની મૂછોના થોભિયા ફક્કડ અને કાળી ભમ્મર હોવા છતાં કંઈ કંઈ ધોળાશ આવી હતી તેના પર કલપ મજબૂત લગાડ્યો હતો. તેની હિંમત શઠરાયના કરતાં ઘણી વધારે હતી અને મોટા ભાઈના કરતાં મન ઓછું તાર્કિક હોવાથી દુ:ખ રહેવાની શક્તિ વધારે ધરતું હતું. તેની આંખમાં શરમનો લેશ પણ ન હતો, હૃદય દયા અને ઉપકારને ઓળખતું ન હતું, બુદ્ધિ સત્ય અને ન્યાયે ચાલવાનું કારણ સમજતી ન હતી. આવું છતાં તેનું મન કુટુંબવત્સલ વધારે હતું અને ભાઈની અવસ્થા જોઈ એનું હૈયું ભરાઈ આવ્યું; બધા સમજ્યા એટલું તો સમજ્યો પણ ભાઈને થયા હતા તેનાથી અર્ધા પણ વિચાર પોતાને થયા ન હતા એટલે 'શું થનાર છે?' એ વિચારથી મન મજબૂત રહ્યું અને ભાઈને પડખે આવી ઊભો. અંતે ભાઈના સામું જોઈ, પછી રાણાના સામું જોઈ બોલ્યો:

'પ્રતાપી મહારાણા, આ રાજદ્રોહી તરકટ થોડી વારમાં આપણી પોલીસ શોધી કાઢશે અને અપરાધીઓ કઠણ સજા ભોગવશે. આપના ચરણના પ્રતાપથી આ સર્વ પરિણામ પળવારમાં થયું સમજો. સુવર્ણપુરના મહારાણાના શત્રુ નાશ પામશે જ.'

'નિ:સંશય એમ થવાનું જ!' ભાઈને જોઈ કારભારીને બોલવાની શક્તિ આવી.

'ત્યારે બોલાવો દુષ્ટરાયને! બુદ્ધિધન, લક્ષમાં રાખજો જે કારભારી કહે છે તે. રાણાના શત્રુ નાશ પામશે!' ડોકું ધુણાવી રાણો કારભારી સામે હસ્યો.

સ્મિત કરી અમાત્ય બોલ્યો: 'રાણાજી, આપ તો નાશ પામશે કહો છો પણ હું તો એમ જ જાણું છું કૈ તેઓ નષ્ટ થયા જ.'

'દુષ્ટરાય ક્યાં? — બુદ્ધિધન — સરત રાખજો — રાજાઓની આગળ બોલેલા બોલ કરેલાં કામના કરતાં વધારે ભારે થઈ પડે છે.'

'નિ:સંશય!'

સર્વ આ વાતોથી વિસ્મયમાં પડતા હતા. કરવતરાય મનમાં જય પામતો હતો — તે એવું સમજીને કે રાણો હવે રાજબાનું પ્રકરણ કાઢશે. શઠરાય એથી ઊલટું જ સમજ્યો; તેના પગ થરથરવા લાગ્યા, બુદ્ધિધન સામું કઠણ દૃષ્ટિથી — ઊંડા વૈરભાવથી — જોઈ રહ્યો. રાણા અને અમાત્યનો ક્રૂર સંવાદ તેણે અટકાવ્યો.

'મહારાણા, હવે વાતો કરતાં કામની વધારે જરૂર છે. આ બાબતમાં મૂળ શોધી કાઢવું જોઈએ. અમે બે ભાઈઓ અને સર્વ અમલદારોએ તરત નીકળવું જોઈએ. બુદ્ધિધન આપણી સાથે ચાલો. આ કાર્યની તપાસ કરવી જોઈએ — તેમાં તમારી પણ જરૂર પડશે જ—'. કંઈક સારો વિચાર સૂઝી આવવાથી કારભારી ટટાર થઈ બોલ્યો. કોઈ પણ બહાને રાણાના પંજામાંથી તરત છૂટી જઈ — એને જ કલાવતી અને નરભેરામના પંજામાં રહેવા દઈ, સૌ વાત હાથથી ગઈ માલૂમ પડે તો ગમે તો રાણાને જ આ દુનિયામાંથી વિદાય કરવો અથવા તેમ ન બને તો પોતે કુટુંબ અને દ્રવ્ય લઈ સુવર્ણપુરમાંથી પોબારા ગણવા એ કલ્પના તેના મગજમાં તરી આવી. અમાત્યને પણ રાણા પાસે રહેવા દેવો નહીં એવું પણ ધાર્યું. આ છેલ્લો ધુમાડાનો બાચકો ભર્યો તેનો તેને લાભ મળે એ થવા ન દેવા જેટલી અક્કલ રાણામાં હતી જ.

'ના રે ના, કામદાર, હાલ તમને છૂટા ન મુકાય. આજના બનાવથી હું અસ્વસ્થ થયો છું અને મારા મનનું સમાધાન કરવા તમે અહીં જ રહો.'

કારભારીનો છેલ્લો પાસો ધાર્યો ન પડ્યો. તે નિરાશ થયો.

'દુષ્ટરાયને બોલાવો, કામદાર. આ બાબતમાં તમે કેમ સાંભળતા નથી?'

શઠરાયે ઉત્તર ઘડી કાઢ્યો તે પહેલાં કરવતરાય બોલી ઊઠ્યો: 'રાણાજી, આ નરભેરામ અહુણાં જ ઘેરથી આવ્યા. તેમણે સમાચાર આણ્યા છે કે એ હાલ આવી શકે એવી તેના શરીરની અવસ્થા નથી.'

‘હેં! શું થયું છે એમને? અહુણાં તો દરબારમાં હતા. શું તમારા ઘરમાં પણ દગોફટકો થયો છે કંઈ?’

‘હા જી, કાંઈ એમ જ છે.’ શઠરાય અને સર્વ ચમક્યા.

‘શું હા? શું થયું છે? શું થયું છે, નરભેરામ?’

‘જી મારી જીભ ઊપડે એમ નથી; ક્ષમા કરો.’

‘શુ મારી આજ્ઞા તમે નહીં પાળો?’

‘જી, કહેનાર આ આવે.’ ઘાયલ થયેલો મેરુલો હાથ ઉપર લોહીવાળો પાટો બાંધી શ્વાસભર્યો દોડતો દોડતો આવ્યો, અને બૂમ પાડતાં પાડતાં રાણાના પગ આગળ પડતું મૂક્યું.

‘જુલમ, જુલમ, મહારાણા! આપના રાજ્યમાં જુલમ! મારી વહારે કોઈ ધાઓ રે — બાપજી!’ કહી પોક મૂકી. સિપાઈઓ તેની આસપાસ ભરાઈ તેને ઉઠાડવા લાગ્યા. દુષ્ટરાયની કૃપાના પાત્રની સિપાઈઓ આસનાવાસના કરવા લાગ્યા.

એટલામાં ખાડામાં પણ કાંઈ ગરબરાટ થયો, તેના ભણી સૌનું લક્ષ ગયું, અને થોડી વારમાં રઘી, નીચદાસ અને ખોડાને સુરંગના મૂળ આગળથી હાંકતો હિંકતો સમરસેન પોતાના મંડળ સાથે આવ્યો.

સૌનાં લક્ષ બહુ પાસ ખેંચાયાં. કરવતરાયે પણ ભાગ્યનો ઓટ દીઠો. નરભેરામે કાનમાં કરેલી વાતથી તેનું અંત:કરણ નબળું પડ્યું હતું પણ પ્રસંગ સાચવવા તમાચો મારી ગાલ રાતો રાખવા પ્રયત્ન કરી જાણેલી વાત ઢાંકી રાણા સાથે દમભેર વાત કરી હતી. મેરુલાને જોઈ ઘરની બાબત ભય લાગ્યો, સમરસેનનો સાથ જોઈ બીજી પાસથી ભયદર્શન થયું.

દુષ્ટરાય એકલો ઘેર દોડ્યો અને પહોંચ્યો તો ઓટલે સિપાઈઓ તડાકા મારતા હતા. તેમને વટાવી અંદર જાય છે તો બારણું બંધ. મેડીએ ચડી ચોકમાં જોતાં તેની આંખ ફાટી. ચોકમાં રમનારાંએ મિયાંબીબીનો વેશ કાઢ્યો હતો. મેરુલો મિયાં બનેલો, રૂપાળી અને ખલકનંદા બીબીઓ બનેલી અને ભવાઈ ચાલી રહેલી. અગાશીમાં ખડખડાટ સાંભળી ખલકનંદા ચમકી અને સંતાઈ ગઈ. તલવાર લઈ દુષ્ટરાય બીજે દાદરે થઈ ચોકમાં ગયો. અને આંખની શરમ વિના બીજી સર્વ મર્યાદાથી ભ્રષ્ટ થયેલાંની આટલી રહેલી મર્યાદા પણ મુકાવી. દુષ્ટરાયને મત્સર ચડ્યો અને મેરુલા પર તલવાર ખેંચી. મેરુલાને હાથે તલવાર વાગી, વાગતાં સુધી શરમ રાખી, પણ વાગી એટલે શરમ તોડી ચાકર ધણીની સાથે દ્વન્દ્વયુદ્ધમાં પડ્યો અને દુષ્ટરાયની તલવાર ખેંચી લીધી. નિરાશ થયેલા દુષ્ટરાયે બૂમ પાડી, ચોકનાં બારણાં ઉઘાડી દીધાં. સિપાઈઓ અંદર આવ્યા, પણ તે આવતાં પહેલાં દુષ્ટરાય પર ઘા કરી પાછલે બારણેથી મેરુલો નાઠો. નાસતાં નાસતાં પોતે તલવાર સાથે પકડાય નહીં માટે તલવાર રૂપાળીના ભણી ફેંકી, ‘ઉગારજે કે મારજે’ કરી,

મંત્ર મૂક્યો. તલવાર એક ખૂણામાં પઢી. દુષ્ટરાયને ઘા કારમો થયો અને જાતે નબળો હોવાથી જમીન પર પડ્યો. રૂપાળીએ બાજદાવેડા કરવા માંડ્યા અને મોં વાળવા તથા કૂટવા લાગી. દુષ્ટરાયમાં બોલવાની તાકાત ન હતી. સિપાઈઓએ રૂપાળીને પકડવાનો વિચાર કર્યો પણ ઠીક ન લાગ્યું. આખરે બધાં બારણાં આંતરી બેઠા, અને 'બાઈ, કારભારી આવશે એટલે તમારા આ કામના સમાચાર કહીશું — તમને જવા નહીં દઈએ' એમ રૂપાળીને કહ્યું. રૂપાળી તેમને ધમકાવી મેડીએ ગઈ, પુરુષનો વેશ લઈ છાપરે ચડી, દુષ્ટરાયની તલવાર લઈ જોડેના ઘરમાં ઊતરી, તે ઘરવાળાં ચમક્યાં અને પાછળ આવ્યાં, તેમને વટાવી તેમને ઉઘાડે બારણેથી રસ્તામાં નાઠી, એકબે ગલીઓ બદલાઈ એટલે લોકનાં ટાળામાં ભળી જઈ, નિરાંતે ચાલી — મેરુલાને ઘેર ગઈ. મેરુલાનો ભાઈ ઘરમાં હતો તેની પાસે વાતો કરવા મંડી; અને બારણાં અટકાવી, તેને સમાચાર કહી, મેરુલાની શોધ કરવા મોકલ્યો.

ભાઈના ઉપર વીતેલું તોફાન પરસાળના એક જાળિયામાંથી છાનુંમાનું જોઈ ખલકનંદા અજાણી બની ઢોંગ કરી પરસાળની મેડી પરના હીંચકા પર આંખો મીંચી સૂતી.

દુષ્ટરાય શું કરે છે ને શી ગમત થાય છે તે જોવાના રસથી તેમ જ તે જાણવું અમાત્યના કામને ઉપયોગી હોવાથી, દરબારમાંથી બહાર નીકળવાનું મળતાં શઠરાયે સોંપેલું કામ મૂકી તેના જ ઘર ભણી નરભેરામ ચાલ્યો. રસ્તામાં મેરુલો દોડતો સંતાતો મળ્યો તેને પકડી ઊભો રાખ્યો અને સમાચાર જાણી લઈ શિખામણ દીધી કે 'તું દરબારમાં અહુણાં જ જા અને દુષ્ટરાય સામી તું જ ફરિયાદ કર — તેનો તારો અસ્ત થવા બેઠો છે માટે તું કહીશ તે માનશે. સંતાઈ પેસીશ તો ગુનેગાર ઠરી મરીશ.' કેવી રીતે દરબારમાં વાત કરવી તે પણ શીખવી. મેરુલો કહે 'મારે ઘેર જઈ પછી દરબારમાં જઈશ. મરવા પડેલા દુષ્ટરાય વિના મને કોઈને દીઠો નથી, ને દેખનાર મારી વાત નહીં કરે પણ મારા ભાઈને સાવધાન કરી આવું.' રસ્તામાં ભાઈ મળ્યો. બે ભાઈ ઘેર ગયા. રૂપાળીને મળ્યા. તેને મેરુલાએ ભાઈની સાથે બેત્રણ ગાઉ છેટે બીજા રાજ્યના ગામડા ભણી રવાના કરી પોતે દરબારમાં આવ્યો. નરભેરામ ત્યાંથી જેલ ભણી જાય છે તો રામભાઉ અને તર્કપ્રસાદ પોતાનાથી પહેલાં જઈ પહોંચેલા, કારણ તેઓ ઘોડાગાડીમાં નીકળ્યા હતા. વાણિયો જેલમાં તેમને મળ્યો અને સર્વ સમાચારનું રામભાઉએ ટિપ્પણ કર્યું. નરભેરામ તે સર્વ જાણી ઉતાવળે પગે દરબારમાં પાછો ફર્યો અને શઠરાય રાણા સાથે વાતોમાં હોવાથી કરવતરાયને સૌ સમાચાર કહ્યા. તેમ જ એવું પણ કહ્યું કે મને રસ્તામાં ઘાયલ થયેલો મેરુલો મળ્યો અને તે દુષ્ટરાયના સામી ફરિયાદ કરવા આવનાર છે. મેરુલો શાથી ઘાયલ થયો તે કારણ પણ કહી બતાવ્યું. કુટુંબની લાજ ગઈ જાણી કરવતરાયને ક્લેશ થયો. દરબારમાં એ વાત કહી નહીં બતાવાય એ નકકી.

તેમાં ઊલટો ચોર કોટવાળને દંડે — મેરુલો ઊલટો ફરિયાદ કરવા આવ્યો જોઈ શું કહેવું તે સૂઝ્યું નહીં. દુષ્ટરાય પોતે ઘાયલ થયાની વાત નરભેરામે કરી નહીં.

મેરુલાને ઘાયલ સ્થિતિમાં જોઈ સૌ ચમક્યા અને ફરિયાદનું કારણ પૂછ્યું. શઠરાય કારણ જાણતો ન હતો. તે એને પોતાનો ગણી જમીન પરથી ઉઠાડવા ગયો.

'કામદારસાહેબ, મારો બચાવ હવે આપ કરી શકો તેમ નથી. મોટાભાઈના જ સામી મારે ફરિયાદ છે.'

શઠરાય ચમક્યો અને આઘો ખસ્યો.

'રાણાજી, મેં કામદારનું લૂણ ખાધું છે. તેમના ઘર સામે ફરિયાદી કરવી એ મને ઘટતું નથી. પણ હવે ન ચાલ્યે કરવી પડે છે. ફોજદારસાહેબની કાંઈક રાજદરબારી છાની વાત મેં જાણી તે એમના જાણવામાં આવ્યું અને મારા પેટમાં છાની રહેશે નહીં. જાણી મારી આ દશા કરી છે. જો હું નાઠો ન હોત તો મને પૂરો કરત. મને હવે ઘરમાં જતાં પણ બીક લાગે છે માટે અહીં આવ્યો છું.'

'એવી શી છાની વિત હતી?' રાણાએ પૂછ્યું.

'અરે, બાપજી, તે વળી આપને કહેવાય? હોય એ તો. ખટલા છે. પણ, માબાપ, મને મોટાભાઈએ ધાર્યો એટલા હલકા પેટનો હું નથી. મારે માગવાનું એટલું છે કે ગમે તો મારી ફરિયાદનો નિવેડો આવે ત્યાં સુધી કે ગમે તો હું મારે ગામ જવા નીકળવા પરવારું ત્યાં સુધી આપનાં વિશ્વાસુ માણસોની ચોકી આપો કે પોલીસના સિપાઈઓ મને સતાવે નહીં. મારે બીજું કાંઈ નથી જોઈતું. હું ગરીબ માણસ છું.'

'પણ એ છાની વાત શી? તું જુઠ્ઠો કે સાચો તે શું જણાય? કેવો હરામખોર — પૂછ્યું તેનો જવાબ નહીં!'

'અરે રાણાજી — લો ત્યારે કહું! પણ — પણ — એકલા આપને કહું…' કરી શઠરાય ભણી બીકની નજર કરી.

'તુ શું જુઠ્ઠું બકે છે તે જાણવાનો એમને પણ હક છે. બોલ અને ખોટું બોલ્યો તો મરવાનો.'

'તો રાણાજી — આ તો ઊલટી બલા થઈ — માફ કરજો, કામદાર સાહેબ — ન ચાલ્યે કહીં દઉં છું. રાણાજી, આપની વાડીમાં પાછળ તલાવ છે ત્યાંથી સાહેબના ઓરડા સુધી કાંઈક ભોંયરામાં રસ્તો કરવાની વાત કામદારે કરી હશે તે મને ખબર પડી — અરે કામદારસાહેબ, હું ધ્રૂજું છું — મારા પર ગુસ્સો ન કરશો — અરે જમાલ અહીં ઊભો છે કે — લો

રાણાજી — એ જમાલ બધી વાત જાણે છે — એને પૂછજો — માબાપ, હવે મને જવા દો — મને વધારે ન પૂછશો — સૌ જમાલ કહેશે.'

'હરામખોર! — લઈ જાઓ એને — વિજયસેન!'

'મહારાણા, પણ ફરિયાદ કરવા આવીએ ત્યારે સજા થાય એવો આપનો ધારો હોય તો મેં ભૂલ કરી — હવે નહીં ફરિયાદ કરું! આપ લોકોને પાળનાર છો. મને ઘેર જવા દો — આપના કેદખાના કરતાં મારું ઘર સારું છે. પોલીસનાં માણસ મને કનડશે તો જે થશે તે ખરું. પણ મેં એવો ગુનો નથી કર્યો કે મને કેદ કરો.'

હિમ્મતવાન બોલકણા મેરુલાને જોઈ રાણો વિસ્મય પામ્યો. 'જા જા, ઘેર જા. વિજયસેન, એને ઘેર જવા દે અને એની ફરિયાદની તપાસ કરવાનું તને સોંપું છું.'

મેરુલો સલામ કરી ગયો.

'જોયું, કામદાર, શાં લુચ્ચાં માણસો હોય છે? ઘરમાં — રાજ્યમાં — માણસો રાખવાં તે વિશ્વાસુ ને બુનિયાદ હોવાં જોઈએ — નીકર આવું થાય. મારા વિશ્વાસુ અમલદારો સામે આવું તહોમત મૂકતાં એની જીભ ન કપાઈ! ધણીનું ઘર ફોડતાં એનું કાળજું કેમ ચાલ્યું? આશ્ચર્ય છે કે તમારા જેવાનું લૂણ ખાઈ તેનો ગુણ એનામાં ન આવ્યો.' કરી રાણો ભમ્મર ચડાવી ગંભીર બની કારભારી સામું જોઈ રહ્યો.

એટલામાં રામભાઉ અને તર્કપ્રસાદ પાછા આવ્યા. શઠરાયે જોયું કે રામભાઉને લાંચ આપવાનો અવસર હવે ગયો હતો. વાણિયો કેદખાનામાં રામભાઉને મળ્યો હતો અને સર્વ હકીકત કહી હતી. વાણિયાની બાબતમાં સાહેબની એકલાની જ આંખમાં ધૂળ નાંખવાની હોત તો લાંચ આપવી એ સહેલી વાત હતી. અને એમ જાણીને જ એની કલ્પના કરવામાં આવી હતી. પણ હવે તો એ બનાવનો લાભ લેવા રાણો જ તત્પર થશે એ શઠરાય સમજ્યો. નિ:શ્વાસ મૂકી તેણે મનમાં વિચાર કર્યો: 'આભ ફાટ્યું ત્યાં થીંગડાં નકામાં, રામભાઉ ગયો ત્યારે જુદી અવસ્થા દેખાતી હતી — હું કારભારી હતો. હવે એ અવસ્થા બદલાઈ — શઠરાય! પૈસા ખરચ્યે છૂટકો થાય એ વખત ગયો.'

રામભાઉ વાણિયા બાબત શઠરાયને અને કરવતરાયને માથે તહોમત મૂકી બોલ્યો:

'રાણાજી, સાહેબને આપની બાબત ઘણો ઊંચો અભિપ્રાય છે. પણ આશા કારભારીઓથી આપને હાનિ પહોંચશે. ખરી વાત છે કે એ કારભારી જૂના છે — પણ એ જૂના રોગ છે. આપના રાજ્યના જુલમ વિશે કેટલી બૂમ છે તે સાહેબ સારી પેઠે જાણે છે. પણ સુધારાની આશા રાખી આજ સુધી કાંઈ બોલ્યા નહીં. એ આશા ખોટી નીકળી. જો એમ જ એમના

મનમાં હોત કે સુધારો થઈ શકનાર જ નથી તો સાહેબ જુદા ઉપાય લેત. પણ એમ નથી. સાહેબના મનમાં ખાતરી છે કે કારભારીઓ આપના સુધી પોકાર આવવા દેતા નથી અને આપ જાણો તો એવા જુલમ થવા દો એમ નથી. આપના રાજ્યમાં સારા માણસ નથી જ એમ સાહેબના મનમાં હોત તો સાહેબ કોઈ બહારના માણસની ભલામણ કરત. પણ એમને સારી રીતે માહિતી છે કે આપના રાજ્યમાં પ્રવીણ, પ્રમાણિક અને પ્રજાનું હિત ઇચ્છે એવાં માણસ નથી એમ નથી. આજ કારભારીના બળથી એમનું ચાલતું નથી પણ સાહેબ ધારે છે કે રાજ્યની ખરી સ્થિતિ આપ જાણશો ત્યારે તેમનું બળ ચાલશે અને પ્રજા સુખી થશે. આથી વધારે વાત મોંએ કરવા મને હુકમ નથી. સાહેબ પાસે અને સરકારમાં આપના રાજ્ય સામી કેટલી અને કેવી રીતની ફરિયાદો થઈ છે તે જણાવવા આ સર્વ અરજીઓના કાગળ સાહેબ મોકલે છે તે હું આપની પાસે યોગ્ય તપાસ સારુ રજૂ કરું છું. આ અંગ્રેજી વર્તમાનપત્રો સાહેબે મોકલ્યાં છે તેમાં આપના રાજ્યનાં સારાંનરસાં માણસોનું વર્ણન છે. તેની તુલના સાહેબ આપને સોંપે છે. સાહેબ જાતે ઘણુંખરું વર્તમાનપત્રો પર વિશ્વાસ રાખતા નથી પણ આ બાબતમાં એ પત્રોનો અને એમનો અભિપ્રાય એક છે એટલે સવિસ્તર હકીકત જણાવવા એ પત્રો જ મોકલ્યા છે તે કોઈ પ્રમાણિક અંગ્રેજી ભણેલા માણસ પાસે વંચાવી સમજી લેશો. હા, બીજી વાત સાહેબ તરફથી એક કહેવાની છે કે આપ સમજો છો કે જનાનાની પાછળ પડી જવું એ આજ જરૂરનું છે અને એ વાત આપને ધ્યાનમાં લેવાની છે. જમાનો કેવો છે તે જાણવા અંગ્રેજી વિદ્યા જાણનારા અને તેવા ન મળે તો અંગ્રેજી રાજ્યની નીતિરીતિ જાણનારા માણસો હળવે હળવે આપે મેળવવા યોગ્ય છે. એ ઉપરાંત જે કહેવાનું છે તે કાગળ સાહેબે પોતે આપેલો છે તે ઉપરથી સમજશો. મારે સાહેબ તરફથી હવે કાંઈ કહેવાનું બાકી નથી. પણ મારે જાતે આપને કાંઈક વિનંતી કરવાની છે તે છાની વાત નથી એટલે આ મંડળ વચ્ચે કહું તો અયોગ્ય નહીં ગણો. હું પણ આપના રાજ્યનું સારું ઇચ્છું છું. અને હું શિખામણ દેવા લાયક તો નથી પણ મારી શિખામણ આપને સાંભળવા લાયક હોય તો કહેવાની રજા માગું છું કે રસલ સાહેબ જેવા સારા સાહેબ રજવાડામાં ક્વચિત જ આવતા હશે અને તેમનો દરેક અક્ષર સોનાના મૂલનો માનજો. સાહેબને આપના અમાત્ય સારી રીતે ઓળખે છે અને હું કહું છું તે કેટલા પ્રમાણમાં ખરું છે તે વાત મારા કરતાં વધારે છટાથી, વધારે શક્તિથી, અને વધારે અનુભવથી આપના એ વિશ્વાસુ અમાત્ય કહી શકશે. એ સાહેબે એજંસીમાં નોકરી કરી છે, આપના હાથ નીચે પણ નોકરી કરે છે, સાહેબ એમને સારી રીતે ઓળખે છે. અને એમના ઉપર આપનો વિશ્વાસ છે તે એજંટ સાહેબ યોગ્ય માને છે. એવાં માણસો છે ત્યાં સુધી આપનું અને આપના રાજ્યનું કલ્યાણ છે એમ સાહેબ માને છે અને સાહેબની શિખામણ પ્રમાણે વર્તવાથી કેટલો લાભ છે તે અમાત્ય સાહેબ કહી શકશે. તે સર્વ સાંભળવું, ન સાંભળવું એ

આપની મુખત્યારીની વાત છે. અને એ મુખત્યારીને અંગે સારાંનરસાં પરિણામનું જોખમ આપને જ કહેવાનું છે. અમે તો માત્ર બોલવાના અધિકારી. રાજ્યની લગામ આપના હાથમાં છે અને પરિણામની લગામ ઈશ્વરના હાથમાં છે. સદ્‌બુદ્ધિવાળાને ઈશ્વરની લગામ કદી ખૂંચતી નથી. મારે હવે કાંઈ કહેવાનું બાકી રહેતું નથી કામદારસાહેબ, મારા ઉપર ખોટું લગાડશો નહીં. હું તો ચિઠ્ઠીનો ચાકર છું.'

ભાષણ પૂરું થઈ રહ્યું. સર્વ મંડળ ચિત્ર પેઠે સ્તબ્ધ થઈ ગયું હતું તેવું જ પળવાર રહ્યું, અને પોતાના સિપાઈના સાથમાં નેતરની પેટી હતી તેમાંથી ન્યૂસપેપરો અને અરજીઓના કાગળના થોકડા રામભાઉ રાણાની સાથે ઊભેલા બુદ્ધિધનને આપતો ગયો તેમ તેમ સર્વ અમલદારો એકબીજાના મોં સામું જોવા લાગ્યા, એકબીજાના કાનમાં પ્રશ્નોત્તર કરવા લાગ્યા, અને પોતાના અને પારકાઓના લાભાલાભના વિચાર મનમાં કરવા લાગ્યા. આખરે સાહેબના કાગળવાળું એક જશ મોટું ચતુષ્કોણ પરબીડિયું રામભાઉએ આપ્યું તે ફોડી રાણાએ વાંચ્યું અને કાંઈક વિચારમાં પડી ઉત્તર આપ્યો:

'રામચંદ્રરાવ, સાહેબ મારા હિતેચ્છુ છે તે કહેવું પડે એમ નથી. આ કાગળમાં જે મમતા એ બતાવે છે તે ઘણી છે. સાહેબની શિખામણ વાજબી છે અને તેનું ખરાપણું સમજાય એવા બનાવો આજ જ મારા રાજ્યમાં બન્યા છે તેથી મારી આંખ ઊઘડી છે. હું દિલગીર છું કે મારા વિશ્વાસનું દાન અપાત્રે થયું નીવડ્યું. તમે ઉતારે જાઓ અને જમો. કલાક બે કલાકમાં હું ઉત્તર મોકલીશ.' રામભાઉ સલામ કરી ગયો.

શઠરાય નીચું જોઈ રહ્યો હતો. બુદ્ધિધન રાણાનો હુકમ સાંભળવા તેના સામું જોઈ રહ્યો હતો. બીજા સર્વ અમલદારો રાણાના મોંમાંથી શા અક્ષર નીકળે છે તેની વાટ જોતા હતા. કપાળે, આંખો પર અને આખરે મૂછો પર હાથ ફેરવી રાણો બોલ્યો:

'બુદ્ધિધન, મારું મગજ આજ ગૂંચવાઈ ગયું છે. કામદાર, હું બહુ દિલગીર છું. આ કાગળો અને છાપાં જોવાઈ રહે. તેમાં લખેલી બાબતોની તપાસ થાય, મારા મહેલમાં જે ખટપટ જણાઈ છે તેનો સાર હાથ લાગે, ત્યાં સુધી તમારું નસીબ મારા હાથમાં નથી. પણ હવે મારે ભરમ ફોડવો જોઈએ. તમે અને તમારું મંડળ અતિ દુષ્ટ છો — એમાં કાંઈ સંશય નથી. બુદ્ધિધનનો વિનાશ કરવા મ્હાવાએ જે કાગળો મને આપ્યા છે તે ખોટા છે, તે કોણે લખ્યા છે, અને પ્રપંચનું મૂળ તમે છો એ હું સારી રીતે જાણું છું. અને તેને વાસ્તે તમને શિક્ષા થવી જોઈશે. હું બહુ જ દિલગીર છું — મને તમારા ઉપર ઘણો જ ક્રોધ ચડે છે. અરેરે! માણસ માણસમાં શું ફેર હોય છે! ક્યાં બુદ્ધિધન અને ક્યાં તમે! શું મેં તમારું ઓછું સારું કર્યું છે? શું મે તમને કોઈ વાતમાં ન્યૂનતા રાખી છે? તમારા ઉપર વિશ્વાસ કેટલો રાખેલો? તેનું ફળ આવું ન ઘટે!' એમ કહી માથું મંદ કંપાવ્યું.

'બસ, હવે મને દયા નથી. બુદ્ધિધન, દયા રાખવાની, નરમાશ રાખવાની, વેર ભૂલી જવાની, અપકારને સાટે ઉપકાર કરવાની અને એવી એની હજારો શિખામણો તમે દીધેલી તે મારો ક્ષત્રિયનો સ્વભાવ ભૂલી — વશ કરી — આજ સુધી મેં માની. પણ હવે તેમ થનાર નથી. અરેરે! જે માણસને બચાવવા તમે આટલો શ્રમ લીધી તે જ માણસ અતિ નીચ રીતે તમારો નાશ કરવા પ્રપંચ રચે એ કેવી વાત! એ તો સારું છે કે ઈશ્વર મને સારી બુદ્ધિ આપે છે. નીકર તમારું શું થાત? અરે એટલાથી જ આ રાક્ષસને સંતોષ નથી વળ્યો, પણ કમઅક્કલે મારા મહેલમાં — મને પોતાને — બસ. એ વાત હું નથી કહેતો. કોણ એવો આંધળો છે જે તે આ સર્વ જોઈ શકતો નથી? અમલદારો, જો ડાહ્યા હોય તો દેખો છો તે ઉપરથી શિખામણ લેજો. તમારો રાણો બીજા રાણાઓ જેવો આંધળો નથી. પણ એ પોતાની આંખે દેખે છે. ભલા બિચારા રસલ સાહેબ! એ જાણે છે કે શઠરાયે રાણાની આંખમાં ધૂળ નાખી છે, પણ જાણતા નથી કે સૌ જાણતાં છતાં રાણાએ ગમ ખાધી છે. મારી ગરીબડી પ્રજા ઉપર વીતતો જુલમ મને અંધારામાં નથી ગયો. પણ એ તો આ બુદ્ધિધન હોય નહીં અને શઠરાય આજ સુધી કારભાર કરે નહીં. પણ હવે તો બસ! પાપનો ઘડો ભરાયો અને મેળે જ ફૂટ્યો. હવે બુદ્ધિધન, હું તમારું કહ્યું નહીં માનું.'

'વિજયસેન! વિજયસેન! કામદાર અને એના ભાઈ આ કરવતને કાચી જેલમાં તારા કબજામાં રાખ. નીચે દુષ્ટરાયને પણ પકડી આણ અને ત્રણે જણને જુદા જુદા રાખ. ખબરદાર જો કોઈ પણ છૂટવા — અથવા કોઈની સાથે વાત કરવા — પામ્યા તો! તારું પોતાનું માથું જોખમમાં નાંખવું હોય તો તેમ થવા દેજે. એ બેના ઘર પર તાળાં લગાવ અને સખત જાપતો કર.'

બુદ્ધિધન અચિંત્યો રાણાને પગે પડ્યો અને હાથ જોડી બોલી ઊઠ્યો:

'દીનાનાથ! એક વિનંતિ છે —'

'અરે ઊઠો, આ નાટક વળી શું કાઢ્યું? ઊભા ઊભા માગો ને કરો જોઈએ તેટલી વિનંતીઓ, કોણ ના કહે છે?' — એમ કહી રાણાએ અમાત્યનો હાથ ઊંચો ખેંચવા માંડ્યો.

'ના, રાણાજી ના; વિનંતી સાંભળો અને સ્વીકારો પછી ઊઠીશ. મારા જાતભાઈ — આઘેના પણ મારા સગા — આ ગૃહસ્થોને જેલમાં — ધર્મ સચવાય નહીં એવે ઠેકાણે — મોકલવા ન ઘટે. એમના જેવા આપને થવું નથી ઘટતું!'

'બહુ સારું. બહુ સારું. એમ કરો. વિજયસેન, જા એમને બીજે કોઈ ઠેકાણે પણ જાપ્તાબંધ રાખજે અને એમને ખાવાપીવાનો બંદોબસ્ત બરોબર કરજે. કેમ, હવે કાંઈ જોઈએ બીજું? એમને જલેબીઘેબર ખાવાનો બંદોબસ્ત કરીએ, કહો તો!'

‘ના, રાણાજી, એટલી કૃપા હાલ બસ. પછીની વાત પછી.’

રાણો: ‘વિજયસેન, પેલી રાંડ દુષ્ટ કલાવતીને પકડો અને ઘસડીને એને તો નક્કી જેલમાં લઈ જાઓ. એનાં ભારે કસબી વસ્ત્ર ધૂળમાં ઘસડાય, એનાં ઘરેણાં વેરણછેરણ થઈ રસ્તામાં પડે અને ભિખારા રંક લોકને જડે — એવું એવું જોવાને મારી મરજી થઈ છે. વિજયસેન, નીચમાં નીચ, કાળામાં કાળો, કદરૂપામાં કદરૂપો અને ગંદામાં ગંદો કોઈ ગોલો અથવા ઢેડો, એ રાંડને આખે શરીરે, મોં પર, અને વાળમાં ધૂળ ભરે, રાખ ભરે, અને કાજળ ચોપડે એ હું જોઈશ. ને આ બીજા જે જે લુચ્ચાઓ છે તેમને પણ કબજામાં રાખવા. બધાની તપાસ અને બધાનો ઇન્સાફ થશે.’

‘જયમલ!’ જયમલ પાસે આવતાં રાણાએ કાનમાં કહ્યું: ‘એક ઘણું વસમું કામ તને સોંપું છું. રાણીનું મોં જોવા હું ઇચ્છતો નથી. તેને આપણા જૂના મહેલમાં લઈ જવી અને ત્યાં જ રાખવી.’

‘બુદ્ધિધન, તમે ચાલો મારી સાથે. આ સર્વ ગૂંચવાડામાંથી છૂટવા સારુ બાંધછોડ કરવાને હવે મારે તમે જ રહ્યા.’

‘અમલદારો, આજ મારો જન્મદિવસ છે તે તમને ખબર છે. એ દિવસનો આરંભ આજ ખુશાલીમાં ન ગયો. પણ — હરકત નહીં. આજના કામથી મારી જુલમમાંથી છૂટેલી પ્રજા આ બનાવોથી આનંદ પામશે અને તે મારે મન ઉત્સવ જ છે. — વળી પાંચ વાગ્યાનો દરબાર રીતસર ભરાશે અને તે વખતે હું તમને પૂર્ણ ઉત્સવનું કારણ આપીશ. એ ઘાટ કેમ ઉતારવો તે હું અને અમાત્ય અત્યારે એકાંતમાં જઈ વિચારીએ છીએ.’

‘શઠરાય, આપણે હવે જુદાં થવું પડે છે. હું દિલગીર છું. પણ મારો દોષ કાઢી ઈશ્વરના વધારે અપરાધી ન બનશો. સારું પ્રારબ્ધ સંચિત કરવાનો અવકાશ ઈશ્વરના રાજ્યમાં સદૈવ છે.’

રાણા અમાત્યને આંગળીએ લઈ ચાલ્યો અને સૌને દૃશ્ય થયો. પોતે દૃશ્ય થતાં થતાં બુદ્ધિધને પ્રમાદધન અને નવીનચંદ્રને ઘેર જવા સાન કરી.

રાણાના તત્ત્વત: સત્ય અક્ષરને મનમાં પણ ઉત્તર દેવાની શક્તિ શઠરાયે અનુભવી નહીં. તેના શરીર પર એનાં એ વસ્ત્ર હતાં, તેના અવયવો પણ એના એ હતા, તે પોતે પણ એનો એ હતો. તો પણ સુવર્ણપુરના રાજ્યમહેલમાં મધ્યાહ્નના સૂર્યની પેઠે ઉગ્રરૂપે આવ્યો હતો તે ત્યાંથી નીકળતી વખતે અસ્તકાન્તિ ધરવા લાગ્યો. સર્વની અવલોકનવૃત્તિ ઉપર નિષ્કંટક રાજ્ય ચલાવતો હતો તે પદભ્રષ્ટ થયો. તોપણ હોલાતી વાટને મોંએ રહેતા મોગરા પેઠે તેના મુખ ઉપર ગુમાન દેખાતું હતું. એટલે કે સમયને અનુચિત, નિષ્ફલ, નિષ્પ્રકાશ અને નપુંસક હોવાને લીધે એ ગુમાન પર કોઈએ દૃષ્ટિ ન કરી. આ અસ્તમાન કારભારી ઉપર સૌ ઉદાસીન વૃત્તિથી જોવા લાગ્યા. જે રાજ્યમહેલમાં આવી, રાજાઓ, અમલદારો

અને પ્રજા ઉપર તેણે ઘણાંક વર્ષ સુધી અનિકારને અમર માની નિષ્કંટક સત્તા ચલાવી હતી તેની રજા લઈ — તેમાં ફરી ન આવવા સરજેલો — તે શૂન્ય ગોઝારો થયો હોય તેવી વૃત્તિ અનુભવતો, તેને પોતાને વાસ્તે ભયંકર અરણ્ય જેવો લેખતો, નીચી દૃષ્ટિ ઘડીઘડી પાછી ફેરવતો શઠરાય તેમાંથી નીકળ્યો — નીકળીને એક વાર ઊભો રહી પાછો ફરી નિ:શ્વાસ મૂકી ઊંચું જોઈ મહેલને નીચેથી શિખર સુધી ન્યાળી રહ્યો — અને આખરે મોં ઉપરથી અને મનમાં રહ્યું હોય તો ત્યાંથી પણ ગુમાન ઊતરી ગયું, અને એ ગુમાન મહેલના અંગનું હોવાને લીધે શઠરાયની જગા લેનારની સેવા કરવા તે લેનારને શોધતું શઠરાયને રાજઉદ્યાનના દ્વાર આગળથી વળાવી પાછું વળ્યું. શઠરાયની આંખમાં આંસુનું એ એક બિંદુ આવ્યું. વિજયસેનને સોંપેલા નવા પરિવારનાં વધારે ત્વરાવાળાં પગલાં જોડે પોતાને દોડવું પડતું હોય એવા શ્રમવિકારના અનુભવમાં આંસુનું એ એક બિંદુ પણ દૃશ્ય થયું. સિપાઈઓ પોતાના વેગને અનુસરે તેને ઠેકાણે પોતાને સિપાઈઓના વેગને અનુસરવું પડ્યું. આ પરિવાર — વિપરીતતા અનુભવતો વિપરીત દશાનો વિદ્યાર્થી, કારભાર પરિવર્તની વાતો કરતા કરતા લોકની કદીક નજરે પડતાં, તેમની અંગુલિદર્શનનું — ક્ષણિક દયાનું — અને આખરે સતોષનું પાત્ર થતો થતો, ભાઈ સિવાય બીજા કોઈ સમોવડિયાના સાથ વિનાનો, લોકસંઘમાં પરિવારની મદદથી માર્ગ મેળવતો, રાજઉદ્યાનના દરવાજામાં ઊભેલાઓની દૃષ્ટિને અગોચર થયો. જનતાના વિચારમાંથી પણ તેને ખસેડનાર મળ્યું. તેની બાબતના — પ્રાત:કાળના દરબારના —વિચારો સાંજે ભરાવાના દરબારના તર્કવિતર્ક આગળ જરી જરી દૃશ્ય થવા લાગ્યા.

મહેલમાં પેસતી વખત કલબલાટ મચાવી મૂકનાર મંડળ, રાણો દૃશ્ય થતાં, અંદરથી મધ્યરાત્રિના જેવી શાંતિ મહેલમાં ઉત્પન્ન કરી, નીકળ્યું. એક શબ્દ પણ કોઈના મુખમાંથી નીકળતો ન હતો, રામાયણ કે મહાભારત વાંચી ઊઠ્યા હોય અને વિચારલીન થયા હોય તેમ સર્વ ભાસવા લાગ્યા. આખા મંડળના મુખ ઉપર ગંભીરતાની ગંભીર છાપ પડી. મડદું બાળી, રાખ કરી, રોવું કરવું છોડી દઈ, સ્મશાનમાંથી પાછા ફરનાર મંડળની પેઠે સર્વ નીકળ્યા અને જમીન પર પડતા અનેક પગના ઘસારા સિવાય કાનમાં બીજો સ્વર જતો ન હતો. એમ શઠરાયની પાછળ આવ્યા હતા તે એના વિના એકલા પાછા ગયા.

સૌની પાછળ નવીનચંદ્ર અને પ્રમાદધન બેત્રણ સિપાઈઓ સાથે નીકળ્યા. બંને જણનો ભય જતો રહેવાથી નિર્ભય થયા હતા અને તેથી તેમના મુખ ઉપર પણ શાંતિ હતી. તેમની સાથે આવેલું મંડળ પણ જુદું પડી ઘેર ચાલ્યું.

મહેલમાંથી નીકળતા શઠરાય પાછળ નવીનચંદ્રની દૃષ્ટિ પડી હતી અને ચાલતો ચાલતો તે ગણગણતો હતો:

'સમય! — એ જ રચે છ બળાબળ:

શરીરીને [૧] કહી એવું મધુરતા

શરદમાં ધરતા સ્વર હંસના

ભરી જ દે પિકકંઠ [૨] કઠોરતા!' [3]

'સમય એ જ રચે છ બળાબળ! સમય એ જ રચે છ બળાબળ!'

'બળ-અબળ! તમને રચનાર 'સમય' જ છે — બીજું કોઈ નથી! માનવી! તારું અભિમાન નકામું છે. શઠરાય, તારી હિકમત હારી નથી, પણ તારો સમય હાર્યો છે.

ચાલતાં ચાલતાં બાગનો દરવાજો આવ્યો એટલામાં પાછળથી દોડતો દોડતો સમરસેન આવી પહોંચ્યો.

'પ્રમાદભાઈ, ભાઈસાહેબ બોલાવે છે આપને. નવીનચંદ્રભાઈ, આપ ઘેર વહેલા પધારો અને ભાઈસાહેબ અને પ્રમાદભાઈ થોડી વારમાં ઘેર આવશે. અરે, રામસેન, જા નવીનચંદ્રભાઈ સાથે.'

આ આમ ચાલ્યા અને આ આમ ચાલ્યા. માથા પર પંખીઓ ભમે તેમ આખા રસ્તામાં નવીનચંદ્રના મગજમાં કંઈ કંઈ વિચાર તરવરવા લાગ્યા.

---

* ગોલ્ડસ્મિથ

૧ . આ હોરી અર્ધી ગુજરાતી અને અર્ધી હિંદુસ્તાની છે. દ્વિભાષિકતા લાડમાં તણાયાનું ચિહ્ન હશે.

૧ . દેહીને — દેહધારીને. ૨ . મોરના કંઠમાં. 3 . માઘ-સર્ગ ૬.

૧૩. રસ્તામાં

પ્રત્યક્ષ ઇન્દ્રજાળ પરોક્ષ થયું. પણ તેણે રચેલા સંસ્કાર રહ્યા. દરબારમાંથી અમાત્યને ઘેર જવાનું. મંદવાડના સમયમાં પણ કંઈ કંઈ અનુભવ થયા હતા. એ ઘરમાં જવાનું તેથી તેના પણ વિચાર થવા માંડ્યા. ‘અનુભવાર્થી’ને અભ્યાસની સગવડ ખરેખરી થઈ ગઈ હતી. એટલે અભ્યાસ ઝડપબંધ વધતો હતો. અમાત્યના ઘરમાં થતાં શાંત સ્વપ્નને દરબારના ઉગ્ર સ્વપ્ને દાબી નાંખ્યું હતું. સૌથી પાછળ નીકળેલા — એકાંત પડેલા રસ્તા ઉપર એક સિપાઈને પાછળ રાખી ચાલતા — નવીનચંદ્રને ચૈત્ર મધ્યાહ્નના પ્રચંડ સૂર્યનાં તેજ નીચે તપતા સળગતા બળતા વિશાળ અને શૂન્ય મેદાન વચ્ચેના લાંબા રસ્તાનો દેખાવ ઓથારની પેઠે ચાંપવા લાગ્યો અને દરબારમાં દબાઈ ગયેલી થાકી ગયેલી કલ્પના શિથિલ પડી જઈ એ ઓથારના હઠસંભોગને જાતે જ અનુકૂળતા કરી આપવા લાગી. મનની સાથે શરીર પણ થાક્યું હતું. બાર વાગવાથી ભૂખ પણ કકડીને લાગી હતી. સૂર્ય તનમનને ક્લાંત કરવામાં નિરંકુશ વર્તતો હતો. અને અગ્નિના પુલ જેવો રસ્તો તાપનું ઊંચે પ્રતિવમન કરતો હતો અને માનવીનું ઊકળતું શરીર પરસેવાથી પાણી પાણી થઈ જતું હતું. અંદરની અને બહારની અવસ્થાઓએ આમ એકસંપ કર્યો હોવાથી સુકુમાર નવીનચંદ્ર હારી ગયેલા જેવો દેખાવા લાગ્યો. તેના કપાળ પર પરસેવાનાં જાળ બાઝ્યાં અને પાઘડીમાંથી ટપકતા વરસાદે તેમાં ઉમેરો કર્યો. તેની આંખો રાતી રાતી થઈ ગઈ અને કુમળા ગાલે પણ એ જ રંગ પકડ્યો. નવીનચંદ્ર, તું આવી દશા શા દુ:ખે ભોગવે છે? અમાત્યનું દુ:ખ સફળ થવા વખત આવ્યો હતો. પણ તેમાં કાંઈ એનો સ્વાર્થ ન હતો. એવું છતાં અમાત્ય કુટુંબના ઉત્સાહનો પટ એને પણ લાગ્યો. અમાત્યને ઘેર અને દરબારમાં ઘણુંક નવું જોયું, નવું શિખાયું. હા, એ બધું ખરું. પણ હાલ તો થાકેલા મન આગળથી એ ઉત્સાહ — એ જોયાશીખ્યાનો સંતોષ — સર્વ પરોક્ષ થયું. સેંકડો ગાઉ ઉપરનું ઘર — તેમાં અત્યારે શું શુ થતું હશે તેના વિચાર — માતાપિતા મિત્રમંડળ અને એવા એવા સંસ્કારો મનમાં સ્ફુરવા લાગ્યા અને સુવર્ણપુરના ઊંચા રસ્તા ઉપરથી ભદ્રા અને સમુદ્રના સંગમનું સ્થાન દેખાતું હતું ત્યાં દૃષ્ટિ પડતાં ઘડીક નાવમાં બેસી ઘેર જવાની વૃત્તિ થઈ — ઘડીક ઘરમાં જ ઊભો હોય તેમ અનુભવવા માંડ્યું. રસ્તા ઉપર બીજું કોઈ આવે છે કે નહીં, કેણી પાસ જવાનું છે, એવું એવું એ કાંઈ જોતો ન હતો. ‘એની આંખ એના હૃદયમાં હતી — અને એ હૃદય ઘણે ઘણે છેટે હતું.’ [૧] તે એના ઘરમાં હતું. સુવર્ણપુરનું કોઈ પણ પ્રાણી — કંઈ પદાર્થ તેના મનમાં વસતો ન હતો. ઘરમાં હૃદય અને હૃદયમાં ઘર એમ હતું. એમ છતાં સુવર્ણપુરના એક જણને તેમાં અવકાશ મળ્યો. પોતાના ઘરની સર્વ સૃષ્ટિ વચ્ચોવચ અમાત્યના ઘરની — ન સગી — ન… એવી કુમુદસુંદરી ઊભી. કુમુદસુંદરી! તું અહીંયાં ક્યાંથી? નવીનચંદ્ર! આજ તને શું થયું? રાજઉદ્યાનમાં પેઠો

ત્યારે ઘર સાંભર્યું અને અહુણાંયે સાંભર્યું. એ શાથી? ઘરની સાથે કુમુદસુંદરીને સંભારવાનું કારણ શું? આ સર્વ પ્રશ્ન પણ નવીનચંદ્રના જ હૃદયમાં સમુદ્રના તરંગ પેઠે ઊઠતા હતા અને આકાશ સુધી ઉછાળા મારતા હતા. વચ્ચે વચ્ચે અમાત્યના ઘરમાં બનેલા કેટલાક બનાવો સાંભરતા હતા. નવીનચંદ્રના મનની સ્થિતિનું કારણ એ બનાવો તો નહીં હોય? વાંચનાર, એ બનાવો સાંભળ.

નવીનચંદ્ર અલકકિશોરીના પતિવ્રતાપણાનું રક્ષણ કરતાં ઘવાયો એટલે ઉપકારની મારી એ કિશોરી સ્વાભાવિક રીતે એની પથારી આગળ બેસી રહેતી અને એનો ઘા રુઝાવાની એ વાટ જોતી. એ બાળાને પતિ વાસ્તે મનમાં રજ પણ માન ન હતું, અને આખા જગતને તૃણવત્ ગણતી તેમ એને પણ ગણતી. માતાપિતા સિવાય બીજા કોઈને એ માન આપતી ન હતી અને મામાં પણ અક્કલ ઝાઝી છે એવું માનતી ન હતી. સહિયરો ઉપર અમલ ચલાવતી હતી, પણ પતિ અથવા બીજું કોઈ મારું સમોવડિયું છે એવું ધારતી ન હતી અને તેથી કોઈના ઉપર સમાનભાવનો સ્નેહ રાખવો તે શું એ સમજતી ન હતી. હા, મમતાળુ હતી, પોતાનું કહ્યું તેને પોતાનું ગણતી અને દયાળુ હતી. પણ આ માણસ બાંધછોડ કરવા લાયક છે, આની આગળ એકલા દ્રવ્યનું જ નહીં પણ રૂપનું, ગુણનું, ડહાપણનું, બુદ્ધિનું, પદવીનું, કુલીનતાનું અને એવું સર્વ ગુમાન છોડી દઈ નરમ થવું ઘટે છે — સ્નેહ — મિત્રતા રાખવી ઘટે એમ મનમાં જરી પણ ન હતું. આ ગુણ એના બાપનામાં બીજે રૂપે હતો અને તે પુત્રને ઠેકાણે પુત્રીમાં ઊતર્યો હતો. એનામાં જે કાંઈ તોછડાઈ હતી તે આ જ ગુણને લીધે હતી, અને એ પતિવ્રતાપણું જાળવી શકતી અને તેમ કરતાં ડગતી નહીં તેનું કારણ પણ આ જ ગુણ હતો — કારણ કોઈ પણ પુરુષના સામું જોતાં ‘અંહ, એ કોણ — શા લેખામાં છે? — હું કોણ? એ કોણ? શું હું કોઈને નમ્યું આપું? શું કોઈ મારું સમોવડિયું થવા યોગ્ય છે?’ આ વિચારો જ તેના મગજમાં તરી આવતા. આજ સુધી તેનું ગુમાન ઊતર્યા વિના રહ્યું હતુ, તે બે જણાંએ ઉતાર્યું. એનો અણઢોળાયો સ્નેહ ભાભી ઉપર ઢોળાયો. કુમુદસુંદરીને જોઈ એને કાંઈક ઉમળકો જ આવતો — કાંઈક ઊર્મિ જ ઊઠી આવતી. એનું એક કારણ એ મુગ્ધાનું સ્હોજીલાપણું હતું અને બીજું કારણ એ હતું કે એને કિશોરીએ પોતે ઘરમાં આણી હતી. બસ, ભાભી દીઠી એટલે નણંદ ઘેલી ઘેલી થઈ જતી અને ઘેલાં કાઢતી. સૌ આ જોઈ હસતાં અને એની મા પણ હસતી. તે એ જાણતી અને દેખતી પણ ગાંઠે નહીં. કોઈ વખત તો માને પણ ધમકાવે કે ‘બસ, અમારાં ભાભીને અમે ગમે તે કરીશું તેમાં તારું શું ગયું? તું તારું કામ કર.’ કુમુદસુંદરીના રૂપ આગળ પોતાનું રૂપ ભૂલી જતી અને એ ચોપડીમાંથી વાતો વાંચે અને સમજાવે ત્યારે ગરીબ ગાય થઈ જતી. વળી આટલું બધું ગુમાન ઊતરેલું પણ તેની પોતાનેય ખબર ન હતી. કારણ ઘરમાં ભાભી નણંદનું જ ચાલવા દેતી; લોકમાં એને જ મોટે પાટલે બેસાડતી અને એનું જ કહ્યું કરતી; એટલે

નણંદનું અભિમાન સંતોષ પામતું અને ભાભી વહાલી જ રહેતી. પણ કોઈ ઝીણી નજરે જુએ તો થતું એ કે ભાભી નણંદના ઉપર રાજ્ય ચલાવતી અને નણંદ ભાભીના જ કહ્યામાં રહેતી. એમાં કામગીરી ભાભીની હતી કારણ ભાભીનું ચાલે છે એવું એ નણંદને સમજવા જ ન દેતી. એક ગુમાન ભાભી આગળ ઊતર્યું અને બીજું નવીનચંદ્રે ઊતાર્યું. તેના ઉપકારથી તે અત્યંત વશ થઈ. તેના ખાટલા આગળ જ બેસી રહેવું અને ઓસડવેસડની — ખાવાની — કરીની — સૌની ચિંતા પોતે જ રાખવી. કોઈ આવ્યું હોય તોયે એ ત્યાંની ત્યાં, એની સહિયરો — અને કોઈ કોઈ વખતે તો મા પણ — શિખામણ આપે કે ‘બહેન, ગમે એટલું પણ એ પરપુરુષ; હા, એની ચાકરી કરવી, એની આસનાવાસના કરવી એ સૌ ઠીક છે, પણ આમ આખો દિવસ એકાંતમાં અને લોકના દેખતાં એની પાસે ખાટલાસરસા બેસી રહેવું એ સારું નહીં. લોકમાં વાત થાય. ગમે તો એ ચાકરને બેસાડી મૂક ને તું જતી આવતી દેખરેખ રાખ.’ આના ઉત્તરમાં એ કિશોરી શિખામણ આપનારને ખાવા ધાતી અને ભમર ચડાવી હોઠ વડે પુકાર કરી — મોં મરડી કહેતી કે ‘વારુ વારુ, જોયા એ લોક. લોકને તે કોણ ગણે? હસો જેને હસવું હોય તે.’ ‘વારુ, બહેન, મરજી પડે તે કરો.’ એમ કહી કહેનાર ચૂપ થતું અને અલકકિશોરી માથું મરડી, ‘અંહ. શું લોકો છે — એમના બાપનું જાણે જતું જ રહેતું હોય ને! જાણે કે તમે જ ડાહ્યા અને તમે જ સારા હશો!’ એમ કહી ચાલી જતી અને નવીનચંદ્રની પાસે આવી બેસી બાંધે ભારે લોકના ડહાપણ ડાહ્યલાવેડાની મશ્કરીઓ કરતી. પોતાને કોઈ મળવા આવે તો તેને નવીનચંદ્રવાળી મેડીમાં બોલાવે અને બેસાડે. કુમુદસુંદરી ત્યાં આવતાં શરમાતી ત્યારે જોડે એની મેડી હતી તેમાં જઈ બાથમાં લઈ એને ઘસડી આણતી અને સાથે બેસાડી કહેતી: ‘ભાભી, ઘરના માણસ જેવું જે માણસ થયું તેની પાસે આવતાં શરમ શી? જુઓ, એ ભણેલા છે અને તમે ભણેલાં છો. તો બેસો અને કાંઈક સારું સારું વાંચો. હું સાંભળીશ. એયે સાંભળશે. તમનેયે કાંઈ બધે ઠેકાણે સમજણ નહીં પડતી હોય તે એ સમજાવશે. હું બેઠી છું એટલે તમારે અહીં બેસતાં હરકત નહીં’ ભાભીનો હાથ તાણી નીચે બેસાડે, કુમુદસુંદરી બિચારી હજારો ગુપ્ત વિકાર અનુભવતી બેસતી, બળાત્કારે કોઈક દિવસ કાંઈ વાંચતી અને સાંભળતી, પણ એકકે દિવસ એવું ન થવા દીધું કે નવીનચંદ્રની સાથે પોતે જરીકે બોલી છે, હસી છે, કે એક પણ પ્રશ્નોત્તર થયો છે. નવીનચંદ્રના સામી એટલા દિવસોમાં એક વખત પણ — એક પળ પણ — નજરસરખી ન કરી. નવીનચંદ્ર અને કુમુદસુંદરી — બેમાંથી કોઈને કંઈ પણ બોલવું હોય, પૂછવું હોય, કે માગવું હોય તો તે અલકકિશોરીની જ પાસે.’

નવીનચંદ્ર સૂતો સૂતો સર્વ સમજતો. અલકકિશોરીના ઉપકારના નિર્દોષ ઊભરા લોકાચાર વિરુદ્ધ હતા તે એ જાણતો; અણસમજી ખેંચતાણ કરી બેસાડી નણંદ ભાભીના મનમાં સ્વાભાવિક ગૂંચવાડો ઉત્પન્ન કરતી તે એ

કળી જતો; પરંતુ જાતે માંદો હોવાથી અને અલકકિશોરીના તુંદા સ્વભાવ આગળ કાંઈ વળશે નહીં એવું ભાન હોવાથી તે નિરુપાય હતો.

હળવે હળવે સ્ત્રીવર્ગમાં અલકકિશોરીની વાતો ચાલવા માંડી અને અમાત્યની ચડતી ખમી ન શકનાર વર્ગ પ્રમાણમાં ઝાઝો હોવાથી એ વાત અતિશયોક્તિ થઈ અને મોટા ઘરની નિન્દામાં સર્વને રસ પડવા માંડયો. વનલીલાને મોઢેથી એ વાત કુમુદસુંદરીને પણ કાને આવી, પણ એણે તે ધિક્કારી કાઢી. વિદુરપ્રસાદે પણ એ વાત સાંભળી અને ઘડીક માની અને અલકકિશોરીને ઠપકો દેવાની બીતે હિંમત ધરી. અલકકિશોરીએ એને એવો તો ધમકાવ્યો કે એ દબાઈ ગયો. પણ દબાઈ ગયાથી મનની ખાતરી ન થઈ. આખરે એક દિવસ ગરબડદાસ એને ઘેર જમવા આવ્યો હતો અને નવણના ચોકામાં અંધારાનો લાભ લઈ રાંધવા નાહેલી કિશોરીની કાંઈ મશ્કરી કરી કે ઉત્તરમાં એ ઉન્મત્તાએ એના મોં ઉપર ઉકળતી દાળભરી કડછી ઝાપટી અને ઘરમાંથી એ લુચ્ચાનો પગ ટળાવ્યો. આ દિવસથી એ નીચ પુરુષ પરસ્ત્રીની મશ્કરી કરવી ભૂલી ગયો, અને વિદુરપ્રસાદના મનમાં અલકકિશોરીની શુદ્ધતાની ખાતરી થઈ.

કિશોરીની સ્વતંત્રતા આમ સર્વ સ્થળે અપ્રતિહત અને જયવંત નીવડી. આ શુદ્ધતા અને સ્વતંત્રતાનું અભિમાન એને એટલું બધું હતુ કે શિથિલ વર્તણૂ કવાળાંની સોબત કરવાથી તે ડરતી નહીં, અને એમ જ ગણતી કે 'અંહ, ભેંશના શીંગડા ભેંશને ભારે છે — પારકું માણસ નઠારું તેમાં આપણને શું થનાર છે?' આથી તેની સહિયરોમાં કેટલીક અશુદ્ધ સ્ત્રીઓ પણ હતી અને તેવી સ્ત્રીઓ વિશેષ વિલાસશીલ અને ઉઘાડી રસિકતાવાળી હોવાથી કિશોરીની વિશેષ પ્રીતિનું પાત્ર થઈ હતી; કારણ કે ક્ષુદ્ર લાગતા પતિ આગળ નિરુત્સાહી અને ઢંકાઈ રહેતી વિલાસવૃત્તિને શુદ્ધ અબળા, પોતાની ઇચ્છાને શરણ રહેતી આવી સહિયરો આગળ, ધમકભરી સાકાર કરતી, અને તે રીતિનો યોગ્ય અનુકંપ એવી સહિયરો જ કરી શકતી, કૃષ્ણકલિકા ઉપર અમાત્ય પુત્રીના ચારે હાથ હતા અને તેનું કારણ આ જ હતું. આવી પ્રિય સહિયરોને છોડ એવું એને કહેવા કોઈની તાકાત ન હતી.

અધમ સંગતિ વંધ્યા ન રહી. અલકકિશોરી પાસે આવતી જતી કૃષ્ણકલિકાને નવીનચંદ્ર ગમી ગયો અને અર્થ સારવા એકલીની તાકાત ન હોવાથી અમાત્યપુત્રીને પોતાની સાધનભૂત જોડિયણ કરવા ધાર્યું. કુલીન કિશોરી પોતાની પાસે અપવિત્ર વાતો થવા ન દેતી અને કોઈ પુરુષનાં તો શું પણ સ્ત્રીનાંયે વખાણ થવા ન દેતી. નવીનચંદ્રની એના મન ઉપર થયેલી નિર્દોષ અને પવિત્ર અસર કૃષ્ણકલિકાએ જોઈ અને તેનો ઉપયોગ કર્યો. નવીનચંદ્રના સ્વભાવનાં, સુશીલતાનાં, સદ્ગુણનાં અને અંતે સ્વરૂપનાં વખાણ એણે ક્રમે ક્રમે કરવા માંડ્યાં, અને ઉપકારની અમીથી ભરેલી દૃષ્ટિને જોનારી કુલીન માનિની આ સર્વ વખાણ આનંદથી સાંભળતી. આ પવિત્ર

આનંદચંદ્રમાં કૃષ્ણકલિકાએ હળવેહળવે કલંક ઉત્પન્ન કર્યું. એક દિવસ નવીનચંદ્રની સુંદરતાની વાત કાઢી, કજોડાંની વાત કાઢી, હિંમત આણી કૃષ્ણકલિકા ઓચિંતી બોલી ઊઠી: ‘બહેન, ખરું પૂછો તો તમારે તો નવીનચંદ્ર જેવો વર જોઈએ — હા, વિદુરપ્રસાદ ઠીક છે પણ તે ઠીક જ. કાગડો દહીંથરું લઈ ગયો છે.’ અલકકિશોરીએ એને ધમકાવી આ વાત બંધ પાડી અને તરત તો પોતે પણ ભૂલી ગઈ.

કલાક બે કલાક વીત્યા પછી તે નવીનચંદ્રની મેડીમાં આવી. તે ખાટલામાં ઊંઘી ગયો હતો. એને ઔષધ પાવાનો વખત વીતી ગયો હતો તેથી જગાડવો કે ન જગાડવો એ વિચારમાં ઘડીવાર ઊભી અને સૂતેલા નવીનચંદ્રના મુખ ઉપર દૃષ્ટિ પડી — દૃષ્ટિ પડી જ. એનો ઘા રુઝાવા માંડયો હતો પણ પાટા કરવા પડતા હતા. તાવ આવતો બંધ થયો હતો પણ શક્તિ સારુ — ઔષધ પીવું પડતું. ઊઠવાબેસવાનો શ્રમ ચાલતા સુધી ન લેવો એવી વૈદ્યની આજ્ઞા હતી, પણ ધારે તો શ્રમ લેવા જેટલી શક્તિ આવી હતી અને મોં પર તેજી પણ આવી હતી. સૂતેલાના વિશાળ કપાળ પર પરસેવો વળ્યો હતો. અને પુરુષત્વભરી કાળી ભમ્મરો અને પાંપણો વચ્ચે મીંચાયેલાં ગોરાં પોપચાંની ગાદી ઉપર અંગવિનાનો — દૃશ્ય — મન્મથ આવી બેઠો. તેના બાણનો અશ્રાવ્ય નિર્ઘોષ પાસે ઊભેલી અબળાના અંત: કરણમાં અચિંત્યો કોણ જાણે કયાં થઈને પેઠો અને તેને ધ્રુજાવવા લાગ્યો. પરદેશીના ગાલની રતાશ ચળકાટ મારતી જણાઈ અને તેના તેજથી સર્વની આંખને ઝાંઝવા વાળનારીની આંખ આજ અંજાઈ ગઈ. મૂછનો દોરો જ ફૂટેલો હતો તેનાથી બાંધી દીધેલા ઓઠસંપુટને જોઈ — તેમાં કાંઈ અમૃત ભર્યું હોય તેમ — આત્મસંતુષ્ટાના ઓઠ કોઈક પહોળા થયા. આ સર્વ શું થાય છે? એ વાત અલકકિશોરી સમજી નહીં. એણે આવી સ્થિતિ કદી અનુભવી ન હતી — સાંભળી પણ ન હતી. પૂછવું પણ કોને? તે નિ:શ્વસ્ત અને દીન બની નવીનચંદ્રના માથા આગળ — ખાટલા પાસે — નીચે બેઠી અને એના સામું જોવા લાગી. આજ આ પુરુષને જોઈ આ બધું શું થાય છે? નવીનચંદ્ર તે આજ કાંઈક બદલાઈ જ ગયેલો લાગ્યો. એને જોઈને જ અબળાના અંગમાં કાંઈક ઝેર વ્યાપી ગયું — વિષથી વિષ ઊતર્યું — એ ઝરથી પતિવ્રતાપણાને સાચવનારું બળવાન ગુમાન પળવારમાં ઊતરી ગયું. મહાપ્રતાપવાળી — છાકવાળી હતી તે રાંક જેવી થઈ ગઈ. એક લાંબો નિ:શ્વાસ મૂકી તેણે સામી ભીંત ઉપર નજર ફેરવી. ત્યાં એક આરસો આડો ટાંગ્યો હતો, તેમાં સૂતેલા નવીનચંદ્રનું અને બેઠેલી અલકકિશોરીનું એમ બેનાં મોં જોડાજોડ દેખાયાં તે એ જોઈ રહી. તે જોઈ નવીનચંદ્રના સામું પાછું જોવા લાગી. કૃષ્ણકલિકાના શબ્દ યાદ આવ્યા — આરસા ઉપરથી એ શબ્દ ખરા લાગવા માંડયા. જમાલને પકડયો તે દિવસ થયેલો સ્પર્શ સ્મરણમાં આવતાં. કલ્પનાને ગલીપચી કરવા લાગ્યો અને વધારે પ્રિય લાગવા માંડયો. જમાલ — દૈત્યની સાથે સફળ યુદ્ધ કરનારી ચંડિકા અને દુષ્ટ ગરબડની મદમર્દની ઉન્મત્ત કિશોરીના

પતિવ્રતનું ઇન્દ્રાસન સૂતેલા નવીનચંદ્રની સુંદરતાના પ્રતાપ આગળ ડગમગવા લાગ્યું અને અબળા તે અબળા બની. કાંઈ પણ વિચાર કરવાની તેની શક્તિ હોલાઈ ગઈ. વિકારપવનના ઝપાટાથી બુદ્ધિદીપ હોલાયો. મદનાસ્ત્ર આગળ અભિમાનાસ્ત્ર યૂરા થયું. પુરુષની છબી સ્ત્રીની કીકીમાં પ્રતિબિમ્બાકારે વસવા લાગી — હૃદયતરંગમાં નૌકા પેઠે હિંડોળા ખાવા લાગી — હૃદયમહાસાગરના અંત્યભાગે ક્ષિતિજ રેખામાં ઊગતા સકળચંદ્ર પેઠે ઊગી અને તેના મર્મભાગને ખેંચી કાઢવા લાગી — તેમાં ઊથલપાથલ કરવા લાગી. પરંતુ આ સર્વ તોફાન કોઈ જુએ એમ ન હતું. તેનો આવિર્ભાવ શરીર પર રજ પણ ન થયો. માત્ર નવીનચંદ્ર અને આરસા વચ્ચે હેરાફેરા કરતી આંખમાં ઝળઝળિયાં આવ્યાં અને આશ્ચર્યમાં પડતી — આ શું થાય છે તે ન સમજતી — બાળકી ખાટલા પાસે બેઠી હતી તેમની તેમ બેસી રહી. કલ્પનામાં વાનરનો ગુણ છે. કૃષ્ણકલિકાએ અલકકિશોરી જેવીની કલ્પાને સળી કરી એટલામાં તો મગજમાંથી હૃદયમાં અને હૃદયમાંથી મગજમાં ચડઊતર કરતી કલ્પનાએ અમાત્ય પુત્રીને ગભરાવી દીધી અને તે અમસ્તી એકલી સ્તબ્ધ રહી હતી તે છતાં કલ્પનાએ અંતરમર્મમાં ભરેલા ઉઝરડાઓએ મદનબાણના પાડેલા ઘાની વેદનાને અસહ્ય કરી મૂકી અને તે ન ખમાતાં અંત: કરણમાં દરેક નવો ચરેડો પડતાં આંખો ચડાવી દેવા લાગી અને 'હર, હર, હર', 'શિવ, શિવ, શિવ', કરી ઊંડો નિ:શ્વાસ નાંખી છાતી પર છેડા વડે પારકા થયેલા પોતાના હૃદયને શાંત કરવા પવન નાંખવા લાગી. એ પવનથી શાંત થવાને બદલે મદનજ્વાળા વધારે વધારે સળગી. ભયંકર દશા! તને શોધનારા — વરનારા — જગતમાં વસતા હશે. તું કેટલાકને સુખરૂપ પણ ભાસતી હોઈશ. અલકકિશોરી આ દશાથી બાવરી — જર્જરિત — થઈ ગઈ. તેને છુટકારાનો માર્ગ ન દેખાયો. નવીનચંદ્ર! તું ઊંઘે છે કે જાગે છે? કુલીન વનિતા વિનંતી ન કરી શકી — તેની આંખમાંથી આંસુનાં ટીપાં ગરગર ટપકવા લાગ્યાં. એટલામાં નવીનચંદ્રે પાસું બદલ્યું. તે ખરેખર ઊંઘતો જ હતો. પાસું ફરતાં તેનો હાથ પાસે બેઠેલીના ખભા ઉપર ઊંઘમાં અચિંત્યો પડયો. તૃપ્તિનો સમય અચિંત્યો પાસે આવતો હોય — મદનવેદનામાંથી અચિંતી છૂટવાની આશા સફળ થવા નિર્મિત થઈ દેખાતી હોય — તેમ અલકકિશોરી ચમકી — એ ચમક આનંદમય લાગી. તૃપ્તિનો ભોગ ધુભવાતો હોય તેમ થરથરતા ઓઠ ઉપર સ્મિત આવી બેઠું. આ હાથને આમ પળવાર પણ ટકવા દીધો — તેને ખસેડી ન નાખ્યો — આ દશામાં આનંદ મનાયો — તે ન ખમાતું હોય તેમ આજ સુધી રહેલા પતિવ્રતને ઓછું આવ્યું — ઘણા દિવસનું પવિત્ર ઘર છોડતાં તે ઘરમાંથી કાઢી મૂકનાર સાથે પળવાર લડવા લાગ્યું. જાણે હિતૈષી પતિવ્રતની જ શિખામણથી મદનાવસ્થાનું ખરું દુષ્ટ સ્વરૂપ પ્રકાશિત થતું હોય તેમ આટલા ભોગથી અલકકિશોરી તૃપ્ત ન થઈ. તૃપ્તિને વેશે અતૃપ્તિ જ આવી હોય — તૃપ્તિ વધારવાને બહાને અતૃપ્તિ પગલે પગલે વધારે ક્રૂર બની બળ

અજમાવતી હોય — તેમ થયું. છુટકારાને બદલે બંધન વધારે સખત થવા લાગ્યાં અને તે બંધનથી તનમન સખત ચુસાવા માંડયાં. મૃતને બદલે આખા શરીરમાં ઝેર વ્યાપ્યું. આ સર્વ તીવ્ર અતિતીવ્ર વેદના સૂચવતી આંખમાંથી આંસુની ધારા વધારે વધારે છૂટવા લાગી અને ખાળી ખળી નહીં. એટલામાં નવીનચંદ્રનો હાથ હાલ્યો. તેને છૂટો થવા દેવા ખુશી ન હોવાથી તેને પકડી રાખવા કિશોરીનને હાથ ઊપડયો — પણ હિંમત હારી પાછો પડ્યો. આથી નવીનચંદ્રનો હાથ સ્થાનભ્રષ્ટ થયો, ખભા ઉપર રજ નીચે સર્યો અને ઝીલી લીધો હોય — પડતાં પડતાં ખૂંટી પર ભરાઈ રહ્યો હોય — તેમ રસરહસ્ય જાળવનાર અસ્પર્શ્ય શરીરને આધારે થંભ્યો. તેના ઉપર કિશોરીનાં ઉષ્ણ આંસુ પડવા લાગ્યાં — નિદ્રામાં ને નિદ્રામાં આંસુના સ્પર્શથી એકલો જાગેલો હાથ ઊંચો થયો. મર્યાદાની મર્યાદા તોડતા આતુર હાથ તે હાથે અનિચ્છાતી પકડી લીધો. હાથ પર બળ આવતાં ઊંઘેલો નવીનચંદ્ર જાગી ઊઠયો. જાગ્યો તે છતાં તેની આંખ ઘેરાયેલી જ રહી. તેમાં આંખ આગળ આ ન મનાય એવો સ્વપ્ન જેવો દેખાવ જોવા લાગ્યો. આ શું? નવીનચંદ્ર પણ પોતાનો હાથ ખેંચી લેતો નથી! શું એના મનમાં પણ અલકકિશોરીની પતિત વૃત્તિનો પ્રતિધ્વનિ થયો? અથવા શું આ એને ખરેખર સ્વપ્ન જ ભાસ્યું? અથવા શું આ સ્વપ્ન જ હતુ? આ શો સન્નિપાત! અધમ સંગતિ થવા દીધી તો અધમ કલ્પના થવા વખત આવ્યો! કલ્પનામાંથી અધમ મનોવિકાર થયો. મનમાં જ વિકારમાંથી શરીરને વિકાર થયો. એટલેથી જ અંત ન આવ્યો. વિકારવશ શરીરે અગ્રાહ્ય પરપુરુષસ્પર્શ થવા દીધો — સ્વીકાર્યો — અભિનંદ્યો! એ સ્પર્શને ટકવા પણ દીધો! વધવા પણ દીધો! અસ્પર્શ સ્થાન પર સરવા પણ દીધો! અરેરે! શો સન્નિપાત! જાતે — ઈશ્વર ઇચ્છાથી બંધ થતા સ્પર્શને બંધ થતો અટકાવ્યો — પકડી રાખ્યો! પતિવ્રતા — હવે તું પતિવ્રતા મટી ગઈ! આટલાથી જ! ઘણી વખત ઔષધ પાતાં નવીનચંદ્રનો સ્પર્શ અનુભવતી — બેદરકારપણાને લીધે — અત્યંત મમતાને લીધે સૂતેલાને ઓઢાડતાં, પાણી પાતાં, તેના શરીર પર વળતાં — અજાણ્યે પવિત્ર અંગનો સ્પર્શ થતો — તે છતાં તું પતિવ્રતા જ હતી. આજ એ જ સ્પર્શથી તું પતિતા થઈ! ભ્રષ્ટ થઈ! એક સંગતિ — એક કલ્પના! શી તમારી ફળ પરંપરા! શું નવીનચંદ્ર પણ ભ્રષ્ટ થયો? શું ઈશ્વરની આ દેખાવ પર નજર હતી? શું નિર્જીવ મેડી એ દેખાવ જોતી હતી? શું બેમાંથી એકના પણ ધારવામાં હતુ કે આ દેખાવ કોઈ પણ માનવી જુએ છે? શું કોઈ પણ માનવીની આંખ પર આ બનાવનું પ્રતિબિમ્બ પડતું હતું અને આ બે જણ અંધ જ બની ગયાં હતાં? ઈશ્વરની ગતિ અકળ છે!

અલકકિશોરી નવીનચંદ્ર પાસે રોજ પશિત્ર વૃત્તિથી બેસતી હતી એટલે બારણાં ઉઘાડાં અથવા અધઉઘાડાં રહેતાં તેની હરકત ન હતી. રોજની પેઠે આજ પણ અધઉઘાડા હતાં અને તેના અપવિત્ર વિચારનો જન્મ મેડીમાં આવ્યા પછી થવાને લીધે એ વાત પર તેનું લક્ષ જ ન હતું. બારણાભણી

તેની પૂંઠ હતી. પણ એ બારણાના મિજાગરા આગળ જગા રહેતી તેમાં એક નવું મિજાગરું હોય એમ એક કાળી કીકી દેખાતી હતી. તે કોની હતી?

સ્ત્રીવર્ગમાં, તેમાં વિશેષે કરીને તરુણીવર્ગમાં, રસસમાનતા પ્રમાણે અને વયસમાનતા પ્રમાણે સહીપણાં થઈ જતાં વાર લાગતી નથી અને તેથી તરત પક્ષ બંધાઈ જાય છે. કૃષ્ણકલિકાને અલકકિશોરી સાથે ફાવી ગયું હતું તેમ વનલીલાને કુમુદસુંદરી સાથે ફાવી ગયું હતુ. તે રમતિયાળ પણ ડાહીલી હતી, રસીલી પણ સદ્ગુણી હતી, વાંચવા ગાવાની શોખીન હતી, નિંદા કરવાની બહુ ટેવ ન હતી તોપણ પરચેષ્ટા જોવાની રસિયણ હતી, સૌભાગ્યદેવી પાસે ગીત શીખવા આવતી, કંઠ તીણો હતો અને તેથી વધારે તીણો કરવા મથતી, અલકકિશોરીની કચેરીમાં ચર્ચા ચલાવનારીઓમાં એક એ હતી, કુમુદસુંદરી પાસે નિત્ય આવતી, તેની જોડે આખો દિવસ છાનીમાની કોણ જાણે શીયે વાતો કર્યા કરતી, તેની જોડે શેતરંજ રમતી, કુમુદસુંદરી ગાતી તેમાં પોતાને તો સમજણ નહોતી પડતી પણ પોતે ગાઈ બતાવતી, અને એની પાસે પુસ્તકોમાંથી રસીલી વાતો વંચાવી સાંભળતી. રીત પ્રમાણે આજ પત વનલીલા જમી પરવારી આવી અને આવતાં આવતાં ડોકિયું કર્યું તો અલકકિશોરીને ખભે નવીનચંદ્રનો હાથ જોઈ ચમકી, ખમચી, વિસ્મય પામી, ઓઠે આંગળી મૂકી વિચાર કર્યો, અને લોકવાયકા ન માનનારી કુમુદસુંદરીને ખબર કરવા દોડી. તેની સાથે છાનીમાની વાત કરવા મંડી ગઈ.

‘ભાભીસાહેબ! નહોતાં માનતાં તે આજ ચાલો. આંખે ખરું કરો.’

‘વનલીલા, તું હજી એવી ને એવી રહી. ભોગ એ બેના. આપણે તે પારકી ચેષ્ટા જોવાનું શું કારણ? આપણે આપણું કામ નથી?’

‘વારુ, તમે તે આવાં ક્યાંથી? એવું એવું જોઈએયે નહીં? ચાલો, ચાલો, જુઓ તો ખરાં. એ તો એવાં લટ્ટ બન્યાં છે કે આપણે અર્ધો કલાક જોઈશું તોયે નહીં દેખે. ચાલો.’ કહી વનલીલા કુમુદસુંદરીનો સુંદર હાથ બારણા ભણી ખેંચવા લાગી.

તેને બિચારીને ખબર ન હતી કે આ સમાચારથી કુમુદસુંદરીના અંત:કરણમાં કેવી તીવ્ર વેદના થવા લાગી હતી અને તેણે મનમાં કેટલું મૂંઝાવા માંડ્યું હતું.

‘શુ આ ખરું કહે છે? વિદ્વાન સરસ્વતીચંદ્ર! આ શું? આ શું કહે છે? શું મારો ત્યાગ કર્યો તે આ અર્થે? અથવા નવીનચંદ્ર! શું તું સરસ્વતીચંદ્ર ન હોય? તું નહીં જ હોય. મારો — અરેરે — વેળા જે મારો હતો તે શુદ્ધ સરસ્વતીચંદ્ર આવો ન હોય!’ આંખો પર હાથ ફેરવતી કુમુદસુંદરીએ વનલીલાનો હાથ વછોડયો.

‘વનલીલા, જા તું તારે જોવું હોય તો. હું તો નહીં આવું.’

‘ત્યારે તમે અહીંયાં બેઠાં બેઠાં શું કરશો?’

‘હું બેસીશ મારી મેળે — ગાઈશ — જશ સારંગી લઈને.’

‘તે તમને આ જોવાનું મૂકી ગાવું કેમ ગમશે? તમારા જેવું તને કોઈ દીઠું નહીં.’

‘વારુ બહેન, વારુ, તું જા — જો તારી મેળે.’

વનલીલા આ ઉદાસીન અને નિષ્કુતૂહળ દેખાતી વૃત્તિ જોઈ વિસ્મય પામતી એકલી ચાલી, નવીનચંદ્રની મેડીના બારણા આગળ વાંકી વળી ઊભી, અને મિજાગરા આગળથી રસભરી છાનીમાની જોવા લાગી.

વનલીલાને કાઢી કુમુદસુંદરી પાછી ફરી. આંખમાં આંસુ તો માય નહીં એમ ભરાઈ આવ્યાં — જાણે કે પોતાના જ પતિને પરકીયા સાથે દીઠો હોય — જાણે કે પોતે જ ખંડિત થઈ હોય! પલંગ પર પડતું મૂકયું અને ઊંધે માથે રહી છાનુંમાનું પુષ્કળ રોઈ, કંઈક નવો વિચાર ઊઠતાં અચિંતી સફાળી ઊઠી અને આંસુ લોહી નાંખી મેડી વચ્ચે ઊભી.

‘અરે, પણ આ શું? એની ફજેતી હું થવા દઉં? સરસ્વતીચંદ્ર, તને આ રસ્તે નહીં ચડવા દઉં. હશે, ભૂલ થઈ હશે — પણ તારા પવિત્ર સંસ્કારને જગાડું એટલે તું જાગવાનો જ. આ કૂમાર્ગે તું ચડયો તો બાપડા જગતની શી વલે થવાની? બીજા લોકોને તો કાંઈ કહેવાશે જ નહિ. તને આ રસ્તે જોતાં મારું કાળજું કહ્યું કેમ કરે — મારું કાળજું કેમ રહેશે? મચ્છેન્દ્રનાથ, તને સ્ત્રિયારાજ્યમાં લપટાઈ દીન થયેલો જોઈ ગોરખ શું બેસી રહેશે? ગોરખનાથ મને સહાયતા કરો. મારામાં તમારી શક્તિનો કાંઈક અંશ મૂકો. સંસ્કારી સરસ્વતીચંદ્ર, આ શુ?

‘त्वं चेन्नीचपथेन गच्छसि पय: कस्त्वां निरोद्धुं क्षम: — હે ઈશ્વર! ’ —

વળી આંખમાં આંસુ ભરાઈ આવ્યાં. લોહતી લોહતી સારંગી લઈ નવીનચંદ્રવાળી મેડીની પાસે ખુરશી માંડી બેઠી અને એ મેડીમાં સંભળાય એમ સારંગી સાથે ઝીણે કંઠે ગાવા લાગી:

‘શુભ્ર સ્વર્ગમાં વસનારી તે ચળી પડી હરશિરે,

પડવા માંડેલી પડી પાછી! ટકી ન, હર! હરશિરે-શુભ્ર O

પડી! ગિરિ પર; ઉચ્ચ ગિરિવર મૂકી પડી એ પાછી —

અવનિ પર આળોટતી ચાલી ધૂબચાળી ઘણી થાતી-શુભ્ર O

મલિન ગંગા! ક્ષાર સમુદ્રે પેઠી અંતે એ તો!

ભ્રષ્ટ થયું જરી તેનો શતમુખ વિનિપાત જ નિર્મેલો! [૧]

ભ્રષ્ટ થઈ મતિ તેનો શતમુખ વિનિપાત જ નિર્મેલો!'

પોતાની મેડી બહાર સંભળાય એમ કુમુદસુંદરી કદી પણ ગાતી ન હતી. હૃદયના સંબંધે એની મર્યાદા આજ છોડાવી અને ગાતાં ગાતાં તે ખરેખરી ખીલી. જેમ જેમ ગાયન અગાડી ચાલ્યું તેમ તેમ તેની આંખમાંથી આંસુની ધાર વધી, સારંગીને પલાળી નાંખી, અને છેલ્લું પદ ગાતાં ગાતાં 'આથી વધારે મારું બળ નથી' એમ શબ્દ વિના કહેતા કહેતા કંપતા મૂર્છા પામતા હૃદય પરથી સારંગી જમીન પર સરી પડી, ડોક ઢીલી થઈ ગઈ, માથું ખુરશીની પીઠ પર ભાંગી ગયું હોય એમ ઢળી પડ્યું, કમળની પાંખડીઓ જેવી લલિત આંખો અંધારું પડ્યું હોય એમ મીંચાઈ ગઈ, નિ:શ્વાસને જવાઆવવાનો રસ્તો રાખવા પહોળું રહી મુખ સ્તબ્ધ થયું, નાજુક કળીઓ જેવા દાંતના કિરણ હવામાં ચળકવા લાગ્યાં, હાથ પહોળા થઈ ગયા અને ખુરશીની આસપાસ લટકવા લાગ્યા, અને પગ પણ ખુરશી આગળ લંબાઈ ટકી રહ્યા. આ શબ જેવા શરીરમાં એકલું જીવતું દેખાતું કોમળ વક્ષ:સ્થળ ધડકતું હતું. લજ્જાળુ મુગ્ધાનાં વસ્ત્રની કરચલીઓમાં ઢંકાઈ રહી જીવતા જગતની દૃષ્ટિને નિત્ય નિષ્ફળ કરતું હતુ તે કોમળ વક્ષ:સ્થળ આજ પ્રમાદધનના રંગભવનની જડદૃષ્ટિ આગળ બાળ ગજના કુંભસ્થળ જેવું — બિડાયલા શતપત્ર કમળની કળીઓની સુંદર જોડ જેવું ઊપસી આવ્યું, તરી આવ્યું, અને અંત:કરણના ઊછળતા શ્વાસને બળે કરુણ મંદ લીલાથી ઉત્કંપ અનુભવવા લાગ્યું. હૃદય ચીરી નાંખે એવી આ અવસ્થા જોનાર — સમજનાર આ પ્રસંગે — કુમુદસુંદરી! — તારી પાસે કોઈ ન હતું. ભરવસ્તીવાળા સસરાના ઘરમાં તું એકલી જ હતી. મૂર્છા પામેલા ઊજળા ગાલ ઉપર નિર્જીવ થયેલાં આંસુ સુકાઈ ગયાં અને માત્ર તેના ચળકતા સૂકા શેરડા રહ્યાં. એની આસનાવાસના કરનાર કોઈ ન હતું.

આણીપાસ નવીનચંદ્ર જાગી ઊઠ્યો હતો, પણ તે ન જાગ્યા જેવો જ હતો. તેની ઊંઘ ઊડી ગઈ ન હતી. જાગું છું કે ઊંઘું છું તે વિચાર તેને થયો ન હતો. જાગતાં પહેલાં કિશોરીના સ્પર્શથી તે રમણીય સ્વપ્નમાં પડ્યો હતો. એવો સ્પર્શ જન્મ્યા પછી તેને પ્રથમ જ થયો હતો અને તે સ્પર્શે ઉત્પન્ન કરેલા સ્વપ્નને અંતે આંખ કાંઈ ઊઘડી તોપણ એક સ્વપ્ન પલટાઈ બીજું સ્વપ્ન અનુભવતો હોય એમ જ એને લાગ્યું. અર્ધું મીંચેલું અને અર્ધું ઉઘાડું એવાં પોપચાં આગળથી અલકકિશોરી સ્વપ્નમાં આવી હોય એમ પળવાર વિકારભરી રમમાણ આંખે તેને જોઈ રહ્યો અને દૂષિત હાથ ખેંચી ન લેતાં નિમિષમાત્ર આનંદસમાધિમાં પડયો. એટલામાં સારંગીના રણકા સાથે ભળી જતું કુમુદસુંદરીનું મિષ્ટ — મધુર — ગાયન તેના કાનમાં ધીમે ધીમે આવવા લાગ્યું. કર્ણેન્દ્રિય આનંદવ્યાપારમાં લીન થતાં સ્પર્શેન્દ્રિય બહેર મારી ગઈ, અને ઉઘાડી આંખ વગર મીંચાયે મીંચાઈ. કુમુદસુંદરીના ગાયન સાથે ઊંડાં ડૂસકાં વચ્ચે વચ્ચે ભળતાં હતાં અને સૂતેલાની નિદ્રાને વીજળીના સંચા પેઠે ધકકા મારતાં હતાં — તેનાથી સ્પષ્ટ સમજાતાં હતાં

— તેના હૃદયના હૃદયમાં પેસતાં હતાં. કુમુદસુંદરીનું — દિવ્ય અપ્સરાના જેવું — ગાન પણ આજ તેણે પહેલવહેલું સાંભળ્યું અને તેથી તેની આનંદનિદ્રા મધુરમધુર થતી વધી. બહારથી જોનારને મન અલકકિશોરી અને નવીનચંદ્ર આમ એમનાં એમ ચિત્રવત્ સ્તબ્ધ રહી એક બીજાના સામું જોઈ રહેતાં લાગ્યાં અને ઉભય મદનાવસ્થ છે એવું મનમાં આણતાં વનલીલાને કાંઈ પણ શંકાસ્થાન ન રહ્યું.

આખરે કુમુદસુંદરીના ગાનનું છેલ્લું પદ આવ્યું — તેનો અર્થ સ્પષ્ટ હતો — તે પદ એક વાર ગવાયું — જરીક ફેર સાથે બીજી વાર ગવાયું — તેની સાથે સારંગીનું ગાન અચિંત્યું ક્રમવિરુદ્ધ બંધ પડ્યું. સારંગી પડી તેનો ધબાકો થયો. હાથમાંથી છૂટતાં — પડતાં — તાર ત્રુટતો હોય એમ અસંવાદી કઠોર રણકારો લંબાયો, તે રણકારમાં અચિંત્યા બંધ પડેલા ગાયનના અંત્યસ્વરનો પ્લુતોચ્ચાર ભળ્યો, અને તે સર્વમાં ત્રુટતા મર્મસ્થાનથી તણાયેલું ડૂસકું સંભળાયું, અને એકદમ સારંગી અને કંઠ ઉભય બંધ પડ્યાં. તેની જ સાથે સ્વપ્નાવસ્થ નવીનચંદ્રનું હૃદય ચિરાયું, તે ખરેખરો જાગ્યો, જાગતાં જ કિશોરી સામું જોઈ રહ્યો, જોતામાં જ ધીમા બળથી હાથ ખેંચી લીધો અને એકદમ પણ ધીમે રહીને — દીન વદનથી પણ ઠપકાભરી આંખ કરી — લાચાર સ્વરથી પણ ઉગ્ર નરકમાંથી તારવા ઇચ્છતો હોય તેવો, મધુર નરમ વચન બોલ્યો:

'અલકબેન, હું તો તમારો ભાઈ થાઉ, હોં!' એમ બોલી પવિત્ર દૃષ્ટિથી તેના ભણી જોઈ રહ્યો.

અલકકિશોરી શરમાઈ જ ગઈ, નીચું જોયું, અને મનમાંથી ધરતી માતા પાસે માગ માગ્યો, તેને ભાન આવ્યું. તપેલા વાસણ પરથી પાણીનો છાંટો ઊડી જાય તેમ તેનો અપવિત્ર વિકાર એકદમ જતો રહ્યો. પણ શું કરવું તે તેને સૂઝયું નહીં — મૂંઝાઈ — ગૂંચવાઈ. બેઠેલી રહી જમીન પર જોઈ રહી — આંખો મીંચ્યા જેવી કરી — જીભ કરડવા મંડી. 'અરરર! આ શુ થયું?' એ વિચાર તેના આખા મગજમાં નિષ્કંટક એકલો રાજ્ય કરવા લાગ્યો. સાપે કરડી હોય એમ તેના મગજમાં ઝાટકા નંખાવા લાગ્યા. વગર ઊંચું જોયે — અહીંયાં ને અહીંયાં આપઘાત કરું — એ વિચાર તેના મનમાં અંતે તરી આવ્યો અને તે વિચાર પ્રમાણે વર્તવા તૈયાર થઈ. મનમાં બોલી — 'હવે તો જીભ કરડીને મરું — કે શ્વાસ રૂંધીને મરું — પણ આમ જ.' એ વિચાર પ્રબળ થતાં જ તેના મનનો ગૂંચવાડો મટયો — છુટકારો પાસે આવ્યો હોય તેમ તેને લાગ્યું.

નવીનચંદ્ર તેની અમૂંઝણ સમજ્યો અને દિલાસો આપી બોલ્યો: 'બહેન! અમૂઝાશો નહીં. એક ભૂલ તો બહ્માએયે કરી છે. ફરી ભૂલ ન કરશો. તમારું અંતઃકરણ પવિત્ર છે તે હું જાણું છું. હું નાદાન નથી. થયું તે ન થયું થનાર નથી. ગઈ ગુજરી વિસારી દો. તમારો ધર્મ અંતે સચવાયો તે ઈશ્વરનો ઉપકાર માનો.'

અલકકિશોરીએ ઉત્તર ન વાળ્યો — ઊંચું પણ ન જોયું. બનેલ બનાવથી એનું અંત:કરણ ભરાઈ આવ્યું.

‘ઊઠો, બહેન ઊઠો. મને ઔષધ આપો.’

હજી કિશોરી ઊઠી નહીં.

‘બહેન—’

‘ભાઈ, તમે ખરેખર મારા ભાઈ જ છો.’ — આખરે હિંમત આવી — ‘ભાઈ, જયાલ પાસેથી મને છોડાવી તેના કરતાં આજ મારા ઉપર વધારે ઉપકાર કર્યો. અરેરે! ઊજળે લૂગડે ડાઘ બેઠો. હેં! આ શું થઈ ગયું? ભાઈ, મારા ભાઈ, હવે મારે જીવવું નકામું છે — અરેરે!’ — રોતી રોતી આંસુભરી આંખે ઊંચું જોયું — ‘હાય, હાય.’

‘બહેન, ધીરાં થાઓ.’

‘ભાઈ સોનાની થાળીમાં લોઢાની મેખ ન ખમાય. મારા જેવીને આટલું થયું તે ન વેઠાય. હું હવે કોઈને મોં શું બતાવીશ?’

‘લોક શું જાણનાર છે? — ઈશ્વર જાણે છે તે દયાળુ છે.’

‘એ બધું ખરું પણ મારાથી જ આ સહેવાતું નથી — આ આવી હું તેને આજ આમ —’

‘બહેન—’

‘હું જીવનાર નથી —’ છલકાતી આંખે અબલા ઊઠી બારણા ભણી ચાલી. વનલીલા ત્યાં ન હતી. સૌભાગ્યદેવી બારણાના ઉમર આગળ અંદર આવતી સામી મળી.’

હાથ ખેંચી લીધો તે જોઈ, અને પોતાની પવિત્રતાની ખાતરી કરી આપનાર શબ્દો નવીનચંદ્ર બોલ્યો તે સાંભળી વનલીલા સંતોષ પામી. તોપણ કિશોરી શો ઉત્તર દે છે તે જાણવાનું બાકી હતુ, પરંતુ એટલામાં કુમુદસુંદરી ગાતી હતી તે અચિંતી બંધ પડી અને સારંગી પડી ગઈ તે ઉપર ધ્યાન જતાં વનલીલા એણીપાસ દોડી અને ખુરશી પર મૂર્છા પામેલી કુમુદસુંદરી પાસે ‘શું છે, ભાભી શું છે?’ કરી આસનાવાસના કરવા લાગી. મિજાગરામાંથી એ જોતી હતી તે સૌભાગ્યદેવીએ પોતાની મેડીમાંથી જોયું; અને કોઈને ન ગાંઠનારી ઉન્મત્ત પુત્રીને ઠપકો આપવા, લોકવાયકા રખેને સાચી તો નહીં હોય તે જાણવા, વનલીલા પાસે ચોકસી કરવા, અને એવા હજારો હેતુથી, પુત્રી પર ચિડાતી, દુ:ખી થતી, કુટુંબ કલંકિત થયાનો ભય રાખતી, સૌભાગ્યદેવી નવીનચંદ્રવાળી મેડી આગળ દુ:ખ અને રોષ ભરી આવી; પણ વનલીલાને ગયેલી જોઈ અને કિશોરી જ આંસુ વર્ષાવતી સામી મળી તેથી પોતાનો તર્ક ખોટો હશે એમ ધારતી, પણ આ શું હશે એનો વિચાર કરતી દેવી પુત્રી સામું પળવાર ધારીને જોઈ રહી અને મારી

વાત ઉઘાડી જ પડી એવું ધારતી કિશોરી તેનું પવિત્ર પ્રતાપી મુખ જોઈ ફીકી પડી અને વીલી — છાશબાકળી — દેખાઈ. સૌભાગ્યદેવી કાંઈક પૂછવાનું કરતી હતી એટલામાં વનલીલા ગભરાયેલી ગભરાયેલી કુમુદસુંદરીની મેડીના બારણા આગળ ‘કોઈ આવો રે — કોઈ આવો રે’ એમ બૂમ પાડતી આવી.

‘ઓ દેવી — ઓ દેવી — ઓ અલકબહેન — કોઈ આવો — આ જુઓ — આ જુઓ — ભાભી શીંગડું થઈ ગયાં છે — તે કોઈ જુઓ.’

‘હેં!’ કરી સૌથી આગળ સૌભાગ્યદેવી દોડી — દોડતાં દોડતાં એક વાર પડી — તે ન ગણતાં કોઈ ઝીલે તે પહેલાં પાછી ઊઠી અને દોડી. ભૂત બનાવ ભૂલી જઈ — મરવાનો વિચાર પડતો મૂકી — અલકકિશોરી પણ પાછળ ઉતાવળી ચાલી, પણ તેના મંદ મગજની અસર પગ પર હતી. માંદો માંદો નવીનચંદ્ર પણ મંદવાડ ન ગણી ખાટલામાંથી કૂદકો મારી ઊઠ્યો અને ફલંગો ભરતો બાવરા જેવો કુમુદસુંદરીની મેડીમાં સૌની પાછળ આવી ઊભો. એ મેડીમાં એ પ્રથમ જ આવ્યો.

કુમુદસુંદરી હજી એ ખુરશી પર એની એ અવસ્થામાં હતી. ખુરશીની આસપાસ સૌ વીંટાઈ વળ્યાં. સૌનાં કાળજાં ધડકવા લાગ્યાં. સૌને શ્વાસ ભરાયો. આંખમાં આંસુ આણી દેવી બોલ્યાં: ‘વનલીલા! આ શું?’

વનલીલા ગભરાઈ. તે મેડી બહાર નીકળી એટલામાં આ થયું હતું. મેડી બહાર નીકળી શું કર્યું તે પૂછે તો શું કહેવું? તોપણ જવાબ દીધો: ‘કોણ જાણે, સારંગી લઈ ગાતાં હતાં અને ગાતાં ગાતાં કાંઈક આમ થઈ ગયું અને માથું નાંખી દીધું.’

નવીનચંદ્ર આગળ આવ્યો. સ્ત્રીઓને ધીરજ આપવી — ઉપાય બતાવવો — એ પુરુષને માથે પડ્યું. કુમુદસુંદરીના મોં સામું જોઈ, ધડકતી છાતી સામું જોઈ, ગાયન સંભારી, સર્વનું કારણ કલ્પી, હૃદયમાં પડેલો ચીરો ઢાંકી રાખી બોલ્યો: ‘દેવી, ચિંતા કરશો નહીં. એમને ઊંચકી પલંગ પર સુવાડો. અહુણાં સજ્જ થશે. અલકબહેન, જશ ગુલાબજળ મંગાવો.’

અલકકિશોરી જાતે જ લેવા ગઈ. જતાં જતાં દાદરે ડોકિયું કરી સમરસેનને કહ્યું કે, ‘એક જણને પિતાને તેડવા મોકલો અને એક જણ વૈદને તેડવા જાઓ.’ વનલીલા પાછળ આવી અને કહે કે ‘એમને વાઈ જેવું છે. મારે ઘેર મુંબઈથી સૂંઘાડવાની શીશી આણી છે તે મંગાવો.’ એક જણને તે સારુ પણ મોકલ્યો. ઘરમાં એકલો સમરસેન રહ્યો તે બારણું સાચવવા રહ્યો અને કાન તથા મને મેડી પર રાખ્યાં.

સૌભાગ્યદેવી ખુરશીની એક પાસ ઊભી રહી. કુમુદસુંદરીનું ગળું એક હાથે ઊંચું કરી બીજે હાથે એની હડપચી ઝાલી એના સામું જોતી રોતી પૂછવા લાગી અને પૂછતાં પૂછતાં તેનું મોં લેવાઈ જતું હતું.

'કુમુદસુંદરી — કુમુદસુંદરી — વહુ — બેટા — બાપુ — બોલોને! આમ શું કરો છો? કુમુદસુંદરી?'

આડું જોઈ આંખ પર પહોંચો ફેરવતો નવીનચંદ્ર બોલ્યો: 'દેવી! ચાલો, એમને પલંગ પર સુવાડીએ; અહુણાં એ નહીં બોલે.'

'શું નહીં બોલે? શું કુમુદ નહીં બોલે? નવીનચંદ્ર! એ શું બોલો છો? એ તો મારા ઘરનો દીવો — હોં!' ઘેલી બનતી સૌભાગ્યદેવી લવી.

ઉતાવળી ઉતાવળી અલક આવી અને પાછળ વનલીલા આવી. નવીનચંદ્રે ગુલાબજળની શીશી લઈ ખોબે ખોબે કુમુદસુંદરીના મોં પર જોરથી છાંટવા માંડ્યું. સૌ સ્તબ્ધ થઈ જોઈ રહ્યાં. સાતઆઠ ખોબા છંટાયા ત્યારે પ્રાત:કાળ પહેલાં કમળની વિકસનાર પાંખડીઓ હાલવા માંડે તેમ એ કાંઈક હાલી.

'દેવી, જો, ભાભી હાલ્યાં હો!' મલકાઈ અલકકિશોરી બોલી. પણ તે વ્યર્થ. અર્ધી શીશી છંટાઈ પણ કુમુદસુંદરી જાગી નહીં. નવીનચંદ્ર હાર્યો: 'દેવી! એમને પલંગ પર લો વૈદને આવવા દો.'

અલકકિશોરી અને વનલીલાએ પગ અને કેડ આગળથી ઊંચકી. નવીનચંદ્રે માથા નીચે અને વાંસા નીચે હાથ રાખ્યા. સૌભાગ્યદેવી વચ્ચેથી ઊંચકવા ગઈ, પણ મડદું ઊંચકવા જેવો દેખાવ જોઈ છળી હોય તેમ — કુમુદસુંદરી મરી જ ગઈ હોય એવું કલ્પી — પાછી પડી: 'હાય હાય રે! ઓ મારી કુમુદ — આ શું?' દેવી પડતી પડતી પાછલી ભીંતને આધારે ટકી.

માથાભણી નીચા નમેલા નવીનચંદ્રની આંખ કુમુદસુંદરીના મોં પર આવી. તેની આંખમાંથી આંસુ પડ્યાં તે કુમુદસુંદરીની આંખ ઉપર — ગાલ ઉપર — પડ્યાં. હાથ રોકાયેલો હોવાથી આંસુ લોવાય એમ ન હતું.

હળવે રહીને, આંચ ન આવે એમ, મૂર્છા પામેલીને પલંગ ઠીક કરી તે પર સુવાડી સૌ આસપાસ વૈદની વાટ જોતાં જ બેઠાં. દેવી માથા આગળ આવી — વાંકી વળી — એના મોં પર મોં મૂકી — ચુંબન કરી — વાળ પર હાથ ફેરવી — રોઈ પડી. કોઈ કોઈને દિલાસો આપે એમ ન હતું. નવીનચંદ્ર ખોટી કઠીનતા બતાવી સૌને ધીરજ આપવા લાગ્યો. એટલામાં દેવના શ્વાસથી કુમુદસુંદરીમાં નવો શ્વાસ આવ્યો હોય તેમ તેનું મોં ઊઘડ્યું — આંખ ઊઘડી પણ ફાટેલી રહી — અને સૌને કાંઈક જીવમાં જીવ આવ્યો. પણ તે વ્યર્થ જ હતો. તેની મૂર્છા વળી ન હતી, પણ મૂર્છામાંથી ફાટી આંખ કરી લવવા માંડ્યું:

'તું મુજ જીવિત, તું મુજ હૃદય જ, તું કૌમુદી મુજ નેત્રતણી,

તું મુજ પીયૂષ, તું મુજ વહાલી, એમ જ પ્રિયશત કંઈ કંઈ —

એમ જ જૂઠાં જૂઠાં જૂઠાં પ્રિયશત કંઈ કંઈ કહી કહી,

ભોળી મુગ્ધાને ભરમાવી — વહાલે વહાઈ ઘણી ઘણી —

આખર કીધું શું — આ અર્થે[૧] *— એ એ —'*

અંત્ય એકારને લંબાવતી પાછી આંખ મીંચી દઈ બંધ પડી. કોઈ સમજ્યાં નહીં. સૌને ધ્રાસ્કો પડ્યો — સૌના જીવ ફટકી ગયા. ધીરજ આપવી છોડી દઈ નવીનચંદ્ર એકદમ ઊઠી ગયો અને એક ટેબલ પર ચિતરામણ પડ્યાં હતાં તેના ભણી નજર કરતો અફરાટો થઈ ઊભો રહ્યો, આંસુ ખાળી રાખવા મહાપ્રયાસ કરવા લાગ્યો અને કોઈ સાંભળે નહીં એમ ગણગણવા લાગ્યો:

'हरि हरि हतादरतया सा गता कुपितेव

किं करिष्यति किं वदिष्यति सा चिरं विरहेण

किं जनेन धनेन किं मम जीवितेन गृहेण

चिन्तयाभि तदाननं कुटिलभ्रू रोषभरेण

शोणपद्ममिवोपरि भ्रमताकुलं भ्रमरेण

'ગતા — ગતા — ગઈ ગઈ-' એમ મનમાં બકતો બકતો ટેબલ પર નીચું જોઈ રહ્યો અને સ્ત્રીની પેઠે પારકા ઘરમાં ગુપ્ત રીતે અશ્રુપાત કરવા લાગ્યો.

એટલામાં ટેબલ પર નજર પડતાં કેટલાંક ચિત્રો જોવામાં આવ્યાં તે કુમુદસુંદરીનાં કાઢેલાં હતાં. એક કાગળ ઉપર ઉત્તરરામચરિતમાંના ત્રીજા અંકનો દેખાવ હતો અને દૃશ્ય સીતા દૃશ્ય રામને સ્નિગ્ધ રોષભરી ત્રાંસી નજરે જુએ છે તે આલેખ હતો. બીજા કાગળ પર દુષ્યંતને કશ્યપમુનિના આશ્રમ આગળ એકવેણીધર શકુંતલાને આવતી દેખતો ચીતર્યો હતો. પાસે શેક્સપિયર પડ્યું હતું તેમાં 'ઑલ્સ વેલ ધૅટ એન્ડ્સ વેલ' અને 'વિન્ટર્સ ટેલ'ની વચ્ચોવચ કાગળના કટકા મૂકી નિશાનીઓ રાખી હતી. દાઢીએ હાથ રાખી નવીનચંદ્ર સૌને જોઈ રહ્યો અને વિચારમાં ગરક થયો. એટલામાં પલંગમાં મૂર્છા પામેલીના મુખમાંથી ત્રુટક ગાન પાછું નીકળવા માંડ્યું.

'ઓરે... વિદ્યા... ઓરે... વિદ્યા... સરસ્વતી... સરી ગઈ રે' પળવાર બંધ પડી પાછું ગાન આરંભાયું:

'ઓરે... ભ્રમરા... ઓરે ભ્રમરા... શાથી ઊડી ગયો રે?' વળી બંધ પડ્યું અને પ્રથમ ગાયેલાના અનુસંધાન જેવું સંભળાયું — આ...

'સરી ગઈ નામથી... સરી... મુજબ હાથથી...

ઉરથી સરી નહીં રે... ઉરથી સરી નહીં રે...

ભ્રમર તને શાથી ગમ્યું — છેક આવું?'

નવીનચંદ્ર પાછો ફર્યો, પલંગ પાસે આવ્યો અને એના મૂર્છિત મુખ સામું જોઈ રહ્યો. તે કલાંઠીભેર સૂતેલી પડી હતી. તેના કાળા ભ્રમર જેવા વાળ મોરના કલાપ પેઠે ચાર પાસ પથરાઈ વેરાયેલા હતા અને તેમાં ગૂંથેલાં ભાતભાતનાં સુશોભિત ફૂલ છિન્નભિન્ન થયાં હતાં. સર્વ, છાનું ધીમું રોતાં રોતાં આંખો લોહ લોહ કરતાં, આસપાસ ચિત્ર પેઠે બેસી રહ્યાં હતાં અને આનું પરિણામ શું થાય છે તે દુ:ખભર્યા વિમાસતાં હતાં, એટલામાં વૈદ્ય આવ્યો. આવવા માંડ્યા ત્યારે સર્વ આવ્યા. બુદ્ધિધન અને પ્રમાદધન પણ આવ્યા. તેમને સૌ સમાચાર અલકે કહ્યા. વૈદ્ય ઉપચાર કરવામાં રોકાયો. વાઈનું દરદ ઠરાવવામાં આવ્યું. આખરે મૂર્છા વળી અને સર્વનો શ્રમ સફળ થયો. બુદ્ધિધને અલકકિશોરીને પૂછ્યું: 'તું એમને અહુણાં ફરવા લઈ જતી ન હતી?'

'ના, અહુણાંનું નથી જવાતું.'

'હાં, એ જ કારણ. લઈ જજે હવે, આજે જાઓને ગાડી જોડાવી, કાંઈ હરકત છે?'

'ના, કંઈ હરકત નથી.'

વડીલની આજ્ઞા સૌએ માન્ય રાખી. શ્રમથી ઊઠતી કુમુદસુંદરીએ પ્રથમ જ પોતાનો નિયમ તોડ્યો. શ્વશુરગૃહમાં નવીનચંદ્ર આવ્યો ત્યાર પછી તેના સામી નજર નાંખતી ન હતી. તેણે ગાડીમાં બેસવા ઘરના દ્વારમાંથી નીકળતાં નીકળતાં કોઈ ન દેખે એમ ક્રોધ, દયા અને દીનતા ત્રણે વાનાંથી ભરેલી દૃષ્ટિ ભમરકમાન ચડાવી નવીનચંદ્ર ઉપર નાંખી.

આ બનાવ બન્યા પછી જ્યારે જ્યારે તક મળતી ત્યારે કુમુદસુંદરી નવીનચંદ્ર પર કઠોર કટાક્ષ નાંખતી જણાતી.

આ થાય પછીથી ઈશ્વર જાણે શાથી નવીનચંદ્રની મનોવૃત્તિ ફરી ગઈ હતી, ઘડીકમાં ઘેર જવાની અને ઘડીકમાં કંઈ કંઈ પ્રદેશમાં જવાની ઇચ્છા થતી હતી, અને બુદ્ધિધનનું ઘર તો ગમે તેમ કરી છોડવું એ તેના મનમાં નકકી થયું હતું. આ ઇચ્છાનું પ્રબળ માત્ર ચૈત્રી પડવો જોવાના કુતૂહલથી દબાઈ રહ્યું હતું. એટલામાં તે જ દિવસને પ્રાત:કાળે બુદ્ધિધને ગુરુકાર્ય સોંપ્યું એટલે ઇચ્છા સફળ થવામાં વિઘ્ન આવ્યું દેખાયું. દરબારમાંથી નીકળ્યો તે સમયે જ એ વિઘ્ન પાછું દૂર ગયું તેનો વિચાર થયો, અને મનસ્વીની સ્વચ્છંદવૃત્તિએ પાછો તનમનાટ મચાવી મૂક્યો. દરબારમાં મચેલું ભવ્ય અને મનભર સ્વપ્ન આ તનમનાટને બળે ઝપટાઈ ગયું. રસ્તા પર પડતો ઉગ્ર તાપ મગજને ઉકાળતો હતો તેથી સ્વચ્છંદી હૃદયને માત્ર રંગ ચડ્યો અને તે ખીલ્યું. દૂર સમુદ્રમાં દેખાતાં વહાણો નજરે પડવાથી નશો

કરેલા જેવાને દીપદર્શન જેવું થયું અને રસ્તામાં ચાલતાં ચાલતાં તેના મગજમાં અનેક વિચારની લહેરો આવવા માંડી.

'સરસ્વતીચંદ્ર! તને કાંઈ ખબર છે કે કુમુદસુંદરી શું બકે છે? તારી સરસ્વતી.

'સરી ગઈ નામથી — સરી' કુમુદસુંદરીના... 'હાથથી.' 'સરી' એના... 'ઉરથી નહી રે'

'અરરર! નિર્દયતા અને મૂર્ખતાની હદ વળી ગઈ!

થયો દારુણ મનમાન્યો, વિકૂલ થઈ સ્નેહની સાનો!

હવે સુકુમાર ઉર ફાટી જશે, ઓ મૂર્ખ હતભાગી!'

'હે ઈશ્વર, એ પાપ કોને? સરસ્વતીચંદ્ર, સરસ્વતીચંદ્ર, કાંઈ સૂઝે છે? આ શું કર્યું? મહાપતિવ્રતા — પતિની સ્વચ્છન્દ મૂર્ખતાની વેદી પર હોમાયેલી પતિવ્રતા! નવા અવતારમાં પાછલો અવતાર ન ભૂલનારી પતિવ્રતા! મનને વરેલો પતિ મનથી છૂટો નથી પડતો — વરેલા પતિને છોડી મન વ્યભિચારી નથી થતું — શરીરે વરેલા પતિને છોડી શરીર અન્યત્ર નથી રમતું! આહ! બળવાન બાળકી! મનના પતિ પર આટલો આવેશ છતાં તેના ભણી પાંપણનો પલકારો પણ નહીં! કેવા બળવાળી? પુરુષ! તું સ્ત્રી છે. અને સ્ત્રી! તું પુરુષ છે! પળવાર પરસ્ત્રી પર મોહેલા મનવાળા પુરુષને — પળવાર અસંવાદી થયેલા મનને સંવાદી કરી નાંખનાર સારંગી! શું તારું બળ! સારંગી! કુમુદસુંદરી — કુમુદસારંગી! અરેરે! હું ભ્રષ્ટ થાત જ — માણસને ખબર હોય છે કે તેના મન પર શી શી આપત્તિ આવવાની છે? પતિત જીવ! જો તું પતિત ને નિર્બળ હતો તો — ને છોડી શાને! ગરીબ બિચારી અલકકિશોરી, તને શો ઠપકો દઉં? — ઠપકો દેનારનું જ ક્યાં ઠેકાણું હતું? — કુમુદસુંદરી — કેવા રોષવાળી આંખ!

'भेदाद् भ्रुवोः कुटिलयोरतिलोहिताक्ष्या

भग्नं शरासनमिवातिरुषा स्मरस्य॥' [१]

'નક્કી, તારું હૃદય અંદરથી ચિરાય છે — તારું ગાયન, તારાં ચિત્ર, તારે વાંચવાના વિષય, તારી વાતો — સર્વે એક સરખાં જ! આહા, કોમળ સારંગી! તારા સર્વ તાર સદૈવ એક જ ગાયન કરી રહે છે! પણ ઈશ્વરની ગતિ અકળ છે — એ શું થઈ ગયું? એક પળવાર મતિ શી ભ્રષ્ટ થઈ? તેં તે શાથી જાણ્યું? તારે તે વિનિપાત પામતાને તારવા આવી હૃદય વીંધનારી યુક્તિ કરવી શાથી પડી? અરેરે દુષ્ટ પાતકી ચિત્ત! પ્રસંગે તેં તારી દુષ્ટતા પ્રકાશી. શું ચિત્તને ઉદ્ધારવા — વિદ્યા બસ નથી? શું કુમુદની કોમળ સૂચના ન થઈ હોત તો તેના સંસ્કાર નપુંસક જ રહેત? શું અભણ પુરુષનું અને ભણેલાનું ચિત્ત સરખું જ? હા, હા, હા! અભણ કિશોરી! તું અભણ પણ

મને શીખવે છે — સોનાની થાળીમાં લોઢાની મેખ ન જોઈએ! જો તારે ન જોઈએ તો મારે પણ ન જોઈએ.

'પણ માણસનું મન વિષયને શરણ શાથી થતું હશે? ખાવાનું જોઈ કેટલાંક જિહ્વાલૌલ્યવાળાં માણસોનાં મુખ દ્રવે છે, પાસે દ્રવ્ય હોવા છતાં કેટલાંક માણસોથી દ્રવ્ય જોઈ ઢાંકી કે ઉઘાડી ચોરી કર્યા વિના રહેવાતું નથી, તેમ જ વિષયનો વિષય જોઈ શું આ થયું હશે? શું વિષયમાં એવી વશીકાર શક્તિ છે કે જેથી વિદ્યા દબાઈ જાય અને મનુષ્ય પશુ બને? જો એમ હોય તો માણસને માથે જુમ્મો શી બાબત રહે? આ કાર્યનું પરિણામ મરણ છે એવું સંપૂર્ણ ભાન છતાં પાંડુરાજા વિષય મોહિત શાથી થયો? સ્વકીયા કે પછી પરકીયા — બેમાંથી એક પણ શી બાબત જોઈએ? પાંડુરાજાની વાતમાં શો મર્મ તે અલકકિશોરી, તારા પ્રસંગે મને શીખવ્યું. દીવાસળીમાં જેમ અગ્નિ રહે છે તેમ જ માણસમાં વિષયવાસના સદૈવ વસતી હોવી જોઈએ અને વિષયવિષયીનો પ્રસંગ પડતાં તે વાસના જાગ્રત થતી હશે. સર્વ માણસમાં એમ જ હોવું જોઈએ. આવી અલકકિશોરી તેને આમ થયું. આવા ડાહ્યાડમરા, ગંભીર દેખાતા, આવા મોટા રાજપ્રપંચના ધીટ સૂત્રધાર બુદ્ધિધનને જોઈ કોઈને એવો વિચાર થાય કે એને ગળે એક અબળાનો હાથ પડતાં તેનું ચિત્ત શરણ થાય છે? — અને તેમ છતાં સૌભાગ્યદેવી! તારી સત્તા આ લૂગડાંલત્તાં પહેરનાર નાટકી કારભારી ઉપર કેટલી છે તેની સાક્ષી મારો કાન પૂરે એમ છે. પવિત્ર પતિવ્રતા — સૌભાગ્યદેવી — તારાં સુલક્ષણ જોઈ શૈવ્યા સાંભરી આવે છે.

'શિર પર સાડી ઓઢી પૂરી, મેળે ચઢી મુખ લાજ,

બોલે થોડું, મન્દ મન્દ ને મધુર જ અક્ષરસાજ,

ધીમે ધીમી ચાલે, જો! જો! પદનખ ઉપર જ આંખ!

દેવી! દેવી! પવિત્ર ઊંચું કુળ તે આનું જ નામ.' [૧]

'કુલીનતાની મૂર્તિ પવિત્ર સૌભાગ્યદેવી! આહા! શુદ્ધ આર્યા — આર્યલોકનાં જ અંત:કરણોમાં વસેલી આર્યા! જૂનાં વર્ણનો જ વાંચ્યાથી તારો પવિત્ર મોહક પ્રતાપ હું કદી પણ સમજ્યો ન હતો. વિલાયતમાં જાઓ, કે અમેરિકામાં ભમો, કે ઈરાનના દ્રાક્ષના વેલાઓની વાડીમાં જઈને ઊભા રહો, આર્મીનિયામાં આથડો — પણ કોઈ ઠેકાણે, આર્યદેશની આર્યા, તું જડવાની નથી. આર્યદેશમાં પણ તું હવે કલ્પિત થતી જાય છે અને અંગ્રેજી વિદ્યાની ઉદ્ધતતા તારો નાશ પણ કરે! પણ — સૌભાગ્યદેવી — મૂર્તિમતી આર્યા — જેવી આ આપણા દેશની ભૂમિ પૂજનીય અને પ્રિયદર્શન છે તેવી જ તું પણ છે. આહા, તારા જેવાં રત્નનો ધણી બુદ્ધિધન કેવો ભાગ્યશાળી! બુદ્ધિધન, તારા કારભાર કરતાં આ આર્યાને હૃદયમાં વધારે રાખજે.

'આ તો એક વિચારમાંથી બીજે વિચારે ચડ્યો. મારા મનનો પ્રશ્ન એ છે કે — આવી સૌભાગ્યદેવી તે પણ બુદ્ધિધનના સ્પર્શને અભિનન્દે છે! એ શું?'

ગંભીર વિચાર અટ્ટહાસ્યે[૨] અચિંત્યું ડોકિયું કાઢ્યું. 'મારા બાપ રે! આ શું બધું! આ શો શરીરનો મહિમા! આ માણસ દેખાય છે આવો માટે આવો તો ન જ હોય એ ધારવું ખોટું છે. કલ્પનાશક્તિ બહુ ઠગારી છે — એ વધારે વેગવાળી હોય તેમાં પણ લાભ નથી. આ એમ.એ. પૂરી થઈ, ઊંચામાં ઊંચી 'ફિલસૂફી' મગજમાં ભરાઈ ગઈ અને તેને અંતે — તે જ માણસનો હાથ એક અબળાની છાતી પર પળવાર ટકે — અને એ માણસને મગજ તો જાણે છે જ નહીં એવો બની જાય — એ શું અતકર્ય નથી? એવી છબી કાઢી કોઈએ મારી પાસે મૂકી હોય તો હું નકકી કહું છું કે હું એને અસંભવિત માનું અને હસી કાઢું. અરે એ તો એક વાર થયું તે થયું — પણ બીજી વાર એવું થાય તે તો મનાય જ નહીં. આ વનલીલા આઘે ઊભી હતી — એને તો ખબરે નહીં હોય — અને એના સામી મારી દૃષ્ટિ પળવાર આકર્ષાઈ — તરત મેં પાછી ખેંચી એ વાત ખરી — પણ પળવાર આકર્ષાઈ — એને જોવાનું મને મન થયું, મારી દૃષ્ટિ ઠરી એ, અનુભવ ન થયો હોત તો, હું કેમ માનત? પણ ન માનત તેનું કારણ શું? કારણ? કારણ એ જ કે આકાશના ગ્રહોમાં ચિત્ત લગાડી ઊંચું જોઈ ચાલનાર નીચેનો ખાડો ન જોતાં તેમાં પડે તે ઊંચી જતી કલ્પના નીચું જોતી નથી — સમુદ્ર ઓળંગનારની દૃષ્ટિ ફલંગ વચ્ચે આવી જતાં દરેક મોજાને જોતી નથી — દેશના, વિશ્વના અને વિશ્વકર્તાના વિચાર કરનાર ક્ષુધા અને મદનની હયાતી ભૂલી જાય છે! પણ ક્ષુધા અને મદન કાન પકડીને તેને ઠેકાણે આણે છે. પુસ્તક છોડી ખાવા ઊઠવું પડે છે. જ્હૉન મિલ વર્ડ્ઝવર્થ જેવાને પણ પરણવું પડ્યું હતું. તે પરણ્યા હતા તે શું મનની મિત્રતા સારુ? બહારથી તે લોકો એના ઉત્તરમાં હા કહે છે — પણ એ ઠગાઈ છે — એ બાબતનું ભાન મને આજ થયું. મનની મિત્રતા બસ હોય તો તે શોધનારા પરણે છે શું કરવા — વાતચીતના સબંધથી સંતોષ કેમ નથી પામતા? પુરુષને પુરુષ મૂકી સ્ત્રીની મિત્રતા શું કરવા કરવી પડે! પ્રીતિ એટલે મનની મિત્રતા — લગ્ન એટલે માનસિક જીવનનો સંયોગ: એ વ્યાખ્યા અધૂરી છે. અરેરે, આ જ્ઞાન મને આજ મળ્યું! અલકકિશોરી, તું મારી ગુરુ થઈ — ચાર માસ પહેલાં એટલી ખબર હોત તો — કુમુદસુંદરી — હું તારી આ દશા ન થવા દેત. પણ થયું તે થયું. હવે જે થાય છે તેનો કાંઈ ઉપાય? મારે પરણવું એ તો નહીં જ બને — પણ આવી ભૂલ ન થાય — આવી પરાધીનતા ફરી ન થાય એનો કાંઈ ઉપાય? ઉપાય એ જ કે વિષયવિષયીનો પ્રસંગ જ ન થવા દેવો. સ્ત્રીને સાત ગાઉથી નમસ્કાર કરવા. બુદ્ધિધનનું ઘર છોડ્યું — છોડવું એ જ સિદ્ધ. એથી કુમુદસુંદરી પણ સુખી થશે. મને નહીં દેખે એટલે મને વીસરી જશે. પણ મારે અહીંથી ક્યાં જવું?

અરેરે! શું આપણી ઇચ્છા પ્રમાણે ઇન્દ્રિયો ન ચાલે?

'Who can say Thus far, no farther ' to the tide of his own nature?

Who can mould the spirit 's fashion to the counsel of his will?

Square his being by enactment - shape his soul to legislature

Be himself his law of living: his own art of good and ill? ' *

'આહા! ક્રૂર કવિ! શું તારા વચનમાં જેટલી ક્રૂરતા છે તેટલું જ સત્ય છે? અરે ક્રૂર કવિ! શું શક્તિ કરતાં વૃત્તિ વધારે બળવાન છે એ ક્રૂર વચન ખરું પણ છે? શું આ કવિની પેઠે ઇંદ્રિયો પણ પુરુષની પુરુષતા પર — માનવીની છાતી પર — માનવીના મસ્તક પર — પગ મૂકી લાતોનો પ્રહર કરી તિરસ્કાર ભરેલું હાસ્ય કરી વિજયતાંડવનો નાશ કરી મૂકે છે? શું જ્ઞાન કરતાં મોહ બળવાન છે? શું શરીર પર પણ બુદ્ધિનું ન ચાલે? અરેરે!' ચાલતાં ચાલતાં નવીનચંદ્રે ઊંડો નિ:શ્વાસ મૂક્યો. તેની આંખમાંથી આંસુની ધારા ચાલી રહી અને સૂર્યના તાપથી તે સુકાઈ જતાં માત્ર તેના ડાઘ રહ્યા.

વિચારમાં ને વિચારમાં જુગ વીતી ગયો લાગવા છતાં અર્ધો રસ્તો પણ કપાયો ન હતો. એવામાં રસ્તાના બે ફાંટા આવ્યા. જેણી પાસથી પોતે આવ્યો હતો તે રસ્તે ચાલવા માંડ્યું. પાછળ ચાલનાર રામસેને તેને અટકાવ્યો.

'ભાઈ, આ બીજે રસ્તે ચાલો — આ ગલીમાં થઈને.'

વિચારમાળાનો મણકો પડી ગયો અને નવીનચંદ્રે પૂછ્યું: 'કેમ, રામસેન, આપણે આવ્યા હતા તો આ રસ્તે?'

'ભાઈ, તોપણ આ રસ્તો ટૂંકો છે.'

'એમ, ચાલો ત્યારે —'

વિચારમાળા પાછી હાથમાં લીધી.

'લગ્નનો સંબંધ શરીર વાસ્તે જ હોય ત્યારે તો પ્રમાદધનથી કુમુદસુંદરીને સંપૂર્ણ સંતોષ મળવો જોઈએ, સરસ્વતીચંદ્રનું ભૂત એના મગજમાં ન હોવું જોઈએ. લગ્ન અને શરીરસંબંધ એક હોય તો જ્યાં સુધી કુમુદસુંદરીના મગજમાંથી આ ભૂત ખસ્યું નથી ત્યાં સુધી એના પતિવ્રતમાં ખામી છે —'

વિચાર આટલે સુધી જ આવ્યો એટલામાં અટકયો — ગલીમાં પેસતાં જ એક નાનું પણ સુંદર ઘર આવ્યું. તેની મેડીની બારીઓ ઉઘાડી હતી

તેમાંથી હાંડીતકતા દેખાતાં હતાં. નીચે ઓટલા ઉપર ફૂલ તથા રોપાનાં કૂંડાં મૂક્યાં હતાં. બારણું ઉઘાડું હતું અને તેની જાળી વાસેલી હતી. તે જાળી ઉપર નાજુક હાથ મૂકી પંદરસોળ વર્ષની રંગે ગોરી અને રૂપે દેખાવડી ગણિકા પદ્મા ઊભી હતી. નવીનચંદ્રને જોઈ તેણે જાળી ઉઘાડી, પણ વિચારની ધૂનમાં ચાલતા નવીનચંદ્રે તેના ભણી નજર ન કરી, અને એ પણ એને જોઈ ખશિયાણી પડી ગઈ અને પાછી જાળી અટકાવી.

‘ભાઈ, જશ ઊભા રહો કે ચાલતા થાઓ, હું આવું છું.’ કહી રામસેન પદ્માના કાનમાં કંઈક વાત કરી આવ્યો અને નવીનચંદ્ર સાથે ચાલવા લાગ્યો.

‘ભાઈ, આને જોઈ?’

અચિંત્યો પાછો ફરી નવીનચંદ્ર બોલ્યો: ‘શું?’

‘કાંઈ નહીં, આ તો પદ્મા અહીંયાં રહે છે.’

‘પદ્મા કોણ છે?’

‘આપ નથી ઓળખતા? પ્રમાદભાઈ સાથે આપ બેસો છો એટલે મારા મનમાં આપ એને ઓળખતા હશો એમ હતું.’

‘એ છે કોણ?’

‘એ પદ્મા નામની ગણિકા છે. તમે જોઈ કની? કેવી રૂપાળી છે? ચાલો જોવી હોય તો, પાનસોપારી ખાઈ ઊઠજો.’

આશ્ચર્યમાં ડૂબી વિચારમાં લીન થઈ નવીનચંદ્ર બોલ્યો: ‘ના, બાપુ, આપણે ત્યાં શું કામ છે? મને લાગે છે કે આ રસ્તે એટલા સારુ આવ્યા હશો.’

‘હા, એમ જ. મારે એને કાંઈ કહેવું હતું.’

‘તમારે એને શું કહેવાનું હોય?’

‘કાંઈક સહેજ હતું.’

‘ના, ના, તોયે શું? કહો તો ખરા.’

‘કોઈને કહો નહીં તો કહું. વાત ઉઘાડી પડે તો મારો રોટલો જાય.’

‘રોટલો નહીં જાય; મારે કોઈને શું કરવા કહેવું પડે? બોલો.’

‘પ્રમાદભાઈ કોઈ કોઈ વખત દોસ્તારો સાથે આ ઠેકાણે આવે છે.’

‘પ્રમાદભાઈ! શું એ અહીંયા આવે છે!’

‘હા, ભાઈસાહેબ, જોજો કોઈને કહેશો નહીં હોં! બપોરે જતા આવતા પણ આંટો મારે. ભલા, ઘડીક ગમત છે.’

'શું એમને કુમુદસુંદરી પર ભાવ નથી?'

'ના જી, ભાવ તો પુષ્કળ છે. એમનું નામ દેતાં એ ગાંડા ગાંડા થઈ જાય છે. પણ આ તો ભલા, ઘર તો રોજ હોય છે. રોજ ને રોજ એક ચીજ દેખે તો શ્રીમંતાઈ શા કામની?'

'ત્યારે આ સિવાય બીજાં ઠેકાણાં છે કે?'

'ના જી. ચાલોને આપ. એમની દોસ્તી છે એટલે પાનસોપારી ખાઈશું.'

'બુદ્ધિધનભાઈ આ વાત જાણતા હશે?'

'ના જી. ના. એ જાણે તો તો પ્રમાદભાઈને અને અમારે મોત જ આવે તો. બુદ્ધિધનભાઈને કોઈ સ્ત્રી ઉપર આડી નજર જ ન મળે.'

'ખાતરીથી કહો છો?'

'હા જી. એમાં તને વાંધો નહીં ને. ભાઈસાહેબ અને બાઈસાહેબ તો પેટે અવતાર લઈએ એવાં છે.'

'ત્યારે પ્રમાદભાઈને આ રસ્તો ક્યાંથી સૂઝ્યો?'

'એ તો, ભાઈ, નાનપણમાંથી અમારા જ ઉછેરેલા કની? એટલી અમે ચાકરી કરી, અને એ ઘડી અહીંયાં વિસામો લે છે તો અમારા ઉપર આજ ચારે હાથ રાખે છે. એમના ભાઈબંધો પણ એ બહાને ચમન કરે છે અને અમારે બે પૈસાની પ્રાપ્તિ થાય છે.'

'કુમુદસુંદરીને આની ખબર ખરી?'

'ભાઈસાહેબ, પહેલાં તો નહોતી. પણ બેચાર દિવસ ઉપર ભાભીસાહેબ રાજેશ્વરમાં ગયાં હતાં ત્યારે પેલો બેવકૂફ મૂર્ખદત્ત કાંઈક લવી ગયો.'

'મૂર્ખદત્તને શાથી ખબર?'

'પદ્માને લઈ કોઈ વખત રાત્રે રાજેશ્વરમાં સહેલ કરવા જાય એટલે મૂર્ખદત્ત જાણે. ચારેક દિવસ પર ત્યાં ભાભીસાહેબ ગયાં હશે ત્યારે વાડામાં પદ્માનો કમખો પડેલો હાથ લાગતાં મૂર્ખદત્તને એમણે પૂછ્યું ને ગભરામણે એ બકી ગયો કે ભાઈ કાલે આવ્યા તે પેલીનો રહી ગયો હશે.'

'પછી એમણે કંકાસ ન કર્યો?'

'એ જ જાણવા જેવું છે તો. બીજી બાયડી હોય તો માલમ પડે. ભાભીસાહેબ કમખો ઘેર લઈ ગયાં અને બોલ્યાચાલ્યા વિના પ્રમાદભાઈના હાથમાં મૂક્યો અને કહ્યું કે આ કમખો કોઈનો આપણા મહાદેવમાં પડ્યો હતો તે જેનો હોય તેને આપજો. પ્રમાદભાઈ ગભરાયા અને બોલ્યા કે કોનો

છે તે મને ખબર નથી. ભાભીસાહેબ કહે — આપ કારભારી છો — કોનો છે તે તપાસ કરજો — નીકર આપ એ કમખાના મુખત્યાર છો.'

'પછી?'

'પછી તો રાજખટપટને લીધે ભાઈનાથી અહીં અવાયું નથી.'

'ઠીક' — કહી નવીનચંદ્રે નિ:શ્વાસ મૂક્યો અને ગલી વટાવી સરિયામ રસ્તા પર આવ્યા.

'ભાઈ, આ વાત કોઈને કહેશો નહીં, હોં.' પસ્તાતો રામસેન બોલ્યો.

'ત્યારે મને કહી શું કરવા અને આ ગલીમાં આવ્યા શું કરવા?'

'ગલીમાં આવ્યા તે તો વધામણી ખાવાને કે હવે પદ્માબાઈનો દરબારમાં પગ થશે, અને આપને કહ્યું તે તો આપ જાણતા જ હશો જાણી ભૂલ ખાધી.'

'તમે ભૂલ કરી તેમાં મારે શું?'

'ભાઈ — આપ દાના માણસ છો — કાંઈ નાદાન છો? મારા જેવા ગરીબ પર દયા રાખવી જોઈએ. બીજું શું?'

'બહુ સારું. ફિકર ન રાખશો. તમારી વાત ઉઘાડી નહીં પડે. તમારું નામ તો નહીં જ આવે.'

વાતચીત બંધ પડી. વિચારમાળા ફરી આરંભાઈ.

'અહંહંહં — કુમુદસુંદરી — વિશુદ્ધ પવિત્ર કુમુદસુંદરી — હવે તો જુલમની હદ વળી. સરસ્વતીચંદ્ર! આ સૌ પાપ તારે માથે. અવિચારી સાહસિક! જુલમ કર્યો છે.'

'મોટાનાં સંતાન કેવાં ભાગ્યહીન! આવો શુદ્ધ બુદ્ધિધન — આવી પવિત્ર સૌભાગ્યદેવી! તમારી મોટાઈનું પ્રથમ ફળ એ કે ચાકરોને હાથે તમારા પ્રિય પુત્રને કેળવણી મળી. ચાકરને હાથે ઊછરેલું બાળક આમ બગડે. શેઠ તે કેટલું લક્ષમાં રાખે? પ્રમાદધન સ્વાભાવિક રીતે દુષ્ટ નથી પણ — આ ચાકરોએ — દોસ્તોએ બગાડ્યો છે. મોટાંનો ઘરસંસાર અસ્વાભાવિક જ હોય છે. મોટાં માણસ ઘરની સંભાળ રાખી શકતાં નથી. રાજ્યતંત્ર ચલાવનારનું ઘરતંત્ર અંધારે ચાલે છે!

'પતિવ્રતાનો પ્રતાપ જોયો? આવો ભ્રષ્ટ ચાકર, તે પણ એ અમાત્યદંપતીને પેટે અવતાર લેવામાં ભાગ્ય માને છે!'

'પણ મારામાં અને પ્રમાદધનમાં શો ફેર? વિદ્યા અને અવિદ્યામાં શો ફેર? એ આચારમાં દૂષિત થયો છે — તું વિચારમાં દૂષિત થયો. પણ મારો

દોષ જન્મતાં મૂઓ — એના દોષનો પ્રવાહ હજી અવિચ્છિન્ન છે અને કદાચિત્ વધશે — વિદ્યા અને અવિદ્યામાં આ એક ફેર નહીં?'

'પણ મારામાં એટલો દોષ આવ્યો શાથી? આવા સ્થાનમાં આવ્યાથી. સંગતિ સરખાંની — અને બને તો ઊંચાની જોઈએ. ઉચ્ચ સંગતિથી નીચને લાભ છે તેમ નીચ સંગતિથી ઉચ્ચને હાનિ છે. અલકકિશોરીની સંગતિનું ફળ અનુભવ્યું. આ ચાકર એક રસ્તામાં સાથે રહ્યો તો ગણિકાના ઘર આગળ આવ્યો. કુમુદસુંદરીનો એક ભૂત સંબંધ — તેણે સારંગી દ્વારા મને ઘોર પાતકમાંથી — દુષ્ટ પરિણામમાંથી ઉગાર્યો.'

'ત્યારે હવે બુદ્ધિધનનું ઘર છોડવું, પણ —' બુદ્ધિધનનું ઘર આવ્યું; ટપાલના સિપાઈએ એક કાગળ આપ્યો, તે ફોડતો ફોડતો નવીનચંદ્ર અમાત્યગૃહના બારણામાં પેઠો.

---

૧ . બાયરન — 'ગ્લેડિએટર'

૧ . ભર્તુહરિ ઉપરથી.

૧ . ઉત્તરરામચરિત ઉપરથી.

૧. ગીતગોવિન્દમાંથી.

૧ . શાકુન્તલમાંથી.

૧ . ચંડકૌશિક. ૨ અટ્ટહાસ્ય = ખડખડ હસી પડવું.

* F. Brunton Stephens

૧૪. સૌભાગ્યનો સંપૂર્ણ ચંદ્ર

બુદ્ધિધન દરબારમાં ગયો એટલે તેના દ્વારમાં એકબે વિશ્વાસુ સિપાઈઓ સજ્જ થઈ બેઠા. સૌભાગ્યદેવી ફરી નાહી અને ભસ્મ ચોળી દેવમંદિરમાં રૂપાની દીવીઓમાં ઘીના દીવા અને ધૂપિયામાં ધૂપ સળગાવી દેવની આગળ માતુશ્રીએ શીખવેલાં સ્તોત્ર ગાતી ગંભીર વદન કરી બેઠી. ચૈત્રના પ્રાત:કાળમાં રમણીય લાગતી પવનની લહેર ખાતા ખાતા વૃદ્ધ દયાશંકર ચોકમાં પડ્યા અને પાસે બેસી અલકકિશોરી અને કુમુદસુંદરી દરબાર, રાણો, શઠરાય, બુદ્ધિધનનાં નાનપણનો ઇતિહાસ, માતુશ્રીની વાતો, કારભારી કુટુંબની દંતકથાઓ, અને એવી એવી કંઈ કંઈ બાબતો પૂછવા લાગી અને સંજયની પેઠે દયાશંકર તેમની જિજ્ઞાસા રસ અને આનંદ સાથે પૂરવા લાગ્યા. વાતો કરતાં કરતાં દયાશંકરને બુદ્ધિધનના મંદવાડના દિવસ સાંભરી આવ્યા, એની તીવ્ર પ્રતિજ્ઞા સાંભરી આવી; અને અનાથ વિધવા માતુશ્રી, બાળક સૌભાગ્યદેવી, અને ચિંતાગ્રસ્ત બુદ્ધિધન એ ત્રણના દુ:ખના દિવસોનું યથાસ્થિત વર્ણન વૃદ્ધ પુરાણી સ્મરણશક્તિને જુવાન કરી કરવા લાગ્યા. જુવાન બાળકીઓ દયામણે મોંએ તે સાંભળવા લાગી અને વચ્ચે વચ્ચે કહેવા લાગી, ‘અરેરે, આવા દિવસ તો દુશ્મનનેયે ન આવશો.’ સ્તોત્ર ભણતાં ભણતાં પોતે જોયેલા વખતનો ઇતિહાસ સાંભળી સંભારી સૌભાગ્યદેવી એકલી બેઠી બેઠી ડૂસકાં ભરવા લાગી, માતુશ્રીની મમતા વધારે વધારે લક્ષમાં આણી ચોધાર આંસુ પાડવા લાગી, અને આખરે સ્તોત્રપાઠ પડતો મૂકી આંસુ લોહી દયાશંકરકાકા પાસે ગઈ અને બધામાં બેસી વૃદ્ધ પુરુષની સ્મરણશક્તિને આશ્રય આપવા લાગી. ‘દયાશંકરકાકા, આ વખતે માતુશ્રી જોઈએ, હોં. હાય, હાય, એમના જેવું તો કોઈ થનારું નથી. મને તો એમનું હેત સાંભરી આવે છે કની ત્યારે એકલી બેઠી બેઠી હૈયાફાટ રોઉં છું. એમણે દુ:ખ તે દુ:ખ જ દીઠું — સુખના દિવસ જોવા વારો તો એમને આવ્યો જ નહીં. એમણે તો અમને ઉછેરવાને જ દેહ ધારી હતી.’ ભૂપસિંહના દરબારમાં ભવ્ય ખટપટ મચી રહી હતી અને તેના અમાત્યની ફેરવેલી કૂંચીવાળાં વાજાં એકદમ અણધાર્યાં ગાજી ઊઠતાં હતાં તે સમયે આ ઘરમાં આવો ચિત્તવેધક પણ શાંત રમણીય પ્રસંગ ચાલતો હતો.

અલકકિશોરી જમાલવાલા બનાવ પછી નિષ્કારણ અટકચાળાં કરવાં ભૂલી ગઈ હતી. નવીનચંદ્રવાળા પ્રસંગ પછી ડાહી બની હતી. ભાભીની ચતુરાઈ અને સુશીલતાએ ઓગળવા માંડેલું ગુમાન માતાપિતાના દુ:ખના દિવસની કથાને પ્રતાપે આજ ચારે પાસથી ગળવા માંડ્યું. દીન અને શાંત થયેલા સ્વભાવનો વેલો કુમુદસુંદરી જેવી માળણની ગોઠવણથી વિદુરપ્રસાદની આસપાસ વધારે વધારે અનુકૂળ બની ફરી વળતો હતો.

'બહેન, હું તો તમારો ભાઈ થાઉં, હોં!' એ શબ્દ પૂરેપૂરા કાન પર પડવાથી વનલીલાએ નવીનચંદ્રની શુદ્ધતાની ખાતરી કરી આપી હતી એટલે કુમુદસુંદરીના હૃદયમાંથી એક મહાકંટક નીકળી ગયો હતો. બેભાનપણામાં બકી જવાયેલાં પદ જાગ્રત અવસ્થામાં વનલીલાની શુદ્ધ સ્મરણશક્તિને બળે કુમુદસુંદરીએ સાંભળ્યાં અને નવીનચંદ્રના અંત:કરણમાં એથી કેટલું દુ:ખ થયું હશે તેનો વિચાર કરી એ પોતાને નિર્દય માનવા લાગી. પરપુરુષ થયેલાની બાબતમાં આટલો મોહ થાય એ તો પતિવ્રતાધર્મથી કેવળ વિરુદ્ધ અને પોતાના મનમાં આટલી નિર્બળતા હોવા છતાં નણંદને ઠપકો દેવો એ કેવળ મૂર્ખતા — એમ વિચારી નવીનચંદ્રને જોઈ થતા વિકારો એકદમ દાબી નાંખવા ઠરાવ કર્યો અને તરત જ તે ઠરાવ પ્રમાણે વર્તવા સમર્થ થઈ. પદ્માગણિકાના કમખાથી પડેલી ખબર ઉપરથી મનમાં એમ લાગ્યું કે 'મનોમન સાક્ષી છે' એ નિયમ પ્રમાણે જ બનાવો બને છે અને સરસ્વતીચંદ્ર મારા મનમાં પણ ન હોત તો આવા સુશીલ પતિને પદ્માનો જોગ ન હોત. આમ વિચારી મનના સ્વામીને મનમાંથી દેશનિકાલ કરવા તત્પર થઈ. કઠિન કાર્ય સાધવા સમર્થ થવા પ્રમાદધનના સારા ગુણોનું ચિન્તન કરવા લાગી, અને તેના ઉપર અંત:કરણ ચોંટાડવા મહાભારત પ્રયાસ કરવા માંડ્યો. દયાશંકરની વાતોથી કારભારી કુટુંબ ઉપર તેની અનુકંપા વધી અને તે કુટુંબના એક બાળકને પોતે વરી છે એ વિચારથી શ્વશુર કુટુંબનું અને પતિનું અભિમાન પ્રથમ જ ઉત્પન્ન થયું. પોતાનું મન શુદ્ધ થશે તો પતિને પણ શુદ્ધ કરી શકાશે એમાં વાંધો ન લાગવાથી આજ સુધી દીન મનવાળી રહેનારી ઉત્સાહી બની.

પળ બે પળમાં મધ્યાહન જોવા નિર્મેલી આંખોમાં આમ ચારે પાસથી તેજનો અંબાર પ્રવેશ કરતો હતો અને પોપચાંને પણ ભેદી અંદર જવા મથતો હતો. ભાગ્યનો વરસાદ ઈશ્વરને ઘેરથી નીકળી ચૂક્યો હતો, ઘર બહાર ઊભેલા બુદ્ધિધન પર તેનાં ફોરાં પડવા માંડ્યાં હતાં. અને ઘરમાં રહેલા તેના કુટુંબને તેની ખબર ન હતી તોપણ પડનાર વરસાદની મધુર શીતળતા તેમને પણ આમ લાગવા માંડી હતી. समयेन सर्वमुपकारि कृतम् તે ન્યાયે સંપૂર્ણ થતા ભાગ્યોદયને સર્વ વાત અનુકૂળ થઈ ગઈ. અલકકિશોરીનું ચિત્ત પવિત્ર થયું. તેના અભિમાનને ઠેકાણે નમ્રતા આવી. ઉન્મત્તપણાને ઠેકાણે શાણપણ આવ્યું, અને પતિ પર ઉદાસીનપણાને ઠેકાણે આદર થયો. કુમુદસુંદરી પાણિગ્રહણ કરનાર પર ભાવ ચોંટાડવામાં સફળ થઈ. આ સર્વ ભાગ્યોદય નહીં? કારભાર મળે તેના કરતાં આની મહત્તા શું ઓછી? બુદ્ધિધન અને સૌભાગ્યદેવી — એ દંપતીને જે સુખની પળ — ભાગ્યની પળ — આવવાની તેનાં સાધનોમાં આ બનાવોનો પણ ભાગ હતો. દેખીતા શત્રુ સાથે પુત્રીના દુર્ગુણ અને વહુનો અસંતોષ એ બે ગુપ્ત કુળશત્રુ પણ પળવાર નાશ પામ્યા અને અમાત્યના વિજયના ઉપકારક બન્યા.

વાતોમાં દસેક વાગ્યા અને સૂર્યનાં કિરણનું સૈન્ય વધારે ચળકતું — વધારે ગરમ થતું — ચોકમાં ધસવા લાગ્યું તેમ તેમ સૌને ઉકળાટ લાગવા માંડ્યો, અને જયવંતનો તાપ ન સહેવાતાં સૌ તેને માર્ગ આપવા લાગ્યાં. દયાશંકર થાકી ઊઠ્યા અને દીવાનખાનામાં એક આરામખુરશી પર નિદ્રામાં પડ્યા. સૌભાગ્યદેવી એક હીંચકા પર બેસી પતિની ચિંતામાં પડી. કુમુદસુંદરી મેડી પર ચડી. રસોઇયાને અને ચાકરોને આરંભ કરવાનો હુકમ કરી નણંદ પણ ભોજાઈ પાસે ગઈ.

‘ભાભી, આજે દરબારમાં શું થશે?’

‘સૌ સારાં જ વાનાં થશે — આપણી ચિંતાની કાંઈ ત્યાં અસર નહીં થાય. દસ વાગી ગયા હોં!’

‘હાસ્તો, હવે કોઈક આવશે. નવીનચંદ્ર આવે —’ નવીનચંદ્રનું નામ લેતાં કુમુદસુંદરીના ગાલ પર શેરડા પડ્યા.

’ભાભી, નવીનચંદ્ર તો કાંઈ આડુંઅવળું થયું થશે તો જ આવશે.’

‘એમ છે કે? ત્યારે તો કાંઈ સારા વર્તમાન હશે.’

‘નવીનચંદ્ર માણસ સારું છે, હોં!’ વર્તમાનકાળ જ જોઈ શકનારી કિશોરીના લક્ષમાંથી ભૂતકાળ ખસી ગયો હતો, અને અતિથિ સારો છે એટલું જ તેણે યાદ રાખ્યું જણાયું. બાળક હૃદયવાળી ઉઘાડા અંત:કરણવાળી હતી. ભોળી હતી, અને જે બાબત સારુ આપઘાત કરવા તૈયાર થઈ હતી, તે વાત સહેજમાં ભૂલી ગઈ હતી. નવીનચંદ્રની વાતો કરતાં તેને રજ પણ વિકાર થતો ન હતો.

કુમુદસુંદરીએ ઉત્તર ન વાળ્યો.

‘ભાભી, આટલા દિવસ થયા પણ એ અહીંયાં કેમ આવ્યા છે ને ઘેરથી કેમ નીકળ્યા છે તેનો કંઈ પત્તો જ લાગતો નથી, એ શું હશે?’

‘દેવીને પૂછો. તેમની સાથે આપણને લીલાપુર મોકલવાનો વિચાર કર્યો તેને એ બાબતની ખબર નહીં હોય?’ વિચારમાં પડી કુમુદસુંદરી બોલી, અને કાંઈ બીજી વાત નીકળે એવું ઇચ્છવા લાગી. સામી પ્રમાદધનની છબી હતી તે જોઈ પાછી શાંત બની. બીજી વાત કાઢી, ‘બહેન, મને લાગે છે કે સારા સમાચાર જ હશે અને તમારા ભાઈ જ કહેવા આવશે. પછી તો કોણ જાણે કાંઈ બીજું કામ હોય ને રોકાઈ જાય તો.’

‘જો, વરઘેલાં ખરાં! કશું હોય તો મારા ભાઈની વાત.’

‘હવે તમે મને કહો એવું નથી.’

‘પણ મારે છેક તમારા જેવું નહીં.’

‘બહુ સારું. પણ માણસ વરઘેલું હોય તેમાં કાંઈ ખોટું ખરું?’

‘હાસ્તો, આખો દહાડો વર વર ને વર. એનું એ. રાંડ તારો રોટલો ને ઘડતાં ભાંગ્યો. એ શું?’

‘કહો ત્યારે — બાયડીને ભાયડા કરતાં કંઈ વધારે છે?’

‘હા એ વાત ખરી. વધારે કશું નથી. પણ આખો દાહડો એની એ વાત?’

‘પણ પહેલાં તો તમે એટલુંયે ક્યાં કબૂલ કરતાં હતાં જે? નણદોઈની વાત નીકળતાં જ બડફાં નાખતાં હતાં.’

‘હા, બહેન, હા. એ તો ભૂલ્યાં પણ હવે એમ કરું છું?’

‘ના, ત્યારે હું કાંઈ કહું છું કે તમે એમ કરો છો? કહો, આ દયાશંકરકાકાની વાતો સાંભળી?’

‘હા. એ સાંભળતાં તો રૂંવાં ઊભાં થાય છે. પિતાજી અને દેવીનેયે કેટલાં કેટલાં દુ:ખ પડ્યાં છે?’

‘રાંડ ખલકનંદાએ માતુશ્રીને જોઈ મોં મરડ્યું અને લુચ્ચા દુષ્ટરાયે સંદેશો કહાવ્યો તે બધું સાંભળ્યું?’

‘સાંભળ્યું. આજ જ જાણશે તો કે આમ કરીએ તો આમ થાય!’

‘દેવીની એટલી બાબત ઉપરથી આજ સુધી કેટલાં બધાં વરસ સુધી પિતાજીએ એ વાત મનમાં રાખી અને કેટલા કાળ સુધી ફિકર રાખી ત્યારે આજ આ વખત આવ્યો!’

‘ભાભી, એમને તો હદ છે હોં! ચિંતા તે કેટલી? પિતાજીનું શરીર એની એ ફિકરથી વળતું નથી.’

‘કહો, ત્યારે દેવી પિતાજીની બાબત રાતદિવસ વિચાર અને વાતો કર્યા કરે છે તે અણઘટતું છે?’

‘નાસ્તો. અણઘટતું કેમ કહેવાય?’

‘ત્યારે સ્વામીની બાબત સ્ત્રી કેટલી ચિંતા કરે તો થયું કહેવાય?’

‘થયું કેમ કહેવાય? આપણે સારુ જેને આટલી ફિકર થાય તેને સારુ આપણને જે થાય તે ઓછું.’

‘હા, હવે બરોબર કહ્યું. કહો ત્યારે વિદુરપ્રસાદજી બાબત રાત ને દિવસ તમે ચિંતા કરો કે વાતો કર્યા કરો તો તેમાં શું ખોટું? વરઘેલાં હોય તે તો સારું, હોં. વરઘેલું ન હોય તે ઈશ્વરના ઘરનું અપરાધી.’

અલકકિશોરી શરમાઈ ગઈ. ‘ઈશ્વરના ઘરનું અપરાધી’ એ શબ્દ બોલી કુમુદસુંદરી પોતે પણ મનમાં લેવાઈ ગઈ, પ્રમાદધનની છબી સામું જોઈ રહી, નિ:શ્વાસ મૂકી મનમાંથી સરસ્વતીચંદ્રને છેલ્લા નમસ્કાર કર્યા, હવે

તેના વિચાર પોતે છોડી દીધા છે. જાણી ઊંડો સંતોષ પામી, અને સામી છબીના સામું સ્નેહભરી ભીની આંખે જોઈ રહી.

‘ભાભી, તમે કહો છો તે ખરું તો ખરું હો. તમે મને પેલી ચોપડી આપી છે તેમાંયે લલિતાએ કહ્યું છે કે:

‘રૂડો ભૂંડો તોયે પ્રિયે પતિ ગણીને મન ઠરું —

વિચારો આવા છે પણ મન ન માને કશું ખરું —

અધીરી એવી હું તરત મળવાને મન કરું’ —

આ લીટીઓ તો બોલવામાં અદલબદલ થઈ છે. પણ વાત ખરી. આવો નઠારો નંદનકુમાર તેને જોઈને લલિતાને ઉમળકો આવ્યો...’

‘અને બધાંયે હતાં તે વચ્ચે વરના વિચાર કરવા બેઠી,’ કુમુદસુંદરી બોલી ઊઠી અને બોલતાં બોલતાં આવી સહેજ ભણેલી કલ્પિત લલિતાનો દાખલો પોતાને પણ લેવા લાયક ગણ્યો.

‘હા, ભાઈ, હા, ત્યારે અમેયે હવે વરઘેલાં થઈશું. પછી કંઈ? તમે વરઘેલાં, હુંયે વરઘેલી અને આખો સંસાર વરઘેલો! વરઘેલાનું ગામ વસશે.’

ગંભીર વાતો કરતાં કરતાં બે જણ કાંઈક હસ્યાં.

બુદ્ધિધનનો ઘરસંસાર આમ શુદ્ધ થતો હતો. અલકકિશોરી કોઈનું કહ્યું માનતી ન હતી તે ભાભીની આવી આવી વાતોથી સુધરતી હતી, અને વિદુરપ્રસાદનાં ભાગ્ય મળતાં હતાં. એટલામાં વનલીલા આવી.

નણંદભોજાઈને એકલાં વાતો કરતાં — વિશ્રમ્ભની કથા કરતાં — જોઈ વનલીલા જરાક ખમચી પણ પછી તરત અંદર પેઠી.

‘આવ, વનલીલા, કેમ અટકી?’ અલકકિશોરી એના ભણી જોઈ બોલી. ‘અત્યારે ક્યાંથી?’

‘હું તો ગામગપાટા કહેવા આવી છું. રૂપાળી દુષ્ટરાયને મારી નાસી ગઈ અને ખલકનંદા કંઈક સંતાઈ ગઈ છે તે જડતી નથી.’

‘હેં!’ અલકકિશોરી વિસ્મય પામતી ઊઠી અને વનલીલાને ખભે હાથ મૂકી ઊભી. કુમુદસુંદરી ઊઠી નહીં પણ બે જણ ભણી જિજ્ઞાસાથી જોઈ રહી. જાણ્યામાં આવેલા સમાચાર વનલીલાએ હાંફતાં હાંફતાં કહી બતાવ્યા.

એટલામાં કૃષ્ણકલિકા અને રાધા આવ્યાં અને દરબારમાં જમાલ નીકળ્યો તે સમાચાર લાવ્યાં. સૌ સૌભાગ્યદેવી પાસે ગયાં અને એની એ કથા પુનરુક્તિથી નીરસ ન બની.

આખરે વિદુરપ્રસાદ આવ્યો અને દરબાર થઈ રહ્યો ત્યાં સુધીના સવિસ્તર સમાચાર લાવ્યો. અલકકિશોરીનો આનંદ માયો નહીં અને તેનું ચાલત તને તે ગજગજ કૂદત. કુમુદસુંદરી અમાત્ય બુદ્ધિના વર્ણનથી અદ્દભૂત રસમાં ડૂબી, અમાત્ય કુટુંબમાં પ્રવેશ પામવામાં અભિમાનપદ ગણવા લાગી, અને તેનો જય જોઈ તેના સ્વાર્થમાં આત્મસ્વાર્થવશ બની નિશ્ચિત થઈ. સુખસાગરની સીમા ગંભીરતામાં આવતી હોય તેમ સ્વામીના જયવર્તમાન સાંભળી અને તેના શત્રુઓનો સર્વત: નાશ કરવા ઈશ્વર ઇચ્છાને પ્રવર્તતી જોઈ સૌભાગ્યદેવી ગંભીર બની અને કદી ન વેઠેલા આનંદઓઘના ભાર નીચે દબાઈ જતી હોય તેવી દેખાવા લાગી. દયાશંકર આવ્યા અને તેની પાસે વળી સર્વ કથાની પુનરુક્તિ થઈ અને સર્વેએ રસભેર સાંભળી.

સર્વે દીવાનખાનામાં ગયાં. વધારે વધારે સાંભળતાં વિદુરપ્રસાદ વધારે વધારે વિગત કહેવા લાગ્યો અને ઘડીવાર સર્વનાં મન તેને શરણ રહ્યાં. એમ શરણ રહેવાનો અનુભવ અલકકિશોરીને પણ પ્રથમ આજ થયો અને વિદુરપ્રસાદની વાત આજ તેણે પ્રથમ અભિનંદી. વાત કરતાં વેળા વીતી. આખરે ટપાલમાં આવેલો કાગળ વાંચીને ખીસામાં મૂકતો મૂકતો નવીનચંદ્ર દ્વારમાં દાખલ થયો, અને ચાલતી વાર્તામાં ઉમેરાની આશા રાખતું સર્વ મંડળ એના ભણી આકર્ષાયું. કુમુદસુંદરીનું મન એના ખીસામાં જરીક દેખાતી ટપાલની ટિકિટવાળા કાગળમાં ભમવા લાગ્યું. આજ સુધી કોઈની સાથે નવીનચંદ્રનો પત્રવ્યવહાર તેને જણાયો ન હતો, પત્રવ્યવહાર ઉપરથી તેની બાબત વધારે જણાણે એવો તેના મનમાં તર્ક હતો, પત્ર ઉપરના અક્ષર આદિ જાણવા તેની જિજ્ઞાસા હતી, અને આજ એ જિજ્ઞાસા પૂરી પડવાનો સંભવ તો નહીં — પણ શક્યતા લાગી. એટલે પોતાના બળથી પતિવ્રતા બનનારી પાછી ડગમગવા લાગી. બળવાન બાળકી તરત સાવધ બની અને પાછું મન વશ કરી લીધું.

જવાના વિચારમાં પડેલા નવીનચંદ્રે ચાલતી વાતનેમાં ભળતાં પહેલાં — ભળતાં ભળતાં — કુમુદસુંદરીને પોતાના મનથી છેલ્લીવેલ્લી જોઈ લીધી. એક વાર જોઈ — બીજી વાર જોઈ — ત્રીજી વાર જોઈ — જોવાનો પાર જ ન આવ્યો. 'કુમુદસુંદરી! હવે આ છેલ્લો મેળાપ!' વિચારમાં ને વિચારમાં તેની વાર્તા અવિચ્છિન્ન ચાલી નહીં, પણ તે પર કોઈનું લક્ષ ખેંચાયું નહીં. દૃષ્ટિ આગળથી પણ જુદાં પડવાનો પ્રસંગ વિચારીને તે ગળગળો થવા લાગ્યો. પદ્માના અભિલાષીના કબજામાં પડેલીને જોઈ તેનો અંત:પશ્ચાત્તાપ વધ્યો. એની આંખોનું નવીન નૃત્ય, એના વદનમાં દેખાઈ આવતી મનની દીનતા, અને ટપાલનો કાગળ: ત્રણને સાંધી કુમુદસુંદરી ચિંતાગ્રસ્ત થવા લાગી: 'શું હશે?' તેનો તર્ક કરવા લાગી; તેના દૃષ્ટિપાતને પ્રત્યુત્તર ન વાળવામાં આજ સુધી જયવંત નીવડેલો નિશ્ચય હાથમાં ન રહેતો લાગ્યો, પણ મનનું સમાધાન કરવાનો રસ્તો ન સૂઝ્યો.

અલકકિશોરીને સાધનભૂત કરવામાં ન ફાવેલી કૃષ્ણકલિકા નવીનચંદ્ર સામું જોઈ રહી, તેની દૃષ્ટિની સાથે સંધાતી કુમુદસુંદરીની દૃષ્ટિને શોધી કાઢી અને ઈર્ષ્યાગ્નિથી બળવા લાગી. દુષ્ટ અસભવ કલ્પી — કુમુદસુંદરીને નવીનચંદ્રથી મળતું સૌભાગ્ય કલ્પી — એ સૌભાગ્યનો અંત આણવા ઠરાવ કર્યો. સમયસૂચકતાથી, દેખાતા દૃષ્ટિસંગમ ભણી અલકકિશોરીનું ધ્યાન ખેંચ્યું.

'રાંડ, ખાલ ખેંચી નાખીશ — જો એવું એવું બોલી તો.' કહી ખભા વતે કૃષ્ણકલિકાને ધક્કો માર્યો અને અલકકિશોરી વાતોમાં લીન થઈ.

એટલામાં બારણે શોરબકોર થયો. સૌ બારી ભણી દોડ્યાં અને જુએ છે તો ખલકનંદા બાવરી બનેલી રસ્તામાં દોડે છે અને લોકો કાંકરા નાંખતા ગાળો દેતા તેની પાછળ પડેલા દીઠા. શઠરાયનું ઘર જપ્ત થયું તે વખત તે સૂતી હતી ત્યાંથી તેને હાંકી કાઢી. સ્ત્રીવર્ગને અડકવું નહીં એવો અમાત્યનો હુકમ હોવાથી તેને ઘરમાંથી કાઢી મૂકવા ઉપરાંત કાંઈ થયું નહીં. ધણીને ઘેર તેનો સ્વીકાર ન થયો અને એની ખરાબ વર્તણૂક જાણનારાઓ પ્રસંગનો લાભ લઈ તેની પાછળ પડ્યા, શઠરાયની અપકીર્તિના રસિયા લોક ચારેપાસ ભરાયા, તાળીઓ પાડવા લાગ્યા અને 'હો, હો,' કરતા ઊભરાયા. પડતા દુષ્ટ કુટુંબની કોઈને દયા ન આવી. ખલકનંદાને કોઈ પાસનો આશ્રય ન દેખાયો. ભાભીની સાથે ગઈ હોત તો ઠીક થાત એમ લાગ્યું, ભયપાશમાં હવે કાંઈ માર્ગ ન સૂઝ્યો; અને છાશબાકળી થયેલી, ગાળો અને કાંકરાના વરસાદ વચ્ચે આમ તેમ દોડતી, ઠોકરો ખાતી, પડી જતી, ઊઠતી અને રોતી, ફાવ્યું તે રસ્તે જવા લાગી. આમ લોકને દેખે એટલે આમ જાય અને આમ દેખે એટલે આમ જાય. એમ કરતાં કરતાં બુદ્ધિધનનું ઘર આવ્યું. એની આ અવસ્થા જોઈ બારીમાં ઊભેલી કિશોરી બોલી ઊઠી: 'દેવી, દેવી, જો, રાંડને જમાલે કામમાં ન આવ્યો ને મ્હાવોયે ન આવ્યો. હત, રાંડ, લેતી જા — રાંડ, ડાકણ, શંખણી —' દેવીએ આંખ કાઢી અને પુત્રીને વારી નીચે ઊતરી ઓટલા ઉપર આવી. સૌ એની પાછળ આવ્યાં અને બારણું રોકી ઊભાં.

આ સૌને જોઈને ખલકનંદા વધારે ગભરાઈ અને હારી. શિકારી કુતરાઓ પેઠે લોકો ટોળાબંધ તેની પાછળ લાગ્યા હતા તે ચડતી અવસ્થામાં આવેલી પવિત્ર અમાત્ય પત્નીને આનંદની પરિસીમા પર આણવા ઉશ્કેરાશે એ વિચાર એકદમ દુષ્ટાના મનમાં આવ્યો. જમાલની બાબત ઉન્મત્ત અલકકિશોરી વેર લીધા વિના રહેશે નહીં અને એ વેર લેવાનો પ્રસંગ આ અચિંત્યો પાસે આવ્યો જાણી શઠરાયની દીકરી ઊંડા અંતરમાંથી બળવા લાગી. ભયની જગાડેલી કલ્પનાએ દૂર ગયેલો ભૂતકાળ પાસે ખડો કર્યો અને બુદ્ધિધનની માતુશ્રીને કરેલું અપમાન — એ અનાથ વિધવા દ્વારા સૌભાગ્યદેવીને પોતાને પહોંચાડેલું અસહ્ય અપમાન — એ અને બીજી કાંઈ કાંઈ જૂની ભૂલી જવાયેલી વાતો મગજમાં એકદમ

ઊભરાઈ આવી અને કોહી ગયેલા શબમાં અસંખ્ય જીવડાં તરવરે તેમ તરવર તરવર થવા લાગી. બુદ્ધિધનનું ઘર મૂકી બીજે રસ્તે નીકળી પડવા તેણે યત્ન કર્યો પણ ઈશ્વરે એને નિષ્ફળ કરી. દોડતાં થાકી ગયેલીને પાછળથી આવી પહોંચેલાં માણસોમાંથી એક જણે ધક્કો માર્યો અને ઓટલા પાસે સૌભાગ્યદેવીના પગ આગળ દુષ્ટરાયની બહેન ઊંધે માથે પડી. પાછળથી એક માણસ ‘મારો રાંડને’ કરતો આવ્યો અને એના વાંસા ઉપર પગ મૂક્યો. દુષ્ટરાયની પાસે રહેનાર પોલીસનો એક સિપાઈ ઊભો હતો તેણે પણ આ માણસને વાર્યો નહીં. એક પળવાર વધારે જાત તો ગડદાપાટુનો આરંભ થાત.

ખલકનંદા પડી તેવી જ અલકકિશોરી હાથ ઊંચો કરી બોલી ઊઠી: ‘મારો રાંડને — એ તો એ જ લાગની.’ એમ કહી લોકસંઘ આગળ પડેલીનાં પાછલાં કંઈ કંઈ દુષ્કર્મ સંભારવા લાગી અને જીવ વડે લોકોને ઉશ્કેરવા લાગી. રામસેન સિપાઈ ઘરમાંથી નીકળી બુદ્ધિધનના ઘરની કારભારણ દીકરીના હુકમનો અમલ કરવા બહાર આવ્યો.

કૃષ્ણકલિકા, વનલીલા અને રાધા પાસે ઊભાં ઊભાં છાનાંમાનાં તાલ જોતાં હતાં.

વૃદ્ધ દયાશંકર પાછળથી જુવાન કિશોરીને વારતા હતા પણ એ તેમનું બોલ્યું સાંભળતી પણ ન હતી. વિદુરપ્રસાદ અને નવીનચંદ્ર લોકને દૂર રાખવામાં રોકાયા, પણ તેમનું બળ બસ ન થયું.

આખરે સૌભાગ્યદેવી ભમર ચડાવી બોલી ઊઠી: ‘અલક, તું હવે આઘી જા. આપણેયે એના જેવાં થવું?’ વળી લોકો સામું જોઈ બોલી: ‘ચાલો ચાલો, જાઓ બધા. તમારું એણે શું બગાડ્યું છે? તમે બાઈ માણસ ઉપર પગ મૂકતાં શરમાતા નથી?’ — ‘રામસેન, ખસેડ આમને.’

લોકો જરાક ખસ્યા પણ પૂરા છાના ન પડ્યા. ઠેકાણે ઠેકાણેથી ગણગણાટ નીકળવા લાગ્યો. ‘આ તો અમાત્યનાં ઘરવાળાં’ — ‘સૌભાગ્યદેવી આ જ!’ ‘મોઈ રાંડ, જવા દો એને — દેવી એમ કહે છે.’ ‘અરે મારો — એને તે જવા કેમ દેવાય?’ ‘અલકબહેન, બરોબર કહો છો — એને તો માર જ ઘટે!’ ‘આ પેલાં અલકકિશોરી!’ — ‘આ દેવીની પાસે ઊભાં છે તે પ્રમાદભાઈનાં વહુ, હોં!’ — એમ જુદાં જુદાં વાક્ય લોકસંઘમાંથી સંભળાવા લાગ્યાં.

અલકકિશોરી માની સાથે લડવા લાગી: ‘દેવી આજ તારું કહ્યું નહીં માનું — તું તો એવી ને એવી રહી — તને ખબર છે કે આ રાંડના ઉપર દયા ન ઘટે. પકડ રાંડને — ચોટલો ઝાલીને — રામસેન!’

માદીકરીના હુકમમાંથી કોનો માનવો તે રામસેનને સમજાયું નહીં. એની સાથે બુદ્ધિધનના બીજા સિપાઈઓ હતા તેનું વલણ અમાત્યપુત્રીનું વચન

માનવા પર હતું. પણ દેવીનું વચન લોપવું એ વાત થઈ શકે એવી ન હતી.

'કુમુદ વહુ! આ છોકરી અત્યારે મારું કહ્યું નહીં માને; જશ તમે કાંઈ સમજાવો ને એને.' વહુની સમજાવવાની શક્તિ સમજનારી બોલી — મા દીકરીની કળ જાણી ગઈ હતી.

નણંદના ખભા ઉપર પાછળથી હાથ મૂકી ભોજાઈ ઊભી રહી.

'અલકબહેન, જવા દો ને એને હવે! મરેલાંને તે શું મારવાં!'

'તમેયે દેવીના કહેવામાં હશો!' કાંઈક ધીરો ઉત્તર આપવાનો અવકાશ કિશોરીને મળ્યો.

'હાસ્તો. દેવી કાંઈ ખોટું કહે છે?'

'પણ સવારે દયાશંકરકાકાની વાતો તો તમે સાંભળી છે.'

'હા, પણ એમાં તો ખોટું લાગે તો દેવીને લાગે!'

'ના, એને તો ન લાગે, એ તો એવી છે કે એને કોઈ મારી નાંખે તો તેને જ એ કહેશે કે જીવ!'

'પણ તમારે શું? — તમને શી બાબત ખોટું લાગે છે?'

'કેમ ન લાગે? મને જે કર્યું છે તે તો હું ભૂલી જાઉ છું લો! પણ એને કરેલું કેમ ભૂલી જાઉં? એ તો મારી મા હોં!' અલકકિશોરી કહેતી કહેતી અટકી કે 'તમારી સાસુ પણ મારી મા.' કુમુદસુંદરી એ સમજી પણ ખોટું ન લગાડ્યું અને બોલી:

'હા, તેની હું ના ક્યાં કહું છું જે? ખોટું તો તમનેય લાગે ને મનેય લાગે. પણ, બહેન, દેવી કહે છે તે ઠીક કહે છે — તે પ્રમાણે કરો. એથી તમારું ધાર્યું થશે. આઘાં આવો. મારું કહ્યું કરો — પછી ખરી વાત સમજાવીશ.' તેલ પડવાથી સમુદ્ર શાંત થાય તેમ ઉન્મત્ત અલકકિશોરી નરમ પડી અને બડબડતી બડબડતી બોલી: 'વારુ, બહેન, વારુ. રામસેન, ત્યારે દેવી કહે છે તેમ કર. વારુ, પણ, ભાભી, ભૂલ કરને છો હોં! આ રાંડને શી ખબર પડશે કે આમ કરીએ તો આમ થાય?'

ખલકનંદા પર પગ મૂકનાર આઘો ખસ્યો. રામસેન અને અમાત્યના બીજા સિપાઈઓ કુલટાની આસપાસ ફરી વળી કોટ રચી ઊભા અને એ ઊઠીને ઊભી થઈ.

'કહે, દેવી, હવે આનું શું કરવું છે? મને રજા આપે તો પિતાજીને પૂછી એને ગરદન મરાવું.'

'હા, હા, એને તો એ જ ઘટે -' લોકો બૂમ પાડી ઊઠ્યા — 'મરાવો ગરદન એને.'

'અલકકિશોરી, એમ કરો ત્યારે જ ખરાં તમે!' એક જણે આઘેથી બૂમ પાડી. બીજા એક જણે આઘેથી એક કાંકરો ફેંક્યો તે બરોબર ખલકનંદાની પીઠ પર વાગ્યો,

'રામસેન, આ લોકો આમ શું કરતા હશે? તું વાર એમને' — દયાર્દ્ર મુખ કરી સૌભાગ્યદેવી બોલી.

'બાઈ, તમે અમને પૂછો નહીં. એ રાંડે જે જે કામ કર્યાં છે તે મોંએ કહેવાય એવાં નથી. એને જે કરતાં શરમ નથી આવી તે અમને કહેતાં શરમ આવે છે.' '—અરે બહેન, તમારાં સાસુ નથી, નીકર બધું તમને કહી આપત.' કંઈ કંઈ બૂમો આમ પડવા માંડી. ભાઈની વિષયવાસનાની સાધનભૂત થયેલી બહેને કંઈ કંઈ ઘર ફોડ્યાં હતાં, કંઈ કંઈ પુરુષોની મરજી ઉપરાંત તેમની બહેનો, દીકરીઓ, અને સ્ત્રીઓ પર લાલચ, કપટ, જુલમ અને અધિકારની જાળ પાથરી હતી, કંઈ કંઈ ભોળી સ્ત્રીઓને ફસાવી હતી, નિર્દોષને દૂષિત કરી હતી અને દૂષિત સ્ત્રીઓની માર્ગદર્શક થઈ હતી. પોતાના સ્વામી સિવાય બીજી કાંઈ બાબતની વાત કરવા સૌભાગ્યદેવી અવકાશ શોધતી ન હતી અને આ અપવિત્ર સંસારમાં એ પોતાના કાનને પણ પવિત્ર રાખી શકી હતી — અર્થાત્ — ખલકનંદાની સત્તા એને બિચારીને ખબર ન હતી. પોતાના ઉપર થયેલો જુલમ તો તેના અંત:કરણે ઘણાક દિવસથી માફ કર્યો હતો.

અધીરી અને ઊકળેલી અલકકિશોરી બોલી: 'કહો ભાભી, દેવી તો બોલતી નથી. તમારે શું કરવું છે?'

'દેવીનું મન તમારાથી સમજાય એમ ક્યાં નથી?'

'હા, દેવીનું મન તો જાણીએ જ છીએ તને! આ લોકના હાથમાંથી આને છોડાવીએ, ઘરબાર વિનાની થઈ છે તેને આપણા ઘરમાં રાખીએ, અને આપણી સાથે જમાડીએ — તો દેવી રાજી — એને સોનાનો સૂરજ ઊગે.'

સૌભાગ્યદેવીનું અંત:કરણ એની પુત્રીએ ખરેખરું ખડું કર્યું. આ શબ્દોથી દેવી પ્રસન્નવદન બની: 'કુમુદ, કહો વારુ એમ કરીએ તો શું ખોટું થાય?'

કુમુદસુંદરી અલકકિશોરી ભણી ફરીને બોલી: 'બહેન, માનું કહ્યું કરવું એ દીકરીનું કામ છે.'

'ના, એ હું સમજતી નથી. જુઓ, તમેયે વળી એના ભણી વળ્યાં, ખરાં!'

'ના, ના, આ તો હું સહેજ વાત કહું છું. દેવી, મને લાગે છે કે એમને જુદે ઠેકાણે ચોકીમાં રખાવો અને ત્યાં જ ખાવાનો બંદોબસ્ત કરો. પછી પિતાજી આવશે ત્યારે ઘટતી વ્યવસ્થા કરશે.'

'હા. હવે બરોબર.' પિતાને માન આપનાર પુત્રીને આ વાત બાધ વિનાની લાગી. પતિવ્રતા દેવીને વહુની સલાહ ઘણી ગમી. લોકને સંતોષ વળ્યો. ખલકનંદા નીચું જોઈ રહી હતી તેણે ઊંચું ન જોયું. અલકકિશોરીએ હુકમ કર્યો એટલે રામસેન અને બીજા બે સિપાઈઓ વચ્ચે રાખી શઠરાયની દીકરીને થોડેક છેટે એક ખાલી ઘર હતું ત્યાં લઈ ગયા. 'હો હો' કરતા લોકો વેરાયા. ખલકનંદાથી જુદાં પડતાં પડતાં અલકકિશોરી એના સામું જોઈ બોલી: 'રાંડ ખલકી! તારા અને અમારા કારભારમાં આટલો ફેર! જા! તારું મોં કાળું કર!' આટલું બોલી, તે કોઈની દરકાર વિના અભિમાનભરી ઘરમાં સૌથી પહેલી પેઠી. એની પાછળ એની સહિયરો પેઠી. ખલકનંદાને રસોઈ કરી આપવા અને એનું કામ કરવા, તથા પુરુષવર્ગ વચ્ચે એને એકલાં રહેવું ન પડે તે માટે, પોતાની એક વિશ્વાસુ દાસીને એની પાસે મોકલવા કોમળ સ્વરે વહુને સૂચના કરી, તેનો અમલ થઈ રહેતાં સૌભાગ્યદેવી આંસુભરી આંખે સૌની પાછળ બારણા ભણી વળી અને વળતાં વળતાં કુમુદસુંદરીનો હાથ ઝાલી બોલી: ' કુમુદસુંદરી, જોયા વારાફેરા? શો એનો દિવસ હતો અને શો આવ્યો છે! પ્રભુ કરે તે ખરું! તમારો તો જન્મે ન હતો તે દિવસની વાત — શી એની જુવાની અને શો એનો તોર હતો! હળવે હળવે સૌ ઘસાઈ ગયું — અને આખર આ વારો આવ્યો. પ્રભુ, તું કરે તે ખરું!'

સાસુના અંત:કરણ ઉપર આસક્ત થતી કુમુદસુંદરી પ્રસન્ન વિચારમાં પડી સૌથી છેલ્લી ઘરમાં પેઠી. ઘરમાં સર્વ મેડી પર ચડ્યાં હતાં. દાદર પર ચડતાં ચડતાં પગથિયાં પર દોડાદોડમાં નવીનચંદ્રનો કાગળ ખીસામાંથી પડી ગયો હતો તે પર કુમુદસુંદરીની નજર પડી અને ઊંચકી લીધો. મેડી ઉપર ચડી તો ખલકનંદાની વાતો થતી હતી અને માદીકરીમાંથી કોનો વિચાર સારો હતો તે વિષય ચર્ચાતો હતો. એટલામાં બારણે પગરવ સંભળાયો અને બારીએ જુએ છે તો કેટલાંક માણસો આવતાં જણાયાં. શઠરાયનો અસ્ત સંપૂર્ણ થયો અને બુદ્ધિધનને કારભાર મળ્યો જ સમજવો જાણી — હવે એની પાસે આવવાની જરૂર લાગ્યાથી — અમલદાર મંડળ દરબારના સમાચાર સાંભળવા અને નવા કારભારીની સેવામાં ખડું રહેવા જમી કરી બીજું કામ પડતું મૂકી એને વેર આવ્યું અને બારણા આગળ ઊભું રહ્યું.

અલકકિશોરી કહે, 'આ બધા કેમ અત્યારે અહીંયાં આવતા હશે?' સૌ કંઈ કંઈ કારણ બતાવવા મંડી ગયાં. અંતે વિદુરપ્રસાદે કહ્યું: 'એ તો એસ્તો — કારભારીની તહેનાતમાં રહેવા આવે નહીં તો ક્યાં જાય? હવે — કારભારીનું ઘર બદલાયું!'

વનલીલા બોલી: 'અલકબહેન, હવે ઊઠો અહીંયાંથી; હવે આ દીવાનખાનાની મેડીમાંથી બેસવાનું ગયું — હવે તો અમલદારો બેસશે — હવે તો આ કચેરીની મેડી થઈ ગણો.'

નીચેથી સિપાઈએ બારણું ઉઘાડ્યું અને સૌ સ્ત્રીવર્ગ દીવાનખાનામાંથી બારણું ઉઘાડી નવીનચંદ્રવાળી મેડીમાં ગયો. અમલદારો દાદર પર ઊભરાયા. સ્ત્રીવર્ગ જતાં તેમની પાછળ દયાશંકરે બારણું વાસ્યું અને વાસતાં વાસતાં ગાયું કે,

‘ભલે પધાર્યાં લક્ષ્મીબાઈ! સગાંસંબંધી આવે ધાઈ!

કોઈ કહે, મારે મોળાઈ ભાઈ! કોઈ કહે, મારે મશિયાઈ ભાઈ! ’

વિદુરપ્રસાદ તે સાંભળી હસ્યો અને સૌ અમલદારોને સત્કાર દેવા દાદર ભણી ચાલ્યા.

અમલદાર સંઘનાં કડકડ થતાં ઈસ્ત્રીવાળા અંગરખાં, ચમચમ થતા અને પગેથી નીકળતાં જમીન પર ઘસાઈ શબ્દ કરતા અનેક જોડા, ગુપચુપ થતી વાતો, ઘડીભર સંભળાતું બુદ્ધિધનનું નામ, એ નામની પાછળ પ્રત્યય પેઠે લગાડાતો ‘ભાઈ’ શબ્દ; આ સર્વ વસ્તુ માંડવ આગળના ખંડમાં હીંચકા પર બેઠેલી સૌભાગ્યદેવીના સરવા થતા કાનના દ્વાર પર ઉપરાઉપરી ધક્કેલા મારવા લાગી. જડસિંહના સમયમાં સર્વ મલદારોની પાછળ ભલું હોય તો જોડા આગળ એકલો અપ્રસિદ્ધ બેસનાર — તિરસ્કારને પાત્ર થનાર — અનાથ વિધવાનો ગરીબ દીકરો — બુદ્ધિધન ગરીબ ઘરમાં રહેનાર માતુશ્રી પાસે શઠરાયને ઘેરથી આવી મોટા અભિમાની ઘરની વાતો રંક મોંએ કહેતો, અને માતુશ્રીની પાસે બેઠી બેઠી છાનીમાની પોતે સાંભળતી તે પ્રસંગ દેવીના મન આગળ ઊભા થયા. તેમની સાથે નવા પ્રસંગને સરખાવતી, જૂની અવસ્થાની અવગણના કર્યા વિના નવી અવસ્થાના ધ્વનિને, પ્રધાનપત્ની બનતી રંક અબળા આનંદનાં આંસુ વડે એકલી બેઠી બેઠી સત્કાર આપવા લાગી. સ્વામીની ઉચ્ચ પદવી દૃષ્ટિ આગળ મૂર્તિમાન થતી જોઈ કોમળ કલ્પનાવાળીનાં રોમેરોમ ઊભા થયાં; અચિંત્યા સુખની શીતળતાથી શરીરને ચમક થતી હોય તેમ કંપારી ચમકાવવા લાગી; અમલદારોના ઓઠ ઉપર પોતાના પતિનું જ નામ સાંભળી અમૃત સરોવરમાં નહાતી હોય તેમ દેવી આનંદપ્રફુલ્લ બની. આજ ઘેર આવશે ત્યારે કારભારી બનેલા સ્વામીનાથના મોં પર કેટલી મોટપ આવશે — તે કેવા દેખાશે — મારી સાથે તો હતા એવા ને એવા જ રહેશે — એવા એવા વિચારોથી એની સ્નિગ્ધ ભીની આંખ આતુર બની ઉઘાડા આઘા દ્વારમાં જ ઠરી. મેઘના એકઠા કરેલા મોર પ્રફુલ્લ વૃક્ષ પર બેસી નાચે અને ટહુકા કરે તેમ સંપત્તિના વરસાદે એકઠા કરેલા અમલદારો જ્યારે બુદ્ધિધનની મેડીમાં ખુશામત ભરેલા ગપાટા મારતા હતા ત્યારે તેના દુઃખના દિવસમાં ઠેઠ સુધી સહચારિણી થયેલી રંક અવસ્થાની ભાગિયણ આજે પણ એકાંતમાં એકલી પતિના સુખથી અતુલ સુખી બનતી હતી — સૌભાગ્યદેવી પતિના સંપૂર્ણ સૌભાગ્યચંદ્રની ચંદ્રિકામાં રસભેર નહાતી હતી.

ઘડી બે ઘડી એમ થઈ એટલામાં બુદ્ધિધન દ્વારમાં આવ્યો; શોધમાં ફરતી તેની આંખો દેવીની આંખ શોધી કાઢી, તેની સાથે તારામૌત્રક રચ્યું, વિકાસ પામી શુભ વર્તમાન સૂચવ્યા, અને એ સંગીતને તાલ દેવા ઓઠ પર સ્મિત ચમકવા લાગ્યું. પાછળ આવનાર પરિવાર સાથે તે દાદર ઉપર ચડ્યો અને પ્રફુલ્લ અને પ્રસન્ન બનેલી સૌભાગ્યદેવી ભોજનખંડ ભણી ચાલી. ત્યાં તેની પુત્રી પાટ પર કચેરી ભરી બેઠી હતી. એ કચેરીમાં આજ રોજના કરતાં વધારે સ્ત્રીઓ ભરાઈ હતી અને અલકકિશોરીની ધમક, તડાકા અને દોર કાંઈક જુદાં જ હતાં.

એ કચેરીમાં કુમુદસુંદરી ન હતી.

૧૫. સરસ્વતીચંદ્ર -

'भभूत लगायो! अलख जगायो!! खलक कियो सब खारो वे !!!'

દીવાનખાનામાં પુરુષો ભરાવા માંડતાં સ્ત્રીવર્ગ નીચે ઊતરી પડ્યો. તે વખતે કુમુદસુંદરી એકલી પોતાની મેડીમાં ગઈ, હાથમાં આવેલો નવીનચંદ્રવાળો કાગળ કોનો છે તે જોવા મંડી ગઈ, અને પોતાની પાસે એક બીજો કાગળ હતો તે વચ્ચે વચ્ચે જોવા લાગી. આ બીજો કાગળ આજ જ આવ્યો હતો. તે એની નાની બહેન કુસુમસુંદરીનો લખેલો હતો. એના કાગળમાં સરસ્વતીચંદ્રની હકીકત હતી તેથી ટપાલમાં ન મોકલતાં સારી સોબતમાં વનલીલા ઉપર બીડ્યો હતો અને સૂચના કહાવી હતી કે કુમુદસુંદરીને હાથોહાથ છાનોમાનો આપવો. વનલીલા આ બે બહેનોની પયર ભણીની સગી હતી અને ગામના સમાચાર કહેવાને બહાને આવી આજ જ છાનોમાનો કુમુદસુંદરીના હાથમાં તેણે તે મૂકી દીધો હતો અને કાનમાં કાગળ સંબંધી સમાચાર કહ્યા હતા. એકાંત હાથમાં આવ્યું એટલે એ કાગળ વાંચવા લાગી. નિઃશ્વ1સ નાંખતી નાંખતી કુમુદસુંદરી સરસ્વતીચંદ્રના સમાચાર વાંચવા લાગી. પ્રમાદધન ઉપર જ મન ચોટાંડનારીનું મન સરસ્વતીચંદ્રનું દુઃખ વાંચી હાથમાં ન રહ્યું.

સરસ્વતીચંદ્રનો બાપ લક્ષ્મીનંદન મુંબઈનો ધનાઢ્ય વ્યાપારી હતો અને દશબાર લાખ રૂપિયાનો ધણી કહેવાતો હતો. સાધારણ વ્યાપારીઓ ભણે છે તેથી વધારે એ ભણ્યો ન હતો. પણ સરસ્વતીચંદ્રની મા ચંદ્રલક્ષ્મી ડાહી અને સુશીલ હોવાથી તેના સંસ્કાર લક્ષ્મીનંદનમાં આવ્યા હતા. ચંદ્રલક્ષ્મીની સાસુ ઈશ્વરકોર સ્વભાવે તીખી હતી. દીકરા ઉપર વહુનું ચલણ સાખી શકતી ન હતી, ઘરમાં પોતાનું જ ધાર્યું કરતી અને પોતાનું જ ધાર્યું થાય છે એ વહુને બાળી મૂકવાના હેતુથી, દેખાઈ આવે એમ કરતી. ચંદ્રલક્ષ્મી મોટું પેટ રાખી ઘૂંટડા ગળી જતી અને સાસુનો સ્વભાવ મનમાં પણ આણતી ન હતી. લક્ષ્મીનંદનની આથી તેના ઉપર પ્રીતિ વધી હતી અને સરસ્વતીચંદ્રના જન્મ પછી ડોશીનો પણ સ્વભાવ ફર્યો અને વહુનાં માન વધ્યાં. પણ પુત્ર ચારપાંચ વર્ષનો થયો એટલામાં ચંદ્રલક્ષ્મી ગુજરી ગઈ અને તે જ દિવસે ગુમાન નામની એક કન્યા સાથે લક્ષ્મીનંદનનો વિવાહ થયો. ગુમાન ઘેર આવતી જતી થઈ ત્યાં સુધી સરસ્વતીચંદ્ર બાપ અને વડિયાઈના હાથમાં ઊછર્યો. એને ખોળામાં રાખી ચંદ્રલક્ષ્મીની જોડે બેસી — સજોડે — લક્ષ્મીનંદને એક છબી પડાવી હતી. મુંબઈવાસી હોવાને લીધે તેણે આ હિંમત ચલાવી હતી પણ છબી પડાવ્યાની ખબર પડ્યા પછી ઈશ્વરકોરે વહુની બેશરમી બાબત મહિના સુધી જુદ્ધ ચલાવ્યું હતું પરંતુ દીકરાની બેશરમી તેના મનમાં વસી ન હતી. લક્ષ્મીનંદને આ છબી પોતાની મેડીમાં રાખી હતી, પણ વહુ ગયા પછી માએ બહાર કઢાવી. 'મોઈ ભેંસના મોટાં ડોળા' એ ગામડિયા કહેવત પ્રમાણે મરેલી વહુંને સંભારી ડોશી બહુ રડતી

હતી અને એ છબી બાળક સરસ્વતીચંદ્રને બતાવ્યાં કરતી હતી. એમ કરતાં કરતાં ગુમાન વેર આવી. તે હલકા કુટુંબની હતી, અને ઓરમાન દીકરા ઉફર તથા તેને જાળવનાર ડોશી ઉપર ઘેર રાખતી હતી. ઓરમાન દીકરા ઉપર પ્રીતિ રાખવી એ તો ખોટું એમ ગુમાનને એની માએ જ શીખવ્યું હતું.

લક્ષ્મીનંદન જેવો દ્રવ્યવાન તેવો જ સત્તાવાળો હતો. વિદ્યાને ઉત્તેજન આપવાનો તેને શોખ હોવાથી અને એવા ઉત્તેજનથી મોટાં થયેલા ઘણાક વિદ્વાનો તેના આભારી હોવાથી તેને ઘેર વિદ્વાનોનું મંડળ ભરાતું, તેમના સંસ્કાર એનામાં પ્રસંગ દ્વારા આવ્યા હતા, અને નાનામોટાં, ભણેલા તથા ભણનારાની પ્રીતિનું પાત્ર, આ વિદ્યારસને લીધે તે અધિક બન્યો હતો. આથી સરસ્વતીચંદ્ર રમાડવા જેવો થતાં જ વિદ્વાનોના ખોળામાં પડવા લાગ્યો અને ચંદ્રલક્ષ્મીની કાન્તિ જાળવનારું તેનું મધુર હસતું મોં સર્વને પ્રિય લાગતું હતું. પિતાના આશ્રિત વિદ્યાર્થીઓએ બાળકને રમતાં જ વિદ્યારસિક કર્યો. ગુમાનની ખુશામત કરનાર ગુમાસ્તા તથા ચાકરો ચંદ્રલક્ષ્મીના બાળકને ઝાઝું બોલાવતા ન હતા અને તેથી તેમની અધમ સંગતિમાં ઊછરવાના રોગથી બચી નિર્મળ સંગતિમાં ઊછરવાનો ગર્ભશ્રીમંત બાળકથી દૂર રહેતો લાભ લક્ષ્મીનંદનના ભાગ્યશાળી પુત્રને ઈશ્વરે આપ્યો.

ચંદ્રકાન્ત નામના અતિશય રંક પણ બુદ્ધિવાળા એને વિદ્યાના હોંસીલા સમોવડિયા વિદ્યાર્થી સાથે સરસ્વતીચંદ્રને લઘુવયમાં મિત્રતા બંધાઈ અને શાળામાં પણ સહાધ્યાયી હોવાથી પરસ્પરને લાભ આપતી મિત્રતા વય વધતાં વધારે વધારે ગાઢ થઈ. ઘણાક વિદ્યાર્થીઓની મિત્રતા બંધાઈ સરી પડી પણ આ મિત્રતા દિને દિને વજ્રલેપ બનવા લાગી.

લક્ષ્મીનંદન સંગતિને લીધે કાંઈક અંગ્રેજી પણ બોલતો લખતો હતો. મુંબઈના નગરસુધારક સમાજનો સભાસદ હતો, કાપડ વણવાનાં એકબે યંત્રની કંપનીઓમાં અગ્રેસર હતો, ગુપ્ત તથા દેખીતો પરમાર્થ ઘણોક રાખતો, પરમાર્થમાં સ્વાર્થ પણ રાખતો, લોકૈષણાનો લોભી હતો, અંગ્રેજ વ્યાપારીઓ તથા અમલદારોનો પ્રસંગ રાખતો; તેમને પોતાને ઘેર નવા નવા પ્રસંગ ઉત્પન્ન કરી બોલાવતો અને રીઝવતો, અને તેને બદલામાં દેખીતું માન સર્વે આપતા. ગવર્નર સાહેબની ‘લેવ્હી’માં તે જતો અને ‘ઈવનિંગ’ પાર્ટી’માં તેને આમંત્રણ થતું. આ સર્વ હકીકત વર્તાનપત્રોમાં આવવી રહી જતી નહીં.

‘ધી બૉમ્બે લાઈટ’ પત્રનો તંત્રી પ્રખ્યાત વિદ્વાન બુલ્વરસાહેબ, ‘ગુર્જરવાર્તિક’ ચોપાનિયાનો તંત્રી ઉદ્ધતલાલ, મૂંબઈનો પ્રખ્યાત નગરપ્રિય કવિ તરંગશંકર, ઊછરતો રંક ગ્રંથકાર શાંતિ શર્મા, દક્ષિણ દેશવત્સલ વીરરાવ ધમ્પાટે અને પારસી ભાષણયોદ્ધો સમશેરજી, એવા એવા અનેક ગૃહસ્થોનો લક્ષ્મીનંદનને પ્રસંગ હતો. સેક્રેટેરિયેટના એક અમલદારની વગથી શેઠ લક્ષ્મીનંદન ‘જસ્ટિસ આવ ધિ પીસ’ બન્યા હતા.

આ સર્વ સત્તાને લીધે શેઠની રજવાડામાં પણ સારી પ્રતિષ્ઠા હતી. રત્નનગરીનો પ્રધાન વિદ્યાચતુર કાંઈ કામપ્રસંગે મુંબઈ આવતો ત્યારે સ્વજ્ઞાતિના પ્રતિષ્ઠિત શેઠ લક્ષ્મીનંદનને ત્યાં જ ઊતરતો. શેઠનો પુત્ર સરસ્વતીચંદ્ર વિદ્યાર્થી અવસ્થા સમયે જ વિદ્યાચતુરના પ્રસંગમાં પુષ્કળ આવી ગયો અને એ બાળકની બુદ્ધિ, વિદ્યાની હોંશ, નમ્રતા, વિનય, શુદ્ધ અંત:કરણ, સંગતિ, મધુરતા અને એવા એવા ગુણો નિત્યના પ્રસંગે વિદ્યાચતુરના અંત:કરણમાં વસી ગયા. તેમાં ચંદ્રલક્ષ્મીની કાંતિવાળું સ્મિતભર્યું ગૌર રમણીય વદન તેને ઘણું પ્રિય લાગ્યું.

'હુવા તો વિવાહ' એ પ્રમાણે આવા ધનાઢ્યનો આવો પુત્ર પારણામાંથી જ પરખાવો જોઈતો હતો. પણ કાંઈ કારણથી ચારપાંચ વર્ષ વિવાહ વિના વીતી ગયાં. ત્યાર પછી કોઈ વિવાહ કરવા આવતું તેને ગુમાન બારોબાર વિદાય કરી મૂકતી હતી અને લક્ષ્મીનંદન સુધી વાત જવા ન દેતી. ડોશી ઘણું મથતી પણ ગુમાનના ટકોરા ન વેઠાવાથી સૌ કોઈ આવ્યું — જતું રહેતું. આખરે ડોશીએ માથાની થઈ લક્ષ્મીનંદનને સૌ વાત કહી તો ઉત્તર એ મળ્યો કે નાનપણમાંથી છોકરાને લફરું વળગાડવાની જરૂર નથી. આખરે સરસ્વતીચંદ્ર પંદરસોળ વર્ષનો થયો તેવામાં ગુમાને પુત્ર પ્રસવ્યો અને તેનો વિવાહ તરત જ થયો તેમાં લક્ષ્મીનંદને કાંઈ બાધ દેખાડ્યો નહીં. આથી ડોશીનું માથું ફરી ગયું. લક્ષ્મીનંદનને ફટકાર કરી મહેણું દીધું, અને શરમાયેલે મોંએ તેણે કન્યા શોધવાનું સ્વીકાર્યું. એવામાં રત્નનગરીનો પ્રધાન વિદ્યાચતુર કાંઈ કામ સારું મુંબઈ આવ્યો અને નિયમ પ્રમાણે જ પ્રથમની પેઠે લક્ષ્મીનંદનને ત્યાં ઊતર્યો. ત્યાં થોડાક દિવસ રહ્યો એ અરસામાં ઘરમાં હરતાફરતા વિદ્યાર્થી સરસ્વતીચંદ્રનો વધેલો અભ્યાસ, તેની હવે ખીલેલી બુદ્ધિ, સર્વકળાધર સ્વરૂપ, ઇત્યાદિ સર્વ એને ગમી ગયું અને પોતાની પુત્રી કુમુદસુંદરી સારુ વર શોધતો હતો તે સૂઝી આવ્યો; પણ મોટા માણસને મોંએ એકદમ વાત કરવા પહેલાં ડોશીની સલાહ માગી. ડોશી તો તૈયાર જ હતી અને લક્ષ્મીનંદને વિવાહ સ્વીકાર્યો. માત્ર ગુમાન અંતરમાંથી બળી, પણ પુરુષોએ માંહોમાંહે મળી જઈ કામ કર્યું અને સ્ત્રીવર્ગ વેગળો રહ્યો લાગ્યો એટલે ચુમાઈને બેસી રહી. વિદ્યાચતુર જેવો વેવાઈ, કુમુદસુંદરી જેવી કન્યા, અને બીજી સર્વ વાત રુચતી લાગવાથી પૌત્ર પંદર વર્ષ કુંવારો રહ્યો તેનું સાટું વળી ગયું સમજી વત્સલ ડોશી આનંદપ્રફુલ્લ બની, ગુમાન ઊભી હોય ત્યારે બમણો આનંદ બતાવવા અને જોડાનાં વખાણ કરવા લાગી, અને પૌત્રને એકાંતમાં વારંવાર ચશમાં ચડાવી ન્યાળી, રાંચી, તેને મસ્તકે હાથ મૂકી આશીર્વાદ દઈ લગ્નનો સમય ઇચ્છવા લાગી. 'વિદ્યાચતુર શાને લગ્ન કરવામાં ઢીલ કરતા હશે?' 'લગ્ન કરે તો હું ભાગ્યશાળી થઈ અને વરકન્યાની જોડ બંધાઈ જોઈ સંસારમાંથી પરવારું.' આમ વિચારી કોઈ કોઈ સાથે વિદ્યાચતુરને સંદેશા કહાવતી. વિવાહ કરવાની બાબતમાં જેણે ઢીલ નહોતી કરી તે વિદ્યાચતુર લગ્નની ઉતાવળ કરવા ખુશ ન હતો, અને

ડોશીને નારાજ કરવા પણ નાખુશ હોવાથી તેને દિલાસા ભરેલા વાયદા કહાવતો.

સરસ્વતીચંદ્રનો વિદ્યાભ્યાસ ઘણો વધ્યો. સત્તરઅઢાર વર્ષની કુમળી વયમાં તે એમ.એ.ની પરીક્ષામાં સફળ થયો અને તે પછીના વર્ષમાં કાયદાની પરીક્ષામાં પણ સફળ થયો. ઘણીક પરીક્ષાઓમાં અને ઘણાક નિબંધો લકી પારિતોષિકો (ઇનામો), પાંડિત્યવેતનો (સ્કોલરશિપો), ચંદ્રક (ચાંદ) વગેરે તેણે મેળવ્યાં હતાં અને સર્વ ઠેકાણે ઉત્તમ વિજયી નીવડ્યો હતો. મહાશાળાના પાઠકો, પરીક્ષકો અને બીજા પ્રસિદ્ધ પંડિતો તેના ઉપર પ્રીતિ રાખતા. તેનું મસ્તિક (મગજ) [૧] સર્ગશક્તિવાળું ગણાતું, તેની રસજ્ઞતા અને રસિકતા ઊંચા પ્રકારની લેખાતી. વિદ્યાલક્ષ્મીના સંગમથી સોનું અને સુગંધ બેનો રમણીય યોગ તેનામાં થયો લાગતો. ગર્ભશ્રીમંતના ગુણ સ્પષ્ટ જણાતાં છતાં શ્રીમંતાઈના સહચારી દોષ તેનામાં આવવા પામ્યા ન હતા. શરીર વ્યાયામ(કસરત)વાળું અને કાંતિમાન હતું. મુખ ઉપર પ્રતાપ અને કોમળતા એકઠો વાસ કરી રહ્યાં હતાં. રાક્ષસ જેવો ન લાગે એટલો ઊંચો, જાડો ન લાગે એવો બેવડિયા કોઠાનો, અને ફીકાશમાં ન ખપતાં આંખને ગમે એટલી ગૌરતાવાળો સરસ્વતીચંદ્ર ભણ્યો ન હોત, શ્રીમંત ન હોત, તોપણ શરીરના રમણીય અને પૌરુષ દેખાવથી જ સર્વનું મન હરત એમ તેના વિદ્વાન મિત્રો પણ કહેતા.

કુમુદસુંદરી વયમાં આવી અને વધારે વધારે ભણી તેમ તેમ સરસ્વતીચંદ્રની વાતો માતાપિતાને મોંએ સાંભળવાની રસિયણ બની. શ્વસુરજામાતાનો પત્રવ્યવહાર હતો તેથી વિદ્યાચતુર ઘણીવાર ગુણસુંદરી પાસે સમાચાર કહેતો અને વિશેષ વાર્તાનો પ્રસંગ આણતો. આવો વિદ્વાન અને વત્સલ પિતા જેની આટલી સ્તુતિ કરે તે પુરુષ કેવો હશે? પુત્રી આઘીપાછી બેઠી હોય તેવે સમયે પિતા જાણી જોઈ જામાતાની વાત કાઢતો તે એવી ઇચ્છાથી કે એનો પતિપ્રેમ ગાઢ થાય. આ ઇચ્છા સફળ થઈ. પણ તેની સાથે નિર્દોષ બાળકીના અંત:કરણમાં ઘણાક મનોવિકાર ઉદય પામ્યા અને કોઈ કોઈ સમયે અગ્નિની પેઠે સળગતા. ઊગતી યુવાવસ્થાનો તનમનાટ આથી વધ્યો. પતિને જોવાની, તેની સાથે પ્રસંગ પાડવાની, અને એવી કંઈ કંઈ આતુરતા આ જુવાન થતી વેલીના ફૂટતા નવપલ્લવ પર બેસી તેને કંપાવવા લાગી. એક દિવસ તો પતિએ પિતા ઉપર કાગળ લખેલો તે વાંચીને પિતાએ ટેબલમાં મૂક્યો તે જોવાનું મન થયું. પિતાની રજા વિના તે કેમ બને? લજ્જા છોડી રજા માગતાં જીભ કેમ ઊપડે? આખરે મને મનનો માર્ગ શોધ્યો. પિતા આઘાપાછા થતાં કાંઈક નિમિત્તે ટેબલ પાસે ગઈ, ઘણાક કાગળના જથામાંથી દૃષ્ટિપાત વડે જ જોઈતો કાગળ ઓળખ્યો અને સળગતા આકાશમાંથી પ્રભાતનું કોમળ ઊજળું કિરણ શ્વેતકમળને પકડી ખિલાવે તેમ સ્વચ્છ આસમાની સાડીમાંથી નાજુક ગોરો હાથ કાઢી પત્ર પકડી લીધો અને તે જ હાથે

પોતાની મેળે ઉકેલાઈ જતો એ પત્ર ઊંચો કર્યો! લઈ લીધો, જરીક તે ભણી જોઈ રહી, સ્મિતથી મલકાઈ, બીતી આંખ ચારેપાસ ફેરવી હાથ સોડિયામાં ભરવી દીધો, અને ડાહીડમરી બની પોતાના ખંડમાં ચાલી! ‘પિતાના ટેબલમાંથી હું ચોરી કરું છું.’ એ વિચાર તેના મનમાં પળવાર આવ્યો પણ ઈશ્વરલીલાને બળે એ ચોરી એના પવિત્ર મનમાં પણ વસી નહીં! કાગળ વાંચ્યો — બીજી વાર વાંચ્યો — ત્રીજી વાર વાંચ્યો — વાંચતાં ધરાઈ જ નહીં. સરસ્વતીચંદ્રના સુંદર અક્ષરથી — મનહર ભાષાથી — પ્રૌઢ વિચારથી તે મોહ પામી -પરવશ બની. કાગળ છાતીસરસો દાબ્યો, રોમાંચ અનુભવ્યો અને શૂન્ય ભીની આંખોથી ઊંચું જોઈ રહી. ‘મારા પ્રિય — પ્રીતમ — પ્રાણનાથ — એના આ અક્ષર! આવા કાગળ મારા ઉપર ન આવે?’ એવા જ કાગળની આતુર મુગ્ધાએ પતિ પર કાગળ લખવા આરંભ્યો -કાગળ લખું છું એ વિચારથી એકાંતમાં ને એકાંતમાં શરમાઈ — મથાળું જ કેમ કરવું તે સૂઝ્યું નહીં. ‘મારા પ્રિય’ એમ લખું? ‘પ્રાણનાથ’ લખું? કંઈ કંઈ વિશેષણો કંઈ કંઈ કારણથી રદ કરી આખરે ‘મારા ચંદ્ર’ અને ‘આપની કુમુદ’ એ સંબંધથી લેખનાં અથઇતિ કર્યાં. તેના હૃદયને સાથે પકડી, હૃદયને ઠેકાણે આતુરતા — ઉત્સુકતા — મૂકી, કાગળ ટપાલમાં ચાલ્યો અને પ્રવાસ કરતો કરતો લક્ષ્મીનંદનને ઘેર તેના ઉપરના કાગળોના બંડલભેગો એ પણ આવ્યો. લક્ષ્મીનંદને કાગળ ઉપરના અક્ષર જોઈ સહેજ વિચાર કરી ચાકરને આપ્યો. ચાકરે ગુમાનને બતાવી સરસ્વતીચંદ્ર પોતાના ખંડમાં ચંદ્રકાન્ત સાથે બેઠો હતો તેને આપ્યો, અને ગુમાનની સૂચનાનો અમલ કરવા પાછાં જતાં પહેલાં જરીક ઊભો કે કોનો કાગળ છે તે જણાય. સરસ્વતીચંદ્ર તે નવીન કાગળ જોઈ વિસ્મિત થયો, ફોડી પ્રથમ જ લખનારનું નામ વાંચતાં મનને ઉપભોગ થયો, કોનો કાગળ છે તે ન કહેતાં ચંદ્રકાન્તના હાથમાં જ કાગળ મૂક્યો અને હસ્યો અને મિત્રના ઉપર શી અસર થાય છે તે જોતો જોતો આનંદવિચારમાં પડ્યો.

‘ભાઈ, મોટાનું ભાગ્ય મોટું હોય છે તેનું આ દૃષ્ટાંત. આપણા લોકમાં તો આવી કન્યા આવતે અવતાર પામીએ!’ કાગળ પાછો આપતાં આપતાં વાંચતો વાંચતો ચંદ્રકાન્ત આંખો વિકસાવી અભિનંદન કરતો બોલ્યો.

‘ચંદ્રકાન્ત, એમાં મોટું ભાગ્ય આવી ગયું?’ સરસ્વતીચંદ્ર પુષ્કળ હસ્યો.

‘ત્યારે શું આવું રત્ન હિંદુઓના ભાગ્યમાં હોય છે? ભાઈ, આ કન્યાદાન વાસ્તે ઈશ્વરનો જેટલો ઓછો ઉપકાર માનશો તેટલી કૃતઘ્નતા થશે.’

‘તું તો હજી આવો ને આવો રહ્યો. અંગ્રેજી વિદ્યાનું પ્રથમ ફળ તને એ મળ્યું કે સ્ત્રીમાં સંસારને સમાપ્ત કરી દીધો! સ્ત્રીમાં પુરુષના પુરુષાર્થની પર્યાપ્તિ થતી નથી.’

‘તમારા જેવા રસિકના મુખમાં આ વૈરાગ્ય સમજાતો નથી.’

‘હું ક્યાં વૈરાગ્યની વાત કરું છું?’

‘ત્યારે આ બીજું શું? મારે ઘેર આવો ને મૂર્તિ બેઠી છે તે જુઓ ને પછી કહો કે મારા ને તમારા ભાગ્યમાં કેટલો ફેર છે? આ કાગળ જ પ્રત્યુત્તર!’

‘તું સ્ત્રીસંતુષ્ટ નથી. બાપડી ગંગાભાભી ભોળી છે — તે શી ખોટી છે કે આટલો અસંતોષ બતાવે છે?’

‘પોતાની બાબતમાં એક અને પારકી બાબતમાં બીજો એમ વિચાર રાખનાર તો તમને જ જોયા! આવા કુમુદસુંદરી તેનાથી તમને સંતોષ નથી વળતો અને મારે માથે અસંતોષનો આરોપ મૂકો છો! વાહ! વાહ! વાહ! વાહ! આવા સ્નેહથી ઊભરાતો મુગ્ધાનો રસિક પત્ર તેનાથી તમે સંતોષ પામતા નથી અને હું અસંતોષી શા માટે? મને તો સંતોષ જ છે ને મારી ગંગા તે મારી જ છે. પણ વિચાર કરો — કાગળ જુઓ તો ખરા!’

સરસ્વતીચંદ્ર ઊભો થયો, ફરવા લાગ્યો અને હસ્યો.

‘ચંદ્રકાન્ત, શું તારા મનમાં એમ જ આવી ગયું કે આ કાગળની મને કિમ્મત નથી!’

‘તમે બોલો તે પરથી હું તો તુલના કરું.’

‘આ જગતમાં તારું અંત:કરણ કોઈપણ જાણતું હશે તો તે તું છે અને નું જ આવી ભૂલ કરે તો બીજાને દોષ ન દેવાય.’

‘ત્યારે શું તમે બોલ્યા તે બધું જુઠ્ઠું?’

‘ના, એયે સાચું ને આયે સાચું. અંત:કરણ વિના શરીર નાકામું છે, પણ અંત:કરણ વિના શરીરને બીજા ઘણાક ભાગ છે. સ્ત્રી ખરી પણ એના સિવાય ઘણો સંસાર બાકી છે — તો સ્ત્રીમાં આખા ભાગ્યની પર્યાપ્તિ કેમ થાય?’

ઘણીક આવી વિનોદવાર્તા થઈ. અંતે ચંદ્રકાન્ત ઘેર ગયો. એ પણ સરસ્વતીચંદ્ર જેટલું જ ભણ્યો હતો. પરંતુ રંક કુટુંબનો હતો અને મિત્રના આશ્રયથી જ અભ્યાસ કર્યો હતો. એ ગયો એટલે સરસ્વતીચંદ્રે બારણાં વાસી કાગળ લીધો — વાંચ્યો. કાગળમાં તે શું લખ્યું હશે! બાળક કન્યા વરને શું લખે? વાંચનાર, સાંભળ. એ કાગળ ઘણો ટૂંકો હતો.

‘મારા ચંદ્ર,

શું લખવું તે મને સૂઝતું નથી. લખવાની સ્વયંભૂ વૃત્તિ થવાથી લખું છું અને અક્ષર દ્વારા આપના દર્શન ઇચ્છી રંક લેખ મોકલું છું. આપને તો આ નિર્માલ્ય પત્ર વાંચી હાસ્ય થશે. પરંતુ ચંદ્ર છો — સર્વ ગુણમાં આકાશ જેટલા ઉન્નત છો — તોપણ પૃથ્વી પર પડી રહેલા ક્ષુદ્ર કુમુદને વિકસાવવું

તે ચંદ્રનું કર્તવ્ય ગણાય છે. આખું જગત એમ ગણે છે તો હું કેમ ન ગણું? બીજું શું લખવું તે સૂઝતું નથી.

આપની છબી આપની પાસે માગું તો?

આ પત્રનો વિષય મેં નથી શોધી કાઢ્યો — મારા અંત:કરણે શોધી કાઢ્યો છે. અને તેને પ્રેરનાર આપ છો.

વિશેષ શું લખું?

લિ૦ આપની કુમુદ

રસિકના બિડાયેલા મર્મસ્થળને વિકસાવનાર એકાંતે સરસ્વતીચંદ્રના હૃદયકમળની પાંખડીઓ કંપાવી. તેના વિચાર પ્રમાણે તો માણસના જીવનને સ્ત્રી આવશ્યક ન હતી; લગ્ન આખા જન્મારાના પાશરૂપ હતું; નિર્વંશ થવામાં વૈરાગ્યની સંપત્તિ હતી; સ્નેહ માનસિક રાખવો જ ઉચિત હતો, શરીરસૌંદર્ય મૂર્ખનું જ મોહક હતું; મન્મથ મનમાંથી દૂર રાખવો એ સર્વ કાળે શક્ય હતું; અને સંસાર ક્ષુદ્ર, નિ:સત્ત્વ, નિર્માલ્ય અને નિરુપયોગી હતો. આવું છતાં સંસારના પ્રવાહથી અવળે માર્ગે જઈ વૃદ્ધ પિતામહીના વત્સલ ઉત્સાહનો ભંગ ન કરવો એટલી ઇચ્છાથી વિવાહ સ્વીકાર્યો હતો અને કુમુદસુંદરીના ગુણદોષ વિષે તેના મનમાં કેવળ ઉદાસીનતા હતી. પરંતુ કાચમાં સંતાયેલા પારાને પણ શીતૌષ્ણ્ય જણાયા વિના રહેતું નથી, તેમ આવા વિરક્ત વિચારોમાં ઢંકાયેલી રસજ્ઞતા શુદ્ધ સુન્દરતાથી ચમકવા લાગી અને કુમુદસુંદરીના રમણીય પત્રમાં છલકાતા તરંગોના બળથી પત્થર જેવું અંત:કરણ ભીનું થઈ ધોવાવા લાગ્યું. ચંદ્રકાન્ત ગયો એટલે તો હૃદયનું કમાડ ધક્કેલી ઉઘાડી અંદરની રસિક વૃત્તિઓ પાંજરામાંથી છૂટતાં પક્ષીઓની પેઠે બહાર ઊડવા લાગી. એકદમ હડપચીએ હાથ મૂકી સરસ્વતીચંદ્ર બોલી ઊઠ્યો:

'આ શું — આ શું? આ શી બળવાન અસર — ચંદ્રકાન્ત, તું એ જાણે તો કેટલો હશે?' કાગળ સામું જોતાં આત્મપરીક્ષા દૃશ્ય થઈ, અને શિથિલ થઈ ખુરસી પર બેઠો. ઘણીવાર સુધી પત્રના અક્ષર સાથે નેત્રવૃત્તિ 'તકાદાર' થઈ ગઈ. એનો પ્રત્યુત્તર લખવા બેઠો. સ્ત્રીનો ઉત્કર્ષ સ્પષ્ટ સ્વીકારતાં શરમાયો નહીં.

'રમણીય પ્રિય કુમુદ,

તારો પત્ર મને ઘણો પ્રિય થઈ પડ્યો છે. કુમુદથી વિકસતો નથી એ ચંદ્ર આકાશમાંનો ખરો પણ તારા પત્રે મને સિદ્ધ કરી આપ્યું છે કે આપણે બે માત્ર એક જ દેશનાં અન્યોઅન્ય — અનુકંપી ક્ષુદ્ર પ્રાણી છીએ.

ધન્યાસિ વૈદર્ભિ ગુણૈરુદારૈર્યયા સમાકૃષ્યત નૈષધોऽપિ।

अत: स्तुति: का खलु चंद्रिकाया: यदब्धिमप्युत्तरलीकरोति॥

મારા જેવા જ કઠિન ચિત્તવાળા બીજા કોઈ ઉપર તારા જેવી રમણીય અસર કરનારીને કહેવું પડે તો આ શ્લોક હું કહું.

પ્રિય કુમુદ! મારું અંત:કરણ કેવું કઠિન છે તે મારો મિત્ર ચંદ્રકાન્ત જ જાણે છે અને તેવું અંત:કરણ તારા એક નાના પત્રથી એટલું બધું દોલાયમાન થતું હું અનુભવું છું કે કાંઈ કહેવાની જ વાત નહીં! શરમ આવવાથી ચંદ્રકાન્તની આગળ એ અસર મેં દેખાડી નથી અને એ બિચારો મને હજી અસલના જેવો જ પથ્થર ધારે છે!

તું મારી છબી માગે તો! તારા માગ્યા વિના જ હું મોકલું છું — અને વળી તારી પાસે જ આવીશ — તારી છબી જોઈશ.

પ્રિય કુમુદ! લાંબાં પ્રેમદર્શક વાગ્જાળ લખવાનો મને તિરસ્કાર છે. તારી સાથે મારે રજ પણ પરિચય — પ્રસંગ — પડ્યો નથી, તે છતાં આ આવો પત્ર મારાથી કાંઈક લખી જ જવાય છે અને મારું આત્મસંતુષ્ટ ચિત્ત તારા પુનરુત્તરનો લોભ આગ્રહથી રાખે છે! લોકો જેને સ્નેહ કહે છે તે શું આ જ હશે? સ્વયંભૂ અને મનસિજ તે શું આ જ હશે? કઠિન અંત:કરણ ઉપર બળાત્કાર કરવામાં તે આટલો ફાવી ગયો લાગે છે તે શું ખરી વાત?

લિ૦ હવે તો તારો જ સરસ્વતીચંદ્ર'

અનુભવ તે કેવળ જ્ઞાન અને વિચારથી કંઈક જુદી જ વસ્તુ છે એ હવે સરસ્વતીચંદ્રને સિદ્ધ થવા લાગ્યું. આ સિદ્ધિ રમણીય તેમ ભયંકર હતી. તેના આગળ માનસિક વૈરાગ્યનો લોપ થયો અને આખા શરીરનો અને મનનો નવા સંસારમાં જન્મ થયો. ' કુમુદ મારી અને હું તેનો' એ સ્વપ્ને મસ્તિકને ધયધયાવી મૂક્યું. જ્ઞાનની પ્રૌઢતા સ્નેહની રસવૃત્તિ આગળ મસ્તક નમાવતી લાગી. એમ કરતાં કરતાં કાંઈ નિમિત્ત કાઢી સરસ્વતીચંદ્ર રત્નનગરી ગયો અને વિદ્યાચતુરના સ્નેહનો સત્કાર પામ્યો. કુમુદસુંદરીને તેણે દૃષ્ટિપાતથી ઓળખી લીધી અને વિદ્યાચતુર દરબારમાં ગયા પછી બપોરે એકાંત શોધી ધ્રૂજતી શરમાતી કુમુદસુંદરી સોડિયું વાળી ચોરની પેઠે સરસ્વતીચંદ્રને ઊતરવા આપેલી મેડીમાં અનિવાર્ય સ્નેહની પ્રેરી પોતાની મેળે છાનીમાની આવી ઊભી. માતાની રજા વિના તે આવી — રજા લેવા વિચાર પણ ન કર્યો અને આવી.

સરસ્વતીચંદ્ર એક ટેબલ આગળ બેસી ચંદ્રકાન્તને પત્ર લખતો હતો. કુમુદસુંદરી ભણી તેની પીઠ હતી એટલે એ આવી જાણી નહીં. કુમુદસુંદરી તેની દૃષ્ટિ પડે તેમ ટેબલની જમણી પાસ ભીંતમાં લપાતી ઊભી, પણ એની બોલવાની શક્તિ જતી રહી હોય એમ થયું અને પત્રમાં મગ્ન બોલાવનારે એના ભણી જોયું નહીં. એટલામાં હાથ હલાવતાં સોડિયું

સજડ કરતાં કુમુદસુંદરીનો ઘસારો સંભળાયો અને ચમકી સરસ્વતીચંદ્રે તેના ભણી જોયું, રોમાંચ અનુભવ્યો, અને મુંબઈની પાઠશાળાનો વિદ્વાન ધનાઢ્ય લક્ષ્મીનંદન શેઠનો પ્રખ્યાત પુત્ર સુંદરી કન્યાની લલિત લાવણ્યમય પાંદડી જેવી મુખકળા અને મુગ્ધ શરીરકળી જોઈ સ્તબ્ધ બની ગયો, અને થોડીક વાર તો ઉભયમાંથી એક જણે પણ શબ્દ ઉચ્ચાર્યો નહીં, આંખ પલકારી નહીં, અને સામી આંખ વના બીજા કોઈને અને જગતને તો શું પણ પોતાને પણ સ્મરણમાં રાખી શકાયું નહીં. આટલા બધા ઉમળકાવાળાને બોલવાનો વિષય તો શું જડે પણ બોલવાનું સૂઝ્યું પણ નહીં. કન્યા બિચારી મુગ્ધ હતી. આવા વરને આવું થાય તો એ કન્યાને થાય તેમાં શી નવાઈ? આખરે ભાન આવ્યું હોય, જાગ્યો હોય તેમ સરસ્વતીચંદ્ર પરવશ ઓઠ ઉઘાડી બોલ્યો:

'મેં એકબે પુસ્તક રચેલાં છે તે આણ્યાં છે.' કહી પુસ્તક આપ્યાં.

એક હાથવતે પુસ્તક લઈ છાતી આગળ ઝાલી રાખી કુમુદસુંદરીએ સોડિયામાં સંતાડ્યાં અને પોતાના તથા પતિના અંગૂઠા ઉપર વારાફરતી નીચી નજરે જોઈ રહી — બોલી નહીં.

પુસ્તક આપતાં લેતાં એકબીજાની આંગળીઓનો સ્પર્શ થયો. જળથી ભરેલો મેઘ અચિન્ત્યો ઉજાસ મારવા માંડે તેમ રસથી ભરાતા સરસ્વતીચંદ્રનું મુખ ઉજ્જ્વળ બન્યું. મળસકાના સ્વચ્છ આકાશનો પૂર્વપ્રદેશ સૂર્યકરના નવા સ્પર્શથી સળગી ઊઠે તેમ કુમુદસુંદરીના ગોરા રૂપેરી ગાલ પર લજ્જાભરી રતાશ ચડી આવી. ઉભયનાં પરસ્પર અવલોકનથી રસે રસને વધાર્યો. પરંતુ મુગ્ધા નીચું જ જોઈ રહી. પુરુષ ધૃષ્ટ બન્યો અને વાર્તાનો વિષય શોધ્યો.

'હવે ઈશ્વર કરશે તો તું થોડા સમયમાં મુંબઈવાસી થઈશ.'

ઉત્તર ન મળ્યો.

'આ પુસ્તકો આજ જ જોયાં કે પ્રથમ જોયાં હતાં?'

ઉત્તર કોણ આપે?

'આવા સુંદર પત્ર તો આટલા બધા લખાયા અને આજ તો મુખથી અક્ષર પણ નીકળતો નથી!'

પ્રતિમા જેવીના મુખથી અક્ષર ન જ નીકળ્યો.

'કુમુદ! મારી કુમુદ —' સરસ્વતીચંદ્ર ઊભો થયો.

પોતાના નામાક્ષર પ્રિયમુખમાં સાંભળી મુગ્ધા આનંદમાં ડૂબી, નવીન ઉત્કર્ષતી ફૂલતી ધ્રૂજવા લાગી, અને પ્રિયને ઊઠતો જોઈ નિરુપાય બનતી લજ્જા શેરડારૂપે ગાલ ઉપર પડી તેના બળથી દીન બની. હતું એટલું બળ

બોલવાનું સાહસ કરવામાં અજમાવ્યું અને ઊંડા પાતાળમાં ઊતરી પડતી હોય એવો વિકાર અનુભવતી ધીમે સુંદર સાદે બોલી:

'આપે અત્રે રહેવાનો વખત ઘણો થોડો જ રાખ્યો.'

ચાંદીની ઘૂઘરીઓવાળા નૂપુરમાંથી રણકાર ઝીણોઝીણો નીકળે, મૂર્છના સમયે સારંગીના તાર રવ કરી રહે, તેમ શુદ્ધ મોતી જેવા — હીરા જેવા — દાંતની બેવડી તેજ મારતી શ્રેણી વચ્ચે થઈને અદ્ધર ટપકતા આ મધુર મિતાક્ષર સરસ્વતીચંદ્રના કાનમાં પેઠા અને તેના હૃદયસંપુટમાં સ્નેહસ્વાતિનાં મોતી પેઠે દૃશ્ય રીતે ભરાઈ ગયા. આ મંગળ સમયે તેના આખા મસ્તિકમાં આનંદતરંગની છોળો અથડાવા લાગી. ઘૂર્ણાયમાન થતી તેની વિકસતી આંખો અધ્ધર ઊડતા ચકોરની પેઠે લલનાના વદનચંદ્ર ઉપર જ ઠરી. માનસિક સ્નેહસંભોગના અનુભવથી નશો ચડ્યો હોય તેમ તે પાછો વેત્રાસન (ખુરશી) ઉપર ભારે સીસાની પેઠે પડ્યો, અને પડ્યાં પડ્યાં આઘે ઊભેલી કુમુદસુંદરીની સાથે તેણે કલાકેક સુધી નિર્દોષ પ્રમોદભર વાતો કર્યા કરી. પરંતુ તે કલાક જણાયો પણ નહીં. આખરે બાળક કુમુદસુંદરીએ મેડી બહારથી — કાંઈક કામ સારુ — કુમુદસુંદરીને બોલાવી લીધી એટલે વાર્તાનો અંત આવ્યો અને જાગેલા જેવો સરસ્વતીચંદ્ર ઘડીક સુધી બનેલો દુર્ઘટ બનાવ વસ્તુત: સાચો હતો કે સર્વ રમણીય સ્વપ્ન જ હતું તેનો નિર્ણય કરતો હોય તેમ એક વિરામાસન (વિરામખુરશી) પર અર્ધ ઉઘાડી આંખો રાખી ઘડીવાર પડી રહ્યો.

આંગળીવેઢે ગણાય એટલા દિવસ આવાં મનભર સ્વપ્નોમાં કાઢી સરસ્વતીચંદ્ર પાછો મુંબઈ ગયો. વિદ્યાચતુર સાથે તેને વાર્તાવિનોદ થતો તેમાંથી પણ કુમુદસુંદરી મોહિત થઈ ગઈ અને મુંબઈ પહોંચ્યાનો સરસ્વતીચંદ્રનો કાગળ આવ્યો તેના ઉત્તરમાં લાચાર બનેલી બાળકીએ લખ્યું કે 'તમારા ગયા પછી "એણે રે મને મોહની લગાડી — એણે તે મને મોહની લગાડી" એ પદ મારી જીભ ઉપરથી ખસતું નથી અને તે ગાતી ગાતી તમારી મૂર્તિ મારી દૃષ્ટિ આગળ ખડી કરું છું. મોહની શું તે હું હવે સમજી — મારા પિતાજી લગ્નનો દિવસ આવતા માઘ માસમાં રાખનાર છે જાણી મારો ઉત્સાહ માતો નથી!'

આવા પત્ર વરકન્યા વચ્ચે આવ્યા ગયા. કોઈ વિચારે કે કામ વિના આવા નકામા પત્રમાં તે શું ઘડીએ ઘડીએ લખવાનું હશે! એક લખે કે હું તારા વિના ઘેલો થયો છું અને બીજી લખે કે હું તારા વિના ગાંડી થઈ છું! 'બાળકનાં રમકડાં ને વરવહુના ટાયલાં' — એ ઉપમા ગંભીર વર્ગની દૃષ્ટિએ પડતી લાગે છે. પરંતુ તેમને ખબર છે કે દ્રવ્ય, કીર્તિ આદિ જે જે પદાર્થો ગંભીર વર્ગને મહાન લાગે છે તેને એ જ વરવહુ પોતાનાં પુનરુક્તિથી — पिष्टस्य पेषणथी — વધારે વધારે ગાઢ બનતા સ્નેહ આગળ ક્ષુદ્ર ગણે છે; ત્યારે બેમાં ખરું કોણ? ઉભય વર્ગની મનમાંની વસ્તુઓ સરખી જ રીતે — કલ્પનાએ ઉત્પન્ન કરેલી, મન, વાણી અને

કર્મને પ્રેરનારી, સમયને બળે બળવાળી, સ્વીકારનારને વહાલી અને સંન્યાસીને વર્જ્ય, સુખદુ:ખ આપનારી, ગણે તો સત્ત્વમાં સત્ત્વ જેવી અને ન ગણે તો મૃગતૃષ્ણિકા જેવી, અને ક્ષણભંગુર છે. હજારો લાખ્ખો રૂપિયા — એક વખત જનારા — તેને ફરી ફરી ગણી સંગ્રહી રાજી થવું, કીર્તિ સારુ ધુમાડાના બાચકા ભરવા, બૂલવા સારુ ભણવું, મરવા સરજેલાને સારુ મથવું, એ સ્નવમાં ને હૃદયના વિલાસમાં ફેર શો? સરસ્વતીચંદ્રનું વિરકતરંગી ચિત્ત નવીન અનુભવને વશ થતું થતું આવી રીતે વૃત્તિને અનુસરતું વાર્તિક રચતું હતું એ ભગવો પણ રાગ-રંગ છે તો બીજા રાગનો શા વાસ્તે તિરસ્કાર કરવો તે સમજવા પોતાની અશક્તિ કલ્પતું હતું. ક્ષુદ્ર ઉદર ઉપર સંસારનાં પડ બંધાયાં જાય છે તો અંત:કરણ ઉપર કેમ ન બંધાય? આવા આવા વિષયો શોધી કાઢી મુખથી ચંદ્રકાન્ત સાથે અને પત્રથી કુમુદસુંદરી સાથે સરસ્વતીચંદ્ર ચર્ચા ચલાવતો હતો અને એકના વ્યાવહારિક તથા બીજીના મુગ્ધા રસિક ઉત્તર ગ્રહી નવું શીખતો શીખવતો હતો, રસમાં લપટાતો હતો, પ્રથમના વિચાર સાપની કાંચળી પેઠે તજી દેતો હતો, નવો અવતાર ધરતો હતો, અને કુમુદસુંદરીના કોમળ અંત:કરણને અસ્વતંત્ર કરી નાખતો હતો. વૈરાગ્ય એટલે એક સત્ત્વમાં ચિત્ત પરોવી અન્ય વસ્તુમાત્ર ઉપર વિરક્ત રહેવું, એ વ્યાખ્યા પ્રમાણે પોતે હજી પણ વિરક્ત છે એવું નર્મવાક્ય પ્રસંગે પૂર્વાવસ્થાનું ભાન થતાં કહેતો, પરંતુ વર્તમાન અવસ્થાનું સ્વપ્ન દૂર થઈ શકતું નહીં. આ સર્વની છાયા મુગ્ધા પરના પત્રોમાં પડી રહેતી અને એકબે માસમાં તે મુગ્ધાના અંત:કરણમાં પણ એ જ છાયા સર્વ ભાગે ફળી રહી. નદીના નિર્મળ જળમાં આકાશનું પ્રતિબિંબ અનિવાર્ય અત્યાજ્ય થઈ પડી રહે તેમ સરસ્વતીચંદ્રના અંત:કરણનું પ્રતિબિંબ નિર્દોષ કન્યાની માનસિક સૃષ્ટિમાં સંપૂર્ણ અપ્રતિહત અને સર્વકાલીન અવકાશ પામી ગયું.

આણી પાસ ઈશ્વરે આ ખેલ રચ્યો અને બીજી પાસ બીજો રચ્યો. માનવી એક વાત ધારે તો ઈશ્વર બીજી ધારે.

ગુમાનનો પુત્ર હવે ઠળકો થવા આવ્યો હતો અને માના ચિત્તમાં સ્વાભાવિક અભિલાષ હતો કે પોતે સાસરે આવી ત્યારે સરસ્વતીચંદ્રને સર્વ તરફથી મળતાં જેટલાં લાલન (લાડ) જોયાં હતાં તેટલાં પોતાના પુત્ર ધનનંદનને મળે. પરંતુ કેટલાંક કારણોથી એની ઇચ્છા સફળ ન થઈ. સરસ્વતીચંદ્ર મોટો થયો તેમ તેમ તેના પિતાની આસપાસ રહેનારા પંડિતો વિદ્યામાં વધેલા સરસ્વતીચંદ્રની સંગતિ કરવા લાગ્યા. વળી કાળક્રમે તેમની પોતાની સ્થિતિ પણ વધવાથી તેઓ ધનવાન લક્ષ્મીનંદનનો આશ્રય છોડી સ્વાશ્રયી થયા હતા, એટલે તેનો ઉપકાર માનતા હતા ખરા પણ તેની પાસે મધુરકરવૃત્તિ કરવાનો અવકાશ ઓછો મળતો. તેમજ તેમની દૃષ્ટિને ઝાંઝવાં વાળતાં હવે લક્ષ્મીને વાર લાગતી હતી. એ સર્વ વર્ગમાં હજી સરસ્વતીચંદ્રને પ્રસંગ રાખવાનો અવકાશ અનેકધા હતો. તે ધારાશાસ્ત્રની પરીક્ષામાં સફળ

થઈ મુંબઈના વરિષ્ઠ ધર્માસનનો [૧] પક્ષવાદી[૨] બન્યો હતો અને પક્ષમંત્રી[૩] થવા અભ્યાસ કરતો હતો. પરંતુ તે અભ્યાસને ઉદર નિર્વાહનું સાધન કરવા તેની ધારણા ન હતી. પિતાના વ્યાપારભારમાં અવકાશને સમયે સહાયભૂત થવા યત્ન કરતો અને આખરે પક્ષમંત્રીની પદવી અલંકારસ્થાને રાખી વ્યાપારમાં ગૂંથાવા ઇચ્છતો હતો. પરંતુ આ સમયના ઘણાક વિદ્વાન ગૃહસ્થો સાથે તેને પ્રસંગ પડતો હતો. ઘણીક સભાઓમાં એ અંગભૂત[૪] હોવાથી આ પ્રસંગનાં સ્થાન અનેક થયાં હતાં. પિતાના વિદ્વાન મિત્રોમાં પરિચય હતો તે તો આ ઉપરાંત. પુત્રને આ લાભ થયો તે પિતાને ઓછો થયો. લક્ષ્મીનંદનની આસપાસ હવે માત્ર દ્રવ્યવાન અને દ્રવ્યાર્થી વર્ગ જ રહ્યો, કારણ વિદ્વાનો પુત્રની આસપાસ ભરાયા, અને વિદ્વાનવર્ગમાં તે ઘણેક સ્થળે પોતાના નામને ઠેકાણે 'સરસ્વતીચંદ્રનો પિતા' એ નામે ઓળખાવા લાગ્યો. ઈર્ષ્યાવાળી પણ કાંઈક બુદ્ધિશાળી ગુમાનને આ સર્વ વિપવર્ય જણાયો અને તે બળવા લાગી, કારણ આ સર્વ હાનિ અંતે ધનનંદનને જ છે એવું તેના મનમાં આવ્યું. પોતાના બાળકને વારી રાખતી તોપણ તે સરસ્વતીચંદ્ર પાસે જઈ બેસતો અને રમતો, એથી ગુમાન પ્રસન્ન થવાને બદલે વધારે વધારે ખીજવાઈ. એવામાં સરસ્વતીચંદ્ર પક્ષમંત્રીની પરીક્ષામાં સફળ થયો, લક્ષ્મીનંદન પણ મોટા પુત્રની સ્તુતિ કરવા લાગ્યો, અને તેને વ્યાપારમાં પોતાનો સાથી કર્યો. તે જોઈ ગુમાનની અમૂંઝણનો પાર રહ્યો નહીં. અધૂરામાં પૂરી ડોશી પણ ઉઘાડો આનંદ બતાવતી અને વહુના ઈર્ષાજ્ઞિનના સચેત અંગારા પર પવન નાખ્યા જેવું કરતી. 'મૂઓ, આ છૈયો — પેલાના ખોળામાં જ જઈને બેસે છે' એવું વચન એક વાર તેના મુખમાંથી નીકળી ગયું તે ડોશીને કાને પડ્યું અને ગુમાન મોંની મીઠાશ રાખતી તે પણ ધોવાઈ ગઈ.

ઘરમાં જેમ ગુમાનનાં માણસો હતાં તેમ ડોશીનાં પણ હતાં. સરસ્વતીચંદ્રની જે જે વાતો ગુમાન લક્ષ્મીનંદનને મોઢે કરતી તે ડોશીની પાસે આવ્યા વિના રહેતી નહીં, અને પૌત્રને તે સર્વ પોતે કહી દેતી. આ વાતો સાંભળી ક્ષોભ પામ્યા વિના સરસ્વતીચંદ્ર ડોશીને ટાઢી પાડતો હતો.

લક્ષ્મીનંદન અને ગુમાન એકલાં પઢતાં કે ગુમાનનું ભાષણ ચાલતું પણ વાળુ કરી પરવારી પથારીમાં થાકીપાકી સૂએ તે સમય ભાષણને વાસ્તે વિશેષ અનુકૂળ પડતો. પતિને હાથે દબાતા સ્ત્રીકંઠમાંથી જીભ વધારે વધારે નીકળતી. સ્વાર્થી પુરુષ તે જીભના જોરથી દબાઈ જતો. નિર્લજ્જ વક્ષઃસ્થળ નીચે અસત્ય વધારે વધારે ભરાતું. આખા દિવસના શ્રમિત અને વિરામ શોધતા ચિત્ત પર ઉશ્કેરાયેલા ઉશ્કેરતા ભાષણની અસર નિરંકુશ થતી. અને નિશા— ગુરુ બનેલીના ઉપદેશને તરત તો ચેલા જેવો લક્ષાધિપતિ હાએ હા ભણતો.

પ્રતિદિવસ ભાષણ કરવા સારુ ગુમાનને કંઈ કંઈ પણ વિષય જડતો જ; અને આંસુ, રોષ, મહેણાં ઇત્યાદિ અસરકારક અલંકારોનો ભંડાર તેની

પાસે અક્ષય હતો. કાલિદાસ કરતાં પણ તેની ઉપમાઓ વધારે સ્ફુટ હતી. બાણના કરતાં પણ તેની કથા વધારે સારી રીતે સંકલિત રહેતી.

સરસ્વતીચંદ્રે ઘરના વ્યાપારકાર્યમાં સારી પ્રવીણતા થોડાક કાળમાં મેળવી અને તેની સુજનતાથી પરભાર્યા તથા હાથ નીચેનાં સર્વ માણસો તેને પ્રીતિવશ થયાં. પિતાનો ભાર થોડાક કાળમાં પુત્રે પોતાને શિર લઈ લીધો. એમાંથી ગુમાનના ભાષણોને એક વિષય મળ્યો. સરસ્વતીચંદ્રને ઘરમાં સર્વ 'ભાઈ' કહી બોલાવતાં અને ભાઈના સામી ફરિયાદો ગુમાનની શય્યા પર દૈવકોપદર્શક ધિમેલોની પેઠે ઊભરાવા લાગી.

'શી વાત! હવે તમને તો જાણે કોઈ પૂછતું જ નથી! ઘરમાંયે ભાઈ અને બહાર પણ ભાઈ! ભાઈ કરે તે ખરું — તે જ થાય. અમને તો કોઈ પૂછે નહીં એમાં નવાઈ નહીં — પણ તમનેયે હવે તો પૂજે તો દેવ નીકર પથ્થર! તમને કાંઈ તેની ચિંતા છે? બે આંખની શરમ. તમે માથે છતાં અમારી આ સ્થિતિ તો પાછળ તો ઈશ્વર કઢાવે એ દિવસ ખરા. જુઓ છો કની પેલી બાપડી દુર્ગાની કોઈ આજ ખબર પણ પૂછે છે?

'હવે થવાનું એમ કે ભાઈ આખું ઘર સંભાળશે અને અમે એનાં ચાકર થઈ રહીશું, પણ કોનો વાંક કાઢું? તમે જ આવા એટલે કોઈને શું કહું? પણ સરત રાખજો ને મને સંભારજો કે ભાઈ તમને પણ પાંદડે પાણી પાશે. તમે વિશ્વાસુ છો અને એ આજકાલના અંગ્રેજી ભણેલાઓ ન દેવને ગાંઠે તો માબાપ તે શા લેખામાં? ઘર, દરદાગીનો અને વેપાર સૌ હાથ કરી લેશે એઠલે તમે માળા જપજો — કાકા મટી ભત્રીજા થજો — અને હું અને મારો ધન —' એમ કરી ડૂસકાં ભરવા લાગી.

'જો આવો જ સ્વભાવ રાખવો હતો તો પરણ્યા શું કરવાને જે? હું મારે કોઈ ન મળત તો દળણાં દળત પણ આમ કોઈનો ઓશિયાળી થવાનો વખત તો ન આવત! આ તો કાંઈ જોઈએ તો ભાઈ વગર થાય નહીં. પેટના દીકરાનુંયે આટલું ઓશિયાળું તો ન હોય.

'જો મારું સાંભળો. એ કાયદા જાણે છે — સૌ એના છે. છાપાંવાળા અને હાઈકોરટના જડજોયે એના. ઘરમાં પેસી બધું જાણી લઈ લેશે ને પછી તમે પંચાત કરશો તો ભાગ લેવા ફરિયાદી કરશે કે પછી એના હાથમાં હશે તો તમારે જ ફરિયાદી કરવા વેળા આવશે. માટે ચેતો! વેળાસર ચેતો! હજી વખત છે. એનું આપ્યું આપણે લઈએ એના કરતાં તમારું આપ્યું એ લે એવું કરો — કે પાછળની ચિંતા નહીં. પણ હું જાણું જ છું તો. એ હોય એટલાં કાંઈ અમે હઈએ! ભાઈનો બોલ પડતાં માણસો ઉપાડી લે છે. એમાં કાંઈ નવાઈ છે! તમારે જ મન એ સોનું ને અમે રાખ. પાછળ મારું રાંડનું ગમે તે થાઓ! એની કાંઈ તમને ચિંતા!'

ઉદાર, સુશીલ, અને પ્રવીણપુત્રીની સત્તા સર્વના મન પર જામી ગઈ હતી અને તેમ થવાનું કારણ વિચારવું વીસરી જઈ પિતાએ ફળની સ્થિતિ

સ્ત્રીના કહ્યા પ્રમાણે દીઠી અને સ્ત્રીના ભાષણમાં કાંઈક સત્ય લાગ્યું. આવાં આવાં નિશાભાષણ કાળક્રમે પથ્થરને પ્રહારથી રેતી કરી દેતા સમુદ્રના તરંગની પેઠે એક પછી એક ચડિયાતાં બની નિત્ય ઊછળતાં અને અસર કરતાં. પોતાના કાર્યમાં પરોવાયેલું લક્ષ્મીનંદનનું મન આવા આવા વિષયો પર વિચાર કરવાનો અવકાશ પણ ન પામતું, કંટાળવા છતાં, સ્ત્રીને ધુતકારી કાઢવા છતાં, અને તેની વાર્તા ન માનવાનો નિશ્ચય વારંવાર કરવા અને કહેવા છતાં, રાત્રિ પડ્યા પછી પણ પશ્ચિમાકાશમાં રઝળતાં સૂર્યકિરણની પેઠે ગૂંચવાયેલા મસ્તિકમાં ગૂંચવાઈ ભરાઈ રહેતી ફરિયાદો પુરુષના મનમાં રહી જતી; સત્યાસત્ય શોધવાનો પ્રસંગ દૂર રહેતો; પુત્રની પરોક્ષે થતા વર્તમાનનું તારણ (ખુલાસો) પુત્ર કરી શકતો નહીં; અને અંતે ઊધઈ લાકડાને આરપાર કોતરી ખાય તેમ સ્ત્રીની નિષ્કંટક જીભે પુરુષના મસ્તિકને નિ:સત્ત્વ કરી દીધું.

એક દિવસ સંધ્યાકાળે શેઠ થાકીપાકી ઘેર આવ્યા અને શયનગૃહમાં સ્ત્રીને ન દેખી 'નિરાંત' થઈ જાણી એક આરામખુરશી પર બેસી ચાકર પાસે ખાવાનું મંગાવી થાક ઉતારવા લાગ્યા. એવામાં ગુમાન જ ખાવાનું લાવી થાળી ધરી ઊભી. શેઠના પેટમાં 'વળી હવે શું મહાભારત નીકળશે.' વિચારી ફાળ પડી, પણ કોઈ બોલ્યું નહીં અને શેઠે ખાવા માંડ્યું. પણ ઈશ્વરલીલાને બળે અકળાયેલા મનમાં પણ પુત્ર રહેતો અને શેઠે પૂછી જવાયું:

'ભાઈ આવ્યો? ખાધું એણે કાંઈ?'

અજાણતાં પણ દોષ થતાં કોઈ મેલી માતાને કૂડું પડે તેમ આટલા ઉચ્ચારના ફળમાં શેઠે કાંઈ નવું જ — મોટું — ભાગવત સાંભળવાનું હોય અને તેનું મંગળાચરણ થવા માંડતું હોય તેમ સાંભળવા માંડ્યું. મેં 'કીલોત્પાટી વાનર'નું કામ કર્યું એમ શેઠને સ્પષ્ટ લાગ્યું અને પસ્તાવા લાગ્યા. ગુમાન ઊતરી પડી:

'આ શા ભાઈ ઉપર ઉમળકા? ભાઈ તો આવ્યાયે ખરા અને બાપના પહેલાં ક્યારનું ખાઈને બેઠા છે. બાપને ભાઈ ભાઈ થઈ રહ્યા છે. ભાઈને તો બાપ લેખામાંયે નથી. ભાઈ તો બેઠા બેઠા કાગળો આવ્યા છે વહુના તે વાંચે. એમને પરણ્યા પહેલાંથી વહુ વહુ છે અને તમારે મન તો હજીયે ઠીક જ છે. કોણ જાણે ક્યાંથી લોકો જૂઠું જૂઠું ગાય છે કે:

'બીજ વરની પરણી મહાસુખ પામશે!'

અંગ્રેજ લોક કહે છે કે હિંદુઓમાં સ્ત્રીઓને સ્વતંત્રતા નથી. પણ આવા ધનાઢ્ય અને વયવાળા પ્રતિષ્ઠિત ધણીને પોતે આ ધમકાવે અને શેઠ સાંભળી રહે એ ગુમાનની સ્વતંત્રતામાં શું કાંઈ ન્યૂનતા છે? વિલાયતથી આવેલો એક તાર લઈ શેઠને આપવા આવેલો એ ગુમાસ્તો આવો વિચાર કરતો કરતો તાર આપી પાછો ગયો.

શેઠ તાર વાંચે છે એટલામાં થાળી પાછી મૂકી આવી રસ્તામાં પડતી એક બારીની જાળીને અઠીંગી ગુમાન ઊભી રહી અને તાર વંચાઈ રહ્યો એટલે પાસેથી એક કાગળ કાઢી આપ્યો. શેઠે પૂછ્યું: ‘કોનો કાગળ છે આ?’

‘આ જુઓ તો ખરા — ભાઈએ કાગળ લખ્યો છે વહુ ઉપર — તમે કોઈ દિવસે મને એવું એવું લખ્યું?’ સરસ્વતીચંદ્રના ટેબલમાંથી ચોરેલો એક કાગળ શેઠને આપી ગુમાન બોલી. શેઠ કાગળ લઈ, ગુમાન ભણી કતરાતી કોપાયમાન આંખે જોતા જોતા ઊંડા વિચારમાં પડ્યા અને આખરે ગાજી ઊઠ્યા:

‘ક્યાંથી આણ્યો કાગળ આ? આવું કામ કરે છે? આ કાગળ મને વંચાવતાં શરમાતી નથી?’

રજ પણ ગભરાયા વિના શાંતિ રાખી ગુમાન બોલી: ‘હું જાણું છું કે એ કાગળ તમને વંચાવવો ન જોઈએ, એટલું જ નહીં પણ મારેયે વાંચવો ન જોઈએ, એટલું તો હું સમજું છું. પણ આ તો ભાઈની ખૂબી બતલાવવા આણ્યો છે. કાંઈ ચોરીને આણ્યો નથી. ભાઈએ લખીને મૂક્યો હશે તે વાથી ઊડતો ઊડતો મારી મેડીમાં આવ્યો. આપવા જાઉં તો મારે માથે ચોરી મૂકે. માટે તમને આપું છું અને મરજી પડે તે કરો. પરણ્યાં તો આપણેયે છીએ અને હુંયે ભાઈ કરતાં બે વર્ષે નાની છું — પણ આજથી આવા બાયલા કાગળ લખવા ન ઘટે. બાયડી તે ભાઈને જ હશે કે બીજા કોઈનેયે હશે?’

શેઠ જશ શાંત પડ્યા, પણ ક્રોધ ઊતરતાં ઊતરતાં કંઈક વાર લાગી અને એટલામાં કાગળના અક્ષરો ઉપર કાંઈક દૃષ્ટિ પણ પડી હશે. અંતે ધીમા પડી બોલ્યા, ‘એ ગમે તેવા કાગળ લખે તેમાં તારું શું ગયું? હોય, છોકરાં છે તે ગમે તે કરે. કોઈ પારકી બાયડીને તો નથી લખ્યો?’

‘હા એ ખરું. મારો કાંઈ દોષ હોય ત્યારે હું ઘરડી અને ભાઈ વાંક કરે તો બાળક. પણ હશે એ તો જે હોય તે. હું તો કાંઈ કામસર બતાવું છું તે જુઓ જોવું હોય તો. ન જોવું હોય તો મરજી. અમારો કોઈ ભાવ પૂછનાર છે?’ — કહી ડૂસકાં ભરતી પાછી ફરી અને જવા લાગી.

શેઠે તેને ગણકારી નહીં, જવા દીધી અને તારમાં મન પરોવતા પરોવતા બડબડ્યાં: ‘કોણ જાણે આ ઈશ્વરે તે બૈરાંની જાત ક્યાંથી કરી હશે? મૂર્ખ — મૂર્ખ — છેવટ સુધી મૂર્ખ — નખથી તે શિખા સુધી મૂર્ખ!’ ગુમાન મૂર્ખ જ છે એટલું શેઠને ભાન હતું — તે શઠ નથી એવું સ્વાભાવિક પક્ષપાતે મનમાં વસાવ્યું હતું. મૂર્ખતા માફ કરવા લાયક લાગતી પણ કોઈ વાર તો કટાંળતા.

પોતાને ગાંઠી નહીં — શેઠ મનાવતા નથી — જાણી ગુમાન મિષ કાઢી આંખો લોહતી લોહતી પાછી આવી અને બારણામાં ઊભી. શેઠનું ચિત્ત

તારમાં હતું. લક્ષ ખેંચવા ઊભી ઊભી ડૂસકાં બંધ કરવા પ્રયત્ન કરતી દેખાવા લાગી, કમાડ ઉઘાડ અડકાવ કરવા લાગી, અને ઊંડા સંભળાય એવા નિ:શ્વ1સ મૂકવા લાગી. શેઠને તેનો ઘસારો લાગ્યો, તેના ભણી નજર કરી, અને જરાક દયાનો અંશ ઉત્પન્ન થતાં પૂછ્યું: ‘કેમ અહીંયાં ઊભી છે? આવ, આવ, હવે. છાની રહે. જો, હવે આવું કામ ન કરીશ. એમાં રડે છે શું? આ કાગળ બતાવ્યાથી તને શું ફળ હતું?’

ગુમાન પાછી આવી — આંખો ફુલાવી શેઠના સામી ખુરશી પર બેઠી. શેઠને દયા આવી. જાતે ઊઠી બારણું વાસી ગુમાન બેઠી હતી તેની સાથે તેની તે ખુરસી પર બેઠા અને મનાવવા લાગ્યા. ગુમાને ખેલ જોઈ બમણું માન ધાર્યું અને આખરે બોલી:

‘હા, અમારે શું? જુઓ, તમને તો એક કાગળ આપ્યો છે. પણ વહુ જોઈએ તેવી મળી છે. ટપાલવાળો ભૂલમાં ભાઈનો કાગળ મને આપી ગયો અને મેં ભૂલમાં ને ભૂલમાં મારો જાણી ફોડ્યો. જુઓ, આ વહુયે કેવી પક્કી છે? એનાં મૂળ ઊંડાં છે. બાયડીનો સ્વભાવ તમે ભોળા ભાયડાઓ ન સમજો. અમે સમજીએ. આજથી આટલું ભાઈને ફોસલાવે છે તે અગાડી જતાં કેવી નીકળશે? ભાઈ એને વશ આટલા થઈ ગયા છે તેનું તો ઠેકાણુંયે નહીં રહે અને અમે સૌને વશ થઈ જઈશું. સસરા સાથે પણ ભાઈને કાગળ લખવાનું ચાલે છે. રજવાડાના લોક કેવા લુચ્ચા છે તે તમે જ મને તે દિવસ કહેતા હતા. વળી અંગ્રેજી ભણેલું માણસ કોઈનું નહીં. વખત આવ્યે પોત પ્રકાશે. આજ તો તમે કમાઓ છો — તમારું ચાલે ને મારું રાજ્ય હોય તેને સટે આ તો ઊલટી જ કથા છે! એ ભાઈનો તમને વિશ્વાસ!’

દયામણે મોંએ આ ભાષણ નીકળ્યું જોઈ શેઠ નરમ થરા અને બોલ્યા: ‘વારુ, પણ તેમાં આટલું બધું શું?’ પાસેના કાગળોમાં એવું શું છે જે — હોય, એ તો જુવાન છોકરાં જરી લખે ગાંડુંઘેલું.’

‘એમ કેમ? એ ભાઈના હાથમાં બધું સોંપો છો તે પછી મારા ધનની શી વલે — ને મારી શી વલે — થવાની તે કંઈ વિચાર કર્યો?’

‘એટલું જ કેની?’

‘તે એ ઓછું છે? — તમારે મન તો કાંઈ નહીં હોય!’

‘વારુ — વારુ એ તો થઈ રહેશે.’ કહી ગુમાનને હસાવી પટાવી રમાડી બારણું ઉઘાડી શેઠ બહાર ગયા.

આણીપાસ સરસ્વતીચંદ્રના મનમાં કુમુદસુંદરી રમી રહી હતી અને લગ્નનો દિવસ પાસે આવતો જાણી આનંદમાં રહેતો. પિતાના વ્યાપારનો ધણીરણી પોતે જ થઈ રહ્યો હતો અને પિતાનું દ્રવ્ય સ્વેચ્છાએ ખરચે તો કોઈ ના કહે એવું નથી તે પોતે જાણતો. પરંતુ ચંદ્રલક્ષ્મીને [૧] તેનાં માબાપ પાસેથી તેમ જ લક્ષ્મીનંદન પાસેથી અલંકાર અને ઘણુંક દ્રવ્ય મળેલું હતું

અને બધો મળી તે સંચય લાખેકના સુમારનો હતો. સરસ્વતીચંદ્ર વયમાં આવતાં આ સર્વ તેના હાથમાં આવ્યું હતું અને પિતાના દ્રવ્યને અડકવા કરતાં ચાલતા સુધી પોતાના જ આ દ્રવ્યમાંથી વ્યય કરતો. વાલુકેશ્વરની ટેકરી ઉપર પિતાના બેત્રણ બંગલા હતા તેમાંથી એક બંગલો એને સોંપવામાં આવ્યો હતો. આમ અગ્રભાગે એક પ્રધાનખંડ [2] હતો તેમાં કાંઈ વધારોઘટાડો કરી પાંચછ હજારનું ખરચ કરી મનસ્વી રીતે તેણે એ શણગાર્યો અને એક ભીંત ઉપર કુમુદસુંદરીની એક મોટી છવિ (છબી) રંગાવી એક રમણીય હાથીદાંતના આસનમાં જડાવી મૂકી. તે આસનની ચારેપાસ કોતરકામ હતું અને તેમાં તથા છવિમાં મળી બેચાર હજારનું ખર્ચ થયું. ચંદ્રકાન્ત ખભા ઉપર હાથ મૂકી સરસ્વતીચંદ્ર જુગના જુગ વીતતા સુધી એ છબી સામું જોઈ રહેતો અને આનંદમય અનિમિષ બનતો. તેનો ભૂતકાળનો વૈરાગ્ય સંભારી ચંદ્રકાન્ત મિત્રની પુષ્કળ મશ્કરી કરતો. સરસ્વતીચંદ્ર ઉત્તરમાં માત્ર હસતો જ. તે પોતાની પત્નીવ્રત વૃત્તિને શ્લાઘ્ય ગણતો અને તેને સતેજ કરવી એ પોતાનો ધર્મ ગણતો. વિચાર વૃત્તિને જ અનુસરે છે. કાંઈ અધૂરું હોય તે પૂરું કરવાને સરસ્વતીચંદ્રે એક હીરાની મુદ્રા કરાવી.

આ મુદ્રામાં એક સુશોભિત પાસાંવાસો જળ જેવો નિર્મળ મોટો હીરો ચળકતો હતો અને તેને એક સુંદર સોનેરી આસનમાં જ ડ્યો હતો. વળી એવી ગોઠવણ કરી હતી કે આસન એક ચાંપવતે ઊઘડતું હતું અને ઊઘડતાં બીજી પાસ એક સૂક્ષ્મ મિજાગરાના આધારે હીરા સહિત છૂટું ન પડતાં લટકતું રહેતું. તે આસન ઊઘડતાં નીચેના આસનમાં ઉપરના હીરા જેટલી જ જગામાં સરસ્વતીચંદ્રના ઉત્તમાંગની [3] એક સૂક્ષ્મ સુંદર હસતી છબી હતી. ઉપલું આસન બંધ હોય ત્યારે આ છબી દૃશ્ય રહેતી. આ મુદ્રા કુમુદસુંદરીને મોકલવા ધારી અને તેનું મૂલ્ય પાંચ હજાર રૂપિયાનું થયું. આમ સૌ મળી પંદરવીસ હજાર રૂપિયા ખરચી નાખતાં લક્ષાધિપતિના પુત્રે કાંઈ આંચકો ખાધો નહીં. કુમુદસુંદરીને સારુ આટલું ખરચ કરવું તેમાં એને કાંઈ મોટી વાત લાગી નહીં. ચંદ્રકાન્ત મોંએ તેને ઘેલો થઈ ગયો કહેતો પણ મનમાં તેની સ્ત્રીભક્તિની પ્રશંસા કરતો અને મનમાં ને મનમાં જ કહેતો કે ‘આહા! મોટાનું ભાગ્ય મોટું જ! આટલું દ્રવ્ય, તે છતાં આટલું નિર્મળ અને નિરભિમાની મન. આટલી વિદ્યા, આટલી કીર્તિ, આવી કન્યાનો યોગ, તેના ઉપર આવી પ્રીતિ! — કેવો ભાગ્યશાળી મિત્ર! — ઈશ્વર એનું ભાગ્ય અખંડ રાખો!’ તેને બિચારાને ખબર ન હતી કે ભાગ્યના જ પ્રસાદને દુર્ભાગ્યનું નિમિત્ત થઈ પડતાં પળ પણ વાર નથી લાગતી. આ સંસારરૂપી ચોપટમાં ભાગ્ય— દુર્ભાગ્ય એ એક જ પાસાની બે જુદી જુદી બાજુઓ છે.

આ સર્વ સમાચાર ગુમાનને કાને ગયા. તેણે શેઠને કહ્યા અને ભાઈ સ્ત્રીવશ બની સર્વ દ્રવ્ય વેડફી મારશે તે પ્રત્યક્ષ દૃષ્ટાંતથી સિદ્ધ કરી આપ્યું.

આવા વિષયોમાં શેઠે પણ કદી આમ દ્રવ્ય ખરચ્યું ન હતું અને તેને પણ પુત્રનો વ્યય વિવેક વિનાનો લાગ્યો. ‘તમે જે સોંપ્યું છે તેનો આ ઉપયોગ તો દેખીતો છે — બીજો આપણી દૃષ્ટિ બહાર પણ કેટલો હશે તે તો ખબર જ શી રીતે પડે? આ તમારા વિશ્વાસનું ફળ!’ આમ ગુમાને સૂચવ્યું અને ચંદ્રલક્ષ્મીવાળા દ્રવ્યમાંથી આ ઉપયોગ થયો હશે તે તો શેઠને સાંભર્યું જ નહીં. તેમનો મિજાજ ગયો પણ દેખીતો વશ રાખ્યો.

વૃદ્ધ પિતામહી, ગુમાનનાં સર્વ કાર્યસ્થાન (કારસ્તાન) શોધી કાઢી સરસ્વતીચંદ્રને એકલો બોલાવી, ગુપચુપ વાતો કરી કહી દેતી અને એ સર્વ વાત સાંભળી રહેતો. પિતામહીને શાંત પાડતો. પણ ગુમાનની દુષ્કૃતિ અને શેઠની ફરતી વૃત્તિ જાણી અંતરમાં ખિન્ન થયા વિના તેનાથી રહેવાતું નહિ. પિતામહીના મનમાં એમ નકકી આવ્યું કે લક્ષ્મીનંદન આખરે મોટા પુત્રને રઝળાવશે. આનો ઉપાય પોતે તો શો કરે પરંતુ પોતાની પાસે પણ લાખ પોણા લાખનો સંચય હતો તે મોટા પૌત્રને આપી દેવા ઇચ્છા જણાવી. સરસ્વતીચંદ્ર તે સાંભળી જરી હસ્યો અને કહ્યું કે ‘માજી, ઈશ્વર સર્વની તેમ મારી સંભાળ રાખશે જ. તમારા વિચારનો નિર્વાહ (અમલ) કરવાથી પિતામાતા વધારે કોપશે, કુટુંબમાં કલેશ વધશે, અને મારે માથે વિશેષ આરોપ આવશે, માટે વધારે સુતર તો એ છે કે એ સર્વ નાના ભાઈને મૃત્યુપત્ર કરી આપો. એટલે સૌ આજ તમારા હાથમાં રહેશે, પિતામાતા પ્રસન્ન થશે અને ગુમાનબાએ જે વિપરીત ભાવ આરંભ્યો છે તે મૂકી દેશે.’ આ વાત ડોશીને ન ગમી. આમ કરવાથી શેઠ કે ગુમાન સરસ્વતીચંદ્રનો પાડ માનશે નહીં અને ગુમાન એટલાથી અમીદૃષ્ટિવાળી નહીં બને અને મોટા પૌત્રની હરકત દૂર નહીં થાય એમ ડોશીના મનમાં આવ્યું. તે બીજો ધંધો કરી રળી ખાય એવી તેની તાકાત ડોશી જાણતી હતી, પણ એવા કુળના દીવાને કુળમાંથી કંઈ નહીં મળે એવી શંકા ઊપજવાથી તેના મનમાં ઓછું આવતું અને રોતી. કારણ પોતાના વિચાર સાધવામાં સરસ્વતીચંદ્ર જ વચ્ચે આવતો દેખી ઉપાય ન સૂઝ્યો. એમ કરતાં કરતાં પૌત્ર બહાર ગયો હતો એવે સમયે ચંદ્રકાંતને એકાંતે બોલાવી તેની સહાયતા માગી.

ચંદ્રકાન્તે ડોશીની વાર્તા સાંભળી અને તેને એ સ્વીકારવા યોગ્ય લાગી. પણ ડોશીની યોજના પાર પડવી કઠિન હતી તે પણ તે સમજતો હતો. એક સમય એવો હતો કે જ્યારે સરસ્વતીચંદ્રના મનમાં એવો સંકલ્પ થવા ઉપર હતો કે ચંદ્રલક્ષ્મીવાળું સર્વ દ્રવ્ય કંઈક દેશોન્નતિને અર્થે રોકી દેવું, પિતાનું દ્રવ્ય પિતામહોપાર્જિત હતું તેમાં પોતાનો ભાગ હતો તેના ઉપરથી પોતાના સ્વત્વનો (માલકીનો) ન્યાસ [૧] કરવો, પોતે ભગવાં ધારણ કર્યા વિના પણ અજ્ઞાત વેશે સાધારણ વર્ગમાં ભળી જઈ દેશાટન કરવું, લોકઅનુભવ અને ઈશ્વર શોધવો, અને ત્રણચાર વર્ષમાં પાછાં ફરી કોઈ ઠેકાણે સ્થિર રહી અવલોકન અને અનુભવનું ફળ લોકના ઐહિક અને આમુત્રિક કલ્યાણ અર્થે કેમ વાપરવું તે વિચારી તે પ્રમાણે યથાશક્તિ શાંત પણ ગુરુ યત્ન

કરવો. આ સંકલ્પનો નિર્વાહ કરવા જતાં તરત તો સુધરેલાઓમાં અપકીર્તિ થશે અને પિતાને અત્યંત ખેદ થશે એમ તેને લાગ્યું. અંત:કરણનું પરમાર્થે ઇષ્ટ કરવા જતાં પરોક્ષ અથવા પ્રત્યક્ષ અપકીર્તિ થાય તે તો તેને ગાંઠવા જેવી લાગી નહીં પણ પિતાને કેટલો ખેદ થશે એ વિચારી તેણે એ સંકલ્પ છોડી દીધો હતો. આ સર્વ ચંદ્રકાન્ત જાણતો હતો અને તેથી તથા પોતાના બીજા અનુભવ ઉપરથી તેના મનમાં સિદ્ધ હતું કે ડોશીની યોજના પાર પાડવામાં સરસ્વતીચંદ્ર પોતે જ અનિવાર્ય વિઘ્નરૂપ થઈ પડશે. યોજના પણ થયા પહેલાં સરસ્વતીચંદ્રને માલૂમ ન પડે અને પૂર્ણ થયા પછી માલૂમ પડતાં નિષ્ફળ કરી શકે નહીં એવી યોજના રચવાનો માર્ગ ચંદ્રકાંતે શોધવા માંડ્યો. ચંદ્રકાંત પોતે વ્યવહારિક દૃષ્ટિ-વૃત્તિવાળો હતો અને મિત્રની સ્વાર્થસંન્યાસી વૃત્તિને લીધે એના ઉપર વધારે દૃઢ પ્રેમ રાખતો; તોપણ એ જ વૃત્તિથી આવું રત્ન વૈરાગ્યમાં ડૂબી અપ્રસિદ્ધતાના અંધકારમાં લીન થઈ જાય, નિર્ધન અવસ્થાનું દુ:ખ પોતે અનુભવ્યું હતું તેવી જ અવસ્થામાં આટલો અઢળક ભડાંર મૂકી આવી પડે, અને સંસારની — સુધારાની — મોહક માયા મૂકી આટલી વિદ્યા અને કીર્તિને અંતે સુધારાવાળામાં અપકીર્તિનું — તિરસ્કારનું પાત્ર થાય: આ સર્વ સ્નેહથી ઊભરાતા ચંદ્રકાન્તને મર્મચ્છેદક થઈ પડે એવું હતું અને તેનો વિચાર કરતાં, તેની કલ્પના જ દારુણ દુ:ખમાં પડ્યા જેવો થતો. કોઈ પ્રસંગે પણ મિત્રની દબાયેલી વૃત્તિ પાછી ઊછળશે એવો તેને ભય રહેતો, પણ કુમુદસુંદરી પર ઉત્પન્ન થયેલા મિત્રપ્રેમની રમણીય વૃદ્ધિ જોઈ તે નિર્ભય થયો હતો. તોપણ પ્રથમ થયેલો વૈરાગ્ય અને પાછળનો સ્નેહ બેમાં કાંઈક અવર્ણનીય સામાન્યતા જણાતી, અને તેથી કોઈક પ્રસંગે પોતાના પૂર્વસંસ્કાર જાગતાં કુમુદુસંદરીને સાથે લઈએ જ સરસ્વતીચંદ્ર વાનપ્રસ્થ સ્વીકારે એવો ચંદ્રકાંતને અંત:કરણમાં ઝાંખો આભાસ થઈ આવતો અને તેથી જ ડોશીની યોજના પાર પાડવાનો પ્રસંગ ન ચૂકવા તેની વૃત્તિએ તેને અતિબળથી ઉશ્કેર્યો.

ડોશીએ પોતાની મિલકત કોઈ વિશ્વાસપાત્ર માણસને નામે ચડાવી સોંપી દઈ તેને વહીવટદાર નીમવો, અને તે વહીવટદાર ડોશી જીવતાં સુધી ડોશીને તેનું ઉત્પન્ન આપે, અને તેના મરણ પછી સરસ્વતીચંદ્ર અને તેની સ્ત્રીને નામે એ દ્રવ્ય ઉપર સામાયિક સ્વત્વનો લેખ કરી તેમને આપે એવી વ્યવસ્થા કરવાની ડોશીને સલાહ મળી. સ્ત્રી ન હોય તો સરસ્વતીચંદ્રને એકલાને આપવાનું ઠર્યું. સ્ત્રીના નામનું દ્રવ્ય સરસ્વતીચંદ્ર પોતાની ઇચ્છા પ્રમાણે વાપરશે નહીં એવી ચંદ્રકાંતની ખાતરી હતી. પણ વહીવટદાર કોને નીમવો તે શંકાનું સમાધાન થયું નહીં. ડોશીએ આ કામ ઉપાડવા ચંદ્રકાંતને જ કહ્યું અને ઘણા વિચારને અંતે મિત્રના હિતનો બીજો રસ્તો ન દેખતાં તેણે સ્વીકાર્યું. આ વિષયનો લેખ વિધિવત્ સંપૂર્ણ થયો, સરસ્વતીચંદ્રને તેની જાણ પડવા ન દીધી, સારા પ્રતિષ્ઠિત મનુષ્યોને સાક્ષી કરવા બોલાવ્યા અને અંતે લક્ષ્મીનંદનને અચિંત્યો ડોશી દ્વારા બોલાવ્યો. સર્વ દેખતાં કાંઈ

બોલ્યચાલ્યા વિના કારણ બતાવ્યા વિના ડોશીએ લક્ષ્મીનદનને ગંભીર મુખાકૃતિ ધારી લેખ આપ્યો અને તે ઉપર પોતાના સહી નીચે સંમત (મતું) કરવા કહ્યું અને તેની આંખો સામું તાકીને જોઈ રહી. પોતાની આજ્ઞાના ઉત્તરમાં આજ્ઞાના પાલન સિવાય બીજો ઉત્તર આપવા પુત્રની તાકાત શૂન્ય થાય એવો પ્રતાપ માતાએ ધારી દીધો, સર્વ મંડળ બે જણના સામું શું થાય છે તેની જિજ્ઞાસાથી જોઈ રહ્યું. શેઠે લેખ વાંચ્યો, જરાક વિચારમાં પડતાં ‘ભાઈ, સહી કર’ એમ ડોશીએ ઉચિત પુનરુક્તિ કરી. ધનવાન વયના પ્રતિષ્ઠિત વ્યવહારકુશળ સ્વતંત્ર પુત્ર વૃદ્ધાવસ્થાના સિંહાસન પર બેઠેલી — વિજ્ઞાપના નહીં પણ નિર્ભય નિરંકુશ આજ્ઞા કરતી — માતુશ્રીના આજ કાંઈક અપૂર્વ લાગતા પ્રતાપ આગળ અંજાઈ ગયો, પોતે ગુમાનને વશ થઈ ગયો છે તેની આ શિક્ષા ધર્મરાજના દૂતોને વાટ જોવરાવતી માતા ધર્માસન પર બેસી કરતી હોય એવો સંસ્કાર શેઠે અનુભવ્યો, અને પોતે તે શિક્ષાને યૌગ્ય છે એવું સ્વીકારતો હોય તેમ માતાના મુખમાંથી અક્ષર ખરતાં એકદમ લેખ ઉપર સહી કરી લેખ માતુશ્રીના હાથમાં મૂક્યો. आज्ञा गुरुणामविचारणीया તેનું આ કલિયુગમાં દૃષ્ટાંત બન્યું. પ્રત્ય મંડળે સાક્ષ કરી. આ સર્વ વ્યાપાર થયો તે સમયે કોઈ બોલ્યું ચાલ્યું નહીં; સર્વ જીભ વિનાનાં સયંત્ર પૂતળાંની પેઠે જ વર્ત્યાં; અને અંતે ડોશીના ખંડના દ્વાર આગળ ચંદ્રલક્ષ્મીની છવિ હતી તે ‘મારા પ્રેમને ઉચિત જ કર્યું છે’ એમ વગર બોલ્યે બોલતી હોય, વગર જીવે જીવ આણી પ્રસન્નતા બતાવતી હોય, તેમ એ છવિ ઉપર દૃષ્ટિ પડતાં લક્ષ્મીનંદનને લાગ્યું અને ભૂતકાળના પ્રેમ, ઉમળકા અને આનંદનો નિર્મળ વિનિમય [૧] સ્ત્રીપુરુષ વચ્ચે ઘડીક થતો હોય તેમ થયું. છવિ ઉપર સ્નિગ્ધ દૃષ્ટિ નાંખતો નાંખતો પુરુષ ઘડીક ગુમાનને ભૂલી ઊઠ્યો, ચાલ્યો, ખંડ બહાર આવ્યો, પોતાના ખંડમાં ગયો, ત્યાં ગુમાન બેઠી હતી તેને જોઈ વિચારમાં પડ્યો, અને રામચંદ્રને યુવરાજ કરવાનો સમારંભ આરંભી કૌશલ્યાના મહેલમાંથી કૈકેયીના વચન સાંભળવા આવનાર બિચારા દશરથના જેવો ગુમાનને ખભે હાથ મૂકી ઊભો. પળવારનું નિર્મળ સ્વપ્ન ભયંકર સત્ત્વની દૃષ્ટિએ પળવારમાં ભુલાવી દીધું.

‘જઈ આવ્યા? શું કામ હતું?’ આ પ્રશ્નથી આરંભી ધીમે ધીમે ગુમાને સર્વ વાત તથા સુવૃત્તિ પતિના ઉરમાંથી કાઢી લીધી અને તેની ખાતરી કરી કે આ સર્વ કામ સરસ્વતીચંદ્રનું છે. અંગ્રેજી વિદ્યાની કપટશક્તિ દૃષ્ટાંતથી સિદ્ધ કરી આપી. ધનનંદનને થયેલા અન્યાય સટે તેને કાંઈ બદલો વાળી આપવો શેઠને આવશ્યક લાગ્યો. ‘મને પુત્રે છેતર્યો’ એવું વ્યલીક પિતાના મનમાં વસી ગયું, ચોંટી ગયું. સ્નેહની અમીને ઠેકાણે વિષવૃક્ષનું બીજ પડ્યું. આવનાર કન્યાના મસ્તક ઉપર શંકા ભમવા લાગી — ‘આવા નિર્મલ પુત્રને આવું ક્યાંથી સૂઝે? — ગમે તો કન્યા કે ગમે તો કન્યાના ખટપટી બાપનું એ કામ!’ સહી કરતાં શું તો કરી આપી પણ પાછળ પસ્તાવો થયો.

સરસ્વતીચંદ્રના કારભાર ઉપર હવે પિતાએ ઈર્ષ્યા અને અવિશ્વાસની ચોકી મૂકવા માંડી. પુત્રના દરેક કામનું પૃથક્કરણ થવા લાગ્યું, કસોટીના કાળા પથ્થર ઉપર ઊજળા સોનાના લિસોટા ઉપર લિસોટા થવા માંડ્યા અને દરેક લિસોટામાં સોનું છતાં પિત્તળ જ અપૃષ્ટિને લાગવા માંડ્યું. જૂના અને નવા મતનાં મગજો વચ્ચે ઘણાક મતભેદ થતા; નિ:શંક અને નિર્દોષ પુત્ર એમ જ ધારતો કે હજી પ્રથમની પેઠે જ તકરાર કરી મારો મત ખરો દર્શાવી આપવાનો અધિકાર (હક) મને અપાય છે, શેઠ એ સર્વ ક્રિયાનું સૂક્ષ્મ અવલોકન કરવા લાગ્યા. વૃત્તિએ અનુરંગી વસ્તુ દેખાડી, અને 'પુત્ર પોતાના હાથ ઉપર રાખવા — મને દાબી નાંખવા — સર્વ હાથમાં લેવા — યત્ન કરે છે.' એ આભાસ ભૂત પેઠે વહેમાયેલા મગજમાં ભરાઈ ગયો!

ખરી ખાતરી કરવાનો ઉપાય શેઠે શોધી કાઢ્યો. ગુમાનનો ભાઈ ધૂર્તલાલ બહેનના અંત:કરણની કૂંચી ફેરવતો. શેઠના ઘરમાં પગપેસારો કરવાનો તેને લાગ મળતો ન હતો. હવે સમય જોઈ તેણે સમયસૂચકતા વાપરી, કાંટા પરનું માંસ માંસલ માછલાના મોંમાં પેસતું જોઈ માછીએ જાળ ખેંચી — સાળાના હાથમાં બનેવી આવ્યો. ભાઈએ બહેનની જીભ ઉપર પોતાની શક્તિ મૂકી. 'પુત્ર ઉપર ઘણોયે વિશ્વાસ રાખ્યો હતો — પણ આનું કહેલું સર્વ આમ ખરું પડતું જાય છે — મારો વિશ્વાસ ખોટો પડ્યો — હવે એનું કહ્યું માન્યા વિના કેમ ચાલે?' —શેઠે પોતાના મનને પૂછ્યું, અને તેમાં ભરાયેલા ભૂતે પ્રતિધ્વનિ કરીને જ ઉત્તર આપ્યો.

શેઠ એક સૂત્રયંત્ર(સૂતરની મિલ)ના મૂળ વ્યવસ્થાપક હતા. એકબે વર્ષ થયાં પોતાને ઠેકાણે મોટા પુત્રને દાખલ કર્યો હતો. હવે એવો વિચાર કર્યો કે તરત પુત્રના હાથ નીચે ધૂર્તલાલને દાખલ કરવો અને કાળક્રમે બેને સંયુક્ત (જોઈન્ટ) બનાવવા. તરત પાર પાડવા જેટલી ઇચ્છા પુત્રને કહી બતાવી. પાછલી ઇચ્છાનું ફળ — ધનનંદનનો સ્વાર્થ — જળવાશે એવું — ધાર્યું. સરસ્વતીચંદ્ર ઉપર અંકુશ મૂકવાની ઇચ્છા તો પિતાની આંખે પુત્રે જોયું હોત તો તરત જણાત. પણ તેની આંખ તેવી હતી નહીં. એ આંખમાં તો ભરપૂર વિશ્વાસ હતો. સર્વ પ્રપંચબળ વિશ્વાસઘાતમાં પર્યાપ્ત થાય છે, એકનો વિશ્વાસ બીજાની શક્તિ છે, સારાની સારાશ એ નરસાને ફાવી જવાનું સ્થાન છે! સામો સારો નીવડે ત્યાં સુધી તેને નરસો જ ગણી વર્તવું એમાં ક્ષેમકારક સાવધાનપણું આવી જાય છે એવી એવી ઘણી કહેવતો સરસ્વતીચંદ્રને ખબર હતી; પરંતુ તેને અનુભવમાં આણવાનો પ્રસંગ તેણે કલ્પ્યો ન હતો. 'મારી સાથે મારા પિતા દાવપેચ રમે છે' — આ વિચાર વત્સલ પુત્રના મનમાં કેમ જન્મવા પામે? પિતાએ જે ઇચ્છા જણાવી તેનો તેણે શુદ્ધ અંત:કરણથી ઉત્તર આપ્યો.

'પિતાજી! ધૂર્તલાલ આપણો સંબંધી છે અને આપણે બને તેટલું એનું હિત ઇચ્છવું જોઈએ. પરંતુ એની વૃત્તિ અને વર્તણૂક આપને ખબર નથી એમ નથી. આપણે ઉચ્ચ અને પ્રામાણિક મનુષ્ય સાથે જ ફાવે એમ છે.

તેમ ન કરવાની શિક્ષા આપણને થશે. આપણા દ્રવ્યની હાનિ થાય તો હરકત નહીં પણ સૂત્રયંત્રના ભાગસ્વામીઓ(શેરહોલ્ડરો)ને હાનિ થવી ન જોઈએ, અને દ્રવ્યને હરકત થાય તો હરકત નહીં પણ પ્રતિષ્ઠામાં ન્યૂનતા ન પડવી જોઈએ. જો ધૂર્તલાલને કાંઈ કામે જ વળગાડવો હોય તો આપણા ઘરમાં ઘરના વ્યાપારમાં ક્યાં સમાસ થાય એમ નથી? એને બે પૈસાની પ્રાપ્તિ કરી આપવાના બીજા નિર્દોષ માર્ગ ક્યાં નથી? ગુમાનબાને સંતોષ મળે, ધૂર્તલાલ સુમાર્ગે કાંઈ પ્રાપ્તિ કરે, અને આપણને હરકત ન થાય — એવા માર્ગ છે.' આ ભાષણ નિશ્ચિત સિદ્ધાન્તીને ઠીક ન પડ્યું. તેને વધારે શંકા થઈ.

'ભાઈ, બસ, મારા મનમાં એમ જ છે કે આમ કરવું.'

'પણ કાંઈ યોગ્ય કારણસર કરવું એ ઉચિત છે.'

'કારણ મારી ઇચ્છા.'

'તો જેવી ઇચ્છા. આપની ઇચ્છા એ મારે મન આજ્ઞા જ છે — માત્ર ઘરનું હિત લાગ્યું તે સૂચવ્યું.'

'હવે ઠીક એ તો. આ વિષે જોજો.'

'હા જી.'

જન્મ્યા પછી પિતાને આમ બોલતા આજ પ્રથમ જ સાંભળ્યા. કારણ કલ્પાયું નહીં, પણ કલ્પવાની જરૂર ધારી નહીં. 'આજ કાંઈ એમ જ હશે' એટલા વિચારથી સંતોષ આણ્યો. પોતાને દૂર કરવાનો માર્ગ શેઠ શોધે છે એવી કલ્પના પણ ન કરી. શેઠે જાણ્યું, 'ઠીક ઊકલ્યું.'

એટલામાં ભાગ્યશાળી ડોશી કાંઈ આકસ્મિક કારણથી માલા જપતાં જપતાં બગાસું આવ્યાથી પંચત્વ [૧] પામ્યાં. લક્ષ્મીનંદનને કાંઈ દુ:ખ થયું પણ મનમાં લાગેલા ડાઘને બળે તરત જ શાંત થઈ ગયું. સ્મશાનમાં સર્વ હસી હસી વાતો કરતા હતા તેમાં ભળી જતાં કાંઈ અસ્વાભાવિક લાગ્યું નહીં. ગુમાન સાસુ પાછળ શણગાર સજી કુટવા ઊભી તેના ઉપર ઘડીક મોહથી દૃષ્ટિ કરી એકાંતમાં તેની તે સમયની સુંદરતા વખાણતાં તેને કાંઈ પણ ખેદ થયો નહીં. ડોશીએ કરેલી વ્યવસ્થાથી અજાણ્યો પણ નાનપણથી તે આજ સુધી તેની માયામાં ઊછરેલો સરસ્વતીચંદ્ર ઘણો જ ખિન્ન થયો અને ઘડીવાર તેને એવી ભ્રાંતિ થઈ કે આ ઘરમાં હવે મારું સગું નથી. આત્મપ્રયાસથી તેણે મનનું સમાધાન કરી દીધું. ડોશીના ખંડમાંથી ચંદ્રલક્ષ્મીની છવિ અને બીજી કંઈ કંઈ સ્મારક વસ્તુઓ પોતાના ખંડમાં આણી તેના ભણી જોઈ રહેતો. ડોશી બેસતી, વાતો કરતી, માયા બતાવતા, ઇત્યાદિ કંઈ કંઈ બનાવોનો તાદૃશ ચિતાર મનમાં ખડો કરી ઘડીક તદ્રૂપ બનતો અને વ્યવહારમાં ચિત્ત પરોવવા પ્રયત્ન કરતો. ડોશીના દ્રવ્યનું શું થયું તેનો તેણે વિચાર પણ ન કર્યો.

ગુમાનને નામે અને અર્થે શેઠે ઘણા દિવસ થયાં એક સારી રકમ કાઢી મૂકી હતી, સરસ્વતીચંદ્ર પોતાની સાથે વ્યવહારમાં ભળ્યો તેવામાં એ રકમ કોઈ સારા ‘શેર’માં રોકી દેવા શેઠની ઇચ્છા હતી, પણ મોટા પુત્ર ઉપર તે સમયે ભાવ હોવાથી તેનો અભિપ્રાય પૂછ્યો. સ્ત્રીઓના દ્રવ્યને ચાલતા સુધી શેરમાં રોકવું નહીં એવો વિચાર હોવાથી પુત્રે સલાહ આપી કે આ દ્રવ્ય સરકારી ‘લોન’માં નાખો. પિતાએ તે જ પ્રમાણે કર્યું. એ જ સમયમાં ચંદ્રલક્ષ્મીના નામની સરકારી ‘લોન’ હતી તે વટાવી પોતે સગી મટતાં સરસ્વતીચંદ્રે શેર ઇત્યાદિ વ્યાપારમાં તે દ્રવ્ય નાંખ્યું. હાલ એમ થયું હતું કે રશિયા સાથે લડાઈની કિંવદંતી (જનવાર્તા) ચાલતી હતી અને લોનની ખરીદી બંધ થવા જેવી થઈ અને ભાવ બેસી ગયા. સરસ્વતીચંદ્રવાળા શેરના ભાવ ઘણા જ ચડી ગયા અને તેને ઘણો લાભ મળ્યો. શેઠના મનમાં આવ્યું કે પુત્રે જે સલાહ આપી હતી તે જાણી જોઈ ગુમાનને નુકસાન કરવા આપી હતી. પોતાની બાબતમાં એક અને પારકી બાબતમાં બીજી સલાહ આપી — તેનો અર્થ શો નીકળે? પ્રીતિ અને વિશ્વાસ ખોટાંમાંથી સારો અર્થ શોધાવે, અપ્રીતિ અને અવિશ્વાસ સારા હેતુમાં ખોટાનું ભાન કરાવે.

એક દિવસ ભોજન કરી બપોરે પિતા અને પુત્ર બે ઘોડાની ‘ફાઈટન’માં બેસી ‘ઑફિસ’માં ચાલ્યા. નીકળતાં પહેલાં ગુમાને શેઠને તૈયાર કરી મૂક્યા હતા. ડોશીના દ્રવ્યની વ્યવસ્થા, પુત્રની ઉપર વહુ અને સાસરિયાંની સત્તા અને આજ જ બજારભાવમાં ઊથલપાથલથી થયેલા વિચાર: એ સર્વેએ શેઠનું ચિત્ત ઉકાળ્યું હતું અને તેમાં ગુમાને પુષ્કળ સંભાર ભર્યો હતો. ઘર છોડી ગાડી જરાક ચાલી એટલે શેઠે વાત ઉપાડી.

‘ભાઈ, બજારભાવ જાણ્યા?’

‘હા જી. સારા ભાવ છે.’ પોતાને થયેલો લાભ પિતાને પુત્રે ઉત્સાહથી જણાવ્યો.

‘નોટ તો બેસી ગઈ છે.’

‘હા જી. આ તોફાન બંધ થશે એટલે ઠેકાણે આવશે.’

‘ને રશિયાવાળો આવશે તો?’

પુત્ર હસ્યો. ‘પિતાજી, વાર લાગશે એમ થતાં.’

‘તારી નોટો તો તેં વેચી દીધી?’

‘હા જી.’

‘ઠીક’ — શેઠ પુત્ર સામું જોઈ રહ્યા. ઝાઝી વાર મનમાં ઊભરો રહી શક્યો નહીં અને પુત્રે વાત ટૂંકી કરી એટલે નિત્યસ્વભાવ ભૂલી શેઠે ઊભરા કાઢવા માંડ્યા.

‘ભાઈ! હું બહુ દિલગીર છું તારી બાબતમાં. મારે તને કાંઈ કહેવું પડશે.’

આ અપૂર્વ અને અતર્કિત મંગળાચરણ સાંભળી પુત્ર વિસ્મય પામ્યો. ‘હા જી, આપ મને નહીં કહો તો બીજું કાંણ કહેશે?’

‘જો સાંભળ. ઘણા દિવસથી હું કાંઈ બોલતો નથી પણ માત્ર જોયા કરું છું. તારામાં દિવસે દિવસે ઘણો ફેર થતો જાય છે. એનું કારણ પ્રથમ તો હું સમજી શકતો ન હતો. પણ વિચારતાં અને જોતાં એમ માલૂમ પડે છે કે તારું ચિત્ત સ્વતંત્ર નથી.’

‘તારો વિવાહ કર્યો તે તારા સુખને અર્થ. પણ એમાંથી જ કુટુંબમાં કલેશ ન થાય તે જોવું એ તારી ફરજ છે. કેટલાક જુવાનિયાઓ નાનપણમાંથી વહુંઘેલા થઈ જાય છે અને વહુરો તેનો ગેરલાભ લેવા ચૂકતી નથી. વરને ભંભેરી તેને હાથે સકળ કુટુંબનું અહિત કરાવવા તે તત્પર હોય છે. જે વહુરો પરણ્યા પહેલાં આમ કરાવે તે પછીથી શું ન કરાવે તે સમજાતું નથી. પણ વરનું કાળજું ઠેકાણે હોય તો આ કશાની અડચણ નહીં. તારે જ આમ છે એમ મારું કહેવું નથી. હું તો હૂતાર્થ ઉપર કહું છું કે ખબર હોય તો ચેતતા રહેવાય!’

ઉત્તર દેવાની કાંઈ પણ વૃત્તિ સરસ્વતીચંદ્રના ચિત્તમાં હતી તે સર્વ બંધ થઈ ગઈ. શેઠે મર્યાદા તોડી પણ પોતાથી તૂટે એમ ન હતું. ‘નિર્દોષ પવિત્ર કુમુદસુંદરી! પ્રિય કુમુદ!’ એ ઉચ્ચાર ચિત્તે ચિત્તમાં જ કર્યો. તેના સામો આ નિર્મૂળ અપવાદ સરસ્વતીચંદ્રના કાનમાં પેસતાં જ ચિત્ત વીંધાયું: ‘અરરરરર! આ પિતા! આ બોલે છે શું! આનો ઉત્તર દેવાની કાંઈ જરૂર નથી. પ્રિય કુમુદ — મારા ચિત્તમાં અને ઈશ્વરને ઘેર તારો પવિત્ર ઉત્કર્ષ સિદ્ધ છે. આ અપવાદ તારી પવિત્રતાનું તેજ વધારે છે.’

તે રાતોપીળો થઈ ગયો. રોષ તેના આખા અંગમાં વ્યાપી ગયો. મોં લાલચોળ થઈ ગયું. તેની સહનશક્તિ ઘણી હતી પણ તે પોતાની જ બાબતમાં હતી. ‘મારી કુમુદ! તારી બાબતમાં આ કેમ સહું — હું ઈશ્વરનો અપરાધી ન થાઉં?’ આટલું છતાં સર્વ વિકાર તેણે ચિત્તમાં જ રાખ્યો, પ્રિય વસ્તુની વિમાનના પ્રિય પિતાને હાથે જ થતી જોઈ તીવ્ર વેદના થવા લાગી તે જણાવી નહીં, અને એક શબ્દ બોલ્યા વિના પુત્રે પિતાના શબ્દપ્રવાહનો રજ પણ પ્રતિરોધ ન કર્યો.

સદયનિર્દયપણાનો ભેદ ન સમજનાર શેઠે જેટલું કહેવાયું એટલું કહ્યું. વિદ્યાચતુરની પરીક્ષા કરવામાં પોતે છેતરાયો, ગુમાન ભણી દયા દર્શાવી, તેના પ્રતિ સરસ્વતીચંદ્રના વ્યક્તાવ્યક્ત ધર્મ કહી બતાવ્યા, કુમુદસુંદરી આગળ ઘેલા બની જવાનો પુત્ર પર આરોપ મૂક્યો, સ્ત્રી અને શ્વશુરને વશ થયેલા માણસ બાયલાં કહેવાય એ ભાન આપ્યું, વાલુકેશ્વરનો બંગલો વગેરે વિષયમાં પૈસા વેડફી માર્યા જાણી ખેદ થયો બતાવ્યો, આવા ઉડાઉ

પુત્રના ભવિષ્ય બાબત ચિંતા કરી, અને અંતે ગુમાનને લોન લેવરાવી પોતે શેર લીધા અને વિશ્વાસના બદલામાં ઊંધી સલાહ આપી તે સારુ તિરસ્કાર પણ દેખાડ્યો. 'ડોશીવાળા લેખમાં મેં તો મારાપણા ઉપર જઈ સહી કરી આપી પણ તારે એ લેખ આમ કરાવી લેવો ઘટતો ન હતો' તે વાત ફુલાશ મારી કહી બતાવી. 'ધૂર્તલાલની બાબતમાં તું તો ના કહેવા ગયો, પણ ચાલ્યું નહીં એટલે શું કરે' એ પણ કહ્યું: 'તું ભણ્યને પણ ગણ્યો નહીં', 'આજ તો કાંઈ પણ મારી ગરજ તારે હોવી જોઈએ', 'અંગ્રેજી ભણી માથું ફેરવી બેઠાથી પૈસો ન મળે', એમ ન જાણવું કે કાયદો જાણ્યો એટલે બાપ પણ 'જી! લબ્બે!' કરશે: ઇત્યાદિ કંઈ કંઈ અસહ્ય વચન કહી બતાવ્યાં, સોંપેલા વ્યાપારકાર્યમાં કંઈ કંઈ ભૂલો કાઢી, અને બુદ્ધિમાં, અનુભવમાં, આવડમાં, વ્યવહારમાં, સારાંશમાં, પિતૃભક્તિમાં અને એવી કંઈક બાબતોમાં પુત્ર પછાત છે તેને વિષે લાંબું બળવાન ભાષણ કર્યું.

સરસ્વતીચંદ્ર શેઠે કહેલી ઘણીક બાબતોનો મર્મ ન સમજ્યો. ઘણી બાબતો નવાઈ ભરેલી લાગી, ગુમાનનો પ્રતાપ પૂર્ણ કળી ગયો, પોતાની સ્થિતિ જોઈ લીધી, પિતાની અપ્રીતિનો પૂર્ણ આવિર્ભાવ અનુભવ્યો, અન્યાયની હદ જોઈ, મૂર્ખતાનું શિખર નજરે પડ્યું, ઉત્તર વાળવો પુત્રધર્મ વિરુદ્ધ જણાયો. એક શબ્દ પણ બોલવો નિષ્ફળ લાગ્યો, અને પોતાની મનોવૃત્તિ દેખાડવી એ પોતાના પદના ત્યાગ જેવું ધારી નીચું જ જોઈ રહ્યો, મોંને બંધ જ રાખ્યું, પિતાની મૂર્ખતા પર વિચાર પણ ન કર્યો, અને માત્ર 'હવે મારે શું કર્તવ્ય તેના સંકલ્પ વિકલ્પની સૃષ્ટિમાં ડૂબી ગયો. આ સમાધિમાં શેઠના શબ્દ નીકળવા છતાં તેના કાનની બહાર ઊભા. તેના ગાલ ઉપર શેરડા પડ્યા, કપાળ પર પરસેવો વળ્યો, બંડી ભીની થઈ ગઈ, શરીરે પળેપળે રોમાંચ અને કંપ અનુભવ્યો, આંખો મીંચાયા જેવી થઈ ગઈ, મન કેદમય બન્યું, મસ્તિક ગૂંચવાડામાં પડ્યું, પેટમાં આંકડી આવી, આંકડી ગણકારી નહીં, અને સર્વને અંતે આંખની કીકી અને પોપચું તે બેની વચ્ચે પાણી ભરાયું, તેમાંથી એક ટીપું પડ્યું, અને તે કોઈએ દીઠું નહીં. શેઠની જીભ આખરે થાકી પોતાની મેળે જ બંધ પડી, અને એટલામાં, 'ઑફિસ આવતાં શેઠ ભભકાભેર શિક્ષા કરનાર ન્યાયાધીશની ઢબથી ઊતર્યા, અને તરત જ ઊંઘમાંથી જાગ્યો હોય એવો પુત્ર ધીમે રહી ઊતરી પાછળ ગયો. આજ એ કોઈનો ન હતો. તેનું માથું ફરી ગયું.

ઑફિસમાં જઈ તરત જ ચિઠ્ઠી લખી ધૂર્તલાલને બોલાવ્યો. આખો દિવસ તેને ઑફિસની હકીકતથી વિદિત કરવામાં ગાળ્યો. દિવસને અંતે પિતા પાસે ધૂર્તલાલને લઈ ગયો અને ધૂર્તલાલને મોઢે જ પિતાની ફરી ગયેલી વૃત્તિને અનુકૂળ સંતોષ આપે એવો ઉત્તર દેવડાવ્યો. બીજે દિવસે ઑફિસમાં જઈ પોતાના હાથમાં જે જે વસ્તુઓ હતી તે પિતાને દેખાડી. શેઠને કાંઈક અનુકૂળ નવાઈ લાગી અને પૂછ્યું કે આ બધી શી ગરબડ છે? પુત્રે ઉત્તર દીધો કે 'કાંઈ નહીં, સહજ જ.' સાંજે પિતાની સાથે ઘેર ગયો

અને ‘હું આજ વાલુકેશ્વરને બંગલે ખાવાનો તેમ જ સૂવાનો છું.’ કહી નીકળ્યો. ઘરમાં નિત્યના જેવો માણસોનો તથા કામનો ગરબડાટ હતો તે પર ઉદાસીન વૃત્તિ થઈ અને દીવા થતાં બે ઘોડાની ફાઈટનમાં નીકળ્યો. રસ્તે જતાં ચંદ્રકાંતને સાથે લીધો. ચોપાટીના રસ્તા પર સમુદ્ર પરથી આવતી ભીની ઉત્સાહક પવનની લહેરોથી તે શાંત થયો નહીં. પાસેના કાળા ડુંગરો ઉપર દૃષ્ટિ કરતાં અદ્ભુત વૃત્તિ એણે અનુભવી નહીં. મિત્રની સાથે આખો રસ્તો વટાવતાં સુધી બોલ્યો નહીં. ટેકરી પર ધીમે ધીમે ઘોડાગાડીને જોરથી ખેંચતા ચડતા હતા તે વખતે કોણ જાણે અકસ્માત કે કોઈ જાણે કાંઈ કારણથી શિથિલ થયેલો સરસ્વતીચંદ્ર મિત્રના શરીર પર પડી ચમક્યો હોય તેમ સજ્જ થયો. રસ્તે ચાલતા હવા ખાતા ચિત્રરંગી લોકવર્ગ ઉપર, ગાડીઘોડાઓ ઉપર, હાડકાંના ભાગેલા શેઠિયાઓ ઉપર, સંસારના નિ:સ્પૃહી આનંદી બાલકો ઉપર, પથ્થરો પર, બેઠેલી મિત્રતા ઉપર, નાનો ગુટકો ઝાલી બડબડી બંદગી કરતા ઘડીક પવિત્ર થતા પારસીઓ ઉપર, ઘોડા દોડાવતાં પરપ્રમત્ત યુરોપિયન દમ્પતીઓ ઉપર: કશા ઉપર સરસ્વતીચંદ્રે દૃષ્ટિપાત કર્યો નહીં. કોલાબાની દીવાદાંડી અને વાલુકેશ્વરની અણીની વચ્ચે આથમતા ગરીબડા સૂર્યને કાંઈ પૂછતો હોય, ફીણ ઉરાડતા ગર્જતા અનાદિ લાગતા સમુદ્ર પર છેટે કોઈ પ્રદેશ જોતો હોય, વિશાળ આકાશમાં ઊતરતા અંધકારને માપી લેવા ઇચ્છતો હોય તેવો તે દેખાતો હતો. એમ કરતાં કરતાં બંગલો આવ્યો, પાણીદાર ઘોડા ખોંખારા કરતા અંદર વળ્યા, ચાબુક વીંઝાતી બંધ થઈ, વાડીમાંની લીલોતરી આંખનો સત્કાર કરવા યત્ન કરવા લીગ, ગાડીનાં ચક્ર નીચે કચરાતી હતી તે કઠણ નાની કાંકરી ગાડીમાં બેસનારનાં અભિમાન અને પ્રમાદને ભેદી તેના કાનમાં ફરિયાદીનને શબ્દ મોકલવા મંડી. એટલામાં ગાડી દ્વારનાં પગથિયાં આગળ આવી ઊભી અને બેસનાર ઊતર્યા. તરત જ નવા કરાવેલા ખંડમાં ગયા. સામી કુમુદસુંદરીની છવિ હતી. ચંદ્રકાંતને ખભે હાથ મૂકી સરસ્વતીચંદ્ર ઘડીક તે છવિ જોઈ રહ્યો; છવિની પાસે ગયો, પાછો આવી મિત્રને ગળે બાઝી એક કિનખાબી ગાદીવાળા કોચ પર જોરથી તેને બેસાડ્યો અને તેના ખભા ઉપર માથું મૂકી નાના બાળક પેઠે રોયો! રોયો નહીં પણ રોયો!

ચંદ્રકાંત ચમક્યો. મિત્રને ઉઠાડી, સામું જોઈ, ધીરજ આપી: ‘ભાઈ, ભાઈ! આ શું? ધૈર્ય રાખો! હું છે આ?’

‘ચંદ્રકાંત! ચંદ્રકાંત! કાંઈ કહેવાનું નથી. ધૈર્ય જ છે. શું હોય? કાંઈ નથી.’

‘ત્યારે આ શું?’ ચંદ્રકાંતનું હૃદય ઓગળ્યું અને ધડકવા લાગ્યું.

‘કહીશ.’

પોતાની મેળે જ આંખો લોહી પિતાની સાથે બનેલા સર્વ વર્તમાન ધીરજથી કહી બતાવ્યા. પોતે ધૂર્તલાલને સર્વ સોંપી દીધું તે પણ કહ્યું અને

એકદમ હૃદય કઠણ થઈ ગયું હોય એમ ટટાર થઈ બેઠો.

'ચંદ્રકાંત, મારું મન આજ આટલું નિર્બલ ઘડીક થયું તેથી મને ઘણી શરમ આવે છે. પણ શું કરુ? શું છેક આમ નહોતો જાણતો. હશે, ઈશ્વરને ગમ્યું તે ખરું..'

'ભાઈ શા વાસ્તે આમ કરો છો? તમારો દોષ નથી. પણ તમે આ ઉતાવળ કરી તે ઠીક ન કર્યું.'

'ચંદ્રકાંત, પિતાનું દ્રવ્ય આજથી મારે શિવનિર્માલ્ય છે!'

'શાંત થાઓ. એમ શું બોલો છો? કાંઈ તમારે સારુ માર્ગ નથી એમ તો નથી?'

'ના, ના, તે માર્ગ નથી જોઈતો મારે. માર્ગ ન હોય તે ત્યાગ કરે એ તો वृद्धा नारी पतिव्रता પિતાના મનમાં એમ જ આશ્યું કે હું આ દ્રવ્યને લીધે જ એમનો સંબંધી છું. હવે એમને મરી ચિંતા નથી — મારો વિશ્વાસ નથી. ભલે, ચિંતા નથી તો સારું છે. અવિશ્વાસ હું દૂર કરીશ. એ સર્વ દ્રવ્ય હું ગુમાનબા અને ધનભાઈને આપી દઉં છું. ઈશ્વર એ દ્રવ્ય તેમના હાથમાં અચલ રાખો. મારે મને નિર્ધનતા કઠણ નથી.'

'જાઓ, જાઓ, એમ શું કરો છો? ઈશ્વરે તમને વિદ્યા ક્યાં નથી આપી?'

'વિદ્યા વેચવા હું ઇચ્છતો નથી. પેટની મને ચિંતા નથી. દ્રવ્ય મારે જોઈતું નથી — તે નિરુપયોગી છે. તને ખબર છે કે માત્ર પિતાના સ્નેહને વાસ્તે જ હું સંસારી હતો, અને એ સ્નેહ હવે નથી!'

'કોણે કહ્યું કે દ્રવ્ય નિરુપયોગી છે?'

'હવે જાણ્યા, જાણ્યા તારા વિચાર. દેશહિત, લોકહિત અને આત્મહિત ત્રણે વાનાં દ્રવ્ય વિના સિદ્ધ થઈ શકે છે. પછી આપણામાં જ ખામી હોય તો કોઈ શું કરે?'

'ત્યારે તમે ધર્માસન આગળ ધંધો કરો. તમને ક્યાં અનુકૂળતા નથી?'

'મૂર્ખ, તને ખબર નથી કે તેનો પ્રથમથી જ મને તિરસ્કાર છે? શું ઉદરનિમિત્તે હું અણગમતા સંસારમાં ઝબકોળાઈશ?'

'ત્યારે વ્યવહારનો પુરુષાર્થ શો?'

'ચંદ્રકાંત! હવે બસ કર. મારે આ વાદવિવાદ નથી જોઈતો.'

'તો વગરધંધે તમે ક્યાં રહી શકો નહીં એમ છે? એક લાખ રૂપિયા તમારા છે — લાખ રૂપિયા ડોશી આપી ગયાં છે.'

સરસ્વતીચંદ્ર ચમક્યો. ચંદ્રકાંતે ડોશીના સર્વ સમાચાર કહ્યા. સરસ્વતીચંદ્ર નારાજ થયો. પણ હવે ઉપાય ન રહ્યો. કુમુદસુંદરીનું દ્રવ્ય કોઈને આપવા તેને અધિકાર ન હતો.

‘ચંદ્રકાંત! એનું ગમે તે થાય. મારે તો દ્રવ્ય જ નથી જોઈતું.’

‘તમે તો ઘેલા છો. તમારું દ્રવ્ય — તમે જુદા રહો પિતાથી. સંતોષમાં વસો, વિદ્યા વધારો, પરમાર્થ કરો અને કુમુદસુંદરીને આનંદ આપો.’

‘પણ હું પિતાથી જુદો તો ન રહું. વળી વિચાર કે આ દ્રવ્ય જોઈ વિદ્યાચતુરે સંબંધ બાંધ્યો હશે. તેને કેવું થશે? તેનાથી વિવાહ ફોક પણ નહીં થાય.’

‘હવે કાંઈ પરમેશ્વરને પાડે હતા તેવા શાણા થાઓ. તેણે તમને જ જોયા છે — બીજું કોઈ નથી જોયું.’

‘પણ ચંદ્રકાંત, રંક અવસ્થામાં સુખદુ:ખ, ગ્રહોના જેવી નિરાધાર સ્થિતિ, સંસારના ધક્કા, નિર્ધનતાના અંધકારમાં ઢંકાયેલાં રત્ન, અવિદ્યાના પ્રદેશ અને એવું એવું ઘણુંક જોવાનો મારો અભિલાષ છે અને આ અનુકૂળતા થઈ ગઈ છે.’

‘પણ લોક શું કહેશે?’

‘મૂઢ, અપકીર્તિ મને ભયંકર નથી. કીર્તિ અપકીર્તિ એ જૂઠાં ત્રાજવાં છે, ઊંઘતાંનાં સ્વપ્ન છે, સ્વપ્નમાં સત્ત્વ છે. એ ગ્રાહ્ય પણ નથી, હેય પણ નથી.’

‘વારુ, કુમુદસુંદરીનો વિચાર કર્યો?’

‘એનો વિચાર ઈશ્વરને સોંપું છું. ટૂંકા પ્રસંગથી ઉત્પન્ન થયેલો સ્નેહ ટૂંકા સમયમાં શાંત થશે. કોઈ સારો વર મળશે એટલે મને ભૂલી જશે.’

‘તમે ભૂલ કરો છો. એ મુગ્ધાને તમે હાનિ પહોંચાડી તો અત્યંત પસ્તાશો અને ઈશ્વરના અપરાધી થશો. તમારા ચિત્તમાંથી પણ એ ખસનાર નથી.’

‘મારા ચિત્તની વાત હું વધારે જાણું.’

‘તે જાણતા હોય ત્યારે જોઈએ શું? તમે તો માત્ર ઘેલા ઘેલા અભિલાષ કરી જાણો છો અને બીજા મનમાં દાબી રાખે તેને બહાર કાઢી અનુભવમાં આણવા ઇચ્છો છો. એ મૂર્ખતાનું લક્ષણ.’

‘તું બહુ બોલે છે, હાં.’

‘હું તો બોલું છું પણ તમે બોલવા ઊભા થાઓ એવા છો. બારિસ્ટર બન્યા, આટલી કીર્તિ મેળવી, આવો સ્નેહ બાંધ્યો, આટલા શ્રીમંત અને

વિદ્યાવાન થયા — તે આ વિચાર તો કરો કે શું કરવા ધારો છો? આ તો મૂર્ખતમ. બીજો કોઈ બારિસ્ટર આ દશામાં પડ્યો હોય અને તમે તેને જોઈ શું કહો તે કલ્પો તને ખરા!'

'ત્યારે હું શું કરું?'

'જે જે શક્તિ અને સુંદરતા તમારામાં છે તેનો સારો જયવંત ઉપયોગ કરો, એ જ! આમ જોગી જેવા બાયલા બની સંસાર દુસ્તર છે માટે તરવું નહીં એવો વિચાર ન કરો; પાછળ અમને શું થશે તે વિચારજો.'

સરસ્વતીચંદ્ર ઊંડા વિચારમાં પડ્યો. બેઠો હતો તે કોચ ઉપર માથું ઢાળી દીધું અને અર્ધમીંચેલી આંખો ઘડીક શૂન્ય થઈ. થોડીક વાર ચંદ્રકાન્તને ખભે હાથ મૂકી દયામણે પણ ધીરગંભીર અને શાંત સ્વરે બોલવા લાગ્યો:

'ચંદ્રકાન્ત! પ્રિય ચંદ્રકાન્ત! તારી મિત્રતાનો બદલો હું વાળી શકવાનો નથી. ધર્માધિકારીઓ છેલ્લો અભિપ્રાય બાંધતાં પહેલાં પક્ષવાદ સાંભળે છે. પણ મનુષ્યના ગાંડાઘેલા ઉતાવળા અભિપ્રાય પ્રવાહી મટી સ્થૂળઘન નિશ્ચયરૂપ થઈ જાય છે અને તે એકાંતમાં જ થાય છે તેનો પક્ષવાદ કરનાર મિત્ર વિરલ જ હોય છે. તેં મને ઘણું કહ્યું છે, પ્રતિકૂળ પણ હિત કહ્યું છે, પણ મારી વાત મારા ચિત્તમાંથી ખસતી નથી.'

'પ્રિય કુમુદ — નિર્મળ કુમુદ — એને વાસ્તે જે વચન હું સાંભળી રહ્યો તે ખરેખર મારી શક્તિ ઉપરાંતનું કામ મેં કર્યું છે. ગમ ખાધી. પણ મારા અંતઃકરણમાં જે ઊંડો ઘા એ વચનથી પડ્યો છે તે રૂઝતો નથી — ખમાતો નથી.

'પિતા પ્રતિ મારો ધર્મ હું જાણું છું. પણ તે ધર્મને શરણ થઈ પત્ની પર જુલમ કરવો એ મારો ધર્મ છે એમ મારાથી કદી પણ સમજાય એમ નથી. પત્ની પોતાનાં માતાપિતા પ્રતિ પોતાના ધર્મના કરતાં પત્નીધર્મને કેવળ વશ થાય છે, અને માતાપિતા ખરાં — પણ 'પતિ પહેલો' એ શાસ્ત્રશાસનને સ્વીકારે છે. પતિનો પતિધર્મ શું જુદી જાતનો છે? જો કોઈ પણ શાસ્ત્ર એમ ગણતું હોય કે માતાપિતાનો મિજાજ જાળવવા પત્ની પર જુલમ કરવો -તેને અશરણ કરી દેવી — તો તે શાસ્ત્ર મારે માન્ય નથી. એક આંખે માતાપિતા જોવાં અને બીજી આંખે પત્ની જોવી — અથવા તને એની એ બે આંખનેએ બેને જોવાં એ પતિધર્મ હું માન્ય ગણું છું.'

प्रेयो मित्रं बन्धुता वा समग्रा

सर्वे कामाः शेवधिर्जीवितं च

स्त्रीणां भर्ता धर्मदाराश्च पुंसाम्[1]

'આ ઉત્તમ વચન મારે માન્ય છે. પરણ્યા પછી સ્ત્રીને લેખામાં ન ગણે, તેને નિરાધાર બનતી જોઈ બળે નહીં, અને કેવળ અમારી આજ્ઞામાં જ રહે એવો પુત્ર ઇચ્છનાર પિતાએ પુત્રને પરણાવવો જ નહીં એ ઉત્તમ છે. હું એવો પુત્ર હોઉં એમ જોવા પિતા ઇચ્છે છે તે લગ્ન પહેલાં મેં જાણી લીધું તે હું મારું મોટું ભાગ્ય — સમજું છું. લગ્ન પછી જાણ્યું હોત તને હું એમની ઇચ્છા પૂરી ન પાડી શકત અને તેથી એમને અને મને ઉભયને નિરુપાય ખેદ થાત.'

'લગ્નથી મારે અને કુમુદને સગપણ થાય, પણ પિતાને શું? પિતાને મન હું પુત્ર, પણ કુમુદ એમને મન શા લેખામાં? ચંદ્રકાન્ત, આ કારણનું કાર્ય અસહ્ય થાય તે જોવા હું ઇચ્છતો નથી. કુમુદ મારા ચિત્તમાંથી ખસવાની નથી — એના હૃદયનું લાવણ્ય મારા મસ્તિષ્કને ઘેલું બનાવી મૂકે છે તેમ જ સદૈવ બનાવશે: એનાથી છૂટાં પડતાં મને અસહ્ય વેદના થશે તે હું સારી રીતે જાણું છું. કુમુદને પણ વેદના થશે. પણ મારે મન પિતા ખરા અને તે ખરા જ રહે એટલા માટે હું લગ્નપ્રસંગ નહિ આવવા દઉં. પિતાને ખાતર હું દુ:ખ સહીશ, બીજાને પરણી કુમુદ મને કાળક્રમે ભૂલશે. મને પરણી કુટુંબમાં આવી તે સુખી નહીં થાય, તેને કોઈ નિરાંતે બેસવા નહીં દે — માટે...'

એટલું બોલતાં બોલતાં તે ગળગળો થઈ ગયો. વળી સજ્જ થઈ બોલ્યો:

'તું કહીશ કે તમે જુદા રહો અને કુમુદ સુખી થશે. પણ એટલું શાને જોઈએ? પિતાથી જુદા વસવું — તેમની દૃષ્ટિએ પ્રતિસ્પર્ધી જેવા લાગીએ — એ તો કલ્પના પણ દુ:ખકર છે. વધારે દુ:ખકર એટલા માટે કે એથી પિતા દુ:ખી થાય અને તેમની જ અપકીર્તિ થાય તે મારે જોવી પડે. એમનું સુખ એ મારું લક્ષ્ય છે.

'પ્રસિદ્ધપણે જુદો રહું તેના કરતાં અપ્રસિદ્ધતામાં લીન થાઉં તો કાંઈ હરકત નથી. એથી કાંઈ અપકીર્તિ થશે તો મારી જ થશે અને તેનો મને ડર નથી. મારી ખોટ ધનભાઈથી સપુત્ર પિતાને પડનાર નથી. ગુમાનબાને મનથી ફાંસ જશે. પિતા સ્વસ્થ થશે. મારા પર પ્રીતિ નથી એટલે પિતાને વિયોગ દુ:ખ થવાનું નથી. આટલા શ્રીમંત એમને જોઈને જાઉં તો એમની બાબત હું નિશ્ચિંત રહીશ.'

'મારા મનમાંથી તો એ ખસવાના નથી. પણ કુમુદ વીસરાવાની નથી તે એક દુ:ખ છે તો આ બીજું! તું પણ ક્યાં વિસારે પડે એમ છે! ચંદ્રકાંત, પણ તું તો વ્યવહારજાળમાં લપટાયેલો રહીશ અને તેમાં તથા દેશસેવામાં ગૂંથાતાં મને સંભારવાનો અવકાશ નહીં મળે — પણ પિતાને કદીક સાંભરી આવું તો તેમને આશ્વાસન આપજે, હોં! તને પણ સાંભરીશ પણ વિદ્યાનો ઉપયોગ મને વિસારવામાં કરજે! ચંદ્રકાંત! પિતાની સંભાળ રાખજે... મને તું પણ સંભારજે —'

ચંદ્રકાંતનું અંત:કરણ નરમ થઈ ગયું: તેનું હૃદય ભરાઈ આવ્યું. મિત્રનો હાથ ઝાલી તે બોલ્યો: ‘શું મિત્ર, આમ શું કરો છો? હું ધારું છું કે તમે બોલો છો એટલા નિર્દય નહીં થાઓ.’

ચંદ્રકાંત વ્યાવહારિક દૃષ્ટિવાળો હતો. બીજી વાતમાં મિત્રને નાંખવાથી તેના તરંગ શાંત થશે એમ ધારી ચાલતી વાત ભુલાવી બીજી વાતો કાઢી. સરસ્વતીચંદ્ર શાંત થયો લાગ્યો અને રાત્રિના અગિયાર વાગ્યે બે મિત્રો જુદા પડ્યા. જુદા પડતાં પડતાં પાછળ સરસ્વતીચંદ્ર દોડ્યો. અને ચંદ્રકાંતને એક પેટી આપી કહ્યું: ‘ચંદ્રકાંત! આ અત્યારે તારી સાથે લઈ જા. એ વિષે કાંઈક સૂચના મારે તને પ્રાત:કાળે કરવાની છે.’

‘મિત્ર, મને એમ થાય છે કે આજ હું અહીંયાં જ સૂઉં.’

‘ના, ના, ગંગાભાભી મને બે ઘડી શાપ દે.’

‘ના, નહીં દે. પણ મને તમારા ચિત્તનો વિશ્વાસ પડતો નથી.’

સરસ્વતીચંદ્ર હસ્યો: ‘જા, જા, બહુ વહેમી ન થવું. મન જ નિરંકુશ થશે તને અહીં રહી તું શું સાચવશે? જો પેટી સંભાળજે, હોં!’

‘તમે સાહસિક છો તે ચિંતા.’

‘જા, જા હવે.’

‘પણ જોજો, હોં!

‘ઠીક.’

‘મને પ્રાત:કાળે તેડવા ગાડી મોકલજો.’

ગાડીમાં બેસી પેટી લઈ ચંદ્રકાંત ગયો, પેટી વિષે પ્રાત:કાળે સૂચના થવાની છે જાણી તે નિર્ભય બન્યો. પ્રાત:કાળ થયો. સાત વાગ્યા, આઠ વાગ્યા, પણ ગાડી આવી નહીં. તેના પેટમાં ફાળ પડી. ભાડે ગાડી કરી બંગલે ગયો. બંગલે માળી વિના કોઈ મળે નહીં. માળી કહે, ‘ભાઈ ગાડીમાં બેસી ચોપાટી પર મળસકાના ફરવા ગયા છે.’ ચંદ્રકાંતે ચોપાટી પર ગાડી દોડાવી. મુંબઈના નાગરિકોનું ચોપાટી એ પ્રિયસ્થાન છે. અર્ધે સુધી સમુદ્રતટ અને તેની જોડે બાંધેલો રસ્તો છે. આગળ ચાલતાં ‘રેલવે’ની સડકનું ‘ક્રોસિંગ’ આવે છે તે ઓળંગતાં ‘ચર્ની રોડ’ સ્ટેશન છે. સરસ્વતીચંદ્રની ગાડી ચંદ્રકાંતને સમુદ્રતટ પર ઊભેલી મળી. ગાડીવાન કહે: ‘ભાઈ આગળ પગે ફરવા ગયા છે, પણ ક્યારના પાછા ફર્યા નથી. મને આ ચિઠ્ઠી આપી છે ને કહી ગયા છે કે તારી પાસે રાખી મૂક, ઘેર જઈ ચંદ્રકાંતને આપવાની છે.’

ચંદ્રકાંતનો જીવ ઊડી ગયો. ચિઠ્ઠી લઈ વાંચી:

‘પ્રિય ચંદ્રકાંત,’

તું મને શાંત કરીને રાત્રે ગયો હતો. હું શાંત થયો હતો જ. પણ આખી રાત મેં વાડીમાં ફર્યા કર્યું છે. ઘણા વિચાર કર્યા. આખર મારો વિચાર ખરો લાગ્યો અને તે પ્રમાણે કરુ છું.

તારી પાસે પેટી છે તે તારી પાસે રાખજે. તેમાંના સામાનની યોગ્ય વ્યવસ્થા કરજે. મારે તેનો સંબંધ નથી. પિતાજીને મળજે — સાથેનો પત્ર તેમને આપજે અને યોગ્ય લાગે તે તેમને કહેજે — તેમને દુ:ખ થવા દઈશ નહીં.

મારા વિયોગનો શોક કરીશ નહીં. મૃત્યુ પાછળના અંધકારમાં એકલાં પ્રવાસ કરવા પ્રાણીમાત્ર નિર્માયેલાં છે. મૃત્યુ પહેલાં જ અંધકારમાં ફરવું એ મૃત્યુને માટે સજ્જ થવા જેવું છે. માયાને જૂઠો પ્રકાશ મૂકી આવા નિમિત્ત હું આ અંધકાર શોધું છું તે રજ પણ શોચનીય નથી.

હું તને નહીં ભૂલું. પ્રસંગે ફરી પ્રત્યક્ષ કે પરોક્ષ રહી જણાઈશ. હું તને છોડું, પણ હૃદય કેમ છોડશે?

મારી શોધ કરીશ નહીં. ગંગાભાભીને આશ્વાહન આપજે — હું તેમને ભૂલી શકનાર નથી.

રહી ઓછુંવત્તું વિષય સહુ જાશે તજી મને,

તજું હું તેને તો, પ્રિય સુહૃદ, ના દોષ કંઈ એ. [1]

જશે મેળે જ્યોત્સ્ના ઉડુગણ જશે, રાત્રિય જશે,

કલેન્દુ [2] *સાંજે એ નીરખી ઊગતાં આથમી જતો.*

સ્નેહથી બંધાયલો તું મને છૂટવા ન દેત જાણી સાહસ કરી છૂટું છું.

લિ. નામે સરસ્વતીચંદ્ર — બીજું શું કહું?'

ઊંડો નિ:શ્વાસ મૂકી, કપાળે હાથ દઈ, વીલો પડી જઈ ચંદ્રકાન્ત લક્ષ્મીનંદન પરનો કાગળ વાંચવા લાગ્યો.

'પ્રિય પિતાજી,

આપને સુખનો માર્ગ હું ખુલ્લો કરી આપું તેમાં અપરાધ તો નથી તે છતાં અપરાધ લાગે તો પિતા પાસે ક્ષમા માગતાં પુત્ર નિરાશ નહીં થાય.

ધૂર્તલાલને સૂત્રયંત્રનું સર્વ કામ આપની ઇચ્છા પ્રમાણે બતાવી કાર્યનો સમસ્ત ભાર તેમને સોંપી સર્વ પદાર્થ આપને બતાવી દીધા છે.

બ્રહ્માને ઘેર કોઈની ખોટ નથી. મારી ખોટ પડવાનું આપને કારણ નથી. ધનભાઈથી આપને સર્વ સંતોષનું કારણ મળો એ ઈશ્વરપ્રાર્થના છે. આપનું સમસ્ત દ્રવ્ય તેના કલ્યાણ અર્થે યોગ્ય લાગે તેમ રાખો. આપને હું કોઈ પ્રસંગે સાંભરી આવીશ તો એ જ મારે મન દ્રવ્ય છે.

મારે માનસિક વૈરાગ્ય લેવામાં આપની ચિત્તવૃત્તિ પ્રતિકૂળ નહીં થાય એવો નિશ્ચય થવાથી હું તે સ્વીકારું છું અને સંસારસાગરને દૃશ્ય તળિયે જઈ બેસું છું. સંન્યસ્તારંભે કોઈને જણાવવાની જરૂર નથી લાગતી. જનાર ‘જાઉં છું’ કહેવા રહે એમ હોતું નથી. ગુમાનબાને આજ સુધીમાં હું નિર્દોષ છતાં મારો દોષ વસ્યો હોય તો ક્ષમા અપાવશો.

મારા જવાથી આપના રોષનું સર્વ કારણ જતું રહેશે. મારી ચિંતા કરવાનું આપને કારણ નથી. વિદ્યાચતુરના કુટુંબની પરીક્ષામાં આપ છેતરાયા એ શલ્ય આપના ચિત્તમાંથી હવે નીકળી જશે. આપની નિશ્ચિતતા હવે અમર રહો!

પિતાજી, હવે મારી ચિંતા કરશો નહિ, મારી પાછળ ખેદ કરશો નહીં. સર્વ કોઈ મોડું-વહેલું જવાનું છે અને તે પાછું ન મળે એવું થવાનું છે. ચંદ્રબા ગઈ તેમ હું જાઉં છું. એ એક દિશામાં ગઈ, હું બીજીમાં જાઉં છું. એ સ્મરણમાંથી ખસી તેમ મને પણ ખસેડજો. સંસારમાં ડાહ્યા માણસોનો માર્ગ એ છે કે ગયેલું ન સંભારવું. પિતાજી, હવે તો

સુખી હું તેથી કોને શું? દુ:ખી હું તેથી કોને શું?

જગતમાં કંઈ પડ્યા જીવ, દુ:ખી કંઈ, ને સુખી કંઈક!

સઉ એવા તણે કાજે ન રોતાં પાર કંઈ આવે!

કંઈ એવા તણે કાજે, પિતાજી, રોવું તે શાને?

હું જેવા કંઈ તણે કાજે, પિતાજી, રોવું તે શાને?

નહીં જોવું નહીં રોવું! અફળ આંસુ ન ક્યમ લ્હોવું?

ભૂલી જઈને જનારાને, રહેલું ન નંદવું શાને?

સુખી હું તેથી કોને શું? દુ:ખી હું તેથા કોને શું?

પિતાજી! બીજું શું લખું? મારા ગયાથી આપના ઘરમાં હું સિવાય કંઈ ચીજ ઓછી થઈ લાગે તો ચંદ્રકાંત આપશે. તેને કહેજો.

લિ. હવે તો આપના ચિત્તમાંથી પણ

— આપને સુખી કરવા સારુ જ — ખસી જવા ઇચ્છનાર,

સરસ્વતીચંદ્ર.’

બે કાગળો વાંચી શોકસાગરમાં પડી, માથે હાથ દઈ ચંદ્રકાંત સમુદ્રતટ પરના એક પથ્થર ઉપર બેઠો. સરસ્વતીચંદ્રના ગાડીવાળાને કહ્યું કે ‘જા અને તારા મોટા શેઠને ખબર કર કે ભાઈ તો ગયા.’

ગાડીવાળો ચમક્યો: ‘હેં! ક્યાં ગયા?’

‘તે તો કોણ જાણે. જા, જઈને કહે કે કંઈક પરગામ ગયા.’

'કાગળમાં શું લખ્યું છે?'

'એ જ.' ગાડીવાળો વિચારમાં પડી ઘોડાની લગામ લીધી અને ગાડી સાથે ચર્ની રોડ સ્ટેશન આગળનાં ઝાડો પાછળ દૃશ્ય થઈ ગયો. ચંદ્રકાંત ઊઠયો, ભાડાની ગાડીમાં બેસી સ્ટેશન પર જઈ પોતે તપાસ કરી, પણ કોઈએ પત્તો ન આપ્યો. સ્ટેશન માસ્તર, ટિકિટ માસ્તર, સર્વ એની આસપાસ ગૂંચળું વળી ભરાયા, મેલ અને પેસેંજર ટ્રેનની ટિકિટોની જાવક જોઈ, પણ કાંઈ સમજાયું નહીં. નિરાશ બની ચંદ્રકાંત ઘેર ગયો. ત્યાં એકલો શયનગૃહમાં બેઠો, લેખનપીઠ (ટેબલ) પર માથું મૂકી અશ્રુપાત ખાળી ન શકાતાં તેને રોકવો છોડી દીધો, ગંગાને સમાચાર કહ્યા, એક દુ:ખનાં બે ભાગિયાં થયાં અને આખરે આંસુ લોહી શું કરવું તેના વિચારમાં એ પડ્યો, અને ગંગા આગળ હૃદય ઉઘાડું કરવા માંડ્યું:

'શુ કરું? અ — હં — હં — હં! ગયા જ! સરસ્વતીચંદ્ર! આ શું સૂઝયું? શેઠના ઉપર રોષ ચડે પણ મારા ઉપર શું? ગરીબ બિચારી કુમુદસુંદરીની શી વલે થશે? હું ક્યાં શોધું? અપ્તરંગી માણસનો ભરોસો જ નહીં — હેં?'

વાએ વાત ચલાવી અને ઘડીમાં સર્વ સમાચાર લોકવિદિત થઈ ગયા. એટલામાં લક્ષ્મીનંદનો ગુમાસ્તો ચંદ્રકાંતને બોલાવવા આવ્યો. ચંદ્રકાંતે શેઠ ઉપરનો કાગળ ફરી વાંચી જોયો. 'આપનું સમસ્ત દ્રવ્ય તેના (ધનનંદનના) કલ્યાણઅર્થે યોગ્ય લાગે તેમ રાખો એ શબ્દો જોયા. કાગળ શેઠને તરત તો ન જ આપવો એ વિચાર કરીને ઊઠયો અને શેઠને ઘેર ગયો.

ગાડીવાને શેઠને સમાચાર કહ્યા તે વખતે ગુમાન અને ધૂર્તલાલ પાસે બેઠાં હતાં. સમાચાર સાંભળી ગુમાન ઝંખવાણી પડી ગઈ અને શેઠ બેબાકળા બની ગયા. ધૂર્તલાલે

ગુમાનના કાનમાં સૂચના કરી: જોજે, કાંઈ ગોટો વાળી ન ગયો હોય! — પાકો છે. ગુમાનને જોર આવ્યું ને બોલી ઊઠી, 'ઘરમાં બધી તપાસ કરાવો.' શેઠ બોલ્યા: 'ઘરમાં શાની તપાસ કરાવે? પરગામ જાય તેની ઘરમાં શી તપાસ કરાવે?'

'જુઓ, ભાઈ કાંઈ કીકલા નથી. આ તો બધાંને ડરાવવાને વેશ કાઢ્યો. કોણ જાણે ક્યાં ભરાઈ પેઠા હશે અને આપણી પાસે શોધાશોધ કરાવી મૂકશે. બે લાખ રૂપિયાનો ધણી નાસી જાય નહીં. ભલું હશે તો સસરાને કે વહુને મળવા ગયા હશે પણ ઘરમાં ગોટો ન ઘાલ્યો હોય તેની તપાસ પહેલી કરો. આ તો મારા ભાઈને તમે ઘાલ્યો તે કઢાવવાની યુક્તિ. પણ આપણેયે એટલું તો સમજીએ. નાકે છી ગંધાતી નથી?'

રાતીચોળ આંખ કરી શેઠ શેઠાણીના ભણી જોઈ રહ્યા અને આખરે બોલ્યા: 'જો, આજ હું તારો નથી, હોં! તારા પેટમાં ન બળે પણ મને તો

બળે.'

આ નાટક ભજવાતું હતું અને કણકની પેઠે શેઠને કાંઈક નરમ કરી દેવામાં ગુમાન ફાવી શકી એટલામાં ચંદ્રકાંત આવ્યો.

શેઠ ઊઠ્યા અને એક એકાંત ખંડમાં ચંદ્રકાંતને લઈ ગયા. ગુમાન પાછળ આવી. શેઠે તેને બારણે કાઢી બારણે સાંકળ દઈ પાછા આવી ચંદ્રકાંત પાસે બેઠા. તેમનું હૈયું ભરાઈ આવ્યું. પુત્રના ગુણ સાંભરી આવ્યા. ધૂર્તલાલને તથા પોતાને હવાલો સોંપી દેવામાં તેણે જે ઉતાવળ કરી હતી તે સાંભરી આવી. પોતે તેને કઠણ વચન કહ્યાં હતાં એમ લાગવા અને સાલવા માંડ્યું.

'ચંદ્રકાંત! તું બધું જાણતો હોઈશ — હા — તારા મોં ઉપરથી લાગે છે તને ખબર હશે -મને કહે — આ એને શું સૂઝયું? એના વિના હું ઝેર ખાઈશ. હોં!' શેઠે ટેબલ ઉપર માથું કૂટ્યું. ચંદ્રકાંતે શેઠને ટાઢા પાડ્યા. ડોશીવાળો લેખ કેમ થયો, તે લેખ કરવામાં સરસ્વતીચંદ્રે કેવી હરકત કરી હતી અને લેખની બાબતમાં તે કેવો અજાણ્યો હતો, શેઠનાં જ વચનથી તેના મનમાં કેટલું ઓછું આવ્યું હતું, ઇત્યાદિ સર્વ વાત કહી. વાત કરતાં કરતાં સરસ્વતીચંદ્રવાળો કાગળ હવે આપવો કે નહીં તે વિચાર કર્યો. ન આપવો તે અપ્રમાણિક લાગ્યું. આપ્યા પછી પાછો માગવો તે ઠીક ન લાગ્યું, આપતાં હરકત એ કે ચિત્ત ફરી જતાં શેઠ એ કાગળને ફારગતીરૂપ ગણી દે અને વહુની રીસ અને સાસુનો સંતોષ થઈ જાય — તેનું શું કરવું એ વિચાર થયો, અંતે 'જોઈ લઈશું' કહી કાગળ શેઠના હાથમાં મૂક્યો. ભોજે લોહીના અક્ષર મોકલ્યા તે વાંચી મુંજને થયો હતો તેવો જ વિકાર કાગળ વાંચતાં શેઠને થયો. ખરી વાત જાણ્યાથી, પુત્રની નિર્મળ વૃત્તિ અનુભવ્યાથી, આંખમાંથી ખરખર આંસુ ચાલવા માંડ્યાં, ગુમાન અને ધૂર્તલાલ ઉપર તિરસ્કાર અને ધિક્કારની વૃત્તિ થઈ, અને કાગળ એક પાસે મૂકી દીન વદનથી ચંદ્રકાંતને કહેવા લાગ્યા: 'ચંદ્રકાંત, ભાઈને બતાવ. તું જાણે છે — ગમે તે કર, ભાઈને આણ, નહીં ચાલે.' ચંદ્રકાંતે કાગળ હાથમાં લઈ લીધો અને ફાડી શેઠના દેખતાં જ ચીરા ઉરાડવા માંડ્યા અને લાંબા ચીરા કરી પાછા તેના કટકા કરતાં કરતાં બોલ્યો:

'શેઠ, મેં કહ્યું કે મને ખબર નથી તે સાચી વાત છે.' કાગળ ફડાતો શેઠે દીઠો, પણ સર્વવ્યાપારરોધી ચિત્તવિકાર મનોવ્યાપી [૧] થઈ જવાથી તે વિષે વિચાર ન કર્યો, પ્રશ્ન ન પૂછ્યો. ચંદ્રકાંત ઊકળતા હૃદયમાંથી ઊભરા ઉપર ઊભરા કાઢી બાકી ન રહે એમ ડર વગર બોલવા લાગ્યો અને કાગળના ચીરા કર્યા તેમ જ શબ્દેશબ્દથી શેઠના પસ્તાતા અંત:કરણના ચીરા કરવા લાગ્યો:

'શેઠ, આપ તો મોટા માણસ છો. પણ આપણાથી નાનાં માણસ હોય તેની ચિંતા પણ કરવી જોઈએ. પુત્રને પરણાવવા ઇચ્છો તો પરણનાર જોડું

એકબીજા પર પ્રીતિ વધારી સુખી થાય તે પણ આપે ઇચ્છવું જોઈએ. નિર્મળ કુમુદસુંદરી પર આરોપ મૂકી પુત્રના હૃદયમાં કટાર ખોસ્યા જેવું કર્યું — તેની વેદના એ દંપતીને હવે કેટલી થશે તે ઈશ્વર જાણે! વરકન્યાની પ્રીતિ વધે ને માબાપથી ન ખમાય એ તો વિપરીત જ. પણ આપ શું કરો? ઈશ્વરનું કર્તવ્ય એવું જ. અપરમાના હાથમાં ગયેલા પિતાનો પુત્ર સુસ્થ રહ્યો સાંભળ્યો નથી. ખરી વાત છે કે છોકરાં કરતાં સ્ત્રી વધારે હોય જ. સરસ્વતીચંદ્ર કેટલો નિર્દોષ છે તે આપના મનમાં શાનું વસે? પિતાની મારા પર પ્રીતિ નથી એ વિચારે તેને ઘેલો બનાવી મૂક્યો અને ઘર છોડી તે ગયો! બે ઘોડાની ગાડીમાં બેસનારો, બૂટમોજાં વિના ન ચાલનારો, આપની શ્રીમંતાઈના વૈભવમાં વસનારો — તે આજ સાધારણ વેશે નિરાધાર એકલો અપ્રસિદ્ધ કોણ જાણે ક્યાં ભટકતો હશે? સભાઓ ગજાવનાર, વિદ્વાનોનો માનીતો, મારા જેવા કેટલાક નિરાધારનો આધાર, તે આજે ક્યાં હશે? શેઠ, એને ધ્રુવજીના જેવું થયું. અરેરે! કુમુદસુંદરી જાણશે ત્યારે તેને શું થશે? શેઠ, આપના ઘરમાંથી દીવો હોલાઈ ગયો. પણ આપને શું?

‘એક વાત આપને કહેવા જેવી છે. એક બાબુ અને તેની સ્ત્રીને ઘણી પ્રીતિ હતી. એકબીજાથી તેમના ચિત્ત જુદાં જ ન હતાં. તેમના ઘરમાં એક થાંભલા પર ચકલીનો માળો હતો. તેમાં ચકલોચકલી રહે અને આનંદ કરે. ચકલીએ ઈંડાં મૂક્યાં અને બચ્ચાં થયાં તેની બે જણ સહુ સંભાળ રાખે. એક દિવસ ચકલી મરી ગઈ. ચકલે બીજી ચકલી આણી. બે જણાંએ મળી બચ્ચાંને ધકેલી કાઢ્યાં અને ઊડવા સરખું પણ ન શીખેલાં બચ્ચાં જમીન પર પડી મરી જાત પણ પેલી સ્ત્રીએ ઝીલી લીધાં. તેમનો વિચાર કરી તે પોતે રોવા લાગી. બચ્ચાંને છાતીસરસાં ધરી રાખે ને રુએ.

‘એટલામાં બાબુ આવ્યો. સ્ત્રીને રોવાનું કારણ પૂછ્યું. તેણે ન કહ્યું. ઘણું કર્યું ત્યારે બચ્ચાં બતાવ્યાં, તેમનો ઇતિહાસ કહ્યો અને બોલી — આ પક્ષીઓમાં બન્યું તેવું જ માણસમાં પણ કેમ ના બને? દેહનો ભરોસો નથી અને તમારી આજ મારા પર પ્રીતિ છે પણ મારા પછી આ કુમળાં બાળકનું શું થશે તે વિચારથી મને રોવું આવે છે. ધણીએ ઘણું આશ્વાસન કર્યું પણ સ્ત્રીને વિશ્વાસ ન જ આવ્યો.

‘પળેપળ જાય તેમ સ્ત્રી રોતી જાય અને આંસુ આંખમાં માય નહીં!’ ‘હાય, હાય! આ બાળકનું શું થશે?’ એ જ વિચાર ભરાયો.

‘આખરે ધણીએ કહ્યું કે ન કરે નારાયણ ને એવો સમય આવે તો છોકરાંને કહેજે કે આ થાંભલા આગળ મને આણી આ વાત સંભારી આપે — શું તારી પ્રીતિ ભુલાય એવી છે?’

‘દિવસ ગયા અને બાઈ ભાગ્યશાળી તે સૌભાગ્યવતી ગુજરી ગઈ. બાબુ ફરી પરણ્યો. પ્રથમની સ્ત્રીથી એક છોકરો ને એક છોકરી હતાં.

‘નવી વહુએ હળવે હળવે કાન ભંભેરવા માંડ્યા. નવી તો ફરિયાદ કરે — છોકરાંનું ખોટું બોલે, પણ નમાયાં બાળક — તેમનાથી માનું ખોટું કેમ બોલાય — ફરિયાદ કેમ થાય? આખરે નવીએ બાપને ભરવ્યો અને કહે કે આ છોકરાં ભેગાં મારાથી નહીં રહેવાય — ગમે તો એ કે ગમે તો હું.

‘ખરું! સ્ત્રી હોય એટલાં નમાયાં છોકરાં હોય? છોકરાંનું તો ગમે તે થાઓ! સ્ત્રી ક્યાં જાય? બાબુએ બાળકોને બોલાવી કહ્યું કે મારે હવે તમે નહીં — બસ જાઓ.

‘છોકરાંનાં મોં દયામણાં થયાં પણ દયા કોને આવે?’ ‘બાપા, ક્યાં જઈએ?’ કરી વીલે મોંએ પૂછ્યું. બાપા કોના? રાક્ષસે કહ્યું — ‘મને શું પૂછો છો? જાઓ ગમે ત્યાં. પડો ખાડામાં.’

‘રોતાં રોતાં નિરાધાર છોકરાં બારણા આગળ આવ્યાં. દૈત્યને દયા ન જ આવી.

‘એટલામાં છોકરી જશ ડાહીલી હતી તેને માનું કહ્યું સાંભરી આવ્યું અને ભાઈને રોતી રોતી કહે: ‘ભાઈ, ચાલ, આટલું માનું કહ્યું કરીએ.’ બે જણ પાછાં આવ્યાં.

‘કેમ પાછાં આવ્યાં? — જાઓ!’ બાપે ઘાંટો કાઢ્યો.

‘બીતી બીતી થરથરતી બાળકી બોલી: ‘બાપા! અમે જઈએ પણ માએ કહ્યું હતું કે આ વખત આવે તો બાપાને એક વાત કહેજો. તે કહીએ તને સાંભળશો?’

‘દૈત્યને દયા આવી અને સાંભળવા હા કહી.

‘છોકરાંએ ચકલીની વાત અને મા રોઈ હતી તે કહી બતાવ્યું. બાપનું અંત:કરણ ઓગળ્યું. ભૂતકાળ સાંભરી આવ્યો, આપેલું વચન મન આગળ તરી આવ્યું, છોકરાંને રોતો રોતો બાઝી પડ્યો અને ઘરમાં રાખ્યાં.

‘શેઠ આપને પણ આ બાબુના જેવું થયું. પણ સરસ્વતીચંદ્રને ચંદ્રલક્ષ્મીએ કાંઈ કહી મૂક્યું નથી — તે બિચારા ગયા અને મનાવાનો અવકાશ પણ તમારે નથી.

‘આપના મનમાં એમ આવ્યું કે એ પૈસાને લીધે આપનો સગો છે! હવે એ સગપણ નથી. આપ એને મન બાપ છો — આપને મન એ પુત્ર નથી. હોય, એમ જ હોય તો!

‘શેઠ! આપના ઘરમાંથી એ ગયો તેની કાંઈ ફિકર કરશો નહીં. એને સોંપેલી અને બીજી વસ્તુઓ — ઘરની — સંભાળજો. ઘરમાંથી કાંઈ ગયું લાગે તો મને કહેજો. હું ભરી આપીશ.

‘શેઠજી, જાઉં છું. આપ મોટા માણસ છો. વધારે ઓછું બોલાઈ ગયું હોય તો ક્ષમા કરજો. રજા લઉં છું.’

બોલતાં બોલતાં ચંદ્રકાંતે પાઘડી પહેરી. ઊઠ્યો અને ચાલવા માંડ્યું.

શેઠે હાથ પકડી તેને બેસાડ્યો.

‘ચંદ્રકાંત! ચંદ્રકાંત! આમ શું કરે છે? મને એનો પત્તો આપ. તેં મારું ખસી ગયેલું કાળજું ઠેકાણે આણ્યું છે. હવે પુત્રવિયોગથી ફરી ખસશે તો પછી ઠેકાણે નહીં આવે — હોં!’

‘શેઠ, ઘરમાં છે ઠેકાણે લાવનાર. હું ખરેખર કહું છું કે મને ભાઈની ખબર નથી. મને ખબર હોત તો હું આમ જવા ના દેત. હું મારી મેળે હવે એને શોધાશે એટલું શોધીશ, એના જેવો થઈને આથડીશ, મરજી પડે તે કરીશ. એમાં કોઈને શું? આપ હવે આનંદ કરો — ઘરમાંથી કાંટો ગયો — એની કનવા કાઢી નાંખો. મારું હૈયું ભરાઈ આવ્યું છે — બસ હવે મને જવા દો.’ શેઠનો હાથ તરછોડી નાંખી બારણું ફડાક ઉઘાડી ચાલતો થયો. ગુમાન બારણામાં પેઠી.

શેઠ ઘેલા જેવા બની લવતા હતા —‘દુ:ખી હું તેથી કોને શું?’ ‘હેં! શું એમ જ! શું તું દુ:ખી તેનું મને કાંઈ નહીં?’ — ‘દુ:ખી હું તેથી કોને શું?’ ‘હેં!’ —‘નહીં જોવું — નહીં રોવું — અફળ આંસુ ન શીદ લ્હોવું?’ ‘પિતાજી, રોવું તે શાને?’ — ‘ભૂલી જઈને જનારાને’ ‘દુ:ખી હું તેથી કોને શું?’ — ‘હેં — મારો જ વાંકસ્તો’ ‘ચંદ્રકાંત! મારો ભાઈ મને આણી આપ’ જુએ તો ચંદ્રકાંત ન મળે.

‘ભાઈ, ભાઈ!’

ગુમાન પાસે આવી ઊભી — ‘- ભાઈ તો ગયા.’ ગુમાનને દેખતાં જ શેઠ ઊઠ્યા અને એકબે લાતો એવી મૂકી કે ગઈ ગબડતી આઘે અને બારણાં ઉપર અથડાઈ પડી ગઈ. ‘હાં, હાં!’ કરતો ધૂર્તલાલ અને બીજાં માણસો અંદર આવ્યાં.

હાથથી વાત ગઈ જાણી ભાઈબહેન શેઠની વૃત્તિને અનુકૂળ થઈ ગયાં અને સરસ્વતીચંદ્રની શોધ બાબત શેઠની સર્વ આજ્ઞાઓ દેખીતી પળાવા લાગી. પવનના ઝપાટા આગળ નમી જઈ ઝપાટો પાછો વળતાં ઊભા થતા ઘાસની વૃત્તિ સર્વેએ અનુસરી. તરત સૌ શેઠને વશ થઈ ગયા. દિવસ જવા માંડ્યા, માણસો ઉપર માણસો શોધમાં રોકવા છતાં અને દ્રવ્યનો વ્યય નિરંકુશ થવા છતાં પત્તો ન લાગ્યો અને એવી રીતનાં ઘણાં કારણોથી શેઠ હળવે હળવે શાંત થયા અને ગુમાન નિર્ભય બનવા લાગી. શેઠ જે માણસોને મોકલતા તેમને દ્રવ્ય આપી, લાલચ આપી, સમજાવી, છેતરી, શેઠની ઇચ્છાનો અમલ કરવામાં શિથિલ કરી દેતી અને શેઠને કાને એમ જ જતું કે અદ્ભુત શોધ નિષ્ફળ જાય છે.

ચંદ્રકાંતે પણ શોધ કરવામાં બાકી રાખી નહીં. પોતાનો ઊભરો નરમ પડતાં શેઠ પર દયા આવી; પણ તેના ઘરનો તાલ જોઈ પોતાની જ શોધ ઉપર આધાર રાખ્યો.

એક દિવસ 'ધિ બૉમ્બે લાઈટ' વાળા બુલ્વરરસાહેબની ચિઠ્ઠી ચંદ્રકાંત ઉપર આવી. તે તરત સાહેબ પાસે ગયા. એ પત્રના તંત્રી ઉપર પરદેશના પત્રો આવતા તેમાં એક પત્ર સરસ્વતીચંદ્રના અક્ષરનો હતો. બુલ્વરસાહેબે એ અક્ષર ચંદ્રકાંતને બતાવ્યા. ચંદ્રકાંતે અક્ષર ઓળખ્યા, ભાષા ઓળખી, વિચાર ઓળખ્યા અને તેના હર્ષનો પાર રહ્યો નહીં. પત્ર ઉપરના પરબીડિયા પર ટપાલની છાપ હતી. છાપમાં 'સુવર્ણપુર' હતું. આ શોધ ગુપ્ત રાખવાનો સાહેબ સાથે મંત્ર કરી, ચંદ્રકાંતે જાતે સુવર્ણપુર જવાનો વિચાર કર્યો. સુવર્ણપુરના અમાત્યને અને વિદ્યાચતુરને સંબંધ હતો એટલે અમાત્ય ઉપર ભલામણ લેવા પ્રથમ રત્નનગરી જવાનું ઠરાવ્યું. ઉત્સાહના વેગમાં આંખ મીંચાઈ બંધ થાય એટલી વારમાં રત્નનગરી પહોંચ્યા જેવું લાગ્યું.

વિદ્યાચતુર અને ગુણસુંદરી બંને જણે સરસ્વતીચંદ્રના મિત્રનો ઘણો સત્કાર કર્યો; સરસ્વતીચંદ્ર બાબત ઘણી જિજ્ઞાસા અને ઘણો ખેદ બતાવ્યો. ચંદ્રકાંતે શેઠની અને ગુમાનની સર્વ વાર્તા કરી, પોતાના મિત્રનું ઉત્કૃષ્ટ હૃદયસ્નેહ અને દુ:ખે ઉત્પન્ન કરેલી કવિત્વશક્તિના બળથી તાદૃશ ખડું કર્યું; અને સાંભળનાર દમ્પતી તેમાં લીન થઈ દુ:ખમય બની ગયાં, સરસ્વતીચંદ્રની મનોવૃત્તિ જોઈ અદ્ભુત આશ્ચર્યમાં પડ્યાં, તેમના ભણી સ્નેહની ભરતી થતી અનુભવવા લાગ્યાં, અને એ સર્વ છતાં 'એમણે આમ કરવું જોઈતું ન હતું' એવું કહેવામાં આશંકા બેમાંથી એકેયે ન ધરી. વિદ્યાચતુરે કહ્યું: 'ચંદ્રકાંત, મારે કહેવું જોઈએ કે આપણી અંગ્રેજી વિદ્યામાં એક જાતનો દોષ છે અને તે એ કે માણસની વિચારશક્તિને તે ઉદ્ધત બનાવી મૂકે છે. આ ગુણ આખી પાશ્ચાત્ય [૧] વિદ્યાનો છે એમ કહીએ તો પણ ચાલે. અસંતુષ્ટવૃત્તિ સર્વ પાશ્ચાત્ય પ્રવૃત્તિનું મૂળ છે, તે પ્રવૃત્તિને ઉત્પન્ન કરે છે, વધારે છે અને દૃષ્ટિમર્યાદાના જેવી ફળ પરંપરા દેખાડે છે. એ વૃત્તિથી માણસ ફળ પ્રાપ્ત કરવા ઉતાવળું બને છે અને અધીરું થાય છે. સ્વાભાવિક માર્ગે ફળ મેળવતાં વાર લાગે છે તે આ વૃત્તિને પ્રતિકૂળ થાય છે. એક જ ફળ શોધી બેસી રહેવાનું નહીં, પણ ફળ ઉપર ફળ ખોળ્યાં કરવાનાં અને તે પણ આટલી ઉતાવળથી, એટલે આ વૃત્તિવાળાં મન સટોરિયા જેવી પ્રકૃતિવાળાં થઈ જાય છે. ભૂતકાળનો અનુભવ શોધ્યા વિના, વર્તમાન સ્થિતિ જોયા વિના, આતુરમન ભવિષ્ય શોધવા નીકળે છે અને સાધન વિના ફળ ઇચ્છે છે! વર્તમાનથી અસંતુષ્ટ ચિત્ત દૃષ્ટિ આગળ અકસ્માત ઊડતું ભવિષ્ય ઝડપે છે અને એ ભવિષ્યની પાછળ ઊભેલું ભવિષ્ય દૃષ્ટિએ અચિંત્યું પડતાં કંપારી ખાય છે. સરસ્વતીચંદ્ર આનું એક દૃષ્ટાંત છે. જુઓ એમનો જગત છોડી જગત જોવાનો રસ્તો! જુઓ

એમનો દ્રવ્ય છોડી પરાર્થ કરવાનો રસ્તો! તેની અવસ્થા અત્યારે કેવી દયાપાત્ર થઈ હશે તે જોશો ત્યારે મારું કહ્યું સિદ્ધ થશે.

'આજકાલના જુવાનો સહનશીલતાને દાસત્વ ગણે છે, પરવિચારને વશ થવામાં શૌર્યહીનતા ગણે છે, પોતાના તરંગ પ્રમાણે જ ચાલવાની સ્વતંત્રતા શોધે છે, મનની વાત બહાર કાઢવામાં અને સાકાર કરવામાં વીરત્વ માને છે. અનુભવને હસે છે. નિવૃત્તિને ધિક્કારે છે અને વૃદ્ધાચારને ક્ષુદ્ર કલ્પે છે. ઘણાક પિતાઓ લક્ષ્મીનંદન પેઠે બોલતા હશે, પણ તેટલા ઉપરથી આ પ્રમાણે કરનાર તો તમારા મિત્રને જ દીઠા. ખરેખર, મૂર્ખમાં મૂર્ખ માણસો વચ્ચે ચાસ ચસાય નહીં એમ રાખી, તીખા, અભિમાની, અને દુષ્ટ ઉપરીના હાથ નીચે બે વર્ષ નોકરી કરવી પડે, દુષ્ટ વચન સાંખવાં પડે, અને ટૂંકામાં દાસત્વનો અનુભવ થા તો જ તમારાં મુંબઈગરાં માણસો ઠેકાણે આવે! આવા દાસત્વમાં કાંઈ દોષ નથી એમ નથી, પણ પારકાં માણસોને, અનુભવને, અને સ્થિતિને વશ કેમ રહેવું, પોતાના મનની વૃત્તિને પરવશ કેમ રાખવી — એ શીખવું પણ આવશ્યક છે.'

સ્વતંત્ર પ્રકૃતિનો ચંદ્રકાંત આ અનુભવનું અભિમાન જોઈ રહે એવો ન હતો. પરંતુ મિત્રની શોધ કરવામાં વિદ્યાચતુરની સહાયતાની જરૂર હતી; એ પોતાના બળેલા હૃદયની દાઝ કાઢે છે એ ભાન હતું; ઇત્યાદિ ઘણાંક કારણોએ ચંદ્રકાંતને પરવશતાનો ધર્મ શીખવ્યો અને એના પીસેલા ઓઠને સમો કર્યો. મિત્રની શોધ કરવાની જરૂર ન હોત તો તો ચંદ્રકાંત વિદ્યાચતુરને ઉત્તર આપત જ — સરસ્વતીચંદ્રને મૂર્ખ લેખવાનો પ્રયત્ન ઇન્દ્ર ઊતરીને કરવા જાય તો તે ચંદ્રકાંત સહી શકે તેમ ન હતું. પણ મિત્રસંયોગની આતુરતાએ આ સહનશક્તિ ઉત્પન્ન કરી.

વળી વિદ્યાચતુરે કહ્યું: 'ચંદ્રકાંત, થનાર તે થયું. હવે દાઝ્યા ઉપર ડામ દેવા યોગ્ય નથી. હવે તો તમે એમને શોધી કાઢો. આ સાહસથી સરસ્વતીચંદ્ર શીખશે અને તેમનું કાળજું ઠેકાણે આવશે. મારા રાજ્યમાં મુખ્ય ધર્માધિકારીની જગા બેચાર માસમાં ખાલી પડશે ત્યાં એમનો જોગ થઈ શકશે. મારી કુસુમનો વિવાહ હજી કંઈ કર્યો નથી અને એમને દેવા હું બહુ ખુશી છું. એ દ્રવ્યહીન હશે તેની મારા મનમાં ચિંતા નથી. પણ આટલી શરત તો ખરી કે એમણે કંઈ પણ ઉદ્યોગમાં પડવું જોઈએ. ઇચ્છા હશે તો તો હું ઉદ્યોગમાં પાડીશ. પણ આમ આથડ્યાં કરે તો તો મારાથી કાંઈ ન થાય.'

ચંદ્રકાંત ક્રોધને દાબી રાખવા વ્યર્થ પ્રયત્ન કરી બોલ્યો: 'પ્રધાનજી, આપનો બહુ ઉપકાર માનું છું, પણ જે શાણપણ આપ ઇચ્છો છો એ મારા મિત્રમાં આવે એમ નથી — તેમાં આપની શરત પાળવાને સારુ તો આવતું હોય તોયે ન આવે. કુસુમસુંદરીનો હાથ મેળવવા સારુ એ કાંઈ પણ શરત પાળે ને દહાડો વળે તે માનવું નહીં. દુ:ખ એને નરમ કરશે એ હું ધારતો નથી. આપ જેને ફાટેલું મગજ કહો છો તેવું એનું મગજ વધારે દુ:ખથી

વધારે ફાટેલું થશે. વાસ્તે આપને જે બીજો વિચાર કરવો હોય તે ખુશીથી કરવો. આપની ઇચ્છેલી યોગ્યતા એનામાં નહીં આવે એ હું ખાતરીથી કહું છું. મારે તો માત્ર એમને શોધવામાં આપની સહાયતા જોઈએ છે તે આપી શકો તો કૃપા; ન આપો તો તેમ કરવા સ્વતંત્ર છો. આજ સાંજે મારે નીકળવું જોઈએ.

ચંદ્રકાંત નિર્ધન સ્થિતિમાં ઊછર્યો હતો, પણ પથ્થરની ભૂમિમાં રસ્તો કરી કેટલાક છોડ ઊગી નીકળે છે તેમ આપત્તિઓને ન ગણી એણે પોતાનો ઉન્નત માર્ગ કરી દીધો હતો. પોતાના ઉપર પડેલા નિર્ધનતા રૂપી પથ્થરને ફાડી પરાક્રમથી ઊંચો ઊગ્યો હતો. તેને આશ્રયમાં આશ્રય સરસ્વતીચંદ્રનો હતો અને તે આશ્રય નાનોસૂનો ન હતો, પરંતુ સરસ્વતીચંદ્ર પોતાની મેળે જ સહાયભૂત થઈ પડે ત્યારે જ તેનો આશ્રય ચંદ્રકાંત સ્વીકારતો. ચંદ્રકાંતે કાંઈ માગ્યું છે એ વારો આવ્યો ન હતો. દુ:ખ ખમી, હરકત ભોગવી, બેસી રહેવું એ હા, પણ ચંદ્રકાંતનો આત્માભિમાની ચિત્તોદ્રેક નમ્યું આપે તેની ના હતી. ધનાઢ્ય અને પોતાનાથી વધારે વિદ્વાન ઉપકારક મિત્ર પાસે તેની મિથ્યાપ્રશંસા (ખુશામત) કરવી તો શું પણ પ્રિય વચન કહેવું તે પણ તે સમજતો ન હતો. આ નિ:સ્પૃહી સ્વતંત્રતાને લીધે સરસ્વતીચંદ્રની તેના પર અનુપમ પ્રીતિ થઈ હતી. પરંતુ વિદ્વાન અને ઉચ્ચ પદવીએ પહોંચેલા પણ દાસત્વના જ સંસ્કારવાળા વિદ્યાચતુરને આ સર્વ અપરિચિત હતું. ઈશ્વરના તરફથી જેમાં દોષ ન આવી જતો હોય એવા વિષયમાં મોટાંનું મન રાખવું એ તે આવશ્યક ગણતો હતો. પરવૃત્તિનું અનુસરણ કરવું અને લોકાચારથી વિરુદ્ધ ન દેખાવું એ કળાઓ તે સંપાદ્ય ગણતો હતો. પોતે પણ ઉચ્ચ પદવી પર હતો: એટલે અનુકૂળ ઉત્તર જ સાંભળવાનો અભ્યાસ હતો, ઇચ્છા દર્શાવતામાં જ તેને આજ્ઞા ગણી અનુસરનાર વર્ગ જ એની દૃષ્ટિમર્યાદાને ભરી રાખતો, અને ઉઘાડી આત્મપ્રશંસા પોતે થવા ન દેતો તોપણ પર પ્રશંસાના પ્રવીણ અને પ્રધાનની પ્રીતિ ઇચ્છનાર અધિકારીઓ, આ ગુણ તમારો છે અને તે આવો સારો છે,' એમ ઉઘાડું કહેવાની રીત છોડી દઈ, પ્રધાનને પોતાના કયા ગુણનું ભાન છે એ શોધી કાઢી, એકલા તે ગુણની પ્રશંસા કરતા, પ્રધાને કરેલાં કંઈ કંઈ કાર્યોમાં દક્ષતા અને અપૂર્વતા બતાવી આપતા, અને પ્રધાનનાથી ઊલટી રીતિએ ચાલનારને હસી કાઢતા. પ્રશંસાના કરતાં સર્વની અસર વધારે થતી અને સાવધાન છતાં પ્રધાન ભૂલ ખાઈ ઘણી વાર એમ કલ્પતો કે મારી બુદ્ધિ સર્વમાન્ય છે. આવા આવા સંસ્કારોના અભ્યાસીને ચંદ્રકાંત જેવો ઉત્તર આપનાર મળતાં નવીનતા લાગી, મૂર્ખતા પ્રત્યક્ષ દેખાઈ, ઉદ્ધતતા મૂર્તિમતી થઈ જણાઈ, અને બાલિશતા અને અવિનીતતાના અવતારનું દર્શન થયા જેવું થયું. પણ એનો ઉપાય ન હતો. ચંદ્રકાંત પોતાના હાથ નીચેનો માણસ ન હતો. 'એને શું કરવું? શું કહેવું? કહેવું તોયે નિરર્થક! હશે! આપણે શું? કોઈ વખત ખત્તા ખાશે ત્યારે ઘણોયે ઠેકાણે આવશે.—

उपदेशो न दातव्यो यादृशे तादृशे नरे।

पश्य वानरमूर्खेण सुगृही निर्गृही कृता॥

એ વિચાર કરી શાંત પડી મનમાં પુષ્કળ હસ્યો. ‘આની સાથે શું બોલવું?’ એમ જ લાગ્યું. આ મુંબઈગરી માંકડાની જાત! તે વળી કાંઈ મોભે ચડી! એને તો છંછેડવી જ નહીં. પેલા પારસીની આટલી આગતાસ્વાગતા કરી ત્યારે મૂર્ખે બધી ખાનગી વાતચીત પણ વર્તમાનપત્રમાં છપાવી — એ અને આ બેયે જાતભાઈ જ! જગતને શિખામણ આપવી એ કાંઈ મારું કામ નથી.’ જાતિસ્વભાવ ભૂલી રાજકીય વ્યવહારી બે વસમાં વેણ કહ્યાં હતાં તેનો ઉતાર કરવા લાગ્યો — તે પાછો પોતાની પ્રકૃતિ પર આવ્યો અને હૃદય ઢાંકી જીભવતે અમૃત લ્હાવા લાગ્યો:

‘ચંદ્રકાંત, તમે ખોટું ન લગાડશો. તમારા મિત્ર તે મારા પણ એક વાર સંબંધી હતા અને હજી પણ મારું ચિત્ત તેમને વાસ્તે બળે છે. પણ આટલું તો તમે પણ સ્વીકારશો કે એમણે છેક આમ કરવું જોઈતું ન હતું. હશે! ઈશ્વરેચ્છા આગળ એ શું કરે! તમે એમને પાછા મળો તોપણ હવે એ તમારું કહ્યું માની નહીં શકે અને મારો સંદેશો પહોંચાડશો તો કાંઈક એમને અસર થશે જાણીને મેં તમને કહ્યું; પણ એમનો સ્વભાવ તમે વધારે સારી રીતે જાણો, માટે યોગ્ય લાગે તે ખુશીથી કરવું. સાંજસોરી સૌ વ્યવસ્થા થશે.’

તોફાની સમુદ્રતરંગ ઉપર નૌકાપતિએ તેલ ઢોળ્યું કે તરત જ તરંગ શાંત પડ્યા અને તે ઉપર નૌકા નિરાંતે સરવા લાગી. ચંદ્રકાંત ધીરો પડ્યો. આવે સમયે મિત્ર પર થયેલી ટીકા ન સંખાઈ તેથી વધારે ઓછું બોલાયું તેની પ્રધાન પાસે ક્ષમા માગી. તે વિજ્ઞપ્તિને પોતે સ્વીકારે છે કે નહીં તે જણાવવાની જરૂર ન લાગી હોય, તત્ત્વત: ઉત્તર દેવો ન હોય, અને સામો માણસ તે ન કળી જતાં શાંત પડે એવા ઉત્તર સહેજ વિષયમાં પણ આપવાના પરિચયવાળો શબ્દવ્યવહારી હસ્યો અને બોલ્યો: ‘કાંઈ હરકત નહીં, એમાં ક્ષમા શાની માગો છો?’ નિ:સ્પૃહી ચિત્તમાં આ ધ્વનિ જવા પણ ન પામ્યો; પ્રતિધ્વનિરૂપે પાછો ઊછળ્યો પણ નહીં; ચિત્તની બહાર કંઈક ખૂણેખાંચરે કોણ જાણે ક્યાં ગરબડતો ગરબડતો છાનોમાનો સરી ગયો. સંધ્યાકાળે એક મોટા સિગરામમાં બેસી ચંદ્રકાંત નીકળ્યો અને તેમાં સૂતો સૂતો મિત્રના વિચાર કરતો કરતો સુવર્ણપુર ભણીને પન્થે વળ્યો.

નવીનચંદ્રનું નામ બુલ્વરસાહેબ પર આવેલા પત્રો પર હતું પણ નવીનચંદ્ર તે સરસ્વતીચંદ્ર જ હશે કે નહીં તેની ખાતરી ન હતી; નવીનચંદ્રના બાપનું નામ ખબર ન હતું. તેનું સરનામું ખબર ન હતું; તે છતાં હશે તો કાગળ આથડતો આથડતો પહોંચશે કરી એક કાગળ લખ્યો. તે જ નવીનચંદ્રને પહોંચ્યો અને તે જ કુમુદસુંદરીના હાથમાં આવ્યો હતો. ચંદ્રકાંતની વાતો નાની કુસુમસુંદરીએ માબાપની પાછળ બેસી છાનીમાની

સાંભળી લીધી હતી અને ચંદ્રકાંતના શબ્દેશબ્દ બાળક મેધાવિનીએ બેચાર પત્રો ઉપર ચીતરી કાઢ્યા હતા. ટપાલમાં જાય તો પ્રમાદધનના હાથમાં જાય માટે સંગાથ શોધી વનલીલા દ્વારા પત્રરાશિ પહોંચડાવ્યો હતો.

વાંચનાર! હવે તારી સ્મરણશક્તિની કમાન જરીક ફેરવ. સુવર્ણપુરનો સંસાર ભૂલી સરસ્વતીચંદ્રનો સંસાર જોવા આપણે ઘડીક મુંબઈ અને રત્નનગરીનાં સ્વપ્ન જોયાં. હવે જાગ અને પાછો સુવર્ણપુરના સંસારમાં આવ.

ભૂપસિંહના ભવ્ય દરબારમાં ભજવાયેલા — કલ્પના ભરી નાંખનાર — નાટકનો સૂત્રધાર નવા ભભકાથી ઘેર આવ્યો; તેની મેડીના પ્રધાનખંડમાં અધિકારીવર્ગ પ્રથમ જ ભીડ મચાવી થનાર કારભારી — ઊગતા સૂર્ય — નો સત્કાર કરવા તરવરતા હતા; એકાંત હીંચકા પર બેસી રંક સૌભાગ્યદેવી એકલી એકલી પતિસંપત્તિએ આણેલા આનંદના ઉપરાઉપરી આવતા ઊભરાથી. ઊભરાતી મલકાતી દ્વારમાં પેસતા પતિ સાથે તારામૈત્રક રચી ગૃહકાર્યમાં ભળી; ઉન્મત્ત અલકકિશોરી મોટા સખીમંડળ વચ્ચે પાટ ઉપર બેસી પિતાના દોરનું અનુકરણ કરતી હોય તેમ તડકાધડાકા કરતી હતી અને વાર્તાયુદ્ધમાં ગાજતી હતી — તે સમયે કુમુદસુંદરી પોતાની મેડીમાં એકલી બેઠી બેઠી બહેનનો પત્ર વાંચી રોયા વગર આંસુ સારતી હતી તે ચિત્ર, વાંચનાર, હવે પાછું દૃષ્ટિ આગળ ખડું કર. એક સ્વપ્નમાંથી બીજા સ્વપ્નમાં — જાગ્રત અવસ્થામાં પણ — એકાએક સંક્રાન્ત થવું એ — ઓ સંસારના પ્રવાસી! — તને પરિચિત છે જ.

પ્રથમ બહેનનો કાગળ વાંચ્યો. વાંચતાં વાંચતાં મુગ્ધા ગળગળી થઈ ગઈ.

‘શુ, પ્રિય ચંદ્ર — આ બધું મારે સારુ સોસવું પડ્યું? — શું તમને હવે પ્રિય કહી શકું નહીં? મૃતપત્નીને સંભારનાર પતિ શું મરનારીને પ્રિય નહીં કહેતો હોય? તમે મારા વીતી ગયા ભવમાં પ્રિય હતા — ઈશ્વરને પ્રિય કહું છું — પિતાને પ્રિય સું છું તેમ સરસ્વતીચંદ્રને પ્રિય કહેતાં શો બાધ? હવે તે મારા પતિ નથી; હવે મારું શરીર મારા પતિને જ સોંપ્યું છે. મનમાં પણ પતિ જ પતિ છે પરંતુ હું ઈશ્વર, માતાપિતા, અને સ્નેહીવર્ગને પ્રિય કહી તેમનું રટણ કરવું તે અયોગ્ય ન હોય તો, સરસ્વતીચંદ્ર, તમારું રટણ કરું તેમાં અયોગ્ય શું? મારે સારુ તમે આટલું ખમો છો — એક સમય આવો સંબંધ હતો’ — એમ વિચાર કરતી કરતી પાછો કાગળ વાંચવા લાગી. પ્રેમબંધનની જાળમાં ચિત્તવૃત્તિ સરસ્વતીચંદ્ર પાછળ કરોળિયા પેઠે દોડંદોડા કરવા લાગી, આંસુ ખાળ્યાં રહ્યાં નહીં, ટપક ટપક થવા લાગ્યાં, અને પત્ર અર્ધો ભીનો થયો. આખરે ટેબલ પર માથું મૂકી પુષ્કળ રોઈ.

કુસુમસુંદરીના કાગળનો અંતભાગ આવ્યો અને ત્યાં આગળ એણે સમાચાર લખ્યા હતા કે ચંદ્રકાંત સરસ્વતીચંદ્રની શોધ કરવા બુદ્ધિધન ઉપર

વિદ્યાચતુરનો કાગળ લઈ આવે છે. ગુણસુંદરી (કુમુદસુંદરીની મા) લીલાપુર પાસે આવેલા ભદ્રેશ્વર મહાદેવની યાત્રા કરવા જનાર છે અને તે પ્રસંગે ‘તને તેડવા મોકલશે માટે તારે સૌની રજા લઈ તૈયાર થઈ રહેવું.’ એ સમાચાર પણ આ કાગળમાં હતા. ઉભય સમાચારથી બાળકીના મનમાં કંઈ કંઈ વિચારો થવા લાગ્યા અને વિચારે આંસુ વિસરાવ્યાં.

ચંદ્રકાંતે નવીનચંદ્ર ઉપર કાગળ લખ્યો હતો તે વિચિત્ર હતો. અંગ્રેજીમાં હતો: ‘દુ:ખી સસાર: તિથિ, દિવસ ને રાત્રિ સરખાં જ.

પ્રિય ચંદ્ર,

તારે તો ચંદ્રકાંત વિના ચાલે છે પણ ચંદ્રકાંતને તારા વિના નથી ચાલતું. ચંદ્રકાંતને મૂકી ચંદ્ર પ્રતિલોમ [૧] દેશમાં સંતાઈ જાય તોપણ કંઈ કંઈ ક્રિયા દ્વારા ચંદ્ર જણાઈ જાય છે. મેં તારો અપરાધ કર્યો ન હતો — મારો ત્યાગ કર્યો તે કામ નિર્દય થયું. તારી પ્રામાણિકતા કેટલી જળવાઈ તે પણ જોવાનું છે — રાત્રે શું કહ્યું હતું અને પ્રભાતે શું કર્યું? ઈશ્વરેચ્છા. પણ હજીયે કંઈ કરતાં કૃપા કર, દર્શનનો — પત્રનો — કાંઈ માર્ગ કાઢ. ભાગ્યની સાથે મારે ઘણી લડાઈઓ થઈ છે અને તેમાં મને જિતાડનાર તું જ હતો. પણ હવે તો હરાવનાર તું બન્યો.

તારા વિનાનું ભાગ્ય એ જ દુર્ભાગ્ય.

*त्वया सह न य: *** दिपस: स विध्वं सताम्।*

प्रमोदमृगतृष्णिकां धिगरपरत्र या मानुषे॥

એ મકરન્દની દશા ઉપરથી મારી દશા કલ્પજે — અરરરર! નિર્દય — તે બધાંની સાથે નિર્દય!

પિતાની દયા નહીં, મિત્રની દયા નહીં, કોમળ અંત:કરણવાળીની દયા નહીં — આ શી નિર્દયતા!

હશે. તું નિર્દય થઈશ પણ તારું અંત:કરણ નિર્દય થઈ શકનાર નથી. દૃષ્ટાન્ત — જેનો ત્યાગ કર્યો તેનાં જ દર્શન કરવા તું ગયો હોય એમ મને લાગે છે. હવે પશ્ચાત્તાપ કરજે.

દયા અને નિર્દયતા, પંડિતતા અને મૂર્ખતા, મૃદુતા અને કઠિનતા, રસિકતા અને વૈરાગ્ય, એવા કંઈ કંઈ પરસ્પરવિરોધી ગુણો કોઈનામાં ભેગા રહેતા હોય તો તે તારામાં રહે છે.

પણ હરકત નહીં. છેલ્લી કૃપા એટલી કરજે કે તું છે ત્યાંનો ત્યાં જ થોડા દિવસ રહેજે, પછી તું સ્વતંત્ર છે. તારી પાછળ આથડવા સરજેલો જીવ તો આથડશે જ.

તારા દર્શનનો ઉત્સુક —
કયાં તું તેને ઓળખે એમ નથી?'

આ કાગળ વાંચી કુમુદસુંદરીનું હૃદય પાછું ભરાઈ આવ્યું, પણ એટલામાં નીચેથી જમવાનું તેડું આવ્યું. આંખો લોહી સાવધાન થઈ કાગળ પોતાના કબાટમાં લૂગડામાં વચાળે મૂકી, સજ્જ થઈ નીચે ગઈ. દાદર પર ઊતરતાં ચિત્તે ગાયું:

'જાયું જોયું જગત બધું આજ, કે સર્વ નકામું રે.'

મેઘધનુષ્યના રંગો પેઠે ચિત્તવૃત્તિઓનું આયુષ્ય ટૂંકું હોય છે. પુરુષવર્ગ જમી રહ્યો હતો. સ્ત્રીવર્ગ જેટલો ભરાયો હતો તે સર્વને અત્રે જ જમવાનો અલકિકશોરીએ આગ્રહ કર્યો અને તે આજ્ઞા એટલે સુધી પળાઈ કે જમેલાંને પણ ફરી જમવાનું સ્વીકારવું પડ્યું. આ સર્વ ઉત્સવકાર્યમાં ભળી જતાં કુમુદસુંદરીનું ચિત્ત ક્ષણવાર પાછું ઠેકાણે આવ્યું અને ઉત્સવ — સંસારી થયું.

સૌભાગ્યદેવીને બુદ્ધિધનની થાળી, અલકકિશોરીને વિદુરપ્રસાદની થાળી, કુમુદસુંદરીને પ્રમાદધનની થાળી, વૃદ્ધ જમનાકાકીને દયાશંકરકાકાની થાળી, — એમ જે જે સૌભાગ્યવતીને પોતપોતાના પતિઓવાળી થાળીઓમાં જમવાનાં સૌભાગ્ય તૈયાર જ હતાં તેમને વાસ્તે તો કાંઈ ગોઠવણની જરૂર ન હતી. બીજું જે વિશેષ મંડળ જમનાર હતું તેનાં ઠામ ગોઠવવાની ધામધૂમ ચાલી રહી હતી. તે ચાલે છે તેટલા અરસામાં પ્રસંગને અનુસરતી એક ગરબીની કેટલીક કડીઓ વનલીલાએ જોડી કાઢી સૌભાગ્યદેવીને બતાવી અને અલકકિશોરીએ સૌની આગળ તે ગાઈ બતાવવાની આજ્ઞા કરી. 'ભણેલી ભાભીને તે ગમે તો જ તે ગરબી ખરી' કરી કુમુદસુંદરીને બોલાવી હતી. કુમુદસુંદરી આવી કે સૌ ખસી ગયાં અને તેને માર્ગ આપ્યો. પાટ ઉપર વચ્ચોવચ નાજુક કુમુદસુંદરી બેઠી અને ગરબીવાળો કાગળ લીધો. તેને એક ખભે હાથ મૂકી જાજરમાન અલકકિશોરી અને બીજે ખભે હાથ મૂકી ફળજ્ઞિ જ્ઞાસુ વનલીલા બેઠી અને ત્રણે જણની આંખો કુમુદસુંદરીના હાથમાંના કાગળમાં નદીઓ પેઠે સંગત થઈ. સર્વ સખીઓનું ટોળું આસપાસ પાટ ઉપર તથા નીચે ગૂંચળું વળી ભરાયું. સૌભાગ્યદેવી અને જમનાકાકી પતિઓવાળા પાટલા ઉપર બેસી તેમના ભણી આંખકાન માંડી રહ્યાં, રસોઇયો પણ પળવાર ઊમરા ઉપર હાથમાં થાળી લઈ અર્ધો વળેલો ઊંચું જોઈ રહ્યો. ત્રણેનું ગાન ઘણે જ ઝીણે અને ધીમે પણ કોમળ સ્વરે કિન્નર કંઠોમાંથી નીકળવા લાગ્યું:

'ઈશ્વરના ઘરના ખેલ જન શું કરશે રે?

પ્રભુ પૂરે જવું તે તેવા દીપ બળશે રે. ૧

વહી ગયા તે દુ:ખના દિન, મુખના આવ્યા રે;

દીન જનને દેતા ક્લશે દુષ્ટ ન ફાવ્યા રે! ૨

ફાવ્યો શુઠ તે અંતે નહીં જ, છક્કડ ખાધી રે;

બુદ્ધિબળમાં [૧] મા'ત, અધર્મ! તુજને આપી રે. ૩

રૂડો સુવર્ણપુરનો રાજ નાવડ્યો જાગતો રે;

એનો જુગજુગ તપજો પ્રતાપ, અમોને છાજજો રે! ૪

વનલીલા કહે જોડી હાથ — ઓ દીનબંમુ રે!

આવા શુખનું સોણું [૨] સદૈવ રાખજે સંધું રે.' ૫

ગવાઈ રહેતા સુધી સર્વ શાંત એક ચિત્ત હતાં. ગવાઈ રહ્યું કે સૌની આંખો કુમુદસુંદરી પર વળી. 'ઠીક જોડાયું છે' એટલા શબ્દ આનંદભર સુંદરીના મુખમાંથી નીકળતાં સર્વ ઊઠ્યાં, વાતો કરતાં કરતાં પાટલા ભણી ગયાં, એકે 'કડીઓ ઠીક બેસતી આવી છે,' કહ્યું, બીજી બોલી 'ના, અર્થ પણ જુગતેજુગતો છે.' એક જણી વનલીલા પાસે જઈ પૂછવા લાગી — અલી — બુદ્ધિબળમાં મા'ત આપી — એ કડીનો અર્થ શો?' વનલીલા ચારે પાસ ઉત્સાહભેર ખેંચાવા લાગી અને આખરે અલકકિશોરીએ એને ગળે બાઝી ખેંચી લઈ જઈ પોતાની જોડેના પાટલા ઉપર બેસાડી. પાટ ખાલી થઈ ગઈ. પાટલા રોકાઈ ગયા, અને સર્વનાં મુખ ભોજન કરતાં છતાં વિનોદવાર્તાની ક્રિયાનું જ ભાન ધરવા લાગ્યાં. તત્ક્ષણજન્ય વર્તમાનના તેજમાં ત્રિકાળસિદ્ધ પદાર્થ એમ જ ભૂલી જવાય છે.

---

૧ . Originatity , નવીન કલ્પના ઉત્પન્ન કરવાની શક્તિ.

૧ . હાઇકોર્ટ ૨. વકીલ ૩. કાઉન્સલ બારિસ્ટર. ૪. મેમ્બર

૧ . સરસ્વતીચંદ્રની મા ૨ . દીવાનખાનું

૩ . માથું

૧ . ફારગતી

૧ . અદલાબદલી, સાટેસાટું

૧ . મરણ

૧ . સ્ત્રીને મન પતિ, અને પતિને મન ધર્મદારા પરસ્પરનાં અતિપ્રિય મિત્ર, સગામાં સગાં, સર્વ ઇચ્છારૂપ, ઉત્તમ દ્રવ્યના ભંડારરૂપ અને (બીજું તો પછી પણ) જીવિતરૂપ છે. -(માલતીમાધવ)

૧ . ભર્તુહરિ ઉપરથી. ૨. કલારૂપી ચંદ્ર: એક કળા ધરનાર ચંદ્ર.

૧ . Absorbing

૧ . પિઉઁમના દેશોની.

૧ . વિપરીત ભૂગોળાર્ધ — The Antipodes

૧ . શેતરંજ ૨. સ્વપ્ન

૧૬. બુદ્ધિધન અને સૌભાગ્યદેવી

કુમુદસુંદરી નીચે આવી તે પહેલાં સર્વ પુરુષવર્ગ જમી મેડીએ ચડ્યો અને પ્રધાન ખંડમાં ઊભરાયો. બુદ્ધિધન હરતોફરતો તેણી પાસ સર્વ દૃષ્ટિઓ જતી અને તે જેની સાથે વાત કરે કે બોલે અથવા જેના સામું જુએ તે પોતાને ભાગ્યશાળી માનવા લાગ્યા. વિદુરપ્રસાદ પાનનાં બીડાં વહેંચવા લાગ્યો. પ્રમાદધન હસતો હસતો હેરાફેરા કરવા લાગ્યો, પોતાના મિત્રોનો સર્વથી અધિક સત્કાર કરવા લાગ્યો, આરામ-આસન પર પડી કંઈ કંઈ હુકમો કરવા લાગ્યો અને કંઈ કંઈ ગપાટા મારવા માંડ્યો. નવીનચંદ્ર કંઈક જવાના વિચારમાં અને કંઈક આ નવો સંસાર જોવામાં પડ્યો હતો અને એક ખૂણામાં ગાદી ઉપર પડ્યો પડ્યો સર્વ ચિત્રની છબી મનમાં પાડતો હતો.

અંતે બે વાગ્યા અને સર્વ મંડળ વેરાવા માંડ્યું. થાક્યોપાક્યો અને ભારે જમણ જમેલો બુદ્ધિધન ઘડીક પોતાના ખંડમાં વિરામ પામવા ગયો અને પ્રમાદધન પોતાના ખંડમાં ગયો. નવીનચંદ્ર ગાદી ઉપર નિદ્રાવશ થઈ ગયો.

દરબાર ભરવાનો સમય તે જ દિવસે પાંચનો બદલી બીજે દિવસે પ્રાત:કાળનો કર્યો હતો. અને સાંજે તથા રાત્રે માત્ર ખાનગી મંડળ એકાંતમાં સંમન્ત્ર કરવા ભરાવાનું હતું. પ્રમાદધન અને તર્કપ્રસાદે સિદ્ધસાધકનો સંબંધ દેખાડી — ચારેક વાગ્યે લીલાપુર જવું અને થયેલા વર્તમાનના સમાચાર કહી તથા થનાર ગોઠવણ બાબત સાહેબની અનુમતિ લઈ પ્રાત:કાળના દરબાર પહેલાં પાછા આવવું એમ ઠરાવ હતો.

રમભાઉએ તર્કપ્રસાદ સાથે બુદ્ધિધન ઉપર કેટલીક અયોગ્ય માગણીવાળો સંદેશો મોકલ્યો હતો અને તે પ્રમાણે અનુવર્તન નહીં થાય તો સાહેબને ઊંધુંચત્તું ભરાવવાની ધમકી આપી હતી. દરબારનો સમય બદલવાનું કારણ આ નવી ચિંતા હતી.

બુદ્ધિધન પોતાના ખંડમાં ગયો તો સૌભાગ્યદેવી ઊભેલી. સર્વ ચિંતા તે ઘડીક ભૂલી ગયો. દેવીનો તેણે હાથ ઝાલ્યો અને આજનો દિવસ કેમ ગાળ્યો એ ખબર પૂછી. દેવીએ નીચું જોયું — ઉત્તર દીધો નહીં. અમાત્ય બોલ્યો: ‘આજનો દિવસ ઉત્સવનો છે અને કાલ પણ ઈશ્વર કરશે તો આજના જેવી જ જશે. દેવી, હું માંદો માંદો બક્યો હતો તે સાંભરે છે? કાલ પોશાક મળ્યા પછી પ્રથમ મારે દયાશંકરકાકાને પગે લાગવું છે. માતુશ્રીને ઠેકાણે કે પિતાને ઠેકાણે હવે એ જ છે.’ દેવી ખુશી થઈ.

‘લીલાપુરમાં આપણે રહેતાં હતાં અને નિર્ધન હતાં ત્યારે આપણે બારીએ બેઠાં હતાં અને મડમ સાહેબ મેનામાં બેસી જતાં હતાં તે જોઈ તેં શું કહ્યું હતું તે સાંભરે છે? મેં એક મેનો તારે સારું છાનોમાનો તૈયાર કરાવી

મૂક્યો છે. કાલથી તારે રોજ એમાં બેસી પ્રાત:કાળે રાજેશ્વરનાં દર્શન કરી આવવાં. આજનો દિવસ એ એમના જીર્ણોદ્ધારનો પ્રતાપ.'

દેવી આનંદનિસરણી પર પગથિયું ચડી: 'અલક કહેતી હતી કે કુમુદસુંદરીએ માળી પાસે મહાદેવના બાગની શોભા અહુણાં અહુણાંમાં બહુ વધરાવી છે.'

'આપણે બીજું ખરચ પણ કરવું છે. કુમુદે સમજે છે ઠીક — એમની અને અલકની ઇચ્છા પ્રમાણે સૌ કરાવવું.'

'હાસ્તો. ભોગવૈભવ તો બાળકના જ કની!'

આમ દંપતી પરસ્પર આનંદ વધારતાં હતાં અને આનંદની પરિસીમ આવવાની હોય તેમ બુદ્ધિધન તેના ભણી સ્નિગ્ધ લોચનભર્યો જોઈ રહ્યો હતો એવામાં દેવીના અંગ ઉપરથી જ કળી ગયો કે મારા કુળમાં વૃદ્ધિ થવાનો સંભવ છે — દેવીની લજ્જા ઉપરથી જ આ વિષે તેની ખાતરી થઈ. આટલાં મોટાં સપુત્ર થવા યોગ્ય બાળકોની દૃષ્ટિ આગળ આ ગુપ્તિનો પ્રકાશ અતિશય લજ્જાકર થશે એ વિચારે દેવીના આનંદમાં રમણીય અમૂંઝણ ભેળવી આર્યપત્નીએ રમણીય કારણભરી રમણીય ઇચ્છા દર્શાવી અને પત્નીવ્રત આર્યે સ્વીકારી કે 'હવેથી ઘરને વન ગણી વાનપ્રસ્થધર્મ જ પાળવો! ગૃહસ્થાશ્રમ યુવાન બાળકોને જ સોંપી દેવો!' આ ઇચ્છાનો સ્વીકાર થતાં સૌભાગ્યદેવી આનંદના શિખર પર ચડી. [૧] અર્થ માત્ર પુરુષાર્થ જ છે, પણ કામધર્મ અને મોક્ષ સ્ત્રી પુરુષ ઉભયને અર્થે છે. સૌભાગ્યદેવીનો કામાર્થ પૂરો થયો — કન્યાવસ્થામાંથી મુગ્ધાવસ્થામાં આવતાં તેના મનમાં રમ્ય ઉલ્લાસ થયો હતો — તેમ આજ યુવાવસ્થાના રમણીય બંધનમાંથી છૂટી પશ્ચિમાવસ્થાના પવિત્ર ધર્મબંધનમાં તે હોંશભરી સંક્રાંત થઈ. મોક્ષનો વિચાર નિરાળો કરવો પડે એ કંઈ તેને ન હતું. પતિ એ જ મોક્ષ; આ અવતારમાં, આવતા અવતારમાં; પ્રત્યક્ષ જગતમાં, પરોક્ષ સ્વર્ગમાં; 'ક્યાં' તે વિચારની અગત્ય શી? — સર્વત્ર ધર્માર્થકામમોક્ષમાં પતિ પ્રવાસ કરે ત્યાં છાયા પેઠે પત્ની જાય, તેના ફળભોગમાં પોતાનો ભાગ ખરો જ! પતિએ ધર્મપત્નીની ઇચ્છાથી કામ તજ્યો — ધર્મ સ્વીકાર્યો. હવે બીજું શું જોઈએ? જ્યાં પતિ ત્યાં મોક્ષ! સ્વર્ગમાં પણ પતિ ન હોય તો એ સ્વર્ગ શા કામનું? આર્યાઓ ગાય છે:

'વ્રજ વહાલું રે! વૈકુંઠ નથી જાવું!

ત્યાં મુજ નંદકુંવર ક્યાંથી લાવું? —વ્રજ૦'

ભરતખંડની પવિત્ર આર્યા! આ તારી અભિજાત વૃત્તિ! એ સૌભાગ્યદેવીમાં દેખાઈ. ભરતખંડના અભણ વર્ગને ઉચ્ચ વિચારો પાસે પહોંચાડનાર — સદાચાર વચ્ચે રાખનાર — ભણેલાની વિદ્યા જાળવનાર — પેલા ગાંડાંઘેલા જેવા દેખાતા, મૂર્ખ સુધરેલાના હાસ્યાસ્પદ, કાળબળે

અવગણના પામેલા, દ્રવ્યહીન, દશાહીન, દંભહીન, અંતસ્તેજસ્વી શાસ્ત્રી પુરાણીઓની હજારો વર્ષથી નિર્મળ નદીઓ પેઠે વહેતી આવતી કથાઓના રસમાં ચંચૂપાત થવાથી સૌભાગ્યદેવી ધર્મસંસ્કારી થઈ હતી. પતિ કારભારી થવા લાગ્યો અને તે જ ક્ષણે માગતામાં જ પોતાની ધર્મેચ્છા આમ તૃપ્ત થઈ! હવે તે પતિની કેવળ ધર્મપત્ની જ બની, સંબંધ અશરીર થઈ ગયો. પવિત્ર દેવીને આજ સૌભાગ્યની સીમ? આવી લાગી: ‘આ જ ક્ષણે પતિમુખ જોતી જોતી આનંદમય રહી, ધર્મમય રહી મૃત્યુ પામું તો હું કેવી સૌભાગ્યવતી? સ્વર્ગમાંથી પણ પતિને જ દિવ્યચક્ષુથી જોયા કરું!’ આ વિચાર ક્ષણવાર તેના મનમાં સળગી રહ્યો. અને પ્રફુલ્લ વદનવાળી પતિના પવિત્ર ચરણ સામું — તેના હાથમાં હજી પોતાનો હાથ રાખી — ક્વચિત્ પોતાનાં જ આંગળાં થાબડી — નમસ્કાર વર્ષાવતી દૃષ્ટિ વડે જોઈ રહી!

પતિચરણ જોતી દૃષ્ટિ અંતરમાં વળી. નદીમાં શાંત રજનિને સમયે અંધકારને ડોલાવતાં સપરિવાર ચંદ્રમાનું પ્રતિબિંબ પડી રહે તેમ પત્નીના હૃદયમાં સુવર્ણપુરનું રાજ્ય ડોલાવતાં પતિની મુદ્રા પડી રહી. હવે નવું વરદાન આપ્યા પછી માત્ર મનનો જ સંબંધી પતિ રાજ્યતંત્રરૂપ સમુદ્રનું મંથન કરતો હોય અને પોતે તો બહાર તટસ્થ ઊભી ઊભી માત્ર જોતી હોય એમ લાગ્યું. કાળા તરંગોથી છલકાતી રાજ્યકાલિન્દીમાંના શઠરાય — વાસુકીની ફણા વચ્ચે કૃષ્ણ પેઠે બુદ્ધિધન ઊભો હોય, બળ અજમાવી રહ્યો હોય અને પોતે તો માત્ર તટ પરથી જોનારી ગોપી હોય તેમ જોટવાવાળો જમણા પગનો અંગૂઠો ધરતી પર ઊંચોનીચો કરતી અને જોટવું ખખડાવતી સૌભાગ્યદેવી પતિના હાથની અને પગની આંગળીઓ ગમતી કંઈક સંભળાય એમ ગણગણતી મનમાં ગાવા લાગી. ઘણાં વર્ષ સુધી સખી પેઠે વસેલી યૌવનક્રીડાઓ વિદાય થતી હતી તેની પૂંઠ જોઈ સ્નેહબંધનને બળે રોતી હોય અને તે છતાં નવા પ્રસંગનો આનંદથી સત્કાર કરતી હોય તેમ મૃગનયનીની વિશાળ આંખોથી હર્ષશોકનાં આંસુ મોતીની સેરો પેઠે ટપકવા લાગ્યાં. આંસુ આવે છે તેનું ભાન તો તેને હતું નહીં. માત્ર ઊંડા? હૃદયમાં પતિની ઊંડી મુદ્રા હતી તેમાં સમાધિસ્થ થઈ, તે શૂન્ય નયનથી પતિચરણે ન્યાળતી, ભાન વિના ઝીણે સ્વરે પોતે જ સાંભળે — પતિ જ સાંભળે — એમ ગાઈ રહી. પોતે ગાય છે એ પણ ભાન ન રહ્યું.

‘મેરી ગઈ રે મથનિયાં, મેરી ગઈ રે મથનિયાં, દધિ કેસે વલોવું? (ધ્રુવ૦)

પાની ડોલત! પવન ડોલત! ડોલત સબ દુનિયાં!

શેષ ઉપર ભુબન ડોલત! નાગ કે નથનિયાં! મેરી૦ ૧

ઝલક ઝલક આવત મહી, આવત ઊભનિયાં,

ડસક ડસક આંસુ આવત; ચોર ગોવર્ધનિયાં! મેરી૦ ૨

પાનીમેં મુખ દેખ દેખ કરત હૈં રુદનિયાં,

ચંદ્રમાકુ ભોર ભયો! નંદકે નંદનિયાં!   મેરી૦ ૩

...   .

કહત હેં કબીરદાસ, સુનો મેરે મુનિયાં,

નંદઘર આનંદ ભયો — ગાવત સબ દુનિયાં!   મેરી૦ ૪

મેરી તો ગઈ રે મથનિયાં —   મેરી૦ ૫

સ્ત્રીએ બન્દિજનનું કામ કર્યું તે હૃદય વડે સાંભળતો પતિ આનંદયોગમાં લીન થયો — વિશુદ્ધ સ્નેહશિખર પામ્યો — પળવાર જીવનમુક્ત જ થયો!

---

૧ . પશ્ચિમ દેશમાં માલ્થસની શિખામણ પરાકાષ્ઠાએ પણ જયવંત નીવડી નથી.

૧૭. પ્રમાદધન અને કુમુદસુંદરી

આ સમયે પ્રમાદધન ક્યાં હતો? તે શું કરતો હતો? પુરુષમંડળ વેરાયું પણ સ્ત્રીમંડળ તો આજ આખો દિવસ અલકકિશોરીની આસપાસ ભમવા સરજેલું હતું. કુમુદસુંદરી પણ ત્યાં જ હતી. પ્રમાદધનને બપોરે નિદ્રા ન આવી. તેનું મસ્તક નવા સંસારનાં સ્વપ્નોથી તરવરતું હતું.

કુમુદસુંદરી વિનાની મેડીમાં પ્રમાદધનનું રાજ્ય નિષ્કંટક થયું હતું. ભણેલી પત્ની ઉપર તેનો આદર ઘણો હતો અને તે કાંઈ પણ કહેતી તો પ્રત્યુત્તર દેવા તેની તાકાત ન રહેતી. પતિનો વિદ્યાભ્યાસ વધારવા અને તેને પોતાના જેવો કરવા પત્ની મથતી — આટલી વાત પ્રમાદભાઈને ગમતી ન આવી. સ્ત્રીની પાસે વિલાસને બદલે વિદ્યાની વાતો તેને મન અસ્થાને હતી. સ્ત્રીની રસિકવૃત્તિ ઉચ્ચ પ્રકારની હતી તે જોઈ સ્નેહ એ નામની પણ તત્ત્વત: પશુવૃત્તિમાં જ રમનાર — પશુવૃત્તિ જ સમજનાર — પ્રમાદધન ઘણીક વાર મનમાં કંટાળો પામતો. કોઈ વડીલ પાસે હોય ત્યારે અસ્વતંત્રતા લાગે તેમ કુમુદસુંદરી પાસે તેના મનમાં અસ્વતંત્રતા લાગતી. આથી સમાનભાવ અને ઇષ્ટ આનંદના પ્રસંગ પોતાના મિત્રમંડળમાં તેમ જ પદ્મા‌ને ઘેર શોધતો. આથી દિવસે — દિવસે તેનો ભાવ ઓછો થયો. અધૂરામાં પૂરું આજથી દરબારમાં તેની સ્થિતિ વધી અને ચારેપાસથી માન મળવા છતાં ઘરમાંની સ્ત્રી ચિસે નાનાં દેખાવું એ તેને ન ગમ્યું. તેનું ક્ષુદ્ર મન સ્ત્રીની સમક્ષ ઊઘડવા જ ન પામતું. સ્ત્રીની પાસે આવા અમલદાર બનેલાએ મનને તાળું વાસવું એ હલકું લાગ્યું. કુમુદસુંદરી વિનાની મેડી જોઈ તે ઘડીક સ્વતંત્ર બન્યો, આનંદમાં આવી જઈ એકલો એકલો બોલવા લાગ્યો, પલંગ પર બે પળ ચતોપાટ સૂતો, ઊઠી રસ્તામાં પડતી બારી આગળ ફક્કડ કબજાનાં સોનેરી બટન પર હાથ મૂકી છાતી કાઢી રસ્તે ચાલનારને આંખો ઊંચી ચડાવી રુઆબ દેખાડતા ઊભો રહ્યો, અને વળી અંદર આવી તકતો લઈ મોં જોવા મંડ્યો અને મૂછો પર હાથ ફેરવવા લાગ્યો.

આંખો તેજભરી ચલાવી આનંદપ્રફુલ્લ બની તકતામાં જોતો બોલ્યો: ‘બસ, હવે જોઈ લો. હવે હું બસો રૂપિયાનો અમલદાર બન્યો!’ નવીનચંદ્ર આટલું ભણેલો હોવા છતાં તેને સો જ રૂપરડી — ને મને બસો રૂપિય! આજ સુધી નરભેરામ હતા તેટલો — તેવો — જ હું. ચાલો. હવે ત્યારે આપણે શું કરવું? મોભો જાળવવો એવું પિતાજીએ કહ્યું છે — એટલે એમ કે ભારેખમ થવું. દોસ્તદારોને હું ચડાવી દઈશ — પિતાજી હવે મારું એટલું કહ્યું નહીં માને? પણ બસો રૂપિયાનું શું કરવું? જાણે કે ઘરના ખરચની તો આપણે ચિંતા નથી; બચાવવાની આપણે ચિંતા નથી. પિતાજી ઘણુંયે બચાવે છે.

'ત્યારે બસ. હવે એ ગોઠવણ કરવી — જો — જાણે કે પચાસ રૂપિયાનો મહિનો આપવા તો આપણે પદ્માની પાસે બંધાવું પડશે. પચીસેક રૂપિયા તો એને ત્યાં જઈએ કરીએ તે અત્તરબત્તર ને એવું ખરચ થાય. પછી પચાસેક રૂપિયા આપણે બીજું ખરચ, લૂગડાં છે, લતા છે, બીજું છે, ત્રીજું છે એમ થાય! ત્યારે શું થયું એ? જાણે કે પચાસ એ—પચીસ એ ને પચાસ આ — ને આ — એટલે દોઢસોનો સુમાર થયો. બાકી પચાસ રૂપિયા રહ્યા — તે તો એટલો હિસાબ તે — એને (કુમુદસુંદરીને) ખાતે — એ બોલતી ચાલતી નથી પણ એને કાંઈ આપ્યા વિના છૂટકો છે? એને લીધે તો આપણા ખિસ્સાખરચનો હિસાબ નથી આપવો પડતો! એટલે બસોએ બસો પૂરા થઈ રહ્યા.'

બજેટ થઈ રહ્યું — હિસાબ થઈ રહ્યો. હિન્દુસ્તાનના હજારો રૂપિયાના પગારદાર અંગ્રેજોના હિસાબમાં કરોડો રૂપિયાની ભૂલો ચાલી જાય તો વગરભણ્યા પ્રમાદધનના પ્રમાદમાં પચીસ રૂપિયા ચાલ્યા જાય એ કાંઈ મોટી વાત નથી.

તકતો આઘો મૂકી તે ટેબલ આગળ ખુરશી પર બેઠો. ટેબલ પર કુમુદસુંદરીના ઉદ્યોગના પદાર્થો પડ્યા હતા. એક પાસ અંગ્રેજી કવિઓ, વચ્ચે સંસ્કૃત કવિઓ, બીજી પાસ સૃષ્ટિપદાર્થજ્ઞાનના ગ્રંથો, સામે ગુજરાતી મનુસ્મૃતિ, અને મોં આગળ અધ્યાત્મરામાયણનાં પાનાં પડ્યાં હતાં અને વચ્ચે એક કાગળના કટકાનું ચિહ્ન મૂક્યું હતું. ખુરશી પર બેસી ટેબલ તળે લાંબા પગ નાંખી પ્રમાદધને રામાયણ હાથમાં લીધું, પ્રથમ પાને કાઢેલું ચિત્ર જોયું, એક પાનું વાંચવા માંડ્યું અને છોડી દીધું, અને પાછું તરત જ પુસ્તક હતું ત્યાં સંભાળીને મૂક્યું. આ સર્વ પુસ્તકશાળા સ્ત્રીની ઇચ્છા પ્રમાણે પતિએ જ વસાવી આપી હતી અને કુમુદસુંદરી પોતાનો દુર્ગમ કાળ પુસ્તકોમાં પરોવાઈ ગાળતી. સર્વ પુસ્તકો સામું પ્રમાદધન ક્ષણવાર જોઈ રહ્યો, ઊંડા કૂવામાં નજર નાંખવી પડતી હોય એવો વિકાર અનુભવવા લાગ્યો, અને અંતે મોં કસાણું કરી એકદમ ઊઠી ગયો.

કુમુદસુંદરીની સારંગી હાથમાં લીધી; તાર ઉપર હાથ ફેરવવા માંડ્યો. કુમુદસુંદરી સારંગી વગાડતી તે તેને ગમતું, પણ એ પદ્માની પેઠે કનૈયાનાં અને ઇશ્કનાં પદ ગાતી ન હતી એટલે સૌ લૂખું લાગતું. કનૈય? વિનાનું તે ગાણું? સારંગી પાછી હતી ત્યાં મૂકી ને ભીંત પર પોતાની છબી હતી તે ઊંચી આંખે — કેડ પર બે હાથ મૂકી — ઊભો ઊભો જોઈ રહ્યો.

પલંગ ભણી ગયો; પણ તે પર કુમુદસુંદરીએ ઊભું મૂકેલું એક તત્ત્વજ્ઞાનનું અંગ્રેજી પુસ્તક હતું તે જોયું. અને જોયું કે તરત ત્યાંથી પાછો વળ્યો.

'આ શું? કોણ જાણે શાથી — કે વાંચવાંચ કરે છે ત્યારે જ એને જંપ વળે છે! — જોને, ટેબલ ઉપર તો પુસ્તક હોય પણ પલંગ પર મૂક્યું છે.'

પુસ્તક લઈ બંધ કરી ઠેકાણે મૂક્યું.

પોતાને કાંઈ વાંચવાનું મન થયું. કબાટ ઉઘાડ્યું અને દૃષ્ટિ ફેરવવા માંડી. કંઈ ન જડતાં એક પોતાની જ આણેલી અંગ્રેજી નવલકથા — મદનકથા — જડી તે લઈ પલંગ પર પડ્યો અને પુસ્તક છાતી પર રાખી જરી મોટે સાદે ભભકાભેર વાંચવા માંડ્યું.

એટલામાં નવીનચંદ્રવાળી મેડીમાં કાંઈ ખખડ્યું. ઊઠી બારણું ઉઘાડ્યું અને અંદર જુએ છે તો એકલી કૃષ્ણકલિકા ચારે પાસ જોતી જોતી ઊભેલી. બીજું કોઈ ન મળે.

કૃષ્ણકલિકા અહીંયાં ક્યાંથી?

શિથિલ વૃત્તિવાળી આ યુવતીની કલ્પનામાં કોણ જાણે ક્યાંથી નવીનચંદ્ર વસી ગયો હતો અને પવિત્ર પણ અસાવધ અલકકિશોરીને તેણે પોતાનું સાધન કરવાની યુક્તિ કરી હતી તે, વાંચનાર, તને વિદિત છે. પોતાનું વૃત્ત પાંસુલ થઈ જતું બચ્યું તે પછી કિશોરી થોડી વાર સાવધ રહી અને કૃષ્ણકલિકા સાથેનો પ્રસંગ ઓછો કરી નાંખવા મનમાંથી યત્ન કર્યો; પણ ભોળી સર્વ વાત ભૂલી ગઈ અને કૃષ્ણકલિકા ઉપર પ્રથમની પેઠે મમતા રાખવા લાગી. સૌભાગ્યદેવીને પુત્રી પાંસુલ થયાની શંકા પડી હતી; પરંતુ કુમુદસુંદરી મૂર્છા પામી તેના દુ:ખમાં સર્વ ઘડીવાર ભૂલી ગઈ. પાછળથી તે વાત સાંભળી પણ પુત્રીના ચિત્તમાં પશ્ચાત્તાપ થતો જણાયો અને પવિત્ર મનમાં એમ જ આવ્યું કે મારી પુત્રી અપવિત્ર ન જ હોય. આ વિચારથી પોતે પોતાના ચિત્તને ઠપકો દેવા લાગી કે પળવાર પણ આ શંકા તેમાં ઉત્પન્ન થવા પામી. કુમુદસુંદરીની શંકાનું સમાધાન વનલીલાએ સમાચાર કહ્યા તે ઉપરથી થયું હતું તે આપણે જાણીએ છીએ. પરંતુ પાછળથી અલકકિશોરીથી પોતાથી જ ન રહેવાયું અને એક દિવસ ભાભી આગળ સર્વ ઇતિહાસ કહી દીધો અને કૃષ્ણકલિકાને લાખો ગાળો દીધી અને નવીનચંદ્રની સ્તુતિ કરી. આ પ્રસંગનો લાભ લઈ કુમુદસુંદરીએ ભોળી નણંદને બુદ્ધિ આપી અને કૃષ્ણકલિકાની પાતક સંગતિનો ત્યાગ કરવા શિખામણ આપી. ભોળી નણંદે કૃષ્ણકલિકાની સંગતિ ઓછી કરવા માંડી પણ તેની સાથે એક દિવસ તેને કહી પણ દીધું કે મને ભાભીએ આ પ્રમાણે શિખામણ આપી છે. આ સમાચારનો લાભ કાળકાએ લીધો અને ભાભીની શિખામણની યોગ્ય અસર ન થાય તેવી યુક્તિઓ કરવા ચૂકી નહીં.

કૃષ્ણકલિકાના મોંએ પોતે ભાભીનું નામ દીધું તેથી કિશોરીને પશ્ચાત્તાપ થયો પણ થોડા દિવસ તો તે મનમાં જ રાખી રહી. આખરે ન રહેવાયું તે એ પણ પાછું ભાભીને કહી દીધું. ભાભી સાવધાન થઈ તોપણ કૃષ્ણકલિકાની સંગતિમાંથી પોતાની વહાલી નણંદને છોડાવવા યત્ન ઉઘાડો ન પડે એમ કરવા લાગી. શિખામણ દેવી મૂકી દીધી પણ એમ ધાર્યું કે એકના ઉપર પ્રીતિ વધારે થશે તો બીજીના ઉપરની પ્રીતિ એની મેળે ઊતરશે. આમ ધારી

કુમુદસુંદરી વનલીલાને અલકકિશોરીના ચિત્ત આગળ વધારે વધારે ધક્કેલવા લાગી. વનલીલા સ્હોજીલી હતી, તેની રસવૃત્તિ નિર્દોષ હતી, તેનામાં રમતિયાળપણાનો ગુણ અલકકિશોરીનાથી વધારે હતો, અને તે સમજુ વધારે હતી. કુમુદસુંદરીએ નણંદ આગળ વનલીલાની જ સ્તુતિ કરવા માંડી; તેના ગુણોનું ભાષ્ય કરવા માંડ્યું, તેના ઉપર મોહ અને પ્રીતિ ઉત્પન્ન કર્યાં: નણંદની આંખો ઊઘડી, વનલીલાનો ઉત્કર્ષ તેના હૃદયમાં દેખાયો અને એના આગળ કૃષ્ણકલિકા એની મેળે જ ક્ષુદ્ર દેખાઈ. આ રીતિથી કુમુદસુંદરીએ કૃષ્ણકલિકાની નિન્દા કર્યા વિના, તેનું અપવિત્ર નામ જીભે લીધા વિના, તેને નણંદ પાસેથી દૂર કરી. કૃષ્ણકલિકા શઠરાયની પણ સગી હતી અને અલકકિશોરીને એકલે પ્રસંગે એવો પણ વહેમ પડ્યો હતો કે આપણા ઘરની વાત જાણી લઈ શઠરાયના ઘરમાં એ કરે છે. જૂની સંગતિ ઘણા પ્રયાસથી આખરે ઓછી કરી, તોપણ આંખની શરમ છંડાતી ન હતી. પણ આજ તો વનલીલાની ગરબી ઉપરથી અલકકિશોરીની પ્રીતિ છલકાઈ અને તેને પોતાની સાથે જમવા બેસાડી. આ વાત કૃષ્ણકલિકાથી સંખાઈ નહીં. તેનો માનભંગ થયો અને આંખો વનલીલા સામું જોઈ કાતરિયાં ખાવા લાગી. હવે એણે પોતાનો માર્ગ જાતે શોધવા પ્રયત્ન કર્યો. સૌ વાતોમાં ભળ્યાં જોઈ છાનીમાની ચોરની પેઠે ઊઠી અને નવીનચંદ્ર એકલો હશે એમ કલ્પી પોતે જ તેની મેડીમાં ગઈ. નવીનચંદ્ર તો ત્યાં હતો નહીં. ભ્રમિત ચિત્ત પ્રમાદધનની મેડીનું દ્વાર જોતાં બીજી ભ્રમણા શોધી કાઢી. 'મોઈ રાંડ અલક! એનું શું કામ છે? પ્રમાદને જ હાથમાં લઉં નહીં એટલે મારા ધણીનુંયે કામ થાય! સારી નોકરી આપી શકશે પ્રમાદધન — અને પેલી કુમુદડીનું વેર લેવાશે. રાંડ મારી પાછળ ખતરવટ થઈને લાગી છે.' આ વિચાર કરે છે એટલામાં પ્રમાદધને બારણું ઉઘાડ્યું.

કૃષ્ણકલિકા છાનીમાની ઊઠી ગઈ તે કુમુદસુંદરીએ છાનુંમાનું જોયું. તેની પાછળ પોતાની દૃષ્ટિને મોકલી. તેને દાદર પર ચડતી જોઈ, અગાસીની રવેશો પાછળ તેના માથાના વાળ ચાલતા દેખાયા અને આખરે નવીનચંદ્રવાળી મેડી આગળ દૃશ્ય થયા.

કાંઈક નિમિત્ત કાઢી કુમુદસુંદરી ઊઠી, પણ કૃષ્ણકલિકાની પાછળ જવું ન ગમ્યું. 'ભોગ એના, હું ક્યાં આવા આવા મલિન માર્ગની ચોકી કરતી ફરું?' પરંતુ અંત:કરણે કહ્યું કરતાં પહેલાં આડાઈ કરી. કેટલીક વાર તે પાછી બેઠી. ચિત્ત ઉપર હતું અને નીચે બેઠેલાં સાથે વાતોમાં ભળી. કૃષ્ણકલિકા પાછી ફરતી ન દેખાઈ — અર્ધઘડી થઈ — ઘડી થઈ. આખરે ધીરજ ન રહી અને ઉપર ચડી. નવીનચંદ્રવાળી મેડીમાં ડોકિયું કર્યું — પણ કોઈ ન મળે. પોતાની મેડીનું દ્વાર બંધ હતું તેને — ઉઘાડવા ધકેલ્યું. ઊઘડ્યું નહીં. અંદર સાંકળ હતી. 'કોણ?' -પ્રમાદધને બૂમ પાડી. કમાડ ફરી ધકેલ્યું. ઉત્તર મળ્યો: 'ઉઘાડું છું.' થોડી વારે પ્રમાદધને બારણું ઊઘાડ્યું. મેડીમાં એ એકલો જ હતો. કુમુદસુંદરી અંદર ગઈ નહીં —

ઊમર બહાર ઊભી પ્રમાદધને અંદર બોલાવી — ‘હા આવું છું.’ કહ્યું પણ ન આવી, કંઈક વિચાર કરી અંદર આવી ઊમરો ઓળંગ્યો પણ દ્વાર પાસે જ ઊભી અને દૃષ્ટિ અગાસીમાં જ રહી; નવીનચંદ્રવાળી મેડીમાંથી નીકળી છાનીમાની પણ ઉતાવળી કૃષ્ણકલિકા દાદર ભણી દોડી. કુમુદસુંદરી એકદમ બહાર નીકળી અને છલંગ મારતી ફલંગ ભરતી, અબળા-બાળકીએ કૃષ્ણકલિકાને પકડી પાડી — અને તેનું કાંડું પકડ્યું. બારણા બહાર ડોકિયું કરી વિવર્ણ -વીલો — બનેલો પ્રમાદધન પોતાની મેડીમાં પાછો સંતાઈ ગયો.

ક્રોધથી કુમુદસુંદરીનું ગોરું મોં રાતું રાતું થઈ ગયું. ક્રોધનાં આંસુ આવ્યાં. ક્રોધથી શરીર કંપવા લાગ્યું. ભમર ભાંગી અને કપાળે કરચલીઓ વળી. આંખે લોહીની ટસર આવી. પણ શું બોલવું તે સૂઝ્યું નહીં. અહુણાં જાણે કે રોઈ પડશે — એમ ઓઠના રાતે પલ્લવ કંપવા લાગ્યા. કૃષ્ણકલિકા પ્રથમ તો શરમાઈ અને નીચું જોઈ રહી. પણ છૂટવાનો ઉપાય ન જોઈ નીડર બની. મર્યાદા તૂટી ગઈ. કુમુદસુંદરીને ‘તું’ કરી બોલાવવા મંડી.

‘છોડ હાથ, જવા દે.’

‘શરમાતી નથી?—’

‘શી બાબત શરમાય? શરમા ને તું -’

‘જા, જા. નફટ. તારી સાથે બોલવું પણ ન જોઈએ. જો આજ તો જવા દઉં છું પણ આ ઘરમાં તને હવેથી દીઠી તો એમ જ જાણજે કે નાસતાં ભોંય ભારે પડશે. ન હોય આ શઠરાયનું ઘર. ડાહી હોય તો આ ઘર સામું ફરી ન જોઈશ.’

બળથી પ્રત્યુત્તર દેવા જતી જતી પોતાના સગા શઠરાયું નામ સાંભળી, શઠરાયની આજ શી અવસ્થા થઈ છે તે સંભારી, ગઈ કાલના બુદ્ધિધન ને આજના બુદ્ધિધન વચ્ચે ઘણું અંતર પડ્યું હતું તેનું ભાન આણી, અલકકિશોરી હવે જુદી થઈ છે તે જોઈ, પ્રમાદધનનું કાંઈ નીપજી શકે એમ ન હતું તે લક્ષમાં આણી, અને કુમુદસુંદરીનું ઘરમાં કેવું ચલણ થયું હતું તે અનુભવથી જાણેલું હતું તે સ્મરી, દુષ્ટ કુલટા નરમ પડી પરસેવાથી ભીની થઈ અને ધીમે રહી બોલી:

‘વારુ, હવે મને જવા દઈશ?’

‘વચન આપ કે હવે પછી આ ઘરમાં નહીં આવું.’

‘મને કોઈ બોલાવે તો?’

‘ના, બોલાવે તોયે નહીં.’

‘એવું વચન તો ન અપાય.’

‘ત્યારે જવાનુંયે ન થાય.’

‘મને શું કેદ કરવી છે? એમ હોય તને તે કહો. હા બાઈ.’

કુમુદસુંદરીએ વિચાર કર્યો કે આ નકટીની સાથે શી રકઝક કરવી? એના હાથને અડકવુંયે ન જોઈએ. હાથ મૂકી દેવા જતી હતી, પણ પતિને સુધારવાનો સ્વાર્થ સાંભર્યો.

‘જા, જા. તારા વચન ઉપર શો વિશ્વાસ? તું વચન આપે તેયે સરખું ને ન આપે તેયે સરખું. પણ એટલું કહું છું કે તને તારો જીવ વહાલો ન હોય તને આ ઘરમાં પગ મૂકજે, જા.’

હાથ છોડી દીધો અને કૃષ્ણકલિકા ગઈ. કુમુદસુંદરી પોતાની મેડીમાં આવી. પ્રમાદધન ટેબલ પર ઊંધું માથું મૂકી બેસી રહ્યો હતો. કુમુદસુંદરી આવી તે જાણ્યું પણ માથું ઊંચું ન થયું. કુમુદસુંદરી ચારેપાસ જોતી જોતી અંદર આવી, પ્રમાદધનને જોયો પણ બોલી નહીં, અને રસ્તા પર બારી પડતી હતી ત્યાં આગળ આંખે હાથ દઈ ઊભી. એટલામાં રસ્તા ઉપર બૂમ સંભળાઈ; પાછી ફરી જુએ છે તો અગાડી એક જણે તોલડી ઝાલેલી, વચ્ચે ઠાઠડી ઉપર મડદું, અને મડદું ઊંચકનાર સિવાય પાછળ માત્ર દશપંદર માણસોને — જે શઠરાયનાં અડીને સગાં હતાં. મડદું દુષ્ટરાયનું હતું અને તેનું નામ દઈ રોતીકૂટતી તેની સગી સ્ત્રીઓ પાછળ આવતી હતી. ખલકનંદા પણ હતી અને અત્યંત રોતી દેખાતી હતી. રૂપાળી ન હતી. શઠરાય કરવતરાય કોઈ ન હતા.

પ્રમાદધને અચિંત્યું માથું ઊંચું કર્યું અને બોલ્યો: ‘કોણ મરી ગયું?’

‘દુષ્ટરાય’ — ઉત્તર દઈ કુમુદસુંદરી આંસુવાળી આંખે પાછી આવી અને પ્રમાદધન બારી આગળ ગયો. તે ત્યાં ઊભો એટલામાં છાતી ઉપર હાથ મૂકી વિચારમાં પડી કુમુદુસંદરી વચ્ચોવચ ઊભી રહી અને દુષ્ટરાય તથા પ્રમાદધનની ત્રિકાલાવસ્થા સરખાવવા લાગી — ‘શુ જે કારભારીના દીકરા હોય તે સૌને લંપટ થવાનું સર્જેલું હશે?’ એમ મનને પૂછવા લાગી — દુષ્ટરાયની અવસ્થા રૂપાળીએ કરી એવી પ્રમાદધનને અથવા કૃષ્ણકલિકાને હાથે કોઈ સમે મારી પણ થવા વારો કેમ ન આવે?’ — ‘ધૂળ નાખી આવે તો, આ જગતમાંથી છૂટી થઉં’: આવા આવા તર્ક કરે છે એટલામાં પલંગ પર દૃષ્ટિ પડી અને ત્યાં કંઈ દીઠું; પાસે જઈને જોયું તો કૃષ્ણકલિકાના માથાનો કેવડો અને કોટની સાંકળી નીકળી પડેલાં દેખાયાં તે લઈ લીધાં. હાથમાં લઈ વિચારમાં પડી પાછી પલંગ આગળ જ ઊભી.

પ્રમાદધન રસ્તા ઉપર સ્ત્રીઓ કૂટતી હતી તે જોતો જોતો ઊભો. કૃષ્ણકલિકા પણ કૂટવામાં ભળી હતી તે બરોબર એના સામી ઊભી. કૂટતાં કૂટતાં સાંકળી વિનાની કોટ લાગતાં ગભરાઈ. પ્રમાદધનની મેડીમાં જઈ તપાસ કરવા છાતી ચલાવે એવી હતી — પણ પેલી કુમુદડી સાંભરી —

એની ક્રોધવાળી આંખો સાંભરી — એટલે સાંકળી શોધવાનો વિચાર મૂકી દીધો. સાંકળીનું રોવું અને કૂટવામાં રોવું બે એક થઈ ગયાં. આંસુના પ્રવાહમાં પ્રમાદધનને જોવા પણ મૂકી દીધો. પ્રમાદધનને પાછળ ઊભેલી કુમુદસુંદરી સાંભરી એટલે પાછો ફર્યો અને ઓશિયાળા જેવો — વીલા જેવો — બની કશી વાત જાણતો જ ન હોય એવો ડોળ ધારવા વ્યર્થ યત્ન કરવા લાગ્યો.

કુમુદ પલંગની ઈસને અઠીંગી ઊભી હતી. ઘડીક હાથમાંની સાંકળી અને કેવડા પર નજર કરતી હતી; ઘડીક આખ સામે નવીનચંદ્રવાળી મેડીના બારણાની નિત્ય બંધ રહેતી પણ આજ ઉઘાડી રહી ગયેલી સાંકળ સામી નજર કરતી હતી.

‘હે ઈશ્વર, આમને સુધારવા એ વાત મારા હાથમાંથી તેં સમૂળગી લઈ લીધી જ? શું મર્યાદા તૂટી જ? શું છેક આમ જ કે હું અહીંયાં ઊભી છતે પેલીના સામું જોયાં કરે છે અને મને તો બોલાવતા જ નથી! છેવટે બે આંખની શરમ પણ ન રહી. હવે સુધારવાનું બારું બંધ.’

‘ત્યારે આ સાંકળી આપી દઉં એમને? ફાવે તે કરે. મારે શું? ભણેલાએ પરણ્યા પહેલાં છોડી — વગર ભણ્યાએ પરણીને છોડી!’

આ વિચારમાં ને વિચારમાં દુ:ખી અબળાનું હૃદય ભરાઈ આવ્યું. અચિંતી બારી આગળ ગઈ અને કેવડો તથા સાંકળી બંને વાનાં રોષથી — જોરથી — કૃષ્ણકલિકા ઉપર રસ્તામાં ફેંક્યાં અને એકદમ પાછી માંહ્ય આવી અને મેડી વચ્ચોવચ ભોંય ઉપર બેસી ઢીંચણ પર હાથની કોણીઓ મૂકી આંખે બે હાથ દઈ નિર્ભર રોવા લાગી. પ્રમાદધન પળવાર તે જોઈ રહ્યો -તેને મનાવી નહીં — ખંડિત પત્ની વધારે ખંડિત થઈ — તેને ઓછું આવ્યું. મનમાં રોતી હતી તે ખાળી ન રખાયાથી સંભળાય એમ મોકળું મૂકી રોવા લાગી. સારે ભાગ્યે ઘરમાં કોઈએ સાંભળ્યું નહીં. પ્રમાદધનને તેના મિત્રે શિખામણ દીધી હતી કે સ્ત્રીઓ રુએ તે તો ઢોંગ -એવું સ્ત્રીચરિત ગાંઠવું નહીં. તે બારી આગળ ઊભો ઊભો સર્વ જોઈ રહ્યો.

ન રહેવાયું અને કુમુદસુંદરીએ ભોંય પર માથું પછાડ્યું. દૈત્યને દયા આવી. પ્રમાદધનનું અંત:કરણ ઓગળ્યું. પાસે આવ્યો. ‘આ શું છે બધું?’ કરી કુમુદસુંદરી પાસે બેઠો. તેનું માથું ખોળામાં લીધું. પવિત્ર સ્પર્શે પવિત્ર વિચારને જન્મ આપ્યો. ‘હું અપરાધી છું’ એ બુદ્ધિપ્રમાદના મસ્તિકમાં ઊપજી, ‘શું થયું? શું છે?’ એવું એવું પૂછવા લાગ્યો. પતિના અંત:કરણમાં પોતાને વાસ્તે કાંઈક અવકાશ છે — પતિ સુધરે એમ છે: આ વિચારથી પતિવ્રતાના હૃદયમાં ધૈર્ય આવ્યું! આંસુ લોહ્યાં અને ‘કાંઈ નથી — કાંઈ સહજ’ અર્ધ ઉત્તર આપી તેની બાથમાંથી છૂટી એક ખુરશી પર જઈને બેઠી.

ચાકરોને હાથે ઊછરેલો, ખુશામતિયા તથા ભ્રષ્ટમિત્રોએ સ્વાર્થ સારવા નીચ માર્ગે દોરેલો, બુદ્ધિહીન, અને અકાળે સ્વતંત્ર થવા પામેલો પરંતુ પવિત્ર સંસ્કારો ભરેલી હવાથી કેવળ અજાણ્યો ન રહેલો, બુદ્ધિધન અને સૌભાગ્યદેવી જેવાંનો પુત્ર અંતે ઘડીક કુળ ઉપર ગયો. વિમાનના પામેલી પત્નીની આસનાવાસના કરવા લાગ્યો. તે ન બનેલી તેમ તેમ તેને વધારે બોલાવવા લાગ્યો. આ નિમિત્તે — તે નિમિત્તે — વાતચીતનો પ્રસંગ કાઢી કાઢી તેને બોલાવવા લાગ્યો. કંઈ કંઈ પૂછવા લાગ્યો. કંઈ કંઈ કહેવા લાગ્યો. માત્ર મૂળ વાત કાઢી નહીં — ડાહી સ્ત્રીએ કઢાવી નહીં. પતિ સુધરે એમ છે — તેને શી રીતે સુધારવો એટલા જ ઉત્સાહક વિચારમાં પડી.

એટલામાં તો પ્રમાદધન કંઈ કંઈ વાતો કરી ગયો. દરબારના સમાચાર, પોતાને પગાર થવાની વાત, આજ પોતાને લીલાપુર જવાનું હતું તે ખબર, ખરેખરું જોતાં રામભાઉવાળા કારણથી પણ બહાર કહેવામાં મુહૂર્ત ન આવ્યું એ કારણથી દરબાર આજ ભરવો બંધ રાખ્યો એ વર્તમાન, નવીનચંદ્રની ગોઠવણ, પિતામહનું જૂનું ઘર ગમે તેટલું દ્રવ્ય ખરચી વેચાતું લેવું એવી દયાશંકરકાકાની સૂચના અને તે ઘરને ઠેકાણે માતુશ્રીના નામનું શિવાલય કરવું એવો પિતાનો વિચાર થયો હતો તે: આ અને એવા કાંઈ કાંઈ વિષયોનું પુરાણ પ્રમાદધન કહી ગયો. માથું નીચું રાખી, વિચારમાં પડેલી કુમુદુસંદરીએ કશી વાત સાંભળી નહીં. માત્ર નવીનચંદ્રની વાત કરી ત્યારે પાંપણો જરીક ઊંચી કરી વાર્તા ઉપર ધ્યાન આપ્યું. વાર્તાની અસર એટલી થઈ કે કુમુદસુંદરી શાંત પડી. અંતે વાર્તા થઈ રહી. એટલે આળસ મરડી ઊંચું જોવા લાગી અને પોતાને પ્રસન્ન કરવા ઇચ્છતા પતિ ઉપર પ્રસન્ન થઈ ઊઠી.

ઊઠતાં ઊઠતાં પતિ ઉપર પ્રેમ ઊપજ્યો. 'ના, એ તો એ રાંડના જ વાનાં. મારા પતિ તો બિચારા ભોળા છે.' આટલો વિચાર કરી પતિની ભોળાઈ, પોતાને પ્રસન્ન કરવાની તેની આતુરતા, મનાવતાં સુકાઈ જતું તેનું મોં, એવું કંઈ કંઈ જોઈ વિચારી દયા આવતાં ઉમળકો આવતાં પોતાના કોમળ માંસલ ભુજવડે પતિને કણ્ઠાશ્લેષ દીધો અને પોતાની પવિત્રતા તેનામાં સંક્રાંત થઈ માનવા લાગી.

આર્યા! લગ્નોચ્છેદક ધર્માસન [૧] આપે તેના કરતાં વધારે સુખ પ્રાપ્ત કરવાની શક્તિ તારા આર્યહૃદયમાં છે! એ ધર્માસનનું સુખ અનાર્ય લોકને જ હજો!

પતિનું અંત:કરણ શુદ્ધ કાચના જેવું નિર્મળ અને પારદર્શક થઈ ગયું હોય તેમ તેને જોતાં આનંદ પામતાં તેમાંથી કૃષ્ણકલિકાને સમૂળગી ભૂંસી નાંખવા મનસ્વિનીએ પ્રયત્ન કર્યો.

પ્રસન્ન થયેલા પતિની સાથે નિર્દોષ વિભ્રમનો વિનોદ અને વિનિમય કરતાં અને પામતાં જણાઈ ન પડે એવી રીતે બે વાતો વચ્ચે કહી દીધી.

'આ રાજેશ્વરમાં રાણાજી અને પિતાજી મળ્યા હતા તે વાત શઠરાયને ત્યાં કૃષ્ણકલિકાએ પહોંચાડી, હોં! એ તો શઠરાયની ભેદુ થઈને આપણા ઘરમાં આવતી હતી. જમાલવાળી વાત એને પ્રથમથી ખબર હતી!'

આ સમાચરથી ચમકેલા પતિમસ્તિકામાંથી કુટુંબવૈરિણી એકદમ નીકળી ખસી ગઈ હોય એવું બુદ્ધિમતીને સ્પષ્ટ લાગ્યું.

પતિના દક્ષિણ હસ્તથી વીંટાયેલું છૂટા થયેલા કેશપાશવાળું કમળપુટ જેવું મસ્તક ઊંચું કરી ગુણસુંદરીને મળવા ભદ્રેશ્વર જવાની અનુમતિ માંગી લીધી. કોમળ ગાલ ઉપર પતિહસ્તના કોમળ પ્રહારની જોડે જ એ અનુમતિ મળી. લાંબા વિરહને અંતે મળ્યો હોય તેમ ખંડનને અંતે મળેલો આ વિભ્રમ ઉત્કૃષ્ટ પ્રીતિદાય હોય તેમ પતિવ્રતાએ અભિનંદ્યો. પણ પ્રીતિદાય માગ્યો ક્યારે? આપ્યો શાથી? દુષ્ટ કલહમાંથી પ્રણય ક્યારે થયો? કિલ્સિષ ભુલાયું કેમ? પ્રણયવચન પતિવ્રતાએ કહ્યું કહું? स्त्रीणामाद्यं प्रणयवचनं विभ्रमो हि प्रि येषु॥ કહ્યા વિના કહેવાય એવાં પ્રણયવચન દંપતીને ક્યાં હોતાં નથી? એવાં વચનનો ઉત્તર બોલ્યા વિના ક્યાં અપાતો નથી? प्रत्युक्तंहि प्रणयिषु सतामीप्सितार्थ क् रियेव॥ અશબ્દ પ્રણયવચનનો — વિભ્રમનો -આવિર્ભાવ કુમુદસુંદરીમાં ક્યારે થયો, પ્રમાદધને ક્યારે દીઠો, વિભ્રમના ઉત્તરમાં ઇષ્ટવિભ્રમ ક્યારે મળ્યો, મૂર્ખ પ્રમાદધન આ કળા ક્યારે શીખ્યો, વિમાનના ભૂલી સુશિક્ષિતાએ અશિક્ષિતનો પ્રણય શી રીતે સ્વીકાર્યો: ઇત્યાદિનું તત્ત્વજ્ઞાન પુરાણોમાં નથી, વેદને સૂઝયું નથી. વેદાંતને જડ્યું નથી, અંગ્રેજી વિદ્યામાં આવે એમ નથી અને વ્યવહારીથી સમજાય એમ નથી. જેને સમજવાની અગત્ય હતી તે અંત:કરણ વણસમજાવ્યે સમજ્યાં. એ ઈશ્વરની રચના. ગમે તેવા ભૂતકાળને ભૂલવો, ગમે તેવા વર્તમાનથી સંતુષ્ટ રહેવું, ગમે તેવા ભવિષ્યને બળાત્કારે સારું કરવું — એ શક્તિ, એ વૃત્તિ, આર્યચિત્તની જ છે — ઈશ્વર તેને અમર રાખો.

---

૧ . છૂટાછેડાની કોર્ટ Divorce Court .

૧૮. કારભારી અને કારભાર: દિગ્દર્શન

** યઃ કામન્યૂ પ્રજહાતિ રાજા પાત્રે પ્રતિષ્ઠાપયતે ધનં ચ*

વિશેષવિચ્છ્રુતવાઙ્ક્ષિપ્રકારી તં સર્વલોકઃ કુરુતે પ્રમાણમ્

જાનાતિ વિશ્વાસયિતું મનુષ્યાન્ વિજ્ઞાતદોષેષુ દધાતિ દણ્ડમ્

જાનાતિ માત્રાં ચ તથા ક્ષમાં ચ તં તાદૃશં શ્રીર્જુપતે સમગ્રા

પ્રાપ્યોપદં ન વ્યથતે કદાચિત્ ઉદ્યોગમન્વિચ્છતિ ચાપ્રમત્તઃ

દઃખં ચ કાલે સહતે મહાત્મા ધુંરધરસ્તસ્ય જિતા; સપલાઃ

ન વૈરમુદ્દીપયતિ પ્રશાન્તં ન દર્પમારોહતિ નાસ્તમેતિ

ન દુર્ગતોઽસ્મીતિ કરોત્યકાર્યં તમાર્યશીલં પરમાહુરાર્યાઃ

સંધ્યાકાળે જ્યારે શઠરાયના સમાચાર જૂના થઈ ગયા. પ્રમાદધન તર્કપ્રસાદ સાથે લીલાપુર ગયો, અને કાર્યભારવિવર્તની વાતોમાં વહી ગયેલો દિવસ જતો રહેતાં થાક્યાપાક્યા આખા સુવર્ણપુરમાં શાંત ઊતરતી રજનિ ગોરજ સમયે ઊડતી ધૂળની સાથે મળી જવા માંડતી હતી, ત્યારે ઉપરના શ્લોક મનમાં ગાતો ગાતો બુદ્ધિધન ભૂપસિંહના અત્યારે એકાંત બનેલા વિશાળ સભાખંડમાં એકલોએકલો પગલાં ભરતો હતો અને દિવસનો ઉગ્ર પ્રકાશ ન્યૂન થતાં અધિક થવા પામતા — અનેક હાંડીઓ, ‘વાલસેટો,’ વગેરેમાંના દીવાઓના — પ્રકાશથી, થાકેલી આંખોનો શ્રમ ઉતારતો હતો.

ભૂપસિંહ ગાદી પર બેઠો અને પોતે તેના વિશ્વાસનું પાત્ર હતો તોપણ શઠરાયની શંકા ન જાગે એ હેતુથી આજ સુધી બુદ્ધિધન રાજમહેલમાં એકલો બેસતો નહીં અને રાણા એકાંત સાથે વાર્તા કરતો નહીં. રાજમહેલ મૂકી રાજેશ્વર જેવાં સ્થાન ખાનગી વાર્તા સારું શોધવાનું કારણ આ હતું. આજના જેવી નિરાંતે રાજમહેલમાં બુદ્ધિધન કદી રહ્યો ન હતો. રાણાનો વિશ્વાસ આજ જગપ્રસિદ્ધ થયો; સંતાકૂકડી કરવાની અણગમતી કળાને આજ છેલ્લા નમસ્કાર કર્યા. હવે અવિશ્વાસનાં સ્થાન શમી ગયાં લાગ્યાં. રાણો અને કારભારી પરસ્પર વિશ્વાસનું સુખ આજ પ્રથમ જ પામ્યા. ઘણો લાંબો પ્રવાસ પૂરો થયો લાગ્યો.

‘કારભારી કુટુંબ’ના અભિમાનવાળો આજ કારભારી થયો. શુદ્ધ રાજપુત્ર આજ શુદ્ધ રાજા થયો.

શઠરાય અને તેના મંડળનું શું કરવું તે ચિંતા હજી બાકી હતી. પ્રધાનવિવર્ત થતાં રજવાડામાં પક્ષવિવર્ત થાય છે. નવો પ્રધાન આવે એટલે જૂના પ્રધાનનાં સર્વ માણસ વર્જ્ય ગણાય છે. એકથી વધારે પક્ષના હાથમાં સત્તા રહેતાં નિષ્પક્ષ ન્યાયનો આભાસ રહે છે અને તે આભાસથી નવી

વિદ્યાવાળાઓ અને મુંબઈવાળાઓ સંતુષ્ટ રહે છે એ બુદ્ધિધનને લાગ્યું. આ આભાસ રાખવો સરખો પણ દુર્ઘટ માલૂમ પડ્યો. બે હાથમાં સત્તા રહી એટલે કોઈથી સંપૂર્ણ સત્તા વપરાય નહીં. આથી નિરંકુશતા ઉપર અંકુશ રહે એ વાત ખરી — પણ સારા કાર્યમાં એ અંકુશ રહે એ અનિષ્ટ સામા પક્ષનો વિશ્વાસ શી રીતે કરવો? તેનો વિશ્વાસ કરતાં, દયાને ડાકણે ખાધા જેવું થાય, લોકમાં નિર્બળતા ગણાય, સામા પક્ષવાળા પણ આપણી નિર્બળતા ગણે — ઉપકાર માનવો તો રહ્યો પણ નિર્બળ ગણી હસે, ખટપટ જારી રાખે અને ભીતિનું કારણ સદૈવ ઊભું રહે. અકુલીન સ્ત્રી ગરીબ દેખાવના પતિને માન આપતી નથી તેમ આપણા પક્ષનાં — હાથ નીચેનાં — માણસો પણ પરપક્ષથી બીતા દેખાતા ઉપરીનું મનમાં માન રાખતા નથી — પ્રસંગે પરપક્ષમાં પણ જાય છે. આ બધાંનું પરિણામ શું થાય? રાજ્ય કેવી રીતે ચાલે? ઉભયપક્ષ પરસ્પરની રુખ રાખે ત્યારે ઉભયના અભિપ્રાય નકામા અને કાંઈ તૃતીય કાર્ય થાય — રાજ્યનીતિ અનિશ્ચિત રહે! ત્યારે રાજ્યનું જોખમ કોને માથે રહે? ગુણ દોષનો આરોપ કોને માથે મુકાય? ગુણમાં ઉભયપક્ષ ભાગિયા થાય, દોષ સર્વ પોતાને માથેથી કાઢી નાંખે. અને અપૂર્ણ જોઈ શકનાર લોક દેખીતા ઉપરીને માથે જ નાંખે. કોનો અભિપ્રાય નિશ્ચિત ગણવો, કઈ રાજનીતિ ચાલતી ગણવી, કોની પાસે અંત્ય ઉપાય માગવો એ સર્વ વિષયમાં પ્રજા બિચારી અંધકારમાં રહે! — એકથી વધારે પક્ષનું રાજ્ય તે તો નકકી પ્રજાપીડક જ થાય.

ત્યારે અંગ્રેજી વિદ્યા ભણેલાઓ કહે કહે કરે છે કે પક્ષ રહેવો જ ન જોઈએ — સર્વ પક્ષનો સરખો જ અધિકાર જોઈએ એ શું? એવું શા ઉપરથી કહે છે? આ પ્રશ્ન બુદ્ધિધને પોતાના મનમાં પૂછ્યો અને ઉત્તર ન મળતાં ઘણો જ ગૂંચવાડામાં પડ્યો. શું અંગ્રેજી રીતમાં એ લોક કાંઈ એવું દેખે છે?- પણ અંગ્રેજી રાજસભામાં જ શું છે? — એક જ પક્ષનું રાજ્ય. આ પક્ષ ખરો તો બીજો નહીં અને બીજો ખરો તો આ નહીં. 'હું ધારું છું કે એ લોકમાત્ર અનુભવ વિનાની — વિચાર વગરની — વાતો કરે છે; માત્ર બોલ્યું જ જાણે છે. ખરી વાત છે — મુંબઈમાં હાલના સુધરેલા જમાનામાં એ જ વા વાયાં કરે છે કે જે પકડ્યું તે પકડ્યું — જે ભૂત ભરાયું તે ભરાયું — એ નીકળે નહીં. ભૂત ભરવનાર જોઈએ. સાહેબ લોક આપણને જોયા તે તો કાંઈ આવા નથી હોતા — આ લોક કોણ જાણે ક્યાંથી આવું શીખ્યા? ન હિંદુમાં — ન અંગ્રેજમાં. પણ આ નવીનચંદ્ર કાંઈક વિચાર કરનાર છે ખરો. ના કહેવા પ્રમાણે વિલાયતમાં પક્ષ અને વિશ્વાસ બંધાય છે તે અભિપ્રાય અને વિશ્વાસ પ્રમાણે અને આપણામાં સંબંધ પ્રમાણે, પણ એમાંયે એક વાત છે. વિલાયતમાં પોતાનો એક અભિપ્રાય હોવા છતાં પોતાના પક્ષનો બીજો અભિપ્રાય હોય તો તેને ટેકો અપાય છે એવું બસ્કિન્ સાહેબ કહેતા હતા. એ કહેતા હતા તે ખરું અને નવીનચંદ્ર કહે છે તે ખોટું — એ બિચારું ભોળું માણસ છે — કોઈ પુસ્તક-બુસ્તકમાં વાંચ્યું હશે. બસ્કિન્ સાહેબે તે જાતે જોયેલું — અનુભવેલું, અને ખરી વાત છે. એ

વિના બીજો માર્ગ શો? અધિકાર તો એક જ હાથમાં હોય. બે બાયડીનો ધણી સાંભળ્યો છે — બે ધણીની એક જ બાયડી કંઈ દીઠી છે? વળી વિલાયતના કરતાં તો આપણે સારું છે. અભિપ્રાય એક હોવા છતાં ‘વોટ’ કે? વોટસ્તો — વોટ જુદો આપ્યો એ તો જૂઠું બોલ્યાનો ભાઈ જ કેની? આપણે અહીંયાં તો ઉપરી અધિકારીનો જ વોટ — બીજા તો માત્ર સૂચના કરે. અને એમ કરતાંયે પક્ષ વિનાનું રાજ્ય સાંભળ્યું છે કંઈ? ઈશ્વરને ઘેર પણ જુઓ — દેવ ને દાનવનો પક્ષ. અને અંગ્રેજોના ધર્મમાંયે શું છે? એમના ઈશ્વરને મન ફિરસ્તાઓ કહે તે ખરું અને શેતાન અને એનો પક્ષ કહે તે બધુંયે ખોટું — એ પક્ષ લુચ્ચો, જૂઠો, નીચો અને સૌ રીતે ખોટો, સદાકાળ નરકમાં રહેવાને સરજેલો. ત્યારે તો આપણો ઈશ્વર એવો પક્ષપાતી નથી: દાનવો આ અવતારે નહીં તો બીજે અવતારે સુધરે’ — આમ મનમાં કહેતો કહેતો બુદ્ધિધન પુષ્કળ હસ્યો અને એક તકિયા આગળ નિરાંતે પડ્યો.

સર્વ વિચારી બુદ્ધિધને વિચાર કર્યો કે જૂની રીત જ સારી છે — એટલું તને ખરું કે એમાં કાંઈ ભીતિ તો નથી જ. ત્યારે હવે પોતાનો પક્ષ કોને ગણવો અને પારકો કોને ગણવો?

બુદ્ધિધન ફરી પુષ્કળ હસ્યો અને પોતાને મૂર્ખ ગણવા લાગ્યો: ‘વળી એ તે વિચારા? પોતાના તે પોતાના ને પારકા તે પારકા! આયે મૂર્ખાઈ જ કેની કે આવા આવાયે વિચાર કરવા?’ — વિચારમાળા પડતી મૂકતાં મૂકતાં કાંઈક ભૂતકાળ સાંભર્યો અને મોં લેવાઈ ગયું. પોતાના મંદવાડમાં દુષ્ટરાયે મોકલેલી વિધવાએ પોતાના કુટુંબનું અપમાન કર્યું હતું — દીકરાની ઉપર બાપની પાસે ફરિયાદી કરવી નિરર્થક હતી — તે સાંભર્યું. પોતાના પક્ષના માણસોના દોષ થતાં પ્રજા પોતાની પાસે ફરિયાદ કરવા નહીં આવી શકે — બિચારી કચડાશે — પોતે પામ્યો હતો તેવી જ અવસ્થા કોને પામવા વખત આવશે તો એ પાપ કોને માથે? અધિકારનો નસો પોતાના માણસોને ચડશે અને કદી જાણ્યોઅજાણ્યો જુલમ કરશે તો પ્રમાદધનનો — અથવા એવા બીજાનો જ — દોષ ‘બુદ્ધિધન! તારી પાસે કોણ કાઢશે?’ એ પ્રશ્ને એનું મસ્તક ભમાવ્યું. ‘હું હતો એવી જ દશામાં આજ કેટલા હશે અને મારાં માણસોથી છૂંદાતાં ચંપાતાં તે અનાથ વર્ગને શો આશરો રહેશે? અરેરે — શું કારભાર એટલે આવા ગૂંચવાડાં? — ઈશ્વર! મારે તો કારભાર નથી જોઈતો! આ ગૂંચાડો કોણ વહોરે? મારે તો દેવી માતુશ્રી! તમારે સારુ લીધેલી પ્રતિજ્ઞા હું આજ તરી ઊતર્યો! શઠરાય — દુષ્ટરાય — તમને ફળ ચખાડ્યું. પિતાજી! તમારો અભિલાષ પૂરો પાડ્યો — મોટી પદવીએ હું પહોંચી ચૂક્યો. ત્યાં કાયમ રહેવું જ એવું વાક્ય તમે કાઢ્યું નથી. કારભાર સ્વીકારવો એ પ્રતિજ્ઞા મેં કદી લીધી નથી. ઘરમાં રહી વાનપ્રસ્થ સ્વીકારવું — તો, દેવી, તારો અભિલાષ હજી પૂરો થવો બાકી છે. ઈશ્વરે ખાવા જેટલું આપ્યું છે. કારભાર રાણો મરજી પડે તેને આપે: એની ઇચ્છા હશે તો

વિદ્યાચતુરને આ જગાએ લાવીશું એટલે પ્રમાદની પણ ચિંતા નહીં રહે. હું અને મારી દેવી — પુત્રને ગૃહસંસાર સોંપી — વનમાં જઈશું! બસ — આ કડાકૂટો ક્યાં સુધી કરવો — વળી ચિંતા કરવી — શું કરવાને?'

આનંદમાં મગ્ન થતો થતો, પ્રસન્ન થયેલા ભાગ્ય પાસેથી વિશેષ પ્રસાદ માગી નિરાશ થવાનો સંભવ ન રહે એવી ઇચ્છા કરતો કરતો, સ્મશાન-વૈરાગ્યના ભાઈ ઉત્સવ-વૈરાગ્યમાં મગ્ન થતો થતો બુદ્ધિધન ઊઠ્યો. તપાસ કરતાં માલૂમ પડ્યું કે રાણાજી વાળુ કરી રહ્યા નથી. ચૈત્રી રાત્રે પરસેવો થતો હતો. 'રાણાજી કહે એટલે બોલાવજો' કહી બાગમાં એક ફુવારા પાસે બેસવા સારુ ચાલ્યો અને ચાલતાં ચાલતાં અંધકાર ભરેલા જગતને માથે વિશાળ આકાશમાં ચમકારા કરતા તારામંડળને જોતો જોતો ચાલ્યો અને નાનપણમાં પોતાના પડોશી શાસ્ત્રી મહારાજ પાસેથી મોંએ કરેલા શ્લોક સ્મરવા લાગ્યો:

'भ्रान्तं देशमनेकदुर्गविषमं प्राप्तं न किञ्चिञ्चफलम्

त्यक्त्वा जातिकुलाभिमानमुचितं सेवा कृता निष्फला।

मुक्तं मानविवर्जितं परगृहे साशंकया काकवत्

तुष्णे दुर्मतिपापकर्मनिरते नाद्यापि संतुष्यसि॥' [१]

શઠરાયને ઘેર બાળપણમાં જમતો એ અવસ્થા સાંભરી: આંખમાં આંસુ આવ્યા જેવું થયું. ફુવારો આવ્યો. ત્યાં આગળ મુંબઈથી મંગાવેલ લોખંડના બાંકડા હતા તેમાંથી એક પર બેઠો.

'खलोल्लापाः सोढाः कथमपि तदराधनपरै-

र्निगुह्यान्तर्बाष्पं हसितमपि शून्येन मनसा।

कृतश्चित्तस्तम्भः प्रहसितधियातमञ्जलिरपि

त्वमाशे मोधाशे किमपरमतो नर्तयसि माम्॥ [२]

હજી શઠરાય સાંભર્યા કર્યો. આજ સવાર સુધીના દિવસ સ્વપ્ન પેઠે દૃષ્ટિ આગળ ખડા થયા. બાંકડા ઉપર સૂતો — ફુવારાના પાણીવાળો શીતલ પવન પ્રિય લાગવા માંડ્યો. પોતે મૂળ એક રંક માણસ તે આજ સુવર્ણપુરના મહારાજના વૈભવનો અંશભાગી છે એ ભાન થયું. આ સર્વ ઘસાઈ ભવિષ્ય ભૂત જેવું થનાર લાગ્યું: પ્રાત:કાળનો ભવ્ય દરબાર શૂન્ય થયો!

'भ्रातः कष्टमहो महान्स नृपतिः सामन्तचक्रं च तत्

पार्श्वे तस्य च सापि राजपरिषत्ताश्चन्द्रबिम्बाननाः।

उद्रिक्तः स च राजपुत्रनिवहस्ते बन्दिनस्ताः कथाः

सर्वे यस्य वशादगात् स्मृतिपदं कालाय तस्मै नमः॥ [3]

'પ્રાત:કાળનો ભવ્ય દરબાર શૂન્ય થયો — સ્મરણશેષ થઈ ગયો જ કેની? અત્યારે એમાંનું કાંઈ છે!

'रम्यं हर्म्यतलं न किं वसतये श्राव्यं न गेयादिकम्

किं वा प्राणसमासमागमसुखं नैवाधिकं प्रीतये।

किं तूदभ्रानतप-तत्वतंगपवनव्यालोलदीपाङ्कु-

च्छायाचञ्चलमाकलय्य सकलं सन्तो वनान्तं गताः। [1]

આ વિચારમાં ને વિચારમાં શીતલ પવનલહરીથી — ચારે પાસથી આવતા પુષ્પવાસથી — આંખ મીંચાઈ અને બુદ્ધિધન પળવાર ચિન્તામુક્ત થઈ આ સ્વપ્નમાંથી નિદ્રાસ્વપ્નની સૃષ્ટિ વચ્ચોવચ ઊભો. રાજેશ્વર મહાદેવના વાડા જોડે ઓટલા ઉપર શરદ પૂનમની રાત્રે સૌભાગ્યદેવી જોડેના તળાવમાં નાચતું ચંદ્રપ્રતિબિંબ જોઈ રહી છે, અને સાથે જ બેસી વાનપ્રસ્થ બુદ્ધિધન પતિવ્રતાને સમજાવે છે: 'પ્રિય દેવી, આ રમણીય પ્રતિબિંબ જેવો જ તને આપણો સ્નેહસંસાર નથી લાગતો? જો, પાણી પર કરચલીઓ વળે છે તેમાં એ પ્રતિબિંબની લેખા દેખાય છે! પણે આખું પ્રતિબિંબ દેખાય છે અને હાલે છે. આપણો સંસાર પણ આવો જ છે. ખરું જોતાં પ્રતિબિંબ જૂઠું છે, તે પણ જતું રહેવાનું; ખરો ચંદ્ર તો આકાશમાં છે: તેમ જ આ આપણો સંસાર જૂઠો છે અને જતો રહેવાનો છે. ખરો સંસાર તો બ્રહ્મમાં છે — એ સંસારનું નામ મોક્ષ: મારે તારે અન્તે એ જ પામવો છે. દેવી! તું અજ્ઞાન છે પણ તું જેવી સુંદર છે, અને તારી કાન્તિ જેવી નિર્મળ છે, તેવું જ તારું અંત:કરણ સુંદર છે, અને તારી બુદ્ધિ નિર્મળ છે. પતિવ્રતા, તેં એક જ યોગ સાધ્યો છે, તું એક જ જ્ઞાન પામી છે; તારા જેવા સુંદર પવિત્ર આત્માને વાસ્તે જ મોક્ષ છે — તું મોક્ષ પામીશ — તું બ્રહ્મમાં થઈશ!

'દેવી! મેં પણ તારી જ સૂરતપરસ્તી [2] કરી છે — હું પણ તારી સાથે જ છું — તું બ્રહ્મમાં મળીશ? અને ત્યાંયે હું તારી સાથે જ! દેવી, સર્વત્ર સાથે જ!'

અન્તરમાં આ સ્વપ્ન ચાલતું હતું તે સમયે મુખ ઉપર અંધારામાં સ્મિત ફરકતું હતું. સર્વ જગત પોતાનામાં સંકેલી દઈ શેષશાયી આનંદમય નિદ્રા પામે તેમ સર્વ સંસારની ઇયત્તા આવા સ્વપ્નમાં સંભારી (સંભૃત કરી — સંભાર પેઠે ભરી) પોતાના બાલ્યથી આજ સુધીના પ્રયાસને અન્તે બુદ્ધિધન ઝાકળથી શીતળ થયેલા બાંક ઉપર સૂતો સૂતો આ આનંદમય નિદ્રા પળવાર પામ્યો.

ભૂપસિંહ વાળુ કરી રહ્યો કે એક જણ બુદ્ધિધનને બોલાવવા જતો હતો તેને ન જવા દેતાં ભૂપસિંહ પોતે જ ફુવારા પાસે માણસો સાથે ગયો. હજામે ફાનસ ઊંચું કર્યું અને રાણાએ જૂના મિત્રને નિદ્રામાં પડેલો દીઠો. જુએ છે એટલામાં જ નરભેરામ, નવીનચંદ્ર, વિદુરપ્રસાદ અને જયમલ્લ આવી પહોંચ્યા. નરભેરામ બુદ્ધિધનને ઉઠાડવા જતો હતો તેને રાણાએ અટકાવ્યો — 'નરભેરામ, બુદ્ધિધન બહુ જાગ્યા છે — ઘણાં વર્ષને અંતે આજ સુખમાં સૂતા છે. એમને સુખમાં સૂવા દો.' ઓથારે ચાંપેલા માણસના હાથ છાતી ઉપરથી અચિંત્યા આઘા પડે અને ભયંકર સ્વપ્ન જતું રહેતાં જાગી તે સ્વસ્થ થાય તેમ બુદ્ધિધનની શિખામણથી ઘણાં વર્ષથી સ્વભાવવિરુદ્ધ ધૈર્ય રાખી મનમાં ધૂંધવાઈ રહેલો રજપૂત શઠરાય દૂર થતાં આજ સ્વસ્થ બન્યો હતો. લીલાપુરમાં પોતાના નાના સરખા ઘરમાં આવી બુદ્ધિધન નિરાંતે બેસતો હતો અને સ્વતંત્રતા ભોગવતો હતો તેમ જ આજ પોતાના મહેલમાં ફરતો તેને જોઈ રાણાએ પોતાના વૈભવને સફળ થયો માન્યો. જૂના દિવસ સ્મરણમાં આવ્યા અને જેમ બહારનો ફુવારો શરીરને શીતળ કરતો હતો તેમ બુદ્ધિધન ઉપરની પ્રીતિનો ભરેલો ફુવારને ઊભરાઈ ઊઘડી અંત:કરણને શીતળ શીકરથી [૧] નવરાવવા લાગ્યો.

'જયમલ્લ, એમના માથા નીચે એ જાગે નહીં એમ એક ઓશીકું ગોઠવ અને આપણે વાસ્તે આજ અહીંયાં જ બેસવાની ગોઠવણ કર.'

આજ્ઞાનું પાલન તરત થયું. બુદ્ધિધનના માથા નીચે ધીમે રહી રેશમી ઓશીકું મૂકી દેવામાં આવ્યું. રેશમી ગાદીવાળો કોચ રાણાને વાસ્તે આવ્યો. બીજાઓને વાસ્તે ગાલીચો આવ્યો. રાણાની આસપાસ શુદ્ધ રૂપેરી સોનેરી તેમજ 'ગિલ્ટ'વાળી અને કાચની વિલાયતી દીવીઓ ગોઠવી દેવામાં આવી અને જુદા જુદા દીવાનો પ્રકાશ ફુવારાનાં ઊડતાં બિંદુઓમાં ચળકવા લાગ્યો. રાણાએ કોચ પર બેસી સોનેરી હુક્કાની લાંબી નળી મોંમાં લીધી. સૌ આસપાસ ગોઠવાઈ ગયા. ચોપદારો અને ચાકરો આસપાસ વીંટાઈ સ્તબ્ધ — અંદર અંદર ગુપચુપ વાતો કરતા — ઊભા રહ્યા. રાણાની આજ્ઞા થઈ અને એક તરુણ ગવૈયો આવ્યો, રાણાની સામે બેઠો, અને મોંએ ગાયા વિના સતારના અતિ સૂક્ષ્મ સ્વરમાં ગાન ઉતારવા લાગ્યો — એક ચાકરે તાજાં ચિત્રવિચિત્ર ફૂલો રૂપેરી સંપૂટો, થાળો, અને છાબોમાં ગોઠવી સર્વ વચ્ચે મૂક્યાં અને તેની સુવાસ ચારેપાસ પ્રસરવા લાગી. આસપાસના બાગમાંથી અને પાસેનાં પાત્રોમાંથી પુષ્પોના પરાગ અને સુવાસથી પ્રફુલ્લ થયેલો, ફુવારાની નીચે કુંડમાં ટપકતાં બિંદુઓના અને સતારના મિશ્રિત સુસ્વરને પોતાનો કરી લેતો, શીતલતાને — કુંડમાંથી ઉપાડી લેતો — ફુવારાના વરસાદમાંથી અધ્ધર ચોરી લેતો — ઝાકળમાંથી પી જતો — અને આકાશમાંથી ઘસડી આણતો, અનેક સૌથાનથી સૂંઢમાં એકઠું કરેલું પાણી હાથી પાછું એક સ્થાને વરસાવે તેમ સુવાસ — સુસ્વર — અને શીતલતાને મનુષ્યસૃષ્ટિ ઉપર સાથે લાગાં વરસાવતો, અનેક

ઝાડનાં પાંદડાંને હલાવી ખખડાવી અંધકારમાં પણ પોતાની સત્તા છે એવું માનવીના કાનને ગર્વ સાથે કહેતો, ઊંચા ગગનમાં પણ મારી આણ વર્તે છે એવું વાદળાંમાં લહેરિયાં પાડી ઊંચું જોનારી આંખને જણાવતો, અને ગાઉ બે ગાઉ ઉપરનાં વનોમાં પોતે નાંખેલા સુસવાટા રાણા જેવાના કાનના પડદા પર અફળાવતો — દાંભિક વાયુ માનવીના શરીર પાસે આવી દંભ તજી મંદ પડી જતો હતો, મધુર થઈ જતો હતો, તેને ફોસલાવતો હોય — તેને કરગરી પડતો હોય — તેને સવાસલાં કરતો હોય — તેમ તેના અંગરખામાં ધીમે રહી પ્રવેશ કરી — તેમાં કરચલીઓ પાડી — તેના શરીરને પંપાળતો હતો, શરીરમાંનાં છિદ્રોમાં પેસી જઈ ઠેઠ ચિત્ત આગળ પહોંચી જતો હતો, ચિત્તના ગર્ભદ્વારની અંદર ઊભો રહી માનવીના આત્મા ઉપર આનંદનો અભિષેક કરતો હતો, અને પોતાની સાથે આણેલી સર્વ રમણીય સામગ્રી તેના જ ઉપર ચડાવતો હતો. એમાં દોષ માત્ર એટલો હતો કે તે જડ હોવાથી મોટા નાનાનો ભેદ સમજતો ન હતો અને ભૂપસિંહની તેમ જ તેના હલકામાં હલકા દાસની સરખી રીતે સેવા કરતો હતો અને જાગતા ઊંઘતાનો પણ ભેદ રાખતો ન હતો. પવનની, પ્રકાશની, સુવાસની, સુસ્વરની, શીતલતાની — અર્થાત્ જડ હોવા છતાં સંચાર કરનાર સર્વ પદાર્થોની — અસર નિદ્રાયમાણ બુદ્ધિધનના મસ્તિકમાં પણ પહોંચી જતી અને તેનાં રમણીય સ્વપ્નોની કારણભૂત થઈ પડતી હતી — પોષક પણ થતી હતી.

એક સ્વપ્નમાંથી બીજા સ્વપ્નમાં ખસતું બુદ્ધિધનનું મસ્તિક અન્તે અર્ધજાગ્રત થયું અને સૂતી વેળા કરવા માંડેલા વિચાર પાછા મસ્તકમાં આવી ઊભા. છાતી ઉપર હાથ રાખી, આંખો મીંચેલી જ રાખી, ઇંદ્રિયો અકર્મ જ રાખી, સૂર્ય ઊગતાં પહેલાં — સૂર્યકિરણના સ્પર્શબળે જ — પક્ષીઓ માળામાં ને માળામાં જ કિલકિલાટ મચાવી મૂકે તેમ, જાગતા વિચાર નિદ્રાયમાણ દેખાતા પુરુષના મગજમાં સાકાર થયા. પોતાના માણસોનો પક્ષ બાંધવામાં જે હરકતો ભાસી હતી તે એકદમ દૂર થઈ હોય એમ નિદ્રાએ સ્વસ્થ કરેલા મગજે ગૂંચવાડા ભરેલી ગાંઠ ચોડી દીધી: ‘કંઈ નહીં, કંઈ નહીં; કારભાર કરવો હું જાણું છું; હું પ્રમાણિક રહીશ, મારાં માણસોને જ મારો — રાણાનો — તાપ દેખાડવામાં શિથિલ નહીં રહું, હું મારાં માણસોને અધિકાર સોંપું છું તે છતાં તેમની ગેરવર્તણૂકની ફરિયાદ સાંભળવા અને શિક્ષા કરવા અંતરથી તત્પર છું એવો સર્વનો અભિપ્રાય બંધાશે તો મારાં માણસો બીતાં રહેશે, અયોગ્ય કાર્યમાં મારા તરફથી ઉત્તેજનની અથવા ક્ષમાની આશા નહીં રાખે, પ્રજા વિશ્વાસથી ફરિયાદ કરશે અને તેમને યોગ્ય ન્યાય આપીશ જ. અધિકાર સોંપવો અને ન્યાય કરવો એ બે જુદા પદાર્થ છે — એકમાં વિશ્વાસ અને પોતાપણું જ કામમાં લાગે છે, બીજામાં નિષ્પક્ષપાત તીવ્ર જોઈએ છે. ન્યાય કરવાનું આટલું બળ રાખનાર અંગ્રેજ વર્ગ અધિકાર સોંપવામાં કયે દહાડે ન્યાયનું ધોરણ

રાખે છે જે? મારી પ્રજામાં વિશ્વાસનાં પાત્ર મળતાં તેમને અધિકાર સોંપતાં હું આંચકો ખાઉં તો હું ઈશ્વરનો અપરાધી.

'શઠરાયના પક્ષમાં દેખાતાં બધાં માણસ એના પક્ષનાં નથી. એનો વિવેક એમ થાય કે છેક ટોચ વિના બાકી રહેતાં સર્વ માણસોને છે એમનાં એમ જ રાખવાં અને સખત સાવચેતી આપવી કે ભૂતકાળ ભૂલી યોગ્યતા પ્રમાણે તેઓ પર વિશ્વાસ રાખવામાં આવશે. એની સંપત્તિમાં એના પક્ષમાં દેખાતાં હતાં તે સર્વ હજી એના પક્ષમાં રહેશે જ એ કલ્પના બળવાન નથી. પેટને અર્થે એનાં થયેલાં માણસ પેટને અર્થે મારાં થશે. મારે જાતે તેમનું કામ નથી — જાતે તેમનો ડર નથી. તેનાંયે નહીં — મારાંયે નહીં — ભૂપસિંહનાં માણસ બને તો બસ.

'અધિકારના શિખરનાં માણસો સારાં થાય એ સાવચેતી જાતે રાખશું તો નીચેનાં માણસ અનુકરણ કરશે જ. સારાશનો પ્રતાપ તેમને લાગશે જ.

'અધિકાર સોંપતી વેળા વિશ્વાસનો સંબંધ — પછીથી તેમના ગુણદોષનો જ સંબંધ રાખવો. આટલી પ્રીતિ રાખનાર રાણાને આ સમયે છોડી દેવા — એ અપકાર કહેવાય. એનાં રાજ્યચક્ર બરોબર ગોઠવાઈ ચાલે પછી હું ક્યાં સ્વતંત્ર નથી?'

આ વિચારની સાથે આંખ ઊઘડી અને જુએ છે તો નવીન જ દેખાવ! સૂતો ત્યારે તો આમાંનું કાંઈ ન હતું! આ સર્વ માણસ, રાણો, આ સર્વ ઠાઠ, દીવા — આ શું? હજી સ્વપ્ન તો ચાલતું નથી? ભ્રાંતિથી આંખો ચોળતો બેઠો થયો અને ચારેપાસ જોવા લાગ્યો. રાણાના સ્નેહનો આવિર્ભાવ કળાતાં અમાત્ય ઉરમાં પ્રતિધ્વનિ થયો. હુક્કાની નળી મોંમાંથી કાઢી રાણાએ પૂછ્યું: 'કેમ, બુદ્ધિધન, જાગ્યા? નિદ્રા ઠીક લીધી.'

આભો બનેલો બુદ્ધિધન ઊભો થયો: 'જી, આપ ક્યાંથી અહીંયાં?'

'તમે સૂતા હતા એટલે જગાડ્યા નહીં. અમે પણ સૌ અહીં જ બેઠા કે અહુણાં જાગશે. આવો બેસો' — પૂર્વાવસ્થાનો અભ્યાસ સંભારી પોતાની સાથે કોચ ઉપર જગા બતાવી. બુદ્ધિધન કોચ પર હાથ દઈ નીચે જ બેઠો અને સાન કરી. ચાકર—વર્ગ દૂર ખસી ગયો.

ચારેપાસ જોતાં એકાંત લાગ્યું એટલે વિશ્રંભકથાનો આરંભ થયો. રાણાએ પૂછ્યું: 'બુદ્ધિધન, આજ મને નિરાંત વળી. પણ કહો હવે કાંઈ ચિંતા બાકી છે?'

બુદ્ધિધન હસ્યો: 'રાણાજા, ચિંતાનો અંત આવ્યો કંઈ દીઠો છે? સંસાર એટલે ચિંતાની પરંપરા — એક ચિંતા જાય કે બીજી આવી જ છે.'

અભણ અમાત્યને આમ પર્યેષક [૧] રીતે બોલતો જોઈ નવીનચંદ્ર વિશેષ રસતી સાંભળવા લાગ્યો.

રાણો બોલ્યો: ‘કહોને ભાઈ, હવે શું છે? હું તો જાણું છું કે મારી ચિંતા તો ગઈ જ. જે બાકી હોય તે તમારે વાસ્તે છે.’

‘રાણાજી, શઠરાયનું શું કરવું?’

‘શું કરવું! અપરાધીને ઘટે શિક્ષા.’

‘બુદ્ધિધનભાઈ, દુષ્ટરાય મરી ગયો તે સંબંધમાં ખરી વાત ડૂબી ગઈ છે અને કાંઈ કાંઈ વાતો ચાલે છે. એનો મામો લીલાપુર ગયો છે. ગરબડ સંતાતો ફરે છે અને ઘણું કરી ધીરપુરના બહારવટિયાઓને ઉશ્કેરવાનો પ્રયત્ન કરે છે.’ નરભેરામે સમાચાર કહ્યા.

‘રાણાજી, સાંભળ્યું?’

‘હા, પણ એ ચિંતા હવે મારે કરવાની નથી. જોઈતા હોય તો હું તો સર્વ વાતના ટૂંકા ઉપાય બતાવું. લાંબા ઉપાય રજપૂતોને ન આવડે. એ સોંપ્યા તમને.’ નિશ્ચિંતપણે રાણાએ હુક્કો ફૂંકવા માંડ્યો.

નરભેરામે સૂચના કરી: ‘મને તો લાગે છે રામભાઉને એ લોક હાથમાં લેશે. બહારવટિયાને આશ્રય આપી નવા કારભારની નિંદા કરાવશે અને લીલાપુરમાં નવા સાહેબ આવશે તેનો અભિપ્રાય પ્રારંભમાંથી ફેરવવા યુક્તિ કરશે. બીજો ઘાટ શઠરાય — કરવતરાયનું શું થાય છે તે જોયા પછી ઘડશે.’

‘તે, બુદ્ધિધન, ધારો કે રામભાઉની ખટપટથી નવો સાહેબે ખોટી રીતે ભરવાયો તો આપણે તેની ચિંતા રાખવી? ખરી રીતે કહે તે ખરું, પણ આપણું સાંભળ્યા વિના શું અન્યાય કરશે? અથવા શું આપણે, સાહેબ ને રામભાઉ ને એનો સિપાઈ અને એવી એવી ચિંતા રાત દિવસ કર્યા કરવી? આપણી પ્રજાની ચિંતા હવે શઠરાયને માથે નથી — એ ચિંતા કરવાની શું ઓછી છે કે આવી આવી ચિંતા આપણે જન્મારો કર્યા જ કરવી?’ રાણાએ પૂછ્યું.

‘રાણાજી, આપ કહો છો તે સાચું છે, પણ આપણા જ જૂના દિવસ સંભારો. આપણી આગગાડીનું એંજિન સાહેબ વિના ચાલ્યું નથી. આજ એ લોક કર્તાહર્તા છે — કર્તા ને હર્તા બે.’

‘ત્યારે તો એમ કે ગાદી મળ્યા પછી આજ સુધી શઠરાયે રાજ્ય કર્યું અને હવે સાહેબ કરશે. આપણે તો કેવળ પૂતળાં જ. સરકારનું કામ એ કે આપણે પ્રજાપીડક થઈએ ત્યારે માથે અંકુશ પેઠે વર્તવું. પણ આવા વિષયમાંયે સરકાર? — ને તે પણ સરકારના ગુલામ સિપાઈ સુધી?’

નરભેરામ કહે, ‘મહારાણા, નવા સાહેબ આવે છે તે લશ્કરી ખાતાના છે. ડોબક સાહેબના ભત્રીજા થાય છે. જલદ મિજાજના છે. વેર રાખે એવા છે. કાનના કાચા છે. કામ કરવાના ઉત્સાહી નથી. આજ્ઞાભંગ થયેલો

જોઈ શકતા નથી. ખુશામત કરતાં કરતાં પ્રસન્ન થાય તો મોટી વાત. રામભાઉને હવે ઘીકેળાં સમજવાં.'

ભ્રૂકુટી ચડાવી રાણો બોલ્યો: 'બુદ્ધિધન, આનો અર્થ એ કે એ લોક રાજા અને આપણે ગુલામ. આવી આવી વાતો સાંભળવાને હું ઇચ્છતો નથી. ભલમનસાઈની રીતે થાય એટલું કરવું એની ના નથી પણ એથી વધારે નરમાશ રાખવી હોય તો તે વાત મારી પાસે ન કરવી. તમે તેમની સાથે ભરી પીજો. આપણે આપણી વાત ચલાવો. બોલો, શું કરવું ધાર્યું?'

બુદ્ધિધન બોલ્યો: 'ન્યાયની રીતે શઠરાયની તપાસ ચલાવવી અથવા એને એવી શિક્ષા કરવી એ તો મને વાજબી નથી લાગતું.'

'હેં!...' રાણો જોઈ રહ્યો: 'કાલે પોશાક આપીએ પાછો એને?'

'ના જી, એને શિક્ષા ઓછી નથી થઈ. દુષ્ટરાય મરી ગયો. રૂપાળીએ કુટુંબનું નાક કાપ્યું. કારભાર ગયો. હવે જે વધારે શિક્ષા કરવાની તેનો હેતુ એટલો કે એ વધારે ખટપટ ન કરે અને આપણું રાજતંત્ર નિશ્ચિંત ચાલે.'

'નિશ્ચિંત ચાલવાનો રસ્તો — મને લાગે છે કે એના સાળાએ શોધી કાઢ્યો તે હશે.'

'રાણાજી, એટલા ઊકળવાથી કાંઈ લાભ નથી. આ ઉપરથી તો એટલું જોવું કે જ્યારે દરબારનાં સર્વ માણસ એનાં હતાં તે પ્રસંગે એને કાઢ્યો હોત તો કેટલી ખટપટ ઊભી કરત! મારા મનમાં જુદો રસ્તો યોગ્ય લાગે છે. દિલ્હીના બાદશાહોમાં એવી રીતે હતી કે કોઈ ઉમરાવ સત્તાલોભી થાય તો એને કોઈ ગામડામાં સૂબો કરી મોકલવો એટલે તે પોતાને જ પૂર્ણ સત્તાવાન દેખી — પોતાનાથી કોઈને કોઈ ન મોટું ન દેખી — વધારે મોટા થવાનો લોભ ન કરે અને આત્મસંતુષ્ટ થાય. આત્મસંતુષ્ટ થયો તેનો લોભ મરે — તેના તરફથી ભીતિ પછી રહે નહીં. બીજું શત્રુને સંન્યાસી જેવો કરી દીધો એટલે તે નિ:સ્પૃહી અને નિર્બન્ધન થાય — તેના જેવો ભયંકર શત્રુ કોઈ નહીં. પોતાનું સારું તો કરે કે ન કરે પણ પારકાને નુકસાન તો તે કરી શકે જ. આથી મારા મનમાં એમ છે કે શઠરાયની પાસે તેનું ગામ રહેવા દેવું પણ જૂની સનદ લઈ લેવી અને નવી આપવી. તે એની જાતને જ કરી આપવાની અને અંદર લખવું કે તે પોતે આપને સંતોષ આપશે તો તેને વંશપરંપરાની નવી સનદ કરી આપવામાં આવશે. વળી એવી શરત કરવી કે તેણે અને કરવતે એ જ ગામમાં વસવું અને તેને આબાદ કરવું, રજા સિવાય ગામ છોડવું નહીં, અને રાજ્યપ્રપંચમાં પડવું નહીં. ગમે તેવો હશે તોપણ ઉદરસ્વાર્થથી બંધાશે, એ બંધનમાંથી છૂટવાનું જોખમ નહીં વહોરે, સદૈવ બીતો રહેશે અને આપણે વશ રહેશે. ઈશ્વર એને વહાલા તો નથી જ પણ વહાલા હશે તો ઉપકાર માનશે. લોકમાં આપની ક્ષમાની પ્રશંસા થશે. રામભાઉ કે સાહેબ કે કોઈને પણ બોલવાનું નહીં રહે. પ્રતિપક્ષી વર્ગ સર્વ શાંત પડશે અને આપની કૃપાને અશક્ય નહીં ગણે. અને મોટામાં મોટી વાત

એ કે ઈશ્વર આપના ઉપર પ્રસન્ન રહેશે. કાર્યસિદ્ધિ થાય, ઉદ્દીપન પામેલું વૈર શાન્ત થાય; આત્મા, લોક અને ઈશ્વર સંતુષ્ટ થાય — એથી બીજું ફળ કયું?'

રાણો ઓઠ કરડી બેસી રહ્યો હતો. તે સર્વ સાંભળી રહ્યો, વિચારમાં પડી ગયો અને અંતે શાંત થયો: 'વારુ ભાઈ, કહો તે ખરું; ઠીક છે; એમ કરો.'

'ક્ષમા અને ડહાપણને મિશ્ર કરી કાર્યસિદ્ધિ શોધે તે પ્રધાનને ધન્ય છે! ડાહ્યા અને વિશ્વાસપાત્ર પ્રધાનને વશ પોતાની વૃત્તિ રાખે એ રાજાને ધન્ય છે!' — નવીનચંદ્રના ચિત્તમાં વિચારઊર્મિ ઊઠી. 'આવી સ્વતંત્ર — તોફાની — વૃત્તિવાળો રાજા પળવારમાં બાળક પેઠે ડહાપણને વશ થયો! — સર્વ રાજાઓ આવા હોતા હશે? એમ હોય તો જોઈએ જ શું? રાજાઓ ગમે તો પોતાનાથી વધારે ડહાપણ કોઈનામાં જોતા જ નથી, અથવા તો પોતાના અથવા પારકાના ડહાપણનો વિચાર જ ન કરતાં ઊંઘે છે એવું વાંચ્યું છે — એનાં દૃષ્ટાંત પણ જગતમાં હશે જ. ઈશ્વરે — માણસ અને માંકડાં — ઉભય સર્જેલાં છે.'

નરભેરામે કહ્યું: 'ભાઈસાહેબ, એ તો આપે સારાઈનો માર્ગ શોધી કાઢ્યો — પણ હું ખાતરીથી કહું છું કે લોક એનો અર્થ એમ જ લેવાના કે એમને શિક્ષા કરતાં આપણે ડરીએ છીએ અને એ શિક્ષાપાત્ર છે એવું સ્પષ્ટ બતાવી આપવા આપણે અશક્ત છીએ.'

બુદ્ધિધન હસ્યો: 'નરભેરામ, એટલો પણ વિચાર નહીં કર્યો હોય? પ્રમાદ અને તર્કપ્રસાદ ગયા છે તે રસલસાહેબ પાસે સર્વ વાત રજેરજ ઉઘાડી કરી દેશે એટલે સામી ખટપટનો પાયો ભાગ્યો સમજવો. સાહેબને આપણા પર વિશ્વાસ છે અને નવા સાહેબ આવશે તેમને સર્વ વાત કરી મૂકશે. પછી થવા દો જેનાથી જેટલી થાય તેટલી ખટપટ. રામભાઉને હળવે હળવે સીધો કરી દેવો પડશે — એને તો ગમે તેમ ભરી પીશું. હવે શઠરાયનું એ કરવાનું કે લીલાપુરમાં અને બીજે બધે ઠેકાણે એની કલા થાકશે ત્યાં સુધી એને છે એમ ને એમ જ રાખવામાં આવશે અને જ્યારે એ જાણશે કે હવે મારા હાથ નીચા પડ્યા અને કાંઈ દાવ હાથમાં નથી જ ત્યારે — એની ઇચ્છા હશે તો જ — એ ચરણે પડી માગશે તો જ — રાણાજી કૃપા કરશે. સુવર્ણપુરના મહારાજની કૃપા કાંઈ રસ્તામાં નથી પડી. શિક્ષા અને ક્ષમા ઉભય કાર્ય એમને આવડે છે તે જગત જોશે જ. એવા એવાથી ડરતાં રહેવું એ સમજતા નથી.'

ભૂપસિંહ ટટ્ટાર બેઠો. પ્રસન્ન થયો, એનો ક્ષાત્ર ઉદ્રેક સંતુષ્ટ થયો, અને અમાત્ય પર સ્નેહભરી ઉત્સાહભરી ચળકતી આંખે મૂછે હાથ દેતો જોવા લાગ્યો. સર્વને આત્મોત્કર્ષક વચનની અસરમાં જ કાંઈક ઐન્દ્રજાલિક [૧] માયા છે.

નવીનચંદ્ર આ નવીન નાટક જોઈ રહ્યો. રાણો અમાત્ય—બુદ્ધિને પ્રતિકૂળ થતો પ્રથમ અટક્યો હતો પરંતુ કાંઈક અનિચ્છાથી અટક્યો હતો. નરભેરામ તે અનિચ્છાને વધારે એવા શબ્દ બોલ્યો. બુદ્ધિધનના શબ્દથી તે અનિચ્છા વધતી અટકી એટલું જ નહીં, પણ વાયુના અચિંત્યા ઝપાટાથી માર્ગ પરની ધૂળ સાફ થઈ જાય તેમ અમાત્યના અચિંત્યા ઉત્તેજિત પ્રતિભાનથી રાણાની મૂળ અનિચ્છા પણ દૃશ્ય થઈ ગઈ. એથી પણ વધારે એ થયું કે અમાત્ય મારે જ અનુકૂળ માર્ગે કામ કરશે એવી રાણાની ખાતરી થઈ. સેવ્યજનની ચિત્તવૃત્તિને અનુકૂળ કેમ કરી દેવી અને અનુકૂળ કેમ દેખાવું એ બરોબર દેખાડી આપે એવું સેવકબુદ્ધિનું આ પરાક્રમ જોઈ નવીનચંદ્ર અદ્ભુત આશ્ચર્યમાં પડ્યો. આશ્ચર્યતુલા ઠેકાણે આવતાં આ પરાક્રમ કરવાનો પ્રસંગ પાડનાર સેવકવૃત્તિની તેને દયા આવી. સેવ્યજનને પ્રસન્ન કરવાના જ અથવા તો અપ્રસન્ન ન થવા દેવાના હેતુથી પોતાના અંત:કરણને ઢાંકી નવીન — અભિત્તિચિત્ર જેવું — શબ્દજાળ રચવું પડે, જરી પણ વૈતથ્યવાળી [૨] વૃત્તિ બતાવવી પડે: આ સેવક-ભાવ નવીનચંદ્રને પવિત્ર ચિત્તનો અપભ્રંશકર લાગ્યો. જે સેવ્યભાવ જાણ્યેઅજાણ્યે પણ આ દશાનો ઉત્પાદક થઈ પડે છે તે સ્વ-પર-પાતક લાગ્યો. આ અપભ્રંશ અને પાતકતાનાં બીજ ઉભય ભાવમાં સ્વભાવભૂત — પ્રકૃતિસ્થ — લાગ્યાં અને પળવાર પ્રત્યક્ષ સ્વપ્નમાંથી દૃષ્ટિને અંત:સંક્રાંત કરી પાસે કોઈ ન હોય તેમ મનમાં બોલી ઊઠ્યો: ‘ખરી વાત છે!’

‘The man

of virtuous soul commands not, nor obeys.

Power like a desolating pestilence,

Pollutes whate'er it touches: and obedience,

Bane of all genius virtue, freedom, truth.

Makes slaves of men, and of the human frame

A mechanized automation.’ *

કોણ જાણે ક્યાંથી આ કવિતા તેના સ્મરણમાં સ્ફુરી આવી અને વિચારમાં પડી પાછળના ઝાડને ટેકો દઈ તે પોતાના ઘરમાં હોય તેમ કવિતાનાં છેલ્લા ચરણ બોલતાં બોલતાં તેના હાથ છાતી ચાંપી પાછા અચિંત્યા પહોળા — છૂટા — થઈ બે પાસ પડ્યા. અંગ્રેજ કવિનો તીવ્ર વેગ પળવાર આર્યમસ્તિકને તીવ્ર સુરા પેઠે ચમકાવવા લાગ્યો. ‘રાણાને અનુકૂળ કરી દેવા અમાત્યે નાટક ભજવ્યું! વિશુદ્ધિનો એ જ અપધ્વંસ! પોતાની સત્તાએ આ નાટક ઉત્પન્ન કરવા સમય આણ્યો — રાણા! એ તારી સત્તાનું દુષ્ફળ! માનવી માનવી પર આજ્ઞા કરે — માનવી માનવી પાસે ક્ષુદ્ર બની જાય: એ ઉભય પરિણામ અનિષ્ટ છે!’ વિચારની ચમક મસ્તિકના

આખા ક્ષિતિજમાં વીજળીની ત્વરાથી દોડાદોડ કરવા લાગી. અન્તે ચમક થાકતાં મંદ ચંદ્રિકા પેઠે આર્ય કોમળતા સ્ફુરવા લાગી. 'ઈશ્વર, તને ગમ્યું તે ખરું. તને લાગી તે ઘટના યોગ્ય.' 'મને લાગે છે કે મારી દૃષ્ટિ જ એવી છે. આવો સારો રાજા અને આવો સારો પ્રધાન — તેની વચ્ચેયે આવું થાય ત્યારે ઈશ્વરેચ્છા જ. મારા જેવા વિચારના સર્વ હોય તો જગત કેમ ચાલે?'

વિચારનિંદ્રામાંથી જાગ્યો અને પ્રત્યક્ષ ભણી અક્ષગણ (ઇંદ્રિય-સમૂહ) વળ્યો. 'સેવ્યસેવક પોતાને અને પરસ્પરને અન્યોન્યસમાન અને સ્વતંત્ર માનવી ગણી ઇચ્છાને દર્શાવે અને અનુસરે તેમ ક્યાં નથી થતું? મિત્રો અને શુદ્ધ દંપતી શું કરે છે? શું સૌભાગ્યદેવી બુદ્ધિધન પાસે સ્વરૂપ ઢાંકે છે? સ્વતંત્ર નથી રહેતી? અને તેમ છતાં પતિની ઇચ્છાને નથી અનુસરતી? શું બુદ્ધિધનની સત્તા તેને સવાસલાં કરવાની જરૂર પાડે છે? એમ છતાં શું એની ઇચ્છાને અનુસરતાં દેવી પાછળ રહે છે? — ના, કારણ ઉભયની ઇચ્છાઓ સંગત થાય છે — પતિનાથી જુદી ઇચ્છા પત્નીની થતી જ નથી અને થાય છે તો બેધડક મીઠાશથી ઉઘાડી કરે છે અને અંતે એક ઇચ્છા થાય છે. શું સેવ્ય-સેવકોમાં પણ એમ ન થઈ શકે? આ નાટક અમાત્યે ન કર્યું હોત તો ન ચાલત? એ નાટક વિના કાર્યસિદ્ધિનો બીજો માર્ગ શું ન હતો? — પણ — પણ ભય અસત્યને જન્મ આપે છે — માબાપનો ત્રાસ બાળકોને અસત્ય બોલતાં શીખવે છે — સેવ્યજન અપ્રસન્ન થશે એ ભય સેવકને અસત્ય કરી દે છે. સત્યથી અપ્રસન્ન થાય એવા સેવ્ય — અને ભય પામે એવા સેવક — ઊભય અનિષ્ટ છે!' અનુમાનનો એ ઉપસંહાર થતાં અંતઃ સ્વપ્ન દૃશ્ય થયું. આ સર્વ મનમાં વિચારતાં વિચારતાં શૂન્ય અક્ષથી પ્રત્યક્ષને લક્ષ્ય કરતો હતો તેને ઠેકાણે અક્ષ-પ્રત્યક્ષનો શુદ્ધ સંયોગ થયો અને અક્ષદ્વારના છજામાં મન પણ આવીને બેઠું. કારભારીની વાર્તા નવીનચંદ્ર જોવા સાંભળવા લાગ્યો.

વિચારોને શાન્તિશય્યામાં સુવાડતાં સુવાડતાં તપ્ત મસ્તિક કપાળે કરચલીઓ રચી વળી અંતર્ગર્જના કરી ઊઠ્યું: 'સેવ્યજનો! બોલતાં, ચાલતાં, કંઈ પણ કરતાં, પ્રતિપળ લક્ષમાં રાખજો — ભૂલશો નહીં — કે તમારા ક્ષુદ્રમાં ક્ષુદ્ર સેવકો પણ તમારા જેવા જ માનવી છે — તમારા જેટલી જ સ્વતંત્રતાના વારસ છે — તમને ઈશ્વરે ઉપલે માળે બેસાડ્યા તે નીચલા માળવાળાને કચડી નાંખવાને નહીં!' સેવકોને શ્વાનની પેઠે નહીં પણ હસ્તીની પેઠે રાખજો'* — 'સેવકો, ઉદરને નિર્ભય રાખવા કરતાં પણ બીજા ગુરુતર ધર્મ તમારે છે — સેવકધર્મમાં જ સર્વ ધર્મની સમાપ્તિ થતી નથી. સેવકધર્મ સાચવવા એ પળવાર ઉદરનિમિત્તે તમારો ધર્મ થયો માટે અન્ય સનાતન ધર્મ નષ્ટ નથી થતા!'

* *लाङ्गूलचालनमधश्चरणावपातं भूमौ निपत्य वदनोदरदर्शनं च।*

श्वा पिण्डदस्य कुरुते गजपुङ्गवस्तु धीरंविलोकयतिचाटुशतैश्वे भुङ्त्के।

— भर्तृहरि

વિચારોનો હવે ખરેખરો અંત આવ્યો. ઊછળતી ઊર્મિ કિનારા પર પછડાઈ શાંત થઈ ગઈ.

આ વિચાર થાય એટલામાં તો રાણા અને અમાત્યાદિ વચ્ચે કંઈ કંઈ વાતો થઈ ગઈ. શઠરાયનું શુ કરવું તે નક્કી થઈ ગયું. ખલકનંદા અને રૂપાળીની વાત પડદો રાખી નરભેરામે કરી — અમાત્યે તે વાતમાં ભાગ ન લીધો. જમાલના ઉપર ધર્માસન આગળ કામ ચલાવવામાં લાભ ન હતો — કામ ચલવી શિક્ષા થાય તેમાં પણ કાંઈ લાભ ન હતો. ધર્માસન આગળ, લોક વચ્ચે, અથવા વર્ષ બે વર્ષની કેદમાંથી છૂટી કોઈની પાસે પણ મુસલમાનને અમાત્યપુત્રીનું નામ પોતાના મલિન મુખ ઉપર આણવાની સ્વતંત્રતા અંતે કદી પણ આવે તે અભિજાત આર્યને સર્વ અનિષ્ટ જ હોય એમાં કંઈ નવાઈ ન હતી. ગમે તેવું પણ મહારાણાનું અંત:પુર, તેની વાર્તાયે બહાર જાય એ પણ અનિષ્ટ જ. રઘી, મ્હાવો આદિ મંડળને પણ દેખીતી શિક્ષા ન કરવાનું આવું આવું કારણ હતું. રણજિત અમાત્યનું માણસ હતું. તેને શિક્ષા કરવી અયોગ્ય હતી. જૂના કાળની સુરંગની માહિતી શઠરાયને હતી તેમ જ શુક્રાચાર્ય રણજિતને પણ હતી. રણજિતની પાસેથી એ વાત જાણતાં રાણીનું ચિત્ત ભરવનારનો પત્તો અમાત્યને લાગ્યો હતો — કારણ સુરંગનું મોં અંત:પુરમાં હતું. આ ભેદ જાણી ઉઘાડો કરવાનો તેણે માર્ગ શોધ્યો. જમાલ વગેરે શઠરાયના મંડળને એ સુરંગમાં મોકલ્યા; તેમને તથા તેમની જીભોને વશ રાખવા તેમ જ પાપશંકા પોતાની મેળે જ ઉત્પન્ન થાય એ બેવડા હેતુથી — અંતરથી પોતાના પણ બહારથી શઠરાયના — રણજિતને ઉઘાડી તરવાર સાથે આ મંડળમાં અગ્રેસર કર્યો. સુરંગમાં તેણે પોતાનું રૂપ પ્રકાશ્યું અને કંઈ પણ શબ્દ બોલશો તો આ તરવાર સાથે કામ છે એવું તેણે સર્વને કહ્યું. ગોઠવણ પ્રમાણે સુરંગની છત તૂટી અને અંદરનું સર્વ મંડળ — કોઈને એક શબ્દ બોલવાનો અવકાશ આવે તે પહેલાં — વિજયસેનના હાથમાં ગયું. નિ:શબ્દ નાટક જોનારાઓએ દેખાવ ઉપરથી થયાં તે અનુમાન કર્યાં. જૂની સુરંગ, તેનું રાણાના અંત:પુરમાં મોં, દરબારની — રાજમહેલની — સર્વ જૂની વાર્તા જાણનાર અને તેનો ઉપયોગ કરવાની શક્તિ ધરાવનાર રાજ્યપ્રપંચનો અનુભવી આચાર્ય શઠરાય, ઉઘાડી તરવારવાળો રણજિત અને બીજાં શઠરાયના જ જૂનાં વિશ્વાસુ માણસો એ સુરંગમાંથી આમ નીકળે, પોતાની સત્તા રાણાની ઇચ્છાથી ઓછી થાય છે એવું શઠરાય જાણે છે એવી લોકખ્યાતિ, તેના પ્રતિસ્પર્ધી અમાત્ય ઉપર રાણો દિવસે દિવસે વધારે પ્રીતિ દેખાડે છે એવી જનચર્ચા, અને પર્વતસિંહના દૃષ્ટાંત ઉપરથી શઠરાય ખૂન કરતાં ડરે એવો નથી એ અપવાદ: આ સર્વ વાર્તા ઉપરથી સર્વનાં મનમાં એક જ અનિવાર્ય અનુમાન

થાય એવું હતું. અને કોઈ જડ મસ્તિક અનુમાન ન કરી શકે તો મેરુલાની સૂચનાઓ જોઈએ એવી સ્પષ્ટ વાત હતી. આ સર્વ પ્રકરણનો કવિ રચનાને અંતે અંત:કરણમાં ઉપસંહાર કરી દેખાતા દોષનું નિવારણ કરવા લાગ્યો. ‘દેખે તેવું અનુમાન લોક કરે તો હું શું કરું? આ સર્વ ગોઠવણ કરવામાં હું કાંઈ દોષ કરતો નથી. કોઈની પાસે કાંઈ નિન્દ્ય કર્મ કરાવતો નથી — અસત્ય ભાષણ કઢાવતો નથી. માત્ર ખાડો ખોદનારને તેમાં પડવાની સુગમતા કરી આપું છું. — અને તે પણ મારા પ્રાણના રક્ષણને અર્થે — મારા કુટુંબના રક્ષણને અર્થે — મારા યોગ્ય વૈરના તર્પણને અર્થે — મારા રાણાની ઇચ્છા પૂરી કરવાને — તેની જ આજ્ઞા પાળવા હું આટલું કરુ છું. શઠરાયનાં જ પાપની દ્વારભૂત સુરંગમાં શઠરાયનાં માણસને મૂકી જગતની દૃષ્ટિએ પાડું એમાં દોષ શો? સારવાનો અર્થ સર્પો એટલે કોઈને હવે નકામી શિક્ષા કરાવવી એ દોષ હું વહોરતો નથી. ઈશ્વર, તું જુએ છે કે હું તારો અપરાધી નથી થતો,’ આ પ્રમાણે અમાત્ય બળાત્કારે અંત:કરણને શાંત કરી દેતો હતો અને ઈશ્વરને ફોસલાવવા પ્રયત્ન કરતો હતો. ‘એમ કરતાં પણ મે કાંઈ દોષ કર્યો હોય તો હવે કોઈને શિક્ષા નહીં ખમવા દઉં — એ જ મારું પ્રાયશ્ચિત્ત. આજ શઠરાયની વલે તે કોઈ દિવસ આપણી, ક્ષમા આજ રાખીશું તો કોઈ પ્રસંગે માગી શકીશું! — રાજાઓનો વિશ્વાસ ક્યાં સુધી?’ આવી રીતે કારભાર — સમુદ્રમાં વિશુદ્ધિનૌકા ખેડતો બુદ્ધિધન ચારેપાસ હલેસાં મારતો હતો, અશુદ્ધ ખારું પાણી પાછળ ધક્કેલાતું હતું તે છતાં કદી નૌકામાં ભરાતાં તેને ઉલેચવા પ્રયત્ન કરતો હતો, અને એવા પાણીમાં ધક્કા ખાઈ પોતાનો માર્ગ કરતો હતો. એની નીતિને દિગ્દર્શન આપવામાં અદૃષ્ટ અને દૃષ્ટ અનેક વસ્તુઓ આમ કારણભૂત થઈ પડતી હતી. કોઈને તેની કલ્પના પણ ન હતી — માણસનાં મસ્તિક અને અંત:કરણ ઈશ્વરે પારદર્શક નથી કર્યાં એમાં એણે કાંઈ શુભ પરિણામ જ વિચાર્યું હશે. શુદ્ધ આત્મા અને મલિન દેહ — ઉભયની અર્ધ-દૃષ્ટ અર્ધઅદૃષ્ટ એકત્ર ઘટના ચર્મચક્ષુથી અગમ્ય છે તે સદર્થે જ. સુજ્ઞ! શુદ્ધિ અને મલિનતા એ ભેદ માનવીની સૃષ્ટિનો છે — ઈસ્વરના અંત્ય ઘરનો નથી. પૃથ્વી છોડી કે પૂર્વ પશ્ચિમ નથી. જે સૃષ્ટિમાં તુ ઊભો હોય તેના દેશકાલ સ્વીકાર. વ્યવહારમાં ઊભો રહી ભેદમયી શુદ્ધિશોધક વ્યવહારદૃષ્ટિ રાખ અને પરમાર્થમાં ઊભો રહી અનવચ્છિન્ન પરમાર્થદૃષ્ટિ રાખ. જાગ્રતદશાના ભાનવાળા સ્વપ્નસ્થ પેઠે પળવાર ઉદાસીનવૃત્તિ રાખી શુદ્ધિ-અશુદ્ધિના મિશ્રમૂત માનવીને સૂક્ષ્મ દૃષ્ટિથી જોઈ લે અને પરસ્પર વિપરીત ઉત્તરદક્ષિણ ધ્રુવ વચ્ચેની ધરી આસપાસ ફરનાર ગ્રહો જેવા માનવીને પણ ઘડીભર તટસ્થતાથી જોઈ કાંઈક સદબોધ પામ. તું પણ માનવીસ્વરૂપ જ છે.

સુવર્ણપુરથી આશરે એક ગાઉને છેટે જે:ગલમાં ‘મુસાફર-બંગલો’ હતો. તેમાં સાહેબલોકને જ ઉતારો આપવામાં આવતો. કમતી પગારે જમાલને ત્યાં મોકલવાનું કર્યું અને વર્તણૂકમાં સુધારો થયે પગાર વધારવાની

આશા આપવામાં આવી. રઘીને પણ એવી જ રીતે દૂર કરવામાં આવી. મ્હાવાને દૂરનાં ગામડાં વચ્ચે દરબારી ટપાલના કાસદનું કામ સોંપવાનું ઠર્યું. શઠરાયનું ગામ જે ટપ્પા નીચે આવતું હતું તેના પોલીસ સૂબેદારની જગા રણજિતને આપવામાં આવી તે એવા હેતુથી કે બહારના દેખાવથી શઠરાય ખુશ થાય કે 'ના, આપણો માણસ આવ્યો તે ઠીક થયું.' અને અંતર્ખણ્ડેથી (અંદરખાનેથી) પોતાનાં પણ બહારથી શઠરાયનાં દેખાતાં માણસ દ્વારા શઠરાયની ખટપટની ચોકી થાય. એ હેતુ રણજિતને કહી દેવામાં આવ્યો હતો અને હળવે હળવે એનો પગાર સારી પેઠે વધારી દેવામાં આવશે એ સૂચના પણ કરવામાં આવી હતી. રાણી શઠરાયની ખટપટમાં ભળી તેથી મહારાણાને કોપ ચડ્યો હતો અને તેનું મોં પણ ન જોવું એવી પ્રતિજ્ઞા કરવા તત્પર થયો હતો. બુદ્ધિધનની શિખામણથી રાણાએ ઠરાવ કર્યો કે છેક આમ ન કરતાં નવી રાણી પરણી જૂનીને માથે શોનેક્ય આણવી અને જૂનીને જણાવવું કે સારી વર્તણૂકના પ્રમાણમાં તારા માનમાં વધારો કરવામાં આવશે.

આર્યમાતાઓની એવી પ્રકૃતિ છે કે દોષ કરનાર બાળકને શિક્ષા કરી પછી પોતે જ રોવું. આર્યપ્રજા પણ એવી જ છે. દુષ્ટ મલ્હારરાવના સામી આટલી યોગ્ય ફરિયાદો કરી તેને અત્યંત શિક્ષા થતી જોઈ અનુકંપાભરી ફરિયાદ કરનાર પ્રજા જ આટલી ઊલટી અને પડતા રાજા ઉપર દયા રખાવવા આટલો પ્રયાસ કર્યો તે વાતથી દેશી પ્રજાની પ્રકૃતિ ન સમજનાર પરદેશી રાજ્યકર્તાઓ મનમાં ગૂંચવાયા હતા. પણ બુદ્ધિધન એ પ્રકૃતિથી ભોમિયો હતો અને તેના મનમાં એમ નક્કી હતું કે અત્યાર સુધી શઠરાયના સામો પોકાર ચોપાસથી ઊઠી રહ્યો છે પણ જો એને કેદની કે એવી શિક્ષા થઈ તો એનો એ પોકાર બેસી જશે અને તેને ઠેકાણે મારા સામો પોકાર થશે. વાઘનું પણ મરણ બ્રાહ્મણ વાણિયા જોવા ઇચ્છતા નથી; આથી આ સર્વ પરિણામ જોવા વારો ન આવે અને શઠરાય સામે ઊમટેલી ભરતી ઓટરૂપ થઈ એને જ અનુકૂળ પાછી ન થઈ જાય તે પણ બુદ્ધિધનનું લક્ષ્ય હતું.

આવાં આવાં કારણોથી વર્ણવ્યા પ્રમાણે શિક્ષા અને ક્ષમાનો યોગ્ય લાગતો સંકર બનાવી તેની માત્રા શિક્ષાપાત્ર વર્ગને પાવાનો નિર્ણય ભૂપસિંહની પાસે થયો. એ નિર્ણય પ્રસિદ્ધ થતાં, પ્રજાનો કોપ અને અનુકંપ — ઉભય સંતુષ્ટ થશે અને મહારાણા ઉપર પ્રજાના ચિત્તમાંથી પ્રીતિનો અને મુખમાંથી 'વાહ! વાહ!'નો વરસાદ વરસશે એવી કેટલાક પ્રમાણમાં ત્રિકાલજ્ઞાની બનેલા અમાત્યે ખાતરી કરી આપી. સિદ્ધવચન પેઠે અમાત્યના વચને ખરી પડવા નિર્મેલી શ્રદ્ધાને જન્મ આપ્યો.

બુદ્ધિધન રાજનીતિમાં પ્રવીણ છે, રાજ્યકાર્યનો ધુરંધર થવાની યોગ્યતા ધરાવે છે, અને અંગ્રેજી વિદ્યા વિના આ સર્વ પરિણામ આવી શકે છે એટલી નવીનચંદ્રની ખાતરી થઈ પરંતુ હજી તેને સર્વત: સંતોષ ન થયો.

એટલામાં પ્રસ્તુત વિષય બદલાઈ નવીન વિષય નીકળ્યો. વિપરીત પક્ષનો નિર્ણય પૂરો થયો. આત્મપક્ષમાં પારિતોષિકનું લહાણું લહાવાનું બાકી હતું. આ આનંદકર વિષયમાં સર્વને વધારે રસ પડ્યો અને બુદ્ધિધને નવા 'કેબિનેટ' (શિષ્ટાધિકારી-મંડલની) સંઘટના કરવાનો આરંભ કર્યો. સર્વ સાવધાન થઈ ગયા.

કરવતરાયવાળી જગા તર્કપ્રસાદને આપવા એમાંની તો કાંઈ વાંધો ન હતો. મહાલકારીઓના ઉપરીનું કામ શઠરાય પોતાના હાથમાં રાખતો. બુદ્ધિધને તે કામ જુદું પાડ્યું અને નરભેરામને 'મહાલખાતાનો ઉપરી' બનાવ્યો. આવી જગાથી નરભેરામને સર્વ રીતે સંતોષ વળ્યો. બહુ દિવસ રાણાની પાસે રહેવાથી વિશ્વાસુ છતાં વિશ્વાસઘાત કરવા લલચાવાનો પ્રસંગ નરભેરામને ન આવે એવી બુદ્ધિધનની અંતરમાં ઇચ્છા હતી તે તૃપ્ત થઈ કાઢેલી જગાને વાસ્તે નરભેરામ યોગ્ય હતો એ બાબતમાં મતભેદ પડવાનો સંભવ ન હતો. નરભેરામની મૂળ જગા પ્રમાદધનને આપવાની ઠરી. દુષ્ટરાયવાળી જગા જયમલને આપી અને વિજયસેનને એનો ઉપકારક (એસિસ્ટંટ) બનાવ્યો. વિદુરપ્રસાદને તરત લીલાપુરવાળી જગા પર મોકલવાનું ઠર્યું. પરગામની નિમણૂક એને પસંદ ન પડી પણ તરત બોલ્યો નહીં. કાંઈ જ જયમલની ઈર્ષ્યા તેના મનમાં થઈ. બુદ્ધિધને પયોતાનું જૂનું કામ કર્યા જવું, અમાત્ય એ જગા અને નામ કાઢી નાંખવાં, અને અમાત્યના કામ સિવાય કારભારનું બાકીનું બધુ કામ કારભારીનું નામ ધારી બુદ્ધિધને જ કરવું. આ વ્યવસ્થા સર્વને ગમી.

આટલી પ્રસિદ્ધ નિમણૂકો થઈ. નવીનચંદ્રના ઉપર બુદ્ધિધનની પ્રીતિ હતી — ઈશ્વરે ઉત્પન્ન કરી હતી. પણ તરત તો નવો જ અને અનુભવહીન પરદેશી તેને સ્વતંત્ર જગા આપવી બુદ્ધિધનને યોગ્ય લાગી નહીં. આથી તરત તેને વિદુરપ્રસાદ સાથે લીલાપુર મોકલવાનો અને બેચાર માસ પછી કામમાં ભોમિયો અને લોકમાં પ્રખ્યાત થાય ત્યારપછી વિદુરપ્રસાદને સુવર્ણપુર બોલાવી લેવો અને એ જગા નવીનચંદ્રને આપવી એવું બુદ્ધિધનના ચિત્તમાં હતું. રાણા પાસે દાખલ કરવાને રામભાઉવાળાં વર્તમાનપત્રો વાંચવાને નિમિત્તે આજ એને આણ્યો હતો. પોતાનો માણસ છે એવી રાણાની ખાતરી કરી હતી.

ગરબડને તરત એની એ જગા પર રાખવો એવો વિચાર હતો. એણે રામભાઉને સળી કરી હતી કે: 'આ સર્વના બદલામાં તું આ રાજ્યમાં કાંઈ માગી લે! માગ્યું ન આપે તો લીલાપુરમાં તારી સત્તા ચલાવવાની ધમકી આપ, માગ્યું આપે તો તે જગા પર આવ, અને પછી જાતે કારભારી થવાનું મારું પોતાનું તો ગજું નથી પણ તારા જેવા સત્તા અને મોભાવાળાને કારભાર અપાવવા સફળ શ્રમ કરી શકું એમ છું. બુદ્ધિધન એ જ માર્ગે અને મારા આશ્રયથી ચડ્યો એટલે હવે ગરજ સરી કે વૈદ્ય વેરી જેવું કરે છે; પણ તારા જેવાની સાથે મળી હું વેર વાળી શકીશ. તું એજંસી સાચવજે.

રાણાનું અને મારું અંત:કરણ એક છે.' રામભાઉને આ શિખામણ ગમી અને તર્કપ્રસાદ સાથે બુદ્ધિધન પર સંદેશો મોકલ્યો. એને દ્રવ્યનો ખપ હોત તો બુદ્ધિધનને અડચણ ન આવત. પણ આ માંગણી ભયંકર હતી, રામભાઉ ગરબડને બળે અને ગરબડ રામભાઉને બળે કૂદે છે તે સ્પષ્ટ જણાતાં દૂર કર્યું. તેના ઉપર વિશ્વાસ જણાવવા તેને કહાવ્યું: 'પ્રાત:કાળમાં શઠરાયના સમયનાં હિસાબી દફતર વિશે તમારી પાસે રિપોર્ટ માગવામાં આવશે અને તેમ કરવા પછી આગળ પણ તમારી હાયતસા જોઈશે; આપણા લાંબા પ્રયાસનું ફળ ભોગવવાનો શુભ અવસર આવે છે; એટલું કે આજ સુધી તો અમારી ઇચ્છાથી સામા પક્ષમાં તમે દેખાયા પણ હવે અમારા પક્ષમાં ઉઘાડાં થવું પડશે અને અવિશ્વાસનાં સર્વ કારણ દૂર કરવાં પડશે. પોતાના અને પારકાઓનો વિવેક કરી યોગ્ય ફળ સર્વને અવિલંબે આપી દેવા રાણાજીની પ્રતિજ્ઞા છે. તમારે હવે સમય ચૂકવા જેવું નથી.' રામભાઉને શો ઉત્તર મોકલાવવો તે શોધવાનું અને આખર ઉત્તર પહોંચાડવાનું ગરબડને માથે જ રાખવું એવો બુદ્ધિધને ઠરાવ કર્યો. પરંતુ ગરબડે ચકલી ઉરાડી ખરી -પણ પાછી બોલાવી શકશે કે નહીં એ ચિંતા રહી. રામભાઉ અને બહારવટિયા બેને એણે ઉશ્કેર્યા હતા — હવે તેમને ઠેકાણે લાવવા એ ગરબડની શક્તિ ઉપરાંતનું કામ છે એવું બુદ્ધિધને ભય સાથે ધાર્યું. બુદ્ધિધન આ વિચારોમાં હતો તેટલી વારમાં સાહેબ પાસેથી આવેલા એકબે પત્રોનું ભાષાંતર નવીનચંદ્રે રાણા પાસે કરી બતાવ્યું. બીજું સર્વ વાંચવાનું રાણાની આજ્ઞાથી મુલતવી રાખ્યું — રાણાને તેમાં કાંઈ સ્વાર્થ ન હતો. તે પાછો વિચારમાં પડી, અધીરો બની પૂછવા લાગ્યો:

'બુદ્ધિધન, આ બધી ગોઠવણ તો થઈ. હવે બીજી પરચૂરણ ગોઠવણ તમે તમારી મેળે કરજો. મારે માત્ર ત્રણ વાત જાણવાની છે. એક તો શઠરાયની વ્યવસ્થા કરવી ધારી તે કેવી રીતે પાર ઉતારવી — તે તો તમે કહો છો કે તર્કપ્રસાદ આવ્યા પછી થશે. ઠીક બીજું એ કે તમને પોશાક આપવાનો — એ તો પ્રાત:કાળે પ્રથમ રાખો. ત્રીજું તમે કહેતા હતા કે જગતમાં ઝળકી નીકળે એવાં કાંઈ કામનો આરંભ કરવો — એ પણ સારું કામ છે — એવો કાંઈ માર્ગ શોધી કાઢો કે જેથી આપણી નામના ચારે પાસ ફેલાય અને અમર થાય. એ ધીમે ધીમે જોજો. સાહેબલોક નામનાથી જ વશ થાય છે.'

આમ અનેક વાતો કરતાં કરતાં રાત્રિ યુવાન બનવા લાગી અને તેના સબળ આશ્લેષથી દિગ્મૂઢ બનતો સંસાર આંખો મીંચવા લાગ્યો. નિદ્રાએ રાણાને હાથ પકડી મદનવશ કરી અંત:પુરમાં ખેંચી લીધો અને અંધ બનાવી અણગમતી રાણીને ભુજ-વશ કરવા મોકલ્યો. અમાત્ય, નરભેરામ જયમલ અને નવીનચંદ્ર એકબે ઘોડાની ગાડીમાં બેસી અંધકારસાગર તરી જવા ઇચ્છતા હોય પણ તેમ કરવાનો ઉપાય ન દેખતા હોય તેમ અંધકારમાં જ ગાડીવાનને વશ થઈ ગાડી સાથે અંધકારમાં લીન થયા. માત્ર આગળ

ચાલતા સવારોના ઘોડાની ખરીઓના પડઘાના અને પોતાની તથા પાછળની ઘોડાગાડીઓના અવિચ્છિન્ન નિર્ઘોષ કાન પર પડતા હતા એ સિવાય સર્વ ઇન્દ્રિયોને અંધકારે જ નિષ્ફળ કર્યા જેવું થયું.

નવીનચંદ્રના મનમાં ગર્જના થઈ ઊઠી: ‘અંધકાર! અંધકાર! સુવર્ણપુરની દીન પ્રજા! ચાર ચાર કલાકની વાર્તામાં તારે સારુ પા કલાકનો પણ અવસર ન મળ્યો. અથવા — તો — મારી જ ભૂલ હશે. આ કામ પણ પ્રજાનું કેમ ન કહેવાય? નઠારા કારભારીને કાઢવાનો પ્રયાસ તે પણ પ્રજાનું હિત જ.’ આ ઠરાવ તેના મને બરોબર ન સ્વીકાર્યો.

ગાડીના ફાનસના દીવાનો ઝીણો પ્રકાશ ગાડીમાં આવતો હતો અને અંધકારના વિશાળ આભોગમાં છાનોમાનો લપ્પાઈ ગાડીમાં પ્રવાસ કરતો હતો. એ પ્રકાશનું એક કિરણ પાછળ બુદ્ધિધનની આંખ પર પડતું હતું. ગાડી મહેલમાંથી નીકળી રસ્તા પર ગડગડાટ કરતી ચાલી અને ઘોડાગાડી સાથે અદઘર ઊડતો હોય એવો આભાસ અંધકારે કલ્પનાને આપવા માંડ્યો એટલે બુદ્ધિધને વાત કાઢી. તેનો સ્વર અંધકારને ભેદી સર્વના કર્ણપટ સાથે અથડાવા લાગ્યો. — અંધકારમાંથી જ નીકળતો હોય એમ લાગ્યું.

‘નરભેરામ, જો, કાલે શું શું કરવાનું તે સરત રાખ. જાણે કે તર્કપ્રસાદ પ્રાત:કાળે આવશે અને ઇચ્છેલા વિષયોમાં સાહેબની અનુમતિ ઈશ્વર કરશે તો આવશે. રામભાઉને ના કહાવી નથી પણ તર્કપ્રસાદ કહેશે કે તમારી બાબત રાણાજીને કહાવ્યું છે અને મોટી બાબતોની વ્યવસ્થા સાહેબની અનુમતિથી થઈ જશે એટલે કારભારીના હાથ નીચેની સર્વ નિમણૂકોનો વિચાર થશે તે પ્રસંગે તમારો વિચાર ઘણું કરીને થશે. વિચાર કરવાનો નથી — પણ અત્યારથી ખરી વાત જણાવવાની જરૂર નથી. આશામાં ને આશામાં એકાદ માસ કઢાવીશું, પણ અંતે લીલાપુરમાંથી નીકળી રામભાઉ સદાશિવને પંથે પળે એ ઉપાય ચોજવો પડશે. એ સાપ ઉછેરવા જેવો નથી — તરત છંછેડવા જેવો પણ નથી. એક મોટી જગા થોડા દિવસ ખાલી રાખીશું એટલે એ જાણશે કે મારે વાસ્તે જ રાખી છે. ગરબડ બાબત મેં તને કહેલું જ છે. તારે ઘેર ગયા પછી એને મળવું. બહારવટિયાનો બંદોબસ્ત કરવા વિજયસેનને સૂચના આપી હશે.’

‘હાજી,’ નરભેરામ બોલ્યો: ‘શઠરાયના કેટલાક મિત્રો પણ એ ખટપટમાં છે. જુલમ કર્યો છે — છ કલાકમાં આટલું રમસ્તાન મચાવી મૂક્યું છે. લીલાપુર પણ સર્વ સમાચાર પહોંચ્યા હશે.’

‘શઠરાયનો સાળોને તો ડોબક સાહેબને મળવા દોડ્યો સંભળાય છે -’ જયમલ બોલ્યો. ‘એમ કે?’ બુદ્ધિધને કહ્યું. થોડીવાર સૌ બોલતા બંધ પડ્યા.

'શઠરાયનું નક્કી થશે એટલે ઊજળિયું ગામ આપને આપવાનું છે એવું રાણાજી કહેતા હતા.' જયમલે સમાચાર કહ્યા. બુદ્ધિધને જયમલ પાસે સૂચના કરાવી હતી અને રાણાએ તે સૂચનાનો પ્રતિધ્વનિ કર્યો હતો.

અજાણ્યો હોય તેમ બુદ્ધિધન બોલ્યો: 'રાણાજીની કૃપા છે — પણ એ વિચાર તરત એમના મનમાંથી દૂર કરવો પડશે. કાંઈ સારું કામ આપણા હાથે થાય પછી એ વખત આવે તો ઠીક.'

નરભેરામ બોલ્યો: 'બુદ્ધિધનભાઈ, લક્ષ્મી ચાંલ્લો કરવા આવે તેને તો ના કહેવી જ નહીં. રાણાજીનું મન કાલે ફરી જાય. धर्मस्य त्वरिता गति : — ધર્મ કરવા બેસે તેને અટકાવવો નહી. મારા મનમાં આવ્યું હતું કે માગ્યા વિના મા પણ પીરસે નહીં — રાણાજીને જાતે જ સૂઝ્યું તો પછી વિવાહથી રળિયામણું શું?'

'નરભેરામ, પણ મને લાગે છે કે એ છેક ઠીક નહીં દેખાય.'

'હવે ઠીક ને બીક. હું કહું તે માનો. હા ના કરતાં કુંવારા રહેશો. વખત વીત્યો ફરી આવતો નથી — ને હું તો ભાઈસાહેબ, કાંઈ તમારા જેવો સાધુ નથી — માટે કહી મૂકું છું કે ત્યારે સારો પ્રસંગ આવ્યે મારો પણ કંઈ જોગ કરાવજો — હું અંત:કરણથી કહું છું તેનો હવે વિશ્વાસ આવ્યો કની?'

નવીનચંદ્ર આ શાંત લૂંટાલૂંટનો વિચાર દેખી આભો બન્યો. પણ વિચાર કર્યો કે 'આ અભણ લોકનો શો દોષ કાઢવો? ભણેલા અંગ્રેજ બીજું શું કરે છે? સિવિલ સર્વિસ એનો અર્થ લૂંટાલૂંટ કે બીજું? વિના કારણ બહાનાં કાઢી પરરાજ્ય હોઈયાં કરવું એટલે બીજું શું? હશે, કરોડો રૂપિયાનાં પોટલે પોટલાં દર વર્ષે રંક આર્ય પ્રજાને તજી હનુમાનની પેઠે સમુદ્ર અ◌ોળંગ્યાં કરે — અને સમુદ્રમાં ડૂબી ગયાં હોય એમ આપણે મન તો ગયાં જેવાં જ થાય — અને એવી બુજુ અનેકધા હાનિ થાય તેના કરતાં આ લૂંટની વહેંચણી તો સુવર્ણપુરની પ્રજામાં જ થવાની! — ખીચડીનું ઘી ખીચડીમાં જ!'

સ્વદેશવત્સલ હ્રદયમાં લૂંટાતો આર્યદેશ સાંભરી આવ્યો અને અંધકારને સમયે અંત:કરણ ભરાઈ આવતાં આંખમાંથી આંસુની ધારા પડવા માંડી. 'બુદ્ધિધન, હું તારો દોષ નથી કાઢતો. હું તને શુદ્ધ જોવા ઇચ્છું છું. જગત ચોર છે વાસ્તે તું પણ ચોર હોય એ હું ઇચ્છતો નથી — પણ આ

साक्षरा विपरीता राक्षसा भवन्ति /

તેના આગળ તું ઓછો હાનિકારક છે!' સર્વ વિચાર શોખમાં લીન થયા — દૃશ્ય થયા અને તકિયો દઈ બેઠેલો પરદેશી સુવર્ણપુરના રાજ્યતંત્રીઓથી સર્વ વાતે જુદો પડ્યો. 'રંક આર્યબન્ધુઓ! હું તમારે વાસ્તે શું કરું? મને કાંઈ સૂઝતું નથી.' એ શબ્દ મુખમાંથી નીકળી ગયા; પણ ચિંતાઓના સલવાટમાં, સ્વાર્થશોધના આવેગમાં, વાર્તાની લહમાં, અને ખટપટના આવેશમાં પડેલાં ક્ષુદ્રચિત્તોમાં તે શબ્દ પ્રવેશ કરવા ન પામ્યા — ચિત્તમાં તો

શું પણ કર્ણમાંયે જવા ન પામ્યા. આ પરિણાનું જોખમ ઘોડાગાડીના નિર્ઘોષને માથે ન હતું, કારણ નિર્ઘોષ છતાં બુદ્ધિધન અને નરભેરામ પરસ્પરની વાતો સાંભળી શકતા હતા.

આ અરસામાં રાજ્યતંત્રીઓએ ઘણી ઘણી વાતો કરી. કંઈ કંઈ યોજનાઓ થઈ, કંઈ કંઈ સંકલ્પ વિકલ્પ થયા, કંઈ કંઈ તર્ક થયા, કંઈ કંઈ ઘાટ ઘડ્યા, કંઈ કંઈ ભાગ્ય ઊઘડ્યાં, કંઈ કંઈ ચિંતાઓ થઈ અને કંઈ કંઈ ઉપભોગ થયા. સ્મરણશક્તિને થકવે, કલ્પનાને હંફાવે, અને સાધારણ બુદ્ધિને તને મૂર્છા પમાડે એવી યોજનાઓ કરવી હજી બાકી જણાઈ. આશા અને અનાશા, ભય અને અભય, ઉત્સાહ અને અવસાદ: એવાં એવાં અનેક દ્વંદ્વ સાત્ત્વિક શાન્તિને હજી દૃશ્ય રાખતાં દેખાયાં અને સંકલ્પવિકલ્પ આનંદનિદ્રાના શબ ઉપર ગૃધ્રગણ પેઠે ભમતા નજરે પડ્યા. વામન તર્ક વૈરાટ સ્વરૂપ ધારી પૃથ્વીથી આકાશ સુધી બે પગલાં ભરી ઊભેલો પ્રત્યક્ષ થયો. કંઈ કંઈ મનુષ્યોનો ન્યાય તેમની પરોક્ષે થતો અને શિક્ષાનો નિર્ણય થતો હજી અટક્યો નહીં. કંઈક મૂર્ખાઓ વહેમનાં પાત્ર ગણાયા, કંઈક લુચ્ચાઓ ઉઘાડા પડી ગયા. કંઈક શુદ્ધજનો સંગતિને લીધે અશુદ્ધમાં ખપ્યા, જાણ્યે-અજાણ્યે પ્રસંગે- અપ્રસંગે કંઈક ઉદ્ધત શબ્દ કોઈથી બોલાયેલો — કંઈક અવિનીતતા થઈ ગયેલી — તેના ફળમાં તેને આજ કંઈ સારી નોકરી મળતી અટકી, અને એ જ રીતે ભિન્ન ભિન્ન નાનામોટા દોષવૃક્ષ ઉપર ધાર્યાં- અણધાર્યાં ફળફૂલ આવ્યાં. એ જ શ્રેણીએ ગુણના પરિપાક થયા. કંઈક દોષ — કંઈક ગુણ — ઢંકાયા પણ ખરા — ફળદાતા છેતરાયા પણ ખરા. અધિકારે શુભ અશુભ કરવાની શક્તિનો માનવીઓમાં આમ આવિર્ભાવ કર્યો — અને તે અંધકારન? ઉદરમાં ગર્ભરૂપે સ્કુરવા લાગ્યો.

એટલામાં નરભેરામ પોતાના ઘર આગળ ઊતરી પડ્યો અને જયમલ પોતાના ઘરના દ્વારમાં વૃદ્ધ પિતાને ઊભેલા જોઈ ઊતર્યો. તેને ઊતરતો જોઈ, દયાશંકર સાથે બે બોલ બોલી, પોતાના આપત્તિસમયમાં ઉપયોગી થઈ પડનારના પુત્રને આજ પોતે સારું ફળ આપે છે એ વિચાર થતાં બુદ્ધિધન ઊંડો સંતોષ પામ્યો અને ગાડીવાનને ‘ચલાવ’ કહી આજ્ઞા કરી.

ઘોડાઓએ અંધકારમાં ફાળ ભરી કે બુદ્ધિધનના શબ્દે નવીનચંદ્રને વિચારનિદ્રામાંથી જગાડ્યો.

‘નવીનચંદ્ર, તમારે વાસ્તે મેં એક વ્યવસ્થા ધારી છે’ કહી તેને વાસ્તે પોતે કરેલો વિચાર કહી બતાવ્યો. નવીનચંદ્ર સર્વ વાત સાંભળી રહ્યો, વિચારમાં પડ્યો, પોતે એક અજાણ્યો પરદેશી તેના ઉપર આટલી મમતા બતાવતા બુદ્ધિધનને જોઈ મનમાં ઉપકારવૃત્તિની સેર છૂટી, અને પોતાને નોકરી તો લેવી ન હતી એટલે આ ઉપકારનો બદલો શું બોલી વાળવો તે સૂઝ્યું નહીં. મોંએ ઉપકાર માની બતાવવો એ તેની પોતાની પ્રકૃતિથી વિરુદ્ધ હતું — ન બતાવવો એ આ દેશમાં આચારવિરુદ્ધ હતું. અંતે વિચાર કરી

કંઈક સ્મિત કરી, તે બોલ્યો: ‘ભાઈસાહેબ, આ આપની મમતા કાંઈ નાનીસૂની નથી, પરંતુ હું પરદેશી પ્રવાસી છું એ આપ જાણો છો. થોડા સમયમાં મારો એક મિત્ર અત્રે આવવાનો છે તેને મળી — આપને પોશાક મળે એ આપનો સંપૂર્ણ ભાગ્યોદય જોઈ, હું આપની રજા માગી મારા પ્રવાસનો પાછો આરંભ કરવા ઇચ્છું છું.’

પોતાનો પ્રસાદ ન સ્વીકારે એવું આજ સુધી બુદ્ધિધનને કોઈ મળ્યું ન હતું. તેને કાંઈક માઠું લાગ્યું અને પોતાનો કાંઈક તિરસ્કાર થયો ભાસ્યો. પ્રીતિ અસ્થાને દર્શાવી હોય, કારભારીએ ન કરવા જેવી ચૂક કરી હોય — એવી વૃત્તિ મનમાં થઈ અને કાંઈક વિષાદ પણ થયો. આખર ઠરાવ કર્યો કે ભૂલ થઈ તો થઈ પણ ફરી ન કરવી — ગમે એટલું પણ એ પરદેશી — એના ઉપર યોગ્યતા કરતાં વધારે વિશ્વાસ થઈ ગયો — વધારે મમતા દેખાડાઈ ગઈ, હવે એમ કરવાની જરૂર નથી, નવીનચંદ્રને નોકરી આપી હોત તો એક મોટી ભૂલ થાત, નવીનચંદ્રની પોતાની જ મૂર્ખતાથી આ મારી ભૂલ થતી અટકી — ઇત્યાદિ વિચાર કારભારીએ કર્યા અને નોકરીની વાત પડતી મૂકી. શુદ્ધ ચળકતા લોખંડ ઉપર મોંએ ફૂંક મારવાથી શેવાળ વળે તેમ અંત: કરણની નિર્મળતા ઉપર અધિકારની ફૂંકે આમ પાણી ફેરવ્યું, અને ભૂતકાળની સર્વ સુંદરતા ધોવાઈ ગઈ હોય એમ આટલી મમતાના પાત્ર થયેલા ભણી ઉદાસીનતા થઈ. પોતાને એની સાથે કાંઈ સંબંધ નથી એ ભાન થયું. આ સર્વ દેખાઈ આવે નહીં એમ વાત કરવા માંડી.

‘નવીનચંદ્ર, કોણ આવવાનું છે અને તમારે ક્યાં જવાનું છે?’

આ પ્રમાણે આડીઅવળી વાર્તા થતાં ઘર આવ્યું, ગાડી અટકી અને બેસનાર ઊતર્યા. દ્વારમાં બન્ને જણ પેઠા.

બુદ્ધિધન સાંજે દરબારમાં જવા નીકળતો હતો ત્યારે તેની મેડી આગળ અલકકિશોરી આવી, કાંઈક લાડ કરી, કહી ગઈ હતી કે: ‘પિતાજી, આજ તો મારે એક વાનું માગવાનું છે તે એ કે વનલીલાના વરનો કાંઈ સારી જગા પર જોગ કરજો. એ બિચારી કાંઈ બોલતી નથી તેથી મારા મનમાં આવ્યું છે. પેલી કાળકાના વરની તો તમે તે દિવસે ના કહી હતી — પણ આજ તો નહીં ચાલે — હા! મોઈ રાંડ કાળકા — એના પરથી મારો ભાવ ઊઠી ગયો છે.’ બુદ્ધિધને ઉત્તર આપ્યો: ‘એના પરથી ઊઠી ગયો ત્યારે આના ઉપર કેમ રહેશે?’

‘પિતાજી, બેમાં ફેર છે. કાળકા તો રાંડ નઠારી છે. વનલીલા પર તો ભાભીનાયે ચાર હાથ છે. ના, આટલું તો મારું કર્યા વિના નહીં ચાલે!’

‘ભાભીનું નામ દે છે ત્યારે તો જોઈશું — જા!’ કરી હસતો હસતો બુદ્ધિધન ચાલ્યો ગયો. અત્યારે દાદર પર ચડતાં આ સર્વ વાત સાંભરી અને નવીનચંદ્રે ના કહેલી જગા કોને આપવી એ સૂઝતું ન હતું તે સૂઝી આવ્યું.

દાદર પર ચડતાં ચડતાં સૌભાગ્યદેવી મનમાં આવતાં મન પાછું શુદ્ધ બનતું હોય તેમ બુદ્ધિધન બોલ્યો:

‘નવીનચંદ્ર, તમે જવાનો વિચાર રાખ્યો તે ઘરમાં તો કોઈને નહીં ગમે — પહેલી તો અલક જ મારી જોડે વઢશે કે કેમ જવા દો છો?’

‘હા જી. હું પણ કોઈની પ્રીતિ વીસરનાર નથી. હું મારા ઘરમાં રહ્યો હોઉં તેમ સર્વેએ મારી આગતાસ્વાગતા કરી છે. પણ શું કરીએ? આવ્યું તે જવાને.’

દાદર આગળ સમરસેન બેઠો હતો તેને છેક ઉપર ચડ્યા પછી બોલાવી બુદ્ધિધને આજ્ઞા કરી:

‘સમરસેન, આજ વિદ્યાચતુરનો પત્ર આવ્યો છે. લખે છે કે મુંબઈથી એક ચંદ્રકાન્ત નામના ગૃહસ્થ અત્રે આવનાર છે. ઘણું કરી કાલે સવારે આવી પહોંચશે. હું દરબારમાં હોઈશ માટે હોર આવે તો સંભાળ રાખજો બરાબર.’

નવીનચંદ્ર સાંભળી રહ્યો, વિચારમાં પડ્યો અને બોલ્યો: ‘ભાઈસાહેબ! હું એમને કાંઈક ઓળખું છું. રત્નનગરીથી આવતો માર્ગ તો રાજેશ્વર ભણીથી જ છે ને?’

‘હા, પણ કાંઈ કયે વખતે આવશે તે નક્કી નથી — નીકર તો કોઈને રાખત ત્યાં.’

‘હું જ જઈશ. જમવા વખતે ઘેર આવી જઈશ.’

‘કાંઈ જરૂર નથી — કયાં સુધી ત્યાં બેસી રહેશો?’

એમ કરતાં કરતાં બે જણ જુદા પડ્યા. નવીન વિચારમાં પડી નવીનચંદ્ર પોતાના ખંડમાં ધીમે ધીમે ગયો, દ્વાર વાસ્યાં અને મધ્યરાત્રિના બાર વાગવા આવ્યા હતા તે છતાં નિદ્રા ન આવવાથી, એક બારી ઉઘાડી, પવન ખાતો, એકાંત આકાશ અને અંધકાર જોતો જોતો, પાઘડીલૂગડાં કાઢી, એક ખુરશી પર બેઠો.

બારણે રાત્રિનો પ્રવાહ નિરંકુશ રેલાઈ ગયો હતો. તેને તળિયે ડૂબી જઈ ડૂબેલા માણસના જેવા વિકાર પોતે અનુભવતો હોય એમ નવીનચંદ્ર કલ્પવા લાગ્યો.

---

* ૧. વિશેષ જાણનાર, શ્રુતવાન, અને (યોગ્ય લાગ્યું તે) વગર ઢીલે કરનાર હોઈને જે રાજા રાગદ્વેષનો ત્યાગ કરે છે અને પાત્રમાં ધનને પ્રતિષ્ઠિત કરે છે તેને સર્વ લોક પ્રમાણ કરે છે. ૨. મનુષ્યમાં વિશ્વાસ ઉત્પન્ન કરવો જે જાણે છે, દોષ વિજ્ઞાત થયો એટલે જે દંડ કરે છે, અને માત્રાને (માપ, આટલે સુધી કાર્ય વેતરવું તે,) તેમ જ ક્ષમાને-ઉભયને જે જાણે છે તેવાને સમગ્ર શ્રી સેવે છે. ૩. આપત્તિ પામતાં જે કદાચિત્ (પણ) વ્યથા પામતો નથી (ભયથી — દુ:ખથી — ધ્રૂજી લક્ષ્ય આગળથી પાછો હઠતો નથી), અપ્રમત રહી ઉદ્યોગની પૂંઠ જે મૂકતો નથી. (પ્રસંગ

આવ્યં) જે મહાત્મા (રહો) દુ:ખ સહે છે અને (કાર્યની) ધુરા જે ધરે છે તેવા શત્રુ, (જિતાયા જ. ૪. પ્રશાંત વૈરનું જે ઉદ્દીપન કરતો નથી, દર્પ પામતો નથી, (મનમાં) અસ્ત થતો નથી, અને દુર્ગતિને પામ્યો છું જાણીને (પણ) જે અકાર્ય કરતો નથી તેને આર્યજન પરમ આર્યશીલ કહે છે.

૧ . અનેક દુર્ગમ સ્થાનોથી વિકટ બનેલા દેશોમાં ભમ્યો — કાંઈ પણ ફળ ન મળ્યું! જાતિ અને કુળનું ચિત અભિમાન પડતું મૂકી સેવા કરી — તે નિષ્ફળ નીવડી! પરઘેર માન વિનાનું ખાધું — તે બીતા બીતા કાગડાની પેઠે દુર્મતિ અને પાપકર્મ ઉપર જ પડેલી ઓ તૃષ્ણા! હજી તને સંતોષ નથી મળતો?

૨ . ખળ લોકનાં ગર્વિષ્ઠ વચન સહ્યા ઞ્ તે પણ પરાકાષ્ઠા પામી તેમનું આરાધન કરવા જતાં જતાં, અંતરનું આંસુ અંતરમાં ને અંતરમાં દાબી રાખી મન શૂન્ય હોવા છતાં ઞ્ હસ્યો પણ ખરો ચિત્તને રોકી રાખ્યું. હસવા યોગ્ય બુદ્ધિવાળાની પાસે પ્રણામાંજલિ કરી, ઓ તું આશા! ઓ નિષ્ફળ આશ?! આથી વધારે તે મને તું શું નચાવનારી હતી?

૩ . ઓ ભાઈ! આ કષ્ટ સામું તને જો! મહાન એ ભૂપ, એ એનું સામંતમંડળ, એની પાસેની વળી પેલી રાજાઓની સભા, પેલી ચંદ્રબિંબ જેવાં મુખવાળીઓ, ઉદ્રેકભર્યો પેલો રાજપુત્રોનો સમાજ, પેલા બંદીજનો, પેલી કથાઓ ઞ્ આવું આવું સર્વ જેને લીધે સ્મરણમાં જ રહેનારું બની ગયું તે કાળને નમસ્કાર!

૧ . હર્મ્ય(મહેલ)ની અગાશીઓમાં રહેવું એ શું રમ્ય નથી લાગતું? ગાયનાદિ સાંભળવું શું નથી ગમતું? કે શું પ્રાણસમીનું સમાગમસુખ અધિક પ્રીતિનું પાત્ર નથી થતું? — પણ — પણ — વાત એટલી જ છે કે પળવાર ઊંચે ચડી પડી જનાર પતંગિયાની પેઠે — પવનથી કંપતા દીપના અંકુર પેઠે — છાયા પેઠે — વસ્તુમાત્રને ચંચલ જોઈ સત્પુરુષો વનાન્તમાં ચાલ્યા ગયા છે!

૨ . કોઈની મુખકાંતિ જ જોઈ રહેવાનો ઇસ્લામી યોગ.

૧ . પાણીના ઊડતા છાંટા.

૧ . ફિલૉસૉફી વાળી: પર્યેષક — શોધક: Philosophical

૧ . જાદુ ભરેલી.

૨ . અસલ રૂપ હોય તેથી જુદું ગ્ જૂઠું તે વિતથ; વૈતથ્ય ઇં વિતથપણું.

* Shelley's Queen Mab :

'વિશુદ્ધ આત્માવાળો પુરુષ આજ્ઞા કરતો નથી, ઉપાડતો નથી. જગતને શૂન્ય કરનાર કોઈ સર્વવ્યાપી રોગની પેઠે સત્તા જેને સ્પર્શે છે તેને ભ્રષ્ટ કરી દે છે; અને સર્વ બુદ્ધિ, શુદ્ધિ (સદ્ગુણ) મુક્તિ (સ્વતંત્રતા) અને સદુક્તિ (સત્યાક્તિ) એ સર્વના વિષ જેવું આજ્ઞાધારણ માનવીને દાસ કરી દે છે અને આ માનુષી ઘટનાને માત્ર એક ગતિમાન જડયંત્ર જેવી કરી મૂકે છે.'

પ્રકરણ ૧૯

રાત્રિ સંસાર

જવનિકાનું છેદન અને વિશુદ્ધિનું શોધન [૧]

" The Crescent Moon, the Star of Love,

Glories of evening, as ye there are seen

With but a span of sky between —

Speak one of you, my doubts remove,

Which is the attendant Page and which the Queen? '

— Wordsworth ' s Evening Voluntaries

'ઉછચમાન ચંદ્રકલા! શૃંગારતારા [૨] ! સંધ્યા સમયની કીર્તિમૂર્તિઓ! આકાશના માત્ર એક તસનું અંતર રાખી પાસે પાસે તમે બે જણીઓ પણે આગળ ઊભી રહેલી દેખાઓ છો તે તેમની તેમ રહીને — તમારા બેમાંથી એક જણ બોલો — મારી શંકાનું સમાધાન કરો — તમારા બેમાં પરિચારિકા કોણ અને રાણી કોણ?'

- વર્ડ્ઝવર્થનાં સંધ્યાસમયનાં યદચ્છાકાવ્ય. [3]

પતિનો દોષ પતિવ્રતાના મનમાં ન વસ્યો અને લીલાપુર જવા તે નીકળ્યો ત્યાં સુધી તે તેની જ સેવામાં રહી. અંતરનું દુ:ખ ભૂલવા કરેલો પ્રયત્ન સફળ થવા લાગ્યો. પ્રમાદધન ગયો એટલે તે નીચે ઊતરી અને નણંદની આસપાસ ભરાયેલી કચેરીમાં ભળી. વરઘેલી બની દિવસસમયે વરની પાસે આમ આટલી વાર બેસી રહી તે વિશે સર્વેએ એની પુષ્કળ મશ્કરીઓ કરી અને સર્વના આનંદમાં વધારો થયો. કોઈને કાંઈ કામ ન હોય તેમ સર્વ જણે આખો દિવસ અલકકિશોરીની આસપાસ કૂંડાળું વળી ભમ્યાં કર્યું. પાછલે પહોરે સૌભાગ્યદેવી કથા કહેવડાવતી હતી અને આજ સાવિત્રી-આખ્યાન ચાલતું હતું. એ કથામાં પણ આજ નિત્યના કરતાં સવારે મંડળ હતું. એ કથામાં અલકકિશોરીને રસ પડતો નહીં. કથા ચાલવા માંડી તોયે એની કચેરી વેરાઈ નહીં. કથામાં બેઠેલીઓનાં મન પણ આ કચેરીના ગરબરાટથી વિક્ષેપ પામ્યાં. સૌભાગ્યદેવીએ અલકકિશોરીને કહાવ્યું કે તમે સૌ બીજે ઠેકાણે જઈ બેસો. સર્વને કુમુદસુંદરીવાળી મેડીમાં જવાની ઇચ્છા થઈ પણ એટલામાં તો એ પોતે જ કથામાં જઈ બેઠી. એટલે સૌએ વિચાર ફેરવ્યો અને ટોળું લઈ અલકકિશોરી ઘર બહાર

નીકળી અને સ્ત્રીવર્ગને ભરાવાન એક ઓટલા પર સૌને લઈ મધપૂડાની રાણી પેઠે બેઠી અને ગુંજારવ ચોપાસ પ્રસરવા લાગ્યો.

કથા ઊઠી એટલે કુમુદસુંદરી છાનીમાની પોતાની મેડી ભણી જવા લાગી. સાવિત્રીની પવિત્ર કથાથી તે શાંત થઈ. કૃષ્ણકલિકાનું સ્વપ્ન તેના મનમાંથી ખસતું ન હતું અને ઘણું દાબવાનો પ્રયત્ન કરવા છતાં આંસુ ખળતાં ન હતાં અને તે કથારસથી ઉત્પન્ન થયેલાં આંસુમાં ખપ્યાં. સૌભાગ્યદેવી આજ વહુની મુખમુદ્રા જોઈ રહી હતી. કથાનો અંત આવતાં પોતાની પાસે ઘડી બેઠા વિના એકદમ ઉપર જતી વહુને જોઈ દેવી વહેમાઈ અને વહુને પોતાની પાસે બોલાવી. આવી ન આવી કરી — સાસુ પાસે અશ્રુપાત થઈ જશે એ ભીતિથી વહુ ઉપર ચાલી ગઈ અને વજ જેવું હૃદય કરી મેડીમાં પેઠી. પેસી, દ્વાર વાસી, સાંકળ પણ વાસી. ટેબલ પાસે બેઠી અને પુસ્તક લીધાં. પણ તેમાં મન ગયું નહીં — કંટાળો જ આવ્યો. પલંગ ભણી, બારી ભણી, નવીનચંદ્રની મેડીવાળા, દ્વારની સાંકળ ભણી, પોતે મેડી વચ્ચોવચ બેસી રોઈ હતી તે સ્થળ ભણી, અને ઊમરા ભણી જોતી જોતી આંખે અંતરમાં વળવા માંડ્યું, સ્મરણશક્તિનાં કમાડ ધક્કેલ્યાં, અંદરથી નીકળેલી કલ્પનાને ઉરાડી, ઈર્ષ્યાને સળગાવી અને વિમાનના - બુદ્ધિને ભંભેરી; ફટક લાગી હોય, હબકી હોય અને ડાગળી ચસકી હોય, એમ ફાટી આંખે કુમુદસુંદરી ચારે પાસ જોવા લાગી. નિ:શ્વાસ ઉપર નિ:શ્વાસ નીકળવા લાગ્યા, ઓઠ સુકાયા, ગાલ બેસી ગયા જેવા થયા, આંખો ઊંડી ગયા જેવી થઈ, ઘડીક કંપતી છાતી પર હાથ મૂકી ઊભી રહી, અને અંતે કપાળે હાથ કૂટી ખુરશી પર બેઠી અને તેની પીઠ પર માથું નાંખી દીધું. આ ક્રિયાશૂન્ય સ્થિતિમાં કલાક બે કલાક વીતી ગયા એટલે બારણું ખખડથુ અને ઉઘાડ્યું કે અલકકિશોરી અને વનલીલા અંદર આવ્યાં. સાંજના પાંચ વાગ્યા અને સર્વ મંડળ વેરાઈ ગયું કે અલકકિશોરી ઘેર આવી અને તેની સાથે વનલીલા પણ આવી. વનલીલાને કુમુદસુંદરીની માનસિક પ્રકૃતિમાં જ ફેર લાગ્યો હતો. કૃષ્ણકલિકા પર માર્ગ પર ઘરેણાં ફેંકાયાં એ ચર્ચાથી આ ફેરનો વહેમ વધ્યો હતો અને તેથી જ ચિંતાતુર વનલીલા સખી પાસે આવી હતી. બન્ને જણ અંદર દાખલ થયાં. કુમુદસુંદરીનું કોમળ વદનકમળ શોકના તાપથી છેક કરમાઈ ગયું હતું પણ અલકકિશોરીના દેખતાં કાંઈ પુછાયું નહી. કુમુદસુંદરી સાવધાન થઈ અને વાર્તામાં ભળી, પણ શૂન્ય હૃદયમાં આનંદનો લેશ ન હતો અને ફીકા હાસ્યને પુરવણી રજ પણ મળી ન શકી. અંતે સૌ ત્રીજા માળની અગાસી પર ચડ્યાં અને ઉનાળાનો આથમતો દિવસ અગાસીમાંના શાંત પવનથી રમ્ય કરવા ધાર્યો.

વનલીલા બોલી: ‘ભાભી આજ તો આખો દિવસ તમે ઉપરનાં ઉપર રહ્યાં છો. તમારે અમારા વિના ચાલ્યું પણ અમારે તમારા વિના ન ચાલ્યું.’

કુમુદસુંદરીને કીકી સુધી આંસુ ઊભરાયાં હતાં તેને દાબી રાખવાનો પ્રયત્ન કરતાં ઉત્તર દેવાનો સૂઝયો નહિ. અંતે શેતરંજની રમત કાઢી. તેમાં પણ જીવ ન પેઠો. નણંદભોજાઈ રમવા લાગ્યાં અને રોજ જીતતી તે ભાભી દાવ ઉપર દાવ ભૂલવા લાગી અને હારી એટલામાં વનલીલા નીચે મેડીમાં ગઈ હતી તે કુમુદસુંદરીના મેજ પરથી નવું આવેલું બુદ્ધિપ્રકાશ લઈ આવી અને રમતમાં હારેલી કુમુદસુંદરીના હાથમાં મૂકી બોલી: 'ભાભી, આમાં એક ચંદા નામની કવિતા આવી છે તે વાંચવા જેવી છે પણ બરાબર સમજાતી નથી તે સમજાવો.' ચંદ્રને ચંદાનું નામ આપી રચેલી રસિક કવિતા કુમુદસુંદરીએ શાંત કોમળ સ્વરથી ગાવા માંડી અને ઘડીક આનંદને પાછો મેળવતી હોય એમ દેખાવા માંડી. તેનું મુખ હજી અવસન્ન જ હતું પરંતુ 'ચંદા'ના પ્રકાશથી શોકતિમિર પાછું હઠતું સ્પષ્ટ દેખાયું. વાંચતાં વાંચતાં કવિતાનો અંતભાગ આવ્યો. પડવા પર બીજ હતી અને આકાશમાં ચંદ્રલેખા હતી તે જોતી જોતી કુમુદસુંદરી બોલી:

'અલકબહેન, ચંદા છે તે હવે સાંજને પોતાની સખી ગણીને કહે છે તે સાંભળો: અત્યારે આ ચંદ્રમા દેખાય છે તેનું જ વર્ણન છે.

'સલૂણી સંધ્યા સખી પ્રિય મુજ, ભેટ લેવા તે તણી

મુજ હોડલામાં બેસીને બની જાઉં કદી હું બનીઠની;-'

પવન મૃદુથી આંગણું' વાળી સમાર્યું સ્નેહથી,

વેર્યાં કુસુમ નવરંગ એમાં ઝીણઝીણા મહેથી.

શાંત એનું નીરખી મુખ મુજ સુખનદી ના થોભતી,

નારંગી રંગે સાળું સુંદર પહેરી સખી શી શોભતી!

ચકચક્તિ સૌ પહેલ ચોડયો તારલો સખી ભાલમાં,

લાડંતી અડકું એહને કદી આવી જઈ બહુ વહાલમાં.

એવી એવી રમત વિધવિધ સખીસંગ રમંતી હું,

પણ ભેટવા આવે મુને એ ત્યાહરે ચમકી બીઉં,

કેમ કે સામેથી પેલી આવી કાળી રાક્ષસી,

મૂઈ રાત્રિ, એણે દૂર સખીઓ કીધી ક્રૂર વચે ઘસી.

ઊડી ગઈ મુજ સખી, ઝીણી પાંખ નિજ ઝળકાવીને,

ને મુજને તો રાક્ષસીએ પકડી લીધી આવીને,

રાખી કરમાં થોડી વેળા, પછી મુને તે ગળી ગઈ,—

જાણે નહીં —હું અમર છું ને બેઠી મુજ મંદિર જઈ!'

'કાળી રાક્ષસી' ઉપરથી કૃષ્ણકલિકા સાંભરી આવી અને હબકી હોય એમ કુમુદસુંદરી ઊઠી અને અગાસીની રવેશ આગળ નીચે રસ્તા પર જોવા લાગી — પાછી આવી. સર્વ દેખતાં વિકૃતિ ઢાંકવા પ્રયત્ન કર્યો. એમ કરતાં કરતાં રાત્રિ પડી. અલકકિશોરી અને વનલીલા ગયાં. કુમુદસુંદરી એકલી પડી અને અંધકારથી છાઈ જતા આકાશ ભણી જોતી જોતી ઉપરની કવિતા વારંવાર ગાઈ રહી. એ ગાનની અસર તેના પોતાના જ મન ઉપર થઈ. કૃષ્ણકલિકા! કૃષ્ણકલિકા! મેં તારું શું બગાડ્યું હતું?' એમ કરતી કરતી છાતીએ હાથ મૂકી રવેશને અઠીંગી દુ:ખમાં ને દુ:ખમાં ચોપાનિયું ઉઘાડું ને ઉઘાડું છાતી પર રાખી નિદ્રાવશ થઈ દુ:ખી અબળા દુ:ખ સ્વપ્નો જોવા લાગી અને નિદ્રામાં ને નિદ્રામાં ડૂસકાં ભરતી હતી. બુદ્ધિધનને ખબર ન હતી કે મારા મહાભાગ્યના આવાસના (મહેલના) શિખર ઉપર આવે મંગલ સમયે જ મારી કુમુદના ઓઠમાંથી શોકસ્વર જ્વાળામુખીના ધુમાડા પેઠે આકાશમાં સ્વર્ગમાં —ચડે છે અને ઈશ્વરની આંખમાં ભરાઈ તેને રાતીચોળ કરે છે! સ્ત્રીને પ્રસન્ન રાખજો! સત્સ્ત્રી અપ્રસન્ન થઈ — દુભાઈ — ત્યાંથી લક્ષ્મી પાછી ફરવા માંડે છે.' એ મનુવાક્ય — એ આર્યશ્રદ્ધા -ખરી પડતી હોય તેમ કુમુદ ડૂસકાં ભરતી હતી તે સમયે રાણાના બાગમાં

બાંક ઉપર સૂતેલા બુદ્ધિધનના મસ્તિકમાં ઉચ્ચાર થતો હતો કે 'મારે તો આ કારભાર નથી જોઈતો!'

કલાકેક આમ સૂઈ રહી એટલામાં પલંગ પર પથારી કરી દાસી અગાસીમાં આવી અને કુમુદસુંદરીને ઉઠાડી નીચે લઈ ગઈ. બુદ્ધિધન જેમ જાગી ઊઠતાં કારભાર મૂકી દેવાની વાત ભૂલી ગયો હતો તેમ કુમુદ પણા જાગી ઊઠતાં કૃષ્ણકલિકાને ભૂલી ગઈ. દાસી ગઈ એટલે બારણું વાસ્યું અને ઊંઘવાને બદલે પાછું બુદ્ધિપ્રકાશ હાથમાં લીધું અને ટેબલ પર કાચદીપાશ્રયમાં દીવો પ્રગટી વાંચવા બેઠી. 'ચંદા' ફરીથી વાંચવા લાગી. ચંદાને મેઘ રમાડે છે અને પજવે છે તે ભાગ વાંચવા લાગી.

'મેઘ પેલો મસ્તીકોરો મુજને રંજાડવા,

કંઈ યુક્તિઓ વિધવિધ કરે ભંગાણ સુખમાં પાડવા!'

વળી ગાતાં ગાતાં આવ્યું:

'ને એહ અસ્થિર મેહુલાશું કદી ભરાઉ નવ રીસે!'

એ પદ વારંવાર ગાવા લાગી, પોતે અસ્થિર પ્રમાદધન પર રિસાતી નથી એ સ્મરવા લાગી, અને મસ્તિકમાં પ્રમાદધન ભરાયો! તે હવે પ્રિય લાગવા

માંડ્યો. તેના જ વિચાર અંત:કરણમાં ઊભરાવા લાગ્યા, તેની જ છબી સામેના તકતામાં જોઈ રહી અને અતિ પ્રેરમથી ગાવા લાગી:

‘પ્રમાદધન મુજ સ્વામી સા ચા!

એ વણ જૂઠું સર્વ બીજું!

પ્રમાદધન મુજ સ્વામી — મારા!

એ વણ ન્યારું સર્વ બીજું!

પ્રમાદધન મુજ સ્વામી વહાલા!

એ વણ અપ્રિય સર્વ બીજું!’

એમ કંઈ કંઈ પદ ઊલટાવી રચવા — ગાવા લાગી, સારંગીમાં ઉતારવા લાગી, અંતર્ આનંદ અનુભવવા લાગી, અને ઘેલી બની હોય એમ એની એ કડીઓ — અનુપ્રાસ વિનાની — અલંકાર વિનાની — જપવા લાગી. ‘પ્રમાદ-ધ-ન, પ્રમાદ-ધન, પ્રમાદધન એ નામ જ પ્રત્યક્ષરે ભાર મૂકી બોલવા લાગી, પતિનું નામ કોઈના દેખતાં બોલતી હોય અને શરમાતી હોય તેમ ઘડીક મનમાં ને મનમાં શરમાઈ; કોઈ દિવસ એ નામ પોતે ન દીધું હોય — ન દેતી હોય, પતિનો સ્પર્શ અચિંત્યો અનુભવતી હોય, એ સ્પર્શની પેઠે જ પતિના નામનો સ્પર્શ જીભને — હૃદયને થતો હોય, તેમ પતિના નામનો એકકેકો અક્ષર બોલતાં રોમાંચના શીતળ તરંગોમાં નાહી સીત્કાર બોલાવવા લાગી, ઉત્કંપની લહેરોથી ચમકવા લાગી, અને વિચારમાં પડી સફળ મદનતા અનુભવતી હોય તેમ પળેપળે પોપચાં અર્ધા મીંચવા લાગી. વળી જાગી ‘પ્રમાદધન મુજ સ્વામી’ ઇત્યાદિ ગાતી ગાતી ઊઠી, પલંગ પર ચડી, એક પગ પલંગ પર અને બીજો બારીના કઠેરા પર મૂકી બારી પરથી પ્રમાદધનની છબી જીવની પેઠે જાળવી ઉતારી, પલંગ પર બેસી ઊતરી, અને ટેબલ આગળ ખુરસી પર બેસી, છબીને સ્નેહભરી આંખે ન્યાળી રહી, ચુંબનની પરંપરા જડ કાચ ઉપર વર્ષાવી, અને અંતે છબીને છાતી સરખી ઝાલી, ભાંગી ન જાય એમ દાબી ફરી રોમાંચ, ઉત્કંપ અને નેત્રોન્મીલન અનુભવવા લાગી. જીવતા પતિનો વિયોગ, કિલ્બિષ વિસરાવી, જડ છબીને પણ પતિવ્રતા પાસે ઘણાં વાનાં કરાવવા લાગ્યો. વિદ્યાવિનીત કુમુદસુંદરી પતિના દોષ ભૂલી તેના ગુણને જ સંભારી ગુણમય પ્રમાદધનરૂપ બની! અંતે એક હાથ છબી છાતીસરખી રાખી બીજો હાથ લાંબે કરી વળી બોલી:

‘પ્રમાદધન મુજ સ્વામી વહાલા!

એ વણ અપ્રિય સર્વ બીજું!’

‘સર્વ બીજું’ કહેતાં કહેતાં લાંબા કરેલા હાથની હથેલી જગતને ધકેલી નાંખતી હોય તેમ તેના ભણી ફેરવી બતાવી અને બે ભમ્મરો વચ્ચે કરચલી પાડી.

ગમે તેવી વસ્તુ મને પોતાની કહી તો પોતાની — ઈશ્વરે જેની કરી તેની જ — ઋણાનુબંધ(રણારબંધ)નો યોગ જ્યાં ઘડાયો ત્યાં જ ઘડાય છે: એ સુખસાધક બુદ્ધિ આર્યચિત્ત જ સમજે છે. આર્યવૃત્તના ઉચ્છેદક પાશ્ચાત્ય સંસ્કારોથી ભરાઈ જવા છતાં અંગ્રેજી પાઠશાળાના દૂધથી ઊછરેલા આર્યબાળક જૂના વિચાર અને જૂના આચારોથી ભરેલી માતાપિતાની વહાલી રૂઢિશય્યા ત્યજતાં કંપારી થાય છે, મોટી વયે પહોંચવા પછી અંતરમાંથી પણ ગુરુજનને છોડનાર લોકની વિદ્યા ભણીને પણ વિસ્તારી કુટુંબવૃક્ષ [૧] માં ઉત્સાહથી રહે છે; ‘ભૂગોળ અને ખગોળ’ [૨] રમનાર પંડિત ‘ચૂલા’ના ભડકાના પ્રકાશથી વિશેષ રતાશ પામતા -ખગોળને સળગાવનાર ગોળા જેવા — ગૌર ગાલવાળી અભણ ઉપર મોહ પણ પામે છે અને સ્નેહ દ્રવે છે; એ ઋણાનુબંધનો મહિમા આર્યબુદ્ધિથી હીન જનને અગમ્ય છે. આર્યદેશને દુ:ખસાગરમાં પડતો પડતો ટકાવનાર અનેક સાધનોમાં એક સાધનરૂપ આ આર્યબુદ્ધિ આર્ય કુમુદસુંદરીના હૃદયકમળ પર લક્ષ્મીપેઠે સ્ફુરવા લાગી અને અનાર્ય જનથી સમજાય નહીં એવું વિશુદ્ધ ઉત્કષ્ટ માનસિક ગાન કરવા લાગી.’ [3]

“She kisses o’er and o’er again

Him whom she loves, her Idiot Boy;

She’s happy here, is happy there,

She is unhappy everywhere;

Her limbs are all alive with joy. ’

તરંગો પર હીંચકા ખાતું મન ગમે તો શીતળ થયું હોય તેથી કે ગમે તો શ્રમિત થયું હોય તેથી એ હીંચકા ઉપર ને ઉપર જ ઢળી ગયું. નિદ્રાદેવી તેને પોતાના ખોળામાં લેવા લાગી અને પોતાની છાતી પરનો છેડો તેના મુખ પર ઢાંકવા લાગી.

નિદ્રાવશ થતી કુમુદસુંદરી કાંઈક સાવધાન બની અને સૂવાનો વિચાર કરી સુંદર હાથ ઊંચો કરી કમખો કાઢવા લાગી, કમખો નીકળતાં તેના પડમાં રહેલી સોનેરી અક્ષરવાળી ચોળાયેલી પત્રિકા સરી પડી અને સરતાં સરતાં કોમળ અને સચેતન સહવાસી અવયવ ઉપર ઘસાઈ તેને ચેતના — સૂચના આપી. પડતાં પડતાં પણ પાટલીના પગ ગૂંચવાઈ, ભરાઈ અને અંતે તરછોડાઈ વછૂટી. આખરે પડી તે પણ પગના સુકુમાર અંગૂઠા પર પડી. અંગૂઠા આગળથી સંદેશો આવ્યો હોય એમ ચિત્ત એકદમ ચમક્યું અને સજ્જ થયું. પગના બંધુ હાથે પત્રિકા ઉપાડી લીધી અને આંખ આગળ ધરી. આંખે વાંચ્યું:

‘ શશી જતાં,પ્રિય રમ્ય વિભાવરી!

થઈ રખે જતી અંધ વિયોગથી;

દિનરૂપે શુભગા બની રહે, ગ્રહી

કર પ્રભાકરના મનમાનીતા!'

આંખ ચમકી; નિદ્રા છટકી; બુદ્ધિ જાગી; શશી — ચંદ્ર — ક્ષિતિજમાં ઊગ્યો; હૃદયનો નિ:શ્વાસ ઓઠ ઉપર આવ્યો; 'સરસ્વતીચંદ્ર! સરસ્વતીચંદ્ર!' કરતી કરતી ઘેલી લૂગડાનાં કબાટ ભણી દોડી અને બીજી અસ્થામાં સંક્રાંત થઈ. તેનું મનોબળ થઈ ચૂક્યું ભાસ્યું.

મનુષ્યનું જીવન એ અનેક સૂત્રની એક રજજુ (દોરી) છે; અનેક આમળાની એક ગાંઠ છે. તે સૂત્રોની — તે આમળાઓની — પોતપોતાની નિરનિરાળી સ્થિતિ — જાતિ — છે અને તેઓમાં ઘણી વખત પરસ્પર વિરોધ આવી જાય છે. આ સૂત્રો અને આમળાઓ, તેમની ઘટના, અને તેમના વિરોધ અધિકતર બુદ્ધિથી, અધિકતર વિદ્યાથી અને અધિકતર રસજ્ઞાનથી વધારે વધારે સૂક્ષ્મ અને વિચિત્ર બને છે અને તેની સંખ્યા પણ વધે છે. પ્રમાદધનમય બનેલું જીવન સરસ્વતીચંદ્રહીન થઈ શક્યું નહીં. એક ભવની પતિવ્રતા બીજા ભવના પતિને ભૂલી શકી નહીં. સત્યને અર્થે દશરથે રામનો ત્યાગ કર્યો, પ્રજાને અર્થે રામે સીતાનો ત્યાગ કર્યો, અને તે છતાં દશરથનું જીવન રામમય રહ્યું અને રામ સીતામય રહ્યા: તેમ જ પતિવ્રતા કુમુદસુંદરી મૂર્ખ અને દૂષિત પતિને મનનો પણ સ્વામી કરી દેવા મથી — પોતાના હૃદયજાળમાં પતિને વણી દીધો અને પતિમૂર્તિમાં હૃદયને યુક્ત (યોગી) કર્યું — તે છતાં સરસ્વતીચંદ્રમય મટી નહીં! સરસ્વતીચંદ્રને હૃદયમાંથી પતિસ્થાન પરથી ધકકેલી પાડ્યો અને ત્યાં પ્રમાદધનની સ્થાપના કરી; તોપણ મીંચાયેલી આંખમાં કિરણ રસળે છે, શબ્દ દૂર જતા છતાં કાનમાં ભણકારા વાગે છે, નિદ્રાયમાણ મસ્તિકમાં જાગ્રત સંસાર અસંબદ્ધ સ્વપ્નરૂપે ઘૂમે છે: તેમ પ્રમાદધનમાં સમાધિસ્થ થયેલા ચિત્તમાં સરસ્વતીચંદ્ર સ્ફુરતો હતો. હૃદયસારંગીને ગાન કરાવવામાં ઉભય તાર કારણભૂત થયા.

સરસ્વતીચંદ્રના સ્વહસ્તની પત્રિકાના દર્શનથી ઘેલી બનેલી સુંદરી કબાટ ભણી દોડી, કબાટ જોરથી ઉઘાડ્યું, અને પોતાના સોનેરી ભાતવાળા એક અમ્મરના પડમાંથી એક પત્રોની પોટલી કાઢી કબાટ એમનું એમ રહેવા દઈ ટેબલ પાસે બેઠી. ટેબલ ઉપર રેશમી રૂમાલે બાંધેલી પોટલી છોડી અને સરસ્વતીચંદ્રના સુંદર અક્ષરથી લખાયેલા કન્યકાવસ્થામાં સ્વીકારેલા અનેક પત્રો રસમાં લીન થઈ પળે પળે નિ:શ્વાસ મૂકતી સુંદરી વાંચવા લાગી અને પળવાર પૂર્વાવસ્થામાંથી લીન થઈ વર્તમાન સંસારને ભૂલી. સરસ્વતીચંદ્રે પત્ર દ્વારા ચલાવેલી રમણીય ચર્ચાઓ તેને સુવિદ્યાની નિસરણ પર ફરીથી ચડાવતી ભાસી અને અજ્ઞાનમય કુટુંબમાં ફરીથી વિદ્યાભ્યાસ કરતી હોય તેમ બાળાને મનમાં લાગ્યું. સર્વ પત્ર એક વાર વાંચી રહેતાં છતાં ફરી વાંચવા લાગી. અંતે સરસ્વતીચંદ્રની છબી હાથમાં આવી — તે હાથમાં

આવતાં સ્નિગ્ધાનાં નેત્ર ચમકયાં અને તેમાં નવું તેજ આવ્યું હોય તેમ તે છબીના અક્કેક અવયવ નિહાળવા લાગી અને સુંદરતાના ઘૂંટડા ભરવા લાગી. છબી પોતાના સામી ટેબલ પર મૂકી તેને એક ટશે જોવા લાગી. તેનાં દર્શન કરતી હોય; હૃદયમાં રહેલાનું કાચ જેવા કાગળ પર પ્રતિબિંબ પડ્યું હોય અને તેને આશ્ચર્ય પામી તપાસતી હોય; તેની સાથે વાતો કરતી હોય; તેને ઠપકો દેતી હોય; તેના ઉપર ક્રોધ કરતી હોય; હજી પોતે તેની જ પત્ની હોય તેમ તેના પર પ્રભુતા દર્શાવતી હોય; તેમ કુમુદસુંદરીની દૃષ્ટિ છબી જોતી જોતી અનેકધા વહી. ત્યાગ કર્યા પછી ઘણે વર્ષે રામને જોતી સીતાનું હૃદય થયું હતું તેવું જ અત્યારે થયેલું આનું હૃદય, ઉપરાઉપરી નંખાતા નિ:શ્વાસમાં [૧] પળે પળે સ્ફુરતી અને ભાગતી ભ્રૂકુટિમાં છબીને તદ્રૂપ માની જીવમાં જીવ આવ્યો જણવતા ઉરછવસમાં,[૨] વચ્ચે વચ્ચે મલકાઈ જતા મુખમાં સરસ્વતીચંદ્રની વર્તમાન અવસ્થા સાંભરી આવતાં ખિન્ન થઈ સંકોચ પામી ઝાકળ જેવા અશ્રુપટલથી ઢંકાઈ જતાં નેત્રકમલમાં અને ક્ષણે ક્ષણે ધડકતા સ્તનપુટ પર મુકાઈ ચંપાઈ જતી હસ્તસ્થલીમાં[3] મૂર્તિમાન થતું હતું. ‘કુમુદસુંદરી!’

છે આશ તજી બન્યું ઉદાસી, રોષભર્યું તજવા થકી,

ટમટમી રહ્યું આ દીર્ઘકાલવિયોગમાં મબવા મથી,

સૌજન્યથી સુપ્રસન્ન, બળી પ્રિય — રુદિતની ઊંડી ઝાળથી,

આ ક્ષણ ગળ્યું રસમય હૃદય તુજ પ્રેમઉદય થયા થકી.’
૧

આ એકાંતમાં એકલીનો એકલો સાક્ષી નાનો પણ તેજસ્વી દીવો કુમુદસુંદરીને આમ કહી દેતો હોય — એમ તેનો ક્ષણભર સ્તબ્ધ અને ક્ષણભર કંપતો પ્રકાશ આખા સંસારના અંધકાર વચ્ચે કુમુદસુંદરીને મન મિત્રવચન જેવો થયો. દીવો કુમુદસુંદરીની તમસા બન્યો. દીવાની જયોતનું પ્રતિબિંબ સુંદર કીકીમાં પડી રહ્યું, અને અંજાયેલી આંખ મીંચાઈ રહી. કીકી અને પોપચા વચ્ચે સરસ્વતીચંદ્રને તાદૃશ પ્રત્યક્ષ જોવા લાગી. આ અવસ્થામાં પડેલી આંખો ઉપર નિદ્રાએ કોમળ કરપલ્લવ દાબ્યો અને જાગ્રતસ્વપ્નમાંથી સુસ્વપ્નમાં સંક્રાંતિ દૃશ્ય રીતે થઈ ગઈ. નિદ્રામાં ખુરશી પરથી જરીક ખસી પડતાં અચિંતી જાગી ઊઠી, સર્વ વસ્તુ હતી ત્યાં ને ત્યાં રહેવા દઈ, કુમુદસુંદરી પલંગ ઉપર જઈ સૂતી.

આજ પલંગ પર પ્રમાદધન ન હતો. એકલી સૂતેલી સહવાસી સંસ્કારોને બળે પરિચિત દશાનાં જ સ્વપ્ન જોવા લાગી. માત્ર જાગ્રત અવસ્થા કાંઈક ઊલટપાલટ રૂપે સ્ફુરી અને સ્વપ્નનો સહચર સરસ્વતીચંદ્ર થયો. દિશા અને કાળના ભેદ વિપરીત થઈ ગયા, વસ્તુઓના સંબંધ

અનનુભૂત અને વિચિત્ર બની ઝટોઝટ પલટાવા લાગ્યા. આ સર્વ સૃષ્ટિમાં નિદ્રાયમાણ મસ્તિક સત્યનું ભાન ધરવા લાગ્યું, અને નવીન સુખદુ:ખો ભોગવતું હૃદય પાપપુણ્યથી મુક્ત રહી સ્વતંત્ર વર્તન કરતું લાગવા માંડ્યું. દૃશ્ય અને દ્રષ્ટા એક છતાં ભેદ ભાસવા લાગ્યો. કુમુદસુંદરી સર્વત: સરસ્વતીચંદ્રમય બની. સ્વપ્નની પાછળ સ્વપ્ન ઊભાં રહ્યાં — દોડાદોડ કરી રહ્યાં — પણ સર્વમાં સરસ્વતીચંદ્ર ખરો!

આ અવસ્થામાં કલાકેક વીતી ગયો. બુદ્ધિધન હજી ઘેર આવ્યો ન હતો અને તેના દ્વાર આગળ ઓટલા પર બેસી સિપાઈઓ વાતો કરતા હતા અને અંતે થાકી એક જણ ગાવા લાગ્યો તે સાંભળતા હતા.

'મોરા બીલમા કબુ ઘર આવે -?

આવે રે આવે -

ઓ મોરા બીલમા કબુ ઘર આવે -?

કબુ ઘર આવે -?'

અંત્ય સ્વર લંબાવી એક સિપાઈ આ ગાતો હતો અને બીજાઓ 'વાહવાહ!' 'સાબાશ!' વગેરે કહેતા હતા તેના ખળભળાટથી કુમુદસુંદરી જાગી ઊઠી, પથારીમાં જ બેઠી થઈ, સરસ્વતીચંદ્રને શોધવા લાગી, ચારે પાસ આંખો ફેરવી જોવા લાગી, 'મોરા બીલમા કબુ ઘર આવે' એ શબ્દે વીંધેલા અંત:કરણમાંથી શોકરુધિર નીકળવા લાગ્યું, અને બીલમા — ઓ બીલમા' કરતી કરતી, અર્ધી જાગતી — અર્ધી ઊંઘતી, કુમુદસુંદરી હજી સ્વપ્નમય રહી વીલે મોંએ મેડી બહાર સંભળાય નહીં એમ રોવા લાગી, રોવું ખાળી શકાયું નહીં, ખાળવાનો પ્રયત્ન કરવાનું જ સાંભર્યું નહીં, અને એમ કરતાં કરતાં ખરેખરી જાગી તોપણ ઉત્પન્ન થયેલી હૃદયવૃત્તિને સંહારી શકી નહીં. પાછી ટેબલ આગળ જઈ બેઠી અને શોકમય — ઊતરી ગયેલે — મોંએ, ગાતી ગાતી ઊછળતા — વર્ષતા — હૃદયને કાગળ ઉપર ટપકાવવા લાગી. કાગળ એ ઘણા હૃદયની ધરતી છે — વર્ષાદ જેવી ઘણી વાતો કાગળ પર ટપકાવી લેવાય છે. ધરતીમાં તેમ કાગળમાં ઘણા હૃદયમેઘ સમાઈ શાંત થાય છે.

'શશી જતાં, પ્રિય રમ્ય વિભાવરી' ઇત્યાદિ ગણગણતાં એક મોટો 'ફુલ્સકેપ' કાગળ લીધો અને તે ઉપર આંસુ અને અક્ષર સાથે લાગાં પાડ્યાં

'શશી ગયો ઊગશે ગણીને, ભલે

ટકતી અંધ નિશા; મુજ ચિત્તમાં

પ્રલયકાળ રચી શશી આથમ્યો

નીરખીને ધિક જીવવું જીવનું! '

વળી થોડીવાર લખતી બંધ પડી, ચંદ્રલેખા જેવી હડપચી નીચે રૂપેરી વાદળી જેવી હાથેલી મૂકી, વિચારમાં પડી, અને સરસ્વતીચંદ્રનો જાપ જપતી, તેનું કૃત્ય વિમાસી, એ જાપ પણ પતિવ્રતા ધર્મથી વિરુદ્ધ છે એવું ભાન આવતાં નિ:શ્વાસ પર નિ:શ્વાસ મૂકતી, ફરી લખવા મંડી.

‘તજી નાર અનાથ જ એકલડી, પિયુ જાય વિદેશ, પૂઠે મૂકી આશા;

જપવા પ્રિય-જાપ સ્વતંત્ર રહે વિધવા ધ્રૂજતી જોઈ જોઈ નિરાશા;

નહીં આશ મૂકી, પરતંત્ર કરી, પપળાવી નિરાશ મૂક્યું ઉર વહેતું.

જીવમાં જીવ સાહી મૂક્યો પડતો! રમવું અતિક્રૂર પડ્યું ક્યમ સહેતું?’

આંખમાં ઝળઝળિયાં આણી બોલી: ‘અરેરે સરસ્વતીચંદ્ર! મેં તમારો શો અપરાધ કર્યો હતો? દમયંતીની પણ નળે મારા કરતાં સારી અવસ્થા રાખી હતી. હાય, ઓ, મારી મા! ઓ ઈશ્વર! અંબા! અંબા!’ એમ કહેતી કહેતી કાગળ પલાળતી, કાગળ પર ઊંધું માથું મૂકી નિરર્ગળ રોઈ. પતિવ્રતાધર્મ પ્રમાણે આ રોવું અયોગ્ય ગણતી ગણતી પણ રોવું ન ખાળી શકી અને ટેબલ પરથી માથું ઊંચું કરી લઈ લેતી લેતી ગણગણી:

‘ नं किल भवतां स्थानं देव्या गृहेऽमिमतं ततस्

तृणामिव वने शून्ये त्यक्ता न वाप्युनुशोचिता।

चिरपरिचितास्ते ते भावा: परिद्रवयन्ति माम्

इदमशरणैरद्याप्येबं प्रसीदत रुद्यते// [१]

‘ઓ પવિત્ર ગંભીરતાના શિખર રામચંદ્રજી! તમારેયે આવું હતું તો મારી અબળા — બાળકી — અજ્ઞાની જંતુની આ અવસ્થા ક્ષમા કરજો! મારાથી નથી રહેવાતું — નથી સહેવાતું આ જીવવું! ઓ ઈશ્વર!’

આમ કહે છે એટલામાં ઘરમાં પેસતા વાતો કરતા નવીનચંદ્ર અને બુદ્ધિધનના સ્વર સંભળાયા. આવી વૃત્તિને સમયે નવીનચંદ્રના સ્વરે મુગ્ધા પર કાંઈ નવીન અસર કરી. નવીનચંદ્ર સરસ્વતીચંદ્ર હોય કે ન હો પણ કુમુદના મનમાં તો ખાતરી થઈ હતી કે એ તો એ જ — બીજું કોઈ નહીં. પૂર્વસંસ્કાર તેના મનમાંથી ખસતા ન હતા. મદનનો તેણે તિરસ્કાર કર્યો હતો પણ સ્નેહ દૂર થઈ શકતો ન હતો — અને મદનના ભણીની પણ એટલી જ બીક હતી. ‘સરસ્વતીચંદ્ર! — નવીનચંદ્ર — સરસ્વતીચંદ્ર — આપણો આવો સંબંધ તે ઈશ્વરે શું કરવા ઘડ્યો હશે? — અરેરે! દુષ્ટ હૃદય! બાહ્ય સંસારને અનુકૂળ થઈ જતાં તે તને શા ઘા વાગે છે? હે ભગવાન! મારા

ઉપર તે આ શો કોપ?' તેનું મુખ ગરીબડું બની ગયું. તેનું અંત:કરણ ડસડસી રહ્યું. અંતરથી બહાર નીકળતા રોવાનું બળ અને બહારથી તેને ખાળી રાખવાનું બળ: જાણે કે એ બે બળની વચ્ચે આવી ગયો હોય તેમ નીચલો ઓઠ બહાર વળી ફરફડવા, રોવા લાગ્યો અને અવશ હાથ લખવા લાગ્યો:

'પૂર્વ જન્મનો સંબંધી તે ખડો હ્રદયમાં થાય

જીવતી પણ જડસમી પ્રિયમૂર્તિ જોઈ નયન અકળાય!

પરિચિત પ્રિય રહી ઊભો પાસે નહીં બોલે! — નહીં બોલું!/

અપ્રસંગ ભજવતું ચિરાતું મર્મસ્થળ ક્યાં ખોલું?'

ગાલે હાથ દઈ લખેલું ગાયું અને આંખો લોહતી લોહતી વળી સજ્જ બની લખવા બેઠી:

'ધર્મ તણે વશ શરીર જડ તો રહી શકે જડ — સાચે!

પણ ચેતન મન કહ્યું ન માને — નહીં ધર્મને ગાંઠે,

એક ભવે ભવ બે, નદજુગના, જેવા, સંગમ પામે

તે વચ્ચે તરતી અબળાનો છૂટકો તો જીતે જાતે! '

છેલ્લાં બે પદ ગાતી 'હાય! હાય!' કરતીએ કલમ દૂર નાંખી; અને ખુરશીની પીઠ ભણી અવળી ફરી, વિશાળ મેડી પર અને સામી બારી બહારના અંધકાર પર દૃષ્ટિ કરતી બેઠી.

'પરિચિત પ્રિય રહી ઊભો પાસે નહીં બોલે! નહીં બોલું' એ પદ વારંવાર ગાતી ગાતી 'શું એમ જ? હાય! હાય!' એમ કરતી જાય અને રોતી જાય. 'ઓ મારા સરસ્વતીચંદ્ર — મારે તમારે બોલવા વ્યવહાર સરખો પણ નહીં — હાય! હાય! એ તે કેમ ખમાય?' એમ કરી આવેશમાં ને આવેશમાં ખુરસીના તકિયા પર માથું કૂટ્યું. મનની વેદનામાં શરીરની વેદના જણાઈ નહીં: ક્ષણવાર ત્યાં ને ત્યાં જ માથું રહ્યું અને દુ:ખમાં મીંચાયેલી જાગ્રત આંખ આગળ વળી સરસ્વતીચંદ્ર આવી ઊભો. વિદ્યાચતુરને ઘેર એના પ્રથમ પ્રસંગે જોયેલો ચિતાર બિડાયેલી પાંપણો વચ્ચે તાદૃશ થયો અને પ્રથમ પત્રમાં લખેલો.

धन्यासि वैदर्भि गुणैरुदारेर्यया समाकृष्यत नैषधोऽपि।

अत: स्तुति: का खलु चन्दिराकाया यदब्धिमप्युत्तरलीकरोति॥

એ શ્લોક ગાતો ગાતો હસતો હસતો શરમાતી નિમીલિત સ્મિત કરતી મુગ્ધાનો હાથ હાથમાં લેતો સરસ્વતીચંદ્ર સ્વપ્નની પેઠે કુમુદસુંદરીએ મીંચેલી આંખોથી જોયો, અંતરમાં પ્રસન્ન પ્રફુલ્લ થવા છતાં ગભરાઈ, અને એ સ્વપ્નાનંદમાંથી સટકી ઉદાસવૃત્તિથી આંખ ઉઘાડતી ઉઘાડતી માથું ઊંચું કરતી કરતી ગાવા લાગી:

‘પૂર્ણ પામી વિકાસ મુખ મુજ હાસ કરતું પ્રેમથી,

તે સમે સિન્ધુ વિશાળું નિજ ઉર વિસ્તરે સામો હસી;

ને કરંતો મંદ મંદ ઘુઘાટ ભર આનન્દશું

ફેંકી તરંગો મુજ ભણી ધીમે ધીમે નાચંત શું!’ [૧]

સરસ્વતીચંદ્રને આવા સિન્ધુનું રૂપ આપતાં રમ્ય વિચારો મસ્તિકમાં તરવરવા લાગ્યા, પૂર્ણિમાની ‘ચંદા’ જેવા કુમુદસુંદરીના મુખ પર મધ્યરાત્રે એકાંતમાં ચંદ્રિકા જેવું શાંત રમણીય સ્મિત છલકાવા લાગ્યું અને ઘડીક ઉઘાડી અને ઘડીક મીંચેલી આંખો રાખી ગાયેલી કવિતા તે વારંવાર ગાવા લાગી અને શોકને સ્થળે આનંદ સ્ફુરવા — ઊભરાવા — દશે દિશાએ રેલાવા — લાગ્યો!

‘આ ઉપમા સર્વ રીતે યોગ્ય છે! મહાસિન્ધુના જેવું વિશાળ ઉર — તે મારા જેવી ગુણહીનની પાસે વધારે વિસ્તાર પામ્યું — આહા!

‘ને કરંતો મંદ મંદ ઘુઘાટ ભર આનંદશું

ફેંકી તરંગો મુજ ભણી ધીમે ધીમે નાચંત શું?

ફેંકી તરંગો — તરંગો — મુજ ભણી — ભણી — નાચંત શું!’

બોલતાં બોલતાં મુખ દીન થઈ ગયું: ‘ખરી વાત. મેં તે એવાં શાં પુણ્ય કર્યાં હોય કે એવા મહાત્મા સાથે એથી વધારે સંબંધ રહે? એટલું લીંબુઉછાળ રાજ્ય રહ્યું તેટલું ભાગ્ય મારા જેવીને ઓછું ન હતું.’ મોં પર શોકના શેરડા પડ્યા, ગૌર ગાલ દુ:ખથી વિવર્ણ (ફિક્કા) થઈ બેસી ગયા જેવા થયા, અને હૃદયનો ઊંડો નિ:શ્વાસ મુખમાંથી નીકળી આખી મેડીને — આખા જગતને પાછો શોકમય કરવા બેઠો — પ્રવર્તમાન થયો. આનંદનો ચમકારો પૂરો થઈ રહેતાં પળવાર હસેલી રાત્રિ, હતી એવી અંધારી બની.

એવામાં નવીનચંદ્રે મેડીનું બારણું સપટાવ્યું અને સાંકળ દીધી તેનો ખડખડાટ કુમુદસુંદરીના કાનમાં આવ્યો અને એ ચમકી. માનવીની વૃત્તિ

અનુકૂળતા ન હોય ત્યાંથી શોધી કાઢે છે તો અનુકૂળતા પોતાની મેળે જ દોડી આવે ત્યાં વૃત્તિ વિચારનું કહ્યું કરે એ મહાભાગ્યની પરિસીમા વિના બનતું નથી. ચમકેલા ચિત્તે — કાને — નેત્ર પર બળાત્કાર કર્યો અને તે બે મેડી વચ્ચેના દ્વાર ભણી વળ્યું — તો સાંકળ ન મળે! કુમુદસુંદરી! નવીનચંદ્ર સરસ્વતીચંદ્ર છે એ વિચારે તારું મસ્તિક ભમાવ્યું? પ્રમાદધન અને કૃષ્ણકલિકાવાળા આજના જ બનાવે તારું પતિવ્રત શિથિલ કર્યું? એકાંત, અનુકૂળતા અને વૃત્તિ, ત્રણનો સંગમ થયો? ‘મારા જેવી સામાની વૃત્તિ નહીં હોય તો?’ આ ભીતિ ઘણાંક વિષયાંધને સદ્ગુણસાધક થઈ પડે છે. મુગ્ધા, તારામાં એ ભીતિ હતી? જો મારા પર હજી પ્રીતિ ન હોય તો સરસ્વતીચંદ્ર ઘરબાર છોડી અત્ર આમ શું કરવા આવે?’ એ વિચારે તારા મનની ભીતિ દૂર ન કરી? પરવૃત્તિ પોતાની વૃત્તિનો પ્રતિધ્વનિ કરે છે તે ભાનથી જ એકદમ મન્મથ નિરંકુશ બની તનમનાટ નથી મચાવી મૂકતો? ભૂત અને વર્તમાન પતિને સરખાવતાં ભૂતકાળનો પતિ શું અત્યંત મોહક ન લાગ્યો? તેની સાથે થયેલા પૂર્વ પ્રસંગે શું હૃદયને મૂર્છા ન પમાડ્યું? વાંચનાર, તારા અંત:કરણને — તારા અનુભવને — કહે કે આ સર્વનો ઉત્તર ખરેખરો આપે. પાંસુલ! તારો ઢાંક્યો અનુભવ ઉઘાડી દે અને આ અશસ્થાની ખરી કિંમત કરવાનું સાધન આપ. વિશુદ્ધ! તારો કવચિત્ ખૂણેખાંચરે પડેલો પ્રસંગ સ્મરણમાં આણી આ અવસ્થાની ભયંકરતા — દુસ્તરતા બરોબર સમજાવ. સર્વથા અનિવાર્ય દશાપાશમાં પડેલી અબળા બાળકી પર દયાભરી અમીદૃષ્ટિથી જો, અને અનિવાર્યને નિવારનાર શક્તિ પાસે માગ કે સદબુદ્ધિનો જય કરે. તું બ્રાહ્મણ હોય તો ગાયત્રી ભણ — બ્રાહ્મણની પ્રાર્થના સદ્બુદ્ધિ જ ઇરછે છે — તેનું સર્વસંહારી બ્રહ્મત્વ તેમાં જ સમાખ થાય છે — બ્રાહ્મણને સદ્બુદ્ધિ વિના બીજું કાંઈ જોઈતું નથી. પવિત્ર ગાયત્રી! બ્રાહ્મણપુત્રીને તારા તેજથી છાઈ દે. તું એમ કરશે? — તે તો સર્વજ્ઞ જાણે. માનવી જેટલી ઇશ્છાઓ રાખે છે એ સર્વ સફળ થવાને જ નિર્માઈ હોય એમ કાંઈ જગત જોતું નથી.

વિશુદ્ધિ સદૈવ રહેશે? લક્ષ્મી ચંચલ છે તો વિશુદ્ધિ ચળ પણ નહીં હોય? ઈશ્વર રાખે તેવી ખરી. મૂર્ખ અને ધૂર્ત માનવી! અભિમાન અને દંભ ઊભયને છોડી દે. એટલો તો સુજ્ઞ અને સાધુ થા! સામાને શિખામણ દેનાર! પોતાની જ અંત: પરીક્ષા કર.

ગરીબ બિચારી કુમુદ! તે ઊઠી અને ઉઘાડી સાંકળ ભણી ગઈ. પાછી આવી. બે વાર ગઈ અને બે વાર પાછી આવી. સદ્ગુણના વિચાર કરવા મંડી. ભ્રષ્ટતાની ભયંકરતા કલ્પવા લાગી. ખુરશી પર બેઠી. ‘એ તો જ્ઞાન મને ગમતું નથી.’ [૧] — ‘ગુણહીન ગોવાળિયા લોકજ્ઞાન નથી પામતે રે’ [૨] એવું એવું ગાતી વળી ઊઠી — સાંકળે હાથ અડકાડ્યો — લઈ લીધો અને પાછી આવી ખુરશી પર બેઠી અને ટેબલ ઉપર ઊંધું માથું નાખ્યું. વિચારશક્તિ વીર્યહીન — નપુંસક બની ગઈ. ‘તે સમે સિન્ધુ વિશાળું નિજ

ઉર વિસ્તરે સામો હસી — ફેંકી તરંગો મુજ ભણી -' આ પદમાં કલ્પનાપક્ષી પકડાયું. 'આ વિશાળ વક્ષ:સ્થળમાં સમાસ પામવો — આ તરંગ — હસ્ત — ભુજ ફેંકાઈને મને સહાય' એ અવસ્થાની અભિલાષરૂપ રમણીયતા ઊંધા પડેલા મસ્તિકને ભોળવવા — લલચાવવા — ફસાવવા — ભમાવવા લાગી. વિચારમાં પડી, વિચારનું નિવાસન (દેશનિકાલ) જોઈ, ઓઠ પર આંગળી મૂકી એક પગ ખુરશી પર અને એક નીચે એમ રાખી તે ઊભી.

બુદ્ધિધનના ઘરથી થોડે જ છેટે વનલીલાનું સાસરું હતું. વનલીલાને સાસુસસરો હતાં નહીં. આ પ્રસંગે તે અગાશીમાં પવનમાં સૂતેલા પતિનું માથું ખોળામાં લઈને તેને નિદ્રાવશ કરતી કરતી ગાતી હતી તે સ્વર તુટકતુટક ઘડીઘડી નિ:શબ્દ જગતના વાયુની પાંખ ઉપર બેસી કાન ઉપર આવતા હતા અને કુમુદસુંદરીને નવરાવી દઈ કંપાવતા હતા:

'ઊભા રહો તો કહું વાતડી, બિહારીલાલ!

તમ માટે ગાળી મેં જાતડી, બિહારીલાલ!' [3]

કુમુદસુંદરીનું મોં વીલું થઈ ગયું. થોડુંક ન સંભળાયું. 'એણે મારે સારુ જાત ગાળી — મેં શું કર્યું?' એ વિચાર થયો. વળી સંભળાયું:

'તાલાવેલી લાગી તે મારા તનમાં બિહારીલાલ!

કળ ના પડે રજનીદિનમાં', બિહારીલાલ!' [3]

નિ:શ્વાસ મૂકતાં પોતાને લાગેલી તાલાવેલી સમજાઈ — ન સહેવાઈ અને મુખ મૂક થઈ ગયું. રંગીલું ગીત વળી વાધ્યું:

'બાંધી પ્રીતડી તે તો સદૈવ પાળીએ, બિહારીલાલ

સલિલમીનતણી રીત રાખી રાથીએ, બિહારીલાલ!' [3]

વનલીલાના કોમળ ગાનની અસર શી કહેવી?

'બાંધી પ્રીતડી તે તો સદૈવ પાળીએ -'

એ બરોબર ધ્યાનમાં બેસી ગયું. ઓઠ ઉપરથી આંગળી ખસી અને કર્તવ્યનો નિર્ણય કરતો હાથ છૂટો થયો અને પડ્યો! કુમુદસુંદરી ઉપર મદનનું સામ્રાજ્ય થઈ ગયું — તેના મસ્તિકમાં, હૃદયમાં અને શરીરમાં એની આણ વર્તાઈ ગઈ. નિ:શંક બની તેણે ખુરશી તજી અને ઉઘાડી સાંકળ ભણી દૃષ્ટિ કરી પગ ઉપાડ્યો.

આ પ્રસંગે પ્રત્યેક પગલું ભરતાં તેણે વાર કરી અને પ્રત્યેક પગલાની સાથે તેના મન અને શરીરની અવસ્થાઓ પલટાઈ કંઈ કંઈ વિચારો તેને ચમકાવવા લાગ્યા, કંઈ કંઈ અભિલાષો તેનું કાંડું પકડવા લાગ્યા. કંઈ કંઈ

આશાઓએ તેને હડસેલી, કંઈ કંઈ સ્વપ્નોએ તેને ભમાવી, કંઈ કંઈ પ્રકારનો નશો તેને ચડ્યો, કંઈ કંઈ લીલાંપીળાં તેણે જોયાં અને કંઈ કંઈ સત્ત્વ ભૂત — તેની દૃષ્ટિ આગળ નાચવા લાગ્યાં. અબળાબુદ્ધિએ મદનની ‘મરજાદ’ પાળી અને પોતાનાં સર્વ બાળકને જેમનાં તેમ રહેવા દઈ ઘૂંઘટો તાણી ક્યાંક સંતાઈ ગઈ. ભીમ વિકારના ત્રાસથી થાકેલું દુર્યોધન જ્ઞાન જડતાના સરોવરને તળિયે ડૂબકી મારી ગયું. પૃથ્વીને પગ તળે ચાંપી નાંખી આખા બ્રહ્માંડમાં ઝઝૂમતો એકલો હિરણ્યાક્ષ ત્રાડી રહ્યો હતો. સૃષ્ટિમાત્રને નિર્જીવ કરી દઈ પ્રલયસૂર્ય આખા વિશ્વમાં અગ્નિનો વર્ષાદ વર્ષાવી રહે તેમ પવિત્ર સુંદર કુમુદસુંદરીને ભાનહીન અસ્વતંત્ર કરી નાંખી મનોભાવ બળવાન અબળાનો સર્વત: નિર્દય પરાભવ કરવા લાગ્યો. અને તે કેવળ જડ જેવી અશરણ — અનાથ — બની ભાસી.

અધૂરામાં પૂરો વનલીલાનો ઉતાવળ કરતો સ્વર સંભળાયો:

‘શરદની રાતલડી અજવાળી રે

કહાના, તારી કીકી કામણગારી રે’

છેલ્લું પદ બેત્રણ વખત સંભળાયું. પતિને ખભે હાથ મૂકી તેની આંખો સામું જોઈ તેને મેડીમાં ખેંચતી આંખોના પલકારા કરતી હસતી વનલીલાના હાસ્યમાં ભળી જતા, વધારે વધારે દૂર જતા, ઓછા ઓછા સંભળાતા, ઉતાવળા, ઘસડાતા, સ્વર, ‘કહાના, તારી કીકી કામણગારી રે — કહાના તારી કીકી કામણગારી રે — કહાના. તારી કી—’ એટલે આવી વિરામ પામ્યા. વનલીલાની અવસ્થાની ઈર્ષ્યા કરતી, પોતાના કહાનાની કીકી સ્મરી તેના કામણને વશ થતી, કુમુદસુંદરી હશે ખરેખરી ચસકી — અને પોતાના હાથમાં પણ ન રહી.

મૂળ આગળ — ઘણે છેટે — થયેલા પુષ્કળ વર્ષાદના બળથી જમાવ પામી ધસી આવતા પૂરને બળે ઊભરાઈ જઈ — ફેલાઈ જઈ — શાંત અને પ્રસન્ન સરિતા એકદમ મલિન થઈ જઈ અસહ્ય અનિવાર્ય વેગથી ખેંચાતી હોય તેમ ધસે; વાયુના ઝપાટાની ઝાપટથી, રમણીય મંદ લીલા કરતી સુમલતા (ફૂલની વેલી) હલમલી જઈ અચિંતી કંપવા માંડે: તેમ કુમુદસુંદરી પરસ્વાધીન થતાં તેને ચમક થઈ હોય તેમ તેનું આખું શરીર પળેપળે ફુવારાની ઉચ્ચ ધારી પેઠે ચમકવા — ઊછળવા — લાગ્યું, ઇષ્ટજન અને પોતે બેની વચ્ચે થોડુંઘણું દેશકાળનું અંતર હજી સુધી રહેતું ન ખમાતાં અધીરા બનેલા કપાળ ઉપર કરચલીઓ પડી અને ફરકવા લાગી — જાણે કે ત્યાં આગળ મદન મહારાજે ધ્વજા ચડાવી દીધી હોય અને આવી પવિત્રતા ઉપર મેળવેલા જયના દર્પથી જગતનો તિરસ્કાર કરી ફરકતી ન હોય! મસ્તિકમાં નાચતા નિશાચર મદનની આડીઅવળી પદપંક્તિ પડી હોય, અંતર ભરાઈ રહેલા સરસ્વતીચંદ્રના કલ્પનાભૂતના ફાટા પગ બહાર દેખાઈ આવ્યા હોય, તેમ બેયે વિહ્વળ ભમ્મરો ભાંગી ગઈ અને

પોતાના પર પડતી પારકી મલિન દૃષ્ટિને પ્રતાપથી દૂર રાખવાની પવિત્ર શક્તિ જતી રહેતાં જાણે કે નવી અશક્તિ આવી હોય તેમ જાતે જ અપવિત્ર બની શિથિલવિથિલ દેખાવા લાગી. એ ભમ્મરનું જોર નીચું ઊતરી પગમાં થઈને જતું રહ્યું હોય તેમ

‘તાલાવેલી લાગી તે મારા તનમાં, બિહારીલાલ!’

એમ વિકળ મોં વતે બોલી જમીન ઉપર પગની પાની વડે અચિંત્યો જોરથી ઠબકારો કર્યો અને વિશુદ્ધિને ઠેસ મારી. પોતાની અને ઇષ્ટજનની વચ્ચે ભીંત કે બારી કાંઈ પણ ન હોય તેમ તેને જોતી હોય એવી — અહુણાં ને અહુણાં તેને પ્રત્યક્ષ જોવા પ્રયત્ન કરતી ખેંચાતી, ખેંચાઈ જતી એક જ કર્મ કરતી — અકર્મ — આતુર અને અધીરી આંખો ધીમા ચાલનારા શરીરથી પણ પહેલી દોડી જઈ ઇષ્ટદર્શન શોધતી શરીરને પાછળ મૂકી અંતરથી નીકળી પડવાનું કરતી હતી: તે જાણે કે — સામી મેડીમાંના ચંદ્રને બળે આકર્ષાતા તન-મન સાગરમાંનું મીનયુગ આકર્ષાઈ અગાડીમાંના અગાડીના ધપેલાં મોજાંને માથે દેખાઈ આવ્યું ન હોય! — સામી મેડીના પ્રદેશના કિનારા જેવી બારી પર ઊભેલા માછી મદનના હાથમાંની સૂક્ષ્મ દૃશ્ય જાળમાં ભરાઈ જવું પવિત્રતાના સાગરમાં રહેનારું મીનયુગ અપવિત્ર હવામાં ખેંચાઈ — તરફડિયાં મારી થાકી વૃથા પ્રયાસ છોડી — નિર્જીવ બનવાની તૈયારી પર આવી પવને પ્રેરેલા ભૂતસંસ્કારના તગનેના જ હેલારાથી માછી ભણી ધકેલાતું ન હોય! ઇષ્ટ વસ્તુ જોઈ રહેલી કીકીને બીજું કાંઈ જોવા જ ન દેવું એવો નિર્ણય કર્યો હોય, બાહ્ય સંસારમાં સ્ફુરતા જ્ઞાનનું કિરણ પણ પોતાના ચેતન ભાગની અંદર સરવા ન પામે તેવો માર્ગ પકડ્યો હોય, પોતાનાથી આડુંઅવળું ભૂલેચૂકે ફરકાઈ ન જવાય એવી સાવચેતી રાખી હોય, અને અંતરથી ઊછળતું જ્ઞાન ઊભું જ ન થઈ શકે એમ તેને માથે જડ ભારરૂપ થઈ જવા પોતે જ ભારત યત્ન કર્યો હોય: તેમ આખી આંખ દૃઢ સંકોડાઈ ગઈ — અને ‘કહાનાની કામણગારી કીકી’નું જ પ્રતિબિંબ તેમાં અદૃશ્યરૂપે વ્યાપી રહ્યું. હજી કુમુદસુંદરી ઝીણું ઝીણું ગણગણતી હતી, ખભા મરડતી હતી, લહેકા કરતી હતી અને ‘કહાના’ અને ‘કીકી’ શબ્દો પર ભાર મૂકતી હતી:

‘કહાના! તારી કીકી કામણગારી રે

કહાના! તારી કીકી કામણગારી રે

કહાના! કીકી તારી કામણગારી રે

કહાના! તારી કીકી કામણગારી રે … …’

‘કામણ’ શબ્દ પર ભાર મૂકતાં મૂકતાં તર્જની વડે તર્જન કર્યું અને નીચલો હોઠ કરડી દાંત પણ કચડ્યા.

બારી પાસે આવી તેમ તેમ આટલી ક્રિયા પણ બંધ થઈ ગઈ. આંખો ઉઘાડી છતાં દૃષ્ટિક્રિયા વિરામ પામી હોય — નશો ચડ્યો હોય — તેમ ભાતભાતનાં લીલાંપીળાં દેખાવા માંડ્યાં. તમ્મર ચડી હોય તેમ આખી મેડી નજર આગળ ગોળ ફરવા — તરવા — માંડી અને સામી ભીંત પળવાર હીંચકા ખાતી લાગી, પળવાર સમુદ્રમાં હીય તેમ ઊંચીનીચી થતી ભાસી અને પળવાર કંપતાદર્પણમાં દેખાતી હૌય તેમ નાની મોટી થતી લાગી. ‘હવે શું રોવું?’ કરી આંખમાંનું પાણી સુકાઈ ગયું. કાનમાં પ્રથમ તો રાત્રિની ગર્જના જેવો તોરીનો સ્વર ટકટકારો કરી રહ્યો હતો તેને ઠેકાણે ‘અનહદ’ નાદ સંભળાવા લાગ્યો. નાસિકામાં શ્વાસ રૂંધાઈ રહ્યો અને પ્રાણાયામ જાતે ઉત્પન્ન થયો. બોલવું, ગણગણવું, શ્વાસ લેવો — સર્વ છોડી મોં અધઉઘાડું રહી ગયું અને ઉપર નીચે ન હાલતી ન ચાલતી દાંતની હારો રહી ગઈ — જાણે કે મદનચિતામાં મૂકવા સારુ શબ જ ગોઠવી મૂક્યું હોય અને એ ચિતા પૂરેપૂરી તૈયાર થવાની વાટ જોવાતી હોય! સેનાધીશના શંખનાદની સૂચના સાંભળવા સ્થિર ઊંચી ડોક કરી વીરસેના ઊભી હોય અને મરણના મુખમાં કૂદી પડવાની વાટ જ જોઈ રહી હોય તેમ સુંદર કંઠ ઉત્કંઠ અને નિશ્ચલ બની ગયો. પાપકૂપમાં પડવા તેના ખોડ ઉપર ઊભી રહી કૂવામાં ડોકું કરી પડવાની તે તૈયારી કરતી હોય તેમ તેના નાજુક અને નાગ જેવા હાથ નાગફણા પેઠે જ ઉપસ્થાન કરી રહ્યા અને ધ્રૂજવા લાગ્યા. કોઈ જોર કરી બારણું ઉઘાડવાની આજ્ઞા કરતું હોય અને અનિચ્છાથી તે માનવી પડતી હોય, બારી ઉપર હાથેલી વડે થાપા દેવા હોય — તેમ કંપતી બાળકના જેવી આંગળીઓ પહોળી રાખી બે હાથે બારી ભણી હાથેલીઓ દેખાડી; — પણ આવા કર્મનાં અપરિચિત કાંડાં, એમાં આશ્રય આપતાં હામ જતી રહી હોય તેમ, લૂલાં પડી ગયાં; અને હાથેલીઓ નિરાધાર હોય એમ, ચતી રહેવાનો યત્ન કરવા છતાં, લટકવા લાગી. આતુરતાથી ઊંચું થતું, અવશતાથી કંપતું, લજ્જાથી સંકોચાતું, આશાથી તળે ઉપર થતું, કામાર્તિથી વેગવાહી બનતી નાડીઓમાં વેગથી ધડકતા રુધિરના ઉછાળાઓથી ફરકતું, સૂક્ષ્મતર થતા, પટુતર થતા જ્ઞાનતંતુઓની સર્વાંગી અને આવેશભરી સ્ફુરણાથી ઊભી થતી રોમરાજિના મૂળે મૂળે આગળ અને શિખરે શિખર ઉપર ઉદ્દીપ્ત થતું, વારાફરતી ચળકાટ અને વિવર્ણતા ધરતું નાનુંસરખું પણ અગણિત મહાવિકારોને સમાસ આપતું, જાતે એક પણ અનેકવૃત્તિમય થતું, ચેતન છતાં જડતાને સ્વીકારતું, પવિત્ર છતાં અપવિત્રતા ભણી ઊલટતું, પ્રમાદધનનું હોવા છતાં સરસ્વતીચંદ્રની સત્તા માનતું, અને સ્થિર થવા — ક્રિયામાં સંક્રાંત થવા — દેખાઈ આવતા પણ વૃથા પ્રયત્ન કરતું, અસ્થિર, ક્રિયાહીન, દીન અને વિહ્વળ અંગ ઉત્તમાંગના આધારભૂત થવાને બદલે જાતે અગાડી ધપતા ઉત્તમાંગને જ આધારે પાછળ પડી — છૂટું ન પડાતાં — નીચે લટકી રહ્યું હોય એવો વિકાર અનુભવતી બાળા નખથી શિખ સુધી થરથરવા લાગી, વાંચેલા મદનજ્વરના સ્પષ્ટ પ્રયોગની પાત્ર થતી થતી બળી બળી થવા લાગી, અને મરણ પ્રત્યક્ષ

ઊભું હોય તેમ બેબાકળી (ભયવ્યાકુળી) અને વીલી બની. તેના સુંદર પ્રફુલ્લ ગાલસંપુટ મુખમાં ચુસાવા લાગ્યા. પક્વ બિમ્બૌષ્ટ વિવર્ણ બન્યા અને માઘમાસની ઠંડીને વશ હોય તેમ સંકોચાઈ ઋહેંકાઈ ગયા. આંખો બાડી થઈ અને સુંદર મુખ કદ્રૂપું અને પ્રેતના જેવું ભયંકર થયું. માત્ર આ સર્વ વિકૃતિનું તેને પોતાને દર્શન ન થયું — ભાન ન રહ્યું — જાણે કે આત્મભાન વિનાનું શબ સર્વશ: ન હોય! આત્મભાનની ન્યૂનતા એ જ ઉત્કર્ષની બાધક છે.

કુમુદસુંદરી આમ દ્વાર ઉઘાડવા ગઈ. દ્વારથી આણીપાસની સાંકળ ઉઘાડવી એના હાથમાં હતી. પેલી પાસની સાંકળ કૃષ્ણકલિકાએ ઉઘાડી હતી — વાસી ન હતી; આ તેનું સખીકૃત્ય કુમુદસુંદરીના અપભ્રંશને અતિ અનુકૂળ લાગ્યું. કુમુદસુંદરી! તું સાંકળ કેમ ઉઘાડતી નથી? દ્વાર આગળ હથેલી ધરી છતાં કેમ ધક્કેલતી નથી? આની આ દશામાં જુગના જુગ વીત્યા છતાં સ્તબ્ધ — અકર્મ — તું કેમ ઊભી રહી છે? આમ કેટલી વાર તું ઊભી રહેશે? શું તને નિંદ્રા નથી આવતી? રાત્રિના બાર વાગી ગયા છે. શું તને કોઈ અટકાવે છે? દેખાતું તો કોઈ નથી. રસ્તા પરની બારીમાંથી આવતા પવનને લીધે ટેબલ પર કંપતા દીવાએ કુમુદસુંદરીની છાયા ઉઘાડવાની બારી ઉપર જ પાડી હતી. કુમુદસુંદરી સ્તબ્ધ હતી પણ તેની છાયા દીવાની જ્યોતને અનુસરી હાલતી હતી. એ છાયાનું કદ કુમુદસુંદરી કરતાં મોટું હતું. બારી ઉઘાડવા પ્રસારેલી હાથેલીની છાયા સાંકળ આગળ હતી અને તે પણ કશાની ‘ના ના’ કરતી હોય તેમ હાલતી હતી.

કુમુદસુંદરી! શું તું અનાથ છે? શું તારી વિશુદ્ધિનું આવી ચૂક્યું? શું બહારના ભયથી મુક્ત થઈ — એકાંત પ્રમાદઘનશૂન્ય મેડીમાં — સૂવા વારો આવ્યો એટલે તારી વિશુદ્ધિ ચળી? શું તારી વિશુદ્ધિનો અવકાશ પ્રસંગની ન્યૂનતાને લીધે જ આજ સુધી હતો? અરેરે! શું ઈશ્વર વિશુદ્ધિનો સહાયભૂત નથી થઈ પડતો — શું તે તારા જેવા શુદ્ધ સુંદર હૃદયવાળી અબળાને મહાનરકમાં પડતી જોઈ જ રહેશે અને તને તારવા હાથ સરખો નહીં ધરે?

કમાડ ઉપર પોતાની છાયા પડેલી જોવા મદન-અંધા અશક્ત નીવડી. આ લોક અને પરલોકનો તિરસ્કાર કરી, લજ્જાને લાત મારી, ભયને હસી કાઢી, વિશુદ્ધિને મૂર્છા પમાડી, રતને હૃદયને સૂતું વેચી, સામેનું દ્વાર ઉઘાડવાનું સાહસ કરવા વિષમય નાગ જેવો હાથ ધસ્યો! હાથમાં જીવ આવ્યો તેની સાથે આંખમાં પણ જીવ આવ્યો — દેશનું અંતર પળવારમાં કાપી પોતાની પ્રિય પુત્રીને ઉગારવા ગુણસુંદરીનો શુદ્ધ વત્સલ આત્મા છાયારૂપે રત્નનગરીમાંથી અચિંત્યો દોડી આવ્યો હોય તેમ દ્વાર પરની મા જેવડી છાયા પોતાની માતા જેવી લાગી અને ધસેલા હાથને ઝાલતા જેવો છાયાહસ્ત સામો ધાયો. હાથ દ્વારને અડકતાં જ કુમુદસુંદરી ભડકી અને એકદમ હાથ પાછો ખેંચી લઈ ઊભી. મચ્છેન્દ્રે ગોરખને અચિંત્યો જોયો

તેમ પોતે પણ છાયા ભણી ફાટી ભડકેલી આંખે જોઈ, દીન બની, હાથ જોડી આંગળીઓમાં આંગળીઓ પરોવી ઊભી. ભરતી બીજી પાસ વળવા લાગી. નવો જીવ આવ્યો અને દુર્યોધનની ભરસભામાં અશરણ બનેલી દ્રૌપદીનું રક્ષણ કરવા દ્વારિકાથી કૃષ્ણ આવ્યા ને સર્વને દૃશ્ય પણ પોતાને દૃશ્ય દીનબંધુને અચિંત્યા જોતાં પાંચાલીને હર્ષ થયો હતો તેનાથી અનેકધા વિશેષ હર્ષ પામતી દૃશ્ય પવિત્ર જનનીમૂર્તિ દેખતી બાળા માતા જેવી છાયા સામું જોઈ રહી, અને પોતાની લજ્જા ઢાંકવા આવેલી જનની આગળ નીચું જોતી આંખમાંથી આંસુની ધારા સારવા લાગી. મુખ માત્ર છિન્નભિન્ન સ્તવન કરી રહ્યું: પોતે શું કહે છે, કોને કહે છે તેનું ભાન ન રહ્યું: યદૃચ્છાવસ્તુ જીભ પર નાચી રહી.

'બહેની વિશુદ્ધિ! બચી તું મરતી — જીવી! જીવી! તું રહી' 'ઓ મારી માવડી! અહીંયાં પણ મારી વિશુદ્ધિ તેં સાચવી? હેં!' પવનમાં અને છાયામાં કોઈ પવિત્ર સત્ત્વ ઊભું લાગ્યું. મુખમાં પવિત્ર કોમળ સરસ્વતી ગાનરૂ-પે આવી ઊભી. બે હાથ અને મુખ પવનમાં ઊંચાં કરી દીન વદને ગાયું:

'અનાથનકે નાથ! ઓ ધાયે!. પ્રભુ અનાથકે નાથ! (ધ્રૂવ)
*

શ્રીકૃષ્ણ પોઢ્યા દ્વારિકામાં, ઝબકીને જાગ્યા શ્રીનાથ!

તત્ક્ષણ ઊઠીને ઊભા થયા, પ્રભુ ચૌદ લોકના નાથ, ધાયે૦ ૧

રુક્મિણી લાગ્યાં પૂછવા: 'સ્વામી, કો કારજ છે આજ?'

— 'પાંચાલી પાંડવતણીતમે? શેં ન જાણો એ વાત? ધાયે૦ ૨

આજ મારી દાસીને મહાદુ:ખ પડ્યું મારે તત્ક્ષણ જાવું રે ત્યાંય!'

ગોવિંદ કહે: 'લાવો ગરુડને, મને પછી પૂછજો એ વાત!' ધાયે૦ ૩

ગરુડ મૂક્યો મારગે, જાણ્યું રખે પડતી રાત!

'નરસૈંયાચા રે સ્વામી સંચર્યા રે, દ્રૌપદીએ નીરખ્યા શ્રીનાથ!'

'ધાયો પ્રભુ અનાથનકો નાથ —

ધાયો પ્રભુ અનાથનકો નાથ!

ધાયો ધાયો તું પ્રભુ અનાથનકો નાથ!'

'હા ધાયો — ધાયો — તું વિના બીજું કોણ આમ મારી વહારે ચડે? ઓ મારા પ્રભુ!' છેલ્લી કડીઓ ઊંચું જોઈ, હાથ જોડી, બોલતાં બોલતાં, જીભને જોર આવ્યું, મોં મલકાઈ ગયું, સ્વર કોમળ મધુર થયો, આંખો ચળકવા લાગી, પવિત્રતાની પેટીઓ જેવાં સ્તનપુટ ઉત્સાહથી ધડકવા લાગ્યાં અને રોમેરોમ ઊભાં થયાં. 'દ્રૌપદીએ નીરખ્યા શ્રીનાથ' કહેતાં કહેતાં હૃદય નવી આશા — નવા ઉમળકા-થી ફૂલ્યું અને છાયા ભણી સ્નિગ્ધ ભીની આંખ જોઈ રહી. માતાને બાઝી પડતી હોય તેમ છાયા ભણી હાથ પ્રસાર્યા. ઉપકારનાં અનિવાર્ય આંસુ બંધ ન રહ્યાં. ખાળ્યાં પણ નહીં, અને માતા જેવી છાયાને પગે પુષ્પવૃષ્ટિ પેઠે પડ્યાં. શાંત થતી ઉપકારથી સ્ફુરતી છાતી પર હાથ મૂકતી ગાયેલું ફરી ફરી ગાવા લાગી અને બીજે હાથે દ્વારની સાખ પકડી હાંફતી હાંફતી ઊભી રહી. કંપતી કાયાને ટેકવનાર મળ્યું. રાક્ષસના હાથમાંથી છોડવી માતા પુત્રીને છાતીએ દાબતી હોય તેવી પુત્રીની સ્થિતિ અનુભવમાં આવી. ઈશ્વર કયે માર્ગે રક્ષણ કરશે તેની કલ્પના કરવા ક્ષુદ્ર માનવી ક્યાંથી પામશે?

ઉપકારનો ઊભરો શમવા આવતાં તેમાં પશ્ચાત્તાપનો પ્રવાહ ભળ્યો. રોતી — આંસુના પટથી ઢંકાતી — આંખ પવિત્ર હૃદયને વશ થઈ અને હૃદય સ્વતંત્ર થવા પામ્યું. થાકેલો પગ જરાક ખસતાં સારંગી અથડાઈ અને દૃષ્ટિ તે ઉપર પડી. સારંગી ભણી દીન લોચન જોઈ જ રહ્યાં, સારંગીમાં જીવ આવ્યા જેવું થયું — તેના તાર જાતે કંપતા ભાસ્યા. એ તારના રણકાર — ભણકારા કાનમાં આવવા લાગ્યા અને નવીનચંદ્રની પવિત્રતા રક્ષવા ગાયેલી કડીઓ, કોઈ દૃશ્ય સત્ત્વ ગાતું હોય તેમ, સારંગીના તાર ઉપરથી ઊડી પવનમાં તરવા લાગી, નિર્બળ કાન પર વીંઝાવા લાગી:

'શુભ્ર સ્વર્ગમાં વસનારી તે ચળી પડી હરશિરે...

પડવા માંડેલી પડી પછી'.....

* * *

'ભ્રષ્ટ થયું — જરી તેનો શતમુખ વિનિપાત જ નિર્મેલો!

ભ્રષ્ટ થઈ મતિ તેનો શતમુખ વિનિપાત જ નિર્મેલો!

....વિનિપાત જ નિર્મેલો '....

છેલ્લી કડીએ વિચારને જગાડ્યો ને કુમુદસુંદરી છળી હોય તેમ ચમકી 'હાય! હાય!' એટલા બે શબ્દ બોલી બે ડગલાં પાછી હઠી. અને સારંગીથી બીતી હોય તેમ મોં વિકાસી, બાળકહૃદયને થાબડતી હોય તેમ છાતી પર બે હાથ મૂક્યા.

'મેં શું કર્યું — હું શું કરવા જતી હતી? પવિત્ર સરસ્વતીચંદ્ર, આવી અપવિત્ર સ્ત્રીથી તારી જોડ ન બંધાત — મારા જેવી ભ્રષ્ટાનો ત્યાગ તેં

કર્યો તે કેવળ ઉચિત જ થયું છે!’ ‘હે ઈશ્વર! આવી જ રીતે મને સદૈવ પવિત્ર રાખજે!’

‘જન્મેજન્મ તું મને સન્મતિ દેજે —

નિર્મળ રહે મન-કાયા રે!

કોટિક ભવનાં કિલ્મિષ નાસે

એ માગું ભવ-રાયા રે! જન્મે૦’

પવિત્રતાના વિચાર કુમુદસુંદરીના ચિત્તમાં ઊભરાવા લાગ્યા અને તેની ઉત્કર્ષભરી અસર તેના શરીર પર પણ સ્ફુરવા લાગી. તે પાછી ખુરશી પર બેઠી અને જે પત્રોએ એના મન ઉપર આટલો મોહ પ્રસાર્યો હતો તેના તે પત્રો નિર્મળ ચિત્તથી વાંચી, પૂર્વની નિર્મળ અવસ્થાનાં સ્મારક ગણી, છાતી સરસા ચાંપી, અમ્મરના પડમાં પાછા સાચવી મૂકી, કબાટમાં મૂક્યા. પાછી હતી ત્યાં ને ત્યાં બેઠી અને રાત્રિ જાય છે તેનો વિચાર કર્યા વિના, ઘડિયાળમાં એક વાગ્યો તે કાન આવ્યો છતાં ન સાંભળી, ઘડીક દિવ્ય વિચારમાં પડી. પોતાના મન ઉપર મોહ થયો હતો તેનાં કારણ વિચારી, પોતે કેટલીક ભ્રષ્ટતામાંથી કેવા ઈશ્વરપ્રસાદથી જ ઊગરી તે વાતમાં મનમાં રમમાણ કરી, ગુણસુંદરી, સૌભાગ્યદેવી, વનલીલા અને અલકકિશોરીનાં પવિત્ર રૂપ મન આગળ ખડાં કરવા લાગી. ‘અલકબહેન કરતાં હું ગઈ’ વિચારી અભિમાન છોડ્યું, અને નણંદની ઉન્મત્ત પણ નિર્દોષ મૂર્ખતાથી છવાયેલા વિશુદ્ધ રત્નોના ભડાંર જેવા તેના ભોળા અંત:કરણ ઉપર પ્રીતિ ઝરવા લાગી. રમતિયાળ રસીલી પતિવ્રતા વનલીલા જેવી સહી પોતાને મળી તે મહાભાગ્ય ભાસ્યું, અને તેની સંગતિથી પોતે વધારે ઉત્કર્ષ પામી માનવા લાગી. પળવાર પરનું તેનું પતિસુખ સંભારી બોલી ઊઠી: ‘ઓ મારી વનલીલુડી, આ સુખ તને સનાતન છાજજો!’ એવો આશીર્વાદ આપ્યો. કપાળે ચાંલ્લો કરેલો અને અંગે સાદાં મંગળભૂષણ પહેરેલાં એવી પતિ વિના જગતમાંની બીજી કાંઈ પણ વાત ન સમજનારી — સમજવા ઇચ્છા પણ ન રાખનારી — સૌભાગ્યદેવી સાસુ વહુની આંખ આગળ આવી ઊભી અને ‘બાપુ, મારા જેવી જ થજે’ એવો આશીર્વાદ આપતી માથે હાથ મૂકતી લાગી અને ભ્રમમાં કુમુદસુંદરીએ ઊંચું પણ જોયું. ગુણસુંદરીનો પણ સ્વર સંભળાયો: ‘બહેન, હું તો હશે આજ સુધી તારી પાસે શિખામણ દેવી હતી. પણ હવે જોજે હોં! હવે તો તારી મેળે જ સંભાળવાનું છે. તારા પિતાના પવિત્ર કુલને કલંક ન લાગે, તારી માની કૂખ વગોવાય નહીં, આટલું નાનું સરખું પણ આખા મોંનું — શરીરનું — ભૂષણ નાક તે જાય નહીં, તું આટલી ડાહી છે તે ધૂળમાં જાય નહીં, આટલો પરિશ્રમ કરી તને વિદ્યા આપી છે તે નિરર્થક થાય નહીં, પવિત્ર સંસ્કૃત વિદ્યા ખરાબે પડી ગણાય નહીં, લોકવ્યવહારનો તિરસ્કાર કરી આપેલી અંગ્રેજી વિદ્યાને માથે અપવાદ આવે નહીં, આ લોક અને પરલોક ઉભયમાંથી તું ભ્રષ્ટ થાય નહીં,

સાધારણ લોકના જેવી વિકારવશ અનાથ તું ગણાય નહીં, તું આવી સુંદર છે તે રાક્ષસી જેવી બને નહીં, તારું સ્ત્રીતેજ જતું ન રહે, તારા આજ તેજસ્વી અને નિર્મળ કાચ જેવા અંત:કરણ ઉપર જોવું તને જ ન ગમે એવું ન થાય — પુત્રી! મારી શાણી પુત્રી! જે કરે તે આ સૌ વિચારીને કરજે, હોં! અમે તો આજ છીએ ને કાલે નથી. કન્યાદાન સાથે અમારા હાથમાંથી તો તું ગયેલી જ છે. પણ તારી માનો સ્નેહ સંભારજે — તારી માને ભૂલીશ મા — એકલી, પરદેશમાં, પરઘરમાં ઈશ્વરને ખોળે બેઠી બેઠી પણ માને ભૂલીશ નહીં; માનું કહ્યું વિસારીશ નહીં. હવે અમારું કહ્યું માનવું — ન માનવું — તે તારા જ હાથમાં છે — તું અને તારો ઈશ્વર જ જાણનાર છો. અમારે શું? અમે કોણ? કર્તાહર્તા ઈશ્વર — અમે તો માત્ર વચમાંનાં દલાલ — આ ઘેરથી પેલે ઘેર સોંપીએ છીએ. તું કાંઈ અમારી નથી — તને શિખામણ દેવી શું કરવા પડે? પણ માનું હૈયું કહ્યું નથી કરતું — અમારાથી કહેવાઈ જ જવાય છે. કર — ન કર — તે તો તું જાણે. પણ હું તો કહું છું. હવે તું મોટી થઈ. જો, બહેન, જો, બધું તારી મરજી પ્રમાણે કરજે — પણ એક આટલું સરખું માનું કહ્યું માનજે હોં! જો, સુખદુ:ખ બદલાશે, બધું થશે, પણ કર્યું ન કર્યું નહીં થાય. માટે બહેન, જો હું શું કહું છું? — એટલું માનું કહ્યું સરત રાખજે!' એમ દીનવદને બોલતી બોલતી ગુણસુંદરી ડૂસકાં ભરતી દીકરીએ સાંભળી. પોતાને ખભે હાથ મૂકી પાછળ ઊભી હોય તેમ લાગ્યું અને માના હાથ ઝાલવા પોતાનો હાથ ઊંચો કરી પોતાને ખભે મૂક્યો અને અચિંત્યું પાછું જોયું. પાછું જુએ છે તો 'કુમુદ, જો, બેટા, કોઈ નહીં હોય ત્યાં પણ ઈશ્વર સાક્ષી છે હોં! સરત રાખજે. હું તો ખોટો બાપ છું, પણ મારો ને તારો બેનો ખરો બાપ તો એ છે, હોં. આ જગતમાં તું જે કામ કરે તે એ બાપને પૂછીને કરજે — એ તને કદી ખોટી સલાહ નહીં આપે, સદૈવ સહાય થશે અને એ તને સર્વત્ર જડશે. મને ભૂલજે પણ એને ભૂલીશ નહીં. એના કોપપ્રસાદ જેવા તેવા નથી — પાછા ફરે તેવા નથી. મેં તને કોઈ વેળા ક્ષમા આપી હશે — પણ ઈશ્વરની તો શિક્ષા થયે જ જાણીશ. ક્ષમા માગવાનો અવકાશ પણ નહીં રહે.' આમ બોલતું વત્સલતાથી કોમળ પણ ઉપદેશદાનને લીધે કઠણ ભાસતી આંખવાળું પિતાનું મુખ કુમુદસુંદરીએ પોતાની પાછળ હવામાં ઊભેલું દીઠું. તે ચમકી અને ઊભી થઈ ચારે પાસ બાવરી બની જોવા લાગી તો જ્યાં જુઓ ત્યાં પવનમાં કોઈનાં મુખ અને કોઈનાં શરીર તરવરે: એક પાસ પિતાનું, અને બીજી પાસ માતાનું મુખ; એક ઠેકાણે વનલીલા ઊભેલી; એક ઠેકાણે અલકકિશોરી આળસ મરડે; રસ્તા પરની બારી આગળ બુદ્ધિધન ઊભેલો; અગાસીની બારી આગળ સાસુ અઠીંગેલી; નવીનચંદ્રવાળી મેડીની બારી આગળ સરસ્વતીચંદ્ર ઊભેલો અને બાડી આંખે પવિત્રતાની પરીક્ષા કરવા જોઈ રહેલો; અને બધું તો બધું પણ પોતાની જ પાસે ટેબલ પર બાળક કુમુદસુંદરી પણ મોટી બહેનની મશ્કરી કરતી હસતી બેઠેલી લાગી. કુમુદસુંદરી તો આ સર્વ જોઈ ગભરાઈ જ ગઈ કે આ શું? — આ બધું શું?

— શું આ બધાંએ આજ મને નાણી જોઈ? આ તે સ્વપ્ન કે સાચું? એમ વિચારતી, ગભરાતી, ચારપાસ અને ઉપરનીચે દૃષ્ટિ ફેરવવા લાગી. ઘેલી બની ગયેલી કુમુદ આમતેમ દોડવા લાગી અને બાવરી ઉપર નીચે, ભીંતો પર, છત પર, ભોંય પર, પલંગ પર, ટેબલ પર, બારીઓ આગળ અને પવનમાં આમથી તેમ જોવા લાગી, અને ટેબલ પરની કુમુદસુંદરી હળવે હળવે ટોળ કરી ગાતી સંભળાઈ:

'બહેન બાવરી, હોં — તું તો બાવરી હોં!

હાથનાં કર્યાં તે વાગશે હૈયે કે બહેન મારી બાવરી હોં!

બાવરી હોં!'

એમ કહે કહેતી નાની બહેન ઊઠી અને સામે આવી હસતી હસતી હાથેલી વતે ચાળા કરવા અને બહેનને બનાવવા લાગી. કુમુદસુંદરી થાકી ગઈ અને ખુરશી પર બેસી રોઈ પડી. 'ઓ ઈશ્વર! હવે હું આવો વિચાર પણ ફરીથી નહીં કરું!' એમ બનેલી નિ:શ્વાસ મૂકી અમૂંઝાઈ ટેબલ પર માથું ઊંધું પટક્યું, રોઈ રોઈ આંખો રાતી કરી દીધી, ટેબલ પરના કાગળ પલાળી દીધા અને છાતી કૂટી. પશ્ચાત્તાપની — ઈશ્વરશિક્ષાની — સીમા આવી. ચોળાયેલી આંખ ઊંચી કરતાં સર્વ દેખાવ અગોચર થયેલો લાગ્યો, મેડી નિત્યના જેવી એકાંત દેખાઈ અને તેમાં પોતાને એકલી હતી તેવી જ જોઈ, ઈશ્વરે ક્ષમા આપી અંત: કરણે પરખી — ઈશ્વર ત્રૂઠ્યો લાગ્યો. હૃદય ભાર તજી હલકું હલકું થતું અનુભવ્યું.

હજી પ્રાયશ્ચિત્ત પૂરું ન થયું. અશ્રુપાત એનું શરીર ઝબકોળતો ન અટક્યો.

'રોઈ રોઈ રાતી આંકડી, ખૂટ્યું આંસુનું નીર!

નયને ધારા બબ્બે વહે, વહે અંગ રુધિર —

વૈદર્ભી વનમાં વલવલે!' *

માનસિક વિશુદ્ધિએ પળવાર પોતાનો ત્યાગ કર્યો તેથી વલવલતી જેવી ઉત્કૃષ્ટ બાળા પ્રાયશ્ચિત્તવનમાં અટવાઈ; સમુદ્રનાં મોજાં એક ઉપર એક એમ આવ્યાં જ જાય તેમ રહી રહીને રોવા લાગી; જાગ્રત સ્વપ્નમાં માએ કહેલાં વચન અને બાપે આપેલો ઉપદેશ સંભારીસંભારી પોતાના પુત્રીપણામાં ખરેખરી ન્યૂનતા આવી જાણી પોતાને વારંવાર ધિક્કારવા લાગી; તે વચન અને તે ઉપદેશના અક્ષરેઅક્ષરમાં રહેલું ગંભીર સત્ય પ્રત્યક્ષ કરી કંપવા લાગી; પતિથી, પ્રિયથી, માથી, બાપથી, વિશુદ્ધિથી અને ઈશ્વરથી પણ પોતે વિખૂટી પડી એકલી અનાથ બની હોય તેમ ટળવળવા લાગી; અને 'એ સર્વ સ્વજનની સ્વીકારવા યોગ્ય હવે હું કદી પણ થઈશ?' એવું મનને સુકાઈ જતે મોંએ મનાવતી પૂછવા લાગી. 'હું અપરાધી કોઈને

મોં શું દેખાડું?' કરી લજ્જાવશ બની ધરતીમાં પેસી જતી હોય તેવા વિકારનો અનુભવ થયો. 'આટલો અફરાધ ક્ષમા કરી હવે મને સ્વીકારો' એમ દીન વદનથી કહેતી ભાસી. અંબારૂપ ઈશ્વરને કે પછી પોતાની માને કાલાવાલા કરતી હોય — 'તે હવે કોઈ પણ સ્થળે દેખાય છે?' એમ કરી સર્વત્ર જોતી હોય — તેમ આંસુભરી લવી:

'અંબા, ઓ મારી માડી રે! જોજે તું પદ નિજ ભણી;

કર્યાં તે મારા સામું રે — જોઈશ ન તું મુજ કરણી.'

વળી ગદ્ગદ કંઠે ગાવા લાગી:

'તેં તો મને દીધી રે આવી માનવી કાયા, માત!

તે તું ન ત્યજ મુને રે, તારા વણ હું કરું રે વલોપાત

વહાલી મારી માવડી!

દશે એ દિશાઓએ રે મા! હું જોઉં તે તારો પંથ -

તું વણ તે દેખાડે રે કોણ કે આમ થાવું સંત?

સૌ સૂનું મા વિના!'

'ઓ મા! અને મા!' કરતી કરતી શુદ્ધ પવિત્ર બનતી બનતી કુમુદસુંદરી અશ્રુસ્નાનથી સંસ્કારી થઈ. રોવું છોડી ગંભીર થઈ અને સ્વાધીન દશા પામી.

વસ્તુ, વૃત્તિ અને શક્તિ એ ત્રિપુટીનો યોગ પ્રવૃત્તિનિવૃત્તિનો સાધક છે. સૃષ્ટિના સર્વ પદાર્થો પેઠે એનો પણ સદુપયોગ તેમ જ દુરુપયોગ થાય છે. તે સર્વ ઘટનાનો સૂત્રધાર શું ધારે છે તે તો કહી શકાતું નથી, પણ તેની ઇચ્છાને અધીન રહેતી કોઈક જાતની સ્વતંત્રતા માનવીમાં છે અને તે સ્વતંત્રતાની પ્રવૃત્તિ ઉપરથી જ કર્મમાત્રની શુભાશુભતા કલ્પાય છે. પ્રત્યક્ષ અથવા પરોક્ષ, સત્ અથવા કલ્પિત વસ્તુ ભણી માનવીની વૃત્તિ ખેંચાય છે અથવા જાય છે અને તેમ થવામાં શક્તિ ઓછીવત્તી સાધક અથવા બાધક થાય છે. શક્તિ જડ અથવા ચેતન અંશની હોય છે. જડશક્તિનો ઉપયોગ વૃત્તિને અનુસરનાર જ હોય છે. ચેતનશક્તિ બુદ્ધિને અનુસરી વૃત્તિને અનુકૂળ અથવા પ્રતિકૂળ થાય છે. પૃથગ્જન [૧] તેમ જ કેટલાક બીજા એમ માને છે કે સ્વતંત્રતા એટલે જડશક્તિની નિરંકુશતા. કેટલાક એમ માને છે કે સ્વતંત્રતા એટલે ચેતનશક્તિની નિરંકુશતા. જડશક્તિ પશુઓને અને પશુવૃત્તિના સંસ્કારી માનવીઓને વધારે પરિચિત હોય છે અને તેની સંવૃદ્ધિ સુલભ છે. ચેતનશક્તિની સંવૃદ્ધિ દુર્લભ છે અને સદ્બુદ્ધિને અનુસરવામાં વપરાતી હોય ત્યારે તે શક્તિ જય પામે તે તો પવિત્ર સુખ અને ઈશ્વરપ્રસાદની પરિસીમા છે. આ જય પામવો તે યુદ્ધના પ્રસંગ સિવાય બનતું નથી. કેટલાંક માનવી આવા યુદ્ધપ્રસંગ વિના પવિત્ર રહેલાં હોય છે

— પ્રસંગ ન આવે તે પણ એક મહાભાગ્ય જ છે! પ્રસંગ આવ્યે શુદ્ધ જય પામે તે તો વિરલ જ, પણ જય પામતાં પહેલાં શત્રુના ઘા સહેવા પડે અને આગળ ધપતા પહેલાં જરી પાછળ પડવું પડે તો તેથી યુદ્ધમાં પડનારનો જય સકલંક નથી થતો. આવા પ્રસંગના અપરિચિત માનવી! આવા યોદ્ધાની પાછી પડેલી પદપંક્તિ અને સામે મુખે ખમેલા ઘામાંથી વહેતું રુધિર જોઈ, તે ઉપરથી તે યોદ્ધાની નિર્બળતાનો વિચાર ન કરતાં તેણે અજમાવેલ દુ:સહ બળનો વિચાર કરી તે યોદ્ધાને માન આપજે — તેની પૂજા કરજે. માનવીની નિર્બળતાનો અંત નથી — તારી નિર્બળતા કસાઈ ઉઘાડી પડી નથી તે લક્ષમાં રાખી — થોડાઘણા પણ બળવાન યોદ્ધાને જોઈ જયનું સ્તવન કરજે — અને પ્રસંગ પડ્યે ઈશ્વર તને પણ એવું જ બળ આપે એવી પ્રાર્થના કરજે. નિર્બળતા ઉપર અનુકંપા ઊપજે અને સન્માર્ગે બળની ઉત્પત્તિ જોઈ અનુમોદન થાય એ પણ સૂક્ષ્મ અનુભવ અને ઉદાર કોમળ પવિત્રતા વિના કેવળ દુર્લભ છે.

ક્ષણવાર નિર્બળ નીવડેલી પણ અંતે પવિત્ર રહી શકેલી બાળક કુમુદસુંદરીની સુંદર અને શક્તિમતી પવિત્રતા મૂલ્યપરીક્ષક! તારી ચતુરતા ઘણી સૂક્ષ્મ રાખજે અને તેનો સદુપયોગ કરજે. આત્મપરીક્ષા પ્રથમ કરજે કે પરપરીક્ષા શુદ્ધ થાય. પોતાની છાયાથી ચમકદાર અને પોતાની જ કલ્પનાશક્તિ પાસેથી ઉપદેશ લેનાર ચેતનશક્તિ બળિષ્ઠ અને નિરંકુશ મોહના આવરણને ફાડી નાંખે એ વિશુદ્ધિનું महिमन् ગવાય તેટલું ઓછું છે.

અશ્રુસ્નાનથી શુદ્ધ બની, હૃદયપશ્ચાત્તાપનું તપ કરી, પવિત્ર સત્ત્વોનું સમાધિમાં દર્શન કરી, વિશુદ્ધિમય બનતી બાળાના મુખ ઉપર નવું નવું તેજ આવવા લાગ્યું, તેનું વિશાળ કપાળ આકાશ જેવું વિશાળતર થયું અને રક્તચંદ્રે પૂર્ણિમા અનુભવી. આંખો આનંદાશ્રુથી સ્નિગ્ધ બની વિકસી ચળકાટથી ઊભરાઈ, અને ગંભીર મંદ સ્મિત શાંત નદી જેવી અધરરેખા ઉપર તરંગાયમાન થયું. પાંખો પ્રસારી વિસ્તાર પામી પ્રફુલ્લ બની, ઊંચી ચાંચ રાખી બેઠેલું રમણીય રસિક નિરંતર સંયુક્ત સ્તનસંપુટાકાર દ્વિજનું[2] જોડું સુવૃત્ત હૃદયમાં ગર્ભરૂપે રહેલા કોમળ આનંદને સેવવા લાગ્યું. હૃદયકમળમાં તત્ક્ષણ ઉદયમાન થતા તેજગર્ભની અસર ઊંચે ચડી જતાં તેની મસ્તિક પણ તર થયું અને વિભ્રમશિખર પામતાં હોય તેમ નયનપુટ પણ અર્ધનિમીલિત થયાં. નખથી શિખ સુધી પવિત્ર તેજ સ્ફુરવા લાગ્યું.

મનઆકાશમાં પવિત્રતાનો કોમળ ઉદય થતાં અંધકાર નાશ પામ્યો. મદનનિશાચર દૃશ્ય થઈ ગયો. કુમુદસુંદરી ઊઠી અને હવે શું કરવું તે વિચારવા લાગી. સૂવાનો વિચાર કર્યો. પણ પલંગ ભણી જતાં જતાં સૂઝી આવ્યું: 'સરસ્વતીચંદ્રની સાથે મારે હવે સંબંધ નથી એ વાત આજથી સિદ્ધ. ઈશ્વર, હવે એ પવિત્ર પુરુષને મારા ભ્રષ્ટ હૃદયમાં આણી અપવિત્ર ન કરીશ — મને મારા યોગ્ય મારા પતિમાં જ રમખાણ રાખજે, એટલો પતિ મને છાજે તો ઘણું છે.

‘પણ સરસ્વતીચંદ્રની એક સેવા કરવાનું મારા હાથમાં છે. મુંબઈ જઈ ઘેર જઈ પોતાને ઉચિત વ્યવહારમાં પડે — હેશસેવા કરે — એટલું એને હું સમજાવી ન શકું? એટલું કાર્ય કરવા એની પાસે જવું એ યોગ્ય ખરું? ના. પણ પિતા અને મિત્રથી સંતાતા ફરતા રત્ન ઉપર મારી દૃષ્ટિ જાય અને એ રત્નને આમ અંધકાર સમુદ્રમાં પડતું હું જોઈ રહું એ પણ ઉચિત ખરું? — ના.

‘એની પાસે જવામાં વિશુદ્ધિને ભય ખરો? — હા. મારોયે વિશ્વાસ નહીં અને એનો વિશ્વાસ નહીં.

‘ત્યારે ન જવું.’

‘પણ ચંદ્રકાંત આવે છે તે પહેલાં કંઈક નાસી જશે તો? પછી કાંઈ ઉપાય ખરો? — કાંઈ પણ ઉપાય હોય તો તે આજની રાતમાં જ છે – પ્રભાત થતાં નથી. મારા વિના બીજા કોઈના હાથમાં એ ઉપાય નથી.

‘નાસશે? આટલું સાહસ કરનારનો હવે શો ભરોસો?

‘વિશુદ્ધિને કાંઈ બીક નથી. સ્ત્રી આગળ પુરુષ નિર્બળ છે. મારામાં મારાપણું હશે તો વિકારનો ભાર નથી કે બેમાંથી એકના પણ મનને એ વશ કરે. અને હવે વશ કરે? — ઈશ્વર મારો સહાયભૂત છે.

‘ભયંકર સાહસ કરવાનું છે — પણ આવશ્યક છે.

‘ના, હવે મારી વિશુદ્ધિ નિર્ભય છે. મારી માતા, આજ તારો ઉપદેશ — તારી પવિત્રતા — એ મારું અભેદ્ય કવચ છે. હું તારી પુત્રી છું. પતિ! તમારા કૃત્ય સામું જોવું એ મારું કામ નથી. મારે મારા પોતા ઉપર જવાનું છે. હું કોણ? કોણ માબાપની દીકરી? આ ક્ષણભંગુર ક્ષુદ્ર સંસારમાં વિશુદ્ધિને મૂકી બીજું શું લેવાનું છે? પવિત્ર સાસુજી — મહાસતી દેવી! — તમારો આશીર્વાદ ફરે એવો નથી! ત્યારે મલિન વિચાર જખ મારે છે.’

પલંગ પર હાથ મૂકી નીચું જોઈ પળવાર વિચારમગ્ન થઈ. અંતે ઊંચું જોઈ, બે હાથે પલંગ પકડી –સત આવ્યું હોય તેમ ઉશ્કેરાઈ ગાવા લાગી. ગાતાં ગાતાં દીનતા ધરવા લાગી:

‘અંબા! વહેલી આવની તું, અંબા, વહેલી આવ રે, –

મૂક હાથ તુજ મુજ મસ્તક પર, અંબા વહેલી આવ;

અંબા, જગજનની! ૧

મદનદૈત્યસમ મલિનસત્ત્વને કાઢ તું ઉરથી બહાર રે;

પવિત્ર તારું તેજ હૃદયમાં વસાવ આજની રાત; — અંબા૦ ૨

તૈજસી માયા રચી મસ્તિકમાં' નિર્મળ સ્વપ્ન તરાવ રે;

ચર્મચક્ષુએ પાટા બાંધી, સતનું ઘેન ચડાવ; — અંબા૦ ૩

શાંત તેજ તુજ, મા, મુજ મુખ પર આજે એવું રાખ રે,

દશામૂઢ પ્રિય ચંદ્ર ન પામે જોઈ જે મોહ જરાય — અંબા૦ ૪

પ્રિય ચંદ્રને દશા ગ્રસે તે હુંથી ન જોઈ શકાય રે,

તેજસ્વીને જોઈ છવાયો કાળજું ફાટી જાય; — અંબા૦ ૫

ન ગણી ભીતિ, ન ગણી રીતિ, મધ્યરાત્રિએ આમ રે -

પવિત્ર કાર્ય કરવા ઉર ચલવતું અણઘટતી આ હામ — અંબા૦ ૬

સ્નેહની માયાથી લપટાયાં, તોય તીવ્ર સ્મરબાણ રે,

બુઠ્ઠાં થઈ અમ ઉર ન પેસે! — એ પરતો દર્શાવ — અંબા૦ ૭

સુખદુ:ખમાં ને પતિ પરાયા થતાં તું એકલી એક રે,

છાતી સરખી ચાંપે તે, મા જાળવજે મુજ ટેક!– અંબા૦ ૮

તુજ ખોળે માથું, મા, રાખે નિજ પુત્રીની લાજ રે;

પર થયેલા પ્રિયને છોડવતાં સત મુજ રહો નિષ્કામ! — અંબા૦ ૯

પિતા કહો કે કહો જગદંબા.! મારે મન મુજ માત રે!

અગ્નિમાં પેસું તેને, મા, કાઢ બહાર વણ આંચ — અંબા૦ ૧૦

ગાઈ રહી પલંગ એમનો એમ પકડી રાખી, બારીમાંના આકાશ સામું જોઈ, જોસથી ફરફડતે ઓઠે બોલી: ‘હે અંબા! પુરુષ તારા હાથમાંનું રમકડું છે. તેને દુ:ખયાંથી ઉગારવો તે તારી સત્તાની વાત છે. તારો પ્રતાપ તેને હસાવે છે — રડાવે છે — રમાડે છે. સૂર્ય તો ઊગતાં ઊગે છે પણ અંધકારની સંહારિણી અને સંસારની તારક તો માતા ઉષા છે. અંબા! સરસ્વતી અને લક્ષ્મી, વિધાત્રી અને કાલિકા — એ સર્વ તારાં રૂપ છે!

'અંબા! હું તારી પુત્રી છું — તારા પ્રભાવનો અંશ મારામાં સ્ફુરતો મને લાગે છે. સરસ્વતીચંદ્ર, તમને મહાપાતકમાંથી ઉગારવા એ મારી સત્તામાં છે. મદન તમારી છાતી પર ચડી બેસે તો તેને ભસ્મસાત્ કરવો એ મારું કામ છે.

'સરસ્વતીચંદ્ર! તમારા મનમાં મારું કહ્યું વસો! આપણી પૂર્વપ્રીતિને ઉચિત તમારી સેવા હું બજાવી શકું એમ કરો! હે શુદ્ધિ — બુદ્ધિ! મારામાં વસો!'

એટલું બોલી ખુરશી પર બેઠી અને જે કાગળ પર પ્રથમ લખવા માંડ્યું હતું તે જ કાગળની પીઠ પર ભૂલથી લખવા માંડ્યું:

'પર થયેલા સ્વજન!

'તારી સાથે બોલવાનો હવે મને અધિકાર નથી, તો ચિત્ત પોતાનો રસ્તો લેખ દ્વારા કરે છે. એ ચિત્ત ઉપર તને કાંઈ પણ અનુકંપા હોય, એ ચિત્ત તારે સારુ બળે છે તેમ એને સારુ તારું ચિત્ત રજ પણ બળતું હોય તો મારા ચીત્તની છેલ્લીવેલ્લી પ્રાર્થના સુણી લે અને તેના ઉત્તરમાં કંઈ પણ. બોલવાને ઠેકાણે પ્રાર્થના સિદ્ધ કર. ઘુવડની દૃષ્ટિ ગઈ તો તે તેનાં કર્મ! પણ દિવસ જોનાર! નયન તારે છે તે તો ઉઘાડ!

અવનિ પરથી નભ ચડ્યું વારિ પડે જ પાછું ત્યાં ને ત્યાં:

ટૂંકું કર્મ ટૂંકું રહેવાને સરજેલું આ ધરતીમાં. ૧

નભવચ્ચોવચ્ચ રંગીન થાતાં ગરુડરાજની પાંખ થકી,

સુભગ ઘડીક એ બન્યું; નવાઈ ન, એ દશા જો ના જ ટકી. ૨

પણ ઊંચા નભના સંચારી પક્ષીરાજ, તું આવ્યો આ

ધરતી પર ત્યાંથી ઊડ પાછો; પક્ષહીનનો દેશ જ આ. ૩

ફફડાવી પાંખો સોનેરી, રચ રસયંત્ર તું રસધરમાં!

વિશાળ વ્યોમ માપી લે, ને ન્હા સૂર્યકિરણના સરવરમાં! ૪

ગિરિશિખરે, ધનમાં ને નભમાં ઊંચો તું ઊડશે જ્યારે,

સૂર્યબિંબથી સળગી ઊતરતા કરઅંબાર વિષે જ્યારે. ૫

સુવર્ણપક્ષની જશે ભભક ભળી, તે સમય તુજ કીર્તિને

જોઈ જોઈ પૃથ્વી પરથી પૂજીશું — ઉરમર્મથી અનુમોદીને. ૬

નહીં ઉડાયે પોતાથી — પણ પ્રિયની વિમાનગતિ જોઈ

રાચવું એટલું રહ્યું ભાગ્ય તે રાખ! નીકર રહીશું રોઈ. ૭

સ્નેહ પોતાનું માણસ પૃથ્વીના પડમાં સંતાયેલું હોય ત્યાંથી શોધી કાઢે છે. ચર્મચક્ષુ છેતરાય પણ હૃદયની ઓળખવાની શક્તિ ઓર જ છે. બાહુક દમયંતીથી ઢાંક્યો ન રહ્યો.

કહેનારે કહેવાનું કહી દીધું. ફળદાતા પોતે જ પરકીય બન્યો ત્યાં હજી કેટલો ક્રૂર નહીં થાય તે તેના વિના બીજું કોણ જાણે? સહેનાર સહેશે — હજી કેટલું સહન કરાવવું તે તારા હાથમાં છે.

લિ. કોણ તે કહ્યે તારી પાસેથી શો લાભ છે?'

કાગળ લખી રહી અને હાથમાં લીધો.

'આ પત્ર હું એમના ખિસ્સામાં મૂકીશ — અને જાગતા હશે તો એમના ઉપર નાંખી પાછી આવતી રહીશ. એમની સાથે બોલીશ નહીં. એમના સામું જોઈશ નહીં. અંબા, મારી સાથે ચાલ.'

આટલું બોલી એકદમ ઊઠી અને જાણ્યે તેમ જ અજાણ્યે લખાયેલા સર્વ લેખોનું પાત્ર થયેલા પત્રમેઘને ચંદ્રલેખા જેવી બનેલી હાથેલીમાં લટકતો રાખી ખચક્યા વિના ચાલી. જે દ્વાર ઉઘાડવા જતાં આકાશ અને પાતાળ એક થઈ ગયાં હતાં તે દ્વાર પળવારમાં પગ વતે હડસેલી ઉઘાડ્યું અને પોતે અંદર આવી ઊભી.

અંદર કોઈ હતું કે? તે કોણ હતું? તે શું કરતું હતું? કુમુદસુંદરીને આ પ્રસંગે જોઈ તેના મનમાં શું આવ્યું અને તેણે શું કર્યું?

બુદ્ધિધનની સાથે મોડી રાત્રે ઘેર આવી નવીનચંદ્ર પોતાની મેડીમાં આવ્યો. આખા દીવસનાં તર્કભર નાટક, બુદ્ધિધનનું પ્રથમ વિકસતું દેખાતું કારભારતંત્ર, કાલ શું થવાનું છે તેની કલ્પના, પોતાનું ઘર, કુમુદસુંદરી, પોતાને નીકળવાનો વિચાર અને તે સંબંધી સર્વ યોજનાઓ: આ સર્વ વિષય

નવીનચંદ્રના મસ્તિકમાં ઊભરાવા અને વધવા લાગ્યા અને કોમળ નિદ્રા બીતી બીતી માત્ર દૂર ઊભી રહી.

ખાટલા ઉપર તેને ચટપટી થઈ. અધૂરામાં પૂરું જોડેની મેડીમાંથી કુમુદસુંદરીના અવ્યક્ત સ્વરે અને તેમાં ભળતા સૂક્ષ્મ રુદિતે દ્વારનું અંતર ન જેવું કર્યું અને ઉભય નવીનચંદ્રના કાન પર દુઃખદોષણા પેઠે વીંઝાવા લાગ્યા. નિદ્રા ન જ આવી એટલે તેણે ખાટલાનો ત્યાગ કર્યો અને ગાંસડીમાંથી એક કાગળ કાઢ્યો. તેમાં કેટલીક કવિતા પ્રથમની લખેલી હતી અને કેટલીક નવીનચંદ્ર અત્યારે ઉમેરવા બેઠો. તે પણ લખી રહ્યો અને અંતે ખાટલા પાછળ ખુરસી પર દીવી મૂકી સૂતો સૂતો પોતે લખેલું પોતે વાંચવા લાગ્યો. વાંચતાં વાંચતાં એકાગ્ર થઈ ગયેલા ચિત્તમાં પેસવા અનિદ્રાને અવકાશ મળ્યો. કાગળ પકડી હાથ છાતી પર પડી રહી ગયા અને નયન સ્વપ્નવશ અંતરમાં વળ્યું.

એટલામાં કુમુદસુંદરીએ દ્વાર ઉઘાડ્યું તેની સાથે નિદ્રા પાછી જતી રહી અને આંખો ચમકીને ઊઘડી.

'આ શું?... કુમુદસુંદરી!' આ પ્રશ્ન નવીનચંદ્રના મસ્તિકાકાશમાં વ્યાપી ગયો. તે દિગ્મૂઢ થયો; સ્વપ્ન કે જાગ્રત તે ન સમજાયું; કલ્પનાવશ થયો, કુમુદસુંદરી પર કંઈ કંઈ વૃત્તિઓવાળી હોવાનો આરોપ કર્યો, પરવૃત્તિનો આભાસ થતાં સ્વવૃત્તિ જાગવા લાગી, વિશુદ્ધિ ડગમગતી — કંપતી — જય પામવા પ્રયાસ કરવા લાગી, મને નિશ્ચય કર્યો કે આંખો ન ઉઘાડવી, આંખોએ નિશ્ચય કર્યો કે પોપચાં જરાક ઉઘાડાં રાખી પાંપણોમાંથી જોવું કે કુમુદસુંદરી શું કરે છે. કુતૂહલ તલપી રહ્યું, હૃદય અધીરું બની ગયું અને શરીર સ્તબ્ધ થઈ ગયું.

દ્વાર ઉઘાડી કુમુદસુંદરી અંદર આવી અને દૃશ્ય પદાર્થ જોવા લાગી. નવીનચંદ્રના ખીસામાં પત્ર મૂક્યો — તેને મૂકતી નવીનચંદ્રે જોઈ. પત્ર મૂકી કુમુદસુંદરીએ પાછું જવાનું કર્યું — પણ નવીનચંદ્રની છાતી પરનો પત્ર દીઠો. સ્ત્રૈણ જિજ્ઞાસા હૃદયમાંથી છલંગ મારી મસ્તિકમાં આવી. પાછાં જવાને સટે કુમુદસુંદરી ખાટલાના ઉશીકા ભણી ચાલી અને ધીમે રહીને સૂતેલાના હાથમાંથી પત્ર ખેંચવા લાગી. કોણ જાણે નવીનચંદ્રની ઇચ્છાથી કે કોણ જાણે કુમુદસુંદરીની ચતુરતાથી આખો પત્ર સરતો સરતો ફાટ્યા વિના હાથમાં આવ્યો.

કુમુદસુંદરીએ અક્ષર ઓળખ્યા! **સરસ્વતીચંદ્ર ખરો!** એ જાગે કે ઊંઘે છે તે જોવા પળવાર એના શરીર પર મુગ્ધ નયન રમમાણ થયું. જે શરીર પર પોતે અત્યંત ઉલ્લાસથી પિતાને ઘેર છાની છાની જોઈ રહેતી તે શરીર ખરું — માત્ર કૃશ અને વિવર્ણ થયું હતું — તે તો થાય જ! છાતી ઉપર પાંસળીઓ સ્પષ્ટ દેખાતી હતી, મુખ પર લાલાશ ન હતી. અને લક્ષાધિપતિનો બાળક, ઘરબાર તજી, પરદેશમાં, પરગૃહમાં, આમ અનાથ

જેવો પોતાને વાસ્તે જ ભમે છે — એ વિચાર બાળાના મનમાં થયો અને સૂતેલું શરીર ધ્રૂજતી ધ્રૂજતી રોતી રોતી જોવા લાગી.

મન્મથ તો કેવળ ભસ્મસાત્ જેવો થયો પણ પ્રિયદુ:ખ જોવાથી થતું દુ:ખ દુ:સહ થઈ પડ્યું. કુમુદસુંદરી સરસ્વતીચંદ્રનું શરીર ઊભી ઊભી જોઈ રહી! નિ:શ્વાસ એક પછી એક નીકળવા જ લાગ્યા; આંખો આંસુથી છલકાઈ ગઈ; પાંપણોમાંથી ગાલ ઉપર, ઓઠ ઉપર, ત્યાંથી ખભા ઉપર અને છાતી ઉપર વસ્ત્ર પલાળતી આંસુની ધાર ટપકટપક થઈ રહી; છાતી તોડી અંતરના ધબકારા સ્તનમાં મૂર્તિમાન થયા, અને અંતરનાં ડૂસકાં મુખમાં ચડી આવ્યાં. વગર બોલ્યે આખું શરીર ‘હાય હાય’ કરી રહ્યું. પાંચ મિનિટ, દસ મિનિટ, તે આમની આમ ઊભી જ રહી, આંખો ન ઉઘાડવાનો નિશ્ચય કરનારે ન જ ઉઘાડી.

અંતે રોતી રોતી કુમુદસુંદરી ખાટલા પાછળ ગઈ અને પત્ર વાંચવા લાગી. સરસ્વતીચંદ્રનું સર્વ હૃદય તેમાં દુ:ખમય અક્ષરરૂપે ચમકતું હતું. શાહી તાજી જ હતી! દુ:ખથી વાંકી વળી ગઈ હોય તેમ વાંકી વળી પત્ર વાંચવા લાગી — ગઝલો ગાવા લાગી:

‘દીધાં’ છોડી પિતામાતા; તજી વહાલી ગુણી દારા,
ગણ્યા ના મર્મ ભેદાતા; લીધો સંન્યાસ એ, ભ્રાતા!
પિતા કાજે તજી વહાલી, ન માની વાત મેં તારી!
ગણ્યા ના ગાઢ નિ:શ્વાસ; લીધો સંન્યાસ એ, ભ્રાત!
થરો દારુણ મનમાન્યો, વિફળ થઈ સ્નેહની સાનો,
હવે સુકુમાર ઉર ફાટી જતું જોવું રહ્યું બાકી.
રુએ તે દેવી રોવા દે! અધિકારી ન લો’વાને
પ્રિયાનાં આંસુ હું, ભાઈ; ન એ રહેવાય જોવાઈ.
અહો ઉદાર વહાલી રે! ટકાવી દેહ રાખી રે;
ન ભુલાતું તું ભૂલી દે! વિધિનું ધાર્યું વેઠી લે!
અહા ઉદાર વહાલી રે! સતી તું શુદ્ધ શાણી રે!
ન જોડાતું તું જોડી દે! છૂટેલાને તું છોડી દે!
અહો ઉદાર વહાલી રે! સતી તું શુદ્ધ શાણી રે!
છૂટે ના તે નિભાવી લે! પડ્યું પાનું સુધારી લે!
અહા ઉદાર વહાલી રે! દીઠું તે સ્વપ્ન માની રે;
ન ભુલાતું તું ભૂલી દે! દીસે તેને નિભાવી લે!

અહો ઉદાર વહાલી રે! ન નિવારાયું ભાવિ રે,

ન ભુલાતું તું ભૂલી જા — વિધિનું પાયું તે પી જા.

અયિ ઉદાર ઓ વહાલી!. સખા! વાહલા! ખરા ભાઈ!

અમીની આંખ મીંચો ને! જનારાને જવા દો ને!

ગણી સંબંધને તૂટ્યો, ગણી સંબંધને જૂઠો,

કૃતઘ્નીને વિસારો ને! જનારાને જવા દ્યો ને!

હતી લક્ષ્મી! હતા તાત! હતી વહાલી! હતો ભ્રાત!

નહીં! — ત્યારે –નહીં કાંઈ, ન લેવું સાથ કંઈ સાહી.

અહો તું ભાઈ વહાલા રે! ભૂલી સંસ્કાર મારા રે,

બિચારો દેશ આ આર્ય! — કરે તે કાજ કંઈ કાર્ય.

અહો તું ભાઈ — ભાઈ રે તું-રૂપી છે કમાઈ રે

બિચારા દેશને, તેને ગુમાવે શોધી શેં મુને!

મૂકી દે શોધવો મુને! મૂકી દે શોચવો મુને!

પ્રિયાની આ દશા દેખું — નથી સંસારમાં રહેવું.

હવે પાછો નહીં આવું! મૂક્યું પાછું નહીં સ્હાઉં!

રહ્યું તે યે તજી દેવું — શું છે સંસારમાં લેવું?

અહો તું જીવ મારા રે! દીધો શો દંશ દારાને?

ગણી ના પ્રાણપ્યારી તેં! ઠગી તેં મુગ્ધ વહાલીને!

અહો તું જીવ મારા રે! દીધો શો દંશ દારાને?

થશે શું પ્રાણપ્યારીને? હણી મુગ્ધા કુમારી તેં.

હવે, ઓ ક્રૂર ઉર, ફાટ! અહોરાત્રિ વહો ધાર,

અભાગી નેત્ર મારાને! ઘટે નિરાંત તે શાની?

અહો ઓ જીવ મારા રે! દઈ આ દંશ દારાને;

ઘટે ના વાસ સંસારે — ઘટે સંન્યાસ તો ત્હારે.

અહો ઓ જીવ મારા રે! દઈ આ દંશ દારાને,

ઘટે ના ભોગ–સંસાર, ઘટે ના શાંત સંન્યાસ.

શરીરે ભસ્મથી છાયો, ઉરે અત્યંત સંતાપ્યો,

ઊંડો જ્વાળામુખી જેવો, — હવે સંન્યાસ આ તેવો!

તજી તેં ત્યાં પડી છૂટી સરિતા અબ્ધિમાં સૂતી!

ગિરિ! એ સાંકળી તુંને નહીં તોડી કદી તૂટે;

જડાઈ ભૂમિમાં સ્થિર, ઊંચે આકાશ * ઉદ્ગ્રીવ,

થઈ તારે રહ્યું જોવું નદીનું અબ્ધિમાં રોવું.

હવે સ્વચ્છંદચારી હું! યદૃચ્છાવેશધારી હું!

પતંગો ઊડતી જેવી — હવે મારી ગતિ તેવી.

ઊડે પક્ષીગણો જેમ, હવે મારે જવું તેમ;

સમુદ્રે મોજું રહે તેવું હવે મારેય છે રહેવું.

નહીં ઊંચે — નહીં નીચે મળે આધાર, ઘન હીંચે,

નિરાધાર — નિરાકાર — હવે મારીય એ ચાલ.

સ્પુરે પોતે, ન દેખાય, કુમુદની ગંધ ગ્રહી વાય,

અરણ્યે એકલો વાયુ! જીવન એ ભાવિ છે મારું.

જહાંગીરી–ફકીરી એ! લલાટે છે લખાવી મેં!

પ્રજાએ હું — ‘નૃપાળે’ હું! ઉરે, ઓ એકલી, તું – તું!

કવિતા વંચાઈ. કાગળ પર ઠેકાણે ઠેકાણે લખનારનાં આંસુ પડવાથી ઘણાક અક્ષરો ચેરાયા હતા અને ઘણેક ઠેકાણે આંસુના ડાઘ ભીના અને તાજા હતા. જેમ જેમ વધારે વાંચતી ગઈ તેમ તેમ કુમુદસુંદરીના મર્મ કચડાવા — ચિરાવા લાગ્યા, દુ:ખનો પાર રહ્યો નહીં, અને આંસુનો અવધિ દેખાયો નહીં.

અંતે શોકનું શિખર આવ્યું, કવિતા પૂરેપૂરી વંચાઈ રહ્યા પછી પળવાર વિચારમાં પડી, હૈયાસૂની બની, કુમુદસુંદરી ત્રિદોષ થયો હોય તેમ બકવા લાગી:

‘નિરાધાર — નિરાકાર અરણ્યે એકલો એ તો!

હવે પાછો નહી: આવે! ઊંડો જ્વાળામુખી જેવો!

ગણ્યા ના મર્મ ભેદાતા! ન ભુલાતું ન ભુલાય!

ઉરે –ઓ એકલી! તું તું! અરણ્યે એકલો એ તો -

નિરાધાર — નિરાકાર! સહુ હું દુષ્ટને કાજ!

ન ભુલાતું — ન ભુલાય! — નિરાધાર — નિરાકાર!

નહીં તોડી કદી તૂટે!’...........

એમ ગરીબડું મુખ કરી રોતી રોતી — પોતે ક્યાં છે તે ભૂલી જઈ — છિન્નભિન્ન ગાતી કુમુદસુંદરીની આંખમાં તમ્મર આવી, વીજળી શિર પર પડતાં નાજુક વેલી બળી જઈ અચિંતી પડી જાય તેમ મૂર્ચ્છા પામી કુમુદસુંદરી ધરતી પર ઢળી પડી, કાગળ હાથમાંથી આઘો પડી ગયો, તેનું લોહી ફટકી ગયું, અને આંખો ન ઉઘાડવાનો નિશ્ચય પડતો મૂકી સરસ્વતીચંદ્ર સફાળો ઊઠ્યો! — ઊભો થયો! અણીને સમયે દૃઢ પ્રતિજ્ઞાઓ જાતે જ સરી જાય છે. ભરસેના વચ્ચે ભક્તને અર્થે જ શ્રીકૃષ્ણ રથચક્ર લઈ ઊભા થય! સ્નેહસમુદ્ર વિવેકતીરની મર્યાદા નિત્ય જાળવે છે પણ અકળાય છે ત્યારે પ્રતિજ્ઞાપર્વતને પણ પી જાય છે એવી ઈશ્વરની અકળ માયા છે.

મુંબઈ જવાનો ઉપદેશ કરવા આવેલીને ઉત્તર મળી ચૂક્યો. કવિતાના અક્ષરે અખ્ષરે હૃદય ચિરાતું ગયું. પોતાના ઉપર સરસ્વતીચંદ્રની નિર્મળ અને અનિવાર્ય પ્રીતિ, એ પ્રીતિ છતાં ગુરુકાર્યને અર્થે કરેલો ત્યાગ અને ત્યાગ કર્યો છતાં ન ખસતો હૃદયસંબંધ, સંબંધ છતાં કરેલો પવિત્ર અને સ્નેહભર ઉપદેશ, કુમુદસુંદરીને આવો ઉપદેશ કરવા છતાં સરસ્વતીચંદ્રનો પોતાનો ભીષ્મ સંન્યાસ, ‘એ સંન્યાસ મારા જ પરની પ્રીતિને લીધે અપ્રતિહત છે’ એ બુદ્ધિ, હવે એનું શું પરિણામ થશે તે વિષે અમંગળ શંકાઓ, અને એવા અનેક તર્કવિતર્કથી ઊભરાતું હૃદય શોકનો ભાર સહી ન શક્યું અને મૂર્છિત થયું. ખાટલામાંથી ઊઠી નીચે ઊભેલા સરસ્વતીચંદ્રના પગ આગળ મૂર્ચ્છાવશ પડેલી અબળા તેનું અંતઃકરણ ચીરવા લાગી. દક્ષયજ્ઞમાં મૂર્ચ્છિત થયેલી ઉમાને જોઈ પળવાર અનુકંપાવશ શિવની પેઠે સરસ્વતીચંદ્ર મૂર્ચ્છાની મૂર્તિ ઉપર દૃષ્ટિ કરી જોઈ રહ્યો. એક પળમાં અનેક વિચારો સમાસ પામતા વહ્યાં.

આજ સુધી વેશ અને વિકાર ગુપ્ત રાખ્યા હતા તે આજ ઉઘાડા થઈ ગયા તેની સાથે મુખાકૃતિ પણ પ્રકૃતિસ્થ વિકારને વશ દેખાઈ. પોતાના ઘરમાં જ પોતે હોય અને પોતાની સ્ત્રીની જ અવસ્થા જોતો હોય એવો દેખાવ મુખ ઉપર સહસા આવી ગયો. જે વિદ્વત્તા અપ્તરંગીપણાના પડમાં સંતાડી રાખી હતી તે કવિતાની ચાળણીમાંથી આજ ટપકી ગઈ. જે શોકસીમાં પરદેશીપણાના ધુમ્મસમાં દૃશ્ય રાખી હતી તેના ઉપર અભિજ્ઞાનસૂર્ય શ્યામ ચળકાટ મારવા લાગ્યો.

પરગૃહમાં આ દશા ઉઘાડી પડે — કોઈ દ્વાર ઉઘાડે — તો શી અવસ્થા થાય તેનો વિચાર કરવા અવસર ન હતો. ઘટિકાયંત્રને કૂંચી આપતાં આપતાં અત્યંત સંકોચાતી કમાન ઓચિંતી કડાકો કરી તુટે તેમ પોતાની મેડીમાં આવેલીના મનમાં પત્ર દ્વારા દુ:ખની કુંચી ફેરવતો ફેરવતો સરસ્વતીચંદ્ર, આખા દિવસ અને રાત્રિનાં વિવિધ દુ:ખો ખમી થાકેલી નિ:શ્વસ્ત બની દુ:ખ દુ:સહ થતાં મૂર્ચ્છિત થઈ પડેલીને જોઈ ચમક્યો અને શું કરવું તે તેને સૂઝ્યું નહીં. વિચાર અને વિકાર પોતે કરેલી હાનિથી ઓશિયાળા બની નાસી ગયા. ખાટલાના પાયા આગળ નિર્માલ્ય કુસુમમાળા પેઠે પડી રહેલી કુમુદસુંદરીના મુખ આગળ બેઠો. લોકવ્યવહારની નીતિ ભૂલી જઈ તેની મસ્તિકકળી ખોળામાં લઈ આસનાવાસના કેવી રીતે કરવી તે વિચારવા લાગ્યો — વિચારતાં વિચારતાં પોતે વ્યાવહારિક નીતિથી વિરુદ્ધ ચાલે છે તે ભાન આવ્યું, પરંતુ તે નીતિને આ વેળા અપ્રાસંગિક ગણી અવગણી. અવગણી તે છતાં ગણી પણ ખરી. આશ્વાસક હાથ મૂર્ચ્છિત મુખ ઉપર ફરવા ગયો પણ અટક્યો અને માત્ર જડ કેશભારને ટેકવી રહ્યો. હવે શું કરવું તે ન સૂઝ્યું. શું બોલવું — મૂર્ચ્છા કેમ વાળવી તેનો ઉત્તર બુદ્ધિએ ન આપ્યો. પોતાની મેડીમાં કોઈને બોલાવવું પણ શી રીતે? સર્વથા સર્વ ઉપાય પરવશ રહ્યા.

અંતે પ્રસંગે આપેલી બુદ્ધિને બળે મૂર્ચ્છિત કાનમાં નિ:સ્વર શબ્દ કહેવા લાગ્યો: ‘કુમુદસુંદરી! કુમુદસુંદરી! ઊઠો ઊઠો! આમ શું કરો છો? આપણી બેની વિનાકારણ ફજેતી થશે! — અસત્ય આરોપ આવશે. સાચી વાત કોઈ માનશે નહીં!’ ઘણા ગૂંચવાડામાં પડી આનું આ સરસ્વતીચંદ્ર વારંવાર કહેવા લાગ્યો, પણ કુમુદસુંદરી જાગી નહીં.

રાત્રિ જતી હતી તેમ તેમ ઘરમાં વહેલાં ઊઠનારાંઓને ઊઠવાનો સમય પાસે આવતો હતો. મૂર્છા જોઈ સ્નેહશોકમાં પડેલા હૃદયમાં ભય પણ પેઠો અને સૂક્ષ્મ વિષયોનું ભાન જતું રહ્યું. સરસ્વતીચંદ્રે ઉતાવળ કરવા માંડી અને કુમુદસુંદરીનું મુખ તથા હાથ ઝાલી ધીમે ધીમે ઢંઢોળવા મંડ્યો.

કુમુદસુંદરી ભૂમિ ઉપર બેભાન પડી હતી અને શું થાય છે તે જોવા કે જાણવા અશક્ત હતી. શિયાળામાં અત્યંત શૈત્ય પડવાથી પ્રાણ તજી નાની ચકલી ભૂમિ પર પડી હોય અને ટાઢથી સંકોચાયેલા છતાં પણ તેનાં વીખરાયેલાં નાજુક પીછાં ખરી પડવા જેવાં લાગતાં હોય તેમ નાની સરખી બાળક જેવી દેખાતી કુમુદ પડી હતી અને તેનું વસ્ત્ર શરીર પર લપેટાયું છતાં અ-સ્વ-સ્થ થયું હતું. મલમલનો ઝીણો સૂતી વખત પહેરવાનો સાળુ નિમ્નોન્નત અવયવોનો અત્યંત સહવાસી થઈ પિશુનકર્મ કરતો હતો અને સરસ્વતીચંદ્રનાં લોચનને પ્રિય થવા મથતો હતો. ભૂ-નભના સંયોગ આગળ ઊગતા ચંદ્રને ઢાંકી ઊભેલી અને તેના તેજથી ચળકતી નાની રૂપેરી વાદળીની પેઠે ખાટલાની ઈસ નીચે ભૂમિ પર પડેલી અને પ્રકાશ મારતી ગૌર દેહલતિકા પુરુષના ભયત્રસ્ત લોચનને ભય ભુલાવી રમણીય સાનો કરવા

લાગી. મખમલ જેવા કોમળ અને સુંવાળા મિષ્ટમાંસલ અવયવ ચંપાતાં ચંપાતાં જગાડનાર હસ્તને પળવાર મોહનિદ્રામાં લીન કરી સ્પર્શેન્દ્રિય દ્વારા જાગતા મસ્તિકમાં પહોંચવા યત્ન કરવા લાગ્યા. પરંતુ કુસુમકલિકા પેઠે બિડાયેલાં પોપચાં ઉપર સ્ફુરતી અત્યંત અમંગળ શંકાને બળે વિકાર પોતાના ઉદયને અપ્રાસંગિક ઘણી જરીક જાગી નિદ્રાવશ થયો. કરુણરસ ચક્રવર્તી થયો અને સંસ્કારોની પાસે સામંતકર્મ કરાવવા લાગ્યો.

આખરે મહાપ્રયાસે, પ્રયાસના બળથી કે પછી સ્પર્શ ચમત્કારથી કુમુદસુંદરી જાગી અને સરસ્વતીચંદ્રના ખોળામાં પોતાનું માથું જોઈ એકદમ ખડી થઈ આઘી બેઠી; ઈશ્વર જાણે કયા કારણથી સરસ્વતીચંદ્રના હાથે આઘી ખસતીનો હાથ અચિંત્યો ઝાલ્યો અને તેવો જ પાછો પડતો મૂક્યો. કુમુદસુંદરી તેના સામું જોઈ રહી. આ મૂક નાટક કાંઈક વાર રહ્યું. અંતે સરસ્વતીચંદ્ર ઊઠી ખાટલામાં બેઠો. તે જ પળે કુમુદસુંદરી પણ ઊઠી અને સરસ્વતીચંદ્રે લખેલી ગઝલોવાળો પત્ર લઈ છેટે ઊભી. ન બોલવાનો નિશ્ચય ચળ્યો. જયવંત વિશુદ્ધિ ઉભય ચિત્તમાં શાંતિનો વરસાદ વરસાવવા લાગી. ભયથી બંધાયેલી કૃત્રિમ પ્રતિજ્ઞાઓ ભય જતાં મેળે તૂટી. કુમુદસુંદરીને બોલવાની હિંમત આવી. ઘરથી આઘે રાત્રે કામ કરવા રોકાયેલી મજૂર સ્ત્રીઓ છોબંધ ટીપતી ટીપતી રાગ લંબાવતી ગાતી ગાતી અને નિયમસર ટીપતાં ધબકારા વડે તાલ દેતી હતી.

‘અખંડ રહો મારી અખંડ રહો આ અખંડ માઝમ રાત!

પિયુ વિના મારો કેમે કર્યો પેલો દિવસડો નવ જાય! અખંડ0’

સરસ્વતીચંદ્રના સામી પોતે ઊભી તે જ પળે આ સ્વર સાંભળી કુમુદસુંદરીનાં રોમેરોમ ઊભાં થયાં! **‘માઝમરાત’** શબ્દ હૃદયમાં વીંઝાયા! વળી પાસે રહેનાર મોડી રાત જાગનાર કોઈ પુંશ્ચલીના ઘરમાંથી સ્વર આવતો હતો:

‘રંગ માણો મારા રાજ, પધારો, હિંદુ ભાણ રે! રંગ૦

સૂરજ! થાને પૂજશું રે ભ-મોતીયારા થાર;

ઘડી એક મોડો ઊગજો –મારો સાહેબો ખેલે શિકાર રે! રંગ૦

અસવારી પ્રતિ નાથની રે — ઘોડારા ઘમસાર!–

કોઈ વારે હીરામોતી — હું વારું મારા પ્રાણ રે!’ રંગ૦

ભયંકર ગીત સાંભળી, લાલચથી ફોસલાયેલી રોમરાજિ પર કોપાયમાન થઈ, હજી પણ પોતાનામાં નિર્બળતાની છાયા દેખી ખિન્ન બની, સરસ્વતીચંદ્ર પરના પોતાના સ્નેહ પર એ છાયાનો આરોપ મૂકી, એ સ્નેહ અને તજ્જન્યશોક ઉભયને લીધે વિશુદ્ધિના રાજ્યતંત્રમાં ભેદ પડ્યો ગણી, ઉભયનો ત્યાગ કરવો એ ધર્મ છે એવું ભાન આણી, મૂર્ચ્છા પામનારી બળવાન બાળા એકદમ સચેત થઈ અને સરસ્વતીચંદ્રને જે કહેવું હોય તે એકદમ બેધડક બની ટૂંકામાં કહી દેવું એ નિશ્ચય કર્યો. રેતીમાં પડેલી રેખા વાયુથી ઘસાઈ જાય તેમ મૂર્ચ્છાનો આવેશ, વિશુદ્ધિ જાળવવાના વેગવાન પ્રયત્ન આગળ દૃશ્ય બની ગયો.

સરસ્વતીચંદ્ર આ પ્રસંગે ખાટલામાં નીચું જોઈ બેઠો બેઠો પળવાર ઊંડા વિચારમાં ડૂબી ગયો. 'લક્ષ્મીથી અને સાંસારિક પ્રતિષ્ઠાથી હું મેળે ભ્રષ્ટ થયો તેમ જ આ પળે વિશુદ્ધિના ઉત્કર્ષથી પણ હું ભ્રષ્ટ થયો –આટલો સરખો મારે વાસ્તે કુમુદસુંદરીના મનમાં સારો અભિપ્રાય હશે તે પણ પડતો મૂકવાનું મેં કારણ આપ્યું' — એમ વિચારી મનમાં પોતાના ઉપર ખીજવાયો. અને બારણે ઇન્દ્રસભાનું નાટક જોઈ પાછા આવતાં નાટકનાં ગીતો તૂટક ગાતા લોકનાં ગીતની પાતક અસરથી ત્રાસ પામી કંટાળ્યો. ખીજવાઈ કંટાળી, ઇચ્છવા લાગ્યો કે 'હું આ સુવર્ણપુરમાં ન આવ્યો હોત તો ઉચિત થાત! અત્યારે ને અત્યારે મને પવનપાવડી જેવું કાંઈ મળે અને હું ઊડી જાઉં?' આંખ ઊંચી થતાં કુમુદસુંદરીને જોઈ દયાર્દ્ર થયો અને પોતાને અપરાધી માની, શકુંતલાને ઓળખી કાઢી તેને પગે પડતાં ક્ષમાર્થી દુષ્યંતના બોલેલા શબ્દ સ્મરી તે જ વૃત્તિ અનુભવવા લાગ્યો અને <u>सुतनु हृदयात्पत्यादे शव्यलौकमपैतु</u> એ શબ્દ મનમાં બોલી પાછું નીચું જોયું.

એટલામાં પવનમાંથી સ્વર આવતા હોય, આકાશવાણી થતી હોય, પૃથ્વીનાં પડમાંથી નાદ ઊપડતો હોય: એમ કુમુદસુંદરીના મુખમાંથી શબ્દ નીકળવા લાગ્યા અને તેની તીવ્ર અને કઠણ આંખ જ જોઈ રહેતો સરસ્વતીચંદ્ર આ શબ્દ ક્યાંથી આવે છે તે જાણી શકતો — જોઈ શકતો — ન હતો. શબ્દ માત્ર તેના કાન સાથે અથડાતાં જ પ્રત્યક્ષ થતા અને મર્મને ભેદતાં જ સમજાતા. કોઈ મંદિરમાં સ્થાપેલી મૂર્તિ બોલી ઊઠતી હોય, રૂપાની ઘંટડીઓ અચિંતી વાગવા માંડતી હોય, કોમળતા, સુંદરતા, પવિત્રતા અને ગંભીરતા — એ સર્વ એકરૂપ બની મૂર્તિમતી થઈ ઉપદેશ કરવા લાગી હોય તેમ કુમુદસુંદરી અપૂર્વ તેજ ધારી બોલવા લાગી.

'તમારી સાથે બોલવાનો મારો અધિકાર તમે જ નષ્ટ કર્યો છે તે છતાં કોણ જાણે શાથી હું આજ બોલું છું — પણ તે છેલવેલ્લું જ બોલું છું.

'મારી ભૂત, વર્તમાન અથવા ભવિષ્ય અવસ્થા જાણવાનો અધિકાર તમે જ તજી દીધો છે — તમને એમ જ ગમ્યું — તમારી ઇચ્છા. એ અવસ્થા હવે તમને જણાવવી એ સર્વથા અનુચિત છે. એટલું જ કહું છું કે ભૂલેચૂકે બીજી કોઈ ભાગ્યહીનની એ અવસ્થા ન કરશો!

'મારે તમને કહેવાનું ને તમારા ખીસામાંના પત્રમાં છે — એટલું પણ તમે મારું હિત કરશો — એટલું પણ સાંભળશો — એવો મને વિશ્વાસ નથી. વિશ્વાસ શી રીતે રાખું? હું રાખું કે ન રાખું તેની તમારે પરવા પણ શી? હાસ્તો — ખરી વાત. મૂર્ખીએ એ પત્ર લગાઈ ગયો: લખ્યા વિના ના રહેવાયું.

'સરસ્વતીચંદ્ર! કૃપા કરી, દયા આણી, મુંબઈ જાઓ. શું ભણેલાઓ સર્વ તમારા જેવા હશે? શું ક્રૂરતા વિદ્યાની અંગભૂત જ હશે? મુંબઈ જાઓ કે મારા પિતાને મળો. પણ આમ ક્રૂર ન થશો!

'પતંગ પેઠે રહો — કે સમુદ્રનાં મોજાં પેઠે રહો — કે વાયુ પેઠે રહો! એ સર્વ નિર્દયતા રચતાં તમને કોઈ રોકે તેમ નથી! જીવતી છતાં ચિતાવચ્ચે બેઠેલી, તેને કંઈ નાસવાનું છે? તમે છૂટ્યા પણ મારાથી કંઈ છુટાયું? — બળીશું, ઝળીશું, રોઈશું કે મરીશું — વજ્ર જેવું આ કાળજું ફાટશે તે સહીશું — થશે તે થવા દઈશું –તેમાં તમારે શું? તમારે તમારી સ્વતંત્રતા અખંડ રહી — એટલે થયું.

'ઉત્તર મારે નથી જોઈતો — કહું છું તે વિચારજો એટલે ઘણું.'

'ઈશ્વર તમને સદબુદ્ધિ આપો!'

આટલું બોલતાં બોલતાં ગળગળી થઈ ગયેલી, આંખમાં વહેતું આંસુનું પૂર ખાળવા વૃથા પ્રયત્ન કરતી, અંતે રોઈ પડતી, 'મને દુ:ખમાં છાતી સરસી તમે કાંઈ હવે ચાંપી શકવા જેવું રાખ્યું છે?' એવું ભાન આપતી ઠપકો દેતી હોય તેમ ઉતાવળો છેલ્લો ક્રોધકટાક્ષ નાંખતી, દુ:ખમય બાળા અચિંતી પોતાની મેડી ભણી દોડી, પાછું પણ જોયા વિના પૂંઠ પાછળ દ્વાર વાસી દીધાં, પાછું જોયું ન જોયું કરી સાંકળ વાસી, અને પલંગ પર પડી રોઈ ઊભરો કાઢ્યો અને શાંત થઈ. શાંત થતાં ટેબલ પર આવી સરસ્વતીચંદ્રની ગઝલો બે વાર વાંચી, બે વાર વાંચતાં મોંએ ચડી, મોંએ ચડતાં તે ગઝલોવાળો પત્ર નિરર્થક થયો; નિરર્થક થતાં તે પાસે રાખવો એ વિશુદ્ધિમાં ન્યૂનતા રાખવા જેવું લાગ્યું, એ ન્યૂનતા મટાડવા માત્ર ફાડી નાંખ્યો, એ ફાડતાં ફાડતાં વિચાર થયો કે સરસ્વતીચંદ્રના હાથનો એક પણ પત્ર હવે મારી પાસે શું કરવા જોઈએ, એ વિચાર થતાં તેના સર્વ પત્ર કાઢી તેનો નાશ કરવાનો નિશ્ચય કર્યો, નિશ્ચય થતાં હૃદય ફાટતું — ચિરાતું — લાગ્યું, હૃદય ચિરાતાં તેને સાંધતી હોય તેમ સર્વ કાગળો હૃદય સરસા ફરી ફરી ચાંપ્યા — ચૂમ્યા અને અશ્રુપાતથી નવરાવ્યા, અને નવરાવી નવરાવી પ્રિયજનનું શબ હોય તેમ તેમને ખડક્યા — અને દીવા વડે અગ્નિદાહ દીધો! એ અગ્નિદાહ દેવાતાં હાથમાં ન રહેલા અંત:કરણે ઠૂઠવો મૂક્યો, બળી રહેલા સર્વ પત્રોની ભસ્મ એકઠી કરી તેને શોકમંદ બનેલા હાથે કાચની એક સુંદર શીશીમાં સંભાળથી રજેરજ ભરી, શીશી પર કાગળ ચોડી, તે પર **'મર્મદારક ભસ્મ'** એવું નામ લખ્યું, શીશીને પણ છાતીસરસી ચાંપી-ચૂમી-

ટેબલ પર નિત્ય દૃષ્ટિએ પડે એવે સ્થાને મૂકી, અને પળવાર આંસુને સૂકવી શીશી ભણી જોઈ રહી. અંતે વિચારમાં પડી, ધીમે ધીમે પાછી ફરી; મહાપ્રયાસે પલંગ પર ચડી; પળવાર ત્યાં બેસી રહી; પછી ઢળી પડી સૂતી; અને ખેદમાં ને ખેદમાં રાત્રીના ત્રણ વાગતાં સરસ્વતીચંદ્રનો હવે સનાતન ત્યાગ કર્યો ગણી, હૃદયનો ભાર હલકો કરી ત્યાગનો ને ત્યાગનો જ વિચાર કરતી કરતી, અકલ્પ્ય આત્મપ્રયાસથી વિશુદ્ધ બનવા જતાં ઈશ્વરકૃપાએ મહાજય પામેલી, ભાગ્યશાળી પવિત્ર ઉત્કૃષ્ટ સતી કુમુદસુંદરી તપને અંતે આનંદસમાધિ પેઠે જાતે આવેલી અસ્વપ્ન નિદ્રાને વશ થઈ.

---

૧ . જવનિકા = પડદો. શોધન = સોનાને અગ્નિમાં નાખી પરખવું.

૨ . શૃંગારતારા = શૃંગારરસની તારા = શુક્ર. તારા = તારો. પરિચારિકા = પરિચરવર્ગમાં રહેનારી દાસી, સાહેલી.

૩ . ઊડતી ઇચ્છાએ સૂચવેલાં — તરંગે સુઝાડેલાં — પોતાની મેળે જ રચાઈ ગયેલાં — કાવ્ય.

૧ . અંગ્રેજીમાં કુટુંબ એટલે સ્ત્રીપુરુષ અને બાળકસંતતિ એટલાં જ છે; આપણામાં કુટુંબ એટલે માતાપિતા, સ્ત્રીબાળક તેમ જ તરુણસંતતિ, ભાઈ, બહેન, ઇત્યાદિ આખું વૃક્ષ.

૧ . ભાઈ તો ભૂગોળ ને ખગોળમાં રમે છે!
પેલીનું તો ચિત્ત ચૂલામાંહ્ય!
દેશી! કહોની કેવું આ કજોડું તે કહેવાય?

- નવલરામકૃત બાળલગ્નબત્રીશી

૩ . જડ પદાર્થો અને શ્વાન આદિ પશુજાત પર પ્રેમ રાખી શકનાર પાશ્ચાત્યલોકમાં વર્તમાન આર્યલોકના જેવો સ્નેહ કેવળ અપરિચિત નથી — માત્ર ઋણાનુબંધબુદ્ધિની ખામીવાળો છે અને તેથી અનેકધા દુ:ખકર નીપજે છે. 'આ મારું' એ બુદ્ધિથી ઊપજતા પ્રેમનું એક કરુણરસિક દૃષ્ટાંત વર્ડ્ઝવર્થના 'ધિ ઈડિઅટ બોય' (The Idiot Boy) નામના કાવ્યમાં છે. ખોવાયેલા જડપુત્રને જોઈ અંગ્રેજ માના મનમાં ઊપજતો પ્રેમ અને આનંદ જોઈ આર્યોને ઘણાક પ્રસંગો — સંબંધો — સાંભરી આવશે.

૧ . નીચા શ્વાસ, નિસાસા. ૨. જીવ પામતું માણસ ઊંચો શ્વાસ લે તે ૩. હાથેલી.

૧ . મણિલાલના ઉત્તરરામચરિતના ભાષાંતર ઉપરથી.

૧ . ઉત્તરરામચરિતમાંથી, (રામચંદ્ર અયોધ્યાવાસીઓને કહે છે) 'તમારા — મારા — ગૃહમાં સીતાદેવી સ્થાન કરે એ તમને ન જ ગમ્યું તો શૂન્ય વનમાં તૃણની પેઠે તેને તજી દીધી! એટલું જ નહીં પણ એની પાછળ શોક પણ નથી કર્યો. લાંબા પરિચયવાળા આ બધા પદાર્થ હવે મને નિચોવે છે (મારું હૃદય ઓગાળે છે) અને અશરણ બનીને આજ પણ માત્ર આમ રોઈ પડાય છે — તેટલું ક્ષમા કરો.'

૧ . ચંદા: આ રમતિયાળ તર્કોથી ઊભરાતી કવિતા આપણા લોકપ્રિય વિદેહ ભોળાનાથભાઈના પુત્ર નરસિંહરાવની કરેલી સન ૧૮૮૩ના બુદ્ધિપ્રકાશમાં છપાયેલી.

૧ . પ્રેમાનંદ, સુદામા આખ્યાન

૨ . પ્રેમાનંદ, ભ્રમરપચીશી, 'ગુજરાતનાં અપ્રસિદ્ધ કાવ્ય' સન ૧૮૮૬.

૩ . આ પદો વર્તમાન સ્ત્રીગીતમાંથી છે.

* વર્તમાન સ્તવનોમાંથી; 'અનાથનકે' એ ભાષાશબ્દ લાડતી ભક્તિની સીમાના છે.

* નળાખ્યાનમાંથી

૧ . સાધારણ માણસો. Vulgar People ૨. બે વાર જન્મનાર — પંખી

* ઊંચી ડોકવાળો.

૨૦. રજા લીધી

કોઈ પ્રતાપી સત્ત્વ પોતાની પાસેથી જતું રહેતાં મન છૂટું થાય તેમ કુમુદસુંદરી ગઈ કે સરસ્વતીચંદ્ર શાંત થયો. તેની પાછળ જોઈ રહ્યો અને બારણું બંધ થયું કે 'હાય' 'અરેરે' કરી, બેઠો હતો તે પથારીમાં પડ્યો. આ શું સ્વપ્ન થઈ ગયું? કુમુદસુંદરી આવી શી? મૂર્ચ્છા શી પામી? બોલી શૂં? ગઈ શું? તેની અવસ્થા વસ્તુત: કેટલી દયાપાત્ર હોવી જોઈએ? પોતાના મનની કેવી નિરબળતા અનુભવે સિદ્ધ કરી આપી? ઇત્યાદિ વિચારોના ગૂંચવાડામાં ગૂંચવાતું સ્નેહ અને દયાથી દીન થતું, અનેક વિકારો અનુભવતું મસ્તિક થાક્યુંપાક્યું નિદ્રાવશ થયું તે

છેક પ્રાત:કાળે સાત વાગ્યે જાગ્યું.

સાત વાગ્યા પહેલાં પ્રમાદધન લીલાપુરથી કાર્ય સિદ્ધ કરી પાછો આવ્યો હતો. રાણાને તે ખબર થતાં બુદ્ધિધનને પોશાક આપવાનું તેને તે દિવસે ઠરાવ્યું અને તે બાબતની તૈયારીઓ કરવાનું નરભેરામ તથા જયમલને માથે આવ્યું.

સરસ્વતીચંદ્ર જાગ્યો ત્યારે બુદ્ધિધનના ઘરમાં આ તૈયારીઓની ગરબડ મચી રહી હતી. દાતણ કરી તે પ્રધાનખંડમાં (દીવાનખાનામાં) ગયો તો પ્રમાદધનની આસપાસ કચેરી ભરાઈ હતી અને લીલાપુરના ગપાટા હંકાતા હતા. ઘરના દ્વાર આગળ દરબારી ચારણો ભરાઈ કવિતો બોલતા હતા. ચારણસ્ત્રીઓ, નવા કારભારીના ઘરની સામે ઊભી રહી, જાતે કદાવર તથા કાળી કોળણો જેવી દેખાવા છતાં કોમળ અને સુંદર રાગથી, ચડતા ઊતરતા ઢાળ સાથે, રોમેરોમ ઊભાં કરે એવું રાજગીત ગાતી હતી અને સાંભળનારના ચિત્તમાં શુદ્ધ રાજભક્તિ ઉત્પન્ન કરતી હતી.

દિવસ ચડતો ગયો તેમ તેમ બારણે લોકની ઠઠ વધતી ગઈ અને આખો રસ્તો વસ્તીથી ચિકાર થયો.

ઘરમાં પણ એવી જ રીતે લોક આવતા હતા અમલદારો, મિત્રો, હિતૈષીઓ, થોડોક પણ સંબંધ ધરાવનારાઓ અને એવા અનેક લોક પ્રધાનખંડની મેડીમાં ખીચોખીચ ભરાયા અને અંતે સરસ્વતીચંદ્રને સૂવા આપેલી મેડી પણ ઉઘાડી મૂકી દેવાની અગત્ય પડી.

નીચે ચોકમાં અને તેની આસપાસના ખંડોમાં સ્ત્રીવર્ગ ઊભરાતો હતો અને તે ભાતભાતનાં ઊંચાં ચળકતાં — સાડીઓ, સાળુ, ગવનો વગેરે વસ્ત્રોથી અને સોનારૂ પાના તથા હીરામોતીના અલંકારોથી અનેકરંગી વનસ્પતિ ને ફૂલવાળા બાગ જેવો લાગવા માંડ્યો, તારામંડળમાં ચંદ્રલેખા શોભે તેમ ઉત્સાહભરી સ્ત્રીઓ વચ્ચે સૌભાગ્યદેવી શોભતી હતી અને તારા અને ચંદ્ર સર્વને ઢાંકી નાંખનાર વીજળીની પેઠે જાજ્વલ્યમાન અલકકિશોરી ધમકભરી ગર્જતી હતી. શાંત અને મધુર નાની શુક્રતારા પેઠે એક પાસ

કુમુદસંદરી પ્રકાશ ધરતી હતી. દયાશંકરકાકા અને વૃદ્ધ કુળગોર સ્ત્રીવર્ગની વચ્ચોવચ ફરતા મંગલસામગ્રી તૈયાર કરાવતા હતા. લાલચોળ કુંકુમ, સુવાસિત અને સુશોભિત પુષ્પો, અગરબત્તીઓ, રૂપાના અને ત્રાંબાપિત્તળના થાળ, લોટા છાબડીઓ અને બીજા પૂજાપાત્ર: આ સર્વેથી આજ બુદ્ધિધનનું ઘર નવી જાતની ધામધૂમ ભર્યું ભાસવા લાગ્યું.

એવામાં રાણાને ત્યાંથી કારભારી થનારને આમંત્રણ આવ્યું. અગાડી વાજાં, પાછળ એક હાથી અને તેની પાછળ ઘોડાગાડીમાં રાણાનો એક ભાયાત, નરભેરામ અને જયમલ બેઠા હતા; તેની પાછળ સવારોની ટુકડી અને સિપાઈઓ હતા. કારભારીને લેવા આવનાર આ સર્વ મંડળ દ્વાર આગળ આવી ઊભું.

આ સર્વ ધામધૂમ વચ્ચે મેડીમાંથી છજામાં અને છજામાંથી મેડીમાં તથા ચોક પરની અગાસીમાં સરસ્વતીચંદ્ર શૂન્ય હૃદયથી આવજા કરતો હતો. કુમુદસુંદરીનો પત્ર ખિસ્સામાં હતો તે વાંચવા પર ચિત્ત હતું પણ આ લોકો વચ્ચે એકાંત મળે તેમ ન હતું. રાત્રે ઊંઘમાં વંચાયો ન હતો. ચંદ્રકાન્ત આવવાનો તે વિચાર પણા મનમાં ઘોળાયાં કરતો હતો. વિચાર અને ઉદાસીનતામાં ડૂબેલો હોવાથી આસપાસની ધામધૂમ દેખતાં છતાં તેને જોતો ન હતો.

બારણે ઘોડાગાડીઓની ઠઠ વધતી હતી અને બહાર તેમ અંદર ઉત્સાહનો ગરબડાટ મચી રહ્યો હતો તેની વચ્ચે એક સરસ્વતીચંદ્ર આમ દેખીતો જુદો પડતો હતો. કૂમૂદસૂંદરી જે દેશમાં હોય ત્યાં પોતે ન વસવું એ ઉભયના હિતને અર્થે આવશ્યક લાગ્યું — પણ એને છોડવી એ જ કઠણ કામ હતું. ‘એકવાર છોડ્યા પછી છોડેલીના આકર્ષણે સુવર્ણપુર દેખાડ્યું. એ આકર્ષણની સત્તામાં આવી હવે સુવર્ણપુર છોડવું એ રમતવાત નથી. શી રીતે છોડવું? ક્યારે છોડવું? ચંદ્રકાંત આવવાનો છે તેનું શું કરવું? આવે ત્યાં સુધી રહેવું કે નહીં? એ મળે એટલે શું કરવું? એનું મોં કેમ તરછોડાશે? — મારે માટે જ અહીં સુધી આવે છે! — એની સાથે પાછા જવું પણ નહીં જ! અરેરે! એક માણસની પાછળ બીજા કેટલાં દુ:ખી થાય છે? — તમારી શી અવસ્થા થશે? –કુમુદસુંદરી! મારો અપરાધ ક્ષમા કરજે. હું જઈશ જ — ફરી તને મૂર્ચ્છા નહીં પમાડું.’

આ ઉત્સાહ સમયે સરસ્વતીચંદ્ર એકલો જ શોકમાં ન હતો. કૃષ્ણકલિકા અને પ્રમાદધનની વાર્તા વનલીલા દ્વારા અલકકિશોરી પાસે, અલક પાસેથી દેવી પાસે અને દેવી પાસેથી રાત્રે બુદ્ધિધન પાસે પહોંચી ગઈ હતી. વિશુદ્ધ પુરુષને પાંસુલ પુત્ર જોઈ પતિ ખેદ થયો. ‘આહા! મારા પુત્રની વહુ પણ મારા ઘરમાં આમ મારા પુત્રને હાથે પરાભવ પામે છે; અને તેનો ઉપાય કરવા હું અશક્ત છું તો બીજા ફરિયાદીઓનું હું શું ઉકાળવાનો હતો?’ એ વિચાર થયો. ‘લોકમાં જણાવાય નહીં અને શિક્ષા થાય નહીં!’ — ‘આનું શું કરવું?’

બારી બહાર દૃષ્ટિ પડતાં કૃષ્ણકલિકાના વરને દીઠો: ‘આ છોકરો હવે મારી રૈયત છે. મારી પાસે આ બાબતની ફરિયાદ કરવા એની ગુંજાશ ખરી? ના જ. ત્યારે હું પ્રમાદને શી શિક્ષા કરું? — જેથી આ વાત ઉઘાડી ન થાય અને શિક્ષા થાય. વાત ઉઘાડી કર્યા વિના કરેલી શિક્ષાથી ફરિયાદીને શો સંતોષ? — એ સંતોષ ન અપાય તો તો કારભાર છોડવો જોઈએ.

‘કારભાર કોઈથી છોડાયો છે? પ્રગટ વા ગુપ્ત બલાત્કાર વિના કોઈએ લક્ષ્મીને લાત મારી નથ!

‘બસ. બસ. હું ગમે તેમ કરી પ્રમાદને શિક્ષા કરીશ જ — મારી ન્યાયવૃત્તિ જગત જોશે! હું નરકવાસી નહીં થાઉં! — માતુશ્રી! તમે ખમેલો જુલમ મને સાંભરે છે! એવો જુલમ હું નહીં થવા દઉં! પ્રમાદ! — પણ હું તને શું કરું? તને તે શી શિક્ષા કરું? — તને શિક્ષા ન કરતાં હું જાતે જ શિક્ષા ખમું તો?’

એટલામાં સરસ્વતીચંદ્ર બુદ્ધિધનની મેડીમાં આવ્યો.

‘કેમ, નવીનચંદ્ર!’ શોક ઢાંકી બુદ્ધિધને પૂછ્યું.

‘ભાઈસાહેબ, કુમુદસુંદરીને લેવાને રત્નનગરીથી માણસો આવી પહોંચ્યાં છે. તેમના કહેવા પરથી જણાય છે કે ચંદ્રકાન્ત એકબે દિવસ ભદ્રેશ્વરમાં રહેશે. મારે તેમને તરત મળવાનું કારણ છે એટલે જવા રજા માગું છું.’

‘પણ કાલે જજો, આજ તો દરબારમાં આવજો. આપણે ઘેર પણ ઉત્સાહ છે. બપોરે જમી કરી રાત્રે વાહન લઈ જજો. અને એમ કરતાં એ પણ અત્રે જ આવવાના છે કની?’

‘હા જી, પરંતુ કંઈ કારણથી મારે અત્યારે જ નીકળવું આવશ્યક છે. જમવાનું તો બપોરસોરો જ્યાં પહોંચીશ ત્યાં થશે. આપ કંઈ મારા ઉપર કૃપા રાખવામાં ન્યૂનતા નથી રાખી અને સ્વાભાવિક રીતે હું જેમ વધારે રહું તેમ ઇચ્છો; પરંતુ અત્યારે મારી વિજ્ઞાપના સ્વીકારશો એ પણ કૃપા થશે.’

બુદ્ધિધન પ્રમાદધનની ચિંતામાં પડ્યો હતો, દરબારમાં જવાની ખટપટમાં ચિત્ત હતું, ગઈ રાત્રીથી જ સરસ્વતીચંદ્ર પરના ભાવમાં કાંઈક ફેર થયો હતો, અને રહેવા ન ઇચ્છનારને રહેવાનો વિવેક કરવો એ કાળક્ષેપ કરવા જેવું લાગ્યું.

‘તમારી ઇચ્છા, નવીનચંદ્ર.’

‘ભાઈસાહેબ, બોલ્યું ચાલ્યું માફ કરજો. મારી પર આપની કૃપા ઘણી થઈ છે.’

‘કાંઈ હરકત નહીં.’

સરસ્વતીચંદ્ર મેડી બહાર ચાલ્યો અને પોતાની મેડીમાં ગયો. કારભારે ચડતું મસ્તિક પરદેશીને વાહનનો જોગ કરી આપવાનો વિવેક કરવાં સાંભરી આવેલો ભૂલી ગયો.

મૂર્ખદત્ત નિત્ય પ્રાત:કાળે આવતો હતો તેની જોડે પોતાની ગાંસડી રાજેશ્વરમાં મોકલી દઈ સરસ્વતીચંદ્ર નીચે આવ્યો અને સૌભાગ્યદેવી તથા અલકકિશોરીની રજા માગવા લાગ્યો. ત્યાં સ્વાભાવિક રીતે તેને ન જવા દેવાનો આગ્રહ થયો. બુદ્ધિધનની રજાનું નામ આવ્યું એટલે સૌભાગ્યદેવીએ આગ્રહ કરવો છોડી દીધો અને માત્ર ખેદ બતાવ્યો. અલકકિશોરી કહે: ‘પિતાજીને જઈને કહી આવું છું –આજ તો ગમે તેમ કરીને રહો — એવું અચિંત્યું શું છે જે?’ આખરે એ પણ શાંત થઈ.

સરસ્વતીચંદ્ર કુમુદસુંદરીને જોતો જોતો ચાલ્યો –તેનું મોં લેવાઈ ગયું — આંખમાં આંસુ આવ્યાં, પગ ઊપડ્યો નહીં. તેને બળાત્કારે ઉપાડ્યો, ઊમરમાં ઠેસ વાગી અને બારણા બહાર નીકળ્યો.

પોતાના કહ્યાની કાંઈ પણ અસર નથી થઈ જાણી ખિન્ન બની, તેને જતો જોઈ રોવા જેવી થઈ, તેની સાથે બોલવાનો અવકાશ પણ નથી વિચારી ઓછું આણી, હવે તેને મળવાનું નથી કલ્પી નિરાશ થઈ. હવે તેનું શું થશે એ વિશે અનેક અમંગળ તર્ક કરતી ભયભીત કુમુદસુંદરી, લોકલજ્જાનો ખરેખરો તિરસ્કાર કરી જતાને જોતી જોતી, નિ:શ્વાસ મૂકી, ‘હાય હાય રે’ એવી બૂમ પાડી પાછળ ઊભેલી એક સ્ત્રી ઉપર ઢળી પડી. રંગમાં ભંગ થયો. એને ઉઠાડી. ‘કંઈ નહીં — એ તો મને કંઈક પેટમાં આંકડી આવી’ કહી કુમુદસુંદરી સજ્જ થઈ અને સૌ ભેગી, શૂન્ય તો શું પણ પ્રવાસી બનેલા હૃદયથી છૂટી પડેલી બની, ઉત્સવકાર્યમાં દેહને ભેળવવા લાગી.

કારભારીના દ્વાર બહારની ધામધૂમ વચ્ચે થઈ ઈશ્વર પેઠે સૌ કોઈથી અલક્ષિત છાનોમાનો સરસ્વતીચંદ્ર હૃદયને કારભારીને ઘેર મૂકી ચાલતો થયો.

૨૧. ચાલ્યો

કુમુદસુંદરીએ ખિસ્સામાં કાગળ મૂક્યો હતો તે વાંચવાની જોગવાઈ શોધવા સારુ સરસ્વતીચંદ્રે આટલી ઉતાવળ કરી. બુદ્ધિધનના ઘરમાં — ગામમાં — એ કાગળ ઉઘાડવો — એ અક્ષર કોઈ જુએ —તે પણ ભયંકર હતું; કુમુદસુંદરીને અનિષ્ટકર હતું.

રાજેશ્વરમાં જતાં મૂર્ખદત્ત મળ્યો. સરસ્વતીચંદ્ર તેની સાથે જમ્યો અને જમતાં જમતાં કાંઈક વાત થઈ.

‘નવીનચંદ્ર! તમે અહીંથી હશે શીદ જશો?’

‘મારો ભદ્રેશ્વર ભણી જવાનો વિચાર છે.’

‘ગાડીબાડી કરીએ કની?’

‘આણીપાસ થઈને ગાડુંબાડું જતું હવે તેમાં બેસી જઈશું.’

‘ભાઈસાહેબે તમને ગાડી ન આપી?’

‘મેં માગી જ નથી. મારે એકલા જવું છે.’

‘ત્યારે તમે રસ્તામાં કોઈને કહેશો નહીં કે હું એમને ઘેરથી આવું છું.’

‘કેમ?’

શઠરાય તરફના બહારવટિયા આજ ચારે પાસ ભમે છે –અને ભાઈસાહેબનું માણસ હોય તો તેને બહુ કનડે છે. કુમુદસુંદરી પણ ભદ્રેશ્વર જવાનાં છે અને મને આ બાબત ખબર પડી એટલે અલકબહેનને કહી આવ્યો કે ગમે તો હમણાં જવાનું બંધ રખાવો ને ગમે તો સાથે બહુ સારો બંદોબસ્ત કરજો.’

‘હશે. મારે શું બીવાનું હતું? હું જશ વાડામાં બેસું છું. તમે કોઈ ગાડું આમ જતું હોય તો ઊભું રાખી મને બોલાવજો.’ મૂર્ખદત્ત બારણા ભણી ગયો. સરસ્વતીચંદ્ર વાડામાં ગયો અને મૂર્ખદત્તના ખાટલા પર બેસી શોક સાથે ખિસ્સામાંનો પત્ર વાંચવા લાગ્યો. વાંચતાં વાંચતાં પત્રના અક્ષરથી અને હવે અનંત બનેલા વિરહના ભાવથી જેણે આજ સુધી હૃદય ટેકવ્યું હતું તેની આંખમાંથી એકાંત અશ્રુધારા વહેવા લાગી.

‘કુમુદસુંદરી! હું તારે વાસ્તે શું કરું? તારી ઇચ્છા મારા મુંબઈ જવામાં સમાપ્ત થાય છે! ખરે! તું સતી છે. અણગમતા પુરુષને વશ ન થવામાં ઘણીક સ્ત્રીઓ ભયને ગણતી નથી — તેમનું સતીપણું વધારે કે આટલી ઊંડી અને ન ભૂંસાય એવી પ્રીતિ છતાં મળેલા પ્રસંગે આટલી દૃઢતા રાખે તેનું સતીત્વ વધારે? સીતાને રાવણ ઉપર પ્રીતિ ન હતી અને તેનાથી એ વિમુખ થાય એમાં નવાઈ શી? કુમુદસુંદરી! તેં એ નવાઈ કરી — તેં મને

બોધ આપ્યો. હું નહોતો જાણતો કે મારામાં આટલી નિર્બળતા હશે. તેં આ બીજી વાર મારું રક્ષણ કર્યું. મેં તારો ત્યાગ ન કર્યો હોત તો તારાથી હું કેટલો ભાગ્યશાળી થાત! હવે તારો ત્યાગ કરવામાં જ મારું ભાગ્ય રહ્યું. તારો ઉપદેશ મારે માનવો?

'ક્ષમા કરજે — તારો ઉપદેશ નહીં મનાય. મેં તારી આ દશા કરી દીધી તેનું પ્રાયશ્ચિત્ત મારે કરવું જોઈએ. હું અથડાઈશ, ભમીશ અને તને સ્મરીશ — મારે મોટા નથી થવું. સંસાર, વૈભવ, મોટાઈ, એ સૌ કોને માટે? પિતાને વાસ્તે હું સંસારમાં રહ્યો હતો — તારી 'માયા' મને ઉપભોગનાં ઇન્દ્રજાલ દેખાડત. પિતાની વૃત્તિએ મને સંસારમાંથી મુક્ત થવા સ્વતંત્રતા આપી — તારો ત્યાગ કરી હું સંન્યાસી થયો! હવે એ સ્વપ્ન જોવાં તે શા માટે?

'પ્રિય ચંદ્રકાંત! તું વળી ભદ્રેશ્વર ક્યાં ગયો? શું ત્યાં પણ મારે કુમુદસુંદરીને પાછું મળવાનું રહ્યું? સુવર્ણપુરને કાલ રાત્રિના સંસારે આમ એકદમ છોડાવ્યું એટલે અહીંયાં તો તને મળાય તેમ નથી.

'ન અહીંયા મળવું — ન ભદ્રેશ્વરમાં મળવું, ત્યારે ક્યાં મળું? શું તને મળ્યા વિના નહીં ચાલે? એટલો સંસાર પણ મિરે શું બાકી રહ્યો?'

'ત્યારે હું કોઈ ત્રીજે રસ્તે જ જાઉં! ચંદ્રકાંત ઉપર કાગળ લખી મોકલીશ.'

'એ રસ્તો શું ક્રૂર નથી? દુષ્ટ જીવ! આટલી ક્રૂરતા કરી હજી સંતોષ ન વળ્યો?'

'પિતાની આજ કેવી સ્થિતિ હશે? ચંદ્રકાંત પાસેથી તે ખબર મળશે. તેમને મારી પાછળ દુ:ખ થયું હશે? મને થયું તને એમને કેમ ન થાય?'

'ઈશ્વર એવા સમાચાર આપો કે એ મને ભૂલી ગયા હોય — પણ ચંદ્રકાંત —ગંગાભાભીને પણ મારે સારુ લાગતું હશે. અરેરે! મેં કેટલાં માણસોને દુ:ખી કર્યાં?'

આમ વિચારો કરે છે એટલામાં પ્રમાદધનનો ખાનગી સિપાઈ રામસેન વાડામાં આવ્યો.

'નવીનચંદ્રભાઈ, જતાં પહેલાં એક વાર આપને પાછા સુવર્ણપુર આવી જવું પડશે.'

'કેમ?' — ચમકીને સરસ્વતીચંદ્ર બોલ્યો.

'અત્યારે ભાઈસાહેબ દરબારમાં ગયા છે — પણ બીજી નવાજૂની કરીને ગયા છે પદ્માની અને કૃષ્ણકલિકાની વાત —'

રામસેને વીગતવાર સમાચાર કહ્યા. પ્રમાદધન બાબતની બેયે વાતો બુદ્ધિધન પાસે ગઈ હતી. પુત્રની કચાલ સાંભળી પિતાને અત્યંત ખેદ થયો

અને આવા કુળમાં આવો અંગારો ક્યાંથી ઊઠ્યો એ વિચાર થયો. કૃષ્ણકલિકાનો વર પ્રમાદ ઉપર ચિડાઈ રહ્યો હતો તે ખબર પડતાં તેને બોલાવ્યો અને તેને સારી પેઠે દિલાસો આપી બુદ્ધિધને પ્રમાદધનને શિક્ષા કરવાનું કહ્યું હતું. શિક્ષા હજી કરી ન હતી પણ વાત પ્રમાદધનને કાને ગઈ અને તેથી તે ઘણો ખિન્ન બની ગયો. નરભેરામ પાસે પિતાજીની ક્ષમા મંગાવવા વિચાર કર્યો પણ મોટી વયના માણસ પાસે મન ઊઘડ્યું નહીં. આથી 'નવીનચંદ્ર' સાંભર્યો અને તે જ કામને અર્થે તેને બોલાવવા રામસેન આવ્યો હતો.

'ભાઈ રામસેન, આ વખત આવ્યો છે તેનું કારણ તું પોતે છે. ભાઈને ખરાબ ટેવ તેં પાડી છે. ભાઈ નહીં સુધરે તો એનું તો જે થવાનું હશે તે થશે પણ તારો રોટલો ગયો સમજજે. જા, જઈને તું જ ભાઈને સુધાર. આવા વિષયમાં હું વચ્ચે નહીં આવું. ભાઈસાહેબ જે કરશે તે વિચાર કરીને જ કરશે. હું આવીશ તો બીજું તો કહેતાં કહીશ પણ પ્રથમ તો એ જ કહીશ કે તને કાઢે. માટે જા, મને બોલાવ્યામાં સાર નથી. પ્રમાદભાઈને કહેજે કે સુધરે અને પિતાના જેવા થાય. અત્યારે એ જે શિક્ષા કરશે તે હજાર વિચાર કરીને કરશે. જા, હું આવવાનો નથી.'

નીચું જોઈ બોલ્યાચાલ્યા વિના રામસેન ચાલ્યો ગયો.

મૂર્ખદત્ત પાછળ છાનોમાનો ઊભો હતો તે આગળ આવી બોલ્યો: 'આમાંથી કાંઈ નવુંજૂનું નક્કી થશે. આવી વાતની ભાઈસાહેબને બહુ ચીડ છે અને ઉતાવળું કામ કરશે તો ભાઈ ઝેર ખાય એટલા શરમાળ છે અને મોટાં માણસોને કોણ કહે કે આમ કરો? — વારુ, નવીનચંદરભાઈ છે. ગાડું એક બારણે ઊભું રાખ્યું છે. પણ ભદ્રેશ્વર જ જશે એ નક્કી નથી.'

સરસ્વતીચંદ્રનો પિત્તો ઊકળ્યો હતો. કાંઈક રોષભર્યે સ્વરે તે બોલ્યો: 'ભદ્રેશ્વર ઊંઘી ગયા — મારે તો ગમે ત્યાં પણ જવું એટલી જ વાત છે — ગમે ત્યાં જઈશ મારી મેળે — જ્યાં ગાડું ત્યાં હું. મારે તો માત્ર અહીંથી જવું છે.'

બે જણ મંદિરમાં આવ્યા. સરસ્વતીચંદ્ર દ્વાર બહાર આવી ઊભો. પાછળ ગાંસડી લઈ મૂર્ખદત્ત આવ્યો. સરસ્વતીચંદ્ર વિચારમાં પડી ઊભો ઊભો મોં વડે સિસોટી વગાડવા લાગ્યો અને સામે ઊભેલા ગાડા સામું જોઈ રહ્યો.

મોટા બે બળદ જોડેલા એવું, લાંબા પાટિયાંના તળિયાવાળું અને પાંજરાંથી બાંધી દીધેલું ગાડું હતું. પાછળનો ભાગ છેક જમીનને અડકતો હોય એવો દેખાયો અને મોખરે ધારી પર ગાડીવાન બેઠો હતો તે ઠેઠ ઊંચો ઊડી પડવા જતો દેખાયો. ગાડામાં એક ડોશી, એક ચાળીસેક વર્ષનો દુ:ખી દેખાતો પુરુષ, અને એક વીસેક વર્ષની સ્ત્રી એટલાં બેઠાં હતાં.

તેમાંનું કોઈપણ દેખાવડું કે ગોરું ન હતું અને વણિગ્વર્ગનાં છે એમ લાગ્યું. ડોશી બ્રાહ્મણ હતી. તે સર્વને લઈ ગાડું રત્નનગરી ભણી જવાનું છે તેમ તપાસ કરતાં મૂર્ખદત્તને માલૂમ પડ્યું. ગાડાવાળાએ સરસ્વતીચંદ્રનું ભાડું કર્યું. મૂર્ખદત્ત બોલ્યો:

'ચંદરભાઈ, તમારે તો ભદ્રેશ્વર જવું છે અને આ ગાડું તો રતનનગરી ભણી જાય છે.'

'ભદ્રેશ્વરનો રસ્તો ક્યાંથી જુદો પડે છે?'

'અહીંથી દસેક ગાઉ ઉપર મનોહરિયા નામનું ગામડું છે ત્યાંથી એક રસ્તો ભદ્રેશ્વર જાય છે અને બીજો રત્નનગરી જાય છે.'

'ઠીક છે. ત્યારે તો આ જ ગાડામાં જઈશ.'

સરસ્વતીચંદ્ર આજ સુધી કદી આવા ગાડામાં બેઠો ન હતો તે આજ બેઠો. મૂર્ખદત્તને પાંચ રૂપિયા આપ્યા. ગાડામાં નીચે પરાળ પાથરી હતી, તે ઉપર એક ઓછાડ પાથર્યો હતો અને તે ઉપર છેક નીચે સરસ્વતીચંદ્ર બેઠો. દશ વાગ્યા હતા અને માથે ચૈત્રનો તાપ પડતો હતો. ધ્રુવની પેઠે લક્ષાધિપતિનો ભરવૈભવમાં ઊછરેલો પુત્ર આજ આમ બહાર નીકળ્યો જોઈ સૂર્યનારાયણ કુમળા ન થયા. દુ:ખી માણસે તેના તાપને ગણ્યો પણ નહીં. ઊડતી રેતીના દડ વચ્ચે ચીલો કાપતું રગશિયું ગાડું પુરુષરત્નને પીઠ પર લઈ ચાલ્યું. અને ધુમ્મસ પેઠે ચારે પાસ ઊડતું ધૂળનું વાદળું ગાડાને ઘેરી લેવા લાગ્યું. મૂર્ખદત્ત ગાડા પાછળ જરીક ચાલી, રજા લઈ, રસ્તામાં સંભાળ રાખવાનું સરસ્વતીચંદ્રને કહી, ગાડાવાળાને એની ભલામણ કરી પાછો ફર્યો અને દૃશ્ય થયો.

ગાડાનાં પૈડાંનો ચીલામાં ઘસડાતાં થતો કઠોર સ્વર, માથે તપતો તાપ, ચારપાસની ધૂળ, અને નીચે ખૂંચતી પરાળ એ સર્વની વચ્ચે ગર્ભશ્રીમંત, કોમળ અને શારીરિક દુ:ખનો અપરિચિત સરસ્વતીચંદ્ર શોક વિચારમાં પડી પગથી માથા સુધી ધોતિયું ઓઢી સૂઈ ગયો. સ્વરથી ભરાતા, તાપથી ઊકળતા, ધૂળથી ગૂંચવાતા, અને પરાળના ખૂંચાવાથી કાયર થતા મસ્તિકમાં કંઈ કંઈ વિચાર વિચિત્રરૂપે ઉત્પન્ન થયા. પાછળ કપાતો તપાતો માર્ગ મીંચાયેલી આંખમાં લાંબી નેળ જેવો લાગ્યો અને તેમાં ધૂળના રંગના વચ્ચે વચ્ચે ભડકાવાળા લાંબા આકાર લંબાતા લાગ્યા. એ આકાર ઘડીક આસપાસના ઝાડ જેવા, ઘડીક માથે તપતાં વાદળાં જેવા અને ઘડીક ઓઢેલા ધોતિયાના તંતુજાળ જેવા દેખાવા લાગ્યા. બળદ હાંકતા ગાડીવાનના ડચકારા, બળદ સાંભળી સમજતો હોય તેમ તેને ગાડીવાન કહેતો તે કઠોર શબ્દ, સળગતા ભડકા જેવા આકાશમાં ઊડતા સમળાઓ અને સમળીઓની લાંબી કઠોર ચીસો, સૂડીથી કપાતાં લક્કડિયાં સોપારી જેવા અચિંતા કાન પર ભચકાતા કાગડાનાં 'કાકા' શબ્દ હોલા અને કાબરોના વનમાં પડઘા પામતા — કાનની ભૂંગળીઓમાં ફૂંકાતા સ્વર,

ચકલીઓના ઝીણા ચીંચીકાર, કોણ જાણે ક્યાં સંતાઈ રહેલા અંધ ઘુવડના ગેબી અને ભયંકર પોકાર, ઝાડ પર ખસતી કૂદતી ખિસકોલીઓના ઉષ્ણ પ્લુત સીકાર અને ગાડામાં ઘડીએ ઘડીએ ભરાતાં ઝાંખરાનાં ઉઝરડા: આવા આવા અગણિત શબ્દો કર્ણસ્વપ્નો રચવા લાગ્યા. જેમ તાપના ભડકા, ઓઢેલું ધોતિયું અને મીંચાયેલી પાંપણોને ભેદી અકળાતી કીકીઓમાં દાખલ થતા હતા અને ઓઢેલા વસ્ત્રને ભેદી ઉષ્ણતા ત્વચાને પરસેવાથી નવરાવતી હતી, તેમ જ આ સર્વ સ્વર સૂવા ઇચ્છતા કાનને ઊંઘવા દેતા ન હતા. ઢાળ ઉપર આવતા ગાડાના હેલારાથી શરીર આમથી તેમ ભચકાવા લાગ્યું.

આ સર્વ અવસ્થાની વચ્ચોવચ મસ્તિક નવરું ન પડ્યું. બોલ્યા વિના કુમુદસુંદરીવાળા કાગળમાંની કવિતા ગાઈ. ‘કુમુદસુંદરીને ભદ્રેશ્વરમાં પાછું મળવાનું થશે. હું ભદ્રેશ્વર ન જ જાઉં તો શું મને મળવા આવેલાને મારે ન મળવું? મનોહરિયામાં રહીશ અને એ સુવર્ણપુર જશે ત્યારે વચ્ચે ત્યાં અટકાવી મળીશ. પિતાની ખબર એ આપશે. પિતાને હું સાંભરતો હોઈશ? એમની શી અવસ્થા હશે? મુંબઈ પાછા જવું? ન જવું? ત્યારે ચંદ્રકાંતને શું કહેવું?

‘કારભાર કેમ મળે છે — દેશી કારભારીઓ કારભાર કોને કહે છે તે તો જોયું. પણ એ રાજ્યોમાં રાજ્યતંત્ર કેમ ચાલતાં હશે — લોકની અવસ્થા કેવી હશે? — આ સર્વ જોવાનું રહ્યું. સુવર્ણપુરને તો તજ્યું જ. રત્નનગરી જઈને જોઉં? આ ગાડું ત્યાં જ જાય છે તો!

‘પ્રમાદધનને શી શિક્ષા થાય છે તે જણાય તો ઠીક. પણ હવે મારે એ જાણી શુ કરવું છે?

‘અરેરે! કુમુદસુંદરી!

‘આ બહારવટિયાની બીક પણ ખરી! — મૂર્ખદત્તે સૂચના એમને આપી છે એટલે ઠીક છે!’

ગાડું એકબે ગાઉ નીકળી ગયું. ગાડાવાળાએ ગાવા-લલકારવા માંડ્યું:

‘મારાં ઠકરાળાં હો! તમારા દાડમની કળીશા દાંત!

ઘેરે આવજો હો! આપણે વાળીશું ગૂપ્ત ગાંઠ

મારાં ઠકરાળાં હો! મારું ઘર ખેતરવા પેલે પાર —

ત્યાં તૌ આવજો હો! ઉઘાડું મેલીશ અડધું કમાડ.

મારાં ઠકરાળાં હો! તમારા કાળી નાગણશા વાળ!

ઘેર આવજો હો! આપણે મહાલીશું માઝમ રાત! ’

લલકાર આખે લાંબે માર્ગે વ્યાપ્યો.

લલકારમાં સરસ્વતીચંદ્ર લીન થયો અને કુમુદસુંદરી હૃદયના દ્વારમાં આવતી લાગી. ગાડામાં સ્ત્રીઓ છે એવી પશ્ચિમબુદ્ધિ થતાં ગાડાવાળાએ ગાવું બંધ કર્યું. માથા આગળ બેઠેલી ડોશીએ ગાવા માંડ્યું:

'જીવની આશા તે ડુંગર જેવડી, મરવું પગલાંની હેઠ,

મરણસમે તારું કો નહિ, સગું ના'વે કો ઠેઠ — જીવ O '[*]

સૂતેલા સરસ્વતીચંદ્રની આંખમાં આંસુ આવ્યાં, 'મરવું — મરવું — કુમુદ — કુમુદ —' કરતું કરતું તેનું રોતું હૃદય તાપમાં નિદ્રાવશ થઈ ગયું. ધડકતા હૃદયને, સૂક્ષ્મ અને ચિત્રસંસ્કારી સ્વપ્નસૃષ્ટિને, ચેતનને, ચેતનના હૃદયમાં રહેલા ચેતનને, અને એમ કંઈ કંઈ રત્નોને અંતરમાં વહેતું હૃદયશૂન્ય જડ ગાડું ધીમે ધીમે ચાલવા લાગ્યું. ઊંઘતો ઊંઘતો સરસ્વતીચંદ્ર નવા અજાણ્યા સંસારમાં ચાલ્યો — ક્યાં જવું છે તેનું ભાન હતું, શું કરીશ તેનો વિચાર ન હતો, અને શું અનુભવાશે તેની કલ્પના ન હતી! જન્મતો માનવી બીજું શું કરે છે?

ગાડાની પાછળ કેટલેક છેટે પણ ગાડા ભણી અને તેમાં બેસનારા ઉપર અચૂક દૃષ્ટિ રાખતા રાખતા પરસ્પર વાતો કરતા કરતા ત્રણ ઘોડેસવાર આવતા હતા, અને ઘોડાના પગના ડાબલાનો પોલો સ્વર અર્ધ ઊંઘતા સરસ્વતીચંદ્રના કાન ઉપર ડાબકા દેવા લાગ્યો.

ગાડાની સામી પાસ ઘણે જ છેટે ક્ષિતિજમાં સામી ધૂળ ઊડતી હતી અને ઢોલ અને રણશીંગા જેવા સ્વર તથા હોકાર ઘણે આઘેથી આવતા હતા. રખેને એ સ્વર ધીરપુરવાળા બહારવટિયા તરફના તો ન હોય જાણી આવા પ્રસંગોનો અનુભવી ગાડાવાળો કંપતો હતો ને અંદર બેસનારાંને કહેવું કે ન કહેવું તેનો વિચાર કરવા લાગ્યો. ગાડાની લગોલગ જ એક સંન્યાસી ચાલતો હતો તેને જોતાં મૌન ડહાપણ ભરેલું લાગ્યું.

ગાડામાં ડોશી બેઠી હતી તે કંઈક લૌકિક કવિઓનાં પદ ગાતી હતી. અને તેમાંથી છૂટકત્રૂટક કટકા સરસ્વતીચંદ્રના હૃદયમાં પેસતા હતા.

'સુખદુ:ખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયાં,

ટાળ્યાં તે કોઈનાં નવ ટળે રઘુનાથનાં જડિયાં.'[૧]

* * *

જંગલ વસાવ્યું રે જોગીએ, તજી તનડાની આશ જી!

વાત ન ગમે આ વિશ્વની, આઠે પહોર ઉદાસ જી! જંગલ O

સેજ પલંગ રે પોઢતા, મંદિર ઝરૂખા માંહ્યા જી.

તેને નહીં તૃણસાથરો, રહેતા તરુતળ છાંય જી. જંગલ O

શાલદુશાલા ઓઢતા ઝીણા જરકશી જામા જી

તેણે રે રાખી કંથા ગોદડી સહે શિર વાત ઘામ જી. જંગલ O

* * *

હાંજી કહેતાં હજારો ઊઠતા, ચાલતાં લશ્કરલાવ જી!

તે નર ચાલ્યા રે એકલા, નહીં પેંજાર પાવ જી! જગલ O [2]

સરસ્વતીચંદ્ર સ્વપ્નાવસ્થ હતો તેને અનેક ડૂસકાં ભરતી આકાશમાં અધ્ધર લટકતી, ગાડા પાછળ દોડતી આવું આવું ગાતી કુમુદસુંદરી દેખાઈ. વળી ડોશી ગાવા લાગી:

'કાયા માયા કૂડી રે, રાખી તારી રહેશે નહીં,

જોને તું વિચારી રે, ઘેલા! કેમ અક્કલ ગઈ?'

* * *

'વાદળાની છાયા રે, જોતાં જોતાં છેટે ગઈ!' [3]

* * *

અચિંતી આંખ ઊઘડી અને વાદળની છાયા ભણી કુમુદસુંદરીની છાયા દૃશ્ય થઈ. આંખ ફરી મીંચાઈ. ડોશીનું ગાન તો ચાલતું જ હતું.

'ભરમાવી દુનિયા ભોળી રે બાવો ચાલ્યો ભભૂતી ચોળી.

* * *

ભોજો ભગત કહે ભવસાગરમાં બાવે માર્યાં બોળી રે. ભ૦'

* * *

કુમુદસુંદરીની વડિયાઈ, લુચ્ચા જમાઈએ ભોળી દીકરીને ભરમાવી માટે, ઠપકો દેતી હોય એવું સરસ્વતીચંદ્રને ભાન થયું. દુ:ખમય તે ફરી સ્વપ્નવશ થયો. રગશિયું ગાડું હજી ચાલતું જ હતું. પાછળના અને આગળના સ્વર એકઠા થઈ સ્વપ્નાવસ્થ કાનમાં પેસવા લાગ્યા.

બરોબર મધ્યાહ્ન થયો અને જગતના શિર પર ચડેલો સૂર્ય માનવીનું મસ્તક તપાવવા- ઉકાળવા લાગ્યો.

ચોપાસ મચી રહેતા ગરબડાટ વચ્ચે થઈને સૂર્યનો પ્રકાશ તજી પોતે કોઈ ઊંડી ખોમાં ઊતરી પડતો હોય, અંધકાર ભરેલા ગર્જના મચાવી મૂકતા સમુદ્રનાં મોજાંને ચીરી તેને તળિયે જઈ પહોંચતો હોય — એવું સ્વપ્ન અનુભવતો, સર્વ અંધકાર વચ્ચે માત્ર ‘કુમુદદીપ’ જોવા પામતો; સરસ્વતીચંદ્ર અંધનિદ્રાના પાતાળમાં ઊંધે માથે પડવા લાગ્યો. પડતાં પડતાં અંગ્રેજ કવિની રજ્જુ જેવી કવિતા તેના હાથમાં આવી તેનો આધાર પકડી લઈ લાંબા અજગર પેઠે મુખ વિકાસી ઊભેલી ઊંડી નિરાશાનિદ્રના કૂવામાં પોતાનો પ્રતિધ્વનિ સાંભળતો સાંભળતો ધીમે ધીમે ઊતરી પડ્યો.

‘મચી રહ્યો કોલાહલ આજે દશે દિશ ગાજે

તે મન્ચે થઈ ઊતરી પડતી; પડ, નીચે નીચે જાજે!

નીચે નીચે!

મૃગ પાછળ ધસી પડે રુધિર પીનાર શ્વાન શિકારી;

ધૂમ, વીજળી જતાં, થઈ જાય વ્યોમનો વ્યાપી;

ગ્રહી પતંગઈંધન, પૂઠે વિશદ ઝગી રહે જ્યોત દીવાની;

પૂઠ લેતી મૃત્યુતણી નિશા — નિરાશા કાળી;

પ્રીતિ પાછળ દુ:ખની છાય, ઢાંકતી આંખ, પડે ઉઘાડી;

*ચડી ઊભય * કાળ-હય પીઠે કરે બળ — સવારી,*

પી જતી ‘આજ’ ને આજ ‘કાલ’ અભિમાની જોરભરી આવી.

ચુંબક — ઉર ચીરી કળી જતી લોહકુહાડી.

એમ જ ચીરી આ દંભ નીચે,

એમ જ આ સૌ દંભ નીચે

ઊતરી પડની, શૂર, નીચે નીચે!

આ જગદંભતણા સાગરની નીચે નીચે જાજે,

સમુદ્રતળિયે ઊતરી પડની, પડી નીચે નીચે જાજે,

સમુદ્રની ચીરી ઊર્મિ ઊછળતી નીચે નીચે જાજે.

નીચે નીચે!

પડી નિદ્રાવશ, ઓઢીને અંધ ઓછાડ, વીજળી સૂતી;

મુર્મુરકણિકા [૧] ભૂતિને [૨] ગર્ભ સ્ફુરી રહેતી;

પ્રિયદૃષ્ટિ અપશ્ચિમ, ઉરે વિરહીએ, ગણી રત્નસમ રાખી;

મણિ રહે ખાણ અંધારી માંહ્ય છુપાઈ:

એમ જ આ સૌ દંભ નાચે

કામણ કંઈ તુજ કાજ હીસે;

ધન્યભાગ્ય! આ દંભ નીચે

રસિક! ઊતરી પડ નીચે નીચે!

નીચે નીચે!' [3]

આ માનવીના દુ:ખ નીચે ભારે મરતા હોય તેમ ધીમા ચાલતા બળદની પાછળ ગાડું ખેંચાતું હતું, અને આગળ ઊડતા — તડકાથી ચળકતા — ભડકા જેવા — ધૂળકોટમાં પડવા માંડતી આહૂતિ પેઠે દૃશ્ય બનતું, દૃશ્ય લક્ષ્યભણી સરસ્વતીચંદ્રના પ્રારબ્ધ પેઠે — અદૃષ્ટ પેઠે — ચાલ્યું.



---

* પ્રવર્તમાન લોકગીતમાંથી

૧ . નરસિંહ મહેતો ૨. નિષ્કુલાનંદ ૩. દેવાનંદ

* નિરાશા અને દુ:ખ ૧. તણખો Spark ૨. રાખોડીને ૩. Shelly's Prometheus Unbound

સરસ્વતીચંદ્ર

ભાગ ૨

ગુણસુંદરીનું કુટુંબજાળ

૧. મનોહરપુરીની સીમ આગળ

મનોહરપુરી સુવર્ણપુરથી દસેક ગાઉને છેટે છે. પુરાતન કાળમાં એ એક મહાન નગરી હતી. વિદ્વાન, સ્વતંત્ર અને પ્રતાપી રાજાઓનું તે રાજનગર હતું. કાળબળે તે રાજાઓને મ્લેચ્છ લોકે જીતી લીધા અને મનોહરપુરીની અવદશા થઈ જતાં ત્યાં આગળ માત્ર એક ગામડું રહી ગયું અને મનોહરિયું, મનોરિયું વગેરે ક્ષુદ્ર નામોથી ઓળખાવા લાગ્યું. આજ એ ગામ રત્નનગરીના રાજાના પ્રદેશમાં હતું, અને ઇતિહાસપૂજક ચિત્તવાળા કારભારી વિદ્યાચતુરને તે પ્રિય હોવાથી તેની સવિશેષ સંભાળ લેવામાં આવતી હતી. વિદ્યાચતુરનો જન્મ પણ એ જ ગામમાં હતો. વળી બીજાં પણ ઘણાંક કારણોને લીધે તેને મન એ ગામ પ્રિય લાગતું. વિદ્યાચતુરનું મોસાળ અને ગુણસુંદરીનું પિયર આ જ ગામમાં હોવાથી, તેમ જ બાલ્યાવસ્થા તથા યુવાવસ્થાનો આરંભ આ દંપતીએ આ જ ગામમાં ગાળેલો હોવાથી, મનોહરપુરી ઉભયને મનોહર લાગતી અને ‘મનોહરપુરી’ નામનો તેમણે જીર્ણોદ્ધાર કર્યો હતો.

સર્વ કૃત્રિમ વૈભવ નષ્ટ થવા છતાં ઈશ્વરે આપેલી સુંદરતા આ ગામને છોડી ગઈ ન હતી અને તેને લીધે તેમ જ બીજાં કેટલાંક કારણોથી ઘણાક લોકોને એ સ્થળ પરિચિત અને પ્રિય હતું. સુવર્ણપુર, રત્નનગરી અને અંગ્રેજી રાજ્ય, એ ત્રણેના અધિકાર નીચેના પ્રદેશનું તે મધ્યસ્થાન હતું અને ત્રણે રાજ્યોની સીમ મનોહરપુરીની સીમ સાથે ભેટતી હતી. આ રાજ્યોની તેમ જ ઈશ્વરરચનાની સીમનું પણ તે મધ્યસ્થાન હતું. પશ્ચિમમાં અર્ધ ગાઉને છેટે સમુદ્ર હતો તેથી પશ્ચિમપવનની લહેરો શીતળ તથા રમણીય થઈ ઉનાળાની દુ:સહતાને મનોહરપુરીમાંથી દૂર કરતી. ઉત્તરમાં સુંદરગિરિ નામના નાના પણ સુંદર પર્વતનો આરંભ થતો. બીજી બે પાસ મોટાં વન હતાં. પૂર્વમાં આંબાનાં વન, અતિવિસ્તારી અસંખ્ય વડની ઘટાઓ, શેરડીનાં ખેતર ઇત્યાદિથી આ નાના ગામડાની દૃષ્ટિસીમા રોકાઈ ગઈ હતી. ઊંચાં અને લીલાંસૂકાં તાડનાં વન દક્ષિણ દિશામાં સુંદરતાની ધજાઓ પેઠે ફરકતાં હતાં અને તેમનાં લાંબાં તથા ફાટ્યાંત્રુટ્યાં પાંદડાં પટાવાળા ધ્વજપટથી જુદી જાતનાં ન હતાં. ભદ્રાનદીની સુભદ્રા નામની શાખા પૂર્વમાંથી દક્ષિણમાં આવી વાંકીચૂકી ગતિથી ચાલતી સર્વ વનોમાંનાં પાંદડાં તથા ફળપુષ્પોને પોતાની છાતી ઉપર વહેતીવહેતી મંદ પણ સ્થિર ઝીણો સુસ્વર કરતીકરતી તાડના મૂળ આગળ આવી સમુદ્રમાં ભળતી હતી. આ નદીને લીધે તાડના વનમાં બીજી વનસ્પતિ પણ ગૂંથાઈ ગઈ હતી. ચૈત્રના શુક્લપક્ષના આ સમયમાં ઊતરતા વસંત તથા આવતા ગ્રીષ્મનો સંધિ થતો હતો તે પ્રસંગે સુરંગિત માર તથા સુવાસિત કેરીઓથી ઊભરાતું આંબાનું વન અને ભરતી

પામતો સમુદ્ર મનોહરપુરીની પૂર્વપશ્ચિમમાં સુંદરતાના ત્રાજવામાં તોળાતાં હતાં.

આંબાનાં વન અને તાડનાં વનને જુદાં પાડી સુવર્ણપુરથી નીકળતો રસ્તો નદીની પેઠે ઉભય પાસનાં વનના તટ વચ્ચે વહેતો હતો અને મનોહરપુરી ભણી વળતો હતો.

ચારેપાસનાં વનોમાં સંતાઈ રહેલી સંધ્યાકાળે જ્યારે, ભય માત્ર તજી, બહાર નીકળી પડી, ગોળ સૂર્યને તાડનાં વનની પાછળ ગબડાવી પાડ્યો અને તે જ્યોતિનું તેજ અસ્ત થતું થતું પણ ઊંચા તાડનાં શિખર ઉપર ટકી રહેલું દેખાયું ત્યારે સંધ્યાકાળે શીતળ કરી દીધેલા રસ્તા ઉપર રગશિયું ગાડું ઘસડાતું હતું અને વિશ્રામસ્થાન પાસે આવ્યું જાણી થાકેલા બળદને જોર આવતું હતું. જે ગાડામાં બેસી સરસ્વતીચંદ્ર નીકળ્યો હતો તે જ આ ગાડું હતું. ગાડાવાળો એનો એ જ હતો, પણ અંદર સરસ્વતીચંદ્ર અથવા એના સાથમાંનું કોઈ પણ માણસ ન હતું. ગાડાની સાથે ચાલનારો દંડી સંન્યાસી માત્ર અંદર ચડી બેઠો હતો. બનેલા બનાવ ન સમજનાર બળદને માથે માત્ર આ બે જણનો જ ભાર હતો.

ગાડાવાળો અને સંન્યાસી ગમ્મત કરતા ગપાટા મારતા હતા અને ગાડું ખખડતુંખખડતું બે વન વચ્ચેની ખીણો જેવા રસ્તા પર દોડતું હોય એમ ચાલતું હતું. સંન્યાસીના હાથમાંનો દંડ નિર્ભય સ્થિતિમાં ગાડાના પાંજરા પર આડો પડ્યો હતો અને તેની આકાશ ભણીની અણી લોહીવાળી થઈ હતી. ગાડાવાળો સ્વસ્થ હતો પણ સંન્યાસીના મનમાં કાંઈક શંકા હોય તેમ તેની આંખ સાવધાન રહેવાનો પ્રયત્ન કરતી ચારેપાસ કીકી ફેરવતી હતી.

ગાડાની પાછળ જે ત્રણ સવાર સુવર્ણપુર આગળથી ચાલતા હતા તે અત્યારે દેખાતા ન હતા. સરસ્વતીચંદ્રને ચાલ્યો જતો જોઈ કુમુદસુંદરીએ પોતાને તેડવા આવેલા સવારોમાંથી એ ત્રણ જણને કેટલીક સૂચના આપી સરસ્વતીચંદ્રની પાછળ મોકલ્યા હતા. અબ્દુલ્લા, ફતેહસંગ અને હરભમજી એવાં એ ત્રણ સવારનાં નામ હતાં.

ગાડું ચાલવા માંડ્યું ત્યારે તેની આગળ જે સ્વર તથા હોકારા આવતા હતા તે હવે શાંત થઈ ગયા હતા અને તે સ્થળ ગાડું ક્યારનું વટાવી ચૂક્યું હતું. આંબાનું વન અંગ્રેજી સીમમાં હતું. તાડનું વન સુવર્ણપુરના રાજ્યની સીમમાં હતું, અને બેની વચ્ચેના રસ્તાનું મુખ મનોહરપુરની સીમમાં હતું. તે સીમમાં એક પૂર્વપશ્ચિમ રસ્તો હતો અને ત્યાં આગળથી દક્ષિણ ભણીનો રસ્તો બંધ થતો હતો — ભળી જતો હતો. ત્રણ દિશાના માર્ગ મળતા હતા ત્યાં આગળ આમ ત્રિભેટો થતો હતો. ગાડું ત્રિભેટા આગળ આવી અટક્યું તે સમયે અંધકાર આકાશમાંથી ઊતરી પડ્યો અને રાત્રિ પણ વિશ્વને ભેટી પડી. ચંદ્રમા ડોકિયું કરી જતો રહ્યો. ત્રિભેટાને મધ્યસ્થાને એક વડનું ઝાડ

હતું તેની નીચે સંન્યાસીની ઇચ્છાથી ગાડાવાળાએ બળદ છોડ્યા અને બે જણ ગુપચુપ અંધારામાં વાતો કરવા લાગ્યા.

ગાડાવાળો : “ઠાકોર! હવે મને જવા દો. આ તરભેટામાં ત્રગણો ભો. તમે તો છૂટા, પણ મારાં તો ઘરબાર જશે.”

સંન્યાસી : “હવે છાનો, છાનો! પેલા હરભમના મારથી મારા જમણા પગનું હાડકું કળે છે તે મારાથી ચલાય એમ નથી ને મારે આ આંબાવાડિયાની પેલી પાર વીરપર જવું છે; તારા ગાડા વિના ત્યાં નહિ જવાય.”

ગાડાવાળો : “તે વીરપરમાં કિયો બાપ તમને સંઘરવાનો હતો જે? રાણો ખાચર તમને ને મને બેને બાંધી સોંપી દેશે.”

સંન્યાસી : “ભા દીઠા નથી હજી સુરસંગના હાથ. આ હાથ આજ ભૂપસિંહની ગાદીને હલમલાવે છે ને બુદ્ધિધનને ઉજાગરા કરાવે છે. બે દિવસમાં જોઈ કે નહીં ઊથલપાથલ કરી છે તે?”

ગાડાવાળો : “ત્યારે વીરપર જઈ શું કરશો?”

સૂરસંગ : “રાણા ખાચરની અમારે મોટી ઓથ છે. તારે એમના ભણીની બીક રાખવી નહીં. સરકારમાં એ ગમે તે બોલશે, કાગળમાં ગમે તે લખશે, પણ સુરસંગનો વાળ વાંકો નહીં થવા દે.”

ગાડાવાળો : “ત્યારે પેલા વાણિયાબ્રાહ્મણ ગાડામાં બેઠા હતા તેનું શું કરશો?”

સુરસંગે આ પ્રશ્નનો ઉત્તર ઉડાવ્યો એટલામાં છેટે અંધકારમાં રણશિંગું વાગ્યું. સુરસંગે ઉત્તરમાં શિયાળના જેવો વિચિત્ર સ્વર કર્યો. થોડીવારમાં કેટલાક પગનો ઘસારો સંભળાયો. સુરસંગ વડવાઈઓના મુખ આગળ ઊભો રહી ચલમ ફૂંકી તેમાંથી ભડકા કાઢવા લાગ્યો, અને થોડાંક માણસો આવ્યાં તેને સાથે લઈ વડ નીચે અસલ જગાએ આવી પાછો બેઠો. આવેલામાંથી એક માણસ ગાડાવાળાને લઈ આવતું જતું માણસ સાચવવાના નિમિત્તે વડવાઈ આગળ જઈ બેઠો એટલે બહારવટિયાઓ અંત:કરણ ઉઘાડાં કરવા લાગ્યા.

તેમની પાસે હવે કોઈ પારકું માણસ ન રહ્યું. માત્ર સૌનાં માથાં ઉપર ડાળોનાં પાંદડાંમાં કોઈ બેઠું હોય તેમ જરાક ઘસારો થયો. સુરસંગે ચલમ સળગાવી ઊંચું જોયું અને કાન માંડ્યા પણ તરત પાછો વાતોમાં ભળ્યો.

ચલમમાં ભડકો થતો ત્યારે ઉપરની ડાળોમાં તે તેજનું પ્રતિબિંબ પડતું હોય તેમ આગિયા કીડાની પાંખના જેવો ચમકારો સ્પષ્ટ થતો હતો પણ તે પર કોઈનું ધ્યાન ખેંચાયું નહીં, અને ચારેપાસના અંધકારની પેઠે નિષ્કંટક પરંતુ પવનથી હાલતાં ઉપરનાં પાંદડાંના સ્વરની પેઠે ધીમે સ્વરે બહારવટિયાઓની વાર્તાનો રસ કર્ણોપકર્ણ છિનોમાનો જામવા લાગ્યો.

૨. બહારવટિયું મંડળ

થોડે થોડે વડ નીચે પચાસ પોણોસો માણસ એકઠું થઈ ગયું. પણ કોઈ કોઈની સાથે બોલતું ન હતું; માત્ર પગના ઘસારા અને હથિયારોના ખખડાટ સંભળાતા હતા. એવામાં એક જણ એક મશાલ સળગાવી ચારેપાસ ફરી વળ્યો અને સૌનાં મોં તપાસી સુરસંગ પાસે આવ્યો અને તે નીચે બેઠો એટલે સૌ મંડળ બેસી ગયું. ચારપાંચ માણસો મશાલો સળગાવી સૌ મંડળની આસપાસ લક્ષ રાખતા ઊભા રહ્યા, અને ચાર માણસો વડની ચારે દિશા જોતા હાથમાં બંદૂકો રાખી ઊભા. સર્વ માણસ મજબૂત બાંધાના હતા. કોઈ ઠીંગણા ગાંઠા જેવા, કોઈ લાંબા પહોળા, કોઈ એકલા ઊંચા પણ તરી આવતી નસોવાળા, પણ સર્વ શૂરવીર દેખાવાના હતા, અને જૂનાં તથા નવાં જુદીજુદી જાતનાં હથિયાર તેમના હાથમાં હતાં. સુરસંગની આસપાસ ચાર વૃદ્ધ અને બે જુવાન ગરાસિયા અને એક બ્રાહ્મણ એટલા કુંડાળું વળી બેઠા.

“બાપા!” બે જુવાનમાંનો મોટો માથું ઊંચું કરી બોલ્યો: “હવે બુદ્ધિધન જખ મારે છે. એના દીકરાની વહુ ભદ્રેશ્વર જવા નીકળી છે અને અંબા સહાય થઈ તો આ જ વડ પાસે આપણા હાથમાં સવારે આવશે. પછી એ ધીરપુર પચાવી પડ્યો છે તે જીવતી માખ ગળ્યા જેવું થશે.”

બ્રાહ્મણ જશ પાસે આવ્યો અને બોલ્યો: “ઠાકોર! પરતાપસંગ બાપુ બરાબર કહે છે, પણ મારું બ્રાહ્મણભાઈનું યે જશ સાંભળવું જોઈએ. એ બાઈને પકડ્યાથી બીજો શત્રુ થશે. રત્નનગરીવાળાને વેરી કરવાથી હાંસલ નહીં થાય. પછી તો તમે જાણો. અમે તો પશ્ચિમબુદ્ધિવાળા બ્રહ્મબંધુ.”

પ્રતાપસિંહનો નાનો પણ બુદ્ધિવાળો ભાઈ વાઘજી બોલ્યો: “બાપા! શંકરમહારાજ ઠીક કહે છે. વળી સ્ત્રી અને બાળક બેને હેરાન ન કરવાં એ આપણો નિયમ છે. તેથી તો આપણને બધી વસ્તીની મદદ છે તે પણ ભાઈના કહ્યા પ્રમાણે કર્યાથી બંધ થશે.”

પ્રતાપસિંહનો ક્રોધમાં આવી બોલી ઊઠ્યો: “વાઘજી! હજી તમે ખરો વિચાર કરી શકતા નથી. રાણા ખાચરને ભૂપસિંહ કરતાં વિદ્યાચતુર પર વધારે વેર છે. આ જ કારણથી સામંતમુળુને ખાચર આપણા કરતાં વધારે મદદ આપે છે. સામંતમુળુ અને આપણે એક થઈ જઈએ તો ખાચરની મદદ વધારે થશે.”

વાઘજી પોતાના ભાઈના સામું ગૂંચવાડાભરેલી નજરથી જોઈ રહ્યો. મણિરાજ રત્નનગરીનો રાજા હતો અને સામંતમુળુ એની સામે બહારવટે નીકળેલો હતો. કુમુદસુંદરી વિદ્યાચતુરની દીકરી એટલે એને પકડવાથી સામંતમુળુ અને સુરસંગ બેનો સંબંધ ઘાડો થાય એ સ્પષ્ટ હતું. પરંતુ પ્રતાપની સૂચનાનું ખરુ કારણ આ ન હતું. તે વિષમી હતો અને કુમુદને

પકડવામાં પિતાનો સ્વાર્થ પૂરવા કરતાં પોતાની વાસના પૂરવાની ઇચ્છા તેને વધારે હતી. સુરસંગ વાઘજીનું મન સમજી ગયો, પરંતુ તેનો પોતાનો વિચાર કંઈ જુદો જ હતો.

સુરસંગ એ જડસિંહનો ભાયાત હતો પણ શઠરાયે એના કબજામાંથી ધીરપુર લઈ લીધું અને સુરસંગને ન્યાયનું દ્વાર ન જડવાથી બહારવટું લીધું હતું. ભૂપસિંહને અને સુરસંગને મૂળ સ્નેહ હતો અને ભૂપસિંહ ગાદી પર બેઠા પછી પોતાના ગરાસની આશા રાખી હતી. પરંતુ શઠરાય ભૂપસિંહ અને સુરસંગનો મેળાપ થવા ન દેતો. ભૂપસિંહને ખાનગી સંદેશો ગયે જ વર્ષે કહાવતાં સુરસંગને ઉત્તર મળ્યો હતો કે ‘તમે ધીરજ રાખો. હળવે હળવે સૌ થશે.’ આથી શાંત રહી સુરસંગે કંઈ તોફાન કર્યું ન હતું. ભૂપસિંહના મનમાં એવું હતું કે શઠરાયનો કારભાર બદલાયા પછી આ કામ કરવું. આ કારણ જાણતો ન હોવાથી સુરસંગ ધીરજ રાખી શક્યો નહિ અને શઠરાયના જ તરફથી સંદેશો આવતાં લૂંટફાટ કરવા માંડ્યો હતો. પણ તેના મનમાં એમ હતું કે આમ કરી ભૂપસિંહને ડરાવી બધી બાબતનો નિકાલ આણવો. કુમુદસુંદરીને પોતાના માણસો પાસે કેદ કરાવવી, પોતે છૂટા રહેવું, ઉપકાર કરતો હોય એમ બુદ્ધિધનને પાછી સોંપવી, અને એ ઉપકાર સંપૂર્ણ થઈ રહે તે પહેલાં બુદ્ધિધનને ઉપકારવશ તેમ જ ભીતિવશ રાખવો અને પોતાનું કામ કાઢી લેવું એવો તેના મનનો ખેલ હતો. પ્રતાપ તામસી વૃત્તિવાળો અને બાપની પરવા ન કરે એવો હતો. તેની ઇચ્છામાં હાલ દેખીતું વિઘ્ન પડશે તો તે વિવાહનું વરશી કરી બેસશે એમ પણ હતું. બે દીકરા શાંત રહે એવો માર્ગ તેણે શોધ્યો. તેણે બેની વાત ઉડાવી અને પાસે બેઠેલા વૃદ્ધોને પૂછવા લાગ્યો:

“કહો ભીમજી, તમે શા સમાચાર આણ્યા? ચંદનદાસ! તમે પણ તમારી હકીકત બોલો.”

ભીમજી વૃદ્ધ ગરાસિયો હતો અને સુરસંગની સાથે નિ:સ્વાર્થી પ્રીતિને લીધે બહારવટે નીકળ્યો હતો અને સર્વ મંડળને અત્યંત વિશ્વાસનું પાત્ર હતો. રજપૂત લોહીના પ્રવાહને વૃદ્ધાવસ્થાએ કાંઈક શાંત કર્યો હતો અને અનુભવે તેમાં ડહાપણનો પટ ભેળવ્યો હતો. બહારવટિયા સુરસંગની એક ખાસ ટોળીનો તે નાયક હતો. રત્નનગરી અને સુવર્ણપુરની સીમ તેને સોંપી હતી. ચંદ્રકાંતના રથ ઉપર તેણે હુમલો કર્યો હતો અને તે બાબતના સમાચાર તેની પાસે હતા.

ચંદનદાસ એક વાણિયો હતો અને તે છતાં કદાવર લડવૈયો હતો. રજપૂતોના પરિચયથી તેમનો પટ તેને બેઠો હતો. જાતિગુણનો તેનામાં માત્ર એટલો જ અંશ હતો કે સામ, દામ અને ભેદથી કામ થાય ત્યાં સુધી દંડસાધન ઇચ્છતો ન હતો અને સ્વાર્થ વિના લડી પડવું એ તેની પ્રકૃતિ ન હતી.

સરસ્વતીચંદ્રને લઈને સુવર્ણપુરથી નીકળેલું ગાડું આંબા અને તાડનાં વન વચ્ચેના રસ્તાના આરંભ આગળ આવી પહોંચ્યું ત્યારે પાછલા પહોરના ત્રણ વાગવા આવ્યા હતા અને આંબાઓની ઘટામાં ચંદનદાસ બહારવટિયાઓનું એક ટોળું લઈ પડાવ નાખી રહ્યો હતો અને સંન્યાસીને વેશે સુવર્ણપુરની સ્થિતિ તપાસી આવતા સુરસંગની વાટ જોતો હતો. સુરસંગ જેલમાં જઈ શઠરાયને મળી આવ્યો હતો. ગરબડદાસ સાથે બારોબાર સંબંધ રાખવા ટપાલ ગોઠવી મૂકી હતી, સરસ્વતીચંદ્ર બુદ્ધિધનના ઘરનો માણસ છે એ તપાસ કરી હતી, રાણાના મહેલમાં પહેલી જ રાત્રે તે ગયો હતો એ ખબર મેળવી હતી, અને તેને પકડ્યાથી લાભ સમજી તેના ગાડા જોડે ચાલતો હતો.

આંબા અને તાડનાં વનના મુખ આગળ ગાડું આવ્યું અને ઉઘાડું મેદાન બંધ પડ્યું એટલે સુરસંગ ગાડાથી આગળ નીકળ્યો. ચંદનદાસ ઝાડીમાંથી બહાર આવ્યો અને સુરસંગે કરેલી સાન ઉપરથી ચેતી આઠેક હથિયારબંધ માણસો લઈ ગાડા ઉપર તૂટી પડ્યો. એક જણે તરવાર વડે જોતરાં કાપી બળદનો કબજો લઈ લીધો. ગાડાવાળો રાશ લઈ એક પાસ ઊભો અને ધ્રૂજતો ધ્રૂજતો કહેવા લાગ્યો: “બાપુ! બ્રાહ્મણવાણિય? કાંઈ સામા થાય એવા નથી. અમસ્તી હત્યા ન કરશો. પાસે હશે તે આપશે અને કહેશો તે કરશે. હું તો મારે ગાડાવાળો છું.”

ગાડામાંથી વાણિયાને એક જણે ઊંચકી હેઠે નાખ્યો અને તે નીચે પડી પોકેપોક મૂકી રોવા લાગ્યો; જુવાન વાણિયણ ગભરાઈ ગઈ અને એક જણે નિશાની કરી તે પ્રમાણે પૈડાં ઉપરથી ઊતરતાં ઊતરતાં નીચે પડી ગઈ અને તેના શરીર પરથી દાગીના એક બે સરી પડ્યા તે લેવામાં બે જણ ગૂંથાયા. બાઈને ભોંય ભારે થઈ પડી — તેનાથી બોલાયું નહીં — ચલાયું નહીં અને આંખમાંથી માત્ર પાણી ખરખર ચાલ્યું. તેનું ભાન ખસી ગયું અને બોલવાનો પ્રયત્ન કરતી જીભ દાંત વચ્ચે અટકી. બિચારીની બોચી ઝાલી એક જણે તેને પકડી રાખી.

સૌમાં અનુભવી ડોસી નીકળી. એક નાનીસરખી પોટલીમાં થોડાક રૂપિયા રાખ્યા હતા તે પૌટલી લૂગડામાં સંતાડવી કઠણ ન પડી. સામાન માત્ર ગાડામાં રહેવા દઈ હળવે રહી ડોસી બહાર નીકળી પડી અને છેટે ઊભી ઊભી બોલી: “ભા, આ હું તો મારે લૂગડાભેર ગાડા બહાર નીકળી. મારો સામાન બધો માંહ્ય છે. જોઈએ તે લઈ લો. બ્રાહ્મણી છું. તે તમારી પાસેથી માગવા લાયક છું. પછી તમને ખપે તે તમે લો.”

“હવે, બેસ બેસ, બુખી” કરી એક જણ તેને ધૉલ મારવા આવ્યો. ડોસી આઘી ખસી ગઈ અને ધૉલ ચુકાવી દયામણું મોં કરી બોલી: “ભા! માર મારવી હોય તો, વર્ષે બે વર્ષે મોતનું મોં તો મારે છેસ્તો, તે એમ જાણીશ કે આજે જ આવ્યું. તને ય ઘડપણ આવજો. સો વરસનો થજે, ભા—મારા જેવો!” બહારવટિયો છક થઈ ગયો અને આઘો ખસી ડોસીને

એમ ને એમ મૂકી, પણ દૃષ્ટિ તેના ભણી જ રાખી, ગાડા ભણી ગયો. "નાસવાનું કરીશ તો બીક છે. અહીં જ ઊભી રહીશ તો મને શું કરનાર છે?" ગણી ડોસી ગાડા આગળનો તમાસો જોતી જોતી એક પથરા ઉપર રસ્તાની બાજુએ બેઠી.

સરસ્વતીચંદ્ર ગાડામાં પગથી માથા સુધી ધોતિયું ઓઢી સૂઈ ગયેલો હતો તે આ લોકોનો ગરબડાટ સાંભળી સફાળો ઊઠ્યો અને વાણિયાને મુકાવા વિચાર થયો ન થયો એટલામાં તો બીજી પાસ વાણિયણની અવસ્થા જોઈ તે પાસ કૂદી પડ્યો. તેને સામો થતો જોઈ ચંદનદાસ અને તેના માણસ તેની આસપાસ વીંટાઈ વળ્યા. હથિયાર વિનાનો સુકુમાર પુરુષ આ લોકો સામે શું કરી શકે એમ હતું? આખા દિવસનાં ધૂળ અને તાપ વચ્ચેના પ્રવાસથી તેના શરીરમાં તાવ ઉત્પન્ન થયો હતો. કુમુદસુંદરીના વિચારથી તેનું મસ્તિષ્ક (મગજ) ઊકળેલું હતું. સ્વપ્નોથી ભરેલી પણ નિદ્રા ભોગવવાથી તે કાંઈક શાંત થયો હતો તે આ અણધાર્યા પ્રસંગથી બીજા વ્યાપારમાં ગૂંથાયો, અને નિદ્રા છૂટતાં અકસ્માત્ વાણિયણને બચાવવા કૂદી પડ્યો હતો. તેને પોતાની અશક્તિ અને શસ્ત્રહીનતાનું ભાન આવ્યું, તોપણ વાણિયણને હસ્તબળથી છોડાવી અને એક હાથે તેને ઝાલી ભમ્મર ચડાવી હઠી ગયેલા બહારવટિયા સામું જોઈ રહ્યો. આ જોઈ સુરસંગ અત્યારસુધી છેટે ઊભો હતો તે હસતો હસતો આવ્યો અને કહેવા લાગ્યો:

"ચંદનદાસ! આ ભવાઈ હવે જવા દે. આ બૈરાંને જવા દે અને મરદોને સાથે લઈ જા. ચંદરભાઈ! હું તમને ઓળખું છું. જાઓ આમની સાથે."

કોપાયમાન મુખવાળો પણ શું કરવું તે ન સમજનાર વિચારમાં પડેલો સરસ્વતીચંદ્ર બોલ્યો પણ નહીં, ખસ્યો પણ નહીં; માત્ર સુરસંગ સામો દાંત પીસી ઊભો રહ્યો.

"ચંદરભાઈ! તમને લૂંટવા નથી. હું તમને ઓળખું છું. મારે તમારું કામ છે. આમની સાથે જાઓ."

સરસ્વતીચંદ્ર ન જ ખસ્યો. સુરસંગે પાછળથી આવતા ત્રણ સવાર દીઠા અને હોંકારો કર્યો. તેની આંખ ફરી ગઈ.

"જા! જાય છે કે નહીં? ચંદન, ખેંચી જા આ જુવાનને! સખત જાપતો રાખજે! એકદમ ચલાવ હથિયાર, ન માને તો. સાળી બ્રાહ્મણની જાત! માર વગર માને જ નહીં ને!"

ચંદનદાસ અને તેના માણસોએ હાથ ઉગામ્યા અને સરસ્વતીચંદ્રને ખેંચી ગયા. ખેંચતા હતા તેવામાં પાછળના સવારો આવ્યા. તેમને આડી વાટે દોરવા સુરસંગ તેમની સાથે લડવા લાગ્યો અને સરસ્વતીચંદ્ર ખેંચતાણ કરતો પાછો નાસવા જતો હતો તેને ડાંગવતે ગોદો એવો માર્યો કે લોહીવાળો થઈ પડી ગયો. સવારોની દૃષ્ટિ તો સરસ્વતીચંદ્ર ભણી જ હતી.

તેને ઘવાયેલો તથા બેભાન લઈને દોડનાર મંડળની પાછળ તેઓ પણ દોડ્યા. પગના નળામાં વાગવાથી ચાલવાને અશક્ત સુરસંગ ગાડામાં બેસી વડ તળે આવ્યો તે આપણને ખબર છે.

પણ સરસ્વતીચંદ્રનું શું થયું? વડ તળે ચંદનદાસ આવ્યો ત્યારે તેના સાથમાં એ ન હતો. કુમુદસુંદરીએ મોકલેલા સવારો ત્રણ હતા પણ તેઓ શૂરવીર અને ઊંચી જાતનાં હથિયારો લઈ ઘોડે ચડેલા હતા અને પૂરવેગમાં બહારવટિયાઓની પાછળ દોડતા હતા. ચંદનદાસના માણસોની સંખ્યા વધારે હતી, પણ તેઓ સર્વ પાળા હતા, ત્રણ ત્રણ દિવસના અપવાસી હતા, તેમનાં હથિયારો સારાં ન હતાં, દસ દસ વર્ષના નિષ્ફળ બહારવટાથી કંટાળેલા હતા, અને માત્ર વટને ખાતર જ સુરસંગના પક્ષમાં ઘસડાતા હતા; તેમાં અત્યારે પાછળ આવા સવારો આવે અને બે માણસોને સાથે ખેંચી ચાલવું ભારે પડ્યું તેમ જ નિરર્થક અને પોતાને વાસ્તે હાનિકારક લાગ્યું. ચંદનદાસે પણ વણિગ્બુદ્ધિ ગ્રહી. આ મુસાફરોને પકડવામાં તેમની પાસે દ્રવ્ય હોય તો તે લૂંટવા સિવાય બીજો અર્થ સુરસંગના મનમાં હોય એવી તેને કલ્પના પણ ન થઈ, અને “આ માણસો તો ભિખારી છે — મૂકોને પડતા” એ વિચાર કરી, એક ઊંચા ઘાસવાળી જમીનમાં ઘાસ વચ્ચે તેમને સુવાડી દઈ પડતા મૂકી, પોતે ભાર વિનાનો થતાં સવારોની નજર ચુકાવી નાસી ગયો. સરસ્વતીચંદ્રને આમ પડતો મૂક્યો તેની સવારોને ખબર ન પડી અને થોડેક સુધી દોડી નિરાશ થઈ મનોહરપુરી ભણી વળ્યા.

ચંદનદાસે આ સર્વ સમાચાર વડ તળેની સભાના અધ્યક્ષ સુરસંગને બીતે બીતે કહ્યા. સુરસંગ માત્ર એટલું જ બોલ્યો: “ચંદનદાસ! તું ગમે તેવો શૂરવીર છે, પણ વાણિયો છે. રાજકાજનાં કામ સમજે પણ આખરે તારી નજર વેપારીની હશે. તેં તારા ગજા પ્રમાણે કર્યું. કામ સોંપતાં પહેલાં કામ કરનારનું ગજું જોવું અને તેનાથી કેટલું ઊપડી શકશે એ ક્યાસ કરી જોવો — એ રાજાનું કામ છે. તેં થયું કર્યું. તે તારો દોષ નહીં. દોષ મારો કે તને કામ સોંપ્યું. ખરી વાત. દસ દસ વર્ષ થયાં રાજા મટી ધાડપાડુનો ધંધો લઈ બેસનારમાં રાજબુદ્ધિ ક્યાંથી રહે? જો બુદ્ધિ હોય તો તમારા જેવા શૂરવીર અને વટવાળા સાગરીતો સાથે હોવા છતાં શું શું બનવું ન જોઈએ?” સુરસંગનું મોં લેવાઈ ગયું કારણ તેને મનથી હાથમાં આવેલું એક મોટું સાધન જતું રહ્યા જેવું થયું. “વારુ, ભીમજી! તમારે પણ એવી જ કથા કરવાની છે કે કાંઈ બીજી? ભા, ચડતાનું નસીબ ચડતું, ઊતરનારનું ઊતરતું. બોલો, બોલો, જે હોય તે.” વૃદ્ધ ભીમજી આગળ આવી ભ્રૂકુટી ચડાવી તાકી જોઈ બોલ્યો: “સુરસંગ! તારા બાપને માથે તારાથી વધારે દુ:ખ પડ્યું હતું પણ તેની છાતી આવી ન હતી; તારા કરતાં જબરી હતી. આટલાથી તું હારી જાય છે ત્યારે હવે બીજું શું કરશે? તારું કામ તો એ છે કે આ બધાંને હિંમત આપવી. ચાલ, ચાલ, આમ નબળા બોલ બોલતાં રજપૂતના દીકરાને શરમ નથી આવતી? ઘોડે ચડે તે પડે. બીજાને કંઈ

પડવાનું હતું? આવો તારો શત્રુ શઠરાય તે આજ તારી મદદ માગે છે; કંઈ મારી માગે છે? તારો બાપ કોણ? તારી મા કોણ? તારું કુળ કોણ? તું કોણ? જા, મારા ભા! દસને ઠેકાણે પચાસ વર્ષ આવાં થાય! જંગલમાં તો ખાવાનું યે મળે છે, પણ કઠણ પહાડની ખોમાં બે વરસ ભરાઈ રહેવું પડે, તેમાં શું થયું જે? વાણિયાબ્રાહ્મણને કંઈ એમ થવાનું હતું? રજપૂતનું રજપૂતપણું તરવાર મારવામાં ને તરવારના ઘા સહેવામાં જ પૂરું નથી થતું. રજપૂત! રજપૂત બધી જાતનાં દુ:ખ ખમતો ખમતો હસે છે ને ઈશ્વર ઘા ઉપર ઘા કરે તેમ તેમ રજપૂતનું લોહી વધારે વધારે ઊકળે છે; તેનું લોહી વધારે વધારે બળવાળું થાય છે! રજપૂતને તો પોતાની જ ચિંતા હોય છે, પણ રજપૂત રાજાને તો પારકી ચિંતા પણ હોય છે. બાપુ! તું જુએ છે કની કે આ વાદળાં આખા વાદળને કાળુંબલક કરી મૂકે છે અને વરસવાને સાટે ગાજવીજ કરી મૂકે છે ત્યારે ઝાડીમાં અંધારી રાતે એકલું ઊભેલું પણ સાવજનું બચ્ચું ખીજી ખીજીને ફાળ ભરે ને સામું ગાજે છે! સુરસંગ! તું સાવજનું બચ્ચું છે — જ્યાં સુધી આ વાણિયાબ્રાહ્મણનો વેશ છોડી તારી જાત ઉપર — તારા કુળ ઉપર — નહીં આવે ત્યાં સુધી હું કંઈ તને સમાચાર કહેવાનો નથી. તારું મન આવું થાય ત્યારે તો સૂરજ આથમણે ઊગવો જોઈએ — તને રજપૂત કોણ કહે? —તારી સાથે બોલું તો ભ્રષ્ટ થાઉં. ઘરડો પણ રજપૂત છું. તારા બાપની, અને તું રજપૂત હતો ત્યારે તારી નોકરી કરી છે. ગાજી ઊઠ અને જણાવ કે હજી તું એ ને એ મારો શૂરો સુરસંગ છે. ત્યાં સુધી હું નહિ બાલું.”

આટલું બોલી ભીમજી એકદમ સુરસંગ ભણી પૂંઠ ફેરવી બેઠો.

“ભીમજીભા!” —સુરસંગ ડોસાને ખભે હાથ મૂકી તેને મનાવવા લાગ્યો.

“ભા યે નહીં ને બા યે નહીં. હું રજપૂતનો સગો છું — બીજાનો નહીં. બોલ કે સુરસંગ હજી નાહિંમત નથી થયો.’

સુરસંગ ભીમજીના સામો આવી ઊભો અને તેનો હાથ ઝાલી તેને ઉઠાડી ગાજી ઊઠ્યો: “ભીમજીભા! ઊઠો, ઊઠો! વાણિયા સિથે વાણિયાનો વેશ કાઢ્યો માટે હું વાણિયો થયો ન સમજશો. ચંદનદાસ! તારામાં ઊકળતું લોહી ન હોય તો ખોલ તારી નસ ને મારી નસ ખોલી મારું લોહી થોડું લે. ખરું છે કે સેનાધીશ ધૈર્ય ખોયું એટલે સેનાનો નાશ થવાનો જ. સેના એ યુદ્ધ કરનાર અંગ છે અને સેનાધીશે એ અંગમાં વસનાર આત્મા છે. સેનાધીશનું શૂરત્વ એ અંગને ઉકાળનાર અને કુદાવનાર લોહી છે! એ લોહી મારામાં છે. ભૂપસિંહના વાયદા હવે હું સાંભળનાર નથી. તેનો કારભારી શઠરાય હો કે બુદ્ધિધન હો — મારે તેની સાથે શો સંબંધ છે? ધીરપુર પાછું મેળવવું એ મારો પુરુષાર્થ છે. આ મારું મંડળ દસદસ વર્ષ થયાં રખડે છે. તેનો અંત હવે આવશે એવું મારો આત્મા મને કહે છે. કહો ભીમજીભા! બીજી વાત પડતી મૂકી, હવે શું કરવું અને આપણું બળ ક્યાં

અજમાવવું તે બતાવો. જુવાન લોહી લડે ખરું પણ માર્ગ ઘડપણ જ બતાવી શકે.”

ભીમજી સુરસંગનો ખભો થાબડતો ઊઠ્યો અને તેને આનંદથી ભેટી પડ્યો. જુદો પડી આખરે બોલ્યો. ‘શું કરવું?” એ પ્રશ્નના ઉત્તરના વિચારે અનુભવી રજપૂતના લોહીને કંઈક ટાઢું પાડ્યું.

“ભા! લડવું એટલે અમસ્તકાં બળતામાં કૂદી પડવું એમ નથી. રત્નનગરીથી કેટલાંક માણસ સુવર્ણપુર જતાં હતાં તેને સાંજે — બરોબર રોળીકોળીને સમે લૂટ્યાં છે. પણ બહારવટાનું નસીબ પણ બહારવટે જ હોય. આ પેટીઓ સિવાય તે માણસો પાસે કાંઈ ન હતું. અને એ પેટીઓમાં તો આ સાહેબલોકશાહી લૂગડાંનાં ચીંથરાં અને આ કાગળિયાં છે. લૂંટેલાં માણસ સામાન નાખી દઈ પાછાં ગયાં અને સામાનમાંથી આ નીકળ્યું! જાણ્યું’તું કે પંદર દિવસનું ભાથું મળશે — પણ કાગળ ને કપડાં તે પણ એવાં કે વાણિયો વેચાતાં પણ ન લે! મારી નજરમાં તો હવે એમ આવે છે કે આ હવાતિયાં મારવાનું આપણે છોડી દેવું. આપણું બળ એવું નથી કે દેશ લૂંટીને રાજાને કાયર કરીએ. માણસો છે પણ પૈસા વગર પગમાં જોર ન હોય અને હથિયાર વગર હાથમાં જોર ન હોય. હવે આપણે જુદા રસ્તા પકડવા.

“હવે તો શઠરાયની મદદ મળે તે લેવી પણ એના પૈસા લૂંટ કરીને લેતા હતા તેને સાટે એની ગરજે આપ્યા લેવા અને ખબર આપે તે સંભાળીને લઈ લેવી. ભૂપસિંહ ગમે તેટલા કૉલ આપે પણ એ ગાદી પર બેઠો એટલે આપણાં અને એનાં પેટ જુદાં થયાં. હવે તો ગમે તો એકાદ રાત્રે શઠરાયની મદદથી રાણાના મહેલમાં જઈ તેની પાસેથી માગ્યું લેવું — પણ આ સાહસ હજી કરવા જેવું નથી.

“મારી નજરમાં પ્રતાપબાપુએ બતાવેલો રસ્તો બહુ વાજબી લાગે છે. વાઘજી કહે છે તે ખરું છે પણ બુદ્ધિધનની ચોટલી આપણા હાથમાં આવી એટલે પછી એ ભૂતને ધુણાવવું હશે તેમ કયાં ધુણાવાતું નથી? વિદ્યાચતુરથી પણ આપણું માગ્યું અપાવવામાં પછી કેમ પાછાં પડાશે? એની દીકરી સારી રીતે જાળવજો એટલે છૂટ્યા પછી એ આપણું સારું જ બોલશે અને તેમ થશે એટલે દુશ્મનાઈનો અં:

“કેમ વાઘજીભા! એમાં કાંઈ વાંધો છે? બોલી જજો બધામાંથી જેને કાંઈ બીજી વાત સૂઝતી હોય તે. હા, પછી વખત નથી.”

વાઘજીએ ઉત્તર ન વાળ્યો. બીજું પણ મંડળ શાંત આતુરતાથી બેસી રહ્યું.

સુરસંગે ભીમજીના કાનમાં કહ્યું: “શઠરાય હાલ કામમાં લાગે એમ નથી એ મેં કાલ નકકી કર્યું છે.”

ભીમજી મોટે સાદે બોલ્યો: "ત્યારે તો ધાર્યું તે નકકી કરવું જ. હવે વેળા વિતાડવી નહીં."

સુરસંગ ટટ્ટાર થયો, છાતી કાઢી અને તેની સાથે બધું મંડળ ઊઠ્યું. સુરસંગે બૂમ મારી કહ્યું: "મોટા મળસકામાં આ તાડો વચ્ચે સુભદ્રાનદીની આણી પાર આપણે મળવું — ભીમજી! તમે નદીના કોતરોમાં રહેજો. ચંદનદાસ! તારે બે વન વચ્ચેના રસ્તા પર ફરવું અને માણસો આઘેથી આવતાં જણાય એટલે સાન કરવી. નદીના પુલ આગળ કોઈ મોટા જટાળા ઝાડમાં એક જણને ઢોલ આપી બેસાડવાં અને તેની ઢોલ બોલાવે તે પ્રમાણે બધાએ ચાલવું. પરતાપ! તું રસ્તાની પેલી બાજુએ આંબાના વનમાં રહેજે ને વખત પડ્યે આવજે. વાઘજી! તું આ વડની બાજુ સાચવજે. હું ચારેપાસ ફરતો રહીશ. સૌએ પોતપોતાનાં માણસ લઈ છૂટાંછૂટાં ફરવું અને વખત આવ્યે ભેળા થવું — હવે શંકર સહાય થશે અને આટલાં વરસનાં દુ:ખનો છેડો આવશે એ નકકી.

"ચંદનદાસ! હું આખો દિવસ સુવર્ણપુરમાં જ હતો. આપણું ધાર્યું થશે. એ લોકના સાથમાં માત્ર રત્નનગરીના દસેક સવાર જ છે. પણ ફેર એટલો જ છે કે આપણે ચીંથરેહાલ છીએ અને તે લોકો સારા સરંજામવાળા છે. બુદ્ધિધનનાં પણ માણસ હશે માટે સંભાળીને ચાલવું, જો કાલે લાગ ન ફાવ્યો તો જન્મરો ન ફાવ્યો સમજવો — પછી ધીરપુરની આશા મૂકવી. મારા શૂરાઓ! મારા આટઆટલા વખત થયાં સુખદુ:ખના સાથીઓ! મારી સાથે તમે ઝાડોમાં ને જંગલોમાં આથડ્યા છો; મારે માટે તમે કાંટાઓમાં ચાલ્યા છો અને નદીના કાદવમાં કળતા કળતા લડ્યા છો. આ ઉઘાડા આકાશ તળે શિયાળાઉનાળાના ટાઢતડકા ખમવામાં કસર નથી રાખી. ઉપર વરસાદ મુસળધાર અને નીચે કીચડકાદવ તેમાં તમે ભમ્યા છો. સાવજની ગર્જના સાંભળી કંપ્યા નથી અને તેના ભયંકર પંજાને તમારાં બાળકો વશ થયાં છે. પંદરપંદર દિવસ ભૂખે રહ્યા છો અને વગર દુકાળે દુકાળ વેઠ્યો છે. નહીં ઘરના, નહીં બહારના; નહીં સ્ત્રીના — નહીં માબાપના — એમ આટલાં વર્ષ કાઢ્યાં છે તેનો બદલો હું શી રીતે વાળનાર હતો? પણ એ બધી દશામાંથી છૂટવાનો વખત આવ્યો છે, તે કોણ નથી સમજતું? આટલું કર્યું તો હવે એટલું જ વધારે કરો કે એક પળમાં શત્રુ વશ થાય અને તમને સુખ આપવાનો મારો વારો આવે! જે અં:બે! જોગણી માયા! આજ તારે અમારી ઓથ કર્યા વિના ચાલે એમ નથી. જોગણી! અંબા! ભવાની! બોલો જે!"

"અંબે માતકી જે"...ચારેપાસ બૂમ ઊઠી અને અંધકાર વીંધાઈ કંપવા લાગ્યો.

આ બૂમની સાથે સર્વ મંડળ હર્ષવાર્તાનો ગણગણાટ કરતું બહાર નીકળ્યું અને ચારેપાસ વેરાઈ ગયું. મનોહરપુરીની ગરીબ અજ્ઞાની વસ્તી ઘણી વખત આ મંડળને અહીં મશાલો સાથે મળતું ને હોંકારા કરતું જોતી,

પણ જૂના કાળમાં પોતાની નગરીની કોઈ સેના આ ભૂતાવળીરૂપે મળતી હશે એમ વાતો કરી અદ્‌ભુત આશ્ચર્ય પામતી. આ કારણથી આ બહારવટિયા ભૂતાવળીમાં લેખાતા અને તેઓ જ ત્યાં મળતા હશે એવી કોઈને શંકા થતી ન હતી.

થોડી વારમાં વડ તળે અંધકારનો તંબૂ હતો તેવો પાછો પથરાઈ ગયો. માત્ર વાઘજી અને શંકર મહારાજ અંધકારમાં ભૂત પેઠે ઊભા રહ્યાં.

“વાઘજીબાપુ! ભાઈની યુક્તિ ફાવી. કુમુદસુંદરીથી એમની દાઢ સળકી રહી છે તે બાપા જાણતા નથી.”

“શંકર! એ હું સમજ્યો છું. મારાથી ધિંગાણાને ઠેકાણે હવે નહીં જવાય — નીકર હું સંભાળી લેત. હશે. પણ હવે તો સોંપ્યું કામ કરવું. તું જા. હું બાપાને મળું છું” વાઘજી ગયો.

“બુદ્ધિધનભાઈ, આ લોક હજી તમને ઓળખતા નથી. પણ હું અત્યારે જઈ કુમુદસુંદરીના સાથને મળું છું. આ લોક ઉદારતા નહીં ચાખે — શિક્ષા ચાખશે — ઠીક, એ તો ઉપાય સૂઝયો જ!” અંધકારમાં હરણની પેઠે ફલંગો ભરતો રસ્તાનો ભોમિયો શૂર બ્રાહ્મણ ચાલ્યો.

ઝાડ ઉપરથી કોઈક હળવે રહીને ઊતર્યું.

૩. ઘાસના બીડમાં પડેલો

"વિયોગીને યોગી કરવાનો છે આ પ્રયત્ન માંડ્યો;

જુએ તું તે સહુ તોય મુર્ખ બની આમ રુએ છે પાછો!

માયાગ્રહથી મુકાવી વિભુ શું મેળવવા કર સાહ્યો;

જુએ તું તે સહુ તોય મુર્ખ બની આમ રુએ છે પાછો!"

- ચિંતા

ચંદનદાસનાં માણસ, સરસ્વતીચંદ્ર અને વાણિયાને ઘાસમાં પડતા નાખી, ચાલ્યાં ગયાં હતાં તે સમયે સરસ્વતીચંદ્રના હાથમાંથી લોહી વહેતું હતું અને એ મૂર્છાવશ હતો, પણ પક્કા વાણિયાનો વાળ વાંકો થવા પામ્યો ન હતો.

એ વાણિયો રત્નનગરીનો રહેવાસી હતો. મૂળ તેને ઘેર ગાંધીનું હાટ હતું, પણ સટ્ટો કરવામાં પ્રથમ લાભ મળ્યાથી તે જ બાબતનો ચડસ પડ્યો હતો. તેમાંથી ચાળીસપચાસ હજારનો જીવ થયો હતો. દિવસ ફર્યો એટલે મેળવેલું ગયું અને કરજ થયું. મુંબઈમાં નસીબ અજમાવ્યું પણ ફાવ્યું નહીં. બીજે ઘણે ઠેકાણે ઘણીઘણી જાતના પ્રયત્ન કર્યા તે વ્યર્થ ગયા. એનું નામ અર્થદાસ હતું અને શ્રીમંતાઈ બે દિવસ આવી એટલે ધનકોર નામની કાળી કન્યા સાથે લગ્ન થયું. પોતાનું કુળ ઊંચું નહીં એટલે આઠેક હજાર ધનકોરના બાપને આપવા પડ્યા; અને ધણીને ફોલી, ફોસલાવી, છેતરી, માગી, ચોરી તથા હજાર યુક્તિઓ વડે ધનકોરે આઠેક હજારનો માલ એકઠો કર્યો હતો તેમાં અર્થદાસની આંગળી સરખી પેસવા પામતી ન હતી. અધૂરામાં પૂરું આજ તો ધનકોર શેઠાણી પણ ખોવાયાં — તે પણ શરીર પર દાગીના સાથે! જ્યારે સરસ્વતીચંદ્ર મૂર્છાવશ હતો ત્યારે અર્થદાસ આ બધું સંભારી હજાર સુખદુ:ખના વિચારમાં લીન થતો હતો. ધનકોર તેને પરણી ત્યારે સાતઆઠ વર્ષની હતી; તેને ઘેર આવી ત્યારે અગિયારેક વર્ષની કાચી વયની હતી. નાનપણમાંથી તે વગદી અને વલકુડી હતી. ધણી પણ યોગ્ય જ હતો. ભાઈ દોકડો ખાવા ન આપે ત્યારે બાઈ બે દોડકા સંતાડે. અર્થદાસને તેની ખબર પડે ત્યારે ધમકાવે પણ મનમાં રાજી થાય કે "રાંડ હોશિયાર ખરી. મને છેતરે એવી ખબડદાર નીકળી. છો રાંડ ચોરતી ને સંતાડતી. લેણદાર બધું જપ્ત કરશે ત્યારે એ માલ રહેશે." પણ ધનકોર તો એવી ખબડદાર નીકળી કે ધણીને મરવા વખત આવે તો યે ધનકોર પાસેથી ફૂટી બદામ કેવી નીકળે જે? અર્થદાસ ઘણુંઘણું ફોસલાવે, પણ આખરે હારે અને હારતાં હારતાં સંતોષ માને કે "રાંડ માથાની મળી — જેવી જોઈએ તેવી — જોડ — મળી." કરકસરમાં પણ ધનકોર એવી જ ચતુર હતી.

ઘરમાં પણ સૌને એ કાયર કરતી. સાસુને રોવડાવે, નણંદને ઊમર ન દેખાડે, જેઠાણીને ફજેત કરે, દેરાણી પાસે દળણું દળાવે, જેઠ—દિયરને જોઈને હડકાઈ કૂતરી પેઠે ભસે, ધણીની આગળ પોશ આંસુ પાડી રુએ અને મનમાં ને ઘરમાં મુકાદમ. ધનકોરનામાં એક ગુણ હથો. તેનામાં કચાલ ન હતી. વગદાપણાને લીધે છેક નાનપણમાં તેની ચાલ બગડે એવો વખત આવ્યો હતો, પણ વગદાપણાને વધવાનો રસ્તો અર્થદાસે ઘરમાં જ એટલો બધો સવડભરેલો ને મોકળો કરી આપ્યો હતો કે હળવેહળવે આખો દિવસ ઘરમાં ગૂંથાઈ રહેવાની તેને ટેવ પડી હતી અને એમ કરતાંકરતાં વિષયવાસના ધનના લોભ આગળ નિર્મૂળ જેવી થઈ ગઈ હતી. આથી ધનકોર બીજી રીતે કર્કશા જેવી હોય છતાં ઘરમાં તેનો મોભો રહ્યો હતો અને સૌ કોઈ તે કહે તે વેઠતાં. કારણ ખરેખરી બાબતમાં ધનકોરવહુ કોઈને નમ્યું આપે એમ ન હતું. અર્થદાસને અત્યારે એની ફીકર પડી હતી. “મોઈ રાંડ, કોણ જાણે ક્યાં યે હશે ને શરીર પર દાગીના છે!” “મનહરપુરી પાસે છે એટલે હરકત નથી;” “બાયડીની જાત — કાયા ને માયા બેનો ભો;” “રાંડ આજ ઠીક પાંશરી થશે;” “ક્યાં આ બહારવટિયાઓમાં રોતી રખડતી હશે?” “બધાને પૂરી પડે એવી છે;” “કાચી માયા છે?” “મોઈ રાંડ,” “એનું શું થશે? હેં! — મને એના જેવી બીજી નહીં મળે?” “છો રાંડ અથડાતી — ગાંઠ કરીને બેઠી છે તે મને ઝેર ખાવાને યે કામમાં નથી લાગતી;” “હશે, એના તો એના, પણ દાગીના એટલા રહ્યા છે તે યે જશે!” “ગમે તેવી તો યે બાઈ માણસ તે બાળક જ કેની?” “ઓ મારા બાપરે!” — એમ કરી અર્થદાસ રોતો રોતો ચારેપાસ જોતો જોતો ઊઠ્યો અને બે હાથને છેટે સરસ્વતીચંદ્રને પડેલો દીઠો. એની કાંતિ તથા દશા જોઈ દયા આવી અને ઉઠાડવા તથા સ્વસ્થ કરવા ધાર્યું. વળી વિચાર થયો — “મૂઓ હશે કે જીવતો હશે! ઘેર જ ન જાઉં? બીજા લૂંટારા આવશે! હું ક્યાં બલા વહોરું?” ધનકોરની વહાર કરતાં સરસ્વતીચંદ્રની આ દશા થઈ હતી તે સાંભરી અને ઉપકારને દૃષ્ટાંતે સ્વાર્થવૃત્તિને જીતી. વાણિયો બ્રાહ્મણ પાસે ગયો અને તેના અંતઃકરણમાં શુદ્ધ દયા વસી.

સરસ્વતીચંદ્રને લોહી ઘણું નીકળ્યું હતું, પણ કંઈક કારણથી બંધ થયેલું જણાયું. થોડેક છેટે તળાવ હતું ત્યાંથી અર્થદાસ પાણી લઈ આવ્યો અને સૂતેલાના મોં પર છાંટી તેને જગાડ્યો. સરસ્વતીચંદ્ર જાગ્યો, ચારેપાસ નવીન સ્થળ જોવા લાગ્યો; ચકિત થયો; તાવ, ઘાની નબળાઈ, થાક, ભૂખ અને સ્થળ તથા સમયની ઉપજાવેલી વૃત્તિઓથી દીન દેખાવા લાગ્યો. પિતાના વચનથી ઓછું આવ્યું હતુ; કુમુદસુંદરીની નિન્દા સહી શકાઈ ન હતી; ચંદ્રકાન્ત પાસે રોવું આવ્યું હતું; અઢળક દ્રવ્ય અને વૈભવ એક ઘડીમાં છોડી દેતાં કંપારીસરખી ખાધી ન હતી; કુમુદસુંદરીના રણકારથી કંપી રહેતો પ્રેમસતાર તોડી નાખતાં પોતાનું આખું હૃદયતંત્ર ચિરાયું — ચૂરા થયું અને તે છતાં વૈરાગ્યના શિખર ભણી દોડતા વિચારે તે જોયું પણ ન હતું, ઈશ્વર પરની આસ્થાએ ‘કુમુદસુંદરીનું શું થશે’ એ વિચાર કર્તવ્ય

સરખો પણ ગણ્યો ન હતો અને બાલ્યાવસ્થામાં જન્મ પામેલો વૈરાગ્ય આર્યવિદ્યાથી દૃઢ થઈને પાશ્ચાત્યવિદ્યાથી વિધિવિહીન બની સ્વતંત્રમાની થયો હતો. આ વૈરાગ્યને તેની ગર્ભશ્રીમંતાઉએ એવો તો ઉત્કટ બનાવ્યો હતો કે એના અનુભવ વિનાના જગતને તે ઉદ્ધત લાગ્યા વિના રહેતો નહીં. મોટા દ્રવ્યવાન શેઠિયાઓ અને મોટા તેમ જ વિસ્તારી પક્ષવાળા ગૃહસ્થો તેને મન મોટા મહેલોની ચોકી કરનાર અથવા તો મોટા અંગ્રેજો પાસે વાતચીત કરવાનો હક ધરાવનાર સિપાઈઓ જેવા વસતા. ગતિકાઓ પાસે દ્રવ્ય અને પક્ષ ઉભય જોઈ, તે પોતાના દ્રવ્યથી કે પક્ષથી પોતાને તસુ પણ મોટો થયો માની શકતો ન હતો. મોટામોટા અંગ્રેજ અમલદારો, ગવર્નરો અને રાજકુમારો સહિત—'કાળબળનાં બનાવ્યાં પૂતળાં' છે એવું તે લેખતો. વર્તમાનપત્રો અને ગ્રન્થકારોને તે 'સુધારાના ભાટચારણો'ની ઉપમા આપતો અને તેમનું ઉપયોગીપણું છે તેવું જ સ્વીકારતો, પરંતુ કોઈ પણ સામાન્ય માણસ અથવા મિત્ર અથવા વાતો કરનારના મતને જેટલું માન ઘટે તેથી જરી પણ વધારે માન આપવાની સ્પષ્ટ ના કહેતો. જગતની દૃષ્ટિએ સાહસ લાગનાર પોતાનાં કૃત્યનો ન્યાય જૂના તથા સુધરેલા સર્વ વર્ગ કેવો કરશે તે તેણે સ્પષ્ટ જોયું હતું — ચંદ્રકાન્તે સમજાવ્યું હતું — તે છતાં તેણે પોતાનો વિચાર જ કાયમ રાખ્યો હતો તે આપણે જાણીએ છીએ અને એ પણ જાણતો હતો. પરંતુ કાળ—કુંભારની ઘડેલી સમવિષમ અવસ્થાઓ ભિન્નભિન્ન માનવીમાં ભિન્નભિન્ન ન્યૂનતા ઉત્પન્ન કરે છે અને તે ન્યૂનતાના પ્રમાણમાં ન્યૂનદૃષ્ટિ બાહ્ય સંસારના ભિન્નભિન્ન પરિણામનું ભાન ધરે છે — આવું સરસ્વતીચંદ્રનું ધારવું હતું. આ જગતમાં કોઈ પણ ઠેકાણે — કોઈ પણ અવસ્થામાં — હું 'અવસ્થિત છું' એ ભાન ન હોય ત્યાં પોતાની ન્યૂનતાનું અથવા પારકાના પરિમાણનું ભાન થવા વારો રહેતો નથી અને મારે પણ એવું છે: જે એકથી મોટો તે બીજાથી નાનો; જેનો કોઈ પણ રીતે અવચ્છેદ તેમાં ન્યૂનતા; મૂળથી તે અંત સુધી જેનું મન પોતાની મેળે જ ભરેલું હતું તે ગર્ભશ્રીમાન્: આ વિચાર સરસ્વતીચંદ્રે નાનપણમાં કલ્પ્યા હતા અને વય તથા વિદ્યા વધતાં વધાર્યા હતા. 'જ્યાં ન્યૂનતાનું ભાન હોય ત્યાં ગર્ભશ્રીમત્તા સંભવે જ નહીં' એ વિચાર તેની વિદ્યાએ — તેના કવિત્વે —તેના કુલસંસ્કારે—અને તેની સ્થિતિએ વણી કાઢ્યો હતો. 'જગતના પદાર્થને, પ્રાણીઓને અને બનાવોને મોટા નાના ગણવા એ જ ન્યૂનતા, અને ભાન તથા આનંદનો પોતાના જ નેત્રમાં સમાવેશ કરવો તેનું નામ ગર્ભશ્રીમત્તા' — આ વ્યાખ્યાએ સરસ્વતીચંદ્રની આંખ આંજી હતી અને તે જ અંજનને બળે આ કાળીચૌદશ જેવી વિપત્તિમાં તે જાતે ઘસડાઈ આવ્યો હતો. આપણી શાળાઓ અને પાઠશાળાઓ આમ કેવાં કેવાં અને કેટલાં કેટલાં અંજન આંજે છે તેની કલ્પના કરાવનાર અવતાર પ્રકટ થવાને હજી વાર છે અને તેટલા કાળમાં પડદા બહારના લોકને પડદામાં આવજાવ કરનારની ઝાંખી છાયાથી ચમત્કાર લાગે તો તે કાંઈ નવાઈ નથી. આજની રાત્રિરૂપ સૂત્રધારે આવતી કાલના પડદા પાછળ કેવા વેશ ભજવનાર ગોઠવી

રાખ્યા છે તેની કલ્પના પણ રાતે ઊંઘતું જગત શી રીતે કરે? એ વેશધરોના વર્ણનને તેઓ કાલ્પનિક ગણે નહીં તો જ નવાઈ. પડદો ઊપડે અને રંગભૂમિ ઉપર નવો ખેલ જામે ત્યાંસુધી તને જોનારની કલ્પનામાં સર્વ કાલ્પનિક જ! જે જે દેશમાં આ પડદાઓ ઊપડ્યા છે ત્યાંત્યાં વિચિત્ર વેશ દેખાયા છે અને આ દેશમાં પણ તેમ જ દેખાશે. સંસ્કૃત અને અંગ્રેજી વિદ્યાના વિજાતીય લગ્નથી આ વિચિત્ર અનુભવવાળા દેશમાં કેવું બાળક જન્મશે અને કેવું થશે તે તો ઈશ્વર જાણે, પણ સરસ્વતીચંદ્ર આત્મપરીક્ષા કરતાં પોતાને એક આવું જ બાળક કલ્પતો. એની વિચિત્ર ગર્ભશ્રીમત્તાને બળે એણે વિચિત્ર કામ કર્યું. પ્રથમ જેને એ વૈરાગ્ય કહેતો તેને પાછળથી 'ગર્ભશ્રીમત્તા' કહેવા લાગ્યો હતો. વૈરાગ્ય છતાં રસમાં પલોટાવું, રસમાં પલોટાઈ ત્યાગી થવું, ત્યાગી થઈ પોતાના વૈરાગ્યબળની પરીક્ષા કરવા — 'ચંદ્રવિરહી કાળરાત્રિરૂપ તજી સૂર્યના કિરણયોગે દિનરૂપ ધરશે,' અર્થાત્ કુમુદ નવી અવસ્થાને અનુકૂળ બની ભૂતકાળ વીસરી સુખી થશે એ પોતાની કલ્પના ખરી પડી જોવા અને સુસ્થ થવા — સુવર્ણપુર આવવું: એ સર્વ છતાં પોતાની ગર્ભશ્રીમત્તા રહે છે કે નષ્ટ થાય છે તેનો એ અનુભવ કરતો હતો. સુવર્ણપુરમાં આવી કુમુદસુંદરીની દૃષ્ટિએ પડી તેના દુ:ખનું સાધન થવું એ તેનો હેતુ ન હતો — એ તો અકસ્માત્ થયું. "મેં આટલાં માણસને દુ:ખી કર્યાં, મદન આટલો દુર્જેય છે." ઇત્યાદિ અનુભવથી તેના મનમાં એટલું વસ્યું કે "હું મૂર્ખ છું — મારી ગર્ભશ્રીમત્તામાં ન્યૂનતા છે — માનવ નિર્બળ છે." ઘર છોડતી વખત ઘણાક વિકારોનો અનુભવ થવા છતાં, રાગદ્વેષ હોવા છતાં, ક્રોધ ચડવા છતાં, સરસ્વતીચંદ્રનો અંત:સંન્યાસ જ તેના બાહ્યસંન્યાસનું મૂળ હતું અને તેથી જ અત્યારસુધી શોક છતાં દીનતા તેણે અનુભવી ન હતી. મૂર્છા જતાં તે દીનતા અત્યારે તેણે અનુભવી અને ઉપર આકાશ ને નીચે ધરતી બેની વચ્ચે જડ ઝાડો વિના કોઈનો સાથ ન દેખાતાં, કુમુદસુંદરી સાંભરી આવતાં, જન્મમાં પ્રથમ વિયોગ એને જણાયો — વિપત્તિનું પ્રથમ દર્શન થયું. શરીરયંત્રનાં સર્વ ચક્ર આર્તનાદ કરવા લાગ્યાં અને 'મનની ગર્ભશ્રીમત્તા' ધુમાડા જેવી લાગવા માંડી.

"એ તો જ્ઞાન મને ગમતું નથી, ઋષિરાયજી રે!

લાવો, બાળક માગે અન્ન, લાગું પાયજી રે."

સુદામાની સ્ત્રીનું આ બોલવું ખરેખરું સમજાયું અને પોતાના ઘા ભણી દૃષ્ટિ ફેરવતો, ક્ષુધાર્ત, તાવવાળો, નબળો, થાકેલો, દુ:ખી પુરુષ દીન વદનથી અર્થદાસના સામું જોઈ રહ્યો અને "હાથનાં કર્યાં તે વાગ્યાં હૈયે!"

એ શબ્દ વાણિયો કહેતો હોય એવો ખાલી પડી ગયેલા મસ્તિકને આભાસ થયો. પોતાના ઉપર કોઈને દયા સરખી પણ શી બાબત આવે અથવા આવવી જોઈએ એ વિચારથી મસ્તિક ફરી ગયું અને આટલા મોટા આકાશમાંથી મને ઉગારવા કોઈ આવી શકે એમ નથી એ વિચારથી ઈશ્વર

જો કોઈક ઠેકાણે હોય તો તે પણ મારો નથી એ વિચારે શોકસીમા ઉત્પન્ન કરી.

આજ સમયે અંગ્રેજ કવિનું મર્મચ્છેદક વાક્ય [૧] સાંભરી આવ્યું.

"પલટાતી દશા વસી જાતી ઉરે!

પલટાય દશા, દીન ઉર ઝૂરે

નહીં પાસ સખા વ્રણ [૨] રુઝવવા —

જડતા ન ઉરે વ્રણ ભૂલવવા!

કવિ કોણ શક્યો સહુ એ કથવા?"

કુબેરના જેટલો ભંડાર, ઇંદ્રના જેવો વૈભવ, વિદ્વાનોમાં માન અને મુંબઈનગરીમાં પ્રતિષ્ઠા; ચંદ્રકાંત જેવા મિત્રનો સતત સહવાસ અને કુમુદની દિવ્ય સુગન્ધ; વૈરાગ્યનું દૃઢ બળ અને પ્રીતિરસનું ઉત્કૃષ્ટ કોમલ ગાનઃ આ સર્વ વચ્ચે જે એક વાર હતો તે અત્યારે કેવો હતો? માગવાનું પણ ઠામ નહીં તેથી ભિખારીથી પણ ભિખારી; બાવાની પણ ટાઢતડકાથી રક્ષણ કરનારી વિભૂતિ વિનાનો; મૂર્ખમાં પણ માનહીન અને જંગલમાં પણ પ્રતિષ્ઠાહીન — કે મરેલા શિયાળની પેઠે નંખાવું પડ્યું: મિત્રને સ્થળે વાણિયો; આ કુમુદને ઠેકાણે વિયોગથી ભરેલું અનુકંપાહીન ઘોર અરણ્ય; વૈરાગ્યને ઠેકાણે તન અને મન ઉભયની અનાથતા અને પ્રીતિરસને ઠેકાણે હૃદય ચીરતો પશ્ચાત્તાપ: આ સર્વ વિપર્યયના વિચારે સરસ્વતીચંદ્રનું મસ્તિક ચકડોળે ચડાવ્યું. 'કીટ્સ! કીટ્સ! તેં ખરું કહ્યું છે! તને આ અનુભવ ક્યાં મળ્યો?' આ સ્વર મોટેથી થઈ ગયો અને વાણિયો હબક્યો.

વાણિયો ધીમે રહી સરસ્વતીચંદ્રને ઉઠાડવા લાગ્યો અને ઉઠાડી બેઠો કર્યો. "તમને આ બહારવટિયા ઓળખે છે કે શું?—પેલો સંન્યાસી જેવો તમને તમારું નામ દઈ બોલાવતો હતો." આમ કહેતો કહેતો અર્થદાસ સરસ્વતીચંદ્રના ઘા તપાસવા લાગ્યો અને ત્યાંથી લોહી વહેતું બંધ થયું હતું ત્યાં આગળથી રૂ જેવું કાંઈ હાથમાં લઈ આંખો ચળકાવી સુરસંગે ચંદરભાઈનું નામ કહ્યું હતું તે સંભારી, વધારે અપભ્રંશ કરી બોલ્યો:

"ચાંદાભાઈ! જુઓ તો ખરા આ ઠાકોરજીની માયા! તમારો ઘા રૂઝી ગયો સમજવો. લ્યો આ."

રુઝાતા ઘાની કલ્પનાથી જ બળવાન થઈ ગયેલા મનવાળો બની પોતાનું ત્રીજું અપભ્રંશ પામેલું નામ સાંભળી ચમકી સરસ્વતીચંદ્ર ટટ્ટાર થયો: "એ શું છે ભાઈ?"

વાણિયો બોલ્યો: "આનું નામ ઘાબાજરિયું; તમે આ ઘાસમાં પડ્યા હતા તે ઘાસ ભેગું ઊગેલું તમારા લોહીથી ઘામાં એ વળગી ગયું અને લોહી

બંધ થઈ ગયું."

"તેં એમાં કાંઈ ગુણ છે?"

"હા, એથી ઘા રૂઝે છે. આ તમારો ઘા રૂઝ્યો હવે તમારે સમજવો; તમે જ જુઓને — હવે કાંઈ દરદ છે?"

"ના, છે તો નહીં." સરસ્વતીચંદ્ર પળવાર નીચું જોઈ રહ્યો, વીચારમાં પડ્યો અને ગળગળો થઈ, છાતી પર હાથ મૂકી, ભીની આંખ વડે આકાશ ભણી જોઈ મનમાં બોલ્યો:

"પ્રભુ! આમ જ આપદ તું હરતો—

અમ મૂર્ખપણું' ઉર ના ધરતો.

વનમાં વણભાન પડી હું રહ્યો

તૃણદ્વાર વિષે, પ્રભુ, ત્યાં તું ઊભો!"

આ સ્તવન જાતે જ થઈ ગયું અને નવા ઉત્કંપમાં, અચિંત્યા રોમાંચમાં, દુઃખી આંખમાં, દીન હૃદયમાં અને ઉશ્કેરાયેલા મસ્તિકમાં ઈશ્વર પ્રત્યક્ષ થતો લાગ્યો.

આ પ્રથમ ઈશ્વરદર્શન કરાવનાર વિપત્તિનો અર્થ એના મનમાં આજ સાકાર થયો; કારણ પુસ્તકોમાં, સમાજોમાં અને મંદિરોમાં પ્રાર્થનાઓ તેને કેવળ શુષ્ક અને નિરર્થક લાગી હતી. આર્દ્ર હૃદય અને લોચનથી તે વાણિયાના સામું ઉપકૃત દૃષ્ટિથી જોઈ રહ્યો. તૃણનું ભાન કરાવનાર તે વાણિયો હતો એ સાંભર્યું, અને આ ઈશ્વરોપદેશ કરનાર મારો ગુરુ આ વાણિયો છે એ નિશ્ચય સર્વાંગે આ દત્તાત્રેય જેવાને ચિત્તવશ થયો. વાણિયા ભણી જોઈ તે બોલ્યો: "ભાઈ! તમારું નામ શું?" तालीमपि न दद्यात् એ સંપ્રદાયના વણિકને આ પ્રશ્ન વસમો પડ્યો. "પેલો સંન્યાસી આનું નામ જાણતો હતો — મારો વહાલો આ યે બહારવટિયો હશે ત્યારે? નામ આપે એવો કાંઈ અર્થદાસ કાચો નથી." એ વિચાર મનમાં કરી વાણિયો હસી પડ્યો અને ઉત્તર ઉડાવી સામો પ્રશ્ન પૂછવા લાગ્યો: "હેં! હેં! હા! ચાંદાભાઈ! વારુ, ત્યારે તમે આ લોકમાં ક્યાંથી આવી પડ્યા? તમે શો ધંધો કરો છો? તમારું ગામ કયું ને ક્યાં જવાનું છે! — હવે તો તમને જરૂર કરાર વળશે. જશ વાર તો લાગશેસ્તો."

"હું ક્યાંથી આવું છું તે તમે જાણો છો અને આ લોકમાં શાથી આવી પડ્યો તે તમે જાતે નજરે જોયું છે."

"પણ તમે ધંધો શો કરો છો?"

"ધંધો? — ખાવું, પીવું ને ફરવું."

"એમ કે?" વધારે વહેમમાં પડેલો અર્થદાસ હ્રદયમાં ધ્રૂજતો વળી પૂછવા લાગ્યો. "ને જાવ છો ક્યાં?"

"ભાગ્ય લઈ જાય ત્યાં. તમે લઈ જાઓ તો તમારે ત્યાં આવું — ભૂખ મને ને તમને સરખી લાગી હશે."

અર્થદાસ મનમાં બોલ્યો: "જો બહારવટિયો ખરો! મારે ઘેર આવવું છે. ત્યારે પેલીને બચાવવા શું કરવા લડ્યો ને ઘવાયો? કોણ જાણે! બહારવટિયાનો ભેદુ થઈ એમ કર્યું કેમ ન હોય?" સ્વાર્થ,જળનાં માછલાંએ પરમાર્થબુદ્ધિની કલ્પના ન કરાઈ.

સરસ્વતીચંદ્રે ફરી પૂછ્યું: "ભાઈ! તમારે ઘેર મને લઈ જશો? હું તમને કામ લાગીશ. આ દેશનો હું ભોમિયો નથી ને તમે સૌ રસ્તાના ભોમિયા હશો."

"મારે ઘેર તે મરવાને લઈ જાય? — અર્થદાસ પણ ખરો કે તને પણ ચપટીમાં લે." એટલું મનમાં બોલી મોટેથી બોલ્યો, "હા — શા વાસ્તે નહીં? પણ એટલી શરતે કે મારી ઘરવાળી પાછી આપવી."

"ભાઈ! તે તો હું શી રીતે કરું? પણ તમારે ઘેર ચાલો એટલે હું તપાસ કરવા લાગીશ."

"જો લુચ્ચો!" અર્થદાસ આટલું મનમાં કહી વળી મોટેથી બોલ્યો: "વારુ, ભાઈ ચાંદાભાઈ! આપણે અહીંયાં ક્યાં સુધી પડી રહીશું? ચાલો ગામ ભણી જઈએ." મનમાં બોલ્યો: "પોલીસમાં પહોંચાડું. પછી એ તો રત્નનગરીની પોલીસ છે ને વાણિયા સાથે કામ છે."

બે જણ ઊઠ્યા અને મનહરપુરી ભણી ચાલવા લાગ્યા. ચાલતાંચાલતાં અર્થદાસે ખેલ માંડ્યો. અચિંત્યો રસ્તા વચ્ચે બેઠો અને રોવા લાગ્યો:

"ઓ મારી મા રે! તારું શું થશે? ઓ —"

સરસ્વતીચંદ્ર ચમકી આભો બની આસનાવાસના કરતો બોલ્યો: "શું છે? તમારી માને શું થયું?"

"અરે, મારી બાયડીને પેલા લઈ ગયા — બિચારી રવડી મરશે — ઓ મારી મા રે — બાયડી રે!"

"ધીરજ ધરો, ભાઈ! ગામમાં ચાલો અને રસ્તો કરીશું."

"પણ એની પાસે દાગીના છે તે? — એ તો મારું સર્વસ્વ! હવે હું ખાઈશ શું? મારા ઘરમાં ઝેર ખાવા જેટલી ફૂટી બદામ નથી. ઘરવાળાને ભાડું ક્યાંથી આપીશ? મારાં તો હાંલ્લાં ને લાકડાં બે વેચાશે. ને હું મોદીને શું આપીશ ને બાયડી ખોળવા સરકારમાં શું આપીશ? — ઓ ચાંદાભાઈ! હું તો અહીંયાં જ મરીશ."

ઘણું સમજાવ્યો પણ અર્થદાસ ઊઠ્યો નહીં. આખરે આંખો ફાડી, રોઈ બોલ્યો: "હું તો હવે ફાંસો ખાઈ મરવાનો. દૈવે મને બ્રાહ્મણ પણ ન ઘડ્યો કે લોટ માગી પેટ ભરું. મારા તો પેટમાં ગૂંચળાં વળે છે — ઉઠાતું યે નથી ને બોલાતું યે નથી. ઓ ચાંદાભાઈ — અબબબબ" — જીભ અડકી હોય એમ અર્થદાસ લાંબો થઈ સૂઈ ગયો, આંખો ચગાવવા લાગ્યો ને મોંમાંથી ફીણના પરપોટા કાઢવા લાગ્યો.

સરસ્વતીચંદ્રને અત્યંત દયા આવી ને વિચારવશ થઈ ગળગળો થઈ ગયો. "ઓ ઈશ્વર! હું બિચારાને દુ:ખથી છોડાવવા શું કરું? આના દુ:ખમાં મારી ભૂખ તો મરી ગઈ. આને સ્ત્રીનું દુ:ખ નથી પણ પૈસાનું દુ:ખ છે. એનું દુ:ખ ભાંગવા જેટલો પૈસો તો મારી પાસે હતો, તે મેં છોડ્યો. દ્રવ્યનો આવા પ્રસંગે ઉપયોગ થતો હશે તેનું મને ભાન ન રહ્યું. આને ઈશ્વરે વિદ્યા આપી નથી — ગર્ભશ્રીમંત પણ નથી! મારી ગર્ભશ્રીમત્તા પર ધૂળ વળી. આનું ઔષધ દ્રવ્ય, તે હું ક્યાંથી આપું? દ્રવ્ય છોડ્યું ન હોત તો આ પ્રસંગ ન આવત." વળી અર્થદાસના સામું જોઈને શાંત પડી વિચાર્યું: "દ્રવ્ય છોડ્યું ન હોત તો અર્થદાસનાં દુ:ખ જેવાં દુ:ખ લોકને થતાં હશે એ હું કેમ જાણત?"

શાંતિએ સ્મરણને સ્ફુરવા દીધું અને પોતાને જનોઈએ બાંધેલી મણિમુદ્રા સાંભરી આવી. સાંભરી આવતાં મુખ પર આનંદ અને ઉત્સાહ દીપવા લાગ્યાં: "હા! આના ઉદ્ધારનો માર્ગ સૂઝ્યો." મણિમુદ્રા છોડી હાથમાં લઈ તે પર જોઈ રહ્યો: "મણિમુદ્રા! કુમુદસુંદરીની લલિત આંગળીએ વસવા—તેના ચિત્તને આનંદ આપવા મેં તને આટલા મોહથી ઘડાવી હતી! તે સર્વ હવે વ્યર્થ થયું. આ દીન વણિકને આનંદનું સાધન તું હવે થા. આ ક્ષિતિજરેખા ઉપર સૂર્યમંડળ શોભે છે તેમ તું કુમુદની આંગળી પર દીપત! સૂર્ય હમણાં ક્ષિતિજથી ભ્રષ્ટ થશે — હું અને તું કુમુદથી ભ્રષ્ટ થયાં! તું હજી ગરીબનું ઘર ઉઘાડશે — એ તારું ભાગ્ય! પણ ક્યાં કુમુદ અને ક્યાં આ વણિક!—પણ હું તો તારા યોગ્ય નથી જ. દુષ્ટને છોડી ગરીબનું ઘર ઉઘાડ. મણિમુદ્રા! લક્ષ્મીના છેલ્લા અવશેષ! પ્રિય કુમુદની સ્મારક એકલી એક મારી જોડે રહેલી છેલ્લી બહેન! મારા પિતાના વૈભવના છેલ્લા પ્રસાદ! પ્રિય કુમુદના આજ ચિરાઈ જતા અંત:કરણમાં રસળતો મારો દુષ્ટ હાથ તારે યોગ્ય નથી. મારું જનોઈ ભ્રષ્ટ છે — મારું શરીર દુરાત્માનું ઘર છે! મણિમુદ્રા! લક્ષ્મીના છેલ્લા અવશેષ! પ્રિયતમ પિતાના વિભવના છેલ્લા પ્રસાદ! પ્રિયતમ કુમુદની પ્રિયતમ બહેન! મારા સ્નેહની સ્મશાનવિભૂતિ! મારાં આંસુથી કલંકિત કર્યા સિવાય તને તજું છું. જા, ગરીબનું ઘર દીપાવ." સરસ્વતીચંદ્ર અર્થદાસની પાસે બેઠો — તેની આંગળીએ મુદ્રા પહેરાવી; — અને ભૂખથી, દુ:ખથી, વિરહથી, નબળો પડેલો વિકલ અને ગદ્ગદ બનતો તરુણ ઢળી પડ્યો.

સરસ્વતીચંદ્રને બહારવટિયો કલ્પતો, ઘડીકમાં તેને રત્નનગરીની પોલીસને વશ કરવા યુક્તિ શોધતો, ઘડીકમાં તેની પાસેથી છૂટો થવા ઇચ્છતો અને આખરે છેલ્લી ઇચ્છાને વશ થતો અર્થદાસ નિર્ધનતા અને દુ:ખનો ઢોંગ લઈ પડ્યો હતો તે એવું ધારીને કે એને નિર્માલ્ય ગણી બહારવટિયો પોતાની મેળે પોતાને રસ્તે પડે. તેમ કરતાં આ તો નવું નાટક નીકળ્યું. ચગાવેલી દેખાતી આંખો વડે તે મુદ્રા જોઈ મણિમુદ્રાની પરીક્ષા કરી, નજર આગળનો દેખાવ સમજ્યો નહીં, અને મુદ્રા આંગળીમાં બેઠી અને સરસ્વતીચંદ્ર ઢળી પડ્યો કે એકદમ વીજળી ત્વરાથી ઊભો થઈ ચોર ચિત્તવાળો પોતાને સમયસૂચક ગણતો, પાછું જોયા વગર અને વિચાર કરવા ઊભો રહ્યા વગર, મૂઠી વાળી નાઠો.

---

૧ . કીટ્સ કવિનું કરેલું.

૨ . વ્રણ—ઘા.

૪. ગુણસુંદરી

જે દિવસે બહારવટિયાઓએ મનોહરપુરીની પાડોશમાંના ત્રિભેટામાં આટલી ધામધૂમ મચાવી મૂકી તે દિવસે એ ગામડામાં પણ કેટલીક ધામધૂમ મચી રહી, થોડીક સરખી વસ્તીમાં ઉમેરો થયો અને તેને લીધે ગામના લોકોને એક નવો ધંધો જાગ્યો.

બહારવટિયાઓએ ત્રિભેટામાં સંકેતસ્થાન રાખ્યું હતું તેનાં કેટલાંક કારણ હતાં. ત્રણ રાજ્યની સીમ આગળ એ લોકોને પકડવા એ કામ કઠણ પડતું હતું. કારણ આ રાજ્યનાં માણસ પકડવા આવે તો આ રાજ્યની સીમમાં જવાતું. એ ઠેકાણે ઘણાક રસ્તાઓનો સંગમ હતો એટલે એ લોકને પોતાને પણ વેરાઈ જઈ એકઠા થવામાં ઘણી સવડ પડતી હતી. મનોહરપુરીના ગામડામાં વસ્તી પણ આછી અને નિર્દોષ હતી અને બહારવટિયાઓ તેને કનડતા ન હતા. પાસે સમુદ્ર, પર્વત, આંબાવાડિયું, તાડનાં વન, ઊંચાં ઘાસનાં બીડ, નદી વગેરે હોવાથી નાસવામાં, એકઠાં થવામાં, સંતાઈ જવામાં, ભરાઈ રહેવામાં, હુમલા કરવામાં અને બચી જવામાં બહુ સગવડ પડતી હતી.

જે સાયંકાળે લૂંટાયેલા સરસ્વતીચંદ્રે લૂંટાતાં આખર બાકી રહેલી મણિમુદ્રા અર્થદાસને પહેરાવી દીધી અને અર્થદાસ પોતાના મનમાં ચોરી કરી નાસી ગયો, તે જ સાયંકાળે બહારવટિયાઓએ ચંદ્રકાંતને લૂંટ્યો હતો તે આપણને ખબર છે. રત્નનગરીથી સુવર્ણપુર આવવા ચંદ્રકાંત નીકળ્યો ત્યાર પછી તેને રસ્તામાં અચિંત્યો વિદ્યાચતુર ભણીથી સંદેશો મળ્યો કે સુવર્ણપુરના કેટલાક બહારવટિયા સર્વ રસ્તા રોકી તોફાન કરે છે માટે હું તમારી જોડે બીજા સવાર મોકલું ત્યાંસુધી આગળ ન જશો. ગુણસુંદરીને ભદ્રેશ્વર જવું હતું અને તે રસ્તે બીક ન હતી માટે એ પણ ત્યાં જવા પોતાના કુટુંબને સાથે લઈ નીકળી હતી અને કુમુદસુંદરીની વાટ જોવાના વિચારથી મનહરપુરીમાં પોતાના બાકીના કુટુંબ સાથે રોકાવાની ધારણાથી આજ જ બપોરે આવી પહોંચી હતી.

રત્નનગરીના સવાર આવી પહોંચતાં ચંદ્રકાંતને બીજા સમાચાર મળ્યા કે બહારવટિયા લોક ઘણા પાસે ભમે છે તે છતાં સરસ્વતીચંદ્રને મળવાની આતુરતાથી ભયને ન ગણી તે નીકળ્યો, લૂંટાયો અને સારે ભાગ્યે સવારોની મદદથી બચવા પામ્યો. સવારોની શિખામણથી એને પણ મનહરપુરી જવું પડ્યું અને સાયંકાળે પાછો ગુણસુંદરીનો અતિથિ થયો.

મનહરપુરીમાં ગુણસુંદરી અને ચંદ્રકાંત બેના તથા એ ગામના થાણાના સૌ મળી ચાળીસેક હથિયારબંધ સવાર ભેગા ગયા.

કુમુદસુંદરીએ મોકલેલા ત્રણ સવાર સરસ્વતીચંદ્રને ખોવાથી ખેદ પામી મનહરપુરી ભણી વળ્યા. ત્રિભેટાના વડ નીચે બહારવટિયા મળવાના છે

એવો કંઈક સ્વર માર્ગમાં કાને પડવાથી હરભમજી આખી રાત વડ પર ગાળવાનું માથે લઈ વડની ડાળોમાં ચડી સંતાઈ રહ્યો અને બીજા બે જણ મનહરપુરી ગયા.

વિદ્યાચતુર અને તેનું કુટુંબ આ ગામની વસ્તી પર બહુ મમતા રાખતું ને વસ્તી પણ તેમના ઉપર મમતા રાખતી હતી. ગામની ગરીબ વસ્તી પોતાના પ્રિય પ્રધાનની ગુણિયલ પત્નીની ખાતર કરવા ઉપરનીચે થઈ રહી હતી. તેને પોતાની વચ્ચે જોઈ ઉત્સાહમાં આવી હતી. વિદ્યાચતુરનો એવો સખ્ત નિયમ હતો કે ગામના લોક પાસેથી વેઠવૈતરું કે કાંઈ ચીજ ગમે તે થાય તો પણ અમસ્તી લેવી નહીં. હાથ નીચેના અધિકારીઓને પોતાના કુટુંબની જ વર્તણૂકથી દૃષ્ટાંત આપતો. આથી આ કુટુંબ વસ્તીને ઘણું પ્રિય થઈ પડ્યું હતું. ગુણસુંદરીની પાસે પોતાનાં સુખદુ:ખની વાતો કરી જવી, ગુણસુંદરીના પોતાના ઘરની નાની નાની વિગત જાણી આશ્ચર્ય પામવું, પોતાની નાનીમોટી ઇચ્છાઓ ખુલ્લા દિલથી જણાવવી, આવાં આવાં અનેક કાર્યથી ગુણસુંદરીનો વખત ગામની સ્ત્રીઓ રોકતી. ગરીબ અને ધર્મિષ્ઠ બ્રાહ્મણીઓ, ઉદાર ગરાસિયણો, કરકસરથી ઘર ચલાવવાની આવડત્રેવડવાળી વાણિયણો, અને ઉદ્યોગી કણબણો ગુણસુંદરી આવ્યાની ખબર પડતાં જ નિત્ય પેઠે તેના ઉતારા ભણી ચોમાસાની નદીના પૂર પેઠે વળવા લાગી. બિચારી ભંગિયણો પણ એના ઉતારાની પછીતની બારી પાછળ છેટે ઊભીઊભી કંઈ કંઈ આનંદના કોલાહલ કરવા લાગી.

ગામમાં વસ્તી ત્રણચાર હજાર માણસની હતી. વધારે ભાગ કણબી વર્ગનો હતો. તે લોક ઉદ્યમી અને હિંમતવાન હતા. થાણદારો તથા વહીવટદારો તેમની સાથે હેતભાવથી વર્તતા અને પ્રમાણિક રહી ઘણી સૂચનાઓ કરતા. આથી એ લોક હંમેશ ઉત્સાહમાં રહેતા અને મનહરપુરીના જમીનદારો તથા ખેડુઓનો ઘણે ઠેકાણે દાખલો લેવાતો. અધિકારીઓના સહવાસથી આત્મપ્રતિષ્ઠા તેમની બુદ્ધિમાં દાખલ થઈ હતી, અને તેથી તેમની નીતિ પણ ઊંચા પ્રકારની બની હતી. ગામમાં એક નાનીસરખી નિશાળ સારી રીતે ચાલતી હતી અને એકબે છોકરા તો છેક મુંબઈની પાઠશાળા સુધી અભ્યાસ કરવા ગયા હતા. આ સર્વ લોકને વિદ્યાચતુર ઉપર કુટુંબપ્રીતિ હતી અને ગુણસુંદરી સાથેના ચાળીસે સવારો સાથે કણબી લોક રસભેર આનંદમાં પડી વાતો કરતા હતા. પૈસા મળતા તે તો લેતા પણ ઊંચામાં ઊંચી ચંદી સવારોના ઘોડાઓ સારું આપી, ઘોડાને થાબડી, ઘોડાઓના ઇતિહાસ પૂછી, કોઈ કોઈ સવારના ઘરનાં સુખદુ:ખની વાતો કાઢી વિદ્યાચતુરના રત્નનગરીમાંના ચાકરોની ખબર પૂછી, સાદા અને ભલા કણબીઓ ગાતા, ગવરાવતા, અને ચૈત્રી બીજની રમણીય સંધ્યાકાળે ગામને પાદરે ગોરજની ઊડતી ધૂળમાં ભળી જઈ ગરબડાટ મચાવી મૂકતા; તે ગામને છેવાડે આવેલા પોતાના ઉતારામાં ઊંચી ઓસરીએ ઊભી ઊભી

ગુણસુંદરી લાંબી નજર નાખી જોતી હતી અને ઓસરી નીચે આવતી સ્ત્રીઓની ઠઠને આવકાર દેતી હતી. *

વાણિયાબ્રાહ્મણની પણ થોડીક વસ્તી હતી. ખેતીની પેદાશ પાસેના બંદરમાર્ગે અથવા જમીનમાર્ગે થઈને પરદેશ જતી હતી અને તેથી કેટલાક વાણિયા વ્યાપારીઓ ગામમાં આવી વસ્યા હતા. આ ગામમાં પ્રથમ તો આસપાસના ગામોના વાણિયા શાહુકારો ખેડુઓને દ્રવ્ય ધીરતા અને માત્ર ઉઘરાણી સારુ જ જતા—આવતા રહેતા. ખેડુઓમાં વિદ્યા કાંઈક દાખલ થવાથી, અધિકારીઓની શિખામણથી, પ્રધાનના ઉત્તેજનથી, અને ઊંચી નાતોની દેખાદેખીથી, ખેડુ તેમજ જમીનદાર વર્ગ મરણપરણનાં ખરચ કમી કરતાં શીખ્યા હતા તેમજ પોતાના ધંધામાં ઉદ્યોગ, કરકસર, વેતરણ અને વિચાર દાખલ કરતા હતા. ગામમાં કર માત્ર જમીનનો જ હતો અને તે પણ ઘણો જૂજ હતો. આથી આ લોક પૈસો એકઠો કરતાં શીખ્યા હતા અને પ્રધાનની સૂચનાથી કણબી લોક અરસપરસ ધીરધાર કરતાં પૈસાની કિંમત સમજવા લાગ્યા અને તેમાંથી પોતે પોતાના નાણાવટી થતાં થતાં દેવાદાર મટી ધીરનાર થવા લાગ્યા હતા. આનાં મુખ્ય પરિણામ ઘણાં થયાં. ખેડુઓનો ધંધો સ્વતંત્ર અને હોંસભર્યો બન્યો. નવા પ્રયોગ કરવા અને બુદ્ધિ અજમાવવી એ એક સારો ચેપ આખી વસ્તીમાં ફેલાયો. ખેડુઓના દીકરા પોતાનાં માબાપની સ્થિતિ ઊંચી જોઈ તેમના ધંધામાં પડવાનું અભિમાન રાખતાં શીખ્યા અને તેમની વિદ્યા ખેતીના સુધારામાં ખરચાવા લાગી. તેમના ઉપર કર ઘણો જૂજ હતો તેથી પ્રધાનનો તેઓ ઉપકાર માનતા અને આસપાસનાં અંગ્રેજી ગામો કરતાં પોતાના ગામને ભાગ્યશાળી ગણતા. તેમનો કર ઓછો કરવાથી સંસ્થાનને લાભ એ થયો કે દુકાળ અને એવા હરકતના પ્રસંગમાં મનહરપુરીની વસ્તી સંસ્થાનના આશ્રય વગર સુખી રહેતી. એ જોઈ વિદ્યાચતુર અતિ સંતોષ પામતો. ગામ અને ગામની સીમનાં લોકોપયોગી ખરચ લોકો ખુશીથી કરતા અને રાજ્યને માથે ભાર અને ગાળ રહેતાં નહીં. આર્યદેશમાં કૂવા, ધર્મશાળાઓ, ચોતરા, તળાવો અને એવી હજારો વસ્તુઓ પ્રજાએ ધર્મનિમિત્તે કરી છે અને એ ધર્મવાસનાને ઉત્તેજન આપવામાં ચતુર પ્રધાન પોતાના પ્રધાનપણાની એક સાર્થકતા માનતો હતો. મનહરપુરીની પ્રજા પોતાના પ્રધાન ઉપર આથી પ્રેમ રાખે તો કાંઈ નવાઈ ન હતી. તેના બદલામાં તેને પોતાને કાંઈ ખપે એમ ન હતું; બદલામાં એ એટલું માગી લેતો હતો કે રાજ્યને જરૂર પડે અને કર વધારવો પડે ત્યારે કોઈએ મન ચોરવું નહીં અને આપ્યા વગર તો છૂટકો નથી તો તે ખુશીથી આપવું. તેમનો નિઃશ્વાસ રાજ્ય જપ્ત થાય તે કરતાં વધારે ભયંકર છે અને તેમનો આશીર્વાદ એ પોલિટિકલ એજન્ટની કૃપાના કરતાં અને સરકારના ખિતાબો કરતાં વધારે કલ્યાણકારક છે એવું વિદ્યાચતુર માનતો અને મણિરાજના મનમાં વસાવતો. રાજ્યના ભંડારમાં ખરચ કરતાં ઘણું વધારે પડી રહે એ પ્રજાના ભંડારમાંથી ઓછું થયા જેવું છે. એવા સંચયનો દુરુપયોગ કરવાને રાજા લોભાય છે અને અધિકારીઓ ચોર બને છે. રાજા લોભાય છે તો આ

દ્રવ્ય તેની વિષયવાસના પૂરી પાડવા, તેની મૂર્ખતા સંતોષવા, તેના છોકરાવાદીપણાને જાળવવા અથવા તો તેની કીર્તિનું પોલાણ વધારવા, સ્ત્રીઓમાં, ઢોંગસોંગમાં, રમતગમતમાં, કારીગરોમાં, પરદેશમાં અને પરદેશીઓમાં ઢોળાય છે. એ દ્રવ્યથી દેશના રાજાનું મન ચમકે છે અને પરદેશના રાજાનો ડોળો ચસકે છે. પ્રજાના ભંડારમાં રહ્યું હોય તો પ્રસંગ પડ્યે થોડા દિવસ કર વધારી ક્યાં લેવાતું નથી? અર્થ સર્યે એ કર ઓછો થાય તો પ્રજા કેમ વિશ્વાસ નહીં રાખે? આપણા ભંડાર કરતાં પ્રજાના ભંડારને ઓછો ભય છે માટે એ ભંડારને જ આપણી 'બૅન્ક' કરી રાખવી. આવા આવા પાઠ વિદ્યાચતુર મણિરાજને ભણાવતો અને ઉદાર અને જિતેન્દ્રિય રાજા સ્વતંત્ર અને શાણા પ્રધાનનું કહ્યું યથાર્થ સમજતો. એના રાજ્યમાં ઘણાંક ગામ બીજા અધિકારીઓની દેખરેખ નીચે મનહરપુરી જેવાં બન્યાં હતાં અને મનહરપુરી પ્રધાનની પોતાની દેખરેખ નીચે હોવાથી દૃષ્ટાંતરૂપે રહેતી અને એ દૃષ્ટાંત જોઈ બીજા અધિકારીઓ રાજાપ્રધાનની ઇચ્છા શી છે અને પોતે શું કરવું તે સમજતા. ગુણસુંદરી રાજ્યકાર્યમાં માથું ઘાલતી ન હતી. પરંતુ મનહરપુરી તે પોતાની ગણતી અને રાજ્યકાર્યમાં માથું ઘાલ્યા વિના એકલી મનહરપુરીમાં સ્વામીનું કામ કર્યા જેવું કરતી.

વિદ્યાચતુરે અંગ્રેજી અને દેશી રાજ્યનો અનુભવ કરી એક સિદ્ધાંત એ બાંધ્યો હતો કે, પોતાનામાં સરસ્વતી, બુદ્ધિ, નીતિ અને વૃત્તિ હોય તો દેશી રાજ્યના તંત્રીઓ પોતાની પ્રજાનું કલ્યાણ અને રાજ્યની ઉન્નતિ એટલે સુધી કરી શકે કે ગમે એટલા પરમાર્થી હોવા છતાં પોતાના પેટ ઉપર અચૂક લક્ષ આપનાર અંગ્રેજી રાજકર્તાઓને વશ થયેલી દેશી પ્રજા સ્વપ્ને પણ દેખી ન શકે. માથે અનીતિ અને અન્યાયનો જુલમ હોવા છતાં ઘણાંક દેશી રાજ્યોની પ્રજા દ્રવ્યનું સુખ ભોગવે છે એવું અંગ્રેજી અને દેશી હદનાં ગામડાં સરખાવનારના મનમાં આવ્યા વિના રહે એમ નથી — તો જુલમ વિનાની પ્રજા દેશી હદમાં કેવી ઉન્નતિ પામી શકે તે જગતને દેખાડી આપવું એવો વિદ્યાચતુરનો ઉત્સાહ હતો. તેના મુખથી આવી આવી વાતો ઘણીક વાર ગુણસુંદરી સાંભળતી અને પતિના ઉત્સાહનું વીર્ય સ્વાભાવિક રીતે પત્નીના હૃદયમાં ઢોળાતું અને ગર્ભ જેવા પ્રતિધ્વનિરૂપે અંતરમાં ને અંતરમાં સ્ફુરતું. આવી સગર્ભાનું દોહદ મનહરપુરીની પ્રજાના કલ્યાણના ઉપભોગથી પુરાતું. આવુંઆવું જોઈ પ્રધાન પોતાની સ્ત્રીને આપેલી વિદ્યા સફળ થઈ માનતો અને પુત્રપ્રાપ્તિનાથી અધિકતર આનંદ પામતો. તેને આનંદ પામતો જોઈ પત્ની વધારે ઉત્સાહી બનતી. પતિપત્નીનાં હૃદય એક જ રસથી ઊભરાય, એક જ વિષયથી આનંદ પામે, પરસ્પર આનંદને વધારે અને ભોગવે: આ પરિણામથી ગુણસુંદરી પોતાનું લગ્ન સફળ થયું માનતી.

જેમ મિત્રો એકબીજાની છાની વાતો જાણી ખરી મિત્રતા બંધાઈ સમજે છે, જેમ શેઠના દ્રવ્ય અને વ્યાપારનો મંત્ર જાણી સદ્‌ગુણી મુનીમ પોતાને શેઠનો ખરો વિશ્વાસપાત્ર સમજે છે; જેમ રાજાના અત્યંત

વિશ્વાસનું પાત્ર બનતાં સત્પ્રધાન પોતાની સદ્‌બુદ્ધિ વાપરવામાં સ્વતંત્ર બને છે અને રાજ્યસેવાનો ઉત્સાહી થાય છે; જેમ ધર્મિષ્ઠ અને બુદ્ધિમાન રાજાના પાલનથી પ્રજા ખરેખરી રાજભક્ત થાય છે, જેમ શુદ્ધ અંત:કરણની સાથે ઉચ્ચ સંસ્કારનો યોગ થતાં ભિન્નભિન્ન રૂપે પરમાનંદ ઉદ્દીપ્ત થાય છે; તેમ જ વિદ્યાચતુરનાં સુખદુ:ખ સમજવાની ઇચ્છારૂપ બીજ વિકાસ પામતાં વધવા પામેલું ગુણસુંદરીનું સ્નેહી હૃદય પતિના હૃદયની સર્વ છાની વાતો જાણવા અને સમજવા પામ્યું, પોતે તેના પૂર્ણ વિશ્વાસનું પાત્ર છે તે અનુભવવા લાગ્યું, પોતાના અભિલાષ પૂરવામાં સ્વતંત્ર અને પતિના સ્નેહનું ઉત્સાહી બન્યું, પતિભક્ત થયું, ને શરીરવાસનાઓથી ભિન્ન રહેતા ઉચ્ચ અને માનસિક પ્રેમના આનંદના ચમકારાથી ચમકવા લાગ્યું. અશિક્ષિત પણ બુદ્ધિશાળી સ્ત્રીઓની બુદ્ધિ જેવી રીતે ઘરકામમાં અને સંસારવ્યવહારમાં આગળ પડી આવે છે તેમ જ આખી મનહરપુરીને પોતાના ઘર જેવું માનતી ગુણસુંદરી નાના સરખા ગામડામાં વારે ઘડીએ આવી જતી અને ત્યાંની ગરીબ અને અજ્ઞાની વસ્તીને પોતાના ગજા પ્રમાણે સુખી કરવા પ્રયત્ન કરતી તે જણાઈ આવતું. મોટી વયનાં માણસનું અનુકરણ કરવા જતાં નાનાં બાળકો પોતાનાં રમકડાંને જીવતાં કલ્પી તેમાં ખરા સંસારના જેવો સંસાર ચલાવવાનું ભાન પામી પ્રફુલ્લ — હૃદય રહે છે તેમજ રાજ્યવ્યવહારમાં બાળક જેવી પત્નીને મનહરપુરીમાં જુદાજુદા પ્રયોગ કરી આનંદમાં રહેતી જોઈ, એ પ્રયોગના સૂક્ષ્મ અવલોકન કર્યાથી વિનોદ પામી, કદી કદી સ્મિત કરી, ને કદીક સૂચના પામી વિદ્યાચતુર ગુણસુંદરીના સામું જોઈ રહેતો. તેનો હાથ પોતાના હાથમાં હોય તો જોરથી દાબી દેતો અથવા તો પોતાના અધરપુટ ઉપર મૂકતો. કોઈ પ્રસંગે તેનો વાંસો થાબડતો, અને એકાંત હોય ને અત્યંત ઉમળકો આવે ત્યારે હૃદયદાન કરતો. મનહરપુરીમાં આવ્યાથી આજ ગુણસુંદરીમાં આ સર્વ સંસ્કારનું સ્મરણ આવ્યું અને પવનથી મોરનો કલાપ ફરફર થઈ ચમકે તેમ આ સ્મરણથી તેનું હૃદય થવા લાગ્યું.

ગુણસુંદરીનું વય આજે પાંત્રીસેક વર્ષનું હતું, પરંતુ તેને સંતતિમાં માત્ર બે જ પુત્રીઓ હોવાથી અને તે પણ ઘણાંક વર્ષ ઉપર જન્મેલી હોવાથી તેનું શરીર સુંદર હોવા છતાં નબળું પડ્યું ન હતું અને માત્ર છવ્વીસ—સત્તાવીસ વર્ષની તે દેખાતી હતી. તો યે ચતુર જોનાર તેની મુખમુદ્રા ઉપરથી ખરું વય કહી આપતાં. એ શરીરે મધ્યમ કાઠાની એટલે જાડી યે નહીં અને દૂબળી યે નહીં એવી હતી. એનો વર્ણ છેક સોનેરી નહીં તેમ જ છેક રૂપેરી પણ કહેવાય નહીં એવો હતો. મોં ભરેલું હતું. વાળ કાળા, સુંવાળા, ચળકતા, ઝીણા અને અંબોડો છૂટો હોય ત્યારે છેક ઢીંચણ સુધી આવે એટલા લાંબા હતા. કપાળ મોટું હતું. આંખો ચળકતી, ચંચળ અને ચકોર હતી પણ બહુ મોટી ન હતી. તેનો સ્વર છેક કુમુદસુંદરીના જેવો ન હતો તોપણ તેમાં સ્ત્રીસ્વરની કોમળતા શુદ્ધ સ્પષ્ટ હતી અને ગાન સમયે કુમુદના જેવો જ સ્વર કાઢી શકતી. ઊંચાઈમાં પણ એના જેટલી જ હતી. તેનું મોં

હંમેશા હસતું રહેતું અને ઘણાંક માણસ પ્રાતઃકાળે એનું મોં પ્રથમ જોતાં અને આજનો દિવસ ખરા આનંદમાં જશે એવી શ્રદ્ધા રાખતાં. તેનો સ્વભાવ પોતાના પતિના જેવો કાર્યગ્રાહી હતો તેથી તેનું મન ઘણું સુખી રહેતું. ‘કામ સાથે કામ’ એવું જ તે સમજતી કુમુદસુંદરીમાં જે સહનશીલતા અને સુશીલતા હતી તે પણ ગુણસુંદરીની જ હતી. તેનો ઉત્સાહ નાના બાળકના જેવો સપક્ષ હતો અને નાની કુમુદસુંદરીમાં તેનો આ ગુણ ઊતર્યો હતો. પિયર તથા સાસરાની ડોસીઓના પ્રસંગથી તેનું હૃદય કુટુંબવત્સલ અને ક્ષમાધર [૧] થયું હતું, પરંતુ પતિના સહવાસથી આખા પરિચિતમંડળને આ ગુણનો અનુભવ કરાવતી. આખી મનહરપુરી એમ કલ્પતી કે ગુણસુંદરીની અમારા પર અમીદૃષ્ટિ છે. તોપણ કોઈ તેની આદ્રર્તાનો દુરુપયોગ કરી શકતું નહીં, કારણ એને ખેદ થતો તે સામું માણસ ખમી શકતું નહીં. આ શિક્ષાપ્રભાવ તેના પુરુષગુણી પતિમાં ન હતો, કારણ પ્રજાની ન્યાયતુલા હાથમાં રાખનારને પ્રત્યક્ષ શિક્ષાનો દંડ રાખવો પડતો હતો.

ગુણસુંદરીનું પિયર આ જ ગામમાં હતું. વિદ્યાચતુર તેનાથી માત્ર પાંચસાત વર્ષે મોટો હતો અને મોસાળમાં ઊછર્યો હતો. તેનું મોસાળ અને ગુણસુંદરીનું પિયર ઉભય પાડોશમાં સાખોસાખ હતાં. ગુણસુંદરીની મા પોતાની દીકરીના જન્મ પહેલાં બાળક વિદ્યાચતુર ઉપર બહુ હેત રાખતી, તેને રમાડતી, તેનું માથું હોળતી, ખાવાનું આપતી અને લડાવતી. પોતાને પેટ દીકરી થતાં જોષીને પણ પૂછવાની વાટ ન જોતાં વિવાહ કરી દીધો. નાનો જમાઈ મસ્તીખોર, લડાક અને બોલકણો હતો અને સાસુ વરકન્યાને સાથે બેસાડી જોઈ રહેતી અને લજ્જા ન સમજનાર બાળકોને મુગ્ધવચન બોલાવી વિનોદ પામતી. એમ કરતાં કરતાં વિદ્યાચતુર જરી મોટો થતાં તેના સંતાનહીન મામાએ તેને રત્નનગરીમાં વિદ્યાભ્યાસ સારુ બોલાવી લીધો. મુંબઈ જઈ ત્યાંની પાઠશાળામાં ઠેઠ સુધી અભ્યાસ કરી ત્રેવીસેક વર્ષની વયે એ પાછો રત્નનગરી આવ્યો તે પ્રસંગે ગુણસુંદરીને સોળસત્તર વર્ષ થયાં હતાં, અને સાસરે ત્રણેક વર્ષ થયાં જતી આવતી થઈ હતી. પતિને વિદ્યા સારુ પરદેશ રહેવું થયું તે પ્રસંગમાં તેની સાથે પત્રવ્યવહાર રાખતી; અને પત્રોમાં દુહા, સાખીઓ, ગરબીઓ વગેરે લખતી અને અતિ આનંદ પામતી. પોતાના પત્રો પોતાની સહીઓમાં વંચાવી આનંદને વધારતી પણ ખરી. પાઠશાળામાં શૃંગારરસ અને પ્રીતિરસનાં ભરેલાં અંગ્રેજી તથા સંસ્કૃત કાવ્યોનો રસિક અભ્યાસી પતિ આવા પત્રોનો રસ ભોગવતો અને આવાં સાધન દ્વારા અભ્યાસ સમયની વિરહાવસ્થાએ પતિપત્નીનો સ્નેહ ઘણોક વધાર્યો. બાળલગ્નથી હાનિને બદલે આવી રીતે સુખ અનુભવતો અને તે સુખનું મૂળ પોતાના બાલ્યપરિચયને જ ગણતો. પતિ ઘણી વાર એવું વિચારતો કે બાળલગ્ન સામેનો મારો વિરોધ નિર્મૂળ તો નહીં હોય? આપણા વિદ્યાનિકષ [૧] સમાજે આપણા જુવાનિયાઓના હાથમાં શૃંગારાદિથી ભરેલાં પુસ્તકો મૂકેલાં છે તેનું ફળ એ થાય છે કે તેઓમાં એક જાતનું કૃત્રિમ

દાક્ષિણ્ય ઉત્પન્ન થાય છે. આ દાક્ષિણ્ય નાનપણથી સહચારિણી બનેલી ઉપર સ્વાભાવિક રીતે ઢોળાય છે. આપણી અભણ પણ ભણેલાઓને પરણેલી સ્ત્રીઓનાં સુખનું મૂળ આવી રીતે રોપાય છે અને ગુણસુંદરીને પણ તેમ જ થયું હતું. પતિપત્નીને એકઠાં રહેવાનો પ્રથમ સમય આવ્યો તે પ્રસંગે અભણ ગુણસુંદરી કેવી રીતે ભણી તે આ પુસ્તકના પ્રથમ ભાગમાં વાંચનારને વિદિત કરેલું જ છે.

પતિના અભ્યાસના સમયમાં જુદાં રહેવા પડવાથી ગુણસુંદરીના શરીરે પત્નીપણું મોટી વયે અનુભવ્યું અને તેથી તેના શરીરનો બાંધો પણ યોગ્ય વયે પામવા જોઈતા વિકાસને પામી શક્યો.

પાઠશાળા છોડી કે તરત વિદ્યાચતુરને રત્નનગરીમાં શાળાના માસ્તરની જગા મળી અને તે જ પ્રસંગે સંસારમાં પડેલાને સારુ પત્નીનાં તનમન પણ આવી રીતે તેના નવીન સંસારનું વાહનપણું કરવા યોગ્ય બન્યાં. “અડોઅડ કપોળ લાગી રહેલ” ઇત્યાદિ ન સમજનારી મુગ્ધા આ પ્રસંગે સર્વ સમજવા શક્તિમતી બની અને બેત્રણ વર્ષ લગી સંતતિ ન થઈ અને વિદ્યાચતુર માત્ર શાળાના માસ્તરની નિશ્ચિન્ત અને નિઃસ્પૃહી નોકરી પર રહ્યો ત્યાં સુધીના કાળમાં આ યુવાન દંપતીએ શૃંગાર અને સ્નેહની પરિસીમા ભોગવી.

ઘણી વાર રાત્રિના દશ વાગતા સુધી આ સમયમાં વાળુ પછી દંપતી સાથે બેસી અનેક પુસ્તકો વાંચતાં; રાજકીય અને સાંસારિક વિષયો પર વાર્તા ચાલતી, તરુણી નાના નાના પણ સૂચક પ્રશ્ન પૂછતી. તરુણ તે સર્વ ઉપર ચર્ચારૂપે વ્યાખ્યાન કરી પ્રશ્નોનું નિરાકરણ કરતો, અને પોતાના કરેલા સિદ્ધાંતોમાં નવી વિદ્યાની મુગ્ધા શંકાઓ ઉત્પન્ન કરતી અને તે શંકાઓ ઉપરથી કોઈ કોઈ પ્રસંગે સિદ્ધાંત ફેરવવો પડતાં પત્નીની બુદ્ધિનું ઉચ્ચપણું મપાતું; અને આ સર્વ માનસિક સ્નેહભોગને અંતે માનસિક વિહારની શિખરક્રીડા થતી હોય તેમ શય્યાખંડનાં દ્વાર બંધ કરી પાછળના એકાંત ઉદ્યાનમાં પડતી મોટી બારી ભણી તરુણ તરુણીને ખેંચી જતો વહાલની ઊર્મિ ઊછળતાં અધરે અધરદાન કરતો કરતો ધીમે રહી ગાતો:

“નિદ્રા તણા કર સુકોમળ તુજ જેવા,
તેના જ સ્પર્શથકી મોહિત વિશ્વ સૂતું;
આ શાંતિ ઉપર ક્ષપાપતિ [2] સ્મિતભોગી
જો ફેરવે મૃદુ અનેક કરો ધીમેથી [1] .
જો! જો! પ્રિયે! ધીમી ધીમી વિકસાવ આંખો!
તેજસ્વી ચન્દ્ર નભકણ્ઠશું બાઝી ચાલે!
ર્‌હે ઊભી, પ્રિય! ધર કાન ચકોર ત્હારા—

શી વાત ચંદ્રશ્રવણે કરતી સુ-તારા?" [૨]

ઘણા દિવસ લાગટ આ રમણીય પ્રસંગ અનુભવતી અને ઘણા દિવસ આ ગાન પતિમુખે સાંભળતી ગુણસુંદરી તેનો અર્થ સમજી એટલું નહીં, તે ગાનરસ પીતી હતી એટલું નહીં, પણ તેના હાર્દનો હૃદયમાં ઉપભોગ કરવા લાગી. કવિતાના શબ્દાર્થ અથવા વાક્યાર્થ સમજવા, કવિતાનો મર્મ સમજવો, કવિતાના રસિક બની કવિતાના રસથી આનંદ પામવો — એ સર્વથી કવિતાનો ઉપભોગ એ એક જુદો જ અનુભવ છે. ગાનથી ચિત્ત લય પામે છે — જેમ સર્પ પણ ગાન સાંભળી ડોલે છે અને ભાન ભૂલી જાય છે; શૃંગારવશ માનવી તલ્લીન થઈ જાય છે — જેમ ગોપીઓ વાંસળીના સ્વરથી ઘેલી બનતી હતી; સ્નેહવશ માનવી અભેદયોગ અનુભવે છે — જેનું જયદેવ અને પદ્માવતીની આખ્યાયિકા એ દૃષ્ટાંત છે; ભક્તિરસમાં નિમગ્ન માનવી સંસારને ભૂલી જ જાય છે — જેનાં દૃષ્ટાંત અનેક ભક્તરાજનાં ચરિતમાં રહેલાં તે આર્યલોકને સુપરિચિત છે; બ્રહ્માનંદ પામતા આત્મા પાસે સંસાર અંધકાર જેવો અભાવ બને છે અને શુદ્ધ જ્યોતિ એ એક જ અદ્વિતીય પદાર્થ બને છે: તે સૌ અને તેવો જ કવિતાનો ઉપભોગ છે — આવાં વ્યાખ્યાન રસીલી સ્ત્રીની પાસે વિદ્યાચતુર ઘણી વાર કરતો. ઘણી વાર ફરી ફરી સાંભળ્યાથી, વધેલી વિદ્યાએ ઉઘાડેલાં લોચનથી, મહાકવિઓએ તેના હૃદયમાં નવા સળગાવેલા રસદીપથી, શૃંગારવયની પરિપક્વ અવસ્થા પામવાને લીધે, શય્યાનો સમય અને શય્યાનું સ્થાન એ ઉભયના કરેલા ઉદ્દીપનથી, અને અંતે ઈશ્વરપ્રસાદથી, પતિમુખમાંથી નિત્ય પડતા ગાનસ્વરોમાં આજ જ નવો જીવ આવ્યો હોય અથવા તો પોતે જ હમણાં નવી જન્મી હોય તેમ પતિએ ગાયેલી કવિતાનો ઉપભોગ ગુણસુંદરીને એકદમ અચિંત્યો થયો, તેનું મુખ મલકાઈ ગયું, રોમોત્કમ્પ થયો; નેત્ર વિકાસ પામ્યાં, અંતરમાં વળી રહ્યાં, અને અંતે સ્નેહના ઉલ્લાસને બળે પતિનેત્ર સામું અનિમિષ જોઈ રહ્યાં. જાતે ચળકતાં અને ચન્દ્રિકાથી પ્રકાશિત થયેલાં એ સ્ત્રીનેત્રની કાળી કીકીઓની વચ્ચોવચ પોતાના આકારનું પ્રતિબિંબ પડેલું હતું તેના ઉપર સ્નેહસમાધિસ્થ વિદ્યાચતુરની દૃષ્ટિ પડી. પત્નીની ન્હાની કીકીઓમાં પોતે ન્હાને રૂપે સંક્રાંત થયો જોઈ — "આજ તારા હૃદયમાં પણ હું ન્હાને રૂપે — કવિતારૂપે — સંક્રાંત થયો છું, અને તારી કીકીઓની પેઠે — તારા સર્વાંગ પેઠે—તારું હૃદય પણ અનિમિષ બની મારા પ્રતિબિંબને ધારણ કરે છે." એવું સૂચવતો હોય તેમ પતિ પણ ગંભીર આનંદમય વદનથી પત્ની સામું જોઈ રહ્યો. માનસિક સ્નેહનો આજ પ્રથમ જ ઉભયને અનુભવ થયો. નવો ગર્ભ ધરનારીની પેઠે પત્નીએ બીજો દિવસ પ્રફુલ્લ વિચારમાં ગાળ્યો અને અંતે અભણ અવસ્થામાં ગરબીઓ રચનારીએ આજની અવસ્થાએ પહોંચી પતિના શ્લોકના પ્રતિધ્વનિરૂપ — પ્રત્યુત્તરરૂપ — નવી કવિતા વાલ્મીકિની પેઠે ઈશ્વરપ્રેરણાથી રચી કાઢી. પાછો રાત્રિએ એ જ પ્રસંગ આવતાં શુદ્ધ સ્નેહના નવા ચાખેલા રસના લોલુપ વિલાસી પતિએ એ જ શ્લોક ફરી

ગાયો — એ જ હૃદયસંયોગ ફરી ભોગવ્યો; પણ ગઈ કાલનાથી આજ અધિક અનુભવ મળવા વારો આવ્યો. મુગ્ધ જેવી પત્ની પતિઉત્સાહનો પ્રતિધ્વનિ કરવા ધૃષ્ટ [૧] બની. પતિએ ગાયેલા ગાનને અંતે થયેલું તારાલગ્ન દૃઢતર કરી, ઉદયમાન ચંદ્રકલા પોતાના કર સામા ઊભેલા અને નવા તેજથી ચળકતા મેઘ ઉપર ટેકવે તેમ પતિના સ્કંધ ઉપર સુકુમાર અને ગૌર કર ટેકવી, ચન્દ્રતેજના સ્પર્શથી ચંદ્રકાંત રસ ઝરવા લાગતો હોય, પતિના સ્પર્શે પોતે જ શૃંગાર ઝરવા લાગી હોય, તેમ નવરસિક લલના પોતાની નવી કવિતા એકદમ આરંભી ધીમા મૃદુ સ્વરથી ગાવા લાગી અને ગાતી ગાતી ચંદ્ર અને તારા ભરેલા આકાશની સમક્ષ નવી શશિકલા જેવી ખીલવા લાગી:

તે ઉપરથી સૂચિત

“ચમક ચમક તારા થાય આ વ્યોમમાં આ—

મુજ ઉર સ્વર થાતા પ્રિયના આજ જેવા;

શશીતણું ધીમું રેલે તેજ આ વ્યોમમધ્યે—તમ ઉરથકી

મારે જેમ આનંદ રેલે.

શીશીપદઅંકે બેઠી આ શાંતિ કરે સ્મિત, નાથ!

જુઓ! જુઓ! પ્રિય! ગોઠડી કેવી એ બે કરે એકાંત!

એવી ગોઠ મુજશું કરોની!

શશીઉરમાં લપટાઈ આ શાંતિ ધરે પ્રકાશ!

જુઓ! જુઓ! પ્રિય! ગાંઠ એ બેની કેવી પડી આ આજ!

એવી ગાંઠ મુજશું રચોની!”

આ સાખીઓ ગવાઈ તેટલી વાર તો વિદ્યાચતુરે તેનો ઉપભોગ કર્યો. ગવાઈ રહેતાં, તેના હાર્દનો વિચાર થતાં, અચિંતી કાંઈ નવી શોધ થઈ ગઈ હોય, શુદ્ધ કન્યા ઉપર મદનાવસ્થાનો પ્રથમ અવતાર પ્રથમ જ વ્યક્ત થયો હોય, મુગ્ધાનું લજ્જાદ્વાર ઊઘડતાં તેના અંતરમાં વસતા દૈવતનું નવલ દર્શન થયું હોય, તેમ પત્નીનું ગૂઢ રહેલું કવિત્વ પુષ્પ પેઠે સહસા વિકાસ પામેલું જોઈ વિદ્યાચતુર અદ્‌ભુત આશ્ચર્ય, ઉત્સાહ અને આનંદનો ભોગી થયો. પોતાની કવિતા કરતાં પણ સ્ત્રીની કવિતા વધારે કોમળ અને વધારે ઉત્સાહી લાગી અને તે ભાનથી હૃદય આનંદગર્વમાં ઊછળવા લાગ્યું અને તેનો હાથ પોતાને ઓઠે મૂક્યો.

સાત્ત્વિક આનંદના પ્રસંગ વિરલ હોય છે. આ બનાવ વિદ્યાચતુરને પહેલો તેમ જ છેલ્લો થયો. આવી રાત્રિ વીતતાં બીજે દિવસે તેના મામા

જરાશંકરે તેને બોલાવ્યો. રત્નનગરીના હાલના રાજા મણિરાજના પિતા મલ્લરાજ પાસે જરાશંકર ખાનગી મંત્રીનું કામ કરતો હતો. બાળક મણિરાજને અંગ્રેજી શીખવવા બસ્કિનસાહેબ તરફથી તાકીદ આવતાં વિશ્વાસુ માણસ જોઈતો હતો અને તે કામ ઉપર જરાશંકરની ભલામણથી વિદ્યાચતુરની નિમણૂક થઈ. તેના મનમાં એવું હતું કે આ જગાનું કામ પણ માત્ર પુસ્તકશિક્ષકનું હશે; પરંતુ એ કામ તો માત્ર ગૌણપક્ષનું જ નીવડ્યું. મલ્લરાજનો અંગ્રેજી વિદ્યામાં પ્રવેશ ન હતો એટલે તે વિદ્યાનું મૂલ્ય પણ ન હતું. મલ્લરાજ શરીરે તેમ સ્વભાવે શુદ્ધ ક્ષત્રિય હતો. આખા રજવાડામાં શુદ્ધ રાજબીજનાં દૃષ્ટાંતમાં સૌ તેને પ્રથમ ગણતા. અંગ્રેજી સત્તાના આરંભમાં થયેલાં યુદ્ધ, સામદામ આદિથી ભરેલી રાજનીતિ, રાજ્ય બહારના અને રાજ્યમાંના શત્રુઓ, ઇત્યાદિનો તેને નાનપણમાંથી અનુભવ હતો. પોતાનું અન્ત્ય સાધ્ય શું છે તેનો વિચાર કરતો અને પછી સાધન ખોળતો. રાજવિદ્યાને ચતુરંગ (શેતરંજ)ની બાજી જેવી ગણી ખેલ રમ્યાં કરતો અને તેમાં સર્વ સાર માનતો. અંગ્રેજી વિદ્યાને તે એક સાધન ગણતો. અને મણિરાજને તે સાધન પ્રાપ્ત થાય તેમાં તેને બાધ ન હતો. મલ્લરાજ તરફથી વિદ્યાચતુરને પ્રથમ સૂચના એ થઈ કે ભલે આને ભણાવો પણ તમારું કામ ચૂકશો મા. "મારા કુંવર પાસે તમને રાખું છું તે કંઈ એની બુદ્ધિ અંગ્રેજી કરવા નથી રાખતો. એનું વય આજ કોમળ છે માટે બહુ સંભાળથી એને ઉછેરજો. સરત રાખજો કે એને મારે તમારા જેવો બ્રાહ્મણ નથી કરવો કે વૈશ્ય નથી કરવો. બ્રાહ્મણ, વૈશ્ય, મ્લેચ્છ, અંગ્રેજ અને એવા એવા સર્વ લોકની વિદ્યા એ સમજી જાય અને સર્વની કળા જાણી જાય, સર્વની સાથે પોતાના ધર્મ પાળવા સમજે, એવું એવું સર્વ એને શીખવજો. પણ યાદ રાખજો કે અંગ્રેજ, બ્રાહ્મણ કે બીજા કોઈનો કે તમારો પોતાનો કંઈ પણ ગુણ એનામાં આવ્યો દીઠો તો તમારી નોકરીમાં કસૂર થઈ ગણીશ. તમારું એક કામ એ કે એનામાં શુદ્ધ રજપૂતના ગુણ ભરવા. એ કુમાર મારી વૃદ્ધાવસ્થામાં મારે ટેકવાનો દંડ છે, મારા રાજ્યની આશા છે, મારા વંશનું ભવિષ્ય છે, મારા કુલની પ્રતિષ્ઠા છે, અને તમે એના શિક્ષક છતાં નોકર છો, અને એ પ્રજા નહીં પણ રાજા થવા સરજેલો છે, તે સર્વ ધર્મને યોગ્ય એને કરજો. એનું શરીર ખીલવવા, એનું શૌર્ય વધારવા, મારા ક્ષત્રિય યોદ્ધાઓ હું તમને સોંપું છું. એને રાજવિદ્યા શીખવવા તમારી મરજી પડે તે સગવડ માગજો. એને રાજા કરજો. બ્રાહ્મણને હાથે રજપૂત સ્વધર્મ શીખે એ આપણા દેશમાંની જૂની પ્રણાલિકા છે અને તે પ્રમાણે હું એને તમારા હાથમાં મૂકું છું. તમારા બીજા વખતમાં શું કામ કરવું તે તમને જટાશંકર બતાવશે. તમારું કામ અહીં નિશાળના માસ્તરનું નથી. સ્ત્રીને કેટલાં કામ કરવાં પડે છે તે જુઓ. છોકરાંને ઉછેરવાં, કુટુંબના વડીલોનું કામ ઉપાડવું, ચાકરો ઉપર સત્તા રાખવી, ઘરધંધામાં પ્રવીણ રહેવું, ઘરની અને ઘરના સામાનની સંભાળ રાખવી, ઘરમાં આવતાંજતાં માણસ આગળ ઘરનું નાક રાખવું, અને તે બધું જાતે મર્યાદા પાળી કરવું! અને દિવસ વીત્યે

શૃંગારશાળામાં પતિના ઉપર રાજ્ય ચલાવવું! આટલું તો એક સામાન્ય સ્ત્રી કરે છે; અને તેની સાથે લોકના બોલ સહી જવા, ઘરમાં જુલમ અને અપમાન ખમતાં ગમ ખાઈ જવી, પોતાના દુઃખને ગણવું નહીં, મન અને પેટ એ બે મોટાં રાખવાં; એ બધું પણ સ્ત્રીને કરવું પડે છે અને તેટલું જો તે કરે તો જ સ્ત્રીને સ્ત્રી કહેવી. ન કરે તો તે પુરુષ તો નથી જ ને સ્ત્રી પણ નહીં જ—તેને તો જેમ અનંગરંગમાં શંખણી કહી છે તેમ આપણે સંસારરંગમાં શંખણી કહેવી. કહો — હવે એક સ્ત્રીને માથે આટલા ધર્મ છે તો સ્ત્રીના ધણી પુરુષના કેટલા ધર્મ હોવા જોઈએ? જે પુરુષને આટલું સ્ત્રીનું કામ આવડે નહીં તે સ્ત્રીના કરતાં પણ નપાટ ને મારા રાજ્યમાં નોકરી કરવા નાલાયક. સ્ત્રી અને પુરુષ બેનું કામ આવડે તે મારી નોકરીને યોગ્ય અને યોગ્યતા તમારે મેળવવી. જેનામાં આ સૌ યોગ્યતા વધારેમાં વધારે હોય તે મારો કારભારી થવા લાયક છે. બીજું લોભ ન કરવો એમ હું નથી કહેતો પણ સામાનું ઘર સાચવી લોભ કરવો. અમારા પુરાણી એક શ્લોક કહે છે કે વાછડાને ધવરાવી ગાયને દોહવાની છે તેમ જ રાજાએ પણ પ્રજાને સંતોષ આપી રાજભંડાર ભરવાનો છે. [૧] હું તમને તે જ રીતે કહું છું કે રાજા પ્રજાનો સ્વાર્થ સંભાળી તમારા સ્વાર્થના વિચાર રાખજો, નીકર મારે તમારે સગાઈ નથી તે સરત રાખવી. તમે પ્રમાણિક છો તે હું જાણું છું, પણ પ્રમાણિકપણું પૈસા ન ખાધામાં જ આવી જાય છે એમ નથી, પણ બીજી ઘણી બાબતોમાં જોઈએ છે તે તમને અનુભવ શીખવશે. તમને એ પ્રમાણિકપણું હાલ વાત કરતાં સહેલું લાગશે પણ અધિકારે ચડતાં 'માયા દેખી મુનિવર ચળે' એ તમે હળવેહળવે જોશો. મણિરાજને કાચી અવસ્થાને સમયે તમારા હાથમાં મૂકું છું તેથી છલકાઈ કે છેતરાઈ ન જશો ને હંમેશ યાદ રાખજો કે એ મણિ છે પણ નાગને માથે છે ને તમારે નાગની સાથે કામ છે. નાગ પ્રસન્ન થાય તો રત્નનો ભંડાર ઉઘાડો મૂકે પણ તે કોપે તો તેની દાઢમાં યમના દૂત નિરંતર સજ્જ છે તે યાદ રાખજો. મલ્લરાજ એ નાગના જેવો છે."

— એ ઉપરથી

રાજકુમારના શિક્ષક થનારના અંતરમાં શબ્દેશબ્દ જડાઈ ગયા, પ્રત્યેક શબ્દમાં ઉપદેશના ગ્રંથ ભરેલા લાગ્યા, પ્રથમ જ જાતે મ્યાન ઉઘાડનારને તરવારનું મૂળ નીકળતાં જ આંગળીઓ સંભાળવી પડે એવો અનુભવ થયો, અને ઘેર ગયા પછી આ નવા સંસારે તેના તાર્કિક મસ્તિકને એવું તો ચકડોળે ચડાવ્યું કે તે દિવસથી ગુણસુંદરી સાથેના સાત્ત્વિક પ્રસંગો સ્વપ્ન જેવા થઈ ગયા, કવિતા કરવી ભૂલી ગયો, અને રાજસંસારના તીવ્ર ભ્રમણમાં પડેલી આંખ સ્નેહસંસારને નિત્ય ખરતા તારા પેઠે પળવાર જ જોવા પામતી.

આ જ પ્રસંગે ગુણસુંદરીને પણ તેને યોગ્ય વિષમ સંસારજાળમાં લપટાવું પડ્યું અને પૂર્વાવસ્થામાં વિદ્વાન પતિ અને વિદ્યાએ આપેલી કળા તે

જાળ ઉકેલવામાં ઉપયોગી થવા લાગી. વિદ્યાચતુરે મલ્લરાજના શબ્દ અમૂલ્ય ગણી એક પુસ્તકમાં ઉતારી રાખ્યા હતા તે વાંચી ગુણસુંદરીએ પણ પોતાના નવા વ્યવહાર સંબંધી ઘણો બોધ લીધો. બુદ્ધિવાળાના અનુભવ વિદ્વાનોને પણ બોધ આપે છે. એટલું જ નહીં પણ સામાન્ય મનુષ્યો કરતાં વિદ્વાનો તે અનુભવમાંથી વધારે બોધ લે છે. વિદ્યાનું સાધન પુસ્તકભંડાર માત્ર અનેક બુદ્ધિમાનોના અનુભવનું રહસ્ય શીખવે છે અને આ રહસ્ય ગ્રહી લેનારને જ વિદ્વાન ગણવા અને બીજાને કેવળ પુસ્તકપંડિત ગણવા એવો વિદ્યાચતુરનો મત હતો અને તેથી બુદ્ધિવાળાના અનુભવને તે પુસ્તક જેવો જ ગણતો. અનુભવી મલ્લરાજની પ્રથમ આજ્ઞામાં વસેલો ક્ષાત્ર ઉદ્રેક તેને અતિપ્રિય લાગ્યો. તેમાંનું રાજઅભિમાન તેને નમવા યોગ્ય લાગ્યું, અને આવી સુંદર લાગતી આજ્ઞામાંથી સર્વને માત્ર સુંદર લાગતા પુષ્પમાંથી મધમાખી મધ લે તેમ — તેણે અનુભવબોધ લીધો અને એ બોધથી તેનું પોતાનું નીતિબીજ બંધાયું એટલું જ નહીં પણ ગુણસુંદરીએ તે બીજ સ્વીકાર્યું. માત્ર એકને એ બીજ રાજકાર્ય આદિ અનેક સ્થળે કામ લાગ્યું અને સ્ત્રીને તે ગૃહકાર્યમાં કામ લાગ્યું.

પોતાના મામા જરાશંકરને સંતતિ ન હોવાથી વિદ્યાચતુર મોસાળમાં ઊછર્યો હતો. એ જન્મ્યો ત્યારે તેના બાપ માનચતુરનું વય પાંત્રીસેક વર્ષનું હતું અને તેને અંગ્રેજી રાજ્યમાં નાના ગામમાં મામલતદારના કારકુનની નોકરી હતી. તે સાધારણ ભણેલો હતો પરંતુ બુદ્ધિશાળી ગણાતો અને જ્યાં બુદ્ધિ સતેજ હોય છે ત્યાં યુવાવસ્થાનું ઉત્કટપણું પણ તેવું જ હોય છે એ વાત સાચી માનનાર વર્ગ માનચતુરનું દૃષ્ટાંત બતાવતાં. વૃદ્ધાવસ્થા પર્યંત ન છૂટેલી લંપટતામાંથી મહાન અને અસાધ્ય રોગને વશ થઈ નોકરી છોડી ઘેર આવવું પડ્યું. વિદ્યાચતુર સિવાય માનચતુરને બીજો પણ કુટુંબવિસ્તાર પુષ્કળ હતો. વિદ્યાચતુરના પહેલાં માનચતુરને બીજા બે પુત્ર અને બે પુત્રીઓ થયાં હતાં. સૌથી મોટો પુત્ર સુંદરગૌરી નામની રૂપવતી બાળવિધવા મૂકી ગુજરી ગયો હતો. સુંદરગૌરી પોતાને પિયર રહેતી હતી. પરંતુ તેનાં માબાપ ગુજરી ગયાં અને ભાઈભાભીના ઘરમાં એ વધારે પડી. એક દિવસ તો તેને મારી કાઢી મૂકી આખી રાત ભૂખીતરસી બારણે ઓટલે બેસાડી મૂકી. ગુણસુંદરીને આ વાતની ખબર થતાં ત્યાં ગઈ અને ચોધાર રોતી નિરાધાર જેઠાણીને પોતાને ઘેર લઈ આવી. બીજા જેઠનું નામ ગાનચતુર હતું. તે વિદ્યાચતુરથી દસબાર વર્ષ મોટો હતો અને એને ભણાવવાનો પ્રયત્ન નિષ્ફળ ગયો હતો; કારણ નાનપણમાંથી મોજશોખમાં પડેલા બાપે લડાવ્યો અને બાપના જેવી સોબત વળગી. આખરે મામલતદારને ત્યાં ઘણી કડાકૂટ કરતાં તેને એક તલાટીની જગા મળી. પણ જાતે વ્યસની તથા ખરચાળ હોવાથી કોડી બચતી ન હતી. વળી ગામના મુખીની સ્ત્રી સાથે એની ચર્ચા ચાલતી હતી તેથી મુખી વેર રાખતો. એમ કરતાં કરતાં એક દિવસ એક ખેતરના ધણી પાસે ચારપાંચ આના પાનસોપારીના લીધા હશે તે બાબત મામલતદાર પર 'રિપોર્ટ' કરી મુખીએ

તેને બરતરફ કરાવ્યો અને ચંડિકા નામની પોતાની સ્ત્રી તથા ચાર છોકરાંના વિસ્તાર સાથે રત્નનગરી આવ્યો અને ગુણસુંદરીભાભીનો અતિથિ થયો. વિદ્યાચતુરની મોટી બહેન દુ:ખબાના પતિ સાહસરાયને વ્યાપાર કરતાં દેવું થયું, દેવામાંથી છૂટવા લોભનો માર્યો સટ્ટામાં પડ્યો, તેમાંથી છુટાય નહીં એટલું ઋણ થયું, અને દુ:ખ ને લાજનો માર્યો છાનોમાનો ગામપરગામ નાસવા લાગ્યો અને ન ચાલ્યે દુ:ખબાને એના ભાઈને ત્યાં મોકલી દીધી. દુ:ખબાને સંતતિમાં માત્ર એક કુમારી નામની કુંવારી કન્યા વયે પહોંચવા આવેલી હતી. જેવું પતિનું દુ:ખ મોટું હતું તેવું જ કુમારીને ક્યાં પરણાવવી અને શા વતે પરણાવવી એ દુ:ખ પણ બિચારી દુ:ખબાને થોડું ન લાગતું. એ દુ:ખ ભાઈભાભીને ન કહેવાતું અને કન્યાવસ્થા ત્યજતી કુમારીને જોઈ તેની મા રાતદિવસ સોસાઈ જતી. વિદ્યાચતુરની બીજી બહેન ચંચળબા આ અરસામાં વિધવા થઈ. તે કામકાજમાં નામ પ્રમાણે ચંચળ હતી પણ તેનામાં અભિમાનનું પાસું હતું તેમ જ જૂઠુંસાચું કરવાની ટેવ હતી. આથી તે સાસરિયામાં સમાય એમ ન હતું, પણ સાસરામાં બીજી કોઈ આધેડ સ્ત્રી ન હોવાથી તેની ત્યાં ગરજ હતી. આખરે એની દેરાણી ઘર ઉપાડે એવી થઈ એટલે દિયરને ભાભીની ગરજ ના રહી. ચંચળબાનું નિત્ય અપમાન થવા લાગ્યું અને આખરે થાકીને દેરાણીનાં મહેણાં ન ખમાતાં ભાભીને બોલાવી ભાઈને ત્યાં રહેવા આવી. એને પંદરેક વર્ષનો યશપ્રસાદ નામનો દીકરો હતો. તેની વહુ સાલસબા નહાતીધોતી થઈ હતી પણ ચંચળબા ભાઈને ઘેર આવી એટલે સાલસબાને સાસરે રાખવાનું બંધ રહ્યું.

જે વર્ષમાં વિદ્યાચતુર મણિરાજનો શિક્ષક થયો તે જ વર્ષમાં થોડા થોડા દિવસને અંતરે માનચતુર, સુંદરગૌરી, ગાનચતુર, ચંડિકા, દુ:ખબા અને ચંચળબા પોતપોતાના પરિવાર લઈ વિદ્યાચતુરને ઘેર ઊભરાયાં. એ સૌ ભાર એકદમ અને અચિંત્યો ગુણસુંદરીને માથે પડ્યો. સૌનાં જુદી જુદી જાતનાં દુ:ખની સંભાવના કરવી, સૌના જુદા જુદા સ્વભાવની સાથે પાલવતું કરવું, અને સૌની કુટેવો વેઠવી — આ સૌ કારભાર ને આ સૌ ચિંતા ઉપાડતાં શુદ્ધ યુવાવસ્થામાં ખીલવા લાગેલી. ગુણસુંદરીને ભોગવિલાસનો ત્યાગ કરવો પડ્યો અને વૃદ્ધાવસ્થાનું ધૈર્ય અને શાણપણ શોધવું પડ્યું. એનું ઘર નાનું હતું. એના પતિની આવક આ સર્વ ખર્ચના પ્રમાણમાં જૂજ હતી, અને સર્વના મનમાં એની પાસેથી સંભાવનાની અપેક્ષા તથા આશા વિદ્યાચતુરની પદવીના પ્રમાણમાં મોટી રાખવામાં આવતી. તે અપેક્ષા અને આશા પૂરતાં જાણ્યે અજાણ્યે, ચાલ્યે ન ચાલ્યે જેટલી ન્યૂનતા રહી જતી તેટલો અસંતોષ થતો અને તેટલા દોષ વિદ્યાચતુર અને ગુણસુંદરીને માથે મુકાતા.

આ સર્વ કુટુંબભાર ઊગતી ગુણસુંદરીને માથે પડ્યો તે પ્રસંગે તેને જગતનો અનુભવ ન હતો અને એ ભાર નીચે કેટલાં કચડાવું પડશે અને તે પ્રસંગે કેટલું બળ રાખવું પડશે તેની એને કલ્પના પણ ન હતી. પ્રથમ

વીશીના જુવાનીમાં પતિ સાથે એકલી રહેલી માણસની ભૂખી હતી અને કુટુંબની સંભાવના કરવામાં પોતાની ઉદારતા અને મમતા દેખાડવાથી જન્મારો સફળ થયો માનતી હતી. પતિની સાથે વિકસેલો સ્નેહ કુટુંબજન સાથે વિકસવા ઇચ્છતો હતો. પોતાનાં જેવાં જ પારકાંના અંત:કરણ કલ્પતી હતી અને વત્સલ ડોસીઓમાં વસી વત્સલ થયેલી ગુણિયલ યુવતી કુટુંબભારની ધુરંધર થવા ઇચ્છતી હતી. સંસારનું એક જ પાસું તેણે અનુભવેલું હોવાથી પોતાના સદ્‌ગુણના વિકાસને સંસાર સર્વથા અનુકૂળ પડશે એવી તેણે આશા રાખી હતી. આ સર્વ ઉત્સાહભરેલી બાળાને કુટુંબભારની દુર્વહનીયતાનાં પડ અનુભવે ધીમે ધીમે ઉઘાડી આપ્યાં.

ઘરમાં માણસો ઊભરાયાં ત્યારે પ્રથમ તો ગુણસુંદરીને ઘણી સગવડ અને ઘણો આનંદ થયો. કેટલીક નાનીનાની અગવડો પડી તેનો બદલો તો વસ્તીમાં રહેવાના આનંદથી જ મળી ગયો. નાના સરખા ઘરમાં જશ સંકડાશ પડવા લાગી, પણ આખો દિવસ ભર્યા રહેતા ઘરમાં કલ્લોલ જેવું લાગવા માંડ્યું. પરસાળમાં સર્વ સ્ત્રીઓને તથા તેમનાં છોકરાંને સૂવાબેસવાનું રાખ્યું. પરસાળ પરની મેડીમાં જેઠજેઠાણીને વાસ્તે એકાંત શયનગૃહ કરી આપ્યું. પરસાળ પાછળ ઓરડો હતો તેમાં જોખમ રહેતું અને તેને હવે ચામડાનું તાળું થયું ગણાયું. ઓરડા પર મેડીમાં દાણાની વખાર હતી તે પ્રસંગે લેવા જવું પડે ત્યારે જ માત્ર જેઠાણીની મેડીમાં જવું પડે. પરસાળની આગળ ચૉક હતો. ચૉકની એક પાસ રસોડું, પાણિયારું વગેરે હતાં અને બીજી પાસ બે ઓરડીઓ હતી. તેમાંની એકમાં વડીલ માનચતુરને એકાંતવાસ આપ્યો ને બીજી વૃદ્ધ સાસુ ધર્મલક્ષ્મીને સારુ રાખી. ચૉક આગળ ખડકી હતી અને તેના ઉપર મેડી હતી. બાકીના ભાગ ઉપર અગાશી હતી. સૌ આવ્યા પહેલાં પોતાને સૂવાનું પરસાળની મેડીમાં હતું અને ખડકીની મેડીમાં વિદ્યાચતુરની કચેરી હતી. હવે સૂવાનું ઠેકાણું ખડકીની મેડીમાં કર્યું અને કચેરી ખડકીમાં કરી. ખડકી ને ચૉક વચ્ચે પડદો ભરી લીધો એટલે સ્ત્રીઓને મર્યાદા થઈ. પરસાળની જોડે નાનો સરખો ચૉક હતો તેમાં રસોડાનું બારણું પડતું હતું. એ ચૉકમાં જમવા બેસવાનું હતું. ચૉક પાછળ ગજાર ને તેની પાછળ છીંડી હતી. ચૉકમાં રસોડા જોડે પાણિયારું અને ટાંકાની ઓરડી વગેરે હતું. નાની સરખી જગામાં થોડે ખરચે ઘણો સમાસ કેમ કરવો તે આપણાં ઘર બંધાવનાર વડીલો આપણા કરતા વધારે સમજતા હતા એવું વિદ્યાચતુર હંમેશ કહેતો, અને પોતાના મોટા કુટુંબને પોતાના નાના ઘરમાં સર્વને અનુકૂળ સમાસ કરી આપનારી પત્નીએ આ ઘર બંધાવનારની બુદ્ધિને સફળ કરી આપી જોઈ પતિને અત્યંત સંતોષ થયો, અને બદલામાં પોતાને સૂવાના નવા સ્થાનમાં સાન કરી સ્ત્રીને બોલાવી હૃદયદાન દીધું. આ પ્રીતિદાય લેતાં લેતાં પત્ની બોલી: “જુઓ, વડીલ શરીરે સારા રહેતા નથી અને નાનડિયાંમાં એમને હરકત પડે માટે એમને એકાંત જોઈએ, પણ તેની સાથે એમને જો મેડીએ ચડાવીએ તો કંઈ જોઈતું કરતું હોય તો બૂમો પાડવી પડે માટે એમનું નીચે ઠેકાણું

રાખ્યું. એમાં મારું બેસવાનું ઠેકાણું ઓછું થયું, પણ એમને ઠીક પડશે. ખડકીની મેડીમાં મોટાભાઈને ખડકીનો ગરબડાટ નડત. એમને એકલાં બેઠાં બેઠાં ગાયા કરવાની ટેવ તે આ ગોઠવણ ઠીક પડશે. ખડકીમાં લોકો બેઠા હોય એટલે મારાથી વારેઘડીએ હવે ખડકીની મેડીમાં નહીં અવાય, પણ આખી રાત આપણી ક્યાં નથી?" પોતે હરકત વેઠી કુટુંબને સમાસ કરી આપનારી સ્ત્રીની પોતાનો સ્વાર્થ તજવાની આ બુદ્ધિ જોઈ આનંદમાં આવી પતિએ તેને ફરી પોતાના પ્રફુલ્લ હૃદયનું દાન દઈ, "બહુ સારું કર્યું, મારી ગુણિયલ" એમ કહી ફરી હૃદયદાન દીધું. આ ધન્યવાદના શબ્દ પત્નીને ઘણાં વર્ષ સરત રહ્યા અને કેટલીક વાર તો તેના ભણકારા વાગતાં આનંદથી ચમકતી. આ હૃદયદાન પણ તે ભૂલી નહીં. આ શબ્દ અને આ હૃદયદાન કેટલાક દિવસ સુધી તો ગુણસુંદરી એકલી પડે ત્યારે સંભારી સંભારી તેમાં લીન થતી. વિદ્યાચતુર એને ગુણિયલ કહી રોજ બોલાવતો, પણ આજનું 'ગુણિયલ' કાંઈક જુદા જ અર્થવાળું લાગ્યું. કુટુંબસંસાર ચલાવવો એ રાજ્ય ચલાવવા જેવું છે. તે ચલાવનારી ગૃહિણીનું કામ રાજ્ય ચલાવનાર પ્રધાનના જેવું ગહન છે. દીર્ઘદૃષ્ટિ, સ્વાર્થત્યાગ, સહનશીલતા, ઉદ્યોગ, ઉદારતા, વ્યવહારકુશળતા, સેવ્યબુદ્ધિ, સેવકબુદ્ધિ, ઇત્યાદિ અનેક મહાગુણોનો ઉપયોગ ચતુર ગૃહિણીને પ્રધાનના જેટલો જ છે. ગૃહિણીનું કામ ભાડૂતી ચાકરોથી થવાનું જ નથી અને ગૃહકાર્યને હલકું ગણી તેમાંથી ઉદ્ધારવાને બહાને સ્ત્રીને બાહ્યસંસારમાં ધકેલવી એ પાશ્ચાત્યબુદ્ધિ વિદ્યાચતુરને ઘણાં કારણથી રુચતી ન હતી. એ કારણોનો ટૂંકામાં સમાસ એક પ્રસંગે તેને ગુણસુંદરીએ જ કરી બતાવ્યો હતો. એક પારસી વર્તમાનપત્રમાં સ્ત્રીઓને બહાર પાડવા વિશે નિબંધ હતો તે વાંચી રહી. પત્ર પતિના હાથમાં મૂકતી મૂકતી પત્ની બોલી: "મારા ચતુર વ્હાલા! આ લોકો લખે છે તે શું તમે ખરું ધારો છો? અમારે અમારું શું ઓછું છે? અમારાં શરીર તેમ અમારાં મન સંસારના ગર્ભ ધારણ કરવાને જ સરજેલાં છે. અમારાં શરીર છે તે સંસારને ઊછેરવાનું સ્થાન છે. એ શરીરને પુરુષના સંસારને ધકેલે ચડાવવા તે જીભની પાસે દાંતનું કામ કરાવવાના પ્રયત્ન જેવું છે. તમે દાંત — અમે જીભ. તમે તમારું કામ કરો. અમે અમારું કરીશું. તમે કમાવ, અમે ઘરસંસાર નિભાવીશું. સ્ત્રી વિના તમારી કમાઈનો અર્થ કોણ સરાવશે? તમે પણ પેટની સેવા સારુ જીવશો અને અમે પણ એમ કરીશું, ત્યારે તમારી સંતતિની, તમારા કુટુંબની, તમારા ઘરની, તમારા મનની, તમારા આનંદની, તમારા ધર્મની સંભાળ કોણ લેશે? શું ઈશ્વરે જગત એવું નિર્મેલું છે કે સ્ત્રીએ પણ ધનની સેવા કરવી? અમને અમારું કામ જે આવું મોટું છે તે શીખવવામાં મદદ આપો. તમારી પાસે દ્રવ્ય વધે તો અમને અમારા કામમાં ઊંચી પદવી આપો. કુંવારા પુરુષો ગરીબ હોય છે ત્યારે પોતે પોતાના ચાકર ને રસોઇયા બને છે તેવી જ રીતે ગરીબ પતિની સ્ત્રી બને છે. રસોઈનું કામ સોંપી સ્ત્રીને હલકી કરી નાંખી એવું બોલનારા વગર વિચાર્યું બોલે છે, કારણ તે કામ તો સ્થિતિ પ્રમાણે પુરુષ

અને સ્ત્રી ઉભયને કરવું પડે છે. દસ રૂપિયા કમાવા બજારમાં મજૂરી કરવી અથવા બસો રૂપિયા કમાતા દાક્તર બની દવા ઉકાળવી અને ગૂમડાંનાં પરુમાં હાથ બોળવા તેના કરતાં રસોઈને કિયા ઈશ્વરે હલકી કહી છે જે? અમે અમારી બુદ્ધિ રસોઈમાં ચલાવીશું. તમારાં સાધન વધશે ને રસોઇયો રાખી આપશો તો તમારા ઘરને ઠેકાણે અમે મહેલ રચીશું, તમારા પુત્રને તમારા જેવા કરી આપીશું, તમને જે વિદ્યા સેવવાને અવકાશ નહીં મળે તે અમે સેવીશું; તમારી રસવાસનાને, તમારા કવિત્વને, તમારા જ્ઞાનને, તમારા શૌર્યને, તમારી દેશભક્તિને ઋણાનુબંધ પ્રમાણે ઉછેરીશું ને વધારીશું. જીભ કોમળ કામ કરશે ને દાંત કઠોર ચાવણું ચાવશે. તમારાથી અમારું કામ નહીં થાય. અમે અમારું કામ યોગ્ય રીતે કરીશું તો જ તમારો સંસાર આગળ ચાલશે. તમારો સંસાર આગળ ન ચાલે તો અમને પણ હાનિ જ છે. મારી તો એવી બુદ્ધિ છે.” આ સાંભળી વિદ્યાચતુર હસ્યો અને બોલ્યો: “ઠીક, તને પણ ભલું મનાવતાં આવડે છે. આપણામાં સ્ત્રીઓ પોતાને પતિની દાસી કહેવડાવે છે. સેવકનું કામ છે કે સેવ્યને મોટપ આપવી. પણ અમે તો હવે અંગ્રેજી ભણ્યા એટલે આપણા હક સરખા!”

ગુણસુંદરી — “કોણ કહે છે જે હક સરખા નથી? ખાવું, પીવું, સર્વ તમારે ને અમારે સરખું જોઈએ છે. પણ સરખા હક કરીને તમારાથી ગર્ભ ધરાવાનો નથી ને અમારાથી અમારું કામ છોડાવાનું નથી. સેવ્ય સેવક એ નામથી કોઈ મોટું નાનું બનતું નથી. શેઠ નોકરને વાસ્તે મજૂરી કરે છે ને નોકર શેઠને સારુ મજૂરી કરે છે. દેખાવમાં શેઠ ઉપરી ને નોકર હાથ નીચે, પણ ઉભયને પરસ્પરની ગરજ. હાથ ઉપર ને પગ નીચે — એથી ઈશ્વરને મન હાથ વધારે નથી ને પગ ઓછા નથી. શાના વગર ચાલશે? સ્ત્રીપુરુષને પણ એમ જ છે. મારા ને તમારા સરખા હક, પણ મને ઈશ્વરે તમારા કરતાં ચાર તસુ નીચી કરી તે કંઈ ઊંચાં થવાશે ને સ્ત્રી મટી પુરુષ થવાશે? અમારા કામમાં તમે અમને અયોગ્ય રીતે હરકત કરતા હો, અમને માણસને ઠેકાણે ઢોર ગણતા હો ત્યારે તમારો દોષ. આ તો શું? પુરુષ તો પુરુષનું કામ કરેસ્તો ને સ્ત્રીએ ઘરની ચિંતા ન ઉપાડવી, ને ડાહ્યાંડમરાં બની ટાપટીપ કરી ગપાટા મારવા ને બેસી રહેવું ને ધણીને કહેવું કે મારે તો ખાવાનું જોઈએ, પહેરવાનું જોઈએ, રસોઇયો જોઈએ, ને તમારાં માબાપ વૃદ્ધ થયાં માટે હું કાંઈ મારું જોબન જવા દઉં? — એ તો કેવું કે તારું મારું સહિયારું ને મારું મારું પોતાનું. આપણે એવાં થઈ આપણું ઘર બગાડવું ને દીકરીઓને એવી કરી જમાઈનાં ઘર બગાડવાં એ તો બહુ સારો ધંધો માંડ્યો. તમે બહાર દીવાન થાઓ તો તમારું ઘર દીવાનના જેવું કરવું, તમારા કુટુંબને દીવાનના કુટુંબનું સુખ આપવું, ને તમે તમારા બહારના કામના વમળમાંથી થાકી ઘેર આવો ત્યારે તમારી પદવી જેટલા ઊંચા સુખસંસારમાં તમને લઈ લેવા એ અમારું કામ ને એમાં અમારી વડાઈ.”

"વારુ, હું દીવાન થાઉં તો એમ કરજે. હાલ તો આપણા આ નાના ઘરમાં તારી ચતુરાઈ કેટલી પહોંચે છે તે દેખાડજે. પણ હાલ અભ્યાસ કેમ ચાલે છે?" વિદ્યાચતુરે પૂછ્યું ને ગુણસુંદરી નરમ જવાબ આપશે એમ ધાર્યું.

ગુણસુંદરી: "અભ્યાસ? આ બધો યે અભ્યાસ જ છે કની? કાગળનું પુસ્તક કે સંસારનું પુસ્તક. જેમાંથી શીખીએ તેમાંથી શિખાય! — વંચાશે હળવેહળવે — ત્યારે સોરું બધું રસ્તે પડશે એટલે. હાલ તો ઘરમાં ગમ્મત છે. ચાર વાગે કૂકડો બોલતાં ઊઠી તમારી પાસેથી નીચે જાઉં છું તે તમને ખબર છે. જઈને પહેલું કામ એ કે ઘરમાં દીવા કરું છું એટલે તમારા ઘરમાં અંધારાનું અજવાળું થાય છે. ચાકર બિચારો બાર વાગે સૂવા પામે છે તેને ઊંઘમાંથી ઉઠાડવાનું પાપ વહોરવું એ સવાર થતાં પહેલાં મારું બીજું કામ. શું કરું? કોઈ જાગે નહીં એમ ધીમે ધીમે ઉઠાડવાનું કરું છું, તે કોઈ વખત તો ઊઠે અને કોઈ વખત તો દયા આવે છે એટલે સૂવા દઉં છું. પછી એ ગરમ પાણી મૂકે કરે એટલામાં હું મારી મેળે દાતણબાતણ કરી, મારી જાતનું કામ કરી, નાહીધોઈ, ચોટલોચાંલ્લો કરી પરવારું છું. ત્યારપછી સાસુજીની પૂજાની સામગ્રી તૈયાર કરી એ ઊઠયાં હોય એટલે એમને સ્વાધીન કરું છું. એ કામ બીજા કોઈને સોંપું પણ એમનો સ્વભાવ ચટવાળો ને આકળો ને તેથી જેને સોંપું તેને ને એમને બેને દુઃખ થાય એવું છે માટે હું જ કરું છું. એટલામાં ઘરમાં સૌ ઊઠયાં હોય તો પોતપોતાનું કામ કરવામાં રોકાય તેટલી વારમાં રસોઈનો સામાન હું તૈયાર કરું છું. દુઃખબાબહેન ઘણુંખરું — દિલગીર રહ્યાં કરે છે એટલે કામ કરતાં કરતાં વિચારમાં પડી જાય છે ને એમનાથી હેરાફેરા થતા નથી એટલે રસોઇમાં નાહવાનું એમને ઠીક પડે છે ને કુમારીને સાથે શીખવાને નવડાવું છું. આપણે શીખવીએ ત્યારે ઠીક ન પડે ને બહેન શીખવે ધમકાવે તેથી હરકત નહીં. ઘરમાં હાલ છોકરાં બહુ થયાં છે તેમને નવરાવવાં, શણગારવાં વગેરે કામ સુંદરભાભીને ગમે છે ને એમની મેળે કર્યાં કરે છે. ચંચળબહેન સવારનો વખત વડીલને સારુ ચા, ઓસડ વગેરે તૈયાર કરવામાં ગાળે છે અને હું ઘરમાં સૌને સારુ હેરાફેરા કરું છું ને સામાનસુમનની ગોઠવણ કરાવી ચાકર ઉપર દેખરેખ રાખું છું. એના પર દયા રાખું છું ખરી પણ દેખાડતી નથી કારણ દયા દેખાડીએ તો બગડી જાય. આમ ને આમ આખો દિવસ ચાલ્યો જાય છે ને ઘરમાં આનંદ વર્તે છે."

"એમાં તમારી શી ચતુરાઈ?" વિદ્યાચતુરે હસી કહ્યું.

ગુણસુંદરી ચિન્તાતુર મુખ કરી બોલી: "એ તો ઈશ્વર જાણે. પણ હવે મારે સાતમો મહિનો જાય છે એટલે મારાથી જોઈએ તેટલું નીપજતું નથી ને સુવાવડમાં હું નકામી થઈશ તે પ્રસંગની બહુ ચિન્તા રહે છે. જોઈએ હવે શું થાય છે."

આટલું બોલે છે એટલામાં નીચે કોઈએ એને બોલાવી તેથી એ ગઈ. પણ એને ચિન્તા પડી હતી તે ખોટી ન હતી. જુદા જુદા સ્વભાવનાં ઘરનાં

માણસોને જશ પણ તકરાર ન પડે એ રીતે પોતે ચતુરાઈથી સૌને અનુકૂળ બની જઈ રાખતી હતી અને જાતે છડી હોવાથી ખરેખરું કામ તો પોતે જ કરતી હતી. પણ સુવાવડ આવશે એટલે માળા વગરના મણકા જુદા પડશે, કામકાજમાં વાદ પડશે ઘરમાં બગાડ થશે અને કુટુંબમાં વિખવાદ (વિષવાદ) થશે એવી ગુણસુંદરીની સંપૂર્ણ ખાતરી હતી. સુવાવડમાંથી પરવાર્યા પછી પણ પોતે છડી મટવાની એટલે આ સૌ ગૂંચવાડો મટાડવા પોતાને જોઈતી સગવડ નહીં પડે તેની પણ એને બીક હતી. સૌના સ્વભાવ અને ગુણદોષ તે થોડા અનુભવથી જાણી ગઈ હતી અને હાલ તો ગૂંચવાડો જન્મ જ ન પામે અને પાણી પહેલી પાળ જ બાંધવી એટલું કરવું તેમાં, ગૂંચવાડો જામ્યા પછી મટાડવા જેટલી મુશ્કેલી ન હતી. મીઠા અને મધુર સ્વરથી, વિજ્ઞપ્તિ (વિનંતી)ના આકારની આજ્ઞાથી, કોમળ સૂચનાથી કોને અનુકૂળ શું કામ પડશે તે શોધી કાઢી તેને જ તે કામ સોંપ્યાથી, પોતે કોઈના ઉપર સિરજોરી તો કરતી જ ન હોય એવી વર્તણૂકથી, કેડે છેડો બાંધી આખો દિવસ ખરેખરી માથાકૂટનું કામ જાતે ખરા ઉદ્યોગથી અને વણવિસામે ઉપાડી લઈ તે કામ કરતાં તેનામાં દેખાઈ આવતા ઉત્સાહના દૃષ્ટાંતથી, અત્યંત શાન્તિ અને સહનશીલતા રાખી સામાને જણાય નહિ પણ તેના મનમાં રમી જ જાય એવી રીતે શિખામણ આપવાની કળાથી, અત્યંત કુટુંબવત્સલતાથી, ઉદારતાથી, આત્માર્પણથી અને બીજી અનેક જાતની ચતુરાઈથી, નાની વયની ઊગતી ગુણસુંદરીએ ઘણાં માણસથી ભરેલા ઘરનું નાવ સંસારસાગરમાં વેગથી ધપાવ્યું હતું અને તેના ઘરમાં આનંદ અને સંપની સીમા ન હતી. ગુણની કિંમત ગુણ ન હોય ત્યારે થાય છે, સુખની કિંમત દુ:ખમાં થાય છે, અને સારાની કિંમત નરસું કરાવે છે તેમ ગુણસુંદરીને સુવાવડ આવી ત્યારે સૌને તેની ખોટ જણાવાનો પ્રસંગ આવ્યો. ઈશ્વરદત્ત બુદ્ધિ અને પતિદત્ત વિદ્યા, સ્વાભાવિક અને ઉદાર સદ્ગુણો, અવિરામ ઉદ્યોગ, યૌવનયોગ્ય ઉત્સાહ અને વૃદ્ધજનના જેવી નિર્મળ વત્સલતા — આ ઉત્તમ ગુણભરેલી ગુણસુંદરીથી ભાગ્યવાન વિદ્યાચતુરને તેની પરીક્ષા કરવાનો પ્રસંગ સમીપ આવતો હતો. પોતે એને મોઢે એનાં વખાણ કરતો ન હતો, પણ જેમ જેમ બહોળા કુટુંબની સરભરા કરવામાં તેના નવાનવા ગુણ પ્રકાશમાં આવતા હતા અથવા પરિચિત ગુણ વિકાસ પામતા હતા તેમ તેમ સંતોષ પામતો હતો અને ઈશ્વરનો ઉપકાર માની પોતાની રાજસેવાના પ્રસંગોમાં મલ્લરાજની આજ્ઞા સ્મરી એ જ ગુણોનું ઉપયોગીપણું પરખતો હતો. રાજ્યસંબંધમાં પડેલાં માણસો જેવાં હોય તેવાં જ નિભાવવાં પડે છે, તેને જ ઉપયોગી કરી દેવાં પડે છે, તેમની સાથે સહનશીલતા અને ઉદાર ચિત્ત રાખવાં પડે છે, ઇત્યાદિ અનુભવ પોતાને થતો હતો તેમાં અને ગુણસુંદરીને થતા અનુભવમાં ઘણુંક સરખાપણું લાગ્યું.

ગુણસુંદરીના સીમન્તવિધિનો પ્રસંગ આવ્યો તે સમયે ઘરમાં વધેલી વસ્તી ઘણી કામમાં લાગી. પરંતુ તે જ રીતે તેમનાં મન જાળવવાં એ મોટું

કામ ગુણસુંદરીને કરવું પડ્યું અને તેમ કરવા સિવાય એ પ્રસંગની સર્વ ચિંતા તો પોતાને જ રાખવી પડી. જ્ઞાતિભોજનની ખટપટ કરવામાં, બહારનો સામાન લાવવાના કામની ચિંતામાં ગાનચતુરે ઘણો ભાગ ઉપાડી લીધો અને જરાશંકર અને બીજા સંબંધીઓ કામ લાગ્યા તથાપિ તે સર્વ કારભારમાં અંધેર થતું અટકવું તે ગુણસુંદરીની સંભાળથી જ થયું. કારણ કામ કરવા સર્વ તત્પર રહેતાં અને ઊલટ બતાવતાં પણ કયું કામ કોણે કરવું અને કાળક્ષેપ ન થતાં જે કામ જે ઘડીએ જોઈએ તે વખતે જ કરાવવાની ચિન્તા ગુણસુંદરીને રહી. આ સર્વનું કારણ એ જ કે ‘આ ઘર અને આ કામ તો મારું પોતાનું જ છે અને મારે પોતે જ પાર ઉતારવાનું છે’ એ ફિકર કોઈને ન હતી. ઘરમાંથી સામગ્રી જોઈએ તે આણવામાં સર્વ સ્ત્રીમંડળ તત્પર હતું, પરંતુ કઈ સામગ્રી કોને જોઈએ અને ક્યાં મૂકેલી હશે અને ક્યારે તેનો શો ઉપયોગ કરવો એ સર્વ કામ ગૃહિણીનું જ રહ્યું વળી સામગ્રીનો આ મહાસમારંભમાં વખતોવખત બગાડ થતો હતો તે કોઈ પ્રસંગે અટકાવાય અને કોઈ પ્રસંગે મોટું પેટ રાખી થવા દેવો પડતો હતો તે પ્રસંગોનો વિવેક ઘરમાં કોઈ સમજતું ન હતું, અને ઘડી ઘડી ક્લેશના અને તકરારના પ્રસંગ આવતા તે ગુણસુંદરી સમયસૂચકતાથી જાળવી લેતી હતી અને બગાડ થતો અટકાવતી હતી. જ્ઞાતિવ્યવહાર જાળવવા એ પણ એક વિકટ કામ હતું. એ શાસ્ત્રમાં ધર્મલક્ષ્મી સાસુ પ્રવીણ હતાં, પણ અવસ્થાને લીધે તેમનું શરીર જર્જેરિત થયું હતું એટલે ઘર બહાર નીકળતાં ન હતાં કે સૌ બાબતની ખબર રખાય. પરંતુ બધી વાતની બેઠાં બેઠાં પૂછપરછ કરતાં હતાં. એમને મોટું પદ આપવા અભિમાન વિનાની ગુણસુંદરી બધી બાબતમાં તેમનો અભિપ્રાય લઈને કામ કરતી હતી. તોપણ પોતાના અભિપ્રાયનો અમલ કેમ થાય છે, શામાં શામાં પોતાને પૂછ્યા વગર વહુ આગવું ડહાપણ ચલાવે છે, શામાં શામાં સારુનરસું બોલાય છે, વગેરે તપાસ ડોસી ચંચળ મારફત કરતાં; ચંચળ છાશમાં પાણી ઉમેરતી; અને ડોસી સમજુ હોવાથી વહુની કિમત સમજતી તોપણ કોઈ કોઈ વખત મનમાં એની ભૂલ કાઢતી, કોઈ વખત ચંચળ આગળ મોં મરડતી, અને કોઈ વખત ગુણસુંદરીને ધીમે રહીને શિખામણ દેતી અને કોઈ વખત ટાઢા ડામ દીધા જેવું કરતી. કોઈ વખત મનમાં ખોટું તો લાગતું પણ આખરે “હશે, મોટાં છે” કરી ઉદાર વહુ સહુ વાત ભૂલી જતી અથવા સહી જતી. પોતાના સીમંતની ચિતા સ્વાભાવિક રીતે વડીલોને માથે હોવી જોઈએ તે છતાં સીમન્તિનીને જ માથે આવી, અને જે સમયે તેનાં તનમનને આરામ અને આનન્દ જોઈએ તે સમયે તેને પ્રભાતથી મધ્યરાત્રિ સુધી કળ વાળી બેસવાનો વારો આવતો ન હતો અને તેમ છતાં તેને ‘જસમાં જુતિયાં’ જ મળતાં. દુ:ખી દુ:ખબાને શ્રમ ન પડે જાણી તેને માત્ર ઘરમાં આવતાં જતાંને આવકાર દેવાનું અને જમાડવાનું કામ સોંપ્યું હતું અને એક ઠેકાણે બેસી રહી છોકરાંને વસ્ત્રાલંકાર પહેરાવવા ઉતારવાનું તથા સંભાળી મૂકવાનું સોંપ્યું હતું, પરંતુ સાહસરાયની આપત્તિ જાણે ગુણસુંદરીએ જ આણી

મૂકી હોય અને તે પરદેશ હતો તે સમયે સીમન્તનું મંગળકાર્ય કરવાનો પ્રસંગ આવ્યો તે દોષ ગુણસુંદરીનો હોય તેમ તેની સમક્ષ દુ:ખબા નિ:શ્વાસ મૂકતી અને તેની પાછળ રોતી અને જોડે બેસનારા પાસે કંઈ કંઈ બોલતી તે વાતો ગુણસુંદરી પાસે વધઘટ પામી જતી, પરંતુ ધીર અને શાંત ગૃહિણી સૌને ગંભીર અનુકંપક ઉત્તર આપી ખોટું નહોતી લગાડતી. આ ગડબડાટને પ્રસંગે માંદા માનચતુર અને ધર્મલક્ષ્મીને જોઈતી સવડમાં ખામી ન આવે તેની સંભાળ રાખવી અને અવકાશ મળે તો સવડ પ્રમાણે દીઠું કામ કરવું એ ચંચળબાને માથે હતું અને તે રીતે ચંચળનણંદ ભાભીનું ઘણું કામ ઓછું કરી દેતી હતી, તોપણ પોતાનાં છોકરાંને ખાવાપીવામાં અથવા વસ્ત્રાલંકારમાં ખામી આવે એટલે દુ:ખબાને ઠેકાણે ભાભીનો દોષ નીકળતો અને ધર્મલક્ષ્મી પાસે ફરિયાદ જતી. મોડોવહેલો ભાભીને ઠપકો પણ મળતો. પરંતુ સામો ઉત્તર દેવાને ઠેકાણે અથવા દુ:ખબાનો દોષ કાઢવાને બદલે ગુણસુંદરી વધારે સારી વ્યવસ્થા કરવાનું માથે લેતી. લોકને નોતરાં દેવાનું અને ઘરના સર્વ પરિવાર સાથે શૃંગાર સજી બહાર જ્ઞાતિજનમાં ફરવાનું અને શોભા લેવાનું કામ ચંડિકાને સોંપ્યું હતું. આ કામ તેને ગમતું અને કરતી, પરંતુ તે વિવેકમાં ભૂલતી, અથવા રસ્તામાં સ્ત્રીઓ સાથે વાતો કરવામાં રસળતી, અથવા કોઈની લડવાડ ઘરમાં લાવવા ચૂકતી નહીં. એનો દોષ કાઢચા વિના ગુણસુંદરીને માત્ર કોઈને મોંએ આ સાંભળવાનો બળાત્કારે પ્રસંગ આવે એટલે પારકાએ મૂકેલા આરોપ તેણે જ મૂકેલો ગણાતો, અને ઉપયોગી કામમાંથી ખોટી થઈ ચંડિકાનાં મહેણાં દિવસમાં એકબે વાર સાંભળવાં પડતાં. જેઠાણીના ઊભરા શમે એટલે ડાહી દેરાણી તેને શાંત પાડે: ‘એને અત્યારે મારી વાત સાચી નહીં વસે — ટાઢાં પડવા દો’ એવો મનમાં વિચાર કરી, મલકતે મોંએ જેઠાણીએ કરેલા કામમાંથી કાંઈ સારું કામ શોધી કાઢી, તે કામ બાબત શાબાશી આપી, કાંઈક આનંદવાર્તા કાઢી, ક્રોધવાર્તા ભુલાવી, ચતુર દેરાણી—જેઠાણીને હસતી કરી કંઈ કામ કરવા મોકલી દેતી અને પોતે પોતાને કામે વળગતી. સુંદરગૌરીને ઘરના દાગીનાની તથા સામાનના ઓરડાની સંભાળ લેવા રાખી હતી. એના ઉપર ગુણસુંદરીનો પૂર્ણ વિશ્વાસ હતો અને તેને બદલે એ અનાથ વિધવા કૃતજ્ઞ અને ઉપકારવશ બની ઓછી ઓછી થઈ જતી. પરંતુ આ જ સંબંધને લીધે ઘરનું સર્વ સ્ત્રીમંડળ તેની અદેખાઈ કરતું અને તેને માથે દોષ આવે એટલે રાજી થતું. ગુણસુંદરી એ સર્વ સમજતી અને અનાથનું રક્ષણ કરવા સદા તત્પર રહેતી; પરંતુ સામાથી કળાય નહીં એમ એ રક્ષણ કરતી, કારણ પોતે એનો પક્ષ લે છે એવું સ્પષ્ટ થતાં સુંદરગૌરીને વધારે ખમવું પડશે એવી તેની ખાતરી હતી. સુંદરગૌરીનાં ભાઈભોજાઈ સીમન્તભોજનમાં આવતાં અને “બહેનને એની ભાભીનું ઉપરાણું મળ્યું અને આપણું નાક નીચું થયું” સમજી એ ભાઈભોજાઈ ઉઘાડો ખાર કરતાં ને વૈર રાખતાં. એક વખત તો જ્ઞાતિભોજન સમયે કાંઈક કામ સારુ સુંદરગૌરીને બહાર આવેલી દેખી લાગ જોઈ એના ભાઈએ હાથ ઝાલી

ઘસડવા માંડી. ગાળો દેતો બોલ્યો કે “રાંડ, મારું કુળ વગોવ્યું. હું કિયે દહાડે ખાવા નથી આપતો કે દિયરને ઘેર જઈ રહી?” ગરીબ બિચારી સુંદરગૌરી અનાથ થઈ રોવા લાગી. ગુણસુંદરીને ખબર પડતાં માણસો લઈ આવી એને છોડાવી અને બંદોબસ્ત કર્યો કે ગમે તે થાય તોપણ સુંદરબહેનને કોઈએ બહાર ન મોકલવાં. આ સૌના બદલામાં ગુણસુંદરીને સુંદરના ભાઈભોજાઈએ અગણિત ગાળો દીધી. પોતે ઘરમાં જઈ બેઠી એટલે એ ગાળો તો બંધ પડી; પરંતુ “આ શાં સુંદરબહેનનાં માન!” “રાંડ અપશુકનિયાળ એ તે શીદ ઘરમાં જોઈએ?”, ‘એના વિના તે શું ઊણું રહ્યું હતું?” ઇત્યાદિ નિર્દય વચન છાનાંછાનાં ઘરમાં બોલાતાં હતાં, ચંચળ મોં મરડતી હતી, ચંડિકા ઓઠ વડે પૂત્કાર કરતી હતી; એ અને એવું ઘણુંક સાંભળ્યું અને જોયું અને તેથી ગુણસુંદરીનું અંત: કરણ ચિરાતાં પોતાનાં હાથમાં હજાર ઉપયોગી કામ હતાં તે જેમનાં તેમ પડતાં મૂકી ચૉક વચ્ચોવચ પાટ ઉપર સુંદરગૌરીનો હાથ ઝાલી બેઠી. સુંદર શરીરે ગોરી અને અત્યંત લાવણ્યવાળી કોમળ કાન્તિવાળી હતી. સુવર્ણ કાન્તિવાળા એના ગાલ અત્યારે તપાવ્યા જેવા દેખાતા હતા અને તે ઉપર ઊકળતાં આંસુ ઉપરાઉપરી ગરતાં હતાં. ડૂસકાંથી તેની કોમળ છાતી ધડકતી હતી. રાખોડીના ઢગલા નીચે સંતાઈ રહેલા દેવતાના અંગારા સાથે દીવાસળીને સંયોગ થતાં તે ભભૂકવા માંડે તેમ વિધવાવસ્ત્ર નીચે સંતાઈ રહેલું કાન્તિવાળું શરીર દુ:ખસંયોગથી કંપતું ધડકતું જણાયું. મોંએ અને આંખોએ કોમળ હાથ દઈ તે ઝીણે સ્વરે રોતી હતી. પોતે પાટ ઉપર બેસી, એને જોડે બેસાડી, એનું માથું ખોળામાં લઈ, એક હાથ એના માથાતળે રાખી, બીજો હાથ તેને વાંસે મૂકી, તેને છાતીસરસી ગુણસુંદરી ચાંપવા લાગી, અને આંખમાં પાણી આણી મધુર અને મીઠાં વચનથી આશ્વાસન કરવા લાગી. ઘરનાં સર્વ માણસ આસપાસ ભરાઈ ગયાં અને અત્યાર સુધી ચાળા કરતાં હતાં પણ હવે સૌને દયા આવી અને ગુણસુંદરીની જોડે આશ્વાસનવચન બોલવામાં ભળ્યા. બોપાગાળાવેડા ન ઠરે એવું ઇચ્છી સર્વ ભરાઈ જતાં સુંદરગૌરી આંસુ લોહી બેઠી થઈ અને કામે વળગી. ગુણસુંદરીના સીમંતમાં આમ કંઈ કંઈ નાટક થયાં. દરબારમાં અત્યારે સાહેબ આવેલા હોવાથી વિદ્યાચતુરને ઘેર રહેવા નવરાશ ન હતી અને આવાં પ્રસંગે એ ચિતા રાખી શકત તે ચિંતા પણ ગુણસુંદરીને રાખવી પડી. સીમંતપ્રસંગમાં સૌ વાતમાં સૌ તરફથી જશ આવ્યો અને તે સારુ પુરુષવર્ગમાં ગાનચતુરને જશ મળ્યો અને સ્ત્રીવર્ગમાં ધર્મલક્ષ્મીને જશ મળ્યો. ગુણસુંદરીને તો કોઈએ લેખામાં જ ન ગણી. છતાં પોતાને મળવાનો યશ સાસુ અને જેઠને મળ્યો અને તેથી તેમને સંતોષ વળ્યો જોઈ ગુણસુંદરી પોતાને જ યશ મળ્યો સમજી અને રાચી.

બે માસ વધારે ગયા. સુવાવડના દિવસ સુધી ગુણસુંદરી ઘરકામમાંથી છૂટી નહીં. ઘર એનું કહેવાય એટલે સૌ કોઈ એમ જાણતું કે કામ કરે તેમાં નવાઈ નહીં અને સપાડું યે નહીં. પોતે જેમ જેમ કામ કરવા અશક્ત થઈ

અને ઘરમાં સૌનાં મન સાચવવાનું બનતું તે શરીરની સ્થિતિને લીધે ઓછું થયું તેમતેમ સૌએ પોતપોતાનું કામ આઘું કરવા માંડ્યું, અવ્યવસ્થા વધવા લાગી, અને કામમાંથી બચતો વખત કુટુંબકંલેશનાં બીજ રોપવામાં રોકાતો થયો. ગરીબ સ્વભાવની દુ:ખબા પણ બદલાઈ. તેની જ દયા જાણી તેને માત્ર રસોઈનું કામ સોંપવામાં આવ્યું હતું, પણ હવે તે કહેવા લાગી કે “હું તો ઘરની ભઠિયારી છું — લચકો ધાન ખાઉં છું ને ભઠિયારું કરું છું.’ ધર્મલક્ષ્મીએ પણ એ વેણમાં હાજિયો ભણ્યો. આ વાત ગુણસુંદરીને ખબર પડતાં, ખોટું લગાડ્યું નહિ પણ ધીમે ધીમે પોતે રસોઈમાં દાખલ થઈ અને તેને નવમો માસ હોવાને લીધે સૌને ખોટો વિવેક કરવો પડતો પણ આખરે તેને રસોઈ કરવા દેતાં. સાડા નવ મહિના પૂરા થવા આવ્યા હતા તેવામાં છેક છેલ્લે દિવસે તેણે ઘરનાં સત્તરઅઢાર માણસની રસોઈ કરી અને રસોઈ વખત પણ એની પાછળ હેરોફેરો કરવા કોઈ કામ લાગતું નહીં તેથી મેર ભરી પાણી પાણિયારેથી રસોડામાં આણી મેર હેઠળ મૂક્યો ને પેટમાં દુ:ખ થવાથી સૌ પડતું મૂકી ગજારમાં પોતે ખાટલો તૈયાર રાખ્યો હતો તેમાં પડતું મૂક્યું અને ઓછું આવતાં રોઈ પડી. એની પાછળ એની દયા જાણનારી સુંદરગૌરી દોડી. ચંડિકાએ પોતાની મેડીમાંથી બેને જતાં જોયાં, પણ તપાસ ન કરી. ચંચળ એની સાથે ગપાટા મારવાના ધ્યાનમાં હતી. ધર્મલક્ષ્મી પૂજાના ધ્યાનમાં હતાં. દુ:ખબા ખડકીમાં માથે હાથ દઈ બેઠી હતી. ગુણસુંદરીની દયા જાણનાર બીજું માણસ વૃદ્ધ માનચતુર હતો. માંદો માંદો તે સૌ તાલ જોયાં કરતો, દીકરીઓને ધમકાવતો, ને ડોસીને ખીજતો. પોતાના ખાટલામાં સૂતેસૂતે ગુણસુંદરીને જતાં જોઈ તે કારણ ચેતી ગયો અને મંદવાડ ન ગણી લાકડી ઝાલી ઓરડી બહાર આવી ગાજી ઊઠયો: ‘ દુ:ખબા, ચંચળ, રાંડો કરો છો શું? મોઈ તમારી મા ને એની પૂજા. પેલી બિચારીની ખબરે કોણ રાખે છે? ઊઠો!” વડીલને હોંકારે ઘરમાંની સર્વ ભરતી ગજાર ભણી વળી. પૂજા એમની એમ રહેવા દઈ જાગૃત થયેલાં ડોશી વૃદ્ધ શરીરમાં જુવાનીની ત્વરા મૂકવા પ્રયત્ન કરી દોડ્યાં. ચંચળ દોડતી દોડતી ઊતરી. દુ:ખબા ખડકીમાંથી ધીમે ધીમે આવવા લાગી તેને વડીલે રીસ કરી ધમકાવી: “ઓહો! ઓહો! આ તે કાંઈ તને જ દુ:ખ હશે! પગ શા ભાંગી ગયા છે જે? દોડ, નીકર પછવાડેથી ધકકો મારીશ કેની એટલે વેગ આવશે!” પોતાના ઉપર અન્યાય અથવા જુલમ ગુજરતો હોય એવું મોં કરી એણે પગલાંમાં વેઠે ઉતાવળ આણી. ચંડિકા સૌની પાછળ ડોસા ઉપર મોં મરડતી મરડતી ઊતરી અને કીડીને વેગ ચાલી. પરસાળના બારણામાં નજર પડતાં ડોસાએ તેનો ચાળો જોયો અને બબડ્યો: “કોણ જાણે ક્યાંથી એ કુભારજા મળી છે! બાઈને કમાવું નહીં ને ભાઈનું શરીર જરી જરીમાં ઘસાય છે!”

ગજારમાં સૌ એકઠાં થઈ ગયાં. ખાટલામાં ગુણસુંદરી બેભાન જેવી પડી હતી અને સુંદરગૌરી ઈસ પર તેનું શરીર ઝાલી બેઠી હતી. તેમની આસપાસ સૌ વીંટાઈ વળ્યાં. ચંચળે મોટાભાઈને બૂમ પાડી સુયાણીને

તેડવા મોકલ્યો. ભાંગ અને ગાનના ઘેનમાંથી જાગી તે ચાલ્યો અને તેને ચાલતો જોઈ તેની પાછળ માનચતુરે નિ:શ્વાસ મૂક્યો. વૃદ્ધ અને અશક્ત, ધર્મધ્યાનવાળાં અને વહેમી, પણ પ્રસંગે સૌ આઘું મૂકનારાં, બોલે ખરાં પણ માંહ્યથી વ્હાલવાળાં ડોશી વહુના ખાટલાની પાંગત પર જઈ બેઠાં અને કામ કરવામાં તત્પર દીકરી ચંચળ પાસે હેરાફેરા કરાવી વહુની સરભરા પોતાના અનુભવ પ્રમાણે કરવા લાગ્યાં. ગુણસુંદરીનું દરદ વધતું ગયું. તે ટાઢી થઈ જતી હતી, અને ખરેખર બેભાન થતાં થતાં ભાન આણી અંબોડે કૂંચી હતી તે ઉપર હાથ મૂકી આંખમાં આંસુ આણી સુંદર ભણી નજર કરી "લો, આપજો," એટલું બોલી પોપચાં ઢાળી દઈ આંખ મીંચી બેભાન થઈ ગઈ અને કૂંચી છોડતી છોડતી સુંદરગૌરી અત્યંત રોવા લાગી. એના પર ગુણસુંદરીનો આવે વખતે પણ આટલો વિશ્વાસ જોઈ એક ચંડિકાનાં ચશ્માં ફરી ગયાં પણ એના સિવાય સૌનાં કાળજાં ધડકવા લાગ્યાં અને નકામી જેવી દુ:ખબા પણ કામની થઈ. બધા વચ્ચેથી ઊઠી વડીલ પાસે આંખ લોહતી લોહતી એ ગઈ અને હળવે રહી તેમની ઓરડીના ઊમરા પર ઊભી રહી બોલી: "ભાઈને કોણ બોલાવશે? મને ભાભીની આશા નથી" કહી રોઈ પડી. સુંદરને બિચારીને આવા પ્રસંગનો અનુભવ ન હતો તે સાસુ અને નણંદો સામું રોતી રોતી જોઈ રહી અને શું કરવું તે સૂઝ્યું નહીં. અનુભવી ચંચળ અગ્નિ કરી ગરમ ઔષધો આણી સુંદરની મદદથી શેક કરવા લાગી અને શરીર પર ગરમ ઔષધો ઘસવા લાગી.

માનચતુર ચાલી શકતો ન હતો, છતાં લાકડી લઈ ઊઠ્યો અને વિચાર કરવા લાગ્યો કે હું છોકરાને તેડવા જઈશ તો ઘરમાં કોઈ પુરુષ નથી. એકદમ વિચાર નકકી કરી બારણા આગળ બેસવાનું દુ:ખબાને સોંપી તે જાતે બહાર નીકળે છે એટલામાં સુયાણી મળી અને આઘે વિદ્યાચતુરને લઈ ગાનચતુરને આવતો દીઠો. ગાનચતુરને આટલું સૂઝ્યું જોઈ પિતાને સંતોષ વળ્યો. સુયાણી દુ:ખબા જોડે ગજારમાં ગઈ અને બે ભાઈઓ ઘરના બારણામાં ઉતાવળા ઉતાવળા પેઠા. સુંદરને સૌનો ઘસારો લાગ્યો એટલે ઉતાવળી આંખે હાથ દેતી દેતી બહાર આવી, વિદ્યાચતુરના હાથમાં કૂંચી મૂકી, અને ભય ઉપજાવનાર સમાચાર કહી વીજળીની પેઠે પાછી ચાલી ગઈ. વિદ્યાચતુર ભાઈને દાક્તરને તેડવા મોકલી પોતે મેડી પર ગયો. અત્યંત શોકના પ્રથમ અનુભવથી ચમકવા લાગ્યો, શરીર ધ્રૂજવા અને ટાઢું થવા લાગ્યું, કંઠ ગદ્‌ગદ થયો, ચાલ બેસી જતા હોય એમ અવસન્ન થયા, કપાળ સંકોચાઈ જતું અનુભવ્યું, નાસિકામાં ઉષ્ણ પવન ઉત્પન્ન થયો, જીભ સુકાઈ ગઈ અને મગજમાં ગૂંચવાડો થયો. આંખ ભેજવાળી થઈ, શું કરવું તે સૂઝ્યું નહીં. હિંદુ સંસારની રીત પ્રમાણે ગજાર આગળ જઈ આ વખત પ્રિયાનું મુખ જોવાય — ખબર પુછાય — તે પણ મર્યાદાહીન થાય. અચિંતી હાથમાંની કૂંચી ઉપર નજર પડી, કેમ મોકલી તેનો વિચાર થતાં કંઈ કંઈ તર્ક ઉત્તરરૂપે ઊઠ્યા, અંતે ગુણસુંદરીની પેટી ઉઘાડી, તો ઉપલા ખાનામાં જ પોતાને લખેલો એક પત્ર! તે ઝડપથી લીધો અને વાંચ્યો.

'મારા ચતુર વ્હાલા, આજ હું રસોઈ કરવા નાહું છું પણ મારું શરીર કહ્યું નથી કરતું. મને લાગે છે કે આજ સાંજ સુધીમાં હું હતી ન હતી થઈશ. ઘરકામને લીધે બે માસ થયા દિવસે તમારી સાથે વાત કરવાને પા કલાક સરખો મળ્યો નથી અને રાત્રિએ તમે થાક્યાપાક્યા નિદ્રા શોધતા હો તે પ્રસંગે તમને મારાં ટાયલાં સંભળાવતાં મને કંપારી છૂટતી હતી એટલે હું તમને સૂવા જ દેતી. આથી ઘણી ઘણી વાતો તમને કહેવાની હતી તે મનમાંની મનમાં જ રહી ગઈ છે ને કાગળમાં તે શું લખું? લખવાની યે મારામાં આજ સત્તા નથી. ટૂંકામાં બે બોલ કહીશ.

"ઓ મારા વ્હાલા! મારી પાછળ તમારી શી વલે થશે? તમે મારા ઉપર આટલું વ્હાલ શું કરવા રાખ્યું કે તમને આટલું દુ:ખ થવા વારો આવ્યો? અરેરે! હું અભાગણી મરતીમરતી યે તમને દુ:ખ દેવા સરજેલી છું. હું ધારું છું કે હું ગર્ભસુધ્ધાં પાર પડીશ. પણ જો છૂટાછેડા થાય તો તે બાળકની હું ચિન્તા નથી રાખતી. તમારા વ્હાલનો મને પૂરો વિશ્વાસ છે અને હું ગઈ એટલે મારી નામનિશાનીમાં તો એટલું એસ્તો! તેની સંભાળ તમે રાખ્યા વિના કેમ રહેશો? તમારું વ્હાલ બીજે ઠેકાણે ઢોળાશે તોપણ, ઓ મારા વ્હાલા, તમે ડાહ્યા છો, ગંભીર છો, નિષ્પક્ષપાતી છો, જોઈવિચારીને સૌ કરો એવા છો—તમારા વ્હાલને બાદ કરું તોપણ ઓ ઘણાક ગુણના મારા ભડાંર! તમારા ગુણ ઈશ્વર અમર રાખો અને તમારા બાળકની સંભાળ રાખશો એવી પૂરી ખાતરી રાખી હું નિશ્ચિંતપણેથી જમની જાળમાં લપટાઉં છું. મને એક બિચારી સુંદરની ચિંતા છે — એ બિચારીનું પલ્લું પણ એનો ભાઈ ખાઈ ગયો છે ને એને રોવાસરખું પણ ઠેકાણું નથી. એની સંભાળ રાખજો — આપણા ઘરમાં સૌ સારાં જ છે તોપણ એની સંભાળ રાખજો —કારણ એનું કોઈ નથી. મારું ઘરેણું એને આપી દેજો એટલે મારો જીવ ગતે જશે. ને મારી નામનિશાની — જો બાળક જીવે તો—સુંદરને જ ઉછેરવા સોંપજો — વ્હાલા! એટલું મારું કહ્યું કરજો.

"ઓ મારા વ્હાલા! તમારી શી વલે થશે? તમે મારા પર આટલું વ્હાલ શું કરવા રાખ્યું કે તમને આટલું દુ:ખ થવા વારો આવ્યો? શું કરીએ કે એ દુ:ખ તમને ન થાય? મારું એક કહ્યું નહીં કરો? મેં મારી યશોદાને કહી મૂક્યું છે ને એની કન્યા દસ વર્ષની છે — મારા કરતાં સારી નીવડશે — એનો સ્વીકાર મારા પછી નહીં કરો? એ મને તમારા મનમાંથી ખસેડશે ને સૌની સંભાળ રાખશે. ઓ મારા વ્હાલા! મને તમારી બહુ ચિંતા રહે છે — તમે એટલું કરજો. જન્મથી કુંવારા હોય તેની ચિંતા નહીં, પણ સ્નેહમાં રહેલું માછલું બીજે ઠેકાણે ન જીવે! — ને વ્હાલા, મને ભૂલી જજો! આપણે જે જે આનંદ ભોગવ્યા છે તે સૌ અત્યારે મારી આંખ આગળ તરી આવે છે — તમને પરણી મારો જન્મારો સફળ થયો — ઓ ઈશ્વર, આવતે અવતારે પણ મને પાછા મારા વ્હાલા ચતુર જ આપજે — પણ ઓ

વ્હાલા! તમે એ સૌ ભૂલી જજો! — જાણે કાંઈ થયું જ નથી એમ! હોં! — અરેરે! પણ વ્હાલા! શું આપણે છૂટાં પડીશું? જેમ ઈશ્વરની ઇચ્છા.

મારા વ્હાલા! વ્હાલ વીસરજો રે! દુ:ખ સૌ ડુબવજો!

માયાની ભુલામણી રે એમાં ભમ્યું ભુલવજો!

લિ. તમારી ગુણહીન ગુણિયલ."

કપાળે હાથ ફેરવી વિદ્યાચતુરે ઊંચે જોયું. મરણ પાસે જોનારી પ્રિય સ્ત્રીના પત્રથી તેના હૃદય ય બહુ અસર થઈ અને અશ્રુપાત પણ થઈ જાત. પરંતુ પત્રમાં લખેલી વિગત ઉપરથી અને તેમાં સ્ફુરી આવતી નિર્બળતા ઉપરથી ભૂત, વર્તમાન અને ભવિષ્યના વિચારમાં મન પડી ગયું અને હૃદયે ધૈર્ય ધર્યું.

"મારા જેવો કઠણ પુરુષ નહીં હોય, બબ્બે માસ થયાં ઘરમાં ને ઘરમાં છતાં એની સાથે મને બોલવા વારો આવ્યો નથી એ એને લાગે ખરું. હું આ મારી જંજાળમાં લપટાયો અને એ એની જંજાળમાં લપટાઈ. મને પણ અવકાશ નહીં અને એને પણ અવકાશ નહીં. એને કામમાં ને ચિતામાં પલોટવી એ હેતુથી આ સૌ થવા દીધું — પણ હું જરાક હદ કરતાં વધારે ગયો ખરો. છેક આટલે સુધી આવવા દેવું જોઈતું ન હતું. કેવી બહાદુર સ્ત્રી! હજી તો ઊગતી અવસ્થા છે એટલામાં મને ઘરની બાબત નિશ્ચિંત કરી દીધો. પણ એના મનમાં નિર્બળતા આવી ગઈ છે — ના, ના, એ ધારે છે એવી કાંઈ બીક નથી. જો એ ગઈ તો મારું કર્મ ફુટશે—જો એ મારો ભાઈ હોય તો કારભાર કરે એવી સ્ત્રી છે. હું એનાથી ભાગ્યશાળી છું — ઈશ્વર! તું જે સારું હશે તે જ કરીશ. હૃદય બળવાન કેમ રાખવું તેની આજ મારી પણ કસોટી છે. શું એનું હૃદય! મારા ઘરની—મારી—એ કેવી ચિંતા રાખે છે! ગુણિયલ! મારી ગુણિયલ! હું તારે સારું શું કરું? — તું મારે સારુ કરે છે એમાંનું તારે સારુ મારાથી કાંઈ બનતું નથી. હું કૃતઘ્ની છું. હે હરિ!"

દાક્તર અશરણશરણબાબુની ગાડીનો ઘોષ સંભળાયો.

"ગુણિયલ! રે ગુણિયલ!

ઓ રે મારી ગુણિયલ! રે ગુણિયલ!"

એવું વિચાર ને શોકમાં લીન થઈ ગાતાં ગાતાં ગાડીના ઘોષથી જાગી વિદ્યાચતુર ઊઠયો ને ઊઠતો ઊઠતો છાતી ઠોકી બોલ્યો: 'બસ, આ પહેલું તો એ કરીશ કે લોકલજ્જા છોડી દાક્તરની સાથે જઈ મારી ગુણિયલની પાસે જઈ ઊભો રહીશ ને દાક્તરને મદદ આપીશ. લાજ મૂકવી એ અત્યારે કર્તવ્ય છે તે કરીશ ને મારી ગુણિયલ કરતાં લાજને વધારે વ્હાલી નહીં કરું."

દાક્તર ઉપર આવતો હતો તેને લઈ સ્ત્રીમંડળ વચ્ચોવચ થઈ ચાલ્યો અને સ્ત્રીઓ જોતી ને જોતી રહી અને એ ગજાર આગળ આવી દાક્તર સાથે ઊભો અને લાજ છોડી બોલ્યો: “કેમ સુંદરભાભી! શી ખબર છે તે જશ દાક્તર સાહેબને કહો.” કમાતું માણસ તેને કોણ ઠપકો દે કે “અહીં સ્ત્રીઓનું જ કામ ને આમ લાજ ન મુકાય?” ગાનચતુરે આ કામ કર્યું હોત તો એના પર વાદળ તૂટી પડત. સૌ વિદ્યાચતુરને અનુકૂળ થઈ ગયાં. ગુણસુંદરી પર દયા બતાવવા મંડી ગયાં, અને સુંદરગૌરી એનું માથું ખોળામાં રાખી નીથું જોઈ હકીકત કહેવા માંડે છે એટલામાં તો ગુણસુંદરી બેભાન અવસ્થામાં બેઠી થઈ અને ઘેનવાળી દેખાતી અર્ધી મીંચેલી આંખે પણ જાણે ભાન હોય અને જીવ કાંઈ ઊંડાણમાં પડ્યો હોય ને ત્યાંથી બોલતી હોય તેમ ધીમે અને તણાતે સ્વરે ગાવા લાગી અને છાતી પર હાથ નાખી ડોક અર્ધી નાખી દઈ દયામણે મોંએ ગાતાં ગાતાં શોકરસની સીમા ઉત્પન્ન કરવા લાગી: [૧]

“દયા ના દીસે રજ પણ, જમ, તુજ આંખમાં રે;

બિહામણું ઝાંખ મા રે! (ધ્રુવ.)

ઊભો રહે પબવાર તું આજે! જોઈ લેવા દે પ્રિયને નિરાંતે!

મરણ પ્રસંગે પણ ના ખસતો, કનકરેખ એ તો છે જડી જ્યમ

દાંતમાં રે. — દયા ના૦ ૧

જરી હજી જોવા દે વ્હાલાને, જોયો છે પણ મન ના ભરાયે,

મીંચાતી મારી આંખ મરણથી તો ય રહે એ કીકી જ્યમ મીંચી

આંખમાં રે. — દયા ના૦ ૨

ઊભો રહે, ઊભો રહે, જમ, તું! નથી આવવું મુજને ગમતું,

વ્હાલ મૂકી વ્હાલાનું આવું શી રીતે તું રાક્ષસ કેરી સાથમાં રે?

— દયા ના o 3

હાર મુજ હૈયાનો એ તો, નથી એ તારી પેઠે નમેરો;

રોવા દે, રોવા દે મુને, રોઈ લેવા દે જઈને એની બાથમાં રે!

— દયા ના o ૪ વ્હાલા!

વ્હાલ વિસારો તમારું, જમ આ કહ્યું ન માને મારું,

તમને જપતી મરતી મરતી રોતી પણ હસતી હું આ આશમાં કે

પામીશ મારો ચતુર અવર અવતારમાં યે!

દયા હરિ આંખમાં રે! — દયા ના0” ૫

ધીમી પડતી પડતી ગુણસુંદરીએ ગાઈ રહેતાં રહેતાં આંખ ઉઘાડી અને ભાન આવ્યું હોય તેમ વિદ્યાચતુર સામું તાકી જોઈ રહી અને હાથ પાછળ કરી બોલી: “સુંદરભાભી! મને બેશરમ ન કહેશો હોં! મરવા સૂતું તેને વ્હાલામાં વ્હાલાને બે બોલ કહેવા જેટલી શરમ મૂકવાનો યે છેલવહેલો અધિકાર નહીં?” એમ કહી તે પાછી પથારીમાં પડી ગઈ અને સુંદર વધારે હકીકત કહેવા લાગે છે એટલામાં હૃદયમાં કાંઈક આવેશ થઈ આવ્યો તે દાબ્યો ન રહેવાથી, ‘આવું છું” એટલું દાકતરને કહી, વિદ્યાચતુર ઉતાવળથી દોડવા જેવું કરી પોતાની મેડી પર ચડ્યો, પલંગમાં માથું મૂકી અશ્રુપાત કરી, મોં ધોતાં ધોતાં ફરી ફરી અશ્રુપાત થતાં ફરીફરી ધોઈ ધોઈ, નીચે જવાનું યોગ્ય ન ધારી, નિ:શ્વાસ મૂકી બેઠો, પોતાના ધૈર્યનું અભિમાન ઊતરી ગયું, અને અંતે બારીમાંથી ડોકું કાઢી નીચે કુમારી ફરતી હતી તેને કહ્યું કે “દાક્તર સાહેબને કહે કે પરવારો ત્યારે ઉપર આવજો, હું બેઠો છું.” દાક્તરને આવતાં વાર થઈ તેટલો વખત વિચિત્ર વિચારોમાં ગાળ્યો. “મલ્લરાજના પ્રિયતમ મિત્ર યુદ્ધમાં મરી ગયા ત્યારે શત્રુ પર ધસવાની જરૂર હોવાથી મિત્રના શબ ઉપર પગ મૂકી એમને દોડવું પડ્યું: એ તે ધૈર્ય — કયાં આ મારી વિકલતા અને કયાં એ ધૈર્ય? ક્ષત્રિય તે ક્ષત્રિય અને બ્રાહ્મણ તે બ્રાહ્મણ! પણ વ્યવહારનો કાર્યભાર અને સ્નેહની દીનતા એકઠાં શોભતાં નથી એવું જરાશંકરમામા પણ કહે છે તે પુરુષાર્થનું કાર્યગ્રાહી વચન છે. કર્તવ્યકર્મમાં ધપવા શોક ત્યજવો એ એક પુરુષાર્થનો ધર્મ. ગુણિયલ! એમાં પણ તું મારાથી ચડી! અરેરે, તેં પણ એક કષ્ટતપ જ તપ્યું. કેવું એનું કર્તવ્યભાન [૧] ! આટલું આટલું કામ કરવા છેલ્લા કાળ સુધી દૃઢ વ્યવસાય, મને શોક ન થવા દેવા તે સૌ મારાથી છાનું રાખવું, આટલો ઉદ્યોગ અને આટલો સ્નેહ! કઠણ થવું અને વ્યવહારને મોટો ગણી આ સમયે ખિન્ન ન થવું — એ શું આટલા સ્નેહનો યોગ્ય બદલો ગણાય? ક્ષત્રિયો ગમે તે કરે, પુરુષાર્થ ગમે તે હો, ધર્મ ગમે તે કહો—પણ, ઓ મારી ગુણિયલ! તારે સારુ ઘડીવાર હું બાયલો બની અશ્રુપાત કરીશ — મરતાંમરતાં પણ તારે તારો ચતુર!—“પામીશ મારો ચતુર અવર અવતારમાં રે!” — “દયા હરિઆંખમાં રે!” હરિની આંખમાં દયા છે જ. ગુણિયલ! તું જીવવાની છે. હરિ તારા ઉપર ને તારા ચતુર ઉપર—બે ઉપર દયાળુ છે.” જે ધૈર્ય પુરુષાર્થના વિચારથી ન આવ્યું તે ‘હરિ દયાળુ’ ના વિચારથી આવ્યું. તે ઊઠયો. આશા અને ઉત્સાહથી તેની આંખો ચળકવા લાગી. “પુરુષ થઈને રોવું શું?” એ બુદ્ધિ સતેજ થઈ તેના હૃદયમાં ઉત્કટ બળ મૂકવા લાગી. અંતે એ હસ્યો અને દાદર ઉપર ઊતરતાં ઊતરતાં આનંદ ગર્વથી મનમાં

બોલ્યો: “મારી ગુણિયલ! હરિની દયાનું મને ભાન કરાવનારી પણ તું જ! તારી પ્રીતિને કોરે મૂકીએ તોપણ તારા ગુણકર્મની મનમાં આવૃત્તિ કરવાથી જ આમ આ અને આવતા સંસારને તરાવે — કારભાર કરતાં શીખવે અને ઈશ્વરનો માર્ગ બતાવે એવી તું છે. મલ્લરાજે મંગળાચરણનો ઉપદેશ એ કર્યો કે કારભાર કરવો હોય તેનામાં સ્ત્રીના પણ ગુણ હોવા જોઈએ. જો એ મર્મવચન ખરું હોય તો મારે નકકી કારભારે ચડવું જોઈએ— ગુણિયલ!” પક્ષપાત વિના પ્રીતિ નથી. ગાઢ પ્રીતિનો પ્રેર્યો ધૈર્યવાન પતિ પત્નીના ગુણ જપતો જપતો નીચે આવ્યો તો દાકતર ખડકીમાં બેઠેલા.

કેટલાક લોક વૈદ્યહકીમનો આદર કરી દાક્તરનો તિરસ્કાર કરે છે અને કેટલાક એથી ઊલટું કરે છે અને દાક્તરનો જ આદર કરે છે. જરાશંકર ને મલ્લરાજ સરખી વયના હતા અને રાજા પાસે નર્મવચન બોલવાનો અધિકાર ધરાવનાર જરાશંકર રોજ ટૉળ કરતો કે “આમ લોકો કરે તેમાં તેમનો દોષ નથી, કારણ દાક્તરો અને વૈદ્યો એકબીજાનો તિરસ્કાર કરે એટલે લોક પણ તેમ કરવું શીખે. વૈદ્યો લડે ત્યારે રોગીને થોડા પૈસામાં કામ કરનાર મળે — લોકોનો તો એ લડવાડ વધારવામાં જ સ્વાર્થ!” મલ્લરાજને મન બે સરખા હતા અને દરદ મટાડે તે ખરો એ બુદ્ધિ હતી. અકબર બાદશાહ ઘણા ધર્મવાળાને એકઠા કરતો એ દાખલો આપી મલ્લરાજ દાક્તર, વૈદ્ય, હકીમ અને હજામ સૌને એકઠા કરતો, સૌને ઉત્તેજન આપતો, અને એમ કહેતો કે એમની ચડસાચડસીમાં લોકોને સુખ થશે અને એમની સૌની હોશિયારી વધશે. પણ બેત્રણ રાજસ્થાનમાં એવા દાખલા બન્યા હતા કે પોતાની અંગ્રેજી વિદ્યાનો લાભ લઈ એજન્સીમાં સત્તા મેળવી દાક્તરોએ કારભારમાં માથું ઘાલ્યું હતું અને તે જોઈ મલ્લરાજ મિજાજ જતાં બોલતો કે “એ દાક્તર અંગ્રેજી ભણયો માટે કારભાર કરશે ત્યારે તો તેમનું જોઈ કાલ સવારે હજામ અંગ્રેજી ભણશે ને તેનો યે કેમ કારભારનો વારો નહીં આવે? — એવા દાક્તરો ને હજામો હોય તો તો રિજ્યનું ઊંધું વળે — પોતાનું કામ મૂકી બધામાં ‘હમબી ડીચ’ કરનારા માણસો ન જોઈએ — ને આ દક્ષણી દાક્તરો તો એવા જ—ને દક્ષણી વગર કોઈ દાક્તર નહીં! આપણે દાક્તર વગર ચલાવીશું.” વિદ્યાચતુરને સ્વાભાવિક રીતે અંગ્રેજી વૈદ્યો ઉપર પક્ષપાત હતો અને મલ્લરાજને વાંધો ન પડે તે માર્ગ શોધી કાઢી બંગાળી બાબુ દાક્તરને જગા આપવામાં સાધનભૂત વિદ્યાચતુર જ હતો. બાબુ દાક્તરને બોલાવવાનો વિચાર એને સૂઝ્યો તે મલ્લરાજને ઘણાં કારણથી ગમી ગયું. બાબુ વિદ્વાન અને પ્રવીણ હતો, પ્રમાણમાં થોડા પગારમાં આવ્યો હતો, દૂર છેટેથી સગાંવહાલાં ઘણુંખરું આવે નહીં એટલે એના પોતાના જ પેટનો રાજ્યમાં સ્વાર્થ, મુંબઈ સરકારમાં માથું ઘાલવાનો એને લાગ નહીં, બોલવે વાઘ પણ અંદરથી ગાય, ઇત્યાદિ અનેક કારણોને લીધે બાબુને મલ્લરાજે પસંદ કર્યો અને બાબુ આણવાના વિચાર શોધનારને જશ આવ્યો. વિદ્યાચતુર પોતાને નોકરી અપાવનાર હતો તે જાણી તેમ જ એને કેળવાયેલો સમજી બાબુ એની

સાથે મિત્રતા રાખતો. વિદ્યાચતુર ગજાર આગળથી ગયો તેનું કારણ તે સમજી ગયો હતો પણ ગુણસુંદરી વાસ્તે પોતાને નીચે રહેવા વધારે જરૂર હતી તથા વિદ્યાચતુર એકલો પડવાથી ઊભરા કાઢી શાંત પડી પાછો આવશે જાણી બાબુ નીચે જ ખડકીમાં બેઠો.

સૌ બેઠાં છે એટલામાં દુ:ખબા ધીમે ધીમે આવી ને ગુણસુંદરીને પુત્રીનો પ્રસવ થયાના સમાચાર કહ્યા. બહુ વધામણીની વાત ન ગણાઈ તે છતાં આર્યલોકોનો સ્વાભાવિક સંતોષ સૌમાં જણાયો. "ચાલો, લક્ષ્મી પધાર્યાં" કહી સૌએ સંતોષ વાળ્યો અને પૃથ્વી પર નવા આવેલા બાળકને સત્કાર આપ્યો. માનચતુરે બાળકની માના સમાચાર પૂછ્યા અને તેનું આરોગ્ય જાણી સર્વ આનંદ પામ્યા. દાક્તર કેટલીક સૂચના આપી ઘેર ગયો અને તે બારણા બહાર નીકળતાં સુધી વિદ્યાચતુર તેની સાથે સંતોષભર છાનોમાનો વાતો કરતો કરતો ગયો, અને દાક્તરને વિદાય કરી પાછો પોતાની મેડી પર ગયો.

ગુણસુંદરી સુવાવડમાં સ્વાભાવિક રીતે ખાટલાવશ રહી. સૌએ પોતપોતાનું કામ તે વખતમાં ઉપાડી લીધું અને બેચાર દિવસ તો કામ સારી રીતે ચાલ્યું પણ ધીમે ધીમે ગૃહયંત્રનાં સર્વ ચક્ર શિથિલ પડ્યાં અને એ યંત્રની સંભાળ રાખનારની ખોટ અને કિંમત જણાવા લાગી. પ્રથમ તો ઘરનાં સર્વ માણસને પોતપોતાની બાબતમાં જરીજરી અગવડ લાગવા માંડી. માનચતુરની સરભરા ઓછી થઈ, કારણ સરભરા કરનારને બીજાં કામમાં ગૂંથાવું પડ્યું; એટલું જ નહિ પણ એ સરભરા પર દેખરેખ રાખનારી સુવાવડમાં પડી અને તેની ચતુરાઈ, ધીરજ, મોંની મીઠાશ અને અંતરનું વ્હાલ વગેરે દેખાડનાર કોઈ રહ્યું નહીં અને ડોસો અકળાવા લાગ્યો. ઘરનાં કામમાં વાદ થવા લાગ્યો અને સુવાવડીની પણ સંભાળ એવી જ રહેતી. ધર્મલક્ષ્મીથી હેરોફેરો થતો નહીં અને જરીજરી હેરોફેરો ગુણસુંદરી સારુ કરતી, પરંતુ પોતાની દેવસેવામાં હરકત પડવાથી એ હેરોફેરો કોઈ વખત થતો નહીં; અને સૌનું કામ તે કોઈનું નહીં એમ થતાં સુવાવડીનું ખાવાપીવાનું પણ મોડુંવહેલું થતું એટલું જ નહીં પણ તેના બાળકની પણ સંભાળ લેવાતી નહીં. એક પ્રસંગ એવો બન્યો કે માનચતુરનું ઔષધ બપોર થતાં સુધી કોઈએ તૈયાર કર્યું નહીં. જમવાની વખત તો થાય શાની, અને ડોસો આકળો થઈને લાકડી લઈ છાનોમાનો ઘરમાં સર્વ શું કરે છે તે જોવા ફરવા લાગ્યો. પ્રથમ તો વિદ્યાચતુરની મેડીએ ચડ્યો. વિદ્યાચતુર પોતે બહારથી આવેલો પણ ભૂખ લાગવાથી પલંગમાં સૂઈ રહ્યો હતો અને ઊંઘી ગયો હતો. તેના પલંગ પર માકણની હાર હતી, ચાદર મેલી થઈ ગઈ હતી અને મેડીમાં વાસીદાનો કચરો એકઠો થયેલો. સૌને ગાળો દેતો દેતો ડોસો નીચે ઊતર્યો અને રસોડે ગયો તો દુ:ખબા રસોઈ કરવા નાહી હતી અને સૌ તૈયાર જેવું હતું પણ શાક શમાર્યા વિના પડી રહેલું અને સામું જોઈ દુ:ખબા પણ બેસી રહેલી. ડોસો વધારે ક્રોધમાં આવી ત્યાંથી ચાલ્યો અને

પરસાળ ભણી ગયો તો ત્યાંની મેડીમાંથી ગાનચતુરનું ગાયન સભળાયું અને નીચે ચંડિકા હીંચકા પર સૂતી હતી તેની સાથે હાથમાં સાવરણી લઈ ચંચળ વાતો કરતી હતી તે બેમાંથી કોઈએ વાતના રસમાં ડોસાને દીઠો નહીં. ગજાર ભણી જાય છે તો સુંદર બિચારી એકલી ઘડીમાં સુવાવડીનું ઔષધ તૈયાર કરે અને ઘડીકમાં ઘોડિયામાંના બાળકની સંભાળ રાખે, અને ગુણસુંદરી ખાટલામાં સૂતીસૂતી ભૂખે પેટ દાબતી સુંદરને સૂચના આપે. ક્રોધ હતો તેમાં દયા ઉમેરી ડોસો પરસાળ બહાર નીકળ્યો તો અગાશીમાં છોકરાં ધક્કામુક્કી કરે, ઘરનું બારણું ઉઘાડું તેમાં આવી શેરીનું કૂતરું જીભ કાઢી હાંફતુંહાંફતું ઊભેલું, અને બારણે સામે કુવો હતો ત્યાં પાણી ભરવા ગયેલો ચાકર કોઈની સાથે ગપાટા મારે. ડોસો કૂતરાને હાંકી બારણું વાસી ધર્મલક્ષ્મીની ઓરડી ભણી ગયો. ડોશી દેવસેવામાં હતાં. દહાડો ઘણો ચડયો હતો તેથી દેવના દીવામાં ઘી અને વાટ બે થઈ રહ્યાં હતાં. દીવો ઘેર ગયો હતો અને દેરાસર પરના પાટિયા પર ડોસી રૂ, ઘી અને દીવાસળી શોધતાં હતાં અને ડોસો બારણામાં ઊભો હતો તેના ભણી એની પૂંઠ હતી. સૌની રીસ ડોસાએ ડોસી ઉપર કાઢી. બોલ્યાચાલ્યા વિના વગર ન્હાયેલા ડોસાએ દેરાસરના પાલખાને અડકી બધા દેવ ઉપાડી લીધા અને પોતાનો ઘસારો માલૂમ ન પડે એ રીતે નીકળી જઈ ઘરના ટાંકા આગળ જઈ તેમાં દેવને પધરાવવા વિચાર કર્યો. પણ કંઈક વધારે શાંત વિચાર થવાથી તેમાં ન નાખતાં પાણી પીવાની ગોળીમાં બધા દેવને નાખી દઈ છાનોમાનો પોતાને ઠેકાણે જઈ સૂઈ ગયો અને શું તાલ થાય છે તે જોવા લાગ્યો.

ડોસાડોશીના સ્વભાવમાં ઘણીક જાતનો ફેર હતો, છતાં તેમનો સંસાર નિર્માલ્ય ન હતો. ડોસો નાનપણમાંથી બુદ્ધિવાળો હતો; અને કાંઈ પણ કામમાં પડે તે તેને આવડી જતું એટલું જ નહીં પણ તેની સાથે જે કામ હાથમાં લે તે ત્વરાથી આટોપવા પર તેની દૃષ્ટિ રહેતી ધે તે કરી દે તે સિવાય તેને જંપ વળે નહીં. કામ કરવા બેસે તે પ્રસંગે ગમે તે હરકત આવે તેને દૂર કરતાં કદી આંચકો ખાતો નહીં; પછી તે હરકત કોઈના સ્વભાવની હો કે પોતાના સ્વભાવની હો, દૈવી હો કે માણસની હો, ધર્મના હો કે નીતિની હો, સ્વાર્થની હો કે પરમાર્થની હો. ડોસાને મન તો એટલી જ વાત કે તે હરકત દૂર કરી ધારેલો અર્થ સિદ્ધ કરવો. માણસના સ્વભાવની હરકત આવે અને તે માણસ પારકું હોય તો તેને સમજાવી, ફોસલાવી, ઊંધુંચત્તું સમજાવી, ને જરૂર પડે તો આશ ને ફાવે તો ત્રાસ આપી, તેના સ્વભાવને પોતાને વશ કેમ કરી દેવો તેનો અભ્યાસ માનચતુરે નાનપણમાંથી કર્યો હતો. તે માણસ પોતાનું હોય તો સિરજોરીથી કામ કરાવતો. પોતાના સ્વભાવની હરકત દૂર કરવાની હોય તો, અને ધારેલું કામ કરવા જતાં ખરેખરી ન જ ગમે એવી વસ્તુ કરવી પડે તો, તેમ કરતાં જરી પણ અચકાતો નહીં, ને મહાવત હાથીના કુંભસ્થળ પર અંકુશ વાપરે તેમ પોતાના મર્મસ્થળમાં પેસી તેને પ્રસંગવશ કરી નાંખે એવી અર્થાનુસારી બુદ્ધિ રચી દેતો અને અણગમતી વાત કરવી પડે તે અણગમાના બદલામાં ધારેલો અર્થ ઝટ પાર પાડવામાં

પુરુષાર્થ અને યશ માનતો. એ કાંઈ જાતે નાસ્તિક અથવા અનીતિને રસ્તે ચડેલો ન હતો અને કામમાં હરકત ન થાય ત્યાં સુધી ધર્મ અને નીતિ ઉભય સાચવતો, પણ પોતે આવો દૃઢ અને બળવાન સ્વભાવનો માણસ હોવાથી પ્રસંગ પડયે એ કશાને ગાંઠતો નહીં એમાં કાંઈ નવાઈ ન હતી. ધર્મ ઉપર અત્યંત આસ્થાવાળી અને વૃદ્ધાચાર તથા લોકાચારના હવાપાણીમાં જન્મથી વસવા પામેલી ધર્મલક્ષ્મી ઊઠે ત્યાંથી સૂતાં સુધી ડગલે ડગલે ધર્મના નિયમ જાળવતી અને ધર્માચારના પ્રશ્નોનું નિરાકરણ કરતાં શાસ્ત્રીઓને પ્રવીણતા વાપરવી પડે તેટલી જ પ્રવીણતા અને શ્રમ લોકાચારનો નિર્ણય કરવામાં વાપરતી. ગામની અને જ્ઞાતિની સ્ત્રીઓ લોકાચારના પ્રશ્ન લઈ ધર્મલક્ષ્મી પાસે આવતી; તેમને ઉત્તર દેતી વખત ડોશી જૂના કાળનાં કંઈ કંઈ દૃષ્ટાંત કાઢતી, કંઈ કંઈ પાનાં જીભ ઉપર ઉથલાવતી, કંઈ કંઈ નિયમ શોધી કાઢતી, અને સામાના મનમાં બેસી જાય એવા કંઈ કંઈ માર્ગ દેખાડી આપતી હતી. માનચતુર આ સૌ જોઈ ખુશ થતો, નવા નવા પ્રશ્ન ઉઠાવવામાં અને ડોશીની ચતુરાઈ કસી જોવામાં ગમ્મત માનતો, અને ‘બૈરકશાસ્ત્ર’ની શાસ્ત્રિણીની નાતમાં પ્રતિષ્ઠા જોઈ જરીક ગર્વ પામતો. નાતમાં પ્રશ્ન ઊઠે એટલે સૌ કોઈ એમ કહેલું કે ‘જાઓ, ધર્મલક્ષ્મી એનો માર્ગ બતાવશે.’ આવી સ્ત્રીના વહેમ હદ કરતાં વધારે થાય, નાનીનાની બાબતોમાં અંટેવાળે આવે, અને મોટી બાબતોમાં પણ પ્રસંગે પથ્થરની ભીંત રસ્તા વચ્ચે ચણી લીધી હોય તેમ આડે આવીને ઊભા રહે એ સ્વાભાવિક હતું. આ સ્વભાવથી હરકત ન થાય ત્યાંસુધી તો માનચતુરને ગમતું, પણ હરકત થાય ત્યારે એ હરકત દૂર કરવા તત્પર થતો, ઘણુંખરું મશ્કરીઓ કરી કરી, કેટલીક વખત આજ્ઞા કરી, કેટલીક વખત સમજાવી, કેટલીક વખત સ્વામી નાખુશ થશે એમ જાતે જ સમજીને સ્ત્રી ચાલે એવી વગરબોલ્યે યુક્તિઓ કરી, કોઈ વખત તો મિજાજ ખોઈ વિવાહનું વરશી કરી મૂકી, અને એવી અનેક પણ ગમે તે રીતથી માનચતુર ધર્મલક્ષ્મી ભણીની સર્વ હરકતો ખંખેરી નાખતો. ગુણસુંદરીની સુવાવડમાં પોતાના ઘરમાં જે જ્યાં ને ત્યાં થયું જોયું. ધર્મલક્ષ્મી વગર રથનું ચક્ર હવે ચાલે એમ નથી અને એ તો પોતાના જ ખટકર્મમાં પડેલી તેથી કાંઈ જલદ ઉપાય વગર એને ભાન નહીં આવે એવું ધારી ડોશીના દેવને ગોળીના પાણીમાં ઝબકોળી પોતાના ઓરડીમાં સૂતેલો ડોસો, જામગરી સળગાવી બંદૂકનું નિશાન બરોબર વાગે છે કે નહીં તે જોતો હોય તેમ, નિરાંતે પડેલો દેખાતો છતાં અત્યંત આતુરતાથી શું થાય છે તેની વાટ જોવા લાગ્યો, જોતો જોતો નીચલો ઓઠ દાંત તળે ચૂસવા લાગ્યો અને આંખો ચગાવી મૂછે તાલ દેવા લાગ્યો.

ડોશીને દીવાસળી જડી અને તેણે દીવો પ્રગટાવ્યો અને પાલખા પાસે દીવો મૂકે છે તો દેવ ન મળે. ડોશીના દિલમાં ત્રાસ પડ્યો અને ચમકી પાલખાની તળે તથા ચારેપાસ શોધવા લાગ્યાં. ભક્તિવાળી ડોશીને સમજણ ન પડી કે આ શો ચમત્કાર થયો. ડોશી દેવસેવાની ઓરડી બહાર

આવ્યાં પણ ત્યાં કોઈ હતું નહીં. "બારણું ઉઘાડી અંદર આવી દેવને કોઈ છાનુંમાનું ચોરી તો નહીં ગયું હોય? મારું ધ્યાન બીજી પાસ હતું"—આ વિચાર થતાં વધારે ફાળ પડી અને બારણું ઉઘાડે તો ડોસાએ કાઢી મૂકેલો કૂતરો ઊભેલો અને કૂવે ચાકર ગપાટા મારે. "કોઈ ઘરભણી આવ્યું હતું?" એમ ચાકરને પૂછ્યું અને ધમકાવી તેને ઘરમાં બોલાવ્યો. ઘરમાં પાછાં ફરી અકળાઈને બૂમ પાડી: "ચંચળ! ચંચળ! આ જોને મારા દેવ ક્યાં ગયા?" બૂમ સાંભળી હાથમાં સાવરણી ઝાલી ચંચળ આવી, તેની પાછળ ચંડિકા, તેની પાછળ સુંદર, બીજી પાસથી દુ:ખબા અને ઘરનાં છોકરાં સૌ આવી ચૉકમાં ભરાઈ ગયાં. પૂછાપૂછ અને શોરબકોર થઈ રહ્યો. એક પાસથી ગાવાનું બંધ કરી ગાનચતુર આવ્યો અને બીજી પાસથી વિદ્યાચતુર સફાળો જાગી દાદર પરથી ઊતર્યો. દેવ ક્યાં ગયા તે વિષે ઉપરાઉપરી પ્રશ્નો અને ઉત્તર થવા લાગ્યા અને સૂચનાઓ તથા શોધાશોધ થઈ રહી. દુ:ખબા કહે: "કોઈ છોકરાં દેવને રમવા લઈ ગયાં હશે. ચંચળ અને ગાનચતુરને એમ વિચાર થયો કે ઉંદર તાણી ગયા હશે. વિદ્યાચતુર કહે: "પાલખામાંથી ગબડી ગયા હશે — આસપાસ ફરી શોધો." છેવટે ડોસો આંખો ચોળતો ચોળતો લાકડી પર ટેકી બહાર આશ્યો અને ગુસ્સે થઈ બોલ્યો: "આ શું તોફાન માંડ્યું છે? ઘરમાં ન કોઈને ખાવાની ચિન્તા ને ન કોઈને ખવરાવવાની ચિન્તા. એક વાગી ગયો ત્યાંસુધી જાણે ઘરમાં બૈરું જ ન હોય તેમ નથી કોઈ પૂછતું કે ખાવાને કેટલી વાર છે અને નથી કોઈ કહેતું કે જમવા ઊઠો!" વિદ્યાચતુર કહે: "પિતાજી! માતુશ્રીને દેવ નથી જડતા તેની આ ભાંજગડ છે. અચિંત્યા પાલખામાંથી ક્યાં ગયા તે જણાતું નથી."

માનચતુર — 'દેવ એના જડવાના હશે તો જડશે ને નહીં જડવાના હોય તો નહીં જડે. પણ આ બધા જીવતા પરમાત્માના પેટની ચિન્તાફિકર હોય કે ન હોય? એની ચિન્તા ન રાખે તે તેના પર તો દેવ ન કોપતા હોય તો કોપે અને દેરાસર વાસેલું હોય તેમાંથી દૃશ્ય થાય તો ઉઘાડા પાલખાનું શું પૂછવું? ચાલ, દુ:ખબા, અમને જમાડ તરત. એને તો દેવ જડશે ત્યાંસુધી લાંઘણો કરવી પડશે."

ડોશીને એક દુ:ખમાં બીજું દુ:ખ આ વચન સાંભળવાનું આવ્યું. કઠોર તીક્ષ્ણ વચન અને તેમાં પણ ઇષ્ટદેવનો તિરસ્કાર: આ સાંભળી ચારપાસ અને પોપચે, કરચલીઓ વાળી આંખોમાં ધર્મલક્ષ્મીને આંસુ ભરાયાં, અને કાન ઉપર હાથ દેતી દેતી બોલી: 'અરેરે! આવાં નાસ્તિક વચન ન બોલતા હો તો શું થાય? સતજુગમાં દેવની સેવા કર્યાનું ફળ છે તેથી વધારે ફળ કળજુગમાં દેવસેવા કરાવ્યાનું છે. આ અવતાર આટલું આટલું દુ:ખ તમે ખમો છો અને હું ખમું છું ને આવતે અવતારે પણ ખમવું છે? આપણે તો એકબીજાનાં પુણ્યપાપનાં ભાગિયાં છીએ. તમારાથી થતું નથી ને મારે હાથે થવા દેતા નથી. બળ્યું આ પેટ ને બળ્યા આ ધોળા વાળ! પેટે દેવની નિંદા કરાવી ને ધોળા વાળે પણ દેવનું સ્મરણ ન કરાવ્યું! દેવસેવાનું પુણ્ય હશે તો

આ છોકરાં પણ સારાં ઊઠશે. કંઈ તો વિચાર કરો. દુ:ખબા! ચંચળ! ચંડીવહુ! આ તમારા પાપને લીધે મારે આ વચન સાંભળવા પડ્યાં! નાની વહુ ઘરમાં હરતીફરતી હોય તો મારે આ વખત ન આવે! તમે મહિનોમાસ પણ ઘરની સંભાળ ન રાખી શક્યાં — ચંચળ! દેવ ક્યાં ગયા તે હું સમજી છું; તારા બાપનો સ્વભાવ તને ખબર છે. જા, એમને અને સૌને જમાડ. મારે તો દેવ જડે ત્યાં સુધી જમવું નથી.’ આંખે આંસુ ન માય એમ રોતાં રોતાં ડોશી દેવના પાલખા આગળ બેસી રોયાં ને આખરે પાલખા આગળ નાકલીટીઓ તાણી દેવને કાલાવાલા કરવા લાગ્યાં: ‘મહારાજ, ક્ષમા કરો— એમના કર્યા સામું જોશો નહીં — એમનું પાપ મને આવજો ને મારું પુણ્ય એમને જજો, પણ ક્ષમા કરો.’

ઘરમાંનું સર્વ મંડળ ભરાયું હતું તેમાં સૌની સાથે લડતો લડતો ડોસો સૌને ધમકાવવા લાગ્યો. દુ:ખબા સામે આંખો કાઢવા લાગ્યો, ચંચળ સામે ઓઠ કરડવા લાગ્યો, ચંડિકા સામે દાંત પીસવા લાગ્યો, ગાનચતુર સામે ચાળા કરવા લાગ્યો, ચાકર સામે દૂરથી હાથ ઉગામવા લાગ્યો; વિદ્યાચતુર ઉપર પક્ષપાત દેખાય નહીં માટે તેની પૂઠ કરી તેને ન દેખતો હોય તેમ ઊભો, સુંદરગૌરીના સામું જોયું નહીં, અને ઘરની અવ્યવસ્થા બાબત પોતે જેટલું સૂતાંસૂતાં જોયા કર્યું હતું અને જેટલાં જેટલાં જેનાં અપલક્ષણ હતાં તે તે તેમને ધમકાવી ધમકાવી કહી બતાવ્યાં અને ગાળો ઉપર ગાળો દીધી. આખરે સુંદરગૌરીને ગુણસુંદરીની તપાસ રાખવા ગજારમાં મોકલી દીધી અને ચંડિકાને તથા પોતાની બે દીકરીઓને લાકડી ઉગામી ઘર બહાર કાઢી મૂકી સાંકળ દઈ, ગાનચતુરને હુકમ કર્યો: ‘આપણે સૌને સારુ જમવાનું તૈયાર કર — રાંડોને તો આમ જ ઘટે.’ વિદ્યાચતુર નાનપણમાંથી પરદેશ રહેલો એટલે પિતાનું આવું ઉગ્ર સ્વરૂપ જોવાનો વારો તેને આજ જ આવ્યો, અને આશ્ચર્યથી આભો બની, હડપચીએ હાથ દઈ, શું કરવું કે કહેવું તે ન સૂઝવાથી દિઙ્મૂઢ જેવો બની પોતે ઊભો હતો ત્યાં ને ત્યાં જ ઊભો રહ્યો. બહાર લોકો ભરાઈ ગયા અને બારણાં હચમચાવી મૂક્યાં. નાટક વધી ગયું જોઈ, ડોસો હાથમાં નથી એવું સમજી, આખરે ડોશી દેવમંદિર છોડી પાછાં બહાર આવ્યાં. આંસુ લોહી નાખ્યાં. મહાદેવના ગુણ તપોધન જાણે તેમ ડોસાનો સ્વભાવ વર્તી જનારી ડોશીને પોતાનો સ્વભાવ બદલવો પડ્યો. ધર્મ અને આચાર ઉભયને ઠેકાણે વ્યવહારને આગળ કરવામાં આગ્રહ ધરનારનો પતિનો સ્વભાવ છે અને એ સ્વભાવ સમુદ્રનાં મોજાં પેઠે અત્યારે ઉછાળા મારી રહ્યો છે, તેના સામા થવા કરતાં તેને વશ થવાથી તેના હેલારાનું બળ ઓજું લાગશે એ ભાન ડોશીને આવ્યું. એ ભાન આવવાની સાથે ડોશીની સ્વાભાવિક બુદ્ધિ સ્વચ્છ બની, ડોસાના વચનમાં સત્ય હતું તે સમજાયું, ઘરની અવ્યવસ્થા દૃષ્ટિ આગળ તરવા લાગી, તેનો ઉપાય પોતાના જ હાથમાં આવે એવો હતો તેને લીધો, હૃદયને શાંત કર્યું, મુખ ગંભીર કર્યું, કુટુંબનું હિત જાળવવું એ પણ એક ધર્મ છે એવો વિચાર થયો. એ ધર્મ સાચવવાથી ઘણા જીવને સુખ થાય છે એ દેખાયું, ઘણા

જીવનું કલ્યાળ થાય એવા ધર્મને સર્વ ધર્મથી મોટો કેમ ન ગણવો એવો પ્રશ્ન મનમાં ઊભો થયો. સર્વ સૃષ્ટિ જેને વ્હાલી છે અને સૌ સૃષ્ટિના સુખનો ભરનાર વિશ્વંભર તેને એ જ ધર્મ સૌથી વ્હાલો હોવો જોઈએ એવી શ્રદ્ધા ઉત્પન્ન થઈ. શ્રદ્ધા થતાં તે ધર્મમાં પ્રવૃત્તિ થઈ, અને એ ધર્મની ઉત્સાહી ડોશી દેવનું દુ:ખ ભૂલી પતિદેવ ભણી ચાલી. ઘરની અવ્યવસ્થા, પતિનાં વચન, ઘરબહાર જામી જતો ફજેતીનો ખેલ, અને કુટુંબનાં સર્વમંડળનું દુ:ખ — આ સર્વ સરોવરમાંથી નીકળતી કુટુંબવત્સલતાના પવિત્ર પ્રવાહમાં ડોશીની બુદ્ધિ નાહવા લાગી, અને નદી સમુદ્ર પાસે જતાં પોતાનો પટ વધારે વધારે પહોળો કરે તેમ પતિની પાસે જતી જતી અને પતિની ઇચ્છા જાણી વળતી વળતી ડોશી પોતાના અંત: કરણને વધારે વધારે ઉદાર કરવા લાગી. તેનામાં થયેલો ફેરફાર તેને આવતી જોતાં જ તેનો પતિ સમજી ગયો. ડોસાના મનનો અર્થ મનમાં સિદ્ધ થયો જણાયો.

ડોશી નાનપણથી ધર્મસંસ્કારનું બંધન પામી હતી. પુરુષો કરતાં સ્ત્રીજાતિમાં કેટલાક ગુણ વધારે વિકાસ પામે છે, અને પુરુષો કરતાં તેમની બુદ્ધિ — તેમનાં શરીર પેઠે — વહેલી પક્વ થાય છે, તેનું ધર્મલક્ષ્મી એક દૃષ્ટાંત હતું. છેક નાનપણથી તેના હૃદય ઉપર જે જે સંસ્કાર પડતા તે તરત જ એ ગ્રહી લેતી. એના બાપ ધર્માંધ હતા અને તેના ઘરમાંથી ધર્મના સંસ્કાર ધર્મલક્ષ્મી પર કુમળી વયમાંથી જ વજ્રલેપ થયા હતા. એનું દસેક વર્ષનું વય હતું ત્યારે તો શેરીની સર્વ કન્યાઓમાં ધર્મલક્ષ્મી જેવું બીજું કોઈ ધર્મિષ્ઠ ગણાતું ન હતું. એનામાં સારી બુદ્ધિ છતાં આ ધર્મસંસ્કાર જડ થાત અને એ છેક ધર્માંધ બનત તો તેના ઘર પ્રમાણે કાંઈ નવાઈ ન હતી. પણ માનચતુરના ઘરમાં ગયા પછી એને, માનચતુરને દેશપરદેશ નોકરીમાં આથડવું પડતું, તેની સાથે ફરવાનું થતું અને પરદેશમાં ધર્મલક્ષ્મીના સંસ્કાર સાચવવા કઠણ હતા. તેમાં વળી માનચતુરનો સ્વભાવ ઉગ્ર હતો એટલે ગૃહિણીને વખત જોઈ ગીત ગાવાં પડતાં હતાં. આ પતિનો સ્વભાવ વેઠવો એ તલવારની ધાર ઉપર ચાલવા જેવું હતું, અને કન્યાવયમાંથી જ ઈશ્વરે સૂક્ષ્મ બુદ્ધિ આપી ન હોત તો ધર્મલક્ષ્મી જ જાળવે — બીજી હોય તો એના ઘરનાં પળવાર પણ ટકવા ન પામે.’ ધર્મિષ્ઠ છતાં ધર્માંધ ન બની, દુર્વાસા જેવા પતિના ઘરમાં વૃદ્ધાવસ્થાપર્યંત રહી શકી, અગ્નિ જેવા પતિની પ્રીતિ મેળવી છેવટ સુધી સાચવી શકી અને તેના ઉપર પોતે પ્રીતિ રાખી શકી, અને વળી તે સર્વ સાથે પોતાના ધર્મસંસ્કાર છેવટ સુધી જાળવી રહી; આ સર્વ અદ્ભુત પરિણામ ધર્મલક્ષ્મીની શુદ્ધ વત્સલતા, પૃથ્વી જેવી ક્ષમા, વિષ્ણુ જેવી શાંતિ, સૂક્ષ્મબુદ્ધિ અને ઊંચી કુલીનતા: તે સર્વનું દુર્લભ ફળ હતું. એ સર્વ ગુણોનો આ પ્રસંગે આવિર્ભાવ થતો વિદ્યાચતુરે આજ પ્રથમ જ જોયો અને એ જોતાં જોતાં આ ગુણવાળી માતાથી પોતાનો જન્મ છે એ વિચારથી એનું હૃદય ગર્વવડે ફૂલવા લાગ્યું.

ડોસો ક્રોધથી રાતો થયો હતો અને તેના અવયવમાત્ર કંપતાં હતાં. તેની આંખમાં લોહી તરી આવ્યું અને કપાળે ભ્રૂકુટી ચડી આવી. જાણે નરસિંહાવતાર પ્રકટ થયો. દેવને થયેલા અપમાનની ડોશીને તીવ્ર વેદના થતી હતી એટલે બળાત્કાર કરતાં પણ તેના મુખ પર સ્મિત મો ન ફરકી શકયું, પણ એ પોતાની વેદના ઢાંકી શકી અને પતિનો ક્રોધ શમાવવા ચાલી. તેનું શરીર વૃદ્ધ પણ બાંધી દડી જેવું હતું. ધીમાં પણ સ્થિર પગલાં ભરી, ગંભીર આકાર ધરી, તે પતિ પાસે આવી. તેનું વૃદ્ધ હૃદય ધડકતું દેખાતું હતું. દાંતના આધાર વગરના ગાલ અંતરના વિકારથી ભરાતા લાગ્યા દેખાયા. જુવાનીના તેજ વિનાની પણ બુદ્ધિની તીવ્રતાએ અંદરથી ચળકતી આંખ ઉપર પાણીનું પડ બંધાયું, અને નિષ્કલંક ધોળા કેશ નીચે કેશ જેવી જ વાંકીચૂંકી કરચલીઓ ભરેલા ગોરા કફાળ ઉપર પરસેવો વળ્યો. તેણે સૌભાગ્યચિહ્નનું કુંકુમ ભીનું કરવા માંડ્યું.

‘હા, હું તમારો ભાવાર્થ સમજી. હું શું કરું? મારો સ્વભાવ છે તે દેવસેવામાં ચિત્ત પરોવાય છે ત્યારે ઘરસેવા પર રહેતું નથી. મારો હું વાંક કબૂલ કરું છું. પણ આટલો બધો કોપ ન ઘટે — ત્રણ જણીઓને બહાર કાઢી તે ઢેડફજેતી થાય છે તે લોક બારણે ભરાયા છે.’

ડોશી ધીમે ધીમે ચાલી અને બારણાં ઉઘાડી ત્રણેને ઘરમાં બોલાવી લીધી. ડોસો દ્વાર ભણી જોઈ રહ્યો. ગયો, અને લોકોને ધમકાવી કાઢી, બારણાં બંધ કરી પાછો આવ્યો.

‘જો! દેવને પાણીની ગોળીમાંથી કાઢી લે. આજ તો ગોળીમાં નાંખ્યા, પણ હવે ભૂખે મારીશ તો કૂવામાં નાખીશ.’ ડોસો વિકરાળ અને રાતીચોળ આંખ કરી બોલ્યો. એના ક્રોધને શમતાંશમતાં કલાક લાગતો હતો. ડોશી બિચારી પાણી ભરેલી ગોળીમાં હાથ ઘાલી દેવને લઈ આવી — બીજાં બધાંમાંથી કોઈને ડોશીનું એટલું કામ કરવું ન સૂઝયું. દેવને દેરાસરમાં લઈ જઈ, અશ્રુપાત કરતાં કરતાં છાતીસરસા ચાંપી, પાછા પાલખા પર પધરાવી, ઘરકામમાં વળગી અને આજથી ધર્મલક્ષ્મીની દેખરેખ નીચે આ ઘરનો સંસાર પાછો ઠેકાણે આવી રસ્તે પડ્યો દેખાયો. પણ દેવને અપવિત્ર સ્થળે નાંખ્યા તે વાતનો ડંખ ડોશીના દિલમાંથી મરણ સુધી ગયો નહીં.

પણ ઘરનાં કામકાજની ચિંતાથી જ ઘરસંસારની સિદ્ધિ પૂરી ન થઈ. ડોશી તો સૌની પાસે કામકાજ લેતી, પણ અવસ્થાનું શરીર તેથી જાતે ફરી વળાતું નહીં અને તેની આજ્ઞાઓ કેટલી પળાતી તે જાણવાનું સાધન તેની પાસે રહેતું નહીં. ‘શેઠની શિખામણ ઝાંપા સુધી પહોંચે’ એ કહેવત પ્રમાણે થતું. જુવાન સ્ત્રીમંડળમાં ધીમે ધીમે ડોશી કોહ્યાં અને કચકચિયાં ગણાવા લાગ્યાં. સર્વના હૃદય પર ડોશીની સત્તા ઓછી થઈ, તેની સાથે તેનો આજ્ઞાભંગ થવા લાગ્યો, તેને અંતે સૌ તેને પ્રથમ મનમાં ગાળો દેવા લાગ્યાં અને ધીમે ધીમે ક્વચિત્ ઉઘાડું અપમાન તથા નિંદા કરવા લાગ્યાં. ડોશી અકળાવા લાગી, ડોસા પાસે ફરિયાદ કરવા લાગી અને ગજારમાં

ગુણસુંદરી પાસે જઈ વખતોવખત રોવા લાગી. સુવાવડી વહુએ સાસુની શુદ્ધ પ્રીતિ મેળવવામાં આ પ્રસંગનો લાભ લઈ લીધો અને બૂદ્ધિશાળી, વૃદ્ધ અને અનુભવી સાસુ કરતાં જુવાન અને ઊગતી વહુની બુદ્ધિ ચડિયાતી છે એવું આથી સિદ્ધ થયું. જે વ્યવસ્થા સાસુથી ન થઈ શકી તે વ્યવસ્થા મારે કરવી પડશે એવું વહુને લાગ્યું અને વૃદ્ધ સાસુને માથેથી ભાર ઉપાડી લેવામાં હું ફાવીશ એવી આશાની હોંસીલી વહુ કામકાજ કરવા હું ક્યારે શક્તિશાળી થઈશ એ વિચાર આતુરતાથી કરવા લાગી. આ ભાર તો ગુણસુંદરીને માથે મૂળ હતો તે જ પાછો પડવાનો હતો પણ બીજી કેટલીક જાતનો ભાર એવો પડવાનો હતો કે તેનો તેને અનુભવ સરખો ન હતો.

હિંદુ સંસારમાં સુખદુ:ખનાં રૂપ ભાતભાતનાં છે. અનુભવ અથવા અવલોકન વિના તેની કલ્પના પણ કઠણ છે. ગુણસુંદરીના મનમાં એક વખત એમ હતું કે મને સૌ વાતનો અનુભવ વીતી ગયો છે. પણ જ્ઞાન તેમ જ અનુભવની સીમા નથી એટલું જ નહીં, પણ ઉભય વિષયમાં ઊગતા બાળકને કલ્પના જ થતી નથી કે દેખીતા જ્ઞાન અને અનુભવની પાછળ બીજું કાંઈ હશે. જેમ જેમ અભ્યાસ અને વય વનતાં જાય છે તેમ તેમ નવી નવી જાતનાં જ્ઞાન અને અનુભવ પર્વતના શિખર પાછળનાં શિખરો પેઠે — સમુદ્રનાં મોજાં પાછળનાં મોજાં પેઠે — દૃષ્ટિમર્યાદામાં દૃષ્ટિ આગળ ખડાં થાય છે અને મન એ ચમત્કારનું સાક્ષી બનતાં બનતાં ઈશ્વરની અનંતતામાં તલ્લીન અજાણતાં થઈ જાય છે — અનંત અનુભવનાં એક પછી બીજાં પગથિયાં જુએ છે અને તે પર ચડે છે. પોતાના ઘરમાં દિવસે દિવસે વધતી રચના જોઈ, નવરી પડેલી સુવાવડીનું મગજ આવાઆવા વિચારોથી ભરાઈ ઉચ્ચગ્રાહી વિષયોનું ગ્રાહક થતું અને ડગલેડગલે કહેતું કે ‘આ પણ એક નવો અનુભવ — હવે કાલ બીજો શો અનુભવ થવા સરજાયેલો હશે?’ ક્ષુદ્ર ઘરસંસારમાં પણ પર્યેષક બુદ્ધિને જોઈએ તેટલા વિચાર જડી આવે એમ છે અને મનને કેળવણી આપવા ચારે દિશારૂપી મુખોમાંથી ઈશ્વરનું બ્રહ્મસ્વરૂપ શ્રુતિઓ સંભળાવી રહે છે. સુવાવડના ખાટલા ઉપર, અને ગજારનાં અંધારામાં, આધિવ્યાધિથી ઊકળતા મગજમાં આવી તીવ્ર કવિતા ઊભરાતી હતી અને નવા જન્મેલા બાળકની સમોવડિયણ બનતી હતી.

જે દિવસે માનચતુરે તોફાન મચાવી મૂક્યું તેને બીજે દિવસે ગુણસુંદરીની સહિયર યશોદા ખબર જોવા આવી અને એકાંતમાં ગામમાં સંભળાતાં સમાચાર કહ્યા: ‘એવી વાત ઊડી છે કે વિદ્યાચતુરે ગઈ કાલે ઘરમાંથી બે બહેનોને અને ભાભીને કાઢી મૂક્યાં, ડોશીએ તેમને મનાવીને ઘરમાં આણ્યાં, અને તે બાબત માદીકરો લડ્યાં ને વિદ્યાચતુરે ચિડાઈને પાલખામાંથી ડોશીના દેવને નાખી દીધા!’ નિર્દોષ પતિની નિન્દા સાંભળી પતિવ્રતાને અત્યંત દુ:ખ થયું અને મોઢે તો શાંત રીતે સૌ વાતોનો ખુલાસો કર્યો; પણ મનમાં બધા કુટુંબ ઉપર તિરસ્કાર થયો, પળવારમાં મટી ગયો,

અને સૌ ગયાં એટલે મોં પર ઓણી સૂઈ ગઈ અને બે કલાક સુધી તેવી સ્થિતિમાં છાનુંમાનું રોઈ અને તેથી અંતે તાવ આવ્યો તે કોઈએ જાણ્યો પણ નહીં.

બેત્રણ દિવસ થયા એટલે નવું ધતિંગ જાગ્યું. ઘરનો સામાન પરસાળની પાછળની મેડીમાં રહેતો. તે સામાન લેવા લાવવામાં સુંદરગૌરીને જવું પડતું. એ અનાથ વિધવાનું આ ઘરમાં ગુણસુંદરી સિવાય બીજું કોઈ નહોતું. સર્વ સ્ત્રીમંડળ એના ભણી કડવી આંખે જોતું અને પુરુષવર્ગને એની કાંઈ પડી ન હતી. તે છતાં દેરાણીની મમતા એને સુખી રાખતી. એક દિવસ નીચે સર્વ સ્ત્રીમંડળ જમવા બેઠેલું હતું અને પુરુષવર્ગ જમી કરી પોતપોતાને સ્થાનકે વેરાઈ ગયો હતો. તેવામાં ગુણસુંદરી સારુ ઔષધની સામગ્રી લેવા વહેલીવહેલી જમી સુંદર ગૌરી પરસાળની મેડીએ ચડી. બપોરના બાર વાગ્યા હતા અને અગાશીમાં તપતો તડકો ધીમે ધીમે મેડીની બારીમાં ખસતો ખસતો આવતો હતો. એ તડકામાં વિધવા યુવતી પળવાર ઊભી રહી અને તેના ગૌર ગાલ તડકાથી રાતાચોળ થતાં વાર ન લાગી. બારીની પાછળનાં હાંલ્લાંમાંથી નીચી વળી તે સામાન કાઢવા લાગી. સૂર્ય ઉપર આવેલા વાદળા પેઠે તેનું સાદું કાળું વસ્ત્ર બારીના પવનથી જરી જરી ઊડતું હતું, અને વાદળામાંથી સૂર્યનું બિંબ કોઈ કોઈ ઠેકાણે દેખાઈ આવે તેમ એનો વાંસો દેખાતો હતો. મેઘના ધનુષ્ય પેઠે એ વાંકી વળી હતી. માથાની એક લટ સરી પડી આલમ્બમાન પયોધરભારને ટેકવી રાખવા સાહી લેતી લાગતી હતી. વસ્ત્રની નીચલી કોર અને તડકાવાળી પૃથ્વી, એ બેની વચ્ચે આવી ગયેલી પગની સોનેરી પ્હાનીઓ ચળકારા મારતી હતી અને જોનારને જો બે આંખો હોય તો તે બેયે આંખોને એ ચળકારાથી ભરી નાખી—આંધળી કરી દેવા—યત્ન કરતી હતી. આમ આંધળી થનારી આંખો પણ દૂર ન હતી અને પોતાનું કામ કરવામાં લીન થયેલી નિર્દોષ સ્ત્રી જાણતી ન હતી કે અત્યારે મારા પર કોઈની દૃષ્ટિ પડે છે.

પુરુષ ભોક્તા અને સ્ત્રી ભોગ્ય, એ બુદ્ધિ મનુષ્યના મોટા ભાગને અને પશુપક્ષીઓને સામાન્ય છે. પશુપક્ષીઓમાં નર માદાની પાછળ શિકાર કરવા દોડતો હોય તેમ દોડે છે; ફેર માત્ર એટલો રહે છે કે ઉપભોગાર્થ શિકારનો નાશ કરવામાં આવે છે ત્યારે માદાનું પાલન કરવામાં આવે છે. સોનાનાં ઈંડાં મૂકનાર કુકડી જેવી માદાને નર જાળવી રાખે છે. ઉચ્ચયોનિમાં આ પાલકબુદ્ધિ વિશેષ રહે છે, તેનું દૃષ્ટાંત મનુષ્યજાતિ છે. પારકા ઘરની સ્ત્રી — નહીં સગી — નહીં વહાલી — તે સગામાં સગી થઈ રહે છે — વ્હાલામાં વ્હાલી થઈ રહે છે. લગ્નાદિકની રૂઢિ એ આ પાલકબુદ્ધિનું જ પરિણામ છે. મનુષ્યના પશુભાગ પર એના મનુષ્યભાગનો જય થાય છે ત્યારે આ પાલકબુદ્ધિ રહે છે, અને પશુભાગ વિજયી હોય છે ત્યારે ઉપભોગાર્થ સ્ત્રીને શિકાર જેવી ગણતો પુરુષ સ્વાર્થ અથવા પરમાર્થ કાંઈ પણ વિચારી શકતો નથી, કારણ મનુષ્યભાગની સાથે વિચાર પણ પરાભવ

પામે છે. કેટલેક ઠેકાણે આ ઉભય ભાગોનો સંયોગ સૂક્ષ્મ હોય છે અને એક ભાગ બીજા પર પરાભવ કરી શકતો નથી; મૃગયા કરવા નીકળી પડેલો હોય તેવી રીતે સીતાને પકડી પોતાની સત્તામાં આણ્યા છતાં વર્ષોનાં વર્ષો સુધી રાવણે સીતાને અખંડિત રહેવા દીધી તેનું કારણ આવો જ સૂક્ષ્મ સંયોગ હતો. એના પશુભાગે બળાત્કારથી હરણ કર્યું; અને ઉચ્ચ રસિક વૃત્તિએ તેને શીખવ્યું કે अनादरोत्कंठितयो: प्रसिध्यता समागमेनापि रति र्न मां प्रति ॥

પુરુષમાત્રમાં આ મનુષ્યભાગ થોડોઘણો પણ હોય છે અને અનાથ અબળાઓનો પાલક થઈ પડે છે. સ્ત્રીબહુમાન (Chivalry) પુરુષના ચિત્તમાં ઉદય પામે તો પુરુષ અને સ્ત્રી ઉભયની વિશુદ્ધિ સ્વાભાવિક રીતે વજ્રલેપ થવા પામે અને સ્ત્રી નિર્ભય થાય તેનું કારણ આવું જ છે.

તડકામાં ઊભી રહેવાથી વધારે સુંદર થયેલી; નીચી વળી ઊભી રહેવાથી દૃષ્ટિમાં નવતા ભરવા માંડતી સુંદર ગૌરી ઊભી થાય છે તો તેની જોડાજોડ આવી ગાનચતુર ઊભેલો! જમી રહેલો તૈથી ભરેલા પેટનો એને નશો ચડેલો હતો — તેનું શરીર અને મુખ અન્નના તેજથી ચળકતું હતું અને એ ચળકાટમાં જ ઘેન ભરેલું દેખાતું હતું. એ જ અન્નના ભારથી — ઘેનથી — તેનું મનુષ્યત્વ શાંત થઈ ગયું હતું અને પશુભાગ મગજમાં આવી ઠરી ગયો હતો. પોતાની મેડીમાં સૂતાં સૂતાં કાંઈક ઘસારો લાગ્યો અને બહાર આવ્યો તો સુંદરગૌરીને એકાંતમાં રમણીય રૂપે સ્થિર ઊભેલી દીઠી; તેને જોતાં જ પશુભાગે પુરુષના મગજ પર બળાત્કાર કર્યો, અને શુદ્ધબુદ્ધિનો ઉપયોગ કરવામાં નપુંસક બનેલો પુરુષ એકદમ પણ છાનોમાનો સુંદરગૌરી પાસે આવી ઊભો હતો — તેને ન થયો વિશુદ્ધિનો વિચાર, ન રહ્યું સગપણનું ભાન, એને ન લાગ્યો વસ્તીવાળા ઘરનો ભય! પરંતુ પશુભાગે આટલું બળ કર્યું ત્યારે છેક મોડો પણ મનુષ્યભાગ મૂંગો ન રહ્યો. સુંદરની પાસે આવી ઊભો રહેવા છાતી ચલાવનારની છાતી વધારે ન ચાલી, તેના હાથપગ સ્તબ્ધ થયા, તેના ઓઠ ઊઘડી શક્યા સરખા નહીં, અને મનુષ્યભાગ ભ્રષ્ટ થતાં પશુભાગ દેખાયો તેમ પશુભાગનો પરાભવ કરી જડભાગ જીત્યો હોય તેમ ગાનચતુર કેવળ જડ જેવો ઊભો રહ્યો અને માત્ર તેની આંખના જરી જરી ફરકતા ડોળામાં આવી એનો ભ્રષ્ટ મનોદય જણાવા લાગ્યો. એના ઉપર દૃષ્ટિ પડતાં સુંદર લેવાઈ ગઈ, તેના હોસકોસ ઊડી ગયા, એના નખથી શિખર સુધી કેવળ ભય વ્યાપી રહ્યો, અને સૌને અંતે સામાન એમનો એમ રહેવા દઈ ઓચિંતી દોટ મૂકી દાદર પરથી નીચે ઊતરી પડી. ઉતાવળમાં ને ઉતાવળમાં છેલ્લું પગથિયું ચૂકી, પડી, વાગ્યું તે ગણ્યું નહીં, અને ગુણસુંદરીવાળી ગજારમાં જઈ ઊભી રહી અને ભય ગયો દીઠો તે છતાં ભય સમજ હોય તેમ થરથર ધ્રુજવા લાગી અને આંસુ સારવા લાગી. તેનો ધ્રુજારો કેમે કર્યો બંધ થાય નહીં અને ફટક્યા જેવું તેનું કાળજું ધડકતું મટે નહીં. પણ ગુણસુંદરી જમવા ગઈ હતી તેથી આ દશા

જોનાર કોઈ હતું નહીં અને તે આવી તેટલામાં તો પોતે સ્વસ્થ થઈ સુંદરગૌરી કામે વળગી અને એના ચિત્તને સદાનો ભય વળગ્યો કે 'આ વાત હું હવે કોને કહીશ? આ ઘરમાં હવે કેમ રહેવાશે? અને આ ઘર મૂકી ક્યાં જવું?' શરીરરૂપ પશુભાગ ધારણ કરનારે એ ભાગને હાથમાં રાખવા નિરંતર સાવધાન રહેવાનું છે — એ હાથમાં ન રહે તો પછી મનુષ્યત્વ સર્વથા નષ્ટ થયું જ સમજવું, અને મનુષ્યરૂપ આવું પશુ, પશુરૂપ પશુ કરતાં અનેકધા ભયંકર છે. આ ભયંકર પ્રાણીનો ભય અનાથ વિધવાના કોમળ હૃદયમાં શલ્ય પેઠે પેસી ગયો. એ શલ્ય હૃદયને વીંધવા લાગ્યું અને હૃદયમાંથી બહાર ન કાઢયું. 'કોને કહેવું? શી રીતે કહેવું? જીભ શી રીતે ઊપડે? છાતી કેમ ચાલશે? કોણ માનશે? અરેરે! આમને આ શું સૂઝ્યું? હવે શું કરશે? શું થશે? શું કરું? શું બોલું? કયાં જાઉં?' એવા એવા અનેક પ્રશ્નો હૃદયમાં દિવસરાત ઊઠવા લાગ્યા, પ્રશ્ને પ્રશ્ને મુખમાંથી નિ:શ્વાસ અને આંખમાંથી આંસુ નીકળવા લાગ્યાં, કામમાં ચિત્ત ગોઠતું બંધ થઈ ગયું. જેનું જગતમાં કોઈ ન હોય તેની નિદ્રા તો હોય જ તે પણ આ અનાથ સ્ત્રીની મટી ગઈ, શરીર નિસ્તેજ થવા લાગ્યું, મુખારવિંદ કરમાઈ સુકાઈ જવા લાગ્યું, શરીરનાં માંસરુધિર અંતર્ધાન પામવા માંડ્યા, અને હાસ્યવિનોદ અને શૂન્ય સ્થિત પણ અશક્ય થઈ ગયાં. ગુણસુંદરી પાસે નીચું જોઈ આંખ પાણીથી ભરાઈ જતી અને ઉચ્ચાર નીકળવા પામે ત્યારપહેલાં ચતુર જોનાર વગર કોઈને જણાય નહીં એવા નિ:શ્વાસ નીકળી જતા. આ સર્વ ફેરફાર કોઈને જણાશે તેનો પોતાને તો વિચાર પણ થયો નહીં અને ભાન પણ રહ્યું નહીં. ગાનચતુરે પસ્તાતા અંત: કરણથી એ ફેરફાર જોયો પણ પોતે નિરુપાય જેવો થઈ ગયો. ગુણસુંદરીના હેતસ્વી હૃદયને એ ફેરફાર થયો સમજાતાં વાર લાગી નહીં, પણ ફેરફારનું કારણ સમજાયું નહીં, અને ઘરના બીજા મંડળને તો એ જાણવાની જરૂર પણ ક્યાંથી હોય? ગુણસુંદરી વિના સુંદરગૌરીનું આખા ભરેલા જગતમાં કોઈ ન હતું. ગુણસુંદરીએ ઘણું પૂછ્યું, ઘણા દિલાસા દીધા, ઘણી આજીજી કરી, ઘણું કર્યું તો યે એટલો જ ઉત્તર મળ્યો કે, 'ના, ના, કાંઈયે નથી. એ તો અમસ્તો તમને વહેમ આવે છે. બીજું કાંઈ કારણ નથી. મને જશ બે દિવસથી શરીરે અસુખ રહે છે, તે સિવાય બીજું કાંઈ નથી.' ગુણસુંદરીને એ ખુલાસો ખરો ન લાગ્યો. આખરે પોતાના અને પોતાના બાળકના સમ ખવરાવ્યા, અને સુંદરગૌરી ખરી વાત કહે ત્યાં સુધી હું ખાઈશ નહીં એવી હઠ લીધી. ત્યારે સુંદરગૌરી બળાત્કારે હસવું આણી બોલી: 'વારુ, અમસ્તાં એમ શું કરો છો? તમને નહીં કહું ત્યારે બીજા કોને કહીશ? આપણા બાયડીઓના જીવ, તેને તે કંઈ અંત સુધી પેટમાં ને પેટમાં સમાઈ રહેવાનું છે? પણ હું તમારું કહ્યું કરીશ ત્યારે તમે મારા સમ ખાઈ હા કહો કે એક વાતમાં તમે મારું કહ્યું માનશો, એટલે એ વાતમાં હું તમારું કહ્યું માનીશ.' ગુણસુંદરીએ હા કહી સમ ખાધા એટલે સુંદર બોલી: 'બહુ સારું, ત્યારે હું તમને કહીશ. પણ તમારે મારું કહ્યું માનવાનું એટલું કે હું તમને મારી મેળે કહું ત્યાં સુધી તમારે મને એ વાત

પૂછવી નહીં. તમે મારા સમ ખાઈ બંધાયાં છો... હું તમારા સમ ખાઈ બંધાઉં છું.'

'પણ હાલ કહેવામાં કંઈ નુકસાન છે?'

'કંઈ હશે ત્યારે સ્તો.'

'હું જીવું છું ત્યાં સુધી તો તમારો વાળ વાંકો નહીં થવા દઉં.'

'એ તો હું જાણું છુંસ્તો. તમારા વિના મારે બીજું કોણ છે? પણ આટલું મારું કહ્યું કરો.'

'ત્યારે બહુ સારું. જો જો હોં! કહો સાંજે કહેશો કે રાતે?'

'હવે તે મને ઠીક પડશે ત્યારે. બેત્રણ દિવસ પછી પૂછજો.'

આ રકઝક ચાલી. પણ ન કહેવા ધાર્યું હોય તો કોઈ શું કહેવરાવનાર હતું? આ વાતમાં સુંદરના ઓઠ ઊઘડે એવું એનું કહ્યું એનું હૃદય જ કરે એમ ન હતું.

ગુણસુંદરી નાહી, ઘરમાં હરતીફરતી થઈ, સૌ જાતે જોવા લાગી, પણ હજી સૂતક હતું અને કંઈ સ્પર્શ થાય એમ ન હતું. જાતે જોવા લાગી એટલે વળી ઘરમાં કંઈ કંઈ નાટક નજરે પડ્યાં.

---

* આ ભાગનું અનુસંધાન પ્રકરણ ૬ સાથે છે.

૧ . ક્ષમા ધરનારું.

૧ . વિદ્યાની કસોટી કરનાર સભા—યુનિવર્સિટી.

૨ . ચંદ્ર

१ अन्यदा भूषणं पुंसां क्षमा लज्जेव योषिताम्।
पराक्रमः परिभवे वैयात्यं सुरतेष्विव॥ माघ-

१ . राजन् दुधुक्षसि यदि क्षितिधेनुमेनाम्
तेनाद्य वत्समिव लोकममुं पुषाण।
तस्मिंश्च सम्यगनिशं परिपुण्यमाणे
नानाफलैः फलति कल्पलतेव भूमिः॥

૧ . કામણ દીસે છે અલબેલા તારી આંખમાં રે, ઝીણું ઝાંખ મા રે — એ રાગ.

1 . Sense of duty

૫. ગુણસુંદરી — (અનુસંધાન)

‘જગ! રૂપ ધરે તું નવાં જ નવાં.’ — કુસુમવાળા

સૂતકને લીધે ઘરમાં કોઈ ઠેકાણે સ્પર્શ થાય એમ ન હતું; અને બીજા લોકના ઘરમાં તો કોરાં વાસણ, કપડાં વગેરેને અડકાતું, પણ આ ઘરમાં તે ધર્મલક્ષ્મી એટલું પણ થવા ન દેતાં. આવી રીતે મળતો અવકાશ ગુણસુંદરી બીજી રીતે રોકવા લાગી.

ઘણુંખરું તો આખા ઘરનાં સૌ માણસના મનની સ્થિતિ જાણવામાં તે રોકતી. માનચતુરની ઓરડીમાં એ કેટલોક વખત ગાળવા લાગી; ડોસાની નાનપણથી તે અત્યાર સુધીની અથ—ઇતિ પૂછતી; એ નિમિત્તે આ ઘરમાં ડોસાને શું શું ઓછુંવત્તું પડે છે, તેને શા શા સંતોષઅસંતોષ છે, વિદ્યાચતુર અને પોતાને વિષે ડોસો શા શા વિચાર રાખે છે, વગેરે વાતો પૂછી પૂછી ડોસાના મનના ઊંડા ઊભરા બહાર કઢાવતી, તેની ઇચ્છાઓ જાણી લેતી, તેના મનને સંતોષ વળાવતી, પોતાથી અને પતિથી થાય એવી બાબતમાં ડોસાની ઇચ્છા પૂર્ણ કરવા વચન આપતી, ઘરનાં બીજાં માણસ ઉપરનો ઉકળાટ ડોસો કાઢે તેને શાંત પાડતી, પોતાના અને પતિના ઉપર કાંઈ અમળાટ છે કે નહીં તે જાણી લેવા ચતુરાઈથી એવો પ્રયત્ન કરતી કે ડોસો જાણી જાય નહીં ને પોતાનો અર્થ સિદ્ધ થાય, કાંઈ પણ અમળાટ અનુમાન સરખાથી માલૂમ પડે તો પોતાના ઉપર વિશ્વાસ બેસાડી ખુલાસો કરતી, અને એવા એવા અનેક પ્રકારથી ગુણસુંદરીની બુદ્ધિ અને પ્રીતિએ ડોસાને વશ કરી નાખ્યો, શાંત કરી દીધો, સંતોષ વળાવી દીધો, અને તોફાની મહાસાગર જેવા ક્રોધને લીધે જેનો રોગ મટતાં મટતાં ઊપડતો હતો એવા ડોસાને મન અને તનની શાંતિને માર્ગે ચડાવ્યો. એકલા ડોસાને નહીં પણ ઘરનાં સર્વ માણસોને તેણે આમ વશ કરી દીધાં. ધર્મલક્ષ્મી પૂજા કરે ત્યારે તેની પાસે બેસે, દુ:ખબા રસોઈ કરે ત્યારે તેની પાસે બેસે, ચંચળ બપોરે નવરી પડે ત્યારે તેની સાથે બેસે, ચંડિકા એકલી પડે ત્યારે તેની સાથે બેસે, ઘરમાં સૌ નાનાં મોટાં છોકરાંને પણ કદી કદી પોતાની આસપાસ એકઠાં કરી તેમને કંઈ કંઈ પૂછે, કંઈ કંઈ ઉપદેશ કરે, કંઈ કંઈ વિનોદ આપે, અને આવી રીતે કુટુંબના સર્વ માણસોમાં મોટા સાથે મોટી અને નાનાં સાથે નાની થઈ જે સાધનથી ડોસાને વશ કરી લીધો તે જ સાધનથી ઘરમાં સર્વ માણસોને ગુણસુંદરીએ થોડા જ કાળમાં વશ કરી લીધાં. ગુણસુંદરી પાસે સૌ પોતપોતાની વરાળ કાઢવા લાગ્યાં, સૌ એને પોતાની માનવા લાગ્યાં, દરેક જણના ચારે હાથ એના પર થયા, એને ખુશી રાખવી એવો સૌના અંતરમાં ભાવ થયો, એનું દિલ દુખાય નહીં એની સૌને થોડીઘણી ચિન્તા રહેવા લાગી, અને થોડોક વખત ગુણસુંદરી ઘરમાં સૌ વેરાયેલા મણકાની માળા જેવી બની ગઈ. આ સુખસ્વપ્ન ઓથાર વગરનું ન હતું, અંત વગરનું પણ ન નીવડ્યું.

એક દિવસ બપોરે એકલી બેઠી બેઠી પોતાના ઘરના ઇતિહાસનો તે વિચાર કરતી હતી. બાલ્યાવસ્થાનાં સુખદુ:ખ સાંભર્યાં. ઊગતી જુવાનીમાં પતિનું મન સમજાતું ન હતું અને પતિ સાથે એ વાતમાં ભેદભાવ હતો, તેથી પોતાને તીવ્ર વેદના થતી. પતિની જ કૃપાથી એ વેદના મટવા વારો આવ્યો. પતિની શાળાની નોકરી હતી અને દંપતી એકલાં રહેતાં તે પ્રસંગે પોતાનો અભ્યાસ ઝપાટાબંધ ચાલતો. ઘરમાં પોતાને કામ થોડું હતું. પતિના અત્યંત પ્રેમનો અનુભવ કરવાનો અવકાશ મળતો, કોઈ જાતની ચિન્તા ન રહેતી, યુવાવસ્થાની વાડી વધારે વધારે ખીલવા લાગી તેમ તેમ શરીરપક્ષીના ભોગવિલાસ અને પંડિત હૃદયના અત્યંત સ્નેહનો વસંત—ઉદય થતો હતો — આ સર્વ વાતો ગમે તેવી પણ અબળાના હૃદયમાં ઉપરાઉપરી ઊભરાવા લાગી. હાલમાં કુટુંબભારની વેઠ વહેવામાં એ સર્વ વાતો સ્વપ્ન જેવી થઉ ગઈ લાગી. એ સ્વપ્ન ફરી નહીં જ આવે એવી નિરાશા ક્રૂર લેણદારની પેઠે હૃદયદ્વારની વચ્ચોવચ ઉમ્મર રોકી બેઠી, અને પાંચપાંચ માસ થયાં પતિ ઘરમાં ને ઘરમાં છતાં તેની સાથે વાત સરખી થઈ શકતી નહોતી તે વિચાર થયો. એ વિચાર થતાં એકાંતે આંખમાં આંસુની ધાર ચાલી રહી. ખોળામાં બાળક કુમુદસુંદરી હતી તેને પોતે પંપાળતાં બાળક પર આંસુનાં ટપકાં પડ્યાં તે લોહ્યાં. ‘અરેરે, સુખી દેખાતી દીકરી! તારે યે શું મારા જેવું થશે?’ એમ કહેતાં કહેતાં નાની કુમુદને ઊંચી કરી. પોતાના મુખ આગળ ધરી, કુમુદ જગતમાં જન્મ્યા પછી આ વખતે પહેલવહેલું જ હસી. ગુણસુંદરીએ તેને છાતીસરસી દાબી, દાબતાંદાબતાં માનું હૃદય ભરાઈ આવ્યું, અને સરસ્વતીચંદ્ર અને કુમુદસુંદરી આગળ જતાં એક જ ઘરમાં અત્યંત સ્નેહ છતાં પરાયાં જેવાં રહેવાનાં હતાં તે સૂચવનાર અમંગળ શુકન થતા હોય તેમ દીકરીને છાતીસરસી વધારે વધારે દાબતી ગુણસુંદરી, ઘરમાં પોતાને એકલી જાણી, ન રહેવાયું તેથી મોકળું મૂકી રોઈ. એ રોઈ તે કોઈએ સાંભળ્યું હોય અને આવતું હોય તેમ પગનો ઘસારો થયો અને ગુણસુંદરી આંસુ લોહી એકદમ ચૂપ થઈ ગઈ.

આજ જરાશંકરમામાને ત્યાં જમવાનું હતું. સૂતકી ગુણસુંદરીને ઘર સોંપી સૌ જમવા ગયાં હતાં એટલે બારણું અમથું વાસી તે એકલી બેઠી હતી. વિદ્યાચતુર કામમાં રોકાયેલો હોવાથી અવકાશે જમવા જવાનો હતો. અવકાશ મળ્યો એટલે એ ઘેર આવ્યો. બારણું ધીમે રહી અડકાવી વાસ્યું ને સાંકળ દીધી તે ગુણસુંદરીએ જાણ્યું નહીં. ઘરમાં બીજા કોઈને ન દેખી પરસાળ ભણી તે આવ્યો. આવતાં આવતાં ગુણસુંદરી રોતી હોય એવો ભણકારો લાગ્યો. અંદર આવ્યો તો એ આંસુ લોહી બેઠી હતી. ઘણે મહિને આજ દંપતી એકાંતમાં મળ્યાં — જાણે ગુણસુંદરીનું દુ:ખ તેનું મન જાણવાના અધિકારીને પોતાની મેળે માલૂમ પડ્યું હોય, ને એ દુ:ખમાંથી છોડાવવા સારુ જ છોડાવવાનો અધિકારી આવ્યો હોય એમ અવ્યારે વિદ્યાચતુર એને સંભારી સંભારી રોનારીની પાસે આવ્યો. એને જોતાં હર્ષશોકના હીંચકા પર બેઠેલી પતિવ્રતા હીંચકો બંધ કરી સફાળી ઊઠી,

અને પતિનું મુખ જોવાની પણ ઢીલ ખમી શકી નહીં. સૂતકનું સ્મરણ ઊછળતા ઉત્સાહના વેગ આગળ પાછું પડ્યું, હાથમાં બાળકી હતી તેને એ હાથે પોતાની મેળે ભૂમિ પર મૂકી દીધી, અને ચંદ્રકળા મોટા વાદળમાંથી ઓચિંતી નીકળી આકાશને કંઠે લટકી પડે એમ પરસાળના અંધારામાંથી ઊછળી ગુણસુંદરી વિદ્યાચતુરને કંઠે એકદમ વળગી પડી — લટકી રહી!

પોતાના કંઠથી ચરણ સુધી પળવાર લટકી રહેલી આ મોહનમાળાને * હાથ વડે ઊંચકી લઈ — સંકેલી લઈ — વિદ્યાચતુર હીંચકા ભણી ગયો. આનંદની નૌકા જેવા હીંચકા પર તેને બેસાડી, જોડે પોતે બેઠો, ભૂમિ પરથી બાળકને ઉપાડી હાથમાં લીધું અને હસતે મુખે બોલ્યો: ‘આજ કાંઈ આમ એકદમ ઊર્મિ ઊછળી આવી?’ ઉત્તર ન દેતાં ગુણસુંદરીએ એક હાથ એના ખભા પર મૂક્યો, બીજા વડે એની હથેળી પોતાના મોં પર મૂકી રાખી થોડી વાર પતિને નિહાળી રહી. પછી પતિના બીજા હાથમાં તેના કામના કાગળો હતા તે પોતાના હાથમાં લીધા, અને જુએ છે તો તેમાંના એક ફોડેલા પરબીડિયાની પીઠે પતિના અક્ષરનો લેખ માલૂમ પડ્યો તે વાંચ્યો:

‘વિયોગે પામે નાશ, ભુલાતી પ્રીતિ: એમ સૌ કહે છે,

તે ખોટું! ખોટું! ઓ વ્હાલી! અનુભવ થકી પ્રમાણી લેજે!

દિન દિન રસ જે વપરાય, જૂનો થઈ જતો બૂટી તે જાતો!

વણભોગવી સંચિત થતી પ્રીતિનો નવો રાશિ બની જાતો!’

વાંચી બોલી: ‘મને પ્રશ્ન પૂછ્યો તો ઉત્તર એ કે આપને આ લખવું ક્યાંથી સૂઝ્યું?’

‘એ તો કચેરીમાં કામ પર બેઠો’તો ત્યાં જરાક વિચારમાં પડ્યો અને વિચારમાં ને વિચારમાં મેઘદૂતનો આ ભાગ સાંભરતાં લખી કાઢ્યો.’

‘પણ આ જ ભાગ ક્યાંથી સાંભર્યો?’

‘તું તો વકીલની પેઠે મને સામા પ્રશ્ન પૂછવા લાગી!’

‘હાસ્તો! સીધો ઉત્તર ન આપે તેને આડા પ્રશ્ન.’

‘ચાલો, પૂછો ત્યારે.’

‘કચેરીમાં કામની વખતે બધું મૂકીને આ ભાગ ક્યાંથી સાંભર્યો? ને સાંભર્યો તો સાંભર્યો પણ આ કામના કાગળ પર કોઈને હાથ જાય એમ લખી કાઢ્યું એવા હૈયાસૂના ક્યાંથી થઈ ગયા? ચાલો, બોલોજી! — જુઓ, આ બાળકી પણ તમારા સામું જોઈ રહી છે તે સાક્ષી છે.’ હસતી

આંખોએ અને હસતે મોંએ ગુણસુંદરી વિદ્યાચતુરના સામું જોઈ રહી, પોતે જીતી હોય એવો ડોળ કર્યો, અને પતિના ખભા ઉપર હાથ મૂક્યો — જાણે કે પ્રભાતની હસતી શોભાએ સામા પર્વત પર ઇન્દ્રધનુષ્યનો લાંબો કટકો ટેકવ્યો હોય!

‘ચાલ, તું જીતી ત્યારે.’

‘ના, એમ નહીં — એટલેથી કાંઈ વળે! હવે તો બંધાયા તે ઉત્તર દ્યો. તે વગર છૂટકો નથી. અમે પણ તમારી કળા થોડીઘણી શીખ્યાં છીએ.’

વિદ્યાચતુર ખડખડીને હસ્યો.

‘કહો કે જેવી મને ઊર્મિ થઈ આવી તેવી તમને ય થઈ આવી — મને તમને જોઈને થઈ આવી, તમને હું સાંભરતાં થઈ આવી.’

‘વારુ એમ ત્યારે. હવે કંઈ?’

‘જેવી ગત આપણી, તેવી ગત પારકી. ફરી પૂછશો કે આવી ઊર્મિ ક્યાંથી થઈ આવી, તો ફરી આમ ને આમ બંધાશો.’

આ વિનોદવાર્તા કેટલીક વાર સુધી ચાલી. વાર્તામાં ને વાર્તામાં એક રસમાંથી બીજા રસમાં સંક્રાંતિ થઈ. યૌવનકથા ચાલતાં ચાલતાં કુટુંબકથા ચાલવા માંડી. હાસ્યવિનોદનો પ્રવેશ પૂરો થતાં ગંભીરતાનો પ્રવેશ પ્રકટ થયો. વિદ્યાચતુરે કુટુંબના સર્વ માણસની સ્થિતિ પૂછવા માંડી. તેમની સ્થિતિનાં વર્ણન કરતા તેમના પ્રતિ ગુણસુંદરી પોતે કેવો ભાવ ધારે છે તેનું અંતરમાં અવલોકન કરવા લાગ્યો. એ અવલોકનથી ગુણસુંદરીનાં પોતાનાં સુખદુ:ખનાં હાર્દ સમજ વા પ્રયત્ન કરી કરી પતિપત્નીના હૃદય પર બંધાયેલાં પડેપડ ઉકેલવા લાગ્યો, તેને અંતે હૃદય ખરેખરું ઉઘાડું થઈ ગયું એટલે એ હૃદયનું શુદ્ધ સ્વરૂપ આતુર મનથી નિહાળવા લાગ્યો. જેમ ચર્મચક્ષુ બાહ્ય શરીરની સુંદરતાથી મોહ પામી તેનો ઉપભોગ કરે છે તેમ પતિનું મનચક્ષુ પત્નીના હૃદયની નિ:શંક અને ઉદ્ભિન્ન સુંદરતાથી મોહ પામી પામી તેનો ઉપભોગ કરવા લાગ્યું; એ હૃદયનો અનુપમ પતિપ્રેમ, વૃદ્ધ માનચતુરના જેવડી કુટુંબવત્સલતા, ધર્મલક્ષ્મીના જેવી ક્ષમા, ચંચળબહેનના કરતાં પણ વધારે ઉદ્યોગ પર આસંગ, સુંદરગૌરી કરતાં પણ વધારે મૃદુતા, પોતાના કરતાં પણ વનારે કુટુંબભારની ધુરંધરતા, ઘરમાંના છોકરાં જેવી નિત્ય રહેતી આનંદવૃત્તિ, અને પોતાના હાથમાં હતી તે નિર્દોષ બાળકીના જેવી નિર્દોષતા: આ સર્વ સદ્ગુણોની સુંદરતાથી ભરેલા પ્રિયાના હૃદયનો નીવીબંધ શિથિલ કરી દઈ, તે નીવીબંધ સાચવવા વિનય મુગ્ધાના પ્રયત્ન વ્યર્થ કરી દઈ, હૃદયસુંદરતાના વિલાસનો અભિલાષી પતિ વાર્તા કરતાં કરતાં અને અચિંત્યો સ્નેહાવેગ ચડી જતાં પત્નીના શરીરને સહસા બળથી હૃદયદાન દેવા લાગ્યો અને હીંચકા ઉપરની પીઢો જોઈ બોલી ઊઠ્યો:

नीवीबन्धोच्छ्वसितशिथिलं यत्र बिम्बाधराणां

क्षौमं रागादनिभृतकरेष्वाक्षिपत्सु प्रियेषु।

अर्चिस्तुङ्गानभिमुखमपि प्राप्य रत्नप्रदीपान्

ह्रीमूढानां भवति विफलप्रेरणा चूर्णमुष्टिः॥

હાથ શિથિલ કરી દઈ પૂછવા લાગ્યો:

‘ગુણિયલ! આપણે પણ આવી અલકાપુરી જ છે સ્તો. પાંચ મહિના સુધી એકબીજા સાથે બોલ્યાં નથી, પણ કહે, આજ એ સૌનો ખંગ નથી વાળી દીધો? મને તો વળી ગયો છે. ખરે, મને તું ન મળી હનેત તો મારા આ મોટા કુટુંબમાં આ સુખશાંતિની અમૃતવૃષ્ટિ ક્યાંથી થાત? પુરુષ ગમે તે કરે પણ ઘરની સંભાળ તેનાથી કદી લઈ શકાવાની નથી. મારાં વૃદ્ધ માતાપિતાની અને અણસમજુ ભાડુંની સંભાળ લેનારી આવા મોટા મનવાળી ગુણિયલ મને મળી—પણ મારાથી તારા સારુ કાંઈ બનતું નથી. તારે સારુ મેં શું કર્યું? તારા વિદ્યાવિનોદના દિવસ બંધ થયા! ક્ષુદ્ર રંધવારી અને ચાકરડીનું કામ તું કરે ત્યારે મેં તારા ગુણનો શો બદલો વાળ્યો? અરેરે! એ તે મારાં સાધન ટૂંકાં કે મારી ઉદારતા ટૂંકી?’ નિ:શ્વાસ મૂકી, ગુણસુંદરીને છોડી દઈ, હાથ ઊંચો કરી હીંચકાની સાંકળો ઝાલી વિદ્યાચતુર ચિંતાતુર અને ઊંચું મુખ કરી જોઈ રહ્યો.

પતિના હાથમાંથી બાળકને લઈ લેતી સ્ત્રી બોલી: ‘મારી એક ભૂલ થઈ. તમારી પાસે આ ઇતિહાસ કહ્યો તો તમારે મોંએ મારાં પોતાનાં વખાણ સાંભળવાનો વખત આવ્યો. તમે પોતાનાં વખાણ કરતાં નથી ને મારાં કરો છો એટલો તમારા મનમાં મારી તમારી વચ્ચે એક ભેદ રહ્યો. ત્યારે હવે આ વાત કરવી પડતી મૂકું છું.’

એક ઉત્તર વડે ચતુર પત્નીએ બે અર્થ સાર્યા. પોતાની સ્તુતિ કરતો તેને અટકાવ્યો અને બીજું આ વચન સાંભળી પોતે કરેલો ખેદ ભૂલી એ પુષ્કળ હસ્યો અને બોલ્યો: ‘બહુ સારું, મડમ સાહેબ, મને પણ મારી ભૂલ યાદ આવી. હવે વખાણ નહીં કરું. ચલાવો કુટુંબકથા.’

કુટુંબકથાની અરઘટ્ટઘટિકા [૧] પાછી ચાલવા માંડી અને તેનો અંત ભાગ નીચે પ્રમાણે આવ્યો:

‘મેં ઘરમાં બધાંની જોડે વાત કરી જોઈ છે. પ્રથમ તો તમે કમાઓ છો ને મોટાભાઈનો કાંઈ જોગ ન થાય તે તમને સારું દેખાય નહીં. વડીલ પણ

એ વાતથી નારાજ છે. બીજું, તમારા ઘરમાં સૌને આનંદ ને દુ:ખબાબહેન દુ:ખમાં રહે એ શોભે નહીં. સાહસરાયને બે પૈસાની મદદ કરશો ને એ નાસભાગ કરતા મટી ગામમાં આવી બે પૈસા કમાતા થશે તો એ પણ તમારું ભાડું છે. કુમારીને વર છે પણ લગ્ન કરવાનું ખરચ ક્યાંથી કાઢવું તેના વિચારમાં દુ:ખબાબહેન સોસાઈ જાય છે ને કોઈને કહેવાતું નથી. હવે આ આપણું બાળક ઓઢશે પહેરશે ને ચંચળબહેનનાં છોકરાં વગર ઘરેણે ફરશે એ સારું દેખાય તો તમે જાણો. માતુશ્રીને પણ આ બધી બાબત મનમાં થાય છે. વળી એમના દેવનો લાકડાનો પાલખો બદલી રૂપાનો કરાવો તો એમનો પોતાનો પણ એક અભિલાષ પૂરો થાય. એટલું કરો તો હમણાં ચાલશે. બાકીનું પછી થઈ રહેશે.'

'હજી બાકી છે કે? તો તે કહી દે ને!' હબકી ગયા જેવો થઈ વિદ્યાચતુર બોલ્યો. ગુણસુંદરી તે સમજી ગઈ. પતિની કમાઈ ટૂંકી હતી, તેમાંથી એકદમ સર્વ કુટુંબભાર વહેવાનું માથે પડતાં, ખરચ પણ એકદમ વધી ગયું હતું. પોતાના સીમંતનું મોટું ખરચ હમણાં જ કાઢ્યું હતું અને બચાવેલું દ્રવ્ય તેમાં ઘસડાઈ ગયું હતું. આ વગેરે સર્વ સાંભરી આવતાં ઢીલી પડી જઈ બોલી: "જેને જે વીતે તે જાણે ને જેને માથે ભાર હોય તે તાણે. તમારી સ્થિતિ મને એકદમ પ્રથમથી ન સૂઝી. મારાં વખાણ કરો છો ત્યારે તમારે જે ભાર ખેંચવો પડે છે તેનું કેમ કાંઈ બોલતા નથી ને તમારાં પોતાનાં વખાણ કેમ કરતા નથી? ખરે, અમારાં દુ:ખ ઉઘાડાં, પણ તમારાં તો ઢાંક્યાં. તમે કહો છો કે તારે સારુ મારાથી કાંઈ થઈ શકતું નથી, ત્યારે તમારે સારું મારાથી શું થાય છે? પાંચપાંચ માસ થયાં ઘરમાં આવી ઘડીભર જંપી બેઠા દેખતી નથી. મારા હૈયાની વરાળ તો કંઈક પણ કાઢતી હોઈશ, પણ તમારે તો વાત કરવાનું પણ ઠેકાણું નથી. તેમાં વળી આટલે દિવસે આજ ઘડી જંપીને વાત કરવા આવ્યા ત્યારે મને પાપિણીને તમે ઘડી આનંદમાં જ રહો એટલી વાત કરતાં ન આવડી —" વાક્ય પૂરું થયું નહીં એટલામાં સાંકળ ખખડી ને ઉઘાડી જુએ છે તો સુંદરગૌરી જમીને હાંફતી હાંફતી આવી, ને બારણું ઊઘડતાં ઉતાવળથી અંદર દોડી પેઠી. વિદ્યાચતુર ખેદવાળે મોંએ પાઘડી પહેરી જમવા જવા બહાર નીકળ્યો. ગુણસુંદરી પસ્તાતી ખેદ પામતી પતિની પૂઠે દૃષ્ટિ નાખતી ઊભી રહી. તે દૃષ્ટિ બહાર થયો એટલે રોવા જેવા મોંએ, બારણું વાસી, બીજી પાસ જુએ છે તો સુંદરગૌરી ગભરાયેલી અને રોવા જેવી ધ્રૂજતી ધ્રૂજતી ઊભેલી.

"કેમ સુંદરભાભી, આ શું ઓચિંત્યું? આટલાં બધાં ધ્રૂજો છો કેમ?" આ પ્રશ્નનો ઉત્તર અપાઈ શકે તે પહેલાં એકદમ બારણું ઊઘડ્યું. ગાનચતુર ઉતાવળો ઉતાવળો અંદર આવ્યો. આવતામાં જ બારણા અંદર તરત પેઠેલી સુંદર ઊભી હશે એમ જાણી ભૂલમાં ગુણસુંદરીને ખભે હાથ મૂક્યો. ગુણસુંદરીએ ચમકી પાછું જોયું. પાછું જોયું કે તરત જ ગાનચતુર પોતાની ભૂલ સમજ્યો, અને ભૂલ સમજતાં જ હાથ ખેંચી લીધી અને લેવાતે મોંએ

બોલ્યો, “તમે કે? મારા મનમાં કે તમારી જેઠાણી ઊભી હશે.” પાપના પોપડા ઉપર જૂઠાણાનું લીંપણ થતું જોઈ ક્રોધમાં આવી ભમ્મર ચડાવી ગુણસુંદરી કહેવા જતી હતી કે “કઈ જેઠાણી?” પણ એટલામાં તો વીજળીની ત્વરાથી ગાનચતુર ચાલ્યો ગયો અને દાદરે ચડી પોતાની મેડીમાં દાખલ થઈ ગયો. ગુણસુંદરી શાંત પડી, ચોળાચોળ કરવાનું પરિણામ સારું નથી જાણી જેઠનો કેડો લેવાનું છોડી દીધું, અને વધારે ધ્રૂજતી સુંદર ભણી દયાળુ મોં કરી બોલી:

“તે દિવસે તમારું રોવાનું કારણ આ હશે અને આજ ધ્રૂજવાનું કારણ પણ આ જ હશે. હવે હું સમજી.”

સુંદરની આંખમાં આંસુ માયાં નહીં, લજ્જા અને ભયથી કંપતા ઓઠને નીકળવા પ્રયત્ન કરતી વાણી ઉઘાડી શકી નહીં, દુખિયારી વિધવાને પોતાનું ભાન રહ્યું નહીં, તેના માથા પરથી છેડો પાછળ ઊતરી પડ્યો અને પાંદડા વડે ફૂલ ઢંકાય તેમ બે હાથ વડે આંખો ઢાંકી દઈ ભીંતને અઠીંગી અનાથ સુંદરગૌરી બોલ્યાચાલ્યા વિના માત્ર ઊભી રહી. આ પ્રકરણ પૂરું નથી થયું એટલામાં ધસતીધસતી ચંડિકા બહારથી આવી. એનો મિજાજ કાંઈક કારણથી ગયો હતો તેથી જણાતું હતું કે સૌ જમવા ગયાં હતાં ત્યાં કોઈ નવાજૂની થઈ હશે. “રાંડ, નાયકા, આજ તારાં લક્ષણ જાણ્યાં” એમ કહી, રોતી ધ્રૂજતી સુંદર ઉપર કોપેલી ચંડિકા કૂદી પડી અને તડીતડી તેને ભીંત સાથે દાબવા લાગી. “વાહરે ભાભીજી! આ શું? છોડો એને” કહી ગુણસુંદરી વચ્ચે પડી, સુંદરને છોડાવી. ગાળો દેતી દેતી મોટે સાદે મોં વાળતી ચંડિકા મેડીએ ચડી અને ધણી સામી ઊભી રહી છાજિયાં લેવા લાગી. ચંડિકાનો ક્રોધ જોઈ “શું આમાં સુંદરનો દોષ નહીં હોય?” એમ વિચારી “ના ના, કંઈક આંધળે બહેરું કુટાંયું છે” એમ મનમાં કહેતી કહેતી ગુણસુંદરી સુંદરને વધારે પૂછવા જાય છે એટલામાં ઘરનો બાકીનો સૌ સ્ત્રીવર્ગ તથા છોકરાં આવ્યાં, એટલે કાંઈ ન થયું હોય એમ ગુણસુંદરી જમણના સમાચાર પૂછવા લાગી અને કોઈ કાંઈ વાત કાઢે છે કે શું કરે છે તેની વાટ જોવા લાગી. કોઈનું ધ્યાન ન ખેંચાય એમ સુંદર લવે હળવે પોતાને કામે વળગી. ગુણસુંદરીને ઉત્તર મળે એમ ન લાગ્યું. ધર્મલક્ષ્મીનું મોં ચડ્યું હતું, અને ચડેલે મોંએ એક ઠેકાણે બેઠી. દુ:ખબા ગભરાયેલા જેવી દેખાઈ. કંઈ કામ ન જડતાં હીંચકે સૂતી. ચંચળ પોતાને કામે લાગી, પણ કામ કરતાં વચ્ચે વચ્ચે મનમાં ને મનમાં કંઈક બડબડતી હતી. આ સૌ તાલ ગુણસુંદરી જોઈ રહી. એકદમ આમ સૌના સ્વભાવ ફરી જતાં આજ જ જોયા. આવો અનુભવ પ્રથમ જ થયો. “શું મારા ઉપર સૌના મનમાં કાંઈ આવ્યું હશે?” “શું કોઈએ કાંઈ સાચાંજૂઠાં કર્યાં હશે?” “શું સ્વામીનાથના ઉપર આ સૌ હશે?”, “ઓ ઈશ્વર! સૌની મરજી ઉઠાવતાં ઉઠાવતાં પણ આવું જોવું રહ્યું!”, “ઘરનો ભાર વેઠવામાં આ વેઠવાનું પણ ખરું કે?” “શું મારાથી જ કંઈ ખરેખરી કસૂર થઈ ગઈ હશે?” આમ હજારો વિચાર કરતી

કરતી, ઘડીમાં એકના મોં સામું અને ઘડીમાં બીજાના મોં સામું જોતી જોતી, ગુણસુંદરી ધર્મલક્ષ્મીની દેવસેવાની સામગ્રી કરવા જવા લાગી, એટલે જમણો હાથ લાંબો કરી ડોશી તબડકો કરી ઊઠ્યાં: "ના બાપુ, ના, એ બધું મારે છે તેમનું તેમ રહેવા દો એટલે ઘણું — મારે તો કંઈ કરાવવું યે નથી ને જોઈતું યે નથી." કાંઈ બોલ્યા વિના બોલેલું સાંભળતી ન હોય તેમ ગુણસુંદરી હાથમાં લીધેલું કામ કરવા લાગી એટલે ચંચળ દોડતી દોડતી આવી અને એનો હાથ ઝાલી એની પાસે કામ પડતું મુકાવી, રીસમાં ને રીસમાં પોતે તે કામ કરવા લાગી. ગુણસુંદરી તે કામ પડતું મૂકી છાનીમાની દુ:ખબા પાસે જ હીંચકે બેઠી અને એના સ્પર્શથી અભડાતી હોય તેમ દુ:ખબા એકદમ ઊઠી પરસાળને ઉમ્મરે બેઠી. ગુણસુંદરીએ પૂછ્યું: "મોટીબહેન! આજે આ બધું શું છે?" તેના ઉત્તરમાં તેને પાંશરો જવાબ ન દેતાં નણંદ બોલી: "બળી એ વાત! જવા દ્યોને એ પંચાત! તમે તમારું કામ કરો." ગુણસુંદરી બધે ઠેકાણેથી છોભીલી પડી ગઈ. તેની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં, અને સૂતક ઊતર્યું ન હતું તે છતાં ક્રોધમાં ને ક્રોધમાં કોઈને ન ગણી. બધાંની પાસે કાંઈ વધારે ઓછું ન બોલાઈ જવાય તેટલા માટે અને ઘડીક એકાંતમાં ઊભરો શાંત થાય એ ઇચ્છાથી, એકદમ કુમુદને લઈ પોતાની મેડીએ ચડી ગઈ. તે જોઈ પોતાનું દુ:ખ ભૂલી જઈ સુંદરગૌરી બડબડી: "બધાંની ગરજ તમારે — તમારી ગરજ કોઈને નહીં — ખરી જ વાત તો!" એમ કહી ગુણસુંદરીને શાંત પાડવા સૌના ઉપર મનમાં ક્રોધ આણી સુંદરગૌરી ગુણસુંદરીની પાછળ ચડી. દાદરનાં છેલ્લાં પગથિયાં પર ચડતાંચડતાં ઘણે દિવસે પોતાની મેડી પર ગુણસુંદરીની નજર પડી, અને પોતાની કે પારકી સંભાળ વગર બધી રીતે બદલાયેલી અને અવ્યવસ્થામાં પડેલી મેડી અને તેમાંનો સામાન જોઈ, વિદ્યાચતુરને એમાં કેમ નિદ્રા આવતી હશે એ વિચાર થયો. વિચાર થતાં હૈયું ભરાઈ આવ્યું, અને એ દુ:ખ ઉત્પન્ન થતાં પળવાર ઉપર થયેલાં સૌ દુ:ખ પળવાર ભૂલી ગયા જેવું થયું. મેડીમાંનો પલંગ એકીટશે જોતી જોતી છેલ્લા પગથિયા પર ઊભી રહી અને પાછળ ચડતી સુંદરનો સ્પર્શ થતાં એ સ્વપ્નમાંથી જાગી. જાગતાંમાં જ તરત ઉપર ચડી, ચડીને પોતે પલંગ પર બેઠી, કુમુદને પણ પલંગ પર સુવાડી અને એને અઠીંગી સુંદર પાસે ઊભી રહી. તેનો હાથ પોતાના બે હાથની હથેલીઓ વચ્ચે દાબી રહી. બેમાંથી કોઈ બોલ્યું નહીં. સુંદર ભોંય ઉપર જોઈ રહી, અને ગુણસુંદરી સામી ભીંત ભણી જોઈ રહી અને અધઘડી એ દશામાં રહી. અંતે વિચારમાં ને વિચારમાં બોલી ઊઠી:

अपारसंसारसमुद्रमध्ये निमज्जीतानां
शरणं किमस्ति।

गुरो कृपालो कृपया वदैतत्
विश्वेशपादाम्बुजदीर्धनौका॥

આ શ્લોક બોલતાં જ ગુરુ પ્રસન્ન થયા હોય એમ વિદ્યાચતુરનાં પુસ્તકો પર દૃષ્ટિ પડી, અને ઊઠી તેમાંથી એનાં ખાનગી ટિપ્પણનું પુસ્તક ઉપાડી ઉઘાડે છે તો અનાયાસે મલ્લરાજે આપેલી પ્રથમ આજ્ઞાનાં વાક્યવાળું જ પાનું ઊઘડ્યું.

“સુંદરભાભી! આ જુઓ તમારા દિયર મહારાજની નોકરીમાં રહ્યા તે પ્રસંગે મહારાજે એમને કરેલી પ્રથમ આજ્ઞા. એમાં જુઓ કે સ્ત્રીઓના કેટલા કેટલા ધર્મ લખ્યા છે? પુરુષોને એથી વધારે ધર્મ પાળવા પડે છે. મહારાજની આજ્ઞા આપણે પણ પાળવા જેવી છે.”

સુંદરે સૌ વાંચી જોયું ને પુસ્તક પાછું આપતી આપતી બોલી, “નાનાં ભાભી! એ બધું ખરું, પણ આપણે યે માણસ છીએ. એમને ખોટું લાગે ને તમને ન લાગે, નાના ભાઈ કમાય ને નાનાં ભાભી વૈતરું કરે અને તબડકા વેઠે; પણ એની તો કોઈને ગુણઓશિંગણ નહીં. નહીં તો નહીં પણ સામું વગર વાંકે આરોપ મુકાય ને ન્યાયઅન્યાય તો તમારો તોળાય નહીં. એ તે કંઈ રીત છે? એવું એવું ખમવાની આજ્ઞા તો મલ્લરાજ પણ ન કરે.”

નીચું જોઈ વિચારમાં પડી આખરે ગુણસુંદરી બોલી: “સુંદરભાભી! તમે ધારો છો એમ નથી. ઈશ્વર માણસને માથે હજારો જાતની વિપત્તિઓ નાખે છે તેનો કોઈ હેતુ નહીં હોય એમ નહીં હોય. દુ:ખથી માણસ ઘડાય છે —”

“ઊંઘ્યો તમારો ઈશ્વર!” સુંદર અકળાઈને બોલી, “જોને વાત કરે છે તે! આ નાનપણમાંથી મારે તો સુખ દેખવા વારો આવ્યો નથી અને આ અવતાર આવનાર નથી. હેવાતન ગયું તેને મરતાં સુધી દુ:ખ. પછી એ દુ:ખથી તે કિયા અવતારમાં ઘડાંઈ રહેવાનું છે ને સુખ દેખાવાનું છે? એમ કહો કે પાછલે અવતાર કર્યું હશે, ત્યારે આ અવતાર ભોગવીએ છીએ તે ખરું, અને આવતા અવતારની વાત ખોટી. આશા એટલે નિરાશા, દુ:ખ, દુ:ખ ને દુ:ખ!”

ગુણ૦: “તમે કહો છો એ વાત સમૂળગી ખોટી નથી. પણ પાછલો અવતાર ખરો માનવો ત્યારે આવતો અવતાર કેમ નહીં? લખચોરાશીની ઘટમાળ ફર્યા કરે છે. તપેશ્વર તપ કરે છે તે આવતા અવતાર માટે. આપણે યે જે દુ:ખ ખમવાં પડે તે પણ એક જાતનું તપ!”

સુંદર: “તેને તે તપ કેમ કરીને કહેવાય? તપેશ્વર તો જાણી જોઈને હાથે કરી તપ વેઠે છે; અને આપણે તો વેઠો કે ન વેઠો પણ માથે પડી શિવાય નમ:”

ગુણ૦: “આપણે પણ માથે પડ્યું વેઠવાના બે રસ્તા છે. ગમે તને બડબડી ઈશ્વરને માથે આરોપ દઈ વેઠીએ તો યે વેઠાય; ને ગમે તો ઈશ્વર જે કરતો હશે તે સારા સારુ જ હશે એમ જાણી વેઠીએ તે પણ વેઠાય. પણ એકનું નામ તે ન આલ્યે વેઠવું અને બીજાનું નામ તે ઈશ્વરની ઇચ્છાને

આનંદથી અધીન થવું એટલે આનંદથી ઈશ્વરનું કિંકરપણું કરવું અને એનું નામ પણ તપ જ સમજવું. ઘરમાં બધાં યે અત્યારે અકળાયાં છે તે ઘડીસોરાં આજ નહીં તો કાલ શાંત થશે, અને તે જાણ્યા છતાં તેટલી વાર સુધી હું ને તમે પણ અમસ્તાં જ અકળાઈશુ તેમાં કંઈ ફળ છે? તમારે જન્મારાનું દુ:ખ છે તેના આગળ તો આ કંઈ ગણતરીમાં નથી. મોટાં અકળાય ત્યારે એમ સમજવું કે "હશે! મોટાં છે — આપણે નાનાં, તેણે સૌની મરજી સાચવવી જોઈએ." નાનાં વાંક કરે ત્યારે એમ સમજવું કે 'હશે! નાનાં ને મોટાં બે સરખાં થશે, ત્યારે મોટાનું મોટાપણું શામાં?' મને તો સુખનો રસ્તો આ લાગે છે."

સુંદર: "હાસ્તો. જ્યાંત્યાં મનનું સમાધાન કરવું."

ગુણ૦: "ના, સૌને સુખ થાય એવો રસ્તો કાઢવાનું આપણા હાથમાં હોય ત્યારે તેનો વિચાર કરવો કામનો, બાકી તો દુ:ખ ગણીશું તો યે દુ:ખ આવશે ને સુખ ગણીશું તો યે આવવાનું આવશે. એમ હોય ત્યારે તો દુ:ખને પણ સુખ ગણી લેવામાં શાણપણ છે."

સુંદર જોઈ રહી, તેના મનમાં સમાધાન થયું, એનું પોતાનું દુ:ખ પણ નરમ પડ્યું, અને ગુણસુંદરીના હાથમાંનું પુસ્તક ઉઘાડી તેમાં જોતી જોતી જરાક મોં મલકાવી બોલી:

"ખરું છે. આ બધું શાણપણ મારા દિયર પાસેથી આણ્યું હશે. વારુ, એમણે તમને સમજણ આપી તો આજ મારે કામ લાગી. પણ એવા ભાયડા બધાને ક્યાંથી હોય? પાંચે આંગળીએ પરમેશ્વર પૂજ્યા હશે ત્યારે મારા દિયર જેવો ભાયડો મળ્યો છે. બાકી તો આ તમારા જેઠ જીવે છે તેવા ભાયડા હોય તેના કરતાં તો મારી દશા સારી છે. આ જુઓ એમની મેડીમાં ભવાઈ ચાલી છે તે અહીંયાં સુધી સંભળાય છે."

"બળી એ ભવાઈ. પણ આ જ આ બધું શું થયું? તમને ખબર હશે?"

આના ઉત્તરમાં હા કહી સુંદરગૌરીએ સર્વ વાત કહેવા માંડી. જરાશંકર મામાને ત્યાં સૌ જમવા ગયાં ત્યારે તેણે માનચતુરને ઘરના સમાચાર પૂછ્યા. ઘરમાં સૂતોસૂતો માંદો ડોસો નિત્ય ઘરનાં તાલ જોયાં કરતો હતો, ગુણસુંદરી પાસે સૌ વાતો કરતાં તે પણ થોડીઘણી સાંભળી શકતો, અને ઘરનાં સૌ માણસ પર એને કંટાળો આવ્યો હતો. એ ક્રોધ ડોશી ઉપર કાઢ્યો અને ભાઈ બહેનને ધમકાવશે જાણી માનચતુરે જરાશંકર પાસે ધર્મલક્ષ્મીના વાંક ઉપરાઉપરી કાઢવા માંડ્યા. તે પ્રસંગે સર્વ કુટુંબ બેઠેલું હતું અને તેમના સર્વના દેખતાં પોતાના ભાઈ પાસે આટલા ઘડપણને વખતે પતિને મુખે પોતાના ખરાખોટાં દોષ નીકળે તે ડોશીથી ખમાય નહીં એ સ્વાભાવિક હતું. હું પતિનું કહ્યું નથી માનતી અને મારા ઉપર પતિને સંતોષ નથી એવું ભાઈ ધારશે જાણી બહેનને સવિશેષ દુ:ખ થયું. ગુણસુંદરી વિના ઘરનાં બીજાં સર્વ માણસનો દોષ ડોસાએ કાઢ્યો તેથી ડોશીના મનમાં એમ

વસી ગયું કે હું વહુ ડાહીલી થઈ બધાંની સાથે બધાંની થઈ છાનીમાની વાતો કરતી હતી તે વાતો પાછી એણે જ ડોસાને કહી દીધી હશે. ડોશીને પાલખાનો ખપ છે ને ફલાણાને ફલાણી વાત કરવી છે એ સૌ બાબતની માહિતી ડોસાને ગુણસુંદરીથી મળી હશે જાણી એના પર ડોશીને તિરસ્કાર થયો, અને સ્ત્રીમંડળ એકલું પડ્યું તે વખતે ડોશીએ પોતાની દીકરીઓને મોંએ નાની વહુ બાબત આ હકીકતની ફરિયાદ કરી અને આવેશમાં ને આવેશમાં બોલી જવાયું કે “ખરી વાત, દીકરાનું કમાયેલું ખાઈ એ પણ તે વહુને જ હાથે કની? ઘડપણ ઓશિયાળું થયું ત્યારે વહુરોના ટુંબા ખાવા પણ પડે. હોય, એમાં એ શું કરે? આપણા બધાંનો ભાર એમને વેઠવો પડે તે શાં વ્હાલાં લાગીએ?” ડોશીને આ પ્રમાણે ઓછું આવી ગયું. દીકરીઓએ વાતોમાં ટાપશી પૂરી, ને માના દુ:ખમાં દીકરીઓ પણ ભાગ લેતી હોય તેમ તેમને પણ ભાભી ઉપર ખોટું લાગ્યું. ડોશીની આંખમાં આંસુ આવી ગયાં, અને ચંચળ તે લોહતીલોહતી બોલી: “મા! શું કરવા અકળાય છે? જેનો વખત હોય તેનાં ગીત ગાવાં પડે એ તો સંસારનો રસ્તો જ છે.” દુ:ખબા રોઈને બોલી: “આ સૌ મારે સારુ થાય છે.” જરાશંકરના ચૉક આગળ પરસાળમાં આ પ્રમાણે વાતો થતી હતી. તે પરસાળમાં રાઈતાં કરવા બેઠેલી સુંદરે સાંભળ્યું હતું અને એણે સૌ અત્યારે ગુણસુંદરીને કહી દીધું. ગુણસુંદરીને હવે સૌ વાત સમજાઈ અને ગંભીર મુખથી બોલી:

“એમનો કોઈનો વાંક નહીં. ટાંકસંચો એવો થયો કે એમના મનમાં આવું વસી જ જાય, અને મારો વાંક નથી તોપણ વાંક વસે એમાં નવાઈ નથી. વડીલને મારા ઉપર પ્રીતિ અને દયા એટલી બધી છે કે બધાનો વાંક કાઢકાઢ કર્યા કરે છે. શું કરીએ કે મારા ઉપરથી એમનો ભાવ ઓછો થાય? હવે આ બધું તો સમજાયું. પણ મને કહેવાને વચનથી બંધાયાં છો તે વાત કહોને!”

સુંદર પાછી લેવાઈ ગઈ, તેના ઓઠ ન ઊપડ્યા અને આંખમાં આંસુ આણી ગુણસુંદરી સામું ટગરટગર જોઈ રહી. આખરે બોલી:

“શું આ વાત પૂછ્યા વગર તમારે નહીં ચાલે? હવે એ વાત જવા દો તો તમારો પાડ.”

“પાડ બાડ મારે જોઈતો નથી. ઓસંગાયા વગર જે હોય તે કહી દો. મને તમારી બહેન સમજજો. જુઓ, મારી વાતો હું તમને કહું છું કે નહીં?”

સુંદર વાત કહેવા જતાં જતાં વળી અચકી અને બોલી: “બળી એ વાત. જવા દો. કહીશ કોઈ દહાડો વળી.”

“ના, આવો વખત નહીં મળે. હવે સાંભળ્યા વગર મારું મન કહ્યું નહીં કરે. અત્યારે ને અત્યારે બધું કહી ન દ્યો તો આ તમારી દીકરીના સમ. એ વ્હાલી હોય તો કહો.” ગુણસુંદરીએ નાની કુમુદસુંદરીને પલંગ પરથી આણી સુંદરના ખોળામાં મૂકી દીધી. સુંદરને સ્મરણ થતાં ચમકીને બોલી:

“વારુ, તમે સૂતકી છો. મને ને આ પલંગને ને બધા ઘરને — બધાંને સૂતકી કરી દીધાં તમે તો!”

સૂતકને મનના આવેશે ભુલાવ્યું હતું: વિદ્યાચતુર આવ્યો ત્યારે હર્ષના ઉછાળાએ ભુલાવ્યું, અત્યારે દુ:ખના ઉછાળાએ ભુલાવ્યું. સ્મરણ થતાં ગુણસુંદરી પણ ચમકી.

“હવે તો શું કરીએ? તમે નાહી નાખજો, પલંગને કંઈ નવરાવાય એમ છે? પણ એ બહાને તમે વાત ઉડાવો છો.”

“હું શું કરું? તમને કહેતાં જીભ ઊપડતી નથી. બાકી જાણું છું કે તમે જાણશો ત્યારે જ મને કરાર વળશે ને ત્યારે જ — તમે સમજ્યાં જ છો તો! હવે વધારે શું પૂછો છો? મારે રોજ પરસાળની મેડીએ સામાન લેવા જવું પડે છે, અને કોણ જાણે શું એમને ભૂત ભરાયું છે કે રોજ મારે ત્યાં જવું ને રોજ ત્યાં એમનું આવવું થાય છે ને મને કનડે છે. અત્યાર સુધી તો હું છટકી જવા પામી છું અને ઈશ્વરે મારી લાજ રાખી છે. પણ અરેરે! રોજ હવાડે બેસે તેને કોઈ વખત કૂવામાં પડવાની બીક”

ગુણ૰: “તમે હવેથી ઉપર ન જશો. કાલ મારે નાહવાનું છે એટલે કાલથી હું જ જઈશ. પણ આજ આ શું બન્યું ને તમારા ઉપર ભાભી કેમ રીસે ભરાયાં?”

સુંદર: “બળી એ વાત. એ સધવા ને હું વિધવા. એમનો ધણી પુરુષ ને હું બાયડી માણસ. મારું રાંકનું લોહી તે હલકું હોય એમાં શી નવાઈ? એ બે કહે કે કરે તે ખરું, ને મારું સૌ ખોટું. હું કહીશ તે યે નહીં મનાય ને નહીં કહું તે યે નહીં મનાય. મને શું કરવા પૂછો છો? જો હાથે આવરદા ટૂંકો કરાતો હોત તો આ વખત શું કરવા આવત? કૂવો હવાકો યે કરાય ને ગળે ફાંસો ઘાલું તો યે ઘલાય. પણ એથી કાંઈ મારા કપાળમાં લખેલું હશે તેથી છુટાવાનું છે? એમ જાણું કે આ અવતારમાં દુ:ખથી છૂટું તો આપહત્યારી થાઉં ને બીજા સાત અવતાર એવું ને એવું ખમવું પડે. જો એમ ન હોત તો ભાઈને ત્યાં યે શું કરવા ઓશિયાળી થાત ને ત્યાંથી અહીંયાં પણ શું કરવા આવત? પાપ કરતાં કાંઈ પાછું જોયું હશે ત્યારે તમારા હૃદયમાં આમ હરિ વસે છે ને મારા પર દયા રાખો છો! બાકી તમે તે મારે સારું શું કરવા આટલું કરો? હું તે તમારી શી સગી? પણ આજ તો સગાં તે સગાં નહીં ને આઘેનાં તે સગાં થાય છે. ઓ નાનાં ભાભી! જાતે તો મરાતું નથી પણ કૂવા આગળ જઈએ છીએ ત્યારે કોઈ ધક્કો યે મારતું નથી ને સહેજમાં અથડાઈ યે પડાતું નથી. તમે મને શું કરવા પૂછો છો?” આટલું બોલતાં બોલતાં સુંદર ગળગળી થઈ ગઈ, અને ન રહેવાતાં ગુણસુંદરીના ખોળામાં માથું નાખી રોઈ પડી. એને ગળે હાથ નાખી રોતી રોતી બોલી: “અને ભાભી! તમે તો મારી મા છો. તમે તો મારાં જનેતા. ઓ મારી મા રે!’ — આમ કરી સુંદર વધારેવધારે રોવા લાગી, અને અંતે અમૂંઝણથી છાતીમાં ડચૂરો ભરાયો કે

કંઈ થયું હોય એમ તેનું આખું શરીર ખેંચાવા અને તણાવા લાગ્યું, ધ્રૂજવા લાગ્યું, અને અંતે એક છેલ્લી જબરી હેડકી આવી હોય તેમ થઈ તે હાલતીચાલતી બંધ થઈ બોલતી રહો ગઈ, અને શબ જેવી બની ગુણસુંદરીના ખોળામાં હતી તેવી સજડ થઈ ગઈ. ગુણસુંદરી પણ અત્યંત દયાથી સુંદરનો બોલેબોલ પડતાં રોતી હતી, એને છાતીસરસી દાબતી હતી; અને રોવામાં પોતાનાથી પણ બોલાતું નહીં તેથી માત્ર એને વાંસે હાથ ફેરવતી હતી. તે એને આમ બોલતી બંધ થઈ ગઈ જોઈ એનું માથું ઊંચું કરવા લાગી અને રોતી રોતી બોલવા લાગી: “સુંદરભાભી! સુંદરબહેન! આમ શું કરો છો? ઊઠો — તમને મારા સમ! હું મરું જો ઓછું આણો તો —આ છોકરી મરે! સુંદરબહેન! સુંદરબહેન! હશે—ન કહેવાય તો ન કહેશો —”

સુંદર ઊઠી અને ફરી વળગી પડી. “આ મારી બહેન — આ મારી મા! હું સગા ભાઈને વધારે પડી તેને તમે સંઘરી તે તમે મારી મા નહીં તો બીજું કોણ? — આમ તો મા યે ન કરે! તમને નહીં કહું ત્યારે તે કોને કહીશ?” — એમ કહી મોટે સાદે રોઈ પડી. તે નીચે સંભળાયું પણ ક્રોધને માર્યે કોઈએ તે પર ધ્યાન આપ્યું નહીં. માત્ર માનચતુર ઘરમાં આવી સૌના ક્રોધનો તાલ જોતો હતો તે એકદમ લાકડી ઝાલી ઉપર આવ્યો.

ડોસાને ઉપર આવ્યો જોઈ બે જણાં સફાળાં ઊઠ્યાં અને આંખો લોહી નાખી સામાં ઊભાં રહ્યાં. ડોસાએ પૂછ્યું: “કેમ સુંદર! કેમ રડે છે? ગુણસુંદરી! શું છે?”

સુંદરે તો ઉત્તર ન દીધો ને નીચું જ જોઈ રહી; પણ ક્રોધ દાબી રખાયો નહીં અને ખરી વાત કહેવાનો લાગ ઠીક આવ્યો છે તે જવા ન દેવો જાણી જશ ઊંચે સ્વરે ગુણસુંદરી બોલી — “કોણ જાણે શાથી રુએ છે તે! જમીને ઓચિંત્યાં બારણું ઉઘાડી એ આવ્યાં અને પાછળ ધસતા ધસતા મોટાભાઈ આવ્યા ને મને દેખી ઉપર ચાલ્યા ગયા — તે વખતથી સુંદરભાભી રુએ છે ને કારણ કહેતાં નથી. બધાંને પૂછીએ પણ આજ તો હું યે પણ કાંઈ વાંકમાં જ આવી હોઈશ એટલે કોઈ મારી સાથે યે બોલતું નથી એટલે કોને પૂછવું? મારો વાંક કહે તો હું સુધારું, પણ કહે નહીં ત્યારે તો શું કરું? રોશો નહીં, સુંદરભાભી!”

“ઠી—ક! એ તો સમજ્યો બધું.” ડોસાને ક્રોધ ચડ્યો, ને પાસે કોણ ઊભું છે ને શું બોલવું ન બોલવું તેનું ભાન ન રહેતાં મોટે સાદે બોલતો બબડતો મૂછે હાથ દેતો એક પછી બીજા પગથિયા પર લાકડી જોરથી ધબધબ મૂકતો મૂકતો નીચે ઊતરવા લાગ્યો: “રાંડનાને બહાર કોઈ ન મળ્યું તે ઘરમાં ને ઘરમાં નખોદ વાળવા બેઠો! હરામખોર! વિચાર નથી કરતો કે એ તો તારી મા થાય!” મા શબ્દ પર ભાર મૂકી દાંત કચડ્યા. “મને ત્યાં વહેમ પડ્યો હતો.” ડોસો ચાલ્યો ચાલ્યો પરસાળની મેડીએ ચડ્યો, ચંડિકાને મેડીમાંથી બહાર બોલાવી પોતે અંદર પેઠો, ગાનચતુર ચમકી સામું

જોઈ રહી ઊભો થયો, ને ડોસાની સામે આવ્યો કે ડોસાએ દાંત ને ઓઠ પીસી લાકડી ઉગામી દીકરાને લગાવી. ગાનચતુર આઘો ખસી ગયો. લાકડી વાગતી વાગતી રહી ગઈ, અને નીચે ખાટલા પર પડી તે ખાટલાની ઈસ ભાંગી ગઈ. ડોસાએ પોતાનું બધું જોર કાઢ્યું.

ડોસાની રીસ જરીક શમી ગઈ અને ગાનચતુરનો ખભો ઝાલી, એના મોં સામું જોઈ, એની આંખ ઉપર પોતાની આંખોમાંથી તીક્ષ્ણ કટાક્ષ નાખી, ભ્રમર ચડાવીને બોલ્યો: “કેમ સુંદર તારી મા ન થાય કે?” બીજા હાથની તર્જની વીંઝી દાંત કચડી વળી બોલ્યો: “જોજે બચ્ચા આજ તો જવા દઉં છું પણ ફરી એનું નામ દીધું તો હું માંદો માંદો પણ તને તો પૂરો કરી દઉં એટલી આ શરીરમાં સત્તા છે.” એને છોડી દઈ ડોસો પાછો જતો રહ્યો અને જતાં જતાં પાછો વળી બોલતો ગયો: “ગમે તો સરત રાખજે — નીકર તારા જેવા કુળ—અંગારને ભોંયભેગો કરતાં તું મારો દીકરો છે એમ મને થવાનું નથી ને દરબાર ફાંસીએ ચડાવે તેની બીક નથી—પણ તને તો એક વખત જેવો જન્મ આપ્યો તેવો મારી નાંખનાર પણ હું જ થાઉં ત્યારે ખરો.” ક્રોધથી આખે શરીરે લાલલાલ થઈ ગયો, ધોળા ચળકતા વાળ ઉપર પરસેવાનાં ટીપાં ભરાયાં અને મોગરાના ફાલ ઉપર ઝાકળ જેવાં દેખાયાં, વૃદ્ધ અને જર્જરિત છાતી અને બીજા સર્વ અવયવોમાં અચિંત્યું ઊભરાવા માંડેલું બળ આવેગથી સમુદ્ર પેઠે ખળભળવા લાગ્યું. એ મેડીએ ચડ્યો તે વખત જ તેની પાછળ ચંચળ, ધર્મલક્ષ્મી અને દુ:ખબા દાદર પર આવી સંતાઈ રહ્યાં હતાં તે પાછાં ફરતી વખતનાં પગલાંના ધબકારા સાંભળી ખરખર નીચે ઊતરી પડ્યાં. એ પોતે દાદર પરથી નીચે ઊતરી આવ્યો, બળવાન રાજાને આવેશભરેલો જોઈ આસપાસનાં માણસ ચડીચુપ થઈ ઊભા રહે તેમ ડોસો દાદર ઊતરી પોતાની કોટડી ભણી ગયો. તે વખત તેની એક પાસ ઘરનું સર્વ મંડળ પલટણ પેઠે હારદોર છાનુંમાનું તેના સામું જોતું ઊભું રહ્યું, અને તે કોટડીમાં પેસી લાકડી નીચે નાખી દઈ ખાટલામાં બેઠો. તે બેઠો તેની સાથે તેના પ્રતાપ અને ભયથી શાંત થયેલી ધર્મલક્ષ્મીની સૂચનાથી ચંચળ ગુણસુંદરીની મેડીએ ગઈ, અને મનનો આવેશ સંતાડી મલકતું મોં રાખી આવડવાળી નણંદ બે ભાભીઓને નીચે લઈ આવી અને સૌ શાંત થઈ ઘરમાં કામે વળગી ગયાં. ડોસે આ સર્વ જોયું. તે પોતે પણ શાંત થયો, પોતાનો અર્થ સર્વ રીતે સિદ્ધ થયો લાગ્યો, અને કરચલીવાળી ફીકી આંગળીઓ વડે ધોળી મૂછો આમળતો બોલ્યો: “વારુ, તમારી મહેરબાની કે સૌ યે આટલાથી જ સમજી ગયાં બાકી — બીજે ઠેકાણે તો ‘ત્રાહિ દીનાનાથ’ — એવાં માણસ દીઠાં છે કે સામ દામ ભેદ દંડ ગમે તે કરો પણ ધૂળમાં આળોટવા પડેલાં જાડી ચામડીનાં ગધેડાં સમજે તો એ સમજે. એમ લાગે છે કે ઈશ્વર હજી મારા ઘર સામું કંઈ જુએ છે.” ડોશીને હરતીફરતી અને ગુણસુંદરીને મિષેમિષે મનાવતી જોઈ ડોસો એકલો એકલો ખુશ થયો, હસ્યો અને બોલ્યો: “હાં, આ બધાં શાંત થયાં તેનું કારણ આ ડોસલી! ભૈરવકાળકાનો ક્રોધ શમાવવા શિવજી એના

પગતળે સૂઈ ગયા હતા તેમ મારો ક્રોધ શમાવવા ડોસલી કરે એવી છે. ખરે, જેને જેવું તેને તેવું કાંઈ મળી જ રહે છે — નીકર મને આ મૂર્તિ ક્યાંથી મળે? નાનપણમાંથી દુર્વાસા જેવો આ હું તેને નાનપણમાંથી આવી શાંત અને લાતો પર લાતો પડે તો યે પૂછે કે લાત મારતાં તમારે પગે વાગ્યું તો નથી? એવી —આ ધર્માત્મા ન મળી હોત તો એકબે બાયડીનાં તો મેં ઠેર ખૂન કર્યાં હોત! —પણ આનો આવો સ્વભાવ ઘડનાર એનાં માબાપ સ્વર્ગમાં બેઠાં હો ત્યાં પણ એમનું કલ્યાણ થજો. અરે!" — આમ બોલતોબોલતો અને વિચાર કરતોકરતો માનચતુર શાંત થઈ સૂઈ ગયો અને નિરાંતે નિદ્રામાં પડ્યો.

આ દિવસ પૂરો થઈ રહ્યો. દિવસે ભારે જમણ જસેલાં તેથી રાત્રે કોઈને જમવું ન હતું. માત્ર ગુણસુંદરી વાળુ કરવાની હતી; પોતાને એકલીને વાસ્તે ક્યાં ખટપટ કરાવવી જાણી એ પણ આળસી જવા જેવું બોલવા લાગી. પણ ડોસો ઊંઘી ગયો ત્યારથી તે અત્યાર સુધીમાં ઘરનો સર્વ સ્ત્રીવર્ગ શાંત થઈ એકબીજા સાથે ઘણા દિવસના એકઠા થયેલા ખુલાસા કરવા મંડી ગયો હતો, સૌ અન્યોન્યને મનાવવાને આતુર બન્યાં હતાં, પરસ્પર પ્રીતિ બતાવવા લાગ્યાં હતાં, અને નિત્ય દીઠેલો કંકાસ જાણે સ્વપ્નમાં જ થઈ ગયો હોય એમ ગઈગુજરી ભૂલી જઈ આ સર્વ મોટું કુટુંબ કલ્લોલ કરતું દેખાયું. સૌ મનોમન સાક્ષી થયાં. ધર્મલક્ષ્મીએ ગુણસુંદરીને વાળુ કરવા આગ્રહ કર્યો, ચંચળે પોતાના હાથની રસોઈ ભાભીને ચખાડવા આગ્રહ કર્યો, દુ:ખબા સુંદર જોડે ઘરને ઊમરે બેસી વાતો કરવા લાગી, ચંડિકા હીંચકે બેસી નાની કુમુદને રમાડવા — હાથ ઉપર કુદાવવા — અને બાલક સામે બાળચેષ્ટા કરવા લાગી, અને કુટુંબનાં સર્વ છોકરાં તેની આસપાસ રમવા લાગ્યાં.

આ આનંદમાં એકલો ગાનચતુર ભાગ લઈ શક્યો નહીં. તે કાંઈ સ્વભાવે જ દુષ્ટ હતો નહીં. તેનામાં બુદ્ધિ ન હતી એવું હતું નહીં, તેનામાં અંત:કરણની શૂન્યતા હતી નહીં, પરંતુ માનચતુરના હાથ નીચે એ ઊછર્યો હતો; એની સાથે પરદેશમાં નાનપણથી રહ્યો હતો; એની કુટેવોનો નાનપણથી જ સાક્ષી થયો હતો; અને માનચતુરની કચેરીમાંનું એનું આશ્રિત મંડલ નાના ગાનચતુરને બોલાવતું — ગમે તેવું તેની પાસે બોલાવતું — ગમે તેવું તેને કહેતું—ગમે તેવી વાતો તેની પાસે કરતું. કચેરીમંડળને દેશાંતરમાં આથડવાનું થતું ત્યારે થાકેલું મંડળ એને પોતાની સાથે ફેરવતું; પોતે હલકાહલકા આનંદવિનોદ કરતું અને તેમાં એને ભેળવતું; એ મોટાં દેખાતાં માણસોના દોષમાં દોષ જોવા જેટલી સમજણ બાળકમાં ન હતી તેથી દોષને નાનો છોકરો ગુણ સમજતો; એ મોટાં માણસો લાંચ લે, અપશબ્દભરેલી વાતોના અપરસમાં રસ માની લીન થઈ જાય, એકલા કુંવારા જેવા એ લોક પરદેશમાં આથડતાં લંપટવૃત્તિને નિર્લજ્જતાથી નિરંકુશ બનાવે, પોતાના ઘર આગળ — પાડોશમાં — રસ્તામાં સ્ત્રીઓ

આવે તેની મશ્કરીઓ કરે, ખાનગી પ્રસંગે આડોશીપાડોશીની વચમાં આવતી છોકરીઓ સાથે — કજોડાને દુ:ખે વિહ્વળતા ન ખમાતાં લોકલજ્જાનો ભાર નાખી દેવા આતુર બનતી બહારના પુરુષો ખોળનારીઓ સાથે — ભોળા માણસોની સ્ત્રીચરિતભરેલી સ્ત્રીઓ સાથે — સ્વભાવે જ કરેલી કુલટાઓ સાથે — સેલડઘેલીઓ સાથે — છોકરાં શોધનારી વંધ્યાઓ સાથે — નોકરીમાં હાથ નીચે રહેલા પુરુષોની સ્ત્રીઓ સાથે—સ્ત્રીદ્વારા કામ કઢાવનારાઓની સ્ત્રીઓ સાથે — વિશ્વાસુ મિત્રોના ઘરની સ્ત્રીઓ સાથે — કુમાતાઓ અને દુષ્ટ સહીપણીઓ અને કુટ્ટણીઓના હાથમાં સપડાયેલી બુદ્ધિહીન મુગ્ધાઓ સાથે — માનચતુરનું કચેરીમંડળ ગામપરગામમાં પ્રસંગો ખોળતું—પ્રસંગમાં આવતું, અને તેમની કુત્સિત ચેષ્ટાઓનો ગાનચતુર અનાયાસે અથવા પોતાની કે પારકી ઇચ્છાએ સાક્ષી બનતો; આ સર્વ પુરુષો એક જાતની બહાદુરી કરે છે, પુરુષાતન બતાવે છે, અને તેમના જેવું શીખે ત્યારે જ છોકરાં હોશિયારમાં ખપે — એવી બુદ્ધિ ઊગતા બાળકમાં આવતાં વાર ન લાગી અને આવા ખરાબ ભેજવાળી હવાનો સહવાસી બાળક મોટો થયા પછી પણ તે હવા વિના તેને ચેન ન પડતું. ક્ષુદ્ર અધિકારનો અમલ અને દોર, પૈસાની કુમાર્ગે કમાણી અને કુમાર્ગે જ તેનો નાશ, દુષ્ટ પ્રસંગો પર પ્રીતિ, અને દુષ્ટકર્મની ભાવના: આ સર્વથી ભરેલા કચેરીમંડળ પર માનચતુર રાજ્ય ચલાવતો—એ સર્વ મંડળને, સરકારી નોકરો હોવા છતાં પોતાના નોકરો હોય તેમ, પોતાના હાથમાં રાખતો; અને એ જ સંબધને લીધે એનો પોતાનો પુત્ર એમની રીતભાતનો નોકર બની ગયો અને તેમની વચ્ચે રહી તેમનાથી જુદા ગુણ અને જુદી શક્તિવાળો પોતે હતો તે પોતાના ગુણ પુત્રને તેની ઊગતી અવસ્થામાં આપવાનું ભૂલી ગયો. માનચતુરનો સ્વભાવ જુદો જ હતો અને એની શક્તિ પણ કાંઈ અસાધારણ હતી. એ લંપટતાને વશ ન હતો પણ લંપટતા એને વશ હતી. લંપટ થવું ધારે ત્યારે એ થતો, અને ન થવું ધારે ત્યારે ઇંદ્રની ઇંદ્રાણી પણ એને ચળાવી શકતી નહોતી.

ધારું તો ઈશ્વર જેવો થાઉં અને ધારું તો સેતાન થાઉં એવું એને ગુમાન હતું. ધર્મ, અધર્મ, પુણ્ય, પાપ, પોતાના ઉપરી, પોતાના હાથ નીચેનાં માણસ—કોઈનો પણ હું દાસ નહીં—એ સર્વ મારા દાસ: એ વાત સિદ્ધ કરવા કરી આપવામાં માનચતુર પોતાનું પુરુષત્વ માનતો. અત્યંત સુખ એને લોભાવી શકતું નહીં, અત્યંત દુ:ખના ભાર નીચે દબાતો દબાતો પણ તે હસતો. ષડ્‌વિકારોના તરંગ એની મરજી હોય ત્યારે ઊછળતા—એની મરજી હોય ત્યારે શાંત થઈ જતા. અવસ્થા માત્રને એ તૃણવત્ લેખતો. પોતાની શક્તિ દેખાડવાનો એને શોખ હતો; અને ઉપરીને, હાથ નીચેના માણસને, તેમ જ પોતાની જાત ઉપર પણ પોતાની શક્તિ દેખાડી એ આનંદ માનતો. જો ઉપરી માનચતુરના કહ્યામાં રહે અને માનચતુરને માન આપે તો એવા ઉપરીને સંકટ પ્રસંગે પોતાની બુદ્ધિ, સત્તા અને દ્રવ્યના સાધન વડે સંકટમાંથી છોડાવવા યત્ન કરતો અને સફળ થાય ત્યાંસુધી

વિરામ પામતો નહીં. કંઈક ઉપરીઓ પર લાંચના અથવા બીજી રીતે કસૂર કરવાના આરોપના પ્રસંગ આવેલા; કંઈકને પોતાના કામમાં ગૂંચવાડાભરેલા અને આંટીના પ્રશ્ન ઊઠેલા, કંઈક પ્રજાવર્ગના રાગદ્વેષના પાત્ર થયેલા અને તેમના પર તરકટ ઊઠેલાં; કંઈક પોતાના ઉપરી અમલદારોના અભિમાન અથવા દુર્ગુણ અથવા દ્વેષના બલિદાન થયેલા—એવા એવા સર્વ ઉપરીઓને માનચતુરે પોતાની બુદ્ધિથી સવળા માર્ગ બતાવેલા અથવા ખરેખરી સહાયતા આપી સૂક્ષ્મ પ્રસંગોમાંથી ઉગારેલા હતા. તેઓ માનચતુરની બુદ્ધિની પ્રશંસા કરતા અને ઉપકારના બંધનથી એના દાસ થતા. જો કોઈ ઉપરી માનચતુરથી વિરુદ્ધ થયો તો માનચતુરની બુદ્ધિ અને સત્તા તેને ફસાવ્યા વિના રહેતી નહીં. એવા ઉપરીની સ્ત્રીને વશ કરવામાં પોતે પરાક્રમ માનતો, અને પરાક્રમ ઉઘાડા રીતે દર્શાવતો ત્યારે જંપતો. એ ઉપરીના કુટુંબમાં કંકાસ રોપાતો, એ ઉપરીની સામે એના ઉપરી પાસે ફરિયાદો જતી, એ ઉપરી પોતાના ઉપરીનો વિશ્વાસ ખોતો, લોકમાંથી પ્રતિષ્ઠા ખોતો, તેને હજારો વેરીઓ ઊભા થતા, તેની સામે અપવાદ અને અપકીર્તિ આવતાં, ઘરમાં અથવા રસ્તામાં માર ખાવાનો તેને નિરંતર ભય ઉત્પન્ન થતો, તેના મિત્રો ફૂટતા અને શત્રુ જેવા બનતા, અને તે કાયરકાયર બની જઈ માનચતુરને પ્રસન્ન કરે ત્યારસુધી સ્વસ્થ થવા પામતો નહીં. જે માણસ ઉપરીને આ પ્રમાણે સતાવે તેનાથી હાથ નીચેનું મંડળ કંપે તેમાં નવાઈ શી? હાથ નીચેનાં માણસોને એ બકરાં જેવાં ગણતો, ચાલતાં સુધી તેમને સતાવવાં એ બહુ હલકું માનતો, અને તેમને આશ્રય આપવામાં પોતાની વડાઈ લેખતો. તેમની ખુશામતથી છેતરાતો નહીં, પણ ખુશામતથી આનંદ માનતો તેમ જ તેમનું કલ્યાણ કરવામાં પણ આનંદ અને મોટાઈ માનતો. લૂંટવો તો રાજાને ને મારવો તો હાથીને એ એનો સિદ્ધાંત હતો. ગરીબ માણસો પાસેથી અથવા દ્રવ્યવાન પણ ધર્મિષ્ઠ અને ભલાં માણસ પાસેથી તે કદી પૈસો સરખો લેતો નહીં અને તેનું કામ ચાહીને મફત કરી આપતો. કોઈ લુચ્ચા કે એવા માણસ મળ્યા તો તેની પાસેથી ચૂસી ચૂસીને પૈસા કઢાવી લેતો અને તેને ત્રાહિ ત્રાહિ કહેવરાવે તે વગર તેનું કામ કરતો નહીં અને કામ થયા પછી પણ જન્મારા સુધી એ લોકો પોતાના દાસ થઈ બંધનમાં રહે એવી રચના કરતો. સગાંસંબંધી અથવા મિત્રમંડળનાં ઘરમાંની સ્ત્રીઓ સામે જોવું એ માનચતુર ઘણી હલકી વાત ગણતો અને તે બાબત એને અતિશય તિરસ્કાર હતો. જેણે પોતાના ઉપર રજ પણ વિશ્વાસ મૂક્યો હોય તેની સ્ત્રીને ફસાવવી એમાં નામર્દાઈ અને નાદાની માનતો. કુલટા સ્ત્રીઓ સાથે વ્યવહાર રાખવો એ તો કોઈને ફસાવવાનું કામ નથી—એ તો એક હલકી સ્ત્રીને હાથે પુરુષ ફસાયા જેવું છે અને તેવા પુરુષને દમ વિનાના ગણવા એવું એ માનતો, કોઈ સ્ત્રી ગમે તેવી સુંદર હોય તોપણ તેની સુંદરતા ઉપર મોહ પામી જવું એ તો રાંડને જોઈ બુદ્ધિ ખોવાનું કામ ગણતો, અને તેવી બાબતમાં પૈસા ખોવા એના જેવી મૂર્ખાઈ તો એને બીજી એક પણ વસતી નહીં.

એનું લંપટપણું માત્ર મમત અને વૈરથી જ ઉત્પન્ન થતું અને મમત અને વૈરની શાંતિ સાથે શાંત થતું. કોઈ સ્ત્રીએ એની બાબતમાં તિરસ્કાર બતાવ્યો 'તો ત્યારથી થોડા દિવસમાં એ સ્ત્રી પોતાને એને ઘેર ગઈ જ દેખતી અને માનચતુરની દાસી થઈ જતી. ડાહી પતિવ્રતાઓ એની આ શક્તિ જોતી અને એની આગળ અભિમાન ન બતાવતાં એને કાકા મામા અથવા ભાઈ કહી બોલાવતી તો એ તેના સામું પણ ન જોતો, એટલું જ નહીં પણ તેવી સ્ત્રીઓ કદીક ચળતી તો તેને સવળે માર્ગે દોરી કુછંદમાંથી બચાવતો. જે પુરુષો માનચતુર સામી બાકરી બાંધે અથવા તેના આગળ અભિમાન બતાવે તેની સ્ત્રીઓ પણ એની જાળમાં ફસાતી. પોતે દેખાવમાં ભવ્યો હતો. જાતે ઊંચો પહોળો અને ગોરો હતો. જુવાનીમાં તેના વાળ કાળા ઝીણા અને ચળકાટ મારતા હતા. તે ઘડપણમાં ધોળા થતા ગયા તેમ એ ધોળાશમાં પણ ચળકાટ લાગવા માંડ્યો અને જુવાનીમાં તેમ ઘડપણમાં પણ આ પુરુષનો દેખાવ ટાપટીપ વગરનો હોવા છતાં સ્ત્રીઓને એક પળમાં વશ કરી દેવામાં સમર્થ હતો. કદીક તો એ બોલતો ત્યારે કોઈ રાજા બોલતો હોય એમ લાગતું અને એનું અપમાન કરતાં ઉપરીઓની પણ જીભ ઊપડતી ન હતી. પોતાની આ શક્તિ અજમાવવાનો એને શોખ હતો, તેમાં વિશેષે સ્ત્રીઓ ઉપર અજમાવતો. એનાથી અંજાયેલી કુલટા સ્ત્રીઓ એની પાછળ ભમતી તેને એ ભમાવતો. સ્વભાવે અશુદ્ધ નહીં પણ નબળાં મગજવાળી એવી સ્ત્રીઓ પણ પતંગિયાં દીવામાં પડે તેમ એના મોહના ફાંદામાં પડતી. કેટલીક બુદ્ધિશાળી સ્ત્રીઓને માનચતુરની બુદ્ધિનો અને વાતચીતનો શોખ થતો, રસિક અથવા તાર્કિક સ્ત્રીઓના મગજમાં તો માનચતુરની મૂર્તિ અને વાતો સ્વપ્ન પેઠે રાતદિવસ તરતી હતી અને ખસવા પામતી ન હતી. આવી આવી અનેક સ્ત્રીઓ માનચતુર પાછળ મધમાખો મધપૂડા આગળ ભમે તેમ ભમ્યાં કરતી હતી. માનચતુર તેમને ભમવા દેતો, તેમને વાતો કરવા દેતો અને તેમના મનમાં ખોટીખોટી આશા ઉત્પન્ન કરતો. પરંતુ જેવી રીતે સૌના ઉપર આ મોહજાળ પાથરવાનો એને શોખ હતો તેનાથી બમણો શોખ એ સર્વની મોહજાળમાં જાતે ન ફસાવાનો હતો. વિષયમાત્ર મને બાધ ન કરે એવી મારી શક્તિ છે, વિષયને હું નચાવું છું — વિષય મને નચાવી શકતા નથી. સંસાર મારો દાસ છે — હું તેનો દાસ નથી. શ્રીકુષણની પેઠે સંસારમાં રહેવા છતાં તેમાં હું લપટાતો નથી: એવા અનેક વિચારને આચારમાં આણતો હતો અને પોતાની તેમ કરવાની શક્તિ અનુભવસિદ્ધ થઈ જોઈ અભિમાન અને આનંદ પામતો હતો. આથી એની પાછળ ભમનારી અનેક સ્ત્રીઓ સાથે અણીનો વખત આણી પોતે ખડક્યામાંથી ખસી જતો હતો, હજાર પ્રસંગ ઉત્પન્ન કરી તેમાંના માત્ર એકાદ પ્રસંગે જ કોકને અનુકૂળ થતો હતો, બાકીના નવસેનવાણું પ્રસંગે સૌને નિરાશ કરતો હતો, અને નિરાશ થનારાને બાકી રહેલા એક પ્રસંગનું પાત્ર થવાની આશામાંથી છૂટવા ન દેતો. એની જુવાનીનો આ મદ ઘડપણ સાથે ઊતરતો ગયો છતાં છેક છેલ્લે સુધી જડમૂળથી ગયો નહીં અને

આવો શોખ ખોટો એવી શિખામણ ઈશ્વરે એને માત્ર છેક છેલ્લે વખતે આપી. છેક છેલ્લે વખતે જ્યારે એણે સર્વ પ્રસંગ ઓછો કરી દીધા જેવું થતું હતું ત્યારે એને કોઈનો રોગ લાગ્યો, તે અસાધ્ય નીકળ્યો, અને ધર્મલક્ષ્મી પોતાની આખી જુવાનીમાં પતિના દોષ અતકર્ય ક્ષમા રાખી વેઠતી હતી અને ગમ ખાતી હતી તે આ ને આ દશામાં વૃદ્ધ થવા પામેલી. આજ આવે સમયે આખા જન્મની ક્ષમા ખોઈ બેઠી અને માંદા માનચતુરના ખાટલા આગળ રોતી રોતી ધર્મનો ઉપદેશ કરવા લાગી.

“અરેરે! મારું ભાગ્ય જ ફૂટેલું છે. કેટલાકને ખાવાનો ગળકો હોય છે અને કેટલાકને પારકી ચીજ જોઈ જોઈ ચોરી લેવાની ઊર્મિ ઊછળે છે તેમ કેટલાકને પરસ્ત્રીનો ચસકો હોય છે.જો એવો ચસકો તમને હોત તો હું એમ જાણત કે તમે પામર જીવ છો. જેમ શરીર ઉપર આપણું બળ નથી તેમ પામર જીવવાળાનો જીવ તેમના હાથમાં નથી રહેવા પામતો. તેઓ બિચારા પોતાના દોષ જાણે અને પસ્તાય તોપણ લગામ હાથમાં રાખી શકતા નથી. પણ તમારો તો જીવ સાધ્ય છે—તસે ધારો તો મોટા જોગીરાજ જેટલા નિયમ પાળી શકો એમ છો, પણ તમે તો જે કરો છો તે જાણી જોઈને કરો છો! જાણી જોઈને કરે તેને બેવડું પાપ — તેને પ્રાયશ્ચિત્ત પણ નહીં.” ઠેઠ હૃદયમાંથી નિ:શ્વાસ મૂકી વળી બોલી: “આપણે એકબીજાનાં પુણ્યપાપનાં ભાગિયાં છીએ. હું તો ઘણુંયે જાણું કે કાંઈ ધર્મ થાય — મનુષ્યદેહ કાંઈ ફરીફરી આવવાનો છે? પણ મારું જાણ્યું શાં કામનું? હું જાણું ને તમે ન જાણો! એ તો ધૂળ ઉપર લીંપણ! તસે જેટલાં પાપ કરો ને તેનાં ફળના અધિકારી થાવ તેમાંયે મારો ભાગ! હું ધર્મ કરું તે ધોવાઈ જાય ને ઘરમાં કોઈ પાપ કરે તે અવશ્ય વળગે! પારકાં પાપનો ભાર મારે આવતે અવતાર પણ તાણવો પડશે! અરે! મારે તો મારી જુવાનીમાંથી જ એ ભાર દેખવો પડ્યો છે: હું બોલી નથી — ચાલી નથી — તમને કોઈ દિવસ ઠપકો દીધો નથી — પણ પેલી મારી શોક્ય દેખી મારા અંતરમાં કાંઈ ભડકા નહીં લાગ્યા હોય? મારા પર રજ ખોટો વહેમ પડ્યો હતો તો આપને આટલું થયું હતું તો તેટલા પરથી વિચાર કરો કે મને કેવા ધીકધીકતા અંગારા ચંપાયા હશે? તમને તો ઈશ્વર ક્ષેમ રાખે. હું તો આ અવતારમાં જ મારા ભાગનાં ફળ ભોગવી ચૂકી છું—ભલે! એટલાથી જ જો પૂરું થયું હશે તો તે ભોગવવા બીજો અવતાર નહીં લેવો પડે. હાય! હાય! હું શું કરું? મારી આંખ આગળ સૌ તરી આવે છે, મારા કાળજામાં ચીરા પડે છે, મારી આંખે અંધારા આવે છે. શિવ! શિવ! શિવ! — ઓ મારા બુદ્ધિશાળી કંથ!—તમે હજીયે નહીં સમજો? આ ધોળાં પળિયાં વિચાર નહીં કરાવે? આ મંદવાડ કંઈ નહીં સમજાવે? હજી મારે કપાળે શાં શાં દુ:ખ લખેલાં હશે!” થોડી વાર બોલતી બંધ રહી. વળી કાંઈ સાંભરી આવ્યું હોય એમ બોલવા લાગી: “આજ તો તમને પાંચસો રૂપિયાનો પસાર થયો હોત—હજી સુધી ટૂંકા પગારમાં પગ ઘસવા પડે છે તે આ એક કટેવને પાપે. હજીયે કાંઈ સમજો. શરીર આજ છે ને કાલ નથી. મારી તો ચિંતા કરતા નથી — પણ હજી

તમારી પાસે કાંઈ સંગ્રહ થયો નથી—છોકરાં શું કરશે? નાનો તો મોસાળને પ્રતાપે પણ કમાય તે ખરું, પણ મોટો તો આ તમારી છાયામાં ઊછર્યો છે તેને તમે ઠેકાણે પાડ્યો છે તે ચાલે છે—પણ એના ઉપર તમારી છાયા બધી રીતની આવી છે. માબાપનાં પુણ્ય—પાપ છોકરાંને ફળે. તમારી કટેવો એનામાં ઊગી નીકળી છે. તમારી બુદ્ધિ નથી, તમારી શક્તિ નથી—પણ તમારા જેવું કરવા જાય છે. એ છોકરો કોઈ દિવસ ખત્તા ખાઈ બેસશે ને એને કોઈ પણ ઉગારવાનું નથી. તમારી છાયામાં એ ઊછર્યો તેની એ પ્રસાદી. હું તો ઓઢણી પહેરીને જ જાઉં તો ભાગ્યશાળી — પણ આ છોકરો શું ખાશે? જાતે કમાશે નહીં, તમે કાંઈ મૂકી જવાના નથી, ને ખૂણેખાંચરે પડ્યું રહ્યું હશે તે નરઘાં—સાંરગીના નાદ ભેગું તણાઈ જશે કે પારકા ઘરની રાંડોનાં છોકરાં ખાશે. એ બધું તો બળ્યું — જેનું લાગ્યું જે ભોગવશે, પણ તમારે યે આવતો અવતાર છે તે વખત તમારું શું થશે? જરી તો વિચારો? થયું તે તો થયું — પણ હવે તો કાંઈ સમજો! — મારે શું? હું તો આજ છું ને કાલ નથી. ઘડીના છઠ્ઠા ભાગમાં આયુષ્ય પૂરું થશે ત્યાં સુધી ઋણાનુબંધ છે તે જોડાઈ છું — પછી કાંઈ જોડાઈ રહેવાનું હાથમાં છે?”

ખાટલાની પાંગથ પર બેસી ડોશીએ આ સૌ રોતે રોતે કહ્યું અને કહી રહેવા આવી તેમ તેમ આંસુ લોહતી લોહતી શાંત થઈ ગઈ અને ડોસાના સામું જોઈ રહી. એણે કહેવા માંડ્યું કે તરત તો ડોસાને કોરોધ ચડી ગયો અને ક્રોધમાં રાતો રાતો થઈ ગયા. “રાંડ આ તે કહેવાનો વખત છે?” એ વચન તેના ઓઠ સુધી આવી ચૂક્યું હતું, અને ડોશી બંધ રહે કે કહું એ વિચારે અટકાવી રાખ્યું હતું. ડોશીનાં વાક્ય વધારે ચાલ્યાં; અને ડોસાના અપવિત્ર જીવનનાં ફળ તેના કુટુંબને ચાખવાં પડે છે અને છોકરાએ પણ બાપના માર્ગ પર જવા માંડ્યું છે એ સર્વ વિગતનો ચિતાર કોશીએ જેમજેમ ખકો કર્યો તેમતેમ પોતાના દુરાગ્રહે કરેલી ભૂલોથી શત્રુના મુખમાં સેના સહિત આવી પડેલો સેનાધિપતિ પોતાની ભૂલોના ભાનથી પોતાના ઉપર ખિજાય અને પોતાની બુદ્ધિ ઉપર તિરસ્કાર કરે તેમ માનચતુરને થયું. જેમાં પોતે વર્ષોનાં વર્ષો સુધી પરાક્રમ માનેલું તે રીતભાત અને કરણીથી પોતાના કુટુંબમાં ઝેરનાં ઝાડ રોપાઈ ગયાં દેખાતાં. માનચતુર સૂતો સૂતો ઓઠ અને હાથના પહોંચા કરડવા લાગ્યો અને ધર્મલક્ષ્મી ઉપરનો ક્રોધ પશ્ચાત્તાપે દાબી નાંખ્યો. રોગ અને પશ્ચાત્તાપે કંપાવી દીધેલું અભિમાન શિથિલ થતાં ધર્મનો ઉપદેશ તેમાં પગપેસારો કરવા પામ્યો; અને ઘણા દિવસના હવડ પડેલા ગોઝારા ઘરનાં બારણાં ઊઘડે તેમ માનચતુરના મગજનાં બારણાં ઊઘડ્યાં અને એવા ઘરમાં કોઈ એક હાથમાં દીવો અને એક હાથમાં ઝાડુ લઈ પેસે ને જે દીઠું તે સાફ કરવા માંડે તેમ આ મગજમાં ધર્મોપદેશ પેઠો અને ફરી વળવા લાગ્યો. એના કપાળની અદલબદલ થતી કરચલીઓમાં, ઉઘાડવાસ થતી આંખોમાં, વારાફરતી બેસી જતા અને ઘડીમાં ફીકા અને ઘડીમાં રાતા થઈ જતા ગાલમાં, ફફડતા ઓઠમાં,

અસ્વસ્થ અને પથારીમાં આમતેમ અથડાતા ઊછળતા હાથપગમાં, અને આરામ વગર તરફડતા આખા શરીરમાં માનચતુરના મનના આ સર્વ ફેરફાર બહાર દેખાઈ આવવા લાગ્યા. એક છેડે બાળવા માંડેલો વાળ બીજી પાસના સાજા છેડા સુધી હાલી જાય, અમળાઈ જાય અને ચરચર થતો જાય તેમ અત્યારે ધર્માગ્નિથી ડોસો થવા લાગ્યો. તેમાં પોતાની જુવાનીમાં ધર્મલક્ષ્મીએ કેવી સહનશીલતા અને કેવી ક્ષમા રાખી હતી, અને પોતે કેવી દુષ્ટતાથી વર્ત્યો હતો, એ દુષ્ટતાનું પોતાને ભાન સરખું ન હતું, અને પોતાનું પરાક્રમ સ્ત્રીનાં મર્મસ્થાન નિર્દય રીતે ચીરવામાં જ પર્યાપ્ત થતું. આ વિચારનો એના મનમાં આખરે ઉદય થયો. પોતે ક્ષમાને પાત્ર ન છતાં સ્ત્રીએ આટઆટલી ક્ષમા રાખી તે વાતનું ભાન વીજળી પેઠે તેના મગજની રાત્રિમાં ઝબૂકી રહ્યું, અને છેક બાળપણમાં રોયો હશે તેને આજ આંખમાં કંઈક આંસુ આવ્યાં અને ધીમે રહી પથારીમાંથી આંખો ઊંચી કરી બોલ્યો.

"આ વચન આટલાં મોડાં છેક આજ કહ્યાં. આ ઉપદેશ છેક મરણપ્રસંગે કર્યો કે મને હવે કંઈ પણ કામમાં નહીં લાગે — આ કામ તું આ ઘરમાં આવી તેવામાં જ કેમ કર્યું નહીં? મને વેળાસર કેમ કાંઈ કહ્યું નહીં? આગ લાગતાં સુધી કૂવો ખોદવાનો મેળ ક્યાંથી રાખ્યો?" અર્ધમીંચેલાં પોપચાંવાળી ઘેનભરેલા જેવી આંખો આ વચનને અંતે ઊંચી રહી ગઈ — જાણે કે મળનાર ઉત્તર સાંભળવાનું કામ કાનનું નહીં પણ આંખોનું જ હોય. મોં ઉઘાડું રહી ગયું—જાણે કે ઉત્તર તેમાં લેવાનો હોય. એક હાથ ઊછળી ડોશીના ખોળામાં પડ્યો — જાણે કે ક્ષમાનું દાન માગતો હોય! ડોશીએ હાથ ઝાલ્યો.

"હું જાણું છું કે મારે તમને આ સમે ન કહેવું હોય. પણ જો આ રોગમાંથી તમે નહીં જ ઊઠો એમ હોત તો ન કહેત. પણ મારો અંતરાત્મા મને કહે છે કે તમે સવારના પહોરમાં ખાટલામાંથી ઊભા થશો. મારું કર્મ ફૂટેલું નથી. હું કપાળે ચાંલ્લો લઈને જવાની છું. જ્યારે તમને કરાર વળે ત્યારે અત્યારનું કહ્યું તમને કામમાં લાગશે જાણી કહેવાનું તે અત્યારે કહું છું. આજ સુધી તમને ન કહ્યું તેનું કારણ એ કે મેં કહ્યું હોત તો તમારા મનમાં વસત નહીં. પાછળથી કહેવાનું ન રાખ્યું તેનું કારણ પણ એ જ કે તમે હતા તેવા ને તેવા થાઓ એટલે મારું કહ્યું સાંભળવાના નહીં. મને ઘડપણ આવ્યું, મારી વાસનાઓ ઊડી ગઈ અને તમારી વાસનાઓ ફરી થવાની. અત્યારે તમારી આંખો ઉઘાડી છે એટલે તમને જે બતાવું છું તે દેખો છો, કાન ઉઘાડા છે એટલે કહું છું તે સાંભળો છો, એ દેખાડવાથી અને સંભળાવવાથી હું તમારા જીવને દૂભવું છું — પણ હું તમને અત્યારે ન કહું ત્યારે ક્યારે કહું? જેમાં મારું, તમારું, અને આખા કુટુંબનું કલ્યાણ છે એવી વાત કહેવાનો મારો અધિકાર તમે ક્યારે રાખ્યો હતો જે હું કહી શકું? એ અધિકાર પણ તમે સાજા થશો ત્યાં સુધીનો છે. પછી મારો અધિકાર જવાનો. સોયને ઘાએ શૂળીમાંથી તમે ઊગરો અને ઉગારો જાણી આટલી

સોયો ઘોંચી તે તમને વાગી તો હશે—પણ ક્ષમા કરો. મારો—તમારો અને આખા કુટુંબનો ધર્મ સચવાય — સર્વનો ધર્મ અને સર્વનું કલ્યાણ જેમાં રહેલું છે એવી વાત તમને કહું અને તે સફળ થાય, એવો પ્રસંગ અત્યારે જ છે. જો અત્યારે ન કહું તો પછી આ જન્મમાં બીજો વખત નહીં આવે—માટે આવો પ્રસંગ જોઈ કઠણ થાઉં છું તે ક્ષમા કરો." આટલું બોલતી બોલતી અત્યંત ક્ષમાવાન અને પતિવત્સલ વૃદ્ધ સ્ત્રી રોઈ પડી અને માનચતુરના પગનાં તળિયાં ઝાલી વળી બોલી.

"ક્ષમા કરો! ક્ષમા કરો! આ પ્રસંગે હું વજ્ર જેવી કઠણ અને તરવાર જેવી ક્રૂર થાઉં છું, પણ શું કરું? તમારામાં ઓછું દૈવત નથી. તમારા જેવા દૈવતવાળા પતિને હું પરણી છું. મને ઘણા લોકોનો અનુભવ થયો છે અને ખાતરી કરી છે કે મોટા નાના સૌ જીવ પામર છે. કોઈ પોતાના મનને વશ રાખી શકતું નથી. પ્રસંગ નથી પડ્યો ત્યાંસુધી સૌ ડાહી ડાહી વાતો કરે એવા છે; પણ પ્રસંગ આવ્યે પુરુષમાત્ર નાનું બાળક રમકડું જોઈ ચળે તેમ ચળે છે, નિર્દોષ અને પવિત્ર સ્ત્રીઓને ફસાવે છે અને વિષયવાસનાને વશ બની ઘેલાતુર બને છે. પુરુષનું મન બાયલું છે, તેને પલળતાં રજમાત્ર વાર લાગતી નથી. પારાની પેઠે તે ગબડી જાય છે. પુરુષને શરમ નથી, ધર્મ નથી, સગપણ નથી, સંબધ નથી, પોતાનું ભાન નથી, પારકાનું ભાન નથી — સ્ત્રીની સાથે એને માત્ર વિષયવાસનાનું સગપણ છે — વિષયવાસનાની જ ગરજ છે. મોટામોટા શાસ્ત્રીપુરાણી જોયા, આચારવિચારવાળા અને ધર્મધ્યાનવાળા મારી આંખ તળે આવી ગયા, જ્ઞાની અને સંન્યાસી અને ભક્તરાજનાં અંત:કરણનું અંત:કરણપણું ક્યાં સુધી રહે છે તે હું સમજી ગઈ છું, અને મોટા અધિકારીઓનો અધિકાર તેમની કચેરીમાં જ હોય છે — તેમના બોલવામાં જ હોય છે — બાકી વિષયના તો તેઓ દાસ હોય છે. મોટા તે ખોટા. આ તમારા અંગ્રેજી ભણેલાઓ આવે છે તે લાંચ ન લેવાની વાતો કરે છે ને ધર્મને નિન્દે છે ને કહે છે કે સત્ય બોલવું એ જ ધર્મ છે ને ધર્મ તો અંતરમાં છે. આપણા સૌના ધર્મ અને આચારવિચાર તો માત્ર વહેમ અને બહાર દેખાડવાના ઢોંગ છે. એ અંગ્રેજી ભણેલા કરતાં તો અમે બાયડીઓ હજારગણી સારી. ભીનાં અને વગરનિચોવેલાં લૂગડાં ટપકટપક થાય અને આંગળી વડે જરાક દબાય એટલે એમાંથી ધરર લઈને પાણીની ધાર ચાલે તેવા એ ઠગારા અંગ્રેજી ભણેલાઓની વૃત્તિ સ્ત્રીઓ આગળ થાય છે તે તમારું અજાણ્યું નથી. તમે એ લોકોને આંગળીનાં ટેરવાં પર નચાવ્યા છે તે મારું જોયેલું છે. સ્ત્રીઓ કરતાં પણ નપાટ અને નબળી આવી પુરુષજાતમાં ખરેખરો બળવાળો અને દૃઢ મનવાળો પુરુષ તે એક મને મળેલો છે. એનું પુરુષપણું જોઈ મને અભિમાન આવે છે. એવો પુરુષ મારો પતિ છે તે જોઈ હું ફૂલી જાઉં છું. જ્યારે બધાં ગરબે ગાય છે કે "મારા સ્વામીજી બાવન વીર રે" ત્યારે હું આનંદમાં આવી જાઉં છું અને મનમાં સૌ ગાનારીઓને કહું છું કે સૌ ખોટું બોલો છો—એવા સ્વામીજી તો મારે એકલીને જ છે. સ્ત્રીજાતિ તમારી પાસે જખ મારે છે; આખા જગતને

મોહિની લગાડે એવાં રૂપ કદ્રુપાં હોય છે એમ તેનો તિરસ્કાર કરવાની શક્તિ એ એક તમારામાં છે. ખટ વિકારનું બળ તમારી પાસે પાણી ભરે છે. મેં જેટલા પુરુષ જોયા તે સૌ ખોટાં પૂતળાં છે ને તમે જ એક પુરુષ છો એનો મને પૂર્ણ અને પ્રત્યક્ષ જાતઅનુભવ છે!' — પતિની સ્તુતિ કરતાં કરતાં ડોશીને ઉલ્લાસ આવી ગયો, એનાં આંસુ સુકાઈ ગયાં. પતિનો વૈભવ અને પ્રતાપ જગમાં જણાતો જોઈ જુવાનીમાં પોતે પોતાને મોટી થયેલી માનતી એ વખતના પતિ—અભિમાનનો અનુભવ આજ ડોશીએ ફરી ઘડપણમાં પળવાર કર્યો. સ્ત્રીને મોંએ પોતાના ખરા ગુણનાં વખાણ સાંભળી માંદો માનચતુર પ્રફુલ્લ થયો, ટટાર થયો. બે હથેલીઓ પર ટેકો દઈ બેઠો થયો, અને વ્હાલ આણી હસતો હસતો ડોશીની આંખો સામું જોઈ રહ્યો અને બોલ્યો: "હવે, કહે, કહે, આ બધું તું બોલી તે તો હું સમજ્યો — પણ તારે જોઈએ છે શું? તારી ઇચ્છા પૂરી કરું. બોલ! શી ઇચ્છા છે? તેં મારી મરજી આજ સુધી સાચવી તો તારી મરજી એક વખત સાચવવી એ મને નહીં આવડે?"

"તમે ધારો તો તમને આવડે એવું છે તેથી તો હું આ આટલું કહું છું. મારે તો એટલું જ જોઈએ છે કે જે તમને આવડે છે તે કરવાનું તસે ધારો! આખી પુરુષજાત તો તે હજાર વાર ધારે તોપણ તેને જે આવડે એમ નથી — તેનાથી જે થઈ શકે એમ નથી — તે કામ તમે ધારો એટલાથી જ સિદ્ધ થશે." ડોસાને ડોશીએ પાણી ચડાવ્યું.

"ચાલ, ધાર્યું ત્યારે આજથી." આટલું બોલી બેઠેલો ડોસો પથારીમાં પાછો ચતો ને ચતો પડ્યો, સૂતો અને તેની આંખ મીંચાઈ. એની પ્રતિજ્ઞાથી પોતાનું અને એનું જીવન આજ સાર્થક થયું માની, એ પ્રતિજ્ઞા જૂઠી પડવાની નથી એવી ખાતરીથી શાંત થઈ, આજથી એક નવો જ જન્મ ધર્યો હોય અને તેના આનંદને અનુંભવવા અંતરદૃષ્ટિ થતી હોય તેમ બાહ્યલોચન મીંચી નીચું જોઈ સ્થાણુંખનનન્યાય સમજતી હોય તેમ, ધર્મિષ્ઠ ધર્મલક્ષ્મી બોલી: "નક્કી ધાર્યું?"

"હા, હા, ધાર્યું જ!" આંખો મીંચી નિદ્રાના ઘેનમાં આ શબ્દ બોલતો બોલતો ડોસો નિદ્રાવશ થઈ ગયો. તેનો જમણો હાથ નિદ્રામાં ઊપડ્યો અને લાંબો થઈ ડોશીના હાથમાં વચન આપતો હોય તેમ પડ્યો. ડોશી એથી જાગૃત થઈ, પતિનો હાથ ઘડીવાર ઝાલી રહી, ઊંઘતા પતિની મીંચાયેલી આંખો અને પવનથી ફરકતી રૂપેરી મૂછો સામું જોઈ રહી. ધીમેથી એ હાથ ખાટલામાં પાછો મૂક્યો, બહું સંભાળથી ઊઠી. પોતાની છાતી પર પોતાનો હાથ મૂકી પળવાર વિચારમાં પડી — કંઈક વિચાર કર્યો, અને ઊંઘતા પતિનાં સર્વ શાંત અવયવોમાં નવી વિશુદ્ધિને બળે આરોગ્ય પ્રસરી જતું હોય એવું કાંઈક કલ્પતી વૃદ્ધ દશાની પવિત્ર નિર્મળ અને તેજસ્વી શ્વેતતા વડે નખથી શિખ સુધી અલંકૃત તપસ્વિની સતી શાંત નિદ્રા અને નવીન

વિશુંદ્ધિને પતિનું શરીર સોંપી, તે સૂતો હતો તે ખંડનાં દ્વાર ધીમેથી વાસી, તેમાંથી ચાલી ગઈ અને ગૃહકર્મના આહ્નિકમાં સુસ્થ મનથી પડી.

આમ ડોશીએ ડોસાને સુધાર્યો પણ દીકરો સુધરે એમ ન હતું. માનચતુરના મનને અંકુશમાં રાખવાની શક્તિ ગાનચતુરમાં રજ પણ ન હતી. પિતાની બુદ્ધિનું ઓજસ પુત્રથી સમજાય એવું જ ન હતું. પિતાના ગુણ વિના તેના અવગુણ સોગણા બની પુત્રમાં પ્રકટ્યા અને નાયગરાનો પાણીનો ધોધ ધરતી પર પડી તેને ફાડી નાખી સર્વ કાળ નિરંકુશ અને વેગવાન બની ધસ્યો જાય છે તેમ ગાનચતુરની વિષયવાસના એના સુવિચારને કચરી નાખી નાનપણથી તે આજસુધી ધસ્યાં કરતી હતી. ધર્મલક્ષ્મી એને પામર જીવમાં લેખતી, એને સુધરવા પ્રયત્ન કરી થાકી હતી, અને આખરે એના પ્રારબ્ધને સોંપી નિરાશ બની પ્રયત્નમાત્રનો ત્યાગ કરી બેઠી હતી. માત્ર માનચતુરને કહેતી કે તમે એને આવો કર્યો છે તે તમે એને સુધારો. આ કામ સુગમ ન હતું અને તે પાર ઉતારવા માનચતુરે ઘણી ઘણી રીતે બુદ્ધિ અજમાવી, પણ સફળ ન થયો. જો કે પોતે ખરેખરો સાજો તો કદી થઈ શક્યો નહીં, તો પણ નોકરી કરવા જેવો થયો અને તે પછી બેચારેક વર્ષ નોકરી થઈ અને પછી પાછો ઊથલો ખાવી પડ્યો ત્યારે અંતે નોકરી છોડી વિદ્યાચતુરની પાસે આવી રહ્યો હતો. એટલા અરસામાં પોતે સ્ત્રીની ઇચ્છાએ લીધેલી પ્રતિજ્ઞા તોડાવે એવા ઘણા ઘણા પ્રસંગ આવી ગયા હતા. પૂર્વના પ્રસંગમાં પરિચિત થયેલી ઘણીક લલનાઓએ તેના પરિચયને તાજો કરવા આશા રાખી ગુરુપ્રયાસ કર્યા હતા, પૂર્વે જેને પોતે પુરુષાતન માનતો હતો તે અજમાવવાના ઘણાઘણા પ્રસંગ આવી ગયા હતા, પરતું એના એ માનચતુરે હવે જુદા પદાર્થમાં પુરુષાર્થ માન્યો હતો. પોતે સ્ત્રીઓથી લોભાય એવા નિર્બળ મનવાળો છે એવું ધર્મલક્ષ્મી ધારે તો તેથી પોતાના પુરુષાતનમાં ખામી ગણાઈ જવાની અને એ ખામી મારામાં નથી તે દેખાડી આપવાનો એને લોભ થયો હતો. પોતાની પ્રતિજ્ઞા જાળવવાની શક્તિ દેખાડી આપવી એવો એને ઉમંગ થયો હતો, પતિવ્રતા પાસે પત્નીવ્રત થવાની એને ઘડપણમાં હોંસ ઉત્પન્ન થઈ હતી, પોતાના મનને અંકુશમાં રાખવાની શક્તિ અજમાવવા તેનું હૃદય તીવ્ર ઇચ્છા ધારણ કરતું હતું, શુદ્ધ વિશુદ્ધિવાળા જીવનના દિવસનો પણ સ્વાદ પૂરી રીતે લઈ લેવો એવો એના મનમાં તરંગ ઊપજ્યો હતો અને બાકીનો જન્મારો એ જ તરંગ પ્રમાણે ગાળવા એણે નિશ્ચય કર્યો હતો. આ સર્વ કામ પાર ઉતારવાં એ એને મનથી કાંઈ વિસાત વગરની ધૂળ જેવી અને જ્યારે ધરાય ત્યારે થઈ શકે એવી વાત હોય તેમ પોતાના હૃદય ઉપર સહસા બળાત્કાર કરવાની શક્તિ એણે સિદ્ધ કરી આપી. પોતાના ઉગ્ર આગ્રહ આગળ કાંઈ અસાધ્ય નથી એવું સ્પષ્ટ દેખાડી આપ્યું, અને ધર્મલક્ષ્મીએ એને કહ્યું હતું કે “તમે ધારો તો તે જ પળે તમે તે કરી શકો એવા છો” એ વાક્યની સત્યતા અનુભવસિદ્ધ કરી આપી પત્નીનું પતિ— અભિમાન પ્રફુલ્લ કર્યું. ધર્મલક્ષ્મી સર્વ ઠેકાણે કહેવા લાગી કે શ્રીકૃષણ જેવા વિરક્ત હતા અને

દુર્વાસામુનિ જેવા અપવાસી હતા તેવા જ મારા પતિ પત્નીવ્રત છે એની કોઈ ના કહી શકે એમ નથી. અનેક સ્ત્રીઓરૂપી અભેદ્ય સળિયાવાળા પાંજરાને પોતાના ભારે પંજાના બળથી સપાટાબંધ તોડી નાખી પાંજરામાંથી બહાર નીકળી સ્વતંત્ર થઈ ઊભેલા મોટા સિંહના જેવા પોતાના સ્વામીને જોઈ ધર્મલક્ષ્મી આખી જુવાનીના દુ:ખનો બદલો વળ્યો ગણવા લાગી. પોતાને માથે સમર્થ સ્વામી છે એવું અભિમાન અનુભવવા લાગી, અને પતિ પાસે માત્ર આટલો જ અભિલાષ દેખાડવા લાગી કે "ગાનચતુર તમારા કરતાં વધારે મોટી જાળમાં ફસાયો છે, તેનામાં તમારી શક્તિનો અંશ પણ નથી. એને એમાંથી છોડવો એટલે આપણે જગતમાં બીજું કાંઈ કર્તવ્ય નથી."

ગાનચતુરને સુધારવા અનુભવી અને કુશળ માનચતુરે ઘણાઘણા પ્રયાસ કર્યા. પ્રથમ યોજના એવી કરી કે જયાં પુત્રને અવકાશ મળે અને તેને પોતાનો કાળ કુમાર્ગે ગાળવાનો પ્રસંગ આવશે એવું લાગે ત્યારે ત્યારે તરત પિતા તેને વાસ્તે કાંઈ ઉદ્યમ શોધી કાઢી કાંઈક કામમાં પરોવતો. ચાળણીમાંથી પાણી નીસરી જાય તેમ આવા અનવકાશમાંથી નીસરી જઈ ગાનચતુર અવકાશ મેળવવા લાગ્યો. પુત્રના મિત્રમંડળમાં ફેર કરી તેને સારા મીત્રોની સંગતિ કરાવી; પુત્રે મિત્રમંડળને પોતાના જેવું કરી દીધું. પિતાએ સારાનરસા સર્વ મિત્રો દૂર કરવા માંડ્યા; પુત્ર તેમની સાથે છાનાં સંકેતસ્થાનમાં મળવા અને પિતાને છેતરવા લાગ્યો. વિષયમાં અસાધ્ય રોગાદિના ભય હોય છે તેના દૃષ્ટાંત પુત્ર પ્રત્યક્ષ કરે એવી યુક્તિઓ પિતાએ રચી અને પોતાનું દૃષ્ટાંત પણ સમજી જાય એવું કર્યું. આ મહાભય પ્રત્યક્ષ થવા છતાં તે ભય વિષયથી અંજાયેલી આંખોમાંનું ભૂત કાઢી ન શક્યો. વિષય નહીં તજાય તો નોકરી જશે, ફોજદારી કામ ચિલશે, પ્રતિષ્ઠા જશે, કમોતે મરવાનું આવશે, આખા કુળને લાંછન લાગશે — ઇત્યાદિ હજાર ભય દેખાડ્યા પણ વિષયાંધ તે જોઈ શક્યો નહીં. માનચતુર એની પાછળ ખતરવટ થઈ લાગ્યો. એની પાસે જનારી સ્ત્રીઓ રોગીલી છે એવા અપવાદ ઉત્પન્ન કરવા લાગ્યો. એ સ્ત્રીઓના પતિઓએ મારા મૂક્યા છે એવો શબ્દ એને કાને જાય એવી યુક્તિઓ કરવા લાગ્યો, પોતે જ પુત્રની પાછળ લુચ્ચા માણસોને મોકલતો અને અમુક સ્ત્રીના પતિએ તને મારવા અમને મોકલ્યા છે એવું તે માણસો પાસે કહેવરાવતો. તે માણસો હથિયારબંધ રાતની વખતે તેની પાછળ દોડે—તેના સૂવાના ઓરડા સુધી જાય—અને આખરે કાંઈ અકસ્માતથી ન ફાવ્યા હોય અને પાછા ફર્યા હોય એમ પાછા ફરતા. માનચતુર દીકરાને ધમકાવે અને ગાળો દઈ કહે કે 'ઓ કમજાત, ક્યાં તારું મોત ભમે છે કે હજી સમજતો નથી?" ગાનચતુર આખરે કાયર કાયર બની ગયો. તેની વિષયવાસના રાતદિવસના નિરંતર અને અત્યત ભયને બળે શાંત થઈ ગઈ દેખાઈ, અને માનચતુર પોતાની બુદ્ધિને સફળ થઈ માનવા લાગ્યો. નોકરી ગઈ તેની સાથે ગાનચતુરને ખરેખરી સાન આવી. શરીર નિર્બળ અને ક્ષીણ થવાથી વિષયશક્તિ ઓછી

થઈ, અને નાનાભાઈને ઘેર રહેવામાં પરવશપણું લાગવા માંડ્યું તેના કટાંળામાં તો ધીમેધીમે વિષયવાસના પણ દૂર થયા જેવી થઈ. તે છતાં મનની સ્વાભાવિક નિર્બળતાએ ગોથું ખવરાવ્યું. મરી ગયેલા સંસ્કાર પ્રસંગ આવ્યે પાછા જાગ્યા, ને મરી ગયેલા વડીલ ભાઈની અનાથ સ્ત્રીને ઓળખવા સરખું ભાન ન રહ્યું. ગુણસુંદરીને ખભે અધીરાઈએ હાથ મુકાવ્યો એ ભૂલથી તો હદ વળી ગઈ. ઘરનાં સર્વ માણસો ન જાણવાની વાત જાણી ગયાં અને પિતાના ધૈર્યે મર્યાદા મૂકી એટલે સુધી વાત આવી ગઈ. અધૂરામાં પૂરું સ્ત્રીએ છાજિયાં લઈ પુષ્પવૃષ્ટિ કરી એ તો મરણ પ્રસંગે મહેણાં ખમવાનું થયું. ગાનચતુર એકલો પડ્યો તેની સાથે તેના મનમાં એમ જ થયું કે આના કરતાં મરવું સારું. કમાવાની શક્તિ નહીં, અને સ્ત્રી સુધ્ધાં ઘરનાં ન સર્વ માણસ પરાયાં થઈ ગયાં. હવે કોઈ મારું નથી! — હવે કોઈને શું મોં દેખાડું? — હવે કોઈને મારું શું કામ છે? આવા અનેક વિચારના પશ્ચાત્તાપે ગાનચતુરનું મગજ ભમાવી દીધું. એકાંત મેડીમાં બપોરના બે વાગ્યાથી તે મોડી રાત સુધી એકલો ખાટલામાં ને ખાટલામાં બેસી રહ્યો. અધૂરામાં પૂરું દીવો કરવાનું પણ આજ સૌ ભૂલી ગયાં, ખાવાનું ન હતું તેથી ખબર લેવા પણ કોઈ આવ્યું નહીં. તે જાણી જોઈને ન આવ્યું હોય એમ લાગ્યું, અને દીવા વગરની અંધારી રાતે શૂન્ય એકાંત મેડીમાં કલાકના કલાક થયા. એકલા બેઠેલા ગાનચતુરને મનમાં એમ જ થયું કે આ અંધારામાં જનોઈ વડે ફાંસો ખાઈ મરું. ફાંસો ખાવા બેચાર વાર જનોઈ ગળે વીંટી ખેંચવા માંડ્યું પણ પૂરું ખેંચતાં જીવ ન ચાલ્યો. જીવ ચાલશે એવું અમસ્તું મનમાં લાગ્યું ત્યાં બહારની મેડીમાં સામી ભીંત ઉપર દીવાના અજવાળાની ચાખંડી ચાદરના છેડા જેવું કાંઈ પથરાયું. અજવાળું વધવા લાગ્યું અને બે માણસના પગનો ઘસારો પણ સંભળાયો.

એ આવનાર કોણ હતાં અને શા વાસ્તે આવ્યાં હતાં?

ગાનચતુરને ધમકાવી માનચતુર પાછો ફર્યો અને નિદ્રાવશ થયો અને ત્યારપછી રાત્રે ઘરના સર્વ સ્ત્રીમંડળમાં આનંદ વ્યાપી ગયો અને આ કુટુંબમાં માત્ર ગાનચતુર સિવાય સર્વ મંડળ ગઈગુજરી ભૂલી ગયું લાગ્યું તે આપણે જોયું છે. તે દિવસ રાતને પહેલે પહોરે માનચતુર પાસે ધર્મલક્ષ્મી આવી બેઠી અને ડોસોડોસી વાતો યવા લાગ્યાં અને ચોકમાં બેઠાંબેઠાં ગુણસુંદરી, ચંડિકા વગેરે સર્વ પોતાની વાતો કરતાં કરતાં વચ્ચે વચ્ચે આ વાતો પણ સાંભળતાં હતાં.

ડોશીએ ચિંતાતુર મોંએ ડોસાને ગાનચતુર બાબત શું ધાર્યું અને આજ આ શી નવાજૂની થઈ તે પૂછ્યું. બધા સમાચાર કહી ડોસો આખરે જશ મોટે સ્વરે અકળાઈને બોલ્યો: “હવે એ મારાથી સુધરે એમ નથી ને સુધરે તોયે મારે એને સુધારવો નથી. હું તો હવે કટાંળી ગયો. એના પ્રાણ અને પ્રકૃતિ સાથે જવાનાં છે. હવે તો એને એની બાયડી સુધારે ત્યારે. બાયડી બગડે તે ભાયડાને વાંકે, ભાયડો બગડે તે બાયડીને વાંકે. બીજો કશો વાંક

ન હોય તોપણ એકબીજાને સુધારે નહીં એ પણ એક વાંક. હું કાંઈ જન્મારો પહોંચવાનો નથી અને એને આત્મજ્ઞાન થવાનું નથી કે જાતે સુધરે. આપણે શું? એ નહીં સુધરે તો એની બાયડીને ભારે પડશે; માટે એને સુધારતાં આવડે તો એની બાયડી સુધારે, ન આવડે તો ભોગ એ બેના. ભાઈભાભી સારાં છે તે નભાવે છે ને નભાવશે, પણ એ કાંઈ જન્મારો પહોંચશે? તેં મને સુધાર્યો તો એને એની બાયડી સુધારે; નીકર પડો બે જણ ખાડામાં!" આટલું બોલી ડોસો શાંત થઈ ગયો અને એને વધારે ઉશ્કેરાવા ન દેવો ઠીક જાણી ડોશી બહાર આવી.

ચંડિકા બહાર વાતો કરતી હતી. તેણે આ સૌ સાંભળ્યું અને એનું હૈયું ભરાઈ આવ્યું. એની બુદ્ધિમાં જરીક જડતા હતી તે છતાં પતિને પરસ્ત્રી પર નજર કરતો જોઈ એને સ્વાભાવિક ઈર્ષ્યા આવતી. આવી ઈર્ષ્યા આણવાના પ્રસંગ ધર્મલક્ષ્મીની પેઠે એને પણ નાનપણમાંથી આવ્યા હતા, પરતું સાસુની ક્ષમાનો લેશ પણ એનામાં ન હતો અને ઈર્ષ્યાભરેલો જન્મારો ગાળવાથી એનો સ્વભાવ ચીડિયો થઈ ગયો હતો. ધીમેધીમે સૌ ઉપર ઈર્ષ્યા આણવાનો અને ક્રોધે ભરાવાનો એનો સ્વભાવ પડી ગયો હતો. જ્યારે એના હૃદય પર ઈર્ષ્યાનો હુમલો થતો તે વખતે એ સમજતી કે મારામાં આટલી અદેખાઈ આવી છે પણ એ હુમલામાં સામા થઈ તેને અટકાવવાની એનામાં શક્તિ નહોતી. જેમ સુંદરગૌરી પર ગુણસુંદરીની કૃપા જોઈ અદેખાઈ આવતી, તેમ પોતે ઘરબાર વગરની અને ગુણસુંદરી ઘરબારવાળી અને એનો પતિ આવો સારો અને એને પતિ તરફનું આટલું સુખ અને પોતાને તેમાંનું કાંઈ નથી એ જોઈ ચંડિકા અંતરમાંથી દાઝતી, એકાંતમાં છાતી કૂટી નાખતી, ગાનચતુરને ગાળો દેતી, છોકરાંને મારતી, ગુણસુંદરીને કામમાં ન લાગતી, એના કામમાં કંઈ પણ હરકત પડી જોઈ રાજી થતી, કોઈના ઠપકા ન ગણકારતી, સસરો ગુણસુંદરીનાં વખાણ કરે ત્યારે મોં મરડતી, ગુણસુંદરી સાસુનું કામ કરે ત્યારે એને માનીતી થનારી ગણી એના ચાળા પાડતી, અને માત્ર પોતાના કરતો વધારે અભાગણી નણંદોની અદેખાઈ કરતી નહીં—કારણ તેમનામાં અદેખાઈ કરવા જેવું કાંઈ ન હતું. અધૂરામાં પૂરું આ સૌ દુર્ભાગ્યનું કારણ પણ પોતે જ છે એવું વચન સસરાના મુખમાંથી નીકળતું સાંભળી એનો મિજાજ એના હાથમાં રહ્યો નહીં. આનંદની વાતો કરતાં કરતાં પોતાનો વાંક નીકળતો જોઈ એને એકદમ અત્યંત ક્રોધ ચડ્યો. સસરાને સામો ઉત્તર દેવાની ગુંજાશ ન હોવાથી ક્રોધ સફળ કરી ન શકી, અને કંઈ ન ચાલતાં ગુણસુંદરી બેઠી હતી તેની પાસે ઓચિંતી રોઈ પડી અને રોતી રોતી બોલી, "જોયું ભાભી? આ પણ મારો વાંક! હું તે રાંડ શું કરું? બીજાની કુટેવ તે હું શી રીતે સુધારું? મેં કંઈ કર્યું હોય તો તો કહેતા યે ભલા! આ તો મારી દયા આણવી જોઈએ કે બિચારી શું કરે? — તે તો રહ્યું, પણ તેને સાટે હું જ નઠારી! ઠીક, બાપા, જે કહેવું હોય તે કહો. મારું જ પ્રારબ્ધ ફૂટેલું ને તમારા ઘરમાં આવી એટલે તમારો વાંક હોય તોય મારો જ વાંક! ખરુંસ્તો! હું રાંડ શેં મોઈ નહીં?"

ચતુર ગુણસુંદરી જેઠાણીને પોતાની કરી લેવાનો આ પ્રસંગ ચેતી ગઈ. અનુભવી સસરાનું વાક્ય ખરું હતું તે સમજતાં તેને વાર ન લાગી, પણ મનમાં વિચાર કર્યો કે ચંડિકાને મોંએ એનો વાંક કાઢીશું તો એ કોઈ દિવસ નહીં સમજે અને સસરાને છોડીને મારા ઉપર કટક ચડશે. પણ આજ સુધી જુદી ને જુદી રહેતી જેઠાણી આજ પોતાની મેળે મારી પાસે રોઈ પડે છે અને પોતાનું હોયું ઉઘાડી સલાહ પૂછે છે ત્યારે એવો પ્રસંગ તે મને કયાં મળવાનો હતો? — આમ ગુણસુંદરી પોતાના મનમાં બોલી અને જેઠાણીને શાંત કરવા મંડી ગઈ.

“હશે, છાનાં રહો, રોશો નહીં. શું કરીએ? વડીલ છે ને ઘડી બોલે. તમારું દુ:ખ ખરું છે. બાયડીઓના મનની વાત ભાયડાઓથી શી રીતે સમજાય?” આ શાંત મંગળાચરણથી આરંભાયેલી વાતો કલાકેક પહોંચી. ગુણસુંદરીએ ચંડિકાના મનની સૌ વાત ધીમેધીમે કઢાવી અને એની વાતો સાંભળી એટલે સંભળાવનારીની સાંભળનારી પર પ્રીતિ થઈ. પ્રસંગ આવ્યે નાના ઉપાયથી આ મોટું કામ થયું. આખરે ગુણસુંદરીએ સૌ દુ:ખમાંથી છૂટવાનો ઉપાય બતાવ્યો અને ઈર્ષ્યાને ઠેકાણે પ્રીતિનો સંગ્રહ કરનારીએ તે સાંભળ્યો. ગુણસુંદરી બોલી: “જુઓ, મોટાભાઈનો સ્વભાવ પડ્યો તેનું ઓસડ કરવાનું તમારા હાથમાં છે તે બતાવું. તમારે બધી બાબતમાં એમની મરજી ઉપાડી લેવી; એમનો સ્વભાવ તો જાણો છો એટલે વખત આવ્યે ચેતી જવું કે — હં, આ વખત એનું મન આ વાતમાં છે. એમને હાથમાં લેવા અને આંગળીને ટેરવે રમાડવા એ તમને ન આવડે એવું નથી. આપણે એમની મરજી ઉપાડી એટલે એ તમારા દાસ થયા સમજવા.”

ચંડિકા તબડકો કરી ગાજી ઊઠી: “ના, આપણાથી નહીં બને. એને તો એવું જોઈએ કે રાંડો મુંડકાઓ શંખણીઓ ઉપર એ નજર કરે ને હું બોલું નહીં! આપણાથી એ નહીં થાય—ચોખ્ખી ના.”

“તમે ઊકળો છો શું કરવાને? એ રાંડોનો તો પગ જ કાપવો. હું તો એવો રસ્તો બતાવું છું કે એ કોઈના ઉપર નજર ન કરે ને એક તમને જ દેખી રહે.”

“એ તો આવતે અવતારે થશે.”

“ના, એ બધાં જે રીતે એનું મન રાખે તે રીતે તમારે રાખવું ને કોઈના ઉપર એને નજર નાખવા સરખો વારો પણ ન આવે એટલા કબજામાં રાખવા.”

“હું એને કબજામાં રાખવા જાઉં એટલે તો ધડાધડ થઈ સમજવી.”

“ના, એમ શું કરવા થાય? આપણે એવાં શાણી બગલી જેવાં થઈ વાત કરીએ કે આપણે ઊકળીએ ત્યારે એ ઊકળે કની? આપણે ગોળ

ખાધા સાથે કામ રાખવું. જે કહે તેની હાયે હા ભણીએ ને હળવે હળવે બધું કામ કાઢી લઈએ."

'એ તો મને કંઈ ન આવડે."

"અરે, મારાં ચતુર ભાભીજી! તમને ન આવડે એમ તે હોય?" એમ કહી ગુણસુંદરી હસી પડી. ચંડિકા પોતાનાં વખાણ સાંભળી ખુશ થઈ ગઈ, અને હસાવીપટાવી ગુણસુંદરી એને મેડી ઉપર લઈ ગઈ. દીવો લઈ આ બે જણ ઉપર આવ્યાં અને ગાનચતુર આપઘાત કરતો અટક્યો. ત્રણ જણે બે કલાક એકઠાં બેસી ગપાટા માર્યા, શાણી ગુણસુંદરીએ જેઠાણીને મોટું પદ આપ્યું, અને પોતે તેની તાબેદાર હોય તેમ વર્તવા લાગી. જેઠની ભૂલ પોતાને વસી જ ન હોય — જેમ માને દીકરાની ભૂલ ન વસે — તેમ પોતાને થયું હોય એવો દેખાવ ધારણ કર્યો, અને આજના એક કલાકમાં ગુણિયલના ગુણે જેઠાણીને ઝેર ઉતાર્યું હોય તેમ દ્વેષ ઉતારી દીધો અને તેની સહી જેવી બની ગઈ. થોડી વાર ઉપર જે જેઠને આખા ઘરમાં પોતાનું કોઈ માણસ જડતું ન હતું તેને મન નાની ભાભી મા જેવી વત્સલ વસી. સૌને આનંદમાં નાખી ગુણસુંદરી પ્રફુલ્લ મનથી નીચે ગઈ. મધ્યરાત્રિ થવા આવી હતી. ઘરમાં સૌ સૂઈ ગયાં હતાં. પોતાની ગજાર આગળ ઊંમરનું ઓશીકું કરી સુંદરગૌરી જમીન ઉપર ઊંઘી ગઈ હતી તેને ઉઠાડી, ઠેકાણે સુવાડી અને ગુણસુંદરી પોતાના ખાટલામાં જઈ સૂતી. સૂતી પણ ઊંઘ ન આવી. કાલ એને સૂતક ઉતારવાનું હતું અને હવેથી ઘરની વ્યવસ્થા કેવી રીતે રાખવી, બહોળા કુટુંબને શી રીતે આનંદમાં રાખવું, પતિના મનને શી રીતે ખરેખરો આનંદ આપવો, વગેરે વિચારમાં ઊંઘ ન આવી ને વિચાર ઉપર વિચાર આવવા લાગ્યા. બાર વાગ્યા, એક વાગ્યો, બેના ટકોરા થયા પણ આંખમાં ઊંઘ ન મળે.

"હે ઈશ્વર! આ મહાસાગરમાં તરવાનો માર્ગ સુઝાડ. હું પોર એમ જાણતી હતી કે ઘરમાં જેમ માણસનો ભરાવો તેમ બધાંને એકઠાં રહેવાનો લહાવો. પણ આ તો લહાવો નથી— લ્હાળો છે. સૌનાં જુદાં જુદાં મન—સૌને જુદા જુદા રંગ—સૌને જુદીજુદી મોટી ઝાડ જેવી કટેવો—અને એ કુટેવો ન વેઠાય તો આપણે સૌને મન ભૂંડાં—પછી આપણા મનમાં ગમે તેવી પ્રીતિ હો. સૌનાં મન સાચવવા છતાં આપણું કોઈ નહીં—ધોબીનો કૂતરો ન ઘરનો ને ન ઘાટનો—એવી હું—એ જોઈ લીધું. સંસારસાગર વસમો કહેવાય છે તે અમસ્તું નથી કહેવાતું. મને બધી જાતના અનુભવ થઈ ગયા અને હજી કોણ જાણે શું શું બાડી હશે? આ સસરા— આ સાસુ—આ નણંદો—આ જેઠ—ને આ જેઠાણી: સૌમાં અક્કેકો ગુણ અને અક્કેકો અવગુણ. આ સુંદર નિરાંતે ઊંઘે છે. ઊંઘ, બહેન, ઊંઘ-મારા કરતાં તું સુખી છે—તારે એક તારી જાતની ચિંતા—બીજા કોઈની નહીં. મારે બધાંની ચિંતા. આ છોકરી વળી મોટી થશે ને કોણ જાણે શી શી ચિંતા કરાવશે? પણ ઓ મારા ચતુર! તમારે તો મારા કરતાં પણ વધારે ચિંતા છે.

મારાથી તમારી ચિંતા તો થઈ શકતી નથી—તમારી ચિંતામાં ભાગ લેવાય એ મારાથી બનતું નથી. અરેરે! આજ એમનું મોં કેવું લેવાઈ ગયું? મારા એક શબ્દ ઉપરથી એમનું મોં લેવાઈ ગયું. હસતા હસતા આનંદમાં ઘડી ગાળવા આવ્યા તે ઊતરી ગયેલ મોંએ પાછા ગયા. કોણ જાણે એમને શા શા વિચાર થઈ આવ્યા હશે? મેં ભૂંડીએ પૂછ્યું સરખું નહીં. શું પૂછવાનું હતું? ઉઘાડી જ વાત છે સ્તો! આ બધા કુટુંબની એમને ચિંતા છે—બોલતા નથી. પણ આંખો છે તે જોયા વગર રહેતા હશે કે કાન છે તે સાંભળ્યા વગર રહેતા હશે? મારી પણ એમને ચિંતા! ને કમાઈ ટૂંકી ને ખરચ મોટું. આ બધી ચિંતા મટે તો પછી એમની ચિંતા ઘટે! એટલું સરખું મારાથી નહીં થાય તો પછી હું શા કામની?"

"વડીલનો સ્વભાવ આકળો છે, વિવાહનું વરશી કરી મૂકે છે—બાકી આ આખા ઘરમાં દયા જાણનાર એમના વગર બીજું કોણ છે? દયા જણાવીને શું કામ છે? મારે શાલપામરી ઓછાં જ ઓઢવાં છે; જે કરવું તે परमेश्वरप्रीत्यर्थम्! મારા ચતુરનું કુટુંબ તે મારું કુટુંબ! ગમે તેવું પણ એમનાથી પોતાનું કુટુંબ કાંઈ કાઢી નંખાવાનું છે? માટે એનું તે મારું. મારી ચિંતા તો વડીલ કરશે—એ પોતે કરશે—પણ એમની ચિંતા હું શી કરવાની હતી? અત્યારે કેટલી કેટલી ચિંતા કરી થાકયાપાકયા સૂતા હશે?"

"ખરે! આકળો સ્વભાવ માણસને રાક્ષસ જેવું કરી મૂકે છે. ચંડિકાભાભીએ આકળાપણામાં સુંદરભાભીને કચરી નાખ્યાં ને જેઠને શાંત કરી દીધા. અરેરે! એનો યે શો વાંક કાઢીએ? આવા ધણીથી એને કેટલું દુ:ખ? એની આંખો અને એની છાતી કેમ કહ્યું કરે? જેઠને પણ હદ છે. કેવું કામાંધ માણસ! શી લંપટતા! શી નિર્બળતા! હવે કેટલા પસ્તાતા હશે? કેટલી શિક્ષા ખમી? કેટલી શિક્ષા ખમશે? કામવિકાર બહુ નઠારો પદાર્થ છે એમાં કાંઈ વાંધો નહીં—એના આગળ માણસનું જોર જખ મારે છે. ઓ મારા ચતુર! જ્યાં ત્યાં એક ઘડી જ એકલાં હતાં કેની? ખરે! સુવાવડમાં વિયોગ પાળવો એ લોકાચાર ખોટો તો નહીં. પાણીથી ભરેલું વાદળું એકલું ગાજીને શાંત નથી થતું તેમ એકાંત મળી એટલે એકલી વાતોથી જંપ નથી વળતો!"

"સર્વથા વિકારમાત્ર ખોટા છે—પછી તે કામ હો કે ક્રોધ હો કે બીજો ગમે તે વિકાર હો! વિકારનું બળ ફાવે એટલે માણસ માણસ મટી પશુ થઈ જાય છે અને પોતાનો કે પારકો સ્વાર્થ કે પરમાર્થ કાંઈ સૂઝતો નથી અને માણસ કેવળ આંધળુંભીંત થઈ જાય છે. નીકર સુંદર કોણ છે તે જેઠને ન સૂઝે? બિચારી સુંદરની અવસ્થા મારા કરતાં સોગણી ભૂંડી. એ શું કાંઈ માણસમાં નથી? એને શું ન જોઈએ?—પણ ઈશ્વરે આપેલું લઈ લીધું! એના કરતાં— અને બે નણંદો કરતાં પણ મારા પર ઈશ્વરની કૃપા છે. નીકર, ઓ મારા ચતુર—તમારા વિના—"

"'તમારા વિના'—એ અપશુકન ભરેલો શબ્દ—અપશુકન ભરેલો વિચાર કેમ સૂઝ્યો? હવે શું થવાનું હશે? એ શબ્દ ખરા પડે તો સંસાર કેવો સૂનો થઈ જાય — મારા ચતુર વિના તે કેમ જિવાય? એવા દિવસ શી રીતે ગાળ્યા જાય?" આ અને આવા આવા અનેક પ્રશ્નો મનમાં પૂછતી પૂછતી સાહસરાય જીવતો છતાં તેના વગરની દુ:ખબાનો સ્વભાવ આવો હોય તેમાં શી નવાઈ? —એ વાતનો પોતાની અત્યારની સ્થિતિથી અનુભવ કર્યા જેવું કરતી, "હું મરી ગઈ હોત તો મારા ચતુરની કેવી વલે થાત?" એ કલ્પનાનો ચિતાર આંખ આગળ ખડો કરતી, પોતે મરી ગઈ હોય અને વિદ્યાચતુર એકલો જીવતો હોય તો આ ઘર એને કેવું શૂન્ય લાગે—એવા એવા અનેક વિચાર કરતી કરતી ગુણસુંદરી આંસુથી છલકાતી ચોંટતી આંખો મીંચવા લાગી, અને પોતાની છાતીના દૂધ સાથે છાતીમાંના શોકમય ચિંતામય વિચાર પણ બાળક કુમુદસુંદરીને ધવરાવતી હોય તેમ તેને છાતીસરખી રાખી કલાંઠીવાળી પોતે જ ખાટલાની એક ઈસ હોય તેમ ઈસ ભેગી લપાઈ જઈ નિદ્રાવશ થઈ ગઈ અને નિદ્રામાં ને નિદ્રામાં થોડી થોડી વારે લવતી હતી અને ઓઠમાં ને ઓઠમાં રોતી હતી.

રાત્રી વેગભરી ચાલી જવા લાગી. વિદ્યાચતુરના ઘરમાં જુદી જુદી સ્થિતિમાં પડેલાં સૌ માણસોને નિદ્રારૂપી એક અવસ્થાએ ઝડપી લીધાં અને એક પછી બીજી એમ બધી ઘડીઓ શાંત અને એકાંત અંધકારનાં પગલાં પેઠે ભરાવા લાગી. અંતે રાત્રિની ભર જુવાની પૂરી થઈ હોય એમ પાછલી રાત જણાઈ, વૃદ્ધાવસ્થા પેઠે ઝાકળ આખા જગતને શીતળ કરી રહ્યું અને વહેલી ઊઠનારી ગુણસુંદરીની આંખ પાછી ઊઘડી ગઈ અને તે ઊઠી બેઠી થઈ. કોઈનો શબ્દ સરખો સંભળાતો ન હતો અને આંક માત્ર એકલા બળતા દીવા સામું જોઈ રહી. રાત્રે કરેલી ચિંતા બીજે રૂપે સ્ફુરવા લાગી. આજ નાહવાનું હતું, હવેથી ઘરની લગામ પાછી પોતાના હાથમાં લેવાની હતી, અને થયેલા અનુભવનું ફળ શી રીતે લેવું તેનો વિચાર ગૃહિણી એકલી એકલી ઉત્સાહભરી કરવા લાગી. ટૂંકમાં બધો વિચાર થઈ ગયો.

"શો વિચાર કરવાનો હતો જે? એ તો એ સ્તો—બધું માથે ઉપાડી લેવું. ઉપરથી બધો સામાન જાતે લઈ આવવો કે સુંદરને જવું ન પડે ને જેઠનું મોં જોવું ન પડે. ઘડી ઘડી ઉપરથી આણવો પડે તે સામાન નીચે આણી મૂકવો. કોઈની પાસે માગવું ન પડે એમ પહેલેથી જ સામાન લઈ રસોઈ હાથે કરી નાખવી, ને પીરસનારી તો રાણી કહેવાય માટે તે કામ વખતે બીજા કોઈને આગળ કરવું. સૌ જમે એટલા વખતમાં પરચૂરણ કામ કરી લેવું. રસોઈ કરતી વખત મોંનું કામ શું? ઘરનાં છોકરાં ને ચાકરોને સૂચનાઓ પણ તે વખતમાં આપી દેવી! આ બાળકની સંભાળ સુંદર રાખશે ને ખુશી થશે. જમ્યા પછી કલાક સૂવું—શરીરની સંભાળ રાખીશું તો બધાંને કામ લાગીશું. દુ:ખબાબહેન પેઠે ઓછું આણીએ તો જન્મારાનાં દુખિયારાં થઈએ. તેમાં શું વળ્યું? ઊંઘી ઊઠી મૂકેલો અભ્યાસ પાછો તાજો કરવો—

કે મારા ચતુરનું મન તે જોઈ આનંદમાં રહે. તે પૂરો કરી ઘરનાં છોકરાંને લઈ અર્ધો કલાક દેવદર્શન જઈ આવવું કે ખાધેલું પચે ને પગ છૂટો રહે. ત્યાંથી આવી વાળુની તૈયારી વહેલી વહેલી કરી લેવી અને રાત્રે ઘરમાં સૌની સાથે ઘડી બેસી—પછી હું ને મારો ચતુર!" આજ સુધી વિચાર નહોતો કર્યો તો કાંઈ સૂઝ્યું ન હતું—આજ વિચાર કર્યો તો તરત રસ્તો સૂઝ્યો. વિચાર કરવાનું પણ સાંભરવું જોઈએ છે.

કામ કેમ થોડું કરી નાખવું, કોઈના ઉપર આધાર રાખ્યા વિના કેમ કામ નભી શકે, મોટું મન કેમ રાખવું વગેરે સમજી લઈ, એ સમજણના કાર્યગ્રાહી ગુણો ધારણ કરી, કામમાં પડેલી ગુણસુંદરીએ ઉદ્યોગ અને આગ્રહથી ઘરકામનું વહાણ ઝડપબંધ આગળ ધપાવ્યું. પોતાની શાંતિ અને ક્ષમાથી સૌનાં મોં સીવી દીધાં. એનું મોટું મન દેખી પારકાંનાં મનમાંની અદેખાઈ શરમાઈ સંતાઈ ગઈ અને ભૂખમરાથી મરી ગઈ. એના વહાલ આગળ આખું કુટુંબ એને વશ થઈ ગયું. એણે સર્વને સ્વતંત્રતા આપી અને જાતે પરતંત્રપણું સ્વીકાર્યું ત્યારે સૌ એના ગુણ આગળ પરતંત્ર થઈ ગયાં અને એ પોતે સૌની ઉપરી જેવી બની. આ સર્વ દેખી વિદ્યાચતુર સ્વસ્થ થયો, અને પોતે એકલો હતો ત્યારે જે સુખ ભોગવતો હતો તે જ સુખ આજ દઈ શકનારી પોતાની ગુણિયલ ઉપર વહાલ આવતાં કહેતો કે આનું નામ તે प्रभुता रमणेषु योषिताम्!

ઘરના કામમાં વખતની વહેંચણી કરી નાંખી બધું કામ જાતે ઉપાડી લીધું એટલાથી ગુણસુંદરીના ધર્મકર્મની સમાપ્તિ ન થઈ. એ તો કોઈને કંઈ કહેવું ન પડે અને કોઈની આશા રાખવી ન પડે અને ઘરનું ગાડું ચાલ્યું જાય એટલા જ ફળનું સાધક હતું. પરંતુ પરદુ:ખભંજન થવું અને સર્વ કુટુંબનાં અંતર્દુ:ખ જાણી લઈ તેનો ઉપાય કરવો એ પુરુષકાર્ય પણ ગુણસુંદરીએ માથે લઈ લીધું. સર્વની દાસી થઈ સર્વને દાસ કરી લેવા, સર્વનાં મનરંજન કરવાં, સર્વનાં હૃદયને ઉચ્ચ માર્ગે ચડાવવાં, એ કામ કરવાનું પણ ગૃહિણીએ ઇચ્છ્યું. પતિનું દ્રવ્ય ઓછું વરે અને કુટુંબનું હિત થાય એવું મનોયત્ન ગૃહપંડિતાએ સાધવા માંડ્યું.

દિવસે પોતાના અભ્યાસમાં રામાયણ, ભારત અને એવાં પુસ્તકોનો સમાસ કરી રાત્રે કુટુંબ સાથ ઘડી વાર્તાવિનોદનો સમય આવે ત્યારે કુટુંબકથા અને લોકનિન્દાના વિષયને ધીમે ધીમે દેશપાર કર્યા અને તેને સ્થળે સર્વજ્ઞ જેવા સર્વ સંસારના પંડિત વાલ્મીકિ અને વ્યાસની રસિક ચતુર કથાના પ્રસંગો કાઢી ગુણસુંદરીએ સર્વનાં મન હરણ કરી લીધાં અને સર્વને આ લોક અને પરલોકનાં અવલોચક કર્યાં. આમ ગુરુ જેવી બનેલી ગુણસુંદરી કુટુંબમાં બહુ માન પામી. ધીમે ધીમે એવો પ્રસંગ આવ્યો કે એના મનને ખેદ થાય એવું કરતાં બોલતાં સર્વ કોઈ આંચકો ખાવા લાગ્યું, અને બીજાં માણસ આજ્ઞા કરી — ક્રોધ કરી — કપટ કરી — બળાત્કાર કરી— શિક્ષા કરી—જે કામ નથી કરાવી શકતાં એ કામ ગુણસુંદરીનો એક કોમળ

શબ્દ કરાવી શકતો. એની ઇચ્છાથી ઊલટું કામ કરતાં સૌ કોઈ મનમાંથી ખેદ પામતું, શરમાઈ જતું અને પારકાનો ઠપકો અવશ્ય પામતું.

ગાનચતુર નોકરી વિનાનો હતો અને અપકીર્તિ પામી નોકરી ખોઈ બેઠો હતો તેનું શું કરવું તે વિદ્યાચતુરને સૂઝતું ન હતું અને જ્યાં કંઈ માર્ગ સૂઝ્યો અને પ્રયત્ન કરતો ત્યાં ગાનચતુરને કર્મે નિષ્ફળતા જ થતી. ઘણી વખતે એણે જરાશંકરને કહ્યું અને જરાશંકરને બે ભાણેજ સરખા હોવા છતાં ગાનચતુરના દુર્ગુણોથી કંટાળો આવ્યો હતો, અને વિદ્યાચતુર પોતાના ભાઈની વાત કાઢે એટલે મામો એમ જ કહેતો કે “બાપુ, મલ્લરાજ જેવા મહારાજના રાજ્યમાં નોકરોએ તરવારની ધાર ઉપર ચાલવું પડે છે અને આ તારા ભાઈના ગુણ આપણા સર્વનો રોટલો ટાળે એવા છે—માટે વધારે સારું એ છે કે એને ખાવાપીવાનું તારા પગારમાંથી જ આપવું એટલે આપણા બધાનું ખાવાપીવાનું એ રહે ને પગાર પણ ચાલતો રહે. હવે થોડાં વરસમાં એ વૃદ્ધમાં ખપશે. તારા બાપે ‘પેન્શન’ લઈ નોકરી છોડી—આણે પેન્શન ખોઈ નોકરી છોડી. એકને પાળે છે તો બીજાને પાળ.” મામાનો આવો ઉત્તર વિદ્યાચતુર કોઈને જણાવી શકતો ન હતો અને ખરી વાત ન જાણે એટલે સૌને અસંતોષ સ્વાભાવિક રીતે એના પર જ રહેતો. પતિથી ન થયું એ કામ ઉપાડવા પત્નીએ પ્રયત્ન કર્યો.

એક દિવસ આ જ અર્થ સારું પોતે મામાને ઘેર ગઈ, અને મામીને તૈયાર કરી મામા પાસે વાત કાઢી. જેઠની ભલામણ કરવા ભાભી આવે તે જોઈ મામાને એક વાર તો પુષ્કળ હસવું આવ્યું, અને પછી વિદ્યાચતુરને જે ઉત્તર દેવામાં આવતો હતો તે જ ગુણસુંદરીને આપ્યો. પુરુષ જે કહી શકતો ન હતો તે સ્ત્રીએ કહ્યું: “મામાજી, એ બધી વાત ખરી પણ નાનપણનું અજ્ઞાન મોટપણમાં અનુભવથી ખસે છે તેમ કુબુદ્ધિને અનુભવ ખસેડે છે. માણસ બારે માસ એક સરખું રહેતું નથી. નોકરી મળશે વાસ્તે કંઈ જેઠજેઠાણીને ઘરમાંથી જુદાં પડવા દેનારી હું નથી—પણ બગડેલું માણસ ધંધે વળગ્યાથી સુધરે છે તો આ તો સુધરેલાને સુધારવાનું છે. મામાજી, આપનાથી કાંઈ ખસાવાનું નથી—છોરુ કછોરુ થશે—માવતરથી કમાવતર થવાવાનું છે?”

ભાણેજવહુનો આગ્રહ જોઈ જરાશંકરને વધારે હસવું આવ્યું. “બેટા, તું જેઠને ‘સર્ટિફિકેટ’ આપે છે તે તારા ઉમંગનું છે પણ હું તે સ્વીકારતો નથી. એ સુધર્યો ન હોય તો સુધરે એવું તું માથે લે છે?—ચાલ, તું જામીન થાય તો વિચારું.”

ગુણસુંદરીએ તરત ઉત્તર દીધો: “થયું, એટલું જ કેની? એ તો હું માથે લઉં છું, લ્યો, પણ બોલ્યા જ છો તે પાળજો.”

મામાથી ગુણસુંદરીને તરછોડાઈ નહીં. થોડા જ દિવસમાં રત્નનગરીમાં જ ગાનચતુરને યોગ્યતા પ્રમાણે નોકરી મળી અને આ નોકરી કેમ નહોતી

મળતી અને કેમ મળી તે સૌ સમાચાર કેટલેક દિવસે પ્રસંગ આવ્યે મામીએ ગાનચતુરને ચંડિકાના દેખતાં કહ્યું. બે જણ મનમાંથી ગુણસુંદરીનાં દાસ થયાં, અને ભૂતકાળમાં ગુણસુંદરીને જાણ્યેઅજાણ્યે દૂભવવા જેવું કર્યું હશે તે સાંભરતાં ધણીધણિયાણી બે જણ પસ્તાયાં. ગુણસુંદરીને ખભે ભૂલથી હાથ મુકાઈ ગયો હતો એટલું સ્મરણ થતાં જ ગાનચતુર પૃથ્વીમાં પેસી જવા જેટલું મનમાંથી શરમાતો. સુંદરની વાતમાં પોતાનું મન બગડ્યું હતું, તે વાત ગુણસુંદરીને કાને ગઈ જાણી એને હલકો અભિપ્રાય થતો હશે તે મટાડવો એ ગાનચતુરે ગુરુકાર્ય ગણ્યું. કશાથી નહોતો સુધર્યો, તે માણસ આખરે ગુણસુંદરી આગળ લજ્જાનો માર્યો સુધર્યો. એના ઉપર અને એની સ્ત્રી ઉપર હજી વધારે ઉપકાર ગુણસુંદરીને હાથે થવો નિર્માયેલો હતો.

ચંડિકા એક પ્રસંગે એમ કહેતી કે “મારે તે ગુણસુંદરીનું શું કામ પડવાનું હતું?” કાળ બદલાયો અને એનાં છોકરાં સુધ્ધાંતની સંભાળ ગુણસુંદરીને કરવા વારો આવ્યો. ચંડિકાનો મોટો દીકરો હરિપ્રસાદ સ્વભાવે સારો હતો પણ એની વહુ મનોહરી એનાથી મોટી હતી. સસરાની નોકરી ગયા પછી મનોહરી પિયર ગઈ હતી. મનોહરી ઉલેર ઘાટની, બુદ્ધિશાળી અને મદોન્મત્ત હતી. પતિ નાનો અને ઓછી બુદ્ધિનો હતો. પતિના પહેલાં પોતાને જુવાની આવી હતી, અને જેમ પોતાને જુવાનીનો મદ આવેલો હતો તેમ જુવાન વર્ગના પુરુષોમાં પણ એના રૂપનું આકર્ષણ વધારે હતું, ને એના પ્રસિદ્ધ કજોડાને લીધે લંપટ માણસો એનો પ્રસંગ શોધવાથી ફાવીશું એવું ધારતા. મનોહરીના નામની લાવણીઓ જોડાઈ હતી. એનું નામ લોકની ભીંતોએ ચડ્યું હતું. એ બહાર ફરવા જાય ત્યારે પવન એના કાનના પડદા સાથે બહાર થતી બીભત્સ વાતો અથડાવતો અને એની આંખો સામે પુરુષોની આંખોના ડોળા ફરતા. એ ગરબે ફરે ત્યારે આસપાસ લોકોનું ટોળું ભરાતું, એના ઉપર કાંકરા ઊડતા અને પ્રસંગે અટકચાળી આંગળીઓથી એનું વસ્ત્ર સુધ્ધાંત ખેંચાતું. એ એકલી બહાર નીકળી હોય તો રસ્તે જનાર એના સરસો અડોઅડ થઈ ચાલ્યો જતો, અથવા એની પાછળપાછળ આવતો, અથવા એની આગળ ચાલે અને પાછે મોંએ એના સામું જુએ. મનોહરી આ સૌ ફજેતીથી કોક વાર અકળાતી, કોક વાર ડરતી, અને કોઈ વાર તો એવાં હજાર વાનાંને ઘોળી પીતી. એના ઉપર અને એના ધણી ઉપર લોકના ખરાખોટા નામવાળા અને નામ વગરના જુદીજુદી મતલબના કાગળો આવતા. એ દેવદર્શન જાય તો મોઢાની, અને ભીડમાં હોય તો ગમે તેવી, એની મશ્કરી કરવા લોક ચૂકતા નહીં. એ નાતમાં જમવા જતી ત્યારે મિષે મિષે અથવા ઉઘાડે છોગે લોક એની વાત કરતા. કાળક્રમે એ નફટ થઈ અને એને કાંઈ લાગતું બંધ થઈ ગયું. લોકો વાતો કરતા તે ખોટું પણ ન હતું. ગામમાં કોઈ રંગીલો છેલ આવ્યો હોય તો એને મળ્યા વગર એ રહેતી નહીં. પોતાને માથે ધણી આવો હોય ત્યારે આવું હોય પણ ખરું! — એમ એના મનમાં રહેતું. કોઈ વાર એવું પણ ઇચ્છતી કે ‘ક્યારે ધણી મોટો થાય અને હું આ જંજાળમાંથી છૂટું!’ ધણીને મોંએ ગામની વાતો જતી. તે

ચિડાતો, વહુને મારતો, વહુ મારખાઉ થઈ ગઈ. કોઈક વખત તો સામી મારતી પણ ખરી, અને કોઈક વખત માર ખાતી ખાતી હસતી અને કહેતી કે “હા, મારો, મારો, મેં માર ખાવો ધાર્યો છે તે ખાઈશ. બાકી હાથ ઉપાડું તો જાણો.”

ચંડિકા આ વહુથી ગાંડા જેવી થઈ ગઈ હતી. વહુને સુધારવા દીકરાના કાનમાં ભરાઈ લાખ વાતો કરતી અને લાખ ઉપાય ખરાખોટા બતાવતી. વહુ એમ જાણતી કે સાસુ વરના કાન ભરવે છે, એટલે વરના કહેવાની કાંઈ અસર થવાની હોય તે પણ ન થતી. કદીક તો ધણી મારે તે પોતાના જારને કહી દેતી અને તે લોક નિશાળમાં અથવા રસ્તામાં હરિપ્રસાદને મારતા અને એની પાસે કબૂલ કરાવતા કે હવે મારીશ નહીં.

આ વહુ પિયર ગઈ હતી ત્યાં સુધી ચંડિકા સુખી હતી. હવે એ પાછી વિદ્યાચતુરને ઘેર પણ આવી અને ચંડિકાને ત્રાસ પડ્યો કે “વળી શી નવાજૂની થશે?” એક દિવસ સૌ જમવા બેઠાં હતાં, માત્ર ગુણસુંદરી જમ્યા વિનાની પરસાળમાં કાંઈ કામ કરતી હતી, અને મનોહરી પરસાળની મેડીએ બાળક કુમુદસુંદરીને રમાડતી રમાડતી એના ઘરમાં છડેચોક ઉઘાડે સ્વરે ગાતી ગાતી મોટામોટા હીંચકા ખાતી હતી.

“જાય છે જાય છે જાય છે રે આ જુવાની ચાલી જાય છે!

પાણીનો રેલો ને આભલાની હારો જેવી—જુવાની ચાલી જાય છે!૧

નાનો નાવલિયો ને કજોડાની નારની — જુવાની૦

પિયુ પરદેશ એવી રાંડી સમી માંડી તણી —જુવાની૦ ૨

સાસુ સંતાપે ને માવડિયો કંથ એની — જુવાની૦

સધવા રુએ- રુએ વિધવા યે! એમ બેની —જુવાની૦” ૩

ગીત સાંભળી ચંડિકા જમતી જમતી અકળાઈ—પણ શું કરે? બોલે તો રોકડો જવાબ આપે એવી વહુ હતી. બીજાં બધાં ગીત સાંભળી હસવા લાગ્યાં ને એકબીજાનાં મોં સામું જોવા લાગ્યાં. કામ કરવું મૂકી ગુણસુંદરી પરસાળમાં પળવાર ઊભી રહી. હડપચીએ હાથ દઈ પળવાર વિચારમાં પડી. મનોહરીએ હજી ચડે એવું ગીત ગાવા માંડ્યું અને એ ગીતમાં હીંચકાની સાંકળોનું ગાયન ભળ્યું.

"જીરવાય નહીં રે જીરવાય નહીં! માડી! જુવાની આ જીરવાય નહીં!

સહિયર સમાણી મારી ચમન કરે ને નીકળી પડે મારી આંખો રે!

અદેખી નાર મને કરી કજોડે, મારા નાનડિયા કંથને કાં ઝાંખો રે!

વાયદો કર્યો ચાર વરસનો ઢૂંકડો—થશે જવાન એ —હું ઘરડી રે!

ઉછળે જુવાની, ના ડાટો દેવાય, વાળું મન હું મરડી મચરડી રે!"

ચંડિકાથી રહેવાયું નહીં. તે જમતી જમતી ઊઠી પરસાળમાં જઈ મેડીએ ચડવા લાગી. ગુણસુંદરી એનો મિજાજ સમજી એને અટકાવીને પોતે મનોહરીને શિખામણ દેવાનું માથે લઈ ચંડિકાને પાછી જમવા મોકલી. ઉપર ગીત મેળે બંધ થયું, પણ મનોહરી કુમુદસુંદરીને બે હાથે ઊંચી કરી કુદાવતી હતી, વારંવાર ચુંબન કરતી હતી અને હીંચકા પીઢો સુધી ખાતી હતી. ગુણસુંદરી ઉપર ચડી દાદરમાં ઊભીઊભી પળવાર જોઈ રહી. મનોહરીની પૂઠ હતી એટલે એણે એ જાણ્યું નહીં અને તાન લાગ્યું હતું તેમાં મચી રહી. એટલામાં એના હાથમાં ઊંચી થયેલી કુમુદસુંદરીએ માને ઓળખી, હસી, પગ નચાવી, કિલકિલાટ મચાવી મૂક્યો, ને મા ભણી હાથ લાંબા કર્યા; તે જોઈ મનોહરીએ પાછું જોયું. પોતે ગાયેલું કાકીજીએ સાંભળ્યું હશે એવું ભાન આવ્યાથી ગુણસુંદરીને જોતાં જ મનોહરી શરમાઈ ગઈ, અને તરત ઊભી થઈ કુમુદસુંદરીને રમાડતી રમાડતી સામી ગઈ. એ શરમાઈ તે એના ગાલ ઉપર આવેલા રંગથી જ ગુણસુંદરી સમજી ગઈ. એની આંખમાં શરમ છે, સમજણ છે અને તે છે ત્યાં સુધી ઉપાય હાથમાંથી ગયો નથી એવું ધારી એ હરખાઈ. પોતે એના કરતાં પાંચસાત વર્ષ જ મોટી હતી એટલે સહીપણાંના ભાવથી વાત કરી શકે એમ હતું. સરખી વયનાં માણસથી ઉપદેશ થાય છે એટલો બીજાંથી થતો નથી. વહુ ગમે તેટલી બગડી હશે તોપણ બુદ્ધિશાળીને ઉપદેશ સમજતાં વાર નહીં લાગે, અને એના ઉપર પ્રીતિ રાખી કહીશું, તો ધીમે ધીમે સારા ગુણનો એને પટ બેસશે એ વિચાર ગુણસુંદરીને થયો. વળી એણે એવો વિચાર કર્યો કે, "આને મોંએ એના દોષ કહી બતાવીશું અને વાંક કાઢીશું તો એને એકદમ નહીં વસે અને બાળક છે એટલે સામો ભાવ બંધાશે; માટે હાલમાં તો એના સામાં ન થવું, એનાં થઈને વાત કરવી અને એની મેળે જ પોતાની સ્થિતિનો વિચાર કરી ઉપદેશ લઈ લે એવું કરવું. આપણે ન કહેવું, પણ એની પાસેથી કહેવરાવવું. લોકરૂઢિએ કજોડું બાંધ્યું, જુવાનીએ પોતાનું કામ કર્યું, બાળક ધણીએ છોકરવાદી કરી, ને ચંડિકાભાભીએ પોતાના સ્વભાવ પ્રમાણે કામ

કર્યું! વહુ બાપડી શું કરે? એને કોઈ સારે માર્ગે ચડાવનાર ન મળ્યું, ઊછળતી જુવાનીના છાકે બુદ્ધિએ જે રસ્તે ચડાવી તે રસ્તે ચડી—આખરે ડાહી છે —સુધરે એવી છે.” મનોહરીએ પોતાના સામું જોયું એટલામાં એને જોઈ ગુણસુંદરીએ આટલા વિચાર કર્યા અને હીંચકેથી ઊઠી એ સામી આવી એટલે પોતે પણ ઉપર ચડી અને ઉમળકો આણી હસતી હસતી બોલી: “વહુ! તમારો રાગ તો સારો છે; શું ગાતાં’તાં એ?”

મનોહરી ફરી શરમાઈ અને કેડમાંની કુમુદસુંદરી સામું જોઈ ગુણસુંદરીને કહેવા લાગી: “એ તો કંઈ નહીં—અમસ્તુ—સહેજ જરી.” સાસુને રોકડા ઉત્તર આપતાં ડરતી ન હતી તે કાકીજી સાથે બોલી પણ ન શકી, અને મનમાંથી લેવાઈ ગઈ. છૂટા રહેલા હાથની હથેલી વીંઝી આંગળાં બીડી દઈ મનમાં જ બોલી: “બળ્યું કાકીજીએ ક્યાંથી સાંભળ્યું આ? હું શું કહું એમને?” ગુણસુંદરીના ગુણે એને જીતી હતી તેનું એને ભાન હતું. બુદ્ધિમતી હતી માટે જ તે જિતાઈ હતી. ચંડિકામાં ગુણસુંદરીપણું ન હતું માટે જ મનોહરી એનાથી ન સુધરતાં બગડી હતી. મનોહરી હીંચકેથી ઊઠી, બાળકને રમાડતી રમાડતી—ચુંબન કરતીકરતી—અને છાતી સાથે દાબતીદાબતી, ગુણસુંદરીની પાસે આવી અને પોતે ગાયું હતું તે વાત ઉડાવવા બોલી: “કાકીજી, આટલી સરખી છોકરી કેવી તમને ઓળખી ગઈ? પણ તમે તો એના સામું યે જોતાં નથી! કેવી પાંખડી જેવી છે! વ્હાલ ન આવતું હોય એવાંને પણ વ્હાલ અણાવે એવી છે.”

ગુણસુંદરી અને મનોહરી બે જણ હીંચકે જઈ બેઠાં અને ગુણસુંદરીએ મનોહરીને કલાવી કલાવી વાતો કઢાવવા માંડી. વાતો કઢાવતાં કઢાવતાં તેની મનોવૃત્તિ સાથે અથડાય નહીં એવો થોડો ઉપદેશ કર્યો. આખરે એ ઉપદેશ સફળ થતો હોય એમ મનોહરી બોલી ઊઠી: “કહો, કાકીજી, મારો શો વાંક? હું યે બાળક છું કની? પૂછો સાસુજીને—કેટલી વાર એમણે એમના કાન ભરવ્યા છે? મૂળ તો ‘કર્મે કજોડું મારે શ્યામજીડું’ જેવું મારે કપાળે લખેલું જ છે તે થયું, ને તેમાં વળી હવે જરી જરી છોકરવાદી મટવા માંડી ત્યારે સાસુજી દીકરાને માવડિયો કરી નાખે! ત્યારે મારે યે કંઈ હોંસ હોય કે ન હોય? બે પૈસાની કાંસકી મને આણી આપે તો તેટલું યે સાસુજીથી ન ખમાય ને દીકરાને ‘બાયલો! બાયલો!’ કરી મૂકે. બપોરે નિશાળેથી આવે ત્યારે ઘડીક પાણી પીવાને મેડીએ આવે તે સાસુજીની આંખો ચડી જાય ને બે જણને ‘બેશરમાં—લાજ વગરનાં—નફટ—નફટ’ કરી ફજેતી કરે ત્યારે એમને કાંઈ વિચાર નહીં થતો હોય? એમની દીકરો ને મારો ધણી તેની યે અદેખાઈ! કોઈ બીજાની સાથે વાત કરું તો તો.બોલતાં યે ભલાં. પણ આ તો પોતાનું નાનપણ જ જાણે ભૂલી ગયાં હોય કની એમ કરે છે. એ આટલાં મોટાં થયાં—ને હું તો હજી નાની બાળક છું. આ તમને કોઈ કહે કે ઘરનો ધંધો ઉપાડો, વૈતરું કરો, ને કાકાજી બહારનું વૈતરું કરે, પણ બે ઘડી બે જણાં બેઠાં હો ને આંખે આંખ મેળવી સાતવાર વાતો કરો

એવું કોઈથી ખમાય નહીં તો તેની બે આંખોમાં બે આંગળીઓ ઘોંચી ઘાલીએ તો કાંઈ પાપ લાગે ખરું? કહો હવે.” જમણા હાથની બે મોટી આંગળીઓ લાંબી કરી, જરીક કોપેલી દેખાઈ, આંખો વિકસાવી, હોઠ મરડી, દાંત પીસી, ડોકું ધુણાવતી, ટટ્ટાર બેસી, મનોહરી ગુણસુંદરીની આંખો સામી આંખો કરી તાકીને જોઈ રહી. એ દેખાવ જોઈ ગુણસુંદરી હસી પડી. હલકા લોકમાં ભમવા પામેલી અને છોકરવાદ મનોહરીને એવો વિચાર ન થયો કે કાકીને આમ ન કહેવાય. ગુણસુંદરીને હસતી દેખી એ વિચાર થયો અને એ ખસિયાણી પડી ગઈ. જો કાકીજીને ઠેકાણે સાસુજી હોત તો ઝઘડો મચત અને કાકીજી શાંત રહ્યાં અને સહી ગયાં તે વિચારથી ઓશિયાળી બની ગઈ અને જશ ફીકી પડી. હસતે હસતે ગુણસુંદરી બોલી:

“ના વહુ, તમે છો તો ખબડદાર. કેમ, બેટા એમ જાણ્યું કે કાકીજીનું પોતાનું દૃષ્ટાંત આપીએ તો એમને કહેવાનું જ રહે નહીં? પણ જુઓ, તમારાં સાસુને તમારા કરતાં બે વર્ષ વધારે થયાં હશે તે વધારે સમજે, પણ એમને કાંઈ એમ જ વસ્યું હશે કે તમને કુળલાજ શીખવવી ત્યારે કાંઈ કહ્યું હશે. પણ ચાલો, હવેથી એવું કરી આપું કે એ તમને કાંઈ કહે નહીં—તો પછી તમે એવું કરશો કે તમને કંઈ કહેવાનો વારો જ એમને આવે નહીં?”

“ઠીક, એમનાથી જ કહ્યા વગર રહેવાશે સ્તો! વહુને નહીં કહે તો દીકરાને કહેશે. કાકીજી! તમે એમનો સ્વભાવ જાણતાં નથી. આ હું તમને વળગતી રહું તો એ એમ જ કહેવાનાં કે જા, કાકીને સાસુ કહે—મારું શું કામ છે? એમની આંખમાં તો શનિશ્ચર બહુ છે તે તમને ખબર નથી. ખબર પડશે ત્યારે જાણશો. મહાદેવના ગુણ તો ભયડો જાણે ને સાસુના ગુણ વહુ જાણે.”

બહુબોલી વહુનું બોલવું સાંભળી, તેનું ખરાપણું મનમાં સમજી, ગુણસુંદરી એને માથે હાથ મૂકી હસતી હસતી બોલી: “પણ, વારુ એ કોઈને મોંઢે ન બોલે તો?”

“તો શું? પણ એને શું ગમતું હશે તે મને શી ખબર પડે? એમને તો હજાર કોહ્યાવેડા કરવા તે મને સૂઝે યે નહીં ને પરવડે એ નહીં, ને હું કાંઈ એમની બંધાયેલી છું કે શું? ના, એ કંઈ ન બને! હું તો ઘણું ત્યારે તમારું કહ્યું કરું કે મારી દાઝ જાણો છો.”

“વારુ, પણ મારું તો કરશો કે નહીં?”

“હા, જાવ, એટલું કરીશ. પણ તમે જાણો કે સાસુનું કહ્યું કરે તે થવાનું નહીં. નહીં—નહીં—ને નહીં. એમનું મોં મને દીઠું ન ગમે. મને વિતાડવામાં બાકી રાખી નથી. તમે તો મને કાચે સૂતરને તાંતણે બાંધો તો બંધાઉં, પણ સાસુ તો દોરડાંનાં બંધન બાંધે તેમાંથી ચસકી જાઉં, ને જોવા જેવું કરું તે વળી જુદું.”

ગુણસુંદરીએ ધીમે ધીમે મનોહરીને હાથમાં લઈ લીધી. ચંડિકાને સમજાવી સમજાવી પ્રથમ ઠેકાણે આણી. દીકરાવહુનો સંસાર જોઈને રાજી થવાની એને ટેવ પાડી. જુવાન છોકરાંની ભૂલો ઠપકાથી નથી સુધરતી તેની ખાતરી કરી આપી. તેમને ઘટતી સ્વતંત્રતા આપવાનો સ્વભાવ પડાવ્યો. દીકરા પાસે વહુની વાત કરવી તો વખાણ જ કરવાં એવી રીત રખાવી. વહુને સુધારવી હોય તો મને કહેજો એટલે હું તમારું ધાર્યું પાર ઉતારી આપીશ એવું કહ્યું. ઘણા પ્રયત્નથી ઘણે દિવસે ગુણસુંદરી આટલું કરી શકી. મનોહરીને પણ પોતાની પાસે જ રાખે, પોતે બહાર જાય ત્યારે એને શૃંગાર સજાવી સાથે રાખે, એના જુવાન અભિલાષને થોડાથોડા પાર પાડે એટલે બાકીના અભિલાષ બહાર ન કાઢવાનું મનોહરી પોતે જ સમજે એમ કર્યું; જુવાનીની વાતો કરતાં તેને અટકાવે નહીં, પણ તેમ જ "રસનું તો ચટકું—રસનાં કંઈ કૂંડાં ન હોય" એ શાસ્ત્રની મર્યાદા બંધાવી; મનોહરી કોઈ પુરુષની વાતો કરવા જાય તો તે ન સમજે એટલી ચતુરાઈથી તે વાતો બંધ કરાવી, આડી વાતો કાઢી, એના પતિ હરિપ્રસાદની વાતો કાઢી, તેની ગુણપ્રશંસાના પ્રસંગ આણી, પતિવ્રતપણાના માર્ગ ઉપર લીધી; અને અંતે છકેલી મનોહરીનો છાક તો ન ગયો, પણ એ છાક પ્રથમ ઘરનાં માણસને ત્રાસ આપતો. તેને ઠેકાણે તેમનો પક્ષ ખેંચનારો થઈ પડ્યો, અને બહારનાં કોઈ માણસ વિદ્યાચતુરના ઘરનું કાંઈ ખોટું બોલે તો તેટલી જ વાતમાં તે માણસો સાથે લડવામાં આવી રહ્યો. હરિપ્રસાદનું શરીર જુવાની આવતાં ખીલ્યું ત્યાં સુધી મનોહરીની જુવાની સાપની પેઠે ફૂંફાડા મારતી હતી તેને ગુણસુંદરીએ ચતુરાઈથી વશ રાખી, અને વરકન્યા વયમાં અને શરીરમાં આવી મળ્યા એટલે ગઈગુજરી વીસરી સુખી થાય એવો માર્ગ સવળો કરી આપ્યો.

ચંડિકા જે એક સમયે ગુણસુંદરીની ઓશિયાળી નથી એવું ખોટું ગુમાન રાખતી હતી તેને આવી રીતે ગુણસુંદરીએ ઓશિયાળી કરી નાખી. ચંડિકા પોતાનું ગુમાન ભૂલી ગઈ. જે ગુમાન જાળવી રાખવાનો એને આટલો મમત હતો તેની જાળવણી હવે માત્ર ભૂતકાળના સ્મરણમાં જ સમાઈ રહી, અને ભુલાયેલું ગુમાન હવે માત્ર પશ્ચાત્તાપ સાથે જ સ્મરણમાં ખડું થતું. કોઈ પ્રસંગે તો એવું બનતું કે આવડમાં, ગુણમાં અને ઉપકારમાં જેઠાણી બનેલી દેરાણી પાસે પોતાનું જેઠાણીપણું ભૂલી જઈ દયામણું મોં કરી ચંડિકા બોલી જતી: "હું તે તમારો શો પાડ વાળું? લોહીનો ગળકો ભૂલી માત્ર દૂધાધારી કોઈ થઈ જાય એવા તમારા જેઠ થઈ ગયા છે. સાંડસામાં પકડાયેલો સાપ સખણો રહે પણ આ વહુ દાબી દબાય નહીં ને પાતાળમાં રાખી હોય તો ઉછાળો મારી આકાશમાં કૂદી આવે તેને પણ તમે મદારીના સાપ જેવી કરી નાખી! હું તે તમારો શો પાડ વાળું? મારો આવો નઠારો અને આકળો સ્વભાવ લ્યો, કહી દઉં છું— જરી અદેખો પણ ખરો—એ સ્વભાવને પણ તમે બદલાવી દીધો. તમારા તે શા ગુણ ગાઈએ? તમારું નામ પાડનારને જ ધન્ય છે?" ગુણસુંદરી હસતી હસતી બીજી વાત કાઢતી

અને કદી ઉત્તર દેવા પડે તો એટલું જ કહેતી કે “હું શું કરવાની હતી? તમારામાં જ આવો ગુણ કે તમે સૌનો અર્થ સવળો લીધો. જો તમે બદલાયાં હો તો એ પણ તમારા જ આવડત ને તમારી જ ભલાઈ.”

ગુણસુંદરીનો સંસારકારભાર હજી પૂરો ન થયો. બે નણંદોની ચિંતા બાકી જ હતી. દુ:ખબા માબાપને હૈયાસગડી જેવી હતી. તેનો ધણી સાહસરાય હજી ગામપરગામ અથડાતો હતો અને દુ:ખબા પર કાગળ સરખો લખતો ન હતો. તેમાં વળી કુમારી પરણવા લાયક થઈ હતી. ધીમે ધીમે ગુણસુંદરી દુ:ખબાની સહી જેવી બની ગઈ, પણ એનું દુ:ખ કાપવું એ પૈસા વિના બની શકે એમ ન હતું. અને વિદ્યાચતુરની ટૂંકી આવક લાંબા કુટુંબખરચમાં વરી જતી તે પોતે જાણતી તે ભાવિનો વિચાર કરી પોતાના હાથમાંનો પોતાના ગજા પ્રમાણે ઉપાય શોધી કાઢ્યો. એક દિવસ વિદ્યાચતુરને સ્વસ્થ ચિત્તે બેઠેલો જોઈ દુ:ખબાની વાત કાઢી. વિદ્યાચતુર તે સર્વ સાંભળી રહ્યો અને કંઈ પણ આમાં કરવું જોઈએ એમ એને લાગ્યું. શું કરવું તે વાતમાં ગુણસુંદરીની પાસેથી જ સૂચના માગી.

ગુણસુંદરી આડુંઅવળું જોતી જોતી બોલી: “કુમારીનું લગ્ન કર્યા વિના તો ચાલે એમ નથી. કોઈ કહેતું નથી પણ આપણે સમજતાં નથી? આપણે આ કામ માથે નહીં લઈએ તો કોણ લેશે? મને લાગે છે કે દેવું કરવું એ ઠીક નથી. પણ મારું પલ્લું કોઈને ઘેર મૂકી રૂપિયા ઉપાડી લાવો. તે તમારી પાસે ચાર વર્ષે કાંઈ બચે ત્યારે પાછું લાવજો. એ બહાને સાહસરાયને પણ બોલાવાશે. રૂપિયા આવે તે બધા લગ્નમાં નહીં જાય પણ થોડા બચશે તેમાંથી સાહસરાયનું દેવું પતાવો.”

વિદ્યાચતુર હસીને બોલ્યો: “ઠીક પલ્લું જ્યાંત્યાં સસ્તું પડ્યું છે! પલ્લું ગયું પછી તમે શું કરશો?”

આ પ્રશ્નથી ભવિષ્યકાળનો તર્ક ખડો થયો. અને મનમાંથી કંપતી કેડે હાથ દઈ ઊંચું જોતાં સ્ત્રી બોલી: “મારું સૌભાગ્ય જ વાંકું હશે તો પલ્લાનો શો ખપ છે? મારું સૌભાગ્ય જ વાંકું હશે તો પલ્લું પણ વાંકું નહીં થાય એમ કોણે કહ્યું? મારે દુ:ખના જ દિવસ લખ્યા હશે તો માણસની કારીગરી શા કામમાં લાગવાની હતી? પાપ કરતાં પાછું જોયું હશે તો દુ:ખમાં યે ઈશ્વર ક્યાં આઘો થવાનો હતો? મારી આંખ આગળ સુંદરભાભીનું દૃષ્ટાંત ક્યાં નથી? માટે હું કહું છું તે કરો. તમે હશો તો લાખ પલ્લાં છે—તમે નહીં હો એવો વિચાર તે હું શું કરવા કરું? તમારા પહેલી જ હું જાઉં એવું શું મારું ભાગ્ય નહીં હોય? કોઈનું કલ્યાણ કરવા પ્રસંગે આપણા ભાવિનો વિચાર કરવો જ ન હોય?—ઊઠો—મારા ચતુર!”

વિદ્યાચતુરને ઉદાર ભોજરાજા સાંભર્યો અને લાખલાખ રૂપિયાનું દાન કરનાર રાજાને અટકાવનારા પ્રધાન સાથે રાજાને થયેલો પ્રશ્નોત્તર સાંભર્યો:

“आपदर्थे श्रियं रक्षेत्। श्रीमतां कुत आपद:।

कदापि कुप्यते दैवम् संचितं किं न नश्यति।”

વધારે પરીક્ષા કરવા પ્રશ્ન કાઢ્યો. “ભાવિને પડતું મૂકો પણ વર્તમાનનો વિચાર કર્યો? પલ્લા સિવાય બીજા દાગીના કરવા મને મળ્યા નથી અને શરીર ઉપરના બધા સોળ શૃંગાર ઉતારી આપશો તો પહેરશો શું?”

ભણેલી અને બીજી રીતે ડાહી સ્ત્રીઓને પણ અલંકાર વહાલો હોય છે અને તે પ્રમાણે ગુણસુંદરીને પણ હશે એવું વિદ્યાચતુરે સ્વાભાવિક રીતે ધાર્યું. તેની ધારણા બર ન આવી.

“ઓ હો હો હો હો! તમે મને હજી સુધી ઓળખી નહીં હોય એ તો મેં આજ જ જાણ્યું. મને ઓળખી નહીં એ તો મારા ચતુરની ચતુરાઈમાં ખામી આવી હોં!”

“શું ઓળખી નહીં?”

“તમે શું એવું જાણ્યું કે બીજી સ્ત્રીઓ પેઠે હું પણ સોનારૂપાની સગી છું? ના, રજ પણ નહીં. અલંકાર પહેરવા તે શું કરવાને? લોક આપણને શણગારાયેલાં દેખી ખુશ થાય એટલા માટે? ના. ત્યારે શું આપણા શૃંગાર આપણે દેખવા હતા? ના. હું અલંકાર પહેરું તે એટલા માટે કે મારામાં કંઈ રૂપગુણની ખામી છે તો તેને સાટે આવું પહેર્યાથી મારો ચતુર કંઈ સંતોષ પામે છે?”

“ત્યારે હવે સંતોષ આપવાની કંઈ ગરજ નથી?”

“ગરજ નથી એમ તો કેમ કહેવાય? પણ દુ:ખબાબહેનને સારુ આ કામ કરવું પડે એ તો સારો અને તમારો બેનો ધર્મ છે, અને ધર્મ પ્રમાણે વર્તવું એથી તમને જેવો સંતોષ વળશે એવો બીજાથી નહીં વળે એ તો પરિપૂર્ણ જાણું છું. બોલોજી! હવે ક્યાં બાંધશો? હવે કબૂલ કરો કે હું મહાત થયો અને તું જીતી!”

“પતિને જીતવો એ પત્નીનો ધર્મ ખરો?”

“બધામાં નહીં, પણ સ્નેહમાં ને રમતગમતમાં ખરો. સાંભરતું નથી રતિનું વાક્ય કે

स्मरसि स्मर मेखलागुणैरुत गौत्रस्खलितेषु बन्धनम्।

અલંકાર વગરની લૂખીપૂખી રૂપ વગરની પણ હું તમારી રતિ અને તમે મારા કામ! તમને તો જીતવા ને બાંધવા જ! સમજ્યા મારા ચતુર! તમારું

નામ દેતાંદેતાંમાં તમને જીતું છું.”

ગૃહસંસારની વાતો શૃંગારકથામાં સંક્રાંત થઈ ગઈ. એ સંક્રાંતિ પ્રસંગે અનેક વિનોદપ્રસંગો દૃષ્ટિગોચર થયા, અને વિદ્વાન, ચતુર અને રસિક ગુણિયલ સાથે વિહારવાર્તા કરતું પતિનું અંત:કરણ પળવાર સર્વ પ્રસંગનું સાક્ષી બની જઈ, જુદું પડી, ગુણિયલના મુખ સામું અનિમિષ નેત્રદ્વારા જોતુંજોતું સ્મરતું કે

कार्येषु मन्त्रो करणेसु दासी। भोज्येषु माता शयनेषु रम्भा।।

मनोनुकूला क्षमया धरित्री गुणैश्च भार्या कुलंमुद्धरन्ती।। *

“ભાર્યા એટલે ભાર ઉપાડનારી—મારા કુટુંબને હાથમાં લેનારી—છાતીસરસું રાખનારી—તે તું જ—ગુણિયલ—તું જ! તારાથી આ કુટુંબ જેવું સુખી અને સંપીલું છે—તારા વિના તે કાંટાની પથારી જેવું હોત—” આ વિચાર પળવાર ઊઠી આવ્યો અને દમ્પતીની વિનોદવાર્તામાં વિઘ્નકર જેવો થયો, અને એવાં એવાં વિઘ્ન ઉત્પન્ન કરવામાં સાધનભૂત થતી ત્યારે ગુણસુંદરી પોતાને કૃતકૃત્ય થઈ માનતી.

દુ:ખબાની બાબતમાં કાંઈ રસ્તો કાઢવો એવું વિદ્યાચતુરના મનમાં પણ થયું. વિનોદ કરવાને તેમ સ્ત્રીની પરીક્ષા કરવાને તેણે આટલા પ્રશ્નોત્તર કર્યા છતાં શું કરવું તે વિષે તેણે મનમાં નિશ્ચય કરતાં વાર ન લગાડી. સ્ત્રીની સાથે ખુલ્લા મનથી વાત કરવામાં પોતાના મનથી કાંઈ બાધ ન હતો, પરંતુ એની બુદ્ધિ કેટલે સુધી પહોંચે છે અને હાલ જેટલું બોલે છે તેટલું કરવાનો પ્રસંગ આવતાં એનું ચિત્ત કેવું રહે છે તે જાણવામાં પોતે ગમ્મત માનતો. આથી પોતાના મનની વાત વિદ્યાચતુરે ગુણસુંદરી જેટલું કરે તેટલું કરવા દેવાનો માર્ગ પકડ્યો. માત્ર પ્રસંગે પ્રસંગે તેને ગૂંચવાડામાં નાખે એવી હરકતો બતાવવી અને તેમાંથી તે કેવી રીતે છૂટે છે એ જોવું એટલું જાતે કરવાનું ધાર્યું.

ગુણસુંદરીએ કુમારીનું લગ્ન કરવાનું ધાર્યું અને પતિની સંમતિથી ઘરમાં સૌને તે વાત કરી. બધાંએ એને શાબાશી આપી, પણ માનચતુર અકળાયો. સાહસરાય આથડતો ફરે અને વિદ્યાચતુરને બીજાં લફરાં ઓછાં હોય તેમ આ લફરું પણ એણે વહોરવું એ ડોસાને ગમ્યું નહીં. ડોશી મૂઆની બીક નહીં, પણ જમનો રસ્તો પડવાની બીક. હજી ચંચળનાં પણ છોકરાં પરણવાનાં બાકી હતાં. ડોસો ગુણસુંદરીને ખીજી પડ્યો. “ગુણસુંદરી, તમને તમારી દયા નથી. હજી તો બાળક છો અને ઘણો વિસ્તાર તમારો પોતાનો વધશે. વિદ્યાચતુરની કમાઈ હજી લાખે લેખાં કરીએ એટલી નથી, અને આજથી વ્યવહાર વધારી મૂકશો તો આગળ જતાં પહોંચાશે નહીં. આજ એકને કરશો ને કાલ બીજાને નહીં. થાય તો એકને કર્યું ધૂળ મળશે ને

બીજાની વખત ગાળ ખાશો. માટે આ કામ કરવું પડતું મૂકો. જે વાતની સાહસરાયને ચિંતા નહીં તેની તમે શી બાબત કરો છો? તમને જસ વહાલો છે તેમ જસ જાનગરો પણ છે. જસ વહાલો કર્યાથી આપણા ઘરમાં કાંઈ રંધાય નહીં. જો તમને ઘણું લાગતું હોય તો કહો દુ:ખબાને અને સાહસરાયને બોલાવો. પણ ઘરનાં છૈયાં ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો એ કામ કરશો તો મારે તમારે નહીં બને. દીકરીઓ માવરોને વહાલી હોય તે દીકરાનું ચોરી ચોરી દીકરીનું ઘર ભરે, તે ભોગવે જમાઈ ને દીકરીઓ પાછી આપણે ને આપણે કપાળે ચોંટી હોય તે આવે. તમારી સાસુને તમે આથી વહાલાં લાગશો, પણ મને વહાલાં થવું હોય તો મારો દીકરો રાતદિવસ પગ ઘસી શેર આટો લાવે છે તેની દયા આણો. નણંદો આપણે બારણે ધાન ખાવાની અધિકારી, પણ ભાણેજાંને પરણાવવા બેસીએ તો દૈવ રૂઠ્યો સમજવો."

ડોસો આમ અકળાયો તે વખત દુ:ખબા સુધ્ધાંત આખું કુટુંબ હતું. ડોસો આટલું બોલ્યો છતાં દુ:ખબા બોલી નહીં કે "તમે આટલી ચિંતા શું કરવા કરો છો?" તે સ્વભાવે ગરીબ હોવા છતાં અતિ દુ:ખને લીધે લોભી અને સ્વાર્થી બની હતી. સાહસરાયને હરકત આવવા છતાં પોતાનું પલ્લું તેને આપ્યું નહીં અને પિયર આવી હતી. ભાઈ—ભોજાઈને ઘેર રહેવામાં તેના મનથી પાડ વસતો ન હતો. ભાઈ—ભોજાઈ આટલી કુમારીને પરણાવી આપે તેવાં છે તે પરણાવશે એવું ધારી વિવેક સરખો પણ કરતી ન હતી કે "તમે આ ભાર શું કરવા ઉપાડો?" ડોસાના બોલ એ સાંભળી રહી. એમ જ જાણ્યું કે વખત છે હું વિવેક કરવા જઈશ ને ગુણસુંદરી ડોસા ભણી ઢળી પડશે. દીકરીઓને ખવરાવી દેવાનો આરોપ સાંભળી ધર્મલક્ષ્મીને જશ ક્રોધ ચડ્યો, પણ કોસાને ચડેલો ક્રોધ દેખી ગમ ખાઈ ગયાં. બીજાં બધા આતુરતાથી જોઈ રહ્યાં કે ગુણસુંદરી શો ઉત્તર વાળે છે. સૌની આંખો એના ઉપર વળી.

ગુણસુંદરી વૃદ્ધ શ્વશુરનો ઠપકો ગંભીર મુખથી સાંભળી રહી. તે બંધ પડ્યા એટલે, મધુર મધુર હસતી હસતી બોલી: "વડીલનું કહ્યું અને ક્યારે ઉથાપીએ છીએ જે! કુમારીબહેન પરણે તેનું ખરચ ક્યાંથી કરવું તેની ચિંતા અમે સ્ત્રીઓ શું કરવા કરીએ? તમે છો— સાહસરાય છે—બધા છો— જેમ ઠીક લાગે તેમ કરજો. પણ સાહસરાયને બોલાવવામાં કાંઈ તમારે વાંધો નથી, તેમ વર શોધી કાઢી નક્કી કરી મૂકીએ તેમાં પણ તમારે કાંઈ વાંધો નથી. લગ્ન ઠરશે તે ઉપર કહેશો તે ઘરમાં સમારંભ કરીશું. તમારે પાંચે આંગળીઓ સરખી છે— કોના ઘરમાંથી ખરચ કરવું તે ઠરશે તે પ્રમાણે થશે. આજથી એનો વિચાર શો? કહો, હવે કાંઈ વાંધો છે?"

ડોસો વિચારમાં પડી બોલ્યો: "ના. એટલું કરવામાં કોઈ હરકત નથી. પણ તમારી ચતુરાઈ હું સમજું છું. તે સરત રાખજો. મારે પાંચ આંગળીઓ

સરખી નથી—બધી મોટી નાની છે ને જેનું કામ તે જે કરે. એ બોલથી હું આગળ ઉપર બંધાયેલો રહું એમ ન સમજશો.”

“અમારાથી તમે તે કંઈ બંધાવાના છો? ને તમને બાંધીએ એવું અમારાથી થાય પણ ખરું? અમારે તો તમારી પરવાનગી જાઈએ તે તમે આપી એટલે થયું!” ગુણસુંદરી હસતી હસતી કામે વળગી, સૌ વેરાઈ ગયાં અને ડોસો એકલો બેઠોબેઠો વિચાર કરવા લાગ્યો: “આ વહુ જેવી કુલીન તેવી જ ચતુર છે. એના આગળ મારું ચાલવાનું નથી. ધાર્યું છે તે પાર ઉતારશે. મારાથી ના કહેવાય નહીં એટલી વાત અત્યારે મારી પાસે કબૂલ કરાવી બાકીની વાત પડતી મૂકી—અધ્ધર રાખી. ને વખત આવે એ કોણ જાણે શો યે ઘાટ ઉતારશે—મેં પણ ઠીક જ કર્યું કે નહીં?—એ બિચારી આટલુંઆટલું તણાઈ મરે છે ને આ બધાં ઢોર ભરાયાં છે તેમાંથી કોઈને ભાન નથી કે જરી વિવેક તો કરીએ? સાહસરાયને—ભાઈને દેવું છે તે કંઈ ઝટ લઈ આવે એમ નથી—ને લગ્ન તે ક્યાં થવાનું હતું? એ જાણે છે કે ભાણેજનું ખરચ મામો જ કાઢે તો!

લખ્યું હશે દુ:ખબાને, અને દુ:ખબાએ ભાભીને ઊભાં કર્યાં હશે, ને ભાભી જસ કમાવા ઊભાં થયાં છે. પણ એ ભાભી સમજતી નથી કે આ તો આવ, કુહાડા, પગ પર—ની વાત છે. સમજે નહીં એવું કંઈ નથી, પણ ઈશ્વરે એનું મન જ મોટું કર્યું છે. મારો દીકરો રત્નનગરીનો કારભારી હોત તો આવું મન દીપત—પણ—” ડોસો આવી વિચારપરંપરામાં પડી ગયો અને ધીમે ધીમે મનની પ્રવૃત્તિ શાંત થઈ.

કુમારીના વરની શોધ ચાલી. એક દ્રવ્યવાન ડોસો દુ:ખબાને ગમ્યો—તેના દ્રવ્યથી એનું મન લોભાયું. બીજો વર કજોડું પડે એવો હતો, પણ મનોહરીના દૃષ્ટાંતથી કજોડા ઉપર દુ:ખબાને તિરસ્કાર આવ્યો હતો. મનોહરીએ કહ્યું: “જેના ભોગ હશે તે કજોડું જોશે.” વૃદ્ધ વરની વાતમાં ગુણસુંદરી સામી પડી. “બહેન, ડોસો ને ડાબલો જોઈ રળવાનું નથી. ભાયડાઓનાં શરીર સંસાર ચલાવવા જેવાં ઘણાં વર્ષ સુધી રહે છે—પણ પચાસ વર્ષે તે પણ નકામાં પડે છે. ને આ કળિયુગમાં સાઠ વર્ષનું આયુષ્ય. માટે વર પચાસ વર્ષનો થાય ત્યારે દુનિયામાંથી ગયા સમજવો ને ત્યારપછી એને પરણેલી હોય તેને યે સંસાર, વગર ગયે, ગયો સમજવો. વર સાઠ વર્ષનો થાય ત્યાંસુધી દીકરીને ઢાંક્યો રંડાપો ને સાઠ વર્ષ પછી ઉઘાડો રંડાપો, માટે એ વાત તો પડતી જ મૂકવી.”

ગુણસુંદરીને લક્ષમાં રહ્યું નહીં, પણ સૂતો સૂતો માનચતુર આ સાંભળતો હતો તે આંખો ચગાવી એકલો એકલો જોઈ રહ્યો અને વિચારમાં પડ્યો કે આવી આવી વાતો આ શી રીતે જાણતી હશે?

મનોહરીથી રહેવાયું નહીં તે બટકબોલી હસી પડી અને ગુણસુંદરીનો ખભો ઝાલી, પોતાનો એક હાથ લાંબો કરી, વચ્ચે પડી, મોટે સાદે બોલી

ઊઠી: “ઊભાં રહો, ઊભાં રહો, કાકીજી! તમે આ વાત ક્યાંથી જાણી?— ડાહી ડાહી વાતો કરો છો તેની ના નહીં—પણ આજ પકડાયાં—કહો જોઈએ! તમે આ વાત ક્યાંથી જાણી ગયાં?—

પકડાયાં—પકડાયાં! કાકી! પકડાયાં! પકડાયાં!

બોલો! બોલો! તે વગર બીજી વાત નહીં કરવા દઉં.”

દુ:ખબાએ મનોહરીનો હાથ વછોડ્યો અને ધમકાવી કહ્યું:

“ખસ આઘી, સમજ્યું અણસમજ્યું શું વચ્ચે બોલબોલ કરે છે જ?”

“શું છે વળી? પૂછીએ પણ નહીં કે? આ લ્યો! કાકીજી બોલતાં નથી ને તમારે શું છે જે?”

“તે બોલતાં નથી માટે એમણે વાંક કર્યો? કંઈ વિચાર તો ખરી! ભસવું જ સમજે છે કે કંઈ બીજી અક્કલ છે?”

વિચારમાં પડી મનોહરી સમજી. ગુણસુંદરી હસી અને બોલી: “વહુ! પરણ્યાં ન હોઈએ પણ જાને તો ગયાં હોઈએ જો! તમારાં જેવાં કોઈ કહેનાર હોય ને તેને પૂછવા જેવું હોય ત્યારે જરી પૂછ્યું પણ હોય એટલે જાણ્યું વે હોય!”

“ખા હવે! પૂછ, પૂછ, પૂછીને સાર કાઢ્યો? તને કહી કહીને જીભના કૂચા વળી ગયા કે આ કાકીજીને છેડીશ નહીં તે છેડીને લેતી જા હવે! દુ:ખબા બોલી ઊઠી.

મનોહરી નરમ અને ઠંડી થઈ ગઈ ને ધીમેથી બોલી: “હા, બાઈ, હા, બાળક છીએ તે જરી પૂછીએ પણ ખરાં. તમે કહ્યું ત્યારે સમજ્યાં કે ન પુછાય તે હવે નહીં પૂછીએ. કોણ જાણે શું છે કાકીજીમાં કે જરી બોલીએ એટલે મા’ત જ કરી દે છે. લ્યો પણ હવે, ફોઈજી! કાકીજીનું કહેવું ખોટું તો નથી. ડોસાના કજોડા કરતાં મારા જેવાનું કજોડું સારું! ડોસાનું પરણી રાંડે તેનો તો ઉપાય જ નહીં—ને આ અમારું દુ:ખ તે તો થોડા દિવસનું: વીસ બાવીસમે વર્ષે બે જણાં આવી મળીએ ત્યાંસુધી દુ:ખ ને પછી સૌ ભૂલી જવાય! ને તમારો ડોસો પચાસ વર્ષનો થાય ત્યાંસુધી સંસારને પછી બાયડીને જન્મારો ભટકવાનું! એના પૈસાને તે પછી શું બચકાં ભરવાનાં હતાં? એના કરતાં તો મારે બહુ સારું.”

આ ઉઘાડી ન બોલવા જેવી પણ અણસમજમાં બોલાયેલી અને અનુભવની વાતથી સૌ સ્ત્રીમંડળ શરમાઈ ગયું અને હસી પડ્યું, તેમ ખરી વાત સૌના મનમાં પણ એથી જ આવી ગઈ. કુમારીના કરતાં દસેક વર્ષ મોટા અને સાધારણ સ્થિતિના છોકરા સાથે એનો વિવાહ કરવામાં આવ્યો.

સાહસરાય આખરે આવ્યો. કુમારીનાં લગ્ન થયાં. લગ્ન પહેલાં ગુણસુંદરીએ પોતાના અલંકાર કાઢી પતિને આપવા માંડ્યા, પણ તેણે લીધા

નહીં અને કહ્યું કે "આજથી કોઈને માલૂમ પડે કે તારા અલંકાર ઉતારવા પડે છે તો સૌ હા ના કરે ને લગ્નપ્રસંગે તારા શરીરે કંઈ ન હોય તો આપણે પણ ઠીક ન દેખાય. હાલ તો સામાન ઉધારે આણવો છે. હિસાબ ચૂકવવા દ્રવ્ય આપવું પડશે ત્યારે જોઈ લઈશું."

હિસાબ ચૂકવવાનો પ્રસંગ આવ્યો. ત્યાંસુધી ખરચ ક્યાંથી થાય છે તેનો કોઈએ પ્રશ્ન પૂછ્યો નહીં. ઘરમાંથી કોઈએ એ બાબતની વાત જ કાઢે નહીં. સાહસરાય એમ જ સમજ્યો હતો કે વિદ્યાચતુર સૌ ખરચ આપશે. ગુણસુંદરીએ માનચતુરને કહ્યું હતું કે તમારે ખરચ નહીં કરવું પડે, ને કોસો હમેશ ઉત્તર દેતો કે "જોજો તો ખરાં!" પૈસા વિષે બે જણને ઉચાટ હતો, એક ગુણસુંદરીને અને એક કોસાને. ગુણસુંદરીને એવો ઉચાટ હતો કે રખેને વિદ્યાચતુર મારું પલ્લું માંગતા આંચકો ખાય! ડોસાને એવો ઉચાટ હતો કે રખેને આ ખરચનો ભાર વિદ્યાચતુરને માથે આવી પડે ને સાહસરાય બચી જાય! ગુણસુંદરીએ કબૂલ કર્યું હતું કે 'ખરચ તમારે માથે નહીં પડે' એટલે કોસાને શાંતિ હતી, તોપણ તે એમ ધારતો હતો કે ગુણસુંદરી આખરે છેતરાશે અને લોકલાજને માર્યે અથવા નણંદનણદોઈની દયાને લીધે આ ખરચ માથે પડ્યા વિના રહેવાનું નથી. 'ખરચ તમારે માથે નહીં પડે' એનો અર્થ ગુણસુંદરીના મનમાં એવો હતો કે 'તમારે માથે નહીં પડે—મારે માથે લઈશ—પલ્લું આપીશ; અને આ અર્થની ભ્રાંતિ પણ ડોસાને ન હતી.

લગ્નની પૂર્ણાહુતિ પછી કેટલેક દિવસે લોકો વિદ્યાચતુર પાસે આંકડા લઈ આવવા લાગ્યા, અને ગુણસુંદરી તેમ જ માનચતુર બંને જણે તે વાત સરત બહાર થવા ન દીધી. એક જણ આંકડો આપી પાછો ગયો કે તરત ગુણસુંદરી મેડી પર ચડી અને વિદ્યાચતુરને પૂછવા લાગી કે તમે શો બેત ધાર્યો? વિદ્યાચતુર હસવા લાગ્યો અને બોલ્યો: "એ તો તમારે વિચારવાનું છે. મને શું પૂછો છો?"

ગુણસુંદરી મેડીએ ચડી ત્યાંથી માનચતુર ચેતી ગયો કે માણસ આંકડો આપી ગયો તેની વાતચીત થતી હશે. આથી પોતે પણ ઊઠ્યો, અને કોઈ દિવસ દીકરાવહુની વાત સાંભળવા ઊભો રહેતો ન હતો તે આજ દાદર નીચે જિજ્ઞાસાથી ઊભો રહી, ઉત્કંઠિત [૧] થઈ, કાન માંડી, ઉપર થતી વાતો સાંભળવા લાગ્યો.

વિદ્યાચતુરનો પ્રશ્ન માનચતુરને બહુ નવાઈભરેલી લાગ્યો, સમજાયો નહીં. એટલામાં ગુણસુંદરીએ વિદ્યાચતુરને ઉત્તર દીધો.

"મારા વ્હાલા! આજ તો તમે બરાબર બોલ્યા. કુમારીનું લગ્ન થયું એ મોટા ઉત્સાહની વાત. દુ:ખબાબહેનને નિરાંત થઈ અને મારું વચન પળે એટલે મને પણ નિરાંત થાય. ધન્ય ભાગ્ય મારું કે મારા પલ્લાનો આ પ્રસંગે ઉપયોગ થશે."

માનચતુર નીચે ઊભો હતો તેણે પોતાની છાતી પર હાથ મૂક્યો, હડપચી પર મૂક્યો, અને અંતે તર્જની બેવડી કરી તેની બેવડમાં પોતાનો નીચલો ઓઠ પકડ્યો: “શું આ ખરચ ગુણસુંદરીના પલ્લામાંથી નીકળે છે?”

એટલામાં વિદ્યાચતુરનો ચિંતાતુર જેવો સ્વર સંભળાયો. “એ તો ધન્ય ભાગ્ય કહો કે હીન ભાગ્ય કહો; માંરી પાસે અત્યારે રોકડ નથી. તમારી હિંમત ઉપર અને તમારા કહ્યા ઉપરથી આ ખરચ માથે લીધું છે.”

માનચતુરે ઓઠ કરડ્યો, હાથ વીંઝ્યો અને પગ પછાડ્યો: “ધિક્કાર છે આ દીકરાને કે વહુનું પલ્લું લેવા ઊભો થયો છે. અરેરે! મારે કર્મે એક્કે દીકરો પરાક્રમી ન ઊઠ્યો! આ દીકરાની બાબતમાં પણ હું છેતરાયો! મારું કુટુંબ એક આ વહુથી ઊજળું છે, બાકી બીજાં બધાં કુટુંબબોળુ. અલ્યા પલ્લું!”

ગુણસુંદરીનો સ્વર સંભળાતાં આ ક્રોધમાં વિઘ્ન પડ્યું: “આપ મને કંઈ તમે કહીને બોલાવો છો અને આમ નરમ થઈને બોલો છો તે કંઈ નવાઈની વાત લાગે છે.”

વિદ્યાચતુરે જરીક મોં મલકાવ્યું: “ના, એ તો અમસ્તું. પણ જો, હું શું કરું? લીકની પાસે ઉધાર રકમ માગવા જઈએ અને કોઈ હા ના કહે એટલે આપણી પ્રતિષ્ઠા કોડીની થઈ જાય. આજ સુધી મેં કોઈની પાસે કાંઈ માગ્યું નથી.”

“ત્યારે તેમાં શું થઈ ગયું જે? આજ તો રાત પડવા આવો છે, પણ કાલ હું દાગીના આપું તે વેચી આવી એટલે વગર માગ્યે અને વગર સપાડે બધી રકમ ઊભી થશે.”

“શરીર ઉપરથી દાગીના ઊતરશે તે જગત જાણશે ને આપણી સાખ કોડીની થઈ જશે.”

“સારે કામે અલંકાર ઊતરશે તેનું પુણ્ય તમને છે, અને એ પુણ્યે આથી સોગણા અલંકાર પહેરવાનો કાળ આવશે. બહેનને સારું આપણે અલંકાર ઉતારીશું તો આપણી પ્રતિષ્ઠા કોડીની મટી કોટિલક્ષની થશે.”

“પણ વેચવા જઈશું તો સોના સાઠ ઊપજશે.”

“એટલી ખોટ ઈશ્વર પૂરી રહેશે.”

“વ્યવહારની વાતમાં યે ઈશ્વર આપી રહેશે કહી કામ કરવું એ ડહાપણ નહીં.”

ગુણસુંદરી હસી પડી. “ત્યારે તો નકામી જ વાતોમાં ઈશ્વરને ફોસલાવાના કે?”

વિદ્યાચતુર હાર્યો. “ના, પણ મને લાગે છે કે સૌ દાગીના ગીરો મૂકીએ.”

“એમ કરો ત્યારે.”

“પણ આ કામ જ કંઈ કરવા જેવું નથી.”

“કેમ?”

“જગતમાં મૂર્ખ ઠરીશું.”

“જગત જખ મારે છે. આપણે ક્યાં યશને વાસ્તે કરીએ છીએ?”

“પણ ઘરમાં કોઈને ખબર પડી તો આ કામ કરવા નહીં દે.”

“એ વાતની ચિંતા ન કરવી. સૌ થઈ રહ્યા પછી જ જાણશે.”

“પણ તમારા અલંકાર ઉતારવા એ મારો ધર્મ નહીં. હું બીજો ગમે તે રસ્તો કાઢીશ.”

“શું તમે મને તમારાથી જુદી ગણી?” દયામણું મોં કરી ગુણસુંદરીએ પૂછ્યું.

વિદ્યાચતુર ઊભો થઈ બોલ્યો: “ના, ના, જુદી તો શું? પણ જાઈશું.” તે કપડાં પહેરવા લાગ્યો.

ગુણસુંદરીએ બેઠાંબેઠાં તેનો હાથ ઝાલી ઊભો રાખ્યો અને બોલી:

“ત્યારે જુદી નહીં તો આ બીજું શું?”

હાથ છૂટો કરી અંગરખું પહેરતો પહેરતો વિદ્યાચતુર બોલ્યો:

“ના, ના, એવા શા કુતર્ક કરે છે? હમણાં તો જશ દરબારમાં જઈ આવું છું. સૌ થઈ રહેશે— વખત આવ્યે.”

ગુણસુંદરી ઊભી થઈ, પાઘડી લઈ આવી અને તે પતિને માથે મૂકતી મૂકતી બોલી: “વખત બખત કંઈ આવવાનો નથી. સૌ વાત કાલ કરવાની છે. તમારે ચાલવાનું નથી.”

“જોઈશું, જોઈશું.”—વિદ્યાચતુર દાદર ઉપર ઊતરવા લાગ્યો. ગુણસુંદરી તેના અંગરખાની ચાળ ઝાલી રહી અને ઊતરતો અટકાવ્યો.

“ના, તે ‘જોઈશું જોઈશું’ નહીં; મારા સમ ખાઓ.”

“મૂક, મૂક, નીચે વડીલ ઊભા છે તે જોશે.”

ગુણસુંદરીએ અંગરખું મૂક્યું અને મૂકતાં મૂકતાં બોલી: “ઠીક, હમણાં તો જાઓ છો—પણ આખર મારું જ ધાર્યું કરીશ. હજી એક રાતનો આંતરો છે.”

વિદ્યાચતુર દાદર ઊતરવા લાગ્યો. જતાં જતાં મનમાં બોલ્યો: “ઈશ્વરની કૃપા વિના સત્સ્ત્રી ક્યાંથી મળે! સત્સ્ત્રી હોય પણ આવી

કુટુંબવત્સલ અને સત્કર્મમાં ધાર્યું કરનારી તે તો દુર્લભ જ! ગુણિયલ! તારા મનોરથે ઊંચા અને પરોપકારી છે, એ મનોરથ પાર પાડવામાં તારો આગ્રહ અને તારું બળ અમને સૌને હરાવે છે—તું ધાર્યું કરનારી!—તું સૌને તારા ગુણથી, બુદ્ધિથી અને કર્મથી સૌને જીતનારી!—તે મને મળી—માટે જ મારા ઉપર ઈશ્વરની કૃપા છે. દ્રવ્ય કરતાં, રાજપદવી કરતાં, ત્હારારૂપી રત્નના ધણીને અભિમાન કેમ ન ચડવું જોઈએ?

"Sweet steam that winds through yonder glade ," સ્મરણશક્તિને હલમલાવી આ કવિતાનું અનુસંધાન સંભારી કાઢ્યું. નદીની ઉપમેય સત્સ્ત્રીનું ઉપમાન સંભારવા માંડ્યું.

" Silent and chaste she steals along,
With gentle yet prevailing force,
Intent upon her destined course,
Graceful and useful! all she does .
Blessing and Blest where'er she goes ,
Pure-bosomed as that watery glass ,
And heaven reflected in her face ." *

"મારી ગુણિયલ પણ આવી જ કલ્યાણમૂર્તિ છે!"

વિદ્યાચતુર ગયો.

ગુણસુંદરી નીચે ઊતરી ને માનચતુરે પૂછ્યું:

'કેમ ગુણસુંદરી! આ આંકડાવાળાઓ ફેરા ખાય છે તેનું તમારી નણંદ પતાવશે કે નણદોઈ? કહેતાં'તાંની કે આપણે માથે નહીં પડે?"

"ના જી, નહીં પડે આપને માથે."

"ત્યારે કોને માથે પડશે? આંકડાવાળા મૂકી દેવાના હતા?"

"આપે પરિણામ થયે જોઈ લેવું. નણંદ નણંદોઈ નહીં આપે તો યે તમારા ઘર ઉપર ભાર નહીં પડે." વધારે પૂછાપૂછ અટકાવવાના હેતુથી ગુણસુંદરી ચાલી ગઈ અને કામમાં પરોવાઈ.

ડોસો હડપચી ચંચવાળતો ઊભો રહ્યો.

"આણે હવે પલ્લું આપવું નક્કી ધાર્યું. એનું પલ્લું નીકળે એટલે મારા ઘર ઉપર ભાર ન પડવાનો એવો એના બોલવાનો મર્મ સમજવો. એ મારી પાસે સાચું બોલી—કેમ જૂઠું કહેવાય? સાચું બોલી એણે મને છેતર્યો. એ પલ્લું આપવા ઊભી થશે એ કલ્પના પણ કેમ થાય? કલ્પના ન થઈ તે હવે

ખરું પડવા વખત આવ્યો. એની કુલીનતાની હદ વળી ગઈ. નણંદની દીકરી પરણાવવા ભોજાઈ આમ પલ્લું કાઢે એ અપૂર્વ વાત—જૂની આંખે જોવાનો નવો ખેલ! હું એ થવા દેવાનો નથી. એ આટલી કુલીનતા બતાવે—ઉદારતા બતાવે—ને મારા ઘરનાં ગધેડાં તે સમજે પણ નહીં! પણ હું યે સમજ્યો છતાં ન સમજ્યા જેવો રહું તો ગધેડાનો સરદાર!"

"પલ્લું કરવાનો ધારો ઘરડાઓ કરી ગયા તે એટલા સારુ કે ધણી ન હોય ત્યારે પલ્લાવાળી પગ ન ઘસે. આ રાંડ દીકરી! એનો ધણી જીવતા બશેરિયો ભાઈને માથે પડી છે તો ધણી ન હોય તો"—એવું છેક અપશુકનિયાળ ન બોલવું ગણી કોસો અટક્યો. "એનું પલ્લું એને શા કામમાં લાગવાનું છે?' એનું પલ્લું અખય રહે ને ગુણસુંદરી કુમારીને પરણાવવા પલ્લું આપે! જો જો! બ્રહ્માને ઘેર અંધારું વળી ગયું છે તે! ગુણસુંદરી ભૂખે મરે તો સાહસરાય એને ઝેર ખાવા કોડી સરખી આપવાનો હતો? અને દુ:ખબાનું પલ્લું અત્યારે ગૂમડે ઘસી ચોપડવા કામનું નહીં! એમ હું નહીં થવા દઉં.

"આવો ધારો પડવા જ દેવો નહીં. હજી તો ચંચળને પણ છોકરાં છે. એમનાં છોકરાંથી મારું ઘર શું ઊઘડવાનું હતું? હજી તો ગુણસુંદરી બાર વર્ષનાં બેઠાં છે. જો બિચારીએ પાપ કર્યું તે!"

ડોસો પોતાને ઠેકાણે ગયો. રાત્રે સૌ સૂઈ ગયાં ત્યારે સાહસરાયને બોલાવ્યો અને ગુણસુંદરી એને સારુ પલ્લું આપવા ઊભી થઈ છે તે સમાચાર કહી ધમકાવ્યો. સાહસરાય શરમાયો, ગળગળો થઈ ગયો અને બોલ્યો: "હું શું કરું? મારી પાસે ઝેર ખાવા જેટલું યે નથી. મને બહુ લાગે છે. તમે જ રસ્તો બતાવો તે પ્રમાણે કરું.'' કોસાએ દુ:ખબાનું પલ્લું ગીરો મૂકી પૈસા આણવા કહ્યું. સાહસરાય નિ:શ્વાસ મૂકી કહે: "એટલું મારા હાથમાં હોય ત્યારે જોઈએ શું? મારી આબરૂ સાચવવા માગ્યું ત્યારે પણ ન આપ્યું. જો એ પલ્લું મને કામમાં આવ્યું હોત તો મારે આ વખત શું કરવા આવત? બે આને તો શું પણ એક આની પતાવે એવા મારા લેણદારો છે ને પલ્લું મળે તો હું કોઈની મદદ સિવાય ધંધો ચલાવું. જો તમને આપે તો મારી ખુશી છે." માનચતુરને સાહસરાયની દયા આવી અને "રાંક અન્યાયી" દીકરી ઉપર તિરસ્કાર ઊપજ્યો. દીકરીને બોલાવી, ગુણસુંદરીના પલ્લાની વાત કહી, અને સાહસરાયને ધમકાવ્યો તેથી વનારે એને ધમકાવી પાણીછલ્લી કરી નાખી. "રાંડ, એક વિવેક તો કર!—તે લે એવી નથી—પણ તું વિવેકમાંથી પણ ગઈ!—ક્યાં મૂક્યાં છે તારાં ઘરેણાં?"

દુ:ખબા બોલી નહીં.

ડોસો ખાવા ધાતો હોય તેમ બોલ્યો: "બોલવું નથી? કેમ? ઊઠો સાહસરાય, મને ખબર છે તે બધું લઈ લઈએ છીએ."

દુ:ખબા ભડકી, ઊઠી અને જે પેટીમાં દાગીના હતા તે ઉપર નજર ન જાય તેમ તેની આડે ઊભી રહી. ડોસો ચેતી ગયો કે આ પેટીમાં દાગીના છે એટલે અચિંત્યો, આંખો કાઢી, કૂદ્યો અને દુ:ખબાનું ગળું ઝાલી ઓઠ પીસી બોલ્યો: “કેમ હાથે આપે છે કે અમે લઈએ?”

બ્હીનેલી દુ:ખબાએ પેટી ઉઘાડી સૌ દાગીના બાપના હાથમાં મૂક્યા. સસરોજમાઈ તે લઈ ત્યાં આગળથી ચાલ્યા ગયા. દુ:ખબાએ આખી રાત રોવામાં, ઉજાગરો કરી કાઢી. પ્રાત:કાળે ડોસો અને સાહસરાય છાનામાના ગામમાં જઈ દાગીના ગીરો મૂકી આવી દ્રવ્ય લઈ આવ્યા.

આણીપાસ તે જ વખતે ગુણસુંદરીએ પણ પોતાના શરીર પરથી અલંકાર કાઢી વિદ્યાચતુરને આપ્યા અને વિદ્યાચતુરે તે લઈ પોતાની પેટીમાં મૂક્યા. અલંકાર વિના અડવી થયેલી પત્નીના સામું જોઈ રહ્યો.

“ગુણિયલ! આ અલંકાર ઉતારી તારા મનમાં કાંઈ દુ:ખ નથી થતું? તારા મોં પર શોકની છાયા દેખાય છે; તારા ગાલ ઉપર દુ:ખના શેરડા પડ્યા છે; હશે, હવે તારો મમત રહ્યો. જાણ્યે અજાણ્યે અલંકાર આપવાનું બોલાઈ ગયું તે તેં પાળ્યું. તમાચો મારી તું ગાલ રાતો રાખે છે. હશે, એટલાથી જ હું પ્રસન્ન છું. તું મોંએ કહે નહીં પણ મનમાંથી યે તને દુ:ખ થાય એટલું હું ઇચ્છતો નથી. ચાલ, હું આટલાથી પ્રસન્ન છું—લે, આ અલંકાર પાછા પહેર! એના વિના તું શોભતી નથી.”

ગુણસુંદરી સ્મિતહાસ્ય કરવા મંડી ગઈ.

“જો તમે કહો છો એવી મારા મનની સ્થિતિ હોત તો આ વચન દાઝ્યા પર ડામ જેવાં થાત એમાં ના નહીં. પણ મેં જે કર્યું છે તે તો તમને પણ પ્રસન્ન કરવા નથી કર્યું. મમત તો મારે એટલો ખરો કે મારું ધાર્યું કરવું. તે થયું. કુમારી પરણી અને તમને અલંકાર આપ્યા. એટલે મેં ધાર્યું હતું તે થયું. આ કામ કંઈ તમારી ખુશામત કરવા નહોતું કર્યું. અલંકાર વિના હું શોભતી નહીં હોઉં એ વાત તો ખરી હશે—રૂપગુણ વગરની સ્ત્રીને રૂપની ખોટ પૂરી પાડવાને જ અલંકાર છે. પણ મારા ચતુર! ચતુર થઈ કેમ ભૂલો છો? આપણે તો છોકરવાદીમાં પરણ્યાં હતાં. તમે મારા રૂપગુણને કે અલંકારને પરણ્યા નહોતા. એક મારી જાતને પરણ્યા હતા. કદ્રૂપી કે ગુણહીન જેવી તેવી તે હું જ—હવે તો

જેવી તેવી હું, પ્રભુ દાસી તમારી!

કરુણાસિન્ધુ! લ્યો જ નિભાવી! * ”

આ નિટક કરતી કરતી ગુણસુંદરી અતિશય સુંદર દેખાઈ. હાથે સૌભાગ્યકંકણ એ જ અલંકારમાં હતું; શરીરે સ્વચ્છ અને સુંદર એક વસ્ત્ર; પ્રાત:કાળમાં કપાળે ચંદ્રલેખા જેવી આડ કરેલી તે જ; કેશ કંઈક ચળકતા અને કંઈક છૂટા દેખાતા હતા: બાકી નખથી શિખ સુધી ગોરું લલિત અંગો

—એકલે મોંએ નહીં પણ નખથી શિખ સુધી—સ્મિત કરવા લાગ્યું, મધુર મધુર હસતું લાગ્યું. ચળકતા ભવ્ય કપાળમાં, સ્નિગ્ધ આંખોમાં અને ચંચળ કીકીઓમાં, ખંજનવાળા ગાલમાં, મલકતા ઓઠમાં, જેમાંથી તેજના અંકુર ફૂટતા હતા એવી દંતકલિકાઓમાં, અલંકારશૂન્ય લાંબી દેખાતી કંબુકંઠીની કોટમાં, કાંચળી વિનાના લાંબા કમળનાળ જેવા હસ્તના અવર્ણ્ય વિલાસમાં, સૂક્ષ્મ વસ્ત્રમાં ઢંકાઈ પાંખ ફફડાવતાં ચક્રવાકની જોડ જેવા વિલાસી વિલાસસંજ્ઞાથી ભરેલા સૂચક પયોધરયુગલમાં, કૃશોદરમાં, વસ્ત્રપટમાંથી દીસી આવતા બન્ધુર ચરણાકારમાં, અને અંતે પગની કોમળ પાનીમાં પણ સર્વત્ર પ્રસન્નતા પ્રસન્ન થઈ સ્ફુરતી હતી; અને તેનો ઉપભોગ કરનાર ચતુર વિદ્યાચતુર જડપદાર્થના અલંકાર છોડી, ચેતન શરીર અને ગુણની મધુરતાનો રસ નિરંકુશ પ્રીતિથી પીવા લાગ્યો. એ ગુણસુંદરી સામું જોઈ રહ્યો, ઊભો થયો અને ખભે હાથ મૂકી, એ સામું જોતો જોતો મનમાં ગાવા લાગ્યો:

सितांशुका मंगलमात्रभूषणा मम
प्रसन्ना वपुषैव लक्ष्यसे।। [+]

અત્યંત બળથી હૃદયદાન દઈ ગુણસુંદરીને પોતાના કબાટ પાસે લઈ ગયો. કબાટ ઉઘાડી, અંદર રૂપિયાની ભરેલી કોથળી દેખાડી, વિદ્યાચતુર હસતો હસતો બોલ્યો: “ગુણિયલ, તારા ગુણની સીમા જોવાને અને અલંકાર વિના પણ એકલા રૂપગુણથી જ તું મને સુંદર લાગે છે કે નહીં તે જોઈ લેવાનું મન થવાથી આટલું કર્યું—બાકી બહેનના ખરચ સારુ રૂપિયા તો ઈશ્વરે મને આપેલા જ છે. તારા અલંકાર તો પહેર જ.”

શરમાતી શરમાતી પણ ભુજમંડળમાં લીન થતી આર્યાએ ઉત્તર ન આપ્યો.

આખરે અલંકાર પહેર્યા વિના જ નીચે ચાલી ગઈ. તે પછી થોડીક વારે માનચતુરે વિદ્યાચતુરને બોલાવ્યો અને લગ્નમાં શું શું ખરચ થયું છે, કોને કોને કેટલા રૂપિયા આપવાના છે વગેરે તપાસ કરી, અને બધી હકીકત જાણી લીધી. જમી કરી વિદ્યાચતુર બહાર ગયો એટલે સાહસરાયને સાથે લઈ, સૌને ઘેર જઈ વિદ્યાચતુરને નામ ડોસો નાણાં ભરી આવ્યો અને ખાતાં પૂરાં કરાવી આપ્યાં. જ્યારે કેટલાક દિવસ વીતવા છતાં લોકો ઉઘરાણી ન આવ્યા ત્યારે છેવટે તપાસ કરતા વિદ્યાચતુરને માલૂમ પડ્યું કે સાહસરાય અને માનચતુરે સૌના આંકડા ચૂકવી દીધા છે. પોતાનું ધાર્યું સિદ્ધ થયાથી માનચતુરનો આત્મોદ્રેક તૃપ્ત થયો. એ સર્વ એના સ્વભાવ પ્રમાણે થયું.

ગુણસુંદરીના કુટુંબમાં સર્વ વાતે હવે સિદ્ધિ થઈ અને એ કુટુંબની સંસાર ચીલે પડ્યો. માત્ર કોઈ કોઈ પ્રસંગે કંઈ નવાજૂની થતી હતી. જેમકે ગુણસુંદરીને સારું કંઈ આણ્યું હોય તો કુટુંબનાં બીજાં માણસોમાં તણાઈ જતું. એના મોટા મનને તેથી વિનોદ જ મળતો. પરંતુ આવી આવી સર્વ

બાબતોથી માત્ર એકલો માનચતુર નાખુશ રહેતો રહ્યો. એ હંમેશ કહેવત કહેતો કે “ડાહી વહુ રાંધણાં રાંધે અને ડાહ્યો દીકરો દેશાવર ભોગવે.” એને હવે સ્પષ્ટ લાગ્યું કે ગુણસુંદરીને આ જંજાળમાંથી છૂટી કર્યા વિના સંસારનું ખરું સુખ એ ભોગવી શકવાની નથી. આટલી નાની વયમાં વૃદ્ધ ડોશી પેઠે તેને સદ જંજાળમાં જ રાખવી એ કામ ડોસાને કૃતઘ્ન લાગ્યું. “મેં જુવાનીનું સુખ જોયું છે, સૌને સુખ ભોગવવા મન તો થાય પણ એ મોટા મનની છે ને મનમાં આણે નહીં. એને સારું વેણી આણી તે મનોહરી લઈ ગઈ, વીંટી આણી તે દુ:ખબાએ પટકાવી, પળંગ આણ્યો તે ચંડિકાના રંગમહેલમાં ગયો—કર્કશાને આટલાં મોટાં છોકરાં થયાં તો યે પલંગ જોઈએ! અને એને સારુ કાચની હાંડીઓ આણી ત્યારે મારી ડોશલી દેવમંદિરમાં લઈ ગઈ! બધાંને બધું જોઈએ—ગુણસુંદરી ઘરડી તે એને કાંઈ જોઈએ નહીં—એને કશાનું મન જ ન થાય! ગાનચતુરને ભાન જ નથી કે હવે સ્વતંત્ર કમાઈ થઈ ત્યારે ભાઈના ઉપરથી ભાર ઓછો કરવો! ભાઈને કચરી માર! જુદો રહે તો એનું ખોટું દેખાય એવી તો એની બુદ્ધિ! હવે તો કંઈ નહીં. સાહસરાયે ધંધો કરવા માંડ્યો છે. ત્યાં દુ:ખબાને મોકલી દઉં છું, અને હું આ બધાં ઢોરને હાંકી સાથે લઈ જાઉં મનોહરપુરીમાં. ગામડું ગામ ને ખરચ પણ ઓછું, તે અહીંયાં આ છૂટી થાય, માટે એ તો સિદ્ધ! હું નહીં સમજું ત્યારે કોણ સમજશે?”

માનચતુરે ધીમે ધીમે ધારેલું કામ પાર ઉતારવા યુક્તિઓ કરવા માંડી. પ્રથમ તો એ કામ કર્યું કે સાહસરાયને પરદેશમાં હરકત પડે છે એવું નિમિત્ત કાઢી દુ:ખબાને એના પરિવાર સાથે વિદાય કરી દીધી; અને સાહસરાય રત્નનગરી આવ્યો હતો ત્યારે વાતચીતમાં સસરા પાસેથી બુદ્ધિ પામ્યો હતો તેનો ઉપયોગ કરી ધંધો ચલાવી શકતો હતો, એટલે દુ:ખબા એને ભારે ન પડી. તે પછી સમજાવી ગાનચતુરને જુદો કાઢ્યો અને ગુણસુંદરીએ તેમ ન થવા દેવા આગ્રહ કર્યો તે નિરર્થક થયો. વિદ્યાચતુરની પાડોશમાં જ બીજું ઘર ગાનચતુરનું રખાવ્યું અને ગુણસુંદરીએ પોતાના ઘરમાંથી બન્યું એટલું રાચરચીલું તેમાં નુવડાવ્યું. એમ કરતાં કરતાં માનચતુરને શરીરે કાંઈ સહજ અસુખ રહેતું થયું. તેનું નિમિત્ત કાઢી પાણીફેર કરવાને મિષે માનચતુર ધર્મલક્ષ્મીને તથા ચંચળને એના વિસ્તાર સાથે જાડે લઈ મનોહરપુરી રહેવા ગયો. ગુણસુંદરીના ઘરમાં હવે માત્ર પોતાનું કુટુંબ તથા સુંદરગૌરી એકલાં જ રહ્યાં.

આવી રીતે પક્ષીઓ પ્રાત:કાળે ઝાડ પરથી વેરાઈ જાય તેમ ગુણસુંદરીના ઘરમાંથી સર્વ જતાં રહ્યાં અને તે એકલી પડી. ઘણાક દિવસ તો તેને ઘર શૂન્ય લાગવા માંડ્યું અને ઘણીક વખત તે એકલી એકલી સૌને સંભારી રોતી. અનુકૂળ પડ્યે મનોહરપુરી જઈ આવતી પણ ખરી.

આવી એકલી પડી તે પછી પણ એને ઘણા ઘણા અનુભવ વીત્યા. કુમુદસુંદરી પછી બે વર્ષે કુસુમસુંદરી જન્મી. ત્યાર પછી એને કંઈ સંતતિ ન

થઈ. પોતે જશ વધારે મોટી થઈ ત્યાંસુધી પ્રસંગે એમ થતું કે એક પુત્ર હોય તો સારું. પણ સત્યતિ, સદભ્યાસ, સદનુભવ અને સદ્બુદ્ધિને બળે એ અસંતોષ મટી ગયો. કેટલેક વર્ષે એવાં વર્ષ આવ્યાં કે કુટુંબમાંથી એક પછી એક એમ સૌ માણસ ગત થવા લાગ્યાં. પ્રથમ ધર્મલક્ષ્મી, પછી ચંચળ, પછી ચંચળનાં સર્વ છોકરાં, તે પછી દુ:ખબા, તે પછી ગાનચતુર અને આખરે ચંડિકા: એમ સર્વ માણસ ધીમે ધીમે યમરાજના નગર ભણી ચાલ્યાં ગયાં. જુદે જુદે પ્રસંગે તે સૌના મંદવાડમાં, મરણકાળે અને તે પછીના ક્રિયાખરચને સમયે, ગુણસુંદરીને કાળજું કઠણ કરી, રોતેરોતે એકલે હાથે કામ કરવું પડ્યું. હાલમાં વિદ્યાચતુર અને ગુણસુંદરી બે જાતે જ રત્નનગરીમાં રહેતાં. કુમુદસુંદરી સાસરે જતી રહી, સર્વ ગયા છતાં વૃદ્ધ માનચતુર ઘણાક ઘા ખમી જીવતો હતો અને મનોહરપુરીમાં રહેતો હતો. તેની ચાકરી કરવા વૃદ્ધાવસ્થાને આંગણે આવેલી સુંદર પણ મનોહરપુરી જ રહેતી હતી અને વેશકેશનો ત્યાગ કરી પૂર્ણ વિધવાવ્રત પાળતી હતી. હરિપ્રસાદે ભણવું છોડી નોકરી લીધી હતી અને કુટુંબની જંજાળ વધ્યાથી મનોહરી, છોકરવાદી છોડી, માણસાઈમાં આવી હતી અને પરદેશમાં રહી કાકીજી સાથે પત્રવ્યવહાર રાખતી અને એને જ માને ઠેકાણે ગણતી. આ સર્વ અનુભવથી નુણસુંદરીનું હૃદય હતું તેના કરતાં હજારગણું કોમળ અને વત્સલ બની ગયું હતું. પાછલો કાળ તેની કલ્પનાશક્તિ પાસે તાદૃશ ખડો થતો, અને મૃત્યુના પડદા પાછળના અરણ્ય જેવા એકાંત ભાસતા પ્રદેશને વાસ્તે તેને તત્પર કરી રાખતો.

ભદ્રેશ્વર જવા સુવર્ણપુરથી આવનારી દીકરીને મળવા આતુર માતા, મનોહરપુરીમાં પોતાના ઉતારામાં ઊંચી ઓસરીમાં ઊભી ઊભી આઘેની ભાગોળ ભણી નજર નાખતી હતી તે પ્રસંગે પોતે રત્નનગરીના ઉત્તમ પ્રધાનની પત્નીનું વર્તમાન પદ ભૂલી, આવી આવી જૂની કુટુંબવાર્તા હૃદયમાં ખડી કરી, “મારી આ બે પુત્રીઓને લલાટે પણ શા શા લેખ લખ્યા હશે અને જ્યારે આટલાં બધાં મારાં માણસ મારાં મટી ચાલતાં થયાં ત્યારે આમાં પણ કોને કોનું કહેવું?” એવા વિચાર કરી આંખમાં ઝળઝળિયાં આણતી હતી અને એને આવકાર દેવા ઉતારાની આસપાસ તરવરતી ગરીબ વસ્તી એની આંખ આગળ ઝાંઝવાનાં લ પેઠે માત્ર તરતી લાગતી હતી.

---

* વિષ્ણુને મોહનમાળા ધરાવવામાં આવે છે તે કંઠથી ચરણ સુધી લટકે છે.

૧ . પાણી કાઢવાનો ર્‌હેંટ.

* ભાર્યા-સ્ત્રી-તે કોણ? કાંઈ કાર્ય સાધવું હોય ત્યારે જાણે રાજાનો મંત્રી! કાંઈ કાંઈ કામમાં સાધનભૂત થવું હોય ત્યારે દાસી! ભોજન સમયે માતા, શયનપ્રસંગે કેવી ચતુર અને તત્પર!— જાણે રંભા અપ્સરા જ! મન જાણી લઈ તેને અનુકૂળ થઈ જનારી, પૃથ્વી જેવી ક્ષમાવાળી, ગુણ વડે ભાર ઉપાડનારી અને કુળનો ઉદ્ધાર કરનારી.

૧ . કંઠ ઊંચો કરી, ડોક ઊંચી કરી, ઉત્કંઠા રાખી.

* Cowper

* એક ભજન ઉપરથી.

+ વિક્રમોર્વશીય

૬. મનોહરપુરીમાં એક રાત્રિ

મનોહરપુરીમાં ગુણસુંદરીના ઉતારાનું મકાન ગામડાના પ્રમાણમાં મોટું અને સોઈવાળું હતું. માનચતુરને વાસ્તે, સુંદરગૌરીને વાસ્તે, ગુણસુંદરીને વાસ્તે અને ચન્દ્રકાન્તને વાસ્તે, સોઈદાર જુદાજુદા ઓરડા હતા. તે સિવાય રસોડાનો ખંડ, જમવાનો ખંડ, પાણીનો તથા નાહવાનો ખંડ, એ પણ નિરનિરાળા હતા. વળી પાછળ એક વાડો અને આગળની ઓસરી એ તો જુદાં જ હતાં.

જે વખતે સરસ્વતીચંદ્ર અર્થદાસની સાથે ઘાસમાં પડ્યો હતો તે વખતથી તે છેક સંધ્યાકાળ સુધી ગુણસુંદરી, ઓસરીના ઓટલા પર એક આડી વળી સીડી દીધેલી હતી તેને અઠીંગી, રસ્તા પર નજર કરતી ઊભી હતી. હજી દિવસ બરાબર આથમ્યો ન હતો અને ગામ બહાર આઘે ઊંચા ઝાડના શિખર ઉપર સૂર્યનાં કિરણ પાછાં પગલાં ભરતાં જણાતાં હતાં. નીચે આવતી જતી વસ્તીના છૂટા છૂટા પ્રશ્નને તે ભાંગ્યાતૂટ્યા ઉત્તર આપતી હતી પણ તેનું ચિત્ત ભાગોળ ભણીનો માર્ગ અને પોતાના કુટુંબનો ભૂતકાળ બેની વચ્ચે ફેરા ખાતું હતું. છેક સાયંકાળ પડ્યો અને ચારેપાસ અંધારાની પછેડી પથરાવા લાગી ત્યારે ગામને પાધરેથી બે સવાર દોડતા દોડતા આવતા જણાયા ને નુણસુંદરીની આંખ ચમકી હોય તેમ તેમની જોડે દોડવા લાગી અને પોતાની પાસે પાસે આવવા લાગી. બધે ઠેકાણે માર્ગ મેળવી, સૌનું કૌતુક ખેંચતા ખેંચતા એ સવાર આવી પહોંચ્યા; અને પ્રથમ તેમના પોશાક ઉપરથી અને આખરે નજરે નજર મળતાં તેઓ ઓળખાયા. એ સવાર સુવર્ણપુર મોકલેલા અબ્દુલ્લા અને ફતેહસંગજી હતા; છેક ઓસરી આગળ આવી ઘોડા પરથી જ ફતેહસંગજીએ નુણસુંદરીના હાથમાં ચિઠ્ઠી મૂકી તેણે એકદમ ફોડી અને વાંચી.

"તીર્થસ્વરૂપ અખંડસૌભગ્યવતી માતુશ્રી,

હું આજ સંધ્યાકાળે નીકળી કાલ સવારો આપના ચરણારવિંદને ભેટીશ. સૌ સમાચાર સવારી કહેશે તેથી જાણજો. અત્રે મારા તીર્થરૂપ શ્વશુરજી કારભારી થયા છે અને જૂના કારભારી બદલાયા છે. મારાં સાસુજીએ તથા નણંદે આપને બહુ બહુ બોલાવ્યાં છે. હું અત્રે છું તો સુખી, પણ મારું હૈયું આજ ભરાઈ આવે છે તે કાલ તમને મળીશ ત્યારે ખાલી કરીશ. વડીલ અને કાકીને મારા દંડવત્ પ્રમાણ કહેજો અને બહેનને આશીર્વાદ. પિતાજી તો રત્નનગરીમાં હશે.

ચૈત્ર સુદ બીજ.

લિ. ચરણરજ કુસુદના દં. પ્ર."

કાગળ વાંચે છે એટલામાં માનચતુર, સુંદરગૌરી, કુસુમસુંદરી, ચંદ્રકાંત વગેરે મંડળ ભરાઈ ગયું. કાગળ લઈ ફરી ફરી કુસુમસુંદરીએ મોટેથી વાંચ્યો,

અને એક પછી એક એમ સૌએ વાંચી જોયો. ચંદ્રકાંતે પણ હોથમાં લીધો, અને આ અક્ષર સરસ્વતીચંદ્રના હાથમાં જોવાનો અભ્યાસ સરત આવતાં ઊકળતા અંત:કરણમાં નિ:શ્વાસ નાખી પાછો આપ્યો. તેટલામાં ગુણસુંદરી "એક પાસથી હૈયું ભરાઈ આવે છે તે ખાલી કરીશ" એ શબ્દો મનમાં ફરીફરીને આણી હજાર તર્ક કરવા લાગી, અને બીજી પાસથી સવારોને સુવર્ણપુરના, વેવાઈના, જમાઈના અને દીકરીના સમાચાર પૂછવા લાગી. અંતે સવાર રજા લેઈ ચાલ્યા ગયા, રાત્રિ એકદમ જગત ઉપર તૂટી પડી, ઠેકાણેઠેકાણે દીવાઓમાં તેજ આવ્યું અને તેનો છિન્નભિન્ન પ્રકાશ સ્ફુરવા લાગ્યો. ચારેપાસની વસ્તી ધીમે ધીમે રજા લઈ વેરાવા લાગી અને પોતપોતાના ઘર ભણી પ્રધાનપત્નીની સુજનતાની વાતો કરતી વળી. તેમનો અને છોકરાંનો કોલાહલ અંધકારમાં પળવાર ગાજી રહ્યો અને થોડાકમાં શાંત થયો. રાત્રિ એકલી જ રહી લાગી. વાળુનો વખત થયો અને માનચતુરે આજ્ઞા કરી કે આજ તો સ્ત્રીમંડળે પણ મારી સાથે જ બેસવું કે ઘણે દિવસે એકઠાં જમવાનો લાભ મળે. સૌ વાળુ કરવા બેઠાં. એક ગરીબ માબાપ વગરની છોકરી નુણસુંદરીએ ઉછેરી મનોહરપુરીમાં મોટી કરી હતી તે પણ પાસે બેઠી. માનચતુરને ગામડાનાં ગીતોનો રસ હતો તેથી તેણે કહ્યું એટલે વાળુની સાથે તે છોકરીએ ગીત ગાવા માંડ્યું તેમાં સૌ લીન થઈ ગયાં.

"ગુણસુંદરીબા, સાંભળજો, દીકરી સાસરેથી સંદેશો કહાવે છે:

જઈ કહેજો મા ને બાપ, દીકરી તમારી રે,

મરી ગઈ સાસરિયામાંય પરદેશ નાંખી રે;

નણદી દે છે મહેણાં રોજ, સાસુ સંતાપે રે,

મારો માવડિયો ભરતાર કાળજ કાપે રે;

કાઢું અંતરની હો વરાળ કોની પાસે રે?

કરું હું કૂવો કે તળાવ? મન મૂંઝાયે રે.

મારો જીવવામાં નથી જીવ; પણ ઓ માડી રે!

તને મળવા તલસે જીવ, નથી, તું જતી છાંડી રે.

કુસુદસુંદરીનો કાગળ મન આગળ તરતો હતો તેવી ઘડીએ આ ગીત નુણસુંદરીને ચિત્તવેધક થયું. તેની આંખ સુધી આંસુ ઊભરાયાં અને

બેબાકળી જેવી તે થઈ ગઈ. “પરદેશ નાખેલી દીકરીની આ દશા! કોઈની પાસે મનની વરાળ કાઢવાની નહીં! સુંદરભાભી! કુમુદનો કાગળ વાંચ્યા પછી મારું કાળજું કહ્યું નથી કરતું. ગા, છોકરી, ગા.” છોકરીએ જશ વધારે લહેકારી બીજું ગીત ગાવા માંડ્યું અને તેની સાથે ગુણસુંદરીનું હૃદય વલોવાઈ જવા લાગ્યું, વીંધાઈ જવા લાગ્યું, અને તે શુંભ જવી બની સાંભળવા લાગી. અન્નનો કોળિયો તેના હાથમાંનો હાથમાં જ રહી ગયો. છોકરી બોલી:

“માવડી! એક છોડી સાસરાની બારીએ એકલી બેઠી બેઠી પિયરની વાટ ભણી જોઈજોઈ નિસાસા મૂકે છે ને રસ્તામાં જનાર સાથે કહાવે છે:

“મારા પિયરનો આ પંથ, નજર ન પહોંચે રે,

મારું હૈયું ઘડીમાં આજ પિયર ભણી દોડે રે.

ઓ આ મારગ જાનાર! પિયર મારે જાજે રે,

જઈ કહેજે મા ને બાપ, દીકરી સંભારે રે.

ગુણસુંદરીએ નિ:શ્વાસ ઉપર નિશ્વાસ મૂકવા માંડ્યા.

“ઓ વાદળના ઊડનાર! પંખી! ઊડજે રે,

મારે પિયર પરવડી ત્યાં જ જઈ ક્ષણું રહેજે રે.

પંખી બેસજે પિયરને મોભ મોટે મળસકે રે,

મારાં માબાપ ચોકની મધ્ય ઊભાં હોશે રે.

ગુણસુંદરી ગળામાં રોતી સંભળાઈ.

“મારા બાપ તે ચૌટે જાય, માવડી પૂછે રે —

પુછતા આવજો નક્કી આજ કે દીકરી સુખી છે રે?

પૂછી પૂછી એવું મારી માત ધ્રુસકે રોશે રે!”

ગુણસુંદરીથી રોવાઈ જ ગયું.

“પંખી અબોલડા! એવું જોઈ તું યે રોજે રે.

“ગુણસુંદરીબા! હું અને કુસુદબહેન પણ ઓસરીમાં બેસી પોર રોજ સાંજે આ ગાતાં’તાં ને હું એમને કહેતી હતી કે તમારે યે આ મુંબઈ જવાનું આવશે ને માવતરથી નોખાં પડવાનું થશે.”

કરુણરસની સીમા આવી. દીકરીની પરદેશમાં શી દશા હશે તે વિચાર સાથે સરસ્વતીચંદ્ર જેવા વરની હાનિ ગુણસુંદરીના મનમાં તરી આવી અને છોકરી પાસે છેલ્લી બે કડીઓ વારંવાર ગવરાવી અને તેની સાથે પોતે રોવાયું એટલું રોઈ.

કુસુમસુંદરી માની જોડે જમવા બેઠી હતી. આજસુધી દાદા જોડે બેસતી, પણ હવે એને તેરમું વર્ષ ચાલતું હતું અને શરીર કન્યાવયમાંથી બહાર નીકળવા લાગ્યું તેમ તેમ મન પણ વધારે સમજણું થતું ગયું. આટલું વય થતાં સુધી—કન્યાકાળ થવા આવતાં સુધી—એનું લગ્ન થવા વારો આવ્યો નહીં અને તેને લીધે યુવાવસ્થાના પ્રભાતે તેનાં શરીરશિખરને સ્પર્શ કર્યા વિનાનાં રાખ્યાં હોય એવું કંઈ થયું નહીં. તેને માબાપે વિદ્યાદાન દીધું હતું છતાં મદને પોતાની કળાઓ એને શીખવવામાં રજ પણ વિલંબ કર્યો નહીં. પોતે મદનને શોધતી ન હેતી, દીઠે ઓળખતી પણ ન હતી, તેની કળાઓ શાને કહેવી તે જાણતી પણ ન હતી; છતાં અણદીઠો, અણપરખ્યો મદન એની નાડીએ નાડીમાં અને રૂવેરૂવાંમાં અગોપ્ય તનમનાટ નિરંતર મચાવી મૂકતો હતો. મુગ્ધ શૃંગારનાં પડેપડ એમનાં એમ રહેવા છતાં તેની અંદરથી આ તનમનાટ પ્રકાશ મારી રહેતો હતો. પરંતુ હજી સુધી સૌ ભુલાવો ખાતાં અને કુસુમસુંદરી નાનપણમાં જેવી મસ્તીખોર, ઉચ્છ્રંખલ અને સ્વતંત્ર હતી, વગર શીખવી કળાઓ શીખવવાની ખંતીલી હતી, અને ઉઘાડી અથવા ગુપ્ત રીતે એ કંથને લીધે હરેક નવી વાત જોતાંમાં, સાંભળતાંમાં, અનુકરણ કરતાંમાં, વિચારતાંમાં અને અનુભવી જોતાંમાં, શીખી જતી ત્યારે જ જંપતી તેમ હાલ પણ કુસુમસુંદરી નવે રૂપે એ જૂના જ ગુણો જાળવી રહી છે અને તેનામાં કંઈ નવું દૈવત આવ્યું નથી એવી જ સૌને ભ્રાંતિ રહેતી. પરંતુ એ મદનદૈવત ચકોર કુસુમના કુમળા શિરમાં ભરાઈ રહેતું, એની પાસે સોડિયું વળાવતું, વધતાં અંગ સંકોચાવતું, લજ્જારૂપી હાથવડે એનો હાથ ઝાલી એને પાછો ખેંચી રાખતું અને એના શબ્દમાં મિતાક્ષરતાને અને ચેષ્ટામાં મર્યાદાને ભરતું. જોનારનો અભિપ્રાય પણ છેક ખોટો ન હતો; કારણ મદને એને ઝાલવા માંડી હતી તેમ પોતાના

બાળપણને હજી એણે ઝાલી રાખ્યું હતું, અને તે ઉભયની સાંકળોને આધારે આ હીંચકા ખાતી હતી.

ગીતની અસરથી રોતી ગુણસુંદરીને દેખી, તેની અને સુંદરની વચ્ચે ભરાઈ બેઠેલી કુસુમસુંદરી ડોકું સૌથી દેખાય એમ બહાર કાઢી બોલી ઊઠી: “દાદાજી, જોયું કે? ગુણિયલની આંખમાં આંસુ આવ્યાં ને રુએ છે.”

અચિંત્યા આ પ્રશ્નથી સૌની એકાગ્રતામાં વિક્ષેપ પડ્યો, અને વૃદ્ધ માનચતુર વ્હાલી પૌત્રીના ઓઠમાંથી અક્ષર પડતાં મલકાઈ ગયા અને બોલ્યા: “બહેન, એ તો તારી જ આબરૂ ગઈ કે તું પાસે છતાં રુએ છે!” સૌ હસી પડ્યાં.

“ના, ના, એ તો એમ નહીં. જુઓ, એ તો રત્નનગરીમાં સરસ્વતીચંદ્રનું વાંકું બોલતી હતી ને કહેતી હતી કે બાપે બે બોલ કહ્યા, તેટલા ઉપરથી આટલો રોષ ચડાવવો એ તો છોકરવાદી છે. ત્યારે સાસુનણંદનાં મહેણાં ન સંભળાયાં અને વહુને ઓછું આવ્યું એવું ગીત સાંભળતાં જ આવડાં મોટાં ગુણિયલ રોઈ પડ્યાં ત્યારે એ છોકરવાદી નહીં? સરસ્વતીચંદ્રને તો જાતે વેઠવું પડ્યું અને આને આ તો આટલાથી જ રોજ આવ્યું! મેં તે દિવસે નુણિયલને કહ્યું હતું કે સરસ્વતીચંદ્રને ઠપકો દેતાં પહેલાં વિચાર કરજો કે આપણે પોતે એને ઠેકાણે હોઈએ તો કેવું લાગે?”

“ત્યારે તો એમ કહેને કે તું જીતી ને તારાં ગુણિયલ હાર્યાં!”

“હાસ્તો. એક વાર નહીં ને હજાર વાર.”

“બહેન, માને જિતાય નહીં, હોં!” સુંદરગૌરી એને માથે હાથ ફેરવતી ફેરવતી બોલી.

“ના કાકી. મોટાં આગળ તો નાનાં જ જીતે. જુઓને, તમે જ વાતો કરો છો કની કે ગુણિયલે ઘરમાં બધાંને એવાં જીતી લીધાં હેતાં કે દાદાજી, મોટાં મા, બે ફોઈઓ અને તમે બે કાકીઓ— કોઈનાથી ગુણિયલ આગળ બોલાય નહીં. એણે તમને બધાંને જીત્યાં ત્યારે હું એને ન જીતું?”

ચંદ્રકાંત સુધ્ધાંત સર્વને હસવું આવ્યું. ચંદ્રકાંતને પણ એની સાથે બોલવાનું મન થયું અને સ્મિત કરી બોલ્યો:

“બહેન, તમારાં માતુશ્રી જેનો વાંક કાઢે તેનો પક્ષપાત તમારાથી કેમ થાય?”

દીવાનું અજવાળું કુમુદસુંદરીના અર્ધા મુખ ઉપર પડતું હતું, અને અર્ધો ભાગ ગુણસુંદરીની છાયામાં ઢંકાયો હતો. અજવાળાવાળા ભાગ ઉપર ચંદ્રકાંત ઉત્તર સાંભળવાને નિમિત્તે જોઈ રહ્યો અને સરસ્વતીચંદ્રનો પક્ષપાત કરનારી કન્યાના મુખ પરની સાદાઈ અને પ્રસન્નતા ઉપર થઈને આવતા જતા ગૂંચવાડાવાળા વિકાર કલ્પવા લાગ્યો: “સરસ્વતીચંદ્ર,

કુમુદસુંદરી ગરીબ સ્વભાવની છે—પણ તારે યોગ્ય તો આ જ છે—કારણ એ તારા માથાની નીવડશે અને તારા સદાના ગંભીર અને આડા સ્વભાવને પાંસરો કરશે પણ—ઓ દિન ક્યાં?" નિ:શ્વાસ મૂકી, મનમાં આમ બોલી ચંદ્રકાંત જોઈ રહ્યો.

પરભાર્યા જેવા ચંદ્રકાંતની સાથે બોલવાનો પ્રસંગ આવી વાતમાં આમ અચિંત્યો આવવાથી કુસુમસુંદરી પળવાર ગૂંચવાઈ, જરીક શરમાઈ, કંઈક નીચું જોઈ રહી, આખરે ગંભીર ઠરેલ માણસનો આકાર ધારી ભાષણ કરતી હોય તેમ બોલી: "ચંદ્રકાંતભાઈ! જ્યારે એમ હોય ત્યારે તો સરસ્વતીચંદ્રે મારી બહેનનો ત્યાગ કર્યો છે તે બહેનના કુટુંબ ઉપર તમ જેવા એમના મિત્રની મમતા કેમ હોય? જેવો તમે અમારા ઉપર પક્ષપાત રાખો છો તેવો અમે સરસ્વતીચંદ્ર ઉપર રાખીએ એ અંત:કરણનો સંબંધ."

"ખરી વાત, બહેન, એવું રોજ રાખજો."

ચંદ્રકાંત મ્હાત થયો અને સરસ્વતીચંદ્રનો વિચાર કરી ફરી ફરી નિ:શ્વાસ મૂકી ગદ્ગદ થયો અને બોલતો બંધ પડ્યો. માત્ર મનમાં જ બોલ્યો: "તારે તો આ જ જોઈએ—પણ—તું ક્યાં?"

"સુંદર પાસે કુમુદ ઊછરી અને મનોહરી પાસે કુસુમ ઊછરી. મનોહરી બોલતાં હારે તો કુસુમ હારે!—કેમ કુસુમ?" ડોસાએ હસીને પ્રશ્ન પૂછ્યો. ગુણસુંદરીએ બીજી વાતો કાઢી. સુવર્ણપુરમાં વેવાઈનો કારભાર થયાના સમાચાર—એ મોટી નવાજૂની હતી; સરસ્વતીચંદ્ર સુવર્ણપુર છોડી નીકળ્યો તે ક્યાં ગયો હશે તેની કલ્પનાઓ થવા લાગી અને ચંદ્રકાંતને ચિંતાતુર બનાવવા લાગી. બહારવટિયાઓની વાતો અને કાલે કુમુદસુંદરી આવવાની એ સંધિ ભય ઉપજાવવા લાગ્યો. વાતોમાં ને વાતોમાં સર્વ જમી રહ્યાં, ઊઠ્યાં અને પોતપોતાના શયનખંડમાં જવા વેરાયાં.

ચંદ્રકાંત અને માનચતુર એક ખંડમાં સૂવાના હતા ત્યાં સૂતા સૂતા પરસ્પર વાતો કરવા લાગ્યા. માનચતુરે સરસ્વતીચંદ્ર શાથી ઘર છોડી નીકળ્યો એ વાતની સર્વ વિગત પૂછી લીધી, અને તે વિગત પૂરી પાડતાં પાડતાં ચંદ્રકાંતનો મિત્રભાવ અંતરમાં ખીલ્યો. સરસ્વતીચંદ્રનું નામ—એના ગુણની કથા—એની કીર્તિ—એ સર્વનો પ્રસંગ આવતો તેમ તેમ એની જીભ ઉપર આનંદની ઊર્મિઓ ઊછળતી; લક્ષ્મીનંદનના મનની નિર્બળતા, ગુમાનની સ્ત્રીબુદ્ધિ, ધૂર્તલાલની નિંદા, અને અંતે સર્વ કથાનું અતિકરુણ પરિણામ, એ પ્રસંગોએ એના ઓઠમાંથી તિરસ્કારના ફુવારા ઉરાડ્યા અને છેવટે અત્યંત શોકની ટાઢ આણી દીધી. વિદ્યાચતુરે સરસ્વતીચંદ્રનો દોષ કાઢ્યો હતો એ વાત પણ સવિસ્તર આવી ગઈ; અને વિદ્યાચતુરનો બાપ જ એ વાત સાંભળે છે તેની પરવા રાખ્યા વિના સરસ્વતીચંદ્રના અત્યંત સ્નેહી સ્નેહપરવશ મિત્રે વિદ્યાચતુરના મતનું ખંડન રસથી, છટાથી અને જુસ્સાથી કરવા માંડ્યું. મુંબઈની સભાઓમાં તે મહાપ્રયાસ કરતાં પણ ખીલી શકતો

ન હતો એટલા વેગથી અત્યારે તે ખીલ્યો, અને ગુણસુંદરી સામે આવી બેઠી હતી તે પણ ધૂનમાં ને ધૂનમાં જોઈ શક્યો નહીં. મિત્રભાવે અત્યારે એનામાં મહાન વક્તાની શક્તિ મૂકી દીધી, અને સરસ્વતીચંદ્ર જેવા મહાત્મા આગળ રજવાડાના રાજ્યાધિકારીઓ પાણી ભરે એટલો મોટો મારો મિત્ર છે એવા વિષયનું વિવેચન કરતાં કરતાં, માનચતુર, ગુણસુંદરી અને બીજું મંડળ ધીમેધીમે ભરાયું હતું તે સૌના અંત:કરણને ચંદ્રકાંત ટકોરા મારવા લાગ્યો, અને ન્યાયાધીશની પાસે પક્ષવાદ કરવાની પોતાની કળાની સીમા પ્રત્યક્ષ કરાવવા લાગ્યો.

વિદ્યાચતુરે ચંદ્રકાંત પાસે સરસ્વતીચંદ્રનો દોષ કાઢ્યો હતો તે સારુ ગુણસુંદરી મનમાં પસ્તાવા લાગી; નાની કુસુમ સુંદરગૌરીને ખભે પછવાડેથી વળગી ઓઠ કરડતી કરડતી શ્વાસ સરખો લીધા વગર સૌ સાંભળી રહી અને પોતાના ઊંધા મૂકેલા પગ અંધારામાં પૃથ્વી પર કંઈક પછાડવા લાગી; અને અનુભવી માનચતુર, દંશ પામેલા સ્નેહને આશ્વાસન દેવું એ પોતાનો ધર્મ સમજી, સરસ્વતીચંદ્રને નિર્દોષ ઠરાવવા, પોતાના પુત્ર વિદ્યાચતુરનો ફેંસલો ફેરવવા, પોતાના જ પાછલા અનુભવનો આધાર બતાવવા લાગ્યો, એ જ અનુભવના બાંધેલા કાયદાના સિદ્ધાંતોનું સ્પષ્ટીકરણ કરવા લાગ્યો, અને ચંદ્રકાંતે કરેલી વકીલાતને સફળ કરી, એવી એની મિત્રતાને ધન્યવાદ આપતાં આપતાં પોતે બોલ્યો હતો તેનો ઉપસંહાર કરી બોલ્યો:

“ચંદ્રકાંત, સરસ્વતીચંદ્રનો વિચાર બધું જોતાં ખોટો ન હતો. કુમુદસુંદરી ગુમાનબા સાથે રહી સુખી ન થાત એમાં કાંઈ વાંધો નથી. વિદ્યાચતુર એ વાત ન સમજે. એને ભાગ્યે અમારાં આ ગુણસુંદરી મળી ગયાં છે અને ગુણસુંદરીએ એને જગતનો માર જણાવા દીધો નથી એટલે એવો માર કેવી વસ્તુ છે એની એને કલ્પના જ નથી. આજ તો ગુણસુંદરી ભૂલી ગયાં હશે પણ એમની બાવીશત્રેવીશ વર્ષની અવસ્થા હતી, અને અમારા ઘરમાં તો સંપ હતો છતાં કેવાં કેવાં નાટક થતાં હતાં, અને એમણે એટલી નાની ઉમ્મરે કેવી રીતે સૌ શાંત કરી દીધું તે મને સરત છે. બાવીશત્રેવીશ વર્ષની છોકરીએ મારા આખા ઘરનો મોટાંને કચરી નાખે એવો ભાર ફૂલની પેઠે માથે ઝીલી લીધો, અને નાનુંનાનું શરીર રૂપાની આરતી પેઠે આખા ઘરમાં ફરી વળે અને જ્યાં ફરે ત્યાં એના અજવાળાનો ઝાત્કાર; તેમ એની શાંતિને ધન્ય કહો કે મારા જેવા વૃદ્ધથી મિજાજ જળવાય નહીં ત્યાં એના મોંમાંથી શબ્દ સરખો નીકળે નહીં. ને જો નીકળે તો કેવો? શાંત, ધીમો અને સૌને ટાઢાં પાડી દે એવો. એટલું જ નહીં પણ એના મનમાં યે કંઈ લગાડે નહીં. કેટલાંક એવાં હોય છે કે મનમાં તો લાગ્યા વગર ન રહે પણ બહાર ન જણાવે, અને આ તો એવું કે એને કોઈ ખાવા ધાય તો તેના ઉપર એ નાની સરખી છોકરી ઊલટી પ્રીતિ રાખે અને સામાની સાથે સામી ન થતાં તેને અનુકૂળ થઈ જઈ એવું તો વશ કરે કે કંઈ વાત નહીં!”

પોતાના દેખતાં પોતાની સ્તુતિ થતી જોઈ ગુણસુંદરી શરમાઈ જઈ ગૂંચવાડામાં પડી. કંઈક વિનયસૂચિત ઉત્તર દેવાનું કરતી હતી. માનચતુર તે ચેતી ગયો અને તેને બોલતી અટકાવવા હસતો હસતો એના સામું જોઈ બોલ્યો:

“ગુણસુંદરી, ઉતાવળ ન કરશો. આ કંઈ તમારી પોતાની સ્તુતિ છે એમ સમજી ફુલાઈ ન જશો હોં! આ તો તમારી નામરાશિ છોકરી આપણા ઘરમાં કેટલાંક વર્ષ ઉપર હતી તેની વાત છે. એ છોકરી તો તમે દીઠેલી યે નહીં. કહો—તમારી આંખે તમે એને દીઠેલી? — હા—બાકી ચાટલામાં જોઈ હશે.” સૌ હસી પડ્યાં.

“તમારી તો હવે મારે નિન્દા કરવાની છે, તે તમારે સાંભળવી પડશે—વડીલ નિન્દા કરે તે તો સાંભળવી જ જોઈએ કની?”

“હા, જી, હા! વડીલ કહે તે ખરું.” ગુણસુંદરીએ હસતે હસતે નરમાશથી જવાબ દીધો અને લમણે હાથ દીધો.

ડોસાએ પોતાનું કથાસૂત્ર ફરી ઝાલ્યું: ‘ચંદ્રકાંત! શી કહીએ વાત? મારા ભર્યાભાદર્યા ઘરમાં કોઈ કંઈ બોલ્યું હશે, કોઈએ કાંઈ મહેણાં દીધાં હશે, કોઈએ પાડઉલાળ ગણ્યો નહીં હોય, કોઈ ખડક્યામાંથી ખસી ગયું હશે, કોઈનું નચાવ્યું નાચવું પડ્યું હશે, પોતાને માટે આણેલી સારી ચીજ કોઈ પટકાવી પડ્યું હશે, કોઈએ કાયર કાયર કરી મૂક્યાં હશે, અને આવાં આવાં કેટલાંક વર્ષ ગયાં હશે, પણ ગુણસુંદરીનો નથી ઓઠ ફફડ્યો કે નથી એમણે મારા વિદ્યાચતુરને કંઈ જાણવા દીધું! વિદ્યાચતુરને તો એમણે રોજ પોતાની હરકતોથી અજાણ્યો જ રાખ્યો છે. એમનાં દુ:ખ—સુખ એ કદી જાણવા પામ્યો જ નથી, ને કુટુંબના દુ:ખ કેવાં હોય છે તેનો તો એ બિચારાને અનુભવ જ થવા દીધો નથી—સ્વપ્ન સરખું પણ આવવા દીધું નથી! કેવી વાત? આ તે કંઈ સ્ત્રીનું સ્ત્રીપણું? બીજી કોઈ સ્ત્રી એમની દશામાં હોય તો રોઈ રોઈને ધણીને નિરાંતે સૂવા ન દે અને સંસારનું દુ:ખ શું છે ને પરણીને પસ્તાવું તે શું તેનો પૂરેપૂરો અનુભવ કરાવી દે. એનું નામ તે સ્ત્રી કે જે પોતાના દુ:ખનો પતિને ભાગિયો કરી દે. અને આ અમારાં ગુણસુંદરી તો એકલપેટાં જ! બધું દુ:ખ જાતે વેઠ્યું, કોઈને કહ્યું પણ નહીં, સૌ વાતમાં ઘૂંટડા ગળી ગયાં, પોતાના દુ:ખમાં કંઈ ભાગ વિદ્યાચતુરને આપ્યો નહીં અને સૌ દુ:ખ જાતે જ વેઠી લેવું—સૌ જાતે જ એકલાં લેવું—સમજ્યાં! મારા વિદ્યાભાઈ દુ:ખના અનુભવ વગરના રહ્યા, અને સરસ્વતીચંદ્રને ઓરમાન માના હાથમાં ગયેલા બાપના બોલનો ચાટકો કેમ લાગ્યો હશે તે અમારા અનુભવ વગરના વિદ્યાભાઈના સમજ્યામાં ન આવ્યું તેનું કારણ અમારાં આ ગુણિયલ!—જો આ વાત કરું છું ત્યારે કેવાં શરમાઈ જાય છે? — પોતાનો વાંક તે કોને કહે? એમણે મારા વિદ્યાને એટલું સુખ આપ્યું છે ને દુ:ખનું નામ સમજવા દીધું નથી એવું કામ કોઈ સજાત સ્ત્રીએ કરવું નહિ! ધણીને દુ:ખનો અનુભવ ન કરાવે પોતાના દુ:ખનાં રોદણાં રોઈ રોઈ કાયર ન

કરે—એ સ્ત્રીની જાત? માટે ચંદ્રકાંત, મારા પુત્રનાં વચન સામું જોવું નહીં અને ગુણસુંદરીનો જ વાંક કાઢવો કે વિદ્યાના કાનમાં સુખ વગર બીજો શબ્દ આવવા ન દીધો!

"આટલો દોષ એમનો. મારા પુત્રનો દોષ એટલો કે એણે એમ જાણ્યું કે આખા જગતમાં ઘેરઘેર ગૂણસુંદરીઓ જ વસતી હશે ને ગુણસુંદરી થવું તે રમત વાત હશે. ઘેબર ખાનાર જાર ખાનારની કથા ક્યાંથી જાણે? પણ હું તો જાણું છું. સરસ્વતીચંદ્રને લક્ષ્મીનંદનનાં વેણ વસમાં લાગ્યાં તે લાગે જ. એ કુમળું ફૂલ! એ તે હિમના કડકાનો મારા કેમ સહી શકે? એનું શું ગજું? એણે ધાર્યું તે ખોટું નહીં; મારી ગરીબડી કુમુદ ગુમાનના હાથ નીચે એકલી એકલી કચરાઈ રિબાઈ મરી જાત! ગુમાનના સામાં તો મારાં ગુણિયલ પણ ન ટકે તો કુમુદ તે કોણ માત્ર? ગુમાનને તો સામું લાંઠ માણસ જોઈએ—મારી કુસુમના જેવું—કેમ કુસુમ? ગુમાનને તું પાંશરી કરે કે તને ગુમાન પાંશરી કરે?"

"હા. તે અમે એવાં પક્કાં હઈશું?" કુસુમ સુંદરને ખભેથી ઊતરી આઘી બેસી બોલી: "દાદાજી! તમે જ પક્કા છો. ગુણિયલનો વાંક કાઢવાનું નામ દઈ વખાણ કર્યાં!"

"શું પક્કાઈમાં કાંઈ ખોટું છે?"

"ના, શું કરવા? દાદા પક્કા ત્યારે દીકરી પણ પક્કી જ હોય કની? લો, તમારી વાત કરો— આડી વાત ક્યાં કાઢી?"

માનચતુર પાછો વાતમાં પડ્યો: "ચાલો ત્યારે, હવે તારી માનાં વખાણે નહીં કરીએ ને વાંકે નહીં કાઢીએ. ચંદ્રકાંત! સરસ્વતીચંદ્રને રોગ પરખતાં આવડ્યો પણ ઔષધ આવડ્યું નહીં એમાં તો તમે પણ ના નહીં કહો. એમણે કુટુંબ છોડી વનવાસ લીધો એટલી બુદ્ધિ ઓછી. લક્ષ્મીનંદનથી જુદા રહેવામાં કંઈ બાધ ન હતો. ખરું પૂછો તો મને સાહેબલોકનો ચાલ ઘણો ડાહ્યો લાગે છે કે પરણ ક્યારે કે જુદા રહેવાની તાકાત આવે ત્યારે જ, અને પરણે એટલે જુદાં જ રહેવું. આપણો ચાલ પણ ખોટો નથી, પણ તે ક્યાં સુધી કે બધાંની આંખમાં અમીદૃષ્ટિ હોય ને બધાંમાં સંપ હોય ત્યાંસુધી. સાહેબલોકને હુતો ને હુતીનું સુખ—પણ આપણા કુટુંબનું સુખ તેઓ સમજતા નથી. આ મારી આસપાસ આ બધો વિસ્તાર ભરાઈ બેઠો છે ને જે આનંદની રેલ આપણે ચાલે છે, ને હું જાણું છું કે મારાં નુણસુંદરી અને ગુણસુંદરી જાણે છે કે મારા વડીલ, એ સુખનું સાહેબલોકને સ્વપ્ન પણ નહીં હો! સાહેબલોકમાં દીકરાને ઘેર સાસુ ને સાળી પોસાય અને ઘરડાં માબાપ એકલાં પગ ઘસે! આપણાં કુટુંબમાં તો કહો કે મારો અને આ મારી અનાથ ગરીબડી સુંદરગૌરી બેનો, વગર ઉતરાવ્યે વીમો ઉતરાવ્યો છે, અને અમારી આશિષ છે તે ગુણસુંદરીને આનંદ જ રહેવાનો. અમારાં જેવાં ઘરડાં, લૂલાંલંગડાં અને નિરુદ્યમી, ગુણસુંદરીને માથે પડ્યાં છીએ

અને વિદ્યાચતુરની ટૂંકી કમાઈના દિવસ હતા ત્યારથી એનું લોહી ચૂસી લેતાં આવ્યાં છીએ—"

"શું વડીલ, શું બોલો છો? કંઈક તો અમારા પર દયા રાખો!" ગુણસુંદરી બોલી ઊઠી.

"સાંભળો તો ખરાં. આમ છે છતાં અમે પણ એમને કોઈ વખત કામે લાગ્યાં હોઈશું અને આજ અમારાથી લોકમાં અને પરલોકમાં એમને સુકીર્તિ છે, પણ આ વખત આવતાં સુધી ટકી રહે એવાં ગુણસુંદરી મારા જ ઘરમાં છે, બીજે કોઈ ઠેકાણે નથી. ગરીબ અને પગ ઘસતા દીકરાઓની કમાઈ ઉપર દબાણ મૂકવું, ડાહી અને મહેનતુ વહુરોને મજૂરી કરાવી કચડવી, તેમને જુવાનીનું સુખ અને જુવાનીનો ઉમંગ જોવા વારો જ ન આવે તેમ એમની પાસે રહી એમને કેદ રાખવાં, તેમના ઊગતા ડહાપણને અને તેમની નવી બુદ્ધિને પોતાના કોહ્યાપણામાં છેક પરતંત્ર કરી નાંખવાં—એનાથી વધારે નિર્દયતા કઈ હશે? અને જાણ્યે અજાણ્યે અને સમજ્યે અથવા અણસમજ્યે કેટલાં માબાપ અને કેટલાં સાસુસસરા આવાં નિર્દય થાય છે તેનો મને અનુભવ છે. બોલનારી અને લડનારી વહુરોના દુ:ખ બધે ગવાય છે અને કપૂત દીકરાઓનાં પરાક્રમ જ ગતજાણીતાં છે; પણ ડાહ્યો દીકરો દેશાવર ભોગવે અને ડાહી વહુ રાંધણાં રાંધે એ કહેવત પ્રમાણે, ન બોલનારા દીકરાઓ અને ન બોલનારી વહુરોની ખબર કોને છે? માબાપ અને સાસુસસરાઓનો ધર્મ એ છે કે આવાં બાળકની દાઝ પોતાની મેળે જાણવી અને ન બોલે તેને બેવડો માર ન મારવો અને મીઠા ઝાડનાં મૂળ ન કાપવાં. કોઈ માબાપ જાણી જોઈને માર મારતાં નથી, પણ જાણી જોઈને કે અજાણ્યે કચરાય તો યે ફૂલ તો ચોળાય જ! માટે મારો અનુભવ એવું કહે છે કે ઘરડાંઓનો તેમ ભાઈભાંડુઓનો ધર્મ એવો છે કે પોતે છૂટા થવાય કે ન થવાય તોપણ સામાને છૂટાં થવા દેવા અવસર આવે એવી રીતે પોતે જાતે જ ખસતાં રહેવું. સરસ્વતીચંદ્ર મોટા થયા ત્યાંથી જ એમને લક્ષ્મીનંદને ભેગા ને ભેગા અને છૂટા ને છૂટા એમ રાખ્યા હોત તો આ વખત ન આવત. કુસંપ થવા પહેલાં સંપને વખતે જ પોતે છૂટાં થવું અને સામાને છૂટું કરવું એમાં માણસની દીર્ઘદૃષ્ટિ છે, ડહાપણ છે, ચકોરતા છે અને એ જ એનો ધર્મ છે. એ વાતમાં લોકલજ્જાનો પ્રતિબંધ ગણવો એ મૂર્ખતા છે. જ્યારે મોડુંવહેલું પેઢીએ બે પેઢીએ જુદું પડ્યા વિના છૂટકો નથી ત્યારે સમય સમજી જાતે છૂટાં પડવું એ તો સંસારવ્યવહારની પ્રવીણતા રાખવા જેવું છે. માબાપથી કેમ જુદાં રહેવાય? એવો વિચાર સરસ્વતીચંદ્ર દુર ન કરી શક્યા તે એટલું જ બતાવે છે કે એ ભણ્યા પણ ગણ્યા નહીં. — એમાં શી મોટી વાત હતી? — જુદું રહેવું એ સંસારનો રસ્તો છે તો એમાં ઓસંગાવું શી બાબત? સરસ્વતીચંદ્રને એ વાતમાં લાજ લાગી તેનું કારણ એ જ કે હજી એ બાળક છે. મેં તો કેટલાંક સિદ્ધાંત જ કરી મૂકેલા છે તેમાં એક તો એ કે બે બૈરાંને એક ઘરમાં રહેવા ન દેવાં અને બીજું—ક્યાં પુરુષ

કે ક્યાં સ્ત્રી—સૌને છૂટાં રહેવા દેવાં, અને મારે જાતે કેટલું કરવું કે સૂર્ય પોતે પૃથ્વીથી દૂર અને છૂટો રહી આપણને પ્રકાશ અને તાપ બે વાનાં આપે છે અને લોકનાં ઢાંકેલાં છાપરાં તળે અને ખૂણેખાંચરે શું થાય છે તે જોતો નથી અને તેની ચિંતા કરતો નથી તેમ મારે પણ કુટુંબમાં એ સૂર્યની પેઠે રહેવું; તેમાં સૌને સુખ છે અને સૌનું કલ્યાણ છે. કુટુંબમાં વૃદ્ધજનનો ધર્મ આ છે અને તે સૌ વૃદ્ધોએ પાળવો જોઈએ છે—જો પોતાના કુટુંબ ઉપર ખરી પ્રીતિ હોય અને જો સૌનું સુખ વાંછતાં હોઈએ તો. તેમ હોય તો વૃદ્ધાવસ્થા મને સુખરૂપ છે તેવી થવાની, તેમ નહીં હોય તો તેવા વૃદ્ધોએ છોકરાંને ગાળો દઈ ગાવું કે ‘ઘડપણ કોણે મોકલ્યું?’ તમે સર્વ વૃદ્ધ થશો માટે આટલું કહી મૂકું છું, અને આજને વાસ્તે તો એટલું કહું છું કે સૌના સુખને વાસ્તે ઘરમાં કે કુટુંબમાં કાંઈ કરવાનું આવશ્યક લાગે તો બાયડીઓની પેઠે અને સરસ્વતીચંદ્રની પેઠે ‘આમ કેમ થાય?’ કરી લજવાશો નહીં, પણ જે ઠીક લાગ્યું તે ધૈર્યથી અને ખબરદારીથી કરી દેવું જ અને રજ પણ આશંકા ન ગણવી. *આહારે વ્યવહારે ચ સ્પષ્ટવત્કા સુખી ભવેત્।* ”

આ સર્વ વાર્તાપ્રસંગમાં શ્વશુર પાસે મર્યાદા રાખવાના સ્વભાવવાળી ગુણસુંદરી કંઈ બોલ્યા ચાલ્યા વિના બેસી રહી હતી તે માનચતુરનું ભાષણ થઈ રહ્યું એટલે મોં મલકાવી ધીમે રહી બોલી: “ત્યારે મારા આગ્રહનો તિરસ્કાર કરી મારા જેઠને જુદા રાખ્યા અને પાણીફેરનું નિમિત્ત કાઢી આપ અહીંયાં રહેવા આવ્યા તેનો મર્મ પણ આજ કે?”

ડોકું ઊંચું કરી, આંખો વિકસાવી, મૂછે તાલ દઈ, વક્ર મુખે હસી પડી. આડંબર કરી, ડોસાએ એકદમ ઉત્તર દીધો: “હાસ્તો વળી!” મિતાક્ષર અને વેગભર્યો ઉત્તર સાંભળી ગુણસુંદરી ચૂપ થઈ ગઈ.

વિદ્યાચતુરની વાતથી ચંદ્રકાંત જેટલો મિજાજ ખોઈ બેઠો હતો તેટલા જ પ્રમાણમાં માનચતુરની કંઈક અસંબદ્ધ પણ વેગવાળી અને અનુભવી વાતચીતથી તે ઠંડોગાર થઈ ગયો, અને રત્નનગરીના પ્રધાન કરતાં પ્રધાનના પિતાની બુદ્ધિ આટલી વયે આવી ઉત્તેજિત જોઈ ચકિત થઈ જોઈ જ રહ્યો—સાંભળી જ રહ્યો.

રાત ઘણી ગઈ હતી અને સર્વ પોતપોતાના શયનખંડ ભણી વેરાયાં. સર્વને મોડીવહેલી નિદ્રા આવી. માત્ર ગુણસુંદરી ઉઘાડી આંખે સૂતી. તેનું સ્વાભાવિક ધૈર્ય આજ કુમુદસુંદરીના વિચારથી, અનિષ્ટ શંકાઓથી અને ઉદ્વેગકારક તર્કોથી ખસી ગયું હતું. થોડીક વારે સુંદરગૌરીની આંખ સહેજ ઊઘડી જતાં એણે ગુણસુંદરીને જાગતી અને રોતી જોઈ, અને જોતાંમાં જ તે જાગૃત બની પૂછવા લાગી: “ગુણિયલભાભી, શું થાય છે? કેમ રુઓ છો?” ગુણસુંદરી બેઠી થઈ અને સુંદરની છાતી ઉપર માથું નાખી રોઈ પડી: “સુંદરભાભી, આજ મને કંઈ કંઈ વિચાર થયા કરે છે અને રોવાઈ જવાય છે. તેમાં કુમુદનો કાગળ સંભારું છું ત્યારે કોણ જાણે શું દોહ્યલું મને ભરાઈ

આવે છે ને રહેવાતું નથી.” આટલી વાતચીત થાય છે એટલાથી ચકોર કૂસૂમ ઊઠી ઊભી થઈ, અને તે ઊભી થઈ નથી એટલામાં બારણે કોઈ કડું ઠોકતું અને ધીમેથી બોલાવતું સંભળાયું: “ગુણસુંદરીબા, ગુણસુંદરીબા, જરી ઉઘાડો!” સૌએ કાન માંડ્યા; કુસુમ બોલી ઊઠી: ફતેહસંગનો સ્વર! ગુણિયલ, ઉઘાડું?” હાનો ઉત્તર મળતાં એ ઊઠી અને બારણું ઉઘાડતાં ફતેહસંગ હાથમાં ફાનસ લઈ દાખલ થયો; અને ફાનસ પાસે મૂકી ગુણસુંદરીનાથી કંઈક છેટે બેસી, તલવાર ઊભી રાખી, તેની મૂઠ ઉપર હાથ મૂકી બોલ્યો:

“બધા વચ્ચે કહેવાય નહીં એવી વાત હતી એટલે તે વખત કહી નહીં. તે હવે કહેવા આવ્યો છું.”

સૌની આતુરતા વધી. ફતેહસંગે કુસુદસુંદરીએ સરસ્વતીચંદ્ર વિષે કહાવેલા સમાચાર કહ્યા અને બહારવટિયા એને ખેંચી ગયા ત્યાંસુધી અથ—ઇતિ કહી બતાવ્યું. છેવટ વધારે પત્તો મેળવવા હરભમજી ગયો હતો તે પણ કહ્યું.

ગુણસુંદરી અકળાઈ. “હેં! શું સરસ્વતીચંદ્ર જડ્યા યે ખરા ને ખોવાયા પણ ખરા? શું એને બહારવટિયા ખેંચી ગયા? અરેરે! સુંદર! એમનો ઉતારો બુદ્ધિધનને ઘેર હતો—કુમુદના પત્રનો અર્થ સમજ્યાં કની? હૈયું ખાલી કરવાનુંએ લખે છે તે એ જ—બીજું શું? — વડીલને અને ચંદ્રકાંતને ઉઠાડી સમાચાર કહીશું?”

“ના જી, શું કામ છે તેમને અત્યારે મોડી રાત્રે જગાડીને?” ફતેહસંગ બોલ્યો.

“ચંદ્રકાંત નામના સરસ્વતીચંદ્રના ભાઈબંધ છે તે બિચારા એમને જ શોધવા આવ્યા છે.” સુંદર બોલી.

ગુણસુંદરી કંઈક શાંત થઈ; વિચારમાં પડી, નિ:શ્વાસ મૂકી બોલી: “શા સારા સમાચાર કહેવાના છે? દુ:ખના માર્યા અને થાક્યાપાક્યા બિચારા અત્યારે જ સૂતા છે તે સૂવા દો. જાગીને શું કરવાના હતા? સમાચાર જાણશે એટલે આખી રાતની ઊંઘ ખોશે ને હરભમ આવ્યા સુધી કંઈ કરવાનું નથી. જા, ભાઈ ફતેહસંગ, સવારે જ સૌને જગાડીશું. પણ હરભમ આવે એટલે તરત એને લાવજે ને એમને જગાડજે.”

ફતેહસંગ બારણું વાસી ગયો. કુસુમે સાંકળી વાસી અને ગુણસુંદરી બોલી: “સવાર સુધીમાં વળી કોણ જાણે શાયે સમાચાર આવશે. ચંદ્રકાંતને ભાઈબંધનો દોષ ન વસે પણ આવી દશામાં આવી પડવાનું સરસ્વતીચંદ્રને એવું શું કારણ હતું?”

સુંદર બોલી: “ભાવિમાં લખેલું તે એ પણ શું કરે?”

કુસુમ ગાતી ગાતી ગણગણી: “લખ્યા લેખ મિથ્યા ન થાયે લગાર.”

સુંદરગૌરીએ કુસુમને ખેંચી કેડ સરસી ચાંપી.

ફરી બારણું ખખડ્યું. સૌ ચમક્યાં અને કાન માંડ્યા.

"કોણ?"—ગુણસુંદરી બોલી અને તેને બોલે રાત્રિ ભેદાઈ.

ફતેહસંગ ઘરમાંથી નીકળ્યો અને તરત અંધારામાં સામા બે માણસના આકાર આવતા દેખાયા. તે આકાર ચોરના છે કે શાહુકારના, ભૂતના કે માણસના, શત્રુના કે મિત્રના, તે સમજાયું નહીં ત્યાંસુધી ફતેહસંગ કમર બાંધી, સજ્જ થઈ સામો ચાલ્યો અને ખોંખારી, ઊંડા અંધકારમાં પડઘા કરાવતો બોલ્યો: "ખમા મહારાજ મણિરાજને! કોણ આવે છે એ?"

ઊંડાણમાંથી બે સુખમાંથી એકઠો ઉત્તર મળ્યો: "ખમા મહારાજ મણિરાજને!"

સૌ એકઠા થયા અને સ્વરથી સૌએ એકબીજાને ઓળખ્યા. રાત્રિના પ્રથમ પહોરમાં ગામના ત્રિભેટામાં બહારવટિયાઓનું રાવણું મળ્યું હતું તે સર્વ વાત ઝાડની ડાળમાં બેસી પ્રત્યક્ષ કરી, રાવણું વેરાયા પછી ઉતાવળે પગલે ગામમાં આવી, મુખી પટેલને મળી. એને સાથે લઈ, ગુણસુંદરીને અને માનચતુરને કહેવા ઝડપથી હરભમજી આવતો હતો તે ફતેહસંગને મળ્યો. અંધારામાં સુખ અને કાન વચ્ચે વાત ચાલી.

"કોણ? હરભમજી?"

'એ જ. કોણ? ફતેહસંગજી?"

'એ જ. પાછળ કોણ છે?"

"મુખી પટેલ."

"ઠીક થયું, ચાલો, ગુણસુંદરીબા વાટ જ જુએ છે." ફતેહસંગ સૌમાં આગળ ચાલ્યો, બારણું ઠોક્યું અને ગુણસુંદરીનો "કોણ?" એ પ્રશ્ન નીકળતાંમાં જ ઉત્તર દેવા લાગ્યો.

"બા! ઉઘાડો. એ તો હું ફતેહસંગ અને હરભમજી."

ઉત્તર પૂરો થતાં પહેલાં બારણું ઊઘડ્યું અને કુસુમના હાથમાં ફાનસ હતું તેનું અજવાળું ત્રણે પુરુષોનાં મોં ઉપર બરોબર પડ્યું. બારણાં વાસી સર્વ અંદર આવ્યાં. ગુણસુંદરી અને સુંદરી ખાટલામાં બેઠાં, કુસુમ તે બેની વચ્ચે ભરાઈ ગઈ. મોં આગળ ખાટલા પાસે ફાનસ મૂક્યું, થોડે છેટે સામા પુરુષો બેઠા, અને તેમાં જશક આગળ ઊંધે પગે બેસી હરભમજી ખોંખારતો ખોંખારતો સમાચાર કહેવા લાગ્યો. અથથી તે ઇતિ સુધી બહારવટિયાઓની કથા અને કુસુદસુંદરીને પકડવા તેમણે કરેલો સંકેત આખર કહી બતાવ્યો અને કહેતો કહેતો બોલ્યો:

"બા, રજ પણ ગભરાશો નહીં. એક પાસ બુદ્ધિધનભાઈની હાક વાગે છે અને બીજી પાસ મહારાજ મણિરાજના નામથી જગત કંપે છે. વિદ્યાચતુરભાઈના છોરુ ઉપર હાથ ઉપાડનારનું ભવિષ્ય ફરી વળ્યું સમજવું."

સુંદરગૌરી રોઈ પડી, કુસુમ કંપવા લાગી અને ગુણસુંદરી સજડ થઈ ગઈ: "ફતેહસંગ, એકદમ વડીલને જગાડ."—સૌ માનચતુરના શયનખંડ ભણી દોડ્યાં.

સૌના પગના ઘસારાથી જ, વગર ઉઠાડ્યા માનચતુર અને ચંદ્રકાંત જાગી ઊઠ્યા અને બારણું ઉઘાડી બહાર આવ્યા અને ગભરાયેલા જેવા પૂછવા લાગ્યા: "શું છે? શું છે?"

ગુણસુંદરીએ ઉતાવળથી સર્વ સમાચાર કહી દીધા. સરસ્વતીચંદ્ર બહારવટિયાઓના હાથમાં ગયો સાંભળતાં જ ચંદ્રકાંત નરમ બની ગયો. એનું તો જે થયું તે થયું—તરત તો કુમુદસુંદરીને બચાવવાના વિચારની વધારે અગત્ય હતી—પ્રધાનની બાળાના ઉગ્ર ભાવિના શીઘ્ર કર્તવ્ય આગળ સરસ્વતીચંદ્રના સમાચાર, ભૂતકાળના સમાચાર જેવા બની, પ્રાત:કાળના ચંદ્રોદય પ્રસંગે ચંદ્ર દેખાતાંમાં જ સૂર્યપ્રકાશમાં લીન થાય તેમ થયા. માત્ર ચંદ્રકાંત જ એ સમાચારથી અંતરમાં દાઝતો રહ્યો અને ખીજવાતો ગયો; સરસ્વતીચંદ્રના હઠાગ્રહને ગાળો દેવા લાગ્યો તેમ જ પોતાની પણ મૂર્ખતાને ગાળો દેવા લાગ્યો: 'મેં આ ડહાપણ કરી પત્ર લખ્યો તે સુવર્ણપુર પહોંચેલો. તેમાં જ એણે સુવર્ણપુર પણ છોડ્યું; દીન બની વિચારવા લાગ્યો, 'હવે મારે તને ક્યાં ખોળવો?—મને એ પત્ર લખવો ક્યાં સૂઝ્યો!—કુમુદસુંદરી હેમક્ષેમ ગુણસુંદરીને મળે ત્યાં સુધી સરસ્વતીચંદ્રની શોધની વાત તે હું શી રીતે એમના આગળ કરવાનો હતો?' આ સર્વ પ્રશ્નોત્તર એના મનમાં જ થયા. બાહ્યપ્રસંગ કુસુદસુંદરીની બાબતની ગભરામણનો જ સાક્ષી રહ્યો.

સર્વ વાત ગુણસુંદરીએ પૂરી કરી, એટલે માનચતુરે હરભમજી સાથે કેટલાક પ્રશ્નોત્તર કર્યા. હવે શું કરવું તે વિષે તેની સાથે તેમ જ મુખીની સાથે ટૂંકી ગોષ્ઠી જેવું કંઈક કર્યું. આખરે મુખી અને સવારોની સૂચનાઓ ઉપર સુધારાવધારા અને વિચાર કરી, પળવાર શાંત વિચારમાં પડી. વીજળી ઝબૂકે તેમ કંઈ વિચાર સૂઝી આવતાં માનચતુરે ત્વરાથી આજ્ઞા આપી:

"મુખી પટેલ, તમારા કહેવા ઉપરથી એમ જણાય છે કે ગામમાં ચાળીસેક સવાર અત્યારે તૈયાર છે—એ બહુ સારો જોગ બન્યો છે; હવે જુઓ આ પ્રમાણે વ્યવસ્થા કરો. આપણા ચાળીસ સવારોમાંથી પાંચ ટુકડીઓ કરી દેવી. જ્યાં કુમુદને અટકાવવાની ધારી છે ત્યાં આગળ વધારેમાં વધારે માણસોની ટુકડી રાખવી. એક ટુકડી આ ગામમાં જ રહે; બીજી ટુકડીએ ત્રિભેટાના વડની પાસેથી તે વાઘજી ફરતો હોય તેની પણ પેલી પાસ સુધી ફરવું. નદીના પુલ પાસે—આ પાર—બહારવટિયાઓની

ઢોલ હોય તેની અને નદીનાં કોતર બેની વચ્ચે ત્રીજી ટુકડી રહે; ચોથી ટુકડીને ક્યાં રાખીશું? હા, સુભદ્રા નદીને પેલે તીરે, જ્યાં આગળ રસ્તો બે વનની વચ્ચે પેસી આવે છે તેની પણ પેલી પાર, સુવર્ણપુરના રસ્તા ઉપર સુવર્ણપુરભણીની દિશામાં બને તેટલું વધારે,—એ રસ્તા પર જ ચોથી ટુકડીએ રહેવું. પાંચમી ટુકડી સૌ ટુકડીઓને મૂકી કુસુદ આવવાની છે તે રસ્તે જઈ તેને મળે. લઈ જવા લાવવા ફરે.

“વળી જુઓ, બીજું સરત રાખવાનું છે. મુખી પટેલ સૌ રસ્તાના ભોમિયા છે માટે એતે વડ પાસે રહી વડથી નદી સુધી બધે રસ્તે હેરાફેરા કરવા. પટેલ, તમારે રુઆબબંધ દોડાદોડ કરી મૂકવી અને તમારી ખબરદારીથી અંજાશે તો લુશ્ચાઓની તાકાત નથી કે ચેંચું કરવાની હિંમત કરે. મારી ખાતરી છે કે ચંદનદાસ અને વાઘજી બે જણ તારાથી સચવાશે. મનહરપુરીમાં ટુકડી રાખવાની છે તે તો ગમે તે સાધારણ પણ સાવચેત માણસને સોંપજો.”

હરભમ બોલી ઊઠ્યો: “હાજી, બરાબર છે. વિદ્યાચતુરભાઈના બંદોબસ્તમાં કોઈની આંગળી ખૂંપે એમ નથી અને મણિરાજ મહારાજની આણથી બધો મુલક થરથરે છે—તે ત્યાં વગર ફોજ ફોજ છે. આ ગામમાં માણસો રહે તે તો ઠીક ગમે તેને રાખો.”

પુત્રની સ્તુતિથી ઉત્કર્ષ પામતો ડોસો બોલ્યો: “હરભમ, મુખી વડથી તે નદી સુધીનો રસ્તો સાચવી શકશે, એમાં વાંધો નથી.” હરભમનો મત માગતો હોય, અને મુખીની હિંમત નાણી જોતો હોય તેમ ડોસો તેમના સામું જોઈ રહ્યો. મુખીએ તરવાર પર હાથ મૂકી દાંત પીસ્યાં તે દીવાને અજવાળે ચળક્યા. શુભ શકુન ગણીને ડોસો બોલવા લાગ્યો. “ફતેહસંગ, તારે પુલ આગળ અને કોતરોમાં રહેવું અને ભીમજીને અને પ્રતાપને આંચમાં રાખવા. એ તો તને આવડશે.” ફતેહસંગે પોતાની મૂછો આમળી.

“હરભમ, સૌથી વધારે જરૂરનું કામ તને સોંપું છું. કેમ થશે કે તારાથી?”

હરભમ હસ્યો: “ગાજ્યો મેહુલો વરસે નહીં, માટે ગાજ્યું કાંઈ વધારે છે?”

ડોસો: “ઠીક, ત્યારે વરસો. અત્યારે ને અત્યારે તારે સુરસંગનો પત્તો ખોળી કાઢવો અને ચોથી ટુકડી લઈ એવી રીતે રહેવું કે એના સાથી એની સાથે મળવા કે સંદેશો પહોંચાડવા પામે નહીં અને ભાઈસાહેબ નદી કે રસ્તો ઓળંગી પેલી પાસ જવા પામે નહીં અને જ્યાં જાય ત્યાં તને જ સામો દેખે!”

હરભમ આ મોટા કામથી ખુશ થઈ બોલ્યો: “બસ, એ તો થયું સમજો. પણ હજી એક ટુકડી રહી.”

ડોસો: “તારા મનમાં ધીરજ નથી તે બોલવા સરખું ક્યાં દે છે જે? એ ટુકડી અબ્દુલ્લાને સોંપું છું.”

“અબ્દુલ્લો તરવારબહાદુર છે પણ ત્યાં તો બુદ્ધિવાળું કપાળ જોઈએ. કુમુદબહેનને આવવાનું ત્યાં આગળ પરતાપ પણ પાસે રખડવાનો; તૈ કપટ કરવાનો એ નક્કી. અબ્દુલ્લો એને નહીં પહોંચે.” હરભમ બોલ્યો.

ડોસો બોલ્યો: ‘હું જઈશની અબ્દુલ્લા જોડે જે!” ડોસો છાતી કાઢી બોલ્યો.

હરભમ: “ત્યારે તો ઉત્તમ.”

“ના, ના, વડીલ, તમારે એ જોખમમાં પડવાનું નહીં. વૃદ્ધ શરીર અને આપણો ધંધો નહીં.” ગુણસુંદરી બોલી ઊઠી.

ડોસો હસ્યો: “વારુ, ગુણસુંદરી, ડોસાને જુઓ તો ખરાં! તમારો તો જન્મ પણ ન હતો અને આ બધા દેશમાં સાહેબલોક નવા આવતા હતા તે વખત તમારો વડીલ તલવાર બાંધી રજપૂતો ભેગો દોડતો હતો. શું કુસુદને માથે હરકત આવે ને હું જોઈ રહું? જો એમ થાય તો મારો અવતાર નિષ્ફળ જ. જો હરભમ, હું અને અબ્દુલ્લો અમારી ટુકડી લઈ અત્યારે નીકળશું તે સુભદ્રા ઓળંગી આગળ ચાલ્યા જઈશું. તે જ્યારે કુમુદને મળશે ત્યારે અટકીશું અને એને લઈ આવીશું. એની સાથે પણ માણસો હશે તેને સાવધાન કરી આગળ પાછળ ચાલીશું. જાવ, મુખી અને હરભમ, તમે કહ્યા પ્રમાણે તૈયારી કરી પલકારામાં પાછા આવો; અને ગુણસુંદરી, તમે જશ મારાં જૂનાં કપડાંમાંથી પાયજામો કઢાવો અને બીજાં કપડાં કહું તે કઢાવો. ફતેહસંગ! તું મારે સારુ તમારા બધામાંથી કોઈની તરવાર સારી જોઈને લાવ, બંધૂક પણ લાવજે, અને......”

ડોસો વધારે બોલવા માંડે છે એટલામાં તો સર્વ શૂરમંડળ તેના હુકમનો અમલ કરવા વેરાઈ ગયું.

સ્ત્રીમંડળ ડોસાનાં કપડાં લેવા ગયું. જૂના કાળમાં જ્યારે અંગ્રેજી રાજ્યનો અમલ બેઠો ન હતો અને બધો દેશ લુંટારા લોકના ત્રાસથી બારે માસ હથિયારથી સજ્જ રહેતો હતો, જ્યારે બ્રાહ્મણોને અને સ્ત્રીઓને પણ પોતાનું રક્ષણ કરવા જેટલી તત્પરતા રાખવી પડતી હતી, તેવા ભયંકર સમયમાં જેની જુવાનીનો મુખ્ય ભાગ ગયો હતો તે માનચતુર હથિયારના ઉપયોગમાં પાવરધો હતો, અને હાથને એવી રીતે કસવાના પ્રસંગ પણ ઘણા મળ્યા હતા. નાનાસાહેબના બંડ પછી દેશ અશસ્ત્ર થયો છતાં, સશસ્ત્ર અવસ્થાનું શૂરાતન, બળ, અને આવડ માનચતુરમાંથી દૃશ્ય થયાં ન હતાં. ઘણે વર્ષે પ્રસંગ આવ્યે સૂતેલો સિંહ જાગ્યા પછી પણ સિંહ જ હોય છે તેમ માનચતુર આજ શૂરજનની ઉશ્કેરાયેલી અવસ્થા અનુભવવા લાગ્યો.

"ચંદ્રકાંત! તમે તો ઘેર જ રહેજો—બધી સ્ત્રીઓનું રક્ષણ થશે તે ભેગું તમારું પણ થશે. ખમા અંગ્રેજ બહાદુરને કે હથિયાર લઈ લીધાંને સ્ત્રીઓની તેમ જ તમારા જેવા પુરુષોની સૌ ચિંતા ઉપાડી લીધી!"

પોતાની ચિંતામાં પડેલો ચંદ્રકાંત આ વાક્યથી સાવધાન થયો, આભો બન્યો અને દેશને અશસ્ત્ર કરનાર ધારાના વિચારમાં પડી સરકાર ઉપર મનમાં ખીજવાયો.

માનચતુર બોલ્યો: "મૂંઝાશો નહીં; આ ઉતાવળને પ્રસંગે વાદવિવાદ કરવાનો નથી. તમથી કાંઈ અમારી સાથે આવી નીપજે એમ નથી. કાયદાની તકરારો બહારવટિયા સાંભળે એમ નથી. હું તમને બંધૂક આપું પણ દારૂગોળાને ઠેકાણે કાંઈ તેમાં ચોપડીઓ ભરાય એવું નથી. મને વાત કરવા વખત નથી. હું હથિયાર બાંધી જાઉં છું. પાછો આવું એટલામાં આ વાત ઉપર એક નિબંધ લખી કાઢજો."

માનચતુર ઉત્તર સાંભળવા ઊભો ન રહ્યો પણ બીજા ખંડમાં ચાલ્યો ગયો. ચંદ્રકાંત શરમાઈ, ખીજવાઈ, સજડ થઈ જઈ બેસી જ રહ્યો. થોડી વારમાં ઘર બહાર થતા પગરવથી, કોલાહલથી, એકદમ આવતા જતા મશાલોના અજવાળાથી અને પાછા થઈ જતા અંધારાથી, અસ્પષ્ટ સંભળાતા ઘણાક જનના ગભરાયેલ ઉતાવળા બોલથી, ઘોડાઓની ખરીઓના પડઘાથી, હથિયારોના ખડખડાટથી, સૌને અંતે "ચાલો ચાલો" એવા માનચતુરના દૂર જતા, રહી જતા તીવ્ર શબ્દથી, અને આખરે એ સૌને ઠેકાણે થઈ જતાં અંધકાર અને નિ:શબ્દતાથી, સૌ લશ્કરનું પ્રયાણ થયું અને પોતે એકલો રહ્યો એવું ગૂંચવાયેલો ચંદ્રકાંત સમજી ગયો, અને વિચારમાં ને વિચારમાં બેઠો હતો ત્યાં ને ત્યાં એમનો એમ રાત્રિના ત્રણ વાગતાં ઊંઘી ગયો.

૭. જંગલ, અંધારી રાત અને સરસ્વતીચંદ્ર

સરસ્વતીચંદ્રના ચિત્તથી પરમાર્થવૃત્તિ કલ્પવા પણ અસમર્થ, સ્વાર્થ લોચનથી જ લોચનવાન અર્થદાસ મણિમુદ્રા લઈ પલાયન કરી ગયો તે પ્રસંગે દિવસ પૂરો થતાં રાત્રિ આકાશના ગર્ભસ્થાનમાંથી અર્ધી જન્મેલી હતી અને અર્ધ ભાગે આકાશના ઉદરમાં હતી. આકાશ પણ પ્રસૂતિકાળની ભયંકર અવસ્થા ભોગવતું હતું. તેને મૂર્છા આવતી હોય અને તેની ચેતના દૂર જતી રહેતી હોય તેમ પક્ષીમાત્ર અધીરાં બની ટોળે મળી પૃથ્વી ભણી ઊડી આવતાં હતાં અને વૃક્ષોમાં દૃશ્ય થતાં હતાં. કંઈક પ્રકાશ અને કંઈક અંધકાર એ બેની મેળવણી શૂન્ય અરણ્યમાં એકલા માનવીનું હૃદય કંપાવે એવી ત્રાસદાયક લાગતી હતી અને ઝાંખી દૂબળી ચંદ્રલેખા પણ વિશાળ આકાશના એક ખૂણામાં ઊગી, ઊગતાંવેંત જ જગતના આ દેખાવથી ત્રાસી, અસ્તાચળની ઊંડી ગુફામાં ભરાઈ જવાનું કરતી હતી. તેવે પ્રસંગે સરસ્વતીચંદ્ર મૂર્છામાંથી જાગી ઊઠ્યો અને તેની આંખ આ આકાશ, અરણ્ય અને દૂરથી ચીસો નાખતી રાત્રિ પર પડી. મનુષ્યવસ્તીની છેલ્લી નિશાની—અર્થદાસ—કઈ દિશામાં ગુમ થઈ ગઈ તે શોધવા સરસ્વતીચંદ્ર બેઠો થયો કે રસ્તા ઉપર બે પાસ લાંબી દૃષ્ટિ નાંખવિ લાગ્યો, પ્રયત્ન નિષ્ફળ થતાં ઉપરનું આકાશ પળવાર જોવા લાગ્યો, પળવાર પવનથી ખડખડતા ચારેપાસનાં જંગલભણી નજર ફેરવવા લાગ્યો, અંતે જંગલના ઊંડા ઊંડાણમાં પડવા માંડતી ભયંકર પ્રાણીઓની ચીસો સાંભળી ચમક્યો, અને ભૂખ્યો ન હોય, અશક્ત ન હોય, ને ખિન્ન પણ ન હોય તેમ સફાળો એકદમ ઊભો થયો. તે જ ક્ષણે ચંદ્રલેખા પત બીની હોય તેમ સંતાઈ ગઈ અને વાઘ જેવો અંધકાર વિશ્વ ઉપર ફાળ મારી કૂદી પડ્યો અને સરસ્વતીચંદ્રના પણ સામો આવી ક્રોધભરેલા ડોળા ઘુરકાવવા લાગ્યો.

પળવાર આ નવા અચિંત્યા સ્વપ્નથી હૃદયસ્તંભ પામી, છાતી પર હાથ મૂકી, કાંઈ નવી શોધ થઈ હોય તેમ સરસ્વતીચંદ્ર ચંચળ બની ચારે પાસ દૃષ્ટિ ફેરવવા લાગ્યો, કાન ધરવા લાગ્યો અને તેના મુખ પર આનંદ ચમકવા લાગ્યો. “હા! જે મહારાત્રિનાં દર્શન કરવાનો અભિલાષ હતો તે આ જ! કુમુદ! હવે હું તને ભૂલું છું. તું દિવસમાં રહી—હું રાત્રિમાં આવ્યો! યમરાત્રિના પ્રતિબિમ્બરૂપ રાત્રિ! યમરાત્રિ કેવી હશે તે તારાં દર્શનની સહાયતાથી હું અત્યારે કલ્પું છું. ચંદ્રકાંત! તું વળી મને આમાંથી અટકાવતો હતો—અટકાવવા આવ્યો છે! ગુમાનબા, આ સૌ તમારો આભાર છે! પિતાજી! તમે મારા ઉપરથી સ્નેહ ઉતારી મને માયાના ફંદમાંથી મુક્ત કર્યો! સંસાર, સ્નેહ, લક્ષ્મી અને બધી માયામાંથી મુક્ત થઈ, આખર હું આ આખરની અવસ્થા અનુભવવા પામુ છું. આ નિર્જન ઘોર અરણ્યમાં—શૂન્ય રાત્રિનાં ક્રૂર પ્રાણીઓ વચ્ચે માત્ર ઈશ્વરસનાથ હું આવી પહોંચ્યો અને જે દશા અંતે થવાની તે આજથી આણી! ગૃહ અને લક્ષ્મીનાં જાળ ચીરી નાખ્યાં!”

"આમ જ ચીરી એ દંભ નીચે,

આમ જ એ સૌ દંભ નીચે

ઊતરી મડ્યો હું નીચે નીચે!

એ જગદંભતણા સાગરની નીચે નીચે આવ્યો!

સમુદ્રતળિયે ઊતરી પડ્યો, પડી નીચે નીચે આવ્યો!

આમ જ હજી આ દંભ નીચે,

કામણ કંઈ મુજ કાજ હીસે,

ધન્યભાગ્ય! આ દંભ નીચે,

હજી ઊતરી પડું નીચે નીચે.

નીચે નીચે!!"

"મુંબઈનગરીના લક્ષાધિપતિપણામાંથી બુદ્ધિધનના ઘરમાં ક્ષુદ્ર અતિથિની અવસ્થામાં, ત્યાંથી આ અન્ધ અરણ્યમાં—અને અહીંથી પણ નીચે જવાનું નિશ્ચિત!"

પોતે બોલે છે તેના પણ ભાન વિના આ શબ્દો બોલી, તેના પઢઘા સાંભળતો—ઉત્તર સાંભળતો હોય તેમ, મનમાં ને મનમાં આનંદ પામતો, અંધકારને જોતો, ક્રૂર ગર્જનાઓ સાંભળતો, અંધકારમાંથી શાંત તેજ નીકળતું હોય અને ગર્જનાઓને ભેદી આઘેથી ઝીણું કોમળ ગાન આવતું હોય અને તે તેજને જોવાને અને ગાનને સાંભળવાને રસિક આતુર બનતો બનતો, હૃદય ઉપર હાથનો સ્વસ્તિક રચી સરસ્વતીચંદ્ર કેટલીક વાર સુધી એમનો એમ ઊભો.

જે ક્ષણે સરસ્વતીચંદ્ર જડ જેવો, મૂર્ખ જેવો શબ જેવો, સ્વપ્નસ્થ જેવો, સમાધિસ્થ જેવો, આ પ્રમાણે ઊભો હતો તે પ્રસંગ રાત્રિ પણ એના જેવી નિરંકુશ બની, સંસારના સુખદુ:ખની ચેતના નષ્ટ કરી, નિશ્ચેતન જેવી પૃથ્વીના એક છેડાથી બીજા છેડા સુધી વ્યાપી રહી, જડ જેવી ઊભી રહી; કર્તવ્ય—અકર્તવ્યનું, યોગ્ય—અયોગ્યનું ભાન નષ્ટ કરી, મુકુટ ધારણ કરનારાઓને સ્ત્રીવશ કરી, પંડિતોને બુદ્ધિહીન નિદ્રાવસ્થામાં નાખી, બ્રહ્મચર્યા અને સંન્યાસના વ્રતસ્થ પુરુષોને સ્વપ્નસૃષ્ટિમાં રમાડી, સ્થળે સ્થળે મૂર્ખચેષ્ટા કરી રહી; પ્રકાશહીન, ચેતનહીન, વસ્ત્રહીન થઈ ગયેલા સંસારરૂપ આ મહાસ્મશાનમાં નિશ્ચેષ્ટ શબરૂપે પડી પડી, ઘુવડ અને શિયાળ જેવાં પોકેપોક મૂકી રોતાં સંબંધીઓ વચ્ચે, કાળાગ્નિ ભડભડ બળતી અજરામર એકાંત અને ભયંકર ચિતાના મુખમાં ખવાવા લાગી; શૂન્ય જેવા દશે દિશામાં વ્યાપતા અંધકારના અદૃષ્ટ અવયવોમાં કલ્પનાની

પેઠે ભરાઈ મચી રહેલાં જંગલો, પર્વતો, નગરો અને પ્રાણીઓના—અંતર્ગત ઠઠ ઠાઠને આંખો મીંચી જોઈ રહેતી હોય, તે મહાસ્વપ્નમાં ને સ્વપ્નમાં જ સિંહવાઘ વગેરેની ભયંકર ગર્જનાઓને લવતી હોય, તેમ સુષુપ્તિસમયે જાગૃત સંસ્કારોમાં પ્રવાહપતિત થઈ ગઈ; બાહ્ય સંસારના પ્રપંચોને અગોચર કરી ચારે પાસ અંધકાર ભરી સરસ્વતીચંદ્રના મગજમાં કોઈ સર્વવ્યાપી એક તત્ત્વનો લય કરી એ લયમાં જ સમાધિસ્થ થઈ ગઈ ઘર છોડ્યું, લક્ષ્મી છોડી, પિતા છોડ્યા, મિત્ર છોડ્યો, કુમુદ છોડી અને સ્નેહ પણ છૂટી ગયો; એ સર્વ પટ સરી ગયા તેની સાથે જ એ ઉપાધિપટમાં ઢંકાયેલું તત્ત્વ જાતે અપ્રયાસે દૃષ્ટિગોચર થયું હોય તેમ તે જોતો સરસ્વતીચંદ્ર અત્યારે જંગલ વચ્ચે, અંધકાર વચ્ચે ઊભો રહ્યો અને ઊંડા વિચારમાં વિચારશૂન્ય જેવો લીન થઈ ગયો.

પરંતુ આ અવસ્થા ઘણી વાર ટકી નહીં. થોડીક વારમાં શરીરયંત્રની કમાને બળ કરી, એકાંત મનોવૃત્તિને નદીની રેલનો પ્રવાહ કિનારાની ભેખડને તોડે તેમ, તોડી પાડી અને પોતાના પ્રવાહમાં લીન કરી.

“શરીરયંત્રને પ્રકોપકાળે શિથિલ યોગની માયા!”

આખા દિવસની ક્ષુધા વિચારમાત્રનું ભક્ષણ કરવા લાગી અને મસ્તિક ખાલી પડ્યું; તૃષા કંઠને રોકી બેઠી અને સરસ્વતીનો પ્રવાહ નીકળવા માંડે તે પહેલાં તેનું આચમન કરવા લાગી; અંધકારે નકામી કરેલી આંખોને શરીરની અશક્તિએ ફરી મીચાવી અને સરસ્વતીચંદ્ર મૂર્છા ખાઈ ફરી પૃથ્વી પર ઢળી પડ્યો. પશ્ચાત્તાપ કરાવનાર બુદ્ધિ અધિષ્ઠાન વિનાની થઈ પડી; ભય અને શોક કરાવનાર ભાન ઊડી ગયું. ઘણાક ઉદ્ધત પુરુષો મોટી મોટી વાતો કરી વાત પ્રમાણે કામ કરવાનો પ્રસંગ આવ્યે ડરી જઈ કંપારી ખાય છે; સરસ્વતીચંદ્રે તે કંપારી ખાધી ન હતી. તામસને વશ થયેલા ઘણાક મૂર્ખો વિચારશૂન્ય કામ કરી બેસી પશ્ચિમબુદ્ધિના કાંટા વાગતાં કર્યું ન કર્યું કરવા મથે છે; એક કુમુદસુંદરીની વાતમાં તેમ કરવા ઇચ્છા હોય તો તે પૂરી પાડવી અશક્ય હતી અને બીજી કંઈ પણ વાતમાં તેમ કરવા સરસ્વતીચંદ્રને ઇચ્છા સરખી થઈ હતી નહીં અને તે જ કારણથી ચંદ્રકાંતથી નાસતો ભાગતો આ જંગલનાં દુ:ખમાં મંગલ ગણવા લાગ્યો હતો. એ સર્વ વિચિત્ર નાટકનું વિચિત્ર અવસાન આવ્યું હોય અને પડદો પડ્યો હોય તેમ અત્યારે થયું. પોતે મૂર્ખતા કરી છે કે ઉશ્રાભિલાષ સિદ્ધ કર્યો છે તે વિચારનાર પણ કોઈ રહ્યું નહીં અને સ્થળસમયની અવસ્થા પણ સરસ્વતીચંદ્રને જગાડે એવી ન હતી.

અંધકારની સેના ચારેપાસ ઘણા જોરથી ધસારો કરતી હતી અને દશે દિશા છાઈ લીધી હતી. ઘોડેસવારો વેગથી સવારી કરતા હોય અને ઘોડાની ખરીઓના ડાબલાના ડાબકા જમીન પર દેવાતા હોય તેમ કાળરાત્રિ ગાજતી હતી. અનેક તરવારો અથડાતી હોય તેમ પવનને બળે અનેક ઝાડોનાં પાંદડાં તથા ડાળો અથડાઈ અવાજ કરતાં હતાં. મોટા બાણાવળી

ઉગ્રબળથી બાણ ફેંકતા હોય અને તેના સુસવાટ ચારેપાસ મચી રહ્યા હોય તેમ પવન સુસવાટા નાખી રહ્યો હોત અને વૃક્ષો વચ્ચેના, પાંદડાં વચ્ચેના, આંતરા વચ્ચે થઈને ધસી આવતાં, ચીસો નાંખતો હતો. ચારેપાસ યુદ્ધનાં ભયંકર વાજાં વાગી રહ્યાં હોય અને યુદ્ધની બૂમમાં બરોબર ન સંભળાતાં સ્થળે સ્થળે તેનો નાદ સ્ફુરતો હોય તેમ સર્વ પાસ તમરાં નિરંતર બોલતાં હતાં. ઘવાઈ ઘવાઈ, કોઈ હાથ ખોઈ, કોઈ પગ ખોઈ, પડેલા જોદ્ધાઓ, દોડતા લડતા જોદ્ધાઓના પગ તળે કચરાતાં, છુંદાતાં, દુ:ખથી અશરણ બની, હૃદયવેધક ચીસો પાડી ઊઠતા હોય તેમ હરણ, સસલાં અને અનેક ગરીબ પશુઓ, બોડમાં ઊંઘતા પ્રાણીઓ શોધી ખાનાર વરુ જેવા ક્રૂર ચોર પશુઓના પંજામાં પોતાને અથવા નર કે માદાને બચ્ચાંને ફસાયેલાં દેખી, ઊંડાણમાંથી કારમી ચીસો નાખતાં હતાં. આખા જંગલમાં શિકારી અને શિકારની દોડાદોડ મચી રહી હતી અને સિંહવાઘના પંજા અને નખ ધબ લઈને પડતા હતા અને ગરીબ પ્રાણીઓના કોમળ માંસમાં ખૂંપી જતા હતા. શિયાળનાં ટોળાં ચારે પાસથી કાયર જોદ્ધાઓ નાસતાં નાસતાં ચીસો પાડે તેમ રોતાં હતાં. શૂરા સવારો પેઠે વાઘ નાનાં ઝાડ અને ઘાસ ઉપર ફાળ ભરતા, વેગથી ચાલ્યા જતા અને ચોમાસાના પૂર પેઠે ઠેકાણે ઠેકાણે ઘુઘવાટ કરતા હતા. સેનાના નાયક જેવા મૃગપતિ સિંહ અંધરાત્રે રસ્તા વચ્ચે બેઠો બેઠો—મોટું વાદળું ગાજતું હોય—તોપ ધડૂકતી હોય—તેમ મહાગર્જના કરી રહ્યો હતો. એ ગર્જના સાંભળતાં વાઘ સરખાં પ્રાણી ચૂપ થઈ લપાઈ જતાં હતાં, હાથીઓ અને પાડાઓ બરાડા પાડતા પાડતા નાસાનાસ કરી મૂકતા હતા, ઝાડ ઉપર સૂતેલાં પક્ષીઓ જાગી ઊઠતાં હતાં અને કંપતાં કંપતાં કાન માંડતા હતાં, આખા જંગલમાં અને આઘેના સુંદરગિરિનાં કોતરોમાં વિકરાળ પડઘા ઊઠી રહ્યા હતા, અને ધોરી માર્ગ પર એક ઠેકાણે એકલો બેઠો બેઠો આવી મહાગર્જના કરતો મદોન્મત્ત સિંહ પશુમાત્રમાં પોતાની આણ વર્તાવતો હતો અને આખા જંગલમાં ખૂણે ખૂણે સર્વત્ર તેની હાક વાગી રહી હતી. અગ્નિના અંગારા પેઠે તેની આંખો રાતા તેજથી ચળકતી હતી અને આઘે સુધી તીવ્ર ભયંકર કટાક્ષ નાંખતી હતી. ક્રૂર પશુઓનો આ મહારાજ ઘડી ઘડી યાળ ફેંકારતો હતો અને તે વીંઝાતી તેના સ્વરથી ચમકતાં તમરાં પણ ચૂપ થઈ જતાં હતાં. જે રસ્તાને એક છેડે આ વનરાજ આવી રીતે બિરાજતો હતો તે જ રસ્તાને બીજે છેડે તે જ સમયે, કાળજું કહ્યું ન કરે એવે સ્થળે ને સમયે, મનસ્વી મન—રાજ સરસ્વતીચંદ્ર ત્રિભેટા આગળ વચ્ચોવચ એકલો પડ્યોપડ્યો નિર્ભય અને નિ:શંક મૂર્છાસમાધિ સાધતો હતો.

આ પ્રસંગે આખા જંગલમાં પેસવા કોઈ માનવીની છાતી ચાલે એમ ન હતું અને ખરા શૂરવીરો પણ રાત્રિસમયે આ ભયંકર જનાવરોને છંછેડવા હિંમત ધરતા નહોતા. આખા જંગલમાં માત્ર જનાવરોની કારમી ચીસો સંભળાયા કરતી અને બહારવટિયાઓ રાવણું કરતા તે પણ મનોહરપુરીની બાજૂના વડમાં ભરાતા. સરસ્વતીચંદ્ર પડ્યો હતો તે જગા વડથી થોડે છેટે

હતી અને વડ નીચે ઊઠતો શોરબકોર પણ અંધારામાં કાન પર અફળાતો ત્યારે ઓછો ભયંકર નહોતો લાગતો. આકાશમાં તારાનાં ઝુંડ ઝબૂકતાં હતાં તે પણ ભયંકર પ્રાણીઓની આંખો જેવાં વિકરાળ પ્રકાશવાળાં લાગતાં હતાં અને જંગલનો આ ઠાઠ જોઈ નબળોપોચો માણસ તો ભયથી ગાંડો જ થઈ જાય. સરસ્વતીચંદ્રની મૂર્છા વળી, તોપણ ઊઠવાની કે બોલવાની તેનામાં શક્તિ રહી ન હતી. રસ્તાની ધૂળમાં ચતોપાટ પડેલો હતો તેને કંઈક શુદ્ધિ આવતાં, પ્રથમ કાન સચેત થવા પામતાં, સિંહની ત્રાડથી ગર્જના અને તેની સાથે જ બીજાં પ્રાણીઓની ચીસો એકદમ એ કાનમાં દોડી આવવા લાગી, અને આંખો ઉઘાડતાં એ ગર્જનાઓથી ગાજતો વીંઝાતો ત્રાસ વર્ષાવતો અંધકાર અને અંધકારસાગરને પેલે કિનારે ચાંચિયાઓની તરવારોની અણીઓ પેઠે ચળકતા ચમકતા તારાઓ દૃષ્ટિમાં ઉપરાઉપરી ઊભરાવા લાગ્યા. સરસ્વતીચંદ્રના પંડિત વિચાર નાસી ગયા; કવિતા તો પાસે આવી જ નહીં; જ્ઞાનમાર્ગ તો સૂઝ્યો જ નહીં; માબાપ, કુમુદસુંદરી અને ચંદ્રકાંત પણ એના મનની દૃષ્ટિમર્યાદામાંથી ખસી ગયાં; મરણકાળે સૌને મૂકી એકલાં જવાનું તેવી જ રીતે આ મહાભયપ્રસંગે પણ સરસ્વતીચંદ્ર એકલો અનાથ ભોંય નાખેલા જેવો કાળરાત્રિના ઘોર ભયભૈરવનું ઉગ્ર સ્વપ્ન જોવા લાગ્યો. ઊઠવાની જ શક્તિ નહીં તો નાસવાની ક્યાંથી હોય? નાસીને પણ આ અજાણ્યા જંગલમાં અંધકારે કઈ દિશાએ જવું? ગમે તો ભૂખ અને અશક્તિથી અથવા ગમે તે કોઈ ભયંકર પ્રાણીના મુખમાં આહુતિ પેઠે પડી, સંસારને છેલ્લા નમસ્કાર કરવાનો પ્રસંગ પ્રત્યક્ષ લાગ્યો. તેની સાથે ભૂતકાળ દૃષ્ટિ આગળ ખડો થયો. પિતા, કુમુદસુંદરી અને પ્રિય ચંદ્રકાંતનાં દીન મુખ નેત્ર આગળ આવી ઊભાં, અને તે સર્વનાં નેત્રમાંથી આંસુની અખંડિત ધાર વહેતી દેખાઈ. બોલવાની શક્તિ વગર, બોલ્યા વગર, સરસ્વતીચંદ્રનો આત્મા જ આ જોઈ રોવા લાગ્યો; સૌની ક્ષમા માગવા લાગ્યો; કરગરવા લાગ્યો; બ્રહ્મહત્યા જેવી સ્નેહહત્યા ફરી ફરી સાંભરી આવી તેના આખા શરીરને કંપાવવા લાગી; એની આંખોમાંથી આંસુ જાતે નીકળવા લાગ્યાં અને બેપાસ આંખનો ખૂણામાંથી લમણા ઉપર થઈ કાન આગળ થઈ પૃથ્વી પર પડવા લાગ્યાં; તેને શીત આવ્યા જેવું થયું; રોવાની શક્તિ હોત તો પોકેપોક મૂકી રોવાઈ જાત, પણ રોવા જેટલી શરીરમાં શક્તિ સરખી ન હતી તેથી શરીર અને મુખ રાંક થઈ ગયાં; લક્ષ્મીનંદન, કુમુદસુંદરી અને ચંદ્રકાંત એ શબ્દથી ભરેલા નિ:શ્વાસ અને પ્રાણ છાતીમાં ધડકવા લાગ્યા; એ નિ:શ્વાસ અને પ્રાણ હવે તો જાય તો સારું એવું ઇચ્છી તેનો માર્ગ મોકળો કરવા ગરીબડું મુખ પહોળું થઈ ગયું, પગ ચુસાવા લાગ્યા પણ હલાવવાની શક્તિ ન હતી, પેટમાં દાહ ઊઠવા લાગ્યો અને યમરાજના દુતનાં પગલાંના જેવા ધબકારા સંભળાયા. અત્યારે એને કોઈ અગ્નિદાહ કરવા ન હતું; એના શબ પાસે મરણપોક મૂકનાર પણ ન હતું. માત્ર અંધકારભરેલું જંગલ ભયાનક અને ગંભીર

દેખાવ ધારણ કરી ચારેપાસથી ત્રાડો નાખતું, મારેલા શિકાર પાસે ગાજતો વાઘ બેઠો હોય તેમ બેઠું હતું અને ખાવા ધાતું હતું.

એવામાં રસ્તાની એક બાજુ પરની ઝાડીમાં કોઈક ખખડાટ થયો, અને થોડી વારમાં એન મહાન અજગર—કાળો—નાગ ફૂંફવાડા મારતો ઝાડીમાંથી રસ્તા ઉપર દાખલ થયો, અને ફુવારાના પાણી પેઠે ઊછળતો ઊછળતો સરસ્વતીચંદ્ર પડ્યો હતો એણી પાસ સમુદ્રના—અટકે નહીં એવા—મોજા પેઠે આવ્યો. સરસ્વતીચંદ્રના અશક્ત શરીરમાં એના ઘસારાએ અને ફૂંફાડાએ અચિંતી લેશ શક્તિ આણી અને ઉઠાયું તો નહીં પણ નાગ આવતો હતો તે ભણી દૃષ્ટિ ફેરવી અને યમદૂત જેવા નાગને એણે દીઠો અને તેની સાથે આંખો આકાશ ભણી હતી તેવી કરી દીધી. સગાંસ્નેહીના વિચાર, પશ્ચાત્તાપ દીનતા, શોક અને આંસુ એ સર્વ સંસારનો પદાર્થોનો વીજળીની ત્વરાથી ત્યાગ કરી દીધો, અને મહામંગળ—સમય જેવા મરણકાળને વાસ્તે સરસ્વતીચંદ્ર આંખના પલકારા જેટલી વારમાં સજ્જ અને સાવધાન થઈ ગયો. આ સર્પ પોતાને ક્યારે ડસે છે તેની વાટ ધડકતા હૃદયથી જોવા લાગ્યો. સર્વ સંસારનું હવે અવસાન આવે છે સમજી, ક્ષોભ તજી તે શાંત થઈ ગયો. વિચારનો અવકાશ મળ્યે, ઊપજેલું મરણ—ભય, અવકાશ જતો રહ્યો તેની સાથે જતું રહ્યું. માત્ર આત્મરક્ષણની સાહજિક વૃત્તિ [૧] સૂર્ય ગયા પછી પણ સૂર્યનાં કિરણ રસળે તેમ હજી રહી હતી અને એ વૃત્તિએ પણ એવું જ શીખવ્યું કે નાગની પાસે સચેતન દેખાવા કરતાં જડ દેખાઈ, જાય તે રસ્તે તેને જવા દેવો એ જ સારું છે. મહાસર્પ દોડતો દોડતો આવ્યો તે ક્ષણે સરસ્વતીચંદ્ર આવાં કારણથી હાલતો ચાલતો બંધ થઈ સ્તબ્ધ બની શ્વાસ રૂંધી પડી રહ્યો. સર્પ આડોઅવળો વાંકો થતો એની પાસે આવ્યો, પોતાના માર્ગનો અવરોધ કરતો એને દેખી એની ચારેપાસ પ્રદક્ષિણા કરવા લાગ્યો, અને અંતે પ્રથમ હતો તે પાસે આવી એની છાતી પર ચડી ગયો. સાપ પાંચછ હાથ લાંબો, ચારપાંચ આંગળ જાડો અને વિકરાળ હતો. તારા તેજમાં એની તીવ્ર આંખો, ધોળી મૂછો અને કાંચળીમાંના પટા આભાસ ધરવા લાગ્યાં. પોતાની પહોળી મોટાં પાંદડાં જેવી અગ્રફણા ઊંચી કરી કંપાવવા માંડી સરસ્વતીચંદ્રની છાતી પર નાગરાજ ડોલવા અને ભયાનક ડાકલી વગાડવા લાગ્યો. સરસ્વતીચંદ્રના ધૈર્યની સીમા આવી ગઈ અને સાપ કરડ્યો હોય એવી જ વૃત્તિ આ દેખાવ જોઈ એને થઈ ગઈ. તેના ઓઠ, નખ અને દાંત કાળા પડ્યા હશે તે તો અંધારામાં શું જણાય પણ તે સર્વમાં શીત વ્યાપી ગયું, કાન બહેરા થઈ ગયા, શરીરમાંથી લોહી ફટકી ગયું, અને આત્મા શબ જેવા શરીરમાં માત્ર સાક્ષીરૂપે રહ્યો.

પાંચસાત મિનિટ સુધી વિષમય પ્રાણી આ શરીર ઉપર આમતેમ ફર્યો અને એના ભાર નીચે ચગદાતા ગયા તેમ તેમ શરીરના અવયવ એક પછી એક મરી ગયા જેવા થયા. અંતે એકદમ પૂંછડું જોરથી સરસ્વતીચંદ્રના મોં

પર ઝાપટી, શરીર ઉપરથી ઊતરી, સાપ સામે રસ્તે ચાલ્યો ગયો. તે પળે "ઓ કરડ્યો!" એવી વેદના સરસ્વતીચંદ્રના રહેલા ભાનના અંગારામાં વિષ [૨] પેઠે વ્યાપી ગઈ અને તેની સાથે એ અંગારો હોલાઈ ગયો. જંગલ પાછું હતું તેવું થઈ ગયું; સરસ્વતીચંદ્રના હૃદયના ધબકારા પણ બંધ થઈ ગયા; એને ધારણ કરનારી રાત્રિચિતામાં અંધકાર ભડભડ લાગવા માંડ્યો; અને જંગલસ્મશાનમાં પ્રાણીબંધુઓની પોકેપોક ચારેપાસ ગાજી રહી અને આકાશને ભેદવા લાગી. કઠણમાં કઠણ કાળજાં ચીરી નાખે એવી મરણપોક જેવી સિંહગર્જના બીજા સર્વ નાદને ડુબાવી દઈ એકલી સંભળાવા લાગી અને દશે દિશાએ ઘોર શૂન્ય અંધકારમાં યમને ખોળે પડેલા સરસ્વતીચંદ્રની પ્રાણયાત્રાના અવસાનના સાક્ષીભૂત થવા, એ સૂતો હતો ત્યાંથી ફરતા બેત્રણ ગાઉ સુધીમાં, કોઈ માનવી આ ભયંકર પ્રહરે હશે એવી કલ્પના પણ થવાનું કારણ ન હતું. ચારેપાસનું જંગલ, પૃથ્વી, આકાશ અને સર્વ દિશાઓ એકદમ આ પુરુષના પ્રાણને વાસ્તે પોકારતી હતી એને એ પૌકાર અંધકારમાં પડઘા પામી ગાજી ઊઠતો હતો. "ઓ સરસ્વતીચંદ્ર!"—"સરસ્વતીચંદ્ર! સરસ્વતીચંદ્ર! ઓ! ઓ!..." એવી લંબાતી કારમી ચીસ આખા અરણ્યમાંથી ઊંચા તાડોનાં વચાળાંમાં થઈને નીકળતી લાગતી હતી, અને ઠેઠ મનહરપુરીમાં પહોંચી ચંદ્રકાંતનાં હૃદયને ચીરતી હતી, અને સુવર્ણપુર સુધી પહોંચી ગરીબ કુમુદસુંદરીની આંખોમાંથી ઊંઘને હાંકી કાઢી આંસુનો સાગર ઉભરાવતી હતી અને અમાત્યનો મહેલ અને પ્રમાદધનનું રંગભવન તેને મન સ્મશાન જેવું કરી દેતી હતી.

માનવીનો પગસંચાર આ અરણ્યમાં થવો અસંભવિત હતો તેવે આ પ્રહરે જે રસ્તે સરસ્વતીચંદ્ર શબવત્ પડ્યો હતો તે રસ્તા પર કેટલેક છેટે પૂર્વ દિશામાં ભૂતાવળી જેવું એક ટોળું આવતું હતું. એ ટોળું બહારવટિયાઓનું ન હતું, કારણ એ લોક તો ક્યારના વડ આગળથી વેરાઈ ગયા હતા. અત્યારે રાત્રિના અગિયાર વાગ્યા હતા, અને રાત્રિ વધી તેમતેમ ભયંકર થતી ગઈ. ભયંકર પશુઓની ચીસો વધતી ગઈ, અને ઘુવડ ઠેકાણે ઠેકાણે નીકળી પડી ઘૂઘવવા લાગ્યાં. જંગલમાં પડતી ચીસોનો પ્રત્યુત્તર મનહરપુરીની શેરીઓના કૂતરા મોટે સાદે કરવા લાગ્યા અને તેમનું ભસવું અને રોવું આ રસ્તા સુધી સંભળાવા લાગ્યું. આકાશમાં તારાઓના પોપડેપોપડા બંધાયા અને તેમનું તેજ એકાંત ભયસૂચક લાગવા માંડ્યું. ક્વચિત્ એકાદ રડીખડી કાળાશ મારતી નાની વાદળી સિવાય જ્યાં જુઓ ત્યાં તારા જ તારા અને વચ્ચે ભયંકર કાળું આકાશ. ઝાકળ પણ પડવા માંડતું હતું અને ભયભીત જગતને શરીરે પરસેવા પેઠે એકઠું થઈ સર્વને ઠંડાંગાર કરી નાંખી કંપાવતું હતું. ત્રિભેટાની પૂર્વ ભણીથી આ ઘડીએ ભયંકર ભૂતાવળી જેવું એક ટોળું આવતું હતું અને રાત્રિની ભયંકરતાને વધારતું હતું.

આ ટોળાંની આસપાસ કેટલાક જણ વાંસના ભારા બાંધી તેને મશાલો પેઠે સળગાવી ચાલતા હતા. એ ઊંચા વાંસની મશાલો વગરતેલે બળતી હતી અને તેનાં શિખરો ઉપર બળતા રાતાપીળા ભડકા ઘણેક છેટે સુધી પ્રકાશ નાંખતા હતા, ઝાડો અને તાડોની વચ્ચે અંધકારના ઊંચા શિખરકળશ જેવા લાગતા હતા. કોઈ કોઈ વખત તો વાંસોની ગાંઠો બળતાં ફૂટતી અને ચારેપાસ તેના તણખા કડાકા કરતા ઊડતા હતા. આ ટોળામાં સર્વેએ માથે શિવના ગણની પેઠે મોટી જટાઓ ઊંચી બાંધી લીધી હતી અને કાળા વાળની ઊભી ગડો અજવાળામાં મોટા સાપની પેઠે ચળકતી હથી અને જટાઓ ઊભા રાફડાઓ જેવી લાગતી હતી. આ ટોળું બાવાઓનું હતું અને તેમના પગનો ઘસારો ઘણે છેટેથી સાંભળીને સાપ સરસ્વતીચંદ્રના શરીર પર પળવાર સ્તબ્ધ ઊભો રહ્યો હતો અને તે ઘસારો તથો પ્રકાશ દૂરથી પાસે આવતો સમજી એકદમ નાસી ગયો હતો.

નાગ ગયો અને થોડીક વાર થઈ હશે એટલામાં તો બાવાઓનું ટોળું સરસ્વતીચંદ્રનું શરીર પડ્યું હતું તે જગા આગળથી દૃષ્ટિગોચર થયું. આશરે ત્રીસચાળીસ બાવાઓનું ઝુંડ હતું અને સૌની વચ્ચે એક રથ હતો તેને બળદ ન જોડતાં બાવાઓ જ ખેંચતા હતા. બાકીના બાવાઓમાંથી કેટલાક હાથમાં કરતાલ, ડફ, કાંશીઓ, વગરે લેઈ વગાડતા હતા. કેટલાક પાસે માત્ર મશાલો જ હતી. કેટલાકની પાસે લાંબી ઉઘાડી તરવારો હતી અને તરવારવાળાઓ રથની આસપાસ અને ટોળાની આસપાસ ચોગમ આંખો ફેરવતા હતા. એક જણની પાસે ભગવા રંગનો ઊંચો ઝંડો હતો તે રાત્રે પણ ઉનાળાના પવનના સપાટાથી ફરફરતો હતો અને મશાલોના વીંઝાતા ભડકાઓની ભભક સામે વીંઝાતો હતો અને લાલ ભગવો રંગ ભડકાઓના રંગથી રંગાઈ ચારેપાસના અંધકારમાં સૌથી ઊંચે જાતે એક ભડકો જ હોય તેમ ભભક મારતો હતો. રાખથી ભરેલી જટાઓ, ભસ્મથી ભરેલાં માળાઓના ભારાથી લચી અર્ધાં પડતાં, ઉગાડાં, અર્ધાં ભગવે લૂગડે ઢંકાયેલાં, કાળાં પ્રૌઢ બળવાન શરીર, આકાશ સુધી ગાજી નીકળતી સિંહવાઘને પણ ડરાવતી, આખા વનમાં પડઘા ભરતી જાડી ફાટી ભજનની નિર્ભય બૂમો, અને એકાંત ભયંકર જંગલમાં ભજનની લેહમાં ઉન્મત્ત પડતા પગના ધભકારા: આ સર્વથી આ અલમસ્ત જોગીઓનું ટોળું આખા જંગલને ચડાઈ કરી, સર કરતું લાગતું હતું અને સિંહવાઘનાથી ત્રાસ થાય તેના કરતાં આ સ્થળે આ સમયે તેમની આ દશાનું દર્શન માણસની છાતીને ઓછી કંપાવે તેવું ન હતું. ફાળો ભરતા ભરતા, ત્રાડો નાંખતા નાંખતા, મશાલોની ઊંચી ઝાળોની ગુફાઓમાંથી ઉછાળા મારતા હોય તેમ ધસતા, ધપતા સર્વ બિહામણા બાવાઓ સરસ્વતીચંદ્રના શરીર પાસે આવી પહોંચ્યા. તેમના શરીર પર જુદે જુદે ઠેકાણે કરેલાં ગોપીચંદન, કંકુ અને સિંદૂરનાં છાપાંતિલકને લીધે મોટા વાઘના ટોળાના જેવા તે લાગતા હતા. તેમના ખડખડતા લાંબા કાળા ચીપિયા મોટા નાગની પેઠે તેમની કેડોથી, ખભાથી અથવા હાથથી લટકતા હતા. સૌના ખભા પાછળ હોડકાના

આકારનાં જાડાં લાંબાં લાકડાનાં ભિક્ષાપાત્ર નાખી દીધાં હતાં અને ભરેલી ભગવી ઝોળીઓ સૌની બગલો નીચે ઝોળા ખાતી હતી. મહારુદ્રની આસપાસ વીંટાઈ વળી આવતા ભયંકર ગણોના ટોળા પેઠે આ ટોળું ફાળો ભરતું સરસ્વતીચંદ્રના શરીર પાસે આવી પહોંચ્યું, અને એ શરીર ચગદાઈ જાય તે પહેલાં મશાલોનું અજવાળું એના પર પડવાથી સૌની આગળ ચાલતો બાવો ચમક્યો, ચમક્યો, એ શરીર પર દૃષ્ટિ નાખી ઊભો રહ્યો, અને તેની સાથે જ સર્વ ટોળું ઊભું રહ્યું, નિશ્ચેષ્ટ થયું, એકદમ બોલતું બંધ થઈ ગયું અને ગાડીમાંથી જોગીશ્વરે બૂમ પાડી: “મોહનપુરી! શું છે?” આગળ ચાલતા બાવા મોહનપુરીની આસપાસ તરવારબંધ કેટલાક બાવા ભરાઈ ગયા. સરસ્વતીચંદ્રના શરીરને નીચો વળી મશાલવડે ન્યાળતો પ્રચંડ બાવો મોહનપુરી બોલ્યો: “ગુરુજી, માણસનું શરીર શબવત્ પડેલું છે.” વધારે ન્યાળી બોલ્યો: “આજ્ઞા હોય તો સ્પર્શ કરીને જોઉં કે જીવે છે કે શબ છે.” પરીક્ષા કરી સર્વેએ ઠરાવ કર્યો કે જનાવરે એને માર્યો નથી અને એ મરી ગયો નથી. ગુરુજીએ ધ્યાન ધરી આજ્ઞા કરી: “બચ્ચા, એ પુરુષને ઊંચકી લે. શ્રી જગદીશની ઇચ્છા કે સુંદરગિરિના મઠનો આ પુરુષ ઉત્કર્ષ કરશે અને ત્યાંના સાધુગોસાંઈઓ જતે દિવસે એના આશ્રિત થઈ રહેશે. બચ્ચા, એને જીવની પેઠે જાળવજો! એ મહાપુરુષ થશે અને સાધુસંત એના ચરણારવિંદની સેવા કરશે!”

ત્રિકાળજ્ઞાની ગણાતા જોગશ્વરનું આ અણધાર્યું વચન સાંભળી સર્વ સ્તબ્ધ થઈ ગયા. સરસ્વતીચંદ્રના શરીરને બળવાન મોહનપુરીએ બાળકના શરીરની પેઠે પોતાનાં ખભે નાખ્યું. આવ્યા હતા તેવા જ સર્વ કીર્તન કરતા ચાલ્યા. આગળ જતાં આખું જંગલ બળતું હતું અને ગાઉના ગાઉ સુધી ભયંકર દવ પ્રગટી રહ્યો હતો. ઠેકાણે ઠેકાણે બળતા વાંસોની ગાંઠો ફૂટતી હતી અને તણખા ઊડતો હતા. નાનાંમોટાં પશુઓ પરસ્પર-વિરોધ ભૂલી જીવ સાચવવાની સર્વસામાન્ય ઇચ્છાને વશ થઈ દોડધામ કરી રહ્યાં હતાં. ઊંઘેલાં પક્ષીઓ માળાની સાથે બળી જતાં કારમી મરણચીસો નાખી શાંત ભસ્મ બની જતાં હતાં. દવના પ્રકાશથી અને ધુમાડાથી ઊભરાતા આકાશમાં પણ આગ લાગેલી જણાતી હતી. આ ભયંકર દવથી બળતા જંગલ વચ્ચે માર્ગ શોધી કાઢી આગમાં પ્રવેશ કરતું હોય, દવ વચ્ચે ચાલતું હોય, અગ્નિલોકમાં જ જીવતું હોય તેમ જોગીઓનું ટોળું પ્રકાશમાં, તાપમાં, ભડકામાં લીન થઈ ગયું, દૃશ્ય થઈ ગયું. મોહનપુરીના ખભા ઉપર પડેલા યસ્વતીચંદ્રના ઉત્તમાંગમાં લટકતાં લોચનકમળ, તાપને બળે ઊઘડ્યાં હોય તેમ પળવાર ઊઘડી, આ ચિત્રસ્વપ્નને જોઈ કંઈ પૂછ્યા વિના, બોલ્યા વિના, વિચાર્યા વિના, પાછાં મીંચાઈ ગયાં અને એ પણ આખરે દૃશ્ય થઈ ગયાં.

---

1 . Instinct of self-preservation .

૨ . વિષ-ઝેર, પાણી

૮. કુમુદસુંદરી સુવર્ણપુરથી નીકળી

નવીનચંદ્ર સરસ્વતીચંદ્ર જ છે, ચંદ્રકાંત હવે તેને મુંબઈ લઈ જશે, તે પાછો મુંબઈનગરીમાં યશસ્વીપણે વર્તશે ઇત્યાદિ વિચારથી આનંદમાં આવેલી કુમુદસુંદરી પ્રાત:કાળે એ સર્વ આશાનું ઉચ્છેદન કરવા સુવર્ણપુરમાંથી પણ જતો રહેતો એને જુએ અને પોતાને તે મૂંગે મોંએ જોઈ રહેવું પડે એના જેવી વેદના બીજી કઈ? બુદ્ધિધનના ઘરમાં અત્યંત ઉત્સવને ક્ષણે જ તેને આ ગુપ્ત ઘા પડ્યો અને સર્વના દેખતાં મૂર્છા ખાઈ તે ઢળી પડી હતી તે આપણે જાણીએ છીએ. પિયર જઈને આ વાત માતાપિતાને જણાવું અને સરસ્વતીચંદ્રની શોધ કઢાવું એવો તેણે નિશ્ચય કર્યો અને એ નિશ્ચય નિષ્ફળ થતો અટકાવવાને જ હરભમજી વગેરે સવારોને તેણે મનહરપુરી મોકલ્યા હતા, કારણ પોતાને તે દિવસે મૂકી બીજે દિવસે નીકળવાનું હતું.

એ જવાની તે વાતથી કૃષ્ણકલિકા અને પ્રમાદધન પણ આનંદમાં આવ્યાં હતાં. પણ બુદ્ધિધને તેમની વાત જાણી, એવું જાણવાથી તેમના આ રંગમાં ભંગ પડ્યો; એટલું જ નહીં, પણ બુદ્ધિધને પોતાને કાંઈક શિક્ષા કરવા ધારી છે તે જાણી ગભરાટ વછૂટ્યો. નવીનચંદ્ર મદદ કરવાની ના કહીને ચાલ્યો ગયો જાણી ગભરાટ વધ્યો, અને સલાહ લેવાનું કોઈ ન મળતાં કૃષ્ણકલિકાને શોધી કાઢી તેની જ સલાહ લેવા ધાર્યું. કૃષ્ણકલિકાને સંદેશો મોકલી રાજેશ્વરમાં બોલાવી; એણે અક્કલ આપી કે કુમુદસુંદરી અને નવીનચંદ્રને આડો સંબંધ છે તે વાત મેં તમને કહી અને તે જાણવાથી કુમુદસુંદરીએ આ આરોપ ઊભો કર્યો છે એવું તમારે કહેવું. પ્રમાદધન ઘેર ગયો અને વિચાર સૂઝ્યો કે આ વાત કહીશું તે કોઈ માનશે નહીં. એ વાતને ટેકો આપવા શું કરવું તેનો વિચાર કરતાં કરતાં મેડીમાં ફર્યાં કર્યું અને ફરતાં ફરતાં "મર્મદારક ભસ્મ" બની ગયેલા કાગળોમાંનો એક કાગળ કુમુદસુંદરીએ ફાડી નાખેલો પણ તેના ઝીણા કટકા થયેલા તેમાં ચારપાંચ કટકા બાળી નાખવા રહી ગયેલા તે પોતાના ટેબલ નીચે પડેલા હાથ આવ્યા, તેને સાંધી વાંચી જોયા, નવીનચંદ્રના અક્ષર ઓળખ્યા, વાંચવા માંડ્યા, અને તે વાંચતાં એવું લખેલું નીકળ્યું કે

"હતી લક્ષ્મી! હતા તાત! હતી વ્હાલી! હતો ભ્રાત!"

આટલું બેસતાંમાં પ્રમાદધન આનંદમાં આવી ગયો: "વ્હાલી એવું નવીનચંદ્રે લખ્યું! આથી શો બીજો પુરાવો?" વળી ક્રોધ ચડ્યો: "વાહ વાહ ભણેલી! મને ખબર નહીં કે નવીનચંદ્રની વ્હાલી તું હોઈશ!" આ વિચાર કરે છે એટલામાં કુમુદસુંદરી આવી પ્રમાદધનની મુખમુદ્રા ઉપર કંઈક નવો જ ફેર પડેલો જોઈ તે ચતુરા ચેતી ગઈ. એ કંઈ પૂછે એટલામાં તો પ્રમાદધન જ ધડૂકી ઊઠ્યો: "કેમ મારાં ડહ્યાં અને શાણાં ભણેલાં! તમે આવાં ઊઠ્યાં કે?"

કુમુદસુંદરી અત્યાર સુધીના દુ:ખમાં જડ બની ગઈ હતી, બેભાન જેવી થઈ ગઈ હતી, એ આ અપૂર્વ પુષ્પાંજલિના વરસાદથી ચમકી જાગી ઊઠી, જોઈ રહી, ધીરજ પકડી, અત્યંત નરમાશથી ધીરે પણ સ્થિર સ્વરે બે અક્ષર બોલી: "શું છે?"

અધીરાની ધીરજ રહી નહીં, અને વધારે ખિજાઈને બોલ્યો: "શું છે—શું છે—શું? આ પેલા નવીનચંદ્રની વ્હાલી થનારી તે તું! નહીં કે? વાંચ આ અને ફોડ આંખો!" કાગળના કટકા ધ્રૂજતી કુમુદ ઉપર ફેંક્યા.

ગરીબ બિચારી કુમુદસુંદરી! એને બળતાંમાં ઘી હોમાયું. પડ્યા ઉપર પાટુ થયું. એના મોં ઉપરનું તેજ ઊતરી ગયું, તેના પગ ધ્રૂજવા લાગ્યા, પરસેવાનાં ઝોબેઝોબ વળી ગયા, નીચું જોઈ રહી અને આંખમાંથી ખરખર આંસુની ધારા ચાલવા લાગી. પળવારમાં પાંચસો વિચાર એન કુમળા દુ:ખી મગજમાં તરવરી રહ્યા અને એના અંત:કરણને વલોવવા લાગ્યા. "અરે! હું સાચી વાત કોને કહું અને કોણ માનશે? મારે કપાળે આ કાળી ટીલી આવવી તે પણ બાકી રહી! જૂઠું કેમ બોલું? આમને કેમ છેતરું! દમયંતીનો હાર ચોરાયો હતો તેના જેવી આ મારી દશા થઈ! એથી પણ ભૂંડું થયું. ઓ સાચી વાત જાણનાર પરમેશ્વર! હું સર્વ વાત તને સોંપું છું. તારે જે કરવું હોય તે કર—જે રસ્તે ગોળો ફેંકવા ધાર્યો હોય ત્યાં પહોંચાડ. હું તો અપરાધી પણ નથી અને નિરપરાધી પણ નથી! શું બોલું?" કાંઈ પણ ઉત્તર દીધો વિનો કાગળના કટકા પ્રમાદધનના હાથમાં પાછા મૂક્યા.

પ્રમાદધન વધારે ચિડાયો: "કેમ! ખરી વાત માનવી છે કે નહીં? બોલ!" કુમુદસુંદરીને એક લપડાક ચડાવી દીધી. એના ઉત્તરમાં—ઉત્તર દેતાં પહેલાં—કુમુદસુંદરીનાં આંસુ જતાં રહ્યાં, પરસેવો બંધ થયો, ધ્રૂજતી રહી ગઈ, અને ગાલ પંપાળવો સરખો મૂકી દઈ, બેધડક આંખે પતિના સામું જોઈ એ બોલી: "શા વાસ્તે આટલો આંચકો ખાવ છો? ધોલ મારીને કેમ અટકો છો? ઓ મારા સરદાર! આ પેલા ખૂણામાં તરવાર પડી છે તે મારે ગળે મૂકો. તમારી મારી વચ્ચે વ્યર્થ બોલાબોલી થાય તે શું કરવા જોઈએ? તમારે હાથે હું મરીશ તો મારો મોક્ષ થશે. તમારે હાથે મરવાનું ક્યાંથી?" જાતે જ તરવાર આણી પ્રમાદધનની પાસે મૂકી અને તેના આગળ ગળું નીચું કરી ઊભી—"રખે અટકતા! મૂકો આ ગળા ઉપર તરવાર! મારે ધન્ય ઘડી ને ધન્ય દહાડો કે આ વખત આવ્યો!'

ઉશ્કેરાયેલો પતિ પોતાને મારી નાખશે એવો નિશ્ચય કરી, અને હું આ દુ:ખના ભરેલા ભવસાગરમાંથી છૂટીશ એવું જાણી, પ્રતિપળે તરવારની ઘાની વાટ જોતી કુમુદ ગળું નીચું કરી રહી, અને થાકી ઊંચું જુએ છે તો પ્રમાદધન મળે નહીં. કુમુદસુંદરીની આવી ભયંકર સૂચનાથી આભો બની જઈ, સજડ થઈ જઈ, શું કરવું તે ન સૂઝતાં, કાગળના કટકા ખિસ્સામાં નાખી એ ચાલ્યો ગયો. વધારે બોલવા કે કરવાની તેની શક્તિ ન રહી.

ગૂંચવાડામાં પડેલી, દુ:ખમાં પડેલી, કુમુદ ખુરસી પર માથું ઊંધું નાખી રોતી રોતી બેઠી.

પ્રમાદધને કુષ્ણકલિકાને શોધી કાઢી, હકીકત કહી, અને શિખામણ મળી કે હવે "કુમુદસુંદરી સાથે લાંબું કરવામાં માલ નથી. એને કહો કે તારી પરીક્ષા કરવા આટલું કર્યું હતું. તું બગડેલી નથી એવી મારી ખાતરી થઈ એવું કહો, એને વહાલ દેખાડો અને છેતરી પિયર મોકલી દ્યો. એ જાય એટલે આપણે બેનો કાંટો જશે, તમારા મનમાં મેલ રહ્યો એને લાગશે તો જવાનું બંધ રાખશે અને આપણે સાલ રહેશે. એ જાય તે પછી તમારા પિતા આગળ મારી બાબત ફરિયાદ આવે તો આ કાગળના કટકા બતાવજો અને કહેજો કે તમને કુમુદની નઠારી ચાલની ખબર પડી એટલે એણે આ તમારા સામે વાત ચલાવી. પણ એ બધું એના ગયા પછી કરજો."

પ્રમાદધનને આ યુક્તિ ગમી. તેણે તે સાંગોપાંગ પાર ઉતારી. કુમુદસુંદરી છેતરાઈ, અને પિયરના અને સાસરાના સવારોની વચ્ચે ગાડી રાખી, તેમના રક્ષણમાં રહી, સરસ્વતીચંદ્ર નીકળ્યો હતો તે દિવસ વીતતાં અડધી રાત્રિ ગયા પછી છેક પાછલી રાત્રે નીકળી. સાસુ અને નણંદ તે પ્રસંગે વહુને ભેટ્યાં અને સર્વે પુષ્કળ રોયાં, બુદ્ધિધન ગળગળો થઈ ગયો, અને પ્રમાદધન વગર બાકી ઘરનાં સર્વ માણસ ઉદાસ જેવાં થઈ ગયાં. બુદ્ધિધનના ઘર આગળથી ગાડી ચાલી. "કુમુદસુંદરી, વહેલાં આવજો," "ભાભી! જોજો, પંદર દિવસથી વધારે એક દિવસ પણ રહેશો નહીં, હોં!" "બેટા! પિયરમાં તો સૌને આનંદ થશે પણ મારું તો ઘર તમે આવશો ત્યાં સુધી સૂનું, હોં —" "બેટા — જરૂર વહેલાં આવજો, સાસુની દયા જાણજો," "ભાભી સાહેબ, સંભાળ રાખજો ને વહેલાં આવજો," આવા અને એ જાતના બીજા શોકમય શબ્દોથી, બુદ્ધિધનના નિ:શ્વાસથી, સૌભાગ્યદેવીનાં ડૂસકાંથી અને અલકકિશોરીના મોટે સાદે રોવાથી, વીંધામેલો અંધકારને પાછળ મૂકી સર્વના શોકને સમાસ આપતી રોતી રોતી બેઠેલી કુમુદસુંદરીના રથનાં ચક્રનો સ્વર અને સવારોના ઘોડાઓના પગના ડાબકાં અંધકારમાં સંભળાતા બંધ થઈ ગયા. તેની સાથેની મશાલોનો પ્રકાશ દૃશ્ય થયો, અને બાકી રહેલી રાત્રે ઊંઘવાનું મૂકી દઈ સુવર્ણપુરના નવા કારભારીના ઘરમાં સર્વ મંડળ ચતુર અને સુશીલ વહુના ગુણની વાતોની કીર્તનકથા કરવા મંડી ગયું, અને માત્ર પ્રમાદધન નિરાંત વાળી, ઉલ્લાસ પામી ઘસઘસાટ ઊંઘી ગયો અને કુષ્ણકલિકાના સ્વપ્નમાં પડ્યો.

કુમુદસુંદરીએ ગામ છોડ્યું ત્યાર પહેલાં તેના રથને રોકનાર માત્ર વનલીલા મળી. કુષ્ણકલિકાને પ્રમાદધન મળ્યો હતો અને તેમની બેની વચ્ચે વાત થઈ હતી તે સર્વ એણે અકસ્માત્ સંતાઈ રહી છાનીમાની સાંભળી હતી અને કુમુદસુંદરીને કહું તો એને નકામું દુ:ખ થશે એમ જાણી તથા પ્રસંગ ન મળવાથી એણે એ વાત એને કહી ન હતી, પરંતુ આખરે એ વાત

પેટમાં રાખી શકી નહીં અને છેક મોડી રાત્રે વિચાર થયો કે હું જ્યારે કુમુદસુંદરીને નહીં કહું ત્યારે કોણ કહેશે? આથી એણે બધી વાત કાગળ પર ચીતરી કાઢી અને પાછલી રાત્રે પોતાના ઘરની બારીએ જાગતી ઊભી રહી તે જ્યારે રથ અને સવાર આવતા દીઠા એટલે નીચે ઊતરી રથ ઊભો રખાવી માંહ્ય ચડી. કુમુદસુંદરીના હાથમાં કાગળ આપી અજવાળું થાય ત્યારે વાંચવા કહ્યું, અને બોલી કે "કુમુદબહેન, આ કાગળમાં સહેજ હકીકત લખી છે તેથી રજ ગભરાશો નહી—ટપાલમાં કાગળ લખાય નહીં અને આ ગાડીમાં વાત થાય નહીં માટે આ કાગળ લખી આપ્યો છે તે નિરાંતે વાંચજો. તમારા પ્રતાપથી સૌ સારાં વાનાં થશે." વળી જતી જતી બોલી: "કુમુદબહેન, માયા રાખજો," "તમારો સ્નેહ ભુલાવાનો નથી," "મારે તમારા વિના વાત કરવાનું ઠેકાણું નથી," "કાગળ હું લખીશ—તમે લખજો," "વહેલાં આવજો," "ધીરજ રાખજો," "તમારાં ગુણિયલને બોલાવજો," "અરેરે, માયા જ ખોટી— પાછી જવાનું કરું છું પણ જવાતું નથી," "તમારા ગુણો વડે અમે સૌ કાચે તાંતણે બંધાયેલાં છીએ," "હાય, હાય, શું જશો જ!" આ અને એવાં અનેક કરુણ વાક્યો બોલતી રોતી વનલીલા કુમુદસુંદરીને ભેટી પડી. બે જણ રોયાં. "ઓ મારી વનલીલુડી—એક રાત તારી સાથે વાત કરવાની મળી હોત તો વરાળ કાઢત!—પણ હવે તો જે થયું તે ખરું"—"માયા રાખજે," "રત્નનગરી અવાય તો આવજે," વગરે બોલતી કુમુદ ફરી ફરી ભેટી અને રોઈ, અને આખરે બે જુદાં પડ્યાં. વનલીલા રોતી રોતી ઘરમાં પેઠી; અને એણે આપેલા કાગળમાં લખેલા ભયંકર સમાચાર ન જાણી, એમાં કાંઈ ગામગપાટા હશે એમ કલ્પતી કુમુદસુંદરીએ એ કાગળ નિશ્ચિંત ચિત્તથી કમખામાં મૂક્યો. રથ ચાલ્યો. પિયરના, સરસ્વતીચંદ્રના, પ્રમાદધનના, સાસુસસરાના અને નણંદના, અનેક અનેક વિચારો કરતી બાળા હાલતા ખડખડતા રથમાં શરીર અને મન થાકી જતાં ઊંઘી ગઈ, ઊંઘમાં ને ઊંઘમાં થોડીથોડી વારે જરીજરી રોવા લાગી. એનું નિર્દોષ અને દુ:ખી ચિત્ત આ અનેક ખટપટથી ભરેલા દુષ્ટ સંસારમાંથી પળવાર વિરામ પામ્યું ન પામ્યું થયું. સ્વપ્નસંસારે પણ એની નિદ્રાને શાંત થવા દીધી નહીં; છતાં સ્ત્રીજાતનો પક્ષ ખેંચી નિદ્રામાતાએ સર્વ ક્રૂર સ્વપ્નોને કુમળા મગજમાંથી હાંકી કાઢ્યાં, અને પવિત્ર દીકરીની ધડકતી છાતી ઉપર દૃશ્ય આશ્વાસક હાથ ફેરવવા લાગી.

અંધારી પાછલી રાત્રે તારાઓના પ્રકાશથી અને મશાલોના અજવાળાથી થતા પ્રકાશ વચ્ચોવચ, મધુરીમધુરી ટાઢ વાતી હતી તેનું સુખ અનુભવતું અને કુમુદસુંદરી જાગે નહીં માટે ધીમી ધીમી વાતો કરતું સવારોનું મંડળ રથની ચારે પાસ ચાલવા લાગ્યું. ગામનો દરવાજો છોડ્યો અને સૌ જંગલમાં માર્ગ ઉપર ચાલ્યાં. ક્રૂર માનવીઓથી થાકેલી બાળકીની દયા જાણતાં હોય તેમ ક્રૂર પશુઓ રાત પૂરી થવા આવતાં શાંત થઈ સંતાઈ જતાં હતાં, તેમના સ્વર બંધ પડ્યા હતા અને કુમુદસુંદરીને માટે આખું જંગલ નિર્ભય થઈ જતું દેખાયું. ઝાડોનાં પાંદડાંમાં, ફૂલોની સુગંધમાં,

સુકાતા ખખડતાં ઘાસમાં, તળાવોમાં, નદીઓમાં, અને વિશાળ આકાશમાંથી આવતો શાંત ધીરો ઠંડો વાયુ રથના પડદાઓમાં પેસી, સ્વપ્નમાત્રને હાંકી કાઢી, ગરીબ કુમુદના નિદ્રાવશ હૃદયની શાંતિ વધારવા અને અબળાની આશિષ લેવા લાગ્યો.

૯. પ્રાતઃકાળની તૈયારીઓ

સુવર્ણપુર અને મનોહરપુરી વચ્ચેનો રસ્તો સુભદ્રા પુલ ઉપર થઈને જતો હતો; એ પુલ પિકિ પથ્થરનો બાંધેલો હતો અને એની નીચે કરેલી કમાન તળે થઈને નદી ઘુઘવાટ કરતી ચાલી જતી હતી. સમુદ્ર પાસે હોવાથી ચૈત્ર માસ છતાં પણ પાણી માથોડું માથોડું રહેતું અને પુલ આગળ તો ઊંડાણ હતું. ઊંડાણમાં ધસી પડતું અને કમાનમાં અટકી જોરથી માર્ગ કરતું પાણી કમાનથી બહાર નીકળતાં બે પાસની ભેખડાને કાપતું તે એવી રીતે કે અજાણ્યું માણસ ત્યાં ઊભું રહે તો ભેખડ ભાંગે ને માણસ નદીમાં પડી જાય. અહીં આગળ નદીમાં તાણ એટલું હતું કે મોટા મોટા તારાઓ પણ તરવાની છાતી ચલાવતા ન હતા.

આજની મધ્યરાત્રિ પછી આ જગાએ અંધકારમાં છાનીમાની ધામધૂમ થવા માંડી. બરોબર બારેક વાગે શંકર મહારાજ હાથમાં જાડી ડાંગ લઈ આ રસ્તેથી સુવર્ણપુરની વાટે દોડ્યો, અને ધોરી રસ્તાથી આડું ગાઉ ઉપર સુવર્ણપુરના તાબાનું ગામડું હતું ત્યાં ફલંગો મારતો ગયો. જંગલનાં ક્રૂર પ્રાણીઓની તેમ સુરસંગની બીક રાખવાનું છોડી દઈ આ શૂર બ્રાહ્મણ નકાળજો થઈ ગયો હતો, અને બીજાં વાઘવરુમાંનું એ પણ એક પ્રાણી હોય તેમ જતો આવતો. એને ગયે બેત્રણ કલાક ભાગ્યે થયા હશે એટલામાં તો મનહરપુરીથી નીકળેલી જથાવાળી ઘોડેસવારોની ટુકડી બેધડક સરિયામ રસ્તે થઈને આવી, પુલ છોડતાં પહેલાં તરત એ ટુકડીના બે ભાગ પડ્યા, એક ભાગને લઈ વૃદ્ધ માનચતુર અને અબ્દુલ્લો આગળ ધસતા ચાલ્યા, બીજો ભાગ લઈ ફતેહસંગ પુલ નીચે રસ્તાની એક પાસ રહ્યો, તેમાંથી બેચાર જણાઓ ઘોડા ઉપરથી ઊતરી મોટાં તાપણાં સળગાવવા લાગ્યા, અને ચારે બાજુએ નજર નાખતું સાવધાન રહી સૌ મંડળ શૂરી વાતોમાં રાત્રિ ગાળવા લાગ્યું. એ પછી પા કલાક થયો નહીં હોય એટલામાં તો ત્રિભેટાના વડથી આણીપાસ બબ્બે ગાઉ સુધી હેરાફેરા કરતા મનહરપુરીના માણસોની બૂમો સંભળાવા લાગી: “ખમા મહારાજ મણિરાજને!” “નાસો! નાસો! મણિરાજના શત્રુઓ જ્યાં હોય ત્યાંથી નાસો!” જ્યારે પુલની દક્ષિણે તાપણીઓના ઊંચો ભડકાઓ ચોપાસ અને આકાશમાં વિકરાળ સિંદુર જેવી જ્વાળાઓ ફેલાવતા હતા, ધુમાડાના ગોટેગોટ તારામંડળને રાહુ પેઠે છાઈ દેતા હતા, અને તાપ ભડુક ભડુક યતો ગાજતો હતો, ત્યારે ઉત્તર પાસે મણિરાજના વિજયધ્વનિ આવી રીતે ગાજી રહેવા લાગ્યા. માનવી તો અહીં આવે ત્યારે પણ જંગલમાં આજના આ અપૂર્વ ઠાઠથી સિંહવાઘ જેવાં પ્રાણીઓ તો અત્યારથી જ દિવસ ઊગ્યો હોય તેમ શાંત થઈ જવા લાગ્યાં અને આશ્ચર્યથી શું થાય છે તે જોવામાં ચિત્ત પરોવવો લાગ્યાં—જંગલનાં પ્રાણીઓ ઉપર તો મણિરાજની આણ વર્તાઈ ચૂકી! પુલ આગળ થતા ભડકાનાં પ્રતિબિમ્બ અને આસપાસ પડતા મણિરાજના નામના વિજયધ્વનિના પ્રતિધ્વનિ, એ ઉભય સુભદ્રાના

વહેતા પાણીમાં ઊછળતાંઊછળતાં દુર જતાં હતાં અને રત્નનગરીના પ્રધાનની પુત્રીના માર્ગમાંથી સર્વ અમંગળ હાંકી કાઢવા વીરધ્વજ ફરકાવતાં હતાં.

આણીપાસ સુરસિંહનાં માણસો રાવણામાંથી વેરાઈ પોતાના સરદારે બતાવ્યા પ્રમાણે વહેંચાઈ ગયાં હતાં અને દરેક ટુકડી પોતાના નાયક સાથે આસપાસના જંગલમાં વેરાયલાં ગામડાંમાં પાંચેક કલાકની અસ્વસ્થ નિદ્રા ભોગવવા વેરાઈ ગઈ હતી. કોઈક ગામડાં ઉજ્જડ હતાં અને ઉજ્જડ થઈ ગયેલી વસ્તીનાં બાકી રહેલાં ગાઝારાં ઘર સિવાય તેમાં કંઈ ન હતું. કોઈક ગામડામાં જુજ વસ્તી હતી તો સુરસિંહનાં માણસો પડ્યાં રહેવા આવે તેને ના કહેવા છાતી ચલાવે એટલા ચોકીદારો ત્યાં ન હતા. આવી જગ્યાઓમાં ભોંય ઉપર અથવા ઘાસ ઉપર અથવા ઓઢવાની ચાદર ઉપર જેને જેમ ફાવ્યું તેમ પથારી કરી, હાથ ઉપર અથવા પથરા ઉપર અથવા માથે બાંધવાનાં ફાળિયાં ઉપર અથવા ઢાલ ઉપર ઉશીકાં કરી, તરવારો કેડે રાખી, કામઠાં અને ભાલોડાં ઉપર હાથ રાખી બરછીઓ અને ડાંગો ઉપર પગ નાંખી, અર્ધાં ઊંઘતાં અર્ધાં જાગતાં પ્રતાપસિંહ, વાઘજી, ભીમજી અને ચંદનદાસનાં માણસો જુદેજુદે ઠેકાણે સૂઈ ગયાં. તેમાંના થોડાક નાની નાની તાપણીઓ સળગાવી, આસપાસ ભરાઈ, ચારેપાસ નજર ફેરવતા, ચોકી કરતા બેઠા, ચલમો ફૂંકવા લાગ્યા, વશ્ચેવશ્ચે ઝીણીઝીણી વાતો કરી નિદ્રાને દુર કાઢી મૂકવા લાગ્યા, અને જેમજેમ રાત ચાલતી ગઈ તેમ તેમ ઊંચે તારાઓ ભણી નજર કરી સૌને ઉઠાડવાને અને ચાલવાને બાકી રહેલો વખત માપવા લાગ્યા.

ઉભય પક્ષનાં માણસોએ રાત્રિ અધિરાઈ અને આતુરતાના ઉજાગરામાં ગાળી. સુરસંગ અને તેનો માણસોને કાંઈક નિશ્ચિંતતાનું કારણ એટલું હતું કે પોતાની છાની વાતોની કોઈને પણ ખબર પડી હશે એવી તેમને કલ્પના સરખી પણ ન હતી. તેઓએ સૌ જાતની તૈયારી રાખી હતી, પણ આટલે સુધી તેમનાં મન તૈયાર ન હતાં. વિદ્યાચતુરની રાજનીતિનું એક ધોરણ એ હતું કે સૌ વાત એને પોતાને કાને આવે એટલું જ નહીં પણ જેને જે કામ સોંપ્યું હોય તે માણસ તે કામ બાબત ચારેપાસથી ખબર રાખે. દેશી રાજ્યમાં ઘણુંખરું એમ બને છે કે હાથ નીચેનાં માણસો વિશ્વાસયોગ્ય હોતાં નથી ને તેમના ઉપર વિશ્વાસ રાખવામાં આવતો પણ નથી. આનું પરિણામ એવું થાય છે કે માણસોને કામ સોંપ્યા વિના તો ચાલતું નથી, છતાં અવિશ્વાસને લીધે કામ કરવાની સ્વતંત્રતા આ માણસોને આપવામાં આવતી નથી. આમ પરતંત્ર થમેલાં માણસ કામ સાધવાની વૃત્તિ રાખવા કરતાં ઉપરીને ખુશ રાખી પોતાને માથે જોખમ ન આવે એવા માર્ગ લેવા તત્પર હોય છે. આ સૌ માણસનું કામ એક ઉપરી રાજા અથવા પ્રધાન કરી શકતો નથી અને કામ બગડે છે. આવી રીતે કામ બગડે તેનો દોષ કોઈ નિર્જીવને માથે પડે છે. અંગ્રેજી રાજ્ય જેવા અતિ વિસ્તારી રાજ્યમાં સૌ

માણસો ઉપર દૈખરૈખ રાખવી અશક્ય છે અને તેથી માણસોની સ્વતંત્રતા તેમ જોખમ ઓછાં કરી નાંખી “કાયદા”ને માથે કે રાજ્યધોરણને માથે દોષ નંખાય તેનો ઉપાય નથી. પણ નાનાંસરખાં દેશી રાજ્યમાં તો નોકરના ઉપર પૂરી જવાબદારી રાખવી, તે જવાબદારી જેટલી પૂરી સ્વતંત્રતા આપવી, અને કામ સરે એટલી દેખરેખ રાખવી, એ સર્વ બની શકે એવી વિત છે, અને એ વાત બની શકે તો અંગ્રેજી રાજ્ય કરતાં ઉત્તમ રાજ્ય થાય એવો વિદ્યાચતુરનો સિદ્ધાંત હતો. કેટલાક મૂર્ખ રાજાઓ નોકરો ઉપર અતિ વિશ્વાસ રાખે છે તેના કરતાં અર્ધદગ્ધ રાજાઓ અવિશ્વાસ રાખે છે તે અતિભૂંડું છે એમ વિદ્યાચતુર માનતો હતો, એટલું જ નહીં પણ એ ધોરણ રાજાઓને તેમ તેમના પ્રધાનોને પણ લાગુ છે એવું માની તે પ્રમાણે વર્તતો. જુવાન મણિરાજને પ્રફુલ્લ વદનથી હંમેશ એમ જ કહેતો કે “યશસ્વી મહારાજ! આપણે એવાં શું હોઈએ કે વિશ્વસનીય માણસો શોધતાં માણસને ન આવડે? જે માણસ વિશ્વાસ રાખવા યોગ્ય નથી તે આપની સેવાને યોગ્ય નથી. જો આપના સેવક વિશ્વાસ પાત્ર હોય તો તે આપની સેવા કરવા જેટલી સ્વતંત્રતાને પણ પાત્ર છે. આપણે કામની સાથે કામ છે. કામ કરનાર આપની ઇચ્છા પ્રમાણે જ ઊઠે બેસે ને કામ કરે એવો કંઈ અભિપ્રાય ન હોવો જોઈએ. આપને કિયા માર્ગ અનિષ્ટ છે તે દરેક સેવકે જાણવું જોઈએ; તે અનિષ્ટ માર્ગથી દુર રહી ઇષ્ટ કામ ગમે તે દ્વારે સાધે એટલી સ્વતંત્રતા અને પ્રવીણતાવાળાં માણસ રાખવાં એ આપનું અને આપના પેટામાં મારું કામ છે. વિશ્વાસ વગરના અને અસ્વતંત્ર સેવકો ઉલ્લાસ વગર કામ કરે છે, ઉલ્લાસ વગર કોઈ સાધના થતી નથી અને વેઠિયાવાડ થાય છે. માણસને સ્વતંત્રતા મળ્યાથી તેમાં ઉલ્લાસ આવે છે, ઉલ્લાસથી કામ કરવાના માર્ગ શોધવામાં તેની બુદ્ધિ ખીલે છે, અને બુદ્ધિશાળી સેવકો એટલું તો સરત રાખી શકશે કે આટલી વાત ઉપરીને અનિષ્ટ છે. સાધારણ માણસો વ્યાપારમાં રત્ન વગેરે જડ પદાર્થોની પરીક્ષા કરે છે; રાજાઓનું કામ પુરુષરત્નની પરીક્ષા કરવી એ છે. જડ રત્ન રાજાઓના કંઠમાં અને મુકુટમાં ભૂષણરૂ પ થાય છે; મહામૂલ્યવાન પુરુષરત્ન રાજાઓનાં રાજ્યનાં ભૂષણ છે એટલું જ નહીં પણ એ રત્નોના પ્રકાશથી જ રાજ્યનું દારિદ્રય ફીટે છે અને રાજ્યનું અંધેર—અંધારું નાશ પામે છે. મહારાજ! એ રત્નો વગર રાજ્ય નથી એ વાત ખરી છે તેમ એ રત્નોના શોધનાર, પરીક્ષક, ગ્રાહક અને ઉત્તેજક તે તો ડાહ્યા અને બુદ્ધિશાળી રાજાઓ જ છે.” મણિરાજના રાજદર્પનો તિરસ્કાર ન થાય તેમ આ સર્વ બોધક વિચાર તેના ઉત્સાહી મનમાં ભરી, તે વિચારનો આચાર ચતુર વિદ્યાચતુર કરી દેખાડતો હતો. જેમ ખૂણેખાંચરે પડેલી સંતાયેલી લોહની કણિકાઓને લોહચુંબક શોધી કાઢે તેમ વિદ્યાચતુર પુરુષરત્નોને ખોળી ખોળી શોધી કાઢતો, પુરુષપરીક્ષા સૂક્ષ્મતાથી કરતો, ગુણ પ્રમાણે પરીક્ષિત જનને પ્રતિષ્ઠા આપતો—કામ આપતો—વિશ્વાસ બતાવતો—સ્વતંત્રતા આપતો—કામ લેતો—અને તેથી જ આનંદ લેતો

અને આપતો. દરેક માણસને એમ અભિમાન રહેતું કે રાજ્યનો સ્તંભ તો હું છું અને તે છતાં ઉપરી પાસે મન નિરભિમાન રહેતું. ઉપરીઓ હાથ નીચેનાં માણસ પાસેથી, અને હાથ નીચેનાં માણસો ઉપરી પાસેથી, કામ શીખતાં અને કામ લેતાં. સદ્ગુણી અને શુદ્ધ રાજનીતિના સામાન્ય નિયમ પરસ્પર વાતચીતથી અને પરસ્પર દૃષ્ટાંતથી સૌ ગ્રહી લેતાં. સેનાધિપતિના ધ્વજ ઉપરથી— શબ્દ ઉપરથી—દૃષ્ટિપાતથી, આખી સેના એક કાર્યે સાથે લાગી સરખાં પગલાં ભરવા માંડે તેમ વિદ્યાચતુરના રાજ્યમાં થતું. એ રાજ્યતંત્ર જાતે જ એક જાતની શાળા થઈ પડી હતી. કુમુદસુંદરીના રક્ષણને અર્થે થયેલી યોજના આ જ શાળાનું પરિણામ હતું. ફતેસંગ, અબ્દુલ્લો અને હરભમ ત્રણે જણ રાજ્યના નાના પણ કસાયેલા અધિકારીઓ હતા અને એમના ઘણાક ગુણ રત્નનગરના ઘણા અધિકારીઓમાં હતા એમ કહીએ તો અતિશયોક્તિ ન થાય. એમની નિમણૂક વિદ્યાચતુરે જાતે કરી ન હતી, પણ વિદ્યાચતુરના જ ધોરણને અનુસરી ફોજદારી ખાતાના મુખ્ય અધિકારીએ કરી હતી. તેમને શું કામ કરવું તે કહેવામાં આવતું હતું, કિયે માર્ગે જવું તે બતાવવામાં આવતું હતું, અને તે માર્ગે કેમ જવું તે એમની બુદ્ધિ ઉપર વિશ્વાસથી રાખવામાં આવતું હતું; પણ એ વિશ્વાસ કેવી રીતે જળવાય છે તે જાગૃત ઉપરીઓ જાગૃત દૃષ્ટિથી તપાસતા. આવી રીતે સત્તાના સૂત્રના તાંતણા સર્વ સેવકોના હાથમાં વણવા અપાતા. ચારચક્ષુ રાજાનું ચારકર્મ આ સેવકોએ એવી રીતે કર્યું કે પ્રધાનપુત્રીના રક્ષણનો માર્ગ વેળાસર લેવાયો. વૃદ્ધ માનચતુરે તેમને યોગ્ય માર્ગ બતાવ્યો. ત્રણ સત્તાના સીમાડાઓ વચ્ચે એવો પ્રતાપ જગાડવો કે શસ્ત્ર વાપર્યા વિનો શત્રુ ડરી જાય અને પાર કી સત્તા નીચેના પ્રદેશમાં શસ્ત્ર વાપરી પરરાજ્યમાં ન્યાયાધીશો પાસે આરોપી ન થવું પડે; શત્રુ જાણે માર્યા જઈશું અને આપણે જાણવું કે તેમને મારવા ન પડે અને ધારેલું કામ પાર ઊતરે; આ અને એવા બીજા પ્રયોજનવાળો માર્ગ માનચતુરે બતાવ્યો. તેની સાથે જ સાંભળનારા સમજી ગયા અને ત્વરાથી તે માર્ગે પ્રવર્ત્યા. વધારે સૂચનાની કોઈને અગત્ય ન પડી. કળવાળા વાજાને એક ઠેકાણે વગાડે એટલે ભૂંગળીઓમાંથી રાગ નીકળવા માંડે તેમ માનચતુરની આજ્ઞાઓ ઝિલાઈ.

અબ્દુલ્લો, મુખી અને ફતેસંગ સર્વને પોતપોતાની શક્તિ બતાવવાનો ઉમંગ હતો, પણ ઉમંગનો પ્રસંગ તેમના હાથમાં ન હતો. હરભમને તો એ પ્રસંગ જાતે જ શોધવાનો હતો.

જ્યારે રાત્રિના પહેલા પ્રહરમાં બહારવટિયાઓ વડ નીચે મળ્યા હતા ત્યારે તેમની સર્વ વાત હરભમે જ વડની ડાળોમાં રહી જાણી લીધી હતી. મનહરપુરીમાંથી નીકળી સુરસંગની પૂંઠ લેવાનું કામ તેને માથે આવ્યું અને તે કામમાં સુરસંગનો પત્તો મેળવવાનું તેને માથે આવ્યું. શૂરકાર્યમાં ચારકર્મ ભેળવવાનું નાનુંસરખું પણ દુસ્તર કામ કરવામાં હરભમને કાંઈક ખાસ આનંદ મળતો અને એ આનંદથી એની બુદ્ધિ ખીલતી. જ્યારે માનચતુર

અને બીજી સર્વ ટુકડીઓ સુવર્ણપુરને માર્ગે વળી ત્યારે હરભમ પોતાનાં વીણી કાઢેલાં માણસો લઈ બીજે જ માર્ગે નીકળ્યો. પૂર્વ દિશાના આંબાના વનમાં અંગ્રેજી હદનાં ઘણાંક ખેડાં ગામડાંમાં એણ પોતાની બુદ્ધિને મોકલી. કેટલાંક મુખ્ય ગામડાંમાં જાતે ફરી વળ્યો; કેટલાંક ગામડાંને પાદર રહી માણસો દ્વારા સમાચાર પ્રસાર્યા; કેટલાંક આઘેનાં ગામડાંમાં રાત્રિને વખતે જતો આવતો કોઈ ચોર અથવા વિરલો મુસાફર મળી આવ્યો તો તેની સાથે પણ વાત કરવી ચૂક્યો નહીં કોઈ ઠેકાણે સમાચાર મૂક્યા, કોઈ ઠેકાણે મેળવ્યા અને કોઈ ઠેકાણે મોકલ્યા. જ્યાં મિત્રો હતા ત્યાં ત્રણે વાનાં કર્યાં; જ્યાં અજાણ્યાં માણસો હતાં ત્યાંથી માત્ર સમાચાર મેળવ્યા; જ્યાં સુરસંગના માણસ હતા ત્યાંથી સમાચાર મેળવવા પ્રયત્ન કર્યો, એટલું જ નહીં પણ સુરસંગને પહોંચાડવા ખરાખોટા સમાચારના ગોળો ફેંક્યા. સર્વ ગામોમાં બેધડક સમાચાર ફેલાવ્યા કે સુરસંગની વાત રત્નનગરી અને સુવર્ણપુર સુધી પહોંચી ગઈ છે અને પ્રાત:કાળમાં બહારવટિયાઓ કંઈ પણ શિક્ષાપાત્ર અપરાધ કરવો આરંભે એટલી જ વાટ જોવી એવો હુકમ લઈ, તે વાટ જોતાં અપરાધીઓ જાળમાં ફસે એટલે તેમને પકડવાને જોઈએ એટલું લશ્કર બે સંસ્થાનો તેમ અંગ્રેજી રાજ્યમાંથી આવેલું પ્રાત:કાળે માલમ પડશે. સુરસંગનો પત્તો લાગવો આ અંધકારમાં જંગલમાં થોડા વખતમાં કઠણ હતો પણ હરભમે આ આટલું કામ કર્યું તે સુરસંગને કાને જવા પામ્યું, તેની અને તેના માણસોની હિંમત રાત્રિથી નરમ પડી, ગામેગામના મુખીઓ અને રખેવાળો પ્રાત:કાળની વાટ જોતા પોતપોતાની હદમાં સાવધાન થઈ ગયા. ભયંકર પ્રાણીઓવાળા આ જંગલમાં અંધકારને સમયે ફરવાની છાતી ચલવે, ઉતાવળા થયા વિના સાવધાનપણે અગમચેતી વાપરે, ચતુરાઈનું શેતરંજ રમતાં પાછી પાની કરે નહીં—એવા વિદ્યાચતુરના અનુકારક સેવકોમાંનો આ એક હરભમ, આખી રાત આથડી, સુભદ્રા ઉપર એક એવે સ્થાને રહ્યો કે જ્યાંથી પોતાનાં અને સામાના સર્વ પાસનાં માણસોના સમાચાર મળે અને તેમાંથી જેમાં ભળી જવું હોય તેમાં ભળી જવાય. એણે એવી કલ્પના કરી કે સુરસંગને કોઈ એવે ઠેકાણે રહેવું પડશે કે ત્યાંથી પ્રતાપ, વાઘજી અને ભીમજી સર્વની દોરીઓ હાથમાં રહે. આવું ઠેકાણું સુરસંગ ક્યાં શોધી કાઢશે તેનું અનુમાન કરી, સુરસંગ પોતાને ઠેકાણેથી છાનોમાનો નીકળી ન જાય પણ તેની પૂંઠ લેવાય એટલું એની પાસે રહેવાય એવો જોગ રાખી, એક નાના સરખા ખંડેરમાં હરભમ રાત્રિના છેક ચાર વાગતાં જાગતો વિસામો લેવા પામ્યો. અંધકારમાં કાકડા સળગાવી અને એના સાથીઓ ઘોડાઓનો થાક ઉતારવા ઊતર્યા. તેમને તાજા કરવા તેમની નોકરી કરવા મંડ્યા અને તોબરા ચડાવી દીધા. પોતે તાજા થવા બીડીઓ ફૂંકવા લાગ્યા અને ધીમી ધીમી વાતો કરવા લાગ્યા. હરભમ પોતે ઘોડાને થાબડતો વાતો કરતો ખંડેરના દરવાજા આગળ બહાર આંખ અને કાન રાખતો એક પથરા ઉપર બેઠો. જમ પ્રાત:કાળની એ સૌ વાટ જોતા હતા તેવી જ રીતે એમને મળવાને આતુર દેખાતો. પ્રાત:કાળ

પૂર્વ દિશાના આકાશમાં અંધકારે ભીડેલાં કમાડ પોતાના સતેજ હાથથી બહાર ઊભો ઊભો ઉઘાડવાનું કરતો હતો, અને તે હાથના નખ એ કમાડો વચ્ચેની તડમાં કંઈક ચળકતા હતા.

બહારવટિયાઓનો ભેટો

નિદ્રાવશ કુમુદસુંદરીને લઈ રથ ચાલ્યો અને રથને વચ્ચે રાખી સ્વાલદાર ઘોડાઓ ઉપર બેઠેલા સવારો ન ધીમે—ન ઉતાવળથી—એ રીતે ચારેક ગાઉ ચાલ્યા હશે એટલામાં રાત્રિ પૂરી થઈ જવા આવી. જંગલનાં પશુમાત્ર શાંત થઈ ગયાં અને ખડબચડી જમીન આવતાં રથચક્ર નીચે ધબાકા થતા, પવનની લહેર અને મધુર ટાઢથી વેગવાળા થતા ધોરી બળદના પગલાં વાગતાં, સવારોના ઘોડાઓની ખરીઓ વાગતી, ક્વચિત્ કચરાતા કાંકરા બોલતા અથવા રથમાં ભરાતાં ઝાડનાં ડાળાં ખખડતાં અને રસ્તાની બાજુએ ગામડાં આવતાં આઘે કૂકડા સંભળાતા, એ સિવાય બીજો સ્વર સરખો સંભળાતો ન હતો. કુમુદ પાછલી રાતની મીઠી નિદ્રા ભોગવતી હતી. ગાડીવાળો હાથમાં રાશ અને પરાણો રાખી અર્ધો જાગતો છતાં ડોલાં ખાતો હતો, અને સવારો જાગૃત છતાં—ચારેપાસ નજર રાખતા હોવા છતાં—વાતો કરતા રહી ગયા હતા. ચારેપાસ પૃથ્વી ઉપર અંધકારમાં આછુંઆછું તેજ ભળતું હતું, અને રસ્તાની બે પાસે ઝાડો અને છોડવાના રંગ દીસતા નહોતા પણ તેના છાંયડા અને ઊભા આકાર દેખાતા હતા. પૂર્વ દિશાના આકાશમાં ધોળો તેજનો પડદો ચડતો હતો. એક પછી એક તારાઓ દેખાતા બંધ થતા હતા અને આખા આકાશનો રંગ બદલાતો હતો. આ વખત આ મંડલને માનચતુરનું મંડળ સામેથી મળતાં સૌ સવારો ચમક્યા, અબ્દુલ્લાએ પોતાનો ઘોડો તેમની પાસે લઈ જઈ સૌ સમાચાર ધીરે સ્વરે કહ્યા, અને સૌ મંડળ ભેળું થઈ જઈ આગળ ચાલવા માંડ્યું. માનચતુરે રથનો પડદો ધીમેથી ઊંચકી જોયો અને કુમુદસુંદરીને ઊંઘતી જોઈ, પાછો નાખી દઈ, તે રથની જોડે ઘોડો રાખી ડોસાએ ચાલવા માંડ્યું. સૌ વધારે સાવધાન—સજ્જ— થઈ ગયા અને હથિયારો સંભાળતા ચાલ્યા.

અંધકારનો પડદો ઊપડી ગયો તેમાંથી જંગલનાં ચિત્રવિચિત્ર નાટકીય પાત્રો દૃષ્ટિમર્યાદામાં એકદમ ઊભરાવા લાગ્યાં. લાલ, પીળાં અને ધોળાં નાનાંમોટાં ફૂલોને ધારણ કરનાર નાના નાના લીલા છોડવા માર્ગની બે પાસ આઘાપાછા રહી પવનની ધીમી લહેરમાં નાચવા લાગ્યા. ખેતરોની ઉપરનીચે થયેલી સંભાળ વગર રાખેલી પોતપોતાના શેડા વચ્ચે પડી રહેલી માટી, પ્રસૂતાના ખાલી પડેલો કરચલીઓવાળા પેટની પેઠે, માનવીના હાથમાં પોતાના ફાલ આપી દઈ, એકાંતમાં શાંત વિશ્રાંતિની મીઠાશ ભોગવતી જાગતી સૂતી સૂતી આકાશ સામું જોવા લાગી. ક્ષિતિજના છેડામાં તથા આસપાસ મોટાંનાનાં ઝાડો, એકબીજાના ખભા ઉપર ડોકિયાં કરી, ઊગનાર સૂર્યના સાજનની વાટ જોવા લાગ્યાં. મળસકાનો ઉજાસ પ્રથમ આછો આછો દેખાઈ, મદનના ચાળાઓ પેઠે જંગલનાં સર્વ અવયવોમાં સ્ફુરવા લાગ્યો. જંગલના ક્રૂર પ્રાણીઓ સંતાઈ ગયાં. તેને સ્થાને પક્ષીઓની કોમળ જાતિઓ ઝાડો ઉપર ઊડાઊડ કરવા લાગી, કલ્લોલ કરી રહી અને જુદાજુદા મધુર સ્વરથી ગાયન કરવા મંડી. પક્ષીવર્ગનાં નરમાદા મદનની

આણ દિવસે પાળવા લાગ્યાં ને મત્ત ખેલ મચાવી મૂક્યા. માદાઓ બાળક પક્ષીની ચાંચમાં ધાન્યના કણ મૂકવા લાગી અને પક્ષીજાતમાં પણ માતાનો સ્નેહ દૃષ્ટાંત પામ્યો.

મળસકું થયું, અંધારું ગયું. પૃથ્વીના—વનસ્પતિના—અને તારાને ઢાંકનાર તેજવાળા આકાશના—રંગ અને આકાર ઉઘાડા થયા; અને રથના પડદાઓ ભેદી, આંખનાં પોપચાંમાં પેસી, પવનની લહેરે અને તડકા વગરના તેજે કુમુદની આંખો ઉઘાડી અને એને જગાડી. જાગતાંની સાથે વનલીલાનો પત્ર કમખામાંથી કાઢ્યો અને જરીક બેઠી થઈ, ઊઘડતી આંખો નાજુક આંગળીઓ વડે ચોળી ચોળી ઉઘાડી, કાગળ આતુરતાથી વાંચવા લાગી. સ્વભાવે રસીલી, દુ:ખમાં પણ રમતિયાળ, હેતાળ વનલીલાનો કાગળ લાંબો અને એના સ્વભાવ પ્રમાણે જ હતો. કુમુદ પ્રથમ તો કાગળને ઉપરઉપરથી અથથી ઇતિ ઉતાવળી ઉતાવળી વાંચી ગઈ અને મતલબ જાણી લીધી. બીજી વાર કાગળની વીગત ઉપર ધ્યાન આપી પૂરેપૂરો અક્ષરે અક્ષર વાંચ્યો. ત્રીજી વખત તેમાંના કેટલાક ભાગ ફરીફરી વાંચવા લાગી.

કૃષ્ણકલિકા અને પ્રમાદધનની સંતલસ આ પત્રમાં પૂરેપૂરી વીગતવાર લખી હતી. પોતાને પતિએ છેતરી એ ભાનથી વિષાદ થયો; પતિના મનમાંથી કિલ્મિષ ગયું નથી એટલું જ નહિ પણ હજી એના ઉપર મલિન કુષ્ણકલિકાની સત્તા છે અને એના ઉપરના જ કલંકિત પક્ષપાતને વશ થઈ પતિએ દુષ્ટ સંકેત રચ્યો છે એ વિચારથી કુમુદના મનમાં અચિંત્યો કાંટો પેટા જેવું થયું. આત્મપરીક્ષા ન કરનાર પ્રમાદધનના મનમાંથી કુમુદસુંદરી ઉપરનો અણસમજનો દ્વેષ જતો નથી અને જાતે દશગણા દ્વેષનું પાત્ર બને છે એ વિચાર આઘા કાઢવા છતાં નિર્બળ થાકેલી બાળાના મનમાં પેઠા.

“અરેરે! પોતે તો આટલાં વાનાં કરે છે અને મુજ રાંક અબળા ઉપર વિના કારણ આટલો જુલમ કરવાનો વિચાર રાખે છે એ તે કોનો ન્યાય?”—“શું મારી પૂઠ પાછળ મારી ફજતી કરવા ધારી?”—“દેવી અને અલકબહેન મને કેવી જાણશે? “સસરાજી શું ધારશે?”—“એ સમાચાર ગુણિયલ પાસે પણ આવવાના જ!” — “હું પાછી ફરું અને સુવર્ણપુર જાઉં?” —“શું સત્ય તરી નહીં આવે?”

“ઓ રે હરિ! સત્યતણા તું સંઘાંતી!

હરિ, હું તો કંઈ એ નથી સમાતી.

હરિ, મારાં કોણ જન્મનાં કર્તું?

ઓ રે હરિ, ચોરીથી બીજું શું નરતું?” *

“દમયંતીના કરતાં પણ મારે માથે ભૂંડો આરોપ આવશે! હું સૌને શું મોં દેખાડીશ? ઓ પ્રભુ! હવે તો મારે એક તું રહ્યો.” આટલું કહી વિચારમાં

પડી, રોઈ પડી. આંખો લોહી, પડદો ઉઘાડી રથ બહાર જોયું તો નવા માણસો જોયા અને ઘોડા ઉપર માનચતુર પર પણ નજર ગઈ. માનચતુર રથ ભણી આંખ રાખતો હતો તેણે પડદો ઊઘડતો દીઠો કે તરત ઘોડો છેક રથની પાસે લીધો.

"કેમ બહેન, ખુંશીમાં છે?"

"હા, વડીલ, પણ તમે ક્યાંથી?" આંખો ચોળતી ચોળતી ડોકું બહાર રાખી, પડદો ઝાલી રાખી કુમુદ પૂછવા લાગી.

"બહેન, ગુણસુંદરી અને સુંદર મનહરપુરી આવ્યાં છે ને રસ્તામાં કંઈ ભો સંભળાયો એટલે આ માણસો લઈ તને જાળવવા આવ્યો છું.

કુમુદ ચમકી: "હેં—કોનો ભો છે?"

"બ્હીનીશ નહીં, આપણી પાસે માણસો એટલાં બધાં છે કે કંઈ હરકત પડવાની નથી." વાત ઉરાડવાના પ્રયોજનથી ડોસાએ બીજી વાત કાઢી: "તારે સાસરે બધાં ખુશીમાં છે કની?"

"હા, સસરાજીને કારભાર મળ્યો ને કાલ જ સરપાવ થયો."

"ચાલો, બહુ આનંદની વાત. ત્યારે તો હવે તને અહંકાર ચડ્યો હશે?" ડોસો હસવા મંડ્યો.

"વડીલનાં બાળક અહંકાર રાખવો ક્યારે સમજ્યાં છે જે? મારાં સસરાજી અને સાસુજીએ આપને નમસ્કાર કહાવ્યા છે."

આટલા શબ્દ નીકળે છે એટલામાં સુભદ્રા નદી ઉપર બૂમ પડી. રથની આસપાસ સવારો કાન માંડતા સજ્જ થઈ ગયા—હથિયાર સંભાળવા મંડી ગયા—રથની આસપાસ કોટ બાંધી ઊભા. રથ ઊભો રહ્યો, સૌનાં મોં ઉપર લોહી ચડી આવ્યાં. માનચતુર ઘોડા ઉપર ઊછળી ટટાર થઈ ગયો—શૌર્યના ઉકળાટથી કંપવા લાગ્યો—અને એકદમ તલવાર ઉઘાડી કરી—ઊંચી કરી—બોલી ઊઠ્યો: "સબુર! જખ મારે છે"—"બહેન—ડરીશ નહીં—હું તારી પડખે છું."—"અબ્દુલ્લા— ચોપાસ નજર રાખજે—પળવાર અહીંયા જ ઊભા રહો."

સૌ મંડળ ઊભું રહ્યું; સૌ બંદૂકો ભરવા લાગ્યા. કુમુદસુંદરી છળી ગયા જેવી થઈ ગઈ, એનું મોં બાવરું થઈ ગયું, તોપણ શાંતિ ખેંચી આણી પડદા બહાર લાંબી નજર નાખવા લાગી. "શું છે? વડીલ, શું છે?"

"ડરીશ નહીં—બહેન—માથું પડદામાં ખેંચી લે—આઘે બૂમ થાય છે—બીજું કાંઈ નથી—હમણાં......"

બૂમ વધારે વધારે પડવા લાગી, પાસે આવવા લાગી, બંદૂકોના ધડાકા સંભળાવા લાગ્યા, આઘેનાં ઝાડો ઉપર ધુમાડો દેખાયો. એ જગા

આગળથી પશુઓ નાસભાગ કરતાં નજરે પડ્યાં, પક્ષીઓનાં ટોળા ગાભરાંગાભરાં કોલાહલ કરતાં ઊડવા મંડ્યાં અને કુમુદના રથ ઉપર થઈ જવા લાગ્યાં, અને ગાભરી ગાભરી કુમુદ ધ્રૂજવા લાગી. એને પરસેવો થયો, એની છાતી ધડકવા લાગી, આંખો હરણની પેઠે—પારાની પેઠે આમથી તેમ સરવા લાગી. મોં પહોળું થઈ ગયું, અને બોલવાની શક્તિ તેમ બીજા સર્વ અવયવ શિથિલ થઈ લાચાર થઈ બંધાઈ ગયા.

અબ્દુલ્લો આગળ જઈ ઊભો રહ્યો અને જે દિશામાંથી બૂમ આવતી હતી તેણી પાસ આંખ ઝીણી કરી દઈ તાકીને જોવા લાગ્યો. થોડી વારમાં એક સવાર એ દિશામાંથી આવતો દેખાયો, પાસે આવ્યો તેમ તેમ ઓળખાયો. ફતેહસંગની ટુકડીમાંનો એ એક સવાર હતો. ઘોડો દોડાવતો દોડાવતો તે અબ્દુલ્લાની પાસે આવી હાંફતો હાંફતો સમાચાર કહેવા લાગ્યો— અબ્દુલ્લો એને માનચતુરની પાસે લઈ ગયો.

ચતે હાથે સલામ કરી એ સવાલ બોલ્યો: "ઘણી ખમા મહારાજ મણિરાજને! આખા જંગલમાં તેમની આણ વર્તાઈ ચૂકી છે. સવાર પડતાં બહારવટિયાઓ આઘાપાછા રહી આપણી તૈયારી જોઈ જવા લાગ્યા. ગામેગામ—અંગ્રેજી હદમાં પણ સૌ જાગૃત છે અને હરામખોર લોક એકઠા થવા પામ્યા નથી. મુખી વડની નદી સુધીનો રસ્તો સાચવે છે. ચંદનદાસ તો એ જોઈને જ જતો રહ્યો છે—વાણિયો સૌ સમજી ગયો. વાઘજી વડ પાસે આવતો નથી, આંબાઓમાં ભરાઈ રહ્યો છે ને લાગ જોયાં કરે છે. ફતેહસંગને ભીમજીના માણસો મળ્યાં—પણ કંઈ હોય નહીં તેમ તાડોમાં ચાલ્યા ગયા ને ભીમજી પણ તેમના ભેગો ગયો—આપણે તેને છેડ્યો નથી. પુલ આગળ ઢોલ લઈ બેઠો હતો તેને પકડતાં તેણે ઢોલ વગાડી—એ સાંભળી એક પાસથી પરતાપ અને બીજી પાસથી ભીમજીના માણસો આવ્યા. ઢોલવાળો સુવર્ણપુરની હદમાં હતો ત્યાં જ પરતાપના માણસોનો ભેટો થયો..."

"કંઈ ઝપાઝપી થઈ?" માનચતુરે અધીરાઈથી પૂછ્યું.

"પરતાપે આવી પૂછ્યું કે ઢોલવાળાને કેમ પકડો છો? ફતેહસંગે કહ્યું—ચાલ, ચાલ, તું કોણ પૂછવાવાળો છે? વળી કહ્યું કે આ જંગલમાં સુરસંગ અને તેના બે છોકરાઓ બહારવટે નીકળેલા છે તેમને પકડવા અંગ્રેજ સરકારનું અને ભૂપસંગનું વારંટ છે તે આ ત્રણે હદમાં બજાવવાનો હુકમ છે—આ ઢોલવાળો તેમનો સંગી છે માટે પકડ્યો છે."

"ફિર ક્યા હુઆ?" અબ્દુલ્લો બોલ્યો.

"ફતેહસંગે દાંત પીસી કહ્યું કે તમારા બોલ ઉપરથી તમે પણ તેમના સંગી જણાવ છો માટે બોલી જાઓ કે તમે કોણ છો? તમને પણ પકડવા પડશે."

"ખૂબ કિયા! ફતેહસંગ!" અબ્દુલ્લો મૂછો આમળવા લાગ્યો. "ફિર ક્યા હુઆ?"

"પરતાપ નરમ જેવો થઈ ગયો અને બોલ્યો કે ભાઈઓ, અમે તો ભદ્રેશ્વર જવા નીકળ્યા છીએ—બહારવટિયાઓને ઓળખતા નથી; પણ આ માણસને મૂકો—એ અમારા સાથનો છે— મહાદેવમાં આ ઢોલ અમારે ભેટ મૂકવાની છે."

માનચતુર હસવા લાગ્યો: "જો મારો વ્હાલો!"

"ફતેસંગે કહ્યું કે ગમે તે હો—આ માણસ કે ઢોલ કંઈ પણ તમને નહીં મળે. આટલું બોલી એણે હુકમ આપ્યો કે જુઓ છો શું—સૌ બહારવટિયાઓના સંગી દેખાય છે—પકડો કે મારો હરામખોરોને!"

"શાબાશ! ફતેહસંગ! જેસા તેરા નામ તેસા તેરા કામ હૈ." અબ્દુલ્લો બોલ્યો.

"આ બોલ નીકળતાં આપણાં માણસો ધાયાં—હાકલ કરી—બંધૂકના બાર એકબે કર્યા—આપયો ધસારો થતાં જ પરતાપના માણસ નાસવા લાગ્યાં."

"હત! બાયલાઓ!" માનચતુરે ઉદ્ગાર કર્યો.

"પરતાપને ક્રોધ ચડ્યો—તે એકલો રહ્યો તોપણ તરવાર ખેંચી ફતેહસંગના સામો આવ્યો. ધિંગાણું થવાની વાર ન હતી, પણ નાઠેલા માણસોમાંથી બે જણ પાછા આવ્યા અને બાંય તાણી પરતાપને પાછો ખેંચી ગયા, આપણે તેમને જવા દીધા અને હું અત્રે સમાચાર કહેવા આવ્યો."

"સાલી લુગાઇયાં ભાગ ગઈ અબ તો ચલા દે રથ, ગાડીબાન!" અબ્દુલ્લો બોલ્યો.

માનચતુર કહે: "રસાલદાર! સબૂર કરો. એ લોક પાછા એકઠા થશે. એ લોક બરાબર વેરાઈ જાય ત્યાંસુધી રથ ત્યાં લઈ જવો વાજબી નથી."—સવારના સામું જોઈ તે બોલ્યો —"તમે પાછા જાઓ; સુરસંગ અને હરભમના સમાચાર જણાય અને વાઘજી જતો રહે એટલે મને કહાવજો. પ્રતાપ નક્કી પાછો આવવાનો—એની સરત રાખજો. હવે નદીની આણી પાસ બીક નથી—અમે સૌ ધીમેધીમે ચાલી આવીશું અને પુલની આણી પાસ રહીશું તે અમારા માણસ પણ કામ લાગશે. તમારે સૌએ એટલી સરત રાખવી કે જો હરામખોરો પાછા આવે તો સુવર્ણપુરની હદમાં નસાડવા કે લડવું પડે તોપણ હરકત ન પડે. નદીની આણી પાસ તો કોઈને આવવા જ ન દેવા. પેલી પાસ રસ્તો ખુલ્લો થશે ત્યારે પુલ ઓળંગીશું."

સવાર પાછો દોડતો ગયો. રથ અને તેનો સાથ ધીમે ધીમે સાવચેતીથી પુલ ભણી ચાલ્યો. ચાલતાં ચાલતાં માનચતુર બબડ્યો: “જો અંગ્રેજી હદમાં મારામાર થઈ તો એ રાજ્યની કોરટોમાં ઊલટો ચોર કોટવાળને દંડે તેવું થશે. જ થાય તે તાડોમાં થાય તો જ ઠીક.” રથનો પડદો ઉઘાડી જુએ તો કુમુદ સૌ હકીકત સાંભળી ભયનાં ચિહ્નોથી ઊભરાતી હતી.

“બહેન—અર્ધી ચિંતા ગઈ—હરામખોર વેરાઈ ગયા. હવે જે સાવધાની રાખીએ છીએ એ તો અમસ્તી.”

ડોસો વૃદ્ધ છતાં તેની દૃષ્ટિ ઘણે છેટે પહોંચતી હતી. પશ્ચિમ દિશામાં આઘે ધૂળ ઊડતી દેખાઈ. હવે તો પોતે, ફતેહસંગ અને મુખી એકઠા હોય તો જ ઠીક. એની નિશાનીથી સૌએ ઝડપ વધારી અને થોડીક વારમાં પુલ પાસે આવી પહોંચ્યા. ફતેહસંગના માણસો પુલની સામી પાસે એકઠાં થઈ ઊભાં હતાં. ફતેહસંગે બૂમ પાડી: “ચિંતા કરશો નહીં—માખો ઉરાડી મૂકી છે.”

ડોસાએ પશ્ચિમ દિશાની નિશાની કરી. એક સવાર એણી પાસથી આવ્યો. કુમુદસુંદરીના રથ જોડેના બુદ્ધિધનના માણસોએ તેને ઓળખ્યો. તેમાંથી એક જણ બોલ્યો: “કેમ મહારાજ, તમે ક્યાંથી?”

શંકર મહારાજ બોલ્યો: “ફકર કરશો નહીં. મારી પાછળ મારા ગામના માણસ આવે છે. અમે સુરસંગને મળી જવા જઈએ છીએ—સમજ્યા?”

“જાઓ. ફતેહ કરો—વહેલા આવજો.”

ડોસો આ વાતનો ભેદ સમજ્યો નહીં—તેણે પૂછી લીધો. શંકર પોતાનાં માણસો સાથે રસ્તો ઓળંગી ભદ્રાનદી ભણી ચાલ્યો ગયો.

સુરસંગને ચારેપાસથી ખોટા સમાચાર મળ્યા. ચંદનદાસ પ્રથમથી નાસી ગયો. ભીમજી છૂટો પડી ગયો, વાઘજી અને પ્રતાપ વગર બીજી ટુકડીઓ ભાગી ગઈ. ગામેગામ ખબર પડી ગઈ, બુદ્ધિધન અને વિદ્યાચતુર બેના સવાર એકઠા થઈ ગયા! હવે તો મનોરથ સિદ્ધ કરવા જતાં નાશ વિના બીજું પરિણામ ન હતું. આટલામાં એને શંકર મળ્યો કે હિંમત આવી સુરસંગ, વાઘજી, પ્રતાપ અને શંકર ચારે જણ પોતાના શૂરા માણસો લઈ ઘોડાઓને વેગભર ચલાવતા ચાલ્યા. તેમનો વેગ અને ડરાવી નાખે એવો પ્રતાપ જોઈ શંકર મનમાં બોલ્યો:

“જેની ફૂંકે પર્વત ફાટે, આભ ઊંડળમાં

ભરતા!

જેને ચાલ્યે ધરણી ધ્રૂજે, તે નર દીઠા મરતા!

હરિનું ભજન કરી લ્યો રે.”

"અહા! આ લોકો આટલુંઆટલું દુ:ખ ખમતાં આમ ધરતી ધ્રુજાવે એમ ચાલે છે—ચચ્ચાર દિવસના અપવાસી છે—બબ્બે રાતના ઉજાગરા છે—શરીરે ચીંથરેહાલ છે—તોપણ આમ ચાલે છે. એ મારા મિત્રો થયા! રાજસેવા કરવા જતાં મારે મિત્રદ્રોહી થવું—શું એમ કર્યા વિના આ પેટ ન ભરાય?—પણ ના—રાણાનું લૂણ ખાધું છે તે." સુરસંગ અચિંત્યો ઊભો—કાન અને આંખ ચકોર કરી દીધાં.

"શંકર—પાછળ આઘે ઘોડાઓની ખરીઓ સંભળાય છે."—સૌએ કાન માંડ્યા અને ઊભા રહી પાછળ જોવા માંડ્યું.

શંકર: 'શું કાયર થઈ ગયા છો? અમસ્તા ભણકારા વાગે છે—ચાલો આગળ."

"ના, ના."

"ના, ના, ને હા હા—ચાલો—કોઈ નથી. રથ પુલની પેલી પાસ છે તેમાંથી કુમુદસુંદરીને ઉપાડી લો એટલી વાર! હું નજરે જોઈને આવ્યો છું."

પ્રતાપ ખુશ થઈ ગયો: "ખરી વાત! ચાલો."

સૌ આગળ ચાલ્યા—પણ સુરસંગની આંખ પાછળની પાછળ રહી.

પોતાનો ઘોડો સુરસંગની આગળ લાવી તેને ચલાવતો ચલાવતો શંકર બોલ્યો: "ભા, તમારી બીક ખોટી નથી—છોકરાં ન સમજે—પણ ફતેહસંગ અને મુખી તૈયાર છે; આપણે જશ દક્ષિણાદા જઈ રસ્તો ઓળંગી રથને પાછળથી પકડવો."

"હા! હા! ભીમજી પણ મળશે."—સુરસંગે લોહચુંબક પેઠે આ વિચાર પકડી લીધો. "ચાલો, દિવસ ચડે છે—દોડો."

સુરસંગે ઘોડો મારી મૂક્યો, તેની સાથે તેનો સૌ પરિવાર દોડ્યો. સૌ દક્ષિણ દિશામાં વળ્યા, રસ્તો ઓળંગ્યો, સુવર્ણપુરની સીમમાં—બુદ્ધિધનની આણમાં આવ્યા અને તે બાબત કોઈને ભાન ન રહ્યું. અંગ્રેજી હદમાં રહેવાનો વિચાર શંકરે ભુલાવ્યો—શંકર એ વિચારથી મનમાં ફુલાવા લાગ્યો.

માનચતુરે તે મંડળ પોતાની પાછળ બેત્રણ ખેતરવા રહી રસ્તાની પેલી બાજુ જઈ પોતાના ભણી આવતું દીઠું—સૌ સજ્જ થઈ ગયા. ફતેહસંગ આ બાજુ અવાય એમ રથની પૂર્વ અને ઉત્તર દિશા જાળવી ઊભો. સુરસંગની પાછળ છેટેછેટે ધૂળ ઊડતી હતી—ઘોડાઓ દોડતા હતા—હરભમની ટુકડી વેગભર દોડી આવતી હતી. સુરસંગ સુવર્ણપુરની હદમાં પેઠો તેની સાથે હરભમની ટુકડીનો વેગ વધ્યો. જોતજોતામાં કુમુદસુંદરીના રથની અને સુરસંગની વચ્ચે હરભમની ટુકડી આવી ઊભી. સુરસંગ સમજ્યો કે મારો ભેદ કળાયો છે. કુમુદસુંદરીને પકડવા જવું તે હવે

વિનાશના મુખમાં પેસવા જેવું લાગ્યું અને બોલ્યો: “શંકર, હવે પાછા હઠો. બાજી ગઈ. કુમુદસુંદરીને પકડ્યા પછી ધિંગાણું થાત તો હરકત ન હતી— ધિંગાણું કરતાં કરતાં એવું જીતીએ કે કુમુદસુંદરી આપણા હાથમાં આવી જાય એ ધારણા મિથ્યા છે.” સુરસંગે પોતાનો ઘોડો આગળ હાંકી શંકરના કાનમાં કહ્યું.

અનુભવી બહારવટિયાનો તર્ક ખરો હતો. એ તર્ક ભુલાવવો એ શંકરનો હેતુ હતો. રથના ઉપર સુરસંગ હલ્લો કરે તો જ સુરસંગ ઉપર સામેથી હલ્લો થાય, અને તેમ થાય તો જ ખરું સ્વરૂપ પ્રકાશી ભૂપસિંહના શત્રુને પકડી બુદ્ધિધનની નીતિ પાર પાડવાનો પ્રસંગ મળે. રથ ઉપર હુમલો થાય નહીં ત્યાંસુધી વિદ્યાચતુરના માણસ હથિયાર ઉપાડે એમ ન હતું, તેમ ન થાય તો બહારવટિયાઓને પકડવા, એટલી એકલા શંકરની તાકાત ન હતી. સુરસંગનું બોલ્યું ન સાંભળ્યું કરી શંકર હથિયાર ઊંચું કરી બોલ્યો, “જુઓ છો શું? આવો પ્રસંગ ફરી નહીં આવે—રથ પાસે માણસ થોડાં છે—કાઢો રથમાં બેસનારીને ખેંચી બહાર—ચાલો, આવો, દોડો”......શંકરે રથ ભણી ઘોડો દોડાવ્યો—સુરસંગનો સાથ પણ રસે ચડી પાછળ દોડ્યો— સુરસંગના હાથમાં લગામ ન રહી. સૌની પાછળ તે પણ ઘસડાયો. રથ પાસે પહોંચતાં પહેલાં શંકરે બંધૂકના ખાલી બાર કર્યા, તેથી બહારવટિયાઓ ભરેલા બાર કરવા લાગ્યા. તેમને શૌર્ય ચડ્યું, ઝાલ્યા રહ્યા નહીં. ઘોડાઓ ઊડી પડતા હોય એમ ધપવા લાગ્યા, ઘોડાઓ અને સવારોનાં લોહી ઊકળ્યાં, સુરસંગ ચારપાસ જોવા લાગ્યો કે ભીમજી કે કોઈ આ બારથી આકર્ષાઈ આવે છે? પોતાનું કોઈ આવ્યું નહીં. ચારે દિશાઓમાં તેણે નાખેલી—ફરી ફરી નાખેલી—દૃષ્ટિ વ્યર્થ ગઈ. અભિમન્યુએ ચક્રવ્યૂહમાં ઊભાઊભા ચાર પાસ જોઈ બૂમ પાડી હતી—“કાકા—ભીમસેન કાકા આવો! આ વખત ક્યાં ગયા?” એ જ રીતે સુરસંગના હૃદયે ભીમજી અને ચંદનદાસને આતુરતાથી, વિકલતાથી, સંભાર્યા પણ કોઈ આવ્યું નહીં. માત્ર થોડી વારમાં તેને શત્રુઓએ ઘેરી લીધો. આગળ જુએ તો ફતેહસંગ અને તેના માણસ, પાછળ જુએ તો હરભમ અને તેના માણસ. રથ તો ગોળી પહોંચે નહીં એટલે છેટે રહ્યો—રથ આગળથી સુવર્ણપુરના થોડાક માણસ સુરસંગની જમણી બાજુએ આવ્યા.

આખરની વખતે કાયર શૂરો બને તો શૂરાને શૌર્ય ચડે એમાં શી નવાઈ! વીજળીનો ચમકારો થાય એટલી વારમાં શૂર રજપૂત સમજી ગયો કે હવે જીતવાનું નથી — બચવાનું છે — અને પોતાના શૌર્ય વિના કોઈ બચાવે એમ નથી. આ વિચારે તેના હૃદયને ધમધમાવ્યું, તેની આંખો વિકરાળ બની ફાટી ગઈ, આંખે તો શું પણ આખા શરીરે લોહી તરી આવ્યું, નસેનસ અને રગેરગ ધબકવા ચળકવા લાગી, ઓઠને દાંતે પીસ્યા, કપાળે ભ્રૂકુટિ ચડી ગઈ—કરચલીઓ પડી ગઈ, ઘોડા ઉપર બેઠેલું શરીર ઊંચુંનીચું થવા લાગ્યું — કૂદી પડવા તત્પર થયું, પગ ઘોડાની બે બાજુએ શૌર્યનો થનથનાટ કરવા

લાગ્યા, અને તરવાર મજબૂત પકડી ઊંચી કરી ફાટે સ્વરે સુરસંગ બોલી ઊઠ્યો: “જુઓ છો શું? ધસો, મારા બાપુ, આ પાર કે પેલે પાર.” એક ઠેકાણે આગ લાગતાં ચારેપાસ સળગવા લાગે અને આકાશ પણ સળગે તેમ સુરંસગના માણસોમાં સુરસંગનું શૌર્ય આવ્યું. એની હાકલ સાંભળી એના માણસો ઊછળ્યા અને “હો—હો”, “—જોજે”, “લેતો જા”, —“મારો મારો” કરતાં આંધળાં બની ચારે પાસ શત્રુનો ધસારો ઝીલવા સજ્જ થયાં. વાઘજી અને પ્રતાપ, પિતાની બે પાસે ખડા થઈ ગયા. શત્રુએ ધસારો કરતાં વાર લગાડી. સુરસિંહે જ ફતેસિંહ ભણી ધસારો કરવા માંડ્યો અને તરવાર એવી તો જોરથી મારી કે ફતેહસંગે વચ્ચે ઢાલ ન ધરી હોત તો જાતે કપાઈ જાત. ઢાલમાં જબરી ફાટ પડી. આટલો ઘા કર્યો તેની સાથે શંકર અને તેના માણસો બહારવટિયાઓમાંથી જુદાં પડ્યાં, અને “ખમા મહારાણા ભૂપસિંહને!” — કરી મોટી બૂમ પાડી શંકર ગાજી ઊઠ્યો અને કાળા વાદળામાં ઢંકાઈ રહેલી વીજળી ગાજી ઊઠે અને ચમકી નીકળે તેમ સ્વરૂપ પ્રકાશી આગળ આવ્યો.

“સુરસંગ! મારે ને તારે મિત્રતા છે. પણ મેં સુવર્ણપુરના મહારાણાનું લૂણ ખાધું છે અને તેની સેવા કરવા તારી મિત્રતા કરી છે. તું હવે જુએ છે કે મહાન ગજરાજ ખાડામાં પડે અને સાંકળો બાંધવાની જ વાર રહે તેમ તારે આ પળે થયું છે. મરણ કે શરણ બે વિના તારે ત્રીજો રસ્તો અત્યારે નથી. તારું શૂરવીરપણું તેં સિદ્ધ કરી આપેલું છે—તેની કીર્તિમાં કંઈ ખામી આવે એમ નથી. ભૂપસિંહે કંઈ તારો ગરાસ લીધો નથી—તેની સાથે તારે વેર નથી—એ તારી કિંમત સમજે છે—એનું મોટાપણું અને એની કૃપા ચડેલા અને પડેલા શઠરાયને ખબર છે. ભૂપસિંહની તું રૈયત છે. એની હદમાં તારે હાથે કોઈને લોહીનું ટીપું નીકળશે તો તું તારા રાજાનો જાણી જોઈને અપરાધી થશે, અને ગઈ ગુજરી વીસરી તારા ઉપર મહારાજા કંઈ પણ દયા કરે એમ હશે તો તેનો હક્ક તું ખોઈશ. હું તને દગો નથી દેતો—મારા રાજાની સેવા બજાવી છે—જો તું તારા રાજાને શરણે થઈશ તો એ રાજાને પગે પડી—તારા ગુણની કીર્તિ કરી—હું મારી તારા પ્રત્યેની મિત્રતા બતાવીશ. જો તું શરણ નહીં થાય તો હું છૂટો છું. આ તારા માણસોનો ભૂપસિંહની કૃપા પરથી હાથ ઉઠાડવાનો અપરાધી તું થશે. તેમના નિરર્થક મરણની હત્યા તારે શિર બેસશે. તેમનાં બૈરાંછોકરાંના નિસાસા જન્મજન્માંતરમાં પણ તારી પૂઠે બ્રહ્મહત્યાની પેઠે ભમશે. તારા આ પુત્રો છે —તે હજી જુવાન છે—તેમનો વિનાશ નિરર્થક થશે—તારો વંશ નિર્મૂલ થશે —તારો પરિવાર અસ્ત થશે. જે તને કહું છું તે આ તારા માણસોને પણ કહું છું. શરણ કે મરણ બેમાંથી જે જેને સારું લાગે તે સૌ કોઈ દેખાડી દો. ખમા મહારાણાને!” આ અદ્ભુત પ્રકારથી સૌ સ્તબ્ધ થઈ ગયા. શંકર બોલી રહ્યો એટલી વારમાં એની સાથેનું મંડળ તેમ મણિરાજના માણસ જામગરીઓ સળગાવી બંદૂકો સજ્જ કરી બહારવટિયાઓની ચારે પાસ ફરી વળ્યા. શંકર પોતાના પક્ષમાં છે જાણી રત્નનગરીના માણસોમાં વધારે

શૌર્ય આવ્યું. જેટલું શૌર્ય તેમનામાં વધ્યું તેટલું બહારવટિયાઓમાં ઘટ્યું. અપવાશ અને થાકથી મરી ગયેલા જેવા ચિંથરેહાલ રજપૂતોનું હોલાઈ જતું શૌર્ય સુરસંગ અને ભીમજીના ઉત્સાહક ભાષણે કુમુદને પકડવાની આશારૂપ જ્યોતવડે સળગાવ્યું હતું. પ્રાત:કાળે કરેલી શોધથી, સામાવાળાઓની તૈયારીઓથી, ચંદનદાસ અને ભીમજીની ભાળ ન લાગવાથી, વાઘજી અને પ્રતાપે આણેલા પગ ભાંગે એવા સમાચારોથી, અને ચારેપાસ ગામડાંઓમાં પોતાની વાત જણાઈ ગઈ એ જાણવાથી, સુરસંગનાં માણસો નિરાશ થવા આવ્યાં હતાં; એટલામાં વળી શંકર નવા માણસો લઈ આવ્યો તેની હૂંફથી અને સુરસંગની છેલ્લી હાકલથી સૌમાં મરણશૌર્ય ચડ્યું હતું તે શંકર ફરી ગયો માલૂમ પડ્યાથી બમણું ઊતરી ગયું. શંકરના ભાષણથી સૌ નિરાશ થયા. હવે સુરસંગનો પક્ષ કરવાથી તેનો કે પોતાનો સ્વાર્થ સધાશે નહીં અને નિશ્ચય થયો અને ભાંગેલા હથિયારો લઈ આટલા માણસો સાથે લડવું એ તો માત્ર બળતા અગ્નિમાં કૂદી પડવા જેવું લાગ્યું. એક જણ આગળ આવી સુરસંગને હાથ જોડી કહેવા લાગ્યો: “બાપુ! આમાં કાંઈ માલ નથી; કારભારીની દીકરી, કંસના હાથમાંથી વીજળી ગઈ તેમ તમારા હાથમાંથી જતી રહી; જીવતો નર લાખેણી પામશે; શંકર ખરું કહે છે; સૂકા કૂવામાં પડ્યે તરસ છીપવાની નથી ને તેમાં પડવાથી મરવા વગર ફળ નથી; સૌને બૈરાંછોકરાં છે; અત્યાર સુધી તમને લાભ થાય એમ હતું તો અમારાં ગળાં તમને આપ્યાં; હવે તો શરણમાં જ લાભ છે—મરણમાં નથી; આજ સુધી તમારું કહ્યું કર્યું—આજ તમે મારું કહ્યું કરો! શંકર મહારાજ! માર કે ઉગાર—આ તરવાર તને સોંપું છું.” કેટલાકે એનું કહ્યું કર્યું; કેટલાક વિચારમાં પડ્યા. આમાંથી કુમુદ મળે એમ નથી એવો વિચાર આવતાં પ્રતાપ સૌની નજર ચુકાવી છાનોમાનો દૃશ્ય થઈ ગયો; સૌની દૃષ્ટિ શંકરના ઘોડા આગળ થયેલા હથિયારોના નાનાસરખા ઢગલા ઉપર હતી—ધીમે ધીમે, ડરતા, વિચારતા વિચારતા કોક કોક બહારવટિયાઓ ઢગલા પાસે આવી તેમાં ઉમેરો કરતા હતા અને હથિયાર છોડનાર માણસો એક પાસ શરમાઈ જઈ—નીચું જોઈ—સુરસિંહની પૂઠ કરી અથવા આડી આંખ કરી, એકઠા ઊભા. શંકરના બે માણસોએ ઢગલો પૂરો થતાં ઉપાડી લીધો.

સૌની દૃષ્ટિ સુરસંગ ભણી વળી. પોતાનું ભાગ્ય ફરી વળ્યું જોઈ, માણસો દગો દેતાં જોઈ, સુરસંગ નિરાશ થયો, ક્રોધને વશ થયો, ચારેપાસ નજર ફેરવવા લાગ્યો, હથિયાર છોડનારા માણસો ઉપર તિરસ્કારભરી આંખો કરી ઓઠ કરડવા લાગ્યો, ઘોડા ઉપર પગ અને જંઘા અફાળવા લાગ્યો, પ્રતાપને આંખ વડે શોધવા લાગ્યો, શોધતાંશોધતાં “જીવતો રહે તો આનું વેર લેજે” એમ તેને મનમાં કહેવા લાગ્યો, પોતાના પક્ષમાં રહેલા એક જ માણસ—પુત્ર વાઘજી—ને જોઈ સંતોષ અને શૌર્ય ધરવા લાગ્યો, હથિયાર પર હાથ મૂકવા લાગ્યો, પોતાનો નાશ નિશ્ચિત જોવા લાગ્યો, છતાં એ નાશપ્રસંગે શૌર્યની કીર્તિનો પ્રસંગ ખડો થતો જોઈ ઉત્સાહી થવા

લાગ્યો, અને અંતે ઘોડા પર ઊંચો થઈ, ઘોડાને ઊંચો કરી ભમર ચડાવી, આંખો રાતી અંગારા જેવી કરી, સાથે સવાર થયેલા સવાર વાઘજીનો ખભો થાબડી, શંકરના સામે તીવ્ર કટાક્ષ ફેંકી, પોતાનો ઘોડો ફેરવે છે, પાછળ હરભમને જુએ છે, હરભમે ગઈ કાલ આપેલો પ્રવાહ સાંભરતાં તેના ભણીથી બીજી પાસ ફરે છે, ઘોડાનો વેગ વધારી મૂકી તેને ચોપાસ ચક્રાકાર દોડાવે છે, હાથમાંથી તરવાર ચારેપાસ વીંઝી મૂકી સવારની—શસ્ત્રધારીની—પટો ખેલનારની—કળાઓની સીમા આણી મૂકે છે, તે જોઈ તેના પક્ષનાં હથિયાર છોડનાર માણસો શરમાય છે, પસ્તાય છે, હથિયાર નિરર્થક શોધે છે અને પાછા ખસે છે. પ્રતિપક્ષીઓ સજડ થઈ જાય છે, જોઈ રહે છે, અને એના ઘોડાને અવકાશ આપવા મોટું કુંડાળું ખાલી રહેવા દે છે, સુરસિંહે શૌર્યની—વીરકળાની—સીમા દેખાડી. એના દેખાવે સૌને મ્હાત કર્યા. એની છાતીમાં, એના માથામાં લોહી ઊકળી આવ્યું, દોડવા લાગ્યું, ચડી આવ્યું, પાસે ઊભેલા વાઘજીએ શૂર પિતાનું શૌર્ય વધારવા ચારણકૃત્ય કર્યું: “શાબાશ, શાબાશ, બાપા શાબાશ! ધ્રૂજે ધરતી! ધ્રૂજે વેરી! ફતેહ! ફતેહ! રાખ્યો રજપૂતો રંગ!” “રંગ” શબ્દ પૂરો થતાં જ, ફરતાં ફરતાં શંકર સામે દીઠો ત્યાં “દગલબાજ!” એ શબ્દ ગર્જી, ઘોડો કુદાવી, શંકરની નજર ચુકાવી, તેના ઘોડા ઉપર આકાશમાં ઘોડો કુદાવી શંકરની છાતી ભણી તરવાર ઘસાવી, સુરસંગે એવો ધસારો કર્યો કે આંખના પલકારામાં એનો ઘોડો શંકરના ઘોડાના માથા ઉપર ઊંચેથી પડ્યો. શંકરનો ઘોડો દબાઈ ગયો—બેસી ગયો. ઘોડાના માથા ઉપર ઘોડો અને તેના ઉપર ઊંચો કૂદેલો સુરસંગ મહાન ગજરાજના કુંભસ્થળ ઉપર ચડી હોદ્દામાં બેઠેલા શિકારી સામે પંજો ઉપાડતા વિકરાળ સિંહ જેવો દેખાયો. પગના ઢીંચણ સુધી પહોંચતા લાંબા કરેલા હાથની હથેલીમાંથી ફૂંફાડા મારતા નાગની પેઠે ધસતી સીધી બેધારી તરવાર જોતજોતામાં શંકરના શરીરને વીંધી આરપાર ગઈ હોય એમ દેખાઈ. સૌએ જાણ્યું કે શંકરનું થઈ ચૂક્યું! ખરું જોતાં તો જેવી સામા સુરસંગની જમણા હાથમાંથી તરવાર ધસી કે સુરસિંહની કળાના ભોમિયા કળાવાન શૂર બ્રાહ્મણે ડાબો હાથ પહોળો કરી શરીર ખસેડી દીધું અને તરવારને પોતાના હાથ અને શરીર વચ્ચેની ખાલી જગામાં ખૂંપી જવા દીધી, ખૂંપી ગઈ કે હાથ દાબી દીધા અને પોતાનો જમણા હાથમાંની તરવારથી બળવાન ઘા કરી સુરસંગનો જમણો હાથ કાપી નાખ્યો. ઝાડ પર કુહાડો પડતાં ડાળું તૂટી પડે તેમ બહારવટિયાના પ્રચંડ શરીરમાંથી કપાયેલો હાથ છૂટો પડ્યો, તેના મૂળ આગળ કુત્સિત માંસનો લોચો ધસી આગળ આવ્યો અને રુધિરની ધારાઓ કપાયેલી નસોમાંથી ફુવારા પેઠે ફૂટવા લાગી. પળવારમાં સુરસંગનું શરીર, એનાં વસ્ત્ર અને એનો ઘોડો લોહીલુહાણ થઈ ગયાં. શંકરની તરવાર સુરસંગ પર પડતાં પહેલાં શકરાબાજ પેઠે તાકી રહેલા વાઘજીએ તરાપ મારી શંકર ઉપર તરવારનો ઘા કર્યો, બાજુએ ઊભેલા હરભમે એ તરવાર શંકર ઉપર પડતાં પહેલાં નીચેથી પોતાની તરવાર ઊંચી કરી તે ઉપર વાઘજીની તરવાર

ઝીલી. બે તરવારો અત્યંત બળથી એકબીજા સાથે અફળાતાં મોટો કડાકો થયો અને વાઘજીની તરવાર એના હાથમાંથી છૂટી પડી આકાશમાં સૌનાં માથાં ઉપર ઊડી. ઊંચું જોઈ આઘા ખસી જઈ, સૌએ એને જમીન ઉપર પડવા દીધી અને એક જણે ઊંચકી લીધી. ઘવાયેલો સુરસંગ ઘોડા ઉપરથી ગબડી પડ્યો. તરવાર વિનાના પણ વાઘ જેવા વાઘજીએ પોતાનો ઘોડો સૌનાં માથાં ઉપર કુદાવ્યો અને સૌને આશ્ચર્યમાં નાખી એનો ઘોડો, હનુમાને સમુદ્ર ઓળગ્યો હતો તેમ, સૌને ઓળંગી આકાશમાર્ગે પેલે પાર ઉઘાડી જગામાં પડ્યો, અને પડતાંમાં સજ્જ થઈ એટલા તો વેગથી દોડ્યો કે સર્વની દૃષ્ટિનો તિરસ્કાર કરી કઈ દિશામાં ગયો એટલું પણ માલૂમ ન પડે એવી રીતે પોતાના સવાર સાથે તે દૃશ્ય થઈ ગયો.

આશ્ચર્ય પામતું સર્વ મંડળ જોઈ રહ્યું. ઘવાયેલા મૂર્છા પામેલા સુરસંગને શંકરના માણસો ફળિયામાં બાંધી જીવતો કેદ કરી એને અને એના શરણ થયેલા માણસોને સુવર્ણપુરની દિશામાં લઈ ગયા, અને “ખમા મહારાણા ભૂપસિંહને” એ ગર્જના ચારેપાસનાં ગામડાંમાં સંભળાવતાં ઉત્સાહમાં ચાલ્યા ગયા. વિદ્યાચતુરનાં માણસો અને શંકર, સુરસંગ અને વાઘજીના પરાક્રમની સ્તુતિ કરતા કરતા કુમુદના રથ ભણી હર્ષભેર ઉતાવળે પગલે ચાલ્યા અને બૂમો મારવા લાગ્યા: “ફતેહ! ફતેહ!”

---

* નળાખ્યાનમાંથી.

૧૧. હોલાયેલી આગનો બાકી રહી ગયેલો તણખો

સુરસંગના મંડળ ભણી અબ્દુલ્લો, ફતેસંગ વગેરે ગયા અને માનચતુર થોડા માણસ સાથે રથ પાસે રહ્યો, અને આતુરતાથી, સજ્જતાથી, સાવધાનપણે જે દિશામાં ધિંગાણું મચવાનું હતું તેની પાસ સવિશેષ અને બીજી દિશાઓમાં વચ્ચે વચ્ચે દૃષ્ટિ ફેરવતો, શું થાય છે તેની વાટ જોતો ઊભો. આ શૂર અને બુદ્ધિમાન ડોસાનાં સર્વ અંગ ફરકવા લાગ્યાં, તેના ભવ્ય કપાળમાં અપ્રમાદને દૂર રાખનારી કરચલીઓ ચડી આવી, તેની આંખો ઝીણી થઈ દૂરદર્શક યંત્ર જેવી બની ગઈ. ઘડી એના દાંત ઓઠની સાથે યુદ્ધ કરી ઓઠને દળી નાંખવા લાગ્યા. તેની ધોળી મોટી મૂછોનો કેશ અંતરના આવેગથી ઊભા થતા હતા અને તરાપ મારવા તત્પર થતા ક્રૂર સિંહની મૂછો જેવા દેખાયા. એના એક હાથમાં ઘોડાની લગામ હતી છતાં તે હાથ અસ્વસ્થ હતો અને લગામને અસ્વસ્થ કરવા માંડ્યો ત્યારે બીજો હાથ તરવારની મૂઠ સાથે મારામારી કરવા મંડ્યો, અને એના પગ આંખોની આજ્ઞા શોધવા ઊંચા થતા હોય અને ઘોડાને પ્રેરવા નીચા થતા હોય તેમ ઊંચાનીચા થઈ તનમનાટ કરવા લાગ્યા.

કુમુદસુંદરી, રથના પડદામાંથી, ઘડીક પડદો આડો કરી, ઘડીક ઊંચો કરી; દાદાનું મુખ જોતી હતી અને એ મુખના વિકાર ઉપરથી આઘે શું થાય છે તેની કલ્પના કરતી હતી. દાદાને, વાત કરવા જેટલી—સમાચાર કહેવા જેટલી—આઘીપાછી દૃષ્ટિ કરવા જેટલી—નવરાશ ન હતી.

રથ પાસે ઊભેલા સવારોની પણ એ જ અવસ્થા હતી. કોઈ કોઈની સાથે વાત કરતું ન હતું, ગાડીવાન પણ રાશ ઝાલી જે આજ્ઞા થાય તેનો તત્પર અમલ કરવા સજ્જ થઈ રહ્યો ન હતો, ગાડીવાન પણ રાશ ઝાલી જે આજ્ઞા થાય તેનો તત્પર અમલ કરવા સજ્જ થઈ રહ્યો હતો, અને ઘોડાને હઠાવે એવા ધોરી મહાન બળદ પણ એવી જ દશામાં ઊભેલા દેખાતા હતા. આ ભયસંકલ્પને કાળે—રથને આગળ લેવો પણ અકાર્ય, પાછળ લેવો તે પણ અકાર્ય; એને હતો ત્યાં ને ત્યાં રાખી રક્ષક મંડળ આમ ઊભું હતું, અને સર્વ પુરુષોનો મનમાં “બહારવટિયાઓનો” વિચાર સર્વવ્યાપી થઈ, બીજા વિચારને કાઢી મૂકી, દિગ્વિજયી થયો હતો તે પ્રસંગે કુમુદસુંદરીનું હૃદય, પ્રમાદધનથી કાયર થઈ—નિરાશ થઈ બહારવટે નીકળી પડ્યું હોય તેમ, આવા બહારવટિયાઓ વચ્ચે આ ભયંકર પ્રદેશમાં સરસ્વતીચંદ્રનું શું થયું હશે તે જાણવા અશક્ત બની તે પુરુષને શોધી કાઢવા ચંદ્રકાંતની જોડે નીકળી પડ્યું હોય તેમ, શ્વશુરકુટુંબમાંથી દુષ્ટ “કાળકા”ના કુભાંડથી પોતાની પ્રતિષ્ઠાની કેવી હત્યા થશે તેના વિચારથી બહારવટિયાઓએ પોતાને બેવડી રીતે પકડી લીધી હોય અને તેથી અત્યંત કંપતું હોય તેમ, એ અનાથ અબળાનું હૃદય, એકલું પડી, અનેકધા ભટકવા લાગ્યું, અસ્વસ્થ થયું અને અનેક સંકલ્પવિકલ્પોનો આશ્રય શોધવા લાગ્યું.

ઘડીક તે પડદા બહાર જોતી હતી, ઘડીક તે પડદા પડતા રાખી જાગતી સૂઈ જતી હતી, ઘડીક બંધપડદે ગાડીમાં બેસી મોંએ હાથ દઈ આંસુ પાડી રોઈ લેતી હતી. ઘડક તકિયે પડી રથની છત્રી સામું જોઈ રહેતી હતી, ઘડીક વનલીલાનો કાગળ વાંચતી હતી, ઘડીક પડદો ઊંચો કરી આકાશ સામું જોતી હતી, ઘડીક આઘેનાં ઝાડો જોતી હતી, ઘડીક પાસેનાં ઝાડો જોતી હતી, ઘડીક નદીનો પ્રવાહ ખળખળ વહેતો હતો તે સાંભળતી હતી, ઘડીક તેનાં વહેતાં પાણી ભણી નજર કરતી હતી, પાણી તળેનાં ઊંડાણ કલ્પતી હતી, પુલ ભણી જોતી હતી, નિ:શ્વાસ મૂકતી હતી અને ઘડી ઘડી વળી ધૈર્ય પણ ધરતી હતી.

“અહા! સરસ્વતીચંદ્ર! આ અત્યંત ભયાનક પ્રદેશમાં અત્યારે ક્યાં હશો? આટલું કષ્ટ શા માટે વેઠવું પડે છે? શું ધ્રુવની પેઠે તમને ઓછું આવ્યું? — પણ તમારી તપશ્ચર્યા કઈ શ્રદ્ધાથી સંભવે? શું રોબિન્સન ક્રુઝોના જેવો અભિલાષ ધાર્યો? શું બાબર બાદશાહની પેઠે રાજ્ય જતાં કોમળ વયે વિકટ જંગલમાં કવિતા ગાવી ગમી? તમે તો કહો છો કે,

પતંગો ઊડતી જેવી

હવે મારી ગતિ તેવી!

પતંગ પૃથ્વી સાથે સૂત્રથી સંધાય છે — તમને તો તે પણ ગમતું નથી. અરેરે!

નહિ ઊંચે, નહીં નીચે

મળે આધાર, ઘન હીંચે

નિરાધાર—નિરાકાર!

હવે મારી ય એ ચાલ!

કોને વાસ્તે આટલું બધું? હું જ મંદભાગિની તમને આટલા બધા દુ:ખનો હેતુ થઈ પડી છું!

સ્ફુરે પોતે, ન દેખાય,

કુમુદની ગંધ ગ્રહી વાય,

અરણ્યે એકલો વાયુ,

જીવન એ ભાવિ છે મારું!

મોઈ એ કુમુદ! પથ્થર ન જન્મી! આહા! પુરુષરત્ન! નિર્માલ્ય કુમુદમાં તેં શું દીઠું? એનું ટૂંકું ભાગ્ય ટૂંકું રહ્યું તેમાં તમે શાનું પ્રાયશ્ચિત્ત કરો છો? — અં... હં... અરેરે!!

જહાંગીરી—ફકીરી એ!

લલાટે છે લખાવી મેં!

અહો મારા જહાંગીર!

નૂરજહાન તુજ નૂરવિનાની, તે કાજ તું ટટળે શાને?

પ્રમાદધનને પણ નથી ગમતી તે ગમતી તુજને શાને?

મુખ ઉપર દીનતા અને નેત્રમાં આંસુ નિર્ભર ઊભરાયાં.

“જહાંગીર મુજ ઘરે ફકીરી, વનચરનો સહચારો થયો.

દુષ્ટ કુમુદને કાજ ઝૂરે ને મહેલ છોડી વનવાસી થયો.

હાય! હાય! હાય! હાય! હાય!”

આ વિચારમાં પળવાર નિદ્રાવશ થઈ, વળી કંઈક ચમકી ઊઠી અને પ્રમાદધનના વિચારમાં પડી.

“ઓ મારા સ્વામીનાથ! મને તે કાળે તરવારથી મારી નાંખી હોત તો મારા સુભાગ્યની સીમા ન રહેત! જે મારે માટે ઝૂરી ઝૂરી ભટકે છે તેની હું નથી; હું મનને મારી મારી તમને વળગું છું તેના તમે નથી — એ શિક્ષા મને યોગ્ય જ છે—મને પૂરી કરી હોત તો એ શિક્ષા પૂરી થાત! એટલું પણ ભાગ્ય ક્યાંથી હોય?”

“વ્હાલી વનલીલા! તને તે મારી દયા શાની આવે છે? ઓ દયાળુ બહારવટિયાઓ! આવા ક્રૂર કેમ થાઓ છો? મને જીવવા કેમ દ્યો છો? અરેરે! શું તમારામાંથી એટલી પણ કળા જતી રહી કે ત્યાંથી ગોળી મારો તે આવીને બરોબર મારા કાળજા વચ્ચે ન વાગે ને આ નિર્માલ્ય શરીરનો અંત ન આણે?”

રથના પડદા ઊંચા કરીને આઘેનાં ઝાડો ભણી જોઈ ગણગણી: “બિગરી કોન સુધારે નાથ બિન? બિગરી કોન સુધારે રી? — ખરી વાત છે. પણ મારી બેવડી. “બિગરી” તો નાથ પણ સુધારે એમ નથી.” વળી બીજા વિચારમાં પડી ઝાડો ભણી દૃષ્ટિ ફેંકી મનમાં બોલી:

“પણે ઝાડોની ઘટા છે તેની પાછળ ચંદ્ર છુપાઈ રહ્યો હોય એમ પણ કેમ ન હોય? અરેરે! આ અરણ્યમાંનાં પ્રાણીઓ વચ્ચે—લૂંટારાઓ વચ્ચે—એની શી વલે થઈ હશે? એ જે થયું હોય તે મારે સારુ! એણે મારે સારું એટલું કર્યું—એને વાસ્તે હું શું કરું? હું કૃતઘ્ન છું. હું દુષ્ટ છું. હું નિર્દય છું.” રથમાં માથું ખેંચી લીધું અને પડદો પડવા દીધો, છાતી કૂટી રથ વચ્ચે બેસી

પડી; પાછી ટટાર થઈ ભમર ચડાવી. હૃદય અને મુખ ક્રોધને અપરિચિત છતાં હૃદયમાં ક્રોધ જન્મ્યો અને કોમળ મુખ ઉપર વિકરાળ રૂપ ધરી ચડી આવ્યો તેની સાથે ક્રોધથી રોવા જેવી બની બોલી: “અહો ક્રૂર અને કૃતઘ્ની સ્ત્રી!—તે હું જ!”

** ક્રૂર મારા જેવી કોણ? સુખી જીવતાને કરવા ન મરું રે!*

જૂરી મરે મારે સારુ તેની પૂઠે યે દુષ્ટ ના મરું રે!

ધિક્કાર આ જાત ઉપર! એને મરતાં નથી આવડતું! એને જીવવાનો લોભ લાગ્યો છે.

પ્રિય ચંદ્ર! તમે ઉપદેશ આપો છો કે,

“પડ્યું પાનું સુધારી લે

છૂટે ના તે નિભાવી લે.”

તમે એવું એવું કહો છો તે ઠીક છે. પણ મારે મારા સ્વામીનાથની આજ્ઞા તમારા ઉપદેશ કરતાં વધારે છે. સ્વામીનાથનું હૃદય તો મને એવી આજ્ઞા કરે છે કે,

અરે નિર્માલ્ય નારી રે!

હું નો અભિલાષ જાણી લે.

મરી જા રે! મરી જા રે!

મને છોડી-છૂટી જા રે!

હું એમને ઝાંખરા જેવી વળગી છું તે છૂટી જાઉં એ એમની ઇચ્છા છે. મને પણ એ ગમતી વાત છે, કારણ કે મારા મરવાથી કેટલા લાભ છે?

જીવતાંને સુખ થાશે જી!

પતિને સુખ બહુ થાશે જી!

વળી,

ચંદ્ર ઝૂરે મુજ કાજે જી,

હશે દશા શી આજે જી!

એ સૌ મારે માટે જી,

મરીશ હું તેને સાટે જી.

વળી એથી મારો કૃતઘ્નતા—દોષ છૂટશે, અને મારે માથે જે કલંક આણવાનું વાદળ ચડ્યું છે તે ઊતરી જશે અને મારાં માતાપિતા અકારણ

અપયશના મહાદુ:ખમાંથી ઊગરશે.”

આનંદમાં આવતી હોય તેમ કંઈક મલકાઈ બોલી: “ખરે! આ સંસાર —સાગર દુ:ખમય છે— તેનો કિનારો તે મૃત્યુ, અને એ કિનારો મૂકીએ એટલે જે કોરી જમીન આવે તે મોક્ષ. મારે એ મોક્ષ શોધવો!”

ઓ વિચાર આમ બલવાન થાય છે તેની સાથે કાનમાં સરસ્વતીચંદ્ર બોલતો હોય એમ ભણકારો વાગ્યો: “વ્હાલી કુમુદ! તું તારા આત્માને વ્યર્થ ફોસલાવે છે. સન્મૃત્યુ તે મોક્ષ છે, અપમૃત્યુ તે મોક્ષ નથી. દુ:ખમાંથી છૂટવા મૃત્યુ શોધવું ને આપઘાત કરવો તે અપમૃત્યુ જે વાટ ફૂંક મારી હોલવીએ છીએ તેમાંથી ધુમાડો નીકળે છે, દુર્ગન્ધ પ્રસરે છે, ને કાળો કોયલો રહે છે. જે વાટ પૂરેપૂરી બળી જાય છે તે શાંત થાય છે અને તેનો ચૂર્ણ થયેલો અવશેષ પંચભૂતમાં જાતે જ ભળી જાય છે. ફૂંકથી હોલવાયેલી વાટ અપમૃત્યુ પામે છે. સમાપ્ત થયેલી વાટ ઈશ્વરઇચ્છાને અનુસરી સ્વયોનિમાં ભળે છે—એનું જ નામ મોક્ષ! વ્હાલી કુમુદ! દુ:ખથી કાયર થઈ અપમૃત્યુ પામવું તે જે ધર્મ—કર્મ અર્થે ઈશ્વરે જન્મ આપ્યો છે તેની આજ્ઞા તોડી બંડ કરવા જેવું છે.”

શરીરભયના વિચારમાંથી આવા વિચારોમાં સંક્રાંત થયેલું મન આં ક્ષણે અચિંતી બૂમો સાંભળી ચમક્યું. સુરસંગ પકડતાં પાછું ફરતું મંડળ આઘેથી બૂમો પાડતું હતું. આ બૂમો બહારવટિયાની હશે અને તેઓ પાસે આવતા હશે એમ કલ્પી, શરીરભય સમીપ દેખી મનના વિચાર એકદમ અસ્ત થઈ જતાં ભયમાંથી બચવાનો માર્ગ શોધી રાખવા ઇચ્છતી, રથ બહાર ડોકું કાઢી, મનને કાંઈ સૂઝ્યું હોય એમ અચિંતી રથમાં અર્ધી ઊભી થઈ વસ્ત્રની અંદર ચણિયાનો કચ્છ વાળી, એક નાનું ખંજર કેડ આગળ સંતાડેલું હતું તે ઉપર હાથ ફેરવી, સજ્જ થઈ, અને જેણી પાસથી બૂમ આવતી હતી તેણી પાસ પડદામાંથી નજર નાંખતી કુમુદસુંદરી સાવધાન બેઠી. માનચતુર પોતાના પક્ષનો વિજય સમજી ગયો; રથની પાસે આવી પડદો ઉપાડી વ્હાલથી બોલ્યો: “બહેન, ભય ગયો; આપણાં માણસ જીતીને પાછાં ફરે છે.”

માનચતુરનાં માણસ ઉમંગમાં આવી ગયાં. સામેથી આવતું મંડળ ઊડી પડતું હોય એમ વેગથી ઘોડા દોડાવતું “ફતેહ! ફતેહ” કરતું પાસે આવ્યું, અને સૌથી આગળ આવી શંકરના ઘોડાની લગામ ઝાલી અબ્દુલ્લો બોલી ઊઠ્યો:

“ભાઈ સાહેબ! બુદ્ધિધનભાઈ કા આદમી યહ શંકર મહારાજ હૈ, ઉને સબ બહારવટિયે કું બહાદુરીસે પકડકર ગઠડીમેં બાંધકર સુવર્ણપુરકું ભેજ દિયા! હા હા હા હા!” અબ્દુલ્લો ખડખડ હસવા લાગ્યો. માનચતુરે શંકરનું ઓળખાણ કર્યું. સૌ એક બીજાને ઓળખવા, સત્કાર કરવા અને ભેટવા લાગ્યા. આખરે શંકર માનચતુરને થયેલા બનાવનું અથ—ઇતિ વર્ણન કરવા

લાગ્યો. બહારવટિયાઓ સાથે એણ બુદ્ધિધનની બુદ્ધિનું અને નીતિનું શુદ્ધ અનુકરણ કર્યું—બુદ્ધિધનની શાળામાં ઘડાયાની પરીક્ષામાં સફળ નીવડ્યો — यद्यदाचरति श्रेष्ठःस्तत्तदेवेतरो जनः॥ મહારાણા ભૂપસિંહનો છેલ્લો શત્રુ અસ્ત થઈ ગયો.

સર્વ મંડળના મુખ પર પ્રસન્નતાની છાપ પડી રહી. માનચતુરે કહ્યું, "મારા બહાદુર સવારો! હવે જશ ઘોડા પરથી ઊતરો. આખી રાતના થાકેલા ઘોડાઓને વિશ્રામ આપો અને સુભદ્રાનું તાજું પાણી પાવ. તમે પણ પાણી પી જશ સ્વસ્થ થાવ. મુખી, તમને એકલાને આ આરામમાંથી બાતલ કરવા પડશે. મનહરપુરી જાવ અને ગુણસુંદરી ચિંતાથી સમાચારની વાટ જોતાં હશે. તેમની પાસે સત્વર જઈ વધામણી ખાઓ અને કહો કે બેચાર કલાકમાં કુમુદને લેઈ અમે આવીએ છીએ." વાક્ય પૂરું થતામાં મુખી અને તેનો ઘોડો વેગભર મનહરપુરીને માર્ગે દૃશ્ય થઈ ગયા. બીજાં માણસો ઘોડા પરથી ઊતરી પડ્યાં, ઘોડાઓને થાબડવા, તેમની ચાકરી કરવા, તેમને પાણી પાવા, પોતે પાણી પીવા, વાતો કરવા, બીડીઓ પીવા અને પાનસોપારી ખાવા મંડી ગયાં. માત્ર શંકર ઘોડા ઉપરથી ન ઊતરતાં ચારે પાસ ઘોડો ફેરવતો અને ચારે દિશામાં લાંબી નજર નાંખતો એકલો ફરવા લાગ્યો.

માનચતુર ઘોડેથી ઊતરી રથ પાસે જઈ કુમુદસુંદરીને કહેવા લાગ્યો: "બહેન, સૌ વિસામો લે છે એટલામાં ગમે તો જરી ઊતરો અને નદી પાસે હરોફરો. ફતેહસંગ, નદી પાસે રથની જાજમ નંખાવ, બહેન બેસે અને પાણીબાણી પીએ." કુમુદને હાંથ ઝાલી રથમાંથી ઉતારી, પોતાને કૃતકૃત્ય માનતો, ગર્વથી ફૂલતો, પ્રચંડ દેખાવનો શૂરવીર ડોસો નીચો વળી ધીમે ધીમે ચાલતી નાજુક પૌત્રીને જાજમ ભણી અત્યંત વ્હાલથી દોરી ગયો, ત્યાં એને બેસાડી, પાસે પોતે બેઠો, હરભમ બેઠો, બીજા બેચાર જણ જરી છેટે બેઠા, ચારે પાસના પદાર્થો કુમુદને બતાવવા લાગ્યા, બીજી આનંદની વાતો કરવા લાગ્યા, અને એની પાસે રૂપાના કળશમાં નદીનું નિર્મલ પાણી આણી ધર્યું તે એણે રૂપેરી હાથે લીધું.

આ સર્વ સ્વસ્થ દેખાવમાં શંકરને અસ્વસ્થ જોઈ માનચતુર ધીમે રહી ઊઠ્યો, શંકરની પાસે જઈ એના ઘોડાના ગળા ઉપર હાથ મૂકી કહેવા લાગ્યો: "કેમ શંકર મહારાજ, તમે કેમ ઊતરતા નથી?"

શંકર ઊતર્યો, પણ ઊતરતાંઊતરતાં ધીમે રહીને બોલ્યો: "ભાઈસાહેબ, સૌ ચિંતા ગઈ પણ સુરસંગના બે દીકરા બચી નાસી ગયા છે, તેમાંથી એકની ચિંતા નથી—તે શૂર છે અને હલકું કામ કરે એવો નથી, પણ બીજો દીકરો પ્રતાપ કપટી છે, દુષ્ટ છે અને નીચ છે. તેની પાસે માણસો તો હવે નથી, પણ એકલો બેઠો બેઠો પણ રાવણની પેઠે સૌની નજર ચુકાવી કપટ કરે એવો છે—તે ક્યાં હશે? અને આપણે સ્વસ્થ થઈ

બેસીએ એટલામાં એ કોઈ પણ પાસથી આવે એવું તો અત્રે નથી?—એ હું જોઉં છું.”

માનચતુર કંઈક હસ્યો: “હજી એ હિંમત કરે એવો મૂર્ખ છે?”

“એમ તિરસ્કાર કરવા જેવો નથી. કુમુદસુંદરીને પકડવાં એવી એણે પ્રતિજ્ઞા કરી છે, એનું મન દુષ્ટ છે, અને એની બુદ્ધિ કપટમાં કુશળ છે—હું એને સારી પેઠે ઓળખું છું.”

“ઠીક, એ તો આપણે સૌ પાસથી જોતા રહીશું.”

માનચતુર અને શંકર જાજમ ભણી ગયા. ચાર માણસને સૌની આસપાસ ઊભા રાખ્યા અને આજ્ઞા આપી કે ચારે પાસ અચૂક દૃષ્ટિ ફેરવતાં રહેવું કે સૌની સ્વસ્થતાનો ખોટો લાભ લેવા કોઈ તત્પર ન થાય.

અત્યારે પ્રાત:કાળના સાતેક વાગ્યા હશે પણ જંગલમાં આઠનવ વાગ્યા જેવું લાગતું હતું. સ્વચ્છ અને ચળકતું સૂર્યબિમ્બ આકાશમાં ઉતાવળું ઊંચું ચડતું જતું હતું અને દૃષ્ટિથી ખમાય નહીં એવું થવા માંડ્યું હતું. આકાશ એક મોટા ચોગાન જેવું—મેદાન જેવું—લાગતું હતું અને તે ચારેપાસ તડકાથી ચળકતી ધોળી ભૂરી રેતી ભરેલું દેખાતું હતું. વાદળું તો હતું જ નહીં. ચારેપાસ, પૃથ્વી ઉપર, ઝાડોની ડાળો ઉપર, નદીના પટ ઉપર તડકો રેલાતો હતો. પાસે નદીનો પુલ હતો, તેની નીચે થઈ પાણી અથડાતું, સ્વર કરતું જોરથી ચાલ્યું જતું હતું. કુમુદસુંદરી ઊઠી, નદીના તીર ઉપર ઊભી. તે નદીના મૂળ ભણી તેમ મુખ ભણી કુતુહલથી જોવા લાગી: “વડીલ, આ પાણી કેટલું ઊંડું હશે?” કુમુદ પાણીમાં નીચું જોવા લાગી. પાણી નિર્મલ છતાં નદીનું તળિયું દેખાતું ન હતું.

હરભમ પાસે આવી બોલી ઊઠ્યો: “બહેન, આ પુલ આગળ ખાડો છે ને સહેજે બેત્રણ માથાં જેટલું પાણી ઊંડું હશે.”

કુમુદ બોલી નહીં. નદીના પાણીમાં, પટમાં તેના વિચાર લીન થઈ ગયા. “સરસ્વતીચંદ્ર, તમે સાહસ તો નથી કર્યું? આ પાણીમાં ઝંપલાવ્યું તો નથી?”

નદીમાં સરસ્વતીચંદ્રને શોધતી શોધતી પાણીના પ્રવાહ પર એક સ્થળે સ્થિર દૃષ્ટિ કરી મનમાં ગણગણવા લાગી:

“જહાંગીર મુજ ઘરે ફકીરી, જળચરનો સહચારી થયો!

દુષ્ટ કુમુદને કાજ ઝુર્યો ને મહેલ છોડી જળશાથી થયો!”

હે સુભદ્રા!

રત્ન પડ્યું તુજ ખોળે જો, તો યત્ન કરી તું સાચવજે!

પુરુષરત્નને કંઠે * રાખી સ્નેહ થકી તું જાળવજે!

અલી સુભદ્રા! તું ચતુર છે — એને નીરમાં ડુબાડીશ નહીં — એને તો કંઠે જ રાખજે — તારે કંઠે વળગાડજે.

સુભદ્રા, તું આજે આટલી પ્રસન્ન કેમ છે?

પુરુષરત્નને ઉરે ગ્રહી તું પ્રસન્ન થાય ન તો મૂર્ખી;

પુરુષરત્નનો ધરી સમાગમ ધન્ય ધરે આવી સુરખી!

અલી સુભદ્રા, મારા ભાગ્યની અદેખાઈ કરવાનું તારે કાંઈ કારણ નથી હોં! મારા સ્વામી છે તે મારા ઉપર સ્નેહ નથી રાખતા; મારા ઉપર સ્નેહ રાખે તે મારો સ્નેહી તો ખરો જ પણ તેના ઉપર સ્નેહ રાખવાનો મને અધિકાર નથી. એટલે હું નહીં સ્વામીની ને નહીં સ્નેહીની!

X સ્વામી શોધે બીજીને, તજી મને
સ્નેહી શોધે મને, તજીને મને!
શોધે સ્નેહી તે વ્યર્થ, એને નહીં મળું;
દેહ દીધો સ્વામીને પાછો ક્યમ લઉં?
તજે સ્વામી તો યે સ્વામી દેહનો;
તજે નહીં જ સ્નેહીયે બંધ સ્નેહનો.
તજું જો હું નકામા મારા દેહને
ભસ્મ એથી કરું હું જો આ સ્નેહને,
સરિત! સ્નેહીનો સ્નેહ ભુલાવજે!
એને જીવતો ગમે તે કરી રાખજે.
તારે તીરે આવીને કદી એ રુએ
એનાં ઊનાં આંસુ, ઓ નદી, તું લુએ;
તારી રેતીમાં આવી એ ઊભો રહે,
મારું નામ જપે ને આંસુડાં વહે;
પડ્યો એકલો વિચાર મારા એ કરે,
રોતો રોતો રેતીમાં પડીને સૂએ;

તારા પાણીમાં પેલી નાહશે એ કદી,
પડ્યો વિચારે ઘસડાશે તારા વેગથી;
નદી! દયા એવે તે સમે લાવજે
હૈયાસૂના સ્નેહીને ઉગારજે.
ઊભો ઊભો, નદી, એ તારા નીરમાં
સારી આંસુ ભેળવશે ઘડીકમાં;
લખશે આંગળીએ નીરના પ્રવાહમાં.
મારા નામના અક્ષરને વિચારમાં.
મારા ઉપર એવું તે એનું વ્હાલ છે.
મારે માટે એવા તે એના હાલ છે.
પુરો શ્રીમાન ને વિદ્વાન એ,
મારી પ્રીતમાં ખુએ છે વાન સાનને.
શાણો મારે સારુ એ ગાંડો થયો,
કવિતા મારી કરવાને વનમાં ગયો.
નથી સાંભળી શકતી હું એની વાતને,
માટે અથડાવે રત્ન જેવી જાતને.
ઊભરા કાઢે વનેચરન કાનમાં,
લખે પ્રેમની કવિતા ઝાડપાનમાં.
નદી, એવું એવું હું, જાણી, જોઈ રહું,
એનાં આંસુ વહે તે વહેવા દઉં,
કરું વહાલો કૃતઘ્ન મારા જીવને,
લાય લાગતી નથી આ શરીરને;
શોધ કરતી નથી હું વ્હાલા સ્નેહીની,
ઝાળ જંપાવતી નથી દિવ્ય દેહીની,
મને લેજે, માટે, તું નિજ નીરમાં,
*વહેંચી દેજે શરીર — શબ * મીનમાં."*

કુમુદસુંદરીનું હૃદય આમ નિરંકુશ થઈ દ્રવતું હતું. શરીરના સ્વામીનું સામ્રાજ્ય શરીર ઉપર જ રાખી, તેણે બહારવટે મોકલેલું કોમળ હૃદય હૃદયના સ્વામીની પ્રીતિ અને દશાના સંકલ્પોથી આમ ઉન્માદાવસ્થા ભોગવતું ઉત્કટ થતું હતું, તે કાળે તેનું શરીર તીરની ઊંચી ભેખડરૂપ આસન ઉપર અને આકાશરૂપ છત્ર નીચે દિવ્ય પ્રતિમા પેઠે સ્તબ્ધ હતું. નદી ઉપર વળેલી નેતર પેઠે—નાજુક વેલી પેઠે—તે ઘણીક વાર સુધી આમ ઊભી રહી. ચંદ્રગોળ નદી ઉપર આકાશમાં લટકી રહે તેમ એનું શોકના શાંત તેજથી તેજસ્વી અને નિશ્ચેષ્ટ મુખ અધ્ધર નીચું વળી નદીમાં પોતાના પ્રતિબિમ્ખને જોતું હોય એમ લટકતું હતું. નદી ઉત્તરમાં કાંઈ સામો આલેખ પ્રતિબિમ્ખરૂપે લખી રહી હોય એમ કુમુદને લાગતું હતું. નીચે આરસનાં જેવાં પગલાંને અગ્રભાગે રહેલી નખ—કળીઓ અને ઉપર ઉઘાડા રહેલા મુખની ઉજ્જ્વળ દંતકળીઓ, એ બે પોતાની વચ્ચેના શરીરને ઊંચકી જનારી પાંખાંનાં પિચ્છાગ્ર હોય એમ, સામસામી ઊભી રહી કંઈક સંકેત કરતી દેખાતી હતી.

આ સમયે સર્વનો ઉલ્લાસ પૂરો થઈ ગયો હતો; સર્વ કાંઈક શાંત થયાં હતાં; અને હવે વાધવાની તૈયારી કરવાની સૂચના ક્યારે થાય છે તેની વાટ જોતાં હતાં. માનચતુર પણ એવી સૂચના કરવાના જ વિચારમાં તીર ઉપર તરવાને ટેકી ઊભો હતો. શંકર એની એક પાસ ઊભો હતો ને કુમુદસુંદરી ઊભી હતી તે જગાની નીચેની ભેખડો ભણી તાકીને જોઈ રહ્યો હતો.

આમ સૌ સ્વસ્થ અને શાંત હતાં તે વચ્ચે એકદમ શંકર કૂદ્યો અને શિકારી ગરુડ પર્વતના શિખર ઉપરથી અચિંત્યો પૃથ્વી ઉપર જાય તેમ શંકર નદીમાં ઊડી પડ્યો. “શું થયું?”, “શું થયું?” કરી સર્વ ત્યાં આગળ ગયાં તો નદીના પ્રવાહમાં પુલ ભણી ત્રણ જણ ખેંચાય— આગળ અર્ધી ડૂબતી કુમુદસુંદરી, પાછળ તરતો બહારવટિયો પ્રતાપ અને તેની પાછળ લાંબા વામ ભરતો બળવાન શંકર! બીજા એકબે માણસ પાછળ પડ્યા. પણ નદીનો વેગ એટલો હતો કે તે પાછળ રહ્યાં ને આગળના ત્રણ માણસ ને તેમની વચ્ચે ઘણું અંતર પડી ગયું. માનચતુરને નદીમાં પડવાનો વિચાર વીજળી જેવી ત્વરાથી જેવો થયો તેવો જ તરત તે વિચાર ખોટો લાગતાં બંધ થઈ ગયો. આ નદીમાં પાછળ પડવાથી પાછળ પડી જવાનું નક્કી ને કુમુદ હાથમાંથી જતી રહેવાની. પુલની પેલી પાસ કુમુદ ખેંચાય તે પહેલાં ત્યાં જઈ સામેથી નદીમાં પડવા માનચતુર ઘોડા પર એકદમ સવાર થઈ દોડ્યો. બીજાં માણસ પણ પોતપોતાની બુદ્ધિ પ્રમાણે વર્તવા દોડ્યાં. નદી અર્ધા ગાઉ સુધી વાંકી વળી પાછી વળતી હતી. તે સ્થળે સામા પડવા બેચાર સવાર દોડ્યા. બે જણ મનહરપુરી દોડ્યા.

રથ એમનો એમ રહ્યો. ગાડીવાન સુવર્ણપુરનો હતો અને પ્રમાદધનની ખાનગી વાતોનો કંઈક ભોમિયો હતો. કુમુદસુંદરી ઊભી હતી ત્યાં એ ગયો ને ચારેપાસ તથા નીચે નદીમાં જોયું. આગળ કુમુદસુંદરી અને પાછળના

સર્વ માણસ એક પછી એક જોતજોતામાં પુલ તળે પાણીમાં તણાઈ અથવા તરી દૃશ્ય થઈ ગયા. જ્યાં કુમુદસુંદરી ઊભી હતી ત્યાં આગળ તપાસતાં ગાડીવાનને શંકા થઈ કે ભેખડ ભાંગી પડવાથી પગ સરતાં ભાભી પડી ગયાં હશે કે બહારવટિયે પગ ખેંચી ઘસડ્યાં હશે કે ભાઈથી કંટાળી આપઘાત કર્યો હશે? તેને કંઈ સૂઝ્યું નહીં, જાજમ સંકેલી ગાડીમાં નાખી, કુમુદસુંદરીની ગાંસડી ને કાગળો એકઠા બાંધી રત્નનગરીનો એક સવાર રથ જોડે રહ્યો હતો તેને આપ્યાં, ને કહ્યું: "આ ગુણસુંદરીને આપજો. સુવર્ણપુર લઈ જવાનું કામ નથી. આપણે પુલ આગળ વાટ જોઈએ છીએ. નદીના વેગ આગળ મને કાંઈ આશા પડતી નથી. જો ઈશ્વર સામું જુએ તો તો સૌ સારાં વાનાં છે તો મનહરપુરી જઈશું. જો વિપરીત થશે તો હું સુવર્ણપુર જઈશ—તમે આ ગાંસડી લઈ મનહરપુરી જજો. સમાચાર મળે ત્યાં સુધી થોભવું."

સવાર આંખો લોહતો લોહતો ગાંસડી લઈ ઘાડે ચડ્યો. ગાડીવાને બળદ જોડ્યા ને નિ:શ્વાસ મૂકી બંને જણ પુલ આગળ રસ્તા વચ્ચે ઊભા ને કુમુદસુંદરીના ગુણ સંભારવા લાગ્યા. સવાર કહેવા લાગ્યો: "અરેરે, બહારવટિયાને સૌ પૂરા પડ્યા ત્યારે આમ થયું! નાનપણમાંથી આવું શાણપણ!—કુમુદસુંદરી તો કોક અલૌકિક કારમો જ અવતાર! એ તે મૃત્યુલોકને કેમ છાજે! જ્યાં જાય ત્યાં એને પગલે પગલે લક્ષ્મી! બોલે તો જાણે મોતી ખરે! ભાઈ એ તો સાક્ષાત્ જગદંબા જ! બુદ્ધિધનભાઈએ શઠરાય જેવાને મા'ત કર્યો તે એની જ શક્તિથી!" ગાડીવાન બોલ્યો: "ખરી વાત છે, ભાઈ! એનામાં મહામાયાનો અંશ તો ખરો. આવાં અલકબહેન તે પણ ભાભીસાહેબને પગલે પગલે ભમતાં. એમણે તો ચારે પાસ કોઈ માયાની જાળ નાખી હોય નહીં એમ જે એમને જુએ તેનો એમના ઉપર ભાવ થઈ જતો. બુદ્ધિધનભાઈ પણ એમ જ જાણે કે કુમુદસુંદરી તે શી વાત! એનાં પગલાં તો દૂધે ધોઈને પીએ એવાં! એમને પેટે તો અવતાર લઈએ એવા એમના ગુણ! જો એમનો પત્તો જ ન લાગ્યો તો ગજબ થશે. ઓ ભગવાન! એમનો વાંકો વાળ થવા દઈશ નહીં ને ગમે તેમ કરી હતાં એમનાં એમ અમને પાછાં સોંપજે. અમે પાછા જઈ શું મોં દેખાડીશું?"

સરસ્વતીચંદ્રને જોગી લોક લઈ ગયા ત્યારે કુમુદને આમ નદી લઈ ગઈ. બેના માર્ગ જુદા હતા; દિશા એક હતી. અનેક આંખો એમની પાછળ ખેંચાતી હતી અને એમના માર્ગ શોધતી હતી. પણ દૈવની ઇચ્છા કઈ દિશામાં દોડે છે તેની તો માત્ર કલ્પના જ હતી.

---

* "આવો આવો જશોદાના કા'ન કે ગોઠડી કરીએ રે
ડી વૃન્દાવનની કુંજગલનમાં ફરીએ રે." — એ રાગ.

* કંઠ એટલે ગળું અથવા કિનારો.

x સનખલપુર સાચાં મા બહુચરા—એ રાગ, * માછલાંમાં

સરસ્વતીચંદ્ર

ભાગ ૩

રત્નનગરીનું રાજ્યતંત્ર

PREFACE

With the third Volume this narrative enters upon a different phase of its career. It still continues to be a mosaic of even bleding of the actual and the ideal aspects of our life in these days, but the latter, henceforth, begin to acquire a distinct predominance over the former. It is eleven years since the first volume was published, and the progress of the reading classes during the interval has been equal to the writer's aspiration to interest them in the principal problems of the day.

This and the suceeding volume will bring this tale to a close. the labours of the writer will be sufficiently rewarded, if his book will have stimulated, among the various classes of our society, and abiding interest in some of the great questions that make the young and the old in the country thrill with interchanging hopes and fears in all the varied matters which make up our life, and if it can enable them to follow with patience the solution wich society in evolving upwards along a slow but sure gradient in relation to each of these pressing questions.

Each one of these problems is complicated and difficult, and the writer of a novel cannot a be expected to do it the justice which a scientific or philosophical essayist can struggle for. An artist - and a novelist is no more-can only hope to give that simplicity to problems which the passive reader creaves for, to bring out for his gaze the fascinations of their lights and shades so as to recreate and not tax his eyes, and yet to hope that, humble as this province of the writer is, he was. At the same time it is no object of the writer to do so with that partisan spirit which may fairly find room in polemical essays where he who has formed his convictions must strive to force them upon the erring world. To the artist the world is not so much a mass of errors as a prospect of beauty, even where it errs; and he can simply propose to draw upon the resources of hsi own soul to

enlarge the vistas which he is picturing, only with a view to add to the beauty, and not to the logic, of his work. As the Athenian believed, his beauty carries a silent logic more potent than reason and her quarrelsome ways.

What these problems are, is a matter best left to the text itself. In the preface on can only attempt to introduce. Well, we are at present undergoing strange transitions in matters domestic, Social, religious, political, and what not? what with the laden atmosphere of our domestic difficulties, what with the currents of our social ideals and forces, what with the many - tongued voices of the religions which a multiform and party - coloured nation is singing into our ears, what with the constant upheavals of new and jarring worlds of political entities and nonentities rising within one's view whether he locates himself in one of the native states or in any place in British India, one, standing in the midst of all this, in siply tempted to wish, like Cowper, 'for a lodge in some vast wilderness', of for a transmigration back into the dody of some quiet and retired Rishi of antiquity.

This universal jar and noise casts a gloomyu shadow over many a wistful eye and disconcerts many a well-built hope. We shall leave it to other fields of learning to settle with conviction whether the world in India will survive this deluge of conflict or not, and we may be sure that, even in discussing that, men will differ and fall to quarrelling. The only place, where we may safely look for a peaceful picture in spite of all atransient facts, is art and poetry. In the several volumes of this tale, the landing-places of our relief are sought to be pictured. we hope to travel a good deal in the midst of these regions. But progress and Harmony at home, in society, in religion, and with Government, both in and outside British India peer overhead in the postulate fundamental to our perspective. To look at these two cherubs of beauty and hope as they look at us, is at least a vision of glory and happiness and what is vison to - day may be reality to - morrow.

True it is that the realization of this vision of the future taxes our patience, and we may never live to see it. Well may one grumble with the poet.

* "When will the hundred summers die
And thought and time be born again,
And, newer knowledge drawing nigh,
Bring truth that sways the soul of men?
Here all things in their place remain,
As all were ordered, ages since.
Come, care and pleasure, hope and pain,
And bring the fated fairy prince."

* Tennyson's Sleeping Palace

But after all we may also have the privilege of seeing with him

"Faint shadows, vapours lightly curl'd
Faint murmurs from the meadows come,
Like hints and echoes of the world
To spirits folded in the womb.'

The vision in not altogether a dream. Transient hours will come and go. But the student of permanent elements and constant factors will be able to trace the birth and growth of an inward homogeniety in what is hererogeneous on lines which may not satisfy either theoretical, revolutionary and precipitate visionaries and reformers, or those who on the other hand wish to give an eternal rigidity to the to-day whether of belief or of power and to dam out the influx of a sure will be the modus operandi of the elements that do and shall vivify individuals, societies and governments that forms of life, and our visions may be realized according to the

extent that they harmonize with this progress. lndian society and religions, orthodoxy and reform, visionaries and practical people, Indians and Englishmen, and even Government and states and subjects - all on Indian soil- must yielding to this process in this way and to this end, more or less, sooner or later.

Dear reader, more beeter left to the text.

Bombay

G.M.T .

1898

પ્રસ્તાવના

મનુષ્યના ભાગ્યમાં સંપત્તિવિપત્તિના પ્રવાહો અવળાસવળા વહન કરે છે, તેવું જ મનુષ્યસમૂહથી ભરેલા દેશોના ભાગ્યમાં પણ થાય છે. આ દેશને શિર પાછલાં બેત્રણ વર્ષથી પડવા માંડેલી બહુરંગી વિપત્તિઓ સર્વદૃષ્ટ છે તો તેના વર્ણનની પુનરુક્તિ આવશ્યક નથી. પણ એ જ વિપત્તિઓએ મુંબઈનાં મુદ્રાયંત્રોને અનેકધા ઘેરેલાં હતાં, અને એ જ કારણને લીધે ઘણા કાળથી મુદ્રાયંત્રમાં મોકલેલો આ લેખ માત્ર આ જ વાંચનારના હાથમાં મૂકી શકાય છે. અનેક વિઘ્નોને અંતે આ કથાના ભાગે વાચકવૃન્દ પાસે રખાવેલું ધૈર્ય આ પરિણામને પામ્યું છે તો તે ધૈર્ય ગ્રન્થ સંબંધમાં અન્ય ઇષ્ટ વિષયમાં પણ સફળ થાય એ ઇચ્છા સ્વાભાવિક છે.

સરસ્વતીચંદ્રના આ ત્રીજા ભાગ પછી માત્ર ચોથો જ ભાગ રચવાની યોજના છે. ઈશ્વરની ઇચ્છામાં આ લેખના આયુષ્યની કલ્પના હશે તો ઉક્ત યોજના પાર પાડવાની માનુષી કલ્પના તો છે જ. એ કલ્પના સિદ્ધ થાઓ અને સર્વ વાચકવૃન્દનાં આયુષ્ય એને સફળ કરો એવી ઈશ્વરને પ્રાર્થના છે. આ કથાની મૂળ પ્રોત્સાહિની અને લેખકની પ્રિય ભગિની અ. સૌ. સમર્થલક્ષ્મી ગ્રન્થની સમાપ્તિ સુધી આયુષ્યમતી રહી શકી નથી અને તત્સંબંધમાં તેની વાસના તૃપ્ત ન કરાતા બન્ધુભાવે અર્પેલી જોડેની નિવાપાંજલિ લખવાનો આ લેખકને ભાગ્યદૈન્યથી અત્ર પ્રસંગ આવેલો છે. પ્રિય વાંચનારા! આવા પ્રસંગને અનુભવકાળે તારે માટે ઉપર કરેલી પ્રાર્થનામાં જે આશીર્વાદનો ઉદ્ગાર અંતર્ગત છે તે તને ઇષ્ટ હો!

આ કથાના ચોથા ભાગમાં આ ગ્રન્થની પૂર્ણાહુતિ કરવા ધારી છે. પ્રથમ ભાગની પ્રસ્તાવનામાં ગ્રન્થનો સાધારણ ઉદ્દેશ જણાવ્યો હતો. આ પ્રસ્તાવનામાં કંઈક વિશિષ્ટ ઉદ્દેશ જણાવવા અવકાશ છે.

સંસ્કુત અને અંગ્રેજી ભાષાઓના મહાન અને સમર્થ ગ્રન્થકારોની જ્વાલાઓ આ દેશની પ્રજાને અનેકધા લાભકારક છે. પણ એ જ્વાલાઓમાં આધુનિક પ્રજાનું સર્વ પ્રકારે તાદાત્મ્ય થવું સુલભ નથી. કારણ અંગ્રેજો અને દેશીઓ વચ્ચે વિચારઆચારમાં જેમ અનેકધા ભેદ છે તેમ સંસ્કૃતવિદ્યાના અને આજના આપણા કાળ વચ્ચે પણ વિચારઆચારમાં અનેકધા ભેદ છે, અને એવા ભેદમાંથી ગાળી કાઢી એ ભાષાઓના સત્ત્વનો કેવળ અનુકૂળ રસ ચાખવો એ સર્વથી બનતું નથી. આપણી પ્રજા, આપણો દેશ, આપણો કાળ, આપણા વિચારઆચાર અને આપણા આધિઉપાધિ: એ સર્વનાં વર્તમાન ચિત્ર વચ્ચે ઊભા રહીને, આપણી ભાવિ પ્રજાનું એ જ વિષયોના રંગથી ભરેલું કલ્પિત ચિત્ર આલેખવું એ આ કથાનો એક વિશિષ્ટ ઉદ્દેશ છે. કલ્પિત ચિત્ર પ્રમાણે જ ભવિષ્ય બંધાશે એવો સિદ્ધાંત મનુષ્યથી બંધાય એમ નથી. એ ચિત્ર તો

માત્ર વ્યાપારી ભવિષ્ય લાભહાનિની વ્યર્થાવ્યર્થ કલ્પના કરે તેવી કલ્પના જ છે. ચિત્રની એક છાયામાંથી બીજી છાયામાં થતી સંક્રાન્તિ ક્રમે ક્રમે પરખી કાઢવી અને તેની શુદ્ધિ-અશુદ્ધિની કલ્પના કરવી એ વિદ્વાન વાચકોનું કર્તવ્ય છે. આ ચિત્રલેખનો ઉપક્રમ તો એ છે કે સર્વ છાયાઓનું સંક્રમ નશ્વર ગણી તેમની મેળવણી કરી નાંખવી, સર્વ છાયાઓનું સહચરિત પ્રતિબિંબ એક આદર્શમાં પાડવું અને સંક્રમને અંતે ત્રિવિક્રમ પેઠે અવતરનાર અને વિક્રમ પામનાર ભાવિ યુગની જન્મકુંડળી જેવી છાયા આલેખવી.

આ કાર્યમાં, ચિત્રને અંગે ગૌણ પણ અન્યથા પ્રધાન ઉદ્દેશ એક એવો છે કે અનેકરંગી સંપત્તિવિપત્તિઓમાં ડૂબતાં અને તરતાં આર્યઆર્યા-ગણનાં હૃદયોને કોઈક જાતનું દેશકાળને અનુકૂળ ઉચ્ચગ્રાહી અવલંબન દર્શાવવું. એ ઉચ્ચગ્રાહ કઈ ભૂમિકાઓમાં થાય એમ છે? કુટુંબજાળોની ગાંઠોમાં ગૂંચવાયેલા ગંઠાઈ ગયેલા ઘેરઘેર અનુભવાતા પણ પરસ્પરથી ગુપ્ત ગૃહસંસારોમાં, મનસ્તાપથી એકાંતમાં પીડાતાં નાની મોટી વ્યક્તિઓનાં મિત્રશૂન્ય હૃદયોમાં, આત્મસત્ત્વના અને લોકહિતના ઉચ્ચાભિલાષી પણ સાધનહીન જનોના- સમુદ્રતરંગના જેવા- ઉછાળાઓમાં, અંતર્વ્યાધિથી પીડાતાં દેશી રાજ્યોમાં, વિકસતા અંતગર્ભને સંકોચાવતા -પણ નવીન પ્રાણનું આધાન કરાવવા સમર્થ — અંગ્રેજી સત્તારૂપ પક્ષિણીના ભાર નીચે સેવાતા સુવર્ણઅંડમાં, હિરણ્યગર્ભ પેઠે બંધાતા (દેશી રાજાઓ, પ્રધાનો, વ્યાપારીઓ, કૃષિ-આદિ કલાના પ્રવીણ વર્ગો, દેશવત્સલ વિદ્વાનો આદિ અવયવવાળા) ગર્ભદેહને — સૂક્ષ્મ આત્મસ્વરૂ પના બળથી તથા વિકાસકાળે-થતા ઉલ્લાસોમાં અને અંડભિત્તિના બળથી એ જ ગર્ભને થતા સંકોચની વેળાએ થતા અવસાદોમાં તેમ જ એ વિકાસ અને સંકોચની પરસ્પરસંઘટ્ટક મન્થનક્રિયાઓને કાળે થતી પ્રસવવેદનામાં, આર્યાવર્તની પ્રાચીન અને સાત્ત્વિક વિદ્યાઓ તથા યુરોપની નવીન અને રાજસી વિદ્યાઓના વિસંવાદી સંગ્રહ પ્રદર્શનમાં, અને આ દેશના અનુભવને અનુકૂળ થતાં કાળક્રમે રૂઢ થયેલા — રૂઢિરૂપ થયેલા વ્યવસ્થારક્ષક લોકાચાર અને પરદેશી સંસ્કારોથી ઉદય પામતા અને નવા યુગના ચમકારાથી ચમકાવનાર સ્વતંત્રતાવિકાસ પાશ્ચાત્ય **આચાર:** એ ઉભય આચારના વેગના — ગંગાયમુનાના જળના જેવા — નવીન ગુણોના ઉદ્ભાવક સંગત પ્રવાહોમાં: એ સર્વ ભૂમિકાઓમાં વર્તમાન સંક્રાન્તિકાળની તીવ્ર અને ઉગ્ર સંક્રન્તિથી થતી કષ્ટમયી દુ:સ્થિતિ સુદૃશ્ય છે. તેવી જ રીતે એ સર્વ ભૂમિકાઓમાં, આ આવા કાળનાં કષ્ટોના ભ્રામર વચ્ચે વર્તમાનથી વ્યાકુળ અને ભવિષ્યથી ક્ષણમાં ઉદ્વિગ્ન અને ક્ષણમાં મોહિત ચિન્તાઓની ભીડાભીડના દબાણ વચ્ચે સર્વસંગ્રેહી ઉદારતાનાં અને સારસંગ્રહી બુદ્ધિનાં તેમ જ ઉચ્ગ્રાહી ઉદાત્તતાનાં ઉદય પામતાં થોડાં પરંતુ ચિરંજીવ કિરણ પણ દૃષ્ટિગોર થતાં જણાય છે. એ સંક્રાન્તિનું વર્તમાન ચિત્ર અને એ કિરણોનું ભાવિ ચિત્ર એ ઉભય આ કથાના ચારે ભાગનો એક પ્રધાન ઉદ્દેશ છે.

સંક્રાન્તિકાળના આ ખગ્રાસે મોહમાં અને શોકમાં પડેલાં જૂનાં અને નવાં, તરુણ અને વૃદ્ધ, અશિક્ષિત અને શિક્ષિત, અજ્ઞ અને પ્રજ્ઞ, દીન અને સમર્થ, ભ્રષ્ટ અને શિષ્ટ, સર્વ ચિત્તોમાં મોક્ષકાળનાં આ ઉદયમાન કિરણ પ્રવેશ પામે અને અવિચારને સ્થાને વિચાર, અને અવસાદને સ્થાને ઉત્સાહ પ્રવર્તે — એ આ કથાના સર્વ ભાગોના સર્વ ઉદ્દેશોનો કેન્દ્રસ્થ ઉદ્દેશ છે. ચોથા ભાગમાં આલેખવા યોજેલા સરસ્વતીના મનોરાજ્યની પૂર્ણાહુતિ સાથે બે ઉદ્દેશોનો ઉદ્દેશ અંશતઃ પણ સિદ્ધ થાઓ એવી આ લેખની એષણા છે. *'किं बहुना? मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयो:'* એ શાસ્ત્રવચનનો અનુભવ જ સુખસાધક છે અને પ્રિય વાચકવર્ગની સર્વશક્તિઓનાં અને વાસનાઓનાં પાત્ર તેમનાં મન જ છે, તો એ પાત્રોમાં એ સુખ સિદ્ધિ થાઓ અને *इष्टं धर्मेण योजयेत्* એ આજ્ઞાને અનુસરી અને સર્વ વાચકોને ઉદ્દેશી લખેલી આ કથા છે તે કથારૂપ નિમિત્તથી, ઇષ્ટ વાચકજન સુખધર્મથી યુક્ત થાઓ, અને એ ઇષ્ટ, એ પાત્ર અને એ ધર્મ, એ ત્રણેનો શુભ યોગ પરિણામ પામતાં,

सर्वस्तरतु दुर्गाणि सर्वो भद्राणि पश्यतु /

सर्व: कामानवाप्नातु सर्व: सर्वत्र नन्दतु //

મુમ્બપુરી

ગો. મા. ત્રિ.

વિક્રમાર્ક

૧૯૫૪

“But the age of chivalry is gone, that of sophisters, economists, and calculators has succeeded; and the glory of sophisters, economists, and calculators has succeeded; and the glory of the country is extinguished for ever. Never, never more shall we behold that generous loyalty to rank and sex, that proud submissin, that dignified obedience that subordination of the heart which kept alive, even in servitude itself, the spirit of an exalted freedom. The unbought grace of life, the cheap defence of nations, the nurse of manly sentiment and heroic enterprize, is gone! It is gone, that sensibility of principle, that chastity of honour, which felt a stain like a wound, which inspired courage whilst it mitigated ferocity, which ennobled whatever it toucuhed, and under which vice itself lost half its evil, by losing all its grossness.’

- EDMUND BURKE

૧. સુન્દરગિરિના શિખર ઉપર

અન્નપૂર્ણાના પ્રતાપના અનુભવાર્થીને તેના પ્રસાદનો અનુભવ થયો. અંધકાર અને અરણ્યમાં અશરણ શબઅવસ્થાના અનુભવને અંતે, ભયંકર વનચરોની ગર્જનાઓ વચ્ચે મરણમૂર્છાએ આપેલી બધિરતાને અંતે, મહાસર્પે આપેલા મરણભાનને અંતે, સરસ્વતીચંદ્રને બાહ્ય ભયમાંથી તારનાર જોગીલોક લઈ ગયા. ભૂમિશય્યા છોડાવી મોહનપુરીએ પોતાના ખભા ઉપર શય્યા આપી. ભયંકર અંધકારમાંથી બહાર કાઢી ભયંકર દાવાગ્નિના પ્રચંડ ભડકાઓ વચ્ચે થઈને એને લીધો. સુન્દરગિરિના ઠેઠ યદુશૃંગ નામના શિખર ઉપર જોગીઓનો મઠ હતો. પૃથ્વીથી એ મઠ સુધી ચડવાનો ઊભો સાંકડો આડોઅવળો માર્ગ અનેક પથરાઓ અને ખડકો વચ્ચે થઈ ઊંચો ચડતો હતો. સાધારણ મનુષ્યને એટલે ઊંચે ચડતાં શ્રમ પડતો અને શ્વાસ ચડતો અને તે છતાં બે કલાક એ માર્ગ કાપવામાં જતા. ગુરુજીની ગાડી તળેટી ઉપર એક મઠ આગળ તેમાં રહેનારાઓને સોંપી ગુરુજી સહિત સર્વ જોગીઓ આ સુન્દરગિરિ પર કલાકમાં જોરભેર ચડી ગયા. એકબીજા વચ્ચે ખભાફેર કરી તેમણે સરસ્વતીચંદ્રને પણ ઉપર લીધો. મધ્યરાત્રિ વીત્યા પછી એક વાગ્યે સર્વમંડળ મઠ આગળ પહોંચ્યું. જેમ જેમ સૌ ઉપર ચડ્યા તેમ તેમ ટાઢ વધવા લાગી, અને ઉપર ચડી રહ્યા તેની સાથે સરસ્વતીચંદ્રને ચૈત્ર માસ છતાં ઘણી ટાઢ વાવા લાગી: પર્વત ઉપરની એ ટાઢે એના શરીરને સચેત કર્યું અને એના પ્રાણમાં નવા પ્રાણ મૂક્યા. અન્નપૂર્ણના પ્રસાદની વૃષ્ટિ થતાં પહેલાં તેનો મેઘોદય થતો હોય તેમ સરસ્વતીચંદ્રનો શ્રમ ઊતરી ગયો, ઊંચકનારને ખભેથી પોતે ઊતરી પડ્યો, વિસ્મય તેમ આનંદથી ચારે પાસ દૃષ્ટિ ફેરવવા લાગ્યો, અને આ વિચિત્ર પવિત્ર સ્વપ્નના તાત્પર્યનો મર્મ અંતરમાં શોધવા લાગ્યો.

એને જાગ્રત થયેલો જોઈ જોગીઓ ખુશ થયા, એની ચારે પાસ વીંટાઈ વળ્યા. ગુરુજી મઠમાં પધાર્યા હતા અને મઠના દ્વારમાંથી દીવાનો મંદ પ્રકાશ બહાર આવી સરસ્વતીચંદ્રના મોં ઉપર પડતો હતો. મોહનપુરી એને વાંસે હાથ ફેરવી આતુરતાથી પૂછવા લાગ્યો: ‘કેમ ભાઈ, તમે બરાબર જાગ્રત થયા? તમારે શરીરે સુખ છે?’

આ સ્વપ્ન કે જાગ્રત છે તે વિશે સંશયમાં પડેલા સરસ્વતીચંદ્રે ઉત્તરમાં પ્રશ્ન પૂછ્યા: ‘તમે સૌ કોણ છો? આ કયું સ્થાન છે? અહીં કોનું રાજ્ય છે? હું અહીં શી રીતે આવ્યો? આ સ્વપ્ન છે કે જાગ્રત છે?’

મોહનપુરી બોલ્યો: ‘ભાઈ! આ આત્માનું સ્વપ્ન છે, પણ માયાનું જાગ્રત છે; તું તો આવ્યો પણ નથી અને ગયો પણ નથી. પરંતુ તારા શરીરને અમે જંગલમાંથી આણ્યું છે; કૃષ્ણપરમાત્માના રાજ્યમાં સર્વ સમાન છે, પણ આ ચર્મચક્ષુના પ્રદેશનો ધરતીપતિ મહારાજ મણિરાજ છે. અમે ને તમે એક જ છીએ અને એ સર્વનું સ્થાન એક છે, પણ જે પ્રદેશ

પર આ સર્વ ચરણ ઊભા છે તેને મનુષ્યો સુન્દરગિરિ કહે છે. આ સુન્દરગિરિ પર્વત ઉપર વિષ્ણુદાસ બાવાનો મઠ છે અને આ સર્વ ગોસાંઈઓ એ મઠના આશ્રિત છીએ. પણ તમે કોણ છો?' ગુરુજીએ વરતેલું ભવિષ્ય ખરું છે કે ખોટું તેની પરીક્ષા કરવા મોહનપુરી આમ બોલ્યો, તેનું પ્રયોજન સર્વ ગોસાઈઓ સમજી ગયા અને આતુરતાથી ઉત્તરને વાસ્તે ઉત્કંઠિત થયા.

જાગેલો પણ શ્રમ અને ક્ષુધાથી ઊંઘતા જેવો સરસ્વતીચંદ્ર આ પ્રશ્નોથી ચકિત થઈ ખરેખરો જાગ્યો. ચારે પાસ બાવાઓનું ટોળું જોઈ, તે વચ્ચે પોતાને ઊભેલો જોઈ એ પણ સમયસંવાદી થઈ બોલ્યો: 'સત્ય છે. આ અંધકારમાં તો કહો છો એમ જ છે, અને હું કોણ છું તે જાણો છો તો ઉત્તર શું કરવા જોઈએ? લાંબી વાતનો સંક્ષેપ એટલામાં છે, પણ જો તમે મઠના અધિકારી હો તો પહેલી વાત એટલી કરો કે આ શરીરને કંઈ અન્ન આપો, અને નિદ્રા સારુ તસુ ધરતી આપો — તો પછી સ્વપ્ન અને જાગ્રત એક જ છે.'

ગોસાંઈઓ આ ઉત્તરથી તૃપ્ત થયા, ગુરુજીની પરીક્ષા સફળ થઈ સમજી આશ્ચર્ય અને આનંદમાં મગ્ન થયા, અને અંધકારમાં ગાજી ઊઠ્યા: 'શ્રી કૃષ્ણપરમાત્માકી જય! શ્રી રાધાકૃષ્ણકી જય!' સર્વ ગોસાંઈઓ માંહોમાંહ્ય ગુરુજીના ત્રિકાળજ્ઞાન ઉપર શ્રદ્ધા દૃઢ કરવા લાગ્યા અને ગુરુજીના અભિમત અતિથિનો સત્કાર કરવા તત્પર થઈ ગયા. વીજળી જેટલી ત્વરાથી મંદિરમાંથી તુલસીપત્ર સહિત પ્રસાદ લઈ એક બાવો આવ્યો, બીજો બાવો નિર્મળ જળભરેલો લોટો લાવ્યો, ત્રીજાએ એક લીંપેલી ઓટલી ઉપર લીમડાના વૃક્ષ નીચે ગોદડી પાથરી તે ઉપર નવી ધોયેલી ચાદર પાથરી અને કરચલીનું નામ પણ રાખ્યું નહીં, ચોથાએ નાનીસરખી તાપણી કરી ટાઢ અને અંધકારનો ઉપાય કર્યો, અને અંતે બોલ્યાચાલ્યા વિના અતિથિને અન્નતુષ્ટ કરી, નિદ્રાવશ કરી, સર્વ પોતપોતાને સ્થાનકે વેરાઈ ગયા. કોઈકે થોડીવાર ગાંજો ફૂંક્યો, કોઈકે શ્રમ ઉતારવા વાર્તાવિનોદ કર્યો, કોઈ નિ:શબ્દ નિશ્ચેષ્ટ થઈ જાગતા આકાશના તારા સામું જોતાં સૂતા, કોઈએ જરી વાર ભજન કર્યું અને સર્વ પણ અંતે સાથેલાગા નિદ્રાસમાધિમાં પડ્યા. માત્ર પવન કંઈક વૃક્ષોનાં પત્રોમાં ઝીણો શબ્દ કરતો હતો, એકલા તારાઓ ઝીણી દૃષ્ટિ કરી જોતા હતા; એકલી સૃષ્ટિ વિના સર્વ જડચેતન નિદ્રાવશ થઈ ગયાં — કંઈક જતાં રહેલાં લાગ્યાં. આખી સૃષ્ટિમાં કેવળ રાત્રિ રહી. રાત્રિ પણ ઝપાટાબંધ ચાલવા લાગી, અને પાછલી રાતના ચારેક વાગ્યા ન વાગ્યા, એટલામાં તો વહેલા ઊઠનારા જોગીઓ ઊઠવા લાગ્યા. વ્યાઘ્રાદિની પેઠે તેજમાં તેમ જ અંધારામાં જોઈ શકતી આંખોવાળા જોગીઓની અંધકારમાં આવજા થવા લાગી. એ ખડખડાટ ભડભડાટથી સરસ્વતીચંદ્રની નિદ્રા જતી રહી અને સૂતોસૂતો કાનમાં આવતા શબ્દોને આવવા દેવા લાગ્યો. એનાથી બેચારેક હાથને છેટે

સૂતેલા બે જોગીઓ પથારીમાં પડ્યા પડ્યા વાતો કરતા હતા તેમાં સરસ્વતીચંદ્ર લીન થયો.

‘ભૈયા, આ અતિથિ કોણ છે અને તમે ક્યાંથી આણ્યો છે? ગુરુજીનો એના પર શાથી પક્ષપાત થયો છે?’

‘કાલ રાત્રે જંગલમાં મૂર્છાવશ પડેલો જડ્યો તે ઊંચકી આણ્યો. ગુરુજીએ સમાધિમાં ભવિષ્ય વરત્યું છે કે એ મહાત્મા થશે અને એ પુરુષ આ મઠનો ઉત્કર્ષ કરશે. એની સાથે થયેલા પ્રશ્નોત્તર તો સાંભળ્યા કની?’

પોતે આ વાતનો વિષય છે અને પોતાને વિશે આ વરતારો થયો છે જાણી સરસ્વતીચંદ્રના મુખ ઉપર અંધારામાં પણ સ્મિત ફરક્યું. તેના મનમાં શબ્દ સ્ફુરવા લાગ્યા: ‘આ પણ વિચિત્ર ભૂમિ દેખાય છે, જ્યાં આમ વરતારા વરતાય છે અને તે ઉપર શ્રદ્ધા રખાય છે એમાં પણ કાંઈ જોવાનું હશે.’ જોગીઓની વાતે વિચાર બંધ પાડ્યા.

‘હા, ભૈયા, એની બુદ્ધિમાં કંઈ ચમત્કાર તો છે. ગુરુજી એને શું કરવા ધારે છે?’

‘એ તો હરિ જાણે. પ્રાત:કાળે એમનો સમાધિ પૂર્ણ થાય તે પછી એને એમની પાસે લઈ જવાની આજ્ઞા કરી છે. ત્યાં સુધી એની સેવા કરવાની આજ્ઞા છે.’

‘મને તો લાગે છે કે આપણા મઠનું રહસ્ય એને મોડુંવહેલું આપશે.’

‘તો જેવો અધિકાર. અલખ જગાવવો એ કાંઈ નાનીસૂની વાત નથી.’

‘જ્યારે આવો વરતારો વરત્યો છે ત્યારે આટલો અધિકાર તો હશે જ.’

‘રાધેદાસ! એ તો જે થવાનું હશે તે થશે. આપણી નિત્યકથા ચલાવો. સૂર્યોદય થતાં વાર નહીં લાગે.’

‘આજ શી ચર્ચા ચલાવશું?’

‘તને કાલનો કંઈ વિચાર થયા કરે છે?’

‘હા.’

‘શો?’

‘ગુરુજી સાથે કાલ ભિક્ષા લઈ પાછા આવતા હતા એવે સંધ્યા થઈ, ત્યારે એક વડ નીચે પડાવ નાંખી વિશ્રામ લેતા હતા અને હું ગુરુજીની સેવા કરતો હતો: ત્યારે પોતે બે ચારેક મંત્ર બોલ્યા. તેનો અર્થ મેં પૂછ્યો ત્યારે બોલ્યા કે બચ્ચા, આજ નહિ, વિચાર કરી અધિકારી થા — રહસ્યશ્રવણનો તું આજ આટલો અધિકારી થયો; રહસ્યઅર્થનો અધિકારી તું થશે ત્યારે તેનું શ્રવણ કરાવીશ.’

'સાચી વાત છે. સર્વ અધિકારને અંગે છે.'

'હા, પણ તમને અર્થ અજાણ્યો નહીં હોય. ગુરુ અધિકારી વગર બીજાને દાન ન કરે, પણ હું તો તમારો સબ્રહ્મચારી છું.'

'સાચું બોલ્યો. આપણો તો પરસ્પર વિબોધનનો ધર્મ છે. બોલ જોઈએ એ મંત્ર શા છે?'

રાધેદાસ જરીક વિચારમાં પડી, સ્મરણ આણી, ધીમે ધીમે બોલ્યો:

'ગોકુલમાં' ગોકુલ ચરે, ગોમાલક ગોમાલ;

નંદસદન નંદન થઈ મધુરિપુ ભાસત બાલ.'

વિહારપુરી એકદમ પથારીમાં બેઠો થયો અને બોલી ઊઠ્યો: 'અહોહો! - એ મત્રનો અર્થ તો મને મળ્યો છે. મહાગંભીર અર્થ છે. એના રહસ્યમાં અત્યત ચમત્કાર છે. રાધેદાસ! ધન્ય ભાગ્ય તારો કે ગુરુજીએ મહાકૃપા કરી આ મંત્રનો તને અધિકારી ગણ્યો; આની સાથે બીજા મંત્ર પણ કહ્યા હશે.'

'બીજા ત્રણ મંત્ર કહ્યા.'

'કયા?'

રાધેદાસ પણ બેઠો થયો અને બોલ્યો:

'અવનિ અવનિ મધુપુરી, કૃષ્ણચંદ્ર અવતાર,

શેષભાર ઉતારીને કરત ધરની ઉદ્ધાર,'

સરસ્વતીચંદ્ર કંઈક કૌતુકથી સાંભળવા લાગ્યો. રાધેદાસ બીજા શ્લોક બોલ્યો:

'પારસસ્પર્શથી લોહનો થાય સ્વરૂ પવિનાશ;

દૈત્યરૂમ હરી, અમરતા કે જ સુદર્શનપાશ.

પામરમાં પામર દીસે ગોપાલક ગોમાલ;

કૃષ્ણ ભક્તિવશ ભાસતો બાલક અર્થે બાલ.'

'બસ, વધારે શ્લોક મને હાલ આપવા ના કહી.'

વિહારપુરી: 'યોગ્ય કર્યું. ગુરુનો આદેશ છે કે એમના મુખથી જેને મંત્રપ્રાપ્તિ થઈ હોય તેને સબ્રહ્મચારીએ અર્થપ્રાપ્તિ કરાવવામાં બાધ નથી; માટે સાંભળ. આ ચમત્કારિક મંત્રોનું રહસ્ય કહું છું તે અધિકારી વિના બીજાને આપવું નહિ. શાસ્ત્રના ઉપદેશ બે જાતના હોય છે: કેટલાક સર્વથી

સમજાય અને કેટલાક સંપ્રદાયનું રહસ્ય જાણ્યા વિના ન સમજાય. તરવારથી રક્ષણ પણ થાય અને કુપાત્રને હાથે ખૂન પણ થાય. માટે રહસ્યને અનર્થ અટકાવવાના હેતુથી કહ્યું છે કે અધિકાર વિના રહસ્ય પ્રગટ કરવું નહીં બાળક આદિ પાસે તરવારના મ્યાનને બાંધી રાખવું. હવે જે અર્થ બહારથી દેખાડવાનો છે તેનું નામ વાચ્ય અર્થ અને રહસ્યનું નામ લક્ષ્ય અર્થ. કૃષ્ણપરમાત્મા ગોકુળમાં ગાયો ચારતા એ તો માત્ર વાચ્ય અર્થ છે.'

'ત્યારે શું વાચ્ય અર્થ ખરો નહીં?' રાધેદાસ બોલી ઊઠ્યો.

'ના, ના, ખરોય નહીં અને ખોટોયે નહીં.'

'એ તો તમે દૂધમાં અને દહીંમાં બેમાં પગ રાખો છો.'

'એમ નથી. જો, કાંઈ સંકેતની વાત હોય તે સંકેત જાણનારાઓ દૂતમૂખે પરસ્પર કહાવે તો તેમાં કોઈ બાધ નથી, કારણ દૂધ સંકેત જાણતો નથી પણ મનમાં એટલું તો સમજે છે કે આમાં કાંઈ મર્મ છે તે સ્વામીએ કારણસર જ ગુપ્ત રાખ્યો હશે.'

'ઠીક.'

'હવે જો. ગો એ શબ્દના ઘણા અર્થ છે. ગો એટલે ગાય, ગો એટલે ઇન્તિય અને ગો એટલે પૃથ્વી. માટે ગોકુળ એટલે ગોકુળગામમાં ગોકુળ એટલે ગાયો ચરે એ વાચ્ય અર્થ, અને ગોકુળ એટલે પૃથ્વી ઉપરનાં કુળ એટલે મનુષ્ય આદિ જાતો છે તેમાં ગો એટલે ઇન્દ્રિયોનાં કુળ ચરે છે; આ એક પદનું રહસ્ય થયું.'

રાધેદાસ વિસ્મિત થયો. 'પછી?'

'ગોપાલક એટલે એ ગાયોને શ્રીગોપાળ પાળે. રહસ્ય એ કે ઇન્દ્રિયોને બ્રહ્માએ ઉત્પન્ન કરી તેને પાળનાર એટલે જગતની સ્થિતિને અર્થે પાળનાર એ તો ગોપાલ એટલે પૃથ્વીના પાળનાર શ્રીકૃષ્ણ જ કે નહીં? આ રહસ્ય.'

'ઠીક, ભૈયા! આ તો ચમત્કાર છે.'

'તો!' વિહારપુરી આગળ વધ્યો: 'નંદજીને ઘેર પુત્રરૂપે અવતરી મધુકૈટભમાંના મધુઅસુરને મારનાર બાળક દેખાય છે. દેખાય છે કહેવાનું કારણ એ કે વસ્તુત: બાળક નથી.'

'ત્યારે વાચ્ય અર્થમાં પણ આવો ભેદ રહેલો છે — દેખાય છે એટલે છે નહીં!'

'બરોબર. હવે નંદ કહેતાં પરમાનંદ-સચ્ચિદાનંદ, તેનું સદન આ બ્રહ્માંડ, તેમાં પુત્રરૂપે એટલે કાર્યરૂપે એટલે જીવરૂપે અવતરીને મધુરિપુ પોતે બાલ એટલે અજ્ઞાની ભાસે છે — સામાને અજ્ઞાની દેખાય છે — વસ્તુત: ગોપાલ જ્ઞાનરૂપ જ છે, આ રહસ્ય. સમજ્યો?'

'વાહ વાહ, વિહારપુરી! શું ગુરુજીએ રહસ્ય મૂક્યું છે? આના ઉપર તો બહુબહુ મનન કરવું પડશે. વારુ ચાલો.'

'મધુપુરી તે શ્રી મથુરાંજી તે અવનિરૂપ છે; ત્યાં શ્રીકૃષ્ણચંદ્ર વૈકુંઠથી અવતર્યા. હવે રહસ્ય સમજવા એમ લેવું કે અવનિ એટલે પૃથ્વી. તે કેવી છે કે દુષ્ટોના ભારથી અવનિ થાય છે એટલે દબાય છે ને નીચી જાય છે. તે મધુપુરી જેવી છે કે જ્યાં દુષ્ટ દૈત્યોથી પુણ્ય ઊતરવા લાગ્યાં. પૃથ્વીમાં કૃષ્ણચંદ્ર કારણબ્રહ્મમાંથી આવી પ્રગટ થયા. હવે પ્રગટ થવાનું પ્રયોજન શું? પૃથ્વીશેષને માથે રહેલી છે. શેષ શબ્દનું રહસ્ય કલ્પાય છે?'

વિચારમાં પડી અંતે ઊંડાણમાંથી બોલતો હોય એમ રાધેદાસ બોલ્યો: 'ના.' મહાભૂતનું પંચીકરણ કરી, આત્મા સ્થૂળ નહિ, સૂક્ષ્મ નહિ, કારણ નહિ, એમ કરતાં કરતાં જે બાકી રહ્યું તે શેષ ભાગ આત્મા. એ ઉપદેશ તો તે સાંભળ્યો છે કની?'

'હા.'

'હવે જેમ શેષનાગના ઉપર પૃથ્વીનો ભાર છે તેમ આ નેતિ નેતિ વાક્યથી જોતાં બાકી રહેલો શેષ આત્માને ઉપાધિનો ભાર છે. વેદાંતવાદી એમ કહે છે કે આ ઉપાધિરૂપ ભાર કાઢી નાંખવો અથવા ભસ્મ કરવો; આપણે અલખવાદીઓ એમ કહીએ છીએ કે આખી ધરતી ઉપાધિરૂપ છે પણ જ્યારે ગોપાલ શ્રીકૃષ્ણપરમાત્મા એની સંભાળ કરી પાળે છે તો આપણે પણ પાળવી, જે કાર્ય શ્રીકૃષ્ણને ગમ્યું તે ન ગમાડવાનો આપણને શો અધિકાર છે? જો એવા અધિકાર મનુષ્યરૂપ ઉપાધિને હોય તો તે ધરતીમાત્રનો નાશ થાય.'

'ત્યારે શું કરવું?'

'એમાં જ અલખવાદીનું મત જોવાનું છે તો! જેમ માટી ઉચ્ચ પરિણામ પામી અન્નરૂપ થાય છે અને અન્ન પ્રાણરૂપ થાય છે તેમ સર્વ ધરનારી આ ધરતી પણ શ્રીકૃષ્ણને હાથે ઉદ્ધાર પામે છે એટલે ઊંચી ઊંચી થાય છે, ઉચ્ચ પરિણામ પામે છે. જો દુષ્ટતા આદિને ભારે નીચી નીચી જાય તો શેષનાગને માથે ભાર વધે, તેમ પુણ્યઆદિથી ઊંચી ઊંચી લઈએ તો શેષના શિરનો ભાર હલકો થાય —'

'એટલે?'

'એટલે એમ કે માટી અને અન્નના ઉદ્ધારનાં દૃષ્ટાંત આપ્યાં તેમ ત્રણ જાતનાં શરીરરૂપ ઉપાધિને પણ શ્રીકૃષ્ણ ઉદ્ધાર આપે છે એટલે એ ઉપાધિના ભાર નીચે ચગદાતો જે શેષ આત્મા તેનો ભાર પણ ઊતરે છે!'

આંખો ઉપર હાથ મૂકતો રાધેદાસ બોલ્યો: 'ભૈયા, આ અર્થ કાંઈ એકદમ સમજાય એમ નથી. મારો શેષ તો આ રહસ્યના ભાર નીચે ચગદાય છે!'

હસતો હસતો વિહારપુરી બોલ્યો: ‘ઉસ શેષકા બી ભાર ગુરુપ્રસાદસે ઉતરેગા.’ હસવું છોડી બોલ્યો: ‘જો, ગભરાઈશ નહિ. અધિકાર વિના રહસ્ય ન આપવું તે આટલા જ માટે. હવે જ બીજા બે શ્લોક તેં કહ્યા તેનો અર્થ સમજીશ ત્યારે આનું રહસ્ય વધારે સ્પષ્ટ થશે.’

‘ના, બાપજી.’ બે હાથ ઊંચો કરી ભડક્યો હોય તેમ રાધેદાસ બોલ્યો: ‘આજ તો મારે વધારે રહસ્ય જાણવાનો અધિકાર નથી જોઈતો. વળી કાલ આ વખતે હું પૂછું ત્યારે સમજાવજો — તમારી મેળે વાત ન કાઢશો. આટલું ખાધેલું પચશે ત્યારે બીજું માગીશ, નીકર અજીર્ણ થાય.’

‘બહુત અશ્છા. ચાલ-ચાલ-ત્યારે આ પ્રકાશ થાય છે તે દંતધાવન, સ્નાન વગરે કરવા તરત ઊઠવું જોઈએ.’

‘આ અતિથિને પણ ઉઠાડશું?’

‘હાસ્તો!’

‘ભાઈ અતિથિ, પ્રાત:કાળ થવા આવ્યો છે માટે ઊઠો.’ રાધેદાસે અર્ધું વાક્ય ઉચ્ચાર્યું તે પહેલાં જાગતો સૂતેલો સરસ્વતીચંદ્ર બેઠો થયો.

અત્યારે હજી પ્રાત:કાળના પાંચ પણ વાગ્યા ન હતા, પરંતુ ચૈત્રમાસનો ઉતાવળો ઊગનારો દિવસ અને પર્વતનું શિખર, એટલે સ્થલસમયના પ્રસંગથી આછો આછો પ્રકાશનો પટ અંધકારને અંગ જોતજોતામાં ચડતો હતો. રૂપેરી તેજનો ચણિયો પૂર્વદિશા પગની પાની આગળથી પહેરવા માંડતી હોય અને ધીમે ધીમે ચણિયો ઊંચો ચડાવતી હોય તેમ પ્રાત:કાળનું પૂર્વગામી તેજ પૂર્વ ક્ષિતિજમાં જ ચડવા લાગ્યું. રાત્રિએ તારાટપકીવાળું એક વસ્ત્ર પહેરી સૂઈ રહેલી આકાશનારીએ પણ એ વસ્ત્ર બદલવા માંડ્યું. રાત્રિનાં શૃંગારરસના રસિક ચમકી રહેલા તારાઓ ધીરે ધીરે એક પછી એક કંઈક સંતાઈ જવા લાગ્યા. ટાઢના ચમકારા પણ સ્થલસમય ચૂક્યા નહીં ચારે પાસ અંધકારનો પડદો ત્રુટી જઈ કંઈક પડી ગયો હોય અને પાછળનો ગુપ્ત પ્રદેશ ઉઘાડો થઈ ગયો હોય તેમ દશે દિશાઓ અવનવી સામગ્રીથી ભરાઈ જવા લાગી. જ્યાં જુએ ત્યાં એકદમ અગણિત અનેકરંગી અનેક ભાતનાં ચિત્રોનો ભરાવો કરી દીધા જેવી પૃથ્વી થઈ ગઈ. કાલ જંગલમાં હતો તે આજ કાંઈક જાદુથી—ચમત્કારથી—પર્વત ઉપર આવી પડેલો હોય એવો સરસ્વતીચંદ્ર ચારે પાસ વિસ્મય અને હર્ષથી જોવા લાગ્યો. પરમ દિવસે જ રાણા ભૂપસિંહના દરબારમાં મગજને ગૂંચવાડામાં નાંખી ગભરાવે એવો ઠાઠ જોયો હતો તેથી વધારે ગૂંચવે અને ગભરાવે એવો ઠાઠ અત્યારે સુન્દરગિરિના આ અતિથિના નેત્ર આગળ — મન આગળ — ખડો થયો. સમુદ્રનાં અનેક ઊંચાંનીચાં મોજાં અચિંતાં ખસતાં બંધ થઈ, જડ થઈ, બંધાઈ ગયાં હોય એવાં અને એથી તો અનેક ગણાં મોટાં પણ એ મોજાં જેવાં જ કાળાં અને આકાર વગરનાં પર્વતનાં શિખરો ચારે પાલ ડોકિયાં કરતાં લાગ્યાં. આ વળી નવો વિચિત્ર પુરુષ કોણ આવ્યો છે તે

જોવાને આતુર આ સૌ ઊંચાં શિખર, મોટા ખડકો, અને ખડકોની હારો ને હારો પોતાને જોઈ રહેતાં હોય અને તેથી ગભરાતો હોય તેમ સરસ્વતીચંદ્ર સૌના સામું જોવા લાગ્યો, અને એ જોવામાં પાસે કોણ છે અને શું છે તેનું તો ભાન જ ભૂલી ગયો અને પાસે ઊભેલા કાળા પ્રચંડ બાવાઓ પણ આ પર્વતના ખડકો જ હોય તેમ સર્વ ઉપર સમાન દૃષ્ટિ રાખી આંખો ચોપાસ ફેરવવા લાગ્યો. એવામાં પાસેના મઠમાંથી ગાન સંભળાયું અને કાને આંખોને બીજી પાસ દોરી.

એ બેઠો હતો ત્યાંથી પંદરેક હાથ છેટે મઠ હતો ત્યાંથી સ્વર આવવા લાગ્યો:

‘આ... આ... આ...’

‘જો રાધેદાસ, ગુરુજીએ પ્રાત:પૂજા એકાંતમાં આરંભી - સાંભળ્યો એમનો સ્વર?’ વિહારપુરી બોલ્યો અને સર્વ સાંભળવા લાગ્યા. વિષ્ણુદાસ બાવા ગાયનમાં પણ પ્રવીણ હતા અને પોતાના મઠમાં યદુનંદનની પ્રતિમા હતી તેની પાસે ઉત્કૃષ્ટ નિર્ભર નિરંકુશ ચિત્તનું પ્રભાતપદ ગાતા હતા તે આઘે સુધી સંભળાતું હતું અને સર્વ શિષ્યો જ્યાં જે કામ કરતા ઊભા હતા ત્યાં તે કામ પડતું મૂકી ઊભા રહી સ્તબ્ધ ચિત્તથી ગુરુજીનું ગાન કાનમાં ને હૃદયમાં ઉતારવા લાગ્યા. વિષ્ણુદાસજી ગાતા હતો અને ગાન તંબૂરામાં ઉતારતા હતા.

‘આઆ...આ...આ...’

[1] *‘યદુનં-દનને... ભવખં-ડનને...*

નમું પ્રા-તસમે...જગમં-ડનને!

યદુનં-દનને...યદુનં-દનને...’

નમું પ્રા-તસમે... યદુનં-દનને!... નમું.

એ...એ...’

સ્વર ઉતારી દીધો. વળી ચડાવી, મૂર્છના વધારી.

‘હરિ! હા... હરિ હા-પ્રા... ત થયો...’

‘હરિ! હા...’

કંઠ અને આંગળીઓ માર્ગે પડ્યાં. ડંઠ અને તંબૂરાના સ્વર પરસ્પર લીન થયા:

[2] *‘પ્રાત... થ યો!... યદુનં... દન જા... ગો...*

અ-લ-ખ-હવે... લખ... થા... વો!...રી...પ્રાત૦

ર-જ-ની-ગઈ... દિન આ...વી ઊભો... છે...
વા...ટ જુએ એ...પ્રભુ! જાગો...રી! પ્રાત૦
હળવે... હળવે... તા-રા... થા... તા...
અ-સ્ત! ઊગે... છે... ભા...નુ...રી...પ્રાત૦
હરિ...હા...હરિ...હા...
પ્ર-ક-ટ-ની ભ...ક્તિ...પ્રકટે!... જ્યા...રે...
પ્રકટે...સુ...ન્દરના [૧] *સા...નુ* [૨] *...રી!...*
સા...નુ ઉઉ...રી!...
સા-સા સા...નુ રી!...પ્રાત૦
યા...દવવંશ...તણા...રવિ...કે...રાં...
દ-ર્શ-ન-આ... રવિ કરતો...રી! પ્રાત૦
‘હૃ-દ-ય કમળ કે... કમળ જ... વિકસે?...
વિષ્ણુદા...સ નહીં કળતો...રી!... પ્રાત૦’

ગાન એકદમ બંધ થયું. તુંબુર રણકારો કરતો કરતો બધ થયો. વિહારપુરી રાધેદાસને ખભે હાથ મૂકી અચિન્ત્યો બોલ્યો: ‘ગુરુજીને સમાધિ ચડ્યો!’

રાધેદાસ: ‘શું ગુરુજીની શક્તિ! જ્ઞાન જુઓ તો એમનું! વૈરાગ્ય એમનો! ઉપદેશ એમનો! બુદ્ધિ, ગાયન, વાદિત્ર, ભક્તિ, યોગ, સમાધિ — જે સિદ્ધસ્તુ કહો તેનો સમુદાય ગુરુજીમાં — અને તે પણ અપૂર્વ.’

‘વાહ વાહ! રાધેદાસ! ધન્ય ભાગ્ય આપણાં કે ગુરુની સેવા કરતાં જ અલખ જગાવીએ છીએ.’ વિહારપુરી બોલ્યો: વળી સરસ્વતીચંદ્રના મોં સામું જોઈ તેને કહેવા લાગ્યો:

‘ભાગ્યશાળી જુવાન! તમે સુન્દરગિરિના વિષ્ણુદાસબાવાના મઠના અતિથિ છો — તેમના અત્યંત પ્રસાદનું પાત્ર છો. અમે તેમના ચેલા છીએ અને તમારો સત્કાર કરવા ઉપર અમારો અધિકાર થયો છે, માટે કોઈ રીતની શંકા ન રાખશો. તમે મહાપવિત્ર સ્થાનમાં અત્યારે ઊભા છો. તમે કોઈ દુ:ખી પુરુષ જણાઓ છો પણ અલખના પ્રતાપથી — શ્રી યદુનંદનની કૃપાથી — શ્રી વિષ્ણુદાસના આશીર્વાદથી તમારા ત્રિવિધ તાપ અહીં ભાગશે. માટે સર્વ શંકા છોડી અમારી સાથે ચાલો અને અમારો યત્કિંચિત્ સત્કાર સ્વીકારો. તે પછી પરસ્પર પૃચ્છા અને પરિચય નિરાંતે કરીશું.’

રાધેદાસે એક નિર્મળ પાત્રમાં નિર્મળ પાણી અને દાતણ આણી એક પથ્થર ઉપર મૂક્યું. ત્યાં આગળ સરસ્વતીચંદ્ર અને વિહારપુરી જઈ બેઠા. પથ્થર ઉપરથી પર્વતની પશ્ચિમનો સર્વ દેખાવ દૃષ્ટિ આગળ આઘે સુધી પથરાતો હતો અને તેની પેલી પાસ સમુદ્ર ઉછાળા મારી રહ્યો હતો. સમુદ્ર દેખાતાં જ સરસ્વતીચંદ્રને મુંબઈ સાંભર્યું, પિતા સાંભર્યા અને દાતણ કરતાં કરતાં પિતાની શી અવસ્થા હશે તે વિચારતાં વિચારતાં, આંખમાં પાણી ભરાઈ આવ્યું તે પાણીની છાલકો મારતાં પણ બંધ થયું નહીં. વિહારપુરી તે જોઈ બોલ્યો: 'અતિથિ મહારાજ! તમે સર્વ ખેદ કાઢી નાંખો. સુન્દરગિરિ ઉપર શ્રીકૃષ્ણ પરમાત્માનું પરમાનંદ પ્રગટ કરનાર સ્થિત વ્યાપી રહ્યું છે, માટે તમારો તાપ ગયો સમજવો. જુઓ!'

[३] *'तापत्रयौषधिवरस्य हि तत्स्मितस्य*

नि:श्वासमन्दमरुता निबुसीकृतस्य।

एते कडंकरचया इव विप्रकीर्णा

जैवातृकस्य किरणा जगति भ्रमन्ति।।' [१]

મુંબઈમાં દાક્ષિણાત્ય મિત્રો દાક્ષિણાત્ય સુસ્વરથી સંસ્કૃત શ્લોક ગાતા તે સાંભળવાના રસિક પુરુષને મુંબઈ છોડ્યા પછી ઘણે દિવસે આ સુપરિચિત શ્લોક સાંભળવાનો પ્રસંગ આવ્યો. આથી એના ઘણાક સંસ્કાર જાગ્યા અને પિતાના વિચારમાંથી બીજી આનંદમય દશામાં સંક્રાંત થયો. પાછલી રાત્રે સાંભળેલા સ્વભાષાના કાવ્યતરંગ અને અત્યારે સાંભળેલા આ શ્લોકથી એનું હૃદય સુપ્રસન્ન થયું. આવે સ્થળે પણ આં કાવ્ય અને પર્યેષણાના રમ્ય મિશ્રણનો વિનોદ મળશે - આ આશા તેના મનને મનોજ્ઞ થઈ પડી અને ઉલ્લાસમાં આવી આ વસ્ત્રહીન જેવા, જડભરત જેવા, પ્રતિમા જેવા કાળા અને પાંચ હાંથ ઊંચા બાવાને રૂપે કોઈ રમ્ય વિનોદસ્થાન પ્રત્યક્ષ ઊભું હોય તેમ તેની સાથે પ્રીતિથી બોલવા લાગ્યો:

'યોગીરાજ! શ્લોક તો ઉત્તમ કહ્યો પણ આં દિવસને સમયે સૂર્યને ઠેકાણે જૈવાતૃકનાં [२] કિરણ શી રીતે ભમે છે તે સમજાયું નહીં આપના પવિત્ર આશ્રમમાં જ સત્કાર પામું છું તે જ મારા મનના ખેદને દુર કરે છે. આપના ગુરુજીનો મારા ઉપર પક્ષપાત છે તો મારા શેષના ઉપાધિભાર પણ ઊતરશે.'

'ક્યા બોલા! જુવાન!' વિહારપુરી અને રાધેદાસ આંખો વિકસાવી એકબીજાના સામું જોઈ રહ્યા. પોતાના સંપ્રદાયના રહસ્યમાં આ પુરુષની ગતિ થઈ. ગુરુનો પક્ષપાત એણે જાણ્યો, અને સંસ્કૃત શ્લોકનો અર્થ વગર સમજાવ્યે એ સમજી ગયો, અને 'શેષભાર'નું રહસ્ય એને પ્રાપ્ત થયું. આ સર્વ વાત બાવાઓને ચમત્કાર જેવી લાગી અને ગુરુજીનું વચન સફળ જ થશે એ શ્રદ્ધા એમના ચિત્તમાં સજડ થઈ ગઈ. આખરે વિહારપુરી

સરસ્વતીચંદ્રને બે હાથે ઉમળકો આણી બાઝી પડ્યો અને છૂટો પડી, પોતાના શરીર ઉપરની વિભૂતિ એને શરીરે વળગેલી જોઈ ઓર આનંદમાં આવી ગયો. અંતે હર્ષથી ઊભરાઈ જઈ બોલ્યો:

'જુવાન, તમારું નામ કહો! પછી હું ઉત્તર દઈશ.'

'મારું નામ નવીનચંદ્ર.'

'નવીનચંદ્ર! વાહ વાહ! ક્યા અચ્છા નામ હૈ! નવીનચંદ્રજી! અમારા નવીન જૈવાતૃક! શ્રીકૃષ્ણના સ્થિતરૂપ અમારા જૂના જૈવાતૃક શ્રી વિષ્ણુદાસજી શ્રી પરમાત્માના સ્થિતરૂપ છે; અને શ્રી વિષ્ણુદાસજીનાં કિરણ આં સુન્દરગિરિ ઉપર ચારે પાસ આ માયારાત્રિમાં ભ્રમણ કરે છે; અને એ કિરણનો જેના પર અભિષેક થાય છે તે આનંદરૂપ સ્મિતપ્રકાશરૂપ હો જાય છે — એ આનંદનો ઉદર તમારા ત્રિવિધ તાપ નસાડશે. કયા નવીનચંદ્રજી! સબ સમજ ગયા?'

'વિહારપુરીજી! આપનાં વચનામૃતથી જ શેષનો ભાર ઊતરે એમ છે તો પછી આપના ગુરુજીનો ચંદ્રના જેવો શાંત પ્રકાશ આત્માને શાંત કરે તો તેમાં શી નવાઈ છે?' સરસ્વતીચંદ્રને વિનોદ કરવાનું મન થયું અને પોતાને જીવિતદાન આપનાર જેવાઓને ઉપકારવશ થઈ તેમને બે મધુર વચન કહેવાં એ પોતાનો ધર્મ સમજ્યો. પ્રીતિનો બદલો પ્રીતિ.

વિહારપુરી પૂરેપૂરો પ્રસન્ન થયો અને રાધેદાસને કહેવા લાગ્યો: 'જો! પળેપળ જાય છે તેમ તેમ ગુરુજીનાં વચનનાં પડેપડ ઊઘડે છે. આ વધામણી અક્ષરેઅક્ષર ગુરુજીની પાસે ખાઈશ અને તે પછી આવા બુદ્ધિશાળી અધિકારી અતિથિનો સત્કાર સારી રીતે થાય એવી તત્પરતા રાખીશ. ગુરુજીને પરવારતાં હજી બેચાર ઘડીની વાત છે ત્યાં સુધી — રાધેદાસ! — નવીનચંદ્રજીને સુન્દરગિરિના તટ પાસે લઈ જા, તળેટીનાં અને શિખર ઉપરનાં સર્વ સુંદર ધામ અને વસ્તુઓનું તેમને દિગ્દર્શન કરાવી દે, તેમને આપણા મઠની અને ગુરુજીની સર્વ વાર્તા વિદિત કરી દે, સર્વ સાધુમંડળમાં એમને પ્રસિદ્ધ અને પરિચિત કર અને એમનું ચિત્ત જે રીતે પ્રસન્ન થાય એમ કર. મારે પાછા આવવાનો સમય થાય ત્યાં સુધી આટલું કર્તવ્ય તને સોંપું છું.'

લાંબાં પગલાં ભરતો વિહારપુરી ચાલ્યો ગયો અને રાધેદાસ અને સરસ્વતીચંદ્ર બે જણ એકલા રહ્યા. રાધેદાસ અતિથિને પર્વત ઉપર જુદે જુદે ઠેકાણે લઈ ગયો. પર્વતને અનેક શિખર હતાં. જે શિખર ઉપર વિષ્ણુદાસનો મઠ હતો તેનું નામ યદુશૃંગ હતું. એની પાછળ વધારે ઊંચું શિખર તીર્થશૃંગ નામનું હતું તેના ઉપર જૈન વર્ગની ભવ્ય ગુફાઓ અને ભાતભાતનાં દેવાલય હતાં. તેનાથી પણ ઊંચે મત્સ્યેન્દ્રશૃંગ હતું. ત્યાં મત્સ્યેન્દ્ર અને ગોરખની મઢીઓ હતી અને આજ ત્યાં માત્ર બેચારેક યોગીઓ રહેતા હતા તે યોગશાસ્ત્ર પ્રમાણે યોગ સાધતા હતા. આ શૃંગ

ઉપર જવાનો માર્ગ ઘણો ઊંચો, સાંકડો, ગલીકૂંચીવાળો અને આડોઅવળો હતો. એ માર્ગ ઉપર જતાં માંકડાં, રીંછ, સર્પ અને વાઘનો ઉપદ્રવ નડતો. માર્ગ બાંધેલો ન હતો એટલું જ નહીં પણ કેટલેક ઠેકાણે તો સાંકડા અણીવાળા પથ્થર ઉપરથી પથ્થર ઉપર કૂદી જવાનું હતું. કેટલેક ઠેકાણે માર્ગ ઉપર ઘાસમાં અને કાંટામાં ચાલવાનું હતું. કેટલેક ઠેકાણે પર્વતની કિલ્લા જેવી બાજુઓ ઉપર નાના વેલાઓ પેઠે માર્ગ વીંટળાતો હતો અને તે ઉપર ચાલનાર પગલું ચૂકે તો બીજી પાસ ઊંડાં કોતરો અને નીચી ખોમાં પડી જઈ હાડકું પણ ન જડે એમ હતું. કોઈ કોઈ વખત તો આવા અકસ્માત બનેલા પણ કહેવાતા. કેટલીક વખત તો ત્યાં જનારાને આંખે તિમિર ચડતું અને તે પાછા આવતા. ક્વચિત્ તો વચ્ચેથી પાછાં આવવું હોય તો પાછાં વળતાં પણ કઠણ પડે એવી સંકડાશ હતી. એમ છતાં યોગીરાજનાં દર્શન કરવા અનેક યાત્રાળુઓ જવા ડરતા નહીં સ્થળે સ્થળે ફરી આ સર્વ વર્ણન રાધેદાસે કરી બતાવ્યું.

આ સિવાય બીજાં પણ અનેક શિખર હતાં. એક શિખર ઉપર બેચાર વેદાંતજ્ઞાનમાં પારંગત થયેલા શાંતદાંત સંન્યાસીઓ ઝૂંપડીઓમાં રહેતા હતા. એક શિખર ઉપર કેટલાક મઠ અને ઝૂંપડાં યાત્રાળુઓએ બાંધેલાં હતાં. ત્યાં એક સ્થાને ન ઠરનાર અનેક સંન્યાસીઓનાં ટોળેટોળાં આવતાંજતાં વિશ્રામ કરતાં. એક શિખર ઉપર બેચારેક શિવાલય હતાં અને તેમાંનાં બે શિવાલયની પૂજા પૂજારી બ્રાહ્મણો કરતા અને ખેની સાધુઓ કરતા. એક આઘેના શિખર ઉપર ચંડિકાનું દેવાલય હતું તે બેચારેક વડાદરા બ્રાહ્મણોને સ્વાધીન હતું. યાત્રાળુઓ પગે ચાલી સર્વ દેવ-દેવીઓને નમસ્કાર કરતા. સર્વ ઠેકાણે યથાશક્તિ પુણ્યદાન કરતા પણ પોતાના કુલદેવતા કે ઇષ્ટદેવતાને અધિક દાન કરતા. સંન્યાસી, જોગી, બ્રાહ્મણ અને જતિ: સર્વ જ્યાં રહે ત્યાં તેનો નિર્વાહ થતો. જે સૌથી આઘે, સૌથી એકાંતમાં, સૌથી ગુપ્ત રહે તેનું મહત્ત્વ વધારે લેખાતું અને ત્યાં જનાર થોડા હોય એ સ્વાભાવિક હતું પણ જે થોડા જતા તે વધારે પુણ્ય કરતા. આ સર્વ પંથના સ્થાનિક પંથીઓ પર્વત ઉપરથી નીચે ઊતરતાં પહેલાં અને ઊતર્યા પછી એકઠા થતા ત્યારે પોતાના દેવની સ્તુતિ અને પારકા દેવની નિંદા ચાલતી, એકબીજાનો તિરસ્કાર થતો, વિરોધ અને વિતંડાવાદ મચી રહેતો અને પ્રસંગે મારામારી થવાનો પ્રસંગ આવતો પણ લાંબો પહોંચતો નહીં. હોંકારાહોંકાર કરવામાં સર્વ શક્તિ વપરાઈ જાય એટલે વધારે વિરોધની શક્તિવૃત્તિ સ્વત: શાંત થઈ જતી. આ સર્વ વાતોની કથા કરતાં અંતે રાધેદાસ બોલ્યો: 'નવીનચંદ્રજી! જેમ સાગરમાં સર્વ પ્રાણીઓ રહે છે તેમ જ સુન્દરગિરિ ઉપર પણ છે; ફેર એટલો કે સાગરનાં પ્રાણીઓ પરસ્પરનો શિકાર કરે છે ત્યારે આ ગિરિ ઉપર મહારાજ મણિરાજની આણ એવી વર્તે છે કે ફોજદારના સિપાઈને અહીં ફરકવું સરખું પણ પડતું નથી. સર્વના મનમાં એમ જ રહે છે કે મહારાજ મણિરાજને કાન આપણે હુડુયુદ્ધ * કર્યાની વાત જશે તો એમની પાસે આપણા ધર્મની પ્રતિષ્ઠા ઘટશે અને

મહારાજને ખેદ થશે તે જુદો. અમારા મહારાજ જેવો સર્વધર્મપ્રતિપાળ ધર્માત્મા કોઈ થયો નથી અને થનાર નથી. એનું મન દુભાય તે આ ગિરિ ઉપર બાળક તો શું પણ કોઈ દુષ્ટ પણ ઇચ્છતો નથી. મહારાજ બાળક છે પણ શી એમની બુદ્ધિ, શો એમનો અનુભવ અને શી એમની રાજનીતિ!'

'મહારાજને અહીં કોઈ પ્રસંગે આવવું થાય છે?'

'તો! આ સ્થાન એવું રમણીય છે કે મહારાજ વર્ષે બે વર્ષે ચૈત્રવૈશાંખમાં અત્રે આવ્યા વિના રહેતા નથી. આ એકેએક શૃંગ ઉપરના પંથવાળા ઉપર એમની દૃષ્ટિ છે. અમારા તેમ સર્વ પંથના ગુરુ પુરુષો વર્ષમાં એક સમય પણ મહારાજને રત્નનગરી જઈ મળ્યા સિવાય રહેવાના નહિ. જ્યારે અમારા ગુરુજી ત્યાં જાય છે ત્યારે મહારાજ જાતે દર્શનનો લાભ આપે છે અને ગુરુજીની પાસે કાંઈક પણ નવું રહસ્ય યાચી લે છે. ગુરુજીનો આશીર્વાદ મહારાજને પ્રિય છે. જે ધર્મ શાંતિ અને નીતિના પંથ શીખવે અને પળાવે તે ધર્મ ઉપર મહારાજનો પક્ષપાત. જેમ શ્રીકૃષ્ણ સર્વ ગાપીઓના હૃદયમાં બિરાજે તેમ સર્વ પંથના આચાર્યોના હૃદયમાં મણિરાજની આણ ખરી.'

'તમારા પંથને મહારાજ માને છે?'

'એ તો એમના કુલધર્મને અનુસરે છે, એમાં અમે દોષ કેમ કાઢીએ? *સ્વધર્મે નિધનં શ્રેય:* [૧] એવું ભગવદ્વાક્ય છે. જેનો જે ધર્મ. રાજાનો એક ધર્મ એ કે સર્વ ધર્મનું પ્રતિપાલન કરવું.'

રાધેદાસની વાતોમાં સરસ્વતીચંદ્રને મન ગંભીર અર્થ હતો. રાજનીતિનાં અનેક અંગ હોય છે. તેમાં એક કાર્યઅંગ અને એક યશઅંગ. કાર્યને અંગ લોકની પ્રીતિ-અપ્રીતિ વેઠવી પડે છે અને રાજા તો સર્વનું પ્રીતિભાજન જ હોવું જોઈએ. માટે કાર્યઅંગ કારભારીને આપવું અને યશઅંગ રાજાએ રાખવું. પ્રધાનવિવર્તના કરતાં રાજવિવર્તમાં અનેકધા હાનિ અને કષ્ટ છે, અને કાર્યઅંગના વહેનારને લોકની અપ્રીતિના પ્રસંગ આવશ્યક સ્વીકારવા પડે છે અને એ સ્વીકારથી પદવીવિવર્તના પ્રસંગ સારુ તૈયાર રહેવું પડે છે. માટે સુભક્ત પ્રધાને કાર્યઅંગ પોતાના જ શિર ઉપર રાખવું અને યશઅંગ રાજાને જ આપવું. જેમ યોદ્ધાઓએ યુદ્ધમાં મરણ સ્વીકારવા તૈયાર રહેવાનું છે તેમ પ્રધાને કાર્યઅંગના પરિણામ સારુ તૈયાર રહેવાનું છે. પોતાનું માથું આપી રાજાના યશઅંગનું રક્ષણ કરવું એ પ્રધાનનો 'પ્રધાનધર્મ' છે. પ્રધાને કાર્ય સાધવું અને રાજાને યશ પ્રાપ્ત કરાવવો. આ યશ એટલે રાજાની સ્તુતિ પ્રવર્તે એટલું જ નહિ, પણ રાજા ઉપર સર્વની પ્રીતિ થાય એ આ યશઅંગનું સાધ્ય છે. જેમ કેટલાંક સામાન્ય વ્યાપારકાર્યમાં અને ગૃહકાર્યમાં સ્વામી ઉદાર દેખાય અને સેવક કૃપણતાનો આરોપ વેઠી સ્વામીનું દ્રવ્ય બચાવે, તેમ જ રાજકાર્યમાં પણ યશઅંગ રાજાનું છે. આનો અર્થ એમ નહીં કે પ્રધાને યશ ન શોધવો અને રાજાએ

કાર્ય ન કરવું. કાર્ય એ રાજાનો આત્મા છે અને યશ એ રાજાનું અંગ છે અને અંગથી આત્મા ઢંકાયેલો રહે છે. પ્રધાનને યશ પણ સાધ્ય છે પણ એનો યશ રાજાનું કાર્ય સાધવામાં છે, રાજાના હૃદયમાં છે અને રાજાની ફલસિદ્ધિમાં છે, અને રાજાના યશઅંગમાં રાજાને નામે ઢંકાયેલો છે. રાજ્યકાર્યને અંગે જે અપયશ પ્રધાને વહોરવો પડે છે તેનું અનિષ્ટ પરિણામ તેની જાતને વેઠવું પડે તેમાંથી તેનું રક્ષણ કરવું એ રાજાનું કામ છે, એમાં રાજાને પોતાની જાતના સ્વાર્થનો ત્યાગ કર્તવ્ય છે, અને જો રાજા આ અવસ્થા સ્વીકારે તો જ તેના કાર્યઆત્માનું કુશળ છે. આવાં આવાં અનેક કારણોથી રાજાપ્રધાન વચ્ચે કર્મવિભાગ કરવામાં રાજાને યશઅંગનાં કર્મ સોંપવાં અને પ્રધાનને કાર્યઅંગનાં કર્મ સોંપવાં અને અંતરમાં ઉભયનો આત્મા એક રાખવો એ રાજનીતિનો પ્રથમ અને આવશ્યક પાયો છે. એ પાયા ઉપર બાંધેલું સર્વ બાંધકામ પોલું અને રાજા અને પ્રજા ઉભયને અકુશળ છે: આવો વિદ્યાચતુરનો સિદ્ધાંત હતો. તે વાર્તાવિનોદપ્રસંગે તેણે સરસ્વતીચંદ્રને કહ્યો હતો. આ પ્રસંગે આજ એને સાંભરી આવ્યો અને મણિરાજના પ્રધાનનો સિદ્ધાંત વ્યવહારમાં કેમ સિદ્ધ થાય છે તેનું પ્રત્યક્ષ દૃષ્ટાંત રાધેદાસની વાર્તામાંથી નીકળ્યું. આ દૃષ્ટાંત ઉપરથી વિચાર થતાં એને સાંભર્યું કે,

[१] *सदानुकूलेषु हि कुर्वते रतिम्।*

नृपेष्वमात्येषु च सर्वसंपद:।।

અને આ શ્લોકમાં કેવળ વાક્‌પટુતા જ નથી પણ કંઈક અનુભવનું અર્થગૌરવ છે તે સમજાયું. ‘આવા દુરવાસી બાવાઓની પણ મણિરાજ ઉપર આટલી પ્રીતિ અને પ્રીતિને અંગે તેમને આટલો ભય કે પોલીસ સરખીનું પણ કામ પડતું નથી — વિદ્યાચતુર! મણિરાજના યશશરીરનો સાધક તમારો અને મણિરાજનો સંબંધ કેવો પ્રીતિકર છે! — નક્કી તમારામાં આવા કાર્યની સાધક કલા ગુણસુંદરીએ જ સમર્પી છે — ગુણસુંદરી! — કુમુદસુંદરી! - કુમુદ સાંભરી ત્યાં અંતરમાં ઊંડો ઘા પડ્યો અને હૃદય આગળ મર્મવેદક સૃષ્ટિ આવી અને ચમકારા કરવા લાગી. પણ રાધેદાસે કષ્ટવિચારમાં સુવિક્ષેપ પાડ્યો. પથ્થરો, વેલાઓ, છોડવા અને માટીવાળા માર્ગમાં થઈને સરસ્વતીચંદ્રને પર્વતની કોર આગળ લઈ ગયો. કોર આગળ ખૂણો પણ હતો. ત્યાં એક મહાન શિલા ચોરસ અને ઉપરથી લીસી હતી તે ઉપર બે જણ બેઠા. સરસ્વતીચંદ્ર એના ઉપર પણ ઊભો થયો અને ચારે પાસ દૃષ્ટિ ફેરવી વળ્યો. દક્ષિણમાં તાડનાં વન હતાં. ઊંચા ઊંચા તાડ નાના છોડવા હોય તેમ દૃષ્ટિ એક ફેરો ખાઈ બધા તાડ ઉપર ફરી વળી. પૂર્વમાં મનહરપુરીની સીમા અને આંબાનાં વન હતાં. સૂર્ય સામો આવતો હતો અને નેત્રને ઝાંઝવાં વાળતો હતો. નેત્ર એણી પાસથી ફર્યું અને ઉત્તરમાં વળ્યું. સુન્દરગિરિનાં સર્વ શૃંગો — શિખરો — જાનનાં માણસો પેઠે એકબીજાના ખભા ઉપર માથાં કરી જોઈ રહેતાં હતાં અને નવા

તેજના રંગથી રંગાતાં છેટે આકાશમાં ભળી જતાં હતાં. દક્ષિણમાં આવતાં નેત્ર, ઊંચાં શિખરો છોડી, છેક નીચાણમાં આઘે સમુદ્ર હતો તે ઉપર પડ્યું. પશ્ચિમમાં સમુદ્ર, પૂર્વમાંથી — દક્ષિણમાંથી — વહેતી આવતી સમુદ્રને મળતી સુભદ્રા, અને જોનાર ઊભા હતા તેમના પગ આગળથી નીચે પથરાતો પર્વત અને તે નીચે એની તળેટી: આ સર્વ કોરપાલવ વચ્ચે વિચિત્ર ભવ્ય ચિત્રપટ — ચિત્રોથી ભરેલું વસ્ત્ર — પડી રહ્યું હતું તે ઉપર સરસ્વતીચંદ્રની દૃષ્ટિ ફરવા — ઠરવા — લાગી. રાધેદાસે આ વસ્ત્રમાંનાં ચિત્રોની કથા વિસ્તારથી કહેવા માંડી:

'નવીનચંદ્રજી! આ જોઈ દેરાંની ઠઠ! અહીંથી તે ચાતુર્માસમાં જોવાની ગમ્મત છે. ઉપર વાદળાં, અહીંથી તે નીચે તળેટી સુધી સરતા પાણીના ધોધ, સામે સમુદ્ર, વચ્ચે આ ધોળાં દેરાં અને આ પાસ સુભદ્રામાં ચોપાસથી ભરાતું, ઊભરાતું અનહદ પૂર!! અને આ સર્વની વચ્ચે વણકરના તાણાવાણા જેવી વરસાદની વૃષ્ટિ!! ધોળા રેશમના ઢગલા જેવાં વાદળાં તો આપણા પડખામાં આવી ચાલે, વૃષ્ટિ તો આપણી આસપાસથી દોરડા પેઠે. ટીંગળાવા માંડે, અને પાણીના ધોધ — નારાયણના નખમાંથી ગંગાજી નીકળ્યાં એમ — આપણા પગમાંથી નીકળતા દેખાય!! વાહ! વાહ! વાહ! શી સુન્દરગિરિની ચાતુર્માસમાં શોભા! તમે નક્કી સુન્દરગિરિના જ વાસી થાઓ અને આં આનંદ અનુભવો! એ શોભા કાંઈ ઓર જ થાય છે. એ જુએ નહીં તેનું જીવ્યું ફોક!'

રાધેદાસે વર્તમાન ચિત્ર સાથે આમ ભવિષ્ય ચિત્રનું મિશ્રણ કર્યું; દૃષ્ટિ આગળ અદ્‌ભુત દેખાવ તરતો હતો તેમાં કલ્પનાશક્તિ આગળ બીજો દેખાવ ખડો થયો. નાનું બાળક રોતાં રોતાં રમકડું જોઈ રહી જાય છે; મોટું માણસ અત્યંત વિપત્તિને અવસરે પણ સૃષ્ટિની ભવ્યતા જોઈ સ્તબ્ધ થાય છે, ચિત્ત સ્તબ્ધ થતાં આંસુમાં અંતરાય પડે છે, અને નવા આનંદ આગળ પળવાર જુનું થયેલું દુ:ખ વિસારે પડે છે. રાધેદાસનું વર્ણન અને નેત્ર આગળનું ચિત્ર એ ઉભયની વસ્તીથી સરસ્વતીચંદ્રનું મન ભરાઈ ગયું.

'વાહ, વાહ, રાધેદાસ! શી સુન્દગિરિની શોભા છે? આ આટલાં બધાં દેવાલય કોનાં છે? તળેટીમાં વસ્તી કોની છે?'

સર્વ દેવાલયો ઉપર રાધેદાસની દૃષ્ટિ પક્ષીની પેઠે ફરી વળી: 'નવીનચંદ્રજી, આ પેલી પાસ કાળા ડાઘા દેખાય છે તે સુરગ્રામનાં ઘર છે. ગામ તો નાનું છે, પણ તીર્થનું સ્થાન છે. અસલ સુરગ્રામ આ દેવાલયોને સ્થાને હતું. આ દેવાલયમાં પંચાયતન દેવતાની જુદી જુદી પ્રતિમાઓ વિરાજે છે. આ સુન્દરગિરિ પર શૃંગો છે તેટલા પંથ છે અને તે સર્વ પંથવાળાનાં દેવાલય આપણી દૃષ્ટિ આગળ છે.'

'તમે તો વિષ્ણુભક્ત છો — વિષ્ણુ સિવાય બીજા દેવનાં દેવાલયનાં ગર્ભમન્દિર ભાગ્યે જોયાં હશે!'

રાધેદાસ હસ્યો: ‘અમારા દેવ અને બીજાના દેવ જુદા એ તો ભ્રમ છે. ઈસ જગત મેં અંધહસ્તીન્યાય ચલ રહા હૈ! કેમ — ભૈયા સમજ્યા? અમે તો વૈષ્ણવ છીએ પણ શિવમાર્ગી આરતીમાં ગાય છે:

‘શિવ વિષ્ણુ એક સ્વરૂપ,

અંતર નવ ગણશો!

અંતર નવ ગણશો! ’

એ અભિપ્રાય અમારે પણ કબૂલ છે. શ્રી અલખ જગતમાં લખ થાય છે ત્યારે જેના હૃદયમાં જેણી પાસનાં કિરણ પડે છે તેની તેને પ્રીતિ થાય છે. શિવ, વિષ્ણુ અને ઇતર દેવો તેમ અનાર્ય યવનોના દેવમાત્ર પણ અલખનાં લખ સ્વરૂપ છે. જેની જેવી દૃષ્ટિ. અમારા હૃદયમાં હૃદયના દેવતા વિષ્ણુ છે — વિષણુનું પણ કૃષ્ણસ્વરૂપ અમને પ્રિય છે — બાકી અલખ તો એક જ છે અને તેને વેદાંતી બ્રહ્મ કહે છે. — કંઈક કહેતો કહેતો રાધેદાસ અટક્યો.

સરસ્વતીચંદ્ર તે ચેતી ગયો: ‘કેમ અટક્યા? કંઈક કહેવા જતા હતા?’

‘કહું? તમે સંસારી છો તો સંસારી ભાષા સમજશો — પણ અમે વેરાગી માટે હું અટક્યો.’

‘બોલો, બોલો!’

‘એક લલના: કોઈ ઈસકા મુખદર્શનસે તૃપ્ત હોતા હૈ; કિસીકું ઈસકા ગાન ચૈયે, કિસીકું સ્પર્શસુખ બિન આનંદ નહીં હો સકતા હૈ! કિસીકું સ્પર્શ મેં બી મસ્તી ચૈયે; ઔર કિસીકા મનમેં જનની સ્વરૂપસે સ્ત્રીકા મુખાદિકી બી ઉપેક્ષા હો જાવે. ઈસ તરહસે સ્વત: નિરંજનનિરાકાર શ્રી અલખકા અનેક લખ સ્વરૂપમેં અનેક માનવોકે અનેક મન અનેક પ્રકારસે દર્શન ઔર ક્રીડા કર રહે હૈ.’

ઉલ્લાસમાં આવી આમ પર્યેષણા [૧] કરતો યોગી સરસ્વતીચંદ્રને કંઈક નવા જ લક્ષણવાળો લાગ્યો. આર્યોના અનેક દેવમંડળનો આવો આત્મા જોઈ પક્ષમંત્રીની [૨] પરીક્ષામાં સુપરીક્ષિત નીવડેલાને આર્યધર્મનો આ પક્ષમંત્ર અતિપ્રિય લાગ્યો અને એનું દેશાભિમાન જાગ્યું. તેમ થતાં પોતે સામો પક્ષ લઈ આ અંગ્રેજી ભાષાના અપરિચિત સાધુના પક્ષની સીમા જોઈ લેવા સરસ્વતીચંદ્ર લલચાયો: ‘શું રાધેદાસ, પ્રતિમાપૂજનમાં લખ કયાં આવી ગયો?’

આ નાસ્તિક પ્રશ્નથી રાધેદાસને કાંઈક ક્રોધ ચડતાં ચડતાં ગુરુજીનો વરતારો સાંભર્યો અને તેમ થતાં શાંત પડી, ગંભીર મુખે બોલ્યો: ‘ભાઈ, આ પ્રશ્ન અમારા મઠમાં કોઈને પૂછશો તો તમને નાસ્તિક ગણી દુ:ખ દેશે. માટે

ફરી ન પૂછશો. વેદવચન પર શ્રદ્ધા અને ગુરુજીની આજ્ઞા એ અમારી દૃષ્ટિમર્યાદા છે. તેનું ઉલ્લંઘન કરાવનાર પ્રશ્ન કે તર્ક અમને અસહ્ય છે.'

સરસ્વતીચંદ્રને આ પ્રદેશ અને મુંબઈની સ્વતંત્રભૂમિના ભેદનું ભાન આવ્યું. ઉપકાર કરનારના ચિત્તને પોતે ક્લેશનું સાધન થયો જાણી પસ્તાયો. પર્યેષણાની સાથે ધર્મકલ્પનાના[3] આવેશનો ગુણાકાર જોઈ કંઈક ગૂંચવાયો. પણ સર્વથા અંગ્રેજી રીતે પણ પરધર્મની નિન્દા કરવી અસભ્ય છે તે સ્મરી બોલ્યો: 'ક્ષમા કરો, રાધેદાસ, આ પ્રશ્નથી તમને અપમાન થશે એમ જાણ્યું ન હતું. માત્ર રહસ્યજિજ્ઞાસાથી શિષ્યભાવે જ પ્રશ્ન પૂછ્યો હતો!'

'શું ભાઈ, આ તે પ્રશ્ન? એમાં રહસ્યજિજ્ઞાસા શાની?'

'જુઓ, મને લાગે છે કે આપના ગુરુજીનું વચનામૃત છે કે

'પામરમાં પામર દીસે ગોપાલક ગોપાલ.'

એમાં પ્રતિમાપૂજનનું કંઈક રહસ્ય હોવું જોઈએ.'

રાધેદાસ ગભરાયો. 'ગુરુનું રહસ્ય આણે સાંભળ્યું ને એને સમજાયું! નક્કી, એ મારા કરતાં વધારે અધિકારી છે — તો તો —' મોટે સ્વરે નમ્ર થઈ બોલ્યો: 'નવીનચંદ્રજી, ક્ષમા કરજો! આપની જિજ્ઞાસાને તો વિહારપુરી કે ગુરુજી તૃપ્ત કરશે — મારો અધિકાર આપનાથી કનિષ્ઠ છે — એ રહસ્ય મારાથી સમજાતું નથી. ધન્ય ભાગ્ય તમારું — નક્કી, અલખ તમારા હૃદયમાં જાગે છે.'

આં વાર્તા પડતી મૂકવાના હેતુથી સરસ્વતીચંદ્રે આસપાસના દેખાવની વાર્તા કાઢી:

'રાધેદાસ, આ છેટે નદી અને સમુદ્રનો સંગમ થાય છે એ નદીનું નામ શું? અને એ નદી ક્યાંથી આવે છે?'

'એ નદીનું નામ સુભદ્રા છે. સુભદ્રા એ ભદ્રાનદીની શાખા છે. ભદ્રા સુવર્ણપુર આગળ શ્રીરત્નાકર સાથે સંગમ પામે છે. સુભદ્રા આ પણે આગળ સુરગ્રામ પાસે સંગમ પામે છે.'

સરસ્વતીચંદ્ર શિલા ઉપરની શિલા ઉપર ઊભો થયો અને સુભદ્રા ઉપર પૂર્વથી પશ્ચિમ સુધી દૃષ્ટિ નાંખવા લાગ્યો. સુભદ્રા દૃષ્ટિમર્યાદામાં લાંબી રેખા જેવી દેખાતી હતી, અને તીર ઉપરનાં ઝાડોની બે રેખાઓ વચ્ચે પાણીના શ્વેત પ્રવાહની રેખા — બે ઓઠ વચ્ચે ઉઘાડા પડેલા દાંતની હાર જેવી — દેખાતી હતી તે જોઈ રહ્યો. જ્યાં પોતે લુંટાયો હતો તે સ્થળ એક બિન્દુ આગળ કલ્પવા લાગ્યો. દૃષ્ટિમર્યાદાની પેલી પાસ સંતાઈ રહેલા સુવર્ણપુરને કલ્પવા લાગ્યો. એ બે સ્થાન વચ્ચે તરવરતાં બહારવટિયાનાં ઝુંડ ને ઝુંડ કલ્પવા લાગ્યો. અંતે સુવર્ણપુરથી કુમુદસુંદરી નીકળતી હોય અને પોતે સુંટાયો હતો એ સ્થાને આવી બહારવટિયાઓના હાથમાં આવી પડતી હોય

એવું ગભરાવી નાંખતું દિવસસ્વપ્ન એના મસ્તિષ્કમાં ચમકારા કરવા લાગ્યું. આકાશમાં એક નાની નાજુક વાદળી સમુદ્ર ભણી લીલાભરી ખેંચાતી હતી. કુમુદસુંદરી એ વાદળીમાંથી લટકતી દેવાંગના પેઠે આકાશમાર્ગે અદ્ધર ચાલતી લાગી. ગઈ કાલ ગાડામાંની ડોશી ગાતી હતી તે સંસ્કાર મનમાં સ્ફુર્યો. વાદળી છેક સમુદ્ર પાસે આવી બે હાથ પહોળા કરતી સ્ત્રી જેવી દેખાઈ. સૂર્યના તેજથી રંગેલી સાડી પહેરી કુમુદસુંદરી ઊભી ઊભી ભૂરા આકાશમાં ફરફરતી વાદળીની કોર ઝાલી, લટકા કરતી ઉતાવળું ગાતી લાગી:

‘વાગે મોરસી મધુરી મધુવનમાં રે લોલ!

વહાલો દેખાય દેખાય જતાં નાસતાં રે લોલ!

વહાલો કાલો થઈને કાલ કાળઝાં રે લોલ!

કાળો લપ્પાલ તમાલ તાડ ઝાડમાં રે લોલ!

ભોગી જોગી બનીને ભોગ ઝંખતો રે લોલ!

દેખાય દેખાય સંતાય ને છતો થતો રે લોલ!’

સરસ્વતીચંદ્ર ગભરાતો ગભરાતો કાન અને આંખ ઊંચાં કરવા લાગ્યો. અંતે વાદળી સમુદ્રમાં પડતું મૂકતી લાગી તેની સાથે એ જ સ્થાને કુમુદસુંદરી ઝંપલાવતી લાગી અને ઝંપલાવતાં ઝંપલાવતાં તેના મુખમાંથી નીકળતી કારમી ચીસ સરસ્વતીચંદ્રના હૃદય સાંભળી: ‘હા! સરસ્વતીચંદ્ર! સરસ્વતીચંદ્ર! મુંબઈથી મને છોડી નાઠા, સુવર્ણપુરથી પણ મને છોડી નાઠા, તો આ સ્ત્રીહત્યા તમારે શિર!’ આમ બોલતી બોલતી કુમુદ સમુદ્રનાં પાણીની કાળી પહોળી લેખામાં દૃશ્ય થઈ ગઈ. સ્ત્રીના હૃદયનો ઊંડો નિ:શ્વાસ, નિ:શ્વાસમાંથી નીકળતો ગુપ્ત શાપ, શાપની જ્વાળા — સર્વ સરસ્વતીચંદ્રના હૃદયને કંપાવવા, નષ્ટ કરવા બાળવા લાગ્યાં. અનેક તર્ક અને શોક એને વલોવવા લાગ્યા. એની હૃદયચિતામાં કુમુદસુંદરીનાં અનેક સ્વરૂપ સતીઓ પેઠે ચારે પાસથી બળવા અને બાળવા પ્રત્યક્ષ બેઠાં હોય એવું એને પ્રત્યક્ષ સ્વપ્ન થયું — એનાં નેત્રમાંથી ચોધાર આંસુ વહેલા લાગ્યાં અને સૂર્યનો તાપ એક વારના અશ્રુપ્રવાહને સૂકવે ત્યાર પહેલાં બીજો પ્રવાહ નીકળતો હતો.

આઘે વિષ્ણુદાસના મઠમાં મહાન શંખનાદ થવા લાગ્યો અને રાધેદાસે સરસ્વતીચંદ્રને વિચારનિદ્રામાંથી જગાડ્યો: ‘નવીનચંદ્રજી, ચાલો, ગુરુજીને મળવાનો સમય થયો.’ રાધેદાસની દૃષ્ટિ સરસ્વતીચંદ્રના ગૌર શરીર પર હતી — નેત્ર ઉપર ન હતી. બે જણ શિલા ઉપરથી ઊતર્યા એટલામાં રાધેદાસે વિચાર કર્યો: ‘કોઈ ગર્ભશ્રીમંતનું દુ:ખી સંતાન છે — એની આકૃતિ અને એનો વર્ણ એનો પ્રભવ કહી આપે છે — આ સ્થળે આવી પડ્યો છે તે ઇતિહાસ એનું દુ:ખ જણાવે છે. એને મહાદુ:ખ છે —

શ્રીવિષ્ણુદાસ એનો ઉદ્ધાર કરશે. હરિજન વિના કોણ એ કરી શકે?’ મોટા સ્વરે એણે ગાયું:

‘હરદમ ઐસા હરિજન કોઈ તનકી અગન બુઝાવેગા?

પૂરન પ્યાલા પીઓ હરિયકા ફેર જન્મ નહીં પાવેગા!’

સરસ્વતીચંદ્ર ઊતર્યો. પણ ઊતરતાં ઊતરતાંયે એની કતરાતી દૃષ્ટિ સુભદ્રા અને સમુદ્રના સંગમ આગળના ખૂણા આગળ હતી. નદીના પાણી ઉપર કુમુદસુંદરી નાની અને સુંદર વિહારનૌકા (‘જૉલી-બોટ’) પેઠે પવનની લહેરમાં વગર હલેસે તણાતી લાગતી હતી. એણી પાસ જોતો જોતો એ રાધેદાસની પાછળ ખેંચાયો અને ખેંચાતો ખેંચાતો ગઝલો ગણગણવા લાગ્યો:

‘સુભદ્રા! નામ તુજ સારું; કહું તે ભદ્ર કર મારું.

પ્રિયા તુજ પાસ જો આવે, કૃશાંગીને તું સમજાવે.

તીરે તુજ શીત વા વાય, સીકર તે તુજ લઈ જાય.

પ્રિયાને ઉર છે તાપ, કરે તું શાંત સંતાપ.

શમાવી તાપ એ લેવા, તને ઉરની કથા કહેવા,

પ્રિયા મુજ ઝંપલાવે જો, ઊંડા જળમાં જ આવે જો,

ઉરે શફરી [1] *રહે તારે, ત્યમ તું એને ઉરે ધારે.*

તરાવે તું, જિવાડે તું, અમૃત [2] *ઉર મધ્ય રાખે તું.*

કુમુદ જળનું જ છે પુષ્પ, કુમુદ રસનું જ છે પુષ્પ.

કુમુદ તુજ ઉર તરશે જો, સખી એની તું થાશે જા...’

આગળ કંઈ કડીઓ કવવાલવવા જતો હતો એટલામાં વિહારપુરી, મોહનપુરી વગરે બાવાઓનું ટોળું સામું મળ્યું, તેમાં એ ભળી ગયો, અને ભળતાં ભળતાં મનમાં માત્ર એટલું લવ્યો: ‘હુંયે ગાંડો થયો છું. કુમુદસુંદરી તો એ સુવર્ણપુરમાં સુખથી વિરાજે. ઈશ્વર એનું કલ્યાણ કરો. મારે એની વાસના સરખી પણ હવે છોડી દેવી. મૃત્યુથી જુદાં પડવું અને જીવતાં જુદાં પડવું એ એક જ છે. માણસની ચિંતા માણસ શી કરનાર હતો? એ ચિંતા કરનાર ઈશ્વર સમર્થ છે.’ બાવાઓ એની ચારે પાસ વીંટાઈ વળ્યા. એની સાથે પ્રશ્નોત્તર અને વાતો કરવા લાગ્યા, અને સર્વ જોતજોતામાં આં સ્થાનથી દૃશ્ય થવા લાગ્યા. દૃશ્ય થતાં થતાં સરસ્વતીચંદ્રે સુભદ્રા અને સમુદ્ર ભણી દૃષ્ટિ નાંખી અને નાંખતો નાંખતો વળી ગણગણ્યો:

‘સ્ફુરે પોતે ન દેખાય, કુમુદની ગન્ધ ગ્રહી વાય,

અરણ્યે એકલો વાયુ! જીવન એ ભાવિ છે મારું — હાં! — હાં'

સર્વ દેખાતા બંધ થઈ ગયા. શિલાઓ, સૂર્ય, સૂર્યનું તેજ અને સમુદ્ર તથા સુભદ્રાનો સંગમ — એ સર્વ જડસૃષ્ટિ ઊભી રહી. દૃષ્ટિ વિના સૃષ્ટિ રહી? દૃષ્ટિ હો કે સૃષ્ટિ હો કે ગમે તે હો પણ દૃષ્ટા દૃશ્ય થયા છતાં દક્ષિણ આકાશમાંથી તે સરસ્વતીચંદ્રના જરીક દેખાતા મસ્તક સુધી એની પૂંઠે કુમુદસુંદરીઓની હારની હાર અધ્ધર ચાલતી હતી, નાચતી હતી અને વનલીલાના જેવો રાગ કાઢી લહેકા કરી ગાતી હતી અને હાથ લાંબા કરી મહેણાં મારવા જેવું કરતી હતી:

'ભોગી જોગી થતો ને ભોગ ઝંખતો રે લોલ!

રસિક જ્ઞાની થતો ને રસિયો થતો રે લોલ! ભોગી૦

સુંદરશિખરે ઊભો ને ઉરે સુંદરી રે લોલ!

સુણે જુએ ને ઝંખે બધે સુંદરી રે લોલ! ભોગી૦

પહેલી શાને કરી'તી પ્રીતિ સુંદરી રે લોલ?

પ્રીતિ કીધી તો શાને તજી સુંદરી રે લોલ? ભોગી૦

તજી શાને આવ્યો તું જોવા સુંદરી રે લોલ?

આવી પાછી તજી તે શાને સુંદરી રે લોલ? ભોગી૦

વાગે વાંસળી મધુરી તારા ઉરમાં રે લોલ!

નાચે ચંદ્ર ને કુમુદ રસપુરમાં રે લોલ! ભોગી૦

વળી કુમુદનો પોતાનો જ રાગ એનાં અનેક મુખથી નીકળવા લાગ્યો. છેક પાસેની બેત્રણ કુમુદ તો સરસ્વતીચંદ્રના માથા પર બે હાથે ભાર દઈ ઊડયાં કરતી હતી ને ગાતી હતી:

'વાંસલડી વાજે! જોગીડા! તું વાંસલડી વાજે!

આવી ઊભો રહેજે નદીઘાટે! જોગીડા!

નહાતો પેલા સાગરમાં ગાજે; જોગીડા!

ઊભો તે પેલા દેરાને દ્વારે, જોગીડા!

પ્રેમીનો પ્રેમ આંધળો પણ સુણે, જોગીડા!

પ્રેમીનો પ્રેમ સો સો કોશથી સુણે, જોગીડા!

લખ્યા લેખ મિથ્યા નહીં થાયે, જોગીડા!

સંસારિણી જોગણ થઈ જાયે. જોગીડા!

જોગીડા! તું સંસારને છોડે, જોગીડા!
તણાતી જોગણ પણ કોડે. જોગીડા!
જોગી! તું જોગણનો ગુરુ થાજે, જોગીડા!
જોગણને તું જોડે સોડે સ્હાજે, જોગીડા!
જોગીડા! તું સમસ્યામાં ગાજે, જોગીડા!
જોગણ આવી સાંભળાશે સાંજે, જોગીડા!
મોરલીમાં સ્નેહભર્યું વાજે, જોગીડા!
અવ્યક્તનું વ્યંગ્ય બધું ગાજે. જોગીડા!
વાંસલડીમાં બ્રહ્મનું પદ વાજે, જોગીડા!
મારા તારા અદ્વૈતને ગાજે. જોગીડા!
વાંસલડીમાં સંસાર સારવજે, જોગીડા!
ગાયામાં પરમાનંદ ભરજે! જોગીડા!
મહાકાળની નદીને ઘાટે, જોગીડા!
ઊભો ઊભો વાંસલડી વાજે. જોગીડા!
કુમુદ દુ:ખશોક તરે તે કાજે, જોગીડા!
વાંસલડી ધૂન ભરી વાજે! જોગીડા!

---

૧. રાગ બિભાસ

૨ . રાગ ભૈરવ

૧. સુંદર = સુંદરગિરિ. ૨ . સાનુ = શિખર

૩ . તેનું સ્મિત કેવું છે? ત્રિવિધ તાપના રામબાણ ઔષધિરૂપ છે. આ જૈવાતૃક (ચંદ્ર) એ જ તે સ્થિત છે. જે મુખમાંથી એ સ્મિત નીકળે છે તે જ મુખમાંથી શ્વાસ પણ નીકળે છે, અને આ મન્દ પવન એ જ તે શ્વાસ છે. એ સ્પિતરૂપ ઔષધિ ભુસાંભુસાં જેવી થાય છે અને તેનો છાલાં-છોતરાં જેવો ભૂકો એ પવનથી ચોપાસ ફેલાઈ વેરાઈ જતો હોય તેમ એ ચંદ્રનાં કિરણ જગતમાં ભ્રમણ કરે છે. અર્થાત્ આ ચોપાસ હરિનું સ્મિત કિરણરૂપે જગતના ત્રિવિધ તાપનો નાશ કરતું વ્યાપી રહ્યું છે.

૧. પ્રાચીન શ્લોક.

૨ . જૈવાતૃક = ચંદ્ર.

* ઘેટાંની લડાઈ.

૧. સ્વધર્મમાં મૃત્યુ થાય તે પણ કલ્યાણરૂપ છે.

૧. અર્થ: પરસ્પરને સદા અનુકૂળ હોય એવા રાજાઓ અને અમાત્યો ઉપર સર્વ સંપત્તિઓ પ્રીતિ રાખે છે. — ભારવિ

૧ . ફિલૉસૉફી.

૨ . પક્ષમંત્રી = કાઉન્સલ = બારિસ્ટર

3. Religious Superstition .

* પ્રાચીન વાક્ય છે. ૧ . માછલી. ૨ . અમૃત = પાણી, દેવતાઓનું અમૃત

૨. મનહરપુરીમાં મણિરાજ અને વિદ્યાચતુરનું કુટુંબ

મનહરપુરીમાંથી માનચતુર સવારોને લઈ નીકળ્યો તે પછી એના ઉતારામાં સર્વ સૂવાને વેરાઈ ગયાં અને પોતપોતાની પથારીમાં સૂતાં પણ બરોબર ઊંઘ્યા નહીં ચંદ્રકાંત પાછલી રાત્રિના ત્રણ વાગતાં વિચાર કરતાં કરતાં ઊંઘી ગયો અને સરસ્વતીચંદ્રનાં સ્વપ્નોમાં પડ્યો. સુંદરગૌરી રોતી રોતી નિદ્રાવશ થઈ. ગુણસુંદરી સૂતી ખરી પણ આંખો ઉઘાડી રાખી પીઢો સામું જોઈ રહી અને પ્રાત:કાળમાં ઊઠી ત્યાં સુધી વિચાર અને ચિંતામાં કાળ ગાળ્યો. પ્રાત:કાળ થતાં સર્વ કંઈ કંઈ કામમાં વળગ્યાં અને ઊંચે જીવે કામ કરવા લાગ્યા. ચંદ્રકાંતનું આતિથેય[૧] કરવાનું કુસુમને માથે આવ્યું. ચંદ્રકાંતે ચા પાવાનું અને દૂધ પાવાનું કામ કુસુમે કર્યું એટલું જ નહીં, પણ એ નવરો પડે અને મિત્રશોકના વિચારમાં પડી ઉદ્વેગમાં ન રહે તેને માટે વિનોદ કરવાનું કામ પણ કુસુમે સાધ્યું.

ઉતારાની ઓસરીમાં ચંદ્રકાંત બેઠો હતો ત્યાં એને સારું કુસુમ એક-બે પુસ્તક લઈ આવી અને બોલી: ‘ચંદ્રકાંતભાઈ, ગુણિયલે આ પુસ્તક કુમુદબહેનને શીખવેલાં છે અને મને શીખવવાનાં છે. પણ મારા પિતાજી પણ એ પુસ્તકોના રસિયા છે માટે તમને પણ રસ પડશે ખરો.’

પુસ્તક જોતો જોતો ચંદ્રકાંત સુખી અને દુ:ખી થયો. આ કુટુંબનો સદભ્યાસ અને સદાગ્રહ જોઈ સુખી થયો. પોતાના મિત્રનો અને એ કુટુંબનો સંબંધ કથાશેષ[+] થયો સ્મરી દુ:ખી થયો. કુસુમ તેના નિશ્વાસથી ચેતી ગઈ અને બોલી:

‘ચંદ્રકાંતભાઈ, સરસ્વતીચંદ્રનો દોષ તો મને દેખાતો નથી, પણ મને એમ લાગે છે કે ઘર છોડી રૉબિન્સન ક્રૂઝો જેવું કરવાનું એમને પ્રથમથી જ કંઈ મન હશે.’

દુ:ખમાં પણ આ પ્રશ્ને ચંદ્રકાંતને હસાવ્યો. ‘બહેન, તમને રૉબિન્સન ક્રૂઝો ક્યાંથી સાંભર્યો?’

‘એને પણ ઘર છોડી આથડવાનું મન થયું હતું તેમ આમને પણ થયું હશે.’

‘પણ એ કાંઈ સારું કહેવાય?’

‘મને તો એમ આથડવું બહુ ગમે. હું તો રોજ ગુણિયલને કહું છું કે ઘરમાં ને ઘરમાં શું ભરાઈ રહેવું? ખરું પૂછો તો ભદ્રેશ્વર જવાનું મેં જ ઠરાવ્યું હતું. મને તો લાગે છે કે એમને બધે ફરવાનું મન થયું હશે અને ઘરમાં આવું થયું એટલે બધાંને માથે ઢોળી પાડવાનો લાગ ખોળી ભાઈસાહેબે મનમાનતું કર્યું!’

‘તે તો પરણીને પણ થાત.’

‘પણ એ બધી અણસરજી પીડા. આ જુઓને કુમુદબહેનને પરણ્યાનું જ ફળ છે કની? મારે કાંઈ છે? પરણ્યાં એટલે પડ્યાં!!’

‘બહેન! એવું બોલાય નહીં, હોં!’

કુસુમ કંઈક શરમાઈ ગઈ ને મનમાં બડબડી: ‘બળ્યું! કોઈની સાથે ભળ ભાગે એટલે લૂલીબાઈ હાથમાં ન રહે.’ મોટેથી વાત ફેરવી, બોલી:

‘હું તો સહેજ કહું છું. તે એટલા સારુ કે મને તો સરસ્વતીચંદ્રનો રજ વાંક વસતો નથી. અને જ્યારે બધું જાણી જોઈને નીકળ્યા છે ત્યારે તો એવા ચતુર પુરુષ કાંઈ વિચાર કરીને જ નીકળ્યા હશે. બહારવટિયાઓમાં હશે તોયે એમની પાસેથી શું લૂંટવાનું હતું? મને તો લાગે છે કે એ પણ એમને મન જ થયું હશે.’

‘એમાં તે મન શું થવાનું હતું?’

‘એ જ્યારે અમારે ઘેર આવ્યા હતા ત્યારે શેક્સપિયર વાંચતા હતા. તેમાંની એક વાત એમણે મને કહી હતી. તેમાં વેરોનાનગરીનો ગૃહસ્થ વેલેંટાઈન ચોરલોકમાં ગયો ત્યારે ચોરનો સરદાર થઈ રહ્યો હતો. સરસ્વતીચંદ્રે પણ એમ કરવાનું કેમ ન ધાર્યું હોય? એમાં પણ એક ગમત છે.’

‘ચોરમાં ભળવું એ કાંઈ સારું?’

‘બહારવટિયા કાંઈ ચોર કહેવાય?’

‘ત્યારે બીજું શું?’

‘એ તો રાજાના સગા તે ન બને ત્યારે બહારવટું લે. રાજાઓ લડે ત્યારે મારે તે કંઈ ખૂન થાય?’ આ મુગ્ધ પણ બુદ્ધિશાળી વાર્તાથી ચંદ્રકાંતનું દુઃખ અર્ધું ઓછું થયું. વધારે બોલે છે, એટલામાં બારણે હોકારા થયા.

કુસુમે બારણે જોયું. મુખી ઘોડો દોડાવતો આવતો હતો અને જે મળે તેને વિજયસમાચાર કહેતો હતો એટલે એના દોડતા ઘોડા પાછળ લોકો દોડતા હતા અને આનંદના હોકારા થતા હતા. થોડી વારમાં તો ગુણસુંદરી, ચંદ્રકાંત, અને સર્વ મંડળે આ સમાચાર વીગતવાર મુખીના મુખથી સાંભળી લીધા. પા કલાકમાં આનંદ પ્રવર્તી ગયો અને સર્વ સમાચાર જૂના થઈ જતાં મુખી ચાલ્યો ગયો. હવે તો માત્ર માનચતુર અને કુમુદસુંદરીની વાટ જોવાના ઉમંગમાં અને આનંદભરી આતુરતામાં એક પળ એક જુગ જેવી લાગવા માંડી. એમ લાંબો થતો કાળ કેવી રીતે ગાળવો તે ન સૂઝતાં ચંદ્રકાંત ઓસરીના ઓટલા ઉપર માર્ગમાં દૃષ્ટિ નાંખતો ઊભો અને સ્ત્રીમંડળ ઉતારામાં પોતાના શયનખંડમાં જઈ બેઠું. થોડી વારમાં ગુણસુંદરી બોલી: ‘કુસુમ, ચાલ, એક્લાં છીએ એટલામાં ભમરો ગાઈએ એટલે વખત જશે.’

સુંદર બોલી: ‘કુસુમ સારંગી વગાડે તો ગાઓ.’

કુસુમ એક પેટી ભણી દોડી અને ઉઘાડી તેમાંથી સારંગી કાઢી વગાડવા લાગી, અને તેમાં સ્વર બરોબર ઊતરવા માંડ્યો એટલે બોલી:

‘ગુણિયલ, હું કમલિનીવાળું પદ બોલીશ અને તુ ભમરો બોલજે.’

સારંગીના સ્વરથી ચંદ્રકાંત ચમક્યો. આ ખંડ અને ઓસરી વચ્ચે વેંતની જાળી હતી તેમાંથી આ રમણીય દેખાવ એ જોવા લાગ્યો. ખાટલાની પાંગથ ઉપર સુંદર બેઠી હતી તેને ખભે હાથ મૂકી ગુણસુંદરી પણ બેઠી હતી અને બેની ગૌર સુંદર કાંતિ એકબીજામાં એવી તો ભળી ગઈ દેખાતી હતી કે બે નહિ પણ એક જ સ્ત્રી બેઠેલી લાગતી હતી. સામે એક પગ પેટી ઉપર વાંકો અને એક પગ જમીન ઉપર સ્વસ્થ રાખી કુસુમ કેળના છોડ જેવી ઊભી હતી અને નાજુક સારંગી કેળના પાંદડા જેવી લાગતી હતી. ધીમે ધીમે કુસુમનો સ્વર અને સારંગીનો સ્વર એકઠો મળી નીકળવા લાગ્યો:

‘દૂર દૂર દૂર દૂર જા, ભમરા, તું દૂર દૂર!—(ધ્રુવ)

કમલિની હું કોમળ દળવાબી,

કાંટાવાળો તું ક્રૂર કુર! જા, ભમરા!

ભોગી પરાગનો, અલ્યા, તું એકલા

સ્વાર્થ વિશે છે શૂર શૂર! જા, ભમરા! ’

કુસુમે છેલ્લું પદ વારંવાર ગાયું, સુંદર પણ ઝીણેથી ગાવામાં ભળી અને સારંગીની ધૂન મચી રહી. થોડી વારમાં ગુણસુંદરીનું ગાન કિન્નરકંઠમાંથી નીકળવા લાગ્યું; અને ખંડ બહાર ચાકરો પણ કામ કરતા અટકી પળવાર કાન માંડી ઊભા:

‘કમલિની! ખોટું સમજવે તું શૂરી!

માનિની!આમ ન ભૂલ ભૂલ! માનિની. (ધ્રુવ)

રાત રાખીને કેદ કરે, બની

વજ્રસમું કુળં ફૂલ ફૂલ! માનિની!

તજી કુસુમવન, કામી કમળનો

શિર ઘાલે પરાગની ધૂળ ધૂળ!! માનિની! ’

છેલ્લી કડી ગાવામાં ત્રણે જણ ભળ્યાં અને પો ઘડી તેમના સ્વરની અને સારંગીની રમઝટ ચાલી, એટલું જ નહિ પણ

‘શિર ઘાલે પરાગની ધૂળ

ધૂળ

ધૂળ ધૂળ,'

એટલું ગાતાં ગાતાં તો કુસુમસુંદરીના પગ, હાથ અને લલાટ વેગભર્યું નૃત્ય કરી રહેવા લાગ્યાં અને એ નૃત્યપ્રસંગે તે વર માગવા ગયેલી દેવકન્યા પાર્વતી સન્મુખ મહાદેવીને પ્રસન્ન કરવા દિવ્ય નૃત્ય કરતી હોય, અથવા કાકી અને માની આરસ જેવી પ્રતિમાઓ પાસે ફુવારા પેઠે ઊછળી રહી હોય એવી દેખાવા લાગી. આખરે આ તાનમાં સુંદરે હસી પડી ભંગ પાડ્યો:

'કુસુમ! હવે તો બરાબર નાચી! વાહ! વાહ! હવે તો ચંદ્રકાંતને બોલાવ તારી ફજેતી જોવા! 'સુંદરસૌરી ઊઠી અને સામેથી કુસુમને વળગી પડી અને વહાલથી એને ગાલે ચુંબન કરી, નીચી વળી, એના મોં સામું જોઈ પૂછવા લાગી:'

'તને વળી આ કોણે શીખવ્યું અને ક્યાંથી આવડ્યું? બોલ, બોલ!'

કુસુમ સુંદરની છાતીમાં મોં ઘાલી શરમાઈ થોડી વાર ઊભી રહી; પછી હળવે રહી આઘી ખસી ગુણસુંદરીની પાસે જઈ બેઠી અને નીચું જોઈ રહી. એના ગોરા ગાલે શરમના શેરડા પડી ગયા અને ગાલના મધ્ય ભાગમાં નારંગીનો રંગ ચમકવા લાગ્યો. ગુણસુંદરી એને વાંસે ધીમેથી હાથ ફેરવવા લાગી અને મલકતે મોંએ બોલી:

'કુસુમ, વારુ કહે જોઈએ, આ ક્યાં શીખી?'

કંઈક હિંમત આણી, હજી નીચું જોતી કુસુમ બોલી,

'આટલું બધું પૂછો છો તે શું કંઈ આમાં નીચું છે?'

'ના, ના, ઊંચું હશે!' સુંદર હસતી હસતી બોલી.

'જો નીચું હોય તો માલવિકા અને ઈરાવતી કેમ નૃત્યકળા શીખતાં હતાં? પૂછો ગુણિયલને!' વળી કંઈક વિચાર કરી સંભારી કાઢી બોલી: 'વારુ જુઓ, આ આપણી ગુજરાતીમાંય સામળભટ્ટની વિદ્યાવિલાસની નૃત્યકળા શીખી હતીસ્તો!'

'એ તો ઠીક. પણ તું ક્યાં શીખી?' ગુણસુંદરીએ પૂછ્યું.

'મહારાજને આપણે ઘેર તેડ્યા હતા ત્યારે નૃત્ય કરાવ્યું હતું તે સૌએ ચકમાં રહી જોયું હતું તે ભૂલી ગયાં હશો!' હવે કુસુમને ઊંચું જોવાની હિંમત આવી.

'ઓ મારા બાપ રે! તે, કુસુમ, તું એક વાર જોયાથી આટલું શીખી ગઈ! મારી કુમુદને તો આવો છંદ કંઈ વળગતો ન હતો!' સુંદર બોલી. કુસુમ ખીજવાયા જેવી દેખાઈ.

સુંદરને આંખવડે ગુપ્ત અણસારો કરી ગુણસુંદરી બોલી: 'એ તો જેમાં જેવી આવડ. પણ હું તો પૂછું છું એટલા માટે કે તને આ કળા ગમતી હોય

તો તારા પિતાને કહી આમાં પણ કેળવણી આપનાર રાખીએ.’

પિતાનું નામ સાંભળી કુસુમ ગભરાઈ. કેળવણી આપનારનું નામ સાંભળી ચમકી: ‘તે કોણ રાંડ નાયકા મને કેળવણી આપનાર હતી? તમે પણ, ગુણિયલ, ઠીક છો!’ રિસાઈને કુસુમ માનાથી પણ જરીક છેટે જઈ બેઠી.

‘ત્યારે તું કહે તે કરીએ.’

‘અમારે શીખવું હશે તો આટલું કોણ શીખવવા આવ્યું હતું? તે વળી પિતાજીને જણાવવું છે!’

‘ત્યારે સાસરિયાંને જણાવીશ?’

‘હા, તે એવી વાતો નહિ હોય જે પિયરિયાંયે ન જાણે ને સાસરિયાંયે ન જાણે?’

‘ત્યારે બીજું કોણ જાણે? તારો વર?’ સુંદરે વીજળીની ત્વરાથી પૂછ્યું. કુસુમ ઊઠી, કાકીને બે ખભે બે હાથેલીઓ વડે જરીક ચાંપ્યાં અને ખંડ બહાર દોડી ગઈ. એ દોડી બારણા બહાર નીકળતી હતી એટલામાં એની પાછળ હસતી હસતી સુંદર જરીક મોટેથી બોલી: ‘એ તો એ જ! હા! અમે સમજ્યાં તારા મનનો ઉત્તર.’ ગુણસુંદરી વિચારમાં પડી.

‘કેમ, ભાભીજી, વિચારમાં પડ્યાં!’ સુંદરે પૂછ્યું.

‘આ કુસુમ જુએ એટલું શીખે, સાંભળે એટલું સરત રાખે, ગમે એટલું બોલી અને ઝાલી ઝલાય નહીં. આપણા ઘરમાં તો ઠીક છે, પણ કોણ જાણે કોણ વર મળશે અને સાસરિયામાં એના આ ગુણ દોષરૂપ થશે અને એ દુ:ખી થશે. સાસરે તે આ પૂતળું કેમ સમાશે?’

‘વારુ, એવા એવા વિચાર તે આજથી શા કરવા? સૌ સૌનું પ્રારબ્ધ સાથે બાંધી ફરે છ.’

‘હવે કાંઈ વિચાર કરવાની વાર છે? હવે તે ક્યાં સુધી આમ કુમારી રખાઈ? એનું કાઠું તો જુઓ. રાત્રે નહીં એટલી દહાડે, દહાડે નહીં એટલી રાત્રે વધે છે! મળસકું કેવું જોતાજોતામાં વધે!’

‘હાસ્તો, મારે કુમુદનાથી આટલી નાની છે પણ એને તો ક્યાંયે ઢાંકી નાંખે એવી આ થઈ છે.’ સુંદરને પણ કાંઈ વિચાર સૂઝ્યા અને દેરાણીનો પ્રવાહમાં ભળી ગઈ.

‘અને મોઈ — હજી તો એને મીરાંબાઈ જેવાં રહેવાનું મન થાય છે.’

‘હા! બાઈ, આ તમારી દીકરી જેવી તો કોઈએ દીઠી નહીં.’

‘એને મીરાંબાઈ થવું છે, એને ઘરમાં બંધાઈ રહેવું નથી. એને વિલાયત મોકલીએ તો ત્યાંયે જવું છે, તળાવમાં તરતાં શીખી, અને અધૂરામાં પૂરું નાચતાંયે શીખી! સાપનો ભારો સાચવવા જેવું વિકટ કામ છે.’

‘પણ એનામાં હજી કળિ આવ્યો નથી.’

‘હા, એટલું વળી ઠીક છે. પણ કુમુદના જેવી ગરીબડી નથી કે જ્યાં જાય ત્યાં સમાય. સિંહણ જેવી છે તેને તો સિંહ જોઈએ તો કાંઈ ભરી રાખ્યા છે જગતમાં?’

‘એ તો ખરું.’

‘જો સરસ્વતીચંદ્ર જડે અને કહ્યું માને તો એમને હાથ તો રહે ખરી. પણ જે ધણીને દશ લાખ રૂપિયાની ગાદી છોડતાં વાર ન લાગી તેને આપણે તે શું સમજાવનાર હતાં?’

‘આ ચંદ્રકાંતના હાથમાં કંઈ વાત હશે.’

‘હા, એટલા જ સારું હું કુસુમને એમની નજરે જશ પડવા દેઉ છું કની?’

‘એ તો ઠીક કરો છો.’

ચંદ્રકાંતે બારણે નિ:શ્વાસ મૂક્યો, અને આ વાતો સાંભળવી મૂકી દઈ, કપાળે હાથ મૂકી, અસ્ત થઈ જઈ ગાદી ઉપર પડ્યો.

થોડીક વારમાં કુસુમ એની પાસે દોડતી આવી: ‘ચંદ્રકાંતભાઈ, ચંદ્રકાંતભાઈ, ઊઠો જરી. મહારાજશ્રી આ રસ્તે થઈને પધારે છે તે અહીંયાં ચક નાંખી દેવડાવીએ છીએ કે ગુણિયલ અને અમે સૌ એમનાં દર્શનનો લાભ પામીએ! તમે આણી પાસ બેઠા બેઠા સવારી જોજો.’

ઓસરીમાં ચાકરોએ ચક નાંખી દીધા, સ્ત્રીમંડળ પણ ગુપચુપ આવી મણિરાજની વાટ જોતું બેઠું, માર્ગ ઉપર ધામધૂમ થવા લાગી, લોક તરવરવા લાગ્યા અને આઘે બૂમ પડી: ‘પધાર્યા, પધાર્યા, મહારાજ પધાર્યા!’

કુસુમસુંદરી સ્ત્રીમંડળની એક પાસ ચકને એક છેડે લપાઈ જઈ બેઠી અને ચંદ્રકાંત દેખે નહીં એમ જમીન ઉપર ચક બે આંગળ ઊંચો કરી, જરીક સૂઈ ગયા જેવી થઈ, ચક અને ભોંયના વચાળામાંથી પોતાનું મોં દેખાય નહીં એમ જોવા લાગી.

સુંદરે કુસુમના વાંસામાં પાછળથી ધીમી લપાટ મારી. કાકીનો હાથ કાઢી નાંખી હસતી હસતી ભત્રીજી જોવા લાગી અને ધીમે રહી બોલી: ‘કાકી, એ તો આપણને કોઈ દેખે નહીં એટલી સંભાળ રાખવાની છે. આપણે ન જોવું એમ કાંઈ નથી.’

સુંદર છાનું બોલી: ‘હા, પણ ચક ઊંચો કરે છે તે?’

‘સારુ! સારુ! એટલી ચોરી કરતાં આવડતી નહીં હોય? બોલો જોઈએ મેં તમારી પાસેથી શું ચોર્યું? ખબર છે કાંઈ?’

‘મોઈ રાંડ, ચોરી કરતાં યે આવડી:’ સુંદર જશ ઊંચી થઈ શરીર સંભાળવા લાગી.

‘બેસો, બેસો, એ તો જશ મારે માગ કરાવવો હતો તે ઉઠાડ્યાં.’

‘આ ચંદ્રકાંત અહીં ન હોત કેની, તો તારા માથા પર બેસત. મને પણ ઠગે છે!’

‘હું યે મારો વખત જોઈ ઠગું છું કે તમારાથી બોલાય નહીં. ચંદ્રકાંતભાઈ ન હોત તો બેસત નહીં તમારા ખોળામાં?’

‘બેસ, બેસ, હવે. કાંઈ ઝાલતાં ઝલાય છે?’

કુસુમ મોકળાશથી બેઠી. આ તો વાતો એટલી ચુપકીથી કરી હતી કે પાસે બેઠેલા ચંદ્રકાંતને કાને સ્વર સરખો ગયો ન હતો.

બારણે મહારાજની સવારી પાસે આવી.

રત્નનગરીના જુવાન મહારાજ મણિરાજનું વય આજ વીસ-એકવીસ વર્ષનું હશે. એના પિતા મલ્લરાજ ગુજરી ગયે બેત્રણ વર્ષ થયાં હતાં અને મણિરાજ ગાદી ઉપર બેઠા પહેલાં થોડા કાળ ઉપર વિદ્યાચતુરને પ્રધાનપદ મળેલું હતું. મણિરાજને નાનપણમાંથી મૃગયાનો સ્વાદ પડેલો હતો અને તે દિવસે દિવસે વધેલો હતો. સુંદરગિરિ અને મનહરપુરીની આસપાસનાં જંગલો આ વૃત્તિને ઘણાં અનુકૂળ હતાં, કારણ તેમાં મનુષ્યની વસતિ આછી અને પશુની વસતિ ઘાડી હતી. એ જંગલનું લાકડું પોતાની જાતની આજ્ઞા વિના કપાય નહીં અને જંગલનો નાશ થાય નહીં એ વાતની મણિરાજ જાતે વ્યવસ્થા રાખતો. જ્યાં જંગલ ઘાડુ ત્યાં દુષ્કાળની ભીતિ ઓછી એ નવીન શાસ્ત્ર મણિરાજને ગમી ગયું હતું, કારણ જંગલના રક્ષણથી મૃગયાના સ્વાદસોગને અનુકૂલતા હતી, એટલું જ નહીં પણ જૂની વાતોના નાશના આ યુગમાં કાંઈ પણ પ્રાચીન પદાર્થનું રક્ષણ નવા શાસ્ત્રને બળે થતું હોય તો તે શાસ્ત્રનું ગ્રહણ કરવામાં મણિરાજને ઓર આનંદ મળતો. એ શુદ્ધ રાજપુત્ર[1] ઉચ્ચાભિલાષનો ગર્ભશ્રીમંત હતો, અને એ અભિલાષ — લક્ષ્મીને વિદ્યાચતુરની બુદ્ધિએ ચોપાસ વિકસાવી વિસ્તારી હતી. વિદ્યાચતુર બ્રાહ્મણ હતો પણ એવું માનતો કે ક્ષાત્રઉદ્રેકનું[2] રક્ષણ કરે એવું જીવન આ સમયમાં મૃગયાથી રહે એમ છે અને તેથી નાનપણમાંથી એની સૂચનાને આધારે મલ્લરાજે મણિરાજની આસપાસ શૂરા રજપૂતોનો કિલ્લો બાંધી મૂક્યો હતો અને તેમના સંગમાં મણિરાજનું ક્ષાત્રતેજ દિવસે દિવસે પ્રદીપ્ત થવા પામ્યું હતું. વિદ્યાચતુરની આ સૂચના એને વિષે

મલ્લરાજના મનમાં ઉચ્ચ અભિપ્રાય બંધાવનારી થઈ પડી હતી. કારણ 'મારા પુત્રને બ્રાહ્મણવાણિયો ન કરશો' એ આજ્ઞાનું આ સૂચનાથી પાલન થયું હતું. છતાં વિદ્યાચતુરે પોતાનું બ્રાહ્મણત્વ ઢાંક્યું પણ ન હતું. રજપૂતોના ગુણની સાથે તેમના દોષ પણ મણિરાજમાં આવી જાય નહીં તેને વાસ્તે પોતે અત્યંત ખંત રાખતો. એટલું જ નહીં, પણ એની બ્રાહ્મણતા બાળક રાજપુત્રને હાસ્યાસ્પદ લાગે નહીં અને તેથી એની બુદ્ધિ ઉપર બીજા વિષયમાં પણ અનાસ્થા થઈ જાય નહીં એટલા માટે આટલા ક્ષાત્રવ્યસનનું મૂલ્ય એની બુદ્ધિ સમજે છે એવી આસ્થા કોમળ વયના રાજપુત્રના મનમાં વધારવામાં પણ આ સૂચના સહાયભૂત થઈ પડી હતી. આથી બીજા રજપૂતોને પણ આ બ્રાહ્મણમાં કાંઈ છિદ્ર કાઢવાની બારી રહેતી ન હતી, અને તેમનો અને રાજકુમારનો સંગ રાખનાર ઉપર પ્રીતિ રહેતી. મૃગયાથી રાજકુમાર પાછો ફરે ત્યારે તે તરત વિદ્યાચતુરને મળે, મૃગયાનું વર્ણન કરે અને પોતાના સહચારી રજપૂત બાળકોની વાર્તાઓ તથા ચર્ચાઓ પણ વિશ્રંભથી[3] કહી જાય એવો વ્યવહાર રાખ્યો હતો. તે પ્રસંગનો લાભ લઈ એ બાળકોથી તેમ એ બાળકોમાં કંઈ પણ અસદ્‌વિચાર અથવા અસદાચારનું બીજ ઉત્પન્ન થતું હોય તે શોધી કાઢવાની, અને જડે તો તે બીજનો બીજદશામાં જ નાશ કરવાની, વિદ્યાચતુર ખંત રાખતો, અને એક રાજકુમારને ઠેકાણે અનેક રાજપુત્રોનાં બાળકોનો પોતે પ્રિય ગુરુ થઈ પડ્યો હતો. આ બાળકો ઘેર જઈ માબાપની પાસે રસથી વાતો કરે તેથી વર્તમાન રજપૂતમંડળનો વિદ્યાચતુર માનીતો થયો હતો. બ્રાહ્મણ-ક્ષત્રિયનો હૃદયભેદ એની વાતમાં આથી દૂર થયો હતો. આ સર્વ સ્થિતિનો લાભ લઈ મૃગયાના વ્યસનમાં રહેલું અમૃત રાખી વિદ્યાચતુરે તેમાંનું વિષ ઉતાર્યું. રાજાનો ધર્મ અને રાજાનું પરાક્રમ એ છે કે નિર્દોષ અને નિર્બળનું રક્ષણ કરવું અને દુષ્ટને શાસન કરવું. આ જ ન્યાય મનુષ્યપ્રજામાં તેમ પશુવર્ગમાં પ્રવર્તાવવાનો અભિલાષ મણિરાજમાં વધાર્યો. મૃગયા કરવી પણ મૃગ અને સસલાં જેવાં નિર્દોષ પ્રાણીનો ઘાત કરવાનો તિરસ્કાર અને સિંહ વાઘ આદિ ક્રૂર પ્રાણીઓનો નાશ કરવામાં આગ્રહ એ બેને માળી વિદ્યાચતુરે ચતુરાઈથી મણિરાજના ઉચ્ચ મૃગયાભિલાષરૂપ વેલાને ચડવાના આધારવૃક્ષ કરી રાખ્યા હતા. આ અભિલાષ અમાંસાહારી વસતિનો પણ રક્ષક હતો અને રાજ્યનાં જંગલોનો પણ રક્ષક થઈ પડ્યો હતો. ગ્રીષ્મઋતુના અનુકૂળ સમયમાં આ અભિલાષાનો ધારક મહારાજ મણિરાજ રાતના પાંચ વાગતાં આજ મૃગયા રમવા નીકળી પડેલો હતો, એક સિંહનો શિકાર જડી આવવાથી તેનું મન પ્રફુલ્લ થયું હતું, અને એટલામાં જ વસતિની ભાળ રાખવામાં જાગ્રત રાજાને બહારવટિયાના સમાચાર મળવાથી તે અચિંત્યો અત્યારે મનહરપુરીમાં આવી ચડ્યો હતો. વૃક્ષ, પશુ અને મનુષ્યોનો મહારાજ પોતાના નાનકડા ગામમાં પ્રાત:કાળે પધારતો જોઈ ગરીબ વસતિ તેને સત્કાર દેવા અત્યારે તરવરવા લાગી.

ગુણસુંદરીએ તપાસ કરવા મોકલેલો એક સિપાઈ એટલામાં એની પાસે આવ્યો અને નીચો વળી બોલ્યો: ‘મહારાજ અને રાજપુત્રોની મંડળી મૃગયા કરવા ગયેલી તે આવે છે; ઘોડાઓ પાછળ ચાલે છે અને આગળ મહારાજ મંડળસહિત પાળા ચાલે છે.’

ગુણસુંદરીએ કુસુમ સામું જોયું: ‘ કુસુમ, આપણે અહીંયાં છીએ તે એમને ખબર પણ હોય.’ હરિણીનું બચ્ચું દોડે એમ કુસુમ ઘરમાં દોડી ગઈ. ગુણસુંદરીએ ચંદ્રકાંત ભણી દૃષ્ટિ કરી. ચંદ્રકાંત યોગ્ય વસ્ત્રાદિ પહેરી બેઠો જોઈ એ દૃષ્ટિ પાછી ફરી. પ્રધાનપત્ની બોલી: ‘ચંદ્રકાંતભાઈ, મહારાજ આપનો સાથ ઇચ્છે તો તેમને અનુકૂળ થવા તત્પર રહેજો.’ સુંદરે ગુણસુંદરી સામું જોયું. તેને ઉત્તર મળ્યો. ‘મહારાજ આ ગામડામાં આવે છે પણ મૃગયામાંથી થાકેલા તે બુદ્ધિવિનોદ શોધ્યા વિના રહેનાર નથી અને તમારા દિયરના વિદ્વાન અતિથિ જેવું વિનોદસ્થાન એમને અહીં ક્યાં મળવાનું હતું? ચંદ્રકાંતભાઈ અત્રે છે તે કાંઈ એ જાણ્યા વિના રહેવાના હતા?’ ઉત્તર દેવાતાં પહેલાં પોતાનાં ઉત્તમ કન્યાવસ્ત્ર પહેરી હાથમાં સોનારૂપાના ગંગાયમુનાની ભાતવાળા મોટા થાળમાં શોભા અને સુગંધવાળાં કુસુમનો કોણાકાર રાશિ લેઈ, કુસુમ આવી. ધોળી ભોંય ઉપર રાતાં અને લીલાં ફૂલની કોરવાળું સોનારૂ પાના તારાથી ભરેલું ભૂરું રેશમી ઓઢણું પ્રાત:કાળની ફૂલવાડી પેઠે એના ગૌર શરીર ઉપર પવનની સૂક્ષ્મ લહેરોમાં ફરકી રહ્યું. કસુંબલ ચણિયાની દેખાતી એક પાસ વળેલી કરચલીઓ, પ્રભાતના પૂર્વાકાશમાં દેખાતી સૂર્યપ્રભાની રેખાઓ પેઠે, જોનારને નિર્દોષ આનંદ અને ઉત્સાહ આપવા લાગી. એને પગે નાનાં નૂપુર સૂક્ષ્મ રણત્કાર કરી એની ગતિ સૂચવતાં હતાં. એની કેડે વાંકી રહેલી મોતી અને રંગીન મણિની ભરેલી મેખલા[૧] ઇન્દ્રધનુષ્ય જેવી લાગતી હતી, અને એ નવી જાતનો અલંકાર સંસ્કૃત પુસ્તકોમાં સ્ત્રીઓનું વર્ણન વાંચી એણે કાકી દ્વારા મા પાસે માગી કરાવ્યો હતો. બાકી હાથે, કંઠે, કાને અને ચિબુકે કેવળ સ્વચ્છ શ્વેત હીરાના અલંકાર પહેરી પ્રધાનકન્યા માતા પાસે આવી ઊભી ત્યાં બારણે કોલાહલ થવા લાગ્યો. સર્વ ઊભાં થયાં. ગુણસુંદરી ચંદ્રકાંતને કહેવા લાગી:

‘ચંદ્રકાંતભાઈ, તૈયાર થાઓ. મહારાજ પળવારમાં પધારશે. ગમે તો બારણે પગથિયાં ઉપર ઊભા રહો.’ ચંદ્રકાંતને તેમ કરવું સકારણ લાગ્યું અને પ્રધાનપત્નીની સૂચનાને અનુસર્યો.

ગુણસુંદરીની ઓસરી બહાર લોકોની ઠઠ વધી. વધતી ગઈ. કોલાહલ વધ્યો અને અચિંત્યો શાંત થઈ ગયો. ‘પધારો! પધારો!’ ‘અમર તપો!’ ઇત્યાદિ બૂમો આઘે સંભળાતી બંધ થઈ પાસે સંભળાવા લાગી. લોકની ઠઠના બે ભાગ થઈ ગયા. રસ્તાની બે પાસ લોક ઊભા રહ્યા અને પર્વતો વચ્ચે ખીણ હોય તેમ લોકની વચ્ચે માર્ગ થઈ ગયો. થોડી વારમાં

મણિરાજને દેવાતા સ્વાગત-ધ્વનિ ઓસરી આગળ ઊઠી રહ્યા અને મહારાજ મણિરાજ પોતાના મંડળ સમેત આવતા દેખાયા.

સર્વ મંડળ પગે ચાલતું હતું, અને ઘોડાવાળા ઘોડાઓને પાછળ દોરતા હતા. તેમની પાછળ બે ગાડાં ઢાંકેલાં ધીમે ધીમે ચાલતાં હતાં અને તેની આસપાસ કાળા પણ બળવાન ઉઘાડા અંગવાળા ભીલો તીરકામઠાં લઈ ગુપચુપ ચાલતા હતા.

સૌથી આગળ મણિરાજની બંદૂક લઈ એક સિપાઈ ચાલતો હતો, અને મણિરાજની બે પાસ તથા પાછળ જુદા જુદા વયના રાજપુત્રો પોતપોતાના શસ્ત્રાસ્ત્ર લેઈ ધીમે ધીમે પરસ્પર વાતો કરતા ચાલતા હતા. સર્વને માથે નાના પણ રંગીન ફેંટા કસીને બાંધી દીધેલા હતા. પગે પાયજામાં પહેર્યા હતા તેને છેક નીચે અકેક બોરિયાથી વ્યવસ્થિત રાખ્યા હતા. શરીરે ચૈત્ર માસને યોગ્ય મલમલનાં પહેરણ હતાં. કેડે લાંબા ઉપરણા વીંટી બાંધી દીધા હતા, અને તેના ઉપર કમરબંધમાં શસ્ત્રોના શિખરભાગ, વૃક્ષની શાખાઓ ઉપર પક્ષીઓની ચાંચો અને કંઠ દેખાય તેમ દેખાતા હતા. સર્વનાં શરીર પ્રચંડ બાંધાનાં, કોઈનાં શ્યામ અને કોઈની ઘઉંવર્ણાં હતાં. કપાળ મોટાં કે નાનાં પણ શૂરત્વની મુદ્રાથી મુદ્રાંકિત હતાં, કોઈની આંખ લાલ તો કોઈની વાઘના જેવી તીવ્ર હતી. નાસિકાઓ જોઈ ચંદ્રકાંતને રોમન લોકનાં ચિત્ર સાંભર્યાં. કોઈનો નીચલો ઓઠ જાડો હતો, તો કોઈને પોતાને એ ઓઠ દાંત વચ્ચે રાખવાની ટેવ હતી. વાઘના આગલા પગ પેઠે સર્વના પ્રબલ હાથ કાંઈક ગૂઢ ઉત્ક્રમના આતુર લાગતા હતા. હિમાલયની પેલી પારના — ચીન અને કાસ્પિયન સમુદ્ર વચ્ચેના — ઉગ્ર પ્રદેશમાંથી પ્રાચીન કાળમાં આ દેશ ઉપર ઊતરી પડેલા શકલોકોનું આર્ય ક્ષત્રિયોમાં મિશ્રણ થવાથી રાજપુત્રોની કેટલીક શાખાઓ બંધાઈ છે એ ઐતિહાસિક કલ્પના આ વીરમંડળના દેખાવથી ચંદ્રકાંતના મનમાં ખડી થઈ. આજ આપણે જિતાયેલા દેશીઓ છીએ અને અંગ્રેજો જીતનારા પરદેશી છે. થોડાંક વર્ષશતક ઉપર મુસલમાનો જીતનાર પરદેશી હતા; તેમાં પણ મોઘલના પહેલાંની બીજી જાતો હતી. મુસલમાન નામ ચૌદસો-પંદરસો વર્ષથી પડ્યું છે, પણ તેમના પહેલાં ગ્રીક અને શકલોક આ દેશ ઉપર ચડી આવ્યા હતા ત્યારે તેઓ જીતનાર પરદેશી હતા. અત્યંત પ્રાચીન કાળમાં આર્ય ઋષિઓ અને રાજાઓ પણ અત્યંત ઉત્તરમાંથી સિન્ધુ ઓળંગી આ દેશમાં આવ્યા હતા ત્યારે આ દેશના દસ્યુ આદિ કાળા લોકને જીતનાર એ ગોરાઓ હતા. આજ કાળા ગોરાનો, દેશી પરદેશીનો, જિતાયેલા અને જીતનારનો ભેદ છે તે પરાપૂર્વથી ચાલતો આવ્યો છે; પણ એ ભેદ માનનાર વર્ગ, ચોપટનાં સોકઠાં પેઠે, ઘડી ઘડી ઘર બદલે છે અને એક વર્ગનાં સોકઠાં બીજામાં જાય છે. પરદેશી ગોરા ઋષિઓ અને રાજાઓ, જૂના શકાદિ યવનો, મુસલમાનો અને પારસીઓ, જૂના ભીલના દેશીઓ થઈ ગયા છે અને હાલ પરદેશી ગણાતા અંગ્રેજો પણ દેશી થઈ જશે. કાળ દેશીપરદેશીના ભેદ

આમ ભુલાવે છે; અને એ ભેદ ભસ્મસાત થતાં સર્વ ભસ્મમાં જ વિભૂતિ હોય એમ એકદેશીય રંગનું જ ભાન ધરી આગળ નવો દેશી મુસલમાન સિપાઈ, પાછળ જૂના દેશી રજપૂતો, અને તેની પાછળ અત્યંત પ્રાચીન દેશી ભીલો — એમનું મંડળ, સૌથી જુદા પડતા પણ સૌની રાજભક્તિના અને પ્રિયતાના સુપાત્ર મણિરાજની આસપાસ અને એના ચિત્તમાં એક થઈ જતું, ચાલતું હતું.

મણિરાજના શરીરને તેની માતાએ રંગ અને કાન્તિ આપ્યાં હતાં, અને પિતાએ બાંધો અને બળ આપ્યાં હતાં. એનો વર્ણ શુદ્ધ કનકગૌર હતો, પણ ક્ષત્રિયશૌર્યના લોહીની તપાવેલા કનકના જેવી રતાશ એ ગૌરતામાં સ્પષ્ટ દેખાતી હતી. એના મુખની કાન્તિ કોમળ અને સુંદર હતી; છતાં, રાજપ્રતાપનો તાપ તે ઉપર એટલો બધો હતો કે એનું પદ ન જાણનાર માણસ પણ એની સાથે વાત કરતાં દબાઈ જતું અને એને માન આપતું. આજ રજવાડામાં કેટલેક સ્થાને પિતાપુત્રભાવનો સંદેહ ગુપ્તપણે કે પ્રગટપણે હોય છે, પણ જે વૃદ્ધોએ યુવાન મલ્લરાજના ગુણ અને આકાર જોયા હતા તેઓ તો ઘરમાં અને મિત્રમંડળમાં એમ જ કહેતા કે મણિરાજ જેમ જેમ વયમાં વધે છે તેમ તેમ મલ્લરાજનું અપ્રતિહત ભાન કરાવે છે. સિંહગતિથી પગલાં ભરે, ગંભીર મેઘનાદનું બોલતા ભાન કરાવે, અને પરિચય પડે તેમ તેમ સ્વભાવવૃક્ષનું ઊગવું થાય, તે સર્વમાં મલ્લરાજની યુવાવસ્થાનું પ્રતિબિંબ પડતું. સુંદરગિરિનો એક યોગીરાજ મલ્લરાજના મૃત્યુના સમાચાર જાણતો ન હતો. તેના દર્શનને વાસ્તે મણિરાજ પ્રથમ ગયા હતા ત્યારે પ્રથમ પ્રસંગે યોગીરાજે તો એને 'મલ્લરાજ!' કહીને સ્વાગત આપ્યું હતું. રાજગુરુ પ્રસન્નનાથ તો પ્રાત:કાળે શય્યા ઉપરથી ઊઠતાં ઊઠતાં નિત્ય મલ્લરાજ ને મણિરાજનાં પવિત્ર નામ સંભારી કાલિદાસનો શ્લોક ભણતા કે:

'रुपं तदोजस्वि तदेव वीर्य

तदेव नैसर्गिकमुन्नतत्वम्।

न कारणात्स्वाद्विभिदे कुमार:

प्रवर्तितो दीप इव प्रदीपात्॥ *

મણિરાજ તેના પિતા પેઠે સાધારણ ઊંચા પુરુષો કરતાં પણ અર્ધી વેંત ઊંચો હતો, અને તેની સાથે શરીર પણ સાધારણ પુષ્ટ હતું એટલે આજના કેટલાંક રશિયન લોક આવે છે તેના જેવી ઊંચાઈ પહોળાઈ હતી. રામ, કૃષ્ણ અને પાંડવ આદિ પ્રાચીન કાળના પુરુષો પણ ઓછામાં ઓછા આટલા ઊંચા હશે એમ વિદ્યાચતુર કહેતો. સ્વાભાવિક રીતે સ્ત્રી નીચી અને પુરુષો ઊંચા હોય ત્યારે કેટલીક મડમોનાં શરીર આગળ આપણા પુરુષોને લજ્જાસ્પદ થવું પડે એમ હોય છે, તો સાધારણ રીતે સાહેબ લોકો આપણા કરતાં શરીરે પણ ઊંચા, પહોળા અને બળવાળા હોય એમાં કાંઈ

નવાઈ નથી. પણ મણિરાજનું શરીર તો યુરોપિયનોનું પણ માન મુકાવતું, અને એના બીજા ગુણ તો તેઓ જાણે ત્યારે જાણે પણ પ્રથમ દૃષ્ટિપાતે જ એનું ક્ષાત્ર શરીર જોઈ એ લોક પ્રસન્ન થતા અને એને માન આપવા પ્રેરાતા.' *'वर्पुव्यूंढोरस्कं ननु भुवनरक्षाक्षममिदम्'* એ કવિવાક્ય સત્ય પડતું હોય તેમ મણિરાજની વિશાળ છાતી દેખી તેની પ્રજાને પોતાના રાજાનું અભિમાન આવતું. ગુણસુંદરીના ઉતારા પાસે એ આવે છે ત્યારે પહેલાં તો એને જોઈ, એનું અભિમાન આણી, કંઈ કંઈ લોક એનો રસ્તો રોકનાર મળ્યા. ચારણ અથવા એવી જ કોઈ વર્ણની, કાળી પણ બળવાળી, કદ્રૂપી પણ ઊંચી અને આંખમાં રાજભક્તિથી ભરેલી ચારેક મનહરપુરીની સ્ત્રીઓ ભીડમાંથી આગળ નીકળી આવી. મણિરાજના સામી ઊભી રહી, હાથ ઊંચા કરી, ઓવારણાં લેતી, મોટે પણ વીરસ્વરે ગાવા લાગી અને તેમાં સ્ત્રીકંઠનો લલકાર ભરવા લાગી:

'મધારો! મધારો! રે! મહારાજ મણિરાજ રે!

મહારાજ મણિરાજ! (ધ્રુવ)

મોઢે મૂછ ઊગે હજી રે, પણ સાવજનું' બાળ!

મૃગયા રમવા ચડતો ત્યારે જાણે જ એ જમરાજ રે!

મહારાજ૦ ૧

ધરતી બધી ધ્રૂજતી રે એવો ચરણનો ધબકાર,

સાવજ પેઠે પગલું ભરે ત્યાં સાવજ ભાગી જાય રે!

મહારાજ૦ ૨

જાળવે મલ્લરાજની ગાદી મલ્લ મણિરાજ,

જીવજો! જીવજો! —એમ કરે વસ્તી બધી પુકાર રે!

મહારાજ૦ ૩

જીવજો! જીવજો! જીવજો! જીવજો! કરે પવન પુકાર રે!

મહારાજ૦ ૪

સ્ત્રીઓ ગાતી જાય, ઓવારણાં લેતી જાય અને આંગળીના ટચાકા ફોડતી જાય. ગાઈ રહી કે આશીર્વાદ દઈ સ્ત્રીઓ રસ્તાની એક પાસ પાછી હઠી ખસી ગઈ અને મહારાજને માર્ગ આપ્યો.'

‘ભૈરવી! તારી આશિષ મને પહોંચી ગઈ. કહે, તારા છોકરા ખુશીમાં છે?’ મહારાજના મુખમાંથી સ્વર નીકળતાંમાં સ્ત્રીના પુત્રોનું ટોળું પાછળથી આગળ આવ્યું, અને ભૈરવીનો પુત્ર પૃથ્વી ઉપર નીચો પડી સલામો કરતો બોલ્યો:

‘મહારાજ, જેના રાજ્યમાં સસલાં અને હરણ સરખાં ખુશીમાં ફરે છે તેને ત્યાં ભૈરવીના દીકરા ખુશીમાં હોય એમાં તો પૂછવું શું? આ મારા ભાઈઓ.’ સર્વ પ્રણામ કરવા લાગ્યા.

‘કેમ બાપુ, તમારો હાલનો તલાટી કેવો છે?’ મણિરાજે પૂછ્યું.

‘વાહ, મહારાજ, આપે અમારે સારુ ચિંતા કરી ત્યાં શું કહેવું? એ તલાટીને નિત્ય અહીંયાં જ રાખજો.’

ભૈરવી આગળ આવી બોલી: ‘દીકરા, હજી તને બરોબર બોલતાં ન આવડ્યું. એમ કહે કે આવા તલાટી અમને નિત્ય આપજો એટલે તલાટીના ગુણ પણ ગવાય અને એનું આગળ ઉપર કલ્યાણ કરવાની ભલામણ પણ થાય. એ તલાટી આવો ભલો ને ચતુર છે તેને અહીંયાં જન્મારો રાખે તો એ નોકરીમાં વધે ક્યારે?’ પુત્રને આવી રીતે ઠપકો દેતી ભૈરવીને સાંભળી મણિરાજને કાંઈક સ્મિત થયું તે જોઈ ભૈરવી અચકી: ‘મહારાજ, કૃપા કરો. અમો ગામડિયાનાં બાળક આવું ગાંડુંઘેલું જ બોલે, પણ આપના રાજ્યમાં અમારે બહુ સંભાળ રાખવી પડે છે. કોઈ અમલદારનું જરાક ઘસાતું અમારે મોંએથી બોલાય છે એટલે તરત આપ રોગ પરખવા પાકી તપાસ કરો છો અને અમારાં વચનમાં સત્ય જણાય તો આપના ગમે તેવા વહાલા અમલદારને પણ શિક્ષા કરતાં રજ વાર લગાડતા નથી. ત્યારે એવા રાજ્યમાં કોઈનું જરીક વાંકું બોલતાં વિચાર કરી, સો ગળણે ગાળી પાણી પીએ નહીં તો બોલતાં બોલતાં પાપ લાગે.’

‘ત્યારે ભૈરવી, કેવું રાજ્ય હોય તો તને ગમે?’ મણિરાજે હસીને પૂછ્યું.

ભૈરવી અકળાઈને બોલી, ‘મહારાજ, જુઓ વળી આ મારાથી બોલતાં ભૂલ થઈ. મહારાજ, રાજ્ય તો છે એવું ને એવું જ રાખજો, પણ અમારે લીધે કોઈને શિક્ષા કરો તો અમને તેનો નિસાસો લાગે, અને તમારી પાસે બોલાઈ જતાં વધારે ઓછું બોલતાં તમે ખરી વાત જાણી જાઓ છો!’

‘ત્યારે તારે મારી પાસે ખરું બોલવાનું નહીં?’

‘ના બાપજી, જોજો પાછો એવો અર્થ લેતા. આપનાં તો અમે છોરુ, તે આપની પાસે સાચું બોલીએ તે તો શી નવાઈ? — પણ આપનાથી તો કાંઈ સંતાડવું પણ ન જોઈએ. પણ અમલદારોની તલાશ કરી તેમને શિક્ષા કરતાં દયા રાખજો. આપના શિકાર કરતાં આપના અમલદાર ગયા?’

‘ભૈરવી, એ શું કહ્યું?’

‘હા, સિંહને મારીને આપ રડો છો કે આને માર્યો તો આપના અમલદારોને શિક્ષા કરતાં તો દયા આણવી જ જોઈએ.’ છોકરાના સામું જોઈ ભૈરવી બોલી: ‘બોલ, છોકરા બોલ, પેલું જોડ્યું છે તે બોલી લે.’

ભૈરવીનો પુત્ર પ્રીતિથી ને ઉલ્લાસથી બોલવા લાગ્યો:

‘તરવાડ કડે, * બન્ધૂક કરે, ધરતો ધરતીપતિ તાકી જ જ્યાં,

વનરાજ ઊભો પળ જોઈ રહે, વનમાં અહીં આ શૂર માનવ ક્યાં?

માનવ ક્યાં? અહીં માનવ ક્યાં? કંઈ એમ વિચાર કર્યો ન કર્યો,

દીઠી — દીઠી ન — ગોળી ગઈ શિરમાં, વનરાજ, તિહાં જ ઠર્યો જ ઠર્યો.

જીવતો મરતો ન કળાય પશુ, હલકારક દૂર ઊભા ડરતા,

મણિરાજ ભરે ડગ, ના જ ધરે ડર, સિંહશિરે જ ધર્યા જ કર આ!

વનરાજ તણો જમરાજ મણિ વનરાજની પાસ ઊભો રડતાં,

વનરાજ ગયો! શૂર, હાય, ગયો! વન શૂન્ય હવે વનરાજ જતાં.’

પુત્ર બોલી રહ્યો કે ભૈરવી બોલી: ‘મહારાજ, વધારે બોલીએ તો કાંઈ ગાંડુંઘેલું બોલાઈ જવાય. માટે હવે તો અમારા આ સુખશંકર મહારાજ શાસ્ત્રની બે વાત બોલે તે સાંભળો.’

સુખશંકર આગળ આવી બોલવા લાગ્યો: ‘મહારાજ સિંહણ પાસે તેનાં બચ્ચાં ગેલ કરી રહ્યાં હોય તેમને સ્પર્શ કરનારની જ દશા થાય છે તે આપની નિર્દોષ પ્રજાને કનડનારની થાય છે એ યોગ્ય છે. રાજાપ્રજાની પરસ્પર પ્રીતિ એવી જ જોઈએ. પણ એ બીચારા તલાટીની હવે સૌને દયા આવે છે.’

‘બદલી થયા પછી તલાટી તમારી પાસે આવી ગયો હશે?’

‘ના બાપજી. એમ કાંઈ એની છાતી ચાલે એવું આપનું રાજ્ય છે? પણ આ બાઈનું જ કાળજું બળે છે.’

‘કેમ, ભૈરવી, ત્યારે તું એવી ઇચ્છા રાખે છે કે તલાટી ઉપર પાછી દયા કરવી જોઈએ?’

‘હા, બાપજી.’ ભૈરવી મલકાઈને બોલી.

‘બહુ સારુ. એમ થશે.’

ભૈરવી મણિરાજને પગે પડી અને ઊઠી ખસી ગઈ. મણિરાજ ચાલવાનું કરે છે ત્યાં આ સૌ જોઈ રહ્યો હતો એવો એક લંગોટિયો ગોસાંઈ હાથ ઊંચો કરી વચ્ચે આવ્યો ને બોલ્યો:

‘દેખો, મહારાજ, રાજાકી પાસ રિક્તપાણિ નહીં જાના ઐસા શાસ્ત્રકા બચન હય, ઔર આપને તો હુકમ કિયા હૈ કે અમારી પાસ કિસીને નજરાણા કરના નહીં તો ફિર ક્યા કરે? એક પાસસે શાસ્ત્રકા ઉલ્લંઘન હોવે ઔર દૂસરી પાસે રાજાકા આજ્ઞાભંગ હો જાવે તો પીછે આપકી પાસ આને મેં બડા સંકટ પ્રાપ્ત હો જાતા હૈ.’

મણિરાજને હસવું આવ્યું અને બોલ્યો: ‘સાધુદાસજી, આપકુ તો હમ ભેટ કરે ઔર ગોસાંઈકી પાસસે તો માત્ર આશીર્વાદ લેનેકા મેરેકુ અધિકાર હૈ.’

‘અચ્છા, મહારાજ. લેકિન ઇતના ગોપીચંદનકા તો સ્વીકાર કરના ચઈએ. શ્રીઠાકોરજીકી પ્રસાદી હૈ ઔર રિક્તપાણિ આના નહીં ઉસ લિયે હમને આશીર્વચન અબ ગુજરાતી કબીતમે તયાર કિયા હૈ સો લે લો.’

‘બોલો, સાધુદાસ.’

ઊંચો, લંગોટી વગર કાંઈ પણ વસ્ત્ર વગરનો, આખે શરીરે ગોપીચંદન ચોળી ઊભેલો, ગોસાંઈ તરતી નસોવાળા ઊંચા હાથ કરી બોલવા લાગ્યો:

‘શૂર ખરો ને ખરી દયા, મહારાજ મણિરાજ!

શરણ સંતના! જોઈ તને થરથર દુષ્ટ — સમાજ!

પ્રીતિ ખરી ને ભય ખરું: મહારાજ મણિરાજ!

સજ્જનવત્સલ નામ સુણી, થરથર દુષ્ટસમાજ!

થરથર દુષ્ટસમાજ નામ સુણતાંમાં થાતા! ’

ધરી આશ દેઈ આશિષ સંત અંતર મલકાતા.

તે આશિષને આશરે મણિરાજરાજ્ય જુગજુગ તપો!

ચતુર ચતુર તુજ સારથિ રથ તુજ લેઈ રણમાં ધપો.’

રામચંદ્ર આગળ સામળ કવિએ વાનર અંગદ પાસે કવિત બોલાવ્યાં છે એમ મણિરાજ પાસે ગોસાંઈ આ કવિત ગાઈ રહ્યો ત્યાં એની દૃષ્ટિમાં એમ લાગ્યું કે મારી પાછળ કોઈ ઊભું રહ્યું છે તેના ઉપર મહારાજ દૃષ્ટિ કરી રહ્યા છે. ગોસાંઈ પાછળ જુએ છે તો ફૂલનો થાળ હાથમાં લઈ બાળક કુસુમસુંદરી સિપાઈઓ સાથે ઊભી રહેલી અને જોડે ચંદ્રકાંત ઊભેલો. પ્રધાનકન્યા ક્યારની આમ ઊભી હતી તેનું ભાન થતાં ગોસાંઈ શરમાયો

અને આઘો ખસી જઈ બોલ્યો: ‘કુસુમબહેન, આગળ આવો, મહારાજને પુષ્પે વધાવો.’

ઊંચા પર્વત પાસે આઘેથી કોમળ અને સ્મિતમય સુંદર ઉષા[1] આવવા લાગે તેમ કુસુમ થાળ લઈ મહારાજ મણિરાજ પાસે ધીમે ધીમે આગળ આવી.

નાની સરખી નદી આગળ નીચો નમી આકાશનો ઊંચો મેઘ ધારારૂપી હાથ નદી સુધી લાંબા કરે તેમ મણિરાજે કુસુમના હાથમાંનો થાળ નીચા નમી પોતાના હાથમાં લીધો. એક હાથમાં તે થાળ રાખી બીજે હાથે એક અંજલિ ભરી પુષ્પ ચંદ્રકાંતને આપ્યાં, બીજી અંજલિ ભરી કુસુમની અંજલિમાં આપ્યાં, ત્રીજી અંજલિ ભરી પોતે સ્વીકાર્યાં, અને બાકીનાં પુષ્પસમેત થાળ જોડે ઊભેલા રાજપુત્રને આપી સહચાયીઓમાં અને વસ્તીમાં વહેંચવા આજ્ઞા આપી. આ સર્વ ક્રિયા તેના હાથ કરતા હતા તે જ સમયે જેમ હાથમાંથી પુષ્પ અપાતાં હતાં તેમ મુખમાંથી સ્મિત અને અક્ષર ચાલતા હતા: ‘ચંદ્રકાંત, તમે ક્યાંથી? ક્ષમા કરજો, તમે પાછળ ઊભેલા એટલે મેં દીઠા નહીં. કુસુમબહેન, તમારાં માતુશ્રીએ બહારવટિયા પકડાયાના શુભ સમાચાર જાણ્યા હશે — કુમુદબહેન થોડી વારમાં આવશે.’

નીચું જોઈ લજ્જાભરી બાળા બોલી: ‘સર્વ મહાપુરુષો તો દર્શન આપી પછી કૃપા કરે છે પણ આપનાં પગલાંનો ચમત્કાર તો પગલાં થયાં પહેલાંથી જ જણાય છે. મહારાજ! ગુણિયલે કહાવ્યું છે કે:

‘उदेति पूर्व कुसुमं तत: फलं

धनोदय: प्राक्तदनंतरं पय:।

निमित्तनैमित्तिकयोरयं क्रम —

स्तव प्रसादस्य पुरस्तु संपद:।।’ *

‘મહારાજ, આ સંદેશો કહાવતાં કહાવતાં ગુણિયલે આનંદ કે ઉપકારનાં આંસુ પાડ્યાં છે તે હું મારા ભણીથી આપને વિદિત કરું છું.’

મણિરાજ અને ચંદ્રકાંત ઉભયને આ સાંભળી પોતપોતાના નેત્રમાં કાંઈક જળ જણાયું. ‘કુસુમબહેન, ગુણિયલબાને કહેજો કે એ તો તમારા ગુણનું પુણ્યફળ છે. ઈશ્વર સદ્ગુણોને કસે છે પણ અંતે ફળ આપતાં ઉદાર થાય છે.’ ‘ચંદ્રકાંત, માતાનો સ્નેહ અપૂર્વ છે.’

‘કુમુદસુંદરીને અમંગળ થયું જાણી ગુણસુંદરીબાને અતુલ આનંદ થયો હશે અને મારા ઉપર પણ હું નાનો હતો ત્યારથી મારાં માતુશ્રી જેટલી પ્રીતિ રાખે છે. કુસુમબહેન, ગુણસુંદરીબાને કહેજો કે પ્રધાનજી પણ થોડી વારમાં આવશે. કહો, પણ આટલી વાર સુધી છેક પાછળ કેમ ઊભાં રહ્યાં હતાં?’

કુસુમ મોં મલકાવી બોલી: 'મહારાજ, પિતાજીએ એક પ્રસંગે વાત કહી હતી કે આપને મહાભારતના શાંતિપર્વમાં ભીષ્મપિતામહે કરેલા ઉપદેશ અતિ પ્રિય છે, અને તેમાંનું એક વાક્ય તો આપને પ્રિયતમ છે તે વાક્ય મને સાંભરી આવ્યું, અને તે વાક્યનો ઉપદેશ પાળતા આપને જોવાનું મને મન થયું અને તેની સાથે એમ પણ વિચાર થયો કે એ આજ્ઞા મહારાજ પાળતા હોય તેવે પ્રસંગે વચ્ચે આવવાથી આપની આજ્ઞાના ભંગ જેવું થાય.'

'એમ? એ કિયું વાક્ય? બોલો જોઈએ!' મણિરાજે આતુરતાથી પૂછ્યું.

આ રમ્ય વિનોદ-નાટકનાં પાત્રો પર સર્વ મંડળ આતુરતાથી દૃષ્ટિ કરી રહ્યું. સર્વલોક સ્તબ્ધ થઈ એકટશે જોઈ રહ્યા. ઓસરીના ઓટલા ઉપરના ચકમાંથી ગુણસુંદરી અને સુંદરગૌરી, અમૃતપાન કરવાનો પ્રસંગ હોય તેમ, પુત્રીના મુખ સામી પ્રિયદૃષ્ટિ ભરવા લાગ્યાં. ચંદ્રકાંત મનમાં અકળાયો: 'ઓ સરસ્વતીચંદ્ર, તારું ભાગ્ય ક્યાં ફૂટ્યું છે? કોણ જાણે ક્યાં અત્યારે જાતે આથડે છે અને મને અથડાવે છે! — આ રત્ન જો તો ખરો! — અરેરે! પણ તારે બ્રહ્મચારી રહેવું છે ને આને મીરાંબાઈ થવું છે! એ જોગ ક્યાં ખાશે! મારી વકીલાત તમે બે જણે મળી વાંધામાં પાડી છે.'

મહારાજ પાસે વધારે બોલવા પ્રયત્ન કરતાં મુગ્ધ કન્યાના ગાલ ઉપર ગુલાબી રંગના શેરડા પડી ગયા, નયનકળી પળવાર મીંચાયા જેવી લાગી, અને અંતે પાંદડાંના આચ્છાદનમાંથી અચિન્તી ફૂલની કળીઓ ફૂટવા માંડે તેમ દંતકલિકાઓ દેખાઈ અને કુસુમ શ્લોક બોલી:

'पुत्रा इव पितुर्गेहे विषये यस्य मानवा:।

'निर्भया विचारिङ्गयन्ति स राजा राजसत्तम:।।' +

મહારાજ! આપ જેવા પિતાની પાસે આપની પ્રજા આવી ઊભી રહે અને આપ તેને લાડ લડાવો એ સુંદર દેખાવ જોવાનું તે મને મન કેમ ન થાય?

મણિરાજનો અંતરાત્મા પ્રસન્ન થયો. કુસુમને રજા આપી ચંદ્રકાંતને સાથે લેઈ, તેની સાથે વાર્તાવિનોદ કરતો કરતો મહારાજ મણિરાજ ચાલ્યો અને માર્ગમાં ચંદ્રકાન્તની સાથે શાંતિપર્વની સ્તુતિ કરવા લાગ્યો.

'ચંદ્રકાંત, સત્ય પૂછો તો આવા ગંભીર શબ્દમાં રાજાઓને ઉપદેશ કરેલો મેં બીજે સ્થળે વાંચ્યો નથી. તમે તો ઘણાં પુસ્તક વાંચ્યાં હશે. તો કહો, રાજધર્મ અને રાજકાર્યનું તત્ત્વ આ શ્લોક કહું છું તેના જેવું બીજે ક્યાં છે?'

ભવિતવ્યં સદા રાજ્ઞા ગર્ભિણીસહધર્મિણા

कारणं च महाराज शृणु येनेदमिष्यते।।

यथा हि गर्भिणी हित्वा स्वं प्रियं मनसोऽनुगम्

गर्भस्य हितमामधत्ते तथा राज्ञाप्यसंशयम्।।

वर्तितव्यं कुरुश्रेष्ठ सदा धर्मानुवर्तिना

स्वं प्रियं तु परित्यज्य यद्यलोकहितं भवेत्। *

‘મારા શયનખંડમાં અને વ્યવહારમાં સોનેરી અક્ષરે આ શ્લોક મેં કોતરાવી રાખ્યા છે.’

આ વાર્તાવિનોદ કરતાં કરતાં મણિરાજ અને ચંદ્રકાંત દૃશ્ય થયા. તેમની પાછળ અનુયાયી વર્ગ પણ દૃશ્ય થયો. ગામને બીજે છેડે તંબૂ તાણ્યા હતા ત્યાં સૌ ગયા. આણી પાસ કુસુમસુંદરી લીલાભરી પાછી ગઈ અને મા અને કાકીની પાસે ઊભી. કાકીને શૃંગાર-અલંકાર-ભરી ભત્રીજી વહાલી લાગી, અને મણિરાજ પાસે મધુર અને ચતુર વાર્તા કરી આવી તે ચિત્રની મુદ્રાના આવેશમાં સુંદરગૌરી કુસુમને બળથી છાતીસરસી ચાંપવા લાગી અને નીચી વળી એને એક ચુંબન પણ કરી લીધું. ગુણસુંદરી આ બેના યોગ ઉપર આનંદથી જોઈ રહી અને તેમને એકટશે જોતાં જોતાં મનમાં બોલી: ‘ઘડી ઉપર અતિશય દુ:ખ હતું, ઘડીમાં આનંદ થઈ ગયો; શો આ બે જણને આનંદ થઈ ગયો છે? ઈશ્વરની ગતિ ન્યારી છે.’

ખરેખર ઈશ્વરની ગતિ ન્યારી જ નીવડી. દુ:ખ પછી સુખની ને સુખ પછી દુ:ખની ઘડી ઊભી હોય, કુસુમરૂપ આનંદમૂર્તિને વિધવા કાકીરૂપ શોકમૂર્તિએ જ અલક્ષ્યસૂચક ચુંબન કર્યું હોય, તેમ માનચતુરની સાથેના બે સવારે સુભદ્રા આગળથી ઘોડાને મારી મૂક્યા હતા તે વીજળીની ત્વરાથી ગુણસુંદરીની ઓસરી ભણી ઘોડા દોડાવતા આવ્યા અને એકદમ ઊતરી, અંદર આવી, શ્વાસ અને દુ:ખભર્યે મોંએ કુમુદસુંદરી નદીમાં તણાયાના સમાચાર કહેવા લાગ્યા. સમાચાર કહેવાઈ રહેતા સુધી સર્વ પ્રતિમાઓ પેઠે રહ્યાં અને તે પછી શોકની આગ આખા ઘરમાં ભભૂકવા લાગી. ગુણસુંદરી બેઠી હતી ત્યાંની ત્યાં લમણે હાથ દઈ જડ થઈ ગઈ અને બોલ્યાચાલ્યા વિના નેત્રમાંથી આંસુ ઉપર આંસુ સારવા લાગી. ગરીબ સુંદરગૌરી સામી બેસી મોં વાળવા લાગી: ‘ઓ મારી કુમુદસુંદરી રે! બેટા, આ શો કેર કર્યો? ઓ બહેન — મારી ઉછેરેલી — મારી લડાવેલી — હું દુખિયારીની દીકરી! આ દોહ્યલું તે કેમ વેઠાશે!’ બાળક, પણ સમજણમાં આવેલી કુસુમ હજી તો શૃંગાર ઉતાર્યા ન હતા તે પણ આ અચિંત્યા દુ:ખના ભાર નીચે શૃંગારસમેત દબાઈ। માની પાસે — માની સામે — બેસી પડી માની હડપચી ઝાલી કુસુમ રોતી રોતી કહેવા લાગી: ‘ગુણિયલ, તું કેમ આમ ઢીલી થઈ ગઈ? આપણે તો છત્રની છાયામાં છીએ તો કેમ ભૂલી ગઈ? મહારાજને કહાવ તો ખરી. વડીલ બહેનને લીધા વગર નહિ આવે!

પિતાજી હમણાં આવશે. — અરેરે! તારું ધૈર્ય ગયું!’ ઘરમાં પરિવારમાં પૂછાપૂછ અને રડારોળ થઈ રહી. અંતે કુસુમ ઊઠી, ઓસરી બહાર જોવા લાગી, અને જુએ છે તો કુમુદસુંદરીના ગાડીવાને મોકલેલો સવાર હાથમાં પોટકું રાખી ઘોડો દોડાવતો આવતો દૂર દેખાયો, અને દેખાતામાં કુસુમ બૂમ પાડી ઘરમાં ગઈ: ‘ગુણિયલ, ઊઠ, ઊઠ. બીજો એક સવાર વેગભર્યો આવે છે.’ સવારની વાત સાંભળતાં સર્વ પોતપોતાના શોકપ્રકાર તજી વેગથી ઓસરીમાં ગયાં અને બારણે જોવા લાગ્યાં. સવાર આવ્યો, ઊતર્યો અને અંદર આવ્યો.

‘કુમુદબહેન ઊગરી?’ કુસુમે આગળ દોડી પ્રથમ પૂછ્યું.

સવાર દીન મુખે બોલ્યો: ‘ઈશ્વર કરે તે ખરું. ગુણસુંદરીબા, બહારવટિયાઓમાંથી બહેન ઊગર્યાં ત્યારે નદીમાં તણાયાં. એમની ગાડીમાં આ એમની પોટલી હતી તે ગાડીવાને મોકલી છે. વડીલ અને બીજું મડળ બહેનની પાછળ દોડ્યું છે તેની વાટ જોતો ઊભો છે.’

ગુણસુંદરીને આંખમાં આંસુ માતાં ન હતાં. એણે પોટલી તો લીધી પણ રંક મુખ કરી સવારને પૂછવા લાગી: ‘ભાઈ, કાંઈ પત્તો લાગે એમ છે? એનો કાગળ કાલ જ આવ્યો હતો ને એના પેટમાં મારી સાથે કાંઈ કાંઈ વાતો કરવાની હશે તે સૌ એમની એમ રહી!’

‘ગુણસુંદરીબા, હવે ગભરાવું નકામું છે. નદી કોઈના હાથમાં નથી, પણ તમારે પુણ્યે સારાં વાનાં થશે એમ આશા રાખજો. નીકર બહારવટિયાઓમાંથી ઊગરવું સહેલું ન હતું. પણ જેને રામ રાખે તેને ગામ શું કરે? ઈશ્વરની દયા છે ને તમારું પુણ્ય છે. ગાડીવાન બિચારો રડતો હતો અને કહેતો હતો કે સાસરામાં બહેન લક્ષ્મીજી પેઠે પૂજાતાં હતાં. પુણ્યશાળીનાં છોરુ પુણ્યશાળી જ હોય! ઈશ્વર આવાં બે ઘરમાં તાળાં નહિ વાસે!’

‘ગુણસુંદરીનું હૃદય આથી તૃપ્ત થયું નહિ. પોતાની ખરેખરી યુવાવસ્થાનું પ્રથમ ફળ, કુટુંબના અસહ્ય ભારને સમયે લોકાચારને વશ રહી જને લાડ સરખું લડાવ્યું ન હતું અને જેની ખરી અનાથ બાલ્યાવસ્થામાં મા વગરની હોય એવી રીતે જેને સુંદરની પાસે નાંખી મૂકી જેની પોતે કાંઈ પણ સંભાળ લીધેલી ન હતી એવી સુશીલ રંક સ્વભાવની બાળકી, જેણે કોઈ દિવસ કોઈના સામો ઉચ્ચાર સરખો કાઢ્યો ન હતો, જેને હીનભાગ્યે સરસ્વતીચંદ્ર સરખા વરે ત્યાગ કર્યો અને પ્રારબ્ધે કરાવેલી ઉતાવળને બળે પ્રમાદધનની સત્તામાં ફેંકી દીધી: આવી પુત્રીના ગુણ અને દુર્ભાગ્ય સંભારી સંભારી ગુણસુંદરી પળવારમાં દુખિયારી થઈ ગઈ અને જગતમાં કશાથી પણ હવે સુખ થવાનો સંભવ ન લાગ્યો. નદીમાંથી પાછી આવે એ આશા નિષ્ફળ લાગી. લમણે હાથ દઈ બારણાં વચ્ચે તે બેઠી, અને એને શી રીતે

શાંત કરવી તે કોઈને સૂઝ્યું નહિ. બેઠી બેઠી તે માત્ર અત્યંત ધીમે સ્વરે રોવા લાગી અને મોં વાળી ભરાઈ આવેલું હૃદય ખાલી કરવા લાગી.'

'ન મેં લડાવ્યાં લાડ, પુત્રી, દુ:ખમાં દીધો ભાગ રે;

સુખ દેવા મને મળ્યું ન, પુત્રી, માગ, માગ, કંઈ માગ રે!

હાય! હાય રે! કુમુદ મારી મીંચાઈ! ૧

નાનપણેથી કરી નમાઈ, નિર્દય મારી જાત રે!

દયા ન આણો મેં તો કાંઈ, મૂક્યો મુસળભાર રે!

હાય! હાય રે! કુમુદ મારી કચરાઈ! ૨

દીકરી મારી! તું બહુ ડાહી! મનમાં મનની સમાવી રે!

વરાબ સરખી તે નથી કાઢી, માને પણ તેં વાહી રે!

હાય! હાય રે! કુમુદકળી કરમાઈ! ૩

માથી વહાલી કરી નહીને, દીકરી ક્યાં ગઈ મારી રે?

કાળજડે મુજ કટાર દઈને, નહી કરી તેં વહાલી રે!

હાય! હાય રે! કુમુદ મારી ક્યાં તું ગઈ?' ૪

ઘડીવાર દુ:ખી માતાએ માથું નાંખી દીધું. અંતે હૃદય ખાલી થતાં ધૈર્ય આવવા લાગ્યું, અને આંસુ લોહી નાંખી બોલી: ' કુસુમ, ગાંસડી છોડ, જોઈએ.' કુસુમે ગાંસડી છોડી તો ઉપર જ વનલીલાનો કાગળ. તેમાં પ્રમાદધન, કૃષ્ણકલિકા, અને બીજા ક્ષુદ્ર માણસોની ખટપટના સર્વ વર્તમાન વનલીલાએ સાંભળેલા તે એણે લખ્યા હતા. એ પત્ર વાંચતાં જ ગુણસુંદરીનાં નેત્ર ફરી ગયાં અને મનમાં પત્ર વાંચતાં વાંચતાં વચ્ચે મોટે સ્વરે બોલી: 'સુંદરભાભી, જો કુમુદ નદીમાં ડૂબી હોય તો કસાઈને ઘેરથી ગાય છૂટી સમજજો! અરેરે! આ દુ:ખ મને તે શી રીતે જણાવે?' વળી વનલીલાએ પત્રના છેલ્લા ભાગમાં કવિતા જોડી કાઢી લખી હતી તે મનમાં એક વાર વાંચી — બે વાર વાંચી.

'મારાં કુમુદ સલક્ષણાં બહેન, હરભડશો મા અઘઘડી રે,

તમને જાળવશે પરમેશ, ફરતી એની છાંયડી રે. ૧

દુર્જન મૂકે ન જાત-સ્વભાવ જાણે સહુ આંધળાં!
એની આંખે આવે અંધારાં, પગે થાય પાંગળાં. ૨
કાળી કાળકાની ફૂટી આંખ, દીઠી ન એણે મને,
પૂંઠ એની હવે મૂકું નહીં જ, ઘણું વહાલાં છો તમે. ૩
વાંકો વાળ તમારો ન થાય, હૈયે ધૈર્ય ધારજો,
એને કરીશ ફજેત ફજેત, શા છે એના ભાર જો? ૪
જશે વાત પ્રધાનને કાન, દેવી બધું જાણશે,
બોર બોર જેવાં આંસુ, રાંડ વંઠેલી એ પાડશે. ૫
બહેન અલક ખલકની પેઠે એનો પગ ટાળશે,
ભોળ ભાઈનું છોડવી ભૂત તમોને બોલાવશે. ૬
મારા સમ જો રજ ગભરાઓ; ચતુર વિદ્વાન છો;
પ્રભુ ઉપર છે તમ જોર, પ્રભુનાં' દાસ છો. ૭
સત્ય આખર છે તરનાર, જૂઠાં જખ મારશે,
વહાલી વનલીલાને સંભારી કુમુદ સમ પાળશે.' ૮

વાંચી, વિચાર કરી ગુણસુંદરી બોલી ઊઠી: 'સુંદરભાભી, ગજબ થયો છે. ચંડિકાભાભીના જેવું દુ:ખ કુમુદને જોઈ લો.' દીકરીના દુ:ખથી માતાની આંખમાં ફરી આંસુ ઊભરાયાં.

'હેં! એ ફૂલથી તે એ કેમ વેઠાયું હશે? ભાભી, એ દુ:ખનું માર્યું માણસ જીવ કાઢી નાંખે હોં! આ નદીમાં અમસ્તી પડી નથી, લ્યો! નક્કી, જાણી જોઈને એ દુ:ખમાંથી છૂટવા પડેલી! ઓ મારી બહેન! અમારે મોંએ વાત કરવા જેટલી વાટ તો જોવી'તી?' સુંદર પીઢો જોતી જોતી દુ:ખભરી બોલી અને બોલતાં બોલતાં એની આંખમાં વધારે આંસુ ભરાયાં, અને આંસુભરી આંખે વળી બોલી: 'દુ:ખ ખમવાને તો મારી પેઠે દુ:ખમાં ઘડાયેલાનું જ ગજું હોય —પણ, ઓ મારા ફૂલ, તેં તે આ વજ્રનો માર કેમ સહ્યો હશે? બહેન! મ્હેં તો તને કદી રોતી જોવાઈ નથી તે તને આ શું થયું હશે?' કુસુમે પણ આંસુમાં આંસુ ભેળવ્યાં, અને અંતે આંસુમાં બનેવી ઉપરનો ક્રોધ ભેળવી ભમર ચડાવી.

કાગળમાં બીજી વાતો લખી હતી તેના ઉપર તર્ક કરવામાં ગુણસુંદરી ગૂંથાઈ. કુમુદ ઉપર આરોપ મૂકવા પ્રમાદધને સંકેત કરેલો જાણી મનમાં ડામ દેવાયો. નવીનચંદ્રનું નામ વાંચી તે કોણ હશે એવો સહજ પ્રશ્ન ઊઠી શાંત થઈ ગયો. કુમુદ આવે તો એનાં સુખદુ:ખ જાણવાની અને એનું સાંત્વન કરવાની પોતાની ઇચ્છા તૃપ્ત થાય એ વિચારથી માતા પુત્રીને મળવા આતુર

બની ગઈ. હૃદયમાં એક પાસથી આતુરતા ઊભરાઈ જવા લાગી ત્યારે બીજી પાસથી નિરાશા મરણની પેઠે શૈત્ય આણવા લાગી. આ દ્વૈધીભાવ આજ સુધી વેઠેલાં સર્વ દુ:ખ કરતાં વધારે અસહ્ય લાગ્યો.

કુમુદનું અમંગળ નિશ્ચિત થાય તો વનલીલાને રત્નનગરી બોલાવી, એની પાસેથી સર્વ જાણી, મરનારના મરણનો શોક સોગણો વધે અને હૃદયમાં કાંટા વાગે તો જ ગાય જેવી રંક અને નિર્મલ પુત્રીને કસાઈવાડે બાંધ્યાના મહાપાપનું પ્રાયશ્ચિત્ત થાય અને તે પ્રાયશ્ચિત્ત શોધવું જ એવો નિશ્ચય કર્યો. વર વિના સર્વ સાસરિયાં કુમુદ ઉપર પ્રીતિ રાખતાં હતાં તેનો પણ વિચાર થયો અને તે વિચાર થતાં તેમના કુટુંબને કસાઈવાડાની ઉપમા આપ્યાથી મહાદોષ થયો એમ લાગ્યું. સૌભાગ્યદેવી, અલકકિશોરી, અને બુદ્ધિધન એ ત્રણ નામ સ્મરણવશ થતાં પવિત્ર નામોએ પવિત્ર હૃદયમાં પવિત્ર પ્રીતિસંસ્કાર જગાડ્યા અને તેની સાથે મનનું દુ:ખ ઓછું થઈ ગયું. તોપણ પુત્રીનું દુ:ખ પાછું કાળા વાદળા પેઠે દૃષ્ટિ આગળ એકલું એક ખડું થયેલું હતું તે સ્પષ્ટ દેખાયું. એ દુ:ખમાંથી છોડાવવા વિદ્વત્તા અશક્ત નીવડી. હવે તો સર્વ દુ:ખનો સાથી, હૃદયનો મંત્રી, મારી ક્રિયામાત્રનો તંત્રી, આ દુ:ખમાં સમાન અનુભવનો ભોગી, મારો ચતુર આવે તો જ આ વિષમ દશામાંથી છોડાવે એવો વિચાર ગુણસુંદરીને થયો, અને આ સંસારકોટિને પ્રસંગે એ પતિને દુ:ખી સ્ત્રીનું હૃદય શોધવા લાગ્યું તેની સાથે દ્વાર આગળથી એક દાસી આવી ધીમે રહી કહી ગઈ કે પ્રધાનજી આવે છે. આ સાંભળ્યું કે સર્વ ઊઠ્યાં અને ગુણસુંદરીની દુ:ખદશાની રાત્રિમાં ઊગતા ચંદ્રનાં કિરણ દેખાયાં. પતિનો સ્વર પણ બહાર સંભળાયો અને અમૃતપવનની અચિંતી લહેર દુ:ખી શરીરિણી ઉપર આવી.

ન खलु दूरगतोऽप्यतिवर्तते

क्षणमसाविति बंधुतयोदितैः।

प्रणयिनो निशमय्य बधूर्बहिः

स्वरमृतैरमृतैरिव निर्ववो॥ +

---

૧. ખાતરબરદાસ

+ જ વસ્તુ હાથમાંથી જતી રહી અને તેની કથા કરવા જેટલા શેષ ભાગ સિવાય કંઈ હાથમાં રહ્યું ન હોય તેવો.

૧. રાજપુત્ર = રજપૂત ૨. ક્ષાત્રઉદ્રક = martial spirit ; ક્ષત્રિયના શૌર્યનું ઉભરાતું પૂર.

૩. કંઈ વાત સામાની પાસે કરતાં મન આંચકો ખાય નહીં એવો વિશ્વાસ.

૧. કંદોરાને ઠેકાણે પહેરવાની સાંકળી.

* ‘એ રૂપનું ઓજ જ! વીર્ય એ જ!

એ જોઈ લો ઉન્નતતા સ્વભાવે!

એ બીજ-પિતાથી ન ભિન્ન પુત્ર

દીવાથી દીવો પ્રકટ્યો જ જાણે!'

* કડે = કેડે.

૧. મળસકું.

* *ઉગે કુસુમ હેલું, ફળ પછી જ થાય..*

ઊગે મેઘ પ્રથમ, વૃષ્ટિ પછી જણાય,

નિમિત્ત પૂઠે નૈમિત્તિકો ક્રમથી આવે;

મૂકી કૃપાની આગળ સંપત્તિ તે તો આપે!

(અત્રે આપે — એટલે — તમે) — કાલિદાસનું શાકુંતલ

+ પિતાના ઘરમાં પુત્રો ફરતા હોય તેમ જે રાજાના રાજ્યમાં મનુષ્યો નિર્ભય ફરે તે રાજા રાજાઓમાં શ્રેષ્ઠ.

* રાજાએ સદા ગર્ભિણીના જેવો ધર્મ પાળવો. જે કારણથી આવું ઇષ્ટ છે તે, હવે મહારાજ, સાંભળો. જેમ પોતાના મનને અનુકૂળ નિજ પ્રિયનો ત્યાગ કરી ગર્ભિણી ગર્ભનું હિત ધારે છે તેમ, હે કુરુશ્રેષ્ઠ ધર્મનું અનુવર્તન કરનાર રાજાએ પણ પોતાનું પ્રિય હોય તેનો તો ત્યાગ જ કરીને લોકનું જે જે હિત હોય તે નિઃસંશય કરવું.' — મહાભારતમાં શાંતિપર્વમાં ભીષ્મપિતામહે યુધિષ્ઠિરને કહેલું વચન.

* 'દૂર ગયો પણ એ ક્ષણ ના ચૂકે, અમૃતલહેર સમા સખીશબ્દ એ પતિવ્રતા સુણતાં ઠરી, જ્યાં સુણ્યો, ગૃહની બહાર પ્રિયસ્વર તત્ક્ષણ.'

+ માઘ ઉપરથી

૩. મુંબઈના સમાચાર: ધૂર્તલાલની શેઠ થવાની કળાઓ

સરસ્વતીચંદ્રના શોધ સારુ ચંદ્રકાંત મુંબઈથી નીકળ્યો તે પછી ત્યાં શું થયું તે સમાચાર જાણવાનો હવે અવસર છે.

પ્રિય પુત્રના વિયોગથી અને પોતે જ તેનું કારણ હતો તે જાણી વૃદ્ધ લક્ષ્મીનંદનના હૃદયમાં ઊંડો ઘા પડ્યો હતો. યુવાવસ્થામાં સ્ત્રીપુત્રાદિ વિષયે નવો ઉત્સાહ હોય છે ખરો, પણ તે કાળનું લોહી મનને સ્થિતિસ્થાપક બળ આપે છે અને તે બળથી સ્ત્રીપુત્રને વિયોગે પણ દુ:ખનો ઘા રૂઝવાની આશા રહે છે. પણ જેમ જેમ વૃદ્ધાવસ્થાની ઋતુનો વા વાય છે તેમ તેમ મન પોચું થાય છે, અને જેમ જેમ સંસારના ત્યાગનો પ્રસંગ આવે છે તેમ તેમ યમરાજનાં પગલાંના ધબકારા દૂરથી સંભળાતા હોય અને વિયોગથી કલ્પના ખડી થતી હોય તેમ વૃદ્ધોનાં હૃદય વૃદ્ધાવસ્થાના દંડરૂપ બાળકોના ઉપર લટકે છે અને તેમનાં સુખદુ:ખના અનુમોદન તેમ અનુશોચન બળવાન થાય છે. વિદ્વાન બુદ્ધિમાન સરસ્વતીચંદ્ર જેવા પ્રિય પુત્રને સંભારી સંભારી વૃદ્ધ પિતા દિવસે દિવસે ક્ષીણ થતો ગયો અને પોતાનું અશેષ દ્રવ્ય તેને શોધવામાં ખરચવા તત્પર થયો. મુંબઈનગરીની પોલીસમાં, પરદેશમાં, પોતાના ઓળખીતા અમલદારો અને વ્યાપારીઓમાં, પોતાના અનેક સેવકોમાં, અને અન્યત્ર જ્યાં સૂઝ્યું ત્યાં લક્ષ્મીનંદન અત્યંત દ્રવ્ય વેરવા લાગ્યો, અનેક ઉપાયો યોજવા લાગ્યો, અનેક પુરુષોની બુદ્ધિની સહાયતા લેવા લાગ્યો, અને પોતાના વ્યાપારનાં સર્વ યંત્ર ધૂર્તલાલને સોંપી જાતે રાત્રિદિવસ પુત્રના શોધની જ ચિંતામાં રહેવા લાગ્યો. અન્ન ઉપરથી તેની રુચિ ઊઠી ગઈ, નિદ્રા કરવાને ઠેકાણે રાત્રિના બબ્બે ત્રણ ત્રણ વાગતાં સુધી સૂતો સૂતો છત સામું જોઈ જાગ્યાં કરે, અને સર્વ કાળે પુત્રનું શું થયું અને તેને ક્યાં શોધું તે જ વિચાર કર્યા કરે. તે કોઈની સાથે હોય ત્યારે તેનું મુખ ગરીબડું થઈ જતું અને આંખમાં પાણી ભરાઈ આવતું. એકાંતમાં એકલો હોય ત્યારે બેઠો બેઠો અથવા સૂતો સૂતો આંખમાંથી જળની ધારાં ચાલ્યાં કરે તે લ્હુએ પણ નહીં. જ્યાં જાય ત્યાં પુત્ર વિના વાત નહીં અને પુત્ર વિના વિચાર નહીં. જ્યારે ત્યારે આંખ આગળ પુત્રનું મુખ તરે અને કાનમાં તેના સ્વરના ભણકારા વાગે. બે માસમાં તેના શરીરમાંથી માંસરુધિર સુકાઈ ગયાં અને હાડકાં રહ્યાં. આંખમાંથી તેજ ગયું અને ડોળા ડગમગવા લાગ્યા. સર્વ કોઈ એમ જ કહેવા લાગ્યાં કે હવે ગમે તો શેઠ ઘેલા થઈ જશે કે ગમે તો એનો દેહ છૂટશે.

જ્યારે સર્વને શેઠની દયા આવવા લાગી ત્યારે એમના સાળા ધૂર્તલાલને નવો નવો ઉમંગ આવવા લાગ્યો. શેઠે ગુમાનને તો હવે બોલાવવી પણ બંધ કરી હતી અને ધૂર્તલાલની પાસેથી સરસ્વતીચંદ્રને શોધવાનું દ્રવ્ય માગવા સિવાય કંઈ પણ હિસાબ પૂછવાનું છોડી દીધું હતું. વહુની રીસ તો સાસુનો

સંતોષ એ માર્ગ પકડી ધૂર્તલાલ લક્ષ્મીનંદને પકડેલી આ રીતને અનુકૂળ થઈ ગયો.

‘દગલબાજ દ્હોરા નમે, ચિત્તા, ચોર, કમાન,’

પુત્રશોકમાં પડેલા ધનપતિનું ધન હરી લેવાના માર્ગ શોધવામાં ધૂર્તલાલે અતિશય બુદ્ધિ ચલાવી. ગુમાન ઉપરથી શેઠની પ્રીતિ ઊતરી જોઈ શેઠની પાસે ગુમાનની વાત કરવી છોડી દીધી અને એ માર્ગે તથા બીજી રીતે શેઠનો વિશ્વાસ મેળવવા અને પુત્રશોકથી ઉત્પન્ન થયેલો તેનો વ્યવહાર-પ્રમાદ વધારવા ધૂર્તલાલ શેઠની પાસે દિવસે દિવસે વધારે વધારે નમી પડવા લાગ્યો, સરસ્વતીચંદ્રની શોધ કરવામાં શેઠને સહાયભૂત થઈ વ્યાપૃત રાખવા લાગ્યો, અને તેના વિશ્વાસનું પાત્ર બની એનાં સર્વ કાર્ય પોતાને હસ્તગત કરી લેવા માંડ્યાં. દુકાનના મહેતાઓની મરજી સંપાદન કરી તેમનો શેઠ થઈ બેઠો. તિજોરી, રોકડ અને દસ્તાવેજ માત્રની કૂંચી હાથમાં લીધી. સૂત્રયંત્રનો ધણીરણી થઈ પડ્યો. શેઠ પાસે પોતાની ફરિયાદ ન જાય એ વાતની સંભાળ રાખવા લાગ્યો. પ્રમાણિકતાની કીર્તિ ઊભી કરી.

પુત્રચિંતામાં દિવસે દિવસે વધારે વધારે ડૂબતો વૃદ્ધ અને દુઃખી લક્ષ્મીનંદન આ સર્વથી છેતરાયો અને એના સર્વ વ્યાપારમાં એને સ્થાને ધૂર્તલાલનાં પ્રતિષ્ઠા-આવાહન થયાં.

આ સર્વ નાટકના પડદાની માંહ્ય આ બકભક્ત ધૂર્તલાલ પોતાના સ્વાર્થની અનેક પ્રપંચરચના રચવા લાગ્યો. લક્ષ્મીનંદને ત્યાંથી દેખીતો પગાર તો એણે ઘણો જ થોડો લેવા માંડ્યો. પણ તેને સાટે ગુપ્ત આવક અનેકધા લેવા માંડી. લક્ષ્મીનંદનને મળતા હકસાઈ, દલાલી વગેરે સર્વ લાભ દેખીતા હતા તેટલા રહ્યા. પણ ગુપ્તપણે તેનો સર્વ શેષભાગ ધૂર્તલાલને પચવા લાગ્યો. સૂત્રયંત્રમાં, દુકાનમાં, અને ઘરમાં જેટલો માલ લેવાય તેના મૂલ્યમાંથી રૂપિયે બે આના માલ વેચનાર ધૂર્તલાલને આપે, એ માલમાંથી થોડીઘણી ચોરી થયાં કરે, અને જે માલ ઘરમાંથી વેચાય તેમાંથી એ જ રીતે ધૂર્તલાલને આહુતિ મળે. લક્ષ્મીનંદનના ગુમાસ્તાઓને પણ ફોડીને પોતાની નાતમાં લેવા એમને રળાવવા લાગ્યો, અને એ નાતમાં આવવા જે ના પાડે તેને ભય દેખાડવા લાગ્યો.

આ નાતમાં તે માત્ર બે જણને ભેળવી શક્યો નહિ. જ્યાં સુધી સરસ્વતીચંદ્રની સાથે તકરાર હતી ત્યાં સુધી ગુમાન ભાઈની શિખામણ પ્રમાણે વર્તી. પણ ત્યારપછી એના સ્વાર્થના સર્વ કિરણનું કેન્દ્ર એનો પુત્ર ધનનંદન એકલો રહ્યો, અને લક્ષ્મીનંદનની સર્વ મિલકત ગુમાન ધનનંદનની ગણવા લાગી. આ ફેરફાર થશે એવું અંધ ધૂર્તને સૂઝ્યું નહીં અને પ્રથમ જેવી રીતે બહેનની સાથે ચિત્ત ઉઘાડી બનેવીના પૈસા ખાવાની વાતો કરતો એવી જ રીતે કરવાનું હવે પણ જારી રાખવા લાગ્યો, અને પોતાની ચોરીમાં બહેનને ફળભાગી કરવાના પ્રયત્ન કરવા લાગ્યો. આ સર્વ ચોરી અને હાનિ

પોતાના જ પુત્રના દ્રવ્યમાંથી થાય છે એવું ભાન ગુમાનમાં અચિંત્યું સ્ફુરવા લાગ્યું, અને તે ભાન થતાં પોતાના ભાઈને પોતાનો શત્રુ ગણવા લાગી. આ નના નેત્રથી જોનારી બહેન ભાઈની પ્રપંચ યોજનાઓ સાંભળી સાંભળી હૃદયમાંથી તેનો તિરસ્કાર કરવા લાગી, અને સરસ્વતીચંદ્રના સંબંધમાં અનુભવેલી તેની કપટશક્તિ સંભારી એ કપટનો ભોગ થનાર પોતાના બહાદુર પુત્રના ભવિષ્યના સંબંધમાં ભાઈના ભયથી ગુમાન કંપવા લાગી અને ધીમે ધીમે સ્પષ્ટપણે ભાઈને દૂર કરવા ઇચ્છવા લાગી. આ ઇચ્છા સમજીને જ ધૂર્તલાલ લક્ષ્મીનંદન પાસે બહેનની અવગણના દેખાડી સરસ્વતીચંદ્રનો પક્ષ લેતો દેખાતો હતો અને તેમ કરી એક પાસથી શેઠનો વિશ્વાસ મેળવતો હતો અને બીજી પાસથી પોતાના પક્ષમાંથી દૂર થવા છાતી ચલાવનારી બહેનને ડરાવતો હતો. આનું એક એ પણ પરિણામ થયું કે ભાઈની કપટબુદ્ધિમાં આ અભિમાનનો ઉમેરો જોઈ ગુમાનની વૈરવૃત્તિએ એનું સ્ત્રીમસ્તક ફેરવ્યું, અને એ શૂર-દશાએ એની સ્વાભાવિક બુદ્ધિને અગ્નિ પેઠે સચેત કરી સળગાવી. ગુમાનના હૃદયમાં પ્રતિજ્ઞા થઈ કે, ‘ભાઈ, હું પણ તારી બહેન છું તે જોઈ લેજે.’

ભાઈની નાતમાંથી આવી રીતે એની બહેન દૂર રહી અને બીજો દૂર રહેનાર હરિદાસ નામનો ગુમાસ્તો મળ્યો. હરિદાસ જાતે કુલીન, અનુભવી અને પ્રામાણિક વાણિયો હતો. એ ઘણો જૂનો નોકર હતો અને સરસ્વતીચંદ્ર ઉપર પ્રીતિ રાખતો હતો. એનામાં એની જાતને સ્વાભાવિક રક્ષકબુદ્ધિ, ચતુરતા, મિષ્ટતા અને ધીરાશ હતા. ધૂર્તલાલ સાથે એણે દેખીતું વૈર ન કર્યું, પણ ધૂર્તલાલના વિશ્વાસુ મંડળમાંથી દૂર ન પડતાં એના પેચથી ભોમિયો રહી પોતાના સ્વામીનું પોતાના પેટમાં ગયેલું અન્નોદક સફળ કરી સ્વામીનો સ્વાર્થ જાળવવા અભિલાષ રાખતો હતો.

ધૂર્તલાલ આવી રીતે દેખીતો નિષ્કંટક ઉદય ભોગવતો હતો. પણ તેની સાથે આ સર્વ ચાર દિવસનું ચાંદરણું છે એવું એ પાકું સમજતો હતો, કારણ સરસ્વતીચંદ્ર પાછો આવે અથવા લક્ષ્મીનંદન જાતે કામ કરવાનું આરંભે કે તરત પોતાનો તારો અસ્ત થવાનો એમ ધૂર્તલાલના મનમાં રાત્રિદિવસ ભય રહેતું હતું. આથી ચાંદરણાના દિવસ પૂરા થાય અને અંધારી રાત પાછી આવે, તે પહેલાં બને એટલી ત્વરાથી દ્રવ્યવાન થઈ જવાનો એણે નિશ્ચય કર્યો હતો. એટલું જ નહીં પણ આ ઉદય-દશા જેટલી લંબાય તેટલી લંબાવવાનો પણ એનો નિશ્ચય હતો. આ ઉભય નિશ્ચયની પ્રેરણાથી એણે સત્કૃતદુષ્કૃતના સર્વ વિચારને એક પાસ ધક્કેલી નાંખી પોતાનાથી જેમ આગળ વધાયું તેમ વધ્યો. લક્ષ્મીનંદનના દ્રવ્યકૂપને બંબા મૂકી ખાલી કરવા લાગ્યો અને વિશ્વાસઘાતથી આરંભી ચોરી અને લૂંટના પ્રપંચ રચી પોતાને ઘેર અને પારકી પેઢીઓમાં પોતાને ખાતે અઢળક ધન સંચિત કરી રાખવા માંડ્યું. કેટલાક મિત્રોને પક્ષમાં લઈ તેમના ભાગમાં વ્યાપાર આરંભ્યો અને તેમને નામે લક્ષ્મીનંદનની પેઢી સાથે પોતાની ઇચ્છા

પ્રમાણે મૂલ્ય આપી લઈ વેચવા ખરીદવાનો અને વ્યાજે દ્રવ્યનો ઉપાડ કરવાનો વ્યવહાર રાખ્યો. આવી રીતે એક પાસથી પોતાનું ખાતુ જમાવી, લક્ષ્મીનંદનના ગ્રાહકોને પોતાની જાળમાં ખેંચવા લાગ્યો. વળી વિધવાઓ, ધર્મખાતાં અને અનેક જાતનાં અનાથ માણસોની થાપણો ઓળખવાના જ અભિલાષથી તે સંગ્રહવાના માર્ગ પકડ્યા. ‘ટ્રસ્ટી વસાવે નવી સૃષ્ટિ’ એ મંત્રને પકડી અનેક ઠેકાણે લક્ષ્મીનંદનની પ્રતિષ્ઠાનો લાભ લેઈ ‘ટ્રસ્ટી’ થવા પ્રયત્ન આરંભ્યા. ટૂંકમા દ્રવ્ય જડે ત્યાંથી ‘લેઉ, લેઉ’ એવો એને હડકવા હાલ્યો. ભરતીની વેળા પૂરી થાય તે પહેલાં બને એટલો સંગ્રહ કરવાની આ ક્રૂર માછીએ છાતી ચલાવી, અને છાછર તેમ ઊંડા પાણીમાં અનેક જાળો તરાવતો તરાવતો જોતજોતામાં સાગરમાં ઘણે દૂર સુધી ઘણા આશ્રિતોને લેઈ તરવા લાગ્યો.

આટલાથી સંતોષ ન પામતાં પોતાની ભણી ઊઘડેલાં લક્ષ્મીનાં દ્વાર વસાય નહીં, અને પોતાને અંકે આવેલી લક્ષ્મી સ્થિરભોગ્યા થઈ ત્યાંની ત્યાં જ બેસી રહે એવી વાસનાને બળે, સરસ્વતીચંદ્ર જડે નહીં અને લક્ષ્મીનંદનની શક્તિ સદાકાળનો પક્ષાઘાત પામે એવી યોજનાઓ આ કૃતઘ્ન રાક્ષસના અંત:કરણમાં ઊભરાઈ. સરસ્વતીચંદ્રની શોધમાં લક્ષ્મીનંદનને દેખીતી રીતે અનુકૂળ બની જઈ એ શોધમાં પડનાર માણસોને દ્રવ્ય આપી આશા આપી આ શોધ કદી સફળ થાય નહિ એવી ગુપ્ત આજ્ઞાઓ આપતો અને પળાવતો. એટલું જ નહીં, પણ એ પુરુષની ભોગજોગે ભાળ લાગે તો એનું ગમે તેમ કરી યમદેવને બલિદાન કરવું એવી સૂચના પણ બની ત્યાં આપવાને ધૂર્તલાલ ચૂક્યો નહીં. લક્ષ્મીનંદનને આ નિષ્ફળ શોધના વમળમાં નાંખી તેમાં તેને આગળ આગળ ધપાવતો હતો અને એ વમળને બળે એને ચિત્તભ્રમ થાય એવું અંતરમાં ઇચ્છતો હતો. શેઠને આખો દિવસ ગયેલો પુત્ર સાંભરે એવું કરે અને એના ઊંઘેલા મર્મ જાગે એવું બોલે. એમ કરતાં કરતાં આખરે બોલવાનું મૂકી કાંઈ નિશ્ચિત કામ કરવાનું ધાર્યું.

એક દિવસ પુત્રને સંભારતા સંભારતા લક્ષ્મીનંદન શેઠ સરસ્વતીચંદ્રના વાલકેશ્વરવાળા બંગલામાં ગયા. બંગલો ઉઘડાવી અંદર જઈ કુમુદસુંદરીની મોટી છવિ આગળ ઊભા. પાસે ગુમાસ્તો હરિદાસ અને ધૂર્તલાલ હતા. શેઠ ઘડીવાર છવિ જોઈ રહ્યા અને સામે પડેલી એક ખુરશી પર બેઠા. એની આંખમાં આંસુ ઊભરાવા માંડ્યાં: ‘હરિદાસ, આ મારા ભાઈની વહુ! ભાઈ જતા રહ્યા ને વહુ બીજે ઘેર પરણી ગઈ. બે રત્ન હાથમાંથી જતાં રહ્યાં. અરેરે! મેં મૂર્ખાઈ કરી ન હોત તો આજ તો મારે ઘેર નવે નિધિ અને અષ્ટ સિદ્ધિ હોત. પણ મારું ભાગ્ય જ ફરી વળ્યું.’ શેઠે હરિદાસને ખભે હાથ અને માથું નાંખી પોક મૂકી.

હરિદાસ શેઠનાં આંસુ લોહતો બોલ્યો: ‘શેઠજી, આપે હવે આ પરિતાપ કરવો છોડી દેવો જોઈએ. થવા કાળ આગળ તમે શું કરો? ભાઈને

શોધવામાં આપ કાંઈ બાકી રાખતા નથી. સોદો આપણે હાથ ને લાભ હરિને હાથ.'

ધૂર્તલાલ ધીમે રહીને બોલ્યો: 'શેઠજી, મને બીક લાગે છે કે આ ચિંતામાં આપનું ચિત્ત ખસી જશે. ખરી વાત છે. આવા પુત્રની પાછળ આપને જે ન થાય તે ઓછું. આપનાથી કામમાં જીવ રખાતો નથી અને એ જ પ્રમાણે આગળ રહેશે તો નુકસાન થશે. માટે મારા મનમાં લાગે છે કે જ્યાં સુધી આપનો જીવ આટલો સ્વસ્થ છે એટલામાં કંઈક બંદોબસ્ત કરવો જોઈએ.'

શેઠ કાંઈક ચમક્યા. 'શું હરિદાસ, મારું ચિત્ત ખસે એમ તને લાગે છે?'

હરિદાસ ધૂર્તલાલના મુખવિકાર જોઈ રહ્યો હતો તે ધીમેથી બોલ્યો: 'શેઠજી, મને તો લાગે છે કે આપ જાતે કામમાં જીવ રાખશો તો આપનું ચિત્ત કદી ખસવાનું નથી. બાકી તો ધૂર્તલાલ શેઠ શો બંદોબસ્ત કરવા ધારે છે તે જાણ્યા પછી સૂઝે.'

ધૂર્તલાલને આ ઉત્તર બહુ ઠીક લાગ્યો નહિ. હરિદાસ ગમે તો મૂર્ખ છે કે ગમે તો મારાથી વિરુદ્ધ છે એવી શંકા થઈ. તેના સામું જોઈ રહી અંતે ઉત્તર દીધો: 'શેઠજી, જેમ મારા ભાણેજનો મારે સ્વાર્થ છે તેમ સરસ્વતીચંદ્રભાઈના સ્વાર્થનો વિચાર ન કરવો એવી બૈરકબુદ્ધિ પણ મારાથી થઈ શકતી નથી તે આપને ખબર છે. એ બેનો સ્વાર્થ જળવાય એવી વ્યવસ્થા આપે વેળાસર કરવી યોગ્ય છે. પુત્રશોકથી આપનું ચિત્ત ભ્રમિત થઈ ગયા જેવું છે એ વાત આપને ન કહું તો આપનું ચિત્ત પ્રસન્ન રહે, પણ આપના કુટુંબનો સ્વાર્થ સરે નહિ. આપના સ્વાર્થ વિરુદ્ધ વાત કરી આપના ચિત્તને ગમતી વાત કરવી એ ખુશામતનો ધંધો કરું અને આપનો લૂણહરામી થાઉં એ યોગ્ય ન કહેવાય. મારી ખાતરી છે કે આપનો જીવ કામમાં પરોવાઈ શકાય તેમ નથી અને હાલમાં કૂતરું તાણે ગામ ભણી ને શિયાળ તાણે સીમ ભણી એવી આપનાં સર્વ કામની દશા છે તે જોઈ મારું ચિત્ત બળે છે.'

'શો ઠગ!' હરિદાસ મનમાં બડબડ્યો.

'ધૂર્તલાલ! તમે જ રસ્તો બતાવો તો મને સૂઝે એમ છે. મારી પોતાની બુદ્ધિ તો ભાઈની ઝંખના વિના કાંઈ દેખે એમ નથી.' શેઠ બોલ્યા.

'ધૂર્તલાલ હાથ આવેલો પ્રસંગ મૂકે એવો ન હતો. તે તરત બોલી ઊઠ્યો: 'હું પણ એથી જ કહું છું. મેં તો વિચાર ક્યારનોય કરી મૂક્યો છે. આપની બુદ્ધિ ઠેકાણે છે ત્યાં સુધીમાં એક એવો દસ્તાવેજ તૈયાર કરી રાખો કે ન કરે નારાયણ અને આપનું ચિત્ત ઠેકાણે ન રહે તો આપનું કામ આપના બે વિશ્વાસુ માણસો કુલમુખત્યારથી કરે. તેમાંનો એક માણસ મારા ભાણેજનો સ્વાર્થ જાળવે ને બીજો સરસ્વતીચંદ્રભાઈનો સ્વાર્થ ભાઈ

આવતા સુધી જાળવે. જો આપ આવો કાંઈ બંદોબસ્ત નહીં કરો તો સૌ કોરટે ચડશે ને આપની મિલકત રફેદફે થશે.'

'એ બે માણસ ક્યાં નીમવાં?' હરિદાસે ધીમે રહીને પૂછ્યું.

'જો શેઠની મરજી હોય તો મારા ભાણા ભણીથી હું કામ કરવા તૈયાર છું અને સરસ્વતીચંદ્રભાઈ તરફથી' — ધૂર્તલાલ જરીક અટકી બોલ્યો — 'હરિદાસ જેવા જ કોઈને સોંપો.'

'ના જી, હરિદાસનું એ ગજું નહિ — એ બે માણસનું કામ એકલા ધૂર્તલાલ શેઠ કરે તો ક્યાં બને એમ નથી?' હરિદાસે આંખ મીંચકારી ઓઠ કરડી કહ્યું.

શેઠ વિચારમાં પડી, 'જોઈશું' કહી, ઊઠી, બીજા ખંડમાં ચાલ્યા ગયા. ધૂર્તલાલ ને હરિદાસ બે એકલા પડ્યા. હરિદાસનાં વચનથી શેઠ ડગમગે છે એમ માની ધૂર્તે એને હાથમાં લેવાની યોજના કરી.

'હરિદાસ, તમે સમજતા નથી.'

'ના, શેઠ, હું બે ટકાનો વાણિયો, મારી અક્કલ આપના જેવી ન પહોંચે.'

'જો, બચ્ચા, શેઠ મારું કહ્યું માને તો મારે ને તારે બેને રાજધાની છે.'

'શેઠ, એ કાંઈ મારું ગજું?'

'લે, બધાયે લૂગડાંઘરેણાં પહેરીને જન્મતા હશે?'

'ભાઈસાહેબ, મને તો તમે આપો એટલી અક્કલ આવે.'

'જો ત્યારે, આ મારું ઘર બે મહિનામાં ભરાયું તેવું તારે ભરવું છે કે નહિ? આ મહિના વરસના પગારથી કોઈનું પેટ ભરાયું છે?'

'નાસ્તો! પણ એ કાંઈ ભાગ્ય બદલાય?'

'ભાગ્ય ભાગ્ય શું કરી રહ્યો છે? સમો વર્ત્યે સાવધાન. આ શેઠનું કાળજું ખસ્યું છે, ને નહીં ખસ્યું હોય તો દસ્તાવેજ પર સહી કરી આપે કે બીજે દિવસે ખસેડીશું.'

'શી રીતે?'

'એ તો વૈદો દાકતરો ઘણાયે પડ્યા છે. જર ચાહે શો કર ને દામ કરે ગુલામ.'

'પણા શેઠ, મારી પાસે તો જરને ઠેકાણે ઝેર પણા નથી.'

'અંહ, આવો જડ ક્યાંથી દેખાય છે? પારકો પૈસો, પારકી શાહી, ને મતુ કરે મારા મેઘજીભાઈ. શેઠનો પૈસો ને શેઠની હજામત સમજ્યો કની;

— આવો જડસા જેવો ક્યાંથી?' ધૂર્તલાલે હરિદાસને ખભે ને વાંસે હાથ નાંખી એને હલાવ્યો.

'હા, સમજ્યો તો ખરો. પણ શેઠજીનું લૂણ તમારા ને મારા બેના પેટમાં છે.'

'હવે લૂણ ને બૂણ. ઘરમાં પૈસાનાં ગલગલિયાં થાય તો લૂણ વગર પણ ચાલે ને લૂણને બદલે સાકર મળે.'

'ભાઈ, પણ એ મારું ગજું નહીં.'

'અંહ, આવો બાયલો ક્યાંથી? લે, આજ સાંજે મારી સાથે આવજે એટલે ગજું કરી આપીશ.'

'શી રીતે?'

'જો, અત્યારે હું જાઉં ત્યારે શેઠને ઓગળાવી તૈયાર કરવા. રાત્રે હું તને ગાડીમાં લઈ જઈશ ને શેઠની બેત્રણ નોટો મારે નામે છે તે તારે નામે કરી આપીશ એટલે તારું ગજું થયું. કેમ બચ્ચા?'

'હા...'

'હા ને બા. જો જે ચૂકતો. હળવે હળવે મઝા દેખાડીશ.' ધૂર્તલાલ ગાડીમાં બેસવા ગયો. જતો જતો મનમાં બોલ્યો: 'વાણિયાને ગલગલિયાં કરાવી દઈશું. રાત્રે વળી રાધાસાની ગોવાગરણને ત્યાં એને લેઈ જઈશું એટલે વાણિયો સદાનો નોકર થવાનો. હજી તો એને ખબર નથી કે સરસ્વતીચંદ્ર મરશે ને એનો ભાગ ભાણાને ગયો, એટલે ભાણો ને બાણો — બધાના કુલ માલક બંદા! — ને કોડીનો વાણિયો — તેને ધક્કો મારતાં વાર નથી. સરસ્વતીચંદ્ર મૂઓ એટલે એના તરફથી કામ કરનાર વાણિયો પણ મરે એવો લેખ કરાવવો. આ વચ્ચે અમારાં ગુમાનબહેન ટકટક કરે છે તે મારી સાળી બૈરાની જાત — એની કાશ પણ કેમ ન કઢાય?' બહેનની હત્યાના વિચારથી ધૂર્ત કાંઈક મનમાં કંપ્યો. પણ સજ્જ થઈ ગાડીમાં ચડતાં ચડતાં ઓઠ કરડી ગણગણ્યો: 'બહેન ને ભેન! પેટથી સૌ હેઠ! નવાણું ત્યારે સો ભર્યા! આટલા મચ્છર ચોળાશે ત્યારે એક વધારે!' ગાડી ચાલી તેની સાથે બંગલા ભણી પાછળ નજર કરી બોલ્યો: 'જો શેઠ સહી નહીં જ કરે તો મારી ટોળીવાળા ક્યાં નથી? વશે સહી નહિ કરે તો કવશે કરશે, — અથવા પદમજી પારસી શેઠની પચીસ સહી કરે એવો છે! જોઈએ શું કરવું તે — જગત જખ મારે છે!' મૂછ ઉપર હાથ નાંખી, છાતી કાઢી, શેઠના સાળાએ ગાડીવાનને પાછળથી મુક્કો માર્યો!' સાળા, ઝપ લેઈને હાંકતો કેમ નથી?' ગાડીવાને પાછું જોયું, ચાબુક વાગતાં ઘોડો દોડ્યો, ને ગાડી દૃશ્ય થઈ.

બંગલાના દ્વારમાં એકલો પડેલો હરિદાસ ગાડી પાછળ જોતો જોતો નિ:શ્વાસ મૂકતો ઊભો. ગાડી ચાલી એટલે પાછો ફરી એક ખુરશી પર

બેઠો: ‘ઓ હરિ! ઓ ધરતીમાતા! આ! ભાર તું શી રીતે ઝીલે છે? આમાં મને કાંઈ સૂઝે એમ નથી. શેઠિયાના ઘરમાં ને રાજાના ઘરમાં સાળો પેસે એટલે લક્ષ્મીબહેન પરવારે ને કુસંપ ઘર કરે. સરસ્વતીચંદ્ર જેવું રત્ન ઘરમાંથી ગયું તે આને પાપે. શેઠાણીની બુદ્ધિ બગડી તે આને પાપે. શેઠની બુદ્ધિ ગઈ તે આને પાપે. સારા સારા ગુમાસ્તાઓ બગડ્યા તે આને પાપે. હવે શેઠની જાતનું અને એમની લક્ષ્મીનું જે થવા બેઠું હોય તે ખરું ને થશે તે એને પાપે. હવે વેળા વંઠી ત્યારે સૌ સમજવા બેઠા છે. શેઠ હવે પોક મૂકીને રડે છે ને શેઠાણી ધ્રૂજે છે તે — હવે શા કામનું? ગમે એટલું પણ બ્રાહ્મણભાઈને કર્મે તે પશ્ચિમબુદ્ધિ વિના બીજું શું હોય? અને બૈરાં વેળાસર તો શું પણ બહ્માનાં સમજાવ્યાં એ સમજે તો લક્ષ્મણજી રામજી પાછળ જાત નહિ ને સીતાજી હરાત નહીં બૈરાંની બુદ્ધિ પાનીએ કહી છે તે કંઈ અમસ્તી? હશે, એ તો સૌ વિધાતાનો વાંક, પણ હરિદાસ તો બ્રાહ્મણે નથી ને બાઈડીએ નથી. વાણિયા! તારી અક્કલ કાંઈ કામ આવે એમ છે? જેવા હોય તેવા આ શેઠ, આ શેઠાણી, ને જે હોય તે આ ધુતારો! એ એવા છતાં કામ સુધારવું. જન્મારો જનું અન્ન ખાઈ આ શરીર વધાર્યું તેને ભરદરિયેથી ઉગારવાની વાત છે ને આ ભવસાગરનો ફેરા સફળ કરવાનું કામ છે. વાણિયાભાઈ, પ્રભુએ તો વાણિયો ઘડ્યો પણ હવે બતાવી આપો કે એ વાણિયો ઘડાયો છે.’

વિચારશૂન્ય થઈ થોડી વાર આખો મીંચી હરિદાસ બેસી રહ્યો. બુદ્ધિને આરામ મળ્યાથી સતેજ થઈ, અને આંગળા વડે હિસાબ ગણતો હોય એવા ચાળા કરતો, હરિદાસ એકલો એકલો બોલવા જતો હતો એટલામાં અચિંતો બંધ પડી મનમાં જ વિચારવા લાગ્યો. ‘વા વાત લઈ જાય ત્યાં મોં ઉઘાડી બોલવું પણ ભયભરેલું છે. મનમાં બોલવાની પણ આવડ છે. તેમ શેઠની સાથે મસલત કરવામાં પણ વાંધો છે — કાળજું ઠેકાણે નહીં ને ધુતારાની પાસે નામ દઈ બેસે. શેઠાણીનું કાળજું ઠેકાણે છે પણ બૈરાંની જીભ! દુકાનમાં કે ઘરમાં કોઈ ચોખ્ખું માણસ રહ્યું નથી. હવે જીવસટ્ટાનું કામ. માટે એકલે હાથે કામ લેવું — બીજો હાથ હરિનો: —પહેલો હરિનો — બીજો હરિના દાસનો — ને ત્રીજો પાછો હરિનો. પછી જગત જખ મારે છે.’

‘જો હરિદાસ! આ હરિ એક માણસનું નામ સુઝાડે છે — ચંદ્રકાંતનું! વાહ! શકુન સારા થયા! પણ એ તો ભાઈને ખોળવા ગયા છે. એમને કાગળ લખીશ ત્યાં સુધી નભશે? ભાઈના દોસ્ત બુલ્વરસાહેબ પર ચંદ્રકાંતભાઈની ચિઠ્ઠી મંગાવીશ. ત્યાં સુધી? ધુતારાનો ધુતારો થઈશ. એણે લાંચ આપવા કબૂલ કરી છે — તે લૂંટાય એટલું લૂંટીશ ને — ભાઈના જોડા ને ભાઈનો વાંસો. મારા ગરીબના ઘરમાં પૈસા નથી, પણ એ પૈસા વડે પોલીસ ને વકીલો હાથ કરીશ. પણ વાણિયાને નામે વહાણ કેમ ચાલશે? વાણિયાને નામે વહાણ નહીં ચાલે પણ રામને નામે પથ્થર તરશે — ગયેલા

પણ ભાઈ — તેમનું નામ કયાં ઓછું છે?' ચતુર સવારના ભાર નીચે ઊંચી જાતના ઘોડાને પણ અભિમાન આવતું હોય તેમ ખીલે છે, મહાકાર્ય — મહાસેવા — ના વિચારથી વાણિયાને અભિમાન આવ્યું ને તેની બુદ્ધિ ખીલી. એનો ઉત્સાહ ફાલ્યો. સાંજે ધૂર્તલાલને મળવાનું તેથી શેઠને મળવા બીજા ખંડમાં ચાલ્યો.

શેઠ એક બારી આગળ ઊભા ઊભા સમુદ્ર ઉપર દૃષ્ટિ નાખતા હતા અને દૃષ્ટિમર્યાદામાં પુત્રને શોધતા હતા. હરિદાસ પાસે આવેલો દીઠો નહીં.

'શેઠજી!' પાછળ ઊભેલો હરિદાસ બોલ્યો. શેઠ ચમક્યા, પાછળ જોયું. હરિદાસ ભણી ફરી ઊભા ને બોલ્યા: 'હરિદાસ, ધૂર્તલાલ ક્યાં છે?'

'શહેરમાં ગયા.'

'બંગલામાં કોણ છે?'

'તમે ને હું.'

'નક્કી?'

'જી!'

'હરિદાસ!' શેઠ તાકીને એની આંખ સામું જોવા લાગ્યા.

'જી!' હરિદાસને શેઠની આંખમાં ઘેલછા લાગી.

'તુ કોનો નોકર છે?'

'આપનો!'

'ફરી બોલ.'

'આપનો! — મારો જીવ જાય પણ આપનો, શેઠજી ગભરાશો નહી; આપનું કોઈ નહીં હોય ત્યાં હું છું.'

'મારા ભાઈનું કોણ?'

'આપ.'

'જૂઠું બોલ્યો. જા, ત્યારે મારે તારું કામ નથી.'

હરિદાસ ચમક્યો. ઘેલા લાગતા શેઠના વચનમાં ઊંડો મર્મ લાગ્યો. સમયસૂચકતા તીવ્ર કરી.

'શેઠજી, આપ ભાઈના હતા નહીં, પણ હવે થયા છો.'

'એવું ક્યાં સુધી ટકશે?'

'આપનું કાળજું ઠેકાણે હોય ત્યાં સુધી.'

'ધૂર્તલાલે કહેલું કરું તો કાળજું ઠેકાણે ખરું?'

‘એ તો આપ સમજો. પણ એ ક્યાં ભાઈના સારામાં રાજી નથી?’

‘એક વાર ભૂલે ત્યાં સુધી માણસ. બીજી વાર ભૂલે એટલે ઢોર.’

‘એમાં તો કાંઈ વાંધો નહીં.’

‘ત્યારે ગમે તો તેં મને ઢોર જાણ્યો ને ગમે તો તું ઢોર.’

‘હું તો રાંડ તે ઢોર જ.’

‘ના, હવે સાંભળ; આ બોલાબોલી જવા દે. ધૂર્તલાલે મારું ઘર ફોડ્યું. તને પણ ફોડ્યો હોય તો કહી દે ને અહીંથી જા. એનું ચાલે તે એ કરશે ને તારું ચાલ્યું તું કરજે. બચ્ચાજી, લક્ષ્મીનંદનમાં હજી કાંઈક પણ બુદ્ધિ બાકી રહી હશે. ભાંગ્યું ભાંગ્યું પણ ભરુચ.’

આ વચન સાંભળી, શેઠની જૂની તીવ્રતા તાજી થતી દેખી, હરિદાસને પોતાનું કાર્ય સિદ્ધ થયું લાગ્યું અને આનંદ થયો. ઘણે દિવસે શેઠની બુદ્ધિ સજ્જ થતી દેખી સેવકની આંખમાં આનંદમાં આંસુ આવ્યાં. એ મનના વિકારોનો મુખ ઉપર વિકાસ જોઈ શેઠને એના પર વિશ્વાસ બેઠો ને બોલ્યો:

‘બસ, બસ, હરિદાસ, વધારે ઓછું બોલવું જવા દે. મારી આખી દુકાનમાં મારો એક તું રહ્યો છે. બાકી સૌ દગાખોર છે. હું તને ઓળખું છું. તું મારો મટે એમ નથી. તું ફૂટેલ નથી. મારે પગે હાથ મૂક ને ખા સોગન કે તું મારા વિશ્વાસયોગ્ય છે.’

શેઠના મોંમાંથી અક્ષર ખરતાંમાં હરિદાસ શેઠના પગ આગળ બેસી ગયો ને પગે હાથ મૂકી રોઈ પડ્યો ને પગ ઝાલી રાખી બોલ્યો: ‘શેઠજી, તમને દગો દે તેને ગૌહત્યાનું પાપ —બ્રહ્મહત્યાનું પાપ — સ્ત્રીહત્યાનું પાપ — મને શ્રી વિઠ્ઠલેશ પૂછે. તારા મનમાં જે હોય તે કહી દો.’

શેઠ ગળગળા થયા. હરિદાસને ઊભો કરી પાસે બેસાડી બોલ્યા:

‘હરિદાસ, મારા મનની વાત સાંભળતા પહેલાં તારા મનની વાત કહે.’

‘શેઠ, હું આપને વાત કહું — પણ આપનું ચિત્ત ઠેકાણે ન રહે ને કોઈ ચોઘડિયામાં હતા તેવા ભ્રમિત થાવ તો વાણિયાનું હાડકું નહીં જડે ને તમારું કામ કરવા એક જણ પણ હું બાકી છું તે યે પૂરો થઈશ. મારી વાત મારી પાસે રહેવા દો, મારા પર વિશ્વાસ રાખો ને વાત કરો ને મારી કસોટી કરી જોજો. મારે લપટી કળવાળા તાળા જેવું તમારું કાળજું ઉઘાડો, ને મારું તાળું છે એમ ને એમ રહેવા દો. આપને ખાવાનું જોઈશ તેટલું અનાજ મારા કોઠારમાંથી હું જાતે જઈ લઈ આવીશ. પણ એ કોઠારની કૂંચી આપની પાસે હશે તો બધોય લૂંટાશે.’

શેઠ ગંભીર થઈ ગયા, વિચારમાં પડ્યા અને આખર બોલ્યા:

'હરિદાસ, તું હતો તેટલો જ હજી ખરાવાદી રહ્યો છે તેથી મારી ખાતરી થઈ છે કે તું ફર્યો કે ફૂટ્યો નથી. તારી શિખામણ ખરી છે. તે હું આજ નાના બાળક પેઠે માનીશ. બોલ ત્યારે, પૂછું તે કહે.'

'એ વાતમાં તૈયાર છું.'

'ભાઈના વિચારમાં ઘેલા થઈ એવું કરવું કે ભાઈને ખાવાનું પણ રહે નહીં — એ મને ગમ્યું નહીં; અને હું વધારે ઘેલો થઈશ તો એ અણગમતી વાત થશે એવા વિચારથી હું આજ ચમક્યો છું — તે કહે, બરોબર થયું કે નહીં?'

'વાહ, શેઠજી, વિવાહથી રળિયામણું શું?'

'જો ત્યારે, હવે આ મારા સાળાએ આજ સુધીમાં મને ભમાવ્યો તે પણ મને આજ જ સૂઝે છે. મારી ઘેલાઈમાં એના કામનો હું વિચાર કરતો ન હતો; પણ એનાં સૌ કામ ઉપર મારી આંખ રહેતી તે જે જે જોયું અને થવા દીધું એ સૌનો ફરી વિચાર કરતાં મારો સાળો મને બડો ઠગ અને ધુતારો લાગે છે.'

'જી...'

'જી બી નહીં કહે કે મારું ધારવું ખરું છે નહીં?'

હરિદાસ હસ્યો: 'શેઠજી, આપે કાલે ધારેલું આજ ફેરવ્યું તેમ આજનું ધારેલું કાલ ફેરવશો નહીં એની શી ખાતરી? માટે થયેલી વાત કેમ થઈ તે પૂછવા કરતાં આપને હવે શું કરવાનો વિચાર છે તે કહો, તેનો જવાબ દઈશ. આપણી શરત પ્રમાણે ચાલો.'

'ઠીક. એમ ત્યારે. જો હું કંઈ મારાં કાંડાં કાપી ધુતારાને કાગળ ઉપર સહી કરી આપવાનો નથી — કહે — બરોબર કે નહીં? આમાં તો જવાબ દીધા વગર તારે છૂટકો નથી.'

'બરોબર, શેઠજી. આપની વાત સત્તર આના છે અને તેમાં હું છાતી ઠોકી હા ભણું છું.'

'બસ. હવે બીજી વાત. કાલ સવારે જમી કરી હું દુકાને આવીશ. પછી બીજી ત્રીજી વાત પડતી મૂકી પહેલું કામ કરવાનું એ ધારું છું કે મારા સાળાના હાથમાંથી કૂંચી, પેટી, ચોપડા, વગેરે સૌ લઈ લેવું; એને એકદમ કાઢી મૂકવો અને મારા ઘરમાં કે દુકાનમાં કદી પગ મૂકે નહીં એવી તાકીદ આપવી —'

'એ વાત પણ બરોબર છે. પણ કાલ ને કાલ કરવું એ વિચાર કરવા જેવું છે.'

‘વાત બરોબર છે તો વિચાર કરીશું. હવે ત્રીજી વાત. આ કાગળ ઉપર નામ લખેલાં છે એ બધા ગુમાસ્તાઓને ને મિલના માણસોને પણ દૂર કરવાની યાદી; વાંચી જો.’

‘યાદી વાંચીશ. પણ એ કામ હાલ કરવાનું નથી. એ સૌ પેટના ભૂખ્યા પેટની ભૂખે આપણું પણ કામ કરશે.’

‘ઠીક ત્યારે, હવે બીજી વાત. આને કાઢી મૂક્યો એટલે મારું મોટું કામ તારે માથે —’

‘શું?’

‘ભાઈને શોધી કાઢવા, તેમ કરતાં લાખ રૂપિયા થાય તો પણ ખરચવા, જીવ જાય તો કાઢવો, તારે જાતે સૌ શોધ કરવો ને કરાવવો; પણ ભાઈને લાવવા — ભાઈને લાવવા —ભાઈને લાવવા —’ આ વાક્ય બોલતાં બોલતાં શેઠના ચિત્તભ્રમનો આભાસ લાગ્યો. હરિદાસ ચેત્યો.

‘શેઠજી, એ કામ મારું. ચંદ્રકાંતભાઈને શોધવા જ ગયા છે. બુલ્વરસાહેબને એમનો પત્તો જડ્યો છે —’

‘હેં! હેં! સ્વપ્ન કે સાચું —?’

‘શેઠજી, સાચું. બેચાર દિવસમાં ભાઈ વિષે ચંદ્રકાંતનો પત્ર આવશે.’

‘હરિદાસ, આ લુચ્ચો ધુતારો પચ્ચીસ હજાર ખાઈ ગયો ને હજી ભાઈને શોધ્યા નહિ. ચંદ્રકાંતે એ શોધ વગર પૈસે કરી. ખરી વાત. ચંદ્રકાંતનું કાળજું બળે ને મારો ધુતારો તો ભાઈના પગ કાઢવામાં જ હતો તો શોધે શાનો? કાળજું તો મારું જ ઠેકાણા વગરનું કે એને આ કામ સોપ્યું.’

‘શેઠ, થવા કાળ. બોલો, બીજું શું કરવાનું છે?’

‘બીજું એ કે મારું કાળજું હજી ઠેકાણે નથી ને ક્યારે ખશે તેનું ઠેકાણું નથી માટે ટ્રસ્ટી કરવો —’

‘લેખ કરવાની ના કહેતા હતા ને?’

‘સાંભળ તો ખરો. ના તો ધુતારાને લખી આપવાની. આ તો એવો લેખ કે મારા ભાઈ મારા ટ્રસ્ટી — એકલા ભાઈ ટ્રસ્ટી — બીજું કોઈ નહીં — તુંયે નહીં ને હુંયે નહીં.’

‘વાહ, શેઠ, સારું ધાર્યું. પણ શેઠાણી કબૂલ કરશે?’

‘નહીં કરે તો ધરી રહી. હવે મને ભાઈ વગર કોઈનો વિશ્વાસ નથી. મારું ધન એને સોંપીશ. ધનભાઈનું ધન પણ ભાઈને સોંપીશ. ધનની માને પણ ભાઈને સોંપીશ. ને ધનભાઈને પણ એના એ ભાઈને સોંપીશ. ને મારી જાત પણ એને સોંપીશ.’

‘શેઠે, પણ શેઠાણીને તો પૂછવું જોઈએ. ઉતાવળ ન કરો.’

શેઠે ઊઠીને હરિદાસને ધોલ મારી.

‘હરામખોર! ફૂટેલો દેખાય છો! શેઠાણીની શરમ પડે છે! જા, મારે તારું કામ નથી.’

ગાલ ચંચવાળતો ગુમાસ્તો બોલ્યો: ‘શેઠ, ભાઈને કાઢી મૂકતા સુધી જેની શરમ તમને પડી તેની શરમ મને ભાઈની ગેરહાજરીમાં ન પડે?’

શેઠ નરમ પડ્યા. ‘હા, ભાઈ, હા. પડે. હવે તને મહેણું નહિ દઉં. જો સાંભળ. શેઠાણીએ કહ્યું કે મારો ધુતારો ભાઈ આવો છે એવી ખબર હોત તો આમ ન થવા દેત ને આ ભાઈ તો મારો દીકરો તે મને ભૂખી મૂકી સૂશે નહીં. સમજ્યો? હરિદાસ સમજ્યો? કે એ બાયડી સમજી પણ તું ભાયડો ન સમજ્યો?’

‘શેઠ, ગમે તેટલું પણ શેઠાણી જેટલી બુદ્ધિ ત્રણ ટકાના ગુમાસ્તામાં ન હોય. પણ આ તો તમને નાણી જોવા કહ્યું ન હોય?’

‘ઓ મૂર્ખા! હજી સમજ્યો નહીં. ભાઈએ તો બહેનને એવું પડીકું આપ્યું છે કે બનેવી ગાંડો થાય કે મરે! જો આ પડીકું!’ શેઠે ખીસામાંથી કાઢી બતાવ્યું.

હરિદાસ ચમક્યો ને બોલ્યો: ‘હાય, હાય, ધૂર્તલાલ! તું તો માનવી કાયાવાળો રાક્ષસ જ!’ — શેઠ, હવે તમારી વાત ગળે ઊતરી. આ પડીકું શેઠાણીએ આપ્યું?’

‘ત્યારે બીજું કોણ આપે? એને તે પોતાનો ચાંલ્લો વહાલો હોય કે એની ચૂડી ભાંગે એવો ભાઈ વહાલો હોય?’

‘હરિ! હરિ! શેઠ, ખરું કહો છો. પણ —’

‘હજી પણ રહ્યું?’

‘ના, ના. પણ ભાઈનો પત્તો લાગતા સુધી શું કરવું?’

‘હું જાતે વાઘ જેવો બેઠો છું — સૌને ખાઈ જાઉં એવો!’

‘એ તો બરોબર. પણ જુઓ ને અત્યારે જ જશ તમને ઠીક નથી એવું —’

‘એવું આગળ વધે તો?’

‘હા.’

‘વધે એમ તને લાગે છે?’

‘ઈશ્વરના ખેલ કોઈને ખબર છે?’

‘ના, એ તો ન કળાય. પણ—પણ—મારું કાળજું ખસે ને ભાઈ જડ્યા ન હોય તો તેને ઠેકાણે તેટલો વખત ચંદ્રકાંત અને બુલ્વરસાહેબ કામ કરે.’

‘હવે ચોકઠું સજડ બેઠું. મારે સૌ કબૂલ છે.’

‘ત્યારે, જા, કાલ બાર વાગ્યે દુકાને આવીશ ને ધૂન મચાવીશ ને ધુતારાને કાઢીશ.’

હરિદાસે વિચાર્યું કે શેઠ અટકે એમ નથી. હરિ કરે તે સારા સારું એમ ધાર્યું ને ભાવિ વિચારી બોલ્યો:

‘ઠીક છે, શેઠ. હું કાલ બપોરે મળીશ. પણ મને પોલીસ કમિશનર ઉપર તમારા નામની ચિઠ્ઠી આપો.’

‘શું કરવા?’

‘કાલે આપ દુકાને આવો ને ધુતારો તોફાન કરે તે અટકાવવા સિપાઈઓ રાખું.’

‘ઠીક છે. એ ઠીક કહ્યું. લે, આ ચિઠ્ઠી લખી આપું.’

શેઠ ચિઠ્ઠી લખવા બેઠા. એક ચિઠ્ઠી લખી ને તેની સાથે બીજી બુલ્વરસાહેબ પર પણ લખી આપી. એ ચિઠ્ઠીઓ હરિદાસને આપી: ‘જો, આ પોલીસના સાહેબની. ને આ ચિઠ્ઠી બુલ્વરસાહેબ ઉપર છે. કાલે સવારે આ બંગલે એમને બોલાવી લેખનો બંદોબસ્ત કરાવીશું. ‘*क्षणं वित्तं क्षणं चितं क्षणं जीवति मानवः।।*’ તેમાં મારે તો બધુંયે ‘ક્ષણં ક્ષણં’ છે. સાહેબ આવશે તો ભાઈના પણ સમાચાર મળશે.’

હરિદાસે ચિઠ્ઠીઓ લીધી, ખીસામાં મૂકી અને ઊભો રહ્યો. શેઠ બોલ્યા: ‘હવે જા. એકદમ જા, ભાઈને શોધી કાઢ.’

અર્ધું ચિત્ત ઠેકાણે અને અર્ધો ભ્રમ, એ અવસ્થા દેખી હરિદાસની આંખમાં આંસુ આવ્યાં. લ્હોતો લ્હોતો જે થાય છે તે ઠીક થાય છે જાણી વધારે ગોઠવણ સારું બોલ્યો:

‘હા, શેઠજી, જાઉં છું.’

‘ત્યારે જા.’

‘પણ સવારે જ ધૂર્તલાલ પૂછશે કે પુછાવશે કે લેખનું શું કર્યું ને હરિદાસની સાથે શી વાત થઈ તો શું કહેશો?’

શેઠ વિચારમાં પડી ગરીબડા બની ગયા. ‘એ તો તું કહી દે તે કહું.’

‘કંઈ પાર જ ન આપશો. એમ જ કહેજો કે જ કહેવાનું તે તો હરિદાસને કહેલું છે. તેને પૂછો ને બીજું બધું કાલ બપોરે.’

શેઠ ઊઠી હરિદાસને ભેટી પડ્યા: ‘વિવાહ, વાલિયા, વાહ. આ તારી અક્કલ ક્યાંથી ચાલે છે! બરોબર યુક્તિ સુઝાડી. જૂઠુંયે નહીં ને સાચુંયે નહીં. એમાં બધું આવી ગયું ને મારે વિચાર નહી, કહેવાનું નહી, લપ નહીં — જા ત્યારે. ‘કાલ બપોરે’ — જા પહેલું ને બીજું બધું કાલ બપોરે — જા.’

હરિદાસ, દીન મુખ કરી, દુ:ખી થઈ, સુખી થઈ, નિશ્વાસ મૂકતો, ઉમંગ આણતો, ભયથી ધડકતે હૃદયે, આનંદથી ઊછળતે હૃદયે, પરસ્પર વિરુદ્ધ દશામાં ખેંચાતો, અનુરક્ત સેવક, શેઠની સંભાળ માળીને અને હરિને સોંપી, છેક, સંધ્યાકાળનું અંધારું પડતાં, શેઠના બંગલામાંથી, વાડીમાંથી, દરવાજામાંથી નીકળ્યો. બુલ્વરસાહેબ અને પોલીસ કમિશનર અને ધૂર્તલાલ એ ત્રણેના વિચાર કરતો ત્રણેને ત્યાં જવાનો સિદ્ધાંત કરી, વિક્ટોરિયા ગાડી ભાડે કરી, ચાલ્યો ને જગતની ખટપટાને શાંત કરી દેતાં અંધકારમાં માર્ગ વચ્ચોવચ લીન થઈ દૃશ્ય થઈ ગયો. માત્ર એના મુખમાંથી નીકળેલું એનું છેલ્લું વાક્ય પળવાર તેની પાછળ અંધકારમાં પવનમાં લટક્યું: હરિ! તારી ઇચ્છા મોટી છે! હું રંકથી મહાપ્રયત્નથી ન થાત તે —ઘેલાગાંડા પણ શેઠના વચનમાત્રથી — સિદ્ધ થશે, અને હરિ! તારી તો એકલી ઇચ્છાથી જ સિદ્ધ થશે! હરિ! હરિ! ધર્મે જય અને પાપે ક્ષય!’ ‘જય’ અને ‘ક્ષય’ શબ્દ અંધકારમાં વિક્ટોરિયા રથના ચક્ર પાછળ ચક્રના સ્વરમાં — પડઘામાં — વીંઝાયા અને સરસ્વતીચંદ્રના બંગલાની ભીંતોમાં લીન થઈ ગયા. સૌ હતું તેવું થયું.

હરિદાસ પ્રથમ પોલીસ કમિશનરને ત્યાં ગયો. લક્ષ્મીનંદન અને સરસ્વતીચંદ્ર ઉભય ઉપર એ અધિકારીની પ્રીતિ હતી. ધૂર્તલાલ એ જાણતો હતો અને તેથી એણે એ અધિકારીના હાથ નીચેનાં કેટલાંક માણસની સાથે તેમના ઉપરીને નામે, કેટલાંકની સાથે લક્ષ્મીનંદનને નામે, અને કેટલાંક સાથે લક્ષ્મીનંદનના દ્રવ્ય વડે પ્રીતિ કરી હતી. આ સૌ જાણનાર હરિદાસને ખાતાના મુખ્ય ઉપરી સાથે પોતાના કાર્યની વ્યવસ્થા કરવી યોગ્ય લાગી. એણે બીજાં તાબેનાં માણસો પાસે ન જતાં સૌના ઉપરીને પકડ્યો, શેઠના મર્મનો ભેદ ખોલ્યો, અને શેઠ દુકાને આવે તે પ્રસંગે થોડાંક પોલીસનાં માણસો પ્રત્યક્ષ થઈ શકે અને કામ લાગે એવી ગોઠવણ કરી. શેઠની ચિઠ્ઠીનો સત્કાર થયો.

બુલ્વરસાહેબે શેઠની ચિઠ્ઠી વાંચી, શેઠની ઇચ્છાઓ સાંભળી પ્રસન્ન થયો, અને પ્રાત:કાળે શેઠને મળી સૌ વાત કરવાનું વચન આપ્યું.

ત્યાંથી નીકળી, પોતાને ઘેર જઈ, જમી, હરિદાસ ધૂર્તલાલને ઘેર ગયો. ધૂર્તલાલ એની વર્ષાદની પેઠે વાટ જોતો હતો. હરિદાસે કહ્યું કે શેઠ એકદમ કહ્યું માને એમ નથી પણ કાલ બપોરે દુકાને આવશે તે પ્રસંગે વાત થશે તો વિચારશે. ધૂર્તલાલ શેઠ ઉપર ચિડાયો.

'હરિદાસ, તારી મદદની ખરેખરી જરૂર પડશે. શેઠ જો સહી નહીં કરી આપે તો કરનાર નીકળશે ને વધારે વાટ ન જોતાં કાલે બપોરે જ ગાંડા ઠરાવી મૂકવા, ને ગાંડાની પેઠે બાંધી કોલાબે પોલીસ મારફત મોકલવા. કોલાબે દાક્તરને કહી મૂક્યું છે પણ વખત નથી આપ્યો તે તારે મારી ચિઠ્ઠી સવારે લેઈ જવું ને તેમને ચેતાવવા.'

ધૂર્તલાલની હિંમત જોઈ આશ્ચર્ય પામતો હરિદાસ બોલ્યો: 'વાહ, બહુ બેશ ઉપાય શોધ્યો. કાલ બપોરે જ શેઠને ચતુર્ભુજ બનાવી મોકલી દેવા. પણ પછી? પોલીસ ક્યાંથી લાવશો?'

'આ ચિઠ્ઠી લેઈ લતીફખાન જમાદાર અને ઘૂરકેરાવ હવાલદારને જઈને આપવી કે વખતસર પોલીસને હાજર રાખવી.'

'એ પણ ઠીક. કોણ ચિઠ્ઠી આપશે?'

'હરિદાસ વગર બીજું કોણ? હું સિદ્ધ ને તું સાધક.'

'ઠીક છે, શેઠ, બપોરે બાર વાગ્યે એ મારે કરવું.'

આ ગોઠવણ પાર ઉતારવા સારું હરિદાસે ત્રણ હજારની નોટો રોકડ ધૂર્તલાલ પાસેથી લીધી. રાધાસાનીને ત્યાં પણ ધૂર્ત લેઈ ગયો, નાયિકાના હાથની બીડી અપાવી અને નાયિકા પાસે ઠુમરીઓ ગવડાવી. હરિદાસે બીડી ખીસામાં મૂકી, ઠુમરીઓ સાંભળવાના રસમાં પડેલા શેઠના સાળા પાસે પ્રસંગે પ્રસંગે દુકાન સંબંધી એના કપટનાં મર્મની કુંચીઓ ચોરી લીધી. અને આખરે જાતે બીકણમાં ખપી આ હિંમતવાળી પરસ્પર ધૂર્ત — ધૂર્તની જોડને એકલી મૂકી પોતાને ઘેર ગયો. ધૂર્તલાલની આપેલી ચિઠ્ઠીઓ સાચવી રાખી. ઘાણાક વિચાર કરી આખરે સૂઈ ગયો. બીજે દિવસ છેક બપોરે દુકાને ગયો. ત્યાં પ્રથમ ધૂર્તલાલ અને પછી લક્ષ્મીનંદન એકાદ બે મિનિટને અંતરે આવ્યા. હરિદાસ બેમાંથી કોઈની સાથે વાત ન કરતાં પોતાની પેટી ઉઘાડી છાનોમાનો એક મોટા ચોપડો ઉઘાડી લખવા બેઠો. નીચે પોલીસનાં માણસ ફરતાં હતાં તેને શેઠે પોતાના સાધનરૂપ થાર્યાં અને ધૂર્તલાલે પોતાનાં ધાર્યાં. હરિદાસને પણ ઉભયે પોતાનો ધાર્યો. ઉભય પોતાનો વિજય સિદ્ધ થવાનો નિશ્ચય કરી પોતપોતાના અભિમાનમાં — દર્પમાં ઉન્મત્ત હતા. છાતી કાઢી સહુની સલામો ઝીલતા શેઠ પોતાની ગાદીએ બેઠા, મૂછો આમળતો ધૂર્તલાલ પોતાને ઠેકાણે બેઠો. બેની ગાદીઓ વચ્ચે એકાદ હાથનું છેટું હતું. હરિદાસની અને તેમની વચ્ચે ત્રણચાર બીજા ગુમાસ્તા બેઠા હતા. ઘણે દિવસે શેઠ દુકાને આવ્યા દેખી સહુ પોતપોતાનું કામ ઉતાવળથી થતું બતાવવામાં ખંતી દેખાયા.

સાળો બનેવી થોડીક વાર કાંઈ બોલ્યા નહીં અંતે ધૂર્તલાલ બોલ્યો: 'વાહ શેઠ, આજ આપ પધાર્યે શી દુકાન શોભે છે? અંબાડી વગરનો હાથી અને પાઘડી વગરનું માથું તેવી શેઠ વગરની દુકાન આજ સુધી હતી.'

‘તમે ક્યાં નહોતા? મારા તમારામાં ક્યાં ભેદ છે?’ શેઠ અધીરાઈ સંતાડી બોલ્યા.

ધૂર્તલાલ નમી જઈને બોલવા લાગ્યો: ‘શેઠજી, કાલે વાત થઈ હતી તેનો વિચાર કર્યો?’

‘હરિદાસે વાત કરી નથી?’

‘બરોબર નહીં.’

‘વાત એકે મને કંઈ સૂઝતું નથી ને સૂઝે નહીં ત્યાં સુધી કંઈ કરવું નથી.’

‘શેઠ, આપને ચિત્તભ્રમનો આરંભ થયો છે માટે ધર્મના કામમાં ઢીલ ન કરવી.’

શેઠ તકિયે પડી, પેટી પર પગ લાંબા કરી બોલ્યા: ‘ખરી વાત; અને તેથી જ હવે હું હુકમ કરું છું કે તમને અત્યારથી મારી દુકાનમાંથી રજા છે.’ બૂમ પાડી શેઠ બોલ્યા: ‘ગુમાસ્તાઓ, ધૂર્તલાલને કાંઈ પૂછવાનું છે? આ ઘડીથી એને હું રજા આપું છું.’

સૌ ગુમાસ્તાઓ દિઙ્મૂઢ બની જોઈ રહ્યા. ધૂર્તલાલ રાતોચોળ બની ગયો, પણ વચનમાં શાંતિ રેડી બોલ્યો: ‘શેઠજી, આપને ચિત્તભ્રમ હવે જરૂર થયો છે; આપનું ચિત્ત ઠેકાણે હોય તો તો રજા આપનાર ધણી છો, પણ આપની આ સ્થિતિમાં મારી બહેન ને મારા ભાણેજનો હું વાલી છું અને આપના શરીરની સંભાળ પણ મારે માથે છે. માટે આપ શાંત થાવ.’

‘ધુતારા! હું તને એકદમ બરતરફ કરું છું અને આ ઘડી આ મકાન છોડી જવા હુકમ કરું છું. ચાલ, ઊઠ અહીંથી!’

ધૂર્તલાલ ઊઠ્યો અને પાછો વળી બીજા ગુમાસ્તાઓને કહેવા લાગ્યો: ‘ભાઈ, શેઠ હાથમાંથી ગયા. બહુ દિલગીરીની વાત છે. એમને વશ નહિ રાખીએ તો કંઈ નવુંજૂનું કરી બેસશે.’ કોઈએ ઉત્તર ન આપ્યો, એની આંખ આમ બીજી પાસ હતી એટલામાં શેઠ ઊઠ્યા અને ધક્કો મારી એને કાઢવા લાગ્યા અને બૂમ પાડવા લાગ્યા: ‘મહેતાઓ, બોલાવો મારા ભૈયાઓને અને ભૈયા ન હોય તો પોલીસને. આ ચાંડાલ હવે મારા મકાનમાં નહીં.’ શેઠની આંખ હરિદાસ ભણી ગઈ.

ધૂર્તલાલની નરમાશ ખસી. ‘હરિદાસ, બોલાવ પોલીસને. શેઠ ગાંડા થયા — મહેતાઓ એમને ઝાલો — ઊઠો જુઓ છો શું?’

ઠાકોરદાસ નામનો મહેતો પ્રથમ ઊઠ્યો, પછી બીજા મહેતા ઊઠ્યા. શેઠને ઝાલવા માંડ્યા. શેઠ સૌને ધક્કા મારી છૂટા થવા અને બૂમાબૂમ કરવા લાગ્યા. સૌએ એક ખેસ વડે શેઠને બાંધવાનો પ્રયત્ન કરવા લાગ્યા અને ‘શેઠ ગાંડા થયા, ગાંડા થયા’ એમ બૂમો પાડવા લાગ્યા.

આ સર્વના આરંભમાં જ હરિદાસ ધીમે રહી ઊઠ્યો અને બારીમાંથી પોલીસને હાક મારી. ઉભય પક્ષે પોલીસને પોતાની ગણી. જશ વારમાં પોલીસના માણસો ચડી આવ્યા, તો શેઠને સર્વે ગુમાસ્તાઓ બાંધે અને અંતે ધૂર્તલાલે કહ્યું: ‘હવાલદાર, શેઠ ગાંડા થયા છે અને તેથી મેં એમને બાંધ્યા છે. તેમને પકડી કોલાબે કે જ્યાં લેઈ જવા હોય ત્યાં લેઈ જાઓ.’

પોલીસવાળાઓમાંથી એક જણ બોલ્યો: ‘તુમ્હી તર શેઠજીલા ધરલા ના?’

‘હોય, આમ્હીય ધરલા!’ ધૂર્તલાલ ફૂલી બોલ્યો.

‘તુકોજી, પહિલા તર હ્યા ધૂર્તાલા ચ હેંડકફ કરૂન ધ્યા. મગ હ્યા સર્વ મંડળીલા ધ્યા, આણિ શેઠજીલા સોડૂન દ્યા.’

ધૂર્તલાલ અને મહેતાઓ ગભરાયા. ઘડીના છઠ્ઠા ભાગમાં ધૂર્તલાલ અને એના સર્વ મંત્રીઓને ચતુર્ભુજ કરી ચારપાંચ સિપાઈઓને હવાલે કરી હવાલદારે કહ્યું: ‘તુકોજી, હ્યા લોકોને શેઠજીલા ગૌરકાયદેસીર કૈદ કેલા તે આપણ પ્રત્યક્ષ કેલા. આતાં કમિશનરસાહેબ કડે સર્વ મંડલીલા ઘેઉન તુમ્હી જા. મી પૂઢેં યેતો.’

સિપાઈઓ સર્વને ઘસડી ગયા. શેઠ, હવાલદાર, હરિદાસ અને બે સિપાઈ રહ્યા. શેઠને છોડ્યા. તેમને બાંધ્યા હતા તે દુપટ્ટો મુદ્દામાલ ગણી લીધો.

‘કાય, શેઠજી, આતાં કાય હુકમ આહે?’

‘હવાલદાર, હું પાછળ આવું છું અને સાહેબ પાસે આવી ફરિયાદી કરું છું. હાલ તમે જાઓ.’

સલામ કરી હવાલદાર ગયો. પાછળ શેઠ અને હરિદાસ રહ્યા.

‘કેમ, શેઠજી, જોઈ લુચ્ચાઓની હિંમત?’

‘હરિદાસ, મને પહેલો ઉગાર્યો ઈશ્વરે અને બીજો તેં. આ ધુતારો તો મને ગાંડાની હૉસ્પિટલમાં મોકલી દેવાનું કરતો હતો’

‘હ! જી, મને ખબર છે. આ ચિઠ્ઠીઓ વાંચો.’

નગરમાં વાત વાએ ચડી. હો હો થઈ રહી. શેઠ ચિઠ્ઠી વાંચે છે એટલામાં બુલ્વરસાહેબ આવ્યા. તેમની સાથે હાથ મેળવી ખુરશી પર બેસાડ્યા. બેસાડતાં બેસાડતાં શેઠ બોલ્યા: ‘હરિદાસ, આ ચિઠ્ઠીઓ સાહેબને પણ દેખાડીશું.’

સાહેબ શેઠ પાસે બેઠા. શેઠની સર્વ વાર્તા એણે પ્રાત:કાળે સાંભળી હતી અને ફરી મળવાનું બપોરે ઠરાવ્યું હતું. ધૂર્તલાલે પોલીસનાં માણસ પર લખેલી તથા કોલાબા ઉન્માદારોગ્યભવનના[૧] દાક્તર પર લખેલી ચિઠ્ઠીઓ

હરિદાસ પાસેથી વાંચી. શેઠને ગાંડા ઠરાવવાનો તથા પકડવાનો પ્રપંચ તેમાં સ્પષ્ટ હતો. પ્રથમ રાત્રે ધૂર્તલાલ પાસેથી લીધેલી ત્રણ હજારની નોટો પણ હરિદાસે શેઠ અને સાહેબના હાથમાં મૂકી દીધી અને રાત્રિનું સર્વ વૃત્તાંત કહી દીધું. પ્રામાણિક અને સેવાનિષ્ઠ સેવક ઉપર ઉભય ગૃહસ્થો પ્રસન્ન થયા. અંતે વિચાર કરી સાહેબે અભિપ્રાય આપ્યો કે ચિઠ્ઠીઓ તેમ જ નોટો પોલીસ કમિશનર સાહેબને તરત સોંપી દેવી, તેને અથઇતિ વાર્તા વિદિત કરવી, અને આખર કામ ચાલે ત્યાં સુધી પુરાવા રૂપે સ્પષ્ટ થાય એવી યોજના પોલીસને જ સોંપવી. શેઠે કરવાનો લેખ સાહેબે પસંદ કર્યો પણ તે લેખ તરત કરવો કે આ સૌ કામ ચાલી રહ્યા પછી તે વિશે કોઈ વકીલ બારિસ્ટરનો અભિપ્રાય લેવા ઉપર રાખ્યું. હરિદાસને આ સર્વ કામમાં ઉપયોગી કરવા મુંબઈ રાખવાનું ઠરાવ્યું. ચંદ્રકાંતના સર્વ સમાચાર કહી શેઠને સાહેબે ધૈર્ય આપ્યું અને પુત્રનો શોધ એના હાથમાં સોંપી દ્રવ્યનું સાહાય્ય આપવા કહ્યું અને તે પ્રમાણે બેત્રણ હજારની હૂંડીઓ રત્નનગરી મોકલી. આ સર્વ ગોઠવણ કરી સાહેબ ઘેર ગયા. શેઠ અને હરિદાસ પોલીસમાં ગયા.

પોલીસ કમિશનર બહુ સુજ્ઞ અને અભિજાત અધિકારી હતો. શેઠની ફરિયાદી અને હરિદાસની જુબાની તેમ બીજાં પોતાનાં માણસોની જુબાનીઓ એ સાહેબે તરત લેવડાવી પોતાના એક વિશ્વાસુ ચીફ કૉન્સ્ટેબલને વધારે તપાસ કરવાનું સોંપી શું શું પરિણામ થાય છે તેનું ઘડી ઘડી પોતાને નિવેદન કરવાની આજ્ઞા કરી. લતીફખાન અને ઘુરકેરાવ પોતાના ઉપર લખેલી ચિઠ્ઠી લઈ તુરંગમાં ધૂર્તલાલને મળ્યા અને ચિઠ્ઠી મોડી મળી તેથી કંઈ બની શક્યું નહીં અને ચિઠ્ઠી પૂરી સમજાઈ નહીં એમ બતાવી ખેદ દેખાડ્યો. ચિઠ્ઠી એણે પોતે લખી છે એવું નક્કી કર્યું. ધૂર્તલાલે હરિદાસને આપેલી નોટોના નંબર વગેરે વિગતની નોંધ શેઠના તેમ ધૂર્તલાલના ચોપડામાં હતી. કારણ એ નોટો પ્રથમ શેઠને ત્યાં અને પછી ધૂર્તલાલને ત્યાં એમ બેને ત્યાં ગઈ હતી અને તેથી બેને ત્યાં તેના દાખલા હતા. આ પ્રમાણે પોલીસનું શોધન તડામાર ચાલવા માંડ્યું. સર્વ વાર્તા અને ગપો વર્તમાનપત્રોમાં ઉપરાઉપરી આવવા માંડી અને ધૂર્તલાલ તથા શેઠ સૌની જીભે ચડ્યા. આની સાથે સરસ્વતીચંદ્ર નાસી ગયાની વાર્તા તેમ લક્ષ્મીનંદનના મનની અને કુટુંબની દુ:ખભરેલી સ્થિતિનું વર્ણન પણ બહુ ચિત્તવેધક રીતે છપાવા લાગ્યું. બુલ્વરસાહેબ આ સર્વ વીગત પ્રસિદ્ધ કરવામાં સવિશેષ આતુરતા અને આગ્રહ રાખતા હતા, કારણ તેમના મનમાં એમ હતું કે સરસ્વતીચંદ્ર ગમે તેટલે દૂરના કોઈ ખૂણામાં પડ્યો હશે પણ તેના વાંચવામાં ગમે તેમ કરીને પણ આ વર્તમાન જવા પામશે તો એનાં પિતૃવત્સલ મર્મસ્થાન ચિરાશે અને સર્વ આગ્રહ તથા મમત મુકાવી પિતા પાસે બોલાવશે.

લક્ષ્મીનંદનનું દુ:ખ વાંચી પુત્રનું અંત: કરણ દ્રવે એવી નાની નાની વાતો અને લક્ષ્મીનંદનનાં દુ:ખની હૃદયવેધક કવિતાઓ ગુજરાતી અને અંગ્રેજીમાં

લક્ષ્મીનંદનનું દ્રવ્ય ખરચી બુલ્વરસાહેબે પુસ્તકાકારે તેમ વર્તમાનપત્રો વગેરેમાં ઘડી ઘડી પ્રસિદ્ધ કરી. સરસ્વતીચંદ્રે પિતાને લખેલા પત્રની કાંઈક કડીઓ શેઠને યાદ હતી તે પરથી નવી કવિતા રચી પ્રસિદ્ધ કરી તરંગશંકરે ‘ગુર્જરવાર્તિક’માં છપાવી કે:

‘દુ:ખી તું તે પિતાને શું! ઞરે ઘેલો, બીજું તે શું?,
ઞરે ઘેલો પિતા તારો, ગણે છે દેહ ગોઞારો.
હશે ભૂલો સુતે કીધી. પિતાએ ચિત્ત ના પુત્રનો લીધી!
પિતાની ભુલ થઈ ઍક, અમે ના પુત્રનો ટેક
જગતમાં કંઈ પડ્યા જીવ, પિતાનો પુત્રમાં’ જીવ;
અહો ભાઈ!અહો ભાઈ! —કહી જીભ જાય સુકાઈ.
પિતા દે લક્ષ્મીને ગાળો — અરે મુજ પુત્ર તેં કાઢ્યો,
નહિ જોવું! સદા રોવું! પિતાએ આંસુ નહિ લ્હોવું!
પિતાથી પુત્ર જો ન્યારો, પિતાને મૃત્યુનો વારો.’

લક્ષ્મીનંદનને આ કવિતાથી કંઈ સંતોષ ન વળ્યો. એણે તો પોતાને નામે થોડુંક છપાવ્યું: ‘ઓ ભાઈ! આમ તો હાડ શું જાય છે? આ મારાં પળિયાંની જશ તો દયા આણ! અરેરે, મારું કોઈ નથી જો! તું જ્યાં હોય ત્યાંથી હવે આવ! મને હવે કાંઈ સૂઝતું નથી. હવે તો આજથી એક મહિનો તારી વાટ જોઈશ ને ત્યાં સુધીમાં જો તું નહીં આવે તો દશરથજીની પેઠે પ્રાણ કાઢીશ. ઓ ભાઈ, છેક આવો નિર્દય તે કેમ થયો? જ્યારે તું મારો નહીં થાય ત્યારે આ ઘડપણમાં હું તે હવે કોનું મોં જોઈશ?’

આ વાક્યો જે પત્રમાં છપાવવાનાં હતાં તે પત્રના તંત્રીએ એ વાક્યોનું બુલ્વરસાહેબને ભાષાંતર કરી બતાવ્યું અને ઉત્તરમાં સાહેબે કહ્યું કે: ‘છાપી દો, શેઠની સહી સાથે છાપી દો; જો સરસ્વતીચંદ્ર એ વાંચશે તો જ્યાં હશે ત્યાંથી આવશે. શિકારીના હલકારા જેમ સિંહ જેવાં પ્રાણીનો મહાપ્રમાદ ત્યજાવે છે તેમ આ પુરુષનો અતકર્ય ઉન્માદ એના પિતાનાં આ વચન વાંચતાં જ છૂટી જશે. શેઠનાં આ વાક્ય મોટે મોટે અક્ષરે છાપજો.’

---

૧. ગાંડા માણસની ઔષધશાળા

૪. સુવર્ણપુરના સમાચાર: કારભારીનો શિક્ષાપાત્ર પુત્ર

'Every good political institution must have a preventive operation as well as a remedial. It ought to have a natural tendency to exclude bad men from Govenment and not to trust for the safety of the State to subsequent punishment alone; punishment, Which has ever been tardy and uncertain; and Which When power is suffered in bad hands, may chance to fall rather on the injured than the criminal .'

— Burke

પોતાના પક્ષનાં માણસોનો દોષ થતાં પ્રજા પોતાની પાસે ફરિયાદી કરવા નહીં આવી શકે — બિચારી કચડાશે — પોતે પામ્યો હતો તેવી જ અવસ્થા કોઈને પામવા વખત આવશે તો એ પાપ કોને માથે? અધિકારનો નશો પોતાનાં માણસોને ચડશે અને કદી જાણ્યો અજાણ્યો જુલમ કરશે તો પ્રમાદધનનો — અથવા બીજાનો જ — દોષ 'બુદ્ધિધન! તારી પાસે કોણ કાઢશે?' એ પ્રશ્ને એનું મસ્તક ભમાવ્યું. આ પ્રશ્ને કારભારે ચડતા બુદ્ધિધનનું મસ્તક વિચારમાં જ ભમાવ્યું હતું;[1] તે સમયે એને એવી ભ્રાન્તિ પણ થઈ ન હતી કે આ પ્રશ્ન મારા ઘરમાં ઊઠશે, મારા રાજ્યતંત્રમાં ઊઠશે, મારા પુત્રને માથે આરોપ આવશે, કૃષ્ણકલિકાનો વર તો શું પણ મારી ગરીબ કુમુદસુંદરી પણ મારા પુત્ર સામે મારી પાસે આરોપ નહીં મૂકી શકે અને ઊલટી આરોપનું પાત્ર થશે! પુત્ર, ભાઈ, મિત્ર, અને એવા બીજા નિકટના સ્નેહી—સંબંધીઓરૂપ પીછાંવાળાં પક્ષી ઊડનાર કારભારીઓ અને અધિકારીઓને અંત:કરણ હોય તો તે અંત: કરણને જગાડવા આ પ્રશ્નનો પ્રસંગ સમર્થ છે; એટલું જ નહીં પણ એ જાગ્રત થયેલો અધિકારી જૂના સ્નેહના અને સંબંધના પાત્ર થયેલા મનુષ્યને પ્રસંગ આવ્યે શિક્ષા કરવાની શક્તિનું અભિમાન ધરાવતો હોય તો એ જ પ્રસંગ એ અભિમાન ઉતારી દેવાની શક્તિનો પણ અનુભવ કરાવે છે. પ્રમાદધનની વધારે વધારે કથા જાણતાં બુદ્ધિધનને આ પ્રશ્નના પ્રસંગે વધારે વધારે કંપાવ્યો અને આ અનુભવે વધારે વધારે નરમ કરી નાંખ્યો. દુષ્ટરાય આદિ મંડળ દ્વારા જુલમ કરનાર શઠરાયમાં અને પ્રમાદ દ્વારા જુલમ કરનાર પોતાનામાં કાંઈક સરખાપણું લાગ્યું. એ સરખાપણું લાગતાં તેના હૃદયને અત્યંત દુ:ખ થવા લાગ્યું, અને એ દુ:ખરૂપ કાર્યનું કારણ નષ્ટ કરવા બળ અજમાવવાની યુક્તિ શોધવા લાગ્યો. 'મારામાં ને શઠરાયમાં શો ફેર? શું મને પડેલાં દુ:ખ બીજા ઉપર પડવાનું હું સાધન થઈશ?' આ અને એવા પ્રશ્ન કારભારને બીજે ત્રીજે દિવસે બુદ્ધિધનના મસ્તકને ખાઈ જવા લાગ્યા.

બનાવો એવા બન્યા હતા કે આ દુ:ખી મગજમાં દુ:ખની ભરતીનો પાર રહ્યો ન હતો. નવીનચંદ્ર જતાં પહેલાં વનલીલા દ્વારા પ્રમાદધનની કેટલીક

વાતો સૌભાગ્યદેવી અને અલકકિશોરી પાસે ગઈ હતી. તેમની પાસેથી બુદ્ધિધન પાસે ગઈ હતી, અને તેથી ઉત્પન્ન થયેલા દુઃખમાં બુદ્ધિધન નવીનચંદ્ર જતી વેળા જ પડેલો હતો તે આપણે જાણીએ છીએ. એ વાતો કરતાં પણ વધારે દુઃખની વાત હવે આવી. જ દિવસે કુમુદસુંદરી ગઈ તે જ દિવસે કૃષ્ણકલિકા અને પ્રમાદધનના સર્વ સંકેતની કથા વનલીલા અલકકિશોરી અને સૌભાગ્યદેવી પાસે કહી આવી. એ બે જણે પ્રમાદધનને બોલાવી, કોઈનું નામ દીધા વિના, વિગત કહ્યા વિના, બાંધે ભારે, એને પિતાના નામને કલંક પહોંચે એવી વર્તણૂક વિશે મોઘમ ઠપકો દીધો. ઠપકો મળતાં અપરાધી ચિત્તે પોતાના અપરાધ વિશે જ આ ઠપકો છે એ કલ્પના સ્વીકારી, અને તેમાંથી બચી જવા કૃષ્ણકલિકાએ આપી મૂકેલું શસ્ત્ર ઉઘાડી વાપરવા માંડ્યું. 'મર્મદારક ભસ્મ' વાળા કાગળના ખીસામાં રાખી મૂકેલા કકડા બતાવ્યા, કોપાયમાન મુખે ગરીબ કુમુદ ઉપર આરોપ મૂક્યો, અને તે સર્વ સાંભળતાં જ માદીકરીના મનમાં વનલીલાએ કહેલી વાતની પૂર્ણ ખાતરી થઈ.

સૌભાગ્યદેવીની આંખમાં આંસુ આવ્યાં: 'અલક, મારાં પૂર્વ ભવનાં પાપ ઊગી નીકળ્યાં. બ્રાહ્મણીને પેટે રાક્ષસ અવતર્યો! શિવ! શિવ! શિવ! ગરીબ ગાય જેવી મારી વહુને કપાળે આ દુઃખ! હું જાઉં છું, આ દીકરાનું મોં હું નહી જોઉં. તું જાણે ને તારો ભાઈ જાણે! અરે! હું રાંકની દીકરી મહાપુરુષ જેવા તારા બાપના ઘરમાં આવી, પણ મારું રાંક ભાગ્ય કયાં જાય કે આ એમને કારભાર મળ્યો ને આ આજ મારું સર્વસ્વ ગયું!' પાણીથી ઊભરાતી આંખે દેવી ઊઠી ચાલતી થઈ અને અનેક દુઃખ સહેનારીથી આ દુઃખ ન સહેવાતાં પરસાળમાં જઈ જમીન ઉપર લૂગડું પગથી માથા સુધી ઓઢી રોતી રોતી સૂઈ ગઈ.

દેવી ગઈ અને અલક ભાઈ ઉપર કૂદી ઊછળી, ભાઈની હડપચી ઝાલી અને રાતી આંખે ગાજી: 'ઓ ચંડાળ! આ બુદ્ધિ તને રાંડ કાળકાએ આપી છે તે હું જાણું છું — ભાભી ગયા પહેલાંની આપી છે કે ભાભી જાય એટલે આ તારું કાળું કરજે! ધિક્કાર છે તને! લાજ! લાજ!' ભાઈને ધક્કો મારી બહેન આઘી ખસી ઊભી અને એના સામી આંખો ફાડી ઓઠ પીસી જોઈ રહી.

પોતાની વાત ઉઘાડી પડી જાણી પ્રમાદ ગભરાયો. પરંતુ રંક સ્વભાવવાળા ચોરને પણ ચોરી પકડાતાં છટકી જવાનો માર્ગ શોધવાની બુદ્ધિ સૂઝે છે અને તે સૂઝતાં બળ આવે છે.

'બહેન, તું અને દેવી તો ભોળાં છો. હું જૂઠો, મેં તો ગમે તેમ કર્યું. પણ અક્ષર તો તું ઓળખે છે. જશ જો કે મારો પુરાવો ખરો છે કે ખોટો.'

ચિઠ્ઠીના કટકા અલકે વાંચ્યા:

‘હા, ભાઈ, હા! તને દિવસ થયા છે એટલાં મને વરસ થયાં છે. ભાભીને કવિતા જોડતાં આવડી પણ તને અર્થ કરતાં ન આવડ્યો. આવી કવિતા તો ભાભી રોજ લખતાં એમાં તારો પુરાવો ક્યાં આવ્યો?’

‘અરે ઉતાવળાં બહેન, જુઓ તો ખરાં કે આ તારી ભાભીએ નથી લખ્યું. પણ પેલા નવીનચંદ્રે લખ્યું છે!’

‘ઓ તારું ભલું થાય! એક ગોળો ન ફાવ્યો ત્યારે બીજો મૂક્યો. નવીનચંદ્રે આ કાગળ ભાભીને આપ્યો હશે તે ભાભી એવાં મૂર્ખા કે તને આપ્યો હશે ખરો કની!’

‘ના, તારી ભાભીના ટેબલ તળેથી હાથમાં આવ્યા!’

‘તે ભાભી ગયા પછી આવ્યા કે એમની પૂઠ પાછળ તારા એકલાનું કહ્યું સાંભળીએ અને તું કહે તે સાચું માનીએ ને એમને પૂછવાનો વારો પણ ન આવે! એ તો ભાઈ, પેલી કાળકાની આપેલી અક્કલ! પણ એ રાંડ જેવી તો સૌને તારી બહેન પહોંચે એવી છે. આ અક્કલ મારા ભાઈની ન્હોય!’

‘શાની હોય જે? ભાઈની કાંઈ શરમ પડે? એ તો ભાભીની શરમ કે પછી નવીનચંદ્રની પડે! હું પણ કંઈક જાણું છું.’

અલકકિશોરીને પોતાના ઉપર આરોપ આવ્યો લાગ્યો અને ક્રોધમાં ઉમેરો થયો. ‘બહુ સારુ, ભાઈ, આ બોલ ભાઈ નહીં સંભળાવે તો બીજું કોણ સંભળાવશે? ખરી વાત છે, સોબત તેવી અસર. કાળકામાં હડહડતો કળિ હોય તો તારામાં તેના છાંટા પણ ન આવે? અરેરે! ભાભી તો ગયાં, પણ આજ તો મને દેવીની દયા આવે છે! જા, જા —’

‘લાવો પાછા અમારા કાગળના કટકા —’

‘હ અં. નાની કીકી છું ખરી કની?’

‘ત્યારે શું કરશો એને?’

‘એ તો દેવીને અને પિતાજીને બેને દેખાડીશ તે તારો, મારો, ભાભીનો, બધાંનો અને ભેગો તારી કાળકાનો પણ ન્યાય ચૂકવશે. મને કહો છો તે બધું પિતાજીને કહેજો ને કાળકાને પણ કહેજો કે રાંડ તારું ચાલે તે કરી લે જે — ભાઈ તો આખરે ભાઈ પણ — એ કાળકાને તો ગામમાંથી કાઢ્યા વગર રહું નહીં!’

‘મારી પાસે તો આ પુરાવો છે પણ તમારે શો પુરાવો છે?’

‘પુરાવો ને બુરાવો — જોઈ લેજો ને કે બધુંયે નીકળશે! રાંડ તારી મેડીમાં આવી હતી ને આપે કેવડો ને સાંકળી એના પર રસ્તામાં ફેંક્યાં હતાં તે શાનું સાંભરે?’

કુમુદસુંદરીએ કૂટતી સ્ત્રીઓ વચ્ચે કૃષ્ણકલિકા પર ફેંકેલાં કેવડો અને સાંકળી[1] સાંભર્યાં અને તે સાંભરતાં પ્રમાદધન નરમ થઈ ગયો. એની બુદ્ધિ ગુમ થઈ ગઈ ને બાજી હાથમાંથી ગઈ સમજી નીચું જોઈ ચાલતો થયો.

આ સર્વ હકીકત બુદ્ધિધનને પહોંચી. તેણો શાંતિ રાખી સર્વ વાત સાંભળી નરભેરામ દ્વારા પુત્રની પાસે ઉત્તર લીધો. સર્વ હકીકત ઉપરાંત એણે કૃષ્ણકલિકાનો સુઝાડેલો વધારે ઉત્તર એ આપ્યો કે નવીનચંદ્ર અને કુમુદ સંપ કરી પોતાની વાત ઉઘાડી પડતાં ભદ્રેશ્વર ગયાં છે એ મારો વધારે પુરાવો. પોતે જે રાત્રે લીલાપુર સાહેબને મળવા ગયો હતો તે રાત્રે પોતાની મેડીમાં કુમુદ એકલી હતી અને જોડેની મેડીમાં નવીનચંદ્ર એકલો હતો ને બે જણ ભણેલાં એટલે આ સર્વ યોગ અનુકૂળ થઈ ગયો એવું પણ કહાવ્યું.

શાંત વિચાર કરતાં પુત્રની કરેલી વાત પણ પિતાને છેક અસંભવિત ન લાગી. બધાંને એકઠાં કર્યાં સિવાય ખુલાસો શી રીતનો થાય અને એકઠાં કરવાનો પ્રસંગ આવે તો કુટુંબની પ્રતિષ્ઠા જાય એ વિચારમાં આખો દિવસ કાઢી નાંખ્યો. છેક સાયંકાળે સુરસિંહને પકડી પોતાનાં માણસો આવ્યાં અને રાત્રિના નવ વાગતાં કુમુદસુંદરીવાળો રથ ઠાલો લઈ ગાડીવાન પાછો આવ્યો. તેણ કુમુદસુંદરી, નદીમાં તણાઈ ગયાના અને શોધ કરતાં પણ ન જડ્યાના સમાચાર કહ્યાથી કુટુંબમાં અત્યંત શોક વ્યાપી ગયો. કુમુદસુંદરી ઉપર મૂળથી હતી તે દયા અને પ્રીતિ દશગણાં થયાં, અને તેની સાથે કૃષ્ણકલિકા અને પ્રમાદધન ઉપર સર્વ કુટુંબનો ક્રોધ સોગણો વધ્યો.

રાત્રિએ બુદ્ધિધને નરભેરામને બોલાવી તેનો અભિપ્રાય માગ્યો.

નરભેરામે ઉત્તર આપ્યો: ‘બુદ્ધિધનભાઈ, મને પૂછો તો થયું તે તે ન થયું થનાર નથી. આ વાત ચોળીને ચીકણી કરવાથી ગઈ કાલ મળેલો કારભાર આવતી કાલ જવા બેસશે, અપકીર્તિ થશે, પોતાનાં છિદ્ર ઉઘાડવા જેવી મૂર્ખતા બીજી નથી તે મૂર્ખતા તમે કરશો, પ્રમાદધનભાઈનાથી તમારી પાસે ન બોલાતાં લજ્જા અને ભયના માર્યા કાંઈ અકાર્ય થઈ જશે અને સૌ પાછળથી પસ્તાશો. ન્હાની વાત કોઈ જાણતું નથી તેને મોટી કરી બધાંને જણાવશો. આ હું તો એમ ગણું છું કે આપના કુટુંબમાં સર્વ વાતે સંપૂર્ણતા થવા આવી હતી તે થાત અને છાજત નહીં અને લોકની નજર પડત તો કાંઈ ભારે વિપત્તિ માથે પડત તેને ઠેકાણે આ શૂળીનો ઘા સોયે ગયો સમજી સૌ વાત પડતી મૂકો અને ઈશ્વરનો પાડ માનો. ઘેરે ઘેર હોય છે તેમ તમારે ઘેર નહોતું તે આ થયું. જુવાનીનો કાળ છે તે પોતાનો સ્વભાવ બતાવ્યા વગર કાંઈ રહેતો નથી. ને ખરું પૂછો તો લો કહી દઉં છું કે હાડ જશો તો છોકરો કાંઈ ન કરવાનું કરી બેસશે ને પછી હાથ ઘસીને રહેશો. વહુ ગઈ ને છોકરો પણ ગયો તો પગ, હાથ ને નાક ત્રણે વાનાં બગડથાનું થશે, માટે જે કરો તે વિચાર કરીને કરજો કે સાહસ ન થાય.’

'જોઈશું. પ્રાત:કાળે અવશ્ય આવજે. આવે ત્યારે સાથે વનલીલા અને કૃષ્ણકલિકાના વરોને લેતો આવજે. '

'તેમનું શું કામ છે?'

'સવારે કહીશ.'

'એ તો હું કાંઈ ન સમજું એવું પ્રયોજન નથી. આપની આજ્ઞા પાળીશ. પણ *सहसा विदधीत न क्रियाम्* * એ વાકય ભૂલશો નહીં.'

'એ તો જે થશે તે તને પૂછ્યા વગર કાંઈ થવાનું નથી. વારુ, કુમુદનું શું કરીશું?'

'એ કામ કરવાનું પૂછો તે તો ઉતાવળે કરવાનું ખરું. નદીમાં તણાયાં ને સાંજ સુધી જડ્યાં નહીં એટલે ગાડીવાન આવ્યો. આ સિવાય એને વધારે ખબર નથી.'

'એમણે નદીમાં દુ:ખને માર્યો પડતું મૂકયું એ વાત એણે તને કહી?'

'એ તો અમસ્તો.'

'બુદ્ધિધને નિ:શ્વાસ મૂકયો. 'ઠીક છે, પણ પ્રાત:કાળ પહેલાં એમની તપાસ કરવા પચ્ચીસેક હોંશિયાર માણસો મોકલવાં. વિદ્યાચતુરને પણ જઈને મળે.'

'આ વાત બરાબર.'

'વિદ્યાચતુરનો મારા ઉપર પત્ર આવ્યો છે તે યાદ આવ્યું. લે વાંચ.'

નરભેરામે પત્ર વાંચ્યો:

'પરમ સ્નેહી બુદ્ધિધનભાઈ,

આપના મહારાણાશ્રીની આપના ઉપર સંપૂર્ણ કૃપા થઈ, દુષ્ટ વર્ગ અસ્ત થયો અને આપને મંત્રીપદ મળ્યું જાણી મને આનંદ થાય એ કહેવા જેવી નવીન કથા નથી. રાજા, પ્રજા અને આપ, ત્રણેનાં સુભાગ્ય આમાં રહેલાં છે એ સર્વને આનંદનું કારણ છે. અમારા મહારાજશ્રી મણિરાજજીના હસ્તાક્ષરનું અભિનંદનપત્ર મહારાણશ્રી ભૂપસિંહજીને પહોંચશે.'

આપના જેવા રાજકાર્યના ધુરંધરને મારા જેવો અલ્પાનુભવી કાંઈ મંત્રીધર્મ કથવા બેસે તો તેમાં પ્રગલ્ભતાદોષ આવે છે. પરંતુ ચિ. પ્રમાદધન વિશે કાંઈ સૂચના કરું તો સંબંધસ્વભાવને પ્રતિકૂળ નહીં ગણો એવી વિજ્ઞપ્તિ છે.

ચિ. પ્રમાદધને વિદ્યાર્થી—અવસ્થામાં રહેવા વધારે અવકાશ મળે તો ઉત્તમ છે, કારણ એ અવસ્થાના પરિપાકવાળાને અનુભવનો રંગ ઓર જ

ચડે છે. વળી અમે અંગ્રેજી ભણેલા એવું માનીએ છીએ કે જેમ પ્રધાનને રાજા પ્રતિ ધર્મ હોય છે, તેમ રાજ્ય પ્રતિ ધર્મ પણ હોય છે. પ્રથમ રાજધર્મ ને બીજો રાજ્યધર્મ. પોતાની સાથે પુત્ર, ભાઈ, ભત્રીજા, જામાતૃ વગેરે સંબંધવાળા પુરુષોને પ્રધાને પોતાના હાથ નીચે નીમવાથી રાજ્યધર્મનો ભંગ થાય છે એવું હું માનું છું; અને એ ધર્મભંગથી રાજ્યનું હિત જાળવવાના પ્રયત્નમાં ન્યુનતા રહે છે, પ્રજાને અન્યાયભય રહે છે અને ન્યાયકાલ જડવામાં કઠિનતા રહે છે, અને નિમણૂકથી જ પુરુષના ઉપર આપણે કૃપા કરવા ધારીએ છીએ તેની પરાક્રમશક્તિ કૃપાના આધારથી ક્ષીણ થાય છે. આથી રત્નનગરી તેમ સુવર્ણપુર ઉભય સ્થાન છોડી કોઈ ત્રીજે જ જળાશયે ચિ. પ્રમાદધનને તરવા મોકલવા જોઈએ એવો મારો અભિપ્રાય છે. પછી આ વાતમાં આપની ઇચ્છા પ્રમાણ છે.'

પત્રના બાકીના ભાગમાં કુટુંબકથા હતી તે નરભેરામ મનમાં ઉતાવળે વાંચી ગયો. પત્ર પાછો આપી બોલ્યોૃ:

'ભાઈસાહેબ, વિદ્યાચતુરભાઈ મોટા વિદ્વાન છે. આપણે જુદું શાસ્ત્ર ભણ્યા છીએ —'

'પણ એમની વિદ્યા ખરી છે તેનો કાંઈક અનુભવ પ્રમાદભાઈ આપે છે.' બુદ્ધિધન વચ્ચે બોલી ઊઠ્યો.

'હા જી, એ તો હોય. આપને આપના પુત્રથી અનુભવ મળે છે, તો બીજાંને બીજાંથી અનુભવ મળે છે. ભાઈસાહેબ, પ્રાકૃત ભાષા બોલવા દો તો તરત સમજાવું. આ આપના વેવાઈ તો વેદિયું ઢોર છે. પણ જુઓ, આપણાથી પચાસ ગાઉ જે રાજા છે તેના કારભારીએ ડાહ્યા થઈ જમશેદજી માણેકજી શેઠને પેંગડે પગ મૂકવા દીધો ત્યારે એ કારભારી પગે ચાલે છે ને જમશેદજી શેઠ ને બીજા નસરવાનજી શેઠ તે બધા ફલાણાજી ને ઢીકણાજીને જીયે જી ઊભરાયા છે ને ઘોડે ચડી મૂછે તાલ દે છે. બીજા દાખલા ખોલીશું તો દક્ષણી જાય ત્યાં દક્ષણીઓનો વરસાદ, બ્રાહ્મણ પાછળ બ્રાહ્મણનો અને વાણિયા પાછળ વાણિયાનો વરસાદ વરસવાનો જ! હું કાંઈ તેમનો વાંક નથી કાઢતો. એ તો જગતનો કાયદો છે તે જગત પાળે છે ને આપણે બીજો પાળવો નથી. પણ આ તો સૌને પારકે ભાણે લાડુ સારો લાગે છે. હું તો તારે ઘેર લાડુ ખાઉં, ઘેબર ખાઉં ને મારે ઘેર તું આવે ત્યારે તારે એકાદશી કરવી. ઠીક છે, એ કહે તે પણ સાંભળવું. જૂઠો કબૂલ કરે કે જૂઠું બોલું છું ત્યારે જૂઠો શાનો! એ તો તેનો લાગ ફાવે તે તે કરે ને આપણો ફાવે ત્યારે આપણે કરીએ. એ બધા કહે તે કહેવા દઈએ, આપણે પણ એમ જ કહીએ, ને આપણું ચાલે ત્યારે આપણા માણસને વર્તાવીએ ને જગત જખ મારે! બધા બોલે તે સાચું માનીએ તો તે ડાહ્યા ને આપણે મૂર્ખ.'

બુદ્ધિધન દુ:ખ ભૂલી હસ્યો. ‘વારું, નરભેરામ, એ ભાષણ પણ ખરું. તારે કારભાર કરવાનો આવે ત્યારે એમ કરજે.’

‘તે એમાં કાંઈ વાંધો? ભાઈસાહેબ, હું તો આપને પણ કહું છું કે આ વેદિયાં ઢોરશાઈ વિચાર કરી પ્રમાદભાઈનો વાળ વાંકો કરશો તો હું જાતે રાણાજી પાસે જઈને કહીશ કે બુદ્ધિધનભાઈનું રાજીનામું લો, એમનું કામ મને સોંપો અને મારું પ્રમાદભાઈને સોંપો! આ જોઈ લેજો કે એ કારભાર પણ ચાલશે ને પ્રમાદભાઈ મારી પૂઠે કારભારી થાય ને એમના જસનો ડંકો વાગે એટલે આપણે બે સંન્યાસી થઈશું ને જગતને ખોટું ગણીશું અને સૌને અહંબ્રહ્મ કહીશું. બાકી હાલ તો હું, તમે ને પ્રમાદભાઈ એટલામાં દુનિયા પણ આવી અને બ્રહ્મ પણ આવ્યું. અને બાકીનાં પારકાં તે માયા, તેનો ત્યાગ કરવો. બસ! ’

બુદ્ધિધનનું હસવું રહ્યું નહીં. નરભેરામને ધક્કો મારી તકિયે પાડ્યો, ‘હવે કાંઈ બાકી છે?’

‘હા. હવે શાસ્ત્રનું વચન સાંભળો:’

**सुहृदामुपकारકાणात् द्विषतामप्यपकारकारणात्।*

नृपसंश्रय इष्यते बुधैर्जठरं को न बिभर्ति केवलम्।।

આ લ્યો શાસ્ત્ર. વિદ્યાચતુરભાઈને ઉત્તર મારી પાસે લખાવજો તે ફાંફડો ઉત્તર લખી આપીશ. અને હું કહું છું તે કરજો. લ્યો, જાઉં છું.’

નરભેરામ પાઘડી માથે મૂકી ગયો. નીચે સ્ત્રીમંડળનાં મન વાળવા ગયો. બુદ્ધિધન એની પૂઠ ભણી દૃષ્ટિ કરી રહ્યો. ‘આ પણ શી મૂર્તિ છે? કિયા બ્રહ્માએ મારો ને એનો જોગ ઘડ્યો હશે? એ કહે છે તે પણ છેક કાઢી નાંખવા જવું નથી. બુદ્ધિમાને જડમાંથી પણ ઉપદેશ લેવાનો છે તો નરભેરામનું કહ્યું કેમ ન સાંભળવું જોઈએ? એ પણ અનુભવી છે.’

આ વિચાર કરે છે એટલામાં અલકકિશોરી આવી અને તેની પાછળ સોડિયામાં સંતાતી સંતાતી વનલીલા આવી. અલકકિશોરી કોપેલી વાઘણ જેવી દેખાતી હતી. એની આંખમાં કોપ માતો ન હતો. ઓઠ ફફડતા હતા, અને હાથ ઉછાળા મારવા તત્પર થઈ રહ્યો હતા. પિતાની પાસે ઊભી રહી ત્યાં એનો અંહકાર ઉછાળા મારી છાતીમાંથી નીકળવાનું કરતો હોય તેમ છાતી કાઢી પિતાની સામી આવી ઊભી રહી અને ક્રોધમાં ને ક્રોધમાં વીજળી અચિંતી ભડાકો કરે તેમ ગાજી:

‘પિતાજી, હવે તો હદ વળી ગઈ.’

‘કેમ, બહેન, શું કાંઈ નવું થયું છે?’ શાંત સ્વરે બુદ્ધિધન બોલ્યો.

‘આ જુઓ, ભાભીના સમાચારથી દેવી તો શીંગડું વળી સૂતી છે, અને ભાઈ તો દેવીને પેટ રાક્ષસ અવતર્યો હોય એવો થઈ ગયો છે. ને તમે પણ

કાંઈ ભાભીની તપાસ નથી કરતા!'

'અલક, તારી ભાભીની તપાસ નહીં કરીએ ત્યારે કોની કરીશું? જા, પૂછ નરભેરામને કે પ્રાત:કાળે અંધારામાં માણસોએ શોધ કરવા જવું એવો બંદોબસ્ત કર્યો છે કે નથી કર્યો?'

'તે કિયાં માણસોને મોકલો છો? ભાઈના મળતિયાને ન મોકલશો. એ લોક તો એમને મારી નાંખશે.'

'એમ તે કોઈ કરતાં હશે?'

'ના, ભાઈને તો તમે બસો રૂપિયાનો પગાર કર્યો એટલે સારો! એના પગારનું શું થાય છે તેનો હિસાબ કોઈ દિવસ જુઓ છો?'

'કેમ, એ પગારનું શું કરે છે?'

'આ જુઓ, મારામાં ને ભાભીનામાં ફેર છે. મારે નાકે તો માખી બેસવા આવે કની તો હું મસળી નાંખું, ને ભાભીની પાસે તો ભમરો આવે તોયે હળવે રહીને લૂગડું આડું ધરે કે રખેને ભમરાને ઝાપટ વાગે! આ બે રાંડો એક કાળકા ને બીજી કોક ગુણકા પદમડી છે. તેણે ભાઈને ફોલી ખાધો ને એ બે ને ત્રીજો ભાઈ ત્રણેનાથી છૂટવા સારુ ભાભીએ આ કર્યું છે — લ્યો — એ તો નક્કી એણે નદીમાં પડતું મૂકયું અને આપણું રત્ન ગયું —' અલકકિશોરી રોઈ પડી ને રોતી રોતી બોલી: 'હવે તે કેમ જીવ્યાં સહેવાશે, મારા બાપ!' માથું પછાડી અલક પિતા પાસે ગાદી પર પડી, ઝીણું ઝીણું રોતી વનલીલા તેને ઝાલી રાખવા જતાં એની પાછળ પડી ને અલકના મોટા શરીર નીચે એનો ન્હાનો હાથ દબાયો. બુદ્ધિધને બેને ઉઠાડહચાં અને છૂટાં કર્યાં.

અલક બેઠી: 'પિતાજી, હવે તો એક તમે આમાંથી ઉગારો ત્યારે. ભાભી જવા બેઠાં તે સહેવાતું નથી તેમાં આ ભાઈ એમની પાછળ ગમે તે બકે છે ને ઊલટા ચોર કોટવાળને દંડે તેમ થયું છે હોં! તમે એને બહેકાવશો નહીં હોં! આ ભાભી મરતાંને મેર કહે નહીં તેને મૂઆ પછી આ મૂકવાનો નથી ને સૌ ઊભાં ને ઊભાં બળી મરીશું. દેવીનો તો અત્યારથી જીવ ખસ્યો છે.'

'બહેન, સૌનો રસ્તો થશે.'

'પણ તમે શું માનો છો?'

'જોઈશું હવે.'

'ના, જોવાનું નહીં. ભાઈ તમારી પાસે આડીઅવળી વાતો ભરવશે ને ભાભીના ભણીની વાત કોઈ કહેનાર નથી. માટે જુઓ, જાણો નહીં તો મને પૂછજો.'

વનલીલા અલકકિશોરીને કાનમાં કહેતી ગઈ, અને અલકકિશોરી સૌ વાત બુદ્ધિધનને રખાય એટલો શરમનો પડદો રાખી કહેતી ગઈ અને આખરે બે જણ ગયાં. બુદ્ધિધન એકલો પડ્યો.

‘હે ઈશ્વર, આ જગતનાથી ઊલટો માર્ગ કે ભાઈનું સગપણ મૂકી ભાભીની વકીલાત કરવા બહેન આવી. કુમુદસુંદરી! મારા ઘરની લક્ષ્મી! આ સૌ તમારી પવિત્રતાનો પ્રતાપ!’

‘નવીનચંદ્ર અને કુમુદસુંદરી સંકેત કરી ગયાં એવો આરોપ પ્રમાદે મૂકયો — તે ખરો? —પણ અલકે કહ્યું તે સાચું. નવીનચંદ્ર ગયો તે પછી કુમુદસુંદરીને તેડવા માણસ આવ્યાં, ને કુમુદસુંદરી જવામાં છે તેની તો નવીનચંદ્રને ખબર પણ ન હતી.’

‘અરેરે! એ બે જણ નીચેથી ઊંચું જોતાં ન હતાં — તેમાં આ ભરેલા ઘરમાં, જ્યાં એકાંત મળવાનો પ્રસંગ જ નહીં ત્યાં — સર્વ આરોપ અસંભવિત જ!’

‘કુમુદસુંદરી ગયા પહેલાં પ્રમાદ અને કાળકાના જે જે સંકેત કરેલા વનલીલાએ કહ્યા હતા તે સર્વ ખરા પડ્યા!’ — ‘સાંકળીની વાત ખરી!’ — ‘કાગળના કટકા પર નવીનચંદ્રના અક્ષર તો ખરા!’ પણ! — ‘હતા તાત!’ અને ‘હતો ભ્રાત!’ — ‘શું આ અક્ષરો જણાવતા નથી કે કવિતા નિર્દોષ છે?’ — ‘પુત્ર મૂર્ખ છે કે આટલા ઉપરથી વહેમાય છે.’ — ‘હું નથી માનતો કે એવા મૂર્ખ હોય! — ત્યારે શું? એ તો એ જ — આરોપમાંથી બચવાનો પ્રત્યારોપ.’

‘ખરા આરોપમાંથી બચવા ખોટા પ્રત્યારોપ કુમુદ જેવી નિર્મળ ગંગા ઉપર મૂકવો એ શઠરાયનો કુલમાર્ગ. મારા પુત્રને એ ન આવડે — શઠરાયની સગી કાળકાએ જ એ શીખવેલું!’

‘કાળકાની શીખવણી ખરી કે નહીં — તે જ્યાં જયાં વનલીલાનાં વચન ખરાં પડ્યાં ત્યાં ત્યાં નિશ્ચિત!’

‘સાંકળી અને શીખવણી — બે વાનાં કૃષ્ણકલિકાનાં. બેની સાથે પુત્રની મલિનતા સિદ્ધ થઈ!’

ન્યાયવિચારના સંશોધનને અંતે સિદ્ધાંત બંધાતાં, મનમાં પુત્રની મલિનતા સિદ્ધ થતાં, કુમુદનું દુ:ખ અને તેને માથે ગુજરેલો અન્યાય સ્પષ્ટ થતાં, તેમના સગા આ ન્યાયાધીશનું મોં ઊતરી ગયું — પ્રાત:કાળ થતાં ચંદ્ર નિસ્તેજ થઈ જાય તેમ દીન થઈ ગયું. કૃષ્ણકલિકાના વરને પણ અન્યાય થયો છે — એ વિચારથી દીનતા વધી. કુમુદસુંદરી જીવતી જડો કે ન જડો પણ એણે આ દુષ્ટની કૃતિઓથી કંટાળી આત્મહત્યા કરવાનો પ્રયત્ન કરેલો સંભવિત લાગ્યો તેની સાથે બુદ્ધિધનના મુખ ઉપરથી દીનતા પવનની

ઉરાડેલી ભસ્મ પેઠે ઊડી ગઈ અને તેને સ્થાને ક્રોધના અંગારા ઉઘાડા પડી મુખ ઉપર ભભૂકવા લાગ્યા:

‘દુષ્ટ! મારી પ્રતિજ્ઞા છે કે મારો સંબંધી હશે તેને માથે પણ આરોપ સિદ્ધ થતા હું શિક્ષા કરીશ! પ્રમાદ! તું હવે મારો પુત્ર નથી અને હું તારો પિતા નથી!’

વળી વિચાર થયો કે પુત્રને શિક્ષા કરી મારાથી દૂર કરીશ તો એનાં પુણ્યપાપની ભાગિયણ થવાને સરજાયેલી ગરીબ કુમુદને પણ વગર શિક્ષાએ જ શિક્ષા થવાની! ‘ત્યારે એવી શિક્ષા શી રીતે કરવી કે અપરાધી પ્રમાદને શિક્ષા થાય અને નિર્દોષ કુમુદ એમાંથી બચે?’ આ પ્રશ્ને એનું મસ્તક વળી ભમાવ્યું. વિચાર થતાં થતાં ચાદી ઉપર હાથ પછાડ્યો અને બબડ્યો: ‘વિદ્યાચતુર, તમારું કહેવું ખરું છે; એવો શો કારભાર કરીએ કે અન્યાય કરીએ તો નિરપરાધી દંડાય ને ન્યાય કરીએ તો આપણે દંડાઈએ? ન્યાય કરવો હોય ને આપણે જાતે દંડાવું ન હોય તો દંડાવવાનો પ્રસંગ જ આવવા દેવો ન જોઈએ. એવો પ્રસંગ ન જોઈતો હોય તો સંબંધી પુરુષને શિક્ષા કરવાનું ઠેકાણું ન રાખવું જોઈએ. ભાઈભાંડુને તાબામાં પ્રથમથી જ સમજીને ન રાખવા! આ તો પાણી પીને પૂછે ઘર તે કહેવો તે બીજો ખર — તે ખર હું!’

‘ત્યારે હું જ રાજીનામું આપું તો! મનેયે શિક્ષા અને પુત્રને પણ શિક્ષા! શું હું પણ શિક્ષાને લાયક નથી? ભવિષ્ય ગમે તેમ સુધરો, પણ ભૂતકાળમાં મારી ભૂલોથી જે જે અનર્થ થઈ ગયેલા. હું દેખું છું — અને ઘણાક તો હું દેખતો પણ નહીં હોઉં — જે જે દુ:ખ કૃષ્ણકલિકાના વર જેવા અનેકને માથે અનેક ઘા પડવાનું સાધન — મારી રાજ્યનીતિની ભૂલો — થઈ પડી હશે — એ સર્વ ભૂલોનું અનર્થોનું અને દુ:ખોનું જોખમ અને પાપ બુદ્ધિધન! તારે માથે નહીં તો કોને માથે? હરિ! હરિ! એ સર્વ પાપ મારે જ માથે, અને એ સર્વના બદલામાં શિક્ષાને યોગ્ય તો હું જ છું! રાજ્યને અંતે નરક તે આ જ!’

‘બુદ્ધિધનભાઈ! તમે પણ ત્યારે શિક્ષાને યોગ્ય તો ખરા. રાજીનામું આપું તો? પણ યુદ્ધપ્રસંગે નોકરી છોડી તમારા પર પડવાની ખરી શિક્ષામાંથી બચી જવા માગો એ રાજીનામું તો જાતે શિક્ષામાંથી બચવાનો રસ્તો! હવે તો આજ સુધી મહારાણાનું અન્ન ખાધું તેનું ફળ તેમને આપો — ને તે આપવું હોય તો નોકરીમાં રહો, પુત્રને શિક્ષા કરો અને એ શિક્ષા કર્યાથી સ્નેહબંધનને જે દુ:ખ થાય, મહાન આત્મછિદ્ર અને કુટુંબછિદ્ર પ્રકટ થવાથી જે ગ્લાનિ થાય, અને લોકમાં જે અપકીર્તિ થાય — તે સર્વ કષ્ટ વહોરી લ્યો ત્યારે તમારું કર્તવ્ય થાય. અને એથી ગરીબ કુમુદનું જે મહાદુ:ખવાળું દીન મુખ જોવું પડે તે જોવાનું દુ:ખ ખમવું પડે તે પણ બુદ્ધિધનભાઈ — ખમો ને કુમુદને એ દુ:ખ દીધાનું પાપ બેસે તેનું પ્રાયશ્ચિત્ત કરો! મહારાણાને અધવચ ડૂબતા મૂકવાથી એ પ્રાયશ્ચિત્ત નહીં થાય.’

'નરભેરામ! તારો શ્લોક ખોટો છે. સગાંસંબંધીને વર્તાવવાં અને શત્રુને મારવા — એને સારુ જો પ્રધાનપદ પર ચડવું હોય તો એ અભિલાષમાં માલ નથી — એ અભિલાષ પામર જીવોનો છે — પાપનો ભરેલો છે — અધર્મનો ઉત્પાદક છે — અને ધર્મિષ્ઠ હૃદયને આવાં મહાકાષ્ટમાં ઝબકોળનાર છે — તે, વિદ્યાચતુર, તમારું કહેલું હું આજ અનુભવ પડ્યે સમજ્યો! દેવી! તેં મારું હૃદય ધર્મિષ્ઠ કર્યું છે તેમાં અધર્મને નહીં પેસવા દઉં!'

'ત્યારે હું કાલ પ્રાત:કાળે આ કામ કરીશ — પ્રમાદને પદવીભ્રષ્ટ કરીશ, દરબારમાંથી એનો પગ કાઢીશ. બીજી શિક્ષા — ન્યાયાધીશ પાસેની?' —

આ વિચાર થતાં બુદ્ધિધનનું આખું શરીર ત્રાસથી કંપવા લાગ્યું. તેની આંખમાં આંસુ આવ્યાં. તે લ્હોતો લ્હોતો બોલ્યો, 'બધા વ્યભિચારીઓને હું કેદની શિક્ષા કરું ને આને ન કરું તે શું એ મારો પુત્ર છે માટે?'

નિ:શ્વાસ ઉપર નિ:શ્વાસ મૂકતો બોલ્યો: 'હરિ! હરિ! તને જે ગમે તે ખરું! સવારે જે બુદ્ધિ તું આપીશ તે હું કરીશ.'

'પ્રભુ, તેં મારું અભિમાન મુકાવ્યું. માતુશ્રીનું અપમાન — દેવીનું અપમાન દુષ્ટરાયને હાથે થયેલું — એ અપમાનથી સળગેલા મારા વૈરાગ્નિથી આજ શઠરાયનું કુટુંબ ભસ્મ થઈ ગયું — તે વૈરાગ્નિના પ્રચંડ તાપ અને તેજના અહંકારમાં હું મારી રંક જાત ભૂલી ગયો હતો અને એ અગ્નિના બળને મારું પોતાનું બળ માનતો હતો. તે અગ્નિ હવે શાંત થઈ ગયો અને તે શાંત થતાં પ્રધાનપદ રાખવાને મારું ગજું નથી તો મેળવવાનું તે ક્યાંથી હોય? એ વિચાર અત્યારે થાય છે. ઓ પ્રભુ! એ વૈરાગ્નિ તે તારી જ શક્તિ, તારી જ ઇચ્છા — કોઈ અતકર્ય ભેદભરેલા કારણથી તેં એ શક્તિ — એ ઇચ્છા — પ્રવર્તાવી ને હવે શાંત કરી. હું તો એ અગ્નિની જડ સગડી જેવો રંક જીવ છું. એ અગ્નિના જન્મકાળથી બળવા માંડેલા શઠરાયના કુટુંબ પેઠે — એ બળી રહેલા કુટુંબ પેઠે — હું પોતે જ એ અગ્નિદેવતાને હાથ નહીં અરકાડું, હું એ અગ્નિદેવને નિર્માલ્ય નહીં ગણું! પ્રભુ! એને અપમાન તે તને જ અપમાન છે —પ્રલયકાળની ઉત્પત્તિ તારામાં છે તો આવા ક્ષુદ્ર અગ્નિની કેમ ન હોય?'

'એ અગ્નિ પણ જડ છે — એક ચૈતન્ય તું પ્રભુ છે! હું રંક વિધવાનો પુત્ર તેને ખોળે તેં આ સંપત્તિ આપી, આ કુટુંબ આપ્યું, આ કીર્તિ આપી, એ સર્વ તારી કૃપાનાં ફળ — તેમાંથી એક ફળ તને પાછું આપવાનો સમય આવ્યો ત્યારે જો હું પાછી પાની કાઢીશ — તો મારા જેવો કૃતઘ્ન કોણ? જેટલું આપ્યું છે તે સર્વ તું પાછું લઈ લે ત્યાં સુધી તો હું એક તારી સેવા નિમિત્તે એટલું કરવાને બંધાયેલો છું!'

'આ સેવા કરતાં બડબડવું કે મનમાં દુ:ખ પામવું એ શાને? મને તેમ કરવાનો શો અધિકાર છે?'

'દુષ્ટરાય! શઠરાય! તમારા કારભારરૂપ કારણના કાર્યરૂપ બંધાયેલા દેહવાળો મારો કારભાર — તમારા જેવો મારો કારભાર — કાલ પ્રાત:કાળે પૂરો થશે; તમારા જેવો હું છું તે કાલથી મટીશ, કાલથી મારા કારભારનું કારણ એક જ રહેશે — એ કારણ ઈશ્વરની સેવા, લોકની સેવા, મહારાણો શુદ્ધ હશે તેટલી તેની સેવા — આ કારણથી મારા પ્રધાનપદનો દેહ કાળથી બંધાશે; બાકી હું તો હતો તેવો રંક — તસુ પૃથ્વી સૂવા જોઈએ ને કોળિયો અન્ન ખાવા જોઈએ — તેનો અધિકારી...ઈ...'

આટલું મનમાં બોલતાં બોલતાં બુદ્ધિધન નિદ્રાવશ થયો. રાજા અને પ્રધાનની નિદ્રા કહેવાતી નથી, પણ કેવળ ધર્મને અર્થે પદ ભોગવનાર રાજા અને પ્રધાનને નિદ્રાનો અવકાશ ધર્મ જ આપે છે. આજ બુદ્ધિધન સ્વસ્થ અને ગાઢ નિદ્રામાં પડ્યો.

એ નિદ્રામાં પડ્યો તે વેળાએ પ્રમાદધન ઘેર આવ્યો ન હતો, આવવાનો ન હતો અને પ્રાત:કાળે સૌ ઊઠ્યાં પણ એ આવ્યો ન હતો. લોકમાં તો અનેક વાતો કહેવાઈ. સમુદ્ર પર એક મડદું તણાતું દેખાયું હતું તે એનું કહેવાયું. કોઈ કહે એણે આપઘાત કર્યો. કોઈ કહે એને કોઈએ મારી નાખ્યા. કોઈ કહે એ જતો રહ્યો. ગુપચુપ નિકટનાં સંબંધીઓમાં ત્રણ ચાર વાતો કહેવાઈ. કુમુદ પાછળ ઘેલો થઈ નાઠો કહેવાયો; એના ઉપર વહેમાઈ એનું ખૂન કરવા, વેરનો માર્યો, ગયો કહેવાયો. નવીનચંદ્રને મારવા ગયો કહેવાયો. પિતાની પાસેથી મળવાની શિક્ષાના ભયથી તેમ લજ્જાથી પણ ગયો કહેવાયો. એનું ખરેખરું શું થયું છે તે ઈશ્વર જાણે. 'એ પુત્ર શોધી કાઢવા યોગ્ય નથી' — 'ગયો તો ભલે' — 'મારે એનું કામ નથી.' — 'જીવતો હો કે મૂઓ હો તે મારે મન એક જ છે' — 'હું તો એનું સ્નાન કરી નાંખું છું' — ઇત્યાદિ વચન પુત્રના સંબંધમાં બુદ્ધિધને કહ્યાં કહેવાયાં.

વાંચનાર! સુવર્ણપુરમાં હવે રહેલાં માણસોની કર્મકથાં આથી આગળ જાણવાનું આપણને શું પ્રયોજન છે? આટલું જાણવું બસ છે કે —

_____[૧] *एतद्धि परिभूतानां प्रायश्चित। मनस्विनाम्।*

---

૧. ભાગ ૧, પ્રકરણ ૧૮

૧. ભાગ ૧, પ્રકરણ ૧૭ જુઓ.

* કોઈ ક્રિયા સહસા કરવી નહીં.

*ડાહ્યા માણસો રાજાઓનો આશ્રય ઇચ્છે છે તે મિત્રોને ઉપકાર કરવા અને શત્રુઓને અપકાર કરવા. બાકી પોતાનું એકલું જઠર ભરવાનું જ કામ તે તો કોણ નથી કરતું?

૧. પરિભવ પામેલા મનસ્વી જનોનું પ્રાયશ્ચિત્ત આવું જ છે.

૫. વિષ્ણુદાસ બાવાની વિભૂતિ વચ્ચે

સુંદરગિરિ અને સુરગ્રામ અનેક ધર્મ અને પંથવાળાઓનાં પ્રિયસ્થાન થઈ પડ્યાં હતાં. ત્યાંનાં મંદિરો, મઠો, વગેરેની સંખ્યા આ પ્રિયતાનું સ્પષ્ટ પ્રમાણ છે. ભરતખંડી આર્યોના ધર્મમાત્રના દેહમાં જ્ઞાન, યોગ, કર્મ અને ભક્તિ એ ચારમાંનાં એક અથવા અનેક પ્રાણરૂપે સ્ફુરે છે. એ સર્વ જાતના પ્રાણથી પ્રવર્તતા ધર્મ આ સ્થળે જુદે જુદે કાળે હતા અને તેમનાં સ્મરણસ્તુપ[2] રૂપે મંદિરો સુંદરનાં શિખરો ઉપર તેમ તળેટી ઉપર વર્તમાન હતાં તેની પરિગણના જેવું સરસ્વતીચંદ્ર પાસે થયેલું તે આપણે જાણીએ છીએ. આ ચાર જાતના પ્રાણોમાંથી વિષ્ણુદાસ બાવાનો પંથ કેવા પ્રાણને ધારણ કરતો હતો તે જાણ્યાથી એ બાવાનો પરિચય કરવા આપણે અધિકારી થઈશું.

યોગ અને કર્મ, ઉભય આ યુગમાં ક્ષીણ થઈ ગયાં છે છતાં તેમના ઉપર આર્યોની સાહજિક પ્રીતિ છે. તેમાં ભેદ એવો છે કે કર્મમાર્ગમાં પ્રવર્તવા શ્રદ્ધા અને અવકાશાદિ હોય તો એ માર્ગ સાધ્ય હોવાથી હજી પ્રવર્તે છે, અને યોગની સાધના ઐન્દ્રજાલિક પ્રયોગ જેવી હોવાથી તેનો પ્રવર્તક ક્વચિત જ મળી આવે છે અને જ્યાં મળી આવ્યો લાગે છે ત્યાં અસાધારણ આદર પામે છે. જ્ઞાનમાર્ગની વાર્તા સર્વ બુદ્ધિઓને ગમ્ય છે અને કર્મમાર્ગનાં ફળની વાટ સ્વર્ગે પહોંચતાં સુધી જોવાની છે અથવા સાધકના જીવનમાં કાંઈ મોટો ચમત્કાર થાય અને તેની સાથે કર્મસાધનાને કારણ થયેલી માનવાનો શ્રદ્ધાળુને પ્રસંગ આવે ત્યાં સુધી કર્મસાધનાનું ફળ શીઘ્ર અને હસ્તગત થતું નથી; તેનાથી વિરુદ્ધ પ્રકારે જ્ઞાનના સાધકને યથાશક્તિ ફળ મોડુંવહેલું પણ નિશ્ચિતપણે આ જ ભવમાં મળે છે એ જ્ઞાનમાર્ગની લોકપ્રિયતાનું આ અંગ્રેજી યુગમાં ઉઘાડું કારણ છે. પરંતુ એ જ્ઞાનમાર્ગ આર્ય સંપ્રદાય પ્રમાણે તો વેદાંત જ છે અને તેનું રહસ્ય પામતા સુધી પ્રયત્ન કરવાનું ધૈર્ય રાખનાર વિરલ હોય છે, માટે જ્ઞાનમાર્ગના પંથમાં બે ઉપપંથ જ છે એમ કહીએ તો ચાલે. એક ઉપપંથ સાધારણ બુદ્ધિ અને પ્રયત્નવાળાઓનો અને બીજો રહસ્ય જાણનારાઓનો. સાધારણ ઉપપંથ જ લોકપ્રિય છે અને આપણા જ્ઞાનમાર્ગના મિત્રો અને શત્રુઓ સર્વ પ્રાયશ: આ સાધારણ ઉપપંથ સાથે જ મિત્રતા કે શત્રુતા રાખે છે. હવે આ સર્વ માર્ગોમાં — જ્ઞાનમાં, કર્મમાં અને યોગમાં સાધન જોઈએ છે; પણ જ્યાં સાધનનો પણ ખપ ન પડે એવો ચોથો ભક્તિમાર્ગ આર્યોએ પ્રવર્તાવ્યો છે; અને બુદ્ધિ આદિ કાંઈ પણ સાધન ન હોય તેને વાસ્તે સ્વર્ગના દ્વાર ઉઘાડવાનો આ માર્ગ અભિલાષ રાખે છે, આ જગતમાં સ્વર્ગનાં અમૃત જેવું અમૃત સાધનહીન સ્ત્રીપુરુષોમાં લ્હાય છે, અને રાસલીલાનું રહસ્ય જણાવનાર ગાય છે કે, કૃષ્ણબ્રહ્મને

‘સબ સાધનને રહિત જ્યું અબલા,

સો થેઈ થેઈ નાચ નચાવે,

ખીરપેંડો પ્રેમકો નોખો કહાવે!'

આ ચારે માર્ગોનો અભ્યાસ વિષ્ણુદાસ બાવાએ કર્યો હતો અને એ ચારેની મેળવણી પોતાના પંથમાં કરી હતી અને તેથી સાધનહીન તેમ સાધનવાન જીવો એ પંથમાં લલચાતા અને દૃઢ રહેતા.

વિષ્ણુદાસસ્વામી પૂર્વાવસ્થામાં બ્રાહ્મણ હતા. તે કાળે કાશી અને બંગાળ દેશમાં ફરી વ્યાકરણ, સાહિત્ય, ગણિત, મીમાંસા, ન્યાય અને વેદાંતનો અભ્યાસ કર્યો હતો. હિમાચલનાં તીર્થો અને એકાંતસ્થાનોમાં જઈ યોગસાધનામાં ચંચૂપાત કર્યો હતો. અંતે શિવ, વિષ્ણુ અને શક્તિના ઉપાસકોમાં ભળી ભક્તિમાર્ગની ઇયત્તા પણ માપી હતી. સર્વ કામ કરી આ બ્રાહ્મણે ઘેર આવી ગૃહસ્થાશ્રમ આરંભ્યો, અને માતાપિતા, ભાઈઓ, બહેનો, સ્ત્રીપુત્રાદિ કુટુંબવિસ્તારનાં સુખદુ:ખ અને દ્રવ્યની પ્રાપ્તિ તથા હાનિના ક્લેશ એ સર્વના સ્વાદ ચાખ્યા. આ સર્વ અનુભવની પરિપાકદશા જેવું થતાં તેને બહુ વાર ન લાગી. બત્રીશેક વર્ષને વયે પોતાના ગામને પાદરે એક તળાવના આરા ઉપર બેઠો બેઠો આ બ્રાહ્મણ સ્નાનસંધ્યા કરવાનું આરંભતો હતો એવામાં ત્યાં એક મોટું જોગીલોકનું ટોળું આવ્યું. તેમની સાથે એને સમાગમ થયો અને એ લોકોનો સહવાસી થવા તેને મન થયું. પ્રવાસના પરિચયવાળો બ્રાહ્મણ ઘેર જઈ કુટુંબને સર્વ દ્રવ્યાદિ વ્યવહારસાધનની સુપરત કરી આવ્યો અને સ્ત્રીને એકાંતમાં બોલાવી તેને કહ્યું: 'જો હું આજ જાઉં છું તે ઘેર પાછો આવવાનો નથી. ઘરમાં સૌ ખાઓ પીઓ એટલી સંપત્તિ ઈશ્વરે આપી છે, તારે પુત્ર છે, માબાપને માટે મારો ભાઈ છે, સૌના સ્વાર્થ સારવાનું નિમિત્તે હું થઈ ચૂક્યો છું, માટે હવે અત્રે રહેવાનું મારે શિર બંધન નથી. માટે હું જાઉં છું.' સ્ત્રીએ કલ્પાંત કર્યો, કુટુંબમાં સર્વને ખબર પડતાં રડારોળ થઈ રહી, અને બ્રાહ્મણ સંશયતુલામાં પડી સર્વને આશ્વાસન દઈ જ્ઞાનમાર્ગ બતાવવા લાગ્યો. સર્વ રાત્રિએ નિદ્રાવશ થયાં એટલે સર્વ વસ્તુનો ત્યાગ કરી લંગોટીભર ઘરમાંથી નીકળ્યો અને જોગીઓના ટોળામાં ભળી પ્રાત:કાળ પહેલાં સર્વ સાથે કેટલાક ગાઉ સુધી આનંદ કરતો નીકળી ગયો. કુટુંબને દુ:ખી કર્યાનો વિચાર થતાં મને મનનું સમાધાન કર્યું: 'પ્રવાસ કરવા નીકળનારની પાછળ રડારોળ તો નિર્મેલી જ છે પણ પ્રવાસી પાછો આવવાની આશાથી સૌ વહેલાં શાંત થાય છે. આ જશ મોડાં શાંત થશે. મારે મરણકાળે તેમને શોક થાત તેનાથી આ શોક ઘણો ઓછો થશે અને મારું મરણ તેમને જાણવાનું નથી એટલે એ પ્રસંગના મહાશોકમાંથી હું તેમને ઉગારું છું. વગર વૈધવ્યે વૈધવ્યને પ્રાપ્ત થનારી મારી સ્ત્રીને માથે દીર્ઘકાળનું દુ:ખ તો રહેશે.' આ દુ:ખ દેવાનું પાપ પોતાને શિર કેમ નહીં તેનું બરોબર સમાધાન થયું નહીં. પણ 'થયું થનાર નથી' ગણી તે વાતનો વિચાર દૂર કર્યો અને વિષ્ણુદાસબાવાનું નામ ધારણ કરી, યજ્ઞોપવીતનું વિસર્જન કરી, જટા અને વિભૂતિ ધારણ કર્યાં. પોતાની

વિદ્વત્તાથી અને પ્રવીણતાથી થોડે કાળે વિષ્ણુદાસ જોગીઓની ગુરુ-પદવી પામ્યો અને તેની સાથે યદુનંદનના મંદિરમાં ગુપ્ત રાખેલ ભક્તિમાર્ગનાં રહસ્ય દર્શાવનાર પુસ્તકોનો સ્વામી થયો.

એ પુસ્તકોમાંથી વિષ્ણુદાસને ઘણું ઘણું મનન કરવાનું મળ્યું. આ મંદિર ઘણું પ્રાચીન હતું અને તેના અધિકારી બાવાઓમાં પ્રસંગે પ્રસંગે સમર્થ વિદ્વાનો આવેલા હતા. બેચાર પુરુષો સાધારણ નીવડે ત્યારે તેનો અનુયાયી કોઈક સમર્થ નીવડતો. આ ગોસાંઈઓ અલખવાદી હતા અને તેમાં યદુનંદનની પૂજા જોડાવાથી તેમના અસલ પુરુષોએ કંઈ કંઈ શાસ્ત્રાર્થ કરીને અને કંઈ કંઈ પુસ્તકો રચીને પોતાનો સંપ્રદાય સ્થાપ્યો હતો. પ્રાચીનતમ પુસ્તકોમાં અલખ એટલે અલક્ષ્ય એટલે નિર્ગુણ બ્રહ્મ એવો અર્થ કરેલો હતો. એક પુસ્તકમાંથી એવું જણાઈ આવ્યું કે તે કાળે આ મઠવાળા વેદાંતી હતા અને શુદ્ધ બ્રહ્મને બ્રહ્મ નામે માનતા. પણ પાસે જ જૈન આચાર્યો રહેતા તેમની સાથે આ ગોસાંઈઓને વાદ થતાં, અને વેદાંતના મત વિરુદ્ધ જૈનોએ એવી તકરાર ઉઠાવી કે ખરી કે ખોટી માયા અને તેથી ભિન્ન બ્રહ્મ એમ બે વાનાં માનનારા વેદાંતીઓ પોતાને અદ્વૈતવાદી કહે તો '*વદતો વ્યાઘાત* 'ના દોષમાં આવે છે. આ પક્ષનો પ્રતિપક્ષ સમર્થ ગોસાંઈઓએ શંકરાચાર્યના સમર્થ આધારે કર્યો અને ફાવ્યા; પરંતુ સાધારણ વર્ગના લોક એ વાદવિવાદ સમજી શક્યા નહીં અને ઘણા લોકો જૈન સંપ્રદાયને સ્વીકારવા લાગ્યા. નદીનું પૂર આણી પાસ વળતું જોઈ તેને અટકાવવા ગોસાંઈઓએ નવી યુક્તિ કરી, ને પોતાના મૂળ અલખવાદમાં લખવાદ ઉમેર્યો અને એમનો મત અલખ-લખ-વાદ કહેવાવા લાગ્યો. એક અલક્ષ્ય બ્રહ્મ સર્વવ્યાપી છે પરંતુ નામ-રૂપ-આદિ વિશેષણોથી તે અલક્ષ્ય ક્વચિત્ લક્ષ્ય થાય છે અને પોતે પોતાની લક્ષ્યતાનો સાક્ષી થાય છે ત્યારે લક્ષ્ય કહેવાય છે. તેને ઈશ્વર કહો, માયા કહો, કે ગમે તે નામે ઓળખો, પરંતુ એ સર્વ લક્ષ્ય એટલે લખ છે, અને તેમાં વિવિધ પરિણામને અંતે મનુષ્ય લખ થાય છે અને જ્ઞાનના સાધનથી એ લખમાં અલખ જાગે છે. આવી જાતનો સંપ્રદાય સામાન્ય લોકથી સમજાવા લાગ્યો તેની સાથે ગોસાંઈઓનું બળ વધવા લાગ્યું. વળી યદુનંદનની પ્રતિમા, બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર, વિષ્ણુના અવતાર, એ આદિ અનેક કથાઓનો લખવાદમાં અંતર્ભાવ બહુ સુલભ થઈ પડ્યો. કૃષ્ણાવતારનું રહસ્ય પણ અલખ જગાવનારને સમજાવવામાં આવતું. આવી રીતે સાધારણ માણસોને પોતાના પંથમાં ભક્તિમાર્ગને પગથિયે પગ મુકાવી, તેમને રહસ્યના જિજ્ઞાસુ કરી, અંતે અદ્વૈત અલખના સંપ્રદાયરૂપ શિખર ઉપર લઈ જવામાં આવતા.

વિષ્ણુદાસ અધિકારી થયા તે કાળે ભિન્ન ભિન્ન પંથવાળાની આ ચસાચસી બંધ થઈ ગઈ હતી, અને જૈન લોકને બદલે શિવમાર્ગીઓ, શાકતો અને વૈષ્ણવો ઘડીઘડી હુડુયુદ્ધો કરતા હતા. કેટલાક સારા માણસોને આથી આ સ્થળ ઉપર અનાસ્થા થતી હતી, ને વિષ્ણુદાસ અધિકારે ન

આવ્યા હોત તો સુંદરગિરિ તેમ સુરગ્રામ ઉભયનું માહાત્મ્ય અસ્ત થાત. પણ એ બાવાએ શાંતિથી, સહનશીલતાથી, ઔદાર્યથી અને ચાતુર્યથી અસ્ત થતું મહાત્મ્ય ટેકાવ્યું, ધર્મયુદ્ધોને ઠેકાણે ધર્મસમભાવ પ્રવર્તાવ્યો અને * *'नम्रत्वेनोन्नमन्तः परगुणकथनैः स्वान् गुणान् ख्यापयन्तः'* આદિ પદોવાળા શ્લોકને અનુસરી, સર્વને તારી પોતે તર્યા, સર્વની પ્રતિષ્ઠા વધારી પોતાના પંથનો ઉત્કર્ષ કર્યો, અને પોતે સર્વ દેવને નમસ્કાર કરી પોતાના દેવને સર્વ પાસે નમસ્કાર કરાવવા લાગ્યા.

સરસ્વતીચંદ્ર મંદિર પાસે આવ્યો એટલામાં એને ત્યાં લાવનાર બાવાઓએ પોતાના ગુરુજીના અને તેમના પંથના આ ઇતિહાસનો કંઈક પરિચય કરાવ્યો અને ગુરુજીની સુજનતા અને શક્તિની સ્તુતિ એના શ્રવણમાં રેડી. આ નવીન અનુભવ અને નવીન વિનોદના બળથી મંદિર પાસે એ આવી ઊભો તે કાળે કુમુદસુંદરી એના મનમાંથી અગોચર થઈ ગઈ, ગોસાંઈઓના સુકીર્તિત સ્વામીને જોવા તેના મનમાં આતુરતા સજ્જ થઈ, અને જેના સેવકોએ પોતાના ઉપર આટલો ઉપકાર કર્યો હતો અને આટલો વિદ્વદાનંદ આપ્યો હતો, તેના આતિથેય અને સમાગમનું પાત્ર થવા એની ઉપકૃત વૃત્તિ વધારે ઉપકારના ભોગની કામુક બની. શોકતિમિર દૃશ્ય થયું અને પ્રસન્ન મુદ્રા એના મુખ ઉપર સ્ફુરી આવી. મંદિર પ્રત્યક્ષ થયું તેની સાથે સર્વ બાવાઓ ગાજી ઊઠ્યા: 'નંદકો નંદન એક આનંદ દેત હૈ!'

'જય યદુનંદન!' જય યદુનંદન કરતું સર્વ મંડળ મંદિરનાં પગથિયાં આગળ આવ્યું.

આ મંદિર દેવાલય આકારનું ન હતું, પણ એક વિશાળ મઠના આકારનું હતું. આ મઠને એક માળ પણ ન હતો. આગળ ચૂનાગચ્છીનો ઓટલો, તેમાંથી અંદર જવાનું એક દ્વાર, દ્વારમાં પ્રવેશ કરતાં એક મોટી છાપરાવાળી ઓસરી, ઓસરીનાથી આગળ એક મોટો છોબંધ ચોક, ચોક વચ્ચે મોટી ચતુષ્કોણ વેદિ, વેદિ ઉપર ચાર હાથ ઊંચો તુલસીક્યારો, ચોકની બે પાસે બે મોટી શાળાઓ, તથા ચોકની પાછળ અને શાળાઓ વચ્ચે એક બીજી ઓસરી હતી, અને ઓસરીને મધ્યભાગે મોટી ઓરડીના આકારનું મંદિર હતું. પૂજાપ્રસંગે દ્વાર ઉઘાડાં રાખી અને સમાધિ પ્રસંગે દ્વાર બંધ કરી વિષ્ણુદાસ મંદિરમાં દોઢેક હાથ ઊંચી યદુનંદનની પ્રતિમાની એક પાસ દર્ભાસન ઉપર બેસતા, અને અન્ય પ્રસંગે જમણી પાસની ઓસરીમાં બેસતા, ફરતા અને સૂતા. પ્રાત:કાળે સમાધિ તથા પૂજા થઈ રહ્યા પછી પોતાની ઓસરીમાં આવી કથા કહેતા; તે થઈ રહ્યા પછી એકલા બેસી શાસ્ત્રવિચાર કરતા; તે પછી આગળની ઓસરીમાં સર્વ ગોસાંઈઓની સાથે એક પંક્તિએ બેસી ભોજન કરી, તે થઈ રહ્યા પછી, પોતાની મંડળી લેઈ, સુંદરગિરિ ઉપરથી નીચે ઊતરી, ચારે પાસનાં ગામમાં અલખ જગવવા તથા ભિક્ષા લેવા જતા. ત્યાંથી સંધ્યાકાળે પાછા ફરી પૂજાપાત્રી તથા

જ્ઞાનવિચાર કરી, રાત્રે બાર વાગ્યે નિદ્રાવશ થતા. બહારથી પાછા મોડા આવે ત્યારે પૂજા બીજું કોઈ કરતું.

વિષ્ણુદાસના અનુયાયી ગોસાંઈઓના ચાર ભાગ પાડેલા હતા. છેલ્લો વર્ગ 'અનધિકારી' પુરુષોનો હતો; તેમને માત્ર પૂજાપ્રસંગે સ્વામી સાથે ભક્તિ-ભજન કરવાનો અને ભોજનપ્રસંગે તેમનાં વચનામૃત સાંભળવાનો અને શંકા-સમાધાન કરાવવાનો અધિકાર હતો. બીજો વર્ગ કનિષ્ઠ અધિકારીઓનો હતો; તેવા અધિકારીઓ કથામાં અઠવાડિયામાં બે દિવસ શ્રવણ કરવા બેસતા અને બાકીના દિવસ શાસ્ત્રાભ્યાસ અને શાસ્ત્રમનનમાં ગાળતા. આ બે દિવસ સ્વામી ભક્તિમાર્ગનું રહસ્ય બતાવતા. મધ્યમાધિકારીઓ આ બે દિવસ શ્રવણ કરતા અને તે ઉપરાંત બીજા બે દિવસ સ્વામી પાસે યોગાધ્યયન કરતા. ઉત્તમાધિકારી જૂજ હતા; તેઓ આ સર્વ દિવસોએ શ્રવણ કરવું હોય તો કરે, અને તે ઉપરાંત બાકીના દિવસોએ સ્વામી પાસે વેદાંતશ્રવણ કરતા. સ્વામી પોતાનું મંડળ લઈ નિમ્ન દેશમાં રોજ ફરવા જાય ને ઉગ્ર તાપને સમયે કોઈ છાયાવાળા મહાવૃક્ષ નીચે વિશ્રામ કરે અથવા કોઈ સરોવર અથવા નદીને તીરે સાયંકાળની રમ્યતામાં 'લખ આનંદ' પ્રગટ કરે તેવા તેવા પ્રસંગોએ ન્યાય, મીમાંસા, ગણિત આદિ શાસ્ત્રોમાં ગોસાંઈઓને પ્રવેશ કરાવતા. કાળક્રમે સ્વામીને યોગ્ય લાગે ત્યારે અનધિકારીને અધિકાર આપતા, કનિષ્ઠાધિકારીને મધ્યમાધિકારી અને મધ્યમને ઉત્તમાધિકારીનું પદ આપતા, અને ઉત્તમાધિકારીમાં ઉત્તમ હોય તેને પોતાના એકાંત શાસ્ત્ર-વિચાર પ્રસંગે એકાંતમાં બોલાવી પોતાના સમાન કરતા અને તેની સાથે ચર્ચા કરી જ્ઞાન આપી જ્ઞાન લેતા.

મંદિરની બીજી પાસની ઓસરીમાં ઉત્તમાધિકારીઓ બેસતા. એક પાસની શાળામાં મધ્યમાધિકારીઓ બેસતા, અને બીજી પાસનીમાં કનિષ્ઠાધિકારીઓ બેસતા. આગળની ઓસરીમાં અનધિકારીઓ બેસતા. મંદિરની પાછળ બીજી બે ઓરડીઓ હતી તેમાંની એકમાં પૂજાની સામગ્રી અને બીજીમાં પુસ્તકો તથા મઠનું દ્રવ્ય રહેતું. પોતાની ઓસરી પાછળ એક દ્વાર હતું. તેમાં થઈ પાછળના ઉઘાડા ભાગમાં સ્વામીનાં સ્નાનશૌચાદિનાં સ્થાન હતાં. એ ભાગ વિશાળ હતો, પણ તેની ચોપાસ પર્વતના ઊંચાઊંચા ખડકની ભીંતો હતી અને મઠની બે પાસની ભીંતો તેને સાંથી દીધી હતી. આ વાડામાં પર્વતની સામી ભીંતે મોટી ગુફા હતી, અને ગુફાને મુખે મહાન ન્યગ્રોધ[1] વૃક્ષ હતો. આ વડ અને પર્વત વચ્ચેના ખૂણામાં એક સુંદર નિર્મળ અને મીઠા પાણીનો ઝરો નિરંતર વહેતો હતો અને પ્રવાહભૂમિમાં જ લીન થઈ જતો હતો. આ ઝરામાં મોટા શતપત્ર કમળ થતાં. તેના ઉપર પર્વતની ભીંતોએ મધુર ગુંજારવ કરતા મધુકરોના બે પૂડા બાઝેલા હતા. વડ સિવાય એટલામાં તમાલ, આંબા, કેળ આદિ વૃક્ષો, કેટલાક વેલા અને પરાગવાન સુંદર સુગંધી પુષ્પો મધુર પવનને વશ થતાં હતાં. ઝરા આગળ હંસો, બતકો, મેના, પોપટ આદિ પક્ષીઓ રહેતાં. નાનાં હરણ અને સસલાં પણ

હતાં. આમ સર્વ જ્ઞાનેન્દ્રિયોને તૃપ્ત અને શાંત કરનાર પદાર્થ અત્રે એકત્ર થયા હતા. કોમળ સ્પર્શવાળું બારે માસ લીલું ઘાસ, ઝરા અને પક્ષીઓનું ઝીણું ગાન, નેત્રને શીતળ કરનાર સૃષ્ટિના રંગ અને ચિત્રો, નાસિકાને આહ્લાદ આપનાર પુષ્પગંધ, અને મિષ્ઠ જળ અને ફળો: એ સર્વ આ વિશાળ વાડામાં મનુષ્યના મનને ક્ષોભ અને ઉદ્દીપન નહોતાં આપતાં, પણ શાંતિ અને આનંદ આપતાં હતાં, અને કુતર્ક દાબી દઈ સુતર્કને સપક્ષ કરતાં હતાં. આ ઉપવનમાં સરસ્વતીચંદ્રને ઉતારો આપવો એવી વિષ્ણુદાસજીએ ગોસાંઈઓને આજ્ઞા કરી હતી, તેથી મંદિર-મઠના દ્વારમાં પ્રવેશ કરી, આનંદગર્જના કરતા જોગીઓ, ગુરુવચન ઉપર શ્રદ્ધા રાખી, તેમના આદરના પાત્ર ઉપર જાતે આદર રાખી, આગળની ઓસરીમાં આશ્ચર્ય પામતા અનધિકારીઓ વચ્ચે થઈને, ચોકના તુલસીક્યારાની એક પાસે થઈને, ગુરુજીવાળી ઓસરીમાં થઈ ઉપવનમાં સરસ્વતીચંદ્રને લઈ ગયા. ઝરા પાસે ન્યગ્રોધની શાખાઓની છાયામાં પાથરી રાખેલા મૃગચર્મ ઉપર એને બેસાડ્યો અને એ મંડળીમાંથી મોહનપુરી અને વિહારપુરી ગુરુજીની આજ્ઞા લેવા ગયા.

વિષ્ણુદાસ જ્યોતિ:શાસ્ત્ર ભણેલા હતા અને તેના ઉપર તેમ એવાં બીજાં શાસ્ત્રો ઉપર અત્યંત શ્રદ્ધા રાખતા હતા. તેમનું વય વૃદ્ધ થવા લાગ્યું હતું અને પોતાનું સ્થાન સંભાળનાર કોઈ મહાત્મા જડી આવે તો હું અપશ્ચિમ સમાધિને પ્રાપ્ત થાઉં એવી ઇચ્છાથી નિત્ય ગણિત કરતા, અને ગઈ કાલ જે નક્ષત્ર-મુહૂર્ત-ક્ષણમાં કોઈ મહાત્મા જડવો જોઈએ એવું એમને ગણિતથી સિદ્ધ થયું હતું તે ક્ષણમાં જ સરસ્વતીચંદ્ર પ્રાપ્ત થવાથી તેમની શ્રદ્ધા દ્દઢતમ થઈ હતી અને તેમને અત્યંત ઉત્સાહ થયો હતો. પ્રાત:કાળમાં અતિથિની સાથે થયેલા ગોષ્ટીવિનોદનું વિહારપુરીએ વર્ણન કર્યું હતું તેથી આ શ્રદ્ધા અને ઉત્સાહમાં વૃદ્ધિ થઈ, અને આ નવા પુરુષની જાતે પરીક્ષા કરવા તેમને ઉત્સુકતા થઈ.

અત્યારે વિષ્ણુદાસ પૂજા કરી રહેવા આવ્યા હતા અને વિહારપુરી તથા મોહનપુરીએ સમાચાર નિવેદન કરતાં જ આજ્ઞા આપી કે, ‘એ પુરુષને સત્વર આ મંદિરમાં લાવો — એને ગીર્વાણભાષા આવડે છે; હું તેની પરીક્ષા પળમાં કરીશ.’

પળવારમાં સરસ્વતીચંદ્રને આગળ કરી બાવાઓ લાવ્યા. મંદિરના દ્વારમાં પ્રવેશ કરી, વિષ્ણુદાસને પ્રણામ કર્યા, યદુનંદનની પ્રતિમા ભણી દૃષ્ટિ ન કરી અને દ્વારમાં જ ઊભો. સર્વને આ ખેલ વિચિત્ર લાગ્યો; ક્ષોભ ન પામતાં પોતાને સ્થાને બેસી રહી, અતિથિ ભણી ઊંચું જોઈ વિષ્ણુદાસ બોલ્યા:

१‘कस्त्वं शिशो कस्य कुतोऽसि गन्ता!

किं नाम ते त्वं कुत आगतोऽसि।।

एतन्मयोक्तं वद चार्भक त्वं।

मत्प्रीतये प्रीतिविवर्धनोऽसि।।'

આ અચિંત્યા વિચિત્ર ભાષાના પ્રશ્નનો સજાતીય ઉત્તર મેધાવીએ ત્વરિત આપ્યો.

[२] *'नाहं मनुष्यो न च देवयक्षो।*

न ब्राह्मणक्षत्रियवैश्यशूद्रः।।

न ब्रह्मचारी न गृही वनस्थो।

भिक्षुर्न चाहं निजबोधरूपः।।'

એટલું બોલી હાથનો સ્વસ્તિક રચી ઊભો રહ્યો અને મનમાં હસી મનમાં બોલ્યો.

'This is a correct answer, Correct in a double sense, true to my philosophy, and true to myself — I alone know me and that I am. I belong to all cases or to none, and my stage of life comprehends all stages. I am my inner self and I know it. The Words are true as they were first spoken and also as I speak them now .'

'વાહ, વાહ, વાહ, વાહ!' વિષ્ણુદાસજી ગાજી ઊઠ્યા: 'દેખો, દેખો, મેરા શાસ્ત્રબચન સિદ્ધ હુઆ!'

'અચ્છા નવીનચંદ્રજી —'

પોતાનું નામ વિષ્ણુદાસ જાણે છે જાણી સરસ્વતીચંદ્ર કંઈક આશ્ચર્ય પામ્યો, પણ પ્રશ્ન સાંભળવા સામું જોઈ રહ્યો. વિષ્ણુદાસનો વચનપ્રવાહ ચાલ્યો:

'નવીનચંદ્રજી, આ મંદિરમાં પ્રવેશ કરનાર પ્રથમ આ અમારા દેવ યદુનંદનને નમે છે.'

'સત્ય છે — પણ હું મારા ઇષ્ટદેવને જ નમું છું.'

'ભૈયા, તમારા ઇષ્ટદેવ કોણ?'

'તે નિરંજન નિરાકાર છે.'

'તો તો, નવીનચંદ્રજી, વ્યક્તિ અને આકૃતિ ઉભય તે નિરંજન નિરાકારથી જ થાય છે.'

'સત્ય છે. પણ આપને તુલસીભક્તની મમતા વિદિત હશે.'

'તે કઈ, ભૈયા?'

સરસ્વતીચંદ્ર ઉત્સાહથી બોલ્યો: ‘આપ તો વિદ્વાન છો, ભક્ત પણ છો, અને તુલસીદાસે કૃષ્ણચંદ્રને નમસ્કાર ન કર્યા ને કહ્યું કે,

‘ભલી બની છબિ આજ દી, બેશ બને હો નાથ,

તુલસી-મસ્તક તબ નમે, ધનુષ્ય બાન લો હાથ.’

યદુનંદનનો તિરસ્કાર થયો સમજી બાવાઓમાં કોપ સળગતો હતો તે આથી કાંઈક અટક્યો ને એટલામાં તેમની રગ વર્તી જનાર અને તેમનું ઔષધ જાણનાર વિષ્ણુદાસ તરત બોલી ઊઠ્યા:

‘વાહ વાહ, નવીનચંદ્રજી, બોત કિયા!’ બીજા મંડળ સામે જોઈ બોલ્યા: ‘દેખો ભૈયા, યહ પુરુષ તો શ્રી અલખકુ પ્રાપ્ત હુવા હૈ; ઉસકુ તો અબ અલખ ઓર લખકા અભેદ દેખનેકા માત્ર બાકી હૈ; શ્રી તુલસીદાસજીએ નવીનચંદ્રજી શ્રેષ્ઠ હુઆ; જો લખ અલખ હોકર દર્શન દેવે તો નવીનચંદ્ર નમસ્કાર કરે. જો શ્રી કૃષ્ણચંદ્રજી શ્રી રામરૂપ હુઆ તો શ્રી લખ અલખ હો જાવે ઓ તો અપના ઉત્તમાધિકારીકા અધિકારકી બાત હૈ. — કેમ વિહારપુરી, સાચું કે નહીં?’

‘બહુત સત્ય, ગુરુજી! ઓ તો ભક્તનકા ટેક હૈ.’

સર્વ ગોસાંઈમંડળ પ્રસન્ન થયું. સરસ્વતીચંદ્ર પણ પ્રસન્ન થયો ને મનમાં બોલ્યો:

‘The man’s pluck is equal to my wish. He has grasped my position and gracefully assisted me in ecxtricating me from the perplexing conflict between my duty to my conscience and to such king and gentle hosts as these. Far be it from me to speak a single syllable that will either be untrue for courtesy or for fear, or will happen to offend in the slightest degree the susceptibilities of such noble and innocent souls as these. Gracious God !’

એક ગોસાઈએ વિષ્ણુદાસને પ્રશ્ન પૂછ્યો.

‘ગુરુજી, જો એમ હોય તો નવીનચંદ્રજીને આપણો ભેખ, જટા અને વિભૂતિ ધરાવો.’

આ સૂચનાથી સરસ્વતીચંદ્ર ભડક્યો. વિષ્ણુદાસ પ્રશ્નની મૂર્ખતા અને અતિથિનો ગભરાટ ઉભય સમજી ગયા, અને ઉભયનું નિરાકરણ થાય એવો માર્ગ કાઢ્યો. પ્રથમ તો તેમણે પુષ્કળ હાસ્ય કર્યું અને પછી બોલ્યા: ‘વિહારપુરી, આ ગોસાંઈ હજી અનધિકારી છે એટલે કનિષ્ઠાધિકારીને જાણવાની વાત પણ જાણતો નથી. પણ એને જિજ્ઞાસા થઈ તો તૃપ્ત કરીશું. એ છે તો અનધિકારી, પણ અધિકારીઓ સર્વ બોલો:’

વિષ્ણુદાસે પ્રથમ પદ ગાયું તેની સાથે ઊભા થઈ સર્વ અધિકારી બાવાઓ હાથ ઊંચા કરી ઊછળી ઊછળી બૂમો પાડી કપાળે કરચલીઓ ચડાવી ગાવા લાગ્યા:

'જુલમ મત કરનાર રે બચ્ચા!

અલખકા ખેલન સબ સચ્ચા. જુલમ0 (ધ્રુવ)

ધોલે રે પહેરો, ભગવે રે પહેરો,

પહેરો સુરંગી જામા;

અબધૂત હો, અરુ હો સંસારી,

નર હો, અરુ હો રામા!- જુલમ0 ૧

અલખ લખત હૈ સબ હી ખેલન,

હોને દો, હૈ જૈસા!

અલખ જગાવનકો અધિકારી ન

વિર્ભૂત ધરેગા કૈસા? — જુલમ0 ૨'

ચોપાસ તાળીઓ પડી રહી અને ચપટીઓ વાગી રહી. જોગીઓએ ત્રણ વાર કૂદી કૂદીને ગાયું અને એવે ઉચ્ચ સ્વરે ગાયું કે પર્વતમાં અને ગુફામાં તેનો પડઘો ઊઠી રહ્યો, અને અલખ ગાજી રહ્યો. એ ગર્જનાથી જ પ્રશ્ન પૂછનાર ગરીબ ગાય જેવો થઈ શાંત પડ્યો અને ગુરુજીની ક્ષમા માગી.

'Look at this strong doctrine of toleration ' સરસ્વતીચંદ્રનું મન મનમાં બોલ્યું.

સૌ સંપૂર્ણ થતાં વિષ્ણુદાસ પ્રશ્ન પૂછનાર સામું જોઈ બોલ્યા:

'સમજ્યો, બચ્ચા? આપણે શું વિભૂત ધરાવવાના હતા? જો કોઈ વિભૂત નહીં ધરે તો તે શ્રી લખનો ખેલ છે, અને જો શ્રી અલખ પરમાર્થે જાગશે તો તે વિભૂતને જ લખ કરશે ને ધરનાર વગર કહ્યો ધરશે. આ વિભૂત તો શ્રી અલખની માત્ર સંજ્ઞા છે; બાકી સત્ય વિભૂત તો માનસિક છે તે તો માત્ર ઉત્તમાધિકારીને જ છે. તું હાલ એટલું જ શીખ કે સર્વ જોવું અને સર્વ લખરૂપ અલખની વિભૂતિ છે જાણી તેનો તિરસ્કાર ન કરવો અને જુલમ ન કરવો. એવો જુલમ એ આસુરી માયાનો અહંકાર છે. પરંતુ આપ આપકા વિભૂત જો ધરતા હૈ ઔર સ્વધર્મકા ત્યાગ નહીં કરતા હૈ યહ ભક્તનકો ટેક શ્રી લખ-આત્માકુ બોત પ્રિય હૈ ઔર ઈસ લિયે તુલસીકી પાસ શ્રી કૃષ્ણચંદ્રને રામરૂપ ધર દિયા! નવીનચંદ્રજીને ટેક છે ને તને અહંકાર

થયો!! આજ તો ક્ષમા કરું છું. બીજી વાર એ દુષ્ટ અસુરનો સ્પર્શ તને થયો તો આ મઠના આશ્રયની યોગ્યતા તારામાં નહીં ગણું.'

આ વાર્તા પૂરી થતાં વિષ્ણુદાસ બોલ્યા: 'મોહનપુરી, પૂજા સંપૂર્ણ થઈ તો હવે આપણે ઉપવનમાં ચાલો. આજે અનધ્યાયનો દિવસ છે માટે માત્ર શાસ્ત્રવિનોદ કરીશું અને અતિથિને એ વિનોદનું આસ્વાદન કરાવીશું. આજ સર્વ અધિકારીમંડળને સાથે રહેવા અનુજ્ઞા છે.

સર્વ મંડળ ઉપવનમાં ગયું. ત્યાં સ્થળે સ્થળે મૃગચર્મ, વ્યાઘ્રચર્મ અને શિલાઓનાં આસન તૈયાર થઈ ગયાં અને એક શિલા પર વ્યાઘ્રચર્મ નંખાવી વિષ્ણુદાસ બેઠા અને પાસે બીજી શિલા ઉપર મૃગચર્મ નંખાવી અતિથિને બેસાડ્યો. બીજું મંડળ ચોપાસ વીંટાઈ ગયું. વિષ્ણુદાસે પ્રસન્ન વદનથી ગોષ્ઠિવિનોદ આરંભ્યો:'

'નવીનચંદ્ર, તમારા સંબંધમાં અત્યાર સુધીમાં જે જે સાંભળ્યું તેથી સર્વને પ્રસન્નતા થઈ છે. પણ મારા સાભળ્યામાં એમ પણ આવ્યું કે તમારા હૃદયમાં કાંઈક ઊંડું દુ:ખશલ્ય છે.'

સરસ્વતીચંદ્ર હસ્યો અને વાક્ય પૂરું થતા પહેલાં બોલ્યો: 'સ્વામીજી, એ તો જેનું જેવું અનુમાન થયું તેવું તેણે કલ્પ્યું અને તેમ કલ્પવાનું કારણ તેમને લાગે એમ હતું. એમ છતાં મને દુ:ખ જ હોય તો તેમાં મને કાંઈ બાધ લાગતો નથી. દુ:ખનો અનુભવ વિના સુખનું મૂલ્ય થતું નથી. અંધકાર વિના પ્રકાશનો મર્મ સમજાય એમ નથી. દુ:ખનો અનુભવ વૈરાગ્યનું કારણ થાય છે. દુ:ખનું અવલોકન દયા ઉત્પન્ન કરે છે, દયાથી પરમાર્થ થાય છે, અને પરમાર્થવૃત્તિ વ્યક્તિઓનો ભેદભાવ નષ્ટ કરી તેમના ઐકાત્મ્યનું ભાન કરાવે છે. *'शोभनं खमिति सुखं तद्‌यद्‌यपि शोभनं स्यात्तथापि खप्रतिमं शून्यमेव'* માટે સુખ એટલે દૃષ્ટિને પ્રિય શૂન્ય આકાશ, અને દુ:ખ એટલે અપ્રિય આકાશ. સુખ અને દુ:ખ ઉભય શૂન્ય છે અને શૂન્ય વસ્તુઓ જુદી જુદી હોતી નથી તો પ્રિય-અપ્રિય શી રીતે હોય? એ તો આપણાં મન એ શૂન્ય પદાર્થને પ્રિય અપ્રિય ગણે છે; માટે સુખદુ:ખમાં ગ્રાહ્યતા કે હેયતા આવતી નથી અને તેમાંથી જે આવે તેનું હું આતિથેય કરું છું. પરંતુ દુ:ખ પર મારો કાંઈ પક્ષપાત છે, કારણ દુ:ખ મારી બુદ્ધિને સતેજ કરે છે. મેં દુ:ખ શોધ્યું ન હોત તો આપનાં દર્શન થાત નહીં!'

આ વિચિત્ર ભાષણપ્રવાહથી સર્વને આશ્ચર્ય લાગ્યું. સર્વ આશ્ચર્યસ્તબ્ધ હતા તેમાં વિહારપુરી વચ્ચે બોલી ઊઠ્યો: **'न रम्यं नारम्यं प्रकृतिगुणतो वस्तु किमपि'* એ શ્લોકનું રહસ્ય આમાં આવી ગયું. વાહ! નવીનચંદ્રજી, વાહ! પણ હું તમને એક પ્રશ્ન પૂછું તેનું સમાધાન કરો. આ શ્લોક હું તમને જ ઉદ્દેશી કહું છું એમ સમજો:

X *'त्वया साधु समारम्भि नवे वयसि यत्तप: '*

ह्रियते विषयैः प्रायो वर्षीयानपि मादृशः।।

श्रेयसीं तव संप्राप्ता गुणसंपदमाकृतिः

सुलभा रम्यता लेके दुर्लभं हि गुणार्जनम्।।

शरदम्बुधरच्छायागत्वर्यो यौवनश्रियः।।

आपातरम्या विषयाः पर्यन्तपरितापिनः।।

'તમોએ યુવાવસ્થામાં જે તપનો આરંભ કર્યો તે શ્રેષ્ઠ કર્યું છે; કારણ કે મારા સરખા અત્યંત વૃદ્ધ પુરુષો પણ ઘણું કરીને સંસારના વિષયોથી ઘસડાય છે. તમારી આકૃતિ ઘણી સુંદર છે અને ઉત્તમ ગુણરૂપી સંપત્તિને પ્રાપ્ત થઈ છે! આ લોકમાં સુંદરતા ઘણી સુલભ છે, પરંતુ ગુણોનું સંપાદન કરવું એ ઘણું જ દુર્લભ છે. યુવાવસ્થાની શોભા શરદઋતુનાં વાદળાંઓની છાયા સરખી ચંચલ છે, અને વિષયો પ્રાપ્તિકાળે રમ્ય લાગે છે, પરંતુ તેનો જ્યારે પર્યંત આવે છે ત્યારે તે સર્વે દુઃખરૂપ થઈ પડે છે.'

[1] *अन्तकः पर्यवस्थाता जन्मिनः संततापदः।*

इति त्याज्ये भवे भव्यो मुक्तावृत्तिष्ठते जनः।।

चित्तवानसि कल्याणी यत्ते मतिरुपस्थिता।।

विरुद्ध केवलं वेषः संदेहयति मे मनः।।

વાહ! ઘણા જ ઉત્તમ તમારા વિચાર છે કે જે વિચારોથી તમારી આવી કલ્યાણી મતિ ઉત્પન્ન થઈ છે; માત્ર તમારો જે (વૈરાગ્યથી) વિરુદ્ધ વેષ છે તે જ મારા મનમાં સંદેહ ઉત્પન્ન કરે છે.

(આ ગ્રંથમાં કેટલેક પ્રસંગે પૃષ્ઠો નીચે ચરણટિપ્પણમાં કાશીનગરીની પાઠશાળામાં આચાર્યપદવી પામેલા વિદ્વાન શાસ્ત્રી જીવરામ લલ્લુરામે સ્નેહભાવે આ તથા બીજાં ભાષાંતર આપેલાં છે, અને તે બીજાં ભાષાંતરને અંતે એમના નામાક્ષર એમની અનુજ્ઞાથી મૂકેલા છે.)

આ શ્લોકોનો અર્થ તો સમજ્યા હશે.'

સરસ્વતીચંદ્ર સ્મિત કરી બોલ્યો: 'વિહારપુરીજી, આવે એ શ્લોક કિરાતમાંથી કહ્યા. અર્જુનના વેષ વિષે સંદેહનું કારણ હતું તે સંદેહનું સમાધાન અર્જુને કર્યું હતું. મારા વેષ વિશે કૌપીનના અભાવને લીધે આપને કાંઈ ન્યૂનતા લાગતી હોય તો મારે તો એટલું કહેવાનું છે કે મારામાં બીજી અનેક ન્યૂનતાઓ છે તેવી આ એક વિશેષ ગણજો. બાકી મારે મન તો ધોળાં ને ભગવાં સર્વને સારુ સમદૃષ્ટિ છે.'

આટલો આપનો ઉત્તર આપું છું. અને બાકી હું હવે પ્રશ્ન પૂછું છું. આપે કહેલા ત્યાગનું સાધન લેઈ મુક્તિ સારુ ઉત્થાન કરવાની વાત છે. પરંતુ જો

આપના સંપ્રદાયમાં લખ-રૂપને પણ અલખની વિભૂતિ ગણો છો તો ત્યાગ વિના મુક્તિ ન કેમ થાય તે સમજાવો; અને સર્વ લખરૂપનો આત્મા એક અલખ છે, રૂપ તો જડ જેવાં ઉત્થાનાદિ ક્રિયાનાં અનધિકારી છે અને આત્મા એક પુરાણ છે તો મુક્ત કોને થવાનું બાકી રહ્યું અને એ મુક્તિને વાસ્તવે ઉત્થાન કરનાર એક એક આત્માથી બીજો કોણ છે, તે ક્યારે કોનાથી બંધાયો, અને કાલથી અનવચ્છિન્ન આત્માને ભૂતમાં બંધનકાલ અને ભાવિમાં મોક્ષકાલનો અવચ્છેદ કેવી રીતે અવસ્થિત છે એ સમજાવો.'

સર્વ બાવાઓ એકબીજાનાં સામું જોઈ રહ્યો અને ગુરુ વિના આ પ્રશ્નનો ઉત્તર કોઈ નહિ આપે એમ સિદ્ધ થયું. વિષ્ણુદાસ ઉત્તર દેવા આતુર બની પ્રસન્ન ઉત્સાહથી બોલ્યા: 'વાહ, શો ઉત્તમ પ્રશ્ન છે? નવીનચંદ્ર! આ પ્રશ્નોનો ઉત્તર જાણનાર અમારા ઉત્તમાધિકારીની પૂર્ણ દશાને પામે છે અને અમારા અલખ-લખ-સિદ્ધાંતનું આના ઉત્તરમાં રહસ્ય છે. અધિકારીઓ, ઉત્તમાધિકારીઓ અત્રે રહો અને બાકીના સર્વ નિવૃત્ત થાઓ.'

પળવારમાં તેમ થયું: ચારપાંચ બાવાઓ, સ્વામી અને સરસ્વતીચંદ્ર રહ્યા. વિષ્ણુદાસે એક બાવાને કહ્યું: 'અલખપુરી, અલખરહસ્યમાંથી સિદ્ધાંતમંત્ર બોલો.'

અલખપુરી બોલવા લાગ્યો: 'જેવી આજ્ઞા:'

**नाहं जाये म्रिये नैव न बद्धो न च मुक्तिभाक्।।*

मुक्तबाणगतिप्राय: संसारस्तु शरीरिणाम्।।१।।

एकोऽहमद्वितीयोऽहं स्वस्मिन्नेव विहारवान्।।

विहृत्य मायारुपेण शान्तिरुपेऽपि लक्ष्यदृक।।२।।

न विहारेषु नो शान्तौ द्वेष्टि वा राज्यतेऽपि वा

तमिमं निर्गुणंप्राहुर्निष्कर्माणं च तत्त्वत:।।3।।

लक्ष्यधर्मान् चामादृत्य लक्ष्यात्मा लक्ष्यते स्वयम्।।

अलक्ष्यं चावगाहेत सोऽयमात्मप्रबोधवान्।।४।।

હું એક છું, અદ્વિતીય છું, પોતાને વિષે જ વિહારવાળો છું; માયારૂપથી વિહાર કરી શાંતિરૂપ જ્યારે થાઉં છું ત્યારે પણ લક્ષ્યદૃષ્ટિ રહું છું; અર્થાત્ ત્યારે પણ લક્ષ્યનો સાક્ષી રહું છું. ૨.

વિહારમાં અથવા શાંતિમાં જેને રાગદ્વેષ નથી તે તત્ત્વત: નિર્ગૂણ અને નિષ્ક્રિય કહેવાય છે. ૩.

લક્ષ્યધર્મોનો આદર કરી જીવરૂપ લક્ષ્યાત્મા જાતે જ લક્ષે છે, અને અલક્ષ્યમાં પણ પ્રવેશ કરે છે. એવો લક્ષ્ય આત્મા જે હોય તેમાં આત્મપ્રબોધ થાય છે એટલે તેમાં આત્મા અલખ-પ્રબોધ પામે છે — જામે છે. ૪.

गीतायामिदमेवाह भगवानर्जुनं प्रति।

युद्धे हिचोदयन्नेनं लक्ष्यधर्मधुरंधर:।।५।।

**लक्ष्यरुप: प्रबुद्धश्चेदलक्ष्यं लक्षयेन्न क:।।*

त्रयाणामित्थमद्वैतं युञ्जतेऽलक्ष्ययोगिन:।।६।।

कुर्वन्नेवेह कर्माणि जिजीविषेच्छंतल समां:।।

श्रुतिरेषाऽपि लक्ष्यान्वै धर्मान् लक्ष्यति स्फुटम्।।७।।

अलक्ष्ययोगी लक्ष्येऽस्मिन् विहरन्नात्मन्यात्मना।।

अलक्ष्योऽसां परानन्द: स्वप्रकाशं स्वयं न किम्।।८।।

अबद्धमुक्त: केनापि न विरक्तो न रागवान्।।

ईशान्: सोऽमृतत्वस्य स्फुलिंगोऽपि स पुरुष:।।९।।

नित्यान्त: स्थोऽति रोहोऽयमनित्यो लक्ष्यसंज्ञक:।।

प्रज्वलन्यत्ज्ञरुपेण द्वैताभासस्य कारणम्।।१०।।

अह: कालो निशाकालो लोक: पश्चत्यहर्निशा:।।

अनित्या एव नो कालं कालं पश्यन्ति सूरय:।।११।।

प्राकृतास्त्वेवमीक्षन्ते द्वैधं ज्वलनशान्तिषु।।

न तत्संपृकतमद्वैतमनित्यं तैस्तु लक्षितम्।।१२।।

अक्षिभिस्तै: सहस्त्राक्ष: स्वयंभूरतिरोहते।।

अलक्ष्यात्मन्यलक्ष्येण न चासौ नाभिनन्दित:।। १3।।

लक्ष्यस्तयान्तरगत: स्थाणुर्लक्ष्यातिष्ठो दशाङ्गुलम्।।

अलक्ष्य: प्राकृतेर्नित्यो योगिलक्ष्य: परावर:।।१४।।

અર્જુનને યુદ્ધમાં યોજતાં લક્ષ્યધર્મના ધુરંધર શ્રીકૃષ્ણએ એને ગીતામાં આ જ કહ્યું છે. ૬.

આ જગતમાં કર્મને કરતો કરતો સો વર્ષ સુધી તું જીવ એવી જ વેદની શ્રુતિ છે તે પણ લક્ષ્યના ધર્મોને સ્પષ્ટ કરી લક્ષે છે. ૭.

અલખનો યોગી આ લખમાં આત્મા સાથે આત્મા વડે વિહાર કરે છે. એ અલખ અને પરાનંદયોગી તે સ્વપ્રકાશ પોતે જ કેમ નહી? ૮.

તે કોઈ પ્રકારથી બંધાયેલો નથી અને મુક્ત નથી. વિરકત નથી અને રક્ત નથી; તે અમૃતત્વનો ઇશ છે અને સ્ફુલિંગ છે પણ પુરુષ છે. ૯.

નિત્યની અંદર રહેલો આ લક્ષ્ય નામનો અનિત્ય અતિરો છે તે યજ્ઞરૂપે જ્વલન પામી દ્વૈતાભાસનું કારણ થાય છે. ૧૦.

દિવસ પણ કાળ છે અને રાત્રિ પણ કાળ છે; તેમાં લોક અનિત્ય એવાં જે દિવસ અને રાત્રિ રૂપો તેને જ દેખે છે અને તેમાં ઓતપ્રોત કાળને દેખતા નથી. કાળને તો જ્ઞાની જ દેખે છે. ૧૧.

લક્ષ્યના જ્વલનમાં અને શાંતિમાં પ્રાકૃત જનો આવી રીતે દ્વૈત-બેપણું-દેખે છે; પણ તે બેમાં રહેલું અદ્વૈત દેખતા નથી; કારણ તેઓ અનિત્યને જ લક્ષે છે. ૧૨.

તે અનેક લોકની અનેક ઇન્દ્રિયો તે જ જેની ઇન્દ્રિયો છે અને તે ધરવાથી જે સહસ્ત્રાક્ષ કહેવાય છે એવું લક્ષ્ય સ્વયંભૂ છે તે લક્ષ્ય અલક્ષ્ય આત્મામાં અતિરોહ પામે છે; અને એ અતિરોહ અલક્ષ્યને અભિનંદિત નથી એમ નથી. ૧૩.

લક્ષ્યમાં અંતર્ગત, સ્થાણુ, લક્ષ્યને ઓળંગી દશ આંગળ અવસ્થિત રહેલો, પ્રાકૃત જનોથી અલક્ષ્ય અને યોગીજનોએ લક્ષ્ય એવો અલખ પરાવર છે. ૧૪.

(આ શ્લોકોર્થનો વિસ્તાર આ પછીના પ્રકરણમાં છે.)

આ અનુષ્ટુપછંદ અલખપુરીએ ગાયા; તે આગળ આગળ આવ્યો તેમ તેમ બીજા યોગીઓ તેની સાથે ગાવામાં પ્રથમ મનમાં, પછી કંઠમાં અને અંતે મુખથી ભળ્યા.

અંતે વિષ્ણુદાસ રહસ્યમંત્રનો અર્થ દર્શાવતાં વિસ્તારતાં બોલ્યા: ‘અમે વેદાંતનાં બે ભાગ પાડીએ છીએ: એક શ્રુતિ-ઉક્ત અને બીજું વૈયાસક, શાંકર, આદિ. શ્રુતભાગમાં સર્વ સંપ્રદાયરૂપ નદીઓનું મૂળ છે. શાંકર વેદાંતમાં સંન્યાસને ઉત્તમ પક્ષ આપ્યો છે અને માયાને ત્યાજ્ય ગણી છે. ભગવાન શંકર અમારે પૂજ્ય છે, પણ આ ઉભય વાતમાં અલક્ષ્ય સિદ્ધાંત એ વેદાંતથી જુદો છે તે આ રહસ્યથી સમજાશે. એ વેદાંતમાં જીવ, ઈશ્વર અને બ્રહ્મ એ ત્રણની ત્રિપુટી છે તે અમે સ્વીકારીએ છીએ, પણ એ ત્રિપુટીને સ્થાને લક્ષ્ય અને અલક્ષ્ય એવી દ્વિપુટી અમને વધારે અનુકૂળ છે, કારણ તેમાં લાઘવ-ગુણ છે. જીવન અને ઈશ્વર ઉભયને ઉપાધિનો અવચ્છેદ છે માટે એ ઉભયને અમે એક પક્ષમાં મૂકીએ છીએ અને ઇતર પક્ષમાં ઉપાધિથી અનવછિન્ન બ્રહ્મને મૂકીએ છીએ. પ્રાકૃત જનોનાં ચર્મચક્ષુ ઉપાધિને જ લક્ષી શકે છે માટે જીવ-ઈશ્વરને અમે લક્ષ્ય અથવા લખ

કહીએ છીએ, અને એ પ્રાકૃત ચર્મચક્ષુ ઉપાધિહીન બ્રહ્મને દેખતું નથી માટે બ્રહ્મને અને અલક્ષ્ય અથવા અલખ કહીએ છીએ. લક્ષ્ય અને અલક્ષ્ય એ અમારી દ્વિપુટી છે.।

'જીવસૃષ્ટિ તે મનોરાજ્ય અને ઈશ્વરસૃષ્ટિ તે માયા એ ઉભય જીવ અને ઈશ્વરના અવચ્છેદ છે અને તેને અમે લક્ષ્યથી જુદા ગણતા નથી. અમે માયાને ત્યાજ્ય અથવા હેય ગણતા નથી. હેયોપાદેયતા એ પણ રાગદ્વેષનો એક પ્રકાર છે અને એના સ્વીકારથી તૈગ્રાહનો દોષ આવે છે. માટે સંસાર અથવા માયાનો સ્વીકાર અથવા ત્યાગ એક પણ ઉત્પન્ન ન કરવો અને જનક, કૃષ્ણચંદ્ર આદિનું જ્ઞાનમાહાત્મ્ય તેમના આ રીતના અદ્વૈતગ્રાહને લીધે અમે ગણીએ છીએ. આ પ્રમાણે વ્યવસ્થા કરવાથી અમને બીજો લાભ છે. લક્ષ્ય ઈશ્વરથી લક્ષ્ય જીવનો ભેદ કરવો એ અમને રુચતો નથી. જીવરૂપ લક્ષ્ય ઈશ્વરરૂપ લક્ષ્યયંત્રનું ચક્ર છે, અને ચક્ર યંત્રથી અવળું ચાલવા માંડે તો આખું યંત્ર નષ્ટ થાય. માટે ઈશ્વર જે લક્ષ્ય યંત્ર ચલાવે છે તેની સાથે જીવરૂપ લક્ષ્યચક્રનું અમે અદ્વૈત રાખીએ છીએ; સુખદુ:ખ, સંસારવૈરાગ્ય આદિ દ્વૈતભેદમાં અભેદ એટલે અદ્વૈત — બુદ્ધિ કરીએ છીએ; અને આ પ્રમાણે સંન્યાસ ઉત્પન્ન ન કરતાં લક્ષ્યધર્મ પાળીએ છીએ, અને લક્ષ્યધર્મ પાળવામાં ધુરંધર જે શ્રીકૃષ્ણ તેની પૂજામાં કનિષ્ઠાધિકારીઓને પ્રવર્તાવીએ છીએ કે કાળક્રમે પૂજ્યની ભક્તિથી પૂજ્યમાં જાગેલો અલખ અગ્નિ પૂજકમાં જાગ્રત થાય અને લક્ષ્યધર્મનો ભંગ થાય નહીં.'

'જ્યારે લક્ષ્યરૂપ જીવાભિધાન સ્ફુલિંગ પ્રબોધને પામે છે ત્યારે પ્રાકૃત દૃષ્ટિને સ્થાને દિવ્ય દૃષ્ટિ થાય છે અને તદવધિ સુપ્ત લાગેલો અલક્ષ્યરૂપ પરાવર પોતાના લક્ષ્યરૂપ સ્ફુલિંગમાં જાગ્રત થાય છે, પ્રજ્વલે છે અને ત્યાં અલખ જાગ્યો એમ અમે કહીએ છીએ.'

'લક્ષ્યરૂપ એટલે લક્ષ્ય છે રૂપ જેનું તે. લક્ષ્યરૂપ જીવનું લક્ષ્યરૂપ ઈશ્વર સાથે ઐક્ય; તે ભક્તિથી અને ગાર્હસ્થ્યધર્મ, રાજધર્મ, સ્રૈણધર્મ આદિ જન્માદિથી પ્રાપ્ત થયેલા લક્ષ્યધર્મનું પાલન કરીને, જીવઈશ્વરનું અદ્વૈત રચી, જ્ઞાનથી-સમાધિથી અલક્ષ્યયોગ કરી, અલખ જગાવી, એ લક્ષ્યનો આ અલક્ષ્ય સાથે યોગ કરી, લખમાં અલખ જગાવી, લક્ષ્યા-લક્ષ્યનું અદ્વૈત અનુભવીએ છીએ.

'આ સર્વ ખેલમાં જીવ અને ઈશ્વર એ બ્રહ્મરૂપ અલખસાગરના લખતરંગ છે, અને સંસારમાં એમની લક્ષ્યતા એટલે લખતા છે. આ જીવઈશ્વરના અવચ્છેદરૂપ દેહાદિથી આરંભી બ્રહ્માંડ સુધીના સંસાર, ધનુષ્યમાંથી છૂટેલા બાણની ગતિ જેવા છે, તેની ગતિને આરંભ અને અંત છે. સ્થૂલમાં સૂક્ષ્મ અને સૂક્ષ્મમાં કારણ, એમ ત્રણ દેહની પરંપરા છે અને જન્મે જન્મે મરણે મરણે એ કારણદેહની સ્થૂલ શરીરેથી સ્થૂલ શરીરે લક્ષ ચોરાશી જન્મરૂપ સંક્રાંતિ એટલે અવતાર થાય છે, પણ કારણનો ખરો

આરંભ તો સૃષ્ટિકાળે માયાના જન્મ સાથે થયો ને કાર્યસમષ્ટિનો ખરો અંત પ્રલયકાળે આવશે. એ આરંભકાળથી થયેલો ને એ અંતકાળ સુધી રહેનારો અવચ્છેદ તેથી અવચ્છિન્ન સંસારના આરંભે બંધ અને અંતે મોક્ષ. પણ એ બંધમોક્ષ સંસારના છે; અથવા કેટલાક કહે છે કે એ બંધમોક્ષ બુદ્ધિના છે, જેમ કે શ્રીયોગવાસિષ્ઠમાં ઉપદેશ છે કે, *‘संन्यासयोगयुक्तामा कुर्वन्मक्तमतिर्भव.’* આમ ગમે તો સંસારને કે ગમે તો મતિના બંધમોક્ષ હો, પણ આત્માના તો નથી જ. એ બંધમોક્ષ એવાં એ આરંભ અને અંતની કોટિઓનાં નામ છે, એ બંધ કે મોક્ષનો કોઈ કરનાર નથી. એને વાસ્તે તદ્રૂપ એટલે તમે જે આત્મા છો તેનું ઉત્થાન થાય એમ જ નથી. બંધમોક્ષ સંસારના અવચ્છેદક છે. આત્મા સાથે તેમને લેવાદેવા ન મળે. કિરાતમાંથી જે મુક્તિ સારુ ત્યાગના સાધનથી ઉત્થાન થવાનું તમને કહ્યું તે અમારા સિદ્ધાંતનું વચન નથી. અમારા સિદ્ધાંત પ્રમાણે પરાવર પરમાત્માના તરંગરૂપ જીવોમાં માત્ર પ્રબોધ થાય છે અને તેમાં અલખ જાગે છે, બાકી તેના બંધમોક્ષ તો છે જ નહીં. શ્રી ગૌડપાદાચાર્યના વેદાંતમાં પણ આત્મા અબદ્ધ-મુક્ત છે.’

આ પ્રસંગે અધીરા થઈ સરસ્વતીચંદ્રથી પૂછ્યા વિના રહેવાયું નહીં: ‘ત્યારે આ સર્વ મંડળ અને આપ ત્યાગી નહીં?’

વિષ્ણુદાસ હસીને બોલ્યા: ‘બચ્ચા, સાચી વાત પૂછી — તો સાંભળ. અલખપુરી! અલખયોગીનું વેષરહસ્ય આને સમજાવ.’ — પ્રીતિ ઊપજતાં સરસ્વતીચંદ્રને તુંકાર બોલથી ઉચ્ચાર્યો.

અલખપુરી બોલ્યો:

‘ગોપીજનવલ્લભની ભક્તિ ઘર છોડી ગોસાંઈ કરે,

વિભૂત લગાવે, અલખ જગાવે, ગોકુલને વશ રાખી ફરે.

ગોવ્રજમાં પરિવ્રજક જોગી જોગ ધરે હરિ અલખ તણો;

અલખ કરે લખ; વિભૂત કરે ભવફેર જ લક્ષચુર્યાશીતણો.

સહુ સંસાર જટિલ જટારૂપ બાંધી દીધો, શિર રાખી લીધો;

રક્ત દીસે પણ અરક્ત એવો એક જ ભગવો ભેખ કીધો,

અજ્ઞાનની જન સબ સોતે હૈં ઉસ મેં સંયમી જાગત હૈ,

વિષ્ણુદાસજી લોટત લોટત સબ મેં અલખ જગાવત હૈ.’

અલખપુરીની પાસે આ વચન સરસ્વતીચંદ્રે ત્રણ વાર બોલાવ્યાં અને અંતે અર્થ સમજી પ્રસન્ન થયો અને મનમાં બોલ્યો:

‘This is true. Those are not apathetic to the world that show their right to live in it by being useful to their fellow

men in some form; and the ascetic, that deluges the world with his poetry and philosophy without destroying it, does a duty; and if he does that, he is not bound to confine himself within the rooms where his father has left hoards of to confine himself within the rooms where his father has left hoards of money and where his wife wants him to provide for her children. Duty in the best form is the motto of these men, and they are not bound to be home-keeping youths, with homely wits. The point is Duty, and, in this case at least, asceticism does not murder Duty! Beautiful !'

વિષ્ણુદાસ બોલ્યા: 'નવીનચંદ્ર, અમે જેમ રક્ત નથી તેમ વિરક્ત પણ નથી. અમે તો માત્ર અરક્ત છીએ. પછી વ્યવહારમાં અરક્ત અને વિરક્ત પર્યાયરૂપ હોવાથી ગમે તે બોલીએ તે જુદી વાત. અમે કાંઈ સંસારનો ત્યાગ કરતા નથી — અમે તો તેને જટામાં બાંધી રાખીએ છીએ, તેને ભસ્મરૂપ બનાવી શરીરે ચોળીએ છીએ, અને એ વિભૂતિ ચોળી અલખ જગાવીએ છીએ. અલખ લખને ત્યજતું નથી; માત્ર ભસ્મના ભાર નીચે અગ્નિ જાગે તેમ લખના ભાર નીચે જાગતા અલખનો ભડકો કરી જોનારને દેખાડીએ છીએ! અને એને સારુ અમારી આ માથાકૂટ; સંક્ષેપમાં લખને પૂજીએ છીએ, અલખને દશે દિશ જગાવીએ છીએ; અને તેને સારુ વાસનાઓની જાળમાં ગૂંચવી રાખનાર, ગૃહસ્થધર્મરૂપ સંસારને વાસનાહીન સંસારનું રૂપ આપી ભસ્મસંજ્ઞાથી અમારે શરીરે ચોળી રાખીએ છીએ અને સંસારના જેવું જટાનું મોટું ગૂંચળું વાળી શિર પર રાખીએ છીએ એ પણ સંજ્ઞા જ છે. વ્યવહારમાં પણ કાંઈ મહાન કાર્ય સાધવામાં પણ કેટલો ઉચ્છેદ આવશ્યક થાય છે તેમ અલખ જગાવવાને અમે કરીએ છીએ — પણ સંસારનો ઉચ્છેદ દુ:ખનો ત્યાગ સાધવાને કરવો એ અમારો આશય નથી તે જણાવવા આ સંજ્ઞાઓ રાખીએ છીએ. જગતનો નાશ કરી લક્ષ્યનાશ અમે કરતા નથી. અમે તો ગોવ્રજમાંના પરિવ્રાજક છીએ, ગોસ્વામી છીએ, અને શ્રી લખની વિભૂતિ ધરી, ગૃહાદિનો તે સાધનાર્થે ત્યાગ ધરી, અજ્ઞાની લોકમાં અજ્ઞાન-નિશામાં જાગ્રત રહી પોલીસવાળા પેઠે રોન ફરવા નીકળીએ છીએ, અને સર્વત્ર અલખ જગાવીએ છીએ. નવીનચંદ્ર, તારા લખ જીવમાં અમે અલખ જગાવીશું. બોલો અધિકારીઓ — બોલો —'

'વિભૂત લગાવ્યો, અલખ જગાવ્યો,

ખલક કિયો સબ ખારો વે!'

પાસે ઊભેલા જોગીઓએ આ શબ્દો ઝીલી લીધા, ગર્જના કરી ગાયા અને ઉપવન બહાર મંદિરમાંના જ્યાં જે હતા ત્યાં તે સર્વ જોગીઓએ એ શબ્દો ઝીલી ગર્જના મચાવી, અને ચારે પાસ અલખ ગાજી રહ્યો. ગર્જના

શાંત થતાં વિષ્ણુદાસે સરસ્વતીચંદ્રને ખભે હાથ મૂકી, તેના સામું જોઈ, દૃષ્ટિકટાક્ષ કરી પૂછ્યું: ‘કેમ બચ્ચા, તારામાં અલખ જાગ્યો કે નહીં?’

ફરી એક વાર વિષ્ણુદાસ નિરાશ થયા. એમણે યદુનંદનને નમવાનું કહ્યું હતું ત્યારે અતિથિ જડ જેવો દ્વાર વચ્ચે ઊભો રહ્યો હતો અને મસ્તક ઊંચું રાખ્યું હતું. અત્યારે નિરાકાર નિરંજન અલખ જગવવાનું કહ્યું તેના ઉત્તરમાં પણ આ વિચિત્ર અતિથિ સ્તબ્ધ રહ્યો. સરસ્વતીચંદ્ર હસ્યો અને બોલ્યો: ‘મહારાજ! હું તો કોઈ સ્થાને પણ અલખને સુપ્ત દેખતો નથી તો આજ સુધી મારામાં સુપ્ત હતો એવો સ્વીકાર કેમ કરું? અને એવો સ્વીકાર કર્યા વિના મારામાં અલખ આજ જ જાગ્યો કેમ કહું?’

વિષ્ણુદાસના મુખ ઉપર કાંઈક ખેદ જણાયો. તે જણાતાં સરસ્વતીચંદ્રને દશ ગણો ખેદ થયો, અને આવા સુજન પુરુષને ખેદ થવાનું પોતે સાધન થયો તે અનિષ્ટનું નિવારણ કરવાનો માર્ગ મનમાં શોધવા લાગ્યો. ‘સ્વામીજી, આપને લેશ પણ ખેદનું હું સાધન થયો હોઉં તો ક્ષમા કરજો. આપના રહસ્યમંત્રનું શ્રવણ આજે કર્યું, પણ મનન કર્યા વિના ઉત્તર શી રીતે આપું? એ રહસ્યનું મનન કરી આપને અનુવાદ કરી બતાવું, અને મને કાંઈ શંકા ઉત્પન્ન થાય તેનું આપ સમાધાન કરો તે સર્વ વિધિ વડે મારી બુદ્ધિ પરિપાક પામે ત્યાં સુધી અનુકૂળ અવકાશ મને મળે ત્યાં સુધી આપને નિરાશ થવાનું કારણ નથી.’

વિષ્ણુદાસ પ્રસન્ન થયા. મંદિરમાં ઘંટાનાદ થતાં દેવનો નૈવેદ્યસમય આવ્યો સમજાતાં સર્વ યોગીઓને વિષ્ણુદાસે બહાર મોકલ્યા, અને એકલા પડતાં વિશ્રમ્ભથી વાર્તા માંડી:

‘નવીનચંદ્ર, હું પૂર્વાશ્રમમાં બ્રાહ્મણ હતો અને તમારા જેવા વિદ્વાન બ્રાહ્મણને સ્વાભાવિક રીતે અલખમત સ્વીકારતાં વિચાર કરવો પડે તે હું સમજી શકું છું. પરંતુ મારે આ સર્વ જટાધર મંડળને વશ રાખવું પડે છે અને તેઓ મારી આજ્ઞા પાળે છે ખરા, છતાં કિયે પ્રસંગે મારી આજ્ઞાને પણ તેમનો ઉગ્ર સ્વભાવ નહીં માને તે હું સમજું છું અને એ પ્રસંગ જ ન આવે તેની સંભાળ રાખું છું. કેટલાક કારણથી મારો તમારા પર પક્ષપાત છે તે આ મંડળ જાણે છે અને તમે તે પક્ષપાતને યોગ્ય નથી એવું તેમના મનમાં આવ્યું તો ગમે તો મારા ઉપર અશ્રદ્ધા રાખશે અને ગમે તો તમને પીડશે. એમના વિચાર પ્રમાણે અને આ મઠના સંપ્રદાય પ્રમાણે જે કોઈ અલખ જગાવે નહીં તેને આ મઠમાં બહુ રહેવાનો અધિકાર નથી. આ હઠવિચાર ઉપર મને તિરસ્કાર છે, પણ તે હાલ નકામો છે. તમે અત્રેથી જશો તો મને અતિશય ખેદ થશે. માટે મારી વિજ્ઞપ્તિ સ્વીકારવાની ના પાડશો નહીં.’

‘કેવે પ્રકારે?’ સરસ્વતીચંદ્રે આતુરતાથી પૂછ્યું.

‘સંન્યસ્ત લેનાર ગૃહસ્થાશ્રમમાં પાછો જઈ શકતો નથી, પણ અમારો ભેખ લેનાર પાછો ગૃહસ્થ થઈ શકે છે. આ વિભૂતિ આખે શરીરે ધારણ

કરવી એવો કાંઈ મેળ નથી; એક વેળા મસ્તક પર વિભૂતિ ધરવાથી ચાલે છે. અમારી વિભૂતિમાં ગોપીચંદનનું મિશ્રણ છે. અમારા યદુનંદનને તમે નમશો નહીં તે ચાલશે; તેમનો તિરસ્કાર ન થાય તે જોજો. છે એવાં ને એવાં વસ્ત્ર માત્ર ભગવાં કરી ધારશો તો બસ છે. બાકી સંપ્રદાય ગમે તે રાખજો; અલખનું નામ પૂજવું, અને આ મઠના ચાર અધિકારમાંથી ગમે તે સ્વીકારજો. ઉત્તમાધિકારમાં તમારો મત ગમે તે હશે તોય ચાલશે. આટલું કામ કરી તમે પરણશો તોયે આ મઠમાં બાધ નથી. પાસેના ઉપમઠમાં વિવાહિત વેરાગીઓ અને વેરાગણો વસે છે, તે આ મઠનાં આશ્રિત છે. યદુનંદનનો પ્રસાદ લેવા અમારી સાથે અત્રે આવીને ભોજન કરે છે, અને તમને સંસારવાસના હશે ને ત્યાં રહેશો તોપણ ચાલશે. માટે હાલમાં આટલી વિજ્ઞપ્તિ સ્વીકારજો. અંતે અમારે આ સ્થાન છોડી તમારે ઘેર જઈ સંસાર આરંભવો હોય ત્યારે મને એકાંતમાં કહેજો. ત્યાં સુધી આટલી વિજ્ઞપ્તિ સ્વીકારજો — અલખબોધની દીક્ષા — શ્રવણ દ્વારા તો તમારે લેવી પડશે — આજ પ્રસાદકાળે. પછી અલખ સ્વીકાર કરવાને મનનપર્યંત અવધિ છે.'

'જો આટલાથી તમારું ચિત્ત પ્રસન્ન થતું હોય તો મને જીવનદાન દેનારનું એટલું વચન હું પાળીશ. માત્ર અલખવાદ સ્વીકારવો એ મારા મતવિરુદ્ધ છે.'

'એટલું નભાવી લઈશું. તમને મનન કરવા અવકાશ આપેલો છે ને એવો અવકાશ અમે એકવર્ષાવધિ આપીએ છીએ.'

વિષ્ણુદાસને આટલાથી સંતોષ થયો. અતિથિને એકાંતમાં મૂકી મંદિરમાં ગયા. જતાં કહેતા ગયા: 'ભોજન પછી અમે સર્વ મંડળ ભિક્ષાપર્યટન કરવા બહાર જઈશું. થોડાક જોગી અત્રે રહેશે તેની સાથે તમે પણ રહેજો. મરજી પડે તો કોઈને લેઈ સૂર્ય નમે ત્યારે નીચે સુરગ્રામ જોવા જજો. અમારા રહસ્યમંત્રનું વિવરણ છે તે અલખપુરી તમને આપી જશે.'

એકલો પડેલો સરસ્વતીચંદ્ર વિચારમાં પડ્યો, હસવા લાગ્યો, ઊભો થયો, ચારે પાસ ફરવા લાગ્યો; અંતે એક મહાન શિલા ઉપર વડની છાયા નીચે સૂતો. પળવાર આંખ ઉઘાડી રહી એટલામાં ચંદ્રકાંત સાંભર્યો અને તેને પત્ર લખવાનો અને સુરગ્રામ જઈ તે ટપાલમાં નાખવાનો વિચાર કર્યો. તે વિચાર પૂરો થયો એટલે અલખના રહસ્યમંત્ર સાંભર્યા. આ મંત્ર બેત્રણ વાર સ્મરી સ્મરણમાં ઉતાર્યા. રાત્રિએ તેનો વિચાર કરી પ્રાત:કાળે સ્વામીને એ શ્લોકના અર્થનો અનુવાદ કરવા અને તે ઉપર પોતાનો અભિપ્રાય જણાવવા સંકલ્પ કર્યો. નેત્ર મીંચાયાં અને નિદ્રા આવી તેની સાથે પોતે સૂતો હતો ત્યાં એક પાસ હસતી હસતી કુમુદસુંદરી બેઠી છે એવું સ્વપ્ન થયું. સ્વપ્નની સહચરી સ્વપ્નના પુરુષનો હાથ ઝાલી બોલતી હતી:

'જોગી, તું જોગણનો ગુરુ થાજે,

જોગણને તું જોડે સોડે સ્હાજે.

જોગી જ્ઞાન ભેગો તું રસ લ્હાજે!

અલખ પ્યાલા લખરસના પાજે.

રૂડા સ્વપ્નસાગરમાં તરજે,

જોગી, જોગ પ્રિયરસનો ધરજે.'

---

૨. Monuments , સ્મરણાર્થ ઊભી કરેલી ઇમારતો.

* 'નમ્ર થઈ તે જ સાધનથી ઉન્નત થતા અને પારકાના ગુણોનું કથન કરવાથી જ પોતાના ગુણને પ્રસિદ્ધ કરતા.'

૧. વડ

૧. હે બાળક! તું કોણ છે? કોનો છે? ક્યાં જવાનો છે? તારું નામ શું? ક્યાંથી આવ્યો? હે બાળક, આ મેં કહ્યું તેનો ઉત્તર આપ અને મને પ્રસન્ન કર. તું પ્રીતિને વધારનાર છે. — હસ્તામલક સ્તોત્ર.

૨. હું માણસ નથી, દેવ નથી, યક્ષ નથી, બ્રાહ્મણ નથી, ક્ષત્રિય નથી, વૈશ્ય નથી, શૂદ્ર નથી, બ્રહ્મચારી નથી, ગૃહસ્થ નથી, વાનપ્રસ્થ નથી, સંન્યાસી નથી; હું એક 'નિજબોધરૂપ' છું. હસ્તામલક સ્તોત્ર.

* પ્રાચીન શ્લોક: 'પ્રકૃતિગુણથી કોઈ વસ્તુ રમ્ય નથી — અરમ્ય્ નથી.'

x કિરાતાર્જુનીયમ્ — ભાષાંતર

૧. જે જન્મ લે છે તેની પાસે દુ:ખ નિરંતર પથરાયેલું રહે છે અને તેને માથે મૃત્યુ અવશ્ય ઊભેલું છે: એ વાત વિચારી સર્વથા ત્યાગ કરવાને લાયક જે આ સંસાર છે, તેમાં ભવ્ય પુરુષ મોક્ષ મેળવવા ઉત્થાન કરે છે.

* હું ઉત્પન્ન થતો નથી; હું મરતો નથી; હું બંધાયેલ નથી; હું મુક્ત નથી. પ્રાણીઓનો આ સંસાર છોડેલા બાણની ગતિ સરખો છે. ૧.

* લખ જેનું રૂપ છે એવો આત્મા અલખ જીવાત્મામાં જાગ્યો હોય તો તે જીવાત્મા એ અલખને લખ કેમ નહીં કરે? અને કોણ નહીં કરે? આવી રીતે જીવ, ઈશ્વર અને અલખ બ્રહ્મ એ ત્રણેયના અદ્વૈતનો યોગ અલખના યોગીઓ યોજે છે. ૫.

૬. સંસ્કૃત પ્રકરણ: લક્ષ્યાલક્ષ્યરહસ્યવિવરણ; સ્વપ્ન, જાગ્રત અને પાછું સ્વપ્ન

સરસ્વતીચંદ્ર નિદ્રાવશ થયો. પા ઘડી ભાગ્યે થઈ હશે એટલામાં અલખપુરી આવ્યો, અલખરહસ્યનું પુસ્તક આણ્યું, તેના મંત્રોના વિવરણ આગળ પાંદડાની સંજ્ઞા મૂકી, પુસ્તક સરસ્વતીચંદ્રની પાસે મૂકી પાછો ચાલ્યો ગયો. સરસ્વતીચંદ્ર જાગ્યો અને પાસે પડેલું પુસ્તક ઉઘાડી વિવરણ વાંચવા મંડી ગયો:

अथाधुना लक्ष्यालक्ष्यरहस्यमुच्यते।। तत्र लक्ष्यत इति लक्ष्यं न लक्ष्यत इत्यलक्ष्यम्।। केन लक्ष्यते नालक्ष्यते वेति चेत् प्राकृतैर्जनैरशिक्षितदृष्टिभिरित्येव ग्राह्यम्।। येन शास्त्रादिभि: साधनै: पटुतरदृग्भिर्जनैस्तु ‘या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमीं त्यादिभिरुक्तिन्यायेन यदन्यै: प्राकृतैरलक्ष्यं तदेव लक्ष्यते प्राकृतलक्ष्येषु च ते हि महात्मान: परागदृशो भवन्ति।। इत्थंभूतस्यालक्ष्यस्य लक्षयितुयोगन: स्वरुपंदर्शयति भगर्वांल्लक्ष्यालक्ष्यसिद्धान्तकार:।। तद्यथा।। तस्य योगिन: का भाषा का गतिरिति चेतन्मुखेनाह।। नाहं जाय इत्यादिना घटादिषु समानत्वेनावस्थितस्याकाशस्येवालक्ष्यस्यात्मनो जन्ममरणराहित्यमुक्तम्।। तथैव तस्य बन्धमोक्षराहित्यमपि।। यदयमुपाधिभिर्बद्धो वा मुक्तो वोच्यते तत्तु व्यवहारार्थमेव न वस्तुत:।। यद्धा संसार एव बध्यते मुच्यते न ह्यात्मेति सामञ्जस्येन साध्यति।। तद्यथा परात्मा त्वेक एक समष्टिरुपो व्यष्टिरूपैरनेक इव भाति।। तदनेकत्वं शरीरित्वरूपं शरीरिणामेव च संसार:।। धानुष्को यच्छरं संधत्ते मुञ्चति चेति तद्भ्रान्तिरेव वस्तुतस्तु धानुष्कत्वं संधानं मोक्षश्चेति सर्व एव स्वत: स्वयम्भूत्वेन समष्टिरुपेण च व्युत्थिताल्लक्ष्याद्व्यष्टिरूपैर्व्युत्यिता नानालक्ष्या: संसारा:!! संसारतीति संसारो वाणस्य गतिरिव न बाण इव।। संसारस्य बाणगतेरिवारम्भरुपो बन्ध: कृतकृत्ये च स्थिरीभूते बाणे निर्वाहितारम्यभस्य संसारस्यैव विरामो मोक्ष:।। यावन्त एते व्यष्टिसमष्टिबन्धमोक्षप्रपञ्चास्तावतामनेकामां सामान्यमेकं तल्लाधवाल्लक्ष्यमित्युच्यते यथा हस्तपादाधनेकत्ववानेक: पुरुषो जीवो वोच्यते।। यथा मुद्धिकारो घटादिनामधेयो भवति तथैवैकं लक्ष्यां प्रपञ्जीभवति विश्वीभवति।। एवंविद्यं बन्धमोक्षादिप्रपञ्चसमुच्चयरुपं लक्ष्यं तत्तथाविधत्वान्न बध्ते न वा मुच्यते।। एकस्यानेकत्वापत्तौ वदतो व्याधातात्।। तत्तत्प्रञ्चप्रायस्यैव समग्रलक्ष्यस्य च

तत्तद्वन्धमोक्षदियोगेनवस्थादिदोषात्।। अत: संसारसंसारिणोर्लक्ष्येन्तर्भाव एव यथा स्वप्नजालानां जागृते।। याऽसौ मायेत्युजच्यते तस्या अति तत्रैवान्तर्भाव:।।

लक्ष्यालक्ष्ययोरद्वैतं साधयति।। एकोऽहमद्वितीयोऽहमित्यादिभि:।। अलक्ष्योऽमात्मा विश्वरुप: साक्षित्वेन स्थितोऽपि कस्य साक्षीति चेदात्मन एव लक्ष्यरुपस्य साक्षीति चित्तवं सिध्यते॥ मायारुपो विहार: शाम्यन् शान्तिरुपो भवतीत्युभयथा लक्ष्यत्वमेकमेव तयोरितरस्मिन् यो राकद्वेषौ भजते स त्रैगुण्यमङ्गीकरोति कियावान् भवत्येव॥ मायायां द्वेषवन्त: शान्तौ रागवन्त एव विरक्तमानसा भिक्षुनामानो विद्वांसोऽपि महात्मानोऽपि नाद्वैतसिद्धिं व्रजन्त्यद्वैताभासवञ्चता एव परिव्रजन्ति हेयोपादेयद्वैतं चाङ्गीकुर्वन्तोत्यद्वैतसिद्धिस्तु लक्ष्यालक्ष्यसिद्धान्तेष्वेव परमार्थत: सिध्यति नान्यत्र मते॥ अलक्ष्यं लक्ष्यस्य साक्षिभूतमिति तत्र स्वस्यैव साक्षित्वं ग्राह्यम्॥ द्रव्यगुणादयो नैयायिकै: साधिता: पदार्था अन्यमतेषु वाऽन्यैनमिभि: साधिता: पदार्थास्ते सर्व एव लक्ष्यविहतमिति मन्तव्यम्॥ ननु स्त्रीपुरुषादीनां परस्परविहारा इव द्वैतादिं विना न विहार: संभवतीति चेन्न॥ येन यद्धदेव स्वस्य साक्षित्वं तथैव स्वेन विहारवत्त्वमपि तत्र तेनैव च स्वयममानन्दरुपोऽयमलक्ष्योऽनुभूयते॥ परेषां सुखेभ्य यन्महात्मान: स्वयमेव सुखीभवन्तीत्यत्र दृष्टांत स्फुट एव साधयति च स लक्ष्यानां व्यष्टयाभासानामलक्ष्यमपि परीक्षासंवेध सर्वत्रस्थसाक्षित्वामात्रजन्यमानन्दरुपमद्वैतं स्वपरस्थम्॥ अत एव युक्तं यत्र मनो याति तत्र तत्र समाधन इति॥ इयं मनोयात्रैव माया सा विजृम्मितेव लक्ष्यते॥ न मायाया मायाविनो भेद: समवायात्॥ अलक्ष्योऽसो मायावी लक्ष्यां मायामात्मवस्तुत आत्मना आत्मन्येव तनोति संहरति च॥ विहारेश्रवलक्ष्यं मोदते॥ स मोदोऽपि विहार इति चेन्वैवम्॥ येन सच्चिद्वत्प्रमोदोऽपि नित्यतामेकतां च भजते नैव कियारुपा अनेके विहारा:॥'

'एवं लक्ष्यालक्ष्ययोरद्वैतं साधयतो योगिनो गुणकर्माणि गुणकर्माभासत्वेन स्वप्न इव विलसन्ति॥ स साधयिता तु तैर्गुणकर्मभिरनवच्छिन्नोऽसंस्पृष्ट: निर्गणो निष्कर्मा च॥ जीवनामा लक्ष्यस्फुलिङ्गोऽयं प्रकृत्या जड सधर्मेव विजृम्भते लक्ष्यधर्मश्चानुवर्तते॥ दारुषु गूढोऽग्निरिव स्वरुपेण न लक्ष्यते केवलं जड रुपतया लक्ष्यते॥ यदि संघट्टनादिभि:

प्रज्वलितः प्रबुद्धो भवति तर्ह्यपि दृक्त्वगादिसंवेद्यान् जडधर्मान् भजमान एव प्रकाशनदहनमयीं त्रिलोकस्थजातवेदः शक्तिमाविष्करोति स्वस्मिस्तद्वदेव प्रबुद्धोऽयं जीवस्फुलिंग संसारीव लक्ष्यव्यवहारधर्मान् समाद्रियत इव॥ नायं कवलं तथा लक्ष्यते किंतु स लक्ष्यतेऽपि येन तथालक्ष्योऽयं स्वयमेव तल्लक्ष्यत्वं लक्षते लक्ष्यात्मसाधर्म्यमुदिशति व्यष्टिसमष्टयोरेकत्वे तयोः प्रवृत्तिभेदाभावफलजिधत्सया तद् व्यतिरिक्तफल पराङ्गुग्वः सर्वसत्कर्मकरोप्यहंकार शून्यत्वात्तानि तानि कर्माणि नैष्काम्येन कुर्वन्नीश्वराय च सर्मयन्नेव जीवेश्वरयोर्लक्ष्यसाधर्म्यमुध्दोधयति तेन च लक्ष्यधर्मानाद्रियते॥ तेन विधिना च त्रिलोकस्थवैश्वानर शक्तयाविष्करणमुपमीयते॥ अनेन विधिना जीवेश्वरयोरद्वैतयोगः साध्यते॥ कर्मयोगोऽयमिति केचित्॥ कर्मयोगेन जीवेश्वरयोरैक्यं सिध्येत स च योगो गीतायामुक्तः॥ ज्ञानयोगेन जीवब्रह्मणोरैक्यं सिध्येत तेनाह यदलक्ष्ये चावगाहेत॥ अलक्ष्यं तु ब्रह्मैव॥ अवगाहनाद्-ब्रह्मविद् ब्रह्मैव भवतीत्युद्दिष्टम्॥ नूतनवेदान्तिनस्तु ज्ञानयोगं साधयन्ति न तु कर्मयोगम्॥ केचितु केवलकर्मयोगिनः॥ रात्रिदिनरुपमिव कालं कर्मज्ञानयोगं तुं लक्ष्यालक्ष्योगिन एव साधयन्ति॥ अतस्त्रयाणामिति जीवेश्वरब्रह्मणामद्वैतमित्थं योगद्वयेन तैः साध्यते॥ अन्यैस्तु केवलमेकेन योगेन द्वयोजीवेश्वरयोर्जीवब्रह्मणोर्वा न तु त्रयाणामद्वैतं युज्यते॥ अत एव परमोऽयमस्माकं त्रियोगो योगः॥ अद्वैतं द्वयो र्न त्रयाणामिति चेन्न अद्वैतशब्दस्त्वैक्यवाचकः॥ न तु केवलद्वैतव्यतिरिक्तत्रैतादिवाचकः॥'

अथ श्रुत्यादिग्रमाणान्याह॥ गीतायामिदमेवाहेत्यादिभिः॥ कर्मशब्दस्य शास्त्रेषु श्रुतिषु च विविधो व्यवहारः॥ प्रारब्धादिविशिष्टेन कर्मणा तु योऽयं कर्मवृक्षो नाम प्राणिनां भाग्यानि रचयति स उच्यते॥ भाग्यवाचकत्वेनाप्ययं शब्दो व्यवहरियते॥ अन्ये तु भाग्यव्यावृत्तमुद्यमं पुरुषयत्नं वा कर्मशब्देन लक्षन्तेयज्ञादयो नित्यनैमित्तिका विधय एक कर्माणीति शास्त्रादिषु प्रायेण व्यवहारः॥ ज्ञानध्यानवैराग्यान्दयः क्रिया एव श्रुत्युपदिष्टाः क्रिया इति मुण्डकभाष्ये शंकरः॥ रहस्यमते तूक्तलक्षणः कर्मयोग एव प्रशस्यते फलत्यागस्यैव योगान्न कर्मत्यागस्य॥ कर्मवैराग्यं च क्रियेति वदतो व्याधातः॥ ज्ञानस्य च क्रियात्वे त्वनित्यत्वापत्तिः॥ क्रियाणामनित्यत्वात्॥ आत्मक्रीड आत्मरतिः क्रियावानेष ब्रह्मविदां वरिष्ट इति श्रुतिवाक्ये

कियावत्त्वं कर्मयोगित्वमेव॥ ‘द्वा सुपर्णा सयुजा’ इत्यादिषूक्तप्रकारेण पिप्पलस्वादत्यागेन फलत्याग उक्त:॥ फलत्यागेन जीवस्यानीशत्वं शोकमोलहक्षणं नरश्यति वीतशोकत्वाच्च स इशवदनश्नन् फलत्यागी क्रियावानीशेन साम्यमुपैति॥ ज्ञानयोगेन ब्रह्मैक्यं सिध्यति न त्वीश्र्वराद्वैतम्॥ तत्तु कर्मयोगेनैव सिध्यति॥ अत्र गीता साक्षात्प्रमाणम्॥ स्वयं लक्ष्यधर्मधुरंधर: सन् श्रीकृष्णो भक्तोऽपि मे सखा चेतीत्युक्तवानेवेष्टं धर्मेण योजयेदिति न्यायेनार्जुनं युद्धकर्मणि समर्थयामास तत्तु लक्ष्यधर्मस्यैव वृद्धये न विनाशाय॥ श्रीकृष्णस्य स्वस्यैव लक्ष्यधर्मिताया महाभारतनायकात्मनि सम्यगाधानायैव तेन विधिना च जीवस्येश्र्वरसाम्यसंपावनायैव भगवान् व्यासस्तथाविद्यमितिहासमुक्तवान्॥ न चेन्महाभारते समस्तो गीताध्यायोऽप्रासंगिको मिथ्योक्तिरुप एव स्यात्॥ योगवासिष्टेऽपि श्रीकृष्णवाक्यस्यायमेवोदेश: प्रतिपादित॥ उक्तमेव तत्र यथा ‘शान्तब्रह्मवपुर्भूत्वा कर्म ब्रह्ममयं कुरु॥ ब्रह्मार्पणसमाचारो ब्रह्मैव भवसि क्षणात्॥ लोके विहर राधव ‘इत्यादिभिरपि तत्रायमेव कर्मयोग: प्रतिपादित:॥ यच्चेशावाम्ये ‘कुर्वन्नेवेह कर्माणि जिजीविषेच्छतं समा’ इत्यादय: श्रुतयस्ता अपि लक्ष्यधर्मप्रतिपादिका:॥ अस्यामुपनिषदि केवलायां विद्यायामविद्यायां वा रतिर्निन्दिता तथैव संभूत्यामसंभूत्यामपि॥ अत्रैकया विद्याया कर्मत्यागतिशिष्टा केवलमात्मविद्योक्त॥ केवलमविद्येत सकामकर्मवत्ताऽनात्मविद्या च॥ तथैव संभूतिरिति स्वमूंरात्मसंभूतौ च रतिरिति केवलमात्मज्ञानबुद्धौ सत्यां कर्मकराङ्मुखतैवोक्ता॥ असंभूतिस्तु संभूतिरहिता शरीरादिविकल्पसृष्टि: कर्मफलभोगदायिनी॥ असंभूतित्वं तु तस्या नश्चत्वात्सद्वस्त्वाभासमात्रत्वाच्च॥ अविद्याविधेयऽसंभूति संभूतीत्यनयोरेकतरे रागद्वेषौ द्वैतस्वरुपमेव तन्न रहस्यसिद्धान्तिभिरिष्यते॥ श्रुतिष्वप्येवमेव विहितम्॥ असंभूत्युपासका: संभूत्युपासका विद्योपासका अविद्योपासकाश्च सर्व एवैकमार्गपक्षपातिन इतरमार्गद्वेषिणोऽन्धं तम: प्रविशन्तीतीशावास्ये स्फुटमेव॥ तर्हि को नाम शुद्धो धर्म इति चेत्तत्रैवोक्तम्॥ विद्यां चाविद्यां च यस्तद्वेदोभयं सह / अविद्या मृत्युं तीर्त्वा सभूत्याऽमृतमश्नुते इति इत्थमविद्यामंगीकृत्यैव विद्याग्रहणेन तथैव संभूत्यसंभूतिग्रहणेन चानात्मात्मविद्ययोरपरस्परत्यागनैव ग्रहणमुक्तम्

तत्त्वकर्मत्यागे सति फलत्यागिन्यामात्मविद्यामेव संभवति॥ लक्ष्यधर्मेष्वादरं कृत्वैवालक्ष्यमवगाहेतेत्यत्र स्पष्टमेव सिध्यति॥ तत्रैवोक्तं स्वयंभूर्याथातथ्यतोऽर्थान् व्यदधाच्छाश्वतीभ्य: समाभ्य इति / अत्रोक्तं स्वयंभूत्वं संभूतित्वं चैकमेव॥ अर्थान् व्यदधादिति कर्मधर्म: प्रतिपादित:॥ कुर्वन्नेवेह कर्माणि जिजीविषेष्छतं समा इति श्रुतिरपीदमेव लक्षते॥ अत्र विद्येति देवताविद्या नात्मविधेति केचित्॥ नेदं युक्तं येन ब्रह्मविद्या सर्वविद्याप्रतिष्ठेति परा विद्यापि सेत्यादय: श्रुतयो मुण्डकादिषु विद्यन्ते॥ कर्मणो ब्रह्मविद्याविरोधित्वास्नासौ विद्या ब्रह्मविद्या किंतु भागत्यागेन देवताविद्यवेति चेन्न॥ येन ब्रह्मविद्याया: फलैषणया विरोधो न कर्मणा॥ कर्मत्यागस्तु नात्र संभवति येन न च कश्चित्क्षणमपि जातु तिष्ठत्यकर्मकृदिति गीतोक्तत्वात्॥ ननु कर्मजाड्याल्लोक: कर्मवाञ्चडोभवतीति चेन्नैवमेतधेन कर्मणामी श्र्वसमर्पणात्ककरणणि स्वयोनिमासाध्य तद्रूपाणि भवन्ति॥ कर्म ब्रह्ममोदभवं विद्धि ब्रह्माक्षरसमुद्भवमिति गीता यामलक्ष्यसमुद्भवं लक्ष्यं ब्रह्म कर्मयोनिरुक्तम्॥ एतदधिधानि कर्माणि कुर्वति एव प्रबुद्धस्य विषये श्रुतिभिरुक्तं क्षीयंते चास्य कर्माणि तस्मिन् दुष्टे परावर इति त्सयैव कर्मणां स्वयोन्यासादकत्वहेतुना क्षययोगात्॥ इत्थंभूत द्विविधं लक्ष्यालक्ष्यधर्ममेव प्रतिपादयस्ती भवति श्रुतिप्रवृत्ति:॥ तदयथा॥ हिरण्यमेन पात्रेण सत्यस्यापिहितं मुखम्॥ तत् त्वं पूषन्नपावृणु सत्यधर्माय दुष्ट्ये॥ इतिशावास्यम्॥ अत्र पात्रं संपुष्प धर्मो भवति तच्चापावृत्य दृष्टिर्बोधो भवतीतिग्राह्यम्॥ तथा च मुण्डके॥ हिरण्मये परे कोशे बिरजं ब्रह्म निष्कलमिति ब्रह्मासेहर्हिरण्यम्: कोश: स रक्षितव्य एव न त्याज्या॥ तद्रक्षणेनैव ब्रह्मशस्त्रस्य तेजस्तीव्रतादयो विभूतयो रक्ष्यन्ती॥ शोकमोहादिभिर्युद्धकाल एव शास्त्रं कोशरहिंत ग्राह्यम्॥ अन्यदा तु कोश एव प्रशस्त:॥ कोऽसौ कोश इति चेत्कर्मयोग वेति बौद्धव्यम्॥ हिरण्मये कोश इव पात्र इव कर्मयोगसंसारे लक्ष्येऽस्मिन् सुगुप्तोऽयं तदस्पृष्ट: परावर आत्मा सत्योऽप्यलक्ष्यो नित्य एव॥ हिरण्यत्वमुक्तं तत्तु मूल्यवत: सुवर्णस्येव लक्ष्यस्यापि रक्षणयोग्यत्वात्॥ अक्षरात्संभूतमिदं लक्ष्यमक्षरे च यास्यन्न लक्ष्यैर्विनाशमर्हति॥ येनाक्षरस्यालक्ष्यस्यैव विभूतिरेषा लक्ष्यता॥

कीदुशमिदं लक्ष्यं कीदुशी तत्र जीवस्थितिरित्यादिदर्शनाय श्रुतव उच्यन्ते॥ जीवनामाऽयं पदार्थो न ब्रह्मभिन्न: किंतु

स्फुलिंगप: पुरुष एव॥ तदुक्तं यथा॥ तर्दवत्सत्यं यथा सुदीप्तात्पावकाद्धिस्फुलिंगा: सहस्त्रश: प्रभवन्ते सरुपा:॥ तथाऽक्षरात्सौम्य विविधा भावा: प्रजायन्ते तत्रैदचैपि यन्ति॥ अमृतत्वस्येशानोऽयं पुरुष इति पुरुषसूक्ते॥ पुरुष एवेदं सर्व यद्भूतं यच्च भाव्यम्॥ उतामृतत्वस्यशानौ यदन्नेनातिरोति॥ अन्नमित्यत्र भोग्यमात्रं तेनामृतं विश्वं तदात्मनि पुरुषे पुरुषादेवातिरोहते / तदुक्तं मुण्डके यथा सत: पुरुषात्केशलोमानि तथाऽक्षरात्संभवतीह विश्वम्॥ पुरुष: स्वस्मात्सृजतेऽतिरोहते ऊर्णनाभिरिव॥ ईश्वरस्य जीवस्य च समानमिदममृतत्वेशानत्वम्॥ उभावप्यलक्ष्ये नित्ये पुरुषेतिरोहते॥ अतिरोहोऽयं कालेन स्वयोनौ शाम्यति तेनानित्य:॥ नित्यरुपस्य चालक्ष्यस्यान्तरेव तिष्ठतीत्याविर्भावतिरोधानधर्मो भजते॥ आविर्भावकाले यज्ञ इव प्रज्वलति॥ तदाह पुरुषसूक्ते॥ यत्पुरुषेण हविषा देवा यज्ञमतन्वतेति॥ तं यज्ञं बर्हिषि प्रोक्षन् पुरुषं जातमग्रत॥ तेन देवा अजयन्त साध्या ऋषयश्च य इति॥ देवा यद्यज्ञं तन्वाना अबन्धन् पुरुषं पशुमिति॥ यज्ञेन यज्ञमयजन्त देवास्तानि धर्माणि प्रथमान्यासन्निति च / एषु मन्त्रेषु पुरुष: पशु: पुरुषो हवि: पुरुष एव च यज्ञ इति योऽयं यज्ञ उक्त: स एव लक्ष्यरुपो यज्ञ: सर्वत्र प्रज्वलति॥ सैवेयमिष्टिरस्मत्सिद्धान्ते॥ येयं पशुमारमिष्टिरन्यै: क्रियते सा तु निन्धाऽस्मिन् युगे॥ कलौ त्वेक एवायं लक्ष्ययज्ञो लक्ष्यधर्मधारक:॥ सहस्त्राक्षोऽयमलक्ष्यातिरुढ: लक्ष्य: पुरुष:॥ तद्भूमिं लक्ष्यमर्यादामेकेन पार्दन विश्वतो वृत्वा त्रिभिरन्यैरमृतै: पादैर्दशाङ्गलंसज्ञया लक्षितया देशकालाधवच्छे दशून्यायऽवस्थया सर्व शिक्षिताशिक्षितलक्ष्यमतितिष्ठत्यलक्ष्य: परावर:॥ तमलक्ष्यं लक्ष्यं चाद्वैतत्वेन साधयन्तीत्थं लक्ष्यालक्ष्यसिद्घान्तिन इत्यलमिदमस्मद्रहस्यविवरणमुत्तमाधिकारिष्वलक्ष्यप्रबोधाय ॥ किं बहुना॥ यतो वाचो निवर्तन्ते ह्यप्राप्त मनसा सहेत्यादिमिर्लक्षितव्यमलक्ष्यं पूर्णमेवेदं ततश्च लक्ष्यमरिप पूर्णमदस् तदादाय न त्यक्तवा पूर्णमेवावशिष्यते॥ अत एव सुसंपूर्णोऽयस्मल्लक्ष्यालक्ष्यसिद्घान्तो यत्रैव पूर्णमिदं: पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते पूर्णस्य पूर्णामादाय पूर्णमेवावशिष्यते॥

ભાષાંતર:

હવે લક્ષ્યાલક્ષ્ય એટલે લખ અલખનું રહસ્ય કહીએ છીએ. એમાં લક્ષ્ય એટલે લખ એટલે જે જોવાય તે; અને જે ન જોવાય — ન જોઈ શકાય — તે અલક્ષ્ય એટલે અલખ. એમાં જોનાર તથા ન જોનાર તે પ્રાકૃત એટલે અશિક્ષિત દૃષ્ટિવાળા લોક લેવા, કારણ શાસ્ત્રાદિ સાધનથી વધારે સૂક્ષ્મ દૃષ્ટિ ધરનારા જન તો પ્રાકૃત જનથી ન જોવાય તે જ વસ્તુ જુએ છે અને તે જોવાની રીતનો ન્યાય, 'જે સર્વ ભૂતોની રાત્રિ છે તેમાં સંયમી જાગે છે' એ આદિ વાક્યોમાં આવે છે. અને પ્રાકૃત જનોના લક્ષ્યથી તો એ મહોત્માઓ વિપરીત દિશામાં દૃષ્ટિ કરે છે — તેને જોવું ધારે તો જોઈ શકે છે પણ એણી પાસ એમની દૃષ્ટિ વળતી નથી. હવે આવા અલક્ષ્ય-અલખ-ને લખકરવાવાળા-જોનારા-યોગીનું સ્વરૂપ ભગવાન લક્ષ્યાલક્ષ્યસિદ્ધાન્તકાર (૧૦૬-૧૦૮ પૃષ્ઠમાં છે તે) મંત્રોમાં દર્શાવે છે. તેની ટીકા એવી રીતે કે આ યોગીની કેવી ભાષા અને કેવી ગતિ હોય છે તે તેને જ મુખે કહે છે.

શ્લોક ૧ *नाहं जाये* — હું ઉત્પન્ન થતો નથી. વગેરે વાક્યો વડે એવું કહ્યું કે ઘટાદિમાં આકાશ સમાનત્વથી અવસ્થિત છે તેની પેઠે અલક્ષ્ય આત્માનું પણ જન્મમરણથી રહિતપણું જોઈ લેવું. તે જ રીતે તેનું બંધમોક્ષથી પણ રહિતપણું છે. આ બદ્ધ છે; આ મુક્ત છે, એવું જ કહેવાય છે તે તો વ્યવહારને અર્થે છે — વસ્તુત: તેમ કાંઈ નથી. અથવા તો આત્મા નહિ પણ સંસાર જ બંધાય છે, મુક્ત થાય છે, તે વાત સમંજસપણે સિદ્ધાંતકાર સાધે છે. તે એવી રીતે કે સમષ્ટિરૂપ પરમાત્મા એક હોઈને વ્યષ્ટિરૂપોથી અનેક જેવો ભાસે છે. તે અનેકપણાનું રૂપ શરીરધારીપણું એ જ છે અને શરીરધારીનો જ સંસાર છે. ધનુર્ધર શરનું ધનુષ્ય પર સંધાન કરે છે ને શરનો મોક્ષ કરે છે (બાણ છોડે છે) તે સર્વ ભ્રાંતિ છે: વસ્તુત: તો ધનુર્ધરપણું, શરનું સંધાન, અને તેનો મોક્ષ એ સર્વ પણ —જાતે સ્વયંભૂપણે આ સમષ્ટિરૂપે ઉત્થાન પામેલા એટલે ઊભા થયેલા લક્ષ્યમાંથી—ઉત્થાન પામેલા નાનારૂપે દેખાતા અનેક સંસારો છે. સમ્યક્-સારી પેઠે-સરે તે સંસાર; તે બાણની ગતિ જવો, બાણ જેવો, બાણ જેવો નહીં. બાણગતિ જેવો સંસાર આરંભરૂપ હોય ત્યારે તેનું નામ બંધ; આરબ્ધ કર્મથી પરવારી બાણ સ્થિર થાય, એટલે જે સંસારનો આરંભ આટોપાયો તે સંસારનો જ વિરામ તે મોક્ષ. વ્યષ્ટિ, સમષ્ટિ, બંધ અને મોક્ષ આ જેટલા પ્રપંચો છે તેટલા સર્વ—તે—અનેકમાં રહેલું એક એવું જે સામાન્ય તેને લાઘવના હેતુથી લક્ષ્ય કહીએ છીએ, જેમ હસ્તપાદાદિ અનેકત્વવાળો એક તેને પુરુષ અથવા જીવ કહીએ છીએ, જેમ એક માટીના અનેક વિકારો અનેક ઘટાદિ નામો ધરે છે તેમ જ એક લક્ષ્ય— અનેક પ્રપંચરૂપે વિશ્વરૂપે બની રહે છે. આવી રીતનું, બંધમોક્ષાદિ અનેક પ્રપંચોના સમુચ્ચયરૂપ, લક્ષ્ય એવું છે માટે નથી બંધાતું, અને નથી મુક્ત થતું. (જો એક લક્ષ્યના અનેક એવા જ બદ્ધમોક્ષ તે થાય છે કહીએ તો એકની અનેકત્વાપત્તિ થાય અને *વદતો વ્યાઘાતનો* દોષ આવે. અને પેલા

બંધમોક્ષાદિ જુદા જુદા પ્રપંચોથી ભરેલા સમગ્ર લક્ષ્ય એ જ બન્ધમોક્ષાદિ પામે એવું કહીએ તો અનવસ્થાદિ દોષ આવી જાય.) માટે સંસાર અને સંસારી ઉભયનો લક્ષ્યમાં અંતર્ભાવ જ છે, જેમ સ્વપ્નજાલોનો જાગ્રતમાં છે. જે આ માયા નામે ઓળખાય છે, તેનો પણ તેમાં જ અંતર્ભાવ છે.

શ્લોક ૨-૩. હવે સિદ્ધાંતકાર લક્ષ્ય અને અલક્ષ્યનું અદ્વૈત સાધે છે; '*एकोऽहम्* ' — 'હું એક છું' —વગેરે શબ્દોથી. અલક્ષ્ય આ આત્મા વિશ્વરૂપ છે ને સાક્ષીપણે રહેલો છે. કોનો સાક્ષી? લક્ષ્યરૂપ આત્માનો જ — પોતાનો જ — આ અલક્ષ્ય સાક્ષી છે. આમ તેનું *चित्* સ્વરૂપ સધાયું. માયારૂપ વિહાર શમે છે ત્યારે શાંતિરૂપ થાય છે તે બે રૂપથી લક્ષ્યપણું એક જ છે અને તેમાંના એક ઉપર રાગ અને બીજા ઉપર દ્વેષ ધરનાર માણસ એ રાગદ્વેષ વડે ત્રૈગુણ્યનો અંગીકાર કરે છે અને ક્રિયાવાન થાય છે જ. વિરક્ત મનવાળા 'ભિક્ષુ' નામ ધરનારા પુરુષો વિદ્વાનો હોય છે તેમ મહાત્માઓ હોય છે છતાં તેઓ માયાનો દ્વેષ કરનારા અને શાંતિમાં રાગ રાખનારા હોવાથી દ્વૈત સ્વીકારે છે અને તેથી તેઓ અદ્વૈતસિદ્ધિ પામતા નથી, અદ્વૈતાભાસથી છેતરાઈને જ પરિવ્રજે છે, અને આ ત્યાજ્ય અને આ ઉપાદેય એવા દ્વૈતનો અંગીકાર કરે છે. એટલે અદ્વૈતની સિદ્ધિ તો પરમાર્થત: લક્ષ્યાલક્ષ્ય સિદ્ધાંતમાં જ સધાય છે ને બીજા મતોમાં સધાતી નથી. અલક્ષ્ય લક્ષ્યનું સાક્ષિ એટલે પોતાનું જ સાક્ષિ એમ લેવું. નૈયાયિકો દ્રવ્યગુણાદિ પદાર્થો સાથે છે, અને અન્ય મતોમાં અન્ય નામોથી પદાર્થો સધાય છે; આ સર્વે પદાર્થો લક્ષ્યના વિહૃત-ક્રીડિત-માં આવી ગયા એમ માનવું. કોઈ કહે સ્ત્રીપુરુષાદિના વિહાર પેઠે લક્ષ્યનો વિહાર પણ દ્વૈતાદિ વિના ન સંભવે તો તે ખોટું છે. કારણ જેવી રીતે પોતે પોતાનો સાક્ષી રહે છે તે જ રીતે પોતાની સાથે પોતાનું વિહારીપણું પણ છે; ત્યાં તે કારણથી આનન્દરૂપ એવો આ અલક્ષ્ય પોતે અનુભવાય છે. મહાત્માઓ પારકે સુખે જાતે સુખી થાય છે એ આનું દૃષ્ટાંત સ્ફુટ જ છે; અને તે એવું સિદ્ધ કરે છે કે લક્ષ્ય એવા જે વ્યષ્ટયાભાસો છે તે સર્વમાં — પોતામાં તેમ પારકામાં રહેલું — એક આનન્દરૂપ અદ્વૈત છે, અને તે પરીક્ષાસંવેદ્ય છે, સર્વત્ર રહેવાવાળું છે અને જ્યાં જ્યાં સાક્ષિત્વ છે ત્યાં ત્યાં એ જન્ય છે. આથી જ કહેલું છે કે જ્યાં જ્યાં મન જાય ત્યાં ત્યાં સમાધિઓ થાય છે. આ મનોયાત્રા (મનનું જવું તે મનનયાત્રા) એ જ માયા છે અને તેનું વિજૃમ્ભણ લખ થાય છે. માયા અને માયાવીનો ભેદ નથી, કારણ તેમના સમવાય છે અલક્ષ્ય—અલખ—એવો જે માયાવી તે લક્ષ્ય—લખ-માયાને આત્મવસ્તુમાંથી આત્મ વડે વિસ્તારે છે અને આત્મામાં જ સંહરે છે. આ વિહારોમાં અલક્ષ્ય મોદ પામે છે. કોઈ કહે કે એ મોદ પણ વિહાર છે તો તે ખોટું છે. કારણ જ્યારે સત્ અને ચિત્‌ની પેઠે મોદ પણ નિત્ય અને એક છે ત્યારે ક્રિયારૂપ વિહારા તો અનેક અને અનિત્ય છે ને તેમાં એકપણું છે જ નહીં.

શ્લોક ૪-૫. આવી રીતે લક્ષ્યાલક્ષ્યનું અદ્વૈત સાધનાર યોગી ગુણો અને કર્મોનું અધિષ્ઠાન હોય છે કે નહીં એ પ્રશ્નના ઉત્તરમાં કહેવાનું કે એ યોગીનાં ગુણકર્મોના આભાસપણે વિલાસ કરે છે — સ્વપ્નમાં વિલાસ કરતાં હોય તેમ; પણ એ દ્વૈત સાધનાર તો તે ગુણકર્મોથી અનવચ્છિન્ન અને અસંસ્પૃષ્ટ રહે છે —તે નિર્ગુણ અને નિષ્કર્મ છે. 'જીવ' નામધારી આ લક્ષ્યસ્ફુલિંગ (સ્ફુલિંગ = અગ્નિનો તણખો) પ્રકુતિથી જડસમાન ધર્મનો ધરનાર હોય તેમ વિજૃમ્ભણ પામે છે. — વધે છે — અને લક્ષ્યધર્મોનું અનુવર્તન કરે છે. કાષ્ઠમાં ગૂઢ રહેલા અગ્નિ પેઠે તે સ્વરૂપ વડે લખ થતો નથી — દેખાતો નથી. જ્યારે સંઘટ્ટનાદિથી પ્રજ્વલિત થઈ એ ગૂઢ અગ્નિ પ્રબુદ્ધ થાય છે, ત્યારે પણ નેત્રત્વચા આદિને જણાઈ આવતા જડ ધર્મો સેવીને જ એ ગૂઢ અગ્નિ ત્રિલોકવાસી અગ્નિની પ્રકાશનમયી અને દહનમયી શક્તિનો પોતાનામાં આવિર્ભાવ દેખાડે છે; તે જ પ્રમાણે પ્રબુદ્ધ થયેલો આ જીવસ્ફુલિંગ સંસારી પેઠે લક્ષ્ય વ્યવહારના ધર્મોનો સમાદર કરતો લાગે છે. આ સ્ફુલિંગ આ પ્રમાણે લક્ષ્ય થાય છે એટલું જ કેવળ નથી, પરંતુ તે સ્ફુલિંગ લક્ષે છે પણ ખરો, કારણ એવી રીતે લક્ષ્ય એવો આ સ્ફુલિંગ એ લક્ષ્યત્વને જાતે જ લક્ષે છે. એટલે વ્યષ્ટિ અને સમષ્ટિનું એકત્વ હોવાથી એ બેની પ્રવૃત્તિઓના અભેદનું ફ્લ ભોગવવાની ઇચ્છા રાખી વ્યષ્ટિસ્ફુલિંગ એ ફ્લ સિવાયનાં બીજાં સર્વ ફ્લથી પરાઙ્મુખ થાય છે, સર્વ સત્કર્મ કરે છે, પણ પોતાનામાં વ્યષ્ટિના 'અહં'કારનું શૂન્યપણું હોવાથી એ સર્વે કર્મ નિષ્કામ રહી કરે છે અને સમષ્ટિવૈશ્વાનર ઈશ્વરને જ એ સર્વ કર્મનું સમર્પણ કરે છે, એ સમર્પણથી જીવ અને ઈશ્વરના લક્ષ્યસાધર્મ્યનું ઉદ્‌બોધન કરે છે, અને એવી રીતે લક્ષ્યધર્મનો આદર કરે છે. આવી રીતે આ સ્ફુલિંગમાં ત્રિલોકવાસી વૈશ્વાનરની શક્તિની ઉપમા થાય છે, અને સ્ફુલિંગજીવ એ સ્થિતિ લક્ષે છે. આ વિધિ વડે જીવઈશ્વરનો અદ્વૈતયોગ સધાય છે. કેટલાક એને કર્મયોગ કહે છે. કર્મયોગથી જીવઈશ્વરનું ઐક્ય સધાય છે અને તે યોગ ગીતામાં કહેલો છે. જ્ઞાનયોગથી જીવબ્રહ્મનું ઐક્ય સધાય છે માટે મંત્રમાં કહ્યું કે, 'અલક્ષ્યમાં પણ પ્રવેશ કરે છે.' અલક્ષ્ય એટલે તો બ્રહ્મ જ. અલક્ષ્યમાં પ્રવેશ કરવાનું કહી 'બ્રહ્મ જાણનાર બ્રહ્મ જ બને છે તે દેખાડ્યું. નૂતન વેદાન્તીઓ તો જ્ઞાનયોગને જ સાધે છે; કર્મયોગને નથી સાધતા. કેટલાક તો કેવલ કર્મયોગ જ સાધે છે. રાત્રિ અને દિન ઉભયરૂપ મળી કાલ થાય તેમ, કર્મ અને જ્ઞાન ઉભયરૂપ યોગ થાય, તેને તો લક્ષ્યાલક્ષ્યયોગીઓ જ સાધે છે. આથી ત્રણનું એટલે જીવ, ઈશ્વર અને બ્રહ્મ એ ત્રણનું અદ્વૈત આવી રીતે બે યોગથી આ યોગીઓ સાધે છે. અન્ય જનો તો, ગમે તો જીવ-ઈશ્વરનું અથવા તો જીવન-બ્રહ્મનું, — એમ બેનું અદ્વૈત સાધે છે અને તે માત્ર એક યોગ વડે સાધે છે; પણ તે કોઈ ત્રણનું અદ્વૈત નથી સાધતા. માટે જ પરમ — શ્રેષ્ઠ — આ અમારો ત્રિયોગ નામનો યોગ છે. કોઈ કહેશ કે દ્વિ એટલે બે—તે બેનું અદ્વૈત થાય પણ

ત્રણનું અદ્વૈત થાય તો તે કહેવું અયથાર્થ છે. કારણ 'અદ્વૈત' એ શબ્દ માત્ર ઐક્યવાચક છે; માત્ર દ્વૈતનો વ્યતિરેક કરી ત્રેતાદિકનો વાચક એ શબ્દ નથી.

શ્લોક ૬-૧૪. હવે આ વિષયમાં શ્રુતિ આદિનાં પ્રમાણો છે તે સિદ્ધાંતકાર, 'ગીતામાં શ્રી ભગવાને કહેલું છે વગેરે વાક્યો વડે કહે છે. એ સંબંધે કહેવાનું કે કર્મશબ્દનો વ્યવહાર શાસ્ત્રોમાં અને શ્રુતિઓમાં વિવિધ છે. જ્યારે પ્રારબ્ધાદિ વિશેષણો સાથે કર્મ શબ્દનો વ્યવહાર થાય છે ત્યારે, જે આ કર્મવૃક્ષ પ્રાણીઓનાં ચિત્ર ભાગ્ય રચે છે તે વૃક્ષમાંનાં 'કર્મ' આ શબ્દથી વાચ્ય થાય છે. 'ભાગ્ય' એ પણ આ શબ્દનું વાચ્ય વ્યવહારમાં થાય છે, બીજાઓ તો ભાગ્યથી વ્યાવૃત્ત એટલે ભિન્ન એવો જે ઉદ્યમ અથવા પુરુષયત્ન તેને કર્મ શબ્દથી લક્ષે છે. યજ્ઞાદિ નિત્ય અને નૈમિત્તિક વિધિઓ તે જ કર્મ છે એવો શાસ્ત્રાદિમાં ઘણુંખરું વ્યવહાર છે. જ્ઞાન, ધ્યાન, વૈરાગ્ય આદિ ક્રિયાઓ તે જ શ્રુતિમાં ઉપદિષ્ટ કરેલી ક્રિયાઓ છે એવું મુણ્ડકના ભાષ્યમાં શંકરમત છે. અમારા રહસ્યમતમાં તો, જેનાં લક્ષણ કહી ગયેલા છીએ તે કર્મયોગ જ શિષ્ટ ગણ્યો છે; કારણ ફલત્યાગનો જ યોગ છે. કર્મત્યાગ થઈ શકે એવો યોગ નથી. કર્મના વૈરાગ્યને ક્રિયા કહેવી એ તો *વદતોવ્યાઘાત* દોષ થાય. જ્ઞાનમાં ક્રિયાત્વનો આરોપ કરો તો જ્ઞાનમાં અનિત્યત્વ આવે, કારણ ક્રિયાઓ અનિત્ય છે. ત્યારે 'આત્મ સાથે ક્રીડા કરનાર, આત્મમાં રતિ કરનાર ક્રિયાવાન, એવા આ બ્રહ્મ જાણનારાઓમાં શ્રેષ્ઠ' એ શ્રુતિવાક્યમાં જે ક્રિયાવાન્‌પણું છે તે કર્મયોગીપણું જ એમ સમજવું.

'સાથે યોગ પામેલાં બે પંખીઓ' (*દ્વા સુપર્ણા* વગેરે) ઇત્યાદિ શ્રુતિવાક્યોમાં પિપ્પલના સ્વાદનો ત્યાગ કહ્યો છે તે પણ ઉપર કહેલે પ્રકારે ફલત્યાગ જ ઉક્ત છે. શોક-મોહ એ બે લક્ષણવાળું જીવનું જે અનીશપણું તે ફલત્યાગથી નાશ પામે છે; અને ઈશના જેવો ભોગરહિત એટલે ફલત્યાગી ક્રિયાવાન થઈ, શોકહીનતાને લીધે એ ઈશની સાથે સામ્ય એટલે સમતા પામે છે. જ્ઞાનયોગથી બ્રહ્મની સાથે ઐક્ય સધાય છે, ઈશ્વરાદ્વૈત સધાતું નથી; એ તો કર્મયોગથી જ સધાય છે. એમાં ગીતા સાક્ષાત્પ્રમાણ છે. પોતે અમારા લક્ષધર્મના ધુરંધર હોઈને, અને પોતાના ઇષ્ટજનને પોતાના ઇષ્ટધર્મનો યોગ કરાવવો એ ન્યાયથી 'તું મારો ભક્ત છે — તું મારો સખા છે' એવાં વચનો બોલતા બોલતા — એટલે અર્જુનને સ્પષ્ટ ઇષ્ટજન ગણતા એવા શ્રીકૃષ્ણનારાયણે નરઅર્જુનને યુદ્ધકર્મમાં સમર્થ કર્યો તે લક્ષ્યધર્મની જ વૃદ્ધિને માટે કર્યો — એ ધર્મના નાશને માટે નહીં. શ્રીકૃષ્ણના પોતાના જ લક્ષ્યધર્મીપણાનું મહાભારતના નાયકના આત્મામાં—સારી રીતે આધાન કરવાને જ, અને એ વિધિથી જીવનું ઈશ્વર સાથે સામ્ય સંપાદન કરવાને જ, ભગવાન વ્યાસે એવી રીતનો ઇતિહાસ કહ્યો. એમ ન હોય તો મહાભારતનો સમસ્ત ગીતાધ્યાય અપ્રાસંગિક અને મિથ્યોક્તિરૂપ જ થાય. યોગવાસિષ્ઠમાં પણ શ્રીકૃષ્ણવાક્યના આ જ ઉદ્દેશનું પ્રતિપાદન કરેલું છે.

એમાં કહેલું જ છે કે, 'શાંતબ્રહ્મના જેવું અથવા શાંતબ્રહ્મનું જ શરીર ધરી, બ્રહ્મમય કર્મ કર! બ્રહ્મને અર્પણ કરેલા છે જેના 'સમ્યગ્—સારા—આચાર એવો તું ક્ષણમાં બ્રહ્મ જ બની રહીશ!' વળી 'હે રાઘવ! લોકમાં વિહાર કર' ઇત્યાદિ અનેક વાક્યોથી પણ યોગવાસિષ્ઠમાં આ જ કર્મયોગનું પ્રતિપાદન કરેલું છે. 'કર્મ કરતાં કરતાં જ સો વર્ષ જીવવાની ઇચ્છા રાખવી 'ઇત્યાદિ શ્રુતિઓ ઇશાવાસ્યમાં છે તે પણ લક્ષ્યધર્મની પ્રતિપાદક છે. આ ઉપનિષદમાં કેવલ વિદ્યામાં તેમ કેવલ અવિદ્યામાં રતિ કરનારની નિન્દા છે; તેમ જ સંભૂતિમાં અને અસંભૂતિમાં રતિ કરનારની પણ છે. આમાં એક જ વિદ્યા કહેલી છે તેનો અર્થ કર્મત્યાગરૂપ વિશેષણવાળી અને કેવળ આત્મવિદ્યા થાય છે — એવી આત્મવિદ્યાને નિન્દી છે. કેવળ અનાત્મવિદ્યા નિન્દી છે તેમાં સકામ કર્મવત્તા અને અનાત્મવિદ્યા આવી ગઈ. તેવી જ રીતે જે સંભૂતિ નિન્દી છે તેમાં સંભૂતિ એટલે સ્વયંભૂ તે આત્મા છે અને સંભૂતિમાં રતિ એટલે કેવલ આત્મજ્ઞાનની બુદ્ધિ હોય અને તેની સાથે કર્મમાં પરાઙ્મુખતા હોય તેને નિન્દી છે. તેમ અસંભૂતિ એટલે તો સંભૂતિરહિત શરીરાદિ વિકલ્પસૃષ્ટિ જ કર્મફળના ભોગ આપનારી છે તે છે. તેનું અસંભૂતિપણું તો એટલા માટે કે તે નશ્વર છે અને તેમાં માત્ર સદ્વસ્તુનો આભાસ જ છે. અવિદ્યા અને વિદ્યા, અસંભૂતિ અને સંભૂતિ, એ બબ્બેમાંથી કોઈ એક ઉપર રાગ અને બીજા ઉપર દ્વેષ તે દ્વૈતસ્વરૂપ જ છે અને તે રહસ્યસિદ્ધાંતીઓને ઇષ્ટ નથી. શ્રુતિઓમાં પણ એમ જ કહેલું છે. સંભૂતિના ઉપાસક, અસંભૂતિના ઉપાસક, વિદ્યાના ઉપાસક, અને અવિદ્યાના ઉપાસકશ: એ સર્વ પણ એક માર્ગ ઉપર પક્ષપાત કરે છે અને બીજા માર્ગ ઉપર દ્વેષ કરે છે માટે તે સર્વ અંધ તિમિરમા પ્રવેશ કરે છે એવું ઈશાવાસ્યમાં સ્ફુટ છે જ. ત્યારે શુદ્ધ ધર્મ કોને કહેવો એવું પૂછો તો એ પણ એ જ ઉપનિષદમાં કહેલું છે કે 'વિદ્યા અને અવિદ્યા એ બેને જ સાથેલાગી જાણી લે છે તે અવિદ્યા વડે મૃત્યુને તરે છે. અને વિદ્યાથી અમૃતનો ભોગ કરે છે.' તેમ જ વળી તેમાં કહેલું છે કે 'સંભૂતિ અને વિનાશ એ બેને જ સાથેલાગાં જાણી લે છે તે વિનાશ વડે મૃત્યુને તરે છે અને સંભૂતિથી અમૃતનો ભોગ કરે છે.' આવી રીતે અવિદ્યાનું ગ્રહણ કરીને જ વિદ્યાનું ગ્રહણ કરેલું છે, અને તેમ જ સંભૂતિ અને અસંભૂતિનું ગ્રહણ કરેલું છે; માટે તે ઉપરથી સિદ્ધ થાય છે કે આત્મવિદ્યા અને અનાત્મવિદ્યાનો પરસ્પર ત્યાગ કર્યા વિના જ તેમનું ગ્રહણ કરવાનું આ શ્રુતિવાક્યોમાં કહેલું છે. અને તેમ બનવું તે તો કર્મત્યાગ કર્યા વિના ફલત્યાગીની આત્મવિદ્યામાં જ સંભવે છે. લક્ષ્યધર્મોમાં આદર કરીને જ અલક્ષ્યમાં પ્રવેશ કરવાનું રહસ્યમંત્રમાં કહેલું છે તે આ સ્થળે સ્પષ્ટ સિદ્ધ થાય છે. વળી એ જ શ્રુતિદેશે કહેલું છે કે, 'સ્વયંભૂ યથાતથ્યથી શાશ્વત વર્ષો સારુ અર્થોને કરે' તેમાં કહેલું સ્વયંભૂપણું અને સંભૂતિપણું તે એક જ છે. અર્થોને કરે એ વાક્યથી કર્મધર્મનું પ્રતિપાદન કર્યું. 'કર્મો કરતાં કરતાં જ સો વર્ષ જીવવાની ઇચ્છા કરવી' એ શ્રુતિ પણ આ જ લક્ષે છે. કેટલાકોનું કહેવું એમ છે કે

આમાં 'વિદ્યા'નો અર્થ 'આત્મવિદ્યા' નથી પણ 'દેવતાવિદ્યા' છે, એ બરાબર નથી; કારણ કે 'બ્રહ્મવિદ્યામાં સર્વ વિદ્યાઓની પ્રતિષ્ઠા છે', 'પરા વિદ્યા તે બ્રહ્મવિદ્યા', ઇત્યાદિ શ્રુતિઓ મુણ્ડકાદિ ઉપનિષદોમાં પ્રસિદ્ધ છે. 'બ્રહ્મવિદ્યાથી કર્મનું વિરોધીપણું છે. માટે આ વિદ્યા તે બ્રહ્મવિદ્યા નહિ પણ ભાગત્યાગ કરીને આ વિદ્યા તે દેવતાવિદ્યા જ લેવી' એમ કોઈ કહે તો બરાબર નથી; કારણ બ્રહ્મવિદ્યાનો ફલૈષણા સાથે વિરોધ છે, કર્મ સાથે વિરોધ નથી. કર્મત્યાગ તો અહીં સંભવતો નથી, કારણ 'કર્મ કર્યા વગર કોઈ અહીં ક્ષણવાર પણ કદી ટકતો નથી' એવું ગીતાનું વચન છે. 'પણ કર્મ જડ છે માટે કર્મવાન્ લોક જડ થાય છે.' એમ કોઈ કહે તો તે ખોટું છે, કારણ કર્મોનું ઈશ્વરસમર્પણ થવાથી કર્મો સ્વયોનિને પ્રાપ્ત થઈ તેના રૂપને પામે છે. 'કર્મનો ઉદ્‌ભવ બ્રહ્મમાંથી જાણ, અને બ્રહ્મનો સમુદ્‌ભવ અક્ષરમાંથી છે' એવું ગીતાવચન છે. તેનો અર્થ એમ છે કે અલક્ષ્ય જે અક્ષર છે તેમાંથી લક્ષ્ય બ્રહ્મનો ઉદ્‌ભવ છે અને એ લક્ષ્યબ્રહ્મ એ કર્મનો યોનિ છે. આવી જાતનાં કર્મ કરનાર જ પ્રબુદ્ધ પુરુષના વિષયમાં શ્રુતિઓનું કહેવું છે કે 'એનાં કર્મ એ પરાવરને જોતામાં ક્ષય પામે છે: 'કારણ એવા પુરુષનાં જ કર્મ સ્વયોનિને પ્રાપ્ત કરી શકે છે અને એ પ્રાપ્તિરૂપ હેતુથી ક્ષયયોગ પામે છે. આવી રીતે બે વિધિવાળો લક્ષ્ય-અલક્ષ્યનો જે ધર્મ તેનું જ પ્રતિપાદન કરતી શ્રુતિઓની પ્રવૃત્તિ થયાં કરે છે. તે આ પ્રમાણે છે: (૧) 'હિરણ્મય એટલે સુવર્ણમય પાત્રથી સત્યનું મુખ ઢંકાયેલું છે; હે પૂષન્! સત્યધર્મને માટે—દૃષ્ટિને માટે—એ મુખ તું ઉઘાડ!' એ વાક્ય ઈશાવાસ્યમાં છે. અહીં પાત્રનું સંપોષણ કર્યાથી ધર્મની સ્થિતિ છે અને તેને ઉઘાડવાથી દૃષ્ટિ એટલે બોધ થાય છે એમ એ લેવું. (૨) તેમ જ મુણ્ડકમાં છે કે, હિરણ્મય અને પર એવા કોશ (એટલે તરવારના મ્યાન)માં 'વિરજ-શુદ્ધ-અને નિષ્કલ-કલાહીન-જન્મવૃદ્ધિક્ષયાદિ શરીરધર્મથી રહિત-બ્રહ્મ છે.' અર્થાત્ બ્રહ્મરૂપ તરવારનું સુવર્ણમય મ્યાન છે તે રક્ષણયોગ્ય છે — ત્યાગ કરી કાઢી નાંખવાનું નથી; બ્રહ્મરૂપ શસ્ત્રની તેજ-તીવ્રતા-આદિ વિભૂતિઓ છે તે મ્યાનના રક્ષણથી જ રક્ષાય છે. શોક-મોહ-આદિ યુદ્ધકાળ આવે ત્યારે જ શસ્ત્રને મ્યાનથી રહિત કરી લેવાનું છે. બાકીને કાળે તો મ્યાન જ પ્રશસ્ત છે. આ કોશ અથવા-મ્યાન તે કોણ એમ તમે પૂછો તો ઉત્તર કહીએ છીએ કે એ મ્યાન કર્મયોગ જ છે એમ જાણવું. સુવર્ણમ્યાનના જેવા-પાત્રના જેવા-કર્મયોગ-સંસારમાં-આ લક્ષ્યમાં સુગુપ્ત અને તે છતાં તેનાથી અસ્પૃષ્ટ એવો આ પરાવર આત્મા અલક્ષ્ય અને નિત્ય જ છે. સુવર્ણમયપણું કહ્યું તેનું કારણ એ કે મૂલ્યવાળું સુવર્ણ જેવું રક્ષણયોગ્ય છે તેવું જ લક્ષ્ય પણ રક્ષણયોગ્ય છે. અક્ષરમાંથી સંભૂત થયેલું અને અક્ષરમાં અંતે જવાનું એવું આ લક્ષ્ય તેનો લક્ષ્યોથી-જીવોથી-વિનાશ થવો યોગ્ય નથી, કારણ અક્ષર જે અલક્ષ્ય તેની જ વિભૂતિ આ લક્ષ્યતા છે.

આ લક્ષ્ય કેવું છે અને તેમાં જીવસ્થિતિ કેવી છે તે દેખાડવા હવે શ્રુતિઓ આપવામાં આવે છે. જીવ નામનો આ પદાર્થ બ્રહ્મથી ભિન્ન નથી,

પણ સ્ફુલિંગરૂપે — અગ્નિના તણખારૂ પે—પુરુષ જ છે. તે એમ કહેલું છે કે ‘સુદીપ્ત પાવકમાંથી તેના જ રૂપવાળા વિસ્ફુલિંગો સહસ્ર રીતે ઉત્પન્ન થાય છે તેમ — હે સૌમ્ય! — અક્ષરમાંથી વિવિધ ભાવો ઉત્પન્ન થાય છે અને તેમાં જ પાછા જાય છે.’ આ પુરુષ અમૃતત્વનો ઈશ છે એમ પુરુષસૂક્તમાં કહેલું છે. ‘આ સર્વ જે ભૂત અને ભાવિ તે પુરુષ જ છે, અને અમૃતત્વનો ઈશ છે — તે અન્નવડે અતિરોહ કરે છે.’ અહીં ‘અન્ન’ એટલે ‘ભોગ્યમાત્ર’ છે; તેનાથી અમૃત થયેલું વિશ્વ, વિશ્વાત્મા પુરુષમાં, પુરુષથી જ અતિરોહ કરે છે. તે મુણ્ડકમાં કહેલું છે કે, ‘જેમ સદ્રૂપ પુરુષમાંથી કેશ અને રોમ ઊગે છે તેમ અક્ષરમાંથી અહીં વિશ્વ ઊગે છે.’ પુરુષ પોતાનામાંથી સર્જે છે, અતિરોહ કરે છે — જેમ ઊર્ણનાભિ એટલે નાભિમાં ઊન રાખનાર કરોળિયો કરે છે તેમ. અમૃતત્વનું આ ઈશપણું ઈશ્વરમાં અને જીવમાં સમાન છે. ઈશ્વર અને જીવ ઉભય, અલક્ષ્ય અને નિત્ય પુરુષમાં અતિરોહ કરે છે. આ અતિરોહ કાલે કરીને સ્વયોનિમાં શમી જાય છે માટે તે અનિત્ય છે. અને નિત્યરૂપ અલક્ષ્યની અંતર જ આ અતિરોહની સ્થિતિ છે તે આવિર્ભાવ અને તિરોધાન એવા બે ધર્મ પાળે છે. આવિર્ભાવકાળે એ યજ્ઞરૂપે પ્રજ્વલન પામે છે. તે પુરુષસૂક્તમાં કહેલું છે કે ‘જે પુરુષ-હવિવડે દેવોએ યજ્ઞ પ્રતત કર્યો, ‘અગ્રે ઉત્પન્ન થયેલા યજ્ઞ-પુરુષનું યજ્ઞમાં ઔક્ષણ કર્યું,’ ‘સૃષ્ટિસાધનયોગ્ય-સાધ્ય—એવા દેવો અને વેદમંત્રોના દ્રષ્ટા ઋષિઓ તેમણે એ (પુરુષ) વડે યજ્ઞ કર્યો, ‘જે યજ્ઞ કરતા દેવોએ પુરુષપશુને બાંધ્યો’, અને ‘દેવોએ યજ્ઞ વડે યજ્ઞ કર્યો — એ ધર્મો પ્રથમ હતા.’ ‘પુરુષ એ પશુ, પુરુષ એ હવિ, અને પુરુષ જ ‘યજ્ઞ’, એ રીતનો આ મંત્રોમાં જે યજ્ઞ કહેલો છે તે જ લક્ષ્યરૂપ યજ્ઞ સર્વત્ર પ્રજ્વલે છે. અમારા—આપણા—સિદ્ધાન્તમાં જે ઇષ્ટ—યજ્ઞ—છે તે આ જ. પશુ મારીને જે આ ઇષ્ટિ બીજાઓ કરે છે તે તો આ યુગમાં નિન્દ્ય છે. કલિમાં એક જ આ લક્ષ્યયજ્ઞ છે તે લક્ષ્યધર્મનો ધારનાર છે. સહસ્રાક્ષ એટલે સહસ્ર ઇન્દ્રિયોવાળો આ અલક્ષ્યમાં અતિરોહ પામેલો પુરુષ તેને લક્ષ્ય કહીએ છીએ. એ લક્ષ્યની ભૂમિ એટલે લક્ષ્યની મર્યાદાને એક પાદથી સર્વ પાસેથી ઘેરી લેઈ, બાકીના બીજા ત્રણ અમૃતપાદ વડે, શિક્ષિત દૃષ્ટિ અને અશિક્ષિત દૃષ્ટિના બધા લક્ષ્યને ઓળંગી, દશ આંગળની સંજ્ઞાવાળી અને દેશકાળના અવચ્છેદથી શૂન્ય કોઈ અવસ્થાથી સ્થિતિ ધરનાર પરાવર અલક્ષ્ય છે. તે અલક્ષ્યને અને લક્ષ્યને અદ્વૈતપણે લક્ષ્યાલક્ષ્યસિદ્ધાન્તીઓ સાધે છે; એ આ અમારું રહસ્યવિવરણ ઉત્તમાધિકારીમાં અલક્ષ્યનો પ્રબોધ કરવાને એટલે અલખ જગાડવાને બસ છે. બહુ શું કહીએ? ‘મનની સાથે વાણી જેને પ્રાપ્ત ન કરી જ્યાંથી થાકીને પાછી ફરે છે.’ ઇત્યાદિ વાક્યોથી લક્ષિતવ્ય—લક્ષવા યોગ્ય—અલક્ષ્ય આ પૂર્ણ જ છે; તેમાંથી એ લક્ષ્ય પણ પૂર્ણ જ છે તે લક્ષ્યનું આ અલક્ષ્યમાંથી ગ્રહણ કરી — ત્યાગ ન કરી — તે લેતાં પૂર્ણ જ બાકી રહે છે. માટે કરીને જ અમારો આ લક્ષ્યાલક્ષ્ય સિદ્ધાંત સુસંપૂર્ણ છે કે જેમાં જ ‘આ પૂર્ણ છે’, ‘એ પૂર્ણ છે’,

પૂર્ણમાંથી પૂર્ણ લેવાય છે અને પૂર્ણમાંનું પૂર્ણ લઈ લેતાં પૂર્ણ જ બાકી રહે છે.'

છેલ્લા મંત્રનો અર્થ આત્મા પરમાત્માના ઐક્યનો વાચક સમજાયેલો હોવા છતાં આ બીજો અર્થ પણ બેસી ગયો. આમ આદિથી અંત સુધી અત્યંત રસથી આ વિવરણ સરસ્વતીચંદ્ર વાંચી ગયો. તેમાં કથેલાં ઉપનિષદો તથા પુરુષસૂક્ત એને કણ્ઠસ્થ હતાં. તેમનાં ઉપરનાં ભાષ્યાદિનો એણે અભ્યાસ કર્યો હતો. છતાં આમાં કાંઈ અપૂર્વતા લાગી. નિદ્રાભંગ કરી ભૂખ્યો માણસ મિષ્ટાન્ન ભોજન કરી પાછો નિદ્રા પામે ને મધ્યકાળે ખાધેલું પુનર્નિદ્રાકાળે ભૂલી જાય તેમ સરસ્વતીચંદ્રને થયું.

પુનર્નિદ્રા પામતાં પાછી પોતાની પાસે ઉશીકા આગળ પથ્થર ઉપર કુમુદસુંદરી બેઠેલી લાગી અને એ સ્વપ્નની સુંદરીએ કુસુમની મુખમુદ્રા હતી. નિદ્રામાં—સ્વપ્નામાં — આ સ્ત્રી પાસે સરસ્વતીચંદ્ર અલખરહસ્યના શ્લોક અને વિવરણ સમજાવવા લાગ્યો અને સ્ત્રી તે આનંદથી સાંભળવા, અને પ્રશ્નો પૂછી સમાધાન કરાવવા લાગી:

'સરસ્વતીચંદ્ર! લખ કે અલખ? રસ કે જ્ઞાન?' સ્વપ્નસુંદરી આકાશમાં તરવા લાગી અને શ્રવણપુટમાં કથા કરવાને નિમિત્તે કપોલ સ્પર્શી ગાવા લાગી:

'મોહ્યો મોહ્યો વહાલો રસપ્યાલે રે!

જાગ્યો જાગ્યો ચતુર જ્ઞાનભાલે રે!

લખ સુખદુ:ખ જોવા તું આવ્યો રે!

જ્ઞાનજોગીને મન ત્યાં તું ભાવ્યો રે!

રહી અલખ તું અલખ જગાવે રે!

જ્ઞાનગોઠડી વહાલીને ભાવે રે!

લખ અંગ અલખ પ્રીત રહેતી રે!

મૂકે મદનની માયાને વહેતી રે!

વ્રજ ગાઢ તમાલ ભરેલું રે!

મેઘ છત્રમાં નીર તરેલું રે!

*ક્ષણ ક્ષણદા * તણાં અંધારાંમાં રે!*

રાધા શોધે છે કૃષ્ણજી કાળા રે!

રાધા શોધે, થાકે ને હાંકે રે!.

વાગે વાંસળી આઘે આઘે રે!'

‘વાંસલડીએ ઘેલી રાધાને કરી;

મધુરી વાગે, પણ નવ દીસે કહાન જો!   વાંસલડીએ૰

વાંસલડી કહે — સુણ ઓ રાધા! બાવરી,

અલખ મુખ ચડી કરું છું હું લખ ગાન જો!   વાંસલડીએ૰

અલખ પ્રીતડી જગાડું તુજ હૈયા વિશે,

અલખ કહાનની વનમાં ન જડે વાટ જો

અલખની જોગણ! અલખ જોગ ધરી જાગજે,

જગવ અલખ રતિ જમુનાજીને ઘાટ જો!   વાંસલડીએ૰

‘વહાલા! ભૂલ મા અદ્વૈત વાત આપણી જો!

જોગી જ્ઞાની જપે છે રસબાવની[X] *જો!   વહાલા!*

માયા લક્ષ્ય ને પુરુષ તે અલક્ષ્ય છે જો!

બેની ગાંઠથી સંસાર આ સમક્ષ છે જો!   વહાલા!

બેના સ્નેહનું અદ્વૈત રસપૂરમાં જો,

માયા વળગી રહી જ બ્રહ્મઉરમાં જો!   વહાલા!

વહાલા! પ્રીતતણી રીત એવી જાણજે જો,

અલખજ્ઞાની! લખ રસ માણજે જો!   વહાલા!

વળી સરસ્વતીચંદ્ર જાગ્યો ને વિચારવા લાગ્યો: ‘અહો, આ સ્વપ્ન કેવું? આ સ્વપ્નમાંના સંસારનો કર્તા કોણ? એનું પુણ્યપાપ કોને? શું મને? — ના! — કેમ નહીં? — તો આ જાગ્રત સંસાર પણ સ્વપ્નથી જુદો કેમ? કર્તા કોણ? ભોક્તા કોણ? — આ મહાસ્વપ્ન શું? કુમુદસુંદરી! તારો ત્યાગ કોણે કર્યો? ત્યાગ ક્યારે થયો? ત્યાગ થયો? — મારું આ પશ્ચાત્તાપરૂપ દુઃખ શાથી? શાને વાસ્તે?’

ફરી તેની આંખ મીંચાઈ. અત્યાર સુધી આંખને સ્વપ્ન થતું હતું તેને સ્થળે એકલા કાનને જ સ્વપ્ન થવા લાગ્યું. તેનો આત્મા સર્વવ્યાપી થઈ સર્વપાસથી — કાનમાં તેમ સર્વ રોમકૂપમાં શ્રવણેન્દ્રિય હોય તેમ સર્વ દિશામાં ગાજવા લાગ્યો અને સરસ્વતીચંદ્ર સ્વપ્નમાં સર્વ પાસથી આકાશવાણી જેવી આત્મવાણી સાંભળવા લાગ્યો:

[૧] *‘द्ंहा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्जाते॥ तयोरन्यः पिप्पलं स्वाद्वत्त्यनश्नन्नन्योऽभिचाकशीति॥ समाने वृक्षे पुरुषो निमग्नोऽनीशया शोचति मुह्यमानः॥ जुष्टं यदा*

पश्यंत्यन्यमीशमस्य महिमानमिति वीतशोकः॥ यदा पश्यः पश्यते रुक्मवर्ण कर्तारमीशं ब्रह्मयोनिम्॥ तदा विद्वान् पुण्यपापे यिधूय निरञ्जनःपरमं साम्यमुपैति॥ तरति शोकं तरति पाप्मानं गृहाग्रन्थिभ्यो विमुक्तोऽमृतो भवति॥'

'पुण्यपापे विद्यूय—पुण्यपापे विद्यूय — 'तरति शोकमात्मवित्तरतिशोकमात्मवित्' —'न च पुररावर्तते न च पुरावर्तते॥'

છે ઊડવા ઉત્તમ પાંખ, જુએ દૂર આંખ, પાંખી બે એવાં,
બહુ બેશ ઘડ્યો એ સંગ, મિત્રપ્રીતિરંગ ચડાવી રહેલા.
તે સમાન તરુની ડાળે
વળગી લટકેલાં' લાગે;
પણ પિપ્પલ ખાર્તુ એક, બીજું ન કૅઈ ખાતું ચળકતું પ્રભાએ!
—છે ઉડવા ૦ ૧.
એ સમાન તરુમાં, પડ્યું ભોગમાં, એક અનીંશ મૂંઢ રોતું;
એ સમાન તરુ પર વસ્યું પ્રકાશતું બીજું ઈશ થઈ જોતું —
એ બ્રહ્મયોનિ કર્તાર!
એ કનકતેજ ધરનાર!
એ પરમ નિરંજન નાથ!
એ ઉપર અનીશની આંખ પડે ને ભજે મહિમા એ જ્યાં,
તરછોડી પુણ્ય ને પાપ, છોડી જડગાંઠ, તરે એ શોક,
અનીશ ઈશસમ ત્યાં!
—છે ઊડવા૦ ૨
ઈશ સાથ સામ્ય એ થાય!
રહે જોઈ ઐક્ય એ આંખ!
ખંખેરી પુણ્યને પાપ,
તરી શોક, રહે ઊડી પાંખ!
એ આંખ—પાંખ ધરનાર પંખી, વિદ્વાન, અમૃત બની આવું,
ફરી આવર્તતું' નહીં, ફરી ન આવર્તતું, ઈશનું મનમાન્યું! '
—છે ઊડવા૦ ૩

(આ શ્રુતિવાક્યમાં બ્રહ્મયોનિ ઈશ્વર અને બ્રહ્મયોનિ જીવનો સંબંધ અને તેમની સાથે ઉપાધિનો યોગ વર્ણવેલો છે.)

છિન્નભિન્ન પણ શ્રુતિવાક્ય સ્વપ્નમાં સ્ફુરતાં સ્વપ્ન નષ્ટ થયું. પણ થોડી વારે પાછો સ્વપ્નોદય થયો. કુમુદસુંદરી વેરાગણને વેશે પાસે આવી બેઠી ને સરસ્વતીચંદ્ર પાસે શ્રુતિવાક્યનો લક્ષ્યાર્થ પૂછવા લાગી:

'તમે શોક કેમ કરો છો? બ્રહ્મને કેમ પામો છો? આપણું અદ્વૈત છે તો તમારી મારી અવસ્થાઓનું અદ્વૈત કરો, મને શોકમાંથી તારો, મને આત્મરૂપ પ્રાપ્ત કરાવો!'

ચંદ્રકાન્ત પણ આ સ્વપ્નમાં આવ્યો. 'પ્રિય મિત્ર! તમે બે એક તો હું કાંઈ જુદો નથી! ચાલો *त्रयाणामद्वैतं* સાધો.'

સરસ્વતીચંદ્ર કોઈને ઉત્તર દેતો નથી, સર્વને માત્ર સાંભળ્યાં કરે છે, સ્વપ્ન વાધે છે. સ્વપ્નમાં સ્વપ્ન આવે છે, બંધ થાય છે અને ફરી આવે છે.

બીજા સ્વપ્નમાં સરસ્વતીચંદ્ર સુંદરગિરિના શિખર ઉપરથી આકાશમાં ઊડવા લાગ્યો. ઊડવા માંડે છે એટલામાં ચંદ્રકાંત આવી પાસે ઊભો ને હાથ ઝાલી પૂછવા લાગ્યો: 'Where, my friend, dost thou fly like an angel upwards ?'

સરસ્વતીચંદ્ર બે હાથ ઊંચો ઊડ્યો ને એટલામાં આમ અટકાવ્યો અટકી બોલ્યો:

'Chandrakanta, sweet philosophy buoys me up into the Heavens! I fly effortless like Dante in his Paradise !'

આ શબ્દ નીકળતામાં તો કુમુદસુંદરી પગ નીચે આવી સરસ્વતીચંદ્રને બે પગે બાઝી, ને હસતી હસતી ઊંચું જોઈ બોલી:

'Thou hast no right to rise Without me! Am I not that Beatrice whose vision fills thy soul and flies as thou fliest ?'

સર. 'Sweet angel of purity! Thou art — thou art! Fair etherial spirit! Guide us unto thy regions! Thou shalt rise and raise us all. Come !'

સરસ્વતીચંદ્ર બોલ્યો ને તેના શબ્દનો અવકાશમાં પ્રતિધ્વનિ થયો.

ત્રણે જણ અન્યોન્યને આ રીતે વળગેલા સુંદર ગાન કરતાં ઊડવા લાગ્યાં અને આપણે જાગ્રત પૃથ્વીનાં માનવી સ્વપ્નના આકાશમાં ઊડી શકીએ એમ નથી.

---

* ક્ષણદા = ક્ષણ આપનારી, અવકાશ આપનારી રાત્રિ.

X બાવની = બાવન અક્ષરનું જાળું, ભાષા.

૧. ભાષાંતર:

૭. રત્નનગરીના રાજાઓ અને પ્રધાનો

ભાગ્યના કોઈક મહાપ્રબળને લીધે અનેક અને મહાન વિપત્તિઓના ઇતિહાસવાળા રત્નનગરીના રાજ્યને સેંકડો વર્ષોથી રાજા અને પ્રધાનોનું સ્થાન સાચવવા મહાપુરુષો જ મળ્યા હતા. એ રાજાઓ સૂર્યવંશી લેખાતા અને એક પગે સુવર્ણનો તોડો રાખતા. પ્રાચીન કુલસંપ્રદાય સાચવવાનું તેમને અભિમાન હતું... એ અભિમાનના દીવાને પવિત્ર ઇષ્ટદેવતાનો અંશગુણ ગણી અખંડ જ્વલમાન રાખવામાં આવતો, અને સિંહાસનના સર્વ ભાવી સ્વામીઓને બાલ્યાવસ્થામાંથી આ દીવાની પૂજા કરાવવી એ જ રાજદીક્ષા ગણાતી અને તે દીક્ષા તેમને આપવા ત્યાંના સર્વ રાજાઓ જાતે આગ્રહ રાખતા. આ અભિમાન આ ભૂપપરંપરાની જુદી જુદી ભૂમિઓનાં જુદા જુદા પુરુષગુણનું બીજરૂપ થયું હતું અને જેવા જેવા રાજાઓ તેવા તેવા તેમના ગુણને અનુગુણ પ્રધાનો થયા હતા.

અનેક બીજ—પુટના સંગ્રહરૂપ આ અભિમાનનું સ્વકુટુંબમાં અને પોતાનામાં પોષણ કરવું અને સમર્થ વિશ્વાસયોગ્ય પ્રધાન તૈયાર કરવા અંતે તેમને પ્રધાનપદે આણવા એ ઉભય વિષયમાં ઉત્કર્ષ પામવો એ રત્નનગરીના ભૂપતિઓનો પ્રાચીન કાળથી સ્વભાવ થઈ પડ્યો હતો.

આ કુલસંપ્રદાયનાં પ્રકરણ બહુ ન હતાં, પણ થોડાંક દૃઢ અને ઉત્તમ હતાં. પ્રજાની સાથે પિતાપુત્રભાવ ગણવો અને પ્રજાનું રક્ષણ તો બુદ્ધિમાન રાજાઓ સ્વાર્થે કરે પણ પ્રજાવત્સલ થવું એ અભિલાષા વિના પિતાપુત્રભાવની સિદ્ધિ થતી નથી. એ સંપ્રદાય વિના સૂર્યવંશ શુદ્ધ ગણાય નહિ એવી શ્રદ્ધા આ રાજકુળનો પ્રથમ સંપ્રદાય હતો. પ્રજાનો શત્રુ તે પોતાનો શત્રુ ગણવો અને એવા શત્રુઓ રાજ્યમાં અધિકારીરૂપે અને કુટુંબમાં કુટુંબીરૂપે પ્રકટ થાય તો તેને [X] *राजा मित्रं केन दृष्टं श्रुतं वा* એ સૂત્રનો અનુભવ કરાવવો અને 'અમે રાજાઓ તો ગુણના સગા ને માણસના સગા નથી' એ કહેવત ખરી છે એમ સૌની ખાતરી કરી આપવી એ બીજો સંપ્રદાય હતો. દ્રવ્યનો સંચય થાવ કે ન થાવ પણ કુમાર્ગે ખરચાય નહિ અને માણસો ખાઈ જાય નહીં એ વાત ઉપર નિરંતર ધ્યાન આપવું એ ત્રીજો સંપ્રદાય હતો. સેના જાગ્રત રાખવી અને તેને કસવાના પ્રસંગ આપ્યા કરવા; સેનાપતિનું કામ રાજાએ પોતે જ કરવું અને પાટવી કુંવરને શીખવવું; વર્ણસંકર બાળક પોતાની ગાદીને ભ્રષ્ટ ન કરે તે વિશે અત્યંત સાવધાનપણું રાખવું; શુદ્ધ અને નિકટના વારસોમાં પણ યોગ્ય વારસોમાં જે બાલક રાજ્ય — યોગ પુરુષગુણવાળો હોય તેને અપુત્ર રાજાએ યોગ્ય કાળે દત્તક લઈ લેવો — આ અને એવી બીજા થોડાક સંપ્રદાય આ ભૂપતિઓના કુલસંપ્રદાય ગણાતા. રત્નનગરીનો રાજા બીજી રીતે સારો હોય કે ખોટો, નીતિમાન કે દુષ્ટ, પ્રવીણ હોય કે મૂર્ખ પણ આટલા સંપ્રદાય તો તેને જન્મથી વળગાડવામાં આવતા, અને દરેક રાજા પોતાના પુત્રના ગુણને યોગ્ય પણ સમર્થ પ્રધાન થવા જેવા પુરુષોને વેળાસર શોધી રાખી પ્રધાનકાર્યમાં તેમને પ્રથમથી કેળવતા અને પુત્રની સાથે સ્નેહબંધનમાં નાંખતાં.

રત્નનગરીનું રાજ્ય પ્રાચીન કાળમાં એટલે અશોક, ચંદ્રગુપ્ત, આદિ ચક્રવર્તી રાજાઓના કાળમાં પણ ઉદયદશા ભોગવતું હતું એ તેની આસપાસ ખોદાયેલી માટી અને પથ્થરોમાંનાં ચિહ્નોથી અને સિક્કાઓથી સિદ્ધ થયું હતું. શક રાજાઓની સામે રત્નનગરીના રાજાઓએ યુદ્ધ કરેલાં, તેઓ હારેલા, અને જીતેલા, અને વચમાં શક રાજાઓનું રાજ્ય પણ આ ભૂમિમાં થયેલું; તે સર્વ ઇતિહાસ કિલ્લા, દેવાલયો, સ્તંભો, વાવો અને એવાં બીજાં પ્રાચીન સ્થળોમાંથી વિદ્યાચતુરના સમયમાં નીકળ્યો હતો. બૌદ્ધધર્મ, જૈનધર્મ, શ્રૌતસ્માર્ત સંપ્રદાય, ઇત્યાદિના જયપરાભવ પણ એવાં જ સ્થાનોથી જણાઈ આવતા. પાછલા કાળમાં રાજપુત્રો ઈર્ષ્યા, મૂર્ખતા, આદિ દોષને બળે પરસ્પરને કાપતા હતા તે કાળનું ચિત્ર પણ ક્વચિત્ સમજાતું હતું. મુસલમાન બાદશાહો અને સુલતાનોની ક્રૂર ચડાઈઓ પણ અનેક વાર થયેલી, પણ ક્વચિત્ શૌર્ય બતાવી તો ક્વચિત્ સામદામભેદ સાધી — રત્નનગરીના રાજાઓ પોતાનું સ્વતંત્રપણું જાળવી શક્યા હતા. રાજ્યનું એક રીતે ઈશ્વરે રક્ષણ કરેલું હતું. પશ્ચિમમાં સમુદ્રને તીરે અને સુંદરગિરિની બે પાસ આ રાજ્ય પાઘડીયને આવેલું હતું અને એની ઉત્તરમાં, પૂર્વમાં અને દક્ષિણમાં બીજા રજપૂત રાજ્યો આવેલાં હતાં તેમની સાથે સંપ રાખી, પરદેશીઓ સામે યુદ્ધપ્રસંગે તેમને ગુપ્ત અથવા ઉઘાડો આશ્રય આપી, તેમના બળથી પોતે સુરક્ષિત અને સુગુપ્ત રહેલા આ રાજાઓ પોતાનાં દંભ કરતાં પોતાની કુશળતાનું મૂલ્ય વધારે ગણતા; અને તેથી પરદેશીઓનો ડોળો પોતાના ઉપર પડે નહિ, અને પડે તો પોતાને જીવતા આવતાં અનેક સંકટો દેખે અને તેને પાર પડતાં ખરચ વગેરેનો જમેઉધાર કરી જાતે જ લોભાતાં ડરે, ઇત્યાદિ યુક્તિઓથી રત્નનગરીનો મધ્યકાળનો ઇતિહાસ ભરાયો હતો. દ્રવ્યના લોભી મરાઠાઓના લોભને તૃપ્ત કરવો એ તો આ રસાળ રાજ્યને કઠણ હતું જ નહીં. અંગ્રેજી કંપનીનું રાજ્ય પેશવાઈને ઠેકાણે પથરાયું ત્યારથી આ રાજ્યનો ખરો પરાભવ આરંભાયો. પેશવાઈ ગઈ તે વેળા ત્યાં મલ્લરાજનો પિતા નાગરાજ રાજ્ય કરતો હતો અને તે જીવ્યો ત્યાં સુધી અંગ્રેજોની સાથે પોતાની નાની સરખી સેના લઈ ઘડી ઘડી યુદ્ધમાં ચડતો અને યુદ્ધકાળે પોતાના સફળ સૈનાપત્યથી તેમ ઇતરકાળે પ્રવીણ સામ — વ્યવહારથી અંગ્રેજ સેનાપતિઓમાં પ્રીતિ અને પ્રતિષ્ઠા પામ્યો હતો. કર્નલ બ્રેવ નામના સેનાપતિ સાથે

એનો છેલ્લામાં છેલ્લો વિગ્રહ (war) થયો. પેશવાઓના વિશ્વાસરાવ નામના સરદારને ઘણીવાર કાઢી મૂક્યા પછી તેને ઠેકાણે કંપની સરકારની આણ વર્તાવવા પેશવાને નામે આ અંગ્રેજ સરદાર આવવા લાગ્યો. નાગરાજ અને કર્નલ બ્રેવ વચ્ચેનો વિગ્રહ છ માસ ચાલ્યો. સુન્દરગિરિ ઉપર પોતાના મુખ્ય કિલ્લા હતા ત્યાં એણે રત્નનગરીની ધનવાન વસ્તીને મોકલી દીધી. પોતાનું મુખ્ય સ્થાન (Head—quarters) પર્વત ઉપર રાખી, ઘડીકમાં પર્વતની પૂર્વ ખીણોમાંથી, ઘડીકમાં ઉત્તરમાંથી અને ઘડીકમાં દક્ષિણમાંથી એ નીકળી આવતો. બેત્રણ વાર અંગ્રેજ સેનાની તોપોમાં એણે ખીલા માર્યા અને બે તોપો અણીશુદ્ધ પકડી શત્રુના સામી વાપરવા લાગ્યો. ઉઘાડા યુદ્ધમાં ચાલતા સુધી પડતો નહિ, પણ શત્રુ તોપો મૂકી આઘાપાછા આવ્યા હોય ત્યારે તેમની સાથે લડવાનું ચૂકતો નહીં. અંગ્રેજ સેનાના ભોજનપદાર્થ પૂર્વમાંથી આવતા ત્યાં જઈ પડાવી લેવાની તેણે એક વખત સફળ છાતી ચલાવી. અંતે બ્રેવસાહેબે એને શોધી કાઢી યુદ્ધ કરવાની જરૂર પાડવાનો પ્રયત્ન કર્યો, અને નાગરાજની સેના લઈ એનો મોટો અને પ્રિય પુત્ર હસ્તિદંત સુન્દરગિરિ ઉપર ચડવા જતો હતો તેની અને પર્વતની વચ્ચેની જગા બ્રેવની સેનાએ રોકી. હસ્તિદંતની પાસે માણસ થાકેલાં અને થોડાં હતાં; છતાં યુદ્ધ સિવાય છૂટકો ન રહ્યો. વીરહાક મારી એણે અંગ્રેજ સેના ઉપર હુમલો કર્યો. નાગરાજને આ વાતની ખબર પડી અને ખબર પડતાં પર્વત ઉપરથી બાકીની સર્વ સેના લઈ સુભદ્રાની એક બાજુએથી અંગ્રેજ સેનાની પૂઠ આગળ અચિંત્યો આવી ઊભો, અને એ સેના પાછી ફરે તે પહેલાં પાછળથી હુમલો કર્યો. બ્રેવનાં માણસો આ કાળે હસ્તિદંતની સેનાને કાપી નાંખી પરવાર્યા હતાં અને આઠદસ માણસો તથા હસ્તિદંત એટલાં જ જીવતાં રહેલાં હતાં તેમના ઉપર અંગ્રેજ સેના ત્રુટી પડવા ઉન્મુખ થઈ, તેવામાં તે આ પાછળની વીરહાકથી ચમકી અને દ્વૈધીભાવ પામી અને તે દ્વૈધીભાવ પામતાં તેનું શૌર્ય શૂન્ય થવા લાગ્યું. કર્નલે આ જોયું અને તે દ્વૈધીભાવ અટકાવવા એકદમ એક બાજુથી ત્રુટી પડી. બીજાં માણસ પડતાં મૂકી, હસ્તિદંત ઉપર નિશાન તાકવા લાગ્યો. બીજી પાસથી નાગરાજે તે દીઠું અને તેનો પ્રતીકાર કરે તે પહેલાં તો કર્નલની બંદૂકમાંથી છૂટેલી ગોળી ધડાક્ લઈને છૂટી અને હસ્તિદંતની છાતીમાં વાગી, રાજપુત્ર પડ્યો, પણ કર્નલ નિરાશ થયો. પુત્રના મરણથી નિરાશ અને નિસ્તેજ ન થતાં શૂર નાગરાજ મહાબલ કરી કૂદ્યો. પુત્રને ધન્યવાદ આપતો હોય એમ પ્રૌઢી વીરહાક મારી ઊછળ્યો તે એક છલંગે પાંચ હાથ લાંબો અને બે હાથ ઊંચો એક ખડક ઓળંગ્યો અને ભીડમાં બીજો અવકાશ ન મળતાં મરેલા પુત્રનું શરીર જોઈ, મરેલા પુત્રની છાતી ઉપર પગ મૂકી કૂદ્યો અને બ્રેવના ઉપનાયકને કાપી નાખ્યો. એનાં માણસો પણ ઊછળ્યાં અને તુમુલ યુદ્ધ મચ્યું. એટલામાં રાત્રિ પડી, સેનાઓ પાછી ગઈ, અને રાત્રિએ યુદ્ધમાં અંતરાય નાંખ્યો. કોઈ હાર્યું નહિ, જીત્યું નહીં. પણ પોતપોતાની સેના બે સેનાપતિઓએ તપાસી. નાગરાજની સેના નાશ પામી; બ્રેવની સેના પણ નાશ પામી. પરંતુ સરકારી સેનામાં નવો ઉમેરો પાછળથી તૈયાર થઈ આવે છે એવી બાતમી નાગરાજને પણ મળી, ત્યારે એની સેના સર્વ ખપી ગઈ માલૂમ પડી. છતાં એણે હિમ્મત ખોઈ નહીં. રાત્રિએ માણસ મોકલી કિલ્લાઓનાં દ્વાર વસાવ્યાં અને યુદ્ધ સારુ તેમાંની સેનાઓને સાવધાન કરી. પ્રત્યેક કિલ્લામાંથી થોડાં થોડાં માણસ રાતોરાત મંગાવી, બીજા વૃદ્ધ અને જુવાન રજપૂતોને શસ્ત્ર બંધાવી, એક રાતમાં— પ્રાતઃકાળ થતા પહેલાં, નાગરાજ નવી સેના લઈ ગાજ્યો અને એનાં યુદ્ધવાદિત્રો જનરલના કાનમાં શબ્દ પહોંચાડવા લાગ્યાં.

કર્નલ પોતાનું બળ સમજતો હતો અને હવે નાગરાજ ટકી શકનાર નથી એ પણ જાણતો હતો. છતાં એના શૌર્યથી, એના ધૈર્યથી, એની સમયસૂચક પ્રતિભાથી, અને એની પ્રવીણતાથી અંગ્રેજ નાયક અત્યંત પ્રસન્ન થયો અને આવા શત્રુને નષ્ટ કરવા કરતાં સરકારનો મિત્ર કરી તેને પ્રતિષ્ઠિત રાખવામાં વધારે લાભ અને શૌર્ય માનવા લાગ્યો. ક્ષાત્ર ઉદ્રેક નમ્યું નહીં આપે સમજી પોતે જ નાગરાજ પાસે દૂત મોકલ્યો અને તેની સાથે પત્ર મોકલ્યો:

'પ્રિય શૂર મિત્ર — જો આપણે હજી શત્રુપણે વર્તીશું તો એક પ્રાચીન રાજ્યનો અને તેના પ્રતાપી શૂર રાજાનો નાશ થશે તે શૂર બ્રેવને નહીં ગમે. ઇચ્છા હોય તો હું મિત્ર થવા અને તમારી ભલામણ સરકારને કરવા તૈયાર છું. હું સરકાર નથી પણ સરકાર મારા જેવા સેવકો પર વિશ્વાસ રાખે છે. એ વિશ્વાસનો ઉપયોગ કરી યુદ્ધને ઠેકાણે શાંતિ અને શત્રુતાને ઠેકાણે મિત્રતા કરવી હોય તો એકદમ ઉત્તર કહાવજો. પછી યુદ્ધ ઉપર દુરાસંગ હોય તો કંપની સરકારની સેના સજ્જ છે. — તમારો મિત્ર બ્રેવ.

તા. ક. — તમે શરણ થાવ એ હું માગતો નથી. તમારા શસ્ત્રનો તેમ તમારા શબ્દોનો મને પૂર્ણ વિશ્વાસ છે. — બ્રેવ.'

નાગરાજે ઉત્તર લખાવ્યો: 'કંપની સરકારની સેનાઓ નદીની રેલ જેવી છે તે અમને ખબર ન હોય તો અમે આંધળા કહેવાઈએ. પણ અમે આગના તણખા જેવા છઈએ. અમને જે અડકે તે દાઝે એટલો અમમાં તાપ — તે ભૂંડો છે. અમારામાં જ તેજ છે. હવે રેલથી તણખો હોલાવશો તો તેજ ને તાપ બે ભેળાં જશે. તમારે અમારું તેજ જાળવવું હશે ને તાપ હોલવવો હશે તો બનવાનું નથી ને લડાઈ કર્યા

વગર ચાલવાનું નથી. પણ અમમાં તાપ રાખશો તો તેજ જવાનું નથી ને જશે તો કોઈ દી પાછું આવશે માટે અમારો તાપ રહેતો હશે અને રેલને ઠેકાણે રેલ ને કોરામાં તણખો રહે એવી વાત કરશો તો થશે. તેમ ન કરો તો રાજા રામ ને રાણો રાવણ ગયા તેમ કોઈ હારીને અને કોઈ જીતીને પણ તમે અમે ને બધી પૃથ્વી સૌ આખર જઈશું તેમાં કાંઈ ડર નથી. એ તો જન્મ્યું તે જાય ને લડે તે ઘવાય. એટલું મનમાં રાખી કરજો. પછી સરકારને પૂછો કે ન પૂછો. ઊલટું કરશો તો પૂછ્યું નકામું ને સૂલટું પૂછશો તો વગર પૂછ્યે છે તે છે જ. તમારા માંહોમાંહેના કાયદાથી અમે બહારના માણસ ભોમિયા નથી તેમ બંધાતા નથી. દાદો સૂરજ તપશે ને તેના દીકરા અમો કોઈ જીવતા હોઈશું ત્યાં સુધી રત્નનગરીની ધરતીનો કટકો પરહાથે જવાનો નથી ને અમારું માથું નમવાનું નથી. બાકી દોસ્તીનો વાંધો નથી ને કંપની સરકાર ઉપર અમારે મમતા છે. તે મમતા રાખવી કે ભાંગવી તે તમારી મરજીની વાત છે.'

આણી પાસથી નાગરાજે બ્રેવસાહેબને આ ઉત્તર પોતાના વિશ્વાસુ પુરુષો સાથે મોકલ્યો, અને આ વ્યવહારનિમિત્તે મળેલા અવકાશનો ઉપયોગ કરી લેવાના હેતુથી પોતાના નાના પુત્ર મલ્લરાજને બોલાવી આજ્ઞા આપી કે 'આપણી ત્રણે પાસ રાજાઓ છે તેમને જઈને મળો અને કહો કે બાપુ, હજી ચેતવું હોય તો ચેતો. ત્રણ પાડા ભેગા થશે તો શિંગાળા છે તે સાવજને ભારે પડશે ને નોખા હશે તો એકે એક બધાને સાવજ ખાશે. જાંગલાનું ને નાગરાજનું શું થાય છે તે હાલ તો તમારે જોવાનો ખેલ છે પણ આ ખેલ પૂરો થશે એટલે તમારો ખેલ પણ એવો ને એવો થવાનો તે તમારા જેવી અક્કલવાળા બીજા જોશે ને તેમનો ખેલ ત્રીજા જોશે. માટે વેળાસર ચેતવું હોય તો તમે જાણો. અમે કંઈ અમારે મરવાના ડરથી બોલાવતા નથી, પણ વાણિયાના દીકરા જમેઉધારનું સમજે એટલું આપણે ગાદીના ધણી નહીં સમજીએ તે સમજનાર જાંગલાઓને ગાદી વરે એ જુગતું છે. ગાદી તો ઇન્દ્રાણી જેવી છે ને જીતે તેને વરે. મારા તમારા મોટેરાઓને મેળવતાં આવડી તો તેમને વરી. આપણને મેળવવાનું તો રહ્યું પણ સાચવતાંયે નહિ આવડે તો જાંગલાઓ બળે ને કળે તેના પર અલાખો કરે તે બરોબર છે. જો સાચવવી હોય તો અમારી વાત સાંભળજો. ન સાચવવી હોય તો મરજી.' મલ્લરાજ આ આજ્ઞાનો અમલ કરવા ગયો. પાડોશી રાજાઓમાં ઈર્ષ્યા અને મત્સર હોવા છતાં નાગરાજનાં વાક્યબાણથી તેમની જડતા વીંધાઈ. નાગરાજના પૂર્વચાથી રાજાઓએ ઘણી વાર આવી જ કળાથી ચોપાસના રાજાઓને એકઠા કરી તેમનું અને પોતાનું રક્ષણ કર્યું હતું અને આજ પણ એ જ સંપ્રદાયના આચારથી સૌ રાજાઓ એકઠા થયા, અને મલ્લરાજનો ફેરો સર્વ ઠેકાણે સફળ થયો.

કર્નલ બ્રેવને નાગરાજનો ઉત્તર મળ્યો તે તેણે ફરી ફરી વાંચ્યો અને તે વધારે વધારે પ્રસન્ન થયો. પણ એના ઉપરી અધિકારીઓ એના જેવા ઉદાર ન હતા અને પેશવાઈને નામે ચોથ પણ ન મળે અથવા કાંઈ લાભકારક સંધિ ન થાય અને માત્ર લૂખી મિત્રતા કરી પાછા જવું એ તો મૂર્ખતા ગણાય અને અનુમત પણ ન થાય એમ હતું. આવા શૂર ને ઉદ્રિકત રાજાની મિત્રતામાં જ લાભ છે એવો બ્રેવનો પોતાનો અભિપ્રાય ઉપરી અંગ્રેજો સમજે એમ ન હતું. એમની ઇચ્છાનું અનુવર્તન પણ આવશ્યક હતું તેથી પોતાની ઇચ્છાવિરુદ્ધ આ સરદારને વર્તવું પડ્યું, અને એણે નાગરાજનાં માણસોને ઉત્તર દીધો કે 'સરકારને તમારી ધરતી જોઈતી નથી પણ પેશવા સરકારનો અધિકાર કંપની સરકારને મળ્યો છે અને તે તમે સ્વીકારો.' આના ઉત્તરમાં નાગરાજના પ્રધાને કહ્યું કે, 'અમે પેશવાને કદી નમ્યા નથી અને મરાઠાઓને આ હદ સુધી કદી આવવા દીધા નથી; અમે પેશવાને ઓળખતા નથી; પણ કંપની સરકાર સાથે મિત્રતા કરવા તૈયાર છીએ.'

આ વચન સત્ય હતું, પણ બ્રેવને તો પેશવાઈના અધિકારથી જે વર્તવાનું હતું. અને પેશવાએ જ રીતના કરાર કરેલા હતા તે જ કરારો તાજા કરવાનો અધિકાર હતો; માટે આ નવા પ્રસંગને વાસ્તે નવો અધિકાર મુંબઈથી મેળવવો પડે એમ હતું. આ ગૂંચવાડાને લીધે એક આખો દિવસ નકામો ગયો. બીજે દિવસે પ્રાતઃકાળે મલ્લરાજ ચારે પાસના રાજાઓની સેનાઓ એકઠી કરી પિતાને મળ્યો, અને તે સર્વ રાજાઓના રાજપુરુષ એકઠા મળી બ્રેવ પાસે ગયા. આ સર્વ મંડળ એકઠું થયું જોઈ કર્નલ બ્રેવનો મૂળ વિચાર દૃઢ થયો, અને ઉપરી અધિકારીઓનો અભિપ્રાય મેળવવા સારુ અવહાર [૧] સંયોજ્યો. આ અવહાર થતાં તેણે ઉપરીને પત્ર લખ્યો કે, 'આ રજપૂતો શૂર છે, અભિજાત [૨] છે, સત્યવચનના આસંગી છે, મૂર્ખ નથી, દુષ્ટ નથી, નીચ નથી. એ મહારાજા જો કંપનીના મિત્ર થાય તો આ ભાગમાં એમની મિત્રતા હાલ ને આગળ જતાં ઘણી ઉપયોગી થશે.' પરસ્પરને યુદ્ધકાળે આશ્રય આપવો, એકબીજા સાથે અથવા અન્ય રાજાઓ સાથે તકરાર થતાં કંપની દ્વારા ન્યાય લેવો, કંપની સાથે તકરાર થતાં પંચ નીમવાં અને પંચનો સરપંચ અંગ્રેજ રહે, ઇત્યાદિ નિર્દોષ દેખાતી શરતોના કરારવાળો સંધિ રાજાઓએ અંગ્રેજ સાથે કર્યો. દ્રવ્ય આપવું લેવું નથી, આપણી ધરતી અખંડિત છે, આપણું સ્વાતંત્ર્ય યથાસ્થિત છે, ઇત્યાદિ કલ્પના કરી, આ સંધિ રાજાઓએ આનંદથી સ્વીકાર્યો. માત્ર યુવાન મલ્લરાજને તે ન ગમ્યો. પરંતુ તે ન ગમવાનું કારણ સ્પષ્ટ રીતે સમજાવવાની તેનામાં શક્તિ હતી નહિ અને પિતાની પાસે બોલવા

જતો ત્યાં જ કંઈક કરણથી આંચકો ખાતો. અંતે સંધિ સંપૂર્ણ થયો અને તે કાળે સર્વ મંડળ ઉત્સાહમાં આવ્યું ત્યારે મલ્લરાજ ઊંડા ખેદમાં પડ્યો અને મનમાં નિઃશ્વાસ મૂકી કહેવા લાગ્યો: 'આજથી આ રાજ્યને સજડ બેડી જડાઈ અને રજપૂતાઈ રંડાઈ; હવે આપણે ચૂડીઓ પહેરી; લડવાનું ગયું; બૈરાનું રક્ષણ આપણે કરીએ તેમ આપણું રક્ષણ અંગ્રેજ કરશે. ધરતી, શાંતિ, નામરદાઈ: એ ત્રણ સ્ત્રીઓ હવેથી સુહાગણ થશે અને રજપૂતાઈ દુહાગણ થશે.' આવી નિરાશાથી મલ્લરાજ પિતાની ગાદીએ બેઠો. કાળક્રમે ધીમે ધીમે અંગ્રેજસત્તાની રેલ નીચે સર્વ રાજ્યો ડૂબી જતાં એણે દીઠાં. નાનાસાહેબના બંડને પ્રસંગે તે પ્રથમ તટસ્થ રહ્યો. આખા દેશમાં સમુદ્રમન્થન છતું હતું તેમાંથી તેણે ઉપદેશ શોધ્યો; દેશનું રક્ષણ કરવા એકલું બળ સમર્થ નથી, કળ પણ જોઈએ; તે દયા અને ક્ષમા વિના આવે એમ નથી, અને તે ઉભય સદ્‌ગુણોનો અંગ્રેજોમાં આવિર્ભાવ અને સ્વદેશીઓમાં તિરોભાવ જોઈ મલ્લરાજ નિરાશ અને દુઃખી થયો. વિદ્યાચતુરના મામા જરાશંકરનો પ્રસંગ તેને આવામાં જ સજડ થયો હતો. જરાશંકરે દુઃખી રાજાને સુખનો માર્ગ બતાવ્યો: 'મહારાજ, સમર્થ અને સદ્‌ગુણીનો વિશ્વાસ અને સંબંધ કરવો યોગ્ય છે. પોતાની તરવાર, માટે પેટમાં ઘોંચાતી નથી. પોતાના દેશી, માટે તેની પાસે દેશનો દાટ વળાવવો એ અકાર્ય અને મૂર્ખતા છે. દશા પ્રમાણે સુબુદ્ધિ અને કુબુદ્ધિ થાય છે. આપે જેટલી જેટલી હકીકત મને કહી છે તે સર્વ ઉપરથી મને એમ લાગે છે કે કેવળ આપના રાજ્યનું નહીં પણ સર્વ રાજ્યોનું કલ્યાણ આ શાણા પરદેશીઓને પગલે છે; તેમની આંખમાં અમીદૃષ્ટિ છે, અને અંતે જય પણ તેમનો જ થશે. આ મરાઠાઓ અને મુસલમાન અંગ્રેજ સામા ફાવ્યા તો સામાન્ય શત્રુનો નાશ થતાં પરસ્પર યુદ્ધ કરશે, અને તેમાં જે ફાવશે તે સર્વ રજવાડાને કનડશે અને શિયાળ અને વરુનું કામ કરશે.'

મલ્લરાજ સૂક્ષ્મ દૃષ્ટિ કરી તાકી જોઈ રહ્યો. 'હા, એમાં તો કાંઈ સંશય નથી. પણ તારા જેવા બ્રાહ્મણો શાંતિ ઇચ્છે અને મારા જેવા ક્ષત્રિયો યુદ્ધ ઇચ્છે છે અને શિકાર ઇચ્છે. જો આમાં અંગ્રેજો જીત્યા તો ક્ષત્રિયોને નામે પોક મૂકવાનું થશે એમાં કોઈ વાંધો લાગે છે?'

'ના.'

'ત્યારે?'

'ત્યારે શું? ધન્ય ઘડી ધન્ય દહાડો, કે રાજાઓમાં ને પ્રજાઓમાં શાંતિ શાંતિ થઈ જાય! મને તો અંગ્રેજોની અમીદૃષ્ટિનો બહુ વિશ્વાસ છે.'

'પણ સરત રાખજે કે એ પણ માણસો છે, એમને પણ પેટ છે, ને વાણિયા જેવાના હાથમાં આખો દેશ જશે એટલે એકલહથ્થા વાણિયા જેવું ભૂંડું કોઈ નથી.'

'મહારાજ, એમ ગણો; પણ ઉપાય શો છે? તમે ક્ષત્રિયો એકઠા થઈ જાઓ એમ હો તો પરદેશીને કાઢવા લડનારાઓને બંડખોર કહેવા વારો કેમ આવે? કંઈક આપણામાં જ અસાધ્ય રોગ હોય નહીં તો જમનાં પગલાં આમ સંભળાય નહીં.'

'શું તારા મનમાં એમ છે કે અમે ક્ષત્રિયો જ નકામા થઈ ગયા છીએ?' — મલ્લરાજની આંખો રાતી થઈ ગઈ અને બ્રાહ્મણને ખભે હાથ મૂક્યો.

બ્રાહ્મણ હસી પડ્યો: 'મહારાજ, આપના જેવા સર્વ ક્ષત્રિયો હોય તો તો નકામા નહીં. પણ સો ભૂંડા કૌરવોમાં એક રૂડા ભીષ્મપિતામહને કોણ પૂછે? હજી તો કાંઈ કહેવા જેટલા આપ છો ને કોઈ બીજા હશે. પણ અંગ્રેજ હારે કે જીતે તોય જતે દિવસે શું થશે તે જોશો.'

'શું થશે?'

'મહારાજ, જોતા નથી કે કેટલીક રાણીઓ વાણિયાબ્રાહ્મણને રાજાને ઠેકાણે ગણે છે અને કેટલીક રાણીઓએ ઘાંચીમોચીને પોતાના કુંવર બનાવી દીધા છે? આ લૂંટારુ ધાડપાડુ બંડખોરોમાંથી હવે કોઈ ચક્રવર્તી મહારાજ થશે — પછી મુસલમાન હો કે સ્વામીદ્રોહી મરાઠી બ્રાહ્મણ પેશવા હો! પણ વર્ણસંકર રાજાઓની ઉતરણને માથે જુગતો આવે એવો મેર મુકાશે ને તે જોઈને આપના જેવા શુદ્ધ એકરંગી ક્ષત્રિયો ખૂણેખોચરે સંતાઈ જઈ બળી મરવાના.'

'ને અંગ્રેજ જીતશે તો શું થશે?'

'મૂર્ખ મિત્ર કરતાં ડાહ્યો દુશ્મન હજાર ગણો સારો. મહારાજ, મરીચિ રાક્ષસને દુષ્ટ રાવણે કહ્યું કે રામને હાથે મરવા તું મૃગનું રૂપ નહીં ધરે તો હું તને મારીશ. ત્યારે મરીચિએ વિચાર્યું કે બેમાંથી એક મારશે એ સિદ્ધ હોય ત્યારે તો રામને હાથે મરવું સારું.'

'रामादपि हि मर्तव्यं मर्तव्यं रावणादपि।

रामरावणयोर्मध्ये वरं रामो न रावणः॥ '

મલ્લરાજ તરવાર લઈ ઊઠ્યો, બીજા ખંડમાં જતો રહ્યો, અધઘડી પછી પાછો આવ્યો અને મુખ ઉપર દૃઢતા તથા ધૈર્ય ધારી બોલ્યો: ‘જરાશંકર, તરત ઊઠ. બ્રેવસાહેબને મારા નામનો પત્ર લખી લાવ કે મલ્લરાજ કંપની સરકારને આશ્રય આપવા પોતાની સેના સાથે સજ્જ છે.’

‘મહારાજ, મારી બુદ્ધિ બ્રાહ્મણભાઈની — અંતે મારા કહ્યા પ્રમાણે કર્યું કહી મારો દોષ ન કાઢશો. જાતબુદ્ધિથી વિચારી જોજો.’

મલ્લરાજે હાસ્ય કર્યું: ‘મારી નોકરી કરે તેણે પોતાના ગુણદોષની વાત સાંભળવા તત્પર રહેવું જોઈએ.’

‘તેની ના નથી. પણ મારી બુદ્ધિના દોષનું ફળ આપને મળવાનું તેની આપને સૂચના આપવી એ મારો ધર્મ છે.’

‘હવે બરોબર. તો જો, જે ઠરાવ હું કરું છું તેમાં દોષ ઘણા છે. અંગ્રેજી વાણિયા રજપૂતોને વાણિયા કરી દેશે ને વાણિયાવિદ્યા રજપૂતોને આવડવાની નહીં એટલે આખરે હારવાનું. પણ આ આપણા ભાઈઓ જીત્યા તો વાંદરાના હાથમાં નાનું છોકરું જાય તે છોકરાના જેવી સૌ નબળાઓની દશા થવાની.’

‘મહારાજ, હું તો એટલું સમજું કે અંગ્રેજો ઊંદરની પેઠે આપણને નિદ્રામાં રાખી ફૂંકીફૂંકીને કરડશે ને આપણા લોક રીંછની પેઠે ઝેરી લાળ ચોપડતાં ચોપડતાં ઠેકાણે ઠેકાણે બચકાં ભરશે ને રિબાવી રિબાવીને મારશે.’

‘ત્યારે આપણે કાંઈ ઠગાતા નથી. બેના દોષ જોતાં ઓછા દોષ લાગે તેની સાથે કામ પાડતાં કાંઈ બાધ નથી. અંગ્રેજને સાકર જાણી ખાતા નથી, પણ મરચાં કરતાં મરી સારાં ગણી ચાવીએ છીએ.’

જરાશંકર મલ્લરાજની આજ્ઞા પાળવા ઊઠ્યો અને જતાં જતાં મનમાં બોલ્યો:

‘આહ! શું કાળબળ છે કે રજપૂતોની ભૂમિમાં અંગ્રેજોને રાજાના રાજા થવાનો પ્રસંગ આવે છે? પણ નક્કી મેં મારા રાજાને યોગ્ય અભિપ્રાય જ દર્શાવ્યો છે ને આ પ્રસંગે રાજનીતિને અનુસરીને જ માર્ગ લીધો છે. કારણ પ્રથમ તો

‘असहायः समर्थोऽपि तेजस्वी किं करिष्यति।

निर्वाते ज्वालितो वह्निः स्वयमेव प्रशाम्यति॥’ [१]

- પંચતંત્રઃ જીવરામ શાસ્ત્રી

‘સદ્‌ગુણી શુદ્ધ મલ્લરાજ પણ આમ અસહાય જ છે. આ તોફાની લૂંટારાઓ રાજપદ પામે તો તેની મિત્રતા — ખલપ્રીતિ — કેટલો કાળ છાજવાની?’

‘अभ्रच्छाया खलप्रीतिः सिद्धमन्नं च योषितः।

किञ्चित्कालोपभोग्यानि यौवनानि धनानि च॥ [२]

- પંચતંત્રઃ જીવરામ શાસ્ત્રી

‘વળી એ લોક ઉપરી થયા તો રત્નનગરીની શી દશા?’

क्षुद्रमर्थपतिं प्राप्य न्यायान्वेषणतत्परौ।

उभावपि क्षयं प्राप्तौ पुरा शशकपिञ्जलौ॥ [3]

‘ત્યારે અંગ્રેજો ઉપરી થાય તો કેમ? જરાશંકર, હવે વલંદા, ફિરંગી, ફ્રાંસવાળાને બીજાઓ આગળ આ અંગ્રેજના નામનો પણ મહિમા છે — એ સૌને આજ સુધી પહોંચી વળ્યા ને હવે પછી પહોંચી વળશે; નાનાં રાજ્યોને એ જ ઢાલ યોગ્ય છે.

गुरुणां नाममात्रेऽपि गृहीते स्वामिसंभवे।

दुष्टानां पुरतः क्षेमं तत्क्षणादेव जायते॥ [+]

- પંચતંત્રઃ જીવરામ શાસ્ત્રી

'વળી આ તો અંગ્રેજ એટલે એક ચક્રવર્તી અને આ તોફાની લોક એટલે બાર પુરભૈયા અને તેર ચોકા:

एक एव हितार्थो यस्तेजस्वी पार्थिवो भुवः।

युगान्त इव भास्वन्तो बहवोऽत्र विपत्तये॥ *

- પંચતંત્ર: જીવરામ શાસ્ત્રી

'થોડુંક જીત્યા અને સામાન્ય શત્રુ હજી પ્રત્યક્ષ છે એટલામાં ફૂલી ગયા તે આ લોક વિજય સંપૂર્ણ થતાં મલ્લરાજ જેવાઓની અને પ્રજાની શી પરવા રાખવાના હતા? કાગડાએ ઘુવડની પરીક્ષા કરી હતી કે:

स्वभावरौद्रमत्युग्रं क्रूरमप्रियदर्शनम्।

उलूकं नृपतिं कृत्वा का नः सिद्धिर्भविष्यति॥ १

- પંચતંત્ર: જીવરામ શાસ્ત્રી

'એ એવા છે. તો કંપની સરકારની મિત્રતા કેવી છે? કંપની આગળ મલ્લરાજ અસ્ત થશે ને મોટાની પાછળ નાનો ઘસડાશે ને લૂંટાશે.'

ययोरेव समं विर्त्ति ययोरेव समं कुलम्।

तयोर्मैत्री विवाहश्च न तु पुष्टविपुष्टयोः॥ २

- પંચતંત્ર: જીવરામ શાસ્ત્રી

'ત્યારે મલ્લરાજને તટસ્થ રાખું ને આ નવા સંબંધનું માંડી વળાવું? જો જય પરાજય કોનો થશે એ સમજી શકાય એમ ન હોય તો તો એકની મિત્રતા તે બીજાની શત્રુતા માટે તટસ્થતા જ સારી. આપણે તો આ મહાવિગ્રહના ગુણદોષ સમજી શકતા નથી, પણ મલ્લરાજ પરીક્ષા કરે છે કે અંતે કંપની જીતશે એ નિશ્ચિત છે — એમની પરીક્ષા કદી ખોટી પડી નથી. આ પ્રસંગે કંપનીને આશ્રય અપાય તો બે અર્થ સરશે. પ્રથમ તો તેમની જયતુલામાં કાંઈ સંદેહ હશે તો એમના ભણીની તુલામાં ભાર આવશે તે કર્તવ્ય છે. બીજું એ કે મોટાઓની સાથે મિત્રતા કરી કામની નહિ એ નિયમનો અપવાદ એવો છે કે મોટાઓને માથે સૂક્ષ્મ પ્રસંગ આવે ત્યારે નાનાએ કરેલો નાનો સરખો ઉપકાર મોટાઓને આમરણાંત બાંધી લે છે, માટે નાનાએ આવો પ્રસંગ ચૂક્વો નહીં. આ ઉભય વિચાર ભવિષ્યના છે અને એવા ભવિષ્યને ડાહ્યા માણસો પોતાની ભણી ખેંચે છે. મોટાઓને નાનાની મિત્રતા કામની છે.'

अपि संपूर्णतायुक्तैः कर्तव्याः सुहृदो बुधैः।

नदीशः परिपूर्णोऽपि चन्द्रोदयमपेक्षते॥ *

- પંચતંત્ર: જીવરામ શાસ્ત્રી

कारणान्मित्रतां यान्ति कारणाद्यान्ति शत्रुताम्।

तस्मान्मित्रत्वमेवात्र योज्यं वैरं न धीमता॥ १

'મલ્લરાજે અંગ્રેજની પરીક્ષા કરી તે ખોટી તો ન હોય — એમની ક્ષત્રિય દૃષ્ટિ પ્રબલ છે — એમને અંગ્રેજનો પ્રસંગ બહુ નથી પણ ચતુર માણસો એક ચોખો ચાંપી પરીક્ષા કરે છે.'

सकृदपि दृष्टव् पुरुषं विबुधा जानन्ति सारतां तस्य।

हस्ततुलयाऽपि निपुणाः पलप्रमाणं विजानन्ति॥ २

- પંચતંત્ર: જીવરામ શાસ્ત્રી

'અને તેમાં અંગ્રેજની ચતુરાઈ તો આંધળાંથી પણ સમજાય એવી છે. મોરનાં ઈંડાં ચીતરવાં પડતાં નથી.'

विज्ञायते शिशुरजतकलापचिह्नः।

प्रत्यक्यदैरपरनूसरसः कलापी॥ ३

- પંચતંત્ર: જીવરામ શાસ્ત્રી

'એમ છતાં અંગ્રેજ હારવાને સરજેલા હશે તોપણ આ લાભ માટે આ જોખમ વહોરવા જેવું છે.'

'અંગ્રેજ જીતશે ને ઉપકારને બદલે અપકાર કરશે, સર્વ આશા નિષ્ફળ થશે, તોપણ એવા લોકના પ્રસંગથી તેમનાં છિદ્ર અનુભવવા જેટલો તેમનો પરિચય પડવાનો તે પણ લાભ જ છે. એમને શત્રુ ગણો તોપણ તે આપણને મિત્ર જાણે તો તેટલાથી પણ લાભ છે. સામાનાં છિદ્ર જાણવાં એ તેમને જીતવાનો માર્ગ છે.'

સુસૂક્ષ્મેણાऽપિ છિદ્રેણ પ્રવિશ્યાભ્યન્તરં રિપુઃ।

નાશયેચ્ચ શનૈઃ પશ્ચાત્ પ્લવં સલિલપૂરવત્॥ [४]

- પંચતંત્ર: જીવરામ શાસ્ત્રી

ભીતભીતઃ પુરા શત્રુર્મન્દમન્દં વિસર્પતિ।

ભૂમૌ પ્રહેલયા પશ્ચાજ્જરહસ્તોऽઙ્ગનાસ્વિવ॥ [५]

- પંચતંત્ર: જીવરામ શાસ્ત્રી

'અંગ્રેજોને તો આ ક્રિયા આવડે જ છે, પણ તેમના પ્રત્યે આપણને એ ક્રિયા આવડવાનો પ્રસંગ પણ આમ જ છે. આવડીને કાંઈ આપણે તેની સાથે પહોંચી વળવાના નથી — પણ પ્રસંગ છે, આજ નહિ ને સો વર્ષે શું થશે તેની સમજણ નથી — પણ તેવે કાળે પટા રમતાં આવડતા હશે તે તરવાર વીંઝશે. એવાની સાથે પટા રમવાનો લાભ મળે તે જ મહાલાભ છે.'

'મિત્રતા કરવી એટલે વિશ્વાસમાં લેવાવું એમ નથી. વિશ્વાસનાં પેટામાં અવિશ્વાસ રાખી જાગ્રત રહેવું એ સર્વ રાજનીતિનું પ્રથમ પગલું છે.'

ન વિશ્વસેદવિશ્વસ્તે વિશ્વસ્તેડપિ ન વિશ્વસેત્।

વિશ્વાસાદ્ભયમુત્પન્નં મૂલાન્યાપિ નિકૃન્તતિ॥ [१]

- પંચતંત્ર: જીવરામ શાસ્ત્રી

ન બધ્યતે હ્યવિશ્વસ્તો દુર્બલોऽપિ બલોત્કટૈઃ।

વિશ્વસ્તાશ્ચાશુ બધ્યન્તે બલવન્તોऽપિ દુર્બલૈઃ॥ [२]

- પંચતંત્ર: જીવરામ શાસ્ત્રી

'ઉપકાર, મિત્રતા, અને અવિશ્વાસ ત્રણે વાનાંની ગાંઠ પડવી જોઈએ —'

સુકૃત્યં વિષ્ણુગુપ્તસ્ય મિત્રાપ્તિર્ભાર્ગવસ્ય ચ।

બૃહસ્પતેરવિશ્વાસો નીતિસન્ધિસ્ત્રિધા સ્થિતઃ॥ [३]

- પંચતંત્ર: જીવરામ શાસ્ત્રી

વળી,

અવિશ્વાસં સદા તિષ્ઠેત્સંધિના વિગ્રહેણ ચ।

દ્વૈધીભાવં ચ સંશ્રિત્ય પાર્શ્વે શત્રોર્બલીયસઃ॥ [४]

- પંચતંત્ર: જીવરામ શાસ્ત્રી

'આ મહાસાગર જેવી કંપની, તેનો પાર પામવાને તો એવો આરો બાંધવો જોઈએ કે તેનાં પગથિયાં છેક તળિયે પહોંચે અને રહે.'

કૃત્વા કૃત્યાવિદસ્તીર્થૈરન્તઃ પ્રણિધયઃ પદમ્।

વિદાંકુર્વન્તુ મહતસ્તલં વિદ્વિષદમ્ભસઃ॥ [१]

- પંચતંત્ર: જીવરામ શાસ્ત્રી

'આવી રીતે કંપની સરકારનાં મર્મછિદ્ર જણાશે તો તેમાં બીજું કાંઈ નહીં તો મિત્રભાવની દોરી પરોવી લઈશું! ઈશ્વર કરે ને શત્રુભાવ ન થાય પણ મિત્રતા રાખીને પણ તેમના — આપણા સ્વાર્થમાં વિરોધ આવતાં આપણું કામ કાઢી લેવું એ પણ તેમનાં છિદ્રમાં સૂત્ર પરોવવા જેવું જ છે.'

अत्यच्छेनाविरुद्धेन सुवृत्तेनातिचारुणा।

अन्तर्भिन्नेन संप्राप्तं मौक्तिकेनापि बन्धनम्॥ [२]

- પંચતંત્ર: જીવરામ શાસ્ત્રી

'આવાં અનેક ફળ આપનારું કાર્ય સાધવાનો પ્રસંગ આવે છે — તેમાં રાજાનું તેમ પ્રજામાત્રનું કલ્યાણ લાગે છે — એ મહાકાર્ય છે — તેમાં કડવાટ માત્ર એટલો છે કે દેશીનો દ્રોહ કરવા પરદેશીને ભેટવું પડે છે.' — જરાશંકરે ઊંડો નિઃશ્વાસ મૂક્યો અને તેની આંખમાં આંસુ આવ્યાં.

'અહો! રાજ્યધર્મ અતિ દુસ્તર છે — એમાં પોતાનાં તે પારકાં કરવાં પડે છે ને પારકાં તે પોતાનાં કરવાં પડે છે — એમાં માત્ર રાજ્યના હિતનો — પ્રજાના હિતનો — સંબંધ છે અને તે સંબંધને અંગે સો કૌરવના કરતાં પાંચ પાંડવનો સંબંધ પ્રિયતર છે — વિશેષ ફલદાયી છે —'

सत्यधर्मविहीनेन न सदध्यात्कथंचन।

सुसंधितोऽप्यसाधुत्वादचिराद्याति विक्रियाम्॥ [३]

- પંચતંત્ર: જીવરામ શાસ્ત્રી

'ત્યારે આવા કાર્યને અર્થે વિષ પીવું પડે તો શું થયું?'

कार्यस्यापेक्षया भुक्तं विषमप्यमृतायते।

सर्वेषां प्राणिनां यत्र नात्र कार्या विचारणा॥ [४]

- પંચતંત્ર: જીવરામ શાસ્ત્રી

'એમ જ? ત્યારે રાજકાર્યમાં દીર્ઘસૂત્રી થવું અને કાલક્ષેપ કરવો એના જેવું પાપ અને હાનિકારક કાંઈ નથી.'

शीघ्रकृत्ये समुत्पन्ने विलम्बयति यो नरः।

तत्कृत्ये देवता तस्य कोपाद्विघ्नं प्रयच्छति॥ [१]

- પંચતંત્ર: જીવરામ શાસ્ત્રી

यस्य यस्य हि कार्यस्य सफलस्य विशेषतः।

क्षिप्रमकियमाणस्य कालः पिबति तद्रसम्॥ [२]

अनागतं यः कुरुते स शोभते।

स शोचते यो न करोत्यनागतम्॥ [३]

- પંચતંત્ર: જીવરામ શાસ્ત્રી

'આગામિબુદ્ધિ રાખી વેળાસર ચેતવું, અને'

का हानिः समयच्युतिः? [४]

'હવે તો એવા ધૈર્યથી કામ કરવું કે વટવાનરને અભિનંદન મળ્યું હતું તેવું મને મળે અને મલ્લરાજ કહે કે

हतः शत्रुः कृतं मित्रं रत्नमाला न हारिता।

नालेनास्वादितं तोयं साधु भो वटवानर॥ [५]

- પંચતંત્ર: જીવરામ શાસ્ત્રી

આવા અનેક સંકલ્પ કરી, અંતે આવો સિદ્ધાંત કરી, શૂર મલ્લરાજનો નીતિપ્રવીણ પ્રધાન સ્વામીની આજ્ઞા પ્રમાણે પત્ર લખવા ચાલ્યો.

આણી પાસ મલ્લરાજે પણ ધારેલી રચના સ્થાણુખનન ન્યાયે ફરી ફરી તપાસી અને અનુકૂલ ગણી.

'રાજાઓને આખરનો સંબંધ ભૂમિ સાથે પણ નથી. કિયા રાજાના મૂળ પૂર્વજો પરદેશી ન હતા? કિયા રાજાના વંશજો બાપદાદાની ભૂમિને યાવચ્ચંદ્રદિવાકરૌ વળગી કે સાચવી રાખવાના છે? બ્રાહ્મણોના અને ક્ષત્રિયોના ધર્મ ઘણી રીતે મળતા છે. એકનો એક આત્મા એક ખોળિયું બદલી બીજા ખોળિયામાં પેસે એવો ધર્મ બ્રાહ્મણો સમજાવે છે તેમ અમારો વંશ એ અમારો આત્મા અને દેશ એ ખોળિયું. તે એક ખોળિયાનું આયુષ્ય પૂર્ણ થાય અને એ ખોળિયું પડે એટલે બીજું ખોળવું અને ખોળિયાનું આયુષ્ય બને એટલું વધારવું.'

'રાજાઓનો સંબંધ માણસો સાથે પણ નથી. શાસ્ત્રી મહારાજ શ્લોક કહે છે કે રાજા કોઈના મિત્ર નથી. જરાશંકર આ ઉપરથી મશ્કરી કરે છે કે રાજાઓનો વિશ્વાસ ન કરો. ખરી વાત છે. માબાપને મન દીકરો ગાંડો, મૂર્ખ કે લુચ્ચો હોય તોપણ એક લોહીનો સંબંધ છૂટતો નથી ને દીકરાના દોષ વસતા નથી. દીકરાઓ આથી માબાપનો વિશ્વાસ કરે તે બરાબર. પણ રાજા તો ગુણના સગા અને દોષના શત્રુ તેને મન પાટવીકુમાર પણ એક લોહીનો નથી તો સેવક ક્યાંથી હોય? માણસમાત્રે એમ ગણવું કે રાજા મારા ગુણનો સગો છે — મારી જાતનો સગો નથી. તેના ગુણ વિશ્વાસયોગ્ય હશે ત્યાં સુધી તેની ને રાજાની વચ્ચે વિશ્વાસ; બીજી રીતે વિશ્વાસ નહીં. જે રાજા રાણીને કે કુમારને કે પ્રધાનને સગાં માને છે તે રાજા નથી. માણસમાત્રમાં ગુણ કરમાય એટલે વાસના વગરનાં કરમાયેલાં ફૂલ પેઠે તે માણસને રાજાએ રાજકાર્યમાંથી દૂર કરવો અને દોષ હોય તો શિક્ષા સુદ્ધાંત કરવી.'

'જ્યારે આમ છે તો આ ગર્ભ ચોર બંડખોરો સાથે કે આખા હિંદુસ્તાન સાથે મલ્લરાજને સંબંધ નથી. રાજા રાજકાર્યનો સગો છે. કંપની સરકારને દેશ જીતતાં આવડ્યો, દેશ રાખતાં આવડ્યો, સામ દામ ભેદ ને દંડ આવડ્યા, વૈરને ઠેકાણે વૈર અને મિત્રતાને ઠેકાણે મિત્રતા આવડી, પૈસા કમાતાં આવડ્યા, ખરચતાં આવડ્યા, ખુશામત આવડી, મુસલમાની આવડી, વાણિયાવિદ્યા આવડી, બ્રાહ્મણપણું આવડ્યું, યુદ્ધકળા આવડી, યુદ્ધબળ અજમાવતાં આવડ્યું, રાજનીતિ આવડી, રક્ષણ કરતાં આવડ્યું, અને મુંબઈ જેવા ગામડાને વિશાળ નગરી કરતાં આવડી. એમના પાંચ હજાર માણસો — બળથી નહીં પણ કળથી — પંદર હજારને હઠાવે છે. એમને ઉદારતા આવડે છે, કંજૂસાઈ આવડે છે, લુચ્ચાઈ આવડે છે, લૂંટતાં આવડે છે, સ્વાર્થ સમજે છે ને પરમાર્થ પણ સમજે છે. એ જીતવાના નક્કી. એમની સાથે સંબંધ બાંધવામાં ચતુરાઈ છે અને રજપૂતાઈ છે. એ નહીં જીતે તો રત્નનગરી જાળવવા મારે લડવું પડે અને લડતાં ખોવી પડે — એમાં શી મોટી વાત છે? જીતશે તો એ મહાગુણવાળાના સંબંધથી મારા વંશજોમાં ગુણ આવશે, મારી રત્નનગરીમાં મનુષ્યરત્ન પાકશે. સારું થશે તો એ ફળ છે; ખોટું થશે તો આ શરીરને રણની રેતીમાં પડવું એ મહાફળ છે. એમની સાથે સંબંધ બાંધી બળવાન પાડોશીના નબળા પાડોશીની દશા થશે તો કંપની સરકાર જેવા રાજયોદ્ધાઓ સાથે મારા પુત્રો અને પ્રધાનો બુદ્ધિબળની યુદ્ધકળા અજમાવશે, અજમાવતાં ઘડાશે અને વધશે, અને એ માનસિક રણજંગના જંગી થશે. * ફૂલ સર્વ લોકોને માથે ચડે કે વનની ધૂળમાં પડે [૧] તેમ કરવાનો લોભ મારાં બાળકોને થાય તો એ પણ રાજાઓનો ખેલ છો!'

---

x રાજાને કોઈએ કદી મિત્ર દીઠો કે સાંભળ્યો?

૧ . થોડા કાળની યુદ્ધવિશ્રાંતિ, Truce . ૨. ખાનદાન; ઊંચા કુળવાન

૧ . તેજસ્વી સમર્થ હોય તો પણ જો સહાય વગરનો હોય તો શું કરી શકે? પવન વિનાના દેશમાં બળતો અગ્નિ પોતાની મેળે જ શાંત થાય છે.

૨ . વાદળાંની છાયા, ખલપુરુષની પ્રીતિ, રાંધેલું અન્ન, સ્ત્રીઓ, યુવાવસ્થા અને ધનઃ એમનો ઉપભોગ કિંચિત્ કાલ સુધી જ કરવાનો છે.

3 . ક્ષુદ્ર અર્થપતિને પામી તેની પાસે ન્યાય ખોળવા બેસનાર સસલું અનેક્ષુ કપિંજલ પક્ષી એ બન્નેનો પ્રાચીનકાળમાં નાશ થયેલો છે. (આ એક વાત છે, તે પંચતંત્રના ત્રીજા તંત્રના ૯૧ મા શ્લોકમાં જોવી.)

+ સ્વામીના સંભવનો પ્રસંગ નીકળે ત્યારે દુષ્ટોની સામે મોટાઓના નામથી તત્ક્ષણ જ ક્ષેમ થાય છે.

* પૃથ્વીનો રાજા જો તેજસ્વી અને એક હોય તો તે જ હિતકારક છે; પ્રલયકાલન સમયમાં તેજવાળા ઘણા સૂર્ય હોય છે, પણ તે વિપત્તિના હેતુ હોય છે.

૧ . સ્વભાવથી ક્રોધી, અતિ ઉગ્ર, ક્રૂર અને અપ્રિય જેનું દર્શન છે એવા, ઘુડ (दिवान्ध) ને રાજા કરીશું તો આપણી શી સિદ્ધિ થવાની હતી?

૨ . જે બે ધનમાં સમાન છે અને કુલમાં પણ સમાન છે તે બેની વચ્ચે મિત્રતા તથા વિવાહ થાય તો યોગ્ય ગણાય; પરંતુ કોઈ ધનથી અથવા કુલથી મોટો હોય અને બીજો એથી ન્યૂન હોય તો તે બેની જોડી બનતી નથી.

* જેનામાં કોઈ પ્રકારની ન્યૂનતા નથી એવા પણ શાણા માણસોએ મિત્રો કરી રાખવા આવશ્યક છે. જેમ કે નદીઓનો ધણી સમુદ્ર પરિપૂર્ણ છે તો પણ ચંદ્રોદયની અપેક્ષા રાખે છે.

૧ . પંચતંત્ર

૨ . વિદ્વાનો એક વેળા સામા પુરુષને જોઈને તેનો સાર જાણી જાય છે; જેમ કે હાથથી જોખવાની કળાથી પણ નિપુણ માણસ એક રતીપૂર ઓછું વધતું જાણી શકે છે.

૩ . જેને કળા કરવાનાં પીંછાનું ચિહ્ન પણ ઉત્પન્ન થયું નથી અને જાતે બાળક છે તોપણ સામાં પગલાં ભરવા માંડે તે પગલાંથી જ રસવાળો એવો જે મોર તે આ છે એમ ઓળખાઈ આવે છે.

૪ . સામા પક્ષમાં મોટા માર્ગથી જવાનું પ્રથમ જો ન બને તો ઘણે સાંકડે રસ્તેથી પણ અંદર જઈ શત્રુ તેનો નાશ કરે, જેમ કે નાના છિદ્રથી નૌકાની અંદર પેઠેલું જલ મોટી નૌકાને ડુબાડે છે તેમ.

૫ . શત્રુ અત્યંત ભય પામતો પામતો પ્રથમ ધીરે ધીરે ભૂમિ પર પગલાં ભરી પ્રવેશ કરે અને પછી ખોંખારાબંધ ચાલે છે; જેમ જારપુરુષનો હાથ સ્ત્રીઓમાં કરે છે તેમ.

૧ . જે માણસ સદા અવિશ્વાસુ છે તેનો વિશ્વાસ કરવા નહિ, તેમ વિશ્વાસુનો પણ વિશ્વાસ કરવો નહિ; વિશ્વાસમાંથી ભય ઉત્પન્ન થાય છે અને તે મૂળને પણ કાપી નાંખે છે.

૨ . દુર્બલ છતાં અવિશ્વાસુ હોય તો તે બલવાનોથી પણ બંધાતો નથી અને વિશ્વાસુ પુરુષો બળવાળા હોય તોપણ દુર્બલ પુરુષોથી પણ તેઓ તરત બંધાઈ જાય છે.

૩ . વિષ્ણુગુપ્તનું સુકૃત્ય, ભાર્ગવની મિત્રપ્રાપ્તિ અને બૃહસ્પતિનો અવિશ્વાસ, એ ત્રણ પ્રકારથી નીતિના સંધિની સ્થિતિ છે.

૪ . બલવાન શત્રુ પાસે હોય ત્યારે સંધિને વિગ્રહનો માર્ગ રાખી નિરંતર અવિશ્વાસથી રહેવું; સદા અવિશ્વાસ રાખવો, સંધિ પણ રાખવી, અને વિગ્રહ પણ રાખવો ને દ્વૈધીભાવનો સંશ્રય કરી વસવું.

૧ . શત્રુરૂપ સરોવરજળમાં અંદર ઊંડાં તીર્થ (રાજાના અંગના પુરુષ અથવા પગથિયાં) રાખી, તે દ્વારાએ જળમાં પગપેસારો કરી કામ કરી લેવાનું જાણનાર દૂતપુરુષોએ આ મોટા શત્રુજલનું તળિયું જોઈ લેવું.

૨ . અતિસ્વચ્છ, કોઈને વિરોધ ન કરે એવું સુંવાળું, સારી રીતે વૃત્ત (ગોળ અથવા સારી વર્તણૂકવાળું) અને અતિ સુંદર, એવું મૌક્તિક (મોતી, મુક્તિવાળું) છે પરંતુ અંદર છિદ્ર છે તો તે બંધનને પ્રાપ્ત થાય છે.

૩ . સત્ય તથા ધર્મથી જે રહિત છે તેની સાથે કોઈ દિવસ સંધિ કરવી નહીં; તેની સાથે કદાચિત સારી રીતે સંધિ કરીએ તોપણ પોતાની અસાધુતાને લીધે તે પુરુષ તરત વિક્રિયાને પ્રાપ્ત થાય છે.

૪ . જ્યાં સર્વે પ્રાણીઓનાં કાર્યની અપેક્ષાથી ખાધેલું વિષ પણ અમૃત થઈ જાય છે, ત્યાં કાંઈ વિચાર કરવો નહીં. (અર્થાત્ તે વિષે કાંઈ પણ વિચાર કર્યા વિના પી જવું.)

૧ . ઉતાવળથી કરવાનું કાર્ય પાસે આવે તેમાં જે મનુષ્ય વિલંબ કરે છે તેના તે કાર્યમાં દેવતા કોપ કરી વિઘ્ન નાંખે છે.

૨ . જે જે કાંઈ કર્તવ્ય — કરવા જેવું — છે અને તેમાં વળી વિશેષે કરીને જે કાર્ય સફળ થતું આવે છે, તે કાર્ય જો શીઘ્ર કરવામાં આવતું નથી તો તે કાર્યનો રસ કાલ પોતે પી જાય છે. (અર્થાત્ તે કાર્ય રસ વગરનું થાય છે ને પરિણામમાં બગડી જાય છે.) — પંચતંત્ર: જીવરામ શાસ્ત્રી 'ત્યારે તો',

૩ . જે કાર્ય અનાગત છે — પાસે આવેલું નથી, — તેની જે પુરુષ તે કાળે એટલે પ્રથમથી યોજના કરે છે તે શોભાને પાત્ર થાય છે અને તેવી રીતે જે નથી કરતા તે શોકને પાત્ર થાય છે.

૪ . સમય ખોયો તો પછી એથી મોટી શી હાનિ થવાની હતી?

૫ . શત્રુ હણાયો, મિત્ર કર્યો, રત્નની માળા ગુમાવી નહીં, અને કમળનાળથી જળપાન કરી લીધું; એ સર્વ કાર્ય સાથે લાગાં સાધનાર હેવડના ઝાડ ઉપરના વાનર! તને વાહવાહ છે! — પંચતંત્રના ત્રીજા તંત્રમાં આ વાનરની કથા છે.

* 'The Minister Azeem Ul Omrah had, however, no easy task to conquer the prejudices of his soverign, the Nizam, against such an alliance which, that Monarch argued, would, from the inequality of the parties, early terminate in rendering his dominions virtually dependent for their future security upon the British Government. This the Minister admitted, but he contended. that, as it was clear that the situation of the State of Hyderabad was such as to make it impossible to remain without the alliance of some one of those Powers it was assuredly wise to prefer a connection with a Government which brought with its protection the substantial blessings of security and peace, to the nominal friendship of powers, whose professed objects were plunder and conquest, and who had repeatedly shown that they held in contempt even the forms of public faith. The Nizam's prejudices and fears were at last subdued by this reasoning. '

- John Malcolm's Political History of India

૧ . નીતિશતક ઉપરથી.

૮. મલ્લરાજ અને તેનાં રત્ન

મલ્લરાજની ચિઠ્ઠી બ્રેવ ઉપર ગઈ તે દિવસ એ રજપૂત રાજાએ અનેક વિચારો અને ચિંતાઓમાં ગાળ્યો. પરદેશીને કાઢી એ મ્લેચ્છોના હાથમાંથી આખો દેશ દેશીઓને હાથે પાછો આવવાનો સમય આવે તેવે કાળે મ્લેચ્છો સાથે સંબંધ બાંધ્યો. પ્રસિદ્ધ થશે તેની સાથે નાતજાતમાં, રજવાડાંઓમાં અને દેશવિદેશમાં અપકીર્તિ થવાની એ નક્કી. ક્ષત્રિય રાજાને એ અપકીર્તિના વિચારથી ત્રાસ પડ્યો. પણ કાર્યસિદ્ધિનો વિચાર થતાં, ભવિષ્યનો વિચાર પાછો ઉદય પામતાં, આ ત્રાસ શાંત થયો. આ ત્રાસ અને આ શાંતિ મલ્લરાજને વારાફરતી થકવવા લાગ્યાં.

ચિઠ્ઠી બપોરે મોકલી હશે. છેક સંધ્યાકાળ વીતતાં એનો એક દૂત આવ્યો અને દૂતની સાથે રાજાનો પ્રિય ભાયાત સામંત આવ્યો. આ કાળે રાજા પોતાના વિશાળ ખંડમાં ગાદીતકિયે બેઠો હતો અને એક હુક્કાની મોટી નળીમાંથી ઘડી ઘડી ધૂમ્રપાન કરતો હતો. એને કપાળે પરસેવો પુષ્કળ વળ્યો હતો તેનું એને ભાન ન હતું. એક હાથમાં હુક્કાની નળી તો બીજામાં તરવારની મૂઠ, અને એકમાં મૂઠ તો બીજામાં નળી, એમ વારંવાર હાથની અદલાબદલી થતી હતી. દૂત અને સામંત સામા આવી બેઠા પણ મલ્લરાજે તેમને દીઠા નહીં અથવા દીઠા છતાં તેમના સામું જોયું નહીં. થોડીક વાર વાટ જોઈ સામંત બોલી ઊઠ્યો:

‘મહારાજ, હવે જે વિચાર કરવો હોય તે કરો. કાનપુર આગળ જંગ મચ્યો છે. ફતેપુરના જડજ સાહેબ ઉપર ફોજદારી ચલાવી તેના શરીરના કટકે કટકા કરી લોકમાં વેર્યા. કંપની સરકારનું રાજ્ય ગયું!’

મલ્લરાજે ઓઠ પીસ્યા: ‘જડજ એ લોકના બ્રાહ્મણ તેને બાયલાઓએ માર્યા! — જડજ સાહેબ અમથા પકડાયા કે બેચારને મારીને?’

‘માર્યા વગર કોઈ અંગ્રેજ પકડાય છે?’

‘જેના બ્રાહ્મણ એવા છે તેના રજપૂત સાથે લડતાં કેવો વખત આવશે? વારુ, તેના શરીરના કટકા લોકમાં વેરનાર તે રજપૂત હતો કે બીજો કોઈ?’

‘રજપૂત કોઈ દિવસ મડદાં સાથે વેર રાખે છે?’

મલ્લરાજ જરાક આડો પડ્યો, નળી મોંમાંથી છેટે નાંખી અને બોલ્યો: ‘હં! ત્યારે રજપૂત થઈને આવા અધર્મીઓના પાસામાં પેસતાં શરમ નથી આવતી?’

‘મહારાજ, મને ખબર નહીં કે તમે એટલામાં અંગ્રેજના થઈ ગયા હશો. જે થવું હોય તે થાવ પણ તાત્યાટોપીનાં માણસો રત્નનગરીથી વીશ ગાઉ ઉપર પડ્યાં છે ને તેમનો ઉપરી સંદેશો કહાવે છે તે આ આપણો દૂત કહેશે.’

દૂત સમાચાર કહેવા લાગ્યો:

‘મહારાજ, રત્નનગરથી વીશ ગાઉને છેટે આજ સાંજે તાત્યાટોપીનાં ત્રણ હજાર માણસનો કાફલો આવી પડ્યો છે. પાછળ બીજાં માણસ આવશે એમ કહેવાય છે. વસ્તી પાસે માણસોને વાસ્તે અન્ન અને ઘોડાઓને વાસ્તે ચંદી માગે છે, લીધેલા માલના પૈસા આપે છે, ને કહે છે કે અમે વસ્તીને હેરાન કરવા નથી આવ્યા પણ અમને ખાવાનું પૈસા આપતાં નહીં મળે તો જોરથી મફત લઈશું. સવારના પહોરમાં આપણા નગરની હદમાં આવી પડશે એમ લાગે છે.’

‘બીજું કાંઈ?’ મલ્લરાજે ઉતાવળથી પૂછ્યું.

‘ના, જી. પણ એ લોકો એટલું કહેતા સંભળાય છે કે અમે અમારા દેશી રાજાઓની મિત્રતા ચાહીએ છીએ, અને જે દેશીઓ પરદેશીને આશ્રય આપે છે તે રાજ્ય સર કરીએ છીએ.’

‘બહુ સારું. તું પાછો જા અને તેમની હિલચાલ જોતો રહેજે. મધ્યરાત્રે તેમ પાછલી રાત્રે એમ બે વખત તો તેમના સમાચાર અવશ્ય મળવા જોઈએ.’

‘જેવી આજ્ઞા’ કહી દૂત ગયો. મલ્લરાજ ઊભો થયો અને સામંતને કહ્યું: ‘સામંત, અત્યારે ને અત્યારે આ નગરીમાં હોય એટલા સર્વ ભાયાતોને અને સેનાધ્યક્ષને એક ઘડીમાં બોલાવી લાવ.’

સામંત વિચારમાં પડ્યો. મલ્લરાજ અધીરો થઈ બોલ્યો: ‘કેમ વિચારમાં પડ્યો? આ કાળ વિચારનો નથી. બને તેટલી ત્વરાથી નિર્ણય કરવો જરૂરનો છે.’

‘મહારાજ! તાત્યાનો સરદાર આપણી સાથે લડવા નથી આવ્યો, આશ્રય માગવા આવ્યો છે.’

‘ને આશ્રય ન મળે તો લડવા આવ્યો છે.’

‘પણ આશ્રય આપવામાં કાંઈ વાંધો છે?’

‘તે વિચાર પછી થશે. સૌનો અભિપ્રાય લઈશું. હાલ તો લડવાને સજ્જ થવામાં આળસ કરવાનું નથી. તરત! જા!’

સામંતે મલ્લરાજના મુખ સામું જોયું, જોઈ રહ્યો, પ્રથમ પગ ઉપાડતાં વાર લગાડી, પછી પાછો ફરી ત્વરાથી બહાર નીકળી ચાલ્યો.

મલ્લરાજે એકદમ જરાશંકરને તેડવા માણસ મોકલ્યું — માણસને આજ્ઞા થતાં પહેલાં જરાશંકરે બારણેથી અંદર આવવા આજ્ઞા મંગાવી. મલ્લરાજ આજ્ઞા આપતાં આપતાં પ્રસન્ન થયો અને બોલ્યો: ‘શકુન તો સારા થાય છે. વાહ, જરાશંકર, વાહ! શી ચિંતા કરનારો પ્રધાન! તું નક્કી

આટલા વાસ્તે જ આવે છે! — પણ મારા ઘરમાં ફાટ પડવાની બીક છે. મેં કંપની સરકારનો સાથ ઇષ્ટ ગણ્યો છે — સામંત અને એવા બીજાઓને ઊલટી વાત ઇષ્ટ છે. યુદ્ધ કરવાને પ્રસંગે પાસવાનો વિરોધી થાય તે ખોટું. તેનો ઉપાય કરવો પડશે. રજપૂતના મુખમાંથી શબ્દ નીકળ્યો તે નીકળ્યો. કંપની વાસ્તે લડવું ને કંપનીને વાસ્તે મરવું—કરેલો ઠરાવ ને બોલેલું વચન યોગ્ય હો કે અયોગ્ય હો — એ વિચાર હવે કરવાનો નથી — મલ્લરાજના મુખમાંથી વચન નીકળી ચૂક્યું — મેરુ ચળે ને સમુદ્ર માઝા મૂકે પણ મલ્લરાજનું વચન ન ફરે. યુદ્ધ થવાનું નક્કી!' યુદ્ધનો વિચાર ચમકતાં મલ્લરાજને ક્ષાત્ર ઉત્સાહ ચડ્યો. એના પગ ફાળ મારવા તત્પર થઈ રહ્યા, ઓઠ ઉત્સાહથી સ્ફુરવા લાગ્યા, જમણો હાથ તરવાર અને તેની મૂઠ ઉપર નૃત્ય કરી રહ્યો.

જરાશંકર અંદર આવ્યો. તેની સલામ થતાં પહેલાં મલ્લરાજે તેને ખભે હાથ મૂક્યો.

'કેમ જરાશંકર, યુદ્ધનો પ્રસંગ આવ્યો?'

'મહારાજ, તે તો આપના હાથની વાત છે.'

'પણ આપણે વિચાર કરી નિર્ણય કરી ચૂક્યા છીએ.'

'હા જી, પણ આપના ભાયાતોનો વિચાર જુદો છે.'

'તેમને કોણે વિચાર કરાવ્યો?'

'જેનો સ્વાર્થ હોય તેણે. આપની અને સામંતની વચ્ચેની કથા પ્રસિદ્ધ થઈ ચૂકી છે. યુદ્ધ કરવું એ તો નક્કી છે. આપનો વિચાર દેશીઓ સાથે યુદ્ધ કરવાનો છે, ભાયાતો ધારે છે કે પરદેશીઓ સાથે કરવું. ભાયાતોના આશ્રય વિના સેના ક્યાં છે?'

મલ્લરાજ કેડો પર બે હાથ દઈ ખડખડ હસી પડ્યો: 'તેં મારા ભાયાતોને હજી ઓળખ્યા નથી. પણ મલ્લરાજે કરેલો વિચાર અને બોલેલો બોલ પાછો ફરે એમ નથી — તે વિષે કાંઈ વિચારવાનું જ નથી — હવે શું કરવું તે બોલ.'

'મહારાજ, સામંતને આજ્ઞા કરી છે તે સૌને બોલાવી લાવે. તે સૌ આવે એટલે ભેગા મેળવી અભિપ્રાય પૂછશો તો એક જ અભિપ્રાય આવશે અને તે આપને ભારે પડશે. માટે સૌને જુદા જુદા એકાંતમાં બોલાવી જેનો અભિપ્રાય જુદો પડે તેને —'

'નજરકેદ રાખી અથવા મહેલમાં કેદ રાખી બીજાઓને સાથે લઈ બંડખોરો ઉપર ચડી જવું?'

'ક્ષમા! મહારાજ! એ મારો મંત્ર — રાજા અને પ્રધાન — સ્વામી અને સેવક — નું હૃદય કેવું એક છે?'

મલ્લરાજ ફરી હસ્યો.

‘મહારાજ, આ પ્રસંગ સૂક્ષ્મ છે — હાસ્યનો નથી.’

‘નથી તો કરી દઈશું. જરાશંકર, સર્વ વિચારને પ્રસંગે તારું કામ; કાર્યભારના વિચાર [૧] તેમ આચાર [૨] ને પ્રસંગે તારું કામ. આજ આપણે કરેલા વિચારનો[૧] આચાર[૨] યુદ્ધપ્રસંગે કરવો પડે ત્યાં તારું નહીં પણ ક્ષત્રિયનું કામ. હવે જે ચતુરંગ [3] રમવાનો છે તે બાજી આગળથી તું ખસી જા, મને રમવા દે, અને તું માત્ર જોયાં કર. મારા ભાયાતો આવે પ્રસંગે મારી મૂછના ‘બાલ’ [૪] છે તેમને હું આમળો કેમ દઉં છું અને વળ કેમ ચડાવું છું તે જોયાં કર. મલ્લરાજ પોતાના ભાયાતોને દગો નહીં દે — કેદ નહિં કરે. એ મારા પાણીદાર તેજવાળા ઘોડા છે — તે મારી સવારી કેમ નિભાવે છે — તે જોવાનું જોજે.’

થોડી વારમાં એક પછી એક ભાયાતો અને રજપૂતો આવી ગયા અને મલ્લરાજની ગાદીની આસપાસ આખા ખંડમાં વીરાસન વાળી સર્વ શૂરાઓ બેસી ગયા. મલ્લરાજની ગાદી ઊંચી હતી. તેના તકિયા પાછળ જરાશંકર બેઠો હતો. તેની પાછળ મોટી મશાલો લઈ બે હજામો ઊભા હતા; તે મશાલો આગળ ખંડમાંના બેચાર દીવા ઝાંખા થઈ ગયા. મશાલોનો પ્રકાશ મલ્લરાજની સામે બેઠેલા સર્વ મંડળનાં ઉશ્કેરાયેલાં અને આતુર મુખો ઉપર પડી તે મુખોવાળા રજપૂતોના અંતર્વિકારનું મલ્લરાજના હૃદયમાં ભાન કરાવતો હતો. થોડીવાર સર્વ મંડળ સ્તબ્ધ થઈ ગયું. રાત્રિના શૂન્ય મૌનમાં [*] સર્વ વીરોનું સગર્ભ મૌન ભળ્યું. મલ્લરાજે તે મૌન તોડ્યું.

‘ભાઈઓ!’ રાજાને મુખે માત્ર યુદ્ધપ્રસંગે જ ‘ભાઈ ’ સંબોધન નીકળતું અને તે ભાયાતો આગળ જ ઉચ્ચારાતું. આ સંબોધનના સર્વ સંસ્કારો તેમના હૃદયમાં જાગી મલ્લરાજ ઉપર શૂરવીરોની પ્રીતિ, આતુરતા અને યુદ્ધસમયની રાજભક્તિની ધારાઓને તેમનાં ક્ષાત્ર લોચનોમાંથી છોડવા લાગ્યા. હૃદયમાં ક્ષાત્ર વિકારોનું બીજ રોપતાં મસ્તિકમાં ઘેરથી ભરી રાખેલો વિચારસંગ્રહ ભુલાઈ જવા લાગ્યો. મલ્લરાજે વાગ્ધારા ચલાવી:

‘ભાઈઓ, યુદ્ધનો પ્રસંગ આવ્યો છે. સામંત સમાચાર લાવ્યો છે કે તાત્યાટોપીનાં માણસ રત્નનગરી પાસે આવી પડ્યાં છે — મલ્લરાજ તેમનાથી ડરી જઈ તેમની સાથે મળી જવા માગતો નથી. એ આજકાલના લૂંટારાઓ સાથે સૂર્યવંશનું તેજ ભળવાનું નથી. ભાઈઓ, રત્નનગરીના સૂર્યવંશી નાગરાજે સૂર્યવંશી શ્રીરામજીના સુગ્રીવજી સાથે કળજુગમાં સંધિ કરેલો છે, રત્નનગરીમાં બાપનો બોલ દીકરો તોડતો નથી અને રાજાનો બોલ ભાયાત તોડતા નથી. નાગરાજનો દીકરો મલ્લરાજ ને મલ્લરાજના ભાયાત તમે. આમાં તમારે મને પૂછવાનું નથી ને મારે તમને પૂછવાનું નથી. નાગરાજનો બોલ હું પાળીશ ને મારો બોલ તમે મારા ભાઈઓ પાળશો

એમાં વિચારવાનું શું ને પૂછવાનું શું? માટે ઊઠો, ને બાઈડીઓ જેવાનાં ટાયલાં ને વાણિયા જેવાના વિચાર સાંભળવા પડતા મૂકી પોતપોતાના રસાલા લેઈ બે ઘડીમાં પાછા આવો, અને ધન્ય દહાડો ધન્ય ઘડી કે યુદ્ધ પાસે આવે છે ત્યાં ઘોડાઓને મારી મૂકીએ અને તરવારો અને બંધૂકોને શત્રુનાં શરીર પર રમાડીએ. ઊઠો, મલ્લરાજની મૂછના વાળ! ઘણે વર્ષે આ યુદ્ધનો વારો આવે છે ને રજપૂતની લક્ષ્મી તમને શત્રુના લોહીના ચાંલ્લા કરવા એ લોહીમાં બોળેલા હાથ ઊભા રાખી, ઊભી રહી છે!'

બીજાને ઉશ્કેરવા બોલતો બોલતો મલ્લરાજ જ પોતાના બોલથી ઉશ્કેરાઈ ગયો, ઊભો થયો અને મ્યાનમાંથી તરવાર કાઢી કોઈને મારવા જતો હોય તેમ ઊંચી કરી બોલ્યો: 'ચલો, ભા ચલો —'

તે ઊભો થયો તેની સાથે સૌ મંડળ ઊભું થયું અને તેની પેઠે ઉશ્કેરાયું. એક જણે બૂમ પાડી! 'ખમા મહારાજા મલ્લરાજને!' સર્વના વિચાર વેરાઈ ગયા અને રાજભક્ત શૂર પુરુષો રાજાના વચનને પાળવા ઉત્સાહથી રાજમંદિરના દ્વારની બહાર ચાલવા લાગ્યા.

અંદર માત્ર મલ્લરાજ અને જરાશંકર રહ્યા. દ્વાર સુધી સૌની પાછળ જઈ સામંત પાછો વળ્યો. તેના મુખ ઉપર પરસેવો વળ્યો હતો, તેની આંખો લાલચોળ થઈ હતી અને તેને શૌર્ય ચડ્યું કે ક્રોધ ચડ્યો હતો તે કળવું કઠણ થઈ પડ્યું. પણ તે મલ્લરાજ પાસે બોલી શક્યો નહીં.

મલ્લરાજે પૂછ્યું: 'કેમ સામંત, શા વિચારમાં પાછો વળે છે?'

શરીરે કોપ પણ શબ્દમાં નરમ પડી સામંત બોલ્યો: 'મહારાજ, બહુ વસમું કર્યું. સૌના અભિપ્રાય લેવા તેમને તેડવા મને મોકલ્યો હતો — મેં એમ જાણ્યું ન હતું કે આપ એકદમ આજ્ઞા આપી બેસશો! — મહારાજ! ઘણું સાહસ થયું.' લોખંડના ભારે પાંચશેરા ફેંકવામાં આવતા હોય તેમ સામંતના શબ્દ અચકાઈ અચકાઈ ધીમે ધીમે પણ અત્યંત ભાર સાથે એક પછી એક નીકળ્યા.

મલ્લરાજે તેને શાંત પાડવા માંડ્યો: 'સામંત, ધીરો પડ. ચાલ, બેસ, અને જશ શ્વાસ ખા.'

સૌ બેઠા. સામંતે ઉત્તર ન દીધો. આડું જોઈ રહ્યો. મલ્લરાજ તેને મનાવવા લાગ્યો.

'સામંત! બહુ વિચાર કરી કામ કર્યું છે. મારી ખાતરી છે કે મારું કારણ જાણીશ ત્યારે તું મને ખરો કહીશ. પણ ધાર કે આપણ મત જુદા પડ્યા તો તું તારા મત પ્રમાણે વર્તશે કે મારા મત પ્રમાણે? કહે, વારુ, ખરો ઉત્તર દે કે તારા ઉપર મારો અધિકાર કેટલો તે જણાય. જો, તારી રાજભક્તિ ઉપર — તારી પ્રીતિ ઉપર — મારો અધિકાર ન હોય તો તો તારા ઉપર આજ્ઞા ન કરતાં મારા મતનું ખરાપણું તને સમજાવું.'

સામંતનું શરીર તેમ મન આ શબ્દોથી કેવળ શિથિલ બની ગયું. મલ્લરાજના મુખ આગળ પળવારમાં તે ગરીબ ગાય જેવો થઈ ગયો અને તેને ખોળે પાઘડી ઉતારી બોલ્યો:

'મહારાજ, ક્ષમા કરો મારો અપરાધ. આપની આજ્ઞા નહીં પાળું તો કોની પાળીશ? અરેરે, મારો અભિપ્રાય ગમે તે હો પણ આપની આજ્ઞા જણાયા પછી જો હું એ અભિપ્રાયને અનુસરું તો આપની આજ્ઞા ભંગ કરનાર આ રાજદ્રોહી શિરનો છેદ થવો જોઈએ.'

વળી હાથ જોડી બોલ્યો: 'મહારાજ, હવે તો આજ્ઞા આપો તો સર્વ મંડળ આપની આજ્ઞા પાળવા ગયું છે તેમાં હું પાછળ ન પડું.'

'વાહ, મારા વહાલા સામંત, વાહ! તું મારા રાજ્યનો મહાન સ્તંભ છે, મારી સેનાના મુખનો અગ્રણી હાથી છે. હું તને આજ્ઞા આપીશ જ. દશરથનો બોલ રામજીએ પાળ્યો ને રામજીનો બોલ લક્ષ્મણજી ને ભરતજીએ પાળ્યો તેમ નાગરાજનો બોલ હું પાળું ને મારો બોલ તું પાળે એ સૂરજકુળનો અસલ મહિમા છે.'

'મહારાજ આજ્ઞા આપો — શા વાસ્તે મારી ભક્તિ દેખાડવાના સમયમાં વિલંબ કરો છો?'

'સામંત, મારા કરતાં તું ચાર વર્ષ મોટા છે. દુર્યોધનને ત્યાં ભીષ્મપિતામહ હતા તેમ મારે ત્યાં તું છે. તારી ભક્તિ પર જેવો મારો વિશ્વાસ છે તેવો જ તારા અભિપ્રાય ઉપર પણ છે.'

સામંત કંપવા લાગ્યો — તેણે પોતાને કાને હાથ મૂક્યા — પછી મલ્લરાજને પગે મૂક્યા: 'ખમા! ખમા! મહારાજ! ક્ષમા કરો! આપ દુર્યોધનની પેઠે અધર્મની આજ્ઞા આપો એવો લેશમાત્ર પણ મને સંશય હોય તો મને બહ્મહત્યાનું પાપ — આ પ્રધાનજી જેવા શુદ્ધ બ્રાહ્મણના સમક્ષ સોગન ખાઉં છું'

'જરાશંકર, દુર્યોધનને કર્ણ પ્રધાનતુલ્ય હતો અને મારો તું તો પ્રધાન જ છે; તારા સોગન સામંત ખાય ત્યારે કેમ ના કહેવાય?' મલ્લરાજે હસતાં હસતાં હુક્કો પાસે લીધો.

સામંત વધારે ગભરાયો. 'હરિ! હરિ! મહારાજ! મને પ્રત્યક્ષ શિક્ષા કરી હોત તો હું પ્રાયશ્ચિત્ત જેવી ગણત, પણ આ બહુ વસમી પડે છે. સત્ય બોલું છું; જરાશંકરે આપને અભિપ્રાય આપ્યો હશે, આપે તે સ્વીકાર્યો હશે અને મારાથી તે જુદો હશે. તોપણ હે ગૌબ્રાહ્મણપ્રતિપાળ, એ અભિપ્રાય ધર્મને અનુસરીને જ હશે એવો મને વિશ્વાસ છે — દૃઢ વિશ્વાસ છે. વળી બીજું એ બ્રાહ્મણે મારા શિરચ્છેદનો અભિપ્રાય આપ્યો હોય ને આપે સ્વીકાર્યો હોય તોપણ રાજ્યનો મંત્રી રાજાને માર્ગ બતાવે તેટલા સારુ એ મંત્રીને દૂરથી પણ ભય દર્શાવે તે ગરાસિયો રાજાની થાળીમાંથી રાજાના

પ્રસાદરૂપ મળેલો ગ્રાસ નથી ખાતો પણ ધૂળ ફાકે છે. મહારાજ, મેં જરાશંકરના સોગન કૂડકપટથી નથી ખાધા.'

મલ્લરાજ પ્રસન્ન થયો. 'સામંત, હું તારા ઉપર પ્રસન્ન છું. પણ મારા વિચારનું કારણ્ જાણીને જા.'

'મહારાજ! મારો અભિપ્રાય વિરુદ્ધ હોવા છતાં, આપની આજ્ઞાનું કારણ રજ પણ ન જાણવા છતાં, મારા રાજા અને તેના મંત્રીના મંત્ર તોડવાની જરી પણ વાસના ન રાખતાં. એ મંત્રના ફળરૂપ આપની આજ્ઞાને અંત:કરણથી પાળું તો મારી રાજભક્તિ પૂર્ણ ફળવાળી થાય, માટે હવે મને આજ્ઞા જ આપો અને તે દૃઢ શ્રદ્ધાથી પળાયેલી જ જુઓ. એ મહાકૃપા મારા ઉપર કરો.'

મલ્લરાજ સામંતને ભેટી પડ્યો. 'જા બાપુ, જા. જ્યાં સુધી તારા જેવાં રત્ન રત્નનગરીમાં પાકે છે ત્યાં સુધી — તું જ મહાકૃપા મારી પાસે માગે છે તેથી અનેકધા અધિક-મહાકૃપા મારા પર ઈશ્વર રાખે છે.'

રાજાની બાથમાંથી છૂટી સામંત પ્રસન્ન ચિત્તે રાજમંદિરના દ્વારમાંથી નીકળ્યો.

'જરાશંકર જોયાં, આ મારી રત્નનગરીનાં રત્ન? મેં તને પ્રધાનપદ આપ્યું છે તે એટલા માટે કે આવાં આવાં મારાં રત્નોની પરીક્ષા તું કરી રાખે અને જે કાળે હું મારા પૂર્વજોના ભેગો સ્મશાનગામી થઈ ગયો હોઉં તે કાળે મારા પુત્રને આ પુરુષરત્નોની પરીક્ષા કરતાં તું શીખવે. પરદેશમાં પુરુષરત્નો હોય તે આ નગરીમાં વસાવવાં અને નગરીને અધિક રત્નવાળી કરવી આવશ્યક છે, તો પછી આ નગરીમાંનાં રત્નો શોધવાનું ભુલાય તે તો ખમાય જ કેમ? જે રત્ન ઉપર મેલ હોય તેને શુદ્ધ કરવાં, તેમનું તેજ આગળ આણવું, તેમનું મૂલ્ય વધારવું, એ આ રાજ્યના રાજાઓની કળા છે તે તું જાતે શીખજે, તે મારા વારસને શીખવજે અને તેને એવો પ્રધાન આપજે કે જે આ કળા જાણે અને શીખે. બીજું, સાંભળ. પ્રાત:કાળે યુદ્ધ થાય તે આ દેહ રણમાં પડે તો મારા મનના મનોરથ જાણનાર બ્રાહ્મણ આયુષ્યમાન હશે તો કોઈ દિવસ રત્નનગરીનો ઉદ્ધાર કરશે. માટે બે બોલ સાંભળી લે. આવે કાળે ક્ષત્રિયો અંતરના મર્મ ઉઘાડે છે કે મનની મનમાં રહી જાય નહીં.'

જરાશંકરની આંખમાં આંસુ આવ્યાં. મલ્લરાજે બોલવા માંડ્યું:

'જો. આ બ્રાહ્મણ-ક્ષત્રિય-વર્ણો પરાપૂર્વથી ચાલે છે તેમાં એક લાભ છે. યુદ્ધનું માહાત્મ્ય ક્ષત્રિયોમાં અને જ્ઞાનનું બ્રાહ્મણોમાં રાખ્યું છે. ક્ષત્રિયોનું કામ મરવાનું ને બ્રાહ્મણોનું જીવવાનું. જેમ કેટલાંક ઝાડને કાપો તેમ વધે છે તેમ ક્ષત્રિયો મરે તેમ તેનાં સંતાન શૂરાં થાય છે -જેમ જયશિખરીની પાછળ વનરાજ થયો. એક શરીરનું બીજ મૂક્યું તો ત્યાંથી બીજું શરીર ઊગે છે,

પણ જ્ઞાન અને કળાનાં બીજ રોપાતાં નથી. જ્ઞાન અને કળાઓ તો અગ્નિહોત્રના અગ્નિ પેઠે વંશપરંપરા અખંડ જાળવી રાખવાનાં છે. રાજાઓ મરે ત્યારે રાજવિદ્યા અને યુદ્ધવિદ્યા નાશ પામે તો પાછળની પ્રજા શું કરે? રાજાઓ ન મરે તો ક્ષત્રિયોને માથે જીવનપ્રિય રાજાઓ રહે તેને ક્ષત્રિયો માન કેમ આપે ને બાયલા કેમ ન ગણે? રાજાને યુદ્ધમાં યમ સાથે લડતો જોઈ ક્ષત્રિયોની રાજભક્તિ અને શૂરતા તીક્ષ્ણ થાય છે. માટે રાજાએ યુદ્ધને મંગળરૂપ ગણવું. હવે રાજા મરે તો તેની રાજવિદ્યા અને શસ્ત્રવિદ્યા નાશ ન પામે — નવો રાજા બાળક હોય કે શત્રુ હોય — તેને માટે રાજવિદ્યા અને શસ્ત્રવિદ્યાનો આધાર પણ તેમના બ્રાહ્મણ મંત્રીઓને કરવા. બ્રાહ્મણોનો વધ શાસ્ત્રમાં નિષિદ્ધ ગણ્યો તે આવાં આવાં જ્ઞાનનાં બ્રાહ્મણરૂપ અક્ષયપાત્ર સાચવવાને માટે અને અખિલ લોકના કલ્યાણને માટે. જો દ્રોણાચાર્યની શસ્ત્રવિદ્યા અને ચાણક્યની રાજવિદ્યા. ચાણક્ય હતો તો ચંદ્રગુપ્ત સર્વ વિદ્યા શીખ્યો અને મ્લેચ્છોને કંપાવી શક્યો. રાજબીજને પણ બ્રાહ્મણમાળી જોઈએ છે અને મહાન અનુભવ વિના વિદ્યા સતેજ થતી નથી. માટે રાજાએ મંત્રીઓને સ્થળે બ્રાહ્મણો રાખવા, તેમને મહાન પ્રસંગોના અનુભવી કરવા, અને તેમનું આયુષ્યરત્ન જાળવવું: એ રાજાઓનું કામ — તે મારા પુત્રને શીખવજે.’

‘બીજું, બ્રાહ્મણને ઠેકાણે બ્રાહ્મણ, ક્ષત્રિયને ઠેકાણે ક્ષત્રિય અને વૈશ્યને ઠેકાણે વૈશ્ય, વગેરે વાતમાં વાંધો ન પડે. વળી જો, હવે કાળ બદલાશે અને વર્ણાશ્રમના ધર્મ નાશ પામશે એ પણ નક્કી છે. પણ આનો અર્થ ઊંધો ન સમજીશ. અસલ બ્રાહ્મણનો દીકરો બ્રાહ્મણપણું કરતો હતો તે બંધ થશે અને ક્ષત્રિયોના દીકરા અંગ્રેજી રાજ્યમાં લડવા નહીં પામે એટલે, આશ્રમ તો નાશ પામ્યા છે જ પણ વર્ણાચાર નષ્ટ થશે. તે કાળે સમય જોઈ વર્તતાં શીખજે અને શીખવજે. તું ગમે તે કરશે પણ બ્રાહ્મણમાં શુદ્ધ ક્ષત્રિયપણું આવવાનું નથી અને ક્ષત્રિયોમાં શુદ્ધ બ્રહ્મત્વ આવવાનું નથી; વિશ્વામિત્રે બ્રહ્મર્ષિ થતાં તેનાથી પોતાનો સ્વભાવ તજાયો નહીં તેની વાત જો; અને પરશુરામની ભૂમિમાં જન્મેલા બ્રાહ્મણ પેશવાઓ યુદ્ધમાં લડ્યા, પણ એમનો ક્રમ જો — પ્રથમ સ્વામીદ્રોહ, પછી પરસ્પરદ્રોહ, અને છેલ્લો પ્રલયકાળ રાજદ્રોહી રાઘોબાનો પૌત્ર આ નાનાસાહેબ આજ વર્તાવવા ઊભો થયો છે તે ભસ્માસુરની પેઠે પોતાનો હાથ પોતાને જ માથે ન મૂકે તો મને સંભારજે. એ પોતાના લાભ સારુ લડે છે, ક્રૂરપણે વર્તે છે; પણ ક્ષત્રિયોના ઉદાર અને ઉદાત્ત ધર્મ તેને આવડવાના નથી ને તેના વંશમાં કોઈને આવડ્યા નથી. બ્રહ્મરત્નોને ઠેકાણે બ્રહ્મઅંગારાઓ હાલ દેખાય છે. માટે તારે સર્વ વર્ણોમાં હલકા કાંકરા, કોયલા અને અંગારા હોય તેને ઉત્તેજન ન આપવું — ત્યાં વર્ણાચાર નાશ પામવા સૃજેલો છે તે અટકાવવા મિથ્યા પ્રયત્ન ન કરવો. પણ બુદ્ધિની અને હૃદયની પરીક્ષા કરી બ્રહ્મરત્ન, ક્ષત્રિયરત્ન અને વૈશ્યરત્નોને ખૂણેખાંચરેથી, દેશપરદેશથી શોધી કાઢી મારી નગરીમાં યથાશક્તિ ભરજે અને ચેલા કાંકરા, કોયલા જેમ દૂર જાય તેમ

કરજે. એ રત્નો એકઠાં કરી તેમાં તેમના વર્ણ પ્રમાણે વિવેક કરજે. જરાશંકર, રાત થોડી ને વેશ ઘણા છે. મારા વારસને આ શીખવજે.'

બારણે એકઠા થતા વીરોના સ્વર સંભળાવા લાગ્યા.

'જરાશંકર, એક વાત ભૂલી ગયો છું તે સાંભળ. રત્નો આ નગરીમાં ભેગાં કરવા કહ્યું તેનો અર્થ અવળો કરીશ નહીં. જો, કેટલાંક રત્ન આપણે ઘેર સારાં, ને કેટલાંક આપણે ઘેરથી પરઘેર ગયાં જ શોભે. પુત્રરત્ન ઘેર સારું — તેમ ક્ષત્રિયરત્ન ઘરનું સારું; પરદેશીનો વિશ્વાસ નહીં, હોં! કદી આ વાત ચૂકીશ નહીં. કન્યારત્ન પરઘેર દીપે — તેમ આ રાજ્યનાં બ્રહ્મરત્નનું તેજ પરરાજ્યમાં તપવા દેવું — ઘેર બેઠે બુદ્ધિ કટાય, અનુભવ ઓછા થાય, આળસ વધે, નિ:સ્પૃહીપણામાં ને નિષ્પક્ષપાતપણામાં ખામી આવે, ઘરકૂકડીપણું થાય, પરસ્પર-વિગ્રહી સ્વભાવ થાય, અને આપણા નાના રાજ્યમાં સારાં રત્નની અછત થઈ જાય ને પરરાજ્યનાં મોટાં રત્ન આણીએ ત્યારે આપણા દેશી કાંકરા અદેખાઈ કરે તે સહેવી પડે, અથવા તે અદેખાઈનો પ્રસંગ ન આણીએ તો મૂલ્યવાન રત્નોને જે દ્રવ્ય આપી મહાન લાભ મળવાના તેટલું જ દ્રવ્ય ઘરના કાંકરા પાછળ ખરચી લાભને ઠેકાણે અનેકધા હાનિઓ પામવાની થશે. મહાપ્રસંગે બુદ્ધિવાળા અનુભવી માણસો વગર ચલાવવું પડશે અને રાજ્યને ધક્કાનો અને પ્રજાને જુલમનો વારો આવવાનો — અધિકારીઓને નીમતાં અને ઉત્તેજન આપતાં આ વાત સરત રાખજે. તેઓ નાતે ગમે તે હશે પણ અસલ જ કામ બ્રાહ્મણો કરતા તે કામ તેમને હાલ કરવાનું છે; તે કામ કરવાની તેમની યોગ્યતા વિચારજે, વધારજે અને આપણા રાજ્યના માણસો નીમી તેમને એકલહથ્થા વાણિયા — ઘરમાં સિંહ અને બહાર શિયાળ—થવા દઈશ નહીં. અને એ કામ સારુ જે રત્ન વસાવે તેમાં સરત રાખજે કે એવાં રત્નો તો —'

'જ્યું જ્યું પરભૂમિ સંચરે, મૂલ મોંઘેરાં થાય.'

મારા પ્રધાનોએ આવું હાટ માંડવું અને તેમાં ચતુર વણિગ્વ્યાપારીની કળા વાપરવી.

બહાર વધારે સ્વર થવા લાગ્યા.

'બસ. હવે અવકાશ નથી પણ આ સૌ મારા વારસને શીખવજે. મને હવે મારા યુદ્ધાનંદમાં પડતાં પહેલાં અને યુદ્ધને અર્થે રત્નનગરીનો ત્યાગ કરતાં પહેલાં એ મારી વહાલી રત્નનગરીના ઉપર વહાલનો છેલ્લો ઉમળકો આણવા દે અને તેને સારુ રત્નનગરી નામ શાથી પડ્યું તે મંગળ શ્લોક બોલી બતાવ — ઝટ.'

જરાશંકર શ્લોક બોલવા લાગ્યો:

नगस्य कूटेषु च पन्नगानां शिर:सु चारण्यमदद्विपानाम्।

कुम्भस्थलीष्वेव च वारणारे: पद्मासु चाम्भ:सु च वारिराशे:।।

रत्नाकरत्वात्तु पुरातनेभ्यो लेभे पुरा रत्नपुरीत्यभिख्याम्।।

या साऽद्य संपुष्यति कीर्तिमग्रयां जगत्सु जाता नररत्नगर्भा।।
*

મલ્લરાજે આકાશ ભણી હાથ જોડી ઉદ્‌ગાર કર્યો: ‘હે માતા રત્નનગરી! આ તારા સુંદરગિરિમાં, તારાં અરણ્યોમાં, તારા મહાસાગરમાં, તારાં પેટે ચાલનારાં અને પગે ચાલનારાં પ્રાણીઓમાં, તારાં રાજ્યોની જડચેતન લક્ષ્મીમાં સર્વત્ર તું રત્નની ખાણો ને ખાણો રાખે છે — તેની કીર્તિને મલ્લરાજના વંશજો અને તેમના અધિકારીઓ અને પ્રજાઓ કદી ઝાંખ લગાડે નહીં એવું તારું સદ્‌ભાગ્ય હો અને એ સદ્‌ભાગ્ય સિદ્ધ કરવા આજનાં તારાં નરરત્ન યુદ્ધમાં ચડશે ત્યાં ઈશ્વર સહાય થાઓ!’

આ વચન નીકળે છે તેવામાં સામંતને આગળ કરી યુદ્ધસામગ્રી સજી સર્વ ભાયાતો હારબંધ રાજમંદિરમાં આવ્યા, અને સામંત મલ્લરાજના પગ આગળ તરવાર મૂકી બોલ્યો: ‘ઈશ્વર સહાય થાઓ ધર્મરાજ મહારાજ મલ્લરાજને! મહારાજની આજ્ઞા ઉપાડવા સર્વ ભાઈઓ શિર સજ્જ કરી ઊભા છે અને રંક સામંતને મુખે આજ્ઞા માગે છે.’

મલ્લરાજ આનંદપ્રફુલ્લ થયો અને બોલ્યો: ‘ધન્ય છે. સામંત, તારી અને સૌ ભાઈની પ્રીતિને અને ભક્તિને! જ્યાં સુધી તમારા જેવા ભાઈ રત્નો પેઠે પ્રકાશશે ત્યાં સુધી રત્નનગરીને કોઈનો ભય નથી. સામંત, આજ મારો સેનાપતિ તું અને આજના યુદ્ધનો યશ તને આપું છું. તને મારો આશીર્વાદ છે. કાર્તિકસ્વામી ઇન્દ્રની આજ્ઞાથી અસુરો સામે ચડતા તેમ મારી આજ્ઞાથી આપણા ભાઈઓની સેના લઈ તું સત્વર ચડી જા અને શત્રુનો પરાભવ કરી રત્નનગરીના રાજ્યમાં શત્રુ ફરી પગ મૂકે નહીં એવું કર. વહાલા અને શૂરા ભાઈઓ, પ્રાત:કાલ પહેલાં સર્વ કાર્ય આટોપી આવો અને સામંતને પૂરો આશ્રય આપજો. સામંત, મને ઘડીએ ઘડીએ સમાચાર કહાવજે — આવ, મને ભેટી લેવા દે.’

પોતાને મળેલું માન, પોતાના ઉપર રાજાએ રાખેલો વિશ્વાસ અને અત્યારે રાજાનું પ્રેમાલિંગન: એ સર્વથી સામંતની આંખોમાં ઉપકાર અને આનંદનાં આંસુ આવ્યાં. સર્વ ભાઈઓની સાથે રાજાએ હાથ મેળવ્યા અને એકે એકે સૌ ગયા.

‘જરાશંકર! જોજે. ભાઈઓ, અધિકારીઓ, સેના અને આખી પ્રજા, તેમના અંત:કરણનો પ્રેમ અને તેમના આશીર્વાદ — એ સિવાય રત્નનગરીના રાજાઓને અધિક બળ અને અધિક યત્ન કશામાં નથી. એ અમારો પરાપૂર્વનો ઇતિહાસ હતો તે વાત તેં આજ દૃષ્ટિએ જોઈ, અને મારે પુત્રપ્રાપ્તિ થાય તો પુત્રને ને મારે પુત્ર ન થાય તો મારા વારસને આજની વાતથી વિદિત કરજે, તેમને મારો આ સંદેશો પહોંચાડજે, અને મારા તરફથી કહેજે કે હિન્દુસ્તાનનું સામ્રાજ્ય અંગ્રેજ કરો કે બીજા કોઈ કરો

પણ જ્યાં સુધી મારો આ પરાપૂર્વનો કુળાચાર જાળવવા જેટલી મારા વારસોમાં શક્તિ હશે ત્યાં સુધી તેમનો વાંકો વાળ નહીં થાય અને કાળ બદલાશે પણ તેમનું રાજ્ય નહીં બદલાય!'

ભાયાતો ઉપર અને તેમાં મુખ્ય કરી સામંત ઉપર રાજાએ દર્શાવેલો વિશ્વાસ અને પ્રેમ અને તેના બદલામાં તેમણે અર્પેલી ભક્તિ જોઈ જરાશંકર સ્તબ્ધ થઈ ગયો હતો તે આ વચન સાંભળી ગળગળો થયો. તેના નેત્રમાં પાણી ભરાયું અને હાથ જોડી ગદ્‌ગદ કંઠે બોલ્યો:

'મહારાજ, હું અપરાધી આપની શિક્ષાને પાત્ર થયો છું. આ ભાયાતોનો નિરોધ કરવા મેં આપને સૂચના કરી હતી તે દુષ્ટ હતી એમ હવે મને લાગે છે. અરેરે! આ રાજભક્ત પુરુષોને વાસ્તે જો આપે જ સદ્‌ભાવ ન બતાવ્યો હોત તો મારા વચનથી દુષ્ટ ફળ થાત. મહારાજ, આપના મહાન અંત:કરણે સામંતને જે શિક્ષા કરી તેનું દૃષ્ટાંત આ ક્ષુદ્ર જીવથી ભુલાય એમ નથી. મરાઠાઓને આપ ગર્ભચોર કહો છો તે તો જગત જાણે છે; પણ આપના જેવા ગર્ભમહારાજનું મહારાજત્વ જોઈ મારું હૃદય દ્રવે છે, આનંદ પામે છે અને તેમની સેવાના પ્રસંગથી અભિમાન ધારે છે. સૂર્યવંશી મહારાજા, આપના શબ્દેશબ્દ હું આ હૃદયમાં કોતરી રાખીશ અને આપના અનુયાયીને પહોંચાડીશ. પણ આપ એ સંદેશો કહાવવાનો પ્રસંગ અત્યારે શાથી કલ્પો છો?'

મલ્લરાજે હાસ્ય કર્યું: 'જરાશંકર, રાજા અને પ્રધાનો અન્યોન્યના અંકુશ છે. રાજ્યના દેશકાળની એકતા વંશપરંપરા દ્વારા એકભાવે રહેનાર રાજા રાખે છે. આ કાર્યમાં પિતા, પુત્ર, પૌત્ર આદિ સર્વ રાજાઓને એક જ પુરુષ રાજા ગણેલો છે. તે કદી મરતો નથી અને એક યુગના રાજમંત્ર બીજા યુગને પહોંચાડે છે. તે રાજ્ય ઉપર કુટુંબભાવ રાખે છે. પણ રાજા, આસપાસના દેશોમાં ચારે પાસ વધેલાં અનુભવ અને વિદ્યામાં પહોંચી વળતો નથી અને તેથી તેને તે સર્વ વિદ્યાનુભવ પામેલા પ્રધાનો સાથે જોડાવાની જરૂર છે — જેમ દીકરો માબાપની સ્વગૃહની કન્યાને અગ્રાહ્ય ગણી પરગૃહની કન્યા સાથે જોડાય તો જ ધર્મ પ્રવર્તે છે. ભાયાતોને દુ:ખ દેવું જેમ અનિષ્ટ છે તેમ તેમને પ્રધાનપદ આપવું પણ રાજ્યને અનિષ્ટ છે. પરગૃહની કન્યા સાથે સ્વગૃહનો પુત્ર જે મંત્ર કરે તે કાંઈ ઓર જ થાય છે અને તે જાણવાનો તેમ તેમાં વચ્ચે પડવાનો અધિકાર માતાપિતાને કે બંધુઓને નથી, તેમ જ રાજા અને પ્રધાન વચ્ચેના મંત્ર પ્રત્યે મારા ભાયાતોના ધર્મ સમજવા. જરાશંકર, જેમ પુત્ર માવડિયો થાય તો તેને કન્યાના ભણીથી અંકુશ વાગવો ધર્મ્ય છે તેમ રાજા અયોગ્ય રીતે કુટુંબવત્સલ થાય તો પ્રધાને તેના સામો અંકુશ ધરવો જ જોઈએ. તારી સૂચના કેવળ સધર્મ હતી; માત્ર ફેર એટલો હતો કે મારા ભાઈઓનો સ્વભાવ હું જ જાણતો હતો અને તારું ઇષ્ટ ફળ મારી વત્સલતાથી જળવાય એમ હતું તેથી મેં મારો અધિકાર વાપર્યો. તેં જે નિર્ભય રીતે બુદ્ધિ

ચલાવી તેમ સર્વદા ચલાવવી. આપણે બે પરસ્પરની ભૂલો સુધારવા બસ છીએ. તું જો કે આ ભાઈ હવે અધિક શૌર્યથી, સંભાળથી અને ચતુરાઈથી યુદ્ધ કરશે — મારે ઠેકાણે તેમને મોકલ્યા તેથી તેમના મનમાં વધારે કાળજી રહેશે. સામંતે ભૂલ કરી તેનું એ ઇષ્ટ ફળ. મને વિશ્વાસ છે કે પ્રાત:કાળ પહેલાં એ જીતીને પાછા ફરશે, પણ યુદ્ધના પ્રસંગ અનિશ્ચિત છે. મારે પણ જવું પડે તો તને કંઈ કહેવાનો અવકાશ ન મળે. જૂની વાતોમાં એવું આવે છે કે યુદ્ધમાં ચડતા પહેલાં અસલના યોદ્ધાઓ પુત્રહીન ગૃહિણીને ગર્ભાધાન કરાવી ઘોડે ચડતા હતા કે તેમનું મૃત્યુ થાય તો તેમના શૌર્યનું બીજ કાળે ઊગે. જયશિખરીએ સગર્ભા રાણીને વનમાં શત્રુ ન પહોંચે ત્યાં મોકલી દીધી હતી. એ જ પ્રણાલિકાએ હું મારો સંદેશારૂપ ગર્ભ — તું મારો બ્રાહ્મણ પ્રધાન તેના અંત: કરણમાં — મૂકું છું તે ગર્ભનું પોષણ કરજે. સ્ત્રીબ્રાહ્મણ વધને પાત્ર નથી અને ક્ષત્રિયોના વધપ્રસંગે અવધ્ય સ્ત્રી-બ્રાહ્મણનાં અંતરમાં સંતાડેલ ગર્ભ જીવી શકે છે, વધી શકે છે અને કાળે કરીને પ્રકટ થાય છે. જો, કોણ આવે છે?'

પોતાનો દૂત આવ્યો અને બોલ્યો:

'મહારાજ, તાત્યાટોપીની સેના પડી છે તેના બે સરદાર મારી સાથે નગરને પાદર આવ્યા છે. આપને મળવા ઇચ્છે છે. આજ્ઞા હોય તો પાદરની ધર્મશાળામાંથી તેડી લાવું — અભયવચન આપી લાવ્યો છું.'

'જાતે કેવા છે તે?'

'એક મરાઠો છે. અંગ્રેજી ભણેલો છું એમ કહે છે. બીજો વૃદ્ધ દક્ષિણી બ્રાહ્મણ છે ને કહે છે કે શાસ્ત્ર ભણેલો છું ને ગુજરાતી રજવાડામાં રહેલો છું અને હરદ્વારથી સેતુબન્ધ રામેશ્વર સુધી ને જગન્નાથપુરીથી દ્વારકા સુધી યાત્રાઓ કરી આવેલો છું.'

'એમની સાથે બીજાં માણસ છે?'

'હા.'

'કેટલાં છે?'

'બે જ એક હિન્દુસ્તાની સિપાહી છે ને બીજો મુસલમાન છે.'

'તું જા. હું જમી રહીને તેડવા મોકલું એટલે લાવજે.' દૂત ગયો.

'જરાશંકર, સામંતની સેના કૂચ કરી જાય તે પછી આ લોકને તેડવા મોકલજે. એમને અભયવચન સાપ્યું છે, એમની સેનાને નથી આપ્યું.'

જરાશંકર ઊભો થયો.

'જરાશંકર, કંપની સાથે સંબંધ બાંધવો કે નહિ તેમાં તારી બુદ્ધિ મને કામ લાગી છે. ભાયાતોની વાતમાં મારી બુદ્ધિ ચાલી છે. આ લોક આવે

ત્યાર પહેલાં તું આવજે — સામાં આપણું બેનું કામ પડશે.'

'જેવી આજ્ઞા.' જરાશંકર ગયો. ભોજનની આજ્ઞા થઈ. રૂપેરી થાળ અને પ્યાલાઓમાં મલ્લરાજનું સાદું પણ સ્વાદિષ્ટ, તાજું અને બલિષ્ઠ ભોજન આવ્યું. તે જમવા બેઠો. માણસો ગયાં સામી માત્ર રાણી બેઠી. નેત્રને પ્રસન્ન કરે એવાં વસ્ત્રો પહેરી, બળવાન ઊંચા બાંધાની યૌવનમદની ભરેલી, શૃંગારમાં લડાક, સ્ત્રીધર્મમાં કુલીન અને પ્રવીણ, આનંદભરી, ઉચ્ચરસથી ઊભરાતી ક્ષત્રિયાભિમાનિની મહારાણી મધુર અને કોમળ પણ સ્થિર વચન બોલતી બેઠી.

'કહો મારાં મેનારાણી, આજ શી નવાજૂની છે?' અન્ન મુખમાં મૂકતા પહેલાં મલ્લરાજે પૂછ્યું.

'મહારાજ, પ્રાત:કાળ પહેલાં યુદ્ધે ચડે એવી વાત કાને આવી છે, તે વાત ખરી હોય તો એક શયનભાગિનીને તે જાણવાનો અધિકાર હશે ખરો?'

મલ્લરાજ હસવા લાગ્યો. 'કોણ જાણે, હોય ખરો ને ન યે હોય. રાજાઓને અનેક રાણીઓ. તેમાં રણભૂમિ સૌથી સુહાગણ. તેનું તેડું આવશે ત્યારે બીજી રાણીઓને પડતી મૂકવી પડશે. એ રાણી તમને કહેવા જેટલો અવકાશ આપશે તો કહીશું ને તમારી પાસે આવવા દેશે ત્યારે આવીશું.'

'સત્ય છે. આપ જેવાઓ રણભૂમિ સાથે શૃંગારવાસના ન રાખો ત્યારે બીજું કોણ રાખે? મહારાજ, એ રાણીને મહેલ પધારો ત્યારે તો આપના શસ્ત્રાલંકાર પહેરાવવાનો અમને અધિકાર.'

'હા—હવે હું હાર્યો. તમે તમારો અધિકાર સિદ્ધ કર્યો ખરો. તો લો, કહું છું — આપણી સેના લઈ સામંત ચડી ગયો છે ને મારે ચડવા વારો આવશે કે નહીં તે નક્કી થશે ત્યારે તમને કહીશ — જવું પડે તો રાત્રિએ ગમે તે કાળે જવું પડે. લો, વધામણીમાં આ દૂધભાતનો સાકરકોળિયો' — રાજાએ રાણીને કોળિયો ભરાવ્યો, રાણીએ લજ્જાવનત મુખે ભર્યો, કોળિયો ભરાવતાં ભરાવતાં સ્વામીએ અચિંત્યો કપોલદેશે હસ્ત ફેરવ્યો. પતિના દાક્ષિણ્યથી આનંદપ્રફુલ્લ રોમાંચિત રાણીએ સામો કોળિયો ભરાવ્યો. ભોજન કરી શૃંગારવીર રાજાએ હાથ ઝાલી અગાશીમાં લીધી. ત્યાં મધ્યાકાશમાં ચન્દ્રાર્ધબિમ્બ રાજાના હસ્તભાગ પર અઠીંગાયેલા ઢંકાયેલા વાંકા પડેલા મેનારાણીના મુખ પેઠે એકાંતરમ્ય વિહાર વિલસતું હતું. રાણીના નેત્રમાંથી જલપ્રવાહ જતો જતો રાજાના હાથ પર પડતો ગયો તેમ તેમ રાજા તેને છાતીસરસો દાબતો ગયો. વધારે વધારે રોતી રોતી રાણી પતિ વિના બીજું કોઈ ન સાંભળે એમ નીચે પ્રમાણે ગાવા લાગી અને પોતાની ધડકતી છાતી દાબી રાખવા રાજાના બલવાન ભુજમંડળને ભાનશૂન્ય ખેંચવા લાગી:

'રજપૂતાણી જાતની રે! થારું [1] કઠણ કાળજું થાય,

રણશૂરો થારો [2] રણ ચડે ત્યારે આંખડી ભીની ન થાય! - રજપૂતાણી

ભેટી લે નાથને બાથમાં, વીરરત્ન ચડે પરદેશ,

તારે કંઠે છે આજની રાત એ, કાલ રણભૂમનો ભૂંડો વેસ. - રજ૦

ભૂમિ આંસુ પડે આજ, ઘેલડી! તો તો માનશકુન થઈ જાય,

કહ્યું ન કરે ભૂંડી આંખડી, એનાં આંસુ વહે કંથ ન્હાય - રજ૦

જીતીને આવજો, કંથજી! વાટ જોતી સમારીશ સેજ,

પાછે પગલે ન આવશો નાથજી, કુળદેવીની આશિષ છે જ. - રજ૦

રણે રાતી કરશો પિયુ આંખડી, ઘેર રાતી આંખે રોશે નાર,

રણજંગ ભણી જોશે વાટડી, ક્યારે ખોંખારે તારા તોખાર. - રજ૦

પળ મળે આજ જો ભેટવા તો તે આવરદાનો સાર;

રણશૂરો થારો [2] રણ ચડે ત્યારે કેવી તે પડશે સવાર? - રજ૦

બ્રાહ્મણી શમતી બ્રહ્મમાં, રુએ વૈશ્યાણી - 'પિયુ પરદેશ!'

રજપૂતાણી જાણું ન કંથ માહ્યરો રાખે રોતો કે હસતો વેશ. - રજ૦

અંતે રાણી મન બળવાન કરી સામી ઊભી રહી અને હાથ જોડી બોલી: 'મહારાજ, મળ્યાં તે ખરું ને મળીશું તે ખોટું. અવકાશ હોય તો દાશી યોગ્ય કાંઈ આજ્ઞા આપો તેને પુત્ર વિનાની હું પુત્રની પેઠે પાળીશ.'

મલ્લરાજની આંખ આ વચનથી કાંઈક સજળ થઈ. રાણીને માથે હાથ મૂકી માથું છાતી સરસું દાબી બોલ્યો: 'મારાં ગૃહરત્ન! ભાવી આગળ કાંઈ કહેવાનું નથી. આપણ રજપૂતો જેવાં પડે તેવાં દઈએ. હું વિદ્યમાન હોઈશ તો તો તારે કંઈ પૂછવાનું નથી. હું ન હોઉં ને કાંઈ પૂછવું હોય અથવા પૂછ્યા વિના સાંભળવાનો પ્રસંગ આવે તો બ્રાહ્મણ જરાશંકર અને ક્ષત્રિય સામંત મારાં પરખેલાં અને વિશ્વાસુ છોરાં છે અને એ બે ઉપરાંત ત્રીજું તારું શાણપણ છે — રજપૂતના ઘરમાં રજપૂતાણી ડાહી એ જગજાણીતી વાત છે.'

'મહારાજ! એ આજ્ઞા હું પુત્ર પેઠે પાળીશ.' છૂટી પડી મેનારાણી બોલી.

'મને તે વાતનો પૂર્ણ વિશ્વાસ છે. રાણી! પુત્ર નથી તેનો અસંતોષ ન રાખશો.'

'મહારાજ! તમારો વારસ જેને ઈશ્વરે ઘડ્યો હશે તે જ થશે. આમ છતાં મેં અધિકાર ઇચ્છ્યો નથી તો આપની પાછળ ઇચ્છું એ અશક્ય છે. ધિક્કાર છે તે ક્ષત્રિયાણીઓને કે જે અધિકારને લોભે અથવા કોઈ પણ કારણથી પોતાના સ્વામીના રાજ્યાસન પર પરાયાં બાલકોને બેસાડે છે! એ રંડાઓ વ્યભિચારિણી સ્ત્રીઓ કરતાં વધારે દુષ્ટ છે. મહારાજ, જે સ્ત્રીના માથાનું છત્ર ગયું છે તેને સંસારની વાસના રહે છે તે તેના સ્વામી સાથના સંસારમાં કાંઈ ન્યૂનતાને લીધે અને તેની વિશેષ પોતાના નીચ કુળના સંસ્કારને લીધે. મહારાજ, મારા સંસારમાં આપે ન્યૂનતા રાખી નથી. મારું કુળ પરમ શુદ્ધ અને ઉચ્ચ છે. મહારાજ, માથાનું છત્ર જતાં સંસારમાં શું બાકી રહે છે? એવી સ્ત્રીને પુત્રનુંયે પ્રયોજન શું છે અને રાજ્યનુંયે શું છે? મહારાજ, વધારે બોલવું તે ખુશામત જેવું દેખાય છે ને મારા કુળને છાજતું નથી. હું આપને પગે પડીને, આ મારા પતિકુળ ચંદ્રના સમક્ષ સોગન ખાઈને કહું છું કે આપની સર્વ આજ્ઞાઓ મારા એકના એક પુત્ર પેઠે જાળવીશ — મારું કુળ જાળવીશ — મહારાજ, આપ રણમાં મારી વાતે સ્વસ્થ રહેજો — ક્ષત્રિયનું રણ તે જ ક્ષત્રિયાણીનું આભરણ.'

રાણી રાજાને પગે પડી, પગ ચુંબ્યા અને રાજાએ ઉઠાડી ઊઠી.

'પ્રિય રાણી, તારાં વચન પર મને શ્રદ્ધા છે. મને ખબર છે કે સ્ત્રીઓ પવિત્ર રહે છે તે પોતાની ઇચ્છાથી અને પારકા દબાણથી નહિ. રાણી! તારી પવિત્ર ઇચ્છાઓ, કુલીન સંસ્કાર અને હૃદયના શબ્દ ઉપર મને પૂર્ણ વિશ્વાસ છે. શુદ્ધ ક્ષત્રિયાણી! જો, કોઈ દ્વાર ઠોકે છે.'

જરાશંકર આવ્યો. 'સામંતની સેના વિદાય થઈ ચૂકી. આવેલા મહાપુરુષોમાંથી ગમે તે બે જણે જ આપની પાસે આવવું એમ કહી બોલાવ્યા છે તે સત્વર આવશે.' આ વાક્ય બોલાતું હતું એટલામાં એક પાસ થઈને રાણી ગઈ.

'કેમ બેને જ બોલાવ્યા?' મલ્લરાજે પૂછ્યું.

'એકાંતમાં એથી વધારે શસ્ત્રબંધી સંખ્યાનો ખપ નહિ, ને કામ કરવાનું તે તો એકથીયે થાય. છતાં વળી બેને આવવા રજા આપી છે.'

દૂત બે જણને લઈ અંદર આવ્યો. મલ્લરાજ ગાદી ઉપર બેઠો. પાછળ જરાશંકર બેઠો. સામે દૂત અને બે નવા પુરુષો ઊભા. મલ્લરાજે શિર કંપાવી તેમની સલામી ઝીલી અને હાથ લાંબો કરી સામે સ્થાન દેખાડ્યું ત્યાં બેઠા.

એકને માથે મરાઠા પાઘડી અને બીજાને માથે દક્ષિણી બ્રાહ્મણશાહી પાઘડી હતી. દૂતે ગોષ્ઠી આરંભી.

‘મહારાજ, આ સુભાજીરાવ નામના સરદાર છે અને આ કેશવપંત શાસ્ત્રી છે તે આપને પોતાની ઇચ્છા નિવેદિત કરશે. સુભાજીરાવ, આ અમારા મહારાજની પાછળ અમારા પ્રધાનજી છે — કોઈ પરભાર્યું નથી.’

કેશવશાસ્ત્રીએ વાત આરંભી:

‘મહારાજના સ્વદેશાભિમાનની કીર્તિ અમારા શ્રીમંત સરકાર નાનાસાહેબ પેશવાને કાને આવી છે અને તેથી અત્યંત ઉત્સાહથી આપની પાસે અમને મોકલેલા છે.’

‘તમે બે જણ નાનાસાહેબ પાસેથી આવો છો? તમને એકલા નાનાસાહેબે મોકલ્યા છે કે બીજા કોઈનો પણ નિરોપ તમારી પાસે છે? તમને તેમણે જ મોકલ્યા છે તેનો પુરાવો શો?’ મલ્લરાજે પૂછ્યું.

‘ધન્ય છે મહારાજની બુદ્ધિને!’ કેશવશાસ્ત્રીએ સુભાજીરાવ ભણી જોઈ કહ્યું: ‘સુભાજીરાવ, મહારાજની બુદ્ધિની કીર્તિ જેવી સાંભળેલી હતી તેવી જ છે. મહારાજ, આપને ખબર હશે કે આલમગીર બાદશાહના કાળમાં મ્લેચ્છોનો પરાભવ કરવા શિવાજી મહારાજે રણયજ્ઞ આરંભેલો હતો તેવો જ આજે આરંભાયેલો છે.’

‘આજે તો મુસલમાનો પણ યજ્ઞમાં અધ્વર્યુ થયા છે.’ — જરાશંકર પાછળથી બોલ્યો. શાસ્ત્રી વાંકી દૃષ્ટિ અને કડવું મોં કરી જરાશંકરને ઉત્તર દેવાનો તિરસ્કાર કરતો હોય તેમ કરી બોલ્યો, પણ યજ્ઞની ઉપમા પડતી મૂકી બીજી ઉપમા આપી:

‘મહારાજ, સમુદ્રમંથન જેવા કાર્યમાં આજ દેવો અને દાનવો એકઠા મળી કાર્ય કરે છે.’

મલ્લરાજે હસીને કહ્યું: ‘જરાશંકર, આ ઉપમામાં તું દોષ કાઢે એમ નથી. શાસ્ત્રી મહારાજની બુદ્ધિ આગળ પહોંચી વળવાનો તેં વૃથા પ્રયત્ન કર્યો.’

‘મહારાજ, મુજ જેવા શિષ્યોના પ્રશ્નોથી આવા સમર્થ ગુરુજનોની બુદ્ધિ સતેજ થઈ જાય છે.’ જરાશંકર બોલ્યો.

શાસ્ત્રી પ્રસન્ન થયા.

‘મને લાગે છે કે તમારી ઉપમામાં બીજો પણ ગૂઢાર્થ છે તે એ કે સમુદ્રમન્થનમાંથી રત્નો નીકળવા લાગ્યાં એટલે દેવોએ દૈત્યોને દૂર કર્યા હતા તેમ હાલ પણ ગરજ સર્યે કરવું.’ મલ્લરાજે પૂછ્યું.

'ધન્ય છે રાજનીતિજ્ઞ મહારાજને! યુક્તરૂપ જ બોલો છો.' શાસ્ત્રીમહારાજ ખીલ્યા. મલ્લરાજે પાછળથી જરાશંકરને કોણી મારી કાનમાં કહ્યું: 'પેશવાઈને યોગ્ય એ જ કૃતઘ્નતા.' મોટેથી મલ્લરાજે કહ્યું: 'શાસ્ત્રીબુવા, રાજ કાર્યમાં એ જ કૃતઘ્નતા છે કે ઘડમૂળથી જ આ વિચાર રાખવો.'

સુભાજીરાવ આ જોઈ રહ્યો.

'ભાઉસાહેબ, તેલંગીઓ જ્ઞ ઉચ્ચારે છે અને તમે દ્ ઉચ્ચારો છો ત્યાં અમારા લોક ગ્ન ઉચ્ચારે છે.' જરાશંકર નીચલો ઓઠ કરડી બોલ્યો.

શાસ્ત્રીબાવા કહે: 'હારે સુભાજીરાવ, હું ગુજરાતનો અનુભવી છું. અહીંયાંનું દેશિક એવું જ છે.'

શાસ્ત્રી આમ બોલ્યા, પણ મરાઠાને આ વાગ્વિનોદ અસ્થાને લાગ્યો, અને તેને ખોટું ન લાગે એમ પોતે વાત ઉપાડી લીધી.

'રાજાસાહેબ, અમારું કાંઈ કહેવાનું છે તેનો શાસ્ત્રાર્થ શાસ્ત્રીબુવા પાસે માગાહુન કરાવીશું, પણ હાલ કહેવાનું અમારા ટૂંકા બોલમાં બોલી દઉં છું — જેવા આપે ટૂંકા કહી દીધા તેવા હવે હું કહી દઉં છું.'

મલ્લરાજને કંઈક આ ગમ્યું: 'બેલાશક બોલો.'

'જુઓ સાહેબ', સુભાજી બોલ્યો: 'આજ સુધી આ દેશમાં જેટલાં પરદેશી રાજ્ય આવ્યાં તેમાં અંગ્રેજનું રાજ્ય તેમની ચતુરતાને લીધે આ દેશને વધારે ભયંકર છે.'

મલ્લરાજના હૃદયમાં ઊંડો વિચાર પેઠો, અને મરાઠો પોતે કરેલા ઘાની સફળતા સમજ્યો ને ખુશ થઈ આગળ વધ્યો. તેણે જાણ્યું કે આ કાંઈ હલકાપોચા મૂર્ખ સાથે પેચ રમવાનું નથી, અને વિચારશીલને ભેદવાને વિચારશાસ્ત્ર કાઢ્યાં.

'ત્યારે, સાહેબ, આ અવસરે સૌનું ઐક્ય કરવાના કોઈ મહાપુરુષે માર્ગ શોધી કાઢ્યા છે. આ બંધૂકની કારતૂસમાં ગાય-ડુક્કરની ચરબીની કથા ચલાવી છે તે તો એક ગાંડો ગોળો છે, પણ સામાના લશ્કરમાં આપણાં અજ્ઞાન માણસ રહ્યાં તે ગાંડાઘેલા હિન્દુ અને મુસલમાનો બે ગાંડાઓને ગાંડાઘેલા બોલથી આપણા તરફ ખેંચવાનો ગાંડો ગોળો છે ને તે પુષ્કળ ફાવ્યો છે ને અમારા શિવાજી મહારાજના સમયમાં 'ડોંગરાસ લાવલે દેવ' એવો સંકેત હતો તે હાલ આ ગોળો સિદ્ધ કરે છે. એવા બીજા અનેક ગોળા છે, પણ આપના જેવા ચતુર રાજપુરુષને તો તત્ત્વ કહેવાનું છે તે જુદું છે.

'સાહેબ, એ તત્ત્વ એવું છે કે અંગ્રેજની હવે બુદ્ધિ ફરી છે તે તેમના અસ્તકાળનું ચિહ્ન છે — શત્રુનો અસ્તકાળ આવ્યે આપણે નહીં જાગીએ

તો બીજો કોઈ જાગશે તે સિદ્ધ. તો આપના જેવા સિંહો કેમ નહીં જાગે? સાહેબ, અંગ્રેજોની મતિ દુષ્ટ થઈ છે, વિશ્વાસઘાત કરતાં હવે તેમને ડર નથી; આજ સુધી તેમને પૈસાની ભૂખ હતી તે પૂરી થતી પણ હવે તેમને જમીનની ભૂખ લાગી છે. સાહેબ, બધી ભૂખ લાગે તે આદમી પૂરી કરે પણ જમીન અને સ્ત્રી એ બેની ભૂખ કોઈને લાગે તે આદમીથી તો પૂરી નહિ પડે — એ જમીનની ભૂખ અંગ્રેજ બચ્ચાને હવે લાગી. તે હવે કોઈને દત્તક લેવા દેતો નથી. સાહેબ, પેશવાઈ તો આજકાલની; પણ હમારા શિવાજી મહારાજના પુત્રના સાતારામાં તેમણે શું કર્યું? અમને તે કેમ ન લાગે? આપને કેટલાં દૃષ્ટાંત બોલી દઉં? જુઓ, ઝાંસી, જેતપુર, બઘાટ ઉદેપુર, બુદાવલ, તાંજોર, કચાર, ઓરિસા, નાગપુર કર્ણાવટ, બિહાર, આઉધ અને એવાં સાહેબને કેટલાં કેટલાં નામ ગણાવું? કોઈ ઠેકાણે કહે છે કે દત્તક નહીં લેવા દઈએ, કોઈક ઠેકાણે કહે છે કે તમારી પ્રજા ઉપર જુલમ કરો છો — કહો ભાઈ, અમારી પ્રજા ઉપર અમે જુલમ કીધો તો પ્રજા વળગતી આવશે — તેમાં તમારા બાપનો શો અન્યાય કીધો? પણ આ તો બહાનાં છે. ઘેટા ને વરુની વાત — તેં ગાળો દીધી નહીં હશે તો તારા બાપે પણ દીધી હશે — પણ મને તો ભૂખ લાગી છે — તે આ કારણ કહીને કે તે કારણ કહીને તને તો સ્વાહા કરવાનો! કરારના કાગળ કાગળમાં રાખી લીધા! લખ્યું ત્યારે લખ્યું! હાલ શું? સાહેબ! આવી બુદ્ધિ થઈ છે તેની પાસે તો તમારું રાજ્ય પણ કુશળ નહીં સમજો, હોં! તમારે તેના પક્ષમાં જવું હોય તો જાવ! પણ સરત રાખજો કે આવો લાગ ફરી નહીં આવે! આજ સાતારાનો વારો તેવો કાલ તમારો! હવે તો એક સંપ ને એક જંપ! તે લોકની દેશી પ્રજા સમજી છે, તેમનું દેશી લશ્કર સમજ્યું છે અને દેશી રાજાઓ સમજ્યા છે! શું સાહેબ, જુઓ આપણા લોકનું સદ્ભાગ્ય! આજ હિંદુ અને મુસલમાન અંગ્રેજને કાઢવાને એક થયા. દિલ્હીમાં બાદશાહી જાગી અને મહાદજી સિંધિયાના હાથમાં બાદશાહીની લગામ હતી તેમ આજે પણ આપણા હિંદુઓના હાથમાં છે. અંગ્રેજ કહાં કહાંથી કાઢ્યા? મીરત, સહારણપુર, મુઝાફરનગર, ફરૂખાબાદ, કાનપુર અને બીજાં કેટલાંક ઠેકાણાંનું નામ દઉં? બધેથી કાઢ્યા. શીખ, મરાઠા, બંગાળીઓ, પઠાણો, પુરભૈયા, મુસલમાનો, મોઘલો, સૌ લોક એક થઈ ગયા છે. આ આગ આખા દેશમાં લગાડી છે. જો તમે અમારા સરદારોને મદદ દેશો તો દિલ્હીના બાદશાહની સનદ પામશો ને તમારા રાજ્યને અચલ કરશો — આણીપાસનો મુલખ તમને અપાવીશું. જો મદદ નહિ કરો — તો હાલ તો લડનાર છીએ અને અમે જીત્યા એટલે તમારું સત્યાનાશ સમજજો! આપણો દેશ, આપણો ધર્મ, આપણા લોક — સૌ એક થશે ને આ મર્કટનાં નાનાં ટોળાંને દરિયાપાર કરીશું. વખત ફરી ફરી નહીં આવે.'

'તમે અમારા સરદારોનાં નામ પૂછો છો તો સાંભળો મુસલમાનમાં દિલ્હીના તખ્તનો માલિખ પાદશાહ અને હિંદુમાં પેશવાઈનો માલિખ શ્રીમંત નાનાસાહેબ. સાહેબ, હું મરાઠો છું પણ દેશ અને ધર્મને કાજે મુસલમીન

અને બ્રાહ્મણનો ઝંડો ઉપાડું છું. તાત્યાટોપીનું નામ સુણી અંગ્રેજ બચ્ચા કાંપે છે; અને અનેક તારાઓ આ સૂર્યચંદ્રની આજુબાજુ એકઠા થયા છે. હું તેમના તરફથી આવું છું તેની ખાતરી જોઈએ? લો, આ શહેનશાહી જાહેરનામું અને વધારે જોઈએ તો અમારી પાછળ સેના સજ્જ છે.' જાહેરનામું આપ્યું અને સુભાજીરાવ બંધ પડ્યો.

મલ્લરાજે શાંત મુખથી પૂછ્યું: 'હું ધારું છું કે હવે તમારે માત્ર હા કે નાનો ઉત્તર જોઈએ છે.'

'એ જ. હા કે ના કહો, તે સત્વર કહો, અને યાદ રાખજો કે હા નું ફળ લક્ષ્મી છે ને ના નું ફળ પ્રાત:કાળમાં અમારી સેના રત્નનગરીને દ્વારે સમજજો.'

'ઠીક છે. એ અમારે જોવાનું છે. દૂત, આ બે મહાપુરુષોને જોડેના ખંડમાં અધઘડી બેસાડ અને તું તેમનો સત્કાર કરજે. અમે બે જણ આ વાતનો વિચાર કરી અધઘડીમાં ઉત્તર કહેવાને તમને પાછા બોલાવીશું.'

મલ્લરાજે આમ કહ્યું કે ત્રણ જણ ગયા ને બે જણ રહ્યા. જરાશંકર પાછળ દ્વાર વાસી આવ્યો અને મલ્લરાજની સન્મુખ બેઠો. મલ્લરાજ મૂછે તાવ દેવા લાગ્યો.

'કેમ, મહારાજ, શો વિચાર કર્યો?' જરાશંકરે પૂછ્યું.

મલ્લ૦ — 'તું શું ધારે છે?'

જરા૦ — 'આશ અને ત્રાસ, ભય અને પ્રીતિ, આદિ સર્વ સુભાજીરાવે બતાવી દીધાં છે.'

મલ્લ૦ — 'આ ટોળામાં અંતે પરસ્પર યુદ્ધનાં બીજ દીઠાં?'

જરા૦ — 'તેમના સિવાય સર્વને પ્રત્યક્ષ છે.'

મલ્લ૦ — 'એમના સંગમાં આપણે દીપીએ ખરા?'

જરા૦ — 'આપમતલબી કાગડાઓમાં પોપટ દીપે તેટલી વાર.'

મલ્લ૦ — 'મૂર્ખ પંડિતોએ મરેલા સિંહને સજીવન કર્યાની વાત તેં જ કહી હતી?'

જરા૦ — 'હા જી.'

મલ્લ૦ — 'આમને હા કહીએ તો આપણી પણ બીજી જાતની પંડિતતા ન સમજવી.'

જરા૦ — 'પણ આ સિંહને સજીવન કરનાર બીજા પંડિતો ઘણા હશે.' મલ્લરાજ હસી પડ્યો.

‘ના. જો, હવે હું એ વાત સમજાવું. આણે મોટાં મોટાં નામ દીધાં તે સાંભળી ભડકીશ નહિ. મેં પાંચ પળમાં વિચાર કરી લીધો છે.’

જરા૦ — ‘શો?’

મલ્લ૦ — ‘આ પક્ષ પડ્યા છે તે જો. જે રજવાડા અંગ્રેજના પક્ષમાં રહેલા છે તે ગણાવું. કપુરથલા, જીંદ, પતિયાળા, નાભા, આપણાં બધાં રાજસ્થાન, પંજાબ અને ટૂંકમાં જેટલા જેટલા અસલના વંશના રજવાડા — શુદ્ધ રજપૂતો છે તે જો. સૌ અંગ્રેજોના પક્ષમાં છે. બીજા ધીમે ધીમે હલમલતા હશે તે અંગ્રેજનો દિવસ વળશે તેમ પાછા વળશે. હું છેક હિમાચલ સુધીની ખબર રાખું છું.’

જરા૦ — ‘ગાયકવાડ, ગ્વાલિયર, ઈન્દોર, નિઝામ, એ ન ગણાવ્યાં.’

મલ્લ૦ — ‘મેં ન ગણાવ્યાં. તો તેં ગણ્યાં. મને તો જૂનાં ક્ષત્રિય રાજ્ય સાંભરે.’

જરા૦ — ‘પણ અંગ્રેજનો દિવસ વળશે ખરો? આગ બહુ લાગી છે.’

મલ્લ૦ — ‘બ્રાહ્મણભાઈને ઝાઝું સાંભરે નહીં તો. મેં કહ્યું જ છેસ્તો કે અંગ્રેજ જીતશે. એ લોકમાં એ કટેવ છે — પ્રથમ મૂર્ખ થઈ ઊંઘે અને પછી જાગે એટલે જોરાવર.’

જરા૦ — ‘શી રીતે?’

મલ્લ૦ — ‘આ દત્તકનું વાદળ નકામું ઉરાડ્યું છે. જમીનની ભૂખ બધાને હોય તે એમને પણ હોય. પણ મૂર્ખ કેવા કે પ્રથમ દયા આણે, પછી પસ્તાય, પછી ક્રૂર થાય, પછી ખત્તા ખાય અને પછી થોડીઘણી લાતો ખાઈ સામા થાય, જાગે, જીતે ને ડાહ્યા દયાળુ પછીથી થાય.’

જરા૦ — ‘એ કાંઈ સમજાયું નહીં.’

મલ્લ૦ — ‘મેં વિચારી જોયું તો દત્તક ન લેવા દેવાને નામે કે બીજી રીતે જે જે રાજ્યો એ લોક કરાર તોડી સ્વાહા કરી ગયા તે રાજ્યો અસલ ભાઈસાહેબ અંગ્રેજે જ દયાથી કે દાનતથી કે બીકથી પોતે આપેલાં. પછી પસ્તાયા કે હાય આપ્યાં શું કરવા? પસ્તાયા એટલે ખાવાને વખતે પડતા મૂકેલા ઉચ્છિષ્ટ કોળિયા ફરી સ્વાહા કરવા માંડ્યા! પણ અસલનાં રાજ્યોમાં એમણે કદી હાથ ઘાલેલો નથી. ફળ જો કે અસલનાં રાજ્ય આજ અંગ્રેજી પક્ષમાં છે ને એમનાં ફરજંદદારી રાજ્યને એમણે ખાવાનું કર્યું તે એમના સામા ડોળા કાઢે છે.’

જરા૦ — ‘પોતાનાં છોકરાંને ખાય તે બીજાને કેમ ન ખાય?’

મલ્લ૦ — ‘ભૂખ લાગ્યે ખાય પણ ખરા. પોતે ઊભાં કરેલાં રાજ્યને પાડતાં કે ખાતાં કહે છે કે અમે આપ્યું તે જરૂર પડ્યે પાછું લઈએ. એ

નિમિત્ત જૂનાં રાજ્યવાળાને લાગુ નથી. બાકી નિમિત્ત આપીએ તો મોટાં પ્રાણી નાનાંને ખાય એનાં આ આપણાં અરણ્ય અને સમુદ્રમાંથી દૃષ્ટાંતો રોજ જોયાં કર ને બધાં જૂનાં રાજ્યનાં પાનાં ઉથલાવી જો. પણ હજી સુધી અંગ્રેજે કોઈ પારકાને વગર નિમિત્તે ખાધું નથી. કારણ એ લોકોનું, ઈશ્વરના રાજ્ય પેઠે, નિમિત્તકારણનું રાજ્ય છે. નિમિત્તની વાટ જુએ એટલે એમાં દૈવી અંશ. આપણા રાજ્યમાંથી જ તેમને નિમિત્ત આપીશું ત્યારે એમની ભૂખ ઊઘડશે તો નિમિત્ત આપનાર આપણે જ મૂર્ખ સમજવા. આપણા રાજ્યશરીરમાં છિદ્ર હશે તો એ મર્કટો એ છિદ્રમાં આંગળીઓ ઘાલીઘાલી પહોળાં કરશે ને અંદરથી જે હાથ આવશે ત્યાં બચકું ભરશે. પણ એ મર્કટસ્વભાવ નહીં જગાડીએ ત્યાં સુધી એમના દૈવી અંશ ઉપર વિશ્વાસ રાખજે. નિમિત્ત વગર એ બીજાને નહીં ખાય — કારણ કાંઈક ઈશ્વરથી ડરે છે અને છેક લાંબાં પગલાં ભરતાં વિચાર કરે છે. મને એ ડર નથી પણ જે ડરકણોને ડર લાગ્યો છે તે શું કરે છે તે તું જુએ છે?'

જરા૦ — 'ના.'

મલ્લ૦ — 'આ અંગ્રેજ દત્તક કરવા નહીં દે અને રાજ્ય ખાઈ જશે એ બહાને આપણા રજવાડાંઓમાં લુચ્ચાં કારભારી, રજપૂતાણીઓને ડરાવી, કોળીઘાંચીના છોકરાઓને ગાદી પર લાવે છે — આ ચાલ આમાંથી આરંભાયો છે — પણ રાંડો વિચારતી નથી કે ધણીના વારસ કોળીઘાંચી કરતાં વધારે સગા છે, ને એ કોળીઘાંચી ગાદી પર બેઠા પછી તમારું સગપણ જાણશે એટલે નહીં જાળવે, અથવા નહીં જાણે તો પોતાના કુળ ઉપર જઈ નહીં જાળવે. બાકી રજૂપત ગાદી પર બેસશે તો તમારી ગેરઆબરૂ નહીં થવા દે.'

જરા૦ — 'ત્યારે આપણે શું કરવું? પેલા વાટ જુએ છે.'

મલ્લ૦ — 'છોને જોતા. સામંતને એટલો સમય મળશે. બાકી આપણે તો વિચાર કર્યો છે જ. આ કાંઈ અંગ્રેજ એકલા નથી અને જે લોકના પક્ષમાં આપણે ભળવું જોઈએ તે પણ અંગ્રેજના જ પક્ષમાં છે એટલે આપણે બોલ્યો બોલ પાળવાનો છે.'

જરા૦ — 'બોલાવું ત્યારે?'

મલ્લ૦ — 'જા, બોલાવ.'

ત્રણ જણને જરાશંકર અંદરથી બોલાવી લાવ્યો. સૌએ ઊભાં ઊભાં વાત કરી. મલ્લરાજ તલવાર જમીન પર મૂકી તે પર બે હાથ ટેકવી ઊભો અને બોલ્યો:

'અમે તમારી કહેલી વાતનો વિચાર કર્યો છે. તમારા આવતા પહેલાં કંપની સરકારને અમે બંધાઈ ચૂક્યા છીએ અને બે બોલી થવાનો અમારો રિવાજ નથી. છતાં તમારો કહેવાનો વિચાર કરી જોતાં પણ તમારો

બતાવેલો ડર અમારા કાળજામાં અડકતો નથી અને બીજી વાતો તો ધૂળ ઉપર લીંપણ જેવી છે. માટે રામ રામ.'

સુભાજીરાવને કપાળે ભ્રૂકુટિ ચડી અને શાસ્ત્રી ગભરાયા. બે જણ કંઈક બોલવા જતા હતા એટલામાં મલ્લરાજ બોલ્યો:

'દૂત! આ લોકોને તેં અભયવચન આપેલું હતું. તે અમે કબૂલી એમને આવવા દીધા અને આપણા રાજ્યની બહાર જવા ટૂંકામાં ટૂંકો માર્ગ હોય તે માર્ગ થઈ આ રાજ્ય છોડવા એમને બીજી બે ઘડીની જરૂર છે તેને સાટે તેમને ચાર ઘડીનું અભયવચન આપું છું. એટલા કાળમાં આપણાં માણસોને સોંપી એમને આપણા રાજ્યની હદબહાર છૂટા મૂકી આવ. પછી પાછા આવશે તો આ રાજ્ય છે ને રાજ્યનો ન્યાય છે. અને જરાશંકર, એવું જણાય છે કે આપણી રજા વગર, આપણને પૂછ્યાગાછ્યા સિવાય કેવળ આપણને ડરાવવા અને હેરાન કરવાના હેતુથી આ લોકનું લશ્કર આપણી હદમાં આવેલું દેખાય છે. તે સર્વ લશ્કર આપણી સેના રાજ્ય બહાર કરશે જ. તેમાંથી જે પકડાય તેને અંગ્રેજને હલાવે કરે કે આપણે તેમને ખવરાવવું ન પડે. તેમની મિલ્કત હાથ લાગે તે જપ્ત કર. રત્નનગરીના રાજ્યમાં હરામખોર લોક આમ આવી શકતા નથી. રત્નનગરીનો રાજા જાગતો છે તે હવે જગત ચોખ્ખી રીતે જાણશે.' બૂમ પાડી: 'રજપૂતો!'

પાંચસાત રજપૂતો બહારથી આ બોલ બોલાતામાં આવ્યા અને રાજની આજ્ઞા સૌએ શિર પર ધારી. રાજા—પ્રધાન સિવાય સૌ ગયા.

'જરાશંકર, સાંભળ્યું છે તે થાય તેની શરત રાખજે. જરૂર પડે તો જગાડજે. હવે ઘેર જા.'

જરાશંકર ગયો.

શય્યાગૃહમાં જતાં જતાં રાજા મનમાં વિચાર કરવા લાગ્યો:

'ડાહ્યા ડાહ્યા તે વધારે ખરડાય. દત્તકના લત્તકમાં અંગ્રેજોને આ સમય આવ્યો. પાયદળ મરાવા દઈ વજીર લેવો એ ચતુરંગનો દાવ અંગ્રેજો જાણે છે છતાં આમાં ભૂલ્યા. ગમે એટલું પણ સુગ્રીવજીની સેના કની?' રાજા એકલો ખડખડાટ હસ્યો.

'પણ, ભા, યાદ રાખજો કે સારા થશો તો સારાઓ આશ્રય આપશે. ખોટું કરશો તો ખોટું શીખવશો ને ખત્તા ખાશો ને ખવડાવશો. અમારા શુદ્ધ ક્ષત્રિય રાજાઓ! અમારા શુદ્ધ રજપૂતો! સૌ ભ્રષ્ટ થશે તોયે આખરે આ નસોમાંનું લોહી! તે ખૂટશે તોયે ખરચાશે — પણ એક શરતે — એ લોહી તમારે સારું ખરચાય એવો તમે અધિકાર રાખ્યો હશે તો! અંગ્રેજો! સારા રહેજો અને સારા રાખજો! તમારા ગુણ મલ્લરાજ પિછાને છે — તમે દેશી રજવાડાના ગુણ પિછાનજો — તમે અમારું રત્ન છો: અમે તમારું રત્ન છીએ — ક્ષત્રિયરત્નો ઉપર કચરો હોય તે સાફ કરશો તો માંહ્યથી પ્રકાશ

નીકળશે. અને એ રત્ન તમને મૂલ્યવાન થઈ પડશે! દેશી રાજ્યો તમારા હાથમાં — આ સમે થયાં છે તેવાં મૂલ્યવાન રત્નો છે — તેની સાથે તમારી મર્કટવિદ્યા ન વાપરશો.'

'પછી સુગ્રીવજીની જાત ઉપર જઈ રત્નો ઉપરનો કચરો ચાટી જઈ માંહ્યનું રત્ન પગ તળે નાંખો તો જાત ઉપર જવાનો તમને અધિકાર છે — જાતે ઉપર જશો તો કોણ ના કહેશે? તર્મે મર્કટની જાત ઉપર જશો — અમે માણસની જાત ઉપર જશું.'

મલ્લરાજ ફરી ખડખડ હસી પડ્યો. તે આ પળે શયનગૃહ આગળ આવ્યો હતો. તેમાંથી એનું હાસ્ય સાંભળી હસતી હસતી મેનારાણી દ્વાર ઉઘાડી બહાર આવી. 'તમારા હાસ્યનું કારણ જાણવાનો અધિકાર પણ અમને ખરો કે નહીં?' એમ કહી રાણીએ એક હાથ રાજાની કેડે વીંટ્યો અને બીજે હાથે એના માથા ઉપરથી મંડીલ ઉતાર્યું.

'હા, મારા રત્ન!' કહી રાજાએ રાણીને અંદર ખેંચી. તેમની પાછળ દ્વાર બંધ થયાં, અને તેની જોડે આ પ્રકરણ પણ બંધ કરીએ તો મર્યાદા જળવાય.

---

૧ . Design . ૨ . Execution . ૩ . શેતરંજ. ૪ . વાળ.

* silence , ચૂપકી.

* આ નગરીની હદમાં સુંદરગિરિ શિખરોમાં રત્નની ખાણોને રાખે છે, મણિધરો માથામાં રાખે છે, મદ ધરનાર વનગજો કુંભસ્થલોમાં રાખે છે, હસ્તીઓનો શત્રુસિંહ પોતાને ચાલવાના — અને કુંભસ્થલને ફાડનાર પંજા મૂકવાના — માર્ગોમાં રાખે છે અને સમુદ્ર પાણીમાં રાખે છે. પુરાતન લોકે આથી જેનું નામ પ્રથમથી રત્નનગરી પાડ્યું છે તે નગરી નરરત્નોને ગર્ભમાં ધારણ કરી જગતોમાં પોતાની અક્ષય કીર્તિની આજના કાળમાં વધારે પુષ્ટિ કરે છે.

૧ . તારું ૨. તારો.

૯. મલ્લરાજની ચિન્તાઓ

'Yet once more, in justice to this paragon of Heathen excellence, let us remember that Aurelius represents the decrepitude of this era. He is hopeless because the age is hopeless. He cannot rise beyond the sphere of ideas around him. The Heathen world looked for no renovation of a society which was visibly perishing before its face.' And now when popular nation of its degeneration was realized, it accepted its apparent destiny without a murmur .'

— Merivale .

અંગ્રેજની સામે વાપરવાનું બળ દેશી રજવાડાંઓમાં ખપાવી ન દેવું અને જે રજવાડાંઓમાંથી આશ્રય ન મળે તેની સાથે વિરોધ ન શોધવો એવી ઉપરીઓની સૂચના હોવાથી સુભાજીરાવની સેનાએ સામંતને ઘણો શ્રમ ન આપ્યો. સુભાજીરાવ અને કેશવશાસ્ત્રીને જ દરબારમાં આમંત્રણ થયેલું તે ગયા એટલે તેમના રત્નનગરી આવેલા સાથીઓ રાત્રે નગરચર્ચા જોવા નીકળી પડ્યા અને સામંતની સેનાની બાતમી મળતાં સુભાજીને શો ઉત્તર મળશે તેની કલ્પના થઈ. બેમાંથી એક જણ ઉતારે પાછો આવ્યો અને એક જણ પોતાની સેનાના સ્થાન ભણી દોડ્યો અને સમાચાર કહ્યા. સામંતની સેના રાત્રિએ ધસારો કરી ચાલી તેનાં ચિહ્નથી જ સુભાજીરાવની સેના પરહદમાં નીકળી ગઈ. નીકળતાં નીકળતાં સામંતના દારૂગોળાનો કાંઈક માર પડ્યો તે ખમી ગઈ, અને પાછળ પડેલાં થોડાંક માણસ સામંતના હાથમાં આવ્યાં તેને બચાવવાનો પ્રયત્ન ન કર્યો. સુભાજી વગેરે ત્રણે જણને રત્નનગરીના માણસોની ચોકીએ બીજે માર્ગે થઈ પરહદમાં મૂક્યા, અને ત્યાંથી મલ્લરાજ અને જરાશંકરને અનેક ગાળો દેતા દેતા પ્રાત:કાળે પોતાની સેનાને મળ્યા અને બીજે માર્ગે ચાલી ગયા. તે સૌ ગયાની અને તે પાછા નહિ આવે તેની ખાતરી થતાં સામંત પાછો ફર્યો, અને વગર યુદ્ધ હાથમાં આવેલા માણસ સ્ત્રીતુલ્ય ગણી મલ્લરાજે કેદ પકડાયેલાં માણસોને પોતાની હદ બહાર કાઢી મૂક્યાં.

દિલ્હી અંગ્રેજને હાથ પાછું આવ્યું. ભરતીની દિશા બદલાઈ, અંગ્રેજ જયવંત થયા, મહારાણી વિક્ટોરિયાનું રાજ્ય થયું, અને ભરતખંડમાં નવા રાજ્યની રાજ્યઘોષણા એ રાણીના સ્વહસ્તે લખેલા કોમળ ઉદાર શબ્દોમાં થઈ. મલ્લરાજનો કરેલો વર્તારો ખરો પડ્યો, સર્વ વાતે ખરો પડ્યો. બ્રેવસાહેબ ઉપરની ચિઠ્ઠી, અને સુભાજીરાવ સામેનું પ્રયાણ એ બે પ્રસંગોથી રત્નનગરી અને અંગ્રેજ વચ્ચેનો સંબંધ ઘાડો કર્યો અને રોપેલા કાર્યવૃક્ષને ઇષ્ટ ફળસિદ્ધિ થઈ.

આ ફળસિદ્ધિની વાત ઘણા ઘણા દિવસ સુધી રાજાએ અને પ્રધાને સંભારી રાખી, અને તેથી એકલો આનંદ ન પામતાં એ વાત જ્યારે નીકળતી ત્યારે મલ્લરાજનું મુખ ગંભીર થઈ જતું. એક વાર પ્રસંગ નીકળતાં તે બોલ્યો: 'જરાશંકર, ઈશ્વરે સારી વાતો પણ ધારેલી સિદ્ધ કરી તેમ ખોટી વાતો પણ જે જે ધારી હતી તે સિદ્ધ થતી હોય એમ લાગે છે. મારા પિતાએ અંગ્રેજ સાથે પ્રથમ સંધિ કર્યો ત્યારે જ મેં નિર્ણય કર્યો હતો કે રજપૂતાઈ રંડાવાનો કાળ આવ્યો. નાનાસાહેબના બંડ પ્રસંગે જમે અને ઉધાર વિચારી મેં જાતે જ એ સંધિ દૃઢ કર્યો તેમાંની જમે અને ઉધાર બાજુ ખરી પડતી જાય છે અને પડશે. અંગ્રેજોનામાં સુગ્રીવજીની સેનાના સારા અને નઠારા સર્વ ગુણ-દૈવી અંશ અને વાનર અંશ સર્વ પ્રકટ થાય છે અને થશે, અને તેને યોગ્ય આપણે વિચાર અને આચાર રાખવા પડશે. બ્રેવસાહેબ ગુજરી ગયા અને હું રહ્યો. બ્રેવસાહેબના જેવા અંગ્રેજો હવે આ દેશમાં થોડા આવશે. હવે અંગ્રેજોને પણ આ દેશમાં શુદ્ધ રાજાઓની સાથે યુદ્ધ નહિ કરવાં પડે પણ ધાડપાડુઓ, બાયલાઓ, વ્યસનીઓ, અને એવા એવાઓની સામે શિક્ષાની તરવાર ઉગામવાને નિમિત્તે યુદ્ધ કરવું પડશે, તેને યુદ્ધ સમજીશમા. એ તો છોકરાંની રમત—પોલીસની દોડધામ જેવી વાત સમજજે. અંગ્રેજોનું તેમ આપણા લોકનું ક્ષત્રિયત્વ આ દેશમાંથી જતું રહેવાનું — તેમના મહાન રાજ્યમાં અન્યત્ર યુદ્ધો થશે તેથી તેમની સેનાને અનુભવનાં દ્વાર મળવાનાં. પણ આપણને તે દ્વાર નહિ મળે — આપણે તરવાર આપી નથી, પણ આપી દીધી જ સમજવી. આપણે હવે વૈશ્ય જેવા થઈશું અને પૃથ્વીનું ઉત્પન્ન વધારવામાં આપણું ભાગ્ય સમાપ્ત થશે. તેની સાથે અંગ્રેજો બહાર ગમે તે હશે પણ આ દેશમાં આવી વૈશ્યવૃત્તિવાળા થઈ જવાના અને અત્રેથી કમાઈ કરી પોતાને દેશ જઈ ત્યાંના પોતાના બંધુઓને પણ પોતાના જેવા કરવાના એ સિદ્ધ. સર્વથા ભાવી આગળ કોઈ બળવાન નથી, પણ હવે દેશકાળ બદલાયાં અને નવા યુગનો પવન ઝપાટાબંધ ચોપાસથી વાવા લાગ્યો છે તેમાં શું કરવું, કેવી રીતે વર્તવું, કેવાં બીજ નાખવાં, ક્યાં નાખવાં, શું રાખવું, શું પડતું મૂકવું, વગેરે સર્વ વાતોનો ગંભીર વિચાર કરવો એ હવે મારું ને તારું કામ.'

જરાશંકર — 'મહારાજ, કેવળ સત્ય વાત બોલો છો. આ નવો યુગ પ્રવર્તે છે તેના ઉન્માદમાં એકદમ દાખલ થઈ જવું જેમ ઠીક નથી, તેમ પાછલો યુગ હજી વિદ્યમાન હોય તેમ નવા યુગનો પ્રમાદ કરવો પણ યોગ્ય નથી. નવો યુગ નહીં સમજે ને પ્રમાદ ધરશે તે અર્જુન પેઠે કાબાઓથી લૂંટાશે; નવા યુગના ઉન્માદમાં લીન થશે તે પરીક્ષિતની પેઠે બ્રાહ્મણને ગળે સર્પ વીંટી પાછળથી પસ્તાશે. ક્ષત્રિયોનાં લોખંડનાં શસ્ત્ર ગયાં સમજવાં એ નક્કી, પણ શસ્ત્ર ન ધરવાની પ્રતિજ્ઞા સ્વીકારી શ્રીકૃષ્ણ પરમાત્માએ વગર શસ્ત્રે પાંડવોનાં ધર્મયુદ્ધમાં ધર્મવિજય પ્રવર્તાવ્યો એ કથામાં આપણા પુરાણ મુનિએ મહાન ઉપદેશનું રહસ્ય મૂક્યું છે તે આપના જેવાઓને જ માટે.

સોક પ્રબીન કછુ ન કરો એ વાક્ય શૂરવીરોને પણ કામ લાગે છે. મહારાજ, મનને અસ્ત કરી ન નાંખો.'

મલ્લરાજ વિચારમાં લીન હતો. તેનાં ક્ષાત્ર નેત્રોમાંથી અપ્રતિહત જળધારા ચાલતી હતી. તેના દાંત નીચલા ઓઠને અત્યંત બળથી કરડતા હતા ને એ ઓઠમાંથી રુધિર નીકળે એટલું જ બાકી હતું. વામ હસ્તની તર્જની મૂછ ઉપર ભાર દઈ આળોટતી હતી. કપાળે કરચલીઓ વળી હતી ને તેની વચ્ચે થઈને પરસેવો ઊભરાતો હતો. જરાશંકરે આ અવસ્થામાંથી તેને જગાડવા ફરી પ્રયત્ન કર્યો:

'મહારાજ!'

આકાશ ભણી નેત્ર કરી, કેડે તલવારની મૂઠ ઉપર હાથ દાબી, વિકરાળ સ્વરૂપ ધારણ કરી, મલ્લરાજ અચિંત્યો ઊભો થયો. 'બ્રાહ્મણ! તું સત્ય કહે છે, પણ હાલ તો સર્વ ક્ષત્રિયોની સુહાગણ રાણી રણભૂમિમાં ગુજરી ગઈ છે તેનો અસહ્ય શોક થઈ રહેશે ત્યાં સુધી જીવને શાંતિ વળવાની નથી. જા મારી રજપૂતાણીને જઈને કહે કે હવે તારો રણશૂરો રજપૂત મટી ગયો! — એ વટલાયો.' રાજાનું નેત્ર હજી શૂન્ય આકાશ ભણી હતું.

જરાશંકરે રાણીને તેડવા મોકલ્યું. મેનારાણી, પ્રધાનની લાજ છોડી ઉઘાડ મુખે, ગભરાતી હાંફતી આવી. રાણીનું આ સ્વરૂપ પ્રધાને પ્રથમ જ જોયું. તેની આંખમાં આંસુ આવ્યાં, અને હાથ જોડી, 'માતાજી' સંબોધન ઉચ્ચારી, રાણીને રાજાની સર્વ અવસ્થા વિદિત કરી. રાણી રાજાની સ્થિતિ જોતી થોડીક વાર ઊભી — રાજાએ તેના સામી દૃષ્ટિ સરખી ન કરી અંતે રાણીએ શાંત મનથી કંઈક વિચાર કર્યો. જરાશંકરને દ્વાર વાસી બહાર બેસવા આજ્ઞા કરી, અને પોતે રાજાના સામી જઈ ઊભી. તોયે એને રાજાએ જોઈ નહીં. રાણીએ રાજાના ખભાઓ પર પોતાના હાથ મૂક્યા, તોયે રાજા ચમક્યો નહીં — તો બોલે તો શાનું? રાણીએ રાજાને કપાળે અને મુખે પોતાનો હાથ ફેરવ્યો અને ફેરવતાં બોલી: 'મહારાજ! સ્વામીનાથ!'

રાજાએ રાણીના ભણી જોયું; તેને ખભે પોતે હાથ મૂક્યા: 'કેમ, રાણી! શું જોઈએ?'

'મહારાજ પ્રસન્ન હોય તો રાણીને શું જોઈએ? આપને ખેદ એ રાણીનું સર્વસ્વ ગયા જેવો પ્રસંગ.'

'જરાશંકર ક્યાં?'

'આપના મનની અવસ્થાનો ખેદ કરતા પ્રધાનજી બહાર બેઠા છે.'

'તમે ક્યારનાં આવ્યાં?'

‘હું ક્યારનીયે આવી હોઉં પણ મહારાજે મારા ઉપર દૃષ્ટિ કરી ત્યાર પહેલાંનું આવ્યું નકામું. મહારાજ, આપ જેવાને શાનો ખેદ થયો?’

‘તે પૂછવાનો તમારો અધિકાર?’

‘આપના આનંદમાં અધિકાર મને આપો ત્યારે મળે, પણ આપના દુ:ખમાં તો વગર આપ્યો અધિકાર ભોગવું છું. મહારાજ, આપના દુ:ખમાં ભાગ લેવાનો અધિકાર એ તો મારો પલ્લાનો લેખ. તે રદ કરવા આપને અધિકાર નથી.’

આ ઉત્તરથી રાજા પ્રસન્ન થયો, અને પ્રસન્ન મુખે આસન ઉપર બેઠો અને રાણીને અંક ઉપર આસન આપી તેને કહેવા લાગ્યો:

‘લે હવે મારો ખેદ ગયો એટલે તારો અધિકાર પણ ગયો કે નહીં?’

‘આપની પ્રીતિ એવી છે કે આટલાથી છેતરાઈ અધિકાર ખોઉં એમ નથી.’

‘સાંભળ ત્યારે. મને કંઈ કારણથી અત્યંત ખેદ થયો હતો. તેનો ઉપાય જડ્યો એટલે ખેદ ગયો. જરાશંકર અને સામંતને બોલાવી તેમની સાથે મંત્ર કરીશ ત્યારે હું પૂરો સ્વસ્થ થઈશ. સ્વસ્થ થયા પછી રાત્રિએ મેનારાણીના રાજ્યમાં હું બંધનને પ્રાપ્ત થઈશ ત્યારે અથથી ઇતિ સર્વ વાત કહીશ. અત્યારે અધૂરી કહેવી પડશે. બોલ, બેમાંથી તને રુચે તે માર્ગ લઉં.’

‘મહારાજ, અમારો અધિકાર તે તો ધર્મની ગાય લેવાનો, અને એવી ગાયને દાંત હોય નહિ. આપણે સ્ત્રીનો કાળ રાત્રિ કરી આપ્યો તો તે કાળે હું અધિકાર વાપરીશ. મહારાજ, તે પ્રસંગે વચન પાળવામાં ન્યૂનતા ન રાખશો.’

‘બહુ સારું.’ રાણી ગઈ. રાજા તેની પાછળ એક દૃષ્ટે જોઈ રહ્યો. તે અદૃષ્ટ થઈ એટલે જરાશંકરને બોલાવ્યો. બારણે સામંત હતો તેને પણ અંદર બોલાવ્યો.

‘સામંત, તને જોઈતો હતો તેવે તું આવ્યો.’

‘મહારાજની શુદ્ધ કૃપાનું એ ફળ કે મનમાં સેવકને સ્મરો કે સેવક આકર્ષાય.’ સામંતે ઉત્તર આપ્યો.

‘સામંત, પણ કહે તું અત્યારે ક્યાંથી?’

‘મહારાજના મનની કાંઈક અવકળા જાણી આવ્યો.’

‘ઠીક કર્યું — જરાશંકર, તું બારણે કેમ જતો રહ્યો? રાણીએ કાઢી મૂક્યો?’

'ક્ષમા કરો, મહારાજ, એ બોલ ન કહેશો.' — જરાશંકર કાને હાથ દઈ બોલ્યો: 'મહારાજના મનનું ઔષધ કરવા હું અસમર્થ નીવડ્યો, ત્યારે રાણીજીને મેં જ બોલાવ્યાં.'

'તે તારા કરતાં એની શક્તિ વધારે છે?' મલ્લરાજે હસીને પૂછ્યું.

'મહારાજ, કહ્યું વધારે કે નીવડ્યું વધારે? હું હાર્યો અને રાણીજીએ પ્રસન્ન કરી પાછા અમારી પાસે આપને મોકલ્યા તે આપની પ્રસન્નતા અમે ભોગવીએ છીએ તે રાણીજીની જ અમારા ઉપર કૃપા.'

'ત્યારે રાણીનો પ્રતાપ તારા કરતાં વધારે?'

'મહારાજ, સ્વસ્થાને સર્વનો પ્રતાપ વધારે—દિવસે સૂર્યનો, શુક્લપક્ષની રાત્રે ચંદ્રનો, ને કૃષ્ણપક્ષની રાત્રે તારાઓનો. દશરથનો અધિકાર એ કે તેના શબ્દ સાચવવા રામ વન ગયા. પણ દશરથ, કૌશલ્યા, લક્ષ્મણ, ને સીતા: તે સર્વેએ ઇચ્છ્યું કે અમને તમારી સાથે વનમાં લઈ જાવ. પણ સર્વ ધર્મ જાણનાર શ્રી રામચંદ્રજી — તેમણે કેવો વિવેક કર્યો તે જુઓ. કૌશલ્યાજીને સાફ ના કહી કે તારો અધિકાર પિતા પાસે રહેવાનો છે — આજ્ઞા કરી કૌશલ્યાને દશરથ પાસે રાખ્યાં — ધર્મકાર્યે પુત્ર માતાને આજ્ઞા કરી શકે. માતાની સ્ત્રીબુદ્ધિ થાય ત્યારે પુરુષબુદ્ધિવાળો પુત્ર ધર્મ સાચવવા માને આજ્ઞા કરે — તેવા સમયો અર્થે જ શાસ્ત્રવચન છે કે *ન સ્ત્રી સ્વાતંત્ર્યમર્હતિ॥* દશરથ પિતા તેમણે પોતાની પાછળ આવવા માંડ્યું: પિતાને આજ્ઞા કરી નિષેધ કરવાનો પુત્રને અધિકાર નહીં તે ન વાપર્યો; પિતાની યોગ્ય આજ્ઞા જાણતાં પોતે વન જવા નીકળ્યા, પણ પોતાની પાછળ પિતા આવે તે પિતાના રાજધર્મના ભંગનું સાધક થાય, માટે એ વાતમાં પિતાની ઇચ્છાને પોતે અનુસર્યા નહીં; પણ રતોવાઈ ગુપ્તપણે પિતા નિદ્રાવશ હતા તે કાળે પોતે ચાલી ગયા. ગુરુજનોની આજ્ઞા પાળવા ન પાળવાનો આ વિવેક. લક્ષ્મણજી ભક્ત હતા, તેમને સાથે ન આવવા સમજાવ્યા, પણ આગ્રહ કર્યો ત્યારે કહ્યું કે તમે આવવા સ્વતંત્ર છો. સીતાજીને ઘેર રહેવાનો લાભ બતાવ્યો ને વનવાસનાં દુ:ખ બતાવ્યાં. પણ સ્ત્રીને પતિનાં દુ:ખમાં બળ કરી, ક્રોધ કરી, ગમે તેમ કરી, ભાગ લેવા અધિકાર છે ને પતિનો ધર્મ છે કે તે અધિકારમાં વચ્ચે ન પડવું. વનમાં જવા સીતાએ રામ ઉપર ક્રોધ કરી રામની રજા મેળવી છે, શ્રીરામચંદ્રે નથી પૂછ્યું દશરથને કે નથી પૂછ્યું કૌશલ્યાને, અને કોઈને પૂછ્યા વગર સીતાની આ ઇચ્છાને પોતે વશ થયા. આવી વાતોમાં સ્ત્રીનું સ્વાતંત્ર્ય અને સ્ત્રીનો અધિકાર બલિષ્ઠ છે અને તે અધિકારમાં ન્યૂનતા કરવા પોતાની ઇચ્છાથી કે પોતાનાં માતાપિતાની ઇચ્છાથી પણ પતિને અધિકાર મળતો નથી તેનું આ દૃષ્ટાંત. પતિનું દુ:ખ તે પત્નીના દુ:ખની પરાકાષ્ઠા છે ને તેમાંથી પતિને મુક્ત કરનારી ધર્મપત્નીનો અધિકાર અપ્રતિહત છે; તો મહારાજ, મહાપતિવ્રતા એવાં જે રાણીજી તે આપને પ્રસન્ન કરે તેમના તે અધિકાર કે પ્રભાવમાં હું ન્યૂનતા ઇચ્છું તો નરકનો અધિકારી થાઉં. મહારાજ, એમનો એ અધિકાર

અને પ્રભાવ અખંડ અને અચલ રહો ને એમની પાસેથી નિત્ય અમારી પાસે આમના આમ પ્રસન્ન થઈ આવતા આપને જોવાનું અમારું સદ્ભાગ્ય એવું જ અચલ રહો.'

મલ્લરાજ પુષ્કળ હસ્યો અને સામંતને કહેવા લાગ્યો: 'સામંત, જોઈ આ પ્રધાનની કુશળતા? મને પ્રસન્ન કરવાનું કામ પ્રધાનનું પોતાનું, તે એણે આમ રાણીને માથે નાંખી દીધું. ભલે એ એમ પ્રસન્ન થાઓ; હું હવે મારા મનની વાત કહેવા ઇચ્છું છું તેમાં પ્રધાનનું કામ છે અને તે કરતાં વિશેષ — સામંત! — તારું કામ છે.'

સામંત — 'સેવક સાંભળવા તૈયાર છે.'

'જરાશંકર, બે મોટા કાગળ લાવ, તેમાં એક પર લખશે સામંત અને એક પર લખ તું.' મલ્લરાજે કહ્યું. બે જણે કાગળ લીધા, ને રાજાએ લખાવવા માંડ્યું:

'લખો. મારા રાજ્યનાં બે અંક—એક કારભારી ને બીજું ભાઈઓનું.' લખાયું.

'લખો. રાજા અને ભાઈઓ તે એક, અને કારભારીઓએ સરત રાખવી કે ભાઈઓમાંથી કોઈ ગમે ત્યારે રાજા થાય પણ કોણ થશે તેની ખબર પડે નહિ, માટે બધા ભાઈઓને રાજા થવા જેવા કરી રાખવા કે અભિષેકકાળે આંધળાને આંખવાળો ન ગણવો પડે. લખો.'

જરાશંકર — 'લખ્યું, મહારાજ. અતિ ઉત્તમ લેખ લખાવ્યો.'

મલ્લ૦ — 'વચ્ચે બોલશો નહિ. છાનામાના લખો. આ ભાઈઓએ એમ ગણવું કે રાજ્ય ગાદીવાળાનું છે તે માંહ્યમાંહ્ય તેની સાથે લડશું તો ત્રીજો અંગ્રેજ આંગળી ખૂંપાવશે, ને આજ રાજાનો વારો આવશે તો કાલ રાજા બન્યે કે ન બન્યે આપણો વારો આવશે, ને રાજ્યમાં હશે તો કૂવેથી હવાડે આવશે — માટે કૂવાનું ઓછું ન કરવું, ને રાજ્ય બહારના વાઘના પેટમાં જશે તો તે કોઈને ભાગ્યે નહિ આવે.' રાજા સામંત સામું જોઈ રહ્યો.

'મહારાજ, યથાર્થ કહો છો.' સામંત બોલ્યો.

મલ્લરાજ — 'હા, કહું છું તો ખરું. પણ એ ખરું કહેલું ભાઈઓના પેટમાં ખરું નહીં વસે અને રાજાઓને અને ભાયાતોને લડવાનો વારો બીજાં રાજ્યમાં આવે છે તેમ આપણામાં યે આવશે એમ મને શંકા રહે છે. આજ સુધીના રજવાડાંઓ જુદાં હતાં, હવે જુદાં થશે. જો, રાજ્ય એકનું એક રહેવાનું ને તે રાજાએ જાળવવાનું અને ભાયાતો અનેક ને દિવસે દિવસે વધવાના. આજ સુધી વધારે ગ્રાસ આપવો પડે તો રાજાઓ અને ભાયાતોનાં શસ્ત્ર નવી ભૂમિ પેદા કરતાં ને તેમાંથી ભાયાતોને ગ્રાસ જતો — તમે બે જણ આ બધા બોલ લખતા જાઓ — હવે ભૂમિ હશે તેટલી ને તેટલી ને ભાઈ વધશે એટલે રાજ્યને ઘેર ખોટ પડશે ને રાજ્ય નાનાં જઈ

જશે: આ રાજા અને ભાઈઓના વિરોધનું પ્રથમ મૂળ. ભાઈઓને શસ્ત્ર વડે લડવાનું ગયું એટલે જીભે કે લેખણે લડશે, એ લડતાં જાતે નહીં આવડે એટલે કાયસ્થો અને મુત્સદ્દીઓ કમાશે અને આખરે અંગ્રેજો ન્યાયાધીશ થશે. તેની ખુશામત, તેને લાંચ, તે ગાળો દે તે વેઠવાની, તે લડાવે તે પ્રમાણે લડવાનું, વગેરે હલકટ વૈશ્યકળાઓ અને વૈશ્યયુદ્ધોમાં સર્વ ક્ષત્રિયો — કાં રાજાઓ અને કાં ભાઈઓ — ખુવાર થશે અને ખુવાર કરશે અને પરાયાંનાં પેટ ભરી તેમનાં ગુલામ થશે. લખો બે જણા, કે મારા રાજ્યમાં એ ન જોઈએ.'

'ક્ષત્રિયો વૈશ્ય જેવા કેમ થશે તે કહ્યું. હવે લખો કે રજવાડાંઓના રાજાઓ બ્રાહ્મણો જેવા થઈ જશે. તેમને ઘરઢોર વહાલાં થશે, તેમને જીવવું વહાલવું થશે, તેમને મરવું અળખામણું થશે, તેઓ જરાજરામાં ડરશે, તેમને વ્યવહાર નહીં આવડે, ને બ્રાહ્મણ ભાંગ પીએ તેમ રજપૂતો બીજાં વ્યસન કરશે. લખો — એ મારા રાજ્યમાં ન જોઈએ. શસ્ત્રની પ્રીતિ મટી એટલે આ થવું નક્કી. એ પણ લખો.'

'ક્ષત્રિય પુરુષો સ્ત્રીઓ જેવા થશે. તે લખો. 'હાય! હાય! પુત્ર કેમ ન થયો?' તેની તેમને ચિન્તા પેસશે. બહાર યુદ્ધ કરવાનાં મટ્યાં અને જોવા સાંભળવાનાં મટ્યાં એટલે ઘરમાં પોતાની સ્ત્રીઓનાં યુદ્ધ જોશે, ઝાઝી સ્ત્રીઓ પરણી તેમાં એકને વહાલી ને બીજીને અળખામણી કરશે, વહાલી સ્ત્રીઓનો પક્ષ કરી તેની સખી જેવા થઈ બીજી સ્ત્રીઓ સાથે તેની સાસુ જેવા થઈ લડશે. માજી રાજાઓની અને ભાઈઓની સ્ત્રીઓ પેઠે કનડશે, સ્ત્રીઓમાં મગ્ન થઈ પોતે સ્ત્રીરૂપ થશે, અને ઘરમાં, ઘરબહાર, અને અનેકધા રાજાઓ સુધ્ધાંત રજપૂતો સ્ત્રીની કળાઓ આચરશે અને પુરુષો બીજા થશે — બહારનાં માણસો અને હલકા નોકરો તેમના પુરુષો થશે. લખો.'

સામંતની કલમ અટકી, તેની આંખમાંથી આંસુધારા ચાલી. 'મહારાજ, હવે મારો જીવ ગભરાયો — મને તમારો વર્તારો ખરો લાગે છે — ચારે પાસના રાજ્યમાં આ થતું જોઈએ છીએ — મહારાજ, હવે તો —'

મલ્લરાજ — 'હે મૂર્ખ, એટલામાં સ્ત્રી જેવો થઈ ગયો!'

જરાશંકર — 'સામંતસિંહ, જાદવાસ્થળી જાતે જોઈને પછી કૃષ્ણ સ્વધામ ગયા છે — ક્ષત્રિયોને લડવાનું તો ગયું — પણ આવો સમય જોઈ, ધૈર્ય રાખી, બને તે ઉપાય યોજવા એ ધર્મ સર્વ પુરુષોનો છે તે ક્ષત્રિયોનો હોય એમાં શી નવાઈ? શિવશક્તિનો રચેલો પ્રલયકાળ પૂરો થયો તે જોઈ પછી નારાયણ પોઢ્યા છે.'

મલ્લરાજે જરાશંકરનો ખભો થાબડ્યો: 'શાબાશ, મારા પ્રધાન. સામંત આ તેં અને જરાશંકરે કહ્યું તે પણ ભેગાભેગું લખ અને રોવું છોડી પુરુષાતન બતાવી હું લખાવું તે પણ લખ.'

સામંત — 'જેવી આજ્ઞા.' લખવા માંડ્યું.

મલ્લરાજ — 'ક્ષત્રિયો શૂદ્ર જેવા થશે — તેમને લખતાંવાંચતા નહીં આવડે ને હલકા ધંધા કરશે, હલકાં કર્મ વ્યભિચાર આદિ સર્વ કરશે, પરજાતિની ખુશામત કરશે, હલકાં કપટ કરવાં શીખશે, ને છાનાં ખૂન કરતાં શીખશે.'

'હવે લખ કે ક્ષત્રિયો મ્લેચ્છ જેવા થશે —મલેચ્છના સર્વ દુષ્ટ વ્યવહાર દિલ્હી વગેરેમાં જોઈએ છીએ ને સાંભળીએ છીએ તે પશુદોષ, દુષ્ટતા, ક્રૂરતા આદિ તેમનામાં આવશે — પણ તેમના ગુણ તેમનામાં નહીં આવે. લખ, લખ, કે બ્રાહ્મણ વૈશ્ય, સ્ત્રી કે શૂદ્ર સર્વેના દોષ તેમનામાં આવશે — ગુણ એકેનો નહિ આવે.'

'હવે શું લખ્યું, તે સામંત વાંચી બતાવ.'

સામંતે વાંચ્યું.

જરાશંકર — 'મહારાજ, આવો પ્રલયકાળ તો નહિ આવે.'

મલ્લરાજ — 'તું શું સમજે? આ પ્રલયકાળનો યુગ બીજાં રાજ્યોમાં બેસી ચૂક્યો છે — એક રત્નનગરીમાં સત્યયુગ પ્રવર્તે છે.'

જરાશંકર — 'ને હજી પ્રવર્તશે.'

મલ્લરાજ — 'સામંત, પ્રવર્તશે — જો તમે સૌ આશ્રય આપશો ને સૌ પુરુષ પ્રયત્ન કરીશું તો તે છેલ્લે સુધી પ્રવર્તશે. તેના ઉપાય બતાવું?'

સામંતે નિ:શ્વાસ મૂક્યો: 'મહારાજ, સમુદ્રે મર્યાદા મૂકવા માંડી ત્યાં માણસ શું કરશે?'

મલ્લરાજ — 'અરે જા! મારા ભા! લખ, લખ, હવે લખાવું તે.'

સામંત — 'બોલો, મહારાજ!'

મલ્લરાજ — 'હવે સૌના ઉપાય કહું છું.'

'પ્રથમ. લખ કે યુદ્ધ કરવાનો પ્રસંગ તો નહિ આવે, પણ યુદ્ધકળા પૃથ્વી નીચે ઊંડી ખાણમાં રાખી મૂકી હશે તો આજ નહીં ને બસેં વર્ષે કામ લાગશે. જરાશંકર રામાયણ ને મહાભારતનાં બુદ્ધિરત્ન આજ કામે લગાડે છે; બ્રાહ્મણોએ હજારો વર્ષ ગોખણિયાં ગોખી ગોખી આજ તેમાંથી કામે લગાડે છે. આપણા ક્ષત્રિયોએ પણ હવે એ જ માર્ગ લેવો. માણસ સાથે લડવાનું બંધ થાય તો આપણા જંગલમાં સિંહ વાઘ લડવાને બહુ પડ્યા છે — તેની સાથે લડવું, જીવવું વહાલું થઈ ન જાય માટે તેની સાથે લડીને મરવાની ટેવ રાખવી, ને હથિયાર અવનવાં જે થાય તે સચોટ વાપરવાની આવડ રાખવી. આ કામ સારુ મારાં જંગલોનો ભોગવટો મારા ભાઈને સોંપું છું. ભીલ કોળીને કે પરદેશીઓને તેમની અને રાજાની રજા વગર એ

જંગલમાં શિકાર કરવાનો નહિ. અંગ્રેજ અતિથિ થઈ આવે ને બે આંખની શરમ પડે તો શિકાર કરે, પણ મારા ભાઈઓ કે છોકરાઓ વગર એકલો ન કરે. મારી ગાદીના વારસો આ કામમાં અગ્રેસર રહે ને માથું વહાલું ન કરે. એક રાજા મરે તો બીજો તૈયાર રાખવા જેવા મારા ભાઈઓને રાખવા. મારા ભાઈઓનાં શસ્ત્ર સારાં રાખવાં અને એમને આ કળામાં ભોમિયા રાખવા એ મારા વારસોનું કામ, ને હવે માણસોની લડાઈમાં ચડી મારી નોકરી કરવાનું મટ્યું તેને સાટે મારા ભાયાતો આ નોકરી કરે. પરદેશમાં યુદ્ધકળા શીખવા, યુદ્ધ કરવા, અથવા જ્યાં માથું કોરે મૂકી રજપૂતનું કામ કરવું પડે ત્યાં મારા વારસે ભાયાતોને મોકલવા ને તેમણે જવું — આ શિકારના ઉપરાંત.'

સામંત પ્રસન્ન થયો: 'વાહ, મહારાજ, વાહ!'

જરાશંકરે મુખ બગાડ્યું: 'મહારાજ! રાજાને વારસો સાથે શિકારમાં મોકલવા, અને નકામું મૃગયાવ્યસન પાડવું એ માર્ગનાં મને બહુ અધર્મ અને વિપરીત પરિણામ ભાસે છે —'

મલ્લરાજે ધૈર્ય ખોઈ અટકાવ્યો: 'બસ, બસ, બ્રાહ્મણ, એ તું ન સમજે — લખાવું તે લખ. મારી આજ્ઞા બરોબર પળાય તે જોવું તને મારી આણ છે. આપણે તકરારો કરવા નથી બેઠા. માત્ર કહું તે લખો ને તે પ્રમાણે કરો.'

જરાશંકર — 'જેવી આજ્ઞા.'

મલ્લરાજ — 'બીજું. લખ. ભાયાતો અરસપરસ લડે ત્યારે મારા ધર્માધિકારીઓ છે જ. પણ તેમને રાજ્ય સાથે વાંધો પડે ત્યારે પંચ નીમવા. પંચમાં એક મારો પ્રધાન, બીજો પંચ રાજાના કુંવરો મૂકીને પછીથી જે રાજાના વારસ થતા હોય તેમાંથી ઠાવકી ઉંમરનો ભાયાત, ત્રીજો પંચ વાદી કે પ્રતિવાદી ભાયાત જેને નીમે તે ભાયાત — મુત્સદ્દી નહીં, — એ ત્રણ પંચ એકમતે થઈને જે ચૂકવે તે છેવટનો ન્યાય; ત્યાં તકરારી ભાયાત જાતે કે પોતાના જૂના કારભારી સાથે આવે ને સંસ્થાનમાંથી દફતરી આવે. પંચનો એકમત થાય નહીં તો ફરી પંચ નીમવા, તેમાં પ્રધાન જાતે બેસે કે બીજાને નીમે, અને બીજા દશ વૃદ્ધ ભાયાતોનાં નામ ભાયાતસમસ્ત વધારે મતથી દે તેમાંથી બે જણને રાજ્ય તરફથી કબૂલ કરવા ને એ ત્રણ પંચ એકમત થાય કે ન થાય પણ વધારે મતે જે ચૂકવે તે ન્યાય. મારા ભાયાતોમાંથી વૈશ્યયુદ્ધ દૂર રાખવાનો આ સિવાય બીજો માર્ગ નથી.'

'ત્રીજું. લખો ભાયાતો રાજ સિવાય કોઈને ત્યાં ગરાસની જમીન વેચે કે ગીરવે નહીં, અને ધણીધણિયાણી અને દીકરો એમ ત્રણ જણ જેટલી વસ્તીને ખાવા પૂરતો ગરાસ રહે નહીં ત્યારે તે જમીન દરબાર વેચાતી લે.'

'ચોથું. હવેથી નવા ગરાસ આપતી વખત ગરાસ લેનારને રાજાની મરજી પડે તેટલી જમીનને ઠેકાણે જમીનની કિંમતથી બેવડા પૈસા આપવા

ને તે જમીન રાજ્યમાં રાખી બાકીની જમીન આપવી.'

'જે ગરાસિયો રજપૂતની કળાઓ ન શીખે અથવા રજપૂતાઈ મૂકી બીજી વર્ણનો કે સ્ત્રીનો આચાર પકડે અથવા ઉપરની શરતો તોડે તેને ભાયાતસમસ્ત પાસે ન્યાય ચૂકવાવી તેઓ ઠરાવે તેટલા તેના ગરાસના ભાગ ઉપર દરબારી મહેસૂલ મૂકવો — આ ન્યાય ભાયાતો પાસે ચુકવાવવો — રાજા ન ચૂકવે. જે ગરાસિયા રાજવિદ્યા નહીં શીખે તેને પણ આ જ શિક્ષા. બાકી જે અપરાધો માટે ગરાસ જપ્ત કરવાનો દરબારને અધિકાર છે તે તો રહેશે જ.'

'છેલ્લું લખ. આ મરણપરણના દાવાને કર દરબાર ભાયાતોના લે છે તે હવેથી માફ. પણ સાટે જ્યારે ગાદી પર નવા રાજાનો અભિષેક થાય ત્યારથી દરેક ભાયાતના ગરાસનો પચાસમો ભાગ રાજાને વર્ષોવર્ષ રૈયત પેઠે મહસૂલ આપવા માંડે. દરેક અભિષેકનો આ નજરાણો. ભાયાતો રાજાઓનાં આયુષ્ય વધારે રાખશે તો તેમનાં નજરાણાં વધશે નહીં. રાજાઓ વહેલા ને વધારે મરશે તો નજરાણાં આવી રીતે વહેલાં વધશે. આ સિવાય બીજો દરબારનો લાગો નહીં.'

'બસ સંપૂર્ણ. જરાશંકર, આ લખેલું મારા દફતરમાં રાખ. એક નકલ તારા દફતરમાં રાખ. અને મારા પછીના રાજા અને તારા પછીના પ્રધાનને બુદ્ધિમાં તે ઠસાવજે. સામંત, હાલ તો મારે પુત્ર નથી એટલે મારો વારસ તું છે અને તારે પણ પુત્ર નથી તે જે થાય તે ખરું. આ મેં કહ્યું તેમાં બધાનો લાભ છે — માટે સર્વ ગરાસિયાઓ પાસે તે કબૂલ કરાવ, અને તેમને સૌને કહેજે કે મલ્લરાજને આ વાતમાં બહુ ચિંતા છે ને યુગ બદલાયો તે પ્રમાણે રાજ્ય અને રજપૂતાઈ જાળવવાં હોય તો આ ઉપર સૌ સહી કરો. સૌને કહેજે કે પુત્ર વિનાના મલ્લરાજની જાતને રાજ્યના અને ભાઈઓના લાભ વિના બીજો લાભ આમાં નથી. વળી કહેજે કે મલ્લરાજના નિ:સ્વાર્થપણા ઉપર તમને કંઈક પણ અવિશ્વાસ આવતો હોય તો આ પત્ર ઉપર તમારી સહી લેવાની શરતે મલ્લરાજ પોતાનું રાજ્ય છોડવા અને તે છોડી તમે કહો તેને રાજ્ય આપવા તૈયાર છે. મલ્લરાજ રાજા મટી ભાયાત થઈ આ શરતોએ ભાયાતપણું કબૂલ કરશે ને રજા આપશો તો રાજ્યનો ભાયાત મલ્લરાજ જે કોઈ રાજા થાય તેના રાજ્યના હિત સારુ હજી પણ બીજી શરતો સ્વીકારી પોતાને પુણ્યવાન માનશે. પણ તે ભાયાત થયો નથી ત્યાં સુધી એ શરતોની વાત સરખી કરવી એને છાજતી નથી. જા, સામંત, જા. રાજ્યનું હિત જાળવવા મલ્લરાજ રાજ્ય છોડશે અને સામંતને અથવા હલકામાં હલકા ભાયાતને રાજ્ય સોંપી તેનો ભાયાત થઈ મલ્લરાજ સેવા કરશે. જા, સામંત, જા. એવો કાળ આવશે કે જ્યારે આ કે કોઈ રાજ્યનો રાજા કહેશે કે હું રાજ્ય છોડું ને બીજાને આપું ત્યારે અંગ્રેજ બચ્ચાને નિમિત્ત મળશે ને કહેશે કે તમે રાજ્ય છોડ્યું તો સ્વતંત્ર છો, પણ છોડીને બીજાને આખી બધી પ્રજાની પ્રજા સોંપવા તમને અધિકાર નથી — માટે

એ અધિકાર તો અમારો છે તે તમે જાઓ ને બીજાને નહીં આવવા દેતાં અમે જ તમારે ઠેકાણે બેસીશું. રાજ્યનું દાન કરી દેવાનો કાળ છે ત્યાં સુધી તેમ કરી રાજ્યનું કલ્યાણ મને કરી દેવા દે.'

જરાશંકર — 'મહારાજ, છે તેમનું તેમ ચાલવા દો —'

મલ્લરાજ — 'બસ, જરાશંકર, બસ. જે વચન મારા મુખમાંથી નીકળ્યું છે તે મારા અધિકારીઓએ આજ્ઞા સમજવી. એમાં મને અત્યંત હાનિ હોય તો તે મેં સ્વીકારી છે ને મારા ભાઈઓને વાસ્તે હું તે ખમીશ. ભાયાતો એથી ઊલટું સમજે તો તેમને વિશ્વાસ આણવા સામા ત્રાજવામાં હું મારું રાજ્ય આપવા તત્પર થાઉં છું. રાજ્યના હિત વાસ્તે રાજ્યનો ત્યાગ કરતાં મને અટકાવવા કોઈનો અધિકાર નથી. મારી રાણીને અધિકાર હોય તો તેને તો તે જોઈતું જ નથી. સામંત, જા—અને સર્વ ભાઈઓ જેનું નામ દે તેને પ્રાત:કાળે મારી કહેલી શરતે આપી દેવા તત્પર છું.'

સામંત — 'મહારાજ -'

મલ્લરાજ — 'બસ, આ આનંદના અવસરમાં એક પળનું વિઘ્ન ન જોઈએ. જા.'

સામંત — 'મહારાજ —'

મલ્લરાજ — 'બસ. જા આજ્ઞા છે.'

સામંત — 'મારું સાંભળો નહીં ત્યાં સુધી આ આજ્ઞા પાળવી મુલતવી રાખવી એ આપના ભાયાતોનો અધિકાર છે.'

મલ્લરાજને હસવું આવ્યું. 'ચાલ, બોલી જા — પણ ટૂંકું બોલજે — ભાષણ ન કરીશ.'

સામંત — 'મહારાજ, આપના ભાઈ વગર શરતે આપની આજ્ઞા પાળે છે અને આપના વાક્યમાં અધર્મ હોય નહીં એવી શ્રદ્ધા રાખે છે. છતાં આજ્ઞાથી પળાવવું મૂકી દઈ તેમની સંમતિ માગવી, અને રાજ્ય છોડવાની શરત કરી તેમનો આપના વચન ઉપર અવિશ્વાસ થશે એમ જણાવવું—આ સર્વ આપના ભાઈઓની રાજભક્તિ ઉપર આરોપ મૂકવા જેવું છે. આ આરોપને પાત્ર થવા જેવું તેમણે કંઈ કર્યું નથી. રત્નનગરીના ભાયાતો પોતાના રાજાઓ આપે તે લેતા આવ્યા છે, રાજાઓ માગે તે આપતા આવ્યા છે, અને પરાપૂર્વનો આ આપણો કુળાચાર તોડવાનો આરંભ કરવો અને તે મારે હાથે તોડાવવો તે યોગ્ય નથી. ભાઈઓ મને જ દુષ્ટ ગણશે. મહારાજ, આપની આજ્ઞામાં અમને આનંદ છે, સંમતિ અને શરતો કાઢી નાંખો.'

મલ્લરાજ — 'સામંત, મારા ભાઈઓ ગઈ કાલે મારા શબ્દ ઉપરથી માથું આપવા તૈયાર થયા હતા છતાં હું તેમના ઉપર આવો આરોપ મૂકું તો

મારા જેવો કુતઘ્ન કોઈ નહીં કહેવાય. પણ ઘણો વિચાર કરી આ કામ કરું છું તે સાંભળ — લખવાની જરૂર નથી — મનમાં સમજજે. રાજ્ય બદલાય ત્યારે સર્વે પ્રજાએ સાવધાન રહેવું પડે છે, તેમ યુગ બદલાય ત્યારે રાજાએ સાવધાન રહેવાનું છે. કુળે કુળે કુલાચાર અને યુગે યુગે યુગાચાર. સામંત, ચાતુર્માસમાં વાદળાંના અંધકારથી સૂર્ય છવાયેલો હોય એવા દિવસ તને લક્ષમાં હશે. તે દિવસ, ન સમજાય બપોર અને ન સમજાય સાંજ, અને અરણ્ય કે રણમાં કોઈએ ત્યારે ન સમજાય પૂર્વ કે પશ્ચિમ! આવે પ્રસંગે ડાહ્યા માણસે પળવાર ઊભાં રહી ચારપાસ આંખ ફેરવવી ને જોવું, કે પૃથ્વીના કિયા છેડા પર જુદી જાતનો અંધકાર ઉદય પામે છે ને વધે છે. તે ઉપરથી પૂર્વ દિશા અને સંધ્યાકાળ ઉભય સમજવા. તે કાળે નિત્યનો સૂર્ય દૃષ્ટિને જ્ઞાન આપતો નથી. તેમ જ આવા રાજપરિવર્તન અને યુગપરિવર્તને પ્રસંગે કુળાચાર અને યુગાચારથી દૃષ્ટિને જ્ઞાન મળતું નથી. આવે કાળે તો નવા યુગનો અંધકાર અથવા તેજ જે હોય તે કેણી પાસથી આવશે તે સત્વર જાણી લઈ તે પ્રમાણે માર્ગ લેવાનો વિચાર કરવો, કારણ જો શંકાઓ અને સમાધાન કરવા ઊભો રહ્યો તો એ અંધકારની રેલ જોતજોતામાં જગતને અને તને છાઈ દેશે અને પછી કોઈ માર્ગ દેખાડવા નહીં આવે. ઘડીઘડીમાં જોતજોતામાં જેમાં ભાગ્યચક્રો બદલાઈ જાય છે તેવાં યુદ્ધોના પ્રસંગોના અનુભવવાળા આપણા રાજાઓ અને ક્ષત્રિયોની દૃષ્ટિ આવે સમે તીવ્ર થાય છે અને તેવે કાળે જૂના આચારો શોધવા જવું એ તો ઘરમાં ને ગામમાં સર્વત્ર લાય લાગી રહી હોય ત્યારે ઘરમાં પડી રહેલા પણ ચારે પાસ સળગવા માંડેલા બાપદાદાના જૂના પેટીપટારા શોધવા જવા જેવું છે. હવે બોલ.'

સામંત — 'ભલે મહારાજ, કુળાચારને પડતો મૂકો પણ આ આરોપ અને અવિશ્વાસનું કારણ શું?'

મલ્લરાજ — 'સામંત, સાંભળ. જે વૈશ્યયુદ્ધની રેલ ચારેપાસ આવી રહી છે તે આ ભૂમિમાં ન કરે નારાયણ ને આવે તો તે રેલમાં બૂડતાં આપણાં માણસો અને તે નહીં તો તેમનાં સંતાન — પેલા દુષ્ટ કર્ણ વાઘેલાના દીવાના દીવાન પેઠે — આ નવી બાદશાહીનું વાદળ આ નગરી ઉપર ઉતારવાનો પ્રયત્ન કરશે, અને જો એવો પ્રયત્ન કરે એવા તેઓ અધમ થશે તો મલ્લરાજની આજ્ઞાને એકપક્ષી અને અન્યાયમય શાસનની ઉપમા આપતાં તેમને ડરાવનાર વસ્તુ કઈ રહી? આજ નહીં તો કાલ કે કાલ નહીં તો પરમ આ નિમિત્તે અંગ્રેજને હાથે આપણું ઘર ઉઘાડું પડવાનો પ્રસંગ આવશે. અને કરેલાં કામ ન સમજાતાં રાજા અને તેના ભાયાતની પ્રીતિની કલ્પના કેમ થશે? એ પ્રીતિ ઉઘાડી રહે અને નવા યુગમાં જૂના યુગનાં સંગ્રહ કામ લાગે એવું આજથી કરી મૂક.'

'સામંત, હું અપુત્ર છું ત્યાં સુધી તું મારો વારસ છે — દેહનો વિશ્વાસ નથી — માટે આ મારા મંત્ર હું તને બતાવું છું. આજ તું ભાયાત છે —

કાલ રાજા થાય. રાજાનું રાજ્ય અને ભાયાતોના ગરાસ બેની વચ્ચેનો — બેને જોડનારો — તું મારો બળવાન પુલ છે, તારે ઉભયપક્ષનું સગપણ છે, ઉભયપક્ષનાં લાભહાનિમાં તારે લાભહાનિની આશા છે — માટે આ કામે હું તને જ યોજું છું —બુદ્ધિમાં અને ભક્તિમાં પણ તારા જેવું પાત્ર મને ક્યાં મળશે? — માટે જા, અને પ્રાત:કાળમાં આવીને કહે કે આજ્ઞા પ્રમાણે સર્વ વાત થઈ ગઈ.'

સામંત વિચારમાં પડી આજ્ઞા માગી ગયો.

'જરાશંકર, તું ભારે ચિંતામાં પડેલો દેખાય છે.'

'હા, મહારાજ! આપે મોટું સાહસ કર્યું.'

મલ્લરાજે હસવા માંડ્યું: 'રાજ્ય છોડવાનું કહ્યું તે કે દરજીની પેઠે આ બધો મારા ભાયાતોનો જામો સીવ્યો તે?'

'બે વાનાં.'

'હું રાજ્ય છોડું તેની તને શાની ચિંતા? રજપૂતો જોતજોતામાં યુદ્ધકાળે મરવા તૈયાર થાય, તેમ મહાકાર્યને અર્થે રાજ્ય છોડે; માણસને લક્ષ્મી વહાલી કે જીવ? સૌને જીવ લક્ષ્મી કરતાં વધારે વહાલો હોય છે — તે જીવને અમે ગણતા નથી તો લક્ષ્મી તો પગનો જોડો છે.'

જરાશંકર — 'શાસ્ત્રમાં કહ્યું છે કે મોટી અને ગુણવાળી વસ્તુનો વિચાર માણસ કરે તેમાં તો શી નવાઈ, પણ નાની અને ગુણ વગરની વસ્તુનોયે વિચાર પૂર્ણ કરવો, યત્ન કરીને પરિણામ વિચારવો, તે વિચાર પંડિત થઈને કરવો, કારણ ઉતાવળથી કરેલાં દેખીતાં નકામાં કામનો વિપાક એવો થાય છે કે મરણ સુધી શલ્ય પેઠે સાલે છે અને હૃદયને નિત્ય બાળી નાંખે છે.'

મલ્લરાજ — 'શ્લોક બોલ શ્લોક એનો.'

જરાશંકર —

' गुणवदगुणवद्धा कुर्वता कार्यजातम्

परिणतिरवधार्या यत्नतः पण्डितेन।

अतिरभसकृतानां कर्मणामाविपत्तेर्

भवति हृदयदाही शल्यतुल्यो विपाकः॥ '

મલ્લરાજ — 'ફરી શ્લોક બોલ.'

જરાશંકર નિ:શ્વાસ મૂકી ફરી શ્લોક બોલ્યો.

'મહારાજ, આપે મહાન કુટુંબક્લેશ ઊભો કીધો. મારી સાથે પ્રથમથી જરાક તો મંત્રવિચાર કરવો હતો?'

મલ્લરાજ નરમ પડી બોલ્યો: ‘જરાશંકર, ખરી વાત છે. તારી સાથે મંત્ર કર્યો હોત તો સારું હતું — એ કરવું એ મારો ધર્મ હતો, એમાં ના નહીં આ કોનો શ્લોક છે?’

જરાશંકર — ‘મહા અનુભવી મહારાજ ભર્તુહરિનો.’

મલ્લરાજ — ‘રાજાનું કહ્યું રાજાએ કબૂલ રાખ્યું. થયું તે થયું. થઈ વસ્તુનો મલ્લરાજ શોક કરતો નથી. પણ એ સિવાય બીજું ખોટું મેં શું કર્યું તે કહે.’

જરાશંકર — ‘આ કામ સીધેસીધું પાર ઊતરે તો એમાં રાજ્યનું કલ્યાણ છે તેની હું ના નથી કહેતો. પણ શત્રુના કિલ્લાનો દરવાજો તોડી પાડવો હોય ત્યારે દરવાજાની અને તેને તોડનાર હસ્તીના કુંભસ્થળની વચ્ચે ઊંટ રાખવું જોઈએ કે અતુલ બળ અને અનેક લક્ષ્મીના સ્થળ રૂપ કુંભસ્થળમાં દરવાજાના ધારવાળા ખીલા પેસી ન જાય અને ઊંટના નાશથી જે કામ થાય તેમાં હસ્તીનું બલિદાન આપવું ન પડે.’

મલ્લરાજ — ‘એ દૃષ્ટાંત કાંઈ લાગતું નથી.’

જરાશંકર — ‘હસ્તી તે આપ અને ઊંટ તે આપનો પ્રધાન. મહારાજ, પારકા રાજાઓ સાથે તેમ પોતાના રાજ્યમાં અનેક પ્રસંગો એવા આવે છે કે તેમાં કાર્યસિદ્ધિને અર્થે શત્રુના તેમ પ્રજાના શાપ અને પ્રહાર કોઈએ તો ખમવા જ જોઈએ. રાજહસ્તીનો દેહ આ શાપ અને પ્રહાર ખમવા જ્યાં ત્યાં આગળ ધરવો એ અનર્થ નીતિવિરુદ્ધ છે. [*] એ દેહ તો અત્યંત ગૌરવના કોઈ વિરલ પ્રસંગને વાસ્તે રત્ન પેઠે રક્ષણ કરી રાખી મૂકવો જોઈએ અને આવા ઘડીઘડી આવતા પ્રસંગોમાં તો આ પ્રહારો અને શાપોની વૃષ્ટિ વચ્ચે મારા જેવા ઊંટને જ ધકેલી દેવા જોઈએ કે એક ગયું તો બીજું સંપડાય. પ્રધાન એ રાજાની ઢાલ છે, કવચ છે, અને રાજાના ઉપર પડવાના પ્રહાર પોતાના અંગ પર જે પ્રધાન ઝીલતો નથી તે પ્રધાન રાજાનો અને રાજ્યનો અધર્મી શત્રુ છે. આપ જ કહેતા હતા કે વિલાયતમાં પણ ‘રાજા પાપ કરતો નથી.’ [+] એવો સંપ્રદાય બ્રેવસાહેબે આપને સમજાવેલો હતો. રાજાને હાથે તો યશનાં કાર્ય જ સોંપવાં — તે સર્વને માન આપે, કીર્તિ આપે, દ્રવ્ય આપે, અને તેના બદલામાં સર્વની પ્રીતિ લે. વિલાયતમાં શિક્ષા કરે ન્યાયાધીશ, પણ રાણીને કોઈનો વાંકો વાળ કરવા અધિકાર નથી. તે તો માત્ર ક્ષમા કરે: અપરાધીને ન્યાયાધીશ શિક્ષા કરે તે શિક્ષા રાણી સ્વીકારે — રદ ન કરે — પણ પોતાની કૃપાના સાગરની લહેર વડે શાંત કરે. રાજાને જે કાંઈ વિપરીત કહેવું હોય તે પ્રધાનના કાનમાં કહે તે જગત જાણે નહીં ને જગત દે તે ગાળો ખાવાને સમર્થ હોય તે પ્રધાન. આમ કાનમાં આવે તે મંત્ર અને તે મંત્રનો મંત્રી રાજાની આપેલી શક્તિ [૧] રાજાની જ ઇચ્છા પ્રમાણે જગતમાં વાપરતાં સામા પ્રહાર સહે; અને રાજા આવા કામમાં શું કરે છે, શું ધારે છે, અને એનું બિચારાનું કાંઈ ચાલે છે કે

નહીં, એ સર્વ વાતમાં સામાવાળાઓ તેમ પ્રજા કાંઈ કલ્પના જ ન કરી શકે ત્યારે સર્વની રાજા ઉપરની પ્રીતિની ધારા નિત્ય નિરંતર વહ્યાં કરે તો જ રાજ્યનું રાજઅંગ અખંડિત રહે. મહારાજ, આપનું જ મને કહેલું વચન હતું કે રાજ્યના દેશકાળની એકતા વંશપરંપરા દ્વારા એકભાવે રહેનારા રાજા રાખે છે. આ સત્યવાક્ય મારા અંતરમાં જડેલું છે. મહારાજ, આમ અખંડ રાખવા જેવું રાજવૃક્ષ તેને નિરંતર લોકપ્રીતિના પાન સિવાય બીજો પદાર્થ કુપથ્ય છે, અને તે વૃક્ષ ઉપર અકાળે નાનામોટા કુહાડાના પ્રવાહો થવા દઈ વૃક્ષને કુત્સિત કરવું અયોગ્ય છે, માટે જ રાજાઓની જોડે પ્રધાનનો ખપ અને તેથી જ જે રાજાઓ જાતે પ્રધાન થાય છે તે રાજ — અંગનું અંગત્વ હીન કરે છે. અનેક પ્રાણીઓના આશ્રયરૂપ રાજવૃક્ષને તો મહાન પવનના ઝપાટા સિવાય બીજાની સાથે યુદ્ધ જોઈએ જ નહીં. મહારાજ, આ ભાયાતોની સાથે આથડી મરવાના કામમાં આ મારા ક્ષુદ્ર શરીરનો ઉપયોગ આપને કેમ ન સૂઝ્યો? અને આ કાર્યમાં રત્નનગરીના રાજઅંગને આગળ કેમ ધકેલ્યું?'

મલ્લરાજ આ સર્વ ભાષણ ઉત્સાહ, પ્રીતિ અને આનંદથી સાંભળ્યાં કરતો હતો — એની પ્રીતિ આજ જરાશંકર ઉપર સોગણી વધી.

'મારી રત્નનગરીના પ્રધાનરત્ન! તારું બોલવું ઉત્તમ છે — સત્ય છે — અને તે સર્વનો વિચાર કરી આ કામ મેં આરંભેલું છે. ભાયાતોનો ન્યાય ચૂકવવામાં નિત્ય આથડી મરવાનું કામ કરવાના પંચમાં મેં તને આ જ વિચારથી મૂક્યો છે ને ઘણી સંભાળ રાખી એવી યોજના કરી છે કે રાજાઓને માથે ન્યાયઅન્યાય કંઈએ આવે નહીં. રાજાએ ન્યાયનું કામ પ્રધાનો પાસે કરાવવું ને જાતે તેમાં પડવું નહીં એનું કારણ આવું જ છે. જો ભાયાતોનું કામ રાજાઓના હાથમાં જરી પણ રાખ્યું હોત તો મારા વારસો અને મારા ભાઈઓ વચ્ચે ઘડીઘડી કુટુંબક્લેશ થાત અને વંશપરંપરા સર્વ રાજાઓના અપયશનું મૂળ રોપાત તે કામ મેં કર્યું નથી. અને હાલ આરંભેલા કામમાં એટલો ભાર છે કે મારા સો પ્રધાનોથી તે થાય એમ નથી અને તારા હાથીની સૂંઢ જરીક હલાવવાથી એ કામ સિદ્ધ થશે, અને એ હાથીનો મલ્લરાજરૂપ એક દંતશૂળ ભાંગશે તો કાલ વહાણે બીજો ઊગશે — પણ એથી એ તારા હાથીના દીર્ઘ આયુષ્યમાં બીજાં સો વર્ષ ઉમેરાયાં સમજજે.'

'હવે મારે પ્રશ્ન કરવા જેવો આપે રાખ્યો નથી.' જરાશંકરે કહ્યું.

'તો હવે આજ જા — અને થાય છે તે જોયા કર — આજે ઘણું કામ કર્યું.'

જરાશંકર ગયો. સામંતને સોંપેલું કામ સિદ્ધ થતાં હરકતો પડી, શ્રમ પડ્યો, પણ મલ્લરાજના ઉપરનો મૂળ વિશ્વાસ અને પ્રેમ, અર્વાચીન વૈશ્યબુદ્ધિની નદીનો ઉદય થયા પહેલાનું રાજભક્ત ક્ષત્રિયત્વ, આ યુગના

બુદ્ધિવિરોધ અથવા બુદ્ધિવિભ્રમના અનેક રંગો વગરનાં — એક વાત જાણી સંતોષ માનનાર અને એકરંગી — જૂનાં માણસોનાં સરલ હૃદય, એ સરલ હૃદયો ઉપર સામંતનું પ્રેમાળ તંત્રિત્વ, તે સર્વને અંતે તે સર્વના પ્રેમ અને વિશ્વાસના સુપાત્ર મલ્લરાજે રાજત્યાગ કરવા કહેલું વચન, ને વચન એ પાળશે એની નિશ્ચયબુદ્ધિ, એ બુદ્ધિને લીધે આ કાર્યમાં રહેલાં રાજ્યકલ્યાણ અને ગૌરવનું ભાન, અને એ વચનથી અનેકધા વધેલી રાજપ્રીતિ અને એ ભાનથી અને આ વચનના દૃષ્ટાંતથી વધેલી સ્વાર્થત્યાગની સ્પર્ધા: આ સર્વ કારણોનું પરિણામ એ થયું કે મલ્લરાજનો મનોરથ તેના રાજભક્ત અને સદ્‌ગુણી ભાઈઓએ એક અક્ષર બોલ્યા વિના અનેક અક્ષર ફેરવ્યા વિના સિદ્ધ કર્યો, અને નીમેલા પ્રાત:કાળના ઉદયની સાથે મલ્લરાજની આંખ ઊઘડતાં મેનારાણીએ સામંતે બહારથી કહાવેલા આ શુભ સમાચાર રાજાને કહ્યા અને પતિને પ્રસન્ન કરવાનો પોતાનો અધિકાર સંસિદ્ધ કર્યો.

રાજા સામંતને મળ્યો અને ઉપકારમાં તેને ભેટતાં ભેટતાં બોલ્યો, ‘સામંત, આવી ભેટ છેલ્લી જ સમજજે. આવું મોટું કામ હવે મારે કે તારે કરવાનું રહ્યું નથી, અને જો કરવાનું આવશે તો નવા યુગના રાજાને તેના ભાયાતો આટલો સત્કાર આપવાના નથી. હું હવે ભરદરબાર ભરી મારા ભાઈઓનો ઉપકાર માનીશ — રત્નગરીનું રાજ્ય અને તેનો રાજા એમના પાડનો બદલો વાળી શકે એમ નથી.’ સામંતને વિદાય કરી રાણી પાસે ગયો, ને યાદ આવતાં બોલ્યો:

‘રાણી, મારા પ્રધાનને આખી રાત નિદ્રા નહીં આવી હોય. આપણા વિશ્વાસુ ભલજી સાથે તેને સત્વર કહાવ કે ઊંટને હાથી બે કુશળ રહ્યાં ને દરવાજો એની મેળે ઊઘડ્યો.’ રાણી તે પ્રમાણે કરવા ગઈ એટલામાં રાજા મનમાં બોલ્યો: ‘યશનું અંગ રાજા ને અપયશનું અંગ પ્રધાન — એ વાત નવી જાણી. ગાળો અને શિક્ષા પ્રધાન ઊંટની પેઠે ખમે — એનો એને બદલો શો? રાજાએ પોતાની સ્વતંત્રતા ઓછી કરી, પોતાની ઇચ્છા અને શક્તિ પ્રધાનને વશ રાખી, આ પરગૃહથી આણેલા પ્રધાનરત્નના શિષ્ય બનવું એ સંપ્રદાય હવે સમજાયો. જ્યાં એ સંપ્રદાય પળાય નહીં ત્યાં પ્રધાનને ઊંટને સ્થળે વાપરવો અશક્ય છે; એ સંપ્રદાયની ક્રિયા વડે જ રાજા પ્રધાનનું મૂલ્ય જાણે છે, કૃતજ્ઞતા બતાવે છે, અને પ્રધાનની પ્રધાનતાના દુ:ખનો બદલો જે જાતના સુખથી વળે તે સુખ આપે છે — ખરી વાત છે. પ્રધાન રાજ્યકાર્યનું ઊંટ — આ મારા ગૃહકાર્યની સાંઢણી આવી. એ ઉભય રત્નને તેમના કાર્યમાં સરખી રીતે વશ રહેવું એ જ મને ઘટે છે.’

મેનારાણી આવી. રાત્રે રાજાએ તેને પોતાની ચિંતાનું કારણ અને તેના ઉપાયની સાધના કહી દીધાં હતાં. અત્યારે હાથી ને ઊંટની વાત સમજાવી. સમજાવતાં સમજાવતાં કહ્યું: ‘રાણી, આ ઊંટ રાજ્યનું મહામૂલ્યવાન રત્ન

છે — તે જો આજ આ કામમાં યોજ્યું હોત તો તારે નક્કી જાણવું કે અત્યારે આ દરવાજો ઊઘડ્યાના સમાચારને ઠેકાણે ઊંટ મરી ગયાના સમાચાર આવ્યા હોત. ખેર, પ્રધાનોની રાજાએ બહુ રીતે જાતે ચિંતા કરી કાળજી અને રક્ષા કરવા જેવું છે — જે રાજા પોતાના પ્રધાનની દયા આણતો નથી તે દુષ્ટ છે. જો પ્રધાનમાં ન પરવડે એવો અવગુણ હોય તો તેને તરત કાઢવો, પણ રાખવો તો એને સર્વથા રક્ષવો અને એના ચિંતાભારમાં રાજા અને તેનાં કુટુંબીઓ તરફથી નવો ભાર ન ઉમેરવો. પ્રધાનનું કામ રાજા ઉપર અંકુશ રાખવાનું છે તો તેનાં કુટુંબીઓને નિયમમાં રાખવાનું હોય તેમાં શી નવાઈ? આથી ઘણે સ્થળે રાજકુટુંબ અને પ્રધાન બે વચ્ચે વિરોધ હોય છે ને પ્રધાન પોતાની ચિંતામાં રાજ્યનું કલ્યાણ યોગ્ય રીતે કરી શકતો નથી. રાણી માટે સરત રાખવી કે આપણા કુટુંબમાંથી કે સેવકવર્ગમાં કોઈ પણ પ્રધાનની આજ્ઞા લોપે નહીં અને એના વિરુદ્ધ આચરણ કરે નહીં.'

'મહારાજ, રાજ્યકાર્યમાં પ્રધાન આપનું અંગ છે — તેને અમારા દોષ જાણવા અને સુધારવા પૂર્ણ અધિકાર છે તે વાપરવામાં તેને ઉદાર આશ્રય આપજો અને આ રંક દાસીની કાંઈ ભૂલો થઈ હોય તે આપને મુખે એ કહી દે એટલું એના મનને બળ આપજો.' રાણી બોલી.

મલ્લરાજ — 'પ્રધાનજીના રાજ્યકાર્યમાં તું તેને પ્રતિકૂળ ન થતાં જાતે હરકત વેઠી આશ્રય આપે છે તે વિશે તે ઘણી ઘણી વાર મારી પાસે તારો ઉપકાર માને છે અને બીજા રાજ્યની પેઠે આ રાજ્યમાં અંત:પુરનો તેને વિરોધ નથી — તેના સામે ખટપટ નથી, એટલું જ નહીં પણ રાજ્યનું હિત ધારી તેણે કરેલી આજ્ઞાઓ પાળતાં રાણીજીને દ્રવ્ય સંબંધી હાનિ પહોંચે છે તે છતાં તેમની અનુકૂળતા છે માટે પ્રધાન પોતાને ધન્યભાગ્ય માને છે.'

રાણી — 'આપના છત્ર નીચે બેસી એટલો ગુણ ન લઈએ તો અમારા કુળને લાંછન લાગે.'

મલ્લરાજ — 'ઈશ્વરની કૃપા હોય છે ત્યારે સર્વ વાનાં યથેષ્ટ હોય છે અને સર્વની બુદ્ધિઓ ઉત્તમ થાય છે. એ કૃપાના પ્રવાહને સાધારણ રીતે માણસો ભાગ્યનો પ્રવાહ કહે છે. રાણી, તારી અને મારા ભાઈઓની બુદ્ધિ મારા ઉપર ઈશ્વરની કૃપા સૂચવે છે.'

રાણી — 'મહારાજ, એ ભાઈઓની સદ્‌બુદ્ધિનો આપે બદલો વાળવો જોઈએ. રાજાનો કોપ અને રાજાઓના પ્રસાદ નિષ્ફળ જવા ન જોઈએ.'

મલ્લરાજ — 'ભાઈઓનો બદલો તો વળાય એમ જ નથી. એમણે મારું એવું મહાભારત કામ કર્યું છે.'

રાણી — 'તેમના મનમાં કંઈ વાસના છે તે પૂર્ણ કરો તો તેઓ પ્રસન્ન થશે — મારો આત્મા પણ પ્રસન્ન થશે.'

મલ્લરાજ — ‘એવું શું છે?’

રાણી — ‘આપ વચન ઉચ્ચારો કે માગ્યું મળશે તો કહું.’

મલ્લરાજ — ‘રાણી માગનારની ઇચ્છા જાણ્યા વિના જ — માંગીશ તે આપીશ — એવા બદ્ધમુષ્ટ ભાવી વરનું પ્રથમથી દાન કરવું એ વ્યવહાર સત્યયુગના દેવતા પાળતા, બ્રહ્મા એવાં વરદાન ક્વચિત્ કરતા અને શિવજી ઘણી વાર કરતા; પણ તે જગતના કર્તા અને સંહર્તા હતા એટલે તેમને તેવો અધિકાર નીભતો. પણ જગતનું રક્ષણ કરનાર વિષ્ણુ એવું વરદાન કદી કરતા ન હતા, અને અમે રાજાઓના ધર્મમાં રક્ષણ કરવું એ વિષ્ણુનો અંશ છે. વળી જો, દૈત્યોને વામનસ્વરૂપ ધરી વિષ્ણુએ શીખવ્યું એ આવાં વરદાન તમારે ન કરવાં. માનવીઓને શ્રી રામચંદ્રજીએ વગર બોલ્યે શીખવ્યું કે દશરથજીએ કૈકેયીને વરદાન કર્યું એવું તમે કરશો તો દશરથજીના જેવાં દુ:ખ પામશો. રાણી, સૂર્યવંશના શિરોમણિ રામચંદ્રજીનો ઉપદેશ તેમનાં સૂર્યવંશી છોરુ ન પાળે એમ થાય?’

રાણી હસી પડી. ‘મહારાજ, પ્રીતિના બંધનમાં આ પુરાણોના આધાર ન ચાલે.’

મલ્લરાજ — ‘તારે પ્રીતિનો આધાર જોઈતો હોય તો કહે કે મારી પટરાણીનો અધિકાર વધારે કે તારો? — પટરાણીને પૂછ્યા વિના તને વરદાન અપાય ખરું?’

રાણી — ‘હું તો એમ જાણતી હતી કે આપને હું એક જ રાણી છું.’

મલ્લરાજ — ‘તમે પરસ્પર લડો નહિ, માટે મેં આજ સુધી મારી પટરાણીનું નામ તારી પાસ દીધું નથી.’

રાણી — ‘ત્યારે હવે તો અમારાં એ બહેનનું નામ જાણવા જેટલાં અમને ભાગ્યશાળી કરો, ને અમે તે ભેગાં રહ્યું જાણીએ છીએ કે નહિ તેની કસોટી કરી જુઓ તો ખરા.’

મલ્લરાજ — ‘એ તો બેત્રણ નામ દેવાં પડે એમ છે.’

રાણી — ‘ત્યારે તો જાણ્યા વગર રહું તો અન્ન ગળે ન ઊતરે.’

મલ્લરાજ — ‘તમે તે સર્વને ઓળખો છો.’

રાણી — ‘મહારાજ, બોલી દ્યો હવે.’

મલ્લરાજ — ‘પહેલી મારી બુદ્ધિ — એ મારાં નાનપણનાં પટરાણી. એને પૂછ્યા વિના તો કાંઈ થાય જ નહીં બીજી રાણી આ રત્નનગરી — એમનાં મંત્રની બાંધછોડ કરવાનો ધર્મ ચૂકું ને તમને વધારે વહાલાં ગણું એમ ન થાય એવો તેને વશ છું. ત્રીજી રાણી મારી રણભૂમિ — તે બોલાવે ત્યારે તમને, ઊંઘતાં હો તો ઊંઘતાં ને રોતાં હો તો રોતાં મૂકી જવું પડે. પછી તમે

— તે ત્રણે તમારી વડીલ બહેનોને પૂછ્યા વગર તમને કંઈ પારિજાતક આપું તો આ ત્રણે રાણીઓ સત્યભામાના કરતાં મોટું રૂસણું માંડે ને અમો સૂર્યવંશીઓમાં શ્રીકૃષ્ણ જેવી કળા મળે નહિ કે બધાનાં મન મનાવી શકીએ.’

રાણી — ‘મહારાજ, હુંયે ત્યારે આ વાત ઉઘાડી કરી માગું છું — શું કરવા મોઘમ વરદાન માગું? કે —’

મલ્લરાજ — ‘કે — શું? બોલી દો.’

રાણી — ‘તમારાં આ ત્રણ માનીતાં પછી એક ચોથાં વસાવો ને મને પાંચમી રાખો.’

મલ્લરાજ — ‘તે કોણ?’

રાણીએ વિનોદરૂપ બદલી ગંભીર વાર્તા કરી:

‘મહારાજ, સામંતસિંહે એમના ઠકરાળાં જોડે મારી મારફત આપને વિનંતી કરાવી છે કે રાજ્યને રાજગુણોવાળા પુત્રો આપવા — અને એવા પુત્રો વિનાની ગાદી રહે નહીં માટે — અનેક અને ઉચ્ચ કુળની રાણીઓ સાથે ધર્મયુક્ત રાજાઓએ વિવાહ કરવો એવો શાસ્ત્ર પ્રમાણે અને વ્યવહાર પ્રમાણે સંપ્રદાય છે માટે મહારાજ પણ એ સંપ્રદાયનો લાભ રત્નનગરીને આપવો ઘટે છે.’

મલ્લરાજ — ‘તમારા ભણીથી આ સંદેશામાં કાંઈ ઉમેરવું છે?’

રાણી — ‘મહારાજ, જે સ્ત્રી જાતે સફળ ક્ષેત્ર નીવડી નથી તેવી સ્ત્રી સ્વાભાવિક રીતે સ્વામીની વંશવૃદ્ધિ અને રાજ્યની સંપત્તિ ઇચ્છી આપ જેવાના સંસારનું જગતને ફળ મળેલું જોવાનો પ્રયત્ન કરે —’

મલ્લરાજ — ‘અને જે સ્ત્રી... પોતાનું... ગળું... કાપવાનો... માર્ગ... મોકળો... કરે -’

રાણી — ‘હું હાસ્ય નથી કરતી. જે વાત સામંતસિંહે કહાવી છે તે મારા મનમાં પણ ઘણા દિવસની ભરી રાખેલી હતી.’

મલ્લરાજ — ‘હું... હાસ્ય નથી... કરતો. પણ તમારા... મનમાં... ભરી રા-ખેલી... એ... વાત. હજીયે... તેમાં... જ...રાખી.... મૂકો. અને સળી જઈ ત્યાં નાશ પામે એમ થવા દો.’

રાણી — ‘મહારાજ, હું રંકના ચાળા શા માટે પાડો છો?’

મલ્લરાજ — ‘ચાલ, ચાળા નહિ પાડું. મારી ત્રણે પટરાણીઓ આ વાતમાં ત્હારું કહ્યું માનવાની ચોખ્ખી ના કહે છે, માટે તેમનું વચન હું લોપવાનો નથી. એ ઉત્તર તમે જ સામંતને કહાવજો કે અમો તો અમારા વંશના વડીલ શ્રીરામજીનું એકપત્નીજીવ પાળીએ છીએ તે મૂકી તમારાં

શાસ્ત્ર અને સંપ્રદાયને મોટા ભા કરી મલ્લરાજ ઘરમાં અનેક સ્ત્રીઓ ભેગી કરવાનું સ્ત્રીપણું નહીં સ્વીકારે. મલ્લરાજ પછી તમારે જાતે ગાદીએ બેસવાનો પ્રસંગ ઈશ્વર આપે તો તમે રાજા થાવ ત્યારે તમે જાતે ઘરમાં અનેક રાણીઓ સંપાડવાને સ્વતંત્ર છો. પણ કાલનો જ લેખ સંભારજો — અનેક સ્ત્રીઓનો ધણી તેમના જેવી સ્ત્રી — સાસુ કે નણંદ જેવો — થાય છે તે રત્નનગરીના પુરુષોને કરવાની મનાઈનો મુચરકો સામંતની પાસે છે તે સામંતે જોવો. સામંતનાં ઠકરાળાંને કહેજો કે ઘેલા રજપૂતની ડાહી રજપૂતાણી બની એ ઘેલાને ડાહ્યો કરજો ને તમે એના જેવાં ઊલટાં ઘેલાં ન થશો. કહો, મેનારાણી, હવે કાંઈ તમારે કહેવાનું છે?'

રાણી — 'કહ્યું માનો તો ઘણુંયે છે.'

મલ્લરાજ — 'એ... તો... તમારો... પાસો... અવળો... પડી... ચૂક્યો. એ સિવાય કાંઈ બીજું છે?'

રાણી — 'એ ને એ.'

મલ્લરાજ — 'અમારે યે એની ના — એની ના!'

રાણી — 'મહારાજના ઉપર કોઈનું બળ નથી.'

મલ્લરાજ — 'બરોબર, ત્યારે હું જાઉં છું — મારી પટરાણીઓને મહોલ.'

રાણી — 'મહારાજ, કૃપાકાળે પાછા પધારજો.'

રાણીને કપોલદેશે કૃપાદાન કરી રાજા ગયો. મલ્લરાજની ચિંતાઓના નાટકનો અંક પૂરો થયો.

---

* The personalities of the present ministers are so insignificant, the covering shield they present is so transparent, that the monarch himself always shines through them. It appears to me dangerous for the future of the monarchical idea for a ruler, even with the best intentions, to show himself too frequently in public without a decent ministerial covering. Because this danger seems to me imminent and a fight with men of straw has no charms for me, I say, like Chamisso when the french were in Germany — 'The situation has no sword for me .'

+ 'The King commits no sin .' — **Bismarck**

૧ . તરવાર

૧૦. મલ્લરાજનો મણિ અને તેના રાજસંસ્કારનાં બીજ

રાણી દ્વારા કરેલો પ્રયત્ન નિષ્ફળ જતાં સામંતે જરાશંકર દ્વારા પ્રયત્ન કર્યો. એક દિવસ જરાશંકરે મલ્લરાજ પાસે વાત કાઢી. 'મહારાજ, સામંતને આપના ઉપર બહુ ખોટું લાગ્યું જણાય છે.'

મલ્લરાજ — 'શી વાતમાં?'

જરાશંકર — 'આપને પુનર્લગ્ન કરવા એણે સંદેશો કહાવ્યો હશે તેનો આપે બહુ તિરસ્કાર કર્યો કહેવાય છે.'

મલ્લરાજ — 'એ જ કે બીજું કાંઈ? તારી સાથે કોણે કહાવ્યું?'

જરાશંકર — 'સામંતે જ વાત કરી.'

મલ્લરાજ — 'કોની સાથે એણે કહાવ્યું હતું તે કહ્યું?'

જરાશંકર — 'રાણીજી સાથે.'

મલ્લરાજ — 'એવી મૂર્ખતા કરે તેને તિરસ્કાર નહીં તો શું ઘટે?'

જરાશંકર — 'રાણીજીની સંમતિ દર્શાવવા એમ કર્યું હતું.'

મલ્લરાજ — 'સામંત મને પરણાવવા ઇચ્છે છે તે રાજ્ય અર્થે કે મારા સંસારને અર્થે? જો મને ફરી એવા સંસારમાં નાંખવાની ઇચ્છાથી સામંતને આ સૂચના કરી હોય તો એ મારા અતિશય તિરસ્કારને પાત્ર છે. રત્નનગરીના રાજાઓ પોતાના સંસારને અર્થે કાંઈ પણ કરતા નથી, અને મારા રાજ્યનો વારસ મને સંસારની વાસનાઓનો પાત્ર ગણે તેમાં એની બુદ્ધિ, અને મારા વિશે એનો અભિપ્રાય ઉભય અને દુઃખના કારણ થાય છે. જો એની સૂચના હું સ્વીકારું અને એનો તિરસ્કાર ન કરું તો હું અને એ ઉભય રાજપદને અયોગ્ય છીએ, અને એ તિરસ્કાર કરીને જ હું એને યોગ્ય થવાનો માર્ગ દેખાડું છું. વળી રાણીનં ગળું કાપવાની વાત રાણી જ પાસે જ કરાવવા પ્રયત્ન કર્યો એ મારા તિરસ્કારનું બીજું કારણ.'

જરાશંકર — 'મહારાજ, એણે રાજ્યઅર્થે આ સૂચના કરેલી છે, અને મને લાગે છે કે ભાયાતોની સહીઓ એને વારસ ગણી એની પાસે મંગાવી તે બનાવથી એના મનમાં આ તરંગ ઊઠ્યો હશે.'

મલ્લરાજ — (વિચાર કરી) 'હા! હવે સમજાયું — તારું ધારવું બરોબર છે — આ સૂચના એની રાજભક્તિનું ફળ છે અને એ ભક્તિના બદલામાં મેં એનો બહુ તિરસ્કાર કર્યો. મેં ભૂલ કરી જરાશંકર, તારે એ ભૂલ સુધારવી અને સામંત પાસે ખુલાસો કરી એનો ઉપકાર માનવો.'

જરાશંકર હસી પડ્યો: 'હા મહારાજ, રાજાઓ ભૂલો કરે અને પ્રધાનોએ તે સુધારતા ફરવું.'

મલ્લરાજ — 'બીજાં રાજ્યોમાં તો એમ નિત્ય કરવું પડે છે. આપણા રાજ્યમાં આજ વારો આવ્યો.'

જરાશંકર — 'મહારાજ, પ્રધાનની સાથે મંત્ર થયા વિના જે કાર્ય થાય તેમાં પશ્ચાત્તાપનો પ્રસંગ આવે તે રાજાને; તેના કરતાં પ્રધાનની સાથે મંત્ર કરી તેની ઇચ્છાથી જે કામ થાય તેમાં પશ્ચાત્તાપનો વારો આવે તો તેમાં પ્રધાનને ભાગે પણ કાંઈ આવે.'

મલ્લરાજ — 'તારો અધિકાર વધારવા આ વકીલાત કરતો હોઈશ?'

જરાશંકર — 'હા, મહારાજ!'

મલ્લરાજ — 'કબૂલ! મારા સ્વતંત્ર અને છાતીવાળા પ્રધાન! મારી પાસે તું આવે પ્રસંગે મારી ભૂલ ઉઘાડી કરી બુદ્ધિબળથી જે વાતનો સ્વીકાર કરાવે તેની મલ્લરાજ કેમ ના કહેશે; પણ કહે, એ વાત જ કાંક મનમાં આવ્યાથી પ્રધાન દ્વારા મને આવી વાત ન કરતાં રાણી દ્વારા આવી ખટપટ કરે તે સામંતનો તિરસ્કાર કરવામાં મેં શું ખોટું કર્યું? તું જ કહે છે કે રાજ્યઅર્થે સામંત આ સૂચના કરે છે, ને રાજ્યઅર્થની વાત પ્રધાન દ્વારા ન કરતાં સ્ત્રીઓ દ્વારા કરે તેને ધક્કો મારી બહાર ન કાઢું તો બીજું શું કરું?'

જરાશંકર — 'મહારાજ, હું હાર્યો. પણ આપણે હવે પ્રસ્તુત વાત કરીએ. સામંતના સંદેશાના ગુણદોષ વિચારીએ. રાજબીજનો નાશ ન થાય એ કારણે અનેક ક્ષેત્રનો સંગ્રહ અંત:પુરમાં વિહિત ગણ્યો છે. રાણીજીને સામંતને તે વાત ઇષ્ટ હોય તો તે કર્તવ્ય જ.'

મલ્લરાજ — 'એનો વિચાર કરી મૂક્યો છે — તે ટૂંકમાં સાંભળ. પ્રથમ તો એ કે એ કામમાં જાતે જ અધર્મ હોય તો તો લક્ષમાં રાખજે કે રાણીની અને સામંતની સંમતિથી તે ધર્મ્ય ન થાય. મરનારની સંમતિથી કરેલ તેના ખૂનમાંથી એ સંમતિને લીધે પાપનો અંશ ઓછો થતો નથી. બીજું, એ સંમતિ આપનારની જેટલી મોટાઈ તેટલી જ તે લેનારની હલકાઈને દુષ્ટતા. ત્રીજું, એમાં લાભ હોય તો એ એક લાભને એક ત્રાજવામાં મૂક અને તેના સામા ત્રાજવામાં હાનિ મૂક — તો હાનિ વધશે. ક્ષત્રિયોને બેચાર સ્ત્રીઓ વચ્ચે મૂકી તે પુરુષોને સ્ત્રીરૂપ કરવાનું આ કામ મને બહુ હાનિકારક લાગે છે અને નવા યુગમાં તે ન કરવું એ તો મેં જ નક્કી કર્યું છે, ને ભાયાતોને તે ન કરવાનું કામ કરવાનો માર્ગ હું રાજા. કદી નહીં બતાવું.'

જરાશંકર — 'પણ મહારાજ, રાજબીજનો નાશ એ ઓછી હાનિ નથી.'

મલ્લરાજ — 'સિંહને એક જ સિંહણ હોય છે ને એકાદ બાળક હોય છે; એક ભૂંડની આસપાસ અનેક ભૂંડણો અને અનેક ભૂંડકાં એકઠાં કરવાં એ ક્ષુદ્ર માર્ગથી વીર્યતેજ એકત્ર ન રહેતાં કટકા કટકા થઈ જાય છે. એક ભૂંડનાં અનેક ભૂંડકાં કરતાં એક સિંહનો એક સહબાળ પિતૃપક્ષનું તેજ

વધારે સાચવે છે. શૃંગારવાસના પણ આમાં જ નિર્મળ રહે છે. જરાશંકર, રત્નનગરીના રાજાઓ સિંહ જેવા છે.'

જરાશંકર — 'મહારાજ, આમાં મારા પ્રશ્નનો ઉત્તર ન આવ્યો. કટકા થયેલું પણ રાજબીજ ને રાજાને ઘેર સંસ્કાર પામેલું, તેની ઉત્તમતા સાધારણ ઘરમાંથી ન મળે. વળી હું અનેક પુત્રો ઉત્પન્ન કરવાનું કહેતો નથી, પણ એક પુત્રનો લાભ શોધવા અનેક ક્ષેત્ર રાખવા કહું છું.'

મલ્લરાજ — 'એક આખા નિર્મળ અને પ્રસન્ન કાચમાં જેવું શુદ્ધ પ્રતિબિંબ પડે છે તેવું ઘણાં પાસાંવાળા કાચમાં કદી પડવાનું નથી. એ આખો કાચ તે એક પત્ની, એ પાસાં તે અનેક પત્નીઓ. એક પત્ની પર અભિન્ન પ્રીતિથી જે પ્રજા થાય તે જ ઉત્તમ.'

જરાશંકર — 'પણ ઉત્તમ ન મળે તો ઊતરતું લેવા પ્રયત્ન કેમ ન કરવો?'

મલ્લરાજ — 'જો ઉત્તમ ન મળે તો ઊતરતી પ્રજા તો મારા ભાઈઓમાંથી કેમ નહિ મળે? તેઓ પણ મૂળ રાજબીજ છે — તેમાંથી મૂળ રાજા સાથે વધારેમાં વધારે સંબદ્ધ હોય તે જ રાજાનો વારસ.'

જરાશંકર — 'સત્ય, પણ તેને રાજકુળના સંસ્કાર પ્રાપ્ત નથી હોતા.'

મલ્લરાજ — 'તે ન્યૂનતાનો ઉપાય મારા ભાઈઓ સાથે કરેલા લેખમાં છે. મારા ભાઈઓને રાજસંસ્કાર અને ક્ષત્રિયસંસ્કાર નિત્ય બને તેટલા આપતા રહેવું એ મારા વારસો અને તેમના પ્રધાનોનું મોટું કર્તવ્ય.'

જરાશંકર — 'પણ એવો પ્રસંગ આવે કે વારસ કેવળ અયોગ્ય હોય અને સંસ્કારની યોગ્યતા પણ તેમાં ન હોય?'

મલ્લરાજ — 'તો જે આઘેનો બાળક યોગ્ય અને ઉત્તમ હોય તેનું દત્તકવિધાન ક્યાં થતું નથી?'

જરાશંકર — 'પણ આમ કરતાં વિરોધ અને ખટપટનો સંભવ. એટલું જ નહિ, પણ રાજાની પાછળ દત્તક લેવાનું ઠરે તો સ્ત્રીઓ અને બીજાંના હાથમાં વાત જાય.'

મલ્લરાજ — 'દત્તક લે તો તો રાજા જ — તેના સ્વતંત્ર અધિકારથી તે કામ કરે. તેણે જીવતા દત્તક ન લીધો હોય તો પાછળ જીવનારે એમ જ જાણવું કે મરનાર રાજાએ વારસને જ યોગ્ય ગણેલો છે. આવા વારસના હાથમાંથી રાજ્ય લઈ લેવું તે કોઈ માનવીના અધિકારની વાત નથી.'

જરાશંકર — 'મહારાજ, હું હાર્યો.'

મલ્લરાજ — 'તે સામંતને સમજાવજે. સામંતને સમજાવજે કે જ્યાં સુધી એ પોતે મારા રાજ્યને યોગ્ય છે એવા મારો અભિપ્રાય ચળ્યો નથી

ત્યાં સુધી હું મલ્લરાજ કોઈને દત્તક લઉં એમ પણ થનાર નથી, તો પુનર્લગ્ન કરી મારું ક્ષત્રિયપણું, મારું રાજઅભિમાન, અને મારી રાણી પરની પ્રીતિ એ સર્વને કલંક બેસે એવું કામ મલ્લરાજ દેહમાં પ્રાણ છતાં કદી કરનાર નથી. ઈશ્વર પુત્ર આપનારો હશે તો એક રાણીને ઉત્તમ પુત્ર ગમે ત્યારે આપશે — નહિ આપનારો હોય તો સો રાણીનો સ્વામી અપુત્ર રહેશે. જરાશંકર, સામંતને તેની રાજભક્તિ સારુ ધન્યવાદ આપજે, પણ કહેજે કે પુત્રની અતિશય કામના કરવી તે બ્રાહ્મણ-વાણિયાને કપાળે લખી છે — મારે કપાળે નહિ. એક રાણીને પુત્ર થશે તો તેને ભાગ્યે થશે. તેનું તેવું ભાગ્ય નહિ હોય તો મારા ભાઈનું સદ્‌ભાગ્ય કમી કરવા મારું નાક વાઢી તેમનું અપમાન કરવા જેવું કામ હું નહિ કરું, અને સર્વ કારણથી વધારે કારણ એ છે કે મારી મેનારાણીની પ્રીતિના બદલામાં તેને અન્યાય આપવાનું કામ, મારી પ્રીતિ ઉપર ચક્રવર્તી સત્તા વાપરવાનો તેને ઈશ્વરે આપેલો અધિકાર રજ પણ કમી કરવાનું પાપ, — આવા અન્યાયનું કામ અને આ પાપ મારી પ્રજાના ઘરમાં થયેલું જોવાને ન ઇચ્છું તો હું જે તેમનો રાજા તેના ઘરમાં તે રાજાને જ હાથે થાય એવું હું કદી કરનાર જ નથી. આજ સુધી — મંત્ર થતા સુધી — આ વાત કરવાનો તમને અધિકાર હતો. હવે મારો સિદ્ધાંત જાણ્યા પછી જે કોઈ આ વાતનો એક શબ્દ મારા કાનમાં પાડશે તેણે મારી આજ્ઞાનો ભંગ કર્યો ગણીશ અને તેને શિક્ષા કરીશ. જરાશંકર, સામંતને, તને, રાણીને અને સર્વને આ મારી આજ્ઞા છે તે તેમને સર્વને વિદિત કર અને તું જાતે ભૂલી જશે તો રામે લક્ષ્મણની વલે કરી હતી તેવી તારી પોતાની થઈ સમજજે.'

જરાશંકર — 'મહારાજ!'

મલ્લરાજ — 'બસ, એક પત્નીવ્રતવાળો પતિ અને તેની ધર્મપત્ની — તેમની બેની વચ્ચે ત્રીજો કોઈ — પવન પણ — અંતરાય નહિ પાડે. પ્રધાનની સાથે મંત્ર કરી સિદ્ધ થયેલી મારી આજ્ઞાને હું રાજા કે તું પ્રધાન કોઈ નહિ તોડે.'

જરાશંકર — 'મહારાજ!'

મલ્લરાજ — 'એક શબ્દ નહીં સાંભળું. હું આજ્ઞા કરી ચૂક્યો.'

જરાશંકર — 'માન્ય કરું છું — મહારાજ! — એ આજ્ઞાને.'

મલ્લરાજ — 'ત્યારે પછી શું કહેવા જતો હતો?'

જરાશંકર — 'આપના જેવા ધર્મરાજની સેવા કરતાં થતો આનંદ જણાવવા જતો હતો.'

મલ્લરાજ — 'રાજાની સ્તુતિ કરવી એ ભાટચારણોનું કામ છે તે તો હું જાણતો હતો. પ્રધાનનું હશે તે આજ જાણ્યું.'

જરાશંકર — 'ક્ષમા કરો. મહારાજ, શબ્દફેર થયો. આપની આજ્ઞા જાણી હું અતિ પ્રસન્ન થયો.'

મલ્લરાજ — 'ઠીક થયું.'

આ વાર્તા થયા પછી કેટલેક વર્ષે મલ્લરાજ અને મેનારાણીની નિર્મલ પ્રીતિનું ફળ આપવાનો સંકેત ઈશ્વરે જણાવ્યો. રાણી સગર્ભા થઈ. એ ગર્ભને ગર્ભદશામાંથી જ રાજપદને ઉચિત સંસ્કાર આપવા મલ્લરાજે ચિંતા કરવા માંડી. એક દિવસ રાજગૃહમાંથી અંત:પુર જતાં જતાં વિચાર કરવા માંડ્યા:

'ગર્ભનું હિત વિચારનાર પિતાએ ગર્ભ ધરનારી સ્ત્રીને પોતાની પત્ની ન ગણતાં ગર્ભની માતા ગણવી, અને ગર્ભાધાનથી તે ગર્ભના મોક્ષ સુધી કામવાસના દૂર રાખી સ્ત્રીના શરીરને પવિત્ર ગણી તેને ગર્ભની સેવામાં અર્પણ કરવું, અને આ સેવા કરવાના કામમાં તેને પતિએ બ્રહ્મચર્ય પાળી, દૂર ઊભા રહી આશ્રય આપ્યાં કરવો. ગર્ભમોક્ષ પછી બાળક સ્તનપાન કરે અને માતાના અંગનું સત્ત્વ ચૂસે ત્યાં સુધી તે બાળકને પોષવાનું સત્ત્વ ઓછું થાય નહિ તેમ વર્તવાનો તથા તેની માતાનું સત્ત્વ બે પાસથી લૂંટાય નહીં એમ વર્તવાનો, બાળકનો પિતા અને તેની માતાનો પતિ — તેનો બેવડો ધર્મ છે. બ્રાહ્મણ-વાણિયાઓમાં આ ધર્મ પાળવાનો માર્ગ વૃદ્ધોએ ઘડી કાઢેલી રૂઢિએ રાખ્યો છે. તેમની સ્ત્રીઓ પ્રસવકાળ પહેલાં અને પછી કેટલાક માસ સુધી પિયર રહે છે. આથી ઉભય કાળે તે સ્ત્રીઓ સાસુના ક્લેશથી અને પતિના કામવિકારથી મુક્ત રહે છે, અને પોતાની પ્રેમાળ માતાને હાથે સીમંતિની અને બાળકની માતા પોતાનું શરીર, પોતાનો આનંદ, અને ગર્ભ તથા બાળકોના પ્રતિ પોતાના ધર્મ સાચવે છે. પણ રત્નનગરીના રાજાઓના મંદિરમાં જુદો માર્ગ છે. તેમનો ગૃહસ્થાશ્રમ કેવળ ભોગાશ્રમ નથી — તેમનું બહ્મચર્ય જ્યારે જોઈએ ત્યારે તેમની પાસે તૈયાર છે. તેમની માતાઓ તેમની રાણીઓ ઉપર વત્સલ હોય છે — બીજા લોકની સાસુઓ પેઠે સ્વાર્થી અને દીકરીઓની પક્ષપાતી હોતી નથી. મલ્લરાજ! હવેથી તું બ્રહ્મચારી થયો અને મેનારાણી તારાં માતાજીને મંદિર રહેશે અને તેમની ચિંતા માતાજી કરશે.'

મલ્લરાજની માતા નાગરાજના મરણ પછી છસાત માસે ગુજરી ગઈ હતી. બ્રેવસાહેબ સાથેના યુદ્ધમાં પડેલા પાટવીકુમાર હસ્તિદંતની વિધવા સાસુ સાથે રહી હતી; અને યુદ્ધમાં યશસ્વી થયેલો પતિ મૃત નથી પણ યશ:શરીર વડે જીવે છે ગણી, એક હાથે સૌભાગ્યકંકણ રાખી અને બીજા હાથનું કંકણ ભાંગી, યશસ્વી સ્વામીના યશસ્વી મરણનું અનુશોચન તજી તેમ જ મૃત પતિની પાછળ આનંદભોગનો કેવળ ત્યાગ કરી, પતિવ્રતા સૌભાગય-વૈધવ્ય પાળતી હતી, અને ઈશ્વરની ભક્તિ અને સાસુની સેવામાં કાળમાત્ર ધર્મવ્યવહારમાં અને ઉદાસીન દશામાં ગાળતી હતી. મરણકાળે રાજમાતાએ આ વિધવાને અને મલ્લરાજને પોતાની શય્યા પાસે બોલાવ્યા

અને તેમને આજ્ઞા કરી: ‘મલ્લરાજ, આયુષ્ય પહોંચ્યું ત્યાં સુધી મારો ધર્મ પાળી હું હવે તારા પિતા અને ભાઈ જે દેશમાં ગયા છે ત્યાં તેમની પેઠે જાઉં છું. મારી પાછળ શોક કરશો મા. તારા મોટાભાઈનું યશ:શરીર જાળવનારી આ તારી ભાભી તેને હવેથી મારે સ્થાને રાખજે. એ હવેથી તારી અને તારી રાણીની માતા, અને તમે એનાં બાળક. મારામાં હવે ઝાઝું બોલવાની શક્તિ નથી. પણ સંક્ષેપમાં આ તમારો પરસ્પર ધર્મ કહ્યો તે પ્રમાણે તમે બે જણ તમારી માતાએ પોતાના મરણકાળે કરેલી આ આજ્ઞા પાળજો. સૂર્યવંશનો અને રત્નનગરીના રાજમંદિરનો આ કુળાચાર છે.’ જુવાન વિધવા ભણી જોઈ બોલી: ‘બેટા તું હવે મારે સ્થાને છો — હોં! આપણે રાજવંશી ક્ષત્રિયાણીઓને ઉપદેશની જરૂર નથી. બેટા, મારી જીભ બંધ થાય છે — મને છેલ્લી કોટી દે — મલ્લ, મારા હાથમાં હાથ મૂક.’ આંખમાં આંસુનાં પૂર સાથે બે જણાંએ વૃદ્ધ માતાની આજ્ઞા પાળી: એક તેને કંઠે ભેટી, બીજાએ તેના હાથમાં વચન આપ્યું. માતાની જીભ બંધ થઈ, બોલાતુ બંધ થયું. કંઠે વળગેલી વિધવા-વધૂને મરવા સૂતેલી રાજમાતા છાતી સરસી બળ વિનાને હાથે દાબતી દેખાઈ, પુત્રના મુખ સામી તેની દૃષ્ટિ ઊઘડી વળેલી લાગી, પુત્રના હાથનો સ્પર્શ થતાં માતાનાં આંગળાં તેને ઝાલવા જતાં હોય તેમ વળતાં લાગ્યાં. પ્રાણનું અવસાન આવતાં કાંઈક વિઘ્ન લાગ્યું. મલ્લરાજ બોલ્યો: ‘માતા, તમારો પુત્ર ને તમારી પાછળ આ તેનાં માતા. મારા જન્મની જનની! આજ તું આ સંસારમાં કોઈ માનવીનો વિચાર કરીશ નહીં — તારી કૂખમાં પાકેલો રાજપૂત નાગરાજના કુટુંબને અને લોકને તેની જ પેઠે પાળશે. માતા, જેમ વગર ચિન્તાએ મારા શૂરવીર ભાઈ રણજંગમાં રોળાયા, જેમ મારા ભાઈનો શોક કે પાછળ રહેનારાંની ચિંતા રજ પણ કર્યા વગર મારા પિતાએ આ ધરતીમાતાને ખાળે દેહ મૂક્યો તેમ જ આ પણ ક્ષત્રિયો અને ક્ષત્રિયાણીઓ આ લોકમાંથી પરલોકમાં વગર ચિંતાએ અને વગર વાસનાએ જઈએ છીએ. માતા, તમે આ પ્રસંગે માત્ર આપણા કુલગુરુ સૂર્યદેવ અને તે સર્વના દેવ પરમાત્મા જે ભગવાન તેમનું સ્મરણ કરો અને તેમના તેજમાં ભળવાનો આનંદ અનુભવો! રજપૂતમાતા! રજપૂતમાતા! યમરાજનું તેડું આનંદથી સ્વીકારવું એ આપણો કુલધર્મ છે! રજપૂતમાતા! મરણ એ આપણું મંગળ છે.’

પુત્રના સામી એકદૃષ્ટિ કરતી માતાની આંખ મીંચાઈ, આંખ મીંચાતાં મીંચાતાં રજપૂતાણીના ઓઠ આનંદથી ઊઘડતાં લાગ્યા, તે ઊઘડતાં ઊઘડતાં તેમાંથી પવન નીકળ્યો, તે પવનમાં ઈશ્વરનું નામ સુણાંતુ હોય એમ પાસે બેઠેલાંઓને લાગ્યું, અને તે નામ સાથે રાજમાતાના પ્રાણ પ્રાણત્વના ત્યાગી થઈ ગયા.

આ દિવસથી મલ્લરાજ મરનાર જ્યેષ્ઠ બાંધવની વિધવાને ‘માતાજી’ કહી બોલાવવા લાગ્યો, અને પોતાની રાણીને તેણે આજ્ઞા કરી કે ‘માતાજી’ની સેવા પ્રીતિ અને માન રાખી કરવી. સગર્ભા રાણીને આજથી

'માતાજી'ને મંદિર મોકલવાનો ઉત્સાહી મલ્લરાજ મેનારાણીને મંદિર ચાલ્યો. 'આજથી મેનારાણીના ગર્ભ ઉપર માતાજીની અમીદૃષ્ટિથી મારા શૂર ભાઈ હસ્તિદંતની છાયા પડશે!' પાટવીકુમારે જે સ્થાન સાચવ્યું હતું તે સ્મરણમાં આવતાં, તેના ગુણ સાંભરતા, મલ્લરાજની ક્ષત્રિય આંખમાંથી પણ એકાંત અશ્રુધારા ચાલી અને મરેલા ભાઈનું અનુશોચન આટલે વર્ષે જાગ્યું. મુખ દુ:ખી થયું, અંતે ભાઈનો શોક તેમ વંશવૃદ્ધિના વિચારોનો આનંદ, ઉભયનો ત્યાગ કરી — ન રોતો, ન હસતો, રાજા રાણીને દ્વારે આવ્યો.

દ્વાર વાસેલાં હતાં. અંદરથી ગોષ્ઠીવિનોદનો સ્વર આવતો હતો. રાજા તે સાંભળતો દ્વાર બહાર થંભ્યો. અંદર માતાજીની દાસી રાણી સાથે વાત કરતી રાજાએ ઓળખી. એ દાસીના સ્વભાવ ઉપરથી માતાજીએ એનું નામ મધુમક્ષિકા પાડ્યું હતું — તેને કિંકરવર્ગ મધમાખ કહી બોલાવતો.

મધુમક્ષિકા રાણીને કહેતી હતી: 'રાણીસાહેબ, આપે હવે મહારાજ સાથે દીર્ઘકાળનું રૂસણું લેવું.'

રાણી — 'પણ મને તે આવડતું નથી.'

મધુ૦ — 'રાધાજી હરિ ઉપર રીસાયાં હતાં; તે એમ કહીને કે —

* *'હાવાં નહિ બોલું હરિ સાથે રે*

મને ચંદમુખી કહી બોલાવી!

આપે પણ એમ જ કાંઈ કરવું.'

મલ્લરાજ દ્વાર ઉઘાડી અંદર ગયો. રાણી પલંગ ઉપર અને મધુમક્ષિકા સામી જમીન ઉપર એમ બે બેઠાં હતાં તે ઊઠ્યાં.

મલ્લરાજ — 'કેમ, મધુમક્ષિકા, મારા ઘરમાં કલહ ઘાલે છે કે?'

મધુ૦- (હસીને) 'મહારાજ, સ્ત્રીપુરુષના શાસ્ત્રમાં પ્રણયકલહ [૧] કહેલો છે તે ઉત્પન્ન કરવો એ મારા જેવી રંક દાસીઓનું કામ છે.'

મલ્લરાજ — 'ત્યારે તું દંશ દે એવી જ છે.'

મધુ૦ — 'આવા દંશ દઈ માતાજીએ પાડેલું નામ સાર્થક કરું છું.'

મલ્લરાજ — 'માતાજીનું નામ દીધું ત્યારે તો તું કહે તે સ્વીકારવું પડશે.' મલ્લરાજ પલંગ પર બેઠો. રાણી પલંગની બાજુને અઠીંગી ઊભી.

મલ્લરાજ — 'મધુમક્ષિકા, રાધાજીને ચંદ્રમુખી કહ્યાં તેમાં ખોટું શાનું લાગે?'

મધુ૦ — 'મહારાજ, ચંદ્ર સંપૂર્ણ થયા પછી રાત્રિએ રાત્રિએ ચંદ્રબિમ્બ અને ચંદ્રની કાન્તિ ક્ષીણ થયાં કરે છે, અને રાધાજીના મુખને આ ઉપમા

આપી એ તો અપમાન કરવા જવું થયું — તેમને એવો ક્ષય નથી.'

મલ્લરાજ — 'અમારા સૂર્યવશમાં એવાં રૂસણાં ન શીખવવાં.'

મધુ૦ — 'મહારાજ, રાણીજીનું શરીર ચંદ્રવંશમાં ઉત્પન્ન થયેલું છે અને રાણીજીનો હાથ ઝાલ્યો ત્યારથી જ એ ચંદ્રવંશના બુદ્ધિ વિલાસમાંથી આનંદ અને ભોગ લેવા આપે સ્વીકાર્યું છે.'

મલ્લરાજ — 'એમ? ત્યારે હવે તેમ કરવું પડશે — પણ અમે સૂર્યવંશના જડ જેવા રાજાઓને એવી વાતો નહીં આવડે!'

મધુ૦ — 'મહારાજ, ચંદ્રવંશી રાણીઓમાં ચેતન એવું છે કે તેની દૃષ્ટિથી જ આપ જેવા સૂર્યવંશી ચંદ્રકાંતો સચેત અને રસિક થાય છે.'

મલ્લરાજ — 'એ વાત તો ખરી. પણ કહે, આજ માતાજીની સેવા મૂકી તું અહીં ક્યાંથી આવી છે?'

મધુ૦ — 'માતાજીએ આપને કહાવેલું વિદિત કરવા આવી છું.'

મલ્લરાજ — 'માતાજીની શી આજ્ઞા છે?'

મધુ૦ — 'કાલ રાણીજી માતાજીને મંદિર આવ્યાં હતાં તે પ્રસંગે માતાજીએ રૂપચેષ્ટાદિની પરીક્ષા કરી જાણી લીધું છે કે રાણીજીને હવે સીમંતિની દશા પ્રાપ્ત થઈ છે, અને તેનું પરિણામ પુત્રરત્નની પ્રાપ્તિ થાય. રાજજોશીએ પણ આવી જ ગણના કરી છે. માટે મહારાજ, આજથી તે જ્યાં સુધી ઈશ્વર આપે તે બાળક સ્તન્યપાનનો ત્યાગ કરે ત્યાં સુધી રાણીજીએ આપના મંદિરને માત્ર હૃદયમાં રાખી સર્વદા માતાજીને મંદિર વસવું, અને તેમ કરવા દેવા આપે એમને આજ્ઞા આપવી, એવી માતાજીએ આપને વિજ્ઞાપના કરી છે.'

મલ્લરાજ — 'મધુમક્ષિકા, માતાજી મારી આટલી ચિંતા કરે છે તે તેમની વત્સલતાથી હું ઓશિંગણ થયો છું. એમની આજ્ઞા એ મારા ઉપર કૃપા જ છે એમ સમજું છું. આજ સાયંકાળ પહેલાં એ આજ્ઞા પ્રમાણે સંપૂર્ણ અનુવર્તન થઈ જશે.'

મધુ૦ — 'મહારાજ, મંગળવિયોગનું મુહૂર્ત કાલથી છે માટે જ આજ રાત્રે રચવાના પ્રણયકલહનો માર્ગ હું દેખાડતી હતી.'

મલ્લરાજ — (હસી પડી) 'એમ કરો ત્યારે. પણ એક ઘડીમાં તેં આટલું શીખવ્યું તો હવે પછીનાં બે વર્ષમાં તો કોણ જાણે તું કેટલું શીખવીશ?'

મધુ૦ -'મહારાજ, અમ દાસીઓની શક્તિ તો આવા માર્ગ પર દીવો ધરીએ એટલી; પણ એ દીવા વડે આઘે સુધી એક કટાક્ષ વડે જોઈ લેવું એ

તો ક્ષત્રિયાણીઓની શક્તિની વાત છે. મહારાજ, આપના કિંકર આપના હાથમાં તરવાર આપે પણ વાપરવાની શક્તિ તે તો આપની જ.’

મલ્લરાજ — ‘ઠીક. માતાજીની બીજી શી આજ્ઞા છે?’

મધુ૦ — ‘માતાજીએ કહાવ્યું છે કે રાણીજી મારે મંદિર આવશે ત્યારપછી તેમના તથા ગર્ભબાળના સંસ્કાર માટે જે જે સંકલ્પ કુળાચાર પ્રમાણે નિર્ધારેલા છે લક્ષમાં રાખવા આપે પણ વારંવાર એમને મંદિર આવ્યાં જવું કે માતાજીનો દેહ ન હોય ત્યારે ગર્ભવતીની સંભાવનાના આચારવિચારનું જ્ઞાન રાજકુળમાંથી નષ્ટ ન થાય. મહારાજ, આમાં બીજો હેતુ એવો છે કે આપણી ક્ષત્રિયાણીઓને સ્વામીનું દર્શન ક્યારે દુર્લભ થઈ પડશે તે કહેવાય નહીં, માટે આ દુર્લભ લાભના પ્રસંગ, યુદ્ધકાળ વિના બીજા નિમિત્તે ક્ષત્રિયાણીના ભાગ્યમાંથી ઓછા કરવા ઘટતા નથી; અને વળી પતિવ્રતા ગર્ભવતીને પતિદેવનાં દર્શનનો અને તેના ઉપદેશનો આનંદ પામવાનું દોહદ નિરંતર રહ્યાં કરે છે અને તે દોહદ પૂરવાથી ગર્ભ ઉપર પિતાની છાયા સંપૂર્ણ થાય છે; માટે મહારાજ, બ્રહ્મચારી છતાં આપે આટલી મર્યાદામાં ગૃહસ્થાશ્રમ રાખવો એ આપનો બીજો કુળાચાર માતાજી આપને જણાવે છે.’

મલ્લરાજ — ‘મધુમક્ષિકા, એ કુળાચાર પણ હું પાળીશ.’

મધુ૦ — ‘મહારાજ, તારાઓ વચ્ચે શુક્ર ઊગી રહે તે કાળે ચંદ્ર શુક્રની પાસે આવે તેમ દાસીઓ વચ્ચે ગર્ભવતી હોય તે કાળે જ માત્ર આપે જાતે આવી દર્શન આપવું.’

મલ્લરાજ — ‘એ વિધિ હું સંપૂર્ણ રીતે પાળીશ.’

મધુ૦ — ‘મહારાજ, હલકી વર્ણમાં હલકા દોહદ [૧] હલકા સહવાસથી થાય છે; આપના કુળમાં ઊંચા દોહદ ઉત્પન્ન કરવાના માર્ગ લેવાય છે. સુન્દરગિરિ ઉપરના મહાત્માઓનાં દર્શન ગર્ભવતીને વારંવાર કરાવવાથી ગર્ભનો આત્મા શુદ્ધ થાય છે; સુરગ્રામમાં રમણીય દેવસ્થાનોનાં દર્શન ગર્ભવતી કરે તેથી ગર્ભની બુદ્ધિ પવિત્ર સુંદરતાથી સંસ્કારી થાય છે; મહારાજ, ગર્ભવતી સુન્દરગિરિનાં શિખર ભણી દૃષ્ટિ કરે ત્યારે ગર્ભની બુદ્ધિ અભિલાષ ઊંચા કરતાં શીખે છે; ગર્ભવતી શીતળ પવનવાળા રત્નાકર પાસે ઊભી ઊભી આનંદ પામે અને સામેના આકાશ ભણી જુએ તેમ તેમ ગર્ભની બુદ્ધિમાં શાન્તિ અને ગંભીરતા સ્ફુરે છે અને દૂરદૃષ્ટિની સ્થાપના થાય છે; આપના અરણ્યની શોભા ગર્ભવતીના નેત્રમાં જાય ને પુષ્પોનો સુવાસ તેના નાકમાં જાય તેમ તેમ ગર્ભનું પ્રફુલ્લ આનંદશરીર બંધાય છે, ત્યાંના સિંહ અને વાઘની ગર્જનાઓ શૂર હૃદયની ક્ષત્રિયાણી સાંભળે તેમ તેમ ક્ષત્રિય પુરુષોનાં જીવન જેવાં શૌર્ય અને ધૈર્ય ગર્ભની નસોમાં માતાના રુધિર દ્વારા ચડે છે. મહારાજ, ગર્ભવતીને આ સર્વ સંસ્કારનો સંપૂર્ણ સહવાસ થાય અને તેને અતિશ્રમ ન પડે એવી વ્યવસ્થા

આપે જાતે કરવી, અને અવકાશે રાણીજી એ અર્થે યાત્રાઓ કરે ત્યાં આપે એમનું મન પ્રફુલ્લ રાખવા બને તેટલી વાર જવું.'

મલ્લરાજ — 'મધુમક્ષિકા, માતાજીની આ આજ્ઞાઓ હું શુદ્ધ ભક્તિ અને આનંદથી પાળીશ, અને એ સર્વ કાળે બને તો તને રાણી સાથે રાખે એવી મારી પ્રાર્થના માતાજીને વિદિત કરજે.'

મધુ૦ — 'માતાજીએ એ સંકલ્પ તો કરેલો જ છે.'

મલ્લરાજ — 'માતાજીની બીજી કાંઈ આજ્ઞા છે?'

મધુ૦ — 'માતાજીની વિજ્ઞાપના આટલાથી જ સંપૂર્ણ થાય છે. તે ઉપરાંત એમણે પોતે જે વ્યવસ્થા કરેલી છે તે આપની સંમતિ અર્થે આપને વિદિત કરવા મને કહેલું છે.'

મલ્લરાજ — માતાજીની કરેલી સર્વ ચિંતાઓ કૃપારૂપ જ હશે માટે હું તે જાણ્યા પહેલાં સ્વીકારું છું. એ ચિંતાઓનો સારાંશ સત્વર કહી દે કે તેનો આનંદ મારાથી વધારે વાર દૂર ન રહે.'

મધુ૦ — 'મારા જેવી બેચાર વાર્તાવિનોદ કરનારી ને બે ગાનારી દાસીઓ, શાસ્ત્રી મહારાજનાં વૃદ્ધ પત્ની, સામંતસિંહનાં અનુભવી ઠકરાળાં, બેચાર ભાયાતોની યુવાન સ્ત્રીઓ, અને તે ઉપરાંત સેવા અર્થે કેટલુંક દાસીમંડળ: એટલી મંડળી રાણીજીના સહવાસ અર્થે સૌને અવકાશે માતાજી નીમવા ધારે છે. અને માતાજી પોતે તો છે જ, પણ તે આપના મોટાભાઈ સિવાય બીજા પુરુષની કથા કરતાં નથી. પણ અભિમન્યુ ઉદરમાં હતા ત્યારે સુભદ્રા પાસે શ્રીકૃષ્ણે પ્રસવ પહેલાં વીરકથા કહી હતી તેમ આપના જ્યેષ્ઠબંધુનાં સર્વ પરાક્રમનાં કથાકીર્તન માતાજી રાણીજી પાસે વારંવાર કરવા ધારે છે. મહારાજ, પ્રહ્લાદજી ગર્ભમાં હતા ત્યારે તેમની માતા પાસે ઇન્દ્રને ઘેર નારદમુનિએ પણ આમ જ પ્રભુની વાર્તાઓ કરી હતી. મહારાજ, ગર્ભવતીની પાસે કરેલી વાર્તાઓથી ગર્ભનો આત્મા બંધાય છે.'

મલ્લરાજ — 'મધુમક્ષિકા, માતાજી મારે સારુ આટલી બધી ચિંતા રાખે છે તે ઉપકારનો બદલો હું શી રીતે વાળીશ? મને જન્મ આપનાર માતાજીને તો મારે સારુ આટલી ચિંતા કોઈ દિવસ કરવી પડેલી મને સાંભળતી નથી. તેમના કરતાં આજ માતાજી જે ચિંતા કરે છે તે તો હજાર ગણી વધે. રાણી! આ દેહ હોય કે ન હોય પણ તારે આ ઉપકાર ભૂલવો નહીં અને તારા સંતાન ભૂલી જાય એમ થવા દેવું નહીં. રાણી! આ ઉપકારના બદલામાં આપણે તે શી સેવા કરી શકીશું? અરેરે! એમને લાખ વસ્તુઓનો ખપ પડતો હશે, આપણે સોંપેલાં માણસ એમને લાખ વાનાંની ન્યૂનતા રાખતાં હશે, એમને કંઈ કંઈ ગુપ્ત દુ:ખ પડતાં હશે, પણ જે ઉદારતાથી અને સહનશક્તિથી મારા છત્રબન્ધુના વિયોગનો અતુલ ભાર

એમણે વેઠ્યો છે તે જ ગુણોને બળે આ સૌ ન્યૂનતાઓ પણા વેઠી લેતાં હશે. રાણી! માતાજીની પ્રીતિએ હદ વાળી નાંખી છે.’

મહારાજનાં નેત્રમાં અશ્રુ ઊભરાયાં અને હાથ વડે તે લોહવા લાગ્યો.

મધુ૦ — ‘મહારાજ! આપના મહાન હૃદયની કોમળતા આપના જીવને આ દશામાં નાંખે એ રત્નનગરીના રાજકુટુંબના સત્પુરુષોની જગત્પ્રસિદ્ધ વત્સલતાને ઉચિત જ છે. મહારાજ, આપ જેવા વિરલ સજ્જનનું જ લક્ષણ કહેતાં કહેલું છે કે —

[१] *‘ मनसि वचसि काये पुण्यपीयूषपूर्णा:।*

त्रिभुवनमुपकारश्रेणिभि: प्रीणयन्त:।।

परगुणपरमाणून् पर्वतीकृत्य नित्यम्।

निजहृदि विकसन्त: सन्ति सन्त: कियन्त:।।’

‘મન, વાણી ને કર્મ ત્રણે સ્થાને પુણ્ય અમૃતથી ભરેલા, ઉપકારમાલાથી ત્રિભુવનને પ્રસન્ન કરતા, પરમાણુ જેટલા પારકા ગુણને પર્વતનું રૂપ આપી નિત્ય પોતાના હૃદયમાં વિકાસ પામનારા સજ્જન કેટલા છે? તો કહે વિરલા છે.’

‘મહારાજ! માતાજી આમાં આપના ઉપર કાંઈ ઉપકાર કરતાં નથી — જે ગર્ભરત્નમાં રત્નનગરીના ભાગ્યબીજનો સમાસ રહેલો છે તે રત્નની સંભાળ રાખવી એ તો રાજમાતાનું પ્રથમ કર્તવ્ય છે. મહારાજ! આ રાજમંદિરમાં પગ મૂક્યા પછી તે આજ સુધી રાણીજી માતાજીની અહોનિશ ચિંતા રાખે છે, અને કલ્પવૃક્ષ તો ચિંતવેલી વસ્તુ આપે છે પણ માતાજી જેની ચિંતા સરખી કરતાં નથી તેની ચિંતાઓ કરી રાણીજી તો માતાજીની પાસે કલ્પવૃક્ષથી પણ અધિક કામ કરે છે તે સર્વ સેવા કહો કે ઉપકાર કહો — માતાજીના હૃદયને સર્વ કાળે નદી પેઠે દ્રવતું રાખે છે તેની આ આંખો સાક્ષી છે. મહારાજ, રાણીજીને માટે માતાજી આજ જે ચિંતા કરે છે તે આ જ નદીના શીતળ જળના શીકર * પાછા નદીમાં પડે છે.’

આવી વાર્તાઓને અંતે રાજાની આજ્ઞા લઈ મધુમક્ષિકા, રાજાને આનંદદંશ દઈ ગઈ. માતાજીની ચિંતાઓ અને આજ્ઞાઓ ઈશ્વરે સફળ કરી. ગર્ભસંસ્કારી પુત્રરત્ન મણિરાજ મલ્લરાજના મંદિરમાં રમવા લાગ્યો અને તેની અમૃતચિંતાઓનું મંગલચક્ર સ્ત્રીવર્ગને માથેથી ઊતરી પુરુષના શિર પર ફરવા લાગ્યું. માતાજી અને રાણીને મુક્ત કરી મલ્લરાજ એ નવા ભારનો [१] ભારવાહી થયો. પોતાના હાથમાંથી રાજાના હાથમાં બાળકને આપવા પ્રસંગે માતાજીએ રાજાને મધુમક્ષિકામુખે સંદેશો કહાવ્યો:

'મહારાજ, માતાજીએ આ રાજવૃક્ષની સ્તનંધય [૨] અવસ્થામાં તેના કોમળ દેહનું પોષણ કેવી રીતે કરેલું છે તે આપને જણાવવા ઇચ્છે છે કે તે જ ન્યાયે હવેની બાલ્યાવસ્થામાં તેનો [3] વૃદ્ધિગ્રાહ કરવામાં આવે. આ [૪] સિંહશાવકને સિંહી માતાનું જ [૫] સ્તન્ય પાવામાં આવેલું છે અને ઇતર વર્ણના હલકા દેહના [૬] ક્ષીરનો સ્વાદ આપી તેના તેજને ભ્રષ્ટ કર્યું નથી. મહારાજ, સિંહીનું એક વાર ઉદર તજ્યું તેમ હવે સ્તન્ય તજી આપની પાસે બાળક આવે છે. સિંહના પૌરુષતેજનું બીજ આ બાળકમાં છે તેને વધારી, પોષી, આપના તેજથી અધિક તેજનું ધામ બનાવી દેવું એ હવે આપનું કર્તવ્ય છે. તેમાં કોઈ રીતે ન્યૂનતા ન રાખવી એવી માતાજી આપને વિજ્ઞાપના કરે છે.'

'મહારાજ, સંસારમાં પડેલા માનવીને માથે હર્ષ-શોકના અનેક પ્રસંગો લખેલા હોય છે, તેમાં શોકચક્ર અનિવાર્ય છે અને તેની સાથે પ્રબળ યુદ્ધ કરવામાં યુવાવસ્થાનો ઉત્કર્ષ છે. મહારાજ, કાલના દિવસે ઉદ્યોગનો ઉત્કર્ષ અનુભવવાના ઉત્સાહીએ આજની રાત્રિએ અસ્વપ્ન [૭] નિદ્રા લેવા પ્રયત્ન કરવો જોઈએ તેમ યૌવનમાં શોકચક્રની સાથે સફલ યુદ્ધ કરવા જેને તત્પર કરવાનું આપ ધારો છો તે બાલરત્નને બાલ્યાવસ્થામાં આનંદ વિના બીજા કોઈ મનોવિકારનું દર્શન કરાવશો મા. મહારાજ, આ બાળકનાં ક્ષત્રિય નેત્રમાં અશ્રુનું બિંદુ સરખું આવે નહીં અને એના મંદિરમાં અમ સ્ત્રીજાતની પેઠે તે રોવાનો પરિચિત થાય નહીં તે વિશે માતાજીએ આજ સુધી અહોનિશ ચિંતા રાખી છે અને રાણીજીની તથા [૮] ધાત્રીમંડળની પાસે પણ એ જ ચિંતા રખાવી છે. મહારાજ, એથી અધિક ચિંતા રાખી, રખાવી, એ બાલવૃક્ષના મુખપલ્લવને કરવમાવા દેશો નહીં. મહારાજ, ચિંતાના સ્વપ્ન વગરનો આનંદ એ બાળકનું ચક્રવર્તી રાજ્ય છે તે રાજ્યની આણ તોડશો નહીં.'

'મહારાજ, આ બાળક-ઉદ્યાનના[૯] માળીનો સુંદર અધિકાર માતાજીએ પોતાના અને રાણીજીના હાથમાં આજ સુધી રાખ્યો હતો. અનેક માળીઓના હાથમાં રહેલો ઉદ્યાન બગડે છે, અને અનેક મનુષ્યોની આજ્ઞાનું ધારણ કરનાર બાળક કોઈની આજ્ઞા ધારી શકતું નથી અને તેનું હૃદય છિન્નભિન્ન થાય છે. મહારાજ, આપ પિતા છો અને આપની ઇચ્છાને અનુસરનાર કોઈ પ્રવીણ વત્સલ પુરુષ શોધી કાઢશો અને તે ઉભય મળી આ બાળકના માળા થજો. મહારાજ, પારકી મા જ કાન વીંધે માટે એ કામ ઉપર આવા અપર પુરુષને રાખજો અને તેનો અધિકાર પૂર્ણ નથી એવી કલ્પના પણ બાળકને થવા દેશો નહીં. પરંતુ માર્જારવર્ગમાં દેખીએ છીએ કે માતા જ બાળકને દાંત વચ્ચે રાખી શકે છે તેમ અન્યથી થવાનું નથી; માટે ગુરુની મુખવિદ્યામાં મૂકેલા કોમળ બાળક ઉપર ભૂલેચૂકે ગુરુના દાંત બિડાઈ જાય અથવા બેસી જાય નહીં એટલી વાત જાળવજો, ને ઈંડું

સેવવા બેઠેલી પક્ષિણી માતાના જેવા જાગ્રત રહી જાળવજો. રાજ-બાલકને ગુરુથી પણ ભય છે.'

'મહારાજ, આજ્ઞા ઉપાડવી એ વયમાં વધેલા અને બુદ્ધિમાં પહોંચેલા પુરુષોથી પણ બરોબર બનતું નથી તો તે ગહન સેવાધર્મ પુષ્પ જેવા બાળકથી બનશે એવી દુષ્ટ આશા આપ તો નહીં જ રાખો પણ બાળકનો ગુરુ કે બીંજુ કોઈ પણ એ આશા સ્વપ્નમાં પણ રાખે એવી મૂર્ખતાનો પ્રતિકાર સત્વર કરજો. મહારાજ, સાકરમાં સ્વાદ સંતાડી ઔષધ પાવાનો માર્ગ સૌને શીખવજો. બાળકને તો ઉત્સાહમાં રાખી જ કામ કાઢી લેવું.'

'મહારાજ, આપના બાળકને સાધારણ પુરુષો કે કિંકરોનો સહવાસી ન કરશો — અમે કર્યો નથી અને આપ પણ ન કરશો. પતિસુખની લુબ્ધ સ્ત્રીઓ બાળકને વહેલું વિસારે છે અને બાળકને પોતાના હાથમાંથી દાસીઓના હાથમાં ફેંકી દે છે, અને એ દાસીઓની પાસે બાળક અનેક ગુપ્ત કુચેષ્ટાઓ શીખે છે. આ બાળકને માતાજી અથવા રાણીજીને મૂકી ત્રીજા મનુષ્ય પાસે સુવાડેલું નથી, અને આપના વિશ્વાસનું પાત્ર હું વગર બીજા જોડે રાખેલું નથી, કે બહાર મોકલેલું નથી. મહારાજ રાજ્યકાર્યના ગ્રસ્ત રાજાથી આટલું બધુ તો બનવાનું નથી, પણ જે ગુરુના હાથમાં આ બાળક મૂકો તે એક બાળકને ત્રીજાના હાથમાં જવા દે એવું કરશો નહીં. મહારાજ, ઇન્દ્રના બાળકને બૃહસ્પતિની સતત છાયામાં રાખજો, અને બીજું તો અમ સ્ત્રીઓ કરતાં આપ વધારે જાતે જ વિચારી જોજો.'

મધુમક્ષિકાના સોંપેલા રાજકુમારને રાજાએ પોતાની આગળીએ લીધો અને પ્રધાનને તેડવા મોકલી રાજા બાળકની સાથે ગોષ્ઠીવિનોદ કરી તેની પરીક્ષા કરવા લાગ્યો:

'કુમાર, હવે માતાજી વિના તમને ગમશે કે?'

મણિરાજ — 'માતાજી વિના તો નહીં ગમે, પણ આપને માતાજી વિના રહેવું પડે છે તેમ અમે પણ રહીશું.'

મધુ૦ — 'મહારાજ, એ ઉત્તરમાં કાંઈ બાકી રાખ્યું નથી. આપ અને માતાજી ઉભય પ્રતિ આ ઉત્તર સધર્મ છે. સર્વ ધર્મ જાળવી બાળકે બાલભાષામાં આપેલો ઉત્તર જ કહી આપે છે કે મોટપણે એ રત્નનગરીના રાજાઓનું ધર્મવૈચિત્ર્ય જાળવશે.'

મલ્લરાજ — (પ્રસન્ન મુખે બાળકને હાથ ઝાલી) 'અમારે તો રાજ્ય કરવું પડે છે — તમે શું કરશો?'

મણિરાજ — 'આપ રાજ્ય કરો ત્યારે દેખાડી દેવાની કૃપા કરજો કે રાજ્ય આમ થાય. આપની સાથે રહીશું, આપ દેખાડશો તો દેખીશું, ને આપ કહેશો તે કરીશું.'

મધુ૦ — ‘મહારાજ, બાળકે તો રાજવિદ્યાનું માગણું માગી લીધું — તે આપવું એ હવે આપના અધિકારની વાત.’

બાળકે હાથ ઊંચા કરી દાસીનું મુખ દાબ્યું — ‘મધમાખ, અમે રાજાજી જોડે વાત કરીએ તેમાં વચ્ચે ગણગણવાનું તને કોણે કહ્યું છે? — તારે અમારી વાતમાં બોલવું નહીં.’

મધુમક્ષિકા નીચે વળી કુમારને છાતી સરસો દાબવા લાગી અને તેમ કરતાં કરતાં એની આંખમાં આંસુ ભરાયાં. તેને દાબતી દાબતી છોડી દેતી તે બોલી: ‘ઘણું જીવો, કુમાર! — મહારાજ! પ્રભાતનો સૂર્ય ઊગતો ઊગતો તિમિરને આઘું ધકેલે તેમ આપની પાસે આવતા ઊગતા રાજકુમાર, રાજવિદ્યાનો આરંભ કરતાં પહેલાં આજથી જ, મજ જેવાંનો અધિકાર બંધ કરે છે ને કહે છે કે મારી પાસે *અબલા પ્રબલા નહીં થાય.’*

મણિરાજ — ‘મધમાખ, હજી તું ગણગણતી રહેતી નથી ને કહ્યું કરતી નથી.’

મધુ૦ — ‘તે આપ મને શું કરશો?’

મણિરાજ પિતા ભણી જોઈ બોલ્યો: ‘મહારાજ, માતાજીએ કહ્યું છે કે, અવળે રસ્તે ચાલે તેને રાજાજી શિક્ષા કરે, માટે હવે આપ જાણો.’

મધુ૦ — (હસી પડી) ‘ત્યારે આપનું બળ તો થઈ રહ્યું કે?’

મણિરાજ — ‘હું તારી સાથે બોલીશ નહીં.’

મધુ૦ — ‘મહારાજ, બાળકે આજ્ઞા કરવી જાણી, આજ્ઞા આભંગની [૧] અસહિષ્ણુતા બતાવી, આપે કરવાની શિક્ષા આપને સોંપી, અને સ્ત્રીજાતિને બાળકે કરવા જેવી શિક્ષા મને કરી — મારી સાથે અબોલા લીધા મહારાજ, રાજસ્વભાવના વૃક્ષનો અંતર્ભાવ આ બાલકબીજમાં હતો તે બીજના અંકુર આજ આપરૂપી સૂર્યના તેજની પાસે ફૂટવા લાગે છે.’

મણિરાજ — ‘મહારાજ, મારી વાત આપને કહી દીધી; ગમે તો આ મધમાખને ઉરાડી મૂકો અને ગમે તો તેને ગણગણતી રોકો. મને આજ આપની સાથે વાતો કરવાનું મન થયું છે તે આની વાત જરી ગમતી નથી.’

મધુ૦ — ‘કુમાર, આપ જાતે જ મને કાઢી મૂકો તો હું તરત જાઉં.’

મણિરાજ — ‘હું કાંઈ તને કાઢી મૂકતો નથી. તારા મધપૂડામાં ભરાઈ જા ને ગણગણીશ નહીં એટલે થયું.’

મધુ૦ — ‘લો, ત્યારે હું આ છાની રહી.’

મણિરાજ — ‘હવે ઠીક.’

સૌ બોલતા બંધ રહ્યાં. કુમાર મધુમક્ષિકા ભણી જોઈ રહ્યો, તોયે એ બોલી નહિ.

મણિરાજ — ‘મધમાખ, બોલતી કેમ નથી?’

મધુમક્ષિકા બોલી નહીં. હસતી હસતી જોઈ રહી.

મણિરાજ — ‘કેમ બોલતી નથી?’

મલ્લરાજ — ‘તમે બોલવાની ના કહી તે શી રીતે બોલે?’

મણિરાજ — ‘હું બોલાવું ત્યારે તો બોલે.’

મલ્લરાજ — ‘તમારે એની પાસે શું બોલાવવું છે?’

મણિરાજ — ‘માતાજીએ કહાવેલું બધું એણે આપને કહ્યું, પણ કાલ રાત્રે રાણીજીએ ને મધમાખે પોતે મને કહેલું હતું તે આજ કહેતી નથી.’

મલ્લરાજ — ‘શું કહ્યું હતું?’

મણિરાજ — ‘એ વાત મધમાખ કહે.’

મધુ૦ — ‘હું તો ભૂલી ગઈ છું.’

મણિરાજ — ‘ભૂ... લી... જા...ય! બોલી દે — રાણીજી રોજ તને જૂઠી કહે છે.’

મધુ૦ — ‘એ તો એમનું જૂઠું ખાઉં માટે જૂઠી કહે છે.’

મણિરાજ — ‘વારુ, બોલ તો ખરી!’

મધુ૦ — ‘શું બોલું? જશ સંભારી આપો તો બોલું.’

મણિરાજ — પેલું — લાકડાના ઘોડાને ઠેકાણે ખરો ઘોડો ને એવું બધું.

મધુમક્ષિકા હસવા લાગી — ‘હા, હા, મહારાજ, કુમારને આપની પાસે બોલી કરી આણેલા છે.’

મણિરાજ — ‘તે બોલી શી તે કહે ને.’

જરાશંકર એટલામાં આવ્યો અને પાસે બેઠો, કુમારને ખોળામાં લીધો.

જરાશંકર — ‘મહારાજ, કુમારશ્રીને શું પૂછવા માંડ્યું છે?’

મલ્લરાજ — ‘કુમાર આજથી માતાજીનું મંદિર છોડી આપણી પાસે આવ્યા છે તે બોલી કરીને આવ્યા છે.’

જરાશંકર — ‘હેં કુમાર! શી બોલી કરી છે?’

મણિરાજ — 'આજથી મારા લાકડાના ઘોડાને ઠેકાણે હવે મને ખરો ઘોડો આપવાનો.'

જરાશંકર — 'બીજું કાંઈ?'

મણિરાજ — 'હવે મારે રમવાનું મૂકી દઈ ઘોડે ચડવાનું, પટા રમતાં શીખવાનું, ને બૈરાંને મૂકી મહારાજની અને પ્રધાનજીની સાથે ફરવાનું ને દરબાર ભરાય તેમાં આવવાનું.'

જરાશંકર — 'કેમ મધુમક્ષિકા, આવી બોલી કરી છે?'

મધુ૦ — 'હા જી.'

મણિરાજ — 'હવે હું મહારાજની સાથે જમવાનો.'

જરાશંકર — 'એમાં તો મહારાજની આજ્ઞા જોઈએ.'

મણિરાજ — 'તે તમે અપાવો કે મધમાખ અપાવે. હું નહીં માગું.'

જરાશંકર — 'પિતાજીની પાસે તો માગવી પડે.'

મણિરાજ — 'માતાજીએ કહ્યું છે કે ક્ષત્રિયો માગે નહિ.' જરાશંકર — 'ત્યારે જોઈતું હોય તે શી રીતે મેળવે?'

મણિરાજ — 'જાતે મેળવે, બળે મેળવે, તરવાર વડે મેળવે.'

જરાશંકર — 'ત્યારે આપ પણ તેમ મેળવો.'

મણિરાજ — 'મેં બોલી કરી છે તે મધમાખ નહીં અપાવે તો એના ઉપર રિસાઈશ એટલે એ એની મેળે અપાવશે.'

મધુ૦ — ' કુમાર, મારે તો આપની પાસેથી હવે જવાનું.'

મણિરાજ — 'જાય ક્યાં? બોલી પાળ્યા પગર જાય તો બારણા વચ્ચે ઊભો રહી રોકું.'

જરાશંકર — ' કુમાર, હવે તમારી બોલી મહારાજ પાળશે.'

મણિરાજ — 'મહારાજ આપને આજ્ઞા કરે તો બોલી પળાઈ સમજું.'

જરાશંકર — 'તે આજ્ઞા કરી જ સમજો.'

મણિરાજે મલ્લરાજ સામું જોયું. મલ્લરાજને હસવું આવ્યું.

મણિરાજ — 'રાણીજીએ કહ્યું છે કે આપની આજ્ઞા વગર કોઈથી ચલાય નહીં ને પ્રધાનજી આમ કેમ પોતાની મેળે કહે છે?'

મલ્લરાજ — 'એમને જ પૂછો.'

જરાશંકર — 'કુમાર, મહારાજ પ્રસન્ન થાય ત્યારે એમની આજ્ઞા થઈ સમજવી.'

મણિરાજ — ‘ત્યારે અમે પણ એમને પ્રસન્ન જ કરીશું એટલે અમારી મરજી પ્રમાણે થશે.’

જરાશંકર — ‘એમ જ.’

મધુ૦ — ‘મહારાજ, કુમાર સોંપી હું હવે રજા લઉં છું.’

મણિરાજ — ‘મધમાખ, માતાજીએ કહ્યું છે કે રાજાએ અને કુમારોએ સેવકોની ચાકરી જાણવી, માટે ઊભી રહે.’

સૌ જોઈ રહ્યાં.

મણિરાજ — ‘મહારાજ, આપની આજ્ઞા હોય તો મારાં રમકડાં મધમાખના દીકરાને આપવાનાં છે તે હું માતાજીને મંદિર જઈને એને આપું.’

મલ્લરાજ પુત્રની કૃતજ્ઞતાથી પ્રસન્ન થયો અને તેને ખોળામાં લઈ બોલ્યો: ‘કુમાર, માતાજીએ જે જે કહ્યું છે તે સરત રાખજો ને એમને મંદિરે જઈ મધમાખને ખુશ કરો. મધુમક્ષિકા, કુમારને વાસ્તે યોગ્ય વ્યવસ્થા કરતાં સુધી માતાજીની પાસે જ થોડા દિવસ રાખજે ને હું બોલાવું એટલે લાવજે.’

મણિરાજ — ‘મહારાજ, હું હવે રમકડાં રમવાનો નહીં.’

મલ્લરાજ હસીને બોલ્યો: ‘ના, કુમાર, નહીં હવે, તમારે બેસવાને ઘોડો ને રમવાને પટા ને બાણ આવશે — પ્રધાનજી સત્વર મોકલાવશે.’

મણિરાજ — ‘તે શીખવશે કોણ?’

મલ્લરાજ — ‘તે પણ આવશે.’

મણિરાજ — ‘મને આપ ક્યારે બોલાવશો?’

મલ્લરાજ — ‘સાંજે કિલ્લો જોવા લઈ જઈશું.’

મણિરાજ — ‘હા! મધમાખ, હવે ચાલ ને ઘેર જઈ તારા દીકરાને લાવ તે હું તેને રમકડાં આપી દઉં.’

મધુ૦ — ‘તે મને આપજો એટલે હું એને આપીશ.’

મણિરાજ — ‘ના, તું તો ઘરમાં રાખી મૂકે ને તારા દીકરાને આપે નહીં. એ તો હું જ એને આપીશ તે મારી પાસે લાવજે, ને જો પાછાં એની પાસેથી ખૂંચી લીધાં તો જોજ તારી વલે.’

મણિરાજે એનું મોં ફરી દાબ્યું.

મધુમક્ષિકા કુમારનો હાથ ખસેડતી બોલી: ‘કેમ મોં દાબો છો? — જવાની ઇચ્છા નથી?’

મણિરાજ — ‘અહીં ઊભી રહે. મહારાજ જશે ત્યારે જઈશું.’

મધુ૦ — 'ત્યાં સુધી શું કરીશું? મહારાજને હવે કામ હશે.'

મણિરાજ — 'મહારાજ પ્રધાનજી જોડે બોલશે તે સાંભળીશું.'

મધુ૦ — 'મહારાજની ખાનગી વાતો આપણાથી સંભળાય નહીં.'

મણિરાજ — 'ત્યારે રજા લે.'

આટલી વાર રાજા પ્રધાન પરસ્પર વાતોમાં ભળ્યા હતા તેને મધુમક્ષિકા કહેવા લાગી:

'મહારાજ, હું ત્યારે આજ્ઞા માગું છું ને કુમારને સાથે લઈ જાઉં છું — પણ જતાં જતાં માતાજીના સંદેશા ઉપરાંત હું રંક કાંઈ વિજ્ઞપ્તિ મારા ભણીથી કરું તે સાંભળવી જોઈએ.'

મલ્લરાજ — 'બોલ.'

મધુ૦ — 'મહારાજ! સામાન્ય મનુષ્યોને પણ પુત્રરત્ન મૂલ્યવાન હોય છે તો રાજાને હોય તેમાં કાંઈ નવાઈ નથી. શ્રુતિ પુત્રને પિતા પાસે કહેવડાવે છે કે -'

' अंगादंगात्संभवसि हृदयादधिजायसे।

आत्मा वै पुत्रनामाऽसि स जीव शरदः शतम्॥

- હે પુત્ર, મારા પ્રત્યેક અંગમાંથી તું સંભવ પામ્યો છે અને હૃદય પાસેથી ઉત્પન્ન થયેલો છે તે પુત્રનામે મારો આત્મા જ તું છે: તે સો શરદઋતુ વટાવી જીવજે. — મહારાજ, પુત્રમાં પિતાના અંગનો આવિર્ભાવ તો થતાં થાય, પણ પિતાના હૃદયનો આવિર્ભાવ તો અવશ્ય થાય છે. તેનું કારણ એવું છે કે વડમાંથી વડવાઈઓ લટકી નવાં વૃક્ષ થાય છે તેમ માતાપિતામાંથી સંતાન થાય છે, તે જનક-જાતના દેહ એક જ છે; એટલું જ નહીં પણ પિતાના દેહની પેઠે એ દેહમાં રહેનારો આત્મા પણ આ ન્યગ્રોધચેષ્ટા કરે છે અને ઉભયનો આત્મા પણ એક જ છે, અને રાજાના કુમારમાં રાજાનો આત્મા સ્ફુરે છે ને વંશપરંપરાથી ઊતરી આવેલો આત્મા પ્રજાનું પરમ ધન છે, માટે તે સમજનારે સમજવાનું છે કે:-

बीजस्यान्तरवस्थितस्तरुपतिः काले पुनर्जृम्भते।

आव्योम्नस्तनुते च देहदहरं स्वात्मानमन्तर्हितम्॥

तच्चेष्टः शिशुरेष भूप जगतां वृद्धयै बिभर्ति स्वकम्।

ओजः सत्त्वसमृद्धिमत्प्रयततां तत्सिद्धये त्वात्मवान्॥

'મહારાજ, આ શ્લોકમાં બહુ ગંભીર વાત કહી છે. દેહથી આત્મા જુદો છે; છતાં દેહ આત્માને લીધે જ છે. આત્મા દેખાતો નથી, દેહ દેખાય છે. એ દેહ વધે ઘટે છે તે સર્વ આત્માના જ બળથી. જડ બીજને વધવાની

શક્તિ નથી, પણ એ બીજ-દેહમાંથી મહાન વૃક્ષ નીકળે છે તેનું કારણ એ બીજમાં અને વૃક્ષમાં રહેલો બેને સાધનાર એક — તેનો આત્મા છે. તેમ જ આ શિશુ કાળે કરીને મહાન અવસ્થાને પ્રાપ્ત થશે. મહારાજ, બીજને વૃક્ષથી જુદું માનશો મા અને શિશુને યુવાનથી જુદો માનશો મા. જ વૃક્ષ બીજમાં અવસ્થિત છે તે જ યોગ્ય કાળે મહાન રૂપ ધારે છે ત્યારે તેના અંતર્દેહમાં અંતર્હિત રહેલો, એ દેહથી દહર કહેતાં સૂક્ષ્મ એવો તેનો આત્મા શું કરે છે તે પૂછશો, તો કહે છે કે આકાશ સુધી પહોંચતી શાખાઓ અને એથી આઘેના આકાશ સુધી પહોંચતા તેનાં પુષ્પના સુવાસ અને તેથી આઘે જઈ મનુષ્યના ઉદરમાં જઈ મનુષ્યપણું પામનાર તેનાં ફળ — એ સર્વમાં આ આત્માના બળનું સ્ફુરણ છે તે વિકાસ પામે છે. આવી જ રીતે, હે ભૂપ, આ આપના બાળકની ચેષ્ટા સમજવી. એ બાળકનો આત્મા બાળક નથી — મહારાજ, આપનો અને તેનો આત્મા એક જ છે અને એ આત્માનું ઓજસ્ આપની પાસેથી ન્યગ્રોધની શાખાઓ પેઠે આ બાળકદેહમાં આવેલું છે, બીજમાં રહેલા આત્માનું બળ શાખાઓમાં, પુષ્પોમાં, સુગંધમાં અને ફળોમાં સ્ફુરી મનુષ્યમાં આવે છે; તેમ આ બાળકમાં રહેલું ઓજસ્ જગતની વૃદ્ધિ કરવાને અને આપની અખિલ પ્રજામાં સ્ફુરવાને યોગ્ય છે અને આપના રાજવંશનું અને એનું પોતાનું સર્વ તત્ત્વ આ ઓજસ્‌માં સમૃદ્ધ થયેલું છે — જેવી રીતે વૃક્ષની તેમ પોતાની સત્ત્વસમૃદ્ધિ પુષ્પાદિમાં સ્ફુરે છે. મહારાજ, આ બીજને, આ શિશુને, આ ઓજસ્‌ને, તેમની કાચી અવસ્થામાંથી સિદ્ધ કરવાં — પકવવાં એ આત્મવાનનો ધર્મ છે. બ્રાહ્મણો પોતાના અને શિષ્યમાત્રના દેહમાંથી ઉભયના એક બ્રહ્માત્માને છૂટો કરી વિશ્વરૂપમાં સિદ્ધ કરે છે તેમ રાજપિતા પોતાના અને પોતાના રાજકુમારના દેહમાંથી ઉભયના એક જ રાજાત્માને છૂટો કરી રાજ્યદેહના આત્મા સાથે એકરૂપ કરે તો રાજાત્મા સિદ્ધ થાય. એ સિદ્ધિ આપ જેવા મહાશય આત્મજ્ઞ આત્મવાન્ રાજાઓ કરી શકે એમ છે માટે તે રીતે પ્રયત્ન કરશો એવી હું રંકની આપને વિજ્ઞપ્તિ છે. મહારાજ, આ શિશુબીજમાં રહેલો તરુરાજ હું સ્પષ્ટ જોઈ શકું છું — એ તરુરાજ પ્રકટ સિદ્ધ કરવા એમાં આપના આત્મૌજસની એક સિદ્ધિ છે. મહારાજ, હું બહુ બોલું છું — તે આ મહાન બીજના ઓજસ્ ઉપરની મારી પ્રીતિ બોલાવે છે તેથી બોલું છું. બાકી આપની પાસે આટલું બોલવા જેટલી હું રંકમાં ધૃષ્ટતા નથી. મહારાજ, હું બાળકને લઈ માતાજીને મંદિર જવાની આજ્ઞા માગું છું.'

મણિરાજ આ સર્વ વાત સાંભળી રહ્યો હતો, ધાત્રીના મુખ સામું જોઈ રહ્યો હતો અને મધ્યે પિતા અને પ્રધાનનાં મુખ સામું જોયાં કરતો હતો તે, મલ્લરાજ ઉત્તર આપે તે પહેલાં, ધાત્રીનો પાલવ ઝાલી બોલી ઊઠ્યો:

'મધમાખ, ગણગણી રહી?'

મધુ૦ — 'હા. આપને કાંઈ કહેવું છે?'

મણિરાજ — ‘એક બોલી તું કરે તે વગર હું આવવાનો નથી.’

મધુ૦ — ‘શી બોલી?’

મણિરાજ — ‘ભરતે સિંહના દાંત ગણવા માંડ્યા ને શકુંતલા આવી ત્યારે ભરતને મૂકી રાજા સાથે એ વાતો કરવા મંડી ગઈ ને ભરતને ન બોલાવે શકુંતલા ને ન બોલાવે દુષ્યંત!’

મધુ૦ — ‘તેનું આજ શું છે?’

મણિરાજ — ‘રાણીજીને તારે કહેવું કે મારે આમ ભરતના જેવું ન થાય, મારી સાથે તો આખો દહાડો ને રાત ભરતની ને લવકુશની વાતો કર્યાં કરે તો આવું.’ સર્વ હસી પડ્યા.

મધુ૦ — ‘તે રાણીજી કાંઈ મારા હાથમાં? આપ એમને કહેજો.’

મણિરાજ — ‘હું આવ્યો ત્યારે રાજા તારા હાથમાં ખરા ને હવે જતી વખત રાણીજી નહીં? આવ્યો ત્યારે કેમ બોલી કરી હતી? જા, નહીં આવું તારી સાથે.’

સર્વ ફરી હસી પડ્યાં.

મલ્લરાજ — ‘કુમાર, જાવ. રાણીજીને કહેજો.’

મણિરાજ: ‘હું રાણીજી પાસે માગવાનો નહીં. અમે રાજકુમારો તો બળે કરી લઈએ — તે આવો તાલ નહીં ચૂકું. આપ દુષ્યંત રાજા જેવું કરશો તો મને નહીં ગમે. મારી સાથે તો વાતો કર્યા કરશો તો મને ગમશે.’ રાજા, પ્રધાન ફરી હસી પડ્યા. મધુમક્ષિકા મોં મલકાવી શરમાઈ ગઈ.

મધુ૦ — ‘કુમાર બોલી કરી બાંધશે, માગવાના નહીં. ચાલો ત્યારે, એમ કરીશું.’

મણિરાજ — ‘જોજે હોં? ફરી જઈશ તો પછી જોજે. હું ખુશ નહીં રહું ને તને કાયર કરીશ.’

એ બે જણ વાતો કરતાં કરતાં ગયાં. તેમની પાછળ રાજાની દૃષ્ટિ ગઈ. કુમાર આગળ ચાલી ધાત્રીને હાથ ઝાલી ખેંચતો હતો અને ઉતાવળી ચલાવતો હતો. એ બે દૃશ્ય થતાં રાજાની દૃષ્ટિ પાછી વળી. સૂર્યમાંથી કિરણ ફૂટે તેમ રાજાના મુખસૂર્યમાંથી પુત્રાભિમાનનો આનંદ ભભૂકતો હતો.

રાજાને રાજકુમાર પાછળ જોતો જોઈ પ્રધાન આનંદથી મનમાં બોલ્યો:

** ‘ निवातपद्मस्तिमितेन चक्षुषा।*

नृपस्य कान्तं पिबतः सुताननम्॥

महोदधेः पूर इवेन्दुदर्शनात्।

गुरुः प्रहर्षः प्रबभूव नात्मानि॥"

'પુત્રદર્શનનો આનંદ એવા જ છે.'

જરાશંકરને પોતાનો પુત્ર ન હતો તે સાંભરતાં કાંઈક ખેદ થયો. પુત્રસ્થાને તેનો ભાણેજ વિદ્યાચતુર હતો તે ગુણવાન વિદ્વાન હતો — તેનો યોગ મણિરાજની સાથે થાય તે વિચાર ઉત્પન્ન થતાં એ શોક ભૂલી ગયો ને આનંદચિંતામાં પડ્યો. પણ જાતે પોતાના ભાણેજની વાત શી રીતે કાઢવી? મધુમક્ષિકાના ઉપદેશનો પ્રસંગ કાઢી આ વાતનો પ્રસંગ કાઢવા તેણે વિચાર કર્યો — પણ વિચાર થતાં માંડી વાળ્યો. મનમાં તે બોલ્યો, 'ધર્મશાસ્ત્ર પ્રમાણે ધર્મ પાળનાર મહારાજની સેવામાં રહીને સ્વાર્થને વિચારે સૂચના કરું તો હું રાજ્યદ્રોહી થાઉં — હું એ વિચાર નહીં કરું.'

'મહારાજને વિદ્યાચતુરનો અર્થ હશે ત્યારે જ આ યોગ કરીશ એ વિના નહીં.'

મલ્લરાજ — 'જરાશંકર માતાજીની આજ્ઞા અને મધુમક્ષિકાનો સુબોધ ઉભયનો મર્મ ભૂલવાનો નથી. જે પિતાને પુત્ર તેને શિર નવા ધર્મની ચિંતા છે. કુમારને શી રીતે રાજત્વમાં સિદ્ધ કરવો એ ચિંતા મારા શિરને ભમાવે છે.'

જરાશંકર — 'મહારાજ, રાજપુત્રોને વિદ્યા આપવાના માર્ગ આપણા શાસ્ત્રમાં અને આપના કુળમાં પરિચિત છે.'

મલ્લરાજ — 'હા. પણ કાળવિવર્તનો વિચાર ભૂલવો નહીં એ પણ શાસ્ત્રનું વચન છે તે સાધવાનું છે.'

જરાશંકર — 'મહારાજ, આજ સુધી મુસલમાનો ચક્રવર્તી હતા તે કાળે આપણી વિદ્યા આપના કુળને ઉપયોગી થઈ.'

મલ્લરાજ — '- ને હજી થશે. પણ આપણી વિદ્યા એટલે જૂની ભાષા જ ન સમજવી. વિદુરજીએ લાક્ષાગૃહમાં મ્લેચ્છભાષાથી પાણ્ડવોનું રક્ષણ કર્યું હતું. યુધિષ્ઠિરના યજ્ઞ પ્રસંગે મયરાક્ષસની કળાનો ઉપયોગ કર્યો હતો. ભીમસેન રાક્ષસીને પરણ્યો હતો અને અર્જુન નાગકન્યાને પરણ્યો હતો. બ્રાહ્મણોની વિદ્યા બ્રાહ્મણી જ હોય છે, પણ ક્ષત્રિયો સર્વ લોક અને સર્વ દેશની વિદ્યાઓને ઘરમાં વસાવે છે.'

જરાશંકર — 'આ સર્વનો મર્મ આપના મનમાં શો છે?'

મળ્ળરાજ — 'અંગ્રેજ સાર્વભૌમ થયા તે કાળે તેમની વિદ્યાને વરવી — એ આપણું કર્તવ્ય. એ આપણી વિદ્યા ભણી પ્રજાને સુખી કરે; અંગ્રેજી વિદ્યા ભણી પરવશ ન રહે — એ હવે રત્નનગરીના રાજાઓના ધર્મ.'

જરાશંકર વિચારમાં પડ્યો.

મલ્લરાજ — ‘કેમ વિચારમાં પડ્યો?’

જરાશંકર માથું ખંજવાળા લાગ્યો.

‘મહારાજ, રાજનીતિ બહુ ગૂંચવાડા ભરેલી છે.’

મલ્લરાજ — ‘શી રીતે?’

જરાશંકર — ‘અંગ્રેજી ભણશે તે કુલાચારને નહીં ગાંઠે. ઉદ્ધેત થશે.’

મલ્લરાજ — ‘રજપૂતોનો સ્વધર્મ એ કે જયાચાર સાધવો ને તે અર્થે કુલાચાર કાલોચિત ન હોય તો ફેરવવો. જરાશંકર, રજપૂતો કોઈના નહીં તે કુલાચારના થશે એટલે દાસપણું પામશે. મોગલ બાદશાહોના જનાનામાં રજપૂતોએ કન્યાઓ મોકલી તે બાદશાહોને જીતવા માટે. આપણા રાજાઓ દિલ્હી નગરનાં પરાંઓમાં સેનાઓ લઈ રહેતા હતા અને બાદશાહો ઉપર અમલ ચલાવતા હતા તો રજપૂતો અને હિંદુઓ આજ હયાત છે.’

જરાશંકર — ‘એ તો શિવાજીનો પ્રતાપ — શિવાજી ન હોત તો સુન્નત હોત સબકી.’

મલ્લરાજ — ‘બેનો પ્રતાપ. સામ, દામ, ભેદ અને દંડ ચાર જૂનાં અને બીજાં નવાં — સર્વ સાધન આ કાળમાં સાધશે તે જીતશે. એક સાધન ઓછું રાખ્યું તો રજપૂતો પાછા હઠ્યા. બીજું સાધન શિવાજીએ ન રાખ્યું તો એની પાછળ બ્રાહ્મણો થયા અને બ્રાહ્મણોની પાછળ અંગ્રેજ થયા. જરાશંકર, રાજવિદ્યાના લોભી પુરુષો સર્વ જાતનાં અસ્ત્રશસ્ત્ર વસાવે છે ને પ્રસંગે કામ લાગે તે વાપરવા સજ્જ રહે છે.’

જરાશંકર — ‘પણ પ્રાચીન માર્ગ ત્યજવાના આ માર્ગની મર્યાદા દેખાતી નથી. મહારાજ! આ દિશામાં નદીનું પૂર વાળો તો મર્યાદાનો માર્ગ રાખજો. નીકર સૌ ડૂબીશું ને જગતમાં ભસ્માસુર ઊભા થશે.’

મલ્લરાજ — ‘રાક્ષસોના સામાં વાનરો અને રીંછ ઊભા કરીશું તો અમો સૂર્યવંશી ફાવીશું — શિવાજી પણ એમ જ ફાવ્યા હતા.’

જરાશંકર — ‘આપ રીંછ ને વાનર ખોળશો ત્યારે આપના ક્ષત્રિયો શું કરશે?’

મલ્લરાજ — ‘મારા દેવયોનિ ક્ષત્રિયો વાનરનો વેશ લેશે માટે વાનર નહીં થાય. તેમની વિદ્યાથી મારા વંશજો સમુદ્ર પર સેતુ બાંધશે ને પરગૃહમાં પેસશે. બસ, જરાશંકર, એ વિચાર મેં સિદ્ધ કર્યો.’

જરાશંકર — ‘પણ આપે પાણી પહેલાં મર્યાદાની પાળ બાંધળી ઘટે છે.’

મલ્લરાજ — 'હા. પ્રજાનું હિત જાળવવાની બુદ્ધિ રહેશે એ પાળ ને એ મર્યાદા. પ્રજામાં યુગવિવર્ત થાય ને રાજાનામાં ન થાય તો એ કજોડાનો ક્લેશ ભારે થાય. માટે મારા ઘરમાં ને રાજ્યમાં સૌ અંગ્રેજી ભણે ને અંગ્રેજનાં મર્મદ્વાર પકડવાના હેતુથી આ વિદ્યા ભણવાનું અભિમાન રખાવીશું તો કોઈ અંગ્રેજ નહીં થાય. આ આપણી એક પાસની પાળ. અને આપણા જૂના આચારમાંના જે પદાર્થ વડે ઉત્તમ જય થાય એવા પદાર્થ પર દૃષ્ટિ નંખાવી તેનો લોભ રખાવવો એ બીજી પાસની પાળ. એ બે પાળો સિવાય ત્રીજી મર્યાદા નહીં. જરાશંકર બસ! હવે મારો વિચાર પૂરો થયો. મણિરાજને આ વિદ્યા આપવાના માર્ગ હવે બતાવ — એમાં તારું કામ. ચાર પાસની વિદ્યાઓ ભણ્યા વિના રત્નનગરીના રાજાઓ અંધારે ડૂબી મરે એ નહીં થાય.'

જરાસંકર — 'મહારાજ! આપણું બાળક પારકા માણસ પાસે રહે તો આપણા હાથમાંથી જાય અને પારકું થાય. પારકી મ્લેચ્છ ભાષાને ખોળે થયેલું બાળક આપની અને આપના આચારવિચારની મર્યાદા નહીં પાળે.'

મલ્લરાજ — 'ક્ષત્રિયોનાં બાળક શત્રુઓની ભૂમિનાં, શત્રુઓની ઢાલોનાં, તેમજ તેમની તરવારોનાં ભોમિયાં થાય તો શત્રુઓની ભાષા અને તેમના આચારવિચારનાં ભોમિયાં થાય તો તે યોગ્ય જ છે. બૈરાં અને બ્રાહ્મણોને સોંપ્યાં ઘર અને ક્ષત્રિયોને સોંપ્યાં ઘરનાં બારણાં.'

જરાશંકર — 'તે યોગ્ય છે. પણ શત્રુઓના આચારનું દાસપણું ક્ષત્રિયોને વિહિત નથી.'

મલ્લરાજ — 'ના, નથી. પણ સામાના ભેદ જાણતાં તેમના બંધનમાં આવવું પડે, તેમ સામાની રાજનીતિ સમજવાનું સાધન તેમની ભાષા તે જાણતાં જાણ્યે અજાણ્યે તેનો ચેપ વળગે તો તેટલું જોખમ વહોરવું એ નય-યુદ્ધને અંગે લાગેલું છે. યુદ્ધમાં જાય તે જીતે કે હારે કે મરે કે ઘવાય. જરાશંકર, વિચાર સંપૂર્ણ થયો ને હવે આજ્ઞા થઈ સમજ. કુમારને પરભાષાનાં શસ્ત્રાસ્ત્ર સજાવવાં છે. મારા અર્જુનનો દ્રોણાચાર્ય શોધી કાઢ.'

જરાશંકર — 'મહારાજની આજ્ઞા થઈ તો તે પાર ઉતારવી એ મારું કામ છે. પણ અંગ્રેજી વિદ્યા શીખવવા દ્રોણાચાર્ય બ્રાહ્મણને શોધવા જવામાં વાંઝણીનો પુત્ર શોધવા જેવું છે.'

મલ્લરાજ હસ્યો: 'જરાશંકર, રોતો જાય તે મૂઆના સમાચાર લાવે. તારા અભિપ્રાય વિરુદ્ધ આજ્ઞા થાય એટલે તે કેમ પાળવી તે તને સૂઝવાનું નહિ.'

જરાશંકર — 'મહારાજ, એ આરોપથી મને ખેદ થાય છે. પણ મ્લેચ્છવિદ્યાનો ગુરુ આપણાં શાસ્ત્રનો સંસ્કારી હોય એમ ધારી તેને શોધવાની આજ્ઞા આપો છો પણ તે અસાધ્ય છે તે આપ સ્વીકારશો.'

મલ્લરાજ — 'કૌરવના ગુરુ દ્રોણાચાર્ય; તેની પાસેથી પાણ્ડુપુત્ર શસ્ત્રવિદ્યા ભણ્યો. એ જ રીતનો શોધ કરતાં મારા પ્રધાનને આવડવું જોઈએ.'

જરાશંકર — 'સત્ય છે, મહારાજ, આપનું હાર્દ ઉત્તમ છે; પણ શસ્ત્રુની વિદ્યાનો રસિકજન આ રાજ્યમાં અસ્થાને પદ પામશે; રાજકુમારની કોમળ અવસ્થામાં — તેના ઊગતા પ્રભાતકાળે — દૂર દેશની પરિવિદ્યાનો આભાસ આ બાળ-કમળને પોતાના રંગથી રંગે એ આપને ઇષ્ટ હોય તો ઇચ્છા. દ્રોણાચાર્યની વિદ્યા ચોરી લેવા અર્જુનનું વય હતું. દ્રોણાચાર્યને અર્જુનના મનનો પરાભવ કરવાનો અવકાશ ન હતો. મહારાજ, મણિરાજ કેવળ બાળક છે અને સીતાજીને સોનાના મૃગની રઢ લાગી હતી તેમ આપ રાજા છો અને રાજરઢ પણ દુસ્તર છે.'

મલ્લરાજ — 'જરાશંકર, જે સ્વતંત્રતાથી તું તારા રાજાને અટકાવે છે તેથી, અને જે વચન બોલી મારા ઉપર આ આક્ષેપ કરે છે તે વચન સાંભળીને મને આજ આનંદ થાય છે. હું તારા ઉપર પ્રસન્ન છું — મરજી પડે તે માગ.'

જરાશંકર — 'મહારાજ, સિંહ પોતાના દાંતનો ભંગ થવા દેતા નથી, અને ક્ષાત્રઉદ્રેકના ભરેલા રાજા આજ્ઞાનો ભંગ વેઠતા નથી એવું અનુભવી પુરુષનું વચન છે:

' दंष्ट्राभंग मृगाणामधिपतय इव व्यक्तमानावलेपाः।

नाज्ञाभंगं सहन्ते नृवर नृपतयस्त्वादृशाः सार्वभौमाः॥ *

'મહારાજ, આ સહનશક્તિ આપ પ્રત્યક્ષ દેખાડો છો — આજ આપ આજ્ઞાભંગ થવા દો છો — તે આપની મારા ઉપર કૃપા અને આપના આત્મદમનનું દૃષ્ટાંત.'

મલ્લરાજ — 'એ શ્લોક તેં મને ઘણી વાર કહેલો છે. એ આજ્ઞાભંગ થવા ન દેવો એ સાર્વભૌમ રાજાનું કામ. આપણે માથે સાર્વભૌમ બીજો થયો તેની આજ્ઞા ઉપાડવાનો પ્રસંગ તારા અભિપ્રાયથી મેં સ્વીકાર્યો છે તો આજ્ઞાભંગનું અસહન પણ સાર્વભૌમપદને મેં સોંપ્યું તેનો પ્રત્યક્ષ અનુભવ તારા વિના બીજું કોણ કરાવે?'

જરાશંકર — 'ક્ષમા કરો, મહારાજ, ક્ષમા કરો. આપનો સેવક આપની આજ્ઞાનો ભંગ કરી આપને ઓછું આણવા જેવું સ્મરણ નહીં કરાવે.'

મલ્લરાજ — 'ત્યારે મારી આજ્ઞા સ્વીકાર. જરાશંકર, મારા કુમારને ઘરકૂકડી વિદ્યાનો ભોગી જોઈ સંતોષ નહિ પામું. જ અંગ્રેજનો આ સંગ તેં આ રાજ્યને પ્રાપ્ત કરાવ્યો છે તે અંગ્રેજની વિદ્યા તેમને દેશ જવાનાં કાળાં પાણી જેવી હોય તોપણ તે પાણી પર આ કુમારને મોકલ. એ પાણીને પેલે

પાર ઊતરી મારો કુમાર આ અંગ્રેજોની લંકાના મર્મભાગમાં પેસશે અને તેમ કરતાં — ત્યાં જતાં — એ કુમાર ડૂબવાનો હો તો ડૂબો ને તરવાનો હો તો તરો. ન ડૂબે તેની સાવચેતી રાખીશું. એમ કરતાં તે ડૂબે તો તેનો ભય રત્નનગરીના રાજાઓના કુળધર્મમાં નથી. શત્રુઓના ગુરુ પાસેથી મારો મણિરાજ તેમની વિદ્યા શીખશે.'

જરાશંકર — 'મહારાજ, હું હાર્યો. આપની આજ્ઞા સિદ્ધ કરવી અને આપની ઇચ્છેલી સાવચેતી રાખવી એ ઉભય કામ સિદ્ધ કરવાનું સાધન શોધવા હું પ્રયત્ન કરીશ.'

મલ્લરાજ — 'તને તો સૂઝે કે નયે સૂઝે. પણ જો તારા ધ્યાનમાં આવે તો હું સુઝાડું.'

જરાશંકર — 'આપને કોઈ સાધ્ય વસ્તુ સૂઝે તો તો ઉત્તમ જ વાત.'

મલ્લરાજ — 'તારા ભાણેજ વિદ્યાચતુરને આ કામ ઉપર રાખ. અંગ્રેજી ભણેલો છે, ને તારા અંકુશમાં રહેશે. મને એ છોકરો ઠીક લાગ્યો છે.'

જરાશંકર —'જેવી મહારાજની કૃપા. મહારાજ, આનું નામ તે આપની આજ્ઞા માનવી કહેવાય કે આપની કૃપા સ્વીકારવી કહેવાય તે મને સૂઝતું નથી. પણ આપની કૃપા પાછી ખેંચી લો અને કૃપા વિનાની આજ્ઞા હું કેમ પાળું છું તે વિશે સેવકની પરીક્ષા કરો.'

મલ્લરાજ — 'રાજાની અને શાસ્ત્રની આજ્ઞા થઈ એટલે તર્કવિતર્ક ન કરવા એવું શાસ્ત્રવચન તું પાળતો નથી.'

'બહુ સારું, મહારાજ.' જરાશંકર ગયો.

'માણસની પાછળ માણસ તૈયાર રાખવું એ રાજાનો એક આવશ્યક ધર્મ છે. જરાશંકર પાછળ બીજો પ્રધાન તૈયાર જોઈએ. જ કારણથી મણિરાજને અંગ્રેજી ભણાવું છું તે જ કારણથી હવે પછીના પ્રધાનો પણ અંગ્રેજી ભણેલા જોઈએ. જરાશંકરની વિદ્યા, એના અનુભવ, અને એની બુદ્ધિ-દૂધમાં સાકર ભેળીએ તેમ એના ભાણેજમાં ભેળીશું તો ભળશે — પરભારામાં નહીં ભળે. વિદ્યાચતુર અંગ્રેજી ને સંસ્કૃત ભણેલો છે તે જરાશંકર જેવો ગણેલો થતાં વાર નહીં લાગે. જૂના દિવસ જાય છે ને નવા આવે છે, તેના આ સંધિમાં એવી માણસ જોઈએ કે જતા દિવસની નોંધ રાખે ને આવતાને ઝીલી લે. હું, જરાશંકર અને વિદ્યાચતુર — ત્રણ જણ મળી એ કામ કરીશું. અમે ત્રણ જણ મળી જે સડક પાડીએ એ સડક ઉપર મણિરાજ ઘોડાની સ્વાલથી ચાલ્યો જાય ને અમારા કરતાં સવાઈ બુદ્ધિ ચલાવે એટલું હવે આમાં કરવાનું છે.' આવા વિચારો કરતાં કરતાં મલ્લરાજ પોતાના નિત્યકાર્યમાં ભળ્યો.

---

[*] દયારામ

[૧]. પ્રીતિનો કલહ

[૧]. અભાવા.

[૧]. ભર્તૃહરિ

[*] છાટાં

[૧]. ભાર ઊંચકનાર મજૂર, હેલકરી

[૨]. ધાવનાર, [૩]. વૃદ્ધિનું ગ્રહણ, Development , [૪]. સિંહનું બચ્ચું, [૫]. ધાવણ, [૬]. દૂધનો

[૭]. સ્વપ્નરહિત, ૮. દાઈ, આયા

[૯]. બાળકરૂપી વાડી-બાગ.

[૧]. સહી જવાની અશક્તિ

[*] રઘુવંશ: 'પવન વિનાના કમળ જેવા નિશ્ચલ નેત્ર વડે રાજાએ પુત્રનું કાન્ત વદન પીવા માંડ્યું ત્યારે તેનો મહાન હર્ષ પોતાનામાં રહી ન શકતાં બહાર નીકળવા લાગ્યો — ચંદ્રદર્શનથી મહાસાગરનું પૂર નીકળે તેમ.'

[*] મુદ્રારાક્ષસ

૧૧. પરરાજ્યનો પ્રથમ વમળ

મણિરાજને ભાળવતાં મલ્લરાજે વિદ્યાચતુરને કરેલી આજ્ઞાઓ આ ગ્રંથના બીજા ભાગમાં દર્શાવેલી છે. એ આજ્ઞાઓ કેમ પળાય છે તે જોવા મલ્લરાજ ઘણે પ્રસંગે ઘણે પ્રકારે જાગ્રત રહેવા લાગ્યો. મધુમક્ષિકા દ્વારા આપેલો ઉપદેશ રાજાએ સંપૂર્ણ રીતે પાળ્યો. વિદ્યાચતુરને કુમારના શિક્ષણમાં પૂર્ણ સ્વતંત્રતા આપી અને તે સ્વતંત્રતાનો દુરુપયોગ ન થાય તેવું ખંતથી જોવા લાગ્યો.

આ પ્રમાણે કેટલોક કાળ વીતતાં એક દિવસ વિદ્યાચતુર અને કુમારને લઈ રાજા સુંદરગિરિના શિખર ઉપર ગયો. ત્યાં પોતાનો તંબુ નંખાવી, પાસે એક સુનેરી ગાદી નંખાવી રાજા બેઠો બેઠો સામેના સમુદ્ર ભણી દૃષ્ટિ કરી રહ્યો છે. અને મૂછો ઉપર આમળા નાંખે છે, એટલામાં થોડેક છેટે પર્વતના પટ આગળ વિદ્યાચતુરની આંગળીએ વળગી કુમાર ઊભો અને જમણી હાથ અને તેની તર્જની લાંબી કરી ગુરુને પૂછવા લાગ્યો:

‘ચતુરજી, આ સામે દરિયો કેટલો હશે?’

‘કુમાર, તમે ભરતખંડનો નકશો જોયો છે તેમાં આ પાસથી પેલી પાસ દરિયા સુધી જેટલી જમીન છે તેથી બમણો હશે.’

‘તેના પછી શું હશે?’

‘આપણા જેવી જમીન.’

‘તેમાં માણસો હશે?’

‘હા.’

‘તે પછી શું આવે?’

‘પાછો દરિયો.’

‘તે પછી શું આવે?’

‘પાછી જમીન.’

‘તેમાં પણ માણસો હશે?’

‘હા.’

‘તે કેવાં હશે?’

‘આ સાહેબ લોક આવે છે તે ત્યાંના.’

‘તેમને રાજા હશે?’

‘હા.’

'તે રાજાને કુમાર હશે?'

'હા.'

'સાહેબ અહીં આવે છે તેમ આપણા લોક ત્યાં જતા હશે?'

'કોઈક.'

'ત્યારે સાહેબ લોક એટલા બધા અહીં શું કરવા આવતા હશે?'

'આ દેશમાં રાજ્ય કરવા.'

'ત્યારે મહારાજને કહો ને કે આપણે પણ એ દેશમાં જઈ થોડુંક રાજ્ય કરીએ.'

'એ તો આપ કહો ત્યારે.'

મણિરાજ આ વાર્તા રસથી સાંભળતો હતો તેના ભણી ફરી મણિરાજ પિતા પાસે આવ્યો અને પાછળ વિદ્યાચતુર પણ આવ્યો.

મણિરાજ છેક પાસે આવી બોલ્યો: 'મહારાજ, આપણે તો આ સાહેબ લોકના દેશમાં ચાલો ને રાજ્ય કરો — અહીંયાં તો કાંઈ ગમતું નથી.'

મલ્લરાજ અંતરમાં નિ:શ્વાસ મૂકી બહારથી હસી બોલ્યો: 'કુમાર, હું તો ઘરડો થઈ ગયો. હવે તો તમે મોટા થાઓ ત્યારે કાંઈ કરજો. વિદ્યાચતુર!-' નેત્ર ભીનાં કરી મલ્લરાજ બોલ્યો — 'રજપુતાઈ રંડાઈ! રજપૂતના દીકરાઓના અભિલાષ અને રંક રાંડીરાંડોના દીકરાઓના અભિલાષ તે હવે સરખા સમજવા.'

મલ્લરાજે કુમારને ખોળામાં લીધો અને સામેના સમુદ્ર પર દૃષ્ટિ કરી ઓઠ પીસવા માંડ્યા. ઊભો થઈ, તરવાર ઉપર હાથ મૂકી, રાજા પર્વતના તટ આગળ આવ્યો, વિચારમાં પડી ગયો, અને અંતે ઓઠ કરડી, ભ્રમર ચડાવી, વિદ્યાચતુરને સ્થિર ગંભીર સ્વરથી આજ્ઞા કરવા લાગ્યો: 'વિદ્યાચતુર, હવેથી તમારે એક કોરું પુસ્તક રાખવું અને હું જે જે વાતો કહું તે તેમાં લખી રાખવી, અને મણિરાજ યોગ્ય વયનો થાય ત્યારે તે વાંચે અને હું જીવતો હોઉં કે ન હોઉં તો પણ તે વાતો તેના હૃદયમાં ઊતરે એવી રીતે એ પુસ્તક લખવું અને રાખવું. બીજું રત્નનગરી પાછા જઈએ તે દિવસે મને યાદ આપવું એટલે હું અમુક સમય ઠરાવીશ તે સમયે હું, મારા ભાયાતો, મારા અને તેમના કુમારો, અને જરાશંકર — એટલા બેસીશું અને તેમની પાસે નિત્ય તમારે અંગ્રેજની કથા વાંચવી. જેમ હાલમાં અમે આપણા રામાયણ, મહાભારત અને અમારા પૂર્વજોના રાસા વંચાવીએ છીએ તેમ તમારે મરજી પડે તેટલા પૈસા ખરચી પુસ્તકો મંગાવવાં અને તેમાંથી અંગ્રેજો વાનરો હતા ત્યાંથી તે આજ સુધીની એમની કથા વાંચવી. તેમ જ ફરાંસીસવાળા, રૂસદેશવાળા, વલંદાવાળા, ફિરંગીઓ, મુસલમાનો અને

એવા એવા અનેક લોકની અને તેમાં મુખ્ય કરીને આ ગોરા લોકની આજકાલની અવસ્થા જણાય એવી કથાઓ વાંચવી. એ લોકનાં યુદ્ધોનાં વર્ણન, એમનાં સામ, દામ અને ભેદની કળાઓ, એમની રાજનીતિ, એ લોક કયે કયે દેશ જાય છે ને શું કરે છે, એમના શત્રુ કોણ છે ને મિત્ર કોણ છે, તેમાં કોનું ચાલે છે ને કોનું નથી ચાલતું, એમની પ્રજા કેવી છે — સુખી છે કે દુ:ખી, યુદ્ધકાળને વાસ્તે એ લોક તોપખાનાં કેમ બનાવે છે, શાંતિકાળને માટે એમની પ્રજામાંના અસંતોષી જીવોને સારુ કેવા ધંધા ઊભા કરે છે, એમના ક્ષત્રિયો, બ્રાહ્મણો અને વૈશ્યો કેવા છે, વગેરે સર્વ વાતોમાં એ સર્વ લોકોનાં સર્વ મર્મસ્થાન તમારે જાણવા, એમની કળાઓનાં રહસ્ય ચોરવાં, અને એમની બુદ્ધિના તેમ બીજા કિલ્લાઓની રચના શીખવી. વિદ્યાચતુર, એ સૌ શીખી, જાણી, ચોરી, તમે તેને અમારી પાસે આપણી બોલીમાં સમજાવો અને કાળે કરીને આ મારા રાજ્યની આશાના બીજને એ સર્વ વિદ્યામાંથી શી શી પ્રાપ્ત કરાવવી તે હું તમને કહું તે પ્રમાણે અંગ્રેજી ભાષા દ્વારા પ્રાપ્ત કરાવો.'

'વિદ્યાચતુર, આ કુમારને અંગ્રેજની તેમ આપણી ક્ષાત્રવિદ્યા પણ તેનું વય થતાં શીખવવાની છે તે કામ તમારાથી નહીં બને પણ જેના હાથમાં એને મૂકીએ તેની પાસેથી — દેશી પાસેથી કે પરદેશી પાસેથી — મિત્ર પાસેથી કે શત્રુ પાસેથી, તરવાર જેવાં શસ્ત્ર તેમ તોપ જેવાં અસ્ત્ર, એક શૂર સાથે કરવાની કુસ્તી તેમ અનેક પુરુષોની બનેલી સેનાને માથે રહી એવી જ સેનાઓ સામે કરવાની સેનાધિપતિની વિદ્યા-એવી એવી જે હવેના કાળમાં નિરર્થક લાગશે એવી સર્વ કળાઓ, આ કુમાર અને મારા રજપૂતો શીખે તેમ મારે કરવું છે ને અગ્નિહોત્રીનો અગ્નિ અખંડ સચેત રહે તેમ આ કળાઓ મારે રાખવી છે. એ મહાકાર્ય અંગ્રેજની મદદ વિના નહીં બને એ હું જાણું છું; અંગ્રેજની સાથે રહી તેમનો અને આપણો બેનો સ્વાર્થ એક છે તે હું કોઈ વખત તમને સમજાવીશ અને શાણા અંગ્રેજોને એ વાત ગળે ઉતારવી છે અને તેમને ગળે ઉતારી આ કામ સાધવું છે. વિદ્યાચતુર, આવી આવી વાતોમાં આ રાજ્યની નવી રાજનીતિનું બીજ રોપાય છે તે બીજ રોપવાનું મારે માથે આવેલું છે તેમાં તમારે મારું અને મારા કુમારનું પ્રધાનપણું કરવું પડશે — જરાશંકરના ભાણેજના હાથમાં મારા રાજ્યના ગુપ્ત મંત્ર મૂકતાં હું અવિશ્વાસ નથી રાખતો.'

'આ સર્વ કાર્યને અર્થે ચંદ્રની આસપાસ તારાઓ ચળકે તેમ કુમારની આસપાસ મારા ભાયાતોના પુત્ર ઊભરાઈ રહે એવું કરો. આ દેશમાં પડવા માંડેલી આ રાત્રિને કાળે આ ચંદ્ર અને તારાઓનું એકસંપી ઝુંડ અરસપરસ પ્રકાશ પામે એવું કરવાનું છે. વિદ્યાચતુર, આજ સુધી અમારા ભાઈઓ યુદ્ધોમાં અમો રાજાઓને કામ લાગતા અને અમે તેમનું પોષણ કરતા. યુદ્ધકાળે તેઓ તેમનાં મસ્તક અમારા કામમાં આપતા, અને શાંતિકાળે અમારા રાજ્યવૈભવમાંથી અમે તેમને ગ્રાસ એટલે કોળિયા આપતા. હવે

અંગ્રેજના રાજ્યમાં અમારે તેમનાં મસ્તકનો ખપ નથી અને ગ્રાસ આપવા તો શું પણ રાખવા પણ ભારે પડશે. મસ્તક ઓછાં થતાં ત્યારે આપેલા ગ્રાસ પાછા આવતા ને નવા જન્મતા ભાઈઓને અપાતા, અને રાજ્યભૂમિ ભાઈઓને અપાતાં અપાતાં પણ અમારા રાજ્યભાગ એમના એમ રહેતા. હવે નવી પ્રજાને આપવાનું ખરું અને પાછાં લેવાનું કાંઈ નહીં — કારણ મસ્તક ઓછાં થવાનાં નહીં અને ગ્રાસ વધવાના: આથી અમારા રાજ્યભાગ ક્ષીણ થઈ જશે, અને રાજ્યભાગ ક્ષીણ થતાં આ રાજ્યની સત્તા નબળી થશે એવી અંગ્રેજની વધશે. આ ભયંકર પરિણામનું બળ ઓછું થવાનો માર્ગ મેં બીજી રીતે લીધો છે. પણ માણસની બુદ્ધિને જ્ઞાની લોક નાચનારી ગણિકા જેવી કહે છે, તે પ્રમાણે ખપ વગરના ભાઈઓ ઉપર રાજાઓ પ્રીતિ નહિ રાખે, અને ગ્રાસના સ્વાર્થી અને યુદ્ધકળા ભૂલવા સરજેલા ભાઈઓને રાજાની સેવાનો કે તેના સંબંધનો કાંઈ પણ પ્રસંગ નહીં રહે. મારા રાજ્યની એક મોટી સાંકળ આવી રીતે ત્રુટી છે; તે સાંકળના બે છેડા ઝાલી પોતાનાં પેટ ભરનાર મદારીઓ મળશે અને છેડે બંધાયેલાઓને માંકડાં પેઠે મરજી પ્રમાણે નચાવશે. વિદ્યાચતુર, આ સાંકળના છેડા આમ પારકા હાથમાં જાય નહીં એ મારું કર્તવ્ય છે માટે આ ત્રુટેલી સાંકળને ઠેકાણે મારા કુમાર અને ભાઈઓ વચ્ચે પ્રીતિની સાંકળ રચો; અને આ દેશમાં કોઈ કાળે યુદ્ધનાં વાજાં વાગે તો શાલિવાહને માટીનાં પૂતળાંની સેના ઊભી કરી હતી તેમ પ્રીતિની ચીકાશથી મારા રાજ્યનાં ક્ષત્રિયપૂતળાંઓ બંધાઈ રહેલાં હશે તો તેમાં તેમના પૂર્વજો ધૂણી ઊઠશે — માટે એવી ચીકાસથી આ માટીને ઘડજો. અંગ્રેજોને આજ અમારા ભાયાતોની ગરજ નથી. પણ એવો યુગ આવશે કે એમના રાજ્ય ઉપર ચારે પાસના પાડોશીઓ તેજોદ્વેષથી ઘેરો ઘાલશે. વિદ્યાચતુર, તેવે કાળે એમની વસતી બ્રાહ્મણ-વૈશ્ય થઈ ગઈ હશે તે એમને કામ નહીં લાગે અને એ એકલા પડશે. તે પ્રસંગે આ મારાં પૂતળાંમાં જીવ આવશે તો અંગ્રેજને મીઠો લાગશે અને એ પૂતળાંને કામે લગાડી મલ્લરાજની દીર્ઘદૃષ્ટિને સંભારશે. વિદ્યાચતુર, અંગ્રેજો ઉઘાડી આંખે જોશે ત્યારે રજવાડાનું મૂલ્ય સમજશે ને તેનો ભાવ વધારશે, અને રાજાઓ સમજશે ત્યારે અંગ્રેજોનો ભાવ વધશે. પણ એ બે જણ સમજશે ત્યાં સુધી આ ભાઈઓનો ભાવ વધવાનો નથી. જ્યાં સુધી એ સમજણનો યુગ આવે નહીં ત્યાં સુધી સર્વને દુ:ખ છે, અને ત્યાં સુધી ધૈર્ય રાખી મારાં આ ઝાડ ઉછેરવાં એ મારા પુત્રને શીખવજો.'

'સરત રાખજો કે રત્નનગરીના રાજાઓ એકપત્નીવ્રત પાળે છે અને તેમને પુત્રો હોતા નથી તો તેમના ભાઈઓ તેમની ગાદીએ ચડે છે. માટે મારા ભાઈઓ અને તેમના વારસોમાં આ રાજ્યના ભાવી રાજાઓનાં બીજ છે અને તેથી પણ તેમનાં મનની સંભાળ મારા કુમારના ગુરુએ લેવાની છે.'

'વિદ્યાચતુર, અમારાં ક્ષત્રિય રાજ્યોના ક્ષત્રિયો પોતાની જાત મૂકી મોટા ખેડૂત બને, રજપૂત કહેવાતા મટી જમીનદાર અને તાલુકદારનું નામ પામે,

તેવા કાળમાં પણ અમારાં રાજકુળનાં ઘરોમાં આટલું અગ્નિહોત્ર નિરંતર પળાય એવા ધર્મનું બીજ આમ રોપવાનો મારો આગ્રહ -'

આ અસિદ્ધ થવા નિર્મેલું વાક્ય પૂર્ણ થતાં પહેલાં જરાશંકરનો પત્ર લઈ ઉતાવળો ઉતાવળો રાજદૂત આવ્યો, અને મનનો સંકલ્પ મુખમાં જ રહેવા દઈ રાજા પ્રધાનનો પત્ર ફોડી વાંચવા લાગ્યો. વાંચતાં વાંચતાં તેની ભ્રૂકુટિ બેચાર વાર ચડી ગઈ અને બેચાર વાર શીત આવ્યાં હોય તેમ તે પાછો શીતળ થઈ ગયો. પત્ર વાંચી મલ્લરાજ ઊભો થયો અને પર્વતતટ આગળ જઈ ઊભો ઊભો બાંયો ચડાવતો મનમાં બોલવા લાગ્યો.

'વાનરસેનામાંથી હનુમાન આવ્યો!' જરાશંકરનો પત્ર લઈ તેમાંથી ચારપાંચ લીટીઓ વાંચવા લાગ્યો:

'નાગરાજ મહારાજની સાથે સંધિકાળે થયેલા કરાર પ્રમાણે સંસ્થાનોના વિરોધપ્રસંગે તેમના પંચનું કામ કરવાનો અંગ્રેજ સરકારને અધિકાર છે. તે અધિકારને પ્રમાણી સરકારે પોતાનો વકીલ નીમવાનું નક્કી કર્યું છે. તે વકીલ એમનો પોલિટિકલ એજંટ અથવા રેસિડંટ કહેવાશે, ચારપાંચ સંસ્થાનો વચ્ચે પોતાનો નિવાસ રાખશે, પોતાના નિવાસમાં પોતાનો અધિકાર રાખશે, અને રાજાઓના પંચનું અને દેશની શાન્તિ જાળવવાનું કામ કરશે. સુવર્ણપુર; રત્નનગરી વગેરે અનેક રાજ્યોના પંચનું કામ કરવા સરકારનો મુખ્ય વકીલ મરાલપાટણમાં રહેશે અને તેના તાબામાં થાણાંઓ થશે અને તેમાં એક થાણું લીલાપુરમાં રહેશે. ત્યાં મુખ્ય વકીલના હાથ નીચે રહી એક એજંટ કામ કરશે.' પત્ર પાછો મલ્લરાજે બંધ કર્યો.

'વડીલ મહારાજના સંધિકાળે મારા મનમાં જે શંકા હતી તે ખરી પડવા કાળ આવ્યો. વાનરપ્રજાનો હનુમાન આવ્યો — તે હવે હૂપાહૂપ કરશે અને અમારી સોનાની લંકામાં ઠેકાણે ઠેકાણે આગ લગાડશે. — હવે આપણે રાક્ષસો, અને એ વાનરો. આપણે કરીશું તે અધર્મ — એ કરશે તે ધર્મ.' — સરકારના સંધિરૂપથી બીજ પૃથ્વીમાં દટાયું હતું તેમાંથી ફણગો ફૂટી આજ પૃથ્વી ફોડી બહાર નીકળ્યો. આ રેસિડેન્ટ — વકીલ — તે આ ફણગો!

'આ આતશબાજીના દારૂખાનાનું ઝાડ! — હવે એનો કાંઈ ઉપાય?'

વીજળીનો ચમકારો થાય એટલી ત્વરાથી રાજાના મનમાં આ વિચારોના ચમકારા થઈ ગયા. તે ઓઠથી ઓઠ કરડવા લાગ્યો. તેના હાથ તરવારની મૂઠ ઉપર આવજા કરવા લાગ્યા.

'કુમારને વિલાયત જીતવાનું મન થયું ત્યાં શકુનમાં આપણો દેશ વિલાયતવાળાએ જીત્યો! આપણાં રાજ્ય રાજ્ય મટી સંસ્થાન થયાં! જે રેલની બીક લાગતી હતી તે દૃષ્ટિ આગળ આવી-' તરવાર ભણી દૃષ્ટિ કરી — 'મારી પ્રિય તરવાર! તારું પાણી હવે ઊતરી ગયું! — હવે રજપૂતોએ લાકડી ઝાલવી!'

મનના વિચાર પડતા મૂકી વિદ્યાચતુરને રાજા કહેવા લાગ્યો: ‘વિદ્યાચતુર, એકદમ આ સુખ મૂકી રત્નનગરી જવાની તૈયારી કરો. મારે મારા પ્રધાન સાથે મહાવિચાર કરવાનો મહાપ્રસંગ આવ્યો.’

રાજાની આજ્ઞા પળાઈ. બીજ દિવસે જ રાજા પોતાના મહેલમાં પહોંચ્યો, અને એકદમ પ્રધાનને તેડવા માણસ મોકલ્યું. પ્રધાન આવતાં રાજા બોલી ઊઠ્યો:

‘જરાશંકર, એકદમ બ્રેવસાહેબને લખાવ કે અમારે તમારા એજંટ બેજંટનું કાંઈ કામ નથી. એને પાછો બોલાવી લો — નીકર નીકર -’

‘યુદ્ધ થશે! — એમ લખાવું, મહારાજ!’ જરાશંકર હસીને બોલ્યો.

‘નહીં-નહીં-હસવાનો કાળ નથી. નાગરાજની સંધિમાં એજંટનો અક્ષર પણ નથી.’

‘પણ-પણ સરકાર તો ધારે છે કે અક્ષર તો શું પણ વાક્ય છે.’

‘ક્યાં છે?’

‘નથી તો અક્ષર પણ નથી. પણ તરવાર દેખાડી સરકાર કહે છે કે એ અક્ષર છે એવું સ્વીકારો — નીકર આ અમારી તરવાર એ અક્ષર દેખાડનારી ઊભી છે.’

‘તો શું એ તરવાર એમની ખરી અને અમારી આ તરવાર નહીં?’

‘મહારાજ, ક્ષોભ મૂકી ધીરે રહી તરવારને જ પૂછો ને?’

‘ત્યારે શું આપણે તેમના બંધાયેલા?’

‘આપણે છૂટા પણ આપણી તરવાર એવી બંધાયેલી છે કે ઊઘડે નહીં.’

મલ્લરાજ આ સાંભળી ઉશ્કેરાયો. તેનાં નેત્રમાં લોહી ભરાઈ આવ્યું. યુદ્ધના રસિક રાજાને વીરરસનો ઉન્માદ ચડ્યો. તેણે એકદમ મ્યાનમાંથી બહાર કાઢી તરવાર ઊંચી કરી અને મદારી સાપને વીંઝે તેમ તરવારને આકાશમાં અફાળવા લાગ્યો, અને જાતે બે હાથ ઊંચો કૂદી ફાળ ભરી દરવાજા આગળ ઊભો રહી ત્રાડ નાંખવા લાગ્યો:

‘સામંત! સામંત! એકદમ સેના લઈ આવ! સેના લાવ! કોણ છે રે? સેના લાવો? — સેના!’ -

જરાશંકર કંઈક ગભરાયો, મહેલમાંની સર્વ વસતિ ભેગી થઈ ગઈ અને રાજા કોઈને પણ જોતો ન હોય તેમ ‘સેના! સામંત! સેના!’ એમ ફાટી બૂમો પાડવા લાગ્યો, અને બૂમો પાડતાં પાડતાં પૃથ્વીને લાત મારી ગાજી બોલ્યો: ‘સામંત, મારી તરવાર બંધ છે એમ કહેનાર તે કોણ?’

જરાશંકર શાંત થઈ વિચાર કરવા લાગ્યો. સૌ વિચારી, રાણી અને સામંત ઉભયને સત્વર તેડાવ્યાં. એક પળ જતી હતી તે વર્ષ જવી થઈ. દ્વાર આગળ ભીંતને તરવારથી અઠીંગી, પીઢો ભણી તાકી રહી, પા ઘડી પૂતળા પેઠે આ દશામાં સ્થિર રહી, નિદ્રામાંથી જાગ્યો હોય, સમાધિમાંથી ઊઠ્યો હોય, તેમ રાજા શાંત મુખમુદ્રા ધરી હાલ્યો અને ચારે પાસની નવી સ્થિતિથી આશ્ચર્યમાં પડી પૂછવા લાગ્યો: ‘સર્વ કેમ એકઠાં થયાં છો? સૌ પોતપોતાને કામે વળગો. ખબર નથી કે રાજાપ્રધાનનો મંત્ર થતો હોય ત્યાં કોઈએ ન આવવું?’

સર્વ આશ્ચર્યમાં પડી પાછાં ગયાં. રાણી પણ અર્ધે માર્ગ આવેલી સમાચાર સાંભળી પાછી ગઈ, માત્ર સામંત આવ્યો અને પ્રધાન પાસે હતો જ.

‘મહારાજને શૂરવીરોની ઉન્માદદશા પ્રાપ્ત થઈ હતી, અને તેથી થયેલા ગભરાટમાં સર્વ એકઠાં થઈ ગયાં હતાં.’ જરાશંકર બોલ્યો.

મલ્લરાજ — ‘ત્યારે પ્રાકૃતમાં એમ કહે ને કે હું ગાંડો થયો હતો!’

જરાશંકર — ‘મહારાજના અનુભવનું વર્ણન મહારાજ કરે.’

મલ્લરાજ — ‘સામંત, પ્રધાનને અપ્રિય બોલ્યા વિના સત્યને વળગી રહેતાં આવડે છે.’

સામંત — ‘અને આપની પાસે એટલી સ્વતંત્રતાથી બોલવાની એ છાતી ચલવે તે આપની મોટાઈ.’

જરાશંકર — ‘સત્ય કહો છો, સામંત, મહારાજ, આપની ઉન્માદદશામાં આપે સામંતને સંભારેલા તેથી એમને તેડાવ્યા છે.’

મલ્લરાજ — ‘શું કરવા સંભારેલો?’

જરાશંકર — ‘સરકારના એજંટની નિમણૂકને રદ કરવા.’

મલ્લરાજ — ‘એ નિમણૂક સંબંધી સર્વ હકીકત સામંતને કહી દે.’

જરાશંકરે આજ્ઞા પાળી, અને મલ્લરાજને થયેલા ઉન્માદનો ઇતિહાસ પણ કહી દીધો.

સામંત સર્વ વાત સાંભળી રહ્યો. ઉત્તર દીધી નહીં.

મલ્લરાજ — ‘કેમ, સામંત, કંઈ ઉત્તર દેતો નથી?’

સામંત — ‘મહારાજ, ઉત્તર દેવાનો આપના ભાયાતોને અધિકાર નથી. તાત્યાટોપીના માણસ આવ્યાં હતાં તે કાળે અંગ્રેજોને ધર્મી અને મરાઠાઓને અધર્મી ગણી અંગ્રેજોનો સંબંધ આપે સ્વીકાર્યો તે કાળથી જ આપની આજ્ઞા થયેલી છે કે રાજાપ્રધાનના મંત્રથી આપની સિદ્ધ થયેલી

આજ્ઞાને પાળવા સિવાય બીજો વિચાર કે ઉત્તર કરવાનો ભાયાતોને અધિકાર નથી. મહારાજનું દુ:ખ જોઈ હું અંતરમાં દાઝું છું, પણ મારી બુદ્ધિ આપને કામ લાગે એટલો અધિકાર તેને નથી.'

મલ્લરાજ —'સામંત, અભિપ્રાયમાં ફેર પડ્યો ત્યારે આજ્ઞા કરવાનું કામ મારું હોવાથી મારા તે કાળના અભિપ્રાય પ્રમાણે અને તારા અભિપ્રાયથી વિરુદ્ધ આજ્ઞા આપેલી આજ એ આજ્ઞાનું અનિષ્ટ ફળ જોવાને પ્રસંગે તારા અભિપ્રાયની થયેલી અવગણના અમારા સ્મરણમાં આણવી એ કામ મેલા માણસનું છે એ અવગણનાનું સાટું વાળવાને, આજ અમને ઉપયોગી થવા અથવા અભિપ્રાય આપવા ના પાડવી એ કામ મને શિક્ષા કરવા જેવું છે. એ અવગણનાથી તને ખોટું લાગ્યું હોય તો તને રાજપુરુષોના ધર્મનો સંપૂર્ણ બોધ નથી એમ કહેવું જોઈએ. એ અવગણના સો વર્ષ સુધી ભૂલી ન જવી એ સ્ત્રીસ્વભાવનો અંશ છે. એ અવગણનાનું મને ઈશ્વરે ફળ આપ્યું સમજી તારા મનમાં તારો વિજય થયો લાગતો હોય તો તારા હૃદયમાં રાજ્યશસ્ત્રુનો ગુણ છે. એ વિજયના ભાનથી મને મર્મવાક્ય કહેવા તું તત્પર થયો હોય તો તારા મુખમાં સ્ત્રીની જીભ છે. સામંત, મારી સેના તે તું છે અને મને એટલો તો અધિકાર છે કે મારી સેના ઉપર જેટલો આધાર રાખું તેથી બમણો મારા સામંત ઉપર રાખું.'

સામંત નીચું જોઈ રહ્યો અને તેના નેત્રમાંથી એક આંસુ પડતું દેખાયું. તે ઊઠી દ્વારની બહાર જઈ પાછો આવ્યો અને રાજાના સામું ઊંચું જોઈ બેઠો.

'મહારાજ, હું કૃપણ ચિત્તના ભાઈ ઉપર આપ જે ઉદારતા દેખાડો છો તે મને તરવારના ઘા કરતાં વધારે લાગે છે. મહારાજ, હું અપરાધીને પૃથ્વી ભેગો કરી દ્યો. હું શિક્ષાપાત્ર સેવક તેના પ્રત્યે આપ ઉદાર વચન કહો છો એ મારા હૃદયને પશ્ચાત્તાપના અગ્નિથી બાળે છે. મહારાજ, મને શિક્ષા કરો. આપના સત્ય વચનમાં — ધર્મ વચનમાં અધર્મીને કંપાવનાર શિક્ષા મૂકો.'

'સામંત, મારી સેનાનો નાશ કરવા કરતાં તેને સવળે માર્ગે લેવી એ મારું કામ છે. તું મારો જમણો હાથ, મારી મૂછનો વાળ, મારા રાજ્યનો સ્તંભ, તું જ મારી સેના- તને શિક્ષા કરું તો તે મને જ થાય.'

'મહારાજ, એ સેના અને સ્તંભ હવે આપણે આંગણે હાથી પેઠે માત્ર ખર્ચના ખાડા છે — એ હાથીને છૂટા મૂકશો તો આપની પ્રજાને કચરશે અને બાંધી રાખશો તો આપણા ભંડાર ખાલી કરી દેશે. મહારાજ, અમને તે હવે શું કરશો?' સામંતે દીર્ઘ નિ:શ્વાસ મૂક્યો, અને એ નિ:શ્વાસનું કારણ થઈ પડેલી રાજનીતિના કારણરૂપ જરાશંકર ભણી વાંકી આંખે જોવા લાગ્યો. જરાશંકરે તે દીઠું ન દીઠું કર્યું, અને રાજા અને તેના ભાઈના વાદનો પ્રવાહ નિર્વિઘ્ન ચાલવા દેવા મૌન ધાર્યું.

મલ્લરાજ — ‘સામંત, તે વાતનો હાલ પ્રસંગ નથી. આ સરકારના એજંટની વાતમાં આપણી તરવાર છૂટી કે ઉઘાડી છે તે બોલ. એ બોલવાનો અધિકાર તારો છે.’

સામંતે શૂન્ય હાસ્ય કર્યું: ‘મહારાજ, સર્વ વાત કાળે શોભે અને કાળે ફળે. તરવારનો કાળ ગયો. હવે તરવાર ઉઘાડવી તે અકાળે યમનું ઘર પૂછવા જેવું છે — કવિ સામળદાસનું વચન છે કે,

‘સંપતિ ગઈ તે સાંપડે, ગયાં વળે છે વહાણ,

ગત અવસર આવે નહીં, ગયા ન આવે પ્રાણ!’

મહારાજ, બ્રાહ્મણની બુદ્ધિએ ચાલતાં હાથમાં આવેલો અવસર ગયો ને રજપૂતાઈના પ્રાણ ગયા તે બેમાંથી એક પણ પાછું આવે એમ નથી. એ ગયેલો અવસર અને ગયેલો પ્રાણ આણતાં જરાશંકર ભટને આવડતું હોય તો એ જાણે — બાકી મને તો આજ્ઞા આપો તો એક વાત આવડે તે એ કે આ ભટને ધૂળભેગો કરી એણે વાળેલા સત્યાનાશનો બદલો આપું અને -’

જરાશંકર સ્થિર દૃષ્ટિથી રાજાના સામું જોઈ રહ્યો. રાજાનો ક્રોધ હાથમાં રહ્યો નહીં. ક્રોધની પરિસીમાને કાળે સિંહ ગાજવું મૂકી દઈ પંજાનો ભાર દેખાડે તેમ હતી અને પ્રીતિનો પ્રવાહ રેલાવ્યો હતો તે રાજાએ પ્રધાનના શત્રુને ઊગતો દાબ્યો. રાજાની ભ્રમર ચડી ગઈ અને સામંતના મુખમાંથી વચન નીકળતાં મલ્લરાજ બન્ધુસ્વરૂપ ત્યજી દઈ ગંભીર રાજસ્વરૂપ ધાર્યું અને સ્થિર સ્વરે સંબંધ ન ગણી આજ્ઞા કરી:

‘સામંત, મારો પ્રધાન તે મારું અંગ છે અને તેનું અપમાન અને તેના દ્રોહના વિચાર કરવાનો અપરાધ તેં મારા દેખતાં કર્યો છે. તેની શિક્ષા તને કરું છું કે આ પળે મારા મુખ આગળથી જતો રહે અને મારી આજ્ઞા થાય ત્યાં સુધી રત્નનગરીમાં અથવા તેની પંચકોશીમાં અથવા જ્યાં હું અથવા મારો પ્રધાન હોઈએ તેની પંચકોશીમાં તારે આવવું નહીં — આવીશ તો અધિક શિક્ષા ખમીશ — બીજા એક બોલથી આ પવન અપવિત્ર કર્યા વિના સત્વર ચાલ્યો જા.’

જરાશંકર ભડક્યો — ‘મહારાજ!’

મલ્લરાજ — ‘ચૂપ! સામંત, આજ્ઞા એકદમ ઉઠાવ.’

સામંત એકદમ ઊભો થઈ રાજાને પ્રણામ કરી ચાલ્યો ગયો. તેના શરીરને કંપ અને ખેદ એ બે જણે બંદીવાન કરી દ્વારની બહાર ધકેલી કાઢ્યું.

જરાશંકર — ‘મહારાજ, આપે બહુ અયોગ્ય આજ્ઞા કરી — અપમાન થતું હોય તો મને પણ શિક્ષા કરજો — પરંતુ ઘણું અયોગ્ય કામ થયું. મારા ઉપર ઘણી મમતા દર્શાવી, પણ પ્રધાનને પૂછ્યા વિનાની આજ્ઞા સિદ્ધ નથી.’

મલ્લરાજ — 'અભિપ્રાય અને સૂચનાઓ સાંભળતાં જે રાજાને અપમાન લાગે તેણે ગાદી છોડવી જોઈએ. મારી આજ્ઞાને તારા ઉપરની પ્રીતિ સાથે રજ લેવાદેવા નથી. રાજાએ પ્રધાનને પૂછ્યા વગર કરેલી આજ્ઞા સિદ્ધ થતી નથી એ નિયમ સત્ય છે, પણ જ્યારે પ્રધાન જ એક પાસનો પક્ષકાર હોય ત્યારે એ નિયમ લાગુ નથી થતો.'

જરાશંકર — 'ત્યારે શું આવી વાતોમાં રાજાઓ વગરપ્રધાને ચલાવી લેશે?'

મલ્લરાજ — 'અલબત્ત — મારા પ્રધાનનું રક્ષણ કરવું તે મારું કામ છે. મારી સર્વ પ્રજાને માલમ પડવા દે કે જેવી રીતે મારા સામી કોઈ ફરિયાદી ઉઠાવે તે હું જેમ સાંભળીશ તેમ જ પ્રધાનના સામી ફરિયાદો પણ સાંભળીશ અને ન્યાય આપીશ. મારી જાત ઉપર કોઈ હુમલો કરશે તો યોગ્ય લાગશે ત્યાં ક્ષમા રાખીશ. પણ મારી રાણી — મારા કુમાર — મારા ભાઈઓ અને મારી સર્વ પ્રજાને શંકા વગર જાણવું જોઈએ કે મારા અધિકારીઓ તે મારાં શસ્ત્ર છે. અને જેમ મારી તરવાર ચોરનારને હું શિક્ષા કરીશ તેમ મારા પ્રધાનના અધિકાર અને પ્રતાપ ઉપર હાથ નાંખનારને હું તીવ્ર શિક્ષા કરીશ અને એ શિક્ષા કરતાં બિલકુલ ક્ષમા રાખનાર નથી. મારા પ્રધાનને અધિકાર અને પ્રતાપ કેટલો આપવો અને તેનું રક્ષણ કેટલે સુધી અને કેવી રીતે કરવું તેમાં હું મારો પોતાનો પ્રધાન જાતે જ છું. જરાશંકર, આજ્ઞાપત્ર લખવા કે મારી સેનાનું આધિપત્ય સામંતના પુત્ર મુળુભાને આપું છું. જ્યાં સુધી મુળુભા બાળક છે ત્યાં સુધી એને નામે એ આધિપત્યનું કામ કરી આજ્ઞા પ્રમાણે દૂર રહી સામંતે કરવું, અને જ્યાં એને પગ મૂકવાનો અધિકાર નથી ત્યાં એની ઇચ્છા હોય તે માણસ દ્વારા એણે કામ લેવું. મલ્લરાજની કરેલી શિક્ષાથી એની આજ્ઞાના અર્થ અને આજ્ઞાનો પ્રતાપ સર્વ સમજી શકે એમ થશે. ચાલ હવે સરકારના એજંટનું પ્રકરણ ચલાવ.'

જરાશંકર — 'પણ મહારાજ, પરિણામનો વિચાર દર્શાવવાનો મારો અધિકાર ખરો.'

મલ્લરાજ — 'શું પરિણામ પરિણામ કરે છે? જોતો નથી કે જે રાજનીતિથી મારા ભાયાતો નકામા થઈ ગયા એવી રાજનીતિના પવનને મારા હૃદયમાં ભરનાર તને ગણીને તારા ઉપર દાંત પીસી રહેલા ભાયાતોની તરવાર તે સામંત છે, અને તે તરવાર તારા ઉપર પડતાં પળની વાર ન હતી?'

જરાશંકર — 'હું સારી પેઠે સમજું છું કે મારા ઉપર એ તરવાર ઘણા દિવસની ઝઝૂમી રહી છે અને મહારાજની કૃપાની ઢાલથી જ આપના રંક પ્રધાનનું રક્ષણ થયું છે. પણ આણી પાસથી અંગ્રેજ રાજનીતિનાં પગલાં આપણા સીમાડા ઉપર વાગે છે તે કાળે આપણા અંદરઅંદરના ખડખડાટનો સ્વર એ શિકારીને કાને જશે તો આપણે એ શિકારીના શિકાર થઈશું.

મહારાજ, મેં આપને ઘણેક પ્રસંગે કહેલું છે કે શત્રુના ગઢના દરવાજા તોડવામાં જ ઊંટને મારવું પડે તે રાજ્યનો પ્રધાન છે. મહારાજ, આપના કુટુંબમાં જ મહાન વિગ્રહ નહીં થાય તો મહાન કલેશ થવાનો પ્રસંગ આવ્યો છે અને એ ક્લેશનો પ્રસંગ લઈ અંગ્રેજ કાંઈ પણ લાભ લેઈ શકે તેના કરતાં એ સર્વ પરિણામ અટકાવવાનો સવળો અને સહેલો માર્ગ એ જ છે કે આપના પ્રધાનને ઊંટને સ્થાને મૂકી — ત્યજી — આપના બન્ધુવર્ગનું સાંત્વન કરવું એમાં જ હાલ રાજ્યનું હિત છે. મહારાજ, એ વર્ગ રાજ્યદ્રોહી કે રાજદ્રોહી નથી થયો — તેમને માત્ર મારી જાત ઉપર રોષ છે, અને મારા કરતાં આ વર્ગનો — આ સેનાનો — આપને બહુ ઉપયોગ છે તે હું સત્ય કહું છું. મહારાજ, પ્રધાનો ઘણા મળશે પણ આવી બન્ધુસેના નહીં મળે અને તેમના બોલવા ઉપરથી રોષ ધરવો આપને યોગ્ય નથી. કહ્યું છે કે —

'કડવા હોયે લીંબડા, શીળી હોયે છાંય,

બોલકણા હોય બાન્ધવો, તોય પોતાની બાંહ્ય.'

મલ્લરાજ — 'તું કહે છે તે ઘણે અંશે સત્ય છે અને તેટલા માટે જ સામંતને માટે યોજેલી શિક્ષામાં માત્ર મારી પ્રીતિ સિવાય બીજી રીતની હાનિ તેને પહોંચાડી નથી અને તે પશ્ચાત્તાપ કરી મારી ક્ષમાની આશા રાખે એવો માર્ગ રાખ્યો છે. સામંતના હૃદયમાં ક્રોધ છે પણ દ્વેષ નથી અને તે અવશ્ય પસ્તાશે, અને એક દિવસ આ જ સ્થાને તારી સાથે પ્રીતિથી રાજ્યકાર્યમાં આશ્રય આપશે. મેં એને કરેલી શિક્ષા જેવી આવશ્યક છે તેવી જ માપસર છે એને તેનું ફળ ઉત્તમ આવશે. રજપૂતોનો સ્વભાવ રજપૂત જાણે. પણ એને માટે તારું બલિદાન આપું તે તો અયોગ્ય અને હાનિકારક જ. તારું જ કહેવું છે — અને તે સત્ય છે — કે હવે અમારી તરવારો મ્યાનમાં બંધાઈ અને સેનાઓ નકામી થઈ છે. હવે તો એવા સહસ્ર બન્ધુઓ કરતાં એક ચતુર અને રાજનીતિનો પ્રવીણ પ્રધાન એ જ રાજાઓની તરવાર અને ઢાલ ઉભયનું કામ સારશે.'

જરાશંકર — 'મહારાજે ક્ષમાનો માર્ગ ઉઘાડો રાખ્યો છે તો હાલ તરત જ આપની આજ્ઞાને નિષ્ફળ થવાનો સાધનભૂત હું નથી થતો. પણ મને એક નવાઈ એ લાગે છે કે આપની તરવાર બંધાયાથી હવે લેવાનો માર્ગ આપને આવો સૂઝ્યો ને તે જ બંધનના વિચારથી આપને ઉદ્વેગ થયો, અને બિચારા સામંતને આપને શાંત કરવા તેડેલો તે આ પરિણામને પામ્યો.'

મલ્લરાજ હસી પડ્યો. 'હા એ પ્રારબ્ધનો સંયોગ વિચિત્ર થયો ખરો. પણ મહાન પ્રસંગોએ પ્રથમ મને આવેશ થાય છે, અને તેની શાંતિ અને તે પ્રસંગના ગૂંચવાડાનો ઉકેલ — એ બે વસ્તુ મને સાથેલાગાં જ થાય છે એવા મારા સ્વભાવનો ને પ્રથમ પણ અનુભવ થયો હશે.'

જરાશંકર — 'ત્યારે મહારાજ, આપના કરતાં હું કાંઈ સુખી ખરો કે એવા આવેશના અનુભવ વગર એવો ઉકેલ યથાશક્તિ કરું છું.'

મલ્લરાજ ફરી હસ્યો. 'એ વાત તો ખરી. પણ એવો બલવાન આવેશ એ — ક્ષત્રિયોનો યુદ્ધમાં બન્ધુ છે; તો તેને બીજે પ્રસંગે દૂર રાખીએ એવા અમે એકલી ગરજના સગા નથી અને તમારે એ આવેશની સાથે કદી પ્રસંગ પાડવાનું કારણ નથી; માટે તમારામાં ડાહ્યા હોય છે તો એનો સંસર્ગ કરતા નથી. એટલો આપણામાં ફેર, અને ફેર મટાડવામાં રાજ્યને લાભ નથી માટે જ રાજાના બન્ધુઓને પ્રધાનનું કામ આપવું યોગ્ય નથી અને તમારી ગરજ રાખીએ છીએ.'

જરાશંકર — 'ત્યારે મહારાજ અંગ્રેજના વકીલની વાતનો ઉકેલ કેવી રીતે કર્યો? આપના હૃદયમાં ધરતીકંપ થયો તેનું આપે શું મહાપરિણામ જોયું તે કહો.'

મલ્લરાજ — 'તારો ને મારો વિચાર થયો.'

જરાશંકર — 'મારો વિચાર આપને કહ્યો નથી.'

મલ્લરાજ — 'પણ હું સમજ્યો.'

જરાશંકર — 'તો બોલી દ્યો.'

મલ્લરાજ — 'પ્રથમ તું બોલી દે. પછી હું કહીશ.'

જરાશંકર — 'આપની પાસે હું હારું તે યોગ્ય જ છે. ત્યારે હું મારો અભિપ્રાય પ્રથમ કહી દઉં છું તે સાંભળો.'

મલ્લરાજ — 'બોલ.'

જરાશંકર — 'જુઓ, મહારાજ, અંગ્રેજની સાથે સંબંધ બાંધ્યો તે હું તો હજી સુધી બરોબર કર્યું જ માનું છું. પણ ધારો કે તે કામ બરોબર ન હોય તોપણ હવે તે વાત નિરુપાય છે. એ સંબંધને સોનાની ખાણ ગણો કે બાણની શય્યા ગણી, પણ જે હોય તે એ. હવે આપણે એમાંથી જેટલો લાભ મળે તેટલો શોધવાના માર્ગ શોધવા, અને થયું ન થયું થનાર નથી જાણી તેને વિચાર ન કરવો.'

મલ્લરાજના મુખ ઉપર ગંભીરતા આવી અને બોલ્યો: 'સત્ય વાત કહી.'

જરાશંકર — 'મહારાજ, હવે અંગ્રેજ અધિકારીઓ તે સાસુ અને આપ વહુ — એવો સંબંધ બંધાયો. તે આપનો અધિકાર ઓછો કરવા કંઈ કંઈ ઉપાય કરશે. એમનો સંબંધ થયો તે મારા કે નરસા પ્રારબ્ધનું એક બીજ રોપાયું. હવે તો એ બીજનું ફળ સારું નીવડે એમ હોય તો તેને ઉત્તમ કરવા યત્ન કરવો અને નરસું નીવડે એમ હોય તો તે નિભાવી લેઈ સુધારવા

પ્રયત્ન કરવો એ જ યોગ્ય છે; વિચારકાળે શંકા સ્થાને છે; એ કાળ ગયો. આચારકાળે શંકા અસ્થાને છે અને ' *संशयात्मा विनश्यति* ' એ બોધ સ્થાને છે: અંગ્રેજની સાથે સંબંધ કર્યો તે આચારકાળ હતો તે પણ ગયો. હવે તો જે હોય તેનો નિર્વાહકાળ આવ્યો છે, અને એ કાળના ચિકિત્સકો અસંદિગ્ધ અને સંમત ઉત્સાહક બોધ આપતા આવ્યા છે કે —

' *प्रारब्धमुत्तमजना न परित्यजन्ति।। -*'

— પ્રારબ્ધ કરેલા કર્મનો ત્યાગ ઉત્તમ જનો કરતા નથી — ત્યારે શું કરે છે?-

' *निर्वाह: प्रतिपन्नवस्तुषु सतामेकं हि गोत्रव्रतम्।। -*'

— જે વસ્તુ પ્રતિપન્ન કરી તેનો અંત સુધી નિર્વાહ કરવો અને બીજી રીતે ન વર્તવું એ એક જ સત્પુરુષનું કુલવ્રત છે — એટલે એ વ્રત ન પાળનાર અસત્પુરુષ છે. અને એ વ્રતના આચારકાળે એ પુરુષોના જીવ કેવા રહે છે? તો કહેનાર કહે છે કે

' *अङ्गीकृतं सुकृतिन: परिपालयन्ति।। -*'

અંગીકૃત વસ્તુનું સજ્જનો પરિપાલન કરે છે અને એમ કરનારા સુકૃતી એટલે કૃતકૃત્ય — ભાગ્યશાળી — હોય છે અને મનમાં પણ તેમ જ પોતાને સમજે છે. જે સિંહાસન ઉપર આપ બેસો છો તે સ્થાન સત્પુરુષોને માટે જ છે અને તે સ્થાન ઉપર બેસવાનો અધિકાર મહાભાગ્યનું ફળ, તેમજ એથી અધિક મહાભાગ્યનું બીજ છે તે મારા કરતાં આપ વધારે જાણો છો.

'મહારાજ, નિર્વાહકાળે વિચારકાળના કરેલા વિચાર પૂરા સ્મરણમાં આવતા નથી, આચારકાળની મૂકેલી તીવ્રતા કાર્યમાં સ્ફુરતી નથી, અને જ વિઘ્નોના વિચાર આપે પૂર્વે સંપૂર્ણ રીતે કરીને જ પ્રારંભનો આદર કરેલો છે તે વિઘ્નોની તાત્કાલિક મુદ્રા આપના મનને સંકોચ પમાડે છે તે કેવળ મોહને લીધે છે. તે મોહથી વિઘ્નનો નિર્વાહ થવામાં ક્લેશ થાય એ આપના કેવળ યુદ્ધાનુભવી સામંતમાં તો યોગ્ય છે. પણ યુદ્ધદશા તો માત્ર આચારકાળનું એક પગથિયું છે અને કેવળ — યોદ્ધાઓનું કર્તવ્ય જે ક્ષણે સંપૂર્ણ થાય છે તે જ ક્ષણે રાજાઓની રાજનીતિના પ્રવાહ આરંભાય છે અને તે પ્રવાહમાં તરવાની મલ્લકળા તો માત્ર મલ્લરાજ જેવા રાજાઓને જ વરે છે. તો મહારાજ! આ નિર્વાહકાળમાં એ રાજનીતિની મલ્લકળા કેટલી સબળ કરવી તે હું રંક જન્મના બ્રાહ્મણ કરતાં આપનો સૂર્યવંશી પ્રાચીન રાજકુળાચાર આપને વધારે સમર્થ રીતે શીખવશે. મહારાજ, આપનું રાજબુદ્ધિવીર્ય આપને આમાં નિ:સંશય કંઈક અપૂર્વ ફળસંતતિ આપશે — એવી મારા મનને પૂર્ણ શ્રદ્ધા છે. મહારાજ, હું તો આ રાજનીતિમાં આપનો

સારથિ છું — મહારથી તો આપ છો અને આપના દિગ્દર્શન પ્રમાણે રથ ચલાવવા તત્પર છું.'

મલ્લરાજ — 'ત્યારે આપણે અંગ્રેજ સાથે નિર્વાહ કરવો એટલો અભિપ્રાય તેં આપ્યો અને નિર્વાહ કેવી રીતે કરવો તે વિચારવાનું કામ મારા પર નાંખ્યું.'

જરાશંકર — 'મહારાજ, યથાર્થ કહો છો. આપનો અભિપ્રાય શો તે કહેવાનો વારો હવે આવ્યો.'

મલ્લરાજ હસીને બોલ્યો: 'પ્રધાન લુચ્ચો દેખાય છે. આટલું લાંબું લાંબું બોલી શું કરવું તે કહેવાનો ભાર આખરે મારે માથે જ રહેવા દીધો — ફરી અભિપ્રાય આપતાં સામંતની બીક લાગતી હશે!'

જરાશંકર — 'મહારાજ, બીક હશે તોયે બ્રાહ્મણ છું. બાકી આપના જેવા છત્ર નીચે રહી એવા તાપનો ડર હોય તો તો એવા ડરકણ પ્રધાનને આપની સેવામાં રાખવો યોગ્ય નથી જાણી એને સેવામાં રાખતા હો તો આપનો ધર્મ આપ બજાવતા નથી એટલું કહેવા જેટલી છાતી ચલવું એટલો વિશ્વાસ તો મને આપનો છે.'

મલ્લરાજ ખડખડ હસી તકિયા ઉપર માથું નાખી પડ્યો ને ફરી ફરી હસ્યો.

'અસત્ય ભાષણનો ત્યાગ કરી, અપૂર્ણ સત્ય બોલતાં તને આવડ્યું. હવે સામંતને ખોઈ તને ખોવાની મૂર્ખતા મારે માથે બાકી રહી.'

જરાશંકર હસ્યો. 'મહારાજ, આ અંગ્રેજી રાજ્યનો નિર્વાહ કરવો એટલું સિદ્ધ છે તો તેના વકીલની બાબતમાં પણ નિર્વાહ કરવો એ રસોઈ કરવા સળગાવેલો તાપ વેઠવાને ચૂલેથી કેટલે છેટે બેસવું એના વિચાર કરવા જેવું છે.'

મલ્લરાજ — 'શી રીતનો?'

જરાશંકર — 'એ તાપ મુંબઈ નગરી જટલે છેટે લાગવા દેવો કે લીલાપુરમાં પણ લાગવા દેવો.'

મલ્લરાજ — 'મુંબઈમાં તો છે જ.'

જરાશંકર — 'હા, પણ એટલે છેટે પડેલા ચૂલામાં રંધાતા ચોખા કાચા રહે છે કે બફાય છે કે બળી જાય છે એ જોવા જેટલી લાંબી દૃષ્ટિ પડે એમ નથી અને લીલાપુરમાં તો બધું જોવાશે.'

મલ્લરાજ સાંભળવા આતુર બની ટટ્ટાર થઈ બેઠો. 'પણ લીલાપુર જેટલો પાસે તાપ લાગશે તો તેના તણખા ઊડશે, રાખ ઊડશે, ધુમાડો ઠેઠ

આપણી આંખોમાં આવશે, ને વળી તાપ ઠેઠ સરસો વેઠવો પડશે તે? એટલું નુકસાન વધારે કે પાસે રહી ચોખા ચાંપી જોવાનું ફળ વધારે?'

જરાશંકર — 'મહારાજ રાજનીતિના જાણનાર છો. સુભાજીરાવને કાઢી મૂકતા પહેલાં જ અંગ્રેજની સાથે બુદ્ધિબળ રમવાની કળાને શોધવા આપે જ ધારેલું છે; અને બુદ્ધિબળને અંગે આપણી અને સામાની ઉભયની બાજી જાણી લેવી એ સાધન સાધવાને અર્થે સર્વ સંતાપ અને ક્લેશ વેઠવા એ પણ એક સાધન છે.'

મલ્લરાજના મનનો મોટો વળ ઊકલ્યો. તોપણ કંઈક બાકી રહ્યું. 'જરાશંકર, એ તો ખરું. પણ સામાને જાણતાં આપણે પણ જણાઈ જઈશું તો?'

જરાશંકર — 'મહારાજ, એ ભીતિ તો વૃથા છે. નાગરાજ મહારાજે કરેલા યુદ્ધને અંતે જ આપણે જણાઈ ગયા છીએ. હવે અંગ્રેજ આપણને વધારે ઓળખવા પ્રયત્ન કરશે તે આપણાથી અટકાવાય એમ નથી. આપણે શરીરે પહેરેલાં વસ્ત્રમાત્ર ઉઘાડી ઉઘાડીને જોશે, અને એમ કરવા બળ કરતાં કળ વધારે વાપરશે.'

મલ્લરાજ — 'ત્યારે — આવ કુહાડા પગ ઉપર — એવું આપણે જાતે જ કરવાનું કારણ છે? ચાહીને પાસે બોલાવવાનું કારણ શું?'

જરાશંકર — 'જે રાજ્યો અને રાજાઓનાં અંગ અનેક અંતર્વ્યાધીથી નિર્માલ્ય થઈ ગયાં છે ત્યાં તો અંગ્રેજ પાસે આવ્યાથી કેવળ ભય જ છે. આપણી ચારેપાસ જ્યાં જોઈએ ત્યાં છિદ્ર વિનાનાં રાજ્ય નથી અને છિદ્રોમાં નખ ઘાલી ઘાલી અંદરનું લોહી અંગ્રેજો રીંછ પેઠે પીશે અને એ લોહીને ઠેકાણે એ રીંછની ઝેરી લાળ લીંપાશે તો તેમાં કંઈ અસંભવ કે અયોગ્યતા મને તો નથી લાગતી. મહારાજ, જે રાજાના રાજ્યમાં પ્રજાનું રક્ષણ ન થતાં ભક્ષણ થાય છે, જ રાજા પ્રજાના કલ્યાણના વિચાર અને આચારમાં દિવસની સાઠ ઘડી ગાળતા નથી અથવા સાઠને ઠેકાણે અઠ્ઠાવન ઘડી ગાળી એમ બે ઘડી જેટલો કાળ પણ પ્રજાને ત્યજી બીજા વિષયને સમર્પે છે તે રાજાના રાજ્યમાં અવકાશ પામતી દુર્વાસનાને માથે ઈશ્વર કોઈ શત્રુ ઊભો કરે તો તેમાં અયોગ્ય શું આવી ગયું? મહારાજ, પ્રજાને શિક્ષા કરે રાજા અને રાજાને શિક્ષા કરે ઈશ્વર.'

જરાશંકર જરીક અટક્યો અને પાછો બોલ્યો: 'મહારાજ, જ રાજ્યમાં છિદ્રો હશે તેમાં અંગ્રેજોનો સહવાસ ભયંકર નીવડશે કે નહીં એ કહેવાતું નથી, અને નીવડશે તો મને કંઈ અયોગ્ય લાગતું નથી. પણ ત્યાં તે અયોગ્ય હશે તોપણ રત્નનગરીના ધર્મિષ્ઠ મહારાજને તો આમાંથી કંઈ ભય મને દેખાતું નથી. મહારાજ, આપનો અને આપના રાજ્યનો જેને જેને જેમ જેમ પ્રસંગ પડશે તેમ તેમ આપની સુવાસના અને આપની સુંદરતા અધિકાધિક દીસી આવશે. મહારાજ, આપને કોઈ સુખડની પેઠે વધારે

વધારે ઘસશે તેમ આપ વધારે સુગંધ આપશો અને વધારે તપાવશે તેમ તેમ કાંચન પેઠે વધારે સુંદર દેખાશો — કહ્યું છે કે:

‘ घृष्टं घृष्टं पुनरपि पुनश्चन्दनं चारुगन्धम्

तप्तं तप्तं पुनरपि पुन: का’ञ्चनं कान्तवर्णम्।

छिन्नं छिन्नं पुनरपि पुन: स्वादु चैवेक्षुदण्डम्

न प्राणान्ते प्रकृतिविकृतिर्जायते ह्युत्तमानाम्।।

મહારાજ, અંગ્રેજી તો શું — પણ આખું જગત જખ મારે છે. રત્નનગરીનાં પુરુષરત્ન જેને જોવાં હોય તેટલાં જોઈ લે. એ કોઈના દૃષ્ટિપાતથી ડરે એમ નથી. એ રત્નને કોઈ માત્ર જોવા ઇચ્છે તેટલાથી જ તેને કંઈ ભય નથી. અંગ્રેજ રાજપુરુષોને આપણા પુરુષરત્નોના ભંડાર જોવા હોય એટલા જુએ — એમાં કાંઈ હાનિ નથી. બાકી એ પરદેશીઓ આપણા રાજ્યની બહાર પડોશમાં લીલાપુર આવી રહેશે તો મને તો તેમના તંત્ર જાણવાનો, તેમની કળાઓ જોવાનો અને એવો એવો આપણે એક કાળે ઇચ્છેલો લાભ જ આપણને શોધતો આવતો દેખાય છે. મહારાજ, આ નિર્વાહકાળમાં મને તો આ વિચાર ઉત્તમ લાગે છે.’

મલ્લરાજ આનંદમાં આવી એકદમ ઊભો થયો; જરાશંકર ઊભો થયો. રાજા પ્રધાનનો વાંસો થાબડી ઉમંગથી બોલ્યો: ‘બસ, જરાશંકર — બસ. મલ્લરાજનો સંશય ટળી ગયો — રત્નનગરીનાં રત્ન નિર્ભય છે. જા વિદ્યાચતુર પાસે ઉત્તર લખાવ કે એ સુગ્રીવજીનો વંશ તે સીતાજીનો માનીતો, ને સીતાજીનાં જ બાળક એ વંશને છેટે કેમ રાખી શકશે? માટે તેમને જ ઝાડે બેસવું હોય ત્યાં આવી બેસે ને મરજી પડે એટલું કૂદે. એ વાનરો બહુ કરશે તો મૂઠી ચણા બગાડશે — બાકી રત્નનગરીના રત્ન એમનાથી ચવાય કે ભંગાય એમ નથી — એ રત્ન ખાવા જશે તો એમના દાંત પડશે. જરાશંકર, મથુરાનગરીના વાનરો ચણાના લોભી — આપણે એમને પહોંચી વળીશું અને ઘરનાં થોડાં નળિયાં ભાંગશે તો ગામમાં માટીની ખોટ નથી.’

જરાશંકર ઘેર ગયો. રાજા અંત:પુરમાં ગયો. જતાં જતાં તેને સામંત સાંભર્યો અને તેની સાથે હૃદયમાં ઊંડો નિ:શ્વાસ પડ્યો. નાનપણનો સાથી, યુદ્ધકાળનો સખા અને મણિરાજ પછી ગાદીનો વારસ — એ સામંતનો વિયોગ મલ્લરાજને અસહ્ય લાગ્યો અને માર્ગમાં ને માર્ગમાં જ તેનાં નેત્રમાંથી અશ્રુ વહેવા લાગ્યાં. પોતે જાણી જોઈને જાતે જ આ દુ:ખનું કારણ થયો છે, પોતાના મિત્રને પોતે જ ઘા કર્યો છે — એ વિચારતાં મલ્લરાજનું હૃદય છેક કોમળ થઈ ગયું અને તે પોતાની નિન્દાનાં વાક્ય બબડવા લાગ્યો:

'ધિક્કાર છે આ રાજ્યાસનને કે જેને લીધે મિત્રના ઉપર ઘા કરવાનો પ્રસંગ આવ્યો. અરેરે, મિત્રનો ત્યાગ કરવાને ઠેકાણે રાજ્યાસનનો જ ત્યાગ કર્યો હોત શું ખોટું હતું?'

'સામંત — સામંત — મારા બાળપણના સ્નેહી! તેં મારું હિત વિચારી ક્રોધ આણ્યો તેનો બદલો મેં આમ વાળ્યો — જે મનુષ્યની પ્રીતિ ઉપર વિશ્વાસ રખાતો નથી તે દુષ્ટ છે — રાજાઓની પ્રીતિનો વિશ્વાસ જગત કરતું નથી તે બરોબર છે. રાજાઓની જાતિ જ દુષ્ટ છે. રાજ્યને અંતે નરક લખ્યાં છે તેમાંનું એક તો હું આ અનુભવું છું. અહો પરમાત્મા! તારી ગતિ ન્યારી છે.'

આમ વિચાર કરતો રાજા અંત:પુરમાં ગયો. રાણીએ તેનું ગ્લાન મુખ દીઠું અને તેનો સ્વભાવની પરીક્ષક સ્ત્રી ગ્લાનિનું કારણ પણ ચેતી ગઈ. સામંતના સમાચાર અંત:પુરમાં ફરી વળ્યા હતા અને રાજાએ કરેલી શિક્ષા સર્વને મુખે નિર્દય કહેવાઈ — રાજાનો ન્યાય પંચે કર્યો અને સામંત જેવા પ્રતાપી સપક્ષ મિત્રને શત્રુ કરવામાં રાજાએ સાન કરતાં કાન વાપર્યાનો નિર્ણય થઈ ગયો. મલ્લરાજને માથે આવો આરોપ આજ પ્રથમ જ આવ્યો. રાજાની બુદ્ધિ બદલાઈ તેની સાથે કાળ બદલાયો એમ સર્વ કહેવા લાગ્યાં. અંત:પુરમાં જતાં જતાં મળેલાં સર્વ માણસનાં પરભાર્યા બની ગયેલાં મુખ ઉપરથી જ રાજા સર્વની આ બદલાયેલી વૃત્તિ કળી ગયો અને એના બળતા ચિત્તમાં ઘી હોમાયું. તોપણ રાજાનો પ્રતાપ એવો હતો કે કોઈથી એની પાસે કે માંહોમાંહી પણ ઊંચે સ્વરે આ વાત વિષે ઓઠ ફફડાવી શકાય નહીં. યમરાજના ઘાથી શૂન્ય થયો હોય એમ આખો રાજમહેલ લાગ્યો. સર્વના મતમાં ભળેલી રાણીની પણ આ વાતમાં જીભ ઊપડે એમ ન હતું — રાજનીતિના પ્રસંગમાં અંત:પુરનાં કોઈ પણ માણસને તેણે ઓઠ ઉઘાડવાનો અધિકાર આપ્યો ન હતો, અને એની આજ્ઞાનો ભંગ કરવો એનું પરિણામ અતિશય ભયંકર હતું તેનો અનુભવ સામંતના દૃષ્ટાંતથી સર્વને પ્રત્યક્ષ થયો હતો. છતાં યમરાજની સાથે અંતકાળે વાતો કરવા બેઠેલા રામચંદ્રનું હિત ઇચ્છી, પોતાનું અહિત અવગણી, લક્ષ્મણે દુર્વાસાને ભાઈ પાસે જવા દીધા હતા અને રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું હતું તે દૃષ્ટાંત લક્ષમાં લઈ રાણીએ રાજા પાસે પોતાનું ઇંગિત સ્પષ્ટ કરવા છાતી ચલાવી, અને તેમ કરવામાં રાજાના ચિત્તની ગ્લાનિ દૂર કરી વિનોદ આપવાનો માર્ગ લેવાનો — એક સાધનથી બે કાર્ય સાધવાનો — પ્રયાસ આરંભ્યો.

બન્ધુસ્નેહને રાજધર્મના ભાર નીચે દાબી દેવાના પ્રયાસ અને ક્લેશથી થાકેલો મલ્લરાજ મસ્તિષ્કમાંથી સર્વ ભાર ફેંકી દઈ રાણીના અંકસ્થળમાં માથું મૂકી પલંગમાં સૂતો, દીવાની ઝીણી કરી દીધેલી જ્યોત તેની આંખોનો ક્લેશ દૂર રાખી માત્ર પ્રકાશ જ આપવા લાગી, ઉઘાડી બારીમાંથી પશ્ચિમ સમુદ્રની ભરતીની પ્રેરેલી પવનની લહેરો રાજાના શરીરને નિદ્રોન્મુખ કરવા

લાગી, બહારનાં ઝાડોનાં પાંદડાંનો ખડખડાટ કર્ણેન્દ્રિયને એકસ્વરમાં લીન કરવા લાગ્યો, અને રાજાની ચિત્તશય્યામાં આળોટતી ચિંતાઓએ ખોઈ દીધેલી પદભ્રષ્ટ નિદ્રાદેવીને પ્રયાણ આરંભવા આનન્દયોગનું મુહૂર્ત સાધવાના ઉલ્લાસથી સ્વામીના શરીર પર કરતલ ફેરવતી મેનારાણી જોડી રાખેલું ગેય ધીરે ધીમે ગાવા લાગી:

‘મેના રટે પ્રભુ આજ! મહારાજા! રંક મેના રટે તમ પાસ! - ધ્રુવ.

શૂર પુરુષ તે હાથ ધરે જે નહિ એકલી તરવાર; મહારાજા!

શૂર પુરુષ તે હૃદય ધરે જે નહીં કેવળ અંગાર, મહારાજા!

x શંખ ધરે રિપુ-હૃદય-વિદારણ જ ત્રિભુવનનો નાશ, મહારાજા!

X ભક્ત હૃદયના સાંત્વન કાજે પદ્મ ધરે તે હાથ. મહારાજા!

લાત ખમી હરિભૃગુની હૃદયમાં સિદ્ધ થયો ક્ષમાનાથ, મહારાજા!

અવનિ વસી અવતાર ધર્યા ને’ વેઠ્યા યુગવ્યવહાર. મહારાજા!

મેના જેવી અબળા નારી તે પણ પાળે કાળ, મહારાજા!

દેવા મણિ પ્રભુકરમાં એણે તપ તપ્યું છે નવ માસ; મહારાજા!

એ હરિકેરા ભક્ત તમે છો — એ મેનાના નાથ:.- મહારાજા!

તેજસ્વી છો તેને ક્ષમાનો કોણ દીવો ધરનાર? મહારાજા! ’

આ વાક્યે રાજાને નિદ્રાસ્ખલિત કર્યો. તેણે પાસું ફેરવ્યું. રાણીનું ગાયન વધ્યું:

‘સામંતશિરના મુકુટમણિથી પદપાવડી સોહાય, મહારાજા! ’

રાજાએ આંખો ઉઘાડી — જાગ્રત થયો. રાજા રાણીનું મુખ જોવા લાગ્યો.

'એ મણિધર પર ભાર ક્ષમાનો અચળ ટકાવો ક્ષમાનાથ! મહારાજ!'

રાજા ચમક્યો — રાણીના ખોળામાંથી માથું લઈ લીધું — બેઠો થયો. એનાં નેત્ર — આકાશમાં ધૂમકેતુ ઉદય પામ્યો. રાજાનો ચિત્તવિકાર ચતુર લલના ચેતી ગઈ અને જાતે ચડાવેલા વિષનો ઉતાર જાતે આરંભ્યો.

'અબળા જાતિ નથી અધિકારી સિંહાસનની પાસ,
મહારાજા!'

કોમળ રસની હું અધિકારી, કોમળ જાચું પ્રભાવ!
મહારાજા.!'

ગાનયોગ્ય હાવભાવનું નાટ્ય કરતાં રાજા સામા હાથ જોડતી — રાજાના વિશાળ મેઘ જેવા વક્ષ:સ્થળમાં મુખચંદ્ર છુપાવવા લાગી -

'હાથ જોડી, કરી ઉર ઉઘાડું, વનિતા માગે આજ,

મહારાજા!'

રાજા રાણીનું મુખ ઊંચું કરી તેમાંથી હવે શું વાક્ય નીકળે છે તે સન્મુખ દૃષ્ટિ કરી સાંભળવા — જોવા — લાગ્યો. રાણીની વાગ્ધારા અસ્ખલિત ચાલતી રહી:

'શાસ્ત્રવિશારદ પિયુ! દેજો જી શૂર ધીર રસિક શૃંગાર, મહારાજા!'

યુદ્ધવિશારદ પિયુ! સહેજો જી, રાખી ક્ષમા, રસબાણ, મહારાજા!

રાજાના વિચાર પોતાના અંગમાં આકર્ષતી લીન કરતી અંગના પોતે હરાવી દીધેલી સેના નાસતી નાસતી સ્વસ્થ થવા પામી બળવતી થવા પામે અને તેને જીતવા પોતાને ફરી પ્રયાસ કરવાનો પ્રસંગ આવે તે પહેલાં સમયગ્રાહિણી રતિશૂરી બળવાન ઘસારો કરવા લાગી:

'મહારાજા! શૂરી મેના કરે રસઘાવ!

મહારાજા! જોજો! રંગીલી કરું છું પ્રહાર!

ચતુર વીર! સજ્જ થજે સાવધાન!

કારમો છે કામિની કેરો ચડાવ!

મહારાજા! શૂરી મેનાનો જોજો જી હાથ!

રંગીલા, ઝીલજે, રસરંગની ધાર!'

‘ધાર’ શબ્દનો ઉચ્ચાર નીકળતા પહેલાં રાણીનું શરીર રાજાના શરીર પર પ્રહાર કરી પડ્યું. રાજા એકદમ સુકુમાર શરીરને નિર્માલ્યવત્ વિષવત્ ગણી તરછોડી ઊભો થયો, રાણીને પડતી મૂકી રંગભવનના દ્વાર બહાર જતો રહ્યો, અને જતાં જતાં રાણીના સામું ક્રોધકટાક્ષ ફેંકી છેલ્લા બોલ બોલતો ગયો — ‘સામંતને શિક્ષા કરનાર રાજા સામંતનો પક્ષ કરનારીને પણ શિક્ષા કરી શકશે. રાણી! અધિકાર વિનાનું કામ કરવાની યોજના કરી મારી આજ્ઞાનો ભંગ કર્યો — રાજદંડને યોગ્ય માનવી પાસે રાજા સંબંધ ભૂલી જાય છે. રાણી! સામંતનો ત્યાગ કર્યો તો તારો કરવો એ વિધાતાનો વિશેષ લેખ!’

રાજા દ્વારા બહાર દૃશ્ય થયો. અંધકારમાં લીન થયો. રાણી ઊભી થઈ પાછળ ચાલી. રાજા પોતાની કે કોઈની સાથે વાત કરતો સંભળાયો. રાણી અંધકારમાં ઊભી ઊભી ગાવા લાગી.

‘રસિયા! રોષ તજો જી! *

તુમ મધૂકર, અમ કેતકી, ભલો બન્યો સંજોગ!

કંટકદોષ વિચારીએ તો તો કૈસે બને રસભોગ?

ઓ રસિયા! રોષ તજો જી!’

ઉત્તર ન મળ્યો. રાણી દીયો લઈ આવી ચોકમાં રાજાને શોધતી ચાલી અને રાજાને પકડી પાડતી બોલી:

‘મારું રમકડું રિસાયું રે ઓ વ્હાલા! +

પકડાયેલો રાજા બોલ્યો: ‘રાણી! વિચાર કરતાં તારું કહેવું એવું સમજાય છે કે સામંત મણિધરની પેઠે મણિ અને વિષ ઉભય ધરનારો છે માટે ક્ષમા રાખવી. રાજનીતિમાં સ્ત્રીવર્ગને હું અધિકાર આપતો નથી — માટે તને શી શિક્ષા કરું?’

રાણી પગે પડી, રાજાના જમણા પગને આલિંગન દઈ બોલી: ‘મહારાજા! મેં રાજનીતિમાં ચાંચ બોળી નથી — આપના રાજ્યમાં હું અબળા પ્રબળા બની આપને લાંછન લગાડવા અભિલાષ રાખતી નથી. એ અભિલાષ બીજી સ્ત્રીઓને સોંપ્યો — મેના તો આપની પ્રજા છે અને આપનો આપેલો અધિકાર લે છે.’

રાજા — ‘તે શો?’

રાણી — ‘કોઈ સર્પ આપને દંશ દે એવે સ્થળે આપ સંચાર કરો ત્યારે વચનથી અને અગત્ય પડે તો વચ્ચે પડી આપને ખેંચીને પણ આપને વિષદંશમાંથી ઉગારવા એ અધિકાર આપના આયુષ્યની સૌભાગ્યવતીને વિવાહના સમયથી જ મળેલો છે.’

રાજા — 'શું સામંત મને દંશ દે એમ છે?'

રાણી 'સામંત તો દે એમ નથી. પણ આપના ભાયાતો એ સામંતના દાંત છે ને એ દાંતમાં વિષ છે — મહારાજ, આપના ભાયાતો આપના પ્રધાન ઉપર અને આપના ઉપર ક્રોધે ભરાયા છે. સામંતને ક્ષમા કરશો તો આ વિષ શાંત થશે અને એ વિષવાળા નાગના શિર ઉપર ધરતીનો ભાર રાખશો તો ટકશે એ આપની જાતને ઉગારી લેવાનો એક માર્ગ છે.'

રાજા — 'આ રાણી! તારો અભિપ્રાય જાણ્યો. એ અભિપ્રાયથી મારી આજ્ઞાનો ભંગ કર્યો નહીં કર્યો થાય. પણ તને શિક્ષા થોડીક કરું છું. તે એ કે આજની રાત્રિ મારો વિયોગ વેઠવો અને ફરીથી રાજ્યપ્રસંગના વિષયમાં ઉચ્ચાર પણ ન કરવો એટલી ફરી આજ્ઞા આપું છું.'

રાણી રાજાનો પગ મૂકી ઊઠી. તેની આંખમાં પાણી ભરાઈ આવ્યું. 'મહારાજ — આપના વચનમાં ન્યાય છે અને આપની આજ્ઞામાં દંડ અને ક્ષમા ઉભય છે — એ આજ્ઞાનો ભંગ કરવા મુજ રંકનું ગજું નથી. મહારાજ, હું આપની રૈયત છું. આપ રંગભવનમાં પધારી શૈયા કરો — હું આજની રાત આ ચોકમાં દેશવટો ભોગવીશ.'

રાજા પલંગમાં સૂતો. રાણી ચોકમાં સૂતી. પ્રીતિની સત્તાના કાંટામાં સૂતેલો રાજા આખી રાત ઊંઘી શક્યો નહીં. તેમ રાજ્યાસનનો અધિકાર પ્રિયજનને કરેલી શિક્ષાના વિષયમાં પશ્ચાત્તાપ કે ઉદ્વેગ પામી શક્યો નહીં. સામંત જેવા મિત્રને અને મેના જેવી રાણીને શિક્ષા કરનાર રાજાના મસ્તિષ્કની અવસ્થાનું ચિત્ર આપવા તો શ્રીકંઠ ભવભૂતિ જેવાનો શક્તિપાત જ સમર્થ થાય.

હૃદયમાં વજ્ર અને નેત્રમાં પાણી રાખનાર રાજાની અવસ્થા કેવી દુસ્કર છે? ભવભૂતિ કહે છે કે -,

' इदं राज्यं पाल्यं विधिवंदभियुक्तेन मनसा

प्रियाशोको जीवं कुसुममिव धर्म: क्लमयति।।

स्वयं कृत्वा त्यागं विलपनविनोदोष्यसुलभस्

तदाद्याप्युछ्वासो भवति ननु लाभो हि रुदितम्।।'

---

* પ્રાચીન શ્લોક

x આ કડી અન્ય સ્થળથી જડેલી છે.

* દયારામ.

+ પ્રેમાનંદ

૧૨. નવાં પ્રકરણ અને નવાં ઇતિહાસ

'But no! the imperial theorist Will live and die a martyr to his theory .'

Merivale on Aurelius .

પરરાજ્યનો પ્રથમ ધક્કો વાગ્યો તેની અસર મલ્લરાજના સર્વ તંત્રમાં લાગી ગઈ. એના ભાયાતો, તેની સેના, એનો મિત્ર, એનું અંત:પુર, એનો સ્નેહ: સર્વસ્થળમાં છિન્નભિન્નતા થઈ ગયા જેવું થયું. પોતાનાં સર્વ સગાંવહાલાં પરાયાં થઈ ગયાં જણાયાં. અભિપ્રાયના ભેદને અંતે પ્રીતિમાં ભેદ પડ્યો. અંગ્રેજનો સંબંધ સ્વીકારતાં ક્ષત્રિય બંધુઓ નકામા થઈ ગયા, તેની લાગણી તેમને સ્વાભાવિક રીતે થઈ અને સામંતને કરેલી શિક્ષાથી ભાયાતો અત્યંત તપી ગયા. મલ્લરાજ એકલો પડ્યો. એના કાનનો મંત્રી પ્રધાન સર્વને મન શત્રુ થયો. 'ખટપટ' — અંતર્ભેદ-નાં મૂલ ઊંડાં રોપાયાં. રાજ્યમાં સર્વનો પરસ્પર વિશ્વાસ અચલ હતો. તે સંસારના નિયમોને અનુસરી પાણીના રેલા પેઠે સરી ગયો. પલંગમાં એકલો સૂતો સૂતો મલ્લરાજ આ ચિત્રનું પ્રત્યક્ષ દર્શન અનુભવવા લાગ્યો — તે છેક રાત્રિને પાછલે પ્રહરે નિદ્રાનો પ્રથમ સંચાર અનુભવતા બોલી ઊઠ્યો:

' एकोऽहमसहायोऽहमेकाकी विजने वने।

इत्येवंविद्या चिन्ता मृगेन्द्रस्य न जायते।। ' [१]

રાજાના મનની ભોમિયણ રાણીએ, આજ્ઞાનો ભંગ ન ગણી બારીમાં છાની દૃષ્ટિ કરી, રાજાને જોઈ લીધો. તેને નિદ્રાવસ્થ જોઈ પોતે પોતાને કૃતકૃત્ય સમજતી ચોકમાં પૃથ્વી પર ગાઢ નિદ્રાને વશ થઈ.

આ પ્રસંગ પછી એક વર્ષ વીતી ગયું. રત્નનગરીની પડોશમાં વીરપુરનો વૃદ્ધ રાણો ગુજરી ગયો અને તેની ગાદી ઉપર તેનો યુવાન પુત્ર ખાચર બેઠો. ખાચરના પિતાને મલ્લરાજ સાથે મિત્રતા હતી, અને ઉભયના સામાન્ય શત્રુઓ સામે ટક્કર ઝીલવામાં રત્નનગરી અને વીરપુરનાં રાજ્ય ભેગાં રહેતાં. આ પ્રસંગોમાં રત્નનગરીના રાજાએ પોતાનું સંસ્થાન સુસંબદ્ધ સમીપ અને સુઘટિત રાખવામાં અને દૂરના પ્રદેશો ઉપર લોભ ન રાખવામાં સંતોષ માનતા અને પોતાના ભાયાતો તથા ગરાસિયા દૂર દેશમાં પરાક્રમ દર્શાવી જુદા ગરાસ મેળવવા પ્રયત્ન કરે તેમને સાહાય્ય આપતા અને તેમની વૃત્તિઓને બહિર્મુખ કરવામાં સાધનભૂત થતા; ત્યારે વીરપુરના રાજાઓ પોતાના રાજ્યને ભાયાતોની તૃષ્ણાને વશ રહેવા દઈ દૂરના પ્રદેશો ઉપર જાતે ફાળ ભરવામાં આનંદ માનતા. અંગ્રેજી રાજ્યનો હાથ આ તૃષ્ણાનાં સાધનભૂત યુદ્ધોની આડે આવ્યો અને તૃષ્ણા શમી નહીં. ભાયાતોનો ઉન્માદ શત્રુઓનાં શિર ઉપરથી અસ્ત થઈ રાજ્યની ગાદી આગળ ઉદય પામવા લાગ્યો. આ સર્વનું ફળ એ થયું કે પૃથ્વીની તૃષ્ણાથી કૂદી રહેલા યુવાન અને

ઉત્કટ ખાચરે આજ સુધી બન્ધુજન પેઠે રહેલાં પાડોશનાં રાજ્યોની પૃથ્વી વગરયુદ્ધે પચાવી પાડવાનો માર્ગ શોધ્યો અને તેમ કરવામાં પોતાને કનડતો ભાયાતોને સાધનભૂત કરી પોતાને ખાવા આવતાં કૂતરાનાં ટોળાં પાડોશીઓ ઉપર છોડ્યાં. વીરપુરના ગરાસિયા લોક પોતાના રાજાને નામે ચારે પાસની જમીન પચાવી પાડવા લાગ્યા. ને તેમના તથા તેમના રાજા ખાચર સામે નવા પોલિટિકલ એજન્ટની મૂર્ખતાનો અથવા ધનવાસનાનો લાભ લઈ એજન્ટના આપેલા ન્યાય દ્વારા, પારકી પૃથ્વી કમાવા ખાચરે પાડોશીઓ સામા દાવા કરવા કરાવવા માંડ્યા. આ ચેપ બીજાં રાજ્યોમાં પણ પેઠો. રાજાઓમાં શાંતિ રાખવાના અને તેમના પંચનો અધિકાર ધારણ કરવાના અભિલાષી પોલિટિકલ એજન્ટનો અભિલાષ સિદ્ધ થયો અને લડવા પડેલી બિલાડીઓની ભાખરીઓ તેમનાથી વધારે બુદ્ધિમાન અને બળવાન વાનરના હાથમાંની તુલામાં પડવા માંડી. આ કાળપરિવર્તનનું નાટક મલ્લરાજ દૂરથી જોયા કરતો હતો અને ખિન્ન થતો હતો એટલામાં એ કાળચક્રનો ઘોષ એના કાનમાં પણ આવવા લાગ્યો — એના રાજ્ય પર એ ચક્ર ફરતાં લાગ્યાં. પોતાના સ્વરાજ્યમાં અંત:પુર સુધી સળગેલી આગ હોલવી રહ્યા પછી ઘણો કાળ થયો નહીં એટલામાં પરાજ્યોમાં લાગેલી આગના ભડકા આકાશમાં દેખાવા લાગ્યા અને તેના તણખા પોતાના છાપરા ઉપર પડવા લાગ્યા. જૂની મિત્રતા ભૂલી જઈ ખાચરે એક પાસથી રત્નનગરીના રાજ્ય સાથે સીમાડાની તકરાર ઉઠાવી અને બીજી પાસથી ખાચરના ગરાસિયા રત્નનગરીના રાજ્યની એક પાસની જમીન ખેડાવવા લાગ્યા એજન્ટે મલ્લરાજ ઉપર પત્ર લખી ખાચરે ઉપાડેલી તકરારનો ઉત્તર માગ્યો. એક પાસથી આ ઉત્તર માગવાનો અધિકાર મલ્લરાજ સ્વીકાર્યો નહીં અને તે વિષયનું લેખયુદ્ધ ચાલ્યું; અને બીજી પાસથી તેણે જરાશંકરને અને સામંતના ઊગતા પુત્ર મુળુભાને બોલાવી રાજા-પ્રધાન વચ્ચે સિદ્ધ કરેલી આજ્ઞા આપી.

‘જરાશંકર, રાજાઓના પંચ થનારે પંચનો ઢોંગ માંડ્યો અને મૂર્ખ રાજાઓ એકબીજાનાં ગળાં કાપી પંચના હાથમાં મૂકશે. શસ્ત્રયુદ્ધના યુગમાં પણ ધરતીનો લોભ ન કરનાર રાજાએ લોભમાં પડી વૈશ્યયુદ્ધ કરે એ કાંઈ બને એવી વાત નથી. શસ્ત્રયુદ્ધના કાળમાં ભાયાતો અને યોદ્ધાઓનો સ્વાર્થ એવો હતો કે રાજાઓ ધરતીના ભૂખ્યા રહે અને ઘડી ઘડી યુદ્ધના પ્રસંગો શોધી એ યોદ્ધાઓની ધરતીની તૃષ્ણા ભાંગે. આ વૈશ્યયુદ્ધના કાળમાં પ્રધાન સહિત મુત્સદ્દી વર્ગનો એવી સ્વાર્થ છે કે રાજાઓ ધરતીના ભૂખ્યા રહે અને ઘડી ઘડી લેખયુદ્ધના પ્રસંગ શોધી લેખકવર્ગની ભૂખ ભાંગે. જરાશંકર, ભૂતકાળમાં આપણા પુરુષરત્નને જેમ લોભનાં કલંક લાગ્યાં નથી તેમ આ વર્તમાન કાળમાં એ કલંક વગરનાં શુદ્ધ રત્નોનો આપણી પાસે સંગ્રહ છે અને તારો રાજાએ લોભકલંકવાળા ચળકતા પથરાને નિર્ભળ રત્નોને સાટે સંગ્રહતો નથી. ધરતી અને ધન જેવા જડ પદાર્થો કરતાં રત્નનગરીના જનરાજ્યનું બળ મારા વંશને પરાપૂર્વથી પ્રિય રહેલું છે. માટે જરાશંકર,

જુવાન ખાચરને લાગેલો ચેપી રોગ આ દેશમાં આવી ન જાય તેને માટે ધરતી અને ધનનો તું ચાહે એટલો ભોગ આપી આ દેશમાં વૈશ્યયુદ્ધની હોળી જાગે નહીં અને આ આજકાલનાં માંકડાંને મારા પંચ-સરપંચનું કામ સોંપવાનો પ્રસંગ કોઈ દિવસ આવે નહીં એવા મહાયજ્ઞનો આરંભ માંડ.'

'તરવાર ચૂકવે તે ન્યાય એ કાળ વહી ગયો! સ્વપ્ન જેવો થઈ ગયો! હવે રાજાઓનો ન્યાય તરવાર નહીં ચૂકવે પણ માણસ ચૂકવશે! જરાશંકર, જ્યાં સુધી આ દેહમાં જીવ છે ત્યાં સુધી આ રજપૂત એ કાળને આ દેશમાં નહીં આવવા દે — તું જ કહેતો હતો કે *' राजा कालस्य कारणम् ! '* હું જીવીશ ત્યાં સુધી રાજા મટી મારા રાજછત્રને ધકેલી પાડી તેને સાટે અંગ્રેજનું છત્ર રોપવું પડે — એ છત્રની છાયા શોધવી પડે એમ નહીં કરું. એ છાયા શોધવાથી રાજત્વ જાય છે કે મારી પાડોશના રાજાઓની સાથે મારો મમત છોડી તેમનું ધાર્યું થવા દેવામાં અને તેમના હાથમાં થોડીક ધરતી — માટી, પથરા અને ઝાડપાલા — જવા દેવાથી રાજત્વ જાય છે? જરાશંકર, એવી છાયા શોધવાથી જ રાજાઓનું રાજત્વ જાય છે અને જશે! બીજાઓને તેમ કરવું ગમે તો ગમો. પણ યુદ્ધકાળમાં પાછા હઠવા કરતાં વડીલ હસ્તિદંતે મરણને પ્રિય ગણ્યું અને એના જેવા શૂર મહાત્મા પુત્રરત્નના શબની છાતી ઉપર પગ મૂકતાં નાગરાજ જેવા પુત્રવત્સલ પિતાએ આંચકો ખાધો નહીં — તેમ — તેમ એ મહાત્માઓની છાયામાં ઊછરેલો બાળક વૈશ્યયુદ્ધને અર્થે તેમના શત્રુઓની છાયા સ્વીકારવાનો નથી. જ ધરતી મૂકીને બે વડીલો મારી દૃષ્ટિ આગળથી ગયા તે ધરતીને ત્યજવી એમાં શી વિસાત છે? અંગ્રેજોની મેં મિત્રતા સ્વીકારી છે — તેમની પાસે ન્યાય માગવો સ્વીકારેલો નથી. તેમની પાસે ન્યાય માગવાને હાથ જોડવા તેના કરતાં નાગરાજે કરેલા યુદ્ધમાં મારી સાથે ઊભા રહેલા રાજાઓનાં આજકાલનાં સંતાનના હાથ ઊંચે રાખી તેમને જે જોઈએ તે આપી દેવું એવો મમત મને અતિપ્રિય છે. માટે જા અને આ મારો મમત રાખ.'

'જરાશંકર, મેં મારું સાધ્ય બતાવ્યું. તેનું સાધન શોધવું એ પ્રધાનબુદ્ધિનું કામ છે — આવી વાતમાં કેવું સાધન વાપરવું, શો ભોગ આપવો, વગેરે વાતનો વિચાર કરવાનો શ્રમ મલ્લરાજ લેતો નથી. આ ધૂળ જેવી તકરારોનું ગમે તે રીતે સમાધાન કરી દે. મારો અને મારા રાજ્યનો સ્વાર્થ કેવી રીતે સાચવવો તે તને આવડે છે તેમ કરવા જતા તારી ચતુરતામાં ભૂલ આવશે તો તેની ક્ષમા આપતાં પણ મને આવડે છે. માટે જા અને મારા ભણીની પૂર્ણ સત્તાથી, પૂર્ણ વિશ્વાસથી અને પૂર્ણ સાધનથી ધારેલું કામ સિદ્ધ કરી આવ.'

'જો જે. જે રાજા સાથે તકરાર હોય તેની સાથે પણ સમાધાન કરવું અને તકરાર ન હોય તેની સાથે પણ ભવિષ્યમાં આ પથરામાટીની તકરાર ઊભી ન થાય એવા કરાર કરી દેવા. આપણા રાજ્યની સીમ એવી દૃઢ અને

સ્પષ્ટ કરીને બાંધી દે કે નાના બાળકને પણ તે સમજવામાં ભૂલ ન થાય અને લુચ્ચામાં લુચ્ચા માણસને પણ તે હદ ખોટી કરવાનો માર્ગ ન જડે. પરરાજ્યો સાથેનાં સર્વ પ્રકરણને એવાં શાંત કરી દે કે આ રાજ્યમાં તેમને પુનર્જન્મ પ્રાપ્ત ન થાય અને તેમ કરવામાં તારી બુદ્ધિમાં જ કાંઈ ધરતીનું કે દ્રવ્યનું નુકસાન તરત વેઠવું પડે તે વેઠી લેવું — પણ મારા રાજ્યની એક પાસે જેવી સમુદ્રે હદ બાંધી છે તેમ બીજી ત્રણ પાસ એવી હદ બાંધજે કે યાવચ્ચંદ્રદિવાકર એ હદમાં કોઈ ચાંચ બોળી શકે નહીં. અને તે જ પ્રમાણે પરરાજ્યો સાથેના જે જે પ્રશ્નો હોય તેનું સમાધાન પણ એમ જ સદાકાળને માટે કરી લેજે. એ કામ થઈ જશે એટલે રત્નનગરીના ભાવી રાજાઓએ પોતાની પ્રજાને અર્થે જે કાળ રોકવો જોઈએ તે કાળ ઓછો કરવા કોઈની શક્તિ ચાલવાની નથી.'

પ્રધાનની જોડે આટલી વાત કરી જુવાનીમાં આવવા તૈયાર થતા મુળુભાનો હાથ ઝાલી વૃદ્ધ થતો મલ્લરાજ ઊછળતા આનંદથી બોલવા લાગ્યો:

'મુળુભા, સામંત જેવો મારા રાજ્યનો સ્તંભ છે તેમ તમે મણિરાજના રાજ્યના સ્તંભ થવા યોગ્ય છો. નાગરાજ અને અંગ્રેજના યુદ્ધપ્રસંગે પરરાજ્યોમાં જવું પડ્યું હતું ત્યારે સામંતભાનો મારે સાથ હતો અને એમની બુદ્ધિ અને પ્રીતિ મને કામ લાગી હતી. મણિરાજ આજ બાળક છે પણ તમારું વય યોગ્ય છે માટે આવા મોટા પ્રસંગોનો અનુભવ આપવા અને રાજાઓમાં પ્રસંગ પાડવા તમને જરાશંકર સાથે મોકલું છું તેનો પૂર્ણ લાભ લેજો, અને વીરપુર જતાં માર્ગમાં તમારા પિતાને પણ સાથે લેઈ લેજો ને તેમની ઓથમાં રહેજો.'

મુળુએ નીચા નમી મહારાજના ચરણ સ્પર્શ્યા અને મલ્લરાજે તેને માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યો,

મુળુભા બોલ્યા: 'મહારાજ, મારા રંક પિતા ઉપર આપ ક્ષમા રાખો છો તેનો બદલો હું છોરુથી વાળી શકાય એમ નથી; પણ આપની આજ્ઞા સાથે જે કૃપા રહેલી છે તે બે હું મારા શિર ઉપર ધારું છું અને આપના વિયોગથી દુ:ખી મારા પિતાને આ સમાચાર કહી આપના દર્શન જેવો સંતોષ તેમને વાળીશ.'

મલ્લરાજ આ ઉત્તરથી તૃપ્ત થયો અને પ્રસંગ જવા દેવો અયોગ્ય ગણી બોલ્યો:

'જરાશંકર, મુળુભાને લઈ તું સામંતને મળજે અને હવે તું મને પાછો મળે તે પ્રસંગે સામંતને મુળુભાની સાથે લાવજે.'

અતિ હર્ષમાં આવી જરાશંકર બોલ્યો: 'અવશ્ય, મહારાજ, એ આનંદપ્રસંગ ક્યાંથી? મહાકાર્યના આરંભમાં આપ મુળુભાનું માગણું

સ્વીકારો છો અને સામંતરાજ ઉપર કૃપા કરો છો તે મંગળ શકુન થાય છે અને આપની આજ્ઞા સિદ્ધ થઈ સમજજો. સામંતરાજ અને મુળભા જેવાં રત્નોના ધણીને શાની ખોટ પડવાની છે?'

જરાશંકર અને મુળુ ગયા. મુળુના વંશમાં પિતાનું નામ પુત્રના નામ પહેલાં લખવાનો વહીવટ હતો તેથી મુળુભા સામંતમુળુ અથવા મુળુસામંતના નામથી ઓળખાતો. સામંતમુળુના અંત:કરણમાં નવા યુગનો વા વાયો હતો. પૃથ્વી અને સત્તાનો અત્યંત લોભ, પિતાને થયેલા અપમાનથી ઉદય પામેલો ક્રોધ, તે અપમાનના નિમિતભૂત પ્રધાન ઉપર અને તેના કુટુંબ ઉપર દ્વેષ અને વૈર, અને રાજ્યમાં કોઈ પણ ઊથલપાથલ કરી જાતે આગળ આવવાની તૃષ્ણા: ઇત્યાદિ ભૂત મુળુના ઊગતા હૃદયમાં રાતદિવસ નૃત્ય કરી રહેતાં; તેમની સાધનભૂત ક્રૂરતા મોસાળપક્ષથી તેનામાં ઊતરી હતી; પિતૃપક્ષથી માત્ર બુદ્ધિ, કલ્પના અને શૌર્ય તેનામાં ઊતર્યાં હતાં; અને એ સર્વથી ઊઠેલા અભિલાષ મહાપ્રયત્નથી તે હૃદયમાં ગુપ્ત રાખતો હતો. એ પાછો ફર્યો તે સમયે એના બોલવામાં કાંઈ કપટ હોય, એના સ્મિતમાં કોઈ ગુપ્ત કટાર હોય, એના હૃદયમાં કોઈક રાક્ષસ હોય — એવો આભાસ મલ્લરાજના હૃદયમાં વીજળી પેઠે ચમત્કારો કરી શાંત થયો. તેને અકારણ ગણી મલ્લરાજે તેનો વિચાર ન કર્યો અને પોતે સ્વીકાર્યમાં ભળ્યો.

'વિદ્યાચતુરને આ પ્રસંગોમાં સર્વ રાજકીય પુરુષોના પ્રસંગનો લાભ મળશે તો તે વિદ્યાનો લાભ મણિરાજને મળશે અને જરાશંકર પાછળ તૈયાર કરવા યોગ્ય વિદ્યાચતુરને ધાર્યો છે તે તૈયાર થશે તો રાજ્યને પણ લાભ છે.' — એ સંકલ્પ મનમાં કરી વિદ્યાચતુરને નવાં કામોમાં સાથે લેવા જરાશંકરને રાજાએ આજ્ઞા કરી. જરાશંકરને તો ભાવતું હતું ને વૈદે કહ્યું.

આ મહાન કાર્ય કરવામાં કેટલાંક વર્ષ ગયાં. તે પૂર્ણ થતાં પહેલાં રાજાઓના અને અંગ્રેજ અધિકારીઓના કંઈ કંઈ અનુભવ થયા. ખંડણી વસૂલ કરવા અને પંચનું કામ કરવા નિમાયેલા અધિકારીના રૂપ કાળક્રમે બદલાયાં અને મલ્લરાજનો અભિપ્રાય થયો કે તે અંતે રાજાઓના ગોવાળનું રૂપ ધરશે.

રાજાઓના પંચ નિમાયેલા અધિકારીને માથે ઉપરી સરકારે સરપંચનું કામ કરવા માંડ્યું અને સાધારણ પ્રજાવર્ગના માણસો એક ન્યાયાધિકારીની પાસેથી સંતોષ ન મળતાં ઉપરી ન્યાયાધિકારી પાસે શુદ્ધતર ન્યાય (અપીલ) માગવા જાય તેમ રાજાઓ એજન્ટ પાસેથી સરકાર પાસે જવા લાગ્યા અને તેમને માથે ન્યાયાસન સ્થપાયાં. ક્ષત્રિયત્વ ભૂલી રાજાઓ સાથે રાજાઓ વૈશ્યયુદ્ધ કરવા મંડી ગયા. પંચ પાસે હારતાં સરપંચ પાસે શુદ્ધતર ન્યાયના ભિક્ષુક થવા લાગ્યા, અને તેમની ભિક્ષુકતા વધતી તેમ તેમ પંચસરપંચનું ગૌરવ વધવા લાગ્યું. સાક્ષી-પુરાવા ઉપર આધાર રાખતો ન્યાય શોધનાર રાજાઓનાં ભાગ્ય ક્ષુદ્ર સાક્ષીઓના હાથમાં જતાં રહ્યાં, બે પક્ષમાંથી

એકનો પુરાવો ખોટો માનવો આવશ્યક થતાં રાજાઓની અને તેમના પ્રધાનોની પ્રતિષ્ઠા પંચસરપંચના હાથમાં જવા લાગી, અને પ્રતિષ્ઠાહાનિને ક્રમે રાજત્વ પણ હઠવા લાગ્યું. રાજાઓની આ દશા થઈ તેની સાથે પંચસરપંચનો અધિકાર ક્વચિત્ જાતે વધ્યો તો ક્વચિત્ વધાર્યો વધ્યો, ક્વચિત્ રાજાઓ એ અધિકારની શંકા ઉઠાવવા લાગ્યા, તો ક્વચિત્ એ જ શંકાઓએ અધિકારને, સ્થાણુખનનન્યાયનો પ્રસંગ આપી, સિદ્ધ અને સ્થિર કર્યો. ન્યાયી એજન્ટ હોય ત્યાં હારેલાં દ્યૂત ફરી રમવાની આસક્તિ રાજાઓને આ અધોગતિ આપવા લાગી તો અન્યાયી એજન્ટો મળતાં અધોગતિના ઉપરાંત દુર્દશા પણ થવા લાગી. ક્વચિત્ તો જાતે અધોગત થયેલા રાજાની દુર્દશા કરી જોનારને તે જોવામાં રસ પણ પડતો. આ વાતનું એક પરરાજ્યમાંનું અવલોકન થતાં મલ્લરાજે અદ્ભુત આશ્ચર્યમાં પડી જરાશંકરને કહ્યું:

'જરાશંકર, જો-જો-આ લુચ્ચા અને પ્રજાઘાતક ઠાકોર યમદૂતની પાસેથી દ્રવ્ય કઢાવતાં અને તેને અનેક અપમાન આપતાં આ દુષ્ટ કર્નલ ફૉક્સસાહેબને કેવી રસ પડે છે તે — અરર! શો કાળ આવ્યો?'

જરાશંકર બોલ્યો: 'મહારાજ, એક જણે કહેલું છે કે લીંબડાની પાકી લીંબોળીઓ, તેમાં વળી ચાંચો મારી મારી સ્વાદ લે એવી જીભ, અને એ સ્વાદ લેવાની કળામાં પ્રવીણ નીવડનાર કાકલોક એ સર્વનો યોગ કરવામાં પણ વિધાતાની ચતુરતા છે.'

' चित्रं चित्रं बत महदहो चित्रमेतद्धि चित्रम्

यत्संजातो ह्यु चितघटनासंविंधाता विधाता।

यन्निम्बानां परिणतफलस्फीतिरास्वादनीया

यच्चैतस्या: कवलनकलाकोविद: काकलोक:।।'

'યમદૂત જેવું શિક્ષાપાત્ર, ફૉક્સ જેવો શિક્ષા કરનાર — એવી જોડ રચવામાં બ્રહ્માની પણ ચતુરતા છે!'

મલ્લરાજે દીર્ઘ નિ:શ્વાસ મૂક્યો, 'જરાશંકર, એકને લીધે સર્વને મહાન અનર્થ થવાનો! પોતાના છિદ્રમાં થતો વ્યાધિ નરમ પાડવા યમદૂતે રાજ્યના કેટલા અધિકાર અંગ્રેજને હસ્તગત કર્યા!'

જરાશંકર — 'મહારાજ! સર્વ યાદવોના ઉન્માદ અને પ્રમાદને અંતે શ્રીકૃષ્ણના ચરણમાં રહેલાં પદ્મમાં ભાલો વાગ્યો અને સર્વ યાદવને હણનાર લાકડાનો અવશેષ એ દુષ્ટ યાદવોનાં સંગમાં રહેનાર પરમપુરુષને પણ પ્રાણઘાતક નીવડ્યો. તો આપણે કોણ?'

મલ્લરાજ — 'ખોટાં અંગ્રેજ અધિકારીઓ હોય ત્યાં તો તેમને નીમનારનો દોષ. પણ આ તો આપણા જ રાજાઓ અને દેશીઓ સારા

એજન્ટોને નરસા કરશે ત્યાં નીમનારનો દોષ કાઢવા ક્યાં બેસીશું? નક્કી, સાહેબોની વાતો થાય છે તેટલી તેમનામાં અધોગતિ નથી, પણ આપણાં જ આ વૈશ્યયુદ્ધ આપણી અને તેમની અધોગતિ આણી મૂકે છે! દુષ્ટ સ્વામીને સારી સ્ત્રીઓ સુધારે છે તો ગમે તેવા સાહેબોને સુધારવા જેટલી કળા શું રાજાપ્રધાનોમાં નહીં આવે? જરાશંકર, આ હોળી મહાબળથી લાગી છે અને એની આંચ આપણને ક્યારે લાગી બેસશે તે કહેવાતું નથી. જરાશંકર, બળે એવાં લાકડાંને અડકવા લાગેલો અગ્નિ નિરંકુશપણે સર્વને બાળે અને તેમાં એકાદ લીલું ઝાડ પણ બળી જાય તે એ ઝાડના દેશકાળનું બળ! જરાશંકર, એ કાળ આપણને અડકવા ન પામે એવો એક જ માર્ગ છે તે એ કે આ વ્યાધિને પેસવાનાં છિદ્ર આપણામાં ન પડવા દેવાં અને તે છિદ્ર પડવા કાળ આવે તેના કરતાં ધરતી, દ્રવ્ય, માન અને અંતે આ રાજમુગટ જાય તો તેને પણ જવા દેવાં! રાજપુત્રોમાં રાજત્વ હશે તો ગયેલાં રાજ્ય મળશે; પણ રાજત્વ ત્યજી રાજ્ય રાખવા જનારનાં રાજ્ય પણ જશે અને રાજત્વ પણ જશે અને ગયેલું કંઈ પણ પાછું નહીં આવે.'

જરાશંકર — 'એ જ નિશ્ચય સત્ય છે. રાજા દેશકાળનું કારણ છે, એ બુદ્ધિવ્યવસાયમાં આપનો પુરુષાર્થ છે, અને આપના પુરુષપ્રયત્નને તે જ અર્થે પ્રેરો.'

મલ્લરાજ — 'રાજાઓને રાજાઓ સાથે કલહ કરાવવો એમાં અંગ્રેજનો સ્વાર્થ છે અને એ અર્થે એમના ખેલ એ ચલાવશે તો એ ખેલ નિષ્ફળ કરવામાં એકલો પડીને પણ મલ્લરાજ બુદ્ધિબળ(શેતરંજ)ના ખેલ રમશે.' આ વિચારની સાથે મલ્લરાજનું મુખારવિંદ શુદ્ધ આનંદથી ઊભરાવા લાગ્યું. સદ્ગુણ અને સદ્રાજ્યનીતિ જાતે જ આનંદરૂપ છે.

રાજાઓને માથે ન્યાયાસન બંધાયાં, પણ પ્રજાઓને ન્યાય આપવાને શાસ્ત્રીય ધારાઓ હોય છે તેવા ધારા રાજાઓને માટે બાંધવાનો અધિકાર સરકાર માથે લે તો રાજાઓ પોતાના અધિકારને ગયો સમજે એમ હતું. આથી રાજાઓએ ધારા માગ્યા નહીં અને સરકારે કે કોઈએ બાંધ્યા નહીં. આટલા વિષયમાં 'પંચ બોલે તે પરમેશ્વર' એટલો જ ધારો રહ્યો અને રાજાઓના ન્યાયાધીશનું પંચસ્વરૂપ એ વિષયમાં કાયમ રહ્યું. રાજાઓના અધિકારનું રક્ષણ કરવાનું આ સાધન તેમને અનેક ઘા ઉપદ્રવકર થઈ પડ્યું. કયા ધારાથી ન્યાય કરવો એ પંચની મનોવૃત્તિની વાત રહી. કયા કારણથી ન્યાય કર્યો એનું સ્પષ્ટ કારણ દર્શાવવા પંચને માથે બંધન નહીં. *અન્ધકારનર્તિત* જેવા આ નિર્ણયશોધનમાં રાજાઓની આ દોડાદોડ તેમને અનેક ઘા ભમાવવા લાગી. સરકારની સેનાના યોદ્ધાઓ military men ના હાથમાં આ પંચપણું હોય ત્યારે તેમના ક્ષુદ્ર શિરસ્તેદારોના હાથમાં અધિકારસૂત્ર રહેવા લાગ્યાં તો પંડિત અધિકારીઓના હાથમાં આ પંચપણું આવે ત્યાં સરકાર સુધી ફરે નહીં એવાં પ્રવીણ નિર્ણયપત્ર પરભારાં લખાવા લાગ્યાં અને એ પત્રમાંના પૂર્વપક્ષનો ઉત્તરપક્ષ કરવા જેટલાં સાધનને સ્થાને

બેચાર સંક્ષિપ્ત વાક્યોમાં રાજાઓને વિધિનિષેધ થવા લાગ્યા. રાજાઓનાં વૈશ્યવિગ્રહનાં આ નાટકોની વાર્તાઓ, વધતીઘટતી, રત્નનગરીમાં દૂરની આગના ધુમાડાના ગોટાઓ પેઠે આવવા લાગી. આ ગોટાઓથી મલ્લરાજની આંખો ચોળાતાં, આ વૈશ્યવ્યવહારી રાજાઓને એ વ્યવહારને પરિચિત પણ રાજાઓને અપરિચિત હાડેતુતુ ન્યાય અને માનઅપમાન મળવા લાગ્યાં ત્યારે, બહાર દોડતી વૃત્તિઓને પાછી ખેંચી લઈ અંતર્મુખ કરી, યોગી પોતાના નિત્ય અને સત્યસ્વરૂપમાં લીન થાય તેમ આ અધિકારમંથનકાળે રત્નનગરીના ઉદાસીન રાજયોગીએ કરવા માંડ્યું. વિદ્યાચતુરે આ વિષયમાં એક દિવસ એવું સમાધાન કર્યું કે ‘આપણા રાજાઓ જ્યારે જાતે ભ્રષ્ટ થાય છે ત્યારે પરદેશીઓ પણ તેવા ભ્રષ્ટ થતા હોય તો મોઘલાઈ પાછી આવે; પણ આ પરદેશીઓની રાજનીતિના નિયમ તેમના સ્વાર્થ સાચવી અંતે પણ ન્યાય આપવાનું પ્રયોજન રાખે છે અને આપણા રાજાઓને એ ન્યાય મેળવતાં ક્લેશ પડે છે તેનાં કારણ ત્રણ છે: એક તો એ નિયમો સંપૂર્ણ ગુણવાળા અથવા આપણા વ્યવહારને કેવળ અનુકૂળ નથી. બીજું એ કે એ નિયમો અમલમાં આણનાર અધિકારીઓમાં કંઈક ભાગ અપ્રવીણ અથવા દુષ્ટ લોકોનો છે અને સારાઓની સંખ્યા છે પણ જોઈએ તેથી થોડી છે. અને ત્રીજું એ કે આપણા રાજાઓ અને તેમના માણસોમાંથી દુષ્ટ પુરુષોને બાદ કરીએ તોપણ બાકીનાં માણસોમાં સદ્‌ગુણ સાથે નવા યુગની વગવાળી ભરતી ઉપર તરવાની વૃત્તિ પણ નથી અને કળા પણ નથી. પરદેશીઓના સ્વાર્થનો ભાર ઝીલ્યા વિના છૂટકો નથી. પણ આ ત્રણે કારણ દૂર થઈ શકે એવાં છે — જો આપણામાં આપણાપણું હશે તો. મહારાજ! આપના જેવી અતૃષ્ણા અને ઉદારતા તેમ આપનો સંયમ બધાઓમાં રહેવો શક્ય છે. અને પાડોશીઓની લાતો ખાવા જેટલી સહનશક્તિ પણ નાનીસૂની વાત નથી —તેવા રાજાઓને તો આ ત્રણ કારણ દૂર કરવા જ માર્ગ શોધવાનો છે તેટલી કળા — તેટલો સંપ — તેમનામાં તરત આવે એમ નથી — કાળે કરીને આવે. જ વિદ્યા મહારાજ મણિરાજને અપાવો છો તે વિદ્યા રાજાઓમાં ઘેર ઘેર જશે ત્યારે એ કાળ આવશે. માટે નિરાશ થવાનું કારણ નથી. બાકી મહારાજે સ્વીકારેલો માર્ગ તો આર્ય અને ઉદાત્ત રાજવંશીઓના હાથમાં રામબાણ થઈ પડે એવો છે એની ના કોનાથી કહેવાય એમ છે? પણ મહારાજ, રામબાણ છોડનાર રામ તો આખા સત્યયુગમાં એક જ થઈ ગયા.’ મલ્લરાજે આ યુવાનનું ભાષણ શાંત ચિત્તે સાંભળ્યું.

આ અવલોકનમાં બેત્રણ વર્ષ ગયાં નહીં એટલામાં નવું પ્રકરણ જાગ્યું અને અંગ્રેજ સરકારે મોકલેલા પંચનું નવું સ્વરૂપ પ્રકટાયું. રાજાઓ રાજાઓ વચ્ચે તકરાર થતાં એ સરકારના પંચે નિર્ણય કરવો એ વાત કંઈક સમજાય એવી હતી. પણ રાજાઓ અને તેમની પ્રજાની વચ્ચેની તકરારોનો નિર્ણય કરવાનો અધિકાર આ પંચને આપવાનો વિચાર સરકાર અને રાજાઓના સંધિકાળે સ્પષ્ટ કિંવા ગર્ભિત પણ ન હતો, અને એવા અધિકારનું કોઈ

રાજાને સ્વપ્ન પણ થયું ન હતું. મૂળ દેશી રાજાઓ ઘણાં વર્ષથી પરસ્પર વિગ્રહમાં પડેલા હતા ત્યારે પણ તેમની પ્રજા કાંઈ સુખી હોવાનું કારણ ન હતું. તે કાળના રાજાઓ બહારના કોઈને તરવારના બળ વિના નમ્યું આપતા નહીં એટલા સ્વતંત્ર હતા ત્યારે એ તરવાર ઉઘાડી રાખવાના નિરંતર પ્રયાસમાં પ્રજાનાં સુખનો વિચાર કરવા તેમને અવકાશ રહેતો નહીં અને યુદ્ધકાળના રાજ્ય-સ્તંભ ક્ષત્રિયો મદોન્મત્ત થઈ પ્રજાને પીડતા તેમના ઉપર અંકુશ રાખી તેમના કોપનું પાત્ર થવા જેટલી હિંમત રાજાઓમાં ન હતી. આ અત્યંત દુ:ખને કાળે 'હાથી હાથી લડે તેમાં ઝાડનો ક્ષય' એ ન્યાયે પ્રજા ત્રાસમાં રહેતી. પણ દુ:ખનો અતિશય ભાર વેઠળો પડતાં રંક પ્રાણીઓ પણ સામાં થાય છે, કાયરને પણ શૌર્ય આવે છે, અને મૂર્ખને પણ બુદ્ધિ આવે છે તે ન્યાયે *પ્રજાપીડનસંતાપ* થી ધુમાઈ રહેલો હુતાશન ભસ્મમાંથી પ્રગટ થતો અને રંક પણ બુદ્ધિશાળી વાણિયાઓનાં મહાજન રાજાઓને સતાવી શકતા અને હડતાલો પાડી તથા બીજાં અનેક સાધનોથી વ્યાપારના આકાશમાં ઊડવાની પાંખો વગરના રજપૂતોને ઊંચાનીચા કરતા, અને રાજાઓના રાજમહેલના પાયાને કંપાવતા. તે જ રીતે ધર્મની સાજી નહીં તો કોહેલી કમળનાળ દ્વારા સ્ત્રીવર્ગરૂપ સરોવરનું પાણી કિનારે ઊભા ઊભા પીવાની અને તે જ નાળમાં ફૂંકો મારી મારી એ સરોવરના પાણીમાં વેગ અને પરપોટા પ્રવર્તાવવાની કળાવાળા બ્રાહ્મણો, રજપૂતો અને રાજાઓનાં અંત:પુરમાં ચક્રવાયુ (વંટોળિયા) ઊભા કરી સ્ત્રી અને પુરુષોની આંખો આંધળી કરી મૂકતા. ઉચ્ચથી તે નીચમાં સર્વ નાતો તથા જાતોમાં દેશાચારે પાડેલી નાતોમાં અને ધંધા અર્થે પડેલી જાતોમાં — તેમ નાની શેરીઓ અને મોય મહોલ્લાઓમાં, બ્રાહ્મણોની બ્રહ્મપુરીઓ, વાણિયાઓની ધર્મશાળાઓ, પટેલોના ચોતરા, વૃદ્ધોના ઓટલા, સ્ત્રીઓનાં કૂવાતળાવો, કાછિયાઓનાં ચૌટાં, સિપાઈઓનાં ચકલાં, અને હલકી વર્ણોનાં પરાંઓ: એ સર્વ સ્થળોમાં પ્રજાપોકારનો કોલાહલ ઊઠી રહેતો, અને રજપૂતોના અને રાજાઓના કાન બહેરા કરી દઈ, નિદ્રાદેવીનો પાલવ પકડી રાખી, રાજવંશીઓના મહેલોમાં તે દેવીને સંચરવા ન દેતો. આ સામ, દામ અને ભેદના સાધનને પણ રાજા વશ થયા નહીં ત્યારે પ્રજાઓ બંડ અને હુલ્લડના વાવટા ઉરાડતી અને પ્રજાપીડક રાજાઓનાં સિંહાસનો ઊભાં ઊભાં ડોલતાં. તે ડોલાવનાર ધરતીકંપથી જગતમાં ત્રાસ વર્ષતો ત્યારે મહાદેવ ચંડી આગળ નૃત્ય કરે તેમ મહારાજાઓ અને તેમના વિકરાળ ગણો અને ભૂતપ્રેતો, ઉગ્ર પ્રજાદેવી આગળ કિંકર જેવા બની, એ ચંડીની કોપજ્વાળા શમે એવી ગતિથી અને એવા સ્વરથી નૃત્ય અને ગાન કરતા. અંગ્રેજના સામ્રાજ્યને ઉદયકાળે જ રાજાઓને અંગ્રેજે એવું અભયવચન આપ્યું કે તેથી દેશી રાજ્યોમાં પ્રજાદેવી નિર્માલ્ય થઈ ગઈ અને તે કોમળ કુસુમમાળાની નિર્માલ્ય અને પૃથ્વી ઉપર શબવત્ પડી રહેલી પાંખડીઓ ઉપર અને તેને સાંધનાર સૂત્રો ઉપર એ મહારાજાઓ, અને તેમના ગણો અને ભૂતપ્રેતો સ્મશાનની ભસ્મ ઉપર નિરંકુશ અને ક્રૂર નૃત્ય કરી રહેવા

લાગ્યા. આ સર્વ વ્યુત્ક્રમ જોનાર કેટલાક પ્રજોદ્ધારના રસિક અંગ્રેજોનાં હૃદય દ્રવ્યાં. રાજાઓની પ્રજારૂપ સિંહણના દાંત અને નખ ઉભય આપણાં અભયવચનથી નષ્ટ થઈ ગયાં અને આ પ્રજાઓના પીડનનું કારણ આપણે થયા છીએ તો એ પીડન દૂર કરવાનો અને એ પ્રજાઓના બળનો ઉદ્ધાર કરવાનો ધર્મ પણ આપણે માથે છે એવું એ અંગ્રેજોના મનમાં આવ્યું. બાકીના સ્વાર્થી અને રાજ્યબળના લોભી અંગ્રેજોના મોટા ભાગને આ દયા ગમી ગઈ — એ દયાને નિમિત્તે દેશી રાજાઓનું રાજત્વ હીન કરી પોતાનું રાજત્વ વધારવાનું ફાવશે, એ બુદ્ધિ તેમના ચિત્તમાં વજ્રલેપ થઈ. સ્વાર્થ અને પરમાર્થ ઉભય ભળ્યા. સારા અને નરસા અંગ્રેજોની બુદ્ધિ આ કાર્ય સાધવામાં એકમત થઈ. માત્ર સાધનનો પ્રશ્ન રહ્યો.પાંડવો જેવા મૂઢ રાજાઓનાં દેખતાં દુર્યોધન * સરકારની ઇચ્છાથી દુ:શાસન + એજન્ટો અનેક ક્ષુદ્ર વરને વરેલી રાજલક્ષ્મીનાં અસંખ્ય ચીર એક પછી એક આવી રીતે અને બીજી અનેક રીતે ઉતારવા લાગ્યા; પાંચ પ્રકારની બુદ્ધિના પાંડવો પેઠે અનેક બુદ્ધિવાળા નિ:સત્ત્વ રાજાઓ પોતાની રાજલક્ષ્મીનાં ઊતરતાં ચીરનો ઢગલો પોતાની પાસેના રાજ્યદ્યૂતના ચોપાટ આગળ એકઠો થતો બળતે ચિત્તે જોઈ રહેલા લાગ્યા. ભીષ્મપિતામહ, દ્રોણ અને વિદુર જેવા નીચું જોઈ રહેલા વૃદ્ધોની ચિત્તવૃત્તિને પ્રત્યક્ષ પ્રતિકુળ થતો, પોતાની જંઘા થાબડતો, રક્ષણ કરવા અસમર્થ નિ:સત્ત્વ અનેક પતિઓને ત્યજી પોતાની એ એક સમર્થ જંઘા ઉપર બેસવા ચીરહીન થતી રાજાઓની રાજલક્ષ્મીને નેત્ર વડે આજ્ઞા કરતો કરતો -

x ‘દુર્યોધન કહે દુ:શાસનને — કર કર ઉઘાડું એ ગાત્ર!”

પણ પ્રજાપીડકર રાજાઓને વરેલી રાજલક્ષ્મીમાં એટલો જીવ ન હતો કે આ કડીનું અનુસંધાન કરી બોલી શકે કે

‘ધાયે પ્રભુ અનાથનકો નાથ!.’

જરાશંકર અને વિદ્યાચતુર સાથે આ નવા યુગની દશા અવલોકતાં અને ચર્ચતાં મલ્લરાજ બોલી ઊઠ્યો: ‘અહા! એ જ દેશ! એ જ ઉપદેશ! પણ કાળ જુદો છે. પાંડવો જેવા પાંચાલીને પાત્ર હતા તેવા આ આપણા રાજાઓ કંઈ રાજલક્ષ્મીને પાત્ર નથી. જરાશંકર! પુણ્ય ક્ષીણ થતાં પૃથ્વી પર પડતા એક ઇન્દ્રને ત્યજી સ્વર્ગના રાજ્યને પાત્ર થતા નવા સુપાત્ર ઇન્દ્રને માત્ર પુણ્યની જ સહધર્મચારિણી ઇન્દ્રાણી વરે છે તેવી જ રાજાઓની રાજલક્ષ્મી છે! રાજલક્ષ્મી રાજત્વને વરે છે અને ગુણને આધારે વેલી પેઠે ચઢે છે. પ્રજાપીડક રાજા તે રાજા નથી. રાજત્વહીન રાજાઓને અંગે ઊઠી રહેલો દુર્ગન્ધ નાસિકા આગળ આવતાં જ સુઘડ પદ્મિની રાજલક્ષ્મી ત્રાસે છે અને નાસે છે. અંગ્રેજ તેને યોગ્ય છે તો રાજલક્ષ્મી તેને વરે છે. જે સ્વામી રાજલક્ષ્મીને અયોગ્ય થાય છે તેની પાસે એ ઇન્દ્રાણી રહેતી પણ

નથી. નક્કી, આમાં કાંઈ અયોગ્ય હોય એવું લાગવાનું કાંઈ કારણ દેખાતું નથી — સૂક્ષ્મ દૃષ્ટિએથી જોઈએ તો.'

ચારેપાસ સળગી રહેલી આગને જોનારાંની પાસે બળવાન કાળપવને એ આગનો ઝપાટો લગાડ્યો. પવનના અચિંત્યા ઝપાટાથી આગના ભડકાની એક ઊંચી શિખા આડી થઈ. મલ્લરાજના રાજગૃહ સાથે ઝપટાઈ, અને રત્નનગરીના સર્વ રાજ્યાધિકારીઓ નિદ્રામાંથી એકદમ ચમકી, જાગી, ઊભા થઈ, સજ્જ થઈ ગયા.

કુમાર મણિરાજ રાજ્યનો પ્રત્યક્ષ વારસ ખરો, પણ તેને અભાવે સામંત વારસ થાય અને તેને અભાવે મુળુભા થાય. આવા વારસોને રાજ્યનું કલ્યાણ ઇચ્છી રાજ્યપ્રસંગોમાં કેળવણી આપવી એવો રત્નનગરીના રાજાઓનો પ્રાચીન કુલાચાર હતો. નાગરાજે સામંતને આવી કેળવણી આપી હતી, અને મલ્લરાજે મુળુને જરાશંકર જોડે મોકલ્યો તેનો પણ આવો જ અભિપ્રાય હતો. પણ પ્રત્યક્ષ વારસોને અપ્રત્યક્ષ વારસો સાથે અતિનિકટ સહવાસ રાખવાથી રાજ્યલોભનો વિષદંશ અપ્રત્યક્ષ વારસોના ચિત્તમાં ઉત્પન્ન થવાની ભીતિ અને પ્રત્યક્ષ વારસોને જીવનની હાનિની ભીતિ હોવાનું લક્ષ્યમાં રાખી એ બેનો અતિનિકટ સહવાસ રાખવામાં આવતો નહીં. છતાં તે બેના પરસ્પર સ્નેહ ઉપર રાજ્યનો આધાર ગણી તેમને અત્યંત દૂર પણ રાખવા દેવામાં આવતા નહીં, અર્થાત્ તેમનો પ્રસંગે પ્રસંગે નિર્ભય દેશકાળે સહવાસ વધારવામાં આવતો. સામંતનું ચિત્ત નિર્મલ હોવાથી એના ભણીથી કોઈ જાતનું ભય મલ્લરાજને થયું ન હતું. પણ મુળુભાનો સ્વભાવ જાતે અસંતુષ્ટ હતો તેમાં પિતાના તિરસ્કારનું કારણ મળ્યું ત્યાર પછી તેનો ચિત્તમાં કોઈક જાતની અતકર્ય ચંચળતા ઉત્પન્ન થઈ અને મલ્લરાજ સામે તેનામાં સ્વભાવબદ્ધ વૈર રોપાયું. મલ્લરાજ તેને જે જે આદર બતાવે તેના અર્થ તે અવળા જ કરવા લાગ્યો અને રાજા મારાથી ડરે છે અને મને શાંત રાખવા આદર દર્શાવે છે એવું એ કલ્પવા લાગ્યો. મણિરાજનો સહવાસ થતાં એ ધીર અને શાંત બાળકને નિર્માલ્ય, નિસ્તેજ અને બુદ્ધિહીન ગણવા લાગ્યો અને એવો કુમાર રાજ્ય ભોગવશે જાણી રાજ્યની દયા આણવા લાગ્યો. આવો કુમાર રાજા થશે ત્યારે પ્રધાનો ફાટી જશે અને વિદ્યાચતુર કર્તાહર્તા થશે એ પણ તેના મનમાં સિદ્ધ થયું. યુવાન મુળુનું ચિત્ત દિવસે દિવસે આવા નિશ્ચયો કરી ઉદ્રિક્ત થયું; પણ પોતાના ઘરમાં પોતાના પિતાની રાજભક્તિ સમક્ષ એ ચિત્તમાંથી વરાળ સરખી કાઢવા જેટલી ધૃષ્ટતા એનામાં આવી શક્તિ ન હતી. માત્ર માતા પાસે ક્વચિત્ ધ્વનિ કાઢતો અને અનુકૂળ પ્રતિધ્વનિ સાંભળતો. એક દિવસ બીતો બીતો પિતા પાસે પ્રસંગ જોઈ રાજા સામું કંઈક કટાક્ષનું વચન તે બોલી ગયો; પણ તે વચન નીકળતાં જ સૂતેલા સ્વામી ઉપર બંદૂક તકાતી જોઈ તાકનાર ઉપર બુદ્ધિમાન પતિભક્ત વિકરાળ કૂતરો ઊછળી પડે તેમ સામંતે મુળુને કર્યું, અને તે દિવસથી મુળુના ઉત્સાહ ભગ્ન થઈ ગયા

અને તે નિરાશ રહેલા લાગ્યો. જરાશંકર સાથે રજવાડાંઓમાં ફરવાના પ્રસંગ મળતાં મુળુએ ખાચર સાથે મિત્રતા કરી અને ઘરમાં ભગ્ન થયેલી આશા ઘર બહાર સાધવા માંડી. ખાચર સાથે પત્રવ્યવહાર અને પ્રીતિ વધાર્યા, રત્નનગરીના ગુપ્ત રાજમંત્ર ફૂટવા લાગ્યા. અને રત્નનગરીમાંથી જ ખાચરના મનોરથ સિદ્ધ થવાનાં સાધન મળવા લાગ્યાં. સરકારના એજંટ કર્નલ ફૉક્સ ઉપર રાજ્યવિરુદ્ધ નનામા કાગળો જવા લાગ્યા. રાજાઓ સાથે સર્વ તકરારો હોલવવાના ઉપાય અંગ્રેજ ઉપરના તિરસ્કારનું કાર્ય છે અને મલ્લરાજ અંગ્રેજથી પરોક્ષ રીતે રાજાઓ સાથે સંધિ કરવા પ્રયત્ન કરે છે એવો પત્ર ફૉક્સસાહેબને પહોંચ્યો. રાજાઓ ચારચક્ષુ છે. મલ્લરાજને આ સર્વ વાત વિદિત થતાં વિલંબ થયો નહીં. પણ તેણે ધૈર્ય તથા શાન્તિ રાખી દીઠેલું ન દીઠું કર્યું, જાણેલું ન જાણ્યું કર્યું, અને સર્વ વાતમાં માત્ર સાક્ષિદશા ધારી. મુળુ અને ફૉક્સ એમ જ જાણતા હતા કે એ વાત કોઈ જાણતું નથી. સર્વ રાજાઓ સાથે કરવા ધારેલા સંધિ સંપૂર્ણ થયા ત્યારે ખાચર સાથે સંધિ કરવામાં જરાશંકર તથા સામંત ફાવ્યા નહીં. ફૉક્સસાહેબ ભણીથી મલ્લરાજ ઉપર પત્ર ઉપર પત્ર આવવા લાગ્યા અને જરાશંકરે દીધેલા સર્વ ઉત્તર નિરર્થક ગયા. ફૉક્સસાહેબે મલ્લરાજ અને ખાચર વચ્ચે નિર્ણય કરવાની ત્વરા કરવા માંડી. જરાશંકરને મુળુનાં કારસ્તાનના સમાચાર રાજાએ કહ્યા ન હતા તેથી જરાશંકરને સામંતના ઉપર વહેમ ગયો કે એ મને આમાં ફાવવા દેતો નથી. સામંત તે સમજતો, પણ મોઢે લાવતો ન હતો. કાળક્રમે ફૉક્સસાહેબ, ખાચર અને મુળુ એક થયા. તેમની વચ્ચે ખોટે નામે અને ગૂઢાક્ષરમાં પત્રવ્યવહાર ચાલવા લાગ્યો. એક દિવસ મુળુ ઉપર ફૉક્સસાહેબના નામનો દેખાતો પત્ર સામંતના હાથમાં આવ્યો અને પોતાને માથે રહેલા આરોપ દૂર કરવાનું સાધન ગણી સામંતે આ પત્ર મલ્લરાજના હાથમાં મૂક્યો. આ પત્રમાં મુળુને લખેલું હતું કે મલ્લરાજ રાણીસરકારનો શત્રુ છે અને તે શત્રુતાના પ્રયોજનથી ખાચર સાથે ગુપ્ત સંધિ સાધવા પ્રયત્ન કરે છે. અને તે વિષે મુળુએ સરકારમાં પુરાવો કરવો પડશે. આ પત્ર મલ્લરાજના હાથમાં મૂકતાં સામંતના નેત્રમાંથી અશ્રુધારા ચાલી અને તે બોલ્યો:

'મહારાજ, મારા કુળમાં અંગાર ઊઠ્યો છે તે એક ક્ષણ પણ જીવવા યોગ્ય નથી. ગમે તો એના વધની આપ કોઈને આજ્ઞા કરો અને તેમ કરવામાં આપ આંચકો ખાતા હો તો મને આજ્ઞા કરો એટલે દુષ્ટનું માથું લાવી આપના ચરણ પાસે મૂકું. રત્નનગરીમાં આવો કુલાંગાર સાંભળ્યો કે દીઠો નથી.'

સામંતની આંખ દુ:ખ અને ક્રોધથી રાતી થઈ ગઈ અને તેનું વૃદ્ધ થતું શરીર કંપવા લાગ્યું.

જરાશંકર બોલ્યો: 'મહારાજ, સામંતભાએ આજ અત્યંત રાજભક્તિનું દૃષ્ટાંત બતાવી આપ્યું છે તેનો બદલામાં એમની વૃદ્ધાવસ્થામાં

એમને આ શિક્ષા કરવી ઘટતી નથી. વળી મુળુભા ઉપર આ પત્ર આવ્યો એટલા ઉપરથી એ પત્રના લેખ વિષે તેને માથે આરોપ મૂકવો યોગ્ય નથી.'

મલ્લરાજ સ્મિત કરતો કરતો બોલ્યો: 'જરાશંકર, વિદ્યાચતુરે પેલો શ્લોક કહ્યો હતો તે બોલ અને સામંતને સમજાવ.'

જરાશંકર બોલવા લાગ્યો:

'સામંતભા, આ શ્લોકમાં એક સમર્થ પુરુષ કહે છે કે આકાશ ને પૃથ્વી ભળે છે ત્યાં આગળ મદ ધરનાર મોટા ઉન્મત્ત હાથીઓ ગાજી રહ્યા છે, આણી પાસ હાથણો ઊભી છે પણ તે સ્ત્રીજાતિ હોવાથી દયાને પાત્ર છે — તેની સાથે યુદ્ધ યોગ્ય નથી. અને છેક પાસે મૃગલાં ઊભાં છે તે કાંઈ સમાનશીલ નથી, તો વનરાજ સિંહ એમાંથી પોતાના તીવ્ર નખનું પાણ્ડિત્ય કોના ઉપર બતાવે? આ કહું છું એ શ્લોકનો સાર છે:

दिगन्ते श्रूयन्ते मदमलिनगणडा: करटिन:।

करिण्य कारुण्यास्पदमसमशीला: खलु मृगा:।

इदानी लोकेऽस्मिन्ननुपमशिखानां पुनरयम्

नखानां पाण्डित्यं प्रकटयतु कस्मिन् मृगपति:।। *

'આ અન્યોક્તિ મારી પાસે શા વાસ્તે કહેવડાવી તે તો કહેવડાવનાર મહારાજ જાણે. બાકી સામંતભા, પુત્રનું બલિદાન આપવા સજ્જ થઈ આપે બતાવેલી રાજભક્તિ આગળ અમે તો ક્ષુદ્ર જન્તુ છીએ અને છોકરવાદીનું વય જતાં મુળુભા પણ આપના જેવા રાજ્યસ્તંભ થાઓ એવો આ બ્રાહ્મણનો આશીર્વાદ છે. જરાશંકર જેવાં કંઈક આવશે જશે પણ સામંતરાજ જેવા રાજભક્ત સિંહ તો એના જ વંશમાં થશે.'

સામંતે જરાશંકરનું વચન સાંભળ્યું ન સાંભળ્યું કર્યું અને મલ્લરાજ સામે દૃષ્ટિ સ્થિર કરી રાખી. થોડીવાર કોઈ બોલ્યું નહીં. અન્તે થાકીને સામંત બોલ્યો:

'મહારાજ, હું કાઈ મારી સ્તુતિ સાંભળવા આવ્યો નથી. મેં કરેલી વિજ્ઞાપ્તિનો ઉત્તર આપો.'

મલ્લરાજ — 'આ શ્લોકમાં ઉત્તર જ છે.'

સામંત — 'હું શ્લોક સમજતો નથી — મને ઉત્તર આપો.'

મલ્લરાજ — શ્લોક સમજે તો ઉત્તર આપું.

સામંત — 'જો આપની આજ્ઞા જ હોય કે મારે શ્લોક પ્રથમ સમજવો અને પછી ઉત્તર માગવો તો તે આપનો અધિકાર છે.'

મલ્લરાજ — (હસીને) ‘પણ ‘સમજાવો’ એમ તું સ્પષ્ટ માગનાર નહીં. ભલે. આજ્ઞા ગણીને સમજ. હવેના યુગમાં રાજાઓની પાસે રંક મૃગલાં જેવી તેમની પ્રજા પડી છે તેને કચરી નાંખવી હોય તો નબળા સ્વામીને સ્ત્રી ઉપર શૂરા થવાનું છે. એથી છેટે આ સ્ત્રીજાતિ જેવા બીજા રાજાઓ પડોશમાં હાથણોનાં ટોળાં પેઠે ભમે છે તે સ્ત્રીઓની મૃગયા તે શૂરમૃગયા નથી. પણ છેક છેટે એ હાથણોના સ્વામી મદોન્મત્ત હાથી જેવા અંગ્રેજ લોક ગર્જના કરી રહ્યા છે તેમના સામે પોતાના નખનું પાણ્ડિત્ય બતાવવું હોય તો રત્નનગરીના રાજાઓમાં હતું તે નાગરાજ મહારાજે બતાવી દીધું છે; અને હવે સિંહ અને હાથીની મિત્રતાના કાળમાં માત્ર મૈત્રીપાણ્ડિત્યને જ અવકાશ છે. હવે તો નબળો સ્વામી સ્ત્રી ઉપર શૂરત્વ દેખાડે તેવું શૂરત્વ ધરી, મૃગ જેવી પ્રજાના પતિ એટલે પાલન કરનારનું કામ મૂકી દઈ તે પ્રજાને જ પંજો દેખાડવો એ તો બાયલાઓનું કામ છે તે તું મને બતાવે છે. કહે, ઉત્તર મળ્યો?’

સામંત સ્તબ્ધ થઈ થોડી વાર બોલ્યા વગર જોઈ જ રહ્યો. અંતે બોલ્યો: ‘પ્રજાનું રક્ષણ કરવું પડે માટે શું તેને આપણે માથે પણ ચડવા દેવી એવું શાસ્ત્ર છે? મહારાજ, એવાં શાસ્ત્રો કાઢશો તો ગાદી છોડી કાલ સવારે સંન્યાસી થવું પડશે.’

મલ્લરાજ હસ્યો: ‘તે પ્રજાના કલ્યાણ વાસ્તે ક્ષત્રિય રાજા સંન્યાસી થાય તો તેમાં શું અયોગ્ય છે?’

‘મહારાજ, ક્ષમા કરો, આમાં પ્રજાનું કલ્યાણ આવી ગયું હોય એમ હું દેખતો નથી. બાકી આપની ઉદારતા તો ખરી. પણ ઘણી વખત ઉદારતા એ માત્ર લોકમાં પ્રિય થવાનું મૂર્ખાઈ ભરેલું સાધન છે, અને એ ઉદારતા બતાવી લોકોને લડાક બનાવી મૂકશો તો જેનું કલ્યાણ ઇચ્છો છો તેને જ બેસવાની ડાળ કાપવાનું શીખવાશે.’

મલ્લરાજ — ‘સામંત, તું ભૂલી જાય છે કે મુળુભા મલ્લરાજની પ્રજા છે એમ નથી પણ મણિરાજ જેવો મારો પુત્ર છે એવો મુળુ પણ છે.’

સામંત — ‘જો એમ હોય તો સામંતને શિક્ષા કરી તેથી સોગણી મુળુને કરવી જોઈએ. પણ આપ એને પારકો ગણો છો માટે જ શિક્ષા કરતા નથી.’

મલ્લરાજ — ‘જે પિતા પુત્રને એટલો દૂર કરે છે કે તે ફરી સમીપ આવે નહીં તે પિતા પુત્રને અપુત્ર કરે છે.’

સામંત — ‘મહારાજ, હું હાર્યો. તો એવી શિક્ષા કરો કે પુત્ર અપુત્ર થવાનું ભૂલી જાય.’

મલ્લરાજ — ‘હવે બોલ્યો તે ક્રોધ ત્યજી સાત્ત્વિક વૃત્તિની વાત કરી. રાજાઓએ રાગદ્વેષનો ઉપદેશ સાંભળવો પણ નહીં અને કરવો પણ નહીં.

હવે તને સાત્ત્વિક વૃત્તિ થઈ તો મારી સાથે ચર્ચા કરવાને તું અધિકારી થયો, તો સાંભળ. ન્યાય જોવો એ રાજાપ્રધાન સંબંધમાં રાજાઓનું એક કર્તવ્ય છે. પણ ન્યાય કરતાં રાજનીતિ મોટી છે, ન્યાય એ રાજનીતિનું એક શસ્ત્ર છે — અને પ્રજાવર્ગ પરસ્પર વિરોધ ન કરે માટે એ શસ્ત્ર નિરંતર સજ્જ રાખવાનું છે. પણ રાજાપ્રજા વચ્ચે વિરોધ થાય ત્યારે એ શસ્ત્ર ક્વચિત્ વપરાય છે, પણ ઘણુંખરું એ શસ્ત્ર એ પ્રસંગે યોગ્ય નથી. રાજાપ્રજાનો સંબંધ ક્વચિત્ સ્ત્રીપુરુષના જેવો હોય છે — તે કાળે જે માર્ગથી તેમનાં ઐક્ય અને પ્રેમ વધે એવાં શસ્ત્ર યોગ્ય છે. ક્વચિત્ એ સંબંધ પિતાપુત્ર જેવો છે — તે કાળે બાળકનો પિતા પ્રતિ વિશ્વાસ વધે અને પિતા ભણીથી દંડનું ભય સરી ન જાય, અને એ બાળકનાં કલ્યાણ અને વૃદ્ધિસમૃદ્ધિની વાડીમાં રાજાએ માળીનું કામ કરવાનું. તે કરવામાં રાજાની શક્તિ ઘટે નહીં પણ વધે એવા માર્ગ એ પણ રાજનીતિનાં રામબાણ જેવાં અસ્ત્ર છે. આ અને બીજાં અનેક શસ્ત્રાસ્ત્રમાંથી કયું વાપરવાનો દેશકાળ છે એ વિચાર ન કરતાં જે રાજા માત્ર એકાદ શસ્ત્રને રાગદ્વેષથી જ પકડે છે કે ત્યજે છે તે રાજા કુપથ્યનું સેવન કરે છે અને કરાવે છે અને કેવળ નરકનો અધિકારી થાય છે. સામંત, મુળુ બુદ્ધિમાન છે; તે એક પ્રસંગે ભૂલ કરી બેઠો માટે હંમેશ કરશે એવું ધારવાનું છોડી દઈ ફરી આ ભૂલને માર્ગે ન ચડે એવું સૂઝે તો બસ છે. અંગ્રેજે અને ખાચરે દેખાડેલી મૂઠીમાં સાકર નથી પણ ઝેર છે, માટે એમ મૂઠી એની પાસે ઉઘાડવાને પ્રવૃત્ત થયેલાઓ મુળુને મૂર્ખ સમજી એની પાસે મૂઠી ઉઘાડે તે પ્રસંગે ઉઘાડવા દઈ તેમાંનું ઝેર ઝૂંટાવી લઈ સાકરને ઠેકાણે જાતે ખાય નહીં એટલી કળા મુળુને આવડે તો ઓછી વાત નથી.'

સામંત — 'મહારાજ, આ બધું ગોળ ગોળ અત્યારે સ્પષ્ટ સમજું એમ નથી, માટે મને સ્પષ્ટ વાત કહો.'

મલ્લરાજ — 'જરાશંકર, સામંતે ચણેલો ગઢ મેં તોડી પાડ્યો, હવે એ ગઢની અંદરની વ્યવસ્થા કરવાની રહી તે તું કર અને સામંતને સંતુષ્ટ કર.'

જરાશંકર આ અરસામાં ઊંડા વિચારમાં પડ્યો અને તેના કાન ચાલતી વાતો સાંભળતા હતા ત્યારે એનું મસ્તિષ્ક આ ગૂંચવાડામાંથી બહાર નીકળવાનો માર્ગ શોધતું હતું. મલ્લરાજના વાક્યથી એ માર્ગ મળ્યો. તે ધીમે ધીમે વિચાર કરતો કરતો બોલવા લાગ્યો, અને ક્વચિત્ શબ્દે શબ્દે તો ક્વચિત્ વાક્યે વાક્યે સામાથી સમજાય નહીં એ રીતે મનમાં વિચાર કરતો હતો.

'સામંતરાજ, ખાચરની સાથે જે સંધિ કરવા આપણે સૌ પ્રયત્ન કરીએ છીએ તેમાં પહેલો અંતરાય મુળુભા છે એમ આપના કહેવાથી સમજાય છે. બીજો અંતરાય ખાચરનો તો ખરો જ, અને ત્રીજો એજંટ સાહેબનો. ખાચરના રાજ્યને આ અંતરાયથી એવો લાભ નથી, કારણ જો એ આમાં અંતરાયરૂપ ન થાય તો મહારાજની ઉદારતાથી આપણે એની સાથે એવો

સંધિ કરવા પ્રયત્ન કર્યો છે કે તે સંધિથી ખાચરને એકલો લાભ અને આપણને એકલી હાનિ જ થાય. અર્થાત્ પૃથ્વી અને દ્રવ્યનો પ્રત્યક્ષ લાભ માત્ર પોતાના જ પક્ષને મળે છે તેનો તિરસ્કાર કરવા ખાચર ઊભો થયો છે તે કેવળ દુરાગ્રહનું ફળ છે એમ ગણીએ તો ખાચરને દુરાગ્રહી ગણવો પડે. ખાચર દુરાગ્રહી નથી — મમતી પણ નથી. પણ આપણને નમતા દેખી એના ચિત્તમાં વધારે શંકા ઉત્પન્ન થઈ હોય અથવા એજંટે એને કાંઈ વધારે લાલચ દેખાડી હોય, અથવા મુળુભા અને ખાચર એ સમાન વયના સ્નેહી હોવાથી અન્યોન્યાયશ્રયની ગાંઠથી બંધાયા હોય અને એ ગાંઠથી સત્તાનો લોભ ઇચ્છી પરસ્પરની સત્તા વધારવા ઇચ્છતા હોય — આવાં કાંઈ કારણને લીધે જ ખાચર આપણી સાથે એકમત થતો નથી એમ મને લાગે છે. સામંતરાજ, આપે મને ક્ષમા આપી એવું હું માનું છું — પણ મુળુભાના મનમાંથી એ ડાઘ ગયો નથી. આપને ખબર છે કે આપને થયેલા અપમાનમાં મહારાજે કરેલી આજ્ઞામાં — પ્રધાનનો હાથ નથી — આપ આ વાત માનશો — યુવાન મુળુભા ન માને એ સ્વાભાવિક છે. આ અવસ્થામાં આપ મારો પક્ષ લેશો તેનો મુળુભા અવળો નહીં તો જુદો જ અર્થ કરશે. માટે મારો પ્રથમ અભિપ્રાય એ છે કે આ વિષયમાં થોડો કાળ આપે મુળુભા પાસે એવો આભાસ પડવા ન દેવો કે એ આપને અમારા પક્ષના ગણે.'

સામંત ઓઠ કરડતો બોલ્યો: 'પછી?'

જરાશંકર — 'પછી આપ મુળુભાના હૃદયના મિત્ર બનો. એના વિશ્વાસના પાત્ર બનો. એનું હૃદય આપની પાસે એ જાતે ઉઘાડે એમ કરો. ખાચર અને એજંટની વાતો અને પત્રવ્યવહાર વગર ભયે એ આપને સમજાવે એમ કરો. અને અંતે ખાચર પણ આપના ઉપર વિશ્વાસ કરે એ સમય લાવો. સામંતભા, શત્રુના ઘરમાં અમારા શત્રુ ગણાઈ પેસવા પામો. બુદ્ધિમાન મુળુભાને — મુળુભા પણ ચેતે નહીં. અને જડ હોય એમ — ખાચરના એ ઘરમાં ખાતર પાડવાના ખાતરિયાને ઠેકાણે વાપરો. મુળુભાને પ્રત્યક્ષ શિક્ષા કરવાનું છોડી દઈ એનો આ ઉપયોગ કરો અને ધારેલો સંધિ સાધો.'

સામંતને કંઈક વિશ્વાસ પડ્યો. તેનો ચિત્તમાં કાંઈક શાંતિ થઈ. તે ધીમો પડી પૂછવા લાગ્યો:

'પણ માણસ કામ કરે આશે કે ત્રાસે. મુળુના ચિત્તમાંથી ત્રાસનું બીજ તો તમે કાઢી નાંખ્યું. તમને અને ખાચરને એક ગાંઠે સાંધવાનો અભિલાષ મુળુ શી રીતે ધરશે?'

જરાશંકર — 'મહારાજ તો હાલ મારી આંખે દેખે છે — ખાચરની જોડે સંધિ કરવામાં મુળુભા ફાવશે તો મહારાજ મુળુભાની આંખે દેખતા થશે — વર્તમાન ચિત્રમાં હું આ ઊંચી સ્થિતિએ છું તેને ભવિષ્યકાળના ચિત્રમાંથી ભૂંસી નાંખવો અને તેને સ્થાને મુળુભાને તેજસ્વી રંગો વડે

પ્રતિષ્ઠા આપવી: આ આશાથી મુળુભા આપને અનુકૂળ થઈ જશે. સામંતરાજ! ખાચરની મિત્રતા શોધવાથી મુળુભા આ રાજ્યમાં જ લાભ શોધે છે. તે લાભનો તેને આ માર્ગ દેખાડો. મુળુભાના કોમળ હૃદયમાં હાલ ભૂત નાચે છે તેને આ શીશીમાં ઉતારો. મને દૂર કરવાને નિમિત્તે આપ, મુળુભા, ખાચર, અને અંતે મહારાજ — સર્વ એક પંક્તિમાં બેસી જાઓ અને ધારેલો સંધિ સાધો.'

સામંત — 'પણ એજંટનું શું કરવું? અને સર્વને અંતે નિરાશ થયેલા ખાચર અને મુળુ તમારા સર્વના સામા બમણા ક્રોધથી કૂદશે એટલે આજ કરવાનો વિચાર વધારે કઠણ થઈ પાછો એવો ને એવો ઊભો રહેશે તે વિચાર્યું?'

જરાશંકર — 'એજંટનો વિચાર એટલો કે આપણે અને ખાચર એક થઈશું એટલે એ પડશે જુદો. આ એના નામનો પત્ર આપના હાથમાં છે તે એનો હોય કે નયે હોય. એનો ન હોય અને આપણે છેતરાતા હોઈએ તો એ પત્ર ઉઘાડો કરવાથી અને એને માથે આરોપ મૂકવાથી એને આપણને નુકસાન કરવાનું ઘણી રીતે સાધન મળશે. એ પત્ર એનો હશે તો એ કબૂલ કરવાનો નથી, અને એના ઉપરીઓ પાસે એ સાચો અને આપણે જૂઠા, એટલે એ પત્ર એનો ન હોય તે નુકસાન થાય તેટલું જ નુકસાન. એનો હોય અને એ કબૂલ કરે તોપણ હું લાભ દેખતો નથી. એ પત્રમાં એ આપણા ઉપર આરોપ મૂકે છે અને એ પત્ર એના હાથમાં મૂકી આપણે એના આરોપી ઉઘાડી રીતે થઈ બળવાન શત્રુ સાથે ઉઘાડું યુદ્ધ માંડી એના જાતભાઈનું વેર આપણા ઉપર નહીં રાખે તેની ખાતરી શી? એ નવો માણસ વેર રાખી ફરી નવું પ્રકરણ ઊભું કરે અને આપણે બીજી વાર ફરિયાદ કરવા જવું તો આપણને ફરિયાદ કરવા ટેવ પડી ગઈ એમ ગણવાનો પુરાવો આપણે આપીશું, અથવા તો જ વહુને સાસરે સૌની સાથે ન બને તે વહુનામાં પોતાનામાં જ કંઈક દોષ હોવો જોઈએ એવું અનુમાન થવાનું. સામંતરાજ, ખાચરને એની સાથે બનાવતાં આવડે ને આપણને ન આવડે તો આપણી આવડત ઓછી. આ સૌનો ઉપાય એ છે કે આ પત્ર ગુપ્ત રાખી મૂકો, આપણે અને ખાચર એક થઈએ અને એજન્ટ જાતે એકલો જુદો પડી હાલ એના સામા આપણને એકલાને દેખે છે તેને સાટે એ આપણને ખાચરને બેને એકઠા સંધાઈ એકઠા ઊભેલા દેખે અને હાથ ઉપાડતાં જાતે જ ડરે એવું કરો. એને આપણા સંધિનો પંચ મટાડી નોંધણીદાર કરીશું, એટલું એને સારું લગાડી એના મનનું વૈર શાંત કરવાનો માર્ગ છે.'

મલ્લરાજ — 'સામંત, આટલું કરતાં તો તને આવડવાનું.'

સામંત — 'મહારાજની આજ્ઞા થઈ તો કંઈ ન આવડવાનું નથી. હશે, એજંટનું ગમે તે થાય તેની મારે પંચાયત નથી. પણ મારા કુળમાં ઊઠેલો અંગારો વધારે ગરમ થશે અને આજ ઉઠાડું છું તે પ્રશ્ન ફરી ઊઠવાનો તેનું

શું? મહારાજ, કશ્યપ જેવા મુનિના ઘરમાં હિરણ્યકશિપુ જેવા દૈત્ય જન્મ્યા, તેવું મારે થયું છે. અને આ ઊગતો શત્રુને ઊગતો જ દાબવો એ રાજનીતિનો ધર્મ છે. એનું બળ વધારી પછી દાબવાનું રાખવું એ દેખીતી મૂર્ખતા છે. મહારાજ, પ્રધાનજીને અપમાન કર્યાની આપે મને શિક્ષા કરી તે મને યોગ્ય લાગી છે અને મારા અંત:કરણમાંથી મને એ શિક્ષા યોગ્ય ન લાગી હોય તો મને ઈશ્વરની આણ છે. અહો! એ શિક્ષા કરી આપે મને મહાદોષમાંથી બચાવ્યો છે અને જે રાજધર્મનો આપે મને એ નિમિત્તે ઉપદેશ કર્યો છે તે સારુ હું આપનો આભારી ન થાઉં તો હું આપણા ઉત્તમ વંશમાં જન્મવા યોગ્ય ન હતો એવું જ કહેવું પડે. મહારાજ, હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે જરાશંકર ઉપર મારા મનમાં રજ પણ કલંક નથી ઊપજ્યું, અને આપ અને જરાશંકર ઉભયે મને શુદ્ધ ક્ષમા જ આપી હોય તો આપણા સૂર્યવંશમાં જ ભરતે જેવો દુષ્ટ કૈકેયીનો ત્યાગ કર્યો હતો તેમ જ, મને આ મારા કુળના અંગારાનો ત્યાગ અને નાશ ઉભય કરવા દો એટલું હું આપની પાસે માગી લેઉં છું, અને તે માગવાને ભરત જેમ રામચંદ્રજીને પગે પડ્યા હતા તેમ હું આપને પગે પડું છું અને મારું હૃદય શુદ્ધ છે તેના શપથ લઈ આપના પવિત્ર ચરણ સ્પર્શું છું.'

મહાપ્રચણ્ડ વંટોળિયો પર્વતની તળેટી આગળ પૃથ્વી ઉપર સૂઈ જાય અને ક્ષણ પહેલાં આકાશમાં ઊભેલું વંટોળિયાનું શિખરચક્ર પર્વતના પાદમાં લીન થાય, તેમ આ બળવાન યોદ્ધાનું પ્રચણ્ડ ઊંચું શરીર એકદમ મલ્લરાજના ચરણ પાસે દંડવત્ પ્રણામ કરવા સૂઈ ગયું, સામંતના શિરનું મંડીલ મલ્લરાજના પગ ઉપર પડ્યું. એના નેત્રમાં અશ્રુની ધારા ચાલી રહી, અને એના દુ:ખનો ઊછળતો ઉષ્ણ નિ:શ્વાસ એનું હૃદય કંપાવતો હતો તેનો ધબકારા ગદ્‌ગદ થતા કંઠ આગળ પ્રયાણ કરતા સંભળાયા. જરાશંકર સ્તબ્ધ થઈ ગયો — પાષાણ જેવો જડ બની ઊભો. મલ્લરાજનું હૃદય ઓગળી ગયું, અત્યંત સજળ નયનથી તે વયોવૃદ્ધ ભાઈને — જૂના મિત્રને — પરમ રાજભક્તને — પોતાના પગ ઉપરથી ઉઠાડવા ત્વરાથી નીચો નમ્યો, અને નમતાં નમતાં મેનારાણીના દ્વાર ભણીથી ભણકારા સાંભળવા લાગ્યો કે,

'સામંતશિરના મુકુટમણિથી પદપાવડી સોહાય,

એ મણિધર પર ભાર ક્ષમાનો અચળ ટકાવો ક્ષ્માનાથ!

મહારાજ! રંક... મેના રટે તમ પાસ!'

પડેલા બન્ધુશરીરને બળાત્કારે ઊંચું કરી — તેને ફરી પડી જવા ન દેવું હોય — તેને ટેકો આપવો હોય તેમ — મલ્લરાજ બળ કરી સામંતને ભેટી પડ્યો, અને બળવાન યોદ્ધાઓનું સ્થિર આલિંગન જોતું બ્રાહ્મણનું નેત્ર સ્થિર દૃષ્ટિ કરી રહ્યું, અને એના હૃદયમાં ઊછળતો સ્વર મુખ ઉપર સહસા ચડી આવી ગાજ્યો: 'મહારાજ, મહારાજ, આ રાજભક્તિ આગળ અમ

દરિદ્ર બ્રાહ્મણો કાંઈ લેખામાં નથી — મહારાજ, આવા રાજભક્તનું સંતાન આજ જેટલું ઊંચું ઊછળે છે એટલું જ નમ્ર થઈ આપના ચરણ પર એક દિવસ આવી જ રાજભક્તિથી પડશે — મહારાજ, મીઠા બીજનું ફળ મીઠું થશે. મહારાજ, અમારા જેવાં દરિદ્ર ફળને લોભે આવા રત્નફળનાં બીજ આપની વાડીમાંથી દૂર ન કરશો! પ્રધાનો તો અનેક આવશે ને જશે પણ ઉદાત્ત રાજવંશનાં બીજ ગયેલાં પાછાં નહિ જડે.'

મલ્લરાજે સામંતને બાથમાંથી છોડ્યો, અને સર્વ બેઠા.

આનંદ અને ઉત્સાહથી ઊભરાતા રાજાના મુખમાંથી વચન નીકળ્યું:

'સામંત, રાજાનો ધર્મ એવો ગહન છે કે ઘણી વેળા એના મનને અણગમતી વસ્તુ એને જ હાથે કરવી પડે છે અને તે જ પ્રમાણે તને શિક્ષા કરવી પડી છે.'

રાજાના વચનમાં ભંગ પાડી સામંત વચ્ચોવચ્ચ બોલી ઊઠ્યો: 'મહારાજ, એ વાત પડતી મૂકો અને મારા માગણાનું સમાધન કરો.'

મલ્લરાજ — 'સામંત, હું બાળક મુળુને શિક્ષા કરું તે વિના તું સંતોષ પામે એમ નથી. તો સાંભળ. એ બીજ બગડ્યું હશે તોપણ એને સુધારવા હજી એક પ્રયત્ન કરવો ઘટે છે. દૈવની ઇચ્છા એને દુષ્ટ બુદ્ધિ આપવાની થઈ તો આપણે એમ ધારવું કે એ જ ઇચ્છા એને પાછી સુબુદ્ધિ આપશે, અને આજ વેઠેલો તીવ્ર તાપ તે પ્રસંગની છાયાની મીઠાશનું મૂલ્ય બતાવશે. એ કાળે એને જાતે જ પશ્ચાત્તાપ થશે અને તેની શિક્ષા એને ઓછી નહીં થાય એનું દૃષ્ટાંત તારા અનુભવથી પ્રત્યક્ષ કરી લે. એમ છતાં આજ દૂષિત થયેલી બુદ્ધિ વધારે દુષ્ટ થશે અને તારા ધારવા પ્રમાણે ઉદયકાળે ન દાબેલો શત્રુ આગળ જતાં બળવાન થશે તો તે કાળે આપણા હાથમાં જ બળ હશે તે જ અજમાવીશું.'

સામંત — 'એ રાજનીતિ મને સમજાતી નથી. મહારાજ, મને કરેલી શિક્ષા મુળુને શિક્ષા કરતાં આપને અટકાવે છે એવી જ મારી બુદ્ધિ થઈ છે તે આપ આથી દૂર કરો એમ નથી.'

મલ્લરાજ — 'ખાચરની સાથે સંધિ કરવામાં અને એજંટની સાથે જીતવામાં આપણે મુળુને એની ઇચ્છા વિરુદ્ધ સાધન કરવાનું ધારીએ છીએ. જો મુળુ સદા દુષ્ટ જ રહેશે તો તે ધારણા સિદ્ધ થયાથી મુળુ પોતે પોતાને ફસાયો અને હાર્યો જાતે જ સમજશે અને તે શિક્ષા દુષ્ટ હૃદયને માટે ઓછી નથી.'

સામંત — 'પછી?'

મલ્લરાજ — 'પછી એથી પણ વધારે શિક્ષા યોગ્ય લાગશે તો સામંતને હાથે મુળુને શિક્ષા કરાવીશ.'

સામંત — ‘નક્કી?’

મલ્લરાજ — ‘મલ્લરાજનું વચન ફર્યું છે?’

સામંત — ‘તો મહારાજની આજ્ઞા સિદ્ધ થઈ સમજો.’

સામંત આજ્ઞા લઈ ગયો. મલ્લરાજ જરાશંકરને કહેવા લાગ્યો:

’જરાશંકર, ફૉક્સસાહેબ થોડા દિવસ ઉપર આપણા અરણ્યમાં મૃગયા કરવામાં મારો સાથી હતો. ઘણી વાતો અમે કરી પણ આ વાત કરવા એનો ઓઠ ઊઘડી શક્યો નથી — બાકી એણે વાત ઉપાડવા ધારી હતી તે હું જાણું છું.’

જરાશંકર — ‘મહારાજ, સદ્ગુણનો પ્રતાપ એવો છે કે દુષ્ટ લોક એ પ્રતાપથી જ અંજાઈ જાય છે અને બાયલા બની, જેવા આવે છે તેવા પાછા જાય છે. તેમાં જેનામાં સદ્‌ગુણ સાથે શૌર્યનો સંગમ હોય એવા મહાત્મા પાસે તો દુષ્ટતા સાથે ગમે તેટલું બળ હોય તે નિર્બળ થઈ જાય છે. અન્ય પ્રસંગે મેં આપને કહ્યું હતું કે એક મહારાજાને મુનિઓના તપોવનમાં પેસતાં એવું કહેવું પડ્યું હતું કે -’

+ *‘ पदे पदे साध्वसमावहन्ति।*

प्रशान्तरम्याण्यपि मे वनानि॥ ’

સિંહ અને વાઘ જેવાં ક્રૂર પ્રાણીઓ પોતાની સામે એકીટશે જોઈ રહેનારથી પાછાં ખસે છે. તો ગમે તેવો દુષ્ટ પણ ચતુર અંગ્રેજ આપના જેવાની પાસે પોતાના મુખથી અપવિત્ર ઉદ્‌ગાર કાઢતાં પાછો કેમ ન હઠે? મહારાજ, જો કોઈ રાજાની પાસે કોઈ અંગ્રેજ હલકી વાત કાઢે કે તેનું અપમાન કરે તો એટલું સિદ્ધ ગણજો કે એ અંગ્રેજ તો ગમે તેવો હશે પણ એ રાજાના રાજત્વમાં કોઈ મહાન દોષ હોવો જોઈએ.’

મલ્લરાજ અને જરાશંકર છૂટા પડ્યા. સામંતને સોંપેલું કામ એણે શ્રદ્ધાથી અને ચતુરતાથી કર્યું. દિવસ ગયા. માસ ગયા. મુળુનો વિશ્વાસ સામંતે મેળવ્યો. તેના સાધનથી ખાચર અને એનાં માણસ રત્નનગરીના રાજાને વશ બની વર્ત્યા. ખાચર સાથે સન્ધિ થયો, સરકારના એજન્ટે આ સન્ધિનું પ્રમાણભૂત સાક્ષિત્વ કર્યું, અને સરકાર સુધી સન્ધિ વજ્રલેપ થયો. મલ્લરાજના રાજ્યની ચારે પાસની સીમા દૃઢ નિર્ણીત થઈ ગઈ. યુવાન મુળુએ મનથી પરાક્રમ કર્યું માન્યું. તેની બુદ્ધિ આગળ ખાચર હાર્યો ખરો. એજન્ટ, ખાચર અને મુળુ, એ ત્રણ અને ચોથો મલ્લરાજ — એ ચારે જણ વચ્ચે રમાયેલા ચોપાટમાં મલ્લરાજનાં સોગટાં પ્રથમ પાકી ગયાં. એ બાજીમાં એનો ભીરુ બનેલો બાળક મુળુ પણ મનમાં ફુલાયો. પ્રધાનપક્ષની હાર હવે સિદ્ધ થયા જેવી એની દૃષ્ટિએ પડી. પિતા અને મલ્લરાજ ઉપર આ વાતની ઉઘરાણી કરવાનો એણે હવે પોતાનો અધિકાર સિદ્ધ ગણ્યો.

સામંતને જે પ્રસંગનો ભય હતો તે આગળ આવ્યો. મલ્લરાજ મુળુની સર્વ ઇચ્છાઓ તૃપ્ત કરવા તત્પર હતો, એ ઇચ્છાઓથી પણ અધિક કૃપા કરવા અભિલાષી હતો, પણ એ તત્પરતા અને અભિલાષના કરતાં પ્રધાનનું રક્ષણ કરવા એનો આગ્રહ અને નિશ્ચય અતિશય અધિક હતો. સામંતને આ રાજનીતિનો જાતઅનુભવ હતો, અને મન સ્વસ્થ થતાં પોતાને થયેલી શિક્ષા તેમ આ રાજનીતિ ઉભયને એણે ઉત્તમ ગણ્યાં હતાં. મલ્લરાજ પોતાના બન્ધુમંડળની ઉન્નતિ ઇચ્છતો હતો અને તેમાં રાજ્યનું કલ્યાણ માનતો હતો. પણ આ કૃપાનું પાત્ર થયેલું મંડળ પ્રમત્ત અને ઉન્મત્ત થાય તો અધિકારી મંડળ અસ્ત થાય તે પણ સમજતો હતો. જેમ જુદી વહેતી ગંગા અને યમુના એક હિમાચલમાંથી પ્રભવ પામે છે તેમ બન્ધુઓનું તેજ અને અધિકારીઓનો અધિકાર એ ઉભયના જુદા પ્રભવ પામે છે તેમ બન્ધુઓનું તેજ અને અધિકારીઓનો અધિકાર એ ઉભયના જુદા પ્રભવ એક જ રાજઅંગમાંથી છે, અને યમુનાને ગંગા સમુદ્રમાં પહોંચાડે છે તેમ બન્ધુઓના તેજને રાજ્યસિદ્ધિના સમુદ્રમાં લઈ જનાર પ્રવાહ અધિકાર જ છે માટે અધિકારઅંગને તેજ અંગના ઉન્માદથી ન્યૂન થવું ન પડે તેને માટે રાજા રાત્રિદિવસ સજ્જ અને જાગ્રત રહેતો, અને એવો ઉન્માદ દેખતાં તે ઉપર સિંહના પંજા જેવો ભાર મૂકતો. આ રાજનીતિને એક પ્રસંગે પ્રતિકૂળ ગણતો સામંત, સાત્ત્વિક વૃત્તિને સમયે અનુકૂળ અને આવશ્યક ગણવા લાગ્યો હતો, અને એ સિંહનો પંજો પોતાના પુત્રને માથે મુકાવવા અને રાજ્યને નિષ્કંટક કરવા એની રાજ્યભક્તિએ એને આગ્રહ ચડાવ્યો હતો.

મુળુએ રાજાની ઇચ્છા તૃપ્ત કરી, અને રાજાએ મુળુની ઇચ્છાઓ તૃપ્ત કરવા અનેક યત્ન કર્યા. પણ જ્યાં વૈરાગ્નિ બળ્યાં કરે ત્યાં બીજી ઇચ્છાઓની ગમે તેટલી તૃપ્તિ થાય તે આ અગ્નિથી બળતો ચિત્તને શાંત કરી શકતી નથી. જ્યાં આગળ વૃદ્ધ સામંતે ક્ષણિક ક્રોધને શાંત કરી અપૂર્વ રાજભક્તિ દર્શાવી અને ઉદાર રાજનીતિમાં પ્રજ્ઞતા ઉત્પન્ન કરી ત્યાં આગળ તેનો યુવાન બાળક બ્રાહ્મણને હાથે પિતાને થયેલા અપમાનની અક્ષમા દાબી શક્યો નહીં. પિતૃભક્તિએ રાજભક્તિના અંકુરને કચરી નાખ્યો, અને વૈરાના ભડકાએ રાજનીતિના વિચારના દીવાઓને અસ્ત કરી નાંખ્યા. ખાચર સાથે સન્ધિ થતાં બ્રાહ્મણોનું બળ પડી ભાંગશે, એ ઇચ્છામાં નિષ્ફળ થતાં બીજી સર્વે ઇચ્છાઓ અનિચ્છારૂપ થઈ ગઈ અને એક જ ઇચ્છાની તૃપ્તિ પામવામાં નિષ્ફળ થતાં ચિત્તમાં અસહ્ય ક્રોધ ઉત્પન્ન થયો. *કામાત્સંજાયતે ક્રોધઃ* એ વાક્ય સિદ્ધ થયું. બીજા વિકારોનો પ્રવાહ એક દિશામાં જનાર હોય છે; ક્રોધનો ભડકો સર્વ દિશામાં વિવેક વગર ફેલાય છે, પાત્રાપાત્ર જોતો નથી, અને જને અડકે તેને સળગાવે છે. ચંડિકાને દૈત્ય સાથે યુદ્ધક્રોધ થતાં તેણે શિવજીના દેહ ઉપર નૃત્ય કર્યું. ક્રોધનો અગ્નિ સર્વસંહારક થાય છે. પ્રધાન ઉપર ઊપજેલા મુળુના ક્રોધની જ્વાળા મલ્લરાજના દેહની આસપાસ ફરી વળવા લાગી. જો મલ્લરાજ પ્રધાનને કાઢે નહીં તો મલ્લરાજની સત્તાનો નાશ કેમ થવો ન જોઈએ? પણ આ

વાત રત્નનગરીમાં અશક્ય હતી, અને રત્નનગરી બહાર સરકારના એજંટના હાથમાં મુકાય એવું કાંઈ શસ્ત્ર મુળુને જડ્યું નહીં. પ્રધાનની સત્તાનો નાશ ન બનતાં પ્રધાનનો નાશ કરવાનો માર્ગ મુળુએ શોધ્યો.

કૂતરો પૃથ્વી સૂંઘતો સૂંઘતો ચાલે તેમ મુળુ પ્રધાનનાં છિદ્ર શોધવાને આયુષ્ય ગાળવા લાગ્યો. છિદ્ર ન જડતાં પ્રધાનની સાથે વૈરભાવે મિત્રતા રચવા લાગ્યો. કાળક્રમે મુળુ વિદ્યાચતુર અને જરાશંકરને ઘેર જતો આવતો થયો. તેના મનના મર્મનો પરીક્ષક અનુભવી વૃદ્ધ જરાશંકર છેતરાયો નહીં; મુળુ ને પ્રધાનની વચ્ચે બે ગ્રહો એકબીજાને દેખે તેવો એકબીજાને જોવાના સંબંધ કરતાં વિશેષ, સંબંધ થયો નહીં. બૃહસ્પતિની અવિશ્વાસની નીતિ જાણનારા મામાએ તેના ઉપર રજ વિશ્વાસ કર્યો નહીં ત્યારે અનુભવહીન ભાણેજ છેતરાયો અને વિદ્યાચતુર મુળુને રાજાનો ભત્રીજો ગણી તેની મિત્રતા સ્વીકારવા લાગ્યો. આટલું છિદ્ર મળતાં રજપૂતનો બાળક કપટકળામાં યુદ્ધ નિપુણતાનો ઉપયોગ કરવા લાગ્યો. જરાશંકરને આ સંબંધનો આભાસ લાગતાં તેણે ભાણેજને ચેતાવ્યો. પણ અંગ્રેજી વિદ્યાર્થી ભોળવાયેલો પંડિતમાની વિદ્યાચતુર મામા સાથે મનમાં એકમત થયો નહીં. છતાં મામાની આજ્ઞા માની, પણ પોતાના વિચાર ન ભુલાવાથી સુજ્ઞ લાગતા મિત્રને એ છેક દૂર કરી શક્યો નહીં.

મુળુનો પગ આવી રીતે વિદ્યાચતુરના ઘરમાં થોડોઘણો રહ્યો. માનચતુરને મુળુનું મોં સરખું ગમતું નહીં અને એ આવે તે પ્રસંગે વાઘની પેઠે સજ્જ રહેતો. એક દિવસ માનચતુર ઘર બહાર ગયાનો લાભ લઈ મુળુ વિદ્યાચતુરને ઘેર ગયો, અને બાળક કુમુદસુંદરીને રમાડવાનો પ્રસંગ શોધી ઘરની અંદર કામ કરતી ગુણસુંદરી ઉપર દૃષ્ટિ નાંખવા લાગ્યો. ઘરના ચાકરો આઘાપાછા હતા. સુંદર કોઈ પડોશીને ઘેર ગઈ હતી. વિદ્યાચતુર ઘેર આવ્યો ન હતો. રજપૂતની દૃષ્ટિ, વિકારથી રાતી, ચોરની પેઠે પ્રસંગ શોધતી, અને શિયાળની પેઠે અંધકારને ભેદી આગળ આવતી લાગી. તેને છેટેથી જોતી ગુણસુંદરી અંતર્ભયથી કંપવા લાગી, અને છેટે ઊભેલા પુરુષનો હાથ કાંકરા ઉપાડવા તત્પર થતો જોઈ ચતુર કાગડી ઊડી જાય તેમ ઘરની પરસાળમાં નાસી ગઈ અને પરસાળનાં દ્વાર વાસી દીધાં. પણ બાળક કુમુદ વાસ્તે તેનો જીવને ગભરામણ થઈ. છતાં દીકરી કરતાં કુટુમ્બલજ્જાને વહાલી ગણી. ઘર ઉઘાડું હતું — તેને અને દીકરીને ઈશ્વરના હાથમાં સોંપ્યાં. જાતે જરાક શાંત થતાં એ સૌ નિર્ભય લાગ્યું અને પોતાને પરસાળમાં સંતાઈ રહેવું ઉચિત લાગ્યું — માત્ર એક કાણામાંથી બહાર દૃષ્ટિ રાખવા લાગી. કુમુદને પાછી આપવાને નિમિત્તે મુળુ ઘરની અંદર આવી ફરવા લાગ્યો, આમતેમ શોધવા લાગ્યો, એટલામાં માનચતુર બહારથી આવી દ્વારમાં પેઠો.

માનચતુરે કુમુદને મુળુભાના હાથમાંથી લઈ લીધી, અને ચારે પાસનો દેખાવ જોઈ, ગુણસુંદરીની અવસ્થા કલ્પી. ભવિષ્યમાં આ પ્રસંગ ન આવે

અને રાજપુત્રની સાથે દેખીતો વિરોધ ન થાય એવું વચન રચ્યું.

‘મુળુભા, આપ મોટા ઘરનું છોરુ તે આ ગરીબ ઘરમાં આવો ત્યારે અમારે ત્યાં કંઈ કંઈ ગૂંચવાડા થાય અને લોકમાં આપને નાનમ લાગે. માટે વિદ્યાચતુરનું કામ હોય તો આપ એને સંદેશો મોકલશો તો તરત આપને મળવા આવશે, અને દરબારમાં તો નિત્ય આપને વગર તેડ્યે મળી શકશે. માટે આપ અત્રે આવવાનો શ્રમ લેવા કરતાં એને જ શ્રમ આપશો તેમાં સૌનું સારું દેખાશે. આપ જાતે શાણા છો અને સામંતસિંહને પૂછશો તો આવી જ રીતે બતાવશે.’

અંત:કરણના અપરાધે મુળુને આ મર્મવાક્યનો અર્થ સમજાવ્યો. વૃદ્ધજન અને તે વળી માનચતુરના દેખાવવાળો — તેને પ્રત્યુત્તર વાળવા સામંતના પુત્રની છાતી ચાલી નહીં. ‘ખરી વાત’ કહી, નીચું જોઈ, વધારે બોલ્યા કે જોયા વિના તે ચાલતો થયો, ને દ્વારમાંથી નીકળ્યો તેની સાથે તે સાંભળે એમ બૂમ મારી મોટે સ્વરે માનચતુર કહેવા લાગ્યો:

‘ગુણસુંદરી, રાહુ ગયો — બહાર નીકળો અને કાલથી દરવાજે આરબની ચોકી રાખજો કે આવો પ્રસંગ ફરી ન આવે.’

ગુણસુંદરી દ્વાર ઉઘાડી બહાર આવી અને દયામણે મુખે રંક સ્વરે બોલી: ‘વડીલ, મેં આપને એકબે વાર કહેલું છે કે આપણા લોકમાં મજિયારાં રહેવાનો ચાલ છે તે સારો છે, તે એટલા માટે કે આવો પ્રસંગ તેમાં ન આવે. મારાં સાસુજી, નણંદો અને જેઠજેઠાણી હતાં ત્યારે બધું ઘર આખો દિવસ ભરેલું રહેલું અને બહારનો માણસ જમ જેવો હોય પણ તેની છાતી ઊમરાની માંહ્ય નજર નાંખવા જેટલી, ચાલી શકતી ન હતી. મારાથી આપની સેવામાં કોણ જાણે શી ન્યૂનતા આવી જતી હશે કે આપ ઘડી ઘડી મનોરિયે જઈ વસો છો.’

માનચતુર હસ્યો: ‘પણ હવે આરબ રાખીશું કની! અંગ્રેજી ભણે તેને તો અંગ્રેજની પેઠે એકલો વાસ અને એકલાં ઘરબાર હોય તે ઠીક પડે.’

ગુણસુંદરી ગાલે હાથ દઈ બેઠી: ‘આપને કહેવું હોય તો વડીલ છો. પણ મારા હૃદયમાં જે વાત છે તેનો સાક્ષી ઈશ્વર છે. અંગ્રેજ લોકની ફૂંકથી પર્વતો ફાટે છે અને તેમના નામથી રાજાઓ કંપે છે. મડમો અરણ્યમાં હોય પણ તેના સામી દૃષ્ટિ કરતાં લોક ડરે. આપણાં ઘર એમનાં ઘર પેઠે ઉઘાડાં થઈ જશે ત્યારે રસ્તાના જનારને અને શેરીનાં કૂતરાંને પણ તેમાં પેસી જવાનું મન થશે. આપણા ઘરનાં લશ્કર ઘેરાઈ જશે ત્યારે ધોળે દિવસે ધાડ પડશે. વડીલ, તમને હસવું આવે છે પણ ખરું જાણજો કે આપના જેવા વડીલો તે આપણા ઘરના ગઢ છો અને એ ગઢ તૂટશે ત્યારે તેમાંનાં તમારાં અમ જેવાં ઢોર અને બીજું જ પવિત્ર ધન હશે તેને લોક લૂંટાશે તેટલાં લૂંટશે.’

‘ગુણસુંદરી! તમારાં આ વચન સાંભળવાનું મને મન થયું હતું માટે આટલું કહેવડાવ્યું. ઘરડાઓ ગુણમાં ઘાલેલા બોલે તે તમે સમજો છો. પણ હવેના કાળમાં તો જુવાનિયા વાજું જવું બદલાયું છે તેમ જ ઘરડાઓની ગત ગઈ છે એટલે તમારું કહેવું જોશો ત્યાં ખોટું પડશે. બાકી આપણા ઘરમાં તો એવું કહું તો જુવાનમાં મારાં છોકરાં તમે બધાં, અને ઘરડાંમાં હું જાતે તે આપણામાં જ એવો કાળ બદલાઈ કળજુગ બેઠો કહું તો આપણને પોતાને જ ગાળ પડે! માટે આપણા ઘરમાં તો એ કાળનો વા વાયો જ નથી. પણ કાલનો વિશ્વાસ નહીં તો આજનો કેમ થાય? માટે આરબો ઊમરે રાખીશું અને હું તો જીવું ત્યાં સુધી છું સ્તો!’ આમ બોલતો બોલતો માનચતુર હસવા લાગ્યો અને ગુણસુંદરીને બીજી વાતમાં નાંખી.

આણી પાસ વિદ્યાચતુરના ઘરમાં ન ફાવેલો મુળુ પોતાના ઉપર ખીજવાતો અને મનમાં બડબડતો બડબડતો નગર બહાર પોતાનો બાગ હતો તે દિશામાં ચાલ્યો. ગુણસુંદરીએ પોતાના કરતાં વધારે ચકોરપણું બતાવ્યું જોઈ સ્ત્રીજાતિને હાથે પોતે હાર્યો તેનું એને ઘણું હીનપદ લાગ્યું. મારું છિદ્ર વિદ્યાચતુર, જરાશંકર અને મહારાજ જાણશે એ ભયથી તે કંપવા લાગ્યો. માનચતુર જેવા વૃદ્ધ બ્રાહ્મણને હાથે તિરસ્કાર ગળી જવો પડ્યો તે વિચારથી તે અસ્ત થયો. આ સર્વ વિચાર કરતો કરતો એ ચાલ્યો જાય છે એટલામાં માર્ગની એક પાસ એક હાટ આવ્યું. ત્યાં આગળ એક બ્રાહ્મણ રાગ કાઢી ગાતો હતો અને તેની આસપાસ લોક એકઠા થયા હતા. પોતાના મ્લાન ચિત્તને કંઈક વિનોદ મળે એ આશાથી મુળુ લોકના ટોળામાં ભળ્યો.

‘પુરુષને અબળા કહેવાતી નચાવે,

રાણીજાયા પાસે એ પાણી ભરાવે,

જોજો લોક, કૌતુક કળજુગનાં’ એ!

વંઠેલાને ઊંડે કૂવે એ ઉતારે,

પુરાણીનાં પોથાં પાણીમાં પલાળે! જોજો.

મોટા મોટા જોગીને જાળમાં નાંખે,

જ્ઞાનીઓની આંખે પાટા તાણી બાંધે!
જોજો.

ઋષિ મુનિ એના થકી ભુરકાયા,

કામણ કરે નારી તણી ગંદી કાયા! જોજો.

હડહડતો આ આવ્યો છે કળિકાળ,

સતીઓ ઊતરી ગઈ પાતાળ. જોજો.

વ્યભિચારિણી આજ થઈ જોગમાયા,

એની દૃષ્ટિએ જે પડ્યા તે ફસાયા!
જોજો.

બ્રાહ્મણભાઈના મંત્ર થયા એના તંત્ર,

રજપૂતનાં શસ્ત્ર બન્યાં એનાં જંત્ર!'
જોજો.

બ્રાહ્મણ આમ ગાતો હતો ત્યાં તેની સામે એક જણ ગયો અને એને ખભે હાથ મૂકી કહેવા લાગ્યો: 'અલ્યા, તારા ઘરમાં પણ એવાં જોગમાયા છે કે? હોય તો કહેજે—' આ સાંભળી બ્રાહ્મણને ક્રોધ ચડ્યો અને યુદ્ધ જાગ્યું. તેનો કોલાહલ અતિશય થયો. 'હોહો' કરતા છોકરાઓ એની પાઘડી ઉછાળવા લાગ્યા. એ ટોળામાંથી બ્રાહ્મણને છોડાવી, પોતે છૂટી, મુળુ એકલો ચાલ્યો અને વિચારમાં ને વિચારમાં બોલવા લાગ્યો:

'રાણીજાયા પાસે એ પાણી ભરાવે...

રજપૂતનાં શસ્ત્ર બન્યાં એનાં જંત્ર!'

'ખરી વાત! — ના ના, સ્ત્રીઓમાં હતી તેવી ને તેવી સતીઓ હજી છે, પણ અમે રજપૂતો જ બગડ્યા.' શાંત પડી મનમાં બોલવા લાગ્યો: 'મારા જેવો મૂર્ખ કોઈ નથી કે ખરો માર્ગ મૂકી ખોટે માર્ગે દોરાયો. યુદ્ધ તે સરખેસરખાનું. આ જરાશંકર અને વિદ્યાચતુર તે કોણ! — હં — બિચારા બ્રુમણા. પ્રધાન તે રાજાના દાસ. એવા હલકાઓના ઉપર મારા મનમાં વેર થયું ને એવા હલકાઓ સાથે યુદ્ધમાં ઊતર્યો એટલે આવું હલકું યુદ્ધ કરવું પડ્યું.'

'પ્રધાન ઉપર વેર લેવાનું બીજ રસ્તે ન ફાવતાં આ હલકું કામ સૂઝ્યુ; તેમાં ફાવ્યા હોત તોપણ ફળ કાંઈ નહીં, ને એ ન ફાવ્યા તેમાં આ આબરૂ ગઈ. ખરી વાત છે — પોતાના જેવા સાથે લડવું.'

વિચારમાં પડી ચાલ્યો. થોડો છેટે ગયા પછી નવો વિચાર સૂઝતાં પૃથ્વી ઉપર એક હાથ કૂદ્યો અને મૂછે હાથ દઈ હસ્યો. મહાઉલ્લાસથી મનમાં બોલ્યો:

'બ્રાહ્મણોએ કર્યાં શાસ્ત્ર તે રજપૂત તોડે. મારા દાદા નાગરાજથી બે વરસ નાના એટલે એમને ગાદી ન મળે! એ પેલા ધુતારા બ્રાહ્મણોનું શાસ્ત્ર. દાદો બે વરસ મોડો જન્મ્યો તો પોતરો * વહેલા જન્મેલાને ન જન્મેલા કરે એમ ક્યાં નથી? આ નકામો બાયલો મણિયો જીવતો ન હોય તો મુળુ એને ઠેકાણે રાજા! તરવારના એક ઘાનું કામ! આ બ્રાહ્મણો સાથે નકામી માથાકૂટ કરવા કરતાં રજપૂત રજપૂતાઈ કેમ નહીં કરે? રાજ્યને સુધારવા રજપૂતાઈ કરતાં કોનો ડર છે! રાજા થવાને યોગ્ય હોય તે રાજા થાય!'

દુર્ભાગ્યની ઘડીમાં કરેલા એ વિચારે જુવાન મુળુનું મસ્તિક ફેરવ્યું અને વંટોળિયે ચડાવ્યું. મણિરાજનું વય બાલ્યાવસ્થા ત્યજતું હતું અને તેને રત્નનગરીનાં મહાન અરણ્યોમાં મૃગયાની દીક્ષા આપવામાં તરત જ આવી હતી. તેની સાથે બીજા રાજપુત્રો મોકલવામાં આવતા હતા. આ પ્રસંગ અને સહવાસનો લાભ લઈ મુળુએ મણિરાજનું ખૂન કરવાનો યત્ન આરંભ્યો, પુત્રનો વિશ્વાસ પામેલા પિતાને આ યત્ન જાણતાં — પકડતાં — વાર ન લાગી. સામંતે એકદમ મુળુને કેદ કરી, તેને બેડીઓ જડી, પોતાના ઘરમાં એક ઓરડામાં પૂર્યો. એને પાકા કબજામાં રાખી વચનબદ્ધ રાજા પાસે પોતાના પુત્રના નાશનું વરદાન લેવાનો પોતાનો નિશ્ચિત અધિકાર ગણી રાજભક્ત પિતા રાજમંદિર ભણી ચાલ્યો. પુત્રની દુષ્ટતાની પરીક્ષા એણે પ્રથમથી કરી હતી એટલે આજ એને કાંઈ નવો શોધ કર્યા જેવું આશ્ચર્ય વસતું ન હતું. પણ એ પરીક્ષાનું ફળ આજ સુધી રાજાએ ન આપ્યું તે હવે હાથમાં આવ્યું સમજાયું. પોતાના ઘરમાં સળગેલા કુલાંગારનું આયુષ્ય ખૂટ્યું સ્પષ્ટ થયું. પોતાના રાજાના શત્રુનો નાશ નક્કી ગણ્યો. બાળક મણિરાજને નિષ્કંટક કરવાનો અભિપ્રાય સત્ય થયો જાણી સામંતને આનંદ વ્યાપી ગયો. પોતાનો અભિપ્રાય સત્ય થયો જાણી એને યોગ્ય ગર્વ ચડ્યો. દુષ્ટ પુત્રને શત્રુ ગણી તેનો વધ ઇચ્છતાં પોતાના હૃદયમાં કાંઈ પણ ખેદ થાય કે મૃદુતા જણાય એવો અનુભવ કે આભાસ ક્ષત્રિયપિતાને રજ પણ થયો નહીં. પ્રાતઃકાળે ભૂ-નભની સંયોગરેખામાંથી નીકળી, પળવાર નમ્ર દેખાઈ, પોતાનાથી જન્મ પામેલા મળસકાનો નાશ કરવા સૂર્ય જેમ ઉગ્ર તેજથી અને વેગથી ઊંચો ચડતો ભભૂકતો લાગે તેમ આ પ્રસંગે ઘર છોડી રાજમંદિર ભણી અત્યંત ઉત્સાહથી અને વેગથી સામંત પગલાં ભરવા લાગ્યો.

સામંતે મલ્લરાજ પાસે ફરિયાદ કરી. મલ્લરાજે તે શાંત ચિત્તથી સાંભળી. સામંતે મુળુને શિક્ષા કરવાનું માગણું કર્યું. મલ્લરાજે કહ્યું કે તેનો વિચાર થશે. 'આવી સ્પષ્ટ વાતમાં વિચાર શો? — આથી મોટો અપરાધ શો? — આપે મને આપેલું વચન સત્ય કરો.' એમ સામંતે ઉત્તર આપ્યો. મલ્લરાજે વિચાર કરી જરાશંકરને આજ્ઞા કરી કે 'આ વાતનો નિર્ણય કરવાને ભાયાતોની પંચાયત નીમવા મારો કરેલો ઠરાવ છે તે તને અને સામંતને ખબર છે — તે વાંચી કાઢો, તે પ્રમાણે પંચ નીમો અને તેની પાસે મુળુનો ન્યાય કરાવો.'

સામંત — 'તો શું આપ ન્યાય નહિ કરો? અપરાધના પ્રસંગોમાં એ પંચ નીમવાનો ઠરાવ નથી.'

મલ્લરાજ — 'એ ઠરાવ વાંચજે, "રાજ્ય સાથે વાંધો પડે ત્યારે પંચ નીમવા" એવો ઠરાવ છે. મણિરાજની વાતમાં મારે ન્યાય ચૂકવવો પડે તે ઠીક નહિ. મારો કરેલો ન્યાય સ્વીકારવો હોય તો આ ફરિયાદ કરવી છોડી દે અને મુળુને છૂટો કર.'

સામંત — 'હવે છૂટશે આવતે અવતાર. મારી સાથે વચનથી બંધાયા છો.'

મલ્લરાજ — 'તો જે વચનથી તું અને ભાયાતો બંધાયા છો તે ઠરાવ પ્રમાણે ન્યાય થશે.'

સામંત — 'તો તેમની ઇચ્છા પ્રમાણે શિક્ષા પણ થશે, અને એ ઠરાવ પ્રમાણે પંચમાં મને પણ બેસવાનો અધિકાર છે.'

મલ્લરાજ — 'તું તટસ્થ નથી — ન્યાય કરવા અયોગ્ય છે. તું ફરિયાદ કરનાર છે.'

સામંત — 'તો હું અપરાધીનો બાપ પણ છું. મહારાજ, બીજા ભાયાત શરમ રાખી એને છોડે માટે આપના વચન પ્રમાણે મને પંચમાં બેસવાનો અધિકાર છે તે નહીં આપો તો આપનું વચન તૂટશે.'

જરાશંકર — 'મહારાજ, હું આવાં કારણોથી જ કહેતો હતો કે આ ઠરાવમાં પ્રધાનની સંમતિ લેવી જોઈતી હતી.'

મલ્લરાજ — 'એ તમે પશ્ચિમ બુદ્ધિવાળા બ્રાહ્મણો ન સમજો. સામંત, જા, એ પંચમાં બેસવાનો અધિકાર તને આપું છું, કારણ વચને બંધાયો છું. પણ ઠરાવનો પાછલો ભાગ વાંચી કામ કરજે કે બીજા પંચ ફરી નીમવા ન પડે.'

પંચ નિમાયા. પંચે મુળુને કુમારના ખૂન કરવાના પ્રયત્નનો અપરાધી ઠરાવ્યો અને દેહાંત દંડની શિક્ષા દર્શાવી. એવી ભારે શિક્ષા કરવા રાજાએ ના પાડી. રાજા અને સામંત વચ્ચે વળી વાદયુદ્ધ થયું. રાજાએ મુળુને પૂછ્યું: 'મુળુભા, તારી સર્વ ઇચ્છાઓ તૃપ્ત કરવા મેં પ્રયત્ન કર્યો તે નિષ્ફળ ગયો અને તારી દયા આણતાં તારા પિતાનાં આ વચન સાંભળવાં પડે છે. મેં કે મણિરાજે તારો શો અપરાધ કર્યો હશે વારુ?'

મુળુ બેડીઓમાં ઊભો હતો તે આળસ મરડી જશ ઊંચો થઈ બોલ્યો:

'મહારાજ, આ અંગ્રેજની સાથે આપે સંધિ કર્યો ન હોત તો આ પ્રસંગ આવત નહીં. કર્યો તો ખેર. પણ એ સંધિ કરવા સારુ આપની બુદ્ધિને ફસાવનાર આ બ્રાહ્મણને આપે દૂર કર્યો હોત તો આ પ્રસંગ ન આવત. થવા કાળ તે થયું. આ મહાન રાજપ્રસંગોમાં આપ અશક્ત નીવડ્યા અને આવા હલકા બ્રાહ્મણના વશીકરણથી બંધાઈ રહ્યા છો તે જ્યાં સુધી મુક્ત થાવ નહીં ત્યાં સુધી આ સિંહાસનને માટે આપ યોગ્ય છો એમ મને કદી લાગનાર નથી. જે ભાર લેવા આપ અશક્ત છો તે ભાર લેવાની મને હિંમત હતી અને તેથી જ તે ભાર માથે ખેંચવાનું સાધન મેં વાપર્યું. મેં એમાં કાંઈ ખોટું નથી કર્યું. જગતમાં ઘણા અયોગ્ય રાજાઓ રાજ્યાસન પર બેસી સમર્થ પુરુષોને જીવનથી મુક્ત કરે છે તેમ આપ ભલે મને પણ મુક્ત કરો. હું મરવા તૈયાર છું.'

સામંતને ક્રોધ ચડ્યો તે અટક્યો નહીં — તેણે એકદમ ઊઠીને મુળુના કપાળમાં મુક્કો માર્યો અને લોહીની ધારા ચાલી. રાજાએ સામંતને પાછો ખેંચી લીધો. વચન કાઢ્યું:

'મુળુ, તારા પિતાનો ક્રોધ તને શિક્ષા કરે છે. તે શિક્ષાથી તને આજ તારી બાળક અવસ્થા સાંભરતી હશે તેવે ક્ષણે મારાં પણ બે વચન સાંભળ. મારે મોંએથી તું ન્યાય સાંભળે તે પહેલાં તારે મોંએ મારો ન્યાય સાંભળતાં મને આનંદ થાય છે. મુળુ, તારે માથે જે આરોપ છે તે તું સિદ્ધ કરે છે પણ મારે માથે જે આરોપ તું મૂકે છે તે સત્ય છે કે નહીં તે તને અનુભવનાં વર્ષ વગર બીજું કોઈ શીખવી શકે એમ નથી. જો તને દેહાંતદંડ કરી તને એ વર્ષ પ્રાપ્ત કરવા હું ન દઉં તો હું તારા આરોપમાંથી મુક્ત નહીં થાઉં. માટે પ્રથમ તો આ આરોપમાંથી મુક્ત થવાના મારા સ્વાર્થ માટે તને દેહાંતદંડ હું દઈ શકતો નથી.'

સામંત કૂદ્યો અને ગાજી ઊઠ્યો: 'શું મહારાજ, શું-એ નહીં થાય. ભાયાતોએ કરેલી શિક્ષા કબૂલ રાખવી પડશે.'

મલ્લરાજ — 'સામંત, ધીરો થા. તારું વચન સાંભળવાનો કાળ આવશે. મુળુ, તું જે વંશમાં જન્મ્યો છે તેમાં આજ સુધી કોઈને તારા જેવી બુદ્ધિ સૂઝી નથી અને તને સૂઝી તે કાળબળ છે. મારું અંત:કરણ હજી મને કહે છે કે જતે દિવસે આપણા વંશની બુદ્ધિ તને સાધ્ય થશે, અને એમ છે તો તને સંસારમાંથી ભૂંસી નાંખવા મને અધિકાર નથી. જે અપરાધી કદી સુધરે એમ નથી અને જેના ત્રાસથી સંસાર કદી મુક્ત થાય એમ નથી એવા અપરાધીને જ સંસારમાંથી દેશવટે કાઢવો યોગ્ય છે — તે જ મૃત્યુને પાત્ર છે. હું તારી વાતમાં નિરાશ થતો નથી તો તું મૃત્યુને પાત્ર નથી. મુળુ, જે રાજ્યાસનને માટે તું આજ ઈશ્વરનો અપરાધી થયો છે તે રાજ્યાસનને કોઈ દિવસ પણ તારા જેવા રાજાને ખપ નહીં પડે એમ કહેવાતું નથી; અને તેમ ખપ પડે તે કાળે પાકા વયને અને ટાઢતડકાના મહાન અનુભવને પામી તું આયુષ્યમાન હોય એમ ઇચ્છવું એ મારો ધર્મ છે. મુળુ, જે મણિરાજને સંસાર છોડવાનો માર્ગ દેખાડવા તું તત્પર થયો હતો તે મણિરાજ કોઈ કાળે આ રાજ્યાસન ઉપર બેસવાને જીવતો હશે તો ત્યારે સોરો તેની ક્ષમતાનો તું પાત્ર થશે અને એ એવી ક્ષમાવાળો થશે એવી મને આશા છે, તે આશાને તું નષ્ટનહીં કરું. માટે સામંત, એક બોલ બોલ્યા વગર તું જ આજ મુળુને કેદમાં રાખ અને એનું આયુષ્ય તોડ્યા વિના એને એવી શી શિક્ષા કરીએ કે તારી અને મારા ભાયાતોની ઇચ્છા સિદ્ધ થાય અને મારી આશાઓ પડી ન ભાંગે તે સર્વનો વિચાર તારી સાથે કરી કાલનો સૂર્ય ઊગતાં તેનો અમલ કરીશું.'

મુળુને યોગ્ય ઠેકાણે વશ રાખી સામંત પાછો આવ્યો. રાજા, પ્રધાન અને રાજબંધુ, એ ત્રિપુટી વચ્ચે રાજવંશનું ભવિષ્ય ચર્ચાવા લાગ્યું.

· · · · ·

મલ્લરાજ — 'જરાશંકર, ભાયાતોએ ચૂકવેલો ન્યાય તો જાણ્યો. તેમને મેં ન્યાયનો અધિકાર આપ્યો છે, શિક્ષાનો આપ્યો નથી. તેમણે સૂચવેલી શિક્ષા અત્યંત લાગવાથી મને રુચતી શિક્ષા મેં બતાવી છે. એ શિક્ષા કેવી રીતે આચારમાં આણવી તેની ચર્ચા કર.'

સામંત — 'મહારાજ, ઓછી શિક્ષા આપ બતાવો છો તેનું કારણ જાણવા મને અધિકાર છે.'

મલ્લરાજ — 'હા, મુળુના દેખતાં મેં કારણ કહ્યું તે તેં સાંભળ્યું.'

સામંત — 'પણ મને તેથી સંતોષ વળ્યો નથી. શત્રુનો નાશ કરવાને પ્રસંગે તેનું પોષણ કરવું એ ઉદારતામાં મૂર્ખતો છે. આ સર્પ દૂધ પાવા યોગ્ય નથી. તે બહારવટે નીકળશે; આપણી પ્રજામાં, આપણા ભાયાતોમાં, અને અંતે અંગ્રેજ અધિકારીઓમાં — આ દુષ્ટ રાક્ષસ મિત્રતા કરશે અને આ રાજ્યને માથે અનેક શત્રુઓ ઊભા કરશે. મહારાજ, હું સ્પષ્ટ કહું છું કે આ દુષ્ટ હવે જીવવાને યોગ્ય નથી. રાજ્યને વિષ દેનારને માટે મરણની સજા પણ ઘણી નાની છે.'

મલ્લરાજ — 'ભાયાતોને હાથે ભાયાતોનો ન્યાય કરાવવાનો માર્ગ આપણે અંગ્રેજોને માટે જ કાઢ્યો છે તે તને યાદ હશે.'

સામંત — 'હા.'

મલ્લરાજ — 'ભાયાતોને એ ધર્માસનનો અધિકાર આપ્યો તે રાજ્યઅંગને કવચ પહેરાવવા.'

સામંત — 'હા.'

મલ્લરાજ — 'ભાયાતોને અંગ્રેજ દ્વારા રાજ્યઅંગ ઉપર ઘા કરે ત્યારે આ કવચ સમર્થ રક્ષણ કરી શકે તેને માટે જ ભાયાતોની સંમતિ લઈ આ કવચ ઘડેલું છે.'

સામંત — 'હા.'

મલ્લરાજ — 'તો અંગ્રેજ અને મુળુ ઉભયનાથી જેટલા કરાય એટલા ઘા તે કરશે તેમ તેમ કવચનું બળ જણાશે, અને કોઈ સ્થળે છિદ્ર હશે તો તે પણ જણાશે, અને તે છિદ્રનો ઉપાય કરવામાં સામંતનું મલ્લરાજને સાહાય્ય છે.'

સામંત — 'એ બધાની હા. પણ આવ, કુહાડા પગ ઉપર એમ કરવાનો માર્ગ મને ગમતો નથી.'

મલ્લરાજ — 'હાલ એ કુહાડાથી આપણો પગ બચશે. પણ હું તું કે મણિરાજ કોઈ ન હોઈએ તે કાળે જેને આપણે રાજ્યનો શત્રુ ગણીએ

છીએ તે રાજ્યનું છત્ર થઈ શકે એમ છે — એમ છત્રનો દંડ મૂળ આગળથી તોડી પાડવો એ રાજ્યના શત્રુનું કામ છે.'

ઘણી ચર્ચા કરતાં અંતે મલ્લરાજના વિચારની યોગ્યતા સ્વીકારાઈ. મુળુને ગમે તે રાજાના રાજ્યમાં રહી તેણે આયુષ્ય પૂર્ણ કરવું, ત્યાં એના પોષણ યોગ્ય દ્રવ્ય દર વર્ષ મોકલવું, એના પોષણનું સાધન થવા અપાતું દ્રવ્ય કુમાર્ગે વપરાય નહિ એટલું વધારે ન થાય એવી રકમ આપવી, સામંતના આયુષ્યને અંતે એનો સર્વ ગરાસ રાજ્યમાં જપ્ત કરવો. આ પ્રમાણે મુળુના આશ્રય માટે ઠરાવેલા રાજાનું રાજ્ય છોડી મુળુ બહાર નીકળે અથવા રત્નનગરીના રાજ્ય વિરુદ્ધ વર્તણૂક દેખાડે તો આમ અપાતું દ્રવ્ય બંધ કરવું. રત્નનગરીના રાજ્યની હદમાં એ આવે તો એને કેદ કરતો અને એનું બાકીનું આયુષ્ય પૂરું થાય ત્યાં સુધી એને કેદ રાખવો. મણિરાજ ગાદી ઉપર બેસે અને મણિરાજનું મન પ્રસન્ન થાય તો મુળુની આ સર્વ શિક્ષામાંથી ગમે તેટલીની મણિરાજ ક્ષમા આપે — આ પ્રમાણે શિક્ષા નિર્ણીત થઈ, અને મુળુની ઇચ્છા પ્રમાણે તેને રાણા ખાચરના રાજ્યમાં મોકલી દીધો અને શિક્ષાપાત્ર ઉપર ભાયાતોના પંચે *अत्र मतम्* ('અત્ર મતું') લખ્યું.

મુળુ રાજ્યમાંથી ગયો, પણ અનેક જાતનો ઉચાટ પાછળ મૂકતો ગયો. એજંટને કાને એને બહાર મોકલ્યાના સમાચાર ગયા. એણે મલ્લરાજ ઉપર પત્ર લખી ખરા સમાચાર મંગાવ્યા. પત્ર જોતાં સામંતે મુળુને માથે આરોપ મૂક્યો કે એણે એજંટને ત્યાં ફરિયાદ કરેલ હોવી જોઈએ. એ પત્રના ઉત્તરમાં રત્નનગરીથી પત્ર ગયો તેમાં સામું પૂછવામાં આવ્યું કે આ સમાચાર તમે કોની પ્રેરણાથી મંગાવો છો, શા કારણથી મંગાવો છો, અને શા અધિકારથી મંગાવો છો. ઉત્તર આવ્યો અને એજંટે લખ્યું કે 'એ સમાચાર અમે અમારી પોતાની ઇચ્છાથી મંગાવીએ છીએ. મુળુના સમાચાર સત્ય હોય તો તે બહારવટે નીકળે એવો સંભવ છે, ને તેમ કરે તો દેશની શાંતિને ભય, એ ભય દૂર રાખવાનો અધિકાર સર્વ રાજાઓની ચક્રવર્તીની સત્તાના ચક્રવર્તીત્વને અંગે સમાયેલો છે, અંતે એ અધિકારનું પોષણ કરવામાં રાજાઓ, પ્રજાઓ અને ચક્રવર્તીનો એક સ્વાર્થ છે.' અંતે એજન્ટે મલ્લરાજને વિજ્ઞાપના કરી લખ્યું કે: 'હું પોતાને આપનો મિત્ર સમજું છું અને તે મિત્રતાના અધિકારથી સૂચના કરું છું કે સરકારનો આ અધિકાર સ્વીકારવામાં આપના જેવા સદ્‌ગુણી રાજાઓને કાંઈ પણ ભય નથી, એ અધિકાર ન સ્વીકારવામાં આપના ઉપર વિના કારણ શંકા ઊભી કરવાનું બીજ છે, અને એ અધિકારનો સર્વત્ર સ્વીકાર કરાવવા સરકારની શક્તિ છે તે આપને વિદિત છે અને ઇચ્છા છે તે હું આપને વિદિત કરું છું'

આ પત્ર વંચાતાં મલ્લરાજ ગાજી ઊઠ્યો: 'રાજાઓના પંચનું રૂપ આ એજંટે ધારણ કર્યું હતું — હવે રાજાઓના ફોજદારનું અને હવાલદારનું રૂપ એણે ધરવા માંડ્યું! જરાશંકર! આ તારી રાજનીતિનું ફળ ઊગી નીકળ્યું!'

જરાશંકરના કાન મહારાજ ભણી હતા અને આંખ સામંત ભણી હતી. આટલા અનુભવ પછી સામંત આજ કેવું રૂપ ધરે છે તે જાણવા એને આતુરતા થઈ અને મલ્લરાજને ઉત્તર દેતા પહેલાં પળવાર સામંત ભણી જોઈ રહ્યો. સામંત તે કળી ગયો, અને પ્રથમ પેઠે ગર્જવાનું છોડી દઈ ગંભીર સ્વરે બોલ્યો:

'મહારાજ, પ્રધાનની જે રાજનીતિ ઉપર આ ફળનો આપ આરોપ મૂકો છો તે જ નીતિમાં એનો પ્રતિકાર પણ સમાયેલો છે.'

'શું સામંત, રાજાને છોડી પ્રધાનના રથમાં બેસી ગયો? સામંત, હું જાગું છું કે ઊંઘું છું? આ — તું?' મલ્લરાજ અતિ આશ્ચર્યમાં પડી, નેત્ર વિકસાવી, લાંબો હાથ કરી, સામંત સામું જોઈ રહ્યો અને બોલ્યો.

સામંત કંઈક હસ્યો અને બોલ્યો: 'મહારાજ, આપ નિદ્રામાં છો એમ તો મારાથી કેમ કહેવાય? પણ આ રાજનીતિનો વિષય આજ સુધીમાં જ્યારે જ્યારે ચર્ચાયો હશે ત્યારે ત્યારે હંમેશ આપ અને હું પ્રથમ એક પક્ષમાં રહી બન્ધુત્વ સ્વીકારતા, પણ આપ બ્રાહ્મણબુદ્ધિના પ્રવાહમાં અંતે ભળી જતા અને પક્ષ બદલતા ત્યારે હું મારા અસલ પક્ષમાં કાયમ રહેતો. આપે આપેલા અનુભવે ઘણે કાળે આજ મારો એ અભ્યાસ છોડાવ્યો છે, અને આપ અંતે જે પક્ષમાં ભળવાના તે પક્ષને હું આરંભથી જ વળગું છું.'

મલ્લરાજ ખડખડ હસી પડ્યો. 'સામંત, ત્યારે મેં તને કરેલી શિક્ષા તેં સફળ કરી. પણ એ શિક્ષા સફળ રાખીને તારો ખરો અભિપ્રાય કહે. મારો અભિપ્રાય એવો ન હતો કે તારે તારો અભિપ્રાય સંતાડવો.'

સામંત — 'મહારાજ, આપના કે કોઈના ભયથી અસત્ય બોલું તો હું આપનો બંધુ થવા યોગ્ય નથી. મહારાજ, આપે આપેલા દેશવટાના અવકાશમાં શાંત ચિત્તે વિચાર કરતાં પ્રધાનજીની રાજનીતિમાં હું તેમનો અંત:કરણથી શિષ્ય થયો છું, અને તેથી જ એમની રાજનીતિ ઉપર આપે મૂકેલા આરોપમાંથી એમને મુક્ત કરવા જેટલી છાતી ચલાવી શકું છું.'

મલ્લરાજ — 'શી રીતે?'

સામંત — 'મહારાજ, નિર્વાહકાળની નીતિ પ્રધાનજીએ આપની પાસે સ્પષ્ટ કરી છે. નવા ભોજન ઉપર બેઠેલી સરકારને હવે ઘણી ઘણી ઇચ્છાઓ થશે. કેટલીક ઇચ્છાઓ ન્યાયે કે અન્યાયે, બળે કે કળે, તૃપ્ત કરવા સરકારનો આગ્રહ થશે; એ આગ્રહ સામે આપણે શસ્ત્રયુદ્ધ કરવાનું નથી, અને લેખયુદ્ધથી પાણી વલોવવા જેવું થશે. બળવાનની સાથે નકામો વિરોધ થશે, વિરોધે વિરોધે હાર થશે, અને હારે હારે તેમને મન હારેલા શત્રુમાં લેખાઈશું, આપણા મનમાં અપમાન લાગશે, બીજાઓની પાસે પ્રતિષ્ઠા જશે, અને વાર્યા નહીં કરીએ તે હાર્યા કરીશું. મહારાજ, આ

આત્મવિડંબના જાતે ઊભી કરવી મને કંઈ ઠીક લાગતી નથી. એ મૂર્ખતો કરતાં રાજ્ય છોડવું સારું.’

મલ્લરાજ — ‘ત્યારે શું કરવું?’

સામંત — ‘આપણા બોલ્યા કે લખ્યાથી સરકાર પોતાની ઇચ્છા ફેરવે એવો સંભવ લાગે ત્યારે જ સરકારની સામે લેખયુદ્ધ કરવું. અને મિત્ર ભાવે તેમની પાસે જે સાકર વટાય તે વાટવી અથવા કડવા થવાથી ફળ લાગે ત્યાં કડવા થઈ લડવું. પણ સરકારને કોઈ વાતની ઇચ્છા થઈ જણાય તો પ્રથમ એટલો વિચાર કરવો કે આ ઇચ્છા અંતે અનિવાર્ય છે કે નિવાર્ય છે: અને એટલો વિચાર કરી નિવાર્ય ઇચ્છાઓમાં સામા થવું અને અનિવાર્ય ઇચ્છાઓ વગર બોલ્યે સમજી જવી, અને જ ઇચ્છાઓને આજ્ઞા ગણી શત્રુ બની પાળવી પડે તે ઇચ્છાઓ મિત્રરૂપે તૃપ્ત કરવી અને મોટાને ઉપકારવશ કરવા. મહારાજ, જૂના કાળનાં પાણીમાં તરેલાં મારા અને આપના જેવાં માછલાંઓને આ વાત ગમવાની નથી — મને પોતાને એ કરવા કરતાં મરણ વધારે મીઠું લાગે છે. પણ મહારાજ, રાજાઓના અને ક્ષત્રિયોના સ્વભાવ કરતાં તેમના ધર્મ મોટા છે અને કાળબળના ભાર તળે દબાયેલાં ચંપાયેલા હાથ કાઢી લેતાં અથવા ન નીકળે તો તેનું દુ:ખ સહેતાં કષ્ટ વેઠવું એ રાજધર્મ મોટો છે.’

સામંતના સ્વભાવ અને વિચારમાં થયેલો ફેર જોઈ જરાશંકરને હર્ષનાં આંસુ આવ્યાં, તેનો કંઠ ગદ્ગદ થઈ ગયો, અને ઘણુંક બોલવાનું હૃદયમાં ભરેલું છતાં તે એક સ્વર કાઢી શક્યો નહિ.

મલ્લરાજ સામંતનાં વાક્યમાં લીન થઈ ગયો અને પ્રધાનને ભૂલી જઈ સામંત સાથે જ બોલવા લાગ્યો:

‘સામંત, આજ પ્રધાનના કરતાં તારા વચન મને વધારે અનુભવવાળાં લાગે છે, અને એ વચન પ્રધાનને મીઠાં લાગશે. તો કહે કે સરકારે આપણાં ઘર તપાસવા મોકલેલા આ ફોજદારનું શું કરવું? સરકારની એવી પણ ઇચ્છા હશે કે એમના કૂતરાં આપણાં ઘરમાં આવી ભસવા લાગે તોયે આપણે પથરા મારી તેને દૂર ન કરીએ? સરકારની એવી એવી ઇચ્છાઓને તે નિવાર્ય ગણવી કે અનિવાર્ય ગણવી?’

આ વાક્ય બોલતાં બોલતાં મલ્લરાજનાં નેત્ર રાતાં થઈ ગયાં અને એને સ્વેદ થઈ ગયો. ક્ષત્રિય સ્વભાવની અનુકમ્પા કરતો ક્ષત્રિય બોલ્યો: ‘મહારાજ, આપે જન્મ ધરી આજ્ઞા કરવી જાણી છે — આજ્ઞા ઉપાડવી જાણી નથી — તેનાથી આ અવસર સહેવાય એવો નથી. પણ દિલ્હીના પાદશાહો અને સૂબાઓ અને પૂનાના પેશવાઓ અને તેના અધિકારીઓ રાજાઓના ગઢ આગળ આવી બળાત્કાર કરી આજ્ઞાઓ તરત પળાવતા તેને ઠેકાણે આજ એવું માનો કે આઘેની છાવણીઓમાં સેનાઓ સંતાડી રાખી સરકારના એજંટો એ જ સેનાઓને બળે આપની પાસે બળાત્કારે

આજ્ઞાઓ પળાવવા ઇચ્છે છે. એ બળાત્કાર આગળ ટકવાનાં સાધન વિનાના રાજાઓએ એ બળાત્કારને વશ થવું અને જવા બેઠેલા રાજત્વમાંથી જેટલું હાથમાં રહે એટલું રાખવું — એ તો રાજ્યના ઘોડા ઉપર નાંખેલા જીનનું એક પાસનું પેંગડું છે અને આપ સિંહાસને ચડ્યા ત્યારથી આપે તેમાં પગ મૂકેલો છે.'

આ વચન સાંભળતો સાંભળતો મલ્લરાજ નરમ થયો અને તેનો પ્રતાપી કપાળમાં કંઈ કંઈ વિચારની કરચલીઓ પડી ચાલી ગઈ.

'સામંત, તું કહે છે તે ખરું છે. અંગ્રેજની સાથે જ્યારે જ્યારે સંધિ થયેલા ત્યારે તું આજ કહે છે તે બધી વાતો કરવી પડશે એ મેં ધારેલું હતું. પણ ખરું પૂછે તો હવે મારા શરીર તેમ જ મન ઉપર વૃદ્ધાવસ્થાનું બળ વધે છે અને મારી સ્મરણશક્તિ અને બુદ્ધિ દિવસે દિવસે બહેરી થતી લાગે છે; વૃદ્ધાવસ્થાએ તારી બુદ્ધિને સતેજ કરીને મારી બુદ્ધિમાં ઝાંખ ભરવા માંડી છે. જરાશંકર, સામંતનું બળ તને પ્રતિકૂળ હતુ ત્યાં સુધી તારા રક્ષણને અર્થે મેં રાજ્યભાર મારે માથે રાખ્યો હતો. હવે તારા રક્ષણનો પ્રસંગ નથી. સામંત તને અનુકૂળ છે — પ્રતિકૂળ નથી. મણિરાજ બાળક છે. એ બાળક છે તે ભાર ઝીલે એમ નથી. હું વૃદ્ધ થયો તે ઝીલી શકતો નથી. તું અને સામંત આજથી આ રાજચિંતાના પ્રવાહને સંભાળજો. મને પરમાત્માના વિચાર કરવા દો.'

સામંત અને જરાશંકર ઉભયનાં હૃદય આ વાક્યથી ભરાઈ આવ્યાં અને તેમનાં નેત્રમાંથી આંસુ નીકળવાં બાકી રહ્યાં. થોડીક વાર સુધી કોઈ બોલી શક્યું નહિ. અંતે સામંત પોતાની આંખો લોહતો લોહતો બોલ્યો:

'મહારાજ, આટલાં વર્ષ સુધી જે મહાન વડના છત્રની છાયામાં રહી અમે કામ કરેલું છે તેનાથી એ વડના જેવી છાયા આ રાજ્ય પામે એ અશક્ય છે. મહારાજ, અમો રાજ્યનાં અંગ આપની આજ્ઞા ઉપાડવા સમર્થ છીએ — આપ રાજ્યનો આત્મા છો; ને તેનાથી જ રાજ્ય સચેતન છે તેવું ચેતન રાજ્યમાં મૂકવા અમે સમર્થ નથી.'

મલ્લરાજ બેઠેલો હતો તે ઊઠ્યો. એનું પ્રચંડ શરીર રાજમહેલના મહાન સ્તંભ જેવું લાગવા માંડ્યું. પણ આજ સુધી તેમાં શૌર્ય અને ઉદ્રેકની તીવ્રતા હતી, તેને ઠેકાણે વિરકતતા અને ઉદાસીનતા ઠરેલી લાગી. એના મુકુટમંડીલમાંથી રાજલક્ષ્મીને કાઢી મૂકી તેને સ્થાને ધર્મવાસના ચડી ગઈ હોય અને તેનો રસ આખા મુખારવિંદમાં ઊતરી ગયો હોય તેમ મલ્લરાજના કપાળમાંથી સંસાર સરી ગયો લાગ્યો, નેત્ર ઉઘાડાં હોવા છતાં અંતર્વૃત્તિ પામતાં દેખાયાં, કાન કાંઈ અવ્યક્ત સ્વર સુણવા તત્પર ભાસ્યા, અને મુખપુટને આ સંસારમાં બહાર કાઢવા જેવો કાંઈ અક્ષર ન જડતો હોય તેવી કાન્તિ થઈ ગઈ. આ નવું સ્વરૂપ ધરી ઊભો થયેલો મલ્લરાજ કઈ દિશાએ જવું તેનો વિચાર કરતો જણાયો. એ ઊભો થયો તેની સાથે સામંત

અને જરાશંકર પણ ઊભા થયા, અને રાજાના મનની કુંચી અચિંતી હાથ લાગી હોય એમ, તેના સમ્મુખ આવી, પ્રધાન તેનો રાજસંસ્કાર જગાડવા અને તેમાં ઉત્સાહ ભરવા પ્રયત્ન કરવા લાગ્યો:

'મહારાજ, વાનપ્રસ્થ થવા આપનો વિચાર હોય તો તે પણ યોગ્ય છે, અને રાજ્યચિંતામાં આપનો ભારવાહી થનાર પ્રધાન આત્મચિન્તામાં પણ આપની સાથે વનના અન્ધકારમાં દીવો લઈ ચાલવા તૈયાર છે. પણ મરનારે પોતાની પાછળ જીવનારની વ્યવસ્થા કરી જવી એ સંસારમાં અંતકાળનો ધર્મ છે -'

મલ્લરાજને કંઈ હસવું આવ્યું હોય તેમ મુખ કરી બોલ્યો: 'ઠીક છે — તે થશે — તું અને સામંત તેનો વિચાર કરી લાવજો. હું કાંઈ અત્યારે જ રિસાયેલા બાળક પેઠે નાસી જનાર નથી. પણ એ એક વાત સિવાય બીજી બધી વાતોના વિચાર તમે કરજો.'

જરાશંકર — 'તે વિચાર અમે કરીશું, પણ આપની આજ્ઞાથી જ તે વિચાર સિદ્ધ થશે.'

મલ્લરાજ — 'એટલે એમ કે તમે વિચાર કરી મારી પાસે પણ વિચાર કરાવો? એવી કિરકોળ વાતોના વિચાર સાથે અંતકાળના ધર્મને સંબંધ નથી.'

જરાશંકર — 'પણ તે વાતોને એ ધર્મ સાથે સંબંધ છે કે નહીં તેનો નિર્ણય કરવા તે તો આપના વિના બીજું કોઈ કરે એમ નથી.'

મલ્લરાજ — 'તેથી શું?'

જરાશંકર — 'શું તે એ કે અમુક વાતોની ને વિચારની વીગત આપે સાંભળવી, સાંભળીને એના ને અંતકાળના ધર્મના સંબંધનો નિર્ણય કરવા જેટલો વિચાર કરવો, ને પછીનું પછી!'

મલ્લરાજ —'એટલો બધો વિચાર કરવો, અને આજ્ઞા કરવી, ત્યારે વિચાર ન કરવાનું શું બાકી રહ્યું?'

જરાશંકર — 'તે તો અમે શું કરીએ?'

મલ્લરાજ — 'સામંત, તને એમ નથી લાગતું કે આ પ્રધાન બહુ લુચ્ચો છે? જે વાત કરવાની મેં ના કહી તે જ વાત કરવાની એણે મારી પાસે હા કહેવડાવી, અને મારા શબ્દોને પ્રતિકૂળ થયા વિના પોતાનો અભિપ્રાય સિદ્ધ કરે છે.'

સામંત — 'મહારાજ, એમ કરે છે માટે જ એ આપના પ્રધાન થવા યોગ્ય છે. કેટલાક પ્રધાનો રાજાઓ બોલે તેમાં હા જી હા ભણે અને પોતાનો પગાર મળે એટલે પોતાની પ્રધાનતા સિદ્ધ થઈ ગણે છે અને રાજાના કે પ્રજાના હિતાહિતનો વિચાર કરતા નથી, અને વિચાર કરે છે તો

તે બેધડક બોલી દેતા નથી અને દ્રવ્ય અને સત્તાની લાલચે સ્વામીને છેતરે છે, તેની પાસે અસત્ય બોલે છે, અને તેની દુષ્ટ ખુશામત કરી તેને મનમાંથી મૂર્ખ ગણે છે. આવા રાજદ્રોહી પ્રધાનો રાજા અને પ્રજા ઉભયના શત્રુ છે. મહારાજ, આવા પ્રધાનની વાસના આવતાં રાજાએ તેને ગટરમાં ફેંકી દેવો.'

મલ્લરાજ — 'પણ જરાશંકરે પોતાની વાત મને બેધડક ક્યાં કહી? એણે તો આડેઅવળે રસ્તે મને લીધો, છેતર્યો, અને મારા વચનથી મને બાંધી કેદ કરી હવે પોતાનું ધાર્યું મારી પાસે કબૂલ કરાવે છે.'

સામંત — 'તે બરાબર કરાવે છે. રાજાઓ પાસે બેધડક વાત કરવી એટલે માને બાપની વહુ કહી દેવા જેવું કરવાનું નથી. મહારાજ, મેં આપની પાસે ઘણી વાતો બેધડક કરી દીધી છે પણ માને બાપની વહુ કહ્યા જેવું કરેલું છે. ત્યારે પ્રધાનજીએ આપની પાસે સત્ય વાતને પ્રિય રૂપ આપી કહી દીધી છે — એ એમની ચતુરતા અને મારી મૂર્ખતાનાં દૃષ્ટાંત. સત્ય, હિત અને પ્રિય બોલવું એ રાજસેવકનું કામ છે.'

મલ્લરાજ — 'ત્યારે તો એ અસત્ય ને પ્રિય પણ બોલે.'

સામંત — 'કોઈ શાસ્ત્ર એમ નથી કહેતું કે અસત્ય બોલો. માત્ર "સત્ય, હિત અને પ્રિય" બોલવું એવું આપણાં શાસ્ત્ર બોલે છે તેનો અર્થ મને તો એવો લાગે છે કે અસત્ય તો કદી પણ બોલવું જ નહીં, જે વાક્ય સત્ય હોય પણ હિત અથવા પ્રિય ન હોય તે ન બોલતાં મૌન રાખવું, અને જે વાક્ય સત્ય અને હિત હોય પણ પ્રિય ન હોય તે વાક્ય કદી પણ ન બોલવું એમ ન કરવું; પણ પ્રધાનની પ્રધાનતા ક્યારે કે ગમે તેવી ચતુરાઈ કરી સત્ય અને હિત વાક્ય રાજાને પ્રિય થાય એવી યુક્તિ કરે અને તેને પ્રિય કરી દઈ અંતે રાજાને એ વાક્ય કહી દે.'

મલ્લરાજ — 'કેમ, જરાશંકર, આ વાત ખરી?'

જરાશંકર — 'સામંતરાજ જેવા ચતુર વકીલ મળે તે છતાં રંક બ્રાહ્મણ બોલકણો બને તો બરાબર બ્રહ્મબટુ જ થાય.'

મલ્લરાજ — 'ત્યારે શું તારા મનમાં એમ છે કે સત્ય વાત એકદમ સાંભળી શખવાની રાજાઓમાં શક્તિ નથી?'

જરાશંકર — 'આપનો અનુભવ આપ જાણો — આપની શક્તિનો આપને અનુભવ. બળવાન સરકારના માણસે માત્ર પ્રશ્ન પૂછ્યો તે સાંભળતાં જેને અંગે અગ્નિ ઊઠ્યો તેવા તેજસ્વીના મુખમાંથી વચન તો શું પણ શ્વાસ સરખો નીકળે તેનો પ્રવાહની સામે ઊભા રહેવા એક પ્રધાનનું ગજું કેવી રીતે હોય? મહારાજ, હું આ મારું ગજું — મારી શક્તિ — જાણું. આપની શક્તિ આપને ખબર.'

મલ્લરાજ — 'ઠીક, એમ બોલ. પણ રાજાઓમાં આ શક્તિ ન હોય તે સારું કે ખોટું?'

જરાશંકર — ‘સારું કે ખોટું એ પ્રશ્નના ઉત્તર દેશકાળ પ્રમાણે જુદા જુદા દેવાશે. પણ શાંતિપર્વમાં પિતામહે યુધિષ્ઠિરને એવો ઉપદેશ આપેલો છે કે આવી શક્તિવાળા રાજાઓને માથે એમના સેવકો ટપલા મારે એવો કાળ આવવાનો ભય છે.’

મલ્લરાજ — ‘પણ મારો તારો દેશકાળ કેવો છે?’

જરાશંકર હસી પડી બોલ્યો: ‘આપે મારા મુખમાંથી વાત કઢાવવી જ ધારી છે તો આપની ઇચ્છા આગળ મારી ઇચ્છાનું બળ નથી — એ આપણો હાલનો દેશકાળ મહારાજને પ્રત્યક્ષ જ છે. બાકી આપ શાંત હો કે ઉગ્ર હો, હું આપને અર્થે પ્રવર્તતો હોઉં કે મારા સ્વાર્થમાં જાણ્યે અજાણ્યે તણાતો હોઉં, ઇત્યાદિ આપના અને મારા દેશકાળ પ્રસંગે પ્રસંગે અનેક થાય અને પ્રસંગે પ્રસંગે આપે સેવકા સાથે વર્તતાં એ અનેક દેશકાળ વિચારવા પડે એ કાળ રાજાઓની બુદ્ધિને વિના કારણ શ્રમદાયી છે અને ક્વચિત્ ભયંકર પણ છે. તેના કરતાં તો પિતામહનો ઉપદેશ સ્થિર ભક્તિથી પાળવો એ એક માર્ગ રાજા અને સેવક ઉભયને કુશલદાયી છે.’

મલ્લરાજ — ‘ત્યારે રાજાએ શું કરવું?’

જરાશંકર — ‘સત્ય, પ્રિય અને હિત — એ ત્રણે ગુણ જેમાં સાથેલાગા હોય એવાં વચન બોલવાનો સેવકોને અભ્યાસ પાડવો, અસત્ય વચનની અસહિષ્ણુતા રાખવી, હિતવચનના લોહચુંબક થવું, પ્રિય વચનની અપેક્ષા રાખવી નહીં. અપ્રિય વચનને ઉત્તેજન આપવું નહીં, અપમાન સહેવું નહીં, આજ્ઞાભંગ સ્પષ્ટ થતાં સ્પષ્ટ અને સત્વર શિક્ષા કરવી. અને જેને જ ધર્મ ઉચિત હોય તે ઉપરાંત એક પણ અક્ષરનો ઉદ્ગાર રાજાની પાસે નીકળી શકે નહીં એટલું ઉગ્ર રાજતેજ સેવકની દૃષ્ટિથી પરોક્ષ થાય એવું કદી પણ થવા દેવું નહીં, ઇત્યાદિ ઇત્યાદિ પથ્યનું સેવન કરવું તેને શક્તિ કહો કે અશક્તિ કહો પણ એ પથ્યનું સેવન રાજઅંગને આવશ્યક છે, અને આપને એવા પથ્યનું સેવન કરતાં હરકત ન થાય એટલી ચિંતા રાખી મેં આપની પાસે બધી વાત બેધડક કહી દીધી છે.’

છાતી પર હાથનો સ્વસ્તિક વાળી સર્વ ભાષણ સાંભળી રહ્યો હતો તે સ્વસ્તિક છોડી, હસી પડી. મલ્લરાજ બોલ્યો:

જરાશંકર, તારું ભાષણ લાંબું તો થયું પણ હવે એ પથ્યસેવન તેં દેખાડ્યું તો થશે તેટલું કરીશું; પણ એજંટના પ્રશ્નનું શું કરવું તે કહે.’

જરાશંકર — ‘મહારાજ, એ તો આપને અમસ્તો ક્ષોભ થયો. એજંટના વચનમાં કોઈ જાતની આજ્ઞા નથી. એ તો વાનરો રાજ્યઅંગમાં છિદ્રો શોધવા આમતેમ દૃષ્ટિ કરશે એવું આપણે જાણતા હતા. હવે એ છિદ્ર જોવા આવનારી આંખોને સંતોષ આપીશું તો આપણી સન્નીતિના કવચમાં એ વાનરના નખ ખૂંપવાના નથી એવી આપણે સંભાળ લીધેલી છે,

અને એવું એવું એ જોવા આવે તો ભલે એ આંખો ફાડી ફાડી જુએ ને આપણે જોવા દેવું એવો આપણો નિશ્ચય છતાં શો વિચાર બાકી છે તે મને સૂઝતું નથી.'

મલ્લરાજ — 'પણ એજંટ પંચ મટી ફોજદાર થાય છે તે?'

જરાશંકર — 'પણ ફોજદાર આપણી ઝડતી લે તેમાં આપણે શું કરવા ડરવું? જુએને જોવું હોય તેટલું. જેણે ચોરી કરી હશે તેને ભય; આપણને શું? જે રાજ્યમાં છિદ્ર નથી તેમાં મર એવા વાનરો ડાળે ડાળે કૂદે.'

મલ્લરાજ — 'પણ એ પોતાનો અધિકાર શાનો ગણે?'

જરાશંકર —'જુઓ, મહારાજ, આપણે તો માત્ર આપણા જ રાજ્યની વ્યવસ્થા રાખવાની છે; પણ અંગ્રેજને તો આ હિંદુસ્તાનના સેંકડો રાજાઓનાં રાજ્યની વ્યવસ્થા રાખવાની છે, કારણ ચક્રવર્તીનો ધર્મ એ કે સર્વ રાજ્યચક્રોને ફેરવનાર મોટું ચક્ર થવું અને ખૂણેખાંચરે ભરાઈ રહેલા ઝીણી ઝીણી આંખોવાળા અને વહેંતિયા હાથપગવાળા પરસ્પરથી છૂટા પડેલા નાનાનાના રાજાઓ જે વાત જોઈ શકે નહીં અને જે પ્રયોગ આરંભી પણ ન શકે એવી વાતો જોવી અને એવા પ્રયોગ સાધવા અને તેમ કરી પોતાનાં અને સર્વ નાનાં રાજ્યોના સામાન્ય લાભ સંભાળવા અને સર્વને માથેનાં સામાન્ય ભય દૂર કરવો — એ ચક્રવર્તીનો ધર્મ. એ ધર્મને અંગે સર્વત્ર દૃષ્ટિ ફેરવવી, જાગ્રત રહેવું, અને સર્વને જાગ્રત રાખવા એ ચક્રવર્તીનો ચક્રાધિકાર. દેશકાળની આવશ્યકતા પ્રમાણે નવા નવા આવા અધિકાર એમને અનેકધા ધારવા પડશે. પણ આપણા જેવાઓને માટે સારી વાત એ છે કે એ અધિકારનું નામ દેવાનો એ લોકને પ્રસંગ જ આવે નહીં એમ રાખવું, અને ભૂલ્યેચૂક્યે પ્રસંગ આવે તો સામંતરાજે બતાવ્યા પ્રમાણે નિવાર્ય કે અનિવાર્ય ઇચ્છા વગેરે વાતનો વિચાર કરવો. આપણે પ્રશ્ન પૂછ્યો કે તમારો અધિકાર શો એ આપણી ભૂલ. આપણી ભૂલ થઈ ત્યારે તેનો લાભ લઈ એજંટે લુચ્ચો ઉત્તર આપ્યો. ભૂલ થઈ તે થઈ, હવે નહીં કરીએ; અને થયું ન થયું કરવા બનતો ઉપાય કરીશું, પણ છિદ્ર શોધનાર આંકને સંતોષ આપતાં છિદ્ર વિનાના રાજાને કાંઈ ડર નથી.'

સામંત — 'મહારાજ, હવે લાંબી ચર્ચા પડતી મૂકો. મારા કુળમાં દુષ્ટ અંગારો ઊઠ્યો તેની આ લ્હાય છે. મેં તો એને મૂઓ ગણી સ્નાન કરી દીધું છે તેની હવે આ એજંટ સાંભળે એવડી પોક મૂકો. મહારાજ, જરાશંકર સત્ય કહે છે. એ પ્રમાણે કરવામાં રાજ્યને કે અધિકારને કાંઈ હાનિ નથી. ભાયાતી પંચનો ઠરાવ અને આખરનું શિક્ષાપત્ર, એ બેની નકલો સાહેબને મોકલો અને બાકીનું હું અને જરાશંકર જોઈ લઈશું. મહારાજ, આ મરણપોક ખુલ્લે મોંએ મૂકવા દો, અને એ મરનાર, પ્રેત થઈને, સાહેબના શરીરમાં ધૂણશે તો અડદ નાંખવા કે લીંબુ ઉછાળવું તે જોઈ લઈશું. પણ હાલ તો આ પોક જ મૂકો. ઊઠો, જરાશંકર!'

સર્વ ઊઠ્યા. આગળ જરાશંકર અને પાછળ સામંત એમ બે જણ દ્વાર બહાર નીકળ્યા. નીકળતાં નીકળતાં સામંતે ઓઠ કરડ્યા, દાંત કચડ્યા, પગ પૃથ્વી ઉપર પછાડ્યો. કેડ ઉપરના મ્યાનમાંથી કટાર અર્ધી કાઢી, ક્રોધથી અને આતુરતાથી તે ઉપર ડોક વાળી, દૃષ્ટિ કરી, પાછી કટાર મ્યાનમાં સમાવી દીધી. મલ્લરાજે એ સર્વ જોયું, અને પ્રધાન તથા ભાયાત એની દૃષ્ટિ આગળથી ગયા.

---

[૧] . આ વિજન વનમાં હું એક જ છું, અસહ્ય છું, એકલો છું — એવી ચિંતા સિંહરાજને થતી નથી.

[*] જેની સાથે યુદ્ધ કરવું દુસ્તર છે તેવા.

[+] જેનાં શાસન દુર્વાર છે તેવા.

[x] લૌકિક પદમાંથી

[*] પંડિત જગન્નાથ: ભામિનીવિલાસ

[+] આ વન અતિશય શાંત અને રમ્ય છે તો પણ પગલે પગલે મારા હૃદયમાં ભય ઉત્પન્ન કરે છે.

[*] પૌત્ર

૧૩. મલ્લરાજની નિવૃત્તિ અને મણિરાજનું યૌવરાજ્ય

દિવસ ગયો. રાત્રિ આવી. જરાક અંધકાર થયો ત્યાં મેનારાણી હાંફતી હાંફતી રાજા પાસે આવી અને રાજાએ ઊંચું જોયું. રાણીએ નવા સમાચાર કહ્યા.

એજંટ મારફત મુળુએ પોતાનો પ્રશ્ન ઉઠાવ્યો અને મુળુ કંઈ કંઈ કુભાંડ રચશે એવો સામંતે સિદ્ધાંત કર્યો. મલ્લરાજનું છત્ર ને મણિરાજનું આયુષ્ય એને કંપતું લાગ્યું. મલ્લરાજને એજંટના પ્રશ્નથી થયેલો ક્ષોભ સામંતના રાજભક્ત હૃદયને હલમલાવવા લાગ્યો અને ધર્મિષ્ઠ બન્ધુવત્સલ રાજાનું દુ:ખ રાજબંધુથી વેઠાયું નહીં — જોઈ શકાયું નહીં. પોતાના દુષ્ટ પુત્રના મૃત્યુ સિવાય બીજો કોઈ માર્ગ સામંતને સૂઝ્યો નહીં. રાજાને દુ:ખમુક્ત કરવામાં રાજાની આજ્ઞાની જરૂર ન લાગી. પરરાજ્યમાં પુત્રનું ખૂન કરતાં સ્વરાજ્યના ધર્મનું બંધન ન લાગ્યું. પરરાજ્યમાં દુષ્ટ પુત્રનું ખૂન કરી એ રાજ્યનો રાજા એ ખૂનની શિક્ષા કરે તો તે સ્વરાજ્યને અર્થે યુદ્ધમાં ખપમાં આવવા જેવું કીર્તિકર લાગ્યું. રાત્રિના આઠ વાગતાં ચારપાંચ માણસ લઈ, શસ્ત્ર સજી, સામંત ખાચરના રાજ્ય ભણી ચાલ્યો. મુળુની માતાને આ સર્વ કાર્યની વાસ આવી, અને પુત્રમૃત્યુના તર્કથી કંપતી માતા સાહસ કરી મેનારાણી પાસે ગઈ, સમાચાર કહ્યા અને રોઈ પડી. મેનાએ સર્વ સમાચાર રાજાને કહ્યા. રાજા અંધકારમાં નીકળ્યો. અને રત્નનગરીથી બેચાર ગાઉ આગળ સામંતને પકડી પાડ્યો, સામંત રાજાને દેખી ખીજવાયો, રાજા પાસે ચાલ્યું નહીં, ફરી રાજાની સંમતિ વિના આવું અકાર્ય આરંભવું નહીં એવી પ્રતિજ્ઞા રાજાની પાસે કરવી પડી, ઘેર પાછો આવ્યો પણ પોતાની સ્ત્રીનું મુખ જોવું તે દિવસથી ત્યજી દીધું.

એમ કરતાં કરતાં દિવસ પછી દિવસ અને વર્ષ પછી વર્ષ ચાલ્યાં. સામંતનાં માણસ ખાચરની રાજધાનીમાં જઈ મુળુના સમાચાર લાવતાં. મલ્લરાજે રાજ્યનો ભાર ધીમે ધીમે સામંત અને જરાશંકરને માથે નાંખ્યો, અને મણિરાજને પોતાના સહવાસમાં વધારે વધારે રાખ્યો. વિદ્યાચતુરને ક્રમે ક્રમે કામ પછી કામ આપ્યું. અંતે જરાશંકરનું પદ એના હાથમાં રાખી, એનું કામ વિદ્યાચતુરને સોંપ્યું. સ્વરાજ્યમાં તથા પરરાજ્યમાં વિદ્યાચતુરની પ્રતિષ્ઠા જામી એટલે એને પ્રધાનપદ સોંપ્યું, અને મણિરાજને પોતાનું કામ સોંપ્યું. નવા પ્રધાન અને યુવરાજના હાથમાં રાજ્યતંત્રનો રથ રાખી રાજા અને જૂનો પ્રધાન માત્ર એ રથ ઉપર દૃષ્ટિ રાખતા અને પોતાના આયુષ્યને સાયંકાળે પરલોક જીતવામાં કેમ વિજયી થવું એ વિષય વિચારવામાં સર્વ કાળ ગાળતા. આ નવા વિષયમાં પણ બ્રાહ્મણ રાજાનું પ્રધાનપદ સાચવતો. આ મહાન વિજયને સિદ્ધ કરવામાં શાસ્ત્રના દીપ પગલે પગલે વાપરવામાં આવતા, અને રાજ્યપ્રસંગોમાં તેમ બીજા પણ નાના મોટા પ્રસંગોમાં પડેલા અનેક અનુભવોના વનમાં આ દીવાઓનો પ્રકાશ પડતાં નવા જ શોધ થતા.

એ દીવા ધરનારા શાસ્ત્રીઓ અને સંન્યાસીઓ રાજા તથા પ્રધાનના અત્યંત સહવાસી થતા ગયા તેમ તેમ ઉભય વર્ગનું પરસ્પર — બહુમાન વધતું ગયું. જે જગત રાજ્યના અંતને નરક કહે છે તે જ જગત આ રાજાપ્રધાનના રાજ્યને અંતે નવું સ્વર્ગ ઊભું થયેલું જોવા લાગ્યું. યુવરાજ અને તેના પ્રધાનને પણ આ નવા સાગરના કિનારા પાસે ઘડી ઘડી આવવું થતું અને એ સાગરની શીતળ લહેરોના લોભનું બીજ તેમના હૃદયમાં રોપાયું.

જ્યારે વૃદ્ધ રાજા અને વૃદ્ધ જરાશંકરનો સંસાર આવાં અવસાન પ્રત્યક્ષ કરવા લાગ્યો ત્યારે વૃદ્ધ સામંત બીજાં જ સ્વપ્ન જોતો હતો. યુવરાજ અને નવા પ્રધાનની દેખરેખ તેને સોંપવામાં આવી હતી, અને તેમની અને રાજ્યની કુશળતાનો શત્રુ મુળુ આયુષ્યમાન છે અને તે શત્રુનો ઉચ્છેદ કરવો આવશ્યક છે એ બે સિદ્ધાંત મુળુના પિતા સામંતને વૃદ્ધાવસ્થામાં યુવાવસ્થાની ચિંતાઓથી ભરવા લાગ્યા, અને એ ઉચ્છેદનાં સાધન શોધવામાં એના મગજને ભમાવી મૂકવા લાગ્યા. આજ સુધી એ ઉચ્છેદને વાસ્તે એણે જેટલાં સાધન શોધ્યાં હતાં તેમાં મલ્લરાજ આડે આવ્યો હતો, અને હવે શું કરવું કે મલ્લરાજ આડે ન આવે એ વિચાર મલ્લરાજના બન્ધુરત્નને છોડી શક્યો નહીં. રાજાનો અભિપ્રાય ફેરવવા તે અનેક રીતે પ્રયત્ન કરવા લાગ્યો, પણ રાજા એને હંમેશ હસી કાઢતો અથવા બીજી વાતોમાં નાખી આ વાત ઉડાવતો અને સામંત મનમાં ખીજવાતો. આખરે એણે રાજાને પડતો મૂકી રાજ્યને નિષ્કંટક કરવાનો વિચાર કર્યો.

ખાચરના રાજ્યમાં ગયા પછી પણ મુળુના હૃદયનો અગ્નિ શાંત થયો નહીં. મણિરાજ ક્યાં ક્યાં શિકાર કરવા જાય છે તેની એ નિરંતર તપાસ રાખતો, અને બહારવટિયાઓ સાથે સુભદ્રાની પાસેનાં જંગલોમાં કોઈ કોઈ વખત વેશ બદલી આવતો. સુવર્ણપુરના સુરસિંહ વગેરે બહારવટિયાઓમાં પણ ઘડી ઘડી ભળતો, અને શિકારીને શિકાર સારુ આથડવામાં આનંદ મળે છે તેમ બહારવટિયાઓ સાથે આથડવામાં, તેમનાં સુખદુ:ખમાં ભાગ લેવામાં, ભૂખ, તરસ તથા ટાઢતડકો અને થાક વેઠવામાં એને અતિશય આનંદ મળતો. રાણા ખાચરનો અટકચાળો સ્વભાવ એને આ કામમાં ઉત્તેજન આપતો. આ સર્વ વાતોની સામંત પાકી ખબર રાખતો અને મલ્લરાજને જણાવતો. આવી રીતની હકીકત છતાં મુળુનો નાશ કરવામાં વૃદ્ધ રાજા કેમ સંમતિ નથી આપતો એ વિચારતાં સામંત દુ:ખી થતો. અંતે એણે નિશ્ચય કર્યો કે મુળુને એના પોતાના ખોદેલા ખાડામાં પાડવો, એ રત્નનગરીની હદમાં વધારે વધારે ટકવાની છાતી ચલાવે એવું કરવું. એવી રીતે એ નિર્ભય હોય ત્યારે એને પકડવો, પકડાતાં મરાય તો મારવો, અને જીવતો પકડાય તો એના શિક્ષાપાત્રને આધારે જીવે ત્યાં સુધી કેદ રાખવો અને એની ખટપટના દાંત તોડી નાંખવા.

આ સર્વ પ્રયત્ન સિદ્ધ કરતાં ઘણો વિલંબ થયો. ખાચર મુળુને સાવધાન રાખતો અને મુળુ બાપનો વિશ્વાસ કરતો નહીં. પણ બાપે બહારવટિયા પકડવામાં દેખીતી શિથિલતા કરવા માંડી તેમ તેમ દીકરાની છાતી વધારે વધારે ચાલવા માંડી. એનું નામ બહારવટામાં પ્રસિદ્ધ થતાં એને મળતો પગાર બંધ કરવા સામંતે સૂચના કરી તે રાજાએ રદ કરી અને ઊલટું હાસ્ય કરી એમ ઉત્તર દીધો કે બહારવટામાં એ છોકરો યુદ્ધકળા શીખશે અને શૂર થશે અને એના સામી ચડાઈ કરાઈ પકડાય તો એને પકડવો, પણ એનો પગાર એકદમ બંધ ન કરવો. રાજાએ અંતે એવી આજ્ઞા કરી કે મુળુને મણિરાજના રાજત્વનો તિરસ્કાર છે તે ખોટો હોય તો તે ખોટાપણું સિદ્ધ કરવા મણિરાજે બહારવટિયા સામે ચડવું અને બળ તથા કળા હોય તો મુળુને પકડવો. સામંતને આ સૂચના ગમી નહીં પણ પાળવી પડી, અને યુવરાજને કુશળ રાખવા તેની જોડે પોતે પણ ચડવા લાગ્યો. મણિરાજનો જાતે ઘાત કરવાનો પ્રસંગ સમીપ જોઈ મુળુ પણ આ સમાચારથી ખુશ થયો. આથી એક પાસ એ બેધડક રત્નનગરીની પ્રજાને લૂંટવા લાગ્યો અને બીજી પાસ બહારવટિયાઓને મલ્લરાજ વશ કરી શકે એમ નથી એવી બૂમો બીજા માણસો દ્વારા એજંસીમાં મોકલવા લાગ્યો. એજંસીમાંથી તે વિશે અનેક પ્રશ્નો અને સૂચનાઓ રત્નનગરી જવા લાગ્યાં અને રાજ્યના તંત્રીઓના ગૂચંવાડાઓને વધારવા લાગ્યાં. ત્રિભેટા આગળ આણી પાસ નહીં તો આણી પાસ નાસી જતાં બહારવટિયાઓને સુલભ પડતું. જડસિંહ અને શઠરાયનું સુવર્ણપુર રત્નનગરી જોડે સંપે એમ ન હતું અને એક પાસથી બહારવટિયાઓને પકડવાની તાકીદ કરનારો ફૉક્સસાહેબ અંગ્રેજી હદમાં પગ મૂકે ને શસ્ત્ર વાપરે તો તેમના ઉપર ફોજ દારી ચલાવે એમ ભય લાગતું.

એવામાં મલ્લરાજની શરીરપ્રકૃતિ બગડવા માંડી અને એના આયુષ્યનો અંત સમીપ આવતો લાગ્યો. એક વખત ખાચરના રાજ્યમાં જઈ મુળુને પોતે જાતે ઠાર મારવાની યોજના સામંતે ફરી વ્યાધિગ્રસ્ત રાજા પાસે મૂકી, એ ખૂનને વાસ્તે પોતે ખાચરના રાજ્યમાં ફાંસી ચડવા તત્પરતા બતાવી, અને રત્નનગરીના સર્વ કંટક એ દ્વારા નષ્ટ કરવાના માર્ગની યોગ્યતા સર્વ રૂપે પ્રકટ કરી. પણ — ‘ના — એ કામ કદી કરવું નહીં -’ એવા શપથ રાજાએ સામંત પાસે ઊલટા લેવડાવ્યા અને આંસુભરી આંખે સામંતે આજ્ઞાવશ થઈ આ શપથ લીધા.

સામંતે બીજી રચના રચી. પોતાની પુત્રી ખાચરને આપી ખાચરને પોતાના પક્ષમાં લઈ લેવો અને ખાચર મુળુને સોંપી દે એટલે રત્નનગરીમાં કેદ કરવો એવી ધારણાથી સામંતે ખાચરના દરબારમાં પ્રયત્ન આરંભ્યો અને એના હજૂરીઓ અને દરબારીઓમાં દ્રવ્ય વેરવા માંડ્યું. ખાચરે આ સંબંધ સ્વીકાર્યો, પણ લગ્ન થયા પછી મુળુ વિશેની શરત તોડી. મુળુની

બહેને પિતાની આજ્ઞા કરતાં માતાની પ્રીતિ અને ઇચ્છા શ્રેષ્ઠ ગણ્યાં. સામંત છેતરાયો અને વ્યાધિગ્રસ્ત રાજા સર્વ વાત સાંભળી અત્યંત હસ્યો.

સામંત હાર્યો નહીં. મુળુને આશ્રય આપનાર બહારવટિયા અને ખાચરનાં માણસોને એણે પુષ્કળ દ્રવ્ય ખરચી ફોડ્યાં અને તેટલે સુધી એ ફાવ્યો. એ સર્વ લોક મુળુને ફસાવવા તત્પર થયા અને મુળુએ તે વાત જાણી નહીં. પણ મુળુની પોતાની સજ્જતા અને સાવધાનતા એ સર્વના પ્રપંચ કરતાં બળવાન હતી.

આણીપાસથી સામંત અને મણિરાજના પ્રયત્ન રાત્રિદિવસ જાગ્રત રહેવા લાગ્યા. એક દિવસ બે જણ મનહરપુરીના ત્રિભેટા પાસેના વડ નીચે હતા એટલામાં પાસે જ મુળુ હોવાના સમાચાર મળ્યા. મુળુની પાસેનાં માણસોમાંનો મોટો ભાગ સામંતનો સાધેલો હતો. સામંત, મણિરાજ, અને તેમનાં માણસોએ મુળુ અને તેનાં માણસો ભણી ઘોડા દોડાવ્યા. મણિરાજ આ મંડળમાં છે જાણી મુળુ સામો આવ્યો. પણ ઘોડાની દોડાદોડને નિમિત્તે એની જોડેનાં સામંતનાં સાધેલાં માણસ એને પડતો મૂકી બીજી દિશામાં ચાલ્યાં, અને એની સાથેનાં બાકીનાં માણસ એક પાસ એ ફૂટેલાં માણસને જતાં જોઈ અને બીજી પાસ મુળુને દોડતો જોઈ દ્વૈધીભાવ પામ્યાં અને તેમના ઘોડા આ દ્વૈધીભાવમાં નરમ પડતાં તેમની અને મુળુની વચ્ચે છેટું પડી ગયું. એ ટોળામાં મુળુ હશે એવું ધારી વૃદ્ધ આંખોનો છેતર્યો સામંત છેતરાયો અને પોતાના સર્વ માણસો લઈ એ ટોળાની સામે દોડ્યો. મુળુથી અને ફૂટેલાં માણસોથી છૂટું પડેલું ટોળું સામંતનો ધસારો જોઈ હિંમત હાર્યું અને નાસવા લાગ્યું. તેમની પાસે આવવા છતાં તેમની પૂંઠ હોવાથી તેમાં મુળુ છે કે નહીં એ સામંત કળી શક્યો નહીં અને એમની પૂઠ મૂકી નહીં.

પોતાના સર્વ માણસોથી આગળ વધેલો મુળુ છૂટો પડ્યો અને તેને દૂરથી મણિરાજની તીક્ષ્ણ યુવાન આંખે શોધી કાઢ્યો અને પોતાનો ઘોડો તેની પાછળ દોડાવ્યો. પોતાનાં માણસોથી પોતાને છૂટો પડેલો સમજી અને મણિરાજની પાછળ બીજાં માણસ હશે એમ ધારી મુળુએ જંગલના એક વિકટ રસ્તા પર પોતાનો ઘોડો દોડાવ્યો અને મણિરાજે પણ એકલા પડી તેની પાછળ પોતાનો ઘોડો દોડાવ્યો. બેચાર ગાઉ સુધી આ પ્રમાણે દોડતાં મુળુ એક નાળા આગળ આવ્યો અને એનો ઘોડો તે નાળા પર કૂદી બીજી પાર ગયો અને મણિરાજનો ઘોડો પણ બીજે ઠેકાણેથી નાળું કૂદી પડ્યો અને મુળુની પાછળ દોડવા લાગ્યો. નાળાની બીજી પાસ સુંદરગિરિનો એક ભાગ હતો અને તેના કાંઠા ઉપર એક ઊંચો ખડક હતો તે ઉપર આવી મુળુ પોતાનો ઘોડો ફેરવી પાછું જોતો ઊભો અને દૃષ્ટિ આગળ કોઈને ન જોતાં કાન માંડવા લાગ્યો તો માત્ર એક ઘોડાનાં પગલાં સંભળાયાં. આ પગલાં કેણી પાસથી આવે છે એની એને સમજણ પડતાં પહેલાં મણિરાજનો ઘોડો ફાળ ભરી મુળુવાળા ખડકની પાછળના બીજા ખડક ઉપર આવી ઊભો અને તેની સાથે જ મણિરાજે બંદૂક ફોડી. તેની ગોળી મુળુના જીન

પાછળ ઘોડાના માંસલ ભાગમાં એવી તો જોરથી વાગી અને અંદર ડૂબી કે ઘોડા ની છાતી સુધી ગઈ. આ ગોળીના પ્રહારની સાથે ઘવાયેલો ઘોડો સુવારસુધ્ધાંત ખડકની પેલી પાસ ગબડી પડ્યો, અને નાળાના પાણીમાં ઝબકોળાયો. ઘોડો પછડાયો તેની સાથે સવાર ઊછળી ઊથલી નાળાની બીજી પાસની ભેખડોમાં પડ્યો, અને પેંગડાં એના પગમાં રહ્યાં અને પેંગડાંના બંધ ત્રુટી ગયા. એની કેડેથી અને હાથમાંથી હથિયારો છૂટાં થઈ કેટલાંક નાળાનાં પાણીમાં પડી દૃશ્ય થયાં અને કેટલાંક ઘોડાના મડદા તળે ચંપાયાં, અને એની પાસે દેખીતું હથિયાર એક પણ ન રહ્યું.

મણિરાજ પોતાના ખડક ઉપરથી મુળુની આ દશા જોતાં વિચાર કરતો ઘોડા ઉપર બેસી રહ્યો. મુળુ જ્યાં પડ્યો હતો ત્યાંથી થોડી વારે કળ વળતાં ઊઠ્યો અને ચારે પાસ દૃષ્ટિ ફેરવી પોતાની, ઘોડાની, પોતાનાં શસ્ત્રોની, અને ચારે પાસના સ્થળની અવસ્થા તપાસવા લાગ્યો. એમ કરતાં કરતાં એણે ઊંચું જોયું અને આઘેના ખડક ઉપર મણિરાજને ઘોડેસવાર થઈ પોતાને જોતો દીઠો.

મુળુ શસ્ત્ર વિનાનો મણિરાજના ભણી ચાલવા લાગ્યો અને સ્વર સંભળાય એટલું છેટું રહેતાં બૂમ મારી: ‘મણિરાજ, તમારી પાસે સર્વ શસ્ત્ર સજ્જ છે, અને મારાં શસ્ત્ર વેરાઈ ગયાં છે. શસ્ત્રવાળા સાથે હું શસ્ત્ર વિના લડવા તૈયાર છું, પણ ધર્મયુદ્ધ કરવા ઇચ્છતા હો તો શસ્ત્રો દૂર નાખી ઘોડેથી ઊતરી પાળા થઈ સામા આવો.’

મણિરાજે ઉત્તર દીધો: ‘મૂળરાજ, નસાય નહીં એવે સ્થાને તમે છો અને તમારે જીવવું કે મરવું એ મારા શસ્ત્રની સત્તાની વાત છે ત્યાં સુધી અશસ્ત્ર રહી પરાક્રમીની પેઠે લડવાની ઇચ્છા બતાવો છો તે નકામી છે, કારણ કે લડવું કે ન લડવું એ તમારી ઇચ્છાની વાત નથી. હું ઘોડેથી ઊતરી શસ્ત્ર વિના તમારી સાથે લડવા તૈયાર છું પણ તમારા શબ્દ ઉપર એવો વિશ્વાસ નથી કે ઘોડાને નસાડી મુકું અને શસ્ત્ર નાંખી દઉં. જો તમે ઉપર આવી કુસ્તી કરશો તો મારા ઘોડા ઉપરથી ઊતરીશ, શસ્ત્રો વાપરીશ નહીં અને તમારી સાથે મલ્લયુદ્ધ કરીશ. જો તમે ઉપર નહીં આવો તો મહારાજની આજ્ઞા છે કે તમને મારવા કે પકડવા અને ઘોડો લઈ નીચે આવી તેમની આજ્ઞા પાળવા પ્રયત્ન કરીશ. સારું તે તમારું.’

મુળુ ખડક ઉપર ચડ્યો, મણિરાજ ઘોડા ઉપરથી ઊતર્યો, અને ખડકની મોટી સપાટી ઉપર બેનું મલ્લયુદ્ધ અર્ધી ઘડી ચાલ્યું તે એવી રીતે કે ન કોઈ જીતે ને ન કોઈ હારે. અંતે મુળુ પૃથ્વી પર ચત્તોપાટ પડ્યો અને એની છાતી પર મણિરાજ ચડી બેઠો અને પૂછવા લાગ્યો: ‘મૂળરાજ, ગમે તો મારા કેદી બની મારી સાથે આવવા શબ્દના બંધનથી બંધાઓ ને તે ન ગમે તો તમને બીજા બંધ બાંધવા યત્ન કરતાં શસ્ત્ર વાપરી તમારા પ્રાણ લેવા કાળ આવે તો આપણું અશસ્ત્ર મલ્લયુદ્ધ પૂરું થયું છે.’

આ વાક્ય પૂરું થયું એટલામાં કપટશીલ મુળુએ એક હાથ છૂટો કરી વસ્ત્ર નીચે સંતાડી રાખેલી કટાર મ્યાનમાંથી ખેંચવા માંડી. મણિરાજની સજ્જ આંખ ચેતી ગઈ અને પોતાના વાક્યના ઉત્તરની વાટ જોયા વિના પોતાની તરવાર નાગી કરી. અતુલ બલ કરી છૂટા કરેલા હાથ વડે મુળુ મણિરાજના એક પાસામાં કટાર ખોસી દેવાનો પ્રયત્ન કરે છે અને કટાર અને મણિરાજની કેડ વચ્ચે એક તસુનું અંતર રહે છે એટલામાં મણિરાજની તરવારે મુળુનો છૂટો હાથ તેના શરીરમાંથી જુદો કરી દીધો, તે હાથ અને કટાર ઊછળી ખડકની એક બાજુએ ગડગડી પડ્યાં અને કપાયેલા હાથના મૂળમાંથી રુધિરની નદીઓના પ્રવાહ વેગથી નીકળવા લાગ્યા. આ મોટા ઘાના દુ:ખને ન ગણકારતાં મુળુએ પોતાનું આખું શરીર અર્ધો હાથ ઊંચું ઉછાળ્યું, અને ઉછાળાથી ઊછળતા મણિરાજને પોતાના બે પગ ઊંચા અફાળી આકાશમાં ઉરાડ્યો, અને મણિરાજની તરવાર આઘી પડે એટલે તે અખંડ રહેલે હાથે ઝડપી લેવા કલ્પના કરી. આ કલ્પના પૂરી થઈ જાય તે પહેલાં મલ્લયુદ્ધનો પ્રવીણ પણ આકાશમાં ઊછળેલો મણિરાજ એવી ચતુરતાથી પૃથ્વી પર પાછો પડ્યો કે એના બે હાથ પૃથ્વી પર મુકાયા, તે હાથ ઉપર એનું શરીર તોળાઈ ઝિલાયું અને તેના અધ્ધર લટકેલા બે પગે પૃથ્વી પાસે આવતાં મુળુના શરીરને એવા તો બળથી લત્તાપ્રહાર કર્યો કે મુળુનું શરીર ગબડતું ગબડતું ખડકની કોર ઉપર જઈ જોરથી નદીમાં પડ્યું. એ શરીરની પાછળ લોહીની પહોળી રેખાએ ખડકને રંગ્યો, મુળુ નદીમાં બેભાન થઈ પડ્યો, અને એના શરીરની આસપાસ પાણી છાછર હતું ત્યાં ચારેપાસ લોહી ફરી વળ્યું અને લોહીના ખાબોચિયા જેવું લાગવા માંડ્યું.

આણીપાસ આ બનાવ બન્યો એટલામાં સામંત મુળુની સાથનાં માણસોની પાછળ પડ્યો હતો તેણે પોતાની ભૂલ કેટલીક વારે શોધી કાઢી, અને મુળુ અને મણિરાજની શોધ કરવા એ માણસોને પડતાં મૂકી બીજી દિશા લીધી.

સામંતની આ ટોળીમાંનાં કેટલાંક માણસ એક દિશામાં ગયાં, અને થોડાંક બીજી દિશામાં સામંતની સાથે ગયાં. તેમાંથી જ ટાળીમાં સામંત ન હતો તે ટાળી, મણિરાજ અને મુળુનું મલ્લયુદ્ધ ચાલતું હતું તે વખતે, નાળાની બીજી પાસ આવી પહોંચી અને યુદ્ધની સાક્ષીભૂત થઈ. કોઈ પણ રીતે મદદ કરવાની શક્તિ ન હોવાથી મણિરાજનું શરીર ઊછળ્યું તે અતિશય ચિન્તાથી આ ટાળીવાળા જોઈ રહ્યા અને રાજકુમારના પરાક્રમને અંતે શત્રુનું શરીર નદીમાં પડ્યું એટલે એમણે પકડી લીધું અને મુળુ જીવતો કેદ થયો. તે જ પળે મણિરાજ સજ્જ થઈ ઘોડો દોરતો દોરતો ખડક ઉપરથી ઊતરી તે સ્થાને આવ્યો. મુળુની આ સ્થિતિ જોઈ એની આંખમાં આંસુ આવ્યાં તે રૂમાલ વડે લોહી નાખ્યાં, અને ઘવાયેલા બન્ધુના શરીરની આસનાવાસના કરવા આજ્ઞા આપી.

સામંત, મણિરાજ અને સર્વ માણસ મનહરપુરીમાં એકઠાં થયાં. મણિરાજનું પરાક્રમ ચારેપાસ ગવાયું અને સામંતનું હૃદય હર્ષથી ફૂલવા લાગ્યું. મારું પોતાનું તરતનું કર્તવ્ય પૂરું થયું છે માટે હું હાલ થોડા દિવસ સુન્દરગિરિ ઉપર અને સુભદ્રાની ભેખડામાં મૃગયા માટે જાઉં છું એમ કહી યુવાન મણિરાજ એ દિશામાં ગયો અને બાકીના મંડળને તથા બંદીવાન મુળુને લઈ સામંત રત્નનગરી ભણી ગયો.

મૃગયાધિકારી મંડળ લઈ નીકળી પડેલો મણિરાજ પાચછ દિવસ પર્વતની તળેટીમાં, શિખરોમાં અને ખીણામાં, જંગલનાં ઝાડોમાં અને સુભદ્રાના તીર ઉપરની રેતીમાં ને ભેખડોમાં રમણીય પ્રદેશો જોતો જોતો, ભવ્ય દેખાવોથી કલ્પનાને ભરતો ભરતો, સવારથી સાંજ સુધી કવચિત્ ઘોડે ચડી અને કવચિત્ પગે પાળો ફરી ફરી શરીરને કસરતો આપતો આપતો અને પરસેવાથી નહાતો નહાતો, મૃગયાભિલાષ પૂરો કરતો હતો તેવામાં એક દિવસે ખરે બપોરે કંઈક થાકી એક ઝાડ નીચે છાયામાં ઘોડાને અઠીંગી ઊભો ઊભો સામા પર્વતની ટોચ આગળ દૃષ્ટિ કરે છે તો એક મહાન ગરુડપક્ષી બે પગ વચ્ચે કંઈક નાનું પ્રાણી પકડી ઊડતું દેખાયું. તરત બન્દૂકનો ભડાકો સંભળાયો, તેની પાછળ ધુમાડાના ગોટા દેખાયા, અને ગોળીથી વીંધાયેલું પક્ષી પશુને પડતું મૂકી પર્વતની ટોચ ઉપર ઘાયલ થઈ પડ્યું. રાજઅરણ્યમાં મલ્લરાજ અને યુવરાજની રજા સિવાય કોઈને મૃગયા કરવા રજા ન હતી તે છતાં આ કોની ગોળી હશે, અને ગમે તે કોઈએ તે વગર રજાએ ફોડી હશે અને ગમે તો કોઈ રાજવંશી અથવા અંગ્રેજ મહારાજની રજા લઈ આવ્યો હશે એમ કલ્પી, તે ગોળી જે દિશામાંથી નીકળી હતી તેણી પાસ કુમારે ઘોડો દોડાવ્યો. કેટલાક છેટા સુધી ઘોડો દોડ્યો એટલે સુભદ્રા આવી. નદીના તીર આગળ એક રમણીય સ્થળે વચ્ચે જરાક ઊંચો કાંઠો હતો અને આસપાસ દસબાર ઝાડો હતાં. આ ઝાડોમાંનાં કેટલાંકની શાખાઓ નદીના પાણી ઉપર લટકી નદીમાં ઝબકોળાતી હતી અને પવનથી હાલતી હતી ત્યારે શીકરબિંદુનો વર્ષાદ વર્ષાવતી હતી. આ ઝાડની ઘટામાં છાયા પર ઘાડી હતી અને શાખાઓમાંથી સરતા પવન અને ખરતી શીકરવૃષ્ટિથી આ પ્રદેશની શીતળતા અત્યંત વધી હતી અને આ ગ્રીષ્મકાળમાં સુખ અને શાંતિ આપે એવી હતી. આ ઘટામાં જતાં માણસનાં પગલાં પડેલાં દેખાયાં. તે પગલાંની દિશામાં મણિરાજ ચાલ્યો. ઘટા છેક પાસે આવી ત્યાં ઘોડો ચાલે એમ ન હતું એટલે મણિરાજ ઘોડો દોરતો દોરતો પગે ચાલવા લાગ્યો. કોઈ શિકારી શૂર પુરુષ આ સ્થળે હોય તો તેણે જોડા પહેરેલા હોવા જોઈએ — પણ પગલાં તો ઉઘાડા પગનાં હતાં એટલું જ નહિ, પણ જેટલાં પગલાં જોયાં એટલાં બધાં નાનાં નાનાં છોકરાંઓના અથવા સ્ત્રીઓના પગનાં પગલાં હતાં. મણિરાજનું કૌતુક ઘણું આકર્ષાયું. આ સ્થળે સ્ત્રીઓ કયાંથી હોય? છોકરા હોય તો ઉઘાડે પગે ક્યાંથી હોય? ઘણોક વિચાર કરી ઘોડાને એક ઝાડે બાંધી, પોતે ઝાડોમાં પેસે છે તો ત્રણચાર યુવતીઓ દીઠી. તેમાં એક

અગ્રેસર સર્વથી શ્રેષ્ઠ મુગ્ધા પંદર-સોળ વર્ષની હતી અને બાકીની સ્ત્રીઓ એનાથી મોટી સખીકુત્ય અથવા દાસીકુત્ય કરતી લાગી.

'રત્ની, મને થાક લાગ્યો છે. ચાલો, આપણે સૌ નદીમાં પગ બોળી બેસીએ.' મુગ્ધ યુવતી બોલી.

'કમળાબા, પાણીમાં મગર હશે તો?'

'હશે તો જોઈ લઈશું. ચાલો તો ખરાં — વારુ, પેલાં ફૂલ સાથે લેજે.' કમળા બોલી.

સર્વ યુવતીઓ નદીમાં પગ બોળી બેઠી. મણિરાજને આ લીલા જોવાનું મન થયું. તેને યુવાવસ્થાનો પવન વાયો હતો પણ તેનું મન દૃઢ હતું અને અત્યાર સુધી મન્મથના વિકારને તેણે ઊગવા દીધો ન હતો. પરંતુ સ્ત્રીઓ સાથે સંભાષણ કરવું ન પડે અને આ સ્થળે આ સ્ત્રીઓ કોણ હશે એ જણાય એટલા કારણથી ઊઘડેલી જિજ્ઞાસામાં સ્ત્રીઓની વિશ્રંભકથાએ આજ કાંઈક અપૂર્વ કૌતુક રેડ્યું.

'રંક અને સુંદર હરિણોનું ટોળું વાઘના વિચાર વિના જંગલમાં ખેલે છે તેવી રીતે આ સ્ત્રીઓ અહીં રમે છે — તેમના આનંદમાં વિઘ્ન પાડવું એ દોષ છે.' આમ વિચારતો વિચારતો મણિરાજ ઝાડોમાં ચાલ્યો અને નદીમાં સૌથી આગળ ધપેલા કાંઠાના ખૂણા ઉપર એક ઝાડ હતું તેની ઓથે પોતે ભરાયો અને સ્ત્રીઓનાં મુખ દેખાય એમ ગુપ્ત ઊભો. એમ ઊભા પછી તેમનાં મુખ જોવામાં દોષ લાગ્યો, એ મુખ જોનાર પુરુષ રાજ્યનો અધિકારી નથી — ઇત્યાદિ વિચાર થતાં સ્થાન બદલ્યું અને સ્ત્રીઓની પૂઠ દેખાય એમ ઊભો, અને મનમાં લવ્યો:

' मम हि सदसि गौरवप्रियस्य।

कुलजनदर्शनकातरं हि चक्षु:॥

એટલામાં સ્ત્રીઓનો સ્વર કાને આવ્યો.

કમળાના બે હાથ બે પાસની સાહેલીઓને ખભે હતા અને એના પગ વારાફરતી ઊંચા થઈ નદીનું પાણી ઉછાળતા હતા અને તે ઉછળતાં પાણી અને પગ ઉપર એની દૃષ્ટિ હતી.

'રત્ની, આ મારા પગ અત્યારે તને કેવા લાગે છે?'

'તમારા પગ કમળના દાંડા જેવા, પગનાં તળિયાં કમળના ફૂલના ગોટા જવાં અને આંગળીઓ પાંદડાં જેવી.'

'ને, વારુ, આ પાણી?' — પાણી ઉછાળવાની ક્રિયા એવી ને એવી ચાલતી રાખી, તે ઉપર દૃષ્ટિ પણ એમની એમ રાખી, કમળા બોલી.

'પવનથી કે પાણીના જોરથી કમળ ઊંચુંનીચું થાય અને પાંદડા ઉપરનું ઝાકળ ને પાણી ઊછળે તેવું આ પાણી.'

બીજી એક સહી બોલી: 'કમળાબા, આ પાણી ઉછાળતાં ઉછાળતાં ગાઓ જોઈએ.'

એમની એમ દૃષ્ટિ રાખી કમળા બોલી: 'શું ગાઉં?'

બીજી સહી બોલી: 'પેલું ગુલાબ ને કેવડાનું તમારું જોડેલું.'

થોડીક વારે કમળાએ એમની એમ દૃષ્ટિ રાખી ગાવા માંડ્યું:

'મને પિયુ ન ગમે જૂઈ જાઈ સમો, મને.

મને પિયુ ગમતો ગુલાબ સમો, -

મને કમળ સુંવાળું ના જ ગમે,

મને કેતક કંટકધાર ગમે - મને.

સખી, જા જઈ એવું તું માતને કહે,

સખી, જા જઈ એવું તું તાતને કહે! મને.

સુણો, માત, તાત, ટેક મુજ એવડો જો,

મારે જોઈએ ગુલાબ ને કેવડો જો. સુણો.

સારો સુંવાળો સ્વામી મને ન પરવડે જો,

એને સારો સારો કરીને સૌ અડે જો. સુણો.

કાંટાવાળો તે કંથ મારે જોઈએ જો,

રૂડો રંગ ને સુવાસ એમાં સોહીએ જો. સુણો.

લેવા જાય તેને ભચ્ચ કાંટા વાગશે, જો,

માળણ મારા જેવી ચતુર ઝાલશે જો. સુણો

સુગન્ધ રંગ સંગ ભોગવું હું એકલી જો.

બીજી નાર જોઈ જોઈ ને રહે બળી જો. સુણો

એવો કંથ તે ગુલાબ કહો કે કેવડો જો,

સૂરજવંશે કમળાને કાજે એ ઘડ્યો જો! સુણો.

'ત્યારે તમે ફૂલ તોડી લોને?' એક સહી બોલી.

'મારા મનમાં બીજો એક બુટ્ટો છે કે હું પણ એક ફૂલ છું તે મારી પાસે આવી મને તોડવાની જેનામાં આવડ હોય તેને હું પરણું.'

'તે તમે કેવું ફુલ છો? ને તમને તોડવામાં શું કઠણ છે?'

'હું ચંદ્રવંશનું રાત્રિવિકાસી કમળ—પોયણું—છું. મારો વિકાસ એકાંત રાત્રે છે-તે રાત્રે મને શોધી કાઢે ને મારા પાણીમાં આવી મારો વાસ લે, મારી શોભા જુએ, ને મને ત્યાંથી તોડે તેનો હાથમાં હું જાઉં.'

આમ બોલે છે એટલામાં ઝાડ પાછળ સંતાયેલો મણિરાજ વાઘની પેઠે ફાળ મારી ઝાડમાંથી કૂદ્યો ને કમળા બેઠી હતી તેની પાછળ એક કૂદકે પડ્યો, અને એક હાથ પાણીમાં કમળના પગ તળે અને બીજો હાથ એના વાંસા પાછળ — એમ બે હાથ રાખી, પ્રથમ એના પગ અને પછી આખું શરીર એમ બે હાથમાં કમળાને ઊંચકી લઈ પોતાના હૃદય પાસે ઝાલી, તેડી રાખી દોડ્યો. એની પાછળ સૌ સહીઓ દોડી, અને પ્રથમ નદીતીરે તે બેઠાં'તાં ત્યાં એક મગર આવી પાણીમાં ઊભો દેખાયો.

હાથમાંથી કમળાને છૂટી મૂકી મણિરાજ બોલ્યો: 'પાણીમાં તમારા પગ ઊંચાનીચા થતા હતા તેના ચળકાટથી અને તમારા ગાનથી આકર્ષાઈ આ મગર તમારા પગ ભણી આવતો હતો તે ઉપર મારી દૃષ્ટિ પડી એટલે તે તમને પકડે તે પહેલાં તમારું રક્ષણ કરવાને તમને ઊંચકી લીધાં છે તે ક્ષમા કરજો.'

કમળા પાસે ઊભી ઊભી નીચું જોઈ રહી અને જે હાથે પોતાને બચાવી હતી તે હાથના આકાર સામું જોવા લાગી, તેના ગૌર ગાલ પર શેરડા પડી રહ્યા અને તે બોલી શકી નહીં.

તેની સહી રત્ની બોલી: 'અમે આપનો ઉપકાર માનીએ છીએ. આપનું નામ, ઠામ, જાત અને કુળ જાણી અમને ઉગારનારને ઓળખી લેવા ઇચ્છીએ છીએ.'

'મારું નામ મણિરાજ — આ રાજ્યના મહારાજા શ્રી મલ્લરાજનો હું પુત્ર છું. પરસ્ત્રીઓનાં નામ પૂછવાં તે મારો ધર્મ નથી પણ આ ભયંકર અરણ્યમાંથી બહાર જવા ઇચ્છા હોય તો તમને રસ્તો દેખાડવા અને રક્ષણ કરવા ભોમિયો થવા હું તૈયાર છું.'

'કુમાર, અમારે ભોમિયાની જરૂર નથી. કારણ અમારાં કમળાબહેન ઘોડે ચડે છે ને શસ્ત્ર સજે છે અને એમના પિતા મહારાણા શ્રી ખાચર થોડેક છેટે આપના રાજ્યના અતિથિ થઈ રાત્રે વાસો કરી રહ્યા છે તેમની પાસે જવાનો ટૂંકો માર્ગ આપના કરતાં અમને વધારે માલૂમ છે. માટે આપ મહારાણાને મળવા પધારો અને અમે આપનાં ભોમિયાં થઈશું.'

'કમળાકુમારીએ આ જંગલમાં શસ્ત્રનો કંઈક ઉપયોગ કર્યો છે?' મણિરાજે કૌતુકથી પૂછ્યું.

‘એક ઘેટાને બચાવવા તેને લઈ જનાર ગરુડ પક્ષી ઉપર બન્દૂક તાકી હતી.’

‘ત્યારે એમણે અમારા પિતાના શાસનનો ભંગ કર્યો, માટે એમને તરત કેદ કરવાં પડશે.’ આંખો ચોળતો ચોળતો મણિરાજ બોલ્યો. સર્વ સ્ત્રીઓ કંઈક ચમકી સાંભળી રહી. એટલામાં લજ્જા છોડી કમળા બોલી:

‘તે આપના રાજ્યમાં એવો કાયદો છે કે અમને બબ્બે વખત કેદ કરો?’

‘ના, એક જ વખત.’

‘તે એક વખત તો કેદ કરેલી અહુણાં મને છોડી.’

‘હા. એ વાત તો ખરી. ત્યારે હવે કેદ નહીં કરીએ — પણ તમે જ અપરાધી છો તેની ખાતરી શી રીતે થાય? સ્ત્રીજાતિ આ કાળમાં બન્દૂક ઉપાડતી સાંભળી નથી.’

‘એ વાત ખરી હું બન્દૂક ફોડી બતાવું; પણ મારી જ સાથે આપ પણ ફોડી બતાવો તો હું ફોડું.’

આ વાત ચાલે છે એટલામાં સર્વ સહીઓ ધીમે ધીમે દૃશ્ય થઈ જતી રહી. બે જણ એકાંતમાં ઊભાં.

ખાચરને સામંતની પુત્રી સિવાય એક બીજી એનાથી મોટા વયની રાણી હતી અને કમળાકુમારી તેની પુત્રી હતી. ખાચર, સામંત, મુળુ અને મલ્લરાજ સર્વને સંપ થવાનું સાધન ઇચ્છી સામંતની પુત્રીએ કમળા અને મણિરાજનાં લગ્નની વાત વધારી હતી; યુવાન કમળાના કાનમાં રાતદિવસ મણિરાજની સ્તુતિનું અમૃત રેડ્યાં કર્યું હતું, અને મલ્લરાજના વંશમાં શોક્યના કાંટા વાગવા અશક્ય છે એ લાભ સૌનાં નેત્ર આગળ ધર્યો હતો. કમળા જાતે શૂર ને શુદ્ધ ક્ષત્રિયાણી હતી, ખાચરે લડાવેલી હતી, અને એના મનમાં મણિરાજનો આકાર રાતદિવસ રમ્યાં કરતો હતો. પણ શત્રુના ઘરમાં કન્યા આપવા જવું એ ખાચરને વિષ પીવા જવું લાગતું. આ સર્વનું પરિણામ એ થયું કે મણિરાજને કમળા દેવાની ખાચર ના પાડતો અને બીજાવરની કમળા ના પાડતી, અને કમળાકુમારી અત્યાર સુધી કુમારી રહી હતી. હાલ મુળુ કેદ થયાના સમાચાર સાંભળી બહેને ખાચરનું માન મુકાવી, એને રત્નનગરીના રાજ્યમાં આણ્યો હતો. ખાચરને આ રાજ્યનાં સર્વ માણસો ઉપર અસલથી તિરસ્કાર અને દ્વેષ અત્યંત હતો તેને સ્થળે વય અને અનુભવ વધતાં મલ્લરાજના ઉદાત્ત ગુણો તે સમજવા લાગ્યો હતો. એ વૃદ્ધ અને અનુભવી રાજાના અવસાન સમયે તેની પાસેથી રાજનીતિ અને અનુભવ જાણી લેવાં એવો તેને ઉત્સાહ થયો હતો. આથી એણે પોતાની નાની રાણીની સૂચના સ્વીકારી હતી અને એ રાણી સાથે રત્નનગરી જતાં જતાં રાત્રિ ગાળવાને વનમાં ઉતારો રાખ્યો હતો. કમળાને તેની

પોતાની ઇચ્છાથી સાથે લીધી હતી. એટલામાં કન્યાને અને મણિરાજને મળવાનો આ પ્રસંગ આવ્યો.

પોતાને અજાણી સ્ત્રી સાથે હોવાનો પ્રસંગ મણિરાજને આયુષ્યમાં પ્રથમ આજ જ આવ્યો અને તે પ્રસંગના સહભૂત વિકાર તેના હૃદયમાં ભરાયા. છતાં પોતાના રાજ્યના શત્રુની કન્યા સાથે હોવાને પ્રસંગે સાવધાન રહેવાનો અને અવિશ્વાસ રાખવાનો વિચાર એને થયો. પણ થોડીક જ વાર ઉપર પોતાને ન જાણતી ન દેખતી કમળાએ વિશ્રંભકથા સાથે કરેલા ગાનમાં પોતાને માટે દેખાડેલો અનુરાગ સ્મરણમાં આવતાં અવિશ્વાસ ખસી ગયો. પોતાના શૌર્યના ભાને વિશ્વાસ અને અવિશ્વાસનો વિવેક નકામો લગાડ્યો. બંદૂક ઉપર એક હાથ મૂકી તેના ઉપર પોતાનું પ્રચણ્ડ શરીર અઠીંગેલું રાખી, કમળા ઉપર પળવાર દૃષ્ટિ નાંખતો અને પળવાર ખેંચી લેતો, મણિરાજ કમળાની સામો ઊભો અને પૂછવા લાગ્યો:

આ તમારી સહીઓ કયાં ગઈ?'

'મને કેદ કરી લેવાનો આપને અવકાશ આપવા જતી રહી.'

'મેં તો કેદ કરવાનું હાસ્ય જ કર્યું હતું. બાકી હું પરસ્ત્રી સાથે એકાંતમાં રહેતો નથી. તમારે મારું કામ ન હોય તો મને રજા આપો.'

કમળા પાસેના ઝાડને અઠીંગી તે ઉપર માથું નાંખી દઈ ડૂસકાં ભરવા લાગી અને બોલી: 'રાજકુમાર, હું પરસ્ત્રી નથી. હું અત્યાર સુધી કોઈની સ્ત્રી થઈ નથી અને સૂર્યવંશી મણિરાજને મૂકી બીજાની સ્ત્રી થનાર નથી. આપ કહો છો કે આપનું કામ ન હોય તો રજા આપો. પણ આપનું કામ તો મારું આયુષ્ય ખૂટે ત્યાં સુધી છે. જેને પાસે બોલાવવાના તેને દૂર જવા રજા શી રીતે આપું?'

મણિરાજને દયા આવી.

'કમળાકુમારી, તમે કુમારિકા છો તો તમારે તમારાં માતાપિતા મોકલે ત્યાં જવું એ તમારો ધર્મ છે.'

કમળાએ ઊંડો નિ:શ્વાસ મૂક્યો:

'મણિરાજ, રુક્મિણી શ્રીકૃષ્ણને પોતાના મનથી વર્યાં હતાં તેમ હું મણિરાજને વરી ચૂકી છું, અને મને શ્રીકૃષ્ણની પેઠે વરવા મણિરાજ-આપ-સમર્થ છો.' આંસુથી ઊભરાતું અને નહાતું, આશાથી ચળકતું, અને આતુરતાથી ખેંચાતું સુંદર મુખકમળ મણિરાજના ભણી ઉઘાડું થઈ ફર્યું, અને આંખો સામી આંખો થઈ, દૃઢતા મૂકી દયાર્દ્ર પુરુષ નેત્રે સ્ત્રીનેત્રની અનુકંપા કરી.

'કમળાકુમારી, તમારા પિતા અમને શત્રુતુલ્ય ગણે છે. તમે મારામાં ગુલાબ અને કેવડાના ગુણદોષ જોતાં હો તો તમે ચતુર માળણ છો તે

ફૂલની પેઠે મને તોડો. મારે એક એવા નિયમ છે કે હું કોઈની પાસે કાંઈ માગતો નથી તે તમારા પિતા પાસે કન્યા કેમ માગું?'

'કુમાર, તમારા બાગમાં આવવા દેશો ત્યારે મારા ગુલાબને તોડીશ. પણ મારા સરોવરમાં આવી તમારું કમળ તમે પ્રથમ તોડો. મણિરાજ, શ્રીકુષ્ણની કળાથી મને વરો.' આમ બોલતી બોલતી કમળા પાસે આવી અને રોતાં રોતાં મણિરાજના ખભા ઉપર એણે માથું મૂકી દીધું.

મણિરાજે આઘા ખસવાનું કર્યું પણ તેમ કરે તો બાળા પડી જાય એવું હતું. તેના હૃદયમાં દયાને સ્થળે ખપતી વસ્તુના શરીરસ્પર્શથી રોમોદ્ગમ થયો. પ્રિયજનનો હાથ હાથમાં લઈ રસચતુરાએ મન્મથનો ધ્વનિ મણિરાજના શરીરમાં પ્રવર્તાવ્યો અને પરખ્યો.

એને બે ખભે હાથ મૂકી, એને જશ દૂર ખસેડી ધર્મ અને રસમના પરસ્પર વિરુદ્ધ પ્રવાહ વચ્ચે ઊભેલો મણિરાજ બોલ્યો:

'કમળા, શિષ્ટોના આચારનું હવે અતિક્રમણ થાય છે — આપણો વિવાહ હજી થયો નથી, રાજા થવાને સરજેલા પુરુષોએ ધર્મનું પાલન કરવાનું તે જાતે જ ધર્મ તોડે તો મહાન અનાચાર થઈ જાય — માટે —' મણિરાજ આ વાક્ય પૂરું ન કરી રહ્યો એટલામાં, 'માટે દૂર જા' એટલું અધૂરું વાક્ય બોલી કે એટલામાં, કમળા દૂર જવાને ઠેકાણે ગાઢ અને સર્વાંગી કંઠાશ્લેષ દઈ મણિરાજને વળગી પડી અને એના વિશાળ વક્ષ:સ્થળમાં માથું સમાવી દઈ એમ દૃશ્ય થયેલા મુખવડે બોલવા લાગી:

'આપ મારા પતિ ન હતા ત્યાં સુધી દૂર જવાનું કહ્યું હોત તો જુદી વાત. ઓ મારા પ્રિય પતિ! જેવો મારા તેવો જ આપના અંગમાં ભગવાન અનંગનો સરખો અને સંપૂર્ણ અવતાર થયો છે; અને એ અનંગને આપણો અગ્નિ કહો કે આપણા ગોર કહો કે મને કન્યાદાનમાં આપનાર મારો પિતા કહો — એણે આપણું લગ્ન સિદ્ધ કર્યું — એ ગાન્ધર્વવિવાહ થયો. સ્વામીનાથ! હવે હું મારા પિતાની મટી આપની થઈ! હવે મને રુક્મિણી ગણી લઈ જાઓ કે ઓખાની પેઠે પરણેલી ગણી મારું રક્ષણ કરો!'

આ અક્ષરે અક્ષર સાથે મણિરાજ સ્તબ્ધ થઈ ગયો. એના અંત:કરણમાં અનેક વિચાર થઈ ગયા. પિતાની સંમતિ વિના આ સર્વ થાય છે એમ લાગ્યું ત્યારે આ સ્ત્રીને ધક્કો મારવાનો વિચાર થયો. ઘણીક કન્યાનાં કહેણ આવેલાં ત્યારે મલ્લરાજે સ્પષ્ટ ઉત્તર આપેલો કે: 'અમારા કુલાચાર પ્રમાણે પુત્રો સમજણા થઈ જાતે પરણે છે; પુત્ર મોટો થાય ત્યારે તેને પૂછજો.' આ ઉત્તર સાંભરતાં પિતાની સંમતિનો વાંધો ન લાગ્યો. આજ આને કોણે અહીં આણી અને આ કાકતાલીય શું બન્યું એ વિચાર થતાં આમાં કાંઈક ઈશ્વરની જ કર્તવ્યતા લાગી. શત્રુના ઘરની કન્યાનું મન હરવામાં પરાક્રમ લાગ્યું. બે શત્રુઓ આ લગ્નથી સંધાય તો અનેકધા રાજ્યકાર્ય થાય એ વિચારથી આ સંબંધ પ્રશસ્ત લાગ્યો. એ વિચારતુલામાં

સર્વ યોગ્યતા લાગતાં માત્ર વિકારતુલા બાકી રહી ને એનું ચિત્ત હલાવવા લાગી. શુદ્ધ રજપૂતાણી — એનું શૌર્ય અને એની બંદૂકનો સફળ પ્રહાર! મણિરાજના ક્ષાત્રરસને એ પ્રહાર કરનારી ઉપર ઉમળકો આવ્યો. પોતાની છાતી આગળ દબાયેલું મુખ ઊંચું કરી એક પળ — બે પળ — જોઈ લીધું, ફરી જોયું, ફરી જોયું અને વગર સમજ્યે, વગર વિચાર્યે, વગર ધાર્યે અને વગર જાણ્યે પોતાના હાથથી એ મુખ અને માથું પોતાની ધડકતી છાતી સાથે દબાઈ ગયું. એ સ્ત્રીનું કદ સ્ત્રીઓના પ્રમાણમાં મોટું હતુ, તેનું શરીર પાતળું નહીં ને બહુ જાડું નહીં પણ બેવડા કાઠાનું, માંસલ અને ઊંચું હતુ: મણિરાજને એ શરીર ગમી ગયું અને નાજુક શરીરની સ્ત્રીઓની સંતતિ ક્ષાત્ર પ્રતાપ ધરતી નથી માટે આવું શરીર જ મારે જોઈએ એવો વિચાર થતાં સ્નેહનો પક્ષપાત સંપૂર્ણ થયો. પતિના શરીરમાં આ મન્મથાવતારની સફળતા સમજી સ્ત્રી એની ઇચ્છાની વિરોધક થઈ નહીં અને એક ભુજમાં એનું આખું શરીર ભરી, છાતી આગળથી દૂર કરી, પોતાની એક બાજુએ એને મણિરાજે રાખી ત્યારે એ ક્રિયાને કમળા અનુકૂળ થઈ ગઈ. અંતે એને વાંસે હાથ મૂકી મણિરાજ બોલ્યો: ‘કમળારાણી, અત્યારે તમારા પિતા પાસે જાઓ — રત્નનગરી ગયા પછી સૌ વાતની વ્યવસ્થા તમારી ઇચ્છા પ્રમાણે થશે.’

બીજા એકાદ દિવસમાં સર્વ મંડળ રત્નનગરી પહોંચ્યું. ત્યાં મુળુનું શું કરવું એ વિશે સર્વ વિચારમાં પડ્યાં હતાં અને યુવરાજની વાટ જોવાતી હતી. મુળુના શિક્ષાપત્રમાં મલ્લરાજના શબ્દ લખાયા હતા, તે સ્પષ્ટ હતા. તે પ્રમાણે મુળુને હવે જીવંતપર્યંત કેદ રાખવો જ જોઈએ ઇત્યાદિ સ્પષ્ટ હતું અને હવે વિચારવાનું શું હતું તે સામંતને સૂઝયું નહિ. માત્ર શિક્ષાપત્ર પ્રમાણે કેદ કરો એવું રાજવચન જોઈતું હતું તે ઉચ્ચારવા મલ્લરાજે ના પાડી અને કહ્યું કે હવે હું નિવૃત્તિપક્ષમાં સ્થિતિ પામ્યો છું તે મૂકી પ્રવૃત્તિને મારી પાસે આવવા દેનાર નથી અને હવે તો સર્વ ભાર યુવરાજને માથે નાંખ્યો છે તેને જ કરવું હોય તે કરે. ટૂંકામાં મલ્લરાજ રાજ્યમાં રહી રાજ્યભાર પુત્રને માથે નાંખી પોતે માત્ર સર્વનો સાક્ષી જ રહ્યો હતો અને જરાશંકર સાથે જ્ઞાન અને ધર્મની ચર્ચા કર્યા કરતો હતો.

ખાચર મલ્લરાજને મળ્યો અને વૃદ્ધ ભીષ્મપિતામહ જેવા પાસે રાજનીતિના અને અનુભવના ઉપદેશ માગી લેવા લાગ્યો. એવામાં મણિરાજ રત્નનગરી આવ્યો.

મલ્લરાજને ખાચર વધારે વધારે પૂજ્ય માનવા લાગ્યો. મણિરાજ અને મુળુના મલ્લયુદ્ધના સમાચાર એણે મુળુને મુખેથી જ સાંભળી લીધા હતા. ધર્મયુદ્ધ, કપટયુદ્ધ, ઉદાત્ત શૌર્ય, શરીરબળ, મલ્લકળા પોતાના હાથમાં સર્વ વાતનું સૂત્ર હોવા છતાં આપેલી ક્ષમા, ઇત્યાદિ ગુણોનો આવિર્ભાવ મણિરાજે જેમાં સ્પષ્ટ કર્યો હતો એવું મુળુ સાથેનું યુદ્ધ અને મુળુનો પરાભવ — એ સર્વથી મુળુ નરમ થઈ ગયો હતો અને જે મણિરાજને તેની

બાલ્યાવસ્થામાં નિર્માલ્ય અને રાજ્ય કરવા અયોગ્ય માનતો હતો તેને આજ પોતાના કરતાં વધારે બળવાન, પ્રવીણ અને રાજ્ય કરવાને યોગ્ય માનવા લાગ્યો. એણે પોતાના હાથ આજ નીચે કરી દીધા અને જ રાજ્યનું બળ પોતે વધારવું જોઈતું હતું તે રાજ્યની સામી આટલી આટલી ખટપટ કરી માટે પોતાને મૂર્ખ અને પાપી ગણી પશ્ચાત્તાપ કરવા લાગ્યો. એની સર્વ વાત સાંભળી ખાચર પુષ્કળ હસ્યો અને મણિરાજ વિશે પોતાનો અભિપ્રાય વધારે સારો થયો ખરો, પણ હારેલા, ઘવાયેલા, કેદ થયેલા મુળુએ એને આકાશ ચડાવ્યો તે માત્ર મુળુના મનની આસક્તિ ગણી મુળુની મશ્કરી કરવા લાગ્યો. મણિરાજની ગોળી પ્રથમ જ મુળુને વાગવાને ઠેકાણે એના ઘોડાને વાગી એટલાથી એણે નિશ્ચય કર્યો કે મણિરાજમાં અસ્ત્રની લક્ષ્યસિદ્ધિ કાંઈ પણ નથી. એવો માણસ ગાદી પર બેસે એ તો રાજ્યનું હીનભાગ્ય એ વચન ખાચરે મુળુને સ્પષ્ટ કહ્યું.

મણિરાજ રત્નનગરી આવ્યા પછી સામંતે એની પાસે મુળુની વાત કાઢી. અને પિતાના શિક્ષાપત્ર પ્રમાણે મુળુને આયુષ્ય સુધી કેદ રાખવાની આજ્ઞા માગી. મણિરાજે વિચાર કરવા વખત લીધો અને મુળુની મા અને બહેનને બોલાવ્યાં.

રત્નનગરીમાં કેદ રહેવું અને ખાચરના રાજ્યમાં સ્વતંત્ર રહેવું બેમાંથી કયું મુળુને ગમે છે અને તેને ક્યાં રાખવો તમને ગમે છે એવું આ બે જણીઓને મણિરાજે પૂછ્યું. મુળુની સાથે તેમણે વાત કરી જોઈ અને ઉત્તર મળ્યો કે: ‘મણિરાજને મારા ભણીથી કહેજો કે આજ સુધી મારા વિચાર એક જાતના હતા અને હવે તે બદલાયા છે. તમારું બળ, તમારી કળા, તમારી ઉદારતા અને તમારી બુદ્ધિ એ સર્વનો અનુભવ તમે મને કરાવ્યો તેથી મારા મનનો ગર્વ અને મત્સર કેવળ અસ્ત થઈ ગયો છે, અને જે રાજ્યની મારે સેવા કરવી જોઈએ તે રાજ્યનો દ્રોહ કરવા જે મહાન પ્રયાસ કરી તમારા શત્રુઓને બળવાન કર્યા છે તે દોષથી અને પાપથી હું હવે મુક્ત થઈ શકું એમ નથી. યુવરાજ, ખાચર તમારો કટ્ટો શત્રુ છે તેથી તે આજ સુધી મારો મિત્ર હતો. તે જ કારણથી હવે મને એનું મુખ ગમતું નથી અને આપના રાજ્યના કેદખાનામાં દિવસ કાઢવાથી મારું પાપ ધોવાશે એમ હું માનું છું. તેમ દુનિયાને આ કાળું મોઢું બતાવવું તે કરતાં કેદખાનું સારું છે. પણ બીજી પાસથી એમ વિચાર કરું છું કે જે લોકને મેં આપના શત્રુ કર્યા છે તેમને ગમે તો આપના મિત્ર કરવા અને ગમે તો તેમનું વધેલું બળ નષ્ટ કરવું. એટલી રાજ્યસેવા મારાથી બની શકે એમ છે તે હું ખાચરના રાજ્યમાં હોઈશ તો બનશે. માટે મને ખાચરના રાજ્યમાં રાખવો સારો કે કેદખાનામાં રાખવો સારો તેનો વિચાર આપ જાતે કરી ઠીક લાગે તે કરજો. મારી અરજ એટલી છે કે મને આપના રાજ્યમાં છૂટો રહેવા રજા ન આપશો કારણ પ્રથમ તો એ મહાન ઉપકારભાર મારાથી ઝિલાય એમ નથી અને બીજું જરાશંકર અને વિદ્યાચતુર એ બે બ્રાહ્મણો આપને પ્રિય છે તેનો

હું શત્રુ મટવાનો નથી ને છૂટો હોઈશ તો કોઈ દિવસ બ્રહ્મહત્યા કરી બેસીશ.

મુળુ પોતાની ઇચ્છા બતાવતો નથી તો તમે બતાવો એવું પૂછતાં એની માતા અને બહેને માગી લીધું કે મુળુને ખાચરના રાજ્યમાં છૂટો રહેવા દો. ‘મુળુ હવે કોઈ જાતની રાજ્યવિરુદ્ધ ખટપટ કે બીજો અપરાધ નહીં કરે એટલી એના ભણીની ખાતરી તમે તમારા વચનથી કરો અને તે પ્રમાણે તેની વર્તણૂક તમે માથે લો તો હું મુળુભાને ખાચરના રાજ્યમાં છૂટા મૂકું.’ એવું મણિરાજે કહ્યું. સ્ત્રીઓએ પોતે ખાતરીનું વચન આપ્યું. અંતે વિચાર કરી મણિરાજ બોલ્યો: ‘તમે કાકી અને તમે મારાં બહેન, તમારી ઇચ્છા તો મારે પૂરી કરવી જોઈએ. સામંતરાજ કહે છે કે ખાચર અને મુળુભાનાં વચન લેવાં જોઈએ, પણ મુળુભાને કહેજો કે તમે તે વચનના કરતાં વધારે ખાતરી આપી છે અને અમારા શત્રુ તે તમારા શત્રુ ગણ્યા તો ખાચરરાણા પણ તમારા શત્રુ થાય ને તમારા શત્રુની તમારે સારુ ખાતરી માગવી એ તો તમને ન છોડવા હોય તો કરીએ. માટે કાકી, બહેન અને ભાઈ એ ત્રણેનાં વચન કરતાં ક્ષત્રિયો ક્ષત્રિયોની વધારે બાંયધરી શી લેવાના હતા? એવી એવી બાંયધરીઓ ત્રુટશે ત્યારે રજપૂતોની રજપૂતાઈમાં જેટલું બાકી રહ્યું હશે તેટલું પરખાશે. માટે હું તમારી ઇચ્છા સ્વીકારું છું અને મુળુભાને કહેજો કે આશા રાખનારા છેતરાય છે પણ મણિરાજ તમારા તરફથી કંઈ આશા રાખતો નથી ને છેતરાતો નથી, અને હવે મેં મારાપણું બતાવ્યું તો તમારે તમારાપણું બતાવવાનું તે કેવી રીતે બતાવો છો તે જોઈશું.’

આ પ્રમાણે મુળુનું ભાગ્ય બાંધી મણિરાજ પોતાની માતા મેનારાણીને મહેલ ગયો. ત્યાં કમળાકુમારી રાણીને મળવા આવી હતી અને એની આંખ મણિરાજને શોધતી હતી. મણિરાજે બે જણને એકઠાં જોઈ માતાને દૂર બોલાવી પોતાને કમળા સાથે પડેલો પ્રસંગ ટૂંકામાં જણાવી દીધો. રાણી કંઈક વિચારમાં પડતાં મણિરાજે કહ્યું: ‘માતાજી, આમાં કાંઈ વિચાર કરવાનું રહ્યું નથી. કારણ હું વચન આપી વરી ચૂક્યો છું અને પિતાજીએ આ વાત મારી ઇચ્છા ઉપર રાખી હતી. માટે આપ હવે એ કન્યાને આપના મહેલમાં સંભાળી રાખજો અને એમને કહેજો કે તમારા પતિની એવી આજ્ઞા છે કે બીજી આજ્ઞા થતાં સુધી તમારા પિતાને ઘેર તમારે જવું નહીં — તમારા પિતા આજ્ઞા કરે તોપણ જવું નહીં.’

મેનારાણી આશ્ચર્યમાં પડી: ‘કુમાર, કન્યા લાવો તો ભલે લાવો, પણ આ તો કન્યાનું હરણ કર્યું કહેવાય અને હવે અંગ્રેજ સરકાર આપણે માથે રહ્યો.’

મણિરાજ — ‘માતાજી, એ તો કન્યાની ઇચ્છા ન હોય તે આપણે તેનું હરણ કરીએ તો જુદી વાત. પણ આ તો કન્યા વળગી પડીને કહે છે કે તમે મારા પતિ છો અને મારા પિતાના શત્રુ છો માટે તમે મારું હરણ કરો એટલે

પિતાની આજ્ઞા તોડી નહીં કહેવાય. કન્યાઓનું હરણ કરવું એ એમના ને તમારા ચંદ્રવંશનો ધારો કૃષ્ણાવતારથી પડ્યો છે.'

મેનારાણી — 'પણ તમારો શત્રુ ફરિયાદ કરશે ને અંગ્રેજ હેરાન કરશે તે — તમારા પ્રધાનને તો પૂછો -'

મણિરાજ — 'માતાજી, સરકાર કન્યાની જુબાની લેશે તેમાં કન્યા તરફથી વાંધો નહીં પડે. આપણે કન્યાને મદદ કરવી છે. જુઓ તો ખરાં ખાચર શું કરે છે તે. પ્રધાનને અને બધાંને પૂછીશું.'

અંતે કમળા સાંજ સુધી પિતાને ઉતારે ગઈ નહીં ત્યારે એને ખાચરને ત્યાંથી તેડાં ઉપર તેડાં આવ્યાં તેના ઉત્તરમાં એણે માત્ર એક જ બોલ કહ્યો કે: 'પિતાજીને કહો કે મારા સમાચાર નાની મા કહેશે — હું તો જેને વરી ચૂકી છું તેને વરી — તેનું ઘર મૂકી હું શી રીતે બહાર આવું? — મારા સ્વામી તરફથી તમારે ત્યાં આવવાની મનાઈ નથી, પણ મને ઠીક લાગશે ત્યારે હું આવીશ -' ઇત્યાદિ ઇત્યાદિ.

આ સમાચારથી ખાચર પ્રથમ તો ખૂબ ખિજાયો. બધી વાત સાંભળી જાતે મલ્લરાજને મળી ફરિયાદ કરી. મલ્લરાજે ધૈર્યથી સર્વ વાત સાંભળી; અંતે ખડખડ હસી પડ્યો.

'રાણાજી, આમાં આપની પુત્રીની પણ સંમતિ દેખાય છે.'

ખાચર — 'મહારાજ, એમ હશે તોયે શું? આ તો બે જણે મળી મને છેતર્યો!'

મલ્લરાજ — 'આપને બાળકોએ છેતર્યા! અરરર! રાણાજી, આ વાત કોઈને કહેશો નહીં!'

ખાચર — 'આપને આપના પુત્રનો દોષ વસતો નથી! — પણ મારે ઉપાય કરવો પડશે!'

મલ્લરાજ — 'રાણાજી, શાંતિ અને સત્ત્વગુણ ઘરો તો કહું.'

ખાચર — 'ચાલો, ધરું છું.'

મલ્લરાજ — 'તો કહો. બાળકોએ કામ કર્યું, તમને છેતર્યા તો મને પણ આજ સુધી મણિરાજે પૂછ્યું નથી. એ બધું થયું: પણ તેમણે યોગ્ય જોડું બાંધ્યું છે કે અયોગ્ય?'

ખાચર — 'અયોગ્ય.'

મલ્લરાજ — 'શી રીતે?'

ખાચર — 'પ્રથમ તો મણિરાજને અસ્ત્રની લક્ષ્યસિદ્ધિ નથી ને મારી પુત્રીને છે.'

મલ્લરાજ — ‘બીજું?’

ખાચર — ‘મણિરાજ ભોળા છે, એમને કપટવિદ્યાની કુશળતા નથી.’

મલ્લરાજ — ‘ત્રીજું?’

ખાચર — ‘ત્રીજું કાંઈ નથી. બીજી બધી રીતે એ યોગ્ય છે.’

આ પ્રસંગે આ બે રાજાઓ મલ્લરાજના એક મોટા બાગને છેડે બેઠા હતા અને ત્યાં એક સરોવરની કોર અને પાળ હતી. સરોવરને સામે છેડે મણિરાજનો બાગ હતો. મલ્લરાજે પુત્રના બાગ ભણી આંગળી કરી કહ્યું: ‘રાણા, આ સામેનો બાગ મણિરાજનો છે. ત્યાં એ અત્યારે હશે. આપણે વેશ બદલી ત્યાં જઈએ અને એ બે વાનામાં એની પરીક્ષા કરીએ, તેમાં તમે હારો તો પછી?’

ખાચર — ‘પછી મારે આ બધું કબૂલ.’

બે રાજાઓ શસ્ત્રઅસ્ત્ર સજી, કાબુલીઓનો વેશ લઈ મણિરાજના બાગ ભણી ગયા. બાગનો દરવાજો વાસેલો હતો અને ત્યાં બેઠેલાઓમાંથી એક દરવાને કાબુલીઓને અંદર જવાની ના કહી. તેણે આજીજી કરી કહ્યું કે: ‘અમારે બાગ જોવો છે ને મણિરાજને મળવું છે — તમે અમારે સારુ ગમે તો પરવાનગી લઈ આવો.’ દરવાન કહે: ‘અંદર યુવરાજ અને રાણી બે જણ ગયાં છે એટલે તમને નહીં જવા દઉં ને રજા માગવા પણ હું નહીં જાઉં.’ તળાવ અને બાગના ખૂણા સુધી બાગનો કિલ્લો હતો તે ખૂણા આગળ બે જણ ગયા. એ ખૂણા આગળથી અર્ધી વેંત જમીન પાણી અને બાગની વાડ વચ્ચે હતી, તે ઉપર પગ મૂકી બે જણ વાડની લગોલગ ચાલ્યા. થોરિયા, કાંકળો, અને બીજા કાંટાની અભેદ્ય જબરી વૉડ આગળ ઉપાય ન હતો. પણ વાડની લગોલગ ઠેઠ જવાય એવું હતું. તે વાડમાં નજર કરતા કરતા બે જણ ચાલે છે અને દેખાતું તો કાંઈ નથી પણ કાને સ્વર આવ્યો; આ સ્વર વરકન્યાનો હતો અને બેના પિતાઓ કાન માંડી ઊભા રહ્યા. સ્વર વાધ્યો.

‘યુવરાજ, મને બધો બાગ દેખાડ્યો પણ એક વાત આપે કરવાની બાકી રહી છે.’

‘શી?’

‘આપણામાં રાક્ષસવિવાહ કહેવાય છે તે એવો કે પુરુષ સ્ત્રીને કેદ કરી પરણે; તે પ્રમાણે આપે મને મારા પિતા પાસે જતી અટકાવી એવો રાક્ષસવિવાહ કુળમાં યોગ્ય છે?’

મણિરાજ હસ્યો. ‘પ્રથમ કન્યાની ઇચ્છાથી ગાન્ધર્વવિવાહ થઈ ગયો અને કન્યાએ બાપની અસંમતિ જણાવી એટલે ગાન્ધર્વવિવાહને અંતે શત્રુ શ્વશુરના ઘરમાંથી એ વરેલી કન્યાને ઉપાડી લઈ રાક્ષસવિવાહ કરવો એ તો

યોગ્ય જ છે. કમળારાણી, શત્રુઓ સામે રાક્ષસ થવું એ એ અમારો કુળાચાર છે.’

‘ત્યારે તે કાળે આપણે બે જણે સાથેલાગી બન્દૂક ફોડવી એવી મારી અરજ સ્વીકારવા કહ્યું હતું તે હજી સુધી આપે સ્વીકારી નથી.’

વધારે કાંઈ વાતચીત થોડી વાર સુધી થઈ નહીં એટલામાં એક પક્ષી સરોવરમાંથી મત્સ્ય લઈ ઊંથું ઊંડ્યું. તે પચાસ હાથને આશરે ઊંચું ઊંડ્યું હશે એટલામાં બાગમાંથી બંદૂકની બે ગોળીઓ ભડાકા સાથે એ દિશામાંથી ગઈ. તેમાંથી એક ગોળીએ એ પક્ષીને વીંધ્યું અને તેના ઉપર થઈને બીજી ગોળી અમસ્તી ચાલી ગઈ.

કમળા ખડખડ હસતી સંભળાઈ. ‘પુરુષોનું ભાગ્ય જ મોટું. યુવરાજ, કદી આમ ગોળી ચૂકી નથી તે આજ ચૂકી, અને તમારી બરોબર લાગી.’

‘એમ નથી. જો મારી ગોળી વાગી ન હોત તો તમારી ગોળી બરોબર વાગત. તમારી ગોળી જતાં જેટલી વાર ઘણુંખરું લાગતી હશે એટલી વાર નજરમાં રાખી તમે ગોળી મારી તે પક્ષી ઉપર થઈને ગઈ તે વખત પક્ષી ત્યાં જ પહોંચત. ત્યાં પક્ષી પહોંચતાં પહેલાં મેં મારી ગોળી વહેલી વાગે એમ તાકી અને એ વહેલી લાગી.’

‘એ વાત તો ખરી — મને એટલી લક્ષ્યસિદ્ધિ નથી.’

‘આ પાસેની વાડો નીચે કોઈ માણસો છે. દરવાનોની ગફ્લતથી આવ્યા હશે.’

‘હા — એવું કાંઈ છે ખરું.’

ખાચર ચમક્યો અને સજ્જ થયો.

‘હશે જે હશે તે. આપણે શું?’ કમળાનો સ્વર બોલ્યો.

‘એમ ન થાય. એમને ચોરી કરતાં આવડી તો આપણને ચોકીદાર થતાં નહીં આવડે?’

‘મને કેદ કરી અને કપટવિદ્યાના ગુરુ મહારાણા ખાચરને છેતરી એમનું ઘર ફોડનારને શું નહિ આવડે?’

મલ્લરાજનું હસવું રહ્યું નહિ અને બોલાઈ જવાયું: ‘રાણા, મારા પુત્રને ભોળો કહેનાર તમે, ને તમારા કરતાં એને વધારે કપટી કહેનારી તમારી પુત્રી તમને બેને ઓળખે છે — તેને મોંએ તમારો ન્યાય.’

નાક આગળ આંગળી મૂકી, રોષે ભરાયેલા રાણાએ મલ્લરાજનો હાથ ખેંચી સ્થાન બદલ્યું.

મણિરાજને આ કપટની વધારે શંકા થઈ. માળીની પાસે વાંસી મંગાવી એણે બે પાસથી કાંકળો અને કાંટા ધક્કેલી નાંખ્યા અને કાબુલીઓથી ન જવાય આમ ને ન જવાય આમ, એમ ત્રણ પાસ કાંકળો અને કાંટાઓ અને ચોથી પાસ પાણી, તેની વચ્ચે બે જણને કેદ કર્યા, તોપણ કોઈ હાલ્યું ચાલ્યું નહીં ત્યારે વાડો વચ્ચે લાંબી વાંસી ઘોંચી તેમને ધક્કા મારવા માંડ્યા. છેવટે ખાચરે વાંસી ઝાલી રાખી અને કશામાં ભરાઈ રહી હોય એમ પાછી ખસવા ન દીધી. મણિરાજે તે પાછી ખેંચવા માંડી. બેના બળની શરતમાં મણિરાજ ફાવ્યો; ખાચરનાં આંગળાં કાંઈક કાપી લોહીવાળી વાંસી મણિરાજના હાથમાં આવી. લોહી જોઈ એણે માણસ છે એવી ખાતરી કરી અને પોતાનાં માણસોમાંથી થોડાંક સશસ્ત્ર માણસોને તળાવની બાજુથી તરતા તરતા જઈ તેમને પકડી લાવવા આજ્ઞા કરી. પાણીમાં તેમને આવતા જોઈ બે જણાઓએ પાણીમાં ઝંપલાવ્યું. સામેની બાજૂના મલ્લરાજના બાગમાં ગયા, વસ્ત્ર પહેરી બેઠા અને તેમની પાછળ જનારાઓ એ બાગમાં જઈ નાસનારાઓને શોધી કાઢતાં નિષ્ફળ થઈ પાછા આવ્યા.

મણિરાજ પિતાના બાગમાં ગયો. ફરતાં ફરતાં એક ખૂણે કાબુલી વસ્ત્ર દીઠાં અને ઓળખ્યાં. પિતા અને શ્વશુર પાસે ગયો અને રાણાની આંગળીઓની અવસ્થા જોતાં સર્વ ઇતિહાસ કળી ગયો. પાછો ફરી સામંતને સૌ હકીકત કહી તેને તથા કેટલાંક માણસને સાથે લઈ આવ્યો અને પિતાને કહેવા લાગ્યો:

‘મહારાજ, આજ મારા બાગમાં બે ચોર ભરાયા હતા તેમાંથી એક તો સર્વના ધણી છે પણ બીજા ચોરને પકડવામાં કાંઈ વાંધો નથી; માટે તે ચોરને આપ અમારા હવાલામાં કરો એવી અરજ છે.’

‘એ ચોરની કાંઈ નિશાની છે?’ મલ્લરાજે પૂછ્યું.

સામંત બોલ્યો: ‘અનિરુદ્ધના તો દાદાએ બાણાના હાથ કાપ્યા હતા પણ આપણા અનિરુદ્ધે તો જાતે બાણાની આંગળીઓ કાપી દીધી છે. બાકી આ બાણાને હજાર હાથ તો નથી. શું કરીએ? મહારાજ! અનિરુદ્ધના પિતા જ બાણની સાથે ફરે ત્યારે અનિરુદ્ધે જાતે પરાક્રમ કરવું પડે.’

આ વાર્તાનો અંત એવી રીતે આવ્યો કે ખાચર સમજ્યો, શરમાયો અને કમળાવતી પોતાનાં કાંટાવાળાં ગુલાબ અને કેતકની માળણ બની અને તેના પિતાએ દુરાગ્રહ મૂક્યો.

મલ્લરાજ આજ સર્વ રીતે ભાગ્યશાળી ગણાયો. પુત્ર પરાક્રમી નીવડ્યો. રાજ્યનો અંત:શત્રુ મુળુ શાંત થયો. બાહ્યશત્રુ ખાચર મિત્ર થયો અને વેવાઈ થયો. શત્રુની પુત્રી સાથે યુવરાજનું લગ્ન થયું અને વેરમાંથી વહાલ થયું. અધૂરામાં પૂરું ફૉક્સસાહેબને ઠેકાણે તેના હાથ નીચેના

લીલાપુરવાળા સદ્ગુણી બાસ્કિન્‌સાહેબની બદલી પણ આવામાં જ થઈ અને તેમને અને બ્રેવસાહેબને જુની મિત્રતા હતી એટલે આ પાસની પણ ચિન્તા મટી ગઈ. યુવરાજ, વિદ્યાચતુર અને સામંત મળી સર્વ રાજ્ય સારી રીતે ચલાવવા લાગ્યા. મલ્લરાજે પોતાનો આવાસ નગરમાંથી બદલી બાગમાં કર્યો અને વૃદ્ધ રાજા અને જરાશંકર સર્વ એષણાઓ ત્યજી એકાંતમાં ધર્મવિચારમાં કાળક્ષેપ કરવા લાગ્યા. એમ કરતાં એક દિવસ પ્રાત:કાળે રાજાએ અંતકાળ પાસે લાગતાં સર્વ કુટુંબ બાગમાં બોલાવ્યું.

પોતાની વાનપ્રસ્થ અવસ્થા ગણી મલ્લરાજે એક મોટું વાંસનું ઝુંપડું બંધાવ્યું હતું અને જમીન ઉપર માત્ર લીંપણ હતું. તેમાં પલંગને ઠેકાણે એક સૂતળીના ખાટલામાં સાદડી નાંખી તે ઉપર રત્નનગરીનો મહારાજ સૂતો હતો. એને શરીરે માત્ર એક ધોતિયું અને એક ઢીલું પહેરણ હતું. અશક્તિ હોવા છતાં તેણે પ્રાત:કાળમાં સ્નાન કરેલું હતું. આજ તેનામાં બેસવાની શક્તિ ન હોવાથી ખાટલામાં સૂતો હતો. તેના અસલના પ્રચંડ શરીરને સ્થળે પાતળું હાડપિંજર ખાટલામાં મડદા પેઠે ચતું પડેલું હતું અને હાથનાં તરવાર જેવાં હાડકાં ખભાથી ઢીંચણ સુધી લાંબાં પડેલાં હતાં. તેના પ્રતાપી કપાળ ઉપર ભસ્મ લગાવી હતી અને શ્વેત કેશને શિખા બાંધી દીધી હતી. એની મોટી મૂછો અને થોભિયા ધોળા કરમાયેલા જેવા થઈ ગયા હતા. રાજાની આંખનું તેજ અને વાણી છેક છેલ્લે સુધી રહ્યાં. તેના ખાટલાની એક પાસ મેનારાણી પૃથ્વી ઉપર મડદા જેવી બેઠી હતી, આંખમાં ન ખળી રહેતી આંસુની ધારાઓ ઘડી ઘડી લોહતી હતી અને રડવું ખાળી રાખતી હતી. બીજી પાસ વૈદ્ય નાડી ઝાલી બેઠો હતો અને ઘડી ઘડી ઔષધ લેવા ઊઠતો હતો. મણિરાજ રાજ્યકાર્ય કરતાં દિવસમાં પાંચસાત વાર પિતા પાસે આવતો અને રાત્રિએ એની પાસે પૃથ્વી ઉપર સૂતો. તે આવી પિતાની એક બાજુએ ઊભો અને પિતાના મુખ સામું જોઈ રહ્યો. એવામાં સામંત, જરાશંકર અને વિદ્યાચતુર આવ્યા.

રાજાએ સામંતને પોતાની પાસે આવવા સાન કરી અને સામંતે કાન ધર્યો એટલે વૃદ્ધ રાજા ધીમે ધીમે બોલ્યો: ‘ભાઈ, મારી રાજ્યનીતિ તું જાણે છે. મણિરાજની સંભાળ રાખજે અને મુળુ તારું ઠેકાણું સાચવે એમ કરજે. હું હવે જવાનો — વિદ્યાચતુરને મોકલ.’

સામંતની આંખોમાં આંસુ ઊભરાઈ ગયાં અને રંક સ્વરે બોલ્યો: ‘મહારાજ, કોઈ જાતની ચિંતા કરશો નહીં. રાજ્ય, પ્રધાન અને પ્રજા સર્વની અને મણિરાજની કોઈની ફિકર કરશો નહિ. વિદ્યાચતુર, મહારાજ બોલાવે.’

વિદ્યાચતુર રાજા પાસે જાય છે એટલામાં સામંત મનમાં બોલ્યો: ‘અરેરે, કેવા મહાત્મા! દુષ્ટ મુળુ ઉપર અંતકાળે પણ કૃપા! મહારાજ, અંતકાળ સુધી આપ કૃપાને મૂકવાના નથી; મુળુ દુષ્ટતાને મૂકવાનો નથી! મહાત્માનો ઈશ્વરને ખપ છે ને આ દુષ્ટ મરતો મરતો જીવે છે! એ દુષ્ટ હજી

શું કામ નહીં કરે! હરિ! હરિ! એને મેં ક્યાં જન્મ આપ્યો?' સામંત ગભરાઈ ગયો ને રોતો ગયો.

વિદ્યાચતુરે કાન ધર્યા અને મલ્લરાજે કાનમાં કહ્યું: 'વિદ્યાચતુર, તમને સોંપેલી વાડીનું એક પણ ઝાડ કરમાય નહીં — જોજો — તમને ઝાડની પેઠે ઉછેરેલા છે — ભૂલશો નહીં — મરતી વખત વધારે શું કહું? હું કરમાઈ જાઉં છું — અંગ્રેજનો સમો છે — મેં એમને સ્વીકાર્યા છે — મને કંઈ સૂઝતું નથી.'

વિદ્યાચતુર ધીમેથી બોલ્યો: 'મહારાજ, આ શરીર અને બુદ્ધિ આપનાં છે — આપનો આત્મા અમર રહેશે અને આપની પાછળ અને આપની જોડે સત્કર્મ જ છે.'

મણિરાજને સાન કરતાં એ પાસે આવ્યો.

મલ્લરાજ બોલ્યો: 'મણિરાજ, રાજ્યના શત્રુઓની ખટપટમાં રાજ્ય નિષ્કંટક કરવામાં — પ્રજાનો વિચાર મારાથી નથી થયો. હું તમને નિષ્કંટક રાજ્ય સોંપી જાઉં છું — પણ તમે હવે આ રંક પ્રજાના કલ્યાણનો વિચાર કરજો — હોં. પ્રજા રંક છે — બોલતી નથી — પણ મારાથી એને સારુ કંઈ થયું નથી — તમે ભૂલશો નહિ — પ્રજા..... મણિરાજ, અન્ન પાન અને શરીર ત્યજી પ્રજાને જાળવજો. પ્રજા તમને ભળાવું છું... પ્રજા... બીચારી પ્રજા... પ્રજા...' મલ્લરાજની પોતાની આંખમાં આંસુ આવ્યાં... 'અરેરે — જરાશંકર, આટલાં વર્ષ સુધી આપણાથી પ્રજાનું કંઈ કલ્યાણ થયું નથી...' મલ્લરાજમાં અશક્તિ વધી, એની આંખો મીંચાઈ, પોપચાં નીચે આંસુ ચાલ્યાં અને કંઈક વાર બોલતો બંધ થયો. સર્વની આશા ત્રુટવા માંડી અને ચારે પાસ આંસુની વૃષ્ટિ વર્ષવા લાગી.

એટલામાં મીંચેલી આંખે રાજા બોલતો સુણાયો: 'મેના! — મેના!-' રાજાનો હાથ મેના ભણી જવા યત્ન કરતો લાગ્યો. મેના ઊઠી, રાજાનો હાથ ઝાલ્યો અને રોતી રોતી બોલી: 'મહારાજ! મહારાજ!-'

રાજાએ આંખ ઉઘાડી, મેના સામું જોયું: 'મેં તને વિના અપરાધે એક રાત્રે શિક્ષા કરી હતી.'

મેનાનું રોવું રહ્યું નહિ, તોયે ખાળી રાખી બોલી: 'ના મહારાજ, મારો જ દોષ હતો અને આમે યોગ્ય જ કર્યું હતું.'

'હવે કુમાર નહીં — રાજા — હોં — એની આજ્ઞા પાળજે.' મલ્લરાજ ઊંચું જોઈ કહેવા લાગ્યો.

'અવશ્ય, મહારાજ! જેમ માતાજી આપની સાથે વર્તતાં એ જ રીતે વર્તીશ. કુમાર રાજા, અને હું એની પ્રજા.'

'- ને — કમળા — એ હવે તારાથી મોટે સ્થાને — તું — તું' વચન માગતો હોય એમ રાજાનો હાથ લાંબો થયો. એ હાથમાં વચન આપવા હાથ મૂકી રાણી કંઈક સ્થિર સ્વરે બોલી: 'મહારાજ! મારા નાથ છો, આપને વચન આપું છું કે મારે હવે રાજ્ય સાથે સંબંધ નથી. મહારાજ, *' न स्त्री स्वातन्त्रयमर्हति।'* નાનપણે જેમ પિતાની આજ્ઞા પાળતી, આજ સુધી આપની પાળતી, માતાજી આપની આજ્ઞા પાળતાં, તેમ આપની પાછળનાં રાજારાણીની આજ્ઞા પાળવી એ મારો ધર્મ છે અને એ રાજા મારો પુત્ર છે અને રાણી મારી વહુ છે એટલામાં જ મુજ અનાથની સનાથતા છે.'

બોલતી બોલતી રાણી પડી ગઈ. મણિરાજે તેને ઝીલી. રાજાની આંખો મીંચાઈ હતી તેણે આ દીઠું નહીં; રાણી પુત્રના હાથમાંથી ઊઠી બેઠી. ને રાજા આંખો મીંચી બોલ્યો: 'બધાંને કહી દીધું — બધાંને કહી દીધું — કંઈ રહી જતું તો નથી? જરાશંકર — રઘુનું વાનપ્રસ્થ -'

સૂર્યવંશના કુળાચાર શોધનાર રાજાને રઘુનો આ પ્રસંગ અસલથી પ્રિય હતો. જરાશંકર તે જાણતો હતો અને રાજાની પાસે જઈ ધીમે ધીમે બોલવા લાગ્યો:

अथ वीक्ष्य रघुः प्रतिष्ठितं प्रकृतिष्वात्मजमात्मवत्तया।

विषयेषु विनाशधर्मसु त्रिदिवस्थेष्वपि निःस्पृहोऽभवत्।। [१] *।।*

गुणवत्सुतरोपिताश्रियः परिणामे हि दिलीपवंशजः।

पदवीं तदुवल्वाससां प्रयतां संयमिनां प्रपेदिरे।। [२] *।।*

तमरण्यसमाश्रयोन्मुखं शिरसा वेष्टनशोभिना सुतः।

पितरं प्रणिपत्य पादयोरपरित्यागमयाचतात्मनः।। [३] *।।*

रघुरश्रुमुखस्य तस्य तत् कृत्वानीप्सितमात्मजप्रियः।

न तु सर्प इव त्वचं पुनः प्रतिपेदे व्यपवर्जितां श्रियम्।। [४] *।।*

स किलाश्रममन्त्यमाश्रितो निवसन्नवसथे पुराद्बहिः।

समुपास्यत पुत्रभोग्यया स्नुषयेवाविकृतेन्दियः श्रिया।। [५] *।।*

प्रशमस्थितपूर्णपार्थिवं कुलमभ्युद्यत नुतनेश्र्वरम्।

नभसा निभृतेन्दुना तुलामुदितार्केण समारुरोह तत्।। [६] *।।*

यतिपार्थिवलिङ्गधारिणौ ददृशाते रघुराधवौ जनैः।।

अपवर्गमहोदयार्थयोर्भुवमंशाविव धर्मयोर्गतौ॥ [७] ॥

अजिताधिगमाय मन्त्रिभिर् युयुजे नीतिविशारदैंरजः।

अनपायिपदोपलब्धयें रघुराप्तैः समियाय योगिभिः॥ [८] ॥

नृपतिः प्रकृतीरवेक्षितुम् व्यवहारासनमाददे युवा।

परिचेतुमुपांशु धायणां कुशपूतं प्रवयास्तु विष्टरम्॥ [९] ॥

अनयत्प्रभुशक्तिसंपदा वशमेको नृपतीननन्तरान्।

अपरः प्रणिध्यानयोग्यया मरुतः पञ्च शरीरगोचरान्॥ [१०] ॥

अकरोदचिरेश्वरः क्षितौ द्विषदारम्भफलानि भस्मसात्॥

अपरो दहने स्वकर्मणाम् ववृते ज्ञानमयेन वह्निना॥ [११] ॥

पणबन्धुमुखान् गुणानजः षडुपायङ्क्त समीक्ष्य तत्फलम्॥

रघुरप्यजयद्गुणत्रयं प्रकृतिस्थं समलोष्ठकाञ्चः॥ [१२] ॥

न नवः प्रभुराफलोदयात् स्थिरकर्मा विरराम कर्मणः॥

न च योगविधेर्नवेतरः स्थिरधीरापरमात्मदर्शनात्॥ [१३] ॥

इति शत्रुषु चेन्द्रियेषु च प्रतिषिद्धप्रसरेषु जाग्रतौ।

प्रसितावुदयापवर्गयोरुभयीं सिद्धिमुभाववापतुः॥ [१४] ॥

अथ काश्चि दजव्यपेक्षया गमयित्वा समदर्शनः समाः॥

तमसः परमापदव्ययं पुरुषं योगसमाधिना रघुः॥ [१५] ॥

રઘુવંશ સર્ગ ૮.

જીવરામ શાસ્ત્રી અનુવાદિત.

શ્લોક પૂરા થઈ રહેવા આવ્યા તેમ તેમ મલ્લરાજના મુખ ઉપર પ્રથમ શાંતિ અને ક્રમે ક્રમે આનંદ સ્ફુરવા લાગ્યો. છેલ્લો શ્લોક થઈ રહેતો એણે પાસું ફેરવવા યત્ન કર્યો, સર્વ મંડળે અશક્તને સાહાય્ય આપી પાસું ફેરવાવ્યું, ફેરવી રહેતાં એના મુખમાંથી શબ્દ નીકળ્યા: ‘શિવ! શિવ! શિવ!

શિવોહમ્-શિવ' એટલું બોલતાં બોલતાં વાણી બંધ થઈ અને હાથ જરાશંકરને ખભે પડ્યો. થોડી વારમાં દેહ નિર્જીવ થઈ ગયો.

થોડીઘડીમાં એ ઝુંપડી અને એ રાજ્ય એ મહારાજના શરીર વિનાનાં શૂન્ય થઈ ગયાં. મેના અને મણિરાજ સિવાય સર્વમાંથી થોડા દિવસમાં એની પાછળનો શોક ન્યૂન થઈ ગયો, અને થોડા માસમાં એનું સ્મરણ પણ લોકોમાંથી ગયું, અને માત્ર અતિકષ્ટ વેઠી એ મહારાજે જે સંયમ અને લોકહિતની રાજનીતિ સાધી હતી અને જેનાં ફળ એના મરણકાળે દૃષ્ટિમર્યાદામાં આવ્યાં હતાં, તે રાજનીતિ, તે ફળ, અને તે ફળનાં બીજમાંથી ઊગી નીકળતાં નવાં વૃક્ષ: એ સર્વ નવો દેખાવ આ પુણ્યશાળી પ્રતાપી સંયમી મહારાજની પાછળ એના રાજ્યમાં એના સ્મરણાર્થે રચાયેલા અનેક પવિત્ર તુલસીક્યારાઓ અને શિવાલયો પેઠે ઊભો થયો.

---

[૧]. પોતાના પુત્ર આજે નિર્વિકાર મનથી અમાત્યઆદિ રાજયના પ્રકુતિપુરુષોમાં મૂળ નાખેલાં જોઈને નાશવાળા સ્વર્ગસ્થ વિષયોમાં પણ સ્પૃહા ધરવી રઘુરાજાએ છોડી.

[૨]. દિલીપના વંશના રાજાઓ પરિણામે ગુણવાન પુત્રને રાજ્યસંપત્તિ સોંપીને ઝાડની છાલનાં વસ્ત્ર પહેરનાર સંન્યાસીઓના માર્ગનો સ્વીકાર કરે છે.

[૩]. પિતાને વનવાસ લેવા તત્પર થયેલા જોઈ મુકુટથી શોભતા એવા મસ્તક વડે તેમના ચરણમાં નમસ્કાર કરી પુત્રે તેમની પાસેથી પોતાનો અપરિત્યાગ માગી લીધો.

[૪]. પુત્રમાં પ્રેમવાળા રઘુએ આંસુ ભરેલા મુખવાળા એ પુત્રની આ યાચના સ્વીકારી; પરંતુ એક વાર તજેલી કાંચળીને સર્પ લેતો નથી તેમ પોતે તજી દીધેલી રાજલક્ષ્મીનો ફરી રઘુએ સ્વીકાર કર્યો નહીં.

[૫]. અત્યંત આશ્રમનો (સંન્યાસનો) આશ્રય કરી એ રાજા નગરથી બહાર સ્થાન કરી રહ્યો, અને તે પછી રાજલક્ષ્મી, પુત્રવધૂના જેવી કેવળ પુત્રભોગ્યા રહીને, અવિકારી ઇન્દ્રિયોને ધરનાર આ ત્યાગી રાજાની પાસે આવી તેનું ઉપાસન કરતી.

[૬]. જેનો જુનો રાજા અત્યંત શાંતિની અવસ્થામાં સ્થિર થઈ ગયો છે, અને નવો રાજા રાજ્યમાં ઉદય પામ્યો છે. એવું આ કુળ એક પાસ અસ્ત થવા આવેલા ચંદ્રને અને બીજી પાસ ઉદય પામતા સૂર્યને ધરનાર આકાશની સાથે તોળાયું.

[૭]. ધર્મના બે અંશ — એ મોક્ષરૂપ અને બીજો મહોદયના ફળરૂપ - એ બે અંશ પૃથ્વી ઉપર આવી ઊતર્યા હોય તેવા યતિલિંગ ધરનાર પિતા અને રાજલિંગ ધરનાર પુત્ર — રઘુ અને રાઘવ — એ બે જણ લોકની દૃષ્ટિમાં લાગ્યા.

[૮]. અજરાજા અજિતપદના લાભ સારુ નીતિમાં કુશળ એવા મંત્રીઓ સાથે મળ્યો; અને રઘુ અવિનશ્વર મોક્ષપદની પ્રાપ્તિ સારુ આપ્ત યોગીઓ સાથે મળ્યો.

[૯]. યુવાવસ્થાવાળા અજરાજાએ પ્રજાને જોઈ લેવા — તેમનો પરિચય કરવા સારુ ધર્માસન સ્વીકાર્યું, અને વૃદ્ધ અવસ્થાવાળા રઘુએ ચિત્તની એકાગ્રતાનો પરિચય કરવા સારુ વિજન દેશમાં પવિત્ર દર્ભાસન સ્વીકાર્યું.

[૧૦]. અજરાજાએ પોતાના સમીપવર્તી રાજાઓને પ્રભુશક્તિરૂપ સંપત્તિથી વશ કર્યા, અને રઘુએ પણ સમાધિયોગ્ય સંપત્તિથી શરીરની અંદર રહેલા પાંચ પ્રાણને વશ કર્યા.

૧૧. નવીન રાજાએ પૃથ્વીમાં શત્રુઓનાં આરંભોનાં ફળોને ભસ્મ કર્યાં અને વૃદ્ધ રાજા જ્ઞાનમય અગ્નિથી પોતાનાં કર્મને બાળી દેવા પ્રવૃત્ત થયો.

૧૨. સંધિ-વિગ્રહ-યાન-આસન-દ્વૈધીભાવન-આશ્રય એ છ ગુણના ફલનો વિચાર કરી, અજરાજા તેમને હાથમાં લેવા લાગ્યો, અને લોખંડમાં તથા સોનામાં જેની સમદૃષ્ટિ છે એવા રઘુએ પણ પ્રકુતિમાં રહેલા ત્રણ ગુણને હાથ કરી, વસ કરી, જીતી લીધા.

૧૩. સ્થિર જેની ક્રિયા છે એવા નવીન રાજાએ પોતાની ક્રિયાના ફલના ઉદયનું દર્શન થતાં સુધી ક્રિયાનો ત્યાગ કર્યો નહીં, અને સ્થિરબુદ્ધિવાળા જૂના રાજાએ પરમાત્માનો સાક્ષાત્કારદર્શન થતાં સુધી યોગવિધિનો ત્યાગ કર્યો નહીં.

૧૪. એ પ્રકારે શત્રુઓની પ્રવૃત્તિનો પ્રતિબંધ કરવામાં જાગતો અને તત્પર અજરાજા ઉદયની સિદ્ધિને પ્રાપ્ત થયો; અને ઇન્દ્રિયોની પ્રવૃત્તિઓ પ્રતિબંધ કરવામાં જાગતો અને તત્પર રઘુરાજ મોક્ષની સિદ્ધિને પ્રાપ્ત થયો. આમ પિતાપુત્ર ઉભયને જોઈતી ઉભય સિદ્ધિઓ મળી.

૧૫. સર્વ ભૂતોમાં જેની સમદૃષ્ટિ છે એવો રઘુ, પોતાના પુત્રની આકાંક્ષાથી કેટલાંક વર્ષો વ્યતીત કરી અવિદ્યારૂપ અંધકાર જેને પહોંચી શકતો નથી એવા પદરૂપ અને અવિનાશી પુરુષ પરમાત્માને યોગસમાધિ વડે પ્રાપ્ત થયો.

૧૪. મણિરાજનો શોક અને પિતૃદર્શન

O Star of strength! I see thee stand

And smile upon my pain ;

Thou beckonest with thy maile'd hand ,

And I am strong again .

— Longfellow

પિતાની પાછળ સિંહાસન ઉપર બેસવાના કરતાં ત્યાં પિતાની પાદુકાઓ મૂકી પોતે હજી યુવરાજ જ હોય તેમ રાજ્ય કરવાનો પિતૃભક્ત મણિરાજને વિચાર થયો, અને એ વિચાર સર્વને જણાવી દીધો. સૂતકનો કાળ વીતવા આવ્યો પણ તેનો મુખ ઉપરથી શોકની છાયા ઊતરી નહીં, અને સિંહાસન પર ચડવાનું મુહૂર્ત એણે જોવડાવ્યું નહીં. નવા આવેલા બસ્કિન્સાહેબને એણે પિતાના સમાચાર લખ્યા પણ પોતાના સમાચારમાં કાંઈ લખ્યું નહીં. સામંત, જરાશંકર, વિદ્યાચતુર અને કમળારાણી કોઈની વાતોનો એણે ઉત્તર દીધો નહીં, જૂના રાજાનો શોક નવાના અભિષેક સાથે ઊતરે એ વાણી એના મંદિરમાં અસિદ્ધ થઈ. પોતાને ‘મહારાજ’ શબ્દથી સંબોધન કરવા આવનારનું એ અપમાન જ કરતો. આ સર્વ સમાચાર બસ્કિન્સાહેબને પહોંચ્યા. એ સાહેબે મણિરાજને હેતભરેલો પત્ર લખ્યો અને ભૂતકાળ ભૂલી વર્તમાન ધર્મ પાળવા માર્ગ દર્શાવ્યો અને સર્વ પિતાનો પિતા અમર છે. તેના ચરણમાં દૃષ્ટિ રાખી,ઐહિક પિતાના સિંહાસનને એ ઉભય પિતાઓનો પ્રસાદ ગણી સ્વીકારવામાં જ તે બેની આજ્ઞાનું અનુલ્લંઘન છે એમ જણાવ્યું. અભિષેક કરવા સાહેબ પોતે સત્વર આવવાના છે તે પણ તેમાં હતું.

આ પત્ર વાંચી મણિરાજે ખીસામાં મૂક્યો ત્યારે તે પોતાના આરામાસન ઉપર એકલો હતો અને રાત્રિના સાત વાગ્યા હતા. તેની આંખમાંથી એકાંત અશ્રુધારા ટપકતી અને એ દશામાં તે બેઠો બેઠો નિદ્રાવશ થઈ ગયો ત્યાં સ્વપ્નોદય થયો.

પોતે કોઈ મહાસાગરમાં એકલો એક નાની હોડીમાં બેઠો છે, સાગર તોફાન કરી રહ્યો છે, હોડી ચાર ચાર હાથ ઊછળે છે, પવન ફૂંકતો ચીસો પાડે છે, ચંદ્રમા મધ્યાકાશમાં ઝૂલી રહ્યો છે, વાદળાંની લહેરો ચંદ્રને ચારે પાસથી ઘેરે છે — ચંદ્રના તેજથી વધારે ઊજળી થાય છે ને વેરાઈ જાય છે, અને ઊછળતી હોડી બે પાસ વાંકી વળી જાય છે અને પાણી અંદર આવવાનું થાય છે પણ આવતું નથી ને પોતે એ હોડીમાં માત્ર ચંદ્રને જોતો જોતો ચત્તો પડી રહ્યો છે એવું એને સ્વપ્ન થયું.

થોડી વારમાં મલ્લરાજનો દેહ ચંદ્રમાંથી ઊતરી મણિરાજના સામો એની હોડીમાં આવ્યો અને બેઠો. મણિરાજના કરને એણે પાસે લીધો, બગલમાં લીધો, અને માથે હાથ ફેરવી બોલવા લાગ્યો:

‘કુમાર, સામંત છેલ્લે સુધી મારી પાસે હતો તેથી હું તમને બધો ઉપદેશ કરી શક્યો નથી. તે કરવાને આજ એકાંત શોધી આવ્યો છું.’

‘મરતી વખતે એની અપ્રીતિ લેવી ઠીક લાગી નહીં તેથી એટલું મૌન ધાર્યું. મારી રાજનીતિનું રહસ્ય તે તમને જ કહેવાનું છે તે સાંભળી લ્યો.’

‘સામંત અને મૂળરાજના ઉપર સર્વ રીતે પ્રીતિ કરજો, પણ અંગ્રેજના સંબંધનું રહસ્ય તેમને ખબર નથી તે પરલોકમાં ઊભો ઊભો હું તમને કહું છું.’

‘સીતાજી લંકામાંથી આવ્યાં, અગ્નિદેવે સ્વહસ્તે રામજીને સોંપ્યાં, અને પછી અયોધ્યા જવા સ્વામીની સાથે વિમાનમાં ચડ્યાં ત્યારે સુગ્રીવ, અંગદ અને હનુમાનજી ત્રણે જણ હાથ જોડી ઊભા અને પૂછવા લાગ્યા કે સમુદ્ર પર અમે બાંધેલી પાળનું શું કરીએ?’

‘સીતાજી કહે: ‘પૂત્રો! એ પાળની હવે જરૂર નથી અને વિભીષણના રાજ્ય પર કોઈ એ પાળથી ચડી આવે નહીં માટે એને તોડી નાંખો. માત્ર એના એક કટકો રહેવા દેજો કે ધર્મકાર્યે તમે બાંધેલા આ ધર્મસેતુનું નામનિશાન સમૂળગું નાશ પામે નહીં. એ કટકો યાવચ્ચંદ્રદિવાકર રહેશે અને સર્વ ધર્મમાં પવિત્ર ગણાશે.’

‘સીતાજી અયોધ્યા પહોંચ્યાં તે પછી ત્રણે જણ પોતાને દેશ જવાને માટે સીતાજીની રજા લેવા ગયા ત્યારે તેમણે તેમને આશીર્વાદ દીધો કે તમે દૈવી સંપત્તિના અવતાર છો અને આ યુગમાં ધર્મસેતુ બાંધી તમે ધર્મનો વિજય પ્રવર્તાવ્યો છે માટે કળિયુગમાં તમે મનુષ્યરૂ પે અવતાર પામજો અને મારી ભૂમિમાં બીજું રામરાજ્ય કરજો.’

‘મણિરાજ! કુષ્ણાવતારમાં શ્રીકૂષ્ણ રીંછકન્યા જામ્બુવતીને પરણ્યા અને અર્જુનના રથ ઉપર કપિધ્વજ હતો. જ્યાં જ્યાં કપિધ્વજ ઊડ્યો છે ત્યાં ત્યાં ધર્મ અને વિજય પ્રવર્ત્યા છે અને શ્રીકૂષ્ણે એ કપિકેતન રથનું સારથિપણું કર્યું છે.’

‘મણિરાજ! ભવિષ્ય જાણનારાઓ વર્તારો કરી ગયા હતા કે કળિમાં તામ્રમુખ લોક રાજ્યો કરશે. સીતાજીનો આશીર્વાદ અને આ વર્તારો સાથેલાગા ફળ્યા છે. એ જ વર્તારાથી અને એ જ આશીર્વાદથી અંગ્રેજ લોક આજ રાજ્ય કરે છે. સુગ્રીવજીની સેનાના વાનરો ઇન્દ્રાદિક દેવતાઓના અવતાર હતા અને તે જ દેવોના અંશ આજના અંગ્રેજોના દેહમાં છે.’

'મણિરાજ! મેં એમને શાથી ઓળખ્યા? જુઓ! આપણી ભૂમિના આપણા લોકના હાથમાં સત્તા આવી ત્યાં પરસ્પર વિગ્રહનો અને અધર્મનો યુગ ઊભો થયો અને રાવણનાં દશ માથાં જેવાં હજારો અધર્મી અને ભયંકર માથાં આ ભૂમિમાં ડોલવા લાગ્યાં! એ રાવણનાં રાવણાંઓથી આ રંક ભૂમિ રાત્રિદિવસ ધ્રૂજી રહી! મણિરાજ! તમે એ કાળ જોયેલો નહીં, પણ મેં અનેકધા પ્રત્યક્ષ કરેલો! એ રાવણોનાં માથાં ઉપર સીતાજીનાં માનીતાં રીંછ અને વાનર મેં દીઠા.'

'મણિરાજ! રાજા વગરના રાજ્યકર્તાઓ કંઈ દીઠા છે! વ્યાપાર કરતાં કરતાં રાજ્યકર્તા થઈ ગયેલી જાત મેં દીઠી! કોણ રામ ને કોણ સુગ્રીવ? એકલા પડેલા અથડાતા રામનું કામ કરવા રીંછ અને વાનર દોડ્યા! આ ભૂમિમાં એકલા પડેલા આથડતા શમનું કામ કરવા એ વ્યાપારીઓ દોડ્યા!'

'મણિરાજ! સામંત તમને અવળું સમજાવશે. પણ તે માનશો મા. હજાર માથાંનો રાવણ આ નવા વાનરોએ અને રીંછોએ હણ્યો છે અને રામરાજ્ય પ્રવર્તાવ્યું છે!

'મણિરાજ! મેં એ પરદેશી પરજાતિના લોક સાથે શું જાણી સંબંધ બાંધ્યો? મેં સ્વદેશી સ્વજાતિના લોકનો તિરસ્કાર કરી આ પરાયાઓનો કેમ વિશ્વાસ કર્યો? આ પ્રશ્નો તમે મને પૂછશો અને સામંત તમને પૂછી પૂછી અવળા ઉત્તર દેશે પણ તે માનશો મા.

'મણિરાજ! ભાઈઓ મોટા કે મોટો તે ધર્મ? માતા જેવી સ્વભૂમિ મોટી કે મોટો તે ધર્મ? ભાઈની વાત વિભીષણને પૂછો! માતાની વાત ભરતજીને પૂછો! કોઈ પણ મહાત્માને પૂછો! શાસ્ત્રને પૂછો! શ્રુતિને પૂછો!

'મણિરાજ! જ્યાં ધર્મ ત્યાં વિજય! રામજીએ એમ જ માન્યું! વિભીષણે એમ જ માન્યું! પાંડવોએ એમ જ માન્યું. શ્રીકૃષ્ણે પણ એમ જ માન્યું!

'મણિરાજ! મેં કેમ જાણ્યું કે અંગ્રેજોને જય મળશે? મહાભારતમાં બે અક્ષૌહિણી સેનાઓ આકાશનાં વાદળાં પેઠે એકબીજા સાથે અથડાતી હતી તે કાળે ત્યાં ધર્મ પણ જણાયો ને વિજય પણ કેમ જણાયો?

'મણિરાજ! મણિરાજ! એ વાદળાંઓ વચ્ચે—એ સેનાઓ વચ્ચે — જ્યાં જ્યાં કપિધ્વજ ઊડતો હતો અને જ્યાં જ્યાં એ ધ્વજની કપિમૂર્તિની ચીસો ઊઠતી હતી ત્યાં ત્યાં ધર્મ અને વિજય ઊભયને મેં સાથે ઊડતા દીઠા! સામંતે ન દીઠા! મેં દીઠા! શું તમે એમ પૂછો છો કે અંગ્રેજે અધર્મ કર્યો નથી? મણિરાજ! આ સંસારમાં મધ્યકાળ જોવો જ નહીં! દુર્યોધનને ગદા ક્યાં વાગી તે જોવું જ નહીં! આરંભે વસ્ત્રહરણ એ અધર્મ! વનમાં ગયા તે ધર્મબંધનથી બંધાયેલા જ એ ગયા તે ધર્મ! અંતમાં જીત્યા તે ધર્મ!

'મણિરાજ! એ વાનરોએ મને હેરાન નથી કર્યો? એ રીંછોએ મને નથી અમૂંઝાવ્યો? સામંત મારી વાતો કરી કરી તમને ભરમાવશે! પણ તે માનશો મા!

'હું હેરાન નથી થયો! હું તો માત્ર એ સેનાની હૂપાહૂપ સાંભળી બાળક પેઠે ભડક્યો છું, ને લૂંટાયા છે તે તો અધર્મીઓ! હું અમૂંઝાયો નથી! હૂં તો માત્ર રીંછનો ઉગ્ર વેશ જોઈ બાળક પેઠે બીન્યો છું, અમૂંઝાયા છે તે તો અધર્મીઓ! જીત્યા છતાં ફુલાયા નથી તે ધર્મીઓ! જય પામી નમ્ર થયા તે ધર્મીઓ!

'મણિરાજ! લંકા આગળનો ધર્મસેતુ ત્રુટ્યો છે. પણ આપણી ભૂમિમાં નવો ધર્મસેતુ બંધાય છે, અને તેના પથરા પાણીમાં તરશે ને તેને વાનરો સમુદ્રની પેલી પારથી આણશે!

'મણિરાજ! આપણા રાજાઓને એ સેતુ ઉપર ચડવું છે! એ કપિધ્વજ પાછળ ધાવું છે! એના શત્રુ તે તમારા શત્રુ અને તમારા શત્રુ તે એના શત્રુ, એવો શંખનાદ નાગરાજ મહારાજ કરી ગયા છે! મણિરાજ, વાણિયા પેઠે દ્રવ્યનો વિચાર કરશો મા, બ્રાહ્મણ પેઠે જીવવાનો વિચાર કરશો મા! એ સેતુ અને એ કપિધ્વજ બેને આશ્રયે દોડશો તો જીતશો. મણિરાજ! વાનર સામાં દાંતિયાં ન કરશો. વાનરને રમાડીને જીતજો!

'મણિરાજ! સામંતનું કહ્યું માનશો મા! પણ એનાં બાળકને તમારી આંગળીએ લઈ કપિધ્વજના સાથમાં દોડાવજો! તેમનામાં જીવ ન હોય તો તેમના શાલિવાહન થજો અને તેમનામાં જીવ મૂકી સાથે દોડાવજો! કપિધ્વજનો મહારથી જેના સામાં અસ્ત્ર ફેંકે તેના સામાં તમે પણ ફેંકજો — ને દોડજો. કપિલોક સાથે દોડશો તો ફાવશો. નહીં દોડો તો પાછળ રહી જશો, ને દોડતાં છતાં હારશો તો એ તમને ખભે લઈ દોડશે.'

મલ્લરાજની છાયા આટલું બોલી દૃશ્ય થઈ ગઈ, હોડી ઊડી ગઈ, સાગરની ગર્જનાઓ શાંત થઈ ગઈ અને સાગરનું સ્વપ્ન છોડી મણિરાજ સુષુપ્તિમાં પડ્યો. થોડીકવારે નિદ્રા પૂરી થઈ છતાં આંખ મીંચી થયેલા સ્વપ્ના વિચાર કરતો કરતો પડી રહ્યો. અંતે માત્ર 'કપિધ્વજ' અને 'ધર્મસેતુ'ના સંસ્કાર વિચારમાં રહ્યા અને તે વિચારમાંથી જાગી અકબરના સ્વપ્નની કવિતા બોલતો બોલતો આંખ ચોળતો ચોળતો ઊભો થયો, અને હેરાફેરા કરવા લાગ્યો.

" Me too the black-wing'd Azrael-overcame ,

But Death had ears and eyes; I watched my son ,

And those that followed loosen stone from stone ,

All my fair work; and from the ruin arose

The shriek and curse of trampled millions, even

As in the time before; but while I groan'd ,

From out the sunset poured an alien race ,

Who fitted stone to stone again, and Truth ,

Peace, and Justice, came and dwelt therein .' *

'મહારાજના ચિત્તમાંનો ધર્મસેતુ તે આ પથરાઓનો! એ બાંધવામાં ભાગ લેવાનો આ સ્વપ્નોદ્દેશ!' આળસ મરડી જુએ છે તો એક પાસ કમળારાણી છાતી ઉપર હાથ મૂકી ઊભી હતી તે પાસે આવી.

'આપની અવસ્થા જાણી માતાજીનો શોક વધ્યો છે. તેમને આશ્વાસન આપવાનું મૂકી દઈ આપ જ શોકમાં પડ્યા ત્યાં તેમના શોકને ઉતારવા કોઈ સમર્થ નથી.'

'ખરી વાત છે. મહારાજનો સહવાસ એમના આગળ મારે તો આજકાલના જેવો જ. થોડા શોકવાળાએ વધારે શોકવાળાને આશ્વાસન આપવું, પુત્રે માતાને આપવું અને પુરુષજાતિએ સ્ત્રીજાતિને આપવું — એ ધર્મ મહારાજને મુખે સાંભળેલો છે.' મણિરાજે છેટેથી ઉત્તર આપ્યો.

કમળાએ મણિરાજને ખભે હાથ મૂક્યો. મણિરાજે તે ઘણે દિવસે સ્વીકાર્યો. રાણી ઉત્તેજન પામી બોલી: 'સાંભળ્યું છે કે સાહેબ પ્રાત:કાળે મહારાજનો શૉક ઉતારવા આવે છે.'

પ્રથમ જ 'મહારાજ' સંબોધનને અભિનંદન પણ ન કરી તેમ તિરસ્કાર પણ ન કરી, મણિરાજ બેઠો, રાણીને પાસે બેસાડી, અને બોલ્યો:

'મને લાગે છે કે માતાજીનાં દર્શન કરવામાં પ્રમાદ થાય છે.'

'એ વાત તો ખરી. તેમનાં દર્શનકાળે માતાપુત્ર અને અમ જેવાં સર્વને શાંતિ વળે છે.'

'તો તે ધર્મ પાળવામાં હું પ્રમાદ ન કરું તે જોવું તમને સોંપ્યું.' મણિરાજ શૂન્ય દૃષ્ટિ કરી ઊભો.

રાણીએ મણિરાજનો હાથ ઝાલ્યો. તે પાછો ઊંડા વિચારમાં પડ્યો. રાણીએ તેને હીંડોળાપલંગ ભણી દોર્યો.

'મહારાજ, ઊંડા વિચારમાં પડ્યા છો.'

કેટલીક વારે મણિરાજ બોલ્યો. આ દીવાને લીધે આપણી છાયાઓ ઘડીમાં આપણી સાથે અને ઘડીમાં આગળ ચાલતી દેખાય છે તે જોઈ?'

'હા જી, આપણી બેની છાયાઓએ પણ પ્રેમસંકેત જ કરેલો છે.'

'એ છાયામાં જાડા પગ પાતળા થાય છે, પણ દસ ગણા લાંબા થાય છે. તમારી છાયાનો આ હાથ પણ એવો જ થઈ ગયો.'

'એમ જ.'

'પણ જુઓ, આ આપણાં માથાંને સ્થાને છાયાઓમાં તો પલંગ જેવડાં માથાં થઈ ગયાં!'

'ઈશ્વરની માયા એવી જ છે! આ જુઓ!'

'હવે તો માથાં વગરનાં ધડ ચાલે છે.' *

મણિરાજ તે જોઈ રહ્યો અને અટક્યો.

'રાણી! સ્વપ્નની માયા એવી જ છે!' મણિરાજ પોતાના સ્વપ્નને ઉદ્દેશી બોલ્યો.

'મહારાજ, સંસાર પણ એવો જ છે.' મણિરાજનો શોક ઉતારી તેનું મન અન્યત્ર ખેંચવા ઇચ્છનારી, પણ તેને આવેલું સ્વપ્ન ન જાણનારી રાણી બોલી.

મણિરાજ — 'નાનોસરખો વિચાર સ્વપ્નમાં મોટો થઈ જાય છે તેમાં ઢંગ પણ નહીં ને ધડો પણ નહીં!'

કમળા — 'ખોટી ખોટી વાતો સંસારમાં પણ સાચી લાગે છે.'

મણિરાજ — 'આ એક જેવી અનેક છાયાઓ સ્વપ્નમાં ભમે છે.'

કમળા — 'કરોળિયાની જાળ જેવી સંસારની રચના થઈ જાય છે.'

મણિરાજ — 'ભમરીઓના મધપૂડાં જેવું સ્વપ્ન બંધાય છે અને જાગીએ ત્યાં ભમરીઓ અને મધ ઉભય દૃશ્ય થાય છે, અને થોડા ઘણાક સ્મરણનું ખોખું લટકેલું રહે છે.'

કમળા — 'કાલનો સંસાર આજ નથી દેખાતો અને આજનો કાલ નથી રહેવાનો.'

મણિરાજ — 'એમ જ! પળ ઉપરનું સ્વપ્ન અત્યારે પૂરું પાંસરું સાંભરતું નથી.'

આટલી વાતો કરતાં કરતાં કમળાવતીએ મણિરાજને હીંડોળા ઉપર લીધો હતો અને પોતાના ખોળામાં તેનું માથું મૂકી એના હૃદય ઉપર પ્રીતિનો કોમળ હાથ ફેરવતી હતી અને પગ વડે હીંડોળો ઝુલાવતી હતી.

'માણસોનાં મોં પણ સ્વપ્નમાં જુદાં જણાય છે.' સૂતો સૂતો મણિરાજ બોલ્યો.

કમળા — 'સંસારમાં તો માણસોની બુદ્ધિઓ પણ ક્ષણમાં એક અને ક્ષણમાં બીજી થાય છે — વીજળીના ચમકારા જોઈ લો. મોં પણ તેવી જ રીતે સર્વાવસ્થામાં એક રહેતાં નથી. બાળપણમાં તો ઘડી ઘડી બદલાય છે.'

મણિરાજ — 'જીવ છતાં જે સ્વભાવ અને વિચાર માણસમાં હોતા નથી તેવા સ્વભાવને વિચાર ધરી મરેલાં માણસ સ્વપ્નમાં આવે છે, અને પોતે કદી બોલેલાં ન હોય એવાં વચનનો ઉદ્ગાર કરે છે.'

કમળા — 'મહારાજ, એવાં સ્વપ્નાંની ભ્રમણાને હૃદયમાં ભટકવા દેશો મા.'

મણિરાજ — 'રાણી, કદી કદી જાગ્રત કરતાં સ્વપ્નાંની મીઠાશ જુદી જ લાગે છે!'

મણિરાજની આંખ મીંચાવા માંડી. તેની નિદ્રાને અસ્વપ્ન કરવા રાણી ધીમે સ્વરે ગાતી કરકમલ ફેરવવા લાગી. અંતે એ વેલી પણ નિદ્રાપવનની લહેરથી ઝૂકવા લાગી.

'વહાલા! સ્વપ્ન તારાં થાઓ ઘણાં મીઠડાં જો!

મેં યે સ્વપ્ન તારાં છે જ ઘણાં દીઠડાં જો - વહાલા!

પિતામાતાને ખીળે તું રમ્યો લાડમાં જો,

રમે જેમ મીઠાં આભલાં અસાડમાં જો. - વહાલા!

મહારાજ જોગી ને તપસ્વી એ હતા જો,

મહારાજ પરમ ધામ કૃપાનું હતા જો. - વહાલા!

ગયું છત્ર એવું ઊડી ઊંચે સ્વર્ગમાં જો,

ઊંડા ઘા જ પડ્યા રાણીજીના મર્મમાં જો. - વહાલા!

માતાપિતાનો ભક્ત તું તો રાજવી જો.

ધારા આંસુડાંની રહી હવે ઢાળવી જો. - વહાલા!

પિતામાતાના ગુણો ન વિસારે પડે જો,

તેના અંશઅણુ જેવું ખોળ્યું ના જડે જો. - વહાલા!

એવા કાળમાં વિચાર, વહાલા! ધર્મને જો,

શોધી લેની હરિઇચ્છા તણા મર્મને જો
- વહાલા!

મહારાજની પ્રજા અનાથ આ બની જો,

તને સોંપીને સનાથ પિતાએ ગણી જો.
- વહાલા!

હવે મોહ છોડી, છોડી હર્ષશોકને, જો,

પુરુષ! ધાર ધુરા રાજ્યની સદા ખભે જો.
- વહાલા!

માતા ને પ્રજાને શોકથી ઉદ્ધારજે જો,

બધે સુખ ને સમુદ્ધિને વસાવજે જો. - વહાલા!

ભ્રમર! ભમજે વને વને ફૂલે ફૂલે જો,

મધુર મધુર મધુ શોધજે ને ગુંજજે જો!
- વહાલા!

ગિરિ, સાગર, અરણ્ય, ને હવેલીઓ જો,

સાધુ, સંત ચતુર્વર્ણ, પુરુષ ને સ્ત્રીઓ, જો.
- વહાલા!

એ તો તરસ્યાં છે સર્વ તુજ મધુ તણાં જો,

વાટ જુએ તારી લેવાને ઓવારણાં જો.
- વહાલા!

રાજા! જાગજે સજાગ પ્રજાને કરી જો!

રાજા! લેજે આશિષ, પ્રજા દે ઠરી જો.
- વહાલા!

નિદ્રાયમાણ રાણીને રાજાનાં, ને રાજાને પ્રજાનાં, સ્વપ્ન બીજા સંસારમાં રમાડવા લાગ્યાં.

---

* Akbar's Dream — Alfred Tennyson

* 'His Slanting ray
Slides ineffectual down the snowy vale,
And ** from every herb and every spiry blade.
Stretches a length of shadow over the field.

Mine Spindling into longitude immense,***
Provokes me to a smile. with eye askance
I view the muscular proportion'd limb
Transformed to a lean shank. The shapeless pair,
As they designed to mock me at my side,
Take step for step; and as l near approach
The cottage, walk along the plaster'd wall,
Preposterous sight! the legs without the man .'

— Cowper's 'Winter Morning Walk .'

૧૫. સરસ્વતીચંદ્ર અને કુમુદસુંદરી પાછળ નંખાતા દૃષ્ટિપાત

કુમુદસુંદરી સુભદ્રામાં તણાયાના સમાચાર મનહરપુરીમાં સાંભળી, ગુણસુંદરી સાથે વિદ્યાચતુર રત્નનગરી આવ્યો તે સમયે મણિરાજને ગાદી પર બેઠે ત્રણ વર્ષ થયાં હતાં.

જે બાગમાં મલ્લરાજ ગુજરી ગયો તે બાગમાં મલ્લેશ્વર નામ આપી એક સાધારણ કદનું પણ સુંદર શિવાલય કરાવ્યું હતું, કારણ આ રાજ્યમાં રાજાઓ મૂળથી શિવમાર્ગી હતા. છતાં વૈષ્ણવ ધર્મનો પણ પ્રજામાં પ્રચાર હોવાથી રાજાઓ તેનો આદર કરતા, અને શિવાલયથી થોડે છેટે ચારે પાસ એ જ બાગમાં મલ્લરાજની પાછળ કેટલાક નાનામોટા તુળસીક્યારા પણ બંધાવેલા હતા.

સ્વામી ગયા પછી વિધવા રાણી મેનાએ આ જ બાગમાં રાત્રિદિવસ રહેવાનું રાખ્યું હતું. જે ઝૂંપડીમાં મહારાજે દેહ મૂક્યો તે ઝૂંપડીમાં રાજવિધવા પૃથ્વી પર શય્યા કરી પડી રહેતી. રાજસંબંધી કે સંસારસંબંધી કે કોઈ પણ પારકા વિષયની વાત કરવી કે સાંભળવી તેણે બંધ કરી હતી. દિવસમાં એક વખત નીરસ ભોજન કરતી. વાડીમાં માળીઓ અને મણિરાજ સિવાય કોઈ પુરુષનો સંચાર ન હતો. પ્રાત:કાળ પહેલાં વહેલી ઊઠી મેના પવિત્ર આસન ઉપર બેસી પ્રિય પ્રતાપી પતિનું સ્મરણ કરી અશ્રુપાત કરતી, ઇષ્ટદેવતાનું સ્મરણ કરી શાંત થતી, અને પરલોકમાં પતિસંયોગ ઇચ્છી નિ:શ્વાસ મૂકતી. સૂર્યોદય થતાં મલ્લેશ્વરની પૂજા કરતી અને સર્વ તુલસીક્યારાઓમાં પાણી સીંચતી. તે થઈ રહેવા કાળે નિત્ય મણિરાજ અને કમળાવતી સજોડે આવતાં અને મેના જ્યાં આગળ હોય ત્યાં જઈ તેને પગે પડી, તેને બેસાડી, પોતે તેના સામે પૃથ્વી પર બેસી, ધર્મનો ઉપદેશ અને આશીર્વાદ માતા પાસે લેતાં. થોડી વારે મણિરાજ જાય અને કમળાવતી વાડીમાં ચારે પાસ ફરી રાજમાતાનું ચિત્ત પ્રફુલ્લ રહે એવી તપાસ રાખતી, માતાને સૂવાની પથારી, પહેરવાનાં વસ્ત્ર, અન્નપાનની સામગ્રી, અને ઝૂંપડીનો સર્વ સામાન જાતે પોતાને હાથે દાસીભાવથી તૈયાર કરતી, માતાને જમાડતી અને પછી સ્વામીસેવાને અર્થે મહેલ જતી.

બપોરે મધુમક્ષિકા રાણી પાસે આવી શાસ્ત્રની વાતો કરતી અને પુરાણો વાંચતી. સાયંકાળે પુત્રવધૂ પાછાં આવે, પુત્ર ગયા પછી વહુ અને બેચાર દાસીઓ સાસુ પાસે બેસે, રત્નનગરીની મૈયત મહારાણીઓ અને સ્ત્રીરત્નોના ઇતિહાસ પૂછે, તેમની મોટાઈ અને તેમના સદ્ગુણોનાં વર્ણન સાંભળે, અને મલ્લરાજનાં કીર્તન સાંભળી મનમાં ફૂલે અને સાસુનું દુ:ખ દેખી રુએ. અંતે મેનાની આજ્ઞા થતાં કમળા જાય, અને સંતાનના સદ્ગુણ અને વાત્સલ્ય જોઈ ‘આ છાજશે ખરું?’ એ વિચારના બળ તળે દબાતી રાણીનાં આંસુનો છેડો આવ્યો ન હોય એટલામાં મહારાજ મલ્લરાજનું સ્મરણ આંસુની છાલકો અનાથ વિધવાની આંખોમાં આણે, અને દુ:ખ,

શોક અને આંસુ ભરી સૂતી રાજવિધવાને પૃથ્વીની પથારી કઠણ છે કે નરમ છે તેનું ભાન આવતું ન હતું, રાત્રિ કેટલી ગઈ તે જણાતું ન હતું, આંખ અને પોપચાં વચ્ચે આંસુનો પડદો રહેવાથી પોપચાં ઉઘાડાં કે મીંચેલાં છે તે સૂઝતું ન હતું, અને 'મહારાજની મારા ઉપર કેટલી કૃપા હતી?' 'મહારાજ ગયા ને હું દુષ્ટ જીવું છું! એ મહાયોગીની કૃપાને લાયક હું ન હતી' — 'એ મહાકૃપાળુની કૃપાના બદલામાં મેં એમના મહાન ચિંતાભારમાંથી એમને કદી છોડાવ્યા નથી, એમની ચિંતા ઘટાડવાને બદલે મેં જ વધારી હતી.' ઇત્યાદિ વચનો બોલતી બબડતી જાગરણ કરતી દુ:ખી પતિવ્રતા રાજવિધવાને નિદ્રા પોતે જ ઊંઘાડતી.

વિદ્યાચતુરે ઘણુંક આશ્વાસન આપ્યા છતાં કુમુદસુંદરીના સમાચારથી દુ:ખનો ભાર સહેવા ગુણગુંદરી અશક્ત નીવડી હતી. મણિરાજ તથા વિદ્યાચતુરે એ દુ:ખ હલકું કરવા એને રાજમાતા પાસે મોકલી. *दु:खे दु:खाधिकं पश्य* એ ન્યાયે દુ:ખી રાજવિધવાને જોઈને જ સુજ્ઞ ગુણસુંદરી પોતાનું દુ:ખ ભૂલશે એવી સૌને કલ્પના હતી.

ગુણસુંદરી, સુન્દરગૌરી અને કુમુદસુંદરીને લઈને, મલ્લેશ્વરની વાડીમાં આવી તે પ્રસંગે પ્રાત:કાળના સાતેક વાગ્યા હશે. એક તુલસીક્યારામાં પાણી સીંચતી સીંચતી મેના વિચારમાં પડી, ક્યારાને અઠીંગી ઊભી હતી. એના હાથમાંનું પાણીનું વાસણ પડી જઈ ઢોળાતું હતું તેનું એને ભાન હતું. તેના શરીરે માત્ર કોરવિનાનું કાળું વસ્ત્ર હતું. તેનું શરીર કૃશ થઈ ગયું હતું. તે તુલસીની એક એકલ ડાળી ક્યારાની એક બાજુ પરથી લટકતી હોય અને અંતરનાં શોકકૃમિના કરડવાથી ત્રૂટી જવાની તૈયારીમાં હોય એમ લાગતું હતું. કમળારાણીની કઠણ આજ્ઞા હતી કે માતાજી સૂએ, બેસે, કે ફરે ત્યાં બેચાર દાસીઓએ એમની પાસે રહેવું અને પાછળ ફરવું, એમને સૂનાં મૂકવાં નહિ, એમનું મન પ્રસન્ન રાખવું અને શરીર સાચવવું. છતાં નિત્ય પોતાની પાસે અને પોતાની પાછળ માણસોની ચોકી જોઈ એકલી પડવા ન પામતી મેના કોઈ વાર અકળાતી અને દાસીઓને દૂર કાઢી મૂકતી. આજે એણે સૌને આઘાં કાઢી પતિ પાછળના ક્યારા સીંચતાં સીંચતાં પતિના વિચારથી આ દશા પામી હતી. પવિત્ર તુલસીક્યારાના આધારે નિશ્ચિત ટકેલા સ્થૂલ દેહના મસ્તકમાં કારણદેહ સચેત થઈ પ્રચંડ મલ્લરાજની ઊભેલી પ્રતિમાનું દર્શન કરતો હતો અને ત્યાંથી તે પ્રતિમાને ન ખસવા દેવાના હેતુથી સ્થૂલ નેત્રનાં પોપચાંને ઊઘડવા દેતો ન હતો. રાણીની ગાત્રયષ્ટિ યષ્ટિ જેવી થઈ ગઈ હતી. તેનો જેટલો દેહ વસ્ત્ર બહાર દેખાતો હતો ત્યાં ચર્મથી ઢંકાયેલાં હાડકાં ગણાય તેવાં જ દેખાતાં હતાં. તેના ઓઠ રાત્રિદિવસના નિ:શ્વાસથી કરમાઈ ગયા હતા અને તેનો રંગ સુકાયેલો ફિક્કો બની ગયો હતો. એના આખા મોં પર પીળો રંગ અને કરચલીઓવાળી ચામડી જોનારની આંખમાં આંસુ આણતાં હતાં. ગાલ બેસી ગયા હતા

અને ચાલી જઈ સુકાયેલી આંસુની ધારાઓના ડાઘ ચળકતા હતા અને હજી સુધી ચાલતી ધારાઓનું વહેતું પાણી મોતીના હાર રચતું ટપકતું હતું.

કાઢી મૂકેલી દાસીઓ, જતાં રહેવાની આજ્ઞા પાળી, પાસેનાં ઝાડો પાછળ સંતાઈ રહી હતી તે રાજવિધવાની આ અવસ્થા જોતાં આગળ આવી. વાડીમાં હરતાંફરતાં મેના આ સ્થિતિ ઘણી વાર પામતી અને આ પતિયોગને કાળે એ યોગ તોડાવવા અને આ મિથ્યાસંસારનું ભાન આણવા કોઈએ પ્રયત્ન કરવો નહીં એવી એની આજ્ઞા હતી એટલે કોઈ એને મૂર્છામાંથી જગાડતું નહીં. પણ શિવકીર્તનને નિમિત્તે પતિજપ જેવાં કીર્તન રચી વિધવા જાગ્રત દશાના દુર્ગમ અવકાશમાં કાલક્ષેપ કરતી, અને વૈધવ્યને લીધે પોતે તો ઉચ્ચ સ્વરથી ગાવું તજેલું હતું પણ દાસીઓની પાસે ગવડાવી સાંભળતી હતી. કમળાવતીની આજ્ઞાથી મેનાની મૂર્છાના સમયે દાસીઓ આ કીર્તનો ગાતી, મેનાના પોતાના તંબુરામાં ઉતારતી, અને ત્યાંથી તે મેનાના કર્ણમાં અને હૃદયમાં જતાં, અને એ નિમિત્તે પાસે રહી દાસીઓ મેનાનું શરીર પૃથ્વી પર પડી જાય નહીં તેની સંભાળ રાખતી.

ગુણસુંદરી, સુન્દરગૌરી, અને કુસુમને મૌન રાખવા અને એક સ્થાને ઊભાં રહેવાની નિ:શબ્દ સંજ્ઞા કરી એક દાસી તેમની પાસે ગઈ, બીજી દાસીઓમાંની એક મેનાની પાસે ઊભી રહી, તુલસીક્યારાની પડઘી ઉપર પગ રાખી, જંઘા ઉપર અને ક્યારાની બાજુએ તંબૂરો ગોઠવી, અત્યંત ઝીણે સ્વરે ગાવા લાગી અને ગાયેલું તંબૂરામાં અને મેનાના કાનમાં ઉતારવા લાગી:

'જગતને કહેજો રે હરિ હર એક જ છે,

વૈકુંઠ વસે તે રે કૈલાસની માંહ્ય જ છે,   જગતને૦

બ્રહ્મા હરિ હર એક પુરુષ છે, એક જ સર્વે શક્તિ રે!

પામર જન દેખે છે ભેદ જ, એક જ સૌની ભક્તિ રે.   જગતને૦

એક સ્વરૂપને ભિન્ન ગણે તે નરક તણો અધિકારી રે;

એક ગણી સૌ એ દૈવત, અમે ઇષ્ટ છખી સ્વીકારી રે.   જગતને૦

રત્નપુરીના રાજભવનમાં શંકરની છવિ ઇષ્ટ જ છે;

યુદ્ધસ્મશાન તણા અભિલાષી શિવશક્તિથી બલિષ્ઠ જ છે,   જગતને૦

શિવ વિષ્ણુ શક્તિ પર સરખી મલ્લરાજની ભક્તિ હતી;

રંક ભિખારણ ને રાણી પર એક જ એમની આણ હતી!   જગતને૦

એક જ આજ્ઞા, એક જ દૃષ્ટિ, એક જ ભક્તિ, સર્વ સ્થળે

રાજયોગી રચી ચાલી ગયા પણ ઇષ્ટ છખી પાછળ રવડે.   જગતને૦

સર્વ દેવને એક જ ગણતા રાજયોગી એ ચાલી ગયા;

ઇષ્ટ શંભુની છવિને ચરણે મેનાની છવિ સોંપી ગયા!   જગતને૦

જેમ જેમ પાછલો ભાગ ગવાતો ગયો તેમ તેમ મેના કંઈક હાલતી ગઈ; છેલ્લું ચરણ ગવાયું તેની સાથે કંઈક આંખ ઊઘડી પણ પછી મીંચાઈ ગઈ. એટલામાં કમલાવતી આવી. સર્વ વાત છાનીમાની સાંભળી અને જાણી, અને તંબૂરો પોતાના હાથમાં લેઈ જાતે કીર્તન આરંભ્યું, અને વચ્ચે વચ્ચે દાસીઓ તેમાં પોતાના સ્વર ભેળવવા લાગી.'

'શંકરની મુર્તિ મનોહારી નિરાકાર ને સાકાર રે —   શંકરની૦

શંકર સાકાર વ્યાપે વિશ્વમાં, સ્થાણુ અચલ કહેવાય રે,   શંકરની૦

મહાદેવ સ્મશાનમાં સદા વસે જોતા સૃષ્ટિસંહાર રે;શંકરની૦

ભોળા દેવ લીલુંસૂકું ન દેખતા કરતા વિજયાનું પાન રે!   શંકરની૦

ફણાધારી ફૂંકે વિષ વિશ્વમો, પ્રભુને અંગે વીંટાય રે!   શંકરની૦

સંહર્તા એ સંહારી નામરૂપ સૌ નિરાકારમાં સમાય રે!   શંકરની૦

સાકાર શંકરને તે પૂજતા મલ્લમહારાજ સાકાર રે!   શંકરની૦

નિરાકાર શંકરમાં સમાઈ ગવા! રહ્યો મેનાનો
આકાર રે! શંકરની૦'

આ લીટી ગાતાં ગાતાં યુવતી કમળાના ગૌર ગાલ પર આંસુ ઊભરાઈ ગયાં અને બાકીનો ભાગ રોતી રોતી તૂટતે સ્વરે ગાવા લાગી:

'સ્વાતી શંકરરૂપ એ થયા! થયો સંસાર સ્મશાન રે!
શંકરની૦

કમલાવતીનું રોવું રહ્યું નહીં — સર્વ રોવા લાગ્યાં, રોતાં રોતાં પણ રાણી ગાવા લાગી:

'એ રે સ્મશાને મેના એકલી પ્રભુના પરજિયા જ ગાય રે!
શંકરની૦ '

છેલ્લી ચાર લીટીઓ રાણીએ ફરી ગાઈ અને ગાતે ગાતે રોતે હૃદય અવશ થતાં સાસુને પગે ઢળી પડી, તંબૂરો પડ્યો, તાર તૂટવાના રણકાર થયા, અને એ ગાન, એ મર્મ, એ સ્વર, અને એ સ્પર્શથી વત્સલ મેના ચમકી, આંસુ બંધ કરતી કરતી જાગી, અને કમળાને બે હાથે ઉઠાડી એને ભેટી પડી. સાસુની છાતીમાં માથું સમાવતી બાળા બોલી:

'માતાજી, પિતાજી ગયા તેની પાછળ આપ રહ્યાં છો તો અમ બાળકોનું એટલું છત્ર છે. ભુલાય નહિ એવું મહાદુ:ખ અમ બાળકોને ઢાંકવામાં ક્ષણ વાર ભૂલો! જે મહારાજ ઈશ્વરરૂપ થયા તેનો આ ધરતી ઉપર આપ અવતાર છો! પવિત્ર મલ્લેશ્વરનાં આપ અનન્ય ભક્ત છો — તેમનું સાકાર સ્વરૂપ છો! આ સંસારને સ્મશાન ગણી તેમાં ઉમામહેશ્વર પેઠે હજી આપ બે જણ છો જ! તો અમો અને આ વસતિ સર્વ આપની રંક પ્રજા છીએ તેનો સંસાર ઉપર અમીદૃષ્ટિ રાખો અને તેમની ભક્તિને વશ થઈ પ્રભુનું અનુકરણ કરો!'

'કમળારાણી!' મેનાએ ઓઠ ઉઘાડ્યા.

'ના માજી! હું આપની પ્રજા છું — મારા ઉપર પ્રીતિ હોય તો કમળા કહીને મને બોલાવો, મારી સાથે કંઈક હસો, અને મને ને આપની આ પ્રજા છે તેને આજ્ઞાઓ અને આનંદ આપો! માતાજી, આજ્ઞા ઉપાડવાના ભારમાં મને આનંદ થાય છે; પણ કોઈને માથે આજ્ઞા મૂકતાં હું ધ્રૂજું છું — એ ભાર ઉપાડવા મને મારી અયોગ્યતા લાગે છે. માજી, આજ્ઞા ઉપાડનારને એક જ વિચાર છે ને આજ્ઞા કરનારને અનેક વિચાર છે: માટે આજ્ઞા કરવાની કઠણ વાતની લગામ હતી તેવી ને તેવી આપના પવિત્ર અને ચતુર હાથમાં રાખો. મને આ ભારમાંથી થોડા દિવસ છૂટી રાખો, અને એ ભાર આપની પાસે રાખો તે જોઈ જોઈ ઉપાડતાં શીખીશ.'

સાસુનું દુ:ખ ભુલાવવા એને રાણીના અધિકાર ઉપર જ રાખવી અને એ અધિકારમાં એનો કાળક્ષેપ થવા દેવો એ લોભની અભિલાષિણીએ

ઉચ્ચકુળની ક્ષત્રિયાણીને સહજ પણ મહાન આગ્રહ આરંભ્યો.

જેમ કમલાવતીને સાસુને પ્રવૃત્તિમાં નાંખવાનો આરંભ હતો તેમ પતિ શબ્દમાં જ કેવળ નહિ પણ પતિની નીતિ અને મનોવૃત્તિમાં પરાયણ રહેવાની શક્તિવાળી અને પતિ પાછળ પણ પતિવ્રતા રહેનારી મેના આરંભેલા તપમાંથી ચળે એમ ન હતું. કમળાનું માથું ઊંચું કરી બોલી:

‘કમળા, તમે પતિવ્રતા છતાં મને આપણા છત્રરૂપનાં વચન તોડાવવા કેમ ઇચ્છો છો? પણ ચાલો, આ ગુણસુંદરી આવેલાં છે તેમનો સત્કાર કરો.’

સૌ સજ્જ થઈ ગયાં અને દુ:ખની વાર્તાઓ મૂકી, વ્યવહારનો આચાર આરંભવા લાગ્યાં.

‘ગુણસુંદરી, ચાલો મારા આશ્રમમાં.’

એક પાસ મેના, જોડે ગુણસુંદરી કમલાવતી, તેની આંગળીએ કુસુમ અને છેલ્લી સુન્દર; એમ એક હારમાં ઝાડો વચ્ચે સૌ ચાલ્યાં અને પાછળ દાસીઓ ચાલી. રસ્તો સાંકડો આવે ત્યારે હાર ભંગાય અને પહોળો આવે ત્યારે સંધાય — એમ સર્વ ચાલ્યાં. ચાલતાં ચાલતાં મેના નિ:શ્વાસ મૂકી બોલી:

‘ગુણસુંદરી, માંદા માણસના શરીરની દુર્દશા સૌ જુએ તેમ મારા જેવાંનાં મનની દુર્દશા પણ સૌએ જુએ — તમે તે જોઈ! કમળા! હું વૃદ્ધ તો દુર્દશા પામું પણ તમે જુવાન માણસ પણ પામ્યાં!’

ગુણસુંદરી — ‘માતાજી, એ જોવાને જ મને આપના પ્રધાને મોકલી છે.’

મેના — ‘હેં! ગુણસુંદરી! ક્ષત્રિયાણીની દુર્દશા કોઈ જુએ તો એને લાજી મરવાનું થાય.’

ગુણસુંદરી — ‘માજી! અમારાં જેવાંની દુર્દશા જરી જરીમાં થાય ને ઘડી ઘડી થાય, તેને આપ જેવાંનાં મહાદુ:ખ જોઈ શરમાવાનું થાય અને અમારાં ધૂળ જેવાં દુ:ખનાં અભિમાન છૂટી જાય. માતાજી! કુમુદ નદીમાં તણાયાના સમાચારથી મને શોક થયો અને એના પિતાના વચનથી શોક વળ્યો નહીં, ત્યારે તેમણે મને ઠપકો દઈ કહ્યું કે માતાજીના દુ:ખ આગળ તારું દુ:ખ તો કાંઈ લેખામાં નથી, માટે માતાજીનાં દર્શન અને વચનથી આશ્વાસન લે. તે લેવા મને મોકલી છે.’

કુમુદ તણાયાના સમાચાર જાણતાં મેના ચમકી, દુ:ખી થઈ અને અરસપરસ વાતો કરી સૌ વિગત જાણી લીધી. એ વાતો ચાલે છે એટલામાં એક જૈન ‘આરજા’ (આર્યા) આવી અને થોડી વારે સામંતની વૃદ્ધ સ્ત્રી આવી. છતાં ચાલતી વાતોમાં કોઈએ ભંગ પાડ્યો નહીં. તે વાર્તા થઈ રહેવા

આવી એટલે સામંતની સ્ત્રી બોલી: ‘ગુણસુંદરી, સંસાર જ આવો છે. આપને સુપાત્ર પુત્રીના જવાનું દુ:ખ છે; મારા ઘરમાં કુપાત્ર પુત્ર જીવ્યાનું દુ:ખ છે.’

આ વાક્યનો અનાદર કરી સર્વેએ પોતાની વાતો ચલાવી. તે વાતોનો અંત આવ્યા વગર રહ્યો નહીં. અંત આવ્યો એટલે વળી સામંતપત્ની બોલી:

‘માતાજી, મારું દુ:ખ આપ જાણો છો-’

‘પતિ કરતાં પુત્રને વધારે પ્રિય ગણે તે સ્ત્રી પતિવ્રતા નથી અને પતિસુખને તે યોગ્ય નથી. ઠકરાળાં, મને તમારી દયા નથી આવતી.’ મેના બોલી.

‘માતાજી, વૃદ્ધાઅવસ્થા સુધી નાની કન્યાઓ પેઠે શિક્ષા ખમ્યાં કરવી એ દુર્ભાગ્ય મારે જ કપાળે છે.’

‘મૂળ સ્ત્રી અને તે વૃદ્ધ થઈ એટલે જરી શાણપણ રહેલું હોય તે પણ જાય. છત્રની છાયામાં રહો અને પતિદૈવત ઉપર શ્રદ્ધા રાખી તેની નિન્દાનો ધ્વનિ ન કાઢો.’

‘માતાજી, હું નિન્દા નથી કરતી. પણ ઠાકોરનો અંતકાળ આવેલો છે તે કાળે પણ મારું મોં જોતા નથી અને મને દેશવટો આપેલો છે — એ દુ:ખ ખમાતું નથી. પુત્ર નઠારો છે તે જાણું છું, પણ માનું કાળજું એક વાર હાથમાં ન રહ્યું તેની શિક્ષા સ્વામી જતે પણ પહોંચશે તે કેમ ખમાશે? મને પુત્રનો કંટાળો આવ્યો છે અને આ ઘડીએ હવે કંઈક ક્ષમા મળશે નહીં તો પછી ક્યારે મળવાની હતી?’

‘સ્વામીના અવગુણ બીજા માણસ પાસે ગાઈ વધારે દૂષિત થાઓ છો અને ક્ષમાને અયોગ્ય ઠરો છો!’

‘હું તેમનો દોષ નથી કાઢતી, પણ તેમની ક્ષમા કેમ મેળવવી અને તેમનું મુખ કેમ જોવા પામવું એ વાતમાં આપની શિખામણ માગુ છું’ — બોલતી બોલતી સામંતપત્ની રોઈ પડી. — ‘માતાજી, આપના સિવાય આ ક્ષમા અપાવી શકે એવું કોઈ નથી.’ — ‘માતાજી, વડ તળે વટેમાર્ગુને છાયા નહીં મળે ત્યારે બીજ ક્યાં મળશે? — સરોવરની પાળે ઊભેલીને પાણી નહીં મળે ત્યારે કોને મળશે?’

‘એ અધિકાર હવે મારો નથી. કમળારાણી મારું બાળક તેને મારો સર્વ અધિકાર સોંપેલો છે — તેને મૂકી મારી પાસે આ વાત કરવી મિથ્યા છે.’

‘બાળકની પાસે ઘરડે મોંએ હું શું કહું?’

‘જે બાળકને ઈશ્વર આવો અધિકાર સોંપે છે તેના તેજમાં સર્વ અવસ્થાઓ સમાઈ જાય છે. ઠકરાળાં, તમારી રાણી બાળક છે એ વચનને

જે અભિમાન તમારી પાસે બોલાવે છે, તે જ અભિમાન ધાવી બાળક મૂળરાજ ઊછર્યો અને મારા તમારા સ્વામીની આશાઓ નષ્ટ કરી! અને એ જ અભિમાન હજી સુધી તમારી વૃદ્ધ છાતીમાં ઊછળે છે તે જાણી રાજભક્ત સામંતરાજને હું તમારી ભલામણ કેવી રીતે કરું? આ રાજ્યમાં બીજો સામંતરાજ જન્મ્યો નથી અને હવે જન્મવાનો નથી! એને મરતાં મરતાં પણ તમારા ભણીનો અસંતોષ છે એ છોડાવવો તમારું અને મૂળરાજનું કામ. એમાં મેના શું કરશે ને કમળા શું કરશે?'

'સામંતરાજની અવસ્થા જાણી મૂળરાજને તેડાવવા એમના ભાઈએ પત્ર લખ્યો છે.' ધીમે રહી કમળાવતી બોલી.

'જુઓ, ઠકરાળાં! મેઘની પાસે બે છાંટા માગતાં તમને તો શરમ આવી, પણ મેઘે તો વગર માગ્યે જ વર્ષવા માંડ્યું છે. મણિરાજે મૂળરાજને કાગળ લખ્યો અને બીજું શું કરશે તે જાણવું હોય તો તેમને પૂછો.'

થોડીક વાર વિચારમાં પડી મેના બોલી: 'બેટા કમળા! — આ સંસારની વાતો ન કરવી એ મારી પ્રતિજ્ઞા આજ તૂટી. ઠકરાળાંની વાતોએ ઘડીક મારા મન ઉપર સંસારનો રંગ ચડાવ્યો અને આજ હું મારા ધર્મથી ભ્રષ્ટ થઈ. તમે હવે એટલી વ્યવસ્થા કરો કે ફરી મારી પાસે કોઈ આવી વાતો ન કાઢે. ભોજન ઉપર બેસીએ તો ભૂલમાં કોળિયો ભરાય.'

કમળા ઉત્તર આપે છે એટલામાં વૃદ્ધ થયેલી મધુમક્ષિકા આવી અને ધીમે ધીમે બોલવા લાગી:

'માતાજી, હું દરવાજામાં આવતી હતી એટલામાં પ્રધાનજી મળ્યા અને મહારાજના તથા પ્રધાનજીના પોતાના સંદેશા આપને પહોંચાડવા મારી જોડે મોકલ્યા છે.'

'સામંતરાજના શરીરની અંત્ય અવસ્થા પાસે આવતી જાય છે અને બેચાર ઘડીમાં એમને સન્નિપાત થશે એવો ભય છે. ઘડી ઘડી મહારાજનું નામ સંભારે છે ને બીજી કાંઈ વાત કરતા નથી. આ પળે એમની પાસે જવું આવશ્યક ધારી મહારાજ ત્યાં પધાર્યા છે અને આપની પાસે આવી શક્યા નથી.'

'મહારાજ અને પ્રધાનજી સામંતરાજને ત્યાં પધારતા હતા એટલામાં માર્ગમાં મૂળરાજને બંધમાં રાખી આવતા રક્ષક અધિકારીઓ સામા મળ્યા. આ રાજ્યમાં બહારવટે નીકળી કોઈનું ખૂન કરવાનો તેમને માથે આરોપ હતો અને તેમના હાથમાં મરેલા માણસનું માથું હતું તેવે વખતે સુભદ્રાની પાસેનાં કોતરોમાંથી તેમને પકડ્યા હતા.'

'પણ એમને લાવનાર માણસો મળ્યાં તે પહેલાં માનચતુરભાઈની પાસેથી એક સવાર પ્રધાનજી ઉપર પત્ર લાવેલો હતો તેમાં કુમુદસુંદરીના

સમાચાર હતા.' ગુણસુંદરી અને એની સાથેનું મંડળ ઉત્સુક બન્યું: 'મધુમક્ષિકા બોલવા લાગી:

'સુભદ્રાના પ્રવાહમાં કુમુદબહેનની પાછળ સુવર્ણપુરનો બહારવટિયો પ્રતાપ પડ્યો હતો અને તેની પાછળ એ રાજ્યનું માણસ શંકરે પડ્યો હતો. પ્રતાપના હાથમાં કુમુદસુંદરીનો એક પગ હતો. પણ પ્રતાપ સ્વતંત્ર માર્ગે જાય તે પહેલાં શંકરે એનો પગ પકડ્યો અને શંકરને પ્રતાપે તરવારને ઘાએ હણ્યો. એટલામાં કુમુદબહેનના રક્ષણને અર્થે નીકળી પડેલા મૂળરાજે કાંઠા ઉપરથી પડતું નાખી પ્રતાપનું માથું ધડથી જુદું કર્યું અને માથું લઈ પાણી બહાર નીકળ્યા તે માનચતુરને મળ્યા અને આણી પાસ આવ્યા. આ સમાચાર વાંચી મહારાજે મૂળરાજને સર્વ રીતે ક્ષમા કરી છે અને આ શુભ સમાચાર સાંભળી સામંતરાજનો જીવ સદ્ગતિ પામે, મૂળરાજના ઉપર તેમની કૃપા થાય અને પિતાપુત્રનો યોગ થાય એવું ઇચ્છી મહારાજ મૂળરાજને સાથે લઈ ગયા છે.'

સામંતપત્નીને હર્ષનાં આંસુ આવ્યાં. ગુણસુંદરીને રજ તૃપ્તિ થઈ નહીં. તેને મન સોળે સોકટી કાચી રહી. મધુમક્ષિકા બોલવા લાગી:

'ગુણસુંદરીબહેન, પ્રધાનજીએ કહાવ્યું છે કે પ્રતાપ અને મૂળરાજની લડવાડના સંધિમાં મૂળરાજને બે હાથ હોત તો એક હાથે તલવાર વાપરી બીજ હાથે કુમુદબહેનને એ ઝાલી શકત; પણ એક હાથ એમનો કપાયેલો હોવાથી કુમુદબહેન નદીમાં એકલાં તણાયાં, અને પ્રતાપનું અને નદીનું બેનું ભય એમને હતું તેને ઠેકાણે હવે માત્ર નદીનું ભય છે -'

ગુણસુંદરીની આંખમાંથી નવીન આંસુ બળ કરી નીકળી પડ્યાં. રોવું આવવાનું થયું તે દાંત વડે નીચલો ઓઠ કરડી પકડી રાખ્યું, અને સ્વર ગળામાં દાબી નાંખ્યો. મધુમક્ષિકા સમજી અને બોલી:

'બહેન, માનચતુરજી માણસો લઈ નદીને તીરે તીરે ઘોડા દોડાવતા ગયા છે. મૂળરાજનું એવું કહેવું છે કે નદીના મુખ આગળ રત્નાકર સાથે સંગમ થાય છે ત્યાં આગળ કુમુદબહેનનું શરીર તણાતું તણાતું પહોંચશે તે વેળા ભરતીની હશે, અને તેથી નદીનાં અને રત્નાકરનાં પાણી સામાં મળશે એટલે સંગમ આગળનું બધું પાણી સ્થિર રહેશ એટલે કુમુદબહેનનું શરીર આગળ સમુદ્રમાં નહીં તણાય પણ સંગમ આગળ અટકશે.'

ગુણસુંદરીને કંઈક આશા આવી. મધુમક્ષિકા વાધી:

'વળી, નદીમાં ખેંચાયેલા કચરાનો સંગમ આગળ મોટો થર થયેલો છે અને તે ઉપર પડ બંધાયેલાં છે એટલે પાણી પણ છાછર અને નીતરેલું કાચ જેવું રહે છે. તેથી ત્યાં આગળ પાણીને તળિયે શરીર હશે તોપણ જણાશે અને હાથ આવવું કઠણ નહીં પડે — આ પ્રમાણે મૂળરાજને આશા છે અને તેવી સૂચના તેમણે જ આપેલી છે તેથી માનચતુરજી ત્યાં ગયા છે.'

'હરિ કરે તે ખરું!' નિ:શ્વાસ મૂકી ગુણસુંદરી બોલી.

'ઈશ્વર સારું જ કરશે.' મેના બોલી.

'માતાજીનો આશીર્વાદ છે તો સારું જ છે. પણ તણાઈ તે તણાઈ. માતાજી, હવે આશા વ્યર્થ છે: ઠીક છે, છેલ્લા સમાચાર મળતાં સુધી આશા ન મૂકવી એટલો આપણો ધર્મ છે.' ગુણસુંદરી બોલી.

મધુમક્ષિકા — 'માતાજી, મૂળરાજે મહારાજ દ્વારા આપની પાસે ક્ષમા માગી છે — મૂળરાજના કારણથી આપને ઘણું દુ:ખ સોસવું પડેલું છે.'

મેના — 'મધુમક્ષિકા, ચિરંજીવ મહારાજને કહેજ કે શંકરરૂપ થતાં પહેલાં રાજ્યના ધણી અને મારા તમારા છત્રરૂપ તેમણે મને શિક્ષા કરેલી તેનાથી મેં દુ:ખ ધર્યું હોત તો મેં શિક્ષાને અયોગ્ય ગણી થાત. એ શિક્ષા યોગ્ય હતી અને તે શિક્ષા સ્વીકારતાં મેં દુ:ખ નથી ગણ્યું પણ મહારાજની પ્રીતિને પાત્ર થવા માટે પ્રાયશ્ચિત્તરૂપ ગણી સંતોષ માન્યો છે. બાકી હવે મૂળરાજનું શું કરવું તે તો તમારે જોવાનું છે.'

સામંતપત્ની — 'માતાજી, એને આપે ક્ષમા આપી એવો મીઠો ઉચ્ચાર કરવા કૃપા કરો.'

મેના — 'એણે મારો અપરાધ કર્યો જ નથી. રાજ્યનો અપરાધ કર્યો હોય તો તે રાજા જાણે.'

મધુમક્ષિકા — 'બીજા સમાચાર એવા છે કે મૂળરાજે મહારાજને પગે પડી આંસુ સાથે માગ્યું કે જુવાનીના ઉછાંછળાવેડામાં મહારાજ મલ્લરાજને મેં દુ:ખ દીધું છે તેથી વિશેષ અપમાન અને અપરાધ આપના વિષયે મેં કરેલાં છે. તેની ક્ષમા માગવી હું યોગ્ય ગણતો નથી, કારણ સર્વ તીર્થો ઉપર જઈ સ્નાન કરવું તોપણ આ દોષોનું પ્રાયશ્ચિત્ત થાય એમ નથી; પણ આટલું જણાવવા રજા માગું છું કે આપને સારું મારા મનમાં જે તિરસ્કાર અને ક્ષુદ્રભાવ હતો તેને સાટે હાલ હું એમ માનું છું કે આપના ઉદાત્ત વંશમાં હું એક શિયાળ જેવું પ્રાણી છું ત્યારે આપ શુદ્ધ સિંહરૂપ છો — આપની બુદ્ધિ, શૌર્ય, સદ્ગુણ અને ઉદાત્ત રાજતેજ આગળ હું એક ક્ષુદ્ર જીવ જેવો છું, અને મહારાજ મલ્લરાજને ઉગ્ર મુખે દેહાંત શિક્ષા સાંભળતાં જે અભિમાન નમ્યું ન હતુ તે સર્વ અભિમાન આજ જાતે છોડી, વસિષ્ઠને પગે વિશ્વામિત્ર પડ્યા હતા તેમ, આપને પગે પડું છું અને આ જગતમાં એટલું પ્રાયશ્ચિત્ત કરવા દેશો તો હું દુષ્ટ પોતાને કંઈક શુદ્ધ થયો ગણીશ.'

'માતાજી, આ ઉપરાંત મૂળરાજે કહ્યું કે હું મારી માતાની સ્ત્રીબુદ્ધિએ ચાલ્યો અને પિતાના બુદ્ધિતેજનો પ્રભાવ પરખી શક્યો નહીં તે તરવાર છોડી નરેણી પકડ્યા જેવું કર્યું. મારા પિતાને અવસાનકાળે મને બોલાવ્યો તો ક્ષમા અપાવનાર ધણી પણ આપ છો. પિતા પાસે બાંયધરીમાં એટલું

વચન આપું છું કે ભરતજીએ કૈકેયીનો ત્યાગ કર્યો હતો તેમ હું પણ આજથી મારી જનનીનો ત્યાગ કરુ છું.’ સામંતપત્ની ઝાંખી પડી ગઈ.

મહારાજને આટલાં વચન કહ્યાં પછી મૂળરાજે પ્રધાનજીને કહ્યું કે — ‘પ્રધાનજી, મારો તમારો મતભેદ તો ઈશ્વરે નિર્મલો છે અને જે અંગ્રેજને આપના મામાએ સાતમે આકાશ ચડાવ્યા છે તે અંગ્રેજનો સ્વીકાર અને દેશીઓનો ત્યાગ કરી સુભાજીરાવને કાઢી મૂક્યા તે કિલ્સિષ તો મારા મનમાંથી જવાનું નથી. પણ મહારાજ મણિરાજના પ્રધાન તે મારે શિરસટ્ટે એટલી બુદ્ધિ ઘણો વિચાર કરતાં મને ઉત્તમ લાગી છે, અને તે બુદ્ધિ સિદ્ધ કરવાને માટે જ મેં આપની પુત્રીના શત્રુને હણ્યો છે.

‘વળી મૂળરાજ પ્રધાનજીને કહ્યું કે પ્રતાપનો હું વિશ્વાસુ મિત્ર હતો. કુમુદસુંદરી ઉપર એની કુદૃષ્ટિ હતી તે વાત એને પોતાને જ મુખે સાંભળી હતી, પણ એને વારવાથી સારું ફળ હતું નહીં, અને મને વાત કરતો અટકે જાણી હું એને વારતો ન હતો. જ્યારે એ નદી આગળ ગયો ત્યારે હું કાંઈક નિમિત્તે ત્યાં આગળ ફરતો હતો અને શંકરથી ન થયું તે કામ મેં કર્યું. મેં મિત્રહત્યા કરી — પણ દુષ્ટ મિત્રની હત્યા કરી, તે શા સારું? કુમુદસુંદરી છેક નાની હતી ત્યારે મેં એને મારી પુત્રી પેઠે એક દિવસ રમાડી હતી. કોઈ જાણતું નથી — ગુણસુંદરી પણ જાણતાં નહીં હોય — પણ તેમના ઉપર એ દિવસે મારી દૃષ્ટિ બગડી હતી. તેનું પણ પ્રાયશ્ચિત્ત બાકી હતું. આ બગડેલી દૃષ્ટિ સુધારનાર પળવારનો સંગી એક બ્રાહ્મણ હતો — તો બીજા બ્રાહ્મણ પ્રધાનજીનો કંઈક વધારે સંગ થશે તો બુદ્ધિ વધારે સુધરશે. આ પ્રાયશ્ચિત્ત કરવા ને આ બુદ્ધિ સુધારવા મારી પુત્રી જેવાં કુમુદબહેનના શત્રુને હણી મેં મિત્રહત્યા કરી છે. હવે મારે આ સંસારમાં કાંઈ વાસના નથી.’

આટલું બોલી સામંતપત્ની સામું જોઈ મધુમક્ષિકા બોલી: ‘ઠકરાળાં, મહારાજે કહાવ્યું છે કે સત્વર સામંતરાજ પાસે હાજર થજો અને રાણીજીને સાથે રાખજો, કારણ સામંતરાજ રાણીજીનું નામ પણ ઝંખે છે. રાણીજીને મહારાજે કહાવ્યું છે કે સામંતરાજ આપણા પિતાને સ્થાને છે તો તેની પાસે મર્યાદાની જરૂર નથી અને તેમની છેલ્લી વાસના પૂરી કરવી અને એમનો આશીર્વાદ લેવો એ આપણો ધર્મ છે માટે માતાજીની અનુજ્ઞા લઈ ઠકરાળાં સાથે આવવું.’

મેના — ‘બેટા કમળા, રાજપતિની આજ્ઞા અતિ યોગ્ય છે અને તે બહુ ઉત્સાહથી પાળવા તમે સત્વર જાઓ. સામંતરાજને મારા ભણીથી બે વાત કહેજો: પહેલું એ કહેજો કે શંકરરૂપ મહારાજ ગયા પછી હું નકામી થઈ જીવું છું અને બાળક મણિરાજને તેમણે તમને સોંપેલા અને એ બાળકને તમારી ઢાલ છે તે તમારે જવા કાળ આવ્યો એવો વિપર્યય ઈશ્વરને ગમે છે તો તેની બુદ્ધિ આપણાથી અગમ્ય છે. પણ બીજી વાત એ છે કે હવે તમારા વિના મણિરાજ એકલા પડશે તેની પાસે તમારું કામ સારવાર મૂળરાજને અધિકાર આપો, અને હવે પરદેશ આથડી, અનુભવથી ઘડાઈ,

તે રાજ્યભક્ત થયો છે તો સત્કાર્યમાં શંકા ન કરશો. બાકી ઘડી અધઘડીમાં પ્રભુનું તેડું આવશે એટલે તમે હશો ત્યાં મારે પણ આવવું જ છે.'

સૌ ઊઠ્યાં, વેરાયાં, ચાલ્યાં. સૌની પાછળ કુસુમ આરજાની સાથે વાતો કરતી ચાલતી હતી.

થોડેક છેટે આગળ સુન્દરગિરિની એક ગોસાંઇયણ પણ ચાલતી હતી, અને તેની જોડે પલાળેલા કુંકુમ ભરેલો થાળ લઈ માતાની પૂજારણ ચાલતી હતી. આરજા, ગોસાંઇયણ અને પૂજારણ ત્રણેની વચ્ચે આવજા કરતી કુસુમ ત્રણેમાંની એકની સાથે ઘડીક વાતો કરી, બીજી સાથે વાતો કરવા જતી ને ઘડીક બીજીને છોડીને ત્રીજી પાસે જતી. કમલાવતી, ગુણસુંદરી અને સુન્દર સૌથી આગળ ચાલતાં હતાં, તેમાં સુન્દરનો જીવ કુસુમમાં હતો તે ઘડી ઘડી પાછું વળી એના ભણી જોતી હતી. કુસુમની કુંવારા રહેવાની હોંશ સુન્દર સારી રીતે જાણતી હતી અને આ ત્રણે જણ જોડે એ હોંસને લીધે જ કાંઈક વાતો બાળા કરતી હશે જાણી સુન્દરનો જીવ ઊંચો થયો. એટલામાં કુસુમની અને સુન્દરની આંખો મળતાં સુન્દરે અણસારો કરી કુસુમને પોતાની પાસે બોલાવી. તેના ઉત્તરમાં કુસુમે ડોકું ધુણાવ્યું અને હથેળી નાગની ફણા પેઠે હલાવી અને આઘી જતી રહી વાતોમાં ભળી.

અંતે વાતો થઈ રહેતાં કુસુમ જુદી પડી, ત્રણે જણને છોડી, સુન્દરને પકડી પાડવા ઉતાવળી આગળ ચાલવા લાગી અને ચાલતાં ચાલતાં મનમાં મનની સાથે વાતો કરવા લાગી.

'આરજા પરણી નથી ને ધર્મધ્યાનમાં આનંદ કરે છે — પણ આપણાથી કાંઈ આરજા થવાય? પૂજારણને ગમત છે — માતાની પૂજા કરવી — પણ એ તો પરણેલી ને પરણ્યાં એટલે પડ્યાં. ગોસાંઇયણ સુખી ખરી — પરણવું હોય તો પરણે નીકર કુંવારી રહે ને મીરાંબાઈનું પદ ગાયાં કરે:' કંઈક મોટે સ્વરે કુસુમ લવી:

'મીરામન મોહનશું માન્યું!

વરિયા વરિયા શ્રીગિરિવરધરલાલ!

જાણે જગ કાંઈ નથી સાચું! '

આ કડી બેચાર વાર લવી, થોડી વારમાં સુન્દરની આંગળીઓ વળગી વિચારના ઉછાળામાં ઊછળતી ચાલવા લાગી. વાડીનો દરવાજો આવ્યો. કમલાવતી અને સામંતપત્ની એક ગાડીમાં બેસી ગયાં. બીજી ગાડીમાં ગુણસુંદરી, સુન્દર અને કુસુમ બેસી ઘર ભણી ચાલ્યાં, અને ગાડી ચાલતાં સુન્દર કુસુમને માથે હાથ મૂકી પૂછવા લાગી:

'કુસુમ, આરજા અને પૂજારણ ને ગોસાંઇયણ સાથે તે શી વાતો કરતી હતી? ભલું તને એવાં સાથે વાતો કરવાનું મન થાય છે તો?'

'તે કેમ વાતો ન કરીએ? ઓછાં જ ભાયડાઓ સાથે બોલીએ છીએ જે.' કુસુમ ગળું મરડી બોલી.

'તારે આરજાબારજા થવું છે?'

'થઈએ યે ખરાં. પરણેલાં કરતાં એ બધાં સુખી છે.'

'તે પરણે તેને શું દુ:ખ છે?'

'પરણે તેને પતિ જડતાં દુ:ખ, પતિ જીવતાં દુ:ખ, ને પતિ મરતાં દુ:ખ — ને ત્રણે વખત દુ:ખ ન હોય તો એક વખત તો હોય હોય ને હોય.'

'હતું હશે! પરણેલાનું સ્વપ્નું તો દીઠું નથી ને તેનાં દુ:ખની વાત કરવા બેઠી છે આજકાલની -'

'પરણ્યાં ન હોઈએ પણ જાને તો ગયાં હોઈએ. પતિ જડતાં દુ:ખ પડ્યું કુમુદબહેનને! પતિ જીવતાં દુ:ખ પડ્યું કુમુદબહેનને! એ બેમાં સુખ, તો પરણેલાંને છોકરાનું દુ:ખ થયું જોવું હોય તો — જુઓ કુમુદબહેનનું દુ:ખ ગુણિયલને!'

ગુણસુંદરી વિચારમાંથી ભડકી. સુન્દરે કુસુમના બે ગાલ હાથ વતે આમળ્યા ને બોલી: 'મેર! મેર! શરમ વગરની! માની વાતો કરનારી ન જોઈ હોય તો!'

સુન્દરનું બોલ્યું ખરું લાગતાં આમળાથી રાતો થયેલા ગાલ ઉપર લજવાયાની બીજી રતાશ ચડી, અને હારી જઈ કુસુમ જરી નીચું જોઈ રહી. પળવારે પાછું ઊંચું જોઈ બોલવા લાગી:

'વારુ, સામંતની વહુનું દૃષ્ટાંત તો ખરું? અને જન્મારો સુખ જોઈ સ્વામી જતાં દુ:ખ થાય તેનું દૃષ્ટાંત મેનારાણી, શું એમનું દુ:ખ! હું તો એ દુ:ખ જોઈ છક જ થઈ ગઈ! સ્વામી નઠારા હોય તેનું દુ:ખ કુમુદબહેનનું જોવાનું, ને સ્વામી જટલા વધારે સારા એટલું દુ:ખ સ્વામી ગયા પછી — તે મેનારાણીનું જોવું!'

'તુ ભલી આવું આવું શોધ્ય! કરે છે! ન પરણવાના ચાળ!!'

'તે શોધવા કઈ આઘે જઈએ છીએ? ઘરમાંને ઘરમાં જોઈએ તે દેખીએ નહીં તે શું આંધળાં છીએ! — હા — ન પરણવાના ચાળા તો ખરા! પરણ્યાં એટલે પડ્યાં. તમારે છે કંઈ?'

'વળી સામા માણસનું દૃષ્ટાંત લીધું? તે વેળા મારું લીધું ને વળી આ કાકીનું દૃષ્ટાંત લીધું!' ભમર ચડાવી ગુણસુંદરીએ બોલકણીને ધમકાવી.

'લ્યો તે નહીં લઈએ. બાકી સુખનું દૃષ્ટાંત લીધું છે — કંઈ દુ:ખનું લીધું નથી. કાકી, મને તો પિતાજી ન પરણાવે કની તો જાડી બમ થાઉં.'

‘તે પિતાજી કંઈ તારા જેવા ઘેલા હતા? આપણામાં ડોસી કુંવારી રહી છે કંઈ?’

‘તે જોઈશુ -’

આ વાતોમાં ગાડી ચાલી ગઈ.

મધુમક્ષિકાને વાડીમાં મોકલી દરવાજા બહાર વિદ્યાચતુર ગાડીમાં બેસી રહ્યો હતો, અને તેના મનમાં અનેક વિચાર ઘોળાયા કરતા હતા.

‘મહારાજ મલ્લરાજની પરીક્ષા અંતે ખરી જ નીવડી. આટલે વર્ષે મૂળરાજ કુળ ઉપર ગયો; અને પોતાના રાજવંશનો એક છોડ નિર્મૂળ ન કરી નાંખવાનો એ મહારાજનો આગ્રહ તે દુરાગ્રહ નહીં પણ સદાગ્રહ હતો તે એમના ગયા પછી સિદ્ધ થયું.’

‘અંગ્રેજોના સંબંધ વિરુદ્ધ સામંત અને મૂળરાજનો આગ્રહ મૂળથી છે — એને દુરાગ્રહ કેમ કહેવાય? એમાં સ્વરાજભક્તિ અને સ્વદેશાભિમાન નથી એમ કેમ કહેવાય? જે રાજનીતિનો વિચાર કરી, એ મહારાજે અને મામાએ આ સંબંધ સ્વીકાર્યો તે નીતિ મને પણ ખરી લાગે છે — પણ એ ઢાલને બે બાજુઓ છે તેની ના કોણ કહેશે? દેશીઓના હાથમાં હિંદુસ્તાન રહ્યું હોત તો એમના હાથમાં આ દેશની જાપાન જેવી ઉન્નતિ થાત એવી ધારણા કોઈ કરે તો તેમાં અશક્ય જેવું શું છે? જે લોકોમાં મોટા માધવરાવ પેશવા, માધવરાવ સિંધિયા, અને નાના ફડનવીશ જેવાં રત્નો ઉત્પન્ન થયાં હતાં તે લોકમાં અને બીજી નાતોમાં અને બીજા પ્રાંતોમાં એવાં રત્નો ઉત્પન્ન થાય અને આદેશનો ઉદ્ધાર કરત એવું કોઈ ધારે તો તેમાં અસંભવિત શું છે? રત્નપુરીનાં જેવાં રત્ન સ્વતંત્રતાનો કાળ આ દેશમાં કેમ ન દેખાડત? સામંતરાજ અને મૂળરાજ જેવા ક્ષત્રિયોને યુદ્ધકાળ સ્વપ્ન જેવો થઈ ગયો જોઈ ક્રોધ કેમ ન ચડે? એમના ઉપર દ્વેષ રાખે તે હિંદુ અનાર્ય છે — આર્ય નથી.’

‘પણ — પણ — એ કાળ ગયો — સામંતરાજ અને મૂળરાજ! મામા ઉપર તમને ક્રોધ છે — તે હોલવાતો નથી તેનું કારણ શું? — તમારા’

‘ મનોરથાનામતટ પ્રપાતા:’ +

તમારા જેવી વૃત્તિ મારા મનમાં ઉત્પન્ન થાય છે એવે કાળે સુભાજીરાવ જેવાઓને જેણે આશ્રય ન આપ્યો તેને આજ પોતાની ભૂલ માલૂમ પડતાં કેવું લાગવું જોઈએ તેનો વિચાર કરું છું. અને તે ભૂલ કરનાર મામાનો હું ભાણેજ છું, અને તેમની ભૂલનો પશ્ચાત્તાપ હું કેવે રૂપે કરું તેની કલ્પના કરું છું ત્યારે લાગે છે કે -

યથા ગજો નેતિ સમક્ષરુપે

તશિમન્નતિક્રામતિ સંશ્ય: સ્યાત્।

पदानि दृष्ट्वा तुं भवेत्प्रतीतिस्

तथविद्यो मे मनसो विकीर:।। *

'દેશોદ્ધારના મહાન પ્રસંગરૂપ હાથી જાતે પાસે થઈને ચાલ્યો ગયો ત્યારે એ હાથી છે એવું અમે જાણ્યું નહીં — તે જતાં જતાં હાથી જ હશે એવી શંકા થઈ — અને આજ એનાં પગલાં જોઈ નક્કી થાય છે કે મૂર્ખાઈમાં પાસે આવેલા હાથીને જવા દીધો, અને હવે એ ગયેલો પ્રસંગ ગયો! — તે પાછો દેખાડે એવી શક્તિ ચોખંડપૃથ્વીમાં કોઈ આણે એમ નથી! મૂળરાજ! તને તેનું દુ:ખ કેમ ન લાગે? તું સિંહ છે.'

'પણ પણ મહારાજ મલ્લરાજ પણ સિંહ જ હતા અને પુરુષસિંહ હતા. તેમનો બુદ્ધિપ્રભાવ કેવળ સિંહની પેઠે વર્તમાન પૃથ્વી ઉપર ફરનાર ન હતો, પણ ગરુડ પેઠે ભૂતરસાતળના ઊંડામાં ઊંડા અને ભવિષ્યાકાશના ઊંચામાં ઊંચા ભાગમાં ચડી, સાત્ત્વિક વૃત્તિથી, ઉદાર અને ઉદાત્ત બુદ્ધિથી, સદ્‌ગુણ અને સદ્‌ધર્મના શોધ નથી, સર્વ આકાશ અને પૃથ્વી ઉભયને દૃષ્ટિગોચર કરી પોતાનો શિકાર શોધી કાઢતો. એ મહારાજે ઘડેલો અંગ્રેજ ચક્રવર્તીનો સંબંધ મહાન અકબરના સંબંધ જેવો × ઉદાર અને આવશ્યક મને લાગે છે તેમ મૂળરાજને ન લાગે તો નવાઈ નથી.' મૂળરાજ મલ્લરાજનું મહાશય હૃદય કેમ સમજી શકે?'

મૂળરાજ આણેલા કુમુદના સમાચાર સાંભર્યા.

'કુમુદ! કુમુદ! તારું ભાગ્ય વિચારું છું ત્યારે લોકની પેઠે છઠ્ઠીના લેખ માનવા ઉપર શ્રદ્ધા થાય છે. તું સુખને માટે સરજાયેલી જ નથી. વિદ્વાન વર શોધ્યો તે નકામું પડ્યું; કુલીન અને સુશીલ વર શોધ્યો તેણ ભૂંડું કર્યું. તું જ્યાં ગઈ ત્યાં તારા મોંમાં આવેલી સાકર દૈવે નુંટવી લીધી, અને આખરે બહારવટિયામાંથી બચેલી તે નદીમાં ગઈ.'

'હું તો ધારું છું કે તું ગઈ જ! તારી આશા રાખવી તે હવે હવાતિયાં મારવા જેવી છે. તારી માને દુ:ખ થાય છે અને તે રુએ છે — પણ હું પુરુષ છું, અને રાજનીતિના વિષમ પ્રસંગોએ પથ્થર જેવું કરેલું મારું કાળજું આંખમાં આંસુ સરખું આણી શકતું નથી! બિચારી માલતીને કામન્દકીએ કહેલું વચન ખરું છે:

' कुतोऽपत्सस्नेह: कुटिलनयनिष्णामनसाम्।।'

'વક્ર રાજનીતિમાં ઝબકોળાયેલાં મનવાળાને અપત્યસ્નેહનો પાસ બેસતો જ નથી! — ના, ના, એમ પણ છેક નથી.'

'જો-જો-જો પ્રમાદધન અને કુમુદ એ બે જણ ગુજર્યાં હોય તો વિચારમાત્ર સમાપ્ત જ છે. જો કુમુદ એકલી ગુજરી ગઈ હોય તોપણ મારે મન એ સંસાર સમાપ્ત જ છે. જો પ્રમાદ અને કુમુદ બે જીવતાં નીકળે —

તો — દુર્ભાગ્યમાંથી બિચારીનું ભાગ્ય કેમ ઉત્પન્ન કરવું — એ સમુદ્રમાં કેમ તરવું — એનો વિચાર હું કન્યાનો બાપ તે શો કરું? મેં તો એને વિદ્યા આપી અને એ હોડી વડે એ કન્યાને તરતાં આવડે એટલું એનું ભાગ્ય. વર શોધતી વેળા માબાપથી થયેલી ભૂલનું પરિણામ ખમે કન્યા અને આઘેથી જુએ ને રુએ માબાપ — આટલા માટે જ લોક કન્યા ઇચ્છતા નથી. — હા — પણ સૌભાગ્યદેવી અને બુદ્ધિધન જેવાં સાસુસસરો આયુષ્યમાન છે ત્યાં સુધી કુમુદની ચિંતાનો પ્રસંગ જ નથી.'

'પણ — પ્રમાદધનની વાર્તા ખરી હોય — અને કુમુદ જીવતી નીકળે તો? — પુત્રીનું વૈધવ્યદુ:ખ કેમ સહેવાશે? — શું મારી કુમુદ વિધવા!-'

આ વિચારની સાથે જે મન ચિરાયું. 'કુમુદ! — તું — વિધવા! — કુમુદ! — તું વિધવા!'

'હરિ! હરિ! આ પ્રભુ!' — 'ઈશ્વર મારા સામું એટલું નહીં જુએ?'

'પ્રમાદધન — સુગન્ધવાળું ફૂલ સૂંઘતાં તને ન જ આવડ્યું — તે ચોળાઈ ગયું.' નિ:શ્વાસ મૂક્યો.

'But as a practical man-can I not see my remedy for a disease which threatens to be a fact? Other nations have it - mine bars it .'

ઓઠે આંગળીઓ મૂકી વિચારમાં પડ્યો.

'Conventional widowhood! Social terrorrism! Must you stand between me and my love and duty to my dear child? Here-here is a calamity; here is escape from it-And yet the poor one must suffer and not escape! And why? Because the Stronger sex controls her lot. Is it propper in a father to submit to the control and see the child writhing before his eyes, because he is a social-moral-coward ?'

'કુમુદ! સરસ્વતીચંદ્ર હજી જીવે છે! એણે મૂર્ખતા કરી તો ખરી પણ તેના હૃદયમાં જે યજ્ઞ તારી તૃપ્તિને અર્થે આરંભાયેલો હતો તે હજી હોલાયો નથી.'

'પણ તને તેનો યોગ કરી આપવામાં જેટલું સાહસ મારે છે તેટલું સાહસ તારો સ્વીકાર કરનારને પણ છે. સરસ્વતીચંદ્ર! આટલી લક્ષ્મીનો ત્યાગ કરવાનું સાહસ જેણે કર્યું તેને આ સાહસ કરતાં ડર લાગશે?'

'હરિ! હરિ! પ્રિય કુમુદ! તારો પિતા અત્યારે દુ:ખથી ઘેલો થયો છે — ઘેલછાને કાળે કરેલા વિચાર હું આચારમાં મૂકતો નથી.'

'હજી તો વૃદ્ધ પિતા અને મામા આયુષ્યમાન છે — તેમના મત વિના મારાથી શું બનશે? તેમના મત કેણી પાસ પડશે તે જોશીને પૂછવું પડે એમ નથી. તેમના વિરુદ્ધ પડી મારે આ કામ કરવા જેવું છે? શું મને કુમુદ વહાલી છે અને તેમને નથી? વૃદ્ધ પિતા અત્યારે પૌત્રીને માટે માથું છેટે મૂકી તલવાર બાંધી નીકળી પડ્યા છે — એ બાળકી મારી ખરી ને તેમની નહીં?'

'આ સાહસ કરનારે આ રાજ્યના હિતને અર્થે રાજ્યનું પ્રધાનપદ છોડવું જોઈએ — પુત્રી ઉપરના સ્નેહ આગળ પેટનો સ્વાર્થ મોટો નથી.'

'ખરી વાત. પણ મણિરાજેની સેવા હું કેવળ પેટને માટે નથી કરતો. પેટ ભૂલું પણ ઉપકાર કેમ ભુલાય? તેમનો સ્નેહ કેમ તરછોડાય?'

'કુમુદ! તારે માટે હું આ માર્ગે જાઉં કે આ માર્ગે જાઉં? — કાંઈ સૂઝતું નથી.'

માથું ખંજવાળતો ખંજવાળતો અને અત્યંત શોકવાળું અવસન્ન મુખ કરતો વિદ્યાચતુર પળવાર વિચાર કરતો જે બંધ પડ્યો.

'અનાગત વસ્તુની ચિંતા કરવાનું કાંઈ કારણ નથી. કોણ જાણે કેવા સમાચાર મળશે? તો આ ઇષ્ટાનિષ્ટ વિચાર અત્યારે શું કરવા?'

એટલામાં મધુમક્ષિકા આવી અને મેનારાણીને પહોંચાડેલા સંદેશાના વર્તમાના કહેવા લાગી.

વિદ્યાચતુર ગાડીમાં બેઠો હતો તે પ્રસંગનો લાભ લઈ, ગાડીમાંથી ઊતરી, ચંદ્રકાંત પાસેના તળાવના આરા ઉપર ઊભો ઊભો ચારે પાસ જોતો હતો અને સરસ્વતીચંદ્રના વિચાર કરતો હતો.

'સરસ્વતીચંદ્ર! વિદ્યાચતુરે તારો શોધ કરવા મદદ આપવાની વાત કાઢી ત્યારે કુમુદસુંદરીના સમાચાર આવ્યા ને તારી વાત ઢંકાઈ ગઈ! મહારાજે વાત કાઢી ત્યારે સામંતરાજની ચિંતા આવી ને તારી વાત ઢંકાઈ ગઈ! મારે તને શોધવો છે, પણ તારે જડવું નથી, ને ભાગ્ય પણ એવું છે કે તને જડવા દેતું નથી. ભલે ભાગ્ય તારો પક્ષપાત કરે ને મુજ ગરીબની વાત ન સાંભળે પણ હું તને પડતો મૂકી ઘેર જવાનો નથી. ઘેરથી પત્ર ઉપર પત્ર આવે છે કે આ નિષ્ફળ શોધ કરવો છોડી ઘેર આવો. મારાં મૂર્ખા વહાલાંઓને ખબર નથી કે વસુંધરાનું જોયેલું એક અમૂલ્ય રત્ન ખોવાય છે — ચંદ્રકાંત જેવા અનેક પથરાઓ ભેગા કરો તોયે એ રત્નના જેવું મૂલ્ય થાય એમ નથી. સરસ્વતીચંદ્ર સરસ્વતીચંદ્ર! આ દેહમાં ચેતન છે ત્યાં સુધી તારો શોધ હું પડતે મૂકું એમ નથી.'

એક બાવો આરા ઉપર તૂંબડી લઈ લોટ માગતો અને ચીપિયો ખખડાવતો દીઠો. ચંદ્રકાંતને જોઈ તે કાંઈક વિચારમાં પડ્યો ને પાસે આવી બોલ્યો:

'ભૈયા, તમે આ નગરના વાસી નથી?'

ચંદ્રકાંત — 'ના બાવાજી, હું મુંબઈથી આવ્યો છું.'

બાવો — 'તમારું નામાભિધાન?'

ચંદ્રકાંત — 'ચંદ્રકાંત.'

બાવો — 'ચંદ્રકાંતજી, આ તળાવની પેલી પાસ આકાશમાં અધકાંર જેવું દેખાય છે તે સુન્દરગિરિ નામનો રમણીય પર્વત છે. ત્યાં અમારા સાધુસંતોના આશ્રમ છે. ત્યાં કોઈ વેળા પધારશો તો કલ્યાણ થશે. પણ રાજવૈભવ છોડી એકલા આવશો તો અધિક જોશો ને વિશેષ પામશો.'

'અ...લ...ખ!' અલખની બૂમ પાડી બાવો માર્ગે પડ્યો. સ્વાભાવિક રીતે અંગ્રેજી ભણેલાને આમાં કાંઈ વિચારવાનું ન હતું. પણ મુરુષનો શોધ કરવા નીકળી પડેલાને વિચાર થયા.

'સરસ્વતીચંદ્ર એ પ્રદેશમાં કેમ ન ગયો હોય? બહારવટિયાઓમાંથી છૂટ્યો હોય તો એનો એક માર્ગ મનહરપુરીનો ને બીજો સુન્દરગિરિનો. કાલે વિદ્યાચતુરને ઘેર નકશો જોયો. સુભદ્રાના મુખ આગળ એ પર્વત છે. વિધાતાની સૂત્રધારતા વિચિત્ર છે. કુમુદસુંદરીને એણી પાસ તાણ્યાં છે — સરસ્વતીચંદ્રને પણ એ જે સૂત્રધારે એણી પાસે કેમ ન તાણ્યો હોય? મિત્ર!'

' परिणतिरमणीया: प्रीतयस्त्वद्विधानाम्। *

તેના મુખ ઉપર ખેદ દેખાયો. 'હવે ચંદ્ર અને કુમુદની પ્રીતિ શી? એ પ્રીતિમાં જે પાપ છે અને એ પાપમાંથી છૂટવાને જે મારો પ્રિય પવિત્ર ચંદ્ર કુમુદને અસ્પર્શ રાખી દૃશ્ય સ્થળે ભ્રમણ કરે છે એ કલ્પના સંભવિત જ છે. સરસ્વતીચંદ્ર, તકને નાનપણમાંથી વૈરાગ્ય વહાલો હતો ને તે વહાલી વસ્તુના ઉપર તારો કેટલો આગ્રહ છે તે હું જાણું છું. તો તારે માથે અયોગ્ય આરોપ નહીં મુકું.'

થોડીક વાર શાંત થઈ સુન્દરગિરિની છાયા જોઈ રહ્યો અને તેને શિખરે આકાશમાં સૂર્યતેજે સળગતાં વાદળામાં સ્ત્રીપુરુષની છાયા જેવું લાગતાં તેને ચંદ્ર અને કુમુદ કલ્પી પગ ઠબકારતો ઠબકારતો ચંદ્રકાંત ગણગણવા લાગ્યો: 'સરસ્વતીચંદ્ર! તને ગમતી કવિતા અને તેમાં જ કલ્પેલાં સ્થાનમાં!

** *' The path by Which that lovely twain*
Have passed by cedar, pine, and yew ,
and each dark tree that ever grew ,
Is curtained out from heaven's wide blue .'

'અમારી ને તારી વચ્ચે કોઈ મોટો પડદો છે! પણ તું જ્યાં હશે ત્યાં રમ્ય સ્થાને જ હશે. મિત્રરત્ન! મારા જેવાં અનેક ચિત્તોમાં તેં અધિકાર કર્યો છે ને તેને શિરે તારો વિચાર એક સુંદર તારા પેઠે પ્રકાશે છે — તે તારો શું કરે છે?'

" It scatters drops of golden light
Like lines of rain the ne'er unite ,
And the gloom divine is all around ,
And undernearth is the mossy ground .'

તારા ભણીની કલ્પના કંઈ કંઈ સ્થાને દોડે છે — ને સૂઝતું કંઈ નથી.

" My Wings are folded o'er mine ears :
My wings are crossed o'er mine eyes .
Yet through their silver shade appears ,
And through their lulling plumes arise ,
A shape, a throng of sounds .
May it be no ill to thee ,
O thou of many wounds ! '

છેલ્લો ભાગ ઘણી વાર ગણગણતાં ગણગણતાં ગાતાં ગાતાં ચંદ્રકાંતનાં નેત્રોમાંથી આંસુ ખરતાં હતાં અને કપાળનો પરસેવો લોહવાને નિમિત્તે રૂમાલ વડે એ આંસુ એ લોહતો અને સંતાડતો હતો.

એવામાં વિદ્યાચતુરનો ગાડીવાળો આવ્યો.

'ભાઈસાહેબ, પ્રધાનજી તેડે છે.'

સજ્જ થઈ ચંદ્રકાંત ગયો. મધુમક્ષિકા પ્રધાન પાસેથી ગઈ હતી અને સાટે એક પોલીસનો માણસ હતો. ચંદ્રકાન્તને પાસે બોલાવી વિદ્યાચતુરે તેને એક વીંટી આપી અને કહ્યું:

'ચંદ્રકાંત, આ વીંટી પરખો. આ રાજ્યના અમીરી પાસે આવાં રત્ન હશે, પણ આ ઘાટ નહીં હોય — સરસ્વતીચંદ્ર પાસે મેં આવી વીંટી જોઈ સાંભરે છે.'

ચંદ્રકાંતે ફરી ફરી વીંટી જોઈ, ઝીણી દૃષ્ટિ કરી જોઈ, વીંટી ફેરવી ફેરવી જોઈ, અને અંતે મિજાગરા જેવું લાગતાં ચાંપ ઉઘાડી તો અંદર આસનમાં સરસ્વતીચંદ્રની સુંદર હસ્તી છેબી! અતિ ઉમંગથી એ ઉઘાડેલી

છબી વિદ્યાચતુરના હાથમાં પાછી સોંપી, વિદ્યાચતુરે ઓળખી અને પોલીસના માણસને પૂછ્યું:

'હવાલદાર, આ છબી અને વીટીં સરસ્વતીચંદ્રની. એ લાવનાર કોણ છે અને શું કહે છે?'

'પ્રધાનજી, અર્થદાસ નામના વાણિયા પાસેથી એ વીંટી નીકળી છે. અર્થદાસ કહે છે કે જંગલમાં એક નવીનચંદર નામના માણસે તેને એ બક્ષિસ આપી છે. એ માણસની ભાળ આપનાર અને એને પકડી આપનાર આપણાં માણસ છે. પણ હીરાલાલ નામનો એક મુંબઈનો વાણિયો છે તે કહે છે કે અર્થદાસે આ વીંટીના ધણીનું ખૂન કરેલું છે.'

'એ હોરલાલ કોણ છે?'

'મુંબઈમાં ધૂર્તલાલ શેઠ કરીને કોઈ છે તેનું માણસ છે, અને તે સરસ્વતીચંદ્રની શોધ કરવા આવેલો છે.'

'ધૂર્તલાલનું માંણસ!' ચંદ્રકાંત ગાજી ઊઠ્યો અને પ્રધાનને ધૂર્તલાલનો ઇતિહાસ કહ્યો.

'ચંદ્રકાંત, તમે આ પોલીસવાળે આણેલી ગાડીમાં બેસી આપણે ઘેર જાવ, ને ઘેરથી ગાડી પાછી મોકલજો. હું એને લઈ તરત સામંતરરાજને ઘેર જાઉં છું અને પછી આ નવા સમાચારનું મૂળ શોધવાનો માર્ગ લઈશ.'

'વિદ્યાચતુર માણસને લઈ પોતાની ગાડીમાં ગયો. એ માણસની ગાડીમાં ચંદ્રકાંત મંદ ઉપક્રમ કરી ચડ્યો અને બેઠો, ગાડી ચાલી, પણ એનું મન ચકડોળે ચડ્યું.

'હા શી વિધાતાની ગતિ છે! દુષ્ટ ધૂર્તલાલ! જેવો હું સરસ્વતીચંદ્રની પાછળ પડ્યો છું તેવો તું પણ એના પાછેળ પડેલો છે. પણ જેવો મારે એને ઘેર આણવો છે તેવો તારે એને પર બહાર રાખવો છે. હું જેવી એનો મિત્ર છું તેવો તું એનો શત્રુ છે! તું શું કરીશ તે સૂઝથું નથી. સરસ્વતીચંદ્ર! તું જીવે છે કે આ દુષ્ટોએ તને અને તારી સાથે અમારી આશાઓને નષ્ટ કરી છે?'

'આ કેવી અવસ્થા કે નથી પડતી આશા અને નથી પડતી નિરાશા!'

* *' न यत्र प्रत्याशामनुपतिनो वा रहयति*

प्रविक्षिप्तं चेत: प्रविशति च मोहान्धतमसम्।

अकिञ्चित्कुर्वाणा: पशव इव तस्यां वयमहो

विद्यातुर्वामत्वाद्विपदि परिवर्तामह इमे।।'

'હું તો એ સ્થિતિમાં નહીં રહું! હું તો નિશ્ચય જ કરું છું કે સરસ્વતીચંદ્ર આ લોકમાં પ્રકાશે છે જ, અને મને મળશે. અલેક્ઝાન્ડર

મહારાજાની પેઠે સરસ્વતીચંદ્રનો શોધ કરવા આશાને પેંગડે પગ મૂકી હું ચંડાઈ કરું છું. આ લોકના અપૂર્ણ ઉત્સાહની શોધમાં મુકાય એટલો વેગ મૂકીશ અને તેમાંથી પરિણામ આવો કે ન આવો, પણ હું હવે જાતે આ પ્રદેશનો ભોમિયો થઈશ. પર્વતોમાં, જંગલોમાં અને ગામોમાં આથડીશ, મુંબઈથી માણસો મંગાવીશ કે અહીંથી રાખી લઈશ અને સરસ્વતીચંદ્રને શોધીશ. અર્થદાસની વાત સાંભળી તે સરસ્વતીચંદ્રના સ્વભાવ સાથે મળતી આવે છે.'

ચંદ્રકાંતની ગાડી પણ ચાલી. ગાડીની પાછળની બરીમાં વળી વળી એ સુન્દરગિરિની છાયા ભણી ડોકિયાં કરતો હતો અને આરા પર મળેલા બાવાને સરસ્વતીચંદ્રના કંઈ સમાચાર પૂછ્યા નહીં માટે પસ્તાવા લાગ્યો. ઘેર પહોંચ્યો ત્યાં બારીએ કુસુમને દેખી નવા વિચારમાં પડ્યો.

'કંઈક છાય, કંઈ કૌમુદી સમું અજવાળું, કંઈ અંધારું,
દેખી પકડવા દોડી, થાકીને હાંફે ઉર બિચારું!'

'સરસ્વતીચંદ્ર! તારા સ્વચ્છન્દ મનોરાજ્યમાં એવું શું સત્ત્વ છે કે જે અનેક મનુષ્યો પાસે આ ચિત્રનૃત્ય કરાવે છે અને તે છતાં નૃત્યનો તાલ તારા સંગીતની સાથે પડતો નથી?'

+ મનોરથ લગર તટે પડ્યા

* અભિજ્ઞાનશાકુંતલ.

× He (Akbar) had lived long enough to convince the diverse races of Hindustan that their safety, their practical independence, their enjoyment of the religion and the customs of their forefathers, depended upon their recognition of the paramount authority which could secure to them their inestimable blessing. To them he was a man above prejudices.

— Malleson

* તારા જેવાઓના પ્રેમ પરિણામે રમણીય હોય છે.' - ભવભૂતિ

** Shelley 's Prometheus unbound .

* ભવભૂતિ

સરસ્વતીચંદ્ર

ભાગ ૪

સરસ્વતીચંદ્રનું મનોરાજ્ય અને પૂર્ણાહુતિ

Preface

The last volume of Sarasvatichandra is here offered to the public. It end evours to complete the programme laid down in the preface to the third volume. In that preface it was suggested that the varied conficts of life and thought at present visible all over India may one day end in reciprocal assimilation and harmony of the warring elements.

This process of assimilation, while it may not be able to surprise us with any sudden advent of peace, will make its presence felt sonner or Iatcr by floating on our horizon ideas and sentiments as foreign to our past experience as possibly Columbus and his ships may be imagined to our past experience as possibly Columbus and his ships may be imagined to have been to the minds of the anxious aborigines of old america as they watched his approach towards their shores. This may sound like an exaggerated note of alarm or an idle conceit at first sight. Cooler thoughts will, howeve, bring home the conviction that our present state of transition must one day end the effervescence of its lighter elements. That stage over, India must have her day of peace and comfort, and the only quesstion is what kind of day that will be.

There seems to be sort of presumption in proposing to answer such a question and a presumption it might be if this book were of the nature of a historical disquisition or a scientific forecast. The writer of a novel may, however, well be allowed to indulge in dreams of future days according to his own lights, evern where the forecast of any future at all must fall short of the exacting tests of scientific or philosophical critics. It is in such a dreamland of Manoraiya that the design of the present volume is laid on. It is on account of this feature of the volume that it is given the title of the Manorajya of Sarasvati or the Dream-land of the Minerva of our Indian Atheneum. And the writer's Justification for this part of his performance is not that his

dreams are prophetic, but that he may, by allowing the reader to have a clairvoyani view of them, help his countrymen in groping their way out of darkness into some kind of light. It will be some gain if by that procedure he can show and signal 'a line clear' for those that may be wishing know their place in the programme for hastening the hour of peace.

This object the writer has attempted to attain partly be speaking in the language of myths, legends, and traditions familiar to his countrymen. There is, in his opinion, a deep and almost scientific evolutional allegory consistently running throghout the plot of the great and pralific Mahabharata, and he has devoted a long and, perhaps, tedious chapter in this work to the exposition of this feature of that venerable epic. He is aware that in doing so he has obviously saerificed well-known canons of modern art; but considering the use made of this allegory in the latter part of the volume, the critic will probably be disposed to agree with his views as to the necessity of that course and the appositeness of this otherwise irrelevant-looking matter.

This groundwork of that epic has so much in common with some of the leading ideas worked out by modern social and political speculations, that it has been found possible to translate the latter into the terms of the former supplemented by other similar materials drawn from our ancient literature and modern popular beliefs, even where the beliefs are, to all appearance, superstitious. It is expected that such a use of these materials will enable the ordinary Indian mind to grasp and appreciate Western ideas and ideals to some extent and to some useful purpose.

The existence of such common ideas and their possible influence on the people of this country will arouse a varied interest.

If there is a vast distance between modern India on the one hand and modern Europe and America on the other as regards their modes of thought and life, a similar distance can also be traced in several important points beteween ancient and moder India itself. It is usual to speak as if the present

generation of Indians were witnessing the 'Fusion' of 'two' great civilization in the contact of the West with the East. if one can admit that India herself has exhibited more than once phase of civilization, and that the phases presented by her ancient days were far different things from the phase she now presents, it will be more accurate to say that we were not only hemmed in betewene the two civilizations of modern East and West but that the awakenings of the far diffcrent ancient Indian Civilizaion are also upon us a as third element of the fusion. If this last element differed in essential points from modern Western civilization, it also agreed with it (as the above-mentioned common ideas will auest) in recognising some very vital principles of thought and life asbeing of the essence of Progress and Civilization, as for instance, when the Aitareya Brahmana deifned the Satya Yuga as the Age of Action of Progress and the Kali Yuga as the Age of Sleep of Stagnation. One of the objects aimed at in this volume is so to life the veil from this part of our literature and history as to show some of the lines of our ancient thought and life along with those of the West in modern times and to bring their converging points into prominence. For that may enable our readers, as representing a part of modern India. to realize what elements are likely to have a preponderating influence in the fusion of the three great civilizations brought by Providence to bear upon the life of our nation and combined by that same power to shape her destiny by their confluence.

What is popularly called our stage of transition has consisted more or less of a condition in which the communities, professing to be under the influence of the one or the other of these civilizations, have been startled by the near approach and close contact of the rival civilizations, and have at times received one or the other of them with curiosity, suspicion, and distrust. The part played by the ordinary Indian mind during this stage has been shown in the first three volumes of this work. The present volume is mainly taken up with the part that is being played and will be played in that drama by a class of Indians which has been directly evolved by the actual contact and growing relations

of these civilizations themselves. This is the class which is composed of educated natives. By reason of these very circumstance and others connected with its genesis and development this class is expected to take upon itself special and active functions in bringing about a happy fusion of the elements which have brought it into being and which constitute the special sphere of its usefulness. It is proposed in this volume to present. On the surface of mythical allegories and doctrinal language dear to Indian hearts, a faint but visible etching of the lines along which, by the performance of these functions by this class, assimilation and harmony may be expected to issue in the contry out of the temporary phantoms of that religious, social, and political unrest and conflict which, in the course of this fusion, apparently disturb the mental peace of so many races in modern Indian, not excluding of English bretheren. It is possible to fancy ourselves having appen at a situation of peace. co-operation and harmonious progress for all these, and if we can even conceive the feasibility of such a peep, we may also hope that what is only such a fiction to-day may become a fact to-morrow.

This hope is not without its foundation so long as educated Indians are assisted in maturing the robustness of their communal body in order that they may be enbled to perform their legitimate functions with independence. Theirs is the position of the mediastine between the rulers on the one side and the masses of their own countrymen on the other, as also between the masses and the diverse classes of their conutrymen themselves. They are a median organism in this way between various other sets of complicate and contradictory organisms, each of which is sufficiently charged with its own latent but powerful and impatient energies. These energies are by no means an evanescent factor in the case, but have in each case been stored up by the long and persistent action of civilizations which are bound to make the severest struggle for self-preservation. It has fallen to the lot of the educated classes to serve as organic sheaths and conductors between the multiform sets of organisms forming

the repositories of these energies. The many-sided strain now put upon those classes and likely to grow in quality and quantity while performing these funcions, requires that they should find proportionate strength and support from all those who contribute to the strain and will benefit by the capacity of this class to meet it.

The methodof developing and maturing, in this mediastine class, right and beneficent capacity, not only for meeting this strain, but also for performing their difficult functions, is a problem in whose solution all India- including its English population-is deeply and directly interested. The extent to which thoseat the helm of the State will be equal to the task of pursuing this method with foresight, sympathy and even sacrifice, will also be the measure of their own reward in the long run. But any such method, if method itself be not altogether abjured by them, must in any case involve a concession of the necessary and sufficient amount of free scope for independent action to the median organism, and must there by afford a valid ground for the hope that some of the fictions here offered of what in part are only our hero's visions to-day, may indeed become facts in some more practical fashion to-morrow.

The existence and the soundness of this hope are assumed in this volume. It is also assumed that educated natives, while grasping at all available extrraneous assistance with all their might, will also enter manfully into a struggle on their won behalf, to bear their manifold strain and to perform their functions as much with patience and fellow-feeling as with intrepidity, perseverance, and wisdom. This volume attempts to present a perspective in which the description of this struggle will connect the reader with contemporaneous actualities, while his introduction into the dreamland of the attainment of the final fusion of the heterogeneous elements will open upon him distant but happier vistas of the past and future of his contrymen. Whether the various characters which fill this perspective are drawn with sufficient are and neatness, is a question best left to the critic.

Nadiad,
27th August 1901.
G.M.T.

૧. સુભદ્રાના મુખ આગળ

તાજાં ઘાસ ઊગી આ રહે, ને

ગાય ગર્બિણી આવી ચરે તે;

એવાં તીરવનોમાં ફરવા

ગામલોક જતા મદ ધરવા, - ભવભૂતિ

સુભદ્રા અને સમુદ્રના સંગમ આગળનો પ્રદેશ બારે માસ આવો રમણીય રહતો. એ સુન્દર સંગમ આગળ વચ્ચોવચ્ચ આઠ માસ એક નાનોસરખો રેતીનો બેટ બની રહતો અને તેની બે પાસ સાગર અને સરિતાનો સંગમ નિરંતર થયા કરતો, ને ત્યાં આગળ એ સંગમથી રૂપાની ઘંટડીઓ જેવી — કુમુદસુંદરીના સ્વર જેવો — ઝીણો સ્વર મચી રહતો હતો. સમુદ્રની ભરતી આવે ત્યારે વચલા બેટમાં ઢીંચણ સુધી પાણી ભરાતું, અને ચાતુર્માસમાં નદીના પૂરને પ્રસંગે ત્યાં ત્રણ ત્રણ નાથાં પાણી ભરાતું. આ બેટને બધી વસતિ ‘બેટ’ નામથી જ ઓળખતી.

નદીની ઉત્તર પાસે એટલે સુન્દરગિરિની પાસે એને તીરે મોટું મેદાન હતું, અને દક્ષિણ પાસે રેતીની પર્વત જેવી ઊંચી ભેખકો હતી, અને તેની ઉપરનાં ઝાડોના માત્ર શિખર ભાગ દેખાતા. દક્ષિણ પાસેનું મેદાન ઘણું વિશાળ હતું અને તેના મોટા ઢોળાવ ઉપર નદીની પાસે પ્રથમ માત્ર રેતીવાળો પ્રદેશ, તેથી ઉપર જતાં બારે માસ લીલા રહેતા ઘાસવાળો પ્રદેશ, તેથી ઉપર જતાં ઝાડની ઘટાઓવાળાં અને ઉપર વન, અને અંતે સુન્દરગિરિનાં શિખર અને તેને ઘેરી લેતા આકાશનો ઘેરો ધુમ્મટ ઊભો હતો. એ ધુમ્મટ પશ્ચિમ દિશામાં સમુદ્રના સપાટ વિસ્તાર ઉપર ઊતરી પડતો હતો અને માણસની દૃષ્ટિને કહેતો હતો કે ‘તારાથી જવાય એટલે દૂર જા અને જોવાય એટલું જો — અને તેની સાથે એ પણ જોઈ લે કે તારી મર્યાદા કેવી છે.’ નદીના પૂર્વ ભાગમાં નદીનો પ્રવાહ વાંકોચૂકો થતો અને આ આગળ આગળ જોઈએ તેમ નાનો નાનો દેખાતો, એક પાસની ભેખડો અને બીજી પાસના ઢોળાવ વચ્ચે એક ઝીણી સેંથી જેવો — લીટી જેવો — વાળ જેવો લાગી અંતે દૃશ્ય થઈ જતો હતો.

‘બેટ’ને મધ્ય ભાગે એક ઊંચો છોબંધી ઓટલો હતો. ઓટલા ઉપર વાંસ દાટેલો હતો અને વાંસ ઉપર ઝીણી ધજા હતી. વાંસને નીચલે ભાગે એક ભગવા ખાદીના કપડાની રાવઠી જેવું હતું. તેમાં કોરી ઋતુમાં એક બાવી રહેતી અને એક નાના પથરા ઉપર માતાની મૂર્તિ કોતરી સિન્દૂર આદિથી પૂજતી હતી. સુરગ્રામની વસતિ એને બેટનાં માતાને નામે ઓળખતી. નદી અને તીરનાં મેદાન ઉપર, ભરવાડો, રબરીઓ અને ગોવાળ લોક આખો દિવસ ફરતા અને પાસેની લીલોતરીમાં પોતાનાં ટોળાંને ચરાવતા. ગામના લોક યાત્રાઓને દિવસે, રવિવારે અને બીજા દિવસોએ

સવારસાંજ માતાનાં દર્શન નિમિત્તે આ સ્થળે આવતા અને સૃષ્ટિની રમણીયતાને પવિત્ર ધર્મસંસ્કારો દ્વારા ભોગવતા.

[9]માતાની બાવી યુવાવસ્થાના પૂરમાં હતી પણ વૈરાગ્યની સુંદરતા તેના મનમાં રમી રહી હતી અને સાંસારિક વિકારોને હડસેલી નાખી ભક્તિરસની ટોચ ઉપર નિરંકુશ વૃત્તિથી ફરકતી હતી. જે દિવસે કુમુદસુંદરી તણાઈ તે દિવસે સુંદર સ્વરથી બાવી ગાતી હતી અને ઓટલા આસપાસ ગામની સ્ત્રીઓ તે ઝીલતે ગરબે ફરતી હતી.

‘મા! સુન્દરગિરિથી ઊતર્યાં, બિરદાળી મા!
મા! નૌતમ બાળે, વેશ, ઝાંઝર વાગે મા!
આ પ્રાત:કાળે આભલાં, બિરદાળી મા!
તુજ ઘાટડીએ વીંટાય, ઝાંઝર વાગે મા!
આ સૂરજ સન્મુખ લટકતો, બિરદાળી મા!
મા! સામી આરસી સ્હાય, ઝાંઝર વાગે મા!
આ ચકવાચકવી હંસલા, બિરદાળી મા!
તુજ પગલે ભમતાં ગાય, ઝાંઝર વાગે મા!
આ સાયર પાસે નાચી, બિરદાળી મા!
મા નદીમાં આવી ના’ય ઝાંઝર વાગે મા!
અમ સમી સહુ નાની બાળકી, બિરદાળી મા!
એને હૈયે વસતી માત, ઝાંઝર વાગે મા!
આ અખિલ વિશ્વમાં વ્યાપતી, બિરદાળી મા!
મુજ કાળજડામાં માય, ઝાંઝર વાગે મા! ’

એક બ્રાહ્મણી ગાતી ગાતી નદીના મૂળ સામું જોતી હતી તે વચ્ચે બોલી ઊઠી અને ગરબામાં ભંગ પાડવા પ્રયત્ન કર્યો:

‘સાધુ માતા! આ આઘે શું દેખાય છે?’

બાવીએ નાકે આંગળી મૂકી તેને ચૂપ કરી અને ગરબો વાધ્યો અને બદલાયો:

‘આ બપોરને બપ્પોરિયે તમે દર્શન દો છો, માત રે!
ત્યાં સાયર ને નદી ઊછળે એમ જોબન ધરતાં માત!
જોબનરૂપ ધરો!

મા જોબનવંતાં! કરે આરતી સૂરજ ભભૂકી તમ આજ રે,

ઘંટા જેવી સરિતા વાગે, સાયર નોબત થાય—

ગાજે ઘોર ઘણો.

દશે દિશા માની જોગણીઓ લગાડી રહી છે સાય રે!

હરિ હર બ્રહ્મા નમી પડ્યા ને સ્તોત્ર શક્તિનાં ગાય!

માનાં બાળક સહુ!

સંસારને રૂંવેરૂંવે કંઈ ઊઠી રહી એ આગ રે,

રાંક દીકારીઓ, માવડી, તારી! લાગે ન એને આંચ,

પાલવ તુજ સાહ્યો!

હરિ હર બ્રહ્માને સહુ પુરુષો - તેને કરીએ શું ય રે?

માવડી પાસે ગોઠડી કરતાં વળે દીકરીને હૂંફ,

અમે મા! તુજ ખોળે!

તુજ ખોળે પડી રહીએ ત્યારે ભાગે ભવની ભાવટ રે,

જમકિંકરની બીક ન લાગે, તરી જઈએ ભવસાગર,

એમાં તું હોડી છો.'

ગરબો આટલે સુધી આવ્યો ત્યાં સમુદ્રની ભરતી વધતી વધતી માતાના ઓટલા સુધી આવી, એટલે નીચે ગરબો ઝીલનારીઓને પગે પાણીની છોળ વાગી, અને સહુ ગરબો બંધ કરી ઉતાવળાં ઓટલા ઉપર ચડી ગયાં.

બાવી ઓટલાને છેડે ફરી ભરતીનો રમણીય ઉત્સાહક પવન ખાવા લાગી, અને સમુદ્ર તથા નદીનાં પાણી ઉપર ફરતી લાંબી દૃષ્ટિ નાખે છે ત્યાં પૂર્વભાગમાંથી આવી કોઈક લાંબી વસ્તુ ઓટલે અથડાઈ અને ભરતીના બળથી પાછી નદીમાં ધકેલાઈ. નદી અને સમુદ્રનાં પાણી એકબીજાને ધકેલતાં હતાં ત્યાં આગળ એ વસ્તુ સ્થિર થઈ પાણી ઉપર તરી રહી. સમુદ્રનું કોઈ ચમત્કારી માછલું હોય એવું સૌને લાગ્યું. એ માછલા જેવાની એક પાસે કાંઈક લટકતું હતું અને ત્યાં આગળ પાણીમાં લાલાશ આવતી હતી. એટલામાં લાંબી ઝીણી દૃષ્ટિ કરનારી બ્રાહ્મણી બોલી ઊઠી: 'માજી! કહો ન કહો પણ એ માછલું નથી — કોઈ છોકરીનું મુડદું છે.'

સ્વર નીકળતામાં એક ગોવાળણ પાટલીનો કચ્છ મારી પાણીમાં કૂદી પડી અને એ તથા એની પાછળ બીજી બેત્રણ સ્ત્રીઓ તરતી તરતી તરનાર વસ્તુ ભણી જોતજોતાંમાં વેગભરી વહી ગઈ.

એ સહુની પાછળ જોતી જોતી બાવી બોલી: ‘માતાજીનો પરચો એવો છે કે નદીમાં આવતી વસ્તુ નદી ભણી અને રત્નાકરમાં આવતી વસ્તુ રત્નાકર ભણી માના બેટને અઠીંગી ખડી રહે અને ડૂબી ન જાય. તેમાં માજી પોતાની દીકરીઓને તો આંચ આવવા દેતાં જ નથી. આપણે આટલે છેટે છીએ તોયે આ નીતરેલાં નિર્મળ પાણીમાં આ છોકરીને જોઈ શકીએ છીએ અને માની મરજી હશે તેથી જ એને ઉગારવામાં વાંધો નહીં પડે.’

‘ઈશ્વર એને ઉગારો.’ એક બાઈ બોલી.

‘જો વળી આ ઈશ્વરવાળી! બાપુ, તને ખબર છે કે માજીની છાયામાં પુરુષ પણ સ્ત્રી થઈ જાય છે અને હરિ હર બ્રહ્મા માજીને ઘરે ઘોડિયામાં ભરાઈ ગયા ત્યાં કોઈ ઈશ્વરને સંભારે તો માજીને કૂડું પડે. ઈશ્વર અને ઈશ્વરી જુદાં નથી. એ બેનાં સ્વરૂપ એક છે. પણ સ્ત્રીનાથી પુરુષરૂપ નારાયણ પાસે વાત કરતાં મનનો પડદો ઊઘડે નહીં અને મરજાદ છૂટે નહીં માટે આપણી દૃષ્ટિએ ઈશ્વર ઈશ્વરી થઈ દેખાય છે, બ્રહ્માજી વિધાત્રી થાય છે, વિષ્ણુ લક્ષ્મીજી થાય છે, શિવજીનાં ઉમાજી થાય છે, અને એ સર્વ પુરુષરૂપોનો આત્મા એક નારાયણ છે તેમ નારાયણ અને એ સર્વ દેવદેવીઓનો આત્મા નારાયણી શક્તિ છે. મેં અને તેં સ્ત્રીનો અવતાર ધર્યો ત્યાંથી જ એ શક્તિને ખોળે છીએ. માટે માજીના મંદિરમાં પુરુષની વાત કરવી નહીં — જો છોકરીને લઈ સહુ પાણી ઉપર તરતાં તરતાં આણી પાસે આવે. માજીનાં મંદિર પાસે એની દીકરીઓ મૂએલી જીવતી થાય છે — આ છોકરી પણ જીવશે.’

‘ખરી વાત — સ્ત્રીનો વૈરાગ્ય સર્વ સંસાર અને સંસારના દેવોને સ્ત્રીમય દેખે છે.’ બીજી બાઈ બોલી.

‘હા, — આ તરતાંતરતાં સહુ આવ્યાં,’ બાવી બોલી. તરતાં તરતાં છાછર પાણી આવતાં તરનારી સ્ત્રીઓ પાણી વચ્ચે ઊભી થઈ પગે ચાલી આવવા લાગી. તેમાંની બે જણીઓએ હાથ ઉપર શબતુલ્ય કુમુદસુંદરીને ચતી રાખી ઝાલી હતી. સમુદ્ર વચ્ચે ડોકિયા કરી ઊભેલા ખડોકનાં શિખરોનાં વચાળાંમાંથી વચલે ભાગે ઊભેલી સુંદર નાજુક લીલોતરી દેખાઈ આવે તેમ આ સ્ત્રીઓની વચ્ચે તેમના હાથ ઉપર રહેલી કુમુદસુંદરી દેખાતી હતી. એને ઊંચકનારી સ્ત્રીઓના પગ આગળ નીતરેલું છાછર પાણી પોતાની નીચેના પૃથ્વીતળને બાઝી રહેલું લાગતું હતું, તેના ઉપર ધીમાં સ્થિર લાગતાં મોજાં એ પૃથ્વીને ચાંપી દેતાં લાગતાં હતાં, અને એ પૃથ્વીની કોમળ રેતી અને ઊંચાનીચા ભાગો પાણીમાંથી દીસી આવતા હતા; તેમ જ પૃથ્વી પેઠે પડી રહેલી કુમુદના શરીર ઉપર પાણીથી લદબદતું વસ્ત્ર બાઝી ગયું હતું, એ વસ્ત્રની ભીની કરચલીઓ એના શરીર ઉપર ચંપાઈ ગઈ હતી, અને સૂક્ષ્મતાએ અને પાણીએ પારદર્શક કરેલા અને બાઝી ગયેલા વિલાયતી ગવનમાંથી શરીરના ઊંચાનીચા ભાગ સ્પષ્ટ દેખાઈ આવતા હતા. માતાના મંદિર પાસે આવતી પુત્રીની શરીરઅવસ્થાને પુરુષ દૃષ્ટિએ નિર્મેલી

મર્યાદાઓ અપવિત્ર લાગતી હોય તેમ આ બાળકીની આ અવસ્થા નિર્ભયપણે ઉદય પામી લાગતી હતી. એના વસ્ત્રમાંથી ચારે પાસથી નીગળતું પાણી ચારે પાસનાં પાણીમાં પડતું હતું અને એના મનનાં દુ:ખ અને વિકાર તેમ એના કર્મવિપાક માતાના પ્રતાપથી ઓગળી જઈ જાતે જ એને છોડી નીચેના મહાસાગરમાં સરી પડતા હોય એમ એ પાણીની ધારાઓ એના શરીર પાસેથી સરી નીચે ટપકી જતી હતી. આ મનુષ્યદેહનું આયુષ્ય ખૂટી રહ્યા પછી પરમાત્મારૂપ જગદંબાનું પારલૌકિક સાન્નિધ્ય પામતાં પહેલાં વચગાળે શરીરને શબરૂપ થઈ શબવાહિની [૧] , ઉપર ચડવું પડે તેમ અત્યારે કુમુદસુંદરી સ્ત્રીઓના હાથ ઉપર ચડેલી હતી, અને આ સુન્દર ચિત્તપવિત્ર ધામ ભણી દૃશ્ય ઈશ્વરની ઇચ્છા અને ગુપ્ત આકર્ષક કિરણો વડે ખેંચી લેતી હતી. દુષ્યન્તને ત્યાં અનભિજ્ઞાન અને તિરસ્કાર પામેલી શકુન્તલા પતિમંદિરની બહાર નીકળી કે દયાવત્સલ માતૃજ્યોતિ એને આ પૃથ્વી ઉપરથી અધ્ધર ઉપાડી ગયેલું મહાકવિએ ગૂઢ મર્મ રાખી વર્ણવેલું છે તેમ એવા જ ગહન દુ:ખને વિશે નિર્વાસન [૨] પામેલી આ રંક અનાથ પુત્રીને ઉપાડી શરણવત્સલ નિરંજન માતૃજ્યોતિ જ માતૃગૃહમાં [૩] આજ તાણી લેતું હતું અને વિધાતાની ગતિ ન સમજતાં મંદબુદ્ધિના સુવર્ણપુરમાં ચારે પાસથી પવનની ફૂંક ઉપર ચડી આકાશવાણી ઘણાક કાનમાં કહેતી હતી કે

[*] ઠસા નિન્દન્તી સ્વાનિ ભાગ્યાનિ બાલા

બાહૂત્ક્ષેપં ક્રદિન્તું ચ પ્રવૃત્તા।

સ્ત્રીસંસ્થાનં ચાપ્સરસ્તીર્થમારા-

દુત્ક્ષિપ્યૈનાં જ્યોતિરેકં જગામ।।

---

૧ . ઠાઠડી. ૨ . દેશવટો. ૩ . માતૃગૃહ-મહિયર.

* ‘એ બાળા પોતાના ભાગ્યને નિંદતી હાથ ઊંચો કરી રોવા લાગી, એટલામાં અપ્સરાતીર્થ પાસેથી સ્ત્રીવેશ ધરનારું એક જ્યોતિ એને ઉપાડી લઈ જતું રહ્યું.’ - અભિજ્ઞાનશાકુન્તલમ્

૨. સરસ્વતીચંદ્રની અલખદીક્ષા

'विगतमानमदा मुदिताशया: शरदुपोढशशांकसमत्विष:।

प्रकृतसंव्यवहारविहारिणस्

त्विह सुखं विहरन्ति महाधिय:।।'

- જેનાં માન અને મદ જતાં રહ્યાં છે, જેના આશયનું લોક મોદન કરે છે, શરદના પૂર્ણ ચંદ્રમાના જેવી જેની મન:કાન્તિ છે, અને પ્રકૃતિથી પ્રવાહપતિત થઈ આવેલા શુભ વ્યવહારમાં જેઓ વિહાર કરે છે, એવા મહાબુદ્ધિવાળાઓ તો આ લોકમાં સુખે વિહરે છે.

— યોગવાસિષ્ઠ

સરસ્વતીચંદ્રે જાગ્રત અવસ્થામાં વધારે વિચાર કરી, ઉપકારવશ થઈ, વિરક્તિના રંગનો રાગી થઈ, પોતાના જીવનના દાતા વિષ્ણુદાસ બાવાને પૂર્ણ પ્રસન્ન કરવા આખા શરીરે ભગવો વેશ — ધોતિયું, અંચળો અને માથે ફેંટો — ભગવાં ધર્યાં તે કાળે બાવાના મઠોમાં અને ત્યાંથી આખા યદુશૃંગ ઉપર અલખની ગર્જના જાગી રહી, અને તે ગર્જના વચ્ચે વિષ્ણુદાસે સરસ્વતીચંદ્રના કાનમાં અતિપ્રસન્ન વદનથી યોગવાસિષ્ઠનો ઉપલો મંત્ર મૂક્યો અને એ મંત્રોચ્ચારનું શ્રવણ કરાવી એને પોતાના ઉત્તમોત્તમ અધિકારીની દીક્ષા આપી. એ દિવસ સર્વ જટાધરોએ અનધ્યાય અને અભિક્ષાનો પાળ્યો અને સર્વ પોતાને મનગમતે સ્થાને ફરવા નીકળી પડ્યા. સરસ્વતીચંદ્રને લઈ વિહારપુરી અને રાધેદાસ તેને પર્વતનાં શૃંગો દેખાડવા નીકળી પડ્યા.

પ્રાત:કાળે આ ત્રણ જણ ફરતા હતા તે કાળે તેમની વચ્ચે જે જિજ્ઞાસા, કુતૂહલ, પૃચ્છા અને ગોષ્ઠીવિનોદ ચાલી રહ્યાં હતાં તેને સ્થાને અત્યારે વિહારપુરી અને રાધેદાસના મનમાં સરસ્વતીચંદ્રને વિષયે પૂજ્યભાવ ઉદય પામ્યો હતો, વિષ્ણુદાસ જેવા સદ્ગુરુએ ઉત્તમોત્તમ અધિકારે સ્થાપેલા પુરુષ ઉપર શ્રદ્ધા અને ગુરુભક્તિ સ્ફુરતાં હતાં અને વિનીત શિષ્યો જેવા બનેલા બંને જટાધરો, સરસ્વતીચંદ્રનાં ધીમાં પગલાંને અનુકૂળ બની, અર્ધો માર્ગ કાપતાં સુધી એક શબ્દ બોલ્યા વિના ને એક પ્રશ્ન પૂછ્યા વિના, એની બે પાસ એની પાંખો પેઠે એની સાથે ચાલતા દેખાતા હતા. જ્યોતિ:શાસ્ત્રમાં પારંગત ગુરુજીના વર્તારા ઉપર શંકાની ફૂંક સરખી મારવામાં નાસ્તિકતા અને દુષ્ટતા ગણનાર ગુરુવત્સલ શિષ્યોના મનમાં આ સમયે કંઈ પણ વિચાર થતો હોય તો તે સરસ્વતીચંદ્રનાં રૂપ અને વેશ સંબંધે હતો અને કંઈ પણ તર્ક થતો હોય તો એના પૂર્વાશ્રમ, એના પુણ્યોદય અને એના ભાવી ઉત્કર્ષ વિષે હતો. ભસ્મ, ગોપીચંદન, લંગોટી, અને જટા એટલા વેશવાળા બે કાળા બાવાઓ વચ્ચે સર્વાંગે ભગવાં પણ શુદ્ધ ગેરુના રંગવાળાં વસ્ત્રો પહેરી ચાલતો ગૌર પુરુષ બે કાળા ગણ વચ્ચે

ઊભેલા મહાદેવ જેવો, હનુમાનસુગ્રીવ વચ્ચે ઊભેલા રામ જેવો લાગતો હતો અને બે બાવાઓનાં મન એનાં દર્શનથી તૃપ્ત અને નમ્ર થઈ જતાં હતાં.

'વિહારપુરી!' સરસ્વતીચંદ્રે પૂછ્યું, 'આપણે ક્યાં જઈએ છીએ?'

'જી, મહારાજ!' જરીક સામે આવી, શિર નમાવી વિહારપુરી બોલ્યો, 'પ્રાત:કાળે પશ્ચિમ દિશા જોઈ. અત્યારે પૂર્વ દિશાનાં શૃંગો ભણી આપ આવ્યા.'

'પૂર્વ દિશામાં સામે જળજળ થઈ રહેલું આ શું દેખાય છે?'

'આપણે ઊંચામાં ઊંચા શૃંગ ઉપર છીએ, અને પર્વત અને રત્નનગરી વચ્ચે નીચામાં નીચું રેતીનું મેદાન છે તેમાં આ જળ નથી પણ મૃગજળનો સાગર છે.'

સરસ્વતીચંદ્ર વિહારપુરીનો હાથ ઝાલી અટક્યો. 'મૃગજળ કહે છે તે આ જ?' ઓઠ ઉપર આંગળી મૂકી ફરી બોલ્યો: 'અહો, ચાર કાંઠે ભરાઈ ગયેલા રમણીય જળના સરોવર જેવું આ સર્વ મિથ્યા જળ?'

વિહાર: 'હા જી, એ સર્વ મિથ્યા જળ જ! એની પાછળ સેંકડો મૃગો ભમે છે અને તરસે મરે છે.'

નિ:શ્વાસ મૂકી, નીચલો ઓઠ કરડી, સરસ્વતીચંદ્ર બોલી ઊઠ્યો: 'વિહારપુરી! રાધેદાસ! આ મિથ્યા સંસારનાં પ્રતિબિંબ જેવાં આ મિથ્યા જળ ભણી મને ઘડી બે ઘડી જોઈ રહેવા દો — ગુરુજીના પવિત્ર ધામની યાત્રા સફળ થઈ — આ શૃંગ ઉપર સહુ બેસો.'

સહુ એ પથરાઓ ઉપર બેઠા. કોઈનો ઓઠ ઊઘડતો ન હતો. સરસ્વતીચંદ્રનાં નેત્ર મૃગજળ ઉપર ખેંચાઈ જતાં હતાં અને એના ચિત્તમાં વિચાર ઊઠતા હતા:

'મૃગજળ જેવી લક્ષ્મી! તને મેં તજી! આ મૃગજળ જેવી રમણીય અને એના જેવી જ મારે મન થયેલી કુમુદ! તને પણ તજી — પણ — પણ -

'તું ક્યાં? હું ક્યાં? હાલ આ જ અનુભવ સુખકારક છે — હું તને મનથી પણ તજીશ. આ વસ્ત્ર ધર્યાં! આ આશ્રમ સાધ્યો! આપણું લગ્ન થયું હોત તોપણ મરણકાળે વિયોગ હતો તે વિયોગ આજથી જ! ઘણા કાળ પછી આવવાની અવસ્થાને બુદ્ધિવાળાઓ ઘણા કાળ પહેલી જુએ છે — સાધે છે. કુમુદ! — ચંદ્રકાંત! — એક જીવ અનેક જીવોનાં સુખદુ:ખનું સાધન થાય છે — હું તમને દુ:ખ દઉં છું — મરનાર પોતાની પાછળ જીવનારાઓને દુ:ખ દે છે તેમ. મરનારને માથે એ દુ:ખ દેવાનું પાપ નથી — આપઘાત કરનારને માથે છે; મેં પણ એક જાતનો આપઘાત — આત્મઘાત — જ કરેલો છે! સર્વ પરિવ્રાજકો, યુદ્ધોમાં મરનાર સર્વ યોદ્ધાઓ, કુટુંબ

છોડી દ્રવ્યાદિને અર્થે સમુદ્રાદિ ઉપર પ્રયાણ કરનારાઓ, સર્વ એક રીતે આત્મઘાતી કેમ નહીં? હોય તો તેને શિર આવાં પાપનો ભાર કેમ નહીં?

'પુણ્યકાર્યને અર્થે ખમેલો શરીરવ્યય પુણ્ય છે; અધમ કાર્યને અર્થે આણેલો શરીરવ્યય વ્યય જ છે. આ એક વિશ્વરૂપ શરીર એક આત્માથી સંધાયું છે, ઊભું છે અને એ આત્માની ઇચ્છાથી શાંત થશે. એ શરીરમાં રહેલાં આ સર્વ વ્યક્તિશરીરો — વ્યષ્ટિરૂપો — તે એક જ સમષ્ટિ શરીરના અવયવ છે. હું જેને મારું શરીર કહું છું તે આ મહત્ શરીરનો અંશ છે અને તેથી મારું નથી. એ જ મારું શરીર કુટુંબનો અંશ છે, પળવાર કુમુદની સાથે જોડાઈ દામ્પત્યના અંશરૂપ હતું; આ દેશનો અંશ છે, મનુષ્ય લોકનો અંશ છે! એ સર્વ શરીર મારાં શરીર છે — આ દેખીતું શરીર તેમનો અંશ છે. આનો અથવા એનો વ્યય પુણ્યકાર્યને અર્થે કરવો એ વ્યય નથી; એક અંશના વ્યયથી બીજા અંશોને પુણ્યલાભ થાય તે કાર્ય સાદ્ય જ છે — બાકી 'આત્મઘાત' તો થતો જ નથી — આત્મા અમર છે. ખરી વાત છે કે એ આત્માને તો શસ્ત્ર છેદતાં નથી અને પાવક બાળતો નથી. એ આત્મા તો વધતાંઘટતાં આ સર્વ શરીરોથી ઊભરાયેલા એક મહત્ શરીરમાં સ્ફુરી — એ શરીરની મર્યાદાથી રહિત થઈ વસે છે — એ સિવાય બીજો આત્મા નથી! સરસ્વતીચંદ્ર! તેં કયા પુણ્યકાર્યને અર્થે આ દુષ્ટ વ્યય કર્યો?'

આ આત્મપરીક્ષક પ્રશ્ને મસ્તિકને ચકડોળે ચડાવ્યું; તેમાં અંતર્ગાન થવા લાગ્યું:

'વિગતમાનમદા મુદિતાશયા:'

'મારું પુણ્યકાર્ય — મારો મુદિત આશય — કિયો? મુદિત — લોકમુદિત — આશય — તું ક્યાં છે?'

'Life is real! Life is earnest! '

'આયુષ્યનો મર્મ ક્યાં?'

'મચી રહ્યો કોલાહલ આજે દશે દિશે ગાજે;

તે મધ્યે થઈ ઊતરી પડની, શૂર, નીચે નીચે જાજે.'

મુંબઈનગરીના પંડિતો, રાજ્યકર્તાઓ, કવિઓ, દેશસેવકો, લક્ષ્મીનંદનની લક્ષ્મી, ચંદ્રકાંતની મિત્રતા, કુમુદનો સ્નેહ — એ સર્વ કોલાહલમાંથી હું નીચે ઊતરી પડ્યો! પહેલું પાતાળ બુદ્ધિધનના સુવર્ણપુરમાં, બીજું એના કારભારમાં, ત્રીજું એના ઘરમાં, ચોથું બહારવટિયા અને અર્થદાસમાં, પાંચમું જંગલમાં અને રાત્રિમાં નાગના ભાર નીચે, એ પાંચ પાતાળમાં હું ઊતરી પડ્યો — આ છઠ્ઠા પાતાળમાં આવ્યો અને મારા શેષનો ભાર ઊતરવાની વાત સાંભળું છું. હવે કિયા પાતાળમાં ઊતરવાનું હશે? મહાન અજગરના જેવા લાંબા અને અનેક સાંધાવાળા આ વિચિત્ર સંસારના મુખમાં હું ઊતરતો ઊતરતો સરું છું — તે કિયા

પુણ્યકાર્યને અર્થે? ગંગામાં ઊતરી પડેલાં સીતાને ભવભૂતિએ ગંગા અને વસુંધરાનાં દર્શન કરાવ્યાં. મારો વિધાતા મને કેટલાં પાણી તળે ઉતારશે? મારે કઈ વસુંધરાને પ્રત્યક્ષ કરવાની હશે?

‘અહો મૃગજળ! અતિશય રમણીય અને ચમકતા ચળકાટ મારતા તારા વિશાળ સરોવરની સપાટી પર અત્યારે તો આંખો ઠરે છે! હું તારાથી દૂર રહી માત્ર આંખોને જ ઠારું એ પણ એક ભાગ્ય જ! અહો! આ વસુને ધરનારી વસુંધરા!’

આ વિચારે ઊઠે છે ત્યાં ઊડતો ઊડતો એક કાગળનો કકડો એના પગ આગળ આવ્યો, તેણે એના વિચારને તોડ્યા. એ કકડો એણે હાથમાં લીધો, અને એના ઉપરના અક્ષર જોઈ એ ચમક્યો.

‘ચંદ્રકાંતના ઉપર લખેલા પત્રનું પરબીડિયું! અને બુલ્વરસાહેબના અક્ષર! — તું આ સ્થળે!’

મોટે સ્વરે કહ્યું: ‘વિહારપુરી! આ પત્ર અહીં ક્યાંથી આવ્યો હશે?’

બે ગોસાંઈઓ હાથ જોડી, આગળ આવ્યા. લખોટા પરના અંગ્રેજી અક્ષર તો ન સમજાયા પણ વિચારમાં પડ્યા અને રાધેદાસ બોલ્યો:

‘નવીનચંદ્રજી! બેચાર દિવસ ઉપર આપણું મંડળ અલખ જગાવવા ગયું હતું ત્યારે થોડાક ગોસાંઈઓના હાથમાં રત્નનગરીથી ભદ્રેશ્વર જવાના માર્ગ ઉપરથી એક કાગળોનું પોટકું જડી આવેલું હતું તે તેમણે ગુરુજીના આશ્રમમાં આણેલું છે. એણી પાસથી ઉપર આવવાનો એ માર્ગ એટલે તેમાંથી આ પત્ર પડેલો હશે.’

વિહારપુરી: ‘એમ જ. બીજી રીતે આવા અક્ષરનો આ સ્થળે સંભવ નથી. જી મહારાજ! આપને આ અક્ષરનો બોધ છે?’

સરસ્વતીચંદ્ર: ‘હા. એ પોટકું મને જોવા મળશે?’

‘ગુરુજીની આજ્ઞા છે કે આપણા આશ્રમના સર્વ મર્મગ્રન્થ અમારા નવીન જૈવાતૃકને બતાવી દેવા તો આ પોટકું તો તુચ્છ વાત છે. જી મહારાજ, આ પત્રમાં શો ઉદ્ગાર છે તે જાણવાનો અમને અધિકાર છે?’

વિહારપુરીનાં પ્રીતિવાક્ય સાંભળી સરસ્વતીચંદ્રના નેત્રમાં જળ ઊભરાયું: ‘પવિત્ર પ્રિય વિહારપુરી! તમે જેવો મારા ઉપર ઉપકાર કરો છો એવો જ ઉપકાર મારા પર કરનાર મારો એક મિત્ર રત્નનગરીમાં મારે માટે ભટકે છે તેના આ નામાક્ષર છે અને તેનું જ એ પોટકું હશે.’

‘વાહ! મહારાજ! તો એ રત્નનો પણ આપણે સત્કાર કરીશું. આજ્ઞા હોય તો હું અત્ર વેળા ત્યાં જાઉં!’

'તમારી પ્રીતિ મારે માટે શું નહીં કરે? વિહારપુરી! ત્યાં તમારે જ જવું એવો મેળ નથી. ગુરુજીની સેવામાં તમારી ન્યૂનતા કોઈ પૂરે એમ નથી. માટે ગમે તે પણ કોઈ દક્ષ ગોંસાઈ રત્નનગરી જાય, મારા મિત્ર પ્રધાનજીના અતિથિ છે તેને મળે અને પ્રધાનજી જાણે નહીં એટલી યુક્તિ કરે, અને બને તો મારા સંબંધી કાંઈ પણ કિંવદન્તી સંભળાવ્યા વિના મારા મિત્રને આ દિશાએ આકર્ષી આણે એવી મારા ચિત્તની આતુરતા છે.'

'એ તો અલખ જગાવનારાઓનો સહજ ઉદ્યોગ છે.'

'એ મિત્રનું નામ ચંદ્રકાંત છે. તે મુંબઈથી આવેલા છે. તેઓ અવ્યક્ત આક્રર્ષણથી ન જ આકર્ષાય તો તેમને એકલાને જ મારું અભિજ્ઞાન થાય એવી સંજ્ઞાઓ હું આપું તે તેમને તટસ્થપણે સંભળાવવી.'

'શી સંજ્ઞાઓ? બોલો જોઈએ.'

વિચારમાં પડી, નેત્ર મીંચી, થોડી વારે નેત્ર ઉઘાડી સરસ્વતીચંદ્ર બોલ્યો:

'ચંદ્રકાંત એકલા હોય ત્યાં જઈ અલક જગવતાં જગવતાં બોલવું કે:

'નહીં કાન્તા - નહીં નારી, - હું,

તો ય પુરુષ મુજ કાન્ત!

જડ જેવો દ્રવતો શશી,

સ્મરી રસમય શશિકાંત.'

નેત્ર મીંચી, ઉઘાડી, વિહારપુરી બોલ્યો:

'જી મહારાજ, એ મંત્ર અવધાનમાં સંગ્રહી લીધો.'

નેત્ર મીંચી રાખી થોડા શબ્દો રચી અટકી અટકી, મીંચેલે જ નેત્રે અંતર્વૃત્તિ રચી એકાગ્ર વિચારમાં મગ્ન સરસ્વતીચંદ્ર ધીરે ધીરે બોલવા લાગ્યો:

'સુન્દરગિરિનાં શૃંગ ચુંબતાં જલ ધરગણને,

પવિત્ર સાધુવૃન્દ જગવતાં ત્યાં જ અલખને.

મૃગજળ સરવર તીર પડ્યો છે રમણીય રસ્તો,

જગ ત્યજી જનારા તણો પંથ - સંતોને રસ્તો,

તુજ ઇન્દ્રપુરીની ભભકભરી નથી માયા ત્યાં તો;

નથી ચન્દ્રવિકાસી કમળ [1] સૂક્ષ્મસુગંધિ ત્યાં તો.

તુજ વૃદ્ધ વૃદ્ધ પૂર્વજો ચિરંજીવ વસતા ત્યાં તો,

હજી સુધી શ્રુતિને પ્રત્યક્ષ કરે સહુ અવનવી ત્યાં તો.

ત્યજી ઇન્દ્રપુરી, ત્યજી કમળ, ત્યજી મળ સંસૃતિકેરા,

લીધ ભગવો રંગ વિરક્ત ઉદાસીન ફરું છું ફેરા.

મુજ હૃદયે વિશ્વે દેવ પ્રગટિયા, તે તું જાણે!

ગુરુજન ઉદ્ગારો બોધ હોમતા ત્યાં આ ટાણે.

આ વહાણું વાય નવું આજ, મન્દ ધીર પ્રકાશ લાગે,

ધીમી ધીમી ઊઘડે મુજ આંખ, સૂર્યમંડળ ઊંચું આવે.

આ ગિરિશૃંગ પ્રભાતહોમ થાતો ને કાળે,

નહીં મળે મિત્ર અધ્વર્યુ [2] યજ્ઞમાં વિઘ્ન જ આવે.'

સરસ્વતીચંદ્રે આંખ ઉઘાડી. વિહારપુરીએ ઉઘાડી, પણ આટલાં બધાં પદ એને અવધાનવશ થઈ ન શક્યાં તેનો અસંતોષ તેના મુખ્ય ઉપર પ્રગટ્યો. સરસ્વતીચંદ્ર તે સમજી ગયો અને બોલ્યો:

'વિહારપુરીજી, આ કવિતા હું મારે અક્ષરે લખી આપીશ. એટલે વાંચનારને વિશેષ અભિજ્ઞાન થશે.'

વિહારપુરી તૃપ્ત — પ્રસન્ન થયો તે પણ એના મુખ ઉપરથી દેખાયું. 'તમે આટલી વ્યવસ્થા કરો — હું પાછળ આવું છું' એટલા શબ્દો

સરસ્વતીચંદ્રના મુખમાંથી નીકળતાં જટાધરો ઊઠ્યા, ચાલ્યા, અને પળવારમાં પર્વતના ખડકો અને ઝાડોમાં મળી જઈ દૃશ્ય થયા.

અત્યારે પાછલા પહોરના ચાર વાગ્યા હતા, સૂર્ય પર્વત ઉપરનાં ઝાડો પાછળ દૃશ્ય થયો હતો, અને તેના મધ્યાહ્નની ભભકમાંથી મુક્ત થયેલો પર્વતની પૂર્વ દિશાનો નીચો પ્રદેશ દીર્ઘ છાયાના પટ ઉપર વધારે સ્પષ્ટ થયો હતો. ખડકને અઠીંગી સરસ્વતીચંદ્ર ઊભો થયો ત્યાં આ વિશાળ પ્રદેશ ઉપર તેની દૃષ્ટિ પડી. એક પાસ મૃગજળ, આસપાસ વનની ઘટા, વચ્ચે વચ્ચે રસ્તાઓની રેખાઓ, તળાવોનાં કૂંડાળાં અને સ્ત્રીઓનાં વસ્ત્રોની કોરો જેવી સ્થળે ઉઘાડી — સ્થળે ઢંકાયેલી નદીઓ; એ સર્વ ચિત્રોથી ભરેલા પટ ઉપર દૃષ્ટિ પડતા સરસ્વતીચંદ્રની આંખ ચમકી અને અઠીંગણ મૂકી દઈ તે બોલ્યો:

'Woods over woods in gay theatric pride! '

વળી થોડી વાર રહી બોલ્યો:

'Amidst such stores shall thankless pride repine! [1] '

વળી અટકી બોલ્યો:

'Creation's heir, the world, the world is mine [2] ! '

2 Oliver Goldsmith.

ભવજળ તરવા નૌકા થાય.' શંકરાચાર્ય.

શેતરંજની બાજી જેવા પટ પર પડેલાં મહોરાંઓ પછી મહોરાંઓ ગણતાં ક્ષિતિજભાગમાં રત્નનગરીના મહેલો અને બુરજોના શિખરભાગ, સ્ત્રીની કંચુકીની બાંય ઉપર રંગેલાં અને ભરેલાં ટપકાં જેવા જણાવા લાગ્યા અને ત્યાં આગળ દૃષ્ટિ અટકી. દૃષ્ટિ અટકતાં તર્કરાશિ વિશ્વકર્મા પેઠે સૃષ્ટિ રચવા ઊભો થયો.

દક્ષિણમાંથી કુમુદસુંદરી અને ઉત્તરમાંથી વિષ્ણુદાસની પ્રતિમાઓ ચાલી આવી અને સરસ્વતીચંદ્રની બે પાસ વિહારપુરી અને રાધેદાસની પેઠે ઊભી રહી. તે પ્રતિમાઓનાં મુખમાંથી તેમના જેવા કંઠથી વારાફરતી સ્વર નીકળવા લાગ્યા.

કુમુદસુંદરીની પાસથી સ્વર નીકળ્યો:

૧ *'गेहे गेहे जंगमा हेमवल्ली।'*

વિષ્ણુદાસની પાસથી સ્વર નીકળ્યો:

૨ *'मार्गे मार्गे जायते साधुसङ्गः।'*

સરસ્વતીચંદ્ર સ્થિર થઈ ચિત્ર પેઠે ઊભો. પ્રતિમાઓ દૃશ્ય થઈ, માત્ર સ્વર સંભળાવા લાગ્યો:

3. *‘क्षणमपि सज्जनसंगितरेका भवति भवार्णवतरणे नौका।’*

આ પરસ્પર વિરુદ્ધ સ્વરો વચ્ચે ગૂંચવાતાં સરસ્વતીચંદ્ર પાછો ફર્યો અને આશ્રમ ભણી ચાલવા લાગ્યો. થોડી વારમાં કુમુદસુંદરીની પ્રતિમા તેની પાસે આવી જોડે જોડે ધીમે પગલે ચાલવા લાગી, અને ઊપડતે પગલે ગાવા લાગી. ગાતી ગાતી સાથે ચાલી — પગ ઉપાડવા લાગી:

‘લીધો લીધો ભગવો વહાલે ભેખ, સુંદર થયો જોગી રે,

મને વહાલો લાગે એનો વેશ, થયો બ્રહ્મભોગી રે. લીધો

ચંદ્રજોગીની સાથ કુમુદ જોગણ થઈ ચાલી રે,

વહાલા! પ્રીતિનો સાજીશું મેળ, રમીશું મહાલી રે. લીધો.

રૂડા સુન્દરગિરિને કુંજે લીલી છે લીલોતરી રે,

શીળી છે છાય; બેસી ત્યાં શોકસમુદ્ર જઈશું તરી રે. લીધો .

પેલા પથ્થર બે દેખાય, વચ્ચે શિલા સાંકડી રે,

સમાઈ ત્યાં બે બેસીશું કાલ, કરીશું જ્ઞાનગોઠડી રે. લીધો.

જૂઠા જગનો કીધો છે ત્યાગ, સાચો રસ ઝીલીશું રે,

એમાં ન મળે આળપંપાળ, અદ્વૈતથી રીઝીશું રે.’ લીધો,

ગાનમાં લીન થઈ, પ્રતિમાનો હાથ ઝાલવા અને તેને પ્રશ્ન પૂછવા જતો સરસ્વતીચંદ્ર છેતરાયો; કોઈ હાથમાં આવ્યું નહીં, પ્રતિમા દૃશ્ય થઈ અને તેને સાટે વચ્ચે આવતી મોટી શિલાનો પડદો દૃષ્ટિ આગળ ઊભો.

---

૧ . ચન્દ્રવિકાસી કમળ = કુમુદ.

૨ . યજ્ઞ કરનાર-કરાવનાર ‘ગોર’ તે ઋત્વિજ્, ‘*ऋत्विग्यज्ञकृत* ’ - તેના ચાર વર્ગ: ૧. હોતા ઋગ્વેદના મંત્ર ગાય. ૨. ઉદ્ગાતા - જે સામવેદનું ગાન કરે. ૩. અધ્વર્યુ. ૪. બ્રહ્મન્. આમાં અધ્વર્યુ યજુર્વેદ ભણે તેમાં *होता प्रथमं शंसति तमध्वर्युः प्रोत्साहयति* યજ્ઞની સામગ્રી તત્પર કરવી અને હોતાનું પ્રોત્સાહન કરવું એ અધ્વર્યુનું કામ.

૧ . ‘ઘેરે ઘેરે સોનાની વેલ જંગમ દીપે રે.’ શુકરંભાસંવાદ.

૨ . ‘માર્ગે માર્ગે સાધુનો સંગ સાધુને થાય રે.’ શુકરંભાસંવાદ.

૩. ‘ક્ષણ પણ સજ્જનસંગાતે થાય,

૩. સૌંદર્યનો ઉદ્યાન અને કુસુમનો વિકાસ

'अनाघ्रातं पुष्पं किसलयमलूनं कररुहै :

अनाविद्धं रत्नं मधु नवमनास्वादितरसम् ।

अखण्डं पुण्यानां फलमिव च तद्रूपमनधम्

न जाने भोक्तारं कमिह समुपस्थास्यति विधि :।।'

- 'અણસૂંઘ્યું ફૂલ, નખ વડે પણ અણચૂંટી કળી, અણવીંધ્યું રત્ન, અણચાખ્યું નવું મધ, ખંડિત થવા ન માંડેલું પુણ્યોનું ફલ; એ સર્વના જેવું ડાઘ વગરનું આનું રૂપ છે; તેને ભોગવવા કિયા ભોગવનારાને વિધાતા મોકલશે એની મને સમજણ પડતી નથી.' સુંદર કન્યા શકુન્તલા વિષયે દુષ્યન્તને આવી ચિંતા પડી હતી. તે શ્લોકમાંથી *' तद्रूपमनधम् '* -'ડાઘ વગરનું આનું રૂપ' એટલા શબ્દોને ઠેકાણે *' मेधा हि दुहितु :'* - 'દીકરીની મેધા એટલે બુદ્ધિના ચમકારા' એટલા શબ્દ ગુણસુંદરીએ મૂકી દીધા હતા, અને એ શબ્દોથી વારંવાર તે ઊગતી કુસુમની ચિંતા કર્યા કરતી હતી. તેમાં હાલમાં તો એક પાસથી કુમુદની ચિંતા અને બીજી પાસથી કુસુમની ચિંતા એ બે દુ:ખથી ભરેલાં બે ત્રાજવાંના ભાર એના મનની દાંડીને બે પાસથી નમાવતા હતા.

માતાને પુત્રીનું દુ:ખ અસહ્ય શલ્યરૂપ થાય છે તેનો અનુભવ ગુણસુંદરીને હવે પૂર્ણ કળાથી થવા માંડ્યો. જુવાનીમાં શ્વસુર કુટુંબના ત્રાસદાયક ભાર નીચે ચગદાઈ, કુટુંબિનીને યોગ્ય ઉદાર સ્વભાવથી, કુલીન વહુને સ્વાભાવિક ક્ષમાથી, ચતુર નારીના લક્ષણરૂપ ધૈર્યથી, શૂરી સ્ત્રીઓમાં સ્ફુરતી ધુરંધરતાથી, પતિની સાથે એક જ ધુરીએ જોડાઈ પતિનો ભાર હળવો કરવા તેની સાથે દોડવામાં પાછળ ન પડવાના પતિવ્રત ઉત્સાહથી, કુટુંબજાળ જોત ઊકલી જતાં સુધી ગુણસુંદરી શરીરમાં, બુદ્ધિમાં અને સર્વ વાતમાં સતેજ રહી શકી હતી. એ જાળમાંથી મુક્ત થતાં, પતિની સમૃદ્ધિ વધતાં, દરિદ્ર દશાના ધર્મના અનુભવને અંતે રત્નનગરીના પ્રધાનની પત્નીના સમૃદ્ધિધર્મમાં ચતુર ભાગ લેવામાં આ આર્યા આગળ પડી હતી; પણ એ સમૃદ્ધિને સમયે બે પુત્રીઓની ચિંતા પ્રથમ કાળની ચિંતાઓ કરતાં તેને અધિક દુ:સહ લાગી. દુ:ખકાળે ઊછરેલી, દુ:ખોમાં ધાવેલી રંક કુમુદસુંદરીની બુદ્ધિસુંદરતા ભોગવવા મળેલો મૂર્ખ સ્વામી એ સુંદરતા ભોગવી શક્યો નહીં, ત્યારે ઊછળતી કુમુદસુંદરીની સુંદરતા ભોગવનાર જડતો પણ ન હતો. એ બે દુ:ખ વચ્ચે કિયું દુ:ખ અધિક ગણી સંભારવું અને કિયા દુ:ખને ન્યૂન ગણી ભૂલવું તે તેમની માતાને સૂઝતું ન હતું.

મેનારાણીના બાગમાંથી પોતાને ઘેર આવી આ દુ:ખી અબળા એક આરામખુરશી ઉપર પડી અને મુખ ઉપર છાતી ઉપરનો છેડો ઢાંકી થોડી વાર મનમાં ને મનમાં રોઈ. અંતે આંખો લોહી, મુખ ઉઘાડી, કુમુદને સંભારી

પ્રમાધનને ઉદ્દેશી તેને ઠપકો દઈ તેની પાસેથી ન્યાય માગતી હોય તેમ, કંઈક ક્રોધથી અને કંઈક દયામણા મોંએ ગાવા લાગી:

** नैसर्गिकी सुरभिण: कुसुमस्य सिद्धा*

मूर्ध्नि स्थितिर्न चरणैरवताडनानि।

'અથવા — બેટા પ્રમાદધન! તને ગુણ ઓળખતાં જ ન આવડ્યા તો તેનો સ્વાદ તું શી રીતે ભોગવે?

'गुणा गुणज्ञेषु गुणा भवन्ति ते निर्गुणं प्राप्य भवन्ति दोषा:

सुस्वादुतोया: प्रभवन्ति नद्य: समुद्रमासाद्य भवन्त्यपेया:।।'

'અરેરે! મીઠી નદીને ખારા સમુદ્રમાં ભેળવી ખારી કરી નાખવાનું પાપ તે તો મારે જ માથે — સમુદ્રને શો ઠપકો દેવો? તે તો મૂળથી જ ખારો હતો. મીઠાં સાસરિયાંની લાલચે ખારો વર આપનાર મૂર્ખ માબાપ તો અમે જ! મૂર્ખાઈ અમારી ને ફળ ભોગવે બિચારી કુમુદ! શો માબાપનો તીર્થધર્મ! હરિ! હરિ!' આંખમાંથી આંસુની ધારા ચાલી રહી.

વળી મેનાના બાગમાં બોલતી કુસુમને સંભારી વિધાતાને ગૂંચવાયેલે મુખે કહેવા લાગી:

' अखण्डं पुण्यानां फलमिव च मेधा हि दुहितुर्

न जाने भोक्तारं कमिह समुपस्थास्यति विधि:।'

એટલું બોલી ફરી દીર્ઘ નિ:શ્વાસ મૂક્યો અને દુ:ખથી થાકી, ઊભી થઈ, બારી બહાર પોતાની વિશાળ વાડી ઉપર દૃષ્ટિ ઠારી આશ્વાસન શોધવા લાગી.

આ વાડી રત્નનગરી અને મુંબઈ બેના નમૂનાઓના મિશ્રણરૂપ હતી. પ્રધાનપદે ચડ્યા પછી મહારાજની ઇચ્છાનુસાર અને નવી પદવીને યોગ્ય પ્રાસાદ-મહેલમાં વિદ્યાચતુરને જવું પડ્યું હતું અને તે પ્રાસાદ નગરની બહાર એક મોટા x ઉદ્યાનમાં હતો. આ પ્રાસાદ અને ઉદ્યાનની વ્યવસ્થા પ્રધાનપત્નીએ લીધી હતી, અને સંસ્કૃત તથા અંગ્રેજી વિદ્યાઓની રસિકતાને અનુસરી તેમાં સામગ્રી સજવામાં આવી હતી. નવા વૈભવને અનુસરી, દિને દિને નવા ગ્રંથો — નવા અતિથિઓ — અને નવાં અવલોકનમાંથી સૂચનાઓ લઈ સારગ્રાહિણી આ સામગ્રીઓમાં ફેરફાર કરતી. ગ્રીષ્મ, વર્ષા અને હેમંતાદિ ઋતુઓ, પ્રાત:કાળ, મધ્યાહ્ન, સાયંકાળ, રાત્રિના પ્રથમ પ્રહર, ચંદ્રિકાસમય, અંધકારસમય મિત્રમંડળને ફરવા બેસવાના પ્રસંગ, રાજવર્ગ અને લોકવર્ગના મેળાવડા, સ્ત્રીવર્ગની સમર્યાદ

ગોષ્ઠીઓ, દંપતીના એકાંત વિનોદવિહાર, સુખના ઉત્સાહ, શોકના અવસાદ, પ્રધાનચિન્તાને આવશ્યક વિચારોત્તેજક ઉત્સાહક સ્થાન અને સ્ત્રીજાતની રંક ચિન્તાઓની ઝીણી જાળીઓની ગાંઠો ઊકલી જવા યોગ્ય ખૂણાઓ: આવા અનેક પ્રસંગો, સ્થાનો અને વિષયોને યોગ્ય કુંજો, ગલીઓ, ફુવારા, ઝરા, નાનાં તળાવો, ઝાડોની ઘટાઓ, રેતીનાં અને ઘાસનાં ઉઘાડાં મેદાન જેવા ભાગો, ઊંડી ગુફાઓ, નીચાં કોતર, ઊંચા પર્વતનાં અનુકરણ અને કૃત્રિમ મિનારાઓ: આ સર્વ ઉદ્યાનના જુદા જુદા ભાગમાં ગુણસુંદરીની ચિંતાએ ખડાં કર્યાં હતાં. પ્રધાનને પોતાની સમૃદ્ધિ સાચવનારી પત્ની મળી એમ સર્વ કોઈ કહેતું. આ ઉદ્યાનનું નામ મણિરાજે સૌંદર્ય ઉદ્યાન પાડ્યું હતું. એમાં રાજા અને રંક, વિદ્વાન અને મૂર્ખ, બાલક-યુવાન અને વૃદ્ધ, સર્વને પ્રસંગે પ્રસંગે આમંત્રણ થતું; અને તેમનો સત્કાર કરી, તેમનાં હૃદય ઉઘાડી, ચતુર પ્રધાન પ્રજાનાં સુખદુ:ખ સમજવા પ્રયત્ન કરતો, તેમનું પ્રોત્સાહન કરવામાં તેમ જ તેમને અંકુશમાં રાખવાનાં સાધન પામતો અને સર્વ લોક ઉપર ભયપ્રીતિનું રાજ્ય કરી, મહારાજની આજ્ઞાઓ સર્વત્ર વર્તાવતો, મહરાજના પોતાના હૃદયમાં પ્રજારૂપ પત્ની પરનો પ્રણય ભરતો અને પ્રિયાનો અનુનય કરવાની તત્પરતા અને દક્ષિણતામાં આ યુવાન નાયકને કેળવતો, પ્રજાના પ્રવાહની લગામો ઉદયદિશા ભણી ખેંચતો અને રાજ્યના મહારથીનું સારથિપણું સિદ્ધ કરતો. આ સર્વ ધર્મકાળે ગુપ્ત રહી ધર્મમાં વર્તતી એ ધર્મોની સહધર્મચારિણી પતિના તેજનું આધાન ધરવા સમર્થ હતી, અને પત્ની હૃદયરૂપ ક્ષેત્રમાં પ્રધાન-ઉત્સાહનાં બીજ આ સૌંદર્ય ઉદ્યાનમાં વવાતાં.

આ સુંદરતાના ઉદ્યાનમાંથી નાની કુસુમનો વિકાસ કરવાનાં સ્થાન રચવામાં માતા જાગ્રત રહેતી. ઉદ્યાન તૈયાર કરતાં ત્રણેક વર્ષ ગયાં હતાં અને ભાગ્યહીન કાળમાં જન્મેલી કુમુદ પરગૃહમાં જવા યોગ્ય થઈ ત્યાં સુધી આ ઉદ્યાન સંપૂર્ણ થયો ન હતો, અને સરસ્વતીચંદ્રનો સંબંધ પળવાર એના ભાગ્યાકાશમાં ચમકારા કરી રહ્યો એટલો કાળ એ આ ઉદ્યાનનો લાભ પામી એના વિયોગ સાથે ઉદ્યાનથી પણ જુદી પડી, અને એનું દુર્ભાગ્ય એને જોતજોતાંમાં પરગૃહમાં ઘસડી ગયું. જે વિધાતાએ એના ભાગ્યનો અસ્ત કર્યો તેણે કુસુમનો ઉદય કર્યો, અને કુટુંબોપાધિથી જે માતાએ પ્રથમ પુત્રી કુમુદને પારકે હાથે ઊછરવા દીધી હતી તે માતાએ બીજી પુત્રી કુસુમને પોતાના હાથમાં લીધી. પ્રધાનના આવાસનો જે ભાગ સ્ત્રીવર્ગ માટે રાખેલો હતો તેની પાછળનો ઉદ્યાનભાગ કુસુમને માટે તૈયાર કરાવ્યો હતો. આ ઉદ્યાનભાગમાં કુસુમને એકાંત બેસવા, ઊઠવા, અભ્યાસ કરવા, શરીરને વ્યાયામ આપવા, વિનોદ લેવા, અને સર્વથા નિર્દોષ સ્વતંત્રતા લઈ વિકાસ પામવા જેટલી સામગ્રી જોઈએ તેનો સંભાર ભરેલો હતો. છતાં ઊગતી યુવાવસ્થાની સ્વતંત્રતાને સ્થાને અયોગ્ય નિરંકુશતા પેસી જવા પામે નહીં, કુસંગતિનો વા સંચાર કરી શકે નહીં, વર્જ્ય કરવાના મનોવિકાર ચેપી રોગની પેઠે ફાટી નીકળે નહીં, સદભ્યાસ વચ્ચે દુરભ્યાસ ડોકિયાં કરે નહીં,

અને ઉત્કૃષ્ટ વૃક્ષો વચ્ચે કાંટાવાળાં ઝાડ ઊગે નહીં: તે સર્વ વિષયોમાં સજ્જ રહેવા એ વ્યવસ્થા રાખી હતી કે આ કુસુમોદ્યાનના સર્વ ગુપ્ત પ્રકટ ભાગો ઉપર પોતાની આરામખુરશી ઉપરથી, પોતાના હિંદોળા ઉપરથી, અને પોતાની અને સુન્દરગૌરીની બારીઓમાંથી, બેસતાંઊઠતાં અને જતાંઆવતાં નિત્ય દૃષ્ટિ પડ્યાં કરે. પ્રિય પુત્રીનાં બુદ્ધિપ્રભાવ સ્વતંત્ર વિકાસ પામે અને અગમ્ય સ્થાને સરી જાય નહીં એ બે ફળ એક જ વૃક્ષ ઉપર એક જ ઋતુમાં આણવા ઉપર સૌંદર્યઉદ્યાનની અનિમિષ ધારણા હતી.

અંતર્દુ:ખથી થાકી, બાહ્ય આશ્વાસન શોધવા, ગુણસુંદરી બારી આગળ ઊભી ત્યાં નીચેના કુસુમોદ્યાન ઉપર દૃષ્ટિ ગઈ, અને કામાર્તાને ચંદ્રદર્શન પ્રતપ્ત કરે તેવી રીતે કુસુમોદ્યાનમાં વિકસતી રમણીય કુસુમનું દર્શન તપ્ત માતાને પ્રતપ્ત કરવા લાગ્યું.

માતાની દૃષ્ટિ પડી તે વેળાએ નિર્દોષ કુસુમ પોતાના ઉદ્યાનમાં એવું શું કરતી હતી કે માતાને સંતાપ થાય?

બારી નીચે પાસે એક માંડવો હતો, તેને ચારે પાસે લાકડાની ચીપોની જાળી હતી. અને છતને ઠેકાણે ચાર પાસનાં વૃક્ષોની શાખાઓને આધાર આપી જાળીને મથાળે થઈને વચલા ભાગમાં એકબીજા સાથે ગૂંથાઈ જાય એમ વાળવામાં આવી હતી. જાળીની ચારે પાસે વેલાઓ ચડાવી દીધા હતા તેના ઉપરનાં લીલાં પાંદડાંઓના ઉપર ભૂરાં, ધોળાં, પીળાં, કાળાં અને લાલ ફૂલોએ ભાત પાડી હતી. લીલા રંગથી પુત્રીની આંખોની સંભાળ રાખવાના આ સુંદર માંડવા વચ્ચે ભૂરા, લાલ અને ધોળા કાચની ખુરશીઓ, બાંક અને ટેબલ ગોઠવેલાં હતાં તેમાં કુસુમ પુસ્તકો સાથે કાળ ગાળતી.

આ માંડવામાંથી નીકળવાના દ્વાર આગળ બટમોગરા અને ગુલાબના છોડ દ્વારપાળ પેઠે ઊભા રાખેલા હતા. એ દ્વાર સામે નાનો સરખો પાણીનો કુંડ હતો. એ કુંડની બે પાસ પિત્તળની જાળીઓ અને બે પાસ પગથિયાંવાળા આરસના આરા બાંધેલા હતા.ગુણસુંદરી બારી આગળ ઊભી તે વેળા કુસુમ એક પાસની જાળી આગળ આવી ઊભી હતી. એને શરીરે વસ્ત્ર ન જેવાં હતાં. ધોળો ગવનનો ચણિયો પહેર્યો હતો, પણ તેનો કચ્છ વાળી દીધો હતો, અને જંઘા અને પગ ઉઘાડાં હતાં તે સાથે સાથે રોપેલી કેળોના થાંભલા જેવા દેખાતા હતા, અને તેનો રંગ કેળમાંથી નીકળી આવેલા ગર્ભના જેવા રંગવાળા ચણિયામાં મળી જતો હતો. કચ્છ વાળેલા ચણિયાની ઊભી કલ્લીઓ કેળોના માથાનાં પાંદડાં જેવી હતી. ચણિયાને મથાળે કમળનાળ વીંટી દીધી હોય તેમ નેફો અને નાડું લાગતાં હતાં; અને નાડાના શિરોભાગની ગાંઠ આગળ, અને તેની નીચે ચારપાંચ આંગળ સુધી તંગ કરેલા બે પાસથી ખેંચાતા નેફાની ગાંઠ પાસેની ચણિયાની ફાટમાંથી દીસી આવતા બીડેલા કમળપુટના જેવા ઉદરભાગને શિરે, પરાગમાં ભરાઈ ધોળો-પીળો થયેલો ભ્રમર કમળદળ ઉપર બેઠો હોય તેના જેવું નાભિમંડળ બેઠેલું દૂરથી પણ દેખાતું હતું. આના ઉપર એવા જ વસ્ત્રની ચોળી પહેરેલી

હતી તેના અધોભાગ અને નેફાની વચ્ચે પણ ઉજ્જ્વલ શરીર, ચણિયો કાઢવા કેડની ઉપર ચડાવેલી સુવર્ણમેખલા જેવું, ચંદ્રોદય પહેલાં કોમલ તેજના પટાવાળા પ્રાચીમુખ જેવું, નયનને હરનારું થઈ પડ્યું હતું. તસતસતી ચોળીના આગલા ભાગમાં બોરિયાને ઠેકાણે રૂપાના આંકડાની હાર હતી, અને ભરાતા શરીરની ખેંચતાણથી એ આંકડા વચ્ચે દેખાઈ આવે એમ રહેવા દઈ ચોળીની બે કોરો એકબીજાની દૂર તણાઈ જઈ વચ્ચેના મોહક શરીરને ગુપ્ત રાખવાના યત્નમાં હારતી હતી. આવી રીતે દીસી આવતી ઉદરભૂમિમાંથી ઊગતી ગૌર અંગની ઊભી રેખા એક વેલી પેઠે કશાને આધારે ટેકાઈ ચળકતી હતી, તેને વચગાળે પર્વેપર્વે ફૂલ જેવા રૂપાના આંકડા સૂર્યતેજથી વિશેષ ચળકાટ મારતા હતા, અને વેલીને શિરે બે પાસ સુંદર ઘાટવાળાં ગોળ ફળ ઝૂકી રહ્યાં હતાં. આ સુંદર રૂપવાડીને યોગ્ય કોઈ ભોક્તા ન દેખતી હોય તેમ મુખ ઉપર બે હાથની હથેળીઓ ઢાંકી કુસુમ જાળી આગળ ઊભી રહી હતી, અને આ ઢાંકેલા મુખ નીચેનું રૂપ ફરી ફરી નખથી સ્કંધ સુધી જોઈ બારીએ ઊભેલી માતા નિ:શ્વાસ મૂકતી હતી, અને મનમાં ફરીફરી ગાતી હતી કે

‘न जाने भोक्तारं कमिह समुपस्थास्यति विधि:।।’

‘ઓ પ્રભુ! આને માટે તેં કિયા નરને સરજેલો છે? મને તો કોઈ દેખાતો નથી. તો એને જ શું કરવા સરજી?’

આમ વિચાર ચાલે છે એટલામાં કુસુમ પાસેના એક પાતળા ઝાડને બાઝી, તેનો વાંસો લટકતા કેશભારથી ઢંકાઈ ગયો, જોતજોતામાં ઉપર ચડી, બે શાખાઓના વચાળામાં ઊભી રહી, અને આકાશમાંથી નાજુક વાદળ ત્રૂટી પડે તેમ કુંડમાં કૂદી પડી, પા ઘડી પાણીને ચીરી પાણી તળે દૃશ્ય થઈ પાછી ઉપર આવી, અને પાણીની સપાટી ઉપર હલેસાંથી તરતી રંગેલી નાની વિહાર તરણિ * પેઠે સુંદર હાથના ટૂંકા વામ ભરતી ભરતી તરવા લાગી. પાણીમાં પડી તે વેળાએ કપાયેલા પાણીની છોળો ઊંચી ઊછળી અને ચોપાસ વૃષ્ટિગૃહ-ફુ-વારા-વચ્ચે પાણી ઉરાડતી રમતી રમતી ભીના લાંબા કાળા કેશભારને શરીર ઉપર તરાવતી ખેંચતી જાતે તરવા લાગી, અને પુત્રીની કળાવિકાસના ગર્વથી સ્ફુરતી પણ બીજે વિચારે દુ:ખમાં ડૂબી જતી માતાની દૃષ્ટિ આંસુના વર્ષાગૃહ વચ્ચે પુત્રીની પાછળ તરવા લાગી.

એટલામાં સુંદર પાછળથી આવી, ગુણસુંદરીની પાછળ ઊભી રહી અને કહેવા લાગી: ‘ચંદ્રકાંતભાઈ જોડેના ખંડમાં એકલા અત્યંત શોકમાં બેઠેલા છે.’

ગુણસુંદરી વિચારમાંથી જાગી. ચંદ્રકાંતવાળા ખંડમાંથી સ્વર આવતો હતો તે સાંભળી બહાર ઊભી. ચંદ્રકાંત શોકમગ્ન મુખથી એક ખુરશી પર પડી, માથે હાથ મૂકી, મનમાં એક શ્લોક ફરી ફરી ગાતો હતો પણ પાસેથી કાન માંડનારથી તે સંભળાતું હતું:

'लावण्यद्रविणव्ययो न गणित:क्लेशो महानर्जित :

स्वच्छन्दं चरतो जनस्य हृदये चिन्ताज्वरो निर्मित:।

एषापि स्वगुणानुरूपमणाभावाद्वराकी हृता

कोऽर्थश्चेतसि वेधसा विनिहितस्तन्वीमिमां तन्वता।।' [x]

આ શ્લોક ગુણસુન્દરીના દુ:ખ સાથે સુસંવાદી થયો.

ગુણસુંદરી સ્તબ્ધ બની. ચંદ્રકાંત બબડ્યો: 'સરસ્વતીચંદ્ર, તું સ્વચ્છંદ વિહાર કરતો હતો તેમાંથી તારા હૃદયમાં ચિન્તાજ્વર પ્રગટ્યો તો તું આમ ભટકે છે. જેને માટે તું આટલા જ્વરમાં સપડાયો તેને બિચારીને વાનરકરમાં ફૂલ ગયા જેવું થયું. અને તેનું કારણ પણ તું જ!'

ગુણસુંદરીએ સુંદરનો ખભો હાથ વડે દાબ્યો.

વળી ચંદ્રકાંત બોલવા લાગ્યો: 'હરિ! હરિ! બની જોડ ત્રૂટી! બનવાની જોડતી પાંખો વચ્ચે વધારે ને વધારે જ અંતર પડે છે — હરિ! હરિ! બની બનાઈ બન રહી — અબ બનનેકી નાહીં-'

ગુણસુંદરીએ છાતી ઉપર હાથ દાબ્યો અને કાન આતુરતાથી ધર્યા. ચંદ્રકાંત પ્રથમ બોલવા અને પછી નિ:શ્વાસ મૂકી ગાવા લાગ્યો: 'એક વાર જોડ થઈ હોત તો થઈ હોત. હવે બીજી જોડ બંધાવી અશક્ય.

'ક્યાં તુજ તે વૈરાગ્ય, રસિક! તુને ભટકાવી લઈ જ જશે?

ક્યાં હરિણાક્ષી હરિણી સમી સ્વચ્છંદ વિહારવને ફરશે?

પકડાઈ ગયો પળવાર અલિ સરસિજઉરે રજનિ પડતાં,

થયું પ્રાત, ગયો ઊડી, ના સપડાય અનુભવી દક્ષિણ કંઈ કરતાં! ફરવું સ્વચ્છંદ ગમ્યું તુજને, ફરવું મૃગીને સ્વચ્છંદ ગમ્યું,

નહીં મન્મથજાળ સમર્થ દીસે, ઉભયે સ્વચ્છંદપણું જ વર્યું! '

'દુ:ખી બિચારા લક્ષ્મીનંદન! તમારી વૃદ્ધાવસ્થામાં જે ભાગ્યબળે તમે પોતાના દુ:ખનું નિમિત્ત થઈ પડ્યા, તે જ ભાગ્યને બળે તમારા પુત્રને બંધનમાંથી છોડ્યો. નહીં પરણું — નહીં પરણું — કહેનાર પુત્ર પિતાને પ્રસન્ન રાખવાના જ હેતુથી વીંધાવા તત્પર થયો, અને એ હેતુ સધાય એમ નથી એમ જાણતાં, માથે પડતી જાળમાંથી છલંગ મારી નાસી ગયો! હવે એને મારે ક્યાં શોધવો?'

ચંદ્રકાંત વિચારનિદ્રામાં પડી ગયો, અને સુન્દરગિરિનું સ્વપ્ન તેમાં ખડું થયું.

‘સુંદરભાભી, આ સાંભળવાથી નથી સુખ આપણને — અને નથી તેમને. સરસ્વતીચંદ્ર જડશે તોપણ તેમાં કુસુમનો સ્વાર્થ સધાય એમ નથી. એક પાસથી ના હોય તો બીજી પાસને મરડીએ. પણ બે પાસનું વાંકું ત્યાં સીધું કરવું કઠણ, સરસ્વતીચંદ્રને પુત્ર જેવા ગણ્યા છે ને તેમને માટે કાળજું બળે છે માટે તેમને શોધવાનો સ્વાર્થ તો એટલો ખરો. બાકીની વાતમાં મન ઘાલવું તે નકામું છે.’ ગુણસુંદરી ધીરે રહી બોલી.

‘ભાભીજી, મારા જેવાં તો ધીરજ હારે. પણ સૌને ધીરજ આપનારાં તમારા જેવા અનુભવી માણસ નિરાશ થાય એ નવાઈ છે. જુઓ, છોકરવાદીની પણ ઋતુ છે તે બેને બેઠી છે ને બેની ઊતરશે. મને એણી પાસથી રજ બીક નથી લાગતી. પણ કુમુદના ઉપર જેની આટલી પ્રીત તેને મન કુમુદની બહેન અણખપતી ચીજ વસે તો બીક ખરી.’ સુંદર બોલી.

ચંદ્રકાંતનો સ્વર ફરી નીકળ્યો ને આ વાતો ફરી બંધ થઈ. તેના મુખ ઉપર કંઈક સ્મિત, કંઈક હાસ્ય ફરક્યું.

‘કુસુમસુંદરીનો કુમારિકા રહેવાનો અભિલાષ રમણીય છે. તપોવનના હરિણના હૃદય પેઠે એનું હૃદય બાલભાવના ઉત્સાહથી ભરેલું છે, વ્યવહારસૃષ્ટિની રચનાના ભયનો લેશ દેખી શકતું નથી, નિર્દોષ સ્વતંત્ર વિહારના સ્વપ્નથી મોહ પામે છે, સંસારની ભોગસૃષ્ટિના દોષ જોઈ શકે એટલી એની બુદ્ધિ ચકોર છે, ધારેલો અભિલાષ પૂર્ણ કરવાના માર્ગ શોધી શકે એવી એની તર્કશક્તિ છે, અવલોકન કરી નવા વેશ કાઢે એવી દક્ષ છે — અને — અને મારા મિત્રને રમકડા પેઠે એ રમાડે અથવા — મિત્રને રમવાનું રમકડું થાય એવી એ રમતિયાળ છે.’

ગુણસુંદરી ફરી સ્તબ્ધ બની અને ચિત્ર પેઠે ઊભી. એની પાછળ હાથ નાખી એને દાબી સુંદર ઊભી.

‘પણ આ સર્વ ખેલ લોકાચારથી વિરુદ્ધ છે. વિદ્યાચતુર જેવું રાજકીય પાણીમાં ઝબકોળાયેલું માણસ આવાં મતતંત્ર (theories) વડે દોરાય એ અશક્ય છે. પણ આને આટલા કાળ સુધી આમણે કુંવારી રાખી છે તે પણ નવાઈ છે. જો એના જેવો વિદ્વાન, દ્રવ્યવાન, વીર અને દૃઢ આગ્રહી પુરુષ મુંબઈનગરીના સ્વતંત્ર પવનમાં પ્રાણગ્રાહી થયો હોય તો તો નક્કી આવા રમણીય સ્વતંત્ર પક્ષીને લગ્નના પંજરમાં પૂરે નહીં. એ પક્ષીને વિશાળ આકાશમાં ઊડતું જોવાનો મને અને મારા જેવાઓને લોભ થાય એમ છે. પણ આ તો દેશી રાજ્યનાં બાંધેલા પાણીમાં બંધાઈ ગયેલાં માછલાંઓને અસ્વાભાવિક અને અવ્યાવહારિક લાગવા જેવી વાત! પ્રિય મુંબઈ! મારી સ્વતંત્ર અમરાવતી! નિર્ધન હોઈને તારા સ્વતંત્ર વિશાળ સાગરમાં તરવું અને એનાં મોજાંને માથે ચડવું એ દિવ્ય અધિકાર આ દેશી રાજ્યના મોટા મોટા

મિથ્યાભિમાની રાજાઓથી ને પ્રધાનીથી સમજાય એમ નથી! એમને મન મારા જેવા રંક મનુષ્યો છોકરવાદી, ઘેલા, મૂર્ખ અને નિર્માલ્ય! મારા જેવાઓને મન રાજાઓ, પ્રધાનો અને શ્રીમંતો દ્રવ્ય-કપાસનાં મેલાં ગાંઠાવાળાં ગોદડાં જેવા છે! માંરે તે દ્રવ્ય અને અધિકાર ચરણ તળેની ધૂળ જેવાં છે!

'Awake my St. John! and leave all meaner things To low ambition and to pride of kings . *

પવિત્ર પ્રિય ભર્તૃહરિ! તારા હૃદયનો *પરમાર્થ* મારા રંક હૃદયમાં પ્રગટ્યો છે:

'अधिगतपरमार्थान् पण्डितान् माऽवमंस्था :

तृणमिव लघु लक्ष्मीर्नैव तान् संरुणाद्धि।

अभिनवमदलेखाश्यामगण्डस्थलानाम्

न भवति बिसतन्तुर्वारिणं वारणानाम्॥'

ચંદ્રકાંતે ઓઠ કરડ્યા, તેને કપાળે ભ્રૂકુટી ચડી અને પગ ભૂમિ પર ઠબકાર્યો.

'Well, I feel my heart elated and buoyant. Poor as I am, I must find out my noble bird from its most hidden recesses, and rely upon my own strong arm, single and unaided, rather than suffer further delay at the hands of the proud indifference that reigns supreme within bosoms where my own dear business has no status! '

સુંદર કંઈ સમજી નહીં. ગુણસુંદરી સાંભળી રહી — નીચું જોઈ રહી. અધિકારજાળથી પ્રદૂષિત સ્ત્રીચિત્તમાં સરસ્વતીચંદ્ર ઉપરની પવિત્ર પ્રીતિના આ સ્વતંત્ર સંસ્કારનો પ્રતિધ્વનિ થયો. પોતાના સ્વામીને માથે આવેલો આરોપ અયોગ્ય છે એમ કહેવાયું નહીં.

ચંદ્રકાંત હસ્યો.

'મારું ચાલે તો પ્રધાનજીને પૂછું કે

* *वैखानसं किमनया व्रतमाप्रदानात्*

व्यापाररोधि मदनस्य निषेवितव्यम्।

अत्यन्तमेव सदृशेक्षणवल्लभाभि-

राहो निवत्स्यति समं हरिणाङ्गनाभि:॥'

'Here is an angel that can shake to the roots the foundations of society in my beloved Bombay, and revolutionize the fortunes of her sex in that my city of Gods, if only He-He would stoop-stoop to conquer-her .'

'That's pretty nearly impossible: He won't stoop any longer .'

એકદમ એનો સ્વર બંધ થઈ ગયો. તે આરામખુરસીમાં ડૂબી ગયો અને તેના મનમાં મૂક વિચારભાષા ઉદય પામી:

'I have committed a serious brunder. This loud soliloquy is a bad habit: out of place, out of time, and out of tune in this land of intellectual and sentimental bondage. Nay! we, Bombay fools, have loose and quarrelsome tongues and restless verbosity from which these men here who study and practise the ways of the business of life, are quite free, and their art is worth acquiring. There-too-my noble friend has got this noble art by birth and by instinct, while the pest of pauperism has left me a low-bred fool. Suppose, my wild utterances have assailed the sacred ears of my sweet hostess, what a wretched and ungrateful idiot must I have proved myself to her mind and how must I have marred its weetness with my sour effusions? '

આત્મપરીક્ષકને જાત ઉપર રોષ ચડ્યો, આ છેલ્લાં વાક્યો પણ મોટેથી બોલાઈ ગયાં, અને તેની સાથે એ પ્રસંગ વિનોદયોગ્ય ગણી ગુણસુંદરી હસતી હસતી છતી થઈ, અને એ ખંડમાં આવી. સુંદર પણ પાછળ આવી.

'ચંદ્રકાન્તભાઈ, ખારાખાટા સ્વાદ વગરનું ગળપણ જીભને કે પેટને કોઈને રુચે નહીં. અમારા રજવાડામાં અમે ખરીખોટી મીઠાઈ ચાખીએ તે વચ્ચે તમે મસાલો ચખાડો ત્યારે જ ઠીક લાગે. માટે અમને કે તમને કોઈને દોષ દેવાનો નથી.' ગુણસુંદરી ટોળ કરી બોલી.

ગુણસુંદરીને જોઈ તથા સાંભળી ચંદ્રકાંત આભો બન્યો. પોતાના મનનો ભય ખરો પડ્યો. પોતાથી બોલાયેલું શું શું સંભળાયું હશે અને શું શું નહીં સંભળાયું હોય એ વિચાર અને ગૂંચવાડાની ગાંઠ ઉકેલતાં પહેલાં મેધાવિની પ્રધાનપત્નીના પ્રશ્નને ઉત્તર દેવો આવશ્યક લાગ્યો:

'ગુણસુંદરીબહેન, સરસ્વતીચંદ્ર જેવા મિત્રો જોતાં મારા મનમાં મુંબઈનગરીનું અભિમાન વધે છે અને એ જ નગરીમાં ઊછરેલા મારા જેવા બ્રહ્મબંધુઓની ગ્રામ્યતા જોઈ એ અભિમાન ઊતરી જાય છે.

અધૂરામાં પૂરું મારા ખોવાયેલા રત્નના વિયોગ પછી એ રત્નના સહવાસથી જરીતરી આવેલા સંસ્કાર પણ મારામાંથી જતા રહેવા લાગ્યા છે, અને હવે તો સિંહીએ પાળેલા ઊંટને મળેલું ડહાપણ શોધવા વૃત્તિ થાય છે.'

'એ શું ડહાપણ?'

'પંચતંત્રમાં કથા છે કે સિંહનાં બચ્ચાં ભેગું ઊછરેલું ઊંટ તે સર્વની જનની સિંહી પાસે બડાશો મારવા લાગ્યું ત્યારે જનનીએ કહ્યું કે

શૂરોऽसि कृतविद्योऽसि सुवृत्तोऽसि च पुत्रक।

'यस्मिन् वंशे त्वमुत्पन्नो गजस्तत्र न हन्यते॥'

'આ ઉપરથી સિંહનાં બચ્ચાંઓના સહવાસને વાસ્તે પોતાને અયોગ્ય ગણી ઊંટ ત્યાંથી નાસી ગયું. હું ગમે તેવો પ્રયત્ન કરું છું તો પણ કુલીન સંસ્કારો મારામાં આવતા નથી, મારા ઉપર ઉપકાર કરનાર કુલીન જનોને હું મારી ગ્રામ્ય રીતિથી અપમાન કરી બેસું છું, અને તેમને જે ઉચ્ચ આચાર સહજ છે તેનો વિચાર થતાં પણ મને વાર લાગે છે. એમ છતાં વિચાર થાય છે ને તે પ્રમાણે આચાર કરવા જાઉં છું તો હાથમાં આવેલું પક્ષી ઊડી જાય છે. મારે માટે પણ ઊંટની પેઠે જવું એમ વિચાર થાય છે.'

ગુણસુંદરી હસીને બોલી: 'પણ તમારા ભાગ્યમાં તો ઊંટનું સદ્ભાગ્ય પણ નથી. ઊંટ સિંહગૃહ મૂકી ઊંટોમાં ગયું. પણ તમે તો સરસ્વતીચંદ્રનો સહવાસ શોધવા જાઓ છો એટલે ઊંટનું દૃષ્ટાંત પણ બેઠું નહીં.'

'એનામાં એક ગુણ એવો છે કે જેમ જેમ મારી છૂટી જીભની ગ્રામ્યતા એ વધારે વધારે અનુભવે છે તેમ તેમ મારા ઉપર વધારે વધારે પ્રીતિ રાખે છે; અને એની પ્રીતિ વધે છે એટલે મારું ચિત્ત અવશ થઈ એની પાછળ ભટકે છે. ગુણસુંદરીબહેન, એ ગ્રહની પાછળ હું ઉપગ્રહ પેઠે ભટકું છું — તે મારી ઇચ્છાથી નહીં પણ એના આકર્ષણથી.' ગંભીર અને નરમ બની જઈ રંક મિત્ર બોલ્યો.

ગુણસુંદરીને એની દયા આવી.

'ચંદ્રકાંતભાઈ, જે ચંદ્રના તમે આટલા કાંત છો એ ચંદ્રના કાંતને હાથમાં આવેલા અમે જવા દઈએ તો અમે પણ એ ચંદ્રના કિરણને અયોગ્ય જ ઠરીએ. શું તમે એમ ધારો છો કે સરસ્વતીચંદ્રને માટે મારું હૃદય બળતું નથી?' આટલું બોલતાં બોલતાં ગુણસુંદરીની આંખમાં આંસુની ધારા ચાલવા લાગી, અને એનો સુંદર હસ્ત એ આંસુ લોહવા જતાં જાતે જ એ આંસુથી નાહવા લાગ્યો અને હસ્તકમળ ઉપર ઝાકળના વરસાદ પેઠે આંસુ દીપવા લાગ્યાં.

ચંદ્રકાંતનું હૃદય ઓગળ્યું. ચતુર સ્નેહાળ પદ્મિનીનાં વચનામૃતથી આ હૃદયમાં નવો જીવ આવ્યો, અને સરસ્વતીચંદ્રના શોકમાં કુમુદસુંદરીની માતાને પ્રત્યક્ષ ભાગ લેતી જોઈ ચંદ્રકાંત પોતાને પોતાના જ કોઈ અવનવા કુટુંબમાં અવતરેલો અને ઊભેલો ગણવા લાગ્યો.

ગુણસુંદરી આગળ બોલવા લાગી:

'ચંદ્રકાંન્તભાઈ, હું પુત્રવિનાનીને ઈશ્વરે સરસ્વતીચંદ્ર જેવો ઉત્તમ પુત્ર આપેલો. મારા દુર્ભાગ્યથી ખોવાયો. રંક અને ભાગ્યહીન કુમુદનો ઘા મને ઘણી પાસથી પડ્યો. હોય! પુત્રીઓ તો સ્ત્રીજાતિને સ્વભાવસિદ્ધ રંક દશા માટે નિર્માયેલી જ છે. પણ સરસ્વતીચંદ્ર જેવા પુત્રનું સુખ જોઈ હું સુખી થાત અને મને માતા જેવી તેમણે એક વાર ગણેલી તેમ ગણવાનું મારી દુઃખી દશામાં એ ચૂકત નહીં. એમની પાસે મારા હૃદયની વરાળ કંઈક નીકળી શકત. તો હજીયે મારા હૃદયમાં કંઈ કંઈ ઊભરા છે તે એ પુત્ર પેઠે સમાવી શકત. થોડાક દિવસના સહવાસમાં અમારી સાથે જેમણે ઘણીક માયા કરી છે, તે શું આ વેળાએ અહીં હોય તો દાઝ ન જાણે? શું મારું દુઃખ એમને કહું તો એમને મારી દયા ન આવે? શું એ દુઃખ ટાળવું એમના હાથમાં છે એવી એમની ખાતરી કરું તો મારું મોં એ તરછોડે? આને સ્વાર્થ કહો કે સ્નેહ કહો, પણ મારા પુત્રના મિત્ર ગણી તમારી પાસે હું કાળજું ઉઘાડું છું.'

ગુણસુંદરીનાં આંસુ આટલું બોલતામાં સુકાવા લાગ્યાં હતાં અને તેનાં ડાઘ એના ગાલ ઉપર પડેલા હતા. ચંદ્રકાંતનું હૃદય આ જોઈ વધારે રંક થયું. 'ચંદ્રકાંતભાઈ, આટલી તો સ્વાર્થની કથા. જ્યાં સ્નેહ ત્યાં સ્વાર્થ, અને તેવો આ મારો સ્વાર્થ કે પુત્ર જેવાની પાસે હૃદયનાં મર્મસ્થળ ઉઘાડવાનો લોભ રાખું છું. પણ જો એમના દુઃખથી મને દુઃખ થાય અને એમને સુખી જોઈ સુખી થાઉં એટલો એમના ઉપર મારો સ્નેહ છે એમ કહું તો એ પણ સ્વાર્થ કેમ નહીં? માટે એને પણ સ્વાર્થ કહો કે સ્નેહ કહો, પણ એ સ્વાર્થ પણ મારું કાળજું બાળે છે. કોણ માબાપનો એ પુત્ર આજ કેવે ઠેકાણે હશે? એણે ટાઢતડકો ક્યારે દીઠેલાં છે? કુસુમના પિતા એના સ્વભાવનો વાંક કાઢે છે પણ મને તો બીજો જ વિચાર થાય છે. જેણે મશરુની તળાઈમાં અર્ધું આયુષ્ય કાઢ્યું હોય અને વાળ સરખા જેને ખૂંચ્યા હોય તેને ભીષ્મપિતામહ પેઠે બાણશય્યા પર પળવાર પણ સૂવું પડે તો તે સુંવાળું માણસ કેટલું ચમકે? ખમા! ખમા!' સાંભળનાર અને તમ જેવા દેવાંશી મિત્રો જેની અહર્નિશ ચિન્તા કર્યા કરતા હશે એવા કોમળ અને સ્વસ્થ મન ઉપર પૂજ્ય પિતાએ થોડા પણ હથોડાના ઘા માર્યા હશે તેનાથી એ સલક્ષણા મનવાળા પિતૃભક્ત મનસ્વીને આટલું ઓછું આવે તો તેમાં શી નવાઈ છે? અરેરે! અપર માના પુત્રના દુઃખનું આ જગજાણીતું દૃષ્ટાંત થયું. ગુમાનને માટે એમના મનમાં ઓછી ભક્તિ ન હતી. એ ગુમાનનો સ્નેહ આવો ખોટો દેખનાર મારા તાજા જ ઉત્પન્ન થયેલા સ્નેહને ખરો શી રીતે

ગણે? પણ હું સત્ય કહું છું કે જેવી મારી બે પુત્રીઓની ચિન્તા મને રાત્રિદિવસ બાળ્યાં કરે છે તેવી જ ત્રીજી ચિન્તા તમારા મિત્રની મારા હૃદયમાંથી ખસતી નથી. ચંદ્રકાંત, જગતમાં એક લોહીનો સંબંધ કહેવાય છે તે ખોટો ને પારકા લોહીનો સ્નેહ તે ખરો એ વાત સરસ્વતીચંદ્રના સંબંધમા તમે અનુભવો છો તો મારી સ્થિતિ પણ એવી જ સમજજો. જો આપણાં હૃદય પારદર્શક હોત તો તમે આ વાત પ્રત્યક્ષ દેખત.'

બુદ્ધિમતી પંડિત નારીની પાસે સ્ત્રીજાતિનો સ્વાભાવિક સ્નેહ કેવા ઉદ્ગાર કઢાવી શકે તે ચંદ્રકાંતે આજ પ્રત્યક્ષ અનુભવ્યું. મિત્ર પ્રતિ સ્નેહ રાખવાનો એનો ગર્વ ગુણસુંદરીના સ્નેહ આગળ નમી ગયો, અને આંખો લોહતો લોહતો એ બોલવા લાગ્યો:

'ગુણસુંદરીબહેન, મારા નમાયા મિત્રને આપના જેવાં માતા છે તે જાણી મને જેટલું સુખ થાય છે તેટલું જ દુ:ખ તેને લીધે આપને થતું દુ:ખ દેખી થાય છે. પણ આજસુધી હું એમ જાણતો હતો કે સરસ્વતીચંદ્રની ચિંતા કરનાર મારા સિવાય બીજું કોઈ નથી; તે મારો ગર્વ આજ ઊતરી ગયો. મારા શોકમાં આપના જેવાં સમદુ:ખભાગી છે એ જાણી મને આશ્વાસન મળે છે, અને હું સાધનહીન અને દ્રવ્યહીન રંક પુરુષરત્નનો શોધ કરવા જતાં હાંફી જતો હતો તેને હવે આપના જેવું સમર્થ અવલંબન મળ્યું જાણી હું પોતાને બળવાન ગણવા લાગ્યો છું. મારા મિત્રનાં માતુશ્રી ચંદ્રલક્ષ્મી જાણે આયુષ્યમતાં છે અને મારે તેમના સમક્ષ અને તેમના આશ્રય નીચે રહી તેમના અતિપ્રિય પુત્રરત્નનો શોધ કરવાનો છે એવું સુંદર ભાન આજ મને આપ આ સૌન્દર્યઉદ્યાનમાં કરાવો છો.'

ચંદ્રકાંતને ગુણસુંદરી ઉત્તર આપે તે પહેલાં નવીન વેશ ધરી કુસુમ આવી અને આ કથામાં ભંગ પાડી સૌની વચ્ચે — હાંડીઓ વચ્ચે ઝુંમર પેઠે — ઊભી. તરત તરી સ્નાન કરી આવ્યાનું લક્ષણ એના ચળકાટ મારતા મુખ અને કેશ ઉપર હતું. મુલતાની સ્ત્રીઓની પેઠે વસ્ત્ર ઉપર એક પાતળો કેસરી છેડો માથે ચડાવી છાતીની ઉપર ઓઢી લીધો હતો, અને નાકે માત્ર એકલા એક જ મોતીની નથ પહેરી હતી. કુસુમોદ્યાનમાંની એક 'નદી'માંથી લાંબી નાળવાળું શતપત્ર કમળ આણી, નાળ છાતીના છેડા ઉપર જનોઈની પેઠે નાખી, કમળનો પત્રભાર ખભા પાછળ લટકતો લઈ, નાળના મૂળ આગળનો છેડો પોતાના કરકમળમાં એવી રીતે રાખ્યો હતો કે નાળને બે છેડે કમળપત્ર હોય એવી ભ્રાંતિ પળવાર થાય. એના બીજા હાથમાં એક પુસ્તક હતું અને પુસ્તકનાં પાનાં વચ્ચે આંગળી રાખી હતી.

તંરગમાં રમતી રમતી કુસુમ સર્વની વચ્ચે આવી ઊભી. ઊભેલાં માણસો કાંઈ કામકાજ કરતાં ન હોય અને તેમની વાતોમાં વિઘ્ન થવાનો સંભવ જ ન હોય તેમ, સૂર્ય આકાશમાંથી તાપનું વમન કરતો હોય તેવી વેળાએ તાપને તાપનું કામ કરવા દઈ અચિંતી ઝરમર ઝરમર વૃષ્ટિ થાય તેમ, માતા અથવા કાકી બેમાંથી એકના ઉપર પણ દૃષ્ટિ ન નાંખતી, માત્ર

ચંદ્રકાંતને જોતી, બાલિશ બાલકી, જેવી અંદર આવી તેવી જ એને કહેવા લાગી:

‘ચંદ્રકાંતભાઈ, આજ તમારું કામ પડ્યું છે. સરસ્વતીચંદ્ર અહીં આવ્યા હતા ત્યારે તેમનું રચેલું આ પુસ્તક મને આપી ગયા હતા. એમણે એક નવીન કવિતા જોડેલી હતી તે છાપેલી ન હતી, પણ એક કાગળના કકડા ઉપર લખેલી હતી અને તે કાગળ મારાવાળા પુસ્તકમાં ભૂલથી રહી ગયો હતો. કુમુદબહેન સુવર્ણપુર જતાં પહેલાં મને એ જડ્યો હતો અને એમને દેખાડ્યો હોત તો એ મને એ કવિતાનો અર્થ સમજાવત. પણ એ વાંચ્યાથી બહેનને વેદના થશે જાણી મેં એમને કાગળ આપ્યો નહીં. અર્થ સમજવા સારુ એ કવિતા તમારી પાસે આણી છે.’

‘લાવો, જોઈએ.’ કહી ચંદ્રકાંતે પત્ર લીધો અને મિત્રના હસ્તાક્ષર જોઈ, મિત્રનાં જ દર્શન થયાનો અનુભવ કરી, તેમાંની કવિતા વાંચી એ ગળગળો થઈ ગયો. ‘હરિ! હરિ!’ કહી, મોં ઉપર હાથ ફેરવી, મુગ્ધાને કહેવા લાગ્યો:

‘કુસુમબહેન, હું અર્થ સમજાવું. પણ પહેલી શરત એ કે તમારે એ કવિતા ગાવી, અને બીજી શરત એ કે તમે એમાંથી જાતે કેટલું સમજ્યાં છો તે કહી બતાવો તો બાકીનો અર્થ સમજાવું. ગુણસુંદરીબહેન, મારા મિત્રને આ કવિતા પ્રિયતમ હતી — એના જીવનનો સાર આમાં છે.’ ચંદ્રકાંતે પત્ર ગુણસુંદરીને આપ્યો, ગુણસુંદરી તે વાંચવા લાગી અને ઉત્સુક કુસુમની અધીરાઈ હાથમાં ન રહી.

‘તમે વળી ગુણિયલને ક્યાં આપ્યો? એને વાંચતાં વાર લાગશે ત્યાર પહેલાં તો તમે અર્થ પણ સમજાવી ચૂક્યા હોત!’ ઓઠ ફફડાવતી કુસુમ બોલી.

ગુણસુંદરી વાંચતી અટકી નહીં. એના ખભા પાછળથી સુંદર પત્ર ઉપર દૃષ્ટિ નાંખવા લાગી. ચંદ્રકાંત હસતો હસતો બોલ્યો: ‘પણ મારી બે શરતો પૂરી કરો ત્યાર પછી હું સમજાવું કે નહિ?’

‘વારુ, ચંદ્રકાંતભાઈ, તમે વળી શરતો ક્યાં નાંખી? સમજાવોને જ એટલે ઝટ પાર આવે.’ કવિતાના અર્થભોગની આતુર મુગ્ધા વિલંબનાં નિમિત્ત સહી શકી નહીં.

‘અમારી શરતો તો ખરી. તમે અમારી શરત પાળો તો અમે તમારી પાળીએ.’

‘ચાલો ત્યારે. પણ ગાયા વગર વાંચું તો?’

‘ના. એ તો શરત પૂરેપૂરી પાળો.’

કુસુમ લજ્જાવશ થઈ અને તે એના ગાલ ઉપર જણાઈ આવી. લજ્જા અને જિજ્ઞાસાનાં પરસ્પર વિરોધક આકર્ષણ વચ્ચે ખેંચાતી મુગ્ધાના રમણીય મનોવિકાર તેની મુખમુદ્રા ઉપર દોલાયમાન થતા ચંદ્રકાંતે જોયા, અને એ સુંદર જ્યોત્સ્નાનાં દર્શનથી શ્રમિત આંખે ઝળઝળિયાં આવ્યાં હોય એવો એ થઈ ગયો ને મનમાં કહેવા લાગ્યો: ‘સરસ્વતીચંદ્ર! સરસ્વતીચંદ્ર! આ રમણીય સૃષ્ટિને ત્યજી તું ક્યાં ભરાઈ ગયો છે? અરેરે! — થિયૉસૉફિસ્ટ મત પ્રમાણે તારા લિંગદેહને અત્રે મોકલી આ કૌતુક જોવાની શક્તિ તો આપ! તારા વિચાર સ્થળે સ્થળે અલાદીનની મુદ્રા પેઠે કેવાં સત્ત્વ ઊભાં કરે છે તે જો તો ખરી!’

લજ્જાનો જિજ્ઞાસાએ પરાજય કર્યો, અને નીચું જોઈ રહી, અત્યંત બળાત્કારથી — હઠયોગથી — લજ્જાને ઉરમાં દાબી નાંખી જિજ્ઞાસુ મુગ્ધા ગાવા સારુ ઓઠ ઉઘાડવા સ્પષ્ટ પ્રયત્ન કરવા લાગી. તે ઓઠનો પ્રયત્ન દેખતો ચંદ્રકાંત મનમાં ગણગણ્યો: *‘દ્વિદલકન્દલકમ્પનલાલિતઃ॥’*

ઓઠમાંથી સ્વર નીકળે ત્યાર પહેલાં સુંદરગૌરી હસી પડી, કુસુમની મનદોલાને હિંદોળવા લાગી અને એના કાનમાં કહેવા મંડી:

‘કુસુમ, મારી કુસુમ, — નથી સાકર ગરજ સમાન ગળી.’

જાગેલા જેવી કુસુમ કાકીને ધક્કો મારી બોલી: ‘શું કાકી! અમથું અમથું શાને માટે આવું બોલતાં હશો જે?’

હસતી હસતી સુંદર સૌ સાંભળે એમ બોલી: ‘ચંદ્રકાન્તભાઈ પાસેથી જોઈતી વાત સાંભળવાની ગરજે લાજને આઘે મૂકી ગાવાનો ચાળો કર્યો — એ જ — શીરા સારુ શ્રાવક થઈ! બીજું શું?’

કુસુમની જિજ્ઞાસાએ દેખીતી લાજ મૂકી અને બોલી: ‘જાઓ ત્યારે એમ. ચંદ્રકાંત મારા ભાઈ. તેમની પાસેથી કાંઈ સારો બોધ પામવાને માટે તેમની આજ્ઞા પાળું — એનું નામ શીરો હોય તો અમે શ્રાવક, પછી કાંઈ?’

સુંદર પાછી પડી બોલી:

‘મોઈ, ગા ત્યારે. ચંદ્રકાંતભાઈ પણ તારી પરીક્ષા કરશે. જેણે મૂકી લાજ, તેને નાનું સરખું રાજ્ય.’

કુસુમ હસી પડી અને બોલી: ‘હા-હા-! એ ખરું. મારે એ રાજ્ય. ચાલો, ચંદ્રકાંતભાઈ, તમે તમારે સાંભળી લો. કાકી તો મને ઘેલી ગણી વેળા વિતાડશે. હું ગાઉ છું — પણ આ તો લાવણી છે તે પુરુષોનો રાગ મારાથી નીકળવાનો નહીં — માટે અમસ્તું વાંચવા જ દો ને!’

‘હવે કાંઈ છટકી જવાશે?’ ચંદ્રકાંત બોલ્યો.

‘લો, ત્યારે ગાઈશ, પણ રાગમાં ભૂલ ન કાઢશો.’

'ભૂલો નીકળે ને કાઢીએ નહીં?'

'પુરુષના રાગ મને ન આવડે.'

'ત્યારે તમારી ચતુરાઈમાં એટલો વાંધો.'

'તમે ગાઈ બતાવો તો હું બરાબર ગાઉં.'

'એવી કાંઈ આપણે શરત નથી.'

'લો ત્યારે. ભાઈની પાસે બહેનની ભૂલો પડશે તો ભાઈને લાજ!'

આ પ્રશ્નોત્તરનો આમ પરિણામ આવતો જોઈ સુંદર બોલી: 'ગા, બાપુ, ગા. ગાવાની થઈ તે તું કાંઈ ગાયા વગર રહેવાની હતી? ચંદ્રકાંતભાઈને માથે ગાડવો ઢોળી નાખીને પણ તું ગાવાની. તે ગાઈ દે એટલે અમે તો જાણીએ કે કુસુમ આવી લાવણીઓ ગાય છે.'

'હં! હવે તમને ઉત્તર શું કરવા દઉં કે શીરો મોંમાં જતાં વાર લાગે? — લો, ચંદ્રકાંતભાઈ, સાંભળો.'

થોડી વાર નીચું જોઈ, આંખો મીંચી, માતા પાસેથી કાગળ લીધા વિના મોઢેથી જ કુસુમ લાવણ્યમયી (લાવણી) ગાવા લાગી, અને પુરુષના લલકારમાં સ્ત્રીકંઠનું લાલિત્ય અને બાળચેષ્ટાનો ઉત્સાહ ભરવા લાગી. ગાન મંદ અને સ્થિર સ્વરે વિકસવા લાગ્યું:

'મચી રહ્યો કોલાહલ આજે, દશે દિશે ગાજે!

તે તળે સરે કો ભિન્ન ચિત્ર સંસાર! જગત ના જાણે! ૧

તરી રહે ઉમર વ્યવહાર,

સહુ સરી જતા જ પ્રવાહ,

સહુ દિવસ ભભૂકતો તેજે,

રવિ સળગી રહે જગદેહે,

તે નીચે નિશા નિજ ખેલ જમાવતી, અંધ સોડિયું વાળી!

સ્ત્રીચરિત કરતી નિશા દિવસનું રૂપ ધરી આ જામી! ૨

નભ ઉડુગણથી ઊભરાતું,

તિમિરોદર ઘણું ઉપસાતું,

ઉર ચિત્ર સ્વપ્ન ભણી ધાતું,

જગ મદનતંત્રી ધરી ગાતું:

તે નહીં દેખું, નહીં સુણું, રજતી જ્યાં રૂપ દિવસનું ધારે;

ઓ રજની! ઘૂંઘટ! ઉઘાડ! નીરખવા તને ચિત્ત લલચાયે, ૩

ઓ રજની! તારે કાજ!

મૂકી દઈશ હું આ સહુ સાજ!

ઓ રજની! જોવા તુંને,

આ બુદ્‌બુદ ફોડીશ હું તે!

ગૃહજાળ, લક્ષ્મીની જાળ, રચી મુજ શિરે રહે બુદ્‌બુને;

એ બુદ્‌બુદ ફોડી, તોડી; બન્ધીના બન્ધ, જોઈશ હું તુને. ૪

ઓ રજની! જોવા તુંને મુને અભિલાષ ઘણો છે આજે!

બહુ બહુ વર્ષ અભિલાષ ઊંડો ઉર માંહી ધર્યો છે સાચે! ૫

હું ચંદ્ર! રજની, તું રજની! જીવ હું તુજ જેમ પરલોક;

તુજ તિમિર વિશે તરી જોઈશ, ‘ઊભો તુજ સમો ક્યાં જ

[Unclear text]

તોડી જ સજડ આ બંધ!

હું જોઈશ, રજની, તુજ ફંદ!

મુજ નવો થશે અવતાર!

નવું તેજ પ્રકટશે આંખ!

મુજ સરવા થાશે કાન!

સુણી શકીશ હું યમનું ગાન!

આ દંભ થકી, આ ઢોંગ થકી સરી પડીશ રસાતળમાં હું!

આ નાટકના પટને ચીરી પેસીશ — જ્યાં વણવેશ વિશા તું.’ ૭

કુસુમ ગાઈ રહી ત્યાં સુધી સર્વ એકચિત્ત હતાં. લાવણી ગવાઈ રહી એટલે એકાદ મિનિટ કોઈ બોલ્યુંચાલ્યું નહીં અને કુસુમ પણ શ્રાંત લાગી.

અંતે ચંદ્રકાંત બોલ્યો: ‘બહેન, કવિનું કવિત્વ કવિતાનું ગાન સાંભળી પ્રફુલ્લ થાય છે. આ કવિતાને ગવાતી સાંભળવાને એનો કવિ પ્રત્યક્ષ નથી. તે હોત તો પોતાના ચિત્તને પૂછી ગાન રસિકતાને કેવું ભાવ્યું તે કહેત. પણ

હું તો રંક ઘરમાં રહેનાર છું તેને મન તો આ નવીન પકવાન્ન મધુર લાગ્યું એ વિના બીજી પરીક્ષા નથી. હવે આપણી બીજી શરત પૂરી કરો.’

એ આ બોલે છે એટલામાં ‘આવું છું’ કરી કુસુમ હરિણીની ત્વરાથી ગઈ અને આવી; સાથે એક પહોળી અને ઊંચાઈ વગરની પેટી લાવી. ઉઘાડતી ઉઘાડતી બોલી:

‘ચંદ્રકાંતભાઈ, મોઢે બોલીને તમને મારો સમજેલો અર્થ કહેવાની શરત નથી. આ કવિતા ઉપરથી મેં ચિત્ર કાઢેલાં છે તે જોઈને હું શું સમજી છું તે જોઈ લો.’

‘કાનને મધુરતા ચખાડી; હવે આંખને ચખાડો.’ ચંદ્રકાંત બોલ્યો.

‘કુસુમને બધી વાતનો રસ, અને કોઈ વાતો એને શીખવનાર મળતું નથી તો જાતે જોઈ જોઈને શીખે છે. એની આ ગતિમાં નિત્ય વિકાસની સામગ્રી ભરવી એવી એના પિતાની આજ્ઞા છે. પુત્રીનો ઉચ્ચગ્રાહી વિકાસ લોકાચાર વિરુદ્ધ છે અને એ વિકાસને ઉદાર અને ઉદાત્ત ગ્રાહક ન મળે તો કન્યાને દુ:ખમય આયુષ્ય ગાળવું પડે છે, માટે મને તો આ વિકાસ રાત્રે ઉજાગરા અને દિવસે ચિન્તા કરાવ્યાં કરે છે. પણ ગૃહપતિની આજ્ઞા છે માટે તે પ્રમાણે ઉમંગથી વેલીઓને આધાર આપીએ તેમ કુસુમની સર્વ શક્તિઓને આશ્રય આપું છું.’ ગુણસુંદરી બોલી.

‘દેશી રજવાડાનાં બંધન મેં નિન્દ્યાં તેનો અત્યારે પશ્ચાત્તાપ કરવો પડે છે. જે ભૂમિમાં શ્રીમાન્ વિદ્વાનો પોતાની અનાથ કન્યાઓને લોકમાં ભયંકર ગણાતી પણ વસ્તુત: શક્તિરૂપ સરસ્વતીદેવીનો પવિત્ર પ્રકાશ સમર્પે છે તે ભૂમિમાં, આર્યજનોનાં ખૂંચવી લીધેલાં શસ્ત્ર પાછાં આપવાની છાતી ચલાવી શકે તો અંગ્રેજોને થાય તેવું, ઉદાર અને ઉદાત્ત પુણ્ય થાય છે. હબસીઓના દાસત્વના બંધ છોડનાર અંગ્રેજોને પ્રિય સ્વતંત્રતા—પૂજા આપના મંદિરમાં થાય છે, અને વિદ્યાચતુરભાઈને ઈશ્વરે આપેલો વૈભવ એક મહાપવિત્ર સમારંભ પાછળ ખરચાય છે. ગુણસુંદરીબહેન, આપના ગૃહપતિએ આવી ઉદાર આજ્ઞા કરી અને આપના જેવાં પવિત્ર આર્યા એ આજ્ઞાને આવી ચતુરતાથી પાળો છો ને તેનું આ ફળ હું જોઉં છું તેથી પળ વાર મારા મિત્રની દેશભક્તિનો એક અભિલાષ સિદ્ધ થવા જાય છે અને મને તેનો આનંદ થાય છે. — કુસુમબહેન, તમારાં ચિત્રો બતાવો.’

કુસુમસુંદરીએ પોતાની સુખડની સુગંધિત સુંદર પેટી ઉઘાડી. એને મખમલની રાતી ગાદીથી ભરેલી હતી. પતિની સ્તુતિ સાંભળી પ્રફુલ્લ થયેલી માતાના હાથમાં પુત્રીએ એક ચિત્ર મૂક્યું. અને તે ઉપર દૃષ્ટિ ઠારી ગુણસુંદરીએ ચંદ્રકાંતના હાથમાં મૂક્યું.

અંગ્રેજ અધિકારીઓની સ્ત્રીઓને ગુણસુંદરી ક્વચિત્ મળતી, અને તેમની પાસેથી કુસુમ દિગ્દર્શન ચિત્ર — perspective drawing -ના

સાધારણ નિયમો શીખી હતી. અને અનુકરણ તથા કલ્પનાશક્તિના આશ્રયથી એની કળા કંઈક વધી હતી.

પ્રથમ ચિત્ર એક મોટા જાડા ચિત્રપટને યોગ્ય પત્ર ઉપર કાઢેલું હતું. આ ચિત્રપટના બે ભાગ પાડેલા હતા. ઉપલા ભાગમાં વાદળાં, નદીઓ, નદીમુખે સમુદ્ર, દ્રવ્યવાન મનુષ્યોના ઘોડાઓ અને ગાડીઓ, સેનાઓની છાયા, ઇત્યાદિ પદાર્થો સૂક્ષ્મ માપથી કાઢેલા હતા, અને સૂર્યનું પ્રબળ તેજ તેમની ઉપર પડતું ચીતરેલું હતું. એ ભાગની નીચે પૃથ્વીના એક ગોલાર્ધની વર્તુલરેખા પટના એક ખૂણાથી બીજા ખૂણા સુધી કાઢી હતી. એ રેખાની નીચે રાત્રિના અંધકારની કાળી છાયા કાઢી હતી. એ છાયા વચ્ચે કાળું વસ્ત્ર પહેરી, વર્તુલરેખાને ઊંચી કરતી સ્ત્રી ‘રજની’ ચીતરી હતી. તે પોતાના વસ્ત્રનું સોડિયું વાળી ઊભી થવા પ્રયત્ન કરતી હતી, તેના શિરના કેશ રેખાને ચીરી ઉપર નીકળતા હતા, અને ચારે પાસની સૃષ્ટિને મોટા કિરણ-પરિવેશ (halo) વચ્ચે સમાવતી હતી.

ચંદ્રકાંત આ ચિત્ર આંખો પહોળી કરી જોઈ રહ્યો અને લાગણીનો પ્રથમ ભાગ વાંચવા લાગ્યો.

‘ચંદ્રકાંતભાઈ, આ રેખાના ઉપલા ભાગમાં બધી કોલાહલ છે — સૃષ્ટિના મોટા પ્રવાહ અને સૂર્યનો પ્રકાશ છે. રેખાની નીચે રાત્રિ છે. તે સોડિયું વાળે છે, અને વચલી રેખાને ફોડી એના વાળ બહાર ઊગી નીકળે છે. આ કેશ રેખા ઉપર ઊગે છે ત્યાં તેજવાળું રૂપ ધારે છે. રેખા ઉપર પણ એક રીતે તો રાત્રિ જ છે. પણ આ રાત્રિના વાળના પ્રકાશથી સર્વ પ્રકાશે છે અને રાત્રિ દિવસનું રૂપ ધારે છે — આ સર્વ ચિત્ર મેં લાવણી ઉપરથી ચીતર્યું છે — પણ એ ચિત્રનો ભાવાર્થ અને ઉદ્દેશ શો છે તે મારાથી સમજાતો નથી.’

ગુણ૦ — ‘કુસુમ! સંસારનો અનુભવ થયા પછી તું તે સમજીશ.’

કુસુમ — ‘અનુભવ થયે તો સૌ સમજે. અનુભવ થયા પહેલાં સમજાવો ત્યારે ખરાં.’

ચંદ્રકાંત — ‘જુઓ, ત્યારે હું અનુભવ આપું. સરસ્વતીચંદ્ર મુંબઈમાં હતા ત્યાં સુધીનો દિવસ અને પછીની રાત. જ્યાં સુધી મુંબઈમાં વિદ્યા, લક્ષ્મી, વૈભવ, મિત્રો, માતાપિતા, અને એવા એવા સંસારના પ્રકાશ એની આંખ આગળ ચળકાટ મારતા હતા ત્યાં સુધી દિવસ હતો. હવે એને રાત પડી.’

કુસુમ — ‘પણ એ દિવસ અને રાત્રિને ઉપર નીચે કેમ કહ્યાં, અને રાત્રિ દિવસ કેમ બને?’

ચંદ્રકાંત — ‘માણસ માટીમાંથી ઉત્પન્ન થાય અને માટીમાં જાય. Dust thou art, to Dust returnest . એ માટી તે આપણી ખરી રાત્રિ અને

જન્મમરણની વચલો દિવસ દેખાય છે, પણ એ નાટકના વેશ જેવો છે. રાત્રિ નાટકનો વેશ ભજવનાર અને આ દિવસ એ એનો ખોટો વેશ.'

ગુણસુંદરી ગણગણી: 'જન્મમરણની વચલો તે દિવસ —

* *मध्येव्यक्तमनादिविभ्रमवशादव्यक्तमाद्यन्तयोः*

કુસુમને નવા વિચારનો ચમકાટ થયો, એની આંખો ચળકવા લાગી અને ઓઠે આગળી મૂકી બોલી ઊઠી: 'હા, હા, માટે જ કહેલું છે કે

" Dust thou art, to dust returnest,

Was not spoken of the soul .'

એટલે જન્મમરણની વેળાએ માટીની ભાઈબંધી છે; એ માટી — એ રાત અને એ રાત્રિને જોનાર જીવ જુદો. એ રાત્રિની ભાઈબંધી કરે તે સત્ય વાત દેખે. બાકી દિવસ તો ખોટો. પણ તમે સરસ્વતીચંદ્રના મુંબઈના દિવસને દિવસ કહ્યા, ને પછીની રાત્રિ, એ રાત્રિદિવસ એક પદાર્થ શી રીતે?

ચંદ્રકાંત — 'આયુષ્યનાં દિવસરાત્રિ ઈશ્વર આપે છે તેમ સંપત્તિ વિપત્તિના દિવસરાત્રિ પણ એ જ આપે છે. લક્ષ્મી ચંચળ કહેવાય છે. તમારી ઓઢેલી કસુંબી ચાદરનો રંગ કાચો છે તેમ લક્ષ્મી પણ કાચો રંગ છે. સંપત્તિ માત્ર એવી છે. એ ચાદર એ વિપત્તિ — એ ખરી રાત્રિ, અને એ ચાદર ઉપર આ કાચા રંગ ચડે અને માણસની આંખને ઠગે એટલે એ જ ચાદરને દિવસ કહેવાની.'

કુસુમ — 'હં... હં. એટલે-એટલે-જુઓને કે કુમુદબહેનનો વિવાહ રહ્યો ત્યાં સુધી દિવસ. સરસ્વતીચંદ્ર નાઠા અને બહેનને સુવર્ણપુર જવાનું થયું એટલે આ ચિત્રની ગોળ રેખા ઉપર રજનીના વાળ છે તેમાં એ ભરાવા માંડ્યાં, ને હવે એ રેખાનો ઘુંમટ ભાંગ્યો અને રજનીના ખોળામાં એ ઊતરી પડ્યાં -'

ગુણસુંદરીની આખમાં આંસુની ધારા ચાલી. બાલભાવવાળીએ બોધની ધૂનમાં એ કાંઈ દીઠું નહીં. એ આગળ બોલવા લાગી:

'વળી જુઓ, મહારાજ મલ્લરાજના આયુષ્યને પ્રસંગે મેનામાતાને દિવસ હતો. મહારાજ શંકરરૂપ થાય એટલે મેનામાતા આ સ્મશાન જેવા સંસારમાં મહાદુ:ખે જીવે છે તે રાત્રિ.'

ચંદ્રકાંત — 'એમ જ.'

કુસુમ — 'સહુનો દિવસ ઊતરવાનો અને રાત્રિ ચડી આવવાની. કુંવારાં હોઈએ એ રાત્રિ. પરણે એટલે દિવસ ને સૌભાગ્ય ત્રુટે એટલે પાછી રાત્રિ. એ પરણવું — એ દિવસ — તે તે ઢોંગને ધતુરા ને બાકીની બધી રાત્રિ એ તે ખરી વાત. ચાલો, હવે આગળ સમજાવો.'

ચંદ્રકાંત — ‘જેટલું ચિત્ર આપ્યું તેટલું સમજાવ્યું.’

કુસુમ — ‘લ્યો, ત્યારે, આ બીજું ચિત્ર.’

સુન્દરે એ બીજું ચિત્ર વચ્ચેથી ઝડપી લીધું અને એ બોલવા લાગી: ‘ના, ચંદ્રકાંતભાઈ, અમારે એ ચિત્ર જોવાંયે નથી ને એ કવિતા એને સમજાવવીયે નથી. જેમાં ને તેમાં કુંવારાં રહેવાની વાત આણે છે. એને તે હમણાંની ઘેલછા લાગી છે તે આપણે વધારવાની નથી.’

કુસુમ કાકી સામી આંખો કાઢી જોઈ રહી.

‘કાકી, આપો છો કે નથી આપતાં? — પછી કહેશો કે બોલી!’

સુન્દર — ‘શું બોલવાની હતી જે? શ્રીકૃષ્ણને ખાંડણિયે બાંધ્યા હતા તેમ તને પણ બાંધીને પરણાવવાની છે. હવે બહુ લાડ જવા દે.’

કુસુમ — ‘એમાં લાડ શાનાં? બોલાવો છો ત્યારે બોલું છું: તમારે તે આવી રાત્રિ કેમ ને મારે તે આ દિવસના ઢોંગ ધતુરા કેમ જોઈએ? વધારે બોલાવશો તો વધારે બોલીશ.’

ગુણ૰ — ‘સુન્દરભાભી, એ તો ચમકી છે. એને કરવા દ્યો કરવું હોય તે. આજ એ વેશ ભજવે એટલો ભજવવા દ્યો કે આપણે પણ જાણીએ તો ખરાં કે એનું ચાલે તો આટલું કરે! સો જાણી લેઈશું એટલે પછી હું, તમે ને એના પિતા.’

કુસુમ — ‘લો, ગુણિયલ પણ વળી કાકીની ગાડીમાં બેસી ગયાં.’

ચંદ્રકાંત — ‘બહેન, હવે આપણું પ્રકરણ ચલાવો.’

કુસુમ — ‘હા, એમ જ. એ બધાં તો વાતો કરીને વ્હાશે. લ્યો આ.’

કાકીના હાથમાંથી ચિત્ર ખૂંચવી લઈ ચંદ્રકાંતને આપ્યું.

એ ચિત્રમાં રાત્રિનો કાળી રંગ ચીતર્યો હતો. ઉપર આકાશ જેવા ઘુંમટમાં તારાઓ, મધ્યભાગમાં અંધકારના ઉદરમાં છાઈ ન દેખાતા પણ તારાઓના પ્રકાશથી આભાસે જણાતો પર્વત અને ઝાડોની ઝાંખી છાયાઓ, વચ્ચે એક પુરુષ સ્વપ્નમાં હસતો પડેલો, એક ખૂણામાં એક સ્ત્રી છાતી પર સારંગી અને સારંગી પર આંગળી મૂકી ગાઢ નિદ્રામાં પડેલી, અને બીજા ખૂણામાં મુખ આગળ ફાનસ ધરી તે ફાનસના પ્રકાશની પાછળથી એ મુખ પરના અવયવ ન દેખાતાં તેને સ્થાને માત્ર માથાનો ગોળાડાર જ દેખાય એમ ઊભેલી એક સ્ત્રી એટલી વિગત આ ચિત્રમાં હતી.

ચંદ્રકાંતે ચિત્ર હાથમાં લીધું ત્યાં કુસુમ બોલી: ‘રાત્રિનું ચિત્ર છે. ઉપર ઉડુગણ છે, તિમિરનું ઉદર પર્વત અને ઝાડોથી ઉપસાય છે, આ પુરુષને વિચિત્ર સ્વપ્ન થાય છે, જગત-માયા-રૂપી આ સ્ત્રી સારંગી વગાડતી વગાડતી ઊંઘે છે, અને અંધકાર ભરેલા પોતાના મુખ આગળ રાત્રિ દીવો

ધરે છે એટલે દીવો આવવાથી અંધકારમાં જરી દેખાતું હતું તેટલું પણ એનું મુખ દેખાતું બંધ થાય છે ને અંધારામાં માત્ર ફાનસના તેજ જેવો આભાસ થાય છે — રાત્રિએ દિવસનું રૂપ ધરવાનો આમ આરંભ કર્યો એટલે આ વલે થઈ.'

ચંદ્રકાંત — 'પ્રથમ ભાગનો અર્થ સમજ્યાં એટલે આનો તો હવે વગર સમજાવ્યો સમજાશે.'

કુસુમ — 'માટીમાં ભળવાનું તે માટી એ રાત્રિ. એને માથે આકાશાં તારાઓ કિયા?'

ચંદ્રકાંત — 'એવી રાત્રિમાં ઊંચું જોનાર શું દેખે?'

કુસુમ — 'સાધારણ અજવાળી રાત્રે તો સારા વિચાર સૂઝે, કારણ એક જણે કહ્યું છે કે

'The midnight moon serenely smiles O'er Nature's soft repose;

Come, dear Emilia, and enjoy

Reflection's favourite hour .'

'પણ આવું તો સુખ ભરેલાં ચાંદરણાંમાં સૂઝે. દુ:ખની અંધારી રાત્રે તો માણસની બુદ્ધિ બહેર મારી જાય છે — તે મે દીઠું છે.'

ચંદ્રકાંત — 'ક્યાં?'

કુસુમ — 'ચાલોને. હું નહીં કહું. ડાહ્યાં ડાહ્યાં માણસો દુ:ખમાં કેવાં થાય છે તે તાજું જ જોયું છે.'

ગુણસુંદરી હસી: — 'મારું, નામ દેવા જતી હતી, ખરું?'

કુસુમ હસી: — 'લ્યો ત્યારે એ જ.'

સુન્દરગૌરી: 'લે, દુ:ખમાં શું સારું, સૂઝે તે હું કહું — સુખે સાંભરે સોની ને દુ:ખે સાંભરે રામ.'

કુસુમ — 'હં! કાકી ભણ્યાં તો નથી. પણ અનુભવી છો તે સમજો છો. ત્યારે શું મેનારાણીને ત્યાં શંકરનાં પદ આજ ગવાય છે તે સુખમાં નહીં ગવાતાં હોય?'

ગુણ૦ — 'ના.'

કુસુમ — 'ત્યારે તારાઓ તે ઈશ્વરના ઊંચા વિચાર — તે આવી રાત્રિમાં સૂઝે.'

ચંદ્રકાંત — 'અને તારાઓ દેખાય છે નાના — પણ છે મોટા.'

કુસુમ — ‘એ પણ ખરું; પણ અંધાકરના પેટમાં ઝાડ અને પર્વત મૂક્યાં તે શું?’

ગુણ૦ — ‘તે દિવસે તારા પિતાએ ટેનિસનની કવિતા વાંચી હતી તેમાં શોક શું કહે છે તે વર્ણવેલું સાંભરે છે?’

કુસુમ — ‘હા, શોક કહે છે:

‘ The stars ,’ she whispers , ‘ blindly run ,

A web is wov’n across the sky!

From out waste places comes a cry ,

And murmurs from the dying sun .’

‘પણ સરસ્વતીચંદ્ર તો રાત્રિના સ્વરને સત્ય ગણે છે અને ટેનિસને તો તેને અસત્ય ગણ્યો છે તે?’

ચંદ્રકાંત — ‘તે કડીઓ બોલો જોઈએ.’

કુસુમ —

‘ Come sorrow, Cruel fellowship ,

Priestess in the vaults of Death :

Oh sweet and bitter in a breath

What whispers from thy lying lipg? ’

‘આમાં શોકની જીભને જૂઠી ગણી.’ ચંદ્રકાંત — ‘પણ એને મૃત્યુના મંદિરના ઘુંમટમાં મીઠો ઉપદેશ કરનારી ગણી — અને સરસ્વતીચંદ્ર પણ —’

કુસુમ — ‘એમ જ ગણે છે. એ વાત ખરી. હવે હું કહું માયાની સૃષ્ટિના પર્વતો આ અંધકારમાં નાશ નથી પામતા પણ એમના એમ ઊભા છતાં દેખાતા નથી અને દિવસે ન દેખાતા તારા રાત્રે દેખાય છે; તે દિવસે જૂઠો અને રાત્રિયે જૂઠી; પણ રાત્રે જે દેખાય છે તે વધારે ઉત્તમ છે, અને માટે જ લલચાઈને કહ્યું કે

‘ઓ રજનિ! ઘુંઘટ ઉઘાડ!’

સુન્દર૦ — ‘જો એ તો ગીતાજીમાં કહ્યું છે કે સંસારીની રાત તે યોગીનો દિવસ, ને યોગીની રાત તે સંસારીનો દિવસ.’

ચંદ્રકાંત — ‘કુસુમબહેન, તમારાં કાકી કહે છે તેમ જ છે. ચારે પાસ કોલાહલ મચી રહે એ દિવસ અને આવી શાંતિ તે રાત્રિ — તે દિવસને ન દેખતાં આવી રાત્રિને દેખનાર યોગીઓ ત્રણ જાતના હોય છે. કનિષ્ઠ

જાતના યોગીમાં જગતના સંસ્કાર રહે છે અને જ્યારે દિવસના અનેક કોલાહલમાં માણસોમાં મન વિક્ષેપ પામે છે ત્યારે આવા યોગીઓનાં મન અમુક સંસ્કારને જ જુએ છે અને ભોગવે છે, અને તેટલા જ સંસ્કાર ઉપર લગ્ન થયેલું ચિત્ત એ સંસ્કાંરના મોહની મદિરા પીને ઉન્મત્ત થઈ પોતાનું ગાન કર્યાં કરે છે. — આવી રાત્રિ તેના મદને વધારે છે; મદ કરાવે તે મદન. આવા યોગી મદનતંત્રી વગાડતા, આવી રાત્રિમાં ગાયાં કરે છે.'

કુસુમ — 'બાબર પાદશાહ બાલક અવસ્થામાં દુ:ખી થયો અને કાકાઓએ એને કાઢી મૂક્યો ત્યારે પર્વત ઉપર કવિતા ગાતો હતો અને તંત્રી વગાડતો હતો — તેની પેઠે જ આ ગાન ખરું કની?'

ચંદ્રકાંત — 'એને કાંઈ મોહ ન હતો, *पीत्वा मोहमयी प्रमादमदिरामुन्मत्तभूतं* जगत् એવું તમે કાલ ભર્તુહરિના શતકમાંથી ગાતાં હતાં તેના જેવો કોઈ મદ ચડે અને —'

ગુણ૦ — 'એ એ આગળ જતાં શીખશે. બીજી જાતના યોગીની વાત ચલાવો.'

'આગળ કેમ?' એમ બોલવા જતી જતી કુસુમ અટકી અને વિચાર કરી બોલી. 'બીજા યોગીની હકીકત કહો ત્યારે.'

ચંદ્રકાંત — 'બીજી જાતના યોગીઓમાં બાબર પાદશાહ જેવા કવિલોક આવ્યા. આવી રાત્રિનાં દર્શનથી જ તેમનાં હૃદય દ્રવે છે અને તેમના મગજમાં વિચિત્ર સ્વપ્ન આવે છે અને તેવાં સ્વપ્ન પાછળ લોક દોડે છે. તેથી કહ્યું કે:

'ઉર ચિત્ર સ્વપ્ન ભણી ધાતું.'

કુસુમ — 'વારુ, મધુસેવન કરનારાઓની બુદ્ધિ સતેજ થતી હશે ખરી? માઘમાં આવ્યું છે કે

'मधुरया मधुबोधितमाधवी मधुसमृद्धिसमेधितमेधया॥'

ચંદ્રકાંત — 'એ મેઘા તો માત્ર મદ ચડાવે.'

કુસુમ — 'હા, એમ તો ખરું, કારણ તરત જોડેની જ લીટીમાં છે કે

'मधुकराङ्गनया मुहुरुन्मदभ्रमदलौ मदलौल्यमुपाददे।'

'આવી મેઘાથી મદ થયો અને મદથી મધુકરી મધુકર પાસે ભમવા—' પોતે શું બોલે છે તેનું ભાન આવતાં મુગ્ધા શરમાઈ બોલતી બંધ પડી અને મનમાં સંસ્કુત વિદ્યાને ગાળો દેવા લાગી: 'બળ્યું આ સંસ્કૃત! બે માણસમા બોલતાં શરમાવે અને એનાથી અંજાઈએ તો કુંવારાંને પરણાવે.' મોટે સાદે બોલી: 'વારુ, ત્રીજી જાતના યોગીની વાત કહો જોઈએ.'

‘ત્રીજી જાતના યોગી એ રાત્રિનો ઘૂંઘટ ઉઘાડે અને લક્ષ્મી આદિ ઢોંગ છોડી રાત્રિને જોવા નીકળી પડે તે.’ ચંદ્રકાંત બોલ્યો.

‘સરસ્વતીચંદ્ર પેઠે?’ કુસુમે પૂછ્યું.

ચંદ્રકાંત — ‘એ તો તમે જાણો.’

કુસુમ — ‘ઠીક. પણ હવે તો આ ચિત્રો નહીં દેખાડું.’

ચંદ્રકાંત — ‘કેમ?’

કુસુમ — ‘આ પુરુષ અને સ્ત્રીને ઊંઘતાં કર્યાં છે તેની મુખમુદ્રા ફેરવવી પડશે.’

‘ચંદ્રકાંત — ‘શી રીતે?’

કુસુમ — ‘અર્થ સમજ્યાં ત્યારે પોતાની ભૂલ જાતે જણાઈ. આ ચિત્ર ખોટાં પાડ્યાં છે. કેમ ખરાં કરવાં તે તો વિચારવું પડશે. પણ એક કવિતામાં બે જાતની આંખો કહી છે તેવી આ સ્ત્રીપુરુષની આંખ કરવા જેવું છે.’

ચંદ્રકાંત — ‘શી કવિતા છે?’

કુસુમ — ‘સાંભળો.’

‘રસસુંદરીની સુંદરતા જગ જોતું ઉઘાડી આંખે!

રસસુંદરીના રસ ભોગવતું — જગત મીંચેલી આંખે!’

ગુણસુંદરી — ‘આ કવિતા કોની? કુસુમ?’

કુસુમ શરમાઈ ગઈ, નીચું જોઈ બોલી, ‘બહેનના ઉપર સરસ્વતીચંદ્રે કાગળ લખ્યો હશે તેના એક ફાટેલા કડકા ઉપર હતી.’

સુન્દરગૌરી — ‘તે વારુ, તે તું બહેનના કાગળો ચોરતી ફરે છે કે શું? લાજ નથી આવતી?’

કુસુમ — ‘લ્યો. ભૂલ તો ખરી. પણ એમાં ચોરી શાની? એણે કાગળનો કડકો રઝળતો નાંખ્યો ત્યારે મેં વાંચ્યો. કાંઈ આંખો આઘી મૂકીને ફરીએ? બાકી, પહેલાં ચાર અક્ષર વાંચતાં કાગળ આઘો મૂકવો જોઈએ તે કરવું ન સૂઝયું એટલી ભૂલ.’

સુન્દરગૌરી — ‘બધું તો ઝીણવટથી સૂઝે અને આટલી મોટી વાત ન સૂઝી?’

કુસુમ — ‘લ્યો, હવે ક્ષમા કરો, થયું તે થયું, પણ ચંદ્રકાંતભાઈ, હવે આ કડીમાંની બે જાતની આંખો જેવી આંખો આ સ્ત્રીપુરુષની કાઢી તમને દેખાડીશ. કાકી તો કહેશે. પણ વારુ, બાળક છીએ તે આવું વાંચવા-સમજવાનું મન તો થાય.’

એક ચાકર એટલામાં આવ્યો. વિદ્યાચતુરે ચંદ્રકાંતને જરાશંકરને ઘેર જમવા બોલાવ્યો હતો. વળી માંદા સામંતને જોવાને રાણો ખાચર આવ્યો હતો. તેને મળવાને તથા રાજ્યનીતિના વિષય તેની જોડે ચર્ચવાને મણિરાજે પોતાના રાજપુરુષોનો નાનો મેળાવડો યોજ્યો હતો. તેમાં ભાગ લેવાને પણ ચંદ્રકાંતને આમંત્રણ હતું. આ સૌ સંદેશો ચાકરે પહોંચાડ્યો. ચંદ્રકાંત વસ્ત્ર પહેરવા ઊઠ્યો. પહેરતાં પહેરતાં સરસ્વતીચંદ્ર અને કુસુમના યોગ-અમોગના વિચાર કરી ઊંડા નિ:શ્વાસ મૂકવા લાગ્યો, અને દુ:ખી હૃદયથી પ્રધાન પાસે જવા નીકળ્યો.

સ્ત્રીવર્ગ પોતાના ખંડમાં ગયો. જતાં જતાં સુન્દર, કુસુમનો અંબોડો ઝાલી નીચો ખેંચી, તેનું મોં ઊંચું કરી, ચુંબન દઈ પૂછવા લાગી: ‘મધુકરીનું મધુકર પાછળ ભમવાનું તું ગાતી ગાતી બંધ પડી. તે તું હવે નક્કી સરસ્વતીચંદ્રને પરણવાની!’ અત્યંત ક્રોધથી રાતીચોળ થઈ કૌમારવ્રતની ઉત્સાહિની બાળા, કાકીને ધક્કો મારી સૌંદર્યઉદ્યાનમાં પોતાના અભ્યાસના માંડવામાં નાસી ગઈ. માતા ગુણસુંદરી કુસુમના વિકાસવિશેષ જોઈ વધારે ખિન્ન થઈ, વધારે ચિંતામાં પડી, અને જેઠાણીનાથી પણ એકલી પડી સૌંદર્યઉદ્યાનમાં મનની અમૂંઝણ કાઢવા જેવું નિર્મક્ષિક સ્થાન અધીરે ધીમે પગલે શોધતી વેલાઓમાં દૃશ્ય થઈ.

---

* ‘સુગંધિ કુસુમની સ્થિતિ તો સ્વભાવથી જ મસ્તક ઉપર સિદ્ધ છે. પગ વડે લાતો ખાવી એ તેની સ્વાભાવિક સ્થિતિ નથી.’ ભવભૂતિ.

x . બાગ, વાડી.

* જૉલીબોટ.

x . પ્રાચીન શ્લોક

* Alexander Pope

* શાકુન્તલ

* ચંડકૌશિક.

૪. દેશી રાજ્યોનો શો ખપ છે? અને તેમનું શું થવા બેઠું છે? તેમનો કાંઈ ઉદ્ધાર છે? રાજસેવકો ને મુંબઈગરાઓ વચ્ચે ઝપાઝપી

'अणुभ्यश्च महद्भ्यश्च शास्त्रेभ्यः कुशलो नरः।

सर्वत सारमादद्यात्पुष्पेभ्य इव षट्पदः॥

'What nature has disjoined in one way, Wisdom may' unite in another .'

- *Edmund Burke*

પોતે અંગ્રેજી રાજ્ય સાથે સંબંધ બાંધ્યો તેનાં ગણાતાં વિષફલનો આરંભ સ્વતંત્ર સત્તાના પરિચિત મલ્લરાજને કડવો લાગ્યો હતો; છતાં તેણે અંતકાળ સુધી એ સંબંધ બાંધવામાં ભૂલ થઈ ગણી ન હતી. અંગ્રેજી વિદ્યાથી શૂન્ય પણ દૂરદર્શી એ મહરાજ પોતાના મનનાં કારણ જગતને સમજાવી શક્યો નહીં, અને સામંત અને મૂળરાજનાં મનનું સમાધાન કરી શક્યા વિના તેણે દેહ છોડ્યો હતો. એ જ મહારાજના શાણપણે મણિરાજને અંગ્રેજી વિદ્યાનો અને વિદ્યાચતુરનો યોગ કરી આપ્યો હતો અને વિદ્યાચતુરને પણ પોતાના રાજ્યતંત્રના મંત્રોમાં પ્રવીણ કર્યો હતો. રાજા વારસામાં અનેક રાજભંડાર મૂકી જાય તેના કરતાં આવો વારસો સહસ્રગણો ઉત્તમ ગણવો એ પોતાના વિચારને એ મહારાજે આમ આચારમાં આણ્યો હતો, અને એ વિચાર-આચારનું અમૃતફળ રત્નનગરીની ભાગ્યશાળી પ્રજા એના મરણ પછી ભોગવતી હતી. બટમોગરાના ફૂલની પાંખડીઓનું એક પડ ખેંચી લઈએ તો તરત અંદરથી એવું ને એવું ફૂલનું દળ નીકળી આવે તેમ મલ્લરાજનો દેહ ખરી પડતાં એના જ હાથમાં પરિપક્વ થયેલો મણિરાજ પ્રજાના હાથમાં આવ્યો, અને જરાશંકર નિવૃત્ત થતાં વિદ્યાચતુર આવ્યો. પ્રવીણ બુદ્ધિમાન મનુષ્યોની પલટણીને અનુભવની કવાયત આપી એકબીજા પાછળ ઊભી રાખી, એવી રીતે તૈયાર રાખવી કે રાજ્યને અને પ્રજાને કદી કોઈ રીતે યોગ્ય પુરુષોની ખોટ પડે નહીં. એ વ્યવસ્થા, દુરદર્શી અને ડાહ્યા રાજાઓનો એક મહાન ધર્મ છે.

મલ્લરાજની રાજ્યનીતિનાં નાનાં વૃક્ષોને નવા રાજાએ અને નવા પ્રધાને પાળી-પોષી મોટાં કર્યાં એટલું જ નહીં પણ મલ્લરાજના જે યોગ્ય વિચાર બીજરૂપે તેના લેખો અને તેના વાર્તાવિનોદના પ્રસગોની જ માત્ર ભૂમિમાં પડ્યા હતા તેને મણિરાજે અને વિદ્યાચતુરે શોધી બોધી પરીક્ષાપૂર્વક આચારભૂમિમાં નાંખવા માંડ્યા હતા. કન્યા પરગૃહની જોઈએ તેમ પ્રધાન પરદેશનો જોઈએ એ વિચાર પ્રમાણે મલ્લરાજ આચાર કરી શક્યો ન હતો; એટલું જ નહીં પણ રાજકુળમાં વંશપરંપરતા જેવી રાજ-ફલ આપનારી છે તેથી ઊલટી જ રીતે દેશી રાજ્યોમાં પ્રધાનકુલમાં વંશપરંપરતા રાજ-ફલને કહોવડાવનારી અને પ્રદાન-ફલને નીરસ કરનારી છે એવા પોતાના અભિપ્રાયને પડતો મૂકી જરાશંકરને સ્થાને વિદ્યાચતુરને નીમી, મલ્લરાજે રાજ્યને માથે જોખમ વહોરી લીધું હતું. પણ તેમાં તેનો એવો વિચાર હતો કે પરરાજ્યનું બળ ચોમાસાના પૂર પેઠે ઊભરાવા લાગે તે પ્રસંગે નવી અજમાયશ કરવાનો કાળ નથી. આવાં કારણથી પોતે પ્રધાનપદ પામેલો હતો તે વિદ્યાચતુર સારી

રીતે સમજતો હતો, અને પોતાના પછી કોઈ પરદેશી અને પરવંશનો પણ વિશ્વાસયોગ્ય સુપાત્ર પ્રધાન શોધી લેવામાં મણિરાજની દૃષ્ટિને નિષ્ફળ ન થવું પડે તે માટે તરત પોતાના હાથ નીચેના અધિકારીઓમાં થોડાક એવા સુપાત્ર પરદેશીઓ શોધીને રાખ્યા હતા કે પ્રસંગ પડ્યે એક જ પુરુષ સિવાય બીજાને જોવાની-શોધવાની-અશક્તિ ન રહે અને અનેક સુપાત્રોમાંથી એક પાત્રતમ ગમે તે વેળા શોધી લેવામાં રાજાને બાધ આવે નહીં. આ પુરુષો પરરાજ્યોના અનુભવી અને બુદ્ધિમાન હતા, અને આ રાજ્યનાં અંગના તેમ મોટા રાજ્યવિચારના અને રાજ્યપ્રસંગોના પ્રકાશ તેમના ઉપર બને તેટલા પડવા દેવામાં વિદ્યાચતુરનું નિ:સ્વાર્થી અને સ્વધર્મપરાયણ મન રજ પણ સંકોચ પામતું ન હતું. રાણા ખાચરને માટે મેળવવાના ખાનગી દરબારમાં આ મંડળને તેણે આમંત્રેલું હતું તે આવો જ પ્રકાશ તેમના ઉપર નાંખવાની યોજનાથી. ચંદ્રકાંતને આ દરબારમાં તેડ્યો હતો તેમ જ રત્નનગરીમાં મુંબઈથી સહજ આવી ચડેલા દક્ષિણી દેશવત્સલ ગૃહસ્થ વીરરાવ ધમ્પાટેને પણ આ દરબારમાં તેડ્યો હતો, અને તેનું કારણ એટલું હતું કે મુંબઈવાસી સ્વતંત્રતાના ઉછાળાના ધક્કા લેવાનો લાભ પોતાના રાજકિકરત્વના જ અનુભવી પુરુષોને મળે અને તેની સાથે આવા દરબારમાં બોલાવેલા અતિથિઓનો પણ કંઈ સત્કાર થાય. રાણા ખાચર જેવો વિરુદ્ધ મતનો અને જૂની શૈલીનો પણ બુદ્ધિશાળી રજપૂત રાજા રત્નનગરીના તેમ મુંબઈના આવા ગૃહસ્થોનાં સમાંગમમાં આવે અને વિચારચર્ચામાં ભાગ લે તો રાજ્યસ્થાનોનું ઐક્ય સાધવામાં પોતે કાંઈક કારણભૂત થાય એવો પણ આશય આવા દરબાર યોજવામાં વિદ્યાચતુર રાખતો.

પરદેશી અધિકારીઓમાં એક જણ નામે પ્રવીણદાસ હતો. તે જાતે વાણિયો હતો. રાણા ખાચરના રાજ્યની પેલી પાસના એક નાના રાજ્યનો એ વતની હતો. એનો બાપ વ્યાપારી હતો અને પોતે અંગ્રેજી પાઠશાળામાં સુશિક્ષિત થઈ, તેમાં મામલતદારનું કામ કરી, એકાદ-બે દેશી રાજ્યોમાં પ્રામાણિકપણાથી રાજા તથા પ્રજાનું હિત જાળવી શક્યો હતો. મુંબઈ જતાં એ રાજ્ય વિદ્યાચતુરને રસ્તામાં આવતું, અને ત્યાં પડેલા પ્રસંગોએ અનેકધા આ ગૃહસ્થને પરખી પોતાના રાજ્યમાં આકર્ષી લીધો હતો. તે તાજો જ આવેલો હતો અને રત્નનગરીના વસુલાતખાતામાં ભોમિયો થતો હતો. એ ખાતું આજ સુધી વિદ્યાચતુરના પોતાના હાથમાં હતું ત્યાંથી જુદું પાડી પ્રવીણદાસને આપવા વિચાર હતો.

ન્યાયખાતાને માંટે અંગ્રેજી ન્યાયસાહિત્યના વિદ્વાન અને અનુભવી ન્યાયશાસ્ત્રી શંકરશર્માને મુંબઈમાંથી શોધી કાઢ્યા હતા. શેતરંજમાં સામાના રાજાને મહાત કરવા પોતાના મોટા મહોરાનું બલિદાન આપવામાં જેવું શાણપણ છે તેવું જ ન્યાયને અંગે રાજ્યના મોટા લાભોનું બલિદાન આપવામાં પણ છે, ન્યાયની શુદ્ધ સ્વતંત્ર પદ્ધતિથી રાજ્યનું વીર્ય વધે છે અને પ્રતાપ ઉગ્ર થાય છે ઇત્યાદિ સુપ્રસિદ્ધ ગણાતી પણ રાજ્યસત્તાના લોભી પુરુષોને અપ્રિય લાગતી રાજ્યનીતિના તીવ્ર આચાર પાળવામાં શંકરશર્માને પ્રધાન ઉત્તેજન આપતો અને પોતાની પણ ભીતિ કે શરમનું બીજસરખું ન્યાયખાતામાં દેખાતામાં જ નષ્ટ કરતો.

રત્નનગરીના રાજ્યમાં જંગલ તથા સમુદ્રતટે બંદરો હતાં તેનાં વિકાસને માટે પણ મુંબઈથી જ જાતે પરખીને એ વિષયોનાં અનુભવી માણસો રાખ્યાં હતાં. સર્વ રાજ્યોમાં નિર્માલ્ય ગણાતું અને દરિદ્ર પગારવાળા અધિકારીઓના હાથમાં તિરસ્કારથી રખાતું વિદ્યાખાતું એક સમર્થ વિદ્વાનને સારા પગારથી સોંપવામાં

આવ્યું હતું અને તેના ઉપર પ્રધાન પોતે અનિમિષ અને ઉદાર દૃષ્ટિ રાખતો. આવાં ખાતાંઓના અધિકારીઓમાંના કેટલાકને શંકરશર્મા અને પ્રવીણદાસ સાથે આ દરબારમાં આમંત્રેલા હતા.

મલ્લરાજે નગર બહાર એક મહાન મહેલ બાંધવા માંડેલો હતો અને તેની યોજનાને વિસ્તાર આપી મણિરાજે તે પૂરો કરેલો હતો. મહેલનું નામ મલ્લમહાભવન પાડ્યું હતું અને તેના આગલા ખંડનું નામ વિદુરભવન રાખ્યું હતું. આજનો દરબાર વિદુરભવનમાં યોજેલો હતો.

વિદુરભવનમાં ચારે પાસ ભીંતોએ સંસ્થાન અને પરદેશોના નકશા ટાંગેલા હતા અને પુસ્તકોનાં કબાટ ગોઠવેલાં હતાં. તેમાં આ દેશના તેમ પરદેશના પ્રાચીન તથા અર્વાચીન, સમર્થ રાજપુરુષોનાં ચરિત્ર, તેમના લેખો, તેમનાં ભાષણો વગેરે વિષયોનાં પુસ્તકો સંગ્રહેલાં હતાં. એક કબાટમાં અંગ્રેજી રાજપુરુષો તો બીજામાં જર્મન અને ત્રીજામાં અમેરિકન, એમ અનેક દેશના રાજપુરુષોનાં પરિપક્વ થયેલાં અનુભવ-પ્રદર્શન આ ખંડમાં આવનાર પ્રાજ્ઞની દૃષ્ટિને ચમકાવતાં હતાં.

આ સર્વની મધ્યે એક અર્ધભાગે સુંદર કોચ અને ખુરસીઓ વડે સમારંભ રચ્યો હતો. અને બીજા અર્ધભાગે યૂરોપ, અમેરિકા, હિન્દ વગેરે સર્વ દેશનાં મુખ્ય તાજાં વર્તમાનપત્રો તથા ચોપાનિયાં ટેબલો ઉપર પાથરેલાં હતાં.

મણિરાજની અને તેના પ્રતિષ્ઠિત અતિથિની વાટ જોઈ આમંત્રેલા રત્નનગરીના અધિકારીઓ આ ભવનમાં ભરાતા હતા, અને તેનાં અનેક પ્રદર્શનો ઉપર દૃષ્ટિ ફેરવતા ફરતા હતા અને તેનો ઉપયોગ કરતા હતા.

એક ટેબલ આગળ શંકરશર્મા, ચંદ્રકાંત અને વીરરાવને લઈ બેઠો હતો અને વાર્તાવિનોદ કરતો હતો.

ચંદ્રકાંત: ‘શો ઉત્તમ પુસ્તકોનો સંગ્રહ! જે રાજા આ પુસ્તકોદ્યાનમાં માત્ર આવી, એ ઉદ્યાનમાં ફૂલોની વાસ જ લેઈ ચાલ્યો જાય તે તેટલાથી જ ચતુર થઈ જાય!’

વીરરાવ હસ્યો: ‘છટ્! આ તો માત્ર દેખાવ કરવાની વાત છે — દંભ છે! બાકી તો રજવાડો સર્વ અંદરથી સળેલો! All is rotten at the core in these states! Don’t believe in this show like a simpleton !’

આ કઠોર વચન સાંભળી શંકરશર્મા ચમક્યો. પ્રવીણદાસ છાનોમાનો પાછળ ઊભો હતો તેણે તેના સામું જોઈ નાકે આંગળી ધરી. બીજા સર્વ આસપાસ ભરાઈ ગયા. એવાં વાક્યોના પરિચિત ચંદ્રકાંતને પણ આ સ્થાને અને આ કાળે — મણિરાજના ભવનમાં — તેનો સત્કાર સ્વીકારવાને પ્રસંગે — વીરરાવનાં વચન અકૃતજ્ઞ અને અસ્થાને લાગ્યાં અને બોલી ઊઠ્યો:

‘મિસ્ટર ધમ્પાટે! તમારો વિચાર ખરો હોત તો પણ તેની ઉચ્ચાર અસ્થાને છે.’

વીર૦ — ‘એ માખણ તમને સોંપ્યું. અમારે તો વિચાર તે ઉચ્ચાર. You see, I do not care a fig these foolish and dishonest forms ! *यद्यपि शुद्धं लोकविरुद्ध नाकरणीयं नाचरणीयम्।* એ પ્રામાણિકપણાનું શાસ્ત્ર, તે હૃદયના બાયલાઓને સોંપ્યું. સત્યના વીરોને દુનિયાની શી પરવા છે?’

વીરરાવે છાતી કાઢી અને ઓઠ વડે ફુત્કાર કર્યો. શંકરશર્મા ધીમે રહીને હસીને બોલ્યો: 'પણ ચારિત્ર્ય દૂષિત [૧] કર્યાના આરોપકાળે એકલું સત્યવચન બોલ્યા છીએ કહ્યાથી આરોપી નિર્દોષ નથી ઠરતો.'

'ઓ-મિસ્ટર-શંકરશર્મા-!' માથું અને આખું શરીર ઊંચું કરી, આળસ મરડી, હાથ ઊંચા કરી વીરરાવ બોલ્યો: 'એ તમારું ધર્મશાસ્ત્ર અમારા સત્યશાસ્ત્ર આગળ નિરર્થક છે. રાજનીતિમાં અસત્ય ભળે છે અને તમારા ન્યાયમાં પણ અસત્ય ભળે છે. પણ એવી નીતિ અને એવા ન્યાયના પંજામાં ફસાયાથી સત્યના વીરો ડરતા નથી. ખરું જોતાં તો ધર્મમાત્રનો આધાર સત્ય ઉપર છે, ને મનુષ્યના જીવનનો અને એના સર્વ ઉચ્ચગ્રાહનો સ્તંભ સત્ય ઉપર ટકેલો છે. આપણા એક કવિએ ધર્મના જ મુખમાં વચન મૂકેલું છે:

'मया ध्रियन्ते भुवनान्यमूनि

सत्यं च मां तत्सहितं विभर्ति [२] *॥ '*

અને પાશ્ચાત્ય પાંડિત્ય પણ એ જ ઉદ્ગાર કરે છે. નીતિનો આધાર ધર્મ અને ધર્મનો આધાર સત્ય છે. સત્યના તેજની જ્વાળા અગ્નિની જ્વાળા પેઠે, સર્વ અવસ્થાઓમાં, ઊંચી ને ઊંચી બળશે, લોકે ધર્મ ગણેલા અધર્મ સત્યના તાપથી ઓગળી જશે, અને કુરાજ્યોની રાજ્યનીતિને ઉથલાવી પાડવા સત્યના વીરો લડશે અને મરશે અને સત્ય વિજયી થશે. માટે સત્યના વીરોએ નથી જોવાનો દેશ, નથી જોવાનો કાળ અને નથી જોવાનું પરિણામ. વિચાર તે ઉચ્ચાર! એ જ અમારું સત્ય અને Damn your states and politics for perverting all the dictates of truth !'

આ ગાળોના ઉદ્ગાર સાંભળતાં પ્રવીણદાસ તો માત્ર ઠંડો જ થઈ ગયો અને બીજા અધિકારીઓમાં ક્રોધ, હાસ્ય, તિરસ્કાર આદિ અનેક વૃત્તિઓ સ્વભાવ વૈચિત્ર્ય પ્રમાણે રોપાઈ ગઈ. પણ સર્વ આ વેગવાળા પ્રવાહથી સ્તબ્ધ હતા એટલામાં વિદ્યાચતુર અને મણિરાજ આવી સર્વની પાછળ ઊભા હતા અને શાંત સ્થિત કરતા હતા. તેમાંથી વિદ્યાચતુર આગળ આવ્યો અને ધીમે રહી વીરરાવને ખભે હાથ મૂક્યો ત્યાં વીરરાવે પાછળ જોયું અને એના પગ ઊભા થયા. પોતાનાં વાક્યોની એના ઉપર અને રાજા ઉપર શી અસર થઈ હશે તેનો વિચાર જ તેને થયો નહીં, અને વિચાર ન થયો તો ક્ષોભ પણ શાનો થાય? પાછા ફરી તેણે વિદ્યાચતુર સાથે હસ્તમેલન * કર્યું અને મણિરાજ ભણી વાધતાં વાધતાં બોલ્યો: 'મહારાજ, રાજા અને પ્રજામાં મનુષ્યત્વ સામાન્ય છે, રાજત્વ કરતાં મનુષ્યત્વ પૂજ્ય છે, અને પૂજ્યત્વનું ચણતર સત્યના પાયા ઉપર થયેલું છે. એ સત્ય આપ સ્વીકારો છો, પણ અમારા વકીલસાહેબ ચંદ્રકાંતભાઈએ એથી વિરુદ્ધ શાસ્ત્ર પળાવવાનો પ્રયત્ન કર્યો માટે અમારે એમની સાથે હમણાં જ યુદ્ધ થયું હતું.

મણિરાજે હસતાં હસતાં એની સાથે હસ્ત મેળવ્યો અને ઉત્તર દીધો: 'એવાં એવાં યુદ્ધોને માટે જ અમે આ વિદુરભવન રાખેલું છે અને તેમાં આપના જેવાનો સત્કાર કરીએ છીએ. મહારાણા ખાચરજીને લઈ મૂળરાજ સત્વર આવશે તેમને આપની શક્તિ જોવાનો લાભ થશે. માટે ચાલો, આપણે આ સભામંડપમાં બેસીએ.'

સર્વ ઊઠ્યા અને સભામંડપમાં ચાલ્યા. એટલામાં દરવાજે નેકી સંભળાઈ, ઘોડા ખોંખાર્યા, સર્વ મંડળ દરવાજે સામે ગયું, અને રાણા ખાચર તથા મૂળરાજને લઈ પાછું ફર્યું. સર્વ વાતચીત અને સ્વર બંધ પડ્યાં, ચાલનારાના પગના ઘસારા પણ સંભળાતા ન હતા, અને અગ્રભાગે માત્ર ખાચર અને મણિરાજ મંદ સ્મિત કરતા કરતા ધીમે સ્વરે ઓઠ ફફડાવતા વાતો કરતા ચાલતા હતા. તે બે જણ એક સુવર્ણના ચિત્રિત કોચ ઉપર સામસામે બેઠા. તેમની એક પાસ ખાચરના રાજ્યના એકબે ભાયાતો, તે પછી મૂળરાજ, અને તે પછી મણિરાજના ત્રણચાર ભાયાતો બેઠા. બીજી પાસ પ્રથમ વિદ્યાચતુર, પછી વીરરાવ, પછી ચંદ્રકાંત અને તે પછી રત્નનગરીના બીજા અધિકારીઓ બેઠા.

રાણો ખાચર શરીરે પાતળો, પણ કદમાં ઊંચો હતો. વૃદ્ધાવસ્થાની કરચલીઓ એના મુખ ઉપર હતી, પણ હઠીલી અને ખુન્નસભરી રજપૂતાઈના આવેશે ભરેલી રતાશ એની ઝીણી પણ લાંબી આંખોમાં વીજળીની રેખા પેઠે ચળકતી હતી અને આંખોના ખૂણા સુધી પ્રસરતી હતી. એની મૂછોમાં ધોળા વાળ ભળવા લાગ્યા હતા; છતાં તેના આમળા કાન સુધી વળતા હતા. એના ઓઠ લાંબા હતા. અને એ આખા જગતને કંઈ લેખામાં ગણતો ન હોય એવો અભિમાની તિરસ્કાર એ આંખો અને ઓઠમાં સ્ફુરતો હતો. એ હસતો ત્યારે પણ એના હાસ્ય સાથે કોઈક કટાર ઝઝૂમતી હોય એમ લાગતું હતું. એક કોચના બે છેડા ઉપર બેઠેલા સસરો-જમાઈના દેખાવમાં સર્વાંગી વિરોધ સ્પષ્ટ હતો, અને આકાશના મધ્યભાગમાં ચંદ્ર અને ધૂમકેતુ પાસે હોય ત્યારે લાગે તેમ સૌમ્ય મણિરાજ અને તીવ્ર-ઉગ્ર ખાચર લાગતા હતા.

‘રાણાજી, આ બે અમારા અતિથિ છે તે મુંબઈથી આવેલા છે.’ ચંદ્રકાંત અને વીરરાવ ભણી દૃષ્ટિ કરી મણિરાજે હસતે મુખે કહ્યું.

‘હા, મોં ઉપરથી જ દેખાય છે.’ હથેલીમાં દાઢી દાબતો દાબતો ખાચર બોલ્યો.

‘એમાં આ દક્ષિણી ગૃહસ્થનું નામ વીરરાવ છે. તેમનો વિચાર એવો છે કે દેશી રજવાડામાં અંદરખાનેથી સળો જ છે.’ મણિરાજે કહ્યું.

‘એમનો વિચાર એવો હશે! શું કરીએ? મુંબઈમાંથી ચાલી આવેલી ઊધઈ રજવાડાનું કાળજું પણ કોરી ખાય છે; આવા મહેમાનોને સંઘરવાનું ફળ કંઈ નાનુંસૂનું હોય?’ બીજી પાસની ભીંત ભણી નજર કરી હસતે હસતે ખાચરે ઉત્તર દીધો.

વીરરાવની આંખમાં ક્રોધના વીર આવ્યા, અને ઉત્તર ન દેતાં માત્ર ચંદ્રકાંતના કાનમાં એ કહેવા લાગ્યો. ‘Look! Look! Not only does the devil coil and sting like the serpent, but can breathe out his venom too !’

‘He only pays in kind .’ ચંદ્રકાંતે વીરરાવના કાનમાં અમૃત રેડ્યું.

‘Me he pays in kind? You say so ?’ વીરરાવે ઓઠ પીસી પૂછ્યું.

‘I believe he thinks so .’ ચંદ્રકાંતે કહ્યું અને પછી મોં મલકાવ્યું.

‘કેમ ચંદ્રકાંતજી, છાનીછાની ગોષ્ઠી ચલાવો છો તો રાણાજીને અને અમને પણ કાંઈ અમૃત સંભળાવો.’ મણિરાજે વાત છેડી.

વીરરાવ — ‘સુણો. મહારાજ, મુંબઈમાં તો ઊધઈ પણ છે અને સુધરાઈ પણ છે. તેમાંથી જેને જ્યાં ગ્રાહક મળે ત્યાં જાય છે. જે રજવાડામાં મુંબઈની ઊધઈ જ આકર્ષાતી હોય તે રજવાડાની જાતમાં જ કંઈક રોગ હોવો જોઈએ.’

મણિરાજ — ‘એ રોગ કયા સંસ્થાનમાં છે ને કયામાં નથી એ પ્રશ્નનું નિરાકરણ વેગળું રાખી જે જે સંસ્થાનમાં એ રોગ હોય તેનું ઔષધ શું એ દર્શાવો તો આપણી ચર્ચામાં કાંઈક સૂચક ભાગ આવે.’

વિદ્યા૦ — ‘ધમ્પાટેસાહેબને મન તો સર્વત્ર એ રોગ વ્યાપી ગયો છે.’

મણિરાજ — ‘એમ હોય તો આપણે ત્યાં પણ એ રોગ છે એમ તકરાર ખાતર સ્વીકારો તોપણ થયો રોગ ન થવાનો નથી. પણ તેનો ઉપાય શો?’

વીરરાવ — ‘સાહેબ, મારે મન તો એ રોગ અસાધ્ય થઈ ગયો છે; અને હવે તો The states must be stewed in their own sweet juice .

‘शरीरे जर्जरीभूते व्याधिग्रस्ते कलेवरे!

औषधं जाह्नवीतोयं वैद्यो नारायणो हरिः॥

શંકરશર્મા-‘વીરરાવજીએ તો આપણા રામ પોકારી દીધા અને ફાંસીની સજા બતાવી દીધી. હવે તો વકીલસાહેબની બુદ્ધિ કાંઈ શોધી કાઢે તો સાંભળીએ.’

પ્રવીણદાસ — ‘ભાઈસાહેબ, જશ ધીરા થાવ. પાડોશીના દેશમાં કાંઈ સંગ્રહ હશે તો આપણા દુષ્કાળમાં કાંઈ ઉપયોગમાં આવશે. માટે જે રાજ્યમાં વીરરાવજી જેવાં રત્ન નીપજે છે તેની તો કથા કાંઈ પૂછો.’

વીરરાવ — ‘શું પૂછવું છે? બ્રિટિશ રાજ્યની દેશી પ્રજાની સંવૃદ્ધિમાં દેશી રાજ્યો જ હરકતકર્તા છે, અને દેશીઓ રાજ્ય કરવા યોગ્ય છે કે નહીં એવો પ્રશ્ન ઊઠતાં અંગ્રેજી અધિકારીઓ તમારા ભણી આંગળી કરે છે અને કહે છે કે દેશીઓને સ્વતંત્ર અધિકાર આપ્યાથી કેવી અવ્યવસ્થા થાય છે તે જોવું હોય તો દેશી રાજ્યો ભણી જુઓ એટલે પ્રત્યક્ષ પાઠ — object lesson - મળશે.’

પ્રવીણદાસ — ‘પણ રાવસાહેબ, અમે તો હવે મરણશય્યા પર સૂતા તે સૂતા. પણ તમારામાં કેટલો જીવ છે તે તો કંઈ જણાવવાની કૃપા કરો.’

વીરરાવ — ‘કેવી રીતે જણાવીએ? ડેલહાઉસી જેવો કોઈ ગવર્નર જનરલ આવે અને રજવાડા માત્રને અંગ્રેજી રાજ્યમાં ભેળવી નાંખે તો તરત અમારો જીવ હાલતોચાલતો જણાય. નાતજાતના ભેદ જેમ અમને પગલેપગલે નડે છે તેમ તમારાં રાજ્યોની સ્થિતિ અમારા અભિલાષને પાછા હઠાવે છે.’

ખાચરનું મોં કસાણું થયું.

શંકરશર્મા — ‘પણ તમારા લોકમાં હોળી સળગે તો યે અમારે શું અને તમારા પ્રજાસંઘમાં દિવાળી પ્રકટે તો અમારે શું? તમારા લોકનો ઉદય ઇચ્છવા અમારો પ્રલયકાળ ઇચ્છવો એ ક્યાંનો ન્યાય? રાવસાહેબ, Morality, Law , ને Religion , નીતિ, ન્યાય ને ધર્મ — સર્વ ઉપર તમે પાણી ફેરવો છો.’

વીરરાવ — ‘He who would rush into the front ranks, must tread upon somebody’s corns . આખા દેશનો ઉદય જ્યાં સાધ્ય છે ત્યાં ચાર મરવા

પડેલાં રિબાતાં રાજ્યોના પ્રાણ શમી જાય તો શું થયું? એ વ્યાપારથી એ રાજ્યોની પ્રજા પણ સુખી થશે અને અમને સહાય થશે. આવા મહાન સાધ્ય આગળ ન્યાય, નીતિ અને ધર્મ પ્રતિરોધ કરે તો તે પ્રતિરોધ દૂર કરવો. ક્ષત્રિયો યુદ્ધ કરે ને વચ્ચે ગાય આવે તો યુદ્ધ અટકાવવું નહીં પણ ગૌવધ આવશ્યક હોય તો કરવો અને યુદ્ધ પૂરું થયે તેનું પ્રાયશ્ચિત્ત કરવું!'

સભાના મોટા ભાગે આ શબ્દ સાંભળતાં કંપારી ખાધી અને વીરરાવ ભણી તિરસ્કાર અને ખેદભરેલી દૃષ્ટિ કરી. વીરરાવે તેને ગાંઠી નહીં.

વિદ્યાચતુર — 'રાવસાહેબ, આપણે હાલ ન્યાય, નીતિ અને ધર્મનાં ગહન પ્રકરણોમાં નહીં ઊતરીએ. માત્ર ઇતિહાસ, સાધ્ય, સાધન અને ભવિષ્યની ચર્ચા કરીશું. તમે એમ ધારો છો કે જે સામ્રાજ્યના તમે અંશ છો તેના અમે અંશ નથી?'

વીરરાવ — 'That's it . અલબત્ત, બે જણ તેના અંશ છીએ અને માટે જ હું કહું છું કે આખા શરીરનો આ એક અવયવ કોહ્યો છે તેને કાપી નાંખવો કે એ અવયવનું વિષ આખા શરીરમાં વ્યાપી ન જાય. એક ભાગને રોગ અને આખા શરીરને તેનો ભય — એ સત્ય, અને તે પાયા ઉપર રચવાનો તે ધર્મ, ન્યાય અને નય — કે જેનાથી આખા શરીરનું કલ્યાણ થાય.'

વિદ્યાચતુર — 'તો હવે તમે શોધો કે અમારાથી તમને લાભ શો અને હાની શી?'

વીરરાવ — 'શું શોધવું છે? દેશી રાજ્ય કદી ઠેકાણે આવવાનાં નથી. એ રાજ્યોના મર્મભાગોમાં રહેલી ખટપટ એમના રાજાઓને ભ્રમિત કરે છે અને અમારે ત્યાંથી જે સારા માણસ ત્યાં જાય તેને એ ખટપટ અને એ રાજાઓના ભ્રમ બગાડી નાંખે છે. અને એનો ચેપ અમને લાગે છે. દુખવા આવેલી આંખો સામાની આંખોને દુખવા આણે એમ તમારાં રાજ્યોની કથા છે, તે પોતે બગડે છે ને સામાને બગાડે છે. તેમની પ્રજા ચારેપાસથી દુ:ખ અને જુલમના પોકાર કરે છે. એ રાજાઓ ગમે તો દ્રવ્ય ઉડાવે છે ને દેવું કરે છે, ને ગમે તો લોભ અને કંજૂસાઈથી પ્રજાને માટે સંગ્રહેલું દ્રવ્ય લોકોપયોગને માટે પ્રવાહી થતું અટકાવે છે ને પાતાળના ભોંયરામાં નાંખે છે કે દુર્માર્ગે ઉડાવે છે, ને પ્રજા તો ભિખારી ને ભિખારી! એ રાજ્યોની પ્રજાને નથી મળવાનું જ્ઞાન, નથી મળવાની સ્વતંત્રતા અને નથી મળવાનાં ઉદ્યોગ, સુખ અને મનુષ્યત્વ. તેઓ જે સદ્વસ્તુ શોધશે તેમાં તેમના રાજાઓ ને અધિકારીઓ સપત્ની કૃત્ય કરશે, ને ઝાંખરાં પેઠે પગલે પગલે નડશે. સુધરતા યુગની પાછળ એ રાજાઓ રહેશે અને પ્રજાને રાખશે. દેશી રાજ્યોથી લોકોને લાભ કંઈ નથી અને હાનિ સર્વથા છે. They are doomed and shall cease, and the sooner the better . એ રાજ્યોનો ઉપયોગ આખા જગતમાં કોઈને કશો નથી. એ રાજ્યો નષ્ટ થશે ત્યારે રાજાઓ પણ મનુષ્યત્વ પામશે અને અમારા મહાન સમારંભોમાં અમારા સહચારી થશે. એ રાજાઓનો અને તેમની પ્રજાઓનો જીર્ણોદ્ધાર કરવાનો આ જ એક માર્ગ છે અને બાકીના સર્વ પ્રયત્ન પવનના બાચકા છે. * એ રાજ્યો જેમ વહેલાં રામશરણ જાય તેમ તેમનો આ તેમના દુ:ખજીવનમાંથી વહેલો મોક્ષ ને નવો અવતાર છે.'

પ્રવીણદાસ — 'પણ અંગ્રેજી સત્તાથી તમારા ધનસંચય સમુદ્રપાર જાય છે તેને સાટે અમારે ત્યાં દ્રવ્ય ઘરમાં રહે છે અને તમારે ત્યાં આવી તમારું પોષણ કરે છે

તેનું શું?’

શંકરશર્મા — ‘રાજ્યકળા અને રાજ્યનીતિના અનુભવ શીખવાની તમારે માટે એક જ શાળા રહેલી છે તે માત્ર દેશી રાજ્યોમાં છે અને અંગ્રેજ અધિકારીઓ સાથે કંઈક સમાન ભાવે સમાગમ પામવાનો લાભ અમારે ત્યાં જ છે. આ બધાંનું શું?’

છેલ્લો બેઠેલો એક તરુણ અધિકારી બોલી ઊઠ્યો: ‘તમારે ત્યાં તમે સર્વ Plebian રહેવાના, અને અમારે ત્યાં આવી Patrician ના સંસ્કાર પામવાના, અને હલકા સંસ્કાર છોડી ઉચ્ચ સંસ્કાર પામવાના. તેનું શું? તમારા શબ્દેશબ્દમાં તમારું કુળ જણાય છે તેને સાટે રાજ્યના ઉચ્ચ સંસ્કાર પામવાનું સ્થાન દેશી રાજ્યો ન હોય તો તમને કોણ આપવાનું હતું?’

મૂળરાજ હસતો હસતો બોલી ઊઠ્યો: ‘દેશી રાજ્યોને સ્વર્ગે મોકલી સુખી કરવાનો રસ્તો તો રાવસાહેબને ઠીક સૂઝ્યો! મહરાજ, મુંબઈમાં આવા સદ્ગૃહસ્થોની જ પાંજરાપોળ ભરી રાખેલી છે કે કંઈ બીજાં પ્રાણી છે?’

વીરરાવની આંખ આ અપમાનથી રાતી થઈ. તે તીક્ષ્ણ વચન બોલવા જતો હતો તેટલામાં તે પ્રસંગ અટકાવવા ચંદ્રકાંતે ચર્ચામાં ભાગ લેવા માંડ્યો.

‘મૂળરાજ, અમારા રાવસાહેબ પુસ્તકોના કર્તા અને વર્તમાનપત્રના તંત્રી છે. દેશી રાજ્યોનો તેમને જાત અનુભવ નથી, પણ રાજ્યોનાં માણસો લખી મોકલે તેથી સૌ જાણે. — મહારાજ, જેવો વીરરાવને દેશી રાજ્યો પ્રતિ તિરસ્કાર છે તેવી જ મારા મિત્ર સરસ્વતીચંદ્રને આ રાજ્ય ઉપર પ્રીતિ છે. મને રજવાડાનો જાત અનુભવ નથી, પણ મિત્ર પાસે મેં ઘણાક પ્રસંગો સાંભળેલા અને ચર્ચેલા. મારે આવે પ્રસંગે અભિપ્રાય બાંધવા પડેલા તે પરિપાકદશાને પામ્યા નથી, પણ જેવા છે તેવા દર્શાવવામાં કાંઈ દોષ લાગતો નથી.’

મણિરાજ —‘બેલાશક, બોલો. અમારાં છિદ્ર અને અમારા દોષ જાણવાને અમે અંત:કરણથી આતુર છીએ.’

ચંદ્રકાંત — ‘મારી કલ્પના પ્રમાણે અમારા લોકમાં સામાન્ય વર્ગ ઘણો છે, પણ રાજા અને સામાન્ય પ્રજાની વચ્ચે સૂક્ષ્મ પ્રસંગોએ કામ લાગવ અને એ ઊભય પક્ષની વચ્ચે મધ્યસ્થ થવા દ્રવ્યવાન્ અને સત્તાવાન્ એક ઉદાત્ત વર્ગ એટલે aristocracy ની અમારે જરૂર છે. અંગ્રેજી રાજ્યના બળથી હાલ જે લોકમંથન ચાલે છે તેને અંતે, દહીં ભાંગી છાશ-પાણી એક થાય તેમ, દેશી રાજાઓની સત્તા ભાંગશે અને અમારા જેવા પ્રજાવર્ગ સાથે તેઓ ભળી જશે. તોપણ બંગાળા ભણી જમીનદાર રાજાઓ છે તેમ આપણા રાજાઓ પણ અંગ્રેજી રાજ્યની અમ જેવી સામાન્ય પ્રજા અને રાજ્યકર્તાઓ વચ્ચે ઉદ્દાતવર્ગરૂપ પગથિયું થશે, અને તે કાળે આજે જે જે દુ:ખ અને બંધન ભોગવવાં પડે છે તેમાંથી મુક્ત થઈ રાજાઓ સ્વતંત્ર ને સુખી થશે અને સર્વ દેશના કલ્યાણનું સાધન થશે એવી મારી બુદ્ધિ છે.’

શંકર૦ — ‘રાજાઓ રાજા મટી ઉદાત્તવર્ગમાં ભળે તેથી તમને શો લાભ?’

વીરરાવ — ‘સાહેબ, જે વાત હું કહેતો હતો તે જ અમારા આ ગુજરાતીભાઈએ માખણ લગાડી કહી.’

શંકર૦ — 'ના, રાવસાહેબ. તમારો અભિપ્રાય તો રાજાઓને અને ઉદાત્તવર્ગને સર્વને તોડી પાડી તમારા જેવા દિગંબર કરવાનો છે, અને ચંદ્રકાંતજીની તો ઉદાત્તવર્ગ ઉપર શ્રદ્ધા છે. વળી રાજાઓનો વિવર્ત તમે ઇચ્છો છો અને ચંદ્રકાંત ઇચ્છતા નથી પણ પ્રારબ્ધને બળે નિર્મેલો ગણે છે.'

વીરરાવ — 'હા-પણ-તે-એકનું-એક-જ.'

ચંદ્રકાંત — 'ના જી....અંગ્રેજી ન્યાયની ને નયની સત્તા તમે છાપખાનાવાળા સમજી શકો એમ નથી. રોમન રાજ્યની જ્યારે સર્વ દેશમાં ચક્રવર્તી સત્તા થઈ, ત્યારે રોમન શાંતિ — Pax Romana - સર્વત્ર વર્તી ગઈ અને ચારેપાસનો કોલાહલ મટી ગયો * -વાઘને દેખતાં પશુમાત્ર પરસ્પર વિગ્રહ અને બૂમાબૂમ છોડી દઈ શાંત થઈ જાય તેમ બલિષ્ઠ સામ્રાજ્યના ન્યાય અને પ્રતાપ આગળ તે કાળની સૃષ્ટિ શાંત થઈ ગઈ. હિંદુસ્તાનમાં અંગ્રેજી રાજ્યની શાંતિ પણ એવો જ યુગ વર્તાવવા બેઠી છે. દેશી રાજ્યોને અમારી હાઈકોર્ટનો ન્યાય લાગુ નથી એ સત્ય છે; પણ તેમને રાષ્ટ્રીય ન્યાયશાસ્ત્ર- International Law -નું સ્વાતંત્ર્ય નથી, અને પળે પળે સર્વ દેશી રાજ્યોનો એકભાવ કરનાર સરકારનો ઇચ્છાન્યાય અને દેશી રાજ્યોની ઢીલી બીકણ અરજીઓ એ બેની પરસ્પર ખેંચતાણમાં જીતી જનાર અંગ્રેજી બુદ્ધિનો ન્યાય ચક્રવર્તી થાય છે — એ અંગ્રેજી શાંતિના પ્રતાપ આગળ દેશી રાજાઓ ઉદાત્ત રાજપુરુષો થઈ જતા દેખાય છે — તેમનાં રૂપ બદલાવા માંડ્યાં છે અને અંતે એ પરિણામ સિદ્ધ થશે.'

શંકર૦ — 'દેશી રાજાઓ શુદ્ધ અને સદ્ગુણી થાય તોપણ તેમની એ દશા થશે એવું ધારો છો?'

પ્રવીણદાસ — 'શું તમે એમ ધારો છો કે અમારામાં એ ભાગ્ય અટકાવવા જેવું બુદ્ધિચાતુર્ય નથી?'

ચંદ્રકાંત — 'Pax Britannica - બ્રિટિશ શાંતિ — સૂર્યના ઉદય પેઠે સર્વ તેજને, તારાઓને તેમ ચંદ્રને પણ અસ્ત કરશે. વૈરાટના મુખમાં અર્જુને કૌરવો અને પાંડવોની ક્રમશ: ગતિ દીઠી તેવી જ આ શાંતિના મુખમાં શુદ્ધ અને અશુદ્ધ, પ્રવીણ અને મૂર્ખ, સર્વ રાજાઓએ પોતાની ગતિ જોઈ લેવી. દેશી રાજ્યોની પરસ્પર તકરારોમાં તેમ તેમની પોતાની સાથેની તકરારોમાં સરકારે પોતાના હાથમાં ન્યાય રાખ્યો છે એટલું નહીં પણ ન્યાયનાં ધોરણ પણ નવા કાળનાં વાળ્યાં વળે એવાં રાખ્યાં છે. એટલું જ નહીં પણ એ રાજ્યોની પ્રજાને ન્યાય આપવાનાં ત્રાજવાં પણ રાજાઓ જાતે બરોબર ઝાલતાં શીખવાના નથી, અને તેવે પ્રસંગે એ રાજાઓ અને તેમની સારી-નરસી પ્રજા વચ્ચે વિરોધના પ્રસંગ સમાયેલા છે, એ પ્રસંગોએ આ ત્રાજવાં રાજાઓના હાથમાંથી અંગ્રેજના હાથમાં વશે કે કવશે ચાલ્યાં જશે. આ કાળે પ્રજાને દેશી રાજાઓના કરતાં પરદેશીઓનો રંગ અને સંગ વારે મીઠો લાગશે; અને કોઈ પ્રસંગે સાસરાના જુલમથી ત્રાસેલી, તો અન્ય પ્રસંગે દક્ષિણ નાયક ઉપર મોહેલી, વંઠેલી પ્રજાઓ પરણેલા સ્વામીને ત્યજી રંગીલા અને ચતુર પરદેશી વણઝારાઓ સાથે ચાલી જશે. આપણા રાજાઓ તે હવે રાજા નથી અને માત્ર સરકારે રાખેલા સ્થાનિક અધિકારીઓની દશાને પામ્યા છે — They are already reduced to what Herbert Spencer calls Local Governing Agencies . * હવે તો આ ઉદ્યોગપર્વના યુગમાં નાનાં રાજ્યોની પ્રજાઓ મોટા રાજ્યની પ્રજામાં

ભળતી જાય છે, અને તેમના પ્રાચીન સ્થાનિક રાજ્યાધિકારીઓ ઉદ્યોગાધિકારીઓ — ઉદાત્ત પુરુષો — Lords and Nobles - a noble aristocracy થઈ જશે.'

'તરતકાળમાં રાજાઓ અમારાં લોકલ બોર્ડ્ઝ અને મ્યુનિસિપાલિટીઓ જેવાં સ્થાનિક સ્વરાજ્યની દશાને પામ્યાં જોશો. અને તેને અંતે બીજી દશા આવશે.'

પ્રવીણદાશ — 'તમારે એથી શો લાભ?'

શંકરશર્મા — 'એવું થયાનાં દૃષ્ટાંત કંઈ દીઠાં છે?'

ચંદ્રકાંત — 'એનાં દૃષ્ટાંત જોવાં હોય તો ઈંગ્લાંડના બૅરનો (Barons)?' આજ ડ્યૂક અને કાઉંટ થઈ ગયા છે તે! તમારા ભાયાતોની દશા પણ બીજી શી થઈ છે? કાળક્રમે અંગ્રેજી રાજ્યના મૂળ ગરાસિયામાં દેશી રાજાઓની ગણના થશે. અમને તેથી લાભ છે. અમો અંગ્રેજી પ્રજા પાસે દ્રવ્યના સંચય નથી અને ઉદ્યોગમાંથી અવકાશ નથી. અમારા રાજ્યમાં પ્રજાએ રાજા પાસે માગણું માગતાં નિરંતર આગ્રહથી અને મહાન દ્રવ્યના વ્યયથી મહાભારત પ્રયત્ન કરવા પડે છે — તેનું દૃષ્ટાંત — અમારી કૉંગ્રેસ અને બીજાં જે જે કામ જુઓ તે. બંગાળમાં જમીનદાર રાજાઓને અવકાશ, દ્રવ્ય અને ઉત્સાહ સર્વ છે. મુંબઈ ઈલાકામાં વ્યાપાર છે તે વિદ્વાનોના હાથમાં નથી અને તેઓ દ્રવ્ય શોધતાં અવકાશ ખુવે છે. વ્યાપારીઓ દ્રવ્ય અને અવકાશ વ્યાપારમાં રોકવા વધારે ઇચ્છે, અને અવકાશ અને દ્રવ્ય બે તેમની પાસે હોય, તો ઉત્સાહ તેમાં નથી આવતો. આ પાસના રાજાઓ જમીનદારો થઈ જાય તો મુંબઈ ઈલાકામાં બંગાળાના રાજાઓ જેવો વર્ગ ઊભો થશે, તેમ થવા નિર્મેલું છે, તેમ થશે તો એવા દ્રવ્યવાન્ અવકાશવાન્ વર્ગમાં અમે વિદ્વાનો ઉત્સાહ ભરશું, અને મેગ્નાકાર્ટા મેળવનાર ઉમરાવોએ પ્રજાનો ઝંકો લીધો હતો * તેવો ઝંકો લેનાર અમારા દેશને મળશે! એ અમારો પરમ લાભ કે સરકાર, રાજાઓને રૈયત સૌનું કલ્યાણ!'

પ્રવીણદાસ — 'શું તમે એવો અભિલાષ રાખો છો કે અમારે એ તમારા ઉદાત્ત લોક પેઠે તમને લાભ અપાવવા સરકાર સામે શસ્ત્ર ઉપાડવાની મૂર્ખાઈ કરવી?'

શંકરશર્મા — 'શું એવો રાજદ્રોહી વિચાર તમારા હૃદયમાં રાખો છો? ગમે તો તમે તમારા અત્યુત્સાહના વેગમાં ને વેગમાં એવા અંધ બન્યા છો કે એ અભિલાષમાં રહેલો રાજદ્રોહ જોતા નથી; અથવા ગમે તો તમે જાણી જોઈને રાજદ્રોહી અભિલાષ રાખો છો.'

વીરરાવ — 'ભાઈ ચંદ્રકાંત, માખણ લગાવી લગાવીને પણ તમે આ પરિણામ આણ્યું! ડાહ્યા થઈને સ્વીકારો કે મહાત્માઓ ઉદાત્ત પુરુષોનું વીરત્વ કે પ્રાજ્ઞત્વ બતાવવાને અશક્ત છે એટલું જ નહીં, પણ મારા જેવા રંક સામાન્ય મનુષ્યોના જેવું મનુષ્યત્વ પણ એમાં રહેવાનું નથી. વિલાયતના ડ્યૂક અને અર્લ સામાન્ય મનુષ્યોમાંથી નવા થતા ન હોત તો જૂના ડ્યૂક અને અર્લોના દીકરાઓની થાય છે તેમ એ લોકની સર્વ ઉદાત્તતા શૂન્ય થાત. પણ ક્યાં એ દેશ ને ક્યાં આ? એ લોક પડતા પડતા ટકે છે અને આપણા લોક તો ઊભા રહેવા જતાં પડવા માંડે તો પછી ઊભા રહી શકવાની આશા શી? એમનાં મુખમાં તો હવે યવ ને તિલ મૂકો કે એમનો આત્મા આ પશુદેહને છોડી નવા મનુષ્યદેહમાં સંચાર કરી ઉચ્ચ ગતિ પામે! આ જુઓ અમારા મુંબઈવાસી ન્યાયાધીશની સ્વતંત્રતા અહીં આવી મનુષ્યત્વ ખોઈ રાજદ્રોહથી બીવા લાગી! રામ બોલો! ભાઈ રામ!'

વીરરાવના મુખમાંથી રાજાઓ સંબંધી આ વચન નીકળતાં સૌ રજપૂતોનાં મુખ ઉપર ક્રોધ, આંખમાં લોહી અને કપાળે ભ્રૂકુટી ચડી આવ્યાં. માત્ર મણિરાજના મુખ ઉપર કોઈ જાતનો વિકાર જણાયો નહીં. શંકરશર્માએ સ્તબ્ધ રહી સૌ સાંભળ્યા કર્યું. રત્નનગરીના અધિકારીઓમાંથી છેલ્લો બેઠેલો એક વૃદ્ધ પુરુષ ધીમે પણ સ્થિર સ્વરે બોલવા લાગ્યો:

'યથા યથા મુઞ્ચતિ વાક્યબાણમ્।

તથા તથા જાતિકુલપ્રમાણમ્।।'

મણિરાજના ગરસિયામાંનો એક ઠાવકું મુખ રાખી બોલ્યો: 'દાસીપુત્ર વિદુરજીના ભવનમાં એમના જેવા કુલીન જનોને યોગ્ય વચન નીકળે તો કોઈએ ક્રોધ પામવા જેવું નથી.'

સર્વનો ક્રોધ ઊતરી ગયો અને મણિરાજ અને વિદ્યાચતુર સિવાય સર્વ હસવા લાગ્યા, અને તેમના મુખ ઉપરથી ઊતરેલો ક્રોધ વીરરાવના મુખ ઉપર સંક્રાંત થયો. તે જોતાં ચંદ્રકાંત બોલી ઊઠ્યો:

'વીરરાવ, Those who hit hard must be prepared to be hit hard ! ભાઉસાહેબ, આ ગૃહસ્થોનાં વાક્યોને પણ આપણી ચર્ચાનો, તમારી ચર્ચા જેવો જ ભાગ સમજી શાંત રહી ચર્ચા ચલાવો. નીકર આપણા મુંબઈની પ્રતિષ્ઠા ખોશો.'

વીરરાવ — 'મારી ભૂલ એ થઈ કે તમે ચર્ચા ચલાવતા હતા તેમાં મેં વિઘ્ન પાડ્યું. તમે એમની સાથે કેમ પહોંચી વળો છો એ જોવાની લહેજત વધારે સારી છે.'

ચંદ્રકાન્ત — 'તો ય ભલે. ઘણાક પ્રશ્નોનો ઉત્તર દેવાનો છે તેમાં પ્રથમ તમને જ કાંઈ ઉત્તર દઈશ. પ્રથમ તો તમારી લહેજત તમે ઓછી કરી નાંખી તેનું કારણ સાંભળો. ચર્ચાનો શુદ્ધ રસ ગાળો અને શાપથી વધતો નથી, પણ ઉદાત્ત રસનાં ભરેલાં નર્મવાક્યોથી અથવા ગુપ્ત મર્મ અને પ્રકટ વિનોદ એ ઉભયથી ભરેલી વાક્યરચનાથી ચર્ચાનો પ્રહાર સફલ, આનંદજનક, શુદ્ધ રસના ઉત્તેજક અને અદૃષ્ટ પણ અચૂક રીતે સત્યના સાધક થાય છે. તમને આનો અનુભવ આપણા પ્રિય રત્ન કુલીન સરસ્વતીચંદ્રના સહવાસથી થયેલો છે અને દેશી રાજ્યોના આવા પુરુષોના સહવાસથી પણ તે શીખશો. હું કબૂલ કરું છું કે ઘણો પ્રયાસ કરવા છતાં મારામાં તે કલા માત્ર સ્વલ્પ અંશે આવી છે તો એ પ્રયાસનો તિરસ્કાર કરનારા તમારા જેવામાં તે કાંઈ પણ અંશે ન આવે તેમાં કાંઈ નવાઈ નથી. હું આ ગૃહસ્થો પેઠે તમારો તિરસ્કાર કરતો નથી કારણ તમારા જેવા જ દોષનું હું પણ પાત્ર છું. પરંતુ આજે તમે હાર તો નહીં, પણ લાત ખાધી, તેનાથી તમારા મનમાં કંઈક એટલું તો સત્ય વસશે કે આપણી રીતમાં કંઈક દોષ છે. એ દોષમાંથી મુક્ત થવાના મારા પ્રયાસને તમે **માખણ** કહો છો તેમાં મને ઇષ્ટાપત્તિ છે, કારણ *સત્યં મૃદુ પ્રિયં વાક્યં ધીરો હિતકરં વદેત્* એ શાસ્ત્રના આચારમાં માખણ હોય તો તે જેવું સ્વાદિષ્ટ તેવું જ પૌષ્ટિક છે અને તેમાંથી જ ઘીની આશા છે. એ માખણનો ઉદાત્ત ઉદ્ભવ પવિત્ર દૂધમાંથી છે ને જ્યાં સુધી તેમાં અસત્યનું પાણી અથવા કુપથ્યની ખટાશ નથી મળ્યાં ત્યાં સુધી તે માખણ ગ્રાહ્ય છે. તમારા મરાઠી લોકોનો આચાર વગરવિચારની ગાળો દેવામાં જ છે, પણ અમારે ત્યાં કંઈક જુદું જ પ્રકરણ છે. તમારે ત્યાં પણ ઇન્દુપ્રકાશનું વાક્ય અમારા જેવું જ છે કે — *કસ્યચિત્કિમપિ નો હરણીયં*

મર્મવાક્યમપિ નોચ્ચરણીયમ્ તેમાં મર્મવાક્યના ઉચ્ચારને અને ચોરીના અપરાધને એક જ ત્રાજવામાં મૂક્યા છે. તમે જે રાજાઓમાં ઉદાત્તતા જોતા નથી તેની ઉદાત્તતા આટલાથી જ પ્રત્યક્ષ કરો કે તમારી આટલી ગાળો સાંભળવા છતાં, તમને અતિથિ ગણી, તમને સામું એક વચન તે નથી કહેતા. તમે જે ઉદાત્તતા જાતે સમજતા નથી તે જ ઉદાત્તતાના ત્રણ અંશ — સહનશીલતા, ક્ષમા અને ઔદાર્ય — મહારાજ મણિરાજમાં આ પ્રસંગે પ્રત્યક્ષ કરો અને સ્વીકારો કે તમારા અભિપ્રાયનો એક પાયો એ પ્રત્યક્ષ પાઠથી ભાંગી ગયો અને આપણા રાજાઓનું ઉદાત્તત્વ તમે ધારો છો એમ એકદમ ભ્રષ્ટ થાય એવું નથી.

'રાજદ્રોહની વાતમાં મારે તમને અને રા. શંકરશર્માને — એ ઉભય મુંબઈવાસી ભાઈઓને ઉત્તર દેવાનો છે. મિ. વીરરાવ રાજદ્રોહનો વિચાર જ અકર્તવ્ય ગણે છે ત્યારે રા. શંકરશર્મા તેનાથી અસ્થાને ડરે છે.

'વીરરાવજી, તમે વિચાર તે ઉચ્ચાર એ શાસ્ત્રનો આચાર પાળો છો. પ્રથમ તો આ શાસ્ત્ર જ અસત્ય છે. એ શાસ્ત્ર તમે જાતે જ સર્વત્ર પાળવાનું ઇષ્ટ ગણતા નથી. અત્યંત આજ્ઞાકર પુત્રના અંતઃપુરની વાતો કોઈ પિતા જાણવા ઇચ્છતો નથી, અને તેના ઉચ્ચાર ઇચ્છતો નથી. મનુષ્યના અર્ધા શરીરને દૃષ્ટિગોચર કરતાં કે કરાવતાં સંસાર કંપારી ખાય છે, અને સત્યના કેટલાક ભાગને જોવાને આપણી જ્ઞાનેન્દ્રિય ના પાડે છે. વીરરાવજી, સ્વીકારો કે સત્યના ઘણાક અંશને પ્રત્યક્ષ કરવાની તમારે ના પાડવી પડશે ને એથી મોટા અંશનો ઉચ્ચાર કરવાની ના પાડવી પડશે. તમારા ઉચ્ચારનું સૂત્ર અસત્યના પાયા ઉપર બાંધ્યું છે.

'તમારું એ સૂત્ર મહાન અનર્થોનું મૂળ છે. તેનો તમારા જાતભાઈઓ, વર્તમાન - પત્રવાળાઓ અને મરાઠાભાઈઓ — બ્રિટિશ ઈન્ડિયામાં અનુભવ કરાવે છે. બુલ્વરસાહેબ બિચારા આપણને કહી કહીને થાક્યા છે કે અંગ્રેજો અને દેશીઓનાં ચિત્ત પરસ્પરની વિદેશીયતાને ભૂલી જશે નહીં અને બંધુભાવ પામશે નહીં ત્યાં સુધી અને હિંદુસ્થાન એ રાજાપ્રજાના પરસ્પર અવિશ્વાસમાંથી છૂટશે નહીં ત્યાં સુધી તેમાંથી કોઈનું કલ્યાણ થશે નહીં. આ વિશ્વાસ અને આ કલ્યાણના માર્ગમાં જે કોઈ વિઘ્ન નાખે તે દેશદ્રોહી છે અને દેશદ્રોહી તે રાજદ્રોહી છે. તમો ભાઈઓની જીભ ઉપર એ દેશદ્રોહ અને રાજદ્રોહ નાચે છે અને તમારા દેશવત્સલ હૃદયને એનું ભાન નથી. ખરી વાત છે કે અંગ્રેજો સ્વાર્થબુદ્ધિ અને અવિશ્વાસનો સર્વતઃ ત્યાગ નથી કરી શકતા પણ એના અપવાદરૂપ ઉદાત્ત ચિત્તોનો એ દેશમાં અભાવ નથી એમ કૉંગ્રેસના આધારભૂત અંગ્રેજો અને રિપન જેવાઓ ઉપર દૃષ્ટિ કર્યા પછી કયો દેશી ના કહી શકશે? એ લોક આપણી ભાષા સમજી શકે તેના કરતાં એમની ભાષા આપણે વધારે સમજીએ છીએ, તે જ રીતે આપણાં ચિત્ત એ લોક સમજી શકો કે ન શકો પણ યત્ન કરનાર દેશી અંગ્રેજનાં ચિત્તને વધારે સમજી શકશે. જે વધારે સમજે તેને માથે વધારે ધર્મ. અંગ્રેજોનો મોટો ભાગ આપણા પર વિશ્વાસ કરો કે ન કરો, પણ આપણા ઉપર એવા વિશ્વાસની વૃદ્ધિ કરાવવી એ આપણા હાથમાં છે અને જે વસ્તુની એમ આપણી શક્તિ ઉદય પામી છે તે શક્તિનો ઉપયોગ કરવાનો ધર્મ આપણે માથે ઉદય પામ્યો છે. તમ ભાઈઓના સૂત્રનો આચાર એ ધર્મનો કેવળ ભંગ કરે છે, પોતાના ઉપર રાજ્યવર્ગનો નિષ્કારણ અવિશ્વાસ ખેંચી લે છે; અને ન ખવાય, ન રસ પડે, ન પેટમાં જાય, ન પોષણ કરે, અને કેવળ દાંત ભાંગે એવાં ગાયનાં શીંગડાંનું ભક્ષણ [૧] કરવાનો મૂર્ખ અને દુષ્ટ પ્રયત્ન કરવો એ મહાન અનર્થ

તમારી જીભનું પરિણામ છે. આ તમારું જિહ્વાલૌલ્ય જ્યાં સુધી મટશે નહીં ત્યાં સુધી તમે અજ્ઞાત પણ પ્રત્યક્ષ દેશદ્રોહના પાતકમાંથી ઊગરશો નહીં અને પરદેશી અવિશ્વાસી રાજકર્તાઓમાં ઉદાત્તતા તો ક્યાંથી જગાડો પણ આપણા ઉપરનો અવિશ્વાસ દિનેદિને વધારશો અને તેમની અનુદાત્તતાના વાયુને વધારી એ વાયુના ઝપાટાઓને મૂર્ખ શાલ્મલિ પેઠે [2] માથે વહોરી લેશો.'

'તમે દેશી રાજ્યમાંના નાતજાતના ભેદની ફરિયાદ કરો છો, પણ આપણી મુંબઈમાં અને તમારા પૂનામાં બીજું શું છે? આપણામાં દક્ષિણી અને ગુજરાતી, દક્ષિણીમાં — શણવીપ્રભુ અને બ્રાહ્મણ, — મરાઠા અને બ્રાહ્મણ, એ બ્રાહ્મણોમાં દેશસ્થ અને કોંકણસ્થ —ચિત્તપાવન અને કરાઢા વગેરે કેટલા કેટલા ભેદને વ્યવહારમાં આગળ આણી અનેક સુધારાઓનું સત્યાનાશ વાળવામાં આવે છે? સત્ય વાત છે કે તમારા જેવા શુદ્ધ દેશવત્સલ વીરો તેની સામા યુદ્ધ કરે છે પણ તમારા સામા પક્ષમાં બી.એ. અને એમ.એ. થયેલા ગૃહસ્થો, વકીલો અને દાક્તરો, દીવાનો અને રાજાઓ ભળેલા છે. એ સામા પક્ષની ગર્જના ગરબી ગુજરાતી રાજ્યોમાંથી તમારા દેશમાં નથી આવી. પણ અમો ગુજરાતીભાઈઓ તમો મરાઠાઓના દેશવત્સલ ભડકાથી તાપીએ છીએ ને કંઈક ગરમ થઈએ છીએ તે અમારામાંથી રાજકીય વ્યવહારમાંના આ જ્ઞાતિભેદનું શલ્ય કાઢવા તમારા ઉચ્ચગ્રાહના તાપનો કંઈક પ્રત્યક્ષસિદ્ધ અંશ આપો; અને અમારા રાજાઓને અને સરકારને ગાળો દેવામાં જેટલો ઉદ્યોગ અને બળ વૃથાવાહ કરો છો તેમને તમારામાંથી જ એ ભેદ કાઢવા સફળવાહ આપવામાં રોકો, અને પછી જુઓ કે દેશી રાજ્યોમાં તે રંગની અસર આવે છે કે નહીં? વીરરાવજી, જો આપણે વિદ્વાન, દેખતા, અને સુધરેલા છીએ તો તેના પ્રત્યક્ષ પાઠ અશિક્ષિત રાજ્યોમાં આપણા સદ્‌વર્તનથી આપવા એ — આપણી વિદ્વતા સત્ય હોય તો — સત્યને માથે ધર્મ પ્રગટ થાય છે. સો ગાળો દીધા કરતાં એક પ્રત્યક્ષ પાઠ અનેકધા સફળ થશે. *यद्यदाचरति श्रेष्ठस्तत्तेदेवेतरो जन:।।* જો આપણે શ્રેષ્ઠ હોઈએ તો આપણા વર્તનમાંથી સામાનાં વર્તનમાં મુદ્રા પાડો, અને તેમ કરવા અશક્ત હોઈએ તો તેના કરતાં આપણી શ્રેષ્ઠતા સિદ્ધ નથી થઈ. That is the fact. What is the use of our wild talks and odious comparisons which only irritate others and lower ourselves? '

મણિરાજ — 'ચંદ્રકાંતજી, તમે બે અમારા અતિથિ છો. આ વિદુરભવનમાં અમારું એક શાસ્ત્ર એવું છે કે વિદ્વાન અતિથિઓના મનોરાજ્યમાં તરતાં સત્ય કઢાવી લઈ લેવાં અને બાકીના ભાગની ઉપેક્ષા કરવી. વીરરાવજીનાં વાક્યોમાં જેટલાં સત્ય તરે છે, તેનો ક્રમ આવ્યે મારા પ્રધાનજી સત્કાર કરશે. તમને વીરરાવજીના ઉત્સાહમાં અંકુશયોગ્ય ભાગ લાગતો હોય તો એ અંકુશ બતાવવાનું બંધુકૃત્ય કરવા વિદુરભવન બહાર ઘણો અવકાશ મળશે. પણ હાલ તો એમના તમારા ઉત્સાહના સ્વતંત્ર નિર્ભર આવેશ ઝીલી લેવાને અમે કેટલા સમર્થ છીએ અને કેટલા નથી તેની પરીક્ષા તમ જેવા પાસે આપવા દો, અને તમારા ભણીથી તો પ્રસ્તુત વિષયના સંબંધમાં જે તમારા વિચારનાં ઉદ્ગાર અંકુરિત થાય તેનો ઉપયોગ કરવાનો અવકાશ આપો. અમારાં સ્વરૂપ અને સત્તાને ભૂલી, તમારાં ચિત્તને બિલોર જેવાં પારદર્શક — અને તેજના રંગનાં પૃથક્કારક — કરી નાંખો; તેમાંના રસના નિર્મળ ઝરાઓનાં * પ્રવાહને આ સ્થાને નિરંકુશ થવા દ્યો, તેના સ્ફટિક આરા ઉપર આવતા સુંદર તર્કરાશિના કંઠના કિન્નરગાનને સ્વતંત્ર રીતે વિકાસ પામવા દ્યો, તેના

ચિત્ર તટ ઉપરથી લચી રહેલી અનેકરંગી સુવાસિત પુષ્પોથી ઊભરાતી તરુ શાખાઓને જોવા દ્યો, અને એ ચમત્કારના દર્શનથી અમને પડતા રસમાં અમો રાજવર્ગના કૃત્રિમ પદને — અમારી સેવાને નિમિત્તે — અમારી શત્રુતા સારવાનો અવકાશ ન આપો. રાજત્વના બંધનમાંથી છૂટી પળવાર, તમને સાધારણ પણ અમને દુર્લભ એવો શુદ્ધ મનુષ્યત્વનો વિહાર અમે જોઈ શકીએ, તેનો રસ ભોગવીએ અને તેનો બોધ લઈએ એવા ગુરુ અર્થને માટે જ વિદુરભવન રચાયેલું છે.'

વિક્રમોર્વશીય નાટક ઉપરથી.

ચંદ્રકાંત સ્મિત કરી બોલ્યો: 'એ નવીન જાતના આતિથેયમાં પણ જે ઉદાત્તતાનું દૃષ્ટાંત સમાય છે તે મારા મિત્રના ચરણ આગળ મૂકું છું, અને એમને દેશી રાજ્યોમાં સર્વત્ર અનુદાત્તતાની દુર્ગંધ આવે છે તેનો પ્રત્યુત્તર તેમાંથી લેવા વિજ્ઞપ્તિ કરું છું. અનુદાત્તતાનું દૃષ્ટાંત દર્શાવ્યા સિવાય ઉદાત્તતાનું વ્યાખ્યાન પૂર્ણ થતું ન હતું માટે મેં મારા મિત્ર મિ. વીરરાવને એ દૃષ્ટાંત દર્શાવવાનો માર્ગ લીધો હતો. એ માર્ગ હવે સમાપ્ત થયો.

'એ વિષયની સમાપ્તિથી હું એટલું પ્રથમ સિદ્ધ થયું ગણું છું કે રજવાડામાંથી અમારા ઉદાત્ત વર્ગનો ભાવી જન્મ હું જોઉં છું તેને સ્થાને તેને ગર્ભપાત જોવામાં મિ. વીરરાવ ભૂલ કરે છે. એ ઉદાત્તતા પરદેશી અવિશ્વાસી રાજ્યકર્તાઓથી તેમની પ્રજા ઉપર દર્શાવાતી નથી તેથી તેમની દૃષ્ટિમર્યાદામાં આપણા ભણીથી રાજદ્રોહનાં સ્વપ્ન ખડાં થાય તે સકારણ છે. પણ દેશી રાજ્યમાં એ સ્વપ્નસૃષ્ટિ ઊભી કરવાનું કારણ નથી. દેશી રાજ્યોમાં દેશી-પરદેશીનો ભેદ જેવો અકારણ અને અસત્ય છે તેવો જ રાજદ્રોહનો ભય પણ અકારણ અને અસત્ય છે. આ વિષયનું વધારે વિવેચન કરવાની અગત્ય નથી. કારણ એ રાજ્યોનું રક્ષણ અને સાચવણી અંગ્રેજને માથે છે એટલું જ નહીં, પણ મહારાજ મલ્લરાજ જેવાની દીર્ઘદૃષ્ટિ, અભિજાતતા, ઉદારતા, ક્ષમા, આદિ ઉદાત્ત ગુણોનું પરિણામ એ થયું કે જ્યાં આખું જગત તો શું પણ અશંકાશીલ ધૈર્યવાન સામતસિંહ જેવા પિતાએ રાજદ્રોહ જોયો ત્યાં ત્યાં એ ઉદાત્ત મહારાજની ઉદાત્ત બુદ્ધિએ રાજદ્રોહની જાળની વચ્ચે ગૂંચવાયેલો રાજગુણભક્ત આત્મા જોયો, એ આત્માનું રક્ષણ કર્યું, અને ગઈ કાલ જેને જગત્ રાજદ્રોહી ગણતું હતું તે આત્મા એ રક્ષણને બળે, મરણપથારીમાં સૂતેલા પિતાનું રાજભક્ત આયુષ્ય વધારી, અત્યારે રાજભક્ત મૂળરાજને રૂપે આ મંડપમાં વિરાજે છે, અને એ ઉદાત્તતાનો ચમત્કાર પ્રત્યક્ષ કર્યા પછી ઉત્તમ દેશી રાજ્યોને રાજદ્રોહનો ભય નથી એવું મિ. શંકરશર્મા સ્વીકારશે. મુંબઈ જેવા સ્વતંત્ર નગરની સ્વતંત્રતા એમનામાંથી કરમાયેલી છે તે (સ્વતંત્રતા) આ રાજ્યના માળીના પાણીથી તાજી થઈ એવું સત્ય સ્વીકારશે કે એમના ન્યાયાસન પાસે રંક પ્રજાના દ્રોહનો આરોપ કોઈ ઉન્મત્ત પુરુષોને માથે આવ્યો જોવાનો પ્રસંગ કદી આવે, પણ મલ્લરાજ અને મણિરાજના રાજ્યાસનનો દ્રોહ કરવાનો આરોપ તો નહિ જ આવે! એવા દ્રોહના આરોપીને આ રાજ્યની ઉદાત્તતા કાંઈક જુદી જ શિક્ષા કરશે, અને એ દ્રોહના રોગીને એ રોગના ચેપમાં ડૂબી ચેપ ઉરાડે એવી ન્યાયાસનની તલવાર નહીં પણ કાંઈક બીજી જ રાજભક્તિની અમૃત-સંજીવની માત્રા આપશે.'

શંકરશર્મા — 'હું કાંઈ આ રાજ્યમાં રાજદ્રોહની વાત કરતો નથી પણ તમે અમારાં રાજ્યો પાસે અમારા ચક્રવર્તી સામે રાજદ્રોહ કરાવવા ઇચ્છો છો તેની વાત

કરું છું.'

ચંદ્રકાંત — 'સ્વરાજમાં રાજદ્રોહનું સ્વપ્ન જોયાથી જ આ પરરાજ્યના રાજદ્રોહનું સ્વપ્ન તમને થયું ને મારા વાક્યનો તમે અવળો અર્થ કર્યો. ખરી વાત છે કે મેગ્ના કાર્ટાને માગનાર ઉમેરાવો સશસ્ત્ર હતા. પણ મેં તો તમારા હાથમાંથી શસ્ત્ર ખરી પડે અને રાજ્યાધિકારીઓ મટી તમે ઉદ્યોગાધિકારીઓ થાઓ ત્યારે જ તમારી પાસે અમારા મેગ્ના કાર્ટા મેળવવામાં સાહાય્ય ઇચ્છ્યું હતું. એ સાહાય્ય તમારા શસ્ત્રને બળે ઇચ્છ્યું ન હતું પણ તમારા ધનરાશિને બળે, અંગ્રેજ સાથે તમારી મૈત્રીને બળે, નયશાસ્ત્રમાં તમારી સાનુભવ બુદ્ધિની કળાઓને બળે, અને લોકસંઘનાં મન સ્વહસ્તમાં લઈ લેવાના અને રાખવાના પ્રભાવવાળા પ્રતાપને બળે. આ યુગમાં તો એ જ બળ અને કળ મનુષ્યનાં શસ્ત્ર છે અને એવાં શસ્ત્રો તો રાજદ્રોહનાં જ સંહારક છે. એ બળ અને કળના ગંધથી રાજદ્રોહની દુર્ગંધ નાશ પામે છે.'

પ્રવીણદાસ — 'ભલે એમ હો પણ અમારે અમારા લાભ છોડી, અમારી પ્રજાઓને પડતી મૂકી, તેમની પાસેથી તેમના હિતને માટે લીધેલું દ્રવ્ય તમારે માટે ખરચવાનું કાંઈ કારણ? તમે દેશી રાજ્યોના ભાણેજ કે જમાઈ કેવી રીતે થાઓ તે જણાવો તો ખરા કે અમારી પાસેથી ભાણેજાં તે તાણેજાં થવાનો તમારો હક ક્યાંથી જન્મ પામ્યો તે સમજાય!'

શંકરશર્મા — 'ધન લેવાનો તો લેવાનો પણ *जामाता दसमो ग्रह* : તેમ વગર સપાડે ધન લેઈ, અમને ગાળો દેવાનો, ફજેત કરવાનો, દુ:ખી કરવાનો, અમારે માથે દશમા ગ્રહ પેઠે નડતરની તલવાર વીંઝવાનો અધિકાર કોણે સોંપ્યો કે નિત્ય સવારે તમારાં વર્તમાનપત્રો શું ભસે છે તે અમારે જોવું પડે?'

વીરરાવ — 'ભાઈ, અમે તો તમારા ભાણેજ પણ નથી ને જમાઈ પણ નથી; તમારા ઘરના બ્રાહ્મણ ગોર તો ખરા કે તમે ધર્મભ્રષ્ટ થાઓ તો તમારા ઘરની સ્ત્રીઓ જેવી પ્રજા પાસે બૂમો પડાવીએ ને તમને ધર્મને માર્ગે આણીએ. આજકાલ તો ઘરના કુલગુરુથી ન થાય તે ઘરની સ્ત્રીથી થાકીને તમે કરો. આ દેશમાં કલિયુગમાં ધર્મનું રક્ષણ કરનારી સ્ત્રીઓ છે તેનો ઘેરેઘેર અનુભવ કરો.'

શંકરશર્મા — 'આ વળી નવું તૂત નીકળ્યું.'

વીરરાવ — 'નવું કાંઈ નથી. જૂનું જ છે. તમારી સ્ત્રીઓ લગ્નમાં ગાય છે કે નાથ્યો રે નાથ્યો! તમે નાસિકાના ક્રિયા ભાગમાંથી નથાઓ છો તે તમારી સ્ત્રીઓ શોધી કાઢે, અને ઘરના ગોર તે અમે તેમને ઉશ્કેરીએ એટલે તમે નથાઓ. એ તો અમારું કામ કે જે તે માર્ગે તમારા ઘરમાંથી ધર્મ દૂર ન જાય!'

શંકરશર્મા — 'ને ગોરનું તરભાણું ભરાય.'

વીરરાવ — 'સાહેબજી! મારા ભાષણની કુલીનતા તમારામાં પણ આવવા લાગી ને મારી જ્ઞાતિ વધવા લાગી. હવે, ભાઈ ચંદ્રકાંત, આમને ઉત્તર આપજો.'

ચંદ્રકાંત — 'અમારા અને તમારા સ્વાર્થ જુદા ગણવા એ જ મોટી ચૂક છે. પ્રજાના ભણીથી વિચાર કરો તો આખા ભરતખંડની પ્રજાના સ્વાર્થ એક છે, ને જેમ જ્ઞાતિભેદથી એ સ્વાર્થને હાનિ છે તેમ પ્રાંતભેદથી પ્રજાભેદ ગણવામાં પણ આ સ્વાર્થને હાનિ છે. રાજાના ભણીથી વિચાર કરો તોપણ સર્વ પ્રજાઓને અને

માંડલિક રાજાઓને સાચવનાર ચક્રવર્તીના સામ્રાજ્યના અમે તમે અંશભૂત છીએ અને એ મહાન યંત્રનાં આપણે ચક્ર છીએ તે ચક્રોની ગતિમાં પણ સંવાદ [*] થવો અવશ્ય છે. શું હિંદુસ્થાનની સરહદ ઉપર હુમલા થશે ત્યારે તમે અંગ્રેજથી જુદા પડશો કે અમે જુદા પડીશું? જ્યારે ભરતખંડની સર્વ પ્રજાઓને માથે દુષ્કાળ પડશે, અથવા બહારની પ્રજાઓ સાથે વ્યાપારમાં સ્પર્ધા થશે, અથવા રેલવે અને સરસ્વતીના પ્રસારના પ્રશ્ન ઊઠશે, ત્યાં શું અમે ને તમે પોતપોતાનાં પેટ ભરી સામાનાં દુ:ખ જોઈ રહીશું, અથવા શું અમારે માથે આવેલી વિપત્તિઓ તમને જુદા ગણી છૂટા મૂકશે ને તમારો પક્ષપાત કરશે? એ તો મારા ઘરમાં લાગેલી આગ પાડોશીના છાપરાની પાંખ પકડવાની, અને મારા ઘરમાં સંપત્તિ હશે તો કોઈ પ્રસંગે પાડોશીને તેનાથી કંઈક પણ લાભ મળશે. હિંદુસ્થાનનાં દેશી રાજ્યો, અંગ્રેજો, અમે તેમની પ્રજાઓ, અને તમારાં રાજ્યોમાંના રાજાઓ અને તેમની પ્રજાઓ: એ સર્વના શુદ્ધ સ્વાર્થ એક છે. દિવસે દિવસે આખી પૃથ્વીની સ્વસત્તાક પ્રજાઓ અને રાજાઓ ભિન્નભિન્ન નિમિત્તે સંયુક્ત થઈ એક અંગીનાં અંગ થાય છે અને રાજકીય સંયોગમાંથી પ્રકટ થનાર પ્રજાસંયોગના [x] હેતુમાં અને સ્વરૂપમાં વ્યાપાર ઉદ્યમ અંતે પ્રધાન થશે. તો અમારે તમારે જુદાં રહેવાની કલ્પના તો પડતી જ મૂકવી. રાજકીય સંયોગ દ્વારા — federation દ્વારા — જૂની દુનિયાની પ્રજાઓ એક થાય છે, નવીન એક થાય છે, અને અંતે નવી ને જૂની દુનિયાઓની પ્રજાઓ એક થશે. આ જ ન્યાયે અમે, તમે ને અંગ્રેજ, એક પ્રજા બનવાના; રાજ્ય ઐક્યમાંથી પ્રજાનું ઐક્ય એ આપણું છેલ્લું પગથિયું સમજવું. ઈંગ્લાંડમાં જન્મેલી અંગ્રેજી પ્રજાઓ, આ દેશમાંની તેમની સર્વ પ્રજાઓ, અને દેશી રાજ્યોની સર્વ પ્રજાઓ એ સર્વનાં ઉદરના સ્વાર્થનાં સાધન એક થાય છે, એ વાતથી એ સૌનાં કાન અને કાળજાં ઊઘડશે ત્યારે તેમની બુદ્ધિઓ એક થશે, અને બુદ્ધિઓ એક થશે ત્યારે સર્વના હૃદયમાંથી એક જ નાદ અને શરીરમાંથી એક જ ગતિ નીકળશે. બ્રિટિશ હિંદુસ્થાન એ ઈંગ્લાંડનું સંસ્થાન, અને દેશી રાજ્યો તે એ હિંદુસ્થાનનાં સંસ્થાન: એવો સંબંધ બંધાઈ ચૂક્યો છે તે વધારે વધારે સજડ થશે. અમારાં વર્તમાનપત્રો તમને શાણપણ આપશે, તમને ધમકાવશે, તમારા ઉપર અન્યાય થતાં તમને સહાય થશે, અને તમે સારા હશો તો તમારા યશ ગાશે. અમારા પ્રસિદ્ધ દેશસેવક પુરુષો અમારી તેમ જ તમારી સેવા કરશે અને અમારી પાસે તેમ તમારી પાસે પોતાના શ્રમકાળે ભાથું માગશે. અમે તમારાથી છૂટી શકનાર નથી અને તમે અમારાથી છૂટી શકનાર નથી. આ ભાવિકાળ આવે છે તેનાં પગલાંના ધબકારા સંભળાવા લાગ્યા છે અને તે સર્વ પાસથી સત્કાર પામશે. ઇચ્છાથી કે અનિચ્છાથી તમે તેનો સત્કાર કરવાને નિર્મેલા છો.'

વીરરાવ ચંદ્રકાંતના કાનમાં હસતો હસતો કહેવા લાગ્યો: 'સામે બેઠેલું મંડળ તમારા ભાષણની અસરથી કુંભકર્ણની નીતિને પ્રાપ્ત થયું છે ને નિદ્રામાં ઘોરે છે. નપુંસકો પાસે લટકાં કરનારી સ્ત્રી નિરાશ થાય છે.

ચંદ્રકાંતથી હસી પડાયું: 'મહારાજ, વીરરાવનો સ્વભાવ ઊકળે છે ત્યારે સામાને ઉકાળે છે અને હસે છે ત્યારે આપણને હસાવે છે, તે આપને માલૂમ છે. પ્રવીણદાસજી, જે ઉદાત્ત પુરુષો શંકરશર્મા જેવાઓને મુંબઈથી બોલાવી તેમને લાભ આપે છે અને તેમની પાસેથી લાભ લે છે, એ જ ઉદાત્ત પુરુષો આખા ભરતખંડ સાથે જોડાશે ત્યારે આખા દેશનાં પુષ્પોનો વાસ લેશે અને આખા દેશનાં વૃક્ષોનું પોષણ કરશે. આ મહાન વ્યાપાર ખેડવામાં તમે અમે સંધાયેલા છીએ!'

છેલ્લા વાક્યથી વૈશ્યકલાનો પ્રવીણ નમ્ર થઈ ગયો, અને પ્રસ્તુત વિષયનો બીજો પ્રશ્ન લઈ બોલ્યો: ‘ચંદ્રકાંતજી, ભલે તેમ હો. પણ અમારા રાજાઓનું રાજત્વ ખૂંચવી લેઈ અંગ્રેજો તેમને એકલા ઉદાત્તપણાના ખાડામાં નાખે એ હું માનતો નથી. અમારી તમારી વચ્ચે ભેદ રાખવો, અને અમારી સામે તમારો — અને તમારી સામે અમારો — ઉપયોગ કરવો એ સરકારનો સ્વાર્થ છે અને એ ચતુર વ્યાપારીઓ એમ કરવામાં ભૂલ ખાય એવા નથી. દેશી રાજ્યની સેનાઓ, દેશી રાજ્યનાં દ્રવ્ય અને દેશી રાજ્યોની સત્તા: એ સર્વ — ખોદે ઊંદર અને ભોગવે ભોરિંગ — એ ન્યાયે સરકાર વાપરી શકશે અને વગર મહેનતનો એ લાભ મૂકી દે એવા એ મૂર્ખ નથી. પરદેશી મહારાજ્યોના ભયથી, અમારા અંદરઅંદરના વિગ્રહથી, તમારી પ્રજાઓ એક થઈ અમને હેરાન કરે તો તેના ભયથી, અમારી પોતાની પ્રજા બંડ કરે તો તેના ભયથી, એમ અનેક જાતના ભયથી અમારું રક્ષણ કરવા સરકાર શક્તિમાન છે અને બંધાઈ છે એ અમારો સરકારમાં લાભ છે. તમે જે સામ્રાજ્ય કહો છો તેના અમે અંશ છીએ એ વાત ખરી, પણ અમારો અને સરકારનો લાભ એકબીજાનું ગુરુત્વ વધારવામાં છે અને ઘટાડવામાં નથી. * આ મહાન કાર્યને માટે, અંગ્રેજી વિદ્યાર્થી રાજનીતિના ઉત્તરોત્તર કુળાચારરૂપ થઈ ગયેલા અનુભવથી, અને અંગ્રેજોના આશ્રયથી અમારામાં અનેક કળાઓ આવવાની, અને અંગ્રેજ તમારી સાથે સાસુનો સંબંધ રાખશે ત્યારે અમે તેમની દીકરીઓ પેઠે તમારી સાથે નણંદનો સંબંધ રાખીશું, અને સાસુનણંદનો વહુવારુ — સામે એકસંપ થશે. ઈશ્વર ઘરમાં સંપ રાખશે તો અમે તમે ને તે જંપીને સુખે એકઠાં વસીશું, પણ અમારા રક્ષણમાં સરકારને લાભ છે અને રાજાઓનું રાજત્વ તેઓ નષ્ટ નહીં કરે. અમારાં ભાગ્ય સારાં છે.’

વીરરાવ — ‘દેશી રાજાઓમાં હાલની ખટપટ અને ટૂંકી દૃષ્ટિને સ્થાને કોઈ દિવસ પણ આ સંયોગને યોગ્ય સાત્ત્વિક કળાઓ અને દીર્ઘ દૃષ્ટિ આવે એ ધારણા જ મિથ્યા છે. ભલે તેમાં ઉદાત્તતા હશે તો રહેશે; પણ વિદ્યા તેમની છે નહીં, અને થતી નથી, તે હવે શી રીતે તેમનામાં આવવાની હતી? સરકારમાં વિદ્યા છે તો કળા છે, પણ આપણા રાજાઓમાં તો *મૂલં નાસ્તિ કુત: શાખા ?* એ વિદ્યા તે કાંઈ થોડાંઘણાં પુસ્તકના સંગ્રહ કરવાથી આવે એમ છે?’

પ્રવીણદાસ — ‘ભાઉસાહેબ, ભૂલી કેમ જાવ છો? યૂરોપની વિદ્યાને આપણે આકર્ષતા નથી, પણ એ વિદ્યા જાતે જ ઊડતી ઊડતી આપણા દેશ ઉપર આવી છે. એ વિદ્યાનો સત્કાર દેશી રાજ્યોમાં થાવ કે ન થાવ, એ રાજ્યોને વિદ્યા ઉપર પ્રીતિ હો કે ન હો, પણ એ દેશની વિદ્યાનું લાકડું એની મેળે બધે દાખલ થવાનું. કહેવત છે કે,

ભાટ બ્રાહ્મણનું લાકડું વણપેસાડ્યું પેસે,

કહ્યું હોય કે ચોરે આવજો, તો ઘરમાં આવીને બેસે,

અંગ્રેજી વિદ્યા આપનારા બ્રાહ્મણોનાં અને વર્તમાનપત્રોનાં ભાટનાં લાકડાં તો પોતાની સ્વતંત્ર સત્તાથી અમારામાં પેસવાના જ. * અને એ લાકડું પેઠું એટલે અમારા છોકરા તેને વશ થઈ તેની કળા શીખવાના જ.’

ચંદ્રકાંત — ‘ભાઈ, સરકારનો સ્વાર્થ તમને જિવાડવામાં છે એવો અનુભવ થયેલો સાંભળવામાં નથી. પણ માનો કે એમ છે. તમારા પ્રભાવથી જે વિદ્યા તમે

મેળવવાના નથી તે વિદ્યા તમારા મગજમાં બલાત્કારે પ્રવેશ કરી તમારા અંધકારની નાશ કરે અને રાજત્વને યોગ્ય બુદ્ધિવિકાસને તમે પામો એવું માનીએ તોપણ એટલું તો સત્ય ગણશો જ કે તમે એટલો પ્રવાસ કરશો એટલામાં અંગ્રેજ સરકાર તમારાથી પચાસગણો વધારે પ્રવાસ કરશે અને તમે પાછળના પાછળ રહેવાના; અમે તમારા પગ થાકશે એટલે તમે એથી પણ વધારે પાછળ પડવાના ને અંગ્રેજને ગાળો દેવાના. બળાત્કારે નિશાળે જતો નિશાળિયો નથી વધતો વિદ્યામાં ને નથી વધતો સંસારમાં. ધીમા માણસને આંગળીએ લઈ ચાલનાર ઉતાવળો માણસ આખરે ધૈર્ય ખુવે છે ને ધીમા માણસને છૂટો મૂકી પોતાને રસ્તે એકલો પડે છે. એવી રીતે છૂટો પડેલો ધીમો માણસ નથી રહેતો ઘેર અને નથી પહોંચતો ઠેકાણે, પણ વચગાળે આથડે છે ને દુ:ખી થાય છે. લાંબાની સાથે ટૂંકો જાય, ને મરે નહીં તો માંદો થાય. આજ યૂરોપના પ્રવાહ એવા વેગબંધ ચાલે છે કે તેમાં તમારી આ દશા આવશ્યક લાગે છે. તમારા હૃદયની ઉદાત્તતા — તમારી પ્રકૃતિ — તમને નહીં મૂકે, પણ આ નવી કળાઓમાં આપણા રાજા પાછળ પડશે અને વશે કે કવશે રાજત્વથી ભ્રષ્ટ થવાના. તે વિષયમાં તેમનાં પુણ્ય પરવારેલાં નહીં તો પરવારતાં દેખાય છે, અને પરવારી રહેશે એટલે પ્રજાવર્ગમાં આવશે. શાસ્ત્રકારો કહી ગયા છે કે દેવતાઓ *ક્ષીણે પુણ્યે મૃત્યુલોકે વસન્તિ* . પછી તો દેવતાઓના પૃથ્વી પર જન્મ મોટઓને ઘેર થાય તેમ રાજાઓના નવા દેહ ઉદાત્ત જમીનદારોના અવતાર ધરશે.’

પ્રવીણદાસ - ‘રાજાઓની વાતમાં તમે બે જણ નૈરાશ્યદર્શી —pessimists - છો; અમે આશાદર્શી —optimists છીએ. તમે જે અંગ્રેજોને સ્વાર્થજાળમાં અને વક્ર રાજનીતિમાં ડૂબી અમારા દુર્ભાગ્યના જ્વાળામુખી ઉઘાડતા જુઓ છો તેમાં અમે દૂરથી અમારી આશાના, ન્યાયના અને અમારા ઉચ્ચગ્રાહની ગંગાઓનાં મૂલ જોઈએ છીએ. ખરી વાત છે કે અમે તેમના શિષ્યો હોઈ તેમની પાછળ ચાલીશું. તેમની સાથે ચાલી શકવાને અમારે ઘણો કાળ થશે. અમને રાજનીતિ શીખવતા એ ગુરુઓ ગુપ્ત ગુરુભાગ પોતાની પાસે રાખશે અને અમને બધી કળાના પ્રવીણા થવા નહીં દે. અમને સ્વતંત્ર વિકાસ પામવા દેવામાં એમનો અનુદાત્ત ભાગ અંતરાય નાંખશે અને અમારા રાજાઓમાંના અબુદ્ધ ભાગ પાછળ પડશે. પણ જન્મ પામેલા સત્પ્રવાહ અંતે વધે છે; નાશ પામવાના નથી. અને અમારાં ને તેમનાં કર્તવ્ય છે તે એ લોકોનો શિષ્ટ ભાગ આનંદથી સ્વીકારે છે અને તે લોકોની સંખ્યા અંતે વધશે. અમારી વૃદ્ધિ તેઓ પિતાની પેઠે ઇચ્છે છે; વૃદ્ધિ પામતાં અમને પડતાં કષ્ટ દેખી માતા જેવી અમારી રંક બુદ્ધિ અમારા ઉપર દયા આણી કષ્ટ દૂર રાખવાના માર્ગ બતાવતાં એ કષ્ટના અમૃતફળથી દુર રાખે છે, પિતા પુત્રને નિશાળે મોકલે ને તેને રડતો દેખી દયાળુ મા તેને ઘરમાં સંતાડી રાખે તેમ. પણ અંતે ચાલશે પિતાનું, અને અંગ્રેજોમાંના ઉદાત્ત વર્ગમાં એ પિતૃબુદ્ધિ અને પિતૃપ્રયત્ન દેખાય છે તેનો અધિકાર અમારી બુદ્ધિમાતા મોડી-વહેલી સ્વીકારશે.’

ચંદ્રકાંત — ‘તમારી ઉદયદશા એમ બેસી ચૂકી હોય તો એની ગતિ કેણી પાસ થતી તમે દેખો છો?’

પ્રવીણદાસ — ‘સન ૧૮૭૧થી પ્રશિયાના રાજ્ય ભેગાં જર્મનીનાં નાનાં રાજ્યો જોડાયાં છે તે દિશામાં અમારી ગતિ થશે. * અમે અમારાં ઘરઘરની અંદરથી સંભાળી રાખીશું તેમાં સરકાર આશ્રય આપશે ને વચ્ચે નહીં પડે, અને સરકાર પરરાજ્યો સાથે યુદ્ધકાળના વિગ્રહ માંડશે અથવા શાંતિકાળની રાજનીતિના

ઘોડાઓની શરતમાં પડશે તેમાં અમારા રાજાઓ તેમના માંડલિકરૂપે સહાયભૂત થશે અને એ કળાઓના અનુભવી થશે. નાનાં રાજ્યોની હૂંફથી જર્મનીનો મહારાજ ફ્રાન્સને હંફાવે છે, તેમ અમારી હૂંફથી અંગ્રેજી રાજ્ય રશિયાને હંફાવશે. તમો પ્રજાવર્ગને પરદેશી ગણી સરકાર તમારો અવિશ્વાસ કરે છે ને તમારા હાથમાં શસ્ત્રની છાયા દેખી ભડકે છે તે જ સરકાર અમારો વિશ્વાસ કરશે ને પોપટ કાગડાઓની bad company માં ભળ્યો હતો તેમ અમે તમારા સંગમાં ભળીશું તો સરકાર અમારો પણ અવિશ્વાસ કરશે અને એ પોપટની દશા તે અમારી દશા થશે એમ હું માનું છું. તમારા સંગથી અમને થવાના ભાવી લાભ તમે દેખાડો છો તેના કરતાં આ દશા પામવાથી અમારી દુર્ગતિ વધારે થશે એવું પરિણામ, જમે ઉધારનું સરવાયું કાઢતાં, મને સ્પષ્ટ સૂઝે છે.’

ચંદ્રકાંત — ‘લાભાલાભના વિચાર કરતાં વર્તમાન પ્રવાહ કેણી પાસ વળે છે એ જોઈને તમારા ભાવીનો વર્તારો કાઢો.’

પ્રવીણદાસ— ‘તમે જોષી થવાનો આરંભ કરો છો; હું વૈદ્ય થવાની ઇચ્છા રાખું છું. તમે science ને નામે fatalism ની જાળમાં ગૂંચવાયા છો; હું will નો સત્કાર કરી duty શોધું છું ને તેમાં ઇષ્ટ પરિણામ જ જોઉં છું. તમે પ્રચ્છન્ન પ્રારબ્ધવાદી છો; હું પુરુષાર્થવાદી છું.’

ચંદ્રકાંત — ‘એ જેમ હો તે હો; એક ચર્ચામાં બીજી નહીં ભેળીએ. જો મનુષ્યની દૃષ્ટિ ભાવિ સત્યને પ્રત્યક્ષ કરી શકે તો એ સત્યના પાયા ઉપર એનો ધર્મ છે. શું તમારો ધર્મ એવો છે કે આંખો મીંચી, મનના તર્ક ફેરવાવે એમ તરવાર વીંઝવી? સામાન્ય શત્રુના દર્શનથી એકત્ર થયેલું જર્મની એ દર્શન બંધ થતાં છિન્નભિન્ન થઈ જશે. એક મ્યાનમાં અનેક તરવારો સમાતી નથી; એક સ્ત્રીના અનેક સ્વામી હોતા નથી; એક સત્તાના અનેક ભાગિયામાંનો બલિષ્ટ ભાગિયો સર્વની સત્તા પોતાના ઉદરમાં સ્વાહા કરવાનો. તમારી સત્તા અંગ્રેજ સરકારના પેટમાં પચી જવાની. વૈરાટ સ્વરૂપના મુખમાં જવા નિમિત્ત થયેલા પ્રવાહો જોઈ અર્જુન ધર્મ સમજ્યો છે તેમ તમારો પ્રવાહ જેના મુખમાં વળે છે તેને જોઈ તમારો ધર્મ સમજો. રાજકીય સંયોગને અંતે નાનાં રાજ્યોનો ધીમે ધીમે મોટાં રાજ્યોમાં લય થવાનો, સૂર્યના તેજ જેવી સત્તામાં તારા અને ચંદ્ર જેવાની સત્તા ડૂબી જવાની અને એ *હસ્તિપદે સર્વપદં નિમગ્નમ્* થાય એટલે માત્ર પ્રજાઓનું ઐક્ય બાકી રહ્યું તે થવાનું. Federation નો અંત પણ આ, અને colony નો અંત પણ આ — રોમમાં એ થયું હતું. જર્મનીનું થશે અને તમારું અમારું પણ એ જ થશે. તમારો પ્રવાહ આવા મુખમાં છે.’

શંકરશર્મા — ‘તમે એવા પ્રવાહોની ગતિને વ્યવહારદૃષ્ટિથી જોઈ શકતા નથી, તેમ પ્રવાહ પ્રવાહમાં ભેદ છે તેનો વિવેક કરી શકતા નથી. ખરી વાત તો એ છે કે જર્મનીનું ઐક્ય નિત્ય કારણથી થયું નથી તેથી કારણને અભાવે ત્યાં કાર્યાભાવ થાય અથવા તમે ધારો છો એવું *તૃતીયં* નીકળે. આજકાલ સુધરેલી પ્રજાઓ સર્વત્ર એક અંગીનાં અંગ થાય છે એટલી કથા તમે સ્વીકારો છો. પણ તે પ્રજાઓ પ્રજારૂપે સંધાતી નથી અને આ દેશમાં તો સંધાવાની નહીં. એ પ્રજાઓ પ્રજાસત્તાક અથવા રાજસત્તાક રાજકીય દેહને ધારણ કરી એ દેહ દ્વારા સંધાય છે. તમારી પ્રજાને રાજકીય દેહ ધારવાનો અવકાશ મળવો પરદેશી રાજ્યમાં અશક્ય છે. રાજકીય દેહવાળાં અમારાં સંસ્થાન, માથા વગરના ધડ જેવી — રાજકીય શિર વગરના કેતુ

જેવી — તમારી પ્રજા સાથે સંધાઈ શકે એ બનાવ કેવળ અશક્ય છે. અમે તમારી સાથે સંધાઈએ એવું જે તમારું સ્વપ્ન છે તે જાગૃત કાળને માટે નથી. તમારે અમારી ગરજને લીધે એ સ્વપ્ન તમને વહાલું લાગતું હશે. પણ અમે તમે સગોત્રી છીએ તેનું લગ્ન અંગ્રેજી રાજનીતિ થવા નહીં દે.'

વીરરાવ — 'અમારી સાથે તેઓ તમારું લગ્ન નહીં થવા દે; પણ તમારાં લૂગડાંલત્તાં કાઢી લઈ અમારી સાથે લંગોટિયા ભાઈબંધી કરી રમવાને મોકલી દેશે. હિમાચલ અને કન્યાકુમારી વચ્ચેના જોઈએ તેવડા મોટા ક્ષેત્ર ઉપર આપણે ભાઈબંધી કરી ખેલીશું, ને આપણે લડીએ નહીં ને આનંદથી રમીએ એટલી સત્તા સરકાર વાપરશે. હિંદુસ્થાનમાં અંગ્રેજોનું રાજ્ય રાજસત્તાક છે અને તેવાં રાજ્યોના રાજાઓ પ્રતિસ્પર્ધી સત્તાવાળા ઉમરાવોને પ્રજા જેવા કરી નાખે છે તેનું ઈંગ્લાંડમાં જ દૃષ્ટાંત છે. પહેલા ચાર્લ્સનો કાળ આવ્યો ત્યારે ટ્યૂડર રાજાઓને બળે મેગ્નાકાર્ટાવાળા બૅરનો ભૂમિ ભેગા થઈ ગયા હતા અને તેને સાટે પ્રજાવર્ગરૂપ શેષનાગના મુખ્ય મુખ પેઠે હૅમ્પડન અને ક્રૉમ્વેલ, એ સાપે માંડેલી ફણાઓના અગ્રભાગે દોલાયમાન થતા હતા.'

શંકરશર્મા — 'હવે એ યુગ વીતી ગયો. વિગ્રહકાળના અભિલાષોને સાટે હાલ રાષ્ટ્રીય ન્યાયના કાયદાઓ આગળ મુકુટધર મંડળનાં શસ્ત્ર સ્તંભ પામે છે. અશ્રુતપૂર્વ અક્ષૌહિણી સેનાઓ મનુષ્યનાં સદ્ભાગ્યનો કચ્ચરઘાણ વાળવા યુરોપમાં ખડી થઈ છે ત્યારે નયવ્યવહાર (Diplomacy)નું શબ્દબ્રહ્મ એ સેનાઓની માયાને સ્વપ્નના દંભ જેવી અકર્મકર કરી નાંખે છે. બીજાં રાજ્યોના આ સર્વ સૈનિક દંભ વચ્ચે અંગ્રેજી રાજ્ય, આ નવવ્યવહારના સત્ત્વનો વાવટો ઉરાડી, એ દંભના ખરચખાડામાં ઊતરતું નથી. ત્યાં બેઠેલો આ શાંતિયુગ આખા જગતમાં બેસવા માંડથો છે. એ યુગનું અભિજ્ઞાન વધારે વધારે પ્રસરશે, તેમ તેમ રાજાઓ, વિગ્રહકાળની આસુરી સંપત્તિઓનો તિરસ્કાર કરી, શાંતિકાળની દૈવી સંપત્તિઓની પૂજા કરશે.' *

'વીરરાવજી! હવે યુદ્ધશાસ્ત્રનાં રાજ્યને સ્થાને અર્થશાસ્ત્રનાં રાજ્ય ચાલશે, રાજકીય સત્તાના લોભને સ્થાને વ્યાપારસત્તાનો લોભ ચાલશે, અને અંગ્રેજ સરકારનું સામ્રાજ્ય અમારી સાથે અર્થવ્યવહારનો લોભ છોડી અમારી રાજકીય સત્તા ઉપર દૃષ્ટિ કરે એવા વૈશ્યત્વહીન અંગ્રેજો નથી. રાષ્ટ્રીયન્યાયની શક્તિ પણ ધીરેધીરે આ વૈશ્યત્વના તેજમાં લીન થઈ જશે. પ્રવીણદાસ જે યુગને પુરુષાર્થથી ઉત્પન્ન કરવા ઇચ્છે છે તે યુગનો પ્રવાહ મનુષ્યલોકના પ્રારબ્ધયુગે જન્મી ચૂક્યો છે, અને એ યુગ અંગ્રેજોમાં બેઠો છે તેથી એ લોક દેશી રાજ્યોની સત્તાને નિર્માલ્ય ગણી, છે ત્યાં રાખશે અને એ રાજ્યોનું વ્યાપારમધુ ચૂસશે. મનુષ્યાહારી રાક્ષસના હાથમાં સુંદર સ્ત્રી જતાં તેના માંસભક્ષણના કરતાં તેના શૃંગારભોગ ઉપર વધારે પ્રીતિ કરે છે તેમ અંગ્રેજના પંજામાં ગયેલાં દેશી રાજ્યોનું થશે. અંગ્રેજ રાજપુરુષો દેશી રાજાઓને પોતાના પ્રતિસ્પર્ધી નથી ગણતા, પણ ઉભયના સંયોગથી થતા લાભમાં તેમને પોતાના ભાગિયા ગણી તેમની સંવૃદ્ધિ ઇચ્છે છે, અને એ રાજ્યોની સત્તા અને પોતાની સત્તાના સંયોગથી તેમનાં પરસ્પર સ્વાર્થપોષણ ઇચ્છે છે.' *

વીરરાવ — 'એટલે સરકાર પુરુષ, તમે સ્ત્રી, અને ઉભયનો સંસાર — એમ જ કે નહીં? ચંદ્રકાંત, હવે તો આ પતિવ્રતાને નમસ્કાર કરો ને તેની ક્ષમા માગો. પતિવ્રતા સ્ત્રીની પાસે તેનો સ્વામી પરસ્પર શૃંગારવાસનાની અભિવૃદ્ધિને સાટે તેના

માંસભક્ષણનો અભિલાષ રાખે એવાં વચન આપણે ઉચ્ચાર્યાં એ મહાપતિવ્રતાનો શાપ આકર્ષે એવો દોષ! હરિ! હરિ! *अब्रह्मण्यम्, अब्रह्मण्यम्!* સતી માતા! અમારો અપરાધ ક્ષમા કરો!!'

શંકરશર્મા — 'વીરરાવ! બ્રહ્માના પાંચમા મુખ પેઠે તમારા મુખને બોલવું હોય તે ભલે તેની પાસે બોલાવો. મહાન વિષયને સામાન્ય વિચારની ભાષામાં બોલવાના મારા પ્રયત્નમાં ઉપમાદોષ આવતો હોય તો તેનો અર્થગુણ લઈ ભાષાદોષ સુધારી લેવા એ ગુણજ્ઞ જનનું કામ છે. મારે કહેવાની કથા એટલી કે મેં જે વર્ણવ્યો એવો સંબંધ સરકાર અને અમારાં સંસ્થાનો વચ્ચે બંધાશે. જર્મનીની પેઠે અમે ક્ષણિક અને નૈમિત્તિક સ્વાર્થથી અંગ્રેજી રાજ્ય સાથે બંધાવાના નથી પણ નિત્ય સ્વાર્થથી સંધાઈશું-'

વીરરાવ — 'તમે ઉપમા આપી તેમાંની શૃંગારવાસના તો જુવાની જતાં નાશ પામે એટલી અનિત્ય છે. તમારી અને તમારા ધણીની જુવાની ઊતરે ત્યારે તમારું શું થાય?'

'Thank you !' વીરરાવને આથી વધારે ઉત્તર ન દેતાં શંકરશર્મા વાધ્યો:

'ચંદ્રકાન્તજી, અમેરિકામાં યુનાઈટેડ સ્ટેટ્સનો સંયોગ જેવો છે તેવો દેશી રાજ્યોનો અને અંગ્રેજ સરકારનો કાળક્રમે થશે. અમે પાશ્ચાત્ય રાજ્યકળાઓથી પાછળ છીએ ત્યાં સુધી એ કાળ નહીં આવે. પણ પરદેશી અંગ્રેજો પોતાની હિંદી પ્રજાને સ્વાર્થવિરોધથી જે સુખ અને સમૃદ્ધિ કદી આપી શકવાના નથી એ સુખ અને સમૃદ્ધિ દેશી રાજ્યકર્તાઓ પોતાની પ્રજાને પ્રમાણમાં અલ્પપ્રયાસે આપી શકશે, અને તે દિશામાં તેમના પ્રયાસ-પ્રવાહનો આરંભ ક્વચિત્ થયો છે. સાધારણ સદ્ગુણ, કંઈક ઉચ્ચ અભિલાષ અને અંગ્રેજનું અનુકરણ કરી શકે એટલી કલા: આટલાના જ સંયોગથી દેશી રાજાઓ પોતાની પ્રજાને પાડોશની અંગ્રેજી પ્રજા કરતાં વધારે સુખી કરી શકે છે તે અમે પ્રત્યક્ષ કરી શકીએ છીએ.

આ ગુણોનો વિકાસ અને પરિપાક દિવસે દિવસે વિશેષ થશે તેમ તેમ અમારી પ્રજા અને તમારી પ્રજાઓનાં સુખ સરખાવતાં અમારી પ્રજા આગળ વધશે. અમારે ત્યાં તમારા જેવાં — અંગ્રેજ અને દેશીઓ વચ્ચેના — ન્યાયભેદ નહીં રહે; અમારે ત્યાંનું દ્રવ્ય પરદેશમાં નહીં જાય; અમારી પ્રજા અમારી સામે સરકાર પાસે અરજીઓ કરે તેમાં અમારે રાજદ્રોહ ગણવાનો પ્રસંગ નથી તેથી અમારી પ્રજાને રાજદ્રોહના ભય નીચે દબાઈ રહેવાનું કારણ નથી અને અમારી પ્રજા પોતાના અભિલાષ ખુલ્લે સ્વરે દેખાડશે; અને ગમે તો તમારે દુર્ભાગ્યે સરકારને માથે અંકુશ નથી પણ અમારી પ્રજાને ભાગ્યે અમારે માથે સરકાર અંકુશ છે તેના ભયથી — અમે અમારી પ્રજાને પારકા ધણી પાસે ફરિયાદ કરતી અટકાવવા — જાતે સુધરીશું, અને ગમે તો અમારી પ્રજાના વિચાર-આચારને — પરદેશી અંગ્રેજ અતિ પ્રયત્ને પણ ન સમજે ત્યાં — અમારા દેશી રાજપુરુષો સહજ સ્વભાવથી સમજી જશે અને પ્રજાને તૃપ્ત કરશે જ્યારે અમારી અવસ્થા આ દિશામાં ઊંચી થશે ત્યારે અંગ્રેજી પ્રજા અને અંગ્રેજ સરકાર અમારા ગૌરવનો સ્વીકાર કરશે અને અમારી સત્તા વધશે એમાં શું કોઈને શક પડતી વાત છે? અમારી આટલી ઉન્નતિ થશે ત્યારે — નિશાળિયા ઉપર મહેતાજી ઉગામે એવી અમારા પર હાલ સોટી પડે છે તેવી — સોટી અમારા ઉપર ઉગામતાં શું સરકાર વિચાર નહીં કરે? વિલાયતના પ્રજામતના પ્રવાહ અને બળતા પ્રતાપથી જ અમારા મહેતાજી તે કાળે શરમાઈ

જશે અને સોટી સંતાડશે. અમારા ઉપર પિતૃભાવથી આજ્ઞા કરનાર સરકાર તે કાળે '*प्राप्ते तु षोऽशे वर्षे पुत्रंमित्रमिवाचरेत्* ' નો ધારો શું અમારી સાથે નહીં પાળે? તે કાળે અમારા અભિપ્રાયને, સરકાર અમારી બુદ્ધિનો સત્કાર કરી, સ્વીકારશે અને અમારા ન્યાયાધીશનું પદ ધારતાં શરમાશે. અમારી સાથે આવો સમભાવ થયા પછી હિંદી રાજાઓનું અને સરકારનું ઐક્ય ઉગ્ર થશે અને યુનાઈટેડ સ્ટેટ્સનાં સંસ્થાન પરસ્પર અભિપ્રાયના સરવાળાની આજ્ઞાનું ધારણ કરે છે તેવું જ હિંદુસ્તાનમાં થાય તો તેમાં કાંઈ અશકય નથી. રાજાઓ પોતાની પ્રજાની ઉન્નતિ કરવા જેટલો સ્વાર્થ સમજશે ત્યાં પોતાની પણ ઉન્નતિ કરશે. તેમની ઉન્નતિ થઈ એટલે અંગ્રેજ લોકનાં હૃદયમાં તેનું સન્માન — તેમના સહજ સ્વભાવને બળે — ઉદય પામશે.

The maturity of our own moral and intellectual altitude, whenever we reach it in the distant future, will not fail to command respect and love in the highest circles among Englishmen, if English instincts will have survived the period. The Princes that will have then led their subjects to a climax of genuine prosperity, a vision of which a foreign Government will have tried in vain to conjure up before their own Indian subjects, will present a divine spectacle which will make your English Rulers blush with an awakened consciousness of their own inner frailties! That will be the moment that will call them to the presence of a higher ideal, and I believe that also will be the beginning of an epoch when the Government will see the necessity of looking after your aspirations as if they were your kith and kin and not as your more powerful rivals and competitors. In the existence and growth of the native States, not only are their subjects interested, but the rest of India and its rulers will find to this extent their own fortunes involved .'

વીરરાવ ખુશ થયો અને ઊભો થઈ શંકરશર્માની સાથે હાથ મેળવવા મંડી ગયો અને બોલ્યો:

'Thank you, my friend; for having an ideal so beautiful! I shall now be proud to claim you as my fellow townsman of Bombay .'

ચંદ્રકાંતા! મિ. શંકરશર્મા સામા મેં જે ઉદ્ગાર કર્યા હતા તે ખોટા પડ્યા દેખી હું ખુશ થાઉં છું. બાકી આ વિષમયાં તો અમારા બેના અભિપ્રાય પૂર્વ પશ્ચિમમાં સામસામે જ છે. એમની આકાશગંગા છે તો સુંદર અને દિવ્ય; પણ તેમાંથી પીવાનું પાણી મળે એમ નથી. It is all Utopia, you see ! મિસ્ટર શંકરશર્મા! માફ કરજો -

The man convinced against his will ,

Is of the same opinion still .

મારી પ્રકૃતિમાં તમારું ચોકઠું બેઠું નહીં, અને *प्रकृतिं यान्ति भूत्तानि* એવું ભગવદ્વાક્ય છે તે મારાથી કાંઈ મિથ્યા થાય?'

રાણો ખાચર ઘડિયાળ કાઢી જોવા લાગ્યો. જોતો જોતો બોલ્યો, ‘વિદ્યાચતુરજી માળાના મણકા તો સારા છે પણ કાંઈક તેનો મેર આણો.’

વિદ્યાચતુર — ‘હા જી, એનો પણ હવે વારો જ આવ્યો છે. — વીરરાવજી, તમે દર્શાવો છો તે ભવિષ્ય દેશી રાજ્યોને શિર બેસે તો કાંઈ આશ્ચર્ય જેવું મને લાગતું નથી. પણ ખરી વાત તો એ છે કે આપ ચારે વિદ્વાનોએ અમારા રજવાડાની જન્મંકુડલી રચવાનો પ્રયત્ન કર્યો; તે છતાં જ્યોતિ:શાસ્ત્ર ઉપર શ્રદ્ધા રાખવાનો આરોપ આપને શિર કોઈ મૂકે તો તમે સ્વીકારવાના નહીં. એ શાસ્ત્રને નામે કે ભાગ્યપ્રવાહને નામે કે લોકપ્રવાહના શાસ્ત્રને નામે આવા વર્તારા બાંધવા સહેલાં છે. પણ તે કેવી રીતે ખરા પડશે તે કોઈથી કહેવાતું નથી. ઈશ્વરેચ્છાના મર્મ મનુષ્યબુદ્ધિથી અગમ્ય છે, અને ધર્મનો પાયો સત્ય ઉપર છે એ વાત જેવી સાચી છે તેમ એ પણ સાચી વાત છે કે મનુષ્યનો અધિકાર ભૂત અને વર્તમાનમાં કંઈક સત્ય જાણવામાં જ સમાપ્ત થાય છે, અને ભવિષ્યના સત્યનું દર્શન તો સ્વપ્નદર્શન જેવું મિથ્યા છે. આ સત્ય સ્વપ્ન પર પડતાં દૃષ્ટિપાત તો speculative છે — અંધકારમાં દૃષ્ટિ નાંખવા જેવું છે. આવાં સત્ય ઉપર અમારે વ્યવહારધર્મનો પાયો રચવો અયોગ્ય છે.

‘ઐતિહાસિક પર્યેષણાના વિષયમાં આવાં સત્ય શોધવાં યોગ્ય છે; એ પર્યેષણા વીજળી પેઠે ચમકારા કરી અંધકારના પર્વતોની વચ્ચોવચ પળવાર પ્રકાશમયી ખીણો દર્શાવી દે છે, અને તેથી એ ખીણની એક પાસ રોકાઈ રહેલાને બીજી પાસ જવાનું દિગ્દર્શન થાય છે. આવાં દર્શનનો લાભ લેવો એ ગ્રંથકારો ને રાજાઓનો એક આવશ્યક ધર્મ છે, કારણ કે ઉભય દેશકાલનાં કારણ છે અને આવી સૂક્ષ્મ દૂરદૃષ્ટિ નાંખી, વર્તમાન દેશકાળને સ્થળે નવીન દેશકાળ ઊભા કરવા એ તેમનું કર્તવ્ય છે. રાજા અને ગ્રંથકાર ઉભયનાં શસ્ત્ર પ્રારબ્ધવાદના વ્યવહારનું છેદન કરે તો જ તેઓ પોતાનું કર્તવ્ય કરી શકે. દેશને માથે પરરાજ્યની સેના ચડી આવે, દુષ્કાળ આવે કે સાર્વભૌમ વ્યાધિચક્ર ફરવા માંડે, ત્યારે દેશકાળના ભાગ્યથી સંતુષ્ટ રહેતો રાજા નષ્ટ થાય છે, અને પ્રજાને માટે કેવળ પુરુષાર્થને માની આ આપત્તિયંત્રને છિન્નભિન્ન કરવા સર્વાંગી પ્રયત્ન કરનાર રાજા પ્રજાનું કલ્યાણ કરે છે અને રાજધર્મનું વિકટ ગૌરવ પાળે છે. અમારી પ્રજાનું કલ્યાણ કરવા અમારે આવી દૃષ્ટિ અને આવા પ્રયત્ન ધર્મ્ય છે.

‘પણ પ્રજાઓએ તો ધર્મનિષ્ઠ રાજાના રચેલા દેશકાળની મર્યાદામાં રહી એ દેશકાળના ધર્મ સાચવવાના છે; અને એ દેશકાળનાં ભૂત અને વર્તમાન સત્ય શોધી, એટલે સુધી પ્રારબ્ધવાદી થઈ, આ પ્રારબ્ધમર્યાદામાં — રાજાની આજ્ઞામાં — આણમાં રહી, પોતાનો પુરુષાર્થ શોધવાનો છે. દેશી રાજ્યોને શિર અંગ્રેજી સામ્રાજ્યનું ચક્રવર્તિત્વ છે, સર્વ દેશી રાજ્યોના અને અંગ્રેજી રાજ્યના સર્વસામાન્ય લાભાલાભ વિચારી અમારા રાજા જેવા સર્વ રાજાઓનું મહારથીપણું એ ચક્રવર્તીને શિરે છે અને એ મહારથીની પાછળ વિગ્રહકાળનાં તેમ શાંતિકાળનાં પ્રયાણમાં અમારે ઉત્સાહથી અનુસરવું એ અમારો માંડલિક ધર્મ છે. એ ધર્મ જેટલી મર્યાદામાં અમારા ધર્મ પ્રજાધર્મને અનુસરતા છે. અમારો ચક્રવર્તી અમારે માટે જે દેશકાળ રચે તેમાં તમારી પેઠે જ પ્રારબ્ધવાદી થવું એ કંઈક અમારો ધર્મ છે. આખી મનુષ્યસૃષ્ટિના લોકપ્રવાહ કેમ ચાલે છે તેની પર્યેષણ અમારા વિષયમાં અમારો મહારથી કરે તે યોગ્ય છે; એવી એવી પર્યેષણાઓ કરી તે જે દેશકાળ અમારે માટે

રચે તેમાં અમારે તેની પાછળ અનુસરવું એ વ્યવહાર પ્રસ્તુત વિષયમાં અમારે ધર્મ્ય છે. ચક્રવર્તી અમારે માટે જે દેશકાળ રચે તેના કરતાં વધારે પર્યેષણા વ્યવહારમાં કરવી એ અમારે માટે ધર્માતિક્રમ છે પણ અમારી પ્રજાના કલ્યાણના વિષયમાં જો એવી પર્યેષણા ન કરીએ તો અમારા ધર્મમાં અમે ન્યૂનતા રાખીએ. અમારી પ્રજાના કલ્યાણકાળે અમે તમારાં બતાવેલાં સત્ય ઉપર અમારા ધર્મનો પાયો ચણીશું. પ્રસ્તુત વિષયમાં — ચક્રવર્તીના સંબંધમાં — એ સત્યને અમે અંધકાર જેવા ગણીશું, અને અમારો મહારથી જે પ્રણાલિકા દર્શાવશે તેના તેટલા પ્રકાશમાં સેનાની પલટણો પેઠે ચાલીશું; એમ ન કરીએ તો હજારો વર્ષોની અવ્યવસ્થાને અંતે ભરતખંડના ભાગ્યમાં ઈશ્વરે રચેલી સૂક્ષ્મ વ્યવસ્થાના નાશના એક સાધક થવાનું મહાપાતક અમારે માથે બેસે. આ અમારા રાજાઓના ધર્મનું તારતમ્ય.'

'વીરરાવજી અને ચંદ્રકાંતભાઈ કહે છે તે પ્રમાણે અમારું વૈધવ્ય નિર્મેલું કલ્પી, આજના અમારા સૌભાગ્યકાળે, અત્યારથી જ અમારા ચૂડા ભાંગવાનો ધર્મ પાળવાનું પ્રારબ્ધ વહોરી લેવાનું કાંઈ કારણ નથી; તેમ વૈધવ્યનો ભય અમારે શિર આવી બેસે તે પ્રારબ્ધની અવગણના કરવા જેવું પણ નથી. પ્રવીણદાસ અને શંકરશર્મા અમારા સદ્‌ભાગ્યનાં સ્વપ્ન જુએ છે કે સ્વપ્ન ખરાં પાડવાં એ મહાપુરુષાર્થ અને મહાપ્રારબ્ધ ઉભયના હાથની વાત છે. એ પુરુષાર્થના આરંભ હજી સુધી દૃષ્ટિમર્યાદામાં ઉદય પામ્યા નથી. પણ આ બે વિદ્વાનોને સાધ્ય સૂઝ્યાં છે તો કોઈને પણ સાધન સૂઝે તો તે અશક્ય નથી. એ પુરુષાર્થને અંતે એ મહાપ્રારબ્ધનો કાળ રચવો તે તો ઈશ્વરના ને ચક્રવર્તીના હાથની વાત. તમારી સર્વની પર્યેષણાઓનો અમારે માત્ર આટલો ઉપયોગ.'

વીરરાવ — 'ચક્રવર્તીની આજ્ઞાઓ ન્યાય્ય હોય કે અન્યાય્ય હોય પણ તમે તેનું ધારણ કરવાનું દાસત્વ સ્વીકારો છો? શું અમારાં વર્તમાનપત્રો એમાંની અન્યાય્ય આજ્ઞાઓ સામે અભિપ્રાય આપવામાં અને દેશી રાજ્યોના અધિકારની વાર્તા કરવામાં થડથી જ ભૂલે છે?'

ચંદ્રકાંત — 'શું તમારી અને ચક્રવર્તીની વચ્ચેના પ્રશ્નોમાં ચક્રવર્તી, જાતે પક્ષકાર હોવા છતાં, ન્યાયાધીશ થાય એ વાતની યોગ્યતા આપ સ્વીકારો છો, અને એ સ્થિતિથી તમારા અધિકાર ઘસાતા નથી એવું આપ કહો છો?'

વિદ્યાચતુર સ્મિત કરી બોલવા લાગ્યો: 'ના જી, ચક્રવર્તીના અમારા અને તેના પોતાના પક્ષ વચ્ચે ન્યાયાધીશ થાય છે તે અયોગ્ય છે અને તેથી અમારા અધિકાર ઘસાય છે એ વાત હું સ્વીકારું છું. પણ ભરતખંડના સામ્રાજ્યનો ન્યાય ચૂકવવા અંગ્રેજ સરકારની ઉદારતાથી અથવા ચકોરતાથી ન્યાય આપનાર બીજું કોઈ ધર્માસન અમને મળે એ પ્રસંગ આવતાં સુધી એ સામ્રાજ્યનાં યંત્રનાં વર્તમાન ચક્રોમાંથી કોઈ પણ ચક્રમાં એ ધર્માસનની ગતિની પ્રતિષ્ઠા રહેવી જોઈએ, તેમ ન રહે તો સરકારની અને અમારી અવ્યવસ્થા થાય ને ભયંકર રૂપ પકડે, અને એ અવ્યવસ્થા અટકાવવા કોઈની પાસે પણ ધર્માધિકારની પ્રતિષ્ઠા હોવી જોઈએ તો વિદ્યા, બુદ્ધિ, ધર્મવાર્તા અને સત્તામાં ભરતખંડમાં શ્રેષ્ઠ રાજાના હાથમાં જ તે રહેવી જોઈએ. અને તેનું રાજત્વ સાંપ્રત ચક્રવર્તી સિવાય આજ બીજા કોનામાં છે? અંગ્રેજ અધિકારીઓ નાનામોટા અનેક દોષનું પાત્ર હોવા છતાં, એ જ ચક્રવર્તીમાં સર્વશ્રેષ્ઠ ગુણો છે અને તે ગુણના લાભ આગળ એ દોષ માલ વિનાના છે. એ ગુણ તેમનામાંથી ઘસાય નહીં અને એ દોષનો પ્રતિકાર થાય એ લક્ષ્ય ઉપર તરત

અનુસંધાન કરવામાં અમારું ચાતુર્ય, અમારું બુદ્ધિબળ, અમારું માનસિક શૌર્ય, અમારી સ્વતંત્રતા અને અમારા ધૈર્યની ચડાઈઓ યોગ્ય છે. પણ એ ચડાઈઓ રાજાની બુદ્ધિ ઉપર પ્રધાનની રાજભક્ત બુદ્ધિ કરે તેવાં સાધનથી કરવાની છે. આ પ્રસંગમાં અમારું અને અંગ્રેજી હિંદી પ્રજાનું ઘણાક અંશથી સમાનત્વ છે, અને પરસ્પરને સાહાય્ય આપવામાં ચક્રવર્તી પ્રતિ આપણા ધર્મનો અતિક્રમ નહીં કરીએ ત્યાં સુધી કંઈ બાધ મને લાગતો નથી. એટલું જ નહીં પણ એ સાહાય્ય આપવું એ આપણો એક ધર્મ છે. આ વિષયમાં વીરરાવજી અને ચંદ્રકાંતજીના અભિલાષ કેવળ ધર્મ્ય છે.'

'ગામ હોય ત્યાં બ્રાહ્મણની પોળ પણ હોય અને ઢેડવાડો પણ હોય. મનુષ્યવૃત્તિ હોય ત્યાં ઉદાત્તતા પણ હોય ને અનુદાત્તતા પણ હોય. પણ અંગ્રેજ અધિકારીઓના ગુપ્ત ને પ્રકટ અનુદાત્ત મર્મ ભણીથી આપણો ઘાત ન થાય એટલી સંભાળ રાખી, એ સંભાળને જે આપણો એકલો સ્વાર્થ ગણવાની પ્રવીણદાસ ભૂલ કરે છે તે ન કરી, તમારા અંગ્રેજી ભરતખંડના મહાજનના અગ્રેસરો, વિદ્વાનો, અને વર્તમાનપત્રો અમને સાહાય્ય આપે અને ઠપકા આપે અને અમે તેમને આપીએ અને તે માર્ગથી તમારા રાજા અને અમારા ચક્રવર્તીના ઉદાત્ત મર્મને સતેજ કરી, તેની પાસેથી મોટાં વરદાન આકર્ષી લઈએ તો તેમાં રાજદ્રોહ નથી, અશક્યતા નથી અને ધર્મ અને પુરુષાર્થ છે. દેશી રાજ્યોમાં આ પુરુષ પ્રયત્ન કરવા જેટલી શક્તિ આવશે તો તમારી ભાષક ને યાચક કૉંગ્રેસને માથે ભરતખંડના રાજાઓના સંયોગથી કોઈ કાંર્યસાધક સંયુક્ત-રાજસભા થશે અને તેમાં ચક્રવ્રતી પ્રમુખસ્થાને વિરાજશે. જર્મનીના રાજાઓના સંયોગ - federation - કરતાં, અને અમેરિકાનાં સંયુક્ત સંસ્થાનોનાં કરતાં આ સંયોગ, આ દેશની સ્થિતિનીતિને આધારે કાંઈ જુદો જ થશે. પણ એવો પુરુષપ્રયત્ન જન્મ નહીં પામે, અથવા જન્મ પામીને બુદ્ધિબળના દાવમાં હારશે, અથવા ધૈર્ય અને સદાગ્રહને સ્થાને ધૃષ્ટતા, ઉતાવળ અને દુરાગ્રહના પાસા નાંખશે તો રાજાઓની દશા છે એનાથી વધારે દુ:ખભરી થશે. ગમે તો આવી વૃદ્ધિ અને ગમે તો આવો વિનાશ, એ બેમાંથી એક ભાગ્ય દેશી રાજ્યોને માથે ભમે છે; એ ભાગ્યનું વધારે નિશ્ચિત સ્વરૂપ આટલે છેટેથી આજ સમજવું કઠણ છે. આજ માત્ર એટલું સમજાય છે કે સર્વ રાજ્યોને અને સર્વ લોકપ્રવાહને અત્યંત ત્વરાબળથી ખેંચતો આજકાલનો વેગવાન યુગ દોડે છે તેની સાથે નહીં દોડી શકે તે પાછળના અંધકારમાં રહી જશે અને દોડધામ કરી રહેલી સૃષ્ટિના પગતળે આવી કચરાઈ જશે. * તમે કે અમે જે હોઈશું તેને શિર આવા જ ભાગ્યનું ભ્રમણ જોઈ લેવું.

'આ યુગની ગતિ આવી પ્રારબ્ધ છે તે અંત સુધી જશે. અંગ્રેજ રાજનીતિ એ યુગના પ્રવાહને સમજી નવા કાળ રચે છે અને નવા કાળ રચશે, એ આપણું પ્રારબ્ધ. એ કાળ- સમુદ્રનું મોજું આવે તેના વેગને ન સમજતાં, એ વેગને વશ કરવાને સ્થાને તેના ધક્કાથી ડૂબી જઈશું તો એ આપણું દુર્ભાગ્ય આપણે હાથે રચાશે. એ મોજુ ગમે એવું વેગવાળું, બળવાળું અને મોટું હશે તોપણ તેના પાણીથી સ્નાન કરી લઈ, તેની નીચે અથવા તેના ઉપર સ્થિરતાથી અને ધૈર્યથી ટકી રહેવાની ને તરવાની કળા આપણને આવડશે તો એ આપણો પુરુષપ્રયત્ન થશે, અને તેને સફળ કરવો એ ઈશ્વરેચ્છાની વાત છે. એ બેમાંથી કિયું પરિણામ થશે તેની કલ્પના માણસ કરી શકે એમ નથી. એ કલ્પનાને સાટે એક જ વર્તારો માણસ કરી શકે અને તે પ્રમાણે શ્રદ્ધા રાખે તો Free will નો સંપ્રદાય છોડી સર્વ પ્રારબ્ધવાદી થશે

અને પુરુષપ્રયત્ન ત્યજશે. તેવા વર્તારા કરવામાં અધર્મ નથી પણ તે પર શ્રદ્ધા રાખવી એ આપણો ધર્મ નથી. એવા એક જ વર્તારા ઉપર શ્રદ્ધા રાખવા કરતાં, એવા અનેક વર્તારાઓમાંથી જે આપણને સાધ્ય અને કલ્યાણકર લાગે તેનાં સાધન પાછળ, અને બીજા વર્તારાઓના પ્રતીકાર પાછળ, *પુરુષપ્રયત્ન* કરવો એ જ આપણો એક ધર્મ છે. એ જ ધર્મ વ્યવહાર્ય છે. વ્યાપાર તેમ રાજનીતિના વ્યવહાર આવા ધર્મને આધારે ચાલે છે. *उत्थानेन सदा वत्स प्रयतेथा युधिष्ठिर* એ શાંતિપર્વના રાજધર્મના ઉત્થાન ધર્મને રાજાઓનો નિત્યધર્મ કહેલો છે તે ઉત્થાનને - પુરુષપ્રયત્નને - પ્રારબ્ધ શ્રદ્ધાના આઘાતથી અનિત્ય ન થવા દેવો એ જ રાજાઓનો શુદ્ધ ધર્મ છે - ધર્મ્ય વ્યવહાર છે - કાળબળના સામા પણ રાજાઓનો એ જ ઉત્થાનધર્મ મિત્રરૂપ છે.

'તમે ચાર જણાએ ચાર જુદા જુદા વર્તારા વર્ત્યા તેમાંના બે આશાદર્શી અને બે નૈરાશ્યદર્શી છે. તે સર્વ વર્તારાઓનો ઉપયોગ કરવો એ રાજનીતિજ્ઞ પુરુષનો ધર્મ છે. એ ચારે વર્તારાઓ જે વર્તમાન દશાઓને દેખી બંધાયા છે તે સર્વ દશાઓમાં સત્યના અંશ છે અને *अन्धहस्तिन्याय* પ્રમાણે જે અંશ એક પુરુષ જુએ છે તે બીજાની દૃષ્ટિએ પડ્યા નથી. આશા અને નૈરાશ્ય એક ઢાલની બે બાજુઓ છે: સુવર્ણમયી આશા જોનાર પ્રવીણદાસ અને શંકરશર્મા એક પાસ ઊભા છે, લોહમય નૈરાશ્ય જનાર વીરરાવજી અને ચંદ્રકાંત બીજી પાસ ઊભા છે. એમની દૃષ્ટિઓમાં અંગ્રેજ રાજનીતિનું પ્રતિબિંબ પડેલું છે.

'The British Empire exists as a system of both Hopes and Fears for the Native States as for all natives as well, and on them it mostly lie to choose whether they will have the Hopes or the Fears, and the fortune of all these States will be the unknowable resultant of all varieties of the individual wisdom and working of each State, great and small, forward and backward, within its own isolated sphere. Government sees the working of all of them; it is in touch with all of them. Each of our States on the other hand sees only that point of Government which affects its own isolated individuality, and is blind to the rest. It is this inequality of vision that makes the States unequal to the comprehensive operations which the present system calls upon them to perform; and until this inequality is pronounced incurable or begins to perceptibly a ate throughout, neither our fears nor our hopes can be looked upon as a constant factor .'

ખાચરના સામું જોઈ વિદ્યાચતુર સ્મિત કરી બોલવા લાગ્યો: 'મહારાણાજી, આ ગૃહસ્થો અંગ્રેજીમાં સમજે છે તેટલું ગુજરાતીમાં સમજે એમ નથી. માટે એમને એમની ભાષામાં સમજાવવામાં અંગ્રેજી બોલવું પડ્યું તે ક્ષમા કરજો. મારે એમને કહેવાનો સાર એટલો છે કે આપણાં સૌનાં ઘર સરકાર પાસે કાણાં છે તેને સાટે આપણી ફાટફૂટ મટી જશે અને સરકારનું આખું ઘર જોઈ લઈ આપણાં સૌનાં પોતાનાં ઘર સંભાળવા જેટલા આપણે શાણા થવાને નિર્મેલા હોઈશું તો સરકાર સાથે આપણે કોઈક દિવસ ફાવીશું, અને તેમ નહીં થાય તો સરકાર ફાવશે.

'પ્રવીણદાસ, આઘે ન જતાં સુવર્ણપુરના જડસિંહના રાજ્યનો ઇતિહાસ તમે જાણો છો. જ્યાં સુધી દેશી રાજ્યોમાં જડસિંહના રાજ્ય જેવી અનીતિ અને તેના જેવા ભ્રષ્ટાચાર અને ખટપટ કેવળ નિર્મૂળ નહીં થાય, જ્યાં સુધી રાજાઓ અને પ્રધાનોનો મોટો ભાગ સદ્ગુણનો માર્ગ નહીં જુએ, જ્યાં સુધી પોતાના સ્વાર્થને સ્થાને પ્રજાનું હિત કરવા તેમની બુદ્ધિ નહીં દોડે, ત્યાં સુધી વીરરાવજીના વર્તારાનો ભય આપણે માથે અવશ્ય ઝઝૂમે છે, અને એવાં અનેક રાજ્યોની ભેખડો નદીમાં પડવા માંડશે તેની સાથે થોડાં ઘણાંક સારાં રાજ્યો પણ તેમની સાથે વશે કે કવશે ઘસડાશે. ઉન્મત્ત જાદવોની જાદવાસ્થળીમાં કૃષ્ણ અને બળરામ ઘસડાયા, અને કૌરવો ભેગા ભીષ્મ ગયા તેવી રાજ્યોની પણ સ્થિતિ સમજવી. પોતાના સારાપણાના અહંકારથી તૃપ્ત રહેતાં રાજ્યોને આ ભય છે; રાજકીય વિષયોમાં છેટેના પાડોશીને ઘેર લાગેલી આગથી પણ બીવાનું છે. વીરરાવજીના વર્તારામાં આ ભયંકર સત્ય સમાયેલું છે.

'દેશી રાજાઓમાં અનીતિ અને દુર્ગુણ દૂર રહેશે એમ ધારો તા તેથી લાભ એ કે ચંદ્રકાંત ધારે છે એવી ઉદાત્તતા રાજાઓમાં રહેશે. પણ નીતિ અને સદાચાર ખાનગી કુટુંબોની સ્થિતિ જાળવવા બસ હશે; પરંતુ રાજાઓને માટે તે બસ નથી. રાજ-અંગમાં ધર્મરાજ યુધિષ્ઠિર હશે, તો દ્યૂતમાં દ્રૌપદી ખોવા જેવી અતિ-પ્રતિજ્ઞાઓ કરશે અને બુદ્ધિહીન સત્યની પાછળ દોડશે.

'રાજ-અંગમાં ધર્મની સાથે ભીમ અને અર્જુનની આવશ્યકતા છે, સદાચાર સાથે બળ અને કળાની આવશ્યકતા છે. ચક્રવર્તીને યુદ્ધકાળે આશ્રય આપવા જેટલું બળ દેશી રાજાઓમાં નહીં રહ્યું હોય તો તેમનું ક્ષત્રિયત્વ જાળવવા અતિ યત્ન કરવાની સરકારને ગરજ નથી, અને રાજાઓ રાજા મટી સ્થાનિક અધિકારીઓ થઈ જશે. શાંતિકાળમાં ચક્રવર્તીના સામ્રાજ્ય સંબંધી વિચાર સમજવા રાજાઓમાં બુદ્ધિ નહીં રહે, અને તે વિચારથી ઉત્પન્ન થયેલા આચારમાં ચક્રવર્તીના અધિકારીઓની સાથે સાથે ચાલવા જેટલી રાજાઓમાં શક્તિ કે કળા નહીં રહે, તો એ રાજાઓની પ્રજાઓ અંગ્રેજ વણજારાઓની પાછળ પાછળ ભમશે અને રાજાઓ સ્થાનિક અધિકારથી પણ ભ્રષ્ટ થશે અને ચંદ્રકાંતનો વર્તારો અક્ષરેઅક્ષર સત્ય નીવડશે.

'આવી અવસ્થા પામતાં રાજાઓ અંગ્રેજની દેશી પ્રજાઓ સાથે ભળી જઈ, પોતાના ઉદાત્ત ગુણથી, એ પ્રજાઓનું ઉપરીપણું નહીં જાળવે તો અનુદાત્ત અને આળસુ થઈ વીરરાવજીની વર્તારો ખરો પાડશે. રાજત્વ ખોવાનો કાળ આવતાં ઉદાત્તત્વ પણ ન ખોવું પડે, અને અંગ્રેજી રૈયતના શિર ઉપર રાજાઓની પ્રતિષ્ઠા રહે તો ઉદાત્તત્વની પણ દુર્ગતિ ન થાય, માટે જ - તેમ એક લોહીના અને પરસ્પરના ઉચ્ચાભિલાષમાં સંપત્તિવિપત્તિ કાળે પરસ્પરનો આશ્રય રહેલો છે માટે - ચંદ્રકાંત સૂચવે છે તેવો સંબંધ, એમનો અને આપણો સ્પૃહણીય છે.

'નૈરાશ્યદૃષ્ટ અવસ્થાઓનાં કારણ વિચારતાં જેવા આ પ્રતીકારક ધર્મ છે તેવા જ આશાદૃષ્ટ અવસ્થાઓનાં કારણ વિચારતાં બીજા ઉદ્‌ભાવક ધર્મ છે. ઉદ્‌ભાવક એટલા માટે કે ચક્રવર્તીનું પોષણ કરી અમારી દબાતી ચંપાતી સંપત્તિઓના સ્વતંત્ર અને પ્રફુલ્લ રૂપનો ઉદ્‌ભવ એ ધર્મના જ પાલનથી છે.'

વીરરાવ હસતો હસતો બોલ્યો: 'સાહેબ, ચક્રવર્તીનું પોષણ રખે ભૂલતા - ભૂલશો તો શંકરશર્માનો રાજદ્રોહ આવી જશે.'

રાણો ખાચર - ‘પ્રધાનજી, વીરરાવ તમને પણ મૂકે એમ નથી.’

વિદ્યાચતુર - ‘એ મૂકે, પણ અમે એમનાથી મુકાઈએ તેમ નથી. વીરરાવજી, રાજદ્રોહ હો કે ન હો, પણ તમે એક વાર્તા કબૂલ કરશો કે નાના વ્યાપારીઓથી મોટા વ્યાપારીઓના જેવાં કામ કદી થવાનાં નથી. તેમને તો જોઈન્ટ સ્ટોક કંપનીમાં ભળવાથી જ મહાવ્યાપારમાં ભાગ લેવાનો સંભવ, અને એવી કંપનીમાં અંગ્રેજ જેવા અગ્રણી વ્યાપારીની આવશ્યકતા.’

વીરરાવ - ‘તે તમે રાજાઓની કંપની મળી શાં કામ કરવાના હતા? ને હોય તો તેમાં નાના રાજાઓની કંપની ક્યાં બસ નથી કે ચક્રવર્તી શોધવો પડ્યો?’

વિદ્યાચતુર - ‘હિમાલયના બે સ્કંધ આગળ બે મહારાજ્યો આ દેશને દાબી દેવા ઊભાં છે. તેમનો પ્રતિકાર કરવો એ પ્રથમ વ્યાપાર - તે ચક્રવર્તી વગર કદી બને નહી.’

વીરરાવ - ‘તે તમારે તો એક ધણી ગયો તો બીજો આવશે - નાતરિયા નાતમાં રંડાપાની બીક શી?

વિદ્યાચતુર હસતો હસતો બોલ્યો: ‘જેની સાથે આટલો લાંબો સહવાસ થયો, જેણે અમારો આટલો નિર્વાહ કર્યો, જેના ગુણદોષ અમે સમજીએ છીએ, જેની સાથે લડતાં- ઝઘડતાં અમે આટલો સંસાર સુખથી નિભાવ્યો, તેવા જૂના ધણીને મૂકીને નવા અજાણ્યા માણસ સાથે નવો સંસાર માંડવાની ઇચ્છામાં કાંઈ ડહાપણ છે? એ ધણી જાય તો તો અમારાતમારા ચૂડા સાથે ભાંગે - માટે આટલો રેલો તો, તમારી પોતાની તળેના રેલાના અનુભવથી અમારી તળેનો પણ સરખો સમજી લેવા.’

ચંદ્રકાંત - ‘વીરરાવ, પ્રધાનજીએ તમારી પોતાની ભાષામાં વાત કરવા માંડી એટલે તમે વહેલી સમજશો.’

વિદ્યાચતુર - ‘ચાલો ત્યારે મારી ભાષામાં બોલું. વીરરાવ, આ દેશને માથેના આવા અનેક પ્રતીકારક વ્યાપારોમાં અમારે માથે સેનાધિપતિ જોઈએ તે તો કદાચિત્ અંગ્રેજ જેવા બીજા મળશે એમ તમે કહેશો. પણ અમારે ઘણાક ઉદ્ભાવક વ્યાપારોમાં પણ પડવાનું છે અને તેમાં આ ચક્રવર્તી જેવો ઉદાર દક્ષ નાયક અમારી કંપનીને અન્યત્ર મળવાનો નથી. અમારી પોતાની રાજ-સંપત્તિઓના તેમ અંગ્રેજની રાજ-સંપત્તિઓના ઉદ્ભાવક પ્રવાહો ગંગાયમુના પેઠે એકઠા થાય છે તેમ બીજા કોઈ મહારાજ્યમાં થતા નથી. કાં અમારા, કાં તમારા, ઉદ્ભાવક પ્રવાહો અંગ્રેજી રાજ્યમાં જેવી સ્વતંત્ર વૃદ્ધિ પામે તેવી યુનાઈટેડ સ્ટેટ્સના પ્રજાસત્તાક મહારાજ્યમાં પામે તેમ નથી તો બીજાં મહારાજ્યોની તો કથા જ પડતી મૂકવી. એ રાજ્યો એકલી પોતાની મૂળ પ્રજાનું હિત ઇચ્છે છે; અંગ્રેજ લોકો આ હિતને ભૂલી શકતા નથી, પણ અનેક રાજ્યો અને અનેક પ્રજાઓની કુળદેવી જેવી ઈંગ્લાંડની પ્રજાને પોતાનાં બાળક ભેગાં પારકાં બાળકોને ઉછેરતાં અને પાળીપોષી મોટાં કરતાં આવડે છે. એવા ઉદાર પોષણની અનુભવી પ્રજાના ઉદ્ભાવક વ્યાપાર અને તમારા ઉદ્ભાવક વ્યાપાર સંગમ પામી શકે છે તેમ જ અમારી પ્રજાઓના ઉદ્ભાવક વ્યાપારને વિકાસ આપવાને અમારે શિર એ જ દિશામાંથી દબાણ થાય છે અને થશે, અને અમારી પ્રજાઓનો બાગ વધારતા વિકસાવતાં અમે શીખીશું એ અમારા ઉદ્ભાવક ધર્મની પ્રથમ સૃષ્ટિ અમારી પાસે ખડી થશે. એ અમારી મુખ્ય અને ઉત્તમ

આશા: અને માઈસોરના રાજ્યના જેવાં, અને એથી પણ શ્રેષ્ઠ બંધારણ ઘણાં રજવાડાંઓ સ્વીકારી શકશે ત્યારે આ આશાવૃક્ષને મ્હોર આવશે.'

'જો એ આશા સાચી પડવાથી ઈંગ્લાંડનાં પ્રજાસત્તાક સંસ્થાનોના પ્રમુખો જેવા અમારા રાજાઓ થઈ જશે તો આ ઉત્તમ આશાના શિખરભાગને અમે પહોંચીશું. આ કર્તવ્યમાં માત્ર અમારી પોતાની પ્રજા ઉપર જ અધિકાર વાપરવાની છે અને તેના ઉપર જ અમારી ઉદારતા અને દક્ષતા ઢોળવાની છે, એટલે અંગ્રેજ સરકાર તેમાં સાહાય્ય આપશે, ઉત્સાહ આપશે, કળાઓ શીખવશે અને વચ્ચે પડવાનો લોભ નહીં રાખે. જો અમારી પ્રજાની એ દશા થશે તો સામ્રાજ્યના સામાન્ય લાભના ત્યાપારોમાં પણ અમારી એ પ્રજાની ઇચ્છાઓનો અતિક્રમ કરી પોતાની સ્વાર્થી ઇચ્છાઓનું અનુસરણ કરવા અમને આજ્ઞા કરવા જેટલી છાતી ચક્રવર્તીના અધિકારીઓ નહીં ચલવે; એટલું જ નહીં, પણ આવો પ્રસંગ આવશે તા સરકારી અધિકારીઓની સર્વ આજ્ઞાઓ અમારે પ્રજા પાસે પ્રગટ કરવી પડશે અને તેમ થશે એટલે જે ગુપ્ત દબાણ અને અવ્યવસ્થાની દેશી રાજ્યો ફરિયાદ કરે છે તે દૂર થશે. આટલો પુરુષપ્રયત્ન તો અમારામાં અમારાપણું હશે તો અમે સ્વાશ્રયથી કરી શકીશું. એમાં તો અમારાં હૃદયો સિવાય બીજો શત્રુ અમને નડે એમ નથી. જ્યારે અમારી આ અવસ્થા થશે ત્યારે સરકારનાં Responsible Government વાળાં Colonies * કરતાં પણ અમારી સારી અવસ્થા થશે — કારણ સરકાર એ સંસ્થાન ઉપર Vetoing power રાખે છે તેવો અમારા ઉપર રાખવાનું બીજ એમના હાથમાં નથી.'

'અમે ઈંગ્લાંડનાં એક જાતનાં સ્વરાજસત્તાક-સંસ્થાન- colonies - છીએ.'

'યુનાઈટેડ સ્ટેટ્સનાં સર્વત: પ્રજાસત્તાક અવયવો જેવાં અંગ્રેજનાં અવયવો દેશી રાજ્યો થઈ શકે એમ નથી; કારણ રાજાઓનો અભાવ થાય તો તેમને સ્થાને અંગ્રેજી જ રાજ્ય થાય — તેમની પ્રજાને અંગ્રેજો સત્તા આપે એવું સ્વપ્ન વર્તમાનમાં થાય એમ નથી. શંકરશર્માના વર્તારામાં આટલો અંશ સ્વપ્નાંશ છે.

'જર્મનીના મહારાજ્યના અવયવો પેઠે રાજસત્તા સંસ્થાનો થવાનો લોભ આપણે રાખીએ તો તે અંગ્રેજને વધારે અનુકૂળ છે. જર્મન મહારાજ સ્વેરછાથી એ અવયવોને યુદ્ધમાં અને યુંદ્ધાદિના ખરચમાં ખેંચી શકે છે તેવો વ્યવહાર આપણે શિર વાપરવા અંગ્રેજને અધિકાર નથી. આપણે ચક્રવર્તીની પાછળ — આપણી શક્તિ અને ઇચ્છા હોય તો — જઈએ. પરરાજ્યો સાથે સંબંધ રાખવાનો આપણો અધિકાર પોતાના હાથમાં સરકારે લઈ લીધો તે તેમની પોતાની સેનાઓ વડે આપણું રક્ષણ કરવાની શરતે લીધો છે; એવાં રક્ષણમાં આપણી સેનાઓ આપવા આપણે બંધાયા નથી. અંગ્રેજોનાં બીજાં સર્વ સંસ્થાનો કરતાં, અને જર્મની તથા યુનાઈટેડ સ્ટેટ્સના અવયવો કરતાં આપણી આટલી વધારે સત્તા છે. આપણે સરકારને આવામાં આશ્રય આપીએ તે એમના ઉપર ઉપકાર.

'સરકારનાં ઉત્તમ — Colonies - સંસ્થાનની પ્રજા જેવી આપણી પ્રજાને નહીં કરીએ તો એ પ્રજામાં દેખાદેખીનો ક્ષોભ થશે ને ચંદ્રકાંતનો વર્તારો ખરા પડશે.

'એ ક્ષોભ ન થવા દેવા જેવું આપણે રાખીશું, પણ હાલ સામ્રાજ્યના સામાન્ય લાભમાં ચક્રવર્તી પર ઉપકાર કરતા હોઈએ તેમ જે આશ્રય આપીએ છીએ તે આશ્રય આપવામાં કૃપણ થઈશું તો મોડાંવહેલાં જર્મનીનાં અવયવ રાજ્યોની પેઠે

આપણને ચક્રવર્તી બળ કરી ખેંચશે અને પ્રવીણદાસનો વર્તારો ખરો પડશે. સમુદ્ર વ્યાપાર, રેલવે, વીજળીના તાર અને સામ્રાજ્ય રક્ષણમાં આશ્રય, આદિ અનેક વિષયો આવા આશ્રયની વાત છે. હાલ જે ઉપકાર કરી નહીં આપીએ તે કાળક્રમે આજ્ઞાથી આપશું, અને તે કઠણ શરતો પાળી આપશું.

'આવા વિષયોમાં, અને સરકારને હાથે લેવા પડતા ન્યાયના વિષયમાં ચક્રવર્તીનો અધિકાર રાજાઓની સામ્રાજ્યસભાને સોંપાય તે પ્રસંગને માટે અનેક જાતની ઉદ્ભાવક બુદ્ધિનો ઘણા કાળ સુધી આગ્રહ જોઈએ અને એ દિશામાં પુરુષપ્રયત્નનો આરંભ થવાને પણ હજી ઘણી વાર છે. આ આરંભ થવા આવતાં પહેલાં આપણી વ્યવસ્થા હશે કે અવ્યવસ્થા હશે તે ઈશ્વર જાણે.'

વિદ્યાચતુર બોલતો બંધ પડ્યો. મણિરાજે સર્વને પુષ્પ, પાન અને સુગંધ વહેંચ્યાં, અને સર્વ હસતે મુખે ઊઠે છે તેવામાં એક માણસે મૂળરાજને એક ચિઠ્ઠી આપી. મૂળરાજે મણિરાજને આપી, મણિરાજે વાંચી અને શોકમાં પડી પ્રધાનને કહ્યું:

'પ્રધાનજી, આપ હવે સત્વર ઘેર પધારો.'

વિદ્યાચતુર — 'મહારાજ, એ સમાચાર કુમુદના હશે એમ હું ધારું છું. મારું એ પુષ્પ કરમાઈ ગયું.'

મણિરાજ — 'આપના પિતાજી પાછા ફરવાના સમાચાર આ ચિઠ્ઠીમાં છે.'

ખાચર — 'શું કુમુદસુંદરીથી હાથ ન લાગ્યાં? વિદ્યાચતુર! પુત્રીનો વિયોગ મહાદુ:ખ કરે છે તેનો મને અનુભવ છે.'

મણિરાજ — 'પ્રધાનજી, હવે સત્વર ઘેર પધારો. આપના ધૈર્યમાં કુટુંબને અંશભાગી કરો. હું પણ ત્યારસોરો આવી જઈશ. પ્રધાનજી, આપનું ધૈર્ય જાણનારે વધારે સૂચના કરવી પુનરુક્ત છે, બાકી મારા ખેદથી તમારા ખેદની કલ્પના કરું તો તો પાર રહે એમ નથી.'

મણિરાજની આંખ ભીની થઈ. સર્વ મંડળ અવસન્ન થયું. બે મિનિટના મૌનને અંતે વિદ્યાચતુર બોલ્યો: 'મહારાજ, આણી પાસથી કુમુદ જવા બેઠી અને આણી પાસથી પ્રમાદધન પણ ગયા. મારું અને બુદ્ધિધનભાઈનું ઘર — બેનાં ઘર સાથેલાગાં શૂન્ય થયાં. મારા કરતાં એમનું દુ:ખ અનેકધા વધારે છે. એમના દુ:ખમાં મારું દુ:ખ ભલું છે.'

શોકવાર્તા કરતાં કરતાં વિદ્યાચતુરને મુત્સદ્દીમંડળ ભેગો ગાડીમાં વિદાય કરી, મણિરાજ, ખાચર અને મૂળરાજ બીજી ગાડીમાં ચડ્યા. થોડી વાર એ ગાડીમાં મૌન પ્રવર્ત્યું અંતે ખાચર બોલ્યો:

મણિરાજ, આ વાતોડિયા મંડળીમાં બેસવામાં આપણા નાચરંગના દરબારનું ખરચ નથી ને નુકસાન પણ નથી એટલો લાભ ઓછો નથી. એ મંડળીમાં બેસી તમે સર્વ સાંભળ્યાં કરો છો અને બોલતા નથી તે જોઈ હું પ્રસન્ન થાઉં છું. પણ એ લોકની પુસ્તકિયા બુદ્ધિનો પટ તમારા મન ઉપર બેસી જાય નહીં તેની સાવચેતી રાખજો.'

મણિરાજ — 'એ બુદ્ધિને પ્રધાનજીનો અનુભવ ચાળી નાંખે છે, અને આપના જેવાના સમાગમકાળે તેમાંના કુપથ્ય ભાગ નીકળી જાય છે.'

ખાચર — 'એટલું બસ છે. બાકી જે વિષયની આજ વાતો ચાલતી હતી તેના સંબંધમાં ચક્રવર્તીની રાજનીતિની વાતો તો ઠીકાઠીક છે. પણ એમના અધિકારીઓમાં સારાનરસા આવે છે અને આપણને અકળાવે છે તેનું શું કરવું એ વિષે તમે કેવો વિચાર કર્યો છે?'

મણિરાજ — 'સત્ય પૂછો તો મારે તેમની સાથે એવી તકરાર હજી સુધી નથી પડી. વકીલ મહારાજે પરરાજ્ય સાથે અથડાઅથડી ન થવાના માર્ગ રચી મૂકેલા છે તેની પ્રણાલિકાએ ચાલતાં અમને બહું સુખ પડે છે. આપ સૂચવો છો એવી તકરારનો મારે પ્રસંગ જ નથી આવ્યો, પણ દૈવેચ્છાથી એ પ્રસંગ આવશે ત્યારે આપ જે કંઈ નીતિ દર્શાવશો તેનો પ્રકાશ પાસે રાખીશ.'

ખાચર — 'એ તમારે માથે ઈશ્વરની કૃપા સમજવી કે સાહેબ લોકને તેમનાં માણસો સાથે મારામારી થવા વખત નથી આવતો. પણ આવો શીળો દિવસ રોજ નહીં રહે, માટે સાંભળી લ્યો. ચક્રવર્તી ને ગવર્નર ને કલકત્તાવાળા તો છેટે રહ્યા. પણ આ પાસેના સાહેબોમાં બે બહુ સારા આવે તો બે બહુ નરસા આવે છે; બે બહુ ડાહ્યા આવે તો બે બહુ મૂર્ખા આવે છે. એમનો ઢંગધડો કંઈ નહીં; એક આમ હાંકે ને બીજો આમ હાંકે. ત્યારે આપણે જેવાની સાથે તેવા થવું પડે છે. એમનું સુખ એ કે તુમારિયાંથી સરકાર સાથે કામ લે ને નઠારો સાહેબ બે નરસાં તુમારિયાં તમારે માટે સરકારમાં મોકલી જાય તો સારો સાહેબ બે સારાં મોકલી જાય. આપણે એવા શા માટે હોઈએ કે એ સહુમાંથી કોઈ આપણા વળનો થાય નહીં? માટે હંમેશ એટલી સરત રાખવી કે વારાફરતી કોઈ કોઈ સાહેબ આપણે માટે સારાં તુમારિયાં લખતો જાય. પછી સરકાર તો તુમારિયાંની આંખે સૌ વાંચે, એટલે બે વાર નાખુશ થાય તો બે વાર ખુશ થાય અને વિચારે કે જ્યારે એક આપણું સારું બોલે છે ત્યારે બીજા તુમારિયાંના લખનારની આંખમાં જ કાંઈ કણું હોવું જોઈએ. આટલું થયું એટલે આપણે જીત્યા.

'બાકી તો એક સાહેબ કુદે ને રાતોપીળો થાય ત્યારે મનમાં સમજવું કે તું જવાનો ને હું રહેવાનો છું, બે દિવસ દારૂ પી લે. ગાંડાં કાઢે તે વેઠવાં, પણ સામે ઘા કરવો નહીં.

'એ લોક મૂર્ખા હોય તોપણ તેમની કલમ જબરી ને તુમારિયાંમાં આપણે એને પહોંચી વળીએ નહીં; જબરી વિદ્યાવાળાથી છેટે જ નાસવું, કારણ એ લોક વગર ઘાએ હણે. એમનાથી છેટે હોઈએ માટે આપણને એમનો ઘા પહોંચશે નહીં એમ પણ ધારવું નહીં [*] - સરકાર પાસે એમના કાન; દેખીએ નહીં ને ઘા કરે.

'એમ કરતાં સામા થવું હોય તો ઘડી વાર વિસામો લઈ વિચાર કરવો કે આપણો હાથ કેટલો પહોંચશે. જે નદીને પેલે પાર તરી જવાનો વિશ્વાસ હોય નહિ તે તરવાને પાણીમાં પડવું જ નહીં. કોઈની પાસેથી એવું ખૂંચવી લેવાનું નહીં કે આપણા હાથમાં આવેલું પાછું તે ખૂંચવી લે. [૧] જેનું મૂળ ઉખેડી ન નંખાય એવું ઝાડ ખોદવું નહીં; જ્યાં સામાનું માથું ન પડાય ત્યાં તેને હણવો નહીં. [૨] મણિરાજ, તરવાર વડે લડવાનું તો નથી, પણ કલમ વડે લડતાં પણ આ અનુભવની વાતો સરત રાખવી. સાહેબલોક સરકારના દીકરા, તેમના વાંક માબાપને વસવાના નહીં

અને વસે તો યે તેમને શિક્ષામાંથી બચાવવા આપણને ધમકાવશે. કૌરવોનાં માબાપ દીકરાઓના બધા યે વાંક સમજતાં હતાં, પણ તેમણે તેમને વાર્યા નહીં; અને ગમે તેટલા પણ પાંડવ પારકા દીકરા, તેમના ઉપર ક્રોધ કર્યો, અને વ્યાસજીએ પાંડવને શાપ દેવા મનાઈ કરી ત્યારે બોડકી ગાંધારીએ ત્રીજા ઘરના શ્રીકૃષ્ણને શાપ દીધો કે જાદવાસ્થળી કરી તારું કુળ સત્યાનાશ પામજો. જબરા દીકરાની મા પાસે દીકરાની ફરિયાદો લઈ જનાર પરભારો બાળક ગાળો ખાઈ પાછો આવે, અને પરભારાના પક્ષ લેનારને શ્રીકૃષ્ણના જેવા આમ છાંટા લાગે. આપણે સાહેબલોક સાથે લડીએ તો આપણે પાછા પડીએ ને આપણી સાથે આપણા સ્નેહીઓને પણ ખમવું પડે. ખરું પૂછો તો આ કલમની લડાઈ એ બૈરાંની ગાળો જેવી ને વાણિયાના હોંકારા જેવી વાત. તેમાં આપણે ફાવીએ નહીં. રજુપતોની લડાઈઓ ગઈ.

'આટલા બધા વિચાર કર્યા પછી પણ એવો સાહેબ કોઈ વેઠાય જ નહીં અને તેને ઉખેડવાનું ઠીક લાગે ને તેમ કરવું આપણાથી બને તેમ હોય તો એ કામ પાકું કરવું, એટલું જ નહીં પણ અનાજનાં છોડાં સળગેલાં હોય તેમ ઘણી વાર એકલો ધુમાડો જ નીકળ્યા કરે અને ભડકો થાય નહીં એમ ન કરવું; પણ તરત ભડકો ભભૂકે ને આકરા તાપથી સામાને પોતાની ઝાળ દેખાડી દે એમ સીસમના બળતણ પેઠે આપણું પરાક્રમ ક્ષણ વાર પણ જણાય અને આપણો પ્રકાશ જગત દેખે એવું કરવું. [૧] રાજાઓ હાથ ઉપાડે અને તેનું ફળ થાય નહીં તો તેટલા પ્રમાણમાં તેમનું રાજત્વ ઘસાય એવું તમારા પિતા કહેતા ને તે યથાર્થ છે. પહેલી વારના દ્યૂતને અંતે દ્રૌપદી ઉપરનો જુલમ જોતાં પણ આંધળા ધૃતરાષ્ટ્રને ન્યાય કે દયા ન સૂઝ્યાં. તેને પાપી પુત્રોની દુષ્ટતાએ ઉપાડેલા ઈશ્વરી ઉત્પાત જોઈ બીક લાગી ત્યારે દ્રૌપદીને માગ્યાં વરદાન આપ્યાં ને પાંડવોને છોડ્યા. તે જ પ્રમાણે અધિકારી સાહેબો સામી સાધારણ ફરિયાદો ન સાંભળનાર સરકારની નજરે એ સાહેબો અતિદુષ્ટ થયેલા દેખાશે ત્યારે એની એ સરકાર તેમના ઉપર હાથ ઉપાડશે ને આપણું રક્ષણ કરશે. આવો કાળ આવે ત્યારે મજબૂત પુરાવો અને પૂર્ણ રાજત્વ દેખાડી સફળ હાથ ઉપાડવો ને ત્યાં સુધીનો માર વેઠી લેવો.'

'ઘણી ફરિયાદો કરનાર ઉપર સાંભળનારને કંટાળો આવે છે, માટે આવા પ્રસંગ સિવાયના પ્રસંગોએ તો સાહેબો ઉપર ફરિયાદ ન કરતાં તેમની જ પાસેથી કળથી કામ કાઢી લેવાં.'

'હોશિયાર ને પાકા સાહેબોની પાસેથી કામ કાઢી લેવું હોય તો તેમનાં કામ ભેગું આપણું કામ કાઢી લેવું. કોયલ કાગડીનાં ઈંડાં ભેગાં પોતાનાં ઈંડાં મૂકે તે બધાં ઈંડાં સાથે સેવાય ને કોયલનું બચ્ચું જન્મી જાતે ઊડી જાય. સરકારે સોંપેલાં કામ સાહેબો પોતાનાં ગણી કરી લે છે અને આપણાં કામ સરકારે સોંપેલાં ગણી વગર ભલામણે પોતાનાં કામ ભેગાં કરી લે છે. કોયલ કાગડાને કાંઈ કહેતી નથી તેમ આવા સાહેબોને આપણે કાંઈ કહેવાનું નથી. આપણાં ઈંડાં તેમનાં ઈંડાં જેવાં દેખાય, આપણાં હિત તેમનાં હિતમાં જ લેખાય, તો એ ચતુર જાતની ચતુરતાનો આપણને વગર માગ્યે લાભ મળે. એમની સેના ભેગા રહી આપણા દીકરા રજપૂતાઈની કળા જાળવે તે આનું દૃષ્ટાંત.'

'નઠારા અને બળવાન સાહેબો સામા થઈ લડવાનું ચાલતાં સુધી રાખવું નહીં. જો તેમનો નાશ ઇષ્ટ હોય તો તેમની સવારીના ઘોડા નીચે પેસી વરાહની કળા વાપરવી. જે સાહેબ વરાહને પોતાના ઘોડા નીચે પેસવા દેવાની ગફલત કરશે તે

સાહેબ ઉપર તેના ઉપરીઓ બહુ દયા નહીં દેખાડે. સામાના ધોડાની તળે જતાં પહેલાં શરીર પ્રકટ થશે તો આ કળા રમતાં એ સાહેબના ભાલાની બીક છે તે ભૂલવું નહીં.'

'લોભી સાહેબો પાસે સોનાના મેરુ જેવા દેખાવું. છેટેથી આપણું સોનું લેવા આવે, પર્વત ઉપર ચડતાં થાકે, અને એમ કરતાં આવે તો સોનાનો કટકો કાપી પણ જાય ને મેરુનો ઉપકાર માની કામ કરે. પણ ભૂલ્યેચૂક્યે આપણે જાતે 'સોનું લ્યો' એમ કહેવું નહીં. કારણ એ માત્ર સોનાની શોભા જોતો હોય અને આપણે 'લ્યો' કહીએ તો ફસાઈએ. આપણી શોભા જોઈને જ આપણા પર પ્રીતિ કરે એવા સાહેબ પણ હોય છે. તેની પાસે જોવાના મેરુ થવું.'

'સોનાના મેરુ થઈ શકવાની ઉદારતામાં કે કળામાં આપણે ન્યૂન હોઈએ તો સામાને આપણું ઘર પૈસાનું ખાલી અને માણસ વગરનું શૂન્ય દેખાડવું. આપણી પાસે તેને લલચાવવાને કોડી નજરે જ પડે નહીં, આપણી ચાડી ખાવાને ઘરમાં કોઈ માણસ દેખાય નહીં, અને જાતે ઘર શૂન્ય જોઈ જોનાર ચાલ્યો જાય ને આશા રાખે નહીં ને થતું થવા દે એ પણા એક માર્ગ છે.'

'આ છેલ્લી બે કળાઓ ચતુર માણસને વશ કરવાની છે. મૂર્ખને વશ કરવા નટ થવું અને નાટક કરવાં — જેમાંના એકને વીરરાવ માખણ કહે છે તે.'

'સામો સાહેબ ડાહ્યો અને સદ્‌ગુણી હોય તો તે તેના ઉપર હૃદયમાંથી ભક્તિ રાખવી અને બહારથી સરખાપણે મિત્ર થવું; હૃદયમાં તેના દાસ થવું, અને જગતની આંખે આપણો મોભો હલકો ન થાય એવો મિત્રાચાર પ્રગટ રાખવો. જો લેતાં આવડે તો પૃથ્વીમાં સોનાનાં ફૂલની વાડીઓ ઠેકાણે ઠેકાણે છે. શૂર, વિદ્યાવાન અને સેવા કરી જાણનાર તો ફૂલો ચૂંટે છે. * મણિરાજ, રાજાઓ કાળને રચે છે અને આપત્તિકાળને સ્થાને સંપત્તિકાળ કરી નાખે છે તે આવી કળાઓથી ને આવાં ફૂલ ચૂંટીને. આખો રજવાડો અકબર બાદશાહની સેવા કરતો હતો. સાહેબો મહાત્મા હોય તો તેમના ભક્તમિત્ર થવામાં બાધ નથી. બીજી રીતના હોય તો દેશ તેવો વેશ કરવો એ રાજાઓની ધર્મ છે. મમત કરી નાશ પામવો પ્રજાને પરવડે, પણ જેની વર્તણૂકમાં એ પ્રજાનાં સુખદુ:ખ રહેલાં છે તે રાજાને મમત પરવડે એમ નથી.'

'આ પ્રમાણે જેવો સામો માણસ તેવા આપણે થવું અને જે કળાથી તેની સાથેના વ્યવહારમાં આપણું કલ્યાણ થાય તે કલા વિવેકથી વાપરવી, એવું આપદ્ધર્મના પ્રકરણમાં ભીષ્મપિતામહે ધર્મરાજને જ ધર્મવચન કહેલું છે. સરકારના ધર્મરાજ્યમાં એમના સાહેબો આપણને આપત્તિમાં આણે ત્યારે આપણે પણ કોકિલ, વરાહ, મેરુ, શૂન્ય મહેલ, નટ અને ભક્તિમિત્ર એ છમાંથી જે ઘટે તે રૂપ રાખવાનું છે. આ વૃદ્ધોના મહાન અનુભવનું વાક્ય છે. આપણા રાજાઓની તો **કાળે કાળે કળાઓ.'**

'મણિરાજ, પ્રારબ્ધ અને દૈવ એ બે વાનાં પ્રજાને માટે છે પણ પ્રજાનું કલ્યાણ કરવામાં અને રક્ષણ કરવામાં રાજાએ પ્રારબ્ધ ન માનવું પણ પુરુષપ્રયત્ન જ માનવો એવું તમારા પ્રધાનનું વચન અક્ષરેઅક્ષર સત્ય છે. પ્રારબ્ધ માનનાર રાજા નષ્ટ થાય છે. પ્રારબ્ધ અને સંતોષ સ્ત્રીઓને અને બ્રાહ્મણોને માટે છે. પ્રજાનાં પ્રારબ્ધ રચવાનો ને ફેરવવાનો અધિકાર ને ધર્મ રાજાને માટે છે. માટે જ તેમાં ઈશ્વરનો અંશ કહેવાય છે. મણિરાજ, સરત રાખજો કે આપણે તો કાળે કાળે

કળાઓ કરવાની છે. કાળ આપણા ઘોડા ને કળા એની લગામ!! પ્રારબ્ધથી ડરી એ લગામ કદી મૂકી દેશો નહીં!'

અનુભવી અને ચતુર શ્વશુર-રાજના ઉશ્કેરાયેલા હ્રદયમાંથી, તાકતી આંખોમાંથી, ને સ્થિરધીર મુખમાંથી નીકળતો આ સૂક્ષ્મ ઉપદેશ જામાતૃ-રાજ અત્યંત ધ્યાનથી અને એકાગ્ર ઉત્સાહથી સાંભળતો હતો અને એ બે શત્રુકુળમાં મૈત્રી રચવાની પ્રતિજ્ઞા લેનાર મૂળરાજ આ ઉપદેશના ઉદ્ગારથી જ પોતાની પ્રતિજ્ઞા સંપૂર્ણ સિદ્ધ થઈ સમજાતાં પોતાની રાજભક્તિના વૃક્ષને સફળ થયું માની તૃપ્તિ-સુધા પીતો હતો, તેવામાં પ્રથમ તેમના સવાર અને પછી તેમના ઘોડાઓ મલ્લરાજના પુત્રના મહેલના બાગના ભવ્ય દરવાજામાં ખોંખારતા ખોંખારતા પેઠા — તેની સાથે ભાગ્યશાળી મલ્લરાજની પવિત્ર ચતુર અને ઉદાર રાજનીતિનો આ ફાલ એ ત્રણે જણના હ્રદયમાં ઉદય પામ્યો. એ ફાલને પુષ્પે પુષ્પે લખેલું હતું કે સાત્ત્વિક રાજનીતિનો પોષક ધર્મરાજા જીવતાં સ્વર્ગ ભોગવે છે, અને પાછળના રાજાઓ અને તેની પ્રજાઓ, એવી સગર્ભ રાજનીતિમાં પુણ્યફળને ભોગવી, એવા ધર્મરાજના અમર આત્માને અમર શ્રેયસ્કર ગતિ આપે છે ને *क्षीणे पुण्ये मृत्युलोके वसन्ति* એ શાસ્ત્ર આ અક્ષય્ય પુણ્યવાળા મહારાજને કદી અડકવા પામતું નથી.

---

૧ . ચારિત્ર્યદૂષણ-લાઈબલ-પારકાની આબરૂ હલકી કરવી.

૧ . ચંડકૌશિક

* shaking hands

* The process *of unfusing* vitality into the Native States and quickening the abolition of time-honoured abuses seems needlessly slow to impatient reformers.....It would be an unfortunate conclusion to the efforts made in the Nineteenth Century for the preservation of Native States if the impatience of the Twentieth Century, or the indifference of the Native Chiefs to their own higher responsibilities, should force upon the statesman of the future a dissolution of the union. - *Lee Warner's 'Protected Princes of India.'*

* 'The Roman conquest relieved the nations from the interminable dissensions which threatened them on the dissolution of the Macedonian dynasty. The wars of the 'kites' and 'crows' were succeeded by a period of internal tranquileity more extensive, more durable and more profound than any other in human annals. The Pax Romana stands out as an unique phenomenon in history. It was consolidated partly by the power of the Roman arms in repelling aggression from without; but not less perhaps by the constraining pressure of Roman law, which made every subject of the worldwide dominion know his place, and confine himself within it. The Roman law was an active and living principle. It was always open to receive new. impression and was anxious for improvement and development. It set before itself ideas of humanity and justice which it aimed at accomplishing. It trained multitude of keen intellects in the contemplation and pursuit of broad and noble ends. It constituted in itself a wide and liberal education and familiarised its students first with the highest philosophy, and afterwards with the purest religion of the period. Nor was it unsuccessful in the attainment of its practical objects. It generated a spirit of confidence in the government, of obedience to command, of general, contentment and gave scope to the discipline of domestic affections. - *Merivale* .

* While with the compounding of small societies into large ones the political ruling agencies which develop locally as well as generally, become separate from, and predominant over, the ruling agencies of family origin, these last do not dissappear,

but surviving in their first forms, also give origin to differentiated forms. The assemblage of kindred long continues to have a qualified semipolitical autonomy, with internal government and external obligations and claims. And while family clusters, losing their definiteness by interfusion, slowly lose their traits as separate independent societies, there descend from them clusters which, in some cases united chiefly by locality and in others chiefly by occupation, inherit their traits, and constitute local governing agencies supplementing the purely political ones. - *Spencer's Political Institutions.*

* The Barons prociamimed themselves the army of God and Holy Church. The middle classes of England, both the yeomanry in the country and the Burghers in the towns, actively aided them, and rendered their success certain. It was no longer a rising of one order of community but a *movement of all the free-men of the land.* John seems of have perceived the formidable importance which it thus assumed and he endeavoured to detach the barons from the national cause by offering special terms in favour of themselves and their immediate retainers. *But the baronial Chiefs felt their true position as Champions ofnation's rights* and desregarded the insidious offers of the King... who, in despair, sent the Earl of Pembroke to inform that he was ready to comply with their petitions, and to desire that a place and time might be named for a conference. The barons answered, 'Let the day be 8 th of June, the place, Runnymede.' - *Sir Edmund Creasy's Rise and progress of the British Constitution.*

१ . *न शुष्कवैरं कुर्वीत बाहुभ्यां न नदीं तरेत्।*
अनर्थ कमानयुष्यं गोविषाणस्य भक्षणम्।।
दन्ताश्च परिमृज्यन्ते रसश्चापि न लभ्यते।।

२ . મહાભારતમાં એક કથા એવી છે કે પવનના રાજ્યમાં શાલ્મલિ વૃક્ષે તેને નારદની પાસે ઊભાં ઊભાં ગાળો દીધી, નારદે પવનને કહી. અને પવનરાજે પોતાના બળનો ભય દર્શાવી શિક્ષાની ધમકી આપી ત્યારે ભયથી એ વૃક્ષ જાતે જ શીર્ણ થયું. — મહાભારત, શાંતિપર્વ

* *स्फटिकशिलातलनिर्मलनिर्झर, बहुविधकुसुमैर्विरचितशेखर किन्नर मधुरोद्गीतमनोहर* ઇત્યાદિ કાલિદાસના

* Harmony , સર્વ રાગોનો એક રાગમાં લય.

X 'The federation, like the colony, is an idea derived from the old world. The old word knew the federation and the colony on a small scale; the new world has taught us to know them both on a great scale. The new world will perhaps go far beyond this, and teach the old world not only to organize the colony, but how to apply the federation to old States. The nations of the old world are being forced more and more together, sometimes by necessities from within, sometimes by pressure from without. The recently achieved unions of Germany and Italy may be looked upon as proceeding from the spirit of federation in a modified form and we may yet expect the exemplification of the same principle on the soil of the old Europe. Some have even predicted that a federation of the nations of Western Europe will be forced on by the increased aggressiveness of Eastern Europe: *a federation of people inspired by the modern spirit of commerce and industry* against those which are yet filled with the media eval lust of conquest. - *E. J. Payne.*

* Its (the paramount power's) duty is not only to protect, but to give strength and vitality to the Native sovereignties, allowing them full scope to develop their own systems of administration. It must rely to a large extent on the argument that, not merely the interests of British territory, but the solid interests of each protected sovereign *are bound up in the common good of the United Empire.' - Lee Warner's Protected Princes of India.*

* Asia and Africa themselves will perhaps be gradually Europeanized through the preponderance given to European ideas by the independent forces of the new world. -

E. J. Payne.

* 'They (the Native States) form so many centres where the Sikh, the Mahomedan, the Maratha and the Dravidian can each bring out to the best advantage whatever may be peculiar in his national character and national institutions, under the generalising influence of English principle, and English civilisation. Their opportunities for this lie essentially in the future.'... 'It is to be hoped that in the course of time there will be cemented between the paramount power and its feudatories a confidence and affection such as can be born only of a complete comprehension of the native modes of thought on the one side, and an appreciation of the great moral ends aimed at by modern civilization on the other. An understanding of that description would be the certain prelude to the grounding of a system compared to which that even of Akbar, was 'the baseless fabric of vision.' When not only the higher governing classes - who already, appreciate the truth - but the great mass of Englishmen employed in India shall have schooled themselves to believe that real predominance consists alone, not in belonging to a mis-called dominant race, but in predominance in learning, in ability, in the higher mental qualities and moral powers of a man, irrespective of his colour, his nationality, and his creed; when too, the native shall have completely learned, as he is fast learning, that to take part in the affairs of the present age it will be necessary to abandon prejudices which restrict his progress, then only may we feel that India is entering up a path which will tend to her advancement in greatness and open out careers for her sons.' - *Col. G. B. Maleson's Nativs States of India*

* The constituion of the German Empire bears date April 16th, 1871. By its terms, all the States of Germany 'form an eternal union for the protection of the realm and the care of the cape of the welfare of the German People.' The supreme direction of the military and political affairs of the Empire is vested in the King of Prussia, who in this capacity, bears the title of Deutscher Kaiser. According to Art II of the Constitution 'the Emperor represents the Empire internationally, and can declare war, if defensive, and make peace, as well as enter into treaties with other nations and appoint and receive ambassadors. To declare war, if not merely defensive, the Kaiser must have the consent of the Bundesrath, or Federal Council in which body, together with the Reichstag, or Diet to the Realms, are vested the legislative functions of the Empire. The Emperor has no veto on laws passed by these bodies. The Bundesrath represents the individual States of Germany, and the Reichstag the German nation. The 58 members of the Bundesrath are appointed by the Goverments of the individual States for each session, while the members of the Reichstag, 397 in number (about one for every 124,505 inhabitants) are elected by universal suffrage and ballot, for the term of five years. By the law of March 19th, 1888, which came into force in 1890, the duration of the legislative period is five years: - *The Statesman's YearBook* .

* 'No European power would now think of going to war for winning its neighbour's colonies, because colonial commerce is now in the main subject only to nominal restriction and greater benefits that were derived in the last century by each nation form the exclusive commerce of its colonies now lie open to all, in the free trading system which is adopted by most nations in proportion to their enlightenment. We have thus seen the colonical system fall, and groups of free nations spring up in its place. This is the whole history of the new world.' - *E. J. Payne.*

* 'The secret of Roman success lay in the policy of separation and division. The secret of British success lies in the fact that one supreme authority was needed to keep the peace, to arbitrate between state and state, to unite the isolated groups of Hindu, Mahomedan, and Aboriginal societies, under one standard of allegiance and one tie of common interests. The task which a Western nation has undertaken in far East is ambitious and full of anomalies. Who are the partners in the Empire? On the one side are nearly five hundred princes and chiefs * * * * On the other are a few officers of Government.

' -*Lee Warner's Protected Princes of India* .

* 'Constant changes... the restless activity of the age and its ceaseless innovation are constantly bringing about. The day has passed when the East could 'bow low before the storm in patient deep disdain.' The legions still thunder by, but Oriental society can never go back entirely to What it was. To morrow Will not be as yesterday, and the intercourse of the Natives States with the British Government can be no exception to the rule.' - *Lee Warner* .

* The Colonies proper form three classes: (1) The *Cruon Colonies* , which are entirely controlled by the home government; (2) those possessing.
Pepresentative Institutions, in which the Crown has no more than veto on legislation, but the home government retains the control of public officers; and (3) those possessing Responsible Government, in which the home government has no control over any public officer, though the Crown appoints the Governor and still retains a veto on legislation.
The total expenditure of the Mother country in connection with the colonies (exclusive of India) amounts to about 2 million sterling annually, mainly for military and naval purposes. - *The Statesman's Year Book, 1896*

* ' पण्डितेन विरुद्धः सन् दूरस्थोऽस्मीति नाश्वसेत्।
दीर्घौ बुद्धिमतो बाहू याभ्यां हिंसति हिंसितः॥ - મહાભારત, શાંતિપર્વ

१ . *' न तत्तरेद्यस्य न पारमुत्तरेत्।*
न तद्धरेद्यत् पुनराहरेत्पर॥' - શાંતિપર્વ

२ . *' न उत्खनेद्यस्य न मूलमुद्धरेत्।*
हन्यान्न तं यस्य शिरो नं पातयेत्॥ ' - શાંતિપર્વ

१ . *मुहूर्तमपि राजेन्द्र तिन्दुकालातवज्ज्वलेत्।*
न तुषाग्निरिवानर्चिधूमर्यत चिर नर:॥ ' - શાંતિપર્વ

* *'सुवर्णपुष्पितां पृथ्वी चिन्वन्ति पुरुषास्त्रय:।*
शूरश्च कृतविद्यश्च यश्च जानाति सेवितुम्॥'

૫. નવરાત્રિ

'किमिव हि मधुराणां मण्डनं नाकृतीनाम्॥'

- મધુરી આકુતિને જે અડકે તે તેના શૃંગારરૂપ થઈ જાય છે!

— કાલિદાસ: શાકુન્તલ

'विश्रम्य विश्रम्य तटद्रुमाणाम्
छायासु तन्वी विचचार काचित्।
स्तनोत्तरीयेण करोद्घृतेन
निवारयन्ती शशिनो मयूखान्॥'

— ભર્તૃહરિ શૃંગારશતક

નવીનરૂપ ભાષાંતર — 'કોઈ એક સુંદરી નદીના તટ ઉપર વૃક્ષે વૃક્ષે તેની છાયામાં વિસામો લેતી લેતી ચાલતી જાય છે, અને દૂર આકાશમાંનાં ચંદ્રનાં કિરણ પોતાના હૃદય ભણી આવે છે તે હૃદયમાં પેસતાં અટકી શકે એવું હોય તેમ, પહેરેલા સૂક્ષ્મ વસ્ત્રનો જે છેડો એ કિરણ ને એ પોતાની છાતી વચ્ચે છૂટો હતો તે છેડાને હાથ વડે ઊંચો કરી કરી, ચંદ્રનાં એ કિરણને એ છાતી આગળથી દૂર કરવા પ્રયત્ન કરતી જાય છે!'

'દુલારી! મધુરી મારી દુલારી! — દેખ દેખ યહ મૈયાકા ખેલ' — એવું બોલતી બોલતી બેટની બાવી ઝૂંપડી બહાર આવી અને ચૈત્રમાસને સાયંકાળે સમુદ્રના સામું જોતી માતાના ઓટલા ઉપર બેઠેલી બાળાને પાછળથી બાઝી પડી અને નીચે વળી ચુંબન કરી એની સુંદર આંબો સામું જોઈ રહી.

'ચંદ્રાવલીબહેન! હું માજીનું ઘણું ધ્યાન ધરું છું, પણ હૃદયનો પુરુષ હૃદયમાંથી ખસતો નથી.' નાના કરપલ્લવ વડે આંખનાં આંસુ લોહતી લોહતી બાલા બોલી અને સમુદ્ર સામું જોઈ રહી.

'બેમાંથી કિયો પુરુષ ખસતો નથી?' જોડે બેસી ચંદ્રાવલી પૂછવા લાગી.

'જે પુરુષની સાથે સંસ્કારથી હું ચોરીમાં જોડાઈ હતી તે પુરુષ તો મારા મરણ-ભાનથી સુખી થશે. એટલો મને માજીના ધામમાં આવવાથી જંપ છે. પણ જે મહાત્મા મને પોતાના સંસારમાંથી છૂટી કરી પોતાના હૃદયમાંથી છોડતો નથી તેને મારું કૃપણ હૃદય પણ છોડી શકતું નથી. અરેરે! મારે જ માટે એણે લક્ષ્મીનો ત્યાગ કર્યો, પિતૃજનનો ત્યાગ કર્યો અને મારો પણ ત્યાગ કર્યો. હવે તો માજીનું તેજ મારા હૃદયના આ અંધકારને

નષ્ટ કરે તો હું રાંક પૂરી જંપું.' બોલનારીના હૃદયમાંથી ઊંડો નિશ્વાસ મુખની વાટે નીકળ્યો.

પ્રિય વાંચનાર! આ બોલનારીને તેં ઓળખી હશે. બાવી ચંદ્રાવલીના પ્રયાસથી ડૂબેલી કુમુદસુંદરીનું શરીર હાથ આવ્યું હતું, એના ઉપચારથી એ જીવી હતી ને ચારેક દિવસ થયાં એના મનનું સમાધાન કરવાને પણ એ જ બાવીની પ્રીતિ મથતી હતી. કુમુદનાં સંસારસંસ્કારી ભીનાં વસ્ત્ર નદીમાં નાંખી દઈ માતાની પ્રસાદીની આછી હીરાગળ ચૂંદડી એને પહેરાવી હતી તે પશ્ચિમ સમુદ્રની લહેરોથી ફરફર ઊડતી હતી અને દુ:ખી બાળકીની સુંદર નાજુક શરીરવલ્લરી એવા સંગથી પણ વધારે સુંદર પ્રિય લાગતી હતી. એની સર્વ વાર્તા ચંદ્રાવલીએ સાંભળી લીધી હતી. માત્ર પ્રમાદધન અને સરસ્વતીચંદ્રનાં નામથી તેમ પોતાના અને માતાપિતા અને શ્વસુરકુટુંબનાં નામથી કુમુદે એને અજાણી રાખી હતી અને તેને માટે ચંદ્રાવલીની ક્ષમા માગી લીધી હતી. સાટે ચંદ્રાવલીએ એનું નામ મધુરી પાડ્યું હતું. દયા અને વહાલ આણી ચંદ્રાવલીએ કુમુદને શાંત કરવા માંડી.

'મધુરીમૈયા! આ બેટમાં આવતાં પહેલાંનું પાણી આ સ્વર્ગનું દ્વાર જ સમજ, અને એ દ્વારમાંથી આ માજીના ધામમાં તું આવી ત્યાંથી મૃત્યુલોકનો તેં ત્યાગ કર્યો એમ જ તું સમજ. જેવો એક પુરુષ તારા હૃદયમાંથી ખસ્યો તેવો જ બીજો પણ ખસશે એટલી માતાજી ઉપર શ્રદ્ધા રાખ.'

કુમુદના મુખ ઉપર સંધ્યાકાળની છાયા પડતી હતી તેવી જ એના હૃદયની પણ છાયા પડતી હતી. કાંઈ ઉત્તર દીધા વિના, પાછળ ઊગતા ચંદ્રની કૌમુદી, આગળ સમુદ્ર પર, ચાદર પેઠે પથરાતી હતી તેટલું જ એ જોઈ રહી.

ચંદ્રાવલી — 'બહેન મધુરી! આ જોઈ ચંદ્રની પ્રભા? પાછળ આ ચંદ્ર તો જો!'

'શું ચંદ્ર મારી પાછળ છે?' ભડકીને કુમુદે પાછળ જોયું અને ચમકી જાગી. પાછી આગળ દૃષ્ટિ કરતી ભમર ચડાવી ગાવા લાગી.

'किंमसुभिर्ग्लपितैर्जड मन्यसे

मयि निमज्ञतु भीमसुतामन:।

मम किल श्रुतिमाह तदर्थिकां

नलपरामपरो विबुध; स्मर: [१] *॥'*

બોલતાં બોલતાં એના મુખ ઉપર લજ્જાનો રંગ ચડ્યો, શાંત પડી પાછી બોલી: 'ચંદ્રાવલીબહેન! નળનું મન ઉછાળવાની શક્તિને માટે દમયંતીની દેવતાઓએ સ્તુતિ કરી હતી તેવી જ પોતાનું મન ઉછાળવાની

શક્તિને માટે આ પુરુષે મારી સ્તુતિ કરી હતી. આવું છતાં એણે મને મારા હિતને માટે છોડી. કહો વારુ એ તે સંસારી કે જોગી? હું પણ હવે એના હૃદયની પવિત્રતાને અનુસરી, એના વિચારને છોડી, માજીના ચરણસ્પર્શમાં ચિત્ત પરોવીશ.'

ચંદ્રાવલી — 'ધન્ય, બેટા! ધન્ય છે. માજીના ચરણ આ મઢીમાં છે તેટલા જ ન સમજીશ. એ ચરણ આખા વિશ્વને રોકે છે અને માજીની દીકરીઓના હૃદયમાં સમાય છે. માજીની જે મૂર્તિ આપણે સેવીએ છીએ તે તો તેમના યોગને માટે. પણ માજીના સ્વરૂપનું જ્ઞાન જોઈએ તો તેમને અન્ય સ્વરૂપે સમજવાનાં છે. જ્યાં જ્યાં સ્ત્રીલિંગથી નામ છે અને શક્તિકાર્યથી આકાર છે તે તે સર્વ સ્થાને માજીના સાકાર સ્વરૂપનું જ્ઞાન પામી જા. જ્યાં જ્યાં એ નામરૂ પની કારણશક્તિ છે ત્યાં ત્યાં માજીના નિરાકાર સ્વરૂપને જોઈ લે. માજીની મૂર્તિના એકાગ્ર યોગથી તું સંસારને ભૂલી જઈશ. એના નિરાકાર સ્વરૂપને પામી તું એના પદને પામીશ, અને તારા હૃદયમાં શક્તિ આરૂઢ થશે. તે પછી સંસારમાં જ્યાં જ્યાં તારી દૃષ્ટિ પડશે ત્યાં ત્યાં એના સાકાર સ્વરૂપનો અનુભવ તું કરીશ અને સર્વત્ર મહાલક્ષ્મીનાં દર્શન કરીશ.'

આ ઉપદેશ સાંભળતાં સાંભળતાં ફરી કુમુદસુંદરી સમુદ્ર ભણી જોઈ રહી અને ઉત્તર દેવાનું ભૂલી ગઈ. ચંદ્રાવલી તેને બીજો વિનોદ આપવા લાગી.

'બેટા! હાલ માજીનાં નવરાત્રિ ચાલે છે અને થોડીક વાર પછી સુરગ્રામની સ્ત્રીઓ ગરબાનાં દર્શન કરવા આવશે. આપણે ગરબો પ્રકટી મૂકેલો છે તેની પાસે બેસી સૌ માજીનો ગરબો ગાઈશું, અને તેમાં એના શુદ્ધ સ્વરૂપને પ્રતીત કરીશું.'

'ચંદ્રાવલીબહેન! હું તે પ્રસંગે જરૂર અંદર આવીશ, ત્યાં સુધીમાં બહાર આ સમુદ્રનાં મોજાંમાં નાચતી ચાંદનીથી અને તેમાં થઈને આવતા પવનથી મારું મન શાંત કરી લઈશ, એટલે ગરબે આવનારાં પાસે હું ઉપદ્રવ રૂપ થાઉં નહીં. ઓ બહેન! હું તમને બહુ જ કનડું છું — ખરી?' દયામણે મુખે કુમુદ પાછું જોઈ બોલી.

'માજીના ધામમાં આવી દીકરીઓ પોતાની વરાળ કાઢે એ તો તેમનો અધિકાર છે. વારુ, બેટા મધુરી! પણ તું કાંઈ ગાવા લાગીશ?'

'શા વાસ્તે ન ગાઉં? પણ મને તો મારા હૃદયની કથાના જ ઢાળ ગાતાં આવડે અને એમાં તો પુરુષની વાત આવે તે માજીને કૂડું ન પડે?'

નાક નીચે બે આંગળીઓ ધરી, થોડી વારે તેને કુમુદના સામી ધરી, ચંદ્રાવલી કહેવા લાગી: 'બહેન, આ બેમાંથી એક આંગળી ઝાલ, જોઈએ!'

ધીરે રહી કુમુદે એક આંગળી ઝાલી.

'ચાલ બહેન, માજીની આજ્ઞા આવી. તારે ગાવું હોય તે ગાજે.'

'ત્યારે તમે જાઓ. હું અહીં બેઠીબેઠી ગોખી મૂકીશ.'

ચંદ્રાવલી મઢીમાં ગઈ અને કુમુદ એકલી પડી. મઢીમાં સ્ત્રીઓ એકઠી થતી હતી અને તેમના પરસ્પર મિશ્ર સ્વર બહાર આવતા હતા. સમુદ્રનાં ચડતાં અને કિનારા સાથે અથડાતાં મોજાંના ઘડીએ ઘડીએ થતાં પછાડાની ગર્જના એ સ્વરોને પોતાનામાં મેળવી દેતી હતી. કુમુદના કાન આગળ આ તોફાન થતું હતું અને ચિત્તને શાંત કરવા પ્રયત્ન કરતું હતું. સંસારની વિચિત્ર ગર્જનાઓમાંથી છૂટી શાંત સ્થળમાં આવેલીના કાનમાં આ મોજાંના ઉછાળા અને ગર્જનાઓ અવ્યક્ત પણ પ્રિય અક્ષરનો સેક કરતાં હતાં અને તેમના અભિષેકથી આવેલી ટાઢકે એના હૃદયાગ્નિના અંગારાને કજળાવી નાખ્યા અને તે અંગારાને સ્થાને સૂક્ષ્મ ઉષ્ણ ભસ્મ રહી. જડ સૃષ્ટિના તોફાને મનુષ્ય સૃષ્ટિના ઉદ્વેગને શાંત કર્યા.

થોડીક વારે કુમુદ કાંઈક ટટ્ટાર થઈ અને મસ્તક ઊંચું કરી સામે દૃષ્ટિ ફેરવવા લાગી. પાણી ઉપર ચાંદની ફરી વળતી હતી અને ત્રુટતાં સંધાતાં મોજાંમાં એનો પ્રકાશ અંદર સરી જતો હતો, ભાગતો હતો, સંધાતો હતો અને વાંકોચૂકો થતો હતો. છતાં ચાંદની એવી ને એવી કોમળ સુંદર લાગતી હતી. ઊંચી થતી આંખ એ દશાને જોવા લાગતાં કુમુદને પ્રીતિચંદ્રિકા જેવી, સુંદરતાની મૂર્તિ જેવી અને કોમળતાના આત્મા જેવી પોતાની સાસુ સાંભરી આવી.

'અરેરે! મારા જેવી કૃતઘ્ન કોઈ નથી. સમુદ્રનાં મોજાં જેવા સુખદુ:ખમાં ત્રુટતા સંધાતા કાળજાને આ ચંદ્રિકા જેવું જ સુંદર કોમળ રાખનાર મારાં પૂજ્ય સાસુજી તો જગતમાં એક જ જન્મ્યાં છે. એમની પ્રીતિનો બદલો વાળવાનો તો રહ્યો, પણ આ મારા કૃત્યથી એમના હૃદયને કેટલો શોક થયો હશે? એમના કોમળ સ્વભાવ ઉપર કેવો ઘા પડ્યો હશે? એમની વત્સલતાને કેટલું ઓછું આવ્યું હશે? એમને જીવવું કેવું અળખામણું થઈ પડ્યું હશે? એમનો દિવસ કેમ જતો હશે? એમને રાત્રે કેવા ઉજાગરા પડતા હશે? ઈશ્વરે એમના જેવા સુપાત્રમાં મૂકેલા સૌભાગ્યકુંકુમમાં હું દુષ્ટાએ દુર્ભાગ્યનો કોયલો નાખ્યો! એમના જેવાં ઉદાર અને મોટા હૃદયના સાધુજનોને મારા જેવી કાળી નાગણે દંશ દીધો! એમના જેવાં જગદંબાનો મેં પાપિણીએ તિરસ્કાર કર્યો! ઓ ગુણિયલ! તું મારી મા છે પણ મારાં દેવી તો તારા સ્વપ્નમાં પણ ન આવે એટલી મને ગણે છે અને ઢાંકે છે! એમનું કર્યું તારાથી કદી થવાનું નથી. મેં એમનો એવો અપરાધ કર્યો છે કે — ગુણિયલ! તારે મારું મોં પણ ન જોવું જોઈએ. પણ આવા સહસ્ત્ર અપરાધોને અંતે હું જો મારી રાંક દેવી પાસે જાઉં તો એમના જીવમાં જીવ આવે ને મને છાતી સરસી દાબે. અરે, એમણે પેટના દીકરાને કે દીકરીને ગણ્યાં નથી એટલી મને ગણી છે. ઓ પરમેશ્વરી! હું તારે ખોળે પડી છું તે મને કંઈ એવો માર્ગ દેખાડ કે હું રંકને હાથે લાગેલું એ દેવીરત્ન પોતાનું તેજ ન ખુએ. મને માર્ગ સૂઝતો નથી. મને શું સૂઝ્યું? મને તે બહારવટિયે નદીમાં

ખેંચી લીધી કે હું જાતે પડી? હું જાતે જાણી જોઈને પડી કે વિચારમાં ને વિચારમાં પડી ગઈ? વિચારમાં પડીને પડી કે રેતી સરી ને પગ સરી ગયો? મને કાંઈ સાંભરતું નથી, સૂઝતું નથી, સમજાતું નથી અને મારાથી કાંઈ કલ્પાતું નથી.'

ઘડી વાર નીચું જોઈ રહી. વળી ઊંચું જોયું ને પવનથી લહેરો જોરથી સમુદ્ર પર અથડાતી સાંભળી, કુમુદ બોલી ઊઠી:

'અલકાબહેન! અલકાબહેન! આમ શું કરો છો! તમે મારે માટે કેટલું કલ્પાંત કરી મૂક્યું હશે તે આ જોઉં છું ને જાણી જાઉં છું. પણ તમે તમારા ભાઈની સાથે મારી બાબતમાં લડશો નહીં હોં! હું જાણું કે લડ્યા વિના તમારાથી રહેવાવાનું નથી, પણ હવે એમને બિચારાને સુખે જંપીને બેસવા દેજો. મેં એમના સુખનો માર્ગ મોકળો કરવાને જ આ કરેલું છે.

'ને કરંતો મન્દમન્દ ઘુંઘાટ ભર આનન્દશું;

ફેંકી તરંગો મુજ ભણી ધીમે ધીમે નાચંત શું?'

'કુસુમમાળાની આ કડી મેં સમજાવી ત્યારે અલકાબહેને એમ જ કર્યું હતું — ને એટલામાં પિતાજીએ બારીમાં ડોકિયું કર્યું કે બહેન શરમાઈ ગયાં હતાં.

'અહો પૂજ્ય પિતાજી! ઉજાગરા કરીકરી શિરસટ્ટાનાં જોખમ વહોરીવહોરી, તમે કિનારે આવ્યા ત્યાં મેં તમને ડુબાડ્યા જેવું જ કર્યું! તમારું મહાન ઘર મૂકી હું અહીંયાં આવી ને તમારા પવિત્ર યશને લાંછન લગાડ્યું! મેં અભાગણીએ તમને લાજ લગાડી! તમને ડુબાડ્યા!'

તે નીચું જોઈ રહી. થોડી વારમાં એનું મન પાછું ચસક્યું ને બીજે સ્થાને દોડ્યું.

'સરસ્વતીચંદ્ર! શું તમે ડૂબશો જ? શું તમે હતા તે સ્થાને નહીં જ જાઓ? શું તમારા દુર્ભાગ્યનું હું જ સાધન થઈ?

'કોઈને નામે કોઈ તરે છે, કોઈ ડૂબે ને ડુબાડે!

હું ચાણ્ડાલિની ડૂબું ડુબાડું! જ્યાં જાઉં ત્યાં હાડે હાડે!

લક્ષણવતીનાં ચરણ અડકતાં નવપલ્લવ કોઈ વેલી થતી, *

હું જ અમંગળ શ્વાસ લઉં ત્યાં લીલી વેલીઓ બળી જતી!

શાને જન્મ દીધો મુજને, મા? પથ્થર હું નહીં પેટ પડી!

મરણશરણ પણ ન લળ્યું લલાટે! પનોતી હું તુજ લોહતણી!

'

અત્યારે અર્ધચંદ્ર મધ્યાકાશમાં આવ્યો હતો. ધોળીધોળી વાદળીઓ ક્વચિત્ તેની આસપાસ તો ક્વચિત્ તેના ઉપર થઈને ચાલી જતી હતી અને તે પ્રસંગે વાદળીઓ વચ્ચે થઈને ચંદ્ર સામો ધસતો દેખાતો હતો. માત્ર તેના અને તારાઓના અને તેમના અંતરથી જણાતું હતું કે આ દેખાવમાં ખરો વેગ તો વાદળીઓનો છે — ચંદ્રનો નથી.

આણીપાસ આકાશમાં ચંદ્રની આ સ્થિતિ હતી તે કાળે એના પ્રકાશથી સમુદ્ર પર આઘે એક વહાણ ઊંચુંનીચું થતું દેખાતું હતું. એ ચંદ્ર અને એ વહાણ ઉપર વારાફરતી દૃષ્ટિ ફેરવતી બાળા ઊભી થઈ.

'આકાશમાં ચંદ્રને વાદળીઓ ડુબાડે છે અને સમુદ્રમાં વહાણને વાદળીઓ જેવાં મોજાં ડુબાડે છે. શું તેમને આ સદ્ભાગ્ય છે અને મને નથી? આમ ને આમ સમુદ્રમાં હું ચાલી જાઉં તો મને કોણ અટકાવનાર છે?'

બીતે બીતે કુમુદે આગળપાછળ દૃષ્ટિ ફેરવી. એની આંખમાં ચંદ્રનું પ્રતિબિંબ ચળકતું હતું અને સાગરનું પ્રતિબિંબ સમાયું હતું. એ આંખમાં બીજી કાંઈ ચીજ પેસી શકી નહીં. એણે શૂન્ય ફિક્કું હાસ્ય કરવા માંડ્યું.

'હં હં હં હં! હવે હું એકાંતમાં છું. શેલી જેવા રસિક કવિને સમુદ્રમાં સૂવાનો અભિલાષ હતો તે ઈશ્વરે પૂરો પાડ્યો. — સરસ્વતીચંદ્રે જ તે વાત મને કહી હતી. હું રાંક અબળા હોડી ક્યાંથી લાવું? પણ વિશ્વંભર છે તે મારા સામું પણ જુએ છે.'

એ જરાક આગળ ચાલી અને પગની પાનીએ પાણી અડક્યું.

'હા, જરાક આગળ ચાલીશ કે પાણી ઢીંચણ સુધી આવશે. જરીક આગળ જઈશ કે કેડ સુધી આવશે. જરીક આગળ બભે — ને પછી — માથા ઉપર પાણી ફરી વળશે ને દુ:ખી કુમુદ હતી ન હતી થઈ જશે! બિચારી ચંદ્રાવલીના થોડાક ભિક્ષાન્નમાં ભાગ પાડવાનું મારે માથે બાકી હતું તે પાપ લીધું. હવે સર્વ પાપ અને સર્વ દુ:ખમાંથી મુક્ત થવાનો વારો આવ્યો. માજીના મંદિરમાં આવી ને માજી માર્ગ દેખાડે છે. આણીપાસથી તણાઈ ત્યારે બેટ સાથે અથડાઈ; પણ હવે આ સમુદ્ર ભણી તો બેટ નથી જ. દિવસે તણાઈ તે બધાંએ દીઠી ને ઉગારી; પણ આ અંધકારમાં તો કોઈ જુએ એમ નથી જ!'

કુમુદસુંદરી હવે પાણીની કિનારી આગળ પગ પલાળી ઊભી, કચ્છ માર્યો, કેડે ચૂંદડીની ગાંઠ વાળી, અને માતાના મંદિર ભણી પાછું મુખ કરી, પાછી વળી, અને આકાશ ભણી જોતી હાથ જોડી નમ્ર સ્વરે બોલવા લાગી:

'ઈશ્વર અને ઈશ્વરીને નામે જેને જગત જાણે છે તે ઓ માજી! આ સંસારમાં તમે મને જન્મ આપ્યો, મને ક્ષણવાર મહાત્માનો આસંગ કરાવ્યો,

અને અંતે તમે મારા મનમાં એવી શ્રદ્ધા ઉત્પન્ન કરી છે કે તેમની તો શું પણ કોઈની કૃપાને હું પાત્ર નથી, અને આ તમારી પવિત્ર સૃષ્ટિમાં રહેવાને હું રંક અનાથ બાળામાં યોગ્યતા પણ નથી અને શક્તિ પણ નથી. તો માજી! હવે હું તમારાં નિરાકાર ચરણારવિન્દને પામવાનો પ્રયત્ન કરું છું તેમાં નિરાશ ન કરશો. જાતે દેહ છોડવો એ લોકમાં પાપ ગણાય છે; એનું ફળ કષ્ટ ગણાય છે. પણ, મારા જેવીને આ સંસારમાં રહેવું જેટલું કષ્ટ ભરેલું છે એવું કષ્ટ કોઈ પણ નરકમાં નહીં હોય — અને — માજી! સંસાર અને તમારા મંદિર વચ્ચે યમરાજનું ધામ છે તો ગમે તેવું પણ એ ધામ તમારા મંદિરની પાસે છે એટલો તમારી પાસે આ સંસાર નથી, માજી, નથી! નરકમાં પડ્યા પછી માણસને કપાળે વધારે પાપ કરવાનું લખેલું નથી, ત્યાંથી તો શિક્ષા પૂરી થતાં તમારી પાસે જ આવવાનું. માટે માજી! હું એ દુ:ખ ખમીશ અને તમારી પાસે જ આવીશ. માજી! મને એટલું ધૈર્ય આપો — એટલી મારી છાતી ચલાવો.

'માજી! હું દુ:ખી છું, અધમ છું, પાપી છું, મારો કોઈને ખપ નથી, હું તમારી પાસે આવવા આતુર છું — મારે આ સંસારમાંથી છુટકારો જોઈએ છે. માજી! સહસ્ત્ર વાર ક્ષમા માગું છું. સહસ્ત્રધા આશ્રય માગું છું અને મારાં દુ:ખનો અંત આવ્યો સમજું છું.'

દક્ષિણ દિશા ભણી ફરી અને ઊભી. આઘેની ઊંચી ભેખડો અને તે ઉપરનાં ઝાડ અંધકારના પર્વત અને તેનાં શિખર જેવાં જણાતાં હતાં યમરાજની એ દિશાને નમસ્કાર કરતી બોલી.

'પાસે છે એ જ પ્રકાશ, આઘે છે અંધકાર,

જીવન આ, એ પડદો મરણનો! - પાસે.

પાસે છે સંસાર, આઘે એ યમરાજ,

દુ:ખ છે સંસાર, સુખ યમગૃહે! - પાસે.

ક્રૂર છે આ સંસાર, દયાળુ યમરાજ,

અશરણશરણ યમ! નમો નમો! — પાસે.

યમ! છો ધર્મરાજ, તમથી હું છું સનાથ,

ધર્મરાજ, મને લો ઉપાડીને! - પાસે.'

ઉત્તર દિશા ભણી ફરી, રત્નનગરી એણી પાસ જ હતી. એ નગરીને અને માતાપિતાને સંભારતી રોવા લાગી અને ઓઠે આંગળી અરકાડીને બોલવા લાગી.

'ઉત્તરમાં છે તમ વાસ, વહાલાં માતા ને તાત!

છેલ્લા કરું છું પ્રણામ - છેલ્લા કરું છું પ્રણામ!

વહાલાં માતાપિતાને નમું!

મારા વહાલા ઓ તાત! મારા વહાલા ઓ તાત!

છેલ્લા કરું છું પ્રણામ! છેલ્લા કરું છું પ્રણામ!

ધર્મવીર છો! કુમુદને ભૂલજો!

મારી વહાલી ઓ માત! મારી વહાલી ઓ માત!

હૈયું ફાટશે ઓ માત! હૈયું ફાટશે ઓ માત!

તારું, સંભારી રાંક કુમુદને!

માડી! કરજે તું માફ! માડી! ત્યજજે સંતાપ!

મારો દુખિયારો બાપ, કૂંળા હૈયાનો બાપ!

મને ભૂલી ધૈર્ય આપજે!

એકલી અ...જાણી આજ, ભૂલી ભટકતી આજ,

મૂકી માત ને તાત રોતાં હૈયા રે ફાટ!

કુમુદ થાય છે જળશાયિની!

મારા વહાલા ઓ તાત! મારી વહાલી ઓ માત!

આંસુ જશે ચોધાર, રોશો હૈયા રે ફાટ,

મોઈ દીકરી! બીજી વાર નહીં મરે!

માડી! કરજે તું માફ! માડી ત્યજજે સંતાપ!

મારો દુખિયારો બાપ! કૂંળા હૈયાનો બાપ!

ભૂલી દીકરી ભુલાઈ ના જશે!'

આટલું બોલતાં બોલતાં રોતી, કકળતી, આંસુથી નહાતી, શરીરે શીત આવ્યાથી ધ્રૂજતી કુમુદ કિનારાના છીછરા પાણીમાં પડી ગઈ, અને પાણી ઉપર કોમળ કાયા અથડાયાથી સમુદ્રની છાલક ઊંચી ઊડી અને એ જડ જળનિધિને પણ દયા આવી હોય અને તેનાં આંસુ ચારે પાસ છંટાયાં હોય એમ થયું.

કુમુદ જાગી હોય તેમ પાણી વચ્ચે પાછી ઊભી થઈ અને આંસુ લોહી, દશે દિશાએ દૃષ્ટિ કરતી ચાલી. આગળ પગલાં ઉપાડવા માંડ્યાં, બે હાથ છાતીએ મૂક્યા, અને વળી જરીક ઊભી રહી, ઓઠ કરડી બોલી.

'હવે માજી મને સહાય થયાં અને યમરાજે મારો હાથ ઝાલ્યો! હવે મારી છાતી ચાલવા લાગી! હવે મારો છુટકારો નક્કી થયો!

ચળકે ચંદ્રનું સઘળે તેજ,
ગાજે સાગર ચારે મેર!
વચ્ચે એકલી ઊભી હું નાર!
જડે નહીં સુખ! સરજનહાર.
બની ઘેલી દેખી સંસાર
ત્યજવા એને હું થઈ તૈયાર.
પિયુ જોઈ વિરહિણી રાચે જેમ ,
નીરખું મરણ ઉમંગે તેમ.
ચડું ઉમંગની લહેર આજ;
સજ્જ થયો મુજ સુખનો સાજ.
છોડું તાત ને છોડું માત,
ગુણિયલ મારી! કરજે માફ.
તુજ પેટે ધરીને અવતાર,
કૂખ લજવી તારી મેં માત.
જમ! આ જગત થકી છોડાવ!
ભાર જીવવાનો ઉતરાવ!
આ સંસારથી ઘસડી જાઓ,
પછી ગમે ત્યાં જમ લઈ જાઓ! *
લહાવો લેવો, ત્યજી સંસાર ,
તો શો સ્વર્ગનરકમાં ભાર?

‘પ્રિય સરસ્વતીચંદ્ર! મરણમાં તમારા હૅમ્લેટ જેવી બીક મને લાગતી નથી.

જીવ્યું જોઈ ગાંડી થઈ હું તો,
મરણ પર મોહી પડી છું હો! જીવ્યુ.
જીવ્યું મૂકી જાવું જડે કંઈ તો
નરકમાં એ સુખ વિશેષ જ હોં! જીવ્યું.
અમૂંઝણ છોડી, છુટાય જ, તો,

મરણ પછી પન્થ ગમે તે હો! જીવ્યું.

આંખો મીંચી જાવું ગમે ત્યાં હોં!

બાપુ જમ! ઘસડ ગમે ત્યાં' જો! જીવ્યું.'

'તેનો સ્વર બંધ થઈ ગયો. ધીમેધીમે પણ સ્થિર પગલે હવે તે આગળ ચાલવા લાગી. તેની દૃષ્ટિ સામે જ જોઈ રહી હતી; આગળપાછળ, ઊંચું કે નીચું, જોતી તે બંધ રહી. તેના પગને સામેથી મોજાંના ઘસારા અટકાવી ન શક્યા, તેમ પાછાં વળતાં પાણીના હેલારાથી તે ધકેલાઈ પણ નહીં. એની ગતિ હવે એની પોતાની જ હતી અને તેની સ્વતંત્રતાને વધારવા-ઘટાડવા જગત અશક્ત નીવડ્યું. એની આંખમાં આગ્રહનો આવેશ તેજ ધરી ચડ્યો અને દાંતની હારોએ કોમળ પાંદડા જેવા હોઠને કબજે રાખી લીધા. નવી જન્મેલી હાથણીની પેઠે નાજુક કુંભસ્થળ આગળ કરી એની છાતી એના કોમળ પગને ખેંચવા લાગી. શરીર અને મનને બળવાન સાંકળથી બાંધી બાળા આમ આગળ ચાલવા લાગી અને તેની સત્તા અપ્રતિહત થતી લાગી ત્યારે માત્ર એનાં આંસુએ એની આજ્ઞા પાળવા ના પાડી, અને એ આજ્ઞાને બળે પાડેલાં આંસુ સુકાવા પામતાં તે પહેલાં એ આજ્ઞાનો તિરસ્કાર કરી નવાં આંસુ આગળ ધસી આવતાં હતાં અને આંસુના પ્રત્પેક બ્રિન્દુમાં સરસ્વતીચંદ્રની છબી જોતી જોતી તે ચાલી.

પાછળ ચંદ્રના તેજથી કુમુદસુંદરીની છાયા સમુદ્ર ઉપર આગળ પથરાઈ હતી. આગળ છાયા અને પાછળ બાળા એમ બે જણ વધવા લાગ્યાં તેમ તેમ શરીર પાણીમાં સંતાતું હતું, બહારથી ઘટતું હતું, અને છાયા ચળકતાં મોજાંમાં નાનીમોટી થતી કૂદતી હતી.

કેડ સુધી કુમુદસુંદરી ડૂબી, તેની કોમળ છાતીને પાણીની છાલકો વાગવા લાગી, અને વાગવા લાગી તેની સાથે જ તેના કાનમાં નવીન સ્વર આવવા લાગ્યો. અનાહત નાદ તો તે ન હતો, કારણ આ સ્વર બહારથી આવતો હતો; મનુષ્યનો સ્વર તે ન હતો, કારણ કોઈ મનુષ્યનો સ્વર સાગરના ઘુઘવાટ આગળ સંભળાય એમ ન હતું. પળમાં એ સ્વર આકાશમાંથી ચંદ્રની ચાંદની પેઠે સરી પડતો હતો; પળમાં તારાઓમાંથી ખરતો હતો; પળમાં છેટેના અંધકારમાંથી આવતો હતો; પળમાં પવનની લહેર ઉપર નાચતો હતો; પળમાં પાછળથી આવતો હતો; પળમાં સમુદ્રનાં આઘેનાં ઊંડાં અગાધ પાણીની અંદરથી રસાતળને ફોડીને બહાર આવતો હતો; અને પળમાં સમુદ્રની ગંભીર ઊંડી ગર્જનાને ભેદીને આઘે ઊંડાણમાં કોઈ ગાનારનું ગાન સંભળાતું હોય એમ એ સ્વર આવવા લાગ્યો. એ સ્વરનું એ ગાન, એ સ્વરરરૂપ એ ગાન, પળમાં કુમુદના કાનમાં પેસવા લાગ્યું; પળમાં પાણી નીચે થઈને, એના પગમાં થઈને, એના શરીરમાં ચમકવા લાગ્યું; પળમાં એનાં શોકમ્લાન પયોધરમાં ઊભરાવા લાગ્યું; પળમાં એના હૃદયમાં ધબકારા કરવા લાગ્યું; પળમાં કંઠમાં ચડઊતર કરવા

લાગ્યું; પળમાં એના ઓઠને અને નાસિકાને સ્ફુરાવવા લાગ્યું; એની આંખની કીકીઓ, કપાળ અને મસ્તક ત્રણે સ્થાને વીંઝાવા લાગ્યું. એ ગાનને વશ થઈ, એ ગાન સાંભળવાની ધૂનમાં ને ધૂનમાં એ આગળ ચાલી, અને સતારના સર્વ તારમાં રણકારા થઈ રહે તેમ અંતર્બાહ્ય સર્વ સંસારમાં આ ગાનના ચમકારા થવા લાગ્યા.

‘ધીમી ધીમી ચાલી તું તો કરવા તારું કામ!

માજીની ઇચ્છા એવી છે કે પાછી હવે તું આવ!   ધીમી ૦

દીકરી, તારા દીલને દોધો, દાનવે દુષ્ટ જ ડામ,

શીતળ શાંતિ લેવા માજીની પાસ હવે તું આવ!   ધીમી૦

શીતળ પાણી સાયરનું છે આગળ ઊંડું અગાધ ,

પણ તુજ મનનો તાપ શમાવે એ તો ઈશ્વરી માત!   ધીમી૦

શરીર સુવાડવા સાયર નીચે થઈ છે તું આજ તૈયાર,

પરલોકવાસી તારા હસે છે સાંભળી તુજ વિચાર.   ધીમી૦

ચમકે તારા સાંભળી તારા રાંક મધુરા બોલ,

રાત રુએ તને રોતી જોતી; મનના પડદા ખોલ!   ધીમી૦

ચંદ્ર ઊભો છે એકલો ઊંચે દેવા કુમુદને કરાર;

બેટા! બીએ છે શાને તું? તારે માજીનો સથવાર,   ધીમી૦

સાગરમાંથી પાછી નીકળ, માજીની પાસે આવ;

જખ મારે છે જગત જનેતાની જોતી અમીભરી આંખ,   ધીમી૦

આંસુ તારાં લોહી લે, બેટા! ડસકાં હૈયાનાં શમાવ;

કુંકુમ તારે લખ્યું જ લલાટે, માનો માથે છે હાથ.   ધીમી૦

ઓઠ કરડતી તું, આંખે આંસુની છાલક ચાલી ન માય;

માજીનું હૈયું પણ, તુજ દુ:ખ આ દેખી, ભરાઈ જાય. *ધીમી૦*

તારા દુ:ખનો આરો હવે તો આ પાસે દેખાય;

માજી ચાંપે હૈયે તને; હવે બેટા , તું પાછી આવ! ધીમી૦

સાયર આવો આભસરાખો ઘોર ગાજે દિનરાત,

ક્યાં એને ક્યાં કોમળ કળી સમી દીકરી તારી જાત? ધીમી૦

સાયરને ત્યજી, માજીને મોંઘે ખોળે તું, બેટા, બેસ;

ખોટી રે કાયા, ખોટી માયા, માજી જ માજી હંમેશ. ધીમી૦

ગાનનો આરંભ થયો ત્યાં કુમુદનો પગ જરીક અટકી પાછો ચાલવા લાગ્યો. ગાન વાધ્યું તેમ તેમ એ ચમકવા લાગી, અને ગાન પૂરું થયું ત્યાં એના પગે આગળ ચાલવા સ્પષ્ટ ના કહી. આવે રાત્રિને સમપે સમુદ્ર ઉપર એકાંતમાં એ ગાન કોણ કરે છે તે સમજાયું નહીં. ગાન કોણ કરે છે એ પ્રશ્નનું નિરાકરણ થતાં પહેલાં તો ગાનની અસર એના હૃદયમાં વ્યાપી ગઈ અને સર્વ વિચારને અસ્ત કરી નાખ્યા. કલમના ખેતરની રખવાળ યુવાન કણબણનો લલકાર સાંભળી ચમકેલી હરિણી ગાન સાંભળવાની લહેરમાં ડાંગર ખાવાનું ભૂલી જાય * તેમ અત્યારનું ગાન સાંભળી ચમકેલી કુમુદ પોતે આરંભેલો અર્થ પલવાર ભૂલી અને હિરણીના જેવી આંખોથી ચારે પાસ દૃષ્ટિને ચપળ કરી ફેરવી એકીટશે સ્થિર કરવા લાગી. પલવાર ભૂલાયેલા વ્યવસાયનો સ્મરણમાં ફરી ચમકાર થતાં એ આગળ પગ ઉપાડવાનું કરે છે અને ઊંડા પાણીમાં ઘસવા ચંચળ થાય છે ત્યાં એની પાછળ પાણીમાં કંઈક પછડાયું અને તેની સાથે ચંદ્રાવલીના હાથ કુમુદના શરીરની ચારે પાસ વીંટાઈ વળ્યા અને એ માયાળુ સાધુજનનો કોમળ સ્વર કુમુદના કાનમાં સ્થિર ગતિથી આવ્યો.

‘મધુરી! મધુરી! તારો આટલો જ વિશ્વાસ? બેટા! જો તું પાછી ન ફરે તો તને માજીની આણ છે.

બીજી બેચાર સ્ત્રીઓ એની આસપાસ ફરી વળી. કુમુદ પાછી ફરી અને ચંદ્રાવલીને બાઝી પડી, એની છાતીમાં મોંમાથું સંતાડી દઈ, મોકળું મૂકી મોટા સ્વરે રોઈ પડી, ને રોતી રોતી બોલી, ‘હું શું કરું ને ક્યાં જાઉં રે, મારી મા? ચંદ્રાવલીબહેન! તમે મારી માતાના કરતાં વધારે હેત રાખો છો

પણ મને કાંઈ સૂઝતું નથી — ને મારાથી નથી રહેવાતું રે મારી મા!’ કુમુદે ફરી ઠૂઠવો મૂક્યો અને ચંદ્રમંડળ ભણી એ સ્વર ચડ્યો.

એનું આશ્વાસન કરતાં સૌ એને લઈ માતાના ઓટલા ઉપર ચડ્યાં, એનાં ભીનાં વસ્ત્ર બદલાવ્યાં, અને માતાની સેવા પડતી મૂકી દીકરીને શાંતિ આપવા ઉપચાર કરવા લાગ્યાં. કુમુદસુંદરી કોઈને મોં દેખાડતાં શરમાઈ અને માત્ર ચંદ્રાવલીની સોડમાં ભરાઈ. એના ખોળામાં મોં સંતાડી, પાસે બેસી રહી. એના હૃદયના ધબકારાથી અને અટકવાની અશક્તિને લીધે ઘડી ઘડી ઊથલો મારતાં ડૂસકાંથી, એ જીવતી છે અને જાગતી છે એમ સિદ્ધ થતું હતું. એ જગાએ સૌ આસપાસ ફરી વળી બેઠાં અને એના મનને કળ વળે અને બીજી વાતોમાં એનું ધ્યાન જાય એમ ધીરે ધીરે સૌ કંઈ કંઈ વાતો કાઢવા લાગ્યાં. સ્ત્રીઓની સંખ્યા પણા આઠદશની થઈ ગઈ. ચંદ્ર પણ મધ્યાકાશમાં આવી ગયો.

સર્વની વાતો ચાલી છતાં કુમુદનું મન તેમાં ગયું નહીં. અંતે એક બાવી બોલી,

‘ચંદ્રાવલીમૈયા! આપણા ગુરુજીને વ્હાં તો નવીન અતિથિ આવ્યા છે, અને ગુરુજીનો તેમના પર બડો પક્ષપાત છે.’

કુમુદ કંઈક સાંભળવા લાગી.

‘ભક્તિમૈયા! તે કોણ છે અને જૂના શિષ્યો મૂકી તેમના પર કહાંસે પક્ષપાત થઈ ગયો?’ ચંદ્રાવલીએ પૂછ્યું. ઉત્તર સાંભળવામાં કુમુદનું હૃદય ભળ્યું.

ભક્તિ૦ — ‘એ અતિથિનું નામ નવીનચંદ્રજી છે.’

કુમુદસુંદરીના શરીરમાં વીજળીનો ચમકારો થયો. તે સફાળી બેઠી થઈ અને છાતીએ હાથ મૂકી સાંભળવા લાગી. ભક્તિમૈયા વાધી.

‘ગુરુજીને એ પુરુષનો ત્રિભેટાના અરણ્યમાંથી લાભ થયો અને એ લાભના નક્ષત્રયોગ ઉપરથી પક્ષપાત થયો તે તેની બુદ્ધિ અને વિદ્ધત્તા ઉપરથી વધ્યો.’

કુમુદસુંદરીને જાગ્રત થયેલી જોઈ, ચંદ્રાવલી બોલી: ‘મને લાગે છે કે હવે આપણે માજીની સેવાનો આરંભ કરીએ. મધુરીમૈયા! માજીની એક મૂર્તિ વિશ્વરૂપ સાકાર છે; બીજી સાકાર મૂર્તિ એ આકારમાં સમાયેલી તે, પ્રતિષ્ઠાથી, પ્રતિમામાં આવાહન પામેલી છે. અમ જોગી કુળની પ્રજાનો વિસ્તાર મત્સ્યેન્દ્રનાથ અને ગોરખનાથ બાવાના કાળથી નાથકુળને નામે ઓળખાય છે. એ બે મહાયોગીઓના શિષ્યોએ આપણાં જેવાં સામાન્ય મનુષ્યોને માટે પટયોગનો ઉપદેશ કરેલો છે. તે એવી રીતે કે શ્વેત ગોળ પટ સામે બાંધવો અને યોગીએ બહાર ફરતી ઇંદ્રિયોમાં આવાહન પામેલી અંત:કરણની વૃત્તિઓને એ ઉજ્જ્વળ પટમાં યુક્ત કરવી, એટલે વૃત્તિઓ

તેમાં જ યુક્ત રહેવાની. એટલો યોગ અભ્યસ્ત થાય એટલે એ પટને સર્વ પાસથી કાપવો અને ફરી તેમાં એ ને એ જ પદાર્થોની પ્રતિષ્ઠા કરી ફરી યોગ આરંભવો. એ પ્રમાણે એ પટનો છેક નાનો અંશ રહે ત્યાં સુધી યોગ કરવો. અંતે પટનો નાશ કરી નિરાકારમાં યોગ કરવો. સામાન્ય પ્રજાને આટલા યોગમાં પણ કઠિનતા પડી. ત્યારે ઇંદ્રિયમય આકારને પ્રત્યક્ષ રાખી ઇંદ્રિયોના વિષયોની તેમાં પ્રતિષ્ઠા કરવા માંડી અને એ પ્રતિમાના સત્ત્વસ્થાને દેવચરિત્રની પ્રતિષ્ઠા કરી દીધી. બેટા મધુરી! નાથકુળના યોગ પછી આમ પ્રતિમાયોગ સાધુજનોએ સાધનહીન મનુષ્યોને માટે દર્શાવ્યો. નિરાકાર પુરુષના યોગને માટે શાલિગ્રામ, શિવબાણ, આદિ ગોળ એટલે નિરાકાર જેવા પટના યોગ જેવા યોગ દર્શાવ્યા કે શિવજીના સ્વભાવવાળા શિવજીનો યોગ સાધે અને વિષ્ણુના સ્વભાવવાળા તેમનો યોગ સાધે. એ પણ જેને દુ:સાધ્ય થાય તેને માટે પંચાયતન દેવના આકારના યોગ દર્શાવ્યા. આપણી સ્ત્રીઓની બુદ્ધિઓને માટે, ગોળ અને પૌરુષ પ્રતિમાઓનો યોગ અનુચિત ગણી, માજીની સુંદર સ્ત્રીપ્રતિમાનો યોગ દર્શાવ્યો છે. સર્વ સુંદર પદાર્થો, સર્વ પ્રિયજન, અને તારા મનનો માનીતો પુરુષ: એ સર્વની માજીના રૂપમાં પ્રતિષ્ઠા કરી લે અને એ યોગથી આ સંસારસાગરને તરી જા. પટયોગના છેલ્લા કટકાનો યોગ થાય તેમ જ માજીના ચરણકમલનો યોગ થાય ત્યાં ભક્તિયોગ સધાયો ગણવો અને માજીના હૃદયકમલમાં સર્વ પ્રિય પદાર્થોની પ્રતિષ્ઠા થઈ જાય ત્યાં નિરાકારનો ભક્તિયોગ હાથ લાગ્યો ગણવો. મધુરી! માજીના આ યોગનું સુંદર રહસ્ય તને દર્શાવ્યું. એ યોગની સાધનાથી તું સંસારસાગરને તરી જવાની. તારા હૃદયનો પુરુષ આ યોગથી તું પ્રત્યક્ષ દેખીશ અને માજીના ભક્તિયોગથી સર્વ યોગને પામીશ. માજીની દીકરીઓને આ યોગમાં નથી પદ્માસનનું કામ અને નથી દેશકાળનું કામ. પરણેલા પુરુષોને ત્યજી ગોપિકાઓ શ્રીકૃષ્ણ પાછળ દોડી હતી તે જ રહસ્ય સમજીને તારી ઇંદ્રિયોએ પરણેલા 'બોટેલા' પદાર્થો જ્યાં હોય ત્યાં રહેવા દે, અને તેમને ત્યજી તેમની પ્રતિષ્ઠા માજીમાં કરી માજી પાછળ તારી ઇંદ્રિયોને દોડાવ, અને એ યોગથી ભક્તિસાધના કર. જો, મીરાંજી કેવી ભક્તિ કરતાં હતાં?

'વાટ જુએ મીરાં રાંકડી, ઊભી ઊભી વાટ જુએ મીરાં રાંકડી!' અથવા શ્રીકૃષ્ણની વાંસળીની અવતાર પોતાના હૃદયમાં થતાં ગોપિકાઓ ઊભી હોય તા ઊભી ઊભી અને બેઠી હોય તો બેઠી બેઠી, રાત્રે કે દિવસે, ઘરમાં કે વૃન્દાવનમાં, સાસરે કે પિયરે, સર્વાવસ્થામાં શ્રીકૃષ્ણનો યોગ પામતી હતી. શ્રીકૃષ્ણ અને લક્ષ્મીજી જુદાં નથી, શિવજી અને પાર્વતી જુદાં નથી. એ ગોપિકાઓ શ્રીકૃષ્ણનો યોગ પામતી હતી તેમ માજીમાં તું તારાં માતાપિતાનો, પ્રિય પુરુષનો, શ્રીકૃષ્ણનો અને સર્વ કોઈ સુંદર વસ્તુનો યોગ પામી જા. તારે હવે કૂવોહવાડો કરવાનું કે નદીદરિયામાં પડવાનું ગયું! હવે તારો કૂવો, તારો હવાડો, તારી નદી, તારો દરિયો, તારે જીવવું હોય તા તારું આયુષ્ય અને મરવું હોય તા તારું મરણ — સર્વ વસ્તુ — હવે તું માજીમાં

સમાઈ ગઈ ગણી લે અને તેની માજીમાં પ્રતિષ્ઠા કરી લે. તું જ્યાં જાય, જે કામ કરતી હોય, જે વિચાર કરતી હોય, જે વસ્તુ શોધતી હોય, તે સર્વ સ્થાન, તે સર્વની પ્રતિષ્ઠા માજીમાં કરી લે અને આ અસાર સંસારને તરી જા.'

આ યોગવાર્તા કરતાં કરતાં ચંદ્રાવલીને માતાનું સત ચડ્યું હોય, ને માતાનું એનામાં જ આવાહન થયું હોય, તેમ એના મુખ ઉપર તેજ આવી ગયું. એની વાર્તામાં તીવ્રતા આવી, એના અક્ષરમાં સત્ત્વ આવ્યું. એના અક્ષર નીકળી રહ્યા ત્યાં સુધીમાં સર્વ એનામાં લીન હતાં અને સર્વને એટલો યોગ થયો. અંતે કુમુદ નરમ પડી બોલી:

'ચંદ્રાવલીબહેન! તમે સત્ય કહો છો. સમુદ્રમાંથી હું પાછી આવી તે માજીની બોલાવી જ આવી છું. હું અન્ય સ્થાને મરણ શોધવાનું ત્યજી માજીના ચરણમાં જ શોધીશ.'

ભક્તિમૈયા બોલી ઊઠી: 'એમ છે ત્યારે ચાલો, તમે જ આરંભ કરો. તમારા હૃદયની વાસના બહાર નીકળી માજીના ચરણને પામે એવી ગરબી તમે જ ગાઓ અને માજીને અર્પો.'

'હા! હા!' સૌ બોલી ઊઠ્યાં.

કુમુદસુંદરી સાંભળી રહી, થોડી વાર નિરુત્તર રહી. એના ઉત્તરની વાટ જોઈ સૌ એના સામાં જોઈ રહ્યાં. કુમુદસુંદરીએ આંખો મીંચી અને પછી નિદ્રામાંથી બોલતી હોય તેમ ઝીણો સ્વર કાઢી, આંખો ઉઘાડી, માતાનાં ચરણ એકીટશે જોઈ રહી, હાથ જોડી, ગાવા લાગી, ગાતાં ગાતાં રોવા લાગી, રોતાં રોતાં ગાવા લાગી, અને એનાં આંસુના પ્રવાહ પાછળ એનો સ્વર નીકળે છે કે સ્વરના પ્રવાહ પાછળ આંસુ નીકળે છે તે કળી શકાય એમ ન હતું. સર્વ સ્ત્રીઓ બેઠી બેઠી એની ગરબી ઝીલવા લાગી, અને સાથે એના શોકને, એનાં આંસુને અને એના રોવાને પણ ઝીલવા લાગી!

'માજી! મને કોઈ જોગી મળ્યો ને વાત કરીને વાહી!

ભોગી ભ્રમર હું, તું મુજ કમલિની, એમ કરીને સાહી. માજી૦'

સરસ્વતીચંદ્ર પિતાને ઘેર એકાંતમાં મળ્યો હતો તે કાળ સ્મરણમાં ખડો થયો. એની અને પોતાની વિશ્રંભકથાઓ સાંભરી અને પાછળનો પત્રવ્યવહાર મસ્તિષ્કમાં તરી આવ્યો તેની સાથે અકળાઈને ગાવા લાગી.

'દિવસ બધો કોમળ ગુંજારવ મુજ સરવર પર કીધો,

હૃદય ઉઘાડ્યું મેં મુર્બીએ, વાસ ધુતારે લીધો   માજી૦'

સરસ્વતીચંદ્રે કરેલા ગૃહત્યાગની પ્રસંગ અને તે પ્રસંગે પોતાના ઉપર સોનેરી અક્ષરે લખેલો — આજ સુધી છાતી સરસો રાખેલો — શ્લોક દૃષ્ટિ

સમક્ષ ઊભો ને ગરબી વાધી:

‘રાત પડી ત્યાં’ રૂપ પ્રકાશ્યું, જોણી કહે: ‘હું ન ભોગી!

પંક વિષે તું જન્મી અભાગણી! નહીં આ પણ સંજોગી! માજી૦

રાત વિષે તું રહીશ બિડાયલી! પાંબ ન મારી બિડાતી!

રહે સંતોષિણી રંક અભાગણી! પાંખડી તુજ મીંચાતી! માજી૦

માજી! મને એ જોણી આટલું કહી, ગયો કંઈ ચાલી;

હું સંતોષી દુખિયારીને ભૂરકી એણે નાખી. માજી૦

માજી! મને એ સ્વપ્ને આવે, લત ભૂંડી બહુ લાગી,

ન મુકે પલ્લો [૧] *, પહેરે ભલ્લો* [૨] *, શરમ વિનાનો ત્યાગી. માજી૦*

એ સંસાર વિસારે મુકવા મેં માયા બધી છોડી,

પડી નદીમાં, પડી જળનિધિમાં, પણ રતિ કર્મની થોડી. માજી૦

[3] *બેડો સૌનો ડૂબ્યો ક્યાંક જઈ, ન ડૂબી નકામી હું તો,*

મરણનું સુખ પણ લખ્યું ન કપાળે! ન્યાય માજીનો શું જો? માજી૦

માજી મોટાં છો; શું કહીએ? અકળ કળા જ તારી!

રોતી કકળતી મુજ જેવીને શાને લીધી ઉગારી? માજી૦

કહ્યું મુજ ન કરે કાળજું; માજી, જીવવું શાને કાજે?

રાંક દીકરી એક મરણ જ માગે; જમ ક્યમ કહે છે ના જે?’ માજી૦

છેલ્લા શબ્દોના ઉદ્‌ગાર કાઢતી કાઢતી બાળા માતા સામા હાથ જોડી રોતી હતી અને એને શબ્દે શબ્દે કંઠની ગદ્‌ગદતા બોલવામાં અંતરાય નાખતી હતી. ગાઈ રહી ત્યાં થોડી વાર હાથ જોડી, રોતી રોતી, અવાચક જેવી થઈ નીચું જોઈ રહી; અને અંતે હૃદયને માર્ગ આપી મોકળું મૂકી રોઈ પડી, અને આંખમાંથી ટપકતાં આંસુની માળા પૃથ્વી પર સરી પડતી હતી તે આંસુનાં ટપકાંઓ વચ્ચેની જગામાં થઈને એના ભાંગ્યાત્રુટ્યા બોલ માતા ભણી જવા લાગ્યા અને રોવું પણ એ બોલના સથવારામાં જવા લાગ્યું.

'ઓ માજી! તમે આ સંસાર કર્યો તેમાંથી છૂટી થવાને મેં એક મરવું માગ્યું, પણ બબ્બે પુરુષોને જેનો ખપ ન નીકળ્યો અને તેમણે જેને બારણે બોલાવીને કાઢી મૂકી તેને તમારા જમ સંગ્રહે એટલું ભાગ્ય પણ મારા કપાળમાં ન જ નીવડ્યું!

'માજી! જેનો હાથ જમે પણ ન ઝાલ્યો તેના હૃદયના ઊભરા તમારી પાસે નીકળી જાય છે તે ક્ષમા કરજો! જ્યારે જગતમાં અને જગત બહાર મારું કોઈ થતું નથી ત્યારે તમે મુજ રંક અનાથને આશ્રય આપો છો તો સર્વથા એ જ સત્ય છે કે સંસાર જૂઠો છે ને ઈશ્વરી જગદંબા જ સાચાં છે અને જગતમાં ફરતાં તેમ જ જગતમાંથી નીકળતાં, હે ઈશ્વરી, તારા જ ચરણમાં રંક સ્ત્રીઓની સંસાર સમાપ્ત થાય છે, અને અમ અનાથ અબળા દુખિયારી જાતને તમારું જ જોર છે. હે જગદંબા! સુસવાટા નાખતા પવન જેવાનાં તોફાનથી મહાન વૃક્ષોનાં પાંદડાં ખરી પડે અને ડાળો ભાંગી પડે છે તેવે કાળે ખૂણેખાંચરે પડેલી સંકોચ પામતી નાનીનાની વેલીઓની લીલી કોમળ કૂંપળોના આધાર — નખે તોડતાં ત્રૂટે એવા — અખંડિત રહે તેમ મુજ જેવી તારી રંક પુત્રી આવા પ્રદેશમાં આવા પ્રસંગો વચ્ચે અખંડિત રહે અને આવી માયાળુ બહેનો પાસે ઊભરા કાઢી શાંત થવા પામે, ત્યારે હે જગત્‌જનની! એ તારા જ પ્રતાપની અને તારી જ કૃપાની સંજ્ઞાને આમ પ્રત્યક્ષ જોતાં છતાં મારું મન તારા ચરણમાં વિરામ ન પામે તો મારા જેવી કૃતઘ્ન કોણ, વારુ? જનની! માતા! યોગને આશ્રયે હું તારાં આટલાં બેચાર તસુનાં જડ પગલાંમાં મારા સંસાર સર્વસ્વનું આવાહન કરું અથવા તારા નિરાકાર નિરંજન સર્વગામી અંતર્વ્યાપી જ્યોતિમાં મારા મનને લય પમાડું તે તે ઉભય ક્રિયાઓનું ફળ એક જ થાય છે અને તે ફળ પામી, સંસારને ભૂલી, હું તારા પદને પામવાનો અનુભવ કરું છું — અત્યારે કરું છું તેમ જ સર્વદા કરાવજે. માજી! મારે એટલું જ જોઈએ છે કે અત્યારની સ્થિતિ સ્મશાનવૈરાગ્યના જેવી થઈ પ્રસંગ ઊતરતાં ઊતરી જાય નહીં, વીજળીના ચમકારા પેઠે આ ક્ષણે ઝબકી બીજી ક્ષણે બંધ થાય અને મને સંસારના સર્વવ્યાપી અંધકારમાં પાછી ઝબકોળે એવું થાય નહીં, ઝાંઝવાનાં જળ પેઠે દોડાવી દોડાવી આખરે તરસી ને તરસી રાખે નહીં, સ્વપ્નના સુખ પેઠે ઉઘાડી આંખોવાળી જાગ્રત કહેવાતી અવસ્થાની પેઠે પાછી આવેલી અવસ્થા આ સુખને ખોટું કહે અને પોતાની ભયંકર સ્થિતિની પ્રતીતિ કરાવે એવું થાય નહીં — એટલું વરદાન તમારી પાસે માગું છું!'

આટલું બોલતાં બોલતામાં કુમુદનાં આંસુ બંધ થઈ ગયાં હતાં. અને ગાલ ઉપર માત્ર તેના શેરડા દીવાને પ્રકાશે ચળકતા હતા. એનો સ્વર ધીર અને સ્થિર થઈ ગયો અને એના હૃદયમાં નવું બળ આવ્યું. એનામાં નવા પ્રાણ આવ્યા અને અનાથ રંક અબળાને સ્થાને સનાથ થઈ નવું સત્ત્વ ધારણ કરવા લાગી. એનાં નેત્રમાં, મુખમાં અને કપાળમાં નવું તેજ આવ્યું

અને તે સર્વ જોતાં ચતુર ચંદ્રાવલીએ પ્રસંગનો લાભ લઈને પોતાનું કાર્ય આરંભ્યું.

‘બેટા મધુરી! તેં માજીના પ્રતાપનો ચમત્કાર અનુભવ્યો. માજીની આ પ્રતિમાના યોગનો અંશ તેં સાધ્યો. હવે માજીના સાકાર મહત્સ્વરૂપનું અને નિરાકાર વ્યંગ સત્ત્વનું સત્કીર્તન કરીએ તે સાંભળ અને તારા હૃદયમાં ઉતાર.’

હાથ જોડી, આંગળાંમાં આંગળાં પરોવી માતા સામી બેસી, ચંદ્રાવલી ધીરે સ્વરે ગાવા લાગી; બેઠી બેઠી બીજી સ્ત્રીઓ ધીમે ધીમે એક લયથી ઝીલવા ને વચ્ચે વચ્ચે હળવી તાળીઓ પાડવા લાગી.

** માજી! સાકાર ને નિરાકાર છો!*

બધા ત્રિભુવનમાં એમ વ્યાપ્ત છો. માજી૦

સંધ્યા સાવિત્રી છો, સૌની આઈ છો,

ગૌરી ધાત્રી પરમભદ્રદાયી છો. માજી૦

માજી! ચંદ્રરૂપે શાંત જ્યોતિ છો,

દેવી નૈઋતી છો, રાજલક્ષ્મી છો. માજી૦

માજી! વૈષ્ણવી માયા તમે જ છો.

બ્રહ્માણ્ડ-પ્રતિષ્ઠા તમે જ છો. માજી૦

સર્વ ભૂતની ચેતના દેવી છો,

સર્વ ભૂતની બુદ્ધિ દેવી છો. માજી૦

સર્વ ભૂતમાં ક્ષુધા થઈ વસો

સર્વ ભૂતમાં છાયા થઈ રહો! માજી૦

સર્વ ભૂતમાં શક્તિ થઈ ઊભાં!

સચરાચર તૃષ્ણા થઈ ઊભાં! માજી૦

જાતિ, ક્ષાન્તિ, લજ્જાને શાન્તિ જે,

શ્રદ્ધા, વૃત્તિ, લક્ષ્મી ને કાન્તિ. જે, માજી૦

સ્મૃતિ, ભ્રાન્તિ, દયા, તૃપ્તિ, તુષ્ટિ જે,

ઇંદ્રિયોની વળી અધિષ્ઠાત્રી જે. માજી૦

ચિતિરૂપે મહત્ અણુવ્યાપી તે!

આઈ! ઈશ્વરી! પરમેશ્વરી તું તે! માજી૦

પ્રકટ્યાં સર્વ દેવોનાં શરીરથી,
મહાલક્ષ્મી ત્રિગુણ ભવ્ય દેહથી!   માજી૦
દેવી પુરુષરૂપે દેવ થઈ ગઈ,
જાણે તે જે જુએ માજીની ગતિ!   માજી૦
નેતિ નેતિ કરી તમને કો શોધી લે,
માને ચરણે વારી કોઈ મોહી રહે!   માજી૦
કર્મ, ભક્તિ, યોગ, ધ્યાન, જ્ઞાનથી,
શાંતિ દો છો સહસ્ર એવા હાથથી!   માજી૦
સર્વસત્ત્વમયી એવી આઈ તું!
નિરાકાર અને સાકાર તું!   માજી૦
સ્વધા, સ્વાહા, વળી વષટ્કાર તું.
સુધા, નિત્ય, અક્ષર, સર્વાધાર તું.   માજી૦
માત્ર માત્રા પ્રકટ અર્ધ તારી છે!
શેષ શોધી શોધી વાણી હારી છે!   માજી૦
વાણી હારે ને મન પણ હારતું!
છે નિરંજન ને વિરાકાર તું!   માજી૦
માની કીર્તનમાં સુધાશક્તિ છે!
માની ભક્તિમાં સાયુજ્ય મુક્તિ છે!   માજી૦
ચણ્ડીપાઠ ભણે ચંદ્રા વળી!
માને ચરણ પડે એ લળી લળી!   માજી૦

આ પ્રમાણે ગીત પછી ગીત અને કીર્તન પછી કીર્તન ગાતાં સર્વ જણે રાત્રિના પ્રથમ બે પ્રહર ગાળ્યા અને તેને અંતે, માતાના ચરણમાં યથાશક્તિ યથામતિ આત્મચિત્તમાં રહેલા પદાર્થોનો યોગ સાધી, મંદિર બહાર અને ભરતીનાં પાણી વચ્ચેના ઓટલા પર સર્વ સ્ત્રીઓ ભૂમિની શય્યા અને ચંદ્રીકાને ઓઢી લઈ સૂઈ ગઈ. સમુદ્રનાં મોજાંનો મૃદંગનાદ તેમની વૃત્તિઓને શાંત કરવા લાગ્યો અને તેના જલકણને સાથે લઈ ઊડતી પવનલહરી તેમનાં શરીરમાં જડતા ભરી નિદ્રાદેવીનો વિજયશંખ ફૂંકવા લાગી.

સર્વનાં નેત્ર મીંચાયાં ન મીંચાયાં થયાં ત્યાં કુમુદે પોતાનાં નેત્ર કંઈક ઉઘાડ્યાં અને આકાશમાંના ચંદ્રબિંબમાં હૃદયના ચંદ્રની પ્રતિષ્ઠા કરી. એ યોગમાં થોડી વાર લીન રહી. તેમાંથી જાગતાં ભક્તિમૈયાનો નવીનચંદ્ર

સાંભર્યો. તે જ કાળે ચંદ્રાવલીએ પાસું ફેરવ્યું અને આંખો ઉઘાડી. મધુરીની આંખો પર ચંદ્રાવલીની આંખો પડી.

'મધુરી! તું હજી જાગે છે?'

'ચંદ્રાવલીબહેન! મારામાં એવી વાસના ઉત્પન્ન થઈ છે કે કાલ પ્રાત:કાળે હું ભક્તિમૈયા સાથે યદુશૃંગનાં દર્શન કરવા જાઉં.'

વાતો સાંભળતાં ભક્તિમૈયા જાગી. 'ચંદ્રાવલીમૈયા! મધુરીને મારી સાથે મોકલો.'

ચંદ્રાવલી — 'પણા મૈયા, એના નાના કોમળ ચરણ એ ગિરિરાજ પર ચડી શકશે? એ શ્રાન્ત થશે અને એને વિશ્રાન્તિ આપવા તમારે વિશ્રાન્તિ પામવી પડશે.'

કુમુદ — 'માજી મને એટલું બળ નહીં આપી રહે?'

ભક્તિમૈયા — 'આપશે જ. અને આ નાજુક ચરણ થાકી જશે તો તારી નાની સરખી સુંદર કાયાને અમે અમારા હાથમાં ઉપાડી લઈશું — નાની પુષ્પકલીને માળણ ઉપાડી લે તેમ. દુલારી મધુરી! અમારાં કદ્રૂપાં શરીર તારા જેવીની આમ યોગ પામી સુંદર દેખાશે. સુંદરતાનો યોગ સર્વને સુંદર કરે છે. ચંદ્રાવલીમૈયા! આ સૂચના અવશ્ય સ્વીકારો.'

ચંદ્રાવલી — 'એ સર્વ તમારી પ્રીતિને યોગ્ય જ છે; પણ મૈયા! દુલારીને મારી પાસેથી છૂટી કરતાં મારી છાતી ચાલતી નથી. એના હૃદય ઉપરથી દુ:ખનો ભાર હજી ઊતર્યો નથી અને સમુદ્રમાંથી એને માજીએ જ ઉગારી લીધી તે તમે આજ જ જોયું છે. તમારી જોડે આવી એ એકલી પડશે અને માજીએ શાંત કરેલા એના કાળજામાં જમની જોગણીઓ જાગશે એવો મને ભય રહે છે. માટે હાલ તો એને રહેવા જ દો.'

કુમુદ — 'ચંદ્રાવલીબહેન! જે માજીએ આજ જ એ જોગણીઓને હાંકી કાઢી છે તે જ માજી એવી જ કૃપા ફરી કરશે. મને મારા હૃદયનો કંઈક વિશ્વાસ આવવા લાગ્યો છે.'

ભક્તિમૈયા — 'મૈયા! અમે એને સાચવી લઈશું. યદુશૃંગની સુંદરતામાં મહાલક્ષ્મીનો જ વાસ છે અને માજીની એ સુંદરતા મધુરીને નવો જીવ આપશે. એને વીલી મૂકતાં અમારે જ આવી મધુર દીકરીનો વિજોગ વેઠવો પડશે. અમે એને પળવાર પણ વીલી નહીં મૂકીએ.'

ચંદ્રાવલી — 'ભલે ત્યારે. પણ જોજો! મારા જીવનો જીવ તમારા હાથમાં રહેશે.'

સર્વ નિદ્રાવસ્થ થયાં. ઇષ્ટ પ્રસંગની પ્રાપ્તિથી કુમુદ પણ નિદ્રામાં પડી. ચંદ્રનાં શીતળ સુંદર કિરણ એના શરીર ઉપર સ્વચ્છન્દ ગુપ્ત વિહાર કરવા લાગ્યાં અને એના હૃદય ઉપરના યુગ્મ અવયવની વચ્ચેના અંતરાસ ભાગમાં

સંચાર પામી, રોમકૂપનાં છિદ્રોમાં પડી, એના હૃદયના અંતર્ભાગમાં સરી જઈ, નવીન સૃષ્ટિ રચવા લાગ્યાં.

કુમુદને સ્વપ્નોદય થયો. પોતે માજીના ઓટલા ઉપર બેઠી છે, સમુદ્રમાં તોફાન જાગ્યું છે, ત્યાં મોજાં બબ્બે માથાં ઊછળી રહ્યાં છે, પવનના ઝપાટા આવે છે, ને સમુદ્રની ગર્જના સામી એ પવન ગર્જના કરે છે, આકાશ પણ ક્રૂર અને ભયંકર દેખાય છે, અને તે સર્વની વચ્ચે એક નાનો ‘બેડો’ — દ્રવ્ય ભરેલો બતેલો — જરીજરી દેખાય છે. મોજું ઊંચું ચડતાં બેડો દડીમાં તેની ટોચ ઉપર દેખાય છે અને દડીમાં તેની પાછળ દૃશ્ય થયો લાગે છે. મોજું નીચે પડી જાય છે, પાણીમાં ખાડો પડે છે, ત્યાં બેડો ઉપરથી નીચે એકદમ પડી જાય છે અને — ‘ઓ ડૂબ્યો’ ‘ઓ ભાંગ્યો-’ થાય છે, પવનના જોરથી તેના સઢ ફાટી જાય છે અને સઢનો દંડ ભાંગી જાય છે, અને સર્વને સ્વપ્નમાં સમુદ્રતીર ઉપર એકલી બેઠેલી આતુર સુંદરી જુએ છે: બેડામાં તેનો જીવ છે — તેના પ્રાણ છે — તેનું સર્વસ્વ છે, બેડો ઊગરે અને કિનારે આવે તો એ સુંદરીના જીવનમાં જીવ આવે અને બેડો ડૂબે તો સુંદરીનો જીવ જાય એમ છે! એક પાસ સમુદ્રમાં બેડો ઊછળે છે ત્યારે બીજી પાસ સુંદરીના દેહમાં તેનું હૃદય ઊછળે છે. આ બે ત્રાજવાની દાંડી ઝાલી આકાશમાંનો દૃષ્ટિદાતા ચંદ્ર વિધાતા પેઠે ઊભો છે! દીન હૃદયની રંક કુમુદને આ મહાસ્વપ્નોદય અત્યારે થતો હતો અને સ્વપ્નમાં તે લવતી હતી — ગાતી હતી. પાસે સૂતેલી સ્ત્રીઓ જાગી ઊઠી, જિજ્ઞાસાથી, આતુરતાથી, સ્નેહથી અને શોકથી સાંભળતી હતી.

‘બેડો, બાઈ, બૂડતો તારો રે! અંબે! આઈ! પાર ઉતારો રે!

ભર દરિયામાં’ તોફાન લાગ્યું, પવન ઝપાટે વાય,

બેઠી કિનારે હું જોતી એકલડી, બેડો ન ક્યાંય જણાય! બેડો૦

સામે પારથી નીકળ્યો એ છે, ભરીને રત્નભંડાર,

કંઈક વેપારી વાટ જુએ છે, ક્યારે આવે એ આ પાર? બેડો૦

સઢ મેં જોયા હમણાં જ; જાણ્યું, આવે ઓ આ ઘડીમાંહ્ય,

જોતજોતાંમાં, આશ ધરાવી, પાછો ગયો કઈ પાસ? બેડો૦

કંઈકંઈ જનનો માલ છે એમાં, કાળજાં કંઈક કપાય!

*માજી! તમારા બેડિયા * એમાં હારી હારી અકળાય! બેડો૦*

માજી! તમારી બાધા રાબું , ભરીશ હું કુંકુમથાળ,

બેડલિયો હેમક્ષેમ આવે તો! નીકર થશે મુજ કાળ.' બેડો૦

---

* *कोकिलस्य वराहस्य मेरो शून्यस्य वेश्मनः।*
नटस्य भक्तिमित्रस्य यत् श्रेयस्तत् समाचरेत्॥ - શાંતિપર્વ

१ . *नैषधमहाकाव्यम्*

* લક્ષણવતીનાં પાદપ્રહારાદિથી અશોક વગેરે સપુષ્પ થાય છે એવી જૂના કવિઓની કલ્પના છે.

* Mad from life's history ,
Glad to death's mystery
Swift to be hurl'd
Anywhere! anywhere .
Out of the world !

- *Hand's Bridge of Sighs .*

* *बिगतशस्यजिधत्सघट्टयत् कलमगोपवधूर्न मृगव्रजम्।*
श्रुततदीरितकोमलगीतकध्वनिमिषेडनिमिषेक्षणमग्रतः।'

— માઘ — શિશુપાલવધ

२ . પલ્લો = પલ્લવ = પાલવ. ૨. ભલ્લો પહેરવો = નફટ થવું. ૩. બેડો = વહાણ.

* ચણ્ડીશતક ઉપરથી. રાગ- 'સનખનપુર સાચી મા બહુચરા!'

* ખલાસીઓ

૬. સરસ્વતીચંદ્રની અશ્રુધારા

And the Raven, never flitting, still is sitting ,

still is sitting, On the pallid bust of Pallas, just above my Chamber door ;

And his eyes have all the seeming of a demon's that is dreaming ,

And the lamp-light, o'er him streaming, throws his shadow on the foor ,

And my soul from out that shadow that lies floating on the floor ,

Shall be lifted-never more !

- Edgar Allan Poe

વિષ્ણુદાસ પોતાના મંડળ સાથે અલખ જગવવા પર્વત ઉપરથી ઊતરી નીચે ગયા હતા ત્યાં તેમની ગુફામાં સરસ્વતીચંદ્ર એકલો પડ્યો હતો અને વિહારપુરી તથા રાધેદાસે આણી આપેલા પત્રોનું પોટકું ઉઘાડી તેમાં ડૂબી ગયો હતો.

બહારવટિયાઓએ ચંદ્રકાંતને લૂંટી એના સામાનમાંથી હાથ આવેલા કાગળો માર્ગમાં ફેંકી દીધા હતા તે બાવાઓએ ઉપાડી લઈ આણ્યા હતા. સરસ્વતીચંદ્રના હાથમાં આજ એ પત્રો આવ્યા અને એકાંત મળતાં મંત્રસંયોગ જેવી સિદ્ધિ પામી એ પત્રોમાં ડૂબ્યો.

ચંદ્રકાંત સરસ્વતીચંદ્રનો પરમ મિત્ર હોવા છતાં, દ્રવ્યસુખી મિત્રના સર્વ સુખસરોવરમાં દુ:ખમહાસાગરનું ખારું પાણી ભેળવવા ન ઇચ્છનાર રંક મિત્રે પોતાની નિર્ધનતા અને કુટુંબક્લેશની કુથલી કે સંજ્ઞા સરખી સરસ્વતીચંદ્ર પાસે કદી કરી ન હતી. પણ પોતાના રંકમિત્રો અને કુટુંબજનોના પત્રવ્યવહારમાં એની દુ:સ્થિતિની છાયા પડી રહી હતી અને એ છાયાનું આજ સરસ્વતીચંદ્રે પ્રથમ જ દર્શન કર્યું. એ છાયાનો એના હૃદયમાં પ્રથમાવતાર થયો તેની સાથે જ એ ચકિત થયો, સ્તબ્ધ થયો અને દુ:ખિત થયો.

'અહા! ચંદ્રકાંત! ચંદ્રકાંત! શું તારે શિર આવાં દુ:ખ છે ને મને તેનું સ્વપ્ન પણ તેં આવવા દીધું નથી? પ્રિય કુમુદનું દુ:ખ તો મેં દીઠું, પણ પ્રિય મિત્રનું તો માત્ર વાંચ્યું જ. મિત્ર મેં તારી સાથે ભેદભાવ રાખ્યો? સરસ્વતીચંદ્ર! તારા ઉપર તો હજી સુધી કાંઈ જ દુ:ખ નથી પડ્યું. તું જ્યાં

ગયો ત્યાં અન્નપૂર્ણાની કૃપા જોઈ અને જાતની ચિંતા તો કરી જ નથી. પણ આ તો નવું દર્શન!'

એ ઊભો થયો, મિત્રના પત્રો છાતી સરસા ચાંપવા લાગ્યો, અને નેત્રમાં અશ્રુધારા ચાલી રહી. એક પથ્થર ઉપર બેઠો અને એક પત્ર વાંચવા લાગ્યો.

'પ્રિય ચંદ્રકાંત,

તમે સરસ્વતીચંદ્રને શોધવા ગયા છો પણ ગંગાભાભી સિવાય તમારા ઘરમાં કોઈને આ વાત ગમતી નથી. મુંબઈનું ખરચ અને પ્રમાણિકપણાની કમાઈ એ બે વાનાં વચ્ચે સાપ અને ઉંદરનો સંબંધ છે. તમારાં માતુશ્રી બડબડે છે અને પૂછે છે કે સરસ્વતીચંદ્ર તમને શું દુધ દોહી આપવાના હતા કે જેવીતેવી પણ આ કમાઈ છોડી એની પાછળ પ્રવાસનું વિશેષ ખરચ કરો છો? તમારું નિત્યનું ખરચ તમારી સાધારણ કમાઈને ખાઈ જાય છે, તેમાં તમે આ નવું ખરચ આરંભ્યું અને તમારી ગેરહાજરીમાં કમાઈ બંધ છે એટલે ઘરમાં સૌને ખરચ ઓછું કરવાનો વારો આવ્યો છે અને તેનું કારણભૂત થપેલો સરસ્વતીચંદ્ર તેમની ગાળો ખાય છે.

ખરું પૂછો તો મને તમારી વર્તણૂકમાં કંઈક વિરોધ લાગે છે. ગમે તો ઘરમાં સૌને વશ રાખી સૌને સ્વેચ્છા પ્રમાણે ખરચ કરતાં અટકાવો. તેમ કરવામાં કુટુંબક્લેશનો ભય છે, પણ બે પૈસા ઊગરે ત્યારે એવો ક્લેશ કરનાર બડબડે તે ગમે તો સ્વસ્થ થઈ સાંભળી રહો અને ગમે તો એક વાર એવી ગર્જના કરો કે સૌ કલહનાદ શાંત થઈ જાય. એક વાર ભૂંડા કહેવાશો પણ જન્મારાનું સુખ થશે. બાકી ખરચ કરવાની ટેવ પાડી એ ટેવ ઘડીઘડી બંધ કરવાની આશા રાખો તે મિથ્યા છે. એ ટેવને લીધે તમારે નામે દેવું કરવાનું એમને જ્યાં સુધી સૂઝ્યું નથી ત્યાં સુધી ઈશ્વરની તમારા ઉપર કૃપા છે.

બીજો માર્ગ એ છે કે સરસ્વતીચંદ્રે મુંબઈ છોડતી વેળા તમને જે મોટી રકમ આપી છે તે તેની ગણી તમારે માટે ન વાપરવાના સદ્‌ગુણનું મિથ્યાભિમાન છોડી દો તો સૌને સુખ થશે. જાતે એમ કરતાં મન અટકતું હોય તો મને મુખ્યત્યારનામું મોકલો અને બૅન્કમાંથી પૈસા ઉપાડવા રજા આપો. લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મોં ધોવા જવું કામનું નથી.

હું તમારા જેટલું ભણ્યો નથી પણ ગણ્યો વધારે છું ને માયા રાખો છો તો આટલું કહું છું. પછી વિદ્યાનું પૂંછડું ઝાલી રાખવું હોય તો તમે ભોગવજો ને અમે જોઈશું.

લિ. તમારો બાળપણનો સ્નેહી

સંસારીલાલ'

ચંદ્રકાંત ઉપર આવા પત્રોમાંના ઘણા નીચે એણે ટૂંકમાં ટાંચણ કરેલું હતું અને તેમાં પોતે લખવા ધારેલા અથવા લખેલા ઉત્તરનો સાર હતો.

ઉપરના પત્ર નીચેનું ટાંચણ એના હાથનું સરસ્વતીચંદ્ર વાંચવા લાગ્યો.

'ચંદ્ર પાછળ ચંદ્રકાંત દ્રવે તે ઘરના પથરા ન સમજે. પારકું ખાવાની દાઢ મારે માટે તમારી સળકે તો ઘરમાં ભેળાં થયેલાંની પોતાને માટે સળકે એ તમે જાતઅનુભવથી સમજજો. આપણા શરીરમાં પૈસાનું માંસ હોય ને ઘરમાં ઝાડુ કાઢવા સાવરણી ન હોય ત્યારે ઘરના ડાંસ માંસ ચાખે પણ ખરા. પણ માબાપને બહાર કાઢી સાળીને સંગ્રહે એવો સાહેબલોકનો રિવાજ આપણે પાળતા નથી. આપણે તો ડાંસ કરડો કે માંકણ કરડો પણ જૈનનો દયાધર્મ પાળી પરલોકનું સુખ ઇચ્છીએ છીએ. ઘરનાં ભૂખ્યાંની દાઢ સળકશે તે આપણા શરીરમાં હશે ત્યાં સુધી ખાશે. કુવામાં હશે ત્યાં સુધી હવાડામાં આવશે. યોગી થઈને જોવું કે અકરાંતિયાં ખાય છે કેમ ને દુકાળિયાં મરે છે કેમ અને આપણે આપણા આત્માનંદમાં મગ્ન રહેવું. સાક્ષી થઈ આનંદરૂપ થવું તે આ જ. પારકી માના જાયા દેશ લૂંટે ને ઘરના જાયા ઘર લૂંટે, તે લૂંટાલૂંટ વચ્ચે ઊભા રહી દિગંબર યતિ થવું એ આપણે કપાળે લખેલો છઠ્ઠીનો લેખ છે. દેશ લૂંટે તે જબરાને કાંઈ કહેવાય નહીં ને સાસુ ઉપરની રીસ નાનાં બાળક ઉપર કાઢનારી વહુવારુની પેઠે ઘરનાં કંગાળ માણસો ઉપર રીસ કાઢવી એ બાયલું કામ સરસ્વતીચંદ્રના સુગંધનો રસિક પુરુષ નહીં કરે. જે નરને લાખો રૂપિયાની લક્ષ્મીને લાત મારતાં આવડી તેનો સહવાસી ચંદ્રકાંત શ્વાનની ચાટમાંથી ભાખરીના કટકા સારુ ભસાભસ ને બચકાબચકી નહીં કરે.'

આ પત્ર પોટકામાં પાછો મૂકતો મૂકતો અને બીજો પત્ર કાઢતો કાઢતો સરસ્વતીચંદ્ર આવેશમાં આવી ગાવા લાગ્યો:

'Open here I flung the shutter, when, with many a flirt and flutter, In there stepped a stately Raven of the saintly days of yore .' *

પૃથ્વીને લાત મારી વાઘ્યો:

'Not the least obeisance made he; not a minute stopped or stayed he; But with mien of lord or lady, perched above my chamber- door- Percied upon a bust of Pallas, just above my chamber- door .' *

થોડીવાર અટક્યો, બીજો પત્ર ઉઘાડતાં પહેલાં હાથનો સ્વસ્તિક રચી, પથ્થર ઉપર બેસી રહી, વળી ગાવા લાગ્યો:

'Though thy crest be shorn and shaven, thou, I say, art sure no craven; Ghastly, grim, and ancient Raven, wandering from the nightly shore- Tell me what thy lordly name is on the night's Plutonian shore !' *

‘હા! અહા!’ — ડાબા હાથની તર્જની ઊંચી કરી કાન આગળ કંપતી ધરી.

‘નરરત્ન કંઈ મુજ દેશ વિશે
બહુ આધિ વ્યાધિ ઉપાધિ સહે!
નર રંકની ત્યાં’ કરવી શી કથા?
ધનરાશિ નિરર્થક મુજ પડ્યા!’

ઓઠ કરડી ભ્રમર ચડાવી બીજો પત્ર વાંચવાનું આરંભ્યું. એને મથાળું ન હતું અને નીચે સહી ન હતી. માત્ર ચંદ્રકાંતની સ્ત્રી ગંગાના વાંકાચૂકા અક્ષર હતા.

‘તમારો કાગળ પહોંચ્યો છે. નણંદે ફોડી વાંચી આપ્યો છે. તમે કાગળ જુદો લખી ઉપર ટિકિટ ચોડવાનું ખરચ કર્યું તે કોઈને ગમ્યું નથી તેથી મેં આ કાગળ સંસારીલાલને બીડવા આપ્યો છે. હવેથી તો એમ પણ કાગળ નહીં લખાય. કારણ સંસારીલાલને કાગળ આપવા જાઉં એટલે ઘરમાંની સૌ સતીઓ મારી વાતો કરે છે. તે તો જાણે કે ન ગાંઠું, પણ બિચારા સંસારીલાલ મારે માટે નકામા વગોવાય એ અણજુગતું. તમારા ઘરમાં જે વાત અણજુગતી નહીં થાય તે નવાઈ. હું મારી પોતાની વાતમાં તો ઘૂંટડા ગળી જાઉં છું પણ આટઆટલું તમે કરો છો તેનો પાડ ન માને તો ધૂળ નાખી; પણ ઊલટાં ખાય ને ખોદે છે તે આપણાથી ખમાતું નથી. તમારી વાતમાં કોઈ બોલે ત્યારે તો હું સૌને શેરશેરની ચડાવું છું ને માથાની થાઉં છું. બાકી ઘરનું કામ ઉસેડીને કરું છું ને મને કાપડું આપતાં સૌના જીવ કચવાય છે તે જુદું.

બધાંને બધું જોઈએ ને તમારે કે કીકી સરખીને પાઈ જોઈએ નહીં એવો ધંધો છે. પણ વળી લખશો કે પરદેશ ગયો તો યે કુથલી કરે છે ને જંપવા દેતી નથી. માટે આટલાથી બધું સમજજો.

કીકી નિશાળે જાય છે તે સૌ બડબડે છે કે ઘરમાં રહેતી હોય તો કામ કરવા લાગે ને છોકરીઓને ભણીને શું કરવું છે. જમવાનો વખત સૌને થયો હોય તો યે કીકીને નિશાળને માટે મોડું થાય તેની ફિકર કોઈને નહિ. બે દિવસ એણે ફી માગી તો યે કોઈને તે આપવા વખત ન મળ્યો. કાલ તો નંબર ગયો ને રોઈને ફી માગી ત્યારે એને ઊલટી ધમકાવી અને મારો મિજાજ હાથમાં રહ્યો નહીં એટલે જુદ્ધ મચાવ્યું ત્યારે ફી મળી. હું રોઈ નથી માટે ફિકર કરશો નહીં.

કીકીનો વિવાહ કરવાનો વિચાર ચાલે છે. પણ ઠેકાણું તમને અણગમતું છે તેથી સૌ અટક્યું છે. બને તો તમને પૂછ્યા વગર પરભાર્યું કરી દેવા સુધી ઉમંગ રાખ્યો હતો. પણ હું કાગડી જેવી ચેતી ગઈ એટલે બીજું જુદ્ધ

મચાવ્યું તે તરત તો વાત તોડી નાખી છે. ભાણાને કન્યા નથી તેથી સાટું થાય એવો તાલ હતો તેમાં તરત મેં ધૂળ નાખી છે.

આટલી નવાજુનીથી તમારું પેટ ભરાશે પછી પરદેશમાં અજીર્ણ થાય એટલું લખું તો મારે જ વેઠવું પડે, કારણ તમારા વગર બીજું કોઈ મારી દયા જાણે એમ નથી. કોણ જાણે કઈ રાંડ આ સંસાર ઘડવા જેટલી નવરી પડી હશે!

બધાંને બકવું હોય તે બકે ને ઘરમાં પૈસા ખૂટશે તો હું ચાંદ્રાયણ કરીશ ને સૌને સાથે ભૂખ્યાં રાખીશ. પણ જેને શોધવા ગયા છો તેને લઈને જ આવજો ને હાથમાં આવેલા પાછા નાસવાનું કરે તો આ કાગળ વંચાવી દાખલો દેજો કે ગંગાના જેવી બાયડીઓ ઘેરઘેર વેઠે છે ને પહોંચી વળે છે તેનાથી હજારમાં ભાગ જેટલી તમને તો કોઈએ ચૂંટી પણ ભરી નથી ને એવા સુકોમળ તમે થયા તેમ સૌ ભાઈડાઓ થશે તો બ્રહ્માએ ઘડેલી બધી બાયડીઓ કુંવારી રહેશે. પણ બાપના વાંક માટે બાયડીને રોવડાવે એવો ન્યાય બારિસ્ટરે કર્યો તેવો ન્યાય તમારું જોઈ વકીલ કરી બેસશે તો બિચારાં કુમુદસુંદરી તો ગરદન માર્યાં મૂઆં પણ ગંગાભાભી તો તમારી કોટે વળગશે.'

ગંભીર અને તીવ્ર આવેશને કાળે સર્વ ભૂલી ઊભો થયો ને એકલો એકલો પણ ખડખડ હસી પડ્યો.

'ગંગાભાભી, તમે સૌથી જોરાવર!' વળી શાન્ત પડ્યો ને શોકની છાયા મુખ ઉપર આવી. 'ચંદ્રકાંત! આ સર્વ હાસ્યરસ વચ્ચે ઊભા થઈ તારા સંસારના શોકશંકુ મારું હૃદય વીંધે છે. ગંગાભાભી! શું તમે એમ કહો છો કે ઘેરઘેર આર્ય સ્ત્રીઓની દશા તમારા જેવી જ છે! જો એમ હોય તો તેથી મારું દુ:ખ શાંત થવાને બદલે સહસ્રધા પ્રદીપ્ત થાય છે. શું આ દુ:ખ ઘેરઘેર છે? સરસ્વતીચંદ્ર! ગૌતમ બુદ્ધને જેમ એક સંજ્ઞા જોઈ અનેકનું ભાન થયું તેવું જ તને અત્યારે થાય છે. અને તારા દુ:ખની વાદળી આકાશના એક નાના ભાગમાંથી વેરાતી દેખાઈ આકાશના સર્વ ભાગને ઘેરી લઈ બંધાય છે! હરિ! હરિ! હરિ! અહા! પ્રિય કુમુદ! તારો ત્યાગ કરી મેં તને એકલીને અનાથ કરી નથી, પણ અનેક સ્ત્રીઓને અનાથ કરી છે! તારા જેવી સહધર્મચારિણીના સંયોગથી હું સર્વ સ્ત્રીજાતિ માથે મારા કાર્યને સાંધી શકત ને ગંગાભાભી જેવી અનેકનાં દુ:ખ દુર કરત! આ સર્વમાં તારો અને ધનનો — ઉભયનો — ખપ હતો અને ઉભયનો મેં ત્યાગ કર્યો! ગંગાભાભીનાં અશિક્ષિત વાક્યોમાં પણ સ્ત્રીજાતિનું પવિત્ર રસચેતન સ્ફુરે છે અને સ્ત્રીજાતિનું સ્નેહસ્વાતંત્ર્ય બળથી ધસારા કરે છે તો તેનામાં વિદ્યાના આવાહનથી શું ન થાત?

મુજ દેશ વિષે રસમાળી વિના

ફળપુષ્પ ધરે નહીં નારીલતા!

રસશોધનસેચન ના જ બને!

ઘનરાશિ અચેતન મુજ રહે!

Chandrakant! thou noble bust at my chamberdoor! The Raven is ominous that perches on thy head! And it casts a shadow from which my soul -

Shall be lifted? never more !

Shall be lifted - never more ?

ગંગાના પત્ર નીચે ચંદ્રકાંતે લખેલું ટાંચણ વાંચવા માંડ્યું: 'મને સમાચાર કહેતાં કે લખતાં કે મારી પાસે ઊભરા કાઢતાં મારી દયા ન જાણવી ને બીજા કોઈની બીક ન રાખવી. સ્વામી અને સ્ત્રીનાં અંત:કરણ એકબીજા પાસે ઊથડે એ તેમનો અનિવાર્ય અધિકાર છે. તેમાં માતાપિતા કે બ્રહ્મા જે કોઈ અંતરાય નાખવા આવે તેને ધક્કો મારવામાં ધર્મ છે. એ ધર્મ ન પાળવાથી લગ્ન રદ થાય છે ને માબાપ છોકરાનું લગ્ન કરાવે ત્યારથી તેમને આટલી વાતમાં અધિકારનું રાજીનામું આપે છે. માટે આ વાતમાં કોઈનું કહ્યું માનવું નહીં. બાળક પ્રતિ આપણો ધર્મ પણ એવાં જ કારણથી અનિવાર્ય છે. કીકીના વિવાહ અને અભ્યાસની વાતમાં મેં કહ્યું છે તે જ કરવું અને કોઈની વાત ગાંઠવી નહીં પણ માથાનાં થઈ ધાર્યું કરવું.

'કેટલાક સ્વામી માને વશ થઈ સ્ત્રી ઉપર જુલમ કરે છે અને કેટલાક સ્ત્રીને વશ થઈ માબાપ ઉપર જુલમ કરે છે. આ ઉભય જાતના સ્વામી અધર્મી ને અન્યાયી છે. એક પાસ માબાપ અને એક પાસ સ્ત્રી વચ્ચે ન્યાય કરવો એ જ ધર્મ છે, પણ બે પાસના વિશ્વાસ વિના આ ન્યાય શુદ્ધ થતો નથી. અને તે શુદ્ધ હોય તોપણ તેનો અમલ બરોબર થતો નથી. ગંગાવહુ, આટલું સમજવા જેટલું મેં તમને ભણાવ્યાં છે. તમે મારી પાસે મન ઉઘાડી વાત કરી શકો છો એટલું ઘરનાં બીજા માણસ કરે એમ નથી. તો તેમનો ને તમારો શુદ્ધ ન્યાય કરવો એ મારાથી બને એમ નથી. તમે નાનાં હતાં ત્યારે અરસપરસ સ્નેહ બંધાય અને મારાં માણસ તમારાં થાય અને તમે એમનાં થાઓ એટલો પ્રયત્ન મેં કરેલો છે તે તમને ખબર છે. તમે મોટાં થયાં ત્યાર પછી મેં તમને પૂરી સ્વતંત્રતા આપી છે એટલે તમારે સૌએ એકબીજાને કેમ સંભાળી લેવાં અને કેમ સુધારવાં કે પાંશરાં કરવાં એ હવે તમારી ચતુરાઈનું અને તમારા મનગમાનું કામ છે. તેમાં હું વચ્ચે પડવા ઇચ્છતો નથી. રોપશો તેવું લણશો ને તમારાં સુખદુ:ખ તમે જાતે ભોગવશો — તે મારે માથે નહીં. શાસ્ત્રના વચન પ્રમાણે પુત્રને સોળે વર્ષે મિત્ર ગણવા ને સ્ત્રી ઘેર આવે ત્યાંથી મિત્ર થાય. તેને સાટે દેશરિવાજ પ્રમાણે મેં ગંગાવહુ વીસ વર્ષનાં થયાં ત્યાં સુધી તેમને બાળક ગણ્યાં ને તેમને ત્યાં સુધી રમાડ્યાં પણ ખરાં ને રોવડાવ્યાં પણ ખરાં. ત્યાર પછી એ અધિકાર છોડી તેમને કુલ અધિકાર આપેલો છે. એટલે હવે તમારે કે ઘરમાં કોઈએ એવી આશા ન રાખવી કે

ઘરકૂથલીના ન્યાયના કડાકૂટમાં ચંદ્રકાંત પડે. બાકી આપણી મિત્રતા તા મરતાં સુધીની ઠરી, તેથી તમારી વાતો સાંભળવા અને માગો ત્યાં તમને સારી શિખામણ આપવાને આપણે કેડ ભીડીને તૈયાર છીએ. તમારે જે જોઈએ તે માગવા તમારી સ્વતંત્રતા છે. તમે ઘેલું માગો છો કે ડાહ્યું માગો છો તે વિચારવાનું કામ તમે મિત્ર થયા પછી હું હાથમાં રાખતો નથી. કારણ પુરુષ જે ઇચ્છે તે ડાહ્યું અને સ્ત્રી જે ઇચ્છે તે ગાંડું એ શાસ્ત્ર હું માનતો નથી. નાનાં છોકરાંની પેઠે મોટી ઉંમરની સ્ત્રીઓને પણ સ્વામીની ઇચ્છાના સાંકડા ચીલામાં કેદ કરી ચલાવવી એ વાત મિત્રધર્મથી ઊલટી છે અને એમાં જગતનું કલ્યાણ પણ નથી. કારણ પુરુષ કરતાં સ્ત્રીઓ ડાહી હોય એવું પણ હોય છે અને સ્ત્રીપુરુષ એ બે મિત્રોએ સંસાર એકઠો ચલાવવો હોય અને બે જણે સુખી થવું હોય તો બે જણે કાળજાં ઉઘાડી એકબીજાને શાણપણ આપવું અને પુરુષે સ્ત્રીનું કહ્યું કરવું કે સ્ત્રીએ પુરુષનું કહ્યું કરવું તેના કરતાં બેમાંથી જે ડાહ્યું હોય તેનું ચાલે એ કરવું સારું છે. મારા કરતાં ગંગાવહુ ડાહ્યાં છે એમ હું માનતો નથી, પણ એમની પોતાની બાબતમાં હવે એ સગીર નથી માટે જાતે વહીવટ કરે એવો મેં ઠરાવ કર્યો છે. તમારે અને ઘરનાં માણસને કજિયા થાય ત્યાં તમારે તથા તેમને જેવો વહીવટ કરવો હોય તેવો કરવો. લડીને કે લડ્યા વગર કળા વાપરીને જે જીતશે તેનું ચાલશે. આપણે એ કડાકૂટમાં પડવાના નથી ને સૌ તમને અને તેમને સોંપ્યું. ઘરમાં વહીવટ તમારો તેમાં હું વચ્ચે નહીં પડું અને ઘરબહાર વહીવટ મારો તેમાં તમને પૂછવાનો નથી. તમારો આ વહીવટ કરવામાં જે માગશો તે આપીશ. પણ કૂવામાંથી ખૂટે ને તમે તરસ્યાં રહો તો હવાડાનો વાંક નથી.

'સરસ્વતીચંદ્ર બાબત તમે લખ્યું તે બરોબર છે. લોક ધારે છે કે એ બાપ ઉપર રિસાઈને નાસી ગયા પણ તમે ખરી વાત સમજ્યાં છો. જે સંસારનો કડાકૂટો આપણને ગભરાવે છે તેનો એમણે પરણ્યા પહેલાં જ ત્યાગ કર્યો. આપણી પશ્ચિમબુદ્ધિ થઈ તે પરણીને પસ્તાયાં અને એમણે આગળ બુદ્ધિ વાપરી તે સુખી થયા; પણ એમનો દોષ એ કે એકલપેટા થઈ એમણે પોતાનો સ્વાર્થ વિચાર્યો અને બિચારાં કુમુદસુંદરીનો ન વિચાર્યો. આપણે ઘરનું દુ:ખ વેઠીએ છીએ ને ગજા પ્રમાણે એકબીજાને સુખી કરીએ છીએ તો એમનાથી કુમુદસુંદરી કેવાં સુખી થાત? લક્ષ્મીનંદનના બોલ સામું એમણે જોયું, પણ અનુભવ નહીં તેથી એમ ન સમજ્યા કે મોઢે બોલે એટલું મનમાં હોતું નથી ને ઘડીનો ઊભરો જન્મારો પહોંચતો નથી. સાંભળ્યા પ્રમાણે લક્ષ્મીનંદન બહુ પસ્તાય છે, અને એમનું શું થશે તે ખબર નથી, સરસ્વતીચંદ્ર ઘેર આવશે તો સંસારમાં પડી જાતે દુ:ખી થશે એમાં વાંધો નથી, પણ બીજાં સૌને સુખી કરશે. રામસીતાને દુ:ખ પડ્યું તો રાવણ મૂઓ અને જગતનું કલ્યાણ થયું, માટે સરસ્વતીચંદ્રને ઘેર આણી દુ:ખી કરવા છે ને સંસારને સુખિયો કરવો છે. માટે મારી લાડકી ગંગા! તારું કહ્યું કરીશ ને ચંદ્રને લીધા વિના ચંદ્રકાંત પાછો ઘેર આવવાનો નથી. એ બે જણ

આવે ત્યાં સુધી આપણા ઘરમાં જાદવાસ્થળી કરવી કે દ્વારામતીનું સુખ કરવું એ તમારી મરજીની વાત છે. તને 'તમે' લખું છું તે વાંચી તું ખીજવાઈશ, ઘરનાં કોઈ જાણશે તો મોં મરડશે, અને બહારનું કોઈ જાણશે તો હસશે. પણ એવું જોવાની તો મને ટેવ પડી છે તે ગંગાને ખબર છે. કાગળ પેટ ભરાય એટલો લાંબો લખ્યો છે કે મુંબઈ આવીને મહેણું સાંભળવું ન પડે.'

ટાંચણ પૂરું થયું અને વાંચનારે દીર્ઘ નિ:શ્વાસ મૂક્યો. પિતાને દુ:ખ થાય છે તે માન્યું નહિ પણ પિતા ઉપરનો સ્નેહ નેત્રમાં આંસુ વહાવવા લાગ્યો.

'સુખી શાને નહીં પિતા
હવે શાની કરો ચિન્તા?'

પૃથ્વી ઉપર ઘૂંટણે પડ્યો અને આકાશ સામા હાથ જોડી, ઊંચું જોઈ, સજળનેત્રે, દીનમુખે ગાવા લાગ્યો:

'પિતા તું એક છે સન્ધે!
જગતને બાંધ્યું તેં બન્ધે.
પ્રીતિની સાંકળો બાંધી,
હૃદય સૌનાં લીધાં સાંધી.
શરીર આજે થકી જાયું,
હૃદય આજે શું સિવાયું,
કરી કંઈ કંઈ કૃપા જેણે,
શિશુવય આ ભર્યું ચેને,
પિતા આ દેહના એ જે,
પ્રભુ! તું સુખ દે તેને.
પિતાનો તું પિતા એક,
દીધો જે સ્નેહને તેં યે,
ધરી તે સ્નેહની આણ
કરું છું રંક ઉદ્‌ગાર:
નથી એ સ્નેહ મેં તોડ્યો,
નથી સુતધર્મ તરછોડ્યો,
પિતા પર ક્રોધ નથી કીધો,

*પિતા પર દ્વેષ * નથી લીધો.*
પિતાના સુખનો રસ્તો
કીધો છે માત્ર મેં સસ્તો,
પિતાના ઓ પિતા! દેજે,
પિતાને સુખ શાન્તિ ને!
પિતાને સુખ દેવાને,
મહા સુતધર્મ વહેવાને,
પિતાને દીધું સ્વાતંત્ર્ય,
ત્યજ્યાં પ્રીતિ-લક્ષ્મીનાં તંત્ર,
ત્યજી એ કારણે દારા,
હૃદયમાં દાહ સ્વીકાર્યા;
પિતાના સુખને કાજે
કર્યું એ સર્વ પળમાંહે.
હૃદયનો મંત્ર એ સર્વે,
પિતા સૌનો તું તે કલ્પે.
હૃદયની દીપવાલી એ,
હૃદયની રમ્ય ભાતિ એ,
પ્રભુ ત્હેં કલ્પી! ત્હેં પ્રેરી!
પ્રભુ! ત્હેં ગ્રન્થિ ઉકેલી!
સફળ એ સર્વ કરજે તું!
પિતાનું સુખ ભરજે તું!
શરીર આ દુ:ખતત્પર છે,
હૃદય આ શોકસત્કર છે:-
પિતાના સુખ કાજે તે,
પિતાની શાન્તિ માટે તે.
પ્રભુ માગું! રડી માગું!
સફળ એ વાસના માગું! '

ઊઠી, આંખો લોહી, વિચારમાં પડી, બોલી ઊઠ્યો.

પ્રિય કુમુદ! આ યજ્ઞ ઉપર બલિદાનમાં તું હોમાઈ! કુલીન પ્રમાદધન! તારા ભાગ્યશાળી મુખમાં એ બલિ-હોમ થયો છે અને તારા હૃદયમાં એ આહુતિ રસસાયુજ્ય પામો! પ્રિય કુમુદ! એક ચંદ્રકાંતના દુ:ખમાં અનેક નરરત્નનાં દુ:ખ અને એક રંગ કુમુદના દુ:ખમાં અનેક સ્ત્રીરત્નનાં દુ:ખ દેખું છું. — નક્કી — નક્કી મારા ભાગ્યહીન દેશમાં–

ધરતી રસ-સુંદર કોમળતા,

ફળ-પુષ્પ ધરે નહીં નારીલતા!

રસપોષણ સૂર્ય વિના ન બને!

ધનરાશિ અચેતન મુજ રહે!

બીજો એક પત્ર લીધો. તે ચંદ્રકાંતના મોટા ભાઈનો લખેલો હતો. એ ભાઈ નિરક્ષર જેવો હતો અને કાપડિયાને ત્યાં નામું લખતો. એ કાગળના ઉપલા ભાગ ઉપર અહીંતહીં દૃષ્ટિ ફેરવી વચ્ચેથી વાંચવા માંડ્યું.

‘ભાઈ! મારે મોટે મોંએ નાનડિયાંની વાતો કરવી ઘટારત નહીં, પણ કાળજું બળે ત્યારે લખી જવાય. માજીનું કહેલું ભાભીને ભાવતું નથી. જ્યાં સુધી બીજું નુકસાન ન હોય ત્યાં સુધી જવાનિયાં વાજું મનસ્વીપણે ચાલે તો બાધ નહીં. પણ પૈસાની બાબતમાં તો પુરુષોનું ચાલવું જોઈએ. અમે તો પાઈએ પૈસે ભેગું કરીએ તેને રૂપાનાણાનું ખરચ કાળજે વાગે. તમે ઘણું ભેગું કરો પણ ખરચો ઝાઝું તે જાતે ખરચો ત્યાં સુધી નભે; પણ તમારાં બૈરાં યે તમારી પેઠે ખરચવા માંડે એટલે અમે તમે સરવાળે સરખા થવા ગણવા. બીજું, તમે સુધારાવાળા કન્યાઓને માટે મોટા ને ભણેલા વર જુઓ, પણ અમે તો એવું જાણીએ કે નાના મોટા થશે ને ભણેલા ભીખ માગે છે અને માત્ર જેનો ઓરડો ભરેલો હશે ત્યાં કન્યા આપીશું તો એના રોટલાની ફિકર નહીં કરવી પડે, માટે કીકીની વાતનો જે વિચાર કરવો હોય તે કરજો ને બાયડીઓને બહેકાવશો તો ખાવા ટળશે. પછી આજકાલ તો ઘેરઘેર રાણીનું રાજ્ય છે તેમાં ભાઈભાંડુ બોલે તે નગારામાં તતૂડીના નાદ જેવું થવાનું તે જાણીને તતૂડી વગાડીએ છીએ. કારણ કાળજું બળે છે ને બોલાવે છે.’

આ કાગળ નીચે પણ ચંદ્રકાંતના અક્ષર હતા.

‘ભાઈજી, લખો છો તે સત્ય છે. શું કરીએ? નાનપણમાં પરણાવ્યા ત્યારથી નગારા પાસે બેઠા છીએ તે નગારું આણનાર પણ તમે અને આજ નગારાથી કંટાળો છો તે પણ તમે. સુધારાવાળામાં હું ભળ્યો છું તે પણ સત્ય છે. મને તમે ભણાવ્યો ન હોત તો સુધારામાં ભળત પણ નહીં, અને તેની સાથે તમને પંદર રૂપિયા મળે છે તેટલા જ મને મળતા હોત, એટલે આવ ભાઈ હરખા ને આપણે બે સરખા થાત. વાણિયાવિદ્યા કરી અંગ્રેજી

ભણાવ્યો તો વધારે કમાઈ થાય છે ને તેમાંથી તમારે માટે મારા પટારા ઉઘાડા રાખ્યા છે. અમે સુધારાવાળા રાણીજીની વફાદાર રૈયત, તે રાણીજીની વહુવારુઓને બહેકાવીએ નહીં તો અમારા ઉપર રાજદ્રોહનો આરોપ આવે ને સુધારાવાળા અમને કાળે પાણીએ કાઢે. માટે સાસુજી ને જેઠનાથી જેટલું ખરચાય તેટલું ખરચો તેમાં તમને કોઈ ના નહીં કહે, અને વહુવારુ ખરચે તેમાં સાસુ કે જેઠે ન બોલવું. આમ છે, માટે આપને ફરિયાદ કરવાનું કાંઈ કારણ નથી. મજા કરો. મારી પાસેથી ખૂટશે ત્યારે તમારે મને આપવું નથી અને મારે તમને આપવું નથી — તેવું ખૂટે ત્યારે એમ જાણજો કે બાર વરસ મને ભણાવ્યો તા બાર વરસ મારી કમાઈ મેં સૌ પાસે ભોગવાવી અને તેરમે વર્ષે ભણ્યાનો બદલો પૂરો થઈ રહ્યો.

આમ છે. માટે આ બાર વર્ષ ધનના બૃહસ્પતિ બેઠા છે તે યે તમારા ને બીજાં સૌના ભેગા; ને સૌને ભાગ્યે પછી અવળી ગ્રહદશા કે પનોતી બેસશે તે યે તમારી સૌની બેસશે. આપણે તો જ્યાંથી આવ્યા ત્યાં જવાને બેઠા છીએ ને આપના આશીર્વાદથી જન્મથી મરણ સુધી પરમાનંદસ્વરૂપમાં જ લીન છીએ. માટે ચિંતાફિકર રજ કરશો નહીં અને તતૂડીના જેવું બોલવું મૂકી દઈ નગારાને ઢાંકી દેવા ભેરીનાદ કરશો કે પડઘમ જેવું બોલશો તોય કાન ઉઘાડા જ રાખીશું અને કહેશો તે સાંભળીશું. કોઈનું સાંભળી હું તમને કનડવાનો નથી અને તમારું સાંભળી બીજા કોઈને કનડવાનો નથી. આપ મારા મોટા ભાઈ છો તે આપની સેવા કહેશો તેટલી કરીશ. બાકી વડીલના વચનથી નાનેરાંને મારવાં એવો પરશુરામનો જુગ વીતી ગયો અને સાટે વિક્ટોરિયા રાણીનો જુગ બેઠો છે, માટે દેશકાળ પ્રમાણે વર્તીને ચાલવું એવું તમારો ભાઈ ભણ્યો છે તે આ જન્મમાં તો ભુલાય કે મિથ્યા થાય એમ નથી.'

એક હાથમાં પત્ર રાખી અને બીજો છાતીએ મૂકી સરસ્વતીચંદ્ર ગર્જી ઊઠ્યો:

'હર! હર! હર! હર! હર! ચંદ્રકાંત! તું ભાઈ આગળ દુ:ખને ગણતો નથી અને કેવળ ખડખડ અટ્ટહાસ્ય કરે છે; પણ જે વાક્યોમાં દુ:ખને ગણતો નથી તેના અંત:શ્વાસમાંથી ઊંડી ધમણોનો વેગ સંભળાય છે અને તારું જે હાસ્ય ફુવારા પેઠે ફૂટી રહે છે તેના નિર્મળ જળના મધ્યભાગમાં તારા ચિરાતા મર્મભાગની રુધિરધારાઓ હું જોઉં છું! હરિ! હરિ! હરિ! ચંદ્રકાંત! તારો શોક જગતનો પરાભવ કરે છે અને અભિમાનભર્યો ઊડે છે -

'Thy deep-seated proud pain is the raven -

of which it was so truly said -

Not the least obeisance made he !

And it has -

Perched upon my bust of Pallas -

just above my chamber-door !'

બીજો પત્ર લીધો. તે કવિ તરંગશંકરનો લખેલો હતો.

'સહૃદય નાનારસમનોજ્ઞ પ્રિય મિત્ર,

'તમારી ઇચ્છાને અનુસરી તમારા કુટુંબકાર્યની ચિંતા હું રાખું છું. વિચિત્રચિંતાકર આ સંસારમાં કોઈ નિશ્ચિન્ત નથી માટે ચિંતા રાખવા બેસીશું તો તમારાથી કે મારાથી નિશ્ચિન્ત રહેવાય એમ નથી એવો તમારો સર્વદા સર્વને ઉપદેશ છે તે યોગ્ય છે. માટે તમારી ગૃહસ્થિતિ વિષે વિશેષ તમને લખવું તે પુનરુક્તિ કરવા જેવું છે, પણ મને સોંપેલા ક્ષેત્રનું અવલોકન કરી તમને વૃત્તાંત લખવા તે મારો ધર્મ છે માટે લખું છું.'

'તમારા બંધુએ તેમ ગંગાભાભીએ તમને પત્રો લખેલા છે તે ઉપરથી મારે જણાવવાનું તમે જાણી લીધું હશે. મારે હવે એટલું જ જણાવવાનું બાકી છે કે તમારાં સર્વ કુટુબીઓ કેવળ સ્વાર્થી છે અને તેમને તમારા પ્રતિ ન્યાયવૃત્તિ નથી તો દયા તો ક્યાંથી હોય? હું એક કાળે જાણતો હતો કે આ દશા મારા એકલાની જ હશે, અનુભવ વધતાં ઘેરઘેર એ જ દશા દીઠી, એ દુષ્ટ નીરસ સંસારની ગંધમાત્ર આવતાં ચતુર સરસ્વતીચંદ્રે તેનો સહસા ત્યાગ કર્યો, અને એ સંસારના સર્પોથી હાથે પગે અને કોટે વીંટાયેલા રહી શિવજી પેઠે સંસારને સ્મશાન ગણી તેમાં આત્મવિભૂતિથી નિજાનંદમાં રહેનાર તો તમને જ દીઠા! શુદ્ધ નિ:સ્વાર્થ પ્રીતિરસ સંસારમાં તો કોઈ પણ સ્થાને નથી એવી મેં વ્યાપ્તિ બાંધી છે, અને સંસાર એવો નીરસ છે માટે જ સંસારમાં ન જડતો રસ કાવ્યાદિમાં તરતો દેખી મનુષ્યો કવિજનો ઉપર પ્રીતિ રાખે છે! જો સંસારમાં જ રસ શુદ્ધસ્વરૂપે હોય તો કવિઓના ભાવ કોણ પૂછે? — રસના આત્માને મૂકી માત્ર અક્ષરમય રસનો આદર કરવા કોને અવકાશ મળે?'

'પ્રિય ચંદ્રકાંત! આ વ્યાપ્તિમાં ગંગાભાભી પણ અપવાદરૂપ નથી. તમે કુટુંબમાં સર્વ પ્રતિ ઉદારતા રાખી છે તેનું મહાફલ એ થયું છે કે તમારો હાથ ક્યારે પહોંચી વળતો બંધ થશે તેની કોઈને ખબર નથી અને તમારો હાથ સર્વદા પહોંચશે તો તમારો દેહ ક્યાં સુધી કામ કરશે તેની કોઈને ખબર નથી અને તેવે કાળે જે વસ્તુ જેના હાથમાં હશે તેની પાસે તે રહેશે અને જેની પાસે કોઈ વસ્તુસંગ્રહ નહીં હોય તે સંગ્રહશૂન્ય થઈ દુ:ખી થશે અને તેની કોઈ સંભાળ નહીં રાખે — આમ સર્વના મનમાં છે અને સર્વ સ્વાર્થસંગ્રહ કરવા મથે છે. સ્ત્રી ઉપર પુરુષનો પક્ષપાત સ્વાભાવિક રીતે હોય છે તે તમારે નથી, અને જેના ઉપર તમારો પક્ષપાત નથી તે સ્ત્રીના હૃદયમાં તમારે માટે પ્રતિધ્વનિ કેવી રીતે થઈ શકે તે હું સમજતો નથી. શુષ્ક સ્નેહનો

પ્રતિધ્વનિ અ-રસિક ચિત્તોમાં થતો નથી અને થાય તો ટકતો નથી. ગંગાભાભીને પોતાની જાત વળગી છે અને પોતાનાં બાળક વળગ્યાં છે ત્યાં સુધી તેમને સ્વાર્થ વળગ્યો છે. એ સ્વાર્થમાં જ્યાં સુધી એમના અર્ધાંગરૂપ થઈ એ સ્વાર્થમાં તમે પક્ષપાત નહીં કરો ત્યાં સુધી તેના ઊંડા સ્નેહની તમે આશા રાખતા હો તો તે વ્યર્થ છે. તમારું ઇતર કુટુંબ પોતાના સ્વાર્થોથી છૂટતું નથી, પોતાના યોગ્યાયોગ્ય પક્ષપાતોથી છૂટતું નથી, પોતાનાં બાળકોની સમૃદ્ધિ ઇચ્છે છે, અને તેની સાથે એવો અભિલાષ રાખે છે કે એવા જ સ્વાર્થોથી, એવા જ પક્ષપાતોથી અને એવાં જ બાળકોથી ગંગાભાભીનું ચિત્ત છૂટી જાય! Do unto others as you would have it done unto yourself . - આપણા ભણી સામાની જે કૃતિની ઇચ્છા રાખીએ છીએ તેવી જ કૃતિ આપણે સામા તરફ કરવી — એ ભાવના આપણાં કુટુંબોમાં ઉદય પામી શકતી નથી ત્યાં સુધી ગંગાભાભીની વૃત્તિઓ ઉપર તમારે પક્ષપાત કરવો જોઈએ. આ જ એમની પાસેથી સ્નેહ પામવાનું સાધન, આ જ એમના અને તમારા સુખનું સાધન, અને એ સાધન નહીં કરો ત્યાં સુધી તમારા ઘરમાં ચારેપાસ મચી રહેલી અવ્યવસ્થા દિવસે દિવસે વિકાસ પામશે.

'મારા પોતાના કુટુંબની વ્યવસ્થા હું આવાં સાધનોથી જ રાખું છું. જેમની અવ્યવસ્થા દૂર કરવા પ્રયત્ન કરીએ તેની ગાળો ખાઈએ છીએ અને જેનો પક્ષપાત કરીએ છીએ તે આપણો પક્ષપાત કરે છે એટલે મારું સુખ પણ જળવાય છે. તમારા જેવા નિષ્પક્ષપાતી થઈ સૌની ગાળો ખાવી અને સર્વથા અવ્યવસ્થા રાખવી તેના કરતાં મારા માર્ગમાં મને પ્રમાણમાં સુખ લાગે છે.

'ખરું પૂછો તો એક મ્યાવમાં બે તલવારો સમાય નહીં અને એક ઘરમાં બે સ્ત્રીઓ સમાય નહીં. માટે જ સાસુવહુને જુદાં રાખવાનો અંગ્રેજી વ્યવહાર મને સુખકર લાગે છે. બાકી શુદ્ધ સ્નેહ તેમનો પણ શૂન્ય છે અને આપણામાં શૂન્ય છે.

'આવા આવા અનેક અનુભવના વિચાર કરી હું મારા કુટુંબની વ્યવસ્થા રાખું છું અને વેદાંતીઓ સંસારને દુ:ખમય કહે છે તેને હું નીરસ માનું છું. વેદાંતીઓનો *आनंद* સંસારમાં નથી માટે જાતે જ આનંદરૂપ થવામાં એ શ્રેષ્ઠતા માને છે. તેમ સંસારમાં રસ નથી માટે જાતે જ રસરૂપ થવામાં હું શ્રેષ્ઠતા માનું છું. વ્યવહારમાં મોટા મોટા વેદાંતીઓ અને સંન્યાસીઓ રાગદ્વેષનો ત્યાગ કરી શકતા નથી અને આનંદરૂપ ન થઈ શકતાં *आनंद* ના ગપાટા હાંકે છે. હું પણ નીરસ સંસારનો ત્યાગ કરી શકતો નથી અને રસરૂપ ન થઈ શકતાં *रस* ના રાગડા તાણું છું. ચંદ્રકાંતભાઈ! તમારા આશ્વાસન માટે હું આ મારો અનુભવ લખું છું, પણ સરસ્વતીચંદ્ર જડે તો તેમને એ કહેશો નહીં. તેમણે આજ સુધી પ્રોસ્પેરોની મિરાણ્ડા જેવું અને

બુદ્ધની પ્રથમ વય જેવું જીવન જ અનુભવેલું છે. એ શુદ્ધ સરલ રસના પાત્રમાં આપણા સંસારની શાહી પડવા દેશો નહીં.

‘જો એ તમને મુંબઈની દશા પૂછે તો કહેજો કે આપણું મુંબઈ તો આપણા મંડળમાં જ સમાયેલું છે અને એવા મુંબઈની દશાનો તરંગ તમારી પાસે ઊછળે છે તેને એમની પાસે તમે ઉછાળજો.’

ગોપિકા ઘણી ઘણી રુએ છે કુંજકુંજમાં

રોતી મૂકી સર્વને તું કૃષ્ણચંદ્ર ક્યાં ગયો?

પદ્મમાળ પાણીમાં, ઊંચા વિકાસી મુખને

જોઈ રહેતી વ્યોમમાં, રસિક ભ્રમર ક્યાં ગયો?

રસરસિક કંઈ કવિ ને કંઈક શુદ્ધ સાક્ષરો

મળી વીંટાઈ પૂછતા, ઉદાત્ત ચંદ્ર ક્યાં ગયો?

સૌ સખીથી એકલી અગ્ર વાધી રાધિકા

વ્રજ ભુલામણીમાં ભૂલી રટતી ‘ધૂર્ત ક્યાં ગયો?’

દેશવીરો, કવિજનો, સાક્ષરો, સુભાષકોઃ-

એ સૌથી છૂટી તું જતો, કાંત,ચંદ્ર જ્યાં ગયો!

શોધજે, તું શોધજે, કાંત પવન, ચંદ્રને!

કુમુદમાળ ઊંચું જુએ, ઘનથી ચંદ્ર શું છૂટ્યો?

વેરજે, તું વેરજે, પવન, શ્યામ મેઘને!

ચકોર પાંખ ઊંચી કરે, ઘનથી ચંદ્ર શું છૂટ્યો?

વેરજે, તું વેરજે, પવન, પેલા મેઘને!

ચકોર આંખ ઊંચી કરે ચંદ્રમા શું કંઈ દીઠો?

વેરજે, તું વેરજે, કાંત પવન મેઘને!

તરંગ ઊછળી રહે ઉરે, ચંદ્ર ચળકી ક્યાં રહ્યો?

‘પ્રિય ચંદ્રકાંત! સરસ્વતીચંદ્રના સ્નેહરસે ફારસી બેતના રાગને મારા હૃદયની સારંગીમાં આમ ઉતારી સંસ્કારી કરી દીધો છે. નિરક્ષર અ-રસિક ગૃહિણી ઉપર ગમે તેટલો પક્ષપાત કરવા જાઉં છું, ગમે તેટલી gallantry અને chivalry ની ઇમારત મનમાં બાંધવા જાઉં છું, પણ તેના હૃદયની સ્વાર્થવાસના મારા ચણતરને દારૂગોળા પેઠે ઉરાડી મૂકે છે તે પ્રસંગે હું ગોલ્ડસ્મિથને સંભારી, ભાષાંતર કરી, ગાઉ છું કે -

‘સ્ત્રીની પ્રીતિ તો સર્વથી ખોટી,

મોહજાળ નાખે જોતી જોતી;
જાળ નાખે જોતાંમાં ફસાવે,
ફાવે ત્યાં જ એ ધુત્કારી નાખે.
કહાવે અબળા ને નરને નચાવે
ગોરી ગુમાનભરી પછી રાચે.
નરના દુ:ખની મશ્કરી કરતી
નારી પ્રીતિ ખરી નવ ધરતી.
પ્રીતિની હૂંફ પંખી ધરે કો,
સુરલોકમાં હો કે નહીં હો.
પ્રીતિ નામે સળગાવી આગ,
નારી નારને કરે છે ખાખ.
મોહમાયા ને જોગણી કહાવે,
નારી નરને ન જંપે સૂવા દે!
બેટા, શાને વેઠવી એની શૂળો?
એની પ્રીતિમાં મૂકની પૂળો.

'જગતમાં ન જડતી સ્ત્રીપ્રીતિને કવિતામાં શોધું છું અને સાતમે આકાશ ચડાવી તે મૂર્તિની સુંદરતામાં ઝૂકી રહું છું તેની ના નથી. પણ જગતમાં જડતી સ્ત્રીપ્રીતિ તો ઉપર ગાઈ તેવી છે. મારા વર્ગમાં તમને ભળેલા જોઈ દુષ્ટ આશ્વાસન પામું છું. સરસ્વતીચંદ્રને એવી પ્રીતિમાંથી બચેલા જોઈ તેને ભાગ્યશાળી માનું છું અને એના ચકોરપણા ઉપર મોહ પામું છું. બસ, જ્યાં હશે ત્યાં એમના હૃદયના નિર્મળ રસમાં સંસારનો મેળ નિચોવાશે નહીં અને એ રસ નિર્મળ રહેશે. જગતમાં એના જેવા નિર્મળ રસની એક પણ મૂર્તિ પ્રત્યક્ષ કરી તરંગ આ નીરસ સંસારમાં પોતાનો રસાવતાર સફળ થયો માનશે.'

આ પત્રને અંતે પાછા ચંદ્રકાંતના અક્ષર હતા. 'Hobbes જેવા તત્ત્વશોધકો અને બીજા નૈયાયિકો વ્યાપ્તિઓ બાંધે છે ને પોતાના અનુભવ અને જ્ઞાનમાં પરસ્પર વિરોધ જાણી જોઈને નથી રાખતા. પણ કવિઓના સંસાર-અનુભવની વ્યાપ્તિઓ એક જાતની બંધાય અને તેમનો રસાત્મા જુદી જાતનો થાય તે તમે પ્રત્યક્ષ કરાવ્યું. વૈરાગ્ય અને રસના પરસ્પર વિરુદ્ધ પ્રવાહમાં તરનાર સરસ્વતીચંદ્ર પણ તમારા જેવા જ કવિ છે અને તમે બે કવિજનોને સમભાવ થાય તે મારા જેવા કવિત્વશૂન્ય પ્રાણીએ જોવા જેવો ખેલ છે. કૃષ્ણ અવતારનું રહસ્ય પણ કંઈક આવા જ

વિરોધાભાસથી ભરેલું છે એમ તમે સમજાવેલું તેનું અત્યારે સ્મરણ થાય છે.'

'મારા ઘરની અવ્યવસ્થા દર્શાવી તે ખરી છે. એ અવ્યવસ્થામાં જેવાં સર્વ કુટુંબીઓ કારણભૂત છે તેવી જ રીતે હું ને તમારાં ભાભી પણ કારણભૂત છીએ. છતાં મારે તમારાં ભાભી ઉપર પક્ષપાત રાખવાની કર્તવ્યતા દર્શાવવી એ પણ કવિત્વનો જ વિરોધાભાસિત ચમત્કાર છે.'

'કવિરાજ! અંગ્રેજોની રીતને અનુવર્તી આપણે ગૃહિણીઓ ઉપર પક્ષપાત કરવાનો કાળ આવવાની વાર છે. જ્યાં સુધી આપણે ઘરમાંથી માતાપિતાદિક મંડળને કાઢી મૂકવા ઠરાવ કર્યો નથી ત્યાં સુધી પક્ષાપાતના કરતાં પક્ષોત્પાત વધારે ઉચિત છે. તે એવી રીતે કે બે પક્ષ — બે પાંખો — ઊંચી કરવી, એક પાંખ ઉપર માતાપિતાદિ ભારને વહેવો અને બીજી ઉપર સ્ત્રીપુત્રોદિને લેવાં, તે બેનું પરસ્પર સંઘટ્ટન અને પરસ્પર વિનાશ થાય નહીં માટે તે બેના મધ્યભાગમાં આપણો શરીર-પિણ્ડ રાખવો અને પછી એ વડે ઊડવું — એને હું પક્ષોત્પાત ગણું છું. એ પાંખો ઉપરના ભાર નીરસ હો; પરંતુ એ ભારનું વહન અને એ પક્ષોત્પાત — એ ઉભયમાં મારે મન રસ છે; પણ મને આપની પેઠે તે રસની કવિતા કરતાં આવડતી નથી. જો તે કવિતા મને આવડતી હોત તો સરસ્વતીચંદ્રને નાસી જવા દેત નહી.'

'હું કુટુંબમાં સર્વ જનને સ્વતંત્રતા આપું છું. મારો દેહ ન હોય તો મારા દબાણ વિના અને મારા પક્ષપાત વિના સર્વને જેવી રીતે પોતાના બળથી અને કળાથી પરસ્પર સ્વાર્થોના સંઘટ્ટન વચ્ચે રહેવું પડે તેવી રીતે આજથી રહેવાનો અભ્યાસ તેમને હું પાડું છું. એ અભ્યાસ હાલ ક્લેશકર છે, પણ અંતે સર્વ પરસ્પરનું રક્ષણ અને પોષણ કરવાનું શીખશે અને સર્વ સુખી થશે એવી હું આશા રાખું છું. હું એ સ્વાતંત્ર્યરસનો રસિક થઈ સર્વને એ રસ પીતાં શીખવું છું અને કુટુંબમાં એક જણનું સ્વાતંત્ર્ય નષ્ટ કરવામાં બીજું કોઈ ફાવે નહીં એટલું બળ વાપરું છું. આમ કરવામાં મારું ધન — સર્વસ્વ જશે તો હું તટસ્થ રહી હાસ્ય કરીશ, કારણ એ વ્યયથી દ્રવ્યવતી અવસ્થાને માટે અપાત્ર સિદ્ધ થયેલો કુટુંબવર્ગ ઉચિત દરિદ્રતાને પામશે અને દરિદ્રતાનું અમૃત સર્વનાં હૃદયમાં અમૃત ભરશે. એવી દરિદ્રતા મારાં સર્વ રત્નો ઉપર લાગેલા કચરા અને કર્કશતા કાઢી નાખી સર્વને સુવૃત અથા અકર્કશ અને સતેજ કરશે. કવિરાજ! મને આમાં પણ રસ પડશે. શુદ્ધ પ્રતિ અને નિર્મળ રસ તો અત્યંત નિષ્કિંચનતામાં અથવા તૃપ્તિસાધનની પ્રાપ્તિ પછીનાં મનોરાજ્યોમાં જ જડે છે; મધ્યાવસ્થામાં ન જડે. એ પ્રીતિ મારાથી થાય એમ નહીં હશે તો રસસિદ્ધિની સાધનાને અર્થે એ નિષ્કિંચનતામાં મને ઇષ્ટાપત્તિ છે. એ પ્રાપ્તિનો ત્યાગ કરવા ઊડી પડેલા સરસ્વતીચંદ્ર એ મનોરાજ્યમાંથી ભ્રષ્ટ થશે માટે એ પક્ષીરાજને પકડવા આથડું છું. એ મારી ઇષ્ટાપત્તિ અને એ પક્ષીરાજનું મનોરાજ્ય — એ ઉભય દેશકલ્યાણનાં સાધન છે અને તેમાં જ મારું, તમારું, તેમનું અને ઇતર સર્વનું કલ્યાણ છે.

ગરીબ બિચારાં કુમુદસુંદરી! સરસ્વતીચંદ્રના મનોરાજ્યનું રસતત્ત્વ પત્ર દ્વારા ચાખી એ પક્ષીરાજની પાંખ ઉપર બેસવાનો સમય સમીપ દેખી, યમજવનિકા જેવા અભેદ્ય અંધકારમાં લીન થઈ ગયાં! એમની વાર્તા તો અસાધ્ય થઈ!’

‘કવિરાજ! તમે કહો છો કે ઘરમાં કોઈની પ્રીતિ નિર્મળ નથી અને સ્વાર્થનો મેલ સર્વની પ્રીતિને નીરસ બનાવી મૂકે છે. સત્ય છે. પણ ઉદાત્ત ચિત્તનો રસ સ્વયંભૂ છે અને સામાની પ્રીતિની અપેક્ષા રાખતો નથી. નાનપણમાં માતાપિતાનો સ્નેહ બાળકના ભણીથી પ્રીતિની અપેક્ષા રાખતો નથી. આપણે સ્વદેશ ઉપર પ્રીતિ કરીએ છીએ ત્યારે દેશ આપણા ઉપર પ્રીતિ રાખે એવી ગણના કરતા નથી. એવી પ્રીતિ તો ગમે તો ઈશ્વરપ્રીત્યર્થ રાખીએ છીએ કે ગમે તો આપણા ચિત્તનો રસપ્રવાહ એ દિશામાં જાતે જાય છે. આપણા નિરક્ષર કુટુંબ ઉપર પણ આપણો પ્રીતિરસ એવો જ સ્વયંભૂ છે. એ રસ પ્રીતિપાત્ર વિષયની પ્રીતિના પ્રત્યાઘાતરૂપે સ્ફુરતો નથી, પણ જડમાં આત્મચેતન પેઠે સ્વપ્રકાશે સ્ફુરે છે.

આપણાં કુટુંબોમાં નિ:સ્વાર્થતાની - નૈષ્કામ્યની — આશા રાખવી તે જ ખોટી વાત છે. આત્માને લઈને સર્વ પ્રિય છે એવું શ્રુતિવચન છે તે સાક્ષરોને ઉદ્દેશે છે તા આપણા નિરક્ષર પામર કુટુંબીઓને ઉદ્દેશે એમાં શી નવાઈ? તેમના સ્વાર્થની શુક્તિઓમાં પ્રીતિનાં સ્વયંપ્રકાશ મુક્તાફળ ઢંકાયેલાં હોય છે તે શોધી, સ્વચ્છ કરી, ભોગવવાં એ ઉદાત્ત રસિક જનોનો રસમાર્ગ છે.

સંસારમાં સર્વ જનોનાં ચિત્ત નાની નાની સૃષ્ટિમાં અનેક તૃષ્ણાઓ અને અનેક લિપ્સાઓ રાખે છે. આપણાં ચિત્તમાં સરસ્વતી અથવા રસનો ઉદય થતાં એ સર્વ નાશ પામે છે અને તેને સ્થાને બીજી વિભૂતિ રચાય છે. દ્રવ્યવાનોએ દ્રવ્યનું અભિમાન ન ધરતાં દ્રવ્યહીન બંધુઓ ઉપર દયા આણવાની છે, તેમ સરસ્વતી આધિની વિભૂતિ ધરનારે નિરક્ષર જનોની ક્ષુદ્ર અને મલિન વાસનાઓ ઉપર દયા જ આણવાની છે. ધર્મશોધકો કહી ગયા છે કે *दया धरमको मूल है* તેમ તેમની જોડે આપ જેવા કવિઓ પણ ઉદ્‌ગાર કરશો કે દયા પ્રીતિનું મૂળ છે. આવા આર્દ્ર રસને ધરનાર મહાત્માઓ જ કહે છે કે

उपकारिषु यः साधुः साधुत्वे तस्य को गुणः।

अपकारिषु यः साधुः स साधुः सदभिरुच्यते॥

જેમ જેમ કુટુંબવર્ગ અથવા સ્ત્રીજનની પ્રીતિ વધારે સ્વાર્થ ભરેલી દેખું છું, તેમ તેમ મારા હ્રદયની પ્રીતિમાં વધારે ઉલ્લાસ આણવા પ્રયત્ન કરું છું. ઈશ્વરે તેમને કોઈક યોગથી મારા સંબંધમાં સૃજી મૂક્યાં. તેમ કરવાનો તેનો હેતુ તો અગમ્ય છે, પણ સહૃદય જનોની દૃષ્ટિ એવી હોવી જોઈએ કે દૃષ્ટિ જ્યાં પડે ત્યાં આત્મવત્ જુએ, અને નિકટ રહેલાં ઉપર પ્રથમ પડવું એ મારી દૃષ્ટિનો ધર્મ છે તો મારી હૃદયવૃત્તિને હું એવો રસધર્મ શીખવું છું કે

દૃષ્ટિ દ્વારા એ વૃત્તિ જ્યાં જુએ ત્યાં આત્મવત્ જુએ અને એ નિકટ દ્રષ્ટ સંબંધી જનને પણ આત્મતુલ્ય કરવા પ્રયત્ન કરે. આમ જ જ્યાં જ્યાં દૃષ્ટિ પડે ત્યાં ત્યાં રસધર્મ પ્રવર્તાવું છું અને *यत्र यत्र मनो याति तत्र तत्र समाधयः* એ વાક્યના અનુભવના અભ્યાસનો આરંભ કુટુંબમાં જ કરું છું. Charity begins at home .'

સરસ્વતીચંદ્રે પત્ર બગલમાં મૂક્યો અને ઊંચું જોઈ વિચારગ્રસ્ત થયો.

'કુમુદસુંદરી! આપણી પ્રીતિ શુદ્ધ હતી. દયામૂલક પ્રીતિ તે વત્સલતા. સમરસમૂલક પ્રીતિ તે મૈત્રી અને દાંપત્ય પણ મૈત્રીનો જ પ્રકાર છે. ચંદ્રકાંત! તારા ઘરના દાંપત્યનો દયામાં સમાસ કરી દેતો તને જોઉં છું ત્યાં મૈત્રીમૂલક દાંપત્યને વિષયે તારું હૃદય નિરાશ થતું જોઉં છું. ચંદ્રકાંત! તરંગશંકર! તમારા સંસારનાં ચિત્ર ઘેરેઘેર હોય તો દેશની અધોગતિ થતી સમજવી, અને તમારા ઉચ્ચગ્રાહ માત્ર એ અધોગતિમાંથી સકુટુંબ પોતાની જાતને ઉદ્ધારવાના પ્રયત્ન છે. આર્ય વિદ્વાનો આ ઉદ્ધારને માટે આ પીડા ભોગવે છે તે વધારે ફલદ કે લોક સામે સુધારાનાં યુદ્ધ થાય છે તે વધારે ફલદ? જ્યારે સુધારાનાં વાદિત્ર સમાજોમાં ગાજે છે અને થોડાંક પરાક્રમાધિક મનુષ્યોને આશ્રય આપી સુધારાની સિદ્ધિ તેટલાને જ થતાં તેને વિજયમાળા પહેરાવી અને સમાજશાખાઓ સ્થાપી શાંત થાય છે, ત્યારે આ કુટુંબોદ્ધારક વિદ્વાનો વગર વાદિત્રે પોતાનાં આખાં કુટુંબને માત્ર આત્મબળે ઊંચકવાના અપ્રસિદ્ધ પણ વિકટ પ્રયત્નનો ક્લેશ પામે છે. ખરી વાત છે કે હજી સુધી ગંગાભાભી સમાજમાં જવા યોગ્ય નથી થયાં અને સુધારાના અગ્રેસર ઉદ્ધતલાલનાં શ્રીમતી પેઠે પુસ્તક પણ રચતાં નથી અથવા અંગ્રેજી ઉદ્ગાર કરી શકતાં નથી. પણ જ્યારે ઉદ્ધતલાલ માત્ર શ્રીમતીનો અને તેમની પુત્રીઓનો જ ઉદ્ધાર કરી શકે છે અને તેમને સો ફૂટ ઉન્નતિ આપે છે ત્યારે તરંગશંકર અને ચંદ્રકાંતનાં આખા કુટુંબ ને કુટુંબ દશ દશ ફૂટ ચડે છે અને તેમનું અનુકરણ કરી આસપાસની વસ્તીમાં કેટલું થતું હશે? આ બેમાં ગમે તે ફળ વધારે હો પણ ચંદ્રકાંતનો શ્રમ પરોપકારી છે અને જેવો એ પરોપકાર ગુપ્ત છે તેવો જ એ સ્વાર્થ પરિત્યાગનો ભરેલો છે. શ્રીમતીની વિદ્યાના ઉપભોગમાં ઉદ્ધતલાલનો પોતાનો જ સ્વાર્થ સરે છે ત્યાં ચંદ્રકાંત અને તરંગશંકરનાં હૃદય દાંપત્યમૈત્રીની પ્રાપ્તિમાં નિરાશ છે. અશિક્ષિત સ્ત્રીપુરુષોને આ મૈત્રી સ્વત: મળે છે. બુદ્ધિધન અને સૌભાગ્યદેવીને અશિક્ષિત મૈત્રી જ છે; પણ શિક્ષિત પુરુષોને અશિક્ષિત સ્ત્રીઓ સાથે મૈત્રી અસંભાવ્ય છે. ત્યાં તો માત્ર ચંદ્રકાંતના જેવી વત્સલતા જ છે. આખા કુટુંબને લાભ આપવા માટે ચંદ્રકાંતે ગંગાને આપવામાં ન્યૂનતા રાખી છે અને પોતે દાંપત્યમૈત્રીથી હીન રહ્યો છે.

एते सत्पुरुषा; परार्थघटकाः स्वार्थं परित्यज्य ये॥

'ચંદ્રકાંત! આ સ્વાર્થપરિત્યાગ તેં કર્યો છે! આ સત્પુરુષત્વ તારું છે! પણ શું એ ઉત્તમ વસ્તુના ત્યાગ વિના એવી જ રીતે કુટુંબને ફલ આપવાનો

માર્ગ નથી? શું ગૃહિણીને દળી નાંખ્યાં સિવાય કુટુંબસુખ પોષવાનો માર્ગ નથી? કુમુદસુંદરી! ક્ષમા કરજો! તમારા સુખનો ત્યાગ કર્યાથી એવા સુખ વગરની અવસ્થા કેવી રીતે કેટલા વિદ્વાનો વેઠે છે તે આજ જોયું અને મારી દશાથી તેમની દશા હું સમજી શકીશ. પ્રિય પિતા! પ્રિય કુમુદ! બુદ્ધે કરેલો ત્યાગ જો અધર્મથી ભરેલો ન હોય તો મેં કરેલો ત્યાગ તો કંઈ લેખામાં નથી.

'પ્રિય ચંદ્રકાંત! કુટુંબવત્સલતાને લીધે જ જે સ્નેહસૃષ્ટિનું સ્વપ્ન તું તારાં મંદિરમાં રચી શકતો નથી, જગત વત્સલતાને લીધે જે સ્નેહસૃષ્ટિનો ત્યાગ બુદ્ધે કર્યો, એ જ સૃષ્ટિને પાસે આવતી દેખી હું ત્યાંથી પલાયિત થઈ ગયો તેમાં મેં તમે ખોયેલી પ્રાપ્તિનો અંશ પણ ખોયો નથી? જે કુટુંબક્લેશ વેઠવાની શક્તિ તમ નિર્ધન મિત્રોમાં આવી રીતે દેખાય છે તે ક્લેશના માત્ર સ્વપ્નથી હું કંપ્યો છું અને...પ્રિય કુમુદ! — એ કંપનાર પુરુષ તારી પ્રીતિને પાત્ર ન હતો. પણ તારો મેં વિશ્વાસઘાત કર્યો, તું મારે લીધે અનેકધા કષ્ટ પામી, એ સર્વનું પ્રાયશ્ચિત્ત કેવી રીતે કરવું તે અત્યારે મને સૂઝવા લાગ્યું છે.

'એક દિવસ એવો હતો કે જ્યારે મને સૃષ્ટિમાત્ર કુમુદના સુખસ્વપ્નમય ભાસતી હતી. એક દિવસ એવો આવ્યો કે જ્યારે એ સૃષ્ટિ કુમુદના દુ:સ્વપ્નથી ભરેલી લાગી અને મેં ગાયું કે:

ઉરે ઓ એકલી તું તું!

'હવે હું એ માયાનું સ્વપ્ન નષ્ટ કરી ભગવાન બુદ્ધની પેઠે પ્રાયશ્ચિત્ત કરીશ. કુમુદસુંદરી! બુદ્ધે જગતના કલ્યાણને અર્થે સ્વપ્રિયાનો ક્રૂર ત્યાગ કર્યો હતો તેની કવિતા મેં તમારા ઉપર મોકલી હતી. એ જ કવિતાનો ઉપદેશ હું આજ જાતે લઉં છું અને એ જ મહાપુરુષની પેઠે હું તમારી ક્ષમા માગવા આવીશ એવો દિવસ આવશે!'

આમ કહી એ ચારે પાસની શિલાઓનાં શિખર જોતોજોતો ફરવા લાગ્યો અને મધ્યરાત્રે સૂતેલી પ્રિયાનો ત્યાગ કરવા નીકળી પડતા બુદ્ધની વાણી ફરતો ફરતો સરસ્વતીચંદ્ર ગાવા લાગ્યો. *

'મુજ પ્રજા મને છે પ્રિય, પ્રિય છે પિતા, પ્રિય પ્રિયા
છે ;
મુજ હૃદય ધડકતું પ્રેમ તેમના ગ્રહી, પ્રીતિ રમ્યા છે.
આ રાત્રિ ગાજતી આજ,
મુજ મહેલતણી ચોપાસ
આ અંધકાર વીંટાય,
તે અંધકારની મધ્ય

સૂઈ રહ્યું પુત્ર-ગૃહરત્ન,

એ પ્રજા તાત, ને પ્રિયા, પુત્ર પ્રીતિરત્ન સર્વ મારાં છે,

મુજ હૃદય વેગબળ ફરી ધડકતું, છૂટે નહીં છોડ્યાં એ. - મુજ૦

મુજ હૃદય વિષે એ જડ્યાં; દ્વાર ભણી જવા ચરણ ઊપડે જ્યાં

મુજ હૃદયસૂત્ર ખેંચાય પાછું પ્રીતિબળે: જડાયાં એ ત્યાં! - મુજ૦

જઉં પલંગ ત્યજી

ગૃહ દ્વારે,

ત્યાં હૃદય પાછું ખેંચાયે;

જઉં પલંગ ભણી હું

પાછો,

સૂતી પ્રિયાની જોઉં

આંખો.

પોપચાં શિથિલ પથરાયાં.

વિશ્વાસે નેત્ર મીંચાયાં,

સૂતી દીન મક્ષિકા જેવી

પડી રહી પાંપણો કેવી?

એ મૂર્તિ પ્રીતિવિશ્વાસ તણી સૂતી મૂકી જતાં ન જવાયે;

નહીં હૃદય ધડકતું મટે, ચરણ જડ થયા કહ્યું ના માને! - મુજ૦

હું વર્તું હવે શી રીતે?

પ્રીતિ નહીં હારે, નહીં જીતે!

‘ઓ તાત! પ્રિયા! ઓ પુત્ર!

ઓ માત! પ્રજા! સુખસૂત્ર!

કરું વધુ વધુ સૂક્ષ્મ વિચાર,

ત્યમ ત્યમ આ હૃદય ચિરાય.

સૌ પ્રાણી દુ:ખમય ભાસે,
જનતા પીડાતી જગ આખે;
તે સૌની પીડા દૂર કરવા,
કલ્યાણ જગતમાં ભરવા,
થઈ પ્રબુદ્ધ, ગૌતમ આજે,
થઈ તપસ્વી તપ ગુરુ માંડે!
જગના સૌ આધિ વ્યાધિ
કરવા નવી બુદ્ધિ સાધી.
એ તપમાં બુદ્ધિ તપાશે,
નવી યજ્ઞવેદિ મંડાશે.
પશુમાત્ર હવે ઊગરશે,
મુજ પ્રીતિ એ હોમે પડશે!
મુજ પ્રીતિ એકલી હોમાશે!
બીજું જગત જીવી સુખી થાશે.
ઓ તાત! પ્રિયા! ઓ પુત્ર
ઓ માત! પ્રજા! સુખસૂત્ર!
મુજ હૃદયપ્રીતિનાં અંગ તમે સૌ! અંગ સર્વ છો મારાં!
જન-પશુ-જગના કલ્યાણયજ્ઞ પર હોમું અંગ સો મારાં! મુજ૦
હવે શાક્યસિંહ ગર્જે છે,
પ્રીતિગુફા છોડી, નીકળે છે!
જગ નવું આશ્વાસન લે છે,
દુષ્ટોનાં ઉર કંપે છે,
હવે દયાધર્મ પ્રગટે છે,
દીન જગત સુખે જંપે છે.
એ નવો મુજ અવતાર! પ્રિયા! તે જોઈ દયા દિલ ધરજે!
એ દયાધર્મ સ્થાપવા પરિવ્રાજિકા થઈ ઘર ત્યજજે! મુજ૦

‘ઓ હતી પ્રિયા જે કાલ!

તુજ દ્વાર આવશે કાલ,

લઈ ભિક્ષુ-કમંડળ હાથ,

ગૌતમ; તે નીકળે આજ

જગદુદ્ધારણને કાજ!

ઓ પ્રિયા! ભૂલી મુજ દોષ,

ત્યજી પ્રીતિમાયાત્રિદોષ,

ધરી હૃદય સત્ય નિર્વાણ,

કરી ઉદારદૃષ્ટિ તે કાળ,

દેજે તું ક્ષમાની ભિક્ષા!

લેજે તું બુદ્ધની દીક્ષા!

એ મહાધર્મને કાજ, ત્યજી પ્રીતિસાજ, સુકવી મુજ આંસુ,

લોહીશ હું જગતનાં આંસુ, પ્રિયા! થઈ બુદ્ધ તું પણ ત્યજ આંસુ! મુજ’૦

આટલું ગાઈ રહ્યો ત્યાં આસપાસની પથ્થરની ભીંતોમાંથી એક પાસથી કુમુદસુંદરીની છાયા ચાલી આવી બીજી પાસની ભીંતમાં દૃશ્ય થઈ ગઈ. એ ભીંતોના શિખર ઉપર ઊગેલા એક મહાન વૃક્ષની શાખા લટકતી લટકતી ભીંતના મધ્યભાગ આગળ હીંચકા ખાતી હતી તે શાખાના છેડા આગળનાં પાંદડાંમાં સરસ્વતીચંદ્રે પોતાની માતા ચંદ્રલક્ષ્મીની આકૃતિ જોઈ અને પિતાને ઘેર જોયેલી છબીના સાદૃશ્ય ઉપરથી નાનપણમાં ખોયેલી જનનીની છાયા ઓળખતાં પુત્રની આંખમાં આશ્ચર્ય અને અશ્રુ ઊભરાયાં. મૃત માતાનાં દર્શન થતાં પુત્ર સ્તબ્ધ થયો અને હાથ જોડી છાતી આગળ ધરી રાખ્યા અને શું બોલવું, શું પૂછવું ઇત્યાદિ વિચાર કરે છે ત્યાં શાખા ઉપર બેઠેલી માતૃછાયાના ઓઠ કૂંપળો પેઠે ઊઘડવા લાગ્યા અને પાસેની કૂંપળોમાં બેઠેલી કોકિલાના જેવા રાગથી ઉત્સુક, શાંત અને કોમળ ઉદ્‌ગાર કરવા લાગ્યા. કોમળ હૃદયની માતા પોતાને મનાવતી હોય અને પોતે નાનો બાળક હોય એવો સંસાર આ ક્ષણે આ મનસ્વી પુરુષના હૃદય પાસે ખડો થયો.

** ‘પુત્ર મુજ! જા તું ઘેર! જાની એકવાર!*

ગમે તેવો છે તો યે તુજ તાત મુજ પ્રાણ!   પુત્ર૦

ઊભી ઊભી હું સ્વર્ગમાંથી જોઉં આંસુધાર

વહેતી વહેતી અટકતી ન તુજ પિતાને ગાલ! પુત્ર૦

ભેખ ભગવો લઈ ન જઈશ, જોઈ એને, એ

રોઈ મરશે હૈયાફાટ, દેહ ત્યજશે એ! પુત્ર૦

બાળવયનો મૂકીને તને દેહ ત્યજ્યો મેં,

ત્યાંથી જીવ્યો આશ તુંમાં ધરીને તાત એ! પુત્ર૦

સ્નેહ મારે કાજ ધર્યો ને હજી ધરે,

કોમળ હૈયું ધરતો તારો તાત એ તો એ! પુત્ર૦

પુત્ર મારા! થાની ડાહ્યો ઘેર જા હવે!

જોઈ પરલોકમાંથી રોઉં; તાત તુજ રુવે. પુત્ર૦

નથી ગુમાન, નથી ધુતાર, કોઈ ન, એનું ત્યાં!

એકલો એ રોઈ મરે! જાની પુત્ર, ત્યાં! પુત્ર૦

મેં કર્યા ઘણાક એના દોષ, એ તો એ

ભૂલી ગયો તાત તારો, રાખી ક્ષમાને. પુત્ર૦

જેવી ક્ષમા મુજને દે તું, તેવી ક્ષમા દે

વૃદ્ધ તારા તાતને તું! રોઈ એ મરે! પુત્ર૦

પુત્ર! તું રીસા ન! ઘેર જાની! ઘેર જા!

વૃદ્ધ વિકળ તાતને તું હૈયા સાથે સ્હા! પુત્ર૦

પુત્ર! માનું કહ્યું તું કરની! ઘેર જાની! જા!

વૃદ્ધ વિકલ તાતને તું હૈયા સાથે સ્હા! પુત્ર૦

હઠ, હઠીલા, છોડની તું! ઘેર જાની! જા!

રોતો વિકલ વૃદ્ધ તાત! હૈયા સાથે સ્હા! પુત્ર૦

છેલ્લી બે કડી ગાતી ગાતી માતૃચ્છાયા દૃશ્ય થઈ — બે હાથ વચ્ચે આખું મુખારવિંદ સંતાડી દઈ સરસ્વતીચંદ્ર પુષ્કળ રોયો. અંતે શાંત પડી, આંસુ બંધ કરી, મુખ ઉપરથી હાથ ઉપાડવા લાગ્યો અને ઉપાડતાં ઉપાડતાં બુદ્ધ કાવ્યમાંથી ગાયેલી કડી ફરી ગાવા લાગ્યો:

‘ઓ તાત! પ્રિયા! ઓ પુત્ર

ઓ માત! પ્રજા! સુખસૂત્ર!

મુજ હૃદયપ્રીતિનાં અંગ તમે સૌ! અંગ સર્વ છો મારાં!

જન - પશુ - જગના કલ્યાણયજ્ઞ પર હોમું અંગ સૌ મારાં.'

શાંત પડી થોડી વારે શિલા પર બેસી પોટકામાંથી વળી એક પત્ર કાઢી વાંચવા લાગ્યો. એ પત્ર ગુર્જરવાર્તિકના તંત્રી ઉદ્ધતલાલનો લખેલો હતો.

'પ્રિય ચંદ્રકાંત,

તમારો પત્ર પહોંચ્યો. સરસ્વતીચંદ્રે પોતાના દ્રવ્યથી, પોતાની વિદ્યાથી, પોતાના ઉત્સાહથી, અને પોતાના શ્રમથી આપણી નગરીના સર્વ સાક્ષરમંડળને અને સર્વ દેશવત્સલોને ઉપકારવશ કરી દીધેલા હતા એટલું કહી બેસી રહીએ તો તેના મૂલ્યના વર્ણનમાં ન્યૂનતા આવી જાય છે. ઉપકાર કરવો એ તો ગમે તે સત્પુરુષ કરી શકે છે. પણ આપણો મિત્ર તો આપણાં સર્વ કાર્યોમાં પરોવાઈ ગયો હતો — ગુરુત્વાકર્ષણ સર્વ પરમાણુઓમાં પરોવાઈ જાય તેમ. દેશમાં વિદ્વાનો જોઈએ છે, દેશવત્સલ પુરુષો જોઈએ છે, શ્રીમાન પુરુષો જોઈએ છે, વિચારકો જોઈએ છે, ઉત્સાહકો જોઈએ છે, કાર્યગ્રાહી પુરુષો જોઈએ છે, સુધારકો જોઈએ છે, લોકવર્ગના પ્રીતિપાત્ર જનો જોઈએ છે, અંગ્રેજોના પ્રીતિપાત્ર જનો જોઈએ છે, ઉદરચિંતાથી મુક્ત અને અવકાશવાળા જોઈએ છે, અને બીજું ઘણું ઘણું જોઈએ છે. એટલું જ બસ નથી. કારણ શ્રીમાન હોય ને પરોપકારી પણ હોય નહીં અને વિદ્વાન પણ હોય નહીં તે શા કામનો? વિદ્વાન હોય ને ઘરમાં તુંબીપાત્ર વસાવવા રાત્રિદિવસ તેને મથવું પડતું હોય તે શા કામનો? દુ:ખી નર્મદ કહી ગયો છે કે

પછી શું કરવું કાલ,

કુટુંબના એવા જ્યાં હાલ,

અફાળ બુદ્ધિનેત્ર વિશાળ!

દલપતરામ પણ ગાઈ ગયા છે કે

ભાઈઓ જેની ભારજા ભૂંડી રે

તેને શિર આપદ ઊંડી રે.

નવલરામે ગાયું છે કે

ભાઈ તો ભૂગોળ ને ખગોળમાં ગમે છે,

પેલીનું તો ચિત્ત ચૂલા માંહ્ય!

દેશી! કહોની કેવું આ કજોડું તે કહેવાય?'

માટે આપણે તો સર્વ ક્ષુદ્ર ચિંતાઓથી મુક્ત અને સર્વ દેશકાર્યોની ઉદ્‌ભાવક વૃત્તિઓથી અને શક્તિઓથી સમૃદ્ધ સમર્થ શ્રીમાન વિદ્વાનો જોઈએ છે, અને એ આશાને કેટલેક અંશે સિદ્ધ કરે એવું દૈવત લક્ષ્મીનંદનના ઘરમાં સિદ્ધ થવા આવતાં હાથમાંથી જતું રહ્યું! અહા! કુમુદુસંદરી જેવા રત્નનો તેને યોગ થવા આવેલો તે સ્વપ્નવત્ થઈ ગયો! એવી રસિક સાક્ષર લલના સાથે એ પુરુષનો યોગ થયો હોત તા આપણા લોક ઉપર કેવાં કેવાં અમૃતની વૃષ્ટિ થાત! પણ આ તમારો કુટુંબક્લેશી ગૃહસંસાર — જેને તમે મિથ્યાભિમાનથી આર્યસંસારનું નામ આપો છો તેનું સત્યાનાશ જજો! તમારી એ જ દુષ્ટ અવ્યવસ્થ અને મૂર્ખતાના ભંડાર જેવી ગૃહવ્યવસ્થાએ આપણા હાથમાં આવેલું રત્ન સમુદ્રમાં નાખી દીધું છે અને હવે ચંદ્રકાંતભાઈ તેને શોધવા ડૂબકાં માર્યા કરે છે! સરસ્વતીચંદ્ર હાથમાં આવશે તે ઓછો લાભ નથી. પણ તેને હવે કુમુદસુંદરીનો યોગ અશક્ય છે અને સ્ત્રીજાતિની ઉન્નતિનું એક નાવ ભાંગી ડૂબી ગયું.

I hope at least now you will admit that our joint family system is the worst plague that destroys our countrymen all throughout the land and eats up all that is fair and fruitful in the world of our hopes .

સંસારસુધારાનો વિષય લો! શું તમારે બાળલગ્ન અટકાવવાં છે? જ્યાં સુધી જૂની બુદ્ધિનાં અને નિરક્ષર મનુષ્યો તમારા ઘરમાં વસે છે અને તમારાં બાળકો ઉપરનો તમારો અધિકાર ભગ્ન કરી નાખે છે ત્યાં સુધી આમાંનું કંઈ બનવાનું નથી. શું તમારે વિધવાઓને સધવા કરવી છે? જ્યાં સુધી તમે આવાં આવાં મનુષ્યોને તમારી કમાઈના રોટલા ખવરાવી તેમના બળની વૃદ્ધિ કરો છો ત્યાં સુધી આમાંનું કાંઈ થનાર નથી અને તમારું પોતાનું બળ બિચારી વિધવાના બળ કરતાં વધનાર નથી. શું તમારે તમારી પુત્રીઓને સાક્ષર કરવી છે? શું તમારે તમારી સ્ત્રીને રસોડાના ધુમાડામાંથી અને વાસણ સાજવાની રાખમાંથી ઉગારી સરસ્વતીની સુંદર સૃષ્ટિમાં લેવી છે અથવા જીવનમાં જે સાધારણ સુઘડ સુખ અને સુવાસ તમે એકલપેટા થઈ ભોગવો છો તેમાંના કંઈક ભાગનો ભોગ તમારી પ્રિય પત્નીને, તમારી પુત્રીઓને અને તમારા પુત્રોની સ્ત્રીને દેખાડવો છે? અથવા શું તમારે તમારી પોતાની કમાઈ અને શક્તિ સ્વતંત્રતાને તમારા ઇષ્ટ સન્માર્ગે વાપરવી છે અને તેમ કરી તમારી અંગ્રેજી વિદ્યાને સાર્થક કરવી છે? હું તમને કહું છું કે જ્યાં સુધી તમે કુટુંબના ભેગા વસી તેમની મૂર્ખ ઇચ્છાઓ પ્રમાણે અને દુષ્ટ વાસનાઓથી તમારા સમર્થ હાથપગને બેડીમાં નખાવા દેશો ત્યાં સુધી આ સર્વ સત્કાર્યોમાંથી એક પણ કાર્ય તમે કરી શકવાના નથી!

ત્યારે અસંખ્ય મધમાખો મધપૂડામાં રહે છે તેમ આપણા લોકમાં, ત્રીજી પેઢીના વડીલનાં બધાં બાળકો અને તેમણે પારકે ઘેરથી આણેલી કન્યાઓ,

સૌએ એકઠાં રહેવાનો ચાલ શાથી પડ્યો અને તેમાં શો લાભ છે? પારકા ઘરની કન્યાઓ અને પોતાની ઘરની દીકરીઓને એક પ્રીત શી રીતે થવાની? પ્રાચીન કાળથી જ શબ્દ બંધાયો છે કે *न नन्दत इति ननान्दा* — ભાભીને જોઈને આનંદ ન પામે તે નણંદ! હજારો વર્ષ પહેલાં બંધાયેલી આ શબ્દાર્થ રચના જણાવે છે કે નણંદ અને ભોજાઈને બારમો ચંદ્ર એ આપણા દેશનો પરાપૂર્વનો અનુભવ છે. જો એમ છે તો પોતાના ઘરની ‘નણંદ’ અને પારકા ઘરની ‘ભોજાઈ ’ વચ્ચે પક્ષપાત કરવાના પ્રસંગ આવતાં નણંદની મા અને ભોજાઈની સાસુનું ચિત્ત કોના પર હસે અને કોના પર રૂઠે એ તરત સમજાય એવી વાત છે. આવે કાળે સૂડી વચ્ચેના સોપારી જેવા નણંદના ભાઈ અને ભાભીના વરની અવસ્થા તમે સમજો છો. તમે કહેશો કે આપણે ભણ્યા તેથી માબાપને ખોટાં ગણી વહુઓને મડમ કરીએ છીએ ને માબાપને ગણકારતા નથી. પણ માબાપને છોકરાઓ પરણાવતાં ઓરિયો વીતે છે પણ પછી વર વહુના સામું જુએ એટલે વરની માની આંખો કાતરિયાં ખાય ને વરની બહેનની જીભ સાપણ પેઠે વિષોદ્‌ગાર કરે એ તો તમારો જૂના કાળનો આચાર છે.

श्वश्रूः पश्यति नैव पश्यति यदि भ्रूभङ्गवक्रेक्षणा

मर्मच्छेदपटु प्रतिक्षणमसौ ब्रूते ननान्दा वचः।

अन्यासामपि किं ब्रवीमि चरितं स्मृत्वा मनो वेपते

कान्तः स्निग्धदृशा विलोकयति मामेतावदागः सखि॥

Take it, this is a New Year’s Day present of a toy that was made by your artist before English education was born in the land ! એક પાસથી આખા ઘરનો ભાર અને બીજી પાસ બાળલગ્ન અને કૃત્રિમ પ્રેમાભાસનાં ફૂંક મારતાં ઊડી જાય એવાં હલકાં ફૂલકાં એ બે વચ્ચે ઊભેલો નર ઘરના ભારનો ત્રાસ ઓછો કરવા ફૂલકાંને ફૂંકી મારે એમાં તમને શી નવાઈ લાગે છે? ખરી વાત છે કે સ્વતંત્ર અને બળવાન પુરુષો આ ભારને હલકો કરે છે અને ઊડી જતાં ફૂલકાંને ટકાવી રાખે છે, પણ એવા પ્રસંગ આવે ત્યારે લોક એને નિન્દે છે અને સ્ત્રીવશ અથવા બાયલો અને પાપી ગણે છે. સ્વાભાવિક સ્વકુટુંબભાર અને લોકાપવાદના ધક્કા આમ એક જ પાસ વાગે છે અને તેને ન ગણનાર પુરુષો જવલ્લે જ નીકળે છે. આવા પુરુષોને ઘેર વહુરો સાસુ ઉપર જુલમ કરે છે એમ કહેશો તો હું તેની ના નથી કહેતો. તમારાથી એક પગલું વધારે ભરી હું તો એવું પણ કહું છું કે જે ઘરમાં એક વાર છોકરાઓ માવડિયા હોય છે તે જ છોકરાઓ આઘાત-પ્રત્યાઘાતના નિયમથી અથવા પોતાની સ્ત્રી અને સંતતિ ભણીના સ્વાર્થમાં વધારે સુખશાંતિના આસ્વાદનના આવિર્ભાવથી ઉત્તરાવસ્થામાં સ્ત્રીવશ

થાય છે અને જે વહુરોની જુવાની દુષ્ટ સાસુઓ પોતાની જુવાનીને કાળે બગાડે છે તે વહુરો સત્તાવાળી થતાં સાસુઓનું ઘડપણ નિચોવી નિચોવીને બગાડે છે! લોક ભલે આમાં જુલમ અને પાપ લેખે પણ હું તો આ ચિત્રમાં અન્યાયનો બદલો અન્યાય-ઈશ્વરનો જ નિર્મેલો—જોઉ છું! આ સંઘટ્ટન નનાન્દા શબ્દના જન્મકાળથી ચાલતું આવેલું છે! શું આપણે એ અવસ્થા ચાલુ રાખવાને બંધાયેલા છીએ? કોઈ પણ રીતે હું આ બંધન જોતો નથી. પુરુષ, સ્ત્રી અને અવિવાહિત બાળકો... એટલાં મળીને એક કુટુંબ ગણવું એ પ્રકૃત છે. એવાં અનેક કુટુંબોના શંભુમેળાને એક ગણી એ મૂર્ખાઈ અને દુષ્ટતાના ખીચડાને એક ઘરમાં ભરી ખદબદવા દેવો અને એ સમાજને એક કુટુંબનું નામ આપી તેના ઉપર કુટુંબવત્સલ થવાનો ફાંકો રાખવો એ ચંદ્રકાંતને ગમતું હશે પણ મને તો તેમાં પ્રકૃત શુદ્ધાચાર નહીં પણ કેવળ વિકૃતિવાળો ભ્રષ્ટાચાર જ લાગે છે અને પરાપૂર્વથી ચાલતો આવેલો છે માટે એ ભ્રષ્ટાચાર જાળવવો એવું તો તમે પણ નહીં કહો.

આ શંભુમેળામાં કુટુંબને એકઠાં રાખવાનો આચાર આપણા પૂર્વજોની જંગલી અવસ્થાનું ચિહ્ન છે તે આપણે સાચવી રાખેલું છે. પ્રાચીન કાયદાઓનો તત્ત્વશોધક સર હેનરી મેન તમે વાંચ્યો છે. તેણે બહુ શોધન કરી દર્શાવ્યું છે કે જૂના કાળમાં લોકસ્થિતિ સામાજિક — tribal હતી. અને સર્વ પાશ્ચાત્ય દેશોમાં સુધારો થતાં એ સ્થિતિ સામાજિક મટી દૈશિક — territorial - થઈ છે. પ્રજાઓ પૂર્વે સામાજિક સાંકળોથી સંધાતી હતી; સુધારાના યુગમાં દૈશિક સાંકળીથી સંધાય છે. પૂર્વે અમુક લોકના દેશ કહેવાતા; હાલ અમુક દેશના લોક કહેવાય છે. પૂર્વે આર્યો, દેવો, મ્લેચ્છો, યવનો, રાક્ષસો, સેમીટીક લોક, ટ્યૂટનો, કેલ્ટ લોક; ફ્રાંસ લોક આદિ લોકવર્ગથી પૃથ્વીનો વિસ્તાર સમજાતો; હાલ હિંદુસ્થાન, ઇંગ્લંડ, ફ્રાંસ, ચીન આદિ ભૂમિ-વિભાગોથી પૃથ્વીનો વિસ્તાર સમજાય છે. સંક્ષેપમાં આદિકાળ એટલે જંગલી અવસ્થાને સમયે પ્રજાઓ સ્વજાત્યભિમાન અથવા સ્વલોકાભિમાન ધરતી ત્યારે

સુધારાના યુગમાં સ્વદેશાભિમાન ધરાય છે. આપણી નાતો અને આપણાં શંભુમેળા થયેલાં કુટુંબો એ માત્ર આ દેશના સ્વજાત્યભિમાનના જંગલી કાળનો અવશેષ બાકી રહેલો છે અને હવે તેને નષ્ટ કરશે તે સુખી થશે, ને તેને વળગી રહેશે તે જાતે નષ્ટ થશે અને તેમનો નાશ થયો એટલે તેમના આ યુગનો પણ નાશ જ થયો સમજવો. સર હેનરી મેનનું સૂત્ર આપણી ભાષામાં લઈએ તો આદિકાળમાં પ્રજા-માળા સામાજિક હતી અને એ માળાના મણકા કુટુંબો હતાં ત્યારે સુધારાના યુગમાં એ માળા દૈશિક થઈ છે અને તેના મણકા વ્યક્તિઓ છે. કુટુંબ એ માત્ર એક નાની જાતિ છે, નાત એ જશ મોટી જાતિ છે અને લોકવર્ગ એ પૂરેપૂરી મોટી જાતિ છે. જાત્યભિમાન અને કુટુંબાભિમાન આદિકાળનો અવશેષ છે; દેશાભિમાન સુધારાના યુગનો ફુવારો છે.

આદિ કાળના લોક જંગમ — nomadic - રહેતા. તેઓ કાળે કાળે દેશ બદલતા અને અમુક તેમનો દેશ હતો એમ કહેવાતું નહીં. આખી જાતિ ને જાતિ આર્યોને નામે ઓળખાઈ. તેની અનેક શાખાઓ સમુદ્રના તરંગ પેઠે એક પછી એક યુરોપમાં ગઈ, અને એશિયાના દક્ષિણ ભાગમાં આવી. યુરોપ, ઈરાન અને હિંદુસ્થાન આમ વસ્યાં છે. આપણા ક્ષત્રિયો, આપણા બ્રાહ્મણો, આપણા વૈશ્યો, આમ જાતિબંધ થઈ આ દેશમાં વસ્યા. બ્રાહ્મણોએ જાતિઓ અને તેની શાખાઓ જાળવી એટલું જ નહીં, પણ ગોત્ર અને શાખાઓ જાળવી. કુટુંબોમાંથી એ જાતિઓ થઈ. આપણામાં એ સામાજિક સાંકળો હતી પણ લોકોને દેશેદેશે સ્થાયી થવું પડ્યું તેમ એ સાંકળો તૂટી અને દેશવાસ, નગરવાસ આદિ સંબંધોથી એક બ્રાહ્મણ જાતિમાંથી અનેક બ્રાહ્મણો થયા અને એક વૈશ્ય જાતિમાંથી અનેક જાતિનું મહાજન થયું. આ હાલની આપણી નાતજાતો — એ નથી સામાજિક સાંકળો, નથી દૈશિક સાંકળો, પણ બેનું મિશ્રણ છે, ત્યારે આપણાં કુટુંબજાળ કેવળ સામાજિક માળાના મણકારૂપે રહ્યાં છે. તમારે આ મણકા જાળવી રાખવા છે અને મારે તે તોડી નાખવા છે.

તમે કહો છો કે એક કુટુંબમાં અવયવીભૂત મનુષ્ય પરસ્પર ઉપકાર કરવા મથે એ ઉચ્ચગ્રાહ નમાવવો યોગ્ય નથી.

પ્રથમ તો એ તમારો પરોપકાર સંપ્રદાય — altruism - ધુમાડાના બાચકા જેવો છે. એ સંપ્રદાય માત્ર નામનો છે. જેમ *નનાન્દા* શબ્દને જન્મકાળે આ સંપ્રદાયનો આચાર સસલાંનાં શીંગડાં જેવો હતો તેવો જ આજ છે. એ ઉચ્ચગ્રાહ — Utopia - છે. તમારા કે કોઈના ઘરમાં હું તે દેખતો નથી. માત્ર તમારા જેવા કોઈકના મનોરાજ્યમાં તે હશે.

બીજું એ ઉચ્ચગ્રાહ અશાસ્ત્રીય છે. અર્થશાસ્ત્રથી એ વિરુદ્ધ છે. દ્રવ્યની ઉત્પત્તિ અને વૃદ્ધિ ગુરુતમ થવાનું શાસ્ત્રીય સાધન એ છે કે દરેક મનુષ્યમાં પોતાનો શ્રમ અને પોતાની બુદ્ધિ એ ઉભયને અત્યંત કસવાની બુદ્ધિ અને શક્તિ રહેવી અને વધવી જોઈએ અને શ્રમ લેનાર અને બુદ્ધિ વાપરનાર મનુષ્યને પોતાના પ્રયત્નનું સંપૂર્ણ ફળ જ્યાં સુધી મળતું નથી ત્યાં સુધી આ વૃત્તિ અને શક્તિ વિકાસ પામતી નથી. એક જણ પરસેવાનાં ટીપાં ઉતારતો કમાય અને તેનો ફલપ્રવાહ બીજાં મનુષ્યો ઉપર ઢોળાય એ આપણાં સામાજિક કુટુંબનો ન્યાય છે અને શ્રમજીવન અને બુદ્ધિજીવનથી થતા દ્રવ્યવિકાસને જે શક્તિ અને વૃત્તિનો વિકાસ કેવળ કારણરૂપે આવશ્યક છે તે કારણનો આ તમારો કુટુંબન્યાય જડમૂળથી પ્રધ્વંસ કરે છે માઈ ડિયર ચંદ્રકાંત! તમારા કુટુંબના ન્યાયથી તમારું ચિત્ત વ્યગ્ર થઈ ગયું છે. તમારું શરીર જર્જરિત થયું નથી પણ થશે, અને એ કુટુંબ તમારા આધિરૂપે, વ્યાધિરૂપે અને ઉપાધિરૂપે તમને ચારે પાસથી ચટકા ભરે છે તેની વેદના સામે તમારા જ્ઞાનતંતુને જડ કરવા જ્ઞાનમાર્ગ અને 'ફિલસૂફી'ની ભાંગ તમે પીઓ છો તે વ્યર્થ છે એ નક્કી જાણજો. તમારો દંભ કદાચિત્ થોડા

દિવસ ટકશે તો અંતે તે તમને દગો દેશે. અને તમારું પરિણામ ગમે તે થાઓ પણ તમારા અસંખ્ય દીન સ્વદેશી મનુષ્યો આ જ્ઞાનમાર્ગ કેવી રીતે મેળવશે અને મળતાં સુધી તેમનો કચ્ચરઘાણ કેવો વળી જશે તેનો તો વિચાર કરો! જ્યાં સુધી આ જંગલી કાળનાં કુટુંબોના આ શંભુમેળા વેરણછેરણ થયા નથી ત્યાં સુધી ચંદ્રકાંત જેવા રત્ન ઉપરનો કચરો સાફ થાય એ આશા વૃથા છે અને એવા પુરુષોની શક્તિ ઉપર આધાર રાખનાર માણસો ઢોર પેઠે ચંદ્રકાંતના બીડમાં ચારો ચરશે અને ખેતરોની ઉપયોગી વાડો તોડશે, ગાયો અને ભેંસો જેટલું દૂધ નહીં દે, આખલા અને પાડાઓ પેઠે મસ્તી કરશે અને રાંક ગાયોભેંસોને રંજાડશે, અને સ્વતંત્ર મનુષ્યશક્તિથી દ્રવ્યોપાર્જન કરવાની શક્તિ કે શૂરત્વ તેમનામાં આવવાનાં નથી. તમારાં કુટુંબો ઉપર દયા રાખવી અને શરીરબળવાળાં ભિખારીઓને દાન કરવું એ ઉભય કાર્ય ઉભય પક્ષકારને હાનિકારક છે અને સ્વ-પર-પાતક છે. પણ અર્જુને કમાયેલી દ્રૌપદીને પાંચે ભાઈઓએ વહેંચી લેવા મૂર્ખ માતાએ કરેલી ભ્રષ્ટ આજ્ઞા પાળવાનો જંગલી આચાર લક્ષ્મીબાઈના સંબંધમાં પાળવો એ તમારા જેવા પંડિતોને પણ પ્રિય છે! સર્વથા અંગ્રેજી વિદ્યા હજી સુધી તમારા જેવાઓ ઉપર પડી તે મરુભૂમિમાં વૃષ્ટિ થયા જેવું જ થયું છે! ખોટી કુટુંબવત્સલતાનો ત્યાગ કરવા સરસ્વતીચંદ્રની છાતી ચાલી નહીં એટલા તેઓ બાયલા તો ખરા, કારણ કુમુદસુંદરીનો સ્વીકાર કરી પછી લક્ષ્મીનંદનના દ્રવ્યને લાત મારવી જોઈતી હતી; તેમ કરતાં તેઓ પાછા હઠ્યા. પણ આ ઉત્તમ કાર્ય ન થયું તો મધ્યમ પક્ષ એમને જડ્યો કે જંગલી કુટુંબજાળનો પાશ માથા ઉપર ફેંકાતો જોતાં સત્વર ચેતી ગયા અને જાળ આગળથી ખસી ગયા, તે એટલી એમની ચતુરતાને હું ધન્યવાદ આપું છું! મારો આ પત્ર તેમને દેખાડજો અને મધ્યમ પક્ષમાંથી ચડી ઉત્તમ પક્ષમાં આવવા તેમને સમર્થ કરજો.

આ અર્થશાસ્ત્રનું તાત્પર્ય. હવે નીતિશાસ્ત્ર લો. આપણે કયું નીતિશાસ્ત્ર પકડીશું? સર્વ શાસ્ત્રોમાં ચોરી અને અસત્યનો પ્રતિષેધ છે. શું તમારા કુટુંબમેળાઓનું બંધારણ એવું છે કે આ બે વસ્તુ ત્યાંથી દૂર રહે? રામનું રાજ્ય છીનવી લેવાની આજ્ઞા કૈકેયીએ દશરથની પાસે કરાવી તે દિવસ એવો હતો કે સત્ય પ્રતિજ્ઞાને આધારે ઉઘાડે દિવસ લૂંટ થતી થવા દેવી પડી. જ્યાં કુટુંબમેળો ત્યાં કુટુંબછત્ર — patriarch - ના દ્વારા થયેલી નીતિ જેવી આમ રામરાજ્યમાં થઈ તેવી જ ધૃતરાષ્ટ્રના છત્ર નીચે અધિકતર ધૂર્તતાથી થતી આપણે વાંચી છે. મોટા-નાના ભાઈઓ ને પુત્રો અને તેમની સ્ત્રીઓ, પુત્રીઓ, પુત્રપુત્રીઓનાં બાળકો અને સર્વનાં માતાપિતા — એ સર્વનાં સમવિષમ ભાગ્યો અને એ સર્વની વચ્ચેનાં અનેક પક્ષપાત અને રાગદ્વેષનાં ચિત્ર કૈકેયી અને ધૃતરાષ્ટ્રના યુગથી તે આજ સુધી આ ભૂમિમાં પડી રહ્યાં છે અને પાંડવકૌરવોનાં જેવાં નીતિઅનીતિનાં નાનાંમોટાં દ્યૂત અને યુદ્ધ ઘેરઘેર થોડાં અથવા વધારે, ગુપ્ત અથવા પ્રકટ મચી રહ્યાં છે. જે દેશના ગૃહસંસારમાં જ પવિત્રતા અને શાંતિને સ્થાને મલિનતા અને ક્ષોભ

આમ રોગપ્રકોપ પેઠે નિષ્કંટક વર્તે છે ત્યાં નીતિનું રાજ્ય છે એવું કહેવા કયો અનુભવી છાતી ચલાવે છે? અંગ્રેજી કુટુંબોમાં આવા કુટુંબકલહનો સંભવ જ દૂર છે; ત્યાં માતાઓને પુત્રી અને વધૂ વચ્ચે પક્ષપાત કરવાનો અવકાશ જ નથી; ત્યાં કમાનારની કમાઈના ચોર ઘરના ભીતર ભાગમાં જ સરજી મૂકેલા હોતા નથી; ત્યાં પતિપત્નીનો પ્રેમ અને બાલવયનાં બાલક અને તેમનાં માતાપિતા વચ્ચેની વત્સલતા સિવાય બીજાં ત્રાહિત મનુષ્યોની ખટપટ હોતી નથી; અને પરિમિત સંખ્યાવાળું અને પરસ્પરાનુકૂળ સ્વાર્થવાળું આવું અંગ્રેજી કુટુંબ ગૃહસંસારની નીતિ અને શાંતિ અનુભવે છે. ચોરી, લબાડી અને પરસ્પર વિનાશની રાગદ્વેષ ભરેલી કળાઓને અવકાશ આપતું નથી અને નાનાં ઝૂંપડાંઓમાં પણ ઇંદ્રપુરીના વૈભવ જેટલું સુખ આપનારી કળાઓને ખીલવે છે. પાંચ હજારની કમાઈવાળો હિંદુ જે વૈભવ ભોગવતો નથી અને જે સુખ, શાંતિ અને નીતિ એક પાસ પણ જોઈ શકતો નથી તે પચાસ રૂપિયાની કમાઈવાળો યુરોપીઅન પોતાના રંક ઝૂંપડાની અંદર અને પોતાની ચારે પાસ સહેલાઈથી રાત્રિદિવસ ખડાં કરી શકે છે અને તેના આનંદથી તે રાત્રે નથી ફૂલતો એટલો દિવસે ફૂલે છે અને દિવસે ફૂલતો નથી એટલો રાત્રે ફૂલે છે! તેની શરીરસંપત્તિ, તેનો આનંદ, તેનો પ્રેમ, તેનો ધર્મ અને તેની નીતિ એ સર્વને માટે એને અવકાશ છે અને તેને આંચ આવવા દેનાર કૌટુંબિક શંભુમેળાનું નામ તેને ખબર નથી! એ નર સામાજિક માબાનો મણકો નથી, જ્ઞાતિ કે જાતિની વ્યક્તિ નથી, કુટુંબસંકર બાવળમાંનો કાંટો નથી, પણ એ દૈશિક વાડીમાંનું ફૂલ છે અને વગરજાતિનો અને વગરકાંટાનો બે અર્ધાંગનો સરવાળો એક કુટુંબ-રૂપ વૃક્ષ તે પોતે જ છે! પ્રિય ચંદ્રકાંત! તમે એ લોકના પ્રદેશમાં જન્મ્યા હોત તો જુદા જ ગૃહરાજ્યમાં દીપતા હોત! જે જીવો તમારા ઘરમાં કુટુંબભાર થઈ જાતે ભ્રષ્ટ થાય છે અને બીજાને ભ્રષ્ટ કરે છે તે પણ અંગ્રેજી ભૂમિમાં જન્મ્યા હોત તો જાતે પુણ્યશાલી થયા હોત અને બીજાનાં પુણ્યના કારણભૂત થયા હોત! સ્વાર્થ, પરમાર્થ અને દેશોન્નતિ — એ સર્વ સૃષ્ટિની એકત્ર ઉદ્ભાવના જ્યાં આમ થઈ શકે છે એવી આ પાશ્ચાત્ય ગૃહસ્થિતિમાં સન્નીતિ છે કે સરસ્વતીચંદ્ર અને ચંદ્રકાંત જેવા કલ્પવૃક્ષનો નાશ કરી નાખે એવા — તીડોનાં વાદળાંથી ભરેલા — આપણા કુટુંબમેળાઓમાં સન્નીતિ છે એ પ્રશ્નનો ઉત્તર આપતાં શુદ્ધ નિર્ણય કોને નહીં સૂઝે?

My dear Chandrakant! Our joint family system has but a blasting influence on the growth of our individuals, on our economical and moral conditions, and even on our national and political growth. It has kept our beings stunted in intelligence and action. It has turned our best sentiments into cruel mockeries and machines for grinding down the nervous systems of our young men and women in all ranks of life. Our idea that the world is misery, is special to India, being

born of this our special national engine for destroying all warmth of youth; and lo! we are all only old men or children in India in spite of our ages! And for any reform, woe be unto every idea of your social or domestic reconstruction or even improvement so long as you have not touched the root of the disease and said: Down with the joint family !

પ્રિય ચંદ્રકાંત! હું રેડિકલ છું, અતિસુધારક છું, અને માટે જ લોકોએ તિરસ્કારમાં આપેલું નામ સ્વીકારી ઉદ્ધતલાલ નામ સ્વીકાર્યું છે. મારા મનમાં સિદ્ધાંત બંધાયો છે અને ઘણા અનુભવે, ઘણા અવલોકને, ઘણા વાચને અને ઘણા વિચારે મારા હૃદયમાં નિશ્ચય રચ્યો છે. આ આપણા દેશમાં મૂર્ખતા અને દુષ્ટતાની ભરેલી અવ્યવસ્થામાંથી લોકોનો ઉદ્ધાર કરવાને માટે ઉદ્ધત થવાની આવશ્યકતા જ છે. ઉદ્ધતિ વિના આપણી ઉન્નતિ નથી અને આપણી વિદ્યાના સંસ્કારોને અને આપણી બુદ્ધિના નિર્ણયોને આ દેહ છતાં કોઈ રીતે પણ સફળ થયા જોવાની ઇચ્છા હોય તો આ દેશમાં સર્વત્ર કચરાપટ્ટીના ઢગલાઓ પેઠે અઢિને નામે રૂઢ થયેલા મૂર્ખાચાર અને દુષ્ટાચારને ઝાડીઝાપટી આપણી આપણી સર્વ ભૂમિને સાફ કરી દેવી અને તેમ કરવાને માટે દરેક મનુષ્યે પ્રથમ આરંભ પોતાના ઘરમાં કરવો. તમે પૂછશો કે મેં મારા ઘરમાં શું કર્યું?

તો સાંભળો. છોકરાંએ માબાપની આજ્ઞા પાળવી અને ઉપકાર માનવો એ બે સૂત્ર આપણા લોકમાં મર્યાદાહીન થઈ પ્રવર્ત્યાં છે. ગોસાંઈજી મહારાજોની સેવા ભાવિક સ્ત્રીઓએ તન, મન અને ધનથી કરવી અને તનને એવું અર્પણ કરવું કે વ્યભિચારને પણ દોષરૂપ ન ગણવો એવો દુષ્ટાચાર એક કાળે હતો તે તમે વાંચ્યું હશે. યોગ્ય સૂત્રનો અત્યુપયોગ થાય એટલે દુરુપયોગ થાય તેનું આ દૃષ્ટાંત છે. એ ન્યાયે માબાપની આજ્ઞા પાળવાનું યોગ્ય સૂત્ર કેવી અયોગ્ય રીતે લોક સમજે છે તે જુઓ. જે વયમાં બાળક બાળક હોય છે અને તેના પોતાના ભવિષ્ય સુખને માટે જ તેના ઉપર માતાપિતાની આજ્ઞાઓની આવશ્યક નીતિ છે તે વય જતાં એ આજ્ઞાઓ કેવળ અસ્થાને અને અનધિકૃત છે. એ આજ્ઞાઓનો ભાર માતાપિતાના સ્વાર્થને માટે નથી પણ બાળકના સ્વાર્થને માટે છે, અને જેમ જેમ પુત્ર-પુત્રીઓનાં શરીર પિતામાતાના જેવડાં થાય છે તેમ તેમ તેમની બુદ્ધિઓ પણ કાળે કરીને પિતામાતાના જેવડી થાય છે. ખરી વાત છે કે પિતામાતાનો અનુભવ પુત્રપુત્રીઓને ન હોય. પણ તેટલા જ કારણથી પિતામાતાની આજ્ઞાનો ભાર પુત્રપુત્રીઓ ઉપરથી ઊઠવો યોગ્ય ન ગણીએ તો તો પિતામાતાનાં વર્ષ હંમેશ પુત્રપુત્રીઓથી વધારે હોય જ અને તેના પ્રમાણમાં તેમનો અનુભવ પણ વધતો જાય અને માતાપિતા મરે ત્યાં સુધી પુત્રપુત્રીઓને માથેથી આજ્ઞાનો ભાર કદી ઊઠવો જોઈતો નથી. નક્કી, આવું મૂર્ખ અને દુષ્ટ સૂત્ર આપણાં શાસ્ત્રોએ બાંધ્યું નથી. પણ આપણી

હાલની પ્રજા એ સૂત્રને મનમાં માન્ય ગણે છે. સત્ય સૂત્ર એ છે કે જે આપણાં શાસ્ત્ર કહી ગયાં છે: તે એ કે

> *'प्राप्ते तु षोडशे वर्षे पुत्रं मित्रं समाचरेत्।'*

સોળમે વર્ષે પુત્રને મિત્ર ગણવો તે શા કારણથી અને કેવી રીતે? પિતાની આજ્ઞાનું ગૌરવ એ કાળથી નષ્ટ થાય છે અને પુત્રનું સ્વાતંત્ર્ય સિદ્ધ ગણાય છે. જો પિતાનો અનુભવ એ આજ્ઞાનું કારણ હોત તો આમ થાત નહીં. જો પિતાનો સ્વાર્થ એ આજ્ઞાનું કારણ હોત તો આમ થાત નહીં. જો પિતાએ કરેલા ઉપકાર એ આજ્ઞાનું કારણ હોત તો આમ થાત નહીં. ત્યારે એ આજ્ઞાવિધિનું કારણ શું? સોળમા વર્ષ સુધી પુત્રની બુદ્ધિ ઊગતી હતી અને ત્યાં સુધી એના સ્વાર્થ માટે પિતાની બુદ્ધિને માથે પુત્રને આજ્ઞા કરવાનો અધિકાર હતો. સોળમે વર્ષે એ કારણ નષ્ટ થયું ગણ્યું, સોળમા વર્ષથી પુત્રની બુદ્ધિ શાસ્ત્રોએ સ્વતંત્રતાને યોગ્ય ગણી અને પિતાની આજ્ઞાનો અધિકાર ખેંચી લીધો. એ કાળ પછી જો પિતા આજ્ઞા કરે તો તે શાસ્ત્રનિષિદ્ધ છે. ત્યારપછી પુત્રની બુદ્ધિને સ્વતંત્રતા આપવામાં જ તેનું કલ્યાણ છે અને પિતાનામાં અધિક બુદ્ધિ હોય તો તે પુત્રની પાસે મિત્રની પેઠે વાપરે. પણ તેમ ન કરતાં આજ્ઞા કરવા જાય તો તે પિતા પામી છે, દુષ્ટ છે એ નક્કી સમજજો. બુદ્ધિ એ ઈશ્વરનો પ્રસાદ છે, તે ઓછીવત્તી આપવી એ ઈશ્વરનું કામ છે. તે જેવી હોય તેવી ઈશ્વરના જ્યોતિરૂપ ગણવા યોગ્ય છે. ગાયત્રી દ્વિજમાત્રને તે વાતનું નિત્ય સ્મરણ કરાવે છે. એ જ્યોતિ મંદ અથવા ઉગ્ર રૂપે પકાશતું હોય તોપણ તેનું તિરોધાન કરવાનો અધિકાર માત્ર ઈશ્વર અને રાજા સિવાય બીજા કોઈને નથી અને જે કાળે એ જ્યોતિનું સ્વાતંત્ર્ય જન્મે ત્યાર પછી પિતાએ તેના ઉપર આજ્ઞા કરવી એ આ જ્યોતિની અને તેની સ્વતંત્રતાની હત્યા કરવા જેવું દુષ્ટ કર્મ છે. કેટલાક પુત્રોની બુદ્ધિ પિતાના કરતાં મંદ હોય અને તે પુત્રની બુદ્ધિને સ્વતંત્રતા આપવાથી પુત્રને હાનિ હોય પણ તે હાનિ થતી અટકાવવા આજ્ઞા કરવાનો અધિકાર પિતાને પ્રાપ્ત થતો નથી. જો એવી રીતે પિતાને અધિકાર પ્રાપ્ત થતો હોય તો એ પરિણામ થાય કે પોતાને જગતથી ડાહ્યાં ગણવાનો અભ્યાસ સર્વને છે તે ન્યાયે સર્વ પિતાઓ પોતાને પુત્રનાથી ડાહ્યા ગણે અને પુત્રનું બુદ્ધિજ્યોતિ કદી સ્વતંત્રતા પામે જ નહીં. માટે જ સુજ્ઞ શાસ્ત્રકારે વયની મર્યાદા મૂકી કહ્યું કે સોળ વર્ષે પુત્રમાં આ જ્યોતિની સંભાવના થવી જોઈએ ને પિતાનો આજ્ઞાધિકાર બંધ થવો જોઈએ. સોળને સ્થાને અઢાર કે વીશ કે ગમે તેટલી સંખ્યા મૂકવી એ વાત દેશકાળ પ્રમાણે રાજા અથવા શાસ્ત્ર અથવા દેશાચારના હાથમાં રહે એમાં કાંઈ બાધ નથી. પણ આજ્ઞા કરવાના લોલુપ પિતાના હાથમાં તે વાત ન હોવી જોઈએ. ગમે તે વયે પણ આ મર્યાદા બંધાય એટલું બસ છે પણ મર્યાદાકાળ થયો કે જેમ બાળકી સ્ત્રીઅવસ્થા પામી પિતાથી અસ્પૃશ્ય ગણાય છે તેમ પુત્ર પુરુષાવસ્થા પામી

પિતાથી અનાજ્ઞેય ગણાવો જોઈએ. આ વિષયમાં લોકકલ્યાણનું સત્ય સૂત્ર આ છે. તે સર્વ સુધરેલા દેશોમાં મનાયું છે. રીમમાં પિતૃસત્તા — patria potestas ભાંગી તે આ જ વિચારે. ઇંગ્લન્ડમાં પણ એમ જ થયું છે. આપણામાં પણ ઉક્ત મર્યાદા લખેલી છે. માત્ર અર્વાચીન કાળમાં જ આપણે કપાળે એ મર્યાદા તૂટી છે અને પુત્રો વૃદ્ધ થતાં સુધી માતાપિતા તેમના ઉપર આજ્ઞા કરવાની લોલુપતા રાખે છે, એ લોલુપતાને અટકાવવા ઇચ્છા રાખનાર પુત્રને માથે કૃતઘ્નતાનો આરોપ મૂકે છે અને બુદ્ધિમાન પુત્રોને પણ મૂર્ખ પિતાઓની મૂર્ખતા અને દુષ્ટતાનું દાસત્વ કરવું પડે છે અને એ પુત્રોની સ્ત્રીઓને અનેક રાગદ્વેષથી ભરેલી સાસુઓ, નણંદો વગેરેની યમદ્રષ્ટ્રામાં નિરંતર વાસ કરવો પડે છે. હાલનાં આપણાં કૌટુંબિક નીતિશાસ્ત્રનું અથવા અનીતિશાસ્ત્રનું આ પરિણામ છે અને એ શાસ્ત્રને લત્તાપ્રહાર કરી ઉદ્ધતલાલે લોકકલ્યાણના શુદ્ધ શાસ્ત્રનો આચાર પોતાના કુટુંબમાં આરંભ્યો છે.

મારા પિતાએ મને વિદ્યાભ્યાસ કરાવવા જો દ્રવ્યવ્યય કર્યો તેને લોકો મારા ઉપર ઉપકાર કર્યો કહે છે. તમારાં ન્યાયાસનો આગળ મનાતા જીમૂતવાહનના સંપ્રદાય પ્રમાણે બાળકને વિદ્યાભ્યાસ કરાવવા પિતા જે દ્રવ્ય ખરચે તે માતાએ આપેલા ધાવણની જોડે સરખાવેલું છે. વિદ્યાભ્યાસ પામવા માટે પિતાનો જે ઉપકાર માનવાનો છે તે ધાવણ આપનારી માતાના ઉપકારથી અધિક નથી. જાતે ઉત્પન્ન કરેલા બાળકને ધાવણ આપવું તે જાતે વાવેલા બીજના છોડને પાણી સીંચવા જેવું છે. પાણી સીંચવાનું કૃત્ય બીજ વાવવાની ક્રિયાને અંગે લાગેલું છે. અને ધાવણ આપવાનો જનનીધર્મ પુત્રોત્પત્તિને અંગે વળગેલો છે. પ્રજા ઉત્પન્ન કરવાનું જે જનની સમજે છે પણ ધાવણ આપવાનું સમજતી નથી તે જનની પોતાના ધર્મથી ભ્રષ્ટ થાય છે અને માતાનો ઉપકાર ધાવણ આપવાને માટે માનવાનો નથી પણ જન્મ આપવાને માટે હોય તો તે યોગ્ય થાય. જે જનની બાળકને જન્મ આપી તેનો સંસાર દુ:ખમય કરે છે તે જનનીએ આપેલો જન્મ ઉપકારરૂપ નથી પણ અપકારરૂપ જ છે; એ જન્મ માતાએ પ્રીતિભાવે આપ્યો ગણવાનો નથી પણ શત્રુભાવે આપેલો ગણવાનો છે. વિદ્યાનું ધાવણ જે પિતા આપતો નથી તે પિતા આ જ ન્યાયે શત્રુ છે અને વિદ્યા આપે તે માટે તેનો ઉપકાર માનવાનો નથી પણ જે જન્મ આપીને તેને સફળ કરવા પિતાએ પ્રયત્ન કર્યો હોય તે જન્મને માટે તેટલા પ્રયત્નના પ્રમાણમાં તેનો ઉપકાર માનવો યોગ્ય છે અને એટલા પ્રયત્નના પ્રમાણમાં જ એની પ્રીતિ વસ્તુરૂપ ગણવી. બાકી જીવતા પુત્રની સામે શત્રુભાવના પ્રયત્ન કરી, પુત્ર મરતાં પિતા રડવા બેસે એ રડવાને પ્રીતિ ગણવી તે તો ભસ્મને અગ્નિ કહેવા જેવું છે. લક્ષ્મીનંદન હવે કલ્પાંત કરે છે તે આવા જ પ્રકારનું છે. મારાં માતાપિતાએ વિદ્યાદાન સિવાય બીજું જનકકૃત્ય બાળક પ્રતિ કરેલું નથી. નાનપણમાં મારું લગ્ન કર્યું તે પણ શત્રુકૃત્ય કર્યું એમ હું માનું છું. પણ મૂર્ખતાને લીધે આ શત્રુકૃત્યતાનું તેમને ભાન ન હતું પણ આ પણ એક પ્રીતિકૃત્ય છે એવું

તેમને ભાન હતું. માટે જ આ શત્રુકૃત્યને હું જનકકૃત્યની તુલામાં મૂકું છું. જનકકૃત્યને નામે ઓળખાતા આ શત્રુકૃત્યનું સ્વરૂપ સવેળાએ સમજવાનો પ્રસંગ આવ્યો એ સરસ્વતીચંદ્રનું મહાભાગ્ય, એ પ્રસંગ આવતાં તરત ચેતી ગયા એ એમની ચતુરતા અને એ પ્રસંગ સુધારવાને ઠેકાણે બગાડી નાખ્યો એ એમની અનુભવશૂન્યતા!

મારા પિતાએ મને ભણાવ્યો, પરણાવ્યો અને અન્નાદિ આપી ઉછેર્યો. આ ત્રણ જનકકૃત્યને અંગે તેમને ત્રણેક હજાર રૂપિયાનું ખરચ થયું છે તેના વ્યાજનું વ્યાજ ગણતાં કુલ સાતેક હજાર રૂપિયા થાય છે. મને પરણાવેલી શ્રીમતી પ્રતિ મારો ધર્મ પાળવામાં મને વિઘ્ન આવે એવાં શત્રુકૃત્ય મારાં માતાપિતાએ આરંભ્યાં ત્યાંથી તેમનાં જનકકૃત્ય બંધ થયાં અને તેમના ભેગા રહેવામાં મને અધર્મ જણાયો. એ અધર્મ જણાતાં *आहारे व्यवहारे च स्पष्टवक्ता सुखी* भवेत् એ ધર્મ મેં પાળ્યો અને કુટુંબથી જુદા રહેવાનો ધર્મ ધર્મ્ય ગણી સાધ્યો. પિતાના જનકકૃત્યનું મૂલ્ય સાત હજારનું થાય તે આપવા તરત મારી શક્તિ નથી પણ તેનું વ્યાજ તેઓ ઉપજાવી શકત એટલું હું મારી કમાઈમાંથી ઘસારો વેઠી તેમને આપ્યો જાઉં છું અને જીવીશ ત્યાં સુધી આપીશ. સાત હજાર રૂપિયા મારી પાસે હાલ નથી. તે મળશે તેમ તેમ આપીશ એવી મારી પ્રતિજ્ઞા છે તે માતાપિતાને જણવી દીધી છે. આથી વધારે બંધન મારે શિર હોય એમ હું સમજતો નથી. એથેન્સ નગરીમાં એવો કાયદો હતો કે જે પુત્રને પિતાએ વિદ્યાદાન ન આપ્યું હોય તે પુત્રને માથે પિતાને તેની વૃદ્ધાવસ્થામાં અન્નવસ્ત્ર આપવાનું બંધન નહીં. અંગ્રેજ લોકમાં તો લગ્ન થતાં પુત્ર જુદો જ થાય છે અને સર્વ બંધનથી મુક્ત થાય છે. પુત્રને માતાપિતાના ઉપકારને નામે અતિબંધનનો દાસ કરી દેવો એ આપણાં લોકમાં પ્રશસ્ત ગણાય છે અને કુન્તીમાતાના કાળથી રૂઢ થયેલા આ આચારનો અવશેષ આજ સુધી આપણા લોકમાં ચિરંજીવ રહેલો તે માત્ર સામાજિક કાળની જંગલી પ્રશસ્તિનો આપણાં હૃદય ઉપર રહેલો આવેશ જ છે. પ્રિય ચંદ્રકાંત! હું સરસ્વતીચંદ્ર પેઠે આવા આવેશને વશ થતો નથી પણ આવેશહીન વિચાર દ્વારા ધર્માધર્મનો વિવેક કરું છું, અતિધર્મને નામે શિષ્ટ ગણાતા અતિબંધનને તીક્ષ્ણ ધારવાળી છરીથી સત્વર કાપી નાખું છું. અતિસ્વતંત્રતાને રૂપે શોધાતાં અબંધન સૂંઘી શોધી તેનાથી દૂર રહું છું, અને ધર્મની તુલા હાથમાં રાખી તેણી પાસ બેધડક પ્રવર્તું છું. જેટલું હું સમજું છું તેટલું તમે સમજો છો પણ વ્યાધિ જાણવા છતાં ઔષધ કરતાં ડરો છો. તમે Let-Alonist છો. તમે અપકીર્તિથી દૂર રહો છો અને ઘરમાં અતિબંધનોને કરોળિયાઓનાં જાળાં પેઠે ચારે પાસ વધવા દો છો, તેનું ફળ ભોગવો છો અને ભોગવશો. તમે તમારું, દેશનું કલ્યાણ કરી શકવાના નથી. લિટનની નવલકથામાંથી નીચલો સંવાદ તમારા ઉદ્દીપનને માટે લખું છું તે વાંચજો અને વિચારજો. બાકી બાપનો કૂવો કહી તેમાંનું પાણી ખારું હોય તો ય પીવું એ તો તમને પ્રિય નહીં જ હોય!

तातस्य कुपोऽयमिति ब्रुवाणा: क्षारं जलं कापुरुषा: पिबन्ति એ એતદ્દેશીય વાર્તા, અને હવે કહું છું લિટનની પારદેશીય વાર્તા:

"My dear Ma'am!' said the Parson , 'there are many institutions in the country which are very old, look very decayed, and don't seem of much use ; *but I would not pull them down for all that !'*

'You would *reform* them, then?' said Mrs. Hazeldean .

'No, I would not. Ma'am!' said the Parson, stoutly .

'What on earth would you do, then?' quoth the squire .

'Just *let' em alone.'* said the Parson, 'Master Frank! there's a Latin maxim which was often in the mouth of Sir Robert Walpole and which they ought to put into the Eton Grammar -' *Quieta non movere .'* If things are quiet I would not destroy the stocks because that might seem to the ill-disposed like a licence to offend; and I would not repair the stocks, because that puts into people's heads to get into them .'

ચંદ્રકાંતભાઈ! તમે આ Person જેવા છો. ગમે તો અવળા પ્રવાહને સત્વર અટકાવી દો; તેમ ન કરો તો તેને સુધારો. પણ હાથપગ વાળી રાખી સર્વ જાદવાસ્થળીના સાક્ષીરૂપ થઈ બેસી રહેવું એ શ્રીકૃષ્ણને પરવડ્યું, કારણ તેમને સ્વધામ પહોંચવું હતું. પણ તમારે તો હજી આખું મહાભારત બાકી છે માટે એવા મહાત્મા થવું તમને પરવડવાનું નથી.

આ પત્ર ઘણા વિસ્તારથી લખ્યો છે તેનું કારણ એ કે સરસ્વતીચંદ્ર તમને જડે તો પણ મુંબઈ આવવાની ના કહે તો આ પત્ર વાંચે અને જેવા ચતુર અને મર્મજ્ઞ છે તેવા અનુભવજાગ્રત થાય.'

ઉદ્ધતલાલનો પત્ર વાંચી શાન્ત થઈ, નિ:શ્વાસ નાખી, સરસ્વતીચંદ્ર પળવાર બેસી રહ્યો. વળી પત્રની જોડે ટાંકેલા પત્રમાં ચંદ્રકાંતના અક્ષર વાંચવા લાગ્યો.

'પ્રિય ઉદ્ધતલાલ આપણી દુર્વ્યવસ્થાનું જે ચિત્ર તમે પ્રત્યક્ષ કરો છો તે અસત્ય નથી પણ એ ચિત્ર અપૂર્ણ છે. આપણાં કુટુંબ સામાજિક છે, આપણાં કુટુંબમાં કુટુંબસંકર છે, એ સંકર જ્ઞાતિસમાજ અને કુટુંબસમાજનાં હિતનું પોષણ કરે છે અને યુરોપિયનોમાં પ્રત્યેક મનુષ્ય — પ્રત્યેક વ્યક્તિ — પોતાના ઉચ્ચગ્રાહ શોધી લે છે તેવી રીતનો વ્યક્તિઓનો ઉચ્ચગ્રાહ આપણા દેશમાં થતો નથી. કુટુંબભાર વહેનાર સ્ત્રીપુરુષોના મર્મભાગ આ રીતથી ઘસાય છે અને એ સ્ત્રીપુરુષો અશક્ત થઈ જાય છે,

તેમજ જે કુટુંબોને તેઓ વહે છે તે કુટુંબમાં પણ અનેકધા અનર્થકારક દુર્ગુણો પ્રવેશ કરવા પામે છે. આ સર્વ ચિત્ર તમે આલેખો છો તે ચંદ્રકાંતને ઇષ્ટ છે. સુધારાના ઇષ્ટ પ્રવાહો મૂળ આગળ અટકે છે તેનું કારણ તમે આ કૌટુંબિક દુર્વ્યવસ્થાને ગણો છો તે પણ યોગ્ય છે.

પણ તમારા ચિત્રમાં ન્યૂનતા છે તે પૂરવા હું ઇચ્છું છું. કુટુંબભાર વહેનાર સ્ત્રીપુરુષોના કલ્યાણમાં જ કુટુંબનું કલ્યાણ સમાયેલું છે એટલી બુદ્ધિ કુટુંબજનમાં ઉદય પામે તો તેમના સામે જ પ્રહાર કરવા તમે પ્રયત્ન કરો છો તે પ્રહાર કરવાનું કારણ અર્ધું ઓછું થઈ જાય. આ બુદ્ધિ જે જે કુટુંબમાં હોય છે ત્યાં ત્યાં ઘણાક અનર્થ ઓછા હોય છે. સામાન્ય વિદ્યાથી, સામાન્ય વિચારથી અને ભાર વહેનાર ઉપર વિશ્વાસ ઊપજવાથી આ બુદ્ધિ ઉદય પામે એમ છે. વિદ્યા કેમ વધારવી અને ક્યારે વધશે એ તમે જાણો છો. વિદ્યા વધતાં વિચાર વધશે. વિદ્યા સિવાય પણ વિચાર વધે છે તે સ્વાભાવિક બુદ્ધિ અને અનુભવથી થાય છે. આપણા ઉપર કુટુંબજનોનો વિશ્વાસ વધારવો એ આપણું કામ છે. એ વિશ્વાસ ઉપજાવવાની કળા જાણનાર જગતમાં હોય છે, તે મારાં હાલનાં યજમાન ગૃહિણી ગુણસુંદરીનો ભૂત ઇતિહાસ સાંભળી હું બુદ્ધગોચર કરું છું. સાત્ત્વિક વૃત્તિ, નિર્મળ પ્રીતિ, ધૈર્ય, ઉદારતા આદિ અનેક સદ્‌ગુણો આ વિશ્વાસ ઉપજાવનારમાં હોવા જોઈએ. સામાન્ય મનુષ્યોમાં તે આવવા દુર્લભ છે એ સત્ય છે. પણ આ સદ્‌ગુણોનાં પાત્ર મનુષ્યો દેશમાં શશશૃંગ પેઠે કેવળ દુર્લભ નથી એટલું જ જણાવવાને માટે હું આ કહું છું.

કુટુંબના શંભુમેળા ન થતાં પ્રત્યેક મનુષ્ય પોતાનાં સ્ત્રી અને બાળક સાચવી જુદો રહે તો જે કલ્યાણ થવાનું તમે લખો છો તે પણ થાય તેની ના નથી. પણ એ માર્ગથી દેશને લાભ થાય એમ તમે સમજતા હો તો તે ભૂલ છે એમ હું કહી શકતો નથી, પણ એ સિદ્ધાંત યોગ્ય શોધન કરી તમે બાંધ્યો નથી એટલું તો હું કહી શકું છું. હું એ પણ કહું છું કે એ માર્ગથી એ પુરુષ એક કલ્યાણ શોધી અન્યથા હાનિ પણ પામે છે. પછી એ હાનિ મોટી કે લાભ મોટો એ નિરાળો પ્રશ્ન છે.

આ વિષયમાં કંઈક અંધહસ્તીન્યાયનો સંભવ છે પણ સૌ આંધળાઓના અનુભવને ખોટા ન ગણતાં એ અનુભવોનો સરવાળો કરીશું તો સત્ય જડવાનો સંભવ છે.

હાલ આયુષ્યના વીમા ઊતરે છે, લગ્નપ્રસંગ તથા ઉત્તરક્રિયાના વ્યયને માટે વીમા ઊતરે છે, અને એ વીમા વીમાસમાજો ઉતારે છે. કુટુંબને માટે પરસેવો ઉતારી પોતે રળલું સર્વ દ્રવ્ય કુટુંબના પોષણમાં ખરચી મરી જનારની સ્ત્રી અને તેનાં બાળકનું પોષણ કરવા બાકી રહેલું કુટુંબ ઇચ્છે છે, એવું પોષણ ઘણા કાળ સુધી નહીં તો થોડા કાળ સુધી આ કુટુંબ કરે છે. એ વાત જો સત્ય હોય તો આ મરનારનો વીમો પણ વગર ઉતરાવ્યે ઉતરાવ્યો સમજવો. તેણે કરેલો વ્યય આ વીમાને લીધે તેના મરણ પછી

ઊગી નીકળે છે. ખરી વાત છે કે આ ફળ લેવાનો પ્રસંગ સર્વને નથી આવતો. પણ વીમા કંપનીએ ઉતારેલા વીમાનો લાભ મરીને લેવાનો તો થોડાં જ મનુષ્યોને હોય છે અને તેમની સંખ્યા ઝાઝી હોય તો વીમા કંપની દેવાળું કાઢે. આપણાં કુટુંબો એ એક જાતની વીમા કંપનીઓ જ છે એમ સમજશો તો મારો ભાવાર્થ સમજાશે.

કુટુંબનાં મનુષ્યો ઘરમાં છેક નિરુદ્યોગી નથી બેસી રહેતા, સૌ પોતપોતાના ગજા પ્રમાણે અને બુદ્ધિ પ્રમાણે પરસ્પર સેવા કરે છે અને અનેક સેવકોનું કામ કરે છે. ખરી વાત છે કે બહારના ચાકરો ઉપર અંકુશ રાખીએ તેવો કુટુંબજનો ઉપર નથી રખાતો; પણ કેટલીક રીતે બહારના ચાકરો ઉપર અનેક અંકુશ રાખવા છતાં જ વિશ્વાસ નથી રખાતો તે કુટુંબજન ઉપર રાખી શકાય છે. એટલું જ નહીં પણ ઘરમાં કુટુંબ હોય તો તે એક જાતનો કિલ્લો છે. એ કિલ્લાથી બહારનાં માણસ ઘરની સ્ત્રીઓને ફોસલાવી જવાની હિંમત નથી કરતાં. યુરોપમાં એ કિલ્લાઓની ન્યૂનતાને લીધે ઘેરઘેર જે નીતિભીતિ રહે છે તે ત્યાં જઈ આવશો તો જાણશો. પ્રિય ઉદ્ધતલાલ! સ્ત્રીઓ ઉપરથી વિશ્વાસ ઊઠેલો અનુભવવાથી વધારે ક્લેશ થાય છે કે તેમની મર્યાદા સાચવી રાખનાર કુટુંબથી થતો ક્લેશ વધારે છે તેની તુલા કરવાનો પ્રસંગ મારે કપાળે હજી સુધી તો આવ્યો નથી. હું એમ નથી કહેતો કે તમે કહો છો તે ખોટું છે. હું તો તમારા ચિત્રમાં ઉમેરવાની વસ્તુ દેખાડું છું.

આપણાં સામાજિક કુટુંબો દેશને લાભકારક નથી એમ તમે નહીં કહી શકો. જે અર્થશાસ્ત્ર આજ સુધી યુરોપમાં અભેદ્ય મનાતું હતું તેમાં સોશ્યલિસ્ટ સંપ્રદાયે ભેદ પાડ્યો છે. યુરોપમાં એક ઘર અત્યંત શ્રીમંતનું તો જોડે જ અત્યંત નિર્ધનનું હોય છે. ત્યાં શ્રીમંતના ઘરમાં અન્નના ઢગલા ખરીદવા જેટલું દ્રવ્ય રસરાગમાં ઢોળાય તે જ કાળે જોડેનો નિર્ધન અપવાસ કરી પગ ઘસતો કહેવાય છે. એ સર્વ દુર્દશાનો નાશ કરી શ્રીમંતને અને નિર્ધનને સર્વ દ્રવ્ય વહેંચી આપવાનો અભિલાષ ધરનાર જનસંઘ આજ યુરોપમાં ઊભો થયો છે અને જુદેજુદે નામે રાજાઓને, પ્રજાઓને અને સર્વ રૂઢ વ્યવહારોને ધ્રુજાવે છે. આ સંપ્રદાયવાળાનો ધ્રુજારો એ દેશમાં કેટલું બળ કરશે, કેટલું ફાવશે, વગેરેની કલ્પના કરવી આપણે જરૂરની નથી. પણ જે અભિલાષ સોશ્યલિસ્ટો રાખે છે તે અભિલાષની ઇષ્ટાપત્તિ આપણા દેશમાં રૂપાંતરે હું પ્રત્યક્ષ દેખું છું. એક કમાનારની દ્રવ્યસંપત્તિ અનેક કુટુંબજનોના પોષણને અર્થે આ દેશમાં ઢોળાય છે. નાતો અને વરા કરવાના રિવાજ પણ એવા જ કારણથી વધ્યા હોય કે ઘણું કમાનારની સંપત્તિ જેમ કુટુંબમાં ઢોળાય તેમ જ્ઞાતિમાં પણ ઢોળાય. આ સર્વ વ્યવસ્થામાં મને સોશ્યલિસ્ટ સંપ્રદાય જ આપણા દેશમાં સિદ્ધ થયો લાગે છે. જે સંપ્રદાય યુરોપની વર્તમાન લોકવ્યવસ્થા નીચે જ્વાળામુખી પેઠે ધૂંધવાય છે અને એ વ્યવસ્થાને છિન્નભિન્ન કરવાને ધુમાડા કાઢે છે તે

સંપ્રદાયને આપણા દેશમાંથી છિન્નભિન્ન કરી યુરોપની સ્થિતિ ઇચ્છવામાં આ દેશનું કલ્યાણ છે એમ હું કહી શકતો નથી. આપણો દેશ રંક છે, આપણા લોક શક્તિહીન છે, આપણું રાજ્યતંત્ર પરતંત્ર છે અને આપણા કાયદા અને આપણાં દ્રવ્ય પરદેશીઓની બુદ્ધિઓને આધીન છે, તેવે કાળે તમારા અભિલાષ સિદ્ધ થાય અને હિમાચળથી સેતુબંધ રામેશ્વર સુધી વસી રહેલાં કરીડો કુટુંબોને નિરાશ્રિત કરી રઝળતાં મૂકી તેમનાં ઉદર ભરનાર સમર્થ કમાનારાઓ જુદા નીકળી પડે અને પોતાના એકલપેટા સ્વાર્થને વધારવા કે કુટુંબોના દોષ કાઢવા પ્રયત્ન માંડે તો ઘેરઘેર કેવો ક્લેશ ઊભો થાય, આખી આર્યભૂમિમાં કેટલી અવ્યવસ્થા થાય, ચારેપાસ નિર્ધનતા અને અનાથતા અથવા નિરાશ્રિતતા વિપત્તિના વાદળ પેઠે તૂટી પડે અને બીજું શું શું થાય તે કલ્પાતું નથી! આવી અવસ્થાના સાધનભૂત થવામાં ધર્મ છે કે અધર્મ છે તેનો વિચાર તમને સોંપું છું! પ્રિય ઉદ્ધતલાલ! મારી અને મારી ગંગાની સંપત્તિ વધારવાને માટે મારાં મૂર્ખ વહાલાંઓનો ત્યાગ કરવાનો પ્રશ્ન ઊઠે છે ત્યારે તેમના જેવી આખી આર્યપ્રજાની સ્થિતિ મારા ચિત્તમાં આમ ખડી થાય છે, કુટુંબવત્સલતા મારી દેશવત્સલતાને જાગૃત કરે છે, અને એ જ દેશવત્સલતા પાછી મારી કુટુંબવત્સલતાને દૃઢ કરે છે. પ્રિય ઉદ્ધતલાલ! મારી બુદ્ધિ ઘણાઘણા વિચાર કરે છે અને હૃદય ઘણીઘણી વૃત્તિઓને અનુભે છે. પણ અંતે એ સર્વ દુનિયાનો છેડો મારા આ ઘરમાં જ આવે છે.

અને — અને — એ ઘરનું, એ દુનિયાનું, એ વ્યવસ્થાનું કે અવ્યવસ્થાનું અને એ પ્રજાનું મંથન મારા હૃદયના ગોળામાં વધારેવધારે થાય છે તેમતેમ એ ભાગ્યહીન હૃદયમાં તો છાશની છાશ જ રહે છે અને તેના ઉપર તરી આવેલું માખણ તો સરસ્વતીચંદ્રરૂપે ઊછળી પડી કોણ જાણે ક્યાંક જતું રહ્યું છે મારું હૃદય વલોવાયેલું નિરર્થક થયું.

કારણ? હું સરસ્વતીચંદ્રના અભિલાષ જાણું છું અને એ અભિલાષ સિદ્ધ થાય તો મારા સંપ્રદાય અને તમારા સંપ્રદાયના સર્વ અભિલાષ સિદ્ધ થાય.

તમે ઇચ્છો છો અને હું ઇચ્છું છું એ ઉભય વસ્તુઓ એકત્ર આણવાનો માર્ગ છે. કુટુંબમેળાના અનર્થ તમે જાણો છો તેમ પ્રાચીન કાળમાં પણ વિદિત હતા. પુત્રાદિક ઉપર અન્નવસ્ત્ર માટે આધાર રાખી વડીલો વાનપ્રસ્થ દશા સ્વીકારતા તે આ જ અનર્થમાંથી બચવા અને બચાવવા માટે. ધૃતરાષ્ટ્રનું વાનપ્રસ્થ એવી જ રીતે લેવાયેલું હતું. આ કાળમાં આ અનર્થ એક રીતે વધ્યા છે તો બીજી રીતે તેનો ઉપાય પણ સાથે જન્મ્યો છે. અંગ્રેજી વિદ્યાના પ્રસંગથી તેમ અંગ્રેજી સ્વતંત્રતાના કાળબળથી જુવાનિયાવાજું એક જાતના રાગ કાઢે છે અને વડીલો હજી જૂના રાગ જ કાઢે છે. આ બે રાગના વિસંવાદ વર્તમાન કુટુંબક્લેશોનું કારણ છે. કાળક્રમે એ કારણ નષ્ટ થશે કારણ કે જૂના રાગ કાઢનાર કાળવશ થશે અને

નવાઓ વૃદ્ધ થશે તે પોતાના ભૂતઅનુભવ સંભારી પોતાનાં બાળકોથી જુદા રાગ નહીં કાઢે. તેવો પ્રસંગ આવે ત્યાં સુધીના સાંપ્રત કાળમાં થતા કુટુંબક્લેશ અને જ્ઞાતિબંધ પણ અનિવાર્ય છે તો અનિત્ય પણ છે. એ ક્લેશ આદિથી ખિન્ન થનારને આ નિત્યતાનું સ્મરણ આપી કહેવું કે *धीरस्तत्र न मुह्यति.* બાકી આ કાળમાં નોકરી અને બીજા ઉદ્યોગને અર્થે પુત્રો અને ભાઈઓ વડીલોને દેશમાં મૂકી પરદેશના વાસી થાય છે તેનું ફલ પણ પ્રાચીન વાનપ્રસ્થ જેવું જ થાય છે. માત્ર વાનપ્રસ્થમાં વડીલો વનમાં જતા અને પુત્રો ઘેર રહેતા અને વનમાં પ્રસંગે જઈ વડીલોને અન્નવસ્ત્ર પહોંચાડતા, તેને સાટે આજ વડીલો ઘેર રહે છે અને પુત્રાદિક પરદેશ જાય છે અને અન્નવસ્ત્રાદિકના માર્ગ પર નીકળે છે. વડીલો અને જુવાનિયાઓ એક જ ગામમાં રહે છે ત્યાં તમે વર્ણવેલી સ્થિતિ પ્રાપ્ત થાય છે ત્યારે તમે જે માર્ગ કાઢ્યો એવા માર્ગ નીકળે છે અથવા તો ઘરમાં મારા અને તરંગશંકરના જેવા માર્ગ કાઢનાર હોય તો તેવા નીકળે છે. આપણા જેવા માર્ગ કાઢનારની ખોટ નથી. માત્ર સરસ્વતીચંદ્રે આ અપૂર્વ માર્ગ કાઢ્યો, અને ન આવ્યા તમારી નાતમાં ને ન આવ્યા મારી નાતમાં!

પ્રિય ઉદ્ધતલાલ! Subject to all these things that I have said here, I plead unreservedly and fully guilty to the charge you have framed so pointedly against me! I could have raised my Ganga and my children to the position which was due to them from an EDUCATED *paterfamilias* .

But the existence of a wider family and my deference to the feelings of the other heads of that family have made me sacrifice the higher interests of my own wife and children. I may be wrong; I may have sinned. But I may also be right and I have tried to err on the safer side, - safer so far as the fortune of our people may be measured by that of their numbers .

I am not quite what you call a Let-Alonist. The Hindu ideal is eminently socialistic in life and practice, and thought I am no socialist in aspiration, I feel it a duty to give fair scope to the free operation, of that ideal side by side with the forces of Western Individulism which are stirring our souls, so that both may by the laws of natural selection adjust themselves to each other and bring about a happy combination of the special blessings of each. The main feature of our Hindu Socialism is that it is *Protective* . It protects the purity of the sex from outside influences which

peorate elsewhere and are always at the mercy of accidents and intrigues. It protects the weak, the infants, the women, and the aged from starvation and its consequential crimes. It protects the family-wealth from the whims and follies of profligates and imbeciles at home and from the operations of rogues abroad, by a domestic organisation of people who can watch like dogs and guard like sentinels. It protects and protects. Our Western individualism is on the other hand essentially *Progressive* , and Progress is safety in these days. To explain my whole begin in a sentence, I am breathlessly watching the confluence of socialism and individualism, wish welfare to both, am anxious to guard against socialism becoming oppressive and individualism becoming aggressive, for what is protective has a tendency to become *oppressive* and what is progressive has a tendency to become *aggressive* . The sacrifices that one has to make in order to secure a combination of the two boons, without their abuses, are mine, and the blessing of full individualism are yours. I sincerely love you for the noble blessings with which you have surrounded yourself. But for poor me, dear friend, it is of the essence of my sacrifice that I must abstain from securing them to myself until I am able to share them more or less with the whole group of my dear and poor joint family. This means Poverty, Patience, Forbearance and even Suffering for at least one generation, and I am prepared to wait so long or even loger. Perhapes, any probably, we shall agree with our sons more in that new generation than our elders do with us in this. That's my hope built upon the fact that, inlike our elders, we have had the same education that our sons are receiving now .'

સરસ્વતીચંદ્રે પત્ર પોટકામાં મૂક્યો અને પોટકું એક પાસ મૂકી ઊભો થયો, વિચારગ્રસ્ત થયો, અને અંતે, શિલાઓની એક ભીંતથી બીજી ભીંત ભણી અને બીજીથી પહેલી ભણી, એમ હેરાફેરા કરવા લાગ્યો અને પોતાની હડપચી ઝાલી, પોતાના મુંબઈના મિત્રોના પત્રોનું મનન કરવા લાગ્યો. ઘડીક ઊભો રહે અને ઘડીક ચાલે. આ અસ્વસ્થ દશામાં તેનું હૃદય તેના મસ્તકના વિચારને કવિતારૂપ આપતું હતું અને હૃદયની કવિતા પળેપળે ફુવારાના પાણી પેઠે મુખસંપુટમાંથી ફૂટતી હતી. પણ અંતર્વૃત્ત મસ્તકને કે હૃદયને તે બાહ્ય ક્રિયાનું ભાન ન હતું. માત્ર એ સંગીતને તાલ દેવા તેનાં નેત્ર

ઘડીક અશ્રુપાત કરતાં હતાં અને ઘડીક અશ્રુથી હીન થઈ કોઈક નવીન આનંદથી ચળકતાં હતાં અને આનંદમાં પણ આનંદનો અશ્રુપાત થઈ જતો હતો.

દૈન્યમુદ્રાથી મઠના એક જાડા કાગળ ઉપર જાડી કલમથી તે લખવા લાગ્યો, ગાવા લાગ્યો અને નિઃશ્વાસ મૂકવા લાગ્યો:

‘પ્રિય ચંદ્રકાત! પ્રિય ભ્રાત! તુજ સંસાર દુ:ખમય ભાસે!

મારી આજ જ ઊઘડી આંખ, જુએ છે દુ:ખ તુજ મુજ પાસે!

દુ:ખ દૈત્યસમું દેખાય

તુજ કોરી કાળજું ખાય;

દુ:ખ અનેક ધરતું વેશ

તને વીંટી વળે ચોમેર;

તે મધ્ય ઊભો તું સૂર! *

નથી દુ:ખને ગણતો, શૂર!

નથી ગણતો વિધિનો દોષ,

નથી ધરતો કોઈ પર રોષ,

દુ:ખ—પશુની મૃગયા કાજ જગત-વનમાં તું વસે એકાંત

મન વ્યાયામે X *અમુઝાવી, શરીર કૃશ કરે સુહૃદ વિદ્વાન!*

પ્રિય ચંદ્રકાંત!’

છેલ્લી પંક્તિઓ ગાતાં ગાતાં ચંદ્રકાંત ઉપર દયા, પ્રીતિ અને બહુમાન હૃદયમાં શાંતરૂપ હતાં તે જ્વલમાન થયાં.

ઊભો રહ્યો.

‘ધનબિન્દુ કાજ તપ કરતો,

ધન આપું તો ન કર ધરતો,

ધનસંગ્રહ કાજે મથતો!

પ્રિયજનના દોષ ન ગણતો!

એ સ્વાર્થી જનોના લોભ તૃપ્ત કરવા તું બને ઉદાર:

ધનરુધિર ચુસાયે તો ય અધન વિદ્વાન ધરે ઉત્સાહ!

પ્રિય ચંદ્રકાંત!'

દયાર્દ્ર મુખ થઈ ગયું.

'તુજ કુટુંબ કૃમિનું જાળ,
ધરતું તુજ દુ:ખનું ન ભાન,
કરતું કોલાહલ નાદ,
દેતું ન સ્વસ્થતા-દાન'

ક્રોધ કરી, ભ્રૂકુટિ ચડાવી, પગ ઠબકાર્યો.

'છે સ્વાર્થી સગાં ને નારી સ્વાર્થની સગી તારી, ઓ ભાઈ!' નરમ પડી ગયો.

'તે પર તું વત્સલ રહે, દેહને દમે, તપસ્વી તું ભાઈ!

પ્રિય ચંદ્રકાંત!'

ઠપકો દઈ બોલ્યો:

'નથી મને મર્મ આ કહેતો;
અંતર્વ્રણ [૧] અંતર રહેતો.'

અશ્રુધારા ચાલવા લાગી:

'ધિક ધરતો હું અવતાર, ધિક ભંડાર ભર્યા ધનના મેં!

ધિક કીધ સાહસથી ત્યાગ, ધિક ન રંકતા જોઈ તારી મેં! '

પોતાની જાત ઉપર તિરસ્કાર આવી ગયો, પથ્થર ઉપર બેઠો, વળી ઊઠ્યો. એક ઝાડના થડ ઉપર પત્ર ટેકવી લખવા લાગ્યો:

'મુજ દેશ હાથ તું રત્ન,
દીધું વિધિએ, કરીને
યત્ન
તે ઉદરયાતના કાજ
ધૂળઢગલામાં ઢંકાય!

ઓ ભાઈ! ભાઈ! મુજ ભાઈ! દુ:ખ તુજ જોઈ, હૃદય મુજ ફાટે

હુંથી થતો સુહૃદયનો દ્રોહ — દેશનો દ્રોહ, જોઈ રહું આ તે!

પ્રિય ચંદ્રકાંત!'

વિચારમાં લીન થઈ, 'આ સ્થિતિ શું નિરુપાય છે?' એવો પ્રશ્ન ઉઠાવી ગાવા લાગ્યો:

'ધનવાન દેશમાં ઝાઝા,

ન ધરે અજ્ઞાનની માઝા!

ધન ધૂળ વિશે તે ભેળે,

ધન જઈ સમુદ્રે રેડે;

ધન પાપપુંજમાં ફીણે,

ધન ધુએ મુર્ખ રસ હીણે!

ધનવાન સૌનાં માપ માપતી લક્ષ્મી નાચ નચવી આ,

ગણવધૂ ગણિકા, દઈ તાળી, નાચતી, પછી નાસતી પળમાં!'

પણ — પણ — આ મારા દ્રવ્યવાન ભાઈઓ નિરક્ષર છે, મૂર્ખ છે. તેમનો દોષ સો કાઢવો? શું એવા કોઈ વિદ્વાનો નથી કે જેમની પાસે પરોપકાર યોગ્ય દ્રવ્ય પણ છે? જો એવા ધનવાન વિદ્વાનો છે, તો નિરક્ષર ધનવાનોનો દોષ કાઢવો તે અયોગ્ય છે.

'શો કાઢું મૂર્ખનો દોષ?

શીદ શોધું મૌર્ખ્યના કોષ?

મુજ ભણ્યાગણ્યા વિદ્વાન ઘણા ધનવાન, તે યે છે કેવા?

ધન મળતાં જડતા નવી ધરી, ભણ્યું ભૂલ્યા હોય બધું તેવા!'

અથવા હું જ સાક્ષર છતે મૂર્ખ છું!

'શો કાઢું અન્યનો દોષ?

શીદ ભરું પરનિન્દા કોષ?

મુજ છે જ લક્ષ્મી આસન્ન,

છે સરસ્વતી સુપ્રસન્ન.

નથી તો ય કર્યો વિચાર

હજી સુધી તો મનની માંહ્ય!

જગ જોવા ગૃહ ત્યજી આવ્યો,

પ્રિય સુહૃદ ન પણ પરખાયો!

મુજ દૃષ્ટિ આગળ ચાસે—

ન નિકટ - નહીં અંતર - ભાળે!

પ્રિયમિત્રમર્મને જોયું, હૃદય મુજ રોયું, સ્વપ્ન ધરી, જાગ્યો!

પ્રિય મિત્ર! તુજ સંતાપ સમજજે હશે ઘડીમાં ભાગ્યો!'

વળી વિચાર કરવા લાગ્યો.

'એક ચંદ્રકાંતના સંસારમાં અનેક ચંદ્રકાંતના સંસાર જોઉં છું. જેવું એકનું દુ:ખ તેવાં દુ:ખ અનેકને! વિદ્યા એ લક્ષ્મી નથી, એટલું જ નહીં, પણ સરસ્વતી અને લક્ષ્મીનો વિરોધ જૂનો ગણાય છે તે મેં આજ પ્રત્યક્ષ કર્યા. ચંદ્રકાંતની શાંત બુદ્ધિ કુટુંબયજ્ઞમાં ગંગાને હોમે છે! ઉદ્ધતલાલનો બુદ્ધિકોપ શ્રીમતીને આત્મવત્ કરવાના ઉત્સાહથી કરોળિયાના જેવી કુટુંબજાળને તોડી નાખી તે જાળના સ્થાનને ઝાપટી નાખી ચોખ્ખું કરવા મહાન વિગ્રહ માંડે છે. તરંગશંકર સ્ત્રી ઉપર પક્ષપાત કરે છે પણ કુટુંબને દૂર નથી કરી શકતો અને કવિત્વે પ્રકટેલો રસપ્રકાશ સંસારમાં મેળવી શકતો નથી. ગંગા! પાર્વતીથી શિવજીનું અપમાન ન ખમાયું — તેવો જ પાર્વતીના જેવો તારામાં ગુણ છે; સ્વામીને માટે તારા હૃદયમાં રસ છે; તારા સ્વાર્થની ધૂળથી તે ઢંકાયો છે અને એ ધૂળ ઝાપટી નાખવાની સાવરણી ઘરમાં વસાવવા દ્રવ્ય જોઈએ તે ચંદ્રકાંત પાસે નથી.'

નવી સૃષ્ટિનું દર્શન થતાં અને એ સૃષ્ટિનું હાર્દ સમજાતાં સરસ્વતીચંદ્રનું શરીર કંપવા લાગ્યું અને તેના ચિત્તમાં નવા ચમકારા થવા લાગ્યા. હૃદયમાં પ્રકટેલા વિચારો મુખગાનમાં સ્ફુરવા લાગ્યા — 'અહા!'

ચંદ્રકાંત અને તરંગશંકરની દશા સ્મરી બોલ્યો, બોલી બોલી લખતો ગયો:

'નરરત્ન કંઈ કંઈ ગુપ્તપણે

બહુ આધિવ્યાધિ ઉપાધિ સહે;

જન રંકની ત્યાં કરવી શી કથા?
ધનરાશિ નિરર્થક મુજ પડ્યા!'

વળી અટકી ગાવા લાગ્યો:

'નરરત્ન કંઈક દરિદ્રદશા-
તણી ધૂળ તળે ઢંકાઈ રહ્યાં,
નરરત્ન-વિશોધન ના જ બને
ધન-સાધન મુજ અસાધક રહે!'

વળી ઊંચું જોઈ બોલ્યો:

'નરપીયૂષ શોધન ના જ બને;
ધનઔષધિ મારી નકામી રહે!'

વળી ઊભો, ઉદ્ધતલાલ અને ચંદ્રકાંતને સરખાવવા લાગ્યો:

'નરવ્યાઘ્ર કંઈ મુજ દેશ વિશે
દુખપંજર માંહી પુરાઈ રહે;
શૂરબન્ધનમોક્ષ ન કોઈ કરે
ધિક નિષ્ફળ મુજ સહુ ધનને!'

ગંગા સ્મરણમાં સ્ફુરી:

'ધરતી રસસુન્દર કોમળતા
ફળપુષ્પ ધરે નહીં નારીલતા:
ન ખીલે રસપોષક માળી વિના-

માળી છે — પણ નિર્ધન છે —

શું સિંચે રસમાળી સ્વવિત્ત વિના?
ધનરાશિ અચેતન મુજ રહ્યા!

પ્રિય કુમુદ! તું તો માળી વિનાની જ રહી! ધન છે પણ માળી જ નથી. એ તારી દુર્દશા મેં કરી!

પ્રિય હોય, કુમુદ, કંઈ તું મને,
પ્રિય હોય, સુમિત્ર, કંઈ તું મને,
તમ તુલ્ય અનેક ગુણાકરના

ગુણ ખીલવું રાશિ ત્યજી ધનના!'

એના હૃદયમાં આનંદ અને ઉત્સાહનો ઉદય થયો:

'શિવિરાજ તુલા પર દેહ મૂકે,
કરું તે જ કથા મુજ દ્રવ્ય તણી!
નવનીત બન્યું ઉર જોઈ શકે
નહીં અશ્રુભર્યાં જનરત્ન ભણી.
ગૃહત્યાગ થયો મુજ સાર્થક સૌ!
દીઠ ગુપ્ત પદાર્થ સુદૃશ્ય બહુ!
ગૃહભાગી થઈ, ફળભાગ હવે
દઉં દેશતણાં જનદૈવતને!'

આટલું બોલી તે પૃથ્વી ઉપર પલાંઠી વાળી બેસી ગયો અને એનો ભગવો અંચળો એના શરીરની આસપાસ વેરાઈ પૃથ્વી ઉપર પથરાઈ રહ્યો. તેના ઉપર દૃષ્ટિ પડતાં એ ચમક્યો, એ કવિતા નાસતી લાગી અને એકદમ એ ઊભો થયો.

'સરસ્વતીચંદ્ર! એ સર્વ અભિલાષા આ વેશને અનુચિત છે! જે મૂર્ખતાએ ઘર છોડાવી અહીં આણ્યો તે જ મૂર્ખતાએ આજ આ દેશદશાનું દર્શન કરાવ્યું. તો હવે ત્યજેલું ગૃહ પાછું સ્વીકારવું, ધનભાઈને અર્પેલું ધન પાછું લેવા ઇચ્છવું, અને આ લીધેલો વેશ ત્યજવો — એ તે હવે મૂર્ખતા કે શાણપણ? અધર્મ કે ધર્મ?'

अनारम्भो हि कार्याणां प्रथम बुद्धिलक्षणम्।
आरब्धरयान्तगमनं द्वितीयं बुद्धिलक्षणम्॥

પ્રથમ બુદ્ધિલક્ષણ નષ્ટ થયું, તો બીજું તો રાખવું. I have committed myself to this stage - by folly or by fortune, and I shall be at least consistent with myself and stick to what I have accepted. That saves me an amount of thought and vexation . આપેલું પાછું લેવું એ પાપ છે!

દેશનું કલ્યાણ ધન દ્વારા કરવું ઈશ્વરને સોંપું છું. એ કલ્યાણનાં સાધન હતાં તે ગયાં તે ઈશ્વરની ઇચ્છા! નવાં પંથમાંથી નવા સાધન શોધીશું. છોડેલાં શસ્ત્ર પાછાં લેવાં નથી. કુમુદ! તારે માટે કરેલી પ્રતિજ્ઞા હવે તૂટશે

નહીં! તને દુ:ખકુંડમાં નાખી દીધાનું પ્રાયશ્ચિત્ત કરવા જે જ્વાળામુખ સંન્યાસની પ્રતિજ્ઞા લીધી હતી તેને યોગ્ય વેશ આ જ છે.

શું જગતમાં એક પણ પદાર્થ એવો છે કે જેથી ઘેર જવાની વાસના મારામાં પ્રકટે? શું પરમાર્થ અથવા દયાને નામે મેં કરેલું પાપ ધોવાશે અને લીધેલી પ્રતિજ્ઞા છૂટશે? કુમુદસુંદરી! તમારો ત્યાગ કરી તમને જે દુ:ખમાં મારી સ્વચ્છંદતાએ નાખેલાં છે તેનું પ્રાયશ્ચિત્ત મારી પ્રતિજ્ઞા પ્રમાણે જ કરીશ અને બુદ્ધની પેઠે આ જ વસ્ત્રો પહેરી તમારી ક્ષમા એક દિવસ માગીશ. મારી અલ્પશક્તિ પ્રમાણે આ જ વેશે લોકહિતનો પ્રયત્ન કરીશ.

ચંદ્રકાંત! મુંબઈ છોડવા પહેલાં હું ધારતો હતો કે દેશહિત, લોકહિત અને આત્મહિત, ત્રણે વાનાં દ્રવ્ય વિના સિદ્ધ થઈ શકે છે, અને તેં દ્રવ્યના લાભનો પક્ષવાદ કર્યો. ત્યારે મેં તેના સામો પક્ષવાદ કર્યો, અને મારા પક્ષને સત્ય માની મેં દ્રવ્યનો ત્યાગ કર્યો. તારા પક્ષવાદનું મૂળ અનુભવ હતું — તારા અનુભવ વિનાનો મારો પક્ષ હવે મને મૂર્ખતા ભરેલો લાગે છે અને તારા જેવાઓને ઉપયોગી થવાનું સાધન મેં હાથે કરી ખોયું. હવે એ થયું ન થવાનું થનાર નથી, અને લીધેલી પ્રતિજ્ઞાઓ છૂટનાર નથી, અને દ્રવ્યના સાધન વિના આ શરીરથી જે અર્થ સરે તે જ યોગ્ય છે. હવે આપણા લોકે સ્વીકારેલો પ્રારબ્ધવાદ સ્વીકારવામાં મને સુખ લાગે છે. મારો હાલનો પ્રતિજ્ઞાધર્મ તે વાદને જ અનુકૂળ લાગે છે.

તરંગશંકર! પ્રીતિને માયારૂપ અસત્ય ગમવાનું તમે શીખવ્યું તે પ્રમાણે કુમુદની પ્રીતિનું સ્વપ્ન કાઢી નાખું તો હું આ મારા સાંપ્રત વેશને યોગ્ય કાર્ય કરું — એની ના નહીં. પણ બુદ્ધને સ્વપ્રિયાએ ક્ષમા અર્પી તે પ્રમાણે હું કુમુદસુંદરીની ક્ષમા મેળવું ત્યાં સુધી બુદ્ધના શાંત સંન્યાસનું શમસુખ લેવાનો મને અધિકાર નથી. બુદ્ધના ત્યાગથી એના રાણી પરહસ્તગત થઈ નહોતી. કુમુદ! તું પ્રમાદને હાથ ગઈ અને અસહ્ય દુ:ખ પામી — તેનું કારણ હું! લોકદૃષ્ટિએ વિવાહવિધિ થયો નથી ગણી હૃદયે સ્વીકારેલો વિવાહ તોડવાનું પાપ કરનાર તે હું છું.

પ્રિય ચંદ્રકાંત! પ્રથમ હું મારી પ્રતિજ્ઞા પાળીશ અને કુમુદનું ઉદાર ચિત્ત મને શુદ્ધ ક્ષમા અર્પે ત્યાં સુધી હું નિરાધાર અને નિરાકાર — અલખ — રહી આ વેશે ભટકીશ અને મારા હૃદયમાં પ્રીતિના અંગારાને અહોનિશ બળવા અને બાળવા દઈશ!

અહો ઓ જીવ મારા રે!

દઈ આ દંશ દારાને,

ઘટે ના ભોગ-સંસાર,

ઘટે ના શાંત સંન્યાસ!'

ક્રોધથી પાસેના પથ્થર ઉપર મુક્કી મારી અને પગ પૃથ્વી ઉપર અફાળ્યો.

‘શરીરે ભસ્મથી છાયો,

ઉરે અત્યંત સંતાપ્યો,

ઊંડો જ્વાળામુખી જેવો,

હવે સંન્યાસ આ તેવો! ’

કપાળે, ઓઠે અને આંખોમાં ઉગ્ર, તીવ્ર ને દૃઢ નિશ્ચય પ્રકટ્યો.

‘સ્ફુરે પોતે, ન દેખાય,

કુમુદની ગંધ ગ્રહી વાય!

અરણ્યે એકલો વાયુ!

જીવન એ ભાવિ છે મારું! ’

હાથ આકાશમાં વીંજ્યો અને મુખ ઉપર આત્મપ્રીતિ અને તૃપ્તિ જ્વલિત થઈ.

‘ચંદ્રકાંત! ચંદ્રકાંત! ક્ષમા કરજે. કુમુદની ક્ષમા મળતાં સુધી આ પ્રીતિના તપથી તપોમય સંન્યાસ છે, ક્ષમા મળવા પછી શાંત સંન્યાસ છે, અને એ સંન્યાસની શાન્તિને કાળે તને અને મારાતારા દેશને સ્મરીશ અને વગર દ્રવ્યે તેમનું હિત કેમ કરવું એ વિચારી મારો પક્ષવાદ સિદ્ધ કરીશ.’

પોતાના વેશ ભણી જોઈ, હાથેલીથી અંચળાને ઝાલી, તેના ભણી જોઈ બોલ્યો:

‘અલખના અરક્ત રક્ત રંગ! હું તને અપમાન નહીં આપું. ‘પ્રકૃત વ્યવહારમાં વિહરવું’ એવી શિક્ષા મને દીક્ષામાં જ મળેલી છે — તો — કુમુદ વિષયે હું આમ પ્રવાહપતિત થયો છું અને મને આ જ્વાલામુખ સંન્યાસ અને તેનો વ્યવહાર જ પ્રકૃત છે. એ વ્યવહારમાં હું વિહાર કરું અને એ પ્રકૃત તપ વડે મનને શુદ્ધ કરું તો આ વેશથી કંઈ પણ વિરુદ્ધતા નથી — કારણ આ મારી દીક્ષા છો!’

આટલું બોલે છે ત્યાં આકાશમાં કુમુદનો સ્વર સંભળાયો:

‘લીધો લીધો ભગવો વહાલે ભેખ,

સુંદર થયો જોગી રે!

મને વહાલો લાગે એનો વેશ,

થયો બ્રહ્મ-ભોગી રે! ’

ચારે પાસ જોયું પણ કુમુદ જણાઈ નહીં.

‘અહા! મારા હૃદયના સંસ્કાર બાહ્ય સંસારમાં પ્રતિધ્વનિરૂપે મૂર્ત થાય છે અને જ્યાં જાઉં છું ત્યાં મને અકળાવે છે — પણ અકળામણ એ જ મારું પ્રાયશ્ચિત્ત માની હું તેને યથેચ્છ વર્તવા દઉં છું.’

વળી કુમુદનો સ્વર સંભળાયો:

‘ચંદ્રજોગીતી સાથ કુમુદ જોગણ થઈ ચાલી રે,

વહાલા! પ્રીતિનો સાજીશું મેલ, રમીશું મહાલી રે!
’

સ્વર બંધ પાડી, સરસ્વતીચંદ્ર બોલ્યો:

‘હે રમ્ય પ્રિય સ્વર! પ્રીતિનું આ રમ્ય સ્વપ્ન હું ઇચ્છતો નથી—એ સ્વપ્નના ઉદ્ગારમાં પાપ છે, અહિત છે, હે અમૂર્ત સ્વર એ ઉદ્ગારને તુ શાંત કર અને મારી દુષ્ટતાના દોષના ઉદ્ગાર કાઢ.’

આને અન્યથા ઉત્તર મળતો હોય તેમ આ વાક્ય પૂર્ણ થતાં ગુફા અને મઠ વચ્ચેની બારીમાં આવી એક બાવાએ ગર્જના કરી:

‘નન્દકો નન્દન એક આનન્દ દેત હૈ!’

ગુફાની ચારે પાસ પત્રની ભીંતોમાં, ઉપર આકાશમાં, નીચે ઝરાના પાણીમાં, પાસેના વડની શાખાઓની ઘાડી જાળમાં, અને અન્યત્ર સર્વત્ર પ્રતિધ્વનિ ઊઠ્યો:

‘એક આનન્દ દેત હૈ!’

એ આનંદનો સત્કાર સરસ્વતીચંદ્રના હૃદયમાં પણ થયો, અને બારી ભણી મુખ ફેરવ્યું ત્યાં બારીમાંનો સાધુ એના ભણી પ્રસન્ન મુખથી આવવા લાગ્યો.

---

* Pope .

* ‘દવેખ’ જેમકે એને સંસાર ઉપર દવેખ આવી ગયો. *अन्नद्वेष* ઇત્યાદિમાં સંસ્કૃત પ્રયોગ એ જ અર્થે છે.

* આર્નોલ્ડના લાઇટ ઑફ એશિયા ઉપરથી સૂચિત.

* રાગ-ફારસી બેત ઉપરથી *પુત્ર૦*

* સૂર=વિદ્વાન.x વ્યાયામ=કસરત

૧ = અંદરનો ઘા

૭. કુમારિકા કુસુમ અને વિધવા સુન્દર

'The husbandless woman exists in two shapes. She is either spinster or a widow. Most nations permit both institutions to grow up side by side with each other with the result that the reciprocal proportions of the numbers of the two classes undergo fluctuations on principles very similar to those of the two metals of a double currency under the guidance of economic laws. Social science is interested in noting how these fluctuations tell upon the general welfare of the nation. The poet of domestic charms falls in love with the different features of the lights and shades of the twin sisters - the spinster and the widow. There is also a cynical way of subjecting both creatures to a camera observation and comparing the shadows of the two reflected upon its plate. This is especially useful in a country like India where the Hindus have chosen and contrived to escape the fluctuations of a domestic double currency by keeping the widow a permanent coin and excluding the spinster altogether from their mint. The propounders of justice and of the equality of the two sexes may well protest against this gross injustice to the weaker sex. But, apart from that, no small interest gathers round the questions whether India with this monometallism for her social economics is really a loser on the whole, and whether the world of bimetallists has gained anything substantial, or, to be more serious and less offensive to the fastidious moralist, whether the world has gained on the whole by its submission to the ordinary laws of nature, and India has suffered by working out this artificial system within its families. '

- *Anonymous*

વિદ્યાચતુરનું કુટુંબ એકઠું થઈ ગયું. વૃદ્ધ માનચતુરે ઘેર આવી કુમુદ વિષે આશા મૂકી અને મુકાવી. બુદ્ધિધનના પત્રથી પ્રમાદધનના મૃત્યુની કૃષ્ણપત્રી જણાઈ ગઈ. એક દિવસમાં રંક પુત્રીનું અને મૂર્ખ જામાતાનું મરણ સિદ્ધ થયું. અમાવાસ્યાની રાત્રિના અંધકારમાં ચોમાસાનાં વાદળાંને અંધકાર ભળે, બેવડો અંધકાર જગતમાં વ્યાપી જાય, અને નિદ્રાની જડતામાં વૃષ્ટિના શૈત્યની જડતા ભળે, તેમ વિદ્યાચતુરના પ્રધાનમહેલમાં થઈ ગયું.

કુમુદ ગયાનો શોક પૂર્ણ વિકાસ પામવા આવ્યો અને પ્રમાદધનના નામ ઉપર આરોપ, ઠપકા, ગાળો અને પાપની વૃષ્ટિ પૂરી થઈ નહિ ત્યાં પ્રમાદધનના સમાચારે એ ગાળો અને શાપને શાંત કર્યાં, અને વિધવા થતાં પહેલાં મૃત્યુ પામેલી પુત્રી ભાગ્યશાળી ગણાઈ, અને એ વિચારે એના ઉગ્ર શોકને શાંત કર્યો. મણિરાજ પોતે સર્વને આશ્વાસન આપી પાછા ગયા. મિત્રો, કુટુંબજન, જ્ઞાતિજન, અધિકારી મંડળ, રાજમહેલનું મંડળ અને પ્રતિષ્ઠિત નાગરિક મંડળ, સર્વની આખો દિવસ આવજા થઈ અને અનુશોચનના વ્યવહારે શોકના હૃદયરસને છિન્નભિન્ન કરી નાખ્યો. અતિશય વ્યવહાર વ્યાપારમાં ગયેલા દિવસને અંતે રાત્રિ સમયે શાન્ત થયેલું સર્વ મંડળ વિશ્રાંતિને ખોળે પડી નિદ્રામાં પડ્યું. વિદ્યાચતુરની નિદ્રા, ઈશ્વરેઇચ્છાનો વિચાર થતાં ગાઢ થતી, પુત્રીના ગુણ અને ભાગ્ય સાંભરતાં મસ્તિકમાંથી દુર થતી, શોક તરી આવતાં નેત્રદ્વારમાં આવજા કરતી, મોહનો વિજય જતાં નિઃશ્વાસને માર્ગ આપતી અને સંસારનું અસાર સ્વરૂપ સમજતાં પાછી આવતી, અને અંતે એ પાછો નિદ્રામાં પડતો. પુત્રીનું સૌભાગ્ય અખંડ રહ્યું અને વૈધવ્ય જોવા વારો આવ્યો નહીં એ વિચાર રોતાંરોતાં થઈ આવતો ત્યારે ગુણસુંદરી શાંત થતી, પણ રંક અને સુશીલ પુત્રીનાં દુઃખ સાંભરતાં એની આંખમાં આંસુની રેલ ચાલતી. એને આખી રાત નિદ્રા ન આવી, પણ ઘડીક એ સૂતી સૂતી આંસુ સારતી, દાડીક પથારીમાં બેઠી થઈ રોતી, ઘડીક શાંત થઈ ઉઘાડી કે સીંચેલી આંખે પણ જાગ્રત હૃદયે પડી રહેતી, અને ઘડીક પાસે સૂતેલી સુન્દરની સાથે કુમુદની વાત રોતી-કકળતી કરતી.

દિવસે દિવસે શોક જૂનો થવા આવ્યો, અને સંસારનો વ્યવહાર સર્વનાં સ્મરણચક્ષુ ઉપર પડદો નાખવા લાગ્યો; કુમુદના સમાચારથી સર્વ કુટુંબની આ અવસ્થા થઈ એટલા દિવસ તેમનાં ચિત્તમાંથી કુસુમની ચિંતા દૃશ્ય થઈ. માતાના આશ્વાસનમાં અને શોકવ્યવહારનાં કાર્યોમાંથી પરવારતા એકલાં પડવાના પ્રસંગ વધતા ગયા અને તેની સાથે આ બાળકીના હૃદયમાં નવા અનુભવના પરિણામ, નવા વિચાર, અને નવી ચિન્તાઓને ભરવા લાગ્યા, અને તે પ્રમાણે પોતાનું ભવિષ્ય બાંધવાની આતુરતા એના એકાંત અવકાશમાં વીજળીના જેવા ચમકારા કરવા લાગી. આણી પાસથી કુસુમ આમ આકર્ષાવા લાગી, ત્યારે બીજી પાસથી બિચારી સુન્દરની ચિન્તાઓ વધવા લાગી. વિદુષી છતાં ગુણસુંદરીને કુમુદનો ઘા અતિશય લાગ્યો અને એ હૃદયશૂન્યા બન્યા જેવી દેખાતી હતી અને ગૃહકાર્યથી તેમ કુસુમની ચિંતાથી કુમુદના શોકે એને મુક્ત કરી. સુન્દર એક પાસથી ગુણસુંદરીની પાછળ પાછળ ભમતી અને બીજી પાસથી કુસુમની પાછળ ભમવાનું એની દૃષ્ટિએ મૂક્યું નહીં. ગુણસુંદરીને શોકમુક્ત કરવામાં, અને મોઈ પુત્રીના શોકમાં ડૂબેલી માતાએ એકલી પડવા દીધેલી કુસુમના સ્વચ્છંદ લાગતા આવેશને દાબેલા રાખવામાં, સુન્દરની ચિંતાઓ વહેંચાઈ ગઈ, અને જન્મપર્યંત પોતાને આભારી કરનારી ગુણિયલ દેરાણીએ કરેલા ઉપકારોનો

બદલો વાળવાનો આ ઈશ્વરે આપેલો પ્રસંગ જાળવવામાં સુન્દર શિથિલ થઈ નહી.

પોતાના લતાગૃહના માંડવામાં, પાસેના તળાવની કોર ઉપર અને આસપાસની કુંજગલીઓમાં, આખો દિવસ અને રાત્રિને પ્રથમ પ્રહરે કુસુમ એકલીએકલી ફરવા લાગી અને પોતાના વિચારની ચક્રદોલાએ (ચકડોળે) ચડવા લાગી.

‘પરણ્યાં એટલે પડ્યાં એ વાત નક્કી! કુમુદબહેન! તું ગઈ અને પ્રમાદધન ગયા! તમે બે જીવતાં હોત કે તું એકલી જીવતી હોત તો તારા દુ:ખનો પાર ન હતો! એ દુ:ખનું કારણ તારો વિવાહ! વિવાહ એ સ્ત્રી જાતનો શત્રુ છે. વૈધવ્યમાંથી મરણે તને છોડાવી એ વિચારથી ગુણિયલને આવા દુ:ખમાંથી કળ વળે છે! તેનું કારણ શું? કુમુદબહેન પરણી ન હોત અને વિધવા ન થઈ હોત તો સુખી હોત! માણસ મરે તો પણ તેનો શોક પાછળ રહે છે તે લગ્નદશા સમાપ્ત થાય તો પણ તેની છાયા પાછળ રહે છે — એ છાયા તે વૈધવ્ય! જે લગ્નની છાયા એટલી ભૂંડી છે તે લગ્ન કેટલું ભૂંડું હોવું જોઈએ? બહેનના વૈધવ્ય કરતાં એનું મરણ સારું ગણાયું! માટે આપણે તો વૈધવ્ય પણ નહીં ને લગ્ન પણ નહીં! માત્ર કાકીને મને પરણાવી ખાડામાં નાખવાની ઘેલછા લાગી છે. પણ ગુણિયલ હજી બોલતી નથી, અને અત્યાર સુધી હું કુમારિકા રહી છું તે પિતાજીની કૃપાથી જ.’

આટલો વિચાર કરી તે હરિણી પેઠે દોડી અને ગુલાબના છોડ વચ્ચેની ગલીમાં દોડી આવી તળાવ પાસે એક ભૂરા કાચની બરણી જેવી બેઠક ઉપર બેઠી. એને દોડતી દેખી સુન્દર આઘેથી પાસે આવી એને માથે હાથ મૂકી બોલવા લાગી:

‘બેટા, તું દોડાદોડ કરે એ તે આટલે વયે છોકરી માણસને માટે કંઈ સારું કહેવાય? તું મોટી થવા આવી!’

કુસુમ — ‘છોકરી જો પરણી હોય ને પછી દોડે તો તે ખોટું કહેવાય. પરણ્યા સુધી કુમારિકા ગમે તેવડી હોય તે દોડે.’

સુન્દર — ‘પણ હવે તારે પરણવાનું કંઈ છેટે છે? ગુણિયલને તારી કેટલી ચિંતા થાય છે તે તને ખબર છે? કુસુમ! હવે તું કાંઈ ડાહી થા. આવે કાળે માની ચિંતા તું ઓછી નહીં કરે તો પછી કયારે કરવાની હતી?’

આ વાક્યના મર્મભાગે સફળ પ્રહાર કર્યો. કુસુમ અંકુશમાં આવી ગંભીર થઈ ગઈ. મનુષ્યમાત્રની નિરંકુશતાને પ્રસંગ છોડાવે છે. દુષ્ટો શિક્ષારૂપ વિપત્તિના પ્રસંગથી અંકુશમાં આવે છે. મૂર્ખ જનને અંકુશમાં આણવા એક વિપત્તિ બસ નથી પણ અનેક વિપત્તિઓનો ખપ પડે છે. ચતુર અને સાધુ પણ અનુભવહીન જનને પોતાની અથવા પારકી વિપત્તિનું દૂરથી પણ દર્શન થતાં બોધ મળે છે અને વગર અંકુશે બોધનો અંકુશ જાતે

સ્ફુરે છે. બોધના અંકુશને યોગ્ય પણ બાળવયના ઉત્સાહથી ભરેલી યુવાવસ્થાને આવા દર્શનમાંથી લેવાના પ્રબોધનું ભાન આણનાર પ્રિયબોધક મનુષ્ય જોઈએ છે. આવો સંયોગ કુસુમને હતો. એના વિકાસની નિરંકુશતા જોઈ ગુણસુંદરી હબકતી હતી, ત્યારે સ્વતંત્ર બુદ્ધિવાળાં મનુષ્યોની પ્રકૃતિનો સુજ્ઞ વિદ્યાચતુર અને ધૈર્ય આપતો હતો અને બાળક શરીરરૂપ યજ્ઞ ઉપર બુદ્ધિના અગ્નિને દાસત્વમાં નાખવાનું પાપકર્મ ન કરવાનાં કારણ બતાવી એ અગ્નિને કેવી રીતે કેવા તપથી સાધવો એ દર્શાવતાં બોલ્યો હતો કે — 'ગુણિયલ! નવી પરણેલી મુગ્ધા સ્ત્રીને જેમ દક્ષ નાયક બળથી નહીં પણ કળથી વશ કરી લે અને એ મુગ્ધાનો રસ વધારે, તેમ જ બાળકની બુદ્ધિને પણ કેળવવાની છે. જો આપણાં બાળક આપણા કરતાં વધારે બુદ્ધિવાળાં થાય એમ આપણી ઇચ્છા હોય તો તેમની બુદ્ધિને આપણી બુદ્ધિની બેડીઓમાં કેદ ન કરવી, કારણ માબાપની બુદ્ધિથી માત્ર આજ્ઞાકર થવા શીખેલી બુદ્ધિ સ્વતંત્ર રીતે ઊડવાનો અભ્યાસ પામતી નથી. બાળકની બુદ્ધિને પગે માબાપે ઘડેલી બેડીઓ નાખવી નહીં, પણ એ બુદ્ધિ જાતે ચાલે, પડે, અને ઊઠે અને શક્તિ હોય તો દોડે તેમાં માબાપે વિઘ્ન ન નાખવું. એ બુદ્ધિ પોતાની કળાથી નૃત્ય કરે તો કરવા દેવું. તેને વિદ્યા એ અન્ન છે, વિચાર એ વ્યાયામ (કસરત) છે, સ્વતંત્રતા એ તેના પ્રાણનું પોષણ કરનાર પવન છે. ઉત્સાહ એ એની ક્રીડાભૂમિ છે અને સંસારનું અવલોકન એ એને જીવન આપનાર પાણી છે. માતાપિતાનો ધર્મ એ છે કે પાણી નિર્મળ રાખવું, એ પવન નિર્મળ અને અપ્રતિરુદ્ધ રાખવો, એ ક્રીડાભૂમિમાં અધમ સંગતિ જવા દેવી નહીં. અને એ વ્યાયામમાં ન્યૂનતા કે અતિશયતા થાય નહીં અને વ્યાયામને અંતે ફરવા માંડેલા લોહીથી ભરેલી નસોમાં અયોગ્ય પદાર્થને સ્થાને પોષક અન્ન જાય. માતાપિતા ભણીના અંકુશની સમાપ્તિ આટલામાં થાય છે, બાલ્યાવસ્થામાં આટલા અંકુશમાં રહી બાળકની બુદ્ધિ મરજી પડે તેવું નૃત્ય કરે તે કરવા દેવું. એ અવસ્થા જેમજેમ પૂરી થતી જાય તેમતેમ એ બુદ્ધિના અન્ન સાથે બાળકના ભવિષ્ય પ્રયાણને યોગ્ય ભાથું ભરવું અને તેની ક્રીડાભૂમિમાં સુખદુ:ખોથી ભરેલા સંસારનાં ચિત્ર મૂકવાં, દુષ્ટ પવન નિવારનાર તેમ પવનને સુગંધવાહક કરનારા રસ એના ભવનના સર્વ ભાગમાં મૂકવા એટલું સરત રાખવું. યુવાવસ્થા આદિ પ્રવાહો સ્વતંત્રતાને વધારનાર છે તે કાળે આવા રસથી જે કામ થશે તે શુષ્ક શિક્ષાપાઠથી નહીં થાય, માટે એના વિચારરૂપ વ્યાયામને વધવાનાં સાધન ઊભાં કરવાં પણ તે એવાં હલકાં ન કરવાં કે પ્રમાદ થાય અને એવાં ભારે ન કરવાં કે અતિશ્રમ થાય. અને અંતે એના અવલોકનરૂપ જીવનનો પ્રવાહ ગંગા જેવો રાખવો અર્થાત્ સર્વ કાળે શુદ્ધ અને જગતને પાવન કરનારો કરવો, અને સર્વગ્રાહી આકાશના પ્રતિબિંબનું સર્વાંગે પ્રતિબિંબ સંગ્રહનારો કરવો; પ્રાણીમાત્રની તૃષા ભાગનાર, જીવન આપનાર ચારે પાસની વનસ્પતિનો પોષક, અને હિમાચલ જેવા ઉચ્ચ સ્થાનમાંથી સર્વદા પ્રભવ પામતો એ પ્રવાહને કરવો! સમુદ્રના જેવા વિશાળ અને

પ્રાણપોષક પ્રયાણમાર્ગરૂપ ઇષ્ટાપત્તિનો — અનેક ગુપ્ત પણ સતત નીતિઓથી — સાધક ગંગાપ્રવાહ જેવો બાલક-બુદ્ધિના આ અવલોકનના પ્રવાહને કરવો. ગુણિયલ! શુદ્ધ વિદ્યાદાનનો માર્ગ અને પરિણામ આવાં છે, અને પુત્રીનું સ્ત્રીત્વ અને પુત્રનું પુરુષત્વ લક્ષ્યમાં રાખી આ માર્ગ લેવાય તો તેના નિયમ ઉભયને સામાન્ય છે અને એ માર્ગ પુત્રમાત્ર અને પુત્રીમાત્રનાં જાતકર્મ આદિ સંસ્કારોમાં એક આવશ્યક સંસ્કાર છે. એ સંસ્કાર ન આપે તે માતા અથવા પિતા પોતાના ધર્મથી ભ્રષ્ટ થાય છે. આપણા લોક ક્ષુદ્ર થયા છે અને શુદ્ધ ધર્મ સમજતા નથી. પણ પવિત્ર ધર્મથી તું ભ્રષ્ટ થઈશ નહીં! એ વિષયમાં તારા ધર્માધર્મમાં મારો ભાગ છે, તું મારી સહધર્મચારિણી છે, અને આટલા ધર્મનું કૃત્ય હું તને સોંપું છું, કારણ મને વ્યવહારમાં અવકાશ ઓછો મળે છે. પણ ઈશ્વરે સર્વરીતિથી અનુકૂળતા કરી આપી, તેને પાત્ર થવા મેં તને વિદ્યા આપી છે, અને તું પુત્રીને આપજે અને એની બુદ્ધિને સંસ્કાર પામેલા મણિ જેવી કરવાનો મેં તને માર્ગ બતાવેલો છે. *ગૃહિણી ગૃહમુચ્યતે* માટે આ ગૃહકર્મની સફલતા તારા ઉત્સાહ ઉપર આધાર રાખે છે. તને આપેલી વિદ્યાને લીધે આ ધર્મમાં તું મારી સહધર્મચારિણી છે.'

વિદ્યાચતુરે કુસુમના સંબંધમાં આ શિક્ષા આપી હતી તે ગુણસુંદરીએ લખી રાખી જિહ્વાગ્રે કરી હતી. પુત્રીને વિદ્યા અને બુદ્ધિસ્વાતંત્ર્ય આપવાનું કારણ કોઈ પૂછે ત્યારે પતિવ્રતા ઉત્તરમાં 'પતિઆજ્ઞા' દર્શાવતી હતી. એ આજ્ઞાને કોઈ ભૂલભરેલી ગણે ત્યારે પતિપ્રતિષ્ઠાનું સમર્થન કરવા આ શિક્ષાના અક્ષરોના સારોદ્ધાર કરી સાક્ષરા જય પામતી છતાં સ્ત્રીજાતિને સ્વાભાવિક ભીતિ તે ગુણસુંદરીના હૃદયને પુત્રીના સ્વાતંત્ર્યફલના સંબંધમાં નિરંતર કંપાવતી અને પોતાની ભીતિ ખરી ન પડે એવું એ નિત્ય ઇચ્છતી. એ ભીતિ ખરી પડશે કે ખોટી એ શંકા ગુણસુંદરીને અને સુન્દરને નિત્ય થતી. એ શંકાનું સમાધાન કાળક્રમે અને કુસુમના પૂર્ણ વિકાસને અંતે જ થાય તેમ હતું. ભત્રીજીને માની ચિંતા ઓછી કરવાનું કહેતાંકહેતાં સુન્દરનું હૃદય આ શંકાથી ધડકવા લાગ્યું. વગર અંકુશે ઊછરેલી કન્યાની બુદ્ધિમાં વિપત્તિધર્મનો બોધ કેવી રીતે સ્ફુરે છે તેનું અવલોકન અનુભવી વિધવા આતુરતાથી કરવા લાગી. એ આતુરતાને લીધે પોતાને પ્રશ્નેપ્રશ્ને કાકી ભત્રીજીનાં નેત્ર ભણી દૃષ્ટિ ધરવા લાગી, અનુભવહીન પણ મેધાવિની બાળાના ઉત્તરેઉત્તરે તેના અક્ષરોદ્ગાર ભણી પોતાના કર્ણને એકાગ્ર કરવા લાગી, અને ઉદ્ગારકાળે અનેક વિકારો અનુભવતી પ્રિય વત્સાના નખથી શિખ સુધીના સર્વ ભાગો ઉપર સહજ સ્ફુરતી ચેષ્ટાઓને વત્સલ કાકી અનેક પ્રિયચિન્તક ચિન્તાઓથી વીજળી પેઠે સહસા, ત્વરાથી, સર્વત: અને ક્ષણભરમાં સુપ્રકાશિત કરવા લાગી.

કાકીનો પાલવ ઝાલી કુસુમ બોલી:

'કાકી! તમે એમ સમજો છો કે ગુણિયલના દુ:ખમાં વધારો કરવા જેવાં મારાં કૃત્ય છે?'

સુન્દર — 'ના, તારાં કૃત્ય એવાં નથી, પણ તારા વિચાર અને બોલ ગુણિયલની ચિન્તાઓ વધારે છે.'

કુસુમ — 'ત્યારે ગુણિયલ મને જાતે કેમ કહેતાં નથી?'

સુન્દર — 'તારા પિતાજીની આજ્ઞા છે કે તારા વિચાર જાણવા પણ રોકવા નહીં; તેને વાળવા પણ મરડવા નહીં.'

કુસુમ — 'ત્યારે એટલું તો ખરું કેની કે મારો વિચાર નિર્દોષ છે?'

સુન્દર — 'હું કંઈ પંડિત નથી. પણ આ વિચાર પ્રમાણે તું ચાલીશ તો વિપરીત કરી બેસવાની અને જાતે દુ:ખી થઈ બીજાને દુ:ખી કરવાની! અંગ્રેજી ભણેલા પુરુષો ઘર ચલાવવા બેસે ત્યારે સ્ત્રીજાતે તેમની મરજી પ્રમાણે વર્તવું પડે, પણ એટલી તેમની આજ્ઞા પાળવાથી આપણાં કાળજાં કંપતાં મટે નહીં.'

કુસુમ — 'જ્યારે મારી ચિન્તા પિતાજી એક રીતે કરે અને ગુણિયલ બીજી રીતે કરે ત્યારે મારે શું કરવું?'

સુન્દરે કુસુમને જરીક ખસેડી અને એક બેઠક ઉપર બે જણ સંકડાઈને બેઠાં. સુન્દરે કુસુમને બગલમાં લીધી.

સુન્દર — પુત્રોની સંભાળ પિતા લે અને પુત્રીની માતા લે. જો તું ગુણિયસના વિચારમાં વળે તો તારા પિતાને વાંધો નથી.'

કુસુમ — 'તો મારા વિચારને વાળો — એને મરડી નાંખવા શું કરવા મથો છો? મારે કુંવારાં રહેવું છે. એ વિચારને મરડી નાંખી તમે બધાં પરાણે પરણાવશો ત્યારે મારું કંઈ જોર છે? ગાય ને દીકરી — તેને માબાપ મોકલે ત્યાં જાય.'

કુસુમનું હૃદય ભરાઈ આવ્યું, તેનાં વિશાળ નયન આંસુથી ઊભરાયાં, બાળક હૃદય દુ:ખના આવેશથી ધડકવા લાગ્યું, અને કાકીની છાતી ઉપર માથું નાંખી બાળા ધીમેથી રોવા લાગી. સુન્દરે ઊંડો નિ:શ્વાસ મૂક્યો.

'બેટા કુસુમ! એક દીકરીને પરણાવી ધરાયાં નથી અને બીજી દીકરીનું પ્રારબ્ધ કેવું નીવડશે તે વિચારતાં અમારાં કાળજાં કંપે છે તો તારા જેવી ચકોર જાતને ચિન્તા થાય એમાં નવાઈ નથી. પણ પરણ્યા પછીનાં સૌ દુ:ખ કુંવારાં રહ્યાંનાં દુ:ખથી ઓછાં.'

કુસુમ આંસુ સૂકવી મોં ઊંચું કરી બોલવા લાગી. કાકી, માતાની ચિન્તા ઓછી કરવાની વાત પડતી મૂકી, વાદવિવાદમાં ભળ્યાં લાગ્યાં. માતાની

ચિન્તા ઓછી કરવાની વાતમાં કુસુમને પોતાનું કાળજું હારી જતું લાગ્યું. વાદવિવાદમાં ઊતરતાં પોતાની બુદ્ધિ ચાલતી લાગી.

‘કાકી! પરણેલાંનાં દુ:ખ સૌ દેખીએ છીએ. કુંવારાંનાં દુ:ખ કોણે દીઠાં છે?’

સુન્દર — ‘ડોસા કુંવારા દીઠા છે; ડોસી કુંવારી દીઠી નથી તો તેનું સુખ કે દુ:ખ કશુંયે શી રીતે દેખાય? બાકી અનુમાનથી જોવાનું તે તો બે પગે ચાલે તે દેખે, ન દેખે એકલી મારી ઘેલી કુસુમ!’

કુસુમ: ‘ઘેલી ભત્રીજી ન દેખે તો ડાહ્યાં કાકી દેખાડે!’

સુન્દર: ‘જો, બાળક પાસે બધી વાતો થાય નહી અને બાળક મોટાંની વાતો કરવાના ચાળા કરે ત્યારે મોટાંએ ન કહેવાનું કહેવું પડે.’

કુસુમ — ‘એમ કરો ત્યારે.’

સુન્દર — ‘તું લાજ છોડાવીશ ને છોડીશ પણ મમત મૂકવાની નહી.’

કુસુમ — ‘વારુ એમ. પણ બોલો તો ખરાં.’

સુન્દર — ‘જેણે મૂકી લાજ, તેને નાનું સરખું રાજ.’

કુસુમ — ‘હા ભાઈ, એમ, પણ બોલો.’

સુન્દર — ‘હું કંઈ તારો ભાઈ નથી. પણ સાંભળ ત્યારે. આ જગતમાં લોક સંસાર શું કરવા માંડતા હશે?’

કુસુમ — ‘તેમને તેમ ગમ્યું. ગમવા ન ગમવાની વાત; તેમાં કારણ શાં? કોઈને ભાવે ગળ્યું, ને કોઈને ભાવે તીખું. કોઈને ગમે સંસાર માંડવાનું ને કોઈને ગમે કુંવારાં રહેવાનું.’

સુન્દર — ‘ના, એમ નથી. ભાવવું ન ભાવવું તેનો આધાર જીભ ઉપર છે. પણ ભૂખની વાસના જેવી સંસાર માંડવાની વાસના પ્રાણીમાત્રને વખત આવે થાય છે. જેમ ઝાડમાત્રને પોતપોતાની ઋતુ આવ્યે ફળપુષ્પ થાય છે તેમ પ્રાણીમાત્રમાં યૌવનનો વા વાતાં મોડી-વહેલી સંસારની વાસના જાતે ઉત્પન્ન થાય છે.’

કુસુમ — ‘પણ રાણીસાહેબનાં શિક્ષક મિસ ફ્લૉરા મડમ છે તે હજી કુંવારાં છે; ને બીજું બોલું?’

સુન્દર — બોલને.’

કુસુમ — ‘ના, પણ તમને ખોટું લાગે ને મને વઢો.’

સુન્દર — ‘ના, નહીં ખોટું લાગે.’

કુસુમ — ‘બીજું તમે પણ ક્યારે સંસાર માંડ્યો છે?’

સુન્દર હૃદયનો નિ:શ્વાસ હૃદયમાં દાબી બોલી:

‘મડમને વાસના નહીં થઈ હોય તો થશે ને આજ નહીં તો ચારે વર્ષે સંસાર માંડશે. ને બેટા, કાકીની વાત કાકીનું હૃદય જાણે છે કે પરમેશ્વર જાણે છે.’

કુસુમ — ‘ત્યારે તો તમને વાસના થઈ હશે.’

આંખો ચોળતી, આડું જોતી, સ્વસ્થ બનતી સુન્દર બોલી:

‘જો, ઈશ્વરે જ્યાં જ્યાં પ્રાણ અને યૌવન મૂક્યાં છે ત્યાં ત્યાં એ વાસના પણ મૂકી છે. વિધાત્રી, લક્ષ્મીજી અને પાર્વતી એ જગદંબાનાં સ્વરૂપ; તેમાં પણ એ વાસના પ્રગટી છે તો તારી કાકી જેવી રંક જાત તે કોણ માત્ર? વાસના તો યૌવન સાથે ઘડાઈ તે યૌવન સાથે જશે. પણ એ વાસના મારવી એ ડાહ્યાં અને સદ્ગુણી માણસનું કામ.’

કુસુમ જય મળ્યો ગણી ઊભી થઈ હસતી હસતી બોલી:

‘ત્યારે એ શુભ કામ કાકીથી બન્યું તે ભત્રીજી બનાવશે પણ એટલી હરકત સારુ પરણવાના ખાડામાં પડવાનું હોય તો આપણી ચોખ્ખી ના.’

સુન્દરે હાથ ઝાલી કુસુમને પાછી બેસાડી.

સુન્દર — ‘બેસ તો ખરી. એટલામાં ફુલી શું ગઈ? આજ મેં તારી સાથે સહીપણાં માંડ્યાં ત્યારે બધુંયે કહેવું પડશે ને એ કહેવાનું હજી ઘણું છે.’

કુસુમ — ‘લ્યો કહો. તમને કહેતાં થાક નહીં ચડે તો મને સાંભળતાં શો થાક ચડવાનો છે?’

સુન્દર — ‘તું જાણે છે કે વાસના મારવાનું કામ સહેલું છે. પણ એના જેટલું વિકટ કામ કોઈ નથી. ઋષિમુનિ અને બ્રહ્માદિક લોકો એનાથી પરાભવ પામી ભૂલો ખાધી છે.’

કુસુમ — ‘પણ એ તો તમે પુરુષોની વાત કરી. એ વાસના ગમે તેવી વિકટ હશે, છતાં જગતમાં સતીઓ કેટલી બધી થઈ ગઈ છે? હું ધારું છું કે આ વાસનાને જીતવામાં પુરુષોના કરતાં સ્ત્રીઓ વધારે ફાવી હશે, તેથી જ્યારે પુરુષોમાં મોટામોટાની ચૂકો ગણાઈ છે ત્યારે સ્ત્રીઓમાં મોટાંમોટાંનું સતીપણું ગણાય છે.’

સુન્દરને ભત્રીજીની બુદ્ધિ ઉપર વહાલ ઊપજ્યું ને બોલી:

‘બેટા તારામાં અનુભવનું કામ સારવા ઈશ્વરે બુદ્ધિ આપી છે. સતીઓ વધારે થઈ છે તેના અર્થ તો બે થાય. એક તે કહ્યો તે. અને બીજો એવો થાય કે પુરુષો ઘણુંખરું સારા હોય છે ને માત્ર ભૂલો કરનારા આંખે ચડે છે, ત્યારે સ્ત્રીઓ ઘણીખરી નઠારી હોય છે ને તેમાંથી માત્ર થોડી સારી નીવડનારીઓ છે તેથી તેમનાં દૃષ્ટાંત લેવાય છે. આવો યે અર્થ કરનાર કરે,

ને પુરુષોની બોલીમાં ને પુસ્તકોમાં લોક આપણ સ્ત્રીઓને ગાળો દેતા આવ્યા છે કે સ્ત્રીઓ જાતે નઠારી તેથી પુરુષ ફસાય છે. હવે ખરી વાત જોઈએ તો આમાં કંઈક સાચું છે ને કંઈક ખોટું છે.

કુસુમ — 'કેવી રીતે?'

સુન્દર — 'વાસના તો ઈશ્વરે પુરુષ અને સ્ત્રી બેમાં મૂકી છે. પણ સ્ત્રીની વાસનાને માથે કેટલાક અંકુશ ઈશ્વરે મૂક્યા છે ને કેટલાક લોકે મૂક્યા છે. સ્ત્રીને લજ્જાનું ભૂષણ છે તે જ એની વાસનાનો અંકુશ છે. જે સ્ત્રી લજ્જાવતી છે તેની વાસનાને બહાર ફુટી નીકળતાં મહાપ્રયત્ન પડે છે માટે આ લજ્જાનું પોષણ કરવું. એમ જ સ્ત્રીને પોતાની જાતનું અભિમાન હોય છે અથવા પોતાના કુળનો વિચાર હોય છે તે સર્વ આ વાસનાના અંકુશ છે.'

કુસુમ — 'ત્યારે શું સ્ત્રીઓ આ અંકુશને વશ છે તેથી સારી છે અને તેનું પોતાનું જાતબળ નથી?'

સુન્દર — 'છે. એ પણ છે અને અંકુશ પણ છે. સ્ત્રીના શરીરમાં બળ નથી, પણ હૃદયમાં એવું બળ છે કે દુષ્ટ પુરુષો સતીના સામું જોતાં કંપે છે. રાવણ જેવો સીતામાતાને હરી ગયો ખરો, પણ અશોકવનમાં બાર * વર્ષ માજી રહ્યાં ત્યાં એ દુષ્ટ, તેમના દૃષ્ટિપાતથી ધ્રૂજતો, આવીને જતો રહેતો, અને રામજીના સામી લડવા છાતી ચલાવી, પણ માજીના શરીરને અડકી શક્યો નહીં. બેટા રામજીના કરતાં સીતાજીએ વધારે પરાક્રમ કર્યું અને સ્ત્રીજાતને માથે એમનો હાથ હોય ત્યાં સુધી પુરુષ જખ મારે છે. અને પુરુષો સારા અને પંડિત હોય, પણ જાતે વાસનાને રોકી શકતા નથી ત્યારે સામી સ્ત્રી પોતાનું બળ બતાવી પુરુષને સારે રસ્તે ટકવા દઈ શકે એમ હોય છે. પુરુષ અને સ્ત્રી બે સારાં હોવા છતાં બે જણને વાસના ઉત્પન્ન થાય તેવે કાળે જો સ્ત્રી ધારે તો તેને બળે બે જણ શુદ્ધ રહી શકે અને વાસના નિષ્ફળ થાય. એવું છતાં સ્ત્રી પોતાનું બળ આવી સારી રીતે વાપરવાને ઠેકાણે પુરુષને લલચાવવા બેસે તો પુરુષનું ગજું નથી કે વાસનાને રોકી શકે. પુરુષની લલચાવી સ્ત્રી ન લલચાય, પણ સ્ત્રીનો લલચાવ્યો પુરુષ ટકી શકે એમ ન ધારવું. આવી જાતનું પોતાનું છતું બળ સ્ત્રીઓ ન અજમાવે ત્યારે સાધુ પુરુષો એમને ગાળો દે તે તેમનો વાંક નહી.'

કુસુમ — 'ત્યારે મને લાગે છે કે એક પુરુષ અનેક જીવતી સ્ત્રીઓ કરે અને સ્ત્રી વિધવા થયા પછી પણ તમારી પેઠે — જાઓ, નહીં કહું. પણ આપણા લોકમાં આવા ચાલ છે તેનું કારણ એ જ હશે કે પોતાની અને પુરુષની વાસના રાકવામાં બધી બાજી સ્ત્રીના હાથમાં છે-'

સુન્દર — 'વાહ દીકરી, જીવતી રહેજે. અને એટલા માટે જ આપણે પુરુષના વાદ નહીં. એટલા માટે જ શાસ્ત્રમાં આપણે માટે મર્યાદાઓ મૂકી છે.

કુસુમ — ‘સુધારાવાળા એમ કહે છે કે પુરુષ બળવાન છે ને સ્ત્રી અબળા છે તેથી પુરુષોએ શાસ્ત્રો કરી સ્ત્રીઓના સુખની મર્યાદાઓ બાંધી અને પોતે સ્વતંત્ર રહ્યાં.’

સુન્દર — ‘ના બેટા, એ સુધારાવાળા પુરુષો જીણવટ સમજતા નથી. બાળક મોટાની સાથે લડવા માંડે ત્યારે બાળકની પેઠે અમર્યાદ ન થતાં બાળકનું રક્ષણ કરી તેને ઠેકઠેકાણે વાગી બેસે નહીં એમ લાપટઝાપટ કરી બાળકનું વશ કરવું એ મોટાનો ધર્મ. નિર્બળ અને બળવાન, સમજુ અને અણસમજુ એવાંઓના પરસ્પર વ્યવહારમાં બળવાન અને સમજુને માથે મર્યાદા અને ધર્મ હોય છે. સંસારની વાસનાઓને અંગે સ્ત્રી પુરુષ કરતાં વધારે બળવાળી છે અને સ્ત્રી બળ કરી વાસના રોકી શકે છે માટે શાસ્ત્રે બાંધેલી મર્યાદાઓ પાળવી એ સ્ત્રીના બળનો ધર્મ છે.’

કુસુમ — ‘જ્યારે એમ સ્ત્રીઓમાં બળ છે ત્યારે મને પરણવાનું કેમ કહો છો?’

સુન્દર — ‘બધી સ્ત્રીઓ બળવાળી નથી હોતી.’

કુસુમ — ‘તે બળવાળી ન હોય તે પરણે અને બળવાળી ન પરણે.’

આનો ઉત્તર સુન્દરને બરોબર સૂઝ્યો નહીં, તો પણ વિચાર કરતી બોલી:

‘જો, બળવાળી પોતાના બળને લીધે ન પરણે તો બળ વગરની બીજી લાલચોથી ન પરણે. એક જણ ચાલ પાડે તો બધે ઠેકાણે ચાલ પડે, માટે શાસ્ત્રવાળાએ ઘણો વિચાર કરી પાળ બાંધી તેને પાણી ઓળંગી શકે નહીં. બેટા! આપણાં પ્રારબ્ધ આપણા હાથમાં નથી પણ અનુભવી લોક અને ત્રિકાળજ્ઞાની ઋષિમુનિઓ આપણાં પ્રારબ્ધ બાંધી ગયાં છે તેમાં સર્વ લોકનું અને આપણું કલ્યાણ જ રહેલું છે. તેમણે મારે માટે આવું પ્રારબ્ધ બાંધ્યું અને તારે માટે પરણવાનું પ્રારબ્ધ બાંધ્યું તેમાં મહારાજ મણિરાજ પણ ફેર કરી શકે એમ નથી, તો તારા પિતાજી ભણીની તો આશા તારે મૂકવી જ!’

કુસુમ — ‘વારુ, એ તો બધું ઠીક. પણ ધારો કે આરજાઓ, બાવીઓ અને મડમો કુંવારી રહે છે તેમ હું પણ રહું તો મને પોતાને શી હાનિ!’

સુન્દર — ‘તું આજ ધારે છે કે તારામાં વાસના રોકવાનું બળ છે, પણ તે હંમેશ તેમ જ રહેશે એમ ન ધારવું.’

કુસુમ — ‘પછી?’

સુન્દર — ‘પુરુષને માયાની બીક. પણ સ્ત્રીને માયા અને કાયા બેની બીક. — જ્યાં જાય ત્યાં બીક. ડગલેપગલે ને પળેપળે ને વસ્તીમાં તેમ એકાંતમાં પણ એ બીક.’

કુસુમ — ‘પછી?’

સુન્દર — ‘શરીરની રચના ઈશ્વરે એવી કરી છે કે પુરુષ ગમે તેટલી ભૂલો કરે તે જગત જાણે નહીં; પણ સ્ત્રીની એક ભૂલથી એવું થવા વારો આવે કે તેનું શરીર જ તેની અધોગતિ પ્રસિદ્ધ કરે અને તેની મુક્તિ ગમે તો બાળહત્યાથી કે ગમે તો નાત, જાત અને લાજનો ત્યાગ કર્યાથી જ થાય. કુસુમ! સંસારના જરીક સરખા પણ લહાવાની અનુભવી વિધવાને પ્રારબ્ધનો સંતોષ રહી શકે પણ સંસારનું સ્વપ્ન પણ જેણે દીઠું નથી એવી કુમારિકાને આ સંતોષ શી રીતે વળવાનો હતો અને આ પપળામણમાંથી તે શી રીતે તરવાની હતી?’

કુસુમ — ‘પછી?’

સુન્દર — ‘તું હાલ સમર્થ માતાપિતાની છાયામાં રહે છે અને ટાઢતડકો જાણતી નથી. પણ તારાથી જાતે કમાવા જવાનું નથી; ઘડપણ, મંદવાડ અને મરણ સૌને માથે ભમે છે અને માબાપની એકઠી કરેલી લક્ષ્મીનો વિશ્વાસ નથી. તારાં માતાપિતાની જે સ્થિતિ આજ છે તે નિત્ય રહેવાની નથી, અને તેમના દેહ નહીં હોય ત્યારે તું અશરણ થઈ સંસારમાં એકલી પડીશ, તારી દાઝ દયા જાણનાર કોઈ રહેવાનું નથી, અને તું કાકીના બોલ સંભારીશને રોઈશ — પણ તારાં આંસુ લોહનાર અંગનું માણસ તને મળવાનું નથી.’

કુસુમ — ‘પછી?’

સુન્દર — ‘પરણેલી રાંડે તેને પિયર ને સાસરું બે છે. મારાં ભાઈ ભોજાઈને મારું મોં ગમ્યું નહીં અને મને ભૂખીતરસી ઘરબહાર કાઢી ત્યારે પરણી હતી તો મારે આટલાં નાનાં ભાભી હતાં તેને મારી દયા આવી. ગુણસુંદરી હતાં તો સુન્દર આજ જીવે છે. કોઈ ઠેકાણે દરબારની બીકે તો કોઈ ઠેકાણે લોકલાજથી, કોઈ ઠેકાણે લોકલાજથી તો કોઈ ઠેકાણે ગયા સ્વામીના સ્મરણથી, કોઈ ઠેકાણે તેથી તો કોઈ ઠેકાણે કુટુંબભાવથી કે દયાથી, મારા જેવી અનેક રાંડીરાંડો સાસરિયામાં સમાસ પામે છે અને એક ઠેકાણે ભોજાઈને જેનું મોં ગમતું નથી તેનું મોં સાસરાની દેરાણી-જેઠાણી કે દિયર-જેઠ જુએ છે અને બીજે ઠેકાણે સાસરિયાંને દયા ન આવે તો ભાઈ બહેનને સંગ્રહે છે. કુસુમ! વગર પરણેલી કુમારિકા ભાઈને પણ ભારે પડે અને ભાઈ કહેશે કે પરણવાનું હાથમાં છતાં પરણતી નથી ને મારે માથે પાંચશેરિયો થઈ બેઠી! તને ખબર છે કે ગરીબ પિયરમાં પરણેલી દીકરી સાસરે જતાં વાર લગાડે તો ગાળો ખાય છે, તો જન્મારા સુધી માથે પડ્યા જેવી બહેન કયા ભાઈને ગમવાની હતી? તારે ભાઈ આવશે ને તું સાસરેથી ચાર દિવસની મહેમાન થઈ પિયર આવીશ તો ભાઈ તારો સત્કાર કરશે, પણ કુંવારી રહી તો ભાઈ તારો ભાર વેઠી શકશે નહીં અને તેને તારું મોં પણ નહીં ગમે. હું વિધવાને સુખ છે તે પણ તું પણ તું કુંવારી રહીશ તો તને નહીં મળે.’

કુસુમ — ‘પછી?’

સુન્દર — ‘શું-પછી-પછી-કર્યા કરે છે? મેં આટલું કહ્યું તેનો કંઈક ઉત્તર તો દે? અમે કૂતરાં તે ભસભસ કરીએ ને મોંઘીબા મારાં બોલે ન બોલે.’

કુસુમ — ‘કાકી! ક્રોધે ન ભરાશો. તમે અનુભવની વાતો કહી. તેની હું ધીમેધીમે વિચાર કરીશ ને કંઈ માર્ગ કાઢીશ.’

સુન્દર — શાના માર્ગ કાઢવાની હતી જે? ભાઈબાપા કર્યે નહીં માને તો હાથપગ બાંધીને મનાવવું પડશે.’

કુસુમ — ‘તે હાથપગ બાંધજો ને માથુંયે મરડી નાખજો. એમાં કાંઈ લેવા જવું છે? બાકી વિચાર કરવા જેવું હોય ત્યારે તરત ઉત્તર ન યે દેવાય.’

સુન્દર — ‘ન દઈશ, બાપુ, ન દઈશ. હું જાણું જ છું તો કે કુમુદ રાંક હતી તેણે મરીને તારી માને દુ:ખ દીધું અને તું કુંવારી રહીને દેવાની છે. જુવાનીમાં જેને સાસુનણંદે જંપી બેસવા ન દીધાં તેને આજ દીકરીઓ શી રીતે જંપવા દે?’

કુસુમ — ‘તે, કાકી, એ વાત નહીં થાય. ગુણિયલનું કહ્યું કરવાની મેં ના કહી નથી. મારા વિચાર વાળવાની વાત હતી — તે વિચાર તમારાથી વળે તો વાળો. મારા વિચાર વાળ્યા વગર મારી મરજી ઉપરાંત કંઈ કરવું હશે ને કરશો તો હું એટલી શ્રદ્ધા રાખીશ કે મારાં છત્રરૂપ છો ને અનુભવી છો તે જે કરશો તે સારું જ હશે. બાકી મારા વિચાર તો જે હોય તે. તે ઉપર મારું જોર નહીં.’

આટલું બોલે છે ત્યાં આસપાસ કોઈના પગનો ઘસારો થયો. તેની સાથે આ વાતો બંધ પડી અને બે જણ ઘસારાની દિશામાં જવા ઊઠ્યાં.

---

* સીતાજી અશોકવનમાં ‘ચૌદ માસ અને દસ દિવસ’ રહ્યાં હતાં એમ તુલસીકૃત તથા ગિરધરકૃત રામાયણ જણાવે છે. આ હકીકત પ્રત્યે ધ્યાન ખેંચવા માટે અમે શ્રી કૃષ્ણપ્રસાદ ભટ્ટના ઋણી છીએ. — પ્રકાશક.

૮. ફ્લૉરા અને કુસુમ

રાજકીય નીતિ જ્યાંજ્યાં ઉદાર, દીર્ઘદૃષ્ટિવાળી અને કાર્યગ્રાહી થઈ છે ત્યાંત્યાં ભિન્ન રાજ્યોના રાજપુરુષોના પરસ્પર સંબંધ ગાઢ થયા છે. બે રાજ્યના રાજાઓ મિત્ર હોય તો પરસ્પરના લાભનું આસ્વાદન કરવા માટે અને શત્રુ હોય તો પરસ્પરના છિદ્રસ્થાન અને મર્મસ્થાન સૂંઘી કાઢવાને માટે એ રાજાઓ દૂર હોવા છતાં સમીપ જવાના ચિત્રમાર્ગ શોધે છે અને રચે છે. અકબર બાદશાહના કાળમાં રજપૂતોને મિત્રો કરવામાં આવ્યા હતા અને રજપૂતાણીઓને બાદશાહી જનાનામાં લેવામાં આવી હતી. આજના કાળમાં આ મંત્ર અંગ્રેજો સાધતા નથી તેનાં અનેક કારણ છે, પણ જે દેશી રાજાઓ જાતે અથવા પોતાના રાજપુરુષો દ્વારા અંગ્રેજ અધિકારીઓમાં ભોજનાદિ વ્યવહારમાં બળે છે તેને આ મંત્રસાધનાનો કંઈક અનુભવ થાય છે. ચતુર્વર્ણમાં અને ચતુર્વર્ણ બહાર રજપૂતોને ઇષ્ટવ્યવહાર ચલાવવા શાસ્ત્રથી અને લોકાચારથી સ્વતંત્રતા મળેલી છે તે આ મંત્રસાધનાને અનુકૂળતા આપવાને માટે જ છે. ભોજનકાળે અને વિનોદ-વિહારને સ્થાને અંગ્રેજોનાં હૃદય ઊઘડે છે એવાં અન્યત્ર ઊઘડતાં નથી. તેમના ધર્મગુરુઓ અને તેમની સ્ત્રીઓ અન્ય પ્રજાઓને તેમના હૃદયમાં અવકાશ અપાવી શકે છે એવો અવકાશ અન્ય નિમિત્તોથી ક્વચિત જ મળે છે. આવા અવકાશ મેળવવાને કમલાવતી રાણીને કોઈ અંગ્રેજ સ્ત્રીનો પ્રસંગ કરી આપવો એવો સંકલ્પ મલ્લરાજે ઉત્તરકાળમાં યુવરાજ પાસે કરાવ્યો હતો.

મણિરાજ રાજ્યપતિ થયા પછી પિતાનો સંકલ્પ એને અન્ય કારણોથી પણ ઇષ્ટ થયો. શાસ્ત્ર પ્રમાણે આર્ય ક્ષત્રિયોને જેમ ભોજનાદિ ગમે ત્યાંથી ગ્રાહ્ય છે તેમ આર્ય બ્રાહ્મણોને વિદ્યા ગમે ત્યાંથી ગ્રાહ્ય છે. ક્ષત્રિયો રાજવિદ્યાના વિષયમાં એ વિદ્યાના બ્રાહ્મણ છે અને અંગ્રેજી વિદ્યા આજ રાજવિદ્યા છે તો વિદ્યારૂપે તે રાજભવનમાં પૂજ્ય છે. આજકાલના રાજાઓના રાજવ્યવહારમાં કુલાચારને નામે અનેક અનાચાર ચાલે છે અને રાજકુમારો અને રાજસેવકોના રાજકાર્યમાં અનેક રીતે પ્રતિબન્ધરૂપ થાય છે. મલ્લરાજના કુળાચારનું એક સૂત્ર એ હતું કે ‘યુગે યુગે યુગાચાર.’ પોતાના રાજભવનમાં આ સૂત્રના વિરોધી કુળાચાર પ્રવેશ પામે નહીં અને પરરાજ્યોના જેવા ગંઠાઈ ગયેલા અદીર્ઘદર્શક અને પ્રતિબન્ધરૂપ કુળાચાર પોતાના કુળને ભ્રષ્ટ કરે નહીં એવા હેતુથી રત્નનગરીના રાજભવનમાં સંસ્કૃત વિદ્યા સ્ફુરવા દેવામાં આવી હતી તે જ ન્યાયે અંગ્રેજી વિદ્યાને પણ માર્ગ આપવો એવો મણિરાજનો સંકલ્પ થયો અને વિદ્યાચતુરે તેનું અભિનંદન કર્યું. આ યોજના પાર પાડવાને માટે ઇંગ્લૅન્ડથી બ્રેવ સાહેબની વિધવા દ્વારા કોઈ ઉચ્ચ કુળની શીલવાળી પંડિત સ્ત્રી શોધતાં મિસ ફ્લૉરા નામની પચીસ વર્ષની કુમારિકા મળી આવી. તેને વર્ષેક દિવસથી કમલાવતી રાણીના શિક્ષણકાર્યમાં યોજી હતી અને પતિવ્રતા રાણી, પતિની આજ્ઞા

ઉત્સાહથી સ્વીકારી અધિકારપદવી ભૂલી જઈ શિષ્યા થઈ શિષ્યધર્મ પાળતી હતી.

કુમુદસુંદરીના શોકમાં ગુણસુંદરી ગ્રસ્ત થવાથી કુસુમના મન-ઉદ્યાનનું જલસેચન મંદ પડયું હતું. કમલારાણીએ આવતાં-જતાં તે જોયું, અને પતિની આજ્ઞા લઈ ફ્લૉરાને કુસુમ પાસે મોકલવા માંડી. અંગ્રેજ કુમારી કળાઓમાં નિષ્પન્ન [x] હતી તો કુસુમ તે કળાઓની જિજ્ઞાસુ હતી. ફ્લૉરા દેશીવ્યવહારની જિજ્ઞાસુ હતી તો કુસુમ અંગ્રેજ સ્ત્રીઓના સુઘડ સંસ્કારોની રસિયણ હતી. ફ્લૉરાને દેશી સ્ત્રીઓની બુદ્ધિમાં ને ગૃહનીતિમાં કંઈ ગ્રાહ્ય લાગતું તો અંગ્રેજ સંસારમાં શું ગ્રાહ્ય છે અને દેશી સંસારને તે કેટલું અનુકૂળ કે પ્રતિકૂળ છે તે શોધવાનો કુસુમને અભિલાષ હતો. પરસ્પર અપેક્ષાઓ અને વાસનાઓ પૂરવાના આવા યોગથી ફ્લૉરા અને કુસુમના વાર્તાવિનોદ રસભર થવા માંડ્યા.

કુસુમને બેસવાના ખંડમાં જવાની નિસરણી ઉપર ચડતાં ચડતાં એક પાસની ભીંતમાંની બારીમાંથી કુસુમને પોતાની પાસે આવવા દોડતી ફ્લૉરાએ જોઈ. એ આવી પહોંચતાં સુધી પોતે ત્યાં જ ઊભી રહી. એ આવી એટલે આંગળીએ વળગી બે જણ ઉપર ચડ્યાં, વાતો ગુજરાતીમાં ચાલી. ફ્લૉરા ગુજરાતી સમજવા બોલવા પ્રયત્ન કરતી હતી અને ગૂંચવાડો પડતાં સ્મિત કરતી હતી.

ફ્લૉરા — ‘મિસ કુસુમ-બે…ન કુસુમ-કુસુમબે…ન.

કુસુમ — ‘બે…ન નહીં, બહેન.’

ફ્લૉરા — ‘બસેબર. લખવા અને વાંચવામાં ત…મા…રી-ભા…ષા…ફેર રાખે છે. — ‘કુસુમ બહેન!’ બરોબર?’

કુસુમ — ‘બરોબર! ફ્લૉરા બહેન! મારા તમારા નામનો અર્થ એક છે.’

ફ્લૉરા — ‘યેસ! હા. તમે કુસુમ — હું કુસુમ. તમે કુમારી … હું કુમારી.’

વાત કરતાં કરતાં બે જણ ઉપર આવ્યાં. એક અનેકાસન [*] ઉપર બેઠાં.

કુસુમે ફ્લૉરાને એક ચીનાઈ પંખો આપ્યો. પવનથી પરસેવો શાંત કરતી ફ્લૉરા પૂછવા લાગી:

‘આનું નામ શું?’

‘વીંઝણો!’

‘તમારી સાથે કોણ હતું?’

‘મારાં કાકી સુન્દર. તેમને બોલાવું?’

‘હા, ખુશીથી.’

સુન્દરને કુસુમ બોલાવી આવી. બેઉ બેઠાં. ફ્લૉરા બોલી: ‘આ...વો... જી...ખુશી છો?’

સુન્દર — ‘હા. કુસુમ તમારાં બહુ વખાણ કરે છે.’

ફ્લૉરા — ‘એમની...મારા...ઉપર...માયા — છે.’

સુન્દર — ‘કુસુમ, મડમસાહેબ કુમુદ જેવું મધુર અને ઝીણું બોલે છે.’

કુસુમ — ‘હા. પણ એમને મડમસાહેબને ઠેકાણે ફ્લૉરાબહેન કહેવાવું ગમે છે — ફ્લૉરા એટલે ફૂલ. અને કુસુમ એટલે પણ ફૂલ અને બે જણ કુંવારાં.’

સુન્દર — ‘વારુ ફ્લૉરાબહેન, તમે કુંવારાં ક્યાં સુધી રહેશો? કુસુમને તો હવે પરણવું પડશે.’

ફ્લૉરા — ‘સુન્દરકાકી! અમે...તો બાળક છીએ ને તમે મ...હોટાં મોટાં છો. પરણવું હોય તે પરણે. ન પરણવું હોય તે ન પરણે. સૌ ગમવા ન ગમવાની વાત. કુસુમ બે...ન. કુસુમબહેનને ગમે તો પરણે. મને ન ગમે તો ન પરણું.’

સુન્દર — ‘પણ તમે એને પરણવાની શિખામણ આપો. એની મા બહુ ચિંતા કરે છે.’

ફ્લૉરા — ‘એમની કેળવણી પૂરી થાય અને એમને પ્રીતિ થાય ત્યારે પરણે.’

કુસુમ — ‘કાકી! એ તો અવળે ઠેકાણેથી મદદ માગી. એમના આચારવિચાર આપણાથી જુદા; ત્યાં તમે ન ફાવો. પણ ચાલો, હું તમને સંતોષ અપાવું. ફ્લૉરાબહેન તમારે ત્યાં સ્ત્રીનું મન પ્રીતિથી દૂર ક્યાર સુધી રહે છે?’

ફ્લૉરા — ‘પ્રીતિની સૃષ્ટિ ઈશ્વરના હાથમાં છે.’

કુસુમ — ‘પણ સ્ત્રી ધારે તો કુમારિકા થઈ શુદ્ધ રહી શકે કે નહીં?’

ફ્લૉરા — ‘અલબત્ત, રહી શકે. જેને ઉદ્યોગ છે અને... ઈશ્વરનો ભય છે...તેને ઈશ્વર મદદ આપે... છે જ.’

સુન્દર — ‘પણ વિલાયતમાં સ્ત્રીઓ તમારા જેવા ઉદ્યોગ કરી શકે છે. અમારા દેશમાં તેમ નથી.’

ફ્લૉરા — ‘યસ. એ ફેક્ટ — એ વાત ખરી, પ...ણ...પ્રધાનજી દ્રવ્યવાન છે. બળથી પુત્રીને પરણાવવી એ અમારા લોક પાપ ગણે છે. અમારા... ચાલ પ્રમાણે પરણવાનાં વર્ષ પણ કુસુમબહેનને થયાં નથી.’

સુન્દર — 'બાપનું દ્રવ્ય દીકરીને નકામું. વળી દીકરી પરણાવ્યાથી પાપ નથી ને ન પરણાવવી તેમાં પાપ છે. બાકી કન્યાદાન જેવું માબાપને બીજું પુણ્ય નથી...કન્યાદાન દેવું એ કાંઈ બળાત્કાર નથી. કન્યાદાન કન્યાના કલ્યાણ માટે છે ને બાળકનું કલ્યાણ માબાપ ઇચ્છે તેમાં બળાત્કાર ન કહેવાય.'

અંગ્રેજ કન્યાથી આ ભાષણ સમજાયું નહીં. કુસુમ તે સમજી અને બીજી વાત કાઢવા પ્રયત્ન આરંભ્યો.

'કહો, કાકી, મરજી હોય તો મારો અભ્યાસ આરંભીએ. પણ તે અંગ્રેજીમાં થવાનો એટલો તમારે વાંધો.'

'ના બહેન. તું ભણ અને હું બેઠી બેઠી જોઈશ કે અંગ્રેજી કેમ બોલો છો.'

બે કુમારિકાઓએ એક અંગ્રેજી પુસ્તકનું પ્રકરણ આરંભ્યું. તેમાં એક વાક્ય એવું આવ્યું કે: 'He continued a lover, though they were married at least five years back .' કુસુમથી આનો વસ્તુ-અર્થ સમજાયો નહિ. ફ્લૉરા તે અંગ્રેજીમાં જ સમજાવવા લાગી.

'જ્યાં સુધી પુરુષ અપરિણીત હોય છે ત્યાં સુધી તેને સ્ત્રી ઉપર મોહ જુદો રહે છે. એ કાળની પ્રીતિમાં નવીનતા છે. નવીનતા પૂરી થાય અને લગ્ન થાય તે પછી કાળક્રમે મોહ જાતે જ બંધ થાય છે એવો નિયમ છે. એ નિયમમાં અપવાદ હોય તેની નવીનતા.'

કુસુમ — પારસી નાટકમાં એક દિવસ ગાયન હતું તે આવા અર્થનું હતું:

'ગુલ પ્રીતિ કરી તો સ્હેલ ઘણી, નિભાવ બહુ મુશ્કેલ! '

ફ્લૉરા — 'એમ જ.'

કુસુમ — 'ત્યારે જે દેશમાં પ્રીતિના કારણથી અને સ્વતંત્રતાથી સ્ત્રીપુરુષો જાતે લગ્ન કરે તેનો મોહ આટલો જ?' ફ્લૉરા — 'એમ જ.'

કુસુમ — 'તે પછીનો પ્રેમ કેવો હોય?'

ફ્લૉરા — 'લગ્ન પછી દમ્પતીને પરસ્પર ગુણદોષનો પરિચય થાય છે, તેને અંતે ઉભયનો ગુણસંવાદ નીકળે ત્યાં મિત્રતા થાય છે અને બાકીનો વર્ગ સુખેદુ:ખે કે સંતોષથી જીવનનો નિર્વાહ કરે છે અથવા લડે છે.'

કુસુમ — 'છેલ્લું પરિણામ આવે તો અબળા જાતિને જ સહેવું પડતું હશે?'

ફ્લૉરા — 'હા...સ્તો.'

કુસુમ — 'ત્યારે અમારા તમારા લોકના આચારોના આરંભમાં ફેર છે. અંતે સરખું જ છે.'

ફ્લૉરા — 'જે હોય તે એ જ, ખરી વાત આ જ છે.'

કુસુમ — 'ત્યારે પુરુષ લગ્ન થતાં સુધી રમણ (Lover) હોય છે અને પછીથી સ્વામી થાય છે.'

ફ્લૉરા — 'એમ જ.'

કુસુમ — 'રાજકવિ ટેનિસનના “રાજકુમારી” કાવ્યનો અર્થ આ કૂંચીથી સમજાશે?'

ફ્લૉરા — 'શું તમે એ કાવ્ય વાંચ્યું છે?'

કુસુમ — 'મારી બહેનના વિવાહિત પતિ સરસ્વતીચંદ્રે એ પુસ્તકના કેટલાક ભાગ બહેન પાસે વાંચ્યા અને સમજાવ્યા હતા ત્યારે હું હતી.'

અંગ્રેજીમાં કુસુમના મોંમાં સરસ્વતીચંદ્રનું નામ સાંભળી સુન્દર ચમકી. બીજું તો ન સમજાયું પણ તર્ક કરવા લાગી. ફ્લૉરા — 'ટેનિસનનું બીજું કોઈ કાવ્ય તમે વાંચ્યું છે?'

કુસુમ — 'વાંચ્યું છે પણ થોડુંક જ સમજાયું છે. ક્વચિત્ પિતાજી સમજાવે, ક્વચિત્ મારાં માતા સમજાવે, ક્વચિત્ જાતે વાંચું અને બાડીનું એમનું એમ રહે. તમને અવકાશ મળે ને સમજાવશો તો ઘણી ઉપકૃત થઈશ.'

ફ્લૉરા — 'એ સમજાવતાં મને બહુ આનંદ થશે. પણ તમને કોઈ ભાગ જિહ્વાગ્રે હોય તો બોલો જોઈએ.

કુસુમ — 'સાંભળો, 'ઈન્ મેમોરિયમ્' માંથી બોલું છું.'

'દીઠો મેં સુખભર એ તો દિન!

હું તેના ગાનમાં બનું લીન!

સમજી બધું સત્ય એ શું હું આ જ?

હતો ન અખંડ એ સુખસાજ;

હતો ન પ્રમોદ એ સંપૂર્ણ:

સમજવામાં રહ્યું ઘણું ન્યૂન.

સુખદિન સવિતાના મુળ પાસ,

સુધાજળ જ્યાં ઝરે છે ત્યાં જ,

તરે કાળા તિમિરે મક...ર!

શરીરપુચ્છ ઝાપટે જળપ...ર!

બને બિહામણું એ નીર,

તરે યમુના જ જ્યાં એ વીર!'

ફ્લૉરા — 'ઉપકાર થયો. મારી મધુર કુસુમ! તું જે કહેશે તે હું તને શીખવીશ, એટલું જ નહીં પણ આવી સુંદર શિષ્યાને અન્ય વસ્તુ પણ શીખવીશ — તે શીખશો?'

કુસુમ — 'તમે શીખવવાની કૃપા કરશો ત્યારે અવશ્ય શીખીશ.'

ફ્લૉરા — 'પણ તમારા હિંદુસંસારના આચારમાં તેનો સમાસ થયો નહીં હોય તો?'

કુસુમ — 'એ પ્રશ્નો ઉત્તર મારાં માતાપિતા પાસેથી લેજો. મારું પ્રારબ્ધ તેમની આજ્ઞાને વશ છે અને તેમની આજ્ઞાની યોગ્યતા ઉપર મને સંપૂર્ણ શ્રદ્ધા છે.'

આ વાર્તા ચાલે છે એટલામાં માણસ સાથે વિદ્યાચતુરનો નામપત્ર — 'કાર્ડ' — આવ્યો. તેને ફ્લૉરાની અનુમતિ મળતાં વિદ્યાચતુરે પ્રવેશ કર્યો. સર્વ ઊભાં થયાં અને ગુજરાતીમાં વાર્તા ચાલી.

ફ્લૉરા — 'અંદર આવો... જી. મિસ કુસુમનાં શિક્ષણનો વિષય અમે ચર્ચીએ છીએ.'

વિદ્યાચતુર — 'તેનું પરિણામ શું આવ્યું?'

ફ્લૉરા — 'તેમની બુદ્ધિ પરિણામ પામી છે. Mr. Pradhanji, it will be a privilege to have to teach so very precocious a pupil. I also shall have to learn something from her. My sweet Kusum! Will you teach me how to translate the word "precocity" into your vernacular? '

કુસુમ નીચું જોઈ રહી.

ફ્લૉરા — 'જુ...ઓ. પિતા પાસે bashful...bashful ... શરમાળ થઈ ગયાં!'

ફ્લૉરાએ કુસુમને ગળે હાથ નાંખ્યો અને એના હાથને ચુંબન કર્યું. સુન્દર ચમકી પણ ફ્લૉરાએ તે જાણ્યું નહીં.

ફ્લૉરા — 'Mr. Pradhanji! What if teach your sweet child some of Out accomplishments? Say, introduces her to the piano, teach her some singing, some painting and so on? Just turn her into an artist and make her life sweeter. '

વિદ્યાચતુર — 'Does Kusum like them? '

ફ્લૉરા — 'She has no likes or dislike. She leaves all to her father with the boundless confidence of a child .'

વિદ્યાચતુર — 'Well, considering her social surroundings, it is not possible to say that these otherwise good things will also prove her blessings. '

ફ્લૉરા — 'How ?'

વિદ્યાચતુર — 'You perhaps know that she is bound to marry and we don't know whether her unknown husband and his people will relish these things. '

ફ્લૉરા — 'Why should she be bound to marry? She has a mind to remain as single as I am. You mean you will be cruel to her and force her to marry — Such a sweet bird to be forced into marriage? No, no, my good sir, I swear you shan't do anything of that kind! '

વિદ્યાચતુર — 'My good lady, you first get your point solved by her and her mother and then we shall see .' વિદ્યાચતુર હસતો હસતો બોલ્યો.

વાતો કરતાં કરતાં સર્વ દાદર ઊતર્યાં. ફ્લૉરા ગાડીમાં બેસી ઘેર ગઈ. વિદ્યાચતુર નહાવા ગયો, સુન્દરે કુસુમનો હાથ ઝાલી રાખી છેટે ધર્યો. અને ચાલતી ચાલતી બોલી. 'મેર મોઈ, તારે હાથે એના ઓઠ અડક્યા તે હાથ અજીઠા થયા — ધોઈ નાખજે. એ ઓઠે શું નહીં અડક્યું હોય? આજ હાથ વટલાયા, કાલ મોં વટલાવજે, ને પછી એના ઉપદેશથી કાળજું વટલાવજે!'

વિચારમાં પડેલી કુસુમે ઉત્તર ન દીધો.

માત્ર ઓઠ પર આંગળી મૂકી ગણગણતી ચાલી. એકાંત શોધતી ચાલી અને ગણગણતી ગઈ. પાસે ઊભેલી કાકીને ન દેખતી ગણગણતી ગઈ. ગુણસુંદરીને શાંત પાડવા એક સંન્યાસીએ કહેલા શ્લોકો સ્મરણમાં સ્ફુરી આવ્યા.

[१] *पुत्रमित्रकलत्रेषु सत्का; सीदन्ति मानवा:।*

सर: पङ्काणैवे मग्ना जीर्णा वनगजा इव॥

'પરણે તે પડે ને બાળક તો કુમારી પણ પડે. તેનું કોઈ સ્વજન નથી. તેને તો સ્વજનની આશા પણ નિરાશા — ગુણિયલનો શોક ઓછો કરવા

સ્વામીજી કાલ કહેતા હતા તે આજ સમજાયું કે સ્વજન કોઈ સુખ આપનાર નથી!'

[२] *मन्ये मायेयमज्ञानं यत्सुखं स्वजनादपि।*

निदाधवारणायालं निजच्छाया न कस्यचित्॥

'શું પરણ્યા વિના નહીં જ ચાલે?' તર્જની ઊંચી કરી ઓઠે મૂકી 'શાસ્ત્રમાં સંબંધમાત્રને દુ:ખકર ગણ્યો છે તે કાલ જ સાભળ્યું!'

છાતી પર હાથ મૂકી દૃષ્ટિ મીંચી.

[3] *यावन्त: कुरुते जन्तु: सम्बन्धान् मनस: प्रियान्।*

ताबन्तोऽस्य निखन्यन्ते ह्रदये शोकशङ्कव:।।

આંખ ઉઘાડી હાથેલીની બેવડ કેડે મૂકી, તેને કહેતી હોય તેમ જોઈ રહી. 'બહેન! તું ગઈ તે સુખી થઈ! હું રહી તે દુ:ખી થઈ. સ્વામીજી બોધ કરે છે, માતા સાંભળે છે, ને પિતા જાણે છે! છતાં કુસુમને તો તે સર્વ ન જેવું જ છે ને દીવો લઈને કૂવામાં પડવાનું છે!

સ્વામીજીએ બરોબર જ કહ્યું કે,

[४] *एक एव चरेन्नित्यम्।*

कन्याया इव कङ्कणम्।।

હું સ્વામીજીને પગે પડી મનનું માગ્યું મોંએ માગું તો નહીં મળે? સ્વામીજીએ જ કલ્યાણનું સ્થાન બતાવ્યું ને તે મને ગમ્યું છે:

[*] *कुरङ्ग कल्याणं प्रतिविटपमारोग्यमटवि*

स्रवन्ति क्षेमं ते पुलिन कुशलं भद्रमुपला:।

निशान्तादस्वन्तात्कथमपि विनिष्कान्तमधुना

मनोऽस्माकं दीर्घामभिलषतिमं युष्मत्परिचितिम्।।

એ...આવા...આવા શ્લોક રાતદિવસ સાંભળ્યાં કરીએ, વાંચ્યાં કરીએ, ને એવાં જ સ્થાનમાં રહીએ તો પછી બાકી શું જોઈએ? પણ ગાય ને દીકરી તે વળાવે ત્યાં જાય! શું પિતાજી મારો અભિલાષ પૂરો નહીં પાડે? શું આ મોટા ખાડામાં હું પડવાને જ સરજી છું?'

વિચાર કરતી કરતી ચાલી. પોતાના ખંડ આગળ આવીને વિચારમાં ને વિચારમાં કમાડ સાથે માથું અથડાયું, તો ય તે ચમકી નહીં. ત્યાં ઊભી ઊભી જાગી હોય તેમ બોલવા લાગી:

‘હાં હાં! જખ મારે છે. પિતાજી ગમે તે કરે પણ વર મળશે ત્યારે પરણાવશે કની? સરસ્વતીચંદ્ર જડવાના જ નથી ને બીજો વર મળવાનો જ નથી. પિતા મારા સામું નહીં જુએ પણ અનાથનો બેલી ઈશ્વર કહ્યો છે તે ય શું મારા સામું નહીં જુએ?’

નવી આશાના ઉમંગથી સ્વસ્થ થયેલી બાળકી કમાડ ઉઘાડી અંદર પેઠી અને કમાડ વાસી દીધાં.

સુન્દર સૌ સાંભળતી પાછળ પાછળ ચાલતી હતી તે ઊભી રહી અને છાતીએ હાથ કૂટી બોલી ઊઠી:

‘છોકરી! ગજબ કર્યો! હવે તો તું બાપની ય ન રહી!’

---

x Accomplished

* અનેક મનુષ્યને બેસવાનું આસન, કોચ.

૧ . સરોવરના પંકસાગરમાં જીર્ણ વનગજ સરી જાય એમ પુત્ર, મિત્ર અને સ્ત્રીમાં સક્ત થયેલાં માનવીઓ તેમાં કળી પડે છે.

૨ . એમ જાણું છું કે, જે આ સ્વજનનું સુખ કહેવાય છે તે પણ માયા છે — અજ્ઞાન છે. જેમ ગ્રીષ્મનો તાપ ખાળવાને પોતાની છાયા બસ નથી થતી તેવું જ આ સુખ પણ તે છાયા જેવું જ છે.

૩ . પોતાના મનગમતા જેટલા સંબંધ જંતુ રચે છે એટલા શોકશંકુ એના હૃદયમાં ખણાય છે.

૪ . કન્યાના કંકણ પેઠે મારે પણ એકલાં જ ચરવું.

* ઓ મૃગો! તમારું કલ્યાણ થાઓ. વૃક્ષોની શાખાએ શાખાએ આરોગ્ય ઝરનારા જંગલ તું ક્ષેમ રહો! રેતીભરેલા નદીતીર તારું કુશળ હો! ઓ શિલાઓ! તમારું ભદ્ર હો! દુષ્ટ પરિણામવાળા આ નિશાન્તમાંથી મહા પ્રયત્ન વડે બહાર નીકળી જઈ અમારું મન હવે તમારા દીર્થ પરિચયનો અભિલાષ રાખે છે.

૯. સૌભાગ્યદેવીનું અખંડ સૌભાગ્ય

'ગૃહસંસારના પ્રશ્ન રાજ્યતંત્રના પ્રશ્નો જેવા જ વિકટ છ! સુન્દરગૌરી કહે છે કે કુસુમને ભણાવી ન હોત તો આવા અભિલાષ ન રાખત! હિંદુ સંસારી કહે છે કે કન્યાને સર્વદા કુમારિકા ન રાખવી. નવી વિદ્યા કહે છે કે આપણા ઘરમાં બાળકવયનું પણ મનુષ્ય જ છે અને તેને બળાત્કારે તો શું પણ સજ્ઞાન વય થતાં સુધી પરણાવવાનો વિચાર પણ અન્યાય છે. કુસુમને વિરક્તિના અભિલાષ છે. આર્ય સ્ત્રીઓને વૈધવ્યકાળ વિના વૈરાગ્ય અશક્ય છે! એના અભિલાષ સિદ્ધ કરવાથી આ દેશકાળમાં તેને આમરણાંત દુ:ખ સિવાય અન્ય પરિણામ નથી. ન્યાય જોવો કે પરિણામ? એક પાસ પુત્રીની સ્વતંત્રતા નષ્ટ કરવાનો અન્યાય અને બીજી પાસ હિંદુ સંસારની વ્યવસ્થામાં કુમારિકા સ્ત્રીને માટે સજ્જ કરેલાં ભયંકર પરિણામ! નવી અને જૂની વિદ્યાઓએ મને આમ સૂડી વચ્ચેની સોપારી જેવો કરી દીધો છે!'

આવા વિચારોમાં ડૂબી ગયેલો પણ હસતો હસતો વિદ્યાચતુર એક મધ્યાહ્ને પોતાના આરામાસનમાં ડૂબી ગયો અને કરેલા ભોજનનો નશો ચડેલો તેથી નિદ્રાવશ થઈ ગયો. થોડી વારે તેની આંખ ઊઘડી ત્યાં સામે એક આસન ઉપર ગુણસુંદરી બેઠેલી. એના હાથમાં પોસ્ટમાં આવેલા પત્રોના લખોટા હતા અને એનાં નેત્રમાં એકાંત અશ્રુધારા ચાલી રહી હતી. પતિ જાગતાં તે સ્વસ્થ થઈ ગઈ અને તેના હાથમાં પત્રસમુદાય મૂકતી મૂકતી કરમાયેલે મુખે બોલી: 'સૌભાગ્યદેવીએ પણ સ્વર્ગવાસ કર્યો!'

'હેં! શું થયું?' કરી વિદ્યાચતુર ચમકી ઊઠ્યો અને પત્રો હાથમાં લેતો પત્નીના સામું આતુરતાથી અને શોકથી જોઈ રહ્યો.

'પુત્ર દુષ્ટ નીવડ્યો અને પરલોકમાં ગયો, કુમુદ પણ ગઈ અને પ્રમાદધનને લીધે જ ગઈ! સાથેલાગો સર્વ પાસથી માર પડ્યો અને માયાળુ હૈયું ફાટી ગયું. બુદ્ધિધનભાઈને માથે હવે બાકી ન રહી. આવી સદ્ગુણી અને સ્નેહાળ જોડ ખંડિત થઈ! પ્રભુને એ જ ગમ્યું. આપણું દુ:ખ હવે ઢંકાઈ ગયું. ઈશ્વરે કંઈક તેના સામું જોયું છે તે છ માસનો ગર્ભપુત્ર અવતર્યો છે. પણ એટલા અણવિકસ્યા ફૂલ ઉપરની આશા તે તો કાચા સૂતરનો તાંતણો' ગુણસુંદરી બોલી.

વિદ્યાચતુરે કાગળો એક ટેબલ ઉપર મૂકી દીધા અને આસનમાં શરીર કળી ગયું અને આંખોમાં પાણી ભરાઈ આવ્યું.

'ગુણિયલ! બહુ માઠું થયું. યુવાવસ્થા ઘા ભૂલે છે, પણ ઊતરતી અવસ્થામાં પડેલા ઘા વકરે છે. જ્યારે સ્ત્રીપુરુષ વૃદ્ધ થાય છે ત્યારે પરસ્પર આશ્રયની અપેક્ષા વધે છે. મહારાજ મલ્લરાજને અંતકાળે મેનારાણીની સેવાથી જ સુખ હતું! ભવભૂતિએ સ્નેહનું પરિણામ વૃદ્ધાવસ્થામાં મૂકયું છે.

अद्‌वैतं सुखदु:खयोरनुगुणं सर्वास्ववस्थासु यत्

विश्रामो हृदयस्‌य यत्र जरसा यस्मिन्नहार्यो रस:।

कालेनावरणात्‌ययात्‌ परिणते यत्स्नेहसारे स्थितम्‌

भद्‌रं तस्य सुमानुषस्य कथमप्‌येक हि तत्प्राप्यते।।

હરિ! હરિ! મહાભૂડું દુ:ખ-'

ગુણ૰ — 'પુરુષ પુરુષનો સ્વાર્થ જુએ છે પણ બે ભીંતો સાથે પડતી નથી અને સૌભાગ્ય સાથે ગયેલાં સૌભાગ્યદેવી તો ભાગ્યશાળી જ થઈ ગયાં. માત્ર સંતાનની દુર્દશાની કહાણી રહી ગઈ. મારા વહાલા! મને એમના જેવા મૃત્યુની વાસના છે. રાજકાર્યમાં આપને મારી જાત વિસારે પડશે. સ્ત્રીઓને તેમ નથી. મેનારાણીનું દૃષ્ટાંત પ્રત્યક્ષ છે!'

વિદ્યા૰ — 'આપણા દેશમાં તારે આવો ભેદ ગણવાનો અવકાશ છે. આપણા લોકનો વ્યવહાર આપણા સર્વ પુરુષોને માથે આ મહેણું ઊભું રાખે છે.'

ગુણ૰ — 'મારાં વચનમાં એવી મર્મવેધકતા મૂકું તો આપણા સ્નેહને માથે આરોપ મૂકતાં મારો જ સ્નેહ વીંધાય. હું સોળે આની માનું છું કે યુરોપમાં આપણા જન્મ અને સંયોગ હોત તો પણ હું આ જ વચન કહેત.'

વિદ્યાચતુર નરમ પડ્યો. 'હું જાણું છું કે તને મારા ઉપર દયા અને વિશ્વાસ સંપૂર્ણ છે. પણ શાસ્ત્રમાં કહેલું છે કે સ્ત્રીપુરુષ પરસ્પર પ્રેમ રાખે છે તે પણ આત્માને જ પ્રાપ્તકામ કરવા માટે છે અને મને પાછળ મૂકી પ્રથમ જવાની વાતને ઉત્કૃષ્ટ તેં ગણી તે એવા જ કારણથી.'

ગુણ૰ — 'આજ સુધી હું તમારી પાસે હારી નથી તે આજ હારી. પણ ઓ મારા ચતુર! મરણ આવશ્યક છે જ તો જેનું જીવન વધારે લોકોપયોગી છે તે જ જીવનને લંબાવવાની વાસના ઘટે. આપના જીવનનો સદુપયોગ કયાં અને અમો સ્ત્રીઓનો ઉપયોગ કોણ માત્ર?'

વિદ્યા૰-'પર્વત મહાન હોય છે પણ કોમળ વસુંધરાથી છવાય છે ત્યારે જ પ્રાણીઓને ઉપયોગી થાય છે. જડ જેવા શૈલ સમુદ્ર વચ્ચે ઊભા હોય છે ત્યારે તો માત્ર વહાણોના વિનાશના જ સાધક થાય છે.'

ગુણ૰ — 'હું બીજી વાર હારી! ઓ મારા ચતુર! હું દુ:ખી છું. મને મારો સ્વાર્થ ભુલાવતો હશે અને હું આપને દુ:ખનું સાધન થઈશ! પણ સૌભાગ્યદેવીના જેવું જ મૃત્યુ હું ઈશ્વર પાસે માગું છું. મારા હૃદયમાં બીજી વાત પેસતી નથી.'

વિદ્યા૦ — ‘તો એ ન્યાય ઈશ્વરને જ સોંપી એ વાતની તું વિચાર કરવો જ છોડી દે તો શું?’

ગુણ૦ — ‘હું છોડું પણ વિચાર છૂટતો નથી. કુમુદ ગઈ! હવે કુસુમ છે તેને કુંવારી રાખો કે પરણાવો! મારું આયુષ્ય ન હોય તો મારે વિચાર ન કરવો પડે. સંસાર દુ:ખમય છે.’

વિદ્યા૦ — ‘હવે બીજી વાત જ કરો. આ પત્રોમાં તે કહ્યું તે જ છે કે કંઈ મારે જાણવા જેવું વિશેષ છે?’

ગુણ૦ — ‘એક પત્ર અલકકિશોરીનો છે ને બીજો વનલીલાનો છે તે મેં વાંચ્યા છે, બીજા પત્રો પુરુષોના છે તે મેં ઉઘાડ્યા નથી.’

વિદ્યા૦ — ‘આ જ સમાચાર બેમાં હશે?’

ગુણ૦ — ‘અલકકિશોરી પોતાના પિતાને માટે કુસુમનું માગું કરે છે. વનલીલા પણ એ જ વિષે લખે છે.’

વિદ્યાચતુર આભો બન્યો: ‘ કુસુમ બુદ્ધિધનને માટે?’

ગુણસુંદરી સ્વસ્થ રહી બોલી: ‘કનિષ્ઠિકાએ કાલિદાસ કવિનું નામ આવ્યું અને બીજી આંગળીએ મૂકવા જેવો કોઈ મળ્યો નહીં તેથી એ આંગળી નામ વગરની રહી ને અનામિકા કહેવાઈ. આપની કનિષ્ઠિકાએ જડેલા સરસ્વતીચંદ્ર ખોવાયા અને અનામિકા નામ વગરની રહી છે, પણ ત્રીજી આંગળી મોટી છે ને ત્યાં મોટી વયના બુદ્ધિધનભાઈને મૂક્યા વગર છૂટકો નથી. દેશપરદેશ નાતમાં કોઈ બીજો નથી.’

વિદ્યા૦ — ‘ગુણિયલ! તું શું બોલે છે? દુ:ખબા બહેનની ભાણીને માટે જે વયનો વર તેં જ ન જોયો તે કુસુમને માટે જોવાની આ વાત તું શી કરે છે?’

ગુણ૦ — ‘ખરી વાત છે. કુમુદના દુ:ખથી મારી બુદ્ધિ નષ્ટ થઈ છે ને કુસુમની ચિન્તાથી મન ધુમાડાના બાચકા ભરે છે. પણ મને જે સૂઝે છે તે આ.’

વિદ્યા૦ ‘પ્રમાદને કુમુદ દીધી તે કાળે ઉતાવળ થઈ ગઈ તો પશ્ચિમ બુદ્ધિએ પશ્ચાત્તાપ કરાવ્યો. પણ એ તો એકલી વિદ્યાનું જ કજોડું હતું અને આ તો સાથે વયનું પણ કજોડું’

ગુણ૦ — ‘અલકનો પત્ર કાળજું વલોવે છે. તેને કુમુદ ઉપર ખરો સ્નેહ હતો ને વચન આપે છે કે બુદ્ધિધને દેવી ઉપર જે સ્નેહ રાખેલો તે ઉપરથી સમજી લેવું કે કુસુમને પણ તેવા જ સુખની સીમા થશે અને કુમુદને માથે જે વીતી છે તેનો ખંગ વાળવાને આ જ રસ્તો બતાવે છે.’

વિદ્યા૦ — ‘એ તો ગમે તે કહે.’

ગુણ૦ — ‘વનલીલા પણ લખે છે કે આ ઘર ઊંધું વળ્યું અને બુદ્ધિધનભાઈને કુમુદનું દુ:ખ દેવીના દુ:ખ કરતાં વધારે લાગે છે; તે સૌમાંથી એમનો ઉદ્ધાર કરવાનો એક આ જ માર્ગ છે ને તેથી ઘણાંક અંત: કરણ શીતળ થશે.’

વિદ્યા૦ — ‘એ સર્વ કરતાં પણ કુસુમ કુંવારી સારી. પુત્રી દેતાં પુત્રીના જ સ્વાર્થનો વિચાર કરવો.’

ગુણ૦ — ‘આપ શું બોલો છો તેની મને સમજણ નથી પડતી. શું કુસુમનો સ્વાર્થ કુંવારાં રહેવામાં છે? ગમે તો સંસારના પ્રવાહ અવળે માર્ગે ચાલે છે કે ગમે તો દુ:ખથી આપણી બુદ્ધિઓ બહેરી થઈ છે.’

વિદ્યા૦ — ‘ગુણિયલ મને પણ એમ જ લાગે છે. મને લાગે છે કે આપણે બે જણ આજ ઘેલાં થયાં છીએ.’

ગુણ૦ — ‘બીજા બે પત્રો તો વાંચો.’

વિદ્યાચતુરે તે પત્ર ટેબલ ઉપર નાંખ્યા.

‘હું તો એ પત્રો કાંઈ વાંચતો નથી. ગુણિયલ! સરસ્વતીચંદ્રનું નક્કી થાય ત્યાં સુધી કાંઈ વિચાર કરવો નથી.’

ગુણ૦ — ‘એ તો સત્ય; પણ આ યે જાય ને તે યે જાય એમ ન થાય! કોઈ આપણા પર બેસી રહ્યું નથી ને મમતાથી બોલાવનારને ધક્કો મારી આપણે જ ગરજ બતાવવી પડે ને મા તું કહેતી’તી તે કહે ન થાય!’

વિદ્યા૦ — ‘ઠીક, ઠીક. જોઈશું.’

દ્વાર અર્ધ ઉઘાડું હતું ત્યાં ઊભી ઊભી કુસુમ આ સૌ સાંભળતી હોય તેમ વિદ્યાચતુરને લાગ્યું અને તેમ લાગતાં તેણે ધીમે રહી તેને બોલાવી:

‘કુસુમ!’

દ્વાર આગળથી કુસુમ વીજળીના ચમકારા પેઠે ઝપાટાબંધ બીજી પાસ ચાલી ગઈ. ચાલતાંચાલતાં માતાપિતાની આંખોને પોતાની આંખો બતાવી છતી થઈ ગઈ. જન્મ્યા પછી તેમની આજ્ઞા આજ જ પહેલવહેલી એણે લોપી. એની આંખોમાં તીવ્ર રોષની રતાશ અને અનાથતાના ભાને આણેલાં આંસુની છાલક સ્પષ્ટ હતી. છેટેથી પણ તે બે વાનાં માતાપિતા જોઈ શક્યાં. જોઈ રહે તે પહેલાં તો તે ચાલતી દૃશ્ય થઈ. દ્વાર આગળ જઈ ગુણસુંદરીએ એને બેત્રણ વાર બોલાવી છતાં કુસુમ દેખાઈ પણ નહીં અને બોલી પણ નહીં.

ગુણસુંદરીના મનનો સ્વાભાવિક શાંત ગુણ આજ જતો રહ્યો. પિતા બોલાવે અને પુત્રી ન બોલે તે એનાથી ખમાયું નહીં. શોકમાં ક્રોધ મળ્યો.

રાત્રિ હતી તેમાં વળી કાળાં વાદળાં ચડ્યાં. પુત્રીની પાસે જતી તેને વિદ્યાચતુરે અટકાવી.

વિદ્યા૦ — 'ગુણિયલ! તારા અને કુસુમના ઉભયના અધિકારમાં જે વાત નથી તે કરવા કરાવવા તું તત્પર થાય છે.'

ગુણસુંદરી અટકી, દીન થઈ ગઈ અને બોલી: 'પુત્રીને આટલું લાડ ઘટતું નથી.'

વિદ્યા૦ — 'મન પર બળાત્કાર થતો નથી અને બાળકોનાં મનને વાળ્યા વગર તેમની ક્રિયાશક્તિ પર બળાત્કાર કરનાર માતાપિતા બાળકને દાસત્વનાં બંધનમાં નાખવાનું પાપકર્મ કરે છે.'

ગુણ૦ — 'મારી બુદ્ધિ કુણ્ઠિત થઈ ગઈ છે. આપ કહો છો તેમ હશે. હું આજ સુધી આપની ઇચ્છા પ્રમાણે વર્તી છું અને વર્તીશ. પણ હવે ગમે તો કુસુમના વિચાર અને તેના પ્રયોગ ઉભય આપના એકલાના હાથમાં રાખો અને મને આ ઉપાધિમાંથી મુક્ત કરો; અને ગમે તો સર્વ વાત અમારી સ્ત્રીબુદ્ધિ પ્રમાણે થવા દો અને આ ઉપાધિમાંથી આપ જાતે મુક્ત થઈ જાઓ. પણ મારી સ્ત્રીબુદ્ધિમાં આપનું પૌરુષ ભરવાનું બંધ કરો — સુરંગમાં દારૂ ભરવાથી સુરંગનો જ નાશ થાય છે તેમ મારી બુદ્ધિનું હવે થશે. હું આપને પગે પડી આટલું માગી લઉં છું.'

ગુણસુંદરી ગળગળી થઈ ગઈ અને એક ઊંડી ખુરશીમાં પડી.

'જે પુરુષ પુત્રી ઉપર બળ-આજ્ઞા નથી કરતો તે તારા જેવી પતિવ્રતા પ્રિયતમ સ્ત્રી પર કેમ કરશે? વહાલી ગુણિયલ! તારો ગૂંચવાડો હું સર્વથા સમજું છું અને તેમાંથી તને મુક્ત કરું છું. પણ એ ભારનો હું જાતે નિર્વાહ કરું તે પ્રસંગે સાક્ષીભૂત થઈ મારી સાથે રહેવામાં તો નક્કી તને કાંઈ પ્રતિબંધ નહીં લાગે.'

આમ કહેતો કહેતો વિદ્યાચતુર ગુણસુંદરી પાસે ગયો અને હાથ ઝાલી તેને ખુરશી ઉપરથી ઉઠાડી.

ભારમુક્ત થવાથી સ્વસ્થ થઈ હોય તેમ તે ઊભી થઈ અને ધીમે રહી બોલી: '*पतिसाहचर्यात्पतिव्रता पतिवृत्ताऽपि भवति.* ઓ મારા વહાલા ચતુર! ઓ મારા વ્રતરૂપ! આપનું વ્રત તે જ મારું વ્રત જેથી થાય અને આપણું અદ્વૈત સર્વરૂપે થાય એવું આપનું સાહચર્ય મને આપવા આપ તત્પર થાઓ ને હું અભિનંદું નહીં તો તો પૂર્વનો સૂર્ય પશ્ચિમમાં જ ઊગશે! આજ સુધીનાં અનેક સુખદુ:ખોમાં જ્યાંત્યાં *पतिरेव गतिः स्त्रीणाम्* તેનો અનુભવ મેં કરેલો છે અને આપે કરાવેલો છે, અને નાનપણમાં માતાપિતાને તેમ આ વયમાં સંતાનને પણ આપની પ્રીતિ અને આપની આજ્ઞા કરતાં હું વધારે લેખતી નથી. તેમની સંભાળ ઈશ્વરને સોંપી અને મારી સંભાળ આપને સોંપી!'

૧૦. કુસુમની કોટડી

માતાપિતાની વિશ્રંભકથા કુસુમે સાંભળી લીધી અને ત્યાંથી જ તેના મનને મોટા ધક્કો લાગ્યો.

પોતાના ખંડમાં તે આવી, દ્વાર બંધ કરી દીધાં અને સુન્દર ઉદ્યાનમાં એક બારી પડતી હતી ત્યાં કઠેરે ટેકો દઈ ઉદ્યાનના લાંબા વિસ્તાર પર દૃષ્ટિ નાખતી ઊભી. કાને પડેલા શબ્દોએ એને દિઙ્મૂઢ બનાવી દીધી અને તે શબ્દોએ ઉત્પન્ન કરેલી કલ્પનાએ એનાં આંસુને ગાલ ઉપર જ સૂકવી દીધાં અને તેના ડાઘ બારીમાં આવતા તડકાએ ચળકાવવા માંડ્યા. એની રોષભરી આંખોની રતાશ લીલાં ઝાડોની ઘટા ઉપર પડતાં નરમ પડી અને ઝાડો ઉપર પડતા તડકાના પ્રતિવમનને બળે એના મનની કલ્પના પણ શ્રાન્ત થઈ અને શ્રાન્તિને બળે શાન્ત થઈ ગઈ. આ સર્વ સ્થિતિ પામતાં તેના વિચાર બીજી દિશામાં વળ્યા.

‘પિતાજી અને ગુણિયલ-બેમાંથી કોઈનો વાંક કાઢવા જેવું નથી. તેઓ મારા સ્વાર્થનો જ વિચાર કરી મારે માટે જ આટલો ક્લેશ પામે છે. મારા મનની સ્થિતિ તેમને વિદિત હોય તો તેમનો ક્લેશ પણ દૂર થાય અને મારું ધાર્યું પણ મને મળે!’

આ ઝાડોની ઘટાથી અને આ તડકાથી મારો ક્લેશ દુર થયો. ફ્લૉરા કહેતાં હતાં કે દેખીતી સૃષ્ટિ દ્વારા પણ ઈશ્વર પ્રકટ થાય છે અને મનુષ્યને સુખ અને આનંદ આપે છે તે આ જ! મીરાંબાઈ ગાઈ ગયાં છે કે:

મીરાં ભક્તિ કરે રે પ્રકટકી

ઓ નાથ! તુમ જાનત હો સબ ઘટકી!

એ પ્રકટ ઈશ્વર તે આ જ હશે! પ્રતિમામાં અને આ ઝાડોમાં ને તડકામાં પણ ઈશ્વર પ્રકટ થાય છે અને એ પ્રકટ ઈશ્વરનો મને આજ સાક્ષાત્કાર થયો! ઓ પ્રકટ પ્રભુ મીરાંબાઈ વાઘના પંજામાં પડેલાં બચ્ચાં તો મને તો તારે તે પહેલાં બચાવવાની છે! તે શું તું મને નહીં બચાવે? હું પણ કહું છું કે:

કુસુમ ભક્તિ કરે રે પ્રકટકી,

ઓ નાથ! તુમ જાનત હો ઇસ ઘટકી!

થોડી વાર એમની એમ ઊભી. અંતે એક ખુરશી પર બેઠી ને ખોળામાં હાથ નાંખી વિચાર કરવા લાગી:

‘બુદ્ધિધનની પિતા સ્પષ્ટ ના કહે છે અને ગુણિયલ હા કહે છે. મેં જાણ્યું કે સરસ્વતીચંદ્ર જડવાના નથી એટલે નિરાંત થઈ, ત્યારે આ નવું કયાં જાગ્યું? મારે એકનું ય કામ નથી ને બીજાનું ય નથી. ઈશ્વર કરે ને આ

વાતમાં ગુણિયલ હારે ને સરસ્વતીચંદ્ર જડે નહીં તો મારું ધાર્યું થાય? માટે હું પણ હાલ તો એમ જ કરું કે બુદ્ધિધનની ચોકખી ના કહું એટલે ગુણિયલ હારશે ને પિતા ફાવશે.

'પિતા આ વાતમાં ફાવ્યા એટલે અંતે હું ફાવવાની!'

દ્વાર ઉઘાડ્યું અને માતાપિતાને ગયેલાં દીઠાં. તેમના ખંડમાં કુસુમ ગઈ. ટેબલ પર પત્ર હતા તે લીધા. 'પિતા ઉપર મારા સંબંધના કાગળ આવે તે વાંચવામાં ચોરી ખરી? બહેન સરસ્વતીચંદ્રના પત્ર પિતા ઉપરના હોય તો ય છાનીમાની વાંચતી.'

નરભેરામનો પત્ર વિદ્યાચતુર ઉપર હતો તેમાં બુદ્ધિધનને માટે કુસુમનું માગણું, અત્યંત આર્જવ અને યાચના ભરેલું કર્યું હતું. બુદ્ધિધનની હવે લગ્ન માટે ઇચ્છા નથી પણ મહારાણા સમેત સર્વનો વિચાર દૃઢ છે એમ પણ લખેલું હતું. કુસુમને આશા પડી. બુદ્ધિધનનો પત્ર વાંચવા લાગી:

'પ્રિય વિદ્યાચતુરજી,

મારા ગૃહસંસારનાં બે રત્ન ખોવાયાં. પથ્થર ડૂબ્યો અને તેના ભારથી ચંપાઈ તેની તળે રત્ન પણ ડૂબ્યાં. મારી પુત્રી તથા મારો સહાયક મિત્ર નરભેરામ તેમના પ્રેમને લીધે મને ફરી સંસારમાં પડેલો જોવા ઇચ્છે છે અને મારી ઇચ્છાવિરુદ્ધ તેમણે લખેલા પત્ર આપે વાંચ્યા હશે. તેમના હાથ રોકવાની મારી શક્તિ નહીં, માટે જ એ થયું છે. પણ એમની કોઈની ઇચ્છા સફળ થવાની નથી એટલું આપ મારું સિદ્ધાન્તવચન સમજજો.

મારા ઘરમાંથી કુમુદસુંદરી ગયાં ત્યાંથી મારું સર્વસ્વ ગયું. મારો દુષ્ટ પુત્ર ગયો તે તેણે કરેલા અપરાધને યોગ્ય જ થયેલું છે. મને તેને માટે તલમાત્ર પણ શોક નથી. ઊલટો પુત્રજન્મથી બીજાંઓને આનંદ થાય એટલો એ પુત્રના મૃત્યુથી મને આનંદ થયો છે. મારું ઘર અને મારો સંસાર એના મૃત્યુથી નિષ્કલંક જ થયાં છે.

કુમુદસુંદરીની સાસુ વહુના શોકથી ગઈ! તમારો ગુણસુંદરી ઉપર સ્નેહ છે તે ઉપરથી મારો મારી ધર્મપત્ની ઉપરનો સ્નેહ જાણી લેજો. એણે મારો વિપત્તિકાળ દીઠેલો ને મારો સંપત્તિકાળ પણ દીઠો. સર્વ દશામાં એ મારી ભાગિયણ હતી અને એવી સ્ત્રીનો હું સ્વામી હતો એટલાથી મારા હૃદયમાં અભિમાન આવે છે. મારાં પુણ્યનો સંચય આટલા ભોગથી ક્ષીણ થયો હશે એટલે એ ગઈ. હવે વિશેષ સંસારભોગની મને વાસના નથી. નવો ભોગ કે નવો અવતાર ઉભય હવે મને અનિષ્ટ છે.

મારું વૈરાગ્ય સ્મશાનવૈરાગ્ય નથી. હું રંક વિધવાનો પુત્ર હતો ને સુવર્ણપુરના મહારાણાનો પ્રધાન થયો. કુમુદસુંદરી સાક્ષાત્ લક્ષ્મીજીનો કે સરસ્વતીનો અવતાર હતાં. તેમના નિવાસથી મારું ગરીબ ઘર પવિત્ર થઈ ગયું. એની સાસુ જેવી પતિવ્રતાના યોગથી મારો આત્મા પવિત્ર થઈ ગયો.

જે ઈશ્વરે એ મહાન સંયોગો વચ્ચે મને મૂકવાની કૃપા કરી હતી તે જે ઈશ્વરે હવે મને સંયોગથી મુક્ત કર્યો છે તે તેણે કાંઈ કારણથી જ કરેલું હશે. મારા મહારાણાની કૃપા મારાથી છૂટતી નથી. તેમના રાજ્યકાર્યમાં કેટલાક મોટા પ્રસંગો હજી બાકી છે તે પૂરા કરી હું એમની પાસેથી એવું માગવાનો છું કે મારે માથેથી ભાર ઉતારી નરભેરામને માથે મૂકવો અને મને આત્મકલ્યાણને માટે કાશીવાસ કરવા દેવો. આ યુગમાં સંન્યસ્ત યોગ્ય લાગતું નથી અને જ્ઞાનની પ્રાપ્તિને અંતે જે સંન્યસ્ત થવું જોઈએ તે જ્ઞાન પ્રાપ્ત થતાં પહેલાં લેવા મને અધિકાર પણ નથી. કાશીનિવાસથી અનેક મહાત્માઓના પ્રસંગ પડશે અને તે શોધવાનો લોભ મને થયેલો છે તે છોડી હું સંસારમાં પડીશ એવું નરભેરામ માને છે. પણ તે પામર છે અને મારા મનના અભિલાષ સમજી શકતો નથી માટે જ એ પ્રયત્ન કરે છે.

દેવી એક બાળક પુત્ર મૂકી ગઈ છે. જો તે જીવશે તો તેની બહેનને હાથે ઊછરશે, નહીં જીવે તો મને શોક નથી. મોટો કરેલો પુત્ર દુષ્ટ થયો અને મૂઓ, તો વીજળી પેઠે ક્ષણવાર ચમકતો બાળક સુપુત્ર નીવડશે એ જાણવું કઠણ છે. એની માતા કૃતકૃત્ય થઈ ગઈ. એ સ્વર્ગમાં ગઈ. એનો આત્મા સ્વધામ પહોંચ્યો તે હજી અમર છે. એનો શોક કરવો તે મિથ્યા મોહ છે. મને એ મોહ કે શોકમાંનું કાંઈ નથી.

વ્યવહારદૃષ્ટિએ જોતાં પણ ઊતરતી વયે લગ્ન કરવાની વૃત્તિ મૂર્ખતા ભરેલી જ લાગે છે. પ્રધાનપદ સુધીના અનુભવની પ્રાપ્તિથી જે માણસ ઘડાય તેને તો આ વાત હસ્તામલક જેવી સુદૃશ્ય હોવી જોઈએ. નરભેરામની સૂચના યોગ્ય છે એવું જો હું માનું તો તેટલાથી એટલું સિદ્ધ થયું ગણવું કે મારી બુદ્ધિ પ્રધાનપદને યોગ્ય નથી એટલું જ નહીં પણ ક્ષુદ્ર છે, કારણ સામાન્ય બુદ્ધિવાળાને પણ આવા મહાન પદના અનુભવથી જે બોધ મળવો જોઈએ તે બોધ મને મળ્યો ન હોય તો મારામાં બોધ લેવાની સામાન્ય વિવેકશક્તિ પણ નથી એમ જ માનવાનો પ્રસંગ આવે. કેવલ પુત્રવાસના પામર જીવને માટે છે. ઊતરતી વયના અને પ્રધાનપદે ચડેલા બુદ્ધિમાન પ્રાણીને માટે નથી.

ન્યાયમાર્ગે જોતાં પોતાના સ્વાર્થને માટે પારકી કન્યાનો ભવ બાળવો અને વૈધવ્યના માર્ગમાં મૂકવી એ મહાપાપ લાગે છે. એ પાપ કન્યાના વૃદ્ધ થતા વરને તેમ બાપને ઉભયને માથે છે.

અનેક માર્ગે આ વાતનો વિવેક મેં કરી જોયો છે. એક કલ્પના સરખી પણ આ ઉપાધિ સ્વીકારવામાં દોષ સિવાય અન્ય ફળ જોતી નથી. નરભેરામ મારા ઉપરની પ્રીતિને લીધે જ ભૂલે છે.

ચિ. કુસુમસુંદરીને કોઈ વિદ્વાન, નીતિમાન, રૂપવાન, શ્રીમાન, યુવાન સ્વામી મળે એવો મારા અંતઃકરણનો આશીર્વાદ છે અને મારો પોતાનો

આપેલો આશીર્વાદ હું જાતે નિષ્ફળ નહીં કરું. કુસુમસુંદરીની નાની બહેન તે મારી પુત્રીરૂપ છે.

બુદ્ધિધનનો આ પત્ર વાંચી રહી તેની સાથે કુસુમને શેર લોહી ચડ્યું. તેની નિરાશા નષ્ટ થઈ અને આખમાં તેજ આવ્યું. ઉતાવળથી પોતાનાં ખંડમાં આવી અને છાતીએ હાથ ભીડી એકલીએકલી બોલવા લાગી:

‘હા...શ! હવે જગત જખ મારે છે. કુસુમની પ્રાર્થના પ્રભુએ સાંભળી. બુદ્ધિધનભાઈ! તમારું ઘણું જ કલ્યાણ થજો! તમારા પત્રથી જ મને ઉપદેશ મળે છે. તમારા જેવા અનુભવી પુરુષોને જે વાત આટલી ઉંમરે સત્ય લાગે છે તે મને આજથી લાગે છે. સ્વામીજીની કથામાં પણ મારો જ બોલ ખરો પડે છે. ફ્લૉરાબહેન પણ મારી જ ગાડીમાં છે. સરસ્વતીચંદ્રને પણ મારી પેઠે છે. એ તો મારા પ્રથમ ગુરુ. હવે માત્ર ગુણિયલ અને કાકીને જીતવાં રહ્યાં. સરસ્વતીચંદ્ર નહીં જડે એટલે પિતાજીની ચિન્તા નથી.

કાકી શા શા વાંધા કાઢે છે? પ્રથમ કહે છે વાસના રોકવી કઠણ છે. પછી કહે છે કે શાસ્ત્રકારો પરણવાની મર્યાદા બાંધી ગયા છે. ત્રીજું, સ્ત્રીની એક ભૂલ પ્રકટ થઈ જાય અને ચોથી વાત એ કે કુમારી સ્ત્રીને રહેવાનું ઘર ન મળે, ખાવાના પૈસા ન મળે, લોક ચાળા કરે, ને સ્ત્રીજાતને માયા ને કાયા બેનો ભય.

જો બાવી થઈએ તો આ બધા વાંધા દુર થાય. મફત ખાવાનું મળે, પુરુષનો સંગ નહીં એટલે સ્ત્રીને લાલચ નહીં, અનેક સ્ત્રીઓ વચ્ચે રહેવાનું એટલે પુરુષ વર્ગને બહાર રાખી વગરભયે રહેવાનો કિલ્લો! બાવીઓ રહે છે તે પણ શાસ્ત્રની મર્યાદામાં જ હશે કની? આ ઘરમાંથી નીકળવું પડે એ પહેલું દુ:ખ, ને બાવીઓની પેઠે જાડાં લૂગડાં પહેરવાં પડે અને જાર-બાજરો ખાવો પડે એ બીજું દુ:ખ.

પહેલા દુ:ખનું તો કંઈ નહીં. કાલથી જાડાં લૂગડાં ને જાર-બાજરીની ટેવ પાડીશું. વાડીમાં માળણને ઘેર લૂગડાં, જાર ને બાજરી છે.

નાતજાત બગડવાની બીક નથી. કયાં હાથે રાંધતાં આવડતું નથી જે વટાળ થશે?

એ ટેવ પાડવા જઈશું તો કાકી ને ગુણિયલ પૂછાપૂછી કરશે.

કહીશું કે વર ગમે તેવો મળે ને ગરીબ ઘરનો હોય તો જાડે લૂગડે ને જારબાજરીએ પણ નિભાવ કરવો પડે કની? સારો વર મળશે નહીં ને મારું ચાલશે નહીં ને મુશ્કે મારી ગમે તેને પરણાવશે તો ભાગ્ય પ્રમાણે વર્તવું પણ પડશે.

ત્યારે એ તો એ જ! એક પન્થ ને દો કાજ! વળી સ્વામી સારો હોય તે પણ પ્રથમ મીઠો હોય ને પછી કડવો થાય એ તો ફ્લૉરાના દેશમાં પણ છે,

આપણામાં પણ છે. તેવું થાય તો શું કરીએ? માટે એ જ માર્ગ કે આપણે ટેવ પાડવી.

સંસ્કૃત ભાષા અને અનુભવની ભાષા બે વાનાં સ્ત્રીઓને સરખાં' કંઈક નવા વિચારમાંથી જાગી હોય તેમ બોલી.

'સંસ્કૃતમાં શૃંગાર હોય તો છોકરીઓને કોઈ સમજાવે નહીં — પરણ્યા પછી સ્વામી સમજાવે ત્યારે.

વૈરાગ્યની વાતમાં પણ સંસારની વાતો — તે અનુભવ વગર સમજાય નહીં.

શૃંગારમાં ય અનુભવ ને વૈરાગ્યમાં ય અનુભવ. સંસ્કૃતનો શૃંગાર સમજાય નહીં ને પારકાનો અનુભવ સમજાય નહીં. અનુભવનાં વાક્ય સાંભળીએ ને સમજાય નહીં તે જાણે તુમડીમાંના કાંકરા ખખડ્યા! અનુભવ વગર એ કાંકરાની વાત પણ ન સમજાય.

રમણ પરણે એટલે રમણ મટે ને સ્વામી થાય એ અંગ્રેજોનો અનુભવ ફ્લૉરાએ સમજાવ્યો. એ સમજાયો ત્યારે આપણા લોકની શ્લોક પણ સમજાયો!

** पुराऽभूदस्मारकं प्रथममविभिन्ना तनुरियम्*

ततो नु त्वं प्रेयान् वयमपि हताशा प्रियतमा।

इदानीं नाथस्त्वं वयमपि कलत्रं किमपरम्

हतानां प्राणानां कुलिशकठिनानां फलमिदम्।।

આનો અક્ષરેઅક્ષર જાણતી હતી. પણ સ્ત્રીપુરુષનું એક શરીર મટ્યું અને પ્રેયાન્ ને પ્રિયા એમ બે થયાં, તે પછી તેનાં પણ સ્વામી અને કલત્ર થયાં! આ જાદુની વાત આપણા લોક ભૂલી ગયા છે તે ફ્લૉરાએ અંગ્રેજોનો અનુભવ કહ્યો ત્યારે હું સમજી.

ગરજ સરી એટલે વૈદ વેરી! આપણામાં પણ ગાય છે કે: 'પહેલાં તે બાઈજી એમ કહેતાં જે — વહુ! તું મારી સાકર રે; હવે તે બાઈજી એમ શું બોલો — વહુ! તું મારી ચાકર રે?'

જ્યારે સર્વ સંસારનો જ માર્ગ આવો છે ત્યારે સરસ્વતીચંદ્ર પહેલેથી ચેત્યા! મારે પણ એક જ માર્ગ!

આ ગુણિયલ અમસ્તાં દુ:ખ પામે છે. એ એક પાસનું જ જુએ છે. એ કોણ જાણે શું હશે પણ કંઈ નહીં. ધારેલે રસ્તે — જાર, બાજરી, ને જાડાં લૂગડાંની ટેવ પાડવી ને જંગલમાં કે ગરીબ ઘરમાં ચાકર વગરની હોઉં તેમ કામ કરવાની ટેવ પાડવી. એ ટેવ સૌને એક કારણથી ગમશે, મને બીજા કારણથી ગમશે.

હિમાચલ અને મેનકાએ ઘણીય એક વાત ધારી, પણ પાર્વતીનો વિચાર સિદ્ધ થયો અને સર્વેએ સંમતિ આપી.

** इति ध्रुवेच्छामनुशासती सुताम्*

शशाक मेना न नियन्तुमुद्यमात्।

क ईप्सितार्थस्थिरनिश्चयं मन:

पयश्च निम्नाभिमुखं प्रतीपयेत्।।

—કુમારસમ્ભવ.

'મારા ગુણિયલ મેના જેવાં છે. હું પાર્વતીની પેઠે તપ ઇચ્છું છું. મારું ધારેલું કામ મોટાંમોટાંઓ શુભ ગણે છે! તો પાર્વતીની પેઠે હું પણ ફાવીશ જ. માટે એ તો એ જ. નવી ટેવનો આરંભ કરવો!'

કુસુમની કોટડીનું દ્વાર ખખડ્યું અને તેના વધારે વિચાર અને ઉદ્ગાર બંધ પડ્યા.

---

* પ્રથમ કાળમાં આપણાં બેનાં શરીર મળી આ એક શરીર હતું. ત્યારપછી તમે પ્રિય થયા અને હું માત્ર બિચારી આશાભંગ ભરી તમારી પ્રિયતમા જ થઈ ગઈ અને હવે આજના કાળમાં તમે મારા નાથ છો અને હું તમારી સ્ત્રી જ છું. હવે બીજું શું? આ હતપ્રાણ વજ્ર જેવા કઠણ થઈ દેહને છોડતા નથી તેનું આ ફળ ચાખવાનું જેટલું બાકી છે તેટલું ચાખું છું. (પ્રાચીન)

* શંભુ-વર પ્રાપ્ત કરવા તપ આદરવાને જવાની આમ અચલ ઇચ્છા દર્શાવી દેનાર પુત્રીને તેના ધારેલા ઉદ્યમમાંથી મેના અટકાવી શકી નહીં. ઇષ્ટાર્થને માટે સ્થિર નિશ્ચયવાળા મનને અને નીચા પ્રદેશમાં સરવા માંડેલા પાણીને પાછું અવળી દિશામાં વાળવાને કોની શક્તિ છે?

૧૧. મલ્લમહાભવન
અથવા
રત્નનગરીની રાજ્યવેધશાળા
અને મહાભારતનો અર્થવિસ્તાર

लौकिकानां हि साधूनामर्थं वागनुवर्तते।

ऋषीणां पुनराद्यानां वाचमर्थोऽनुधावति।। - भवभूति:

રાણા ખાચરના સત્કારને અર્થે ભરેલી સભામાં થયેલી ચર્ચાએ મણિરાજના હૃદયમાં અનેક વિચારો ઉડાડ્યા. પોતાના પિતાની દીર્ઘદૃષ્ટિ ઉપર, સંયમ ઉપર અને રાજ્યનીતિ ઉપર એની દૃષ્ટિ જતી ત્યારે એ ઉત્સાહમાં આવતો. અન્ય રાજાઓના અપભ્રંશ જોતો ત્યારે એ નિરાશ થતો હતો. અંગ્રેજ અધિકારીઓમાંના દુષ્ટ વર્ગની સત્તાનું પ્રાબલ્ય જોઈ એને ક્રોધ ઊપજતો. તેમાંના મૂર્ખ અને ઉન્મત્ત ભાગની ચેષ્ટાઓ જોઈ હૃદયમાં ગૌરવ આવતું. અન્ય દેશી રાજાઓની દુષ્ટતા જોઈ એના હૃદયમાં શોક ઊભરાતો. તેમની મૂર્ખતા, પ્રમત્તતા અને ભયંકર અવ્યવસ્થાનાં ચિત્ર દૃષ્ટિ આગળ પ્રત્યક્ષ થતાં એનાં નેત્રમાંથી અશ્રુધારાઓ અપ્રતિહત ચાલતી. અંગ્રેજ અધિકારીઓમાંના સુજ્ઞ અને ઉદાત્ત વર્ગના આશ્રયનું પોતે આસ્વાદન કરેલું હતું. તે સ્મરણમાં આવતાં આશાનાં કિરણ દૃષ્ટિમર્યાદા તળે સંતાયેલા કોઈ સૂર્યના બિમ્બમાંથી નીકળતાં લાગતાં. અંગ્રેજ સરકારની રાજ્યનીતિ જોઈ તેના મસ્તિષ્કમાં ઘડીક અવ્યવસ્થા થતી અને ઘડીક શાંતિ થતી. આવા ચારપાંચ દિવસ ગાળ્યા, અને તે પછી એક દિવસે મધ્યાહ્નવેળાએ આશા અને નિરાશા વચ્ચે દોલાયમાન થતો યુવાન રાજા મલ્લમહાભવનના કુરુક્ષેત્રભવન નામના ખંડમાં એક છેડેથી બીજા છેડા સુધી આવજાવ કરતો હતો.

આ મલ્લમહાભવનની મૂળ યોજના મલ્લરાજે કરી હતી. રાજ્યમાં ‘બાંધકામ’ અથવા ‘પબ્લિક વર્કસ્’નાં ખાતાં આજ અંગ્રેજી પદ્ધતિથી ચાલતાં જોવામાં આવે છે. દેશ અને નગરની શોભા વધારવી ને સાર્વજનિક ઉપયોગમાં દ્રવ્યવ્યય કરવો એવા બે હેતુથી આજકાલ એ ખાતાનાં ધીરણ પ્રવર્તે છે. અંગ્રેજી રાજ્યમાં એ ઉભય હેતુ ધ્યાનમાં રખાય છે અને ઉપયોગ પ્રધાન વસ્તુ ગણાય છે અને શોભા ગૌણ ગણાય છે ત્યારે દેશી રાજ્યોમાં ગમે તે શોભા પ્રધાન ગણીને એક માર્ગ ઉદારતા રખાય છે અને ગમે તો પ્રધાન અને ગૌણ ઉભય ભેદને સરખા ગણી ઉભય વિષયમાં કૃપણતા રખાય છે એવો એક કાળે વિદ્યાચતુરનો અભિપ્રાય હતો. મલ્લરાજની સાથે આ વિષય ચર્ચતાં જે મહારાજે વિશેષ એ બતાવ્યું કે દેશી રાજ્યોની મોટી સંખ્યામાં તો આજકાલ એવું જ જોવામાં આવે છે કે રાજાઓ અને તેની જાતની સેવા કરનારાઓના નિવાસનાં અને ભોગનાં સ્થાનને જ શોભા

આપવી અને અનેક રાણીઓ ને રાજપુત્રોના લગ્નાદિ પ્રસંગોમાં ને ભોગવિલાસોમાં પ્રજાના દ્રવ્યનો નાશ કરવો એ કાર્ય જ આજકાલ પ્રધાન ગણાય છે, અને તેમાં પણ જતે દિવસે થોડા ખરચે થતા દેશી રીતના ભોગવિલાસને સ્થાને અંગ્રેજી ધમકતી પોલી શોભા, ટૂંકા આયુષ્યના પદાર્થો, અને તાત્પર્યને સ્થાને દેખાવ ઉપર પ્રીતિ — એ ત્રણ વસ્તુઓ હાલના વ્યયમાં અનેકધા વૃદ્ધિ કરશે. વૃદ્ધ આચારને વળગી રહેનારા વૃદ્ધ કે વિચારથી શૂન્ય યુવાન રાજપુત્રવર્ગ, પ્રજાનું સપત્નીકર્મ કરવામાં તત્પર અને રાજાઓનું અને રાજ કુમારોનું રાજત્વ અને મનુષ્યત્વ ચૂસી લેવામાં સ્વાર્થ અને વિલાસ સમજનારી રાણીઓ અને રાજકુમારીઓ, અને એવાં એવાં અનેક ભયસ્થાન દેશી રાજાઓને શિર ઝઝૂમે છે અને સત્કાર્યને સ્થાને દુ:સ્થિતિનું દર્શન કરાવે છે તેનો આલેખ મલ્લરાજે વિદ્યાચતુરને દર્શાવ્યો હતો. ભીષ્મપિતામહે શરશય્યા ઉપર સૂતાં સૂતાં ધર્મરાજને અનેક અનુભવથી ભરેલી રાજનીતિ શાન્તિપર્વમાં સમજાવી છે તેમ આ વૃદ્ધ મહારાજે આ દુ:સ્થિતિના સંબંધમાં પોતાના અનુભવ અને વર્તારા પોતાના વાનપ્રસ્થકાળે પોતાના યુવરાજ અને તેના પ્રધાન વિદ્યાચતુરને સમજાવ્યા હતા. જરાશંકર પણ એ કાર્યમાં એ મહારાજનું મંત્રીપણું કરતો હતો. એ મહારાજનું નામ અમર રાખવા કોઈ મોટું ભવન બાંધવાની યુવાન વર્ગમાંથી સૂચના એક દિવસ થતાં અને તેની સંમતિ મંગાતાં વૃદ્ધ મહારાજે સ્થિત કર્યું.

‘વિદ્યાચતુર! નામ કોઈનું અમર રહેલું નથી અને રહેવાનું નથી. નામ અને રૂપ એ જ નશ્વરતાનાં સ્વરૂપ છે. પણ તમારી ઇચ્છાને કંઈક અનુકૂળ થવાય અને ભવિષ્યમાં જ્યાં સુધી આ રાજ્યમાં બુદ્ધિમાન નીતિમાન રાજાઓ રાજ્ય કરવા ઉત્પન્ન થાય ત્યાં સુધી તેમની બુદ્ધિને આપણા અનુભવનું કાંઈક અવલંબન મળે અને પ્રજા પાસેથી આ સિંહાસન પાસે આવેલું દ્રવ્ય પ્રજાને ફળે એવા વ્યયનો માર્ગ કાંઈ કાઢીશું.’

આ સૂચના પછી મલ્લરાજે રત્નનગરીની રાજ્યવેધશાળા નામના ભવનની કલ્પના [૧] કરી અને યુવરાજે તેનો આલેખ [૨] કરાવી તે પ્રમાણે કાર્યસિદ્ધિ [3] કરાવી. વૃદ્ધ મહારાજની ઇચ્છા પ્રમાણે તેનું નામ રાજ્યવેધશાળા (એટલે રાજ્યરૂપ આકાશમાં ગમન કરનાર ગ્રહોની ગતિ આદિનું દર્શન કરવાની વેધશાળા [૪]) પાડેયું, તેની સાથે જ યુવરાજની ઇચ્છાથી એનું નામ મલ્લમહાભવન પણ પાડ્યું અને ઉભય નામના લેખ એ ભવનના તોરણ ઉપર કોતરાવ્યા. આ તોરણદ્વારમાં [૫] પેસતાં એક વિશાળ અને સુન્દર ઉદ્યાનમાં જવું પડતું. અનેક લતાગૃહો, કુંજવનો, તળાવો, વાવો, કૂવાઓ, કુંડો, બેઠકો, ઘટાઓ અને પશુપક્ષીનાં પંજરોનાં ચિત્ર જેવા સાજ વચ્ચે થઈને જતાં એ મહાભવન આવતું.

એ ભવનમાં વૃદ્ધ મહારાજે પોતાના અનુયાયી રાજાઓના ઉપદેશ માટે વિચિત્ર યોજનાઓ ઘડી કાઢી હતી. અલિન્દમાર્ગમાંથી * મુખદ્વારમાં પેસતાં તરત વિદુરભવન નામનો લાંબો ખંડ આવતો. એ ખંડની પાછળ બીજા પાંચ ખંડ હતા. એ પાંચ ખંડનાં નામ દુર્યોધનભવન, દુ:શાસનભવન, કર્ણભવન, દ્રોણભવન અને પિતામહભવન એવાં હતાં. આ પાંચે ખંડની હાર કૌરવશાળા નામથી ઓળખાતી. તે પાંચેનાં દ્વાર કુરુક્ષેત્ર નામના એક બીજા લાંબા ખંડમાં પડતાં. એ ખંડની એક પાસ પાંડુભવન અને બીજી પાસ ધૃતરાષ્ટ્રભવન હતાં. કુરુક્ષેત્રની બીજી પાસ કૌરવશાળાની સામે પાંડવશાળા હતી ને તેનાં દ્વાર પણ કુરુક્ષેત્રમાં જ પડતાં. પાંડવશાળાના પાંચ ખંડ નામે ધર્મભવન, ભીમભવન, અર્જુનભવન, નકુલભવન અને સહદેવભવન એવાં હતાં. એ પાંચેની પાછળ પાંચાલીભવન નામનો લાંબો ખંડ હતો અને તેમાં તે પાંચેનાં દ્વાર પડતાં હતાં.

ચંદ્રકાંત અને વીરરાવનાં મર્મવેધક વાકયોને વિદ્યાચતુરે વિદુરભવનમાં ઉત્તર આપેલા હતા તેનાથી મણિરાજને તૃપ્તિ થઈ ન હતી અને મર્મવચન એના મર્મ ભાગને ગુપ્ત કળાથી કાપતાં હતાં. આ વેદનાના નિવારણને માટે આજે વિદ્યાચતુરે તે બે જણને મલ્લમહાભવન જોવા બોલાવ્યા હતા અને એ ભવનના રહસ્યનું પ્રકટીકરણ કરી એટલાથી જ તેમને તૃપ્ત કરવા અને મણિરાજને શંકારહિત કરવા વિદ્યાચતુરે કલ્પના કરી હતી. તે ઉભય ગૃહસ્થોના પક્ષપાતનું સ્થાન સરસ્વતીચંદ્ર રત્નનગરી આવ્યો હતો ત્યારે આ ભવનમાં આવી ગયો હતો અને નવા વિચાર લઈ ગયો હતો એ વાતથી એ ગૃહસ્થોને આ સ્થાનમાં આવવા આકર્ષણ થયું હતું. તેમની વાટ જોઈ યુવાન મણિરાજ કુરુક્ષેત્રમાં આતુરતાથી હેરાફેરા કરતો હતો.

થોડીવારમાં અતિથિ મંડળને લઈ વિદ્યાચતુર ત્યાં આવ્યો. કુરુક્ષેત્રની વચ્ચે એકાસન * અને અનેકાસન + સામસામી હતાં તે ઉપર સૌ ગોઠવાયા. કેટલીક સાધારણ પૃચ્છા અને વાર્તા થયા પછી આ ભવન સંબંધે વાર્તા ચાલી. વિદ્યાચતુરે એના ઇતિહાસ કહી બતાવ્યો. મલ્લરાજનું હૃદય તેમાં જણાતાં વીરરાવને પણ તેના ઉપર પ્રીતિ ઊપજી.

'કેવું ભવ્ય અંત:કરણ! ચંદ્રકાન્ત! Look at the poetry of His late Highness's heart There's something stern and magnificent in his views, words and acts ' વીરરાવે હૃદય ફુલાવીને ચંદ્રકાંત ભણી જોઈ કહ્યું.

'Undoubtedly its so. And yet but a few days back, in this very building, you abused his fellows .' ચંદ્રકાંત બોલ્યો.

વીરરાવ — 'છી છી છી છી! ચંદ્રકાંત! તમે કંઈ સમજ્યા જ નથી. આખી રાત્રિના આખા આકાશમાં ચંદ્ર વૃદ્ધિક્ષય પામતો એકલો એક ફરે છે તેથી જગત ઊંઘતું મટતું નથી અને અંધકાર સમસ્ત નાશ પામતો નથી.

મલ્લમહારાજની પોતાની જ નિરાશાનું કારણ જુઓ તમારા દેશના હોલા પેઠે છાપરા ઉપર બોલતા બોલતા તેઓ થાકી ગયા અને માત્ર એક જ બોલ બોલ્યા કે 'એકલો શું કરું? એકલો શું કરું?'

પિતાની સ્તુતિથી તૃપ્ત થતું મણિરાજનું હૃદય આ નિરાશાનું ચિત્ર જોઈ ખિન્ન થયું. તેના હૃદયનો અનુભવી પ્રધાન તે ચેતી ગયો અને ખેદદશાને વ્યગ્ર કરવા બીજી કથા કરવા લાગ્યો:

'વીરરાવજી! આ મહભવનની ઇતિહાસ તમે સાંભળ્યો. હવે ઊઠો અને તેના મર્મભાગ જુઓ અને સમજો.'

સૌ ઊઠ્યા. આગળ મણિરાજ અને વિદ્યાચતુર અને પાછળ અન્ય મંડળ ચાલ્યું. કુરુક્ષેત્રની એક પાસ પાડુંભવન હતું તેમાં સૌ પેઠા.

એ ભવનમાં પેસતાં સામે પાંડુરાજની અને તેની આસપાસ તેની બે રાણીઓની આરસની પ્રતિમાઓ હતી. પાંડુમૂર્તિના સિંહાસનની આગલી પાસ સુવર્ણલેખ હતો:

'આપત્કાળે રાજાઓ રાજયોગ શાથી પામે છે? પ્રથમ રાજ્ય ધરાવનાર દેહ જોઈએ — જેનાથી રાજવંશ વૃદ્ધિ પામે. આ પ્રત્યક્ષ દેહવાળો દેહી ધૃતરાષ્ટ્ર અન્ધ છે અને તેનો નાનો ભાઈ શૌર્યાદિક્ષાત્રકલા સંપન્ન રાજત્વ ગુણ છે તે દેખતો છે, સમર્થ છે, અને નાનો ભાઈ છતાં તે જ રાજ્યનો યોગ પામે છે. રાજ્યયોગકાળે પરાક્રમઅંગ તે આ જ પાડુંરાજા છે અને રાજત્વની વંશવૃદ્ધિ એના જ વંશમાં છે. મલ્લરાજના અનુયાયી રાજ્યાધિપો એ રાજાનું સત્ત્વ સાચવશે તો નશ્વર સંસારમાં તેમનું રાજત્વ જીર્ણોદ્ધાર પામશે. રાજ્યયોગનો અધિકારી ધૃતરાષ્ટ્ર નથી પણ પાંડુ છે એ વાત નિત્યસિદ્ધ છે.'

એક પાસની ભીંત ઉપર મણિરાજે કોતરાવેલો અંગ્રેજી લેખ હતો:

'Spirit of Acquisition and Growth! Thou wert born to acquire and to grow and not to enjoy. Thou wert born for Duties and not for Rights! Attempt not to rest from Duties and enjoy any Rights. Power is the sweet Charmer by thy side, and awful will be the moment that will tempt thee to her embraces. For, beware if warning can avail it against thy frailty, the moment of thy Fruition of her charms will also be the moment of thy Death! Great spirit of Dominating Growth! Thy moment of Fruition of Power will mean the moment of thy disappearance! So disappeared King Pandu the moment he rushed into the arms of fair Madri !'

સામી ભીંતે ટૂંકો લેખ હતો: — 'રાજાઓને ભોગ નથી. ધર્મ છે. ભોગવિલાસનો પ્રથમ ચમત્કાર પાંડુરાજાએ યમની તરવારમાં દીઠો. રત્નનગરીના રાજ્યાધિપો! આ કથા ભૂલશો મા.'

વીરરાવ સર્વ વાંચી એક પાસ ઊભો. 'શું આ વાર્તામાં આવું રૂપક છે? આ ઉપદેશ પાળનાર રાજા મેં હજી સુધી દીઠો નથી. જો રત્નનગરીમાં એ નિયમ પળાતો હોય તો વીરરાવ એક જણની પાસે પોતાના ઉદ્ગાર પાછા ખેંચી લેવા બંધાયેલા છે.'

મણિરાજ — 'વીરરાવ! આપણે આ ભવન જોવા આવ્યા છીએ. હું રંક બાળક એ ભવનના મહાન ઉચ્ચગ્રાહને પામ્યો છું કે નહીં તે જોવા નથી આવ્યા. અમારા ઉચ્ચગ્રાહના ઉચ્ચાર જેટલા મારા આચાર છે એવું માનશો મા. મને બાકી એટલું અભિમાન છે કે વૃદ્ધ મહારાજ એ આચારની સીમાને પહોંચ્યા હતા. વળી આ મારે નામે લખાયેલા ઉદ્ગારમાં જીવ મૂકનારા મારા ગુરુ પ્રધાનજી છે એટલે એ ઉદ્ગારની શક્તિ પણ મારી સમજશો મા.'

વીરરાવ-'જે વિનય મારા વંશને દુર્લભ છે તે આપનામાં પળેપળે દેખું છું. રાજકુળમાં જન્મ પામ્યાનો મહિમા હું આજ પ્રથમ પ્રત્યક્ષ કરું છું.'

મણિરાજ — 'હું વિનયવાક્ય બોલતો નથી, સત્ય બોલું છું.'

વીરરાવ — 'આપ આપના હૃદયમાં જે સત્ય માનો છો તે જ બોલો છો. આપનો વિનય હૃદયનો છે, કેવળ વાણીનો જ નથી.'

ચંદ્રકાંત — મહારાજ! રાજ્યયોગનું અંગ પાંડુરાજાને ગણો છો તેવા યોગની અશક્તિને આ કાળે આમાંથી દેશી રાજાઓએ શો ઉપદેશ લેવો?'

મણિરાજ — 'વૃદ્ધ મહારાજના ઉપદેશમાત્રના આધાન પ્રધાનજી હતા. આપના પ્રશ્નનો ઉત્તર પેલા ગ્રથમાંથી મળશે. એ ગ્રન્થમાં પ્રધાનજીએ વૃદ્ધ મહારાજના વિચાર લખેલા છે.'

મલ્લમહાભવનનો મંત્રી એક ગ્રન્થ એક ટેબલ પરથી લાવ્યો અને તે ઉઘાડી એક ભાગ ચંદ્રકાંતને આપ્યો, તેમાં વિદ્યાચતુરના હાથનો લેખ હતો: 'રાજ્ય એટલે પૃથ્વી એવું મલ્લમહારાજ સમજતા ન હતા. તેમની ઉદારબુદ્ધિમાં પૃથ્વી તૃણતુલ્ય હતી. રાજ્ય એટલે રાજત્વ અથવા રાજગુણોનો સમુદાય એવી તેમની બુદ્ધિ હતી. જેમ પૃથ્વી ઉપર એકલા જળને બળે તૃણ પોતાના કાળે ઊગે છે તેમ પૃથ્વી ઉપર એકલા રાજત્વને બળે રાજસત્તા યોગ્ય ઋતુમાં ઊગે છે. એ સત્તાને લોક રાજ્ય કહે છે, પણ સત્ય જોતાં રાજત્વ સામાન્ય મનુષ્યો કરતાં રાજાઓમાં વિશેષ છે અને રાજ શબ્દ ઉપરથી થયેલું રાજત્વ, તે જ રાજ્યનો અર્થ છે. પૃથ્વી તો થયેલ અને થનાર રાજાઓની ધર્મશાળા છે, ક્ષેત્ર છે. રાજત્વ તે ધર્મશાળામાં નવીનવી પ્રજાઓને ભરે છે. રાજત્વ તે ક્ષેત્રમાં સત્તાનો ફાલ ભરે છે. મોટા ક્ષેત્રમાં પાક ઓછો થાય અને નાનામાં ઘણો થાય. તેમ

પૃથ્વીનો વિસ્તાર ઓછો હોય એવા નાના પ્રદેશમાં મોટા પ્રદેશ કરતાં વધારે ફળ ભરનાર રાજત્વ વધારે વધારવું તે પણ રાજ્ય વધારવા જેવું જ છે. અંગ્રેજી સામ્રાજ્યનાં અંશભૂત દેશી સંસ્થાનોમાં આમ રાજત્વ વધે તો તે પણ રાજ્યયોગની જ વૃદ્ધિ છે. માંડલિક રાજાઓની આ વૃદ્ધિ ચક્રવર્તીને લાભકારક છે, અને આવી રાજ્યવૃદ્ધિ કરવામાં દેશી રાજાઓ નહીં ફાવે તો તે દોષ ચક્રવર્તીનો સમજવો નહીં, પણ દેશી રાજાઓ ઉપર માદ્રીએ ઉપજાવેલા મોહનું જ તે કાર્ય સમજવું.'

ચંદ્રકાંત આ ઉત્તરથી સજડ થઈ ગયો. વીરરાવનો ઉન્માદ શિથિલ થઈ ગયો. ઊભય ગૃહસ્થો જિજ્ઞાસાના જ સેવક થઈ ગયા.

ચંદ્રકાંત — 'આવાં પુસ્તક કેટલાં છે ને તેનો શો ઉપયોગ થાય છે?'

વીર૦ — 'આ જમણા ખૂણામાં મોટું આસન શા ઉપયોગમાં આવે છે?'

વિદ્યા૦ —'પ્રત્યેક ભવનમાં આવાં પાંચ પુસ્તકો હોય છે, એક પુસ્તકમાં વૃદ્ધ મહારાજની સૂચનાઓ સ્મરણમાં આણી હું લેખ લખું છું. બીજા પુસ્તકમાં આયુષ્યમાન મહારાજ પોતાના વિચાર, અનુભવ અને વિદ્યા વધે છે તેમ તેમ પોતાના ભાવી કાળના અને અનુયાયીઓના ઉપયોગને માટે, પ્રસંગે પ્રસંગે લેખ લખે છે. ત્રીજું પુસ્તક કોરું છે તે ભરવાનું રત્નનગરીના ભાવી રાજાએ, ચોથું પ્રધાનોએ પોતાના અનુભવ લખવા માટે અને પાંચમામાં આ ભવનનો સાક્ષર મંત્રી આ ચારે પાસની પુસ્તકશાળામાંનાં પુસ્તકોમાંથી ઉતારા, સૂચન વગેરે મહારાજશ્રીના ઉપયોગને માટે સંક્ષેપમાં લખે છે. આ જમણા ખૂણામાં મહારાજશ્રીને માટે વિચારણાસન છે. આ મહાભવનના પ્રત્યેક ભવનમાં આ જ મન્ત્રી, આવાં પુસ્તક અને આવાં આસન છે. પાંડુભવનમાં પુસ્તકો આ ભવનના જ વિષયને સંબંધે છે. આ પુસ્તકોમાં આ ભવનના જ સૂચવેલા વિષય વિચારાય, લખાય છે. વિચારણાસન ઉપર દિવસમાં અમુક કાળે બેસવું, આ ગ્રન્થો અને લેખો વિચારવા અને વધારવા, રાજ્યમાં ઊઠતા પ્રસંગો આ ભવનના વિષયને લગતા હોય તો તે આ ભવનના જ લેખોને વશ રહી તેના જ સાધનથી વિચાર અને આચારના માર્ગ શોધવા, અને આ ભવનના લેખોની આજ્ઞાઓ પોતાથી અને પોતાના સેવકોથી કેટલી પળે છે અને કેટલી નથી પળતી તેના સૂક્ષ્મ વિચાર કરી આત્મપરીક્ષામાં જાગ્રત રહેવું — એટલું કામ આ વિચારણાસન ઉપર અઠવાડિયામાં યોજેલે સમયે બેસી મહારાજ સ્થિર મનથી કરે છે. આ મહાભવનનાં પ્રત્યેક ભવનનો આમ વારો આવે છે.

ચંદ્રકાંત અને વીરરાવ અન્યોન્યના સામું જોઈ રહ્યાં. અંતે કુન્તીની મૂર્તિ નીચેનો લેખ વાંચવા લાગ્યા: 'ધૈર્ય અને ક્ષમાની મૂર્તિ મહત્ — દુ:ખોમાં પુત્રોએ યુગના યુગ કાઢ્યા તે કાળે તેં ધૈર્ય કે ક્ષમા ખોઈ નથી. રાજ્યકાર્યને

સિદ્ધ કરવા, તારા પાંચ પુત્રોને પરિપાક દશામાં આણવા, અસ્તમાંથી ઉદય જોવા, જે ધર્મતપની આવશ્યકતા છે તે તેં તપેલું છે. તારા વિના કોઈ રાજ્યમાં પાંડવોનો જન્મ નથી, ઉદય નથી, સિદ્ધિ નથી.'

આ ખંડમાંથી સર્વ બહાર નીકળ્યા અને જોડેના ખંડમાં ગયા. જતાં જતાં વિદ્યાચતુર બોલ્યો: 'પાંડુભવન રાજ્યયોગનું સાધન છે. બાકીનાં ભવન રાજ્યક્ષેમનાં છે. રાજ્યના યોગક્ષેમની એ વ્યવસ્થા છે. અલભ્યનો લાભ તે યોગ — લબ્ધનું પાલન તે ક્ષેમ: *अलभ्यलाभो योग: स्यात् क्षेमो लब्धस्य पालनम्* /પાંડુરાજા વિના રાજ્યયોગ નથી, પાંડવકૌરવાદિની યોગ્ય સંસ્થા વિના રાજ્યક્ષેમ નથી. એ ક્ષેમને માટે શુદ્ધ રાજત્વના ક્ષેત્રમાં દેવોના પ્રસાદથી ઉત્પન્ન થયેલા ગુણરૂપ પાંડવો છે તેનાં આ પાંચ ભવન આ પાસ છે. સ્થૂલ અંધ નૃપદેહરૂપ ધૃતરાષ્ટ્રથી જન્મેલા રાજતન્ત્રરૂપ રાજ્યકાર્યરૂપ કૌરવો અને તેના સહાયકોનાં ભવન પાંડવભવનોની સામે છે. રાજ્યક્ષેમના દેહમાં જ્ઞાનેન્દ્રિયના સમૂહને ધરનાર ઉત્તમાંગ — મસ્તકરૂપ આ પાંડવભવનો છે અને કર્મેન્દ્રિયના સમૂહ બાકીના દેહરૂપ આ બાકીનાં ભવન છે. કર્મેન્દ્રિયો ઉપર બળ વાપરવાના અધિકારી જ્ઞાનેન્દ્રિયો જેવા રાજ્યાવયવોમાં જ્યેષ્ઠ અને શ્રેષ્ઠ જે ધર્મ તે ધર્મનું આ ધર્મભવન પાંડુભવનની જોડે જ રચેલું છે.'

ધર્મભવનમાં યુધિષ્ઠિરની પ્રતિમા પાસે સૌ આવી ઊભા. એટલામાં વિદ્યાચતુરે આટલું દિગ્દર્શન કરાવી દીધું.

યુધિષ્ઠિરની ગંભીર મૂર્તિના ચરણ નીચેની આરસની તકતીમા સુવર્ણલેખ હતો:

'ગૃહસંસારથી આરંભી રાજ્યસંસારના શિખર ઉપર ચડતાં મલ્લરાજને એક જ પદાર્થમાંથી સ્વસ્થતા જડે છે. તે પદાર્થ તે ધર્મ. આજકાલ શૈવ, વૈષ્ણવ, બ્રિસ્તી, મુસલમાન, આદિ મતમતાંતરવાચક શબ્દોમાં જણાતા મમતામૂલક ધર્મ સાથે ધર્મરાજના ધર્મને લેવાદેવા નથી. સર્વ પ્રજાઓને, સર્વ દેશમાં, સર્વ યુગમાં, સામાન્ય પૂજનીય ધર્મ ધર્મરાજનો ધર્મ છે. રાજ્યયોગ સિદ્ધ કરી રાજક્ષેમની વાસના રાખનાર આર્ય પાંડુ મહારાજે જ્યેષ્ઠ પુત્રને સ્થાને ધર્મને માગ્યો છે અને મલ્લ પણ એ જ માગે છે. દ્રૌપદીવસ્ત્રહરણકાળે સર્વ પાંડવો આત્મસ્થ પ્રત્યક્ષ સ્થૂલાદિ બળ નિવારી દેખીતા અતિયોગ્ય ક્રોધવૈરાદિ વિકારોને સંયમી, માત્ર જ્યેષ્ઠબંધુ ધર્મરાજની આજ્ઞાને વશ રહી, સર્વ અન્ય પદાર્થના ત્યાગી થયા. મલ્લ પણ પોતાના રાજ્યમાં, દેહમાં અને વંશમાં એ જ પરિણામ ઇચ્છે છે! એ ધર્મનું સ્વરૂપ જાણવું હોય તે વ્યાસમુનિના અક્ષરતીર્થ કાવ્યમાં સ્નાન કરી પવિત્ર થાય. ધર્મ જ જીવતે દેહે સ્વર્ગ પામે છે. ધર્મ જ જાગે છે. રાજ્યભારમાં સ્વસ્થનિદ્રા પણ ધર્મને જ છે. અધર્મની શય્યામાં સૂનારને કાંટા જ છે.'

પ્રતિમા નીચેના સ્તંભની આગલી પાસ આ લેખ હતો. બીજી બે પાસ મહાભારતમાંથી શ્લોક હતા.

એક પાસ લખ્યું હતું: ‘વાંચનાર! પાંડુરાજાએ કુન્તી પાસે ધર્મરૂપ યમદેવનું આવાહ્ન કરાવી ધર્મરૂપ જ્યેષ્ઠ પુત્ર પ્રથમ માગ્યો તે શું કહીને?

अद्यैव त्वं वरारोहे प्रयतस्व यथाविधि।

धर्ममावाहय शुभे स हि लोकेषु पुण्यभाक्।। १।।

अधर्मेण न नो धर्म: संयुज्येत कथान।

लोकश्चायं वरारोहे धर्मोऽयमिति मन्यते।। २।।

धार्मिकश्च कुरुणां च भविष्यति न संशय:।

धर्मेण चापि दत्तस्य नाधर्मे रंस्यते मन:।। ३।।

तस्माद्धर्मं पुरस्कृत्य नियता त्वं शुचिस्मिते।

उपचाराभिचाराभ्यां धर्ममावाहयस्व वै।। ४।।

બીજી પાસ લખ્યું હતું:

‘પાંડવોમાં જયરૂપ અર્જુન પોતે ધર્મની જ આજ્ઞામાં છે, ધર્મના બળથી જ જયની આશા રાખે છે અને ધર્મમાં જ શ્રદ્ધા રાખે છે. તે શું કહે છે? ધર્મરાજને પોતાને શત્રુબળથી અવસન્ન જોઈ અર્જુન ધર્મને ધર્મનું બળ દર્શાવી સ્તવે છે:

प्रज्ञाऽभ्याधिकान् शूरान् गुणयुक्तान् बहूनपि।

जयन्त्यल्पतरा येन तंन्निबोध विशाम्पते।। १।।

तत्र ते कारणं राजन् प्रवक्ष्याम्यनसूयवे।

नारदस्तमृषिर्वेद भीष्मद्रोणौ च पाण्डव।। २।।

एक्मेवार्थमाश्रित्य युद्धे देवासुरेऽब्रवीत्।

पितामह: किल पुरा महेंन्द्रादीन् दिवौकस:।। ३।।

न तथा बलवीर्याभ्यां जयन्ति विंजिगीषव:।

यथा सत्यननृशंसाभ्यां धर्मेणैकेन चानध।। ४।।

ज्ञात्वा धर्ममधर्मं च लोभं चोधममास्थिता:।

युद्धध्वमनहंकारा यतो धर्मस्ततो जय:।। ५।। - भीष्मपर्व

ભવનમંત્રીએ પ્રધાનના પુસ્તકમાંથી એક પાનું ઉઘાડી બતાવ્યું. વીરરાવે મોટેથી વાંચ્યું:

'The highest sense of duty and unflinching obedience to the Highest Principles of the Eternal Code of Morality which can illumine the Soul of the humblest and the highest for the weal of the world - these have the *first rights* to command and control Intelligence, Power, and All! So sang the Indian Sage and Bard, and lucky is the nation where He will be obeyed .'

વીરરાવ — 'આ બધા માનસિક મંત્રમાં રાજકીય વિષય શો છે?'

વિદ્યાચતુર — 'આ યુધિષ્ઠિરભવનમાં ધર્મરાજાની મૂર્તિ પાછળ તમે દ્વાર જુઓ છો. તેમાં થઈને પાછળ પાંચાલીભવનમાં જવાય છે. પાંચાલી તે પ્રજાદેવી. તેના પતિઓ એટલે પાલકો પાંચ પાંડવો છે. એનું પાલન કરનાર પતિઓમાં જ્યેષ્ઠ ધર્મરાજા છે. જેને તમે ધર્મનો માનસિક મંત્ર કહો છો તે ધર્મરાજાને મન પાંચાલી કરતાં વધારે પ્રિય છે. તે મૂર્તિના ચરણ નીચેના લેખથી તમે જુઓ છો. પાંડુભવનમાં તમે એક વિચારણાસન જોયું તેને ઠેકાણે આ ભવનમાં ત્રણ ખૂણામાં ત્રણ વિચારણાસન છે અને ચોથામાં પુસ્તકો છે. એક વિચારણાસન ઉપર બેસી ધર્મરાજા ઉપર દૃષ્ટિ કરી મહારાજ માનસિક ધર્મના વિચાર તેમ આચારની રાજ્યસંબંધમાં વિચારણા કરે છે. આ રાજ્ય અને પરરાજ્ય વચ્ચે, પોતાના જીવનને માટે અને પોતાના કુટુંબને માટેના ધર્મવિચાર એ જ આસનમાં થાય છે. ત્યાર પછીના ખૂણામાં બીજું વિચારણાસન છે ત્યાં બેસી મહારાજ રાજસેવકોના ધર્મ શોધે છે, રચે છે અને પોષે છે. મહારાજ યુધિષ્ઠિર વ્યૂહરચનામાં કુશળ હતા. સૈનિક (Military) તેમ સભ્ય (Civil) રાજસેવકમાત્રની વ્યૂહરચનાના સંબંધની આજ્ઞાઓ આ જ આસનની વિચારણામાંથી જન્મે છે, સર્વ સેવકોના ધર્મ અને તેમની સ્વધર્મ નિયંત્રણા — (Discipline)ના

રશ્મિઓને (Military reins લગામોને) આ સ્થાનમાં જ યમરાજના જેવી ઉગ્ર દૃષ્ટિથી મહારાજ ખેંચી રાખે છે અને રાજ્યધર્મના અશ્વ જેવા સેવકોનું પાલનનિયમન કરે છે. ત્યાર પછીના ખૂણામાં ત્રીજું વિચારણાસન જુઓ છો ત્યાં બેસી મહારાજ પ્રજામાં રહી પ્રજાશત્રુ જેવા થતા અપરાધીઓના અને પરસ્પર બંધુત્વ ભૂલી વિગ્રહમાં પડતા વાદીપ્રતિવાદીઓના ધર્મ શોધે છે, રચે છે, અને એ રચના પ્રમાણે તીવ્ર ન્યાય થાય છે કે નહીં તે તોળે છે અને તે તુલના પ્રમાણે ન્યાય્ય આજ્ઞાઓ કરી પ્રજાને સ્વસ્થ કરે છે. પ્રત્યેક આસન ઉપર વિચાર કરી પાંચાલીભવનમાં મહારાજ જાય છે, એ પ્રિયતમા મહારાજના આ પ્રયત્નથી પ્રસન્ન થશે કે નહીં અને થઈ કે નહીં તે વાત મહારાજ આતુરતાથી જાણી લે અને એ પ્રિયતમાના પ્રેમાસ્પદ થાય એ લોભ ધર્મરાજની અને પાંચાલીની દૃષ્ટિના પ્રસાદમાંથી મહારાજના સાત્વિક અંત:કરણમાં પ્રસરે એટલા માટે વૃદ્ધ મહારાજે કરેલી યોજના આ ભવનમાં તમે પ્રત્યક્ષ કરો છો.'

વીરરાવ — 'Happy is the man who comes to this nobly — conceived hall and bows in deep humility to the high and sacred thoughts it fills one with! A thousand blessings from this poor heart of mine flow towards your Highness as I witness this stern and holy ideal and its fullest, clearest expression .'

વીરરાવે મણિરાજના હાથને બળથી દાબ્યો.

ચંદ્રકાંત વીરરાવના કાનમાં બોલ્યો: 'Mind you, you are treating a prince like a private man quite mannerlessly! '

વીરરાવે પણ કાનમાં જ વાત કરી: 'Damn your etiquettc where I simply give a clear form to my admiration! Is not a prince a man? '

ચંદ્રકાંત — 'You are rude, whether you are pleased of pained — like a dog that barks and bites of fawns and licks! '

મણિરાજના વચને આ ગુપ્ત વિગ્રહનો અંત આણ્યો અને સૌ તેના શ્રવણમાં વ્યાપૃત થયા.

મણિરાજ — 'વીરરાવજી આ સર્વ વિચારણાસનમાં બેસું છું ત્યાં ધર્મરાજનું દર્શન મારા ચિત્તમાં અનેક મંત્ર મૂકે છે, મારા અભિમાનને શાંત કરી નાખે છે, અને જે ધર્મ પાળવા તેમની તીવ્ર આજ્ઞા પ્રત્યક્ષ થાય છે તે ધર્મ કયો એ જાણવાની આતુરતા થતાં, પ્રથમ પૂછું છું આ ચારે પાસ લટકતી પુસ્તકશાળાને, પછી પૂછું છું દેશકાળને, પછી પૂછું છું મારા રાજ્યના અનુભવને અને તેના હિતને અને પછી પૂછું છું મારા રંક હૃદયને.

વૃદ્ધ મહારાજે એ શ્રેણી બતાવેલી છે અને એવી રીતે વિચારેલો શોધેલો ધર્મ રાજ્યને હિતકર છે એવું મનાવનારી શ્રદ્ધા વિરાટની સભામાં મહાત્મા મહાબુદ્ધિવાન શૂર અર્જુને ધર્મરાજનું અભિજ્ઞાન કરાવતાં કહેલાં વાક્યોમાંથી જન્મતી જોઉં છું.'

ભવનમંત્રીએ મણિરાજના પુસ્તકમાંથી એ શ્લોક કાઢી તેના હાથમાં મૂક્યા અને મણિરાજે જાતે તે વાંચ્યા:

इंद्रस्यार्धासनं राजन्नयमारोढुमर्हति।

ब्रह्मण्य: श्रुतवांस्तयागो यज्ञशीलो दृढव्रत:।।

एष विग्रहवान् धर्म एष वीर्यवतां वर:।

एष बुद्धयार्धिको लोके तपसां च परायण:।।

एषोऽस्त्रं विविधं वेतिं त्रैलोक्ये सचराचरे।

न चैवान्य: पुमान् वेत्ति न वेत्स्यति कदाचन।।

दीर्घदर्शी महातेजा: पौरजानपदप्रिय:।

पाण्डवानामतिरथो यज्वा धर्मपरो वशी।।

महर्षिकल्पो राजेन्द्र: सर्वलोकेषु विश्रुत:।

बलवान् धृतिमान् दक्ष: सत्यवादी जितेन्द्रिय:।।

अस्य कीर्ति: स्थिता लोके सूर्यस्येवोद्यत: प्रभा।

संसरन्ति दिश: सर्वा: यशसोऽस्य इवांशव:।।

एष वृद्धाननाथांश्च पङ्गूनन्धांश्च मानवान्।

पुत्रवत्पालयामास प्रजा धर्मेण वै प्रभु।।

एष धर्मे दमे चैव क्रोधे चापि जितव्रत:।।

महाप्रसादो ब्रह्मण्य: सत्यवादी च पार्थिव:।।

एष धर्मपरो नित्यमनृशंसश्च पाण्डव:।

कथ नार्हतिं राजार्हमासन पृथिंवीपते।।

મણિ૦ — ‘વીરરાવજી! આવા સૂક્ષ્મ અને માર્મિક ધર્મના જ્ઞાનનું રહસ્ય સમજ્યા વિના દીર્ઘદૃષ્ટિ નથી, સત્ય અને નિત્યબળ નથી, સ્વસ્થતા નથી, લોકનું કલ્યાણ નથી અને રાજાનું રાજત્વ નથી. પાંચે પાંડવોમાંથી એક જ જણ પિતામહના બોધનો અધિકારી ઠર્યો હતો તે કોણ? મહારાજ ધર્મરાજ પુત્રોમાં પાંડુ મહારાજે પ્રથમ ઇચ્છ્યા તે કોણ? ધર્મ. એ ધર્મના ઉચ્ચગ્રાહ હું પળેપળે શોધું છું અને મારા ચરણ તે શોધમાં થાકી જાય ત્યારે વૃદ્ધ મહારાજને સ્મરી તેમની ક્ષમા માગું છું, કારણ તેમના પવિત્ર આસન ઉપર બેસવાની મારી યોગ્યતામાં ન્યૂનતા આ ધર્મભવનમાં મને અનેકધા દીસી આવે છે અને એક બાળકના જેવું મારું હૃદય થઈ જાય છે. ધર્મપાલનમાં આમ હૃદય કંપે છે. એ પાલનમાં મારી પોતાની અશક્તિ કે દુર્વૃત્તિ અથવા અન્ય સ્થાનથી આવેલી વિપત્તિ વિઘ્ન નાખે છે ત્યારે વૃદ્ધ મહારાજે ધર્મની સ્તુતિ રચાવેલી છે તે સાંભળી ધૈર્ય પામું છું.’

ભવનમંત્રીએ પુસ્તકમાંથી તે સ્તુતિ કાઢી અને મણિરાજે કરેલી સંજ્ઞા ગ્રહી વાંચવા માંડી:

‘રાજ્ય પિતાતણું ના જ મળ્યું! મળતાં છીનવે શઠ દ્યૂતકળામાં!

લાખનું મન્દિર! દ્રૌપદીવસ્ત્રદશા કુરુરાજની દુષ્ટ સભામાં!

તે સ્મરતાં’ પ્રિયબન્ધુચતુષ્ક ઉંચા ઊછળે ગુરુવૈરથી ક્રોધે!

તે સૌ શાન્ત રહી જ જુએ યમસુત, ઘરે મન ધર્મપ્રબોધે!

પાંડુસુતોનું અહિત વિચારી, કુલઘ્ન અધર્મ ભરે ઉરમાંહે;

જાળ રચે કુરુનંદન કંઈ જ કળાથી દયાવણ પાંડવકાજે;

સુરઅસુરમુનિથકી આશ્રય શોધી તપસ્વીવિનાશ વિમર્શે;

એ અપકાર સટે ઉપકાર કર્યો યમનંદનને જ પ્રકર્ષે!

દુષ્ટ અધર્મ ભરાવ જ ભૂતળ ઉપર પાપનું રાજ્ય પ્રવર્તો!

નાશની જાળ રચાવ શિરે! શિર ઉપર દૈત્ય હસો કરી નૃત્યો!

ધર્મતણા રણમાં ગભરાય ન એ થકી ધર્મ-યુધિષ્ઠિર એક!

ધર્મથી જન્મ, સ્વદેહથી સ્વર્ગ, ધરે નિજધર્મથી મલ્લ સ્વટેક!'

પદ્ય પૂરું થતાં મણિરાજે ધર્મમૂર્તિને નમસ્કાર કર્યા અને ધર્મભવન તથા ભીમભવન વચ્ચે આવવાજવાનું દ્વાર હતું તે ભણી સર્વ વળ્યા.

વિદ્યાચતુર — 'પાંચે પાંડવભવનો વચ્ચે આવાં દ્વાર છે અને કુલજ્યેષ્ઠ ધર્મરાજા ચાર નાના ભાઈઓને પૂછ્યા વિના ધર્મનિર્ણય કરે નહીં અને ચાર ભાઈઓ મોટા ભાઈની આજ્ઞા વિના ડગલું ભરે નહીં: એવું પાંચે ભાઈઓનું ઐક્ય ક્યારે જળવાય કે પરસ્પર દર્શનને માટે અને પૃચ્છા માટે સર્વને એકબીજાનાં ભવનમાં આવવા-જવા આવાં દ્વાર હોય ત્યારે તે જ પદ્ધતિથી સર્વ ભવનનાં વિચારણાસન ઉપર બેસી વિચાર કરી તે તે વિચારોને પરિપાકદશામાં આણવા અંતે આ દ્વારમાં થઈને મહારાજ ધર્મભવનમાં આવે છે અને દ્વારેદ્વારે આટલો સંકેત લક્ષમાં રાખે છે.'

સર્વ ભીમભવનમાં પેઠા અને ઉગ્ર ભીમપ્રતિમા પાસે આવી ઊભા.

વિદ્યાચતુર — ચંદ્રકાંત! વાયુપુત્ર ભીમસેનનું આ ભવન છે. પાંચાલી-પ્રજાનું બળ સાચવનાર — Spirit of Protection, Prestinge and Power - તે આ છે. મૂર્તિ નીચે વૃદ્ધ મહારાજનો લેખ વાંચો.'

'મલ્લરાજનું બળ એના સૈન્યમાં નથી. એનું સૈન્ય એના દેહને માટે નથી અને એના કુટુંબને માટે પણ નથી. રત્નનગરીની પાંચાલી પ્રજાને માટે એટલે એ પ્રજાના રક્ષણને માટે એ સૈન્ય છે, અને એ સૈન્ય એ પાંચાલીના પ્રીતિકાર્યમાં પ્રવૃત્ત થાય ત્યાં સુધી જ એ સૈન્યમાં બળ છે. એવા બળવાળા એ સૈન્યના આત્મારૂપ ભીમસેન અર્જુનનું બળ દૂરગામી અસ્ત્રમાં [૧] છે, તો તારું બળ સમીપઘાતી શસ્ત્રમાં [૨] છે. એ શસ્ત્રાસ્ત્ર માત્ર ચર્મચક્ષુ દેખે છે તે નથી, પણ હે વાયુંપુત્ર! તારા પિતા વાયુદેવના જેવો દૃશ્ય સ્પર્શજ્ઞેય સર્વવ્યાપી અને પ્રાણદાતા એવો તારો પ્રતાપ છે. પાંચાલીનો ગુપ્ત પરાભવ કરનાર રાજ્યમાંના અંત:શત્રુ, કીચક-ઉપકીચક પેઠે, તારા બાહુબળથી અંધકારમાં જ નાશ પામશે એ સતીનો પ્રગટ પરાભવ કરનાર તારા જ રાજકુળના કુલાંગાર અંત:શત્રુઓ તારી ગદાના પ્રકટ પ્રહારથી નાસ પામશે. બહારના રાક્ષસો સામે પણ તારું જ બળ સંહાર કરશે. પાંચાલી દુ:ખ પામશે ત્યારે પ્રથમ આશ્વાસન તારા બળથી પામશે. ધર્મરાજા વિના તારે માથે મોટા ભાઈ નથી. પણ તેની આજ્ઞામાં રહી પાંચાલીનાં દુ:ખનું નિવારણ કરવું અને વાયુ પેઠે એના શત્રુઓનો સર્વત:સ્પર્શ કરવો એ તારું કર્તવ્ય છે.

માતાને, ધર્માદિ ચાર બંધુઓને, લાક્ષાગૃહમાંથી અને રાક્ષસોમાંથી ઉગારી ખભે લઈ વાયુ પેઠે વહનાર બળ તે તું જ છે.'

વિદ્યાચતુર — 'આ વૃદ્ધ મહારાજે લખાવેલો લેખ છે. લેખસ્તંભની બે પાસ માત્ર ટૂંકા જ લેખ છે.'

'જ્યેષ્ઠ બંધુને પૂછ્યા વિના ચાલીશ નહીં' એવો લેખ ધર્મભવન ભણી હતી. 'પાંચાલી પાછળ છે તેના ઉપર સતત દૃષ્ટિ રાખી તેના શત્રુઓ ભણી સર્વદા જાગૃત રહેજે' એવો લેખ બીજી પાસ હતો.

વિદ્યાચતુર — 'ધૃતરાષ્ટ્ર એ રાજાઓનો દેહ છે. દુર્યોધન એ રાજાના દેહના હાથે ઉત્પન્ન થયેલો રાજાના શતપુત્રો-ભાયાતો અને મિત્રોના હાથમાં ગયેલો, રાજ-નય — Royal Policy - છે. દુ:શાસન એ રાજાના હાથમાં રહેલી દુષ્ટ પ્રજાને શિક્ષા કરનારી દંડશક્તિ છે. આ ત્રણ પુરુષ ધર્મરાજાનું રાજ્ય ખૂંચવી લઈ, પાંચાલીનો જ પરાભવ કરવા પ્રવર્તે, ત્યારે આ ચર્મચક્ષુને સમીપ લાગતા આ શત્રુઓને માટે ગદારૂપ શસ્ત્ર લઈ ભીમમૂર્તિ ઊભી છે. આ ભવનમાં પુસ્તકોના લેખ એ વિષયોને ઉદ્દેશી છે. આ ખંડમાં તમે ચાર વિચારણાસન જોશો. પ્રથમ આસન ભીમમૂર્તિ પાછળ છે તેમાં બેસી મહારાજ પોતાના ચાર પુરુષો-spies ની આ વિષયની વાતો સાંભળે છે, વર્તમાનપત્રો વાંચે છે અને એ અને એવી જાતનાં સાધનો વડે મૂર્તિ પાછળના દ્વારમાં દેખાતા પાંચાલીભવન પર દૃષ્ટિ નાંખી પ્રજાનાં દુ:ખો જોતા રહે છે, અને પોતાના દેહરૂપ ધૃતરાષ્ટ્રનાથી જાણ્યે-અજાણ્યે તેમ દુર્યોધન-દુ:શાસનાદિ ધૃતરાષ્ટ્રના અનેક પુત્રોને હાથે પાંચાલીના કોમળ તનમનને ક્યાંક્યાં વેદના થાય છે તે જોતા રહે છે અને નગરચર્યાના વિચાર પણ ત્યાં જ ઘડાય છે. બીજું આસન આ ખૂણામાં છે. તેમાં બેસી વૃકોદરના પોષણનો વિચાર કરે છે. રાજ્યબળનું ઉદર પોષવાને, રાજ્યસેવકોનું ઉદર પોષવાને, અને દુષ્કાળાદિ કાળે એ ઉદર ભૂખે મરે નહીં માટે, અનેકધા મહાન અન્નરાશિ — દ્રવ્યરાશિ — જોઈએ તે સંચયની રક્ષા અને વ્યવસ્થા આ આસનમાં વિચારાય છે. અમારા રાજ્યના Storekeeper અને સેનાના Commissariat ની વ્યવસ્થા એ જ સ્થાને થાય છે. આ પ્રમાણે વિરાટ રાજાના ખાઉધરા રસોઇયાની આ સ્થાને સંભાળ લેવાય છે. દુર્યોધન અને દુ:શાસન આદિનાં કયાં કયાં અંગ પાંચાલીને પીડા કરે છે તે પ્રથમ વિચારણાસનમાં વિચારાયું હોય છે. ત્રીજા આસનમાં એ વિચારના નિર્ણય પ્રમાણે ભીમસેનની ગદા ઊપડે છે. રાજ્યનું જે અંગ દુષ્ટ નીવડે તેને એ ગદા ચૂર્ણ કરે છે. કોઈકનો પગાર કપાતાં, તો કોઈકની સેવા ખોવાતાં, રાજસેવકો ભીમના ગદાપ્રહાર અનુભવે છે.

મહારાજના ભાયાતો પર અને મહારાજની સેવકસેના પર યોગ્ય પ્રસંગે આ ગદા દયા વિના પડે છે. મહારાજનું કુટુંબ પણ ધર્મરાજની આજ્ઞા લોપતાં કે પાંચાલીને પરાભવતાં આ ગદાથી ડરે છે. કેટલીક પેઢીઓથી રત્નનગરીમાં પ્રજાવત્સલ મહારાજો જ થયા છે. પણ પ્રજાને માથે શત્રુ કર્મ

કરવા અથવા પ્રજારક્ત ભીમસેનને શતહસ્તીના બળથી દાબી નાખવા, કોઈ કાળે આ સિંહાસનના ભાવી ધૃતરાષ્ટ્રને વૃત્તિ થાય તો તેને સુધારવા અને જ્ઞાનદૃષ્ટિ ઉપર આણવા તેની બાથમાં જીવતા ભીમસેનને સાટે જ નાંખવા. લોખંડના ભીમસેનો પણ આ જ આસનમાં ઘડાય છે અને પાંચાલીનું સૌભાગ્ય સંપૂર્ણ કલાથી પોષાય છે. રાજનયરૂપ દુર્યોધન અને દંડશક્તિરૂપ દુ:શાસન પાંચાલીની સેવા કરવાને સાટે એનાં રૂપ ઉપર કૃદૃષ્ટિ કરે તો તે નય અને દંડનાં એટલાં દુષ્ટ અંગ પ્રથમ આસનમાંથી દેખાતાં આ આસનમાંથી ભીમની ગદાને વશ થાય છે. ચોથા વિચારણાસનમાં બેસી મહારાજ પોતાની સેના અને સેવકોમાંથી સારો ભાગ ચાળી કાઢે છે એટલે અન્ય આસનો ઉપર બેસી જેને પાંચાલીના શત્રુ ગણ્યા હોય તે વર્ગનો બહિષ્કાર કરી બાકીના વર્ગની ગણના કરે છે. તે પછી પ્રથમ આસન પર પાંચાલીના દુ:ખનાં નિમિત્ત જે જે ગણ્યાં હોય અને જેનો પ્રતિકાર બીજા અને ત્રીજા આસન ઉપર ન વિચાર્યો હોય તેવા શત્રુઓને ગણી કાઢે છે. પરરાજ્યોમાં થતા શત્રુઓથી અને દુષ્કાળ તથા વ્યાધિઆદિ શત્રુઓથી પાંચાલીનો જીવ કંપતો રહે છે તે સર્વ શત્રુઓનાં ગણિત આ જ આસન ઉપર બંધાય છે. તે પછી આ શત્રુઓની જોડે પ્રસંગ પડ્યે ગદાયુંદ્ધ કરવા માટે અબહિષ્કૃત સેના અને સેવકોને સજ્જ અને શક્તિમાન કરવાના વિચાર આ જ ચતુર્થાસન ઉપર બંધાય છે. વાયુ જેવી સૂક્ષ્મ સતત ગતિથી વાયુપુત્રના દર્શનથી આ સર્વ આસનો ઉપરના વિચારો પ્રોત્સાહન પામે છે અને આ પુસ્તકશાળામાંથી અને અન્ય સાધનોથી આ વિચારો સપક્ષ થાય છે. આ સર્વ રહસ્ય આ ભવનમાં લખવાનાં પેલાં પુસ્તકોમાં છે.'

ચંદ્રકાંત — 'પરરાજ્યના શત્રુ સામે આ યુગમાં સેના તમારે શા કામની?'

વિદ્યાચતુર હસીને બોલ્યો: 'આ યુગમાં વાદયુંદ્ધ ચલાવવાની કળા પ્રાપ્ત કરવી પડે છે અને પરરાજ્યો સાથે તથા સરકાર સાથે સ્વાર્થવિરોધના પ્રશ્ન ઊઠતાં લેખ — આદિનાં શસ્ત્ર અને બુદ્ધિ તથા કલમની કળાઓ વાપરવી પડે છે તે વૃદ્ધ મહારાજની અનન્ય બુદ્ધિના પ્રતાપથી આ ચતુર્થાસન ઉપર સજ્જ થાય છે.'

વીરરાવ — 'ત્યારે શું તમે સેના રાખતા નથી? અથવા રાખો છો તો શું કરવા?'

વિદ્યાચતુર — 'ચક્રવર્તી સમગ્ર સામ્રાજ્યના શત્રુ સામે પ્રવર્તે ત્યારે તેની સૈન્યગંગામાં અમો નાનાં સંસ્થાનોની લઘુ સેનાનદીઓનાં જળ ભળે એ પ્રસંગને માટે અમે તત્પર રહીએ છીએ. ભાવી યુગમાં શું કરવું પડશે તે કલ્પાતું નથી પણ રાજા છે તેના રાજત્વને અંગે જ નાની સરખી સેના અથવા 'સશસ્ત્ર પ્રાંતરક્ષકો' — armed police - અમે રાખીએ છીએ. તેને તેના યોગ્ય શસ્ત્રાસ્ત્રકળાથી સજ્જ અને શક્તિમત્ કરવા એ પણ આ ચતુર્થાસન ઉપર જ વિચારાય છે. સંક્ષેપમાં ધર્મરાજાની આજ્ઞાઓની

અવજ્ઞા અટકાવવાનું કામ અને અંત:શત્રુ કે બાહ્યમશત્રુ દ્વારા કે વિપત્તિ દ્વારા પાંચાલીના થયેલા અથવા થવાના પરાભવના પ્રતિકારનું કામ જે પ્રતાપ અને બળથી થાય તે સર્વ આ ભીમભવનનાં ચાર આસનમાં ઉદ્ભવ અને પરિપાક પામે છે અને આ પુસ્તકશાળા તેનું પોષણ કરે છે.'

વીરરાવ — 'રાજસેવકો પર ભીમની ગદા પડવા કાળ આવે છે ખરો?'

વિદ્યાચતુર — 'રત્નનગરીના રાજસેવકો નીમતાં પહેલાં જ ઘણી સૂક્ષ્મ સંભાળ રાખવામાં આવે છે અને એમ છતાં પ્રસંગવશાત્ અથવા મનની નિર્બળતાથી ક્વચિત્ કોઈ સેવક પાંચાલીનું અહિત કે અપ્રિય કરે તો ભીમની વાયુગતિથી તે વાત ગુપ્ત રહેવા પામે નહિ અને તેની ગદાથી મુક્ત રહી શકે નહીં.'

ચંદ્રકાંત — 'રાજસેવકોનાં પાલન, શિક્ષણ અને દંડ આ ભવનમાં થાય છે, પણ તેમને અધિકારમાં પ્રવેશ કરાવે છે કોણ? પ્રવેશ પહેલાં તેમનું શોધન કરે છે કોણ?'

વિદ્યાચતુર — 'તેનું શોધન થાય અર્જુનભવનમાં; તે પછી કુરુક્ષેત્રમાં આપ્ત મંડળની અને મંત્રીમંડળની યથોચિત સંખ્યાને આમંત્રણ કરી, સર્વે ભવનના વિચાર તે મંડળ સાથે કરી, મહારાજ જાતે અધિકાર આપે છે. એક વાર અધિકાર પામેલા સેવકને આગળ વધારવો હોય તો જે ભવનના વિચારમાં એના અધિકારનો વિષય આવતો હોય તે ભવનમાં વિચારણા કરી છેલ્લી આજ્ઞા કેમ કરવી તે ધર્મભવનને સોંપાય છે. હવે આપણે અર્જુનભવનમાં જઈએ.'

સર્વ તેમાં ગયા. અર્જુનમૂર્તિ કપિકેતનમાં આરૂઢ હતી અને એ ભવન સર્વથી મોટું હતું. સારથિસ્થાને સ્મયમાન કૃષ્ણમૂર્તિ હતી. રથના છત્રને અગ્રભાગે કિનારી ઉપર ચારે પાસ ફરતો અંગ્રેજીમાં નાને અક્ષરે સુવર્ણલેખ હતો:

'Hail! Glorious Spirit of Activity, Enterprise, and Progress! Unimpeded, Unbeaten, and All-Powerful! Proceed forward ever and ever over land and sea and through Heaven itself For Thou wast Heavenborn! '

વિદ્યાચતુર — 'ચંદ્રકાંતજી! વૃદ્ધ મહારાજને આ ભવન પ્રિયતમ હતું. આ ભવનમાં પાંચ વિચારણાસન છે — યોગાસન, નીતિઆસન, ક્રિયાસન, વિજ્યાસન અને વિભૂતિઆસન. કૃષ્ણ અને અર્જુન, નર અને નારાયણ, એ બેના ઇષ્ટયોગથી આ પાંચ આસનના વિચાર સધાય છે. પોતાના સહિત પાંચે પાંડવો અને પાંચાલીના જન્મહેતુ સફળ કરનાર રાજકીય પુરુષકાર — પુરુષપ્રયત્ન — તે અર્જુન. એના સારથિ શ્રીકૃષ્ણ. ઈશ્વરકૃપાના સારથિપણા વગરના પુરુષકારને કાબાઓ પણ લૂંટે છે.'

વીરરાવ — 'પ્રધાનજી! આપનું રૂપક ક્લિષ્ટ થઈ ગયું — ક્લિષ્ટતાને પણ સીમા હોય છે. આટલી બધી વિચારણાઓ, ને શાંતિ કાળની અને આજના અંગ્રેજી યુગની વ્યવસ્થાઓ, તે સર્વનો પણ તમે ભીમની ગદામાં અને અર્જુનના તીરકામઠામાં સમાસ કરો તે તો અમારી બુદ્ધિ સહી શકતી નથી. We should be fools without common sense to accept the pedantry of these far-fetched allegories. Surely our hoary Vyasa had no idea of any of these your interpretations of his simple designs. I am quite sure the bard contemplated neither your Spirit of Prestige and Power, nor you Angel of Progress when he penned his bulky volumes to bring into one place his heterogeneous mass of fiction, adages, and nursery tales - and may be, experiences .'

વિદ્યાચતુર — 'વીરરાવજી! આ વાત છેક ઉતાવળ કરવાથી સૂઝે એમ નથી. પ્રથમ તો વ્યાસ કવિએ ઐતિહાસિક અથવા કાલ્પનિક વ્યક્તિઓના વ્યંજનકાળે તેમનામાં રૂપકગુણનું પણ સાથે સાથે આવાહન કરેલું હોય એમાં શું કાંઈ અસંભવિતતા છે? બીજું એક વાલ્મીકિના રામચંદ્રમાંથી કેટલા કવિજને કેટલા ભિન્નભિન્ન સ્વભાવવાળા રામ વર્ણવેલા છે? એ સ્વભાવવૈચિત્ર્યમાં શું એવા કેટલાક પરસ્પર વિઘટ્ટક ગુણો નથી કે જે સાથે લાગા એક જણમાં ન હોઈ શકે? ખરી વાત એ છે કે મહાકવિએ કરેલી એ કલ્પનાને કાળાંતરે અન્ય કવિઓ દેશકાળની અનુકૂળતા પ્રમાણે અનેક રૂપ આપે છે તેથી જ મહાકવિનું વીર્ય સફળ અને અમર થાય છે. એવા કવિઓનાં કાવ્યનો આત્મા આવી જ રીતે અનેક પુત્રોમાં અવતરે છે. એવા મહાકવિઓની કલ્પનાની વિભૂતિ તો આવી અનેક કલ્પનાઓના પ્રસવમાં જ છે.

** ગૃહ્ણન્તુ સર્વે યદિ વા યથેચ્છમ્*

નાસ્તિ ક્ષતિ: ક્કાપિ કવીશ્વરાણામ્।

રત્નેષુ લુપ્તેષુ બહુષ્વમર્ત્યૈ:

અદ્યાપિ રત્નાકાર એવ સિન્ધુ:।।

મહાકવિનું રત્નાકરત્વ તેની પાસેથી રત્નો લેવાય અને તે રત્નીને અનેક નામરૂપ અપાય તેમાં જ છે. કાળમહાસાગરને તળિયેથી રત્નો શોધી વર્તમાન સૃષ્ટિમાં મૂકનાર રત્નવ્યાપારીઓ તો કવિઓ જ છે. એ રત્નીને નવા ગુણ આપનાર કવિજન પણ તેમ કરવામાં નિરંકુશ હોય છે.

ત્રીજું, આપણામાં જૂના મુનિલોકે કાવ્યો કર્યાં અને નવા કવિલોકે કર્યાં તેમાં ભવભૂતિ એવો ફેર જણાવે છે કે નવા કવિજનની વાણી અર્થને અનુસરે છે અને મુનિજનની વાણીને અર્થ અનુસરે છે. મુનિલોકના

પ્રાસાદિક ઉદ્ગાર એવા હતા કે તેમના મિતાક્ષરમાં અનેક સંસ્કારો ભરાતા અને વધતી બુદ્ધિને વધતા ચમત્કાર આપતા. તેઓ જે બીજાક્ષર મૂકી ગયા છે તેમાં સૂક્ષ્મદર્શક બુદ્ધિને અક્ષરનાં વૃક્ષ જડે છે. ગોલ્ડસ્મિથે તો લખ્યું કે Remote, unfriended, melancholy, slow ; એમાં slow શબ્દમાં ભરાયેલા અર્થસંસ્કાર સમજાવતાં એને ન સૂઝ્યું તે ત્રાહિત દાક્તર જ્હૉનસનને યથાર્થ સૂઝ્યું. એ સર્વ સંસ્કાર લેખનકાલે કવિના મસ્તિષ્કમાં અનિર્વચનીય રૂપે સ્ફુરતા હતા અને તે સર્વનો ગન્ધ slow શબ્દમાં આવ્યો. એ કાળ જતાં કવિની જ સ્મૃતિ જડ થઈ ત્યારે સત્પરીક્ષકે તે સર્વ સંસ્કારનું સ્વરૂપ એ શબ્દરૂપ કુસુમકળીમાં સૂક્ષ્મદૃષ્ટિ નાંખી દેખાડ્યું. માટે જ અને વધારે સબળ કારણથી વ્યાસ વાલ્મીકિના અક્ષરમાં વાણીને અર્થ અનુસરે છે. અને અનુસરનાર અર્થ શોધવો એ એવા કવિની પૂજા કરવા જેવું છે અને એવા અર્થોનાં દર્શન કરાવવામાં લોકનું કલ્યાણ છે તે વૃદ્ધ મહારાજે ઇચ્છેલું છે અને અમારું બીજું મંડળ તેમાં સાધક થયું છે.'

વીરરાવ — (સ્મિત કરી) 'એ પણ સુન્દર કહ્યું. ચાલો ત્યારે એ દૃષ્ટિથી સમજાવો. We shall see what Spirit of Progress you can spin out of old man Vyasa. Only see that you don't make things too comical for my prosaic wits .'

અર્જુનના રથના એક ચક્રની નાભિ ઉપર 'નીતિ' શબ્દ લખેલો હતો અને બીજાની નાભિ ઉપર 'ક્રિયા' શબ્દ હતો. તે દર્શાવતો વિદ્યાચતુર બોલ્યો: 'આ મહાત્માનો રથ નીતિ અને ક્રિયારૂપ બે ચક્ર ઉપર ચાલે છે. તેનું સમાધાન અર્જુનને જે શ્લોક વડે પાડુંરાજાએ કુન્તી પાસે માગ્યો હતો તેમાંથી નીકળશે.'

ભવનમન્ત્રીએ મણિરાજન પુસ્તકમાંથી એ શ્લોક કાઢ્યા:

'अतिमानुषकर्माणं यशस्विनमरिन्दम्।

नीतिमन्तं महात्मानमादित्यसमतेजसम्।।

दुराघर्षं क्रियावन्तमतीवाद्भुतदर्शनम्।

पुत्रं जनय सुश्रोणि धाम क्षत्रियतेजसाम्।।'

વિદ્યાચતુર — 'અર્જુનની નીતિ અને ક્રિયા કઈ કઈ અને કેવી કેવી હતી તેનો ઉત્તર રથધુરીના અગ્રભાગે બે અશ્વના મસ્તકોની વચ્ચે આ રૌપ્યપટ્ટમાં તપ્તસુવર્ણ અક્ષરથી લખેલો છે.'

ત્યાં જઈ તે અક્ષરો સર્વ જોવા લાગ્યા.

'અર્જુનનો અવતાર થતાં કુન્તીને આ ગંભીર અશરીરવાણી પ્રત્યક્ષ થઈ હતી અને તેમાં અર્જુનની નીતિ અને ક્રિયાનાં સ્તોત્ર હતાં.

अदित्या विष्णुना प्रीतिर्यथाभूदभिवर्द्धिता।

तथा विष्णुसमः प्रीतिं वर्द्धयिष्यति तेऽर्जुनः।।

एष मद्रान् वशे कृत्वा कुरुंश्च सह सोमकैः।

चेदिकाशिकरुषांश्च कुरुलक्ष्मीं वहिष्यति।

एतस्य भुजवीर्येण खाण्डवे हव्यवाहनः

मेदसा सर्वभूतानां तृप्तिं यास्यति वै पराम्।।

ग्रामणीश्च महीपालानेष जित्वा महाबलः।

भ्रातृभिः सहितो वीरस्त्रीन्मेधाना हरिष्यति।।

एष युद्धे महादेवं तोषयिष्यति शंकरम्।

अस्त्रं पाशुपतं नाम तस्मात्तुष्टादवाप्स्यति।।

तथा दिव्यानि चास्त्राणि निखिलान्याहरिष्यति।

विप्रनष्टां श्रियं चायमाहर्ता पुरुषर्षभः।।

મલ્લરાજ જે નીતિ અને ક્રિયાનાં બીજ આ વાક્યોમાં જુએ છે તે એના શોકને શાંત કરે છે અને એના હૃદયને આનંદ આપે છે. સર્વ પાંડવો દેવપુત્રો છે, પણ ઇન્દ્રનો પુત્ર તો ક્રિયાવાન્ અર્જુન જ છે. ધર્મ અને ભીમની તે આજ્ઞા પાળે છે પણ પાંચાલીને પ્રાપ્ત કરનારી ક્રિયા તો અર્જુનની જ છે. શ્રીકૃષ્ણ પાંચે પાંડવ અને છઠ્ઠી પાંચાલીના સહાયક છે, પણ તેમણે સારથિપણું તો ક્રિયાવાન્ અર્જુનનું જ કરેલું છે, ક્રિયાના પરમજ્ઞાનની ગીતા પણ તેને જ કહેલી છે, અને વિશ્વરૂપ પણ તેને જ પ્રત્યક્ષ કરાવેલું છે. રત્નનગરીના સિંહાસન ઉપર બેસનાર કાચ જેવા માનવી પાંચાલીનો પક્ષપાત અર્જુન ઉપર જ છે. શ્રીકૃષ્ણનો પણ તેમ જ છે અને સર્વ પાંડવોના પ્રાણ પણ તેનામાં જ છે! તે અર્જુનની નીતિ અને ક્રિયાનું પોષણ નહીં કરો તો પુરુષ રત્નોની જનની રત્નનગરી તમારી નથી તે અવશ્ય સમજજો અને મહાત્મા વ્યાસમુનિએ આ ક્રિયાવાન્ દેવસ્વરૂપનાં ભૂતભવિષ્ય કહેલાં છે તે રહસ્ય ધ્યાનમાં રાખજો.

वरुणं च कुबेरं च धर्मराजं च पाण्डव।

शक्तो ह्येष सुरान् द्रष्टुं तपसा विक्रमेण च।।

ऋषिरेष महातेजा नारायणसहायवान्।

पुराण: शाश्वतो देवस्त्वजेयो जिष्णुरच्युत:।

अस्त्राणीन्द्राञ्च रुद्राच लोकपालेभ्य एव च।

समादाय महाबाहुर्महत्कर्म करिष्यति।।

ભવનમંત્રીએ પ્રધાનના પુસ્તકમાંથી આ ભાગ ઉપરની ટીકા વાંચવા માંડી.

‘અર્જુન શસ્ત્રના કરતાં અસ્ત્ર ઉપર વધારે પ્રીતિ રાખે છે, એનાં અસ્ત્ર જેમ દૂરગામી છે તેમ એ જાતે પણ દૂરગામી છે. એની ગતિ પોતાનાં રાજ્યો બહાર છે, દેશ બહાર છે, સમુદ્ર ઉપર છે, સ્વર્ગમાં છે. દૃષ્ટિ, જિષ્ણુતા અને કર્મ એ ત્રણ અસ્ત્રને અર્જુન આગળ ફેંકે છે. જ્યારે દેશી રાજાઓ પોતપોતાનું સંભાળી બેસી રહે છે ત્યારે અર્જુન સર્વદા આ ત્રણ અસ્ત્રને ગતિ આપ્યાં જ કરે છે. પૃથ્વીનું સર્વત્ર આચ્છાદન કરી દેનાર જલનિધિ વરુણદેવને અર્જુન સુદૃષ્ટ કરી લે છે — જોઈ આવે છે. એની દૃષ્ટિ અને ગતિ વરુણના મહાસાગરની પેલી પાસ વધે છે, તેમ જ સ્વર્ગના વસનાર-ધનપતિ — કુબેરને અને યમરાજ — ધર્મરાજને એ જોઈ આવે છે. અન્ય દેવો મનુષ્યના ભાગ્યના અને પ્રારબ્ધના અધિષ્ઠાતા છે તે સર્વ અર્જુન જોઈ લે છે. વિદ્યા-આદિ તપ ને પ્રવાસ આદિ વિક્રમથી આમ તે દ્રષ્ટા થાય છે. એ ક્ષત્રિયરૂપે પૂર્વજન્મનો તેજસ્વી વિદ્વાન્ તપસ્વી બ્રાહ્મણ છે, ઋષિ છે. આ જગતની વૃદ્ધિમતી ક્રિયાનો એ પુરાણ અને સનાતન દેવ છે — He is the old eternal Spirit of Progress . તે સર્વદા જય ઇચ્છે છે — જયેચ્છાથી પ્રવૃત્તિ કર્યાં કરે છે — જિષ્ણુ છે. એ દેવનો માર્ગ રોકનાર શત્રુઓથી તે જિતાય એમ નથી. બ્રાહ્મણ દ્રોણ જ્યારે એનો માર્ગ રોકશે ત્યારે નારાયણના સાહાય્યવાળો આ નર-ઋષિ અજેય નીવડશે. વૃદ્ધપુરાણ પિતામહ એનો માર્ગ રોકશે ત્યારે પણ આ પુરાણતમ પુરુષ જયવાન્ થશે. સૂર્યપુત્ર ઉદાર કર્ણ પણ આ તેજસ્વી નરવડે અસ્ત થશે. આ સર્વ ફળ પામવાને માટે આ ક્રિયાવાન્ રાજપુરુષ, સ્વર્ગમાં જઈ ઈંદ્ર પાસેથી, હિમાલય જેવા ગિરિરાજના શિખર ઉપરનાં અરણ્યમાં જઈ કિરાતરૂપ મહાદેવ પાસેથી, સમુદ્ર અને પૃથ્વીપાર જઈ ત્યાંના દેવો અને લોકપાળ પાસેથી અનેક દિવ્ય અસ્ત્રો મેળવશે અને મોટાં કર્મ કરશે. મલ્લરાજ અર્જુનનું આ માહાત્મ્ય સ્પષ્ટ જોતા હતા, અને એ અર્જુનની વૃત્તિ, શક્તિ અને પ્રવૃત્તિ, રત્નનગરીના રાજાઓમાં સનાતન વસે એવી સંભાળ રાખવા આ રાજ્યના પ્રધાનોને કહી ગયા છે અને આ પત્ર દ્વારા

કહાવે છે. એ પરમ આજ્ઞાને અનુસરી આ લેખ લખ્યો છે કે રત્નનગરીનાં રાજ્યરત્નોમાં અર્જુનની દૃષ્ટિ, જિષ્ણુતા અને ક્રિયા સનાતન વાસ કરે અને સિંહાસનસ્થ વંશરૂપ પુરાણપુરુષ પાંચાલીના હૃદયના ઉચ્ચગ્રાહને ઉચ્ચતર લેતો લેતો શાશ્વત વૃદ્ધિસમૃદ્ધિનો ભોક્તા થાય.'

વિદ્યાચતુર — ' Such, Mr. Virarao, is the Spirt of progress drawn by our late Master's hand, if not by Vyasa. The Spirit stops not within Indian shores but invades with mighty enterprise all worlds at home and abroad with his evergrowing Vision, his ever restless Aggressiveness and his all-absorging Action, and triumphs over all that check the march of Progress. This is the *दष्टि* , *जिष्णुता* and *कर्म* , which the far - seeing Vyasa has preserved in his work like seeds for sowing future crops in the land where his mighty soul had sojourned .'

વીરરાવ — '1 think I must hold my tongue at least until we reach the end of this curious chapter of your political literature .'

વિદ્યાચતુર — 'હવે આ ભવનમાં આસન જુઓ. રચના અશ્વની સામે, કુરુક્ષેત્રમાં જનાર દ્વાર આગળ આ યોગાસન છે. ત્યાંથી કૃષ્ણ ઉપર, અર્જુન ઉપર, બાકીના પાંડવભવન ઉપર, પાંચાલીભવનમાં અને સર્વ કુરુભવન ઉપર થોડીઘણી દૃષ્ટિ પડે છે. યોગાસન ઉપર શ્રીકૃષ્ણે પાંડવો માટે કરેલી સર્વ ચિન્તાના વિચાર કરવાના છે. પારદેશીય વિષયોમાં આ રાજ્યનો પ્રતાપ જાળવવા, આ રાજ્યની પ્રજા ને રાજ્યની વર્તમાન અને ભવિષ્ય સ્થિતિ -સમૃદ્ધિ વધારવા અને પોષવા, જે જે વિચાર કરવા પડે તે સર્વ વિચાર કરવા આ યોગાસનમાં રાજયોગ સાધવો પડે છે. અર્જુનભવનનાં સર્વ આસનોમાં જે નીતિ અને ક્રિયા ઉછેરાય છે તેનાં બીજ આ આસનના યોગ વડે રોપાય છે. એ બીજથી ઊગેલી વૃક્ષવાટિકાની વ્યવસ્થા અન્ય આસનોમાં થાય છે. પણ એ વ્યવસ્થાના સર્વ પ્રવાહ ઉપર આ આસનોમાંનો યોગ દૃષ્ટિ રાખે છે. શાંતિ, ધૃતિ, શીઘ્રતા, સમયસૂચકતા, પ્રતિભા, સત્ય, ધર્મ, સદ્દસ્તુનો વિજય આદિ સર્વસદ્ દૃષ્ટિ અને સદ્વસ્તુના સાહાય્યથી, બુદ્ધિ અને અવલોકનના બળથી, રાજશક્તિના અધિકારથી, અને ઈશ્વરેશ્છાના સંધાનથી આ આસનમાં શ્રીકૃષ્ણ પરમાત્માના ઉપદેશ પ્રમાણે યોગ રચાય છે, વિશ્વરૂપનું દર્શન યોગ વિના થાય છે, ક્રિયારંભે અને ક્રિયાકાળે અર્જુનના દ્વૈધીભાવનો નિરોધ થાય છે, ધર્મરાજાના અતિધર્મ- Superstitions - નો પ્રતિરોધ થાય છે, પાંચાલીનાં પટકૂળ પુરાય છે, તેના સ્વામીના પુરુષકારનું સારથિત્વ થાય છે, અને સર્વ સજ્જન અને સદ્વસ્તુથી દેશમાં અને લોકમાં સદ્યુગ બેસાડવામાં આવે છે. શ્રીકૃષ્ણ જેવા

યોગેશ્વરની યોગદૃષ્ટિરૂપ દૂરદર્શક કાચનલિકા-telescope - વ્યાસ જેવા ચતુર ગણક ગોઠવી ગયા છે. આ યુગનાં રાજ્યોના અને મહારાજ્યોના અર્જુનની નીતિ અને ક્રિયાઓની અસ્ત્રધર આત્મા — Progress - આવી જ યોગનલિકાથી દૃષ્ટિમાન્ થાય છે, પ્રોત્સાહન પામે છે અને પ્રવૃત્તિમાન્ થાય છે.'

જરીક અટકી પ્રધાન વાધ્યો:

'This is the Seat of Inspirations and Aspirations of the Thinker of the State, of the Thinker that ever watches and thinks out with the largest heart and knowledge the lines of Progress that can result in the public weal, of the thinker that thinks coolly, dispassionately, and as if without taking more than the part of the chariot-driver to the Angel of Progress. This Angle of Thought keeps aloof from Action even in the midst of the turmoils of the battle, and his watchful preserce at the centre of the strife is, like that of the unarmed Krishna, intended but to minister to the soul of the State and lead her along the right path as she works on the Body that shrouds her Majesty with power. He is 'Yoga' itself in the midst of Action, and it is he who prompts and advises and furthers the cause of Progress on all sides at all times in all the great contests and contingencies that gather round nations and their protectors . વીરરાવજી ચંદ્રકાંતજી નાના કે મોટા રાજ્યમાં આવો કોઈ — રૈહી-યોગી જોઈએ કે જે પૂર્ણ અવકાશથી રાજ્યનું અને પ્રજાનું સારથિત્વ કરે. એવા યોગી અને એવા અર્જુનના યોગ વિના રાજાઓ નિર્માલ્ય છે અને પ્રજાઓ અનાથ છે. એવા યોગને માટે જ આ અર્જુનરથના ધ્વજપટ ઉપર ચળકતો લેખ તમે જુઓ કે:

यत्र योगेश्वर: कृष्णो यत्र पार्थो धनुर्धर
:।

तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम।।

મણિરાજે મંદ સ્મિત કરી ભવનમંત્રીને કહ્યું: 'આપણે ત્યાં કઈ દ્વારિકાથી કયા કૃષ્ણને આણવા તે વિશે વૃદ્ધ મહારાજનો લેખ કાઢો.' તે લેખ વંચાયો:

'પાંડવોના મંત્રી કૃષ્ણ હતા તેવા આ રાજ્યના રાજાઓએ રાખવા અને દૂર દ્વારાવતીમાંથી ઇન્દ્રપ્રસ્થમાં તેડવા, તેમના અશસ્ત્ર પણ યોગયુક્ત સારથિત્વનો લોભ રાખવો, અને સાટે હૃદયથી પૂજ્યભાવ રાખવો.

અર્જુનના યોગાસન ઉપર બેસનાર રાજાએ એ આસનનો યોગ આવા મંત્રી સમક્ષ આદરવો અને લક્ષમાં રાખવું કે *સદાનુકૂલેષુ હિ કુર્વતે રતિં નૃપેષ્વમાત્યેષુ ચ સર્વસંપદ:।* રાજાને મંત્રી અનુકૂળ જોઈએ —તે ક્રિયાસનમાં પણ યોગાસનમાં પણ સંપૂર્ણ અંશે અને નીતિઆસનમાં સમાન અંશે રાજાએ મંત્રીને જ અનુકૂળ થવું. એ મંત્રી પાંડવોનો અને પાંચાલીનો — કૌરવોનો નહીં.'

મણિરાજ — 'યોગાસન અને કુરુક્ષેત્રમાં જવાને માર્ગે જ પ્રધાનનું મંત્રાસન છે.'

વિદ્યાચતુર — 'હવે આપણે નીતિઆસન ભણી જોઈએ.'

ચંદ્રકાંત — 'યોગાસનની વાર્તામાંથી ખસી બીજી વાતમાં જવાનો આગ્રહ પ્રધાનજીનો વિનય કરે એ એમને યોગ્ય છે.

મણિરાજ — 'આપ સત્ય સમજ્યા છો, એટલા માટે મારા જેવા લઘુવક્તાને વિદ્વત્તાનો વિસ્તાર બોલવો દુર્ઘટ છતાં આ આસનનો ભેદ બતાવવા યત્ન કરવો પડે છે. વધારામાં હવે માત્ર એકબે વાત બાકી છે. ધર્મરાજના ભવનમાં લેખ હતો કે *યતો ધર્મસ્તતો જય:।* જોકે એ વાત સત્ય છે તો પણ અતિધર્મ નામના રોગનો ધર્મને પણ ભય છે. ઈશ્વરકૃપા વિના ધર્મને ફળ આવતાં નથી અને યોગાસન વિના ધર્મનાં રહસ્ય સમજાતાં નથી; માટે રથના દક્ષિણ અશ્વની પાસે લેખ છે તે પ્રમાણે જયનો ઉદ્ભવ કૃષ્ણમાંથી જ છે તેમ બીજો લેખ આ વામ અશ્વની વામ પાસે લટકાવ્યો છે, અને એ લેખોનાં સમાધાન શ્રીકૃષ્ણના હાથમાંની રશનાનાં અને કશાનાં પડોમાં અનેક યોગરૂપે ગૂઢ રહેલાં છે તે ગીતાઆદિમાંથી સમજાય.'

દક્ષિણ લેખ વંચાયો:

> *'યથા તુ નારદ: પ્રાહ યત: કૃષ્ણસ્તતો જય:।*
> *ગુણભૂતો જય: કૃષ્ણે પૃષ્ઠતોઽન્વેતિ માધવમ્।*
> *તદ્યથા વિજયશ્ચાસ્ય સંતતિશ્ચાપરે ગુણ:।।*

વામ લેખ વંચાયો:

> *'યતો ધર્મસ્તત; કૃષ્ણો યત: કૃષ્ણસ્તતો જય:।'*

મણિરાજ — 'હવે અન્ય આસનો પ્રધાનજી સમજાવશે.'

વિદ્યાચતુર — 'નીતિ એટલે રાજ્યનીતિ અને રાજનીતિ. પાંચાલી તે પ્રજા અને પાંડવો તે રાજગુણ; તે ઉભયના કલ્યાણને માટે જે સાર્વજનિક વિચારથી રચાય તે રાજ્યનીતિ. રાજ્યનીતિ તે True statesmanship ; રાજનીતિ તે માત્ર Diplomacy and political craft or state-craft .

એકલા રાજાની સત્તા સબળ કરવાને રાજા અથવા અમાત્ય જે પરાનુસંધાનાદિ કળાઓ વાપરે તે રાજનીતિ. સર્વદર્શન અને યોગથી જે લોકકલ્યાણને લક્ષ્ય કરનાર સિદ્ધાંત રચાય તે યોગાસન ઉપર. એ સિદ્ધાંતનો નિર્વાહ કરવા કેવાં સાધન શોધવાં અને સજ્જ કરવાં એ રાજ્યનીતિ નીતિઆસન ઉપર રચાય છે. તમારું રાષ્ટ્રીય ધર્મશાસ્ત્ર — International law - આ નીતિઆસન ઉપર જોવાય છે. ચક્રવર્તી અંગ્રેજ સરકાર સાથેનો વ્યવહાર આ નીતિઆસન પરના વિચારમાંથી રચાય છે. This is the seat of Statesmanship. The Seat of Thought points out the goal. The Seat of Statesmanship finds out the ways and means of reaching the goal, and here too the Seat of Thought watches and guides. Foreign Policy, Treaties, and the like are designed, and approved here. Here too the Actions, which the next Seat goes through, are designed. This is the Seat of perfecting Arjuna's Design . યોગાસન ધનુષ્યધર છે. નીતિઆસન તેનું ધનુષ્ય છે. એ ધનુષ્ય ઉપર ક્રિયારૂપ બાણ ચડાવવાનું કામ ક્રિયાસન પર થાય છે. વિજય અને વિભૂતિ એ બે વાનાં આ સર્વનાં ફળ છે. રાજ્યનીતિ આ આસનમાં રચાય છે. રાજનીતિ કૌરવભવનમાં રચાય છે અને તેનો અધિકાર રાજ્યનીતિને અનુકૂળ રહેવાનો છે. This is the Seat of largeminded Policy for the People and of Perfected Designs and the spirit that Presides over it reaches with long arms the Greatest Arts of State prevalent in the most distant parts of the world and moving more in that line, utilizes and conquers the Powers of Nature and the Spirits of the Age. And in all his designs he creates what is noble, good, and great and you can never draw him into anything that is ignoble, bad and mean. Arjuna is, therefore, called Bibhatsu .

न कुर्यां कर्म बीभत्सं युद्धमान: कथंचन।

तेन देवमनुष्येषु बीभत्सरिति विश्रुत:।।

યોગાસન પાસે નીતિઆસન નીતિચક્રની સામે છે. ક્રિયાચક્ર સામે યોગાસનની બીજી પાસ આ ક્રિયાસન છે.

ક્રિયાસન સમક્ષનું ક્રિયાચક્ર શા શા ઉપદેશ કરે છે? કૃષ્ણ ને અર્જુનની પ્રથમ ક્રિયા એ કે સમુદ્રઆદિના દેવતા વરુણ પાસેથી અને અગ્નિ પાસેથી દિવ્ય અસ્ત્ર મેળવ્યાં. એ અસ્ત્ર વડે ઇન્દ્ર, યમ, વાયુ, પર્વત, અશ્વિનીકુમાર, ધનપતિ, રુદ્ર, વસુ, આદિ સર્વ દેવોનાં શસ્ત્રાસ્ત્ર નિષ્ફળ કરી નાખ્યાં — એ બીજી ક્રિયા. અગ્નિને આગળ કરી, ખાંડવવનમાં સૃષ્ટિના સર્વ દેવોને વશ કર્યા અને અગ્નિને તૃપ્ત કર્યો.

The Angels of Thought and Progress, joined together, subdued all Powers of Nature with arms obtained from fire and water, and to fire were subordinated the other Powers of Nature. This phase of progress has got a meaning in these days and this Seat of progress directs our eyes to this .

શિવજી પાસેથી પાશુપત અસ્ત્ર મેળવ્યું — તે પણ અર્જુને. સંહારશક્તિ ઉપર એમ જય મેળવ્યો અને તેના સાધનથી એ અસ્ત્ર મેળવ્યું. એ અસ્ત્રનો પ્રભાવ કેવો છે -

अवध्यो नाम नास्त्यत्र त्रैलोक्ये सचराचरे।

मनसा चक्षुषा वाचा धनुषा च निपात्यते।।

મન, ચક્ષુ અને વાણીથી તેમ ધનુષ્યથી જંગમ તો શું પણ સ્થાવરનો પણ નિપાત કરવાની ક્રિયા આમાં કહી છે. ક્રિયાનાં આ સર્વ અસ્ત્ર તો અર્જુને પરાક્રમથી મેળવ્યાં. પણ એ સ્વર્ગની નિસરણી ઉપર ચડ્યો ત્યાં જ દેવમાત્ર એના દર્શનથી પ્રસન્ન થઈ ગયા અને એને અસ્ત્રો પ્રીતિથી આપવા લાગ્યા. કુરાજનીતિવાળા કૌરવને રાજ્યનીતિનો ક્રિયાવાન્ નરદેવ પરાભવ પમાડે તે પરાભવરૂપ કર્મને દેવકાર્ય ગણી યમરાજે મૃત્યુ આપનાર મૃત્યુદંડ અર્જુનને આપ્યો, જલેશ્વર વરુણે સર્વને વશ કરનાર વરુણપાશ આપ્યા, અને ધનપતિ કુબેર 'અંતર્ધાન, દ્યુતિકર અને પ્રસ્વાપન' અસ્ત્ર આપ્યાં. સ્વર્ગના ગન્ધર્વ ચિત્રસેને એને ઇન્દ્રાજ્ઞાથી સ્વર્ગનાં નૃત્ય, ગીત અને વાદિત્ર શીખવ્યાં. સંસારને મૃત્યુ આપવા, બંધનમાં નાંખવા, અને પ્રસન્ન કરવાની ક્રિયાઓનાં સાધનો ક્રિયાવાન્ અર્જુને પૃથ્વીને છેડે જઈ આવી રીતે લઈ આવ્યો. તે સર્વ ક્રિયાઓનું દર્શન આ ક્રિયાસનમાંથી થાય છે. એ અસ્ત્રમાત્ર કૌરવો સામે કેમ વાપરવાં તે ભીષ્માદિપર્વનાં રહસ્ય સમજ્યાથી સમજાશે. આ રત્નનગરી સંસ્થાનના નૌકાશ્રયો, [૧] અગ્નિરથના માર્ગ, [૨] પરદેશના વ્યાપાર, પ્રજાનાં પરદેશ પ્રસ્થાન, [3] દેશી અને પરદેશી વ્યાપારીઓના સંબંધ, દેશી તથ પરદેશી વિદ્યાઓ, પદાર્થશાસ્ત્રો — કળાઓ — અને શોધો, એ સર્વ ઉપર અનિમિષ લક્ષ્ય રાખી તે દશામાં ક્રિયા પામનાર અને અસ્ત્રોને પાંડવ અને પાંચાલીના કલ્યાણને માટે, ફેંકવાને આ રાજ્યના અર્જુનમાં ઉત્સાહ, શક્તિ અને બુદ્ધિ આવે એવો માર્ગ આ ક્રિયાસનસ્થ અર્જુનને આ ભવનની સર્વ સામગ્રી દેખાડે છે. 'સબ ભૂમિ ગોપાલકી, યામેં અટક કહાં?' એ નિયમ માનનાર ગોપાલભક્ત અર્જુનને ધર્મ અને ભીમની આજ્ઞા સિવાય બીજી ચીજ અટકાવતી નથી. 'શ્વેતવાહન' [૪] નાં સાધન મલિન નહીં પણ ઉજ્જ્વળ હોય છે. વામ અને દક્ષિણ બે હાથ સરખા ગણી તેમાંથી ફાવે તે હાથે બાણ નાખનાર —Habit, Prejudice, and Superstition વગારે અભ્યાસદોષથી થયેલી વિક્ષેપશક્તિઓથી મુક્ત રહી

ગમે તે હાથ — અર્જુન ક્રિયા કરે છે તેથી જ તે સવ્યસાચી કહેવાય છે. This is the seat of free Activity, of execution of Designs of Enterprise, and in short, for preparing and furthering without stint or reserve the means and movements of such Progress Policy as may be matured in the seats of Thought and Statemanship. This seat sends forth ships, merchants, students, scientists, artists and artisans from Ratnanagari and aspires to import the latest triumphs of art, science, industry, learning, and commerce into their country. Even the military and naval education of our cadets, Bhayats, and others in foreign schools is attended to here. We propose from this place to carry out a programme of giving a general all-sided lift to the subjects of this State in all concerns-physical, moral, educational, economic-and in fact in all matters that can raise their life and status .

ક્રિયાસનની પાછળ પેલી પાસ ક્રિયાના ઈશ્વરદત્ત ફળરૂપે થતા વિજયનો સત્કાર કરવાને વિજયાસન છે. વિજય અને જિષ્ણુ એવાં અર્જુનનાં નામ છે. His conquests are not merely those of arms, but he also makes them by exercising influence over the world outside his kingdom and by extending what people have of late been callign 'spheres of influence.' He exports the power and products of his State to distant fields and brings money. He is, therefore, called the Conqueror of Wealth . અર્જુનનું નામ ધનંજય પણ છે. પરદેશને આ દેશની વસ્તુઓથી મોહિત કરી ત્યાંથી દ્રવ્ય લાવનાર વિજય તે આ જ છે — એ ક્રિયામાં વિજયનાં અસ્ત્ર દૂર દેશોમાં ફેંકાય છે. અગ્નિ અને વરુણનાં આપેલાં અસ્ત્ર આ વિજય માટે જિષ્ણુનાં ફેંકેલાં વધે છે. બીજી રીતે કૌરવની રાજનીતિ ઉપર પાંડવોની રાજ્યનીતિએ મેળવવાનો તે વિજય પણ આ આસનમાં સમાપ્ત થાય છે. ભીષ્મપિતામહ સામે શિખંડી ઊભો કર્યો, દ્રૌણ અને અશ્વત્થામા જેવાની મહાવિદ્યાઓ સામે મહાવિદ્યા ઊભી કરી બ્રહ્મતેજનો દુરુપયોગ નષ્ટ કર્યો, કર્ણનો નાશ કર્યો, ઇત્યાદિ વિજય શ્રીકૃષ્ણ અને અર્જુનના સંયોગથી અર્જુનને પ્રાપ્ત થાય છે તેમાં પણ રાજ્યનીતિનાં રહસ્ય છે. This Spirit of Progress conquers Bhishma - the Grandfather Spirit of Old Wisdom and Tradition, and quiets, without destroying, Drona, the spirit of Learning and Knowledge, when these lend themselves to the service of a wrong cause - the cause of mere statecraft and royal person as opposed to the weal of the State and people .

વિજયાસન મૂકી ચોથા ખૂણામાં વિભૂતિઆસન છે. વિજયનું ફળ વિભૂતિ છે. યુદ્ધકાળ અને શાંતિકાળના વિજયને અંતે અર્જુનના સાધનથી પાંડવો અને પાંચાલી નવી વિભૂતિ દેખે છે. દેશવિદેશનાં રત્નો — નરરત્ન અને વસ્તુરત્ન — રાજ્યમાં આવે તો તે રાજ્યની વિભૂતિ રચે છે. It is the Spirit of Progress that imports and attracts frelly and without prejudice the best things and men of foreign birth. It is this Spirit of imporation that makes a nation great .

અર્જુને પરરાજ્યમાંથી શું શું આણ્યું? પાંચાલીને કોણે આણી? શ્રીકૃષ્ણ જેવા યોગેશ્વરને અશસ્ત્ર રહીને પણ સારથિપણું કરાવવા દ્વારકામાંથી કોણ લઈ આવ્યું? ખાંડવવન બાળવા જતાં એમનું સાહાય્ય કોણે લીધું? દૈત્ય અને મનુષ્યો વચ્ચેનો વૈરભાવ ભૂલી દૈત્યકુળના મયદાનવને પોતાને ઘેર કોણે આણ્યો? અનેક દ્રવ્યો અને રત્નોથી મયદાનવે રચેલી સભારૂપ વિભૂતિ કોને લીધે? દૂર દેશથી અસ્ત્રો કોણે આણ્યાં? સ્વર્ગ સુધી જઈને મહાવિભૂતિઓ લઈ પાછું ઘેર કોણ આવ્યું? એ સર્વ કામ અર્જુને કર્યું. દેશવિદેશ ભ્રમણ કરી અનેક કળાથી વિભૂતિઓ આણનાર ઉદાર અર્જુન વૃદ્ધ મહારાજને બહુ પ્રિય હતો. રાજસૂય અને અશ્વમેધ જેવા યજ્ઞ, કૃષ્ણ જેવા મિત્ર અને મંત્રી, કુરુલક્ષ્મીનું વહન, મયની સભા અને એવી અનેક વિભૂતિઓને પરદેશથી આણી સ્વદેશમાં તેમનો સત્કાર કરનાર રાજ્યપુરુષકાર અર્જુનનાં સ્તોત્ર આ પુસ્તકોમાં ભરેલાં છે. This is the Seat of Higher Life achieved and filled by the activities and enterprise of the Spirit of Progress. From the seat of Higher Thought to that of High Design, from High Design to the seat of full and forward Execution, and from that to Success, the nation is lifted, and from the seat of success the nation is ushered on by the Spirit of Progress into this last seat of Greatness and of Higher Life and Higher Fruition .'

'વીરરાવ! ચંદ્રકાંત! મેં તમને આ ભવનના લેખોનો અને વૃદ્ધ મહારાજના પ્રિયતમ રાજગુણોનો વિસ્તારજાળ દર્શાવી દીધો. તેમના લેખ મને જિહ્વાગ્રે આવી ગયા છે. બાકીનાં ભવન ગૌણ છે; તેનું સંક્ષેપમાં વર્ણન કરવાનું તે કુરુભવનમાં બેસી શંકરશર્મા અને પ્રવીણદાસ પાસે કરાવીશું. તમે ઘણો શ્રમ લીધો છે. અમને તો વૃદ્ધ મહારાજ ઉપરનો અમારો સ્નેહ આવી કથાઓ કરતાં તેમના સંસ્કાર સ્મરણમાં આણે છે ને આનંદ આપે છે. પણ તટસ્થ શ્રોતાજનને તે કાંઈક શુષ્ક અને નીરસ લાગે. આપની મમતા અમારા ઉપર ન હોય તો આટલો શ્રમ લેવો પરવડે જ નહીં.'

ચંદ્રકાંત — 'મને તો આ સ્થાનમાં કાંઈ નવીન જ આનંદ થયો છે અને પળવાર સરસ્વતીચંદ્રને ભૂલી જાઉં છું અને પળવાર એના આત્માને આ ભવનમાં ફરતો પ્રત્યક્ષ કરું છું.

વીરરાવ — ‘સાહેબ! વ્યાસને માથે રૂપક લખી આખું હિંદુસ્થાન ઠગવાનો આરોપ મૂકો છો; અને તે રૂપકને પણ ક્લિષ્ટ કરી નાખો છો; તેથી થતો હાસ્યરસ આનંદરૂપ જ ગણું છું. અને બૂઢા વ્યાસને બાદ કરી તમારાં ભવન અને આસનોના ઉચ્ચગ્રાહ વિચારતાં શુદ્ધ આનંદ થાય છે.’

વિદ્યાચતુર — ‘ચાલો, એ બહુ છે. હવે બેસીને વાતો આટોપી દઈએ.’

સર્વ કુરુક્ષેત્રમાં ગયા અને બેઠકો ઉપર બેઠા. પ્રવીણદાસે વિષય આરંભ્યો.

પ્રવીણદાસ — ‘રાજસત્તાનું સ્વરૂપ માદ્રી, તેને દિવ્ય વૈદ્ય અશ્વિદેવના જોડાએ બે પુત્રો આપ્યા — એક સુન્દરતાનું સ્વરૂપ નકુલ, અન્ય પ્રાજ્ઞતાનું સ્વરૂપ સહદેવ. વૈદ્યદેવોની કૃપાનાં ફળ શરીરની સુંદરતા અને શરીરનાં આરોગ્યપોષણ એ બે છે. રાજ્ય અને પ્રજા બે મળી જે એક શરીર થાય છે તેની સુંદરતાને નકુલ જાળવે છે અને તેનાં આરોગ્યપોષણનો પ્રાજ્ઞ સહદેવ છે.

નકુલ *चित्रमार्गविद्* છે. તેના ભવનમાં પાંચાલીની શૃંગારસામગ્રી તૈયાર થાય છે. તેને અર્થે તે રાજ્યનું દ્રવ્ય ખરચે છે. સહદેવ ભંડાર ભરે અને નકુલ ખરચે. રાજ્યસત્તાનું પ્રથમ સુફળ એ કે રાજ્યની સમૃદ્ધિ પ્રજાને અર્થે ખરચાય — સુંદર કળાઓથી, ચિત્રમાર્ગોથી, નકુલભવનમાં તે વિચાર આચાર રચાય છે. વૈરાટનો અશ્વપાલ થઈ અશ્વિપુત્રે એ કામ કરેલું છે. રત્નનગરીની પ્રજામાં ઉદ્યોગ આદિનાં ફળ પરદેશથી આણવા અર્જુન પ્રવર્તે છે, પણ પ્રજાનાં મનને આનંદ આપી પ્રજામાં ઉદ્યોગની અને સુંદરતાની કળાઓની પ્રવીણતા અને રસજ્ઞતા ઉત્પન્ન અને વિકસિત કરવી તે નકુલભવનમાં થાય છે. Nakula introduces and fosters all our indigenous industries and arts, including what you call the fine arts . અમારા ચિત્રકારો, ગાયકો, શિલ્પકારો, યંત્રકારો આદિ સર્વ કળાનાં સ્થાનમાં નકુલદેવ નિપુણતા, દ્રવ્ય અને ઉત્સાહ ભરે છે, અને નવા નવા વેશ કાઢતાં તેમને શીખવે છે. પોતાનાં ઘર સુંદર અને સ્વચ્છ રાખવાં અને સગવડોથી અને વિનોદસ્થાનથી ભરવાં એ કામ સ્ત્રીજાતિ કરે એવું પુરુષથી થતું નથી. તેમ જ નગરો, ગામડાં અને જનપદ દેશ એમાં પણ આ ક્રિયા કરવી પડે છે, તે પ્રજા જાતે કરી શકે એટલું રાજાથી નથી થતું. પ્રજાને આ કામમાં અભ્યસ્ત, રસિક, પ્રવૃત્ત અને સુશિક્ષિત રાખવી એ કામ નકુલ કરે છે. He creates, trains and fosters our Municipalities and Local Self-govemments . શાસ્ત્રો — ‘સાયન્સ’ sciences , દર્શન — ફિલોસોફી, ઉચ્ચ અને સામાન્ય વિદ્યાઓ અને સર્વ લોકમાં તેના પ્રચાર — High and popular educations , પ્રજાની જૂની રૂઢિઓના સુંદર બાગનું રક્ષણ અને નવી સુંદરતાનો સત્કાર, શરીરબળને માટે અને શરીરસૌન્દર્યને માટે વ્યાયામશાળાઓ ઈત્યાદિ પ્રજાનુરંજન સામગ્રી નકુલભવનમાં વિચારાય છે ને રચાય છે. Nakula is our Spirit of

Beauty, Arts and Esthetics and is Lord Mayor and Chamberlain ministering to the wants and decorations of the towns and chambers of Her Majesty the Panchali of this State. He looks after our refinements and manners he is the beautiful Prince of Refinement and Aesthetics. He looks after the physical, mental, sentimental, and moral growth of the people, and his anvil is always working out new and beautiful implements of arts and science for the health, hygiene and recreation of sweet Panchali .

નકુલભવન મૂકી કનિષ્ઠ બંધુ સહદેવનું ભવન આવ્યું. વૈરાટને ત્યાં એ ગૌસંખ્ય-ગોપાળ થઈ રહ્યો હતો. ગો એટલે ગાય, પૃથ્વી, વાણી — દ્રવ્યમાત્ર, તેની સંખ્યા ગણ્યાં કરવી, રક્ષણ કરી રાખવી, અને તેનાં પોષણ-દોહન કરવાં એ આ વૈદ્યપુત્ર સહદેવનું કાર્ય. એ અમારો સર્વેયર, surveyor . એ જ અમારો વસુલાતી અધિકારી — રેવન્યુ કમિશનર. એ જ કાર્યને અર્થે પ્રજાનાં ભૂત તથા વર્તમાન જાણી ભવિષ્ય જાણવું અને સુધારવું એ કામ આ વૈદ્યનું — આ પ્રાજ્ઞનું. અમારા દેશની સમૃદ્ધિ સંબંધી એટલે ભૂમિ, દ્રવ્ય, આદિ સર્વ અર્થ સંબંધી પ્રશ્ન જાણી સર્વ વાતની ચિકિત્સા જાણી ઔષધ કરવાં એ આ પ્રાજ્ઞનું કામ. પ્રજાની સમૃદ્ધિ વિચારવા વધારવાના કામને લીધે તેમાંથી રાજભંડાર કેટલો ભરવો, પાંડવકૌરવને કેટલું આપવું, રાજાએ કેટલો વ્યય કરવો, પ્રજાને માટે કેટલો વ્યય કરવો, સંગ્રહ કેટલો કરવો, ઇત્યાદિ સર્વ વિચાર અમારા સહદેવભવનમાં થાય છે. Sahadeva is our Spirit of Prescience and Prudence. He solves our economic problems and governs and distributes his collection. The taxpayer's comforts and prospects are at his heart while he gives to the rulers their due .'

રત્નનગરીના રાજ્યની ખાણો, જંગલો, કૃષિકારો અને નદીમાતૃકતા — canal irrigation — એ આ ગોસંખ્યની પ્રાજ્ઞતાને સોંપેલાં છે. લોકનું આરોગ્ય — Public Health , દેશનું આરોગ્ય — Sanitation , એ સર્વ અમારા અશ્વિપુત્ર સહદેવના મનને ઉદ્યોગમાં રાખે છે. એ સહદેવને ત્રિકાળજ્ઞાની કહો, જોશી કહો કે વૈદ્ય કહો — એ સર્વ પાંડવોના આ નાનકડા ભાઈની બુદ્ધિને સોંપેલાં છે. સર્વ મોટાભાઈઓ દ્રવ્યના વિષયમાં પોતાના આ નાના ભાઈને પ્રથમ પૂછીને પછી પોતાની વાત કરે છે. સહદેવ ગણીગણીને વાત કરે છે.

'He is a cool *calculator* - just like a merchant .'

વીરરાવ ખડખડીને હસી પડ્યો —'હા હા હા હા — વાણિયાને વાણિયો ગમ્યો Yes, but I admit he must be consulted and

obeyed too by rash men like myself. Go on, Mr. Pravindas, I am really thankful . '

પ્રવીણદાસ — 'આ પાંચે ભવનની પાછળ પાંચે પાંડવના ભવનમાં જવા-આવવાનાં દ્વારવાળું પાંચાલીભવન છે. એ પાંચાલીનું અંત: પુર છે, શૃંગારભવન છે. It is our People's Hall . પ્રજાના સર્વ વર્ગને મહારાજ સાથે ગુપ્ત મંત્ર કરવાનું આ ભવન છે. અમારા રાજાપ્રજાના સમાગમ, 'લેવીઓ', 'ઇવનિંગ પાર્ટીઓ' આ ભવનમાં જ ભરાય છે. અમારી પ્રજાના સર્વ વર્ગના ઉત્સાહ અને અભિલાષ આ જ ભવનમાં મહારાજ પ્રીતિથી જાણી લે છે અને પાંડવો પાસે તે સફલ કરાવે છે. સહદેવના ભવનની જોડે, પાડુંભવન સામે, ધૃતરાષ્ટ્રભવન છે. એ 'રાજશરીર'ની મૂર્તિનું ભવન છે. પાંડવો જેમ પાંચાલીની ચિંતા કરે છે તેમ કૌરવો રાજશરીરની ચિંતા કરે છે અને કોરવભવનોમાં તેની જ ચિંતા થાય છે. ધૃતરાષ્ટ્ર જાતે અંધ છે — રાજામાત્ર લોકના અંત:પ્રવાહ જોવાને અશક્ત છે માટે જ રાજા ચારચક્ષુ * કહેવાય છે. અંધ ધૃતરાષ્ટ્રને સંજયરૂપ ચાર છે, તે પાંડવકૌરવના સર્વ વર્તમાન એકલા ધૃતરાષ્ટ્રને વિદિત કરે છે. સંજય એકલું ચારકર્મ કરતો નથી પણ પ્રજાને અર્થે કૌરવપાંડવોનાં પરાક્રમ તટસ્થ રહી દેખે છે અને રાજ્યનીતિ અને રાજનીતિના સર્વ પ્રપંચોના પ્રવાહને આદિથી અંત સુધી પ્રત્યક્ષ કરે છે અને ધૃતરાષ્ટ્ર પાસે પ્રત્યક્ષ કરાવે છે. He is, like the phonograph, an apparatus for recording and reporting the spiritual and the physical voices that fill all atmosphere in the State — like your journals and newspapers. He is the king's Binocle and Fieldglass .

બ્રાહ્મધર્મ પ્રકટ છે, પણ વૈશ્યકળા કોઈ પણ પુસ્તકમાં નથી. માટે વૈશ્યપ્રજાના ગુપ્ત મંત્ર સમજાવનાર વૈશ્યપુત્ર યુયુત્સુને સ્વપુત્ર કરી ધૃતરાષ્ટ્ર પોતાની પાસે રાખે છે. પતિ કરતાં પત્ની વધારે દેખે તો *अबला प्रबला* થાય તે રાજતંત્રમાં ઉચિત નહીં માટે ગાંધારી અંધ પતિની જોડે અંધ થવા આંખે પાટા બાંધે છે. રાણીનું આ પતિવ્રત છે. રાજાના શરીરનો વંશ અજરામર રાખવાનું શતપુત્રવાળા ધૃતરાષ્ટ્રને માથે છે. તેને સો પુત્રો માગેલા મળ્યા તે તેના ભાયાતો જ સમજવા. બાકી રાજા જાતે ગાંધારીને — એક પત્નીને — વરેલો. તે નિયમ આ રાજ્યમાં પળાય છે. સર્વ કૌરવભવનોમાં એકેક ભયાસન છે. તેમાં તે ભવનના અધિષ્ઠાતાનું ભય જોવાય છે. ધૃતરાષ્ટ્ર વશ વધારનાર છે તેને વત્સલતાનું ભય છે. દુર્યોધનની દુર્નીતિનું ભવિષ્ય તેના જન્મપ્રસંગે ધૃતરાષ્ટ્રને જણાવવામાં આવ્યું હતું. દ્રૌપદીવસ્ત્રહરણ પ્રસંગે તેણે તે પુત્રની દુષ્ટતા પ્રત્યક્ષ કરી. શ્રીકૃષ્ણ યુદ્ધપ્રસંગ અટકાવવા પાંડવો પાસેથી આવ્યા ત્યારે પણ તેમ જ થયું. ત્રણે જુદા જુદા મહાત્માઓએ ધૃતરાષ્ટ્રને કહ્યું કે તારા પુત્રનો નાશ કરવો અને કંઈ નહીં તો ત્યાગ કરવો જ એવો તારો રાજધર્મ છે. પણ એક્કે પ્રસંગે

વત્સલ પિતા તે ઉપદેશ માની શક્યો નહીં. પાંડવપક્ષનો વિરોધ કરનારા દુષ્ટ પુત્રને શાસન કરવામાં જે પિતાની વત્સલતા આડે આવશે તે ધૃતરાષ્ટ્રની દુર્દશા પામશે એવો એ ભવનના ભયાસનનો ઉદ્દેશ છે. તે દુર્દશાનાં બીજ ઊગતાં નષ્ટ કરવા મહારાજ પ્રયત્ન કરે છે. ધૃતરાષ્ટ્રે ધર્મરાજ ઉપર કરેલી અસૂયાનો ભય આ વત્સલતાનું અંગ છે. હવેનાં ભવન શંકરશર્મા સમજાવશે.'

શંકરશર્મા — 'બીજું દુર્યોધનભવન સામે દેખો છો. રાજશરીર ધૃતરાષ્ટ્ર; તેના પ્રથમ પુત્ર જેવો રાજનય દુર્યોધન અથવા સુયોધન છે. રાજાના શરીરને પ્રકૃતિપુરુષોમાં અને પ્રજામાં પ્રતિષ્ઠા આપનાર વસ્તુ રાજનય છે.

दुरोदरच्छद्ममजितां समीहते

नयेन जेतुं जगतीं सुयोधनः।

અર્જુનમાં જેમ નીતિ અને ક્રિયા પ્રજાર્થે છે તેમ દુર્યોધનમાં નીતિ અને ક્રિયા રાજશરીરને અર્થે છે. અર્જુન રાજ્યનીતિ — Statesmanship -માં કુશળ છે તો દુર્યોધન રાજનીતિ — diplomacy માં કુશળ છે. રાજનીતિની ત્વરાને લીધે પાંડવનો મામો છતાં શલ્ય જેવો મહારથી દુર્યોધનના પક્ષમાં આવ્યો. શઠવર્ગને વશ કરવાને માટે શકુનિ જેવો મંત્રી એણે શોધ્યો — Set a thief to catch a thief ની નીતિ આ શોધમાં વપરાઈ. કર્ણ જેવા દાતાની આ રાજનયે સંગ કર્યો અને સર્વ શક્તિઓમાં વડી શક્તિ જે ઉદાર દાતાનો તેના ફળથી મહાબળવાન કર્ણ દુર્યોધનના પક્ષમાં પડ્યો. બ્રહ્મતેજ, બ્રહ્મવિદ્યા અને બ્રહ્મશસ્ત્રના સ્વામી દ્રોણાચાર્ય અને અશ્વત્થામા જેવા બ્રાહ્મણોને લોબાવી આશ્રય આપવાની નીતિ પણ દુર્યોધનની હતી. ભીષ્મપિતામહનું બળ પણ એ જ રાજનીતિને વશ રહ્યું. દ્રોણ અને ભીષ્મ પાંડવના ભક્ત હતા છતાં દુર્યોધનની નીતિએ દ્રવ્યબળથી તેમને સેવક કરી દીધા હતા. 'શું કરીએ? અર્થ વડે અમને દુર્યોધને ભરપૂર કર્યા છે એટલે અધર્મના પક્ષની સેવા કરવી એ જ અમારો ધર્મ થયો છે' — એ વાક્યનો આ જ્ઞાની પુરુષોને ઉદ્ગાર કરવા વારો આવ્યો તે દુર્યોધનની રાજનીતિને બળે. વિરાટનગર પાસે ભીષ્મ, દ્રોણ અને કર્ણ એકઠા મળી લડ્યા ત્યારે કૃષ્ણ વિનાના એકલા અર્જુને તેમને હરાવ્યા. પણ દુર્યોધનની રાજનીતિએ તેમના જ કર્ણ ફૂંક્યા ત્યારે એમાંના એકેકા વીરે કૃષ્ણ સાથે નીકળેલા અર્જુનને હંફાવ્યો. ભીષ્મ, દ્રોણ, કર્ણ, શકુનિ અને શલ્ય જેવા મહારથીઓને પોતાના પક્ષમાં આટલા બળથી લઈ શકનાર આવી રાજનીતિ રાજાઓને યોગ્ય છે. પોતાના સો ભાઈઓ-ભાયાતો-ને પક્ષમાં લઈ તેમનું પોષણ કરનાર, તેમનું બળ વધારનાર, તેમને વિદ્યા અપાવનાર રાજનીતિ પણ દુર્યોધનની છે. ભાઈઓ ને ભાયાતો, ઘરના વૃદ્ધ બહારના શૂર, બહારની વિદ્યા અને રંક ગૃહમાં પડેલું કર્ણરત્ન, એ સર્વને શોધી આશ્રય અને પોષણ આપનાર રાજનીતિનો અધિષ્ઠાતા દુર્યોધન પાંડવોથી

જિતાયો તેનું કારણ યોગેશ્વર કૃષ્ણનો આશ્રય લેવાની અર્જુનની નીતિ. દુર્યોધન અને અર્જુન એક પક્ષમાં હોય તો તો અજેય જ થાય. એવી એવી નીતિના વિચારાચારનાં આસન જોડે દુર્યોધનભવનનું ભયાસન જુઓ. પાંડવ અને પાંચાલીની સેવા કરવાને સ્થાને તેમનો વિરોધ કર્યો અને તેમને દુ:ખ દીધું અને રાજનીતિ પાપમાર્ગે વળી એ રાજનય દુર્યોધનનું મુખ્ય ભયસ્થાન. પાંડવોની યુદ્ધગીતા એવી હતી કે *'યુધ્યધ્વ - મનહંકારા:'* ત્યારે દુર્યોધને છેલ્લે સુધી અહંકારને જ સ્વીકાર્યો છે અને કોઈની વાત સાંભળી નથી, એ એનું બીજું ભયસ્થાન. આ 'અહંકાર' એટલે કેવળ ગર્વ નહીં પણ 'હું' પણ એ જ દુર્યોધનના દુર્મન્ત્રિતનું સૂક્ષ્મ ન્યગ્રોધબીજ અને એ જ તેનું ભયસ્થાન. A King has not rights for his own personal interests and enjoyment. If he thinks, he has them, he vitiates the whole policy of the State, and is unfit as Duryodhana to rule a people . જે જંઘા ઉપર આધાર પામી આ રાજનયનું અંગ ટકે છે અને ગદાયુદ્ધ કરે છે તે જંઘા ઉપર અંતે ભીમની ગદા પડશે અને રાજનયને પડતો મૂકી રાજ્યનય રાજ્ય કરશે. પોતાનાં સર્વ મોંઘાં સાધનનો નાશ જોયા પછી અંતે એકલું પડી આ રાજનયનું ખાલી થયેલું ખોખું નાશ પામશે. અર્જુન અને ભીમનો પ્રતાપ તેને જોવો પડશે એટલું જ નહીં, પણ ધર્મને ઠગી દુર્યોધને વશ કરેલા શલ્યને ધર્મ જ મારશે, અને સહદેવ જેવા પ્રાજ્ઞને હાથે શકુનિ જેવો દ્યુતખેલક મંત્રી નાશ પામશે. તે સર્વ જોયા પછી દુર્યોધનનું ખોખું પડશે. The chicaneries and knaveries, the jobberies and the manoeuvrings, and bunglings of diplomatic gamblers, in promotion of mere personal ends, must eventually fall under the persistent hammer of the cool and calculating wisdom of patriotic heads whether wearing the crown or not . દુર્યોધનરૂપ રાજનય પોતાના અનેક નામવાળા અનેક ગુણવાળા સો ભાઈઓમાંથી જે ભીમની ગદાથી બચશે તેનો નાશ ચિત્ર માર્ગ જાણનારા નકુળને હાથે થશે તે પણ દુર્યોધન જોશે. The spirit of Aesthetics and Arts will stultily the one hundred cadets and military rulers fallen under the evil grip of an ominous Self-centred Policy. They will be metamorphosed by the policy of Nakula from the bodies of dangerous cadets and rowdy soldiers into those of peaceful and virtuous citizens .

આ પછી રાજાની દંડશક્તિરૂપ દુ:શાસનનું ભવન. રાજ્યના ખરા અધિકારીઓ પાંડવોની સેવા કરવાને સાટે દુર્યોધનને માની પાંચાલીનાં — પ્રજાનાં — વસ્ત્ર કેશ ખેંચનાર આ દુષ્ટને ભીમની ગદાનો ભય છે અને વેરથી ભીમ તેનું રુધિર પીશે. The Spirit of Power and Protection raised by the Hand Divine for the service of the nation will one day kill this imp of brute physical force, this minion of

military and regal Power, and will, to set an example, drink his blood like a Spirit of Retribution, if not revenge. Let rulers beware !

આ પછી કર્ણભવન અર્જુનભવનના સામું છે. એ દાનશક્તિનું સ્વરૂપ છે. દાનશક્તિનો જન્મ પાંડવોની જ માતાથી છે. જે રાજામાં આ શક્તિ નથી તે નપુંસક છે. જે રાજામાં આ શક્તિની સીમા હશે તે રાજા મૂર્ખ હશે કે દુષ્ટ હશે તો પણ આ શક્તિને પ્રતાપે ઘણી વાર ટકી શકશે. એને ભય માત્ર એટલો કે કૃષ્ણ જેવા સારથિને લઈ અર્જુનનો રથ સામો હશે ત્યારે કર્ણનો નાશ સમજવો. એના ગુણદોષ સંભળાવતાં પિતામહે એના દોષ કહેલા છે કે

અકસ્માત્પાણ્ડવાન્ સર્વાનવક્ષિપસિ સુવ્રત//

જાતોऽસિ ધર્મલોપેન તતસ્તે બુદ્ધિરીદૃશી/

નીચાશ્રયાન્મત્સરિણી દ્વેષિણી ગુણિનામપિ//

જો આટલા અવગુણ ન હોત તો કર્ણના બાકીના ગુણ મોટા છે.

જાનામિ સમરે વીર્યં શત્રુભિર્દુઃસહં ભુવિ//

બ્રહ્મણ્યતાં ચ શૌર્યં ચ દાને ચ પરમાં સ્થિતિમ્/

ન ત્વયા સદૃશઃ કશ્ચિત્પુરુષેષ્વમરોપમ//

The power of generous gifts, patronge and munificence, is the greatest preogative of the Crown. A policy that relies upon the power of its generous hand, will only fail where it marches against the combined forces of the Progressive and just principles of Public Weal or degenerates into vanities and jealousies.

તે પછી તમે ગુરુભવન દેખો છો. એમાં દ્રોણાચાર્ય અને અશ્વત્થામાની પ્રતિષ્ઠા છે. વિદ્યાને વિદ્યારૂપે અને કલાને કલારૂપે સાધે, જાતે તેનો ઉપયોગ કરે નહીં, અને તે વિદ્યા અને કલાનો ઉપયોગ કરી શકનારને તેનો ઉપયોગ શીખવે — એ ગુરુ, એ બ્રાહ્મણ: પછી તેને યજ્ઞોપવીત હો કે ના હો. આર્મસ્ટ્રોંગ અને ક્રપ જેવા તોપોના રચનારા આ ન્યાયે બ્રાહ્મણો જ ગણવા. જો આવા બ્રાહ્મણો જાતે યુદ્ધમાં ભળે અને અશિક્ષિત જગત ઉપર પોતાનાં દિવ્ય અસ્ત્ર પ્રહરે તો અધર્મ થાય અને જગતનો નાશ થાય. આ દેશના બ્રાહ્મણોમાં ધર્મથી શસ્ત્રગ્રાહી માત્ર પરશુરામ થયા છે અને ધર્મકાર્ય

આટોપી રહ્યા પછી એમની ક્ષાત્રશક્તિ પણ નવા અવતારના તેજથી રામાવતારમાં અસ્ત થઈ. દ્રોણ જેવાના સંગ્રહથી જ અર્જુનને અસ્ત્રવિદ્યા પ્રાપ્ત થઈ, માટે સર્વ આયુષ્ય વિદ્યાના ઉપાર્જન અને દાનમાં ગાળનાર ગુરુજનનો સંગ્રહ તે રાજનીતિનું એક ઉત્તમ કાર્ય છે. પણ એવા બ્રાહ્મણો ગુરુત્વ મૂકી યુદ્ધમાં પ્રવર્ત્યા તે પણ ક્ષાત્રના નાશ માટે, તે પણ અર્જુન જેવા શિષ્યના દ્રોહને અર્થે, તે પણ ધર્મ સામે અધર્મની સેવાનિમિત્તે — ત્યાં એ ગુરુજનનો નાશ કરવા, અર્જુનનો અતિધર્મ ન ગણકારી, કૃષ્ણસંકેત થયો. When learning abuses its functions and lends its strength to help Wicked policies, the Angel of Divine Wisdom must hold up his aegis to protect the Spirit of Progress and, if that Spirit has pious scruplesagainst self-protection, then, to create new agencies for the purpose . અર્જુન તો ગુરુહત્યા કરે નહીં ત્યારે દ્રોણનો નાશ કેમ થાય? બ્રાહ્મણ શસ્ત્ર ધરે અને ક્ષાત્ર કરતાં વધારે પરાક્રમ કરે. પણ બ્રાહ્મણ થયેલું હૃદય ક્ષાત્ર નહીં થાય. શસ્ત્રગ્રાહી બ્રાહ્મણનું આ મર્મસ્થાન. 'પુત્ર મૂઓ' એ સમાચારથી ક્ષત્રિય જ્યાં અસ્ત્ર ત્યજે નહીં ત્યાં તે બ્રાહ્મણ દ્રોણે ત્યજ્યાં. That is the weak point in a Brahmana. His heart is soft there . યુદ્ધકાળે અનેક ઋષિઓ રણક્ષેત્રમાં આવ્યા અને અધર્મને અર્થે કરવા માંડેલું યુદ્ધ પડતું મૂકવા દ્રોણને સૂચના કરી. Can a Brahmana's heart resist an appeal to the eternal principles of Dharma and knock off scruples that his higher nature projects before his eye ? - એ ઋષિઓની સૂચનાએ દ્રોણનું હૃદય કંપાવ્યું. એ અવસ્થાએ શીર્ણ કરેલા બ્રહ્મવૃક્ષને ધૃષ્ટદ્યુમ્ને તોડી પાડ્યું. જે અગ્નિકુંડમાંથી પાંચાલી પ્રગટ થઈ હતી તે જ અગ્નિકુંડમાંથી ધસી નીકળેલા અથવા ધૃષ્ટતાવાળા પ્રકાશવાળો ધૃષ્ટદ્યુમ્ન ક્ષત્રિયના ઘરમાં પ્રગટ થયો તે બ્રાહ્મણત્વનો દુરુપયોગ કરનાર ગુરુજનને હણવા માટે. He is the Spirit of Audacious Leght-bold Refrom-born of Burning Flames to destroy the overgrowth of Learning's Power where this power is exerted on behalf of the Regal power and aginst the Angel of Progress and his brothers. દ્રોણને ભીમસેને વાક્ય વડે ગદા મારી કહેલું છે કે:

યદિ નામ ન યુધ્યેરન્ શિક્ષિતા બ્રહ્મબન્ધવ:।

સ્વકર્મભિરસંતુષ્ટા ન સ્મ ક્ષત્રં ક્ષયં વ્રજેત્।।

જેમ શૂદ્રાદિને બ્રાહ્મણનાં કર્મ નિષિદ્ધ છે તેમ બ્રાહ્મણને ક્ષત્રિયોનાં કર્મ નિષિધ છે. તે નિષેધ ન માનનારને શિક્ષા છે. Bhima bears no infringement of Duties and Discipline .'

એ જ ભવનમાં અશ્વત્થામાનો પણ સમાસ છે. બ્રાહ્મણ વૈરનો પ્રેર્યો શું શું અનિષ્ટ અને અધર્મ્ય કર્મ કરી બેસે તે જાણવું હોય તો અશ્વત્થામાનાં કર્મ જોવાં. *साक्षरा विपरीता राक्षसा भवन्ति* તેનું એ દૃષ્ટાંત છે. એ બ્રાહ્મણને શ્રીકૃષ્ણનું ચક્ર લેવાનો દુષ્ટ લોભ થયો હતો. એણે નારાયણશાસ્ત્ર અને બ્રહ્માસ્ત્રનો પાંડવો સામે દુરુપયોગ કર્યો. એ અસ્ત્રનાં રહસ્ય જાણનાર શ્રીકૃષ્ણે તેનો પ્રતિકાર અર્જુન પાસે કરાવ્યો. જ્યારે રાજ્યસાગરમાં તોફાન જાગે અને કૌરવો બ્રાહ્મણ પાસે બ્રહ્માસ્ત્ર ફેંકાવે એટલે બ્રહ્મતેજની જ્વાલાઓ પાંડવો સામે બ્રાહ્મણ પાસે ફેંકાવે ત્યારે ક્રિયાવાન્ અર્જુને તેવું જ અસ્ત્ર ફેંકવું એટલે એ જ્વાલાઓ સામે એવી જ જ્વાલાઓ ફેંકવી જેથી સ્વજાતીય જ્વાલાઓ એકબીજામાં શાંત થશે. When the sacerdotal and learned classes yield to being set up in sectarian Spirit against the hath of what is right and progressive in the State and among the people, the Spirit of Progress may as well raise counter-sects and break the force of the former by allowing them to dash against the latter. This is meeting Brahmastra with Brahmastra. It is what we in these days would call setting up journals against journals and congresses against congresses in order to further the cause of Progress and thresh out superior results . બ્રાહ્મણો સામે બ્રાહ્મણ ને શાસ્ત્ર સામે શાસ્ત્ર.

પણ અશ્વત્થામાં બ્રહ્માસ્ત્ર ન ફેંકતાં માત્ર નારાયણાસ્ત્ર જ ફેંકે તો તેના સામે ન થતાં તેની જ્વાલાને અપ્રતિહત બળવા દેવી એટલે એ તેજ જાતે જ શાંત થશે. બ્રાહ્મણો જાતે તોફાન કરવાનું મૂકી દઈ અને પોતાનાં શાસ્ત્રશસ્ત્ર પડતાં મૂકી માત્ર જગન્નિયંતા શ્રીનારાયણને નામે નારાયણના ધર્મશાસ્ત્રનું તેજ પાંડવો સામે પ્રકટ કરે ત્યારે તો નીતિમાન્ અર્જુને માત્ર તેને જોયાં જ કરવું અને તે તેજની જ્વાલાઓને પ્રકટ થવા દેવી ને તેનો પ્રતિરોધ કરવો નહિ એટલે ધર્મની સેના કેણી પાસ છે અને અધર્મની કેણી પાસ છે એટલું બતાવી તેજ જાતે જ શાંત થઈ જશે, અને તેનાથી માત્ર ધર્મપક્ષનું જ પ્રકટીકરણ થશે. This is the weapon of Divine Learning. The flames of Divine Learning can never hurt the cause of Righteousness if they are allowed to burn themselves away unopposed, for they can only show where Righteousness is and where it is not. Opposition makes them more critical and searching. These flames can only be fanned and rendered more iresistible by such opposition; while left to themselves they pass away into the lights of Nature and leave no vangage to those that had generated them .

દુષ્ટ અશ્વત્થામાને શિક્ષા એટલી જ થઈ કે તેના મસ્તકનો મણિ લઈ લેવામાં આવ્યો અને મસ્તકમણિહીન ચિરંજીવ થઈ આજ સુધી જગતના શૂન્ય દેશોમાં એ ક્વણન કર્યાં કરે છે. * મસ્તકનો મણિ તે ઉત્તમાંગમાંના બ્રહ્મરંધ્રમાંનો સદ્‌બુદ્ધિરૂપ પ્રકાશ. બ્રાહ્મણને એનાથી પ્રિયતર શું? હું ધારું છું કે અશ્વત્થામા આવા રૂપમાં આજકાલના બ્રહ્મબંધુઓની જિહ્વા દ્વારા ક્વણે છે — તેમના પૂર્વજોના મસ્તકમાંનો અર્થજ્ઞાનરૂપ મણિ હવે આજના બ્રાહ્મણોના મસ્તકમાં નથી અને જેની તેની જીભે માત્ર જ્ઞાન સિવાયના ઉદ્ગારનું ક્વણન ચિરંજીવ જણાય છે — તે જ શ્રીકૃષ્ણનો શાપેલો અશ્વત્થામાં છે.

હવે પિતામહભવન એ છેલ્લું છે. He is the Spirit of the Traditions, Experience and Wisdom of Ages . પિતામહ એ પુરાણ અનુભવની મૂર્તિ છે. એમનું જ્ઞાન, એમની નીતિ અને એમના સદ્ગુણોમાં આ દેશની આશા છે. પણ અધર્મનો રાજનય જ્યારે તેને અધર્મના યુદ્ધમાં આગળ કરશે ત્યારે યોગેશ્વર કૃષ્ણ પ્રતિજ્ઞા મૂકી શસ્ત્ર ધરશે ને ક્રિયાવાન્ અર્જુનને ધૃતરાષ્ટ્ર કરશે અને કન્યાશરીરમાંથી પુરુષશરીરરૂપે પ્રગટ થયેલા શિખંડીને આગળ કરી વિચિત્ર વ્યૂહ રચશે. શિખંડીના સામા પિતામહ મનસ્વિતાથી અસ્ત્રપ્રહાર નહીં કરે અને શિખંડીની પાછળથી આવતાં બાણોને વશ થશે. જે દેશમાં પિતામહ છે ત્યાં પિતામહની રુચિઅરુચિ કેવળ બુદ્ધિને વશ ન રહેતાં અન્ય અભ્યાસ અને અધ્યાસને વશ રહે એવા પ્રસંગ પણ આવે છે. પિતામહે દેશના અને ધર્મના કલ્યાણને અર્થે પ્રવર્તવું જોઈએ તેમ ન કરતાં કૌરવને આશ્રય આપી અર્જુનનો માર્ગ રોકે ત્યારે નીતિમાન્ અર્જુને એટલું જ કરવું કે પિતામહના મનમાંના જ કાંઈક એવા શિખંડી જેવા અભ્યાસ અને અધ્યાસ શોધી કાઢવા કે તેના સામું યુદ્ધ કરવાથી પિતામહ નિવૃત્ત થાય અને શરશય્યામાં પડે. The Spirit of Tradition is invincible. But find out an apparition of some of the vagaries that are haunted by this Spirit and unman his heart and keep yourself shooting from behing the apparition. The Spirit of Tradition will then lie prostrate upon a bed of arrows piercing his body through a thousand new holes . અનુભવથી રૂઢ અને સિદ્ધ થયેલા જ્ઞાનના દેહમાં આ વિધિથી અનેક છિદ્રો પડે છે. પણ પિતામહના આટલા આયુષ્યનો પરમ લાભ લેવડાવે છે. શાંતિપર્વ અને અનુશાસન પર્વ જેવી મંજૂષાઓમાં ભરેલા ગંભીર, ઉદાત્ત અને પરમબુદ્ધિથી શોધી સંસ્કારેલા અનુભવરત્નોના અક્ષયભંડાર પિતામહ પાસેથી લઈ લઈ યુધિષ્ટિર રાજા રાજ્યના અને પ્રજાના પરમ ક્ષેમના આધાર થયા. What rare wisdom is stored up in the tradition and customs of our nation? While not yielding to what is wrong and rotten in them, it is worth our while to see that we do not allow them to pass away from our

midst before some wise and impartial souls extract the store which the Spirit has preserved so long and is only too willing to hand over to fit and willing souls. In this hall of this Grandfather-Spirit, we try to sit as his apt pupils with His Highness at our head and ever jealous when the Spirit seems to lean in favour of the Kauravas .'

શંકરશર્માએ પૂરું કર્યું.

વિદ્યાચતુર — 'આ કૌરવભવન પાછળ વિદુરભવન છે — તે અમારા અતિથિવર્ગને અને મિત્રોને મળવાનું સ્થાન. એ અમારો Visitors and Friends hall તમે દીઠો છે. આ સર્વ ભવનો ઉપર એક માળ છે. તેમાં સૌથી પાછળ સુભદ્રભવન છે. સુભદ્રા અથવા મહિષી આસન, પરીક્ષિત અથવા યુવરાજ આસન, ધનસમૃદ્ધિ સત્તાસન, અને વિચક્ષણ જનસંબંધ આસન — એવાં ચાર આસન એ ભવનમાં છે અને એ ચારે ભદ્રના યોગથી રાજઅંગનું ને પ્રજાનું ભદ્ર કેમ વધારવું તે વિચારાય છે. તે ભવન મૂકી આગળ મનુષ્યદેહભવન, મોક્ષભવન અને ચક્રવર્તીભવન છે. ચક્રવર્તીભવનમાં સરકાર પ્રતિ અમારા આ સામ્રાજ્યના અંશરૂપે મર્મ અને અધિકાર વિચારાય છે; સરકારની નીતિ, સરકારની ક્રિયા અને સરકારના ઉદ્દેશ અને ઉપદેશ — તે સર્વના સંગ્રહ અને વિચાર થાય છે; અને સરકારના મોટા અધિકારીઓનો ચક્રવર્તીના અને અમારા સંબંધ પ્રમાણે સત્કારસમારંભ થાય છે. મોક્ષભવનમાં ચાર આસન છે. ધર્મ અને ભક્તિથી નિર્વાણ, મોક્ષથી નિર્વાણ, રણક્ષેત્રથી નિર્વાણ અને મૃત્યુના અન્ય માર્ગ, એવાં આસનો આ ભવનમાં છે અને મધ્યભાગે કોઈ જીવમુક્ત મહાત્મા આવે તેને માટે વ્યાસાસન છે. ત્રીજું ભવન મનુષ્યદેહભવન છે. તેમાં રાજદેહ, રાજ્યભ્રષ્ટ મનુષ્યદેહ, કારાગ્રહાયુષ્ય અને ઉત્તરાશ્રમાયુષ્ય — એવાં ચાર આસન છે.

સર્વથી છેલ્લું આ આપણે બેઠા છીએ તે કુરુક્ષેત્ર — અમારો 'કાઉન્સિલ હૉલ' છે. મધ્યે આ વૃદ્ધ મહારાજ મલ્લરાજની મૂર્તિ આ સ્તંભ ઉપર તમે દેખો છો. સ્તંભની ચારે પાસ આ રાજ્યના ભૂતઇતિહાસનાં સ્મારક ચિત્ર છે. મહારાજમૂર્તિના હાથમાં આ ચક્ર ફરે છે. જેટલાં આ ભવન છે તેટલા દાંતા આ ચક્રને છે અને દરેક દાંતામાંના દૂરદર્શન કાચથી એકેકું ભવન પ્રત્યક્ષ થાય છે. ચક્ર એ આ રાજ્યવેધશાળાનું વેધદર્શક યંત્ર છે. આ પવિત્ર મૂર્તિની પાસે મંત્રીમંડળસહિત બેસી મહારાજ રાજ્યકાર્યના વિચાર કરે છે અને પિતાનાં યોજેલાં ભવનોમાંથી એક પણ ભવન અને એક પણ આસનનો ઉપદેશ ભુલાય નહીં તે વિશે સાવધાન રહે છે.

ચંદ્રકાંત — 'ત્યારે આ ક્ષેત્રના અને ભવનોના ઉદ્દેશમાં કાંઈ ફેર છે?'

વિદ્યાચતુર — ‘અમારે સર્વને માટે પ્રસ્તુત કાર્યને સંબંધે ભેગા વિચાર કરવાને કુરુક્ષેત્ર છે. મહારાજના એકાંત વિચારને માટે, એકાંત કાર્યને માટે અને એકાંત અભ્યાસ માટે — for self-training - સર્વ ભવનો છે. એ સર્વમાંનાં વર્ગીકરણ તમે જોયાં. રાજ્યકાર્યમાંનો એક પણ વિષય મહારાજની દૃષ્ટિ બહાર રહે નહીં. વિષયને લગતા ઉદ્દેશ, ઉપદેશ પુસ્તકશાળાઓ, અનુભવશોધન અને મહારાજના પોતાના પ્રસંગભૂત વિચાર — એ સર્વના સંગ્રહનાં પણ વર્ગીકરણ કરી આ ભવનોમાં રાખેલાં છે. We have found out and developed the classifications of Vyasa sufficiently for our purposes .’

ચંદ્રકાંત — ‘ઇતિહાસ ગણાતા કાવ્યમાંના પાત્રવર્ગને રૂપકરૂપ કર્યાથી તમારે શિર નાસ્તિકતાનો અપવાદ આવતો નથી?’

વિદ્યાચતુરે સ્મિત કર્યું. ‘પાંડવો અને કૌરવોને ઐતિહાસિક પુરુષો ગણવા નહીં એવું કહેવાનો ઉદ્દેશ અમે રાખતા નથી. તેવા પુરુષ થઈ ગયા હો કે ન હો એ શોધ કરવી એ તમારા જેવાનું કામ છે. મહાકવિએ ઇતિહાસ સાથે રૂપક પણ કેમ મૂક્યાં ન હોય? વ્યાસજીનાં મૂકેલાં બીજનું વર્ગીકરણ કરી વૃદ્ધ મહારાજે આ બોધ અને રમ્યતાનું સ્થાન કરેલું છે.’

વીરરાવ — ‘મહારાજને બોધ અને સુંદરતા તેમ આશ્વાસન પણ આ સ્થાને જ મળવું જોઈએ.’

વિદ્યાચતુર — ‘ધર્મભવનનો હેતુ જીવતાં સ્વર્ગ આપવાનો જ છે. યોગાસન આગળ શ્રીકૃષ્ણનો ઉપદેશ છે:

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन।।

આ ઉપદેશ સર્વ ક્રિયાઓને કાળે સ્વસ્થતા અને આશ્વાસન આપે છે. મનુષ્યદેહભવનમાં જઈ મહારાજ સર્વ અવસ્થાઓ માટે તત્પર રહે છે. ચક્રવર્તીભવનમાં જઈ રાજ્યધર્મના સહાયરૂપ સરકારને દેખે છે અને સરકારના વર્તનમાં દોષ હોય તેનો અન્યભવનોમાં વિચાર કરી, આ કાઉન્સિલ હૉલમાં સિદ્ધાંત ઉપર આવે છે અને તે પ્રમાણે નિર્વાહ કરવા મંત્રીઓને આજ્ઞા કરે છે. તે પછી ફળસંબંધે પોતાનો અનધિકાર સ્વીકારી મનુષ્યદેહભવન અને મોક્ષભવનમાંથી આશ્વાસન અને સ્વસ્થતા પામે છે. ભૂતકાળના મહાત્માઓનું અનુભવમૂલક પણ ચમત્કાર ભરેલું બુદ્ધિજ્યોતિ પ્રત્યક્ષ કરી તદ્રૂપ થવાનો ઉત્સાહ અહીં મહારાજ સપક્ષ કરે છે અને ભવિષ્ય માટે સંભારનો સંગ્રહ કરે છે. Here His Highness provides a kindergarten to study what Bacon called ‘The Wisdom of the Ancients’ and here we also lay the germs for the evolution of a brigther, benigner future for our State and subjects .’

વીરરાવ — 'મારો કઠોર વિનોદ જતો રહ્યો અને પ્રધાનજી હું પણ તમારી વાતનો વધારે વિચાર કરતાં વધારે આશ્વાસન પામું છું. it is true, your Highness, what Pradhanji says. It is of no use leading a fidgety life and be mourning and grumbling over things over which we have no control .'

ચંદ્રકાંત — 'મહારાજ માળાના જ જપનો જે સામાન્યને ઉપયોગ છે એવી જાતનો પણ એથી અનેકધા ઉચ્ચ આશ્વાસક અને પવિત્ર ઉપયોગ આ અનેક ભવનોનાં આસનોના વિચારની આવૃત્તિથી થાય છે. શોધ, ઉપદેશગ્રહણ, અનુભવ, વિદ્યા, બુદ્ધિ, નીતિ, શાસ્ત્રો, પુસ્તકો, વિચાર અને ક્રિયા વડે યથાશક્તિ પ્રયત્ન કરી પ્રજાનું કલ્યાણ આપ કરી શકશો. અને કોઈ વાતમાં તેનું કલ્યાણ નહીં કરી શકો તો પણ તેમ કરવાનો આપનો પોતાનો પ્રયત્ન સંપૂર્ણ થયો એટલે બાકીના પરિણામ માટે આપને હાથે કાંઈ બાકી રહેતું નથી. એટલાથી આપની કૃતકૃત્યતા છે.'

વીરરાવ — 'My friend is practically blessing your Highness without seeming to do so. It is a political way of doing it but I do not complain of it after this day's explanations of politics. I too tender unqualified apologies for the vagaries of my ધૃષ્ટદ્યુમ્ન and join in blessing your Highness openly and definitely though in less refined terms .'

ચંદ્રકાંત — 'મહારાજ આપને અમારે માટે આજે ઘણો શ્રમ પહોંચ્યો છે. આપની સુજનતા તો સુપ્રસિદ્ધ છે જ. પણ આજે મહાભવનમાં આપના ઉચ્ચગ્રાહનું દર્શન પામી અમે આપના ઉપર કંઈ અન્ય પ્રીતિ જ અનુભવીએ છીએ.'

વીરરાવ — '1 say' 'Ditto' to all that has fallen from my friend's lips .'

મણિરાજ — વીરરાવ રાજદેહનાં દર્શન મનુષ્યદેહવાળાને જેટલાં દુર્લભ નથી એટલા મનુષ્યદેહના સંચાર અને વ્યવહાર રાજદેહવાળાને દુર્લભ છે. આથી આપના જેવા સાક્ષરોના વિચારઆચારનું દર્શન કરવા મને ઘણી આતુરતા રહે છે. અંત:કરણ અને મુખનાં દ્વાર તમારા કુટુંબ આગળ ઉઘાડાં રાખો છો તેમ જ મારી પાસે ઉઘાડો છો તે મારા મનને નવું જ દર્શન છે અને નવો જ આનંદ આપે છે.

વીરરાવ — 'મારે કહેવું જોઈએ કે આપના જેવા ઉચ્ચગ્રાહ ઘણાક રાજાઓ રાખી શકે તો શંકરશર્મા અને પ્રવીણદાસનાં સ્વપ્ન કંઈક અંશે ખરાં પડે અને અંગ્રેજને હાથે દેશી રાજસ્થાનનો નવો ઉદ્ધાર થાય.'

શંકરશર્મા — 'વીરરાવજી આટલું સ્વીકારે તે આ રાજ્યને ઓછું આશાજનક નથી.'

ચંદ્રકાંત — 'મહારાજ બીજા રાજા આપના જેવા થાય કે ન થાય, પણ આપ તો ખરો રાજધર્મ યથાશક્તિ પાળવા પ્રવૃત્ત છો અને આપનો ધર્મ આપની ઉચિત પ્રવૃત્તિથી જ સમાપ્ત થાય છે તો તે પછી જગત ઊંધુંચત્તું થાય તેની સાથે આપને લેવાદેવા નથી. આપની આશાઓ, ઉત્સાહો અને સ્વસ્થતા — એ સર્વ જોઈએ તેટલાં છે. જે બોધ, અનુભવ અને ક્રિયાને શોધો છો તે શોધ આ મહાભવનથી સફળ થશે એટલે દેશી રાજ્યમાં રાજ્યનય — True Statesmanship - થી જેટલું થઈ શકે તેટલું થશે. તે થયું એટલે આપે પોતાને કૃતકૃત્ય જ માનવા. વિશેષ તો પ્રધાનજી કહે તે ખરું.'

વિદ્યાચતુર — 'વિશેષ એ કે ભોજનકાળ થયો છે એટલે હવે સર્વ તે કાળનો ધર્મ સાચવવા પ્રવૃત્તિ કરીએ.'

સર્વ વેરાયા. મણિરાજનો અંત: ખેદ અતિથિઓનાં છેલ્લાં વચનથી નષ્ટ થયો.

---

૧ . Mental design . માનસિક કલ્પના ૨ . Written design ૩ . Execution ૪ . Observatory ૫ . Gate

* Porch. Portico . બંગલાના દરવાજા આગળ અગાસી અથવા આરકા વગેરેવાળી જગા.

* ખુરશીઓ + બાંક, કોચ.

૧ . *अस्* એટલે ઉપરથી ફેંકવું - ઉપરથી ફેંકવાનું હથિયાર. ૨ . *शस्* = કાપવું - ઉપરથી કાપવાનું હથિયાર.

* પ્રાચીન.

૧ . બંદર, ફુરજો, ૨ . રેલવે ૩ . Emigration ૪ . અર્જુનનું નામ

* ચાર = છાનો દૂત, spy ; ચારની આંખે દેખે તે ચારચક્ષુ

* કણ્યાં કરે છે.

૧૨. ચંદ્ર કાંતના ગૂંચવાડા

‘મારે તે આ મલ્લભવનનું શું કામ હતું? સરસ્વતીચંદ્રની સાથે દેશી રાજ્યોની ચર્ચાને અને આ મહાભારતના અર્થવિસ્તારનો શો સંબંધ છે કે જીવતા મિત્રની શોધની ત્વરામાં આ કથાઓથી વિલંબ થાય?’ આવા વિચાર કરતો કરતો ચંદ્રકાંત સૌન્દર્ય ઉદ્યાનના કોટ ઉપર એકલો ફરતો હતો અને એક પાસનો ઉદ્યાન અને બીજી પાસ નાગરિકોના વિનોદ માટે રાખેલું ઉઘાડું ચોગાન — તે ઉપર દૃષ્ટિ ફેરવતો હતો. એના મનમાં ઘણી જાતના ગૂંચવાડા હતા. પ્રથમ એણે વિદ્યાચતુર શોધ કરશે એવી આશા રાખી હતી. બહારવટિયા, કુમુદના સમાચાર, સામંતનો મંદવાડ આદિ અનેક વિઘ્નોએ આ આશાને ખોટી પાડી. જાતે શોધવા જવા ચંદ્રકાંતે નિશ્ચય કર્યો, ત્યારે ગુણસુંદરીના સ્નેહ વ્યંજક શબ્દોએ એને શીતળ કર્યો, પણ ધારેલા શોધમાં કાંઈ પણ વધારો ન થયો. કાલ વિદુરભવનની સભામાં તો આજ કુરુક્ષેત્રની આસપાસનાં ભવનોમાં સરસ પણ પોતાના શોધમાં નિરુપયોગી ચર્ચામાં કાળક્ષેપ થઈ ગયો. સરસ્વતીચંદ્રના ઉપર આટલો સ્નેહ દેખાડનાર ગુણસુંદરી પાસે શી રીતે કહેવું કે હવે મને એકલો જવા દ્યો અને તમારા સાહાય્યની મારે અપેક્ષા નથી? આ પ્રશ્નોએ ચંદ્રકાંતને મધુર ગૂંચવાડામાં નાખ્યો અને પાઘડી નીચે હાથ ઘાલી માથું પંપાળતો પંપાળતો તે ચારે પાસ શોધવા લાગ્યો કે ચારે પાસની જડ અને ચેતન સૃષ્ટિમાંથી કાંઈ સૂચના કે સમાધાન મળે છે?

પોતે ફરતો હતો તે કોટના અગ્રભાગે બુરજના આકારની મેડીઓ હતી તેમાં ગુણસુંદરીને બેસવાની શાળાઓ હતી અને નીચે કુસુમનો લતામંડપ, જળકુંડ વગેરે હતાં. ત્યાંથી તે કોટના બીજા છેડા સુધી માત્ર અનેક વૃક્ષોના શિખરભાગ અને વચ્ચે વચ્ચે ભૂમિકાઓ દેખાતી હતી. કોટની બીજી પાસ ક્ષિતિજમાં રત્નનગરીનો કોટ અને તેનાથી ઊંચા પ્રાસાદો-મહેલોના ઉપલા ભાગ દેખાતા હતા. ઉદ્યાન અને નગરના કોટ વચ્ચેના ચોગાનમાં અનેક લોક આવજા કરતા હતા. ગામડાંથી આવેલા અનેક વ્યાપારીઓ હાટ માંડી બેઠેલો હતા, અથવા તો ધાન્યાદિક વેચવાના પદાર્થ ભરેલાં ગાડાં વચ્ચેવચ્ચે છોડી રાખી દલાલો સાથે અને નગરના વ્યાપારીઓ સાથે મોટે સ્વરે ભાવ ઠરાવતા હતા. વણઝારોની પોઠો, ઊંટ, ઘોડા, ઢોર અને ઘેટાંબકરાંના વ્યાપારીઓ પોતાનાં સ્થાન જમાવી ઊભા અથવા બેઠા હતા. બંદરી માલની ખપત તથા આપલે પણ આ સ્થાનમાં થતી હતી. વચ્ચેવચ્ચે ભિખારીઓ, સાધુઓ, ફકીરો અને બ્રાહ્મણો જુદાજુદા રાગ કાઢી, જુદાજુદા ઉચ્ચાર કરી, ઉદરપૂર્તિ પામવા ફરતા હતા. એ સર્વ ચિત્ર વચ્ચે દરબારી દોરથી અથવા રાજકીય સત્તાના ચિહ્નથી અથવા પટાવાળાઓના પરિવારથી અધિકારીઓ જણાઈ આવતા હતા અને આવજા કરતા હતા.

ચંદ્રકાંતની દૃષ્ટિ આ સર્વ ઠાઠ ઉપર ફરીફરી ફરી વળતી હતી. શું આટલા મહાન અને ચિત્ર સમુદાયમાં સરસ્વતીચંદ્ર મને શોધવા ન ઊભો હોય? શું એ સૌમાં એના સમાચાર આપનાર કોઈ નહીં હોય?'

ખીસામાં હાથ મૂકી આળસ મરડે છે ત્યાં તેમાંથી હાથમાં બે-ચાર પત્ર આવ્યા. એ પત્ર વાંચેલા હતા તે પાછા મૂક્યા.

'મુંબઈમાં ગંગા એટલી માંદી છે કે મારી ત્યાં જરૂર છે. ભર્યાં ઘરમાં તેના તનમનની આ પ્રસંગે કોઈ સેવા કરનાર નથી એમ સંસારીલાલ લખે છે, ને કીકી લખે છે કે તમે નહીં આવો તો મારી બા મરી જશે.'

કારકુન લખે છે કે મુંબઈ છોડ્યાથી મારો ધંધો ધૂળધાણી થઈ જવા ઉપર છે અને ઘરમાં ખરચની વ્યવસ્થા જુદી જ છે.

સરસ્વતીચંદ્રના કરતાં આ વાત વધારે નથી — પણ ગંગા મરે તે તો કાળજે ધક્કો લાગે — આવે પ્રસંગે હું ત્યાં ન હોઉં તો ઈશ્વરનો અપરાધી થાઉં — પણ એનો મંદવાડ ક્યાં સુધી પહોંચશે તે કહેવાતું નથી અને આ શોધ કરવાનું પડતું મૂકવું એ તો ચંદ્રકાંતથી નહીં થાય.'

માથે પાઘડી હતી તેની નીચે હાથ ઘાલી વાળમાં આંગળી ઘસતો ઘસતો તે કોટની ભીંત ઉપર આવજા કરવા લાગ્યો. થોડી વારમાં પ્રવીણદાસ અને શંકરશર્મા ઉપર આવ્યા. હાથ મેળવી વાતો કરતા સર્વ એક બુરજની અગાશીમાં ગયા. સર્વ રવેશ ઉપર બેઠા. ચંદ્રકાંતના મનની દોલાયમાન સ્થિતિ સર્વ સમજ્યા અને તેનું કારણ પૂછવા લાગ્યા.

ચંદ્રકાંત — 'આપને વિદિત છે કે સરસ્વતીચંદ્રની શોધને માટે હું અત્ર આવેલો છું. આણી પાસ આવ્યો ત્યારે એ શોધ કર્યા વગરનો હતો તેવો જ હજી સુધી છે. ઘરમાં મંદવાડ છે ત્યાં પણ મારી જરૂર છે. મને લાગે છે કે હવે મારે આપનાથી જુદા પડવું જોઈએ.'

શંકરશર્મા — 'આપ કેણી પાસ જવા ધારો છો?'

ચંદ્રકાંત — 'ઘરમાં મંદવાડ છે તેની તો મિત્રોની સહાયતાથી વ્યવસ્થા કરીશ; પણ મિત્રરત્નની શોધ માટે નીકળ્યો છું તેમાં આપ સો આશ્રય આપી શકશો તેની જિજ્ઞાસા આજ સુધી અતૃપ્ત રહી એટલે હવે ઈશ્વરે આપેલા હાથપગ ચાલે તેણી પાસ ચલાવવા કલ્પના છે.'

શંકરશર્મા — 'અમે શો આશ્રય આપીશું એમ પૂછો છો તેમાં અમે એટલે આ શરીર કે આ રાજ્ય?'

ચંદ્રકાંત — 'આપ કહો તે.'

શંકરશર્મા — 'જો આપ રાજ્ય પાસે આશ્રય માગતા હો તો બે રીતે મળે. રાજ્યમાં કંઈ અપરાધ થયો હોય તો પોલીસ શોધ કરે. સરસ્વતીચંદ્રના સંબંધમાં અર્થદાસનું ન્યાયાન્વેષણ થવાનું એટલે પોલીસ

શોધ કરે છે જ. બીજું અમારું ‘સરભરાખાતું’ રાજ્યના અતિથિવર્ગની સરભરા કરે છે — પણ આપ રાજ્યના અતિથિ નથી. આપ રાજ્યપ્રસંગે પધારેલા નથી. આપ પ્રધાનજીના અતિથિ છો એટલે તેમના કુટુંબવત્ છો અને તેથી મહારાજને મન તથા અમારે મન પણ કુટુંબવત્ છો તે ન્યાયે આપ માગો તે આશ્રય આપવો એ અમારો ધર્મ છે.’

ચંદ્રકાંત — ‘સરસ્વતીચંદ્ર આપના રાજ્યમાં ગુપ્તપણે સંચાર કરે છે તેને શોધવામાં આપના રાજસ્થાનનો કુટુંબન્યાય શો આશ્રય આપી શકશે તે જાણ્યા પહેલાં મારી ઇચ્છા વધારે સ્પષ્ટ કરી શી રીતે દર્શાવું?’

પ્રવીણદાસ — ‘આપ મનમાં સંકોચ રાખી વાત કરો છો. પ્રધાનજીના મનમાં એમ છે કે અર્થદાસના સંબંધમાં સરસ્વતીચંદ્રના શરીરની શોધ પોલીસ કરે છે એટલે આપના શરીરને અથડામણમાં નાખવાની અગત્ય નથી.’

ચંદ્રકાંત — ‘પોલીસ શું કરે છે તે જાણવા પામું તો મનની આતુરતા શાંત થાય, સૂચના કરું અને શો આશ્રય માગવો તે સમજું.’

પ્રવીણદાસ — ‘તે આપને જણાવવામાં કાંઈ ઢીલ નહીં થાય.’

ચંદ્રકાંત — ‘મારે પોતાને પણ આ શોધને માટે જવાની ઇચ્છા છે તો આ શરીર અથડાવવું પડે તેની ચિંતા પ્રધાનજીએ રાખવી નહીં. મારી શાંતિ એવી અથડામણથી જ થશે. હું આટલા દિવસ બેસી રહેલો છું તેનો મને બહુ ઉદ્વેગ થાય છે.’

શંકર૦ — ‘આપનું મન રોકાયેલું રહે એટલા કારણથી જ મહારાજશ્રી જાતે પ્રધાનજીસહિત મલ્લભવન આદિ સ્થાનોમાં આપની સાથે કાલગમન કરે છે. સરસ્વતીચંદ્રના મિત્ર ઉપરનો કુટુંબભાવ એમને એટલું કરાવે છે.

ચંદ્રકાંત — ‘હું જેને સરસ્વતીચંદ્ર વિષે સૌના પ્રમાદનું ચિહ્ન ગણતો હતો તે આમ સ્નેહનું કાર્ય નીવડે છે, તે જાણી હું સ્વસ્થ થાઉં છું, પણ મારો ગૂંચવાડો તો મારા અથડાવાથી જ મટશે.’

પ્રવીણદાસ — ‘તેમાં આપની ઇચ્છા પ્રમાણે થશે જ.’

શંકર૦ — ‘એ વાતનો સત્વર માર્ગ કાઢીશું. બીજું પ્રધાનજીના સરનામાથી આ પત્ર આવેલો છે તે કોનો છે તે સમજાતું નથી, પણ સરસ્વતીચંદ્રના સંબંધમાં કાંઈક લખેલું છે તેથી આપને જોવા મોકલ્યો છે.’

ચંદ્રકાંતે પત્ર લીધો. વાંચ્યો. ગંગાએ પોતાના ઉપર પત્ર લખેલો પણ ઉપર ચંદ્રકાંતનું નામ લખવું રહી ગયેલું અને પ્રધાનનું નામ હતું, તેથી પત્રની આ દશા થઈ. તેમાં લખાણ ટૂંકું જ હતું.

‘મને મંદવાડ છે પણ તમે એમના એમ પાછા આવશો તે મને ઠીક નહીં પડે. તમારા ઘરમાં સર્વને એમ છે કે સરસ્વતીચંદ્ર મરે કે ન જડે તો તમારા

ઘરમાં પૈસો આવે. મારા મંદવાડને બહાને તમને બોલાવવા કાગળ લખે છે તે આ જ મતલબથી. પણ એવો પૈસો આવેલો એ સૌ ખાઈ જશે ને તે નહીં રહે તમારી પાસે ને નહીં રહે સરસ્વતીચંદ્ર પાસે. સરસ્વતીચંદ્ર જડશે તો જેટલા તે આપણા છે એટલાં તમારા ઘરનાં આપણાં નથી. માટે ખોટાં સગાંનું માનશો નહીં ને ખોળો છો તેને ખોળજો. ધુતારાલાલનાં માણસ તમારા ઘરમાં આવે છે, જાય છે ને લાંચલાલચો આપે છે. મારું નામ દઈ બોલાવે તો છેતરાશો નહીં ને આવશો નહીં. મને મંદવાડ છે ને મરીશ તેનું મને દુ:ખ નથી કારણ તમારા ઘરમાં સુખ દીઠું નથી ને દેખવાનું નથી; પણ હું મરીશ તો સરસ્વતીચંદ્ર મારાં છોકરાંનું કલ્યાણ કરશે ને તમારા ઘરમાંથી છૂટી છોકરાં તેને હાથ જશે. માટે મારા મરવાની ચિંતા ન કરતાં સરસ્વતીચંદ્રનો જ સ્વાર્થ રાખજો.'

ચંદ્રકાંતને પરસેવો થઈ આવ્યો ને કપાળ પર ટીપાં ઊભરાયાં; પણ ઓઠ કરડી, થયેલો વિકાર બીડી રાખી, મુખ પર આવેલો ભાવ પાછો ખેંચી લીધો. પત્ર ખીસામાં મૂક્યો ને મૂકતાં મૂકતાં બોલ્યો:

'આ પત્ર મારા ઉપર છે. તેનો સાર કોઈ વેળા સમજાવીશ. હાલ તો આપે જે ઉપકાર કરવા ધારેલો છે તે કરો.'

પ્રવીણદાસ — 'બહુ સારું. પ્રધાનજીને સર્વ વાત વિદિત કરી આપને સંદેશો મોકલીશું.'

બે જણ ગયા. ચંદ્રકાંતના ક્ષોભનો પાર રહ્યો નહીં. આણી પાસ ઉદ્યાન અને પેલી પાસ વસ્તીનો તરવરાટ — કશામાં એનું મન ગયું નહીં. એટલામાં આઘેના કોલાહલમાં અનેક અવ્યક્ત મિશ્ર અને મોટા સ્વર નીકળતા હતા તે વચ્ચેથી એક ઉચ્ચ સ્વરે ગાયેલી સાખી ચંદ્રકાંતના કાનના પડદા સાથે અથડાઈ:

'જડ જેવો દ્રવતો શશી,

સ્મરી રસમય શશિકાંત.'

આ શબ્દો કાનમાં પહોંચતાં તે ચમક્યો અને ઉદ્યાનની બહાર સ્વર બોલનારને શોધવાને તેનાં નયન સહસા વળી ગયાં.

૧૩. તારામૈત્રક

જે પ્રાત:કાળે ભક્તિમૈયા અને અન્ય સાધુજનના સાથમાં કુમુદસુંદરી સુન્દરગિરિ ઉપર જવા નીકળી તે જ પ્રાત:કાળે સરસ્વતીચંદ્ર વિહારપુરી અને રાધેદાસના સાથમાં, સુરગ્રામ અને સમુદ્રતટ જોવા પર્વત ઉપરથી નીચે જવા નીકળ્યો.

સુન્દરગિરિનું પશ્ચિમ અંગ આ કાળે વિચિત્ર રમણીયતા ધરતું હતું. પર્વતની આનતિ [1] શિખરથી ભૂમિ સુધી ધીમે ધીમે થતી હતી અને પહોળાં પગથિયાંવાળા મોટા આરા પેઠે સમુદ્રના તટ સુધી ગોઠવાયેલી લાગતી હતી. એ આરાનો નીચેનો ભાગ કેટલાંક સ્થાન આગળ સુરગ્રામસહિત દૃષ્ટિમર્યાદાની નીચે ડૂબી જઈ આગળ નીકળી આવતા ખડકો નીચે ઢંકાયેલો હતો અને આરાના નીચલા ભાગ સાથે સમુદ્રનાં મોજાં અથડાતાં હોય એમ ઉપર ઊભેલાને લાગતું. ચિત્રવિચિત્ર વૃક્ષોની ઝાડીઓ, લીલાં અને સૂકાં ઘાસનાં જંગલ, વચ્ચે વચ્ચે ઉઘાડાં કાળાં માથાવાળા ખડકો અને તેની અણિયાળી શિખાઓ અને અનેક નાનામોટા સર્પ જેવા અને કંઈક દેખાતા ને કંઈક ન દેખાતા વાંકાચૂંકા રસ્તાઓ — એ સર્વ પદાર્થ તીર્થવાસી બ્રાહ્મણોના સાથરાઓ પેઠે અને તેમની સામગ્રી પેઠે આરા જેવા ઢોળાવ ઉપર પથરાયેલા હતા.

આ બધો ભાગ પશ્ચિમ દિશાનો હતો અને ચૈત્ર માસની વાદળાં વગરની રાત્રિને અંતે સૂર્ય ઊગ્યા પહેલાં તેનાં કિરણ પૂર્વમાંથી ચડી પર્વતના શિખર ઉપરથી પશ્ચિમમાં ઊતરતાં હોય એવો મન્દ આભાસ થતો હતો. આકાશ સ્પષ્ટ કેવળ ભૂરું અને ડાઘા વગરનું હતું અને છેલ્લામાં છેલ્લો તારો અસ્ત થઈ ગયો હતો. સૂર્ય, તારા અને વાદળાં — એમાંના કંઈ પણ પદાર્થ વગરનું, નીચેના સમુદ્રનાં મોજાં કે પ્રતિબિંબશક્તિ કે પ્રવાહકર્મ વગરનું, કરચલી વગરની મોટી ભૂરા વસ્ત્રની છત જેવું આકાશ હતું. તેને એક છેડે સમુદ્રપારની દૃષ્ટિમર્યાદાનો મોટો તટ હતો અને બીજે છેડે પર્વતના શિખર આગળનો ઊંચો તટ હતો. પૃથ્વીનાં શિખરગૃહ [2] જેવા આ બે તટ વચ્ચે, ગયેલી રાત્રિના અંધકારને સ્થાને, રંકજનયોગ્ય અને સાદી પણ સુંદર ચળકતી છત ઈશ્વરે આમ અત્યારે ચડાવી દીધી હતી તે કાળે સાધુજનોના સથવારામાં કુમુદસુંદરી અર્ધો ઢોળાવ ચડી ગઈ હતી અને માર્ગની આસપાસની શિલાઓ ઉપર એ અને સર્વ સ્ત્રીઓ વિશ્રાન્તિ લેવા વાતો કરતી બેઠી હતી.

પર્વત ઉપર જવાના આ માર્ગનો આ સ્થાને મોટો વાંક [3] પડતો હતો અને આ મંડળ એવે ઠેકાણે બેઠું હતું કે ઉપરથી ઊતરનાર છેક ત્યાં આગળ આવે ત્યાં સુધી એમને દેખે નહીં પણ નીચે જનારના ઉપર ત્યાંથી ઘણે છેટે સુધી દૃષ્ટિ જાય. માર્ગમાં ઠેકાણેઠેકાણે તરસ્થાન[4] હતાં. કેટલાંક તરસ્થાન

માર્ગની બે પાસે હતાં; કેટલાંક માર્ગના બેટની પેઠે આવી રહેતાં. કેટલાંક તરસ્થાન ગોળ અથવા લાંબા ઓટલા પેઠે ચણેલાં હતાં. પ્રસ્તુત તરસ્થાને માર્ગની બે પાસ શિલાઓ નાખી હતી. એ તરસ્થાન, વિશ્રામસ્થાન અથવા વિસામા ઉપર થાકેલા વટેમાર્ગુ થાક ઉતારતા.

કુમુદસુંદરી અર્ધો પર્વત ચડી આવી હતી, પણ પ્રાત:કાળના મધુર ઉત્સાહક[5] પવનને બળે તેમ હૃદયના ઉત્સાહક પ્રસંગને બળે એને પડેલો અપરિચિત દીર્ઘ શ્રમ જાણે તે અનુભવતી જ ન હોય તેમ સૌ સાથે વાર્તાવિનોદમાં ભળી જતી હતી. એના સુંદર ગાલ ઉપર આવેલી રતાશ, એના હાથપગની અસ્વસ્થ શિથિલતા અને આંગળાંનું ઘડીઘડી વળવું, એના ઉર:સ્થલ ઉપરના વસ્ત્રનો કંપ, એના અટકતા બોલ અને તેને ઘડીઘડી અટકાવનાર શ્વાસ, એની સંકોચાતી આંખો, ભ્રૂભંગ અને કપાળની કરચલીઓ, અને એનાં વસ્ત્ર તથા કેશભારની કંઈક અવ્યવસ્થા — આ સર્વ એના શારીરિક શ્રમનાં પરિણામ હતાં કે એના ઉત્સાહિત મનોરાગે પ્રેરેલા ચાંચલ્યનાં કાર્ય હતાં તેનો નિર્ણય કરવો કઠણ હતો. વાસ્તવિક રીતે અર્ધી વાત આ ખરી હતી અને અર્ધી બીજી પણ ખરી હતી, પણ સૂક્ષ્મ વિચાર કરી જાણકારને જ આ બે અવસ્થાઓનું મિશ્રણ સમજાય એમ હતું.

સર્વ સાધુ સ્ત્રીઓ વચ્ચે એકલી કુમુદસુંદરી રૂપથી, વસ્ત્રથી અને અલંકારથી જુદી પડતી હતી. ભક્તિમૈયા ઊંચી, પહોળી, કાળી અને કદ્રૂપી બાવી હતી. બીજી બાવીઓ એનાથી નીચી હતી અને એક વામનરૂપ — ઠીંગણી — બાવીને બાદ કરતાં બીજી સર્વ કુમુદથી ઘણી ઊંચી હતી, અને ઠીંગણી હતી તે સાટે ઘણી જ જાડી હતી. કુમુદનાથી કાળાં તો સર્વ હતાં પણ પરસ્પર કાળાશ વધતી-ઘટતી હતી. જો રંગમાં જ રૂપ આવી જતું ન હોય તો એક-બે સ્ત્રીઓમાં સુંદરતા અને લાવણ્યના ચમકારનો અતિશય હતો. સર્વ બાવીઓનાં વસ્ત્ર તો ભગવાં જ હતાં. માત્ર કુમુદે માતાની પ્રસાદીની ચૂંદડી પહેરી હતી તે ધોળાં ટપકાંવાળી કસુંબલ અને રેશમી હતી. એનાં નિત્યનાં વસ્ત્ર એક ધોળા નાના કટકામાં બાંધી ઠીંગણી બાવીએ સાથે લીધાં હતાં. સુવર્ણપુરમાં જે અલંકાર પહેરેલા હતા તે પહેરીને જ એ ડૂબી હતી અને તે અલંકાર અત્યારે પણ એના શરીર ઉપર હતા. વર્ષાઋતુની વાદળીઓ વચ્ચે ચન્દ્રલેખા જેવી દેખાતી કુમુદ આ બાવીઓની વચ્ચે એક પથરા ઉપર બેઠી હતી.

ભક્તિમૈયા કુમુદની પીઠે હાથ ફેરવતી હતી.

‘બેટા મધુરી આજના જેટલો શ્રમ તો તારે કોઈ દિવસ પણ લેવો નહીં પડ્યો હોય?’

‘ના, પણ ત્યારે સાધુજનની સંગતિ, અને થોડી વાર પછી પવિત્ર સ્થાનનાં દર્શનની આશા, એ બે લાભની પ્રાપ્તિથી આ શરીરનો શ્રમ તેમ

મનનાં દુ:ખ બે વાનાં ભૂલી જાઉં છું. મૈયા! યદુશૃંગ હવે કેટલે છેટે હશે?' કુમુદે પ્રશ્ન પૂછ્યો.

'હજી તો આપણે અર્ધો માર્ગ આવ્યાં. આવ્યાં એટલું ને એટલું બાકી રહ્યું.'

'મધુરી મૈયા! તારા કોમળ ચરણ શ્રાંત થયા છે — કમળની ચોળાયેલી નાળો જેવા થયા છે — હું તેનું જરી મર્દન કરું.' ઠીંગણી બાવી બોલી ને કુમુદના પગ ચાંપવા લાગી.

'વામની મૈયા! આપણા ચરણ સરખા જ છે. મારા શ્રાન્ત થાય તો તમારા પણ શ્રાન્ત જ હશે, માટે રહેવા દ્યો.' મંદ લીલાથી તેના હાથ ખસેડતી કુમુદ સ્મિત કરી બોલી.

'મૈયા! મારા ચરણ છે તો તારા જેવડા પણ લોખંડના થાંભલા જેવા કઠણ છે. ને શ્રમ ઢાંકવા તું મોં મલકાવે છે પણ કમળપત્ર જેવા મુખમાં જે કોમળતા છે તે કંઈ કઠણ થઈ શકે છે?' વામનીએ ચરણ છોડ્યા નહીં.

'વામની! તારા હાથપગના જેવો મારા હાથપગમાં દોષ નથી. માટે તારું કામ મને કરવા દે.' ભક્તિમૈયા હસતાં હસતાં વામનીના હાથ ખસેડી જાતે પગ ચાંપવા લાગી.

'વામની આઘી ખસતી ખસતી બોલી: 'સંપૂર્ણપણે દોષ દૂર કરવો હોય તો તમે પણ ખસો અને તે સ્થાને મોહની મૈયાને બેસવા દ્યો કે સુંદરને સુંદરતાનો યોગ થાય.'

શ્યામ પણ રૂપવતી મોહની કુમુદની પાસે બેઠી અને ભક્તિ ખસી. ખસતાં ખસતાં હસી અને બોલી:

'સત્ય વચન તો પાળવું જોઈએ તે પાળું છું. પણ આ બેમાં સુંદર કોણ અને સુંદરતા કોણ?'

વામની અને ભક્તિ ઉભય કુમુદ અને મોહી સામે એકીટશે જોઈ રહ્યાં અને તેમની કીકીઓમાં વિનોદક હાસ્ય રમવા લાગ્યું.

'આપણને મધુરી મૈયા સુંદર લાગે છે માટે તે સુંદર. એનું રૂપ જેવું સુંદર છે તેવા જ એના ગુણ સુંદર છે માટે તે સર્વનો આત્મા પર સુંદરતારૂપ જ હોવો જોઈએ. માટે સુંદર પણ એ અને સુંદરતા પણ એ જ. એનું લખરૂપ સુંદર અને અલખ આત્મા સુંદરતા. કેમ બંસરી મૈયા?' કુમુદના હાથના કમળનાળ જેટલા બળથી ન અટકતાં તેના ચરણ ચાંપતી ચાંપતી મોહની બીજી રૂપવતી બાવીને પૂછવા લાગી. પૂછતાં પૂછતાં એના શાંત પ્રેમનું લાવણ્ય એના મુખ ઉપર સ્ફુરવા લાગ્યું.

ભક્તિ૦ — 'બાકીના માર્ગમાં એને આપણે તેડી લઈશું.'

કુમુદ — ‘મૈયા! એ તો અઘટિત જ થાય. તમ સાધુજનને એવી રીતે ભારરૂપ હું નહીં થઈ પડું. હું ધીમી ધીમી જાતે જ ચડીશ.’

બંસરી બીજી પાસથી કુમુદને ભેટી પડી. તેને છાતી સરસી દાબી ચુંબન કરતી કરતી બોલી:

‘મધુરી! માજી તને યદુનંદનના ધામમાં મોકલે છે તે પુણ્યકાર્યમાં તને આશ્રય આપવો એ તો અમ અલખના જોગીકુળમાં અમારું પોતાનું જ પુણ્યબીજ રોપાતું જોવાનો માર્ગ છે. લે સાંભળ:

‘સાધુ સાધુનો સંગ કરીને

અલખ પ્રભુને પામે રે;

અલખ પમાડી જગાડે તેને

લખ ચોર્યાશી ના’વે! — સુણ, મેરી મૈયા, તું!’

આ પૂરું થાય એટલામાં તો તૂમડી ઉપર બાંધેલી એક તારની સાજક * એક જણી પાસથી લઈ સજ્જ કરી તેમાં આ કડીઓ મોહની ઉતારવા લાગી. ગાયન અને વાદિત્રના સ્વર પ્રભાતની લક્ષ્મીમાં પ્રસરવા લાગ્યા ત્યાં વામની ઊઠી.

‘બ્રહ્માણી, મહાલક્ષ્મી અને રુદ્રાણી જેવાં તમે ત્રણ જણ એકબીજાને બાઝીને બેઠાં છો ત્યાં મને પણ આનંદની ઊર્મિ ચડી આવે છે. મધુરી મૈયા! મહાસાગર અને ગિરિરાજ વચ્ચે સૂર્ય વિનાના આ કોમળ મધુર આકાશ જેવી તું અમને પ્રિય લાગે છે. તારા હૃદયનાં દુ:ખ અમે કાલે રાત્રે જ દીઠાં છે. અમ સાધુજનના સ્થાનમાં તારાં જેવાં દુ:ખ છેક અપરિચિત નથી, પણ અમે દુ:ખને પણ યદુનંદનનો પ્રસાદ ગણી ભોગવીએ છીએ. સુંદરતા અને પ્રીતિ એ પણ મારે ત્યાં પરિચિત છે; એટલું જ નહીં પણ તમે સંસારી જનો જ્યારે પ્રીતિ કર્યા પહેલાં વિવાહ કરો છો ત્યારે અમો સાધુજન હરિભજનમાં લીન રહીએ છીએ, પુરુષને ન પરણીએ તો શ્રી અલખને શરણે રહીએ છીએ, અને શ્રીકૃષ્ણ પરમાત્માને ત્યાં મહાલક્ષ્મીની કૂખમાં જન્મેલો મન્મથ અમારાં અંત:કરણમાં જાગે છે તો તેની પવિત્ર આજ્ઞાને વશ થઈ વિવાહ પણ કરીએ છીએ. ભગવાન મન્મથનાં દીધેલાં દુ:ખમાં પણ કાંઈક જુદી જ મધુરતા છે. એનાં આપેલાં સુખદુ:ખ અમે ભોગવીએ છીએ તેથી તારી સ્થિતિ સમજીએ છીએ અને તને તેમાંથી ઉગારીશું. અમારા સ્નેહનું પરિણામ શ્રી અલખમાં આવે છે તે સાંભળ અને જો સ્નેહ કરે તો અમારા જેવો જ રાખજે. દુ:ખ, શ્રમ, ઇત્યાદિ વિચાર છોડી દે અને અમે જે પ્રદેશમાં તને લઈએ છીએ તેના પ્રેમનું કીર્તન સાંભળ.’

વામની કુમુદના સામી ઊભી રહી જરીક નૃત્ય કરતી ગાવા લાગી, બંસરી તેમાં રાગ ભેળવવા લાગી અને મોહની સાજકનો સ્વર ભેળવવા

લાગી.

** જોની સુંદરી મૈયા અલખની!*

સુંદર લખરૂપ તું!

નાચી રહી માયા લખતણી,

તેમાં મન્મથશર તું!- જોની૦

હૃદય કોરે, મૈયા, પુરુષનાં

પીતી લખરસપાન તું,

એ રે હૃદયમાં સરી જતાં

ઘર અલખનો પ્રકાશ
તું!- જોની૦

પ્રીતિ કરીને, મૈયા, પુરુષમાં

તારો અલગ જગાવની!

યદુનંદન પ્રભુના આનંદમાં

શુદ્ધ સ્નેહીને નચાવની!- જોની૦

એ રે લ્હાવો સંસારનો

એ છે સ્નેહનો સાર જી!

એ રે સુંદર પંથ મુક્તિનો

કોમળ અબળાને હાથ જી-
જોની0 '

વામનરૂપ પણ કિન્નરકંઠી સાધુસ્ત્રીનું ગાયન મોહનીની સાજકના કોમળ સ્વરમાં ભળ્યું. એના જ વામન પણ ચતુર ચરણનું નૃત્ય અને લાલિત્યકળાવાળા શરીરના હાવભાવ એક થઈ ગયા અને કંઠ અને તન્ત્રી ઉભયના સ્વરોને પોતાનામાં લય પમાડવા લાગ્યા. ગાય છે કોણ ને વગાડે છે કોણ? ગવાય છે શું ને વાદિત્રમાં ઉતારાય છે શું? બે સ્વર બોલે છે કે એક? કંઠ બોલે છે કે તન્ત્રી? આ સર્વ પ્રશ્ન નિષ્ફળ થાય, પ્રશ્નો સૂઝે જ નહીં — એમ ગાયનસામગ્રીનો સંવાદ થયો. નવા પ્રાત:કાળનું કોમળ તેજ, મંદ પવનની મિષ્ટ શીતળ લહરી અને અનેક સ્વર અને ચિત્રોથી ભરેલા પણ સજીવ એકાકાર પટ જેવા લાગતા ગિરિરાજનો આનતિપ્રદેશ — એ સર્વ સંગીતની આ મધુર કલિકાના પ્રસરતા પરાગથી તન્મય થવા લાગ્યાં. સર્વ સાધુ સ્ત્રીઓ તેના પવિત્ર રમણીય આનંદમાં ક્ષણવાર લીન થઈ ગઈ — નવીન રસથી ઘૂર્ણાયમાન થવા લાગી. પણ તે જ પદાર્થો કુમુદસુંદરી ઉપર

ભિન્ન અવસ્થાનું નિમિત્ત થઈ પડ્યાં. વામનીના સંગીતમાંના લખ-અલખમાં તેને કંઈ સમજણ પડી નહીં, પણ તેમાં દર્શાવેલાં પ્રેમાળ સ્ત્રીના ઉત્સાહનાં મર્મ એના મર્મને અચિંત્યાં વલોવવા લાગ્યાં. ક્ષણ ભુલાઈ ગયેલો પુરુષ ક્ષણમાં પાછો સ્ફુરી આવ્યો. એ પુરુષના પ્રિયતમ અભિલાષો પ્રથમાવસ્થામાં રસ અને ઉત્સાહથી પોતાના કાનમાં અને હૃદયમાં ભરાયા હતા, એ અભિલાષ સિદ્ધ કરવાની શક્તિવૃત્તિવાળા સમર્થ સ્વામીની સાથે પ્રાણયાત્રા અને લોકયાત્રા કરી, તેની સહધર્મચારિણી થઈ, તે સહચારકાળે ઉચ્ચાભિલાષી વિદ્વાન પતિના હૃદયમાં ગુપ્ત મંત્ર પ્રેરવાના પોતાને અભિલાષ થયા હતા તે કાળ સ્મરણમાં ખડો થયો. વિધાતાની વિચિત્ર ઇચ્છાથી આવા શુદ્ધ સ્નેહની સૃષ્ટિમાં લઈ જવા તત્પર થયેલો પ્રિયજન ઉદાસીન થઈ ગયો, તેને સ્થાને માત્ર કામદેવના મંદિરમાંનાં અને ગૃહસંસારમાંનાં સ્વપ્ન દેખાડનાર પતિનો જ યોગ થયો, એ પતિ પણ શત્રુ થયો, એ સ્વપ્ન પણ નષ્ટ થયાં, અને નેત્રના પલકારા જેટલા કાળમાં કંઈ કંઈ અનુભવ અને ચમત્કાર જોવા પડ્યા — આ સર્વ ચિત્ર વામનીના ગાને કુમુદના ચિત્તમાં ઊભું કર્યું. સુવર્ણપુરથી નીકળવું શું? બહારવટિયામાંથી બચવું શું? નદી શી? સમુદ્ર શો? ચંદ્રાવલી શી? આત્મહત્યા શી? તેમાંથી બચવું શું? પર્વત શો? આ નવી યાત્રાનો આરંભ શો કરવો? સરસ્વતીચંદ્ર સાધુઓમાં જવા શા? તેના ઉપર તેમના ગુરુનો પક્ષપાત થવો શો? એની પાસે હવે જવાની પોતાની વૃત્તિ શી થવી? પોતે જઈને શું કરવાની હતી?— ઇત્યાદિ અનેક પ્રશ્નો—સંકલ્પવિકલ્પો—ચોપાસ દેખાતા પથરાઓ પેઠે તેની પાસે ખડા થયા. એ પથરાઓ કાંઈ કામના ન હતા. ભાંગે નહીં એવા કઠણ હતા. હવે એના ઉપર ચાલવું અનિવાર્ય હતું. અને કોમળ પગને તે ખૂંચે એમાં તો નવાઈ શી? પોતાના વિચાર-પ્રશ્ન પણ કામના ન હતા, ઉત્તરે મળે નહીં એવા કઠણ હતા, અનિવાર્ય હતા અને કોમળ હૃદયને અનેક શલ્યતુલ્ય હતા. વામનીના ગાયનમાં વચ્ચે વચ્ચે સ્વર લંબાતા ત્યારે કુમુદના મનમાં આ વિચારો ઊઠતા. ગાયનકાળે દીવાની વાટ પેઠે સંકોરાતા અને તેને લીધે જ પાછા સ્થિર જ્વલમાન થતા, અને સાજકના સ્વરથી કંપતા. બોલ્યાચાલ્યા વિના સ્તબ્ધરૂપે અને મૌનથી એણે સર્વ સાંભળ્યા કર્યું પણ પોતાના ચિરાતા હૃદયની ચીસો અનાહત નાદ પેઠે સંભળાવા લાગી અને નેત્રોમાંથી અશ્રુધારા ચાલવા લાગી.

ગાયન અને નૃત્ય થઈ રહ્યું ત્યાં ભક્તિમૈયા ઊઠી અને ઊભેલી વામનીની હડપચી ઝાલી બોલી ઊઠી: ‘વામની આ ગાન, આ સ્થાન, આ પ્રભાત અને આ સુંદર સ્વરૂપો — એ સર્વ શું શ્રીકૃષ્ણ પરમાત્માની રાસલીલા નિરખાવવા યોગ્ય નથી?’

આનો ઉત્તર મળતાં પહેલાં તો માર્ગનો વાંક ઓળંગી સરસ્વતીચંદ્રને લઈ વિહારપુરી અને રાધેદાસ ઊતરી આવ્યા. સ્ત્રીમંડળને જોઈને તેઓ સ્તબ્ધ થઈ સંકોચાઈ ઊભા. તેમને જોઈ સ્ત્રીઓ પણ વીજળીની ત્વરાથી

સાવધાન અને સ્વસ્થ થઈ ઊભી. ભક્તિમૈયા માર્ગ આગળ જશ આગળ આવી અને તેણે તથા રાધેદાસે યદુશૃંગના સાંકેતિક અભિવાદનનો ઉચ્ચાર કર્યો: ‘નન્દકો નન્દન એક આનંદ દેત હૈ’ આ ઉચ્ચારની ગર્જેના સરસ્વતીચંદ્ર અને કુમુદ વિના બાકીના સર્વ મંડળે કરી અને વધારી. તે ગર્જનાને કાળે તેમાં ન ભળેલાં બે જણની દૃષ્ટિ એકબીજા ઉપર સ્વાભાવિક રીતે વળી. ગર્જના તેનું જ કારણભૂત થઈ ભગવાં વસ્ત્રમાં ઢંકાયેલો પ્રિયજન તેને શોધનારીથી અલક્ષિત કે અનભિજ્ઞાત રહી શક્યો નહીં. કુમુદે તેને ત્વરાથી ઓળખી લીધો. સરસ્વતીચંદ્રે તેને જોઈ, મુખમુદ્રા અને અન્ય સર્વાકારથી દૃષ્ટિ આગળ કુમુદસુંદરી જ ઊભી લાગી; પણ આ સ્થાને એ હોવાનો સંભવ કોઈ પણ રીતે નથી એમ ગણી સ્ત્રીજન ભણીથી નેત્ર પાછું ખેંચી લેવા — નિવૃત્ત કરવા — પ્રવૃત્તિ થઈ, પણ સર્વરૂપે ઇષ્ટ પ્રતિમા જણાઈ તેના ભણીથી નયનને નિવૃત્ત કરવા હૃદયની શક્તિ રહી નહીં, અને એ પ્રવૃત્તિનિવૃત્તિનો પરસ્પરવિરોધ ટાળવા કુમુદનાં અશ્રુપૂર્ણ નેત્રના દૃષ્ટિપાત અશક્ત નીવડ્યા.

श्यामास्वङ्गं चकितहरिणीप्रेक्षणे दृष्टिपातम्

वक्त्रच्छायां शशिनि शिखिनां बर्हभारेषु केशान्।

उत्पश्यामि प्रतनुषु नदीवीचिषु भ्रूविलासान्

हन्तैकस्मिन् क्वचिंदपि न ते चण्डि सादृस्यमस्ति।। *

વિયોગી નાયકોને જેનું સર્વદેશીય સાદૃશ્ય આમ જડતું નથી તેવા જનનું સર્વત: સાદૃશ્ય આ સ્થાને જોઈ સરસ્વતીચંદ્ર સ્તબ્ધ થયો, સ્થિર થયો, અને માત્ર દૃષ્ટિને અસ્થિર રહેવા દઈ ઊભો રહ્યો. યદુનંદનની ગજનાઓ શાંત થઈ એટલામાં સર્વ વિચારો અને વિકારો ગજનામાં ન ભળતાં શાંત રહેનારાનાં હૃદયમાં અને શરીરમાં આવા ઉન્માદ રચી રહ્યા. સાધુજનોના મુખમાં ગર્જના હતી અને હૃદયમાં શાંતિ હતી. આ બે સંસારી જનોના હૃદયમાં મંથન હતું અને મુખ ઉપર દેખાતી શાંતિ હતી.

આ હૃદયમંથનનું કારણ થયેલી ગર્જના બંધ થઈ તેટલામાં કુમુદ વિના સર્વ સ્ત્રીમંડળ પુરુષોને ઘેરીને ઊભું અને પ્રશ્નોત્તર થવા લાગ્યા.

ભક્તિ૦ — ‘વિહારપુરી ગુરુજીના નવીન જૈવાતૃકને લઈ કયા પ્રદેશમાં અલખ જગાવવા જાઓ છો?’

વિહારપુરી — ‘સુરગ્રામનાં પવિત્ર રમણીય સ્થાન એમને દેખાડવાં એવી ગુરુજીની આજ્ઞા છે.’

વામની — 'નવીનચંદ્રજી તે આ જ કે?'

કુમુદ જાણતી છતાં પળવાર કંપી.

વિહારપુરી — 'હા, એ જ.'

મોહની —'ભવ્યતા અને સુંદરતાનો સંયોગ પુરુષવર્ગમાં આજે જ પ્રત્યક્ષ કર્યો. વિહારપુરી! કંઈ કંઈ જનોની રમણીય લખ વાસનાઓની આશાઓને નષ્ટ કરી સ્ત્રીદૃષ્ટિથી આ રૂપને પરોક્ષ કરવું ગુરુજીએ શાથી ઉચિત ધાર્યું?'

કુમુદના હૃદયનો નિશ્વાસ મુખબહાર સાકાર થયો — પ્રત્યક્ષ થયો — લાગ્યો. એની અંતરની જિજ્ઞાસાને ઇષ્ટ જ્ઞાનને માર્ગે જવાનું વાહન મળ્યું. નીચી રહેતી દૃષ્ટિને પાંપણોમાંથી ઊંચી વળવા દઈ એ વિહારપુરીના મુખ ભણી જોવા લાગી.

વિહારપુરી સ્મિત કરી બોલ્યો: 'મોહનમૈયા! એક સૃષ્ટિથી બીજી સૃષ્ટિને પરોક્ષ કરવી એ કામ તો શ્રીયદુનંદનની માયાનું છે. ગુરુજી તો માત્ર અધિકારીઓને શ્રીઅલખનું સ્વરૂપ પ્રત્યક્ષ કરાવે છે; અને સૂર્યના પ્રકાશથી ચંદ્ર અને તારાનો પ્રકાશ આછો થઈ જાય છે તેમ અલખના પ્રકાશથી લખ સૃષ્ટિ શાંત થવી ન થવી એ તો એ પ્રકાશના અને અધિકારીના બુદ્ધિક્ષેત્રના સંયોગનું પરિણામ છે. ગુરુજી એ વાતમાં સર્વદા તટસ્થ જ રહે છે.'

બંસરી —'ત્યારે શું કદંબમાં અલખ રહી ગોપિકાજનના હૃદયને અવશ કરનાર કૃષ્ણસ્વરૂપના અલખ જ્યોતિનું લખ ગાન આ પુરુષના હૃદયમાં ઊતરી શક્યું છે?'

વિહાર૦ — 'બંસરી! ગુરુજી પાસે આવતા પહેલાંથી જ એ બંસરી એ હૃદયમાં પહોંચેલી જણાઈ છે.'

આ ઉત્તરથી કુમુદ વિના સર્વ સ્ત્રીઓનાં હૃદય તૃપ્ત થયાં. કુમુદનું હૃદય તો અધિક તૃપ્ત થયું. બંસરીએ સરસ્વતીચંદ્રને પ્રણામ કર્યા અને શરમાતી શરમાતી બોલી: 'સાધુજન! પુરુષ અને સ્ત્રી એ એક જ વૃક્ષ ઉપર ઊગતી ન્યારી ન્યારી કુસુમકલિકાઓ છે. તેમનાં રંગ અને સુવાસ ન્યારાં છે પણ તેમનો પરસ્પર સહચાર અનેક ધર્મનો ધરનાર અને અનેક ફલનો દાતાર થાય છે. એ સહચારનું મધુરમાં મધુર સ્વરૂપ તમે સાધો એવો અમારો આશીર્વાદ છે.'

મોહની — 'એવું સુંદરમાં સુંદર સ્વરૂપ તમે સાધો એવી મારી આશિષ છે.'

ઉભય સુંદરીને સરસ્વતીચંદ્ર માત્ર મસ્તક નમાવી મંદ સ્મિત વડે ઉત્તર આપ્યો — આભાર માન્યો.

વામની હસતી હસતી બોલી: 'વિહારપુરી દક્ષિણામૂર્તિ પેઠે મૌન ધારી સ્મિત કરતા આ અતિથિનો અને સુંદરગિરિનો સહવાસ કેટલો ધાર્યો છે? ગિરિરાજના કયા શૃંગ ઉપર અને કયા ધામમાં એમનો નિવાસ કલ્પ્યો છે?'

રાધેદાસ — 'વામની મૈયા! શ્રવણમનન કરતાં અતિથિના મનમાં સુંદરગિરિ સુંદર ભાસે ત્યાં સુધી એ બેનો સહવાસ છે. હાલ તો એ ગુરુજીના અંતેવાસી [૧] છે. કાળક્રમે અનેક શૃંગોમાંથી જે ધામ ઉપર એમનો પક્ષપાત થશે ત્યાં એ વસશે.'

વામની — 'પણ એમના સ્વકંઠમાંથી કોઈ શબ્દનો ઉદ્‌ગાર અમને લખ થઈ શકશે કે નહીં? સહવાસ એમની ઇચ્છા ઉપર ગુરુજીએ રાખ્યો તે ઉચિત છે. પણ એમની ઇચ્છાને જાણવી તો બાકી રહી.'

સરસ્વતીચંદ્રને હવે ઓઠ ઉઘાડ્યા વિના છૂટકો રહ્યો નહીં. તેનાં નેત્ર કુમુદભણી તણાતાં હતાં, હૃદય અંતરમાં ને અંતરમાં જ વળતું હતું, છતાં ભૂમિકાને ઉચિત વેશ ભજવવો એ જ ઉચિત થયું. નેત્ર વશ કરી તે ધીમે ધીમે સ્થિતપૂર્વક બોલ્યો.

'અલક્ષ્યના ભક્તિયોગમાં મગ્ન આર્યાઓ બોલાવશે ત્યારે આ શરીરને બોલવામાં જ સુંદરતા લાગશે. સાધુજન! ગુરુજીએ આ શરીરને જીવનનું દાન કરેલું છે, ત્યારથી એ શરીર તેમની ઇચ્છાને જ વશ છે. આ ગિરિરાજ જેવો નામમાં અને દર્શનમાં સુંદર છે તેવી જ એની જડ-ચેતન સમૃદ્ધિ સુંદર છે. તે સર્વ સુંદર વસ્તુઓમાંથી અને સુંદર સ્થાનોમાંથી કોનો કેટલો સહવાસ મને આપવો એ વિચાર ગુરુજી જ કરશે અને તેમની વૃત્તિ તે જ મારી પ્રવૃત્તિ સમજવી.'

વામની — 'વાહ, વાહ, નવીનચંદ્રજી! સુંદર છો અને સુંદર બોલો છો.'

ભક્તિ — 'એવું સુંદર બોલે છે કે તે સુંદરતાથી લેવાયેલી વામનીને પોતાના પ્રશ્નના ઉત્તરમાં કાંઈ જ મળ્યું નથી છતાં બધું મળ્યું હોય તેમ તૃપ્ત થઈ ગઈ. સુંદરતાનો પ્રભાવ એવો જ લખ થાય છે. વારુ રાધેદાસ! તમે સુરગ્રામમાં રાત્રિ ગાળવાના છો કે ગિરિરાજ ઉપર? આ પ્રશ્નોનો ઉત્તર આપવો તે તો તમારા હાથની જ વાત છે.'

રાધેદાસ — 'તમે હાર્યાં. એ બે સિવાય ત્રીજું સ્થાન શું રાત્રિ ગાળવાને માટે નથી?'

સ્મિતપૂર્વક શરીર ઉછાળી વામની બોલી: 'હા! હા! એ તો ભક્તિમૈયા ભૂલ્યાં. ચંદ્રાવલીનાં માજી વિહારપુરીના હૃદયમાં ઊતરે તો એ ત્રીજું સ્થાન ખરું.'

સર્વ સાધુ સ્ત્રીઓ સ્મિત કરવા લાગી. વિહારપુરી ગંભીર થઈ બોલ્યો: 'રાધેદાસ! સુંદરતાના વિવાદમાં સ્ત્રીજન જીતે એ સ્વાભાવિક છે. એ

વિવાદમાં પડવું એ આપણા ધર્મનો અતિક્રમ કરાવે એવો માર્ગ છે. એ છોડી આપણે અતિથિને લઈ માર્ગે પડીએ એ જ હવે વધારે ઉચિત છે.’

વામની — ‘સુંદરગિરિ ઉપર ચરણ મૂકી સુંદરતાનો તિરસ્કાર કરવો એ કૃતઘ્નતા છે.’

વિહારપુરી — ‘સત્ય છે. માટે જ સુંદરતાનો પૂર્વપક્ષ સુંદરીઓની પાસેથી શ્રવણ કરવાનું રાખી અમે કર્કશ પુરુષો તેનો ઉત્તર પક્ષ છોડી દઈએ છીએ. વામનીમૈયા! દિવસ ચડશે અને ભગવાન સૂર્યનારાયણ તપશે અને શિલાઓને તપાવશે ત્યારે બીજા કોઈના ચરણને નહીં તો જે પુષ્પલતાને લઈ તમે જાઓ છો તેને કરમાવી નખશે માટે હવે આપણે પોતપોતાને માર્ગે પડીએ.’

‘પુષ્પલતા’ શબ્દ ઉચ્ચારતાં કુમુદ ભણી આંગળી કરી. સ્ત્રીમંડળની દૃષ્ટિ એણી પાસ ગઈ અને દૃષ્ટિ જતાં એનું મ્લાન વદન સર્વને ચિંતાનું કારણ થઈ પડ્યું. પુરુષો સાથેનો વિનોદ મૂકી સર્વ કુમુદ ભણી વળ્યાં. તેઓ તેમ જતાં યદુનંદનની ગર્જના કરતા ઉભય સાધુઓ અતિથિને લઈ માર્ગે પડ્યા. ‘જી મહારાજ! આ માર્ગે નહીં — આણી પાસ’ કરતા કરતા સાધુઓ દૃશ્ય થયા. તેમની પાછળ ચાલતા સરસ્વતીચંદ્રના નેત્રેન્દ્રિયનાં મૂળ આગળના તંતુ કુમુદ ભણી સ્થિર રહ્યાં, પણ નેત્રની બાહ્ય કીકીઓ માર્ગની દિશામાં બળથી વળી અને તેને કુમુદ પરોક્ષ થઈ. માત્ર ‘મધુરી! બેટા મધુરી!’ એટલા શબ્દો બે વાર કર્ણમાં પેઠા અને પછી તેના ભણકારા રણકારો કરી રહ્યા. સર્વ સ્ત્રીઓ પોતાની પાસે આવી છતાં કુમુદની દૃષ્ટિ હઠ કરી યોગીઓની પાછળ જ ગઈ, સરસ્વતીચંદ્રના પગના પાછલા ભાગમાં ઠરી, પગ દૃશ્ય થતાં તેના અંચળા ઉપર ચડી, તે દૃશ્ય થતાં તેના મસ્તકના પાછલા ભાગમાં ઠરી, અને તે દૃશ્ય થતાં આંસુની ધારાઓમાં ઢંકાઈ જાતે દૃશ્ય થઈ. સાધુજનોના કોમળ દયાળુ પ્રશ્નોનો ઉત્તર આપવાને સાટે તે વિકળવદનથી તેમના સામું જોઈ રહી. સર્વ સ્ત્રીઓ એકબીજાના સામું જોતી રહી, પળવાર એકબીજાની સાથે ધીમે ધીમે કંઈક ચિંતાતુર વાતો કરતી કરતી એકમત થઈ, અને તેને અંતે ભક્તિમૈયાએ કુમુદને ઉપાડી લીધી. છાતી સરસી દાબી દીધી, અને જાતે પગે ચાલવાના હેતુથી એની પાસેથી ઊતરી પડવાના કુમુદના શરીરના આગ્રહી પણ કોમળ પ્રયાસને નિષ્ફળ કરી દઈ ઊંચા બલવત્ શરીરવાળી ભક્તિ અન્ય સ્ત્રીઓ સાથે ગિરિરાજ ઉપર ચડવા લાગી.

આ તરસ્થાન સુધી આવતાં જેટલો મોટેથી તેમનો વિનોદ ચાલતો હતો તેટલી જ ધીમેથી અત્યારે એમની પરસ્પર ગોષ્ઠિ અટકી અટકી જરી જરી થતી હતી અને તેમાંથી કંઈક શબ્દો ભક્તિના ખભા ઉપર પડેલી કુમુદના કાનમાં જતા હતા.

‘તારામૈત્રક જ!’ બંસરી મોહનીના કાનમાં ભણી.

'આંખના તારાઓનું કે આકાશના તારાઓનું?' તેમના મુખ અને કાન વચ્ચે માથું ઘાલતી પગની પાની ઉપર ઊંચી થતી થતી વામની ઉતાવળું પણ ધીમેથી બોલી.

તેને ખસેડી નાખતી બંસરી ગણગણી: 'નક્ષત્રોનું મૈત્રક તો નક્ષત્ર જાણે, પણ કીકીઓને તો બળવાન વ્યાધિ લાગ્યો.'

વામની વળી છળી અને તેમના કાનમાં બોલી: 'વ્યાધિ લાગ્યો, આધિ લાગ્યો, લાગ્યો મદન ઉપાધિ.'

મોહની સર્વને ખસેડી આંસુ સાથે બોલતી સંભળાઈ: 'શ્રીકૃષ્ણ પરમાત્મા કરે તે ખરું. ક્યાં એ યોગીનો યોગ અને ક્યાં આની પ્રીતિની મધુરતા? — બાકી તારામૈત્રક તો નિ:સંદેહ જ!' નિશ્વાસ મૂકતી મોહની ભક્તિની પાછળ ચાલી.

સર્વ ચાલી. તેમના મુખમાં ગોષ્ઠિના અને શ્લોકના ઉદ્‌ગર થતા હતા.

મોહની — 'દક્ષિણાનિલ જેવા મધુર યોગી'

'लवङ्गलतिकाभङ्गदयालुर्दक्षिणानिल:।

कथमुन्मूलयत्येष मानिनीमानपर्वतान्।।' [1]

વામની — 'રાત્રિએ જે પુરુષનું નામાદિ શ્રવણ કર્યું તે આ જ યોગી છે તો મે તે આ જ!'

'लतां पुष्पवतीं स्पृ स्नातो विमलवारिणा।

पुन: संपर्कशङ्कीव मन्दं चरति मारुत:।।' [2]

આ સાંભળતાં જ ભક્તિના ખભા ઉપર કુમુદે નેત્રકમળ ઉઘાડ્યાં જણાયાં. ત્યાં બંસરી ઉત્સાહમાં આવતી બોલી:

'निसर्गसौर मोद्भ्रांतभृङ्गसंगीतशालिनी।

उदिते वासराधीशे स्मेराऽजनि सरोजिनी।।' [3]

કુમુદને એક ખભેથી બીજે ખભે ફેરવતી ફેરવતી સામે ઉદય પામેલું સૂર્યબિંબ જોઈ રહી, ભક્તિમૈયા બોલી:

'क्षणमयमुपविष्ट: क्ष्मातलन्यस्तपाद:

प्रणतिपरमवेक्ष्य प्रीतमह्नाय लोकम्।

भुवनतलमशेषं प्रत्यवेक्षिष्यमाण:

क्षितिधरतटपीठादुत्थित: सप्तसप्ति:।।' [1]

'એ સૂર્ય ક્ષિતિધર પર પાછો આવશે — મૈયા, આવશે. મધુરીને હવે મારે ખભે આપો.' એમ કહેતી કહેતી મોહનીએ કુમુદના શરીરને લેવા હાથ અરકાડ્યા. તેનો લાભ લઈ જાતે ચાલવા ઊતરી પડવા ઇચ્છતી, પોતાની પળવારની અવશતા સ્મરી, શરમાતી કુમુદ બોલી:

'મૈયા તમારે હાથે પરસેવો વળ્યો છે. મને હવે ઊતરવા દો અને અમૃતપાન કરાવતા સર્વ શ્લોક ફરી ફરી સાંભળવા દો.'

'મધુરી! એ પરસેવો તારો પોતાની છે — મારો નથી.

---

[૧] . ઢોળાવ. incline, gradient .

[૨] . માળિયું, રજોટિયું, કાતરિયું. Loft ૩. વળવું, વાંકું જવું, curve , ૪. માર્ગમાં ઊતરવાનાં સ્થાન, Landing place ; ચડતાં ઊતરતાં બેસવાની જગાઓ.

[૫] . Bracing .

[*] 'ભરથરી' (ભર્તૃહરિના અનુચર) લોકમાં સાજક નામની સારંગી ઘણુંખરું વપરાય છે.

[*] 'જનની જીવો રે ગોપીચંદની' - અને 'જોગ લીધો રાજા ભરથરી' - એ રાગ.

[*] મેઘદૂત.

[૧] . પાસે વસનાર, શિષ્ય.

[૧] . લવંગની લતાનો ભંગ કરતાં જેને દયા આવે છે એવો આ દયાળુ દક્ષિણાનિલ માનિનીના માનપર્વતનું ઉન્મૂલન કેમ કરતો હશે? (પ્રકીર્ણ શ્લોક.)

[૨] . પુષ્પવતી લતાના સ્પર્શથી અભડાઈ, વિમલ જલથી નાહી, ફરીને રખે સંસર્ગ થાય એવી શંકાથી આ પવન મંદ મંદ ચાલે છે. (પ્રકીર્ણ)

[3] . સ્વાભાવિક સુગંધથી આકર્ષાયેલા ભ્રમરના સંગીતની શ્રીથી શ્રીમતી કમલિની દિવસપતિ ઉદય પામતાં, સ્મિત કરવા લાગી. (પ્રકીર્ણ)

[૧] . પૃથ્વીતલ ઉપર પાદ મૂકી ક્ષણવાર (પર્વતતટ ઉપર) બેઠેલો આ સૂર્ય પોતાને પ્રણામ કરવામાં વ્યાપૃત થયેલા પ્રીતિથી પ્રસન્ન થયેલા લોકોને ઉતાવળથી જોઈ લઈ, નીચે ઊભેલા બાકીના અવશેષ ભુવનતળને ઉપરથી, સામેથી, જોઈ લેવાને માટે, પર્વતના તટ ઉપરથી આ ઊઠે છે! (પ્રકીર્ણ)

૧૪. સુરગ્રામની યાત્રા

તીર્થક્ષેત્ર સુરગ્રામમાં ઘણાંક દેવાલય હતાં પણ તે સર્વ ગામ બહાર નદી અને સમુદ્રના તીર ઉપર અને તેમના સંગમ ઉપર હારોહાર ઠઠબંધ હતાં. ગામમાં માત્ર બે જ માર્ગ પાઘડીપને એકબીજાની આગળ-પાછળ સમાંતર રેખામાં આવેલા હતા. એ બે માર્ગની વચ્ચે ઘરોની એક હાર હતી તેમ તેનાથી માર્ગની બીજી પાસ બે હારો મળી, ત્રણ હારો ઘરની હતી. વચલી હાર બેવડી હતી એટલે એક ઘર આ પાસ અને બીજું બીજી પાસ દ્વારવાળું હતું. એક માર્ગનું નામ ગુરુમાર્ગ અથવા ગોરની શેરી હતું. બીજો માર્ગ ચૌટાને નામે પ્રસિદ્ધ હતો. ગોરની શેરીમાં તીર્થના ગોરબ્રાહ્મણો રહેતા. ચૌટામાં વસવાયા અને વ્યાપારી લોકો તથા ખેડૂતો રહેતા. શેરી અને ચૌટાની વચલી હારમાં એક મોટું શિવાલય હતું અને તેની આસપાસ કઠેરાબંધ ઉઘાડો ચોક છોબંધના તળવાળો હતો. પૂજા અને દર્શન કરનારની ભીડ આછી થતી હતી, કારણ સ્નાન વગેરેમાંથી પરવારી ભોજનસામગ્રીનો આરંભ કરવા જવાની વેળા હવે સર્વને થતી હતી.

પ્રાત:કાળે નવ વાગતાં સરસ્વતીચંદ્ર પોતાના સાથ સાથે અહીં આવી પહોંચ્યો અને શિવાલયના આ ચોકની એક પાસના ઓટલા ઉપર બેઠા બેઠા સર્વ થાક ઉતારવા લાગ્યા. મુંબઈનગરીના રોનકદાર બંગલામાં રહેલાને ગામડું જ નવાઈની વાત હતી તો આ સ્થાને કાંઈ વિશેષ લાગે એ સ્વાભાવિક હતું. સુવર્ણપુરના કારભારીના ઘરમાં અને યદુશૃંગના મઠમાં તો કંઈક ભવ્યતા હતી અને રાજેશ્વરના દેવાલયથી આ દેવાલય બહુ જુદી જાતનું ન હતું; પણ ચારે પાસનો ગામડા ગામનો દેખાવ તેન મન ઉપર કંઈ વિચિત્ર મુદ્રા પાડતો હતો. કુમુદુસંદરીને દીઠા પછી તે એ જ છે એવો નિર્ણય થવામાં ઘણો બાધ હતો પણ તેના સ્વરૂપના સંસ્કાર મસ્તિકમાંથી ખસતા ન હતા, એટલું જ નહીં પણ અનેક વિચારોને ઉત્પન્ન કરતા હતા. શિવાલયને જોઈ રાજેશ્વર અને ત્યાંના અનેક ઇતિહાસ અનુભવ મનમાં તરવરવા લાગ્યા. સહચારી બાવાઓની સાથે તે ગોષ્ઠિવિનોદ કરતો હતો તેમાં આ સર્વ સંસ્કાર ખડા થઈ વિઘ્ન નાખતા હતા. વાર્તા કરતાં વચ્ચે વચ્ચે અધ અધ ઘડી સુધી કોઈ પણ બોલે નહીં એવી વેળા પણ આવતી હતી. આવી મૌનભરી ઘડીઓમાંની એક ઘડી વહી જતી હતી તેટલામાં એક બ્રાહ્મણ મહાદેવનાં દર્શન કરવા આવ્યો, ઘંટ વગાડવા લાગ્યો, અને દર્શન કરી, ચોખા નાખી, મંડપના બહારના પગથિયા ઉપર બેસી પાઘડી ઉતારી બેઠો. દર્શન કરવા આવનાર બેચાર છોકરાં તેની આસપાસ વીંટાઈ વળ્યાં.

‘અલ્યા છોકરાઓ, જુઓ! કહું છું તે સાંભળજો ને જિહ્વાગ્રે કરજો. બધા દેવ તો કપટી છે, પણ આપણ શિવજી તો મારા જેવા ભોળા છે. માથામાં અક્કલ ન હોય, હાથમાં સ્વભાવ ન હોય ને કાળજામાં ભાન ન

હોય તો લોક શું નરકમાં પડે છે? ના, અક્કલવાળાની સંભાળ અક્કલ રાખે ને ભાનવાળાની સંભાળ તેમનું ભાન રાખે. પણ તે કાંઈ ન હોય તે ભોળાઓની સંભાળ ભોળોનાથ રાખે! ભોળાઓનો ભોળાનાથ તો અવતાર કે આકાર વગરનો ગોટમટોળ એટલા માટે છે કે તેને ભોળાઓ જેમથી ઝાલે તેમ ઝલાય અને રાંકના પાણીની પૂજાથી તૃપ્ત થાય. માટે ડાહ્યા હો તો ભોળાને જ ભજજો!

ભોળા ભોળા શંભુ! વિજ્યાનું પાન!

ઘરનુંય ખર્ચ નહીં ગ્સૂવાને સ્મશાન! બમ્ ભોળા!'

આમ બૂમ પાડી આ બ્રાહ્મણ ઊઠ્યો અને બાવાઓ પાસે આવ્યો: 'કહો, બાવાજી! આજ અત્યારે અહીં ક્યાંથી?'

'મહેતાજી! આ અમારી બેની મધ્યે બેઠેલા અમારા અતિથિ છે. તેમને ગુરુજીની આજ્ઞાથી તમારું ક્ષેત્ર બતાવવા લાવ્યા છીએ.' વિહારપુરીએ ઉત્તર દીધો.

મહેતાજી — (સરસ્વતીચંદ્રને નમસ્કાર કરી) 'આપનું નામ?'

સરસ્વતીચંદ્ર — (સામો નમસ્કાર કરી) 'નવીનચંદ્ર.'

મહેતાજી — 'વર્તમાનપત્રોમાં એક...ચંદ્રની વાત આવે છે તે તો આપ નહીં?'

સરસ્વતીચંદ્ર — 'શી વાત આવે છે?'

મહેતાજી — 'મુંબઈ છોડી એક વિદ્વાન દૃશ્ય થઈ ગયા છે તેનું નામ ચંદ્ર ઉપર છે.'

સરસ્વતીચંદ્ર — 'વાત જાણીએ ત્યારે ઉત્તર દેવાય. તમે કયા પત્રમાં વાંચ્યું? અહીં વર્તમાનપત્રો આવે છે?'

મહેતાજી — 'પાસે જ અમારી શાળા અને પુસ્તકશાળા છે તેમાં છે.'

સરસ્વતીચંદ્ર — 'ત્યાં ચાલશો?'

'જી મહારાજ' કરી તેના સહચારીઓ ઊઠ્યા અને સર્વ જણ એક માળ વગરની ઓરડી આગળ આવ્યા. તેને દ્વારે એક કાગળ ચોડી તે ઉપર શાહીથી 'પુસ્તકશાળા' એમ લખ્યું હતું. અંદર પુસ્તકોની પેટી, એક ગાદી, ત્રણચાર તકિયા અને આખી ઓરડીમાં માયેલી જાજમ, એટલી સામગ્રી હતી. ટેબલખુરસી ન હતાં, ગાદી આગળ એક શેતરંજી ઉપર રાજ્યકર્તાએ મોકલાવેલાં બે વર્તમાનપત્ર હતાં, અને એક પુસ્તકશાળાના વર્ગણી આપનારાની વર્ગણીમાંથી રાખેલું પત્ર હતું. રાજ્યના નિયમ પ્રમાણે દરેક ગામડાની શાળાની પુસ્તકશાળામાં એક વર્તમાનપત્ર મફત અપાતું અને વર્ગણી આપનારાઓ વર્ગણીમાંથી જેટલા પૈસાનાં વર્તમાનપત્ર મંગાવે તેટલા

જ ખરચનાં બીજાં પત્ર રાજ્યમાંથી મળતાં. પુસ્તકોની અમુક સંખ્યા ઉપર પણ એવો જ નિયમ હતો. મુંબઈના એક પત્રમાં લક્ષ્મીનંદન શેઠે પ્રસિદ્ધ કરાવેલા ગદ્યપદ્યાત્મક લેખ હતા અને તેને મથાળે ‘સરસ્વતીચંદ્રનો શોધ— નંબર ૧૦’ એવા અક્ષર મોટામોટા હતા. એ અક્ષર ઉપર દૃષ્ટિ પડતાં સરસ્વતીચંદ્રનું હૃદય ધડકવા લાગ્યું અને ઉતાવળથી ફરી ફરી સર્વ વાત વાંચતાં આવતાં આંસુ મહાપ્રયત્નથી તે દાબી શક્યો. ‘બીજા કંઈ પત્રો અને સમાચાર છે કે?’

મહેતાજી — ‘હા જી. આ રત્નનગરીમાં નીકળતા પત્રમાં અમારા પ્રધાનજીના કુટુંબમાં બનેલા શોકકારક સમાચાર છે.’

તે ઉતાવળથી વાંચતાંવાંચતાં સરસ્વતીચંદ્ર ગભરાયો. પ્રમાદધન મૂઓ, કુમુદસુંદરી ડૂબી ગયાં, સૌભાગ્યદેવી ગુજરી ગયાં, અને બુદ્ધિધનને સંન્યસ્તનો વિચાર છે! આ સર્વ વાંચતાં સરસ્વતીચંદ્ર હબકી ગયો, છાતી ઉપર હાથ ફેરવવા લાગ્યો અને નેત્રમા આંસુ ખાળી ન શક્યો. પોતાની વાત ગુપ્ત રાખવાની શક્તિ ખસવા લાગી.

મહેતાજી — ‘આપને આ સમાચારથી આટલું દુ:ખ થાય છે — આપ જ સરસ્વતીચંદ્ર તો નથી?’

વિહારપુરી — ‘જી મહારાજ! જ્ઞાન અને વૈરાગ્ય એ શોકનાં શામક છે.’

રાધેદાસ — ‘જી મહારાજ! આ સમાચાર સાથે આપનો સંબંધ જાણીએ તો આપનાં દુ:ખ હલકાં કરવાનો માર્ગ સૂઝે.’

વિહારપુરી—‘ગુરુજી સંસારથી અને દુ:ખથી મુક્ત છે, પણ એમના પ્રિયજનને દુ:ખથી મુક્ત કરવામાં સંસારને શૂન્ય નથી ગણતા.’

સરસ્વતીચંદ્ર શોકને દાબી શક્યો. તેનાં અશ્રુ દૂર થયાં. માત્ર મુખ ઉપર શોકની છાયા રહી. સર્વને એકઠો ઉત્તર આપવા પ્રયત્ન કર્યો. તેમ કરતાં કપાળે પ્રસ્વેદ — પરસેવો — વળ્યો તે લોહતો લોહતો બોલ્યો:

‘સરસ્વતીચંદ્ર નાસી ગયો તેની મને લેશ ચિંતા નથી. આ મુંબઈના સમાચાર નિષ્ફળ છે. પણ હું સુવર્ણપુરમાં રહેલો છું અને બુદ્ધિધનભાઈના સૌજન્યનું આસ્વાદન કરેલું છે તેનો આ ક્ષણિક શોક ક્ષણમાં શાંત થયો. સાધુજન! મારું દુ:ખ તો ગુરુજીએ દૂર કર્યું છે જ. હવે તેમને શ્રમ આપવાનો કંઈ અવકાશ નથી.’

મહેતાજીની જિજ્ઞાસા નષ્ટ થઈ. સાધુજન તૃપ્ત થયા. એટલામાં એક વણિક ગૃહસ્થ આવ્યો અને વિહારપુરીને નમીને બોલ્યો:

‘મહારાજે મારા ઉપર કૃપા ઓછી કરી દીધી કે પોતે અહીં પધારી મને કહાવ્યું નહીં. પણ મારી ભક્તિ ઉપર પ્રભુએ જ નજર કરી ને મને આપનાં

દર્શન થયાં. મહારાજ! ત્રણે મૂર્તિઓ રંકને ઘેર પધારી ભોજન લેવાની કૃપા કરો.'

વિહારપુરી — 'શેઠજી! બ્રાહ્મણ પાસે શુદ્ધ અન્ન કરાવો. પર્યટણ કરીને અમે પાછા આવશું. મહેતાજી! અમારી જોડે ચાલશો?'

મહેતાજી — 'શાળાની વેળા થતાં સુધી સાથે આવી શકીશ. આપને ક્યાં ક્યાં જવું છે?'

વિહારપુરી — 'પવિત્ર અને રમણીય સ્થાન જેટલાં હોય તેટલાં જોવાં.'

મહેતાજી — 'ત્યારે તો તેને માટે બેત્રણ દિવસ જોઈએ.'

સરસ્વતીચંદ્ર — 'એક સ્થાન જોયે તેના જેવાં બીજાં અનેક જોયાનું વળે એવાં નમૂનાનાં સ્થાન દેખાડો.'

મહેતાજી — 'સાંજ સુધીમાં તેટલું થઈ શકે.'

વિહારપુરી — 'એવાં સ્થાન તમે કયાં કયાં ગણો છો?'

મહેતાજી — 'નદી અને મહાસાગર ઉપરનાં સર્વ દેવાલયોની પ્રદક્ષિણા કરી લો. અને માર્ગમાં મુખ્ય દેવાલય આવે તેનાં ગર્ભાગાર સુધી જોઈ લેવાં. રત્નાકરેશ્વરનું શિવાલય, રાધિકેશજીનું મંદિર, લક્ષ્મીજીનું મંદિર, અને અર્હતનાથનો અપાસરો એટલાં ધામ મનુષ્યે બંધાવેલાં બરાબર જોવાં. રત્નાકર સાથે નદીનો સંગમ, બેટનાં માતાજી, ગિરિરરાજની તળેટી પરનો હરિકુંડ, બુદ્ધગુફા, મહાસાગરનો આરો, પેલી પાસનું બંદર અને મોટી વાવ — એટલાં સ્થાન પાસે સૃષ્ટિની સુંદરતા જોવાની છે.

સરસ્વતીચંદ્ર — 'એ તો જડ સૃષ્ટિ બતાવી. પણ જોવા જેવી કંઈ ચેતનસૃષ્ટિ પણ હશે.'

મહેતાજી — 'હાજી, જોવા જેવી જીવતી સૃષ્ટિમાં મુખ્ય વસ્તુ હું પોતે, બીજો અમારા ગોર અને ભટ, અને ત્રીજીચોથી ચીજો અમ સંસારીઓને માટે છે; આ ભેખને માટે નથી.

'તમારાં દર્શન તો થયાં. હવે પાંચછ દિવસનાં વર્તમાનપત્ર લઈ સાથે કોઈને મોકલો તો અવકાશ મળ્યે વાંચીશું. બાકીનો સમય તમે અને વિહારપુરી લેઈ જાઓ ત્યાં ગાળીશું.' સરસ્વતીચંદ્ર કંઈક સ્મિત કરી બોલ્યો.

રાધેદાસ — 'બધાં સ્થાનોમાં જવાને ઠેકાણે એકલા રાધિકેશજીના મંદિરમાં જઈએ, કારણ ત્યાં આજ ઠાકોરજીની પ્રતિષ્ઠાનો વાર્ષિક ઉત્સવ હશે.'

તે પ્રમાણે ઠર્યું. માર્ગે ચાલતાં ચાલતાં મહેતાજીએ પૂછ્યું:

'નવીનચંદ્રજી! તમને વર્તમાનપત્રની રસિકતા ક્યાંથી પ્રાપ્ત થઈ? એ તો અમારી નવી વિદ્યાની સૃષ્ટિ છે.'

સરસ્વતીચંદ્ર — 'નવી વિદ્યાનો મને પણ કંઈક અનુભવ છે. કહો, રાજકીય વગેરે બીજા વર્તમાન શા છે?'

મહેતાજી — 'રાજકીય સમાચાર ત્રણ જાતના. આ સંસ્થાનના તમે જાણ્યા. કુમુદસુંદરી ગયાં. સામંતસિંહ ગયા. ને રાણો ખાચર રત્નનગરીમાં છે. મોટા રાજ્યના સમાચાર તો જોઈએ તેટલા. કંઈક મ્યુનિસિપાલિટી ખરાબ તો કંઈક અંગ્રેજી અમલદાર ખરાબ. કંઈક અંગ્રેજી ધોરણ ખોટું તો કંઈક તેનો પ્રયોગ ખોટો. કંઈક હસવાનું તો કંઈક ક્રોધે ભરાવાનું ને કંઈક રોવાનું. ત્રીજા રાજકીય સમાચાર બીજાં દેશી રાજ્યોના ત્યાં તો ગમે તો કોઈનાં વખાણનાં બુંગાં ફૂંકાય છે તો કંઈ કોઈને ગધેડે બેસાડાય છે. ટાઢું ધાન ને ચાડિયું માણસ — બે વહાલાં લાગે તેમ પરિનિંદાની વાતો વર્તમાનપત્રોનો રોજગાર વધારનારી થઈ પડી છે. શું કરીએ? જેવા રાજા તેવા લોક, ને જેવા લોક તેવા રાજા. એ બે જેવાતેવા તેમના કારભારી એ ત્રણનાં જાન, જોડું ને જાત્રા. પ્રજાઓ અભણ, રાંક—અન્યાયી, અદેખી અને વિઘ્નસંતોષી. અધિકારીઓ સ્વાર્થી, ખુશામતિયા, પ્રમત્ત, ઉન્મત્ત અને માણસથી ડરે પણ ઈશ્વરથી ન ડરનારા રાજાઓ મૂર્ખ, આળસુ, દંભી, સ્ત્રીલંપટ, દારૂડિયા, પ્રજાને ડુબાવનારા, અને જાતે દેવામાં અને દાસોમાં ડૂબનારા. વર્તમાનપત્રોની આ વાતો સાંભળી સાંભળીને હું કાઈ ગયો, અને કોઈ કોઈ વખત તો આ પુસ્તકશાળા બંધ કરાવવા પ્રધાનજી ઉપર લખવા વિચાર થાય છે, પણ બીજા વિચારથી કલમ અટકે છે. છાંપુ વાંચવું ને મગજ ઉકાળવું. કાજી ક્યા દૂબળા કે સારા શહેરકી ચિન્તા — એવી આખી દુનિયાની ચિન્તા વહોરી લેવી.

સરસ્વતીચંદ્ર ગંભીર થઈ ગયો. ઉત્તર દીધો નહીં. વાર્તા ચાલી નહીં. માત્ર સૌના ચરણ ચાલતા હતા. આખા દેશના અનેક વિચારો એના મસ્તિકને અને હૃદયને વલોવવા લાગ્યા.

'મારો દેશ! મારી કુમુદ! મારા પિતા! મારી મુંબઈ કુમુદ — દેશ -' એવા અવ્યક્ત ઉચ્ચાર એના હૃદયમાં ઊછળવા લાગ્યા. આમ જતાં જતાં દેવાલયો માર્ગમાં આવવા લાગ્યાં અને શાંતિનો મેઘ ઝરમર ઝરમર વૃષ્ટિ કરવા લાગ્યો.

હવે માર્ગમાં બે પાસ નાનાંમોટાં દેવાલયોની હારો આવવા લાગી. છેક નાની દેરીઓ ચારપાંચ વેંતની હતી તો મોટાં દેરાં એકાદ માળથી બબે માળ જેવડાં ઊંચાં પણ હતાં. તેમની બાંધણી, તેમના ઘાટ, તેમના ઇતિહાસ, તેમની વ્યવસ્થા અને વર્તમાન અવસ્થા — આ સર્વ વિષયની વાતો ચાલી. ચાલનારાના પગનાં પગલાં જોડે, પલટણોનાં પગલાં પેઠે, સરખે વેગે આ વાતો ચાલી, અને સરસ્વતીચંદ્રના જાગેલા સાંસારિક સંસ્કારોને ઘડી ઘડી

ઝાંખા કરવા લાગી: ‘શું નવા યુગને બળે એક દિવસ આ દેરાં નવાં બંધાતાં બંધ પડશે અને જૂનામાં પ્રતિમાઓને સ્થાને સમાજો ભરાશે ને સરકારની ઑફિસો બેસશે?’ પ્રશ્ન ઊઠ્યો તેવો ઉત્તર મેળવ્યા વિના જાતે સહજ શાંત થઈ ગયો.

સુરગ્રામની વસ્તી એવી ન હતી કે આ સર્વ રચના ઊભી કરી શકે. પણ એક કાળે આ સ્થાને મોટું તીર્થ હતું તેવામાં ઘણે છેટેથી આવનાર દ્રવ્યવાન યાત્રાળુઓની વાસનાઓએ આ ઠાઠ ઊભો કરેલો હતો. એ ઠાઠ વચ્ચેનો માર્ગ સાંકડો પણ સ્વચ્છ હતો. માણસની દશા બદલાય છે તેમ આ સ્થાનને પણ વારાફેરા અનુભવવા પડ્યા હતા. યાત્રાળુઓની મોટી ભીડનો અને મોટા મેળાઓનો કાળ ગયો. પછી તીર્થ ગોઝારા જેવું થયું. વળી મલ્લરાજના સમયમાં તેનો જીર્ણોદ્ધાર થવા લાગ્યો. વચ્ચે આ દેરાંઓ ઉપર લીલોતરી ઊગી હતી અને લીલ બાઝી હતી, અને લૂણો લાગ્યો હતો; તેને સ્થાને આજ સર્વ સાફ અને ધોળાવેલું હતું. માર્ગમાં પ્રથમ ઘાસ ઊગતું અને પથરાઓ નડતા તેને સ્થાને હવે ઘાસનું નામ દેખાતું ન હતું અને સાટે સાફ બાંધેલો માર્ગ હતો. દેરાંઓ પાસે કાગડા ઊડતા હતા તેને સ્થાને બીજાં પક્ષીઓ જણાતાં હતાં. કૂવાઓનાં થાળાં ભાંગેલાં અને પાણી ગંધાતાં હતાં ત્યાં નવાં થાળ અને મીઠાં નિર્મળ પાણી થયાં. દેરાંનાં ભાંગેલાં પગથિયાં નવાં સમાં કરાવેલાં તેમાં વચ્ચે વચ્ચે દાણ વેરાયેલા જોવામાં આવતા હતા તેથી શ્રદ્ધાળુ સ્ત્રીઓનો પગસંચાર જણાતો હતો. જૂની નિશાનીમાં માત્ર એટલું જણાતું હતું કે લીમડા, પીપળા, વડ વગેરે પવિત્ર વૃક્ષોએ દેરાંઓની ભીંતોમાં, ઘૂમટમાં અને નળિયાંમાં પોતાની શાખાઓ પેસાડી દીધી હતી. તેને કાપી નાખવાનું કામ વૃક્ષમાા પણ જીવ ગણનાર દયાળુ વસ્તીને ગમ્યું ન હતું, અને જેમ અનેક પ્રાચીન આચારને આપણે પ્રીતિથી આપણી આસપાસ વીંટાવા દઈએ છીએ તેમ આ પ્રાચીન ડાળાંઓ પાંદડાંઓને પણ દેરાંઓની આસપાસ નિરાંતે વીંટાઈ રહેવા દીધાં હતાં. આ સર્વ કથા મહેતાજી અને સરસ્વતીચંદ્ર વચ્ચે માર્ગમાં ચાલતી હતી અને સાધુઓ તેમની પાછળપાછળ અનુચર પેઠે પણ છાતી કાઢી બોલ્યા ચાલ્ય વિના ચાલતા હતા. દેરાંઓને શાખાઓ નિરાંતે ગમે ત્યાં વળગેલી જોઈ સરસ્વતીચંદ્ર બોલ્યો:

‘મહેતાજી સાહેબ! આર્યોનાં ચિત્તની કોમળતા મનુષ્યજાતિનું રક્ષણ કરી પૂરી થતી નથી, પશુપક્ષીને સાંભાળી રાખી સંતોષ પામતી નથી, પણ વૃક્ષજીવનનું પણ પોષણ કરે છે તેમાં તેમની ભૂલ હશે પણ એ ભૂલ પણ માહાત્મ્યની છે. આવાં કોમળ હૃદયવાળ માહાત્મ્યઓની ભૂમિમાં જન્મ લીધાનું અભિમાન આ દેહથી છૂટતું નથી. એવા કોમળ માહાત્મ્યઓનાં ચિત્ર પ્રત્યક્ષ કરાવતી આ રચના ઉપર પ્રીતિ થાય છે, વિહારપુરી!

વિહારપુરી — ‘જી મહરાજ!

સરસ્વતીચંદ્ર — ‘આ અભિમાન અને આ પ્રીતિ આ ભેખને પાત્ર ખરાં કે નહીં?’

હસીને વિહારપુરી પાછળ ચાલતો ચાલતો બોલવા લાગ્યો: ‘જી મહારાજ! સત્પુરુષના હૃદયમાં જે પદાર્થ લખ થાય તે અલખને પ્રિય જ હોય, કારણ એવાં હૃદય શ્રી અલખની વિભૂતિઓમાં શ્રેષ્ઠ છે.’

રાધેદાસ — ‘ગુરુજી પાસે શ્રવણ કરેલું છે કે વિરક્તજનોનાં મન અન્યથા શીર્ણ થાય છે અને વિકારમાત્ર શાંત થાય છે ત્યારે પણ રંક જીવ ઉપર દયા, સમૃદ્ધ સજ્જનનો અનુમોદ, દુર્જનોનાં દુષ્કૃત્યોની ઉપેક્ષ, અને અલખની વિભૂતિનાં દર્શનની પ્રીતિ — એટલો તેમના મનનો સ્વભાવ શેષ રહે છે.’

વિહારપુરી — ‘જી મહરાજ! રાધેદસ યથાર્થ કહે છે.’

મહેતાજી — ‘મહરાજ! અંગ્રેજી વિદ્યા એ સર્વનો અસ્ત કરશે.’

સરસ્વતીચંદ્ર — ‘અંગ્રેજોની સત્તાના કાળમાં અને અંગ્રેજી ભણેલ રાજાપ્રધાનની સંમતિથી આ જીર્ણોદ્ધાર થયો છે.’

મહેતાજી — ‘એ વાત તો સત્ય. કાનની બૂટ પકડું છું.’

આમ ગોષ્ઠિ ચાલે છે ને સર્વ ચાલ્ય જાય છે એટલામાં રાધિકેશજીનું મંદિર આવ્યું. પંદરેક પગથિયાં ચડી તેમાં જવાનું હતું. પગથિયાં ઉપર મોટાં કમાડોમાં થઈ માંહ્ જવાનું હતું. કમાડની માંહ્યલી પાસ બે સામસામી નાની ઓટલીઓ હતી તેમાં એક પાસ થોડ દિવસ થયાં એક પોળિયો રાખ્યો હતો, તે એક કપડાનો કટકો પાથરી ઉપર બેઠોબેઠો ચલમ ફુંકતો હતો. મંદિરને કંઈક ઊપજ હમણાંહમણાંની વધી હતી અને એક સાધુને ભંડારી બવો કરી અંદર રાખ્યો હતો. સરસ્વતીચંદ્રે આ મંદિરનાં પગથિયાં ઉપર પગ મૂકયો ત્યાં ભડારીની ઘંટ—ઘડિયાળમાં અગિયારન ટકોર થયા. તે ગણવ સર્વ પળવાર ઊભા. મંદિરમાં આવી પહોંચવું, ઘડિયાળનું વાગવું ઇત્યાદિ નવી સૃષ્ટિએ ચાલતી વાર્તામાંથી સર્વને જગડ્યા અને નવા જીવનને જોતા કર્યા.

એક પાસ મંદિરના આગળના મહાદ્વાર અને કોટ, અને બીજી પાસ મંદિરનો મંડપ, અને તેમની વચ્ચે મંદિરની આસપાસ ફરતો ચોક હતો. કોટ અને ચોક વચ્ચે ભંડારી વગેરે મંદિરના સ્થાપક, વ્યવસ્થાપક અને પૂજક વર્ગને માટે અને તેમના સેવકોને પોતપોતાના કામમાં ઉપયોગી થાય એવી ઓરડીઓ કરી હતી. મંદિરના આગલા મંડપને ત્રણ પાસથી કમાનોવાળ અને કમાડ વગરન ઊંચા દરવાજા હતા. તેની વચ્ચે આરસનો ચોક ને ઉપર ઘૂમટ હતો. પાછળ ગર્ભાગાર હતું ને તેમાં સિંહાસન હતું. જોડે શય્યાખંડ તથા જલગૃહ વગેરે રચન હતી.

નાનપણથી મુંબઈ અને અંગ્રેજી અભ્યાસના જ પરિચિત પુરુષને આ દેખાવ નવીન લાગે તે પહેલાં તો અંદર હરતાફરતા તથા બેઠેલા ભક્તમંડલનાં ગનકીર્તન એના કાનના પડદા સાથે અથડાવ લાગ્યાં અને એના હૃદયના નિત્ય સહવાસી સંસ્કારોને દૃશ્ય કરી તેને સ્થાને ચડી બેઠાં.

એક વૃદ્ધ પણ બળવાન બાંધાવાળી સ્ત્રી કોટમાં પોળિયા પાસે સાથરો નાખી બેઠી હતી અને પોતાની જંઘા થાબડતી થાબડતી અને શરીર આગળ અને પાછળ વીંઝતી વીંઝતી ગાતી હતી:

‘જાવું છે, જી— જાવું છે — જાવું છે જરૂર! (ધ્રુવ O)

કાયા તારી કામ ન આવે, ઝાંબું થાશે નૂર!

એવા સરબા આથમી ગયા ઊગમતા અસુર! જાવું O

મોટે ઘેર હાથી ઘોડા હળ અને હજૂર!

એવા સરબા વહી ગયા—નદીઓનાં પૂર! જાવું O

રહ્યા નથી, રહેશે નહીં, રાજા ને મજૂર!

એવા સરબા ઊડી ગયા — આકડાનાં તૂર! જાવું O

એકી સાથે જમતા હતા હળ ને મસૂર!

દાસ જીવણ કહે, કર જોડી, ‘ભજી લો ભરપૂર!

જીવન અને મૃત્યુનો વિચાર સરસ્વતીચંદ્રના મનોરાજ્યમાં એકદમ ખડો થયો. ડોસી ગાઈ રહી તેની સાથે તેના સાથરા ઉપર રૂપિયો રાંટો નાખવાને હાથ ખીસું ખોળવા લાગ્યો. અંચળને ખીસું નહીં અને રૂપિયો તો સ્વપ્નામાં જ સાથે રહ્યો. ઉદાર હાથ નિરાશ થઈ પાછો ફર્યો અને હૃદયના એક ભાગે બીજાને પૂછવા માંડ્યું: ‘આવું સંસ્કારરત્ન આપનારી આ સ્ત્રીને બદલામાં આપવાનું દ્રવ્ય તે હવે મારી પાસે ન મળે! હાથ ધરીને કંઈ પ્રતિગ્રહ ન કરનારો હું — તે મારું હૃદય સંસ્કરનો પ્રતિગ્રહ વગરપૂછ્યે કરે છે. અથવા બ્રાહ્મણનું હૃદય જ્ઞાન અને સંસ્કારના પ્રતિગ્રહ કરવાને જ સરજેલું છે.’

ત્યાંથી પગ ભાગ્યે ઊપડ્યો એટલામાં તો ચોકન બીજા ભાગમાં કોઈ લહેક કરી ગાતો હતો તેના લલકારે સંસ્કારશોધકને ઊભો રાખ્યો.

‘મુકરર મા...નની કહ્યું મા...રું,

એક દિન મા...ટીસેં... મિલ જા...વું...

એક દિન પં...ખીસેં...ઉડ જા... વું...

મુકરર મા...નની...કહ્યું મા...રુંઉઉઉ...'

મારુંના રુંનો ઉકાર સભળનારના કાનમાંથી કળજામાં પેઠો અને કાળજું વલોવવા લાગ્યો. રુકારનો રણકારો ઘણો પહોંચ્યો. સરસ્વતીચંદ્ર દઢી ઉપર હાથ ફેરવતો ઊભો. ગાનારે એટલામાં તો કેટલીક કડીઓ પૂરી કરી અને વિચારની ધૂનમાં આ વચલો ભાગ કાનમાં કે ધ્યાનમાં પેસે ત્યાર પહેલાં છેલ્લી કડીઓ સંભળાઈ. ગાનાર ખીલી ખીલીને ગાવા લાગ્યો:

'જૂઠી રે કા... યા...જૂઠી રે માયા

જૂ...ઠા માલ ફટા...યા...

જૂ... ઠા રે તારાં સગાં સંબંધી

ફો... કટ ફે...રા ખા...યા — મુકરર*O*

અંત સમે કોઈ કામ ન આવે,

પા...છળથી પસ્તા...વું...

ભોજો ભગત કહે ભજી લ્યો ભાઈ!

હું ગુણ ગોવિન્દના ગાઉ*!...*

મુકરર માનની કહ્યું... મારું,

એક દિન માટીસેં... મિલ જાવું...'

એક દિન પંખીસેં...... ઊડ...જાવું...'

'ઊડ જાવું...ઊડ...જાવું' એ અક્ષરો આજ ચિરંજીવ થયા.

'કાયા જૂઠી...એ સત્ય. ઊડી...જવું...એ સત્ય. ફેરો ફોકટ થયો કે સાર્થક થયો એ બીજો પ્રશ્ન. એ ફેર ક્યારે સાર્થક થયો ગણવો એ ત્રીજો પ્રશ્ન અને એ જ સોથી કઠણ પ્રશ્ન.'

મહેતાજી — 'વિહારપુરીજી! આ ગયું એટલે સુધી બધા ધર્મનો બોધ એક — માયા ખોટી, મૃત્યુ નક્કી, ને હરિભજન કરી મોક્ષ પામવો ત્યાં સુધી વાંધો નહીં, પણ કીયા હરિને ભજવો? વિષ્ણુને, શંકરને, શક્તિને, બ્રિસ્તને કે મહમદ પેગંબરને? પેલા મંદિરમાં હતા ત્યાં શિવકીર્તન કરવાં અને અહીયાં રાધાકૃષ્ણનો વિહાર ગાવો. ત્યારે સાચું તે શું?'

રાધેદાસ — 'શિવ ઓર વિષ્ણુ તો એક જ હૈ.'

મહેતાજી —'જો એક જ છે તો આ અનેક નામ ને અનેક મૂર્તિઓ ને અનેક કથાપુરાણ ને ભજન શું કરવા જોઈએ? બધુંય એક જ કરોની કે આ નકામી કડાકૂટ, નકામાં ખરચ, ને નકામા ઝઘડા ન થાય! ગોળમટોળ

મારા શિવજીને પાણીપાંદડાંની સોંઘી પૂજા કરવી મૂકી આ ઢોંગ ને ખરચ શું કરવા કરવા?'

વિહારપુરી — 'મહેતાજી! અલખ તો એક જ છે પણ તે જ્ઞાનમાર્ગનું લક્ષ્ય છે. લખ પણ એક જ છે, પણ તેના વિહાર અનેક છે અને તે ભક્તિમાર્ગનું લક્ષ્ય છે. માટે જ ભક્તિ બહુમાર્ગિણી અને બહુરૂપિણી છે. તેમાંથી જે માર્ગે, જે રૂપે, ભક્તિ પામો તે ભક્તિથી ભક્તિનું પરમ સાધ્ય લખરૂપ પમાય છે.'

મહેતાજી — 'પણ અનેક માર્ગ અને અનેક રૂપમાંથી લેવું કયું ને પડતું કયું મૂકવું?'

વિહારપુરી — 'અધિકાર પ્રમાણે.'

મહેતાજી — 'શિવ ભજવા કે વિષ્ણુ ભજવા તેમાં અધિકાર શો?'

વિહારપુરી — જો બચ્ચા! અધિકાર સર્વમાં છે. લખરૂપનો અનેક લહરીવાળો પ્રવાહ સર્વ પાસ મહસાગર પેટે ચાલી રહ્યો છે. તેમાંની લહરીઓ કેણી પાસ જાય છે? જેની પાછળ જે હોય તેની પાછળ તે જાય છે. તેમ જ પિતા પાછળ પુત્રને પિતાની ભક્તિ પાછળ પુત્રની ભક્તિ. સર્વ ધર્મ અને સર્વ ક્રિયાઓ સમીપસ્થ પદાર્થોને ઉદ્દેશી વર્તે છે. પિતા કોણ ને પુત્ર કોણ? તેમના પરસ્પર સામીપ્યથી તેમના શરીરના ધર્મ રચાય છે. અનેક બળકોને ભૂખ્યાં રહેવા દઈ પોતાનાં બળકને સ્તન્યપાન [૧] આપવું તે માતાનો ધર્મ ને બળકનો ધર્મ છે. તેમ જ કુટુંબનો ઇષ્ટ દેવ સ્વીકારવા તે બળકને શીખવવું એ કુટુંબનો અધિકાર.'

મહેતાજી — 'ત્યારે તો કુળધર્મ છોડવો નહીં.'

વિહારપુરી — 'નહીં.'

સરસ્વતીચંદ્ર રસથી સર્વ સાંભળી રહ્યો હતો. તેણે પૂછ્યું: 'વિહારપુરીજી! એ ઉત્તરમાં દોષ નથી?'

વિહારપુરી આગળ આવીને પૂછવા લાગ્યો: 'જી મહારાજ! કયા દોષ આતા હે?'

સરસ્વતીચંદ્ર — 'કાલ સવારે ગુરુકૃપાથી મારો જ કુળધર્મનો અધિકાર બદલાયો તમે દીઠો.'

રાધેદાસ — 'એ વાત તો સચ.'

વિહારપુરી — 'જી મહારાજ! મારી ચૂક થઈ. મહેતાજી! તમારું સમાધાન અમારા નવીન જૈવાતૃક કરશે ને તેનો અમને પણ લાભ મળશે.'

સરસ્વતીચંદ્ર — 'આપને વિદિત હશે કે *જન્મના જાયતે શૂદ્ર:સંસ્કારાદ્ દ્વિજ ઉચ્યતે।*'

વિહારપુરી — 'હા જી.'

સરસ્વતીચંદ્ર — 'જન્મથી ભક્તિમાર્ગમાં જન્મ્યો હોય તો સંસ્કારથી જ્ઞાનમાર્ગમાં જાય.'

મહેતાજી — 'પણ જ્ઞાનમાં જાય તે કાંઈ ભક્તિને વખોડે કે?'

સરસ્વતીચંદ્ર — 'વખોડવાની કંઈ આવશ્યકતા નથી. ઉપલે પગથિયે ચડીએ એટલે નીચલા સાથે કાંઈ સંબંધ રહેતો નથી. નવો સંબંધ થાય એટલે જૂનો જાય. પ્રાત:કાળે જ વિહારપુરીજીએ ઉપદેશ કર્યો હતો કે અલખનો પ્રકાશ અને અધિકારીની બુદ્ધિ બેના સંયોગથી લખસૃષ્ટિ ઉપરામ પામે છે.'

વિહારપુરીનો આત્મા અતિ પ્રસન્ન થયો.

'જી મહારાજ! હું અલખનાં રહસ્ય શુકમુખ પેઠે ઉચ્ચારું છું. પણ આપ તેને પ્રકાશિત કરો છો —'

રાધેદાસ — 'અને સાથે અમારાં હૃદયકમળને વિકસાવો છો.'

મહેતાજી — 'નવીનચંદ્રજી મહરાજ! ત્યારે ભક્તિમાર્ગમાંના અનેકમાંથી કયો સ્વીકારવો?'

સરસ્વતીચંદ્ર — 'અનેક સંસ્કારોના અનેક પ્રવાહમાંથી જેનો પટ તમારી બુદ્ધિ ઉપર વધારે બેસે તે ઇચ્છાથી કે અનિચ્છાથી તમે સ્વીકારવાના જ.'

વિહારપુરી વિચારમાં પડ્યો હતો તે સ્મરણ વિકસાવી બોલ્યો: 'જી મહારાજ! ગુરુનું વચન હવે સ્મરણમાં સ્ફુર્યું. આપનું વચન તેને અનુસરતું જ છે. સર્વના સરખા જઠરાગ્નિને દેશકાળ પ્રમાણે જુદી જુદી જાતન અન્નાદિની આહુતિઓ અપાય છે. તેમ સર્વની સરખી ભક્તિવાસનાને માટે એક દેશમાં વિષ્ણુ પ્રિય છે, બીજામાં શિવ છે, ત્રીજામાં પેગંબર છે અને ચોથામાં વિશ્વાસીઓનો દેવ છે. એ સર્વ સંસ્કાર જન્મ અને સહવાસથી અનધિકારીઓને મળે છે. એ ધર્મોમાંથી એકનો ત્યાગ કરી બીજાનું ગ્રહણ કરવાથી અનધિકાર અધિકારી થતો નથી પણ ઊલટો ભ્રાંત થાય છે. તેને માટે જ કહેલું છે કે, *स्वधर्मे निधनं श्रेय: परधर्मो भयावह:।।* પણ અનધિકારી અધિકારી થાય એટલે તો તેને જ્ઞાન સ્વત: ઉદય પામે છે.'

મહેતાજી — 'તે તમારા જ્ઞાનમાં પણ કયાં એકપણું બળ્યું છે? આ જુઓ કબીરપંથી, જૈન, સાંખ્ય, વેદાંત વગેરે — અખો કહે અંધારો કૂવો ને ઝઘડો ભાગી કોઈ ન મૂઓ. માટે જ તમારા જ્ઞાન કરતાં અમારી જેવી તેવી ભક્તિ સારી.'

વિહારપુરી — 'અલખમાર્ગમાં ભક્તિ તો પ્રથમ સાધન જ છે. યોગજ્ઞાનાદિ તો તે પછી છે. અધિકારનો ક્રમ છે.'

મહેતાજી — 'તો ખરું. બાકી આ તો શું? જ્ઞાનની બડાશો મારવી એ તો સર્વને આવડે ને બડાશો મારવ સિવાય બીજું તો જ્ઞાન પણ નહીં ને ભક્તિ પણ નહીં.'

સૌ વાતો કરતા ચાલતા હતા તે આટલી વાત થઈ એટલામાં તો મંદિરના મંડપનાં પગથિયાં ચડી અંદર આવ્યા. સરસ્વતીચંદ્રને બીજાં વર્તમાનપત્રો મંગવેલાં તે આપી, સમય થયે મહેતાજી શાળમાં ગયાં.

મંદિરમાં અત્યારે રાજભોગનો સમય થવાને કંઈક વાર હતી, પણ ધીમે ધીમે લોક ભરાત હતા. ગામની વસ્તી થોડી હતી તે થોડાં વરસથી વધવ માંડી હતી. તેમાં થોડા થોડા પરગામના યાત્રાળુઓ તો હંમેશ આવજા કરતા. મંદિરમાં બહુ ભીડ ક્વચિત્ થતી. પણ શરદઋતુના આકાશમાં આછી વાદળીઓ અહીંતહીં હોય તેમ દર્શન કરવા આવનાર મંદિરમાં અહીંતહીં બેઠેલાં, ઊભેસાં, ચાલતાં, પ્રતિમાને નિહાળી રહેતાં, વાતો કરતાં, કીર્તન કરતાં, અને અમસ્તા રાગ કાઢતાં, યુવક અને વૃદ્ધ સ્ત્રીપુરુષો અને બળકોનાં આછાં ટોળાં દ્વારોમાં, પગથિયાં ઉપર, ભીંત અઠીંગેલાં, ચોકમાં અને મંડપમાં ભરાયેલાં લાગતાં હતાં. કોઈ સ્નાનઅદિ કરી પવિત્ર થઈ ઉઘાડે અંગે ટીલાંટપકાં સાથે હતાં. મુંબઈવાસીને નિર્માલ્ય લાગે એવાં પણ ગમડામાં તો સુંદર અને આકર્ષક લાગતાં વસ્ત્રો કોઈએ પહેરેલાં હતાં. કોઈએ માત્ર અબોટિયાં જ પહેર્યાં હતાં. મહેતાજી ગયા તે વેળા ત્રણે સાધુવેશ યુવકો આ સ્થાને આવી પહોંચ્યા હતા. વિહારપુરી અને રાધેદાસ દેવને નમસ્કાર કરી ઊભા. સરસ્વતીચંદ્રનું હૃદય જ મૃદુભાવથી પ્રવણ થયું અને બાહ્ય આકૃતિ સ્વસ્થ જ રહી.

એના જમણા હાથ ભણી એક ભક્ત એક પગે ઊભો રહી ઇષ્ટદેવની સુંદરતાન અભિમાનની લેહમાં દેવને એકીટશે ન્યાળી રહી બિહાગ ગતો હતો.

રાધેદાસ — 'જી મહારાજ! શ્રી કૃષ્ણ પરમાત્મા માટે રાધિકાજી વાસકસજ્જા થઈ આખી રાત વટ જોઈ રહ્યાં હતાં. સંસારની રાત્રિમાં ભક્ત પણ તેવી જ વાટ જુએ છે. એ વિયોગ અને આતુરતાને કાળે રાધિકાજીએ જેવી રીતે કળક્ષેપ કર્યો તેનું જ અનુકરણ ભક્ત કરે છે. એ રાત્રિ પૂરી થઈ ત્યારે જ રાધાજીને પ્રભુ મળ્યા. સાધારણ કામી જનનો મેળપ રાત્રે થાય છે. રાધિકાજીની પરમભક્તિને પ્રભુ વશ થાય તે તો માયાનો અંધકર ગયો અને આતુર ભક્તિની સીમા આવી ત્યારે રાધાસ્વરૂપ થઈ રાધિકેશજીનો ભક્તિપ્રયોગ ધરતાં ધરતાં આ ભક્તનું હૃદય દ્રવે છે તે જુઓ.'

સરસ્વતીચંદ્રે દૃષ્ટિ ફેરવી. ગાનાર ભક્તને પોતાને કીર્તનમાં અન્ય પદાર્થોનું ભાન જ ન હતું. તે એકનું એક પદ ફરી ફરી ગાતો હતો.

'જલસૂત [૧] વિલખ ભયે, સુરતબિન [૨] જલસુત વિલખ ભયે! (ધ્રુવ O)

*હિમસતા પતિરિપુ * તન પ્રગટે...ખગપતિ [3] ચખ ન પયે [૪] : સુરત O*

સારંગસુતા [૫] સારંગ [૬] લિયો કરપ...સારંગ [૭] સ્થિર ભયે: સુ O

સારંગ દેખ રીઝ રહે સારંગ [૮] ...લે રથ રાખ રહે રે! સુ O

સારંગસુતઅંક [૯] કર લીનો... સારંગચિત્ર [૧૦] ... ઠયે; [૧૧] સુ O

સારંગ દેખ ચૌકે ઓહી સારંગ...લે રથ ભાગ ગયે રે. સુ O

પ્રાત: ભયો જબ પ્રકટે કચ્છપનંદન, [૧૨] સંતન સખ ભયે! સુ O

સુરદાસ કહત હવિપ્રતાપ વ્રજવનિતા સુખ લહે. [૧૩] સુ O

રાધેદાસ — 'નવીનચંદ્રજી! આ ભક્તરાજે ભક્તિનો યોગ શ્રી રાધિકેશના દર્શનમાં સાધ્યો અને વ્રજવનિતાનું સુખ અનુભવે છે. આ પરાભક્તિનો સમાધિ.'

સરસ્વતીચંદ્રે ઉત્તર મુખ વડે ન દીધો પણ તેના હૃદયમાં ધ્વનિ થયો:

' 'T' is the yearning for the Beautiful ! — for the Beautiful in the Divine. It is the dauty Which the sighteers admire, but to the Bhakta is a trance of intense love. There is a form of beauty floating on the air before his loving eye and singing the sweet melodies of DiVine raptures into his wistful ears .'

એક પ્રૌઢ સ્ત્રી મંડપની વચ્ચે દેવના દર્શન કરતી કરતી હાથ જોડી ગાતી હતી. તેના આગળ એક તુલસી ભરેલો ટોપલો પડેલો હતો તેમાંથી લીધેલી એક માળા એના હાથમાં લટકતી હતી. એનું શરીર દુખિયું અને દૂબળું હતું, એના ગાલ બેસી ગયાં હતા. એના વસ્ત્રમાં અનેક થીંગડાં હતાં. આ દુખી અબળના પગ આગળ એક બાળક—પુત્ર એના શરીરને બાઝી ઊભો હતો, અને રહી રહીને રોતો હતો. પણ તે કાંઈ લક્ષમાં ન લેતાં આ

બાળકની માતા માત્ર દેવને ન્યાળી રહી હતી અને એ પ્રતિમામાં આરોપેલો સર્વવ્યાપી ઈશ્વર સાંભળતો હોય તેમ તેના મુખમાંથી ધીરે ધીરે અક્ષર ખરતા હતા:

‘મીરાં ભક્તિ કરે રે પ્રકટકી! નાથ તુમ જાનત હો સબ ઘટકી. (ધ્રુવ)

રામમંદિર મીરાં દર્શન આવત, તાલ બજાવત ચટકી,

પાયલ ઘુઘરુ રુમઝુમ વાગત, લાજ સંભાળો ઘુંઘટકી.! મીરાં O

ધ્યાન ધરત મીરાં ઘરણીઘરનકો ને સેવા કરત ખટપટકી,

શાતિગ્રામકો તુલસી ચઢાવત, ભાલ તિલક, માંહી ટપકી.! મીરાં O

વિખના પ્યાલા રાણાજીએ ભેજ્યા, ને સાધુ સંગત મીરાં અટકી,

હરિચરણામૃત કરી પી ગઈ મીરાં, જેસી જાનત અમૃત ઘટકી. મીરાં O

સુરદોરપર ચલી એક ધારા ને સિર ગગરી પર મટકી,

બઈ મીરાં કહે પ્રભુ ગિરધરનાગર, એસી સુરત બતી જ્યમ

નાટકી.

મીરાં ભક્તિ કરે રે પ્રકટકી! ’

‘વિખના પ્યાલા’ની કડી ગીતાં ગીતાં આ સ્ત્રીનાં નેત્રમાંથી આંસુની ધારા નિરંકુશ થઈ. છેલ્લી કડી ગાતાં તે ઘેલી જેવી દેખાઈ. તેના અંતરમાં કંઈક ઊંડું દુ:ખ હતું. તેના રોતા બાળક ભણી તે દૃષ્ટિપાત પણ નાંખતી ન હતી. અંતે દીર્ઘ નિ:શ્વાસ મૂકી, બાળકને એમનું એમ રહેવા દઈ, તુલસીનો ટોપલો લેઈ સામી સામી ચાલી અને સિંહાસન ઉપર ઊંધો વાળ્યો. એ તુલસીની ભેટનો સ્વીકાર થયો જ હોય અને ઈશ્વર ઉપર વિશ્વાસ આવ્યો હોય તેમ આશ્વાસન પામી આ સ્ત્રી સ્વસ્થ વદનથી પાછી આવી બાળકને ઊંચક્યું, અને તેની પાસે ઠકોરજીને ‘જય જય’ — ‘જે જે’ કરાવી એક પુરાણી ભાગવતની કથા કરતો હતો તેની પાસે બાળકને ખોળામાં લેઈ સાંભળવા બેઠી.

આ સર્વ પ્રત્યક્ષ કરતો કરતો સરસ્વતીચંદ્ર કહેવા લાગ્યો: ‘વિહારપુરી! આ સ્ત્રી બહુ દુ:ખી હશે અને તેના અનાથ હૃદયમાં એની ભક્તિએ આશ્વાસક અમૃત રેડ્યું તે આજે પ્રત્યક્ષ કર્યું. સુખી જીવને ભક્તિથી શું થાય છે તે જોવાનું બકી રહ્યું.’

વિહારપુરી — ‘જી મહારાજ! તે પણ ક્યાંક લખ થશે.’

આ ઉત્તર કાનમાં પહોંચતાં પહેલાં તો કુમુદસુંદરી સાંભરી: ‘કુમુદ! દુ:ખી કુમુદ! આવા જ દુ:ખથી તું ડૂબી! તારા જેવાં કેટલાં સુંદર પુષ્પો દુ:ખના ભાર નીચે કચરાઈ, ચીમળાઈ, નિર્માલ્ય થઈ, ધૂળ ભેગાં લોકના પગ નીચે છૂંદાતાં હશે! — તારા જેવી જ આ દુખિયારી! તેના જેવું આશ્વાસન તને ન મળી શક્યું. અંગ્રેજી વિદ્યાએ ન આપ્યું, સંસ્કૃત વિદ્યાએ ન આપ્યું, માતાપિતાએ ન આપ્યું, મેં ન આપ્યું, તે અમૃત રંક અશિક્ષિત સ્ત્રીને સ્થાને મળ્યું—આજ જે સુંદર દુખી મુખ દીઠું તે જ તું ન હોય! તું તે હોય—તો તને આવું અમૃત ન મળે? તારા દુ:ખમાં આ અમૃતથી શાંતિ ન વળે? એ શાંતિ આપવી તે મારા અધિકરમાં નથી. — આ ભેખ — હવે બુદ્ધિધનના ઘરના જેટલું પણ — આશ્વાસન આપવા દે તેમ નથી. પ્રમાદધન મૂઓ. તું વિધવા થઈ. સુંદરગિરિ ઉપર આવી. અલખની સ્વતંત્રતાને પ્રાપ્ત થઈ... મારા અપરાધનું પ્રાયશ્ચિત્ત શક્ય થયું — પણ... આ ભેખ...પણ તું તે હોય ખરી! મળતાં મોંનાં માણસ જગતમાં કયાં નથી હોતાં — સર્વથા આ સંકલ્પવિકલ્પ અપ્રાપ્તકાલ છે.’

મન સ્વાધીન થયું અને વિચાર બંધ પડ્યા. દેવના સિંહાસન પાસે ઊભી ઊભી એક સુંદર મુગ્ધા ગતી હતી. તેનાં વસ્ત્ર ભાગવાં હતાં, પણ મુખ અને અવયવોમાં લાવણ્ય અને લાલિત્ય ઉભય હતાં. બેત્રણ પુરુષો કેટલેક છેટેથી તેના સામી વિકાર ભરેલી દૃષ્ટિ કરી ઊભા હતા. પણ એની આસપાસ બીજી સ્ત્રીઓ કિલ્લો રચી ફરી વળી હતી, અને વશ્નેનો માર્ગ જશ વધારે રાખી તેમાં આ મુગ્ધાને રાખી હતી. આ બાળા ચંદ્રવલીની ભાણેજ હતી અને માશીનું અનુકરણ કરી કુમારી રહેવાનો નિશ્ચય કરી બેઠી હતી અને સાધુંજનોમાં એવા નિશ્ચયવાળી સ્ત્રીઓ મરતાં સુધી પરણે નહીં તેની નિંદા થતી ન હતી. આ મુગ્ધા પોતાના મનથી શ્રીકૃષ્ણ પરમાત્માને જ વરેલી હતી. અને તેમ સમજી તેવા હાવભાવ કરી દેવને ઉદ્દેશી ગાતી હતી:

‘આવત મોરી ગલિયનમેં ગિરિધારી!

આવત મોરી ગલિયનમેં ગિરિધારી!’

ગલીને એક છેડે પોતે હોય ને બીજે છેડેથી પ્રિયજનને આવતો દેખી આંખો ને હાથ તે છેડા ભણી લંબાવતી હોય તેમ કરવા લાગી, અને પ્રિયજનને જોઈ શરમાઈ મુગ્ધા મોં સંતાડતી હોય તેમ અચિંતી પાછી હઠીને મોં પર લાજ તાણવા લાગી.

'મેં તો છુપ રહી લાજ કુમારી,

આવત મોરી ગલિયન મેં ગિરિધારી

મેં તો છુપ રહી... લાજ... કુમારી... આવત.૦'

મોઢું ઉઘાડી નાંખી શ્રીકૃષ્ણને આલિંગન દેવા બે હાથ પ્રસારતી હોય અને ઉમંગમાં આવતી હોય તેમ કરી બોલી:

'વૃન્દાવનમેં મિલ ગઈ મોહન,

છુપ રહી રાધે જ્યું પ્યારી! આવતા૦'

એ ગાતી ગાતી દોડી જઈ મૂર્તિના પગને બઝી ચૂમવા લાગી.

વળી આઘી ઘસી તેને દૃષ્ટિપાતથી લલચાવવ દૃષ્ટિ નાખી, મન્મથના ઘેનમાં આવી ડોલતા મદનવશ પ્રિયને સમાનભાવથી કહેતી હોય તેમ લહેંકાતે ધીરે સ્વરે હાથ લંબવી ધીમી ધીમી મૂર્તિ ભણી જતી ગાવા લાગી:

'મિલ જાઓ, મનમોહન પ્યારે!

મોહન પ્યારે! નંદદુલારે!—મિલ—'

સરસ્વતીચંદ્રના હૃદયમાં વીજળીના કડાકા પેઠે ધ્વનિ થયો!

'I swear — I swear — there is no lascivious note in these lines of our good friend Dayaram in spite of all that libidinous veneer over them which is meant to dazzle and catch into its flame the unlearned worldly sinking soul in order that she may rise therefrom like the phoenix into the heaven of Devotion. Is then this a lewd religion as they say? Is this mere worship of the fetish as they say? Most certamly not. As I understand and realize the depth of this sweet girl's heart, she is not more distant from the highest purity and the abstractest devotion than Cowper was when he loved and worshipped the Eternal Fair in his olnely hymn. The girl's vision is at this moment stertched over the vistas of Infinity and Beauty and love far beyond this man —manufactured Idol, far beyond this Temple of clay and stone, exactly like the vision of Byron's Dying Gladiator looking at his distant Dacian dame and children as if they were present before his eyes in the midst of the Roman audience against whom he had closed them. Her ideal is sweet and harmless, and has all the pleasure and sport which they in the West get from their balls and dances If there be no vice in the latter surely there

is none in this — the former. And have my countrymen a right to object to all this as being a wrong side of religion ? — N o —no —not until the generation that frowns at this can boast of the birth of a new poet of God whose fervour of shall be able to soar as high as does the spirit of this song in this child! and — the christian missionaries ? — I think I realize what must always make them fail in a country so rich in the light of the Heart. Their only chance lies in waiting until our people become colour —blind on this their lightsome land. Are they destined tobe so blind? N o — this sweet girl says — No! Keshab Chunder's last stage, too, says — No! Evil will be that day for India when these temples of divine raptures will have been turned into the soulless laboratories and workshops of materialistic ideals! Science I love ! — but not at the cost of this — the sweet liveing heaven of the poverty —stricken angels of may contry. Can't give them up for the highest blessing of the Western civilization! Poor sweet angels! You shall live through the din and the turmoil that the world wakes with !'

વિચાર થઈ રહ્યાં. કુમુદનું મધુરી—સ્વરૂપ સાંભર્યું. જિજ્ઞાસા સૂતેલી જાગી. મન ચંચળ થયું. પગ અસ્વસ્થ થયા. મોટેથી બોલાયું:

'વિહારપુરી! આપણે ચાલશું?'

'જી મહારાજ, ભલે ચાલો.'

સરસ્વતીચંદ્ર વિના સર્વ જણે દેવને પ્રણામ કર્યા, એ અને તે સર્વ જણ પાછા ફર્યા અને મંદિર બહાર નીકળ્યા. સામી ચંદ્રાવલી મળી. તેને જોઈ વિહારપુરી આગળ નીકળી ગયો. એ પણ એની પાછળ છેટે ઊંચું જોયા વિના ચાલી ગઈ. ચાલતાં ચાલતાં કંઈક વિચાર થતાં પાછી ફરી અને રાધેદાસને પકડી પાડી ઊભો રાખી પૂછવા લાગી:

'રાધેદાસજી! ભક્તિમૈયા માર્ગમાં દૃષ્ટ થઈ?'

'હા, હવે તો તે યદુશૃંગ ઉપર પહોંચી હશે.'

'એની સાથે મારી મધુરી હતી?'

સરસ્વતીચંદ્ર ઉત્તર સાંભળવા ઊભો.

'કોઈ નવીન ગૃહસ્થકન્યા તો હતી.'

'તે શ્રાન્ત હતી કે અશ્રાન્ત હતી?'

‘અમે આવ્યા ત્યારે બેઠી હતી. જુદા પડ્યા ત્યારે એને તેડી લીધી હતી. એ કન્યા કોણ છે?’

‘તમ પુરુષ જાતિની કઠોરતાનો ભોગ થઈ પડેલી એ બાપડી ડૂબતી ડૂબતી માતાને શરણ આવી જીવી છે.’

‘જ્યાં ત્યાં અમ પુરુષોનો જ દોષ?’

‘છે તે છે.’

‘એકના દોષને માટે સર્વને દૂષિત ગણવા યોગ્ય નથી.’

‘રાધેદાસ! ઉત્કર્ષના લોભને હું દોષ કેમ કહું? જે લોભ મેં રખાવ્યો તેને હું દોષ કેમ કહું? પણ આપણે આ વાત પડતી જ મૂકવી. બિંદુમતીને દીઠી?’

‘મંદિરમાં છે. ઠકોરજી જોડે પ્રણય અને અભિનય કરતી હતી.’

‘પુરુષનો પ્રણય કરવા કરતાં આ વસ્તુ સારી.’

‘સત્ય બોલે ત્યાં ના કેમ કહેવાય?’

રાધેદાસ બહાર ચાલ્યો. ચંદ્રવલી અંદર ચાલી. સરસ્વતીચંદ્ર રાધેદાસથી આગળ ચાલતો હતો. વિહારપુરી સૌથી આગળ નીકળી ગયો હતો અને આમની વાટ જોતો માર્ગમાં ઊભો હતો.

ચંદ્રાવલીને બિંદુમતી સામે મળી અને ભેટી પડી બોલી:

‘મૈયા! વિહારપુરી જોડે નવીન કોણ હતું?’

‘આપણે શી ચિંતા?’

‘તેની આકૃતિ રમણીય હતી.’

‘તારે કયાં પુરુષનું કામ છે?’

‘હું તો સહજ પૂછું છું. એ ઘણું કરીને વિષ્ણુદાસજીના અતિથિ છે.’

‘હે! ત્યારે તો આપણે તેનું કામ છે. મધુંરીની કથા તેં સાંભળી છે કની?’

‘તે પુરુષ આ?’

‘એમ જ હોવું જોઈએ.’

‘સૂર્ય ગયે પદ્મિની મીંચાય છે તે યોગ્ય જ છે. મધુંરીનાં દુ:ખની મધુરતા અને તીવ્રતા હવે સમજાય છે.’

‘બચ્ચા! તું માજીનું મંદિર બે દિવસ જાળવીશ?’

‘હા. કેમ?’

'મધુરી વિશે મારો જીવ ઊંચો હતો તે હવે વધારે ઊંચો થયો.'

'તે યદુશૃંગ જવા ધારો છો?'

'હા.'

'પણ વિહાર—'

'મારે તેનું શું કામ છે? મધુંરીને સુખ કરી પાછી આવીશ.'

'ભલે. જાઓ ત્યારે.'

'કોઈ સ્ત્રીઓને તારી સાથે રહેવાનું કહીશ.'

'ક્યારે જશો?'

'તે બેટ જઈને નિર્ણય કરીશું.'

'ભલે.'

'અથવા — બિંદુ બેટા! તું પણ મારી સાથે જ ચલજે; મંદિર કોને સોંપીશું?'

'કેમ વિચાર ફેરવ્યો?'

'શરીર એકલું પડે ત્યારે કળજું હાથમાં ન રહે — તો વિપરીત થાય. બેટા! જેને એવો ભય હોય તેણે કોઈ ન મળે તો બોલતું બાળક પણ સંગતમાં રાખવું.'

'માશી! સાધુંજનોનો કાળ સર્વદા મનને આમ અંકુશમાં રાખવામાં જ જતો હશે?'

'સંસારમાં જન્મ લેનાર સર્વને માટે એ સાધુચરિત ઉચિત છે, તો સાધુનો આ ભેખ ધરે તેનું તો પૂછવું જ શું?'

'પણ વિવાહિત જનોને એ પ્રયાસની આવશ્યકતા નહીં રહેતી હોય?'

મંદ સ્થિત કરી, મુગ્ધાને ચુંબન કરી, તેને વાંસે જરીક થાબડી, ચંદ્રાવલી બોલી:

'બેટા! અનેક ભોગ અને ભોગનાં સાધન હાથમાં છે તેને પણ સંતોષ દુર્લભ છે તે પામવાને આવું સાધુચરિત જોઈએ છે તો તારા જેવી આ નાની સરખી કોમળ દેહલતિકાને શ્રી અલખ ભગવાનના અશરીર યોગથી તૃપ્ત રહેવા માટે કેટલું જાગૃત રહેવું પડે વારુ? બેટા બિન્દુ! તારા અને મધુરીના વયમાં બહુ ફેર નથી. તારી સાથે એ મન મૂકી વાત કરશે ને એને સુખી કરવામાં તું સાધનભૂત થાય તો એ પુણ્ય તારે ઓછું નથી. માટે પણ મારી સાથે ચાલ. મન ઉપર જય, માજીનો યોગ, અને અન્ય જીવોને સુખી કરવા: એ ત્રણ કામ પૂરાં થાય તો સાધુજીવનનું ફળ પૂર્ણ મળ્યું ગણવું.'

[૧] . સ્તન્ય એટલે ધાવણ — તેનું પાન.

[૧] . કમળ; રાધાનાં નેત્રકમળ. [૨] . (કૃષ્ણચંદ્રની) સુરત એટલે મુખછબી વિના. * કામદેવ, મદન. [૩] . ખગપતિ=ગરુડપતિ = કૃષ્ણ. [૪] . ચખ (ચક્ષુ, આંખ) ખગપતિને પીતી (પામતી) નથી. [૫] . રાધા. [૬] . વીણ. [૭] . હરિણ. [૮] . ચંદ્રમાંનું હરિણ. [૯] . સારંગ એટલે દીપ. તેનો પુત્ર કજળ. કજળનો એક (નિશાની) હાથમાં કર્યા. [૧૦] . સારંગ એટલે વાઘ; વાઘનું ચિત્ર. [૧૧] . ઠયે—ચીતર્યું. [૧૨] . કસ્યપનંદન—સૂર્ય. [૧૩] . કૃષ્ણને વિયોગે રાધાએ વીણ લઈ વિનીદ ઇચ્છ્યો ત્યારે, તે સાંભળવા હરિણવર્ગ અને ચંદ્ર સ્તબ્ધ થઈ ઊભા. રાધએ વિરહતી ચંદ્રદર્શન ન વેઠાતાં હથેલીમાં કાજળ વડે વાઘ ચીતર્યો, તે જોઈ હરણ નાઠાં. ચંદ્રનું હરણ બીન્યું ને રથ લઈ નાઠું તે ચંદ્ર અસ્ત થયો ત્યાં સૂર્ય ઊગ્યો ને કૃષ્ણદર્શન પણ થયાં. એ આ પદનો અર્થ. છેલ્લી પંક્તિ ફરી ફરી ગાઈ અશ્રુભર્યો ભક્ત લાંબો થઈ દેવને સાષ્ટાંગ નમસ્કાર કરી ભીંતને ટેકી ઊભો રહ્યો, અને નેત્ર મીંચાઈ ગયાં. ફરી ફરી સંભળતાં સર્વને અર્થ બેસી ગયો.

૧૫. કુસુમનું કઠણ તપ

‘કુસુમ! ઓ કુસુમ! તને ખોળી ખોળીને હું તો થાકી ગઈ. બળ્યું, આમ તે શું કરતી હઈશ?’ એમ બોલતી બોલતી કુસુમના માંડવા આગળ થઈને સુન્દર ઉતાવળી ઉતાવળી ચારેપાસ જોતી જોતી ફરતી હતી. આજ પ્રાત:કાળની તે જડતી ન હતી અને એને માટે નિર્મેલા કોઈ પણ સ્થાનમાં તેનો પત્તો ન હતો. એમ કરતાં છેટે માળણની ઓરડીની પાછળ એક પીપળા તળે કંઈક ઘસારો લાગ્યો, કાન માંડ્યા, બીજા ઝાડ પાછળ સંતાઈને જોયું, અને જુએ છે તો એક હાંલ્લામાં કંઈક રાંધવ બેઠેલી કુસુમની પીઠ — માળણનો એક જાડો સાલ્લો પહેરેલો તેથી ઓળખાઈ નહીં — પણ જરીક એક પાસથી જોયું તો કાન, નાક, આંખ, ગાલ — સર્વ કુસુમનાં જ. શ્વાસ રૂંધી સ્તબ્ધ થઈ, છાતીએ હાથ મૂકી, કાકી ભત્રીજીનો આ ચિત્રવેશ જોઈ રહી. નાક ચડાવી, હોઠ લંબાવી, આંખો સંકોરી, અનેક ગૂંચવાડામાં પડી, મનમાં ને મનમાં સુન્દર બડબડી: ‘આ છોકરીથી તો ત્રાહિ દીનના નાથ! એ શું કરે છે ને શું કરશે તે આપણથી તો કંઈ સમજાય નહીં. એની માને દુ:ખ આવી પડ્યું એટલે એને સૂઝતું નથી ને બાપને કારભારમાં દીકરીનું ચરિત્ર વસતું નથી. એવાં એવાંની બુદ્ધિ લોપ પામી ગઈ ત્યાં મારા તે શા આશરા? — છતી થઉં? — ના, ના, જોઉં તો ખરી કે આ વેશ આખરે કેવો ઊતરે છે?’

માળણની ઝૂંપડી અને વાડીના કોટ વચ્ચે ખાલી જગા હતી અને તે એક પીપળાના ઝાડની છાયાથી ઢંકાઈ હતી. આ ઝાડનાં મૂળ આગળ કુસુમે ભોયમાં જ ખાડો ખોદી ચૂલો કર્યો હતો અને તેમાં દેવતા સળગાવી ઉપર હાંલ્લામાં ખીચડી ચડાવી હતી. પોતે પાસે એક ઈંટ ઉપર અર્ધોત્થિત — અર્ધોત્ક — અધૂકડી બેઠી હતી. પોતાના શરીર ઉપરથી સર્વ અલંકાર કાઢી મૂકેલા હતા, પણ પીપળાન તળ આગળ પોતે કોઈ વેલી પેઠે બેઠેલી લાગતી હતી અને પીપળાનો અલંકાર જાતે જ થઈ પડી હતી. કૃષ્ણપક્ષમાં મધ્યરાત્રિએ ચંદ્રબિંબ ક્ષિતિજમાં ઊગે અને આસપાસના પ્રદેશમાં રમ્ય નવીન પ્રકાશ પ્રકટાવી રહે તેમ ઝાડના મેલા થડ આગળ કાળા સાલ્લામાં કુસુમનું ગૌર મુખબિંબ નવીન કાન્તિ ધરતું હતું. તે જોતાં સુન્દરને ઉમળકો આવ્યો અને છતી થઈ તેને બાઝી પડતી પડતી અટકી.

ઝાડની ડાળો અને પાંદડાં વચ્ચેથી કોયલ ટહુકી ઊઠે તેમ શાંતિની છાયાથી ઊભરાત આ સ્થાનમાં કુસુમ બોલીને સુન્દરનો પગ અટક્યો:

‘જમની! આ ચૂલામાંથી દેવતા ઘેર જાય છે ને ધુમાડો થાય છે તે ભૂંગળી વગર શું કરવું?

થોડેક છેટે ઊગેલું ઘાસ એક લાંબી કાતર વડે બેસીને કાપતી કાપતી માળણ બોલી:

‘ઊભાં રહો, ભૂંગળી લાવું.’

‘ના, ના, ભૂંગળી ન હોય તો ય ફંક મરાય એમ કર.’

‘તે વારુ, અમ માળીડાંને ય ભૂંગળી મળે તે તમને જંગલમાં નહીં મળે? ત્યાં તો ઘણાય વાંસ હોય.’

‘પણ વાંસને કાપવાનું જોઈએ કની? આપણે તો વગર ભૂંગળીએ તાપ લાગે એવું બતાવ.’

માળણ ઊઠી આવી, ને ચૂલા સામે જોતી જોતી બોલી: ‘વારુ, બહેન! તમે કર્મી લોક તેને આ તે શા અકર્મીના ધંધા કરવા? જાઓ, ઘેર જાઓ. જુઓ તો ખરાં! આ ધુમાડે તમારી આંખો કરી છે તે — કેસૂડાંનાં ફૂલ જેવી!’

‘ના, તે હું કહું તે કર!’

માળણ કંઈ વિચાર કરી બોલી:

‘પાંદડાંને ઘાસનો દેવતા — તે પૂરો થયો; એ હવે બીજાં સૂકાં પાંદડાં વીણી લાવ્યા વગર નહીં બળે.’

‘તે તેમ કરતાં તો ખીચડી કાચી કાચી સુકાઈ જશે. તળે છે થોડો ભૂકો તે લાગશે. માટે ફૂંકવાનો રસ્ત બતાવ.’

‘મરી તો અક્કલ ચાલતી નથી. ફૂંક જેવી ફૂંકો મારો તે તમારાં નાજુક મોંમાં જોર કેટલું? હું ફૂંક મારું તો અભડાવ ને તમારામાં ફૂંકવાનું જોર નહીં!’

કુસુમ જરાક ઊંચી થઈ વિચારમાં પડીને બોલી ઊઠી: ‘જો, ભૂંગળીને ઠેકાણે આ હથેલી મોં આગળ રાખું ને ફૂંક મારું, તો દેવત સળગશે કની?’

‘હા, લો, એમ કરી જુઓ.’

ફૂંક મારતાં આંખમાં રાખ ઊડી ને માળણ હસી પડી.

‘લ્યો, લ્યો હવે! જાઓ ઘેર. જેનું કામ જે કરે. આવા રૂડા મોં ઉપર રાખોડી ઊડી ચોંટી તે બવીઓ જેવાં કાળાં હોત તો તો બરોબર લાગત.’

‘ત્યારે આ કેવી લાગે છે?’ હથેલી વડે ભૂલી ત્યાંથી ફરી ફૂંક મારવાનું કરતી કરતી કુસુમ બોલી, ને ઉત્તર મળતાં પહેલાં હથેલી ધરી ફૂંક મારવા લાગી. માળણને ઉત્તર સૂઝે ત્યારે પહેલાં ભડકો થયો અને સુન્દર પાસે આવી બોલી ઊઠી:

‘આ દિવસમાં ધોળી વાદળીઓથી ઢંકાયેલો ચંદ્ર લાગે છે એવું તારું રાખોડીવાળું મોં લાગે છે, કુસુમ!’

કાકીને દેખીને કાંઈક ચમકી, અંતે સ્વસ્થ થઈ. હાંલ્લાનું ઢાંકણું ઉઘાડી એક ધોયેલા છોડિયા વડે ખીચડીના દાણ કાઢી ચાંપી જોતી, એણી પાસ જ દૃષ્ટિ રાખી કુસુમ બોલી:

'કાકી! એ રાખોડીને એ મોં — એ બે આખરે એક દેખાવાનાં તે આજથી અજમાવી જોઉં છું કે એ બેનો અરસપરસ મેળ કેવો થાય છે? આખરનું જે સાથી તેનું આજથી જ હેત કરું છું.

'કર્યું કર્યું એ હેત! ઊઠ — આઘી — રોજ નવાનવા વેશ કાઢે છે તે હવે નહીં નભે. ખબરદાર જમની! જો આ છોકરીને અહીં આવવા દીધી તો'

જમની — 'કાકીબા! મેં તો ઘણુંય સમજાવ્યાં પણ એ કંઈ અમ જેવાનું માને? ર્‌હાડ કરીને આવું આવું કરે છે!'

સુન્દરગૌરી — 'તે કેમ, કુસુમ. કહ્યું માને છે કે નહીં! ઊઠે છે કે ઘરમાંથી વડીલને બોલાવું?'

ચાંપેલો દાણે હાંલ્લીમાં પાછો નાંખી હાંલ્લી ઢાંકતી ઢાંકતી કાકી ભણી કંઈક ફરીને ઊંચું જોઈ કુસુમ બોલવા લાગી:

'તે શું, કાકી, એમ જાણો છો કે વડીલ કુસુમને તમારી પેઠે ધમકવશે?'

'ના, તું તો એમની હૈયાની હોડી—લજવામણી! તે તને કેમ ધમકાવે? પણ એટલું તો થશે કે તારા આ ચાળા જોઈ વડીલ દુ:ખના દરિયામાં ડૂબશે. માનું કાળજું બાળે છે ને દાદનું બાળ. જોઉં તો ખરી કે કોનાં કોનાં કાળજાં બાળે છે? ભાયડાઓ છોકરીઓને ભણાવે ને આમ બગડે — તે તારા બપ નથી જાણતા, પણ દાદા તો જાણે છે.'

હાંલ્લી ઉઘાડી, માંહ્ય પાણી રેડતી રેડતી હસતી હસતી પાણીની ધાર ભણી જ આંખ રાખી કુસુમ બોલી:

'કાકી! એ તો ભૂલ્યાં. દાદા તો વળી પિતાજી જેટલું પણ કુસુમને કહેવાના નહીં; અને પિતાજીની જોડે તો બહુ બોલાય નહીં, પણ દાદાજીને તો કહેવાય એટલું કહું.'

મોં લંબાવી ખભા ઊંચા કરતી સુન્દર બોલી: 'ઊંહ — તું તે કોઈને ગાંઠવાની નહીં. શું કરીએ આને તે? પણ બોલ તો ખરી કે આ બધું શું કરે છે ને આ વેશ શો કાઢ્યો છે? મને તો તારી કંઈ સમજણ પડતી નથી.'

'કાકી! કોઈને ભારે પડ્યો વિના ગરીબ થઈ એકલાં બવીઓ પેઠે કેમ રહેવાય —આવું કેમ ખવાય ને આવું કેમ પહેરાય તે શીખું છું.' ઊભી થઈ, કાકીના સામી ફરતી, પહેરેલા વસ્ત્રનો જાડો પાલવ હાથમાં ઝલી બતાવતી અને આંખ વડે હાંલ્લી બતાવતી, કુસુમ પ્રફુલ્લ મુખથી બોલી અને અંતે જય પામતી હોય તેમ કાકીની આંખો સામું તાકીને જોઈ રહી.

‘કુસુમ! તારે કરવું હોય તે કર. પણ આ કંઈ સારું કરતી નથી.’ નિ:શ્વાસ મૂકી સુન્દર એક ઝાડના ઠંઠા ઉપર લમણે હાથ મૂકી બેઠી અને કુસુમન ચૂલા સામું જોઈ રહી.

થોડી વારે હાંલ્લીમાં જોઈ, ઊભી થઈ બેચાર પાંદડાં વીણી કુસુમ પત્રાળું કરવા બેઠી, ને તેને સળીઓના કડકાથી સાંધતી સાંધતી બોલી: ‘કાકી! આ અન્ન ખવું હોય તો ચાલો — એ પણ મિષ્ટ લાગશે, એથી પણ જઠરાગ્નિ તૃપ્ત થશે.’

‘શું આમ હાથમાંથી જવાને બેઠી છે! તારા ઘરના અન્ન જેવું આ અન્ન ન હોય અને એ જાડું અન્ન તારા નાજુક પેટમાં ને નળામાં ખુંચશે ને પ્રાત:કાળે ઔષધ ખવું પડશે.’

‘કાકી! આ ખીચડી ખાતે તો બેત્રણ દિવસ થયા.’

‘હે! ત્રણ દિવસ થયાં ખાય છે? દીકરી, ગજબ કર્યો’ — છાતી ઉપર હાથ મૂકતી સુન્દર ચપ લઈને ઊભી થઈ અને હાંલ્લીને અડકવા ગઈ.

‘હાં, હાં, અડકશો નહીં — નવણમાં છું.’ કુસુમ ગાજી ઊઠી.

‘હવે જાણ્યું તારું નવણ ને બવણ. જમનીનું લૂગડું, જમનીની માટલી, ને બધું નવણમાં હશે ખરું કની?’

‘તો, આ જુઓ. પણે કાલને માટે ધોઈ સૂકવી મૂકેલું લૂગડું પેલા ઝાડની ડાળ ઉપર, ને આ હાંલ્લી તો કુંભારના ઘરની નવી છે. કાકી! આવો તો ખરાં; જશ ચાખો તો ખરાં, જુઓ તો ખરા. વારુ, આમ શું ગાંડાં કાઢો છો?’

‘હા હા, હું ગાંડી; ને તું ગાંડી તે ડાહી. હું તો અડકું છું ને હાંલ્લીબાંલ્લી બધું લઉં છું ઘરમાં તારાં માને ને બાપને દેખાડવાને.’ સુન્દર અડકવા ગઈ, કુસુમે તેને અટકાવી.

‘જો, તારે આ વાત તેમનાથી છાની રાખવી હોય તો એટલું કબૂલ કર કે આવું આવું જે જે ધતિંગ કરે તેની પ્રથમ મને જાણ કરવી.’

‘તે તમે કબૂલ કરો છો કે તમારે એ વાત કોઈને કહેવી નહીં?’—

‘હા.’

‘ને મને અટકાવવી નહીં?’

‘એ તો અટકાવવાનું હોય ત્યાં અટકાવવી ય પડે!

‘તે બળથી કે કળથી?’

‘કળથી, બાપુ, કળથી. એટલું ય કબૂલ તો કર.’

‘નક્કી — ખાતરી?’

‘હા, નક્કી! ખાતરી!’

‘જાઓ ત્યારે, કબૂલ.’

‘ત્યારે કહે કે આવું આવું શું શું ધાર્યું છે?’

‘જુઓ. ગુણિયલના મનમાં મને બુદ્ધિધનભાઈને પરણાવવાનું છે — તેની આપણે ના છે. બહેનના સસરા તે મારા વડીલ. પિતાજીના મનમાં મને સરસ્વતીચંદ્રને પરણાવવી છે — તેમાં પણ આપણી ના સમજવી. અને આ ચંદ્રકાંતભાઈના ઘરમાં એક છે ને તેના ઉપર મને બીજી બેસાડવાની માગણી તેમના ભાઈએ કરી છે — તે કાગળ પિતાજી ઉપર છે — તેની પણ ના.’

સુન્દર — ‘બે વાતની ના તો સમજાઈ. પણ સરસ્વતીચંદ્રની ન કેમ કહે છે?’

કુસુમ — ‘બે વાતની નામાં છેલ્લે સુધી મને મદદ આપો તો સમજાવું. પિતાજી, દાદાજી, ગુણિયલ, જરાશંકરમામા ને એ બધાંને આ વાતમાં તમારે સમજાવવા.’

સુન્દર — ‘તે એટલી બધી હું બંધાઉં તેને સાટે તું કેટલું બંધાય છે?’

કુસુમ — ‘સરસ્વતીચંદ્રને ના પરણવાનું મારું કારણ તમને બદલામાં સમજાવું.’

સુન્દર — ‘ના, તે એટલામાં બદલો ન વળે. હું બંધાઉં તેના બદલામાં તું સરસ્વતીચંદ્રને પરણવાને બંધાય છે?’

કુસુમ — ‘આવડી આવડી ના.’

એણે ‘આવડી’ ઉચ્ચારતાં હાથના ચાળા કર્યા.

સુન્દર — ‘ત્યારે અમારી ય આવડી આવડી ના. આટલી છોકરી મને પટાવે છે — જમની! જો તો ખરી.’

જમની —‘કુસુમબા! ત્યારે કહી જ દ્યોને. કાકીબાને ય મનની વાત ન કહીએ?’

કુસુમ — ‘જો તમે આટલું બંધાઓ તો હું એટલી બંધાઉં કે સરસ્વતીચંદ્ર જડે ને પોતાના વિચાર ફેરવે તો પણ તેટલાથી કંઈ મારે મારા વિચાર ફેરવવાના નથી પણ હું પૂછું એ બધા પ્રશ્નોના ઉત્તર આપે ને એવા ઉત્તર આપે કે તેથી મારા મનનું સમાધાન થાય ને મારા વિચાર ફરે ને તેમનો ને મારા બેનો વિચાર એક થાય તો પછી હું મને ઠીક લાગે તે વિચાર કરું — તે વિચાર કરું હાં — વિચાર કરું; બીજું કાંઈ અત્યારથી બંધાવાનું નહીં.’

સુન્દર — ‘આ જોને! આનું આમ થાય, તેનું તેમ થાય, પેલાનું પેલું થાય — તો પછી મારાં કુસુમબહેન શું કરે? વિચાર કરે! બીજું કાંઈ ન કરે, પણ વિચાર કરે. જાઓ અમે તો કંઈ બંધાતાં નથી.’

કુસુમ — ‘હું તો આ ખાવા બેસું.’

પત્રાળું તૈયાર થયું હતું. તેમાં ખીચડી નાંખી કુસુમ ખાવા લાગી. સુન્દર કેડે હાથ દઈ ઊભી જ રહી. વળી સ્મરણ સ્ફુરતાં બોલી.

‘કુસુમ! બીજી વાતમાં બંધાવાનું પડતુ રહ્યું, પણ વાત કહેવા તું બંધાઈ છે તે તો કહે કે તેં શાં શાં ધતિંગ ધાર્યાં છે?’

કુસુમ હસી પડી. ‘કાકી! આ અન્નમાં એવો નશો છે કે સાંભરેલું ભૂલી જવાય છે.’

સુન્દર — ‘ઠીક છે. ત્યારે હું ભૂખથી ભૂલી જઈશ.’ સુન્દરે જવા માંડ્યું. કુસુમે તેને ઊભી રાખી.

કુસુમ — ‘ઊભાં તો રહો. જશ મશ્કરી કરીએ તેમાં શું રિસાવ છો જે? મારા વિચાર ધારેલા છે તે તું, જમની, કકીને કહે. પછી બાકી રહેશે તો હું કહીશ.’

સુન્દર — ‘કહે બાપુ, જમની, તું કહે; એ નહીં કહેવાની.’

જમની — ‘કાકીબા! બહેનને બવીની પેઠે રહેતાં શીખવું છે, માળણ પેઠે રહેતાં શીખવું છે, અને જાણવું છે કે અમે બધાં રહીએ છીએ તેમ એમનાથી રહેવાય કે નહીં?’

સુન્દર — ‘પછી?’

જમની — ‘હું તો આટલું જ જાણું.’

સુન્દર — ‘તેમાં તે શું વધારે કહ્યું? કેમ, કુસુમ? શું ધાર્યું છે?’

કુસુમ મોં ધોઈ ઊઠી, અને મોં લોહતી લોહતી આગળ આવી બોલી.

‘કાકી! લ્યો હું જ કહીશ. મારે જમી લેવું હતું તેમાં વાર થાય માટે આ યુક્તિ કરી ઉતાવળથી જમી લીધું. હવે સાંભળો. આ કાળમાં કુમારી સ્ત્રીઓને દ્રવ્ય વિના ખાવાપીવાનો વાંધો પડે અને મોટા ઘરનાં બાળકથી રાંક લોકની રહેણી પ્રમાણે રહેવાય નહીં એવું તમે જ કહ્યું હતું. મેં મારી હવે ખાતરી કરી લીધી કે આ લૂગડાં મારાથી પહેરાશે. આ ધાન્ય મને પચશે ને ભાવશે, ને આવે ઠેકાણે રહેવામાં મને કંઈ હરકત નહીં પડે. આ માળણનો માસના બે રૂપિયાના ખરચથી નિર્વાહ થાય છે — લૂગડાં, ખાવાનું અને માટલાં લાકડાં સુદ્ધાંત! બાર માસે એ ચોવીસ રૂપિયા થયા. તે ચાર ટકા પ્રમાણે છસો રૂપિયાનું વ્યાજ થાય. પિતાજી મને કન્યાદનમાં એટલી રકમ તો ઓછામાં ઓછી આપવાનું ધારશે ત્યારે આ તો એ રકમ

પણ નહીં જોઈએ. એટલા રૂપિયા પિતાજી એમને પોતાને નામે રાખવા હોય ત્યાં રાખે અને મને આટલું વ્યાજ અપાવે એટલે આપણે થયું. તેટલામાં તો ‘તાગડધિન્ના’ થાય ને કુમારી કુસુમ મિસ ફ્લોરાનાથી પણ વધારે સુખી થાય.’

સુન્દર — ‘તને આ બધું કોણે શીખવ્યું? — હશે. હવે એ આવડ તારામાં આવી. ચાલ, પછી શું કરવું?’

કુસુમ — ‘પિતાજીને નાતજાતની હરકત પડે નહીં ત્યાં સુધી મને ઘરમાં રાખશે ત્યાં સુધી રહીશ. તેવી હરકત પડવા માંડશે ત્યારે —’

સુન્દર — ‘ત્યારે શું?’

કુસુમ — ‘ત્યારે કે — ગાઉં?’

‘કુસુમબહેન ચા…લ્યાં…રે…ગોદાવરી!’

ગોદાવરી જતાં તો પૈસા બેસે, પણ સુરગ્રામ, સુન્દરગિરિની બવીઓ, અને એવાં એવાં સ્થાન કયાં ઓછાં છે કે જ્યાં સ્ત્રીની જાતને પણ ભય નથી? અને મનજી બંડ કરે તેને કેદ કરવાને તો સાધુજનોના કિલ્લા તૈયાર જ છે. કાકી! હવે કુસુમ મીરાંબાઈ થવાને તૈયાર છે.

સુન્દર — ‘તે ગાંસડાંપોટલાં ક્યારે કરવાનાં છે?’

કુસુમ — ‘આવી જાત્રા કરવાને ગાંસડાંપોટલાં શાં? શરીરનો રથ અને મનની સવારી; કુસુમ કાઢે સંઘ, ત્યાં તો આનંદની વારી.’

સુન્દર — ‘પણ પિતાજી ઘરમાં રાખે ત્યાં સુધી તો રહેવું છેની?’

કુસુમ — ‘એમાં કાંઈ વાંધો નથી. માત્ર વચ્ચે એક દિવસ આ બધાં સ્થાન જોવા જવું છે અને કયાં ઠીક પડશે તેનો નિર્ણય કરી રાખવો છે.’

સુન્દર — ‘તે ક્યારે?’

કુસુમ — ‘કાંઈ નિમિત્તે પ્રસંગ આવશે.’

સુન્દર — ‘કુસુમ! હવે ઘરમાં આવવું છે કે નહીં?’

કુસુમ — ‘હસ્તો, હવે ઘર અને આશ્રમ બે કુસુમને મન સરખાં છે, ને પિતાજી અને ગુણિયલ એ બે શિવપાર્વતી જેવાં છે; તેના મંદિર જેવું આ ઘર આશ્રય આપશે ત્યાં સુધી ત્યાં જ આનંદ છે. કાકી! કુસુમનું આયુષ્ય હવે તપોમય સમજવું. મીરાંબાઈનો કાળો કમળો કુસુમને ગામ્યો છે. એને સંસારન બીજા રંગ લાગે નહીં ને ટાઢમાં ઓઢાય.’

સુન્દર — ‘કુસુમ! કન્યાઓને વિદ્યા આપતાં પહેલાં જ સંસારમાં પરોવવી એ શાસ્ત્ર તારા દૃષ્ટાંતથી વધારે સમજાશે. અને બીજાં માબાપ પોતાની કન્યાઓને વિદ્યા આપતાં તારા દૃષ્ટાંતથી ડરશે અને તે બાપડીઓને

વિદ્યા નહીં મળે — એ સર્વ સંસારનું પાપ — કુસુમ — તારે માથે! માતાપિતાને અને સંસારને દુ:ખી કરી તેનું દુ:ખ દેખી પસ્તાજે ને કકીને સંભારજે!'

ક્રોધ અને અશ્રુથી ભરેલી સુન્દર ચાલી ગઈ. કુસુમ ઓઠે આંગળી મૂકી પાછળ ઊભી રહી — તેનું મુખકમળ કકીની છેલ્લી શબ્દવૃષ્ટિના પ્રહારથી નમી ગયું. નવા ઊંડા વિચારમાં પડી જઈ તે ધીમી ધીમી ચાલવા લાગી. તેના મનના પ્રબળ તાપને દેખી બહારનો તાપ હારી જતો હોય અથવા એવા તાપવાળી સુંદર બાળાને વધારે તાપ ન આપવો એવી સૂર્યને કે મેઘને દયા આવતી હોય — તેમ એક વાદળું સૂર્યની નીચે આવી ગયું અને કુસુમના મ્લાન શરીર ઉપર છત્રની છાયા થઈ.

'શકુન તો બહુ જ સારા થાય છે —' મ્લાનિ ત્યજી કુસુમ કાકીની પાછળ ગઈ, અને શકુનદર્શક આશીર્વાદ હૃદયમાં ઊભેલા સાત્ત્વના મુખમાંથી નીકળતો સાંભળતી સાંભળતી લેહમાં ને લેહમાં સ્વગૃહમાં ચાલી. તેના હૃદયને આજ એ સત્ત્વ પ્રથમ દેખાયું અને જે ખંડમાં સરસ્વતીચંદ્રના મુખમાંથી ભાષણ સાંભળ્યું હતું ત્યાં, તેના જેવો સ્વર ધારી, એ સત્ત્વ કહેવા લાગ્યું:

'સૌન્દર્યોદ્યાનના સુંગર કુસુમ! તારું ભાગ્ય રાત્રિવિકાસી કુમુદ જેવું નથી. આ દેશકાળને અપરિચિત સ્વતંત્રતાની જે વાસના તારામાં જન્મી છે તે વસનાનો પિતા હું છું. એ વાસનાના બીજનું આજ સુધી ગુપ્ત એકાંતમાં તારા ઉરમાં જગતથી અદૃષ્ટ રક્ષણ અને પોષણ તેં કર્યું છે. તારા જેવી જેની માતા અને મારા જેવો જેનો પિતા એ વાસનાને શાનો ભય છે?'

પોતાની વાસનાને માથે આવાં 'માતાપિતાની' કલ્પનાથી કુસુમ કંપી — એ કલ્પના જ એ વાસનાને ભયંકર લાગી. તે ભયથી એ કંપવા માંડે છે ત્યાં ગૃહમાં એક બરીએ વિદ્યાચતુર એકલો ઊભો ઊભો કાંઈ રાજ્યસંબંધી વિચાર કરતો દીઠો. કુસુમને દૂરથી જોતાં તેના વિચાર અટક્યા. કુસુમના કૌમારવ્રતની વાસના એને વિદિત હતી અને એના મનોરાજ્યને પ્રિય હતી; એ વાસનાનો ઉદય કુસુમમાં થયો તે એને અભિનંદનીય લાગતો હતો; માત્ર આ દેશકાળમાં એ વાત વ્યવહારવિરુદ્ધ છે અને એ વસનાનો ઉદય કન્યાને દુ:ખકર અને અનિષ્ટકર છે એટલો આ વિષયની તુલના કરતાં સામો પક્ષ સમજાયો અને સત્ય લાગ્યો હતો. આ ગૂંચવાડામાંથી છૂટવાનો માર્ગ તેને હજી જડ્યો ન હતો. પણ એક પાસથી આ વિષયમાં ગુણસુંદરીની ચિંતાનો તે અંશભાગી થયો હતો, ત્યારે બીજી પાસથી આ વાસનાની તૃપ્તિ શોધવાને માર્ગે નીકળી પડેલી પુત્રના તપની વાર્તા સુન્દરને મુખે સાંભળી એ ઉત્કર્ષથી પિતાનું હૃદય ફૂલ્યું હતું. એટલામાં જ એ ઉત્કર્ષદાત્રી મેધાવિની દુહિતાને દાદર ઉપર જોઈ પિતાના હૃદયે હૃદયમાં કાલિદાસની વાણી વડે, પણ ઉચ્ચાર બોલ્યા વિના, આશીર્વાદ દીધો કે:

'रम्यान्तर: कमलिनौहरितै: सरोभि-

श्छायाद्रुमैर्नियमितार्कमयूखताप:।

भूयात्कुशेशयरजोमृदुरेणुरस्या:

शान्तानुकूलपवनश्च शिवश्च पन्था:॥'

'કુસુમ! સંસારમાં તારો માર્ગ આવો કરી આપવા તારો પિતા પ્રયત્ન કરશે. કુમુદ ગઈ તેમ તને જવા દેવી નથી. આવી દુ:ખકારક એક ભૂલ થઈ તેવી બીજી કરવી નથી. જે અવિશ્વાસ અને ભયથી આ મંદિરમાં રહી રહી તું ઓછું આણે છે અને આવું તપ કરે છે તેમાંથી મુક્ત કરી તારા સુંદર સ્વતંત્ર પવિત્ર અભિલાષને સફલ કરે એટલી શક્તિ — એટલી વૃત્તિ — શું મારી અપત્યવત્સલતામાં નથી? કુસુમ જેવી એક નાની બાળકી — હવે એકલી એ જ — તેનો અપરાધીન રહેવાનો, ઉપાધિમુક્ત રહેવાનો અભિલાષ, વેળાસર સમજાયો છતાં રત્નનગરીના પ્રધાન જેવો પિતા તેટલો અભિલાષ સિદ્ધ કરવા અશક્ત નીવડે એ દેશકાળનું તારતમ્ય.'

'રંક કુમુદની સ્વતંત્રતા ઊગતાં પહેલાં જ મેં નષ્ટ કરી. આ પ્રધાનપદની જંજાળમાંથી જન્મેલા પ્રમાદને બળે મેં નષ્ટ કરી. મારા ભાગ્યોદયને કાળે જન્મેલી કુસુમની સ્વતંત્રતાને એનું પ્રારબ્ધ મારી પાસે વિકાસ અપાવે છે. એ વિકાસ આપવો એ મારો ધર્મ મારી દૃષ્ટિમાં જણાય છે.

કુમુદનાં દુર્ભાગ્ય જોઈ આ દૃષ્ટિ ઊઘડી — તેનો લાભ કુસુમને મળશે — એ તેનું ભાગ્ય. અનાર્ય થઈ ગયેલા લોકાચાર ઉપર વિશ્વાસ રાખી હું સ્વકાર્યનો અનભિજ્ઞ રહ્યો, મેં મહાપ્રમાદ કર્યો, અને પરિણામમાં કુમુદ જેવી સુશીલ, રંક પુત્રીરૂપ ગૃહરત્ન ખોયું! કુસુમને એમ ખોવી નહીં એ હવે પ્રતિજ્ઞા. પુત્રહીન ગુણિયલે પુત્રીઓને પુત્રસમાન ગણી છે, અને એકના નાશથી તે આવી વિકલ થઈ છે તો બીજીના દુ:ખથી તેને શું નહીં થાય? એના મનની ચિંતા, અને કુસુમની ચિંતા — સર્વ હવે મારે શિર પડી! પરણે તે પાળે ને જન્મ આપે તે આત્મજનું જીવન સુધારે. કુસુમનું જીવન સુધારવું — એના જેવીના મનોરાજ્યને ધ્વસ્ત કર્યાથી નહીં પણ સફલ કર્યાથી જ એ જીવન સુધરશે.

આ મારા વિચારમાં કેટલું સત્ય છે તે મને સૂઝતું નથી. પુત્રી ઉપર માતાપિતાનું વાત્સલ્ય તેમને રંક કરી દે છે, વિકલ કરી દે છે, પરાધીન કરી દે છે. કણ્વમુનિને પણ કહેવું પડ્યું હતું કે *वैकल्यं मम तावदीदृहशमपि स्नेहादरण्यौकस:* । સર્વથા પુત્રીનો પિતા વિકલ જ છે. પુત્રના દુ:ખથી પણ એમ જ થતું હશે. બુદ્ધિધન અને લક્ષ્મીનંદનને અત્યારે કેવી તીવ્ર વેદનાઓ થતી હશે!

I fear I am, what they call Doting. A strange weakness is creeping over my soul, and I don't know what absurd follies I

shall commit next while under the magic influence of this awful weakness. Let it be! The weakness, if weakness, is noble and blessed, and I am not going to be frightened out of it by its being called a weakness. For the sake of this dear innocent child, I shall, like the poet, say to my manlier soul 'Resist not the weakness .'

અનાથ બાળક માતાપિતાની પ્રીતિથી જ સનાથ છે. શંકરાચાર્યા જેવા ત્યાગીએ પણ એ પ્રીતિને પૂજ્ય ગણી છે. માતાપિતા જ્યારે પુત્રપુત્રીના રક્ષક પોષક નહીં થાય ત્યારે બીજું કોણ થશે? The State certainly cannot take care of all its children when parents call parentage an accident and shift all duty from their own heads. It is, therefore, for the parents to look to the preservation and advancement of the cradled world. Parents alone can do this work most efficently as being placed nearest their little ones and able to study their wants and give them that warmth which can develop the seeds of adolescence. This is a function which parental affection alone can best perform, and therefore, by the logic of final causes, the function is also a duty. And I must perform it best for my little Kusum. When affection co-operates with duty, custom and convention must be ruled out of order !

કુસુમ! લગ્નની ઉપાધિમાંથી મુક્ત રહેવાનો તારો અભિલાષ દૃઢ જ રહેશે. તો આવા કષ્ટતપની અપેક્ષા વિના જ તારો પિતા તારા અભિલાષ સિદ્ધ કરશે ને જે સૌન્દર્યોદ્યાનમાં તું આજ રહે છે તેવી જ રમણીય જગ્યામાં એ અભિલાષની વાડી ખીલવશે. એ ધર્મને માટે નાતજાત ને પ્રધાનપદ જેવા સર્વ સ્વાર્થનો ત્યાગ કરવા એ તત્પર છે.'

૧૬. શશી અને શશિકાન્ત

સાધુજનના મુખમાંથી સરસ્વતીચંદ્ર સંબંધના પદ્યાક્ષર કાને પડતાં ચંદ્રકાંત સૌન્દર્યોદ્યાનમાંથી નીકળ્યો અને લોકસમુદાયમાં કાને પડેલા સ્વરનો ઉચ્ચારનાર શોધ્યો. દમયંતીને શોધવા નીકળી પડેલા સુદેવનું પ્રેમાનંદ કવિએ વર્ણન કર્યું છે કે

‘કહ્યું કોનું ન સાંભળે, છે ક્લેવરમાં કષ્ટ;

સુદેવ ને દમયંતીની ત્યાં મળી દૃષ્ટેદૃષ્ટ.’

એ વર્ણનમાં સુદેવના હૃદયની જે વૃત્તિ સમજાય છે તેવી જ વૃત્તિથી, ‘શશી’ અને ‘શશિકાંત’ એટલે ચંદ્ર અને ચંદ્રકાંતનો સંયોગ કરનારી કડી સમજતાં, ચંદ્રકાંતને વાર ન લાગી. આટલામાં જ સરસ્વતીચંદ્ર હશે જાણી ઉદ્યાન બહારના લોક વચ્ચે કાન અને આંખને ચોપાસ અતિપ્રવૃત્ત કરતો કરતો એ આગળ ચાલ્યો. હાથની કોણીઓથી સર્વને ધકકા મારી તે ઘેલાની પેઠે ધસતો હતો. સર્વ જાતની પાઘડીઓ અને સર્વ જાતનાં વસ્ત્રોમાં સરસ્વતીચંદ્રનાં વસ્ત્રનો કે આકારનો આભાસ ન જ ડ્યો. ઘણું શોધી શોધી પાછો ફરે છે ત્યાં ઉદ્યાનના કિલ્લાની એક પાસ ઊગેલા ઘાસ ઉપર ચારપાંચ બાવાઓ બેસી ચલમ ફૂંકતા હતા અને એક બાવો તેમના સામો પગ ઉપર પગ ચડાવી તેમની સાથે વાતો કરતો હતો અને વચ્ચે વચ્ચે ‘શશી’ અને ‘શશિકાંત’ વાળી કડી બોલતો હતો. ત્યાં આગળ આવી ચંદ્રકાંત ઊભો અને આ સાધુના મુખમાં આ શબ્દ સાંભળી ચમક્યો.

‘નકકી આ મારો મિત્ર ન હોય! પણ — પંક્તિઓ તો એની જ.’ પાસે ગયો અને બાવાઓની વાતો સાંભળવા લાગ્યો.

‘ક્યા ભૈયા! અલખ જગવવાનું છોડી આ નવો સંપ્રદાય કયાંથી કાઢો છો?’

‘મારા ઉદ્‌ગારમાં જે આત્મા અલખ રહ્યો છે તે તેના અધિકારના કર્ણપુટમાં જતાં ત્યાં અલખ જગાવશે.’

જોડે બેઠેલા બાવાને ચલમ આપતો આપતો બીજો બાવો બોલ્યો:

‘જગાવો અલખ આ ચલમમાં. માર ફૂંક! એ આપણો સંપ્રદાય.’

‘આ ચલમમાં અલખ અગ્નિ પ્રથમ ભડકારૂપે લખ થાય છે અને પછી અમારા અંત:કરણમાં લખ થાય છે — તમે યદુશૃંગવાસી તે ન સમજો.’ એક જણ બોલ્યો.

એને ઉત્તર ન મળ્યો. ગાનાર ફરી ગાવા લાગ્યો.

‘સબ સંસારકી ચીલમ ઘગાવો, અલખ ફૂંક વહાં ફૂંકો ફૂંકો,

ચીલમ મિટ્ટીકી, અગ્નિ લખકા, અલખ ફૂંક વહાં ફૂંકો ફૂંકો!'

'ભૈયા! છોડી દે આ ચલમને ને ફૂંક આ અલખફૂંક!'

મોંમાંથી ચલમ પળવાર દૂર રાખી એક જણ હસી પડ્યો.

'દેખો વો બોધ દેનેવાલા સાધુ! ભૈયા ચલમકા આસ્વાદન કભી કીયા હૈ?'

એના ઉત્તરમાં ગાનાર માત્ર ગાવા લાગ્યો:

'મુખકી ચીલમકું મૂર્ખ લેત હૈ, મૈં નહીં લેનેવાલા:
યદુનંદનડી ચીલમ હૃદયમેં મૈં તો ફૂંકનેવાલા.'

'અચ્છા ભૈયા! તુમ તુમારી ચીલમ ફૂંકો. અમ અમેરી ચીલમ ફૂંક લેઉગા.'

'નહીં કાન્તા, નહીં નારી હું, તો ય પુરુષ મુજ કાન્ત!
જડ જેવો દ્રવતો શશી, સ્મરી રસમય શશિકાંત.'

ચંદ્રકાંત ધૈર્ય ખોઈ આગળ આવ્યો ને બાવાને નમસ્કાર કરી પૂછવા લાગ્યો:

'બાવાજી! આપ ક્યાંથી આવો છો ને આ ઉદ્‌ગારનો અર્થ શો છે?'

'એ ઉદ્‌ગાર સમજવાનો અધિકારી હશે તે સમજશે. એનું રહસ્ય બીજા પાસે પ્રકટ કરવાનો મને નિષેધ છે.'

'વારુ, આટલું જ ગાવાનું છે કે બાકી કાંઈ ગાવાનું છે?'

'બચ્ચા! તેરા નામ ક્યા?'

'મારું નામ ચંદ્રકાંત.'

'હાં? ચંદ્રકાંત? નામ તો અચ્છા છે. જો નામ પ્રમાણે અર્થ હોય તો મારું ગાવાનું જાતે જ સમજી લો. તમારો ઉતારો ક્યાં છે?'

'પ્રધાનજીને ત્યાં.'

'મારા જેવો કોઈ સાધુજન થોડા દિવસ ઉપર આપને મળ્યો હતો?'

'હા, મહારાજના બાગ પાસેના તળાવ પાસે.'

બાવો વિચાર કરી બોલ્યો: 'ચંદ્રકાંતજી! મેં જે ગાયું તેમાં કંઈ તમને સ્વાર્થ છે?'

'સમજાયેલું સત્ય હોય તો તો તમારા ગાયામાં મારા સ્વાર્થ છે — સર્વ સાર છે.' ચંદ્રકાંત નિ:શ્વાસ મૂકી બોલ્યો.

આ પ્રધાનના અતિથિ છે જાણી અને આ વાતમાં સાર ન લાગતાં, ચલમ ફૂંકનાર ઊઠી ચાલી ગયા. આ બે જણ એકલા પડ્યા. ચારે પાસ દૃષ્ટિ કરી સાવધ થતો બાવો બોલ્યો: ‘ચંદ્રકાંતજી! તમારો સ્વાર્થ અને સાર કોનામાં છે?’

‘શશિકાંતના શશીમાં મારો સર્વ સ્વાર્થ છે.’

‘જો એમ હોય તો હું વિશેષ બોલું તે ઉપરથી અભિજ્ઞાન પામો.’

ચંદ્રકાંત અત્યાતુર સ્તબ્ધ થઈ સાંભળતો ઊભો. બાવાએ જાડા પણ સુંદર સ્વરથી ગાવા માંડ્યું.

‘સાંભળો, ચંદ્રકાંતજી, અને પછી મનન કરો.’

‘સુન્દરગિરિનાં શૃંગ ચૂમતાં જળધરગણને-’ વગેરે પંક્તિઓ બાવાએ ગાવા માંડી: ‘જગ ત્યજી જનારા તણો પંથ — સંતોને સરતો!’ એ પંક્તિ આવી.

આ પંક્તિ સાંભળતાં ચંદ્રકાંત કંપવા લાગ્યો ને મનમાં બોલ્યો — ‘શું તેં જગ છોડી જ દીધું?’ તેનો વિચાર વધે તે પહેલાં ગાયન વાધ્યું. ‘ઇન્દ્રપુરી’ અને ‘ચંદ્રવિકાસી કમળના’ ત્યાગ સાંભળી તેનું અભિજ્ઞાન સ્પષ્ટ થયું. ‘લીધ ભગવો ભેખ વિરક્ત’ — એ શબ્દ નીકળતાં તે તેનાં નેત્રમાં અશ્રુ રહ્યાં નહીં અને નેત્રમાંથી નીકળી ગાલ ઉપર આવ્યાં.

‘શું બાવાજી, મારા ચંદ્રે તમારા જેવો ભેખ લીધો છે? મને હવે સ્પષ્ટ વાત કહી દ્યો. હું સંસારી છું ને મારું હૃદય હવે કહ્યું નથી કરતું. શું મારો ચંદ્ર સાધુ થયો?’ લોહવા માંડેલાં આંસુ વધારે વધારે નીકળવા લાગ્યાં.

ચંદ્રકાંતના અશ્રુ જોઈ બાવાના મનમાં પણ પોતાના શ્રોતાનું અભિજ્ઞાન સિદ્ધ થયું અને આર્દ્ર હૃદયથી તે ચંદ્રકાંત સામો ઊભો રહી એનાં અશ્રુ લોહવા લાગ્યો અને બોલ્યો:

‘બચ્ચા! તારે રજ પણ ગભરાવું નહીં. તારા મિત્રરત્નને તું સત્વર પ્રાપ્ત કરીશ એ અમારું પણ રત્ન છે. એ જીવ તારે માટે તૃષિત છે ને મારા મુખમાં જે ઉદ્‌ગાર છે તેનો પ્રભવ એના જ મુખમાંથી, એના જ હૃદયમાંથી અને એની જ તૃષામાંથી છે. એ ઉદ્‌ગાર-સુધાનું પાન એક વાર કરી લે ને બોધી લે કે તારા મિત્રની તારે માટેની તૃષા તારાથી સમજાય.’

‘અશ્રુ લોહતો લોહતો મિત્રવિયુક્ત મિત્ર બોલ્યો: ‘બોલો, બાવાજી! બોલો. પરમુખે પણ મિત્રના શબ્દ મિષ્ટ છે — પણ -’

‘પણ’ વાળું વાક્ય નીકળવા ન દેતાં બાવાએ આગળ ગાયું અને ગાન પૂરું થયું — ‘નહીં મળે મિત્ર અધ્વર્યુ — યજ્ઞમાં વિઘ્ન જ આવે.’

'આવ્યું-ભાઈ-યજ્ઞમાં વિઘ્ન જ આવ્યું — તેં આ ભેખ લીધો ત્યારથી જ — બાવાજી! હવે મને કાંઈ જાતે કહો. સુંદરગિરિ ઉપર મારો મિત્ર ક્યાં છે? તેનું શરીર કેવું છે? તેના અન્નપાનની વ્યવસ્થા કેવી છે? તેના મનની અવસ્થા કેવી છે? તે મને ક્યારે મળશે? ક્યાં મળશે? મારે અત્યારે જ નીકળવું છે. આમાંથી જેટલા ઉત્તર દેવાય તેટલા સત્વર આપો. એ જીવમાં અનેક જીવોનું જીવન છે અને મારું તો સર્વસ્વ તેમાં જ છે.'

'બચ્ચા! આ કામ ગુપ્તપણે કરવાની મને આજ્ઞા છે. આ સ્થાન ને સમય તેને પ્રગટ કરવાને અનુકૂળ નથી. તારું રત્ન સુવર્ણની પેટીમાં સાચવી રાખેલું છે અને સર્વ રીતે આનંદરૂપ છે. એટલું જાણી શાંત અને શીતળ થા. તું જેમ મોટાના ગૃહનો અતિથિ છે તેમ તારો મિત્ર મહાત્માનો પ્રિયતમ અતિથિ છે. જો, તને શોધતું કોઈ આવે છે — હું તેમની જિજ્ઞાસાને જાગૃત નહીં કરું. ચંદ્રકાંતજી! હું આ સ્થાને સંધ્યાકાળથી પ્રાત:કાળ સુધી તમારી વાટ જોઈશે અને એકાંતમાં તમારી ઇચ્છા તૃપ્ત કરવાનો સંકેત દેખાડીશ.'

શંકરશર્મા અને પ્રવીણદાસ ત્યાં આવી પહોંચ્યા. બાવો ચાલ્યો ગયો. ચંદ્રકાંત ગૂંચવાતો ઊભો રહ્યો ને આવેલા ગૃહસ્થો સામો ફર્યો. બાવાની ગોષ્ઠીમાં ભાગ પાડનાર આ મિત્રોનો યોગ અત્યારે તેને રજ પણ ગમ્યો નહીં. તેના મોં ઉપરનો કડવાશ ઢાંક્યો ન રહ્યો. પણ બાવો તો ચાલ્યો ગયો અને હવે તો પ્રારબ્ધ જે ઢીલ કરે તેને વશ થવામાં બળાત્કારે તૃપ્તિ આણવી પડી. મિત્રના સમાચારના અભિજ્ઞાને ઉત્પન્ન કરેલા સમારંભમાં તે ઉદ્યાન છોડી મસ્તક ઉપર પાઘડી વિના આટલે સુધી આવેલો હતો તેનું ચિંત્યું ભાન આવ્યું ને ભાન સાથે લજ્જાયુક્ત થયો. આ નવા મિત્રોને પણ આ દેખાવથી જિજ્ઞાસા અને ચિંતા થઈ હતી અને તે બે જણ સાથે લાગો પ્રશ્ન પૂછ્યો કે: 'તમે અહીં આમ ક્યાંથી?'

૧૭. ચંદ્રકાન્ત અને કારાગૃહમાં સરસ્વતીચંદ્રનો શોધ

સાધુએ ગુપ્ત રાખવા સૂચવેલી વાત કહ્યા વિના આ પ્રશ્નનો ઉત્તર આપવો જેવો કઠણ હતો તેવી જ કંઈ પણ ઉત્તર આપ્યા વિના ચાલે નહીં એવી પોતાની સ્થિતિ હતી.

‘મારા મિત્રના કંઈ સમાચાર જેવું મળવાનું નિમિત્ત લાગવાથી ઉતાવળમાં હું આમ આવ્યો.’

‘કંઈ સમાચાર મળ્યા?’

‘મળ્યા તે ન મળ્યા જેવા છે ને તેટલા પણ ગુપ્ત રાખવાને હું બંધાઈ ચૂક્યો છું.’

‘કાંઈ ચિંતા નહીં. આપ કારાગૃહમાં ચાલો; ત્યાં કેટલાક સમાચાર એકઠા થયા છે તે જાણી લઈશું ને આપની ઇચ્છા સમજી વ્યવસ્થા કરીશું.’ શંકરશર્માએ કહ્યું.

બંધનપાત્ર ઠરેલા અપરાધીઓને માટે એક કારાગૃહ, અને ન્યાયનિર્ણય થતાં સુધીના બદ્ધ શંક્તિ જનોને માટે બીજું, એમ બે કારાગૃહ એક મંદિરના આગલાપાછલા ભાગોમાં રાખેલાં હતાં. પ્રથમ ગૃહ અપરાધીઓનું કારાગૃહ — પાકું કેદખાનું — કહેવાતું. અને બીજું શંક્તિકારાગૃહ અથવા કાચું કેદખાનું કહેવાતું. અંગ્રેજી રાજ્યમાં શંક્તિકારાગૃહ દેશપાલક-પોલીસ-અધિકારીઓના હાથમાં હોય છે. પણ તેઓ તેમ કરવામાં બદ્ધ જનો ઉપર ત્રાસ વર્તાવે તે બંધ કરવાના હેતુથી ભીમભવનમાંથી એક આજ્ઞા નીકળી હતી અને તે પછી બે કારાગૃહ એક જ કારાગૃહ અધિકારીને સોંપ્યાં હતાં, અને દેશપાલકોને શંક્તિકારાગૃહમાં માત્ર શોધનને અર્થે જવાના અધિકાર રાખેલા હતા.

ચંદ્રકાંતને લઈ પ્રવીણદાસ અને શંકરશર્મા શંક્તિકારાગૃહના દ્વાર આગળ આવ્યા ત્યાં દેશપાલક વર્ગના બે કનિષ્ઠ અધિકારીઓ સિપાઈઓ — એમને સામે મળ્યા અને અંતર — અંદર — લઈ ગયા.

વચ્ચે એક ચોક અને ચોપાસ લોખંડના સળિયાથી કરેલી કોટડીઓવાળી ઓસરીઓ હતી. તેમાંની અર્ધી કોટડીઓ ખાલી હતી અને અર્ધીમાં બંદીલોક — કેદીઓ — હતા. તેમાંની એકમાં અર્થદાસ બેઠો હતો, તેને કારાધિકારીએ આંગળી વડે દેખાડ્યો અને સર્વ ચોકના મધ્ય ભાગમાં ખુરસીઓ ઉપર બેઠા. થોડી વારમાં હરભમ, અબ્દુલ્લાખાન અને ફતેહસંગ ત્યાં આવ્યા. તે પછી રત્નનગરીના રાજ્યનો મુખ્ય દેશપાલક કેટલાક પત્રો તથા લખેલાં પુસ્તકો લઈ આવ્યો.

‘સરદારસિંહ! સરસ્વતીચંદ્ર વિષેના સર્વ સમાચાર પુરાવા સહિત ચંદ્રકાંતભાઈને બતાવો.’ પ્રવીણદાસે મુખ્ય દેશપાલને કહ્યું.

‘હા જી, અને તેની સાથે એમનો પોતાનો પણ કેટલીક વાતમાં પુરાવો લેવો પડશે.’ સરદારસિંહ બોલ્યો.

‘બોલો, બોલો, જેમ નિરુપયોગી વાત ઓછી થાય ને ત્વરા વધારે થાય એમ કરજો.’ શંકરશર્મા બોલ્યો.

એક આહ્નિક-રોજનીશીનું પુસ્તક સરદારસિંહ ઉઘાડવા લાગ્યો અને ઉઘાડતાં ઉઘાડતાં બોલતો ગયો.

‘જી. સરસ્વતીચંદ્ર કેટલાક માસ સુવર્ણપુરના અમાત્ય બુદ્ધિધનભાઈને ઘેર અતિથિ હતા અને તેમને કારભાર મળ્યો તે જોઈ બીજે દિવસે ત્યાંથી નીકળ્યા…એ નીકળ્યા તેને બીજે દિવસે કુમુદબહેન નીકળ્યાં. સુવર્ણપુરથી બહાર રાજેશ્વર મહાદેવ છે ત્યાંથી એક ગાડામાં એ બેઠા, અને નીકળતાં પહેલાં પ્રમાદધનભાઈનો ખાનગી માણસ નામે રામસેન એમને મળી આવ્યો હતો. ચંદ્રકાંતભાઈનો એમના ઉપર પત્ર વાંચી, બુદ્ધિધનભાઈ સાથે કેટલીક વાતચીત કરી, ચંદ્રકાંતભાઈ મારા મિત્ર છે એવું કહી, તેમને મળવા જવાને નિમિત્ત એમણે સુવર્ણપુર છોડ્યું.’

ચંદ્રકાંત — ‘ક્યાં મળવાનું હતું?’

સરદારસિંહ — ‘ભદ્રેશ્વરમાં. સુવર્ણપુર રહ્યા ત્યાં સુધી એમણે નવીનચંદ્ર નામ ધાર્યું હતું. બુદ્ધિધનભાઈના ઘરમાં તેઓ રહેતા હતા અને તે જ સંબંધમાં કાંઈ કારણ થવાથી પ્રમાદધનભાઈને ક્રોધ ચડ્યો અને તેમણે ક્રોધમાં સમુદ્રમાં પડી આત્મહત્યા કરી.’

ચંદ્રકાંત — ‘શું કારણ?’

સરદારસિંહ — ‘તે હાલ ઉપયોગનું નથી અને તેની કથા ગોપ્ય છે. જેટલી વાત કહી તેટલીનો પુરાવો આપણાં માણસોએ સુવર્ણપુરથી જ મેળવ્યો છે. હવે ગાડામાં બેઠા પછીનો પુરાવો છે. તેમની સાથે ગાડામાં અર્થદાસ નામનો પેલો બેઠો છે તે વાણિયો, તેની સ્ત્રી, અને એક બ્રાહ્મણ ડોશી એટલાં હતાં. સુરસંગ અને ચંદનદાસે તેમને લૂંટ્યાં. સરસ્વતીચંદ્રે અર્થદાસની સ્ત્રીનું રક્ષણ કરવા પ્રયત્ન કર્યો. તેમ કરવા જતાં તેમને પોતાને મારી પછાડી ચંદનદાસ અને તેના સવાર ઘસડી ખેંચી લઈ ગયા. એટલી વાત નિશ્ચિત છે. હવે પછી જે બન્યું તેની વાર્તા બેત્રણ રૂપે આપણી પાસે આવી છે ને જ્યાં સુધી અમે તેનો નિર્ણય કરી શકીએ નહીં ત્યાં સુધી ન્યાયના ધર્માસન પાસે આ કામ વસ્તુત: ચાલવું અશક્ય છે.’

ચંદ્રકાંત — ‘એ શી વાર્તાઓ છે?’

સરદારસિંહ — ‘પ્રથમ વાર્તા પ્રમાણે સરસ્વતીચંદ્રને બહારવટિયાઓએ કતલ કર્યા છે.’

ચંદ્રકાંત હૃદયમાં કંપ્યો. બહારથી અવિકારી દેખાયો.

સરદારસિંહ — ‘બીજી વાર્તા પ્રમાણે અર્થદાસે મણિમુદ્રા માટે તેનું ખૂન કર્યું. ત્રીજી વાર્તા પ્રમાણે તેઓ કોઈક સ્થળે વિદ્યમાન છે.’

ચંદ્રકાંત — ‘તે તમારી ત્રીજી જ વાર્તા સત્ય છે. બીજી વાર્તા હું માનતો નથી. ત્રીજી અસત્ય ઠરે તો પ્રથમ સત્ય હોય.’

સરદારસિંહ — ‘પ્રથમ વાર્તા હીરાલાલ નામનો મુંબઈનો માણસ કરે છે. તેના કહેવા પ્રમાણે સરસ્વતીચંદ્રનું ખૂન બહારવટિયાઓને હાથે બ્રિટિશ હદમાં થયું છે. તેમ હશે તો આ કામ ત્યાં ચાલશે.’

ચંદ્રકાંત — ‘હીરાલાલ લુચ્ચો છે — જૂઠો છે.’

સરદારસિંહ — ‘તે અસ્તુ. અમારાં માણસોની બાતમી પ્રમાણે અર્થદાસે ખૂન કરેલું છે અને તે અમારી હદમાં થયું છે. પણ એ બાતમી જ છે — પુરાવો શોધવો બાકી છે.’

ચંદ્રકાંત — ‘તે બાકી જ રહેવાનો છે.’

સરદારસિંહ — ‘તે અસ્તુ. મારો તથા આપનો અભિપ્રાય એક જ છે. પણ શોધવાનું શરીર જડે ત્યાં સુધી સર્વ વાર્તા સાંભળવી ઘટે છે. સરસ્વતીચંદ્રનો સગો ધૂર્તલાલ મુંબઈના કારાગૃહમાં છે. હીરાલાલ તેનો માણસ ભારે ખટપટી છે. તેણે જિલ્લાના કલેક્ટરને અરજી કરી છે કે તેની વાર્તાનું શોધન અંગ્રેજી કોર્ટમાં થવું જોઈએ. તેનું લખાણ આ રાજ્ય સાથે પોલિટિકલ એજંટ દ્વારા ચાલે છે.

ચંદ્રકાંત — ‘એની પાસે કંઈ પ્રથમદર્શનીય પુરાવો છે?’

સરદારસિંહ — ‘દેખાતો નથી. પણ અર્થદાસ અંગ્રેજી પ્રજા હોય અને અપરાધનું સ્થળ પણ અંગ્રેજી હદમાં હોય ત્યારે પ્રથમદર્શનીય પુરાવો હોય ન હોય તેની અમારા પોલિટિકલ એજંટ કદી કદી બહુ પરવા નથી કરતા.’

ચંદ્રકાંત — ‘તે નથી કરતો પણ તમે કેટલી કરો છો?’

સરદારસિંહ — ‘આવા પ્રશ્નો અમારે ત્યાં ચક્રવર્તીભવનમાં વિચારાય છે અને ત્યાંની આજ્ઞા પ્રમાણે વર્તન થાય છે. પ્રસ્તુત પ્રસંગમાં બેત્રણ ગૂંચવાડા છે. હીરાલાલ કંઈ કારણથી સરસ્વતીચંદ્રની હત્યા સિદ્ધ કરવા ઇચ્છે છે અને સરકારી પોલીસમાં પૈસા વેરે છે. પોલીસ કલેક્ટરને સમજાવે છે ને કલેક્ટરને ચિટનીસ પણ હીરાલાલને વશ છે. એજંસીનો શિરસ્તેદાર પણ તેને વશ છે. પ્રધાનજી સાથે સરસ્વતીચંદ્રનો સંબંધ તૂટેલો ગણી તે નિમિત્તે આ પ્રસંગમાં ન્યાય થવાનો અસંભવ ગણી હીરાલાલ આ કામ અંગ્રેજી કોર્ટમાં ચલાવવા ઇચ્છે છે અને સર્વ તેને ટેકો આપે છે. આવાં આવાં કારણોથી એજંસી સાધારણ નિયમ પ્રમાણે પુરાવો બસ છે કે નહીં તેનો નિર્ણય અમારી પાસે કરાવવા ઇચ્છતી નથી.’

શંકરશર્મા — ‘ત્યારે પુરાવો જ ઓછો હોય તો છો ને કામ ચાલતું અંગ્રેજી કોર્ટમાં! ત્યાં શું ખોટું થવાનું છે જે?’

સરદારસિંહ — ‘ના જી, પ્રથમ તો અર્થદાસ જે શંક્તિ છે તે જ એ વાત ઇચ્છતો નથી. ધૂર્તલાલના મનમાં એમ છે કે ગમે તેમ કરી સરસ્વતીચંદ્રને મૂએલા ઠરાવવા — પછી કોઈ અપરાધી ઠરો કે ન ઠરો — કારણ તેમને તેમ કરવામાં દ્રવ્યનો લાભ છે. અર્થદાસના મનમાં એમ છે કે હીરાલાલ પોતાના સ્વાર્થને માટે એને મારી પાડશે, અને અંગ્રેજી હદમાં કામ ચાલવાની અરજી કરવા હીરાલાલ ઘણુંયે સમજાવે છે, પણ અર્થદાસ બેનો એક થતો નથી ને અરજી કરતો નથી. હીરાલાલના મનમાં એવો પેચ છે કે અર્થદાસ અંગ્રેજી કોર્ટમાં જઈ સરસ્વતીચંદ્ર મરેલો કબૂલ કરે અને પોતે ખૂન નથી કર્યું પણ બહારવટિયાઓએ કર્યું છે એવું કહે — પછી એની પાસેની મણિમુદ્રાના અનુમાનથી કોર્ટ એને શિક્ષા કરે કે છોડે તેની હીરાલાલને બહુ પરવા નથી. સરકારી પોલીસ ધારે તો સરસ્વતીચંદ્રને શોધી શકે એ નક્કી છે તેટલું જ એ પણ નક્કી છે કે તેઓ સરસ્વતીચંદ્રને શોધવાનું ધારે જ નહીં એટલી હીરાલાલે ચોકસી કરી છે.

ચંદ્રકાંતે હોઠ પીસ્યા. ‘ધૂર્તલાલ કેદમાં પડ્યો પડ્યો પણ આટલા દાવ રમે છે! ઠીક. પણ બગડેલી પોલીસ જેને શોધતી નથી તેની શોધ તમે કેટલે સુધી કરી છે?’

હસતો હસતો સરદારસિંહ બોલ્યો: ‘અમે પણ પોલીસ જ છીએ કની? અંગ્રેજી પોલીસને હીરાલાલનું દ્રવ્ય મીઠું લાગે ને અમને કંઈ કડવું લાગવાનું હતું?’

ચંદ્રકાંત — ‘હું કાંઈ તમારા ઉપર એવો આક્ષેપ નથી કરતો.’

સરદારસિંહ — ‘મુંબઈગરી ભાષા આક્ષેપવાળી હશે — આપના મનમાં આક્ષેપ નહીં હોય. પણ હશે. હવે આપની આતુરતા યથાશક્તિ તૃપ્ત કરીશું. જુઓ, સાહેબ, અંગ્રેજી કોર્ટમાં આ કામ ચાલે ન ચાલે તેની ચિંતા ચક્રવર્તીભવનને છે — અમારે સાધારણ રીતે ચિંતા નથી હોતી. પણ આ કામમાં તેમ નથી. મુંબઈમાં તેમ અન્યત્ર શુદ્ધ અંત: કરણવાળી પોલીસની વૃત્તિ એટલી હોય છે કે ખરો અપરાધી હાથમાં આવ્યો તો તેને જવા દેવો નહીં — પછી ખરા આરાપો ઉપરથી કે ખોટા આરોપ ઉપરથી મરે તેની પોલીસને ચિંતા નહીં.’

‘તમે પોતે પોતાને સર્ટિફિકેટ તો સારું આપો છો!’ — ચંદ્રકાંત હસી પડ્યો ને બોલ્યો. સરદારસિંહ ગંભીર મુખ રાખીને જ ઉત્તર દેતો ગયો.

‘હા જી, ન્યાયાધીશોની આંખોમાં તમે પક્ષવાદીઓ ધૂળ નાખો તે અંજાય તો ભલે, પણ અમે ન અંજાઈએ. પણ આ ચર્ચા પડતી મૂકી માંડેલી કથા પૂરી કરવી સારી છે. બુદ્ધિધનભાઈના ઘરમાં સરસ્વતીચંદ્ર

રહેતા હતા તે જ ખંડની જોડે પ્રમાદધનભાઈનો ખંડ હતો. આ સંબંધમાં સુવર્ણપુરમાં અનેક સારાખોટી વાતો ચાલે છે. અને આ કેસ અંગ્રેજી કોર્ટમાં ચાલશે તો આ વાતનો પુરાવો પાકો હીરાલાલના હાથમાં છે ને તે પુરાવો કોર્ટમાં મૂકી, સરસ્વતીચંદ્રનું ખૂન શા કારણથી થયું અને કોણે કરાવ્યું એટલું પાકે પાયે સિદ્ધ કરી આરોપ અને શિક્ષા કોને માથે પડવા દેવાં તેની ચિન્તા અનુમાનો કરનાર ન્યાયાધીશને માટે હીરાલાલ રહેવા દેવાનો છે; પણ વિના કારણ અમારા પ્રધાનજીના બાળકની ફજેતી અંગ્રેજી કોર્ટમાં અમે થવા દેનાર નથી.'

ચંદ્રકાંત — 'મારા કામમાં મને પૂર્ણ આશ્રય આપ આપશો એવો હવે મને નિશ્ચય થયો. ચાલો, બોલોજી.'

સરદારસિંહ — 'હવે સરસ્વતીચંદ્રની વાત કરીએ. જો અર્થદાસનું કહેવું સત્ય હોય તો ત્રિભેટાના વડની પેલી પાસ ઘાસનું બીડ છે તેમાં ચન્દનદાસના સવારો સરસ્વતીચંદ્રને ઘસડી આણી પડેલો નાંખી નાસી ગયા હતા. [૧] મણિમુદ્રા લઈ દોડેલો અર્થદાસ રાત્રે એ વડની ડાળોમાં સંતાઈ રહેલો હતો, અને બહારવટિયાઓ રાત્રે એ જ વડ તળે વાતો કરતા હતા તે અર્થદાસે સાંભળી હતી. આપણા બે માણસ તે રાત્રે એ જ વડમાં હતા અને નીચેથી ઊંચા જતા ભડકાનું તેજ અર્થદાસના હાથમાંની વીંટીના હીરા ઉપર ચળકતું હતું[૨] તે એ બે માણસોએ જોયું હતું. બહારવટિયા વેરાયા એટલે એ બે જણમાંથી એક જણ મનહરપુરીના મુખીને ખબર કરવા ગયું અને બીજું માણસ અર્થદાસની પાછળ પાછળ ચાલ્યું[3] અને તેમાંથી આ મુદ્રાનો પત્તો લાગ્યો છે. જે જગ્યાએ અર્થદાસનો ને સરસ્વતીચંદ્રનો ભેટો થયો હતો ત્યાં પાણી અને ઘાબાજરિયાં છે. તેમાંથી પગલાં નીકળેલાં માર્ગ ઉપર જાય છે અને ત્યાંથી બીજાં પગલાંઓ ભેગાં દૃશ્ય થાય છે. જે ગાડામાં તેમણે પ્રવાસ કરેલો તે ગાડાવાળાને અર્થદાસે ઓળખાવ્યો છે અને તેમાં બધું લૂંટાતાં એક પોટકું રહી ગયેલું તેમાંના કાગળો જોતાં એ સરસ્વતીચંદ્રનું લાગે છે.'

'એમ!' — ચંદ્રકાંતે હર્ષમાં આવી ઉદ્ગાર કર્યો.

સરદારસિંહ — 'હા જી, અર્થદાસ કહે છે કે એની સ્ત્રીનું રક્ષણ કરવા સરસ્વતીચંદ્ર ગાડા બહાર કૂદી પડ્યા તેવામાં એ પોટકું ગાડામાં રહી ગયું હશે.'

'શું મારા મિત્રે એટલું શૌર્ય દેખાડ્યું? વાહ! સરદારસિંહ! અર્થદાસ બોલે છે તે સત્ય જ છે.' ચંદ્રકાંત વચ્ચે બોલ્યો.

સરદારસિંહ — 'તે અસ્તુ. પણ વાંધો એટલો આવે છે કે અર્થદાસ એ માણસનું નામ નવીનચંદ્ર કહેતો નથી પણ ચાંદાભાઈ કહે છે.'

ચંદ્રકાંત — 'એમાં કાંઈ નહીં — જે એક નામને બદલે તે બીજા નામને પણ બદલે.'

સરદારસિંહ — 'તે જે હોય તે ખરું. હવે અમે અમારા રાજ્યમાં ગામે ગામે થાણાંઓમાં નવીનચંદ્ર અને ચાંદાભાઈને અમુક નિશાનીઓ વડે શોધવા આજ્ઞાઓ મોકલી છે — પણ કોઈ ઠેકાણેથી હજી પત્તો નથી.

ચંદ્રકાંત — 'થયું, એનો પત્તો નથી ત્યારે બીજી વાતો ધૂળ ને ધાણી.'

સરદારસિંહ — 'એમ જ છે, પણ હવે કાંઈક આશા પડે છે.'

ચંદ્રકાંત — 'શી?'

સરદારસિંહ — 'આપણી વાતો થાય ને અમારું કામ થાય એવો માર્ગ હવે લેવાનો છે. આપ અમને સાક્ષ્ય[૧] આપો તે આ માણસ લખશે.'

'મારું સાક્ષ્ય! તે શાનું? આ શી ધાંધલ છે?' ચંદ્રકાંત ભડકીને બોલ્યો.

સરદારસિંહ — 'હા જી. બોલો. હું સંક્ષેપમાં જ પૂછી લઈશ. આપ આજ અપૂર્ણ વસ્ત્રો પહેરી સૌન્દર્યોદ્યાનમાંથી બહાર નીકળ્યા હતા અને ત્યાં કોઈ સાધુ આપને મળ્યો હતો?'

ચંદ્રકાંત — 'હા. તમે શાથી જાણ્યું?'

સરદારસિંહ — 'એ પ્રશ્ન અકારણ છે. એ સાધુએ સરસ્વતીચંદ્રની વાત કરીને આપને તેને મળવાને બોલાવ્યા છે?'

ચંદ્રકાંત અટક્યો. સાધુએ જે વાત ગુપ્ત રાખવા કહેલી તે કહેવું જેવું અનિષ્ટ હતું તેવું જ તેનું ગોપન પણ અસત્યભાષણ વિના અસાધ્ય હતું અને અસત્ય તો અનિષ્ટ જ હતું. સરદારસિંહ તેનો ગૂંચવાડો સમજ્યો હોય તેમ બોલ્યો:

'આપને એ વાત ગુપ્ત હોય તો બલાત્કારે પ્રકટ કરાવવાનું મારે કારણ નથી. મારે એટલું જ કહેવાનું છે કે એ સાધુ આપની પાસે જે વાત ગુપ્ત રીતે કરે તે પૂરેપૂરી ગુપ્ત રાખજો અને આપને પોતાની સાથે કંઈ તેડી જવા કહે તો અમને સમાચાર કહી પછી ખુશીથી જજો અને જેટલી વાત અમને કહેવી તમને યોગ્ય લાગે તેટલી કહેજો ને કહો તે વેળાસર કહેજો. અમે અમારા ચાર મંત્રશોધકો — ડિટેક્ટિવ — મોકલીએ તેના કરતાં આપ આ મંત્ર વધારે સારી રીતે શોધી શકશો. એટલું માત્ર લક્ષ્યમાં રાખજો કે અમને કહેવા જેવું નહીં કહો અથવા વેળા વીત્યા પછી કહેશો તો અમારા હાથમાંથી વાત જતી રહેશે, કોઈ રંક માણસ માર્યો જશે, મુંબઈમાં સરસ્વતીચંદ્રના પિતા અને મિત્રોની યોજનાઓ ઉપર પાણી ફરી વળશે અને સરસ્વતીચંદ્ર અને કુમુદબહેનના શત્રુઓ વિષવાર્તાઓ ભરકોર્ટમાં નિર્ભય થઈ કરશે.'

ચંદ્રકાંત — 'તે વાતમાં તમને આશ્રય આપવો અને તમારો આશ્રય લેવો એ મારો નિ:શંક ધર્મ છે.'

સરદારસિંહ — 'એમ જ. પણ બે વાત બીજી યે લક્ષ્યમાં રાખવાની છે. જો આપના સિવાય સરસ્વતીચંદ્રની ભાળ બીજા કોઈને લાગી છે એવું માલૂમ પડશે તો એ મહાત્મા તને પણ નહિ મળે, અને સુવર્ણપુરથી જ્યાં આવ્યા છે ત્યાંથી બીજે સ્થાને જશે. વળી એ ક્યાં છે એ કોઈ એવા માણસને માલૂમ પડશે અને તેની જીભ હાલશે તો હીરાલાલ જાણશે અને સરસ્વતીચંદ્ર જીવતા માલૂમ પડે તો એમને ઠાર કરાવવા એવી એવી પ્રતિજ્ઞા છે. માટે પણ આ વાત અત્યંત ગુપ્ત રાખવી અને માત્ર મને વેળાસર કહેવી કે તે જ્યાં હોય ત્યાં એમના રક્ષણ માટે હું વ્યવસ્થા કરી શકું. છેલ્લી વાત આપને કહેવાની એટલી કે હીરાલાલ પાસેથી આ નાટક કોર્ટમાં ચડે ત્યારે ચડવા દઈ, તે બીજો કાંઈ પુરાવો આપે ત્યાર પહેલાં, સરસ્વતીચંદ્રને તે કોર્ટમાં પ્રત્યક્ષ કરવા, અને તેને જીવતા સિદ્ધ કરી હીરાલાલની ફરિયાદને જડમૂળથી નષ્ટ કરવી, અને બીજો કાંઈ દુષ્ટ પુરાવો આપવાનો પ્રસંગ તોડવો. આવો મારો સંકેત છે તે સિદ્ધ કરાવવા જેટલી સહાયતા તમે સરસ્વતીચંદ્ર પાસે અપાવશો એટલે આ પોલીસને કે રાજ્યને એમને બીજા કાંઈ પણ સંકોચમાં રાખવાનું કારણ નથી.'

'મને લાગે છે કે આટલું હું કરી શકીશ.' ચંદ્રકાંત વિચાર કરતો કરતો બોલ્યો.

'ચંદ્રકાંતભાઈ! આપના ઘરમાં પણ હીરાલાલની ખટપટ છે તે ભૂલશો મા.' સરદારસિંહ ઊઠતો ઊઠતો બોલ્યો.

'મારા ઘરમાં?' ચંદ્રકાંત ચમક્યો: 'મારા ગરીબના ઘરમાં તે શું જડવાનું હતું?'

'શ્રીમંતના રંક મિત્રો શ્રીમંત જ સમજવા. આપના મોટાભાઈ અને આપનાં માતા, ગંગાબાને માથે શોક્ય લાવવા પ્રયત્ન કરે છે અને તેમને હીરાલાલનો શેઠ દ્રવ્યની સહાયતા આપે છે.

'ધૂર્તલાલને તેથી શું ફળ!'

'આપ સરસ્વતીચંદ્રને શોધવા મૂકી ઘેર જાઓ તો ધૂર્તલાલ નિશ્ચિંત થાય તે એને ફળ.'

'એ તો સમજ્યો -' ચંદ્રકાંત કંઈક હસી પડ્યો. 'મૂર્ખ, એમાં તે છેતરાવાના. ગંગા મરે તો યે ચંદ્રકાંત હાથમાં લીધેલું છોડવાનો નથી તે બીજી બાયડી કરવાની હોળીમાં પડવા માટે તે આ રત્નની શોધ કરવી પડતી મૂકશે?'

'ત્યારે — તો ક્ષમા કરજો — કંઈ વધારે પણ સૂચવવું પડશે.'

‘સરસ્વતીચંદ્રનું મરણ જેઓ ઇચ્છે છે તેઓ જ ગંગાબાની કાશ પણ કાઢવા ઇચ્છે છે.’

‘કારણ?’ ચંદ્રકાંતને કપાળે પરસેવો છૂટ્યો.

‘કારણ એ જ કે મુંબઈ છોડતી વેલા સરસ્વતીચંદ્રે આપેલા પત્રો તથા દ્રવ્યની કૂંચી તમે અહીં હો ને ગંગાબા સ્વર્ગમાં હોય તો જ તેમને મળે. શોક્યના ડરથી જો ગંગાબા શત્રુનું કહ્યું નહીં કરે તો સ્વર્ગમાં જશે.’

‘એ વાત તો ખરી! અરેરે! આ ગૂંચવાડો સૌથી ભારે આવ્યો!’ માથું ખંજવાળતો, દાંત પીસતો, ડોકું ધુણાવતો અને હાથપગ પછાડતો ચંદ્રકાંત બબડ્યો.

‘તેની પણ ચિંતા ન કરશો. આપ અમને આપના સ્વહસ્તના અક્ષર આપો કે ગંગાબા માણસ ઉપર વિશ્વાસ રાખે અને તેની જોડે મુંબઈ છોડી અત્ર આવે અથવા આપના કોઈ સમર્થ મિત્ર મુંબઈમાં હોય તો તેને ત્યાં જાય.’

‘તરંગશંકર — ઉદ્ધતલાલ — ના — તરંગશંકર ગરીબ છે — ઉદ્ધતલાલ પહોંચી વળશે — હા, ઉદ્ધતલાલ ઉપર ચિઠ્ઠી આપું છું ને પરભાર્યો પત્ર લખું છું તેને ત્યાં ગંગાને મૂકજો.’

‘ઠીક, તમે ગંગાબા ઉપર પરભાર્યો પત્ર ન લખશો. તે તેના શત્રુના હાથમાં જશે.’

‘બરોબર. પણ તમે આ કામ કેટલા દિવસમાં કરશો?’

‘ગંગાબાનું કામ પાંચ દિવસમાં કરીશું. ત્યાં સુધી તો કાંઈ ભય નથી.’

‘તો હું ગંગાને તમને સોંપું છું ને સરસ્વતીચંદ્રને મને સોંપો.’

‘એમ જ. પણ મેં કહેલી વાતો એકેએક લક્ષ્યમાં રાખજો. ભૂલશો તો માર ખાશો.’

અહીંથી સર્વ વેરાયા. સરદારસિંહના શબ્દોના ભણકારા ચંદ્રકાંતના કાનમાંથી ગયા નહીં. એક પાસ સરસ્વતીચંદ્રને અને બીજી પાસ ગંગાને માથે ઝઝૂમતાં ભયસ્વપ્નોએ એની સ્વસ્થતાનો નાશ કર્યો. અંતે રાત્રિ પડી. રાત્રિએ ચંદ્રકાંતે બાવાની વાટ જોઈ. પણ તે મળ્યો નહીં. સાટે કોઈ વટેમાર્ગુએ તેના હાથમાં ચિઠ્ઠી આપી કે ‘ગુપ્ત વાત પ્રકટ થવાના ભયથી આપણો સંકેત પાર ઉતારવામાં ઢીલ થઈ છે. જો એવો ભય તમે જ ઉત્પન્ન કરશો તો સંકેત નષ્ટ ગણવો. જો ગુપ્ત વાત રાખી શકશો તો ખોયેલો પ્રસંગ પુન: પ્રાપ્ત થશે.’ સૌન્દર્યોદ્યાનના દ્વાર બહાર અંધકારમાં ચંદ્રકાંત ઊભો હતો ત્યાં એના હાથમાં ચિઠ્ઠી મૂકી વટેમાર્ગુ કંઈક દોડી ગયો. દ્વારના ફાનસના પ્રકાશથી ચિઠ્ઠી વાંચી ગૂંચવાયેલો ચંદ્રકાંત વધારે ગૂંચવાયો, ગભરાયો, ખીજવાયો અને ચિંતામાં પડ્યો. પ્રાત:કાળે બાવાને શોધવા, ને ન

જડે તો એકલા યદુશૃંગ જવા મનમાં ઠરાવ કર્યો. એક સરસ્વતીચંદ્રને તો શોધવાનો હતો તેમાં બીજો બાવો શોધવાનો થયો. વિધાતાની ગતિમાં આવાં વૈચિત્ર્ય જ છે.

---

[૧] . ભાગ ૨ પ્રકરણ ૨. ભાગ ૨ પ્રકરણ ૧ ૩. ભાગ ૨ પ્રકરણ ૨

[૧] . જુબાની.

૧૮. અલખ મન્મથ અને લખ સપ્તપદી [1]

" Fool, not to know that Love endures not tie

,

And Jove but laughs at Lovers perjury! "

- Dryden

" Let me not to the marriage of true minds

Admit impediments.' - Shakespeare

વિષ્ણુદાસના મઠની અર્ધા કોશને છેટે વિવાહિત સાધુઓનો મઠ હતો. તે ગૃહસ્થમઠ કહેવાતો. તેની પાછળ તેટલે જ છેટે પરિવ્રાજિકામઠ હતો તેમાં અવિવાહિત અને વિધવા સાધુસ્ત્રીઓ રહેતી. પરિવ્રાજિકામઠની રચના વિષ્ણુદાસબાવાના મઠ જેવી હતી. ગૃહસ્થમઠ પણ ઘણી વાતમાં તેવો જ હતો. તેમાં ફેર માત્ર એટલો હતો કે તેને એક માળ હતો અને તે ઉપર નાના નાના ખંડ ત્યાં વસનાર દંપતીઓને માટે હતા, અને દરેક ખંડની પાછળ નાનો સરખો અગાસીનો કટકો સૌ સૌનો નિરાળો હતો. આ મઠ 'વિહાર' નામથી પણ ઓળખાતો. ત્રણે મઠ વચ્ચે પર્વતની લીલોતરી અને શિલાઓ હતી; અને સાધુઓએ તેમાં ધ્યાનયોગ્ય, તપયોગ્ય, અને વિહારયોગ્ય કુંજવન કરેલાં હતાં, અને પર્વત ઉપર ઊડનારાં પક્ષીઓ તેમાં ટોળાબંધ આવજા કરતાં.

ભક્તિમૈયા વગેરેનો સાથ કુમુદસુંદરીને લેઈ ખરે મધ્યાહ્ને પરિવ્રાજિકામઠના દ્વાર આગળ આવ્યો. શ્રમથી અને ભૂખથી કુમુદસુંદરીનું શરીર ગ્રીષ્મના કુમુદ પેઠે મ્લાન થઈ ગયું હતું, પણ નવી સૃષ્ટિના દર્શનથી સતેજ થવા કોમળ પ્રયત્નનો ઉત્સાહ અનુભવતું હતું. માર્ગમાં જ ત્રણે મઠોની સ્થિતિ અને અલખનું રસરહસ્ય એણે સાધ્વીઓ પાસેથી જાણી લીધાં હતાં અને નવીનચંદ્રનો ઇતિહાસ પણ પ્રસંગે પ્રસંગે પૂછી લીધો હતો. એના મનના મર્મ જાણનારી ચતુર વત્સલ સ્ત્રીઓએ એની તૃષાને સર્વાંગે તૃપ્ત કરી હતી અને એની નિરાશાના ઉદરમાં આશાનો ગર્ભ પ્રકટાવ્યો હતો.

મઠના મધ્યભાગે વિશાળ ચોક હતો અને તેની વચ્ચોવચ એક ઓટલો અને ઓટલા ઉપર એક મોટો તુળસીક્યારો અને પીપળો હતાં. તુળસીક્યારાને અઠીંગી પીપળાની છાયામાં કુમુદને બેસાડી અને આસપાસ પરિવ્રાજિકાઓ વીંટાઈ વળી અને અનેક સુંદર પ્રશ્નોત્તરની પરંપરાથી થોડાક કાળ તા અજ્ઞાત ચાલ્યો ગયો. અન્તે એક ઓસરીમાં સર્વ ભોજન કરવા બેઠાં. તે પછી સર્વેની છૂટીછૂટી ટાળીઓ પડી ગઈ; અને કોઈ ટાળીમાં જ્ઞાનની, તો કોઈમાં રસની, અને કોઈમાં રસની તો કોઈમાં વ્યવહારની વાર્તાઓ ચાલી રહી. કોઈ ટાળીમાં અધ્યાત્મ રામાયણ વંચાવા લાગ્યું, તો

કોઈમાં તુલસીના ચમત્કાર પ્રકટવા લાગ્યા. એક સ્ત્રી પૂર્વાવસ્થામાં દક્ષિણી હતી, તે 'તુકા'ના અભંગ ગાતી હતી અને બેચાર જણીને મરાઠી-ગુજરાતીમાં છટાથી અને રસથી સમજાવતી હતી. બેત્રણ ટાળીઓમાં ભજન ગવાતાં હતાં અને સાથે તંબૂરા સાજક અને એકતારાના સ્વરનો સંવાદ [1] થતો હતો.

આ પ્રમાણે રમણીય પવિત્ર કાળવિનીદ કરતા ઉત્તર મધ્યાહ્ન ચાલ્યો ગયો. કુમુદે કંઈક નિદ્રા પણ લઈ લીધી, અને જાગૃત થતાં પર્વતની ઉત્સાહિની પવનલહરીથી ચારેપાસના સમાજ સાથે ભળી જવા ઉમંગથી પ્રયત્ન કરવા લાગી. તેના મનની સુધરતી દશા જોઈ સાધ્વીઓને પણ આનંદ થતો ગયો, અને સંધ્યાકાળે આકાશમાં ચંદ્રોદય થયો. તેની સાથે સ્ત્રીવનમાં કુમુદિની જેવી કુમુદ પણ ઉત્ફુલ્લ થઈ ભાસી. મઠની ઓસરીમાંથી એક બારી પર્વતના એક ઊંડા અતટ [2] ભાગ ઉપર પડતી હતી, તેને જાળીવાળું બહાર લટકતું છજું હતું તેમાં કુમુદ બેઠી હતી, અને ઘડીમાં બારી બહાર જોતી હતી તો ઘડીમાં બારી પાસે ઓસરીમાં બેઠેલી બંસરી અને મોહનીની વાતો ધ્યાનથી સાંભળતી હતી.

બારી બહારનો અતટ પચાસેક વામ ઊંડો હતો, સુરગ્રામથી આવવાના માર્ગના એક છેડાના દશપંદર હાથ જેટલી જગાનું વળણ આ અતટને તળિયે આવતું હતું, ત્યાંથી એક પાસના ચઢાવ વચ્ચે તેનું મોં દેખાતું હતું, અને એ મોં આગળ એ વળણ દિવસે પણ બારીએ ઊભેલાંની દૃષ્ટિને દૃશ્ય થતું હતું. આજે શુકલપક્ષનો મધ્યભાગ હતો અને સંધ્યાકાળથી જ ચંદ્ર આકાશના મધ્યભાગમાં ઉદય પામતો હતો. અતટ આગળના ઊંડા ઊંડાણમાં એનું શાંત તેજ ચમકતું હતું, અને કાળા કઠણ અંધકાર અને ખડકોના હૃદયની ઊંડામાં ઊંડી ને એકાંતમાં એકાંત ખોમાં ચંદ્રિકાની કોમળ સૂક્ષ્મ પ્રભા ચંદનના લેપ પેઠે લીંપાઈ જતી હતી, અને એ કઠિનતા અને કોમળતાનું સુંદર રસિક તેજસ્વી મિશ્રણ આ દેશકાળના દૃશ્યને તેમ દૃષ્ટિને [3] પ્રશાંતગંભીર કરી દેતું હતું. સુરગ્રામ ગયેલા સરસ્વતીચંદ્રને પાછો આવતો આ ખોના તળિયાને માર્ગે શોધતી કુમુદની આંખ એ તળિયાના અંધકારમાં પણ ફરકતી છાયાઓથી ચમકતી હતી; એની ચિંત્તવૃત્તિ ચંદ્રિકાનું એ ભાગ ભણીનું વહેવું આતુરતાથી લક્ષમાં રાખતી હતી; અને તળિયામાં પવન ગૂંચવાયાથી સુસવાટ આવતા કે ખડકોની બખોલોમાં ઊગેલાં પાંદડાંનો ખખડાટ અથવા તેમની વચ્ચે થઈ નીકળતા પવનનો ઘસારો સંભળાતાં એના કાન સજ્જ અને સાવધાન થઈ જતા હતા.

આવી આતુરતા ભરેલી શાંતિ-અશાંતિના મિશ્રણ સમયે પાસે બેઠેલી બંસરી અને મોહનીની વાતો સાધારણ હોત તો તેમાં કુમુદનું ચિત્ત ચોંટત નહીં. પણ બારી બહારનો દેખાવ શાંત ગંભીર છતાં કુમુદને ઉન્માદક હતો તેવી જ આ સાધ્વીઓની ગોષ્ઠિ શાંત રસથી ભરેલી છતાં કુમુદના મનીરાગની પ્રોત્સાહક હતી.

બંસરી — ‘મોહની! સામે આ આકાશમાં ચંદ્ર લટક્યો છે તેની સામે મધુરીમૈયાનો મુખચંદ્ર તોળાઈ રહેલો છે, પણ એ ચંદ્ર શીતળ અને શાંત છે તેને સાટે મધુરીનું પુષ્પજીવન તપ્ત નથી લાગતું?’

મોહની — ‘મધુર મધુરી! તારા પુષ્પજીવનનો જૈવાતૃક ચંદ્ર આ જ પ્રદેશમાં છે તે જાણી તું શાંતિ પામ.’

કુમુદ — ‘પ્રિય બહેનો! મારા જીવને એ ભાન અભાન જેટલું સંતાપકર છે. આકાશના ચંદ્રની પ્રત્યક્ષતાથી તેની ચંદ્રિકાને ભોગવીએ છીએ, પણ મારા ચંદ્રનો પ્રત્યક્ષ સંયોગ મારે અધર્મ્ય છે અને હું તેની વાસના રાખતી નથી. મારા હૃદયમાં પ્રકટેલો દાવાગ્નિ પોતાનું ક્ષેત્ર બાળી દઈ કાષ્ઠાદિને અભાવે જ શાંત થશે.’

બંસરી — ‘તમારા સંસારીજનોની સ્થિતિ પ્રમાણે તારું કહેવું સત્ય છે. ગાઢ પ્રેમની ભરેલી માલતીના નિ:શ્વાસ સાથે પણ એવો જ ઉદ્ગાર નીકળ્યો હતો:

* *ज्वलतु गगने रात्रौ रात्रावखण्डकल: शशी*

दहतु मदन: किं वा मृत्यो: परेण विधास्यति।

मम तु दयित: श्लाध्यस्तातो जनन्यमलान्वया

कुलममलिनं न त्वेवायं जनो न च जीवितम्॥

તમ સંસારી જનોની અવસ્થા આવા લેખોથી અને તારા જેવાં દૃષ્ટાંતથી અમે સમજી શકીએ છીએ. પણ તું હવે અલખ ભગવાનના આશ્રમોમાં આવી છે ત્યાં તારા સંસારનાં કૃત્રિમ બંધન છૂટી જશે અને તારું કલ્યાણ થશે.’

કુમુદ — ‘બહેન, પતિવ્રતાનો ધર્મ તો સર્વ માર્ગમાં એક જ છે અને તેમાંથી ચળવું નહીં એવો મારો નિશ્ચય છે.’

બંસરી — ‘માલતીનો પણ નિશ્ચય જ હતો અને તે ચળ્યો તે જ વાત ધર્મ્ય ગણાઈ.’

કુમુદ — ‘માલતીને મારા જેવો પ્રશ્ન ન હતો. એક પાસ માતાપિતાની આજ્ઞા અને બીજી પાસ પ્રિયજન — એ બેમાંથી કોને પ્રસન્ન કરવું તેટલું જ એને જોવાનું હતું. તેને કંઈ મારી પેઠે વિવાહિત પતિનાં બંધનમાંથી છૂટવાનો દુષ્ટ અભિલાષ ન હતો. મેં નિશ્ચય કર્યો છે કે એ અભિલાષથી મારે દૂર રહેવું.’

બંસરી — ‘મૈયા! તારા હૃદયની શુદ્ધિ અને મધુરતા તારી પાસે આ શબ્દો બોલાવે છે, પણ સત્યધર્મના જ્ઞાન વિનાની કેવળ હૃદયશુદ્ધિથી શુદ્ધ દૃષ્ટિ ઊઘડતી નથી અને શુદ્ધ ધર્મ દેખાતો નથી.’

કુમુદ — ‘સર્વ ધર્મ જેને શ્રેષ્ઠ ગણે છે એ પાતિવ્રત્યને પ્રિય ગણવું અને આ જીવિતને અને જીવિતના નાથને અપ્રિય ગણવાં એવો મારો ધર્મ છે. બંસરીબહેન, તમારી પ્રીતિ મને જે માર્ગે લેવા ઇચ્છે છે અને મને સુખી જોવા ઇચ્છે છે તે માર્ગને મે ઘણા દિવસથી અશુદ્ધ ગણ્યો છે અને તેણી પાસ દૃષ્ટિ સરખી ન નાંખવા દૃઢ નિશ્ચય કર્યો છે.’

બંસરી — ‘મૈયા, તારા નામાભિધાન જેવો એ નિશ્ચય મધુર છે. પણ તેનો આધાર સત્ય ધર્મ ઉપર નથી.’

કુમુદ — ‘કેમ નથી?’

બંસરી — ‘પતિવ્રત ઇચ્છનારી! જે પતિરૂપને તારું વ્રત ગણવું ધર્મ્ય છે એ પતિ કીયો? તું જે દૃષ્ટિને દૂર રાખે છે તે દૃષ્ટિ તારી? કે એ દૃષ્ટિને દૂર રાખનારી દૃષ્ટિ તારી? મધુરી! આ યુગના સંસારી જનોમાં એટલા બધા દુરાચાર રૂઢ થઈ ગયા છે, એટલા અધર્મ ધર્મ ગણાયા છે કે તારા જેવી સુન્દર મધુર પક્ષિણી પણ તેની જાળમાં પડી રિબાય છે. હવે તું આ અમારા સાધુજનોના આશ્રમોમાં આવી. જે વીર્યવાન કલ્યાણકારક આચાર પ્રાચીન આર્યો પાળતા તે, તમારા દૂષિત સંસારથી દૂર રહી, અમે અગ્નિહોત્રીના અગ્નિ પેઠે સાચવી રાખ્યો છે અને અમારા આશ્રમમાં આવી તું એ આચારનો ધર્મ જોઈશે અને જોઈશે એટલે પાળીશ. મધુરી, દુષ્ટ સંસારે જે યુવાન પાસે તારું પાણિગ્રહણ કરાવ્યું તે યુવાનને જાણતાં પહેલાં તું અન્ય જનને મનથી વરી ચૂકી હતી અને તે અન્ય જન જ તારો પતિ — તારો એક પતિ તે એ જ. કન્યા જેને મનથી વરે તે તેનો વર. માતાપિતાનો વરાવેલો કે વરેલો વર તે કન્યાનો વર નહીં, અને તેટલા માટે જ શ્રીકૃષ્ણે રુક્મિણીનું હરણ કર્યું તે મહાધર્મ ગણાયો. મધુરી, જે ચંદ્રને તેં તારો આત્મા અર્પ્યો તે તારો એક જ પતિ અને જે યુવાનને તારાં માતાપિતાએ તારું શરીર આપ્યું તે તારો જાર. હવે તારું પતિવ્રત કેવું તે સમજી લે.’

કુમુદે ઊંડો નિ:શ્વાસ મૂક્યો અને આંખ ભીની થઈ તે બારી બહાર જોઈ લોહી નાખી. બહાર જોતાં ખોને તળિયે કંઈક છાયા — કંઈક ઘસારો — લાગ્યો. મોહની ઊઠી, કુમુદની પાસેથી નીચે જોયું, અને એની જોડે એને શરીરે હાથ ફેરવતી બોલી:

‘મધુરી, તારા જારને જોવાને સંસારે તને જે દૃષ્ટિ વિવાહના નામથી આપી તે દૃષ્ટિ તારી નથી — તે વિવાહ તારો નથી. તારા જીવનો શુદ્ધ વિવાહ તો તારા ચંદ્ર સાથે થયો છે અને તારા હૃદયની દૃષ્ટિ તે તો તેના ભણી વળી ચૂકી છે જ. તારી પોતાની દૃષ્ટિ તે આ ચર્મચક્ષુને પ્રવૃત્ત કરનારી એ હૃદયદૃષ્ટિ જ; જો જો મધુરી — આ ખોના તળિયા નીચેની છાયાઓ તને ચકિત કરે છે — શું એ છાયાઓમાં તારા પતિને જતો આવતો તું જોઈ શકતી નથી? તું માતાજીની ધ્વજાઓમાંથી આ સ્થાને ચડી આવી તે ચંદ્રના દર્શનને માટે નહીં? એ શંકા કરનારી અને એ દર્શન શોધનારી તારા

હૃદયની દૃષ્ટિ તે જ તારી દૃષ્ટિ! — એ દૃષ્ટિ તારા શુદ્ધ પતિને જ વરી છે અને એ દૃષ્ટિને લીધે જ તું પતિવ્રતા છે; માટે દુષ્ટ સંસારના દુષ્ટ આચારોએ જેના સંસર્ગથી તારી દેહલતાને મ્લાન કરી દીધી છે તેનો હવે સર્વથા ત્યાગ કરી તારા શુદ્ધ સત્ત્વને પામ. મધુરી, તારો દૃષ્ટિ તું કહે છે તે નહીં; તારી દૃષ્ટિ તો હું કહું છું તે જ — જો, એણે અત્યારે તને રામાંચથી ભરી દીધી છે.'

કુમુદ — 'એ સિદ્ધાંતોનો પ્રતિવાદ કે પ્રતિપક્ષ કરવાની મારામાં શક્તિ નથી. મારું ભાવિ તો મેં કહ્યું તેમ બંધાઈ ચૂક્યું છે. — તેમાંથી મને ભ્રષ્ટ કરવાનો પ્રયત્ન કૃપા કરી ન કરશો.'

મોહની — 'સંસારે તારી બુદ્ધિમા આટલો બધો ભ્રમ મૂકી દીધો છે; અમે તને ભ્રષ્ટ નહીં કરીએ — શુદ્ધ સુન્દર કરીશું.'

કુમુદ — 'મારે એવાં શુદ્ધ પણ નથી થવું અને સુન્દર પણ નથી થવું. એ શુદ્ધિ અને સૌન્દર્યનો ગ્રાહક મને વિડંબનારૂપ થયો છે અને જો મારું કલ્યાણ ઇચ્છો તો એ વિડંબનામાંથી મને મુક્ત કરો અને તમારા સત્સંગને શાંતિ આપો.'

મોહની ગંભીર થઈ દયા આણી બોલી: 'તે વે પ્રાપ્તકાલ થશે ત્યારે મળશે. પણ મધુરીમૈયા, કહે વારુ — તું તે તારું શરીર કે તારો અન્તરાત્મા?'

કુમુદ — 'બળ્યું એ શરીર અને બળ્યો એ અંતરાત્મા.'

બંસરી — 'મોહનીમૈયા, જેનાથી મધુરી તપ્ત થાય છે એ વિષય પડતો મૂકી દે અને એને શાંતિ મળે એવો કાંઈ વિષય કાઢો.'

મોહની — 'મધુરી, તને શો વિષય વિનોદ આપશે?'

કુમુદ — 'મારો સંસાર ભૂલી જવાય એવું ગમે તે બોલો.'

'શું બોલીશું?' — મોહની અને બંસરી એકબીજાના સામું જોઈ રહ્યાં.

'આપણા આશ્રમોનાં વર્ણન કરીશું?' મોહનીએ પૂછ્યું.

બંસરી — 'મોહની! તને મારા કરતાં બે વર્ષ વધારે થયાં છે. અને ઘણા દિવસથી મન્મથાવતારનું માહાત્મ્ય સમજાવવા તેં મને વચન આપેલું છે તે પાળવાનો અવસર સારો છે.'

કુમુદ — 'એ વિના બીજી વાત નથી?'

બંસરી — 'અમ સાધુજનોમાંથી કોઈ વિહારમઠમાં રહે છે અને કોઈ પરિવ્રાજિકામઠમાં રહે છે. કોને કીયામાં રહેવાનો અધિકાર છે અને ક્યારે એ અધિકાર બંધ થાય છે કે બદલાય છે તે જાણવા ઉપર અમારી સતત દૃષ્ટિ રહે છે. અને અલખ માર્ગના ગુરુજનોએ સ્ત્રીજનની ચિન્તા રાખી

મન્મથાવતારનું માહાત્મ્ય રચી રાખેલું છે તે સર્વ સ્ત્રીઓને શાંતપ્રદ થાય છે. મધુરી, તું પણ તેથી શાંતિ પામીશ.’

કુમુદ — ‘મારા મનોરાગને પ્રદીપ્ત ન કરે એવી તે કથા હોય તો ભલે બોલો.’

મોહની — ‘તો બે જણ સાંભળો શ્રી અલખ ભગવાનનાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર, એ ત્રણ લખરૂપ છે. ‘હું એક છું તે અનેક થાઉં!’ એ કામરૂપ બ્રહ્મા પોતે જ શાશ્વત કામ છે. ત્યારે સર્વસંહારક રુદ્રે કામ દૃષ્ટિએ પડતાં તેને ભસ્મ કર્યો, પણ તે અનંગ થઈ અમર રહ્યો. ઉત્પત્તિ અને લયના કારણભૂત લખસ્વરૂપને આમ વશ ન થયો તે કામને જગતસ્થિતિના કારણરૂપ શ્રીયદુનંદને, પોતાને ત્યાં પુત્ર કરી જન્મ આપ્યો અને આજ્ઞાવશ રાખ્યો તે પ્રદ્યુમ્નરૂપે રહ્યો. બ્રહ્માારૂપે કામદેવ જાતે ઈશ્વર છે. સંકરે તેના દેહને બાળ્યો પણ તેના આત્માની અમરતાને વશ થઈ પાર્વતીને પરણી હાર્યા. તેને જીતનાર એક શ્રીયદુનંદન. તેના મંદિરમાં મન્મથનો અવતાર થયો, સમજી?’

બંસરી — ‘ના.’

મોહની — ‘સંસારનું પોષણ કરવું તે વિષ્ણુની પ્રવૃત્તિ. એ દેવના ભક્તોએ કામદેવને બ્રહ્માનો અવતાર ગણી વિષ્ણુનો પ્રિયપુત્ર ગણી અને શંકરથી પણ અજેય અનંગ ગણી, તેને આદર આપવો. એ સત્ત્વ જગતના કલ્યાણનું સાધન છે અને તેમાં સ્ત્રીજનનું રક્ષણ તો એ જ કરે છે.’

બંસરી — ‘કેવી રીતે?’

મોહની — ‘જો, ઇતર પ્રાણીઓમાં પરસપર સંહાર અને પરસ્પર ભક્ષણના ધર્મ પળાય છે ત્યાં કામદેવના પ્રતાપથી સ્ત્રીજાતિનું રક્ષણ થાય છે. એ જાતિઓમાં તું જોઈશા તો ઢેલ કરતાં મોર સુન્દર અને સિંહણ કરતાં સિંહ સુન્દર અને અલંકૃત હોય છે — એ જાતિઓમાં સુન્દરતા પુરુષમા હોય છે અને તેના મોહપાશમાં પુરુષ સ્ત્રીને નાખવાનો પ્રયાસ કરીને પણ સ્ત્રીના મોહમાં પડે છે અને તેનું રક્ષણ કરે છે અને તેનો ધર્મસહચર બને છે. મનુષ્યજાતિમાં એથી ઊલટું છે. અજ્ઞાની દશામાં તે રાક્ષસવિવાહ અને પૈશાચવિવાહ શોધી રાક્ષસ થાય છે. પણ જો તે જ્ઞાની થાય છે તો તે તેના જ્ઞાનની જ્વાલા શંકર જેવી થઈ મન્મથને ભસ્મસાત્ કરી શકે છે. મયૂરીમાં પોતા ઉપર પ્રીતિ ઉત્પન્ન કરવા સુન્દર સુપિચ્છ સુશિખ મયૂર જે મોહથી કલાપ અને નૃત્ય કરી રહે છે તે મોહને પુરુષના ચિત્તમાંથી જ્ઞાનાગ્નિ દગ્ધ કરી નાખે છે; અને અનેક સુન્દરતા અને રસની ભરી સ્ત્રીને શ્રીમન્મથ સહાય ન થાય તો જેટલા પુરુષ એટલા કેવળ જ્ઞાની થાય ને જ્ઞાની એટલા સંન્યાસી થાય; અને જે પુરુષ જ્ઞાની ન થઈ શકે તે મધુરીના શરીરના જાર જેવા રાક્ષસ થાય અને સ્ત્રીઓ ગમે તો અશરણ થાય કે ગમે તો દુષ્ટને શરણ થાય. શું ભગવાન મન્મથ આવી મુગ્ધ મધુરીને

સહાય થયો હોત તો એની આ અસહ્ય દુષ્ટવશ અને અશરણ દશા થઈ હોત? બોલ, બંસરી, બોલ.'

'ના સ્તો.' બંસરી બોલી. કુમુદ નિરુત્તર થઈ નીચી દૃષ્ટિએ મોહનીના ચરણને જોઈ રહી. તેના નેત્રમાં દીનતા આવી અને હૃદયમાં કંઈ નવું સત્ત્વ પ્રવેશ પામતું ભાસ્યું.

મોહની — 'જ્યારે સંસાર ભ્રષ્ટ થયો ત્યારે શ્રીકૃષ્ણ પરમાત્માના આ જ્યેષ્ઠ પુત્રનો અનાદર થયો અને માત્ર આપણા વિહાર જેવાં સ્થાનોમાં તેની પૂજા થાય છે.'

બંસરી — 'જો તેની પૂજા આવશ્યક જ હોય તો આ પરિવ્રાજિકામઠ શા માટે જોઈએ? અને આ મહાત્માઓ બ્રહ્મચર્ય પાળે છે તે શું ખોટાં?'

મોહની — 'બ્રહ્મા જે જાતે જ કામરૂપ છે તેને ત્યાં સરસ્વતી જેવી કુમારિકા અને નારદ જેવા બ્રહ્મચારી શિષ્ટ ગણાય છે, અને તેના જેવાં અલખ ગાન જેના હૃદયમાં ઊતરે છે તે તો, જગતના શ્રવણ માટે — કલ્યાણ માટે જ — પોતાના એ અલખગાનને સાકાર કરી, લખગાન કરી રહે છે. એવા નારદ અને સરસ્વતીઓ તો બ્રહ્મદેવનાં એટલે કામદેવનાં મોંઘાં બાળક છે અને બાકીના સંસારીઓને સ્વબન્ધુ ગણે છે. એ બ્રહ્માનાં બીજાં બાળકોની પ્રવૃત્તિથી જગતની વૃદ્ધિ છે. આપણા નારદ-ગણ ગુરુજીની પરિચર્યાના ગાનમાં મગ્ન રહે છે. આપણી સરસ્વતીઓ આ મઠમાં વીણાધારિણી થઈ રહે છે. અને બાકીની આપણી સૃષ્ટિ વિહારમઠમાં પ્રદ્યુમ્નજીનું પાલન કરે છે અને શ્રીયદુનંદનની સેવા કરે છે.'

બંસરી — 'સંસારીઓ કામદેવનું પાલન કરે અને સાધુજન પાલન કરે તેમાં શો ફેર? સંન્યાસી અને અલખ યોગીના વૈરાગ્યમાં શો ફેર?

મોહની — 'ચંદ્રાવલીના હૃદયના પતિમાં અને મધુરીના શરીરના જાર પતિમાં જેટલો ફેર છે એટલો સાધુના અને સંસારીના મન્મથ પોષણમાં ફેર. ચંદ્રાવલીનો હૃદયપતિ અલખયોગી છે અને મધુરીનો હૃદયપતિ આજ સુધી એને અશરણ કરી નાખનાર સંન્યાસી હતો. હવે થાય તે ખરો.'

કુમુદ — 'જાર' શબ્દ મારા હૃદયને ખૂંચે છે — હું તે પુરુષને જ આ શરીરનો અધિકારી સમજું છું — એ શ્રદ્ધામાંથી મને ભ્રષ્ટ કરવાનો પ્રયત્ન કરો તો હું તેના સામે હજી ટકી શકીશ. પણ તેની આમ નિન્દા કરો તે મારાથી વેઠાતી નથી.'

બંસરી — 'માટે જ તું મધુરી છે. મધુર જનોની હૃદયવૃત્તિને મૂર્ખની કે દુષ્ટની કે શત્રુની પણ નિન્દા ગમતી નથી. તેમનાં હૃદયમાં મધુરતા એટલી ગાઢ હોય છે કે નિન્દાના કણમાત્રની ખારાશથી એ મધુરતા અસ્વસ્થ થાય છે.'

કુમુદની સાથે છજામાં બેઠેલી મોહની એને ઉમળકાથી આલિંગન દેતી બોલી: ‘મધુરી! તને જે શબ્દ વિષમ લાગે તે અમે અવશ્ય નહીં કહીએ અને તને સુખી કરે એવા જ ઉચ્ચાર કરીશું. *उपकारिषु य: साधु: साधुत्वे तस्य को गुण:। अपकारिषु य: साधु: स: साधु: सदभिरुच्यते॥* તારા ઉપર આટલું આટલું વિતાડનારને માટે તારું અંત:કરણ આટલું દ્રવે છે તે તારી મધુરતાને અમે ખારી નહીં કરીએ. પણ પ્રસ્તુત પ્રકરણના દૃષ્ટાંતમાં કંઈ પદાર્થ તારા સંસારમાંથી લઈએ તો ક્ષમા કરજે. અમે લખભગવાનની વિભૂતિને લખ કરી તે દ્વારા અલખ જગાવીએ છીએ, માટે તારા સંસારને પણ લખ વિભૂતિનો અંશ ગણી તેની કથા કરીશું.’

કુમુદ — ‘જો મારા હૃદયને શાંત કરવાને માટે તેમ કરતાં હો તો ભલે, પણ એ હૃદયનાં મર્મસ્થાન ચૂંથાય એ વિના અન્ય ફળ ન થાય એવી વાત છેડશો નહીં.’

મોહની — ‘બાઢમ્-મારી મધુરી-બાઢમ્. અમે સર્વથા તેમ કરીશું; તો શાંત થા અને સાંભળ. એક કાળ એવો હતો કે સંસારમાં આઠ જાતના બધા મળી એટલે શુદ્ધ વિવાહ અને અશુદ્ધ વિવાહ ઉભય હતા. કાળાંતરે સંસારે ગાંધર્વ વિવાહને વર્જ્ય ગણ્યો, પણ અમ અલખ માર્ગના યોગીકુળમાં તો એટલો એ વિવાહ જ પ્રશસ્ત અને અન્ય વિવાહનું મૂળરૂપ ગણ્યો છે. જગતનું કલ્યાણ તેથી જ છે એમ અમે માનીએ છીએ, અને તેનું કારણ એટલું કે ભગવાન મદનનો સ્વયંભૂ અવતાર બે હૃદયમાં સંપૂર્ણ કલાથી પ્રગટે એટલે તેમાં અલખની લખ વાસના પ્રગટ થઈ ગણીએ છીએ, અને જે અલખનાં પ્રત્યક્ષ દર્શનનાં અધિકારી નથી તેને તે અધિકાર પામવાનો એક માર્ગ મન્મથના સ્વયંભૂ અવતારનું જ્યોતિ ઝીલવામાં છે.’

બંસરી — ‘તે તો સંસારીઓ પણ ઝીલે છે.’

મોહની — ‘ના, એમ નથી. મદનનો અવતાર એક નથી. મદનવૃક્ષની સ્થિતિ ત્રણ અને અવતાર અનેક છે. કામ, ભોગ અને પ્રીતિ એવી ત્રણ આ વૃક્ષની સ્થિતિ છે. એ વૃક્ષનાં પૃથ્વી તળે ગુપ્ત રહેલાં બીજ અને મૂળની દશા એ કામ; પૃથ્વી બહાર અનેક રસનલિકાઓથી-નસોથી તરવરતું થડ તે ભોગ; અને પત્ર, પુષ્પ, ફલસમૃદ્ધિ તે પ્રીતિ, રતિ આદિ નામથી [૧] શાસ્ત્રકારે વર્ણવી છે. હવે મદનના અવતાર પૂછો તો અનેક છે, પણ પ્રધાનપક્ષ આંગળીને વેઢે ગણાય એટલા ચાર છે. પાશવ કામ, જાર કામ, પરિશીલક કામ અને પુત્રાયિત કામ. પશુ જાતિનો કામ તે પાશવ કામ; તેમાં ધર્મવૃત્તિ નથી, અધર્મવૃત્તિ નથી, ને સંકલ્પસૃષ્ટિ નથી — માત્ર ચાક્ષુષાદિવૃત્તિથી ભોજ્યસૃષ્ટિની દૃષ્ટિ સાથે કામવૃક્ષનું બીજ રોપાય છે અને સ્થૂલ ભોગની પ્રીતિનો ફાલ થાય છે. બીજો જાર જનનો કામ તે જાર કામ; એમાં ચક્ષુ:પ્રીતિ, મન:સંયોગ આદિ બીજદશાની પરંપરાથી કામનો અવતાર થાય છે, અને સંકલ્પસૃષ્ટિ સૂક્ષ્મ થઈ શકે છે; પણ તે કામ નિરંકુશ છે, અધર્મ્ય

છે, મનુષ્યજાતિમાં અવ્યવસ્થા અને વર્ણસંકરનો પ્રેરક છે, પુરુષને અન્ય પુરુષાર્થોમાં બાધક અને વિક્ષેપક છે, સ્ત્રીજાતિની સમષ્ટિના શારીરિક તેમ આર્થિક એટલે જીવિકાના કલ્યાણનો પરિણામે પ્રધ્વંસક છે, અને સંતતિનાં સર્વ સદ્ભાગ્યનો ઉચ્છેદક છે. નિરંકુશતાનો નિરંકુશ સ્વાદ-મોહ-એ જ આ વૃક્ષનો બીજાત્મા છે અને તેનું ભયંકર વિષ મરણ સુધી પહોંચ્યાં કરે છે. પરિશીલક [1] મદન સંવનન [2] કાલથી વિવાહ સુધી બીજ દશામાં રહે છે અને વિવાહ પછી જ તેની ભોગદશા અને રતિસમૃદ્ધિ ઉદય પામે છે. આમરણાન્ત, સંયોગે તેમ વિયોગે, એ ઉદય, આકુંચનસંપ્રસારણ પામતો પામતો દમ્પતીના હૃદયમાંના સ્નેહમય અલખનું અદ્વૈત લખ કરાવે છે, અને નિષ્કામ વાસનાથી શારીરિક કામને, બાલિશ પુત્રવત્, ક્વચિત્ લાલન આપે છે તો ક્વચિત્ તેને અંકુશમાં મૂકી, લખ રૂપને તેમ અલખ રૂપને લક્ષ્ય કરે છે. વિવાહ પછીનો એ પુત્રાચિત કામ અને તજ્જન્ય પ્રીતિ કીટભ્રમરી ન્યાયથી આધ્યાત્મિક થઈ જાય છે — આ દમ્પતી પરસ્પરનાં સ્થૂલ શરીર જોતાં જોતાં સૂક્ષ્મ શરીર જોવા લાગે છે અને તેમાંથી પરસ્પરનાં અધ્યાત્મ સ્વરૂપ પ્રત્યક્ષ કરી તેનો ભોગ અને તેની રતિને પામે છે. એ ઉચ્ચતમ સૂક્ષ્મ પ્રીતિ અલખના વિહારવાસીઓને જ પરિચિત છે. સુન્દરગિરિ બહારના સંસારીજન એટલી તો અધોગતિને પ્રાપ્ત થાય છે કે આ અધ્યાત્મપ્રીતિનું સ્વપ્ન પણ જોઈ શકતા નથી. મધુરી! મારી મધુરી! તારા મનના પતિના સંયોગથી તું આ પ્રીતિને પામત અને તેનું માહાત્મ્ય અનુભવત તે શુદ્ધ પ્રીતિમાંથી તારા આ માની લીધેલા પતિના સંયોગથી તું ભ્રષ્ટ થઈ! શું એ ભ્રષ્ટ સંસારના અધોગત આચારવિચારમાંથી અમ સાધુજનોનો સંગ તને ઉદ્ધાર નહીં આપી શકે?'

કુમુદ વજ્રમય હૃદય કરી બોલી: 'મોહનીમૈયા! જે સ્વપ્નનું બીજ ઊડી ગયું તેની વાત પડતી મૂકો. એ બીજદશાનું માહાત્મ્ય મને મારા ઇષ્ટજનના માહાત્મ્યનું સ્મરણ કરાવે છે, અને હું શૂદ્રી જેવી એ મહાત્માનાં દર્શન કરવાને માટે જ આવી છું — તેના દર્શનથી તૃપ્ત થવું એટલો જ મારો અધિકાર છે અને એટલો જ મારો ઉદ્ધાર છે. એથી વધારે લોભ તે અતિલોભ છે; એમાં મારો ઉદ્ધાર નથી, વિનિપાત છે. કૃપા કરી તે સંબંધે પ્રશ્ન ન પૂછતાં એ માહાત્મ્યનું જ પ્રકરણ ચલાવો; કારણ અમ સંસારી જનોના આચારવિચાર કરતાં જુદી જાતનો તમ સાધુજનોનો ઉત્કર્ષ મને એટલું આશ્વાસન આપે છે કે મારા હૃદયશલ્યનું ઉન્મૂલન કરવાની મારી અશક્તિને હું અપવિત્ર ગણતી હતી તે નિર્દોષ છે એટલું આજથી — તમારી કૃપાથી — હું જોઉં છું.' એના શબ્દોચ્ચારમાં એના હૃદયની શાન્તિ સ્ફુટ થતી લાગી.

મોહની — 'મધુરી, તું એથી પણ વધારે જોઈશ. તારો હૃદયદંશ કેવળ નિર્દોષ છે એટલું જ નહીં, પણ તારી એ સ્થિતિને લીધે જ તું હજી પવિત્ર છે. એ દંશ જો તારામાં જાગૃત ન હોત તો અમે તને પામર અને દુષ્ટ

ગણત. પરિશીલક કામનું લક્ષણ તને કહ્યું. એ કામ વિવાહ પહેલાં પરિશીલક હોય છે અને વિવાહ પછી પરિશીલક તેમજ પુત્રાયિત હોય છે. પણ તમ સંસારી જનોના આચારમાં વિવાહ પહેલાંનું પરિશીલન કે સંવનન તો હોતું જ નથી — માત્ર પાછળથી ‘કેવળ પુત્રાયિત’ અને સ્થૂલ કામ હોય છે, ભોગ પણ સ્થૂલ હોય છે, અને પ્રીતિ પણ કેવળ સંપ્રત્યત્મિકા હોય છે.’

કુમુદ — ‘એ પ્રીતિ, એ સંવનન, અને એ પરિશીલતા મને અભિજ્ઞાત કરાવો.’

‘તે તો તારા ઇષ્ટ પુરુષનું કામ. બાકી મોહનીમૈયા અનુભવહીન જનને આપી શકે તેટલો બોધ તને આપી શકશે.’ ચાલતી વાર્તાના શ્રવણમાં આવી ભળી બેઠેલી બેત્રણ સ્ત્રીઓમાંથી એક બોલી.

મોહની — ‘ચૂપ, પ્રમત્તા, ચૂપ! તું મધુરીનાં સુખદુ:ખની મધુરતા જાણતી નથી ત્યાં સુધી તને કંઈ કટાક્ષવચન બોલવાનો અધિકાર નથી. મધુરી! પ્રીતિ ચાર [૧] જાતની કહી છે; વિષયાત્મિકા, સંપ્રત્યત્મિકા, આભિમાનિકી અને આભ્યાસિકી. શબ્દરૂપાદિ પ્રત્યક્ષ વિષયોના ભોગથી થાય તે વિષયાત્મિકા પ્રીતિ; એ પાશવ કામનું ફલ હોય છે. જે પુરુષને મેં અથવા મારા કુટુંબે મારો પતિ માન્યો છે અથવા જેને હું શોધું છું તે આ જ પુરુષ હોવો જોઈએ એવી બુદ્ધિથી — સ્વંયભૂ મદનની સૂચના વિના — તે પુરુષ ઉપર કોઈ સ્ત્રી પ્રીતિ કરે તે સંપ્રત્યયાત્મિકા. તારા શરીરના પતિ ઉપર તું જે મધુર પ્રીતિ રાખે છે તે આવી સંપ્રત્યયાત્મિકા છે. સંબંધાદિનો કોઈ જનમાં અધ્યારોપ કરવો અને તે હેતુથી પ્રીતિ થાય તે આ. વિષયના વિચાર વિના, અભ્યાસ વિના, માત્ર સંકલ્પાત્મક જે મન તેના સ્વચ્છન્દ સંકલ્પથી [૨] જ, જે ભોગ થાય તેની પ્રીતિ અભિમાનથી થઈ માટે આભિમાનિકી કહી છે. કેવળ કોઈ સ્વચ્છન્દ સંકલ્પથી જાગેલા, પણ વિષયને ગૌણ ગણનાર, સ્વયંભૂ મદનના ઉત્કટ બોધના બળથી પણ યોગ્ય પરિશીલન વિનાની પ્રીતિ આભિમાનિકી થાય છે. સ્વયંવરે વરાયેલાં વરકન્યાની પ્રીતિ અભ્યાસ વિનાની હોવાથી તેમ વિષયને ગૌણ ગણનારી હોવાથી આભિમાનિકી ગણવી. આવી પ્રીતિનું અવલોકન અમ સાધુજનોને થતું નથી અને અમારાં ચિત્ત જ્ઞાનભક્તિને વશ રહે છે તેમાં જાતે એવા સંકલ્પ થતા નથી, માટે હું તેનું દૃષ્ટાંત આપી શકતી નથી. પણ એટલું જાણું છું કે અલખ ઉપરની અમારી પ્રીતિને અલખ ન માનનાર નાસ્તિકો આભિમાનિકી પ્રીતિ ગણે છે. જો નાસ્તિકોની અશ્રદ્ધા સત્ય હોય તો તો તેને મન આપણી બિન્દુમતીની પ્રીતિને તેઓ આભિમાનિકી ગણે તો તેમાં દોષ ન કહેવાય. હવે ચોથી પ્રીતિ આભ્યાસિકી છે.*क्रमणां पुन:पुनरनुष्ठानमभ्यारा:।* કેવળ વિષયનો કે સંકલ્પનો, કે અભિમાનનો ભોગ કરવાને બદલે તેમના વિના અથવા તેમના સહિત પણ કોઈ કર્મના અભ્યાસથી જે પ્રીતિ થાય તે આભ્યાસિકી પ્રીતિ. સ્તન્યપાનની આસક્તિવાળું બાળક માતા ઉપર પ્રીતિ કરે તે આભ્યાસિકી:

બાળકને વિષયનું ભાન નથી, સંકલ્પ નથી, અભિમાન નથી, પણ માત્ર અભ્યાસ છે. સંસારી જનોમાં બાળકને બાળક સાથે વરકન્યાને નામે ગોઠવવાનો ચાલ છે. તે બાળક-યુંગલને પરસ્પર સાહચર્યના અભ્યાસથી કાલક્રમે આભ્યાસિકી પ્રીતિ થઈ શકે છે અને ત્યાં સુધી આભિમાનિકી પ્રીતિ હોય છે, અથવા તારા જેવા મધુર જીવને સંપ્રત્યયાત્મિકા પ્રીતિ હોય છે, અથવા તો અપ્રીતિ અને ક્લેશે હોય છે – જે અપ્રીતિના ફળનું તારી આભિમાનિકી પ્રીતિના કુપાત્ર પુરુષે તને આસ્વાદન કરાવેલું છે.

બેઠેલી સ્ત્રીઓમાંથી એક બોલી ઊઠી: ‘મૈયા! સંસારી જનોના ધર્મ જાણવામાં નથી રસ અને નથી લાભ. એને સ્થાને હવે આપણા અલખ માર્ગના ધર્મ બોલો.’

મોહની — ‘તું એકલી જ મારાં શ્રોતૃજનમાં હોત તો તેમ કરત. પણ સંસારસાગરમાંની માછલી જેવી આ મધુરી આપણા મીઠા જળમાં ખેંચાઈ આવી છે તેનો પ્રાણવાયુને પોતાના સહજ પ્રાણનું રોધન કરી આપણા જળમાંના પ્રાણનું ધારણ કરાવવું છે તેના માર્ગ તું ન સમજે. મધુરીમૈયા! આ ચાર જાતના કામ, તેના વૃક્ષની ત્રણ દશા, અને તેની ફલપુષ્પસમૃદ્ધિરૂપ ચાર જાતની પ્રીતિ તને કહી દીધી. હવે તેના પરસ્પર સંબંધ સમજ, અને અમારા આ માર્ગમાં તે સર્વના વ્યાવર્તક વિશેષ છે તે પણ સમજ. આજ સૂતાં પહેલાં આ વિષય તને કરબદર [૧] જેવો હું કરી આપીશ અને સ્વસ્થ નિદ્રાનો તું ઘણે દિવસે અનુભવ કરીશ.’

કુમુદ — ‘તમારી સર્વની હું દુખી જીવ ઉપર કૃપા છે.’

મોહની — ‘કામ, ભોગ અને પ્રીતિ, સ્થૂલ શરીરને વિષય કરે છે ત્યારે સ્થૂલ હોય છે; સૂક્ષ્મ શરીરને વિષય કરે છે ત્યારે તે સૂક્ષ્મ હોય છે અને તેને અધ્યાત્મ પણ કહે છે. અમારે ત્યાં કેવળ સ્થૂલ કામાદિ નથી, પણ સ્થૂલસૂક્ષ્મ અને કેવળસૂક્ષ્મ હોય છે. ધર્મ, ભક્તિ અને જ્ઞાનથી જેમ મોક્ષ શોધાય છે તેમ આ ઉભય સૂક્ષ્મ કામાદિથી પણ શોધાય છે. અમારાં સાધુજન કેવળ સ્થૂલ કામાદિને સંગ્રહતા નથી અને તેનો નિરોધ કરવામાં અમારી ષટ્સંપત્તિઓ વ્યાપૃત રહે છે. પણ સૂક્ષ્મ કામાદિનો અમે નિરોધ કરતાં નથી. કન્યાનાં કંકણ પેઠે કોણે એકલાં અવિવાહિત રહેવું, અને અલખની લખવાસનાએ સંયોજવા માંડેલા કીયા જીવ–અણુઓએ ત્રસરેણુકાદિ સંયુક્તરૂપ પામવાં, એ વ્યવસ્થા એ લખવાસનાની છે– શ્રીયદુનન્દનની છે, મનુષ્યની નથી. બે જીવ અણુનાં ભિન્ન સ્ફુરતાં હૃદયમાં મન્મથોદય થાય અને એના મન્થનથી એ હૃદય, ભિન્ન અણુઓ પેઠે, અયસ્કાન્ત અને અયોધાતુ પેઠે, એકબીજાના સાન્નિધ્યમાં આકર્ષાય ત્યારે સાધુઓ ચેતી લે છે કે *વ્યતિષજતિ પદાર્થાનાન્તર:કોઽપિ હેતુ:।* આ આન્તરહેતુભૂત લખવાસનાથી ઉન્મીલિત થતાં ઉભય હૃદયકમલ પરસ્પરનું સંબોધન અને અભિજ્ઞાન કરે છે અને એ સંયોગ કરવા શ્રી યદુનન્દન ઇચ્છે

છે કે નહીં તે જાણવા મન્મથને પરિશીલક કરે છે અને પુરુષસાધુ સાધ્વીજનનું સંવનન કરે છે. સ્ત્રી પરિશીલન કરે નહીં તો એ સંયોગવાસના પુરુષે ત્યજવી, અને પુરુષ સંવનન કરે નહીં તો સ્ત્રીએ સંયોગવાસના ત્યજવી, એવી પ્રભુની ઇચ્છા ગણીએ છીએ. પણ જો તેવું કાંઈ ન હોય તો શ્રી યદુનન્દનની ઇચ્છાને અનુકૂળ ગણી તેમના પુત્ર કામદેવ પોતાનાં સર્વ અસ્ત્ર લેઈ પરિશીલનકાર્યે સ્થૂલસૂક્ષ્મરૂપે સજ્જ થાય તેમનો સત્કાર કરવો એ સાધુજનમાં લખરૂપની અલખપૂજા ગણાય છે. આ પૂજાનો સંવનનથી આરંભ થાય છે. પરિશીલન એ એનો દ્વિતીય પણ દુસ્તર વિધિ છે, અને તે વિધિ નિર્વિઘ્ન સમાપ્ત થાય તો સંસારી જનોના સાત વિવાહ ત્યજી, તેમ જ તેમનું વરણવિધાનજાળ ત્યજી, અમે ગાન્ધર્વ વિવાહથી આ સર્વ પૂજા સમાપ્ત કરીએ છીએ અને મદનની કેવળ પરિશીલક દશા પણ સમાપ્ત થાય છે.'

કુમુદ — 'પરિશીલન, સંવનન આદિ શબ્દોના અર્થ સમજાવો. તમારામાં લગ્નવિધિ નહીં? તમારામાં બાલવિવાહ સમૂળગા નહીં? વિધિ નહીં તે વિવાહ કેવો? વિવાહ નહીં તો પછી વૈધવ્ય શાનું?'

બંસરી હસી પડી — 'મધુરી! આજ તો તું છેક મુગ્ધા થઈ ગઈ! એથી પણ ઓછી નાની બાલા થઈ ગઈ — કે આ પ્રશ્નો પૂછે છે? નવીનચંદ્રજી જેવાનું પરિશીલન પામી આ પ્રશ્નો તું પૂછે છે તે કેવી નવાઈ!'

મોહની — 'બંસરી! સુરગ્રામનાં સંસારીઓનો સંસર્ગ મને થયો છે તેથી જાણું છું કે આપણને જેમ મધુરીના સંસારથી આશ્ચર્ય લાગે છે તેમ આપણા મદનવૃક્ષથી તેમને પણ આશ્ચર્ય લાગે છે. મધુરી! અમારા વિહારમાં મદનવૃક્ષ, જેને મદનપ્રરોહ પણ કહીએ છીએ, તેની મૂળ વ્યવસ્થા કામસૂત્રકારોએ સંસાર માટે લખેલાં શાસ્ત્રો ઉપરથી કરી છે. પણ જેમ સંસારીઓ અન્નપાન અને વિહારનું ફળ શારીરિક પોષણ અને આનંદમાં શોધે છે તેમ અમે તે સર્વનું ફળ લખરૂપના પોષણમાં અને અલખ આનંદના બોધનમાં શોધીએ છીએ અને તેટલા પ્રયોજનને ઉદ્દેશી અમારા રહસ્યસિદ્ધાન્તીઓએ, કામશાસ્ત્રકારોના આશય લઈ શ્રી કૃષ્ણપુત્ર કામદેવનું માહાત્મ્ય સમજી, તેને અંગે અમારા મદનપ્રરોહની વ્યવસ્થા કરેલી છે. આથી કામશાસ્ત્રની પરિભાષામાં અલખપ્રીતિના અર્થનો ગુમ્ફ ગૂંથી એવા જ શબ્દો જુદું પારિભાષિક સમજીએ છીએ. જો, શીલ શબ્દ મૂળ ગતિવાચક છે. કોઈને પ્રાપ્ત કરવું તે તેનું શીલન. કોઈના હૃદયને પ્રાપ્ત કરવું તે પણ તેનું શીલન. *परित :* ચારે પાસથી વારંવાર શીલન કરવું તે પરિશીલન. એ શબ્દોનો પ્રયોગ ઘણાં રમણીય સ્થાનમાં થાય છે. *यदनुगमनाय गहनमपि शीलितम्* - એમાં ગહનના અંતર્ભાગમાં પ્રાપ્ત થવું અને તેની ભુલભુલામણીના રહસ્યને પણ પ્રાપ્ત કરવું એ ઉભય અર્થ છે.*स्मेरानना सपदि शीलय सौघमौलिम्* - તેમાં સ્ત્રીએ પુરુષને અને તેનાં હૃદયરહસ્યને પ્રાપ્ત કરવાનો અર્થ છે. *चल सखि कुजं सतिमिरपुजं शीलय*

નીલનીચોલમ્।– એમાં નીલ વસ્ત્રમાં લપટાઈ જવાનો અર્થ છે. નીલ વસ્ત્ર જેવા અલખ હૃદયનું રહસ્ય પામવા પણ તેમાં એમ જ લપટાવું પડે છે. વળી *શશ્વચ્છુતોસિ મનસા પરિશીલિતોસિ* — એમાં એ શબ્દના સર્વ અર્થોની કળાઓ આવી જાય છે. *શીલન* શબ્દ આમ ગતિવાચક અને સમાધિવાચક પણ છે: એક હૃદયે બીજા હૃદયમાં, વસ્ત્રના હૃદયમાં શરીર થાય તેમ, સમાહિત થવું તે તેનું શીલન કરવું. લવંગલતાના સર્વ અંતર્ભાગમાં ચારે પાસથી વાતો કોમલ પવન ધીરેધીરે સરી જાય તેમ પુરુષ સ્ત્રીના અને સ્ત્રી પુરુષના હૃદયમાં સરે તે પરિશીલન. *લલિતલવઙ્ગલતાપરિશીલનકોમલયસમીરે* - એમાં અનેક લતાઓ વચ્ચે થઈ આવેલા પવનનું લતાઓએ પરિશીલન કર્યું એમ ઉભય સૂચના છે. મધુરી, નવીનચંદ્રજી જેવાએ તારું સુંદર પરિશીલન કર્યું અને પછી તારો ત્યાગ કર્યો એ અધર્મ થયો. જ્યાં પરિશીલન સંપૂર્ણ અને ઉભય પક્ષનું થયું ત્યાં વિવાહ જ સમજવો. અમારો અલખમાર્ગ તમને ઉભયને આ ધર્મ પ્રાપ્ત કરાવશે.'

કુમુદ — 'એમ કંઈ થવાનું નથી. મૈયા! આપણું પ્રકરણ ચલાવો.'

મોહની — 'એમ ચાલો. પણ લક્ષમાં રાખજે કે રત્નાકરના તરંગ દીર્ઘકાળ સુધી એક પછી બીજા ગતિમાન રહી અંતે ખડકને તોડે છે. એમ અમે તમારો અધર્મ તોડીશું અને તે સુંદર રમણીય વિધિથી તમને પ્રસન્ન કરીને જ કરીશું. હશે. જો સંસારીઓના કામશાસ્ત્રમાં પણ કન્યાનું શીલન વિહિત છે, વિસ્રમ્ભણ વિહિત છે, અને તેવું જ સંવનન પણ આવશ્યક હોય ત્યારે વિહિત છે, સંવનન એટલે વશીકરણ અને તે માત્ર અનુરંજનલક્ષણ છે. કામસૂત્રકાર કહે છે કે *વાલાયામેવં સતિ ધર્મયોગમે સંવનનં શ્લાદયમિતિ ઘોટકમુખ:।।* ધર્મ પ્રાપ્ત થતો હોય તો બાલાનું સંવનન શ્લાધ્ય છે. વિવાહમાં લાજાહોમમાં વર યાચે છે કે 'ઓ કન્યા, મેં તારું સંવનન કર્યું છે તે અગ્નિનું અનુમત હો [૧] !' સંવનન વિના વિવાહનો હોમ જ સિદ્ધ નથી. સ્ત્રી વનિતા શા માટે કહેવાય છે? તેનું વનન થયું છે — સંવનન થયું છે, માટે તે વનિતા; સંવનન વિના સ્ત્રી વનિતા થતી જ નથી. પુરુષ સ્વભાવે ધૃષ્ટ છે અને સ્ત્રી લજ્જાવશ પરવશ છે અને તેની હૃદયકલિકાની કોમળ નાની સરખી પાંખડીઓ પ્રીતિપુરસ્કર સાવધ અદંશક નખ વડે પુરુષે ક્યારે ઉઘાડવી તે આ વાક્યમાં કહ્યું છે અને તે જ સંવનન પુરુષે સ્ત્રીનું કરવાનું તે,મધુરી, તારું નવીનચંદ્રજી કરી ચૂક્યા છે, તમારાં હૃદયનું પરસ્પર પરિશીલન સમાપ્ત થઈ ચૂક્યું છે, અને હવે તો માત્ર એટલું જ કહેવાનું બાકી રહ્યું છે કે:

પુરશ્ચક્ષુરાગસ્તદનુ મનસોડનન્યપરતા

તનુગ્લાનિર્ય ત્વયિ સમભવદ્યત્ર ચ તવ।

યુવા સોડયં પ્રેમાનિહ સુવદને મુઞ્ચ જડતાં

विधातुर्वैदग्ध्यं फलतु च सकामोऽस्तु मदन : ।। [१]

यस्यां मनश्चक्षषोर्निबन्धस्तस्यामृद्धि:।। नेतरामाद्रियेत।। જે જનમાં ચક્ષુને લખ નિબંધ અને મનનો અલખ નિબંધ તે જનમાં જ આદર કરવો, તે જનમાં જ ઋદ્ધિ છે અને અન્ય જનમાં નથી. આ નિબંધ ભગવાન મન્મથ રચે તે પછી સંવનનકાળે અને પરિશીલનદશામાં સ્ત્રીપુરુષ આ મન્મથના મંથનથી તપ તપે છે અને તે તપમાં સિદ્ધ થાય ત્યારે પરસ્પર સંકલ્પની પરિપાકદશા થતાં જે પ્રતિજ્ઞાઓ થાય તે ગાંધર્વ વિવાહ. હૃદયનો વિવાહ તો પરિશીલનની મંગલ સમાપ્તિ થતાં જ થયો સમજવો; પણ એ અલખ વિવાહમાં લખ શરીરનો ભાગ છે માટે લખ પ્રતિજ્ઞાઓ વેડ લખ ગાંધર્વવિવાહ ઉચિત છે.મધુરી, તેં અને તારા ચંદ્રે આ તપ સાધ્યું છે, તારો પ્રિયજન આ ગિરિરાજ ઉપર છે, અને તું પણ અહીં અલખની પ્રેરી આવેલી છે, તો તારી માલતીના જેવી જડતાને અમે ત્યજાવીશું અને આવાં સુંદર હૃદય ઘડવામાં વિધાતાએ જે ચાતુર્ય વાપર્યું છે તેને તમારા સંયોગથી અમે સફલ કરીશું અને પરિશીલનદશામાં કામનો કામ અપૂરિત રહેલો છે તેને પૂરી અમે મન્મથનું સફળ પૂજન કરીશું.'

કુમુદ પોતાને માટે આ સર્વ વાતોમાં પોતાનું નામ સાંભળવું તે પાતક ગણતી હતી અને પોતાનું નામ એમાંથી દૂર રખાવવા પ્રયત્ન કરતી હતી. તેણે હવે ધૈર્ય ખોયું અને ચમકી બોલી ઊઠી.

'મોહનીમૈયા! જો તમારો આવો વિચાર હોય તો મને સત્વર પાછી ચંદ્રાવલીમૈયા પાસે મોકલી દ્યો કે જ્યાં હું પુરુષનું નામ પણ ન સાંભળું. તમારી કથા જેટલી રમણીય અને બોધક લાગે છે એટલા જ તેમાં આવતા મારા અને મારા પતિસંબંધમાંના ઉદ્ગાર મને કડવા લાગે છે. તમ સાધુજન સ્વયંવર કરો તો ભલે કરો. કન્યાઓ જ્યાં જાતે પોતાનું દાન કરે ત્યાં તમે કહો છો તે સત્ય હો. પણ મને તો મારા પિતાએ જેને અર્પી તેનું આ શરીર આમરણાંત થઈ ચૂક્યું છે, અને હૃદય ઉપર તો બળ નથી પણ બાહ્ય વ્યાપાર તો મારા પિતાએ વરાવેલા વરને જ શરણે રાખીશ.'

મોહની — 'હં — 'હૃદય ઉપર બળ નથી' તે જ સત્ય છે. મારી મધુરી, જડ શરીરનો વિવાહ નથી, પણ ચેતન હૃદયનો વિવાહ છે. વિવાહ હૃદયનો છે અને શરીરનો વિવાહ, જેને શાસ્ત્રકારો 'વરણવિધાન' કહે છે, તે તો માત્ર તેનું ઉપકારક ઉપલક્ષણ છે. સ્થૂલ શરીરનો વિવાહ સ્થૂલ છે — જડ છે. અમે સૂક્ષ્મ ચેતન વિવાહનો જ સત્કાર કરીએ છીએ. જો:

न्यूढानां हि विवाहानामनुराग: फलं यत :

मध्यमो'पि हि सद्योगो गान्धर्वस्तेन पूर्जित:।

सुखत्वादवहुफ्लेशादपि चावरणादिह

अनुरागात्मकत्वाच गान्धर्व: प्रवरो मत:।। [२]

મધુરી, ગાન્ધર્વને ઉત્તમ ગણવાનાં આમાં કારણ ગણાવ્યાં તેમાં એક તો તેની અનુરાગાત્મકતા છે, અને બીજું કારણ અવરણ એટલે વરણવિધાનનો અભાવ છે. શકુન્તલાદિનાં દૃષ્ટાંત પછી પુરુષોથી કન્યાઓ વંચિત થાય નહીં માટે વરણવિધાન પ્રશસ્ત ગણ્યું, પણ તે વિધાન થયું એટલા માટે પરિશીલનની અને સંવનની આવશ્યકતા મટી જતી નથી. સંસારી જનોએ તે મટાડી અને વિવાહને કેવલ સ્થૂલ કરી નાંખ્યો માટે તે ભ્રષ્ટ થયાં. તેમનાં શરીર તારા જેવાં તે જો! કેટલાં નિર્બળ! તેમના સંસાર જો! — સુખમય નહીં, પણ કષ્ટમય! સંસારી જનો સદાચારને છોડી દુરાચારમાં અને દુ:ખમાં પડવાના માર્ગ ઉપર ભ્રષ્ટ થયા છે ને તેનાં ફળ ભોગવે છે ને ભોગવશે. મધુરી, એ માર્ગે ચડી તારા પિતાએ તારા શરીરનું વરણવિધાન કર્યું તેથી તારા અલખ વિવાહને બાધ નથી આવતો. ધાર કે નવીનચંદ્ર જોડે તારું વરણવિધાન થયું હોત અને તેમાં સ્ત્રીમંડળ બેચાર ગીત ગાવાં ભૂલી ગયાં હોત — તેથી તારો વિવાહ અપૂર્ણ રહેત?'

કુમુદ — 'ના.'

મોહની — 'તેઓએ વરઘોડો કાઢ્યો હોત નહીં અથવા જ્ઞાતિભોજન કર્યું હોત નહીં તો?'

કુમુદ — 'તો પણ કંઈ નહીં. સપ્તપદી એક જ આવશ્યક વિધિ છે.'

મોહની — 'તો *નેતિ નેતિ* કરી અલખ આત્માનું અભિજ્ઞાન થાય છે તેમ *નેતિ નેતિ* કરી અલખ મન્મથના અવતારમાં જ વિવાહનું તત્ત્વ તને દર્શાવીશ. સપ્તપદીમાં બે પગલાં વાંકાંચૂકાં મુકાયાં હોત તો?'

કુમુદ — 'તેનું કંઈ નહીં.'

મોહની — 'તેમાં પ્રતિજ્ઞાના શબ્દો તારે ઠેકાણે તારો ગોર બોલ્યો હોત તો?'

કુમુદ –'તે તો નિત્ય થાય છે જ.'

મોહની — 'તો સમજ કે તારો વિવાહ આ વિધાનમાં નથી, પણ સંકલ્પમાં અને સંકલ્પની પ્રતિજ્ઞામાં જ છે.'

કુમુદ — 'હા, પણ મારા પિતાએ મારા દાનનો સંકલ્પ કર્યો અને પ્રતિજ્ઞા લેવડાવી.'

મોહની–'હા, પણ સંકલ્પ કરનાર અને પ્રતિજ્ઞા કરનાર એક કે જુદાં? તારા પિતાએ સંકલ્પ કર્યો પણ પ્રતિજ્ઞા તારી પાસે લેવડાવી — સત્ય જોતાં વરકન્યા જ સંકલ્પ કરે અને પ્રતિજ્ઞાઓ લે. પિતાએ બલાત્કારે કે આજ્ઞા વડે પુત્રી પાસે પ્રતિજ્ઞાઓ લેવડાવવી એવું કોઈ શાસ્ત્રનું શાસન કે વિધાન નથી. એ તો તમારા મૂર્ખ ભ્રષ્ટ સંસારી જનોનો આચાર છે. પિતા કન્યાદાન દે તો શકુન્તલા જેવી આપત્તિમાંથી પુત્રીને ઉગારવાને જ સાક્ષી

થાય છે; અને તેની, અને તેને અભાવે ઇતર કન્યાદાનના અધિકારીઓ છે તેની આવશ્યકતા તો માત્ર ઘોડે ચડનારનું પેંગડું ઝાલી રાખવાને માટે જ છે. તે ન હોય તો કન્યા જાતે સ્વયંવર કરે — વરણવિધાન વિના અને કન્યાદાન વિના વિવાહસિદ્ધિમાં કંઈ બાધ નથી એટલું જ નહીં, પણ ભ્રષ્ટ માતાપિતા જ્યારે દાનનો અધિકાર વાપરી અવિવાહને વિવાહ નામ આપી કન્યાઓને સંપ્રત્યયાત્મક પ્રીતિની જાળમાં નાખે, એને એ જાળ અલખભગવાનની કૃપાથી તૂટી જાય ત્યારે તેમાંથી મુક્ત થયેલાં હૃદય અલખ મદનને વશ થઈ, પવિત્ર પરિશીલન કરી અલખપ્રીતિનો માર્ગ શોધે તો તે યોજના સુંદર અને ધર્મ્ય છે. મધુરી, ધર્મ્ય અલખ માર્ગે તારું હૃદય ચડ્યું છે તેને અમે અપૂર્વ સહાય્ય આપીશું.'

કુમુદ 'અષ્ટવર્ષા તે ગૌરી' વગેરે વાક્યોથી કન્યાવયની મર્યાદા નીમી જે પ્રતિજ્ઞાઓ શાસ્ત્ર તેની પાસે કરાવે છે, અને પિતાએ આપેલું દાન સફળ કરી સ્વામીની સેવા કરવા એ પ્રતિજ્ઞા લેવાય છે, તે નિષ્ફળ કરવાનો તમારો પ્રયત્ન અધર્મ્ય છે ને મારી પાસે તો વૃથા છે.'

મોહની — 'વૃથા હો પણ અધર્મ્ય નથી. તેં કહેલાં વાક્યો તમ સંસારી જનના કોઈક દેશકાળને ઉદ્દેશી કોઈ શાસ્ત્રકારોએ લખેલાં છે તેટલા કાળ માટે તે ઉપયોગી હશે. પણ તેમાં સર્વ દેશકાળનો સનાતન ધર્મ નથી. એવો ધર્મ તો અમે પાળીએ છીએ તે છે. જે શાસ્ત્રો તેં કહેલાં વાક્ય ઉચ્ચારે છે તેમાં જ બીજું પણ કહેલું છે તે સાંભળ. સંસારી જન ભ્રષ્ટ અને દુષ્ટ થઈ ગયા છે તેના વર્તનથી તો એ શાસ્ત્ર પણ વિરુદ્ધ છે. તેમાં તો રજોદર્શન પહેલાં જે સ્વામી વધૂનો અભિયોગ કરે તેને શિર અધોગતિ અને બ્રહ્મહત્યા મૂકી છે. [1] એ શાસ્ત્ર પણ પ્રસ્તુત વિષયમાં શું કહે છે તે કહું છું. એ શાસ્ત્રોમાં પણ વરણકાલે વધૂએ વરને વરમાળા આરોપવી વિહિત છે. જો પિતાની દાનેચ્છા જ વરણને માટે પર્યાપ્ત હોય તો આ વરમાળાનો વિધિ વ્યર્થ થાય; જો તે વ્યર્થ ન હોય તો વરણમાં કન્યાની ઇચ્છા આવશ્યક છે. શું તે ઇચ્છા ગૌરી, રોહિણી આદિ બાલકીઓને હોય છે? શું વરવધૂની પ્રતિજ્ઞાઓ એવી કન્યા બોધપૂર્વક ગ્રહી શકે? કન્યાની વૃત્તિ વિના પિતા કન્યાદાન આપે છે એવું શું તેને દેનાર પિતાએ સમજવાનું છે કે લેનાર વરે સમજવાનું છે? શાસ્ત્ર પ્રમાણે તો કન્યાદાનને કાળે કામસ્તુતિનો પાઠ યોજાય છે. તેમાં સ્પષ્ટ મંત્ર છે કે આ દાન કરનાર કામ છે, દાન લેનાર કામ છે અને દાન જાતે પણ કામ છે. વળી વર કહે છે કે સોમે આ કન્યા ગંધર્વને આપી, ગંધર્વે અગ્નિને આપી અને અગ્નિએ મને આપી. વળી વર કન્યાને કહે છે કે 'હું સામ અને તું ઋક, હું દ્યૌ અને તું પૃથ્વી, તે આપણે બે વિવહન કરીએ, ચાલ!' વિશેષ વહન તે વિવહન-વિવાહ. સંસારમાં બે જણે એક કાર્ય — એક જીવન — રચી તેનું વહન કરવું તે વિવાહ. જે વધૂ આ વાક્યોના શ્રવણને યોગ્ય છે તે શું તમારી રોહિણી દશાવાળી — કે જે પરિશીલનમાં કે કામમાં સમજે જ નહિ? મધુરી, આદિ ઋષિઓ એવું

ગણતા ન હતા. તેઓ તો કન્યા પાસે સપ્ત પદ ભરાવતાં વર પાસે કન્યાને 'સખા' શબ્દથી સંબોધાવે છે — *सखे सप्तपदा भव सा मामनुव्रता भव* – અને કન્યા પાસે વરને લગ્નકાળે પગલે પગલે કહેવડાવે છે કે [૨] -

> ૧. સંસ્કારભાસ્કર - પ્રથમ પગલે કન્યાએ વરને કહેવું કે 'સર્વ સુખદુ:ખનો તારી સાથે વિભાગ કરવામાં આવે છે; જ્યાં તું ત્યાં હું તેવી જ.' ૨. બીજે પગલે કહેવું કે 'બાળકથી તે વૃદ્ધ સુધીનું આ કુટુંબનું રક્ષણ કરાવીશ; ને જે છે અને જે નથી તે જોઉં છું.' ૩. ત્રીજે પગલે કહેવું કે 'ભર્તા ઉપર ભક્તિમાં નિત્ય રત થઈશ; સદા જ પ્રિયભાષિણી થઈશ.' ૪. ચોથે પગલે તેણે કહેવું કે 'તું દુ:ખી હોઈશ તો હું દુ:ખી થઈશ - સુખદુ:ખની સમભાગિની થઈશ ને તારી આજ્ઞાને પાળીશ.' ૫. પાંચમે પગલે કહેવું કે 'ઋતુકાળે શુચિસ્નાત થઈ તારી સાથે ક્રીડા કરીશ; હું બીજાને ગમન નહીં કરું.' ૬. છઠ્ઠે પગલે કહેવું કે 'હવે અહીં વિષ્ણુ આપણી સાક્ષી છે કે તેં મને છેતરી નથી જ: આપણી બેની પ્રીતિ બની ચૂકી છે.' ૭. સાતમે પગલે કહેવું કે 'હોમયજ્ઞાદિ કાર્યોમાં તેમ ધર્માર્થકામકાર્યોમાં હું તારી સહાયિની થઈશ.'
>
> **– સપ્તપદીમાં કન્યાની પ્રતિજ્ઞાઓ**

सुखदुःखानि सर्वाणि त्वया सह विभज्यते।
यत्र त्वं तदहं तत्र प्रथमे सा ब्रवीदिदम्।। १।।
कुटुम्बं रक्षयिष्याम्याबालवृध्दकादिदम्।
अस्ति नास्तीति पश्यामि द्वितीये सा ब्रवीदिदम्।। २।।
भर्तृभक्तिरता नित्यं सदैव प्रियाभाषिणी।
भविष्यामि पदे चैव तृतीये सा ब्रवीदिदम्।। ३।।
आर्ते आर्त्ता भविष्यामि सुखदु:खसमभागिनी।
तवाज्ञां पालयिष्यामि कन्या तूर्यपदेडब्रवीत्।। ४।।
ऋतुकाले शुचिस्नाता क्रीडिंष्यामि त्वया सह।
नाहं परतरं गच्छे: कन्या पञ्चपदेव्रवीत्।। ५।।
इहाथ साक्षी नौ विष्णुस्त्वयाडहं नैव वञ्चिता।
उभयो: प्रीति: सम्भूता कन्या षष्ठपदेडब्रवीत्।। ६।।
होमयज्ञादिकार्येषु भवामि च सहायिनी।
धर्मार्थकामकार्येषु कन्या सप्तपदेडब्रवीत्।। ७।।

જે કન્યાને માથે આવડી અને આટલી પ્રતિજ્ઞાઓનો ભાર મુકાય તે કન્યા શું આઠદશ વર્ષની કેવલ બાલા હોવી જોઈએ? તમારા સાંપ્રત સંસારમાં તો કન્યાઓ સ્વમુખે આટલું બોલી શકતી નથી એટલું તેમનું સદ્ભાગ્ય છે, નીકર શુક પેઠે તે બોલી જાય તો પણ શું? શાસ્ત્રકારે તો એમ જ જાણેલું કે આ વાક્યો બોલતી કન્યા તે સમજશે અને સ્વીકારશે — તે જ્ઞાન અને તે સ્વીકાર પરિશીલન વિના થવાનાં નહીં. કારણ 'વિષ્ણુ સાક્ષી છે કે આપણી પ્રીતિ બની ચૂકી છે' એ છઠ્ઠા પગલાનું વાક્ય હવે કરવાની પ્રીતિની પ્રતિજ્ઞા નથી, પણ એ વાક્યો બોલાયું તે કાળે બનેલી પ્રીતિનું વાક્ય છે. દસબાર વર્ષની અપરિશીલિત અને અપરિશીલક કન્યાના મુખમાં આ વચન મુકાવનાર સંસારીઓ કેવા દુષ્ટ હોવા જોઈએ? હજી તો સમાપ્ત નથી થતું. આ પછી વર વધૂના ખભા ઉપર હાથ મૂકી તેના 'હૃદય'નું 'આલભન' કરે છે અને કન્યાના એ હૃદયને ઉદ્દેશી કહે છે કે મારા વ્રતમાં તારા આ હૃદયને મૂકું છું તે મારા જેવું તારું ચિત્ત હો!

मम व्रते ते हृदयं दधामि मम चितमनुचित्तं तेडस्तु।

मम वाचमेकमना जुषस्व प्रजापतिष्ट्वा नियुनक्तु मह्यम्।।

જે કન્યાના હૃદયને વર આમ 'આલભન' કરે તે કન્યાનું વય પરિશીલન અને સંવનન યોગ્ય હોવું જોઈએ. તે પ્રતિજ્ઞા કરી કન્યા કહે કે આપણી પ્રીતિ થઈ, ત્યારે વર કહે કે 'તારા હૃદયને મેં આમ પ્રાપ્ત કર્યું છે તેવું નિત્ય હો!' પરિશીલન વિના આ કેમ થાય? અથવા તો વધૂવર આમ બુદ્ધિપૂર્વક સત્ય ઉચ્ચારે તો તે જ પરિશીલક મદનની પરિપાકદશા. તે દશા પામ્યા વિના એ દશાના નામનો દંભવિવાહ સંસારીઓ યોજે છે તેથી શુદ્ધ વિવાહ થતા નથી અને એવા વિવાહથી સંયોજિત સ્ત્રીપુરુષ દંપતી નથી. મધુરી, તારા સાપ્તપદિક વિવાહકાળે તારી અશિક્ષિત બુદ્ધિની વંચના થઈ ગઈ. એવા વિવાહથી યોજાયેલો પુરુષ તારો પતિ નથી. જેને તને ભગવાન કામદેવે અર્પી છે ને જેની સાથે તારો મન: સંયોગ થયો છે તેની સાથે તારી અલખ પ્રીતિ થઈ છે, તેની સાથે તારો અલખ વિવાહ થયો છે, ને તે જ તારા હૃદય સાથે શરીરનો અધિકૃત ધર્મ્ય પતિ છે. તારા પિતાએ કરેલું કન્યાદાન તો કેવળ વંચના છે.'

કુમુદ — 'અન્ય કન્યાઓને માટે તેમ હો. પણ મેં તો મારી પ્રતિજ્ઞાઓ બોધપૂર્વક સાંભળી છે ને સ્વીકારી છે.'

મોહની — 'તેમ હો. તો તેં બે જણને પ્રતિજ્ઞાઓ આપી ગણવી. મધુરી, હું તને ભ્રષ્ટ કરવા મથતી નથી. હું તને શુદ્ધ કરવાને મથું છું. અમ અલખમાર્ગી સાધુજન અલખ વિવાહ કરીએ છીએ. અમારાં સૂક્ષ્મ અલખ શરીરના ચેતનનું વિવહન પ્રથમ થાય છે અને તેવા વિવાહ પછી સ્થૂલ શરીર સ્થૂલ પ્રીતિ કરે છે. અમારો પરિશીલક મદન અને બીજદશા સમાપ્ત થતાં આ સૂક્ષ્મ વિવાહ થાય છે, તે પછી અમારાં દંપતીઓના અલખ જીવ અને

સૂક્ષ્મ દેહ અલખ ભોગ ભોગવે છે અને ફલમાં અલખ આભ્યાસિકી પ્રીતિને પામે છે. કર્મ પરંપરારૂપ સાહચર્યજીવનનો અભ્યાસ આ પ્રીતિને ઉત્પન્ન કરે છે અને એ જ પ્રીતિથી પોષણ પામી નવાનવા અલખ કામભોગમાં પોષણ પામે છે. જ્યાં સુધી દંપતીનાં શરીર શીર્ણ થતાં નથી ત્યાં સુધી સ્થૂલ કામ પુત્રાચિત થઈ રહે છે, અને સૂક્ષ્મ કામ દંપતીના સૂક્ષ્મ દેહોને સૂક્ષ્મ ભોગમાં પ્રવૃત્ત કરે છે. બેમાંથી એક સ્થૂલ દેહ શીર્ણ થતાં પુરુષ કિંવા સ્ત્રી સાધુજન એ શીર્ણ દેહને મરેલો ગણે છે પણ સૂક્ષ્મ દેહને અલખમાં લય પામી મુક્ત અને અમર થયો ગણે છે, અને એ અલખ દેહને પ્રત્યક્ષ ગણી સંસારી જનમાં વૈધવ્ય અને મૃતપત્નીક દશાનો મોહશોક થાય છે તે અમારે ત્યાં થતું નથી. વિવાહિત સાધુ, પતિનો અથવા પત્નીનો સ્થૂલ દેહ પડ્યા પછી ફરી વિવાહ કરતા નથી એટલું જ નહીં પણ પોતાના પ્રીતિવિષયને અલખરૂપે પ્રત્યક્ષ ગણી તેના ભોગનું આસ્વાદન કરે છે અને એની સૂક્ષ્મ પ્રીતિ અવ્યભિચારિણી રહે છે. મધુરી, સંસારી જનો પેઠે અમારી વિધવાઓ કરકંકણનો કે સુંદર વેશનો નાશ કરતી નથી; પણ અલખ પતિને પ્રત્યક્ષ માની, સર્વ સુંદરતાનું સંરક્ષણ કરી, બિન્દુમતીના જેવા અલખ ભોગનું અને અલખપ્રીતિનું સતત સુધાસ્વાદન અમો કરીએ છીએ. મધુરી! પ્રત્યક્ષ પ્રમાણ જો — આ કંકણધર હસ્ત!'

પોતાનો હસ્ત લંબાવી તેમનું કંકણ કુમુદને પ્રફુલ્લ અભિમાનથી અને આનંદથી દર્શાવતી મોહની પ્રેમાવેશમાં આવી ઊભી થઈ અને નેત્ર મીંચી બોલવા લાગી.

'મધુરી! મારા ઇષ્ટ સખાનો સ્થૂલ દેહ પડ્યો છે પણ આ સ્થૂલ ચક્ષુ બંધ કરું છું ત્યાં મારા એ સખાનાં અલખ સ્વરૂપને અન્તશ્ચક્ષુથી પ્રત્યક્ષ કરી તે સૌભાગ્યથી આ કંકણ રાખું છું. અનાહત નાદ જેવો એનો અલખ સ્વર મારા શ્રવણપુટમાં આવે છે — તેની સંમતિથી આ સ્થૂલ નેત્ર ઉઘાડું છું.'

આટલા પતિભોગથી વિધવા મોહનીનાં નેત્રમાં આનંદાશ્રુ આવ્યાં હતાં તે લોહતી લોહતી એ કુમુદ પાસે બેઠી અને બોલવા લાગી:

'મધુરી, અલખ પ્રીતિ જ સત્ય છે, અને તેવી ધર્મ્ય સુંદર પ્રીતિ તારે નવીનચંદ્ર જેવા મહાત્મા સાથે શુદ્ધ પરિશીલનથી થઈ છે તે જ તારો વિવાહ, અને અન્ય વિવાહ તો વંચના થઈ છે. એ વંચનામાંથી હવે તું મુક્ત થઈ, અને તારી અલખ અને લખ સુંદરતાનો અધિકારી તારા યોગની વાસના રાખે છે એવું તું જાણે તો તેટલા જ્ઞાનથી તારી સંપ્રત્યયાત્મિકા પ્રીતિ સર્પની કાંચળી પેઠે સ્વત: શીર્ણ નહીં થાય? શું તારા શુદ્ધ ભાગ્યોત્કર્ષનો પ્રવાહ તું દેખતી નથી?'

કુમુદ — 'તમે કહો છો એવો ભાગ્યોદય આ અવતારમાં તો હું ઇષ્ટ ગણું એમ નથી. તમારી વર્ણવેલી પ્રીતિને મારું હૃદય પૂજે છે. એવી પ્રીતિ

મારા ભાગ્યમાં આવેલી ગઈ, અને હવે તો આ દગ્ધ જીવનું શરીર દગ્ધ થાય તેટલો કાળ આથડવાનું બાકી છે તે ચંદ્રાવલીમૈયાના વિરાગબોધથી શાંતિ પામી આથડી લઈશ.' નિરાશ અને શાંત થઈ, અશ્રુ રોકી કુમુદ બોલી.

મોહની — 'પણ તે શા માટે? નવીનચંદ્ર પ્રતિ તારો શું કાંઈ ધર્મ નથી? સંસારી જનોએ કરેલી તારી વિવાહવંચનાએ શું એ ધર્મમાંથી તને મુક્ત કરી?'

સ્થિર સ્વરે કુમુદ બોલી: 'ધર્મઅધર્મનો વિચાર મને હવે સ્પષ્ટ થતો નથી, પણ મારી વિવાહવંચના થઈ નથી. મારી વિવાહપ્રતિજ્ઞાઓ મેં બોધસહિત કરી છે; તેના અર્થગાંભીર્યનું પ્રમાદથી મેં મનન ના કર્યું, પણ જેને એ પ્રતિજ્ઞાઓ આપી તેની સાથે અસત્યવાદિની તો હું નહીં જ થાઉં. તેમાં તમારા મુખમાંથી એ પ્રતિજ્ઞાઓના મન્ત્ર આજ આમ સ્પષ્ટ સાંભળીને તો હું એટલો નિશ્ચય કરું છું કે આ શરીર એ પતિને પરાયણ રહેશે. મોહનીમૈયા! આ પાસેની ખોમાં ભરેલા અંધકારના ઉપર ચડી ચંદ્ર જેમ આવો પ્રકાશ ભરે છે, તેમ તમારા બોધ મારા હૃદયમાં આજ શાંત મંદ પ્રકાશ ભરે છે અને તેથી હું બે વાનાં પ્રત્યક્ષ કરું છું. પ્રથમ તો ખોની બહારના સ્પષ્ટ સુંદર પ્રકાશમાં નાહતી આ આકાશમાંની અને પૃથ્વી ઉપરની સૃષ્ટિ જેવી તમ સાધુજનની સ્વતંત્ર પવિત્ર સુંદર પ્રીતિસૃષ્ટિ જોઉં છું. પછી આ ખોને મુખે આ જાળીમાં કેદ થયેલી મારી આંખ, બહાર ખોમાં અને આ સ્થાનમાં જુદી જુદી સ્થિતિ જુએ છે તેવી જ મિશ્ર ગતિવાળા મારા અનેક પ્રીતિપ્રવાહોને જોઉં છું — પણ આ બહારના પ્રકાશમાં નાહવાનો અધિકાર આ જાળીમાં રહેલા પ્રાણીને નથી તેમ મારા ચંદ્રના પ્રીતિપ્રવાહમાં નાહવાનો અધિકાર આ પ્રતિજ્ઞાજાળીમાં બેઠેલી હું છું તેને નથી.'

મોહની — 'આ મધુરતમ વાક્યો પાસે હું નિરુત્તર છું. મેધાવિની, અલખમતના કામશાસ્ત્રમાં મને નિરુત્તર કરનારી તું મળી. પણ આ જાળી બહાર તને કીયે માર્ગે કેવી રીતે લેવી અને અલખ પ્રીતિનો આનંદ તને કેમ અપાવવો એ શોધ હું હજી કરીશ.'

કુમુદ — 'તમે એ શોધ કરશો તો પણ આવા પવિત્ર વૈરાગ્ય પામેલા મારા ચંદ્રને હું મારા યોગથી અસ્ત થયો જોવા ઇચ્છતી નથી.'

મોહની — 'તે ઇચ્છા પૂરવી ન પૂરવી એ તો અલખનું કામ છે — તારું નથી.' કુમુદ — 'ભલે, પણ જેને હું મારું કલ્યાણ ગણતી નથી તેનો લાભ મને અપાવવા તમારે શા માટે આટલો આગ્રહ ધરવો?'

મોહની — 'અલખનું કામશાસ્ત્ર જાણનારી મોહની તારી અલખ વાસનાઓ વધારે સમજી શકશે.'

કુમુદ — 'મારી વાસના મેં તમને કહી દીધી.'

મોહની — 'તારી આભિમાનિકી વાસના કઈ અને આભ્યાસિકી કઈ, લખ વાસના કઈ, અને અલખ વાસના કઈ, એ વિષય સમજવામાં અલખનું કામશાસ્ત્ર જે અપૂર્વ દૃષ્ટિ આપે છે તે વડે સર્વ મારે જાતે સૂક્ષ્મબુદ્ધિથી જોઈ લેવું પડશે. મધુરી! તારી જિહ્વા ઉપર જે હૃદયમાધુર્ય લખરૂપે વિલસે છે તે પણ હું જોઉં છું, અને તારી હૃદયશય્યામાં જે અલખ માધુર્ય છે તે પણ હું જોઉં છું. એ લખ માધુર્ય અને અલખ માધુર્ય પરસ્પર સંયુક્ત હોવા છતાં પરસ્પરથી ભિન્ન છે. હું તે ઉભય માધુર્યમાંથી મધ લઈ મધપૂડો રચીશ અને તેમાંનું મધ તને આસ્વાદન માટે આપીશ.'

---

૧ . લગ્નના મંગળફેરા અને સાત પગલાં ભરાય છે તે સપ્તપદી.

૧ . concert .

૨ . તટ વગરનો, precipice

૩ . જોનારીને.

* પૂર્ણચંદ્ર ગગનમાં રાત્રે રાત્રે જ્વાલારૂપે પ્રગટો! મદન મને બાળી નાંખો! - મૃત્યુથી વધારે તે એ શું કરવાનો હતો? હું તો મારા શ્લાઘ્ય તાતને, વિમળ વંશની જનનીને, અને વિમલ કુળને દયિત ગણું છું. તેના આગળ મારો પ્રિયજન પણ દયિત નથી અને આ મારું જીવન પણ દયિત નથી.' — ભવભૂતિ

૧ .*रसो रतिः प्रीतिर्भावो रागो वेगःसमाप्तिरिति रतिपर्यायाः। XX फलावस्था रति : XXX फलावस्थायां सुखत्वेन चित्तपरिस्पन्देन रमणाद्रतिः।* (કામશાસ્ત્રકારો)

૧ . शील મનથી ઘ્યાનમાં આરોપવું. પરિશીલક એટલે વારંવાર શીલન કરનાર.

૨ . સંવનન=લગ્ન પહેલાં સ્ત્રીને વશ કરવાનો પ્રયત્ન - courtship, wooing .

૧ . *अभ्यासादभिमानाच्च तथा संप्रत्ययादपि।*
विषयेभ्यश्य तन्त्रज्ञाः प्रीतिमाहुश्चतुर्विधाम्।। (કામશાસ્ત્રકારો)

૨ . fancy .

૧ . હાથમાં ઝાલેલું બોર (ફળ).

૧ .*मम तुभ्यं संवननं तदग्निरनुमन्यतामियं स्वाहा।*

૧ . માલતીમાધવ

૨ . કામતંત્ર.

૧ . *प्राग्रजोदर्शनात्पत्नीं नेयाद् गत्वा पतत्यधः। व्यर्थीकारेण शुक्रस्य ब्रह्महत्यामवाप्नुयात्।- आश्वलायन, संस्कारभास्कर* . (કામશાસ્ત્રકારો)

૨ . *ॐ कोदात्कस्मा अदान् कामोदात् कामायादात्। कामो दाता कामः प्रतिगृहीता कामैतत्ते।।*

૧૯. મધુરી માટે મધુરી ચિન્તા

કુમુદની કથા થોડાક અવસરમાં — થોડીક ઘડીમાં — પરિવ્રાજિકામઠમાં અને વિહારમઠમાં સુપ્રસિદ્ધ થઈ ગઈ. સંસારધર્મ અને અલખધર્મ એ ઉભયના મિશ્રણથી એક જીવનમાં જિવાયેલા બે વિવાહવાળા જીવનની કથા સર્વ સાધુજનોને ચમત્કાર ભરેલી લાગી અને તેને માટે અનેક શાસ્ત્રાર્થ અને અનેક ચર્ચાઓ આ ઉભય મઠમાં થવા લાગી. આ સંબંધમાં મધુરીના નામ સાથે નવીનચંદ્રજીનું નામ પણ ગવાયું, પરંતુ મધુરી સાથેનું એનું વર્તન અધર્મ્ય ગણાયું તેમ જ બીજી રીતે વિષ્ણુદાસ સ્વામીનો એના ઉપરનો પક્ષપાત વધારે ઉચિત ગણાયો. આટલી વાતમાં સર્વ એકમત થયાં. ચર્ચાનો વિષય માત્ર એટલો જ રહ્યો કે અલખ સંપ્રદાય પ્રમાણે આ બે પ્રેમી જીવનો યોગ કરાવવો કે ન કરાવવો, અને કરાવવો તા કેવા વિધિથી કરાવવો.

કુમુદ સાધુસ્ત્રીઓમાં રાત્રે સૂતી. થોડી વાર તેને સરસ્વતીચંદ્રના વિચાર થયા અને આંખ ઘડીમાં મીંચાય ને ઘડીમાં ઊઘડે. એની બે પાસ મોહની અને બંસરી સૂતાં હતાં તે એના મુખ ઉપર ઊંચાં થઈ દૃષ્ટિ નાંખતાં હતાં અને પાછાં સૂઈ જતાં હતાં.

પ્રાત:કાલે સરસ્વતીચંદ્રને સાધુવેશમાં જોઈ કુમુદના ચિત્તને અત્યન્ત ધક્કો લાગ્યો હતો. આ મઠમાં સાંભળેલી વાતોથી એ ધક્કો જતો રહ્યો અને એના મનનો કેટલોક ભાર પણ જતો રહ્યો. તે કંઈક સ્વસ્થ થઈ સૂતી. પણ નેત્ર મીંચાય ત્યાં પ્રાત:કાળનું ચિત્ર પ્રત્યક્ષ થાય અને ઊઘડે ત્યાં વિચાર સૂઝે.

‘આવા પુરુષ ત્યાગી હોય તે સારું કે સંસારી હોય તે સારું?’ ‘એ સંસારમાં હોય તે કેટલા પ્રાણીનું કેટલું કલ્યાણ કરી શકે?’ ‘હું તો ભાગ્યહીન છું તે છું પણ આવું રત્ન આ ભસ્મમાં દૃશ્ય થાય તે તો અનિષ્ટ જ.’ ‘હું હવે તેમને શું કહેવા કથવાની હતી?’ ‘અરેરે, એમની ભવ્ય સુંદર આકૃતિ પ્રાત:કાળના ચંદ્ર જેવી નિસ્તેજ થઈ ગઈ છે — અહીં તેમને આવું ખાવાપીવાનું અને આવાં સ્થાનોમાં સૂઈ રહેવાનું — એવા કષ્ટતપમાં તો શરીર આમ સુકાય જ!’ ‘- પણ તેમના મુખની આનંદમુદ્રા તો એવી ને એવી જ છે.’ ‘સૌએ તેમને બોલાવવા પ્રયત્ન કર્યો ન કર્યો થયો!’ ‘મિતાક્ષર — તે પણ આગ્રહી સાધુજનની ચતુરતાએ કઢાવ્યા.’ ‘નક્કી, એમનો શોકશંકુ ઊંડો છે — ઊંડો ઊંડો પણ છે!’ ‘તેમણે નક્કી મને ઓળખી.’ થોડીવારમાં તેના નયન પાસે પ્રિય મૂર્તિ ઊભી થઈ તે જોતી જોતી કુમુદ સ્વપ્નવશ થઈ. સ્વપ્નમાં લવી:

‘त्वत्स्नेहसंविदवलम्बितजीवितानि।

किं वा मयापि न दिनान्यतिवाहितानि।।’ [૧]

મોહની અને બંસરી બેઠાં થઈ સાંભળવા લાગ્યાં. ફરી તે લવી:

‘शोकशङ्कु मर्भाणि कुन्तन्नपि किं न सोढ:।। ’ [૨]

મોહની ધીમેથી બંસરીને કહેવા લાગી: ‘બંસરી! અલખના કામતંત્રમાં કહી છે તે

गुहा सेयं परंपरा।।

બંસરી — ‘હા, એમ જ-’

‘देहादाभ्यन्तरा लज्जा लज्जास्वाभ्यन्तरं मन:।

तत: कामस्ततो भाषा गुहा सेयं परंपरा।।’ [3]

મોહની — ‘માધવે કહી હતી તેવી જ આ અવસ્થા.’

‘वयोवस्थां तस्या: शृणुत सुहृदो यत्र मदन:।

प्रगल्भव्यापारश्चरति हृदि मुग्धश्च वपुषि।।’ [૪]

છેટે ચરણસંચાર સંભળાયો. ભક્તિમૈયા અને વામની મઠમાં આવ્યાં. મોહની અને બંસરી સામાં મળ્યાં.

‘સર્વ વ્યવસ્થા થઈ ગઈ.’ વામની બોલી.

ભક્તિમૈયા — ‘વિહારમઠના કુંજવનમાં યમુનાકુંડ પાસે મંડપ બંધાશે. ત્યાં ચંદ્રોદયકાળે રાસલીલા આરંભાશે. તે પહેલાં સાયંકાળે ગુરુજી સર્વ સાધુમંડળની નિરીક્ષા કરી લેશે. નવીનચંદ્રજી ગુરુજી સાથે ફરવા નીકળશે. રાસલીલામાં તેમને આકર્ષણ કરવાનું બાકી છે. મધુરીમૈયાને ક્યાં ક્યાં લેવી તે વિચારવાનું છે.

મોહની — ‘તમે ધારો છો તેવું સુલભ કામ નથી.’

બંસરી — સંસારે બનાવેલી સંપ્રત્યયાત્મ પ્રીતિની પ્રતિજ્ઞા તેની અલખ પ્રીતિને ફળવા દે એમ નથી.’

મોહની — ‘તારી ભૂલ છે. એવાં બંધન માલતીએ તોડ્યાં હતાં ને મદયન્તિકાએ પણ તોડ્યાં હતાં.’

ભક્તિમૈયા –‘એ બંધનમાં એને રાખવી કે ન રાખવી એ વિચાર શ્રી અલખ ભગવાનનો છે. આપણું કામ એટલું છે કે તપ્ત લોહને તપ્ત લોહનો યોગ કરાવવો: *तप्तेन तप्तमयासा घटनाय योग्यम्।* [૧] આપણાં હૃદયે ધારેલો યોગ અનવસર હોય તો મન્મથ અનંગ જ રહેશે અને શરીર ધરી રતિને નહિ વરે.’

મોહની — ‘તે તો અવતાર ધરી ચૂક્યો છે.’

ભક્તિમૈયા — ‘તેણે અવતાર ધર્યો છે કે નહીં તે તો તેને અવતાર આપનાર શ્રી યદુનંદન જાણે. તું અને હું ન જાણીએ.’

બંસરી — ‘ત્યારે આપણું કર્તવ્ય શું?’

ભક્તિમૈયા — ‘દૃષ્ટિ પડે અને સત્ય જણાય તે પછી જ ધર્મ જણાય. નવીનચંદ્રજીને મધુરીની અવસ્થા વિદિત થાય તે પછી તેનાં હૃદયમાં શું લખ થાય છે તેનાં આપણે સાક્ષી થવું. તેમની બેની વાસનાઓ આપણને લખ થાય તે પછી વિસ્તાર કરવો કે તેમનો સુંદર યોગ કરાવવા દૂતીધર્મ પાળવો કે તેમને શાંત વિરતિ પમાડવા અલખ પરમાત્માનું બોધન કરવું.’

મોહની — ‘ભક્તિમૈયા, બહુ જ સૂક્ષ્મ દૃષ્ટિથી કહ્યું. ગુરુજી નિરીક્ષા કરવા આવે ત્યારે નવીનચંદ્રજી મધુરીનું અભિજ્ઞાન પામે એવો યોગ રચવો, અને રાસલીલાને અવસરે નવીનચંદ્રજીની વાસના દૂરથી જાણી લેવી અને તે પ્રમાણે પછીનો વિચાર કરવો.’

ભક્તિમૈયા — ‘યોગ્ય છે.’

બંસરી — ‘પણ મધુરીની ગુહાપરંપરામાં પ્રવેશ પામવો શી રીતે? સપ્તપદીની લખ પ્રતિજ્ઞા અને પરિશીલનના સમાવર્તનની અલખ પ્રતિજ્ઞા વચ્ચે ખેંચાતી મધુરીમૈયાના વીંધાતા મર્મ કઈ વાસનાથી શાંત થશે તે પ્રથમ જાણવું વધારે આવશ્યક નથી?’

ભક્તિમૈયા — ‘એ પણ સત્ય છે.’

મોહની — ‘તેનો વિચાર કરવાને આખી રાત્રિ છે.’

વામની — ‘પેલી બારીએ તાળું વાસ્યું છે?’

મોહની — ‘કેમ?’

વામની — ‘નિરાશ હૃદયનું પ્રેરેલું શરીર સમુદ્રમાંથી બચ્યું તેને આ બારી બહાર પડવાનો પણ માર્ગ છે.

બંસરી — ‘હવે તે હૃદય નિરાશ નથી.’

ભક્તિમૈયા — ‘ના. પણ ઠીક કહ્યું. ચંદ્રાવલીનું મૂર્ત હૃદય આજે આપણે આણેલું છે. વામની! જા, તાળું વાસી આવ.’

વામની તાળું વાસવા ગઈ.

સર્વ સ્ત્રીઓએ કુમુદની આસપાસ ધાબળીઓ પાથરી અને સૂતી.

નિદ્રાવશ થતી થતી વામની બોલી:

‘ભગવન્ મન્મથ! અલખનાં લખ રૂપ કેટલાં છે? મનુષ્યાવતારના હૃદયને ઉદ્ધાર આપવાનાં સ્થાન કેટલાં છે? પણ શ્રી અલખની ઇચ્છા એવી છે કે યુવજનનો પક્ષપાત તો તારા ઉપર જ થાય.

कति कति न वसन्ते वल्लय: शाखिनो वा

किसलयसुमनोभि: शोभमाना बभूवु:।

तदपि युवजनानां प्रीतये केवकोडभूत्

अभिनवकलिकालीभारशाली रसाल:।। [१]

બંસરી — ‘રસાલોપમ રસાલ ભગવન્ સ્વયંભૂ મન્મથ! તારો અવતાર જગતને સર્વાંગથી કલ્યાણકારક છે.

अधिश्रीरुद्याने त्वमसि भवत: पल्लवचयो

धुरीण: कल्याणे तव जगति शाखा: श्रमहरा:।

मुदे पुष्पोल्लेख: फलमपि च तुष्टयै तनुमृतां

रसाल त्वां तस्माच्छ्र्यति शतश; कोकिलकुलम्।। [२]

મોહની — ‘સંસારે લેવડાવવી હોય તેટલી પ્રતિજ્ઞાઓ તે લેવડાવે. પણ યુવજનનાં હૃદયમાં સત્તા તો જેની છે તેની જ છે. મધુરી! તારો ઉદ્ધાર તો એ દેવના અર્ચનમાં જ છે.’

ભક્તિમૈયા — ‘આવી સુંદર સુકોમળ દેહલતિકાને આવાં આવાં દુસ્તર સ્થાનોમાં ખેંચી લાવનાર પવન જેવા ભગવન્ મદન!

हारो जलार्द्रवसनं नलिनीदलानि

प्रालेयसीकरमुचस्तुहिनांशुभास :

यस्येन्धनानि सरसाणि च चन्दनानि

निर्वाणमेष्यति कथं स मनोभवाग्नि:।। [२]

प्रासादीयति वैणवादिगहनं दीपीयति द्राक्तम् :

पर्यड्कीयति भूतलं दृषदपि श्लरक्ष्णोपधानीयति। [३]

कस्तूरीयति कर्दम: किमपरं यूनो रसाविष्टयो :

येनालोकितयो: स वन्द्यमहिमा देवो नमस्य: स्मर:।। [४]

સર્વને ઉત્તર દેતી હોય તેમ કુમુદ લવી:

‘जलधर जलभर निकरैरपहर परितामुद्भतं जगत:।

नो चेदपसर दूरं हिमकरकरदर्शनं वितर।।’ ५

- ચન્દ્રકવિ

મોહની — ‘ભક્તિમૈયા! નવીનચંદ્રજી પાસે કોઈ એવી દૂતીને મોકલો કે તેને સ્પષ્ટ સમજાવે કે;

वितर वारिद वारि दवातुरे

चिरपिपासितातकपोतके।

प्रचलिते मरुति क्षणमन्यथा

क्क च भवान् क्क पय क्क च चातक:।।’ [१]

નિદ્રામાં ને નિદ્રામાં ‘હા’ ભણી ભક્તિમૈયા શાંત નિદ્રામાં પડી.

---

૧ . તારા સ્નેહના જ્ઞાનથી મારા જીવનને ટેકવનાર કેટલા દિવસ મેં પણ નથી ગાળ્યા? - ભવભૂતિ.

૨ . મર્મને કાપતા શોકશંકુને પણ મેં શું વેઠ્યો નથી? - ભવભૂતિ.

3 . દેહથી આભ્યંતર લજ્જા, લજ્જાથી આભ્યંતર મન, તેથી કામ, ને તેથી ભાષા — આવી ગુફામાંની ગુફાઓ મુગ્ધામાં હોય છે.

૪ . ‘સાધુ સુહૃદયવાળા તે પ્રિયાના વયની અવસ્થા સુણો! એના હૃદયમાં મદન પ્રગલ્ભપણે પોતાનો વ્યાપાર ચલાવ્યે જાય છે અને એના શરીરમાં મુગ્ધપણે સંતાઈ રહે છે.’ — ભવભૂતિ.

૧ . ‘તપેલા લોહ સાથે તપેલું લોહ ઘટાવવું યોગ્ય છે.’ - કાલિદાસ.

૧ . વસન્ત ઋતુમાં કેટલીકેટલી વેલીઓ ને કેટલાં કેટલાં વૃક્ષ કળીઓથી અને પુષ્પોથી શોભિત ન થયાં? પણ યુવાનોને અને યુવતીઓને વહાલો તો અભિનવ કળીઓના ભારથી લચેલો માત્ર એક રસાલ (આંબો) જ થયો - પ્રકીર્ણ.

૨ . હે રસાલ! ઉદ્યાનમાં શ્રીમાન તું છે; તારો પલ્લવસમૂહ કલ્યાણમાં ધુરીને સ્થાને-અગ્રે છે. તારી શાખાઓ જગતમાં શ્રમહર છે; તારાં પુષ્પોનો ઉલ્લેખ પ્રમોદ-આનંદ-આપનાર છે. તારું ફળ પણ શરીરધારીઓને તુષ્ટિ-સંતોષ-આપનાર છે; માટે જ, આ રસાલ! કોકિલાના ટાળાં સેંકડો સંખ્યાબંધ તારો આશ્રય શોધે છે - પ્રકીર્ણ.

3 . હાર, જળથી ભીનાં વસ્ત્ર, કમળપત્ર, ઝાકળના છાંટા વર્ષાવનાર ચંદ્રકિરણ, અને સરસ ચન્દન: એ જેનાં કાષ્ઠ છે તે મદનરૂપ અગ્નિ કેવી રીતે હોલાવાનો હતો? - બાણ.

૪ . કામદેવનો મહિમા કેવો નમસ્કાર યોગ્ય છે? તેનાથી વાંસનું વન મહેલ જેવું થાય છે, અંધકાર એકદમ દીવા જેવો થાય છે, પૃથ્વીનું તળિયું પલંગ જેવું થાય છે, પથ્થર પણ સુંવાળા ઉશીકારૂપ થાય છે, કચરો કસ્તૂરી થાય છે, ને બીજું શું કહીએ? જે કામદેવના દૃષ્ટિપાતથી રસાવિષ્ટ યુવક-યુગલ આવા ચમત્કાર - પરતા - અનુભવે છે તે દેવ નમસ્કાર કરવા યોગ્ય છે. - પ્રકીર્ણ.

૫ . હે જલધર મેઘ! ગમે તો પાણીની મુસળધારો વર્ષાવી જગતના ઉદ્ધત પરિતાપને હર! અને તેમ ન કરે તો દૂર જતો રહે અને ચંદ્રકિરણનાં દર્શન કરવા દે.

૧ . હે મેઘ! ધ્વાગ્નિએ આતુર કરેલું આ ચાતકનું બચ્ચું ઘણા કાળથી તૃષિત છે ને પાણી ઝંખે છે તેને તું પાણી આપ. જો તે હાલ તું નહીં આપે તો પછી સંસારના સંયોગ ક્ષણભંગુર છે, અને આ પવન વાઈ રહ્યો છે, તેથી ક્ષણમાં તું ક્યાં? તારું પાણી ક્યાં? અને આ ચાતક ક્યાં — એવું થઈ જશે! - પ્રકીર્ણ.

૨૦. સખીકૃત્ય *

' Silence in love bewrays more woe ,

Than words, though ne'er so Witty .'

- *Sir W. Releigh*

પ્રાત:કાળ થયા પહેલાં પરિવ્રાજિકામઠનું સર્વ મંડળ જાગૃત થઈ ગયું હતું અને દંતધાવન (દાતણ) અને પ્રાત:સ્નાન સર્વેએ સૂર્યોદય પહેલાં કરી લીધાં. ધોયેલાં ભગવાં વસ્ત્ર પહેરી સર્વ સાધુસ્ત્રીઓ પોતપોતાના પ્રાત:કર્મમાં ભળી ગઈ. ભક્તિમૈયા વગેરે આપણું ઓળખીતું મંડળ 'મધુરી'ને લઈ વિહારમઠમાં કુંજવનોમાં જવા નીકળ્યું અને રાત્રે ત્યાં રચવા ધારેલી રાસલીલા વગેરેની પરિપાટી x ત્યાંના મંડળ પાસેથી જાણી લેવા લાગી અને કુમુદને સમજાવવા લાગી.

પર્વતના એક મહાન શૈલને મથાળે પૂર્વરાત્રે ચન્દ્ર પરિપૂર્ણ પ્રકાશ નાંખી શકે અને દક્ષિણના અને પશ્ચિમના પવન આવી શકે એવે સ્થાને એક ખુલ્લો ચોક હતો. ત્રણે મઠ કરતાં એ સ્થાન ઊંચું હતું. ત્રણે મઠો ઉપર ત્યાંથી દૃષ્ટિ પડતી અને મઠોમાંથી આ સ્થાન દેખાતું. તેની વચ્ચોવચ્ચ એક મહાન કદમ્બ વૃક્ષ રોપેલું હતું અને ચારેપાસ છેટેછેટે નાના પણ રમણીય સુવાસિત પુષ્પના રોપાઓ પોષીને ઉછેર્યા હતા. ચોકની ચારેપાસ મનુષ્ય જઈ શકે નહીં એવાં નાનાં પણ ઊંચાં ઊભાં શૈલાગ્ર હતાં અને પૃથ્વી ઉપર અપ્રસિદ્ધ પણ અનેકરંગી સુંદર પક્ષીઓ ત્યાં બેસતાં, માળા બાંધતાં અને મધુર કોમળ ગાન કરી રહેતાં. આ ચોક ઉપર મધ્યે યમુનાકુંડ હતો ત્યાં આગળ રાત્રે રાસલીલાની યોજના હતી. સમુદ્રનો પટ ત્યાંથી શુદ્ધ દેખાતો અને એના તરંગની લેખાઓ અને તેમનાં ફીણના ચળકાટ કોઈ ગૌર યુવતીના ઉદરભાગની રોમાવલીઓ જેવા આટલે છેટેથી લાગતા હતા. એ ભાગ ઉપર દૃષ્ટિ નાંખી સૌ ઊભાં અને એ સૃષ્ટિની સુંદરતાની સ્તુતિ કરવી તે એ સુંદરતાના ઉપભોગમાં વિઘ્ન જેવી લાગી. સર્વ બોલ્યા-ચાલ્યા વિના, હાલ્યા વિના, કેટલીક વાર માત્ર સમુદ્રનાં અને આકાશનાં દર્શન કરી રહ્યાં અને શાંત આનંદ તેમનાં હૃદયમાં પવનની પેઠે પેસવા લાગ્યો.

આ શાંતિ વામનીએ તોડી.

'મધુરીમૈયા, સમુદ્રની લહરી અને તે ઉપર થઈ આવતા આ પવનથી તને આનંદ થતો દેખાતો નથી. તને એ રમણીય પદાર્થોથી કંઈક ઊલટી જ અસર થાય છે.'

કુમુદ — 'એ સમુદ્ર મારા ભૂતકાળનું સ્મરણ કરાવે છે. મારા હૃદયના સ્વામીએ મને ચંદ્રિકાની ઉપમા આપી અને પોતાને સમુદ્રની ઉપમા આપી

જૂઠુંજૂઠું લખ્યું હતું કે સમુદ્રના તરંગ ઉછાળવાની શક્તિવાળી ચંદ્રિકાને ધન્ય છે. ચંદ્રિકા દેખાતી નથી અને સમુદ્ર તો જાતે જ ઊછળ્યાં કરે છે.'

વામની — 'ચંદ્રિકાના યોગથી તે વધારે ઊછળશે.'

કુમુદ — 'એ ચંદ્રિકા ઉદય પામશે. અમારી ચંદ્રિકા તો શિવજીના જટાજૂટમાં દબાઈ ગઈ છે.'

બંસરી — 'અલખ મદનની નટકળા એ સંતાયેલી ચંદ્રિકા અને ગંભીર સમુદ્ર ઉભયને સર્વાવસ્થામાં વશ કરનારી છે; માટે મુગ્ધ મધુરી, એ નટકળા અમાવાસ્યાએ પણ સમુદ્ર પાસે પરોક્ષ ચંદ્રિકાનું સ્મરણ કરાવે છે. તારા હૃદયની ભીરુતા તને અવિશ્વાસથી કંપાવે છે. પણ તમારાં જેવાં હૃદયયુગના યોગ મેં ઘણા દીઠા છે.'

કુમુદ — 'જેને નિરાશા જ પ્રિય છે તેને વિષરૂપ આશા આપવાનો પ્રયત્ન શા માટે માંડો છો?'

વામની — 'તું શું એમ સમજે છે કે નવીનચંદ્રના હૃદયમાંથી પારા પેઠે તું સરી ગઈ છે? મુગ્ધ મધુરી! મેં તમારું તારામૈત્રક સ્પષ્ટ દીઠું છે — જેવો તારા નેત્રોમાં રાગ હતો તેવો જ તેનામાં હતો. શું તું એમ કહી શકે છે કે આ મારું બોલવું અસત્ય છે?'

કુમુદના હૃદયકિલ્લા ઉપર આ પ્રશ્ને સફળ છાપો માર્યો. તેને ગઈ કાલનું ભાન આવ્યું, પોતાની અંતર્દશા અન્યજનને પારદર્શક થઈ લાગી, એ પ્રશ્નનો પ્રત્યુત્તર કરાયો નહીં. તે ખિન્ન થઈ, લજ્જાવશ થઈ અને નીચું જોઈ રહી.

વામની — 'શા માટે લજવાય છે? શા માટે કર્તવ્યસિદ્ધિમાં શંક્તિ રહે છે? અમે તારું સખીકૃત્ય કરવા તૈયાર છીએ. અમે તારું દૂતીકૃત્ય કરવા તૈયાર છીએ. તારા ઇષ્ટજનના હૃદય વિશે તો રજ પણ શંકા રાખીશ નહીં. મેં તેનાં નયન ધ્યાનથી જોયાં છે. આ ગિરિરાજ ઉપર તારા ચરણ ચડતા જોઈ તેને નક્કી નવી આશા આવી છે તે મેં જાણી. શાથી જાણી? મે તે જનને જોયો તેથી જાણી. તેને કેવો જોયો? -

** राधावदनविलोचनविकसितविविधिकाराविभंगम्*

जलनिधिंमित्र विधुमंडलदर्शनतरलिततुङ्गतरङ्गम्

हरिमेकरसं चिरमभिलषितविलासम्।।

- ગીતગોવિંદ, રા. કેશવલાલ હ. ધ્રુવના ભાષાંતર ઉપરથી

- એવો તારા ઇષ્ટજનને મેં તેના દૃષ્ટિપાતથી જોઈ લીધી છે. માટે આશા નિરર્થક ગણી બેસી રહેવું એ તને યોગ્ય નથી. તારો ઇષ્ટ આવા જલનિધિ જેવો જ છે ને તું ચંદ્રિકા જ છે તે તેણે તને જ પ્રથમ કહેલું હતું તે હજી ય સત્ય છે.'

કુમુદ કંઈક સ્થિત કરી બોલી: વામનીમૈયા! તમારા કામતંત્રના સંપ્રદાય નથી મને આવડતા ને નથી મારા ચંદ્રને. તમે કહો છો કે કર્તવ્ય ભૂલી બેસી રહેવું નહીં પણ અમ સંસારી જનને તો તે બેસી રહેતાં જ આવડે છે. તમ સાધુજનના ઉચ્ચ જીવનમાં અમે ખારાં જળનાં મત્સ્ય ભળીએ તો અમારું મરણ થાય.'

બંસરી — 'નિરાશાએ તારી આશાનું આવરણ કરેલું છે. પણ સ્ત્રીઓની હૃદયગુહા ઉપર જેમ લજ્જાનો પટ છે તેમ પુરુષની હૃદયગુહા ઉપર ગંભીરતાનો કર્કશ લાગતો પટ છે. તે પટ ફાડી નાખીશ તો પછી તને જણાશે કે તેમાં આભ્યંતર ભાગમાં તેનો સત્ય અગ્નિકુંડ હોલાયો નથી. એ અગ્નિ તે એનો કામ, એની જ્વાળા તે એની ભાષા — એ સર્વ હાલ પ્રચ્છન્ન છે તે ઉઘાડ, એટલે ત્યાં તારા હૃદયનો પ્રતિધ્વનિ સંભળાશે, તારા હૃદયના બિમ્બનું પ્રતિબિમ્બ દેખાશે, અને તારું હૃદય જેના પ્રતિબિમ્બરૂપ છે તે બિમ્બ પણ દેખાશે. તારા અને એના હૃદયના મર્મગ્રન્થિ ગૂંચવાયા છે તે તે કાળે ઊકલશે. માટે તેમ કરવાનો માર્ગ લે.

शृणु रमणीयतरं तरुणीतजनमोहनमधुरिपुरावम्

कुसुमशरासनशासशासनवन्दिनि पिकनिकरे भज भावम्।

कुसुमशरासनशासनवन्विनि पिकनिकरे भज भावम्।

अनिलतरलकिसलयनिकरेण करेण लतानिकुरम्बम्

प्रेरणमिव करभोरु करोति गतिं प्रति मुख विलम्बम्।। [१]

મદનની આણ મદે કોયલડી ગજવે સુણ, સહી, ભાવે.

ચંચલપલ્લવ પાણિથી તુજને પ્રેરે આ વનવેલી;

માટે મેલી વિલંબ, સસંભ્રમ ચાલ અપટ અલબેલી.

-ગીતગોવિન્દ, કેશવલાલ હ. ધ્રુવકૃત ભાષાંતર તારી પોતાની હૃદયગુહા પણ અનેક આવરણથી છવાઈ છે અને નવીનચંદ્રથી થયેલા અપ્રિયનો ડાઘ મધુરીના મધુર હૃદયના મર્મભાગમાંથી લ્હોવાતો નથી. તે લ્હોવાતો નથી ને પ્રગટ કરાતો નથી ત્યારે તારી જિહ્વા ઉપર અનેક નિમિત્તો ચડી આવે છે તેથી તું જાતે પણ ઠગાય છે. પણ સત્ય વાત સાંભળી લે. અંતરમાં કોપેલી ચંડી! સાંભળી લે ને કોપ ઉતારી શાણી થા.

अधिगतमखिलसखीभिरिदं तव वपुरपि रतिरणसज्जम्

चण्डि रसितरशनारवडिण्डिममभिसर सरसमलज्जम्।

स्मरशरसुभगनखेन सखीमवलम्ब्य करेण संलीलम्

चल वलयक्वणिंतैरवबोधय हरिमपि नीजगतिशीलम्।। [२]

માટે રશનાદુંદુભિ દમકવી, ચલ, ત્યજી લાજ, ત્રિયા હે!

મન્મથમદમીણા મનમોહનને રસીલી! રસભેરે

જગવ જગવ જઈને કરકંકણને રણકારે ઘેરે.

- ગીતગોવિંદ, રા. કેશવલાલ હ. ધ્રુવકૃત ભાષાંતર

કુમુદે દીર્ઘ નિ:શ્વાસ મૂક્યો. તેની આંખમાં પળવાર આંસુ આવ્યાં. પળવાર રતાશ ચડી આવી, અને વળી આંસુ ઊભરાયાં. બંસરીમૈયા, આ હૃદયના અગ્નિને તેની ભસ્મમાં છવાયેલો જ રહેવા દો. તમને જે ક્રિયા માંગલિક અને સુખરૂપ લાગે છે તે મને અધર્મ્ય અને દુ:ખરૂપ થઈ પડે છે — વિપરીત થઈ પડે છે. નક્કી તમારા હૃદયમાં મારી વિડંબના ઇષ્ટ નહીં જ હોય.'

સાધુસ્ત્રીઓને આ સાંભળી હસવું આવ્યું. પણ ભક્તિમૈયા દયા દર્શાવી બોલી:

'બેટા મધુરી, સુખમાર્ગ દુ:ખરૂપ લાગવાનાં ઘણાં કારણ હોય છે, અને સ્ત્રીઓને વિશેષ હોય છે. તેમાં તું જેવીમાં તો તે આમ અતિશયપણું પામે તેમાં કાંઈ નવાઈ નથી. આપણાં સ્ત્રીજાતનાં હૃદય કોમળ કહીએ છીએ તે એટલા માટે કે તેમાં ઘાત પડતાં જેવી વાર લાગતી નથી તેવી જ તેમાંથી પ્રત્યાઘાત થતાં પણ વાર લાગતી નથી. તારી પાસે સુખ દુ:ખરૂપ થાય છે તેની ચિકિત્સા પણ અમારા શાસ્ત્રમાં છે. અને તારે તેથી કોઈ જાતની ભીતિ રાખવી નહીં. તેમ જ અમે તો નવીનચંદ્રજીના હૃદયમાં તારે માટે પ્રેમ જ કલ્પીએ છીએ. તેના પ્રેમનો તું તિરસ્કાર કરતી દેખાય છે તે પણ તિરસ્કાર નથી, પણ તિરસ્કારભાસ છે — એવી અમારી ચિકિત્સા છે.

स्निग्धे यत्परुषासि यत्प्रणमति स्तब्धासि यद्रागिणि

व्देषस्थासि यदुन्मुखे विमुखतां यातासि तस्मिन् प्रिये।

तद्युक्तं विपरीतकारिणि तन श्रीखण्डचर्चा विषम्

शीतांसुस्तपनो हिमं हुतवहः क्रीडा मुदो यातनाः।। [१]

મીઠાશું કટુતા, તથા પડી પગે લોટંતશું રૂસણાં,

રાખે ઊલટી; તે તુંને ઘટતું કે શીતાંશું ભાનુ બને,

બાળે હિમ, વલોવતાં વળી ક્રીડાસુખો મૂંઝાવી તને! - ગીતગોવિંદ, રા. કેશવલાલ હ. ધ્રુવકૃત

મોહની દયાર્દ્ર મુખ કરી પાસે આવી અને કુમુદને વાંસે હાથ ફેરવતી બોલી: 'મધુરી, તારી ચિકિત્સા અમે સશાસ્ત્ર કરી છે અને તારું ઔષધ

પણ સશાસ્ત્ર જ કરીશું. તારે અમારા ઉપર અને અમારા શાસ્ત્ર ઉપર શ્રદ્ધા રાખવી. જે સુખ અત્યારે નિરાશાથી તને દુ:ખરૂપ થાય છે તે સુખસમયે પાછાં સુખરૂપ થશે. માટે મારું કહ્યું માન, નવીનચંદ્રજીના ત્યાગના વિચારનો ત્યાગ કર, અને આવશ્યક હશે અને તારા પગ નહીં ઊપડે તો અમે એ પુરુષને તારી પાસે આણીશું એટલી તેમની દયાર્દ્રતા ઉપર અમારી શ્રદ્ધા છે.

हरिरभिसरति वहति मधुपवने

किंमपरमधिकमुखं सखि भवने।।

कति न कथितमिदमनुपदमचिरम्

मा परिहर हरिमतिशयरुचिरम्।।

किमिति विषीदसि रोदिषि विकला

विहसति युवतिसमा तव सकला।।

जनयसि मनसि किमिति गुरुखेदम्

शृणु मम वचनमनीहितमेदम्।।

हरिरुपयातु वदतु बहुमधुरम्

किमिति करोषि हृदयमतिविधुरम्।। [२]

કુમુદે કંઈ જ ઉત્તર દીધો નહીં, પણ આંખમાં આંસુની છાલકો ઊભરાવા લાગી. સામેના સમુદ્રનાં મોજાંની છાલકો આ આંખોને સુખ દેતી મટી અને એમાં કંઈક નવું સત્ત્વ પ્રવેશ પામતું હોય તેમ એ હૃદયને ધરનારીની આકૃતિ થઈ ગઈ. તેનું દુ:ખ ઘટવાને બદલે વધતું જોઈ, આશાના ઉત્સાહને સાટે મર્મસ્થાનમાંથી ઊભરાતો ક્ષીભ જોઈ, સાધુસ્ત્રીઓ દુ:ખી થઈ. તેમને પોતાની ચિકિત્સામાં દોષ લાગ્યો, અને ઔષધ તો તે પછીનું જ. તેમને આ ગૂંચવાડો થાય છે એટલામાં કુમુદને પાછળથી કોઈએ ખેંચી. તેણે ચમકીને ઊંચું જોવા પ્રયત્ન કર્યો. તે પ્રયત્ન સફળ થયાં પહેલાં તો તેનું દુ:ખી રોતું મુખારવિંદ ચંદ્રાવલીની વત્સલ છાતીમાં સમાઈ ગયું અને ચંદ્રાવલીના બે હાથ એના હૃદયને અને શિરને પોતાની છાતી સરસા ચાંપવા લાગ્યા.

‘ દુલારી, મધુરી, દુલારી! મારો જીવ રહ્યો નહીં તે હું હવે આવી છું અને તારા હૃદયની શાંતિ પાછી આપીશું. મોહનીમૈયા, તમારાં વચન મેં સાંભળ્યાં છે પણ આની ચિકિત્સા ઘણી વિકટ છે. એક પાસથી શુદ્ધ આભિમાનિકી અને આભ્યાસિકી પ્રીતિ એક ઉપર, અને બીજી પાસથી બીજા ઉપરની સંપ્રત્યયાત્મિકા પ્રીતિ — અને એ ઉભય પ્રીતિ પણ કેવળ સ્થૂલ નહીં પણ સૂક્ષ્મ–અતિસૂક્ષ્મ — છે. એના સંપ્રત્યયનું શું કરવું અને અભિમાન અને અભ્યાસનું શું કરવું એ તો ચિકિત્સા પછીની વાત. એના

સંપ્રત્યયનું રક્ષણ કરી, એના અભિમાન અને અભ્યાસને શાંત વિસ્મૃત કરાવી, શ્રી જગદંબાના કલ્યાણકારક હૃદયપાવન કૃપાપ્રસાદનું એને આસ્વાદન કરાવીશું તો શું એને વૈરાગ્યનું શમસુખ પ્રાપ્ત નહીં થાય?'

ચંદ્રાવલીની અને પોતાની છાતીઓ વચ્ચેથી પોતાના હાથ બહાર કાઢી ચંદ્રાવલીની કેડ પાછળ એ હાથ વીંટી કુમુદ બોલી ઊઠી: 'મારે હવે એ જ જોઈએ છે — ચંદ્રાવલી મૈયા, મારે એ જ જોઈએ છે. જુઓ, આટલું સાંભળતાં મારાં આંસુ ઊડી ગયાં.' કુમુદ આઘી ખસી અને ચંદ્રાવલીના સામું વગર આંસુએ જોઈ રહી.

મોહની — 'ચંદ્રાવલી મૈયા! એની નાડી પરીક્ષા તમે પૂરી કરી નથી.'

બંસરી — 'અમે એની હૃદયગુહામાં કંઈક ઊતરેલાં છીએ.'

વામની — 'તમારી પરીક્ષા સત્ય હોય તો બેટ છોડી યદુશૃંગ ઉપર આવવાની ઉતાવળી ઇચ્છા ન થાય.'

કુમુદ — 'સર્વ આરોપને પાત્ર છું, પતિત છું, પણ ઔષધ તો એક જ ચંદ્રાવલીમૈયાવાળું જોઈએ છે.'

મોહની — 'તેની શક્તિ ક્યાં અને તારી ક્યાં? જે ઔષધ એકથી જિરવાય છે તે બીજાને મૃત્યુરૂપ થઈ પડે છે.'

ચંદ્રાવલી — 'મધુરી, તને પ્રિય, હિત અને પથ્ય હવે તે જ માર્ગ શોધીશું. તારી જે ચિકિત્સા કરી આ કૃપાળુ સાધુજનોએ તારું સખીકૃત્ય કરવા માંડ્યું છે તે ગભરાયા વિના કે ક્ષોભ વિના તેમને કરવા દે કે અમારી ચિકિત્સા શુદ્ધ અને સંપૂર્ણ થાય. તેનું ઔષધ કરતી વેળા તારી સંમતિ વિના કંઈ પણ નહીં કરીએ એ સત્ય સમજજે. વિવાસિત દૃશ્ય સીતાએ રામનું દર્શન કર્યું અને રામનો સ્પર્શ કર્યો તે કાળે જેમ સીતાની પાસે તમસા હતી તેવી જ મને સમજજે. ભક્તિમૈય! તમે જે સાધનથી ચિકિત્સા આરંભી છે તે કંઈક જાણું છું, અને બાકીનાં સાધન પછી જણાવજો. પણ તે ચિકિત્સાની વેળાએ મારી દુલારીને રજ પણ વ્યથા થાય એમ ન કરશો.'

એની પાછળથી બિન્દુમતી આગળ આવી બોલી: 'મધુરીમૈયા, તું ગભરાઈશ નહીં. તારી અનેક પડવાળી પ્રીતિ જેવી સૂક્ષ્મ તેવી પવિત્ર છે ને તેવી જ રમણીય ઐન્દ્રજાલિક છે.

तटस्थं नैराश्यादपि च क्लुषं विप्रियशात्

वियोगे दिर्घेऽस्मिन् झटिति घटनोत्तम्मितमिव।

प्रसन्नं सौजन्यादपि च करुणैर्गाढकरुणम्

द्रवीभूतं प्रेम्णा तब हृदयमस्मिन् क्षण इव।। [१]

- ઉત્તરરામચરિત, રા. મણિલાલના ભાષાંતર ઉપરથી, વળી જુઓ: આ ગ્રંથ ભાગ ૧. પ્ર. ૧૯

કેમ બંસરી મૈય! સત્ય કે નહીં? મને તો દૃષ્ટાંત વાંચેલું સૂઝયું, બાકી અનુભવ તો તમને.'

બંસરી — 'તારી મેધાના તર્ક આગળ અમારા અનુભવનાં અનુમાન પાછાં પડે છે. માટે તારી વાત સાંભળીશું પણ ઔષધકાળે તો અનુભવને જ આગળ આણવો પડશે.'

---

* *वैश्वासिकाज्जनाद्रहसि प्रयोगाच्छास्त्रमेकदेशं वा स्त्री गृह्वीयात्।। आचार्यास्तु कन्यानां प्रवृत्तपुरुषसंप्रयोगा सहसंप्रवृद्धा धात्रेयिका तथाभूता वा सखी। सवयाश्च मातृध्वसा। विस्त्रब्धा तत्स्थानीया वृद्धदासी पूर्वसंसृष्टा वा भिक्षुकी। स्वसा च विश्वासप्रयोगात्।।* કન્યાએ કામતંત્રનો ઉપદેશ કેવા કેવા ગુરુ પાસે લેવો તેમને આમાં ગણાવ્યા છે. એવો ઉપદેશ કરવાનો 'સખી'ને અધિકાર એમાં અપાયો છે.

x કાર્યક્રમ; Programme .

* 'ખળભળી રહે જ્યમ ઊર્મિ અનંગથી સાગર શશી ઝળકંતા
ત્યમ પ્રિયવદનની અળપઝળપથી જ વિધવિધ ભાવ ભજંતા
નીરખ્યા રસમય હરિને રતિ તલસંતા.'

૧ . તરુણીજનમનમોહન મધુરી જો પિયુ બંસી બજાવે;

૨ . ચણ્ડી! તું રતિરણધીરધુરં ધર ઘાયડમલ્લ ગણાયે,

૧ . રાગીશું અણરાગ, ને વળગતા આવંતશું વામતા,

૨ . મધુનો પવન વહે હરિ આવે!
શું સુખ, સખી, ઘરમાં પછી લાગે?
'હરિ સુંદર છે, હરિને પરિહર મા!'
લવી કેટલુંયે હું ગણતી તુજ પગલાં?
લવી એવું ઘડી ઘડી પ્રથમથકી હું!
હઠીલી! હઠ છોડી ન, સમજી નહીં તું.
રોતી નિરાશ અનાથ તું શાને?
હસતી યુવતી સૌ તુજને આજે!
ખેદ મહા મન લાવતી શો તું?
યોગ કરાવું! વચન મુજ સુણ તું,
મધુર મીઠું વદતા હરિ આવે!
એવું કરું! શીદ હૃદય ઝુરાવે!

- ગીતગોવિંદ, રા. કેશવલાલ હ. ધ્રુવકૃત

૧ . છે આશા તજી બનીયું ઉદાસી, રાષભર્યું તજવા થકી,
ટમટમી રહ્યું આ દીર્ઘકાળવિયોગમાં મળવા મથી,
સૌજન્યથી સુપ્રસન્ન, બળી પ્રિયજનદુખે અનુકંપથી,
આ ક્ષણ ગળ્યું રસમય હૃદય તુજ પ્રેમ ઉદય થયા! થકી.

૨૧. હૃદયચિકિત્સા અને ઔષધ

दया वा स्नेहो वा भागवति निजेऽस्मिन् शिशुजने

भावत्या: संसाराद्रितमपि चिंत द्रवयति।

अतश्च प्रबज्यासमयसुलभाचारविमुख :

प्रसक्तस्ते यत्न: प्रभावति पुनर्दैवमपरम्।।

'હે ભગવતી! આ શિશુજન પ્રતિ તમારી દયા કહો કે પ્રીતિ કહો — જે કહો તે સંસારથી વિરક્ત થયેલા તમારા ચિત્તને ઓગાળે છે; અને આથી જ સંસાર છોડતાં તમે કરેલી પ્રતિજ્ઞાઓને જે આચાર સુલભ હોવો જોઈએ તેથી વિમુખ અને અવિચ્છિન્ન આ પ્રયત્ન તમે માંડ્યો છે તે સફળ થવો જોઈએ. પછી દૈવ તો છે જ.'

- માલતીમાધવ

પરિવ્રાજિ કામઠમાં કન્યાઓ, વિધવાઓ અને પરિવ્રાજિકાઓ સર્વનો વાસ હતો અને કન્યાને કામતંત્રના શાસ્ત્રીય બોધ એમાં કરવા દેવામાં આવતા હતા. પણ કન્યાને પુરુષનો યોગ કરવાની કથા આવે તેના વિચાર-આચાર આ મઠની બહાર અને વિહારમઠની બહાર રાખવામાં આવતા. વિહારમઠમાં પણ માત્ર વિવાહિત દંપતીઓના જ વાસ હતા. પરિવ્રાજિકા મઠની અધિષ્ઠાત્રીના પદ ઉપર કોઈ વિધવાને જ રાખવામાં આવતી. અવિવાહિત, વિવાહિત અને પરિવ્રાજક ત્રણે જીવનના અનુભવવાળી કાર્યગ્રાહિણી વિદુષીને આ મઠની અધિષ્ઠાત્રી નીમવામાં આવતી. વિહારમઠમાં વિવાહિત, સુશિક્ષિત, ઉદાર, રસજ્ઞ, શાસ્ત્રસંપન્ન દંપતી અધિષ્ઠાતા અને અધિષ્ઠાત્રી નિમાતાં. ચંદ્રાવલી એક કાળે વિહારપુરી સાથે વિવાહિત હતી ત્યારે એ દંપતીની પાસે વિહારમઠનું અધિષ્ઠાનપદ હતું. તે ઉભય પરિવ્રજિત થયાં એટલે વિહારપુરી વિષ્ણુદાસજીના મઠમાં ગયો અને ચંદ્રાવલી પરિવ્રાજિકામઠની અધિષ્ઠાત્રી થઈ. તે પછી ચંદ્રાવલી સુન્દરગિરિનો ત્યાગ કરી બેટમાં ગઈ અને તેને સ્થાને મોહની એ મઠની અધિષ્ઠાત્રી થઈ હતી. એ મઠમાં કોઈ કન્યા મદનોન્મુખ થાય તો તેની વિવાહપર્યન્ત સંભાળ લેવી, તેનું ઉપદેશક સખીકૃત્ય કરવા સખી નીમવી, અને આવશ્યકતા હોય તો કન્યાને દૂતીનો યોગ કરી આપવો એ પણ અધિષ્ઠાત્રીનું કર્તવ્ય હતું. સખી અને દૂતી, સ્થૂલ અને સૂક્ષ્મ ઉભય કામ અને પ્રીતિની અભિજ્ઞ હોય તે જ યોગ્ય ગણાતી. કામતંત્રકારોએ કેવળ સ્થૂલ પ્રીતિનું શાસ્ત્ર બાંધેલું છે ત્યારે આ મઠમાં એ શાસ્ત્રને સુધારી તેમાં સૂક્ષ્મ પ્રીતિનું શાસ્ત્ર ઉમેરેલું હતું. સ્થૂલ એટલે લખપ્રીતિમાંથી સૂક્ષ્મ એટલે અલખપ્રીતિનું ઉદ્‌બોધન કરાવવું આવશ્યક ગણવું એ અલખના કામશાસ્ત્રનો વ્યાવર્તક હતો.

ચંદ્રાવલી આ સર્વ વિષયમાં પ્રવીણ હતી અને એક કાળે રસિક હતી. વિષ્ણુદાસ ત્રણે અલખમઠના ગુરુ થયા અને અલખમાર્ગને અને મઠોને તેમણે નવી પ્રતિષ્ઠા આપી તે પછી પોતાની પાછળ યોગ્ય અધિકારીને અનુયાયી કરવો એટલી તેમની વાસના હતી. પણ ગૃહસ્થ સાધુનો તેને માટે ઉત્તમ અધિકાર ગણાતો ન હતો, અને કેવળ પરિવ્રાજકો તેમના આશ્રય નીચે હતા તેમાં કોઈ એ પદને માટે યોગ્ય બુદ્ધિવાળું ન હતું. વિહારપુરી ઉપર તેમની દૃષ્ટિ હતી પણ તે વિવાહિત હતો. આ વાત ચંદ્રાવલીને કાને આવતાં ગુરુજીની વાસના તૃપ્ત કરવા, પોતાના સ્વામીનું પારમાર્થિક કલ્યાણ કરવા, સર્વ સાધુજનનું અને અલખમઠનું વ્યવસ્થાતંત્ર કલ્યાણકારક રહે એવી બુદ્ધિથી, અને તે દ્વારા સંસારમાં અલખબોધની ગર્જના સફળ થાય એવી વાસનાથી, ચંદ્રાવલીએ વિહારપુરીને અભિલાષ દર્શાવ્યો કે તેણે ગુરુજી પાસે રહેવું અને તેણે તથા પોતે પ્રવ્રજ્યા સાધવી. સર્પ કાંચળી ઉતારે તેમ મદનવિકારનો ત્યાગ કરી આ દંપતી એકબીજાને આશીર્વાદ દઈ વિયુક્ત થયાં, અને તેમની પ્રીતિની અને તેમની વિરક્તિની ચમત્કૃતિભરેલી સુંદર રસિક કથાઓ ત્રણે મઠનાં સાધુજનોમાં ચાલી. પરિવ્રાજિકામઠની અધિષ્ઠાત્રી થયા પછી પણ સુન્દરગિરિ ઉપર દંપતી અનાયાસે મળતાં તે પોતે લીધેલા વ્રતને પ્રતિકૂળ ગણી અને પોતાના અને સ્વામીના વૈરાગ્યને ભયનું કારણ ગણી, ચંદ્રાવલી પર્વત છોડી માતાના ધામમાં ગઈ અને પુરુષરૂપે ઈશ્વરની કલ્પનાને પોતાના વૈરાગ્યને પ્રતિકૂળ ગણી અલખનાં અંબાસ્વરૂપમાં યુક્ત થવા લાગી. આ સ્થિતિ તેણે આજસુધી પાળી, પણ કુમુદ ઉપરની દયાએ ને વત્સલતાએ એને પાછી આટલી સંસારિણી કરી દીધી. પરિવ્રાજિકામઠની બારી પર્વતની ખોમાં પડતી હતી અને સમુદ્રમાં જલશાયિની થવા ઇચ્છનારીનું હૃદય એ બારીને દેખી શું સાહસ કરવા નહીં લલચાય એ વિચારે ઉપજાવેલા ભયને લીધે ચંદ્રાવલી કુમુદ ગયા પછી જાતે પાછળ પાછળ આવી. એ ભય તો દૂર થયો, પણ પર્વત ઉપર આવ્યા પછી આપણે જે જે વાર્તા જાણીએ છીએ તે એના જાણવામાં આવી અને અનેક નવીન ગૂંચવાડા એના વત્સલ હૃદયમાં ઊભા થયા.

પાછલે પ્રહરે કુમુદને વામની અને બંસરીની જોડે ગિરિરાજનાં સુંદર સ્થાનો જોવા મોકલી. ગયા પ્રકરણમાં વર્ણવેલા ચોકના એક છાયાકુંજમાં એક શિલા ઉપર મોહની, ભક્તિ અને બિંદુમતી સાથે ચંદ્રાવલી બેઠી અને સૌની પાસેથી કુમુદ વિશે તેમની કહેલી વાર્તા અને ધારેલી યોજના સાંભળી લીધી. તે પછી કેટલીક વાર એ ઓઠે આંગળી મૂકી બોલ્યા વિના બેસી રહી અને વિચારમાં પડી અને બીજાં સર્વ પણ ચૂપ રહ્યાં. એટલામાં કુંજ ઉપર ઢંકાયેલી વેલીમાં સંતાયેલી કોકિલાએ ટૌકો કર્યો ને બિંદુમતી ઊંચું જોઈ ગાવા લાગી.

‘अनुमतगमना शकुन्तला

तरुभिरीयं वनवासबन्धुभि:।

परमृतविरुतं कलं यथा

प्रतिवचनीकृतमेभिरीशदृम्।।' [१]

મોહની — ‘બિન્દુ! આ શ્લોક શાથી ગાયો?’

બિન્દુમતી — ‘મેં મધુરીને આશીર્વાદ દીધો.’

મોહની — ’એને ક્યાં પતિગૃહમાં જવું છે?’

બિન્દુમતી — ‘જશે.’

મોહની — ‘કોણે કહ્યું?’

બિન્દુમતી — ‘કોકિલાએ કહ્યું.’

ચંદ્રાવલી — ‘બેટા બિન્દુ! તું સત્ય કહે છે. તેં મધુરીને પૂછ્યું કે આ ગિરિરાજ ઉપર જે ઉદ્દેશથી તું આવી છે તેનો આત્મા કામ ન હોય તો કીયો છે!’

બિન્દુમતી — ‘એના જેવું જ પૂછ્યું.’

ચંદ્રાવલી — ‘એણે શો ઉત્તર આપ્યો?’

બિન્દુમતી — ‘જાનુભાગ[૧] ઉપર હાથ અને હાથેલી ઉપર ગંડસ્થલ[૨] ટેકવી બેસી રહી અને આડું જોઈ કંઈક મનમાં ગાતી અને ગણગણતી હતી.’

મોહની —

‘अधिजानुबाहुमुपधाय नमत्

करपल्लवाग्रनिहिताननया।

उदकण्ठि कण्ठपरिवर्तिकल-

स्वरशून्यगानपरयाऽपरया।।' [3]

ચંદ્રાવલી — ‘એ છેલ્લે સુધી કંઈ જ બોલી નહીં?’

બિંદુમતી — ‘ના. મેં એને કહ્યું કે અમે નવીનચંદ્રજી પાસે પ્રત્યક્ષ થઈ વિજ્ઞપ્તિ કરી શકીશું. તોપણ એ બોલી નહીં. અંતે મેં કહ્યું કે તું નહીં બોલે તો અમે અમારી મેળે જે સૂઝશે તે જઈને તારે નામે તેમને કહીશું.’

ચંદ્રાવલી — ‘પછી?’

બિંદુમતી — ‘તોપણ બોલી નહીં. ઘણું થયું ત્યારે ઊભી થઈ નીચું જોઈ રહી અશ્રુપાત કર્યો, અને એક પાસ ચાલી ગઈ.’

મોહની — ‘એ પણ સમજાયું.’

ननु सन्दिशेति सुदृशोदितया

त्रपया न किञ्चन किलाभिदधे।

निजमैक्षि मन्दमनिशं निशितै :

कृशितं शरीरमशरीरशरै:।।’ [४]

મોહની, તરસ્થાને નવીનચંદ્રજીનું દર્શન થયું તે પહેલાં મધુરીની અવસ્થા કેવી હતી?’ વિચાર કરી ચંદ્રાવલીએ મોહની ભણી ફરીને પૂછ્યું.

મોહની — ‘દૂતીએ નાયકને નાયિકાની સ્થિતિ વર્ણવી હતી તેવી, અને કહ્યું હતું તેમ નવીનચંદ્રજીને કહેવા જેવી કે,

किं पृष्टेन द्रुततरमितो गम्यतां सा प्रिया ते

दृष्टा मार्गे दिवसमखिलं सास्त्रमेका मयैवम्।

पान्थे पान्थे त्वमिति रभसोद्ग्रीवमालोकयन्ती -

दृष्टे दृष्टे न भवति भवानित्युदश्रुर्वलन्ती।।’ [१]

ચંદ્રાવલી — ‘ભક્તિમૈયા! તમારું લક્ષ્ય આમાં ક્યારે ગયું?’

ભક્તિમૈયા —‘નવીનચંદ્રજી ગયા પછી મારું લક્ષ્ય ખેંચાયું. હું એટલી જડ. બાકી તે નીચે ગયા અને અમે ઉપર આવ્યાં ને જુદાં પડ્યાં તે કાળે. સૂર્યકિરણ અંધકારને શોધે તેમ મધુરીની દૃષ્ટિ નવીનચંદ્રજીના હૃદયને સ્પષ્ટ શોધતી હતી.’

મોહની — ‘એમ જ.’

प्रणयप्रकाशनविदो मधुरा :

सुतरामभीष्टजनचित्तहत:।

प्रजिधाय कान्तमनु मुग्धतर -

स्तरुणीजनो दृश इवाथ सखी:।।’ [२]

ચંદ્રાવલી — ‘ભક્તિમૈયા, તમે નવીનચંદ્રજીના વૈરાગ્યની ને ગુણોત્કર્ષની કથા કરી અને ગુરુજીનો દુર્લભ પક્ષપાત જણાવ્યો ત્યારે મધુરીની વૃત્તિ કેવી હતી?’

ભક્તિમૈયા — ‘તેનાં ગુણ અને કીર્તિ સાંભળતાં તે સમાધિસ્થ જેવી થતી, અને તેનો વૈરાગ્ય સાંભળતાં વિચારમાં પડતી.’

મોહની — ‘એ સમાધિ તો મેં પણ પ્રત્યક્ષ કર્યો છે. નવીનચંદ્રજીને કહેવા જેવું છે કે —

तव सा कथासु परिघट्टयति

श्रवणं यदङ्गुलिमुखेन मुहुः।

धनतां ध्रुवं नयति तेन भवद् -

गुणपूगपूरितमतृप्ततया।।’ [3]

ચંદ્રાવલી — ‘બેટા બિંદુ, સાયંકાળે સાધુદંપતીઓએ રાસ વગેરેની પરિપાટી યોજેલી ત્યાં નવીનચંદ્રજી આવવાના છે એમ કહી મધુરીને પણ ત્યાં લેવાની વાત કરી ત્યારે એણે શું કહ્યું?’

બિંદુમતી — ‘માત્ર આકાશ અને પૃથ્વી વચ્ચેનો ભાગ જોયા કર્યો અને કંઈ બોલી નહીં.’

મોહની — ‘એ પણ સમજાયું.

गतया पुरः प्रति गवाक्षमुखं

दधती रतेन मृशसुत्सुकताम्।

मुहुरन्तरालभुवमस्तगिरे :

सवितुश्च योषिदमिमीत दृशा।।’ [१]

ચંદ્રાવલી — ‘તેમનો વૈરાગ્ય જોઈ મધુરીને શો વિકાર થયો?’

ભક્તિમૈયા — ‘તે કોઈએ સૂક્ષ્મ દૃષ્ટિથી જોયું નથી, પણ રાત્રે કહેતી હતી કે વિરક્ત ચન્દ્રનો ગ્રાસ કરનારી ધૂમગ્રહની લેખા થવા પોતાની ઇચ્છા નથી.’

મોહની — ‘એ ભાષા ગુહામાંની આભ્યન્તર નથી. એ તો આભિમાનિકી વૃત્તિનો ઉદ્ગાર. એવા ક્ષણિક અભિમાનથી અલખ વાસના નષ્ટ થતી નથી.

ચંદ્રાવલી — ‘પણ નવીનચંદ્રને વિરક્ત જોઈ મધુરીને દુ:ખ થયું કોઈએ પ્રત્યક્ષ કર્યું નથી.’

મોહની — ‘તરસ્થાન આગળ તો અશ્રુધારા વહેતી હતી. આ વેશ તો એણે પ્રથમ ત્યાં જ જોયો.’

ભક્તિમૈયા — ‘અને આપણા મઠની યોજના અને વિહારમઠની યોજના જાણી તેને આશા થઈ હોય તેમ એનો શોક કંઈક શાંત છે.’

ચંદ્રાવલી — 'વૈરાગ્યનું માહાત્મ્ય જાણીને પણ એવી શાંતિ એને વળી હોય. એના જેવો સંપ્રત્યય નવીનચંદ્રજીની વિરક્ત દશાને ધન્ય ગણી એના પોતાના સ્થૂલ કામને વિરત કરે અને પ્રિયજનની વિરક્ત દશાનું રક્ષણ કરે એ પણ સંભવિત છે.'

મોહની — 'તે જે હો તે હો. પણ આ હરિણનું જોડું તૃષિત હોય ને આ ગિરિરાજ ઉપર તૃષાથી વિપન્ન થાય તે તો અયોગ્ય જ. જો આપણે વિલંબ કરીશું તો કંઈ મહાન અનર્થ થશે અને વેળા વીત્યા પછી આપણે પશ્ચાત્તાપ થવાનો વારો આવશે કે

'मध्याह्ने दववह्निनोष्मसमये दंदह्यमानादगिरे :

कृच्छ्रान्निर्गतमुत्तृषं जलमथों वीक्ष्यैकरक्षाक्षमम्।

प्रेमणा जीवयितुं मिथ: पिब पिबेत्युच्चार्य मिथ्या पिबन्

निर्मग्नास्यमपीतवारि हरिणद्वनद्वं विपन्नं वने।।' [२]

ભક્તિમૈયા — 'ચક્રવાકમિથુનને રાત્રિનો અન્તરાય છે તે તોડી નાંખો અને પરસ્પરનો દૃષ્ટિયોગ અને ગોષ્ઠીયોગ અબાધિત થાય એટલો યોગ કરાવવો એટલું તો આપણું કર્તવ્ય ખરું. પછી પરિશીલનને અંતે તેઓ વિરક્ત હશે તો અસંયુક્ત અને રક્ત હશે તો સંયુક્ત થશે. એ તો સર્વ અલખ ભગવાનની યોજના હશે તે ફળ થશે. આપણો ધર્મ સ્પષ્ટ છે.'

મોહની — 'હરિણનું જોડું આપણી બુદ્ધિની સ્થૂલતાથી વિપન્ન ન થાય એટલું આપણે જોવાનું.'

બિન્દુમતી — 'માશીમૈયા, માધુરી જાતે જ રાત્રિની વાટ જુએ છે એ પક્ષને ભૂલશો નહીં.'

ચંદ્રાવલી — 'મને લાગે છે કે આપણો વિચારકાળ સમાપ્ત થયો અને તમે જે વિચાર સિદ્ધ કરો છો તેનો આચાર શોધવો એટલું હવે બાકી રહ્યું.'

મોહની — 'શો માર્ગ લેવો તે પ્રાત:કાળે મેં ગાઈ દીધું છે અને મધુરીનાં આંસુએ એ ગાયનને ઝીલ્યું છે તે તમે પ્રત્યક્ષ કર્યું છે. કન્યા વર પાસે આવે તે વિના તેમની હૃદયગુહાઓ ઊઘડવાનો સંભવ નથી.'

ચંદ્રાવલી વિચારમાં પડી. અંતે બોલી, 'ભક્તિમૈયા, આપણે તો માત્ર દૂતકર્મ હવે બાકી રહ્યું. બે પક્ષને સામાન્ય જન એ કામ ઉપાડનાર કોણ હશે?'

ભક્તિમૈયા — 'કોઈ નથી. નવીનચંદ્રજી માત્ર વિહારપુરી અને રાધેદાસની જોડે ફરે છે ને એકાન્તમાં રહેતા નથી. ગુરુજીની સાથે જ પ્રાયશ: ગોષ્ઠી કરે છે અને શય્યા પણ તેમની કુટીની પાસેની ગુફામાં રાખે છે. મધુરીને તો જે કહો તે આપણે.'

મોહની — ‘બે દોરડાં સંધાડશો તો કૂવામાં પહોંચશે.’

ચંદ્રાવલી — ‘કેવી રીતે?’

મોહની — ‘નાચિકાના કર તમે ઝાલો અને નાયકનો વિહારપુરી ઝાલે.’

ભક્તિમૈયા — ‘પણ વિહારપુરીનો કોણ ઝાલે?’

મોહની — ‘દયા અને સ્નેહ બે છૂટા પડેલા હાથને પરમાર્થસાધન માટે એકઠા કરે ત્યારે. ચંદ્રાબહેન, નવીનચંદ્રજી ઉપર ગુરુજીનો પક્ષપાત સાર્થક થશે તો વિહારપુરી વિહારમઠમાં આવી શકશે; અને નવીનચંદ્રજી વિહારમઠમાં આવશે તો વિહારપુરી ગુરુજીની વાસનાને તૃપ્ત કરશે. જે પરિણામ થશે તેમાં તમારી ઇષ્ટાપત્તિ છે. માટે આ બે હરિણયુગનો યોગ કરો. તમારા વિના તેમ કરવા બીજું કોઈ સમર્થ નથી.’

ભક્તિમૈયા — ‘તમે બે જણ થઈ ઉદય પક્ષનાં મર્મસ્થાન સંગ્રહી શકશો, ઉભય પ્રતિ ઉદાર છો, અને મધુરીનો તમારા ઉપર વિશેષ વિશ્વાસ છે.’ *

ચંદ્રાવલી — ‘માજીના ચરણમાં જઈ દૂતીકર્મ કરવું શું યોગ્ય છે?’

ભક્તિમૈયા — ‘દીકરીની સેવા માટે જ માજીએ તમને મોકલ્યાં છે. ચંદ્રાવલી, અલખનું દૂતીત્વ એ તો આપણું સહજ કાર્ય છે.’

ચંદ્રાવલી — ‘મે મારા ઇષ્ટ જનને સંન્યાસ આપ્યો અને જાતે લીધો તે કાળથી સંકલ્પ લીધો છે કે તેનો અને મારો ચક્ષુ:સંયોગ થવા દેવો નહીં.’

મોહની — ‘ચંદ્રાવલીનું વૈરાગ્ય એવું નથી કે તે તારામૈત્રકથી નષ્ટ થાય.’

ચંદ્રાવલી — ‘અનંગ ભસ્મ થયેલો પણ જીવે છે, અને ધૃતઅગ્નિનું સાન્નિધ્ય થાય ને તેમની પ્રકૃતિ મૂળરૂપે રહે તો અનંગને સર્વવ્યાપી ન ગણવો. મોહની! આ કામ તમે જ માથે લો અથવા ભક્તિને સોંપો.’

મોહની — ‘એક પાસ આવી સંપ્રતીતા મેધાવિની અને બીજી પાસ આવા વિરક્ત ગંભીર નવીનચંદ્રજી — તેમની પાસે જઈ તેમાંના એક પણ હૃદયમાં ચંચૂપાત કરવા ચંદ્રાવલી અને વિહારપુરી વિના બીજા કોઈનું ગજું નથી. એ બેમાંથી એક જણનું પણ ગજું નથી — એ તો તેમનું સંયુક્ત દૂતકર્મ પ્રવર્તે ત્યારે જ કાંઈ ફલની આશા સમજવી.’

ભક્તિમૈયા — ‘ચંદ્રાવલી! કેમ શંક્તિ રહો છો?’

ચંદ્રાવલી — ‘ગમે તેવું વિરક્ત હૃદય પરિશીલક જનની પાસે જતાં કંપે છે. મારા હૃદયનો મને વિશ્વાસ નથી અને પુરુષોનાં હૃદયનું દૃષ્ટાંત તો માદ્રીએ અનુભવેલું છે. ભક્તિમૈયા, જે કલ્યાણયોગને માટે આ હૃદય વિહારપુરી જેવા મહાત્માને ગુરુજીના ચરણમાં જવા દઈ જાતે જગદંબાના

ચરણમાં ગયું છે તેણે તે યોગના પ્રયોગને આટલે સુધી શું હવે પડતો મૂકવો? ના, મારાથી એવું નહીં થાય.'

મોહની — 'અભિમાનિની! ચંદ્રાવલી અભિમાનિની? શ્રીઅલખનો પ્રકાશ સર્વ પાસ સર્વ હૃદયમાં પ્રસરે છે તેને શુદ્ધ નિર્મળ સ્વરૂપે અપ્રતિહત વહન પામવામાં અનુકૂલ થવું એ આપણો ધર્મ તમે છોડી દીધો છે? મધુરીના કલ્યાણને માટે દૂતી થવામાં શું ચંદ્રાવલી હલકું માને છે?

ચંદ્રાવલી — 'એવો અર્થનો અનર્થ ન કરો. મધુરીને માટે ચંદ્રાવલી શું નહીં કરે? પણ ચણાયેલી હવેલી તોડી પાડવાનો મને શો અધિકાર છે?'

મોહની — 'જો એમ હોય તો મધુરીને સમુદ્રમાં સૂવા દેવી હતી. એને જિવાડી તો એના જીવનમાં સાફલ્ય ને સુખ આદરવાને માટે ચંદ્રાવલીથી ના નહીં કહેવાય.'

ચંદ્રાવલી બેઠી હતી ત્યાં જ આંખો મીંચી વિચારમાં પડી. એના હૃદયમાં બળવાળા ધબકારા થયા અને તેનો વેગવાળો સંચાર એના વક્ષ:સ્થળ ઉપરના વસ્ત્રમાં સર્વેએ દીઠો. એના નેત્રમાં અશ્રુપાત થઈ સુકાયો. અંતે ઊંચું જોઈ બોલી:

'મધુરી! ચંદ્રાવલી તારી દૂતી થશે. તારે માટે મારા વ્રતને હું ભયમાં નાંખીશ. માજીને પૂછીને તને મોકલી છે ને હું આવી છું — તે માજી જ મારા વ્રતનું રક્ષણ કરશે અને તારું સુખ સાધશે. મોહની! ત્યારે કહી દ્યો કે મારે હવે શું કરવું?'

મોહની — 'આજ ગુરુજી સાધુજનની નિરીક્ષા કરવા આવે ને રાત્રે યમુનાકુંડ પાસે રાસલીલા થાય તે કાળે અમે મધુરીને લઈને જઈશું, નવીનચંદ્રજીને શોધી વાર્તાવિનોદ કરીશું, અને તે આઘાપાછા હશે ત્યારે મધુરી સાથે વિનોદ કરીશું. ચંદ્રાવલી! તમારે તે સર્વનાં માત્ર મૂક સાક્ષી થવું અને મધુરી સાથે રાત્રે એકાંત સૂવું અને એકાંતમાં તેનું હૃદય ઉઘાડવું. થોડીવાર બિન્દુમતીને એની વાતોમાં ભળવા દેવી. એ સર્વ પ્રકરણનો સાર પ્રાત:કાળે વિહારપુરીને તમારે એકાંતમાં કહી દેવો અને તેમનો અભિપ્રાય લેવો. તેઓને નવીનચંદ્રજીના ઇંગિતજ્ઞ થવા દેવા અને કાલથી નવીનચંદ્રજી ગુરુજીની ગુફા છોડી અન્યત્ર કોઈ ગુફામાં કે કુંજમાં એકાંતવાસ રાખે અને રાત્રિએ એકાંત રાખે એટલી વ્યવસ્થા વિહારપુરી દ્વારા કરવી. પછીની પરિપાટી તમારા ચાતુર્યનું ફળ જાણ્યા પછી થશે.

ચંદ્રાવલી — 'હું ધારું છું કે એટલું તો થશે, પણ હવે એવાં કાર્યમાંથી મારી બુદ્ધિનો અભ્યાસ વિરત થયો છે અને તેમાં એ બુદ્ધિ બહુ ચાલે એમ મને વિશ્વાસ નથી.'

મોહની — 'તેની કાંઈ ચિન્તા નથી. બીજું કાર્ય એ કે મધુરીની સંપ્રત્યત્મિકા પ્રતિનું આવરણ કેવી રીતે તોડવું એ તમે ગમે તો અમને

સુઝાડો અને ગમે તો જાતે તોડો.'

ચંદ્રાવલી — 'જેમ શ્રી અલખ પરમ જ્યોતિનું દર્શન થતાં હૃદયના લખગ્રંથિ જાતે ભિન્ન થાય છે ને સંશયમાત્ર છિન્ન થાય છે, તેમ અલખ મદનનો સૂક્ષ્મ અવતાર આમનાં હૃદયમાં સંપૂર્ણ કલાથી થશે તેની સાથે જ એની પ્રીતિના સંપ્રત્યય અને અભિમાનનાં તિમિર જાતે જ નષ્ટ થશે. માટે તેની ચિન્તા આપણે કરવાની નથી. આપણો તો ધર્મ આટલા જ બોધમાં છે કે *तप्तेन तप्तमयसा घटनाय योग्यम्* . [૧] એ ઘટનનો પ્રયત્ન કરતાં એમ જણાય કે બાહ્ય ઉપાધિ અને અંતરુપાધિ દૂર થવા છતાં ઘટન થયું નહીં. તો એમ સમજવું કે બેમાંથી એક પાસનું લોહ શીત હતું અને ઘટન નહીં પણ વિઘટન જ શ્રી પરમ અલખને ઇષ્ટ ગણવું. તેમ થતાં અલખની ઇચ્છામાં આપણી ઇચ્છાને સંગમ પમાડવી અને મધુરીને મારે માજી પાસે લઈ જવી.'

ભક્તિમૈયા — 'માજીની ઇચ્છા એવી હોય કે મધુરીને નવીનચંદ્રજીને જ સોંપવી તો તે તેમ કરશે.'

મોહની — 'વિહારમઠ તેમને ઉદાર આશ્રય આપશે.'

બિન્દુમતી — 'હા, ને માશીમૈયાનું હૃદય લપસી પડશે તો તેને પણ એ જ મઠ આશ્રય આપશે.'

ચંદ્રાવલી ચિડાઈ અને બિન્દુમતીનો હાથ ઝાલી ખસેડી નાખ્યો. સર્વ હસતાં હસતાં પાછળ ચાલ્યાં અને ચંદ્રાવલી અત્યંત ઊંડા વિચારમાં પડી આગળ ચાલી.

---

૧ . ઢીંચણ ર. લમણાં.

3 . એક યુવતી ઢીંચણ ઉપર હાથનો બાહુભાગ (કોણી સુધી) ટેકવી બેઠી. ને પલ્લવ જેવી નમતી હાથેલી ઉપર મુખભાગને ટેકવ્યો; ઊંચા સ્વરવગરના ઝીણા અવ્યક્ત મધુર ગાનને કંઠમાં પરિવર્તન કરાવવા - આળોટાવવા - લાગી અને ઉત્કંઠા ધરવા લાગી. - માઘ.

૪ . 'જરી કંઈ સંદેશો કહાવની!' એવું દૂતીએ કહ્યું ત્યારે લજ્જાને લીધે સુલોચનાએ કંઈ પણ જાણે ઉત્તર દીધો ન હોય એમ બોલી નહીં પણ કામનાં તીક્ષ્ણ બાણોએ રાત્રિદિવસ કૃશ કરી નાંખેલું પોતાનું શરીર હતું તેને જ માત્ર ધીમેથી એ જોઈ રહી. - માઘ.

૧ . પૂછીને શું કામ છે? તું હવે સત્વર અહીંથી એની પાસે ચાલ્યો જા! તારી તે પ્રિયાને મેં આખો દિવસ માર્ગે કેવી રીતે રોતી રોતી દીઠી તે સાંભળ! જે જે વટેમાર્ગુ મળે તે તું જ હોઈશ એવું જાણી ચમકી ડોક ઊંચી કરી કરી તેને એ જોવા લાગતી હતી, અને જોઈ જોઈને તે તું નથી એવું સમજાતાં તરત આંસુભરી પાછી વળતી હતી. - પ્રકીર્ણ.

૨ . અધિક મુગ્ધ તરુણીજન કાંતની પાછળ પોતાની સહીઓને મોકલતી હોય તેમ પોતાની દૃષ્ટિઓને મોકલતી હતી; તે દૃષ્ટિરૂપ સહીઓ કેવી હતી? મુગ્ધાના ગૂઢ પ્રેમને પ્રકટ કરવાની કળામાં પ્રવીણ, મધુર અને મુગ્ધાના ઇષ્ટજનનું ચિત્ત સારી પેઠે હરી લેનાર - આ સહીઓ જેવી દૃષ્ટિઓને અથવા દૃષ્ટિરૂપ સહીઓને એ મુગ્ધાએ પ્રિયની પાછળ મોકલી હતી. - માઘ.

3 . તારી કથા ચાલતી હોય છે ત્યારે આંગળીનાં ટેરવાં વડે ઘડીઘડી કાનના ડાબલાને તે સારી રીતે પૂરે છે; તેમ તે શા માટે કરે છે? તારા ગુણની વાતોનાં પૂમડાં એ કાનમાં આટલાં ભરાયાથી

એને તૃપ્તિ વળતી નથી અને તેમને તેમાં વધારે વધારે ઠાંસવા તેને વાસના થાય છે માટે એ આવું કરે છે. - માઘ.

૧ . સામે બારીનો ગોખ હતો તેના ભણી એ સ્ત્રી અતિ ઉત્સુકતાભરી ગઈ! અને ત્યાં જઈ, સૂર્ય અને અસ્તગિરિ વચ્ચેના ભાગનું પ્રમાણ એણે ઘડી ઘડી પોતાની દૃષ્ટિ વડે માપ્યું. - માઘ.

૨ . મધ્યાહ્ન કાળ થયો છે અને તાપની વેળાએ પર્વતદવના અગ્નિથી ભડભડાટ બળે છે તેમાંથી હરિણહરિણીનું જોડું મહાપ્રયત્ને નીકળી શક્યું અને તૃષાનું માર્યું એ જોડું જળ આગળ આવ્યું પણ જળ તો એક જ જણની રક્ષા કરી શકે એટલું હતું. આ બેમાંથી આ જળ કોણે પીવું? આણે જાણ્યું કે એ જીવે ને એણે જાણ્યું કે આ જીવે. એમ પ્રીતિથી પોતાના જીવનની ઉપેક્ષા કરી અને સામાનું જીવન ઇચ્છ્યું. પોતપોતાના મનમાં આમ ધારી, નર અને માદા પાણીમાં ખોટું ખોટું મોં બોળી રહ્યાં અને ‘તું પી, તું પી’ એમ એકબીજાને માત્ર કહેવા લાગ્યાં. તેનું ફળ એ થયું કે બેમાંથી કોઈએ પાણી પીધું નહીં અને પ્રેમી જોડું - રંક હરિણનું જોડું - વનમાં મરી ગયું. - પ્રકીર્ણ.

* *यदुभयो: साधारणमुभयत्रोदारं विशेषतो नायिकाया: सुविस्त्रब्धं तत्र दुतकर्म।।* (કામતંત્ર)

૧ . તપેલા લોહનો તપેલા લોહ સાથે યોગ યોગ્ય છે.

૨૨. સૂક્ષ્મ શરીરનો સૂક્ષ્મ કામ

" True Love ' s the gift which God has given
To man alone beneath the heaven ;
It is not fantasy ' s hot fire ,
Whose wishes, soon as granted, fly ;
It liveth not in fierce desire ,
With dead desire it does not die ;
It is the secret sympathy ,
The silver link, the silken tie ,
Which heart to heart and mind to mind ,
In body and in soul can bind .'

- Scott's Lay of the Last Minstrel

સાયંકાળે ત્રણે મઠની નિરીક્ષા કરવા વિષ્ણુદાસ પોતાના મઠના સર્વ અધિકારીઓને લઈ નીકળ્યા; અને તેમના અધિષ્ઠાતા અને અધિષ્ઠાત્રીઓને — તેમના મઠની સ્થિતિ, મઠસ્થ સાધુજન અને આગંતુક જન, મઠમાં ચાલતા સદભ્યાસ અને સદુદ્યોગ, સદ્વાસનાઓ અને અલખબોધન, આદિ વિષયો વિશે વિવિધ પ્રશ્નો પૂછ્યા, વિવિધ સૂચનાઓ કરી, અને સાથે આવેલા સરસ્વતીચંદ્રને એ સર્વ વ્યવસ્થા પગે ચાલતાં ચાલતાં સમજાવી. ચન્દ્રોદયકાળે યમુનાકુંડ પાસે ચોકમાં વિહારમઠની સ્ત્રીઓએ રાસલીલા નાટકરૂપે ભજવી. કેટલીક સ્ત્રીઓએ કૃષ્ણના વેશ લીધા હતા અને બાકીની સ્ત્રીઓ ગોપીઓ થઈ હતી. એક સ્ત્રી રાધા થઈ હતી અને પાંચછ સખીઓ થઈ હતી. પ્રથમ ગોકુળના ગૃહસંસારનો પ્રવેશ અને તેમાં ગોપીઓના ગૃહવ્યવહારનું નાટક ભજવાયું અને તે કાળે માત્ર મોરલીનો અવ્યક્ત દૂરથી આવતો સ્વર સાંભળતી ગોપિકાઓ ચમકતી હતી અને ગૃહ છોડી મધુવનમાં જવા તત્પર થઈ. બીજા પ્રવેશમાં કદમ્બ ઉપર કૃષ્ણ મોરલી વગાડતા હતા ત્યાં તેમને શોધતી શોધતી ગોપિકાઓ વિલ્વલ જેવી આવી, અને કમળની આસપાસ મધુકરીઓનું ટોળું ભમે અને ગુંજારવ કરે તેમ કરવા લાગી. ત્રીજા પ્રવેશમાં એ વૃક્ષ પાસે અનેક રૂપે કૃષ્ણ અને અનેક ગોપિકાઓનો રાસ થયો તેમાં સંગીત, વાદ્ય અને નૃત્યનો ઉત્તમ સંવાદ યોજ્યો હતો. ચોથા પ્રવેશમાં રાધા અને સખીઓ એ મંડળમાંથી જુદી પડી અને રાધા કૃષ્ણ સાથે અદ્વૈતવાસના સંગીતથી દર્શાવવા લાગી. પાંચમા પ્રવેશમાં રાધાકૃષ્ણનું યમુનાતીરે પરસ્પરલીન સંગીત અને નૃત્ય થયું અને રાસલીલા સમાપ્ત થઈ. પ્રવેશારંભે અને પ્રવેશાંતે ભજવાયેલા અને

ભજવવાના ભાગનું રહસ્ય સ્પષ્ટ કરવાનું કામ મોહિની કરતી હતી. તે સર્વને અંતે મોહિનીએ પોતાના આતિથેયનું સુપાત્ર થયેલી મધુરીનું સર્વ સાધુંમડળને અભિજ્ઞાન કરાવ્યું, અને તેની બુદ્ધિ, વિદ્યા, રસિકતા અને વિપત્તિઓનું દર્શન કરાવવા ‘માજી, મને કોઈ જોગી મળ્યો ને વાત કરીને વાહી’ — એ મધુરીનું જોડેલું ગીત બિંદુમતી પાસે ગવડાવ્યું, અને અંતે ‘નંદકો નંદન એક આનંદ દેત હૈ’ એ ગર્જના કરતું કરતું સર્વ મંડળ લગભગ મધ્યરાત્રિએ છૂટું પડ્યું, અને દૃષ્ટ અને શ્રુત પદાર્થોની ચર્ચા કરતું કરતું સ્વસ્થાનકોમાં ગયું અને નિદ્રાવશ થયું.

સર્વ નિદ્રાવશ થયાં પણ કુમુદ અને તેના ઉપર વત્સલ થયેલું મંડળ જાગૃત રહ્યું અને બીજો એક પ્રહર વાર્તામાં ગાળ્યો. તેઓ સર્વ મઠમાં આવ્યાં હતાં, પણ ચંદ્રાવલી આવી ન હતી અને ભક્તિ અને વામની પણ છેટેછેટે તેની પાછળપાછળ ગયાં હતાં. પ્રાત:કાળ પહેલાં એક પ્રહર બાકી રહ્યો ત્યારે એ ધીમી ધીમી વાતો કરતાં પાછાં આવ્યાં અને મોહનીને એકાંત બોલાવી કંઈક વાત કરી તેઓ સમેત સર્વ નિદ્રાવશ થયાં. સૂર્યોદય પહેલાં તો રાસલીલા, ગુરુજીએ કરેલી નિરીક્ષા, મધુરીનું જોડેલું ગીત, નવીનચંદ્ર, આદિ અનેક વિષયોની વાતો સર્વ સ્ત્રીમંડળમાં ચાલી રહી, પણ આજ ભિક્ષાપર્યટનનો દિવસ હતો તેથી આ બહુ પહોંચ્યું નહીં અને કુમુદ નિદ્રામાંથી જાગી તે વેળાએ સર્વ મંડળ અલખ જગાવવા નીકળી પડ્યું હતું અને બધો મઠ નિર્મક્ષિક થયો હતો. આખા મઠમાં માત્ર પોતે, મોહની, ચંદ્રાવલી અને બિન્દુમતી રહેલાં કુમુદની ઊઘડતી આંખને દેખાયાં. સ્નાનાદિ આટોપવામાં બિન્દુ કુમુદને કામ લાગી, અને સર્વ પ્રાતરાહ્નિકમાંથી પરવારી રહ્યાં એટલે મઠના દ્વારમાં અને તેનાં પગથિયાં ઉપર રહેલું મંડળ બેઠું અને ગોષ્ઠી કરવા લાગ્યું.

‘બિન્દુ, આજ કયા જ્ઞાનની ગોષ્ઠી કરીશું?’ મોહનીએ પૂછ્યું.

‘હું તો શ્રીકૃષ્ણપરમાત્માને વરી છું તેને બીજું જ્ઞાન શું જોઈએ? પણ રાધાજી જેવી પરાભક્તિનો રસ ઘટ થાય એવી કળા હોય તો બતાવો.’ બિન્દુ બોલી.

મોહની — ‘સ્થૂલ શરીરમાં સ્થૂલ કામ અને સ્થૂલ પ્રીતિની ઉત્પત્તિ છે. સ્થૂલ વિષયમાંથી સૂક્ષ્મ શરીર, સૂક્ષ્મ કામ અને સૂક્ષ્મ પ્રીતિ એ ત્રણ અલખ ભાગને લખ કરવા, અને તેમાંથી અન્તે પરાભક્તિના અલખ અદ્વૈતને લખ કરવું અને અનુભવવું એ મહાકળા રસજ્ઞ દક્ષ સ્ત્રીના સૂક્ષ્મ દેહને સહજ છે.’

બિન્દુમતી — ‘તે કેમ થાય?’

મોહની — ‘બે પુરુષોની અથવા બે સ્ત્રીઓની મિત્રતામાં સ્થૂલ કામ હોઈ શકતો નથી, પણ સ્ત્રીપુરુષનો સમાગમ જન્મથી કે સ્થૂલ કામથી પ્રગટ થાય છે. માતાપુત્ર, ભાઈબહેન, આદિના સમાગમ જન્મથી પ્રકટ થાય

છે. એથી સ્થૂલ પ્રીતિ મનુષ્યજાતિમાં થતી નથી અને થાય તો અનર્થ અને અધર્મ્યતાનું શિખર જ ગણવું. એવા સમાગમથી માત્ર સૂક્ષ્મ કામ અને સૂક્ષ્મ પ્રીતિ જ પ્રકટ થવી જોઈએ. જે સ્ત્રીપુરુષ આમ સૌન્દર્યાદિથી સંબદ્ધ નથી, તેમને ક્વચિત્ આરંભથી જ સૂક્ષ્મ પ્રીતિમાં પડેલાં દેખીએ છીએ. પણ ઘણુંખરું તેઓના પ્રથમ સમાગમ સ્થૂલ કામથી જ બંધાય છે અને સંસારનાં કામસૂત્ર તેને માટે જ બંધાયેલાં છે. આપણા અલખ માર્ગમાં અલખના લખસ્વરૂપનો આદર રાખી અલખનું બોધન થાય છે, માટે સ્થૂલ કામાદિને આદર આપવામાં આવે છે પણ તે એવી વાસનાથી કે આ સ્થૂલ વિષયમાંથી સૂક્ષ્મ વાસનાઓ એટલે સૂક્ષ્મ કામ ઉત્પન્ન થાય. આપણાં શરીર સ્થૂલ પાર્થિવ છે, તે સ્થૂલ અન્નાદિથી પોષણ પામે છે, સ્થૂલ કામથી પ્રવૃત્ત થાય છે, અને સ્થૂલ ભોગ ભોગવી સ્થૂલ પ્રીતિ પામે છે. આ સ્થૂલ લખ સૃષ્ટિમાંથી નિવૃત્ત થવા ઇચ્છનાર સૂક્ષ્મ સૃષ્ટિ શોધે છે. આપણા સ્થૂલ શરીરમાં સૂક્ષ્મ દેહ અંતર્ગત થઈ રહે છે અને એ અલખ સૂક્ષ્મ દેહની અલખ શક્તિનું ઉદ્‌બોધન કર્યાથી સૂક્ષ્મ વાસનાઓ અને સૂક્ષ્મ કામ પ્રકટ થાય છે. લખ પદાર્થોના અલખ ધર્મોનું જ્ઞાન આ વાસનાઓને અને આ દેહને પોષે છે. લખનું સૂક્ષ્મ જ્ઞાન તે સૂક્ષ્મ શરીરનું અન્ન છે અને તે અર્ધું સ્થૂલ અન્નની પેઠે બાહ્ય સંસ્કારથી અને અર્ધું પરમ જ્ઞાનની પેઠે અલખ ચેતનના અંત: સ્વભાવથી સૂક્ષ્મ શરીરને પ્રાપ્ત થાય છે. *અથાતો ધર્મજિજ્ઞાસા, અથાત: કર્મજિજ્ઞાસા, અથાતો બ્રહ્મજિજ્ઞાસા* આદિ વાક્યામાં કહેલી સર્વ જિજ્ઞાસાઓ તે આવા સૂક્ષ્મ કામનું એકરૂપ છે અને તેના ભોગથી ગુરુશિષ્ય અને મિત્રાદિ વર્ગ સૂક્ષ્મ પ્રીતિને પામે છે. અલખ માર્ગમાં મધ્યમાધિકારીઓ અનેક શાસ્ત્રોનાં સૂક્ષ્મ જ્ઞાનાન્નથી પોષણ પામે છે. સ્થૂલ અન્નથી જેમ સ્થૂલ કામનાં દીપનાદિ થાય છે તેમ આ સૂક્ષ્મ જ્ઞાનથી સૂક્ષ્મ વાસનાઓનાં દીપનાદિ થાય છે. જે દમ્પતીઓ સ્થૂલ મદનના પ્રભાવથી વ્યતિષક્ત થયાં હોય અને તે પછી જેમનામાં વિદ્યા, ભક્તિ આદિથી સૂક્ષ્મ દેહ દૃઢ બંધાયો હોય છે તેમનામાં આવી સૂક્ષ્મ વાસનાઓ પ્રકટ થાય છે. આ સૂક્ષ્મ કામના ભોગને અર્થે સ્ત્રી અને પુરુષ સમાગમ રચે છે ત્યારે પુરુષની બુદ્ધિ જે દાન કરે છે તે સ્ત્રીની વૃત્તિથી પોષણ પામે છે. લખસંસારની સર્વ ઉચ્ચનીય ઘટનામાં જ્યાં જ્યાં આવા સમાગમ થાય છે ત્યાં ત્યાં સ્ત્રીપુરુષનાં સૂક્ષ્મ શરીર સૂક્ષ્મ કામથી રસાવિષ્ટ થાય છે. સ્થૂલ કામભોગમાં રસાવિષ્ટ પ્રાણીઓ સલિલમાં પ્રવેશ કરતાં હોય, ક્ષીરમાં જળ અને જળમાં ક્ષીર સંગત થતાં હોય, એવાં સ્થૂલ સંગત જીવનની વાસના રાખે છે. તેવી જ રીતે સૂક્ષ્મ કામ સૂક્ષ્મ શરીરોના ક્ષીરજલ જેવા સમાગમની વાસના રાખે છે. રામસીતાના સૂક્ષ્મ કામ અને સૂક્ષ્મ ભોગ આવા જ હતા. માઘ કવિ *ગૃહિણિ ગહનો જીવનવિધિ :* કહી સૂક્ષ્મ વાસનાને બળે મરણ પામતાં પામતાં ધર્મપત્નીના કરપલ્લવના આશ્રયમાં રહી નિર્વાણ પામ્યો. શ્રીકૃષ્ણે ઉદ્ધવનો ઉપદેશ સાંભળ્યો તે એમના હૃદયમાં રહેલાં લક્ષ્મીજીએ હૃદયમાંથી સાંભળ્યો એવું માઘે વર્ણવ્યું [૧] છે તે ઉત્પ્રેક્ષા પણ

આ સૂક્ષ્મ પ્રીતિના બનેલા અદ્વૈતને જ ઉદ્દેશીને છે. જયદેવકવિજીના મુખની અષ્ટપદી પદ્માવતીના સૂક્ષ્મ દેહે જ સાંભળી હતી. સ્થૂલ વાસના ને પ્રીતિ વૃદ્ધાવસ્થામાં ક્ષીણ થાય છે, શારીરિક દુ:ખી ગ્રસ્ત થાય છે, જીર્ણ થાય છે તેમ તેમ જીર્ણ ઇષ્ટજનનો મોહ છોડી અન્ય જનને ઇષ્ટ ગણવા લલચાય છે, ભોગાંતે શ્રાંત કરે છે અને શ્રાંતિને અંતે પુનરુદ્દીપન કરી શ્રાંતિ અને દીપનની ઘટમાળ ચલાવ્યાં કરે છે, એમાં સ્થૂલ શરીરનું સત્ત્વ નષ્ટ થાય છે, અને સૂક્ષ્મ શરીર મૂઢ થાય છે, અને જેમ જેમ કાળ જાય છે તેમ તેમ માત્ર વ્યસનીના વ્યસન જેવું શુષ્ક નીરસ અને પ્રસંગે દુ:ખદ થઈ પડે છે. સૂક્ષ્મ શરીરની વાસનાઓનાં લક્ષણ આ સર્વ વિષયમાં આથી વિપરીત જ ગણી લેવાં. આમરણાંત સૂક્ષ્મ પ્રીતિની જ્વાળા જ્વળી શકે છે, સુખદુ:ખમાં અદ્વૈત રહે છે, સર્વાવસ્થામાં અનુગુણ રહે છે, કાળ એને અસ્ત નથી કરતો પણ એનાં આવરણનો નાશ કરે છે. વધારે કાળ જાય તેમ એ પ્રીતિ પ્રીતિના સારરૂપે પરિણામ પામે છે, અને જરાવસ્થાથી વૃદ્ધ વયની વિકલતાથી તેનો રસ નષ્ટ થતો નથી એવું સત્યાનુભવી ભવભૂતિનું વચન છે. સૂક્ષ્મ પ્રીતિ ધરનાર દમ્પતીના સૂક્ષ્મ ભોગને સ્પર્ધાનો ભય નથી ને વ્યભિચારની અશક્યતા છે. આ સૂક્ષ્મ ભોગાંતે શ્રાંતિ નહીં પણ શાંતિ પ્રકટે છે. એ કામનું દીપન ભોગથી હોલાતું નથી પણ તેની અખંડ જ્વાળા બળ્યાં કરે છે. દીવામાં જેમ તેલ અને પ્રકાશનો સતત સહચાર રહે છે, તેમ સૂક્ષ્મ કામનો અને તેના ભોગનો સહચાર રહે છે, દીપન અને શાંતિનો સહચાર રહે છે, અને ભોગ અને પ્રીતિનો સહચાર રહે છે. શ્રી અલખના પરમ આનંદરૂપ ને આ સહચારના આનંદમાં એટલું સામ્ય છે કે સૂક્ષ્મ પ્રીતિના જીવનમાં અલખના પરાનંદનો બોધ અલખનું જ્ઞાન થતાં જાતે જ પ્રગટે છે; જેમ વાદ્યકળાના પ્રવીણ જન પાસે નવું વાદ્ય આવતાં તે વગાડવાની કળા તેનામાં તરત આવે છે, તેમ સૂક્ષ્મ પ્રીતિના અનુભવીને પરાનંદનું સ્થાન પ્રાપ્ત થતાં એ આનંદનો અનુભવ સાહજિક કળાથી પ્રાપ્ત થાય છે. એટલું જ નહીં પણ સ્થૂલ પ્રીતિને વિયોગ અને મરણ એ બે શોકનાં કારણ થઈ પડે છે ત્યારે સૂક્ષ્મ પ્રીતિ તે કાળે પણ પૂર્વવત્ ભોગ પામી શકે છે, કારણ એને સ્થૂલ શરીરની અપેક્ષા નથી. તેનાં દૃષ્ટાંત જોવાં હોય તો મારા સ્થૂલ શરીરને વૈધવ્ય પ્રાપ્ત થયું છે ને ચંદ્રાવલીને સ્થૂલ વિયોગ છે છતાં, મધુરી, તું જો કે અમારી સૂક્ષ્મ પ્રીતિ ઇંધન વિનાના અગ્નિ પેઠે અસ્ત થઈ નથી, પણ રત્નપ્રદીપ પેઠે જેવી યોગમાં હતી તેવી જ વિયોગમાં, ઇંધનની અપેક્ષા વિના, હજી પ્રકાશમય છે.'

ચંદ્રાવલી — 'મધુરી! તારી પ્રીતિ પણ સૂક્ષ્મ છે.'

કુમુદ — 'માટે જ તે અંધકારમાં અખંડિત રહી છે ને નથી નાશ પામતી ને નથી નાશ પામવા દેતી! અને માટે જ હું માજીના ચરણમાં સ્થૂલ શરીરને રાખી સૂક્ષ્મને ભટકવું હોય ત્યાં ભટકવા દઈશ.'

ચંદ્રાવલી — 'તું નિરાશ થઈ છે.'

કુમુદ — ‘આશા નિરાશા છે ત્યાં નિરાશા જ આશા છે.’

ચંદ્રાવલી — ‘સ્થૂલ કામને સંયમમાં રાખી સૂક્ષ્મ કામના ભોગની જ તને વાસના હોય તો તે ધર્મ્ય છે ને લભ્ય છે.’

કુમુદ — ‘સ્થૂલ કામને હું દેખતી નથી, ને સૂક્ષ્મ કામ દુ:ખાગ્નિમાં સૂક્ષ્મતમ ભસ્મરૂપ થાય એવું માજી પાસે માગું છું.’

ચંદ્રાવલી — ‘દુલારી, જે મહાત્માને માટેની તારી સૂક્ષ્મ વાસનાઓ શાંત થતી નથી તેને મેં કાલ જોયા. વિષ્ણુદાસજી અને મધુરી ઉભયના પરમ પક્ષપાતનું એ ઉચિત સ્થાન છે તે તેની આકૃતિ ઉપરથી જણાય છે. *आकृतिर्गुणान् कवयति।’*

કુમુદ — ‘હોય તો યે શું ને ન હોય તો યે શું?’

મોહની — ‘એમ કેમ કહેવાય? તમ જેવાના સૂક્ષ્મ કામ તૃપ્ત થાય તો તમને પણ કલ્યાણ ને જગતનું પણ કલ્યાણ.’

કુમુદ — ‘એ કલ્યાણ કરવાનો અધિકાર મધુરી જેવી ક્ષુદ્ર કીડીને ક્યાંથી હોય?’

મોહની — ‘રાસલીલા તેં જોઈ, પણ તેનું રહસ્ય તું ભૂલી ગઈ. બિન્દુમતી! શ્રીકૃષ્ણના અધર ઉપર ચડેલી મોરલીની વંશપ્રશસ્તિ કાલ ગવાઈ હતી તે ગા.’

બિન્દુમતી ગાવા લાગી:

* *બહુત...ગુમા...ન...ભરી...રે, મોરિલયાં! તું બહુત૦ (ધ્રુવ)*

બંસરિયા! તું બહુત...ગુ...મા...ન...ભરી રે! મો૦

મેં સૂતી’તી અપને મહેલમેં, તેં મેરી નિંદ હરી રે! મો૦

જાતવર્ણ તેરી સબ કોઈ જાને, તું જંગલકી લકડી રે! મો૦

કૃષ્ણજીવન તું કો મુખસે લગત હૈં, કરસંગત સધરી રે! મો૦

મોહની — ‘મધુરી! તું નવીનચંદ્રના મુખ ઉપર આવી મોરલી થા ને અમને મોહ પમાડે એવું તેના પ્રભાવથી ગા.’

ચંદ્રાવલી — ‘કાલ બંસીધૂન ગવાઈ હતી તે પણ ગા.’

બિન્દુમતી — ‘બંસીધૂ...ન...બ...જ...ર...હી.

બંસીધૂ...ન...બ...જ...ર...હી.

શ્રીજુમના કે તી...ર! બંસી૦

સુરવર મોહ્યા, મોટા મુનિવર મોહ્યા,

મોહ્યા મોહ્યા ગન્ધર્વ અખિલ! બંસી૦ (અનેક વાર)

બંસી રે સુનકર ગઈ બ્રજબાલા,

વીસર્યો આ તનકો ચીર! બંસી૦

બંસરી સુનકર...ર...ગઈઆં રે બીસરી.

બછુવા તજ ગયો ખીર! બંસી૦ (અનેક વાર)

સુરદાસ હરિ બંસી મુખસેં બજાવે,

સ્થિર રહ્યો શ્રી મહારાણીજીકો નીર! બંસી૦' (અનેક વાર)

ચંદ્રાવલી — 'મહાત્માના હાથમાં જઈ તેને મુખે ચડી એક જડ બંસરી જગતને આટલું કલ્યાણ આપે છે તો મધુરી જેવી મેધાવિની સુંદરી નવીનચંદ્ર જેવા દક્ષિણ જનના હૃદયમાં વસી કોનું કોનું શું શું કલ્યાણ નહીં કરે?'

કુમુદ — 'મને તે અધિકાર નથી ત્યાં પછી વધારે વાત શી?'

ચંદ્રાવલી — 'આ ત્રણે મઠના ગુરુજીનો અને સર્વ સાધુ સ્ત્રીપુરુષોના પક્ષપાત જેને આજ આ ઉત્તમોત્તમાધિકારે મૂકે છે તેના ઉપર શું તને પક્ષપાત નથી? શું તારું હૃદય તેના લોભનો ત્યાગ કરી શકશે?'

કુમુદ — 'આ સર્વ પાપ અને વિપત્તિ એ દુષ્ટ હૃદયને માથે જ છે.'

ચંદ્રાવલી — 'તું હજી મુગ્ધ છે, પણ હું તારો ને તેનો યોગ કરી આપીશ. તારું સ્થૂલ શરીર તારે જેને વશ રાખવું હોય તેને વશ રાખજે, પણ સૂક્ષ્મ શરીર સૂક્ષ્મ કામના સ્વામીને વશ કરવું પડશે. તે પછી તે તને સ્વતંત્ર રાખે તો માજીની પાસે આવજે ને તને અસ્વતંત્ર રાખે તો તેની ઇચ્છાને વશ થજે. આમાં તને કાંઈ બાધ નથી. મધુરી! તારે એ મહાત્માને પત્ર લખવો હોય કે સંકેત કરવો હોય કે સંજ્ઞા કરવી હોય કે જે કંઈ ઇષ્ટ હોય તે તૈયાર કરી રાખજે. તારી સૂક્ષ્મતમ વાસના હું સમજી શકી છું, અને તું જાતે નહીં ચાલે તો અમે તને ઊંચકીને લઈ જઈશું ને *પૃથિવ્યા યઃ શરણં સ તવ સમીપે વર્તતે* એવું કહી સખીજને શકુન્તલાને દુષ્યન્તને શરણે નાંખી હતી તેમ અમે પણ તને નાંખીશું અને ત્યાં તારું અભિજ્ઞાન કે સત્કાર નહીં થાય તો માજીનું મન્દિર ને ચંદ્રાવલીનું હૃદય તારે માટે સર્વદા સજ્જ છે. માટે સમય આપું છું તેમાં સજ્જ થજે.'

ચંદ્રાવલી ઊઠી બહાર ગઈ.

બિંદુમતી તેને થોડે સુધી મૂકી આવી ને આવતી આવતી ગાવા લાગી:

'રતિસુખસારે ગતમબિસારે મદનમનોહરવેશમ્।

ન કુરુ નિતમ્બિનિ ગમનવિલમ્બનમનુસર તં હૃદયેશમ્।।

ધીરસમીરે યમુનાતીરે વસિતે વને વનમાલી

ગોપીસૂક્ષ્મશરીરવિશોધનઞ્ચલલોચનશાલી।। [૧]

'મધુરીમૈયા! સૂક્ષ્મ શરીરના વિશોધન માટે આવા મહાત્માનો દૃષ્ટિપાત તારા પર થાય તો તે તારે સ્વીકારવો જોઈએ.'

'ચંદ્રાવલીમૈયા! સૂક્ષ્મ પ્રીતિને માટે — પણ અભિસરણ કરું એવી હું નથી -' જાગી હોય તેમ કુમુદ બોલી ઊઠી.

મોહની — 'ચંદ્રાવલી તો ગયાં. તારું શું મનોરાજ્ય ચાલે છે કે તેને દેખતી નથી, ને નથી તેને બોલાવે છે?'

કુમુદ સાવધાન થઈ બોલી: 'ક્ષમા કરો, મોહનીમૈયા! શું ચંદ્રાવલીમૈયા મને અભિસારિકા કરવી ધારે છે?'

મોહની— 'ચંદ્રાવલી જેવી પ્રવ્રજિતા જ્યારે દૂતીકર્મ કરશે ત્યારે અભિસરણ કરવામાં શરમાનારી તું તે કોણ વારુ?'

કુમુદ — 'શું ચંદ્રાવલીમૈયા દૂતીકર્મ કરે છે? એ બોલો છો શું?'

મોહની — 'તું સાંભળે છે તે.'

કુમુદ — 'કેવી રીતે?'

મોહની — 'રાત્રે વિહારપુરીને મળી આવ્યાં. નવીનચંદ્રજી ચંદ્રાવલીની વાર્તા સાંભળે એવો યોગ કરી વિહારપુરીજીએ પછી ભિક્ષાર્થે જવું અને પર્યટનકાળે એકાન્ત શોધી ગુરુજીની સંમતિ પણ માગી લેવી એટલી યોજના વિહારપુરીએ ને ચંદ્રાવલીએ કરી છે. તે યોજના પ્રમાણે ચંદ્રાવલી નવીનચંદ્રને શોધવા અત્યારે ગયાં.'

કુમુદના મુખ ઉપર વેદના અને ગૂંચવાડો જણાયો. 'આ શું કર્યું બધું? મોહનીમૈયા! મને ગિરિરાજ ઉપરથી નીચે ઊતરવાનો માર્ગ બતાવો. મેં નવીનચંદ્રજીનાં દર્શન કર્યાં. હવે તેથી વધારે મારે તેમને નથી મળવું.'

મોહની — 'ચંદ્રાવલીની આજ્ઞા તોડવાનો તને શો અધિકાર છે?'

કુમુદ — 'મારે પતિત નથી થવું.'

મોહની — 'આર્ય ધર્માભિમાનિની! તું શું એમ સમજે છે કે પોતાના હૃદયને અને સૂક્ષ્મ અભિલાષોને જોખમમાં નાખી, અંગારા ઉપર ચાલવાની છાતી ચલવી, તારા ઉપરની પ્રીતિને લીધે, ચંદ્રાવલી જેવાં વિરક્ત સાધુજન

વિહારપુરી પાસે રાત્રે એકાન્તે ગયાં હશે — ઊભાં હશે — તે સર્વ તને પતિત કરવાને માટે? તારો અને તેમનો પોતાનો ધર્મ શું તારા કરતાં ઓછો સમજે છે અને ઓછો ઇચ્છે છે? આ બે મઠનું અધિષ્ઠાત્રીપણું આટલા દિવસ તેમણે એવી ધર્મનિપુણતાથી, કાર્યદક્ષતાથી, અને ઉદ્દાત્ત સૂક્ષ્મ બુદ્ધિથી કર્યું છે કે પરમ પવિત્ર વિષ્ણુદાસજી બાવા પોતે એ ચંદ્રાવલીનાં હૃદયમાં કંઈ વાસના થઈ જાણે તો વગર પ્રશ્ને તેને પવિત્ર જ માની લે એમ છે. એ ચંદ્રાવલી તને અધર્મને માર્ગે રજ પણ સરવા દે એવી આશા જેવી વ્યર્થ તેમ તેવી ભીતિ અકારણ અને બાલિશ છે.'

બિન્દુમતી — 'મધુરીમૈયા! તારાં સ્થૂલસૂક્ષ્મ ઉભય શરીરનું સંપૂર્ણપણે રક્ષણ કરી તારે અભિસાર કરવાનું થાય એવી જ યોજના થશે.'

કુમુદ — 'જેને આવા સાધુજન આમ પૂજે છે, જેને એ સર્વ મહાત્માઓ વિરક્ત જાણી આનંદ પામે છે, જેની પવિત્ર સ્થિતિ તમે કાલે જ પ્રત્યક્ષ કરાવી, તેને એ સ્થાનમાંથી હું ચલિત નહીં કરું. ચંદ્રને જેમ દૂરથી જ જોઈ કુમુદ પ્રફુલ્લ થાય છે તેથી વધારે મધુરી નહીં કરે.'

મોહની — 'તારા જડ સ્થૂલ શરીરને એ જડ કુમુદ જેવું રાખજે અને તારા સૂક્ષ્મ ચેતન શરીરને ચેતન સમક્ષ ચકોર જેવું કરજે. તારા ચંદ્રના હૃદયમાં કોઈ ઊંડી વેદના છે એવું વિહારપુરી મૂળથી ધારે છે અને હવે તેમની કલ્પના એવી થઈ છે કે તે વેદના તારે માટે જ હોવી જોઈએ. વિહારપુરીજીએ તારા ચંદ્રના સંબંધમાં ચંદ્રાવલીને બેત્રણ વાનાં કહેલાં છે તે સાંભળ.

रञ्जिता न ककुमो निषेविता

नार्चिषो बत चकोरचक्षुषु।

कष्टमिन्दुरुदये निपीयते

दारुणेन तमसा बलीयसा।। [૧]

વળી બીજું કહ્યું છે કે —

यस्योदयेनैव दिशां प्रसाद :

तापापनोदोऽपि जगत्त्रयस्य।

चकोरचञ्चुपुटपारणे तु

चन्द्रस्य तस्यास्ति कियान् प्रयास:।। [૨]

મધુરી આ આશાના સુધાબીજનું પ્રાશન કર અને વિપરીતકારિણી મટી ઉચિતકારિણી થા અને સુન્દરગિરિના પુણ્ય આશ્રમના આશ્રય વડે સંસારની ભ્રષ્ટ વંચનાઓમાંથી મુક્ત થઈ શુદ્ધ ધર્મ અને રસની વૃદ્ધિને સ્વીકાર. એ સંપ્રદાય પ્રમાણે તો તારું સ્થૂલ શરીર પણ તારા પરિશીલક

જને વનિત કરેલું છે, પણ ચંદ્રાવલીમૈયા તારા ઉપર એટલા વત્સલ છે અને સંસારીઓના ધર્મનાં સુજ્ઞ છે કે તેમણે તારા સ્થૂલ શરીરે તારા સંપ્રત્યયને વશ રહેવા દઈ માત્ર સૂક્ષ્મ પ્રીતિનો યોગ યોજ્યો છે. તારા શરીરનો ઈશ જેને ગણવો હોય તેને ગણજે, પણ તારા હૃદયનો ઈશ તો એક જ છે. એ હૃદયેશને અનુસરવું તેને તું અભિસરણ કહે કે અનુસરણ કહે પણ તે તારો ધર્મ સૂક્ષ્મ છે તે પળાવવાને ચંદ્રાવલીનું વિરક્ત ચિત્ત ચિન્તા કરે છે.'

બિન્દુમતી — 'એ તો એસ્તો. મધુરીબહેન! રાત્રિ આવશે અને આમનું આમ કરશો તો ગઈ વેળા પાછી નહીં આવે ને પસ્તાશો.'

કુમુદે આ વાત કાન ધરી નહીં. સૌની પાસેથી તે ઊઠી અને રાત્રે જે બારી આગળ બેઠી હતી ત્યાં જઈ બેઠી. બિન્દુમતી બોલ્યાચાલ્યા વિના એની પાસે કાગળ, ખડિયો ને કલમ મૂકી આવી ને મોહનીને પૂછવા લાગી: 'હવેનો વિધિ?'

'એ બારીએ તાળું છે તે રાખજે ને જોડેની બારીએ સળિયા છે તે ઉઘાડી રાખજે. એની પાસે શય્યા પાથરી રાખજે. એ આઘીપાછી જાય તે દૃષ્ટિમાં રાખજે ને બાકી એકાંતમાં જ રહેવા દેજે. એકાન્ત એ જ હવેનો વિધિ છે. હું હવે મારા આહ્નિકમાં ભળું છું.'

---

૧ . *इति विशकलितार्थामौंध्दवीं वाचमेनाम् अनुगतनयमार्गामर्गलां दुर्नयस्य।*
जनितमुदमुदस्थादुच्चकैरुच्छ्रितोर: स्थलनियतनिषण्णश्रीश्रुतां शुश्रुवान् स:।। - माघ

* પ્રાચીન

૧. રતિરસ મનમાં વાંછી વનમાં વિચર્યા હરિ, અલબેલી!

વિલમ જવામાં કર મા હાવાં, વાલમને મળ વહેલી!

યમુનાતીરે વનવા ધીરે વાયે ત્યાં વનમાળી

સૂક્ષ્મ પ્રીતિનો ભોગી નાગર વાટ જુએ તુજ, વહાલી!

- ગીતગોવિંદ, રા. કેશવલાલ હ. ધ્રુવકૃત ભાષાંતર

૧. અરેરે! હજી તો ચંદ્રે દિશાઓ રંગી નથી કે ચકોરની ચાંચમાં પોતાનો પ્રકાશ સીંચ્યો નથી અને તેટલામાં જ આ દારુણ અને વધારે બળવાળો રાહુ, ચંદ્ર ઊગતામાં જ એને પી જાય છે. -પ્રકીર્ણ.

૨. જેના ઉદયથી જ દિશાઓ પ્રસન્ન થાય છે અને ત્રણે ભુવનના તાપ શાંત થાય છે તે ચંદ્રને એક અપવાસી ચકોરના ચંચૂપુટને પારણાં કરાવવામાં તે કેટલો પ્રયાસ પડવાનો હતો? - પ્રકીર્ણ.

૨૩. સરસ્વતીચંદ્ર અને ચંદ્રાવલી

** ઈदृशानां विपाकोऽपि जायते परमाद्भुतः।*

यत्रोपकरणीभावमायात्येवंविधो जनः।। - भवभूति

સાધુઓ ભિક્ષાર્થે જાય ત્યારે સરસ્વતીચંદ્ર એકલો આશ્રમમાં રહેતો અને તેની સાથે વિહારપુરી અને રાધેદાસ તથા આશ્રમ સંભાળનાર એક-બે જણ રહેતા. આજ તો વિહારપુરી પણ ભિક્ષાર્થે ગયો હતો. આશ્રમ પાછળની ગુફામાં સરસ્વતીચંદ્ર એકલો ફેરા ફરતો હતો. રાધેદાસ આગલા દ્વારને ઓટલે બેઠો બેઠો વાંચતો હતો. આશ્રમ સંભાળનાર સાધુઓ સ્વયંપાકાદિ કાર્યની તૈયારી કરતા હતા.

સુરગ્રામના દર્શનને દિવસે સરસ્વતીચંદ્રના મસ્તિકમાં કંઈ કંઈ નવા સંસ્કાર ભરાવા પામ્યા હતા. ગિરિ ઉપરથી ઊતરતાં અનભિજ્ઞાત કુમુદ મળી અને તેનાં ઇંગિતે તેમ સાધુજનોનાં વિનોદવાક્યોએ એના તર્કને પક્ષીઓ પેઠે ઉરાડ્યા, પર્વત નીચે સુરગ્રામની યાત્રામાં મહેતાજી અને તેનાં વર્તમાનપત્રોએ તો એના મસ્તકમાં મધપૂડો જ ઉરાડ્યો. કુમુદ, સૌભાગ્યદેવી, પ્રમાદધન, બુદ્ધિધન, લક્ષ્મીનંદન, સામંત, આદિના અનેક કૌટુંબિક સમાચાર, આદિ અનેક વસ્તુઓ વર્તમાનપત્રમાંથી જાણી લીધી હતી તેના દંશ મસ્તિકમાં લાગવા લાગ્યા. ગઈ કાલની રાસલીલાને અંતે કુમુદનું જોડેલું ગીત ગવાયું તેના અર્થભાનથી તો આ સર્વ વિચારો કરતાં કરતાં વચ્ચે તે ચમકતો હતો.

'શું આ મધુર કોમલ કાન્તિવાળી મધુરી તે કુમુદ? સુભદ્રાના મુખ આગળ કુમુદ ડૂબી તણાયેલી માનચતુરને જડી નહીં, પણ નદીના મુખ આગળના બેટથી ચડીને અહીં આવેલી મધુરીની કાંતિ કુમુદ જેવી નથી? અત્યંત દુ:ખથી તે ચિત્રની છાયા ઝાંખી થઈ છે પણ ઝાંખી ઝાંખી એ છાયામાંની રેખાઓ તો કુમુદની જ છે — *कान्तिः सैव पुराणचित्रमलिना लेखाभिरुन्नीयते //* [1] સુવર્ણપુર છોડ્યાને આંગળી વેઢે ગણીએ એટલા જ દિવસ થયા તેવામાં એની કાંતિ શું આટલી બદલાય? પણ કાલના ગીતમાં તો નક્કી મારા ઉપર જ કટાક્ષ છે અને તે મારી રંક કુમુદના હૃદયમાંથી ન હોય તો બીજા કોના હૃદયમાંથી હોય? અરેરે! મેં એને વૈધવ્ય પ્રાપ્ત કરાવ્યું! એ નદીમાં પડી તે મારે લીધે! — મેં જ નાંખી? મેં જ નાંખી! હરિ! હરિ! હું જીવું છું ને એને અનિવાર્ય વૈધવ્ય પ્રાપ્ત થયું! હું તો આ વિરક્ત ભેખને ધરવા લાગ્યો! એને હવે સૌભાગ્યદેવી વિનાનું સાસરું સૂનું! એને તો પ્રમાદધન ગયાનું સ્વપ્ન પણ નહીં હોય! — એ સ્વપ્ન એને આવશે તો એને કેટલું દુ:ખ પડશે? — મારાથી તે નહીં જોવાય. જો એ કુમુદ જ હોય તા એને જાતે ગુણસુંદરીને ત્યાં પહોંચાડી આવીશ. સીતાને વનવાસમાં પહોંચાડનાર લક્ષ્મણ પાછા સીતાને મળ્યા ત્યારે નમસ્કાર કરી બોલ્યા હતા કે 'માતા, તમને આટલું દુ:ખ દેનાર નફટ લક્ષ્મણ તમને નમસ્કાર કરે છે.' હું પણ ગુણસુંદરી પાસે આવા જ નફટપણાથી નમસ્કાર કરીશ ને દુ:ખી કુમુદને તેમના હાથમાં મૂકીશ. જે મોં કોઈને દેખાડવું જોઈએ નહીં તે ગુણસુંદરી પાસે દેખાડીશ. નિર્લજ્જ નફટ દુષ્ટ સરસ્વતીચંદ્ર! એ જ હવે તારું પ્રાયશ્ચિત્ત — પણ મધુરી તે કુમુદ ખરી? — ચંદ્રકાંત! મારા કંપતા હૃદયને આધાર આપવાને અને આ ગૂંચવાડામાંથી મને મુક્ત કરવાને તારી સાત્વિક બુદ્ધિનો ખપ છે. તું મારે માટે ભટકે છે — હું તને શોધું છું — પણ હજી સુધી સંયોગ થતો નથી.'

જે સાધુ ચંદ્રકાંતને મળ્યો હતો અને રાત્રે તેને પાછા મળવાનો સંકેત કરી મળ્યો ન હતો તે સુન્દરગિરિ ઉપર પાછો આવ્યો હતો. પોલીસ પોતાની શોધમાં છે, પોલીસ પોતાની ગતિ તપાસે છે, અને પોતાની અને ચંદ્રકાંતની વાતનો ને સંકેતનો પોલીસને પત્તો મળ્યો છે એટલું જાણતાં સાધુ સંકેત તોડી પાછો પર્વત ઉપર આવ્યો હતો અને નવીનચંદ્રનું નામ અને સ્થાન પ્રકટ કર્યા વિના આ સંકેત સિદ્ધ થાય એમ નથી એવા સમાચાર સરસ્વતીચંદ્રને તેણે કહ્યા હતા. ચારપાંચ દિવસ વાત ટાઢી પાડવી ને પછી યોગ્ય માર્ગે પાછી ઉપાડવી એવો માર્ગ સર્વેએ કાઢ્યો. ચંદ્રકાંતના મેળાપમાં આમ વિલંબ થયો અને એનો ખપ તો આમ તીવ્ર થયો. વિચારમાં ને વિચારમાં તે શતપત્ર કમલના ભરેલા ઝરાના ઝીણા ગાનમાં લીન થયો. કોમળ નાના ઘાસમાં એક વસ્ત્ર ઉપર તેની શય્યા હતી તેમાં હાથનું ઉશીકું કરી સૂતો. ઉપરના વડની ડાળીઓ લટકતી હતી તેના ઉપર એની દૃષ્ટિ ઠરી. અને અંતે પાસે પડેલાં બેચાર પુસ્તકો ઉપર એ દૃષ્ટિ જતાં ઊઠ્યો ને બેઠો થયો.

અલખમઠની પુસ્તકશાળાનાં સર્વ પુસ્તકોનો સંગ્રહ એની દૃષ્ટિને સ્વાધીન કરી દેવામાં આવ્યો હતો. અલખમાર્ગના યોગીઓ સર્વ ઐહિક આમુત્રિક વિષયોનાં શાસ્ત્રો જાણતા અને સંસાર જ્યારે એમ માને છે કે શાસ્ત્રોની મોટો ભાગ માત્ર વાંચવા સાંભળવાનો છે અને આ કલિયુગમાં પાળવાનો નથી ત્યારે આ યોગીઓ તો સુન્દરગિરિ ઉપર હજી સત્યયુગ જ ગણતા અને જે કોઈ શાસ્ત્રને સ્વીકારતા તેના સર્વ ઉપદેશ પાળતા. પણ સંસારમાં શાસ્ત્રીઓ માત્ર પ્રાચીન શાસ્ત્રનાં લક્ષણ જુએ છે, અને તેમાંથી અનુકૂળ લક્ષણો સ્વીકારી, પ્રતિકુળ લક્ષણનો કલિયુગને નામે ત્યાગ કરવાનો — અને એ ત્યાગના વિષયમાં સંસારમાં અશિક્ષિત મનુષ્યોના સ્વચ્છંદ આચાર પાળવાનો — માર્ગ આ શાસ્ત્રીઓ અનિન્દિત ગણે છે અને લોકસંગ્રહને અશાસ્ત્ર માર્ગે પ્રવર્તવા દે છે; ત્યારે આ યોગીઓનો સંપ્રદાય પ્રાચીન કાળથી એવો જ હતો કે જે લક્ષ્યથી શાસ્ત્રો અને તેનાં લક્ષણો બંધાયાં છે તે લક્ષ્ય ઉપર જ અનિમિષ સાત્ત્વિક દૃષ્ટિ રાખી, પ્રસંગે પ્રસંગે લક્ષ્ય વસ્તુનું સિંહાવલોકન કરી, અલખ-અલક્ષ્ય-ના લખ પ્રવાહની ગતિ પ્રમાણે શાસ્ત્રોને અને લક્ષણોને ઉત્કર્ષ આપવો અને એ લખવિભૂતિના ઉત્કર્ષની મર્યાદામાં જે કોઈ શાસ્ત્રશાસન આવે તે સંપૂર્ણ કળાથી પાળવાં. લક્ષ્યાલક્ષ્ય સંપ્રદાયનું કામતંત્ર પણ આ આધારે અને આ પ્રયોજને જ રચાયેલું હતું. જેટલો રસ સરસ્વતીચંદ્રને એ વાંચવામાં પડ્યો હતો તેથી અધિક રસ, એ તંત્રના આચાર વિહારમઠમાં પળાતા હતા તે જોવામાં એને પડ્યો હતો. ગઈ કાલ વિષ્ણુદાસજી ત્રણે મઠની નિરીક્ષા કરવા ગયા હતા તેની સાથે એ પણ ગયો હતો, અને પરિવ્રાજિકામઠ તેમ વિહારમઠની યોજનાઓ આ દેશને માટે અપૂર્વ લાગી અને પાશ્ચાત્ય દેશોમાં અનવસ્થિત લાગી, પણ યદુનંદનના 'ગ્રંથભંડાર'માં દૃષ્ટિ પડ્યાથી એમ પણ સંભવિત લાગ્યું કે આ દેશના સૌભાગ્યકાળમાં આર્યજનસમૂહની વ્યવસ્થા પણ કંઈક આવી જ હશે. એ કાળનું ચિત્ર આ કાળની સાથે સરખાવતાં એના હૃદયમાં આપણી અર્વાચીન સ્થિતિને માટે શોક ઉદય પામ્યો અને ભવિષ્યને માટે ભયચિત્ર પ્રત્યક્ષ થયું.

‘કેટલો વિનિપાત! જે દેશોમાં આ શાસ્ત્ર રચાયાં અને પળાયાં તેમાં આજ કેટલી અધોગતિ છે? અથવા એમ પણ કેમ ન હોય કે સુન્દરગિરિ ઉપર જે વ્યવસ્થા સાધુજનો આમ અગ્નિહોત્ર પેઠે જાળવી રહ્યા છે તેવી વ્યવસ્થા આ વિશાળ દેશમાં જળવાઈ શકી નહીં? આ સ્ત્રીજનનાં કૌમારવ્રત — અને વૈરાગ્ય, આ સાધુઓના સરલ ચિત્તના સંવનન અને રસોત્કર્ષ એ સર્વ દિવ્ય પદાર્થો પાળનાર સાધુજનોની સાધુતા કે સરલતા આ વિશાળ લોકસમૂહમાં શી રીતે આવવાની હતી? અને એ આવે નહીં તો આ જ દિવ્ય પદાર્થો આ સંસારને વિષરૂપ કરી મૂકે એમાં શી નવાઈ! શું આ ઉત્કર્ષ અર્વાચીન કાળમાં ન આવી શકે? પાશ્ચાત્ય સંસારમાં એ ઉત્કર્ષનાં અમૃતફળ અને વિષફળ ઉભય છે. તે જોનાર ત્યાંના વિદ્વાનો અને રાજપુરુષો સ્વદેશી આચારવિચારનાં ચક્ર ચતુરતાથી ફેરવી શકે છે અને તેમના દેશીઓ તેમનામાં વિશ્વાસ રાખી શકે છે. ત્યારે પરદેશી વિદ્યાથી મોહિત ગણાતા વિદ્વાન દેશીઓ ઉપર અને પરદેશી રાજપુરુષોની ચતુરતા ઉપર આ દેશ શી રીતે શ્રદ્ધા રાખવાનો હતો? જ્યાં સુધી દેશમાં આવી શ્રદ્ધા વિકાસ પામે અને શ્રદ્ધેય ગણાવા ઇચ્છનાર વિદ્વાનો અને રાજપુરુષો આ શ્રદ્ધાને યોગ્ય થાય — પોતાની શક્તિથી, વૃત્તિથી, ઉદારતાથી અને પ્રયાસથી લોકની શ્રદ્ધાના સુપાત્ર બને ત્યાં સુધી સર્વ દેશોત્કર્ષની વાત વૃથા છે. શકુન્તલાના હરિણના હૃદયમાં દુષ્યન્તે વિશ્વાસ ઉત્પન્ન કર્યો નથી ત્યાં સુધી એ હરિણ દુષ્યન્તના હાથમાંનું કોમળ ઘાસ ખાવાનું નથી અને શકુંતલા જે આપશે તે એ હરિણ ખાશે. મારા વિદ્વાન ભાઈઓ કહે છે કે જૂના લોક અમારો ઉપદેશ સાંભળતા નથી અને પરાપૂર્વની રૂઢિથી ચાલે છે તે ખરું છે, પણ એ દોષ કોનો? જૂની રૂઢિઓ અનેક અનુભવોના માખણ જેવી છે તે આજ સુધી લોકહિતની પોષક ગણાઈ છે. તે ગણના ખરી કે ખોટી હો, પણ તેમના અને તેના ઘડનાર ઉપર લોકને દૃઢ પાયાવાળી શ્રદ્ધા છે અને પરદેશી રાજ્યકર્તાએ ઉત્પન્ન કરેલા દેશી પણ યુવાન વર્ગની બુદ્ધિ ઉપર તેમને વિશ્વાસ સ્વાભાવિક રીતે નથી. કાળબળે આજ નષ્ટ થતી આ રૂઢિઓને મારા ભીરુ દેશી બાંધવો શાથી વળગી રહે છે? ઓ મારા અનેકધા દુ:ખી દેશ! તારે માથે અનેક વાદળાં તૂટી પડ્યાં છે, પડે છે ને પડશે. અને અમાવાસ્યાની ગાઢ અંધકારભરી રાત્રિ સર્વની દૃષ્ટિને નિષ્ફળ કરી દે છે તે કાળે, ઓ મારા દેશ, નાનું બાળક માતાને વળગે તેમ તું આ શ્રદ્ધાને વળગી રહે છે — એ શ્રદ્ધાના એક દીપથી જેટલું તું દેખે છે તેટલું આકાશમાં વસતા અનેક પરદેશી તારાઓના પ્રકાશથી તું દેખતું નથી, તો તે તારાઓનાં પૃથ્વીના કોઈ સરોવરમાં પડેલાં પ્રતિબિંબ જેવા મારા વિદ્વાન ભાઈઓના પ્રકાશથી મારો દેશ કંઈ જોઈ શકે નહીં તો તેમાં શી નવાઈ છે? એ શકુંતલા જેવી ઓ રૂઢિ દેવી! જેવી હું તને કૂચ કરતી દેખું છું તેવો જ આ દેશને તારાં વસ્ત્ર ખેંચી પકડી રાખતો દેખું છું! એ દર્શન મારું હૃદય વલોવે છે.

यस्य त्वया व्रणविरोहणमिङ्गुदीनाम् तैलं न्यषिच्यत मुखे कुशसूचिविद्धे |

श्यामाकमुष्टिपरिवर्द्धितको जहाति सो'यं न पुत्रकृतक: पदवीं मृगस्ते || [૧]

‘No doubt, we of the new generation have done nothing to deserve the confidence of our uneducated countrymen. We are only echoing voices that have come from the West.- ‘Its a foreign voice reflected by our hollow-vaulted brains, and those that perceive it refuse to be led by it. We have never even as much as atttmpted to find out the wisdom of our ancestors any yet we have condemned them unheard; and if somewhere we have dubbed that wisdom with the name of folly, nowhere have we tried to recognise that wisdom. I think there is more common sense and sounder patriotism in the stubborn and wholesale refusal, by our masses, to consider or even hear and endure the latest fantasies of their seduced boys. When we shall have studied that ancient wisdom and considered both sides, the pepole will hear us, follow us, and even accept our theories of the follies of our best ancestors. We shall then have deserved the confidence of the people. ’

‘જે લોકશ્રદ્ધા નવા વિદ્વાનો ઉપર નથી બેસતી તે આ અલકના યોગીઓ ધારે તો કેટલી વારમાં મેળવી શકે? સંસારને શુદ્ધ કરવાને માટે જોઈએ તેટલું સંસારનું જ્ઞાન, રસિકતા ને વૈરાગ્ય, નિ:સ્વાર્થ અને સ્વયંભૂ કલ્યાણ કરવાની વાસના, અને આ પુસ્તકો અને આ સંપ્રદાય: એ સર્વ સાધનથી લોકનું શું શું કલ્યાણ થઈ શકે? સંસારના અતિસંસર્ગથી જાતે ભ્રષ્ટ થવાના ભયથી — યોગ્ય ભયથી — આ સાધુઓ સંસારીઓથી દૂર રહી તેમનું જેટલું કલ્યાણ થાય એટલું કરવાને માટે દૂરથી અલખ જગાવે છે. પણ સંસાર બહેરો છે તે એ ક્યાંથી સાંભળે? સરસ્વતીચંદ્ર! આ સાધુકુળનો ઉત્કર્ષ કરવો એ ત્હારો ધર્મ છે.’

‘એમના આચાર સંસારથી અત્યન્ત જુદા હોવા છતાં સંસાર તેમના ઉપર શ્રદ્ધા શા માટે રાખે છે? તેમના પવિત્ર શાસ્ત્રમુદિત લોકમુદિત આશય ઉપર લોકને સ્વાભાવિક શ્રદ્ધા છે. તેમને અભિમાન નથી, મદ નથી; તેઓ સંસારીઓની સેવા કરવા સુધી તત્પર છે અને મારા જેવા માર્ગમાં જડેલા પ્રાણી ઉપર આટલી કૃપા રાખે છે. તેઓ શરીરધર્મનાં શાસ્ત્ર પાળે છે, રસધર્મ પાળે છે, વૈરાગ્યની શુદ્ધ કલા પામે છે, લોકકલ્યાણને પોતાની વિભૂતિ ગણે છે, અને પોતાના અને પારકાને એક ગણી પરમ અલખમાં લીન થાય છે. *વિગતમાનમદા મુદિતાશયા:* - તે આ લોક જ છે.’

‘જો મધુરી કુમુદ જ હોય તો આ કલ્યાણસ્થાનમાં આવી મહાત્મા પરિવ્રાજિકાઓમાં તેને પૂર્ણ શાંતિ મળશે અને તેટલા જ્ઞાનથી મારું હૃદયશલ્ય શાંત થશે. મારો અને તેનો સંસર્ગ ભયંકર છે — હવે તે દૂર જ રાખવો. પણ એ ઘેર જાય તે ઠીક કે અહીં રહે તે ઠીક?’ આ પ્રશ્ન ઊઠે છે એટલામાં રાધેદાસ અંદર આવ્યો. એના સામું જોયું. પાસે આવી રાધેદાસ બોલ્યો: ‘જી મહારાજ, ચંદ્રાવલીમૈયા આપનું દર્શન ઇચ્છે છે.’

‘મારું દર્શન? શા માટે?’

‘એ તો તેમના હૃદયમાં જે મંત્ર હોય તે ખરો. મને તે અલખ છે.’

‘તો પૂછો તો ખરા! સ્ત્રીજનને મળવું આ વેશને કે દેહને ઉચિત નથી.’

'પરિવ્રાજિકામઠની પરમ પવિત્ર અધિષ્ઠાત્રીને તેમના હૃદયનો મંત્ર પૂછવાનો કોઈ સાધુજનને અધિકાર નથી. તેમનો આત્મા સ્ત્રીરૂપ નથી અને આપનો આત્મા તેથી ભિન્ન પુરુષરૂપ નથી. પવિત્ર કલ્યાણ આશયને કાળે અલખનો ભેખ વસ્તુમાત્રને માટે ઉચિત છે, જી મહારાજ, ભગવતી ચંદ્રાવલીમૈયા જ્યારે પ્રવૃત્તિ સ્વીકારે છે ત્યારે કોઈ પરમ કલ્યાણ કાર્યને અર્થે જ એ પ્રવૃત્તિને સ્વીકારે છે અને તેમનાં સાધન પણ શુદ્ધ, ધર્મ્ય. અને રમણીય જ હોય છે. ગુરુજીની પાસે પણ એ ભગવતીની ગતિ અપ્રતિહત છે.'

નવીનચંદ્ર સાંભળી રહ્યો અને કંઈક વિચારમાં પડી અંતે બોલ્યો: 'વિહારપુરી...'

'તેમની અનુમતિ પ્રાત:કાળથી જ મળી ગઈ છે.' રાધેદાસ વચ્ચે બોલ્યો.

સરસ્વતીચંદ્ર — 'રાધેદાસજી! તમારી આવી શ્રદ્ધાના પાત્રનો સત્કાર કરવાનો વિધિ શો છે?'

રાધેદાસ — 'ગુરુજીને માટે જેવો આદર રાખો છો તેવો જ આ ભગવતી માટે રાખજો. જી મહારાજ, અલખ માર્ગનો સંપ્રદાય એવાંને એવું જ કહી સંબોધે છે કે

શિશુત્વં સ્ત્રૈણં વા ભવતુ નનુ વન્દ્યા'સિ જગત:/

ગુણા: પૂજાસ્થાનં ગુણિષુ ન ચ લિઙ્ગં ન ચ વય:// [૧]

સરસ્વતીચંદ્ર — 'એ અભિલાષ મને અનુકૂળ છે. આપ આગળ ચાલો ને મારું તેમને અભિજ્ઞાન કરાવો.'

બે જણ આશ્રમ બહાર ગયા ત્યાં ઓટલા ઉપર ચંદ્રાવલી બેઠી હતી. નવીનચંદ્રને જોઈને તે ઊભી થઈ. બે જણ પરસ્પર પ્રત્યક્ષ થતાં તત્ક્ષણ રાધેદાસ બોલ્યો:

'ચંદ્રાવલીમૈયા! આ અમારા નવીન જૈવાતૃક — જેને માટે તમે આટલે દૂરથી આવ્યાં છો. નવીનચંદ્રજી! આ અમારાં મંગલમૂર્તિમૈયા — જેનો ઉત્કર્ષ આપના શ્રવણપુટને પ્રાપ્ત થયો છે જ.'

અત્યારે ચંદ્રાવલીનાં સર્વ અંગ સુંદરતા અને પવિત્રતાના સર્વ ચમત્કારથી ચમકતાં હતાં. એના દર્શનથી જ નમ્ર અને તૃપ્ત થઈ સરસ્વતીચંદ્ર મસ્તક નમાવી બોલ્યો: 'મૈયા!

अज्जलिरकारि लोकैर्ग्लानिमनाप्तैव रञ्जिता जगती।

संध्याया इव दृष्टि: कस्य मनोज्ञा न भगवत्या:।। [૨]

આ શરીરમાંનું હૃદય આપને શિર વડે નમે છે અને આપની પવિત્ર આજ્ઞા જાણવા ઇચ્છે છે.'

ચંદ્રાવલી — 'સાધુનું હૃદય સાધુને ઓળખી લે છે. રાધેદાસ! મારે એમની સાથે કંઈ મંત્ર કરવો છે.'

રાધેદાસ — 'હું તેને અનુકૂળ જ છું. આપના શ્રવણપથથી દૂર પણ નયનપથમાં પેલા ઝાડ નીચે બેસું છું અને સંજ્ઞા કરશો ત્યાં નિકટ આવીશ.'

રાધેદાસ તેટલે છેટે ગયો ને ત્યાં બેઠો. તે બેઠો ત્યાં સુધી તેના ઉપર દૃષ્ટિ રાખી, તે પછી ચંદ્રાવલીએ સરસ્વતીચંદ્ર ઉપર દૃષ્ટિ કરી. એ નીચું જોઈ રહ્યો હતો.

ચંદ્રાવલી — 'નવીનચંદ્રજી! હું આ ઓટલે બેસું છું. તમે આ પગથિયા ઉપર બેસો. મારે અતિવિસ્ત્રમ્ભની ગોષ્ઠી કરવાની છે.'

જિજ્ઞાસા, આતુરતા, પ્રીતિ, લજ્જા અને કંપને અનુભવતો સરસ્વતીચંદ્ર તે પ્રમાણે બેઠો અને નીચલું પગથિયું જોઈ રહ્યો. ચંદ્રાવલી પણ બેઠી.

ચંદ્રાવલી — 'નવીનચંદ્રજી! સુન્દરગિરિ ઉપર આપની કીર્તિ આ સૂર્યના પ્રકાશ પેઠે પ્રસરી રહી છે; પણ હું તો નિમ્ન પ્રદેશમાંથી આપના પૂર્વાશ્રમની કથા સાંભળી આવી છું.'

સરસ્વતીચંદ્ર — 'આપની કીર્તિના શ્રવણપાનમાં જેવી શાંતિ છે તેવી મારા પૂર્વાશ્રમની કથામાં ક્લાંતિ છે. મૈયા, એ આશ્રમનો શુદ્ધ ઇતિહાસ ગુપ્ત છે.'

ચંદ્રાવલી — 'તમારે તે ગુપ્ત રાખવાની ઇચ્છા હશે પણ મને તો તે ઇતિહાસના સાક્ષીભૂત હૃદયના કરેલા ઉદ્ગારથી જણાઈ છે.'

સરસ્વતીચંદ્ર — 'એ હૃદય જે દેહમન્દિરમાં હતું તે મંદિર નષ્ટ થયું છે.'

નિ:શ્વાસ મૂકી સરસ્વતીચંદ્રે નેત્ર ઉપર હાથ ફેરવ્યો.

ચંદ્રાવલી — 'એ મન્દિર નષ્ટ નથી થયું પણ મ્લાન થયું છે. નવીનચંદ્રજી, એ મન્દિરમાંના હૃદયની કૂંચી લઈને હું આવી છું અને તમને હું તે સોંપી દઈશ.'

સરસ્વતીચંદ્ર — 'એ કેમ મનાય? આપ એક શરીરની વાર્તા કરતાં હશો અને હું બીજા શરીરની વાર્તા કરતો હોઈશ.'

ચંદ્રાવલી — 'આ ગિરિના તરસ્થાનમાં તે શરીર તમે દીઠું છે ને એ હૃદયનો કટાક્ષ તો કાલ તમને લાગી ગયો છે.'

સરસ્વતીચંદ્ર — 'એ શરીરનું નામાભિધાન જુદું છે.'

ચંદ્રાવલી — ‘તમે તમારું નામ બદલ્યું તેમ એ મધુર શરીરને અમે મધુરી નામે ઓળખીએ છીએ. એ નવીન પણ ઉચિત નામ મેં જ પાડેલું છે.’

સરસ્વતીચંદ્ર — ‘જો આપ કહો છો તેવી જ સ્થિતિ હોય તો મારી એક ચિન્તા શાંત થશે. આપ જેવાના સત્સંગથી એ શરીરમાંનું વિકલ હૃદય શાંત થશે અને મને ભૂલશે. એ શરીરનું સત્ય નામ જણાવવાની મારા ઉપર આપ કૃપા કરી શકશો તો સર્વ પ્રશ્નોનું સમાધાન થશે.’

ચંદ્રાવલી — ‘તે નામ મારાથી પણ ગુપ્ત છે. પણ નામ વિનાની સર્વ હૃદયગુહાની હું તલસ્પર્શી થઈ છું’

સરસ્વતીચંદ્ર — ‘મૈયા! આપ આજ્ઞા કરશો તે હું સાંભળીશ. માત્ર ગુપ્ત નામ રાખનારની ગુપ્ત વાર્તા પ્રગટ ન કરવી એટલો ધર્મ સાચવીશ.’

ચંદ્રાવલી — ‘એ તો ઉચિત છે. આપણી વાતોની શરત આટલી કે તમારું બેનું પરસ્પર અભિજ્ઞાન સંપૂર્ણ થાય તો જ મારી તમારી કથાઓ સત્ય ગણવી ને અભિજ્ઞાન અપૂર્ણ થાય તો સર્વ વાત સ્વપ્નવત્ ગણવી.’

સરસ્વતીચંદ્ર — ‘તો આજ્ઞા કરો.’

ચંદ્રાવલી — ‘આપ આ આશ્રમમાં સર્વની સાથે શયન રાખો છો તેને સ્થાને ગુરુજી જાતે જ નિરાળો એકાંતવાસ આપે તો આપે સ્વીકારવો.’

સરસ્વતીચંદ્ર — ‘ગુરુજીની ઇચ્છા તે આજ્ઞા જ છે.’

ચંદ્રાવલી — ‘આપની ઇચ્છા પૂછે તો તેમાં પણ આ યોજનાને જ અનુકૂળ રહેવું.’

સરસ્વતીચંદ્ર — ‘આ આશ્રમમાં હું ગુરુજીની પ્રસન્નતા જ ઇચ્છું છું — બીજી ઇચ્છા દર્શાવતો નથી.’

ચંદ્રાવલી — ‘દર્શાવતા નહીં હો પણ રાખતા તો હશો જ.’

સરસ્વતીચંદ્ર — ‘હૃદયતંત્ર તો જે હોય તે ખરું.’

ચંદ્રાવલી — ‘નવીનચંદ્રજી, તૃષિત ચકોરી ચંદ્રપ્રકાશથી જ તૃપ્ત થશે.

સરસ્વતીચંદ્ર — ‘મૈયા, તેને ઉપદેશ કરજો કે જે શમપ્રકાશ ચંદ્રાવલીમૈયા વિહારપુરીજીને આપે છે તે જ પ્રકાશ ચકોરીને અનેક ચંદ્રની માળા જેવાં ચંદ્રાવલીમૈયા આપી શકશે.’

ચંદ્રાવલી — ‘તેમાં તમે શું કર્યું? નવીનચંદ્ર!

અયિ કઠોર શમ: કિલ તે પ્રિય: સ નુ શમો નુ શમસ્ય વિડમ્બના।

પરગૃહે કિમભૂદ્ધરિણીદૃશ: કથય નાથ કથં બત મન્યસે।। [૧]

સરસ્વતીચંદ્રના નેત્રમાં અશ્રુધાર અપ્રતિહત થઈ. ભીંત ભણી મસ્તક ટેકવી તે સાંભળી રહ્યો હતો તે આ સાંભળી ઊંડા પ્રચ્છન્ન આવેશમાં પડી મુખે મંદમંદ બોલવા લાગ્યો.

‘જેટલો આરોપ મૂકે તે સત્ય છે, ઉચિત છે. મૈયા, હવે તો મારે દુષ્યન્તનું સદ્ભાગ્ય હતું તેનો માત્ર એક અંશ માગવાનો બાકી રહ્યો.’

ચંદ્રાવલી — ‘તે અંશ હું પ્રાપ્ત કરાવીશ.’

સરસ્વતીચંદ્રે આ સાંભળ્યું નહીં ને આગળ બોલતો ગયો.

‘सुतनु हृदयात्प्रत्यादेशव्यलीकमपैतु ते किमपि मनस: संमोहो मे तदा बलवानभूत्।

प्रबलतमसामेवंप्राया: शुभेषु हि वृत्तय: स्रजमपि शिरस्यन्ध: क्षिप्तां धुनोत्यहिशङ्कया।। [१]

આ શબ્દો બોલી, શકુંતલાને ચરણે પડી, દુષ્યંતે ક્ષમા મેળવેલી. મૈયા, હું એવી ક્ષમા મેળવવા ઇચ્છું છું. પણ તે ક્ષમાને માટે દુષ્યંતની યોગ્યતા હતી એવી મારી નથી. મને કોઈનો શાપ ન હતો, મારા મનને ઇષ્ટ જનની વિસ્મૃતિ ન હતી, અને મેં ફૂલની માળાને સર્પ જાણી ફેંકી દીધી નથી. ઉભય હૃદયની પ્રીતિ જાણી, સર્વ વાત પ્રત્યક્ષ છતાં, કોમળ સુંદર અને સુગંધી પુષ્પમાળાને, જાણી જોઈને ગ્રીષ્મમધ્યાહ્નમાં સૂર્યના તડકા વચ્ચોવચ બળી જાય એમ મૂકી દીધી. ક્ષમા માગવાનો પણ મારો અધિકાર નથી; છતાં આ અધમ હૃદય ક્ષમાને ઇચ્છે છે. તે મળે એટલે સંસારમાં મને બીજી વાસના નથી.’

સરસ્વતીચંદ્ર દીન મુખે ટટ્ટાર થઈ બેઠો.

ચંદ્રાવલી દયાર્દ્ર થઈ. તેનાં નેત્રમાં જળ આવ્યું: નવીનચંદ્રજી! મધુરીનો મધુર હૃદયસાગર ક્ષમાના તરંગોથી ઊભરાય છે ને ઊછળે છે અને તેથી જ એની પ્રીતિની શુદ્ધિનું પ્રત્યક્ષ દર્શન કરાવે છે. એ કોમળ હૃદય ઉપર અમાવાસ્યાના અપ્રત્યક્ષ ચંદ્રનો સંસ્કાર પણ બળ કરે છે ને જળના પ્રત્યેક હેલારાની સાથે અનેક તરંગ ઊભા થાય છે. નવીનચંદ્રજી, એ તરંગે તરંગે શોક અને ક્ષમાના આમળા વીંટાય છે. એ માટે તમે નિ:શંક રહો.’

સરસ્વતીચંદ્ર — ‘તેની ઉદારતા જેમ જેમ આમ વધે તેમ તેમ મારી કૃપણતા વધારે વધારે ક્ષુદ્ર લાગે છે. મારો દોષ ક્ષમાને માટે વધારે વધારે અપાત્ર થાય છે, અને મારું પ્રાયશ્ચિત્ત વધારે વધારે દુર્લભ બને છે.’

ચંદ્રાવલી — ‘મહાત્મા! તમારું એ માહાત્મ્ય મારી મધુરી ઉત્તમ રીતે પ્રત્યક્ષ કરે છે, અને માટે જ એના હૃદયના ચીરા વધારે વધારે દારુણ થતા જાય છે.’

સરસ્વતીચંદ્ર –’હરિ! હરિ! હું શું કરું? મૈયા! મારું પ્રાયશ્ચિત્ત નથી જ.’ એની આંખમાંથી વળી આંસુ સરવા લાગ્યાં.

ચંદ્રાવલી — ‘પ્રીતિતંત્રમાં સ્ખલન પામનારનું પ્રાયશ્ચિત્ત એ જ કે પ્રીતિપાત્ર જનના હૃદયને વશ થવું અને એ હૃદય પ્રીત-પ્રસન્ન થાય એવાં થવું.

સરસ્વતીચંદ્ર — ‘તેના હૃદયમાં પવિત્ર સંસ્કારો જ છે — જેને લીધે મારી આ સ્થિતિથી જ એ હૃદયની પ્રીતિ થશે.

ચંદ્રાવલી — ‘તે તેમ છે કે અન્યથા છે તેનો તો નિર્ણય હજી કરવાનો છે.’

સરસ્વતીચંદ્ર — ‘એમાં શંકા નકામી છે. એ હૃદયની અન્યથા સ્થિતિ અશક્ય છે.’

ચંદ્રાવલી — ‘તમે તમારી હાલની સ્થિતિ એને પ્રસન્ન કરવા સ્વીકારો છો કે તમારા પોતાના હૃદયના ઉલ્લાસથી?’

સરસ્વતીચંદ્ર — ‘ગુરુજીનો આદેશ છે કે મારે પ્રવાહપતિત સ્થિતિને અનુકૂલ રહેવું.’

ચંદ્રાવલી — ‘તમારું હૃદય જેવું ઉદાર ઉદાત્ત છે તેવું જ પ્રીતિતંત્રમાં મુગ્ધ છે. મારી મધુરી આ પર્વત ઉપર ચડી આવી તે શું તમને આ સ્થિતિમાં અચલિત જોવાને માટે? તમારા પૂર્વાશ્રમના મનોરાજ્યનું સ્મરણ કરી, મન મનનું સાક્ષી છે એમ સમજી આ પ્રશ્નનો ઉત્તર દ્યો.’

સરસ્વતીચંદ્ર –‘તે એમ સમજે છે કે હું દુ:ખી છું અને મને દુ:ખી સમજી મુક્ત કરવાની વાસનાએ તેને અહીં સુધી પ્રેરી છે.’

ચંદ્રાવલી — ‘તે શું તમે દુ:ખી નથી?’

સરસ્વતીચંદ્ર — ‘એની ક્ષમા મળ્યે મારું દુ:ખ શાન્ત થશે.’

ચંદ્રાવલી — ‘જો તમારું દુ:ખ એટલાથી શાંત થવાનું હોય તો તમે તેના શરીરના પતિના ગૃહમાં ગયા તે શા માટે? શું તમે ત્યાં એના દુ:ખની મશ્કરી કરવાને માટે ગયા હતા?’

સરસ્વતીચંદ્ર — ‘તેના મનમાં હું એવો દુષ્ટ હોઉં તો તેમ ગણવું.’

ચંદ્રાવલી — ‘નવીનચંદ્રજી, જે આવેશને બળે તમે તમારા પિતાનો ત્યાગ કર્યો તે જ આવેશને બળે તમારા પ્રીતિપરિપાકની અવગણના કરી. એ જ અવગણના તમારી પવિત્ર પ્રીતિએ સ્વીકારી નહીં અને એ અવગણનાની અવગણના કરી તમારી પ્રીતિએ તમને મધુરી પાસે મોકલ્યા. તમારી ઉદાત્તતા એવી છે કે આટલી વાત તો તમે તરત સ્પષ્ટ સ્વીકારવાના.’

પળવાર લજ્જાથી નીચું જોઈ સરસ્વતીચંદ્ર બોલ્યો: ‘મારા હૃદયતંત્રનું પૃથ્થકરણ કરવામાં તમારી પ્રજ્ઞા સફળ હોય એટલી સફળ મારી પોતાની દુ:ખમાં ડૂબેલી પ્રજ્ઞા થઈ શકે એમ નથી.’

ચંદ્રાવલી — ‘મહાત્મા! તમારું રસિક ઉદાત્ત માહાત્મ્ય એવું છે કે તેને તમે પોતે જોઈ શકતા નથી. પણ તમારું જે માહાત્ગ્ય તમે જાતે જોઈ શકતા નથી તે મારી મધુરીની પ્રીતિ સ્પષ્ટ પ્રત્યક્ષ કરી શકે છે. જેમ આપણે આપણાં મુખ આપણી આંખોથી જોઈ શકતાં નથી પણ કાચમાં જોઈએ તો જ દેખાય તેમ મહાત્માઓનાં માહાત્મ્ય તેમને પોતાને જણાતાં નથી પણ તેમના ઉપર વિકસતી અન્ય હૃદયની પ્રીતિના નિર્મલ કાચમાં જ જણાય છે.’

સરસ્વતીચંદ્ર — ‘હા! મારી દુષ્ટતાનું માહાત્મ્ય એ રંક હૃદયને સોળે કળા સાથે પ્રત્યક્ષ જ છે.’

ચંદ્રાવલી — ‘મહાત્મા! જો તેના હૃદયમાં એવી ભાવના હોય તો એ હૃદય ધરનારી એ મધુરી નહીં! મારી મધુરીની મધુર પ્રીતિને તમે કેવા ભાસો છો તે સાંભળી લો.’

વ્યતિકરિતદિગન્તા: શ્વેતમાનૈર્યશોભિ: સુકૃતવિલસિતાનાં સ્થાનમૂર્જસ્વલાનામ્।

અકલિતમહિમાન: કેતનં મઙ્ગલાનામ્ કથમપિ ભુવનેઽસ્મિસ્ત્વાદૃશા: સંભવન્તિ// *

સરસ્વતીચંદ્ર — ‘હરિ! હરિ! હું મહા દુષ્ટ ઉપર તેનો ઉપકાર અપાર થઈ ગયો હતો. મૈયા! હું મારો જે દારુણ દોષ જોઉં છું તેને જોવાને જ્યારે એ ઉદાર હૃદય આટલું અશક્ત છે ત્યારે મને ક્ષમા તે કોણ આપવાનું હતું? હવે તો ઈશ્વર આપે ત્યારે!’

ચંદ્રાવલી — ‘જ્ઞાનસ્વરૂપ! આ અલખના પુણ્ય મઠમાં *તરતિ શોકમાત્મવિત્.’* [૧]

સરસ્વતીચંદ્ર — ‘શોક જશે, પણ થયું પાપ નહીં ધોવાય.’

ચંદ્રાવલી — ‘ગુરુજી તમને તે ધોવાનો પ્રસંગ પણ પ્રાપ્ત કરાવશે ને ત્યારે તમે અનુભવશો કે -

મિદ્યતે હૃદયગ્રંથિશ્ચિદ્યન્તે સર્વસંશયા:।

ક્ષીયન્તે ચાસ્ય કર્માણિ તસ્મિન્ દૃષ્ટે પરાવરે।। [૨]

સરસ્વતીચંદ્ર — ‘માતાજી, સત્ય કહો છો. પણ મારા મોહનું આવરણ આ ક્ષણે દૃઢ છે.’

ચંદ્રાવલી — 'મારે આવી યોજના સાધવી છે કે તમારો ને મધુરીનો એકાંત સમાગમ થાય અને તમે બે પરસ્પર અવસ્થા સાંભળી, સમજી, પરસ્પર સમાધાન કરો, અને તે પછી તમારી બેની ઇચ્છા પ્રમાણે યોગ કે વિયોગ જે ઉચિત હશે તે સાધવામાં અમે સાધનભૂત થઈશું.'

સરસ્વતીચંદ્ર વિચારમાં પડી અંતે બોલ્યો:

'એથી ફળ શું?'

ચંદ્રાવલી — 'તેનું દુ:ખ તમે સમજી લેજો અને તમારું દુ:ખ તે સમજી લેશે. તેનો વ્યાધિ જાણી તેના ઉપાય તમારા સમાગમમાં હોય તો તે સમાગમ તમે તેને આપશો એ જ તમને ક્ષમા મળી સમજવી. એનું ઔષધ બીજું કાંઈ હોય તો તે આપવા યત્ન કરશો તો તે પણ તમને ક્ષમા મળી ગણવી. જો તમે એમ સમજતા હો કે ક્ષમાથી તમને શાંતિ મળશે તો તો આટલું કરવા તમે બંધાયેલા છો. જો તમારું દુ:ખ તમે નહીં સમજતા હો તો મધુરીનું હૃદય તો તે અવશ્ય સમજી લેશે અને ઉપાય કરશે. નવીનચંદ્રજી, જે પરિશીલિત પ્રીતિથી તમારાં બેનાં હૃદય ઓતપોત ન્યાયથી સંધાયાં છે તે પ્રીતિના તંતુ ઉપર બલાત્કાર કરવાથી ઉભય હૃદય ખેંચાય અને તૂટે એ પ્રીતિની પ્રકૃતિ છે. કેટલોક કાળ ઉભય હૃદયના તંતુઓના યથાપ્રાપ્ત સમાગમનું પાલન કરો, અને ધીમેધીમે ઉભયની કળાથી, ઉભયની વૃત્તિથી, ઉભયના સંયુક્ત અભિલાષથી, અને ઉભયના પ્રયત્નસંવાદથી [3] એ હૃદયના તંતુઓને ક્લેશ ન પહોંચે એમ છૂટા કરો. એટલે અંતે નવીનચંદ્રજી વિહારપુરીના છત્રરૂપ થશે અને મધુરી ચંદ્રાવલીની વસ્ત્રકુટીમાં રહેશે. જો ક્લેશ વિના એ તંતુ છૂટે નહીં તો તેમનું પાલન કરવું અને જુદા જન્મેલા જીવના તંતુના શાન્ત સુંદર પટને સુન્દરગિરિના વિહારમઠના ભૂષણરૂપ કરવો.'

જાતેરમેદાદ્દમ્પત્યો: સદૃશં સુખમિષ્યતે।

તસ્માત્તથોપચર્યા સ્ત્રી યથાગ્રે પ્રાપ્નુયાદ્રતિમ્।।

સરસ્વતીચંદ્ર હબક્યો.

'મૈયા! ક્ષમા મેળવવાને એ જ માર્ગ લેવો પડે તો નવીનચંદ્ર વશે કે કવશે તેને માટે સજ્જ થાય એમ ધારો. પણ મધુરીનું પોતાનું હૃદય, એનો એના પતિ ઉપરનો પ્રેમ, અને એ પતિ પ્રતિનો એનો પતિવ્રતાધર્મ — એ ત્રણ વાનાં શું આ માર્ગને અનુકૂળ છે?'

ચંદ્રાવલી — 'એ વિચાર કરવાનો મધુરીને છે — તમારે નથી.'

સરસ્વતીચંદ્ર — 'એને પુણ્યમાર્ગે પ્રેરવી એ મારી પ્રીતિનો પ્રધાન અભિલાષ છે.'

ચંદ્રાવલી — 'હું જાણી પ્રસન્ન — અતિ પ્રસન્ન છું. તમારી બેની પ્રીતિ ચંદ્ર અને કુમુદના જેવી પરસ્પર શરીરને દૂર રાખનારી પણ દૃષ્ટિસંયોગ અને મન:સંયોગનું રક્ષણ કરનારી છે. એવી પ્રીતિને માટે જ તમારાં સૂક્ષ્મ શરીરનો સમાગમ રચવાની અમ સાધુજનોની યોજના છે. તમારાં સ્થૂલ શરીર અસક્ત રહે કે સક્ત રહે તેમાં અમે ઉદાસીન છીએ.

સરસ્વતીચંદ્ર — 'કારણ?'

ચંદ્રાવલી — 'અમારા ન્યાયથી તો તમે એના મન્મથાવતારે વરાવેલા શુદ્ધ એક પતિ છો, અને એના શરીરના પતિને તો અમે જાર ગણીએ છીએ.'

સરસ્વતીચંદ્ર — 'સંસારની ભાવના એથી વિપરીત છે.'

ચંદ્રાવલી — 'હા, અમારી અને સંસારની ભાવનાઓમાંથી તમારી ઇચ્છા હોય તેને સ્વીકારો ને ઇચ્છા હોય તેને ત્યજો. એમાં અમારે ઉદાસીનતા છે. સૂક્ષ્મ શરીરોના સૂક્ષ્મ કામ તૃપ્ત થશે તો તે જ પરમ અલખને જગાવનાર થાય છે. સ્થૂલ કામ તો માત્ર સાધનરૂપ છે. તેના વિના ફળ પ્રાપ્ત થાય તો અમારે એ કામ ઉપર પક્ષપાત નથી.'

સરસ્વતીચંદ્ર — 'તમારે ઉદાસીનતા છે, પણ મારે તો તે કામ વર્જ્ય અને અધર્મ્ય છે એવો ઉપદેશ સ્થિર કરવો પડશે.'

ચંદ્રાવલી — 'તો તેમ કરજો. સૂક્ષ્મ કામ તૃપ્ત થયો એટલે અલખ કલ્યાણનો ધર્મ સચવાયો એમ સમજીએ છીએ.'

સરસ્વતીચંદ્ર — 'પણ સ્થૂલ કામની દૃષ્ટિમર્યાદામાં અને બાણપથમાં પડવાનું કારણ શું?'

ચંદ્રાવલી — 'તમે કરેલો અપરાધ એ મુખ્ય કારણ. તેનું પ્રાયશ્ચિત્ત ઇચ્છો છો — એ વચન તમારા હૃદયનું હોય તો તે બીજું કારણ. પછી કેટલાં કારણ માગો છો? વિષનો વિષ વડે પ્રતિકાર કરો.'

સરસ્વતીચંદ્ર — 'હું આ યોજના સાંભળી ભયથી કંપું છું. મૈયા, શુદ્ધ જીવોને ભ્રષ્ટ થવાના ભયમાં નાખવા એ આ સ્થાનના પુણ્ય માર્ગોને ઉચિત નથી.'

ચંદ્રાવલી ભ્રૂકુટી ચડાવી બોલી: 'શું ઉચિત નથી? એ રંક મુગ્ધાની તમે પ્રીતિ કરી અને પછી તેને કૂવામાં નાંખી અને હવે તેમાંથી તમારે તેને કાઢવી ઉચિત નથી? કે એ કુવામાં પડવાનો તમારા સ્વાર્થી હૃદયને ભય લાગે છે અને એ ભયમાંથી પોતે જાતે મુક્ત રહેવાની અન્તર્વાસનાથી આ નિર્ભય બાળાને શુદ્ધ માર્ગ દેખાડવાનો દંભ કરવો એ ઉચિત નથી? જો તમે સંસારીઓના માર્ગ પ્રમાણે ધર્માધર્મ ગણતા હો અને એવા ધર્મના આગ્રહી હો તો જે ભયથી તમે ડરો છો તેનાથી ડરો નહીં ને એ ભયકાળે પણ તમારા ધર્મ પ્રમાણે શુદ્ધ રહેવાનું પૌરુષેય બળ ધારો. કલ્યાણફળને માટે યુદ્ધ કરવું પડે તો તેને માટે રખાય એટલાં કવચ અને શસ્ત્રાસ્ત્ર રાખો અને અક્ષત રહો. પણ એ ભયથી કાયર બની, ઉચિતાનુચિતના અનુચિત વિચારોથી દોલાયમાન થઈ, જે કાર્ય જાતે ધર્મ્ય અને કલ્યાણકારક તેમ તમારા પ્રાયશ્ચિત્તરૂપ

છે તે કાર્ય કરવામાં પાછા ન પડો અને વ્યગ્ર ન થાઓ. જે તમારાં સૂક્ષ્મ શરીરનો સમાગમ હું યોજું છું તેમાં તમે અધર્મ કે અકલ્યાણ દેખો છો?'

સરસ્વતીચંદ્ર — 'આ ભય વિના બીજું કાંઈ નથી.'

ચંદ્રાવલી — 'સૂક્ષ્મ શરીરના સમાગમ અને સૂક્ષ્મ પ્રીતિના ચમત્કાર આજ સુધીમાં તમને અનિવાર્ય અને અપ્રતિહતગતિ જણાયા નથી?'

સરસ્વતીચંદ્ર — 'મૈયા, હું નિરુતર છું.'

ચંદ્રાવલી — 'તમારાં ઉભયનાં હૃદયની શાંતિ એ સમાગમ વિના બીજા કોઈ માર્ગથી સાધ્ય છે?'

સરસ્વતીચંદ્ર — 'હું એવો બીજો માર્ગ દેખી શકતો નથી. છતાં આ સમાગમ ઇચ્છતો નથી ને તેનું કારણ કહી દીધું છે.'

ચંદ્રાવલી — 'તમને ક્ષમા મળવાનો પ્રસંગ માત્ર એવા સમાગમ કાળે જ છે એ તમે જોઈ શકો છો?'

સરસ્વતીચંદ્ર — 'એ જોવાનું હવે કાંઈ બાકી રહ્યું નથી.'

ચંદ્રાવલી — 'તો નવીનચંદ્રજી, આ ભયનો ત્યાગ કરો અને જે એક કલ્યાણનો પંથ છે તે સ્વીકારો. સંસારની રચેલી વિવાહવંચના ઉપર શ્રદ્ધાને લીધે તમારો માનેલો ધર્મ જ મધુરી પાળે છે, અને તે પાળે છે ત્યાં સુધી તમારો સમાગમ ઇચ્છવાની લઘુતા તેના હૃદયને પ્રાપ્ત થઈ નથી. એ તો એમ જ જાણે છે કે

મર્યાદાનિલયો મહોદધિરયં રત્નાકરો નિશ્ચિતઃ

સર્વાશાપરિપૂરકોઽનુગમિતઃ સંપત્તિહેતોર્મયા।

શમ્બૂકોઽપિ ન લભ્યતે કિંમપરં રત્નં મહાર્ઘં પરમ્

દોષોઽયં ન મહોદધે; ફલમિદં જન્માન્તરીયં મમ॥ [૧]

મધુર દુ:ખની રસિક અમારી મધુરી તમને સુખ ઇચ્છે છે પણ પોતાને માટે તમારું સુખ ઇચ્છતી નથી. હું આવી છું તે મારા હૃદયની અને સર્વ સાધ્વીઓની પ્રેરણાથી આવી છું. તેઓ એક પાસથી તમારી શક્તિ દેખે છે અને બીજી પાસથી મધુરીનું દુ:ખ દેખે છે ત્યારે નિ:શ્વાસ મૂકી અશ્રુપાત કરી, તમને તિરસ્કારપૂર્વક કહે છે ને કહાવે છે કે

લજ્જામહે વયમહો વચનેઽપિ હન્ત સાંયાત્રિકાઃ સલિલરાશિમમી વિશન્તિ।

અંસાધિરોપિતતદીયતટોપકણ્ઠકૌપેયકામ્બુદૃતયો યદુદીર્ણતૃષ્ણાઃ॥ [૨]

મધુરીએ તમારી પાસે આવવાની સ્પષ્ટ ના પાડી અને સાધુજનોના આગ્રહથી આવવા હું સજ્જ થઈ ત્યારે રસાર્દ્ર સાધ્વીએ તમને કહેવાનું કહ્યું છે કે

યદ્વીચીભિઃ સ્પૃશસિ ગગનં યચ્ચ પાતાલમૂલમ્ રત્નૈરુદ્દીપયસિ પયસા યત્પિધત્સે ધરિત્રીમ્।

ધિક્ સર્વં તત્તવ જલનિધે યદ્વિમુચ્યાશ્રુધારાઃ તીરે નીરગ્રહણરસિકેનાધ્વગેનોજ્ઝિતોઽસિ॥ [૧]

સર્વ સાધુસ્ત્રીઓ તમારી સૂક્ષ્મ માનસિક પ્રીતિનો જ ફલોદય ઇચ્છે છે. સ્થૂલ પ્રીતિનો વિચાર તેમનાં હૃદયમાં લઘુ માત્ર છે. હે રાજહંસ! તમે માત્ર અશરીર માનસપ્રીતિના માનસ સરોવરની જ કમલિનીને તમારા સૌહૃદથી સનાથ કરો તો તેટલું બસ છે. પરિવ્રાજિકામઠની અધિષ્ઠાત્રી તમને કહાવે છે કે

કશ્ચિદેવ સમયં સમાગતં ત્વાં ન વિસ્મરતિ શશ્વદમ્બુજમ્।

માનસે વિહાર હંસ માનસે મા વિમુઞ્ચ પુનરસ્ય સૌહૃદમ્॥ [૨]

વિહારમઠની અધિષ્ઠાત્રી અનેક તંત્રોના વિચાર કરી નિર્ણયપૂર્વક કહાવે છે કે સંસારમાં પરમ અલખના અસંખ્ય લખ ખેલોમાંથી તમને જે આશય પ્રિય હશે તે રમણીય જ હશે. તમારું અલખ બોધન અને લખ તૃપ્તિ ઉભય રમણીય જ થયાં. તોપણ મધુરીની માનસપ્રીતિ વિના ન્યૂનતા છે.

સૈવ સૈવ સરસી રમણીયા યત્ર યત્ર વલતે તવ રાગઃ।

રાજહંસ રસિક સ્મરણીયા શ્રીમતા તદપિ માનસકેલિઃ॥ [3]

અને છેલ્લું વાક્ય — તમારા ઉચિતાનુચિત અને ધર્માધર્મના વિચાર સંબંધે — હું કહું છું તે એટલું જ કે:

હા હન્ત માનસસરઃસલિલાવતંસ રે રાજહંસ પયસોઃ પ્રવિવેચનાય।

ચેચ્છક્તિમાન્ ખલુ ભવાન્ન તદા કિમુ સ્યાત્ કિં વા કપોત ઉત વા કલવિઙ્કપોતઃ॥ [૪]

જો મારી સર્વ વાત તમે સ્વીકારતા હો પણ માત્ર શમસુખના અભિલાષથી અથવા પરમ જ્યોતિના યોગના લોભથી મધુરીને તેની સંમતિ વિના દૂર રાખતા હો તો તમે અલખ માર્ગનો યોગ સમજ્યા નથી તે ગુરુજી પાસે સમજી લેજો. આ ગિરિરાજના યોગીઓ અલક્ષ્ય અને લક્ષ્ય ઉભયના યોગી છે અને લક્ષ્યનો તિરસ્કાર કરવામાં પોતાના અદ્વૈતને બાધ ગણે છે. એ માર્ગમાં તો શ્રી અલખની લખવિભૂતિને પૂજનીય ગણી અલખ જ્યોતિનો સમાધિ જનકમહાત્માના જેવો સાધવો એ જ શ્રેષ્ઠ ગણાય છે. શ્રીરામચંદ્રને મુખે જે જનકની સ્તુતિ થઈ છે કે

छत्रच्छाया तिरयति न यद्यन्न च स्प्रष्टुमीष्टे

दृष्यद्गन्धद्विपमदमषीपङ्कनामा कलङ्कः।

लीलालोलः शमयति न यच्चामराणां समीरः

स्फीतं ज्योतिः किमपि तदभी भूभुजः शीलयन्ति॥ [१]

સત્ય વાત છે કે સંસારમાં રહેવું અને શમસુખ સાચવવું એ ઉભય ક્રિયાઓનું સમકાલીન સંમેલન ઘણું વિકટ, સૂક્ષ્મ અને દુર્લભ છે અને તે મેળવતાં મેળવતાં ઉભય ક્રિયામાં ઉભયભ્રષ્ટ થતાં હશે. પણ જે ચિત્ત તે પરમ લાભને પામી શકે છે તેનું માહાત્મ્ય અલૌકિક થાય છે, તેમનાથી લોકનું અપૂર્વ કલ્યાણ થાય છે, અને લોક જેને ઇશ્વરેચ્છા કહે છે અને અમે જેને અલખનું લખવાસનાસ્વરૂપ કહીએ છીએ તે વાસના આવાં ચિત્તની સિદ્ધિથી જ થાય છે. વિશ્વામિત્રે ક્ષત્રિયપદ છોડી બ્રહ્મર્ષિપદ શોધ્યું. તેમણે એ ઉભય પદના પાલક જનક મહાત્માની સ્તુતિ કેવી કરી છે તે સાંભળો.

ज्याघातः कार्मुकस्य श्रयति करतलं कण्ठमोंकारनादः

तेजो भाति प्रतापाभिधमवनितले ज्योतिरात्मीयमन्तः।

राज्य सिंहासनश्रीः शममपि परमं वक्ति पद्मासनश्रीः

येषां ते यूयमेते निमिकुलकुमुदानन्दचन्द्रा नरेन्द्राः॥ [२]

નવીનચંદ્રજી! અંતે મારે એટલું જ કહેવાનું બાકી રહ્યું છે કે રાજ્યાદિની ઉપાધિ વિનાના, માત્ર અર્ધાંગનાના યોગથી સકલાંગ રહેનાર યાજ્ઞવલ્ક્ય અને મૈત્રેયીની પેઠે, અને વસિષ્ઠ અને અરુંધતીની પેઠે સચ્ચિદાનંદમય, અદ્વૈતરસ અનુભવવો એ વિહારમઠના યોગીઓની સ્વાનુભૂતિ છે તેમાં તમારા જીવાત્મામાં ત્રસરેણુકાદ્વૈત પામવા મારી મધુરીનો કલ્યાણ જીવાત્મા સર્વ પ્રકારે યોગ્ય છે. અમે તેનો અને તમારો ક્ષણવાર સહવાસ યોજીશું તેમાં તમારે સર્વથા અનુકૂળ થવું અને તે સહવાસને કાળે તમારા પરસ્પર પક્ષપાતના સંમેલનનું પરિણામ તમને જે અધિકાર આપે તે કરવા તમે સ્વતંત્ર છો. જો એ અધિકાર તમારે વિહારમઠમાં જવાનો થાય તો ત્યાં જજો અને આ મઠમાં રહેવાનો થાય તા અહીં રહેજો. પણ આ અધિકાર પરીક્ષાસંવેદન [૧] વિના જણાઈ શકતો નથી અને તમારો થોડોક પણ સહવાસ થાય તે વિના તમારા મન્થાવતારનું અને અધિકારનું પરીક્ષાસંવેદન થવાનું નહીં, માટે તેટલી રીતે તમારે અમને અનુકૂળ થવું. બીજે રૂપે હું ઉક્ત શબ્દોની પુનરુક્તિ કરું છું.'

સરસ્વતીચંદ્ર — 'સાક્ષાત્ સરસ્વતીદેવીનો ઉપદેશ કયા અંત:કરણ પાસે આજ્ઞાધારણ નહીં કરાવે? પણ મૈયા, વ્યાસ જેવા પિતાના ઉપદેશ શુક મુનિને માટે અપર્યાપ્ત નીવડ્યા તેમ મારા અંતરાત્માનો ભય આપના ઉપદેશથી નષ્ટ ન થાય તે ક્ષમા કરશો. હું શુદ્ધ અંત:કરણપૂર્વક માનું છું ને કહું છું કે

भवादृशीनां साध्वीनां मे च यन्मङ्गल मतम्।

तस्मिन्नकरुणे पापे वृथा वः करुणा मयि॥ [२]

આપનાં સર્વ વચન સત્ય છે, અનિવાર્ય છે, રમણીય છે અને સૂક્ષ્મ વિચારે ધર્મ્ય પણ છે. પણ જે પ્રીતિ મારા શમાભિલાષને શમની વિડંબના જ આપે છે તે જ પ્રીતિ કોઈક અનિર્વચનીય કારણથી મને આ દુ:ખમાં પડી રહેવા પ્રેરે છે.'

ચંદ્રાવલી — 'મહાત્મા! *एतद्धि परिभूतानां प्रायश्चितं मनस्विनाम्।* [3] એ પ્રાયશ્ચિત્તનો અવધિ હવે સમાપ્ત થાય છે.

સરસ્વતીચંદ્ર — 'બે હૃદયને જે પ્રીતિ જોડે છે તે જ પ્રીતિ મારા હૃદયમાંથી ભુંસાય તો આપની આજ્ઞાનું ધારણ કરવામાં વિઘ્ન નડે નહીં.'

ચંદ્રાવલી — 'તે ભુસાવાની નથી.'

अहेतुः पक्षपातो यस्तस्य नास्ति प्रतिक्रिया।

स हि स्नेहात्मकस्तन्तुरन्तमर्माणि सीव्यति॥ [४]

સરસ્વતીચંદ્ર — 'જો તે ભુસાવાની નથી તો મારી મૂર્ખતાનો ભોગ થયેલી રંક મુગ્ધાને કરવાનો ઉપદેશ જે માર્ગથી નિષ્ફળ થાય તે માર્ગ હું કઈ રીતે લઉં? જેણે દોષ કરેલો છે તેણે તો આ શમવિડંબના વેઠવી જ જોઈએ. અને જે એ દોષને લીધે દુ:ખી થઈ છે તેને શુદ્ધ શમ મળવો જ જોઈએ. જે પક્ષપાત અને સ્નેહ આ બે હૃદયના તંતુઓને સીવે છે તે સ્નેહની પ્રતિક્રિયા નથી તો જે જીવ શમ વિડંબનાને યોગ્ય છે તે વિડંબના વેઠશે, અને જે પવિત્ર જીવ શમને પાત્ર છે તેને તે મળશે — એટલે મારી વાસના તૃપ્ત થશે.'

ચંદ્રાવલી — 'તમારી જાતને શિક્ષા કરવી કે નહીં તે કર્મ અને ફલના સંયોજક ઈશ્વરના હાથમાં રાખો. પણ જીવને શમ આપવા ઇચ્છો છો તેને તે તમે જાતે જ આપો.'

સરસ્વતીચંદ્ર — 'આવાં ધૃત અને અગ્નિનો સંયોગ થયો એટલે ઇંદ્રિયગ્રામનો અવિશ્વાસ જ રાખવો. સ્થૂલ પ્રીતિમાંથી સૂક્ષ્મ પ્રીતિ થાય તો તે પ્રકૃતિનો સ્વભાવ છે, પણ સૂક્ષ્મમાંથી સ્થૂલ થાય એ તો દુ:સહ છે.'

ચંદ્રાવલી — 'જે જીવ સૂક્ષ્મ શરીરનો અભિમાની છે તેનો તો તે દુ:સહ હો. પણ કોઈ પણ શરીરના નિરભિમાની જીવને સૂક્ષ્મ-સ્થૂલ સરખાં છે તેણે તો રાગદ્વેષનો મદ દૂર રાખવો એટલે થયું. એ મદ અને એ માન વગરનો જીવ

સ્વભાવથી શાંતિ પામે છે.'

रागद्वेषवियुक्तैस्तु विषयानिन्द्रियश्चरन्।

आत्मवश्यैर्विधेयात्मा प्रसादमधिगच्छति॥

प्रसादे सर्वदु:खानां हानिरस्योपजायते।

प्रसन्नचेतसो ह्याशु बुद्धिः पर्यवतिष्ठते॥ [1]

નવીનચંદ્રજી, જ્યાં ત્યાગથી શમ ન મળે પણ શમનું વિડંબન થાય ત્યાં શમ પ્રાપ્ત કરવાનો આ જ માર્ગ છે કે રાગદ્વેષ વિના ઇન્દ્રિયોને ચરવા દેવી.'

સરસ્વતીચંદ્ર — 'તે પછીના શ્લોકમાં કહ્યું છે કે

इन्द्रियाणां हि चरतां यन्मनोऽनुविधीयते।

तदस्य हरति प्रज्ञां वायुर्नावमिवाम्भसि॥ [2]

ચંદ્રાવલી — 'એ બધાં વાક્યોમાં કાંઈ વિરોધ નથી. ઇંદ્રિયો વડે વિષયને ચરવા, પણ ઇંદ્રિયોને વશ ન થવું અને રાગદ્વેષ વિનાના રહી આ ઉભય વિધિ પળાય તો પ્રસાદ એટલે શમ પ્રાપ્ત થાય છે. સૂક્ષ્મ દેહ ઉપર રાગ અને સ્થૂલ ઉપર દ્વેષ ન રાખવો. સૂક્ષ્મ દેહનો સંયોગ તો સ્વયંભૂ થઈ ગયો છે તેનો નિર્વાહ કરવો; અને સ્થૂલ દેહનો સંયોગ સ્વયંભૂ થાય તો તેનો દ્વેષ ન કરવો ને તેના ઉપર રાગી થઈ તેને શોધવો નહીં ને તેનું અસ્થાને અકાળે અધર્મે બળ થવા દેવું નહીં. 'કામકામી', ન થવું અને 'કામદ્વેષી' પણ ન થવું. નદીઓ જેમ સમુદ્રમાં વહેતી વહેતી જાતે આવે છે તેમ કામરૂપ નદી ધર્મથી જાતે પ્રાપ્ત થાય ત્યારે સમુદ્ર પેઠે તેને અવકાશ આપવો એ જ શાંતિ, એ જ નિર્મમતા અને એ જ નિરહંકાર.'

आपूर्यमाणमचलप्रतिष्ठं

समुद्रमापः प्रविशन्ति यद्वत्।

तद्वत्कामा यं प्रविशन्ति सर्वे

स शान्तिमाप्नोति न कामकामी॥ [3]

विहाय कामान् यः सर्वान् पुमांश्चरति निःस्पृहः।

निर्ममो निरहंकारः स शान्तिमधिगच्छति॥ [4]

સરસ્વતીચંદ્ર — 'મને કામ પ્રાપ્ત થયો નથી.'

ચંદ્રાવલી — 'સૂક્ષ્મ કામ થયો છે.'

સરસ્વતીચંદ્ર — 'પણ સ્થૂલ કામને ભોજન માટે આમંત્રણ કરવું તે શા માટે? એટલો રાગ શા માટે?'

ચંદ્રાવલી — 'બેમાંથી એક હૃદયને પણ એ રાગ નથી. એમ છતાં તે હોય કે પ્રાપ્ત થાય તો તે મધુરીને હશે એમ ધારો. પણ તમને તો તે નથી એમ કહો છો.'

સરસ્વતીચંદ્ર — 'તેને આમંત્રણ કરું તો તે પ્રાપ્ત થયો જ ગણવો.'

ચંદ્રાવલી — 'જનક રાજા જેવો યોગ સાધવાનું મેં તમને કહ્યું. એવા યોગને કાળે રાજાને ઉપાધિજન્ય અનેક ભય હોય છે તેટલાથી મહાત્માઓ એવા યોગનો અનારંભ કે ત્યાગ નથી કરતા. તમારો અધર્મભય તો માત્ર સંસારે માની લીધેલા ને માની લેવડાવેલા સંપ્રત્યય વડે રચેલા ભ્રમથી જ ઉત્પન્ન થયેલો છે અને તે ભય પણ તમારી દૃઢતા ને અચલતા જોતાં પ્રમાણમાં ક્ષુદ્ર છે. એવા ભયે લેખામાં ન લેવા તે તેને આમંત્રણ કર્યું કહેવાય નહીં.'

સરસ્વતીચંદ્ર — 'ધારો કે એ યોગ સાધતાં આ ભય સત્ય પડ્યો અને આપણે યોગભ્રષ્ટ થયા તો?'

ચંદ્રાવલી — 'તો તેમાં હાનિ કંઈ નથી. આ અવતારમાં યોગભ્રષ્ટ થયેલો મહાત્મા આવતા અવતારમાં બાકીનો લાભ મેળવશે. અર્જુનને પણ આવી જ શંકા થઈ હતી અને કૃષ્ણ પરમાત્માએ એનું સમાધાન કરેલું હતું તે તમને વિદિત હશે.

અર્જુને કહ્યું કે:

अयतिः श्रद्धयोपेतो योगाच्चलितमानसः। [1]

कच्चिन्नोभयविभ्रष्टश्छिन्नाभ्रमिव नश्यति।

ત્યારે તેને ઉત્તર મળ્યો કે

'पार्थ नैवेह नामुत्र विवाशस्तस्य विद्यते।

न हि कल्याणकृतत्कश्चिदुर्गति तात गच्छति॥

प्राप्य पुण्यकृतं ल्लोकानुषित्वा शाश्वतीः समाः।

शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टो'भिजायते।

अथवा योगिनामेव कुले भवति धीमताम्।

एतद्धि दुलभतरं लोके जन्म यदीदृशम्॥

तत्र तं बुद्धिसंयोगं लभते पौर्वदेहिकम्।

यतते च ततो भूय; संसिद्धौ कुरुनन्दन॥

पूर्वाभ्यासेन तेनैव ह्रियते ह्यवशो हि सः।

जिज्ञासुरपि योगस्य शब्दब्रह्मातिवर्तते।

प्रयत्नाद्यतमानस्तु योगी संशुद्धकिल्विषः।

अनेकजन्मसंसिद्धस्ततो यातिं परां गतिम्॥ [२]

નવીનચંદ્રજી! પૂર્વ જન્મના પુણ્યકર્મથી હાલની સદ્વાસનાઓને, સદ્‌વૃત્તિઓને અને જ્ઞાનને પ્રાપ્ત થયા છો તે જ સત્કર્મની પરિપાકદશા આ જન્મમાં પામશો અને આ જન્મમાં યોગભ્રષ્ટ થશો તો આવતા જન્મમાં પામશો. પડવાના ભયથી બાળક ચાલતાં શીખવાનું છોડી દેતું નથી પણ પડી પડીને ઊઠે છે તેથી જ ચાલતાં શીખે છે. જે ભયથી તમે ડરો છો તે જ તમને કાળે કરીને તમારી ઇષ્ટસિદ્ધિને પ્રાપ્ત કરાવશે. સંસાર માત્ર છોડી મૂકેલા બાણની ગતિ જેવો છે તે અલકની ઇચ્છાથી વેગ બંધ પડતાં સુધી ગતિમાંથી વિરત થતો નથી અને વેગ સમાપ્ત થતાં ગતિ કરતો નથી. સદ્વાસનાનો સંસાર પણ આવો છે તે તમને ફળ દધા વગર શાંત નહીં થાય અને ભયથી ડરો છો તે મિથ્યા છે.' *

क्षीणकर्मा ततो जीवःस्वदेहाकृतिमुद्वहन्।

ऊर्ध्वं स्वभावतो याति वह्निज्वालाकलापवत्॥

लोकाग्रं प्राप्य तत्रासौ स्थिरतामवलम्बते।

गतिहेतोरभावेन धर्मस्य परतो गतिः॥

સરસ્વતીચંદ્ર — 'આ પ્રમાણે થશે એવી શ્રદ્ધા તો દૃઢ થાય ત્યારે ખરી.'

ચંદ્રાવલી — 'અવશ્ય એમ જ. પણ -'

आविर्भूतज्योतिषां योगसिद्धाः

ये व्याहारास्तेषु मा संशयोऽभूत्।

भद्रा ह्येषां वाचि लक्ष्मीर्निषक्ता

नैते वाचं विप्लुतां व्याहरन्ति॥ [१]

જે યોગદૃષ્ટિને પરમ અલક્ષ્ય લક્ષ્ય થાય છે તેને પૂર્વાપર જન્માવસ્થા લક્ષ્ય થાય તેમાં શી નવાઈ છે? નવીનચંદ્રજી! તેવું લક્ષ્ય તમારે પ્રત્યક્ષ કરવું હોય તો તેટલો યોગ સાધો. તમને પણ યોગસિદ્ધ દૃષ્ટિ પ્રાપ્ત થશે અને શ્રદ્ધાની અપેક્ષા વિના તે વસ્તુ જોઈ શકશો કે, જેને માટે આજ તો તમારે શ્રદ્ધા જ આવશ્યક છે. એ શ્રદ્ધા વિના જાતે શું જોવું તેનો માર્ગ ગુરુજી દેખાડશે.'

સરસ્વતીચંદ્ર — ' [२] *मुक्तबाणगतिप्रायः संसारस्तु शरीरिणाम्* એ મંત્રનું દૃષ્ટાંત આ યોગભ્રષ્ટ જનના પુનરાવર્તનમાં હશે.'

ચંદ્રાવલી — 'એમ જ, *द्वा सुपर्णा* [3] આદિ શ્રુતિ છે તેમાં ઈશ અને અનીશ બે પક્ષી કહેલાં છે. સંસારસમષ્ટિ[૪] જેવો ઈશનો ઉપાધિ છે તેમ વ્યષ્ટિના[૫] સંસાર અનીશના ઉપાધિ છે. બાણની ગતિ જેવા એ સંસાર ગણવા, બાણ જેવાં સંસારીનાં ને સંસારનાં નામરૂપ ગણવાં, ધનુષ્ય જેવું પ્રથમ અવતારમાંના જન્મનું કારણ અલખ વાસનાસ્વરૂપને ગણવું અને એ સ્વરૂપની શાંતિને મુક્તિ ગણવી. એ ઉપાધિથી ઉપહિત ઈશ અભોક્તા છે ને અનીશ ભોક્તા છે. જ્યાં સુધી બાણની ગતિ છે ત્યાં સુધી ભોક્તાની ભુક્તિ છે. અનીશ યોગથી ઈશની સાથે સામ્ય પામે ત્યાં સુધી તેના ભોગસંસાર પ્રવાહરૂપ ધરે છે ને એ વાસનાસ્વરૂપ શાંત થાય એટલે પ્રવાહરૂપ પણ શાંત થાય. જે યોગભ્રષ્ટ થયા વિના સંસિદ્ધ થાય છે તેમની બાણગતિ ત્વરિત હોય છે; યોગભ્રષ્ટની ગતિ વધારે કાળ ટકે છે પણ ત્વરિત હોય છે; પામર જીવની ગતિ મન્દમન્દ પુનરાવર્તન પામનારી હોય છે. એવા જીવ

नद्यां कीटा इवावर्त्तादावर्त्तान्तरमाशु ते।

व्रजन्तो जन्मनो जन्म लभन्ते नैव निर्वृतिम् [१] ॥

સંસારકર્મનો પરિપાક થતાં સુધી તેમની આ દશા રહે છે. પ્રવાસીના પગ સ્વગ્રામ આવતાં ત્વરિત ઊપડે છે તેમ કર્મપરિપાક પામનારની ગતિ પણ ત્વરિત થાય છે અને તેથી જ યોગભ્રષ્ટ કે યોગસિદ્ધ ઉભયની ગતિ ત્વરિત છે. એ ગતિની ત્વરા વધે તેમ તેમ એના ભોગ સૂક્ષ્મતર થાય છે અને હોલાતી વાટ હોલવાતાં હોલવાતાં અતિશય પ્રકાશ ધરે તેમ તેમ આ ભોગ સૂક્ષ્મતર થાય છે ને તેમ થાય ત્યાં સૂક્ષ્મ શરીર સૂક્ષ્મતમ થયું ગણવું અને તેનાથી વાસનાક્ષય થાય છે. માટે નવીનચંદ્રજી, યોગમાંથી ભ્રષ્ટ થનારના ભોગ પણ કલ્યાણકારક છે એવો અલક્ષ્ય લક્ષ્યનો એક સિદ્ધાંત છે. વિષય જેમ વિષયીને ખેંચે છે તેમ સદ્વસ્તુના પૂર્વાભ્યાસમાં પણ એવી શક્તિ છે કે સાધુઓ તેનાથી ખેંચાય છે. *ह्रियते*

हृयवशो हि स:॥ એક વૃક્ષ ઉપર ઈશ ને અનીશ ઉભય છે. ભોગી અનીશ અને સાક્ષી ઈશની એક દૃષ્ટિ થતાં ઈશ અનીશને આમ આકર્ષે છે અને સ્વસમાન કરે છે. એનું નામ ઈશ્વરની કૃપા. એનું નામ ઉભય પક્ષીની મિત્રતા. આગંતુક મિત્રનો સ્વર સાંભળી, અન્ન પર બેઠેલો મિત્ર જેમ આતુરતાથી અન્નનો ત્યાગ કરતો નથી પણ કોળિયા ત્વરાથી ભરી લે છે અને આવેલા મિત્રને મળવા દોડે છે તેમ જ સૂક્ષ્મ પ્રીતિના ભોગી અનીશ સાધુઓ ઈશને જોઈ ભોગને સૂક્ષ્મતર કરે છે. નવીનચંદ્રજી, તમને જે માર્ગે દર્શાવ્યો છે તે કલ્યાણકારક જ છે ને મધુરીની મધુર કલ્યાણી મતિ તેમાં તમને અપૂર્વ સાહાય્ય આપશે એમ સર્વ સાધુજનની શ્રદ્ધા છે નવીનચંદ્રજી, તમારી પ્રીતિ બાણની પેઠે ધનુષ્ય ઉપરથી છૂટી ચૂકી છે ને તેના પ્રતિરોધનો પ્રયત્ન મિથ્યા દંભ છે. એ દંભરૂપ અભિમાનનો ત્યાગ કરી, કલ્યાણ આશય ધરી, પ્રાપ્ત પ્રવાહમાં પ્રવૃત્ત થાઓ, અને સર્વ જન જેનું મોદન કરે છે તે આશયને કલ્યાણરૂપ જ સમજો.

विगतमानमदा मुदिताशयाः शरदुपोढशशाङ्कसमत्विषः।

प्रकृतसंव्यवहारविहारिणस् त्विह सुखं विहरन्ति महाधियः॥

સરસ્વતીચંદ્ર પોતાને દીક્ષામાં મળેલા શ્લોકના આ ઉપયોગથી ચમક્યો અને જિજ્ઞાસાથી પ્રેરાયો.

'મૈયા! આ શ્લોકોમાંનો વ્યવહાર કીયો, ને આશય કીયો, અને શશાંકનું ઉપમેય શું?'

ચંદ્રાવલી — 'ચાતુર્માસમાં જગતના પોષણને અર્થે વૃષ્ટિ કરવા વાદળાં આકાશમાં ઊભરાય છે ને ચંદ્રનું દીર્ઘકાળ સુધી આચ્છાદન કરે છે તે પ્રમાણે મહાત્માઓનાં સ્થૂલ સૂક્ષ્મ શરીર પ્રથમ જાતે સુબદ્ધ સુપુષ્ટ થાય છે અને પછી જગતના કલ્યાણને અર્થે ક્રિયાવૃષ્ટિ કરે છે ત્યાં સુધી એ અલખના સ્ફુલિંગરૂપ એ મહાત્માઓ પ્રચ્છન્ન રહે છે અને તે પછી જ શરદઋતુના સકલ ચંદ્ર જેવા થાય છે. તેમની કૃપાનાં કાર્યનું અનુભવી જગત તેમના આશયને પુણ્ય ગણવા જેટલો વિશ્વાસ તે પછી જ રાખે છે અને તેમના આશય લોકમુદિત ત્યાર પછી જ ગણાય છે. જે જે સદ્વસ્તુ એમની આસપાસના પ્રવાહમાં આવે છે તેની સાથે જ તેઓ શુદ્ધ ઉત્કૃષ્ટ વ્યવહાર રચે છે; તેમાં ન્યૂનતા રાખતા નથી અને ભાવિ અને અપરોક્ષ વ્યવહારની કામના રાખતા નથી. આ લખ વ્યવહારમાં પોતાના મુદિત આશયના પ્રેર્યા એ મહાત્માઓ લોકના કલ્યાણ ભણી પ્રવૃત્ત થાય છે. તમોગુણનું ફળ આલસ્ય છે; રજસનું ફળ સકામ પ્રવૃત્તિ છે, અને સત્ત્વનું ફળ આવી નિષ્કામ લોકોપકારક પ્રવૃત્તિ છે.'

સરસ્વતીચંદ્ર — 'નિસ્ત્રૈગુણ્યના માર્ગ ઉપર જનારને તો નિષ્કામ પ્રવૃત્તિ પણ નિરર્થક.'

ચંદ્રાવલી — 'અલખ પરમાત્મા સાથે અદ્વૈતનો અનુભવ કરનાર આત્માની જ સ્થિતિ નિસ્ત્રૈગુણ્ય છે; પણ જ્યાં સુધી કારણ શરીર શીર્ણ થયું નથી ત્યાં સુધી ત્રણે શરીર ત્રિગુણાત્મક છે. સૂક્ષ્મ શરીર સૂક્ષ્મતમ થાય ત્યારે જ અન્ય વાસનાઓનો ક્ષય થાય છે અને કારણ શરીર માત્ર લોકોપકારક સાત્ત્વિક વાસનારૂપ સ્ફુરે છે અને એ વાસનામાં વસતા મુદિત આશયની પ્રેરેલી પ્રવૃત્તિનું આસ્વાદન જગત કરી શકે છે.'

સરસ્વતીચંદ્ર — 'આશય કેવા હોય છે ને એ પ્રવૃત્તિ કેવી થાય છે? કોઈ પણ પ્રવૃત્તિમાં ન પડનારને કાંઈ હાનિ છે?'

ચંદ્રાવલી — 'વ્યષ્ટિ અથવા વ્યક્તિનું વાસનાબીજ અને કારણશરીર તેના સર્વ જન્મજન્માંતરમાં એક જ રહે છે, મૃત્યુથી સ્થૂલ શરીર બદલાય છે, સૂક્ષ્મ શરીર વિકાસ પામે છે અને કારણશરીર પ્રથમ વિકાસ પામે છે અને સદ્વાસનાઓના ઉદય પછી હ્રાસ પામતું જાય છે. સૂક્ષ્મ શરીર અને કારણશરીર મૃત્યુથી નાશ પામતાં નથી. સ્થૂલ શરીર બદલાય છે એટલે શૂન્ય થતું નથી પણ પંચભૂતરૂપ સ્વયોનિમાં પાછું ભળે છે ને સૂક્ષ્મ શરીરની આસપાસ નવું સ્થૂલ શરીર વીંટાય તો વીંટાય. સંસારીઓમાં એમ મનાય છે કે મરે તે શૂન્ય થાય — તેનો નાશ થાય. નાશ કશાનો થતો નથી. વસ્તુમાત્ર સ્વયોનિમાં પરિપાક પામી આવિર્ભાવ પામે છે, રૂના તંતુ તણાઈને સૂત્ર થાય, સૂત્રસમૂહ અન્ય પરિપાક પામી પટ થાય, પટ જીર્ણ થઈ ફાટી જાય, અને અંતે તિરોધાન પામે એટલે સ્વયોનિમાં ભળે. સ્થૂલ શરીર પણ એવી જ ગતિને પામે છે અને તેની ગતિ ગર્ભાધાનથી આરંભાઈ દેહદાહાદિકાળે સ્વયોનિમાં લીન થાય છે. વનસ્પતિના દેહ કેવળ સ્થૂલ છે. તેનાં બીજમાં તેમના સૂક્ષ્મ દેહ તિરોહિત રહે છે અને કૃષિકર્માદિને બળે એ બીજમાંથી અન્ય સ્થૂલ દેહને આવિર્ભાવ આપવાની શક્તિનું ધારણ કરે છે. પાશવયોનિમાં સૂક્ષ્મદેહ જાતે આવિર્ભાવ પામે છે, અને વૃક્ષાદિની પેઠે તેમનાં બીજમાં અંતર્હિત રહી સ્થૂલ કામાદિને અને સંતતિને ઉત્પન્ન કરે છે. એટલું જ નહિ પણ વનસ્પતિમાં જેમ સૂક્ષ્મ દેહ અંતર્હિત રહી સ્ફુરે છે તેમ પશુ આદિમાં વાસનાદેહ અંતર્હિત રહી સ્ફુરે છે અને આવિર્ભૂત સૂક્ષ્મ દેહના કોકડામાં વીંટાઈ મૃત્યુ પછી પુનર્જન્મ ધરે છે. મનુષ્યજાતિમાં આ ત્રણે દેહ સંપૂર્ણપણે આવિર્ભાવ પામે છે. સ્થૂલ દેહનાં અવસ્થાચક્રની ગતિથી તેમ પોતાની શક્તિથી મનુષ્યનો સૂક્ષ્મ દેહ સૂક્ષ્મતર થાય છે અને કારણશરીર પોષાય છે. સ્થૂલ શરીરમાંથી આવિર્ભાવ પામેલું — નીકળેલું — સૂક્ષ્મ શરીર પોતાના પૂર્વ સંસ્કારના સંગ્રહને સાથે રાખે છે. અન્ન બફાય અને તળાય તેમ અનેક સંસ્કારોના પરિપાકથી સૂક્ષ્મ શરીર, સિદ્ધાન્ત જેવું, સૂક્ષ્મતર અને સિદ્ધ થાય ત્યાં સુધી વાસનાશરીર વધ્યાં કરે છે. પણ સૂક્ષ્મ શરીરની સિદ્ધ દશા થતાં તૃપ્ત થતું વાસનાશરીર કૃષ્ણપક્ષના ચંદ્ર પેઠે હ્રાસ પામવા માંડે છે. એ શરીરનો હ્રાસ થવા માંડ્યો ત્યાં સૂક્ષ્મ શરીરે આ ઉપાર્જિત કરેલી શક્તિની પ્રવૃત્તિ, આસપાસના સંસારના કલ્યાણને અર્થે સુપુષ્પના સુગંધ પેઠે, વિસ્તાર અને વિકાસ પામે છે, ને એ વિસ્તાર અને વિકાસથી સૂક્ષ્મ શરીર સૂક્ષ્મતમ થાય છે, [૧] અને સંસારના કલ્યાણમાં ખેંચાતી વાસના, અહંતા મમતા છોડી, માન-મદ-ના અવચ્છેદથી મુક્ત થઈ, સમષ્ટિરૂપ સ્વયોનિમાં ભળે છે ને શાંત થાય છે. વાસનાશરીર શાંત થયું એટલે તેલ ખૂટ્યે દીવો ભભૂકીને શાંત થાય છે અને વાટ કોયલારૂપે પડી રહે છે તેમ સૂક્ષ્મ શરીર સૂક્ષ્મતમ થઈ શાંત થાય છે અને સ્થૂલની દશા વાટના જેવી થાય છે. આવા પરિપાક વિના અતૃપ્ત વાસનાની શાંતિ જણાય તો તેને અલકવાદીઓ સૂક્ષ્મ શરીરનું પૂતનીકરણ[૧] અથવા પૂતીકરણ અને કારણશરીરની આત્મહત્યા કહે છે — કારણ એ ઉપમાન-ઉપમેયનાં સર્વ વિશેષણ સમાન જ છે અને તેમની સ્તુતિનિન્દાનાં નિદાન એક છે. છિન્ન અભ્ર પેઠે ઉભય લોકમાંથી ભ્રષ્ટ થવાની અર્જુનની જે શંકા વિશે મેં તમને કહ્યું તે છિન્નાભ્રતા આવા પૂતનીકરણાદિથી થાય છે. આવી છિન્નાભ્રતા પામેલો જીવ સૃષ્ટિને આરંભે જ્યાંથી નીકળ્યો હોય ત્યાંથી ફરી નીકળે છે ને ક્યાં જવાનો છે તે વાત અંધકાર જેવી થાય છે. તેને માટે જ શ્રુતિવાક્ય છે કે કેવળ

વિદ્યાના બળથી વાસનાને નષ્ટ કરનાર આત્મઘાતી અન્ધતમ તિમિરમાં પ્રવેશ કરે છે. આવી શ્રુતિ છે અને માટે જ સ્થૂલ શરીર પોતાના વિપાકથી જ શીર્ણ થાય તે ધર્મ્ય છે, તેમ સૂક્ષ્મ અને કારણશરીર અસિદ્ધ દશામાં નહીં પણ સર્વત:સંસિદ્ધ થઈ સર્વ કર્મવિપાકને અન્તે જાતે જ સ્વયોનિમાં પ્રાપ્ત થાય તે જ આશય મુદિત છે. લક્ષ્યધર્મપ્રતિપાદિની શ્રુતિઓ તમે જાણી હશે તે સર્વ આ જ આશયને વ્યષ્ટિનો હિરણ્યમય કોશ[૨] ગણે છે. પુરુષમાં પુરુષ અતિરોહ પામે છે અને અમૃતત્વનો ઇશાન[3] થાય છે તે આજ આશયથી. જીવનની સ્કુલિંગસ્થિતિ[૪] મુદિત છે તે આ જ આશયથી. અને સંપૂર્ણ અલખ પરાવરમાંથી જે લખ સંપૂર્ણતાનું આદાન કરતાં છતાં પણ અલખની સંપૂર્ણતા જ શેષ રહે છે[૫] તે લખ સંપૂર્ણતા પણ આ જ આશયની સિદ્ધિથી થાય છે. અસિદ્ધ દશામાં અધીર વૈરાગ્યને બળે એ આશયમાંથી નિવૃત્ત થવાથી શમ પ્રાપ્ત થતો નથી પણ તમોગુણ ઉજ્જૃંભણ પામે છે. નવીનચંદ્રજી, શુદ્ધ શમ પામવાનો અધિકાર કેવા વિધિથી પ્રાપ્ત થાય છે તે તમને કહી દીધું.'

સરસ્વતીચંદ્ર — '*નિસ્ત્રૈગુણ્યૈપથિ વિચરતાં કો વિધિ: કો નિષેધ:* એ વાક્યમાં તો વિધિ જ અવિહિત છે.'

ચંદ્રાવલી — 'મુદિત આશયથી પ્રવાહપ્રવૃત્તિ પામનારને માટે જે વિધિ અને નિષેધ છે તે એ આશયમાં દાડમના ઠળિયા પેઠે સમાયેલા રહે છે. તે આશય જાતે સ્વત:શુદ્ધ હોય છે. એ આશયની ગતિ નિસ્ત્રૈગુણ્ય માર્ગમાં જ છે. જાતે સ્વયંભૂ વિધિનિષેધરૂપ એ આશયના વિધિનિષેધ દર્શાવવામાં શ્રુતિ અનુચરકૃત્ય કરવા તત્પર છે અને શાસ્ત્ર અસમર્થ છે. એ આશયના વિધિનિષેધ પવનના પ્રવાહ પેઠે આત્મોત્થિત છે અને પવનથી કે ચંદ્રથી ઉત્થાન પામતા જલતરંગ જેવા પરબલાકૃષ્ટ થતા નથી માટે જ તેમને માટે વચન છે કે તેમનો *કો વિધિ: કો નિષેધ:।*

સરસ્વતીચંદ્ર — 'એવા આશયમાંથી કયા અને કેટલા આશય અલખયોગીને પ્રવૃત્ત કરે છે?'

ચંદ્રાવલી — 'મનુષ્ય પોતાના દેહના કલ્યાણ માટે પ્રવૃત્તિ કરે છે ત્યારે તેનું કૃત્ય અવચ્છિન્ન હોય છે, કારણ દેહનાં સુખ અનન્ત થતાં નથી. પરમાત્મા દર્શનને માટે પ્રવૃત્ત થનારનો માર્ગ આમરણાન્ત પહોંચે છે પણ તે માર્ગ જ્ઞાનીજનોએ શોધી દર્શાવેલા છે અને નેત્ર ઉઘાડે તેને જડે એવા છે. પરંતુ લોકકલ્યાણના માર્ગ લોકસંખ્યાના જેટલા અસંખ્ય છે; ભિન્ન-ભિન્ન અનેક સુખી-દુ:ખી જનોની પ્રવૃત્તિઓ અને વાસનાઓ જેવા એ માર્ગ સર્વતોમુખ અને અનન્ત છે. નવીનચંદ્રજી! એવા માર્ગ તમ જેવા ચતુર વિદ્વાન રસિક જ્ઞાની ઉદાત્ત હૃદયોના મનોરથ જ જાણી દેખાડી શકે છે. દ્રવ્ય, અધિકાર આદિ શક્તિઓવાળામાં આ મનોરથ જાગે છે ત્યારે અદ્દ્ભુત રૂપ ધરે છે. એવા મનોરથ ધરનાર મહાશય મનની ઇયત્તાને ચંદ્રાવલી તો શું પણ સમર્થ ગુરુજી વિષ્ણુદાસ કે સ્મૃતિ કે શ્રુતિ કોઈ પણ તુલિત કરી શકે એમ નથી. તેમને તેમ તુલિત કરવાનું સાધન જ નથી.

વાસરગમ્યમનૂરોરમ્બરમવની ચ વામૈકપદા।

જલધિરપિ પોતલઙ્ઘ્ય: સતાં મન: કેન તુલયામ:॥ [૧]

'એનું કારણ એ જ કે મનુષ્યો પોતાને માટે મતોરથ બાંધે છે તેના કરતાં અનેકધા સંધાન પામેલા તેમને માટે સજ્જનોએ બાંધેલા મનોરથ વિભુ હોય છે.'

નાલ્પીયસિ નિબ્ધ્નન્તિ પદમુન્નતચેત્તસ:।

યેષાં ભુવનલામેષજડપિ નિ:સીમાનો મનોરથા:।। [૨]

એવા પરોપકારી સજ્જનોના મનોરથ કોનું કલ્યાણ કરવું, તે કેમ કરું, ક્યારે કરું, ઇત્યાદિ ચિન્તાઓ રૂપ પાંખો ઉપર બેસી અપ્રતિહતપણે ફર્યા કરે છે.

'સન્તોઙપિ સન્ત: ક્ક કિરન્તુ તેજ:

ક્વ નુ જ્વલન્તુ ક્ક નનુ પ્રથન્તામ્।

વિધાય રુદ્ધા નનુ વેધસૈવ

બ્રહ્માણ્ડકોણે ઘટદીપકલ્પા:।। [3]

પરોપકારના મતોરથના વિષય આવા સીમા વિના અને અસંખ્ય છે તેની મર્યાદા માત્ર પરોપકારી જનની અવસ્થા વડે વધે છે — ઘટે છે. જનક જેવા રાજા શુક જેવા મુનિનું તેમ ઇન્દ્રનું કલ્યાણ કરવા સમર્થ હતા ત્યારે ચંદ્રાવલી માત્ર રંક મધુરીનું કલ્યાણ કરવા આટલો પ્રયાસ કરી શકે છે ને વધારે કરવા તેની શક્તિ નથી. આ જ નવીનચંદ્રજી કોઈ ઉચ્ચપદ ઉપર હોય તો કેટલાનું કલ્યાણ કરી શકે?' સરસ્વતીચંદ્રે નિ:શ્વાસ મૂક્યો.

ચંદ્રાવલી — 'તમારી દશા બદલાશે તેમ ધનલોભીના લોભ પેઠે તમારા પરોપકારી મનોરથ ભહલાશે.

પરીક્ષીણ: કશ્ચિત્સ્પૃહયતિ યવાનાં પ્રસૃતયે

સ પશ્ચાત્સંપૂર્ણાં કલયતિ ધરિત્રીં તૃણસમામ્।

અતશ્ચાનૈકાન્ત્યાદ્ગુરુલઘુતયાર્થેષુ, ધનિનામ્

અવસ્થા વસ્તૂનિ પ્રથયતિ ચ સંકોચયતિ ચ।। [૧]

પોતાની અવસ્થા પ્રમાણે પરોપકારીના મનોરથ નાનામોટા હોય છે. જેમ કે રંક ગાય જાતે કંઈ પરોપકાર કરવા અશક્ત છે પણ તેનું દોહન કરનારને આનંદથી અમૃત આપે છે અને દોહકની અનેકધા કામધેનુ થાય છે. જતા આવતા સર્વ પથિકજન, કૃમિગણ, પક્ષીગણ આદિ ઉપર ઉપકાર કરી શકનાર વૃક્ષ છે — તે દોહનની અપેક્ષા રાખ્યા વિના

સામીપ્યમાત્રથી જ ઉપકાર કરે છે. મૂળથી મુખ સુધીના પ્રદેશ ઉપર વસનાર તથા આવનાર સર્વ પ્રાણીને નદી ઉપકૃત કરે છે. પોતાની પાસે કોઈ ન આવે પણ પોતે જ ઉપકાર્યજનોના પ્રદેશના શિર ઉપર ચડી ઉપકાર કરતો જાય એ મેઘનું કૃત્ય નદીના કૃત્ય કરતાં વિશેષ છે. મેઘ તો વર્ષમાં ચાતુર્માસ જ વર્ષે પણ ચન્દ્રના ઉપકાર તો બારે માસ છે. ચન્દ્રના ઉપકાર કલાવાન્ વૃદ્ધિક્ષયના પાત્ર છે, પણ સૂર્યના ઉપકાર તો સર્વદા સમાન અમેય છે. મેઘ, ચન્દ્ર ને સૂર્ય સ્વયુગે ઉપકાર કરનારનાં ઉત્તરોત્તર દૃષ્ટાંત છે. [2] નવીનચંદ્રજી! એ સર્વ પરોપકારીઓના આશય તેમની અવસ્થા પ્રમાણે સંકોચવિકાસ પામે છે — તેમાં અલખના યોગીઓનો આશય સંસારના ભ્રષ્ટાચારથી દૂર રહી, માત્ર વૃક્ષના જેવા ઉપકાર કરવાથી તૃપ્ત થાય છે.

નવીનચંદ્રજી! સંસારની સમૃદ્ધિથી શૂન્ય અને સંસારના વ્યવહારના અજ્ઞ પણ સદ્વિદ્યામાં, સદ્રસમાં અને સદ્ગતિમાં સમૃદ્ધ અને વ્યૂઢ એવા આ ગિરિરાજ ઉપરના સાધુસમાજના આશય, મહારાજ મણિરાજને જેવા પ્રિય છે તેવા, તેની રંક અજ્ઞ પ્રજાને પણ પ્રિય છે — પ્રિય છે તે એટલા માટે કે તેમાં તે સર્વને વિશ્વાસ છે. અથવા -

विष्णक्तपोवनकुमार समर्प्यमाण-

श्यामाकतण्डुहतां च पिपीलिकानाम्।

श्रेणीभिराश्रमपथा: प्रथमानचित्र -

पत्रावलीवलयिनो मुदमावहन्ति।। [४]

નવીનચંદ્રજી! જે આશ્રમમાં આમ કીડીઓને અન્ન આપી તૃપ્ત કરવાનો રમણીય મુદિત આશય પ્રવર્તે છે ત્યાં આવી આપ જેવા ચન્દ્ર શું મારી ચકોરીને તૃપ્ત–શાંત– કરવાની ના પાડશો?'

સરસ્વતીચંદ્ર — 'તેના આશય પણ ઉચ્ચ જ હશે.'

ચંદ્રાવલી — 'તે તો એક જ વાત ઝંખે છે ને તેને નિ:શ્વાસે નિ:શ્વાસે આપને વિષયે એક જ ઉદ્ગાર થાય છે કે

दह्यमानेन मनसा दैवादेव विहाय माम्।

लोकोत्तरेण सत्त्वेन जगत्पुण्यै; स जीवति।। [१]

નવીનચંદ્રજી! તમને કહેવાનું સર્વ કહી ચૂકી છું. મારી વિજ્ઞપ્તિ સ્વીકારવી તે તમારા હાથમાં છે. જેવા તમે હૃદયથી સાધુજન છો તેવી જ મધુરી છે. ઉભય હૃદયમાં સાધુજનનાં રહસ્ય સ્ફુરે છે.

प्रियप्राया वृत्तिर्विनयमधुरो वाचि नियम:

प्रकृत्या कल्याणी मतिरनवगीत: परिचय:।

पुरो वा पश्चाद्वा तदिदमविपर्यासितरसम्

रहस्यं साधूनामनुपधि विशुद्ध विजयते।। [२]

નવીનચંદ્રજી! તમે આવા સાધુજન છો. સાધુજનના આશય સમજો છો, મધુરીનું દુ:ખ આ હૃદયથી જોવાતું નથી, હું પણ કંઈક વિરક્ત છું તે મારાં વ્રતનો ત્યાગ કરી એ મધુરીને માટે આપની પાસે આવી છું અને અને માટે કહો કે મારા પોતાના શમસુખને માટે કહો પણ આ સ્ત્રૈણ હૃદયે માજીનું મંદિર મુકાવી મને તમારી પાસે આણી છે. સમસ્ત સાધુમંડળનું માન રાખીને, કે મધુરીની દયા કરીને, કે આ મારા હૃદયના ઉદ્ગાર સત્ય માનીને, કે આપની ઉદાર દક્ષ બુદ્ધિની પ્રેરણાથી, મારી રંક વિજ્ઞપ્તિ સ્વીકારો. વધારે કહેવાની મારામાં શક્તિ નથી. સત્યનો બલવત્તર બોધ કરવા જેટલું મારામાં જ્ઞાન નથી, ધર્મનું શુદ્ધતર તારતમ્ય કાઢવાની મારામાં બુદ્ધિ નથી, રસરહસ્ય વધારે પ્રદીપ્ત કરવાનો આ હૃદયનો અભ્યાસ ઘણા કાળના વૈરાગ્યથી કટાઈ ગયો છે, અને મારા હૃદયને મારી પ્રવૃત્તિને આશ્રય આપી શકનાર વિહારપુરી આપનું અનુચરત્વ કરે છે તે આપની પાસે આવા વિષયમાં પ્રવૃત્ત થાય એવું ઇચ્છવાનો મને અધિકાર નથી. નવીનચંદ્રજી, હું આપની પાસે હાથ જોડી ઊભી રહું છું અને સાધુજન પાસેથી આટલી ભિક્ષા માગતાં શરમાતી નથી.'

આટલું બોલતાં બોલતાં ચંદ્રાવલી ગળગળી થઈ ગઈ. તેના નેત્રમાં આંસુ ભરાયાં. દાંત ભીડી, ઊંચે શ્વાસે, ઊંચી આંખે, હાથ જોડી તે ઊભી રહી. અનેક વિચારો અને વૃત્તિઓથી અમુઝાતો સરસ્વતીચંદ્ર પળવાર વિચારમાં પડી ઉત્તર શોધવા લાગ્યો. ત્યાં ચંદ્રાવલીના હૃદયનો ઉત્કંપ સ્પષ્ટ દેખાયો, ભરાયેલાં આંસુ ગરવા લાગ્યાં, ઓઠ ઊઘડવા લાગ્યા.

'સાધુજન! વિહારપુરી વિના બીજા કોઈ પુરુષના સામું આ આંખોએ આજ સુધી ઊંચું જોયું નથી તે તારા મુખચંદ્રની મધુર દયાર્દ્રતાનો પ્રકાશ જોતી ઊભી છું. મને શી આજ્ઞા છે?'

સરસ્વતીચંદ્ર હજી વિચારમાં જ હતો. એનાં નેત્ર એનાં હૃદય સામે વળ્યાં હતાં.

'સાધુજન, શી આજ્ઞા છે?' ફરી ચંદ્રાવલીએ પૂછ્યું.

સરસ્વતીચંદ્ર ચમકી ઊઠ્યો હોય તેમ એણે અચિંત્યું ઊંચું જોયું. નીચેથી ઊંચું જોયું તેટલામાં એની આંખમાં આંસુ આવી પણ ગયાં, ને સુકાઈ પણ ગયાં. અતિ નમ્ર વદનકાન્તિ કરી, હાથ જોડી તે બોલ્યો:

'મૈયા! મને પુત્ર જાણ્યો ને પુત્રના ઉપર જે ક્ષમા, વત્સલતા અને ઉદાર ચિન્તાવૃત્તિ માતા રાખે તેવી આપે મારા ઉપર રાખી. માતાજી, આપની આજ્ઞા તોડવાને મને અધિકાર નથી. શુદ્ધિ અને બુદ્ધિનો સમાગમ યોજી જે સૂક્ષ્મ ભેદવાળી યોજના આપે આટલી આટલી દીર્ઘ દૃષ્ટિથી રચી છે તેને હું અનુકૂળ થઈશ, અને મધુરીને આપ મારી કહો છો તેનું અભિજ્ઞાન થશે તો તેના કલ્યાણનો માર્ગ તેને દર્શાવીશ.'

'ને તમારા કલ્યાણનો માર્ગ તે તમને દર્શાવે તો તે પણ તમે જોશો -' ચંદ્રાવલીએ કંઈક અટકતાં કહ્યું.

'ઉભયના વિચાર ને વૃત્તિતો સમાગમ દૈવ કરાવશે તેવો કરીશ.' સરસ્વતીચંદ્ર બોલ્યો.

'સાધુજન, તમારું કલ્યાણ થજો. હું તમારી પવિત્ર સેવામાં કોઈ રીતે કામ લાગું એવું કંઈ કહેવાનું બાકી છે?'

સરસ્વતીચંદ્ર — 'મારે કોઈને કંઈ પણ આ વિષયમાં કહેવાનું થશે તો તે આપને જ કહેવાનું થશે.

આશ્વાસસ્નેહભક્તિનાં ત્વમેવાલમ્બનં મહત્।

પ્રકૃષ્ટસ્યેવ ધર્મસ્ય પ્રસાદો મૂર્તિસચ્ચર:।। [૧]

આપે મને પ્રકૃષ્ટ ધર્મનું તારતમ્ય સૂક્ષ્મ ભેદ કરી શીખવ્યું છે. આજ સુધી મારી બુદ્ધિ અસંતુષ્ટ રહેતી અને હૃદય તપ્ત રહેતું તેને આપે અતિ વત્સલતાથી તૃપ્તિ અને શાંતિના માર્ગનું દિગ્દર્શન કરાવ્યું છે. જે વસ્તુ હું ગુરુજીને પૂછી શકત નહીં અને જે મને કહેવામાં વિહારપુરીજી સંકોચ પામત તે વસ્તુનું આપે મને જ્ઞાન આપ્યું છે. અને અંતે જે અનાથ હૃદયનો મેં વિનાકારણ ક્ષોભ કરેલો છે તેને શાંતિ આપવામાં આપનું જ સાહાય્ય છે એ મારાં સર્વ કલ્યાણ કરતાં ગુરુતર કલ્યાણ કર્યું છે. આપે મને અને મારા આશ્વાસ્ય જનને પરમ આશ્વાસન આપ્યું છે. આપના હૃદયાં ઉભય ઉપર ગુરુપ્રીતિ સ્ફુરે છે અને આપનાં સુપ્રસિદ્ધ વ્રત છોડાવી આ પ્રતિકૂળ પ્રવૃત્તિમાં આપને પ્રેરે છે. પરમ અલક્ષ્ય અને તેની લક્ષ્ય વિભૂતિ ઉભયની આ આપ ભક્તિસાધના કરો છો. આપ આથી સૂક્ષ્મ ધર્મના પ્રસાદરૂપ ભાસો છો તેવાં જ સૂક્ષ્મતમ રસના પ્રસાદરૂપ છો.

પ્રીતિવૈરાગ્યવિધાનાં ત્વમેવાલમ્બનં મહત્।

પ્રકૃષ્ટસ્ય રસસ્યેવ પ્રસાદો મૂર્તિરાચ્ચર:।। [૧]

પ્રીતિ, વૈરાગ્ય અને વિદ્યા — એ ત્રિપુટીના અપૂર્વ સમાગમથી ઊભરાતો રસ જગતમાં સંપૂર્ણપણે જોવામાં આવતો નથી. જગતના મોટા ભાગને તો તેની કલ્પના પણ નથી. મૈયા, આવી સદ્વસ્તુઓની સંપત્તિના સમાગમનું સ્થાન આપનામાં હોવાથી એ સંપત્તિને બળે અપૂર્વ રસનો પ્રકર્ષ અને પ્રસાદ આપે આજ મને પ્રત્યક્ષ કરાવ્યો છે. ધર્મ અને રસનાં એવાં રૂપનો એકત્ર સમાગમ આપે આપનામાં મને પ્રત્યક્ષ કરાવ્યો છે. તે જ મારા ઉપર આજ સુધી કોઈએ ન કરેલી કૃપા કરી છે તેના બદલામાં હું શું કરી શકું?'

ચંદ્રાવલી — 'નવીનચંદ્રજી! આત્મશ્લાઘા સાંભળવાનું એક કાળે મારે આવશ્યક હતું. હવે તે આવશ્યક નથી. મારા સ્વભાવને તે અનુકૂળ નથી. પણ તમારા જેવા સાધુજનના ઉદ્ગાર હૃદયમાંથી જ નીકળે છે અને એવાં હૃદયની પ્રસન્નતાનું હું નિમિત્ત થાઉં એટલું ફળ મને ઇષ્ટ છે. પણ હવે તેનો વધારે લોભ તે અતિલોભ થાય. વળી આપણા આ સમાગમનું પ્રયોજન કૃપા કરી તમે સફળ કર્યું છે તે જ બદલાથી મને સંતોષ થયો છે. હવે તો પ્રવૃત્તિમાં પડવા તમે સ્વીકાર્યું છે તે પ્રવૃત્તિમાં તમારી ઉદારતા અને દક્ષતા સફળ થાવ અને મધુરીના અને તમારા પવિત્ર આશય સિદ્ધ થાવ એ આશીર્વાદ છે.'

સરસ્વતીચંદ્ર — 'મારા હૃદયમાં આજ સુધી કોઈક બલવાન અંધકાર વ્યાપ્ત રહ્યો હતો તેમાંથી મને મુક્ત કરનાર [૨] ઉષાદેવી તે આપ છો. હું આપની સ્તુતિ કરતો નથી, પણ કાલ જે જોયું અને સાંભળ્યું તેનો આજ અનુભવ થયો તે આપના જ પ્રકાશથી થયો છે. આજ હું અંધકારમાંથી મુક્ત થયો તે જ આપના આશીર્વાદની સિદ્ધિ.'

ગઈ કાલ વિષ્ણુદાસ નિરીક્ષા કરવા નીકળ્યા હતા ને ચંદ્રાવલી ઊભી દીઠી ત્યાં સર્વ બાવાઓએ અલખગર્જના કરી હતી. યદુનન્દનનો જય પોકાર્યો હતો અને ચંદ્રાવલીનો જય પણ પોકાર્યો હતો. વિષ્ણુદાસજી પોતે ચંદ્રાવલી પાસે ગયા હતા અને તેનું કુશળ પૂછી, રાસલીલા જોવા જવા આજ્ઞા કરી, બેટની અને માતાના મન્દિરની અને નૈવેદ્યાદિની અવસ્થા પૂછી લીધી હતી. રાસલીલા પ્રસંગે વિષ્ણુદાસજી ન હતા પણ વિહારપુરીએ સાધુજનોને રાસરહસ્યનો ઉપદેશ સમજાવ્યો હતો. એ ઉપદેશ થઈ રહેતાં સુધી ચંદ્રાવલી એક ચિત્તથી શ્રવણ અને ધ્યાન ધરી ઊભી હતી અને સાધુઓના આગ્રહથી તે સર્વ સ્ત્રીપુરુષોમાં અગ્રભાગે વિહારપુરી સામી જ ઊભી હતી. ઉપદેશ કરી રહી વિહારપુરીએ સર્વ સાધુઓને આશીર્વાદ દીધા અને પ્રણામ કર્યા તે પ્રસંગે ચંદ્રાવલીને પણ પ્રણામ કર્યા, અને સ્ત્રીપુરુષ સર્વ સાધુઓએ તે ક્ષણે આનંદ અને ઉત્સાહતી ચંદ્રાવલીમૈયાનો અલખ જગાવ્યો ને જય પોકાર્યો. આ સર્વ ચિત્ર સરસ્વતીચંદ્રે વિસ્મયથી પ્રત્યક્ષ કર્યું હતું પણ એ ચિત્રનું માહાત્મ્ય તેના હૃદયમાં આજ સમજાયું અને સાધુજનોના એવા પક્ષપાતના આ ઉત્તમ પાત્રને ચરણે પડવા અત્યારે તેનું નમ્ર દીન થયેલું હૃદય તત્પર થયું. ચંદ્રાવલીએ હવે પોતે જવાની આજ્ઞા માગી તેના ઉત્તરમાં એ આ સ્ત્રીને માટેના પૂજ્યભાવનો અનુભવી બની બોલ્યો:

'મૈયા! આપના હૃદયના અમૃતોદ્ગારથી હું એવો તૃપ્ત નથી થયો કે હવે તેની તૃષા નથી એમ હું કહું. પણ જે કૃપા આપે આ જીવ ઉપર કરી છે તેની મર્યાદા કેટલી રાખવી એ આપના પોતાના અધિકારની વાત છે. હું તો માત્ર હવે આપને વંદન કરવામાં જ મારું કલ્યાણ માનું છું. વસિષ્ઠ જેવા વિહારપુરીજીનાં અરુંધતી જેવાં ચંદ્રાવલી — એમના સમાગમનો અધિકારી હું આજ થયો ને ઉષાદેવી [૧] પેઠે આપે મારો અંધકાર નષ્ટ કર્યો તો મારે કહેવાનું એટલું જ બાકી રહે છે કે

પૃથ્વીતળ ઉપર મારું મસ્તક ઢાળી તે વડે તને નમું છું. - ઉત્તરરામચરિત ઉપરથી.

સરસ્વતીચંદ્રે ચંદ્રાવલીને ચરણે પડવાનું કર્યું ત્યાં એ સાધ્વીના પરપુરુષસ્પર્શના ત્યાગી કરકમલે આ પુરુષના શરીરને પોતાને ચરણે પડતાં અટકાવ્યું અને એ ઊભો થતાં એ બોલી,

'નવીનચંદ્રજી, આ ગિરિરાજના યોગીઓ આવા પ્રણામ યદુનન્દનને જ કરે છે. ગુરુજી પણ એવા પ્રણામ પોતાને થવા દેતા નથી. તો હું તો કોણ માત્ર? સર્વથા હવે કાલાતિપાત થાય છે માટે તમે હવે તમારા પુણ્ય વિચાર કરો અને હું જાઉં છું.'

ચંદ્રાવલી ગઈ. સરસ્વતીચંદ્ર તેની પૂઠ પાછળ દૃષ્ટિ નાંખી રહ્યો. એ દૃષ્ટિમાં એનું ધ્યાન હતું એટલામાં એનું મુખ બોલવા લાગ્યું:

"The reason firm, the temperate Will,

Endurancs, foresight, strength, and skill;

A perfect woman, nobly plann'd.

To warn, to comfort and, command.' [3]

એના મનમાં ભાષા હૃદય પામી.

'સુન્દરગિરિ! કેવાં સુંદર મનુષ્યોને તું આશ્રય આપે છે! ચંદ્રાવલી! જે કાળે તમારા જેવી આર્યાઓ આ નિમ્નદેશમાં પ્રકાશતી હશે, જે કાળે વિદ્યા, રસ અને પવિત્રતાના સંગમનાં તીર્થ આ દેશને ઉચ્ચદશાના અનુભવ કરાવતાં હશે, આજની અશિક્ષિત સૌભાગ્યદેવીની પ્રેમાસ્પદ શુદ્ધ સુંદરતા આવી સૂક્ષ્મ શરીરની સમૃદ્ધિઓ સાથે ગંગાયમુના જેવો સંગમ પામતી હશે — તે કાળ ગયો જ! આર્યદેશ અધોગતિને પામ્યો તે તેથી જ.

ચંદ્રાવલીમૈયા! મારી દીક્ષાના મંત્રનું રહસ્ય તમે વળી જુદું જ સમજાવ્યું!'

'She has shown me the evolution of the individual soul from its first flash to its last goal! And she challenges me to verify its truth by the practice of Yoga! And if we believe in Western science upon mere faith, on the ground that it is open to verification if we want, can I refuse some similar reception to so proud a production of my own countrymen? And she has shown me the place of love in the economy of nature. She has shown me how life is real - life is earnest!' She has carried me through the transmigration scheme in a novel but tangible way. And she has done it all to console and sweeten a sweet life like my Kumud's and to settle into some realistic practical form a dreamy vagabond like myself! - My Kumud! - Ah! I feel fired by thy name !'

'હા! કુમુદ — કુમુદસુંદરી! ચંદ્રાવલીમૈયાની આ સર્વ કૃપા તારે માટે. મારા પ્રાયશ્ચિત્તનો અવધિ સમીપમાં દેખાય છે. પણ...પણ...'

આકાશમાં વનલીલાનો સ્વર સંભળાયો:

'અજબ સૂલણી સખી મૃગનયની તું!

તેં મોહન વશ કીધો રે!' [૧]

સરસ્વતીચંદ્ર ચમક્યો. બુદ્ધિધનના ઘરમાં કુમુદસુંદરી સાથે ગાળેલી ઘડી સાંભરી ને શરીર કંપવા લાગ્યું.

'સ્થૂલ શરીરનો વિશ્વાસ શો? ચંદ્રાવલીનો અભિપ્રાય અંગ્રેજ કવિના જેવો લાગે છે.'

"The same love that tempts us into sin,

If it be true love, works out its redemption!' [૨]

જે ધૈર્યે તે કાળે રક્ષણ કર્યું તે આજ સહાયભૂત નહીં થાય? તે કાળે અવસર સૂક્ષ્મ હતો, પરગૃહમાં પ્રતિષ્ઠાને ભય હતો અને અન્ય ભય હતો — આ સ્થાને સાધુજનો એવા સર્વ ભયને નષ્ટ કરે છે — ત્યાં તો ધર્મનો જ આ ભય! એ ભયને પણ ચંદ્રાવલી લેખતાં નથી; તેમને મન તો હું જ કુમુદનો પતિ છું અને પ્રમાદ જાર છે.

'My associations cannot accept this reasoning, even though ethically the lady has an unanswerable case for truth in the argument that all Hindu marriages are null and void! The law, however, is not with her. The construction of our vast Society and the hard facts of life in it, make it only vastly and extremely perilous to admit her argument in practice! Alas, that what seems so sound to unprejudiced reasoning and the unartificial but atistic conscience of refined natural instincts, should have so totally lost its once sublime and august position from the ethical pantheon of our modern Hinduism! Blessed be these few sacred remnants of those days of the spiritual light and purity of my country! '

'હું પતિ કે પ્રમાદ પતિ એ પ્રશ્ન પ્રમાદના મરણથી શાન્ત થાય છે. સાધુલોકના શાસ્ત્રથી કે પાશ્ચાત્ય શાસ્ત્રથી કે રાજકીય ન્યાયશાસ્ત્રથી કુમુદનું પાણિગ્રહણ અધર્મ્ય નથી. પણ મને તેની વાસના નથી. કુમુદસુંદરીની અત્યાર સુધીની રમણીય પવિત્ર ચિત્તવૃત્તિના ચિત્રમાં આ પાણિગ્રહણથી કલંક બેસે તે તો દુ:સહ જ. સર્વથા સ્થૂલ શરીરને દૂર રાખી સૂક્ષ્મ શરીરનો જ સમાગમ રચવો, અને કુમુદસુંદરી પરિવ્રાજિકામઠમાં અથવા ચંદ્રાવલી પાસે આયુષ્ય ગાળે, એ ચિત્ર જ રમ્ય છે.'

'પણ...આ...વિચાર કરવાનો મને શો અધિકાર છે? મેં તો તેનો અપરાધ સંપૂર્ણ કર્યો. એ અપરાધ ધોઈ નાખવાનો માર્ગ માત્ર એટલો જ કે એ અપરાધનું બલિદાન થયેલી શરીરિણીને જે માર્ગે શાન્તિ મળે તે માર્ગે આપવી. એ માર્ગ રમણીય છે કે નહીં, ધર્મ્ય છે કે નહીં, એ વિચારનો અધિકાર મને નથી — તેને છે. અથવા અલખ કામતંત્ર પ્રમાણે તો આ વિચારનો અધિકાર કુમુદને સોંપી મારે તટસ્થ રહેવું એ પણ ધર્મ્ય નથી. એ તંત્ર પ્રમાણે તો એ દુ:ખી હૃદયનું પરિશીલન કરી, તેની અનેક ગુફાઓમાં ગુપ્ત રહેલા મર્મ શોધી, એ શોધથી જે માર્ગ જડે તે લેવો એ જ મારો ધર્મ છે. અર્જુનનું રક્ષણ કરવા શ્રી કૃષ્ણે પ્રતિજ્ઞાનો ત્યાગ કરી ચક્ર લીધું હતું તે જ રીતે સંસારના ધર્મની અવગણના કરવાથી એ અનાથ હૃદયનો ઉદ્ધાર થાય એમ હોય તો તે કરવો એ મારો ધર્મ!'

'અતિ તીવ્ર ધર્મ! શું તું કુમુદને સંસારમાં નાખવા મને પ્રેરશે? શું તેનો પુનર્વિવાહિત કરાવવા તું મને આગળ કરશે? અથવા બુદ્ધિધન અને સૌભાગ્યદેવી જેવાંની વત્સલતાની ભોગિની શું એવાં હૃદયની પ્રીતિ ભૂલી જશે? અથવા — તે ગમે તેમ હો! પ્રમાદ ગમે તેવો હો! પણ એના મરણના ત્રાસકારક સમાચાર એને મોઢે કહેનાર હું જ થઈશ? એ સમાચારથી એને દુ:ખ નહીં થાય? કેવું દુ:ખ થશે? તે મારાથી કેમ જોવાશે? દુષ્ટ હૃદય! એ જોવાનું કે ન જોવાનું — તે વિચારવાનો તને શો અધિકાર છે? સરસ્વતીચંદ્ર! સરસ્વતીચંદ્ર! સુન્દરગિરિના વિચિત્ર માર્ગ તને શા શા ધર્મ નહીં દેખાડે?'

અથવા — રહો — હું એ દુ:ખ ખમવાને પણ આ સમાચાર કુમુદસુંદરીને સંભળાવું —તો — તો — અંતે કદાચિત્ એ દુ:ખ ભૂલે અને સ્થૂલ વિવાહ ઇચ્છવાના લોભમાં પડે...અથવા...પતિમૃત્યુથી પોતાને સ્વતંત્ર થયેલી માની...વિવાહના લોભ જેટલું ધૈર્ય પણ ન રાખે... તો તે અધોગતિ નહીં?... તે કાળે મારું મનોબળ શું? મારો અધિકાર શો? મારો ધર્મ શો? તે વિચારવાની તે કાળે મારી શક્તિ શી? અથવા મધુરી કુમુદસુંદરીને ઠેકાણે બીજી કોઈ સ્ત્રી નીકળી અને તે છતાં મોહમાં પડી મારે કહેવું પડે કે –

इदमुपनतमेव रूपमक्लिष्टकान्ति

प्रथमपरिगृहीतं स्यान्नवेत्यव्यवस्यन्।

भ्रमर इव निशान्ते कुन्दमन्तस्तुषारं

न खलु सपदि भोक्तुं नैव शक्नोमि हातुम्।। *

'તો મારે શું કરવું?'

'પ્રમાદના સમાચાર તો નહીં જ કહું. તે સમાચાર તેણે નથી જાણ્યા ત્યાં સુધી એ પતિવ્રતા પોતાના મન ઉપર અંકુશ રાખશે. તે સમાચાર ન જાણવા છતાં પણ એનું મન ચલિત થશે તો...તો....હું તો સમાચાર જાણું છું ને જે પ્રવૃત્તિ બીજી રીતે બાધશૂન્ય છે ને કરેલા અપરાધને ધોવાને માટે ધર્મરૂપ છે તેમાં વશે કે કવશે પડવું એ જ પ્રાયશ્ચિત્ત સમાચાર તો હું નહીં જ કહું.'

'No. That shall not be, and that for the simple reason that I cannot bear to see thy soul in anguish. Sweet angel at my helm! I shall neither crush thee with news which can only make thee writhe, nor insult thee with idle conceptions of what thou art not- but shall see thee as soft and sweet and pure as thou always hast been. And if my love believes thee to be that, what fear can my heart harbour from thee and thy soul? Ah! Whither am I drifting? Sweet Kumud!

My soul is an enchanted boat

That, like a sleeping swan, doth float

Upon the silver waves of thy sweet singing,

And thine doth like an angel sit

Beside the helm conducting it.' [૧]

'ગુણસુંદરીના હૃદયની પ્રતિમા! સૌભાગ્યદેવીના પવિત્ર પક્ષપાતના પાત્ર! તું જે માર્ગે મને પ્રેરીશ તે સુંદર અને ધર્મ્ય જ હશે! તારી વાસનાનું ગાન મારા કાનમાં સંભળાય છે અને તે પવિત્ર જ છે.'

એના કાનમાં સંભળાયેલું ગાન આજ ફરી સંભળાવા લાગ્યું. ચક્ર પેઠે ચારે પાસે ફરવા લાગ્યું.

'વાંસલડી વાજે! જોગીડા! તું વાંસલડી વાજે!'

* * *

લખ્યા લેખ મિથ્યા નહીં થાયે,

સંસારિણી જોગણ થઈ જાયે!   વાંસલડી૦

જોગીડા! તું સમસ્યામાં ગાજે,

જોગણ આવી સાંભળશે સાંજે!   વાંસલડી૦

મોરલીમાં સ્નેહભર્યું વાજે,

અવ્યક્તનું વ્યંગ્ય બધું ગાજે!   વાંસલડી૦

વાંસલડીમાં લખનું અલખ વાજે,
મારા તારા અદ્વૈતને ગાજે!   વાંસલડી૦
અલખ તુજ સૂક્ષ્મ સનાતન જે,
કુમુદને તું તેમાં પરોવ્યાં જજે!   વાંસલડી૦
હું, તું અલખ સનાતન, એ
ત્રણ રાસ અદ્વૈતમાં જ રમે!   વાંસલડી૦
હૃદય આ અલખ રસે નાવ જ છે,
નાવિક તેમાં ચતુર તું સાવધ છે.   વાંસલડી૦
જિહ્વાને દાંતની ભીતિ તે શી?
કુમુદને સ્પર્શે નહીં જ શશી!   વાંસલડી૦
જામે જ્યાં જગતમાંહીં રાતલડી.
પ્રદક્ષિણ [૧] એકાંત કરતો શશી.   વાંસલડી૦
પ્રભા એની ચોગમ ચળકે જ્યાં,
પડ્યું રંક કુમુદ જ વિકસે ત્યાં.   વાંસલડી૦
નહીં ચંદ્ર ભોગ કુમુદનો ધરે,
કુમુદ એના શીલનથી જ હશે;   વાંસલડી૦
એવો યોગ સાધુજનોને ગમે,
એવે સમે શમદમ સાથે રમે.   વાંસલડી૦
સુન્દરગિરિ સુંદર યોગ રચે,
મારા તારા હૃદયનો રાસ મચે.   વાંસલડી૦
સંસાર અધમ ને ભ્રષ્ટ પડ્યો,
છૂટ્યા ત્યાંથી, ઉદ્ધાર ઈશે ઘડ્યો.   વાંસલડી૦
સંસાર એ છોડી છૂટ્યાં બે છીએ,
જવું પાછાં તેમાં નથી કદીયે.   વાંસલડી૦
સુન્દરગિરિ સન્તસમાગમ દે;
લતાકુંજ એકાંત આશ્રમ દે.   વાંસલડી૦
વિકારથી શૂન્ય વિહારો વહે,
પવન પેઠે ધીર ને શાંત સરે.   વાંસલડી૦
વહાલા, ચંદ્ર! ત્યાં હું સુગંધ વહું,
વિકસું ને સચેતન હૃદય ધરું.   વાંસલડી૦
પાંખડીઓ આ ફરફર થાતી ખીલે,
રસિકના સૂક્ષ્મ રસોને ઝીલે!   વાંસલડી૦
અખંડ સચંદ્ર એ રાત રહો!
અલખ પ્રીતિ કુમુદની અચળ રહો!   વાંસલડી૦

રાધેદાસ ચંદ્રાવલી જોડે વાતો કરવામાં રોકાયો હતો તે પાછો આવ્યો એટલે આ સૃષ્ટિ શાંત થઈ.

---

* આવા (મહાત્મા)નો વિપાક પરમ અદ્ભુત થાય છે - કે જેના કલ્યાણ માટે આવા મહાશય મનુષ્ય સાધનમૃત થાય છે. - ઉત્તરરામચરિત, ભવભૂતિ.

૧ . ચંડકૌશિક

૧ . (હે શકુંતલા!) આ મૃગનું બચ્ચું તારા બાળક જેવું તેં કરી લીધેલું છે, સામો (શ્યામાક) મુઠ્ઠીએ મુઠ્ઠીએ ખવડાવી તેં એને મોટું કરેલું છે, એના મુખમાં દર્ભનો કાંટો વાગ્યો ત્યારે ઘા રુઝાવવા તેમાં ઈંગુદીનું તેલ પૂરેલું છે: તે મૃગબાળક (અત્યારે તું જવા બેઠી ત્યારે સ્વાભાવિક પ્રીતિથી) તારો માર્ગ રોકી બેઠું છે ને તે માર્ગને છોડતું જ નથી. -શાકુંતલ.

૧ . તારામાં બાળકપણું હો, કે સ્ત્રીપણું હો! તોપણ જગતને વંદન કરવા યોગ્ય તું છે જ; ગુણિજનમાં પૂજાનું સ્થાન તેમના ગુણ છે - તેમની સ્ત્રીજાતિ કે પુરુષપણું નથી તેમ તેમનાં વયનાં વર્ષ પણ નથી. - ઉત્તરરામચરિત.

૨ . સંધ્યાની દૃષ્ટિ જેવી સુંદર-રમણીય છે તેવી જ આપ ભગવતીની દૃષ્ટિ કાંને નથી? એ દૃષ્ટિ પડતાંમાં લોકો અંજલિ વડે હાથ જોડવા મંડી ગયા અને પૃથ્વી, ગ્લાનિને પામી નથી ત્યાર પહેલાં તો, એ દૃષ્ટિથી જ રંજિત થઈ. - પ્રાચીન.

૧ . ઓ સુંદર શરીરવાળી! મેં તારો સ્વીકાર ન કર્યો તેનો ડાઘ તારા હૃદયમાંથી હવે દૂર જાઓ! તે પ્રસંગે મારા મનમાં કોઈ બળવાન સંમોહ થયો હતો. જેની આસપાસ બળવાળો અંધકાર છે તેની વૃત્તિઓ શુભ પદાર્થો પ્રતિ આવી જ થઈ જાય છે; અંધના શિર ઉપર પુષ્પની માળા નાખો તો સાપ જાણીને તેને પણ તરછોડી કાઢી નાખે. — શાકુન્તલ.

* ઉજ્જવળ શ્વેત થતા યશ વડે દિશાના છેડાઓને જેમણે રંગ્યા હોય છે, સુકૃતના પ્રતાપી વિલાસોનાં જેઓ સ્થાન છે, જેમનો મહિમા કળાયો નથી, અનેક મંગળોની ધ્વજારૂપે જેઓ છે એવા તારા જેવા મહાત્માઓ પૃથ્વીમાં પૃથ્વીના મહાભાગ્યે જ ક્વચિત્ જન્મે છે. — ઉત્તરરામચરિત ઉપરથી

૧ . આત્મા જાણનાર શોકને તરે છે.

૨ . એ પરાવર દૃષ્ટ થાય છે ત્યાં હૃદયગ્રંથિ ભેદાય છે, સંશયમાત્રનો છેદ થાય છે, ને આનાં કર્મ ક્ષીણ થઈ જાય છે. - પંચદશી.

૩ . બે જણનાં પ્રયત્ન પ્રતિ-પ્રયત્નની એકફળતા. *યુગપદનેકાર્થસિદ્ધિરપિ દૃશ્યતે। યથા મેષયોરભિઘાતે કપિત્થયોર્મેદે મત્લયોયુધ્દે।। તેનોભયોરપિ સદૃશી સુખપ્રતિપત્તિઃ।।*

૧ . આ મહાસાગર મર્યાદાનું સ્થાન છે, નિશ્ચિત રત્નાકર છે; અને સર્વ આશાનો પરિપૂર્ણ કરનાર છે, અને સંપત્તિને માટે મેં તેનું અનુગમન કર્યું. પણ મને એક પૈસો પણ ન મળ્યો તો મૂલ્યવાન રત્નની તો વાત જ શી કરવી? આ કંઈ મહાસાગરનો દોષ નથી, પણ મારા પોતાના જ જન્માંતરનું ફળ છે. - પ્રકીર્ણ.

૨ . આ તા એવું જ કે તે કહેતાં પણ અમે લાજીએ છીએ: તે એ કે આ સાંયાત્રિકો (વહાણમાં ફરનાર વ્યાપારીઓ) આવા પાણીથી ભરેલા સાગર ઉપર જાય છે છતાં અત્યંત તૃષાવાળા થઈ કૂવાના પાણીથી ભરેલી પખાલો એ જ સાગરના તીર ઉપર એમને ખભા ઉપર લઈ રાખવી પડે છે. - પ્રકીર્ણ.

૧ . મોજાં વડે તું ગગનનો સ્પર્શ કરે છે, રત્નો વડે તું પાતાળને પ્રકાશિત કરે છે, અને ધરતીનું તું આચ્છાદન કરે છે; તારા એ સર્વ પરાક્રમને ધિક્કાર છે - કારણ પાણી લેવાનો રસિયો પ્રવાસી તારા તીર ઉપર આંસુની ધારાઓ મૂકી તારો ત્યાગ કરે છે. - પ્રકીર્ણ.

૨ . હે હંસ! માત્ર થોડા સમય આ કમળને તારો સમાગમ થયો હતો; તેટલામાં તો નિત્ય કાળ સુધી તે તને ભૂલતું નથી. માટે માનસ (સરોવર)માં વિહાર કર - રે - માનસમાં વિહાર કર, પણ આવી મિત્રતાનો ત્યાગ ન કરીશ. - પ્રકીર્ણ.

૩ . જેના જેના ભણી તારી પ્રીતિ વળે છે તે તે સરસી (સરોવર) રમણીય છે; તો પણ હે રસિક રાજહંસ! તું શ્રીમાન છે તેણે માનસક્રીડા સ્મરવી જોઈએ. - પ્રકીર્ણ.

૪ . હા! અરેરે! માનસરોવરનાં સલિલના ભૂષણરૂપ ઓ રાજહંસ! દૂધ-પાણીનો વિવેક કરવા જ્યારે તું જ શક્તિમાન નથી ત્યારે એ વિવેક તે શું કપોત કરી શકશે કે ચકલાનું બચ્ચું કરી શકશે? - પ્રકીર્ણ.

૧ . આ મહારાજ જે શુદ્ધ અનિર્વચનીય જ્યોતિનું ધ્યાન ધરે છે તે જ્યોતિને એમના છત્રની છાયા ઢાંકતી નથી; મત્ત ગન્ધગજના મદનું કાજળ જેવું મષીપંક નામનું કલંક તેનો સ્પર્શ કરવા પામતું નથી; ચામરોનો લીલાથી કંપતો પવન તેને શાંત કરતો નથી; એવા શુદ્ધ જ્યોતિનું આ મહારાજ ધ્યાન કરે છે. - પ્રસન્નરાઘવ.

૨ . તમારા હાથના તળિયાને બાણની પણછના ઘસારાના ઘા પડ્યા છે: તમારા કંઠમાં ઓંકારનાદ છે, પ્રતાપ નામનું તમારું તેજ પૃથ્વીતલમાં પ્રકાશે છે અને અંતરમાં આત્મજ્યોતિ પ્રકાશે છે. સિંહાસનલક્ષ્મી તમારું રાજત્વ જણાવે છે ને પદ્માસનલક્ષ્મી તમારા શમને જણાવે છે: જેનામાં આવા આવા ગુણ છે તે તમે નિમિકુલરૂપ કુમુદના આનંદચંદ્ર નરેન્દ્ર છો. - પ્રસન્નરાઘવ.

૧ . પરીક્ષા કરી સત્ય જાણી લેવું. Verification

૨ . તમારાં જેવાં સાધ્વીનું અને મારું જેણે મંગલ ગણેલું છે તેના ઉપર નિર્દય થનાર પાપી જે હું તેને માટે તમે વૃથા દયા આણો છો. - ઉત્તરરામચરિત ઉપરથી.

૩ . પરિભવ પામેલા મનસ્વીઓનું આ જ પ્રાયશ્ચિત્ત છે. - ઉત્તરરામચરિત

૪ . હેતુ વગરનો જે પક્ષપાત થાય છે તેની પ્રતિક્રિયા નથી. અન્તર્મર્મ ભાગોને સીવી લેનાર સ્નેહાત્મક તંતુ તે એ જ. — ઉત્તરરામચરિત

૩ . સમુદ્ર નવા પાણીથી સર્વદા ભરાતો ભરાતો પણ અચલ પ્રતિષ્ઠાવાળો રહે છે તેમાં જેમ આ પાણી લઈ જનારી નદીઓ સમાય છે, તેમ સર્વ કામ જેનામાં પ્રવેશ કરી સમાય છે, તે શાંતિને પામે છે; કામનો કામી તે શાંતિ પામતો નથી.

૪ . સર્વ કામનો ત્યાગ કરી, સ્પૃહા વિના, મમતા વિના, અને અહંકાર વિના જે પુરુષ એના જ વિષયોને પ્રારબ્ધભોગથી ચરે છે તે શાંતિને પામે છે. - ગીતા.

૧ . અહો કઠોર પુરુષ! તને શમ પ્રિય છે તે ઠીક. પણ આ તે તારો શમ કે શમને નામે શમની વિડંબનાને તું દેખે છે? પારકા ગૃહમાં મૃગનયનીનું શું થયું હશે તે કહે તો ખરો! (તેનો નાથ થઈ તેના ઉપર તારા નાથપણાનો તેં અધિકાર વાપર્યો છે તે) નાથ! તું આમાં શું માને છે? - ઉત્તરરામચરિત ઉપરથી.

૧ . રાગદ્વેષથી મુક્ત થયે જ સ્વાધીન ઇન્દ્રિયો દ્વારા વિષયોને ચરનાર ને પોતાના મનને સ્વાધીન રાખનાર પ્રસાદને પામે છે. એ પ્રસાદથી એનાં સર્વ દુઃખની હાનિ થાય છે. પ્રસાદ પામેલાં ચિત્તની જ બુદ્ધિ ત્વરાથી પર્યવસ્થાન-સ્થિરતા પામે છે. - ગીતા.

૨ . ચરનાર ઈન્દ્રિયોને જ મન વશ થાય છે ત્યારે તે મન એની બુદ્ધિને - પાણીમાં નૌકાને પવન ખેંચે તેમ - ખેંચી જાય છે. - ગીતા.

૧ . શ્રદ્ધાવાન્ પણ અયતિનું મન યોગથી ચળે ત્યારે ઉભયમાંથી ભ્રષ્ટ થયેલો પુરુષ, છિન્ન થયેલું વાદળું ન આકાશનું ન પૃથ્વીનું થાય તેમ થઈ, નાશ પામતો નથી? - ગીતા.

૨ . હે અર્જુન! આ લોકમાં કે પરલોકમાં તેનો નાશ તો થતો જ નથી. બાપુ! કલ્યાણ કરનાર કોઈ પણ દુર્ગતિને પામતા નથી જ. તેવો યોગભ્રષ્ટ જીવ પુણ્યકૃત્ લોકને પામે છે, અસંખ્ય વર્ષો સુધી ત્યાં રહે છે, અને શુચિ શ્રીમાન્ જનના ઘરમાં જન્મે છે અથવા તો ધીમાન યોગીના જ કુળમાં જન્મે છે. આવો જન્મ લોકમાં અધિક દુર્લભ છે. હે અર્જુન! આ નવા જન્મમાં પૂર્વ દેહના જ પેલા બુદ્ધિસંયોગને એ પામે છે અને તે પછી સંસિદ્ધ થવાને ઘણો યત્ન કરે છે. એ તો એ પૂર્વાભ્યાસને લીધે જ આમ એ અવશ થઈ ખેંચાય છે. યોગનો જિજ્ઞાસુ પણ શબ્દબ્રહ્મ જે વેદ તેથી તે આગળ જાય છે. પ્રયત્ન વડે યતમાન યોગી અજ્ઞાનપ્રતિબંધી મુક્ત થઈ, અનેક જન્મમાં સંસિદ્ધ થઈ અંતે પરાગતિને પામે છે. - ગીતા.

* જૈન સંપ્રદાયમાં પણ સત્પુરુષોની ઊર્ધ્વગતિ માની છે. ચંદ્રપ્રભાચરિતમાં કહ્યું છે કે

૧ . જેને પરમ જ્યોતિનો આવિર્ભાવ થયો છે તેવા મહાત્માઓનાં વાક્ય યોગસિદ્ધ હોય છે. તેમાં સંશય ન કરવો. કારણ એમની વાણીમાં જ મંગલ લક્ષ્મી સિદ્ધિરૂપે વળગેલી રહે છે. તેઓ જેની તેવી એટલે અસત્ય નીવડે એવી વાણી બોલતા નથી. - ઉત્તરરામચરિત ઉપરથી.

૨ . ત્રીજો ભાગ પ્રકરણ૬.

૩. ત્રીજો ભાગ પ્રકરણ ૬, ૪. The macrocosm , ૫. The microcosm .

૧ . નદીમાં એક વમળમાંથી બીજામાં કીડીઓ ત્વરાથી જાય તેમ તેઓ એક જન્મમાંથી બીજામાં જતાં નિવૃત્તિ પામતા જ નથી. - પંચદશી.

૧ . The inner organism is made subtler .

૧. કહોવડાવવું. ૨. ત્રીજો ભાગ પ્રકરણ ૬. ૩. ત્રીજો ભાગ પ્રકરણ ૬. ૪. ત્રીજો ભાગ પ્રકરણ ૬. ૫. ત્રીજો ભાગ પ્રકરણ ૬.

૧ . આકાશમાં અરુણ એક દિવસમાં પ્રવાસ કરી રહે છે, પૃથ્વીને વામને એક પગલે ભરી દીધી; સમુદ્રનું લંઘન પણ નૌકા કરે છે, પણ સત્પુરુષોનાં મન શાની વડે શાની સાથે તોળીએ?' પ્રકીર્ણ

૨. મોટાં ચિત્તવાળાઓને ભુવનલાભ થાય તોપણ તેમના મનોરથની હદ આવતી નથી, તેઓ અલ્પ પદાર્થમાં પોતાના પદને બન્ધન પામવા દેતા નથી. - પ્રકીર્ણ.

૩ . જેટલા સત્પુરુષો છતમાં છે તેમની વાત કરીએ તો પણ તેઓ પોતાનું તેજ ક્યાં વેરે? ક્યાં જ્વલમાન થાય? ક્યાં વિસ્તારવિકાસ પામે વારુ? તેમને બ્રહ્માએ ઉત્પન્ન કર્યા છે ખરા પણ દીવો સળગાવી તેને ઘડામાં રૂંધી રાખીએ તેમ એ બ્રહ્માએ તેમને ઉત્પન્ન કરી બ્રહ્માડરૂપ ખૂણામાં કેદ કરી રાખ્યા છે ને પોતાનું તેજ બહાર કાઢવા દેતા નથી. બાકી એ સત્ પુરુષોની જ્વાલાઓ તો બ્રહ્માંડ ભેદીને પણ 'ચાલે તો બહાર નીકળું નીકળું' કરી રહેલી છે. - પ્રકીર્ણ.

૧ . કોઈ મનુષ્ય દ્રવ્યાદિથી હીન અને દરિદ્ર થાય છે ત્યારે માત્ર જવની મૂઠી ઇચ્છે છે; એવો વખત આવે છે કે એનો એ માણસ પાછળથી આખી પૃથ્વીને તૃણ જેટલી ગણે છે. માટે દ્રવ્યવાન્ જનોનાં દ્રવ્યના વધારે ઓછાપણા પ્રમાણે અનેક પરિણામ થાય છે અને તેથી જણાય છે કે મનુષ્યની અવસ્થા વસ્તુઓને નાની મોટી કરે છે. - ભર્તૃહરિ.

૨ .*रविश्चन्द्रो घना वृक्षा नदी गावाश्च सज्जना:।*

एते परोपकाराय युगे दैवेन निर्मिता।।

छायावन्तो गतव्याला: स्वारोहा: फलदायिन:।

मार्गद्रुमा महान्तश्च परेषामेव भूतये।। [૩]

૩ . માર્ગ ઉપરનાં વૃક્ષ અને મહાત્માઓ પારકાના કલ્યાણને માટે જ જીવે છે, તપ્ત પથિકોને માટે તેમની પાસે છાયા છે - તે તપ્ત જનને આકર્ષે છે. તેમનામાં સર્પ કે એવા ભયંકર ગુણ કે પદાર્થ નથી કે જેને લીધે તેમની પાસે આવેલ શરણાર્થી પસ્તાય. તેઓ જાતે જ ઊગેલા હોય છે - તેમને માટે કોઈ માળીને કે ખેડૂતને ચિન્તા કરવી પડી નથી, અને કોઈની પાસે ઉપકાર લીધા વિના તેઓ ફળદાતા થાય છે. - પ્રકીર્ણ.

૪ . આશ્રમોના માર્ગોમાં કીડીઓ ઊભરાતી ચાલે છે; તપોવનના કુમારો સામાના ચોખા તેમને માટે વેરે તે ચોખા લઈ આ કીડીઓની હારો આ માર્ગો ઉપર ચોપાસ ચાલે છે અને વિસ્તાર પામતાં ચિત્રપત્રાવલીઓનાં કૂંડાળાં જેવી આ હારો લાગે છે: એવા રમ્ય આશ્રમમાર્ગ આનંદભોગ આપે છે. - પ્રકીર્ણ.

૧ . બળતા ઝળતા મન વડે એણે મારો ત્યાગ કર્યો તે માત્ર દૈવના બળાત્કારથી જ, એવો ત્યાગ કરી એ કાંઈ જાતે પળવાર પણ જીવે એમ છે? છતાં એ જીવે છે તે તો પોતાના લોકોત્તર સત્ત્વને લીધે અને જગતના પુણ્યને બળે જીવે છે. - ઉત્તરરામચરિત ઉપરથી.

૨ . સાધુજનોનું રહસ્ય સર્વથા વિજયથી વર્તે છે; તે કેવું છે માટે એમ વિજય પામે છે? તેમનાં હૃદયની વૃત્તિ પ્રિયગુણોથી છલોછલ ભરાયેલી હોય છે, તેમની વાણીમાં નિયમ હોય છે તે વિનયથી મધુર હોય છે. તેમની બુદ્ધિ સ્વભાવથી જ કલ્યાણી - જીવોને માટે કલ્યાણકારક - હોય છે, અને તેમના પરિચયમાં નિન્દાપાત્ર પદાર્થનો લેશ હોતો નથી. જગતના રસ આગળ ઇષ્ટ હોય છે તો પાછળ બગડે છે ને પાછળથી ઇષ્ટ થાય તો પ્રથમ દશામાં વાંધા ભરેલા હોય છે, પણ સાધુજનના નિર્દોષ સાત્ત્વિક પ્રીતિકર રસ તો પ્રથમ કે પછી, આગળ કે પાછળ, સર્વદા સર્વથા વિપર્યય વિનાના જ રહે છે. સાધુજનોનું નિષ્કપટ નિર્દોષ વિશુદ્ધ રહસ્ય હોય છે તે આ જ! અને તે જ વિજયથી પ્રવર્તે છે. - ઉત્તરરામચરિત.

૧ . દુ:ખી જન ઉપરનો અનુરાગ તે આશ્વાસન, વયમાં અને જ્ઞાનાદિમાં બાળક ઉપરનો તેમ સમાન જન ઉપરનો અનુરાગ તે સ્નેહ, અને પૂજ્યજન ઉપરનો અનુરાગ તે ભક્તિ - એ ત્રણ વસ્તુનો તું જ મોટો આધાર છે. પ્રકૃષ્ટ એટલે પ્રકર્ષવાન ધર્મનું મૂળ કારણ ત્રણ અનુરાગ છે: તે કારણોનો મોટો આધાર તું જ છે - તેનો કાર્યભૂત પ્રકૃષ્ટ ધર્મના પ્રસાદની મૂર્તિ પણ તે જ જાણે હોય એવી તું છે. એ ધર્મના પ્રસાદનો કારણરૂપે તેમ કાર્યરૂપે સાક્ષાત્કાર તું જ કરાવે છે. - ઉત્તરરામચરિત ઉપરથી.

૧ . પ્રીતિ, વૈરાગ્ય અને વિદ્યાનો મોટો આધાર તું જ છે - જાણે કે પ્રકૃષ્ટ રસના પ્રસાદની મૂર્તિ તું જ છે.

૨ . સૂર્યોદય પહેલાંનું મળસકું, પ્રભાત.

૧ . સૂર્યોદય પહેલાંનું પ્રભાત, મળસકું.

यया पूतंमन्यो निधिरपि पवित्रस्य महस:

पतिस्ते साधूनामपि खलु गुरुणां गुरुतम:।

त्रिलोकीमाङ्गल्यामवनितललोलेन शिरसा

जगद्वन्द्यां देवीमुषसमिव वन्दे भगवतीम्।।' [૨]

૨ . તારો પતિ મોટામાં મોટા સાધુઓમાં પવિત્ર તેજનો નિધિ છે તે પણ તારાથી પવિત્ર થયો મનાય છે; ત્રિલોકની તું મંગલકારિણી છે; તું જગતની વન્દ્ય છે. ઉષાદેવી જેવી ભગવતી!

૩ . વર્ડ્ઝવર્થ.

૧ . લૌકિક.

૨ . Lytton's Lady of Lyons.

* જેની કાન્તિ ક્લિષ્ટ નથી તેવું આ રૂપ મારી પાસે આણ્યું છે તેનો સ્વીકાર પ્રથમ થયો હશે કે નહીં તેનો નિર્ણય નથી થઈ શકતો અને પ્રાત:કાળે હિમથી ભરેલા કુન્દપુષ્પમાંના ભ્રમરથી નથી તેમાં રહેવાતું ને નથી તે મુકાતું, તેમ હું પણ આ રૂપનો સહસા ભોગ કે ત્યાગ બેમાંથી એક પણ કરી શકતો નથી. - શાકુન્તલ.

૧ . Shelley

૧ . પ્રદક્ષિણા.

૨૪ વિષ્ણુદાસ બાવાનું સામર્થ્ય ને સરસ્વતીચંદ્રના સૂક્ષ્મ શરીરની સંસિદ્ધિના માર્ગ

तद्यथा महापथ आतत उभौ ग्रामौ गच्छतीमं चामुं चैवमेवैता

आदित्यस्य रश्मय उभौ लोकौ गच्छन्तीमं चामुष्मादा-

दित्यात्प्रतायन्ते ता आसु नाडीषु सुप्ता आभ्यो नाडीभ्य: प्रतायन्ते

तेऽमुष्मिन्नादित्ये सृप्ता:। तद्यत्रैतस्तुप्त: समस्त: संप्रसन्न: स्वप्नं

न विजानात्याशु तदा नाडीषु सृप्तो भवित तं न कश्चन

पाप्मा स्पृशति तेजसा हि तदा संपन्नो भवति।।

-છાંદોગ્યોપનિષદ્

વિષ્ણુદાસ બાવા સુન્દરગિરિ ઉપર હોય ત્યારે તેમનું આહ્નિક નિશ્ચિત પ્રણાલિકા પ્રમાણે ચાલતું. પણ સાધુસંઘ પર્વત ઉપરથી ઊતરી નીચલા દેશમાં અલખ જગાવવા જતો તે પ્રસંગે તો તેમનો કાળ જ્ઞાનવાર્તામાં જ જતો. અમુક સ્થાનનો સંકેત કરી ત્યાં વિષ્ણુદાસ બે-ચાર સાધુઓ સાથે મધ્યાહ્ન ગાળતા અને બીજા સર્વ સાધુઓ ચારે પાસ છૂટાછૂટા વેરાઈ જતા. સૂર્ય જશ નમે એટલે વિષ્ણુદાસ પણ પાસેના કોઈ ગામમાં કે નગરમાં, મઠમાં કે તીર્થમાં ઉપદેશ કરવા જતા, અને સંસારી વિદ્વાનો તેમની પાસે આવે તેને બોધ આપતા. સંધ્યાકાલે અંધકાર પડે ત્યાં સાધુઓ સંકેતસ્થાનમાં મળે, શ્રમ ઉતારે, મળેલી ભિક્ષામાં ફલમૂલ હોય તેનું પ્રાશન કરે અથવા રસોઈ કરી જમે, અને અંતે સુન્દરગિરિ પાછા જાય.

રત્નનગરી અને મનહરપુરી વચ્ચે એક મોટું હિમસર નામનું સરોવર હતું, અને ચંદ્રાવલી સરસ્વતીચંદ્રને મળી પાછી ગઈ તે પળે આ સરોવર સુધી સાધુઓ પહોંચી ગયા અને તેને તીરે લીંબડા, આંબા અને પીપળાનાં વૃક્ષોની ઘટાવાળું સ્થાન હતું ત્યાં સંકેતસ્થાન રાખી સૌ વેરાવા લાગ્યા. વિહારમઠનો અધિષ્ઠાતા જ્ઞાનભારતી, વૃદ્ધ બ્રહ્મચારી સાધુ જાનકીદાસ, વિહારપુરી અને બે બીજા સાધુઓ વિષ્ણુદાસ પાસે રહ્યા. આ બે બીજા સાધુઓ મૂળ સંસારી હતા અને વિષ્ણુદાસની પેઠે જ પૂર્વાશ્રમનો ત્યાગ કરી સાધુ થયા હતા. એ બે જણા વીસબાવીસ વર્ષના હતા, અંગ્રેજી જાણતા હતા અને વિરક્ત લાગતા હતા. તેમાંનો એક સ્વભાવે શાંત અને બુદ્ધિમાં જશ જડ હતો. તેણે પોતાનું નામ શાંતિદાસ પાડ્યું હતું, બીજો સ્વભાવમાં

તેમ બુદ્ધિમાં જરી મસ્ત હતો અને તેને એટલી બધી વાતોમાં શંકા થતી કે એણે પોતાનું નામ જાતે જ શંકાપુરી પાડ્યું હતું. અને મશ્કરીમાં શાંતિદાસને શંકાભારતી નામ આપી, શંખભારતી ઉચ્ચર કરતો હતો. શાંતિદાસ તેમાં પણ શાંતિ રાખતો હતો. સુન્દરગિરિનો સંપ્રદાય એવો હતો કે નવા સાધુઓને અલખ જગાવવા કે ભિક્ષાર્થે મોકલવા નહીં પણ વર્ષાવધિ ગુરુના અન્તેવાસી * થઈ રહે.

સરોવરના આરા ઉપર દૃષ્ટિ પડે એવે સ્થાને એક આંબાના થડ આગળ મૃગચર્મ પાથરી સર્વેએ વિષ્ણુદાસ માટે બેઠક રાખી. શંકાપુરી અને શાંતિદાસ સરોવરમાં તરવા પડ્યા. બાકીનું મંડળ ગુરુની આસપાસ બેઠું, સરોવર ભણી દૃષ્ટિ ફેરવી વિષ્ણુદાસ બોલ્યા:

‘વિહારપુરી! તારું હૃદય આ સ્થાનમાં જેવું શાંત અને શીતળ છે —તેનું કારણ ચંદ્રાવલીમૈયાની અસ્પૃશ્ય ઉચ્ચ શાખાસમૃદ્ધિની જ છાયા છે. નવીનચંદ્રજીનું હૃદય આ સરોવર જેવું છે, શીતળ છે, શાંત છે, અમૃતથી ભરેલું છે, અગાધ છે, પણ એના અંતર્ભાગમાં શાં શાં સત્ત્વ તિરોહિત છે તે સમજાતું નથી.’

વિહારપુરી કંઈ સ્મિત કરી બોલ્યો: ‘એ સરોવરને માથે વૃક્ષોની છાયા નથી અને સૂર્યના તાપથી તેમાંનો રસ સુકાય છે. વિહારપુરીને માથે છાયા ન હોય તોપણ તાપથી સહસા સુકાય નહીં એવો એનો પૃથ્વી જેવો જડ સ્વભાવ છે.’

જ્ઞાનભારતી — ‘ગુરુજી, ચંદ્રાવલીમૈયાએ ચિકિત્સા કરી તો ઔષધ પણ તેમનું જ દર્શાવેલું કરવું યોગ્ય છે.’

જાનકીદાસ — ‘તે સર્વ તો રાત્રિએ જણાશે –’

વિહારપુરી — ‘રાત્રિએ જો નવી સૃષ્ટિ રચવાનો સંભવ હોય તો દિવસે તેની યોજના કલ્પી રાખીએ તે ઠીક.’

વિષ્ણુદાસ — ‘વિહારપુરી!’

વિહારપુરી — ‘જી મહારાજ!’

વિષ્ણુદાસ — ‘આજ રાત્રિથી નવીનચંદ્રજીને ચિરંજીવ શૃંગમાં વાસ આપવો.’

જાનકીદાસ — ‘તેમને તો વિહારમઠ પાસે કંઈ સ્થાન મળે તો ઠીક, કે ચિકિત્સા પૂરી થયે એ મઠ રૂપ ઔષધ પણ પાસે જડે.’

જ્ઞાનભારતી — ‘ધારેલી ચિકિત્સા અયથાર્થ નીવડશે તો વિરક્ત નવીનચંદ્રજીને જાનકીદાસની યોજનાથી પોતાનો તિરસ્કાર થયો લાગશે.’

વિષ્ણુદાસ — ‘વિહારપુરી શું ધારે છે?’

વિહારપુરી — ‘આપની યોજના શા કારણથી વિચારી છે?’

વિષ્ણુદાસ — ‘કારણ અને કાર્ય ઉભય મોટાં છે.’

વિહારપુરી — ‘તેથી જ મારો પ્રશ્ન છે.’

વિષ્ણુદાસ — ‘તમે ત્રણે સાધુજન યદુશૃંગના સંપ્રદાયના વિચારઆચારમાં પ્રવીણ છો અને ઉદાર છો. આ સંપ્રદાય પ્રમાણે આપણા ત્રણે મઠના મહંતનું કાર્ય કરવા વધારે અધિકાર કોનો?’

‘એ જોવાનો અધિકાર તો આપતો.’ જાનકીદાસ બોલ્યો: ‘રસ, જ્ઞાન, વૈરાગ્ય આદિ શિષ્ટ પદાર્થોનો સમુચ્ચય ક્યાં ઉત્કૃષ્ટ છે તેની પરીક્ષા આપે આપના સામર્થ્યથી કરવાની છે.’ જ્ઞાનભારતીએ કહ્યું.

‘એ સર્વ સત્ય છે. પણ તે ઉપરાંત આ પણ સત્ય છે કે સંસારના અનુભવ અને સાધુજનના ઉત્કર્ષ એ ઉભયનાં જાતે અનુભવ અને અવલોકન જેણે કર્યાં હોય અને તેમાંનું અલક્ષ્ય નવનીત જેણે કાઢ્યું હોય તે જ આ મઠોનું સ્થાયી કલ્યાણ કરી શકે છે અને માટે જ આપ આ મંગલ પદમાં વિરાજમાન છો.’ વિહારપુરીએ વિષ્ણુદાસને કહ્યું.

વિષ્ણુદાસ — ‘તેવું પાત્ર શોધી કાઢી તેને આ પદને યોગ્ય કરવા — સિદ્ધ કરવા — આજથી પ્રયત્ન માંડવો એ આ દેહનો ધર્મ છે. આજ સુધી સાધુજનોને સર્વાનુમતે એવું ગણાતું હતું કે વિહારપુરી આ સિદ્ધિને પાત્ર છે. હવે વિહારપુરી જ એમ ગણે છે કે સંસારના અનુભવી, સાધુજનના ઉત્કર્ષમાં સ્વભાવસિદ્ધ, અને અન્ય સર્વ યોગ્યતાઓથી સમૃદ્ધ નવીનચંદ્રજીને જ આપણા મંગલકાર્યમાં સિદ્ધ કરવા ઉચિત છે.’

વિહારપુરી — ‘તેમાં કાંઈ ભ્રાન્તિ નથી.’

જાનકીદાસ — ‘નવીનચંદ્ર વિહારમઠના અધિકારી હોય તો આ પરમસિદ્ધિને માટે તેમની યોગ્યતામાં ન્યૂનતા આવે.’

જ્ઞાનભારતી — ‘વિહારમઠના અધિષ્ઠાતાનું સ્થાન ભોગવ્યાથી જ વિહારપુરીજી આજ સિદ્ધ થયા છે, અને એવા પણ ઇતિહાસ પ્રસિદ્ધ છે કે જ્યારે વિહારમઠના અધિષ્ઠાતા અને ત્રણે મઠના મહંતનો અધિકાર એક જ સમર્થ પુરુષની પાસે હતો.’

વિષ્ણુદાસ — ‘પણ બેમાં વધારે પુણ્યકાર્ય શું?’

જ્ઞાનભારતી — ‘મહંતને સ્થાને બેસવાને પ્રસંગે પરિવ્રજિત હોય અને ત્યાર પહેલાંના સર્વ અનુભવમાં સિદ્ધ હોય તેનો જ અધિકાર પુણ્ય, તેવો અધિકારી ન મળે તો મધ્યમ પક્ષે મારા જેવાનો અધિકાર.’

વિહારપુરી-’જી મહારાજા! આપના સંસિદ્ધ વિચારમાં નવીનચંદ્રજીથી જ સર્વ મઠનો કલ્યાણ થઈ શકશે ને મારા વિચારમાં પણ તેમજ છે તો

તેઓ વિહારી હશે કે ત્યાગી હશે તે વિચાર ઉપેક્ષા કરવા જેવો છે. તેમનામાં બુદ્ધિ, રસ અને જ્ઞાન અપૂર્વ છે.'

વિષ્ણુદાસ — 'જો તેમ જ છે તો વિચાર દુર્ઘટ નથી અને મારા મનનાં કારણકાર્ય સાંભળો. જ્યોતિ:શાસ્ત્રને અનેક રીતે વિચારતાં નવીનચંદ્રને કોઈ મહાન ત્યાગનો યોગ છે અને યદુશૃંગને તેનાથી મહાન લાભનો યોગ છે. તેમનો સર્વ સાધુઓને જે જે અનુભવ થાય છે તે જ્યોતિ:શાસ્ત્રના ઉદ્ગારને પુષ્ટિ આપે છે. પણ વિહારપુરી એ પુરુષના ઊંડા મર્મસ્થાનમાં કંઈક દુ:ખ દેખે છે અને દુ:ખ હોય તો તે વાસનાજન્ય હોવું જોઈએ. સ્ત્રીવિષયમાં પણ આ પરુષને અપૂર્વ ત્યાગનો યોગ છે અને જો એમનું દુ:ખ તત્સંબંધી વાસનાથી હોય તોપણ એ વાસના અગ્નિ પરના જળ પેઠે સ્વત: નષ્ટ થશે, અને ચંદ્રાવલીમૈયાની સૂચનાના પ્રયોગમાં મને કાંઈ ભીતિ લાગતી નથી. આપણા સાધુજનો દિવસે એકાંતમાં પણ અન્ય સાધુજનોના શ્રવણપથથી દૂર રહી તેમના નયનપથમાં રહીને જ, પરિશીલન અને સંવનન કરે છે. પણ ચંદ્રાવલીની સૂચના સત્ય હોય તો આમાં તો તે ઉભય વિધિ સમાપ્ત થઈ ગયા છે અને આપણે માત્ર એટલું જ કહેવાનું બાકી રહે છે કે: 'દંપતી, વિહારમઠનો વાસ સ્વીકારો.' એમ કહેવું કે નહીં તે તો એ બે જણ મળે ને નિશ્ચય કરે તે ખરો. પણ એ મેળાપ અને નિશ્ચયને માટે પ્રસંગ આપવા વિહારમઠ વિના બીજા સ્થાનની આવશ્યકતા છે.'

વિહારપુરી — 'એ વિચાર તો આપે સૂક્ષ્મ અને સત્ય જ કર્યો.'

વિષ્ણુદાસ — 'એ બીજું સ્થાન તો ચિરંજીવશૃંગ જ ઉચિત છે. નવીનચંદ્રજીને દેહાંતરિત અનેક જન્મસિદ્ધિઓ અનેકધા પરિપાક પમાડે છે તે સ્પષ્ટ છે; અને એટલી સિદ્ધિથી સિદ્ધ થયેલાને ચિરંજીવશૃંગ ઉપર સિદ્ધ પુરુષોનો સમાગમ થવાનો. નવીનચંદ્રજીને એ અપૂર્વ લાભ થાય તો આ ત્રણે મઠનું અપૂર્વ કલ્યાણ એ કરી શકશે. ચંદ્રાવલીમૈયા એક કારણથી આવકાર્ય પ્રિય ગણાશે; હું બીજા કારણથી પ્રિય ગણીશ.'

જ્ઞાનભારતી — 'આપે ઉત્તમ વિચાર કર્યો. મધુરીમૈયાના સંસ્કાર પણ ચમત્કારક છે અને સિદ્ધદર્શનકાળે આ દંપતીનો સહચાર રસ અને જ્ઞાનનો સૂક્ષ્મ યોગ પામશે.'

શંકાપુરી અને શાંતિદાસ આવી બેઠા હતા તેમાંથી શાંકાપુરી બોલી ઊઠ્યો:

'પુરુષની જન્મસિદ્ધિથી સ્ત્રીને પણ જન્મસિદ્ધિ પ્રાપ્ત થતી હશે?'

વિષ્ણુદાસ — 'સર્વ તારામંડળ વચ્ચે ગુરુત્વાકર્ષણનું નાડીચક્ર છે એવું પાશ્ચાત્યશાસ્ત્રમાં છે એમ તમે કહેતા હતા?'

શંકાપુરી — 'જી હા. હું અંગ્રેજી વિદ્યા ભણ્યો છું તેમાં આ વાત સિદ્ધ કરી છે.'

યોગશાસ્ત્રમાં, જ્યોતિ:શાસ્ત્રમાં અને અલક્ષ્ય મતના લક્ષ્યશાસ્ત્રમાં પણ એવાં જ નાડીચક્ર વર્ણવેલા છે. અને તે ચક્ર તે શાસ્ત્રના અનુભવી લક્ષ્યદૃષ્ટાઓને પ્રત્યક્ષ થાય છે. ખગોળશાસ્ત્રનાં નાડીચક્ર પેઠે જ્યોતિ:શાસ્ત્રનું નાડીચક્ર પણ અલક્ષ્ય અને માત્ર પરીક્ષા સંવેદ્ય છે. મનુષ્યનાં શરીર, બુદ્ધિ, વાસનાઓ અને ભાગ્ય સૂર્યમંડળના અને ગ્રહોપગ્રહોનાં નાડીચક્રમાં પ્રવર્તે છે. અનેક નક્ષત્રોથી ભરેલી દ્વાદશ રાશિઓના તારામંડળની વચ્ચે ઊર્ણનાભિની જાળ પેઠે સૂક્ષ્મ નાડીચક્ર છે તેમાં સૂર્યમંડળમાંનું ગ્રહમંડળ બંધાઈ સંધાઈ સિવાઈ ગયું છે અને અનંત બ્રહ્માણ્ડમાંનાં સર્વ મહત્ અંગને, અને અણુઅંગને, જડને અને ચેતનને, કર્મજાળને અને ભાગ્યજાળને, વાસનાજાળને અને ભોગજાળને, આ સર્વ નાડીચક્રોના પ્રવાહોમાં અને પ્રતિપ્રવાહમાં તરીને અને ડૂબીને, પરિપાક પામવા પડે છે. આ નાડીચક્રની નાડીઓમાં પ્રીતિનાં નાડીચક્રનો અંશરૂપે અંતર્ભાવ છે. સંસારીઓમાં લગ્નાદિકાર્યોમાં પુરુષ ધર્મક્રિયામાં પ્રવર્તે અને સ્ત્રી તેને માત્ર પાણિસ્પર્શ કરી સ્થિર રહે એટલાથી જ સ્ત્રીનો ધર્મસહચાર સફલ થઈ શકે છે તે તમે જોયું હશે. શુદ્ધ ધર્મ્ય પ્રીતિથી સંધાયેલાં દંપતી વચ્ચે આવાં નાડીચક્ર છે, અને સાંકળનો એક છેડો ખેંચ્ચે આખી સાંકળ ખેંચાય છે તેમ જન્મસિદ્ધિનાં નાડીચક્રના બળથી ઉત્કર્ષ પામનાર સ્વામી જોડે પતિવ્રતા પણ આકર્ષાય છે. તે બે એક નથે નથાય છે, સમાન પ્રારબ્ધમાં પ્રવર્તે છે, અને સમાન ભાગ્યભોગનું આસ્વાદન કરે છે. સંસારીઓમાં જે સમાગમોત્કર્ષ ઘુણાક્ષરન્યાયે જ થાય છે તે અલક્ષ્યસંપ્રદાયનાં દંપતીઓમાં સ્વભાવસિદ્ધ પરિપાક પામે છે. નવીનચંદ્રજી પાછળ મધુરીમૈયા આવા જ કોઈ નાડીચક્રના બળથી આકર્ષાઈ આવેલાં છે, અને તે જ નાડીચક્ર તેમના અનાગત પ્રારબ્ધનો ઉત્કર્ષ ચિરંજીવશૃંગ ઉપર રચે તો તેને લક્ષ્યવિભૂતિ જ ગણવી.'

શંકાપુરી — 'જો એ ઉત્કર્ષ જાતે જ રચાવાનો હોય તો આપ જેવા વિરક્ત મહાત્માએ આ સ્ત્રીપુરુષને એકઠાં કરવાની ક્ષુદ્ર પ્રવૃત્તિમાં શું કરવા પડવું પડે? એ કામ તો વિહારમઠના અધિષ્ઠાતાનું છે.'

જ્ઞાનભારતી — 'શંકાપુરી! તમે શાંતિદાસને માટે જે ઉપનામ આપો છો તેવા તમે પણ શંખભારતી દેખાઓ છો. ગુરુજીની અને અલખ સંપ્રદાયની અવજ્ઞા કરનાર જન આપણા મઠમાંથી બહિષ્કાર પામે છે.'

શાંતિદાસ — 'ખરી વાત છે. માબાપ છોકરાંને પરણાવે અને ભેગાં રાખે તેમ ગુરુજી કરે છે તેમાં એમનો દોષ કાઢવો એ તો કૃતઘ્નતા થાય.'

વિહારપુરીથી હસી પડાયું: 'જી મહારાજા! નિમ્ન દેશનાં ભ્રષ્ટ સંસારીઓના સંસ્કાર આ સાધુઓમાંથી ઘસાઈ જવાની હજી ઘણી વાર છે એટલામાં, એ સંસારનો અનુભવ આપને હતો તેના સાધનથી, આપ આમને તૃપ્ત શાંત કરી શકશો.'

જાનકીદાસ — ‘શાંતિદાસ ઉચિત વચન બોલે છે. તેઓ પણ સંસારી હતા અને એમનાં સંસારસંસ્કારી વચનથી સંસારસંસ્કારવાળા શાંકાપુરીની શંકા શાંત થવી જોઈએ. *વિષસ્ય વિષમૌષધમ્.*

વિષ્ણુદાસ — ‘શંકાપુરીની શંકા સ્થાને થઈ છે. અનેક પ્રવાસીઓ ભિન્નભિન્ન માર્ગે થઈને એક જ સ્થાનમાં પહોચેં અને તેમાંના કોઈકને એવી ભ્રાંતિ થાય કે જે માર્ગે થઈને હું આવ્યો છું તે માર્ગે આ સર્વ આવ્યા હશે — તો તે ભ્રાંતિ અસ્થાને નથી. વિહારમઠના અધિષ્ઠાતાના સૂક્ષ્મ ધર્મ જાળવનાર જ્ઞાનભારતી નવીનચંદ્રજીને માટે જે યોગ ઇચ્છે છે તેનું તારતમ્ય સમજી શકવા જેટલો તેમનો પરિચય શંકાપુરીને થયો નથી; ને એની દૃષ્ટિમાંથી સંસારના મમતા અને અહંકારથી બનેલા ભેદાભેદ ખસી ગયા નથી. સંસાર સ્ત્રીને ક્ષુદ્ર ગણે છે અને સ્ત્રીપુરુષના યોગમાં શારીરિક પ્રયોગ અને સંતાનવાસના વિના બીજા ફળ લેખતો નથી. જ્ઞાનભારતી! હું પણ એ જ સંસારમાં હતો અને સ્ત્રીપુરુષને અને શિશુશૂદ્રાદિને કેવળ આત્મરૂપ માની લખ સંયોગોમાં અલખ પરમાર્થ જોવા શીખતાં મને પોતાને ઘણો કાળ લાગ્યો હતો, અને શાંકાપુરી તો ગિરિરાજ ઉપર નવા જ છે. તેમની અને નવીનચંદ્રજીની દૃષ્ટિઓને સરખાવી નવીનચંદ્રજીનો ઉત્કર્ષ સમજી લ્યો! જ્ઞાનભારતી નવીનચંદ્રજીનો ઉત્કર્ષ એક દિશામાં ઇચ્છે છે, હું બીજી દિશામાં ઇચ્છું છું. એમના ચિત્તમાં એક માર્ગ છે, મારા ચિત્તમાં બીજો માર્ગ છે. મારા માર્ગનું ફળ નવીનચંદ્રજીને ચિરંજીવશૃંગમાં વાસ આપવાથી આવે છે. જ્ઞાનભારતીના માર્ગનું ફળ પણ એ જ આવે છે. મારા હાથમાંના રજ્જુમાં શંકાપુરીને આ ધર્મસાદૃશ્યથી સર્પની ભ્રાંતિ થઈ.’

શંકાપુરી — ‘ભલે તેમ હો. પણ જો જ્યોતિ:શાસ્ત્ર પ્રમાણે આપનો ઉદ્દેશ ગ્રહયોગથી જ ફળે એમ છે તો આપે આટલી પણ પ્રવૃત્તિ શા માટે કરવી? તેના પ્રારબ્ધમાં હશે તે થશે એમ માની તટસ્થ કેમ ન રહેવું?’

શાંતિદાસ — ‘ગુરુજી! પણ નવીનચંદ્રજીને અને મધુરીને એક સ્થાનમાં રાખવાનું તો આપને પણ સંમત છે — તો પછી આપના અને જ્ઞાનભારતીના માર્ગ જુદા કેમ?’

વિષ્ણુદાસ — ‘શંકાપુરી! જ્યોતિ:શાસ્ત્રથી મનુષ્યની ગતિ અને ઈશ્વરેચ્છાના માર્ગ પ્રકાશમાં આવે છે; તેનાથી મનુષ્યના ધર્મ નષ્ટ થતા નથી. નવીનચંદ્રજીનું શરીર જંગલમાંથી અને અંધકારમાંથી ગ્રહોનાં નાડીચક્રના વેગથી આપણા હાથમાં આવ્યું અને આપણે તેના સમાગમના નિમિત્ત થયા. ફલાદેશે સ્પષ્ટ કર્યું કે એ શરીર આપણા અલખ કાર્યમાં રત્નરૂપ થશે. એ પુરુષના અનુભવથી અને પરિચયથી આપણે તેની અમૂલ્યતા, તેના શુદ્ધ સિદ્ધ સંસ્કાર પ્રત્યક્ષ કર્યા, અને તેના તેજનો ચમત્કાર દીઠો, કોઈ પણ અલખસ્ફુલિંગની દીપ્તિનો પૂર્ણ સત્કાર કરવો અને તેના શુભ સંસ્કારને સૂક્ષ્મ કરવા એટલો તો અલખમઠનો સામાન્ય ધર્મ છે — કે જેને બળે તમે અને શાંતિદાસ આ સાધુજનોની ક્ષમાના અને આશ્રયના ગ્રાહક થઈ શક્યા

છો. તો નવીનચંદ્રજી જેવા તેજસ્વી મનસ્વી સ્ફુલિંગની જ્વાલાઓને જગાડવાને તો આ મઠ જે કરે તે ઓછું છે. એ જ્વાલાઓના જાગવાથી જો આ મઠનું કલ્યાણ જ થતું હોય અને તે જ્વાલાઓની મધ્યે ઊભા રહી સર્વ સાધુજન જ્વાલામાલી જેવા થઈ જતા હોય તો તો તેમ કરવા પ્રયત્ન કરવો એ આપણો અનિવાર્ય ધર્મ છે અને ગ્રહોનો ફલાદેશ એ ધર્મદીપમાં તૈલ પૂરે છે. જે ફલાદેશની સિદ્ધિએ આપણને આ રત્ન આપ્યું તે જ ફલાદેશ આપણે શિર આ ધર્મ મૂકે છે.'

શંકાપુરી — 'ફલાદેશમાં અને આપણી દૃષ્ટિથી ભાસતા ધર્મમાં વિરોધ આવે ત્યારે શું કરવું? ફલાદેશ કહે કે કાલ મરવાનું છે અને વ્યવહારદૃષ્ટિ કહે કે આજ વિવાહ કરવો ત્યારે શું કરવું?'

વિષ્ણુદાસ — 'ધર્મકાર્યની વ્યવસ્થા એવી છે કે અલક્ષ્ય પરમાત્માની લક્ષ્ય દૃષ્ટિ સત્પુરુષના હૃદયમાં સ્ફુરે છે તેને જ પ્રથમ આદર આપવો. એ દૃષ્ટિથી કંઈક ધર્મ આવશ્યક ભાસે છે, કંઈક પદાર્થ અધર્મરૂપ જ ભાસે છે, અને અન્ય વસ્તુઓમાં ધર્મ કે અધર્મ કંઈ હોતું નથી. લક્ષ્યદૃષ્ટિને જે ધર્મ આવશ્યક લાગે તે સર્વથા કાર્ય છે — ફલાદેશ તો શું પણ ગુરુવચનો પણ તેમાં અનાદર સાધનભૂત હોય તો તે યોગ્ય છે. પ્રહ્લાદે પિતાના વચનનો આ ધર્મકાર્યે અનાદર કર્યો. લક્ષ્યદૃષ્ટિને અધર્મ્ય લાગે તે એવી જ રીતે સર્વથા ત્યાજ્ય છે. તૃતીય વસ્તુ ગ્રાહ્ય પણ નથી, હેય પણ નથી. એમાં તો મનુષ્ય પોતાનાં સ્થૂલ સૂક્ષ્મ શરીરોની રસવૃત્તિ પ્રમાણે વર્તવા સ્વતંત્ર છે. એ સ્વતંત્રતાના અધિકારી ઉપર બલાત્કાર ન કરવો — એ જુલમ ન કરવો. પણ એ અધિકારીને તેના પોતાના લખઅલખ સંસ્કારોને બળે પરિપાક પામવા દેવો એ અલખ સંપ્રદાયનો એક મુખ્ય સિદ્ધાંત છે. એવા વિષમયાં ફલાદેશનો શ્રદ્ધાળુ જન શ્રદ્ધા પ્રમાણે વર્તે તો તો ફલાદેશ અશુદ્ધ નીવડ્યે હાનિ થવાનો ભય અને શુદ્ધ નીવડ્યે લાભ થવાનો સંભવ. એ ભય અને સંભવ તો વ્યવહારના વ્યાપારના અંગભૂત છે; સાધુજનો તેમાં ઉદાસીન છે — કારણ વ્યવહારમાં તેઓ સંકોચધર્મ પાળે છે એટલે શરીર આદિના વ્યવહારમાં તેઓ પ્રાપ્ત સ્થિતિને અનુકૂલ થઈ જાય છે અને અપ્રાપ્તથી સંકુચિત રહી તેની વાસના રાખતા નથી. વિહારમઠની વ્યવસ્થા આ જ ધર્મ પ્રમાણે રાખવામાં આવે છે. વિહારમઠમાં સૂક્ષ્મ શરીરનાં લગ્ન થાય છે અને સ્થૂલ મરણનો ભય રાખવામાં આવતો નથી. જો ભગવાન અલખ મદન દંપતીને પરિશીલનાદિથી સિદ્ધ કરી વિવાહિત કરવા પ્રયત્ન કરે તો તેમાં ફલાદેશના કે મરણના ભયથી સાધુજનો કંપતા નથી. નવીનચંદ્રજીને ચિરંજીવશૃંગમાં મોકલવા મને એક કાર્ય માટે કલ્યાણધર્મ લાગે છે; જ્ઞાનભારતીને બીજા કાર્ય માટે લાગે છે. નવીનચંદ્રજીના કલ્યાણમાં મધુરીમૈયાના કલ્યાણનું નાડીચક્ર ભળેલું હોય તો અલખ પરમાત્માની તે ઇચ્છાને પેલા કલ્યાણધર્મને વહન આપનારી ગણવી ને તે ઇચ્છાથી પ્રતિકૂલ થવું તે અધર્મ છે.'

શંકાપુરી — 'આપ પરમાત્માની ઇચ્છાને પ્રબળ ગણો છો કે ગ્રહોના નાડીચક્રના અનિવાર્ય વેગને?'

વિષ્ણુદાસ — 'પરમાત્માના વિશ્વરૂપમાં — અલખના લખરૂપમાં — ગ્રહો અંશભૂત છે અને તેમના નાડીચક્રનું મૂળ પરમાત્માની ઇચ્છા સાથે જ સંધાયું છે અને એ નાડીચક્ર ઉપર અને આપણા સર્વના ઉપર એ પરમ ઇચ્છા ઇશરૂપે — નિયન્તારૂપે — પ્રવર્તે છે. યોગશાસ્ત્રનાં, ગ્રહોનાં અને નક્ષત્રોનાં, અને એવાં અનેક નાડીચક્ર સર્વ લખ સંસારનું અદ્વૈત આપી દૃષ્ટિમાં પ્રત્યક્ષ કરાવી શકે છે. પણ એ દૃષ્ટિ આ ચર્મચક્ષુથી ભિન્ન છે.'

શંકાપુરી — 'પણ ગ્રહોપગ્રહની શુદ્ધ સ્થિતિ આપણા લોક ક્યાં જાણતા હતા? આપણા લોક સૂર્યને ફરતો માનતા, હાલની વિદ્યાથી પૃથ્વી ફરતી મનાય છે, અને ગ્રહો તો ઘણા નવા શોધાયા છે. એ સર્વના અજ્ઞાનને કાળે બાંધેલાં જાતક-તાજક તો ભ્રાન્તિરૂપ જ હોવા જોઈએ.'

વિષ્ણુદાસ — 'અલખ રહસ્યનું શાસ્ત્ર અલખના જેવું એક અને નિત્ય છે. અલખના લખરૂપનાં શાસ્ત્રપ્રકરણ અનેક અને અનિત્ય છે, કારણ લખજ્ઞાન વ્યક્તિઓની દૃષ્ટિઓનાં મીલનોન્મીલન અને ગ્રહણશક્તિઓના ઉપર આધાર રાખે છે. નક્ષત્રશાસ્ત્ર સ્વરાજ્યનાશ પછી આ દેશમાં કુણ્ઠિત થયું છે તે અન્યત્ર વૃદ્ધિ પામ્યું હશે. એ વૃદ્ધિથી લક્ષણ ફેરવવાં પડે પણ નવા અને જૂનાઓ ઉભયના લક્ષિત પદાર્થ લક્ષ્ય કર્યા વિના લક્ષણ ફેરવાતાં નથી, અને ગ્રહોપગ્રહોનાં નાડીચક્રોને સંબંધે નવા શોધ થયા હોય તો આપણો લખમાર્ગ તેને પ્રતિકૂલ નથી, એ શોધનથી આપણાં ગણિત ફરે તે સ્વાભાવિક છે પણ અપૂર્વ અનુભવથી જે નિયમો લક્ષ્ય દૃષ્ટાઓએ શોધી કાઢ્યા છે તે સ્વપ્નજાળ જેવા છે એવો વાદ કરવો સુલભ છે પણ અનુભવથી સિદ્ધ કરવાની વાતો તો જાતે જ સ્વપ્નજાળ જેવી છે. પૃથ્વી ગોળ છે કે નહીં અને સૂર્ય ફરે છે કે નહીં ઇત્યાદિ પ્રશ્નો આપણા લક્ષ્યદૃષ્ટાઓને સૂઝ્યા હતા * અને તેમના અનુયાયી પંડિતોની દૃષ્ટિ લક્ષણદર્શનથી તૃપ્ત થઈ કુણ્ઠિત થઈ હોત તો લક્ષ્યદૃષ્ટિ પરિપાક પામત અને તમારા પ્રશ્નનું સમાધાન થાત. + જાતક-તાજકમાં ભૂલો હશે માટે તેને નિરાધાર કહેનારે પોતાની ગ્રહસ્થિતિ જાણી વેળોવેળા પોતાના ઇતિહાસ સાથે રખાવી અને તેમ કર્યા પછી એ શાસ્ત્રના સત્યાસત્યનો નિર્ણય કરવો એ જ ન્યાય્ય છે. શંકાપુરી, જાનકીદાસ પાસે તમારી જન્મપત્રિકા કરવો અને એ શાસ્ત્રનું અધ્યયન અને તેના અનુભવ કરી પછી આ પ્રશ્ન પૂછો.'

શંકાપુરી — 'નવીનચંદ્રજીનો ફલાદેશ શો છે અને શા ઉપરથી આપે કાઢ્યો? તેના જન્માક્ષર તો આપની પાસે હશે નહીં.'

વિષ્ણુદાસ — 'પ્રશ્ન લગ્ન કાઢી, મારી પોતાની જન્મકુંડલીના સંયોગો સાથે મેળવી, સૌ કર્યું અને તેથી સ્પષ્ટ થયું કે આ પુરુષને યૂપયોગ છે.'

શંકાપુરી — ‘તેનું ફળ શું?’

વિષ્ણુદાસ — ‘જાનકીદાસ! આમની જિજ્ઞાસાને તૃપ્ત કરો.’

જાનકીદાસ —

‘धीरोदारो यज्ञकर्मानुसारो

नानाविद्यासद्विचारो नरो वै।

यस्योत्पत्तौ जायते चूपयोगो

योगो लक्ष्म्या जायते तस्य नूनम्।।

તેમાં વળી ગુરુ બીજા સ્થાનમાં હોય તો વિશેષ ફળ એવું છે કે,

सद्रूपविद्यागुणकीर्तियुक्त:

संत्यक्तवैरोऽपि नरो गरीयान्।

त्यागी सुशीलो द्रविणेन पूर्णो

गीर्वाणवद्यो द्रविणोपयाते।।’

વિષ્ણુદાસ — ‘આમાં ઘણા ઘણા ગુણોનો આ નરમાં સંયોગ કેહલો છે અને તે તેમાં હોય તો તેઓ આ મઠનું પરમ કલ્યાણ કરી શકશે. ત્યાગી હોવા છતાં દ્રવ્યથી પૂર્ણતાનો યોગ તો આવા મઠના અધિષ્ઠાતાઓમાં જ સંભવે. તેઓ દ્રવ્યવાન્ હોય — દ્રવ્યનું અધિષ્ઠાન થાય; પણ ભાર મૂકવાના સ્થાણુ પેઠે દ્રવ્યને માત્ર ભારરૂપે ઝીલે અને સાધુજનોનાં કલ્યાણકાર્યમાં એ ભારથી મુક્ત થાય અને જાતે ત્યાગી રહે. આપણા ત્રણે મઠનો નિર્વાહ આ રાજ્યના મહારાજોની કૃપાથી અને લોકની શ્રદ્ધાથી આજ સુધી થયો છે. મહારાજની કૃપાનો આધાર આપણી યોગ્યતા છે — તે યોગ્યતા નષ્ટ થાય તો એ કૃપા ભલે નષ્ટ થાય પણ એ શ્રદ્ધા હવે લોકમાંથી યુગ માહાત્મ્યને બળે ઘસાવાની. લોકના આચાર દિવસે દિવસે અધોગતિ પામતા જાય છે અને તેમની અધોગત શ્રદ્ધા છે એવી રાખવી હોય તો આપણા સાંપ્રત સંપ્રદાયમાંથી અને આચારમાંથી ભ્રષ્ટ થઈ આપણે ઘેલા લોકના દેશમાં ઘેલાં અને ભ્રષ્ટમાં ભ્રષ્ટ થઈએ તો જ બનશે. સુન્દરગિરિ ઉપરના સાધુજનો આજ સુધી એવા વિનિપાતથી મુક્ત રહ્યા છે તે આ લોકની શ્રદ્ધાના લોભમાં તણાઈ એ વિનિપાતને સમીપ આવવા નહીં દે. આપણે એ શ્રદ્ધા વિના અને એ લોકના આશ્રય વિના નિર્વાહ કરવાના માર્ગ જોઈએ. સંસારમાં કેવો યુગ પ્રવર્તે છે, તેનો ઉદ્ધાર કેમ કરવો, છતાં તેના સંસર્ગથી કેમ મુક્ત અને દૂર રહેવું, સુન્દરગિરિનો ઉત્કર્ષ કેમ રાખવો, અને સાધુજનોનો કયા દ્રવ્યથી નિર્વાહ કરવો: એ સર્વ આવા દ્રવ્યયોગવાળા વિદ્યાવાન્ મતિમાન્ પુરુષ વિના બીજાને સૂઝે એમ નથી અને માટે જ હું નવીનચંદ્રજીમાં સાધુઓનો ઉત્કર્ષ જોઉં છું.’

શંકાપુરી — 'પણ યજ્ઞકર્મનું અનુસરણ કરવાનું અલખમાર્ગમાં નથી, નવીનચંદ્રમાં નથી, અને આ શ્લોકમાં આવ્યું.'

વિષ્ણુદાસ — 'કયા બચ્ચા? સબમેં શંકા? આપણા સંપ્રદાયમાં યજ્ઞકર્મ નથી એમ કોણે કહ્યું? અલક્ષ્યમાં લક્ષ્યની સ્થિતિ કેવી છે તે જણાવતાં આપણા ભાષ્યકાર કહે છે કે લક્ષ્ય વસ્તુ જ્યારે આવિર્ભાવ પામે છે ત્યારે તે યજ્ઞરૂપે જ્વલમાન થાય છે. [1] આ સંબંધમાં ઘણીક શ્રુતિઓના આધાર આપી પોતે સમજાવે છે કે:

'एषु मन्त्रेषु पुरुष: पशु: पुरुषो हवि: पुरुष एव च

यज्ञ इति योऽयं यज्ञ उक्त: स एव लक्ष्यरुपो यज्ञ:

सर्वत्र प्रज्वलति। सैवेयमिष्टिरस्मत्सिद्धांते।

येयं पशुमारमिष्टिरन्यै: क्रियते सा तु निन्द्याऽस्मिन् युगे।

कलौ त्वेक एवायं यज्ञो लक्ष्यधर्मधारक:।।' [2]

શંકાપુરી! અલખના લખયજ્ઞનો કર્મવિધિ અવકાશે જ્ઞાનભારતી પાસેથી કે વિહારપુરી પાસેથી શીખી લેવાનો અધિકાર તને આપું છું. એ યજ્ઞકર્મમાં નવીનચંદ્ર ઉત્તમ કૃતિ કરશે. એ એકલા દ્રવ્યના જ ત્યાગી થઈ તૃપ્ત નહીં થાય. તેમનો ત્યાગ અનેકધા સૂક્ષ્મ થશે — દ્રવ્યનો ત્યાગ, દ્રવ્યનો હોમ, દ્રવ્યનો બલિ — એ સર્વ આ સૂક્ષ્મ ત્યાગના યજ્ઞમાં સાધનભૂત થશે. અને મધુરીમૈયાની સૂક્ષ્મ પ્રીતિના યોગનો યોગી એ પ્રીતિમાંથી સ્થૂલ તો શું પણ અનેકધા સૂક્ષ્મ યજ્ઞવિધિ રચી સૂક્ષ્મ આહુતિઓ આપશે, સૂક્ષ્મ ત્યાગ કરશે, અને એ યજ્ઞની સૂક્ષ્મ અલક્ષ્ય ને લક્ષ્ય ઉભય જ્વાલાઓને યદુશૃંગના સાધુજનો એક દિવસે પ્રત્યક્ષ કરશે એવો મારો સિદ્ધાંત છે ને એવી મારી શ્રદ્ધા છે. બચ્ચા શંકાપુરી, જે સંસારનો તેં ત્યાગ કર્યો છે તેમાં સર્વપદાર્થ સ્થૂલ દૃષ્ટિથી જોવાય છે તે સંસ્કારનો અને તે અભ્યાસનો ત્યાગ કરી યદુશૃંગ ઉપરના સર્વ પદાર્થોને અધ્યાત્મદૃષ્ટિથી જોવાના સૂક્ષ્મ સંસ્કારોને પ્રાપ્ત કર અને તે સંસ્કારોને તારા સૂક્ષ્મ દેહમાં અભ્યસ્ત કર.'

શંકાપુરી — 'જી મહારાજ, પ્રસ્તુત વિષયમાં આપે મારી શંકાઓનું સમાધાન કર્યું છે તેનું હું મનન કરીશ. આપે સૂચવેલા માર્ગથી હું આપની કૃપાનો અધિકતર પાત્ર થઈશ.'

શાંતિદાસ — ‘જી મહારાજ, હવે કાંઈ મારી શંકાઓનું પણ સમાધાન કરવાની કૃપા કરશો?’

વિષ્ણુદાસ — ‘તમારા અધિકારનો વિષય હશે તો તમારું સમાધાન થશે.’

શાંતિદાસ — ‘પુરુષ અને સ્ત્રીનો એકત્ર એકાંત સમાગમ થવા દેવો અને પછી તેમના સ્થૂલ શરીર દૂર રહેશે એવી કલ્પના સ્થૂલ શરીરની શક્તિથી વિરુદ્ધ નથી? તે એકાંતમાં મળે એટલે બીજી વાતો ખોટી અને એક વાત ખરી.’

‘જુઓ, જુઓ, ભાઈ શંખભારતીને શંકા થઈ. ઊઠ, ભાઈ, ઊઠ. બહાર જઈએ ને તારી વિડંબનામાંથી ગુરુજીને મુક્ત કરીએ. હું તારું સમાધાન કરીશ.’ શંકાપુરીએ કહ્યું.

શાંતિદાસ — ‘હવે તું તે શું સમાધાન કરવાનો હતો? ઘરની સ્ત્રીનો ત્યાગ કરી બિન્દુમતીનું પરિશીલન કરતાં ફાવ્યો નહીં તે જ તું કે નહીં?’

‘ખરેખરો શંખભારતી છે. કૂટ માથું.’ શંકાપુરી એક પાસે મૌન રાખી બેઠો. જાનકીદાસે હસવા માંડ્યું. જ્ઞાનભારતીને કંઈક ક્રોધ થયો જણાયો. વિહારપુરી ચમકયો. વિષ્ણુદાસ શાંત રહી સાંભળી રહ્યા ને અંતે બોલ્યા:

‘શાંતિદાસ, ઉત્તમ ગ્રહદશાને બળે કોઈક મહાત્માઓનો સંયમ એવે કાળે પણ અચળ રહી શકે છે; અધમ ગ્રહદશાને બળે કોઈક દુષ્ટજનો સ્ત્રીશૂન્ય દેશમાં પણ સ્ત્રીઓને ફસાવે છે અને વિષયને શોધે છે. સંસારીઓનો તમને અનુભવ છે. તેમાં મોટો ભાગ મધ્યમ પક્ષનો છે — તેમને સ્ત્રીપુત્રની વાસના હોય છે, તેમનામાં પાશવ કામ સર્વદા જાગૃત હોય છે, અને એ કામ વિના અન્ય કામને તેઓ ઓળખતા નથી, માટે જ ગમે તે સ્ત્રી અને ગમે તે પુરુષનો યોગ રચી — તે યોગને વિવાહનું નામ આપી — તેથી તૃપ્ત થાય છે. જે સૂક્ષ્મ પ્રીતિથી મનુષ્યની સ્થૂલ વાસના સૂક્ષ્મ સંયમને વશ થાય છે તે પ્રીતિનું કે સંયમનું સંસારને ભાન નથી. માટે જ ત્યાં સ્ત્રીપુરુષ પરસ્પર વિશ્વાસ કરતાં નથી અને એકબીજાથી ડરતાં ફરે છે. વિહારમઠમાં તો વિવાહિત અને ગૃહસ્થ સાધુઓને અમુક મર્યાદામાં સંયમ પાળવો પડે છે અને મૂર્ખ સંસારીઓ બહુધા અનિયમને સ્થાને નિયમ પાળે છે ને નિયમને સ્થાને અનિયમ પાળે છે, ત્યારે કામશાસ્ત્રનું સૂત્ર છે, કે *શરીરસ્થિતિહેતુત્વાદાહારધર્માણો હિ કામા: ફલભૂતાશ્ચ ધર્માર્થયો* : એ સૂત્રમાં *સમર્થાશ્ચાલક્ષ્યસૂક્ષ્માવબોધને* એટલો પાઠ વધારી તેનું રહસ્ય સારી રીતે સમજી લઈ વિહારમઠનાં દંપતીઓ એ શાસ્ત્રની મર્યાદામાં વિહરે છે, અને એ દંપતીઓ પોતાનાં સ્થૂલ શરીરને પણ વૈદ્યકશાસ્ત્રની અને કામશાસ્ત્રની નિયંત્રણાઓને વશ રાખે છે. આથી સ્ત્રીપુરુષનો સંબંધ અહીં અધ્યાત્મ ગણાય છે ને સ્ત્રીનો ઉત્કર્ષ પુરુષથી ન્યૂન ગણાતો નથી. નવીનચંદ્રજી તમારા સંસારમાંથી આવ્યા છે તે છતાં આ વિષયોમાંના

ઉત્કૃષ્ટ ભાગ તેમને હસ્તામલક જેવા છે, તેમને સૂક્ષ્મ પ્રીતિમાં અને સૂક્ષ્મ ત્યાગમાં જન્મસિદ્ધિ છે, તેમના ઉત્તમ ગ્રહ પણ એમને એમાં શક્તિ આપે છે, અને ભ્રષ્ટ સંસાર વિના અન્ય પદાર્થના જ્ઞાન વિનાની તમારી બુદ્ધિ જે સમાગમની કલ્પનાથી કંપે છે તે સમાગમકાળે, ઉર્વશી પાસે અર્જુને દર્શાવ્યો એવા સ્વભાવસિદ્ધ સંયમમાં અચળ રહેવાની નવીનચંદ્રજીની શક્તિ છે એવું મારું ગણિત છે. યદુશૃંગ ઉપરના સાધુઓ સ્ત્રીપુરુષોને અધ્યાત્મદૃષ્ટિથી જુએ છે અને તેમના સ્થૂલ વિકારોને અધર્મ્ય વિકાસ આપવા દેવાના માર્ગ બંધ રાખવામાં આવે છે અને ધર્મ્ય પરિણામ પામવામાં અંકુશ રાખવામાં આવતો નથી — માટે જ આ ઘડીએ ચંદ્રાવલીમૈયા નવીનચંદ્રજી સાથે અત્યારે સર્વ સાધુજનોને વિદિત રહી એકાંત ગોષ્ઠિ કરવા ગયાં હશે તે છતાં તેમની પવિત્રતા ઉપર શંકાપુરીને પણ શંકા થઈ નથી. તમારા સંસારમાં તો એવા બનાવથી મધપૂડો ઉરાડ્યો હોય તે તેની માખો ગણગણે ને દંશ કે એવી મધમાખોની દશાને લોક પ્રાપ્ત થાય અને આ બે પવિત્ર સ્ત્રીપુરુષના આત્માને ન ઓળખતાં એ લોક તેમનાં શરીરને જ દેબે અને વિપરીત ભાવનાઓ કરવા બેસે. એ સંસારની ભાવનાઓનો તમે હવે ત્યાગ કરો, અને યદુશૃંગની નવીન વિશુદ્ધ ભાવનાઓને પ્રાપ્ત કરવાનો પ્રથમ પ્રયત્ન કરો. જ્ઞાનભારતી, શાંતિદાસને આ ભાવનાઓ પ્રાપ્ત કરાવવાનું કામ તમારા મઠમાંના કોઈ સાધુને સોંપજો.'

શાંતિદાસ પ્રસન્ન થયો. એ ને શંકાપુરી રજા લઈ બહાર ગયા. રહેલા મંડળ સાથે વાર્તા વધી.

વિષ્ણુદાસ — 'હવે મારે તમને ત્રણેને એકાન્ત વાત કરવાની છે; ગુપ્ત છે ને ગુપ્ત રાખવાની છે.'

ત્રણે જણ સજ્જ થયા.

વિષ્ણુદાસ — 'કાલથી પાંચ દિવસ મારો દેહ જીવ વિનાનો એકલો પડ્યો રહેશે. તેનું રક્ષણ, તમોએ ગુપ્ત મંત્ર રાખી કરવું.'

'જી મહારાજ, આપની આજ્ઞાથી કોઈ પદાર્થમાં વિશેષ નથી તો આપના શરીરસંરક્ષણમાં તો પૂછવું જ શું?' વિહારપુરી બોલ્યો.

'એમાં કાંઈ શંકા જ ન કરવી.' જાનકીદાસ બોલ્યો.

જ્ઞાનભારતી — 'સર્વ તેમાં સાવધાન ને સજ્જ છીએ.'

વિષ્ણુદાસ — 'આ શરીર હવે જર્જરિત થયું છે અને નવીનચંદ્રજીને સિદ્ધ કરવામાં મારાથી હવે એક જ ક્રિયા થઈ શકે એમ છે. તેને અનેક ભાષાઓનું જ્ઞાન છે અને અનેક વિદ્યાઓ ને સંસ્કારો તેની બુદ્ધિમાં ભર્યા છે. તેની સ્થૂલ તો શું પણ સૂક્ષ્મ વાસનાઓ પણ આપણને પરોક્ષ છે. એની વાસનાઓ એવી તો સૂક્ષ્મતમ છે કે તેને દગ્ધ થવાનો કાળ બહુ દૂર નથી. એ અસંપ્રજ્ઞાત યોગના અધિકારી છે અને જપાકુસુમ જેવી એની સૂક્ષ્મ

વૃત્તિઓનો નિરોધ થશે તો એ પરમ અલક્ષ્ય સ્વરૂપમાં અવસ્થિત થશે. કાલથી પાંચ દિવસમાંની અનુકૂળ રાત્રિઓમાં અનુકૂળ મુહૂર્તોમાં હું તેમના શરીરમાં પ્રવેશ પામવા યત્ન કરીશ અને મારા ચિત્ત દ્વારા એમના ચિત્તમાં પ્રવેશ કરી એ ચિત્તની વૃત્તિઓનો દાહ કરવા પ્રયત્ન કરીશ. બાકીના કાળમાં હું મારે પોતાને અર્થે જ યોગસ્થ રહીશ. એ રાત્રિઓમાં મારા શરીર બહાર નીકળેલા ચિત્તની વિદેહાસિદ્ધિના યોગથી નવીનચંદ્રજીને પણ પ્રકાશાવરણનો યથાપ્રારબ્ધ ક્ષય પ્રાપ્ત થશે. હું જાતે એ દશામાં મૂર્ધ-જ્યોતિમાં સંયત થઈ સિદ્ધદર્શન કરીશ, અને મારા અને નવીનચંદ્રજીના ચિદ્ધાતુ જેટલા સંગત હશે, તેટલા પ્રમાણમાં જે સિદ્ધોને હું જોઈશ તેને એ પણ કંઈ જોશે. જે વિષયોમાં હું આ શરીરે નવીનચંદ્રજીની જિજ્ઞાસાને અને વાસનાને શાંત કરવા શક્ય નથી તેને એ સિદ્ધ પુરુષો શાંત કરશે. બીજું કાંઈ નહીં થાય તો એ દર્શનથી ઋતંભરા [૧] પ્રજ્ઞાનાં બીજ એમના હૃદયમાં પડશે.'

વિહારપુરી — 'અંગ્રેજી વાસનાને સિદ્ધજન શું કરશે?'

વિષ્ણુદાસ — 'યમદ્વારની પેલી પાસ સત્યપુરુષોનાં સૂક્ષ્મ શરીર સાર્વભાષિક સિદ્ધરૂપે જીવે છે અને તેમાં આર્યઅનાર્યનો ભેદ નથી. જે સિદ્ધરૂપ નવીનચંદ્રજીને અભિમત હશે તે જ એમને પ્રત્યક્ષ થશે. એમના ચિત્તસરોવરમાં નિર્મળી [૨] નાખી હોય તેમ આ દર્શનથી તેમાંના સર્વ લીલ અને મળ છૂટાં પડશે, તેમની સર્વ શંકાઓનું સમાધાન થશે, અને સૂર્યના પ્રકાશથી અંધકાર નષ્ટ થાય અને સદ્વસ્તુઓ દૃષ્ટ થાય તેમ નવીનચંદ્રના ચિત્તમાં તેમની યોગ્યતા પ્રમાણે થશે.'

જ્ઞાનભારતી — 'આપની શક્તિ તેમના કરતાં અનેકધા વિશેષ છે; આપ જાતે જીવન્મુક્ત છો અને આવા સાહસ વિના તૃપ્ત, કૃતકૃત્ય અને મુક્ત છો. જેમ આપે સર્વ વિદ્યાને સંપાદિત જાતે કરી તેમ એ ભલે કરે, પણ આમ હઠદાન કરવાનું કારણ શું? એ મહાસાહસ આરંભવા જેવું ફળ દેખાતું નથી.'

જાનકીદાસ-'નવીનચંદ્રજીને ગ્રહયોગ જ સિદ્ધ છે તો આપનું આ અતિસાહસ નિરર્થક છે.'

વિહારપુરી — 'જી મહારાજ, આપને અને અમને ઉભયને મોક્ષવસ્તુ જ્ઞાનસાધ્ય છે તો તે ટૂંકો માર્ગ મૂકી કેવળ સાવધાનરૂપ યોગસિદ્ધિના વિકટ માર્ગ અન્ય મિથ્યાપ્રપંચ જેવા લાગતા નદી?

વિષ્ણુદાસ — 'જો આટલું કર્તવ્ય હોય તો સાહસ-અસાહસનો વિચાર કર્તવ્ય નથી. કેવળ પરમ અલક્ષ્ય તત્ત્વનો વિચાર કરીએ તો, વિહારપુરી, તું જે કહે છે તે જ સત્ય છે. પણ જો એ અલક્ષ્યના લક્ષ્ય સ્વરૂપના ધર્મ વિચારીએ તો જે ન્યાયે કૃષ્ણપરમાત્મા પાંડવોના સાધનભૂત

થતા હતા તે જ ન્યાયે આ વસ્તુ કર્તવ્ય છે. ઈશરૂપ લક્ષ્યપરમાત્મા અનીશ જીવના ઉપર કૃપા કરી તેને પોતાના દૃષ્ટિપાત વડે પોતાનું સામ્ય આપે છે. [3] તે જ કૃપાને સ્થાને ઈશનું સામ્ય પામેલા જીવસ્ફુલિંગ અન્ય જીવો પર પ્રીતિ રાખે છે અને પ્રીતિને બળે તેને પોતાનું સામ્ય આપે છે. એક તરુ ઉપર વળગેલા ઈશ અને અનીશની તેમ નીશ અને અનીશની વચ્ચે આવાં નાડીચક્ર છે. સત્પુરુષોની ઊર્ધ્વગતિમાં અને અસત્પુરુષોની અધોગતિમાં આ ચક્ર સાધનભૂત થાય છે. મારી અને નવીનચંદ્રજીની વચ્ચે તેમ તેની અને સાધુજનોની વચ્ચે આવું નાડીચક્ર બંધાઈ ચૂક્યું છે, અને નવીનચંદ્રજી મારી જોડે એક નાડીથી સંધાઈ ઊર્ધ્વગતિ પામે તો મારો લક્ષ્ય ધર્મ છે. વિહારપુરી, નવીનચંદ્રજી જાગૃત અવસ્થામાં કે સ્વપ્નમાં આ નાડીસંયોગનું આકર્ષણ અનુભવશે અને તેથી ઊતરતે પ્રકારે મધુરીમૈયા તેમની સાથે સત્ય નાડીબંધથી સંગત હશે તો એ પણ આકર્ષણના હેલારા અનુભવશે. અન્ય વિરાગમૂલક સંપ્રદાયમાં લક્ષ્યધર્મનો અનાદર કરી અલક્ષ્ય સાધન શ્રેષ્ઠ ગણાય છે; પણ આપણામાં તો લક્ષ્યધર્મનો આદર કરીને જ અલક્ષ્યાવગાહન થાય છે.

लक्ष्यधर्मान् समादृत्य लक्ष्यात्मा लक्षते स्वयम्।

अलक्ष्ये चावगाहेत सोऽयमात्मप्रबोधवान्।। [१]

એ મંત્રનું રહસ્ય તો આવા લક્ષ્યધર્મથી જ સધાય છે. પરસ્પરનું ઉદ્‌બોધન કરવું એ આ ધર્મોમાં પરમધર્મ છે તે સાધવાનો વારો આજ માંરે શિર છે, કારણ કે ધારેલું કાર્ય મારા વિના બીજાથી સાધ્ય નથી. બચ્ચા વિહારપુરી, જે સ્વરૂપે લક્ષ્યધમે વિહારમઠમાં શિષ્ટ છે અને જેનો ત્યાગ આપણે કરીએ છીએ તે ધર્મપ્રાપ્ત ત્યાગ ત્યાગકામી થઈને નથી કરતા. પણ એ ત્યાગ જાતે જ લક્ષ્યધર્મ થાય છે ત્યારે આપણે તેને સ્વીકારીએ છીએ. તો પછી નવીનચંદ્રજી જેવા સાધુરત્ન પ્રતિ આવી સૂક્ષ્મ લક્ષ્યધર્મ પાળવો એ તો સર્વ સાધુજનોને અલક્ષ્યમાં અવગાહન કરાવવાનો માર્ગ જ ગણવો.'

---

* પાસે રહેનાર શિષ્ય.

* A *Siddhanta* declares that earth is round and unsupported in space...... Aryabhatta seems to have reached by independent observations the knowledge of the earth's movement on its axis and to have availed himself of the science of his time in calculating the precession of the equinoxes and the length of the orbital times of planets:

Astrological Self-Instructor by B. Suryanarayna Row. B.A. of Bellary.

+ The astronomical tables found in the possession of Tiruvallore astronomers, and taken of France in the last century, have now been found to be more correct than those given out by the best of the astronomers of the present day. 'Fabulous' cycles of years given by the Hindu astronomers in their almanacs

have been receiving greater and greater confirmation from the hands of the geologist and the psychologist. * * * I do not think I have put forth any wild theory which requires to be knocked down at once by young men who treat so lightly our sciences, without the least effort on their part to go into their details. A congress of the Rishis seems to have been held with the object of thoroughly investigating the physical phenomena, and at its head stood Maharshi Matanga with Sonbhari for his assistant. They framed more than a hundred Sutras * * In the portion of the work I have seen the Sutras relate to Soudamini or electricity and magnestism. It also gives the composition of the sun, the planets, the earth, etc.

- *Suryanarayana Row*

૧ . ભાગ ૩, પ્રકરણ ૬.

૨ . ભાગ ૩, પ્રકરણ ૬.

૧ . ઋતંભરા પ્રજ્ઞાનું વર્ણન હવેના પ્રકરણમાં આવશે.

૨ . જળમાંથી કચરો નીચે બેસાડવાને અને તે ઉપર રહેલું પાણી નિર્મળ કરવાને માટે નિર્મળી નામનો પદાર્થ પાણીમાં નાખવાનો કાશીમાં પરિચય છે.

૩ . ત્રીજો ભાગ; પ્રકરણ ૬.

૧ . ભાગ ૩, પ્રકરણ ૬.

૨૫. સનાતન ધર્મ અથવા સાધુજનોના પંચમહાયજ્ઞ

"Then the World-honoured spoke;' Scatter not rice
But offer loving thoughts and acts to all;
To parents as the East, where rises light;
To teachers as the South whence rich gifts come;
To wife and children as West, where gleam
Colours of love and calm, and all days end;
To friends and kinsmen and all men as North;
To humblest living things beneath, to Saints
And Angels and the blessed Dead above:
So that all evil be shut off, and so
The six main quarters will be safely kept.'

– Sir Edwin Arnold's 'Light of Asia.'

"The 'freedom' and 'modernity', the 'progress' and 'truth' of these fellows are not ours. We have nothing in common with them. they wish for self-indulgence; we wish for work. They wish to drown consciousness in theun conscious; we wish to strengthen and enrich consciousness. They wish for evasive ideation and babble; we wish for attention, observation and knowldge. The true criterion by which true moderns may be recognised and distinguished from impostors calling themselves moderns may be this: whoever preaches absence of discipline is an enemy of progress; and whoever worships his 'I' is an enemy to society. Society has for its first premise, neighbourly love and capacity for self sacrifice; and progress is the effect of an ever more rigorous subjugation of the beast in man, of an even tenser self restraint, an ever keener sense of duty and responsibility. The emancipation for which we are striving is of the judgment, not of the appetites. In the profoundly penetrating words of Scripture (Matt. v. 17) 'Think not that I am come to destroy the law, or the prophets, I am not come to destroy, but to fufil.'

— Max Nordan's Degeneration

"Serene will be our days and bright
And happy will our nature be,
When Love is an unerring light
And joy its own security.'

- Wordsworth's 'Ode to Duty'

વિષ્ણુદાસ બાવા અને સાધુસમાજ અલખ જગવી રાત્રિએ પાછા આવ્યા. પ્રાત:કાળનું આહ્નિક થઈ રહ્યા પછી મઠની પાછળના ભાગમાં વિષ્ણુદાસ, ઉત્તમાધિકારી સાધુજનો અને સરસ્વતીચંદ્ર બેઠા અને વિષ્ણુદાસે પ્રસંગ કાઢ્યો.

'નવીનચંદ્રજી! શ્રીયદુનંદનને નમસ્કાર ન કરનારે ચંદ્રાવલી મૈયાને સાષ્ટાંગ નમસ્કાર કરવા પ્રયત્ન કર્યા તેને માટે ને તમારે માટે તમારો સંસાર આ અભિપ્રાય બાંધશે?'

'જી, સંસાર છોડી આપનો આશ્રય પામનાર આપના અભિપ્રાયનો વધારે જિજ્ઞાસુ છે. નમસ્કાર કર્યા તે એ પવિત્ર મૈયાના અલખ આત્માને અને સંસિદ્ધ જીવસ્ફુલિંગને, સ્ત્રીશરીરરૂપ શક્તિમાં ગુપ્ત રહેલા એ હૃદયરત્નને આ શરીરમાંના હૃદય હૃદયાભિમાન ધરીને પોતાની ભક્તિ દર્શાવવાનો એ માર્ગ લીધો. માતૃજ્યોતિ પાસે પુત્રજ્યોતિ જાતે જ નમી પડ્યું. એકને નમસ્કાર કર્યા અને અન્યને ન કર્યા તેનું કારણ એ હૃદય અને એ જ્યોતિ છે. આ દેશના સંસારીઓ સ્ત્રીપુરુષમાં જે ભેદ સ્વીકારે છે તે આપના ચરણમાં આવ્યા પછી હું કેવળ ભૂલી જ ગયો છું.

વિષ્ણુદાસ — 'નવીનચંદ્રજી! ભક્તિથી અને એ પ્રયત્નથી યદુશૃંગનું સર્વ સાધુમંડળ તમારા ઉપર સુરક્ત થયું છે.'

સરસ્વતીચંદ્ર — 'તેમની સાધુતા હું પગલે પગલે અનુભવું છું.'

વિષ્ણુદાસ — 'નવીનચંદ્રજી! સાધુવૃત્તિનું પરમ રહસ્ય તમે તમારા સ્વભાવની શુદ્ધતાથી અપ્રયત્ને પામ્યા.'

સરસ્વતીચંદ્ર — 'સંસારે બિડાવેલા હૃત્ પદ્મને સાધુ સમાગમ સૂર્ય પેઠે ઉઘાડે છે અને તેમાં પોતાનાં કિરણને ભરે છે.'

વિષ્ણુદાસ — 'સૂર્યકિરણ તો સર્વત્ર પડે છે પણ કમળપત્ર જ તેના સંસર્ગને સફલ કરી શકે છે.'

સરસ્વતીચંદ્ર — ‘સંસારના ઉચ્ચનીચ પ્રપંચોની રચનામાં પોતાના કયા સ્ફુલિંગને કેટલી શક્તિ આપવી એ લક્ષ્યસ્વરૂપના ઈશઆત્માની ઇચ્છાની વાત છે.’

વિષ્ણુદાસ અતિ પ્રસન્ન થયા અને બોલ્યા:

‘નવીનચંદ્રજી! તમારા ઉત્તર સાંભળવાનો મને એટલો લોભ થાય છે કે કરવાની વાત ભૂલી હું બીજા પ્રસંગોમાં ઊતરી જાઉં છું. તમારે માટે મારા મનમાં એક નવી યોજના એવી ધારું છું કે કાલથી થોડા દિવસ લાગટ હું યોગસ્થ રહીશ અને તેટલો કાળ તમારે ચિરંજીવશૃંગ ઉપર એકાંતમાં ગાળવો.’

સરસ્વતીચંદ્ર — ‘આપની આજ્ઞા કે ઇચ્છાને અનુકૂળ થવા માંરુ ચિત્ત મૂળથી જ તત્પર છે. તેમાં ચંદ્રાવલીમૈયાને આ વિષયમાં તો કાલ હું પ્રતિજ્ઞા આપી ચૂક્યો છું એટલે મારે દ્વિગુણધર્મ બંધનથી આપની ઇચ્છાને અનુસરવાનું છે.’

વિષ્ણુદાસ — ‘ચંદ્રાવલીમૈયાની ઇચ્છાઓ ધર્મ્ય અને કલ્યાણી જ હોય છે એવી અમારી અચલ શ્રદ્ધા છે. એમણે પોતાની ઇચ્છા તમને સકારણ દર્શાવી હશે; મારી ઇચ્છા બીજા કારણથી છે.

સરસ્વતીચંદ્ર — ‘તેમાં પણ *આજ્ઞા ગુરૂણામવિચારણીયા।*’

વિષ્ણુદાસ — ‘એ સૂત્ર સંસારમાં તેની વ્યવસ્થાને માટે અમુક મર્યાદામાં કલ્યાણકારક છે. પણ આ સ્થાને તો ‘આજ્ઞા’ શબ્દનો વ્યવહાર સાધુજનની સુશીલતાનું જ ફળ છે. આ સ્થાનના ગુરુજન શિષ્યવર્ગમાં અલક્ષ્યના ઉદ્‌બોધનને માટે જ પ્રવૃત્તિ કરે છે અને આજ્ઞાથી એ ઉદ્‌બોધન થતું નથી, પણ ઘરમાંના બાળકને બારી બહારથી સાદ કરીએ ને તે પોતાની પ્રીતિથી ને જિજ્ઞાસાથી બારી આગળ આવી બોધ પામે તે માર્ગનું જ અનુકરણ અમે કરાવીએ છીએ. માટે મારી ઇચ્છાનાં કારણ જાણી લો. નવીનચંદ્રજી! ચિરંજીવશૃંગનું માહાત્મ્ય એવું છે કે ત્યાંનો અધિકારી અને નિવાસી ગમે તો સિદ્ધદર્શન કરે છે, ગમે તો જાતે સિદ્ધ થાય છે, ગમે તો ચિરંજીવ સુકૃત કરે છે, ગમે તો લોકકલ્યાણને માટે ચિરંજીવ થાય છે, અને ગમે તો આ વસુંધરાના પ્રાચીન ચિરંજીવ મહાત્માઓનું દર્શન કરે છે. કોઈ મહાત્માઓને ત્યાં તુરીયાવસ્થા પ્રાપ્ત થાય છે. કોઈ મહાત્માઓ ત્યાં જાગૃત અવસ્થામાં સર્વ પ્રત્યક્ષ કરે છે. કોઈ કલ્યાણસ્વપ્નોમાં સર્વ પ્રત્યક્ષ કરે છે અને કોઈને ત્યાં પરમ સુષુપ્તિ થાય છે અને તેના બળથી સૂતેલો જીવ ત્રિવિધ તાપમાંથી મુક્ત થઈને જ પાછો જાગે છે. અનેક ઉત્તમ વૃદ્ધ મહાત્માઓના નિવાસથી ચિરંજીવશૃંગ સિદ્ધ થયું છે અને આવાં પરમકલ્યાણ કરવા સમર્થ થયું છે. એ શૃંગ ઉપર હું તમને આજ રાત્રિથી નિવાસ આપું છું. એ નિવાસનું ફળ પ્રાપ્ત કરવાના અધિકારમાં કે માર્ગમાં કોઈ વિઘ્ન હોય તો તેને દૂર કરવાને મારી યોગસ્થ અવસ્થા તમને કંઈ અપૂર્વ સિદ્ધાંજન પ્રાપ્ત કરાવવા યથાશક્તિ પ્રયત્ન કરશે. આ સર્વ ફળ માટે હું તમને ચિરંજીવશૃંગ ઉપર ઉચિત કાળ નિવાસ આપવા ઇચ્છું છું.

સરસ્વતીચંદ્ર — ‘આપની કૃપા દિવસે દિવસે વધે છે અને મારી શક્તિ તથા યોગ્યતા કરતાં આપ મને વધારે અધિકારી ગણો છો.’

વિહારપુરી — ‘એ તો ગુરુજીના અધિકારની વાત. આપણે પ્રશ્ન ઉઠાવવા યોગ્ય નથી. એમણે આપેલા અધિકારને આપ વિશેષ ગણશો તો શંકાપુરી તેને પોતાને મળેલા અધિકારને ન્યૂન ગણશે અને સાધુઓની અવ્યવસ્થા થશે.

સરસ્વતીચંદ્ર — ‘ઈશ્વર એ અવ્યવસ્થાને આવા સુવ્યવસ્થિત સ્થાનમાંથી દૂર રાખો! પણ મારા મનમાં બેચાર વાતનું સમાધાન ગુરુજીની પાસેથી લેવાનું છે; કારણ હવે મળવાના અવકાશમાં તેનો ઉપયોગ કરવો પડે એમ છે.’

વિષ્ણુદાસ — ‘તે પૂછવાનો તમને અધિકાર છે. અન્ય અધિકારીઓના પ્રશ્નો ઉપર જ્યારે આપણે નિયંત્રણ મૂકીએ છીએ ત્યારે ઉત્તમાધિકારીઓને સર્વ પ્રશ્ન પૂછવાનો અધિકાર છે.

સરસ્વતીચંદ્ર –‘ત્યાગ શ્રેષ્ઠ કે ગૃહસ્થપદ શ્રેષ્ઠ? ત્યાગનો અધિકારી કોણ અને ગૃહસ્થપદનો અધિકારી કોણ? પિતા, પત્ની, ગુરુ અને પોતે — એ ચારના અભિપ્રાયમાં ભેદ હોય ત્યારે વધારે અધિકાર કોનો? સ્ત્રીનો નિષ્કારણ અને અપ્રતિકાર્ય ત્યાગ કરનારનું પ્રાયશ્ચિત્ત શું? સંસાર, ધર્મ અને શાસ્ત્ર એ ત્રણનું સંઘટ્ટન થાય ત્યારે જયનો અધિકાર કોને? વૈરાગ્ય, રસ અને ધર્મ એ ત્રણના સંઘટ્ટનકાળે જયનો અધિકાર કોને? આ ભેખના ત્યાગને અધોગતિ ગણવી કે નહીં? એ ત્યાગનો અધિકાર કોને ખરો ને કોને નહીં? સંસારે બંધાવેલા સંપ્રત્યયથી ઉત્પન્ન થયેલાં ધર્મનાં બંધન આ સ્થાનની પવિત્ર પ્રાપ્તિથી ક્યારે અને કેવી રીતે છૂટે છે? અનેક લોકના અનેક વર્ગમાં સનાતન સામાન્ય અપ્રતિહત ધર્મ કયો?’

આનો ઉત્તર મળતાં પહેલાં બહારથી કાંઈ સ્વર સંભળાયા. અનેક સાધુઓ સંભ્રમમાં પડી ઉતાવળા ચાલતા કે ઊઠતા હોય એવા ઘસારા સંભળાયા અને તેની સાથે બૂમ પડી કે ‘યદુનંદનકો જય! ચંદ્રાવલીમૈયા કો જય!’ તે બૂમો બંધ પડતાં પહેલાં મંદિરની ઘંટાઓનો સ્વર સંભળાયો. થોડીવારમાં કુમુદસુંદરીને અને દશબાર સાધ્વીજનને સાથે લઈ, તારાઓને અગ્રભાગે શુક્રના તારાને સાથે રાખી ઊભેલી ચંદ્રલેખા જેવી ચંદ્રાવલી વિષ્ણુદાસજીના આ આશ્રમભાગમાં આવી. વિષ્ણુદાસ વિના સર્વ મંડળ ઊભું થયું અને ચંદ્રાવલીને નમસ્કાર કરવા લાગ્યું. સર્વને અને ગુરુજીને નમસ્કાર કરતું, લજ્જાથી ગાલ ઉપર રતાશ ધરતું, નમાવેલાં મુખકમળની માળા જેવું સાધ્વીમંડળ વિષ્ણુદાસ પાસે આવી ઊભું રહ્યું. ચંદ્રાવલી કંઈક ફળપુષ્પ વિષ્ણુદાસજીના ચરણ પાસે મૂકી પાછી આવી ઊભી. વિષ્ણુદાસ અંતે હાથ ઊંચો કરી સર્વને આશીર્વાદ દેતા બોલ્યા: *‘સ્વાગતં ભવતીનાં પરમં યચ્છાશ્વતમલક્ષ્યં ભદ્રાણામપિ ભદ્રં તદસ્તુ સર્વાસાં વઃ।* [૧] ચંદ્રાવલીમૈયા, સર્વને લઈ સ્વસ્થ બેસો અને આ સાધુસ્થાન પાસેથી કેવો સત્કાર લઈને તેને તે સત્કાર આપવાનું અધિકારી ગણવાની કૃપા કરો છો?’

એક પાસ સાધુઓ બેઠા. બીજી પાસ ચંદ્રાવલી અને તેનું મંડળ બેઠું. સરસ્વતીચંદ્રને આ દેખાવમાં વિચિત્ર ભવ્યતા લાગી. અંચળા અને જટાવાળા એક પાસ પ્રચંડ અને પુષ્ટ જ્ઞાની બાવાઓ, સામી હારમાં સર્વાંગી એકેકું ભગવું વસ્ત્ર ધરનારી સ્ત્રીઓ અને તેને અગ્રભાગે કુમુદ સહિત ચંદ્રાવલી, અને બે હારોને શિરોભાગે શ્વેતજટાધર તેમ વય અને યોગસાધનથી જર્જરિત થયેલાં હાડકાંના પંજર જેવા પણ તેજસ્વી વિષ્ણુદાસ: વચ્ચે હિમાલય અને ત્યાંથી નીકળતી

ગંગાયમુનાના પ્રવાહ જેવો આ સમાગમ સરસ્વતીચંદ્રને લાગ્યો. પણ એ પ્રવાહો પાસે ક્વચિત્ ગુપ્ત સરસ્વતીગંગા જેવી કુમુદસુંદરી ભણી એની આંખ જેવી ત્વરાથી જતી તેવી જ ત્વરાથી ત્યાં આગળથી પાછી ફરતી. વીજળીના ચમકારાની પળમાં પ્રવાસી પોતાના માર્ગનાં બે પગલાં શોધી લે એમ આટલા દૃષ્ટિપાતની પળમાં કુમુદસુંદરીની દૃષ્ટિ એ દૃષ્ટિપાતની પ્રેરકવૃત્તિ જોઈ લેતી હતી. ચંદ્રાવલી આ વેળા વિષ્ણુદાસને ઉત્તર દેતી હતી.

'ગુરુજી, આપની કૃપા એ જ સાધુજનનો સત્કાર છે. આ મધુરી મારી દુલારી તેને ગિરિરાજ ઉપર મેં આવવા દીધી ખરી, પણ હૃદયની ચિંતાએ મને એની પાછળ આણી. હું આવી તો આપનાં અને આપના આશ્રમનાં દર્શન કરાવવાનો લાભ પણ એને આપવો ઉચિત લાગ્યો, અને એ નિમિત્તે આપનો જે જ્ઞાનવિનોદ ચાલતો હોય તેનાં સાક્ષી થવાનો અમને સર્વને લાભ આપો અને સાધુજનોને મળતા એ મહાલાભમાં અમે વિઘ્નરૂપ ન થઈએ માટે આપની ચર્ચા ચલાવવાની કૃપા કરો.'

વિહારપુરી — 'જી મહારાજ, નવીનચંદ્રજીના પ્રશ્નોના સમાધાનનો પ્રસંગ ચાલે છે તે તો આ સર્વને સવિશેષ પ્રિય થશે.'

'જે પ્રસંગ અહીં મળે છે તેમાં સાધુજનો નાનાં ને મોટાં સર્વ સત્ય વચન જ ઉચ્ચારે છે, એ ઉચ્ચારમાં વક્રવાણી વિનાનો ચાતુર્યવિલાસ અને વિનીત મધુરતા જેટલાં અક્ષરેઅક્ષરે ઊભરાય છે તેટલાં જ લજ્જાશીલ સ્પષ્ટતા અને અહંકારશૂન્ય સિદ્ધન્તવાદમાં કોઈ પાછું પડતું નથી. *बोद्धारो मत्सरग्रस्ता :* [१] કહેનાર ભર્તૃહરિ બિચારી નિમ્ન દેશના સંસારમાં ભટક્યો હશે અને આ સ્થાનનો અપરિચિત રહ્યો હશે.' સરસ્વતીચંદ્રના હૃદયમાં આ વિચાર દીપ્ત થયા અને વિષ્ણુદાસના ઉદ્ગાર સાંભળી શાન્ત થયા.

વિષ્ણુદાસ — 'નવીનચંદ્રજી, સંસારને માંટે મનુઆદિ મહાત્માઓએ ધર્મશાસ્ત્ર રચેલાં છે તેમ સાધુજનોને માટે અલક્ષ્યસિદ્ધાંતકારોએ લક્ષ્યધર્મસંગ્રહ રચેલો છે તે આપણા ભંડારમાં તમે જોયો હશે. જ્ઞાની પુરુષ કૃતકૃત્ય મુક્ત થયા પછી તેનું પોતાનું પોતાની જાતને માટે કાંઈ કર્તવ્ય નથી પણ તેની પ્રવૃત્તિ માત્ર લોકસંગ્રહને માટે જ કહી છે. પણ લોકસંગ્રહ કેવી પ્રવૃત્તિથી થાય છે તે આપણા લક્ષ્યધર્મસંગ્રહમાં જ વર્ણવેલું છે. સાધુજન સ્વભાવે સંતુષ્ટ છે અને સંસારનો ત્યાગ કર્યા પછી સુન્દરગિરિ ઉપર માત્ર પોતાની સંસિદ્ધિ માટે આમરણાન્ત પ્રવૃત્તિ કર્યાં કરે છે. જે વિદ્વાન સાધુ સંસિદ્ધ જ હોય તેને તો તે અર્થે પણ પ્રવૃત્તિ નથી. તેનું વચન તો એટલું જ છે કે -

प्रारब्धकर्मणि क्षीणे व्यवहारो निवर्त्तते।

कर्मक्षये तवसौ नैव शाम्येद् ध्यानसहस्त्रत:।।

विक्षेपो नास्ति यस्मान्मे न समाधिस्ततो मम।

विक्षेपो वा समाधिर्वा मानस: स्याद्विकारिण:।।

नित्यानुभवरूपस्य को में वाऽनुभव: पृथक्।

कृतं कृत्यं प्रापणीय प्राप्तमित्येव निश्चय:।। [२]

જ્ઞાનીને આમ વ્યવહાર નથી તે પોતાને માટે નથી; પણ જગતના કલ્યાણને માટેની તેની પ્રવૃત્તિ નષ્ટ નથી થતી.

व्यवहारो लौकिको वा शास्त्रीयो वाऽन्यथापि वा।

ममाकर्तुरलेपस्य यथारब्ध: प्रवर्त्तताम।

अथवा कृतकृत्योपि लोकानुग्रहकाम्यया।

शास्त्रीयेणेव मार्गेण वर्त्तेऽहं का मम क्षति:।। ३

જગતનું કલ્યાણ કરવાનું તેને કારણ શું? પરમ અલક્ષ્યના દર્શનથી મોક્ષ થાય છે સત્ય છે, એ પણ એ તો માત્ર સૂક્ષ્મ અને વાસના શરીરનાં વાસનાજન્ય સુખદુ:ખદિથી થતા શોકહર્ષાદિમાંથી મુક્ત થવાય છે; કારણ આત્મા તો બદ્ધ કે મુક્ત કંઈ નથી. સ્થૂલ સૂક્ષ્મ તો કર્મવિપાકની પૂર્ણાહુતિથી જ છૂટે છે.'

प्रियेषु स्वेषु सुकृतमप्रियेषु च दुष्कृतम्।

विसृज्य ध्यानयोगेन ब्रह्माभ्येति सनातनम्।। १

સંસારીઓમાં પ્રિય-અપ્રિય હોય તેમાં આ શાસ્ત્ર સત્ય હો. પણ સાધુજનને તો અપ્રિય કોઈ નથી. પણ સંસારમાં તેમની પણ દ્વેષ કરનાર હોય છે. ને તેમને માટે તો શ્રુતિવચન છે કે:

तस्य पुत्रा दायमुपयन्ति सुहृद: साधुकृत्यं द्विषन्त: पापकृत्यम्।। [२]

લક્ષ્ય સંસારમાં કંઈ નષ્ટ થતું નથી, પણ સર્વ વસ્તુઓ સ્વયોનિમાં શાંત થાય છે. માટે લક્ષ્યરૂપમાંથી મળેલી કર્મજન્ય સંપત્તિવિપત્તિઓનો એ જ તેમના યોનિસ્વરૂપમાં હોમ કરવાથી કર્મજાળ શાન્ત થાય છે; અને સ્થૂલસૂક્ષ્મ દેહ છૂટે છે. આ વિધિ ધીમે ધીમે ધૈર્યથી પામવાનો છે; એનું ફળ સહસા કેવળ જ્ઞાનથી હાથમાં આવે એમ નથી. બીજી શ્રુતિ કહે છે કે:

भूतेषु भूतेषु विचित्य धीरा: प्रेत्यास्माल्लोकादमृता भावन्ति।। [3]

‘સાધુજને ધીરે ધીરે પોતાની પ્રવૃત્તિથી પોતાની શક્તિ-સમૃદ્ધિ ભૂતમાત્રમાં સંક્રાંત કરી દેવી અને લક્ષ્યરૂપમાંથી સ્થૂલરૂપે લીધેલા શરીરરત્નને ઉત્તમ સંસ્કારોથી પરિપાકવત્ સૂક્ષ્મરૂપ આપી લક્ષ્યરૂપનાં ભૂતસંગ્રહરૂપ શરીરને ખોળે પાછું સોંપી દેવું — એ જ શરીરબધનની બાળગતિનો શુદ્ધ સંસિદ્ધ અન્ત છે. ભૂતમાત્રરૂપ યજ્ઞમાં સ્થૂલસૂક્ષ્મ શરીરોનો તેમની પ્રવૃત્તિઓ સાથે હોમ થાય એ જ અલખનો લખયજ્ઞ છે.’

સંસારીઓ પોતાની જાતને માટે સૌ પ્રવૃત્તિઓ કરે છે તે તેમની દશાનું ફળ છે. સાધુજનો પરમ અલખના લખ સ્વરૂપની જગત્કલ્યાણકાર ઇચ્છામાં પોતાની ઇચ્છાઓનો અને પ્રવૃત્તિઓનો હોમ કરે છે. પરમ પુરુષે માંડેલા પરમ યજ્ઞમાં સાધુજનો આમ પોતપોતાની આહુતિઓ આપે છે, અને પોતાની સ્થૂલસૂક્ષ્મ સમૃદ્ધિઓને સ્થૂલસૂક્ષ્મ ભૂતસંગ્રહમાં વેરી દે છે અને તેટલા હોમથી અયસ્કાંતમાં લોહ સંક્રાંત થાય તેમ સાધુજનોનાં પુણ્ય તેમના ઉપર પ્રીતિ રાખનારને પ્રાપ્ત થાય છે ને તેમનાં પાપકૃત્ય તેમના ઉપર દ્વેષ રાખનારમાં સ્વભાવબળથી પ્રાપ્ત થાય છે અને તેને અન્તે રાગદ્વેષરહિત એ સાધુજનો એ દેહથી મુક્ત થઈ વિદેહકૈવલ્ય પામે છે.

આપણા સાધુજનોના લક્ષ્યધર્મની પ્રવૃત્તિનું મૂળ પ્રયોજન આવું છે. જ્યાં સુધી તેમનાં શરીર વિદ્યમાન છે ત્યાં સુધી લોકનું કલ્યાણ કરવામાં આયુષ્ય ગળવું એને જ તેઓ ધર્મ ગણે છે. અને આર્ય અનાર્ય સર્વ ધર્મ એકદેશીય નીવડયા છે ત્યારે આ આપણો લક્ષ્યધર્મ સ્વભાવથી સર્વદેશીય અને સનાતન છે, કારણ જગતનું કલ્યાણ કરવું એ સર્વદા સર્વત્ર સાધુજનનું લક્ષણ ગણાયું છે ને ગણાશે. નવીનચંદ્રજી, સાધુજનોના સર્વ ધર્મ આટલામાં પર્યાપ્ત થાય છે. જ્ઞાની કે અજ્ઞાની સર્વને માટે ધર્મ છે, ને ત્યાગીને પણ ધર્મ છે. માટે જ પ્રથમ કહ્યું છે કે:

धर्म शनैः संचिनुयाद्वल्मीकमिव पुत्तिकाः।
परलोकसहायार्थ सर्वभूतान्यपिडयन्।।
नामुत्र हि सहायार्थं पिता माता च तिष्ठतः।
न पुत्रदारा न ज्ञातिर्धर्मस्तिष्ठति केवलः।।
एकः प्रजायते जन्तुरेक एव प्रलीयते।
एकोनुभुड्कते सुकृतमेक एव च दुष्कृतम्।।
मृतं शरीरमुत्सृज्य काष्ठलोष्ठसमं क्षितौ।
विमुखा बान्धवा यान्ति धर्मस्तमनुगच्छति।।
तस्माद्धर्म सहायार्थे नित्यं संचिनुयाच्छनैः
धर्मेण हि सहायेन तमस्तरति दुस्तरम्।।
धर्मप्रधानं पुरुषं तपसास हतकिल्बिषम्।
परलोकं नयत्याशु भास्वन्तं स्वशरीरिणम्।। [૧]

‘સંસારીને માટે ધર્મ આવો છે તો સંન્યાસી માટે ધર્મ મનુએ જ કહેલા છે.’

नाभिनन्देत मरणं नाभिनन्देत जीवितम्।
कालमेव प्रतीक्षेत निर्देशं भृतको यथा।।
अवेक्षेत गतीनृणां कर्मदोषसमुद्भवाः।
निरये चैव पतनं यातनाश्च यमक्षये।।
विप्रयोगं प्रियैश्चैव संयोगं च तथाऽप्रियैः।
जरया चाभिभवनं व्याधिमिश्चोपपीडनम्।।
देहादुत्क्रमणं चास्मात् पुनर्गर्भे च संभवम्।
योनिकोटिसहस्त्रेषु सूतीश्चास्यान्तरात्मनः।।
अधर्मप्रसंप्रभवं चैव दुःखयोगं शरीरिणाम्।
धर्मार्थिप्रभवं चैव सुखसंयोगमक्षयम्।।
सूक्ष्मतां चान्ववेक्षेत योगेन परमात्मनः।
देहेषु च समुत्पत्तिमुत्तमेष्वधमेषु च।।
दुषितोपि चरेद्धर्मयत्र तत्राश्रमे रक्तः।
समः सर्वेषु भूतेषु न लिङ्गं धर्मकारणम्।।
उच्चावचेषु भूतेषु दुर्ज्ञेयामकृतात्मभिः।
ध्यानयोगेन संपश्येद्गतिमस्यान्तरात्मनः।। ૧

સંન્યાસી માથે તેના આશ્રમ પ્રમાણે આવા ધર્મ છે. મધપૂડામાંથી મધ લઈ લીધા પછી તે નકામો થાય છે તેમ શાસ્ત્રનાં રહસ્ય જાણી લેનાર સંન્યાસીને પુસ્તકમાત્ર નકામાં પડે છે. પરમાત્માને પામી તે કૃતકૃત્ય થાય છે. પણ તેટલું કરી બેસી રહેવામાં તેના આયુષ્યનો ધર્મ સમાપ્ત નથી. પણ પ્રવ્રજિત જને સંસારમાંથી સ્થાનેથી સ્થાને અને ગ્રામેથી ગ્રામે પ્રવાસ કરવાનો છે અને તે પ્રવાસમાં તમને મનુનાં વાક્ય કહી બતાવ્યાં તેમાંના ધર્મ પાળવાના છે. એ વાક્યોમાં સંન્યસ્તચર્યાવાળાએ સંસારમાંના પદાર્થો જાતે લક્ષ્ય કરવા, જાતે તેનું અવલોકન કરવાનું છે, જાતે તેના વિચાર કરવાના છે, જાતે શોધન કરવાનું છે, સર્વ ભૂત ઉપર સમતા રાખવાની છે અને પરમાત્માની સૂક્ષ્મતા અનુભૂત કરવાની છે. પરમાત્માની જે ગતિ અનાત્મવાન્ જનને અજ્ઞેય છે તે આવા ત્યાગીએ જોવાની છે ને સંસારને બોધવાની છે. ત્યાગીને માટે આ ધર્મ લખ્યા છે અને તે પછી સંસારના ઉદ્ધારને માટે સંસારમાં એના અનુભવોના ઉદ્‌ગાર અને ઉદ્‌બોધન કરવાનાં છે. કૃતકૃત્ય ત્યાગીને શિર પણ લોકકલ્યાણના આવા ધર્મ પ્રાચીન કાળથી મુકાયા છે, અને સંસારી તેમ ત્યાગી ઉભયને શિર એ ધર્મનું બંધન આયુષ્યપર્યન્ત અનિવાર્ય છે.

સંસારીઓનાં ધર્મશાસ્ત્ર અસંખ્ય દેશકાળના વિચારોથી બંધાયાં છે ત્યારે લક્ષ્યધર્મસંગ્રહ માત્ર સર્વ દેશકાળની સનાતન સાધુતાના જ વિચારથી રચાયો છે. સંસારીઓના મુખ્ય ધર્મ જેમ પંચમહાયજ્ઞમાં સમાપ્ત થાય છે તેમ સાધુતાના ધર્મ પણ પંચમહાયજ્ઞમાં જ સમાપ્ત થાય છે. પણ સંસારીઓના યજ્ઞ સ્થૂલ સામગ્રીથી યોજાય છે અને યજ્ઞદર્શન સંસારને લક્ષ્ય થાય છે ત્યારે સાધુઓના યજ્ઞ તેમનાથી અલક્ષ્ય રહે છે અને સામગ્રી સૂક્ષ્મ હોય છે. સંસારના યજ્ઞ ઘણુંખરું સકામ હોય છે, અને નિષ્કામ હોય છે ત્યારે પણ પોતાના કલ્યાણને જ માટે હોય છે, દેહના કલ્યાણને માટે હોય છે કે પોતાના જીવના કલ્યાણને માટે હોય છે અને લોકનું કલ્યાણ એ તો માત્ર આ આત્મકલ્યાણનું સાધન જ હોય છે. પિતા, પુત્ર વગેરે સર્વ પદાર્થો તો શું પણ બ્રહ્મ જાતે પણ આત્માના જ કામને માટે પ્રિય છે એવું યાજ્ઞવલ્ક્ય-વચન [૧] આ સંસારીઓનાં જ હૃદયને માટે છે. સાધુજનોનાં હૃદયમાં તો આત્માને માટે પણ કામ નથી અને અનાત્માને માટે પણ નથી. તેમના ધર્મ તો કેવળ નિષ્કામ લોકકલ્યાણાર્થ યજ્ઞરૂપ જ છે. ધર્મ જગતનું ધારણ કરે છે, અને ધર્મનું ધારણ પરમાત્મા પરમ અલક્ષ્યનું લક્ષ્યસ્વરૂપ પોતે કરે છે, માટે જ એ લક્ષ્યસ્વરૂપ લક્ષ્યપુરુષરૂપના ધારેલા ધર્મયજ્ઞની અંશભૂત જ્વાળાઓ જેવા યજ્ઞોને સાધુઓના જીવસ્ફુલિંગ રચે છે. જે સંસારના મૂળ પાસે બ્રહ્માને અને મુખ પાસે શિવને નામે ઈશ્વરનાં રૂપ હિમાચળ અને સમુદ્ર જેવાં ગણેલાં છે તે બે વચ્ચેની સંસારગંગાના આખા પ્રવાહને પાળનાર એ જ ઈશ્વરનું વિષ્ણુનામે અભિમાન રાખી આ મઠ તેને પૂજે છે. એ આભિમાનિકી પ્રીતિનો પાત્ર લક્ષ્ય પુરુષ વિષ્ણુપરમાત્મા સંસારમાં વ્યાપી રહી સંસારના ધર્મનું પાલન કરે છે.

त्रीणि पदा विचक्रमे विष्णुर्गोपा अदाभ्यः।

अतो धर्माणि धारयन्॥ [૨]

विष्णोः कर्माणि पश्यत यतो व्रतानि पस्पशे।

इन्द्रस्य युज्यः सखा॥ [૩]

એ પરમ પુરુષ જાતે જ યજ્ઞરૂપે પ્રજ્વલમાન થાય છે અને આર્યોનો સનાતન ધર્મ એમાંથી જ પ્રભવ પામે છે.

यज्ञेन यज्ञमयजन्त देवास्तानि धर्माणि प्रथमान्यासन्॥ [૪]

'એ શ્રેષ્ઠ યજ્ઞમાં એ પરમ પુરુષ જાતે જ યજ્ઞનું પશુ [૫] થાય છે, વસન્ત એનું આજ્ય [૬] થાય છે, ગ્રીષ્મ ઈંધન [૭] થાય છે અને શરદ્ હવિ [૮] થાય છે. ચાર વેદ એ યજ્ઞમાંથી ઉત્પન્ન થાય છે. એમાં યજમાન અને હોતા દેવો અને ઋષિજનો થાય છે. એ પુરુષ સાથે અદ્વૈત પામવાને [૯] આપણો વિધિ એ યજ્ઞમાં ભળવાથી સધાય છે. વ્યષ્ટિની અને સમષ્ટિની પ્રવૃત્તિઓનો અભેદ થાય એટલી આમાં ફલજિઘત્સા [૧૦] છે. આ ફલજિઘત્સાને જ શુદ્ધ નૈષ્કામ્ય અને બ્રહ્માર્પણ કહે છે. જીવ અને ઈશ્વરનો, ઈશ અને અનીશનો, અદ્વૈતયોગ આથી જ સધાય છે. બ્રહ્મ, ઈશ અને જીવ, અથવા પરમ અલક્ષ્ય, પરમ લક્ષ્ય પુરુષ, અને જીવસ્ફુલિંગ એ ત્રણેનો ત્રિયોગ સાધવાનું આ પ્રથમ પગલું છે. કર્મમાત્રનો યોનિ લક્ષ્ય બ્રહ્મ છે અને લક્ષ્ય બ્રહ્મનો યોનિ અલક્ષ્ય અક્ષર બ્રહ્મ છે. [૧૧] સ્વયોનિલાભથી કર્મ લક્ષ્ય બ્રહ્મમાં અને લક્ષ્ય અલક્ષ્યમાં શાંત થાય છે તે આ જ ત્રિયોગથી થાય છે. ભૂતમાત્રને આત્મવત્ ગણી આત્મસાત્ કરવાનો માર્ગ તો આપણા પંચમહાયજ્ઞથી જ સધાય છે, તેમાં આવી નિષ્કામતા, આવા શિષ્ટતમ હેતુ અને સર્વ ભૂતના કલ્યાણરૂપ આવું ફળ છે.'

'સંસારના પંચમહાયજ્ઞ, પિતૃયજ્ઞ, મનુષ્યયજ્ઞ, ભૂતયજ્ઞ, દેવયજ્ઞ અને બ્રહ્મયજ્ઞ એવા ગણાય છે. સાધુજનોના યજ્ઞોનાં નામ એવાં જ છે પણ તે યજ્ઞોનાં આત્મા અને શરીર જુદાં પ્રકારનાં છે. પરમ પુરુષના પરમ યજ્ઞમાં પુરુષ પોતે જ પશુસ્થાને બલિરૂપ થઈ હોમાય છે, તેમ પુરુષસ્પુલિંગ જીવાત્મા સાધુજનોના આ પંચયજ્ઞમાં જાતે જ પશુવત્ હોમાય છે — જીવાત્મા સૂક્ષ્મ અને કારણ શરીર સહવર્ત્તમાન આમાં પશુ થઈ મેધ્ય થાય છે. ભોગાયતન સ્થૂલ શરીર છે તે આ યજ્ઞની વેદી થાય છે. વ્યોમચારી પક્ષી ચાંચમાંનું ફળ કોઈ વૃક્ષ ઉપર બેઠા વિના ભોગવી શકતું નથી તેમ જન્મપરંપરાનું પક્ષી સૂક્ષ્મ શરીર સ્થૂલ શરીરમાં હોય ત્યારે જ ભોક્તા થાય છે. આ વેદી ઉપર ચડ્યા વિના આ પશુ યજ્ઞબલિ પણ થઈ શકતું નથી એ વેદી અને એ પશુને સુસમૃદ્ધ રાખવાં એ આ યજ્ઞનો પૂર્વવિધિ છે અને હોમાદિ ઉત્તરવિધિ છે,પશુ વિષય સૂત્રો છે કે *रुद्राय महादेवाय जुष्टो वर्द्धस्वेति॥ तं वर्द्धयेत संपन्नदन्तमृषभं वा॥* [૧] પશુનો આ વર્ધનવિધિ આવશ્યક છે. સાધુજનોનાં સૂક્ષ્માદિ શરીર આ ત્રણે મઠોમાં આ વિધિ પ્રમાણે પુષ્ટ, પવિત્ર અને વર્ધમાન રાખવામાં આવે છે. તારામૈત્રક અને ગ્રહદશાના બલથી જે દંપતી ત્રસરેણુક અવસ્થા પામે છે. તેમનાં સૂક્ષ્મ શરીર અદ્વૈત પામી ત્રસરેણુક થયેલા સુવૃદ્ધપીન પશુનો ત્યાગ કરે છે અને એ અદ્વૈતથી જ એ પશુ વર્દ્ધિત થઈ યાગયોગ્ય થાય છે. વિહારમઠનું શાસ્ત્ર આ વિધિને ઉદ્દેશીને જ રમેલું છે. જ સ્ત્રીપુરુષને આવો યોગ પ્રાપ્ત થતો નથી અને કુમારીના કંકણ

પેઠે એકાકી વિહાર કરી શકે છે તેને ત્યાગધર્મ પ્રાપ્ત થાય છે અને બીજા બે મઠ તેને માટે છે. સ્થૂલ યજ્ઞોની વેદી અને પસુનો સંયોગ ઘણો મોડો મનુષ્યનો કર્યો થાય છે; પણ સૂક્ષ્મ શરીરનો અને સ્થૂલ શરીરનો સંયોગ સ્થૂલ શરીરના જન્મ સાથે લક્ષ્ય પુરુષ જાતે જ રચે છે, અને એ સંયોગ રચાય છે ત્યારથી જ એ પશુ અને એ વેદીનો સંયોગ થાય છે. એ સંયોગ થયો કે એ પશુ પરમ લક્ષ્ય પુરુષની ઇચ્છાથી, કુટુંબાદિના પ્રયત્નથી અને અન્ય નિમિત્તોથી, દિને દિને વધે છે, પુષ્ટ થાય છે અને સંપૂર્ણ અથવા ન્યૂનાધિક કલાને પામે છે. એ પશુના આ પોષણાદિમાં સાધનભૂત થવું એ સાધુજનો પોતાનો પ્રથમ ધર્મ અને સર્વ યજ્ઞનેનો આવશ્યક વિધિ ગણે છે. જેવી રીતે આ પશુની વૃદ્ધિ વિહિત છે તેવી જ રીતે યજ્ઞસામગ્રીનો અને પશુનો દિવસે દિવસે વધતો ભાર ઝીલવાને તેમ ચિરંજીવ અગ્નિનો સતત તાપ વેઠવાને માટે આ યજ્ઞની વેદીને પણ સમર્થ કરવામાં આવે છે. સ્થૂલ અને સૂક્ષ્મ શરીસેનાં પોષણાદિને માટે આ મઠોમાં જે વ્યવસ્થા છે તેનું આવું કારણ છે, અને એ વ્યવસ્થાને અંગે આવશ્યક ન હોય એવો કોઈ પણ ભોગ ઈચ્છવો તે સાધુઓમાં અધર્મ્ય અને કામરૂપ મનાય છે અને તેને દૂર રાખવામાં આવે છે.'

'આ વેદીને, પશુને અને યજ્ઞસામગ્રીને, સંભૃત કરવા જે જે શુભ પદાર્થો જોઈએ તે તે કેવી રીતે વસાવવા? સંસારીઓના યજ્ઞમાં કાષ્ઠ, ઘૃત આદિ સામગ્રી સંભાર જોઈએ તેમ સાધુજનોના યજ્ઞસંભારમાં સુંદરતા, રસ, પ્રીતિ, ભક્તિ આદિ ગુણો અને ભિક્ષાદિને માટે જોઈતો સંગ્રહ જોઈએ છે. રાજસી વૃત્તિવાળો સંસારી જેટલા ઉત્સાહ અને પ્રયત્નથી ધર્માર્થકામ માટે ઐહિક પદાર્થોનો અને શક્તિઓનો સંગ્રહ કરે છે અને તેમના ભોગમાં પ્રવૃત્ત થાય છે તેવા અને તેટલા જ ઉત્સાહ અને પ્રયત્નથી પણ સાત્ત્વિક વૃત્તિથી સાધુજનો પોતાના આવા યજ્ઞસંભારની વિવૃદ્ધિને માટે તેના પોતે જ ભોક્તા હોય એમ પ્રવૃત્ત થાય છે. એ પ્રવૃત્તિથી આ સંભાર કેવી રીતે સંગ્રહાય છે એ જોવાનું હવે રહ્યું. બાલક જ્યારે ગર્ભાવસ્થામાં હોય છે ત્યારે તેના મુખને ભોજનની કે પાનની શક્તિ હોતી નથી. તેવે કાળે નાળબંધનને દ્વારે બાળકના ઉદરમાં માતાના ઉદરમાં પક્વ થયેલો પોષણસંભાર પહોંચે છે તેમ સ્થૂલ-સૂક્ષ્મ શરીરની ઇંદ્રિયો દ્વારા અને સૂક્ષ્મ શરીરની પ્રવૃત્તિઓ દ્વારા પૃથ્વીમાતાના ઉદરમાં ઐહિક સંપત્તિઓને રૂપે પક્વ થયેલો યજ્ઞસંભાર સ્થૂલસૂક્ષ્મ શરીરીમાં પહોંચે છે અને યજ્ઞની વેદીને અને યજ્ઞના પશુને તેમ યજ્ઞ ઉપરના અગ્નિને સર્વ સ્થૂલસૂક્ષ્મ સાધનોથી સંભૃત ને ભૂષિત કરે છે. પરમ લક્ષ્ય પુરુષની સર્વવ્યાપિની અલક્ષ્ય જ્વાળાઓ દશે દિશાએ લાગી રહી છે તે જ્વાળાઓ આવાં સંભૃત શરીરોનો જ સ્પર્શ કરે છે અને જીવસ્ફુલિંગના પંચમહાયજ્ઞ ત્યારે જ આરંભાય છે.'

'એ યજ્ઞોમાં પ્રથમ પિતૃયજ્ઞ છે. સંસારીને માટે આ યજ્ઞ જુદો છે ને સાધુજનોને માટે જુદો છે. સંસારીજનને પુત્રાદિ સંબંધ પ્રાપ્ત થાય છે અને પિતૃવર્ગ આયુષ્યમાન્ હોય તો તેમની પ્રત્યક્ષ તૃપ્તિ માટેનો યજ્ઞ છે અને તે પછી તો તેમનાં સૂક્ષ્મ શરીરની પરોક્ષ તૃપ્તિને માટે છે. પ્રત્યક્ષ તૃપ્તિ પુત્રને જ પરમાર્થરૂપ છે પણ પિતામાતાદિ આ તૃપ્તિના અભ્યાસથી તેનાં લોભી થાય છે અને તેમનાં પોતાનાં સૂક્ષ્મ શરીરોની એવી કામનાઓથી અધોગતિ થાય છે. તેમની કામનાઓને અતિતૃપ્ત કરવા જેવા પિતૃયજ્ઞ પુત્રો આરંભે તો બીજા ચાર યજ્ઞોમાં તેમની પ્રવૃત્તિ યથોચિત થઈ શકતી નથી અને તેનું પાપ એવી તૃપ્તિની કામનાવાળાં પિતામાતાને લાગે છે. એટલું જ નહિ પણ એ કામનાઓના અભ્યાસથી પિતામાતાના પોતાના પંચયજ્ઞ પણ અપૂર્ણ રહે છે. મનુષ્યમાત્રના સર્વ યજ્ઞ યથોચિત પ્રમાણમાં થાય તો જ પરમપુરુષનો પુરુષયજ્ઞ દીપ્ત થાય છે, માટે પિતૃયજ્ઞની આ સ્થિતિથી પુરુષયજ્ઞનો પણ પિતામાતા દોષ કરે છે. પિતામાતા અને જ્યેષ્ઠ કુટુંબરૂપ પિતૃલોક, પુત્રલોક અને જગત એમાંથી કોના કલ્યાણ માટે આ સ્થિતિ અનુકૂળ નથી. માટે સાધુજનોએ પિતૃયજ્ઞનો ત્યાગ કરી તેને સ્થાને મઠયજ્ઞની વ્યવસ્થા રાખી છે. મૃત પિતૃજનની તૃપ્તિને માટે સંસારીઓમાં યજ્ઞ થાય છે. પણ સત્ય જોતાં તો મૃત્યુ પછી પિતાપુત્રાદિક સંબંધ નષ્ટ થાય છે અને પિતૃલોકમાં સર્વ જીવ સૂક્ષ્મરૂપે સ્ફુરે છે. પિતૃલોકનો ઉદ્ધાર પુત્રના સંન્યાસથી થાય છે તેમ તેની સાધુતાથી પણ થાય છે. સાધુજનની સાધુતા અને સાધુયજ્ઞો પિતૃલોકને તૃપ્ત કરી ઉદ્ધાર આપવા એકલાં જાતે જ સમર્થ છે. અને બાકી તો તમને કહ્યું કે અલક્ષ્ય પરમાત્માના જીવસ્ફુલિંગને તો પિતા, પિતામહ, પ્રપિતામહ કે સંબંધી કોઈ છે જ નહીં — તેનું તો સર્વત્ર આત્મરૂપ જ છે. અને વ્યવહારદૃષ્ટિથી જુએ તોપણ તેમની તૃપ્તિ તો માત્ર હંસપદથી [1] થાય છે. પિતા આદિ પિતૃવર્ગ પિતૃત્વસંબંધનો સનાતન ત્યાગ કરી આ ભૂતળ ઉપર નહીં. પણ પરલોકમાં વસે છે અને તેમની તૃપ્તિને માટે ભૂતળમાં આપેલી નિવાપાંજલિ માત્ર હંસપદ જેવી આવશ્યક ગણી એ તૃપ્તિ સિદ્ધ થશે એવી શ્રદ્ધાયુક્ત ઉત્પ્રેક્ષા સંસારીઓ કરે છે. પણ શુદ્ધ દૃષ્ટિએ જોતાં તો પિતૃલોક ઐહિક સંબંધનો ત્યાગ કરી દેવયજ્ઞમાં જ સાધ્ય છે. માટે જ કહ્યું છે કે

वसून् वदन्ति वै पितृन्

रुद्राँश्चैव पितामहान्।

प्रपितामहांश्चादित्यान्

श्रुतिरेषा सनातनी॥ [2]

'આવાં ગુરુપ્રયોજનને ઉદ્દેશીને સાધુજનો સર્વ પિતૃયજ્ઞનો ત્યાગ કરે છે અને સાધુપિતાઓ પુત્ર પાસે એવા યજ્ઞ કરાવતા જ નથી એટલું નહિ પણ તેનો નિષેધ કરે છે. સાધુપિતાઓ સર્વદા પુત્રો ઉપર નિષ્કામ નિર્મમ પ્રીતિ જ રાખે છે, અને પુત્રોને પુત્રવત્ નહીં પણ આત્મવત્ જુએ છે, અને કૈવલ્ય પામેલા સાધુનું શ્રાદ્ધ તેના ગુણકીર્તનથી ને જ્ઞાનોલ્લેખથી જ કરે છે.'

'આ પિતૃયજ્ઞને સ્થાને આપણે ત્યાં મઠયજ્ઞ ગણાય છે. પુત્રશરીરમાંનાં પશુવેદીઆદિ યજ્ઞસમર્થ થાય ત્યાં સુધી માતાપિતા પુત્રપુત્રીનું આતિથેય કરી તેનું પાલનવર્ધન કરે છે અને તે પછી તેને આ અલખમઠોને દત્તક આપે છે અને પોતાના અધિકારનો ત્યાગ કરે છે. આવા પુત્રને માત્ર મઠયજ્ઞ કરવાનો રહે છે ને સર્વ પિતૃયજ્ઞના ધર્મથી તે મુક્ત થાય છે. સાધુસત્કાર, ગુરુસત્કાર, આશ્રમસત્કાર, મઠસત્કાર, શ્રીયદુનંદનસત્કાર, આદિ ધર્મોમાં પ્રવૃત્ત રહી સાધુજન મઠયજ્ઞ યાવદાયુષ્ય અખંડ રાખે છે. માતાપિતા અને પુત્ર વચ્ચે સંસારે જે ધર્મ પળાવવા ઉત્તમ છે પણ સ્વાર્થી વાસનાઓને બળે જેને સંસાર પાળતો નથી તે ધર્મ સાધુવૃંદ અને સાધુઓ વચ્ચે અધ્યાત્મદૃષ્ટિથી પળાય છે.'

'મઠયજ્ઞ કરતાં વધતા કાળમાં સાધુએ મનુષ્યયજ્ઞ કરવાનો છે. મનુષ્યની તૃપ્તિને માટે આ યજ્ઞ સધાય છે. સાધુઓ યજમાન પણ પોતે થાય છે અને યજ્ઞપશુ પણ પોતે જ સૂક્ષ્મ શરીરથી થાય છે. આ યજમાન પોતાની પાસે આવનાર મનુષ્યમાત્રને તૃપ્ત કરવાનો યજ્ઞ માંડે છે. સમષ્ટિ પરમાત્મામાંથી જીવસ્ફુલિંગ તણખા પેઠે ફૂટવા માંડે અને અનેક સ્થૂલ સૂક્ષ્મ શરીરોને વાહન કરી અનેક ભવોમાં લોકયાત્રા કરે એટલામાં એને પોતાના જેવી જ લોકયાત્રા કરનાર અનેક સ્ફુલિંગોનો માર્ગમાં સમાગમ થાય છે. એ યાત્રાને કાળે અનેકધા તેની પાસે નવાં નવાં મનુષ્યો આવે છે; આ લોકમાંથી આવે છે તેમ પરલોકમાંથી પણ આવે છે. પરલોકમાંથી પુત્રપૌત્રાદિરૂપે આવે છે; આ લોકમાંથી અતિથિરૂપે [૧] આવે છે, મિત્રરૂપે આવે છે, સ્ત્રી રૂપે આવે છે, કુટુંબરૂપે આવે છે, અને વ્યવહારાદિમાં પડતા અનેક સંબંધોને નિમિત્તે આવે છે. કેટલાંક મનુષ્ય આપણે ત્યાં આવતાં નથી પણ આપણે આપણા પ્રવાસમાં માર્ગે બોલાવે છે અને તેમનો સત્કાર કરવાનો પ્રાપ્ત થાય છે; માતાપિતાના મન્દિરમાં આપણે પરલોકમાંથી પ્રાપ્ત થઈએ છીએ અને આપણે તેમના અતિથિ થઈએ છીએ. જ્યાં સુધી આપણી બાલ્યાવસ્થામાં આપણે યજ્ઞ કરવાને સમર્થ નથી થતા ત્યાં સુધી આપણે માતાપિતાનાં અતિથિ થઈએ છીએ, અને યાગશક્તિ આવતાં અતિથિ મટી યજમાન થઈએ છીએ અને તેઓને અતિથિતુલ્ય ગણવાનો કૃતજ્ઞ ધર્મ પ્રાપ્ત થાય છે. તેઓ આકારક [૨] અતિથિ છે અને બીજા અતિથિઓ આગંતુક હોય છે. આવાં આકારક અતિથિની તૃપ્તિને મોટેનો યજ્ઞ તે પિતૃયજ્ઞ જ છે, પણ સાધુજનોમાં પિતા અને અન્ય સાધુઓનો સરખો જ સત્કાર કરવામાં આવે છે અને સર્વને અધ્યાત્મદૃષ્ટિથી જોવામાં આવે છે, માટે આપણે ત્યાં આ પિતૃયજ્ઞના ધર્મનો મનુષ્યયજ્ઞમાં જ સમાસ કરેલો છે. જેવી રીતે માતાપિતા આકારક અતિથિ છે તેમ જ જ્ઞાતિમાં, માતૃભૂમિ એટલે સ્વદેશમાં, અને સર્વ વસુંધરામાં જે જે મનુષ્યસંઘ વસે છે તે સર્વ સાધુજનોના આકારક અતિથિ છે અને માતાપિતા જેવાં જ પિતૃયજ્ઞમાં અધિકારી છે. આપણે ત્યાં તેનો પણ મનુષ્યયજ્ઞમાં સમાસ કરેલો છે. જાતે આવેલા અતિથિમાં કેટલાકને આપણે પોતે આમંત્રણ કરેલું હોય છે તે આમંત્રિત અતિથિ છે. પુત્રપુત્રીઓ આવાં અતિથિ છે. પત્ની પતિ પાસે આવે છે અને પતિ પત્ની પાસે આવે છે. સંસારી જનોમાં સંવનન અને પરિશીલન શૂન્ય થયાં છે અને આપણા સાધુજનોમાં રહેલાં છે. સાધુજનોમાં નક્ષત્રયોગના બળથી, પરસ્પર નાડીચક્રના વેગથી, અને મન્મથાવતારના ઉદયથી, આકર્ષાઈ દંપતી અયસ્કાન્ત [૩] અને અયાધાતુ [૪] પેઠે પરસ્પર જોડ ત્રસરેણુક અદ્વૈત પામે છે. એવા અદ્વૈતમાં અતિથિભાવ આવતો નથી. દંપતીનો ધર્મસહચાર આવા અદ્વૈતથી જ થાય છે. સંસારીઓમાં એક કાળે આવા વિવાહ થતા ત્યારે ધર્માર્થકામમોક્ષ સર્વમાં આ અદ્વૈત સહચાર થતા. આપણા સાધુજનોએ પુરુષાર્થના શોધનની ઉપેક્ષા કરી છે અને માત્ર પંચયજ્ઞને જ સાધે છે. તેમનામાં દંપતીભાવ તો આ યજ્ઞને માટે જ અદ્વૈત છે. જેમ લખમઠની તૃપ્તિ માટે સર્વ સાધુજનો અનામંત્રિત સમાગમ રચી સર્વ પોતપોતાના ભણીની ક્રિયાઓમાં પ્રવર્તે છે અને એ ક્રિયાઓની સંગત પ્રવૃત્તિઓથી મઠકાર્ય સધાય છે, જેમ સંસારીઓ જ્ઞાતિભોજનકાળે પરસ્પર સાહાય્ય આપી સર્વના ભોજનસમારંભ પાર ઉતારે છે, તેમ અદ્વૈત સહચારી દંપતી પરસ્પર સામર્થ્યથી, પરસ્પર સાહાય્યથી, પરસ્પર અભિલાષથી અને પરસ્પર પ્રવૃત્તિથી સર્વાંગી સૂક્ષ્મ અદ્વૈતયોગ વડે, પાંચે યજ્ઞોને માટે એક જ સમારંભ માંડે છે, અને તેનું દૃષ્ટાંત જોવું હોય તો નવીનચંદ્રજી, ચંદ્રાવલીમૈયા અને વિહારપુરીના મહાસમારંભની જ્વાલાઓનું અદ્વૈત પ્રત્યક્ષ કરો.'

દંપતી ગુરુજીના મુખની સ્તુતિથી લજ્જાવશ થઈ નીચું જોઈ રહ્યાં.

વિષ્ણુદાસ — 'હૃદયનું અદ્વૈત, પ્રીતિની સૂક્ષ્મતા અને ધર્મસહચારની સંપૂર્ણતા, એ ત્રણના સાધનથી દંપતી પરસ્પર આપ્યાયન [૧] ને માટે જે યજ્ઞ રચે છે તેને અમે પ્રીતિયજ્ઞ કહીએ છીએ. બાકીના સર્વ મનુષ્યયજ્ઞને અતિથિયજ્ઞ [૨] કહીએ છીએ. તેનું સામાન્ય લક્ષણ એ કે એ યજ્ઞના ધર્મનું તારતમ્ય યજમાન અને અતિથિના પરસ્પર ધર્મમાંથી જ જડે છે. આ યજ્ઞોમાં અતિથિ આકારક, આગંતુક કે આમંત્રિત હોય છે. આકારક અતિથિનું આતિથેય [૩] આયુષ્ય પહોંચે ત્યાં સુધી પહોંચે છે; માતાપિતાનાં, માતૃભૂમિનાં અને લોકનાં કલ્યાણમાંથી નિવૃત્ત થવાતું નથી. માતાપિતા પુત્રને સંન્યસ્તની અનુમતિ આપી પોતાના આતિથેયમાંથી મુક્ત કરે. પણ લોકકલ્યાણના ધર્મમાં તો અનુમતિ આપનાર હોતું જ નથી અને સંન્યાસીથી પણ તેનો ત્યાગ થાય એમ નથી તે તમને કહ્યું છે. આગંતુક અતિથિનું આતિથેય તેની તૃપ્તિથી સમાપ્ત થાય છે, તેની યોગ્યતાથી અવચ્છિન્ન [૪] થાય છે, તેના નિર્ગમનથી [૫] નિવૃત્ત થાય છે અને તેની સાધુતાથી સાધ્ય થાય છે. તેની તૃપ્તિ જાતે જ અસંભાવ્ય હોય તો તેની સંભાવના પ્રાપ્ત થતી નથી. તેની યોગ્યતા હોય નહીં તો તેનું આતિથેય જ પ્રાપ્ત થતું નથી. તેની સાધુતામાં ન્યૂનતા હોય તેટલું તેનું આતિથેય પણ અસાધ્ય છે. સંસારી જનોના ધર્મશાસ્ત્રમાં પાત્રાપાત્ર અતિથિની વ્યવસ્થા એક જાતની છે; સાધુજનોમાં પાત્રાપાત્ર વિવેક અન્ય રીતનો છે. સર્વ મનુષ્યોનું સર્વ પ્રકારે આતિથેય થવું અશક્ય છે માટે પંચયજ્ઞ સાધવાની શક્તિ વૃત્તિવાળાને જ પાત્ર ગણવો એવી મર્યાદા છે. તેવાના આતિથેયથી યજ્ઞવિભૂતિ વધે છે ને લોકકલ્યાણ સંવૃદ્ધ થાય છે.

'યત્કિંચિદપિ દાતવ્યં યાચિતેનાનસૂયયા।

ઉત્પત્સ્યતે હિ તત્પાત્રં યત્તારયતિ સર્વતઃ।। [૬] '

'સંસારી જનોને માટે સંસ્કારી દ્વિજોને જ પાત્ર અતિથિ ગણેલા છે. સાધુજનો તેમનો તેમ વ્રાત્ય [૭] જનોનો સર્વનો સત્કાર કરે છે. વિદ્વત્તા અને સાધુતા એ ઉભય સાધુઓના આતિથેયને માટે યોગ્યતા આપે છે. આકારક અને આમંત્રિત અતિથિને માટે આવી મર્યાદા નથી, અને અદ્વૈતભાવક દંપતી તો પરસ્પરનાં અતિથિ નથી માટે તેમને મર્યાદા પ્રાપ્ત થતી નથી. સંબંધકાળથી અતિથિ જીવનમાં કે મરણકાળે છૂટાં પડવાનો સંકલ્પ રાખે છે માટે જ તે અતિથિ છે.

૭. દ્વિજસંસ્કાર જેને બાકી હોય એવા બ્રહ્મચારી.

'અનિત્યં હિ સ્થિતો યસ્માત્તસ્માદતિથિરુચ્યતે।। [૧] ,

'પિતાપુત્રાદિ સર્વ સંબંધમાં સૂક્ષ્મ શરીરોના સંયોગ થતા નથી અને થાય છે તો અનિત્ય અને અપૂર્ણ હોય છે, અને સ્થૂલ શરીરના સંબંધ તો નિત્ય હોતા જ નથી. માટે આ સર્વ સંયોગમાં અતિથિભાવ છે. સાધુજનોના પ્રીતિયજ્ઞનું મૂળ

સૂક્ષ્મ શરીરના અદ્વૈતમૂલક હોય છે અને સ્થૂલ શરીરને અભાવે પણ એ અદ્વૈત રાખવાનો સંકલ્પ મનોગત હોય છે માટે તેમાં આતિથેય આવતું નથી. સંસારી જનોમાં કન્યાદાનાદિ વિધિથી સંવનન વિના માત્ર સ્થૂલ શરીરોનો જ વિવાહ થાય છે ત્યાં તો અદ્વૈત નહીં પણ અનિત્ય આતિથેય જ છે. એવા આતિથેયમાંથી પ્રારબ્ધકર્મને યોગે સૂક્ષ્મ પ્રીતિ અને અદ્વૈત-સંકલ્પ ઉભય પક્ષમાં થાય ને તે પ્રમાણે અદ્વૈત થાય તો આતિથેયધર્મ સમાપ્ત થાય ને પ્રીતિયજ્ઞ જ બાકી રહે. પણ તેમ ન થાય તો તો આતિથેય જ પ્રાપ્ત થાય. સંસારમાં કન્યાઓનું લગ્ન તેમની અજ્ઞાનાવસ્થામાં થાય છે અને વર ક્વચિત્ અજ્ઞાન અને ક્વચિત્ યોગ્ય વયના હોય છે. યોગ્ય વયના વરે કન્યાને આમંત્રિત અતિથિ ગણવી ધર્મ્ય છે. અજ્ઞાન દશાવાળા વરે કન્યાને આકારક અતિથિ ગણવાની છે. સર્વ કન્યાઓએ વરને આકારક અતિથિ ગણવાના છે. આ સંબંધમાં પરસ્પર ધર્મસહચાર અને પરસ્પર ત્યાગના ધર્મ આકારક આમંત્રિત આતિથેયના શાસ્ત્ર પ્રમાણે પાળવા યોગ્ય છે. બાકી પ્રીતિયજ્ઞમાં તો સંકલ્પ જ નિત્ય સૂક્ષ્મ સંબંધનો હોય છે. તેમાં સૂક્ષ્મ શરીરનો વિયોગ કે ત્યાગ સંભવતો નથી. એ યજ્ઞમાં યોગ્યાયોગ્યતાનો વિચાર પ્રાપ્ત થતો નથી. તેમ જ આમંત્રિત અને આકારક અતિથિની યોગ્યતાનો વિચાર પણ પ્રાપ્ત થતો નથી. આમંત્રિતની યોગ્યતા વિચારવી હોય તો આમંત્રણ કરવા પહેલાં વિચારવાની છે; આમંત્રણ પછી આ વિચાર અધર્મ્ય છે. આકારક અતિથિ માતાપિતાદિની યોગ્યતા તો અવિચાર્ય જ છે. એ વિચાર તો માત્ર આગંતુક અતિથિનો સત્કાર કરતાં જ કરવાનો છે. જ આગંતુક અતિથિ વિદ્વાન અથવા સાધુપ્રકૃતિ નથી તેનો સાધુજન મનુષ્યજ્ઞમાંથી દૂર કરી તેનો માત્ર ભૂતયજ્ઞમાં સમાસ કરે છે.'

'શુનાં ચ પતિતાનાં ચ શ્વપચાં પાપરોગિણામ્।

વાયસાનાં કૃમીણાં ચ સનકૈર્નિર્વપેદ્ભુવિ।। [૨] '

'અતિથિયજ્ઞનાં અનધિકારી મનુષ્યોનો સહચાર મનુષ્યોમાં નથી, પણ શ્વાનવાયસાદિનાં જન્તુઓ સાથે જ છે; માટે તેમની તૃપ્તિ, તેમનાથી દૂર રહી. આ જન્તુઓની પેઠે ભૂતયજ્ઞથી જ કરવાની છે. એ સર્વ ચેતન ભૂતોનો યજ્ઞ તેમના ઉદ્ધાર માટે કરવાનો છે ને સર્વ ભૂતો માટે દયા રાખવાનો છે; માટે આ યજ્ઞને દયાયજ્ઞ પણ કહે છે. ચેતન ભૂતોના ઉદ્ધાર માટે ઈશ્વરે સૃજેલી દયાની મર્યાદા પણ છે. જે ભૂતોના સંસર્ગથી યજ્ઞના પશુને કે વેદીને કે સામગ્રીને એટલો ભય હોય કે પામર ભૂત ઉપર દયા કરતાં મહાયજ્ઞને જ બંધ કરવો પડે અથવા યજ્ઞનાં પશુ કે વેદી ભ્રષ્ટ કે નષ્ટ કરવાં પડે — ત્યારે તે ભૂતનો ઉદ્ધાર આપણે હાથે થાય એમ નથી એ જોઈ લેવું, અને એવા ઉદ્ધાર વિના બીજા કાર્યમાં દયા કોઈ ધર્મથી કારણભૂત થતી નથી. દયાને માટે જ દયા કરવી, દયાને સાધન નહીં પણ સાધ્ય ગણવી એવો ધર્મ નથી. આ વાત ભૂલવાથી સીતામાતા રાવણના હાથમાં ગયાં.'

'આ વિના બીજો ભૂતયજ્ઞ વ્યવહારયજ્ઞ છે. સર્વ યજ્ઞના સાધન માટે થોડીઘણી પ્રવૃત્તિમાં સર્વ મનુષ્યોએ સ્થૂલ સૂક્ષ્મ શરીરનો વ્યય કરવો પડે છે અથવા એ શરીરના વ્યય વડે સંપાદિત કરેલાં ધનઆદિ સાધનનો વ્યય કરવો પડે છે. પૃથ્વી પાસેથી અન્ન માગતાં, સેવક પાસેથી સેવા માગતાં, સેવ્યજન પાસેથી વેતન [1] માગતાં, અશ્વ પાસેથી રથસેવા માગતાં, એ સર્વ યાચનાઓના બદલામાં પ્રવૃત્તિ કે વ્યય કરવો પડે છે, અને જો કોઈ યજ્ઞને માટે જ આ પ્રવૃત્તિ ને વ્યય હોય તો તે જાતે યજ્ઞરૂપ થાય છે. એ યજ્ઞ ફલાપેક્ષી હોય છે માટે તે સકામયજ્ઞ અથવા વ્યવહારયજ્ઞ કહેવાય છે. એ યજ્ઞમાં જડચેતન સર્વ ભૂતોની સાથે વ્યવહાર થાય છે માટે તેને ભૂતયજ્ઞ કહ્યો છે. સંસારીઓ સકામ યજ્ઞ કરે છે તેમના તો સર્વયજ્ઞ એક રીતે વ્યવહારયજ્ઞ જ છે.'

'લક્ષ્ય પુરુષના ચિદંશ વિનાનો અસ્તિત્વવત્ અંશ છે તે જડ ભૂતોમાં છે. જંતુઓમાં પણ આ જડ અંશ છે. મનુષ્યમાં પણ છે. બુદ્ધિમાં પણ છે અને અંતઃકરણમાં પણ છે. તે સૃષ્ટિ ઉપર દૃષ્ટિ નાંખ્યાથી, તેનાં અવલોકન અને પ્રયોગ કર્યાથી, તેનાં ગુણશક્તિ શોધ્યાથી, તેનું શાસ્ત્ર બાંધ્યાથી, સર્વ સૃષ્ટિ સાથેનો તેનો સંબંધ જાણ્યાથી, અને સંક્ષેપમાં જીવસ્ફુલિંગના ચિત્સ્વરૂપનો પ્રકાશ આ સૃષ્ટિ ઉપર પડે છે ત્યારે તેના સત્ત્વાંશમાં ચિદંશનાં કિરણ પડે છે, તે પદાર્થો મહાયજ્ઞમાં હોમાય છે, અને યજ્ઞરૂપે તેમનો ઉદ્ધાર થાય છે. આ યજ્ઞનું નામ વિદ્યાયજ્ઞ છે, તે અનંત છે અને તેની મર્યાદા નથી. એ યજ્ઞ પણ ભૂતયજ્ઞ જ છે. વિદ્વાનો, શાસ્ત્રીઓ, દર્શનદ્રષ્ટાઓ અને કવિજનોને આ મહાયજ્ઞ ઉપર કલ્યાણકારક પક્ષપાત છે. જે વિશ્વરૂપનાં દર્શન ઋતંભરા પ્રજ્ઞાવાળો યોગી મહાપ્રયત્ને પામી શકે છે તે દર્શનના વિદ્યુત જેવા ચમકારા વિદ્યાયજ્ઞના સાધકો પ્રત્યક્ષ કરે છે.'

'મઠયજ્ઞની સાધના અન્ય સર્વ યજ્ઞોની સાધના માટે સાધનરૂપ છે અને સાધુજનોની સાધુતાના રક્ષણને માટે અને સંસારના સંસર્ગથી તેમને દૂર રાખવાને માટે આવશ્યક છે. મનુષ્યલોકમાં સૂક્ષ્મ શરીરની શ્રેષ્ઠતા સ્વીકારાય છે તે છેતાં 'જીવતો નર ભદ્રા પામશે' કહેવાય છે. અને સૂક્ષ્મ શરીરના સર્વ પુરુષાર્થને પડતા મૂકી સ્થૂલ શરીરના આયુષ્યનું રક્ષણ કરવામાં આવે છે અને કહેવામાં આવે છે કે:

'ત્યજેદેકં કુલસ્યાર્થે ગ્રામસ્યાર્થે કુલં ત્યજેત્।

ગ્રામ જનપદસ્યાર્થે હ્યાત્માર્થે પૃથિવીં ત્યજેત્।। [2]

'સંસારી જનોમાં જેમ આત્મશરીરને અર્થે પૃથ્વીનો ત્યાગ કરવો શિષ્ટ છે તેમ સાધુજનોમાં મઠયજ્ઞને અર્થે સર્વ ઇતર યજ્ઞનો ત્યાગ આવશ્યક હોય તો તે ધર્મ્ય ગણાય છે; કારણ મઠ વગર સાધુજનો જ નષ્ટ થાય. સકામધર્મ પાળનાર સંસારીઓને અધર્મથી કે ક્ષુદ્ર આશયથી નહીં પણ સર્વ કામ અને ધર્મને માટે શરીરની આવશ્યકતા છે માટે જ તેનું પ્રથમ રક્ષણ ઉક્ત પ્રકારે યોગ્ય છે. આપણે ત્યાં તો તેનો રક્ષણવિધિ વેદીપશુવર્ધનમાં આવી ગયો.

'મનુષ્યયજ્ઞોમાં એવો પ્રસંગ આવે કે એક યજ્ઞવિધિ સાથે અન્ય યજ્ઞવિધિનો વિરોધ આવે ત્યારે શું કરવું? પ્રીતિયજ્ઞ, આકારક અતિથિયજ્ઞ, આમંત્રિત અતિથિયજ્ઞ અને આગંતુક અતિથિયજ્ઞ, એટલા મનુષ્યયજ્ઞ તમને કહ્યા. પ્રીતિયજ્ઞમાં તો દંપતીનો અદ્વૈતભાવે યજ્ઞમાં ધર્મસહચાર છે તો કોઈ પણ યજ્ઞમાં પ્રવૃત્ત થવું ન થવું એ ઉભય દંપતીની સંયુક્ત વાસનાથી જ થવાનું; માટે આ યજ્ઞને બીજા યજ્ઞ સાથેનો વિરોધ કહીએ તો *વદતોવ્યાઘાત* થાય. પ્રીતિયજ્ઞનાં યજમાન દંપતીનાં

સૂક્ષ્મ શરીરના અમરયોગનો નાશ તો બ્રહ્મા પણ કરી શકે એમ નથી અને દંપતી જાતે પણ કરી શકે એમ નથી. એમને તો માત્ર સ્થૂલ શરીરના વિયોગ કરવા કાળ આવે ને કોઈ મહાયજ્ઞને માટે તેમ કરવું યોગ્ય લાગે તો ઉભયની અદ્વૈત ઇચ્છાથી તેમ કરતાં કાંઈ બાધ નથી. આવાં દંપતીનું તો સર્વત્ર યજમાનત્વ અદ્વૈતરૂપે છે. માટે જ કહ્યું છે કે *પશ્ચાદ્ ગૃહપતિ: પત્ની ચ।।* [1] જે યજ્ઞ યજમાનના એક અર્ધાંગને ઇષ્ટ હોય તે બીજા અર્ધાંગને પણ હોય જ માટે જ યજ્ઞને અંતે *પશ્ચાત્* ગૃહપતિ અને પત્નીને એક વાકયથી સ્મર્યાં. એટલું જ નહીં પણ દંપતીના શુદ્ધાદ્વૈતના અધિકારથી સીતામાતાના સ્થૂલ શરીરને શ્રીરામચંદ્રે પ્રજાલોકના કલ્યાણને અર્થે વિવાસન આપ્યું અને તે માટે સીતામાતાએ એમનો દોષ કાઢ્યો નથી. એ પ્રીતિયજ્ઞના અદ્વૈતનું પરમ દૃષ્ટાન્ત છે. ચંદ્રાવલીમૈયાનું એવું જ દૃષ્ટાંન્ત તો તમને પ્રત્યક્ષ છે.'

'પણ પ્રીતિયજ્ઞ વિનાનાં અતિથિરૂપ પતિપત્નીનાં દ્વૈત છે. માટે તેમને માટે આવો અદ્વૈત આચાર થતો જ નથી. આવાં પતિપત્નીએ તો પરસ્પર દ્વૈત સ્વીકારી એકબીજાનું આતિથેય કરવાનું પ્રાપ્ત થાય છે. દૈવવશાત્ અથવા કર્મપાકવશાત્ એવા પણ પ્રસંગ આવે છે કે સંવનન પરિશીલનમાં કાંઈ અશુદ્ધિ કે અસિદ્ધિ કે અન્ય દોષ રહી જવાથી દંપતીના અદ્વૈતભાવમાં વિઘ્ન આવે છે. આવાં દંપતી પણ અદ્વૈતમાંથી સ્ખલિત થઈ પરસ્પર અતિથિરૂપ થઈ જાય છે ને તેમને શિર અતિથિધર્મ આવે છે.'

'ખરેખરું ધર્મસંઘટ્ટન તો અતિથિયજ્ઞમાં આવે એમ છે અને સંસારીજનોના ગૂંચવાડા તેમાં જ આવે છે. લક્ષ્યધર્મસંગ્રહમાં તો સાધુજનો માટે સ્પષ્ટ તારતમ્ય કાઢેલું છે. આકારક અને આમંત્રિત અતિથિઓની યોગ્યતા કે અયોગ્યતા જોવાનો પ્રસંગ નથી. જને આપણે જ્ઞાતાજ્ઞાત કર્મબળે આમંત્રણ કર્યું તેને પાછળથી કહેવું કે તું અયોગ્ય છે માટે તારું આમંત્રણ નિષ્ફળ કરું છું ને તું તારે માર્ગે પાછો જા — એ ઉચ્ચાર અધર્મ્ય છે. પુત્રરૂપે કે પત્નીરૂપે આમંત્રિત અતિથિનો સર્વથા નિર્વાહ કરવો એ જ ધર્મ છે. પુત્રનું આમંત્રણ કર્યું તેનાં પશુવેદીને યજ્ઞસમર્થ કર્યા પછી તે આમંત્રિત અતિથિ મટી જઈ કેવળ આગંતુક અતિથિ થાય છે ને તે પછી તેની યોગ્યાયોગ્યતાના વિચાર નિર્દોષ છે. આમંત્રિત પત્નીનું આતિથેય તો તેની સંમતિ વિના બંધ ન જ થાય. આકારક અને આગંતુક અતિથિનો સત્કાર કરવા માટે પણ આમંત્રિત અતિથિના સત્કારમાં ન્યૂનતા રાખવી એ મહાન અધર્મ છે; તેના તો નિર્વાહમાં જ ધર્મ છે.

આકારક પિતામાતાનો પુત્ર પ્રથમ અતિથિ થાય છે ને તે પછી પુત્ર યજ્ઞસમર્થ થાય ત્યારે તે પિતૃયજ્ઞ કરી શકે છે. માતાપિતાની અશરણ અવસ્થામાં તો પિતૃયજ્ઞ આવશ્યક અને અત્યાજ્ય છે. પણ અન્યકાળે તેમ નથી. માતાપિતા સામાન્ય રીતે પુત્રના મંદિરમાં અતિથિ નથી, પણ પુત્ર માતાપિતાના મંદિરમાં અતિથિ છે. આતિથેય ધર્મમાંથી યજમાન મુક્ત થતો નથી, પણ અતિથિ યજમાનમંદિરનો ત્યાગ કરવા સ્વતંત્ર છે. માટે આવે અન્ય કાળે પિતૃયજ્ઞ અન્ય યજ્ઞોને પ્રતિકૂળ થાય તો પુત્ર યજમાનના મંદિરમાંથી પ્રવ્રજિત થાય તે નિર્દોષ છે. પણ તે પ્રવ્રજ્યા આવા કોઈ યજ્ઞને અર્થે જ હોવી જોઈએ. અન્ય યજ્ઞનાં કાર્યની અપેક્ષા ન હોય તો પિતૃયજ્ઞ અત્યાજ્ય છે.

અન્ય આકારક અતિથિને માટે આવો ધર્મ નથી. પતિ કે પત્ની જ કોઈ આકારક અતિથિ હોય તેને મંદિરમાં રહેવા દઈ યજમાન જાતે પ્રવ્રજિત થઈ શકે નહીં. પિતામાતાનો તો પુત્ર જાતે આમંત્રિત અતિથિ છે માટે તેમની પાસેથી તે પ્રવ્રજિત થાય, પણ જ અતિથિનો અને એનો યોગ અનામંત્રિત અને અનાગંતુક થયેલો છે તે અતિથિની પાસેથી તો આતિથેય પડતું મૂકી યજમાનથી પ્રવ્રજ્યા થાય જ નહીં. માતૃભૂમિ અને મનુષ્યલોકનો પણ સાધુજનને આવો જ યોગ છે, અને જ સાધુ તેમનું આતિથેય કરવા, તેમનો યજમાન થવા સમર્થ છે તેણે તો યજમાનકૃત્યમાંથી નિવૃત્ત થવાય જ નહીં. આવાં આકારક અતિથિને સુસંભૃત દશામાં મુકાય અથવા તેમ કરવાની શક્તિ હીન થાય તો જ એમના એ યજ્ઞમાંથી નિવૃત્ત થવાય છે.

જે અતિથિ જાતે આગંતુક છે તેની આતિથેયતા સમાગમપર્યંત અથવા અતિથિની નિવૃત્તિપર્યંત પહોંચે છે અથવા અન્ય યજ્ઞકાર્મમાં એ આતિથેય વિઘ્નકર થાય ત્યારે તેમાંથી નિવૃત્ત થવું એવી મર્યાદા છે.

વિદ્યાયજ્ઞનું ફળ મનુષ્યયજ્ઞની સમૃદ્ધિ છે માટે મનુષ્યયજ્ઞમાં વિઘ્નકર ન થાય ત્યાં સુધી એ યજ્ઞ વિહિત છે. વ્યવહારયજ્ઞ સર્વયજ્ઞમાં સાધનભૂત છે અને એનું સાધનરૂપ નષ્ટ થાય તો એ યજ્ઞ પડતો મુકાય.

દયાયજ્ઞ ભૂતમાત્રના ઉદ્ધાર માટે છે અને મનુષ્યસૃષ્ટિના ન હોય તો એ યજ્ઞ અને ઉદ્ધાર અશક્ય થાય. માટે મનુષ્યયજ્ઞનું પાલન કરીને જ દયાયજ્ઞ સાધવાનો છે.

મઠયજ્ઞ, મનુષ્યયજ્ઞ અને ભૂતયજ્ઞ એ ત્રણ લક્ષ્યપુરુષના મહાયજ્ઞ છે અને તેમને લક્ષ્યયજ્ઞ કહીએ છીએ. એ વિના બે યજ્ઞ દેવયજ્ઞ અને બહ્મયજ્ઞ છે. તેને અલક્ષ્યયજ્ઞ કહ્યા છે. દેવયજ્ઞમાં અલક્ષ્ય અને લક્ષ્ય પરાત્માના અદ્વૈત સ્વરૂપનો યજ્ઞ થાય છે અને બ્રહ્મયજ્ઞમાં કેવળ અલક્ષ્ય પરમાત્માનો યજ્ઞ થાય છે. ઉભય અલક્ષ્યયજ્ઞ ઉત્તમાધિકારીઓને માટે જ છે, પણ દેવયજ્ઞમાં મધ્યમાધિકારીઓને સાક્ષી કરવામાં આવે છે.

મનુષ્યનાં અંત:કરણાદિમાં વસતું બુદ્ધિસત્ત્વ દેવોનું અધિષ્ઠાન છે અને તેથી દેવશબ્દનો પ્રયોગ સાત્ત્વિકબુદ્ધિસત્ત્વનો વાચક [1] થાય છે. આ બુદ્ધિસત્ત્વની તૃપ્તિમાં જ દેવોની તૃપ્તિ છે. માટે ઉભયની તૃપ્તિ અર્થે માંડેલા યજ્ઞને દેવયજ્ઞ કહ્યો છે. ચક્ષુઆદિ ઇન્દ્રિયોએ પ્રત્યક્ષ કરેલાં સત્ય તે સત્ય નથી, પણ સાત્વિક બુદ્ધિસત્ત્વને જે પ્રત્યક્ષ થાય તે જ સત્ય છે, માટે શ્રુતિ ઉચ્ચારે છે કે:

સત્યમેવ દેવા અનૃતં મનુષ્યા ઇદમહામનૃતા-

ત્સયમુપૈમીતિ। [2] અને

એતદ્ધ વૈ દેવા

વ્રતં ચરન્તિ યત્સત્યમ્।। [3]

સાત્ત્વિક બુદ્ધિસત્ત્વનું જે વ્રત ચરે છે તે જ સત્ય છે. સંસારમાં જે જે સત્ય કહેવાય છે તે સર્વ શાસ્ત્રમાં સત્ય હોય છે એમ નથી. ચંદ્રનું તેજ સંસાર ચંદ્રનું ગણે છે, પણ શાસ્ત્ર તેને સૂર્યનું તેજ [૧] ગણે છે, માટે સંસારનું ગણેલું તે અસત્ય અને શાસ્ત્રવચન કહે છે તે સત્ય. લક્ષ્યપુરુષની કૃતિનો ભેદ શાસ્ત્રથી પમાય છે. સૂર્યચંદ્રાદિની ગતિ, અણુપરમાણુથી તે વિભુ સત્ત્વોના ગતિક્રમ, મનુષ્યાદિ સર્વ પ્રાણીઓના સંસાર અને તેમની વ્યવસ્થાઓનો પ્રવાહ, આદિ સર્વ ઐહિક સત્ત્વોના સંઘ અને તેમનાં યંત્ર સર્વદા ગતિમત્ હોય છે. એ સંઘ અને તેમનાં ગતિયંત્રનું યથાર્થ સ્વરૂપ લક્ષ્યદ્રષ્ટાઓ શોધે છે અને તેનાં શાસ્ત્ર રચે છે. આ પ્રમાણે પ્રત્યક્ષ થયેલા સત્યને ઋત કહે છે. ઋ ધાતુ ગતિવાચક છે અને ઋત પદાર્થોની અત્યંત ઋતિ થાય ત્યારે તે નિઋતિ કહેવાય છે. આ પદાર્થો પ્રથમ અલક્ષ્ય હોય છે, પછી લક્ષ્ય થાય છે અને પછી અલક્ષ્ય થાય છે. તે જાય એટલે તેની પાછળ બીજો પદાર્થ ઊભો હોય. આ સર્વ ઉત્પત્તિ, સ્થિતિ અને લયવાળા અસંખ્ય પદાર્થોનું અનન્ત સંઘચક્ર અને તેમના ગતિચક્રની સમષ્ટિ તે જ ઋત પદાર્થોની ઋતિ. વિદ્યાયજ્ઞના વિદ્વાન યજમાનો તર્ક અને અનુમાનથી એ ઋતિના અંશોને શોધી કાઢે છે અને સંસારની વ્યવસ્થાને સુદૃષ્ટ કરવા પ્રયત્ન કરે છે. માટે જ તે વિદ્યાના શોધકો એક રીતે યોગીના તુલ્ય જ છે. પણ વિદ્યાયજ્ઞની જ્વાળાથી વ્યક્તિઓની બુદ્ધિઓ આ ચક્રસમષ્ટિના માત્ર કોઈ કોઈ એકદેશીય અવયવોને જ પ્રત્યક્ષ કરી શકે છે અને અન્ય દેશ ઉપર બુદ્ધિ પહોંચે ત્યારે કાંઈ વધારે ઋતાંશ પ્રત્યક્ષ થાય છે. સકલ અને સંપૂર્ણ ઋત [૧] તો યોગીને ઋતંભરા પ્રજ્ઞા[૨] પ્રાપ્ત કર્યાથી જ જડે છે. યોગીના બુદ્ધિસત્ત્વને અધ્યાત્મપ્રસાદ[૩] થાય ત્યારે તેને ભૂતાર્થવિષય[૪] જે પ્રજ્ઞાલોક[૫] તે એક ક્રમે યુગપત્-સાથેલાગો-સર્વાંગે પ્રત્યક્ષ થાય છે, સર્વ દશા અને ત્રિકાળ સાથેલાગાં પ્રત્યક્ષ થાય છે. આ દૃષ્ટિનો વિષય તે જ ઋત. બુદ્ધિસત્ત્વ પ્રકાશસ્વભાવ છે અને સર્વાર્થદર્શનસમર્થ[૬] છે, પણ તેના ઉપરનું તમ જેટલા રજસ્‌થી ઊઘડે એટલા જ દેશને તરત પ્રત્યક્ષ કરે છે, અને સાત્ત્વિક અંશની પ્રાપ્તિથી રજસ્ પણ નાશ પામે છે ત્યારે સર્વભૂતાર્થ એ બુદ્ધિસત્ત્વ પાસે પ્રત્યક્ષ થાય છે. આ પ્રત્યક્ષવિષય તે જ ઋતંભરા પ્રજ્ઞાનું ઋત એ ઋતને પામનાર યોગી ઋતના અધિષ્ઠાતા ઈશ્વરમાં વૈષમ્ય[૧] કે નૈઘૃણ્ય[૨] આદિ દોષ જોતો નથી. ઈશ્વર જે ઋતથી સાપેક્ષ છે તે ઋતધર્મમાં જ લક્ષ્યરૂપ ઈશનું વિશુદ્ધ દર્શન થાય છે.[૩] વૈરાટસ્વરૂપ શ્રીકૃષ્ણે અર્જુનને બતાવ્યું તે આ ઋત જ! ઋત પામનાર પ્રજ્ઞા લક્ષ્યપુરુષની સર્વ અપેક્ષાનું ને સર્વ કૃતિનું રહસ્ય સમજે છે. લક્ષ્યપુરુષના ચિદાનંદમાં અદ્વૈત પામે છે, અને ઋતના પ્રકાશનથી સંસારના ઉદ્ધારના અને સંસારના કલ્યાણના માર્ગ જાણી શકે છે. શ્રીકૃષ્ણ પરમાત્મા, શ્રીબુદ્ધ ભગવાન્, આદિ અનેક યોગીશ્વરો આ ઋતંભરા પ્રજ્ઞા પામ્યા હતા. આવાં ઋતનું દર્શન કરવાને અને સંસારનું કલ્યાણ કરવાને યોગીલોક જે સાધે છે તે દેવયજ્ઞ, અને દેવયજ્ઞને ઋતયજ્ઞ પણ ગણ્યો છે.

ઋત આમ સત્ય જ છે, પણ પરમ અલક્ષ્ય સત્યથી તે વિલક્ષણ છે. પરમ અલક્ષ્ય પરમાત્માનું નિત્ય શુદ્ધ સ્થાણુ નિરવયવ સ્વરૂપ એ જ એક પરમ સત્ય છે. મનુષ્યને પ્રત્યક્ષ થતાં રૂપ સર્વ અનૃત અને અસત્ય છે. વિદ્યાયજ્ઞના યજમાનને પ્રત્યક્ષ થતો ઋતાંશ એકદેશીય હોય છે માટે જ નવો ઋતાંશ પ્રાપ્ત થતાં બે અંશનો નવીનરૂપે સમુચ્ચય પ્રાપ્ત થાય છે. અને માટે જ તર્કની અપ્રતિષ્ઠા ને અનિત્યત્વ કહ્યાં છે. ઋતંભર પ્રાજ્ઞને પ્રત્યક્ષ થતું ઋતસ્વરૂપ સંપૂર્ણ અને સકલ છે, પણ સાવયવ છે; એ અવયવ ચંચળ છે, અને સર્વ બ્રહ્માણ્ડાદિની ઋતિ નિત્ય[૪] છે, પણ ઋતિવિષયભૂત અવયવોના સંબંધ નિત્ય નથી — જેમ આકાશમાં તારામંડળની ગતિ નિત્ય છે પણ તેમની ગતિના અવચ્છેદ નિત્ય નથી. લક્ષ્ય રૂપના અવયવભૂત મનુષ્યલોક ને ભૂતલોકનું લક્ષ્ય-કલ્યાણ આ ઋતના પ્રાજ્ઞ સાક્ષીઓ જ જાણી શકે છે. અન્યને તે અલક્ષ્ય છે. સ્રવ લક્ષ્ય યજ્ઞોની વિધિની શુદ્ધતા ઋતયજ્ઞથી જ પ્રાપ્ત કરાય છે. લક્ષ્ય અને અલક્ષ્યના અદ્વૈતનો યોગ પણ ઋતંભર પ્રાજ્ઞો જ સંપૂર્ણ કળાથી પામી શકે છે.

આ ઋતથી વિલક્ષણ પરમ નિત્ય સત્યનો યજ્ઞ તે બ્રહ્મયજ્ઞ અથવા સત્યયજ્ઞ કહ્યો છે. જેમ ઋતંભરનો પ્રજ્ઞાલોક ભૂતાર્થવિષય છે તેમ આ સત્યદૃષ્ટિ આત્મવિષય છે. પરમ અલક્ષ્ય સૂક્ષ્મતમ બ્રહ્મ નિષ્કલ અને વિરજ અસિરૂપે સુવર્ણમય અને ઋતકોશમાં રહેલું છે[૧] એ બ્રહ્મરૂપ સત્યનું મુખ ઋતરૂપ સુવર્ણમય પાત્રથી ઢંકાયેલું છે,[૨] તે ઋતયજ્ઞ અને સત્યયજ્ઞના સંયોગથી ઉઘાડવાનું છે. લક્ષ્ય અલક્ષ્ય પરાવર અને જીવસ્ફુલિંગનો ત્રિયોગ યોગ આ ઉભય યજ્ઞોના યોગથી જ થાય છે. લક્ષ્ય ધર્મ અને અલક્ષ્ય સત્યનો યોગ પણ આથી જ થાય છે. મહાત્માઓ પ્રથમ સર્વે લક્ષ્ય યજ્ઞોની કર્મસાધના કરી એ મહાતપને અંતે ધ્યાનયોગ અને જ્ઞાનયોગનાં તપ કરે છે તેને અંતે તપ પૂર્ણ કલાથી થઈ રહેતાં તેમાંથી ઋત અને સત્યનો ઉદય સાથેલાગો પ્રત્યક્ષ થાય છે માટે જ શ્રુતિવચન છે કે *ऋतं च सत्य चाभीद्धात्तपसोऽध्यजायत* [૩] //

૧. ૨. ભાગ ત્રીજો, પ્રકરણ ૬.

૩. જેમ બળતણનું ઈન્ધન-કાષ્ટ-બરોબર સળગે ત્યારે તેમાંથી એક ભડકાની અનેક જ્વાળાઓ થાય તેમ (યોગીનું) તપ સારી રીતે સળગ્યું ત્યારે ઋત અને સત્યની બે જ્વાળાઓ ધરનાર એક ભડકો એ તપની પાસે પ્રત્યક્ષ થયો.

વૃક્ષશાખામાં જેમ બબે પાંદડાં સાથેસાથે ને સામસામી ઊગે છે અને તેની વચ્ચે ફલપુષ્પસમૃદ્ધિ આવે છે, તેમ તપોવૃક્ષની શાખામાં ઋત અને સત્ય સાથોસાથ ને સામસામાં ઊભાં રહે છે ને ફલપુષ્પને સ્થાને ધર્મ ઉદય પામે છે. તે કાળને પરિણામે સમાધિ ધર્મમેઘરૂપે ઉદય પામે છે અને જગતના કલ્યાણને માટે અનેક અમૃતધારાઓને એ મેઘ જગતના શિર ઉપર વર્ષે છે.[૪] કૃતભોગાપવર્ગ એટલે કૃતકૃત્ય અને પુરુષાર્થશૂન્ય કાર્યકારણાત્મક ગુણોના પ્રતિપ્રસવ[૫] આવા મેઘોદયથી થાય છે અને ઋતયજ્ઞ સધાય છે.

૪.यदायं ब्राह्मणं: प्रसंख्यानेऽप्यकुसीदस्तोपि न किंचित्प्रार्थयते तत्रापि विरकस्य सर्वथा विवेकख्यातिरेव भवतीति संस्कारवीअक्षयान्नास्य प्रत्ययान्तराण अयुत्पद्यन्ते तदास्य धर्ममेवो नाम समाधिर्भवति। तत: क्लेशकर्मनिवृत्ति:। क्लेशकर्मनिवृतौ जीवन्नेव विद्वान् विमुक्तो भवति। सर्वै: क्लेशकर्म वरणैर्विमुक्तस्य ज्ञानस्थानन्त्यं भवति। ततस्तस्य धर्ममेधस्योदयात्कुतार्थानां गुणनां परिणामक्रम: परिसमाप्यते। कृतभोगापवर्गाणां पुरुषार्थशून्यानां य: प्रतिप्रसव: कार्य कारणात्मकानां गुणानां तत्कैवल्यं स्वरूपप्रतिष्ठा। - योगशास्त्रे व्यासभाष्याम्।।

૫. પ્રસવ = પ્રસન - ફૂલની કળી. પ્રતિપ્રસવ = સામી ઊગેલી કળી.

નવીનચંદ્રજી, આ ધર્મ સનાતન છે, એ સર્વ દેશકાલને માટે છે. માત્ર એ અસાધુજનને માટે નથી. જે સાધુજનો અધિકારક્રમે મઠયજ્ઞથી આરંભી ચડશે તે બુદ્ધિમાન હશે તો કાળક્રમે પંચમહાયજ્ઞ સાધી શકશે. લક્ષ્યાલક્ષ્યનો યોગ પામશે, પુનરાવૃત્તિ નહીં પામે, અને પરમાનંદની સ્વાનુભૂતિ પામશે. ભગવાન બુદ્ધના દયાધર્મને સ્થાને આતિથેયધર્મની વ્યવસ્થા રચનારને સૂક્ષ્મ ઋતયજ્ઞની સાધનાના ફ્લોદયને કાળે આ યજ્ઞોની વ્યવસ્થાનો બોધ પ્રાપ્ત થયો છે. ઋત અને સત્યના ધર્મ અલક્ષ્ય-લક્ષ્ય-માર્ગમાં જ પ્રવર્તાવેલા છે, કેવળ યજ્ઞધર્મમાં અધ્યાત્મદૃષ્ટિ નથી, કેવળ વ્યવહારધર્મમાં સત્યદૃષ્ટિ નથી, અને કેવળ દયાધર્મમાં ઋતદૃષ્ટિ નથી પણ માત્ર ગુણનિરપેક્ષ દયા જ છે, ઋત અને સત્યના અધ્યાત્મ અને સનાતન અગ્નિમાં સિદ્ધ કરેલાં આતિથેય અને યજ્ઞોની વ્યવસ્થા જ સર્વ લોકને અને સર્વ કાળને માટે છે.

તમારા પ્રશ્નોના મુખ્ય ભાગનું સમાધાન આમાં આવી ગયું. પણ વિશેષ સાંભળો. સંસારીજનોમાં ધર્મશાસ્ત્રો અનેક છે, ને છે તેમને દેશકાળ સર્વકળાથી સ્વીકારતો નથી. પણ સનાતન ધર્મનું લક્ષણ તો મનુએ જ કહેલું છે કે:

વિદ્વદ્‌ભિ: સેવિત: સદ્‌ભિર્નિત્યદ્વેષરાગિભિ:।

હૃદયેનાભ્યનુજ્ઞાતો યો ધર્મસ્તન્નિબોધત।।

આમાં દેશકાળની તો શું પણ વેદવિધિની પણ મર્યાદા રાખી નથી. વિદ્વાન અને રાગદ્વેષહીન સાધુજન જે ધર્મનો કેવળ બોધ જ કરે છે એટલું નહીં, પણ જે ધર્મનું નિત્ય જાતે સેવન કરે છે તે જ ધર્મ શ્રેષ્ઠ કહ્યો. એ એવા સાધુજન તો મલેચ્છ કે શૂદ્રાદિમાં પણ હોય છે અને તેવા સાધુજન જેનું નિત્ય સેવ કરે તે ધર્મ. એ ધર્મને કોઈ શાસ્ત્રની અનુજ્ઞા પણ જોઈતી નથી. ધર્મવિચારક જો જાતે ઉક્ત પ્રકારનો સાધુજન હોય તો આવા આચારને પોતાના હૃદયની અનુજ્ઞા છે કે નહીં એટલું જ પૂછવાનું તેને રહે છે, અને તે અનુજ્ઞા મળે તો પછી કશાની અપેક્ષા નથી. ચતુર્થાશ્રમીને માટે મનુએ જ વિધિ અને શાસ્ત્ર દર્શાવ્યાં છે તે જ આવા સાધુજને સેવવાનાં છે. તે એ કે:

દૃષ્ટિપૂતં ન્યસેત્પાદં વસ્ત્રપૂતં જલં પિબેત્।

સત્યપૂતાં વદેદ્વાચં મન:પૂતં સમાચરેત્।। [૧]

૧. દૃષ્ટિથી શુદ્ધિ કરી પગ મૂકવો, વસ્ત્રથી શુદ્ધ કરી જળ પીવું, સત્યથી શુદ્ધ કરી વાણી ઉચ્ચારવી અને મનથી શુદ્ધ કરી આચરણ આચરવું. - મનુ.

સાધુજનોનાં મન-હૃદય સ્વયં પવિત્ર હોય છે અને તેમાં થઈને જે વિચાર અને ક્રિયાઓ નીકળે તેમની મલિનતા એમનાં મનના સ્પર્શથી જ સર્જાઈ પ્રથમથી મળ પેઠે નીકળી ગયેલી હોય છે. પાણી, ભસ્મ, અગ્નિ આદિથી જેમ વાસણને પવિત્ર કરીએ તેમ એમના મન વડે જ વિચાર અને આચાર પવિત્ર થાય છે. આવી રીતે મન:પૂત આચરણને જ સાધુજનો હૃદયથી અનુમત કરે છે. પ્રથમ ઉક્ત પ્રકારના સાધુજનો જે આચરણનું નિત્ય સેવન કરતા હોય અને જેને કોઈ સાધુએ પોતે મન:પૂત કરેલું હોય એનું આચરણ તે જ ધર્મ છે અને તે વિનાના ધર્મો શાસ્ત્રોમાં લખ્યા હોય તોપણ તે માત્ર સૂચનારૂપ ગણવાના છે; કારણ સાધુજનને આજ્ઞા કરવાનો અધિકાર તેના મન વિના બીજા કોઈને નથી.

સાધુજનો વિહારમઠમાં હોય છે તોપણ ત્યાગી છે. ત્યાગી હોય તોપણ તેને શિર પંચમહાયજ્ઞના ધર્મ છે. ત્રસરેણુક જીવનથી વિહારમઠમાં રહી ધર્મસહચર જીવના અદ્વૈતસહચાર વડે એ ધર્મ પાળવા કે બીજા બે મઠમાં કુમારીના કંકણ જેવું જીવન રાખી પાળવા તેનો નિર્ણય કરવામાં કોઈ કામકામી કે કામદ્વેષી નથી થતું. સાધુજનો સ્વભાવથી બ્રહ્મચારી રહે છે તેને ત્રસરેણુકજીવનમાં આકર્ષવા કે નહીં, એ અલખ મદનાવતારના અધિકારની વાત છે. પ્રાચીનકાળમાં ચાર આશ્રમ ઉત્તરોત્તર ક્રમથી વિહિત હતા પણ મનુએ કહેલું છે કે યુગે યુગે યુગહ્રાસાનુરૂપ[૨] ધર્મવૈલક્ષણ્ય[૩] પ્રાપ્ત થાય છે. આ યુગમાં ચાર આશ્રમ અનુકૂળ નથી. માટે લક્ષ્યધર્મમાં બે આશ્રમ કહેલા છે — એક સંસારી જનોનો અને બીજો સાધુજનોનો. બ્રહ્મચર્ય અને સંન્યસ્તને સ્થાને આ મઠ છે. વાનપ્રસ્થને સ્થાને વિહારમઠ છે, અને કન્યાઓ, સ્થૂલ શરીરે વિધવાઓ પણ સૂક્ષ્મ શરીરે સધવાઓ અને પ્રવ્રજિતાઓ — એ સર્વની વ્યવસ્થા ત્રીજા મઠમાં થાય છે. એ સર્વનાં સામાન્ય લક્ષણ બે છે. તેમાં પ્રથમ લક્ષણ અહંતામાં અને મમતામાં વિરક્તિ અને બીજું લક્ષણ સ્વભાવસાધુતા છે.

૨. સત્યયુગના એક અંશનો હ્રાસ એટલે ક્ષય થતાં બીજો યુગ, તેમાથી હ્રાસ થતાં ત્રીજો, અને તેમાંથી હ્રાસ થતાં ચોથો કલિયુગ એવી યોજના છે.

3. ધર્મની વિલક્ષણતા; યુગે યુગે ધર્મોનું જુદાપણું.

વાનપ્રસ્થને વિષયે મનુએ કહેલું છે કે:

ગૃહસ્થસ્તુ યદા પશ્યેદ્વલીપલિતમાત્મન:

અપત્યસ્યૈવ ચાપત્યં તદારણ્યં સમાશ્રયેત્।।

સંત્યજ્ય ગ્રામ્યમાહારં સર્વં ચૈવ પરિચ્છદમ્।

પુત્રેષુ ભાર્યાં નિક્ષિપ્ય વનં ગચ્છેત્સહૈવ વા।

અપ્રયત્ન: સુખાર્થેષુ બ્રહ્મચારી ધરાશય:

શરણેષ્વમમશ્ચૈવ વૃક્ષમૂલનિકેતન:।। [૧]

૧. જ્યારે પોતાને શરીરે કરચલીઓ અને માથે પળિયાં જણાય અને અપત્યનું અપત્ય દૃષ્ટ થાય ત્યારે ગૃહસ્થે અરણ્યમાં જવું. સર્વ ગ્રામ્ય આહારનો અને વસ્ત્રનો ત્યાગ કરીને, અને ભાર્યા પુત્રને સોંપી અથવા સાથે જ લઈ વનમાં જવું. ત્યાં સુખાર્થમાં અપ્રયત્ન રહેવું, બ્રહ્મચારી રહેવું, પૃથ્વી ઉપર સૂવું, નિવાસસ્થાનમાં મમતા ન રાખવી અને વૃક્ષોનાં મૂળ આગળ સૂવું. - મનુ.

અને ચતુર્થાશ્રમને વિષયે તે કહે છે કે તૃતીયાશ્રમ પૂરો કરી ચતુર્થ લેવો, અને તે લેવાનો અધિકાર-અનધિકાર વિચારતાં કહે છે કે:

ઋણાનિ ત્રીણ્યપાકૃત્ય મનો મોક્ષે નિવેશયત્।

અનપાકૃત્ય મોક્ષં તુ સેવામાનો વ્રજત્યધ:।। [૨]

૨. ત્રણ ઋણ એટલે તે દેવામાંથી મુક્ત થઈ પછી મોક્ષમાં મન કરવું. એમ મુક્ત થયા વિના જે મોક્ષનું સેવન કરે છે તે અધોગતિ પામે છે. - મનુ.

અન્ય આશ્રમોમાંથી પણ પરભાર્યા ચતુર્થાશ્રમ લેવાનો માર્ગ જાબાલશ્રુતિ દર્શાવે છે કે:

ब्रह्मचर्यं समाप्य गृही भवेद् गृही भूत्वा वनी भवेद्वनी भूत्वा

प्रव्रजेदितरथा ब्रह्मचर्यादिव प्रव्रजेद् गृहाद्वा बनाद्वा।। [3]

૩. બ્રહ્મચર્મને સમાપ્ત કરી ગૃહી થવું. ગૃહી થઈ વની એટલે વાનપ્રસ્થ થવું, વની થઈ પ્રવ્રજિત થવું, અથવા બ્રહ્મચર્મમાંથી, ગૃહમાંથી કે વનમાંથી પ્રવ્રજિત થવું.

ગૃહસ્થને ત્યાગી થવાનો અધિકાર ત્રણ ઋણમાંથી મુક્ત થયા વિના નથી મળતો એ કહ્યું. બ્રહ્મચારીને અને વનસ્થને એ અધિકાર મેળવવાનો માર્ગ મનુ જ કહે છે કે:

प्राजापत्यां निरूप्येष्टिं सर्ववेदसदक्षिणाम्।

आत्मन्यग्नीन् समारोप्य ब्राह्मण: प्रव्रजेद्गृहात्।।

यो दत्त्वा सर्वभूतेभ्य: प्रव्रजत्यभयं गृहात्।

तस्य तेजोमया लोका भवन्ति ब्रह्मवादिन:।। [4]

૪. સર્વ વેદો વડે દક્ષિણા સહિત પ્રાજાપત્ય યજ્ઞનું નિરૂપણ કરી અને અગ્નિઓનું આત્મામાં સમારોપણ કરી, બ્રાહ્મણે ગૃહમાંથી પ્રવ્રજિત થવું. સ્રવ ભૂતોને દાન કરી દઈ ભય વિના ગૃહમાંથી જ બ્રહ્મવાદી પ્રવ્રજિત થાય છે તે તેજોમય લોકને પામે છે. - મનુ.

આ સર્વ વાક્યોમાં વાનપ્રસ્થ તેમ સંન્યાસને માટે અધિકાર કહેલા છે તેમાંથી ગમે તે રીતે તે દ્વારે આ યુગનો મનુષ્ય એ બેમાંથી એક આશ્રમનો અધિકારી થાય તે આપણા મઠનો અધિકારી થાય, એમાં તો નવાઈ જ નથી. પણ કેવળ બ્રહ્મચારી પણ નિરહંકાર અને નિર્મમ હોય તો અધિકારી થાય છે. પણ આમાંના કેટલાક વિષયમાં અહીંનો સંપ્રદાય ભિન્ન છે. જેમ કે ગૃહસ્થ ત્રણ ઋણમાંથી અનૃણી થઈ પછી ત્યાગી થવાનું ઉપર લખ્યું છે ને સ્વાધ્યાય, પુત્રોત્પાદન, અને યજ્ઞ એ ત્રણને ત્રણ ઋણ ગણેલાં છે. તેને સ્થાને લક્ષ્યધર્મની વ્યવસ્થામાં પુત્રોત્પાદનને ઋણ નથી ગણ્યું. અદ્વૈત થયેલાં દંપતીની તો પુત્રવાસના હોય તો બેની હોય, તેમાં તો વાસના જાતે જ આ ઋણમાંથી મુક્ત કરાવવા પ્રત્યક્ષ છે તો પછી ઋણાનૃણ્યનો વિચાર બાકી રહેતો નથી. આતિથેય ધર્મ પાળનાર સંસારી દંપતીઓનાં પરસ્પર ઋણ તો આતિથેયધર્મમાંથી નિર્ણીત થાય છે અને મનુષ્યયજ્ઞમાં તેનો અંતર્ભાવ છે; માટે ત્યાગના પ્રસંગમાં પુત્રોત્પાદનનો ઋણવિચાર પ્રાપ્ત થતો જ નથી. બાકીનાં બે ઋણ જે સ્વાધ્યાય અને યજ્ઞ કહ્યાં તે તો અલખદીક્ષા પછી પણ સાધવાનાં છે. માટે આ ઋણવ્યવસ્થાની સાધુજનોએ ઉપેક્ષા કરી છે. પણ આ મઠને માટે અધિકારી થવાને સંસારીએ ત્રણ ઋણમાંથી અનૃણી થવું જોઈએ એટલી વ્યવસ્થા સ્વીકારી લક્ષ્યધર્મમાં એ ઋણનાં લક્ષણ જુદાં બતાવ્યાં છે. હૃદયનો સાધુજન સંસારી હોય તો પણ તેને પંચયજ્ઞ વિના બીજો ધર્મ નથી, બીજું ઋણ નથી. તેમાંથી મઠયજ્ઞ, દેવયજ્ઞ અને બ્રહ્મયજ્ઞ તો અલખદીક્ષા પછી જ ઉત્તમ રીતે સધાય એવા છે. પણ મનુષ્યયજ્ઞ અને ભૂતયજ્ઞનું સમર્થન કંઈક રીતે આ મઠમાં અધિક થાય છે તો કેટલીક રીતે સંસારમાં વધારે થાય છે. આકારક અતિથિયજ્ઞમાંનાં પિતૃયજ્ઞનો કોઈ આવશ્યક વિધિ બાકી રહી ગયો હોય અથવા આકારક પત્ની કે પતિના આતિથેયનું કોઈ કાર્ય બાકી હોય અને તે પત્ની કે પતિ મઠમાં સહચાર કરવાની વાસનાવાળાં ન હોય તો તે એટલો અતિથિયજ્ઞ ઋણ ગણી તેની પૂર્ણાહુતિ સંસારમાં રહીને જ કરવી યોગ્ય છે. તેમ જ માતૃભૂમિનું કે મનુષ્યલોકનું કલ્યાણ સંસારના અને સાંસારિક પદાર્થોના આશ્રયથી જ થાય એમ હોય તો તે વિષમે પોતાની કલ્યાણશક્તિનો વિચાર કરી એ આકારક અતિથિયજ્ઞ પણ સંસારમાં રહીને જ કરવાનો ધર્મ છે. આમંત્રિત અતિથિના આતિથેયની પૂર્ણાહુતિ તો સંસારી સંસારમાં જ રહીને કરી શકે અને તેની પૂર્ણાહુતિ સુધી એ ઋણમાંથી મુક્ત થવાનું નથી. આગંતુક અતિથિનું આતિથેય તો અન્ય યજ્ઞકાર્ય પ્રાપ્ત થતાં સાથે જ સમાપ્ત થાય છે. ભૂતયજ્ઞનું ઋણ માતૃભૂમિના ને મનુષ્યલોકના યજ્ઞના ઋણનું સધર્મ છે, અને એ સર્વનાં ઋણમાંથી મુક્ત થવાનું શાસન એક જ પ્રકારનું છે. આ પ્રમાણે સંસારીને શિર આકારકાતિથિયજ્ઞ, આમંત્રિતાતિથિયજ્ઞ, અને ભૂતયજ્ઞ — એ ત્રણનાં ઋણમાંથી મુક્ત થયા વિના મઠયજ્ઞનો અધિકાર પ્રાપ્ત થતો નથી, કારણ આ ત્રણે પ્રકારે અનૃણી ન થયેલાં મનુષ્યનાં સૂક્ષ્મ શરીર સાધુસંસ્કારને માટે અસિદ્ધ હોય છે એટલું જ નહીં, પણ મનુષ્યયજ્ઞ અને ભૂતયજ્ઞને આવી રીતે અસમાપ્ત રાખવાથી મનુષ્યલોકની અને ભૂતસંઘની દુ:સ્થિતિ પ્રાપ્ત થાય છે, તેમ થવાથી લક્ષ્યપરમાત્માના પરમયજ્ઞમાં વિઘ્ન આવે છે, અને તેથી જ મનુષ્યનો ભૂતસંઘમાં અંતર્ભાવ કરી તમને કહ્યા પ્રમાણે મનુએ કહ્યું છે કે સર્વ ભૂતોને દાન કરીને જ પ્રવ્રજ્યા ઘટે છે. એ દાન તે, ઘરને તાળું વાસી નીકળ્યાથી નથી થતું, પણ ઘરમાંની વસ્તુઓનો યથાવિધિ ભૂતયજ્ઞ કર્યાથી થાય છે. આ પ્રમાણે સંસારસ્થના આશ્રમનું પાલન સર્વ આશ્રમનો આધાર હોવાથી જ મનુ કહી ગયા છે કે

यथा नदीनदा: सर्वे सागरे यान्ति संस्थितिम्।

तथैवाश्रमिण: सर्वे गृहस्थे यान्ति संस्थितिम्।। [1]

૧. નદીઓ અને નદી સર્વ જેમ સાગરમાં સંસ્થિતિ પામે છે તેમ સર્વે આશ્રમીઓ ગૃહસ્થાશ્રમીમાં સંસ્થિતિ પામે છે.

લક્ષ્યધર્મમાં તો એટલે સુધી કહેલું છે કે મનુષ્યયજ્ઞના કોઈ મહાન સમારંભને માટે આવશ્યક હોય તો સાધુજન સંસારીઓમાં સંસારીવત્ એટલો કાળ આચરણ કરે અને કન્યાદિની ઉપેક્ષા કરે તો તે પણ ધર્મ્ય છે. કારણ *न लिङ्गं धर्मकारणम्* . સાધુજનનાં સર્વ ધર્મનું રહસ્ય જે નિષ્કામ પંચમહાયજ્ઞ તે તમને સ્પષ્ટ દર્શાવ્યા. સંસારી શાસ્ત્રમાં અગ્નિ વિનાનો યજ્ઞ નથી, પણ આપણામાં તો સાધુજન સંસારનો ત્યાગ કરી આ મઠોમાં આવે તે પળથી જ સર્વ અગ્નિનો સમારોપ આત્મવસ્તુમાં જ કરે છે.

आत्मन्यग्नीन् समारोप्य जुह्वीतात्मानमात्मना। [1]

૧. યજ્ઞના અગ્નિઓનું પોતાના આત્મામાં સમારોપણ કરી, આત્મા વડે આત્માનો હોમ કરવો.

અને લક્ષ્યધર્મસંગ્રહથી અને સર્વ શાસ્ત્રોથી પણ જે સાધુજનની બુદ્ધિ આગળ ચાલે તેને માટે તો એવો ઉત્તમોત્તમાધિકારી છે કે:

संत्यज्य सर्वशास्त्राणि संत्यज्यामुं च संग्रहम्।

ऋतपूतं मनःपूतं सत्यपूतं संमाचरेत्॥ [२]

यत्र यत्र न्यसेत्पादं पस्येच्छृण्वीत वा वदेत्।

आत्माग्नियजमानोऽयं तत्र तत्रातथिंर्विराट्॥ [३]

૨. (આવાં અધિકારીએ) સર્વ શાસ્ત્રોનો તો શું પણ આ લક્ષ્યધર્મસંગ્રહનો પણ ત્યાગ કરીને ઋતપૂત, મન:પૂત અને સત્યપૂત એમ ત્રણ ગળણે ગાળેલું આચરણ આચરવું.

૩. એક આત્માગ્નિનો જ યજ્ઞ સાધનાર આ યજમાન, જ્યાં જ્યાં પગ મૂકે કે કંઈ સાંભળે કે કંઈ બોલે ત્યાં ત્યાં વિરાટ પોતે તેના અતિથિ થાય છે.

હવે માત્ર આ યજ્ઞકર્તાઓનાં દૃષ્ટાન્ત આપવાં રહ્યાં તે સાંભળો. આપણા ત્રિમૂર્તિ દેવોમાં પ્રથમ બ્રહ્મા; તેમણે આમંત્રિત અતિથિરૂપની સૃષ્ટિ ઉત્પન્ન કરી અને કર્યા જાય છે. આ સૃષ્ટિ મનુષ્યાદિ સર્વ જંતુ સમેત છે. તે બ્રહ્મદેવનો આમંત્રિત અતિથિગણ છે. તેમને માટે બ્રહ્મા પુત્રયજ્ઞ કર્યાં કરે છે, જેને ઉત્પન્ન કરે તેને તે જ પળથી યજ્ઞસમર્થ અને યજ્ઞસામગ્રીથી સંભૃત કરવાનો પ્રયોગ રચે છે, ગર્ભને માટે ગર્ભાશયમાં, બાળકને માટે ધાવણમાં, સંતતિને માટે માતાપિતાની પ્રીતિમાં, સંસારવૃદ્ધિને માટે યુવજનના મદનાવતારમાં, અજ્ઞ સંસારના ઉદ્‌બોધનને માટે સાધુજનોના અલખબોધનમાં, અને એવાં અસંખ્ય સ્થાનોમાં ઉત્પન્ન સૃષ્ટિના નિર્વાહ, સંસિદ્ધિ અને ઉદ્ધાર માટે સામગ્રીઓ અને શક્તિઓ બ્રહ્મદેવ ભરી રાખે છે. તે પછી તેઓ નિષ્કામ રહે છે, અને વિષ્ણુના હાથમાં સર્વ સૃષ્ટિ સોંપી દઈ પોતે તટસ્થ રહે છે, અને અન્ય દેવોની પૂજા સર્વ કરે છે ત્યારે બ્રહ્માએ પોતાની પૂજા કરાવવાનો ઉત્સાહ કોઈનામાં સૃજ્યો નથી. તેમનાં મંદિર તો ક્યાંથી જ હોય? સર્વદા સમસ્ત બ્રહ્માંડમાં બ્રહ્માનો પુત્રયજ્ઞ આમ જ્વલમાન થઈ રહ્યો છે. એ પિતા કોઈની પાસે પિતૃયજ્ઞ કરાવતા નથી.

વિષ્ણુના હાથમાં સૃષ્ટિ આવી એટલે તેમણે અવતારો લઈ યજ્ઞ કરવા માંડ્યા. પ્રથમ પાંચ અવતારમાં તેમણે યજ્ઞસામગ્રી સંભૃત કરી. કચ્છપાવતારે દેવોનાં સૂક્ષ્મ શરીરને અમૃત આપી યજ્ઞપશુને સંવર્ધિત કર્યો. મત્સ્યાવતારે યજ્ઞને માટે વેદવિધિનો ઉદ્ધાર કર્યો. નરસિંહાવતારે પિતાને હાથે મૃત્યુ પામતા પ્રહ્લાદના શરીરરૂપ વેદીનું પાલન કર્યું. વરાહે એ વેદીને સ્થાન આપનારી પૃથ્વીનું પાલન કર્યું. યજ્ઞસામગ્રીથી ભરેલી એ વસુંધરાનું માપ લઈ તેનો યથેચ્છ ઉપયોગ કરવાની શક્તિ વામને દેવોને આપી.

યજ્ઞસામગ્રી આમ અનેક અંગે તત્પર થઈ એટલે પરશુરામે વિદ્યાયજ્ઞ અને અલક્ષ્યયજ્ઞોની ઋદ્ધિ માટે ઉદ્રિક્ત ક્ષત્રિયોનો નાશ કર્યો. આ ઋદ્ધિથી સમૃદ્ધ થયેલા ઋષિઓ પાસેથી યજ્ઞવિધિ જાણી લઈ શ્રીરામચંદ્રજીએ સૂક્ષ્મ ધર્મોથી સંભૃત કરેલો પિતૃયજ્ઞ કર્યો, અને સીતાને માટે પ્રીતિયજ્ઞ કરવા તેને વનમાં સાથે લઈ ગયા અને રાક્ષસરાજ સાથે યુદ્ધ કર્યાં. દશરથજીનું વચન સત્યપ્રતિજ્ઞ કર્યું. કૌશલ્યાને સાથે આવતાં રોક્યાં ત્યારે સીતાને સાથે લીધાં અને એ જ સીતાના પ્રીતિયજ્ઞની પૂર્ણાહુતિ થઈ ત્યાં આકારક અતિથિરૂપ સ્વપ્રજા તેની તૃપ્તિને માટે માતૃભૂમિયજ્ઞ કરી પોતાનાં અર્ધાંગ સીતાને અદ્વૈતપ્રીતિના અધિકારથી તેમાં હોમ્યાં — તેમને વનવાસ આપ્યો. તે પછી કૃષ્ણાવતારમાં શ્રીકૃષ્ણ પરમાત્માએ અનેક મહાયજ્ઞ કર્યા. પિતામાતાને માટે પરાક્રમ કરી તેમને રાજ્ય આપી પિતૃયજ્ઞ કર્યો. મધુપુરીને દુષ્ટ અસુરોના ત્રાસમાંથી મુક્ત કરી સ્વભૂમિયજ્ઞ કર્યો. પાંડવોને વિજય આપી લોકનું કલ્યાણ કરી લોકયજ્ઞ કર્યો. અર્જુનને અનેક વિદ્યાઓ અનેક સ્થાનમાંથી અપાવી તેની પાસે વિદ્યાયજ્ઞ કરાવ્યા. અર્જુનને વૈરાટ સ્વરૂપ પ્રત્યક્ષ કરાવી ઋતયજ્ઞ કર્યો અને ગીતા ઉપદેશી સત્યયજ્ઞ કર્યો. આમંત્રિત પત્નીયજ્ઞ તો અનેક નારીઓના એ સ્વામીને ત્યાં નિત્ય થતા. તે પછી બુદ્ધાવતારે દયાયજ્ઞની જ્વાલાઓ સર્વ ભૂતકાળમાં સર્વ ભૂતોને માટે પ્રવર્તાવી. વિષ્ણુ પરમાત્માના જે જે અવતારમાં મનુષ્યયજ્ઞ થયા તે તે અવતારમાં મહાલક્ષ્મી સાથે જ અવતરતાં, અને જન્મેજન્મ એ ઉભયનો પ્રીતિયજ્ઞ અદ્વૈતરૂપે જ્વલમાન થતો. સર્વને અંતે વિષ્ણુનું કાર્ય સમાપ્ત થતાં, સંહારકર્મથી સંસાર સ્મશાનરૂપ થતાં, તે સ્મશાનમાં શિવરૂપ પરમાત્મા એકાંતે અલક્ષ્ય સત્ય જે બ્રહ્મ તેમાં સમાધિસ્થ થઈ પરમ બ્રહ્મયજ્ઞ સાથે છે. એ સર્વ યજ્ઞોમાં યજ્ઞોની વિશ્વવ્યાપિની જ્વાલાઓરૂપે મહાશક્તિ આ ત્રણે દેવોની સાથે ધર્મસહચાર કરે છે, બ્રહ્મા સાથે વિધાત્રીકૃત્ય કરે છે, વિષ્ણુ સાથે મહાલક્ષ્મીકૃત્ય કરે છે, શંકર સાથે ચંડીકૃત્ય કરે છે.

વિશ્વરૂપમાં આ પુરુષયજ્ઞ મચી રહ્યો છે. તેમાંથી સાધુજનો દૃષ્ટાંત લે છે અને પોતાના ઇષ્ટ યજ્ઞ શક્તિ અને સ્થિતિ પ્રમાણે સાધે છે. લક્ષ્યપરમાત્માના પદનખમાંથી નીકળતી સંસારગંગાના પ્રવાહમાં કોઈ જીવની સ્થિતિ મૂળ આગળ, તો કોઈની મુખ આગળ હોય છે; કોઈની સ્થિતિ પ્રવાહને તળિયે હોય છે તો બીજાની મધ્યભાગમાં હોય છે અને ત્રીજાની સ્થિતિ પ્રવાહના તરંગના શિરોભાગ ઉપર હોય છે. આ પ્રવાહના જે ભાગમાં જે જીવ પોતાની સ્થિતિ જુએ તે ભાગની અપેક્ષા પ્રમાણે તે જીવના ધર્મ રચાય છે, અને આ ધર્મ પ્રમાણેના યજ્ઞ એ જીવને પ્રાપ્ત થાય છે. આ ધર્મવિશેષને પ્રવાહપતિત ધર્મ કહ્યો છે ને યજ્ઞવિશેષને પ્રવાહોત્થ યજ્ઞ કહ્યા છે. નવીનચંદ્રજી, દૃષ્ટાંત સહિત તમને લક્ષ્ય ધર્મના આ મર્મભાગ કહ્યા. શેષ મૂળ ગ્રન્થમાંથી લઈ શકશો, અને તમારા પ્રવાહપતિત ધર્મ અને પ્રવાહોત્થ યજ્ઞ તમારે જાતે જ શોધી લેવાના છે. આપણા મહાયજ્ઞ એ જ આપણા ધર્મ અને એ જ આપણાં પ્રાયશ્ચિત્ત; તેમાંથી તમારે માટે શાનું ગ્રહણ કરવું તે પ્રશ્નનો ઉત્તર તમે તમારી પોતાની હૃદયશુદ્ધિને બદલે મન:પૂત કરી લેજો. ચિરંજીવશૃંગ તમારાં સ્થૂલસૂક્ષ્મ શરીરમાંના વેદીપશુરૂપ ઉત્તમાવયવોનું ઉત્તમ યજ્ઞ માટે આપ્યાયન કરશે. *आप्यायन्तु ममाङ्गानि* એ મંત્ર તો તમે નિત્ય સાંભળો છો. વેદી અને પશુના આપ્યાયનની સમાપ્તિ જે યજ્ઞચર્યાનું કારણ છે તે ચર્યા તમને પ્રાપ્ત હો! નવીનચંદ્રજી, આ જ યજ્ઞચર્યા, આ જ બ્રહ્મચર્યા, આ જ ધર્મચર્યા અને આ જ ઉત્તમ ભદ્ર છે. એ જ ઋત છે, એ જ સત્ય છે, એ જ સંપ્રસાદ છે, એ જ આત્મા છે, એ જ પરમાત્મા છે, એ જ અદ્વૈત સેતુ છે. એ જ આપણે પામીએ છીએ.

૧.*‘अथ य एष संप्रसादोऽस्माच्छरीरात्समुत्थाय परं ज्योतिरुपसंपद्य स्वेनरूपेणाभिनिष्पद्यप एष आत्मेति होवाचेदममृतमभयमेतद् ब्रह्मेति तस्य ह वा एतस्य ब्रह्मणो नाम सत्यमिति॥’* [૧]

૧. હવે જે આ સંપ્રસાદ નામનો જીવાત્મા આ શરીરમાંથી ઉત્થાન પામી, પરમજ્યોતિને પ્રાપ્ત થઈ, પોતાના રૂપને પામે છે, તે આત્મા એમ તેણે કહ્યું. વળી કહ્યું કે અમૃત તે એ, અભય તે એ, બ્રહ્મ તે એ, અને એ બ્રહ્મનું નામ સત્ય છે. હવે આ સર્વ લોકનો નાશ થાય નહીં માટે તેમને અર્થે આધારભૂત પુલ છે. જે આ આત્મા તે એ પુલ છે, આધાર છે. લોક જેને રાત્રિદિવસ કહે છે તે દ્વન્દ્વ આ પુલ સુધી પહોંચી શકતું નથી; વૃદ્ધાવસ્થા પણ ત્યાં સુધી પહોંચતી નથી; તેમ જ મૃત્યુ કે શોક કે સુકૃત કે દુષ્કૃત આ પુલને પામતાં નથી. સર્વ પાપ આ પુલ આગળથી પાછાં હટે છે, કારણ બ્રહ્મલોકમાં પાપનો નાશ જ છે. આ લોકને જેઓ બ્રહ્મચર્યથી શોધે છે તેમનો જ બ્રહ્મલોક થાય છે ને તેમનો જ કામચાર થાય છે. હવે લોક જેને યજ્ઞ કહે છે તે આ બ્રહ્મચર્ય જ છે ને તે જ્ઞાતા છે, તે તેને બ્રહ્મચર્ય વડે જ પ્રાપ્ત કરે છે. લોક જેને ઇષ્ટિ કહે છે તે આ બ્રહ્મચર્યથી જ. બ્રહ્મચર્ય જ ઇષ્ટિ કરી જ્ઞાતા આત્માને પામે છે. અનેક યજમાનો મળી સત્ વસ્તુનું ત્રાણ કરવા યજ્ઞ કરે છે. તે યજ્ઞનું નામ સત્રાયણ કહેવાય છે - હવે લોક જેને સત્રાયણ કહે છે તે આ બ્રહ્મચર્ય જ છે. બ્રહ્મચર્ય વડે જ સદ્વસ્તુ જે આત્મા છે તેનું જ્ઞાતા ત્રાણ કરે છે. વળી લોક જેને મૌન કહે છે તે બ્રહ્મચર્ય જ છે. બ્રહ્મચર્ય વડે જ જાણી લીધેલા આત્માનું જ્ઞાતા ધ્યાન ધરે છે. - છાન્દોગ્ય ઉપનિષદ્.

अथ य आत्मा स सेतुर्विधृतिरेषां लोकानामसंभेदाय नैतं सेतुमहोरात्रे तरतो न जरा न मृत्युर्न शोको न सुकृतं न दुष्कृतं सर्वे पाष्मानोऽतो निवर्तन्तेऽपहतपाप्मा ह्येष ब्रह्मलोकः॥

तद्य एवैतं लोकं ब्रह्मचर्येणानुविन्दन्ति तेषामेवैष ब्रह्मलोकस्तेषां सर्वेषु लोकेषु कामचारो भवति॥

अथ यद्यज्ञ इत्याचक्षते ब्रह्मचर्यमेव तद् ब्रह्मचर्येण ह्येव यो ज्ञाता त विन्दतेऽथ यदिष्टमित्याचक्षते ब्रह्मचर्यमेव तद् ब्रह्मचर्येण तद् ह्येवेष्ट्वाऽऽत्मानमनुविन्दते॥ अथ यत्सत्रायणमित्याचक्षते ब्रह्मचर्यमेव तद् ब्रह्मचर्येण ह्येव सत आत्मनस्त्राणं विन्दतेऽथं यन्मौनमित्याचक्षते ब्रह्मचर्यमेव तद् ब्रह्मचर्येण ह्येवाऽऽत्मानमनुविध मनते॥

આ યજ્ઞ, આ સત્ય, આ બ્રહ્મ, આ યજ્ઞચર્યા, આ સત્યચર્યા, આ બ્રહ્મચર્યા, ઉત્તમાધિકારી સાધુજનોમાં છે, ઉત્તમાધિકારિણી સાધ્વીઓમાં છે, આ દેહમાં છે, આ મઠમાં છે — આ સર્વમાં છે — એ પરમ અલક્ષ્ય પરાવર પ્રત્યક્ષાનુભવરૂપે સર્વ ઉત્તમાધિકારીઓને પ્રાપ્ત થાઓ! ઓં શાન્તિ!’

વિષ્ણુદાસજીએ સાધુસાધ્વીઓને ઊંચો હાથ કરી આ આશીર્વાદ આપી મૌન ધાર્યું. બહાર મંદિરમાં શંખનાદ થયો તેની સાથે સર્વ મંડળ ઊઠ્યું. સૌથી આગળ વિહારપુરી અને ચંદ્રાવલી સજોડે ચાલ્યાં. તેની પાછળ સાધ્વીઓનાં જોડકાં, કુમુદને આગળ કરી ચાલ્યાં. તેમની પાછળ ચારપાંચ હાથને છેટે વિષ્ણુદાસ ચાલતા હતા. તેમની પાછળ સરસ્વતીચંદ્ર, અને તેની પાછળ સાધુજનોનાં જોડકાં ચાલતાં હતાં. વિહારપુરી અને ચંદ્રાવલી કંઈક ઊંચે પણ ધીર મંદ મધુર સ્વરે *હરિમીડે* સ્તોત્ર ગાતાં હતાં અને સાધ્વીઓ મધુર ઝીણે સ્વરે ઝીલતી હતી. વિષ્ણુદાસ અને સાધુઓ મનમાં ગાતાગાતા બોલ્યા વિના ચાલતા હતા. મંદિરની ઓસરીનું દ્વાર આવ્યું ત્યાં સર્વ ઊભાં રહ્યાં અને સ્તોત્ર પૂરું કર્યું. ઓસરીમાં ચાલી વાડામાંથી દૃશ્ય થયાં ત્યાં વિષ્ણુદાસના જયની બૂમો પડી અને અંતે સર્વ પાસ સાધુઓ અને સાધવીઓ સર્વની સંગત બૂમો પડી કે ‘નન્દકો નન્દન એક આનન્દ દેત હૈ!’ શંખનાદ અને ઘંટાનાદ તેમાં ભળ્યા, અને પળવાર ઉપર વિષ્ણુદાસે જે સ્થાને ગંભીર ઉપદેશ કર્યો હતો ત્યાં માત્ર પૃથ્વી વૃક્ષો, લતાઓ, શિલાઓ, ઝરા અને પક્ષીઓ, ગંભીરતાની સર્વવ્યાપિની એકાકાર છાયારૂપે રહ્યાં.

---

૧ . આપ સાધ્વીજનો ભલે પધાર્યાં! ભદ્રોનું પણ ભદ્ર જે પરમ શાશ્વત અલક્ષ્ય છે તે આપ સર્વેનું હો!

૧ . જેઓ વિદ્વાન છે તેમને મત્સરે ખાધા છે.

૨ . પ્રારબ્ધકર્મ ક્ષીણ થતાં વ્યવહાર નિવૃત્ત થાય છે પણ કર્મનો ક્ષય થયો નથી ત્યાં સુધી સહસ્ત્ર ધ્યાનથી પણ વ્યવહારશાન્તિ થવાની જ નથી. મારે કોઈ વિક્ષેપ નથી તો મારે સમાધિ પણ નથી. વિક્ષેપ અને સમાધિ તો વિકારી મનને માટે છે. અથવા હું જાતે જ નિત્યાનુભવરૂપ છું. તેને જુદો અનુભવ તે શો? મારો તો એવો જ નિશ્ચય છે કે કરવાનું હતું તે કરી લીધું અને મેળવવાનું હતું તે મેળવી લીધું છે. - પંચદશી.

૩ . હું જાતે અકર્તા છું, અલેપ છું, તે મારો વ્યવહાર લૌકિક હોઈને, કે શાત્રીય હોઈને, કે અન્યથા પણ જેવો પ્રારબ્ધ છે તેવો પ્રવર્તો. અથવા હું કૃતકૃત્ય છું, તો પણ લોક ઉપર અનુગ્રહ કરવાના કામથી શાસ્ત્રીય માર્ગે જ હું વર્તું તો તેમાં કાંઈ ક્ષતિ નથી. - પંચદશી.

૧ . પોતાના પ્રિયજનને સુકૃતનું અને અપ્રિયજનને દુષ્કૃતનું દાન કરી દઈ ધ્યાનયોગ વડે યોગી સનાતન બ્રહ્મને પ્રાપ્ત કરે છે. - મનુ.

૨ . તેના પુત્રો વારસાને પામે છે, સુહૃદયવાળા એટલે તેના મિત્રો તેના સાધુકૃત્યને પામે છે, ને તેનો દ્વેષ કરનારા તેના પાપકૃત્યને પામે છે.

૩ . આ ભૂતોમાં વેર્યું, તે ભૂતોમાં વેર્યું, એમ ભૂતોમાં (પોતાનાં કૃત્ય અને સમૃદ્ધિઓને વેરતાં વેરતાં ધીર (મહાત્માઓ) આ લોકમાંથી નીકળી અમૃત થાય છે. - કેનોપનિષદ્.

૧ . રાફડાને જેમ કીડીઓ સંચિત કરે છે તેમ મનુષ્ય પરલોકસહાયને અર્થે સર્વભૂતોની પીડા નિવારતાં નિવારતાં ધીમેધીમે ધર્મનો સંચય કરવો. પરલોકમાં સહાયને અર્થે પિતા ને માતા ઊભાં રહેતાં નથી. પુત્ર દારા કે જ્ઞાતિજન ઊભાં રહેતાં નથી, માત્ર એકલો ધર્મ ઊભો રહે છે. જન્તુ એકલો જન્મે છે, એકલો જ પ્રલય પામે છે, એકલો સુકૃતને અને એકલો જ દુષ્કૃતને ભોગવે છે. જ્યારે લાકડા લોઢાની પેઠે તેના મરેલા શરીરનું ઉત્સર્જન કરી બાંધવો વિમુખ થઈ પાછા જાય છે ત્યારે ધર્મ તેની પાછળ જાય છે. માટે સહાયને અર્થે ધીમે ધીમે ધર્મનો સંચય કરવો, કારણ ધર્મરૂપ સહાયથી દુસ્તર તિમિરને તરી જવાય છે. તપ વડે જેના દોષ નાશ પામ્યા છે એવા ધર્મપ્રધાન પુરુષને તેના શરીર સાથે જીવતો ને જીવતો પ્રકાશમય રૂપે પરલોકમાં (ધર્મ) લઈ જાય છે. - મનુ.

૧ . મરણનું તેમ જીવિતનું એકનું પણ અભિનંદન તેણે - સંન્યાસીએ - ન કરવું. સેવક સ્વામીની આજ્ઞાની વાટ જુએ તો તેમ કાળની જ વાટ જોવી. ક્રમદોષથી ઉત્પન્ન થયેલી મનુષ્યની ગતિઓનું અવલોકન કર્યા કરવું. તેમ જ બીજી વસ્તુઓ પણ તેણે જોવાની છે - જેમ કે, મનુષ્યોના નરકપાત, યમલોકમાં વેદનાઓ, પ્રિયવસ્તુના વિયોગ, અપ્રિયના સંયોગ, વૃદ્ધાવસ્થાથી થતો પરાભવ, વ્યાધિઓથી થતી પીડાઓ, દેહમાંથી નીકળવું, ફરી ગર્ભમાં સંભવ, હજારકરોડો યોનિઓમાં આ અંતરાત્માની સંસૃતિઓ અને શરીરીઓને અધર્મથી થતા દુ:ખયોગ અને ધર્માર્થથી થતો અક્ષય સુખયોગ: એ સર્વની ચતુર્યાશ્રમીએ અવેક્ષા (અવલોકન) કરવી. વળી યોગ વડે પરમાત્માની સૂક્ષ્મતાની અને ઉત્તમ અધમ દેહોમાં સમુત્પત્તિની અન્વીક્ષા તેણે કરવી. પોતે સ્વાશ્રમધર્મમાંથી દૂષિત થાય તોપણ ગમે તે આશ્રમથી તૃપ્ત રહી ધર્મ ચરવો અને સર્વ ભૂતો પ્રતિ સમાન રહેવું. કારણ સંન્યાસનું ચિહ્ન જ ધર્મનું કારણ છે એમ નથી. વળી ઊંચાંનીચાં ભૂતોમાં અંતરાત્માની જે ગતિ છે તે અકૃતાત્મ જનોથી જોવાય-સમજાય એવી નથી તેને આ આશ્રમવાળાએ ધ્યાનયોગથી જોઈ લેવી. - મનુ.

૧ . બૃહદારણ્યક ઉપનિષદ્. ૨ . કોઈને હાથે જેની હિંસા થાય એમ નથી એવા પૃથ્વીપાલક વિષ્ણુએ આ ત્રિલોકમાં ધર્મોનું ધારણ કરતાં કરતાં જ તેમાં ત્રણ પગલાંથી વિક્રમ કર્યો. ૩ . જેનાથી યજમાનો યજ્ઞવ્રતનો સ્પર્શ કરી શકે છે, એવાં વિષ્ણુના પાલકકર્મ જુઓ. યજ્ઞના ઇન્દ્રના તે યોગ્ય સહાય છે. ૪ . દેવોએ યજ્ઞ વડે યજ્ઞનો યાગ કર્યો! પ્રથમ ધર્મ આવા હતા. ૫ . યજ્ઞમાં બલિદાનમાં આપવાનું પશુ-બકરો વગેરે. ૬ . ઘી. ૭ . બળતણ. ૮ . હોમવાનું અન્નાદિ. ત્રીજો ભાગ પ્રકરણ ૬. ૯ . ત્રીજો ભાગ પ્રકરણ ૬. ૧૦ . ત્રીજો ભાગ પ્રકરણ ૬. ૧૧ . ત્રીજો ભાગ પ્રકરણ ૬.

૧ . ‘રુદ્ર મહાદેવની તૃપ્તિ માટે બોટાયેલો તું વૃદ્ધિ પામ!... એમ કહી તેને દાંત આવે અથવા પુત્રોત્પાદનયોગ્ય વચનો તે થાય ત્યાં સુધી તેનું વર્ધન કરવું.’ - આશ્વલાયનીય ગૃહ્યસૂત્ર.

૧ . હંસપદ - કાકપદ - કાક પગલું અથવા કાટ પગલું - caret .

૨ . પિતા વસુ કહ્યા છે, પિતામહ રુદ્ર કહ્યા છે, અને પ્રપિતામહ આદિત્ય કહ્યા છે એવી સનાતન શ્રુતિ છે. - મનુ.

૧ . પરોણા, મહેમાન. ૨ . *આકુરુતે સ્વાર્થે ઇસ્યાકારક:।* પોતાના અર્થને માટે યજમાનને બોલાવે ને પોતે અતિથિ થાય તે આકારક, આમંત્રણ કરનાર. ૩ . લોહચુંબક. ૪ . લોહ.

૧ . પરસ્પર પોષણ-તર્મણ *तदा वै मिथुनौ समागच्छत आपयतो वै तावन्योन्यस्य कामम्।।* છાન્દોગ્યોપનિષદ્. ૨ . અતિથિની તૃપ્તિ માટેનો યજ્ઞ. ૩ . મેમાનગીરી, ખાતર. ૪ . અવચ્છેદવાળું, હદવાળું. ૫ . બહાર નીકળી જવું. ૬ . જેની યાચના થઈ છે તેણે અસૂયા વિના જે કાંઈ બને તે કંઈ પણ આપવું; કારણ એ દાનથી એવું કોઈ પાત્ર જન ઉત્પન્ન થશે કે જે સર્વ પાસથી તારશે.

મનુ.

૧ . અતિથિ એટલા માટે કે તેની સ્થિતિ જ અનિત્ય છે. - મનુ.

૨ . શ્વાન પતિત જન, શ્વાનાદિનો ભક્ષણ ઉપર વૃત્તિ કરનાર ચાણ્ડાલાદિ જન, પાપ રોગવાળા જન, કાગડા અને કૃમિ: આટલાને બલિ આપવું ને તે તેમનો સ્પર્શ કરીને ન આપવું પણ તેમનાથી લેવાય એમ ધીમે રહી પૃથ્વી ઉપર તે બલિનું નિર્વપન કરવું. - મનુ.

૧ . પગાર

૨ . કુળને અર્થે એક કુટુંબીને ત્યજવો, ગ્રામને માટે કુળ ત્યજવું, લોકને માટે ગ્રામ ત્યજવું, ને આત્માને એટલે પોતાને માટે પૃથ્વીને ત્યજવી. - પ્રકીર્ણ.

૧ . પારસ્કર ગૃહ્યસૂત્ર.

૧ . In the Upanishadas deva is need in the sense of forces or faculties. The senses are frequently called the *devas* , the *Pranas* , the Vital Spirits. - Max Maller's Lectures on the Origin and Growth of Religion.

૨ . દેવો જ સત્ય-ઋત છે; મનુષ્યો ઋત વિનાના-અનૃત છે. માટે આ હું અનૃત છોડી સત્યને પામું છું. - શતપથ બ્રાહ્મણ.

૩ . આ જે સત્ય છે તે જ વ્રત દેવો ચરે છે. - શતપથ

૧. *एताद्धि ब्रह्म दीप्येते यदादित्यो दृश्यते। **तस्य चन्द्रमसमेव तेजो गच्छतीति श्रुति:।।* સૂર્યનું તેજ ચંદ્રમાં કેવી રીતે સમાય છે તે એક ઉપમાથી જણાય છે: *तदोज: संप्रविष्टोहमाभोद इव मारुतम्। उष्णांशुरिव शीतांशुं मृत्पात्रमिद वा पय:।।* યોગવાસિષ્ઠ, ઉત્તર નિર્વાણ પ્રકરણ સર્ગ ૧૩૭, શ્લોક ૨૭. શ્લોક ૨૩માં *रात्राविन्दुभिबार्करुक्* પ્રવેશ કરતી લખી છે.

1. The word which in the Zend corresponds to Sanskrit Rita is Asha - ... Think only what it was to believe in Rita, in an order of the world ... How many, I say, have found their last peace and comfort in a contemplation of the Rita, of the order of the world, whether manifested in the unvarying movement of the stars, or revealed in the unvarying number of the petals, and stamens, and pistils, of the smallest forget-me-not! How many have felt that to belong to this cosmos, to this beautiful order of nature is something at least to rest on, something to trust; something to belive when everytuing else has failed!... What then we have learnt from the Veda is this, that the ancestors of our race in India did not only believe in divine powers more or less manifest to their senses, in rivers and mountains, in the sky and the sea, in the thunder and rain, but that their senses, likewise suggested to them two of the most essential elements of all religion, the concept of the infinite, and the concept of order and law, as reveald before them the one in the golden sea behind the dawn, the other in the daily path of the sun. These two precepts, which sooner or later must be taken in and minded by every human being, were at first no more than an impulse, but their implusive force would not rest till it had beaten into the mind of the fathers of our race the deep and indelible impression that 'all is right', and filled them with a hope, and more then a hope, that 'all will be right.' - *Max Muller's* Lectures on the Origin and Growth of Religion.

१-६ यदा निर्विचारस्य समाधेर्वैशारद्यं जायते तदा योगिनो भवत्यध्यात्मप्रसाद:। भूतार्थविषय: कमाननुरोधी स्फुट: प्रज्ञालोक:। तथा चोक्तम्। प्रज्ञाप्रसादमारुह्य अशोच्य: शोचतो जनान्। भूमिस्थानिय शैलस्थ: सर्वान् प्राज्ञोऽनुपश्यति।। तस्मिन् समाहितचित्तस्य या प्रज्ञा जायते तस्या ऋतम्भरेति संज्ञा भवति। अन्वर्था च सा सत्यमेव विभर्ति। इति योगसूत्रभाष्यं वैयासिकम्।। तत्र वाचस्यत्यम् यथा।। भूतार्थविषय इति नात्माविषय: किं तु तदाधारो बुद्धिसत्त्वं हि प्रकाशस्वभावं सर्वार्थदर्शनसमर्थमपि तमसावृतं यत्र वै रजासोद्घाटयते तत्रैव गृह्यति। यदात्वभ्यासवैराम्याभ्यामपास्तरजस्तमोमलमनवधवैशारद्यमुद्योतते तदास्यातिपतितसमस्तमानमेयसोम्न: प्रकाशानन्त्ये सति किं नाम यन्न गोचरम्।।

१-३. वैषम्यनैर्धृअये नेश्वरस्य प्रसज्येते। कस्मात्सापेक्षत्वात्। सापेक्षोहीश्वरो विषमां सृष्टि निर्मिमीते। विमपेक्षत इति चेत्। धर्माधर्मावपेक्षत इति वदाम: ईश्वरस्तु पर्जन्यवद्दष्टव्य:। यथा हि पर्जन्यो व्रीहियवादिसृष्टौसाधारण कारणं भवति। व्रीहियवादिवैषम्ये तु तत्तदबीजगतान्येवासाधारणानि कारणानिभवन्ति। एवमीश्वरो देवमनुष्यादिसृष्टौ साधारंण कारणं भवति। देवमनुष्यादिवैषम्ये तु तत्तज्जीवगतान्येवासाधारणानि क्रमाणि कारणानि भवन्ति। एवमीश्वर: सापेक्षत्वान्न न वैषम्यनैर्धृण्याभ्यां दुष्यति। कथं पुनरचगम्यते सापेक्ष ईश्वरो नीचमध्यमोत्तमं संसारं निर्मिमीत इति। तथा हि दर्शयति श्रुति:। एष ह्येव साधु कर्म कारयति तं यमेभ्यो लोकेभ्य उन्निनीषत एष उ एवासाधुकर्म कारयति तं यमधो निनीषते।। इति ब्रह्मपूत्रे शांकरभाष्यम्।

४. कूटस्थनित्यता पुरुषस्य। परिणामिनित्यता गुणानाम्। यस्मिन्परिणममाने तत्त्वं न विहन्यते तन्नित्यम्। - योगसूत्रे व्यासभाष्याम्।

૨૬ ચિરંજીવશૃંગના શિખર ઉપર ચંદ્રોદય

ચિરંજીવશૃંગ સુન્દરગિરિનાં સર્વ શૃંગોમાં ઊંચામાં ઊંચું હતું અને યદુશૃંગની પાછળ આવેલું હતું. છતાં યદુશૃંગ અને ચિરંજીવશૃંગ વચ્ચે ઊંચાનીચા ખડકોમાં, ખીણોમાં અને ઝાડો ને તાકોનાં જંગલોમાં થઈને જવાનો બે કલાકનો માર્ગ હતો. એ શૃંગના શિખર ઉપર એક મહાન ગોળ કિલ્લા જેવી પણ સ્વાભાવિક ખડકોની ભીંત હતી, અને બે ગોળ ભીંતની વચ્ચે પહાડના પથરાઓમાં મોટી મોટી ગુફાઓ હતી. આમાંની કેટલીક ગુફાઓ સ્વાભાવિક હતી અને કેટલીક મનુષ્યની કારીગરીએ કોતરી કાઢી હતી. આવી આશરે પચાસ પોણોસો ગુફાઓ હશે. તેની વચ્ચે એક નિર્મળ અને મીઠા પાણીનો સાંકડો ઝરો વરસાદના આધાર વિના બારે માસ રહેતો, અને તેની આસપાસ ઊંચા પથરા આવેલા હોવાથી તેમાં સૂર્યનો પ્રકાશ જતો, પણ તડકો તો ખરા મધ્યાહ્ને પણ જઈ શકતો ન હતો. એ ઝરો દસ પંદર ગુફાઓની વચ્ચે થઈને વહેતો, એક બે ગુફાઓની તો પ્રદક્ષિણા જ કરતો, અને તે છતાં તે કંઈક એવી રીતે આવેલો હતો કે એની એક પાસની ગુફાની એમાં બારી પડતી હોય તો બીજી પાસની ગુફાની પછીત પડે. કેટલીક ગુફાઓની તળે થઈને અને કોઈની વચ્ચે થઈને પણ તે વહેતો હતો.

સર્વ ગુફાઓમાં મોટી ગુફાની ઉપર તો બે માળ હતા અને તેના ઉપર અગાશી હતી. એ અગાશી જાડા પાકા કાળા પથ્થરની હતી અને ત્યાંથી આ શૃંગની અને પર્વતની ચારે પાસ દૃષ્ટિ જતી હતી. એની નીચેની માળ પથ્થરના જાડા જાડા થાંભલા ઉપર હતો અને થાંભલાઓની વચલો ભાગ ઉઘાડો હતો, પણ ચિરંજીવશૃંગના કિલ્લા કરતાં ઊંચો ન હતો. આ માળના થાંભલાઓમાં બૌદ્ધકાળના કેટલાક બનાવોનાં ચિત્ર કોતરેલાં હતાં. તેની નીચેના માળને એક પાસ ભીંત હતી અને ત્રણ પાસ થાંભલા હતા. એ ભીંતે પાંચ યોગરૂઢ પણ ધનુષ્યબાણધારી પુરુષોની મૂર્તિઓ હતી. તેને કોઈક પાંડવોની મૂર્તિઓમાં લેખતા અને કોઈકના મત પ્રમાણે અશોક મહારાજના રાજ્યમાં ને તે પછી મળતા સમાજોના કેટલાક મહાત્માઓની આ મૂર્તિઓ હતી. છેક નીચલા માળને ત્રણ પાસ ભીંતો હતી અને ચોથી પાસ ઝરો હતો. ઝરો અને ગુફા વચ્ચે પગથિયાં અને લાંબા પગ મુકાય એટલા ઓટલા હતા. તે ઓટલા ઉપર ઝરાની લગોલગ થઈ ગુફાની બહાર જવાતું હતું. ઝરાની સામી પાસ મોટી ઊંચી પથ્થરની ભીંત હતી. ઝરામાં વચ્ચે વચ્ચે કમળ હતાં. તેને છેક ઉપલે માળેથી જોડેની ગુફામાં જવા-આવવાનો પથ્થરનો પુલ હતો, અને એ પુલની તળે ઝરો અને બે પાસ આ ગુઓની પછીતોની બારીઓ પુલથી સંધાતી હતી. આ ગુફાનું નામ સૌમનસ્યગુફા હતું.

વિષ્ણુદાસની આજ્ઞા પ્રમાણે સરસ્વતીચંદ્રને આ ગુફામાં આણવામાં આવ્યો. તે વેળા સાયંકાળ થવા આવ્યો હતો, અને સૂર્યાસ્ત થયો હતો પણ

દિવસ દેખાતો હતો. ઝરાની પાસેપાસે થઈને સરસ્વતીચંદ્ર, રાધેદાસ, જ્ઞાનભારતી અને બીજા બે-ત્રણ બાવાઓ આ ગુફામાં આવ્યા. આ બાવાનાં નામ સુન્દરદાસ, સુરદાસ અને માયાપુરી એવાં હતાં. તેઓ મઠના મધ્યમાધિકારી હતા. તેમની સાથે પાણીનાં પાત્ર અને ફલ અને કંદના સંગ્રહ રાખી લીધેલા હતા. ગુફા પાસેના ઓટલાઓ ઉપર સંભાળથી ચાલતા સર્વ પગથિયાં ઉપર ચડી પાસે બેઠા. જ્ઞાનભારતીએ વાત કાઢી:

'નવીનચંદ્રજી મહારાજ, આ ગુફાનું નામ સૌમનસ્યગુહા છે. આ તેના તળિયાનો ભાગ સર્વ પ્રવાસી સાધુઓને માટે છે. ઉપલો ભાગ સિદ્ધદર્શનના અધિકારીઓને માટે છે. અનધિકારી જન માળ ઉપર રાત્રિ ગાળે તો તેને ભૂતપ્રેતાદિ દુષ્ટ સત્ત્વો પ્રત્યક્ષ થાય છે, અને જોનાર બીજે દિવસે ઉન્મત્ત [૧] થઈ પાછો ફરે છે ને ક્વચિત્ જીવ પણ ખૂએ છે. સાધારણ મનુષ્યને આ સ્થાન દિવસે પણ ભયંકર લાગે છે અને સાથે ઝાઝો સંગાથ ન હોય તો લોક એકલદોકલ અહીં આવતા નથી. પણ યોગીજનીને અને તપસ્વીઓને માટે આ સ્થાન ઉત્તમ છે અને અનેક અપાર્થિવ સંસ્કારોનું પ્રદીપક થાય છે. આપને અહીં પંચરાત્રિ ગાળવાની છે તે ઉપલા માળ ઉપર શુભ વસ્તુના વિચારમાં ગાળવાની છે. આપની સેવા માટે અમ સાધુજનો રાત્રિદિવસ આ છેક નીચલે સ્થાને જ નિવાસ કરીશું, બોલાવશો ત્યારે ઉપર આવીશું, અને આજ્ઞા કરશો તેનું પાલન કરીશું.'

આ વાત ચાલે છે એટલામાં ઝરામાંનું પાણી એક સ્વચ્છ પાત્રમાં એક જણે આણ્યું ને સર્વેને પાયું. થોડી વાર બેસી સર્વ ઉપર ચડ્યા. ભીંતમાં ને ભીંતમાં થઈ ઉપર જવાની એક સીડી હતી તે ઉપરથી ઉપલે પ્રથમ માળે અને ત્યાંથી તેથી ઉપલે માળે ચડ્યા. આ માળે થાંભલાઓની આસપાસ અને માળની ચારેપાસે બેઠકવાળી ઓટલો હતો અને વચ્ચોવચ પથ્થરની ઊભી નિસરણી હતી તેમાં થઈને અગાશીમાં જવાનું હતું. અગાશીમાં વરસાદ આવી શકતો હતો તેથી થોડી થોડી લીલોતરી ઊગી હતી. સાધુજનોએ ત્યાં ઝાડીઝાપટી સાફ કર્યું, અને તળેને માળે ઓટલા પણ સાફ કર્યા, પાણીનું પાત્ર મૂક્યું અને ચન્દ્રોદય થતાં પહેલાં આજ્ઞા માગી નીચે ગયા. નીચે જતાં જતાં રાધેદાસ ઊભો રહ્યો ને બોલ્યો: 'જી મહારાજા! આ સ્થાનમાં પ્રતિધ્વનિ એટલો બધો થાય છે કે વાત નહીં. પણ ઉપરના માળનો ધ્વનિ નીચલે માળે સંભળાતો નથી અને અમને બોલાવવા હોય તો નીચેના દ્વારની ભણી, સામા ઓટલા આગળ આવી, ઝરા ભણી નીચું જોઈ, થોડોક સ્વર કરશો તો પણ છેક નીચેથી અમે સાંભળીશું.

સર્વ ગયા. સરસ્વતીચંદ્ર એકલો પડ્યો. મિત્રોના પત્રોનું પોટકું માત્ર તેની બગલમાં હતું. ઉપર જઈ અગાશીમાં ચારેપાસ દૃષ્ટિ કરી તો પૃથ્વીની ગોળ મર્યાદા અને ગોળ આકાશ તેની દૃષ્ટિમાં સમાઈ ગયાં. અગાશી વચ્ચોવચ એક લાંબી શિલા લીલા ઘાસવાળી હતી તે ઉપર બેઠો.

"Now ,

I am the monarch of all I survey ,

My right there is none to dispute !'

કેવું ભવ્ય એકાન્તસ્થાન! ગુરુજીએ મને અહીં મોકલવાનું એક પ્રયોજન કહેલું છે. ચંદ્રાવલીએ બીજું કહેલું છે, અને મારું હૃદય તેમાંનાં એક ઉપર પણ વિચાર કરવાને આજ અશક્ત છે. શા શા વિચાર કરું? ચંદ્રકાન્તના? ગંગાના? સંસારીલાલના? ઉદ્ધતલાલના? તરંગશંકરના? વીરરાવના? ઘરના? પિતાના? ધૂર્તલાલના? ગુમાનબાના? અથવા સર્વ વિચારને ડુબાડનાર કુમુદના?

કુમુદસુંદરી ડૂબી ગયાં! તે અહીં ક્યાંથી હોય? — મધુરીમૈયા સર્વાકારે તેના જેવા છે — તેમનું ગાયન, એ ગાયનનો વિષય, અને તેમનો સ્વર કુમુદસુંદરીના જેવો જ છે! પણ ચંદ્રાવલીમૈયાએ દર્શાવેલા માર્ગ કુમુદસુંદરીનાથી ઊલટા છે — તે તે માર્ગ સ્વીકારે એ અશક્ય છે.

પિતા મારે માટે વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધિસૂચન [૨] છપાવે છે! પ્રમાદધન અને સૌભાગ્યદેવી ગયાં! — સુરગ્રામના મહેતાજીએ વર્તમાનપત્રો વંચાવ્યાં! મારા દેશની રાજકીય વિપત્તિઓ તેણે મારી પાસે ખડી કરી! મુંબઈ! તારા યજ્ઞનો હું ઋણી છું!'

'જાવું છે જી! જાવું છે! જાવું છે જરૂર!'

સુરગ્રામના મંદિરનાં દર્શન પુન: પ્રત્યક્ષ થયાં.

'એક દિન પંખીસેં ઊડ જાવું!'

'પંખી ઝાડની એક ડાળથી બીજીએ ને બીજીથી ત્રીજીએ ઊડીને બેસે તેમ જ મેં કર્યું છે — ચિરંજીવશૃંગ ઉપર હું પક્ષી થઈ આવ્યો — પરમાત્મા! મારે અહીંથી ક્યાં ઊડવાનું છે?'

થોડી વાર વિચારશૂન્ય મૌન ધર્યું. અંતે સુરગ્રામમાંનું પદ સાંભર્યું. 'જલસુત વિલખ ભયે! સુરતબિન જલસુત વિલખ ભયે!'

રાત્રિના જલુસત! કુમુદ! શું તું આમ વિલખ છે? અથવા રાણાએ મીરાંજીને માટે વિષ મોકલ્યું હતું તેમ મેં તારો ત્યાગ કરી પત્ર મોકલ્યો ને પ્રમાદને સોંપી — તે બે કામના બે પ્યાલામાં શું વિષ હતું? — ઉદાર કુમુદસુંદરી! મેં ઝેર મોકલ્યું પણ તમે શું કર્યું? -

'વિખના પ્યાલા રાણાજીએ મોકલ્યા; સાધુસંગત મીરાં અટકી;

હરિચરણામૃત કરી પી ગઈ મીરાં જેસી જાનત અમૃત ઘટકી!'

એ ગાનારીના ઊંડા હૃદયશલ્ય વચ્ચે અને તારા હૃદયશલ્ય વચ્ચે કાંઈ ભેદ નથી! કુમુદ! તારું ઉદારચરિત ચંદ્રાવલી જેવાં વિરક્ત સાધ્વીના હૃદયને કંપાવે તો તેમાં કાંઈ નવીનતા નથી.'

તેના કાનના પડદા સાથે બિન્દુમતીનો સ્વર ઝપટાયો:

'વૃંદાવનમેં મિલ ગઈ મોહન,

છુપ રહી રાધે જ્યું પ્યારી!

આવત મોરી ગલિયનમેં ગિરધારી! '

સરસ્વતીચંદ્ર ચમક્યો. 'એમ જ શું કુમુદસુંદરીને છુપાયેલાં મારે જોવાનાં રહ્યાં? એ મને શું કહેશે? હું એમને શો ઉપદેશ કરીશ? કેવી ક્ષમા માગીશ? બુદ્ધિધનના ઘરમાં જે અંકુશ હતો તેથી હું અને એ ઉભય આ સ્થાનમાં મુક્ત છીએ. એ મુક્તપણું તે જ ભયરૂપ છે. પ્રીતિયજ્ઞ-અદ્વૈતયજ્ઞ-વિહારપુરી અને ચંદ્રાવલીના જેવો — શું અમારાથી સાધ્ય નહીં થાય? પ્રમાદ ગયો — લક્ષ્યધર્મ અને પાશ્ચાત્યધર્મ જુદે જુદે માર્ગે લઈ જઈ એક જ સ્થાનમાં આણે છે! આર્યસંસારના વ્યવહારનું ધર્મશાસ્ત્ર જુદું છે. આ ભેખ લઈ મે સંસારના વૈભવનો ત્યાગ કર્યો છે — સંસારના ધર્મનો ત્યાગ નથી કર્યો. સંસારના સંપ્રત્યયથી હજી મારું હૃદય મુક્ત થતું નથી. ત્રણે સ્થાનના ધર્મ જળવાય એવો શો માર્ગ લઉં? — કુમુદ! તારા મનમાં શું હશે? તારા હૃદયમાં લખભોગની વાસનાઓ ભરી હોય તેને તૃપ્ત કરવામાં મારે જે ધર્મસંકટ હતું તે પ્રમાદના મૃત્યુથી શાંત થયું છે. જો મેં કરેલા પાપને લીધે હવે મારો ધર્મ તને તૃપ્ત કરવાનો જ હોય તો લોકાપવાદનો ભય માથે વહોરી લેવો એ ધર્મ પણ શું પ્રાપ્ત થતો નથી? તારી આવી વાસનાઓનો નાશ કરવાનો તારા ઉપર બલાત્કાર કરવો એ શું મારે માટે ધર્મ્ય છે? — અથવા આ સર્વ વિચારો શું મારા પોતાના જ હૃદયમાંની અજ્ઞાત વાસનાનો અજ્ઞાત ઉદય નથી જણાવતા? Is not my wish rather to these thoughts? Or, rather, am I not now succumbing to the rush of my own latent will-power itself? Heaven knows whither I am drifting !'

ચંદ્રોદય થયો. ચૈત્ર સુદ એકાદશીની આ રાત્રિ હતી, અને પોણું ભરેલું ચંદ્રબિમ્બ પૂર્વદિશાની ક્ષિતિજરેખાથી કેટલેક ઊંચે ઊગ્યું અને સૌમનસ્યગુહાની અગાશીમાં તેનાં કિરણ વાડાં ઊંચાં થઈ આવવા લાગ્યાં. પર્વતની પૂર્વ તળેટીનો અને રત્નનગરીના માર્ગનો તેમ મૃગજળનો દેખાવ રાત્રિથી ઢંકાતો હતો, છતાં ચંદ્રિકાથી નવીન સ્પષ્ટતા ધરતો હતો. સ્ત્રીના અંગને ન ઢાંકે ને ન પ્રત્યક્ષ કરે એવી ઝીણી મલમલની મોટી ચાદર પેઠે સૃષ્ટિ ઉપર ચંદ્રિકા ઢંકાતી હતી અને ચતુર રસિક જનની આંખને અણસારા કરતી હતી. સરસ્વતીચંદ્ર અગાશીની પશ્ચિમ પાસે ગયો. પોતાની ગુફાની પાછળ ઝરો, તેની પાછળની ગુફાની ઊંચી પછીત, એ પછીતમાંની એકલ

બારી, અને પછી તો વચ્ચેની પુલ, એ એકાંત શાંત દેખાવથી એનું હૃદય કંઈક શાંત થયું. એ શાંતિથી, માખીઓ ઊડી જાય એમ, વિચાર શાંત થયા અને છેક આઘે પશ્ચિમ સમુદ્રની કાળી રેખા જોવા લાગ્યો. આખ એ જ દિશાએ ઠરી અને પોતાની ગુફાથી સમુદ્રરેખા સુધી હેરાફેરા કરવા લાગી. એ હેરાફરા કરતાં જોડેની ગુફાના મથાળાના ધાબામાંના દાદર જેવા ભાગમાં દીવાનો પ્રકાશ દેખાયો. એ પ્રકાશથી વળી વિચાર જાગ્યા. વિચાર જાગતાં વચલા પુલ આગળથી બારીમાં દૃષ્ટિ પડી ને પુલ ઉપર પડી. બારીમાં દીવાનો પ્રકાશ દેખાયો. એ પ્રકાશ પુલ ઉપર લંબાતો હતો. પુલ બાળકના ઘોડિયાના આકારનો, વગર ઘડેલી શિલાઓ ગોઠવી કરેલો હતો. સરસ્વતીચંદ્ર અગાશીમાંથી નીચે ઊતર્યો અને પોતાના ભણીની પુલની પાસની બારીમાં દૃષ્ટિ કરે છે તો તેમાં સ્ત્રીનો આકાર, દેખાયો, દેખાતાં એ પળવાર ઓઠે આંગળી મૂકી ઊભો રહ્યો, ને તરત જ દૂર ખસી ગયો.

ઉત્તર પાસને ઓટલે ઉશીકાને સ્થાને એનું પોટકું હતું. સાધુજનોએ એના શયનને માટે પથ્થરના ઓટલા ઉપર એક ભગવું વસ્ત્ર પાથર્યું હતું અને પાસ જળફળ રાખ્યાં હતાં. ત્યાં આગળ એ વિચારમાં પડી બેઠો. પોતે વિચારમાં છે કે વિકારમાં તેનો વિચાર કરવા લાગ્યો. પુલ ભણીથી આંખને પાછી ખેંચી લીધી, પણ કાન તો એણી પાસ જ રહ્યા. ચંદ્ર ઊંચો ચડ્યો અને આ માળમાંથી પણ દેખાવા લાગ્યો. પર્વતના શિખર ઉપરનો પવન સમુદ્રનાં ઊછળતાં મોજાં પેઠે ગાજવા લાગ્યો. તાકોનાં ને ઝાડોનાં પાંદડાંના ખડખડાટ કાનમાં વીંઝાવા લાગ્યા. સરસ્વતીચંદ્ર એકલા ચંદ્રને જ જોઈ રહ્યો અને સ્વરમાત્રને સાંભળવા લાગ્યો. પુલ ભણીથી પણ કંઈક સ્વર આવવા લાગ્યા, આવતા સાથે હૃદયને ઉછાળવા લાગ્યા, અને ઊછળેલા હૃદયમાંની જિજ્ઞાસાએ એને ઉઠાડ્યો, પુલ પાસે આણ્યો, અને સર્વ સ્વરોને ભુલાવી પુલ ભણીથી આવતો સ્વર સાંભળવા તેને પ્રેર્યો. પુલની પેલી પાસ બારીમાં દીવાના પ્રકાશ વિના કાંઈ દેખાતું ન હતું, આણીપાસની બારીની સાખ સાથે લપાઈ બાઝી રહી, કાન અને હૃદયને ઊંચાં કરી, અન્ય વિચારોનો ત્યાગ કરી, આતુરતાની મૂર્તિ જેવો સરસ્વતીચંદ્ર પથરાઓમાં પથરા પેઠે જડ જેવો સ્તબ્ધ થઈ ઊભો રહ્યો.

---

૧ . ગાંડો.

૨ . જાહેરખબર

૨૭ ગુફાના પુલની બીજી પાસ

સૌમનસ્યગુહાની પાછળની ગુફામાં સાધ્વીજનોએ કુમુદસુંદરીને ગુફાદર્શનને નિમિત્તે આણી હતી. ભક્તિમૈયા, વામની આદિ દશેક શરીરે બળવાળી સાધ્વીઓએ અનેક ગુફાઓ દેખાડી અંતે પુલની પાછળની ગુફામાં એને આણી. ચૈત્ર સુદમાં આ ગુફાની પાછળના એક વૃક્ષમાં અનેક પક્ષીઓ ભરાતાં અને તેમાં કોયલો પણ ઘણી આવતી. હજી વસંતઋતુ ગણાતી હતી અને આજની રાત્રિ આ સુંદર સ્થાને ગાળીશું એવો સંકેત તેમણે કુમુદ સાથે પ્રથમથી જ કર્યો હતો.

આ ગુફાનું નામ વસંતગુહા હતું અને તેનું બંધારણ સૌમનસ્યગુહાના જેવું જ હતું. માત્ર એનું સ્થાન જરી નીચાણમાં હતું અને તેને લીધે આખી ગુફા જોડેની ગુફાઓથી નીચી લાગતી.

સાધ્વીઓએ એ રાત્રિચર્યાને માટે ફલાહાર અને શયનવસ્ત્રો રાખેલાં હતાં તે સર્વ નીચલે માળે રાખી ઉપલે માળે આવ્યાં અને એક ઓટલા ઉપર બેસી બહારનું સૃષ્ટિસૌન્દર્ય જોવા લાગ્યાં. કુમુદ તેમાં ભાગ લેતી હતી. અંતે વાર્તાવિનોદ પણ બંધ રહ્યો અને સર્વ માત્ર જોવામાં લીન થયાં. કેટલીક વાર આ મૌન રહ્યું. અંતે સાયંકાળ થયો અને એક જણીએ દીવાસળી વતે, એક કોડિયામાં વાટ મૂકી સળગાવી. સળગાવતી સળગાવતી તે બોલી:

‘મધુરીમૈયા! ગુરુજીએ નવીનચંદ્રજીને શૃંગ ઉપર પંચરાત્રિ વાસ આપવો કલ્પેલો છે તે આ જ. આની જોડેની ગુફામાં જ તે હશે અને નહીં હોય તો આવશે. અમે આખી રાત્રિ નીચલે માળે ગાળીશું અને તને આ સ્થાનમાં જ આખી રાત્રિ રાખીશું. આ તારી પાછળ તારા શરીરને યોગ્ય મૃદુ શય્યા છે અને આહારફળ અને જળ છે, અને દીપ છે. અમે તને આ સ્થાને તારા ભાગ્યને આશ્રયે એકલી મૂકી નીચે ચાલ્યાં જઈશું.’

કુમુદ ભડકી, ‘શું બોલો છો? તમે મને છેતરી! આ ભયંકર સ્થાનમાં હું એકલી કેમ રાત્રિ ગાળવાની હતી? હું તમારી સાથે નીચે જ આવીશ.’

‘મૈયા! સાધુજનને આ સ્થાનમાં ભય નથી. તેમાં તને ભય લાગશે તો તેમાંથી તારનાર હૃદય પાસેથી જ જડી આવશે.’ પ્રીતિમાનિની બોલી.

‘મધુરી, આપણા સ્ત્રીના હૃદયતંત્રનો સ્વભાવ આવે પ્રસંગે જ વિપરીતકલ્પક અને વિપરીતકારી થાય છે. તને અમે છેતરી નથી.’ ભક્તિમૈયા બોલી.

કુમુદ — ‘ત્યારે મને વગર સૂચવ્યે નિમિત્ત કાઢી અહીં કેમ આણી?’

ભક્તિમૈયા — ‘ચંદ્રાવલીમૈયાએ તારી ચિકિત્સા અને તારું ઔષધ યોજ્યું છે તે તું જાણે છે. મોહનીમૈયાએ તારા અભિસરણનો માર્ગ આ

ઔષધના સાધન માટે સૂચવેલો તે પણ તું જાણે છે. ચંદ્રાવલીમૈયાએ તારું દૂતીકર્મ કર્યું અને વિહારપુરીજીની સહાયથી આ સ્થાનમાં નવીનચંદ્રજીને જે સિદ્ધિ માટે મોકલવા ગુરુજીની આજ્ઞા મેળવી છે તે તેં ગુરુજીને સ્વમુખે જ સાંભળ્યું. કહે વારુ, હવે તે તને બીજી કઈ સૂચના બાકી રહી કે તારી વંચના કર્યાનો આરોપ સાધુજનોને શિર મૂકે છે?'

કુમુદ — 'મારી સંમતિ વિના કંઈ પણ કરવાનું નથી એમ મને ચંદ્રાવલીમૈયાએ સ્પષ્ટ કહ્યું હતું,'

ભક્તિમૈયા — 'અને હજી સુધી અમે સર્વ તને એ જ કહીએ છીએ.'

કુમુદ — 'તો અહીં આણવામાં મારી સંમતિ કેમ ન લીધી?'

ભક્તિમૈયા — 'મધુરીમૈયા! ચંદ્રાવલી અને મોહની જેવી નિપુણ વિદુષીઓ તારા જેવી મુગ્ધાઓના હૃદયના મંત્ર વધારે સમજે છે ને તારા મુખની સંમતિ શોધતાં નથી પણ તારા હૃદયની સંમતિને બહું સૂક્ષ્મ કળાથી જાણી શકે છે.'

વામની — 'મધુરી! શું તું એ મહાશયાઓને શિર તારા હૃદયથી આરોપ મૂકે છે? તો જો ચંદ્રાવલીમૈયા અને વિહારપુરીજીએ તારું સંયુક્ત દૂતકર્મ કર્યું તેથી તું અજાણી રહી નથી. અમે તારું સખીકૃત્ય કરીએ છીએ તે પણ ગાજી વગાડીને કરીએ છીએ. અમારાં જેવાથી આરંભી, ગુરુજી જેવાએ જે જે સૂચનાઓ તારા દેખતાં કરેલી તે ભક્તિમૈયાએ તને કહી બતાવી. એ સર્વ જાણીને, જેવી રીતે માજીના મંદિરમાંથી તું યદુશૃંગ ઉપર ચડી આવી તેમ યદુશૃંગ ઉપરથી આ શૃંગ ઉપર ચડી આવી. આથી તે વધારે શું સંમતિને માથે શીંગડાં ઊગતાં હશે?'

કુમુદસુંદરી વિચારમાં પડી, બોલ્યા વિના નીચું જોઈ રહી. પ્રીતિમાનિનીએ તેને વાંસે હાથ ફેરવવા માંડ્યો.

'બેટાં મધુરી, તું કોઈ રીતે ગભરાઈશ નહીં. તારી ઇચ્છા જવાની હશે તો પ્રાત:કાળે અવશ્ય જઈશું. પણ દુષ્ટ સંસારે અનેક વંચનાઓની, જાળ રચી તારા હૃદયમાં અમૂંઝણ ભરી દીધી છે ને આ મહાત્મા જોડે આટલા આટલા માસ સુધી તને વાત સરખી પણ કરવા દીધી નથી — એક ઘડી હૃદય ઉઘાડવાનો અવસર આપ્યો નથી — તેની સાથે બે ઘડી આજની રાત તું બોલી લે, તારે કહેવાનું તે કહી લે, ને તેને કહેવાનું હોય તે સાંભળી લે. આથી બીજું કાંઈ પણ કરવાનું અમે તને કહેતાં નથી. તારી સૂક્ષ્મ પ્રીતિનું ફળ તું આટલાથી મેળવીશ અને પછી પ્રાત:કાળે તું કહીશ તો ચંદ્રાવલીમૈયા તને માજી પાસે લઈ જશે.'

કુમુદ બોલ્યા વિના નીચું જોઈ રહી અને એનું સ્મરણ આ વાક્યમાંનું સત્ય સ્વીકારતું હોય તેમ બુદ્ધિધનના મંદિરમાં પોતે ગાયેલી કડીઓ અત્યારે હૃદયમાં જ ગાવા લાગી:

'પૂર્વ જન્મનો સંબંધો તે ખડો હૃદયમાં થાય!

જીવતી પણ જડસમી પ્રિયમૂર્તિ જોઈ નયન અકળાય!

પરિચિત પ્રિય રહી ઊભો પાસે નહીં બોલે, નહીં બોલું!

અપ્રસંગ ભજવતું ચિરાતું મર્મસ્થળ ક્યાં ખોલું?' [૧]

બુદ્ધિમૈયા નામની સાધ્વી સૌની પાછળ બેઠી હતી તે બોલી:

'મધુરીમૈયા! જે પંચયજ્ઞનો ઉપદેશ નવીનચંદ્રજીને મળ્યો છે તે જ તારા શ્રવણપુટમાં મધુધારા પેઠે ટપકેલો છે. એ મહાત્મા સાથે મહાયજ્ઞોમાં સહચારિણી થવાનો અદ્વૈત પામવાનો લોભ શું તને નથી થતો? એ યજ્ઞોમાં એ મહાત્માની વેદી આન્તરાગ્નિથી તપ્ત અને દીપ્ત બને અને તેનું સૂક્ષ્મ શરીર સંભૃત થઈ હોમાય ત્યારે તે વેદીનું અને પશુનું શું તારે આપ્યાયન નથી કરવું?'

કુમુદસુંદરી — 'એ અધિકાર આપવાના અધિકારીએ જ્યાં સુધી મને અધિકાર આપ્યો નથી ત્યાં સુધી સર્વ વાત વૃથા છે. મારે એ અધિકાર શોધવો નથી.'

પ્રીતિમાનિની — 'એ સત્ય છે, એટલા માટે જ અમે તને અહીં એકલી મૂકીને જઈશું. તારી ઇચ્છા હોય અને તું અમારી સાથે સંદેશો મોકલીશ તો અમે તે લઈ જઈશું ને ઉત્તર આણીશું. તેમ ન કરવું હોય તો અહીં બેઠી બેઠી તું જે કંઈ ઉચ્ચારીશ કે ગાઈશ તે જોડેની ગુફામાં બેઠા બેઠા નવીનચંદ્રજી જરૂર સાંભળશે. તેમને તારું અભિજ્ઞાન થશે તો અદ્વૈતબળે કે પ્રતિબળે, રસબળે કે દયાબળે, સાધુજનોની યોજનાને બળે કે ગ્રહદશાને બળે, પણ સર્વથા શ્રી લક્ષ્યરૂપ ઈશ્વરની ઇશ્છાને બળે આ મહાત્મા તારા હૃદયને શીતળ ને શાંત કરવા આવશે. તે ન આવે તો — માનિની! — તું એમની પાસે જઈશ નહીં અને પ્રાત:કાળે તું કહીશ ત્યાં જઈશું. ત્યાંસુધી મન:પૂત કરી જે વસ્તુ સૂઝે તે આદરજે.'

સર્વ ઊઠ્યાં અને કુમુદને એકલી મૂકી નીચે ચાલ્યાં ગયાં. કુમુદે તેમની પાછળ ઊઠવા પ્રયત્ન કર્યો, પણ તેનું શરીર પૃથ્વી સાથે ચોંટ્યું હોય એમ થયું ને એની ઇચ્છાને વશ થયું નહીં. ચારે પાસે રાત્રિ અને ચંદ્રિકા એકઠાં નીતરતાં હતાં, અને ઊઠવા ઇચ્છનારીને પૃથ્વી સાથે દાબી દેતાં હતાં. અંતે તે ઊઠી પણ એના ચરણ દાદર પાસે ન જતાં પુલ ભણીની બારી ભણી વળ્યા. બારી બહાર દૃષ્ટિ જતાં પાછી વળી અને દૃષ્ટિ કરનારી ઓટલા ઉપર બેઠી અને છાતીએ હાથ મૂકી ત્યાં બેસી જ રહી.

એના હૃદયમાં શું હતું તે એ પોતે જ સમજતી ન હતી. એ વિચારને વશ છે કે વિકારને વશ છે તે એના શરીર ઉપરથી જણાય એમ ન હતું. પણ બિન્દુમતીએ એને એકલી મૂક્યા પછી એણે કવિતા જોડી કાઢી હતી. તેમાં અર્ધી કવિતા તરંગશંકરની જોડેલી હતી. અંગ્રેજ કવિ ગોલ્ડસ્મિથના ‘હર્મિટ્’ નામના લઘુકાવ્યનું તરંગશંકરે રૂપાન્તર [૧] કર્યું હતું તેની એક પ્રતિલિપિ [૨] રત્નનગરીમાં સરસ્વતીચંદ્રે કુમુદને આપી હતી. તેમાંથી અર્ધો ભાગ રાખી બાકીના અર્ધા ભાગની કવિતા કુમુદે પોતે જોડી ઉમેરી હતી. આ કવિતા સરસ્વતીચંદ્ર સાંભળે એમ અત્યારે ગાવા ઉપર એનું ચિત્ત વળ્યું, વળેલું ચિત્ત પાછું ફર્યું. ન ગાવાનો નિશ્ચય થયો.

‘એક વાર અગ્નિનો અનુભવ કર્યો. બીજી વાર એ અગ્નિમાં પડવાની કાંઈ આવશ્યકતા નથી.

હવે એ કાંઈ મુંબઈ જાય એમ નથી. આવા વિરક્ત પદનો સ્વીકાર કરી હવે કંઈ એ તેનો ત્યાગ કરવાના હતા? અહીં જ સુખી થશે. મારા વિના તે સુખી છે અને એમના વિના હું — સુખી તો નથી — પણ સંતુષ્ટ રહીશ અને માજીના ચરણમાં હૃદયનો યોગ કરીશ.’

થોડી વાર તે બેઠી, વળી ઊઠી, ગુફાની ત્રણે ઉઘાડી પાસ દૃષ્ટિ કરવા લાગી, ચંદ્ર દીઠો ને ચમકી, પુલની બારી ભણી વળી, ત્યાં ઊભી રહી, પુલની પેલી પાસની છાયા દીઠી, વળી ચમકી, વળી પાછી વળી અને વચ્ચોવચ એક પથ્થર ઉપર બેઠી.

ઓઠે આગળી મૂકી — ‘પ્રસંગ ગયો મળવાનો નથી. ઈશ્વરે જ જ્યારે ધકેલી ધકેલી અહીં સુધી મોકલી છે ત્યારે હું તેની ઇચ્છાને વશ થઈ પ્રસંગનો લાભ લઈશ. જો મારું જ મન પવિત્ર છે તો સરસ્વતીચંદ્રને તેનાથી શો ભય હતો અને મને પણ શો ભય હતો? પણ એટલું તો ખરું કે મારા મનના ગૂંચવાડાની ગાંઠો તેમનાથી જ ઊકલશે અને — સુખ તો આ અવતારમાં નથી પણ — ધર્મ અને શાંતિનો માર્ગ તેઓ મને બતાવી શકશે.

પણ મારે માટે તેમને હલકો વિચાર આવશે. મારે માટે તેમણે શું ધાર્યું હશે અને શું ધારશે? ઈશ્વર જાણે.

માજી! મને જિવાડી છે તો જીવનનો વિધિ દેખાડો.

એ તો એ જ.’

થોડીવાર તે બેસી રહી અને અંતે હિંમત આણી. મુખ ઊઘડી ગયું અને ગાવા લાગ્યું.

---

૧. પ્રથમ ભાગ, પ્રકરણ ૧૯.

૧. દેશકાળને અનુકૂળ રૂપવાળું ભાષાંતર. ૨. નકલ

૨૮. હૃદયની વાસનાનાં ગાન

અથવા

ચેતન વિનાની વૃત્તિ-ઉક્તિ અને શ્રોતા વિનાની પ્રત્યુકિત

"More close and close his foot-steps wind ;

The Magic Music in his heart

Beats quick and quicker, till he find

The quiet chamber, far apart .'

- Tennyson's Day-Dream

'સજ્જન! બાતાં સ્નેહકી ઈસ મુખ કહી ન જાય!

મૂગેકું સુપનો ભયો! સમજ સમજ પસ્તાય!'

- લૌકિક

'इत्थं त्वयैव कथितप्रणयप्रसादः।

संकल्पनिर्वृतिषु संस्तुत एष दासः॥'

- मालतीमाधवम्

વસન્તગુફામાંથી નીકળતો કુમુદનો સ્વર પુલની વચ્ચે થઈ સૌમનસ્યગુફામાં જવા લાગ્યો; કુમુદની હૃદયગુફામાંથી નીકળી સરસ્વતીચંદ્રની હૃદયગુફામાં જવા લાગ્યો અને પ્રતિધ્વનિના ચમત્કારને વીજળી પેઠે ચમકાવવા લાગ્યો. કુમુદનો સ્વર સરસ્વતીચંદ્ર ન ઓળખે એવું હોય નહીં — જે સ્વર કુમુદ દૂર હતી તે કાળે એના કાનમાં ભણકારા ભરતો હતો અને વાંસળી પેઠે મધુર ગાન કરતો હતો તે સ્વર જાતે કુમુદના સ્વમુખમાંથી જ પ્રત્યક્ષ થાય ત્યારે એ ભણકારાના રસિકના હૃદયમાં શો ધમધમાટ થાય તેની તો માત્ર કલ્પના જ થાય એમ છે — તેનું શુદ્ધ સ્વરૂપ સમજાય એમ નથી તો તેનું વર્ણન તો શી રીતે સંપૂર્ણ થાય? એ હૃદયનું હૃદય, એ હૃદય ધરનારીનો કોમળ કંઠ, અને ચંદ્રોદયની વેળાએ આ ગુફાઓ જેવું એકાન્ત! ગાન એ સર્વના સંયોગરૂપ જ હતું.

[૧] *'જોગીરાજ! ઊભા રહો જરી,*

મને વાટ બતાવોની ખરી;

પડી વનમાં આ રાત અંધારી,

ભમું એકલો ઘરને વિસારી.'

સરસ્વતીચંદ્ર નરજાતિ વાચક ‘એકલો’ શબ્દ સાંભળી ચમક્યો. ‘શું આ કોઈ પુરુષ ગાય છે?’ ગાન વાધ્યું:

‘નથી પગલાં ઊપડતાં મારાં,
થાકે આવે છે આંખે અંધારાં,
પંથ પૂરો થતો નથી આજ,
વાધું હું ત્યાં વધે વનવાટ!’

‘My lord ! આ તો તરંગશંકરનું કાવ્ય — કુમુદને જ આપેલું તે! કુમુદ વિના બીજું કોણ ગાય? પણ હું આ સ્થાને છું તે શું એને ખબર નહીં હોય?’ સરસ્વતીચંદ્રના વિચાર ગાનની કડીઓએ અટકાવ્યા.

‘દીવા જવું પણે દેખાય,
જવા ત્યાં મુજ મન લલચાય.
ત્યાં તો રહેતા હશે કોક સંત,
મારા દુ:ખનો આણશે અંત.
જોગીરાજ! એ વાટ બનાવો;
દયા એટલી મુજ પર લાવો.’

સરસ્વતીચંદ્ર —’નક્કી! આ સંબોધન મને તો નથી જ કર્યું — ચાલો, હવે એ સંબોધનને ઉત્તર મળશે.’

સ્વર વાધ્યો:

‘જોગી બોલ્યા: ‘બંટા! રખે જાતો,
એણી પાસ રખે લલચાતો;
એ તો ભૂતનો ભડકો જાણ,
બોલાવે ન કરે પછી હાણ.
ભૂખ્યાં તરસ્યાંને આદર આપે,
લૂખું સૂકું મળે તે જમાડે,
એવી આ છે ગુફા મુજ રંક;
બેટા, તેમાં તું આવ નિઃશંક
ફળ ને વણખેડેલું’ ધાન.
શય્યા કાજ કુળાં ઘાસપાન,

રૂડાં ઝરણનું નિર્મળ પાણી,

સુખ શાંતિ, ને આનંદવાણી;

એવું અક્ષયપાત્ર છે અહીં,

હરિ પ્રત્યક્ષ થાય છે સહી.

બેટા, એવા આશ્રમમાં તું આવ્યો,

ગયો સમજ ચિન્તાતણો વારો.'

'હું ઇચ્છું છું કે હું તને એવો જ બોધ આપી શકું!' સરસ્વતીચંદ્ર બોલ્યો.ગાન તો ચાલ્યું જ:

'દુ:ખ સંસારનાં નથી સાચાં;

મન માનવનાં એક કાચાં;

મળે કોળિયો ઉદર ભરાય,

તસુ પૃથ્વી સારે સૂવા કામ;

પળ વાર છે કરવો સમાસ,

તોય મન ન ઠરે કરી હાશ.

પ્રભુએ તો સરજેલું છે સુખ!

મન મનનું ઓળી લે છે દુ:ખ!

નિશાકુસુમ [૧] સરે શાંત શાંત,

તેમ જોગી બોલ્યા શબ્દ દાન્ત.

આગળ પાછળ ચાલ્યા બેય,

ઝાંપો ઉઘાડી પેઠા છેય,

રાત વાધી વંઠેલાં ખેલે,

અન્ય સૌ પડ્યાં નિદ્રામાં મેળે;

તેવે સમે જાગે જોગીરાજ,

ધીમે તાપે કરે સ્વયંપાક. [૨]

તપે અંગારા એકાંત શાંત,

રંગ આપતો મંદ પ્રકાશ,

ધીમે ધીમે બળે છે કાષ્ઠ,

ધીમો ધીમો બોલે એનો તાપ;

બોલે તોરી ભરાઈ ભીંતમાંહ્ય,

દોડે અહીં તહીં ખેલે માર્જાર;

દ્વાર વાગે વાંસળી સમો વાય,

પહોર રાતના ચાલ્યા જાય.'

પવનનો સ્વર પુલની બે પાસની બારીઓમાં ગાજતો ગાતો જતો હતો અને બે પાસનાં હૃદય ચીરતો હતો — રાત પણ વધતી હતી.

'જોગી આ સૌ શાંતિ ઝીલે છે,

શાંત વાતો કરતા ખીલે છે.

ધીમું ધીમું બોલે ને હસાવે,

થાકેલાનો થાક નસાડે.

કથા ગોષ્ઠી કંઈ કંઈ કાઢે,

બોધ આપે ને શાંતિ પમાડે.

અન્ન મધુરું જમે ને જમાડે,

એ પર અતિથિને રુચિ કરાવે.'

'કુમુદ! કુમુદ! પંચમહાયજ્ઞનો ઉપદેશ સાંભળ્યા પછી આતિથેયધર્મના આટલા આવા મધુર વિધિ તું મને બતાવતી નથી તો કોને બતાવે છે? કુમુદ, દુ:ખી પ્રવાસી કુમુદ, સાધુજનોનું આતિથેય તને શાંતિ પમાડી શક્યું નથી જ. નક્કી, આ નવો ધર્મ મારે શિર ઉદય પામે છે — પણ -' સરસ્વતીચંદ્ર એટલું મનમાં બોલ્યો. પણ કાન તો ઉઘાડા જ હતા. તેમાં કુમુદના સ્વર જતાં અટક્યા નહીં.

'પંથી ખાધું ન ખાધું કરે છે,

પંથી સુણ્યું ન સુણ્યું કરે છે,

ઊંડા વિચારમાં પડી જાય,

ગાલે ઊતરે છે આંસુની ધાર.'

સરસ્વતીચંદ્ર — 'શું તારી આ દશા છે?'

ઉત્તરમાં ગાન જ વાધ્યું:

'એની દેખી દશા એવી જોગી,

દયા આણી થયા દુ:ખભોગી.

અન્ન પડતું મૂકી પાસે આવ્યા,
ફરી ફરી વળી પૂછા લાગ્યા:
‘બોલ બેટા, તને શું થાય?
તારે હૈયે શાનો પડ્યો ઘા ય?
ઘરનો વૈભવ ત્યજી અહીં આવ્યો?
ઓછું આવ્યું કે કોઈએ કાઢ્યો?
દગો દીધો કો મિત્રે શું ભાઈ?
મળી કઠણ હૃદયની શું નારી?
બેટા! વાત વિચાર તું સાચી,
માયા સંસારની બધી કાચી,
કહાને લક્ષ્મી તો ચંચળ નારી,
નાસી જાય; દઈ હાથતાળી,
સુખ એનું કરે ચમકાર,
જોતા જોતામાં થાય અંધાર;
સુખ એનું તો મૃગજળ જોવું,
થતાં સમીપ પડે ખોટું એવું.
મિત્રતામાં યે મળે ન કાંઈ,
એ તો સ્વાર્થની છે જ સગાઈ;
એને નામે ભુરકાય તે ભોળા.
એને વિશ્વાસે રહે તે તો રોળા;
લક્ષ્મી તે કીર્તિ જ્યાં જ્યાં જાય,
છાયા જેવા મિત્રો પૂંઠે થાય;
જે એ છાયાને ઝાલવા જાય,
ઘસે હાથ ને ખતા તે ખાય
સ્ત્રીની પ્રીતિ તો એથી યે ખોટી;
મોહજાળ નાંખે, જોતી જોતી;
જાળ નાંખે, જોતામાં ફસાવે,

ફાવે ત્યાં જ એ ધુતકારી નાંખે;
કહાવે અબળા ને નરને નચાવે,
ગોરી ગુમાનભરી પછી રાચે;
નરના દુખની મશ્કરી કરતી,
નારી પ્રીતિ ખરી નવ ધરતી.
પ્રીતિની હૂંફ પંખી ધરે કો,
સુરલોકમાં હો કે નહીં હો.
પ્રીતિને નામે સળગાવી આગ,
નારી નરને કરે છે ખાખ;
મોહમાયા ને જોગણી કહાવે,
નારી નરને ન જંપે સૂવા દે.
બેટા! શાને વેઠવી એની શૂળો?
એની પ્રીતિમાં મૂકની પૂળો.'

આ છેલ્લી કડી મોટે ઊછળતે સ્વરે ગવાઈ:

'જોગી બોલતો ઉશ્કેરાય,
પંથી સાંભળતો શરમાય;
નીચું જુએ તે ડસડસી રુવે,
ગાલે નારંગીનો રંગ ચૂવે.
વ્હાણે નાજુક વાદળી ચાલે,
રંગ ઊજળા પળેપળ ફાલે,
સુંદરતાના લલિત ચમકાર,
અંગે ઊઠતા તેવા જણાય;
જોગી જુએ છે, આભો બને છે,
પંથી નવો નવો વેશ ધરે છે.'

સરસ્વતીચંદ્ર પુલ ઉપર આકર્ષાયો ને તેની આંખો અંદરના રૂપ ઉપર આકર્ષાઈ.

'આંખો ચંચળ થઈ ચળકે છે,

ઓઠ કૂંપળો પેઠે ઊઘડે છે;

પંથી સુંદરીરૂપ થઈ જાય,

જોગી ભડકે, ઊંચો નીચો થાય.'

સરસ્વતીચંદ્ર પુલની પેલી પાસની બારી બહાર સાખમાં લપાઈ પુલમાં ઊભો ને કાન અને આંખો માંડ્યાં. 'કુમુદસુંદરી! જાતે પોતાનો જ દોષ કાઢનારી અને પ્રિયજનની દયા જ જાણનારી આ મહાશયાના ચિત્ત જેવું ચિત્ત તમારું છે તેમ તેના જેવું જ આ તમારું રૂપ હું અત્યારે પ્રત્યક્ષ કરું છું. પણ સ્ત્રીની પ્રીતિનો આવો તિરસ્કાર મેં કદી કર્યો નથી, અને જો એ તિરસ્કારબુદ્ધિથી મેં તમારો ત્યાગ કર્યો તમે સમજતાં હો તો તેના આરોપમાંથી મુક્ત થવાનો મારો ધર્મ મને તમારી પાસે મોકલશે.' કુમુદ છત સામું જોઈ, છાતીએ હાથ મૂકી, આંસુ લોહતી લોહતી ને વચ્ચે વચ્ચે ઉશ્કેરાતી ગાયાં જ જતી હતી.

'હાથ જોડી રોતી બોલી બાળા:

ક્ષમા કરજો મને, જોગીરાજા!

જગપાવન ને નિર્વિકાર

શાન્ત દાન્ત વસો યોગીરાજ,

એવા દિવ્ય આશ્રમની માંહ્ય

પગ મુક્યા પાપણીએ આજ.

તમ દર્શનનો અધિકાર,

નથી જેને, એવી હું છું નાર.'

સરસ્વતીચંદ્ર મનમાં ગાજી ઊઠ્યો અને અધિકાર આપવા લાગ્યો: 'ના-ના-કુમુદ! તું પવિત્ર છે તે હું જાણું છું — જગત ભલે બડાશો મારતું કે તને સૌભાગ્યદેવીથી ઊતરતી ગણતું. પણ તારે જ વિકટ સૂક્ષ્મ પ્રસંગો આવી ગયા તેમાં પણ જય પામનારી સતી તો તું જ છે. અગ્નિમાં ચાલી છે તે તું! પાપી તો હું જ છું કે જણે તને અવદશામાં આણી અને તેમાંથી છોડાવવા હજી સુધી જેની છાતી ચાલતી નથી ને આ સ્થાને આમ બાયલા પેઠે ઊભો રહ્યો છું!' મન આ ગર્જ્યું ત્યાં કાન તો સાંભળ્યા જ કરતા હતા.

'ક્ષમા કરજો મને, યોગીરાજ!

કહી દઉં મારાં વીતકની વાત.

સુણી અબલા તણા અપરાધ.

કૃપા કરજો, અહો કૃપાનાથ! '

સરસ્વતીચંદ્ર સ્વસ્થ પણ આતુર થઈ સાંભળવા સજ્જ થઈ ઊભો.

‘તમ દર્શનથી દુ:ખ નાસે,

બોધ દ્યો ત્યાં ત્રિવિધ તાપ

ભાગે.’

‘આ ભાગ તો તરંગશંકરનો રચેલો નથી. કુમુદ! તારા હૃદયની વાત હવે તેં ગાવા માંડી અને પવનના ઝપાટા આગળના દીવા પેઠે મારું હૃદય હવે કંપવા લાગે છે! કંપાવ, કુમુદ, એને કંપાવ! હવે મારા પ્રાયશ્ચિત્તવિધિનો આરંભ થયો!’ આરંભ પામેલું ગાન વાધ્યું.

‘બોધની હું ન જો અધિકારી,

પ્રભુ, ક્ષમજો, પામર જીવ જાણી!’

આ શબ્દોએ સરસ્વતીચંદ્રનાં નેત્રમાં આંસુ આણ્યાં.

‘બોધ લેતાં ભૂલી કે ઠગાઈ,

બોધ લેતાં લેતાં હું ફસાઈ.’

આત્મદોષનો શોધક ઉદાર ચિન્તાથી સાંભળવા લાગ્યો.

‘બોધ લેતી લેતી હું ન જાગી,

બોધ દેનારથી ભૂરકાઈ.

મને એવો મળ્યો એક જોગી,

પ્રીતિ ખોટી જાણી ખરી બોધી.

આત્મદોષનું ભાન પામનારે નિ:શ્વાસ મૂક્યો.

‘પ્રીતિ જાગી હૈયે મુજ સાચી,

પ્રીતિ નરની યે જોઈ લીધ ઝાઝી.

ખરી પ્રીતિ ધરી, ખોટી દીઠી,

નરે ગેરુ ધર્યો ને કહી પીઠી!’

ચારે આંખોમાં આંસુની છાલકો વાગવા લાગી. સરસ્વતીચંદ્રે દુ:ખમાં ને દુ:ખમાં જાત ઉપર રોષ આણી પોતાનો અર્ધો ઓઠ કરડ્યો.

‘સ્ત્રીની પ્રીતિ હશે કંઈક ખોટી

નર કંઈક મૂકે એને રોતી.’

પુલની બે પાસ નિ:શ્વાસ ચાલતા હતા.

‘નારી અબળા છે, ને છે ભોળી,
ઠગે એને જ્ઞાની જોગી ભોગી,
રાંક થઈ પડી રહે ભોળી બાળા,
નર આવી કરે ત્યાં ચાળા;
ભોળી અબળાને પ્રેમે ફસાવે,
ફાવે ત્યાં પાછી ધુતકારી નાખે.’

‘This is sharp report ’ સરસ્વતીચંદ્રે છાતી ઉપર હાથ મૂક્યો.

‘જ્ઞાની જ્ઞાનહીનાને નચાવે,
પ્રીતિભાંગ પાઈને એને રાચે!!

‘પાઈ ખરી! પાઈ તે પાઈ! પણ રાચતો નથી.’ ગાનને ઉત્તર મળ્યો.

‘સ્ત્રીના દુ:ખની મશ્કરી કરતો,
પ્રીતિ સ્વપ્ન દેખાડીને ઠગતો.
પ્રીતિ પુરુષમાં હો કે નહીં હોં,
સ્ત્રીને કોમળ હૈયે ખરી, હોં!
નહોતી જાણતી પ્રીતિનું નામ,
નહોતી સ્વપ્ને યે જાણતી કામ,
તેને કાને કાને ફૂંક્યો નરે મંત્ર,
સાથે મૂક્યું મનોભવતંત્ર;
એણે રેલાવ્યો અબળામાં પ્રેમ,
રેલે સરિતા ચોમાસે જેમ.
રસ જાણ્યો તે નીવડી આગ,
દેહ બળતાં, બચ્યો નહીં વાળ.’

‘મારી બુદ્ધિમાં જૂનાં સ્વપ્ન ફરી તરવરે છે અને નવાં સ્વપ્ન ઊભરાય છે. સ્થૂલ પ્રીતિ! તું પણ પ્રસંગ આવ્યે બળ કરવા ચૂકતી નથી.’ કુમુદના મુખ ઉપર નવીન શોક અને નવી સુન્દરતા ચમકવા લાગ્યાં ને તે જોનારના હૃદયમાં નવી જાતનો કંપ થયો. કંપાવનાર ગાન કંઈ અટક્યું ન હતું.

‘પ્રેમી અબળાને પ્રેમે ભુલાવી,
ધીકધીકતા અગ્નિમાં ચલાવી.

શીતળ થાવાને વનમાં આવી,

નિરાશા છે લલાટે લખાવી!'

'ખરી વાત છે! દુષ્ટ જીવ, કુમુદની આશા અને નિરાશાની લગામો તારા જ હાથમાં રહી છે અને તારે તો વૈરાગ્યમાં ઘોરવું છે!' નવાં સ્વપ્નોએ સાંભળનારને મર્મવચન કહ્યું. આગળ ચાલતી કવિતા હજી વધારે મર્મભેદક નીવડતી હતી.

ઘર છોડ્યું ને વનમાં આવી,

ટૂંકું ભાગ્ય ત્યાં યે સાથ લાવી.

તમ જેવાનો સત્સંગ થાય,

તો યે મટતો ન મનનો ઉચાટ.'

'સત્સંગ' શબ્દે હજી નવા વિચાર જગાડ્યા.

'જગપાવન ને નિર્વિકાર!

શાન્ત દાન્ત તમે, યોગીરાજ!'

'હું ઇચ્છું છું — કુમુદ! હું ઇચ્છું છું કે,તું જેવો મને કલ્પે છે તેવો હું હોઉં ને ન હોઉં તો થાઉં. પણ આ ઇચ્છા તે તારી નિરાશાની છે કે આશાની? તારી હૃદયગુહા ઘણી ઊંડી ને સૂક્ષ્મ છે ત્યાં તારા મર્મસ્થાનમાં પહોંચવું એ હવે મારો ધર્મ.'

'તેને શરણ વૃથા હું આવી,

શોકમૂઢ વિકારિણી નારી!

સુધાસલિલથી કૂપ ભર્યો છે,

તૃષા ભાગવા ઈશે કર્યો છે,

તેને થાળે બેઠી ગુણહીન [1]

હું ન અવતરી સલિલનું મીન.

પાણી જોઉં છું ને રોઉં છું,

કૂવાકાંઠે તૃષાથી મરું છું.

કહું છું કે મરું છું ને જીવું છું!

મારવા મથી મથીને યે જીવું છું!

હાડે હાડે બધેથી સુણું છું,

પૂઠે પૂઠે તો યે હું ભમું છું:

આશા છે નહીં, તો યે ધરું છું,

જીવ છે નહીં તો યે જીવું છે!'

'-This the severest struggle of the heart !' સરસ્વતીચંદ્ર બોલ્યો, અને કુમુદે પાછળની ભીંતમાં માથું પાછળથી કૂટ્યું, પણ અંબોડાએ એ પ્રહારમાંથી એને બચાવી. સરસ્વતીચંદ્રે એ જોયું — એનું હૃદય ચિરાયું — અંદર જવા તત્પર થયો; પણ કુમુદ સજ્જ થઈને ફરી ગાવા લાગી એટલે અટક્યો. કુમુદનું મોં હવે તીવ્રતર થતા શોકથી ઘેલું થતું હતું તે જોનારની આંખો દયાથી જોવા લાગી.

'છું અભાગણી પાપણી એવી,

નથી અધર્મ કોઈ મુજ જેવી.

ક્યાં હું એ? ક્યાં તમે યોગીરાજ,

જેમાં પુણ્યસુધા ઊભરાય?

ત્યાગી બુદ્ધ સુણ્યા ભગવાન,

ત્યાગી પ્રત્યક્ષ છો ભગવાન!'

ઇષ્ટ જનને મુખે સ્તુતિ સાંભળી રોમાંચ [૧] થયો.

'સેવે દૃષ્ટિથી શશીને કુમુદ!

જુએ દૂરથી ને બને ફુલ્લ!'

'કુમુદ! મારી કુમુદ! તારું અભિજ્ઞાન હવે સંપૂર્ણ થયું! મધુરી અને મધુર કુમુદ તે એક જ. હવે એને પળવાર વધારે આમ વીલી રાખવી ને તરફડિયાં મારતી જોવી એ મારાથી નહીં બને! પ્રમાદધનના ઘરમાં એમ જોવું તે જ ધર્મ હતો — હવે તેમ જોઈ રહેવું એ જ અધર્મ છે.' — છેક વસન્તગુફાની બારી સુધી પગલું ભર્યું. કુમુદ ગાવાની લેહમાં હોત નહીં તો અવશ્ય તેને જોઈ શકત. તે ઊભી થઈ અને સામી રવેશ ઉપરથી દેખાતા ચંદ્રને જોઈ રહી — એ ચંદ્રને જ કહેવા લાગી — કોમળ હથેલીઓ જોડી નમસ્કાર કરી ઊભી રહી ને ચંદ્રને જ કહેવા લાગી.

'સેવે દૃષ્ટિથી શશીને કુમુદ,

જુએ દૂરથી ને બને ફુલ્લ!'

છોડી મલિન મદનના ઉપાધિ,

દૃષ્ટિસેવા પ્રભુની કરું આવી,

તો હું ભાગ્ય ખોયેલું પામું,

બોધ શાન્તિ સુધાપાન જાચું.

રહ્યો મનમાં મને ક્ષોભ ઝાઝો,

શાંત પડતો ઊછળતો પાછો.

મુક્ત કરવા તેમાંથી સમર્થ

એક પુરુષ તમે, નહીં અન્ય!'

સરસ્વતીચંદ્રનું હૃદય હાથમાં ન રહ્યું — તેણે બારીના ઊમરા ઉપર પગ મૂક્યો — પણ કુમુદની દૃષ્ટિ તો આકાશના ચંદ્ર સામી જ હતી. તે ભાનમાં ગાતી હતી કે બેભાન લવતી હતી તે સમજાયું નહીં. ભાનમાં હોય તો સરસ્વતીચંદ્રને દીઠા વિના રહે?

'તપ ભગ્ન તમારું કરવા,

યોગીરાજ, આવી નથી હું આ.

તપક્ષેત્રની વાડ વધારું,

પશુમાત્રને દૂર જ કાઢું.

ક્ષેત્રમધ્યે રહી કૃષિ કરજો,

નિઘ્નહીન જ તપ આદરજો.'

કુમુદ સરસ્વતીચંદ્રના સામી ફરી, તેની આંખ આની આંખ સામે ઊભી રહી પણ જોતી હોય એમ દેખાયું નહીં. એના સામી ઊભી રહીને જ એ ગાવા લાગી ને એ પથ્થર જેવો દિગ્મૂઢ થઈને ઊભો ને માત્ર આંખના આંસુથી જ જીવતો લાગતો હતો.

'ભદ્રામુદ્રા સમો ઉપદેશ,

બહારથી જોઈ ત્યજીશ હું ક્લેશ!'

છેક બેભાન જેવાની પાસે કોઈ યંત્રની સત્તાથી ચાલતી ને બોલતી કાચની પૂતળી પેઠે કુમુદ છેક સરસ્વતીચંદ્રની પાસે આવી ને ઊભી, ને નમસ્કાર કરી નરમ સ્વરે કહેવા લાગી.

'કૃપારસથી ભર્યા યોગીરાજ!'

જાચું આટલો હું અધિકાર.'

'કુમુદસુંદરી!' સરસ્વતીચંદ્ર બોલ્યો અને કુમુદનો હાથ ઝાલ્યો — પણ તે હાથ વળ્યો નહીં — એની નસો અસ્થિ જેવી કઠણ લાગી. માત્ર ઉઘાડી પણ શૂન્ય આંખથી ને બોલતા મુખથી તેનું ચેતન જણાતું હતું.

'પૂર્વ આશ્રમને સંભારી,

મળ્યાં ગુપ્ત વચનને માની,

થઈ અશરણ અબળા બાળા

માગે આટલી પ્રીતિની જ્વાળા!'

જે હાથ વાળ્યો વળતો ન હતો તે જાતે ઊંચકાયો ને લાંબો થઈ સરસ્વતીચંદ્રના ખભા ઉપર જાતે ટેકાયો, અને પાછો તે સ્થિતિમાં પણ બે શરીરની વચ્ચે પથ્થરનો પુલ હોય એમ કઠણ થઈ ગયો. કુમુદની આંખોમાં દીનતા અને આર્જવ હતાં ને સરસ્વતીચંદ્રની આંખો સામી તે વળી હતી. છતાં પણ તે કોઈ પથ્થરની મૂર્તિની જ આંખો જેવી લાગી. એ સ્થિતિમાં આ નાજુક શરીર જાતે ઊભું ને ગાવા લાગ્યું.

'ભવસાગરમાં નથી પડવું!

મન મલિન મળે નથી ભરવું!

રસ ઊંડો દીધો રસનાથે,

રસ મળના નિચોવ્યા ત્યાગે!'

એનો હાથ સરસ્વતીચંદ્રના ખભા ઉપર બળથી ચંપાતો હતો.

'કાયા ફેંકી દીધી કાયનાથે,

પ્રાણ ના જ હર્યા યમરાજે!'

'કુમુદસુંદરી!' — ઉત્તરમાં ગાન જ ચાલ્યું.

'ફેંકી કાયા ને ફેંક્યા મેં પ્રાણ

માગ્યો જળમાં ને નરકમાં માગ!

કાયા ફેંકી દીધી જલનાથે!

પ્રાણ લીધા ન નરકને નાથે!

પ્રાણધારિણી કાયા એ આજે

પડી છે પ્રાણનાથને પાયે!'

ખભા ઉપરથી હાથ ઊપડ્યો ને બીજા હાથ સાથે જોડાયો. કુમુદના બે હાથ પોતાના શરીર આગળ જંઘા સુધી લટકી નમી અંજલિપુટ થઈ બિડાયા. સરસ્વતીચંદ્રના ચરણ ભણી જ એ હાથ નમ્યા ને એ હાથ ધરનારીની દૃષ્ટિ, એનું મસ્તક, સર્વ સરસ્વતીચંદ્રના ચરણ ભણી જ 'પ્રાણનાથને પાયે' શબ્દ બોલતાં બોલતાં નમ્યાં અને વળ્યાં, ને તેને જ એ કહેવા લાગી:

'કાયા પ્રાણનો યોગ ન માગે,

પ્રાણ પ્રાણપણાથી ન રાચે.

પ્રાણનાથને શરણ પડ્યાં એ;

પ્રાણનાથ તારે કે ડુબાડે!

પ્રાણનાથ, ડુબાડો કે તારો!

રસ નષ્ટ કરો કે વધારો!

ક્ષમા આપો કે ક્રોધથી શાપો!

હાથ ઝાલો કે લાતથી મારો!

વિધાતાએ તો લેખ લખ્યા છે -

પ્રાણનાથ શું પ્રાણ જડ્યા છે.'

'કુમુદસુંદરી! — કુમુદ! — આ દશા' — આ ઉદ્ગાર નીકળતાં ગાન અટક્યું ને છેવટે ગદ્ય નીકળ્યું ને કુમુદ ખડખડ હસી પડી.

'હેં! આટલે દિવસે — પાછી — હું કુમુદ થઈ! — કુમુદસુંદરી નહીં? 'પ્રિય કુમુદ' થઈ — હો! તો હવે સાંભળો. હૃદયની વાત હૃદય બોલશે, હું નહીં બોલું.'

'અરેરે! હજી એ બેભાન છે ને બેભાન સ્થિતિમાં જ ઊભી છે, બોલે છે ને ગાય છે.' સરસ્વતીચંદ્ર કંઈક ઝીણેથી બોલ્યો તે સાંભળ્યું હોય એમ બેભાન કુમુદ બોલી:

'હા! મારો ચંદ્ર બોલ્યો! ચંદ્ર! સાંભળો. — ઘણે દિવસે બોલ્યા તે સાંભબો.' બેભાન મુખ પણ દીન થયું ને ગાવા લાગ્યું.

'નથી સતીપણું હુંથી સધાયું,

પતિવ્રતપણું તો નથી જાયું.

મને સૂઝે ન શુદ્ધિ અશુદ્ધિ;

મારી ચાલે નહીં કંઈ બુદ્ધિ.

તેને બુદ્ધિ તે શુદ્ધિ દેવા,

અશરણને શરણ નિજ લેવા,

આદિકાળે રસિક ઘેર આવ્યો.

આજે એનો એ નર કર આવ્યો.

ઘડે એવો વિધાતા યોગ.

જો જો તારા, ચંદ્ર, ચકોર! '

'એનો એ નર આવ્યો! હવે ક્યાં જાય?' કુમુદ લવતી લવતી આકાશના તારા ભણી જોતી જોતી કહેવા લાગી. 'જો જો તારા! જો જો ચંદ્ર! ચંદ્ર! હાથમાં આવ્યો — સરસ્વતીચંદ્રનું નામ નવીનચંદ્ર થઈ ગયું. પણ ચંદ્ર હાથમાં આવ્યો — ભગવાં વસ્ત્ર ધર્યાં — ભગવું તો ભગવું પણ હવે નહીં જવા દઉં, જોગીરાજ!' સરસ્વતીચંદ્રનો અંચળો ખેંચવા લાગી. ખેંચતી ખેંચતી ગાવા લાગી:

'હાથ આવ્યો યોગી! હાથ મારો

ભ્રષ્ટ છે, છે દેહ ગોઝારો!'

અંચળો મૂકી દીધો. પોતાના હાથ અને શરીર સામું જોતી જોતી રોતી રોતી ગાવા લાગી:

'શુદ્ધ બુદ્ધ તે પાવન નાથ!

રખે ઝાલો આ ભ્રષ્ટ જ હાથ!'

હાથ દૂર લઈ લીધો ને આઘી ખસી ગઈ ને છેટે ઊભી રહી, પ્રણામ કરતી, રોતી રોતી, ગાતી હતી:

'પ્રભુ! જાળવું! તેજ તમારું,

શૂદ્ર શરીર નિયન્ત્રું હું મારું.

જીવ ઝાલ્યો પ્રથમથી જે મારો,

તેને બોધ આપીને ઉગારો.

જેને લોક મનોભૂ કહે છે,

અંગજ્વરને અનંગ ગણે છે-

એ તો કામ, નહીં નિષ્કામ;

પશુ એ તો, ન પાવનપાદ;

એ અસુર, સુરેશ નહીં એ;

એ તો તિમિર, પ્રકાશ નહીં એ;

દેવ હૃદયનો સ્નેહ તે જુદો,

અશરીર પ્રીતિને કામ કોવો?

પ્રીતિ અશરીર જીવે જીવોમાં,

ઈશ પોતે ધરે પ્રીતિ સૌમાં.

સંપ્રસાદ જે બોધસ્વરૂપ

તે તો સાત્ત્વિક પ્રીતિનું મૂળ.
ત્યાગી જન જે ધરે સત્સંગ
તેનું પ્રીતિ અનંગ જ અંગ.
ઈશ-જીવની પ્રીતિ થતી જે
સુધાસ્યન્દિની ભક્તિ થકી તે.
પ્રીતિ અશરીર એવી હું ધારું;
સૃજી ઈશે તે કેમ નિવારું?
પ્રીતિભાજન એક જે પામી
રંક કુમુદ, તે છે નભચારી!
સુધાકિરણ ઝરો! ભગવાન!
શાંત એકાંત દ્યો પ્રીતિદાન!
માગું અશરીર બોધપ્રબોધ!
પૂરો પાડો વિશુદ્ધ જ લોભ!
યોગી! યોગ પામી જેનો સિદ્ધ
બનો નીરનિધિ ગંભીર,
તેને તીરે આવી હું સરિતા,
છોડી નગ[૧] *તોડી ઢગ રેતીના!*
પૂર લાંબે છેટેથી આવ્યું,
રહ્યું એ નહીં કોઈનું રાખ્યું!
જુએ વાટ ભરતીની એ એક
રચે વિશ્વંભર સંકે...ત...'

છેલ્લી લીટી લંબાતા ત્રૂટતા મન્દ પડતાં સ્વર વડે ગવાઈ અને ગવાતાં ગવાતાં બંધ પડી. અંદરથી ખેંચાતી કોઈ સાંકળના ખેંચાણથી આંખો પણ મીંચાઈ, મોં મીંચાયુ, ક્રિયા બંધ થઈ, અને કેડો ભાંગી ગઈ હોય તેમ વળી ગઈ અને કોમળ દેહલતા વળી જઈ બળથી પોતાની પીઠ ઉપર પડી. નીચે કઠણ અને ખરબચડા પથરાઓનું તળ હતું ને જરીક પાછળ દાદર હતો તે ઉપર પડી જ હોત તો એ શરીરલતાને હાનિ પહોચંત. પણ તે પડવા માંડે છે એટલામાં તો સરસ્વતીચંદ્ર લાંબી ફલાંગ ભરી પાસે દોડી આવ્યો ને એની પીઠ નીચે હાથ નાખી એ બે હાથ ઉપર એને ઝીલી લીધી. હાથ ઉપર

ચત્તી પડી રહેલી મૂર્છાવશ દુખિયારી કુમુદના દીન મુખ ઉપર પોતાનાં નેત્રનાં આંસુ ટપકતાં હતાં તેને વારવાને અશક્ત પુરુષ એ દુ:ખના કરમાયેલા ભાર દેહલતાને ઝાલી ગુફાના આ માળની વચ્ચોવચ ઊભો રહ્યો, શું કરવું તે વિચારવા લાગ્યો, અને મૂર્છાવશ મુખ સામું જોઈ દીન મુખે કહેવા લાગ્યો:

‘કુમુદસુંદરી! જાગૃત થાઓ! હું સરસ્વતીચંદ્ર છું.’

ઉત્તર ન મળતાં અર્ધઘડી ઊભો રહ્યો છતાં મૂર્છા વળવાનું ચિહ્ન ન જણાતાં વચ્ચોવચ પલાંઠી વાળી બેઠો અને પોતાના ખોળામાં કુમુદને સુવાડી. મૂર્છામાં પણ સુન્દર લાગતા અને ચંદ્રપ્રકાશથી સ્પષ્ટ દેખાતા તેના મુખ ઉપર આ પુરુષની દૃષ્ટિ નિરંકુશ વળી રહી. અચેતન પણ કોમળ સ્ત્રીઅંગનો અનિવાર્ય અપ્રતિકાર્ય સ્પર્શ એને રોમાંચિત કરવા લાગ્યો અને પળવાર એની બુદ્ધિને શરીરમાં વીંછીના ચડતા વિષ જેવા ઉન્માદે અસ્વતંત્ર કરી દીધી. સર્પના વિષથી લહેર આવે તેમ આ દૃષ્ટિમોહથી અને સ્પર્શમોહથી આ બુદ્ધિની નસોમાં મોહનિદ્રાની લહેરો જણાવા લાગી. પણ એટલામાં બહારથી અચિંત્યા આવતા પવનને એક ઝપાટે એને જાગૃત કર્યો અને કુમુદની દુખી અવસ્થાની, પોતાના દોષની, અને બુદ્ધિધનના ઘરમાં પડેલા પ્રસંગની, તુલનાના વિચાર એના મનમાં ઊભરાવા લાગ્યા, અને મનુષ્યને માથે અસહ્ય ભાર પડતાં બેસી જાય તેમ એ મન્મથ-ઉન્માદ આ વિચારોના ભારથી શાંત થઈ ગયો. વિકારકાળે કંઈ પણ સ્વતંત્ર વિચાર ઉત્પન્ન થાય તો વિકાર આમ દબાઈ જાય એવો આ નવો અનુભવ અને શોધ થયો ગણી સરસ્વતીચંદ્ર કંઈક નિર્ભય થયો અને ઔષધતુલ્ય થયેલા એવા વિચારનું વધારે વધારે પરિશીલન કરવા લાગ્યો.

‘શ્રીમતીને હિસ્ટીરિયા — વાયુ થયો દાક્તરે કહ્યો હતો તેના જેવી જ આની અવસ્થા છે અને તે પ્રમાણે જ આને ઉપચાર ઘટે. તેનું આ સ્થાને હું શી રીતે સંપાદન કરું? ચંદ્રનો પ્રકાશ અને સુકુમાર લાવણ્યમયી શીત પવનની લહેરો તો અહીં જોઈએ એટલી છે. તો એ જાગૃત થાય ત્યાંસુધી આ અવસ્થામાં જ બેસી રહેવું યોગ્ય છે — એ પ્રકાશ અને લહેરો એના શરીર ઉપર આવે એમ બેસું.’ તેમ એ બેઠો.

‘મને કાંઈ અનુભવ નથી પણ ઉદ્ધતલાલને લાંબો અનુભવ છે. તે કહેતા હતા કે વિલાયતમાં લગ્ન પહેલાં હિસ્ટીરિયા થાય છે તે લગ્ન પછી મટી જાય છે, અને આ દેશમાં લગ્ન પછી એ રોગ થાય છે તે સાસુ મરતાં સુધી કે વહુ સ્વતંત્ર થતાં સુધી પહોંચે છે. આના ઉપરથી એમણે એવો અર્થાન્તરન્યાસ [૧] શોધ્યો છે કે સ્ત્રીઓની વાસનાઓ વિલાયતમાં લગ્નથી તૃપ્ત થાય છે અને આ દેશમાં પરાધીન વૃત્તિઓ ચારેપાસ ભરી દીધેલાં કૃત્રિમ સંબંધીઓના જુલમજાળમાંથી સ્વતંત્ર થવાથી તૃપ્ત થાય છે. કુમુદસુંદરી! તમારે ઉભય વાતમાં અતૃપ્તિ ન હતી? એક વાતમાં વિધાતાએ તમને સ્વતંત્ર કર્યાં — બીજી વાત મારા હાથમાં છે. તમારા હૃદયનું ગાન

સાંભળ્યું! તેમાં જે પવિત્ર સૂક્ષ્મ પ્રીતિની વાસના સ્ફુરે છે તેની તૃપ્તિ તો હવે કંઈ કઠણ નથી. પણ સ્ત્રીની હૃદયગુહાના મર્મ કંઈ આટલા ગાનથી કદી સમજાય એમ છે? સ્થૂલ વાસનાઓનાં ઉદ્દીપન અને શાંતિનાં પ્રકરણ આ સાધુઓ સમજે છે એવું કોણ સમજે છે? એ વાસનાઓ કુમુદના કોમળ હૃદયમાં છે કે નહીં તે જાણવું આવા સાધુજનોને પણ દુર્ઘટ થઈ પડ્યું છે. મારી દૃષ્ટિસેવા કર્યાથી આ સુકુમાર લાવણ્યથી દેહલતામાંનું રસચેતન શું શાંત થશે? કુમુદ પોતે જ પોતાની વાસનાઓ શું સ્પષ્ટ જાણી શકે છે? સ્ત્રીઓની વાસનાઓને એમના શરીર જાણે છે, એમના શરીરવિલાસ જાણે છે, એટલા એમનાં મન જાણી શકતાં નથી. તો મારે શું કરવું? અથવા સ્થૂલ વાસનાના વિચાર પોતાના હૃદયમાં ઉદય પામતા જોઈને જ શું આવી ધર્મિષ્ઠ અને ઉત્કૃષ્ઠ બુદ્ધિની બાળાને ક્લેશ અને ક્ષોભ નહીં થતા હોય? — સર્વથા જે હો તે હો — આ હો કે એ હો — પણ આ કુસુમકુમાર હૃદયનું દુ:ખ અતિસૂક્ષ્મ દશાને પામ્યું છે; ને દુષ્ટ સરસ્વતીચંદ્ર! તે સર્વનું ક્રૂર કારણ તું જ છે — તું એકલો છે! નથી પ્રમાદ ને નથી બીજું કોઈ! હરિ! હરિ! હું શું કરું?’

‘શું કરું? આ દુખી દેહને ખોળામાં રાખી હું તેને જોયાં! કરું છું તો વિચારને સ્થાને વિકાર થાય છે — ને આ સમયે વિકાર થાય તે તો મારી દુષ્ટતાની પરાકાષ્ઠા! કુમુદ! તેં તારું ગાન કર્યું — હું હવે મારું ગાન કરી કાળક્ષેપ કરીશ — મારા વિચારથી એ ગાનને ભરીશ. કુમુદે પોતાનું ગાન સાંભળ્યું નથી, જાણ્યું નથી, ને બીજું કોઈ સાંભળે છે એવું તેને ભાન પણ રહ્યું નથી. પોતાના હૃદયને શાંત કરવા સ્વસ્થ દશામાં ચિત્તે જોડેલું ગાન આ દશામાં મારી પાસે જાતે નીકળી પડ્યું. તેથી ઊલટું મારું ગાન હવે મારી અસ્વસ્થ દશામાં જોડવું પડે છે, અને હું તે ગાન જોડીશ, સમજીશ ને પોતાને કાને સાંભળીશ પણ મૂર્છાવશ કુમુદ તે નહીં સાંભળે! તે નહીં સાંભળે તે જ ઉત્તમ છે. ચંદ્રપ્રકાશ અને પવનની લહેરોની પેઠે મારું ગાન એની મૂર્છાને વાળે તો એ જ મારો પરમ લાભ! ને એ નહીં સાંભળે કે સમજે તે મારો જાતનો સ્વાર્થ!’ થોડીવાર તે સ્વસ્થ રહ્યો, બોલ્યો નહીં, હાલ્યો નહીં; માત્ર ચંદ્ર અને કુમુદમુખની તુલના કરતો હોય તેમ વારાફરતી તે બેના સામું જોતો બતો. એ મુખ પોતાને — સરસ્વતીચંદ્રને — ઠપકો દેતું લાગ્યું ને તરત વીજળીની ત્વરાથી તે મુખ જોનાર આંખે આંખના સૂત્રધારને — સરસ્વતીચંદ્રના હૃદયને — ઠપકો પહોંચાડ્યો ત્યાં એ કંઈક ઊંચે અને કંઈક નીચે સ્વરે ગાવા લાગ્યો:

‘દીધાં છોડી પિતા માતા,

ત્યજી વહાલી ગુણી દારા!

ગયો, વહાલી, ગયો આવ્યો!

હૃદયનો ભેદ ના ભાગ્યો.

બુદ્ધિધનના ઘરમાં સંસારની રીતિએ એ ભેદ ભાગવા ન જ દીધો.' — ગાન સાથે ગદ્ય પણ મોટે સ્વરે ઉચ્ચારાયું, ને નિઃશ્વાસ વિના બીજા કોઈએ તેમાં અંતરાય નાખ્યો નહીં.

'ન જોવાયું, ન બોલાયું,

હૃદય આ ના ઉઘાડાયું!

પીધું તેં, પાયું મેં, વિષ!

હવે કૂટું વૃથા શિર.

જો મતિ પીછે ઊપજી — સો મતિ આગે હોત — તો, સરસ્વતીચંદ્ર! આ મૂર્ખતા ન થાત.' કુમુદના મુખ સામું યાચક જેવું દીન મુખ કરી પશ્ચાત્તપ્ત જન જોઈ રહ્યો.

'અહો ઉદાર ઓ વહાલી!

અહો સુકુમારી! ઉર ફાટી

ગયું તારું; રહ્યું મારું

બની દારુણ ગોઝારું!

સંસારે કરાવેલા દુષ્ટ જનના પરામર્શથી આ સુન્દર પવિત્ર શરીર જોવું સત્ત્વ દૂષિત થયું — તે દોષ પણ મારો જ!

શરીર તારું, હૃદય મારું,

કર્યું આ મેં જ ગોઝારું!

પણ તેં તો તારા પરસ્પરસંઘટ્ટક ધર્મ સાચવ્યા અને તારે પોતાને માટે સુભાગ્યરૂપ અને મારા ભાગ્યને માટે શિક્ષરૂપ આ સ્થિતિને તું પામી — તું દુઃખથી બેભાન થઈ, કામથી અને સર્વ જગતથી નિષ્કામ થઈ, અને મારે તેથી ઊલટું છે. અને તું -

મળી ત્યારે મળી આમ!

કર્યો તેં ભસ્મવત્ કામ.

કામ! કામ! શિવજી જેમ વિષધરની ધારાઓ જેવાં સર્પને પોતાના શરીરની આસપાસ વીંટાવા દે છે અને મસ્તક ઉપર અમૃતમયી ગંગા અને સુધાકર ચંદ્રને સ્થાન આપે છે તેમ કુમુદસુંદરીએ આ દુઃખવિષથી ભરેલા શરીરના સ્વામીને શરીર સોંપી દીધું અને અમૃતમય હૃદય મને સોંપ્યું હતું તે મારામાં જ રાખ્યું!

સાધુધર્મ અને સંસારધર્મનો આ સૂક્ષ્મ પણ ક્લેશકર સંયોગ રાખવો એ તને જ આવડ્યું! તું જ સતી! તું જ શાણી! ઉદારતા અને શુદ્ધિ પણ તારી

જ છે. પ્રિય કુમુદ! પતિવ્રતાપણું તારામાં જોયું પણ છે ને પરિપાક પામ્યું પણ છે! — સતીપણું તે મહાતપથી — અત્યુગ્ર આંતરાગ્નિની જ્વાળાઓની વચ્ચે બેસીને જાયું છે! જો તું સતી નહીં અને પતિવ્રતા નહીં — તો સંસારમાં કયા મનુષ્યસત્ત્વનો અંતરાત્મા પોતાના તારા જેવી શક્તિ પ્રત્યક્ષ કરે છે? જે દુષ્ટ સંસાર તને નિન્દે છે તેને છોડી આપણે જે સાધુજનોમાં આવ્યાં છીએ ત્યાં આવા જ પ્રશ્નો પુછાય છે!

અહો ઉદાર! ઓ વહાલી!

સતી તું શુદ્ધ! ઓ શાણી!

હૃદય જ્યાં જોડ્યું ત્યાં જોડ્યું,

શરીર જ્યાં હોમ્યું ત્યાં હોમ્યું.

મૂર્છામાં પડી પડી, કુમુદ — આ સાંભળજે તારા હૃદયે જે માર્ગે તને લીધી છે તે જ વિશુદ્ધ છે અને તે જ સાધુજનોનો મુદિત માર્ગ છે. તું અધર્મને પગથિયે ચડી જ નથી. મારા હૃદય સાથે તારું હૃદય ત્રસરેણુક સંબંધ પામ્યું તે કોને લીધે? તારાં માતાપિતાની ઇચ્છાથી અને ઈશ્વરે રચેલા કોઈ સંકેતથી! એવાં પરમ અદ્વૈત પામેલાં હૃદયને એકબીજાથી છૂટાં પાડવાની શક્તિ કોનામાં છે? જેમ એક વાર વિશ્વરૂપદર્શનથી પરમાત્માનું અદ્વૈત પામેલો જીવાત્મા પુનર્દ્વૈત પામતો નથી તેમ એકવાર પ્રીતિયજ્ઞ કરવા ધર્મ્યે અદ્વૈત પામેલાં હૃદય દ્વૈત પામતાં નથી. એ અદ્વૈતાગ્નિ આપણા આવસથમાં પ્રકટાયો તે પ્રકટાયો! તે હોલવવાનું એકે શાસ્ત્રમાં લખ્યું નથી. તારા હૃદયમાં તે ન હોલાયો. એ તારો ધર્મ ને એ તારો ઉત્કર્ષ! તેને જગતની વંચના નષ્ટ કરી શકી નહીં! અને તેની સાથે જ તારા પિતાએ તને પ્રમાદ સોંપ્યો — તે તારો પતિરૂપ આકારક અતિથિ થયો. અર્વાચીન આર્યાઓ એવા અતિથિના આતિથેય માટે યજ્ઞ માંડે છે તે માતાપિતાએ કરેલા વાગ્દાનની પ્રતિજ્ઞા પાળવાને! હાલનાં એ લગ્ન તે સર્વ પિતૃયજ્ઞ જ! દશરથની પ્રતિજ્ઞા રામે પાળી તેમ આ આર્યાઓ આવી પ્રતિજ્ઞાઓ પાળવાને જ આતિથેયયજ્ઞ માંડે છે. કુમુદસુંદરી! એક પાસથી અદ્વૈતાગ્નિ અને બીજી પાસથી આવો આતિથેયાગ્નિ પ્રકટ કરી તેની વચ્ચે આ અનાથ અશરણ હૃદયને ને શરીરને તપ-સાધના કરવા મૂક્યાં, અને એક પાસ હૃદયનો હોમ અને બીજી પાસ શરીરનો હોમ કરવા માંડ્યો — એ અદૃષ્ટપૂર્વ યજ્ઞ કર્યા તે તે તમે! કુમુદસુંદરી પોતાની જાતનો તિરસ્કાર કરી આવા યજમાનકૃત્યની નિંદા ન કરશો. સનાતન અદ્વૈત રસધર્મ અને અર્વાચીન અતિથિ-પતિ-યજ્ઞ એ બે સાધવાનું પુણ્ય તે તમારું જ છે! તે કુમુદસુંદરી! મૂર્છામાંથી જાગીને જુઓ.

અહો રસધર્મ વરનારી!

અતિથિ-પતિ-યજ્ઞ યજનારી!

ન ભુલાતું તું ના ભૂલી!

વિવાહવી વંચના ડૂલી!

તમે અશરણ નથી. જ પ્રીતિયજ્ઞમાં હું તમારી સાથે સંધાયો છું — તે મારામાં પણ જાગૃત જ રહ્યો છે. પ્રમાદધને તમારો ત્યાગ કર્યો અને તેનું આતિથેય કરવાનું હવે તમારે શિર રહ્યું નથી. હવે તો તમારે માટે એક જ આપણો યજ્ઞ બાકી રહ્યો છે — તેમાં તો કષ્ટસાધના કાંઈ નથી. મેં તમારા શરીરનો ત્યાગ કર્યો હતો — હૃદયનો ત્યાગ પણ સુલભ થશે જાણ્યું તે ખોટું પડ્યું અને ખોટું થયું. અને હવે એ સર્વ ત્યાગને સાટે આપણું પુરાણ અદ્વૈત નવો અવતાર ધરે છે. કુમુદસુંદરી! મૂર્છામાંથી જાગીને જુઓ.

હવે આ લેખ મેં ધાર્યો,

નવો રસધર્મ છે જાયો

જૂઠા જગધર્મ દઉં તોડી

કુમુદતે કાજ, કર જોડી!

પ્રમાદી વાયુએ તોડ્યું

કુમુદને સ્થાનથી મોડ્યું!

અતિથિશું ધર્મના બન્ધ

અધર્મીએ કીધા બંધ.

અતિતિ જો કરે ત્યાગ,

કયો કોનો જ યજમાન?

કુમુદિની મૂલથી તૂટી,

કૃતક [૧] જગ-ધર્મથી છૂટી!

પ્રિય કુમુદ! તારા અતિથિએ તેને ટાળી ને તારી! મૂર્છાથી જાગ અને આ આપણો નવો અવતાર થયો તે જો!' એના મૂર્છાવશ મુખ સામું જોવા લાગ્યો ને એ જાગૃત હોય તેમ એને કહેવા લાગ્યો: 'પ્રિય કુમુદ! આપણે હવે ક્યાં છીએ તે તો જો!

હવે ગિરિરાજ પર આવ્યાં,

સુધર્મી સાધુને ભાવ્યાં;

પ્રિયા! ત્યજ સર્વ ભયને તું!

પરાપ્રીતિ-યજ્ઞ રચતે તું! '

આખા સુન્દર શરીર ઉપર ચંદ્રના કિરણ દૃષ્ટિ પેઠે પડતાં હતાં, એને આશ્વાસન આપતાં હોય તેમ પ્રિયજનના હાથ પેઠે એના શરીરતલ ઉપર ફરતાં દતાં, અને તે છતાં એનો મૂર્છાભાર ઉતારવા અશક્ત નીવડતાં હતાં. એ સર્વ સ્થાનમાં, એ સર્વ ક્રિયામાં, અને એ સર્વ પરિણામમાં સરસ્વતીચંદ્રની દૃષ્ટિ ફરી વળી અને ખોળામાં પડેલી મધુરતાની મૂર્તિને કંઈક ઊંચી કરી કહેવા લાગ્યો:

‘પડ્યું શબતુલ્ય ચેતન આ;

ત્યજી મૂર્છા સચેત તું થા!

સુધાકર આ સુધા વર્ષે;

તને નહીં કેમ તે સ્પર્શે?

અથવા તારા અન્તરાત્માને સ્થૂલ ચન્દ્રકિરણ ન જ સ્પર્શવાં જોઈએ. શું મારો સ્વર પણ એ અન્તરાત્માને ન પહોંચી શકે?’

સૂતેલીની હડપચી ઝાલવા જતો જતો અટક્યો.

‘તને બોલાવવા કે જગાડવાને માટે તારા મુખનો સ્પર્શ કરવા મને અધિકાર નથી? નથી જ. તો હાથ દૂર રાખી પૂછું છું.’

સૂતી, વહાલી, તું મુજ ખોળ;

મુખે તું કેમ ના બોલે?

અથવા આ સ્થાને તને સુવાડી રાખી છે તેના કરતાં શિલા ઉપર સૂવું શું તારી ધર્મબુદ્ધિ વધારે સારું ગણે છે? હું શું કરું?

સૂતી, વહાલી, તું મુજ ખોળે,

મુખેથી કેમ ના બોલે?

શિલાને આથી શું સારી

ગણે શય્યા તું, ગુણી નારી?

ગણે જો એમ તો, વહાલી,

કહી દે નેત્ર ઉઘાડી;

સુકોમળ ગાત્ર આ તારું

શિલા પર કેમ સુવાડું?’

ચંદ્રના કિરણથી પ્રકાશિત થયેલું ગૌર શરીર જોઈ રહ્યો. ખોળામાં લેતી વેળા જ તેનું વસ્ત્ર કોઈ કોઈ સ્થાનેથી સર્યું હતું અને પવનથી કપાળ ઉપર લટોમાંથી કોઈ કોઈ વાળ ઊડતા હતા. સરસ્વતીચંદ્રની દૃષ્ટિ આ સર્વ ઉપર

પડતાં કંઈક ચમકી; વસ્ત્ર અને કેશ સમાં કરવા લોભાયો; લોભ ઉત્પન્ન થતાં એ લોભને અટકાવી પોતાના હાથને અટકાવ્યો અને દયામણે મુખે કહેવા લાગ્યો.

'સર્યું તુજ વસ્ત્ર જાતે આ,

ઊડે તુજ કેશ વાયે આ,

સમારું કે સમારું ના?

કહી દે, પ્રાણ! બેઠી થા.

હરિ! હરિ! ચંદ્રનાં કિરણ અને પવનની લહરીને ન ગાંઠતાં તારે કપાળે આ અવસ્થામાં પણ પરસેવો કેમ વળે છે?

કપાળે સ્વેદ આ ઝાઝો;

પવનથી ના જ લો'વાતો;

ક્ષમા કરજે - હું લો'ઉ તે

તું જો, જાગી; હું લો'ઉ તે.'

એનો પરસેવો હાથ વડે લીહ્યો અને તે હાથ પર વળગ્યો તેમાં કાંઈ નવીનતા હોય તેમ એ પરસેવાને એ જોઈ રહ્યો. પોતાના હાથ ઉપરથી તે લોહી નાખતાં જીવ ન ચાલ્યો — પણ અંતે અંચળા ઉપર લોહ્યો. પરસેવો થયો તો મૂર્છા પણ વળે એવું કલ્પી સૂતેલીના નાક આગળ હાથ ધરી તેમાંથી નીકળતા શ્વાસનું પ્રમાણ જોવા લાગ્યો.

'જડે ના જીવ કાયામાં,

સરે આ શ્વાસ [૧] નાસામાં;

રહે ના ધૈર્ય; તે જો

ક્ષમા કરજ, ઉરે રોઉં.'

નિ:શ્વાસ મૂકી નાક આગળથી હાથ લઈ લીધો. લેતાં લેતાં મૂર્છાવશ નેત્રની પાંપણોમાંથી આંસુ નીકળતામ ટપકતાં જયાં. કંઈક આશા અને કંઈ લોભ ધરી, અને કંઈક અચકાઈ, આ મીંચાયેલી આંખો, પથરાયેલી પાંપણો, ચંદ્રનાં કિરણથી પ્રકાશિત પરપોટા જેવાં લાગતાં મોતી જેવાં સરી પડતાં આંસુ, અને વરસાદના બિન્દુથી ભીના કમળના પત્ર જેવા ગાલ — આ સર્વ દીપક સામગ્રી ઉપર દૃષ્ટિ ઠરી પણ દીપ્ત થવાને સાટે દીન બની.

'મીંચાયાં નેત્ર, તો યે આ

સરે આંસુ તણી ધારા!

કરી ભીની પાંપણો તેણે,

પડી સરી પાસ બે તે તે.'

એ આંસુ લોહવા લાગ્યો. પુરુષથી અસ્પૃશ્ય સુંદર કોમળ પોપચાં ને ગાલ ઉપર આ હાથ ફરવા લાગ્યો તેની સાથે આ પુરુષના હૃદયમાં કંઈ તાર પહોંચ્યો હોય તેમ ચમકારો થયો.

'પ્રિયા! આ આંસુ લો'તો હું;

વદનશશિ બિંબ જોતો હું:

અધિકૃત, આંસુ એ લો'વા,

હું, ના મુખકાન્તિ તુંજ જોવા.

પ્રમાદના મન્દિરમાં આંસુ લોહવાનો અધિકાર ન હતો તે આજ પ્રાપ્ત થયો. પણ જે મુખ જોવા, જે મુખ ઉપર મોહ પામવા, ત્યાં અધિકાર ન હતો તે તો આજ પણ નથી જ. પણ ક્ષમા કરજે. જોયા વિના ન રહેવાયું તે જોયું — જોઉં છું — ને જોયાં કરું છું. અહો! પ્રથમ સમાગમકાળના ને આજના મુખમાં શો આ ફેર?

ઊંડી મૂર્છા થકી, ઊંડે

હૃદયદુ:ખે, ઊંડું બૂડે

પ્રવાતથી પદ્મ ત્યમ, આ ક્યાં

દુ:ખી મુખ? મુગ્ય મુખ તે ક્યાં?'

એ મુગ્ધ મુખ સાંભરતાં, દુ:ખકાળે પણ આજ તેની સુન્દરતાં ત્યાં પ્રત્યક્ષ થતાં, સરસ્વતીચંદ્ર કંઈક ભાન ભૂલ્યો, અને એ ગાલ અને ઓઠ સુધી પોતાનું મુખ નીચું નમાવી અચિન્ત્યો ચમક્યો, અટક્યો, અને પોતાનું મુખ ઊંચું લઈ લીધું ને પોતાની જાતને ઠપકો દેવા લાગ્યો.

'સરસ્વતીચંદ્ર! આ પવિત્ર જીવે રાખેલા પરમ વિશ્વાસનો ઘાત તારે જ હાથે થાય તો તો વિપરીત જ થાય. તારી અધોગતિ તો પછી, પણ આ પાપ તો નહીં જ વેઠાય.

તપ્યાં ઉર શીત કરવાને,

વિકારોને શમવવાને,

ઊંડા વ્રણ [૧] ને રુઝવવાને

અમૃતરસરાશિ દ્રવવાને,

અધરપુટ મન્મથે ભરિયું,

મૃદુપણું ગાલમાં વસિયું;

પ્રીતિજીવના વિના શબ

એ!

અધર્મ ઋતુસમે વિષ એ!

આ અધરપુટ અને ગાલ શબ તો નથી જ. પણ તેની ધર્મઋતુ ગઈ! તે હવે આવે એમ નથી. કુમુદ! તું જાગ, ઊઠ, ને આ દુષ્ટ ખોળાનો ત્યાગ કર. આ શરીરના સ્થૂલ મર્મ હવે મારા હૃદય ઉપર ચડાઈ કરે છે.'

કુમુદસુંદરીની છાતીના ભાગ સામું એ જોઈ રહ્યો. ત્યાંથી દૃષ્ટિ બળાત્કારે ખેંચી લઈ ચંદ્ર ભણી ને સામા થાંભલા ભણી હઠ કરી વાળવા લાગ્યો, પણ સર્વ બળાત્કારને હડસેલી દૃષ્ટિ તો પોતાને ઇષ્ટ સ્થાને જ વળવા લાગી. સરસ્વતીચંદ્ર હવે અકળાયો.

'અતિ રમણીય ઓ વેલી!

ઉરે મુજ વાસના રેલી!

ધડક્તું ઉર તુજ ભાળું,

સમાવા ત્યાં જ લોભાઉં!

નથી અધિકાર જોવા જો,

હૃદયફળ! મા જ લોભાવો.

કંઈ કંઈ લોભ સંસ્કાર

સૂતા જાગો! હવે જાઓ!'

જરાક ધૈર્ય અને જાગૃતિ ધારી બોલ્યો:

'અહો લોભાવતી વોલી!

હતી તું મહાલવી સહેલી.

કલાપી [૨] *હવે હું ઊડું પાસે,*

નમાવું ન બેસીને ડાળે!

અહા! સ્મરણનું શુભ વિસ્મરણ થાય છે ત્યાં જ વિસ્મરણને સ્થાને દુષ્ટ સ્મરણ થવા માંડે છે! અરે! આ વિટંબનાથી કેવી રીતે મુક્ત રહું?'

કુમુદસુંદરીએ વાળેલી સોડ આગળથી વસ્ત્ર છૂટું પડી ફરફરતું હતું તે પાછું એની છોડમાં ઘાલતો, ઘાલતો, એ પ્રવૃત્તિસંગે મૂર્છામાં પણ મોહક શરીરનો અજાણ્યે સ્પર્શ થતાં ચમકતો સરસ્વતીચંદ્ર મનને જીતી સ્વસ્થ થવા આવતો હતો ત્યાં કુમુદની સુન્દર સુંવાળી ચૂંદડી ઘડીકમાં પગ આગળથી ઊડતી, ઘડીમાં માથેથી ખસતી, ઘડીમાં છાતીના છેડા

આગળથી સરતી, અને પોતાને સ્વસ્થ માનનારને ફરીફરી હંફાવતી હતી. એ એ અમૂઝણમાં પણ સ્વસ્થ થવાનો પ્રયત્ન કરતો સાધુ-અભિલાષી એક પાસથી જ્યાં જ્યાં વસ્ત્ર સરે ત્યાં ત્યાં સમું કરવા લાગ્યો અને બીજી પાસ તે તે સર્વ ક્રિયાથી મદનવિષની લહેરો અનુભવવા લાગ્યો અને તેના અસહ્ય વેગથી ઘૂર્ણાયમાન થતો લાગ્યો.

'હરિ! હરિ! હરિ! હરિ! હં! હં! હં! હં! કુમુદસુંદરી! હવે તો જાગો! તમારી મૂર્છાથી તમે સુખમાં છો; અને મારા ભાગ્યને માટે તો, ગમે તો આ વિષજ્વાલામાંથી છૂટવાને માટે મને તમારા જેવી મૂર્છા થાવ, કે ગમે તો તમે જાગીને દૂર બેસો ને તમારા પવિત્ર આત્માના તેજથી તમારા શરીરનું મોહક વિષ નિવારો!'

મુખ ઉપર કંટાળો આવી ગયો; છતાં સર્વ શરીરના નવા વિકાર સરી જતા હતા અને હૃદયને ને બુદ્ધિને પરવશ કરવા મહાભારત અને અસહ્ય પ્રયાસ માંડતા હતા. તે ત્રાસવૃષ્ટિને કાળે છત્રી જેવા ગાને વાધવા પ્રયત્ન કર્યો; પણ તેનો થડકાતો રાગ, રાતી થતી આંખ, અને શરીરમાં વ્યાપતી ઉષ્ણતા અને રોમાંચિતતા, એ સર્વ આ વિષથી વધતી જડતાને સ્પષ્ટ કરતાં હતાં. કુમુદસુંદરીના ગાનમાં કડીઓ ગવાઈ હતી કે-

'દેહ બળતાં બચ્ય નહીં વાળ'

અને 'પ્રેમી અબળાને પ્રેમે ભુલાવી,

ધીકધીકતા અગ્નિમાં ચલાવી! '

વગેરે કડીઓમાંનો અર્થ હવે સરસ્વતીચંદ્રને અનુભવથી સમજાયો, સમાન દુ:ખની દુખિયારી ઉપર દયા આવી, અને બે જણને પોતપોતાનાં દુ:ખમાંથી છૂટવાનો એક જ પરસ્પર સામાન્ય માર્ગ સૂઝ્યો — ગમે તો બે યે ડૂબવું ને ગમે તો બે યે તરવું! 'પ્રાણનાથ! તારો કે ડુબાડો!' વગેરે દીન યાચનાઓ હવે સમજાઈ. પવન તો હજી વાતો જ હતો અને કુમુદના વસ્ત્રની ક્રૂર અવ્યવસ્થા અટકાવવાનો વીર પ્રયત્ન પણ તેવો જ ચાલુ હતો. તે ભેગું મદનપવનને અટકાવનાર ગાન પણ તેમ જ ચાલ્યું:

'પવન! મર્યાદા ના તોડ!

વિખેર ન વાળી આ સોડ!

ઝીણી મૃદુ ચૂંદડી આ તું

ઉરાડ ન! અંગ શરમાતું.

સુઘડ ઘટ પાટલી વાળી

નદીમૂળ છાતી [૧] જ્યમ ઝાડી;

પવન! આ અહીં જ રહેવા દે!

મદન! તુજ બાણ સહેવા દે!

આટલે સુધી સહું છું — આગળ વિશ્વાસ નથી — પવન! મદન! હવે બસ કરી! Now have done with your nonsenses ! હરિ! હરિ!'

નેત્રમાં ઘડીક રતાશ ને ઘડીક આંસુ જણાતાં હતાં અને શીત જ્વરથી પોતે કંપતો હોય એમ શરીરમાં ટાઢ વાવા લાગી. તેવે કાળે વળી મૂર્છાવશ મુખ ઉપર જોઈ રહ્યો ને ફરી જાગ્યો હોય એમ થયું, અને એમ જાગતાં જાગતાં ઝોકાં ખાતો હતો.

'લતા કરમાઈ આ શોકે,

મધુરતા ન મૂકતી તો યે!

કિરણ શશીનાં પ્રગટ એ કરે!

ન જોવાનું હું જોતો! અરે!

હું લાંભી છું, હું લોભાતો;

હું દુખી છું, હું દુ:ખાતો,

હું ઝેરી છું, હું વિષ વાતો,

પ્રિયા-ઉરમાં હું વિષ લ્હાતો!

પ્રિયા! મૂર્છા તું છોડી દે!

શરમની ગાંઠ તોડી દે!

તું કાજે હું કરું શું? કહે!

હૃદય પર શલ્ય શાને વહે?'

મુખ ઉપર કંઈક ઉત્સાહ જણાયો. ને બોલતાં બોલતાં હાથ ઊંચો થયો.

'હવે આવ્યાં નવે દેશે,

હવે ફરીએ નવે વેશે;

નથી સંસારની ભીતિ;

ત્યજી સંસારની રીતિ.

સગાં સંસારનાં છોડ્યાં,

છૂટ્યાં તેઓથી તરછોડ્યાં

વિશુદ્ધ જ સાધુનો પન્થા!

ધરીએ આપણે કન્થા. [૧]

ગિરિવર રમ્ય પાવન આ;

જગતમાં ના જડે એ સમા;

અહીં એકાન્ત ને શાન્ત [2]

વસીએ, વહાલી! રહી દાન્ત. [3]

કુમુદસુંદરી! તમને જગાડવાને જેટલા અગ્નિમાં ચાલવું પડે એટલા અગ્નિમાં ચાલીને પણ તમને જગાડવા પ્રયત્ન કર્યા વિના છૂટકો નથી. દૃશ્ય સીતાએ મૂર્છિત રામચંદ્રનો જે અધિકારથી કરસ્પર્શ કર્યો પવિત્ર ભવભૂતિએ વર્ણવેલો છે તે જ અધિકારથી તમને જાગૃત કરવા તેવો જ પ્રયત્ન કરું છું તે ક્ષમા કરજો! તમારી કે મારી આ અવસ્થા હવે મારાથી જોવાતી નથી, વેઠાતી નથી.'

કુમુદ મૂર્છાથી કંઈક છૂટી થતી હોય અને મૂર્છામાંથી નીકળતી નિદ્રામાં પ્રવેશ કરતી હોય એમ એના શરીરની શિથિલ થતી નસોની પ્રત્યક્ષ થતી કોમળતાથી લાગ્યું — એટલામાં તો ખોળામાં એણે પાસું ફેરવ્યું ને આના ઉરોભાગને એના ઉર:સ્થલનો કંઈક સ્પર્શ થતાં જોવી મદનની લહેસેની તેવી જ ધર્મભગિની જાગૃતિની સાથે લાગી ચમત્કૃતિ સરસ્વતીચંદ્રમાં પ્રકટ થઈ. ચોમાસાના જળથી ભરેલા આકાશવ્યાપી મેઘમાં જેમ એક પાસ જળની શ્યામતા, શીતતા અને જડતા વધવા માંડે તેમ બીજી પાસથી વીજળીના ચમકારા ને ત્રીજી પાસથી ગર્જના થઈ પરિણામમાં મેઘ દ્રવવા — વૃષ્ટિ કરવા — માંડે તેમ અત્યારે મદન અને ધર્મવિચારો વચ્ચે કોલતા સરસ્વતીચંદ્રને થયું.

'ગમે તે થાવ! ગમે તે થાવ! તરવાનાં હોઈએ તો પણ આ મૂર્છાનો છેદ સાધનરૂપ છે ને ડૂબવાનાં હોઈએ તો પણ એ જ સાધન છે. માટે એ છેદ તો અવશ્ય કરવો. આ સ્પર્શને અમૃત ગણું તો મૂર્છાછેદ વિના પૂર્ણ તૃપ્તિ નથી ને વિષ ગણું તો પણ એ જ છેદ વિના વિષનો પ્રતિકાર નથી. કુમુદ! પ્રિય કુમુદ! તને 'પ્રિયા' કહું કે ન કહું? જે હો તો હો. હવે તો તું જાગ ને તારો ને સાથે મારો ભેગો ઉદ્ધાર તારે ઇષ્ટ માર્ગે તું કર!'

હૃદય સાથે ચંપાઈ હતી તે અચેતન મૂર્તિને અજાણતાં કે જાણીને એણે પોતાના હાથનો આધાર આપી ત્યાં જ ટકવા દીધી, અને માત્ર પોતાના હૃદયમાંથી એના પરામૃષ્ટ હૃદયમાં પ્રાણ વિનિમય કરી કહેવા ઇચ્છતો હોય તેમ તે જ સ્થિતિમાં ગાવા લાગ્યો — મોં બગાડી ગાવા લાગ્યો:

'પ્રિયા! મૂર્છાથી છૂટી થા!

પ્રિયા! ખોળેથી બેઠી થા!

સરિતા! પૂરભરી આવી,

અટકી રહી કેમ આ આઘી?'

હૃદય હૃદય સાથે જાણ્યે કે અજાણ્યે ચંપાઈ ગયું!

'કરે સત્કાર સાગર આ,

ઉછાળે નીરઝાલર આ.

હવે વિશ્વંભરે જે રચ્યો,

પ્રિયા સંકેત તે આ મચ્યો!

એને પછી ખોળામાં ચતી સુવાડી, અને એનું મુખ ઝાલી કહેવા લાગ્યો:

'પ્રિયા! મૂર્છાથી છૂટી થા!

પ્રિયા! ખોળેથી બેઠો થા!

ઉઘાડી આંખ, જો ને જો!

અલખ-સંકેત શો આ મચ્યો?'

માત્ર એક હાથ એના માથા તળે રાખી અને બીજો હાથ ખોળા બહાર પડેલા પગ તળે રાખી, માથાને અને પગને ઊંચાં ટેકવી રાખી, એના સર્વ શરીર ઉપર દૃષ્ટિ ફેરવતો સર્વ શરીરને કહેતો હોય તેમ કહેવા લાગ્યો:

'નવા દેશે નવા વેશ!

જગતનું કામ નહીં લેશ!

નવા વિશુદ્ધ ઘર લોભ!

મને તે લોભમાં યોજ.'

કુમુદના શરીરના મર્મભાગમાં રહેલા અંતરાત્માને કહેતો હોય તેમ હવે નેત્ર મીંચી કહેવા લાગ્યો:

'પ્રિયા! મૂર્છાથી છૂટી થા!

પ્રિયા! ખોળેથી બેઠી થા

દવસ દુ:ખના ગયા નાસી!

ભર્યા તુજ કાજ રસરાશિ.'

સરસ્વતીચંદ્રની અંતરદૃષ્ટિ ઊઘડી. કુમુદના અંતરાત્માને કહેતો હોય તેમ મીંચેલી આંખે જ કહેવા લાગ્યો.

'પ્રિયા! મૂર્છાથી છૂટી થા

પ્રિયા! ખોળેથી બેઠી થા!

ઉઘાડી આગળા [૧] દેને!

મન:પૂત, તારું ગણી લેને!'

ગાન બંધ રહ્યું પણ ઉભયની બીજી અવસ્થા હતી એવી ને એવી રહી. કુમુદસુંદરી ખોળામાં જ અચેતન રહી. એના માથા નીચે ને પગ નીચે જ સરસ્વતીચંદ્રના હાથ રહ્યા. સરસ્વતીચંદ્રની આંખો મીંચાયેલી જ રહી. એ પોતે બેઠો હતો તેમ જ બેઠેલો રહ્યો. પવન વાતો હતો તેમ વાતો જ રહ્યો અને ચંદ્રનો પ્રકાશ જ્યાં પડતો હતો ત્યાં જ પડી રહ્યો. એક ફેર માત્ર એટલો પડ્યો કે સરસ્વતીચંદ્રનો જીવ કંઈક ઊંડો ઊતરી પડ્યો હોય એમ એનું બાહ્ય ચેતન એના અંતરાત્મામાં લીન થયું અને એ આમ નિવૃત્ત થયો એટલે સ્વતંત્ર થયેલા પવનની નિરંકુશ લહરીઓથી કુમુદનું વસ્ત્ર ફરફરવા લાગ્યું. બીજો ફેર એ પડ્યો કે ગાન શાંત થતાં કુમુદનું મસ્તિક ગાનની અસરની પરિપૂર્ણતાથી કે ગાનની શાંતિથી શાંત થયું અને એની મૂર્છા તૂટી કે નિદ્રા છૂટી. તેમ થતાં પ્રિયસ્પર્શના મોહથી પોતાને સ્વપ્નમાં માનતી અથવા આનંદસ્વપ્નમાં પડતી કુમુદ કેટલીક વાર સુધી એમની એમ હાલ્યા ચાલ્યા વિના ખોળામાં જ પડી રહી. પડી રહી તે પવનથી ઊડેલા વસ્ત્રના ભાને જાગૃત થઈ અને આંખ ઉઘાડી. પૃથ્વી ઉપર આકાશમાં ચંદ્ર લટકે તેમ પોતાના ઉપર ઊંચે લટકતું પ્રિયમુખ બે ચાર પળ સુધી આ ઊઘડેલી આંખે જોયાં કર્યું અને અંતરાત્મા જાગ્યો ન હોય તેમ કુમુદ ત્યાં જ પડી રહી. બીજી બે ચાર પળ વીતી એટલામાં અંતરાત્મા જાગ્યો અને પોતાનું વસ્ત્ર સમું કરતી કુમુદ ખોળામાંથી ઊઠી સામી દૂર બેઠી અને પ્રિયજનની સમાધિસ્થ જેવી પ્રિયમૂર્તિનું દૃષ્ટિસેવન કરવા લાગી. એ દૃષ્ટિ તૃપ્ત થતા પહેલાં પોતાના શરીર ભણી ભાન ગયું ને વિચાર થયો.

'નક્કી! સરસ્વતીચંદ્રને જ્વર આવ્યો છે — એમનું શરીર અતિ ઉષ્ણ હતું તે મેં અનુભવ્યું — ટાઢ વાતી હોય એમ એમને રોમાંચ થયો તે મેં સ્પર્શ્યો. પણ આંખો શાથી મીંચી છે? અરેરે! લક્ષ્મીનંદનના વૈભવના ભોગીના આવા સ્થાનમાં આથી બીજી શી દશા થાય? અથવા આ સર્વનું કારણ હું પોતે તો નથી? પેલી દુષ્ટ મર્મદારક ભસ્મવાળી રાત્રિએ મને આવો જ જ્વર હતો! શું આ અનંગજ્વર એમને થયો છે? જો એ જ આ જ્વર હોય તો આમ એ છેક નિશ્ચેષ્ટ ન બેસી રહે. મદનમહાજ્વરમાં સપડાયેલા વશી ત્યાગી મહાત્મા આવા જ ઉગ્ર સમાધિથી એ વિષમજ્વરને શાંત કરી શકતા હશે! હું એમને ઉઠાડું? જો એ આવા સમાધિમાં હોય તો એમને ઉઠાડવા એ મહાન અનર્થ. જો તેમ ન હોય, અને આ કેવળ જ્વરનું કે કોઈ વ્યાધિનું પરિણામ હોય તો ઈશ્વરે મને આવે કાળે એમની સેવા કરવાને જ મોકલી, અને એમને જગાડવા એ જ મારું કામ. તો હું શું કરું?'

સરસ્વતીચંદ્ર મીંચેલી આંખે પલાંઠી વાળી બેસી રહ્યો હતો તેના સામી થોડે છેટે ઉઘાડી આંખે એને કુમુદ જોઈ રહી. પણ બોલ્યા ચાલ્યા વિના,

હાલ્યા ચાલ્યા વિના, વિચારમાત્ર બંધ કરી, વિકારને વેગળા રાખી, એક ઢીંચણ પર હાથની કોણી રાખી અને એ હાથ ઉપર હડપચી ટેકવી, અનિમિષ એકીટશે સામા મુખમાં પોતાના સકલ અંતરાત્માનો યોગ કરી, ઊંડા સ્નેહ અને ઉચ્ચ અભિલાષાની મૂર્તિ જેવી, તપસ્વિની બાળા પળે પળને યુગ ગણતી ગણતી, બેસી રહી.

---

૧ . ઓખાહરણનો રાગ.

૧ . ઝાકળ. ૨ . રસોઈ.

૧ . ‘ગુણ’ એટલે કૂવામાંથી પાણી ભરવાનું દોરડું અને બીજો અર્થ સામાન્ય કહીએ છીએ તે ગુણ.

૧ . રૂવાંનું ઊભું થવું.

૧ . પર્વત.

૧ . Generalization

૧ . કૃત્રિમ, conventional

૧ . નાકની નસકોરી.

૧ . ઘા

૨ . મોર, કલાપ કરનાર.

૧ . છાવું એ ધાતુ ઉપરથી છાતી ઢાંકતી.

૧ . સાધુજનોને પહેરવાનું ભગવું વસ્ત્ર. ૨ . જેણે અન્તરિન્દ્રિયોનો શમ એટલે શાન્તિ પ્રાપ્ત કરી છે તે. ૩ . બાહ્યેન્દ્રિયોનો દમ એટલે દમન જેણે કરેલું છે તે.

૧ . બારણાને વાસવાના આગળા.

૨૯ હૃદયના ભેદનું ભાંગવું

"All precious things, discover'd late ,

To those that speak them issue forth ;

For love in sequel works with fate ,

And draws the veil from hidden worth .'

- Tennyson's 'Day-Dream'

And so love -

Vaster in being free from toils of sense -

Was wisest stooping to the weaker heart ;

And so the feet of sweet Yasodhara

Passed into peace and bliss, being softly led .'

- Arnold's 'Light of Asia' .

'સરસ્વતીચંદ્ર! સરસ્વતીચંદ્ર! હું કુમુદ આપને બોલાવું છું-' સામી બેઠી બેઠી કુમુદ કેટલીક વારે બોલી.

પવનની ગર્જના પર્વત ઉપર થતી હતી તે વચ્ચે પણ આ ઝીણો સ્વર સરસ્વતીચંદ્રના કાનમાં પેઠો અને એને એની વિચારનિદ્રામાંથી જગાડ્યો. ધીમે રહી એણે આંખ ઉઘાડી પોતાના ખોળામાં જોયું અને હવે હલકા થયેલા ખોળાનો ભાર ઇષ્ટ રૂપે સામે બેઠેલો જોયો.

સરસ્વતીચંદ્ર — 'કુમુદસુંદરી! મેં તમને બહુ દુ:ખી કર્યાં.'

કુમુદસુંદરી — 'થનારી થઈ ગઈ — બનવાની બની ગઈ. આપે મારા ભાગ્યને આપની જોડે ઉરાડવા પ્રયત્ન કર્યો — એ ભાગ્યમાં એવી રીતે પણ ઊડવાની શક્તિ ન હતી તેથી પડવાનું જ હતું તે પડ્યું. આપનો એમાં હું દોષ કાઢતી નથી. શકુન્તલાના પ્રેમને દુષ્યન્ત જેવા પુરુષ ભૂલી જાય ત્યારે તો દુર્વાસા જેવાના શાપનું જ અનુમાન કરવું. ચંદ્રાવલીબહેને આ વિષયમાં મારી હૃદયભાવના આપને કહેલી જ છે તો તે વિષયે હૃદયશલ્યને સમૂળાં કાઢી નાખો.'

સરસ્વતીચંદ્ર — 'થયેલી મૂર્ખતા અને દુષ્ટતા ચિત્તમાંથી ખસતી નથી.'

કુમુદસુંદરી — 'એમ શું બોલો છો? આપની ભૂલ થઈ હશે પણ દુષ્ટ તો આપ નથી જ. જો આપનામાં દુષ્ટતાનો અંશ હોત તો સર્વસ્વ છોડી આ

દુષ્ટ શરીરની પાછળ આમ આપ ભટકત નહીં, અથવા ભટકત તો આ મહામોહની બે ઘડી જ આપે પ્રત્યક્ષ કરી તે કાળમાં મોહને વશ થઈ આ શરીરની જુદી જ અવસ્થા આપે કરી દીધી હોત.'

સરસ્વતીચંદ્ર — 'એમાં મેં કાંઈ નવું નથી કર્યું.'

કુમુદસુંદરી — 'આપ મારાથી અન્ય સર્વ રીતે અધિક છો; પણ સંસારના દુ:ખના અનુભવમાં હું વધારે ઘડાઈ છું અને જેવી ઘડી આપને ગાળવી પડી છે તેના કષ્ટનો પણ મને અનુભવ છે.'

સરસ્વતીચંદ્ર — 'તમને એમ નથી લાગતું કે આ વાત કરી દુષ્ટ સંસ્કારોને દૃઢ કરવા કરતાં એ વાત કરવી જ નહીં તે વધારે ક્ષેમકારક છે?'

કુમુદસુંદરી — 'એ તો અનુભવસિદ્ધ છે.'

કહેતાં કહેતાં એણે કંપારી ખાધી ને તે સરસ્વતીચંદ્રે દીઠી.

સરસ્વતીચંદ્ર — 'તમને જોઈ રહું છું ત્યારે મનમાં એક પ્રશ્ન ઊઠે છે કે દુષ્ટતા તે આવી વાત કરવામાં હશે કે નહીં કરવામાં હશે?'

કુમુદસુંદરી — 'દુષ્ટતા તો આ મુખમાં જ છે કે જેના દર્શનથી આપના જેવા ત્યાગીને આવું દુ:ખ થાય છે. સ્ત્રીઓની દૃષ્ટિમાં જ આવું વિષ ભરેલું છે.'

સરસ્વતીચંદ્ર — 'હરિ! હરિ! કુમુદસુંદરી! જો એવું વિષ સ્ત્રીઓની દૃષ્ટિમાં હોય તો તે પુરુષની વાણીમાં પણ છે કે જેના ઉદ્‌ગારે તમને અસહ્ય અગ્નિમાં ચલાવ્યાં.'

કુમુદસુંદરી શરમાઈ ગઈ, નીચું જોઈ રહી, અને અંતે સ્વસ્થ થઈ બોલી: 'મને હવે ભાન આવે છે કે સાધુજનો મને અહીં એકલી મૂકી ગયા તે વેળાએ મેં મારા હૃદયના ઊભરા કાઢવા જોડી રાખેલું કાવ્ય ગાવા માંડ્યું હતું. મને લાગે છે કે તે મારી મૂર્છાકાળે પણ ચાલુ રહ્યું હશે ને આપણા પવિત્ર સુખી કાનમાં કંટક જેવા અનેક પગવાળા કાનખજૂરા પેઠે પેસી ગયું હશે. પણ ક્ષમા કરજો, એ જે થયું હોય તે આ શરીરની પરવશતાને લીધે જ.'

સરસ્વતીચંદ્ર — 'તમારા શરીરને તો સુવર્ણપુરમાં ઘણો કાળ પ્રત્યક્ષ કર્યું હતું, પણ હૃદયને તો એ ગાને જ પ્રત્યક્ષ કરાવ્યું અને એટલા માટે જ મારી સ્વાર્થી વૃત્તિને એ દર્શન કરાવનારી તમારી મૂર્છા મને ઘણી પ્રિય થઈ પડી હતી.

કુમુદસુંદરી — 'મારે પણ એમ જ ગણવાનું કારણ છે. આપના પવિત્ર ખોળાને દૂષિત કરી આ શરીર તેમાં પડી રહ્યું હતું ત્યારે બોલવાની કે હાલવા ચાલવાની મારામાં શક્તિ ન હતી ને નયન બંધ હતાં તે ઉઘાડવાની શક્તિ ન હતી; પણ કાન ઘણો કાળ જાગૃત હતા. કાચના ગોળામાં રાખેલો

જંતુ કાચમાંથી બહારની સૃષ્ટિનું અવલોકન કરી માંહ્ય ને માંહ્ય ફર્યા કરે અને બહારના પદાર્થોની ગતિથી ચમકે તેમ કાચ જેવા જડ પણ મારાથી પારદર્શક મારા શરીરમાં મારા હૃદયની સ્થિતિ એ જન્તુના જેવી પરાધીન જાગૃત હતી. આપના તપોમય સ્નેહના મધુર ઉદ્ગાર પણ મારા કાનમાં ને હૃદયમાં તે કાળે જ કંઈક આવ્યા અને મારા અનેક સંશયને તેમણે દૂર કર્યા.'

સરસ્વતીચંદ્ર ચમક્યો.

'ત્યારે મારે માટેનો તમારો અભિપ્રાય ઘણો હલકો થઈ ગયો હશે!'

કુમુદસુંદરી — 'શા માટે ચમકો છો? જે વસ્તુના અજ્ઞાને અને સંદેહે સુવર્ણપુરમાંની મારી સ્થિતિના કરતાં વધારે દુ:ખ મને દીધું હતું તે આ ઉદ્ગારોથી મને પ્રકટ થઈ છે. અને તેથી તે દુ:ખ દૂર થયું છે; અને આપનું દુ:ખ કંઈ દૂર કરવાની મારામાં શક્તિ છે અને તેમ કરવાનો સાધુજનોએ પ્રસંગ આપ્યો છે તે સફળ કરવાનો માર્ગ પણ આ ઉદ્ગારોથી જ મને જડશે.'

સરસ્વતીચંદ્ર —'મનની પરવશ દશામાં નીકળેલા ઉદ્ગારોથી મારો કરવો ઉચિત નથી.'

કુમુદસુંદરી — 'એ ન્યાયથી આપને કંઈ કલંક લાગતું નથી.'

સરસ્વતીચંદ્ર — 'ચંદ્રનું કલંક તો બ્રહ્માએ જ ઘડેલું લાગે છે પણ આ તેને ઢાંકનારી વાદળીનો પડદો હતો તે પવને ખસેડી નાખ્યો.'

કુમુદસુંદરી — 'ચંદ્ર અને કુમુદને પરસ્પર પ્રત્યક્ષતા કરાવનાર એ પવન બહુ પરગજુ નીવડ્યો. સરસ્વતીચંદ્ર! હું તમારી — આપની પાસે હું શું કહું?'

સરસ્વતીચંદ્ર — 'મને 'આપ' ન કહેતાં આપણા આદિકાળને સ્મરી 'તમે' કહીને બોલાવો, એટલે બાકીનું બીજું જે જે કહેવાનું હશે તે જાતે જ કહેવાઈ જશે.'

'આદિકાળ સ્વપ્નવત્ થયો — જતો રહ્યો! હવે તો હું પણ બદલાઈ ને તમે પણ બદલાયા. જે વિશેષણ એકના મુખને અને બીજાના કાનને અમૃતરૂપ અને ભૂષણરૂપ હતાં તેનો હવે ત્યાગ કરવાનો પ્રયત્ન કરવો પડે છે.' કુમુદે નિ:શ્વાસ મૂકી કહ્યું.

'સાધુજનોની સાધુતાને સાધુ પદાર્થો પ્રયત્નનો જ ત્યાગ કરવાથી પ્રાપ્ત થાય છે. જ્યાં સંદેહ પડે ત્યાં સત્પુરુષોનાં અંત:કરણને પ્રમાણ ગણવાં એવું દુષ્યન્તનું વચન છે. [૧] ' સરસ્વતીચંદ્ર ધીમે રહી બોલ્યો.

કુમુદસુંદરી — 'કાવ્યોને પ્રમાણ ગમવાનો કાળ હવે વીતી ગયો.'

સરસ્વતીચંદ્ર — 'મારી મૂર્ખતાએ આ કાળ આણ્યો.'

કુમુદસુંદરી — 'તમે શું કરો? પ્રારબ્ધ ભુલાવે છે ત્યારે *બુદ્ધય: કુબ્જગામિન્યો ભવન્તિ મહતામપિ* [૧] મારા વિદ્વાન, અનુભવી અને ચતુર પિતાને પણ થોડા દિવસ વિલંબ કરી તમારી વાટ જોવાનું ન સૂઝ્યું અને મારો ઉતાવળો વિવાહ કરી દેવામાં જ મારું કલ્યાણ લાગ્યું ત્યારે એમ જ સૂઝે છે કે ઈશ્વરની જ ઇચ્છા બળવાળી છે. એવા એવા અનુભવીઓ ભૂલે ત્યારે આવે સૂક્ષ્મ પ્રસંગે તમારી બુદ્ધિ તમને ભુલાવે ને મારા દુ:ખના પ્રદેશમાં મૃગજળ જેવું મારું સુખ તમને પ્રત્યક્ષ કરાવે તેમાં તમારો શો દોષ?'

સરસ્વતીચંદ્ર — 'કુમુદ! કુમુદસુંદરી! તમારા જેવા હૃદયમાં આવી ઉદારતા અને આવું શાણપણ દેખું છું તેથી પણ મારો મોહ ઘટવાને સાટે વધે છે.'

કુમુદસુંદરી — 'તમારી આંખો ન્હેંકાય છે, તમારો સ્વર થડકાય છે અને શરીર ધ્રૂજે છે. તમારું દુ:ખ મને કહી દ્યો.'

સરસ્વતીચંદ્ર — 'તમારું દુ:ખ તે જ મારું દુ:ખ છે. તમને સુખી જોઈશ ત્યારે હું સુખી થઈશ.'

કુમુદસુંદરી — 'પણ અત્યારની આ અવસ્થા શાથી?'

સરસ્વતીચંદ્ર — 'મને મારી અવસ્થાનું ભાન નથી.'

કુમુદસુંદરી — 'તમે મારું એક કહ્યું કરશો?'

સરસ્વતીચંદ્ર — 'એ કહ્યું કરવામાં જ મારું પ્રાયશ્ચિત્ત રહેલું છે.'

કુમુદસુંદરી — 'તો સાધુજનોએ રાખી મૂકેલા આ ફલાહારથી જઠરાગ્નિને તૃપ્ત કરી આપ નિદ્રા લ્યો ને તેમણે આપણે માટે યોજેલી પંચરાત્રિના શેષ ભાગમાં નિદ્રાન્તે ઉભય હૃદયનું પરસ્પર સમાધાન કરવાનો અવકાશ પુષ્કળ મળશે.'

સરસ્વતીચંદ્ર — 'તમે પ્રસાદ લ્યો તો હું લઉં.'

એક મોટા પાંદડા ઉપર ફલાહાર પીરસ્યો. બીજું પાંદડું હતું નહીં. કુમુદે 'પછીથી ખાઈશ' કહ્યું. સરસ્વતીચંદ્રે તે માન્યું નહીં. અંતે એક પાંદડામાં સર્વ ફળ મૂકી બે જણે ભોજન કર્યું. ભોજનકાળે ઝાઝી વાત ચાલી નહીં. ચર્વણકાળે જાણ્યે અજાણ્યે એકબીજા સામું જોઈ રહેતાં હતાં અને મોહપાશ તેમની બેની આસપાસ વધારે વધારે વીંટાતો હતો. પણ તેની અનુભવિયણ કુમુદ ચેતી અને સત્વર ઉપાય યોજવા બીજી વાતો કાઢવા લાગી.

'મારા ચિત્તમાં એમ લાગે છે કે આપણે એકબીજાને સત્ય નામે વાત ન કરવી પણ સાધુજનોમાં જે નામ પ્રસિદ્ધ છે તેનો જ ઉચ્ચાર કરવો; તમને આગળ ઉપર એમ લાગે કે હવે પ્રસિદ્ધ થવું ત્યારે જ મારા પિતાશ્રીના આ રાજ્યમાં એમની પ્રતિષ્ઠા ન્યૂન થાય નહીં તેમ મારે છતાં થવું.'

સરસ્વતીચંદ્ર —'યોગ્ય છે. તેમાં દોષ માત્ર એટલો છે કે "મધુરી" એ નામના ઉચ્ચારથી તમારી મધુરતા ઉપર લક્ષ્ય જાય છે.'

કુમુદસુંદરી — 'સંસારમાં ઘણી જાતના સંબંધીઓ એકબીજાના નામોચ્ચાર કર્યા વિના જીવતા સુધી પરસ્પર વ્યવહાર નિભાવે છે.'

સરસ્વતીચંદ્ર — 'હા. પણ તેમાં તો ઘણુંખરું દંપતીઓમાં જ એવો વ્યવહાર હોય છે, અને તેવાં આપણે ન છતાં તે સંબંધ પ્રમાણે સંબોધન કરવાં એ પણ મનને સૂચક થશે અને મોહના કારણભૂત થાય એવો ભય રહે છે.'

કુમુદસુંદરી — 'તો મારા ચંદ્ર — હું તમને ચંદ્ર કહી સંબોધીશ — તમે મને ગમે તે કહેજો અને તમે મારા ચંદ્ર થઈ મારા મોહતિમિરનો નાશ થાય એવું કાંઈ કરજો. હું પણ તમને નવીન કહેતાં કંઈ કંઈ આંચકા ખાઉં છું.' વાતો કરતાં કરતાં બે જણે એક જ ફળ સાથે લાગું લીધું, બેનાં આંગળાં અડક્યાં, બેને નવા ચમકારા થયા, બે ચેત્યાં, બે યે ફળ પડતું મૂક્યું ને પોતપોતાના હાથ ખેંચી લીધા, અને ફળ બેના હાથમાંથી પડ્યું. હાથ પાછા ખેંચાયા પણ નેત્ર તો નેત્રને જ વશ રહ્યાં. કુમુદે પડેલું ફળ પાછું લઈ સરસ્વતીચંદ્રને આપ્યું.

પવન સર્વત્ર છે તેને દૂર કરવાને પંખાથી ધક્કો મારીએ તો પવન દૂર જવાને સાટે પાસે જ વધે છે, પણ જ્યારે ચારે પાસના આવા પવન વિના બીજે સ્થાને જીવન જ નથી ત્યારે તો પવનને કેવળ બંધ કરવાના પ્રયત્ન કરતાં આપણા શરીરનું જ આચ્છાદાન કરવું યોગ્ય છે. આવા સમાગમકાળે આવો વિક્ષેપ આવા પવન જેવો થાય ત્યારે તો તેના પ્રતિકાર માટે એ વિક્ષેપનો નાશ કરવાનો પ્રયત્ન પડતો મૂકી, વિક્ષેપક શક્તિની અને પોતાની વચ્ચે અંતરપટ મૂકવો જ સારો એવી કલ્પના સરસ્વતીચંદ્રને થઈ. પણ અંતરપટ શાનો કરવો તે સૂઝ્યું નહીં. એટલામાં એની મનોવૃત્તિ સમજી હોય એમ કુમુદે પ્રશ્ન પૂછ્યો:

'આપે પિતાનો ત્યાગ કર્યો તે તેમના ઉપર અથવા બીજા કોઈ ઉપર ક્રોધથી કર્યો કે ઓછું આવ્યાથી કર્યો કે કંઈ બીજા કારણથી? મારો ત્યાગ કેવી બુદ્ધિથી કર્યો? સુવર્ણપુર કયા અભિલાષથી આવ્યા? ત્યાંથી અહીં શાથી અને કેવી રીતે આવ્યા? અહીંથી હવે ક્યાં જવું અને શું કરવું ધારો છો? મારે માટે...' આ બધું વાક્ય પૂરું થતાં પહેલાં એના હાથમાંના ફળનો ગલ એના પગની પાની ઉપર પડ્યો હતો તે ઉપર એનું ધ્યાન ન હતું; પણ સરસ્વતીચંદ્રની દૃષ્ટિ — એ ગલ પર અને સુન્દર પ્હાની ઉપર —

ચંદ્રપ્રકાશમાં આ ગલ સુન્દર ચિત્ર રૂપે પડેલો હતો તે ઉપર — પડી હતી. કુમુદ છેલ્લું વાક્ય બોલે તે પહેલાં તો સરસ્વતીચંદ્રે આ ગલને હાથ વડે લોહી નાખ્યો પણ લોહેલા સ્થાનને જોઈ જ રહ્યો. એ તાલ કળાઈ જતાં કુમુદે પોતાની પ્હાની પાછી ખેંચી લીધી અને પોતે પહેરેલા વસ્ત્રની કોર પ્હાની ઉપર ઢાંકી દીધી. પ્હાની સંતાઈ જતાં તે જોવાનું બંધ થયું અને જોનાર સાવધાન થઈ ગયો.

સરસ્વતીચંદ્ર — ‘આ પ્રશ્નનો ઉત્તર દીધાથી આપણો ભેદ ભાગશે અને હું જાતે શાંત થઈશ એમ લાગે છે, પણ એ શાંતિ ખરેખરી મળશે કે તેને સ્થાને કંઈ બીજું પરિણામ થશે તે તો, આજ રાતના આપણા અનુભવોનો વિચાર કરતાં, કંઈ સ્પષ્ટ સમજાય એમ નથી.

કુમુદસુંદરી — ‘સાધુજનો એવું માને છે કે ઉત્કૃષ્ટ રસ અને શુદ્ધ ધર્મ, દંપતી જેવાં એક જ છે, અને તેમની સંગત પ્રેરણા જે દિશામાં થાય ત્યાં જવામાં અનિશ્ચિત પરિણામનાં ભય-અભય ગણવાં યોગ્ય નથી. આને અનુસરીને જ મેં પણ એવો નિશ્ચય કર્યો છે કે આપની સેવા પ્રાપ્ત થાય તો મારે પણ બીજું કાંઈ જોવું નથી. આપના ચરણમાં મારી અધોગતિ થાવ કે ઉન્નતિ થાવ તેનો વિચાર મેં છોડી દીધો છે. ઓ મારા ચંદ્ર! તમારા વિના હવે મારે કોઈ નથી અને તમારી મધુરીને તમારા કલંક જેવી ગણીને કલંકિત થાવ કે તમારી કલાઓમાંની એક કલા ગણી કલાવાન રહો — બેમાંથી તમને અનુકૂળ પડે તે કરો. પણ મારાથી તમારાં દુ:ખ અને તમારા મર્મ ગુપ્ત ન રાખશો. મને એટલો અધિકાર આપો.’

સરસ્વતીચંદ્ર — ‘તમને એ અધિકાર નહીં આપું તો બીજાં કોને આપીશ? મને મારા સ્વાર્થનો તો શું પણ મારા ધર્મનો પણ બાધ તમને સુખી કરવામાં અંતરાયરૂપ થાય તો હું તેને ન ગણવાને તત્પર છું.

ધર્માત્યયો મે યદિ કશ્ચિદેવમ્

જનાપવાદ: સુખવિપ્લવો વા।

પ્રત્યુદ્ગમિષ્યામ્યુરસા તુ તત્તત્

ત્વત્સૌખ્યલબ્ધેન મન:સુખેન॥ [૧]

મધુરી! ‘મધુરી’ શબ્દથી મોહ કાલ થતો હોય તો આજ થાય, પણ તે નામથી જ અથવા જે કાંઈ અન્ય પ્રવૃત્તિથી કે નિવૃત્તિથી તમને જે શાંતિ થાય તેનાથી તે આપવી એ મારી વાસના છે. મારું સર્વસ્વ જે કાંઈ હોય તેના હવનથી [૧] પણ તમને સુખ મળે તો એ જ મારું સુખ છે. માટે મારું સુખ સાધવાની તમારી વાસનાની તૃપ્તિ તમે પોતાની જાતને સુખી કરશો તેથી જ થશે.’

કુમુદસુંદરી — ‘ભલે, પણ તમે મારું સુખ ઇચ્છો છો કે મારું કલ્યાણ ઇચ્છો છો?’

સરસ્વતીચંદ્ર — ‘તમને સુખની ઇચ્છા હોય તો તમારું સુખ ઇચ્છું છું અને તમને કલ્યાણની ઇચ્છા હોય તો કલ્યાણ ઇચ્છું છું.’

કુમુદસુંદરી — ‘તમારે પોતાને માટે શું ઇચ્છો છો?’

સરસ્વતીચંદ્ર — મારે તો સુખ પણ નથી જોઈતું ને કલ્યાણ પણ નથી જોઈતું. મને તો શાન્તિ મળે અને મારા ધર્મમાં ન ચૂકું એટલું જ જોઈએ.’

કુમુદસુંદરી — ‘તમે શાંતિમાં સુખ માનો છો ને ધર્મમાં કલ્યાણ માનો છો? ને તે બેને ઇચ્છો છો?’

સરસ્વતીચંદ્ર — ‘માનું છું તો તમે કહો છો તે જ. બાકી જ્યાં સુધી ધર્મથી શાંતિ ન મળે ત્યાં સુધી શાંતિને પણ અધર્મરૂપ ગણી તેને ઇચ્છતો નથી.’

કુમુદસુંદરી — ‘એ શાંતિને ધર્મરૂપ ક્યારે ગણશો?’

સરસ્વતીચંદ્ર — ‘તમને શાંત અને તૃપ્ત જોઈશ ત્યારે.’

કુમુદસુંદરી — ‘તમારો ધર્મ કયો?’

સરસ્વતીચંદ્ર — ‘જે પંચમહાયજ્ઞનો ગુરુજીએ, આપણને બેને ઉદ્દેશી, ઉપદેશ કર્યો તે આ દેશના તેમ પાશ્ચાત્ય દેશના સાધુસમાજને પ્રિય છે અને તે જ નાનપણથી પ્રિય ગણેલો મારો ધર્મ, ને તે જ તમારો ધર્મ. બાકીની ધર્મકથા સંસારીઓને માટે છે — આપણે માટે નથી.’

કુમુદ — ‘તો મારા ચંદ્ર! તમે કરેલા સર્વ ત્યાગની કથા, અને તેમાં તમે જે ધર્મ ધાર્યો હોય તે કહો. મને સુખ તેમાં જ લાગે છે ને તે સર્વ વિચારી મેં જે પ્રશ્નો ગણીગાંઠી, કરેલા છે તે સર્વના ઉત્તર આપી મારા મનનું સમાધાન કરો અને એમ કરતાં કોઈ અનર્થના ભયથી આંચકો ખાશો નહીં.’

સરસ્વતીચંદ્ર — ‘જો એમ જ છે તો કુમુદસુંદરી-મધુરી-મધુરી, સાંભળી લ્યો. મારે મોંએ મારી મૂર્ખતા તે દુષ્ટતા કહી બતાવવી પડે તો તે પણ એક પ્રાયશ્ચિત્ત જ છે ને પ્રાયશ્ચિત્ત તો હું ઇચ્છું છું જ. પિતાનો અને લક્ષ્મીનો ત્યાગ મેં શાથી કર્યો પૂછો છો? એ ત્યાગ મેં પિતામાતાને દુઃખમાંથી અને પુત્રયજ્ઞના ઋણમાંથી મુક્ત કરવાને માટે કર્યો. મારી અને તમારી પ્રીતિ થાય તે તેમને ગમતું હશે તેથી જ તેમને સુખ હશે જાણી, તમારું દર્શન કે અભિજ્ઞાન સરખું ન હોવા છતાં પિતાએ તમારી સાથે કરેલો મારો વિવાહ મેં સ્વીકાર્યો. આ સ્વીકાર મેં શા માટે કર્યો એમ તમે પૂછશો. હું કહું છું તે માનવું હોય તો માનજો કે પિતાની તૃપ્તિ વિના બીજું કાંઈ એ પ્રવૃત્તિનું પ્રયોજન મારે ન હતું. મારી વાસનાઓ નાનપણમાંથી ઘર છોડવા અને સંસારના મર્મભાગ જોવા માટે પ્રવાસ કરવાની હતી તે તમે જાણો છો.

મને લક્ષ્મીની વાસના ન હતી તે જાણો છો. માટે જ માની શકશો કે તમારા વિવાહનો સત્કાર, પ્રથમ પળે, કેવળ પિતૃયજ્ઞમાં મારી સૂક્ષ્મ વાસનાઓની આહુતિરૂપે હતો, પિતાએ માંડેલા પુત્રયજ્ઞમાં તેમના ભણીથી આરંભેલા આતિથેયના સ્વીકારરૂપે હતો. એક મંગળ મુહૂર્તમાં મને તેમણે વિદિત કર્યું ને મેં જાણ્યું કે તમારી પ્રીતિના યજ્ઞમાં આદરેલી મારી આહુતિ તેમને પ્રિય નથી. મેં તમારી સુંદર છબી કરાવી તેના દર્શનથી પ્રીતિરસ પીધો. હું તમને મળી ગયો. આપણે પત્રવ્યવહાર ચલાવ્યો. મેં તમને આપવા વીંટી કરાવી. એ સર્વ માતાપિતાને ન રુચ્યું, ને તમારે માટે વિપરીત ભાવના કરી તેમણે દુ:સહ આરોપ મૂક્યા. જે કારણથી તમારો વિવાહ સ્વીકાર્યો હતો તે કારણ ખોટું પડ્યું. જે કારણથી ગૃહ અને લક્ષ્મીનો સ્વીકાર કર્યો હતો તે કારણ ખોટું પડ્યું. મારા સુખ કરતાં મારો ત્યાગ માતાપિતાની વાસનાઓને વધારે અનુકૂળ થશે એવું સિદ્ધ થયું. એ સિદ્ધ થયું. એ સિદ્ધ થયું તેની સાથે જ એ ત્યાગ ન કરવાનો ધર્મ વિરામ પામ્યો અને એ ત્યાગ કરવાનો ધર્મ ઉદય પામ્યો. ભાવતું હતું અને વૈદ્યે કહ્યું. મારો પ્રિય ત્યાગ જ મને શોધતો આવ્યો અને હું તેને ભેટી પડ્યો. કહો, હવે શું પૂછવું છે?'

કુમુદ — 'જગતના કહેવા પ્રમાણે તો પિતાનાં વચન તમારાથી સહી ન શકાયાં ને રોષમાં ને રોષમાં સર્વના ત્યાગનું તમે અતિસાહસ કર્યું.'

સરસ્વતીચંદ્ર — 'મેં પણ એ વાત વર્તમાનપત્રોમાં વાંચી છે, પણ તે માનનારનું અજ્ઞાન છે. મને રોષનો અભ્યાસ હતો નહીં અને છે નહીં. સાધુજનો દોષ કરતા નથી ને પામર જનો દોષ કરે ત્યારે ક્ષમા જ ઘટે છે. [૧] તેમાં માતપિતાનો દોષ તો જોવા યે નહીં, એને સાટે તેમના પ્રતિ સર્વાંશે ક્ષમા રાખવી એ તો આકારકાતિથિય યજ્ઞનો આવશ્યક વિધિ છે. બુદ્ધાવતારના પૂર્વજન્મની કથાઓ ગણાય છે તેમાંથી કેટલીક મેં તમને કહી છે. તેમાં બિસજાતકની કથા એવી છે કે સર્વ ભાઈઓની સાથે વાનપ્રસ્થ થઈ બુદ્ધ પોતે બોધિસત્ત્વરૂપે રહેતા હતા અને સર્વ ભાઈઓ બિસપ્રાશન કરતા હતા. પાંચ છ દિવસ સુધી ઇન્દ્ર બોધિસત્ત્વના ભાગનાં બિસ ગુપ્ત રીતે હરી ગયો. બિસ ખોવાયાની વાત પ્રસિદ્ધ કરવાથી ભાઈઓને દુ:ખ થશે અને પોતાને તો આહાર-અનાહારમાં સમદૃષ્ટિ હતી તેથી બોધિસત્ત્વે એ વાત કોઈને કહી નહીં. વાત જાતે અન્ય કારણથી ઉઘાડી પડી ત્યાં સુધી ઉપવાસ થયા. રોષ કે તર્ક તેમણે કર્યા નહીં, અને શરીર કૃશ થયું પણ જાતે સુપ્રસન્ન જ રહ્યા. મધુરી! અપરમાતાના રાજ્યમાં ઈશ્વરકૃપાથી હું આવી પ્રસન્નતા રાખી શક્યો ને રોષમાં સમજ્યો નહીં. મારા હૃદયનું મારું પૃથક્કરણ ભૂલભરેલું હશે — પણ સત્ય માનજો કે હું હજી એમ જાણું છું કે પિતા ઉપર રોષ કરી ત્યાગી નથી થયો. મને કોઈની અપ્રીતિ તપ્ત કરતી નથી. હું તો તેમના ઉપરની પ્રીતિને લીધે તેમનું દુ:ખ જોઈ તપ્ત થયો ને તેમની તપ્તિ ટાળી તૃપ્તિ આપી. તેમણે મારું અપમાન કર્યું હોય તો તે આ એક વાર જ થયું અને તેનાથી તેમના અસંખ્ય પૂર્વ ઉપકાર મારાથી ભુલાયા

નથી. પણ શ્રદ્ધા વિનાની પૂજા, હૃદય વિનાનું આતિથેય, અને સ્નેહ વિનાની પર્યુપાસના: એ સર્વ, પાણી વિનાના તળાવ પેઠે ત્યાગ કરવા યોગ્ય છે. આવે કાળે સાધુજનોને માટે આ જ વિધિ પ્રાપ્તક્રમ છે; આ જ માર્ગ, પ્રસન્ન, સુગમ, સ્ફુટ, સુન્દર અને ધર્મ્ય છે. મહાબોધિનું આ વચન છે [૨] ને તે સર્વ સાધુજનોને માન્ય છે.

કુમુદ — 'પણ એ પ્રસંગે શું તમને દુ:ખ નથી થયું?'

સરસ્વતીચંદ્ર — 'દુ:ખ થયાની ના કહેવાતી નથી. પણ તે દુ:ખ મારે પોતાને માટે થયું નથી. પિતાના કૃત્યમાં અધર્મ લાગ્યો, અને તેમના પોતાના અકલ્યાણકારક અધર્મમાં તેમની પ્રવૃત્તિ જોઈ તેમના ઉપરના ઉપરના મારા પ્રીતિયોગને લીધે મને સંતાપ થયો. [૧] '

કુમુદ — 'એ સંતાપમાંથી તમે શી રીતે મુક્ત થયા?'

સરસ્વતીચંદ્ર — 'તેમના ચિત્તને શાંતિ થશે એ વિચારે સંતાપને શાંત કર્યો.'

કુમુદ — 'કોઈ બાળક સર્પ સાથે રમવા ઇચ્છે અને સર્પને પકડતા સુધી રોયા કરે ને શાંત થાય નહીં; તે બાળકનું સર્પ પકડવાથી અકલ્યાણ થાય તે થવા દઈ શાંત કરવું તે ધર્મ કે રોવા દેવું તે ધર્મ?'

સરસ્વતીચંદ્ર — 'જે બાળક નથી અથવા પારકું બાળ હોઈને આપણો ઉપદેશ માને એમ નથી તેની ઇચ્છાવિરુદ્ધ કલ્યાણ કરવાનો ધર્મ નથી. પિતાને ઉપદેશ કરવો તેમની જિજ્ઞાસા વિના પ્રાપ્ત થતો નથી. એ તો બહુ થાય તો વિનયપૂર્વક-સ્નેહપૂર્વક સૂચના પિતાને પુત્રે કરવી હોય તો તેટલો ધર્મ છે. બાકીનો પુત્રનો ધર્મ પિતાના મંદિરમાં રહી તેમનું આતિથેય કરવાનો છે; પિતાને આ યજમાન ઉપર અનાદર થાય એટલે યજમાનપુત્ર સ્નેહશૂન્ય પિતૃમંદિરમાં રહેવાનો અધિકારી નથી.'

કુમુદ — 'તમે એમને શાન્તિ ઇચ્છી હશે; પણ તમારા ત્યાગથી શાન્તિને સ્થાને તેમને શોક નહીં થયો હોય એમ તમે માનો છો? એવા શોકની અવગણના કરવી અને તેમની એકાદ ભૂલ મનમાં આણવી એ શું પુત્રધર્મ છે કે ક્ષમા છે?'

સરસ્વતીચંદ્ર — 'એમના શોકે એમના હૃદયમાં અનુતાપ કર્યો હશે; વર્તમાનપત્રોથી તેમ જણાય છે. પણ આ વાતમાં એ ધર્મનું તારતમ્ય મને જુદો માર્ગ બતાવે છે, મારા દોષ વિના તેમની મારા ઉપર અપ્રીતિ થઈ તેમાં મને ઇષ્ટાપત્તિ છે; કારણ પ્રીતિ દુ:ખનું કારણ થાય છે ને આ અપ્રીતિથી મારા સંબંધી વાસનાઓ તેમના હૃદયમાંથી ઓછી થાય ને એ મને ભૂલે તેટલો હું પિતૃયજ્ઞમાંથી મુક્ત થાઉં. બાકી તેમના ઉપરથી મારી પ્રીતિ હતી એથી વધી છે; ઘટી નથી. માત્ર મારા મનોરાજ્યના સરજેલા ધર્મબંધનથી બંધાઈને હું એ પ્રીતિની વાસનાઓને શાંત કરું છું. જે કારણથી મારી

વાસનાઓને હું શાંત કરું છું તે જ કારણથી એમની વાસનાઓને તૃપ્ત કરવાની મારી વાસનાને પણ શાંત કરું છું ને એમના શોકના અનુતાપમાંથી તેમને મુક્ત કરવાની મારી વાસનાને પણ શાંત કરું છું. સંસારમાં મનાતા ધર્મ પ્રમાણે, સંસારની પ્રીતિના નય પ્રમાણે, એ શોકની અવગણના અધર્મ્ય છે, પણ સાધુજનોના અધ્યાત્મધર્મનો પંથ જુદો છે ને મુંબઈ છોડતાં પહેલાં મેં તેનો વિચાર કર્યો હતો. પિતાપુત્રાદિ સર્વ સંબંધ ભ્રમરૂપ છે, આકસ્મિક છે અને નિત્ય છે. મરણાદિથી એ ભ્રમ દૂર થવાનું કારણ પ્રાપ્ત થયા પછી પણ મનુષ્યો પોતાના અજ્ઞાનને લીધે એ ભ્રમમાંથી મુક્ત ન થતાં અનુતપ્ત થાય છે. અતિથિ સત્કારને માટેના ધર્મમાંથી પિતાએ મુક્ત કરેલો યજમાન સાધુ પુત્ર અન્ય મહાયજ્ઞો માટે પ્રવૃત્ત થાય ત્યાં કુટુંબજનથી થતાં અનુશોચનને ભ્રાન્ત કે ક્ષણિક ગણી પોતાને પન્થે પળવાને એ સ્વતંત્ર છે.'

કુમુદ — 'આપના યજ્ઞ કરવાનું પિતાએ અપમાન કરતાં સુધી સૂઝ્યું ન હતું. આ યજ્ઞવિધિ પણ આજ સુધી આપ જાણતા ન હતા. એ અપમાનાદિને તો આપે નિમિત્ત કર્યાં. એ નિમિત્ત થયાં ન હોત તો આ જ્ઞાનવિચારનો પ્રયોગ આપ કરત નહીં.'

સરસ્વતીચંદ્ર — 'ખરી વાત છે કે ગુરુજીનો ઉપદેશ આજ જ સાંભળ્યો. પણ મારી પોતાની બુદ્ધિથી જે નીતિ અને જે ધર્મ મને ઘણા કાળથી યોગ્ય લાગ્યાં છે તે નીતિધર્મના વિધિઓમાં અને આ યજ્ઞકાર્યના વિધિઓમાં નામફેર વિના બીજા ફેર સ્વલ્પ છે, ને આજ યજ્ઞકથા તમે સાંભળી માટે યજ્ઞકાર્યની ભાષામાં મારાં કારણ તમારી બુદ્ધિને અનુકૂળ થશે જાણી એ ભાષામાં તમારી સાથે વાત કરું છું. બાકીના પ્રશ્નોના ઉત્તરમાં કહેવાનું કે સત્કાર્યમાં કંઈ નાનો પ્રસંગ પણ નિમિત્તભૂત થાય તો તેનો લાભ લેવામાં ચતુર સાધુએ ચૂકવું નહીં એવો ધર્મ છે. બોધિસત્ત્વ શેઠ દુકાનમાં બેઠા બેઠા કામ કરતા હતા. તેના કુટુંબજનોમાં ભ્રાન્તિથી ગપ ચાલી કે શેઠ પ્રવ્રજિત થયા અને ગૃહિણી આદિ સર્વ જન શેઠ મૂઆ હોય એમ અનુતપ્ત થયાં. તે પ્રસંગથી જ સૂચના પામી શેઠ પ્રવ્રજિત થઈ વનમાં ચાલ્યા, અને શોક કરતાં કુટુંબજન પછી મળ્યાં તેમને મધુર અક્ષર કહી પાછાં વાળ્યાં તે વળ્યાં. આપણામાં કલ્યાણ ધર્મ છે એવી લોકમાં વાત ચાલે તો તે સત્ય કરવી યોગ્ય ગણી [૧] શેઠ ચાલ્યા ગયા. તો મેં તો મારે માટે યજમાનની અપ્રીતિ સ્પષ્ટ દેખી તેનું ગૃહ છોડ્યું છે.'

કુમુદ — 'અનુતાપથી તપતી તેમની પ્રીતિને આપે કેવળ શુષ્ક ગણીને કે પ્રીતિમાત્રને મિથ્યા ગણીને પિતાનો ત્યાગ કર્યો? જો તેમની પ્રીતિ શુષ્ક ગણી તો મારી પ્રીતિ કેવી ગણી? અને જો પ્રીતિ માત્રને મિથ્યા ગણી પિતાનો અને મારો બેનો ત્યાગ કર્યો હોય તો મારે માટે આટલા તપો છો કેમ અને તેમના દુ:ખનું નિવારણ કરવા મુંબઈ જવાનું કેમ ધારતા નથી? શું પિતાના કરતાં મને વિશેષ ગણો છો?'

સરસ્વતીચંદ્ર — 'આ મનુષ્યન્યૂન અને આ મનુષ્યવિશેષ એવી ગણનાઓ સંસારમાં રાગદ્વેષ પ્રમાણે થાય છે. સાધુજનો એવી ગણના સામાના ગુણપ્રમાણથી અને પોતાના ધર્મપ્રમાણથી કરે છે. મધુરી, સ્ત્રી કરતાં માતા અધિક અથવા માતા કરતાં સ્ત્રી અધિક એવી ગણના પોતપોતાના રાગદ્વેષ પ્રમાણે અને સ્વભાવ પ્રમાણે સંસારીઓ કરે છે. સત્ય જોતાં, માતા પણ અતિથિ છે. અને સંસારની રીતે પરણાવેલી સ્ત્રી પણ અતિથિ છે. તે બે જણાનો યજમાન પોતાના ધર્મનો ક્રમ કેવાં ધોરણે રચે છે તે ગુરુજીએ તમને સમજાવ્યું છે. સાધુઓના ધર્મના આવા ક્રમથી રામે કૌશલ્યાને દશરથ પાસે રાખ્યાં, અને સીતાને પોતાની સાથે લેવાનો નિશ્ચય કરતી વેળા 'આ વાતમાં માતાપિતા સંમત થશે કે નહીં?' એ પ્રશ્ન પણ એમને સૂઝ્યો નથી. દંપતીના અદ્વૈતનું આવું પરિણામ છે અને સંસારને તે ગમતું નથી તેનું કારણ એટલું જ છે કે તેના લગ્નવિધિથી સ્ત્રીપુરુષના શરીરને પરસ્પર અતિથિ કરી દેવાના રૂઢ આચારે સંસારની દૃષ્ટિમર્યાદામાંથી દંપતીના શુદ્ધ રૂપનું સ્વપ્ન સરખું હાંકી કાઢ્યું છે. મધુરી! મેં પિતાના કરતાં સ્ત્રીને વધારે ગણી હોત તો હું જુદો આવાસ માંડી સ્ત્રી સાથે તેમનાથી જુદો રહેત; પણ તેથી તેમને જ દુ:ખ થાત તેનો પ્રતિકાર, અને તમારું અને તેમનું કલ્યાણ, સર્વને સાથે લાગાં સાધવાનો મને જે એક જ માર્ગ સૂઝ્યો તે મેં લીધો. પ્રીતિને મિથ્યા ગણવી કે નહીં એ ચંદ્રાવલીમૈયા તમને મારા કરતાં વધારે સારી રીતે સમજાવશે ને તે વિષયમાં મેં કંઈક બોધ એમની પાસેથી જ લીધો છે. બાકી પિતાની કે તમારી કોઈની પ્રીતિને મેં શુષ્ક તો નથી જ ગણી. તમારી પ્રીતિ શુષ્ક ગણી હોત તો આજ મને પરમ શમસુખ મળ્યું હોત. પિતાની પ્રીતિને શુષ્ક ગણી હોત તો આજ અત્યારે આપણે બે મુંબઈનગરીના કોઈ મહેલમાં હોત. તમારા ઉપરની પ્રીતિને લીધે હું અત્યારે તપું છું તો પિતા ઉપરની પ્રીતિથી નથી તપતો એમ નથી. પણ મેં ઉત્પન્ન કરેલા તમારા દુ:ખનું નિવારણ કરવું એ મારો ધર્મ છે, અને પિતાની જ તૃપ્તિને માટે કરેલા ત્યાગનો ત્યાગ કરવો એ હવે અધર્મ છે. એ ત્યાગ તો થયો તે થયો. હાથીના દાંત બહાર નીકળ્યા તે નીકળ્યા.'

કુમુદ — 'પિતાના તેમ મારા ઉભયના દુ:ખનું કારણ તમારો ત્યાગ છે તો મારા દુ:ખના નિવારણમાં ધર્મ ક્યાંથી આવ્યો અને તેમના દુ:ખના નિવારણમાં અધર્મ કેમ આવ્યો?'

સરસ્વતીચંદ્ર — 'ઉભયના દુ:ખનું કારણ મારો ત્યાગ છે એ વાત ખરી નથી. તમારા દુ:ખનું કારણ મેં જ તમારા હૃદયમાં ઉત્પન્ન કરેલી પ્રીતિ છે. પિતાના દુ:ખનું કારણ પણ મારા ઉપરની તેમની પ્રીતિ જ છે; પણ એ પ્રીતિને મેં ઉત્પન્ન કરેલી નથી, મેં આમંત્રિત કરી નથી, અને એ પ્રીતિનો પ્રદીપ મને વાક્યો કહેતી વેળાએ તેમણે હોલવી નાખ્યો તો ફરી દીવાસળીથી બળેલી વાટને મુખે પિતા હવે નવો દીવો સળગાવે તેના પરિણામનો પ્રતિકાર કરવો મને પ્રાપ્ત થતો નથી. જે પ્રીતિ શબરૂપ થઈ તેના

પ્રેતને ચેતનરૂપ ગણી ઘરમાં વાસ આપવો ઘટતો નથી. એ પ્રેત તો પોતાને પીપળે જ વસે.'

કુમુદ — 'તમારા હૃદયમાં હજી ગુપ્ત ઊંડો રોષ છે તે તમારી પાસે આમ બોલાવે છે. તેમની પ્રીતિ કદી હોલાઈ નથી — માત્ર પવનના ઝપાટાથી નીચી નમી ગઈ હતી, તે પવન જતા ટટ્ટાર ઊભી થઈ પ્રથમના કરતાં વધારે તેજથી બળતી હશે. તેમની પ્રીતિ શબરૂપ થઈ ન હતી — માત્ર મૂર્છાવશ થઈ હતી. જેવી કૃપા કરી મને આપે આ પવિત્ર ખોળામાં મારી મૂર્છાકાળે જાળવી રાખી અને અત્યારે આમ ગોષ્ઠીસુખ આપો છો, તે જ ન્યાયે એવી જ કૃપાથી પિતાની મૂર્છાવશ પ્રીતિની આપે પળવાર સંભાવના કરી લેવી હતી. ઓ મારા ચંદ્ર! આ ખગ્રાસમાંથી મુક્ત થઈ પિતાના હૃદયાકાશને પાછું પ્રકાશિત કરો! મારું તો થયું તે થયું! પણ જેનું મહાદુ:ખ — વૃદ્ધાવસ્થાનું દુ:ખ — વિચારથી કળાય નહીં ને આંખેથી જોવાય નહીં એવું હશે અને જેનો ઉપાય માત્ર તમારા એકલાના જ હાથમાં છે તેને તમે તરત શાંત કરો. તેમ નહીં કરો તે ગયો કાળ આવશે નહીં અને દશરથ રાજાની પેઠે તેમના શરીરને કોઈ મહાન અનર્થ થઈ જશે તો તમને અતુલ પશ્ચાત્તાપ થશે, તે પશ્ચાત્તાપનું પ્રાયશ્ચિત્ત આપના હાથમાં નહીં રહે અને આપને એક દુ:ખમાં તપ્ત થતા જોઉં છું તેને બીજા દુ:ખાગ્નિની જ્વાળામાં પડેલા જોઈશ! જો મને સુખી કરવાને ઇચ્છતા હો તો આ દુ:ખ મારે જોવા વેળા ન આવે એવું અત્યારથી કરો! મારા ચન્દ્ર! હું આપને બહુ સવેળા ચેતાવું છું અને પગે લાગીને ખોળો પાથરી માગી લઉં છું.'

સરસ્વતીચંદ્ર — 'તમે મારી ભૂલ કાઢી અને તે ખરી કાઢી છે. મને અત્યારે કાંઈક રોષ ચડ્યો એટલી વાત તમે સત્ય સમજ્યાં. પણ ત્યાગકાળે તો પિતા ઉપર કે કોઈ ઉપર રોષ ન હતો. હું પિતાના મંદિરમાં તમારી સાથે રહું તો તમને કેવાં દુ:ખ થવાનાં તેનો પિતાનાં મર્મવાક્યોએ મને શુદ્ધ પ્રત્યક્ષવત્ તર્કવિચાર કરાવ્યો હતો. અને એમના ગૃહમાં રહેવું અને તમારી સાથે લગ્ન કરવું, એ બે વાર્તા સાથેલાગાં કરવાં તો તે કાળે જ વર્જ્ય ગણ્યાં હતાં, એ અત્યારે સાંભર્યું. પણ તે નિર્ણય રોષપૂર્વક કર્યો ન હતો, વિચારપૂર્વક કર્યો હતો. પણ આજ સુધીમાં મને આજના જેવો પણ રોષ ચડ્યો નથી, ત્યાગકાળે પણ ચડ્યો નથી, અને અત્યારે ચડ્યો છે તે પણ પિતા ઉપર નથી ચડ્યો. માત્ર આપણા લોકતંત્રમાં વ્યાપી ગયેલી જે અવ્યવસ્થાને બળે તમારા જેવાં પુષ્પ ધૂળમાં રગદોળાય છે અને શુદ્ધ પ્રીતિતંત્રની વાડીઓ દેશમાંથી નષ્ટ થઈ છે તેનું દૃષ્ટાંત પ્રત્યક્ષ થતાં માત્ર મારું ચિત્ત અત્યારે ઊકળી આવ્યું! તમે એ અવ્યવસ્થાનાં ભોગ થઈ પડ્યાં છો; આજસુધી જેના ઉપર મારું ધ્યાન ગયું ન હતું એવી તમારી મધુરતાના રસનું હું અત્યારે પાન કરું છું ને આવો મધુર જીવ — આવું મધુર શરીર — આ અવ્યવસ્થાનો ભોગ થઈ પડ્યાં છે અને હું તે પાપકર્મમાં સાધનભૂત થયો છું — એ સર્વ વિચાર મારા આ ઉકળાટને બહુ વધારી મૂકે છે.

ત્યાગકાળે એટલી વાત પ્રત્યક્ષ હોત તો શું કરત તે કહેવાતું નથી. પણ એટલું તો પૂર્ણ રીતે સ્મરણમાં છે કે આવો પણ રોષ તે કાળે મને ન હતો.’

કુમુદ — ‘તો પિતાના દુ:ખનું નિવારણ કરવા આપે પાછા કેમ ન જવું તેનો શાંત વત્સલ વિચાર હવે કરો.’

સરસ્વતીચંદ્ર — ‘જે પ્રશ્નો તમે પૂછો છો તેવા જ પૂછનાર મિત્ર ચંદ્રકાંત ત્યાગ-વિચારને કાળે પાસે હતો, ને તેણે તેનો પક્ષવાદ રાત્રિના બાર વાગતાં સુધી કર્યો હતો. તેના ગયા પછી આખી રાત મેં શાંતિથી વિચાર કરીને ત્યાગ કર્યો છે.’

કુમુદ — ‘એ વિચાર શા કર્યા હતા?’

સરસ્વતીચંદ્ર — ‘તમે સાધુજનોમાં આવ્યાં છો ને તેમની પ્રીતિ જુઓ છો; એ નિષ્કામ પ્રીતિ છે અને તે માટે જ સર્વદા પૂજનીય છે. સંસારી જનોની પ્રીતિ સકામ હોય છે માટે તેનો સત્કાર એ પ્રીતિમાંની કામનાની યોગ્યતા પ્રમાણે જ કરવાનો પ્રાપ્ત થાય છે. બે પાસની કામના હોય ત્યારે બે જણની કામનાની તૃપ્તિથી પ્રીતિનું આયુષ્ય પૂર્ણ થાય છે. એક પાસની કામના હોય ત્યારે તેની તૃપ્તિથી પ્રીતિનું આયુષ્ય પૂર્ણ થાય છે. કામના નષ્ટ, શાંત અથવા પૂર્ણ થયા પછી આવી પ્રીતિનું તો શબ જ સમજવું. ‘આત્માના કામને ઉદ્દેશીને સર્વ પદાર્થ — પુત્ર, સ્ત્રી, પિતામાતા, આદિ સર્વ પદાર્થ પ્રિય થાય છે’ એવી શ્રુતિ આવી પ્રીતિને માટે યથાર્થ છે. કામનાવાળા જે અતિથિની કામનાને યજમાનની અપેક્ષા રહેતી નથી તે યજમાને તે કામનાવાળા અતિથિની પોતાના ઉપરની પ્રીતિનો તે પ્રસંગ પછી પણ સત્કાર કરવો એ સંસારમાં રૂઢ છે, પણ સાધુજનોનાં ચિત્ત તેવે કાળે આ મિથ્યાપ્રીતિના પાશમાંથી છૂટા થવાનો ધર્મ જુએ છે તે ધર્મ મેં જોયો ને લઈ લીધો.’

કુમુદ — ‘એમ છૂટા થવું તેને ધર્મ શા માટે ગણો છો? ઘરમાં રહીને પણ સર્વ ધર્મની સાધના કેમ ન થઈ શકે? પિતાના દુ:ખનું નિવારણ એ શું તમારો ધર્મ નહીં? શું મારા સસરાજીએ વિકટ કારભારતંત્રમાં રહી તપ કર્યું નથી? શું મારા ગુણિયલે કુટુંબજાળમાં રહી તપ કર્યું નથી?’

સરસ્વતીચંદ્ર — ‘જેને જે સ્થિતિ સ્વભાવથી મળે તેણે તે સ્થિતિયોગ્ય તપ આદરવું ઉચિત છે. જેનો સ્વભાવ કામનારૂપ હોય તેણે તેને અનુકૂળ કામ કરવું. બુદ્ધિધનભાઈને કારભારની કામના તીવ્ર હતી. હું મૂળથી નિષ્કામ છું. તમારા પવિત્ર જનનીને કુટુંબજાળમાં સ્થિતિ પ્રાપ્ત થઈ, અને પોતાના ગુણોત્કર્ષથી તમારા પિતા સાથે અદ્વૈતયજ્ઞમાં સહચારનો ધર્મ તેમને પ્રાપ્ત થયો અને એ યજ્ઞને પુણ્યે એમની અદ્વૈતકામના સિદ્ધ થઈ છે. મારે કામના કંઈ નથી અને પિતાની પુત્રકામનાઓમાંથી એક વાર મુક્ત થઈ આજ આ સ્થિતિને હું પામ્યો તે મારું સદ્ભાગ્ય જ. પિતા મારા વિયોગથી અથવા પોતાના પશ્ચાત્તાપથી અત્યારે દુ:ખી હશે. તેઓ દુ:ખી નહીં થાય

એમ મેં ધાર્યું જ ન હતું. પણ જો એ દુ:ખમાંથી મુક્ત કરવા હું ઘેર રહ્યો હોત તો ગુમાનબાની વૃત્તિના અનુરોધનો તેમનો ધર્મ તેમને વિશેષ દુ:ખ કરત અને અત્યારે પાછો જાઉં તો તેમને તરત સુખ થાય પણ પરિણામે એનું એ દુ:ખ મારા અને તેમના આયુષ્યના સમાગમપર્યંત થાય. મેં તેમને આવા આયુષ્યપર્યંતના વિશેષ દુ:ખમાંથી મુક્ત કર્યા અને તેમ કરતાં તેમને આટલું અન્ય દુ:ખ થાય તેમાં મારો ઉપાય નથી. આવા પ્રસંગો સંસારના બંધમાંથી મુક્ત કરે છે ને ત્યાગીને ત્યાગનો અધિકાર આપે છે. વળી મારા પાછા ગયાથી તેમને સુખ થવાનું હોય તો થાય પણ ગુમાનબાને તો મારા પાછા જવાથી અધિકતર દુ:ખ થવાનું તેનું કારણ હું થવા ઇચ્છતો નથી. મારે વૈભવ જોઈતો નથી તે વૈભવવાળા ગૃહનો સ્વીકાર કરું તો ગુમાનબાને ફરી ફૂંફાડા કરવા પડે ને પિતાને સાંભળવા પડે. આ શમસ્થાનનો ત્યાગ કરાવી આવા વિગ્રહસ્થાનમાં મને મોકલવાનું તમે નહીં ઇચ્છો. [૧] વળી એકને સુખી કરવા બીજાને અથવા બેને પણ આમ દુ:ખી કરું તો તો અધર્મ જ થાય. પરિણામનો કે ધર્મનો જે વિચાર કરું છું તેથી એ જ નિશ્ચય દૃઢ થયા કરે છે કે મારે પાછા જવું તે અધર્મ છે; અને અધર્મમાંથી દૂર થવાને પ્રસંગે પિતાને, મને, કે તમને કે અન્યને થવાનાં લાભહાનિ જોવાનાં નથી. જ્યાં સુધી ગૃહવાસનો ધર્મ છે ત્યાં સુધી તે સ્વીકારવો, જ્યાં તે અધર્મરૂપ થાય ત્યાં તેનો ત્યાગ કરવો. પ્રવૃત્તિના પરાક્રમધર્મ ગૃહવાસસ્થિતિથી પ્રાપ્ત થાય તો તે અન્ત:શમથી પાળવાના છે, અને અન્ય સ્થિતિથી પરાક્રમશક્તિ વિરામ પામે તો દમસ્થિતિ પ્રાપ્ત થાય છે. ધર્મથી નિષ્કામ કર્મ કરનારને ઉભય વૃત્તિમાં શમ જ છે અને તેથી જ ધર્મમાર્ગનો પ્રાથમરૂપ એક જ રસ કહેલો છે. ધર્મથી પ્રવૃત્તિની સ્થિતિવાળા જનો પોતાના માર્ગમાં જાતે આવતાં સુખનું આસ્વાદન કરે તો ભલે પણ સુખની આશાથી ધર્મનો પરિભવ તેમણે કરવો પડે તો તો ગૃહનો ત્યાગ જ પ્રાપ્ત થાય છે. [૨] '

કુમુદ — 'આપની મારા ઉપરની પ્રીતિને લીધે મારે માટે ધર્મના અત્યયથી કલંકિત થઈને પણ મારું સુખ જોવા ઇચ્છો છો તો પિતા ઉપરની પ્રીતિ અધર્મથી કેમ ડરે છે?'

સરસ્વતીચંદ્ર — 'હું પિતાને માટે જે કંઈ કરું છું કે નથી કરતો તેમાં પ્રીતિ કે અપ્રીતિ કારણભૂત નથી. તેમ જ તમારે માટે જે કરવા તત્પર છું તેમાં પણ કેવળ પ્રીતિ કારણભૂત નથી. ત્યાગકાળે જે જે કામ મેં કર્યાં તેમાં પણ આદિકારણ પ્રીતિઅપ્રીતિ ન હતાં. મેં જે જે કર્યું છે કે કરવું અનુચિત ધાર્યું છે તે મારી ધર્મબુદ્ધિના કારણથી કર્યું કે ન કર્યું સમજવું. આપ્તજનોની પ્રીતિને મારો ગૃહત્યાગ પ્રિય ન હોય એ હું સમજતો હતો, પણ તેમની પ્રીતિના શુદ્ધ સ્વભાવની મેં ચિકિત્સા કરી. ગૃહનો ત્યાગ ન કરવાનું સમજાવતાં ચંદ્રકાન્તે ઘણાંક કઠણ વચન મને કહ્યાં હતાં તે એના મનથી ન્યાય્ય હતાં અને મિત્રપ્રીતિના ઉદ્‌ગારરૂપ હતાં અને તેને સત્ય લાગેલા ધર્મરૂપ હતાં. આ વચનથી મિત્ર પ્રતિની મારી પ્રીતિ વધી, પણ મારો ધર્મ તો

મારા હૃદયપાવકમાં પાવન થાય — મારો પોતાનો મન:પૂત થાય — તે જ મારે પાળવાનો હતો તે મેં પાળ્યો. મારા ગૃહત્યાગ કરતાં ગૃહાસમાં ચંદ્રકાન્ત જેવા આપ્તજનો શાથી કલ્યાણ માને છે? શું ગૃહત્યાગમાં કંઈ પાપ છે કે તેમાંથી મને નિવૃત્ત કરવા તે ઇચ્છે છે અને એ ઇચ્છા મારાથી ન પુરાતાં શોક કરે છે? [૧] કોઈ મરી ગયો કે મરવાનો થયો હોય અથવા ધર્મથી ભ્રષ્ટ થયો હોય ને આપ્તજન રોવા બેસે તો તે સમજાય પણ હું જીવતે મારે માટે ચંદ્રકાંત અને પિતા આટલું દુ:ખ ધરશે એ મેં જાણ્યું પણ મારા મનને પૂછ્યું કે એ દુ:ખ ધરશે તે કઈ બુદ્ધિથી? આ સર્વનો મેં ત્યાગ — કાળે વિચાર કર્યો. તેમની પોતાની પ્રીતિ ગૃહસંસાર અને ગૃહવાસ ઉપર જેવી લાગી તેવી જ મારા ઉપર પણ લાગી. પણ વધારે કોના ઉપર હશે એમ મેં મારા મનને પૂછ્યું. જો ગૃહ ઉપર તેમને વધારે પ્રીતિ હોય તો તેઓ ઘેર રહેવાને સ્વતંત્ર છે તો તેમનો મારા જવાથી થવાનો અશ્રુપાત કંઈક મારે માટે પ્રીતિને લીધે હોવો જોઈએ. જો મારા ઉપર ગૃહવાસ કરતાં વધુ પ્રીતિ હોય[૧] તો મારી પેઠે ત્યાગી થઈ મારી સાથે આવવાની હું કોઈને ના કહેતો નથી. છતાં ન ઘર છોડવા દે ને ન છોડીને આવે તો એમ સમજવું કે તેમની પ્રીતિ મારા કરતાં ગૃહ ઉપર વધારે છે, અને ઘરને કે મને કોઈને ન છોડતાં મારો, તેમનો અને પોતાનો ત્રણેનો સમાગમ રાખવામાં તેઓ પોતાનું સુખ માને છે અને તેથી મારા કલ્યાણનો વિચાર તેમને સૂઝતો નથી. અથવા તો મારા ગુણમાં એવી કંઈ ન્યૂનતા છે કે જેથી આવું સ્નેહીમંડળ મારી સાથે ત્યાગી થવા ઇચ્છે જ નહીં — મારામાં જ કંઈ નિર્ગુણપણું હોવું જોઈએ. [૨] નિર્ગુણ માણસને પણ આપત્તિકાળે બે ત્રણ મિત્રો તો હોય છે. તો ગુણીજનને અનેક હોય પણ તેમાંથી યે તેની સાથે ઘર છોડીને આવવા નીકળનાર એક મિત્ર પણ અતિદુર્લભ હોય તે જ ગૃહત્યાગને સ્વાભાવિક ગણ્યો. [3] વળી વિચાર કરતાં લાગ્યું કે મારામાં ગુણ હશે તો કોઈ મિત્ર સ્નેહના બળથી પાછળ જાતે આકર્ષાશે, ને મારામાં ગુણ નહીં હોય ને સાથે નહીં આવે તો તેનો દોષ ગણવાનું કારણ નથી. જો મારામાં ગુણ હોય છતાં સાથે કોઈ ન આવે તો એમ સમજવું યોગ્ય લાગ્યું કે રોતાં કકળતાં આપ્તજન એક પાસ ગૃહવાસનાથી આકર્ષાય છે ને બીજી પાસથી મારા ઉપરની પ્રીતિથી આકર્ષાય છે, આને બળે રુએ છે ને તેને બળે મારા જેવો ત્યાગ કરવાનું તેમને સૂઝતું નથી. જો તેમને તેમ સૂઝશે તો મારે ફરી વિચારવાનું કારણ થશે — જો નહીં સૂઝે તો તેઓ સંસારનાં સુખદુ:ખથી પ્રારબ્ધ પ્રમાણે આકર્ષાશે ને મરણકાળને બદલે અત્યારથી જ હું ગૃહવાસના બંધનમાંથી — કુટુંબ અતિથિઓના યજમાન ધર્મમાંથી — અને તેની સાથે પ્રીતિયોગથી — છૂટી એકલો ભમીશ એવો સંકલ્પ કર્યો. મારા ત્યાગથી ખિન્ન થનારનો ખેદ આવા માર્ગથી ઓછો થવો ન થવો તે તેમના હાથમાં ગણ્યું અને પોતાના હાથમાંનું...ફળ તેમણે...ખાવું કે ન ખાવું તે તેમના પોતાના અધિકારની વાત ગણી, તેમની પ્રીતિની તૃપ્તિ કે તપ્તિ કરવામાં મારા કરતાં તેમનો પોતાનો અધિકાર શ્રેષ્ઠ અને ઉચિત ગણી મેં નિર્ણય કર્યો

કે તેઓ, મારું માન તેમના પોતાના સમાન ગણી, શોકનું જે ઔષધ તેમના પોતાના હાથમાં હું દેખું છું તે છતાં તેનો સ્વીકાર કરતા નથી તો તેમની પ્રીતિને, તેમના શોકને, અને એ શોકથી તેમને જે ઇષ્ટાનિષ્ટ સુખદુ:ખ રૂપ ફલ થાય તેમને, નટ લોકના ખેલ જેવાં, મોહમાયા આવરણ જેવાં, અને જાગતાં છતાં ઊંઘું છું કહેનાર બાળકની શઠતા જેવાં અબુદ્ધ અને પામર ગણી, [૪] તેની તૃપ્તિ મારા યજ્ઞોમાં અવિધેય ગણી, મેં આ શરીરનાં સર્વ સંબંધીઓનો, લક્ષ્મીનો અને ગૃહનો પરમધર્મરૂપ ત્યાગ કર્યો, અને કર્યો તે કર્યો. મેં પ્રીતિઅપ્રીતિથી કાંઈ કર્યું નથી.'

કુમુદ — 'સર્વની પ્રીતિની એવી ગણના કરી તો મારી પ્રીતિની જુદી ગણના કેમ કરી?'

સરસ્વતીચંદ્ર — 'મેં તમને કહ્યું કે પ્રીતિને બળે કોઈ મારી પાછળ નીકળવાના વિચાર કરે તો જ તેની પ્રીતિને મારી પાસે મારા ત્યાગનો વિચાર કરાવવા જેવી મેં ગણી હતી. તમે જાતે સ્વતંત્ર ન હતાં, તમારું પ્રારબ્ધ તમારાં માતાપિતાના હાથમાં દીઠું, તેમણે મને લક્ષ્મીવાન પિતાનો ગૃહસ્થ પુત્ર ગણી તમારું વાગ્દાન કર્યું હોવું જોઈએ એમ મેં ધાર્યું, અને તેમણે પ્રિય ગણેલાં મારાં ગૃહ અને લક્ષ્મીનો મેં ત્યાગ કર્યા પછી મારો સંબંધ તેમને અપ્રિય લાગશે માટે તેમને તેમના વાગ્દાનના ઋણમાંથી મુક્ત કરવાના નિશ્ચયથી મેં તેમને અને તમને પત્ર લખ્યા હતા.'

કુમુદસુંદરી — 'તમે એમના ઉચ્ચાગ્રાહને બહુ પામર ગણ્યો.'

સરસ્વતીચંદ્ર — 'તમારો તેમણે તરત જ અન્ય સ્થાને વિવાહ કર્યો તેથી મારી ગણના ખરી પડી.'

કુમુદ — 'સંસારની રૂઢિ પ્રમાણે તેમણે મારું બગડેલું પ્રારબ્ધ સુધારવા વિચાર કરી આમ કર્યું. બીજું શું કરે?'

સરસ્વતીચંદ્ર — 'તેમણે કર્યું એમ હું કહેતો જ નથી. મારે કહેવાનું તો માત્ર એટલું જ છે કે બીજાં આપ્તજનની પ્રીતિના જેવી જ એમની પ્રીતિની ગણના કરવામાં મેં ચૂક ખાધી નથી તે આથી સિદ્ધ થયું. તેમને પ્રીતિ જુદી જાતની હોત અને મારી દરિદ્ર અને ભટકતી દશામાં પણ તમારી પ્રીતિને યોગ્ય તેઓ મને ગણતા હોત તો તેમણે કોઈ બીજો જ માર્ગ લીધો હોત.'

કુમુદ — 'તે તેમને સૂઝ્યું નહીં.'

સરસ્વતીચંદ્ર — 'યથાર્થ છે. સામાન્ય સંબંધીઓનાથી જુદા માર્ગ ક્યારે સૂઝે કે જોનારને આપણા ઉપર નિષ્કામ પ્રીતિ હોય તો જ. સર્વ મનુષ્યને બબે લોચન હોય છે, પણ આવી પ્રીતિથી વળી ત્રીજું અનિર્વચનીય લોચન પ્રગટ થાય છે અને નવી દૃષ્ટિ આપી નવા માર્ગ સુઝાડે છે. તમારાં વચનો અને તમારી અવસ્થાનો વિચાર કરતાં તમને એ ત્રીજું લોચન હોય એવું મને પ્રથમ પળે સૂઝ્યું નહીં, પણ પાછળથી વિચાર થયો

કે રખેને તમને એ ત્રીજું લોચન હોય! એ વિચારને બળે, એ શંકાને બળે મારું હૃદય વલોવાવા લાગ્યું અને તેમાંથી હું માખણ કાઢું ત્યાર પહેલાં તો તમારા પ્રારબ્ધે તમારા શરીરને હોમી દીધું ને મારા વલોણાને નકામું કરી દીધું! તમને સુખમાં અને સંતોષમાં જોઉં તો મારા હૃદયનું નિષ્ફળ મંથન બંધ પડે અને હું મારા ત્યાગથી મળવા ધારેલો શમ પામું એ સ્વાર્થી ધારણાથી હું સુવર્ણપુરમાં આવ્યો. સુવર્ણપુરના અનુભવે સિદ્ધ કર્યું કે મારો ધર્મ શાંત સંન્યસનનો નથી પણ વ્યર્થ સંન્યાસની વિડંબનામાં ભ્રમણ કરવાનો છે. તમારું દુ:ખ મારાથી જોવાયું પણ નહીં ને અટકાવાયું પણ નહીં. પશ્ચિમ બુદ્ધિથી સૂઝેલું મારું શાણપણ તમને આપવાની પ્રવૃત્તિ કરી અને મારાથી ન ભુલાતી વાત તમે ભૂલી જાઓ એવો માત્ર શઠતાથી ભરેલો ઉપદેશ તમને આપવાનું હાથમાં હતું તે આપીને હું ત્યાંથી નીકળ્યો ને અહીં આવ્યો. અત્યંત દુ:ખને બળે અને શુદ્ધ પ્રીતિની જ્વાળાએ તમારું ગુપ્ત રહેલું ત્રીજું લોચન ઉઘાડ્યું અને તમે અહીં આવ્યાં! કુમુદસુંદરી! તમારા ત્રીજા લોચનની જ્વાળાએ આજ મારું પણ ત્રીજું લોચન ઉઘાડ્યું છે અને તમારા હૃદયમાં તો શું પણ તમારા શરીરમાંયે હું જુદી જ મોહક સુન્દરતા દેખું છું અને એ લોચન હજી શું શું કરાવશે તે સમજાતું નથી. તમારે માટે ધર્મનો અત્યય કરવા હું તત્પર નથી — તમારો પક્ષપાત હું કરતો નથી — એ ધર્માત્યયની અને એ પક્ષપાતની સર્વ વૃત્તિનો અને શક્તિનો સૂત્રધાર તો આ ત્રીજું લોચન જ છે. આ લોચનના પ્રકાશ તમારી અને મારી પાસે નવાં સ્વપ્ન ઊભાં કરાવે છે અને નવા અભિલાષ ઊભા કરે છે.'

કુમુદ — 'એક વારના સાહસનું પરિણામ પામનારે બીજું સાહસ આરંભતાં પહેલાં વિચાર કરવો જોઈએ. તમે કહો છો કે તમારી અનુવૃત્તિ કરી હું તમારી પાછળ આવી શકી હોત તો તમે જુદો વિચાર કરત. તમે શું કરત? ગૃહત્યાગ પડતો મૂકત? એ વેળા આ વિષે શો વિચાર કર્યો હતો? હવેના આજના મારા અનુભવ પછી મારું ભાગ્ય કેવે માર્ગે લેવાનો અભિલાષ રાખો છો? સર્વ પ્રશ્નો પૂછ્યા પણ આ બે પ્રશ્નો પૂછતાં મારું હૃદય કંપે છે. સરસ્વતીચંદ્ર! તમે મારામાં એવો શો દોષ દીઠો હતો કે તમે જાતે મારામાં ઉત્પન્ન કરેલી પ્રીતિની પરીક્ષા કરવાનું આમ બાકી ગણ્યું? મારા પિતાની વાત ગમે તે હો, પણ હું તો મુગ્ધ હતી, તમારાથી કાચે તાંતણે બંધાઈ હતી. મારું હૃદય તમારામાં પરોવાયું હતું — વણાઈ ગયું હતું! મારી ચિન્તા તમારે જાતે કરવાની ન હતી? તમે તે ચિન્તા તે કાળે કેવી કરી અને અત્યારે કેવી કરો છો? નક્કી, હવે તો મારી પરીક્ષા સંપૂર્ણ થઈ હશે? હું કેવી રીતે પાસ નાપાસ થઈ છું તે કહી દ્યો — થોડા શબ્દોમાં સ્પષ્ટ વચન કહી દેજો — તમારા હૃદય ઉપર એક પાતળો સરખો પણ પડદો હવે ન રાખશો. હવે રાખશો તે કુમુદની ત્રીજી આંખ એનો પોતાનો જ પ્રલય કરશે તે નિશ્ચિત જાણજો. ઓ મારા વહાલા! આવું આવું સુન્દર વાંચેલું ને વિચારેલું તેનો આવો ક્રૂર પ્રયોગ આમ મારા ઉપર જ કર્યો?'

આ બોલતાં કુમુદની આંખો આંસુથી છલકાતી હતી.

સરસ્વતીચંદ્ર — ‘હું એ સર્વ વાતમાં મારો અપરાધ સંપૂર્ણ રીતે સ્વીકારું છું. મારી મૂર્ખતા અને મારો દોષ તમને વસતો ન હતો ત્યાં સુધી મારું પ્રાયશ્ચિત્ત ન હતું. હું કેવો દુષ્ટ છું તે તમે આજ સમજ્યાં. અને હવે હું તમારી પાસેથી ક્ષમાનો કંઈ અધિકારી થયો હોઉં તો તે મને આપજો ને ન થયો હોઉં તો ગમે તે માર્ગે પણ મારાથી તમારા અત્યંત દુ:ખી મનને સુખ પ્રાપ્ત થશે તો તે જ આ દુ:ખી જીવને શાંતિ આપશે.’

કુમુદ — ‘સરસ્વતીચંદ્ર! આ દીનતા છોડીને મારી જિજ્ઞાસા તૃપ્ત કરશો તો મને હજી તમારામાં એટલે સુધી વિશ્વાસ છે કે મારી અને તમારી ઉભયની શાન્તિ અને તૃપ્તિ સાથે લાગી થશે. સંસાર દુષ્ટ છે. તેમાં પડેલા નિર્મળ પાણી મેલાં થાય છે. વિદ્યા રસાયણ જેવી છે તે વાપરતાં આવડે તો ગમે તેવા પાણી નિર્મળ કરે અને ન આવડે તો તેમાં પ્રાણઘાતક રસ પણ ભરે. જ્ઞાન તો અગ્નિના જેવું છે ને તેના પર પડેલાં નિર્મળ અને મલિન ઉભય પાણી ઊડી જાય છે. નિષ્કામ અને ઉચ્ચ રસની પ્રીતિ એકલી જ પાણીમાં નિર્મળી [૧] પેઠે ગમે તે હૃદયમાં પડતાં વાર એ હૃદયને નિર્મળ કરી નાખે છે અને તેને પીવા જેવું કરે છે. મારા ચંદ્રની વિદ્યાએ મને ઠગી — અને એ વિદ્યાએ આપણો આવો વિયોગ કરાવ્યો. કુમુદ હવે એ વિદ્યાનો વિશ્વાસ નહિ કરે. તમારી વિદ્યાને સ્થાને પરમ જ્ઞાન તમને પ્રાપ્ત થયું હોય અને આ ભગવી કન્યાએ તમારા પિતાના અભિલાષ સર્વથા નષ્ટ જ કર્યા હોય તો તે જ જ્ઞાનવડે મારા પણ સર્વ વિકારનો નાશ કરી દ્યો. પણ તમે કેવળ જ્ઞાની નથી, તમારી પ્રીતિ જ્ઞાનનાથી છૂટી પડી ગઈ નથી, ને તમે તમારી પ્રીતિને ઓળખતા નથી એટલી હું તેને ઓળખું છું — એ પ્રીતિમાં જ મારી આશા છે ને તે તમારી પાસે ઉત્તમ ઉત્તર જ અપાવશે.’

સરસ્વતીચંદ્ર — ‘એ તો જે કરે તે ખરું. ચંદ્રનો ન્યાય કુમુદના હાથમાં નથી પણ એના હૃદયમાં જ છે. તમે મને બે પ્રશ્ન પૂછ્યા, નહીં વારુ? એક તો એ કે ત્યાગ કાળે મેં તમારો શો વિચાર કર્યો, અને બીજો એ કે અત્યારે શો વિચાર કરું છું.’

કુમુદસુંદરી — ‘એ જ.’

સરસ્વતીચંદ્રે નિ:શ્વાસ મૂકી વાર્તા ચલાવી.

‘મુંબઈમાં તો એટલો જ વિચાર કર્યો હતો કે રત્નનગરી જવું અને અજ્ઞાતરૂપે તમારા મનની ઇચ્છા જાણી લેવી.’

કુમુદસુંદરી — ‘જાણીને શું કરવું હતું?’

સરસ્વતીચંદ્ર — ‘તમારી પ્રીતિ પ્રજ્વલિત હોય તો તમારી પાસે છતા થઈ તમારા પિતાને મળવું ધાર્યું હતું. એ તમારા વિવાહને અનુકૂળ થાત તો સીતાને લઈ રામ ગયા ને દમયંતીને લઈ નળ ગયો હતો તેમ હું તમને સાથે

લઈ જાત. તમારા પિતા તમને અનુકૂળ ન થયા હોત તો તમારું પ્રારબ્ધ નક્કી કરવા તમે સમર્થ થાત ત્યાં સુધી હું મારી ઇષ્ટ યાત્રામાં મગ્ન રહેત અને સમયપરિપાક થતાં તમને મારી સાથે લેવા આવત.

તેમ ન થયું. સમુદ્રમાર્ગે રત્નનગરી આવતાં પ્રતિકૂળ પવનને લીધે દિવસ વીતી ગયા. ત્યાં આવ્યો ત્યારે તો તમે સુવર્ણપુર ગયાં હતાં. તે પછીનો ઇતિહાસ તમે જાણો છો.'

કુમુદ — 'હા...શ! આજ મારા હૃદયનું મહાશલ્ય દૂર થયું. મને હાનિ કરનાર તમે ન નીવડ્યા — વિધાતા નીવડ્યો. મેં બે કટાક્ષનાં વચન કહ્યાં તે હવે ઉતાવળ કરી લાગે છે. આજ મને સિદ્ધ થયું જણાયું કે તમારી પ્રીતિમાં ધર્મ રહેલો છે ને તમારા ધર્મમાં આ રંક જાત ઉપર પ્રીતિ રહેલી છે. મેં તમને વગર તપાસે મહેણું દીધું. મને પ્રથમથી આ કેમ કહ્યું નહીં કે તમને એ વચન કહી દુ:ખી કરવાના પાપમાંથી હું ઊગરત? વારુ, ત્યારે મને લખેલા પત્ર કે શ્લોકમાં તો તે કંઈ ન હતું.'

સરસ્વતીચંદ્ર — 'ના, ન હતું. એ પત્ર તો તમને મારા ભણીના ઋણમાંથી મુક્ત કરવા લખ્યો હતો; પણ રજનિ વાટ જુએ તો ફરતો ફરતો બીજે દિવસે ચંદ્ર પણ આવી પહોંચે એટલી બારી તમારી આશાને માટે મારા શ્લોકની અન્યોક્તિમાં ધ્વનિત હતી.'

કુમુદ — 'હા! મારામાં જ એટલી જડતા કે તે ધ્વનિ મારી પાસે બહેરા આગળના ગાયન જેવો રહ્યો. મારું ભાગ્ય જ ટૂંકું.'

કુમુદે કપાળે આંગળી અરકાડી.

સરસ્વતીચંદ્ર — 'હવે આ સ્થાનમાં આ સમાગમ થવાનો પ્રસંગ આવતાં તમારે માટે બેત્રણ વિચાર મેં કર્યા છે ને બાકીના તમારે કરવાના રાખ્યા છે.'

કુમુદ — 'કે-'

સરસ્વતીચંદ્ર — 'બ્રહ્મચર્ય અને ચતુર્થાશ્રમ તો એકલી સ્થિતિને માટે છે. ગૃહસ્થાશ્રમમાં દંપતી ગૃહમાં રહે છે તો વાનપ્રસ્થમાં વનમાં રહે છે. ગૃહસ્થાશ્રમમાં તે સુખને માટે પ્રયત્ન કરે છે તો વાનપ્રસ્થમાં કલ્યાણને માટે પ્રયત્ન કરે છે. ગૃહસ્થાશ્રમના વ્યાપારો અપ્રયત્ને જેટલું કલ્યાણ થાય તેટલું થવા દે છે ને તેને માટે પ્રયત્નનો અવકાશ મળતો નથી. વાનપ્રસ્થમાં સુખાર્થને માટે તિરસ્કાર નથી તો પ્રયત્ન પણ કરવામાં આવતો નથી. અધર્મ અને પાપ તો ઉભયમાં વર્જ્ય છે. આવું વાનપ્રસ્થ આપણે માટે વિહિત છે. તેના ત્રણ પ્રકાર થાય છે. ત્રણેમાં પ્રીતિના અદ્વૈત યજ્ઞ સધાય છે. પ્રથમ પ્રકારમાં તારામૈત્રક યજ્ઞ સધાય છે. ચુડુબોધી અને તેની સ્ત્રી વનમાં પ્રવ્રજિત સ્થિતિમાં રહેતાં હતાં [૧] અને એક બીજાની દૃષ્ટિ આગળ પ્રત્યક્ષ રહી સ્ત્રી સ્વામીની પરિચર્યા કરતી હતી અને સ્વામી સ્ત્રીને ઉપદેશ કરતો

હતો. દંપતીની આવી અસ્પર્શ દૃષ્ટિસેવાનાં જડ દૃષ્ટાંત ચન્દ્ર અને કુમુદનાં, ને સૂર્ય અને કમળનાં છે. એ દૃષ્ટિસેવાનાં આયુષ્યમાં દંપતીની વેદીઓ સમીપ અને પ્રત્યક્ષ રહે છે અને સૂક્ષ્મ શરીરરૂપ પશુનો સંયોગ રહે છે અને તેમના યાગવિધિમાં સર્વથા સર્વદા અદ્વૈત પામેલા પશુનાં અર્ધાંગ પ્રત્યક્ષ સમાગમથી યજ્ઞ કરે છે. એથી વધારે સમાગમ વાનપ્રસ્થ દંપતી એકાગ્નિ યજ્ઞમાં રાખે છે. રામ અને સીતાએ ને વિશ્વંભર[૨] અને તેની સ્ત્રીએ આવા યજ્ઞના એકાગ્નિ, વેદીઓનું અદ્વૈત રાખી, રાખ્યા હતા. ત્રીજી સ્થિતિ પરોક્ષ વેદીની છે. એ સ્થિતિ વિહારપુરી ને ચંદ્રાવલીમૈયા પાળે છે તે. એ જ સ્થિતિ દ્રૌપદીએ વૈરાટરાજાના નગરમાં સૈરંધ્રિરૂપે પાળી હતી. એમાં આત્માગ્નિનું અદ્વૈત રહે છે ને ક્રિયાગ્નિની જ્વાલાઓ એક દિશામાં બળે છે પણ તેમની વેદીઓ પરસ્પરથી પરોક્ષ રહે છે. આ ત્રણ માર્ગ મને સૂઝે છે. એથી ચોથો તમને સૂઝે તે.’

કુમુદ — ‘એમાંથી કયા માર્ગમાં અધર્મનો ભય? તમે સ્રવ વાતમાં ધર્મવિચાર કરો છો તો ધર્મના અત્યયની ભીતિ ન રાખવાની શાથી ધારી? સર્વમાંથી કલ્યાણનો માર્ગ કયો? તમે જેને એકાગ્નિયજ્ઞ કહો છો તેમાં શું અધર્મની ભીતિ નથી?’

સરસ્વતીચંદ્ર — ‘લોકવ્યવસ્થા જેથી ઉત્તમ થાય અને આત્મસિદ્ધિમાં વિઘ્ન ન આવે એવાં બંધનથી સર્વ સાધુજનો જાતે બંધાય છે અને એ બંધન તે એમના ધર્મ અને એવા બંધનનો ત્યાગ તે અધર્મ. સંસારીજનો રાગદ્વેષથી અને અજ્ઞાનથી પોતાનો શુદ્ધ ધર્મ જાણી શકતા નથી, માટે તેમને માટે શાસ્ત્રાદિની આજ્ઞા અને વ્યવસ્થા છે. સાધુઓ પોતાના ધર્મઅધર્મ જાતે જોઈ શકે છે અને તેથી જ તેઓને મન:પૂત કરેલા કાર્યને ધર્મરૂપ ગણવાનો અધિકાર છે. કુમુદસુંદરી! મધુરી! સાધુજનો જેને અધર્મ ગણે છે એવો અધર્મ તો મારા બતાવેલા એક પણ માર્ગમાં નથી. સંસાર જેને અધર્મ ગણે છે તેનો ભય એકાગ્નિયજ્ઞમાં છે. જે કારણથી હું લોકાપવાદની અવગણના કરવી ધર્મ્ય ગણું છું તે જ કારણથી સંસારના માનેલા અધર્મની ઉપેક્ષા કરું છું. સંસાર છોડે તેને સંસારની વ્યવસ્થાના ધર્મ પાળવાની આવશ્યકતા નથી. તેમના ધર્મ તો નિષ્કામ અને મન:પૂત માર્ગ ઉપર યાત્રા કરવામાં જ સમાપ્ત થાય છે.

કુમુદ — ‘કામાદિ વિકારોને અવકાશ આપવો એ નિષ્કામતા કેમ કહેવાય? એ તો વાંઝણીને પુત્ર છે કહીએ ને કામને નિષ્કામ કહીએ તે બે વાત એક જ જાતની થઈ ગણવી.’

સરસ્વતીચંદ્ર — ‘યજ્ઞાર્થ વેદીનું પોષણ અને તર્પણ ઉભય આવશ્યક છે. અન્ય તાપથી તપ્ત ન હોય તો જ વેદી યજ્ઞાગ્નિના તાપને વહેવાને માટે સમર્થ થાય છે. જો અંતરાત્માની સૂક્ષ્મ ગતિથી ત્રસરેણુકજીવન બંધાય જ તો તેની વેદીઓ અન્ય તાપથી અતપ્ત હોય તો જ યજ્ઞાગ્નિને માટે સમર્થ

થાય છે. જઠરાગ્નિની શાન્તિથી જેમ એકાંગ વેદી પુષ્ટ થાય છે, તેમ કામાગ્નિની શાન્તિથી ત્રસરેણુક વેદી તૃપ્ત થાય છે. કોઈ ધર્મકાર્યને માટે આ તાપને નષ્ટ કરવા આવશ્યક હોય તો સાધુજનો ક્ષુધાસહનને અને બ્રહ્મચર્યને પોતાના ધર્મરૂપ ગણે છે અને તેવે સમયે પણ જે ઇંદ્રિયગ્રામને વશ નથી રાખી શકતાં તે પામર અને કામકામી ગણાય છે. સાધુજનોના યજ્ઞવિધિને માટે ત્રસરેણુક જીવનને જે સમર્થ વેદી જોઈએ તે વેદીને કામાદિના પરાજયના ક્લ્નેશમાં નાખવાથી નિર્બળ કરવામાં આવે ને તેથી યજ્ઞમાં ન્યૂનતા આવે તો સાધુઓ તેને એક પ્રકારની શમવિડંબનાના રૂપનો અધર્મ ગણે છે ને એવો અધર્મી ત્યાગી કામદ્વેષી ગણાય છે. માટે જે કામની તૃપ્તિમાં કામને કામ પણ નથી અને દ્વેષ પણ નથી તે કામને નિષ્કામ કહેલો છે ને તેનો યોગ સાધુજન વિના બીજાનાં હૃદયને થવો અશક્ય છે. મધુરી! મેં જે માર્ગ દર્શાવેલા છે તે સર્વ માર્ગ સાધુજનોના સૂક્ષ્મ સનાતન ધર્મની દૃષ્ટિ વડે પાવન કરેલા છે, તમને તેમાંથી જે પવિત્ર લાગે તે સ્વીકારવા અધિકારી છો.’

કુમુદ — ‘જે ક્લેશને શમવિડંબના કહો છો તેને શું આપે જાણી જોઈને સહન નથી કર્યો? જો કર્યો છે તો તે ધર્મ ધારીને કે અધર્મ ધારીને કર્યો છે? તેમાં ધર્મ હોય તો કયો છે?’

સરસ્વતીચંદ્ર — ‘એ ક્લેશને અનુભવ્યો છે ને જાણી જોઈને ધર્મ ગણીને વેઠેલો છે. મારા યજ્ઞને તે ક્લેશ પ્રતિકૂળ નથી પણ એ ક્લેશનો અનારંભ પ્રતિકૂળ છે, અને માટે જ એ ક્લેશ મારે ધર્મરૂપ છે.’

કુમુદ — ‘એ છેલ્લી કહી તે પ્રતિકૂળતા કઈ પાસની છે?’

સરસ્વતીચંદ્ર — ‘શુદ્ધ અપ્રતિહત દંપતીધર્મમાં પણ કામાદિનો એકને આદર હોય ને બીજાને અનાદર હોય તો તેની તૃપ્તિ આદરવાળા અંગે શોધવી અધર્મ છે; અને આદરવાળાના આદરને અનાહત જન પ્રતિકૂળ થાય તો તે એ અનાદરવાળાના અંગનો અધર્મ છે.’

કુમુદ — ‘ધર્મ બેનો એક હોય. એકનો ધર્મ તે બીજાનો અધર્મ કેવી રીતે થાય?’

સરસ્વતીચંદ્ર — ‘દરિદ્ર યજમાનને ઘેર પૂજ્ય અતિથિ આવે ત્યારે દરિદ્રતા છતાં યજમાન આદર કરે તે જ તેનો ધર્મ અને એ દરિદ્રતામાં ઉમેરો થવા દઈ અતિથિ એ આદરનો સ્વીકાર કરે તો તે એ અતિથિનો અધર્મ.’

કુમુદ — ‘એક પાસ આદર અને બીજી પાસ અનાદર હોય તો રસભંગ [૧] તો થાય જ, પણ દયાળુ યજમાનનો ધર્મ તે અતિથિનો અધર્મ સંભવી શકે એવી સૂક્ષ્મ વ્યવસ્થાનો પ્રસંગ આજ જ જાણ્યો.’

સરસ્વતીચંદ્ર — ‘રસભંગ થાય તે જડતાથી અને ધર્મભંગ થાય તે દુષ્ટતાથી.’

કુમુદ — ‘સત્ય છે. આપ શુદ્ધ ધર્મ ને શ્રેષ્ઠ રસના માર્ગના પ્રાજ્ઞ છો. મારું હૃદય આજ અપૂર્વ શાન્તિ અનુભવે છે અને મારી વાસનામાત્ર તૃપ્ત થઈ લાગે છે. હવે માત્ર મારો ધર્મ શો તે વિચારવાનો ધર્મ પણ આપે મારે શિર મૂક્યો તેટલું બાકી.’

સરસ્વતીચંદ્ર — ‘હૃદય હૃદયની દૃષ્ટિ ભિન્ન હોય છે, શક્તિ ભિન્ન હોય છે, અને પોતપોતાની દૃષ્ટિનું ને વૃત્તિનું સંવેદન [૨] તો સર્વ જાતે જ કરી શકે છે માટે આ વ્યવસ્થા તમને દર્શાવી છે.’

કુમુદ — ‘સૂક્ષ્મ પ્રીતિના અદ્વૈતમાં દૃષ્ટિનાં તેમ શક્તિનાં સંવેદન પણ અદ્વૈત પામે છે.’

સરસ્વતીચંદ્ર — ‘એ પ્રીતિની પરિપાકદશાનું ફળ થાય છે.’

કુમુદ — ‘હું એ દશાની વાટ જોઈશ.’

સરસ્વતીચંદ્ર — ‘તમે તે જોવા અધિકારી છો.’

કુમુદ — ‘આપણી પ્રીતિના આદિકાળમાં, આપે જે વચનામૃત મારા હૃદયમાં મારાથી જીરવાય એવું કરી રેડ્યું હતું તે જ વચનામૃતના અનુભવનું અત્યારે આસ્વાદાન કરું છું. પ્રિય ચન્દ્ર! તમે જે રસધર્મ સમજાવ્યા તેના દાનથી તમારા મનની ને તેના ગ્રહણથી મારા મનની શાન્તિ અને તૃપ્તિ દેખાય છે તે તે વચનામૃતના અનુભવનો સ્વાદ આપે છે.’

સરસ્વતીચંદ્ર — ‘કયું તે વચન?’

કુમુદ — ‘તે કહું —

1 . Our feet now, every palm ,
Are sandalled with calm ,
And the dew of our wings is a rain of balm ;
And beyond our eyes
The human love lies
Which makes all it gazes on paradise .

...માત્ર ભૂતકાળનું સ્મરણ થાય છે ત્યારે આ શાન્તિ ભગ્ન થાય છે.’

સરસ્વતીચંદ્ર — *‘तरति शोकमात्मवित’* એ શ્રુતિનો યથાર્થ અવબોધ આ શાન્તિના વરસાદને વરસાવે છે તેનો અભિષેક તમે પણ કાળક્રમે અનુભવશો ને અંગ્રેજીમાં પણ એ જ કવિ માર્ગ દર્શાવે છે કે -

2 . To suffer woes which hope thinks infinite ;

To forgive wrongs darker than death or night ;

To defy Power which seems omnipotent ;

To love and bear; to hope till hope creates

From its own wreck the thing it contemplates ;

Neither to change, nor falter, nor repent ;

This, like thy glory, Titan, is to be

Good, great, and joyous, beautiful and free ;

This is alone Life, Joy, Empire, and Victory .'

કુમુદ — 'એ પણ સમજાવેલું છે ને હવે સત્ય લાગે છે. માત્ર આ કલ્યાણની સિદ્ધિનો હવે પછીનો માર્ગ કેવો લેવો તેને માટે વિચાર કરવાનો મને સોંપેલો છે તે મારે કરવાનો બાકી રહે છે.

સરસ્વતીચંદ્ર — 'તમારા સુન્દર હૃદયમાં જે બુદ્ધિ અને અભિલાષ થશે તે સુન્દર થશે.'

કુમુદ — 'એનો કંઈ નિયમ નથી.'

---

૧ .*सतां हि सन्देहपदेषु वस्तुषु प्रमाणमन्त: करणप्रवृत्तय:॥*

૧ . મોટાઓની બુદ્ધિઓ પણ વાંકી ચાલે છે.

૧ . (એક પ્રધાને પોતાના રાજાને કહેલું વચન) *जातकमाला* અથવા *बोधिसत्त्वावदानमाला* . Edited by C. R. Lanman, Harvard Oriental Series .

૧ . હોમ.

૧ . *मरणव्याधिदु:खार्त्ते लोभद्वेषवशीकृते।*

दग्धे दुस्चरिते शोच्ये क: कोपं कर्तुमर्हति॥

२ . *विमध्यभावादपि हीनशोभे यायां न सत्कारविधौ स्वयं चेत्।*

सङ्गादगत्या जडताबलाद्वा नन्वर्धचन्द्राभिनयोत्तर:स्यात्॥

प्राप्तक्रमोऽयं विधिरत्र तेन यास्यामि नाप्रीत्यभितप्तचित:।
एकावमानाभिहता हि सत्सु पूर्वोपकारा न समीभवन्ति॥
अस्निग्धभावस्तु न पर्युपास्यस्तोयार्थिना शुष्क इवोदपान:।
प्रयत्नसाध्यापि ततोऽर्थसिद्धिर्यस्माद्भवेदाकलुषा कृशा च॥
प्रसन्न एव त्वभिगम्यरूप: शरद्विशुद्धाम्बुमहाह्रदाभ:।
सुखार्थिन: क्लेशपराङ्मुखस्य लोकप्रसिद्ध: स्फुट एष मार्ग:॥ - जातकमाला
१ . गात्रच्छदेऽप्यक्षतक्षान्ति धीरं चित्तं तस्य प्रेक्षमाणस्य साधो:।
नासीदुखं प्रीतियोगान्नृपं तु भ्रष्टं धर्माद्वीक्ष्य संतापमाप॥ - जातकमाला
१ कल्याणधर्मेति यदा नरेन्द्र संभावनामेति मनुष्यधर्मा।
तस्या न हीयेत नर: सधर्मा हियाति तावद्धुरमुद्धरेत्ताम्॥
संभावनायां गुणभावनायां संदृस्यमानो हि यथा तथा वा।
विशेषतो भाति यश: प्रसिद्धयात् त्वन्यथा शुष्क इवोदपान:॥ - जातकमाला
१ . तद्वर्जनीयान् परिवर्जयन्तं परिग्रहान् विग्रहहेतुभूतान्।
क्रोधाच्छिरस्कानिव कृष्णसर्पान्युक्तोसि मां देव न संनिषेद्धम्॥ - जातकमाला
२ . यदि धर्ममुपैति नास्ति गेहमथ गेहभिमुख: कुतोऽस्य धर्म:।
प्रशमंकरसो हि धर्ममार्गो सहसिद्धिश्च पराक्रमक्रमेण॥
इति धर्मविरोधदूषितत्वाद्गृहवास क इवात्मवान् भजेत।
परिभूय सुखाशया हि धर्म नियमो नास्ति सुखोदयप्रसिद्धौ॥ - जातकमाला
3. वनाद्गृहं श्रेय इदं त्वमीषां स्वस्थेषु चितेषु कथं नु रूढम्।
यान्निर्विशङ्का वनसंश्रयान्मा पापप्रसङ्गदिव वाञ्चयन्ति॥
मृतो मरिष्यन्नपि वा मनुष्यश्चयुतश्च धर्मादिति रोदितव्यम्।
कया नु बुद्धया वनवासकामं मामेव जीवन्तममी रुदन्ति॥ - जातकमाला
१ . मद्विप्रयोगस्त्वथ शोकहेतुर्मया समं किं न वने वसन्ति।
गेहानि चेटकान्ततराणि मत: कोन्वादरी बाष्पपरिव्ययेन॥ - जातकमाला
२ . ममैव वा निर्गुणभाव एष नानुव्रजन्त्यद्य वनाय यन्माम्।
गुणावबद्धानि हि मानसानि कस्यास्ति विश्लेषयितुं प्रभुत्वम्॥ - जातकमाला
३ . द्वित्राणि मित्राणि भवन्स्यवश्यमापद्गतस्यापि सुनिर्गुणस्य।
सहाय एकोऽप्यतिकुर्लभस्तु गुणोदितस्यापि वनप्रयाणे॥ - जातकमाला
४ . दृष्टवावदानो व्यसनोदयेषु बाष्पोद्गमान्मूर्त इवोपलब्ध:।
संरुढमूलोऽपि सुहृयत्स्वभाव: शाठयं प्रयात्यत्र विनानुवृत्या।
निवारणार्थानि सगददानि वाकयानि साश्रूणि च लोचनानि।
प्रणामलोलानि शिरांसि चैषां मानं समानस्य यथा करोति॥
स्नेहस्तथैवार्हति कर्तुमेषां श्लाध्यामनुप्रव्रजनेऽपि बुद्धिम्।
माभून्नटानामिव वृत्तमेतद्व्रीडाकरं सज्जनमानसानाम्॥
परत्र चैवेह च दु:खहेतून्कामान्विहातुं न समुत्सहन्ते।
तपोवनं तद्विधरीतमेते त्यजन्ति मां चाद्य धिगस्तु मोहम्॥

येर्विप्रलब्धा: सुहृदो ममैते न यान्ति शान्ति निखिलाश्च लाका:।

तपोवनोपर्जितसत्प्रभावस्तानेव दोषान्प्रसभं निहन्मि॥ - जातकमाला

१ . આ પદાર્થ મેલા પાણીમાં નાંખ્યાથી મેલ નીચે બેસે છે ને નિર્મળ પીવા જેવું પાણી ઉપર રહે છે.

१ .*स तयाऽनुगम्यामानश्चकवाक इव चक्रवाव या ग्रामनगरनिगमाननुविचरन्कदाचित्कृतभक्तकृत्य: कम्मिंश्चित्प्रविविक्ते श्रीमति नानातरु गहनोपशोभिते धनप्रच्छयि कृतोपकार इव कदाचित्काचिंद्दिनकरकिरणचन्द्रकैर्नानाकुसुमरजोऽवकीर्णधरणीतले शुचौ वनोद्देसे ध्यानविविमनुष्ठाय सायाह्न समये व्युत्थाय समाधे:पां सुकुलानि सीव्यति स्म॥ सापि प्रवजिता तस्यैव नातिदूरे वृक्षमूलमुपशोभयमाना देवतेवस्चेन वपुष: प्रभावेण विराजमाना तदुपदिष्टेन नमस्कारविधिना ध्यायति स्म॥ - जातकमाला*

२ . જાતકમાલા

१ .*अनादरोत्कण्ठितयो: प्रसिध्यता समागमेनापि रतिर्न मां प्रति* - ભવભૂતિ.

२ . ‘સંવેદન’ શબ્દમાં intutive perception તેમ instinctive impulse એ બે અર્થના ધ્વનિ છે.

1 . Shelley’s ‘Prometheus Unbound.’

2 . Shelley’s ‘Prometheus Unbound .’

પ્રકરણ ૩૦
સિદ્ધલોકમાં યાત્રા ને સિદ્ધાંગનાઓનો પ્રસાદ
અથવા
શુદ્ધ પ્રીતિની સિદ્ધિનું સંગત સ્વપ્ન

Before the starry threshold of Jove's Court

My mansion is, where those immortal shapes

Of bright aerial spirits live insphered

In regions mild of calm and serene air ,

Above the smoke and stir of this dim spot

Which men call Earth, and with low-thoughted care ,

Confined and pestered in this pinfold here ,

Strive to keep up this trail and feverish being ,

Unmindful of the crown that Virtue gives ,

After this mortal change, to her true servants

Amongst the enthroned gods on sainted seats .

Yet some there be that by due steps aspire

To lay their just hands on that golden key

That opes the palace of Eternity .

To such my errand is; and, but for such ,

I would not soil these pure ambrosial weeds

With the rank vapours of this sin-worn mould .

— Milton's ' Comus '

બે જણ થોડી વાર નીચું જોઈ, થોડી વાર એકબીજાનાં સામું એકીટશે જોઈ, બેસી રહ્યાં. ફલાહારનું પાંદડું ખાલી થઈ ક્યારનું વચ્ચે પડી રહ્યું હતું તેને એક પવનને ઝપાટે હવામાં ઉરાડી દીધું, અને ઊડીને સરસ્વતીચંદ્રના બોળામાં, જ્યાં પ્રથમ કુમુદ સૂતી હતી ત્યાં પડ્યું. કુમુદનું લક્ષ એણીપાસ પ્રથમ ખેંચાયું ને એણે એ પાંદડું લઈ લીધું, ને ઊઠીને બહાર નાખી દીધું. પાંદડું લેતાં લેતાં થયેલા અજ્ઞાત સ્પર્શના મન્મથ ચમત્કારને બળે બહાર નાખવા જતી જતી અને નાંખતી પણ તે કંઈક પરવશ થતી હતી, અને પાણીનો હેલારો એક પાસનો થાય ને પવનનો ઝપાટો સામી પાસનો આવે ત્યારે કમળની નાળ એક પાસ ખેંચાય ને તેનું પત્રસંપુટ અવળું વળી જાય તેમ તે નાળ જેવું શરીર રવેશ ભણી ખેંચાયું અને મુખકમળ પાછું વળતું હતું. સરસ્વતીચંદ્ર પણ બેઠો બેઠો તે જ જોયા કરતો હતો અને સમુદ્રની ભરતીની સાથે માછલાં તણાય તેમ એના તનમનના વેગ સાથે એની આંખો પણ આમ આગળ ધકેલાતી હતી. છતાં એ ઊઠ્યો નહીં અને કુમુદ પણ આવીને પ્રથમને સ્થાને પાછી બેઠી. બેસતાં બેસતાં આકાશને ને ચંદ્રને જોઈ રહી કહેવા લાગી.

‘અર્ધ રાત્રિ વીતી ગઈ. આપ હવે કંઈ નિદ્રા લેશો?’

‘હા.’

‘કયું સ્થાન આપને ઇષ્ટ થશે?’

‘જે તમને ઇષ્ટ હશે તે જ મને ઇષ્ટ થશે.’

કુમુદ વિચારમાં પડી જોઈ રહી. ‘આ વાક્ય દ્વિઅર્થી નથી? એનો અર્થ કેવો લેવો?’ મનમાં શંકા થઈ ને મને જ તેનું સમાધાન કરી ઉત્તર દેવડાવ્યો. ‘પ્રિય ચંદ્ર! મારે માટે જે ઇષ્ટ હોય તે જ આપને માટે ઇષ્ટ હોવાનો સંદેહ છે ત્યાં સુધી આપને માટે મને આપનાવાળી ગુફા ઇષ્ટ છે ત્યાં સૌમનસ્યગુફામાં આપ વધારો, અને હું મારે માટે આ જ સ્થાન ઇષ્ટ ગણું છું. આપ હવે પધારો.’

‘એ જ ઉત્તમ વાત છે.’ સરસ્વતીચંદ્ર ધીમે રહી ઊઠ્યો, જરીક વાર દૃષ્ટિ વડે કુમુદનું સર્વાંગ ધ્યાનમાં લઈ લેઈ, પુલ ભણી ફર્યો અને ઘણી વાર લગાડી પગલા પછી પગલું ભરતો ચાલ્યો. કુમુદ પણ ઊઠી તેનો પાછળ પાછળ ચાલી — તેને એણે જોઈ પણ કંઈ બોલ્યો નહીં. કુમુદે પોતાને માટે પાથરેલી પથારી સાથે લઈ લીધી ને બે જણ સૌમનસ્યગુફામાં પુલ ઉપર

થઈને આવ્યાં. સાધુજનોએ સરસ્વતીચંદ્રને માટે વસ્ત્ર પાથર્યું હતું તે કુમુદે લઈ લીધું, તેને સ્થાને પોતાની કંઈક જાડી પથારી પાથરી, તે ઉપર મૂળ વસ્ત્ર ચાદર પેઠે પાથર્યું અને પોતે પાછી ફરી.

સરસ્વતીચંદ્ર — 'તમે એવી શિલા પર સૂશો ને મને આ કોમળ પથારીમાં સૂવાની આજ્ઞા કરશો તો મને નિદ્રા નહિ આવે.'

કુમુદ — 'પથારી એક ને સૂનાર બે ત્યાં પૂજનીય જને પથારીનો સ્વીકાર કરવો એ પૂજક જનના ઉપર અનુગ્રહ કરવાનો માર્ગ છે.'

સરસ્વતીચંદ્ર — 'સાધુજનોમાં એવાં ભેદનાં કાર્ય વર્જ્ય ગણાય છે.'

કુમુદ — 'હું હજી સાધુતા પામી નથી. મારું હૃદય હજી સંસારી જ છે.'

સરસ્વતીચંદ્ર — 'તમે સાધુ જ છો.'

કુમુદ — 'આપ મારા અતિથિ છો.'

સરસ્વતીચંદ્ર — 'મને શિલાશયનનો પરિચય છે ને મને પ્રિય પણ તે જ છે અથવા તમે મારાં અતિથિ છો.'

કુમુદ — 'મને ગમતી વાત કરવાનું આપે વચન આપેલું છે.'

સરસ્વતીચંદ્ર — 'હું બંધાયો છું — તો વધારે નહીં તો આ મારાવાળું જ વસ્ત્ર અને મારી કન્થાનો સ્વીકાર કરી લઈ જાઓ ને તેના ઉપર શયન કરજો.'

કુમુદ — 'ભલે એટલાથી પ્રસન્ન થાઓ.'

કુમુદ તે લઈને પુલ ઉપરથી ચાલી. સરસ્વતીચંદ્ર સૂઈ ગયો. કુમુદ કન્થા વગેરે બોળામાં લઈને પોતાની ગુફામાં ઓટલા પર બેઠી. તેને નિદ્રા દેખાઈ નહીં. કન્થાને જોઈ રહી અને તેને એક હાથે ઊંચી કરી જોવા લાગી.

'કુમુદ! જેના પવિત્ર ખોળામાં તારા ભ્રષ્ટ શરીરને અદૂષિત વાસ મળ્યો તેની પવિત્ર કન્થાને શું તું તારા શરીર નીચે દાબી ચાંપીને નિદ્રા પામીશ? મહાત્માના શરીરનું રક્ષણ કરનારી પવિત્ર કન્થા! આજની રાત તને એ મહાત્માનો પ્રસાદ ગણી મારી છાતી સાથે ચાંપી રાખીશ અને તારી પવિત્ર હૂંફથી નિદ્રા પામીશ. કન્થા! આ પતિત હૃદયને તું પાવન કરજે.'

એ વસ્ત્રો બે હાથ વચ્ચે ઘાલી, છાતી સરસાં ચાંપી રાખી, કુમુદ ઓટલા ઉપર સૂતી. સૂતાં સૂતાં પણ નિદ્રાને ઠેકાણે વિચાર આવવા આગ્યા ને આંખો મીંચાઈ ઊઘડવા ઊઘડી મીંચાવા લાગી.

'શુદ્ધ પ્રીતિ તે આ જ! — મારા હૃદયમાંની નહીં પણ એ મહાત્માના હૃદયમાં છે તે જ! કેવું ઉદાર અને શુદ્ધ હૃદય! મારી ક્ષુદ્રતા તો એમાં વસતી

જ નથી! મારા ઉપર આ તે કેવો પક્ષપાત! સંસારમાં પિતાના કરતાં પત્ની ઓછી ગણાય છે. પિતાના કરતાં, માતાના કરતાં, ને કુટુંબમાત્ર કરતાં પતિને વિશેષ ગણવા એ વાતને ઉત્તમ ગણનાર જે સંસાર છે તે જ સંસાર પત્ની ભણી આવો ધર્મ ગણતો નથી ને એ ધર્મને અધર્મ ગણે છે. મારો ચંદ્ર મારે માટે એ અધર્મ ગણાતો ધર્મ પાળે છે, ને સાધુજનો તે વાતનું અનુમોદન કરે છે! મારું શરીર અન્ય સ્થાનને વરી ચૂક્યું. વરણની મારી પ્રતિજ્ઞાઓને પળાવવા મારા ચંદ્ર ઇચ્છે છે; ને આ શરીર સંપૂર્ણ રીતે તેમને વશ હોવા છતાં, મનને વારી શકે છે — મનને મારે છે! કેવી પ્રીતિ! એનો બદલો હું શી રીતે વાળું? એમને માટે હું શું કરું?

મન મારવું એ કેવું કઠણ કામ છે? મને તેનો ક્રૂર અનુભવ થયો છે ને ઈશ્વરકૃપાએ આપેલાં નિમિત્તોથી — મારા બળથી નહીં — હું ફાવી શકી. પણ આ તો પોતાને બળે જ જીતે છે! હું એમને સ્વાધીન છતાં જીતે છે ને તે શા માટે? પોતાને તો ધર્મનો અત્યયનો ને લોકના અપવાદનો પણ વાંધો નથી; માત્ર જે મને અનિષ્ટ છે તેને તેટલાથી જ એ અધર્મ ગણે છે.

આજે હું પણ મનને વારી શકી છું. મેં તો મનને માત્ર વાર્યું પણ એમણે તો માર્યું. હું તો સંસારના સ્વાદની અનુભવીયણ છું પણ એમનાં રસેંદ્રિય તો આજ સુધી અભોક્તાની દશાંમાં જ રહ્યાં છે, ભોગના અનુભવનો રસ કલ્પનામાં પૂર્ણ વિકાસથી સ્ફુરે છે ને હૃદયમાં ભરેલો છે, છતાં આવે પ્રસંગે મર્યાદા ન તોડવાની એ હૃદયમાં અપૂર્વ શક્તિ છે તે આજ મેં જોઈ ન હોત એવી શક્તિ કોઈમાં હોય એમ હું માનત નહીં. આવા દૃઢ હૃદયને ઢાંકનારી પવિત્ર કન્થા!' કન્થાને છાતીમાં ચાંપી, આંખો મીંચાઈ ગઈ. કેટલીક વારે ઝબકીને જાગી.

'એ શરીરમાં જ્વર હતો. આંબોનો પ્રવાહ મારા શરીર ઉપર હતો. એ હૃદયની વાસના સ્પષ્ટ હતી. ફલાહાર! માત્ર આંગળીને જ આંગળી અડકી હતી પણ — પણ —

એ જ્વર મારે માટે, એ તુમુલ મનોમંથન મારે માટે જ — એ એમનું મહાયુદ્ધ મારી ઇચ્છાના અભાવને લીધે જ-'

વળી, નિદ્રા આવી. વળી કંઈક ભયંકર સ્વપ્ન છતાં છળી ગઈ ને જાગી ઊઠી બેઠી થઈ.

'હું નિર્દય છું. ને તે પણ એમના ભણી નિર્દય છું! દયા ધર્મકો મૂલ હૈ! આ સ્થાનમાં જ્વરના વેગથી એમના શિરમાં પિત્ત ચડી જશે — તો-'

વળી સૂઈ ગઈ ને નિદ્રા પણ આવી. વળી જાગી.

'નિદ્રા! તું કેમ આમ દૂર રહે છે? આજ તો નિશ્ચિન્ત છે ને તૃપ્ત છે. હવે એ સ્વચ્છંદી મન શામાં ભમે છે ને નિદ્રામાં વિઘ્ન પાડે છે તે મને પોતાને પણ સૂઝતું નથી.'

આંખો ચોળતી ચોળતી કન્થા ખોળામાં રાખી બેઠી થઈ.

'હું જોઉં તો ખરી કે એમની પણ મારા જેવી સ્થિતિ તો નથી ને હવે એમના જ્વરનું કેમ છે?'

ધીમે ધીમે તે પુલ ઉપર ગઈ ને સામેના દ્વારમાં એક હાથ કેડે દઈ ને બીજા હાથની બગલમાં કન્થા વગેરે રાખી ઊભી રહી:

સામા ઓટલા ઉપર સરસ્વતીચંદ્ર સૂતો હતો. એ ઓટલો પાંચ છ હાથ લાંબો ને એક હાથ પહોળો હતો. એના એક છેડા ઉપર પગ રાખી તેના મધ્ય ભાગમાં માથું રાખી, સરસ્તીચંદ્ર સૂતો હતો, ઊંઘતો હતો ને લવતો હતો.

'એકના દુ:ખમાં અનેકનાં દુ:ખ જોઉં છું. કુમુદસુંદરી, ચંદ્રકાન્ત, તરંગશંકર, ઉદ્ધતલાલ, ગુણસુંદરી, સૌભાગ્યદેવી — સર્વનાં દુ:ખ સૂક્ષ્મદર્શક કાચ વડે જોઈ લીધાં અને, ઓ મારા આર્ય દેશ, તારી ભયંકર અનાથતા જોઈ હું કંપું છું. હું શું કરું? કુમુદસુંદરી! તમારો ત્યાગ મેં ન કર્યો હોત તો તમારા અદ્વૈત સહચારમાં રહી દેશની આ સ્થિતિ સુધારવા હું મથત. કુંવારો પુરુષ આ દેશમાં સ્ત્રીઓમાંથી બહિષ્કાર પામે છે, અને સ્ત્રીવર્ગનું કલ્યાણ તમારા જેવી સ્ત્રીના સાધન વિના અશક્ય છે — પણ હવે કામવનનાં વાઘવરુ તમારા સહચારના માર્ગ વચ્ચે ઊભાં રહે છે ને મને કંપાવે છે.'

તે લવતો બંધ પડ્યો ને કુમુદસુંદરી સર્વ સાંભળતી હતી તે છેક પાસે આવી ને કન્થા પોતાને ખભે નાખી સુંદર કાન્તવદન જોતી ઊભી રહી.

'ઓ મારા દેશવત્સલ રસિક પવિત્ર કાન્ત!' એટલું કુમુદથી બોલાઈ જવાયું. સૂતેલા નરના શરીર ઉપરના માત્ર પવનને જ — હાથ પહોળા લાંબા કરી — આલિંગન દીધું ને હાથ નીચા પડતા પહેલાં પાછા ખેંચી લીધા, સૂતેલા અધરપુટ ઉપર બે તસુ ઊંચે જાગતું અધરપુટ પળવાર લટકી રહ્યું અને ચડેલો મેઘ વર્ષ્યા વિના વેરાઈ જાય તેમ, જાતે જ પાછું ઊંચું થઈ ગયું, અને પ્રથમ ઊભી હતી તેમ ટટાર ઊભી રહી. એમ ઊભી રહેતાં રહેતાં લવી. 'આવી સુંદર પવિત્ર યોગમૂર્તિને મારા દુષ્ટ સ્પર્શથી દૂષિત ખંડિત નહીં જ કરું.'

વળી સરસ્વતીચંદ્ર લવ્યો:

[1] . " Oh summoning stars! I come! Oh, mournful earth !

For thee and thine, I lay aside my youth ,

My throne, my joys, my golden days, my night ,

My happy palace and thine arms, sweet Queen !

Harder to put aside than all the rest !

***

Now am I fixed, and now I will depart !

***

And now the hour is come when I should quit

This golden prison where my heart is caged !'

આ સ્વપ્નના ઉદ્‌ગાર સાંભળતી કુમુદ ઊભી રહી અને એની આંખમાં આનંદનાં આંસુ આવી ગયાં.

'નક્કી — એમના ત્યાગકાળનું જ આ મનોરાજ્ય એમને આ સ્વપ્ન રૂપે પ્રત્યક્ષ થાય છે ને એમના મહાત્યાગનું કારણ પણ આવું સૂક્ષ્મ, સુંદર અને કલ્યાણકારક છે!'

પોતાના હૃદય પર હાથ મૂકી લવી:

'ક્ષુદ્ર હૃદય! આવા મહાશય હૃદયને તારી પ્રીતિના પાંજરામાં પૂરવાની તારી યોગ્યતા તે તેં શાથી જાણી? એ હૃદયના તો કોઈ નાના સરખા ખૂણામાં પણ પડી રહેવાને તેને સ્થાન મળે તો પણ તારું મહાભાગ્ય અને એમની પરમકૃપા. મેં એમના પર દોષ ધર્યો, એમને દોષ દીધો, એમના ભણીની અનેક આશાઓ રાખી, એ સર્વ મારી જડતા અને દુષ્ટતાનું જ પરિણામ! યોગિરાજ! મને ક્ષમા કરો. તમારો ચરણસ્પર્શ કરવાનો માત્ર અધિકાર માગું છું અને તે પણ તમારી ક્ષમા માગવાને માટે! તમે તો ક્ષમાથી પણ વિશેષ આપ્યું છે, આટલાથી પણ અનેકધા વિશેષ અધિકાર વગરમાગ્યે આપી દીધો છે! તમે તમારે કરવાનું મારું આતિથેય કરી ચૂક્યા, પણ તેનો સર્વ રીતે લાભ લેવાની મારી યોગ્યતાનો વિચાર કરવાનો ધર્મ મારે શિર બાકી છે. મારે આવી સુંદર યોગમૂર્તિને ખંડિત નથી કરવી! માત્ર ચરણસ્પર્શ જ કરીશ.'

કુમુદ ધ્રૂજતી ધ્રૂજતી આ ચરણ ભણી ગઈ અને ચરણ આગળ કંઈક જગા હતી ત્યાં, ચરણ ભણી દૃષ્ટિ કરી રહી, બેસી ગઈ, બેસી રહી પણ ચરણનો સ્પર્શ કરવા છાતી ચાલી નહીં.

'મહાત્માના ચરણસ્પર્શમાં તો સંસાર પણ દોષ ગણતો નથી ને એ તો પાવન થવાનો જ માર્ગ છે.'

સરસ્વતીચંદ્રનાં ચરણ ચાપવાં એણે ધીરે રહી, ધીમેથી ઝાલ્યાં, ત્યાં પોતાનું મસ્તક અરકાડ્યું, ચરણનાં તળિયાંને મધ્ય ભાગે ચુંબન કર્યું, અને અંતે એ તળિયાં પોતાના ખોબામાં મૂકી, હાથ વડે ઝાલી રાખી, ભીંતને ટેકે,

કન્થાને ઉશીકે રાખી, બેઠી બેઠી ગાઢ નિદ્રાને વશ થઈ ગઈ. સરસ્વતીચંદ્ર પણ લવતો બંધ થઈ ગયો ને નિદ્રાદેવી એકલી જાગતી રહી.

નિદ્રા જાગતી હતી અને પોતાને વશ થયેલાં હૃદયમાં સ્વપ્નની સામગ્રી ભરતી હતી.

આપણા તેમ પાશ્ચાત્ય વિદ્વાનોનો એક અભિપ્રાય છે કે જાગૃત દશાના સંસ્કારોથી [૧] થતા પ્રત્યય[૨] સ્વપ્નરૂપે સ્ફુરે છે.[૩] પણ આ વિષયનું શાસ્ત્ર આથી વધારે ઝાઝું ધપ્યું નથી. સ્વપ્નમાં કોઈ કવિતા રચે છે તો કોઈ શાસ્ત્રવિચાર પણ સાધે છે.[૪] આ સર્વ વાતો તો સાંભળી છે પણ બે જણને એક જ સ્વપ્ન એક જ કાળે થતું સાંભળ્યું નથી પણ તેનો અનુભવ સૌમનસ્યગુફામાં આજ થવા લાગ્યો.

સરસ્વતીચંદ્ર ચતો સૂતો હતો અને એના મુખ ઉપર ચંદ્રનો કોમળ પ્રકાશ પથરાયો હતો. એના ચરણ આગળ બેઠેલી નિદ્રાવશ કુમુદની આંખો નિદ્રામાં પણ અર્ધ ઉઘાડી રહી જતી હતી અને પ્રથમ જોનારને તે જાગતી જાગતી સરસ્વતીચંદ્રને એકીટશે જોઈ રહેલી લાગે એવી એની સ્થિતિ હતી. આવી સ્થિતિમાં તેમને સાથેલાગો સ્વપ્નોદય થવા લાગ્યો અને સ્વપ્નમાં પણ એક જ દર્શન થવા લાગ્યું. તેનું કારણ અનેક રીતે કલ્પાઈ શકે છે. લલાટ પાછળના અંતર્ભાગમાં મનુષ્યનું મસ્તિક છે ને સ્વપ્નસૃષ્ટિ તેમાં ઉદય પામે છે. સરસ્વતીચંદ્રના મસ્તિકમાંથી સ્વપ્નસૃષ્ટિનું કારણભૂત તેજ, એના લલાટ બહાર લલાટ ઉપર રમતા ચંદ્રપ્રકાશમાં, ચંદ્રકિરણની નાડીઓમાં, વાદળીમાં પાણી ચડે તેમ નાડી-આકર્ષણથી [૫] આકર્ષાઈ ચડ્યું હોય અને તેમાંથી કુમુદની આંખના ઉઘાડા ભાગમાં થઈને એના મસ્તિકમાં ગયું હોય; અથવા ચંદ્રપ્રકાશમાં જ ઉત્પન્ન થયેલું સ્વપ્ન બે જણનાં સામસામાં મસ્તિકોમાં સાથે લાગું સર્યું હોય; અથવા નવા શોધાયેલા ‘રોજ્જન’ કિરણના[૬] યંત્ર જેવી શક્તિ કોઈ સંયોગથી કુમુદના મસ્તિકમાં આવી હોય ને તેના પ્રભાવથી તે પ્રિયજનના મસ્તકને કે હૃદયને પારદર્શક કરી જોઈ શકી હોય; અથવા બેના ગ્રહસંયોગે આ દશા આણી હોય; અથવા પ્રાણવિનિમયના કોઈ નિયમથી આ ચમત્કાર બન્યો હોય; અથવા કુમુદે કરેલા ચરણસ્પર્શથી જ એને આ સંગતસ્વપ્નનો લાભ પ્રાપ્ત થયો હોય; અથવા વિષ્ણુદાસ બાવાએ આજથી સાધવા માંડેલી યોગસિદ્ધિનું જ આ ફળ એમના પરાક્રમરૂપ હોય. આમાંથી ગમે તે એક અથવા અનેક કારણને બળે અથવા અઘટિત ઘટના રચવામાં પ્રવીણ કહેવાતી માયાના ગમે તે બીજા કાર્યને બળે આજે આ બે મસ્તિકમાં બળવાન સંગત સ્વપ્નોદય થવા લાગ્યો. આ જાગતી સૃષ્ટિની કથા મૂકી, પ્રિય વાંચનાર, આપણે પણ ગુપ્ત શાંત રહી આ સ્વપ્નસૃષ્ટિમાં પ્રવેશ કરીશું, સરસ્વતીચંદ્ર અને કુમુદસુંદરીની પાછળ પાછળ ચાલ્યા જઈશું, અને આપણાં ચર્મચક્ષુથી જે જોવાય તે જોઈશું.

ચંદ્ર મધ્યાકાશમાંથી પશ્ચિમ દિશા ભણી ઊતરવા લાગ્યો ત્યાં સુધી તેનો પ્રકાશ સરસ્વતીચંદ્ર ઉપર પડતો તે હવે માત્ર એના મુખ વિના બીજા ભાગ પરથી ક્રમે કરી બંધ થયો. ચંદ્ર વસન્તગુફાથી ઢંકાયો અને સૌમનસ્યગુફામાં અંધકાર વ્યાપ્યો. છેક તળિયાને ભાગે સાધુઓ ગાઢ અસ્વપ્ન નિદ્રામાં પડ્યા હતા અને ઉપલે માળે સરસ્વતીચંદ્ર અને કુમુદ ઊંડી પણ સ્વપ્નભરી એકાંત નિદ્રામાં હતાં. ગુફા બહાર શાંત અને ધીરા પવનના સર્વ પારદર્શક ભાગમાં ચંદ્રિકા ઊતરી પડી હતી અને ઝાકળ સર્વ સ્થાનોની બહારની સપાટી ઉપર શીતળતા ભરતું હતું. સૌમનસ્યગુફાના આ અંધારા ખંડમાં આ પ્રસંગે સર્વ વસ્તુ દેખાતી બંધ થઈ, અને અંધકારની ઘાડી છાયાને જોવાને કે જોઈને બીવાને હવે કોઈ રહ્યું નહીં.

સરસ્વતીચંદ્ર આ વેળાએ પોતાના સ્વપ્નમાં આ ગુફાની બહારના ઝરાઓની એક પાસની પાળ ઉપર થઈને ચાલતો હતો અને કુમુદસુંદરી પણ એની પાછળ પાછળ બોલ્યા ચાલ્યા વિના ચાલતી હતી. તે પોતાની પાછળ છે કે નહીં એ વાત સરસ્વતીચંદ્રના ધ્યાનમાં હોય એવું અનુમાન કરવાનું ચિહ્ન ન હતું; માત્ર તે એટલા ધીમે પગલે ચાલતો હતો કે કુમુદ થાકે નહીં એવા વિચારથી જ આમ ચાલતો હોય એવું અનુમાન થઈ શકે એમ હતું. હવે આપણે નામ દઈશું તે આ સ્વપ્નમાંના જીવોનું ગણવું અને સર્વ સૃષ્ટિ પણ સ્વપ્નની જ ગણવી.

ઝરાના પાણીમાં ચંદ્રિકા પ્રસરતી હતી અને તેની સાથે આ પાળ ઉપર ચાલનારાનાં પ્રતિબિંબનું જોડું પણ તેમાં પડતું હતું અને તેમની જોડે જોડે ચાલતું હતું. આમ ઘણીવાર ચાલ્યાં ને અંતે એક કિલ્લા જેવી ભીંત જણાઈ. તેની વચ્ચે મોટું ઊંચું ગોપુર [૧] હતું એમાં થઈને બે જણ બહાર નીકળ્યાં. ત્યાં એક મોટા ચોગાનમાં આવી ઊભાં રહ્યાં. ચારે પાસ અંધકારના સ્તંભ જેવાં વૃક્ષ ઊભાં હતાં અને પાંદડાંના ખડખડાટથી તેમાં પવનની ગતિ જણાતી હતી. પૂર્ણ ચંદ્રનું બિંબ માથે આવ્યું તે ઊંચાં મુખ કરી બે જણે જોયું ત્યાં એ ચંદ્રની નીચે થઈને એક રૂપેરી વાદળી સરવા લાગી ને ચંદ્ર દેખાતો બંધ થઈ ગયો. પાછું પૃથ્વી ઉપર જુએ તે પહેલાં તો વાદળીમાંથી ફૂલના ગોટા જેવો કંઈક પદાર્થ નીચે સરી પડતો લાગ્યો.

આ રૂપાનાં ફૂલના જેવો ગોટો જેમ જેમ નીચે ઊતરતો ગયો તેમ તેમ મોટો થતો ગયો, અને મોટો થતો ગયો તેમ વધારે વધારે સ્પષ્ટ દેખાતો ગયો. થોડીક વારમાં તે કોઈ દેવીના જેવા આકારવાળો લાગ્યો. કુમુદસુંદરી નીચે હાથ જોડી એક પાસ ખસી ગઈ, અને સરસ્વતીચંદ્ર બીજી પાસ ખસી ગયો ને એ દેવીને બે જણની વચ્ચે ઊતરવાનો માર્ગ આપ્યો. એ દેવીનું અંગ સ્ફટિકમણિ જેવું હતું અને સ્ફાટિકની મૂર્તિપેઠે બે જણની વચ્ચે આવી ઊભી. જુએ તો સૌભાગ્યદેવીની જ આકૃતિ આ સ્ફાટિક શરીર ધારી ઊભેલી.

સરસ્વતીચંદ્રની સાથમાં આવેલી ઊભેલી કુમુદ સાસુનું શરીર જોઈ લજવાઈ ગઈ અને પોતે ક્ષમાને પણ પાત્ર નથી અને હવે કંઈ બોલવાનો પણ માર્ગ નથી એવું ધારતી હોય એમ મુખ છેક નીચું કરી ઊભી રહી. પણ સરસ્વતીચંદ્ર આગળ આવ્યો ને વિનયથી બોલવા લાગ્યો:

'પવિત્ર સૌભાગ્યરૂપ સૌભાગ્યદેવીની મૂર્તિ! ચંદ્રલોકમાંથી ઊતરી આ સ્ફાટિક શરીરને દેખું છું તે સૌભાગ્યદેવી ન હોય તો બીજું જે કોઈ પવિત્ર સત્ત્વ તમે હો તેના અભિજ્ઞાનનો હું અધિકારી હોઉં તો તે અભિજ્ઞાનની કૃપા માગું છું.'

'સરસ્વતીચંદ્ર! હું સૌભાગ્યદેવીનું જ સિદ્ધ શરીર છું અને આ પ્રદેશમાં તમારું બેનું આગમન મારા સ્થાનમાંથી જોઈ અહીં આવું છું. કુમુદસુંદરી! પાસે આવો.' દિવ્ય મૂર્તિના મુખમાંથી સ્વર નીકળ્યો.

કુમુદ બીતી બીતી પાસે આવી, પાસે આવી સાસુને પગે પડી, પણ આંસુ સાથે નીકળતાં ડૂસકાં ઉપરાંત વધારે ઉચ્ચાર કરી શકી નહીં.

'કુમુદસુંદરી! બેટા કુમુદસુંદરી! તમે હવે પૃથ્વીના છેડા ઉપર છો અને પૃથ્વીના ધર્મ ભૂલી સિદ્ધલોકનાં અને તેમના ધર્મનાં દર્શન કરવાનાં અધિકારી થયાં છો.' દિવ્ય મૂર્તિના મુખમાંથી આશ્વાસક શબ્દ નીકળ્યો ને તેના પવિત્ર હાથે કુમુદને ઊભી કરી છાતી સરસી ચાંપી.

કુમુદ તેની છાતીમાં માથું દાબી રાખી બોલવા લાગી:

'દેવી! મનુષ્યરૂપે દેવી હતાં — માતા હતાં — તેને આજ આવે રૂપે જોઉં છું — ને હું તો ભ્રષ્ટ હતી, આપના ગૃહમાં નિવાસને યોગ્ય ન હતી તે હવે વધારે દૂષિત થઈ છું. આપના પવિત્ર શરીરને મારાં સ્પર્શથી દૂષિત કરો છો તેને સ્થાને મને કોઈ અતિશૂદ્રી પેઠે — ચાણ્ડાલિની પેઠે — દૂર ઊભી રહેવા દો.'

સૌભાગ્યદેવી — 'તારા હૃદયની વાત જાણીને જ હું તને શુદ્ધ કરવા આવી છું. તું હવે થોડી વારમાં સિદ્ધલોકની અતિથિ થઈશ અને આ પુરુષરત્નને જે જે સિદ્ધજન પ્રિય હશે તેનાં દર્શન કરીશ. પણ તું પોતાને ભ્રષ્ટ સમજે છે ત્યાં સુધી તને એ લોકના દેશમાં જવાનો અધિકાર નથી. સાધુજનોએ તને શુદ્ધ ધર્મ સમજાવ્યો છે, પણ સંસારે વંચના કરી તારા મન ઉપર અધર્મને ધર્મ ગણવાની મુદ્રા પાડી છે. સાધુજનોના ઉપદેશથી તે મુદ્રા ન ગઈ તે દૂર કરવા હું આવી છું. મેં પૃથ્વી ઉપરથી દેહ છોડ્યો છે અને સિદ્ધલોકમાં વસું છું. અન્ય સંપત્તિવાળાને તેમ શુદ્ધ અદ્વૈત પ્રીતિયજ્ઞ કરનારને પણ આ દેશનો અધિકાર મળે છે. મારા સ્વામી આ દેશમાં આવશે ત્યાં સુધી હું અહીં છું ને તે ત્યાં છે તોપણ તેમને દેખી શકું છું તે જોયાં કરીશ ને એ પોતે સિદ્ધ થશે એટલે અમે બે જણ આ શરીરનો ત્યાગ કરી સાથે મુક્ત થઈશું. સંસારની વંચનાએ તારા આવા યજ્ઞમાં મહાવિઘ્ન નાખ્યું

તેમાં હું નિમિત્તભૂત થઈ તે સંસારમાં હતી ત્યાં સુધી સમજી નહીં પણ આ દેશની દિવ્ય દૃષ્ટિએ મને તે વાત દેખાડી છે. બેટા, મારો પુત્ર તારો અધિકારી ન હતો. તારો અધિકારી આ તારી પાછળ છે તેનો સાથે જ તું વરેલી છે.'

કુમુદસુંદરી — 'જો એમ હોય તો તો આર્ય સ્ત્રીઓ સર્વ વર્યા વિનાની અને નરકની અધિકારી ગણવી જોઈએ. દેવી! તમારું લગ્ન પણ મારા જેવું જ વંચનારૂપ નહીં? તમે પતિને માટે આ સિદ્ધલોકમાં પણ વાટ જુઓ છો ને મારી ગતિ જુદી કેમ?'

સૌભાગ્યદેવી — 'એમ નથી. આર્યબાલાઓ માતાપિતાના અને લોકાચારના બળથી અજ્ઞાત દશામાં લગ્નાભાસ નામના યજ્ઞાભાસમાં હોય છે. તે પછી સાસરે જાય છે ને સમજણી થાય છે ત્યારથી સાસરે જે તપ કરે છે તે તેમના પિતૃયજ્ઞની વેદી ઉપર થાય છે; એ તપનાં પુણ્ય એ બાલાને, અને એનાં પાપ એનાં માતાપિતાને મળે છે — કારણ એને વેદી ઉપર મૂકનાર માતાપિતાની જ તૃપ્તિ માટે એ દુહિતા તપ તપે છે, અને શુદ્ધ વિવાહથી અવિવાહિત પતિને પતિ ગણે છે. તે પછી પરમ ભાગ્યને બળે, ઈશ્વરની કૃપાને બળે, અને પોતાની પરમ સાધુતાને બળે, આવી બાળા આવા પતિ સાથે અદ્વૈત-પ્રીતિથી સંધાય છે તેનું પરમ પુણ્ય તેને પોતાને મળે છે તે મને મળ્યું ને હું અહીં આવી. પણ જેણે એક પુરુષના સહચારમાં આવો યજ્ઞ આરંભ્યો તેને તે યજ્ઞ છોડી પિતૃયજ્ઞને માટે એ પતિયજ્ઞનો ત્યાગ કરાવવો તે બહુ ધર્મ્ય છે. એ ત્યાગ તારાં માતાપિતાની બુદ્ધિએ તારી પાસે કરાવ્યો. તે અધર્મનું ફળ અત્યારે તેઓ અનેકધા ભોગવે છે. સાધુજનોને પ્રયાસે તું એ અધર્મમાંથી છૂટી, અને તેં કરેલા ચરણસ્પર્શથી તું તારા શુદ્ધ પતિની પતિવ્રતા બની તે પુણ્યના ફલોદયથી તું આ પવિત્ર દેશનો અધિકાર પામી છે.'

કુમુદસુંદરી આ મૂર્તિની છાતી આગળથી દૂર થઈ, સામી ઊભી બોલવા લાગી:

'હું સ્વપ્ન દેખું છું. અને સ્વપ્નમાં જે દેવીને દેખું છું તે મારાં જીવતાં દેવી જેવું તમે બોલતાં નથી, તો આ સ્વપ્નથી કેમ છેતરાઉં?'

સૌભાગ્યદેવી — 'સંસારનું જાગૃત તે અમારું સ્વપ્ન છે ને સંસારનું સ્વપ્ન તે અમારું જાગૃત છે. જે દેવીના ઉપર તારી આવી પ્રીતિ હતી તેણે તે દેહનો ત્યાગ કર્યો છે ને તું અત્યારે તેના જ સિદ્ધ સૂક્ષ્મ શરીરને જુએ છે. મારા વિચાર ને ઉદ્‌ગારમાં તને કંઈ નવીનતા લાગતી હશે; પણ યમરાજ જીવન અને મૃત્યુ વચ્ચેનો પડદો ચીરી નાખે છે તેનો સાથે મૃત્યુનાં અધિકારી શરીર મૃત્યુના અનન્ત અંધકારમાં જાય છે અને જીવનનાં અધિકારી શરીર આ ચિરંજીવ સિદ્ધદશાને પામે છે ને અર્ધ જીવનવાળી પૃથ્વીમાંથી પૂર્ણ જીવનવાળા સિદ્ધલોકને પામે છે. તે કાળે તેમને સર્વ શુદ્ધ જ્ઞાન પ્રાપ્ત થાય

છે. તે જ્ઞાન મને પ્રાપ્ત થયું છે ને તેથી હતી એની એ જ તારી દેવી હું જુદું બોલું છું.'

કુમુદ વિચારમાં પડી, પછી ઊંચું જોઈ, સરસ્વતીચંદ્રના સામું જોવા લાગી.

સૌભાગ્યદેવી — 'તું હવે તારા શુદ્ધ પતિ ઉપર દૃષ્ટિ કરે છે. મારો પુત્ર તે તારો પતિ નથી. એક નર સાથે હૃદય જોડીને પછી અન્ય પુરુષ સાથે કોઈ રીતના વિવાહથી કે વિવાહના નામથી તારી પેઠે જોડાયેલી સ્ત્રીનું દૃષ્ટાંત આર્યદેશમાં નથી. કારણ વિવાહયોગ્ય હૃદયવાળી કન્યા ત્યાં કન્યાવસ્થા દેખતી નથી. એવા હૃદયવાળી કન્યા તારા પિતાએ તને જ થવા દીધી એ તેમણે પરમ પુણ્ય કર્યું. કુમુદ, મારા પુત્રના વરણકાળે અમે તારા ને મારા પુત્રના શરીર ઉપર નિસ્તેજ વસ્ત્રના કટકાનાં છેડાછેડી નાખ્યાં હતાં. અને તારું તેનું પાણિગ્રહણ કરાવ્યું હતું તેને સ્થાને અત્યારે આ તમારી બેની પીઠ પાછળ અદ્વૈતરૂપે દેખાતા તેજના છેડા હું નાખું છું તે તમારા સ્કન્દ ઉપર થઈને તમારાં હૃદય ઉપર આવ્યા છે તે જો! અને સ્થૂલ પાણિગ્રહણને સ્થાને સૂક્ષ્મ હૃદયગ્રહણ — હૃદયયોગ — રચાય છે તેના પવિત્ર ચમત્કાર અનુભવો! એ છેડા અને એ ચમત્કાર જોવાની શક્તિ તમને પ્રાપ્ત થાવ!'

બે જણે જોવા માંડ્યું તો દિવ્ય પ્રકાશમય વસ્ત્ર પોતાની પાછળથી, વરકન્યાનાં છેડાછેડી પેઠે, સાંધતું દેખાયું ને તેનો એક છેકો ખભે થઈને સરસ્વતીચંદ્રના હૃદયમાં જડાયો હતો, ને બીજો કુમુદના હૃદયમાં જડાયો હતો. આનું દર્શન થતાં બેની આંખોમાં નવું તેજ આવ્યું. તે તેજવાળી આંખો ઉપર સૌભાગ્યદેવીની આંખોનું તેજ પ્રસરવા લાગ્યું. તેની સાથે બે જણ વરકન્યા પેઠે એ વસ્ત્રના આકર્ષણથી જ સાથે સાથે જોડાઈને ઊભાં. સૌભાગ્યદેવીની મૂર્તિ પાસે આવી તેમને માથે એકેકો હાથ મૂકી ઊભી ને બોલી -

'હું પ્રમાદધનની માતા તે પ્રમાદધનના આતિથેયમાંથી કુમુદસુંદરીને મુક્ત કરી તેમના શુદ્ધ પતિ જોડે તેમનો નિયોગ કરું છું અને સિદ્ધલોકમાં ચડવાનાં એ દંપતીને અધિકારી કરું છું. આ લોકમાં, નથી મનુષ્યલોકના જેવી ઉદરયાતના, નથી મદનયાતના, નથી લોકવાસના, નથી રાગ, નથી દ્વેષ, નથી પુરુષાર્થ, નથી સુખ, નથી દુ:ખ, નથી અહંતા, નથી મમતા, પણ માત્ર શુદ્ધ સાત્ત્વિક પ્રજ્ઞાચક્ષુ છે, કલ્યાણકર દૃષ્ટિ છે, સર્વભૂતાત્મકવૃત્તિ છે, પૃથ્વી ઉપરના નિવાસકાળે આરંભેલા યજ્ઞના સમાવર્તનની નિષ્કામ વાસના છે, એ વાસનાની તૃપ્તિને માટે તમારા જેવાં સિદ્ધિમાર્ગની કામનાવાળાં હૃદયમાં સિદ્ધજનોના સૂક્ષ્મ સંચાર છે, એ હૃદયોના યજ્ઞોમાં સિદ્ધજનોના સૂક્ષ્મતમ યજ્ઞોની જ્વાલાઓના સ્પર્શ છે અને આહુતિદાન છે, અને એમ સિદ્ધોના યજ્ઞાન્તે મોક્ષ છે. આ વિના બીજું સ્વર્ગ નથી, આ વિના બીજું કલ્પવૃક્ષ નથી, અને આ લોક વિના બીજા દેવ નથી. સિદ્ધશક્તિના પ્રભાવથી હું તમને બેને નવી લોકયાત્રામાં પ્રેરું છું, અને સિદ્ધલોકના અવ્યય

[1] દેશમાં યાત્રા કરવાની શક્તિ આપું છું. કુમુદસુંદરી, તમારી તૃપ્તિને માટે મારા હૃદયે મૃત્યુલોકમાં આરંભેલા પુત્રયજ્ઞની આ પૂર્ણાહુતિ છે તે તમારા હૃદયમાં ફલેગ્રાહિણી[2] થાવ! કુમુદસુંદરી, તમારે અને તમારે લીધે તમારા શુદ્ધ સ્વામીને માથે આ તેજોમય સિદ્ધલેપ હું રેડું છું તે તમારે શરીરે લગ્નના પાનેતરના સૂક્ષ્મ વસ્ત્ર પેઠે વળગી જશે ને તેના બળથી સિદ્ધલોકના ભયંકર વિષધરોની વિષજ્વાલાઓ તમને સ્પર્શ નહીં કરે, અને તમે તેમાં નિ:શંક નિર્ભય સંચાર કરી શકશો!'

આની સાથે એ સ્ફાટિક મૂર્તિના હાથમાંથી તેમનાં શરીર ઉપર પુષ્પવૃષ્ટિ થઈ, અને તે સુંદર પુષ્પો રસમય વૃષ્ટિના છાંટા થઈ બેને શરીરે વળગ્યાં. અને એ છાંટાના રેલા લેપ પેઠે, વસ્ત્ર પેઠે ચળકવા લાગ્યા.

'કુમુદસુંદરી, સરસ્વતીચંદ્ર, હવે મારે જવાની વેળા આવી. તમારે કંઈ પૂછવું છે કે માગવું છે?' સ્ફાટિક મૂર્તિ બોલી.

સરસ્વતીચંદ્ર — 'દેવી! આ દેશનાં અમે ભોમિયાં નથી અને ક્યાં છીએ ને ક્યાં જઈશું તે જાણતાં નથી. માટે તેનું કંઈ જ્ઞાન આપવાની કૃપા કરશો?'

સૌભાગ્યદેવી — 'સૂર્ય અને પૃથ્વીની વચ્ચેના પ્રદેશમાં મનુષ્યથી ન જોવાતો સિદ્ધલોકનો પ્રદેશ છે. તેના પિતામહનગરની નીચે તમે ઊભાં છો. એ નગર ઊડતા દ્વીપ પેઠે તમારા ઉપર ભમે છે તે મારાથી દેખાય છે ને તમને દેખાવાને વાર છે. તમારાં પગલાં સાંભળતાં હું તમારી પાસે આવી તેમ અન્ય સિદ્ધ જન તમારાં પગલાં સાંભળી તમારી પાસે આવશે ને તમને યોગ્ય સાધન ને યોગ્ય દૃષ્ટિ આપશે.'

સરસ્વતીચંદ્ર — 'બીજું કોણ આપશે?'

સૌભાગ્યદેવી — 'જે આવશે તેને તમારું હૃદય જ ઓળખી લેશે. હું એટલું જાણું છું કે મારી પાછળ તમારી માતા ચંદ્રલક્ષ્મી હતાં અને મારા કરતાં સિદ્ધભૂમિમાં તેમનો નિવાસ વધારે થયેલો છે, પૃથ્વી ઉપર તેમનું તપ મારા કરતાં વિશેષ થયેલું છે, ને તેમની સિદ્ધિ પણ પ્રમાણમાં વિશેષ છે. તમારે માટે તેમણે આરંભેલો યજ્ઞ પૂર્ણ થયો નથી માટે તે મળશે.'

સરસ્વતીચંદ્ર — 'તેમનું તપ તમારા કરતાં વિશેષ શી રીતે?

સૌભાગ્યદેવી — 'મારે મારા સ્વામી સાથે કુમારિકાવસ્થામાં જ અદ્વૈતયોગ થયો હતો અને તેનું કલ્યાણફળ મેં પ્રથમથી જ ચાખવા માંડ્યું. આ સૂક્ષ્મ રસનો અમૃતલેપ મારા ઉપર મૂળથી જ રેડાયો હતો, પણ ચંદ્રલક્ષ્મીનો અદ્વૈતયોગ ઘણા દુ:ખને અંતે રચાયો હતો અને તેમ થતાં ઘણીક વિષમય જ્વાલાઓ વચ્ચે તેમને તપ કરવું પડ્યું હતું. એ યોગ પણ મરણકાળે શિથિલ થયો અને તમારા જેવા તેના પુત્રને અપરમાતા મળશે એવો ભય જીવતાં છતાં તેમણે જોયો હતો, અને માતાનું હૃદય કંપ્યું હતું. તે છતાં તેમણે તમારા પિતાને માટે દુષ્ટ વિચાર કર્યો નથી, તેમને કઠોર શબ્દ

કહ્યો નથી. તેમના ઉપર અમૃત-પ્રીતિ રાખી છે, અને તેમના ઉપર જ શ્રદ્ધા અને વિશ્વાસ રાખી, તેમને ફરી લગ્ન કરવાની ઈચ્છા દર્શાવી સંમતિ આપી, આનંદથી દેહ છોડ્યો છે. આવું તપ તેમને કરવું પડ્યું છે અને જે મૃત્યુલોકમાં વધારે તપ કરે છે તેની આ લોકમાં વધારે સિદ્ધિ થાય છે. સરસ્વતીચંદ્ર, તમારા ચરણ જાતે આ દેશમાં તમને પવિત્ર સ્થાનોમાં લઈ જશે માટે ક્યાં જવું એ વિચાર કરશો મા. કુમુદસુંદરી, હું તમારી સાસુ નથી; તમારી શુદ્ધ સાસુ હવે તમને મળશે. મારી વાસના છોડી તેમને તમે પૂજજો. તેમનું તપ મારા કરતાં અનેકધા અધિક છે, હું તેમનાં પગલાંનો ઘસારો સાંભળું છું, અને એ મહાશયા મહાસિદ્ધના પવિત્ર ચરણના માર્ગને રોકતી ઊભી છું તે ત્યાંથી દૂર થાઉં છું!'

આ મૂર્તિનું સ્ફાટિક શરીર ધીમે ધીમે ઓગળતું હોય, વરાળ પેઠે સ્ફટિક ઊડી જતો હોય તેમ એ શરીર ધીમેધીમે દૃશ્ય થઈ ગયું; ને તેમ થતાં થતાં તેના સર્વાંગમાં બુદ્ધિધનની છાયા, નદીમાં આકાશનું પ્રતિબિમ્બ તરે તેમ, તરતી દેખાઈ. પલવારમાં બિમ્બ અને પ્રતિબિમ્બ દૃશ્ય થઈ ગયાં અને એ મૂર્તિએ વિવાહિત કરેલાં દંપતી એકબીજાના ગળે હાથ નાખી, તેજોમય વસ્ત્રથી હૃદયની નાડીઓનું અદ્વૈત પામી, સજોડે, ચકિત થઈ, હવે શું થાય છે તેની વાટ જોઈ ઊભાં રહ્યાં.

થોડી વારમાં તેઓ નીચેથી ઊંચકાતાં ઊંચાં થતાં લાગ્યાં. ગમે તો તેમને કોઈ અદૃશ્યરૂપે ઉપર ખેંચતું હોય, ગમે તો એમનાં શરીર પવનથી પણ હલકાં થયાં હોય ને છૂટાં મૂકેલાં બલૂનની પેઠે ઊંચાં ચડતાં હોય, અથવા ગમે તો પૃથ્વીમાં ગુરુત્વાકર્ષણથી વિપરીત શક્તિ જાગીને તેમને ઉપર ધકેલતી હોય, તેમ આ બે જણ ધીમે ધીમે આકાશ ભણી અધ્ધર ચડવા લાગ્યાં ને રૂપેરી વાદળોમાં આવ્યાં ત્યાં ચડતાં અટક્યાં. એક મૃગાકાર વાદળોમાંથી તેમના ભણી કો અધ્ધર ચાલી આવતું દેખાયું ને પાસે આવ્યું ત્યાં સરસ્વતીચંદ્રે પોતાની માતાનું સ્વરૂપ ઓળખ્યું ને તેણે ઓળખ્યું તેની સાથે એના સ્કન્ધ ઉપરના તેજોમય વસ્ત્રમાં સરતા કોઈ પ્રવાહની શક્તિથી કુમુદસુંદરીએ પણ ઓળખ્યું. બે જણ ચંદ્રલક્ષ્મીની મૂર્તિને સજોડે પ્રણામ કરી ઊભાં અને રૂપેરી વાદળાથી બનેલા શરીરવાળી ચંદ્રલક્ષ્મીની મૂર્તિ અમૃત જેવાં વચન ઝરવા લાગી -

'પુત્ર અને વધૂ! સૌભાગ્યદેવીએ તમને સંસ્કારેલાં છે ને મારા જે તપનું તેમણે વર્ણન કર્યું તે તપની સિદ્ધિથી હું આ કલ્યાણદેહને પામી છું. પુત્ર! જે પિતૃયજ્ઞને માટે સ્ત્રીનો, લક્ષ્મીનો અને ગૃહનો તેં ત્યાગ કર્યો તે જ ત્યાગ તારા પિતાના અધર્મરૂપ હતો, તેનું કષ્ટ પરિણામ તે હાલ ભોગવે છે ને તે કષ્ટથી યે સિદ્ધ થાય એવા તેમના યજ્ઞમાં હું અહીંથી પણ સહાયભૂત છું. તારો પિતૃયજ્ઞ સમાપ્ત થયો અને પ્રીતિયજ્ઞ આરંભાયો છે ને તેની સાથે તારા પ્રારબ્ધમાર્ગમાં નવા મહાન મનુષ્યયજ્ઞના અગ્નિ સળગતા હું તારા હૃદયમાં

જોઉં છું. એમાંના યજ્ઞના વિધિના શોધનને માટે આજ તું પિતામહપુરમાં જઈશ, અને ત્યાં તારા કાર્યમાં તને સાધન હું આપું છું તે લેતો જા.

એ નગર આ મેઘસ્થાનથી પણ ઊંચું છે. નીચે પૃથ્વી પર મનુષ્યસૃષ્ટિમાં બનેલા ને બનતા બનાવોનાં પ્રતિબિંબ ઊંચાં ચડી, ગન્ધર્વનગરીની [૧] સૃષ્ટિ પેઠે, પિતામહપુરના કેટલાક ભાગમાં તેજનાં જાળાં પેઠે બાઝેલાં છે; એ જાળાંમાં વચ્ચે કેટસાંક સ્થાને મોટા મોટા માટીના રાફડા બાઝેલા છે ને રાફડાના અંદરના ભાગમાં અનેક સૃષ્ટિઓ છે. કેટલાક બનાવોનાં પ્રતિબિંબ તેજોમય થાય છે ત્યારે કેટલાકનાં પ્રતિબિંબને સ્થાને આવા રાફડા બાઝે છે. એ રાફડા ખોદવાને આ દિવ્ય પાવડો તને આપું છું, તેમાંનાં ભોંયરાંમાં ઊતરવાને આ નિસરણી આપું છું. એક પાંખ કુમુદને બાંધું છું, એક તને બાંધું છું, ને પાવડો ને નિસરણી પોતાની ગતિથી તમારી જોડે જોડે ઊડીને ચાલ્યાં આવશે ને ઇચ્છશો ત્યાં તમને કામ લાગશે.

મારા સ્વભાવને લીધે આ પદાર્થોની મને સિદ્ધિ થઈ છે તે તમને આપું છું. કુમુદસુંદરી! મારી પાછળ ઉપર તમારાં પિતામહી ધર્મલક્ષ્મી તમારી બેની વાટ જુએ છે. તેમનું તપ મારા કરતાં વધારે છે. તેમણે પ્રીતિયજ્ઞનો સ્વાદ ચાખ્યો નથી, પણ માત્ર પિતૃયજ્ઞમાંથી પ્રાપ્ત થયેલા અતિથિ — પતિની સેવા કરતાં અનન્ત દુ:ખ વેઠેલું છે. એ દુ:ખથી એ દુ:ખના શાન્ત દીર્ઘ સહનથી, એ સહનકાળે સર્વદા સ્ફુરેલી ધર્મબુદ્ધિથી, ધર્મલક્ષ્મીનું સૂક્ષ્મ શરીર સિદ્ધ થઈ આ દેશમાં વસે છે. તે તમને થોડા કાળમાં મળશે અને તેમના તપપ્રભાવના પ્રમાણમાં તમને ગુરુતર સાધન આપશે.'

ચંદ્રલક્ષ્મી દૃશ્ય થઈ ગઈ, વાદળાંમાં ભળી ગઈ, ને નિસરણી પાવડા સાથે પોતાની પાંખોને બળે આ બે જણ ઊંચે ઊંચે ઊડવા લાગ્યાં. થોડી વારમાં મેઘમાળાના ઉપરનો અને સ્વચ્છ પ્રદેશ આવ્યો ત્યાં ધર્મલક્ષ્મીનું વૃદ્ધ શરીર એક પાસથી આવ્યું. ધર્મલક્ષ્મી નિરાધાર ઊભી રહી અને બોલવા લાગી.

'જામાતા અને પુત્રી! દુ:ખસહન એ એક મહાતપ છે. જે દુ:ખથી મનુષ્યલોક થાકે છે તે દુ:ખને મેં સહન કર્યું તો તેનું ફળ મને કલ્યાણરૂપ થયું છે. એ સહનથી હું સિદ્ધ થઈ છું ને એ સિદ્ધિથી આ કલ્યાણદેહને અને બે ભદ્રમણિને પામી છું. એ મણિનાં આભરણ કરી તમને આપું છું તે લ્યો. તેમાંની એક આ ચિન્તામણિની મુદ્રા તમે પૂજ્ય જામાતા છો તેમની આંગળીએ પહેરાવું છું. એ મુદ્રાના મણિ ઉપર દૃષ્ટિ કરી સિદ્ધનગરના જે ભાગનું રહસ્ય જાણવા ઇચ્છશો તે તમને બોધિત થશે. એ મુદ્રાથી જે સિદ્ધ કે સિદ્ધાંગનાનું તમે ચિન્તન કરશો તે તમને દેખાશે અને જે લક્ષ્ય ભણી ગતિ ઇચ્છશો તેનો માર્ગ તમને સુપ્રકાશિત થશે. બેટા કુમુદ! આ સ્પર્શમણિથી-પારસમણિથી-જડેલું મંગલસૂત્ર તારે કંઠે પહેરાવું છું તેનો તારી છાતી ઉપર સ્પર્શ થશે ને પ્રકાશ પડશે, અને એ છાતીમાં પવિત્ર અને

ધાર્મિક સંસ્કારોના ઉલ્લેખ પાડી તે સ્પર્શ અને પ્રકાશ તને શાંત અને સુખી કરશે. લોકયાત્રાને કાળે તારા જેવાં ઉપર જે જે દુ:ખો પડે છે તે દુ:ખોમાં કલ્યાણનાં બીજ જાતે રોપાય છે ને દુ:ખના સરોવર ઉપર તરવાને તુંબીફલ [૧] અનાયાસે મળી આવે છે. એ બીજને અને એ ફળને આ સ્પર્શમણિ તારા હૃદયના સ્વભાવરૂપ કરશે. આ સિદ્ધલોકની યાત્રામાં તારા પતિની દૃષ્ટિથી જે જે પદાર્થ તું જોઈશ તેનું સૌન્દર્ય તને આ સૂત્રના પ્રકાશથી પ્રત્યક્ષ થશે, અને મોટા રાફડાઓની ધૂળ ભેગી કનકની રેતી ગુપ્ત હશે કે ધૂળમાં ઢંકાયેલાં રત્ન હશે તે તને જાતે દેખાશે. તને આમ આ સૂત્રથી જે જે પદાર્થ પ્રત્યક્ષ થશે તે સર્વ સૌભાગ્યદેવીએ આપેલા તેજોમય વસ્ત્રમાં થઈ ને તારા સ્વામીને તારા કરતાં વિશેષ પ્રકાશથી પ્રત્યક્ષ થશે. સરસ્વતીચંદ્ર! તમે જે વિશુદ્ધ લોભથી પ્રીતિયજ્ઞ આરંભેલો છે તેનું સમાવર્તન મારી કુમુદ એના આ દેહથી દેખશે, અને તેનાં પુણ્યફળ જગત ઉપર મેઘ પેઠે સુવૃષ્ટ થશે. ચિન્તામણિ! પારસમણિ! મારી પાસેથી જઈ મારે ઇષ્ટ સ્થાને વસો!'

તેનું વાક્ય પૂરું થતાં પહેલાં તો મુદ્રા સરસ્વતીચંદ્રની આંગળીએ ચળકવા લાગી ને મંગળસૂત્ર કુમુદના પયોધરભાર ઉપર વીજળી પેઠે ચમકારા કરવા લાગ્યું. ને બે જણ પિતામહીને ચરણે ઉપકારથી પડવા માંડે છે ત્યાં તો પિતામહી દૃશ્ય થઈ ગઈ.

પ્રણામકાળે મીંચેલી આંખો બે જણ ઉઘાડે છે ત્યાં તે પહેલાંથી જ પાસે આવી રહેલો કોઈ મહાન નગરનો ઊંચો કોટ તેમના માર્ગને રોકતો દૃષ્ટિએ પડ્યો.

---

[1] . Light of Asia

[૧] . સંસ્કાર: Association . ૨. પ્રત્યય: Impression. 3 . *जागरितसंस्कारजः प्रत्ययः स्वप्नः* (પંચદશીની ટીકા.) ૪. Carpenter's 'Mental Physiology .'

[૫] . Capillary attraction ૬. આ Rontgen Rays , અથવા X Rays નામના કિરણયંત્રમાં એવી શક્તિ છે, કે શરીરના અપારદર્શક ભાગની અંદરના પદાર્થ પણ આ યંત્રથી જોવાય છે.

[૧] . નગરનો દરવાજો.

[૧] . સ્વર્ગ. ૨. યોગ્ય ઋતુમાં ફલસમૃદ્ધિનું ગ્રહણ કરનારી.

[૧] . નવલગ્રંથાવલિ ભાગ ૪ પૃષ્ઠ ૭૮.

[૧] . તુંબડું.

૩૧ [૨] પિતામહપુરમાં આર્યસંસારનાં પ્રતિબિમ્બ અને પ્રીતિની મણિમય સામગ્રીના સંપ્રસાદ

And on her lover's arm she leant,
And round her waist she felt it fold,
And far across the hill they went,
In that new world which is the old,

— Tennyson's 'Day-Dream'

I sate beside a sage's bed
And the lamp was barning red
Near the book where he had fed;
When a Dream with plumes of flame
To his pillow hovering came
And I knew it was the same
Which had kindled long ago
Pity, eloquence, and woe;
And the world a while below
Wore the shade the lustre made.
It has borne me here as fleet;
As Desire's lightning feet
I must ride it back ere morrow.
Or the sage will wake in sorrow,
"A spirit of the mind'

— Shelley's 'Prometheus Unbound' .

'વ્હાલા ચંદ્ર! આ શું છે?'

'પિતામહપુરનો આ કોટ છે.'

'તમારું મારું દ્વૈત છૂટ્યે કેટલો કાળ થયો?'

'જાગૃતમાંથી સ્વપ્નમાં જતાં થાય તેટલો. તેને કોઈક પળ કહે છે, કોઈક યુગ કહે છે.'

'આજ તમારા સર્વ શરીરનો ગાઢ સંસર્ગ કરી ઊભી છું છતાં શાંતિ ભોગવું છું ને કાલ ચરણસ્પર્શથી જ મદનજ્વાલામાં હું બળતી હતી તેનું કારણ શું?'

'એ જ્વાલા તારા સ્થૂલ શરીરમાં જન્મી હતી. આજનો સમાગમ સૂક્ષ્મ શરીરથી જ છે, અને તે શરીર પણ સિદ્ધલોકના પ્રદેશમાં તેમના ઘ્રાણગ્રાહી શુદ્ધ પવનથી પોષિત છે.'

'તમને એવી જ્વાલાનો અનુભવ છે?'

'તારા મંગલસૂત્રને એ પૂછજે. એ જ્વાલાનો અને એની શાન્તિ માટેના આપણા કષ્ટ તપનો સાક્ષી આપણા હૃદયને સાંધનાર અને સૌભાગ્યદેવીએ પ્રત્યક્ષ કરાવેલો આ પટ છે અને આપણી વાસનાનો ઇતિહાસ એ પટને લીધે તું દેખે છે.'

'હા.'

'અને આ મંગલસૂત્રમાં એ મંથનનું માખણ તું દેખે છે.'

'હા.'

આટલું બે જણ બોલે છે ત્યાં પાસેના કોટના ગોપુરમાં પચાસેક કૂતરાઓનું ભસવું સંભળાયું. થોડી વારમાં મોટામોટા કૂતરાઓ પગના નખ વડે પૃથ્વીનાં પડ ખણતા ખણતા અને નાક વડે તેના અંતર્ભાગને સૂંઘતા સૂંઘતા આ બે જણની આસપાસ ફરી વળ્યા. તોપણ બે જણે ચાલ્યાં કર્યું. અને મોટામાં મોટો કૂતરો સરસ્વતીચંદ્રની સામે આવી મનુષ્યની વાણીથી બોલવા લાગ્યો.

'મૃત્યુલોકનાં માનવી! તમે અહીં શા કારણથી આવો છો ને કોણ છો?'

બે જણ ઊભાં રહ્યાં ને સરસ્વતીચંદ્ર બોલ્યો.

'અમર સિદ્ધાંગનાઓએ અમારા ચરણને આણીપાસ પ્રેર્યા છે ને અમે તેમનાં બાળક છીએ. પણ તમે કોણ છો અને આ સ્થાને શા અધિકારમાં છો?

શ્વાન — 'પાંડવોએ સ્વર્ગને માટે મહાપ્રસ્થાન કર્યું ત્યારે અમારા પૂર્વજ ધર્મરાજાની સાથે સ્વર્ગમાં સ્વદેહથી ગયા હતા. તે પછી સિદ્ધલોકનાં ઘણાંક ગોપુરમાં અમે દ્વારપાળનું કામ કરીએ છીએ. ધર્મરાજાના કાળથી અમે તેમના ધર્મસંગ્રહનું અધર્મીઓથી રક્ષણ કરીએ છીએ.'

સરસ્વતીચંદ્ર — 'કેવી રીતે રક્ષણ કરો છો?'

શ્વાન — ‘સિદ્ધજનો તો આ પુરમાં પોતાની સ્વગતિથી આવે છે પણ કોઈ કોઈ કાળે તમારી પેઠે મનુષ્યો પણ આવે છે. મનુષ્ય પૃથ્વી ઉપરથી અહીં જેમ જેમ પાસે આવે તેમ તેમ અમને તેમની ગંધ નીચેથી આવે છે. એ મનુષ્યમાં કેવા ગુણ છે તે તેને સૂંઘીને અને જોઈને અમે જાણી જઈએ છીએ. જો તેની દૃષ્ટિ સાત્ત્વિક હોય છે તો અમે તેને ગોપુરમાં અક્ષત જવા દઈએ છીએ. જો તેની દૃષ્ટિ રાજસી હોય છે તો અમે તેના શરીરને ન્યૂનાધિક બચકાં ભરી પછી જવા દઈએ છીએ. જો તેની દૃષ્ટિ તામસી હોય તો તેના સર્વ શરીરનું ભક્ષણ કરીએ છીએ ને તેનાં હાડકાં ગોપુરની પાસેના કુંડમાં નાંખીએ છીએ. આટલો અમારે માટે આહાર નિર્મેલો છે ને આટલો અમારો ધર્મ અને અધિકાર નિર્મેલો છે.’

સરસ્વતીચંદ્ર — ‘આ વ્યવસ્થાનું પ્રયોજન શું ને ફળ શું?’

શ્વાન — ‘ભીષ્મપિતામહે ધર્મરાજ યુધિષ્ઠિરને જ પોતાની પાસેથી ઉપદેશ લેવા યોગ્ય ગણ્યા હતા અને યુધિષ્ઠિર મહારાજ જેવા સાત્ત્વિક દૃષ્ટિવાળાઓને જ પિતામહપુરનું રહસ્ય દેખાડવાનું છે. રાજસી દૃષ્ટિવાળા જનો રાગદ્વેષની અને મમતા તથા અહંકારની દૃષ્ટિએ જ જુએ છે. પિતામહપુરનાં રહસ્ય તેમને દેખાય છે પણ રાગદ્વેષને લીધે તેમને માત્ર એકદેશીય અથવા વક્રીભૂત દર્શન જ થાય છે. અહીંથી આવા જન્તુ પાછા જઈ જગતને છેતરે નહીં અને તેમના રાગદ્વેષ જગતમાં ઉઘાડા પડે એવું કરવાને અમે તેમને કરડીએ છીએ એટલે આ પુરમાં તેમ જગતમાં એ લોક જ્યાં ફરે છે ત્યાં તેમને હડકવા હાલે છે ને તેમની દૃષ્ટિથી અને તેમના સ્પર્શથી જડ મનુષ્યોને એવો ને એવો હડકવા હાલે છે; પણ એ દૃષ્ટિવાળાઓને જોઈ પ્રાજ્ઞ મનુષ્યો તેમને વર્જ્ય ગણે છે અને આ પુરવિષયે તેમણે કરેલી કથાઓને સત્ય ગણતા નથી. તામસી દૃષ્ટિવાળાનો તો નાશ જ ઘટે છે.’

સરસ્વતીચંદ્ર — ‘તમારું નગર જોવામાં રાગદ્વેષ શાના થાય?’

શ્વાન — ‘હૃદયના રાગદ્વેષ વ્યવહારમાં હોય છે તેમ દૃષ્ટિના રાગદ્વેષ આવે સ્થાને આવિર્ભૂત થાય છે. અમારો શ્વાનવર્ગ તમારા સંસારીઓમાં અપવિત્ર ગણાય છે ને યુરોપના સંસારીઓમાં ગૃહ્ય ગણાય છે ત્યારે ધર્મરાજે તેને પોતાની સાથે સ્વર્ગમાં જીવતો લીધો તે સાત્ત્વિક દૃષ્ટિ. વ્યાસ મુનિએ નિયોગ સ્વીકાર્યો, પિતામહે કૌમારવ્રત પાળ્યું. રામચંદ્રે શબરીનાં કરડેલાં બદરી ફલ ખાધાં, ભીમસેને રાક્ષસી જોડે વિવાહ કર્યો, ઇત્યાદિ પ્રવૃત્તિઓ સાત્ત્વિક દૃષ્ટિમાંથી થઈ હતી. તમારા સંસારીઓમાં મનુષ્યની એક જાત બીજીનાં સુખદુ:ખ ન ગણતાં પોતાની જ જાતનો પક્ષપાત કરે છે; વિવાહમાં, ભોજનમાં, આચારમાં ને વિચારમાં અમુક વસ્તુ પોતાની જાતની કે પોતાની ગણે છે ને અન્યને પારકી ગણે છે; પોતાની ક્રિયાને મિથ્યા દંભથી શિષ્ટ ગણે છે ને અન્ય ક્રિયાઓને અધર્મ ગણે છે, અમુક વાણી સત્ય હોવા છતાં ન બોલવા જેવી ગણે છે અને ગમે તો તે બોલવાને

કાળે લજ્જાદિ નિમિત્તોથી બોલતા નથી ને સત્યને સંતાડે છે અથવા અસત્ય બોલે છે અથવા જાતે જ પોતાના સંપ્રત્યયોનાં સત્યાસત્ય વિચારવામાં ઉપેક્ષા રાખે છે ને તે છતાં સંપ્રત્યયનોને વળગી રહે છે — ઇત્યાદિ અનેક પ્રકારોથી રાગદ્વેષની દૃષ્ટિની સૃષ્ટિ પ્રત્યક્ષ થાય છે. રાગદ્વેષ વિના, મમતા વિના, અધ્યાત્મ દૃષ્ટિથી જે દર્શન થાય તે જ સાત્ત્વિક.'

સરસ્વતીચંદ્ર — 'દેશવત્સલતામાં મમતા આવે.'

શ્વાન — 'ધર્મબુદ્ધિથી દેશપ્રીતિ થાય તે સાત્ત્વિક ને મમતાદિથી થાય તે રાજસી પ્રીતિ સ્વદેશની કે પરદેશની પ્રજાઓની પ્રલયકારિણી થાય છે.'

સરસ્વતીચંદ્ર — 'સર્વ પોતાના ધર્મની બુદ્ધિથી જ દેશ ઉપર પ્રીતિ રચે છે.'

શ્વાન — 'પણ જે ધર્મ સાત્ત્વિક દૃષ્ટિથી દૃષ્ટ નથી તે રાજસ છે. સૂર્યના પ્રકાશની પેઠે સનાતન મનુષ્યધર્મનો ત્યાગ કરી પોતાની ભૂમિના ધર્મનો હઠ-ગ્રાહ કરનાર પુરુષ રાગદ્વેષી છે ને સત્ય અને ઋત ઉભયથી દૂર જાય છે. સનાતન ધર્મને પાળી, જન્મભૂમિના ધર્મને સત્યપૂત કરી, પછી તે બે ઉપર દૃષ્ટિ કરનારની દૃષ્ટિ સાત્ત્વિક છે. મનુષ્યોને માટે આટલી ભેદબુદ્ધિની ક્ષમા છે; બાકી સિદ્ધજનોને તો ભેદબુદ્ધિ વિનાના સાત્ત્વિક સનાતન ધર્મ જ સર્વદા રહે છે. પોતાની અપરમાતા માદ્રીને જોઈ પોતાને થયેલી અને ધર્મવિચારથી અટકાવેલી વિષયવાસનાને ધર્મરાજા બળિરાજા પાસે સ્વીકારતાં લજવાયા નહીં કે ડર્યા નહીં કે અટક્યા નહીં ત્યારે જ એમની દૃષ્ટિ સાત્ત્વિક ગણાઈ ને બળિરાજાએ તેમને દર્શન આપ્યું. તમે બે જણ તો પૃથ્વી ઉપર જઈ તમારો આ સંબંધ સ્વીકારતાં શરમાશો — એ દૃષ્ટિ સાત્ત્વિક નહીં.'

સરસ્વતીચંદ્ર — 'જો એમ હોય તો તમે અમને કેમ તરત બચકાં ભરતા નથી? અમે યોગ્ય શિક્ષા લેવા તત્પર છીએ.'

શ્વાન — 'આવો પ્રશ્ન પૂછીને તમે અમારો તેમ કરવાનો અધિકાર બંધ કર્યો.'

સરસ્વતીચંદ્ર — 'શી રીતે?'

શ્વાન — 'મનુષ્ય આમ શિક્ષા જાતે માગી શકે છે તે સાત્ત્વિક દૃષ્ટિને બળે જ. અમારે તો બીજું કારણ પણ હતું ને તે એ કે જે ચિન્તામણિ ને સ્પર્શમણિ તમે મુદ્રામાં ને મંગળસૂત્રમાં ધારો છો તે તમને આ ધામમાં સાત્ત્વિક દૃષ્ટિ જ આપશે એવું તમારું ભવિષ્ય મેં સૂંઘી કાઢ્યું હતું, અને તે ભવિષ્યકાળનો તમારા પ્રશ્ને વર્તમાન આરંભ કર્યો. હવે તમારી યાત્રામાં તમે શીઘ્ર પ્રવૃત્ત થાવ અને આ ગોપુરમાં થઈ ચાલ્યાં જાવ.'

સરસ્વતીચંદ્ર — 'શ્વરાજ! આ ધામમાં છેલ્લામાં છેલ્લું મનુષ્ય ક્યારે કોણ ગતિ પામી શક્યું હતું?'

શ્વાન — 'રત્નનગરીના મહારાજ મલ્લરાજ હાલ સિદ્ધ છે તે એક કાળે તમારી પેઠે આવ્યા હતા. તેમણે પૃથ્વીમાં ભીષ્મભવન [૧] આ ધામ જોઈને જ કરેલું છે.'

સરસ્વતીચંદ્ર — 'શ્વરાજ! મેં તે જોયું છે. અમને કંઈ સૂચના કે ઉપદેશ આપના ભણીથી દેશો?'

શ્વાન — 'અમે શ્વલોક વસ્ત્રાદિ દંભને ધારતા નથી પણ મનુષ્યો તો વાણીમાં, વિચારમાં, વૃત્તિઓમાં ને આચારમાં અનેક રીતે ગોપ્યાગોપ્ય ભેદ રાખી અસત્ય-પ્રપંચના ખેલની સૃષ્ટિ ઊભી કરે છે. એવા ભેદને માટેના સર્વ દંભનો ત્યાગ તમને પ્રાપ્ત થાવ એટલો હું તમને ઉપદેશ અને આશીર્વાદ આપું છું. એટલી સિદ્ધિ પ્રાપ્ત થયેથી તમારા સંસારીઓનાં સુખદુ:ખનું શુદ્ધ દર્શન કરી શકશો ને તેમ થશે ત્યારે તમે તેમનું કલ્યાણ કરવાની તમારી સૂક્ષ્મ વાસનાને તૃપ્ત કરી શકશો. આ સિદ્ધલોકના દ્વીપ સમસ્ત પૃથ્વી ઉપર તરે છે, ને તમે હાલ આર્યદેશ ઉપર છો તેનાં પ્રતિબિંબ પિતામહના કુંડમાં આ દ્વીપો ઉપરથી જોજો, પિતામહના ઉપર બંધાયેલા રાફડાઓને સાત્ત્વિક દૃષ્ટિથી જોજો, ને પછી ગંગામૈયાના ખોળામાં સૂતેલા પિતામહનાં દર્શન કરી એ માતા પાસેથી ને પુત્ર પાસેથી તમારા દેશના કલ્યાણમાર્ગનો ઉપદેશ લેજો. મલ્લરાજની યોજનાનાં પાંડુ કુરુભવનો જોનારને આ ઉપદેશ સુગમ પડશે.'

આટલું બોલી કૂતરાઓ વેરાઈ ગયા ને સરસ્વતીચંદ્ર અને કુમુદસુંદરી હિમ ઉપર સરવાની ચક્રવાળી પાદુકાઓ [૨] પહેરી સરતાં હોય તેમ, ગોપુરની તળે સરી ગયાં ને ત્યાંથી વેગભર્યાં સર્યાં તે અંદર પિતામહકુંડના આરા ઉપરના સોનારૂપાના સળિયાના કઠેરા આગળ અટક્યાં.'

આપણાં બાળકની ભાષામાં બોલીએ તો 'ખસુરિયાં ખાય છે.'

આ કુંડ એકાદ ગાઉ લાંબો પહોળો હશે અને તેમાં ચારે પાસ પાણીના જેવું તેજ ચળકતું ભરેલું હતું ને એ તેજમાં મોટા મોટા બેટ હતા. પોતાને મળેલી મુદ્રા જોતો જોતો સરસ્વતીચંદ્ર બોલવા લાગ્યો:

'કુમુદ! આ મહાકુંડમાં આપણા દેશનું પ્રાચીન તેજ ભરેલું છે તે પૃથ્વી ઉપરથી દેખાતું નથી. એની વચ્ચે આ મોટા મોટા બેટ છે તેમાં જવાને આ તેજમાં તરવું પડે છે. જે લોકને આ કૂતરાઓ બચકાં ભરે છે તે આ તેજ ઉપર પડતું મૂકે છે, ને પારદર્શક પવન જેવા તેજમાં થઈ એ લોક નીચે પૃથ્વી પર પડે છે. આ તેજનો જરીક ચમકારો તેમને થતાં તેમનું વધારે ભાન બંધ થાય છે ને એ ચમકારાથી લાગેલો હડકવા લઈને આ લોક આપણા દેશમાં ફરે છે, પણ તેમનો અનુભવ એ ચમકારાથી વધારે વાતનો નથી અને એ દગ્ધજ્ઞાનવાળાં પૃથ્વી પર પડેલાં માણસ ભયંકર થાર છે — તેનું પ્રતિબિંબ પણે જો!'

તેજમાં જોતી જોતી કુમુદ બોલી: ‘આહા! શાં યુદ્ધ! એક હાથીને અનેક સ્થાને વળગેલા આંધળાઓ પોતપોતાની વાત પ્રતિપાદન કરવા લડી મરે તે અન્ધહસ્તિન્યાયનું આ પ્રત્યક્ષ દૃષ્ટાન્ત! — પણ ઉદાત્ત સ્વામી! આ લોક પણ ઉપકારક છે. જુઓ! આ તેજની નીચે આખા દેશમાં અંધકારનો મહાસાગર ભરેલો છે તે પણ દેશની વર્તમાન દશાનું પ્રતિબિંબ જ છે ને તેમાં દીવાઓ પેઠે આ શ્વરાજના કરડેલા જીવો તરે છે. દીવાસળી સળગાવી ન હોય પણ જરીક ઘસી હોય તો તેથી પણ પ્રકાશનો તારા જેવો ચમકાર જણાય છે તેવો આ લોકનો પ્રકાશ અંધકારમાં ઉપયોગી થાય છે. પ્રાણનાથ! તેમનો તિરસ્કાર ન કરશો. તેઓ પણ પ્રીતિપાત્ર છે.’

સરસ્વતીચંદ્ર એના મંગળસૂત્ર આગળ આલિંગન દઈ બોલ્યો: ‘સત્ય કહ્યું — સુન્દર કહ્યું! એ સુન્દરતાના મૂળને જ હું આલિંગન દઉં છું.’

કુમુદ આ ક્રિયાનો સત્કાર કરતી કરતી બોલી: ‘એ તેજ પેલા રાફડાઓ નીચેથી ફુવારા પેઠે નીકળતું દેખાય છે.’

સરસ્વતીચંદ્ર એનો આ સંસર્ગ મૂકી એ ફુવારા જોવા લાગ્યો.

‘ભારતયુદ્ધ પછી પિતામહ શરશય્યામાં પોઢ્યા હતા ને ધર્મરાજ સ્વર્ગમાં ગયા તેવામાં જ આ દેશના એ પિતામહે ચિરંજીવ ગંગામાં પ્રવેશ કર્યો છે. તેમનો દેહ જડ વસ્તુમાં ભળી નષ્ટ થયો નથી. કુમુદ, આ રાફડાઓવાળા બેટોમાં રાફડાઓ બાઝ્યા છે તે પિતામહના ગંગાને ખોળે સમાધિસ્થ થયેલા શરીર ઉપર બાઝ્યા છે ને આ તેજના ફુવારા એમના એ શરીરમાંથી ફૂટે છે.’

કુમુદસુંદરી — ‘આપણે તે જોવા ત્યાં જઈશું?’

સરસ્વતીચંદ્ર — ‘આપણું અદ્વૈત એવું છે કે તારી બુદ્ધિ તે મારી, મારી તે તારી. મારી વાસના તે તારી ને તારી તે મારી. જો! જો! આ વાસના થતાં જ આપણી પાંખો આપણને ઉપાડે છે ને આપણે આ પવિત્ર તેજોરાશિ ઉપર ઊડીએ છીએ!’

કુમુદસુંદરી — ‘શા ગંભીર અને કલ્યાણ તેજનો મહાસાગર! આર્યોના પુરાણ વિસ્તીર્ણ મહાસાગર! તને અમારા પ્રણામ છે. તું તારી નીચેના અંધકારને નષ્ટ કરી અમારા દેશને પ્રકાશિત કર.’

સરસ્વતીચંદ્ર — ‘મારી પણ એ જ વાસના છે. એ કાળે કરીને તૃપ્ત થશે, પણ તે કાળ, આપણે આ સિદ્ધલોકમાં સિદ્ધરૂપ થઈશું ત્યારે પરિપાક પામી પ્રત્યક્ષ થશે. યોગ્ય કાળની વાટ જોવી એ પણ ધર્મ છે. કુમુદ! આ સાગર ઉપર કેવો મધુર દિવ્ય પવન વાય છે? પૃથ્વી ઉપર તેવો પવન સ્વપ્નમાં પણ દેખાતો નથી.’

કુમુદસુંદરી — ‘એ પવનમાં તરાવી આ પાંખોએ આપણને ક્યાં આણ્યાં?’

સરસ્વતીચંદ્ર — ‘આપણે આ પ્રથમ રાફડાના શિખરભાગ ઉપર આવી પહોંચ્યાં, અને તેમાં થઈ એને તળિયે ઊતરીશું ત્યારે પિતામહનાં અને ગંગામૈયાનાં દર્શન થશે.’

બેટ ઉપર એક મોટો ટેકરો હતો તેના ઉપર કંઈ સ્થિર ભૂમિ હતી ત્યાં આમને એમની પાંખોએ ઊભાં રાખ્યાં.

સરસ્વતીચંદ્ર — ‘આ ટેકરીનો આટલો ભાગ નક્કર છે ને બાકીનો ઘણોખરો ભાગ પોલો છે. તેમાં પગ પડશે તો નીચે માટીમાં કળી જવાય એમ છે.’

કુમુદસુંદરી — ‘આ ટેકરી શાથી થઈ હશે?’

સરસ્વતીચંદ્ર — ‘પિતામહે ગંગાવાસ કર્યો તે પછી એમની બુદ્ધિના આશ્રય વિનાના દેશમાં મનુષ્યોની બુદ્ધિનો ક્ષય પામી તે ક્ષીણ બુદ્ધિથી આ સર્વ માટીના પોલા ઢગ રચાયા છે.’

કુમુદસુંદરી — ‘આ માટી એકલી નથી. માટીમાં વચ્ચેવચ્ચે પોપડા દેખાય છે ત્યાં અનેક કીડીઓ — ઓ ચાલે! — વચ્ચે વચ્ચે કશાકના પ્રકાશ પણ દેખાય છે.’

સરસ્વતીચંદ્ર —’હા. આ કીડીઓ જેવું દેખાય છે તે આપણા દેશની અર્વાચીન મનુષ્યસૃષ્ટિનાં પ્રતિબિંબ છે — આશરે વીસથી ત્રીસ કોટિ જન્તુ આ સર્વ રાફડાઓમાં થઈને જીવે છે. આ રાફડાઓ તેમની ઘણા યુગની પ્રવૃત્તિનું પરિણામ છે. આના ઉપર પણ કીડાઓથી નવા બેટ બંધાતા જાય છે તે તમને દેખાતું હશે.’

કુમુદસુંદરી — ‘વચ્ચે પ્રકાશ શાના છે?’

સરસ્વતીચંદ્ર — ‘આમાં કેટલેક સ્થાને શાંત શ્વેત પ્રકાશ છે ને કેટલેક સ્થાને રંગીન પ્રકાશ છે. શાંત સાત્ત્વિક જ્ઞાની મહાત્માઓએ આ જન્તુઓને માટે જે માર્ગ રચેલા છે તેમાં શ્વેત પ્રકાશ છે, રજોગુણી અથવા અર્ધજ્ઞાની પણ તીવ્ર બુદ્ધિવાળાઓએ એવા જ હેતુથી જે માર્ગ રચેલા છે તેમાં રંગીન પ્રકાશ છે. બાકીની રાફડાની માટી તમોબુદ્ધિવાળા જન્તુઓએ પાડેલાં દરથી, નળીઓથી, ને ઊધઈ તથા કરોળિયા જેવી જાળોથી ભરાયેલી છે.’

કુમુદસુંદરી — ‘આપણે એના અંતર્ભાગ શી રીતે જઈ શકીશું?’

સરસ્વતીચંદ્ર ઉત્તર દેવાને સાટે પાંખ ઉપર ઊડ્યો, પાછળ કુમુદ ઊડી, ને એક શ્વેત પ્રકાશવાળા કોતરમાં જઈ અધ્ધર લટક્યાં. ત્યાં નિસરણી એમનાં પગ આગળ આવી ઊભી રહી તે ઉપર બે જણ ઊતરવા લાગ્યાં. જેમજેમ નીચે ઊતર્યાં તેમ તેમ નિસરણી નીચે આવતી ગઈ. ચારે પાસે ચંદ્રના જેવા શ્વેત પ્રકાશ, તેની આસપાસ નદીઓના પુલનાં ભૂંગળાં જેવી

ભીંતો અને દૂર ઉપર આકાશ ને નીચે તેનું પ્રતિબિમ્બ — એ સૃષ્ટિની વચ્ચે નિસરણી આમને ઉતારવા લાગી.

સરસ્વતીચંદ્ર — ‘આ ભીંતો પારદર્શક કાચ જેવી છે તેમાંથી બહારની સૃષ્ટિ જુઓ. હવે આ જન્તુઓ કદમાં નાનાં પણ મનુષ્યોને આકારે દેખાય છે. ઉનાળામાં ખારની જમીન જેમ તરડાઈ જાય છે ને કટકાકટકા થઈ જાય છે તેમ આ ચારે પાસની માટીમાં થયું છે — એ માટી જીવતી છે. જીવતાં જન્તુઓ આમ છૂટાં પડ્યાથી, ક્ષુદ્ર ગતિવાળાં થઈ જવાથી, માટી જેવાં થઈ ગયાં છે ને પોતપોતાના કટકામાં, દરમાં, જાળમાં, ને નેળોમાં સર્વ વ્યવહાર રચે છે તે જોવા જેવા છે.’

કુમુદસુંદરી — ‘જ્યારે એક કટકો બીજા સાથે એકઠો રહી શકતો નથી ને એકબીજાના ઉપર પડી બે કટકા સાથે અથડાવા જેવા થાય છે ને ચારે પાસની માટીના ઢગ થવાના થાય છે ત્યારે કોઈ પરસ્પર સામાન્ય જ્ઞાતિસત્ત્વને બળે અનેક જન્તુઓ જ્ઞાતિના અકેક થાંભલાને રૂપે ઊભા રહેલા છે, ને સર્વ થાંભલાઓ છેક નીચેથી સંધાયા છે.’

સરસ્વતીચંદ્ર — ‘જો, આ દેશબહારથી પવનના ઝપાટા આવે છે એટલે આ સર્વ થાંભલાઓ કંપે છે ને એકબીજા સાથે અથડાઈ ભાંગી જવા માંડે છે. સર્વ એકરૂપ થશે ત્યારે પવનનું બળ નહીં ચાલે.

કુમુદસુંદરી — ‘તે તો કોણ જાણે — આ છેટે બીજા દેશના રાફડાઓ છે તેમાં તમે કહો છો તેમ છે. છતાં માટી ગરે છે ને ઢગલા થાય છે ને પશ્ચિમના પવન તે સર્વને કંપાવે છે — કોઈ મોડા— કોઈ વહેલા — એટલો જ ફેર છે.’

સરસ્વતીચંદ્ર — ‘આ થાંભલાઓમાં જન્તુઓનો શો કચ્ચરઘાણ વળે છે? કુમુદ, જો તો ખરી!’

કુમુદસુંદરી — ‘એણી પાસ જ મારી દૃષ્ટિ છે.’

સરસ્વતીચંદ્ર — ‘કીડીઓના જેવા કણસંગ્રહ તેવા ધનસંગ્રહ આ થાંભલાઓમાં ઠેકાણે ઠેકાણે, ચોમાસાની માટીમાંથી ઉત્પન્ન થતા જીવ પેઠે, સજીવ થઈ દોડે છે ને એક પાસથી પવન તેમને ઉરાડી લઈ જાય છે તો બીજી પાસથી આ જન્તુઓ જ તે સંગ્રહને માટી ભેગા ભેળવી પોતાની લાળથી બાળી નાખે છે, ને કણ લાવનાર જન્તુઓ તો અભોક્તા રહી શ્રમજીવન જ ગાળે છે ને શ્રમજીવી જન ક્ષીણ થતાં એ તારનાર તેમ ડૂબનાર એમ બન્ને વર્ગ ડૂબે છે.’

કુમુદસુંદરી — ‘એ તો જ્ઞાતિયજ્ઞ થાય છે ને આ કણની ને લાળની ચિકાશથી થાંભલાઓના પણ કટકા થઈ જતા નથી. બાકી પવન તો બધેથી વાય છે.’

સરસ્વતીચંદ્ર — ‘આ જ્ઞાતિયજ્ઞનો અધર્મ તો જો! અતિથિ જાતે જ યજમાન પાસે યજ્ઞ કરાવે છે! આ ભડકાઓમાં કેટલાં જંતુ જાતે ઘસડાઈ આવી ભસ્મ થાય છે? દ્રવ્ય અને બુદ્ધિ ઉભયના નાશનું આ જાતે વસાવેલું સાધન!’

કુમુદસુંદરી — ‘બુદ્ધિનાશનો પ્રતિકાર તો ઘટે, પણ દ્રવ્ય તો યોગ્ય હસ્તમાં ન હોય તો ગયું જ સારું.’

સરસ્વતીચંદ્ર — ‘અહા! કુમુદ! તારા મંગલસૂત્રને ભયંકર પણ સુંદર સત્ય કહ્યું. આ દેશ બુદ્ધિના નાશથી અત્યંત દરિદ્ર થશે તો તે ઈશ્વરની ઇચ્છાથી જ! આ દેશને દરિદ્ર થવાના માર્ગ આ જન્તુઓ જાતે જ રચે છે તેના ચીલા ઊધઈના દર જેવા જો તો ખરી — કેટલા બધા ચારે પાસ ઘાડા જંગલ જેવા દેખાય છે! પિતાઓ પુત્રપુત્રીની તૃપ્તિ માટે યજ્ઞ ન આરંભતાં, પોતાની તૃપ્તિ માટે તેમને જ એ યજ્ઞોમાં હોમે છે. હરિ! હરિ! આ કન્યાવિક્રય કરનાર અને પોતાના લોભને માટે વર્તનાર પિતાઓ પશુપક્ષીનું માસ ખાવામાં અધર્મ ગણે છે પણ પુત્રીનું જીવતું માંસ ખાતાં ડરતા નથી. આ શું? માતાઓ પુત્ર-વધૂની વચ્ચે ઘૂસી જઈ તેમને છૂટાં પાડે છે! ને પ્રીતિયજ્ઞના કાળ પહેલાં તો તેની સ્થૂલ વેદીઓ માટે ખાડાઓ ખોદી માબાપ તેમાં બાળકોને ફેંકી દે છે! જો! જો! પેલાં જતુંઓ સ્ત્રીઓને માબાપના મુખમાં હોમે છે તો પેલાં જન્તુ માબાપને સ્ત્રીના મુખમાં હોમે છે! ને પેલાં દુષ્ટો તો જો! એમની સ્ત્રીઓ એમના પોતાના ચરણ તળે ચંપાય છે ને તેના શરીર ઉપર બેસી એ જન્તુઓ નિરાંતે એકલપેટાં પેટ ભરે છે ને કેવળ સ્વાર્થી વ્યવહાર ચલાવે છે. શા અધર્મ!’

કુમુદસુંદરી — ‘જેવી સ્ત્રીઓ છે તેવા પુરુષો છે. પુરુષને સુંદર શુદ્ધ કરવો એ સ્ત્રીની ચતુરતાનું કામ.’

સરસ્વતીચંદ્ર — ‘કુમુદ જેવી ચતુર ઉદાર સ્ત્રીઓ બધાંને ક્યાંથી મળે? કુમુદ! આ દર્શન જેવું ભયંકર છે તેવું જ દયાપાત્ર છે. તેઓ જાતે શરીરને, સંતતિને, ધનને, ને ધર્મને નષ્ટ કરે છે, જાતે વ્યાધિઓ વહોરી લે છે, જાતે આધિથી બળે છે, ને જાતે ઉપાધિઓ તળે ચગદાય છે. આમાંથી તેમને શી રીતે મુક્ત કરીએ?’

કુમુદસુંદરી — ‘તેમને દૃષ્ટિ જ નથી તે આપો.’

આટલો પ્રસંગ થતાં થતાંમાં તો બે જણ બહુ જ નીચે ઊતરી પડ્યાં હતાં. પોતાના ભૂંગળાને તળિયું આવ્યું લાગ્યું. ચારે પાસ હવે ચોગાન હતું અને ચાર માર્ગ નીકળતા હતા. એ ચારે માર્ગના મધ્ય ભાગમાં બે જણ ઊભાં. પોતાના ભૂંગળાવાળો શ્વેત પ્રકાશ આ ચોગાનમાંના ને માર્ગો ઉપરના પ્રકાશ સાથે ભળી જતો હતો. માથા ઉપર આકાશને ઠેકાણે મોટી કાળી શિલાઓની છત હતી અને તેમાં સ્થાને સ્થાને મોટાંમોટાં છિદ્રો હતાં તેમાંથી પોતે પ્રથમ જોયેલી રંગીન પ્રકાશવાળી નળીઓનાં મૂળ વડવાઈઓ પેઠે

લટકતાં હતાં અને વડવાઈએ અનેક નાનામોટા નાગ અને અજગરો બાઝી હીંચકા ખાતા હતા.

સરસ્વતીચંદ્ર — ‘કુમુદ! વર્તમાન કાળના રાફડાઓમાંથી ઊતરી આપણે હવે અશોક મહારાજના પ્રાચીન આકાશમાર્ગમાં આવ્યાં છીએ. આપણા દેશનો દેશી, મોટામાં મોટો, સમર્થમાં સમર્થ અને સાધુમાં સાધુ મહારાજ એ અશોક હતો. [૧] આ દેશનો ઉગ્ર મધ્યાહ્નકાળ આ મહારાજના રાજ્યમાં હતો. ભગવાન ગૌતમ બુદ્ધના અવતારે પ્રકટેલો દયાધર્મ સંસારમાં ચાલ્યો ત્યારથી હજાર બારસો વર્ષ પર્યંત એ ધર્મ આ દેશમાં વધ્યો, રહ્યો, ઘટ્યો, અને ક્ષીણ થઈ પરદેશમાં રેલાતો ચાલ્યો ગયો. બૌદ્ધ યુગના મધ્યાહ્નકાળમાં ચંદ્રગુપ્ત મહારાજના પૌત્ર અને બિંદુસાર મહારાજના પુત્ર પ્રતાપી ચક્રવર્તી આ મહારાજ પ્રિયદર્શી અશોકે રાજ્ય કર્યું. જાતે બૌદ્ધ હોવા છતાં બૌદ્ધ અને બ્રાહ્મણ ઉભય ધર્મોનું પ્રતિપાલન તેમણે કર્યું. આ સાત્ત્વિક દૃષ્ટિવાળા મહારાજના રાજ્યના સાત્ત્વિક પ્રકાશનાં પ્રતિબિંબના પુણ્ય પ્રવાહ વચ્ચે આપણે ઊભાં છીએ.’

કુમુદસુંદરી — - ‘આ વડવાઈઓ શી? આ સર્પ શા?’

સરસ્વતીચંદ્ર — ‘આ ચારે પાસનો શ્વેત પ્રકાશ ઘણા વિસ્તારવાળા દેશકાળમાં અનેક મહાત્માઓની સાત્ત્વિક દૃષ્ટિએ પ્રસારેલો છે, ત્યારે આ બળિષ્ટ નાગલોકે ઉપરના સર્વ રાફડાઓના રંગીન પ્રકાશની સૃષ્ટિને રચી છે અને વડવાઈઓએ લટકી રહી એ સૃષ્ટિને અનેક યુગથી ધરી રાખી છે. કુમુદ! પોતાનું નામ સાંભળતાં આ તૈજસ નાગલોક ફણા માંડવા મંડી ગયા છે તે જો! થોડી વારમાં તેમની વિષજ્વાલાઓની શક્તિને આપણે જોઈશું.’

થોડી વારમાં મોટા મોટા રાતા, પીળા, લીલા, કાળા, ને ધોળા નાગ એ બે જણની આસપાસ વેગથી કૂંડાળાં રચી ફરી વળવા લાગ્યા. પણ પાસે જઈ જઈને તેમના દિવ્ય લેપની શક્તિથી પાછા ફરી પોતાની સભા ભરી કંઈ અવ્યક્ત ચર્ચા કરવા લાગ્યા. અંતે એક સૌથી મોટો જાડો વૃદ્ધ નાગ પોતાનું પેટ કષ્ટથી પણ વેગથી ઘસડતો ઘસડતો આમની સામે વિષની જ્વાલા ફૂંકવા લાગ્યો. બીજા નાગનાં પણ વિષ ચારે પાસ ઊડવા લાગ્યાં અને ચારે પાસના પ્રકાશમાં ભયંકર કાળાશ વ્યાપી ગઈ. નાનાં બાળક સર્પની શક્તિ ન સમજતાં ગમે તો તેને ઝાલવા જાય ને ગમે તો તેની સાથે રમવા જાય તેમ આ બે જણ આ વિષવૃષ્ટિને શાન્તિથી અને કૌતુકથી ઝીલવા લાગ્યાં. અંતે ધીમે ધીમે તે વૃષ્ટિ શાન્ત થઈ, તેજ અને પવન શુદ્ધ થયાં, અને સામો ઊભેલો વૃદ્ધ નાગ દિવ્ય વાણી વડે બોલવા લાગ્યો:

‘પૃથ્વી ઉપરનાં કોમળ બાળક! અમારી ભયંકર સૃષ્ટિમાં તમે કેવી વાસનાથી આવ્યાં છો ને અમારી વિષજ્વાલાઓને કઈ શક્તિથી સહી જાવ છો?’

સરસ્વતીચંદ્ર — 'શુદ્ધ સિદ્ધાંગનાઓએ કરેલી પ્રેરણાથી અને તેમણે જ આપેલી શક્તિથી અમારાં ગમન અને સહન બને છે. અમને અમારી કોઈ પણ વાસનાને બળે અહીં આવ્યાનું ભાન નથી.'

નાગ — 'તમે સાત્ત્વિક સત્ત્વોની શક્તિથી સુરક્ષિત હો નહીં તો અમારા વિષ શ્વાસને બળે ઉપરના રાફડાઓમાં પહોંચી ગયાં હોત. તમને વાસના હોત તો અમારા વિષદંશ તમને લાગી ગયા હોત. તેમ થયું નથી માટે તમારા વાક્યમાં સત્ય હોવું જોઈએ.

સરસ્વતીચંદ્ર — 'અમને વાસનાઓ નથી એમ નથી પણ તે વાસનાઓએ અમને આ સ્થાનમાં પ્રેર્યાં નથી.'

નાગ — 'તો તમારી વાસનાઓને દર્શાવી દો.'

સરસ્વતીચંદ્ર - 'અમારી વાસના આ પ્રદેશમાં જે જે જાણવા યોગ્ય હોય તે જાણવા-જોવા-ની છે અને તેમાં તમારી અવસ્થા, તમારી શક્તિ, ને તમારાં કારણકાર્ય જાણવાની વાસના છે.'

નાગલોક ખળભળી ઊઠ્યો.

'શા માટે? શા માટે?' એમ સર્વત્ર ધ્વનિ સંભળાયો.

સરસ્વતીચંદ્ર — 'ઉપરથી અહીં નીચે સુધી શુદ્ધ તેજના ભૂંગળામાં થઈને આવતાં આ મહાન દ્વીપમાં અનેક ચીરાઓ ને ફાટો પડેલી અમે જોઈ, એ દ્વીપના હજારો કટકા થઈ બંધાયેલા ઊંચા સ્તંભ જોયા, અને તેમાંનાં જન્તુઓના અધર્મ પણ જોયા. આ સર્વ તમારે શિર દેખીએ છીએ અને એ અધર્મનાં મૂળને તમે બાઝી રહ્યા છો તો તમને ઓળખવા એ મારો ધર્મ છે.'

આટલું વચન નીકળતાં ફરી સર્પમાત્રના મુખમાંથી સુસવાટ અને ઝેરી ફૂંકો નીકળવા લાગ્યાં અને આખા ભોંયરામાં ચારે પાસ ઊભરાતા દોડતા સર્પો સળવળવા લાગ્યા. સામો ઊભેલો નાગ તો ઊભો હતો તેમ જ રહ્યો — માત્ર તેની બે જીભો મુખ બહાર નીકળી પોતાના ઓઠ ચાટવા લાગી, મૂછના વાળ ઊંચા ઊભા થયા, ને તેમાંથી અગ્નિના તણખા ઝરવા લાગ્યા. ચારે પાસ લીલાંપીળાં ઝેર વરસી રહ્યાં. તેનો મધ્યે ઊભેલાં આ પ્રાણીને મહાનાગ કહેવા લાગ્યો:

નાગ — 'અમ નાગલોકના દોષ જાણવાની છાતી ચલાવનાર માનવી! અમે તારા દેશના શાસ્ત્રકારો, સ્મૃતિકારો ને પુરાણકારોનાં પ્રતિબિંબ છીએ. લોકચર્ચાના પંડિતો, ત્રિકાળના વિચારથી લોકવ્યવસ્થાની રૂઢિઓની ઉત્પત્તિસ્થિતિ અને પ્રસંગ પડ્યે નિઋતિ [1] પણ રચે છે; તે સમર્થ પંડિતોનાં અને વ્યવસ્થાકારોનાં પ્રતિબિંબ અમે છીએ ને આ સર્વ સંસારભારમાં વ્યવસ્થાનો જે અનન્ત અશ્વત્થ [2] ચારે પાસ અસંખ્ય શાખાઓ પ્રસારી

ઊભો છે ને પૃથ્વીના મૃત્યુલોકને વિસ્મય પમાડે છે તે વૃક્ષરાજનાં આ સર્વ મૂળનું જે કારણથી અમે ઉત્પાદન કર્યું તે જ કારણથી હજી તેનું રક્ષણ અને વર્ધન કરીએ છીએ અને કરીશું. સાત્ત્વિક દૃષ્ટિને પ્રત્યક્ષ થતા ધર્માધર્મ નામના દંભનું અમે પવનાશન લોક ભક્ષણ કરતા નથી.'

ચારે પાસના પ્રકાશની શ્યામતા વધવા લાગી.

સરસ્વતીચંદ્ર — 'તમે સાત્ત્વિક ધર્મને વજર્ય ગણો છો તે શાને ભક્ષ્ય ગણો છો? કયા પવનનું ભક્ષણ કરો છો!'

નાગ — 'સાંભળ, રે મુગ્ધ માનવી! અમારો આહાર સત્ય વિના બીજો નથી અને એ આહાર મળે તો અમે અધર્મને પણ ઇચ્છતા નથી; કારણ ધર્મ સત્યની પાછળ દોડે છે, સત્ય ધર્મ પાછળ દોડતું નથી. ત્રિગુણાત્મક સૃષ્ટિ કેવળ સાત્ત્વિક દૃષ્ટિએ જોવી એ સત્યના મોટા અંશને ઢાંકી નાના અંશને જોવા જેવું છે. તમારા સંસારમાં કે મનુષ્યલોકમાં રાજસી અને તામસી વૃત્તિ સંસારના ગળા સુધી ભરેલી છે ને સાત્ત્વિક વૃત્તિ તો માત્ર ત્હારા જેવા મુગ્ધ જનના મનોરાજ્યની જ સૃષ્ટિ છે. જેમ ક્ષાર સમુદ્રમાં કોઈ સ્થાને મિષ્ટ જલનું ઝરણ નીકળે તો તેના ઉપર ક્ષાર સમુદ્રના તરંગ ફરી વળે તેમ તમ લોકના સંસારમાં સાત્ત્વિક ગુણના વિરલ ઝરાઓ ક્ષાર જળનાં વહન નીચે ચંપાઈ ગયેલા જ રહે છે. જેમ તામસી દૃષ્ટિ તે સર્વત્ર અદૃષ્ટિ જ છે તેમ સાત્વિક દૃષ્ટિમાં રજોગુણ અને તમોગુણનાં જે જે કાર્ય ભણી ક્ષમાદૃષ્ટિ રહે છે તે તે દિશા ભણીની તેની અદૃષ્ટિ જ છે. સ્ત્રીપુરુષની પ્રીતિને તું શુદ્ધ સાત્ત્વિક ગણતો હોઈશ તો વધારે અનુભવથી તારી ભૂલ ભાંગશે. તમે બે જણ કોઈ પુણ્યસિદ્ધિથી સર્વદા સાત્ત્વિક રહી શકશો તો તેથી કાંઈ બાકીનું જગત સાત્ત્વિક થઈ જવાનું નથી, પ્રાણીઓ પરસ્પરનું ભક્ષણ કરતાં મટવાનાં નથી, કુટુંબોના અંત:કોલાહલ મટવાના નથી, પાપી જનોની સંખ્યા એક ધર્મમાં પ્રવર્તશે તો એથી અધિક પાપીઓ તેની પાછળ પલટણ પેઠે ઊભા થતા અટકવાના નથી, રાજાઓના રાજ્યલોભ અને અધર્મવિગ્રહ ઘટવાના નથી, અને અન્ય પ્રાણીઓ પેઠે મનુષ્યોમાં ને રાજાઓમાં પણ મોટું નાનાને ખાય એ નિયમ લુપ્ત થવાનો નથી. આ સર્વ મલિન વસ્તુઓને દૃષ્ટિ બહાર રાખી કરેલું ધર્મના ને ન્યાયના પાયાનું ચણતર રેતીમાં થયા જેવું ગણવાનું છે, ને એ મલિન માર્ગના કોયલાની વ્યવસ્થા રાખવી ને કોયલાથી કાળાં ન જ થવું એ અભિલાષ દંભનું અને મમતનું પરિણામ છે. અમે એ અભિલાષને ના નથી કહેતા પણ તેનો ત્યાગ કરવાનું આવશ્યક લાગે તો તેમ પણ કરવા તત્પર રહીએ છીએ. અમે તો માત્ર આ દેશની ત્રિગુણાત્મક સૃષ્ટિના સર્વ અંશ પર પૂર્ણ દૃષ્ટિ રાખી અમારી રચના કરી છે. તમે જુઓ છો કે જ્યારે બુદ્ધ ભગવાનની ને અશોક મહારાજની સાત્ત્વિક સૃષ્ટિ ધૂળના કોટ પેઠે બંધાઈ ઊડી ગઈ છે ત્યારે અમારી ત્રિગુણાત્મક દૃષ્ટિની સૃષ્ટિ હજી વર્તમાન છે ને પરદેશી પવનના ઝપાટા સામી હિમાચલ પેઠે સ્તંભ ધારી ઊભી રહી છે. તમારા વિહાર મઠના જેવાં

લગ્નનો અમે નાશ કર્યો છે, બાળકીમાત્રને પરણાવીએ છીએ ને વિધવામાત્રને અપરિણીત રાખીએ છીએ, કુટુંબોના માળા એક જ વૃક્ષ ઉપર બાંધીએ છીએ, જ્ઞાતિઓના રોપાને ક્ષેત્ર બહાર શાખાવાન્ થવા દેતા નથી ને ક્ષેત્ર બહારનાં પ્રાણીને આ ક્ષેત્રમાં આવવા દેતા નથી. સ્ત્રીપુરુષની સ્વચ્છંદ પ્રીતિને સાટે કુટુંબજનોની પરસ્પર એક લોહીની પ્રીતિ રચીએ છીએ. આવી અનેક વ્યવસ્થાઓના પ્રકાશના રસોને આ વડની વડવાઈઓના જ નલિકા-જાળોમાં થઈને તેના ઉપરના સ્તંભોમાં વહેવા દઈએ છીએ, અને એ સૃષ્ટિનું પોષણ પણ આ વડવાઈઓને આમ બાઝી રહીને જ કરીએ છીએ. એ વડવાઈઓથી અમને છૂટા પાડનારને માટે અમારી વિષજ્વાલાઓ છે, એ વડવાઈના વિસ્તાર ઉપર વધ્યા જાય તેને પ્રતિકૂળ થનારને માટે પણ એ જ જ્વાલાઓ છે, અને તમારા દેશને માટે ત્રિગુણાત્મક દૃષ્ટિથી રચેલી વ્યવસ્થાનો, મનના કે વાણીના કે કર્મના રજોગુણથી કે તમોગુણથી, ભંગ કરનારને માટે અમારી જ્વાલાઓ આ નીચેથી છેક ઊંચે સુધી ચડી પહોંચી જવાને સમર્થ છે. અનેક જાતના વિકારોમાંથી, દુ:ખોમાંથી અને ભયમાંથી ઉદ્ધાર કરી રાખવાને અમે તમારા દેશની વ્યવસ્થાને ધરી રાખી છે ને તેના અંત:શત્રુઓ તેમ બાહ્ય શત્રુઓ સર્વને માટે અમારી વિષજ્વાલાઓ વરાળ પેઠે સર્વદા ઊંચે ચડ્યાં કરે છે.'

સરસ્વતીચંદ્ર — 'તમે તે આ દેશની વ્યવસ્થાને સુધારી છે કે બગાડી છે? તમે તે આ દેશની આશાઓમાં વિષ નાખ્યું છે કે અમૃત નાખ્યું છે?'

વિષવૃષ્ટિ વધારે ભયંકર થઈ સામેનો નાગ ઉત્તર દીધા વિના આમની ચારે પાસ વીંટાવા લાગ્યો અને તેનું મોં કોઈ કાળા કોતર પેઠે પહોળું થઈ અંદરના ક્રૂર દાંતને અને ઠગારી જીભને દેખાડવા લાગ્યું. એટલામાં કુમુદસુંદરી તેના સ્પર્શથી ઊછળી અને સરસ્વતીચંદ્રને બાઝી પડી બોલી ઊઠી:

'જુઓ, પ્રાણનાથ! આ સર્વ નાગરાજનાં મસ્તક મુકુટધર છે ને એ મુકુટોમાં શાં તેજસ્વી રત્ન છે!'

સરસ્વતીચંદ્ર — 'પ્રિયા! સીતાની દૃષ્ટિ સુવર્ણમૃગ ઉપર પડી હતી તેમ તો તને નથી થયું? તું આ વિષવૃષ્ટિમાં તેજ અને રત્નો ક્યાં જુએ છે?'

નાગ બળવાળી ચૂડ ભેરવી, આ બે જણની આસપાસ વીંટાંયો અને તેઓ સામાસામી આલિંગન દેતાં હોય તેમ સજડ ભીડાયાં. ભીડાયાં તેની સાથે કુમુદનું મંગળસૂત્ર સરસ્વતીચંદ્રના હૃદયમાં ચંપાયું ને તેનો સાથે જ તે બોલી ઊઠ્યો:

'કુમુદ! કુમુદ! તું સત્ય કહે છે! આર્યદેશના ખરા અને સનાતન મુકુટધર રાજાઓ તો આ નાગલોક જ છે! આપણે જેમને રાજાઓ અને ચક્રવર્તીઓ કહીએ છીએ તે તો નામના! તેમના મુકુટમણિ ખોટા! શુદ્ધ

મણિ તો આ રાજાઓના જ મુકુટોમાં છે તે હું હવે તારી પેઠે દેખું છું! હા! શું સુન્દર દર્શન છે!’

આ વચન નીકળતાં નાગની ચૂડ છૂટી. તેણે તેમને છોડી દીધાં, વિષવૃષ્ટિ શાંત થવા લાગી. નાગલોક વડવાઈઓ ઉપર ચડવા લાગ્યા, અને સ્વપ્નનાં દંપતી આગળ ઊભેલા નાગરાજને સ્થાને મોટો રત્નનો ઢગલો — અન્નકૂટ — જેવો ઊભો થયેલો દેખાયો. એ ઢગલાના તેજ આગળ આ દંપતીનાં નયનમાં કંઈક ઝાંઝવાં વળવા લાગ્યાં, પળ પછી પળ જવા લાગી તેમ તેમ ચારે પાસની સૃષ્ટિમાં અદ્ભુત ફેરફાર થઈ જવા લાગ્યા. ઉપરની કાળી છતને સ્થાને સુન્દર રંગોથી રંગીન પણ પારદર્શક બિલોરની છત થઈ ગઈ ને વડવાઈઓ પણ બિલોરનાં ઝાડ પેઠે લટકવા લાગી. એ ઝાડમાં કાચના પ્યાલા, કાચના ઘડા, ને કાચની ત્રાસકો ઝૂલવા લાગી, ને તે સર્વમાં અમૂલ્ય સુન્દર રત્નો દીવાની ઊભી જ્યોતો પેઠે પ્રકાશી રહ્યાં. ઉપલી છત ને નીચલી ભૂમિકા વચ્ચે કોઈ વિશાળ સુન્દર વાડીઓ ખીલી રહી ને તેમાં સ્થાને સ્થાને સ્વર્ગનાં જેવાં વૃક્ષો, કુંડો, ફુવારા, નાના ઝરા, ચિત્રવિચિત્ર રંગોના ફલથી લચી રહેલી વેલીઓ, ને નાના કોમળ છોડવાઓ ઉપર બેઠેલા ફૂલના ફાલ: એમ રમણીય સૃષ્ટિ દૃષ્ટિમાં અનેકધા અમૃત ભરવા લાગી.

કુમુદસુંદરી — ‘પ્રિય હૃદય! પેલી નાગલોકની ભયંકર સૃષ્ટિ ક્યાં જતી રહી અને આ શું થઈ ગયું? પ્રદેશ એનો એ છે ને તેમાંની સામગ્રી આટલી પલટાઈ ગઈ એ તે શો ચમત્કાર?

સરસ્વતીચંદ્ર — ‘જે નાગલોક વિષજ્વાલાઓને ઉરાડે છે તે જ નાગલોક આ મણિસંગ્રહને ધરે છે. જેની દૃષ્ટિમાં વિષ છે તેનાં દૃષ્ટિવિષની સામે નાગલોક વધારે બલવાન વિષ ઉરાડે છે ને વિષથી વિષનો નાશ કરે છે. જેની દૃષ્ટિમાં રત્નમય પ્રકાશ દીપે છે તેને નાગલોક આવાં મણિદર્શન આપે છે. સાત્ત્વિક દૃષ્ટિને વિષ અને રત્ન ઉભયનાં દર્શન સાથે લાગાં થાય છે. આપણી માનુષ દૃષ્ટિએ પ્રથમ આ વિષનું દર્શન કરાવ્યું ને વિષધરનાં અસહ્ય બળનું સહન કરવામાં આપણાં હૃદય અદ્વૈત પામ્યાં. એ અદ્વૈતને બળે તારા પવિત્ર મંગળસૂત્રમાંના સ્પર્શમણિનો આપણે ગાઢ સ્પર્શ કર્યો. એ સ્પર્શમાં આપણું અદ્વૈત થયું, અને એ મણિને અને અદ્વૈતને પ્રતાપે અત્યારે આ પૂજનીય રત્નરાશિનાં દર્શન કરીએ છીએ.’

કુમુદસુંદરી — ‘આ ઉપરના બિલોરમાંથી નીચેનાં રત્નો ઉપર ને વનસ્પતિઓ ઉપર સુન્દર રંગનાં ચિત્ર પડે છે ને તેમનો વચ્ચે સપ્તરંગી કિરણોનાં જાળ ગૂંથાય છે.’

સરસ્વતીચંદ્ર — ‘મારો ચિન્તામણિ તને આ દર્શન આપે છે.’

કુમુદસુંદરી — ‘ચારે પાસના પ્રકાશ વધારે વધારે સુન્દર થાય છે.’

સરસ્વતીચંદ્ર — ‘પ્રિયદર્શી મહારાજની તેજસ્વિની છાયા સહસ્ર વર્ષ સુધી પહોંચી છે. આપણે દીઠા તે સર્વ નાગલોક આ છાયામાં જ પરિપાક પામેલા છે. ઉપર જો. આ સુંદર છતની ઉપર આ તેજની છાયા જતી નથી ત્યાં નાગલોકના પ્રકાશનાં કિરણ, વૃક્ષની શાખાઓ પેઠે, ઊંચાં ફૂટે છે, અને ઉપરથી જે જે રાફડાઓ ઉપર આપણે દૃષ્ટિ નાખતાં આવ્યાં છીએ તે રાફડાઓના મૂળમાં આ કિરણ સ્ફુરે છે.’

કુમુદસુંદરી — ‘એ મૂળ અસંખ્ય છે, મૂળે મૂળે મહાયજ્ઞોની વેદીઓ દેખું છું. વેદીએ વેદીએ પવિત્ર અગ્નિજ્વાલાઓ છે ને અગ્નિમાં-આ-શું હોમાય છે?’

સરસ્વતીચંદ્ર — ‘યાજકનાં જ સૂક્ષ્મ શરીરો હોમાયાં છે ને અનેક પુસ્તકોને અનેક વ્યવસ્થાઓને રૂપે તેમ એ યજ્ઞદેવની પ્રસાદી રૂપે ઉપર ભસ્મ ઊડે છે ને ચારે પાસની પ્રજા તેમાં નહાય છે. અનેક ઋષિજીવનના સૂક્ષ્મ હોમ આ સત્રાયણમાં થયા છે.’

કુમુદ — ‘આ નીચે જે ઉત્તમ શ્વેત પ્રકાશ છે તે ઉપર કેમ નથી જતો?’

સરસ્વતીચંદ્ર — ‘બુદ્ધ ભગવાનનો પ્રકાશ આ વાડીમાંથી ધીરેધીરે બહાર આકર્ષાય છે, ને આપણા પ્રદેશની નીચે પિતામહના મંદિરના શિખરના — સુવર્ણકલશ છે તેમાંથી કોઈ નવા પવનને નવા પ્રકાશ આ શ્વેત પ્રકાશમાં થઈને છત ઉપર ચડે છે. ઉપર જે દેખીએ છીએ તે આ બે પ્રકાશનું મિશ્રણ છે. આ નવા પ્રકાશના વેગથી આ શ્વેત પ્રકાશ મિશ્રણરૂપે કેટલોક ઉપર ચડે છે ને બાકીનો ચારે પાસ ઢોળાઈ જાય છે.’

કુમુદસુંદરી — ‘આ આપણી પાસેના રત્નરાશિમાં પણ અનેક પ્રતિબિંબ દેખાય છે.’

કુમુદે એ રાશિમાંથી પોતાના બે હાથ ભરી રત્ન લીધાં અને અંજલિમાં ઝાલી રાખી તેમાં ને ઉપરની છતમાં વારાફરતી જોવા લાગી.

સરસ્વતીચંદ્ર — ‘કુમુદ! એમાં જોજે ને જોતી જોતી કહેજે. આજ યુરોપમાં જેવાં સંવનન અને પ્રીતિલગ્ન રચાય છે તેવાં જ આ આસપાસના આપણા દેશમાં થતાં નથી? ઉપર જે જ્ઞાતિઓના અનેક સ્તંભ ને ચીરા જણાતા હતા તેને સ્થાને અહીં ચારે પાસ માત્ર એક જ પૃથ્વી જણાતી નથી? ત્યાગ, ઉદારતા, સાધુતા, દયા આદિ રંગની જ વૃષ્ટિ આ એકાકાર થયેલી ધર્મભૂમિમાં થતી નથી? એ વૃષ્ટિનાં કલ્યાણફળથી લોક સમૃદ્ધ, તેજસ્વી, વીર્યવાન્ ને યશસ્વી થતા નથી? [૧] કુમુદ, સૂક્ષ્મ દૃષ્ટિથી રત્નાંજલિ જોઈ લે અને તારા પ્રેમાળ હૃદયના ઉદ્ગારથી વર્ણવ.’

કુમુદસુંદરી — ‘હૃદયવલ્લભ! સર્વ ભારતવર્ષમાં એક જ — નહીં મંદ, નહીં ઉગ્ર, એવો — રમણીય પ્રકાશ દેખું છું. નાનાં ગામડાંમાં ને મોટાં નગરોમાં આનંદનાં ગીત સાંભળું છું - સર્વત્ર સાંભળું છું. અરણ્યોમાં પર્વતો

ઉપર, નદીતીરે ને સમુદ્રતીરે, સાધુજનોની નિર્ભય નિરંકુશ કલ્યાણચર્યા, જ્યાં જોઉં છું ત્યાં, હૃદયને પ્રફુલ્લ કરે છે. મનુષ્યસૃષ્ટિના સ્થૂલ દેહમાં આરોગ્ય, વીર્ય, સુન્દરતા ને સુઘડતા જોઉં છું. આજના આપણા જાગૃત લોક તો પ્રમાણમાં વામન, ક્ષીણ ને રોગી છે; બાળક જેવા ઉપરના રાફડાઓમાં દેખાય છે; બુદ્ધિમાં, વિદ્યામાં, સાધુતામાં, પ્રીતિમાં અને સર્વ સદ્વસ્તુમાં પણ આ નીચેના પ્રતિબિમ્બિત લોકમાં ને આપણા હાલના લોકમાં એવો જ ફેર છે. સ્વામિનાથ! ખરી મહાયાત્રાઓ તો આ લોક જ કરે છે. દક્ષિણમાં લંકા, જાવા ને સુમાત્રા; ઉત્તરમાં ત્રિવિષ્ટપ (તિબેટ), ચીન, કંદહાર, તાતાર, ને રોમ; પશ્ચિમમાં મિસરદેશ; પૂર્વમાં બ્રહ્મદેશ ને સિયામ; એ સર્વદેશો સુધી પૃથ્વી ઉપર ને સમુદ્ર ઉપર ભારતવર્ષના પંડિતો ને વ્યાપારીઓ દોડાદોડ કરી રહ્યા છે તે એમના રથ ને એમનાં વહાણ હું અહીંથી સંખ્યાબંધ જતાં-આવતાં જોઉં છું. ઓ મારા વહાલા! આ લોકની છાતીઓ કેવી ચાલે છે? અને એમને ઘેર તો કંઈક જુદી જ સૃષ્ટિ દેખાય છે. ચાંદીના હિંડોળા ઉપર સંવનનથી પરણેલા દંપતી ગામે ગામ ને દેશેદેશ દેખાય છે. કામદેવના બાણના ટંકાર, કામદેવના જય અને પરાજય, વૈભવ, સુખ, સમૃદ્ધિ, ભોગ અને ત્યાગ: સર્વ દર્શન આ પ્રદેશમાં મનભર મનહર થાય છે. માતાપિતાની સેવા કરવામાં પરિશીલિત દંપતીઓ સ્થાને સ્થાને અદ્વૈતાભિલાષથી પ્રવૃત્ત થાય છે; ને માતાપિતા એ દંપતીઓની સેવાથી તૃપ્ત થાય છે પણ તૃપ્તિના કરતાં, પુત્રવધૂના અર્થ, કામ ને સ્નેહ જોવામાં ને વધારવામાં ને પોતાનાથી સ્વતંત્ર થતાં જોવામાં વધારે આનંદ માને છે. કોઈ કુટુંબમાં ક્લેશ દેખાતો નથી. સ્થાને સ્થાને અનાથ લોકની સેવા થાય છે. આ લોક દ્રવ્ય કમાતાં થાકે છે પણ તેનો પરમાર્થમાં વ્યય કરતાં થાકતા નથી. સ્થળે સ્થળે લોકનાં ટોળાં લોકની ચિંતા કરી રાજાને સ્વસ્થ રાખે છે ને રાજાઓ પ્રજાનાં અનુરંજનમાં જ તૃપ્તિ માને છે. ઋષિલોક અનેક વિદ્યાઓ સાધે છે, અનેક શાસ્ત્રોનાં લક્ષ્ય ઉપર દૃષ્ટિ કરી રહ્યા છે. શાસ્ત્રોની પ્રવૃત્તિ લોકસંઘના ઐહિક ને આમુત્રિક કલ્યાણ ભણી જ થાય છે. બાળક, તરુણ ને વૃદ્ધ સર્વ અહીં પ્રફુલ્લ થાય છે. સ્ત્રી, પુરુષ, કુટુંબ, જનપદ, રાજા અને રાજ્ય: સર્વમાં રસના, જ્ઞાનના, દ્રવ્યના, સાત્ત્વિક દૃષ્ટિના, અને સનાતન તેમ આર્ય ઉભય ધર્મોના, ઉત્કર્ષની જ્વાલાઓના કુંડ સ્થાને સ્થાને દેખું છું. સર્વ સ્થૂલ સૂક્ષ્મ સૃષ્ટિ વીર્યવતી, સુન્દર અને વર્ધમાન છે. કાલિદાસ અને ભવભૂતિ, વિક્રમ અને શાલિવાહન — અને એવી અનેક તેજસ્વિની છાયાઓને હું અહીં સ્વતંત્ર ચાલતી દેખું છું. ઓ મારા વહાલા! આ પ્રિય-દર્શનથી જે તૃપ્તિ થાય છે તેથી જ આજની યાત્રા સફળ થાય છે.'

સરસ્વતીચંદ્ર — 'તું જુએ છે તે સર્વ હું પણ જોઉં છું ને તારી તૃપ્તિમાં સમભાગી થાઉં છું.'

કુમુદસુંદરી — 'હવે આ મારા હાથમાંનાં રત્નો ઉપર તમે દૃષ્ટિ કરો — મારા સ્પર્શમણિનો સ્પર્શ કરીને જુઓ, ને તમારા ચિન્તામણિની ચિન્તાનો તેને સમાગમ પમાડો. પૌરુષ અને સ્ત્રૈણ હૃદયના ગાઢ સર્વાંગી આશ્લેષ વિના એક સમાગમ દુર્લભ છે.'

સરસ્વતીચંદ્ર તેમ કરી ઊભો ને કુમુદના કરપલ્લવને પોતાના લોચન સુધી લઈ તેમાંનાં રત્નોને જોવા લાગ્યો.

સરસ્વતીચંદ્ર - 'કુમુદા ઉપર પૃથ્વીના જે અનેક સ્તંભ ને અનેક ચીરા છે તેને સ્થાને આપણી નીચે સ્વસ્તિક [૧] ના આકારના ચાર ચીરા છે ને તેમની વચ્ચે પૃથ્વીના ચાર વર્ણવાળા ચાર ભાગ છે. એક ભાગમાં શ્વેત વર્ણ છે, બીજામાં લોહિત વર્ણ છે, ત્રીજામાં સુવર્ણ છે, ને ચોથામાં શ્યામ વર્ણ છે. એ ચાતુર્વર્ણ્યના ચાર પ્રદેશ વચ્ચે ચીરા પડવા માંડ્યા છે; પણ તે વચ્ચે સ્થળે સ્થળે, ઝૂલતા સુવર્ણરંગી પુલ બંધાતા જાય છે ને એ ચીરા પર કૂદી જાય તેને તે પણ અનુકૂળ છે. આ પૂર્વ ભણીના પ્રદેશથી બુદ્ધ ભગવાનનો પ્રકાશ આવવા લાગે છે ને ચારે વર્ણની ધાતુઓને હિમની પેઠે ઓગાળવા લાગે છે. આસપાસની ભેખડો ચીરાઓમાં ધસી પડતી દેખું છું. અને અંતે આપણી નીચે એ પૃથ્વી એકાકાર થઈ ગઈ દેખાય છે.

કુમુદસુંદરી — 'તો ઉપર આપણે પાછા ચીરા ને કટકા શાથી દીઠા?'

સરસ્વતીચંદ્ર —'આ છતની ઉપર થોડે સુધી જેવું સુંદર દર્શન છે તેવું જ બીભત્સ ચિત્ર તેથી ઉપર છે. [૧] પ્રીતિયજ્ઞને નામે ભ્રષ્ટ દંપતીઓ પિતૃયજ્ઞની વેદીઓને તોડી પાડે છે, ને સ્થૂલ શરીરની તામસી વૃત્તિઓમાં લીન થઈ જાય છે તે — ઓ — પેલા મેં પ્રથમ બતાવેલા સત્રાયણના ભસ્મના ગોટાની પાછળ આ સ્થૂલ પ્રીતિવાળાં પશુઓનાં ટોળાં મસ્તી કરી રહ્યાં છે. જેવાં તે તેવાં માતાપિતા થતાં દેખાય છે ને આ સર્વ ભ્રષ્ટાચારને અટકાવવા નાગલોક ચારે પાસે દોડાદોડી કરી રહ્યા છે. [૨] શૂદ્ર મનુષ્યની વાસનાઓને શાંત કરવા ને શાંત ન થાય તો નષ્ટ કરવા સુધીની ધારણા કરી, નાગલોક મનુષ્યોની દૃષ્ટિઓ અને વાસનાઓ ભણી પોતાના વિષની વૃષ્ટિ કરી રહ્યા છે! આહા! એ વૃષ્ટિબલ ભયંકર થાય છે. રસમાત્ર અને સ્ત્રીમાત્રનાં મનોરાજ્યના પાયા આ વિષની તીવ્રતાથી ઢળી પડે છે ને તેમની પ્રીતિની સૃષ્ટિ વરાળ જેવી થઈ કંઈક ઊડી જતી હું દેખું છું. સાટે પ્રીતિનાં અનભિજ્ઞ બાળકોને પરણાવવા માતાપિતાઓનાં હૃદય કુદકારાં મારે છે. અહો! વિષ અનેકધા લીલુંછમ જેવું થાય છે ને સંસારના શરીરને આટલી હાનિ પહોંચાડે છે અને તે જ વિષ પેલા સ્થૂલ લઈ જતા સંસારના દેહની ભ્રષ્ટ થઈ જતી પ્રીતિની અનાચારભરેલી નસોમાં વ્યાપી જાય છે ને એ શરીરનો સમૂળો નાશ કરે છે. આહા! ધૈર્ય, સ્થૈર્ય, ચાતુર્ય અને વીર્યવાળા વૈદ્યોનું કામ કરવા મંડી જતા નાગલોક ચારે પાસના સંસારને ઝાપટે છે, જને તેને દંશ દે છે, અને એ સંસારની નસોમાં વહેતું, માંસરુધિરમાં ભરાયેલું,

અને વાત-પિત્ત-કફને દુષ્ટ કરનારું સર્વ રોગ-વિષ પોતાના લીલા વિષ વડે નષ્ટ કરી દે છે ને આ રોગી દેશના રોગી લોકમા નવી જાતનું આરોગ્ય ને નવું બળ આપે છે. કુમુદ! તારા સ્પર્શમણિની શક્તિથી નાગલોકના વિષમાં પણ આવું સુન્દર ફળ દેખાય છે.

કુમુદસુંદરી — ‘સ્વામિનાથ! આપણામાં પણ કંઈક એવો જ રોગ દેખીને જ નાગલોકે આ વિષવૃષ્ટિ આપણી ભણી કરી દેખાય છે.’

સરસ્વતીચંદ્ર — ‘એમ જ.’

બે જણના હૃદયમાંથી આ ઉદ્ગાર થયા તેની સાથે જ રત્નરાશિમાંથી મધુર અને ગંભીર સ્વર નીકળવા લાગ્યો, અને કુમુદના હાથમાંના રત્ન પણ દિવ્ય વાણી વડે તેમાં ભળવા લાગ્યાં.

‘સાત્ત્વિક દૃષ્ટિનાં અધિકારી માનવીઓ! જે માનવી પારકા ગુણ અને પોતાના દોષ દેખી શકે છે તે આવી દૃષ્ટિનાં અધિકારી છે. તમે તેવો અધિકાર પ્રાપ્ત કરેલો છે તો અમ રત્નલોકની દીન વાણી સુણો. ઉપરના યજ્ઞોના ભસ્મરાશિ ને ધુમાડાના ગોટા ઉપર નાગલોકના વિષથી સર્વત્ર આરોગ્ય થતું તમે દીઠું — એ આરોગ્ય વિષ અને રત્નના, એક શિરમાં સમાગમથી થયેલું છે. એ આરોગ્યકાળનો પ્રકાશ પેલી ભસ્મથી અને ધુમાડાથી પણ ઊંચે બંધાયેલો છે. અમારાં કિરણથી એ પ્રકાશ વીર્યવાન્ હતો અને મણિધર વિષધરોના વિષની કૃપાથી એ પ્રકાશના શત્રુ ધ્વસ્ત હતા. એ પ્રકાશના કાળ ઉપર તમે બીજાં મલિન મૃત્તિકાનાં પડ જોશો. એ પડ તમોગુણના ઉજ્જાંભૃણથી બંધાયાં છે ને ભરેલાં છે. આ સ્થાનના વિષધરોનું વિષ એટલે દૂર સંપૂર્ણતાથી પહોંચી શકતું નથી અને અમારો પ્રકાશ પણ ત્યાં પૂર્ણ શક્તિથી જઈ શકતો નથી. વિષજ્વાલાઓ જે અંધકારને અને તમોગુણને ભસ્મસાત્ કરતી હતી તે અંધકાર અને તમોગુણ આ પડમાં નિરંકુશપણે નિષ્કંટક વધ્યાં જાય છે ને તેના રાફડા બંધાયેલા તે જ તમે ઉપર પ્રત્યક્ષ કર્યા છે. આ તમોગુણના ઘસારાથી પ્રાચીન ચાર ખડકોની વચ્ચેના ઝૂલતા પુલ તૂટી જાય છે, ખડકો કંપે છે, એકબીજા સાથે અથડાય છે ને પછડાઈ તે સર્વના કટકા પડે છે. જ્ઞાતિઓના કટકા ને તેમની વચ્ચેના ચીરા આમ એ જ તામસી શક્તિથી થયા છે ને વધ્યા ગયા છે. આ વિષધર-મણિધર-લોકની દૃષ્ટિ તો છેક ઉપર આકાશ સુધી પહોંચે છે અને આ યુગના લોક અમારો તિરસ્કાર કરે છે, વિડંબના કરે છે ને અમને ગાળો દે છે તે સર્વ અમે આ સ્થાનથી જોઈ શકીએ છીએ. પણ તેમનો પ્રતિકાર આટલે દૂરથી કરવા અમે સમર્થ નથી. જો તમે તે લોકનાં માનવી હો ને એ લોકમાં પાછાં જાવ તો અમારાં વિષનું અને રત્નનું સમર્થન કરજો. જો કોઈ યુક્તિઓથી અમારી બાંધેલી રંગીન પ્રકાશવાળી પ્રણલિકાઓના રંગ દેખો તો તેમને અમારા મણિપ્રકાશનો સમાગમ કરાવજો. જો એ પ્રણલિકાઓમાં ફરતાં અમારા વંશના પણ અધોગતિ પામેલાં અળસિયાં દેખો તો તેમને અમારા મણિનું અને વિષનું પ્રતિભાન આપજો ને અમારી પ્રણલિકાઓનું

સત્ત્વ કાઢતાં શીખવજો. એ તામસી દૃષ્ટિના દેશના અન્ય જીવો એ રાફડાઓની માટીમાં દબાઈ ચંપાઈને અને એ માટી ખાઈને અંતે નષ્ટ થઈ જાતે માટી થાય છે; તે જન્તુઓને અમારી પ્રણાલિકામાંથી અમારા પ્રકાશનું ને અમારા વિષનું સત્ત્વ ધીમે ધીમે થોડું થોડું કે ટીપે ટીપે પાજો. જ્યાં સુધી આ સર્વ સ્થાનમાં અમારી દૃષ્ટિ પહોંચે છે ને અમારાં નામની કીર્તિ સમજી કે અણસમજી થાય છે ત્યાં સુધી અમારા સામર્થ્યનાં અંકુર સફળ કરવાની અમે કંઈક આશા રાખીએ છીએ અને જ્યાં સુધી એવી એવી આશા રાખીએ છીએ ત્યાં સુધી આ વડવાઈઓને અમે નાગલોક વળગી રહીશું ને ઊર્ધ્વદૃષ્ટિ રહી અમારાં વિષની ને પ્રકાશની જ્વાલાઓ ઊર્ધ્વગામિની કરી રાખીને ફુવારાની પેઠે ઊંચી ફેંક્યાં કરીશું. સહસ્ર વર્ષોથી અમે માત્ર પવનનું — સંસારને જીવન આપનાર દૃશ્ય વિદ્યા-પવનનું ભક્ષણ કરી આ વડવાઈઓને બાઝી રહ્યા છીએ તે આરંભેલા કામનો ત્યાગ ભયથી કે અસમ્યગ્ દૃષ્ટિથી કરવાના નથી. ગમે તો રાફડાઓની માટીના કાચા પથરા થઈ જશે એટલે તે પરહસ્તથી ભાંગશે પછી અમારી દૃષ્ટિ બંધ થઈ જશે, અને ગમે તો એ રાફડાઓને કોઈ નવા યુગનાં મનુષ્ય ઓગાળશે ને અમારી પ્રણાલિકાઓ કરતાં વધારે વીર્યવતી પ્રણાલિકાઓને બાંધશે ત્યાં સુધી અને નાગલોક આવું જ તપ કર્યાં કરીશું ને તે પછી જે મહાન વડમાંથી આ વડવાઈઓ નીકળી છે તેના ઉપર થઈને એ વડના થડ ઉપર જઈશું ને ત્યાંથી તેના મૂળમાં આ નીચેની ભૂમિકામાં અમારા પિતૃલોકના અધિષ્ઠાતા શેષનાગમાં લીન થઈ જઈશું; ત્યાં સુધી અમે અમારા તપનું અને મહાયજ્ઞનું સમાવર્તન નહીં કરીએ. માનવીઓ! આ ઉપરની તામસી સૃષ્ટિના મળથી ને વિષથી લિપ્ત થવાનો ભય તમને ન હોય તો પિતામહનાં દર્શન કરવા પહેલાં એ સૃષ્ટિમાં પણ તમે જઈ આવો, ને જો એ ભય તમને હોય તો આ મણિરાશિ ઉપર છતમાં અમારા પ્રકાશનો સ્તંભ ઊંચે ચડે છે તેમાં દૃષ્ટિ કરશો તોપણ થોડુંઘણું જોઈ શકશો.’

રત્નરાશિની વાણી શાંત થઈ ને બે જણની પાસે રત્નરાશિમાંથી ચડતો પ્રકાશસ્તંભ રહ્યો. સમુદ્રમાંથી વાદળીઓ પાણી પીતી કહેવાય છે ને પાણી ઊંચું ચડે છે તેના જળસ્તંભ થાય છે તેવા આ પ્રકાશસ્તંભમાં થઈને રત્નકર જેવા રત્નનિધિનો પ્રકાશ ઊંચે ચડતો હતો. તેની વચ્ચે બે જણ ઊંચું જોતાં જોતાં ઊભાં રહ્યાં ને તેની સાથે જ એ પ્રકાશના ઊર્ધ્વ વેગથી ધકેલાઈ ઉપર ઊડ્યાં ને પાંખો કામ લાગી.

રાફડાઓને મથાળે જે સ્થાનથી પોતે પ્રથમ અંતર્ભાગમાં આવ્યાં હતાં તે સ્થાન ઉપર આ તેજના ધક્કાથી બે જણ આવીને ઊભાં ને ઉઘાડા આકાશના પ્રકાશ અને પવનથી સ્વસ્થ થયાં. રાફડાના દ્વીપની આસપાસ પિતામહના તેજોનિધિનાં મોજાં ઊછળતાં હતાં ને તેની લહેરોથી નવીન શાંતિ વળવા લાગી. બે જણ સાથે સાથે બોલ્યાચાલ્યા વિના લહેરો

ભોગવતાં બેઠાં. થોડીક વાર પછી સરસ્વતીચંદ્રે કુમુદને ખભે હાથ મૂકી કહ્યું:

'કુમુદ, આ આપણી પાસેની માટી હાલે છે?'

'હા.'

બે જણ ઊભાં થયાં. થોડી વારમાં હાલતી માટીમાં પાવડો હાલતો જણાયો, ને એક મોટા કોતર જેવું છિદ્ર પડ્યું. તેમાં કેટલાક જન્તુઓ દેખાયાં. તેમની આસપાસ નાગલોકવાળા પ્રકાશસ્તંભનો અંબાર ઝળહળી રહ્યો ને જન્તુઓમાંથી કેટલાકની છબીઓ તો કેટલાકના સ્વરૂપ સરસ્વતીચંદ્રને ઓળખીતાં લાગ્યાં.

'કુમુદ! કુમુદ! આ તો આપણા સુધારાવાળા મિત્રોનું પ્રતિબિંબ છે. જો! જો! આ માટીને શુદ્ધ કરવાને, આ માટીમાંના કૃમિગણને સચેતન કરવાને, આ ચેતન જન્તુઓ કેવો સુંદર પ્રયત્ન કરે છે? — અરે, પણ માટી તો છે ત્યાંની ત્યાં ને તેવી ને તેવી જ રહે છે... આ જન્તુઓનો પ્રયત્ન નિષ્ફળ થાય છે, તમોગુણનો વિકાસ ઘટતો નથી, ને કંઈક વિચિત્ર કોલાહલ કાને આવે છે.'

કુમુદસુંદરી — 'જુઓ, જુઓ, તેમનાં આયુષ્ય પાણીના રેલા પેઠે માટીમાં લીન થાય છે ને માટીથી અચેતન રત્નો લીંપાઈ જાય તેવી આમની દશા થાય છે. આપણે એમને માટે શું કરીએ?'

સરસ્વતીચંદ્ર — 'આ તો આપણે માત્ર પ્રતિબિંબ જોઈએ છીએ. પ્રતિબિંબ ઉપર દયા નિરર્થક છે. પણ પેલો કોલાહલ વધે છે, આ રત્ન જેવા જન્તુઓની આસપાસ કોઈક સ્થાને માટી તો કોઈક સ્થાને વિષજ્વાલાઓ ફરી વળે છે.'

કુમુદસુંદરી — 'એ તો સમજાયું. આ જન્તુઓને જરાક સૂક્ષ્મ દૃષ્ટિથી જુઓ. તેમને મુખ ને જિહ્વા પૂર્ણ છે પણ કાગદૃષ્ટિ પેઠે બે આંખો વચ્ચે કીકી [૧] એક જ છે. આ રાફડા ઉપરના આકાશમાં કપિલોક દિવ્ય ઔષધિઓ લઈ વાદળાં પેઠે આવજા કરે છે. તેમાંથી સરી આવતા પરાગ એ કીકીઓમાં ભરાય છે ને તે પરાગનાં પડ આ જન્તુઓની એકની એક કીકીઓ ઉપર બંધાય છે એટલે એમને દૃષ્ટિવિકાર થાય છે. ઓ મારા વહાલા! આ રત્ન જેવાં જન્તુઓની આંખોનાં પડ દૂર કરો ને એમને બીજી કીકીઓ પણ પ્રાપ્ત કરાવો.'

સરસ્વતીચંદ્ર — 'જેવી રીતે કપિલોકની પાસેથી પડેલો પરાગ તેમની આંખોમાં પડે છે તેવી જ રીતે અને પરાગની સાથે જ નાગલોકનો મણિપ્રકાશ તેમની આંખોમાં પડશે ત્યારે આમની અકેકી કીકીની દૃષ્ટિ શુદ્ધ થશે ને એથી વધારે દુર્લભ સાત્ત્વિક પ્રકાશની પ્રાપ્તિ વિના બીજી કીકીઓ આવવી તો અશક્ય છે.'

કુમુદસુંદરી — ‘આ કોલાહલ શો છે?’

સરસ્વતીચંદ્ર — ‘આ જ જન્તુઓને અકેકી આંખ છે ને બીજાં જન્તુઓ તો કેવળ અન્ધ જ છે ને થોડાંક જન્તુઓની કીકીઓ ઊંધી પૂતળીની અવળી છે; તે સૌની ભીડાભીડમાં એકબીજા સાથે અથડાય છે, લડી મરે છે ને કોલાહલ કરે છે.’

કુમુદસુંદરી — ‘અવળી કીકીઓવાળાં કોણ છે ને અન્ધ કોણ છે?’

સરસ્વતીચંદ્ર — ‘નાગલોકની રચેલી રંગીન પ્રણાલિકાઓમાં જતાં આવતાં જન્તુઓની કીકીઓ વસ્તુઓની સ્થિતિના વ્યુત્ક્રમ દેખે છે અને સાંકડી પ્રણાલિકાઓનાં પ્રતિબિંબ વિનાનાં અન્ય સત્ત્વનું એમની કીકીઓમાં પ્રતિફલન થતું નથી. બાકીનાં જન્તુઓ તો તામસી વૃત્તિના રચેલા અજ્ઞાનથી જ અન્ધ છે. તેમની ગતિથી માટીમાં ચીલા જેવી રેખાઓ પડે છે ને તેમાં થઈ અન્ય એવાં જન્તુઓ, કીડીઓ પાછળ કીડીઓ જાય તેમ ચાલે છે. તેમને તો માટીનું જ ભક્ષણ છે ને માટીમાં જ જીવન છે. તેના કોઈક જીવો આ અવળી કીકીવાળા જીવને સૂંઘીસૂંઘી તેમની પાછળ પાછળ જાય છે, અને કોઈક જીવો પેલા એક કીકીવાળા જીવોની પાછળ જાય છે ને નાગલોકનું વિષ આમનાથી જીરવાતું નથી ને જીભ ઉપર પણ લેવાતું નથી એટલે એ સર્વ જીવો ગમે તો આયુષ્ય ખૂટતાં સુધી વિષદંશથી દુ:ખી રોગી થાય છે ને ગમે તો એ વિષની દુ:સહતાથી એમનાં સ્થૂલ સૂક્ષ્મ શરીર આ માટીને પણ ભ્રષ્ટ કરનાર સ્વરૂપમાં પરિણત થાય છે.’

કુમુદસુંદરી — ‘આ દેખાવ અતિકરુણ છે.’

સરસ્વતીચંદ્ર —’તો પણ તેમાં એ સાત્ત્વિક તેજની પ્રણાલિકાઓ જણાય છે ને ભાગ્યબળે તેમાં આવી જતા જન્તુ એટલી વાર સુખી અને શાંત થાય છે.’

કુમુદસુંદરી — ‘પેલી પ્રણાલિકા સામે ચળકે છે તે શ્વેત છે.’

સરસ્વતીચંદ્ર — ‘હા, પણ એની ચારે પાસ પેલી માટીનો ધસારો થાય છે.’

કુમુદસુંદરી — ‘અરે! એ શ્વેત પ્રકાશ ચંપાઈ જશે. સ્વામિનાથ! એ ભયમાંથી એને ઉગારો.’

સરસ્વતીચંદ્ર સ્મિત કરી બોલ્યો: ‘શ્વેત પ્રકાશ એમ ચંપાતા નથી — એ પ્રકાશ તો આ માટી નીચેથી ઊપસીને ઉપર આવે છે ને એ પ્રકાશને માર્ગ આપવા તેના ઉપરથી ખસી જઈ માટી આસપાસ વેરાઈ જાય છે. જો, જો, કુમુદ! બે સ્થાનેથી આ પ્રકાશના અંકુર ફૂટે છે — જો-જો!’

કુમુદ એકદમ ચમકી ઊભી થઈ.

'ઓ મારા વહાલા! એ તો મારી ગુણિયલની અને મારા પિતાની છાયાઓ! એ અહીં ક્યાંથી?'

સરસ્વતીચંદ્ર — 'ને તેની પાછળના કોતરમાંથી બુદ્ધિધનભાઈની છાયા ઊંચી આવે છે! આ સૌ પેલા પાવડાની શક્તિથી પ્રત્યક્ષ થાય છે. આ પવિત્ર પૂજ્ય મૂર્તિઓને પ્રણામ કરી ઊભી રહે — એ છાયાઓ આપણા ભણી આવે છે.'

પ્રથમ છાયા ગુણસુંદરી અને વિદ્યાચતુરના હાથમાં એક મોટો ગોળો હતો તેમાં રત્નનગરીનું રાજ્યતંત્ર નકશાના ચિત્ર પેઠે ઊપસેલું હતું અને તેના ભણી અચૂક દૃષ્ટિ રાખી એ ચાલતો હતો. ગુણસુંદરી ઘડીક એની પાછળ ચાલતી હતી, ઘડીક જોડે ચાલતી હતી, ને ઘડીક આગળ ચાલતી હતી. પણ એની દૃષ્ટિ વિદ્યાચતુર ઉપર જ રહેતી ને એના હાથમાંનો ગોળો પડી જાય નહીં અથવા એ પોતે એના ભારથી કે શ્રમથી પડી જાય નહીં એટલી એની — એ સ્વામીની — વ્યવસ્થા રાખતી હતી. એ બે જણની આગળ એમની બીજી નાની છાયા, વૃક્ષની છાયા પેઠે લંબાતી હતી અને તેમાં એક સુંદર ચિત્ર ચાલતું હતું. એ ચિત્રમાં ગુણસુંદરીનું કુટુંબજાળ રાફડાના જન્તુઓ પેઠે તરવરતું હતું. ને સર્વની વચ્ચે એક વેદી ઉપર ગુણસુંદરી બેસીને સતીની પેઠે બળતી હતી. એના બળતા શરીરમાંથી ઊકળતી અમૃતધારાઓ ઊડતી હતી ને પેલાં કૃમિગણના મુખમાં તે જાય એવો પ્રયત્ન ગુણસુંદરી કરતી હતી. તે ધારાના અમૃતધાવણના અતિલોભથી એ ધારાને ન સ્વીકારી ગુણસુંદરીના શરીરને જ એ કૃમિગણ વળગી જતા હતા ને અમૃત ચૂસવા ચટકા ભરતા હતા. એ સર્વ તપની તપસ્વિની ઉપર અગ્નિની જ્વાલાઓ ઊંચી અને લાલ થઈ સળગતી હતી ને આકાશ સુધી એ પ્રતિબિંબનું પ્રતિબિંબ પડતું હતું. આવી છાયાને આગળ ચલાવતી વિદ્યાચતુર અને ગુણસુંદરીની છાયાઓ કુમુદની પાસે આવી. કુમુદ તેમને હાથ જોડી શિરવડે પ્રણામ કરી ઊભી રહી ને છાયાઓ ચાલી ગઈ. તેમની પાછળ માત્ર ગુણસુંદરીના સ્વરના ભણકારા રહી ગયા તેમાં 'કુમુદ! મારી કુમુદ!' એટલા અક્ષર લંબાતા હતા. આ ચિત્ર જોઈને અને સ્વર સાંભળીને કુમુદ ગળગળી થઈ ગઈ. સરસ્વતીચંદ્રને કંઈક કહેવા જાય છે એટલામાં બુદ્ધિધનની છાયા આવી. પ્રથમ તો મોટા નાના કૃમિઓનું જાળ બાઝ્યું હતું. તેમાં જડસિંહના દરબારનું, શઠરાયનું, ભૂપસિંહનું અને બુદ્ધિધનનું પોતાનું મંડળ — સર્વ કૃમિરૂપે, તીડોના વાદળારૂપે તરવરવા લાગ્યું અને તેની વચ્ચેથી સર્વના શિરપર ચડી બુદ્ધિધનની છાયા, કોડિયામાંના દીવાની જ્યોત પેઠે ઊભી થઈ પ્રકાશવા લાગી. એના એક હાથમાં એક જન્તુ હતો તે સ્પષ્ટ જોતાં પ્રમાદધન દેખાતો હતો. બુદ્ધિધને પોતાના હાથમાં લઈ દૂર — તેજની નીચેના અંધકારમાં — તેને ફેંકી દીધો ને પોતે પોતાના મુખથી માત્ર 'કુમુદસુંદરી! તમારા શત્રુને આ શિક્ષા!' એવો ઉચ્ચાર કરતો હતો.

એની પાછળ સૌભાગ્યદેવી સિદ્ધાંગનારૂપે આકર્ષાતી ખેંચાતી ચાલતી હતી અને બેની વચ્ચેના તેજના પટમાં હાથ વડે કંઈક દિવ્ય ચિત્ર વણતી હતી.

આ છાયાઓ આમ ચાલતી ચાલતી સરસ્વતીચંદ્ર અને કુમુદની પાસે થઈને ગઈ અને પિતામહકુંડની વચ્ચેના તેજનાં મોજાં ઉપર ચાલવા લાગી. થોડી વારે રાફડામાંથી ઊંચી ચડી બીજી પણ એવી અનેક છાયાઓ આવી ચાલી ગઈ. મેનારાણીની છાયા કાળાં વસ્ત્ર પહેરી શોકભરી આકાશમાર્ગે ચાલતી તેનો પાછળ પાછળ સિદ્ધસ્વરૂપે મલ્લરાજ મહારાજ એક કમળ હાથમાં રાખી એને મેનાના હૃદયકમળમાં અડકાડતા હતા અને કમળના અગ્રભાગમાંથી ગાન નીકળતું હતું કે

‘શંખ ધરે રિપુ-હૃદય-વિદારણ જે ત્રિભુવનનો નાથ

ભક્ત હૃદયના સાન્ત્વન કાજે પદ્મ ધરે તે હાથ!

મેના!તારી પ્રીતિ છે જ
સનાથ! ’

વળી થોડે છેટે ચંદ્રલક્ષ્મીની સિદ્ધ મૂર્તિ પોતાના હાથમાં લક્ષ્મીનંદનની શીર્ણ છાયાને સૂતેલી લઈને ચાલતી હતી અને પોતાના મુખમાંનો જૈવાતૃક ઉચ્છ્વાસ એ છાયાને જીવ આપવા તેના મુખમાં ધીમેધીમે ફૂંકતી હતી. આ વિના પણ બીજી અનેક છાયાઓ રાફડાઓમાંથી નીકળવા લાગી અને તેમની પાછળ રાફડામાંની નલિકાઓમાં થઈને ભેરીનાદ નીકળતો હતો કે -

‘રાફડાઓને તોડી પાડવા ઇચ્છનારાં મનુષ્યો! આવી આવી સાત્ત્વિક છાયાની રત્નમૂર્તિઓ નાગલોકના મણિપ્રકાશથી અમારા હૃદયમાં ભરેલી છે ને રાફડાઓને કે અમને તોડી પાડતાં તે પણ ચગદાઈ ચંપાઈ જશે! માટે જે કરો તે વિચારજો! આવી મૂર્તિઓ તમે જાતે ઊભી કરો તે પછી જ અમારો ધ્વંસ ધારજો! રાફડાઓ છે તો અમે છીએ ને એમનો નાશ કરવામાં પણ સાત્ત્વિક દૃષ્ટિ નહીં રાખો તો હાથે ખોયેલાં રત્ન તમો ફરી પામવાના નથી ને નાગલોકની શક્તિ તમારામાં આવવાની નથી.’

આ સ્વર બંધ થયો ત્યાં રાફડાઓ ખડખડ હસી પડતા હોય તેવો નાદ થયો ને તેની સાથે તેમાંથી રેતી ને પથરા ઊછળવા લાગ્યા ને અંતે સ્વર થયો કે -

‘રત્નનલિકાઓ! તમે સ્ત્રીજાતિ છો તેથી આ મિથ્યા ભયથી કંપો છો! તમને ને એમને તોડનારાની શક્તિ જોવી હોય તો જુઓ આ કાણા કૃમિલોકની દશા!’

આ સ્વર પણ બંધ પડ્યો ને તેની સાથે અનેક મનુષ્યો લોહના કુહાડા લઈ રાફડાઓ ઉપર તીવ્ર પ્રહાર કરતાં જણાયાં. પણ જ્યાં તેઓ કુહાડાથી ખાડો પાડે ત્યાં તેની સાથે ચારપાસથી માટી ધસી પડતી હતી, એ માટી ખાડામાં પુરાઈ જતી હતી, અને ખોદનાર મૂર્તિઓ પણ એ માટીમાં ખસી

પડી કળી જતી હતી, અને માટી બહાર તો માત્ર કોઈક કુહાડાની ધાર તો કોઈક કુહાડાનો હાથો, કોઈક મનુષ્યના વાળ તો કોઈના હાથ ને કોઈના પગ, એવો હૃદયવેધક દેખાવ દેખાતો હતો. આ જન્તુઓની પાછળ આકાશવાણી થતી હતી:

'Martyrs of Truth, Righteousness and Purity! It is resultless and needlessly dangerous to delve these holow crumbling all-abosrbing hillocks. Follow rather the lights that have created them; and the hands, that have evolved them by some stern decree of fate, will help you right loyally in trasforming them into such purer, sounder, and beneficent shape as all will hail. Bring but the rich chemicals that will melt and not destroy these sandy piles. Bring but the patience, the perseverance, the skill, the art, and the science, that will melt these ancient sands and earthworks which a seeming maniac has laboured to build up for ages, and out of them this nation will find a vast auriferous yield, and the sandy alloy will evaporate.'

આ સ્વર સરસ્વતીચંદ્રે સાંભળ્યો તેની સાથે સાથે એનું હૃદય ધડકવા લાગ્યું ને ત્યાં હાથ મૂકતી કુમુદનું હૃદય પણ ધડકવા લાગ્યું. બે જણ ઊઠ્યાં ત્યાં સર્વ સ્વર શાંત થઈ ગયા અને છાયાઓ એક પછી એક દૃશ્ય થઈ જવા લાગી. સર્વને અંતે લક્ષ્મીનંદનની છાયા, તેની પાછળ બુદ્ધિધનની છાયા,ને તેની પાછળ વિદ્યાચતુરની અને ગુણસુંદરીની છાયાઓ એકલી પોતપોતાની સિદ્ધ સહચારિણીઓની સાથે તેમના કુંડ ઉપર અટકી ઊભી. અટકતાં અટકતાં વિદ્યાચતુરની છાયા, ગુણસુંદરીની છાયાને ઉઠાડી ગાવા લાગી. સરસ્વતીચંદ્રને કુમુદ હાથ જોડી પ્રણામ કરી સાંભળતાં ઊભાં.

'તપ્યાં તપ તો ય હરિ ક્યાંથી?

જપ્યા જપ તો ય હરિ ક્યાંથી?

ન પૂજાથી, ન તીર્થોથી,

મળે એ! વહાલી, લે શોધી.

ખમી તેં કષ્ટ, દીધ સુખો!

હણ્યાં સર્વે તણાં દુ:ખો!

ન યશ એમાં જરી લીધો,

હૃદયનો ઘા ખમી લીધો.

મૂક્યો સૌ સ્વાર્થને આઘો,

જુવાનીનો ત્યજ્યો લહાવો.

લડાવી ન રંક પુત્રીને,

ન સંભારી જ જનનીને.

તપ્યું તપ એ અહોનિશ,

જપ્યો જપ કર્મ-જગદીશ.

મનસ્વિની! યોગિની! બાલા!

મને તુજ યોગ આ વહાલા!

હરિ! તારા હૃદયમાં એ!

સદા તું પૂજજે એને!

બીજાંનો ઈશ છે બહાર,

ગુણિયલ ઈશમાં માચ.

ખમી દુ:ખ, સુખ દેવાની,

સદા જો હોંસ રહેવાની,

પ્રભુ તુજથી નહીં ન્યારો

કદી યે વહાલી રહેવાનો.

નથી એથી બીજો ધર્મ.

પ્રભુનો નહીં બીજો મર્મ,

બીજો ના મોક્ષ આથી કો,

મને યે તું વહાલી આથી હોં!

ભવોભવ આપણે એક;

ગુણિયલ! જાળવે ટેક!

વસો તુજ કાળજે નાથ,

હું યે ત્યાં ને તું યે ત્યાં જ.'

આ ગાન આરંભાયું તે કાળે ગુણસુંદરી ઘરનાં વાસણ સાજતી ને ઝાડુ કાઢતી દેખાઈ ને તેનાં પુસ્તક દૂર પડી ફાટી જતાં જણાયાં. વિદ્યાચતુરની છાયા બેસી પડી ને એ પુસ્તક એકઠાં કરી હાથમાં લઈ, ગુણસુંદરીની છાયાની દાસી પેઠે ઊભી. ત્યાં ધર્મલક્ષ્મીની સિદ્ધમૂર્તિ દેખાઈ. એના દૃષ્ટિપાતથી ગુણસુંદરીની પાસેનાં વાસણ સુવર્ણમય થઈ ગયાં, ઝાડુ પુસ્તકમય થઈ ગયું, વાસણને ચોપડેલી રાખ રત્નમય થઈ ગઈ, ને ઝાડુ

તળેનો કચરો અક્ષરમય થઈ ગયો. વિદ્યાચતુરના હાથમાંનાં પુસ્તક ત્યાંથી ઊડી ગુણસુંદરીના હૃદય ઉપર મોતીની માળા થઈ ગયાં. ધર્મલક્ષ્મી અંતે સ્વસ્થ થઈ કુમુદને કહેવા લાગી:

'બેટા! મારા કરતાં તારી માતાનું તપ વધારે ઉગ્ર છે ને મેં જે દેવોની પૂજા કરી છે તેના કરતાં તારી માતાએ કરેલી પૂજાનો ઈશ્વરે અનેકધા વધારે સૂક્ષ્મ ને શાશ્વત સત્કાર કરેલો છે તેનો પ્રભાવ તું જુએ છે. એણે માત્ર મારા જેવાના આશીર્વાદ — કૃપણ ચિત્તોને તૃપ્ત કરવાના અને પતિનાં માતાપિતાની મૂર્ખ વાસનાઓને પતિની પેઠે જ તૃપ્ત કરવાના, કર્મમાં ઈશ્વરને પ્રત્યક્ષ કરેલો છે અને ઈશ્વરની પૂજા ગણી છે. તે મહાપૂજાનું કલ્યાણફળ તે આજ ભોગવે છે ને ભોગવશે. મારા પુત્રે આરંભેલા પિતૃયજ્ઞમાં તારી માતા અદ્વૈતરસથી જોડાઈ ને પતિનો ભાર પોતાને માથે લીધો, પોતાની નિન્દા કરનારના ઉપર ક્રોધે ભરાઈ નથી, સ્તુતિથી પ્રફુલ્લ થઈ નથી, દુ:ખકાળે શોકમાં કળી ગઈ નથી, વિદ્યાથી કે સંપત્તિથી ગર્વિત થઈ નથી, ને જે સાત્ત્વિક પ્રકાશમાં તમે બે જણે સહચાર કર્યો તેવો જ સાત્ત્વિક પ્રકાશ એ મહાપતિવ્રતાના નિષ્કામ પ્રીતિયજ્ઞ ઉપર સળગ્યો છે ને સળગે છે. બેટા, આ પવિત્ર દર્શનથી તું બોધને શાન્તિ પામજે. હું સિદ્ધસ્વરૂપે પણ તારી માતાની છાયાની દાસી થવાને જ યોગ્ય છું. તારા દાદા એ વાત પ્રથમથી સમજ્યા હતા. ને એ સમજણથી જ એમણે તારી માતાની ભક્તિ કરેલી છે અને તેના પુણ્યથી એમનાં સર્વ પાપ પૃથ્વી ઉપર જ ધોવાઈ ગયાં છે. એ પુણ્ય થયેલો જીવ આ ભક્તિથી સિદ્ધ થઈ અહીં આવશે. એ પ્રથમથી સમજ્યા તે વાત હું સિદ્ધ થયા પછી સમજી. તારી માતા જેવી મહાતપસ્વિની સાત્ત્વિક મહાપતિવ્રતાની પાસે હું એના ચરણની રજ જેવી છું, અને તારા પિતાને પણ એની સેવા કરવા પામવાના પ્રસંગથી જ પુણ્યશાળી થયો સમજજે.'

આ સ્વર બંધ થયો ત્યાં એ સ્વર પાસેની છાયાઓ કંઈક ઝાંખી થવા લાગી ને છેટે બુદ્ધિધનની છાયા વધારે ચળકવા લાગી. થોડી વારમાં એ છાયાને શરીરે સંન્યાસીનાં ભગવાં વસ્ત્ર દેખાયાં ને તેની પાસે ઊભી ઊભી અલકકિશોરી, 'ભાભી! આવો! ભાભી! આવો! દેવી ગઈ, પણ તમે આવો!' કરી મોટેથી હૈયાફાટ આક્રંદ કરતી દેખાઈ.

આની સાથે જ ચંદ્રલક્ષ્મીના હાથમાંની લક્ષ્મીનંદનની છાયાના આખા મુખ ઉપર આંસુ રેલાતાં દેખાયાં ને પર્વત ઉપર રાત્રે તારા ચળકે તેના જેવો પ્રકાશ ધારણ કરીને ચળકવા લાગ્યાં ને ત્યાં આગળથી અનેક ખરતાં તારાઓના તેજસ્વી લંબાતા તાર પેઠે એના શરીર પરથી નીચેના કુંડમાં ટપકવા ને પ્રતિબિંબ નાંખવા લાગ્યાં. એટલામાં એના હૃદયમાંથી ઊછળતા હોય એવા સ્વર એના મુખમાંથી આકાશ ભણી જવા લાગ્યા: 'ભાઈ! ભાઈ! મહિનામાં નહિ આવો તો હું જીવવાનો નથી હોં!'

થોડી વારમાં સર્વ સ્વર બંધ થઈ ગયા અને મોજાંના ખળભળાટ ને પવનના વધતા સુસવાટા વિના બીજું કાંઈ સંભળાવું બંધ થઈ ગયું. આકાશમાં વીજળી ચમકારા કરવા લાગી ને પિતામહકુંડમાં ભયંકર પ્રતિબિંબ નાખવા લાગી. ચંદ્રમા અસ્ત થયો ને એની પાછળના પ્રકાશની પીઠ ઉપર બેસી અંધકારે ચંદ્રને અને ચંદ્રપ્રકાશને ચગદી ચાંપી ભોંયભેગા કરી નાખ્યા. વીજળીના ચમકારા થતાં જગત જેટલું ભયંકર થતું તેથી વધારે ભયંકર, ચમકારો શાંત થતાં, થતું અને, વળી ચમકારો થતાં, વધારે ભયંકર થતું. પવનના સુસવાટા વધ્યા ને ઉપર આકાશમાં પછડાવા લાગ્યા તેમ કુંડનાં મોજાંને પણ ઉછાળવા ને ગજાવવા લાગ્યા. અંધકાર અને ગર્જનાઓ દશે દિશાએ વ્યાપી ગયાં ને સરસ્વતીચંદ્ર અને કુમુદ એકબીજાનાં શરીર દેખતાં બંધ થઈ ગયાં. માત્ર દિવ્ય હૃદયબંધથી સ્વામીને ઓળખી ભયભીત કુમુદ એને ગાઢ આલિંગન દઈ ઊભી ત્યાં પ્રથમ વીજળીનો કડાકો, હજાર તોપો સાથે લાગી ફૂટે તેના જેવો થયો ને તે સાથે, આંખ ઊઘડી મીંચાય એટલા પલકારા જેટલી પળમાં એનો ચમકારો થઈ શાંત થઈ ગયો ને અંધકાર એના ઉપર ચડી બેઠો. એ પ્રકાશની પળમાં આ બે જણે પોતાના સર્વ વડીલવર્ગને તેજકુંડનાં મોજામાં ડૂબી જતાં દીઠાં ને ચારે પાસની ગર્જના વચ્ચે -

'કુમુદ! કુમુદ!', 'ભાઈ! ભાઈ!', 'ભાભી! ઓ ભાભી!' એવી દુ:ખભરી કારમી ચીસો સંભળાઈ.

વીજળીનો બીજો ચમકારો થતાં આ સ્વપ્નના સરસ્વતીચંદ્રે સ્વપ્નની કુમુદને છળેલી આંસુભરી અને પોતાને વળગી પડેલી જોઈ લીધી, ને ચમકારો બંધ પડે તે પહેલાં તો તેમની પાંખોએ તેમને ઊંચક્યાં અને જે દિશામાંથી સ્નેહી જનોના દુ:ખની ચીસો સંભળાતી હતી તે દિશામાં વીજળીના કરતાં વધારે વેગથી લીધાં. પળવારમાં એ બે શરીર આ કુંડમાં આ અંધકાર, ગર્જનાઓ, મોજાં અને ચીસો વચ્ચે ઊડી પડ્યાં; પડી કુંડને તળિયે ડૂબ્યાં; ને ડૂબ્યાં તેની સાથે તેમનું આ મહાસ્વપ્ન વિરામ પામ્યું, ને સૌમનસ્યગુફાના ઓટલા ઉપર સરસ્વતીચંદ્રના ચરણને પોતાના ખોળામાં લઈ છાતી સાથે ચાંપી રાખી, બેઠી બેઠી, અંચળાને ઉશીકે ઊંઘતી કુમુદસુંદરીના સ્થૂલ શરીરને જ જોવાનું બાકી રહ્યું. પણ એવામાં જ આકાશનો ચન્દ્ર અસ્તાચળની પાછળ કૂદી પડ્યો ને એ શરીરનું દર્શન કરાવનાર ચન્દ્રપ્રકાશના ઉપર પણ અંધકારનો પડદો પડી ગયો. હવે તો આ બે જીવ જાગે ત્યારે તેમનો પોતાનો અંત:પ્રકાશ કેવી દૃષ્ટિ રચે છે તે જોવાના કાળની વાટ જોવી બાકી રહી.

---

[૨] . પ્રકરણ ૧૧ ઉપરથી 'પિતામહ' એટલે ભીષ્મપિતામહનું રૂપક સમજાશે.

[૧] . પ્રકરણ ૧૧.

[૨] . અંગ્રેજો skating ની કસરત કરે છે ત્યારે બરફ ઉપર પૈડાંવાળી પાવડીઓ પહેરી ખસે છે.

[1] . The dominions of Asoka extended from Kandahar, Ghazni, and the Hindu Kush, as far as the month of the Ganges from Kashmere down to the upper and lower course of the Godavari...According to his inscriptions, the influence of Asoka extended even beyond these limits. At the boundaries of the earth, so we are told, were to be found the two cures established by him, the cure for man, and the cure, for animals. Where healing herbs, roots and fruit-trees were not in existence, they were brought and planted by his order, and wells were dug by the wayside. This was done among the Cholas and Pandyas in the Kingdom of the Keralaputra and on Tamrapami (Ceylon).... The Cholas and Pandyas lay to the South of the Deccan, the formar on the upper Krishna, the latter on the Palaru. Keralaputra, i.e., the son of Kerala, is the ruler of the state founded by Brahmans on the Southem half of the Malabar Coast. It is clear from this, no less than from the conquest to Kalinga by Asoka, how successful in the times of the earliest rulers of the house of the Mauryas, was the power of Aryan India collected in that house of the Mauryas, was the power of Aryan India collected in that Kingdom in forcing its way to the South, both on the coasts and in the interior of the Deccan, and at the same time that these inscriptions confirm the statement of Singhalese tradition about the connection in which Asoka stood with this Island (Ceylon), they also show that Asoka not only maintained, but extended the relations into which his grandfather had entered with Seleucidae and his father with the kingdom of the Ptolemies. Asoka is not only in connection with his neighbour Antiochus who sat on the throne from 262 to 247 B. C., and with... Ptolemy Philadelphus of Egypt (285-48 B.C.) but also with antigonus Gonnates of Macedonia (273-258 B. C.) with... Alexander of Epirus (272-253 B. C.) and even with Magas, King of Cyrene...

Chandragupta succeeded not only in breaking down the rule of the foreigner over the Indus, but in uniting the territory of India, from the Indus to the Gulf of Bengal, from the Himalayas to the Vindhyas, into one mighty kingdom. His grandson (Asoka) extended his kingdom...and proclaimed his (Buddha's) rules as the law of the State. This seemed to be the dawn of a happy day for India. The combination of all the tribes could not but secure the independence of the country; the oppression morality; a brisk trade with the West appeared to give the last blow to the exclusiveness and regidity of Brahmanism, and the religion of equality and brotherly love seemed to assure the rise of a new social order and the free movement of the intellectual powers of the people.

A stemer fate overtook the Indians..... It was not attacks from without, but the dissensions of the grandsons of Asoka that rent as under the great Indian Empire, the dynasty of the Mauaryas fell... Neither the power of the Sungas nor that of the Guptas was sufficient to maintain the national unity and protect the regions of the West from the foreigner... But the land of the Ganges maintained its independence. The civilization of the Deccan was not interrupted; and the national forces still sufficed to remove at length the power of the foreigner even in the West. — ' *Ancient History of India' by Prof. Max Duncker, translated from the German by Abbott*

[૧] . નાશ. [૨] . વડનું ઝાડ.

1 . This was the time of internal reform and foreigners's contact. A feeling of ration and national unity began to grow and culminated in the Empire of Asoka. We had Vikrama and S'alivahana at a later stage of this age, and the presence of the foreigner served to weld India into one nation, one empire, and one aspiration. The tribal feeling had disappeared, political circumstances developed a national feeling, and Buddha's religion created a consmopolitan feeling, shook the foundation of the growth to the old four orders or classes and called upon the Brahamana and the S'udras, the Aryan and the non-Aryan man and woman, to join hands in one common creed and faith. The caste which had reached an irchoate or embryonic condition seemed crushed. He himself had set the example of diverging from tradition and heredity by giving up his kingdom and asserted the independence of the human soulagainst the conventional controls of patriarchs and heredity in professions and privileges. In their places he substituted the precept of love and rationalistic salvatior...The disintegration of family brought on the independence of the individual, and sons and wives began to work towards higher ideais for the emancipation of the individual soul from the stultifying influenes of patriarchal control in matters intellectual and sentimental. If man thus rose in the sphere of his importance to the nation, woman also rose in the sphere of her rule. She began to be adored with scientific and artistic chivalry by men, and we have precepts and application of the science of refined love and courtship in this age in our country. (Private Notes.)

૧ . સાથિયો

1 . 'Buddhism failed juts where it succeeded. It destroyed tradition, had no tradition of its own, had no positive side beyond the cure of evils, and its missionaries found that the popular warmth was cooling with the lapse of time. At the same time, its social reconstruction led to free-thinking in social and domestic matters. The earlier literature of the Reconstruction period shows the passing of the people into conditions where realism and materialism preponderated..... Prostitution, became a popular institution without any feeling of repugnance. Nay, prositutes were frequented as repositaries as art and learning. Gallantry becomes rampant at wells and tanks, and at inns and places of recreation frequented by private ladies and travelling lovers. The times go down until they reach the age of open grossness, libidinous sensualism and hard drinking. *(Private Notes* .)

2 . The wiser and cooler heads in the country longed for a remedy, and the age of reconstruction was followed by the age of reaction... Child-marriages, seclusion of women, prepetual widowhood, and a lot of other things now known to us were accepted by this age to cure itself of the loathsome moral disease, which the methods of the age of reconstruction had brought into our Indian world as their latest results. The reactionary leaders attempted to stem the tide to moral debasement arits very source. They destroyed the temptations to man and woman in the name of love and courtship by ordering the disposal of girls before the age that would victimise then to the grossness and licenses of the age of libertines who shock our sense in the latest Sanskrit literature... The reactionary leaders introduced these and other drastic measures, to rid the land of the moral debasement that had become rampant in the land as the result of the riches, luxuries, free-thought and free-living

which the growth and prosperity of the Indian Empire had introduced among the people - among whom the individual had been asserting himself over the family as the family had asserted itself over the tribe. Similar circumstances transformed the Romans of sterner virtues into the Roman of imperial luxuries when they fell into the abyss of vices which made the Empire fall. The Moghals of Babar and Akbar fell under similar transformation in the time of Alamgir. The national life of a great people which was crushed out at Rome and among the Romans by the want of the moral physician and physic, was also threatened by a similar plague at the close of our reconstruction period. But the physicians were ready in India, and the leaders of the reactionary period took uponthemselves the cure of the country by utilizing the socialistic forces which were never extinct among their nation. The self-isolated higher castes with their gorgeous equipments of new marriage laws and new social adjustments were made to crop up in the land to rid it of the new plague. Their physic subordinated the individual to the family, and the family to the caste, and the power of individual intellect and will to do mischief to the system was nipped in the bud with a set purpose. - *(Private Notes)*

[૧] . *एकैव दृष्टि: काकस्य* એવો પ્રાચીન મત છે. તે પ્રમાણે કાગડાની એક જ કીકી ઘડીકમાં એક આંખમાં જાય ને ઘડીકમાં બીજીમાં આવે.

પ્રકરણ ૩૨ યજમાન કે અતિથિ? અથવા પુણ્યપાપમાં પણ પરાર્થબુદ્ધિની સત્તા

'Thyself and thy belongings
Are not thine own so proper, as to waste
Thyself upon thy virtues, they on thee .
Heaven doth with us, as we with torches do ,
Not light them for themselves; for if our virtues
Did not go forth of us , 'twere all alike
As if we had them not. Spirits are not finely touch'd
But to fine issues; nor Nature never lends
The smallest scruple of her excellence ,
But, like a thrifty goddess, she determines
Herself the glory of a creditor -
Both thanks and use .'

- *Shakespeare's ' Measure for Measure .'*

स्वार्थो यस्य परार्थ एव स पुमानेक: सतामग्रणी:।। પ્રકીર્ણ

તેમની નિદ્રા ઘણી વાર ટકી નહીં. ચૈત્રના શુક્લપક્ષની એકાદશીની રાત્રિનો છેલ્લો પ્રહર સામાન્ય મનુષ્યને શાન્ત નિદ્રા આપે તેણે કુમુદને જગાડી. જાગ્યા પછી સ્થૂલ સ્પર્શના સુખના સ્વપ્ને એની આંખોને થોડી વાર ઊઘડવા દીધી નહીં અને ઊંઘવા પણ દીધી નહીં. અંતે પાછલી રાત્રે પાસેના કોઈ વૃક્ષમાં કોયલ ટહુકી ને તેની સાથે એનું હૃદય જાગ્યું. જાગતાંની સાથે પોતાના ચરણસ્પર્શને સ્થાને પરિણામ પામેલા મોહક સ્પર્શનું ભાન આવ્યું. એ ભાન આવતાં એ એકલીએકલી મનમાં મૂંઝાઈ; મૂંઝવણ છૂટતાં લજવાઈ; લજ્જા વિકસતાં સંકોચાઈ; સંકોચ પામતાં પામતાં ગભરાઈ; ગભરાતી ગભરાતી બીની; બીતી બીતી પ્રિયચરણને દૂર કરી ઊઠી જવા ગઈ; ઊઠતાં પહેલાં એ ચરણ જ્વરવાળા લાગ્યા; તેમાં જ્વર લાગતાં તેને મદનજ્વર કલ્પ્યો; તે કલ્પનાની સાથે દયા ને પ્રીતિની ધારાઓ છૂટી; એ ધારાઓએ એને પાછી રસમાં ડુબાડી; રસે એને લલચાવી ને લોભાવી; લાલચે અને લોભે એને ઊઠતી અટકાવી ને આ સર્વ વિડંબનાનું કારણ નષ્ટ થતું થતું જીવ્યું. થયેલું સ્વપ્ન સાંભરતાં એ વિડંબના વધી. વિડંબના વધતાં સ્વપ્નનું સ્મરણ સવિશેષ થયું. સ્વપ્નના વિશિષ્ટ

ભાગનું સ્મરણ થતાં માતા, પિતા અને શ્વસુરજનની છબીઓ, સ્વપ્નને અંતે દીઠેલી હતી તે પ્રત્યક્ષ થઈ. તેમ થતાં એ ચમકી. ચમકતાં વાર જ સંપૂર્ણ જાગૃત થઈ, પ્રિય ચરણને ધીમે રહી ઓટલા ઉપર સુવાડ્યા ને પોતે અંધારામાં દૂર જતી રહી, અને હજી નિદ્રામાં જ હોય તેમ ત્વરાથી ઓટલાથી બે હાથ. છેટે નીચે ભોંય ઉપર અંચળાનું ઉશીકું કરી સૂઈ ગઈ ને નિદ્રાવશ પણ થઈ. મૃદુલ સ્પર્શનો અપરિચિત સરસ્વતીચંદ્ર કુમુદે નિદ્રાકાળે નિદ્રામાં રચેલી સ્પર્શસૃષ્ટિના ચમત્કારથી, સુષુપ્તિના સ્વપ્નને અંતે, જાગૃત સ્વપ્નમાં પડ્યો હતો અને એ સ્વપ્નકાળે અનેક તર્ક અને વિકારોના સુખાભિલાષમાં, જાગરણવાળું મનુષ્ય નિદ્રામાં ઘસડાય તેમ, અવશ અને અજ્ઞાત ઘસડાતો હતો. આ સ્વપ્નનું કારણ દૂર થતાં તેમ આમ ઘસડાતો મટ્યો ને સાવધાન થઈ બેઠો થયો. બેસીને ચાર પાસ તથા ઊંચે ને નીચે દૃષ્ટિ ફેરવવા લાગ્યો. અંધકારની પરિચિત થયેલી આંખ અંધકારમાં પણ જોઈ શકવા લાગી ને થોડે છેટે નીચે સૂતેલી કુમુદની શરીરાકૃતિ તેણે જોઈ. ‘કોણ સૂતું છે? કુમુદસુંદરી?’ એવું કહેવા જતો જતો અટકયો અને એક હાથ હડપચીએ ને બીજો છાતી ઉપર મૂકી ઇષ્ટ વિષય જોતોજોતો ઊભો રહ્યો; ન ચાલ્યો, ન બેઠો. બહારના આકાશમાં એક પાસથી અંધકાર ને એક પાસથી તારા ચમકતા હતા તેમ આના મસ્તિકમાં એક પાસથી સુખાભિલાષની વાસના સર્વ વ્યાપિની થઈ ખડી થઈ ગઈ ને બીજી પાસથી જ્ઞાનપ્રકાશના વિચાર પણ એ અંધકારને માથે ચમકારા કરવા લાગ્યા. એના પગના ઘસારાથી શ્વાનનિદ્રાને ભોગવતી કુમુદ જાગી, ને ઓટલા પાછળના આકાશના તારાના પ્રકાશની અને પોતાની વચ્ચે કુમુદે સરસ્વતીચંદ્રની છાયા ઊભી દીઠી તો તે જ ક્ષણે વિચારના તારાઓએ છાયાના માનસિક અંધકાર વચ્ચે વિશુદ્ધિની દીવાસળી સળગાવી આ ભાગ્યશાળી પુરુષને દેખતો કર્યો ને આંખો ચોળતો ચોળતો તે તરત ઓટલા ઉપર બેઠો ને ‘શું કરવું? શો ધર્મ પ્રાપ્ત થાય છે?’ એ પ્રશ્નોના વિચારમાં પડ્યો ત્યાં વિકાર વિસ્મૃતિને વશ થઈ શાંત થઈ ગયા.

‘કુમુદુસંદરી! તમે અહીં સૂતાં છો? તમે જાગો છો?’ ‘સરસ્વતીચંદ્ર! કેમ બેઠા છો? નિદ્રા નથી આવતી?’ એમ બે જણનાં મુખમાંથી સામસામી પ્રશ્નો સાથે લાગા નીકળ્યા. કુમુદ પણ બેઠી થઈ.

‘વસન્તગુફામાં પહેલી રાત્રે એકલી પડી એટલે આપના વિચાર થવા લાગ્યા ને નિદ્રા ન આવતાં અહીં આવી.’ સરસ્વતીચંદ્રનો ઉત્તર નીકળતાં પહેલાં કુમુદે બોલવાનો આરંભ કર્યો ને એ આરંભને અવકાશ આપવા પુરુષે પોતાના શબ્દ કંઠમાં રોકી દીધા.

સરસ્વતીચંદ્ર — ‘તમે આ ઓટલા ઉપર બેઠાં હતાં?’

કુમુદ શરમાઈને ગૂંચવાઈ પણ અંતે બોલવાની છાતી ચલાવી:

'હા, પ્રથમ તો આપના શરીરમાં મેં જ્વર જાણ્યો હતો તે ચિન્તાએ અહીં મોકલી અને એ ચિન્તામાંથી આપના શરીરની ખરી સ્થિતિ જાણવા સ્પર્શ વિના અન્ય માર્ગ ન હતો. અનેક વિચાર કરી આપના ચરણસ્પર્શથી એ કાર્ય પણ સધાશે ને હું પવિત્ર પણ થઈશ એવા વિચારથી આપના ચરણને ખોળામાં રાખી હું બેઠી ને બેસતાંમાં જ નિદ્રા પ્રાપ્ત થઈ. તેમાંથી જાગતાં હું દૂર ખસી અહીં સૂતી ને અહીં પણ નિદ્રાવશ હતી તે આપના પગના ઘસારાથી જાગી ઊઠી.'

સરસ્વતીચંદ્ર — 'તમારી નિદ્રામાં મેં ભંગ પાડ્યો ખરો?'

કુમુદસુંદરી — 'જેણે આજ સ્વસ્થ નિદ્રાનું સ્વરૂપ મને દેખાડ્યું તેને તે સ્વરૂપમાં ભાત પાડવાનો પણ અધિકાર છે.'

સરસ્વતીચંદ્ર — 'તમારો વિશુદ્ધ લોભ મારા ચરણના સ્પર્શથી દૂષિત થયો.'

કુમુદસુંદરી — 'પવિત્રતા અને દૂષિતતાના સ્વભાવ મનની સ્થિતિ પ્રમાણે બંધાય છે. નિદ્રાને વશ થઈ જવાથી મેં મારા ને આપના વિશુદ્ધ લોભને ચલિત કર્યા છે. મારી તો નિદ્રાનો જ ભંગ થયો હશે પણ આપના તો તપનો પણ ભંગ મારાથી થઈ ગયો હશે. હું તો ભાગ્યથી જ દૂષિત છું ને આપને તો મેં પોતે દૂષિત કર્યા.'

સરસ્વતીચંદ્ર — 'તમને સર્વ અધિકાર મેં સોંપી જ દીધા છે. તમારા હૃદયની જે વાસનાની તૃપ્તિ શોધશો તે મારા ભાગ્યમાંથી તમારે તમારી જાતે લઈ લેવાનો અધિકાર તમને મારું હૃદય સોંપે છે, કારણ તે વિધિથી જ મારું પ્રાયશ્ચિત્ત છે.'

કુમુદસુંદરી — 'આપ હવે પ્રાયશ્ચિત્તની કથા જવા દો — તે વસ્તુના નામ શ્રવણથી જ હું કંપું છું.'

સરસ્વતીચંદ્ર — 'હું તેમ કરવા પણ તત્પર છું.'

કુમુદસુંદરી — 'મારા રસ અને ધર્મ વિચારવાનું કાલ મારા ઉપર આપે રાખ્યું હતું તે વિચારનાં સાધન મને સ્પષ્ટ કરો એવો મારા મનમાં અભિલાષ છે.'

સરસ્વતીચંદ્ર — 'તમે પ્રશ્ન કરશો તેમ તેમ તે સિદ્ધ થશે.'

કુમુદસુંદરી — 'આપ મારું આતિથેય કરો છો-'

સરસ્વતીચંદ્ર — 'તમે મારું આતિથેય કરો છો તેવું હું તમારું કરું છું.'

કુમુદસુંદરી — 'આપણા બેમાં યજમાન કોણ ને અતિથિ કોણ?'

સરસ્વતીચંદ્ર — 'મારે મન તમે અતિથિ ને તમારે મન હું.'

કુમુદસુંદરી — ‘પ્રીતિયજ્ઞમાં પણ તેમ થાય છે?’

સરસ્વતીચંદ્ર — ‘ના. તેમાં તો બે હૃદયનું અદ્વૈત હોય છે. સામસામી દર્પણ મૂક્યાં હોય ત્યારે એકમાં પડતું પ્રતિબિંબ તરત જ બીજામાં પડે અને તે પાછું પહેલામાં પડે અને એ રીતે અનેક પ્રતિબિંબ આ બે દર્પણમાં નવી સૃષ્ટિ રચે છે. એવા જ વિધિથી પ્રીતિબદ્ધ દંપતીઓના હૃદયમાં વિચાર અને અભિલાષ અદ્વૈત પામી રચાય ત્યારે તેમાંથી જે ક્રિયા ઉદ્ભવ પામે તેની જ્વાલાઓથી અદ્વૈતયજ્ઞ રચાય છે.’

કુમુદસુંદરી — ‘આપણું એવું અદ્વૈત રચાવામાં કંઈ બાધ છે?’

સરસ્વતીચંદ્ર — ‘તે અદ્વૈત મનુષ્યનું રચ્યું રચાતું નથી; એનો પ્રભવ તો ઈશ્વરની ઇચ્છામાં છે.’

કુમુદસુંદરી — ‘મારા અભિલાષ આપણા બેના કલ્યાણને જ શોધે છે, ને સુખવાસનાનો તિરસ્કાર કરે છે; પણ વાસના જાતે જ છૂટતી નથી.’

સરસ્વતીચંદ્ર — ‘આવી વાસનાઓ બે પાસના અદ્વૈતયજ્ઞથી જ છૂટે છે. જિહ્વા ઉપર શર્કરાનો સ્પર્શ થતાં જ જિહ્વા દ્રવે ને આસ્વાદ્ય વસ્તુને મૃદુ કરી જઠરાગ્નિમાં હોમે તે તેનો સ્વભાવ છે; આ પરિણામ અનિવાર્ય છે. પણ જિહ્વામાં લાલસા હોય નહીં ને શર્કરા આપનાર હાથ સંકુચિત રહે ત્યારે ઉભયનાં બે કાર્ય એક પન્થે થાય છે.’

કુમુદસુંદરી — ‘આ વસ્તુ એવી છે કે તેની વાત કરતાં લાલસા દારૂના ઢગલા પેટે સળગી ઊઠે છે ને વાત કર્યા વિના તો એક હૃદય બીજા પાસે ઊઘડી શકતું નથી. લાલસાનો નાશ કરવાની લાલસાને માટે પણ હૃદય ઊઘડે ત્યારે વાત થાય.’

સરસ્વતીચંદ્ર — ‘કેટલીક લાલસાઓ મૌનથી પણ તૃપ્ત કરાય છે. બે પ્રવાસીઓ જંગલમાં પ્રવાસે સાથે સાથે નીકળે. તેમને સામો ચોર મળે ત્યારે બે યે પ્રવાસીઓને ભય લાગે. એ ભયની વાત એક પ્રવાસી બીજાને કરે, ત્યારે આ બીજાનામાં ભય ન હોય તો ઉત્પન્ન થાય, અને બીજાને ભય થયો હોય તો તેનો ગુપ્ત ભય આવા સાથીને પણ ભય લાગતો જાણી વધે. પરસ્પરનાં હૃદય ઊઘડવાથી આ બે જણનો ભય વધે અને ઉભયનાં મન નિર્બળ થાય. તેને સાટે આ બે જણ પોતપોતાનો ભય પોતાના મનમાં રાખે ને બહારથી હિંમત દેખાડે તો એ બીજાને હિંમત આવે અને તેમ કરતાં પહેલાને પણ હિંમત આવે — મૌનથી જેમ આ બે જણ બેના હૃદયનો ભય નષ્ટ કરે છે, તેમ સ્ત્રીપુરુષ પોતપોતાની લાલસાઓને પોતાના હૃદયપટમાં ગુપ્ત રાખે ને હૃદયના એટલા ભાગને ઉઘાડે નહીં તો ઉભયની લાલસાઓ, તેલ વગરના દીવા પેઠે, ધીમે ધીમે જાતે જ ક્ષીણ થઈ જાય છે.’

કુમુદસુંદરી — ‘લાલસા, તૃપ્ત થવાની અનુકૂળતાના ભાનથી જ વધે છે.’

સરસ્વતીચંદ્ર — ‘એ ભાન ભયંકર છે ખરું.’

કુમુદસુંદરી — ‘પ્રારબ્ધયોગે તે ભય પ્રાપ્ત થાય તો શો ઉપાય?’

સરસ્વતીચંદ્ર — ‘એક પ્રારબ્ધયોગનો પ્રતિકાર બીજા પ્રારબ્ધયોગથી જ બની શકે — ઈશ્વરની કૃપાથી જ થાય — મનુષ્યનો અહંકાર આવા વિષયમાં વૃથા દંભ જ સમજવો.’

કુમુદસુંદરી — ‘એ તો સત્ય જ છે. પણ આવે પ્રસંગે મનુષ્યના હાથમાં યથાશક્તિ વાપરવાનું શસ્ત્ર કયું?’

સરસ્વતીચંદ્ર — ‘વિષયની વિસ્મૃતિ, સંકલ્પનો સંકોચ, સદ્‌વિચારનો ઉદય અને નિશ્ચયની સ્મૃતિ — એટલી સંપત્તિથી મનની લાલસા હઠે છે તો ખરી. બાકી તેના નાશનો ઉપાય તો સૂક્ષ્મ શરીરની સંપૂર્ણ સંસિદ્ધિ જ છે.’

કુમુદસુંદરી — ‘જેમ લાલસા એકદમ સળગી ઊઠે છે તેમ એકદમ શાંત પણ થતી નહીં હોય?’

સરસ્વતીચંદ્ર — ‘પવન અગ્નિના ભડકાને વધારે છે તેમ હોલવી પણ નાખે છે. જેને ઇષ્ટ ગણી લાલસા રાખીએ છીએ તેમાં કોઈ વિચિત્ર દોષનું નવું અણધાર્યું દર્શન એ લાલસાની શાંતિ કરાવી દે છે. તે જ રીતે વિવેકની વિસ્મૃતિથી જ્ઞાનીને મોહ થયો હોત તો તે વિવેકની જ સ્મૃતિના ચમકારાની સાથે એ મોહ ઊતરી જાય છે.’

કુમુદસુંદરી — ‘આ વાસનાનું જાળ ઈશ્વરે શા માટે પ્રવર્તાવ્યું હશે? એ જાળ આખા સંસારને વ્યર્થ ઊંચોનીચો કરતી દેખાય છે. એનાં સુખ પણ ખોટાં ને દુ:ખ પણ ખોટાં.’

સરસ્વતીચંદ્ર — ‘સુખદુ:ખ ખોટાં છે તે તો એમ જ. પણ ઈશ્વરની રચનાઓ સાધ્યસાધનભાવ વિનાની હોતી નથી.’

કુમુદસુંદરી — ‘વાસનાઓ તો અન્તે દુ:ખની જ સાધક છે ને એમનો તો નાશ જ ઘટે.’

સરસ્વતીચંદ્ર — ‘તમે આ ઓટલે આવી પાસે બેસો — હું સમજાવું કે વાસનાનો પણ ઉપયોગ છે.’

કુમુદસુંદરી — ‘ના, હું તો નીચે બેઠી જ સારી છું. ઘૃત આગળથી વન્હિ દૂર રાખ્યો જ સારો.’

સરસ્વતીચંદ્ર — ‘એ વાત પણ ખરી ને એ વાત તમે જ મારા સ્મરણમાં આણી તેથી મને હવે તમારી નિર્વાસનાનું બીજ દેખાય છે. કુમુદસુંદરી! વાસનાના નાશનો હેતુ તમે યથાર્થ સમજ્યાં છો તો તેને માટે શક્તિ પણ ઈશ્વર આપશે. તો હવે વાસનાનું ફળ સાંભળો. જડ પદાર્થને જ્ઞાન કે વાસના કંઈ નથી તો પણ જડ ધર્મના નિયમ પાળી તેમની સૃષ્ટિ ટકી

રહી છે ને ચાલી રહી છે. પશુપક્ષીઓમાં ને કૃમિઆદિમાં પ્રત્યક્ષદૃષ્ટિનાં જ્ઞાન ને વાસના છે તેથી તેમનાં સ્થૂલ શરીરનાં રક્ષણ થાય છે તેમ તેમની ભિન્નભિન્ન જાતિઓ ભોજન પામે છે. મનુષ્ય જાતિ પણ જંગલી દશામાં એવી જ સ્થિતિમાં હોય છે ને પરિપાકક્રમે કાળે કરીને તેની બુદ્ધિ અને વાસનાઓ પરોક્ષ વસ્તુઓનું ગ્રહણ કરે છે. આટલા ભેદના પ્રમાણમાં મનુષ્યની સ્થૂલ બુદ્ધિ અને વાસનાઓ સૂક્ષ્મ થતી જાય છે, અને શુદ્ધ જ્ઞાનનો ઉદય આવી પરોક્ષગ્રાહિણી બુદ્ધિમાંથી થાય છે તેમ શુદ્ધ ધર્મનો ઉદય મનુષ્યોમાં આવી સૂક્ષ્મ થતી વાસનાઓમાંથી પ્રગટ થાય છે. અન્ય પ્રાણીઓને વાસનાઓ છે ને સુખદુ:ખના ઉદ્દેશવાળી અપેક્ષાઓ છે તે અપેક્ષાવાળી સૃષ્ટિના પોષણ માટે મનુષ્યોમાંથી કેટલાંકમાં ધર્મબુદ્ધિ ઉદય પામે છે. જો એવી સૃષ્ટિ હોય નહીં તો સર્વ જ્ઞાની હોય કે જડ હોય, ને જડ પ્રતિ જેમ ધર્મ છે જ નહીં તેમ જ્ઞાની પુરુષો કોઈના આતિથેયના યજમાન થવા ઇચ્છતા જ નથી. ચર્મચક્ષુને પરોક્ષ રહેતા ધર્મ જ્ઞાનીને પ્રત્યક્ષ થાય છે ને એ ધર્મથી જગતની વ્યવસ્થાઓનું પોષણ થાય છે તે જ ધર્મને સ્થાને ધર્મના ઉદય પહેલાં અજ્ઞાનીમાં ઈશ્વર વાસનાઓ મૂકે છે તે એ જ વ્યવસ્થાના પોષણને માટે. એવી વાસનાઓ ન હોય તો માતાપિતા પોતાની પ્રજાનું પોષણ શું કરવા કરે? બાળકની અનાથ દશાના પોષણયોગ્ય વાસનાઓ સ્ત્રીના હૃદયમાં ધાવણની સાથે જ જન્મે છે ને આ કઠોર કર્કશ સંસારમાં તે બાળકને સનાથ કરે છે. સ્ત્રીપુરુષની વાસનાઓ પણ એમ જ તેમનાં મર્મસ્થાનનું પોષણ કરે છે. કામશાસ્ત્રમાં કામને આહારસધર્મ ગણેલા છે, શરીરસ્થિતિના હેતુ ગણેલા છે. સ્થૂલદૃષ્ટિથી આ વાત મનુષ્યની વ્યક્તિઓને ઉદ્દેશી કહેલી લાગે છે. અને તેમ કંઈક છે પણ ખરું; પણ પ્રધાન પક્ષે તેમ નથી. એ વાક્ય તો મનુષ્યલોકની સમષ્ટિને ઉદ્દેશે છે. જેમ વ્યક્તિઓના આહારથી આ સમષ્ટિસંસારનાં શરીર પોષણ પામે છે તેમ જ વ્યક્તિઓ કામસેવન કરે તો લોકસંખ્યાનાં શરીરની સંખ્યાનું ને સ્થિતિનું પોષણ થાય; માટે સમષ્ટિને કામ આહારસધર્મ છે ને તેનો દ્વેષ લોકનાશક છે. પણ સંસારના અનેક પ્રસંગોએ ઉપવાસથી વ્યક્તિ પોતાનું ને સંસારનું કલ્યાણ કરી શકે છે તેવું જ કલ્યાણ કામના ત્યાગથી થાય તો ત્યાગ ધર્મરૂપ થાય છે.'

કુમુદસુંદરી — 'જો ક્ષુધા અને તૃષા જેવી એ વાસનાઓ સંસારને માટે કલ્યાણકારક હોય તો પછી તેમાંનાં સુખદુ:ખના ભયથી તેમનો નાશ કરવો તે અનુચિત નથી?'

સરસ્વતીચંદ્ર — 'વાસનાઓની ઉપમા ક્ષુધા અને તૃષ્ણા સાથે નથી, પણ જ્ઞાનેન્દ્રિયોની વૃત્તિઓ સાથે છે. ક્ષુધા અને તૃષ્ણાનાં કારણ અને વિકાસ સર્વત્ર શક્તિરૂપ છે તે મનુષ્યથી અનિવાર્ય છે, સમુદ્રના ભરતી ઓટ પેઠે તેમનાં આકુંચન પ્રસારણ થયાં કરે છે ને સંસારની દૈનિક [૧] પ્રવૃત્તિસ્થિતિનાં એ કારણ છે. જ્ઞાનેન્દ્રિયો સ્વેચ્છાએ સ્વાનુકૂલ જ્ઞાનનું

ગ્રહણ કરે છે ને એ જ્ઞાનમાંના રસ ચાખી તેના અમુક પ્રકારની લાલસા રાખે છે. કર્ણેન્દ્રિય શબ્દજ્ઞાનના ગાનસ્વરૂપની, નાસેન્દ્રિય ગન્ધજ્ઞાનના સૌગન્ધિકની, ચક્ષુ સુન્દર રૂપાકારની, અને જિહ્વા સ્વાદની લાલસા રાખતાં આમ શીખે છે. એ શબ્દજ્ઞાનાદિ વિષયના ગ્રહણ સાથે અંત:કરણની વૃત્તિના સંયોગથી આવી લાલસાઓ મનુષ્યને કોઈ નવી સૃષ્ટિમાં પ્રેરે છે. આમ આ ઈન્દ્રિયો દ્વારા આવેલા કંઈ કંઈ જ્ઞાનવિશેષનું અંત:કરણ ચર્વિતચર્વણ કરે છે ને તે ચર્વિત વિષય અંત:કરણમાં ગર્ભ પેઠે સ્પન્દમાન થાય છે ત્યાં એ ગર્ભની માતા જેવી અંત:કરણની પોતાની જ કોઈક વૃત્તિ તેને પ્રીતિથી પોષે છે ને અપૂર્વ સ્તન્યપાન આપે છે. આ પ્રીતિ, આ સ્તન્ય — તે અંત:કરણમાં વાસના રૂપે આ ગર્ભવિષયના ઉપર દ્રવે છે — વર્ષે છે. આ વૃત્તિ તો આ વાસનાઓનું રસનેન્દ્રિય છે અને જિહ્વા ઉપર અન્ન દેખી આવતા અમીરસ પેઠે આ વૃત્તિમાં વિષયચિન્તનથી આ વાસના — આ રસલાલસા — વિકાસ પામે છે. પણ તે લાલસાઓની પ્રવૃત્તિ નદીઓનાં પૂર જેવી છે, સેતુ બાંધી મર્યાદામાં રખાય છે, એમના પૂરનો અશિષ્ટ માર્ગેથી વ્યભિચાર [૨] કરાવી પરીવાહ પણ થાય છે, અને દીર્ઘદૃષ્ટિવાળાં મેધાવી મનુષ્ય તેની ઉત્પત્તિને જ અટકાવે છે. આ વાસનાઓનાં કારણ નિર્વાર્ય છે, તેમની ગતિ રોકી શકાય છે, ને તેમના માર્ગમાં મર્યાદા મૂકી શકાય છે. જ્ઞાન અને રસ ઉભયમાં આવી સ્વાધીનતા છે, અને સ્વાધીનતા છે માટે જ તેને સ્વાધીન રાખવાના અને તેને આધીન થવાના ધર્મ પ્રત્યક્ષ થાય છે. જેમ તરવારથી સજ્જનનું રક્ષણ પણ થાય છે ને હત્યા પણ થાય છે તેમ આ વાસનાઓથી સંસારની વ્યવસ્થાઓ ઘડાય છે પણ ખરી ને ભગાય છે પણ ખરી. એ વ્યવસ્થા બગડે તે માર્ગે જનારે વાસનાનો નિરોધ કરવાનો ધર્મ છે ને એ વ્યવસ્થા સુધરે ત્યાં વાસનાનું પોષણ ધર્મ્ય છે. બીજે સ્થાને ગુણદોષનો પ્રસંગ નથી એટલે ધર્માધર્મનો વિચાર પ્રાપ્ત જ થતો નથી ને મનુષ્યની સ્વેચ્છા જ ત્યાં સ્વતંત્ર છે. જ્યાં તેની સ્વેચ્છાને આવી સ્વતંત્રતા નથી છતાં તેની ગતિનો નિરોધ પણ નથી ત્યાં ધર્મનું બંધન છે ને તે બંધનનો તિરસ્કાર કરવો તે જ પાપ.’

કુમુદસુંદરી — ‘દંપતીની વાસનાઓમાં સ્વેચ્છાની જ મર્યાદા હશે કે અન્ય મર્યાદાઓ પણ હશે? તેમના નિરોધનો પ્રસંગ ક્યારે આવે?’

સરસ્વતીચંદ્ર — ‘શાસ્ત્રકારોએ તેમાં પણ એકાદશી, અનધ્યાય, અને અનુદ્યોગના [૧] જેવી વ્યવસ્થાઓ રાખી છે ને વ્યવહારમાં પણ શાણાં મનુષ્યો તેને રાખે છે. સાધુજનો જેને સૂક્ષ્મ પ્રીતિ કહે છે તેની સામગ્રી તો જ્વાલામુખ પર્વતનાં ગૂઢ શિખરો જેવી યુગના યુગ સુધી રહી શકે છે ને એ શિખરોના અંતર્ભાગમાં ગૂઢ પરિપાક પામી આપણે જાણીએ નહીં તેવે પ્રસંગે શિખરો તોડી એ પ્રીતિ બહાર ભભૂકી નીકળે છે ને આપણને તેની નવી અજ્ઞાત અનિવાર્ય રેલાતી સૃષ્ટિમાં ડુબાડે છે. તેની વ્યવસ્થા કે ગતિ આપણા હાથમાં નથી ત્યારે સંસાર જેને પ્રીતિ કહે છે પણ સત્ય જોતાં જે

આવી સ્થૂલ વાસનાઓ જ છે તેની સ્થૂલ વ્યવસ્થા સાધુજનોનાં સૂક્ષ્મ શરીરરૂપ જ્યોતિના તાપથી, ને રંગથી, ને પ્રકાશની શક્તિથી કરીએ તેવી થઈ શકે છે.’

કુમુદસુંદરી — ‘સાધુજનો પ્રીતિને જ લગ્નનું કારણ માને છે ને આપણા સૉકમાં શું મનાય છે તે તો સમજાતું નથી. જો સાધુજનોની બુદ્ધિ યથાર્થ હોય તો વિવાહના સપ્તપદી આદિના વિધિને શા માટે આવશ્યક ગણ્યા હશે? જો આપણા સૉકની બુદ્ધિ યથાર્થ હોય તો તો સંવનન ને પરિશીલનમાં જ અનીતિનો દોષ રોપાય. જો સાધુજનોની બુદ્ધિ યથાર્થ હોય તો આપણા લોકનાં લગ્ન માત્ર અનીતિરૂપ છે ને તેમ પરણેલાં દંપતી છૂટાં પડે ને સ્વેચ્છાએ નવા પ્રીતિયજ્ઞ માંડે તે ધર્મ થાય. સાધુજનોમાં વિવાહના વિધિ શા માટે રૂઢ થયા હશે અને સંસારીઓમાં વિવાહ જાતે જ શા માટે થયા હશે તે સમજાતું નથી. આવા વિવાહ વિના દંપતી દંપતી થાય તો તેમની વાસનાઓનો નિરોધ ઘટે કે નહીં ને ઘટે તો શા માટે?’

સરસ્વતીચંદ્ર — ‘વિશ્વકર્ત્તાની સર્વ રચનાઓમાં વ્યવસ્થા હોય છે ને મનુષ્યસૃષ્ટિની કેટલીક વ્યવસ્થાઓ મનુષ્યને નિમિત્ત કરી મનુષ્યને હાથે જ તે કરાવે છે અને કેટલીક વ્યવસ્થાઓ અન્ય નિમિત્તો દ્વારા કરાવે છે. ઈશ્વરની આ સર્વ વ્યવસ્થાઓ વચ્ચેથી પોતાના ધર્મ શોધી કાઢી સાધુજનો મનુષ્યોને માટે સર્વ દેશમાં ને સર્વ કાળમાં જે વ્યવસ્થા સાચવે છે તે સનાતન ધર્મની વ્યવસ્થાઓ છે. પણ પોતપોતાના દેશકાળની વિશેષ અવસ્થાઓને ઉદ્દેશી પ્રૌઢ અને સમર્થ મનુષ્યો તે દેશકાળને માટે જે વિશેષ વ્યવસ્થાઓ રચે છે તે અલ્પકાલિક અને દૈશિક ધર્મની અંગભૂત થાય છે. આ વિશેષ-ધર્મોની વ્યવસ્થા પણ લોકકલ્યાણના જ ઉદ્દેશ રાખે છે. સાધુજનોના સનાતન ધર્મના વિધિ સનાતન છે, અને આરોગ્યવાળાં અંત:કરણને માટે છે. એ આરોગ્યને સ્થાને કંઈ રોગ હોય ત્યારે તેને માટે વિશેષ ધર્મ રચાય છે ને જેમ જેમ પ્રજામાં આરોગ્ય આવતું જાય તેમ તેમ વિશેષધર્મનો ત્યાગ અને સનાતન ધર્મનો સ્વીકાર થાય છે. સનાતન ધર્મ આહાર જેવો છે; વિશેષધર્મ ઔષધ જેવા છે. ઔષધકાળે ઔષધને આહારકાળે આહાર રાખવાં એવી સનાતન ધર્મની જ વ્યવસ્થા છે; સંવનન અને પરિશીલન એ સનાતન ધર્મના વિધિ છે અને શુદ્ધ હૃદયોના શુદ્ધ સંયોગથી હૃદયના ગાન્ધર્વ વિવાહ રચાય ત્યાં જ સનાતન વિવાહની પ્રતિજ્ઞાઓ બંધાઈ ચૂકી સમજવી. વિવાહ એ આવી પ્રતિજ્ઞાના સાકાર લેખ જેવા વિધિ છે અને સૂક્ષ્મ શરીરોના સૂક્ષ્મ વિવાહનું સ્થૂલદૃષ્ટિને માટે પ્રત્યક્ષ મૂર્તરૂપ છે. સર્વ દેશના સાધુજનોએ આ વ્યવસ્થા સર્વના કલ્યાણને માટે બાંધી છે ને સ્વીકારી છે. વિવાહ સ્વીકારનાર સાધુદંપતી આ વિધિવ્યવસ્થાથી પોતાના પ્રીતિયજ્ઞનો આરંભકાળ પ્રસિદ્ધ કરે છે અને તે યજ્ઞમાં ભંગ પડે એવાં કાર્યથી દૂર રહેવાની પ્રત્યક્ષ સૂચના લેવામાં, કૃષિકાર વર્ગનાં ક્ષેત્રની વાડો અને ગ્રામ તથા નગરો વચ્ચેના સીમના બાણ પેઠે, અન્ય

સાધુજનો વિવાહના વરણવિધિને સંજ્ઞારૂપે આવશ્યક ગણે છે. સનાતનધર્મના વિવાહનું કારણ પ્રીતિ છે ને ફળ પણ પ્રીતિ છે. સંસારની સુંદરતા અને વૃદ્ધિ પણ એવી પ્રીતિથી જ છે, ને એ પ્રીતિ આટલી મર્યાદામાં હૃદયમાં રચાય તો સાધુજનો તેને વિશ્વકર્ત્તાની વ્યવસ્થાનો અંશ ગણી સ્વીકારે છે. બાળકના સાદા શરીરમાં યૌવનકાળે નવાં અંગ અને નવી વ્યવસ્થાઓ થાય છે તેની પેઠે જ પ્રીતિ પણ નવું અંગ થાય છે ને જેમ નવાં સ્થૂલ અંગનો ત્યાગ નથી થતો તેમ પ્રીતિનો પણ નથી થતો. આ દેશમાં કોઈ કાળે પ્રીતિવૃક્ષના આ મૂળમાં ને થડમાં ને તેમને ઊગવાની ભૂમિમાં કંઈક મહાન રોગ જણાયાથી તે જાણનારાઓએ પ્રીતિવૃક્ષનાં બીજની અને ભૂમિની ઉપેક્ષા કરી છે. કેટલાક છોડ અને રોપાઓ નાનાં કુંડામાં ઉપરથી રોપીએ છીએ ને કુંડાની તળેની પડઘીને લીધે એ રોપા ભૂમિમાં પહોંચતા નથી તેમ પ્રીતિનાં બીજને ભૂમિની ઉપેક્ષા કરનાર વ્યવસ્થાપકોએ, આ દેશમાં પ્રીતિના છોડ બાળવિવાહનાં કુંડામાં ઉપરથી રોપી, એ છોડનાં રક્ષણ ને પોષણ જેટલાં થઈ શકે તેટલામાં જ સંતોષ માનેલા છે, અને તેમણે દીઠેલા રોગના કરતાં આટલી વ્યવસ્થામાં ઓછી હાનિ ને વધારે લાભ ગણ્યો છે. કુમુદસુંદરી! આપણા લોકમાં વસીએ ત્યાં સુધી આપણું અને તેમનું કલ્યાણ તેમની વ્યવસ્થા પાળવામાં છે અને તે જ ધર્મ છે. આપણે એ લોકનો ત્યાગ પ્રાપ્ત થાય ને સાધુજનોનાં અંશભૂત થઈએ ત્યાંથી સાધુજનોના સનાતન ધર્મ આપણને પ્રાપ્ત થાય છે. આપણે તેમનાં અંશભૂત થયાં છીએ એવો, સર્વ સાધુજનોએ આપણી પરીક્ષા કરી, નિર્ણય કર્યો છે — માટે આપણે તેમના સનાતન ધર્મનાં અધિકારી થયાં છીએ ને સંસારના લોકધર્મથી મુક્ત થયાં છીએ.'

આટલું વચન નીકળતાં કુમુદસુંદરી એકદમ ઊઠી ને ઓટલા ઉપર સરસ્વતીચંદ્રથી કંઈક દૂર છતાં પાસે બેઠી ને બોલી:

'જો સદ્વિચારને અંતે તમે આ જ નિર્ણય ઉપર આવો છો તો આમ તમારી પાસે બેસવું એ જ મારો ધર્મ છે.'

સરસ્વતીચંદ્ર — 'શા માટે?'

કુમુદસુંદરી — 'જે વાસનામાં અધર્મ નથી તેની તૃપ્તિ એ જ શાન્તિ છે, ને દયા એ પણ એક વાસના છે.'

સરસ્વતીચંદ્ર — 'તમે કોના ઉપર દયા આણો છો?'

કુમુદસુંદરી — 'તમારા શરીરમાં જ્વર મેં પ્રત્યક્ષ કરેલો છે ને તેનું ઔષધ કરવું એ યજમાનનો ધર્મ છે.'

સરસ્વતીચંદ્ર હસી પડ્યો ને એક હાથ લાંબો કર્યો.

'તમે ઠગાયાં. જુઓ મારા હાથ — તે શીતળ છે કે ઉષ્ણ છે?'

કુમુદસુંદરી તે હાથ ઝાલી રહી.

'આ હાથ અત્યારે તો સ્વસ્થ, શાંત ને શીતળ છે. શું આશ્ચર્ય? રાત્રિએ તેમ ન હતું.'

સરસ્વતીચંદ્ર — 'તમારો હાથ ઉષ્ણ છે — પણ અનુષ્ણ થવા લાગે છે.'

કુમુદસુંદરી — 'તમારો હાથ ઉષ્ણ થવા માંડે છે.'

સરસ્વતીચંદ્ર — 'કુમુદસુંદરી, મારો હાથ મૂકી દેશો એટલે પાછો અનુષ્ણ થઈ જશે ને તમારો તો થયો જ છે. આવાં ક્ષણિક કારણોથી, વીજળી પેઠે, ક્ષણમાં દૃષ્ટ અને ક્ષણમાં નષ્ટ થતા વિકારોને માટે દયા આણવી એ ધર્મ નથી. આપણી સતત વાસના તો કલ્યાણની છે, ક્ષણિક સુખની કે ક્ષણિક દુ:ખના નાશની નથી.'

હાથ મૂકી દેતી દેતી કુમુદ બોલી:

'તમે સત્ય કહ્યું. મારા સ્પર્શથી તમને જ્વર થાય છે ને એ સ્પર્શને અભાવે જ્વર શાંત થાય છે. મને તમારી દયા આવે છે ત્યારે મને એવો જ્વર આવે છે.'

સરસ્વતીચંદ્ર — 'એ દયા અસ્થાને છે.'

કુમુદસુંદરી — 'તે અસ્થાને હો કે સ્થાને હો, તે ધર્મથી આવશ્યક હો કે ન હો; પણ તેમાં અધર્મ તો નથી જ ને?'

સરસ્વતીચંદ્ર વિચાર કરી બોલ્યો:

'તે પણ છે. કુમુદસુંદરી! લોકવ્યવસ્થાને માટે રાજા ધારા કરે. તે પણ તેની આજ્ઞાઓનો સમૂહ છે. રાજાથી પરોક્ષ હોઈએ, કોઈ દેખે નહીં ને જાણે નહીં એવું હોય, તો પણ આ આજ્ઞા અંત:કરણથી પાળવી એ સર્વ સાધુજનોનો સનાતન ધર્મ છે ને લોકનું તેમ લોકવ્યવસ્થાનું કલ્યાણ પણ તેમાં છે.'

કુમુદસુંદરી — 'રાજાની કઈ આજ્ઞાનું ઉલ્લંઘન થવાનો આપણને ભય છે?'

સરસ્વતીચંદ્ર — 'તમારું વય એ આજ્ઞા પ્રમાણે બાળક છે, અજ્ઞાન છે — ત્યાં સુધી તમારું પ્રારબ્ધ તમારા હાથમાં નથી પણ તમારા પિતાના હાથમાં છે. તેમની સંમતિ વિના આ વયમાં આપણા સંસર્ગનો કે વિવાહનો રાજાજ્ઞાથી નિષેધ છે. પરિવ્રાજિક કામઠમાં કે ચંદ્રાવલીમૈયા પાસે બે વર્ષ રહેશે તો તે પછી યોગ્ય વિધિથી વિહારમઠમાં જવાને રાજાભણીનો પણ બાધ નહીં આવે. સંસારની કલ્યાણકર વ્યવસ્થા કરવી તે રાજાનો ધર્મ છે ને તે ધર્મને અનુવર્તી તેણે ધર્મબુદ્ધિથી કરેલી આજ્ઞાઓને સાધુજનો શિર ઉપર ચડાવે છે. લોકવ્યવસ્થાને માટે ચિન્તા કરી રાજાએ કરેલી આજ્ઞાને નિષ્ફળ કરવી એ સાધુજનોના મનથી લોકના અકલ્યાણનો અને અવ્યવસ્થાનો

માર્ગ છે અને એ માર્ગ સાધુજનોને વર્જ્ય છે. એટલા વિષયમાં ધર્મમૂર્તિ રાજાને ગુરુ ગણી *આજ્ઞા ગુરુણામવિચારણીયા* એ પથ્ય નિયમનું સાધુજનો સેવન કરે છે.'

કુમુદસુંદરી — 'એ બાધની કથા તમે અત્યાર સુધી ભૂલી ગયા હતા?'

સરસ્વતીચંદ્ર — 'ના. એ બાધ તમને નથી આવતો પણ મને એકલાને જ આવે છે. રાજાજ્ઞાનો અપરાધી હું થઈશ — તમે નહીં થાવ. એ અપરાધને માટે શિક્ષાપાત્ર હું થઈશ — તમે નહીં થાવ. એ શિક્ષાને પ્રાયશ્ચિત્તરૂપ ગણી મારા શિર પર વહોરી લેવા હું સજ્જ છું અને જ્યાં સુધી એ અપરાધ કરવાની વાસના હું રાખતો નથી પણ અન્ય ધર્મને બળે તેના પ્રસંગનો પ્રતિકાર કરી શકતો નથી ત્યાં સુધી, હું ઈશ્વરને ઘેર નિર્દોષ છું અને ઈશ્વરને ઘેર પણ તેથી મારો અપરાધ હશે તો તેની શિક્ષા પણ મારે પ્રાયશ્ચિત્તરૂપ જ છે. એ શિક્ષાની મને વાસના હતી અને તેથી મેં તમને આ બાધની વાત કહી ન હતી. તે, તમારી કલ્યાણવાસના પ્રત્યક્ષ કરી એટલે, અને તમારા પ્રશ્નનો સત્ય ઉત્તર આવશ્યક થયો એટલે હવે મેં કહી દીધી.'

કુમુદસુંદરી — 'આ શરીર છે ત્યાં સુધી આ દયા તો નષ્ટ થવાની નથી. કાલ રાત્રે તમે મને ત્રણ માર્ગ બતાવ્યા હતા તેમાંથી ચંદ્રાવલીમૈયા જેવા પરોક્ષવેદીના યજ્ઞ આપણે બે વર્ષ પાળીશું ને તે પછી પર્ણકુટીમાં રહેવું કે વિહારમાં રહેવું કે હાલની પેઠે રહેવું તેનો વિચાર બનશે તેટલો આ પંચરાત્રિમાં કરીશું ને બાકીનો અવકાશે કરીશું. એ પરોક્ષવેદીને કાળે કેમ વર્તવું તે પણ આ પંચરાત્રિમાં જ વિચારીશું. બે વર્ષ થતાં સુધી ને તેટલા કાળ માટે રાજ્યભયમાં તમારું શરીર રત્ન પડે એ કામ તો નહીં જ કરું.'

સરસ્વતીચંદ્ર — 'આપણે કલ્યાણમાર્ગે પ્રવર્તવું તે કેવળ આપણે માટે જ છે એમ નથી. જે રાજાજ્ઞા તોડવાનો આપણે ભય ગણીએ છીએ તેથી મને શિક્ષા થવાનો ભય મારા હૃદયને કંઈ પણ સ્પર્શ નથી કરતો; પણ આ પરમપવિત્ર સાધુજનોની કીર્તિ અને સ્થિતિ ઉભયને આપણી પ્રવૃત્તિને લીધે રાજભયમાં અને લોકભયમાં આવી પડવું પડશે. તેમણે કરેલાં આપણા અત્યંત આતિથેયનો આ બદલો દુષ્ટ થશે.'

કુમુદસુંદરી — 'પવિત્રતામાં પણ આમ પરમાર્થ દર્શાવી આપે મારા હૃદયને અતિદૃઢ કર્યું. સાધુજનોને ભયમાં ન નાંખવાની વાસનાથી મારી સર્વ વાસના ભસ્મ થઈ સમજો.'

સરસ્વતીચંદ્ર — 'પ્રભાત થવા લાગ્યું.'

કુમુદસુંદરી — 'સૃષ્ટિના પ્રભાત સાથે આપણું પણ પ્રભાત જ થાય છે.'

સરસ્વતીચંદ્ર — 'એ પ્રભાતની સૃષ્ટિ આપણે કેવી રચવી તેનો વિચાર તમને સોંપું છું.'

કુમુદસુંદરી — ‘તે યોગ્ય કરો છો. એ વિચાર ગૃહકાર્યના જેવો છે માટે મારે જ કરવો ઘટે છે. મારી સાથે આવેલાં સાધુજન ઊઠ્યાં હશે તેમને હું મળીશ ને આપના મંડળને આપ મળો. જે સાધુજનો સ્થાનમાં આપણને પ્રેરે છે તેમની ઇચ્છાને અનુકૂળ લાગશે તે કાળે હું પાછી આપની સેવામાં આવીશ ને હજી મારે આપની પાસેથી જાણી લેવાનું છે કે આપ આયુષ્યશેષ કેમ ગાળવાના છો, આત્મહિત અને લોકહિત કેમ સાધવાના છો, અને હું તેમાં કેવી રીતે સાધનભૂત થઈ શકીશ. આ સર્વ વાત જાણી લઈ પછી હું મારે કરવાના વિચાર કરીશ. આપ જે બુદ્ધિ અને રસનાં પવિત્ર જ્યોતિને આપશો તેનું હું પૂર્ણ પ્રીતિથી પોષણ કરીશ. હવે આ કન્યાને ધારણ કરો. હું આપની આજ્ઞા માગું છું.’

આ સૂક્ષ્મ પ્રીતિએ જોડેલી જોડ પળવાર છૂટી પડી. કુમુદ પુલ ઉપર દૃશ્ય થઈ. દૃશ્ય થતાં પહેલાં, સ્થૂલ શરીરને દૂર રાખનાર જીવોનાં સૂક્ષ્મ શરીરોની માત્ર દૃષ્ટિઓએ, વિદાયગીરીનું આલિંગન લઈ લીધું.

---

[૧] . દૈનિક = રોજનું, દરેક દિવસનું.

[૨] . પોતાનો માર્ગ છોડી બીજે પ્રવર્તવું તે. ર. રેલ અને પૂર આવતાં તેના પાણીને જવાને કરી આપીએ તે માર્ગ, કાંસ.

[૧] . અણુંજો.

પ્રકરણ ૩૩
સૂક્ષ્મ પ્રીતિની લોકયાત્રા

"And we shall sit at endless feast ,
Enjoying each the other's good ;
What vaster dream can hit the mood
of Love on Earth ?' - *Tennyson*

या कौमुदी नयनयोर्भवत: सुजन्मा।
तस्या भवानपि मनोरथबन्धबन्धु।

-मालतीमाधव

કુમુદસુંદરી વસન્તગુફાને ઉપલે માળેથી નીચે ગઈ તો સર્વ સાધ્વીઓને પોતપોતાનાં પ્રાત:કાળનાં આહ્નિકમાં રોકાયેલી દીઠી. બે સાધ્વીઓએ પાસેના જંગલમાંથી દંતધાવનને માટે દાતણ આણ્યાં હતાં અને કટકા કરી સૌમાં વહેંચતી હતી. બે સ્ત્રીઓ સર્વને પાસેના ઝરાઓમાંથી ક્રિયામાં નાહવાને લઈ જવાં તેનો વિચાર કરતી હતી. બે સાધ્વીઓ આ ગુફાને સ્વચ્છ કરતી હતી, અને બાકીનું મંડળ સ્ત્રીજનો પરમાર્થ કેવી રીતે પ્રાપ્ત કરે તેની ચર્ચા કરતું હતું. કુમુદના પગ નિસરણીને ઉપલે પગથિયે દેખાતાં ભક્તિમૈયા તેના ભણી જોઈ રહી અને કુમુદનો નેત્રભાગ દેખાતાં કહેવા લાગી:

'મધુરીમૈયા! દન્વધાવન કરી, આ શૃંગ પાસેના નિર્મળ ઝરાઓમાં આપણે સ્નાન કરવા જવાનું ઠર્યું છે.'

કુમુદસુંદરી — 'જ્યાં સાધુજનોની પ્રવૃત્તિ ત્યાં મારી.'

પ્રીતિમાનિની — 'તારા મુખની પ્રસન્નતા ઉપરથી અમે એમ જ સમજીએ છીએ.'

વામની — 'મધુરી! સાધુજનોને શિર રાત્રિએ આરોપનું વાદળું ચડ્યું હતું તે ચન્દ્રકિરણથી વેરાઈ ગયું હશે.'

કુમુદસુંદરી — 'હું ક્ષુદ્ર સંસારિણીને શુદ્ધ કરવા સાધુજનોનું જ માહાત્મ્ય સમર્થ છે. તે સમર્થતાને ઘુવડ જેવી હું દિવસે જોઈ શકી નહીં તે રાત્રિસમયે દેખતી થઈ છું.'

વામની — 'એ સમર્થતાએ [૧] તને સુખી કરી કની?'

કુમુદસુંદરી — 'એ સમર્થતાએ મને શુદ્ધ અને શાંત કરી.

ભક્તિમૈયા — મધુરી! તારી તૃપ્તિ જોઈ ચંદ્રાવલીનું હૃદય ઘણું શીતળ થશે.’

બુદ્ધા — ‘મધુરીમૈયા શાંત થઈ છે તો તૃપ્ત પણ થશે. જ્યાં સુધી એના અદ્વેતાગ્નિની સુન્દર જ્વાલાઓ જગતને પ્રત્યક્ષ થઈ નથી ત્યાં સુધીનો કાળ રમણીય આપ્યાયનમાં જશે ને તૃપ્તિનો કાળ તો મહાત્મા પૂર્ણાહુતિ રચશે ત્યારે આવશે.’

પ્રીતિ૦ — ‘મધુર મધુરી! જે સાધુતાએ તને શુદ્ધ અને શાંત કરી છે તે જ સાધુતા તારું કલ્યાણ કરશે.’

કુમુદસુંદરી — ‘આપની મતિ આવી કલ્યાણકારક છે તો તે સફળ થશે.’

વામની — મધુરી! તું સુખી થઈ જાણીશું ત્યારે અમે સુખી થઈશું. તું હજી કંઈક વિચારમાં પડે છે.

કુમુદસુંદરી — ‘દુ:ખની ભીતિથી હું કંપું છું ખરી, પણ સુખના કરતાં કલ્યાણને વધારે પ્રાર્થું છું. એ પ્રાર્થના મને વિચારમાં નાંખે છે.’

વામની — ‘વારુ, તું વિહારમઠમાં ક્યારથી જઈશ ને સાધુનો વેશ ક્યારથી ધારીશ?’

કુમુદ કંઈ બોલી નહીં.

પ્રીતિ૦ — ‘વામની! તું તારા ધર્મનો અતિક્રમ કરે છે. જે અદ્વૈતાગ્નિની વેદીનું પોષણ કરવા સાધુજનોના પરિશ્રમથી મધુરીમૈયા તત્પર થઈ છે તે અગ્નિસાધનના એક પણ મંત્ર કે વિધિનું દર્શન ઇચ્છવા તને કે મને અધિકાર નથી, દયિતદયિતાનો યોગ થતાં સખીકૃત્ય સમાપ્ત થાય છે. તે પછી તેમની પ્રીતિના પડદાને ઊંચો કરી તેમાં ડોકિયાં કરવાના કામને સાધુજન અધર્મ ગણે છે. પ્રીતિનું બાલવય થઈ રહેતાં તેનાં અંગ પર આચ્છાદન જ ઘટે છે ને એ મર્યાદા સર્વને કલ્યાણકર છે. જેની ચિન્તા નવીનચંદ્રજીના હૃદયમાં ચડી ચૂકી છે તેની ચિન્તા આપણે કરીએ તો આપણામાં પ્રગલ્ભતાનો દોષ પણ આવ્યો સમજી લેવો. માટે, વામની, હવે તારા કુતૂહલને સાધુજનોને અનુચિત ગણી એ કુતૂહલનો નિરોધ કરી દે અને આપણા ઋણના મોટા ભાગમાંથી આપણે મુક્ત થયાં ગણી, તું નિવૃત્તિ પામ. મધુરીમૈયા, તારી બુદ્ધિ કલ્યાણી છે તે સુખના કરતાં મોટા સત્પદાર્થોનો તને યોગ કરાવશે અને તમારી અલખ પ્રીતિમાં અનેક કલ્યાણ-સમૃદ્ધિને ભરશે. સાધુજનોએ તારી ચિકિત્સા કરી ને ઔષધવિધિ દર્શાવ્યો તે ઉભયની સફલતા થવા માંડી છે ને તેના પરિણામમાં તું શુદ્ધ, શાંત અને કલ્યાણપાત્ર થઈશ તેટલું ફળ અમારી ક્ષુદ્ર શક્તિઓને માટે નાનુંસૂનું નથી. સાધુજનો, આ મંગળ દિવસને યોગ્ય મંગળ કાર્ય કરવાનો આરંભ કરો અને ચંદ્રાવલીમૈયાને એ સમાચાર તરત ગુપ્તપણે કહાવો.’

આ મંડળી આમ વાતો કરતી કરતી બહાર સ્નાનાદિક આહ્નિકને માટે ગઈ ને છેક મધ્યાહ્ને પાછી આવી.

આણી પાસ કુમુદ ગયા પછી સરસ્વતીચંદ્ર પણ નીચે ઊતર્યો ને સાધુજનોને મળી પોતાનું આહ્નિક કરી તરત ઉપર આવ્યો, ને કુમુદસુંદરી પાછી આવી ત્યાં સુધી સાધુજનોએ આપેલા એક મોટા કોરા પુસ્તકમાં પોતે રાત્રિએ દીઠેલાં વિચિત્ર સ્વપ્નની કથા ઉતારી. જે સ્વપ્ન લાગતાં કલાક બે કલાક થયા હશે તેની કથા ઉતારતાં ચાર કલાક થયા. તે લેખ પૂરો કરી, ફરી ફરી વાંચી, તેનો વિચાર કરતો ઓટલા ઉપર બેઠો ને આસપાસનો દેખાવ જોતો જોતો વચ્ચે વચ્ચે પોતાનું પોટકું ઉઘાડી ચંદ્રકાન્તના પત્રો પણ વાંચતો હતો. ઘણો કાળ એમ ગયો ત્યાં કુમુદસુંદરી પાછી આવી ને કાગળોના પોટકાની બીજી પાસ બેઠી.

સરસ્વતીચંદ્ર — 'તમે આજ કેવી રીતે કાળક્ષેપ કર્યો?'

કુમુદસુંદરી — 'સાધુજનોના આહ્નિકને આટોપી આ ફલાહાર લઈ આવી — એ જ.'

પોતાના પાલવ તળેની થાળી ઉઘાડી, કાગળો વચ્ચે માર્ગ કરી, ત્યાં થાળી મૂકી, અને બીજો ફેરો ખાઈ આવી એક સ્વચ્છ શુદ્ધ દૂધનો કલશ લઈ આવી.

કુમુદસુંદરી — 'આ શો સમારંભ છે?'

સરસ્વતીચંદ્ર — 'આજ મને વિચિત્ર બોધક સ્વપ્ન થયું હતું તે આ પુસ્તકમાં લખી કાઢ્યું છે.'

કુમુદ એ વાંચવામાં લીન થઈ. સરસ્વતીચંદ્ર એના મુખ સામું જોઈ રહ્યો અને સર્વ સુન્દર અવયવો જોવામાં લીન થયો. થોડુંક વાંચી વિચારમાં પડી. કુમુદ અટકી અને સરસ્વતીચંદ્રના નેત્રના વ્યાપારને જોઈ રહી પણ તેનું સરસ્વતીચંદ્રને ભાન ન હતું. અંતે એને જગાડતી હોય તેમ સ્મિત કરી કુમુદ બોલી:

'સ્થૂલ કામ ને સૂક્ષ્મ કામ વચ્ચેની ભીંત કિલ્લા જેવી છે પણ એકમાંથી બીજામાં ચોરી કરી નીકળી પડવાનાં દ્વાર બહુ છે.'

સરસ્વતીચંદ્ર સાવધાન થયો.

'સત્ય છે. તરવારની ધાર ઉપર ચાલવું ને તરવાર પગમાં પેસી જાય નહીં એવી સંભાળ રાખવા જેવું અસિધારાવ્રત છે.'

કુમુદસુંદરી — 'એમ જ છે. નિત્ય જોઈએ છીએ એવાં શરીરમાં આવી અને આટલી બધી મોહની ક્યાં ભરી રાખી હશે કે તેને હડસેલી ધક્કા મારવા છતાં પણ ખસતી નથી ને માત્ર ખસેડવા માટે આટલા પ્રયાસ કરવા પડે છે?'

સરસ્વતીચંદ્ર — 'આપણે જે સત્ત્વને ખસેડવાને આટલો પ્રયાસ કરવો પડે છે તે જ સત્ત્વનું અભિનંદન કરવું એ બીજાંનો ધર્મ થાય છે ને તેમણે કહેવું પડે છે કે Resist not the weakness ! [૧] અલખના સાધુજનો આનો વિવેક સારો સમજે છે. કુમુદસુંદરી! અભ્યાસથી અને અવધાનથી આપણે આ કષ્ટસાગરને તરી જઈશું.

કુમુદસુંદરી — 'લગ્નકાળે કરેલી પ્રતિજ્ઞા ન તોડવાની પ્રતિજ્ઞાને પ્રાત:કાળે દયાએ ભુલાવી હતી; તમારી પાસે કરેલી પ્રતીજ્ઞાને ભૂલું એમ નથી.'

સરસ્વતીચંદ્ર — 'તમે આ વાંચ્યું?'

કુમુદસુંદરી — 'વિચાર કરું છું કે વાંચું કે ન વાંચું?'

સરસ્વતીચંદ્ર — 'વાંચવામાં કંઈ બાધ છે?'

કુમુદસુંદરી — 'મને પણ આ જ મહાસ્વપ્ન થયું હતું તેનો જ આ ઇતિહાસ આપે જાણે લખ્યો હોય એમ છે. ને એમાં પણ મોહક ભાગ છે તે સ્વપ્નસ્થ મટી જાગૃતસ્થ થાય તો આ પ્રતિજ્ઞા તૂટે.'

સરસ્વતીચંદ્ર — 'શું તમને પણ આવું સ્વપ્ન થયું હતું? તેમાં ને આમાં કંઈ ફેર નથી?'

કુમુદસુંદરી — 'કંઈ ફેર નથી. માત્ર આમાં આપની સહચારિણી કોણ હતી તે આપે લખ્યું નથી તે ઠેકાણે મારું નામ લખ્યું હોત તો બરોબર મારું જ સ્વપ્ન પૂર્ણ થાત.'

સરસ્વતીચંદ્ર — 'સ્વપ્નશાસ્ત્રના પણ વિચિત્ર ચમત્કારો છે. કુમુદસુંદરી! આ સ્વપ્નમાં મહાબોધ છે.'

કુમુદસુંદરી — 'છે જ. આપના જેવાના સંસ્કારો એવાં સ્વપ્નોમાં અવિક્ષિપ્ત સ્વરૂપ પામે છે. જે વિષયોમાં આપ અનેક ગ્રન્થ લખી શકો તે વિષયો ગુરુજીના પ્રતાપથી આપને આમ સ્વપ્નકાળમાં પ્રત્યક્ષ થયા છે, ને આપની પ્રીતિને યોગે મને પણ પ્રત્યક્ષ થયા. આવું થવાના સંભવની વાતો સાધ્વીજનોએ મને પ્રથમથી કહી હતી અને માટે જ હું ચરણસ્પર્શના લોભમાંથી સ્વપ્ન સમાપ્ત થતાં સુધી છૂટી શકી નહીં.'

સરસ્વતીચંદ્ર — 'કુમુદસુંદરી! હું બહુ દુ:ખી છું.'

કુમુદસુંદરી — 'મારા દુ:ખનો નાશ આપે કર્યો ને આપના દુ:ખનો મારાથી નાશ નહીં થઈ શકે તો હું તેમાં ધર્મસહચારિણી સમભાગિની થઈશ.'

સરસ્વતીચંદ્ર — 'તમારું દુ:ખ મને વીંછીના દંશ પેઠે શરીરમાં અંદર સાલતું હતું, પણ આ દુ:ખ તો પવન પેઠે ચાર પાસથી બાંધી લે છે.'

કુમુદસુંદરી — ‘એ દુ:ખ શું છે?’

સરસ્વતીચંદ્ર — ‘આપણા દેશની ને લોકની સ્થિતિ — એ હવે મારું એકલું દુ:ખ છે. તેમાંથી કેમ મુક્ત થવું એ વિચાર હૃદયને હલમલાવી નાખે છે.’

કુમુદસુંદરી — ‘ગુરુજીના રચેલા સ્વપ્નાદિ યોગ એ દુ:ખનો નાશ કરશે અથવા નાશનો માર્ગ બતાવશે.’

સરસ્વતીચંદ્ર — ‘ક્યાં આ એકાંતવાસી સાધુજન અને ક્યાં આ અનેક વાયુચક્ર જેવા ગૂંચવાડાઓથી ભરેલી દેશની દશા? હું તેની તમારી પાસે પણ શી વાત કરું?’

કુમુદસુંદરી — ‘હું એ વાતો સાંભળવાને પાત્ર નથી ને સમજવાને શક્તિશાળી નથી; પણ તે સાંભળવા-સમજવા-નો અધિકાર મને ધીમે ધીમે આપવો એ આપની કૃપાને યોગ્ય કાર્ય છે.’

સરસ્વતીચંદ્ર — ‘એ તો આપણા સહવાસનો જેવો ક્રમ.’

કુમુદસુંદરી — ‘એ એમ બંધાઈ ચૂક્યો આપને દેખાતો નથી?’

સરસ્વતીચંદ્ર — ‘સાધુજનોને જ ક્રમ વ્યવસ્થિત છે તેમાં સંસાર ગમે તેવે કાળે અવ્યવસ્થા નાખી શકશે.’

કુમુદસુંદરી — ‘તમારા વિના મારે કોઈ રહ્યું નથી, અને સાધુજનોએ ઘડેલી વ્યવસ્થાથી જો આપની પવિત્ર સ્થિતિ જળવાઈ શકશે તો પછી મને મળેલો લાભ આપ પાછો ખેંચી નહીં લ્યો.’

સરસ્વતીચંદ્ર — ‘હું તો નહીં ખેંચી લઉં; પણ તમારો ધર્મ તમને કેવે પ્રસંગે કેણી પાસ નહીં પ્રેરે એ કહેવાતું નથી.’

કુમુદસુંદરી — ‘પ્રેરશે ત્યારે પ્રેરશે. મારો ખપ આપના વિના બીજું કોઈ કરે એમ હવે નથી. જગત મને ડૂબેલી સમજતું હશે. માતાપિતા અને શ્વસુરગૃહ પણ એ જ બુદ્ધિથી મારો શોક કરી રહ્યું હશે અને કાળક્રમે તેમના મનમાંથી હું ખસવા પણ માંડી હોઈશ. હું એ સંસારને મનથી વિસારું છું; આપ પણ વિસારો. જ્યાં સુધી આપણે અધર્મના માર્ગથી દૂર છીએ ત્યાં સુધી ભાવી પ્રસંગોએ શું થશે ને શું નહીં થાય એ તર્ક કરવા તે પેટ ચોળી પીડા ઊભી કરવા જેવું નથી?’

સરસ્વતીચંદ્ર — ‘એ પણ સત્ય છે.’

કુમુદસુંદરી — ‘તો એ વાત પડતી મૂકો ને કહો કે આપ આ આશ્રમમાં આપનો કાળ કેવી રીતે ગાળવા ધારો છો? ને આપના મનના સંતાપને કેવી રીતે દૂર કરવા ઇચ્છો છો?’

સરસ્વતીચંદ્ર — ‘મારું આત્મહિત વિચારવાનાં સાધન તો આ મઠોમાં ઘણાં પડ્યાં છે. દેશહિત કરવાને માટે દ્રવ્યની અને પ્રતિષ્ઠાની મહત્તા જોઈએ તે અહીં નથી, પણ દ્રવ્ય અને પ્રતિષ્ઠા ઉભય હોય તો તે વડે દેશહિત કેમ કરવું તે ભવ્ય સ્થાનમાં રહી સૂઝશે તેવું અન્યત્ર નહીં સૂઝે. લોકહિત — સર્વ પૃથ્વીલોકનું હિત — એ સાધવાની શક્તિ તો દ્રવ્ય અને પ્રતિષ્ઠાથી પણ દુર્લભ છે; એ શક્તિ તો કેમ પ્રાપ્ત કરવી એ જ વિકટ પ્રશ્ન છે. તેનું સમાધાન સુન્દરગિરિ સુઝાડશે.’

કુમુદસુંદરી — ‘એ વસ્તુઓને જોનાર ને દેખાડનાર તો આપની બુદ્ધિ અને વિદ્યા જ છે; તેમાં સુન્દરગિરિ શી અધિકતા કરવાનો હતો? સંસારના પ્રશ્નોનું સમાધાન સંસાર જ કરી શકે ને અહીં તો સંસાર ભણી આપે આંખો જ મીંચીને અદૃષ્ટા થવાનું છે.’

સરસ્વતીચંદ્ર — ‘વિદ્યા બુદ્ધિને વ્યાયામ અને શક્તિ આપે છે, સંસાર એ વ્યાયામને અને શક્તિને વિષય આપે છે. પણ એવા વિષયનું જ્ઞાનેન્દ્રિયમાં ગ્રહણ કરી તેનું ચર્વણ ને પાચન કરવાનો અવકાશ અને પ્રભાવ આવા સ્થાનમાં સવિશેષ મળે છે એમ પાશ્ચાત્યો માને છે ને અનુભવે છે તેમ આપણા પ્રાચીન લોક પણ સમજતા હતા [૧] અને આપણી બુદ્ધિમાં જે નવું સ્વાસ્થ્ય આપણે અનુભવીએ છીએ તે પણ ગિરિરાજનો જ મહિમા સમજવો. તીર્થોમાં તેમ ક્ષેત્રવિશેષોમાં તેનાં સૌન્દર્યથી, શાન્તિથી, ભવ્યતાથી અને એવાં અનેક કારણોથી કંઈક એવી શક્તિવાળો સૂક્ષ્મ પવન વહન કરે છે કે તેનાથી આપણા સ્થૂલ અને તે સૂક્ષ્મ ભાગોમાં — જડ અને ચેતન અવયવોમાં — નવીન પવિત્રતા, બુદ્ધિ, અને સ્વસ્થતા ઝરાના પાણી પેઠે, ફુવારા પેઠે, સ્ફુરી આવે છે.’

કુમુદસુંદરી — ‘એ તો સત્ય હશે. મારી પોતાની બુદ્ધિને પણ કંઈક આવો જ લાભ મળ્યો લાગે છે.’

સરસ્વતીચંદ્ર — ‘તો વિચારો — પ્રસંગ મળ્યે સમજાવું છું કે મારા અનેક નિર્ધન વિદ્વાન મિત્રોને મુંબઈ જેવી ઘટ વસ્તીમાં બારે માસ ભરાઈ રહેવું પડે છે અને અંગ્રેજોની પેઠે આવાં સ્થાનમાં આવી આરોગ્ય અને સ્વાસ્થ્ય પામવાને તેમની પાસે નથી દ્રવ્ય અને નથી અવકાશ — એટલો વિચાર થતાં મને કેવું દુ:ખ થવું જોઈએ? આ ગિરિરાજનાં દર્શનથી મને એક લાભ તો આ દુ:ખનો થયો છે.’

કુમુદસુંદરી — ‘આપના ઉદાર દેશવત્સલ હૃદયને એ દુ:ખ તો ખરું, પણ એ દુ:ખના લાભને લાભ કેમ ગણો છો?’

સરસ્વતીચંદ્ર — ‘કેમ ગણું છું? મુંબઈ હતો ત્યારે સૂઝતું ન હતું કે મારા આટલા બધા દ્રવ્યનો ઉપયોગ શો કરવો ને આ ગિરિરાજે ને આ પોટકામાંના પત્રોએ આ નવી બુદ્ધિ આપી ને એમ હવે સમજું છું કે બીજું

કંઈ ન થાય તો મારા એ વિદ્વાનોને માટે આ દ્રવ્ય ખરચી તેમને આવા ગિરિરાજ ઉપર રાખું ને તેમનાં આરોગ્ય ને બુદ્ધિઓ વધારું.'

કુમુદસુંદરી — 'શ્રીકૃષ્ણના હૃદયમાં તેમના ભક્તો અને વિપ્રો હતા તેમ આપના હૃદયમાં આ વિદ્વાનો છે.'

સરસ્વતીચંદ્ર — 'એમ જ. આપણા દેશનું અને દેશમાંના લોકનું કલ્યાણ કરવાની શક્તિ આ જ બે વર્ગમાં છે. પ્રથમ છે અંગ્રેજોમાં અને પછી છે આ વિદ્વાનોમાં.'

કુમુદસુંદરી — 'અંગ્રેજોમાં તો શક્તિ ખરી.'

સરસ્વતીચંદ્ર — 'ને વિદ્વાનો વિદ્યાનો ઉપયોગ કરવાની શક્તિ પામે તો તેમનામાં પણ દેશસેવાની શક્તિ સ્ફુરે. તેમના ને અંગ્રેજોના પરસ્પર સંમેલનથી, પરસ્પરાનુકૂલ પ્રવૃત્તિથી, અને પરસ્પર પ્રેમબંધની, આ શક્તિ ઉભયમાં વિકાસ પામશે ત્યારે આખા આર્યદેશની શ્રદ્ધાના તેઓ પાત્ર થશે. કુમુદ! ગુણિયલબા ઉપર જે અનુકૂળતા તમારા ચતુર પિતાની હતી તેવી આપણા વિદ્વાનો ઉપર અંગ્રેજોની થશે, અને એ પિતાની તેમ પિતાના કુટુંબની સંભાળ લેવાની જે શક્તિ ગુણિયલબાને તેમની ક્ષમાએ, ઉદારતાએ, ધીરતાએ, સ્વાર્પણે અને ચતુરતાએ આપી હતી તેવી શક્તિથી આપણા વિદ્વાનો આપણા દેશની સંભાળ લેતાં શીખશે ત્યારે સર્વનું કલ્યાણ થશે. મારી આવી શ્રદ્ધા છે માટે જ સર્વ કરતાં હું આપણા વિદ્વાનોને મારા હૃદયમાં સતત વાસ આપું છું, અને તેમને માટે આવી આવી ચિન્તાઓ કર્યા કરું છું.'

કુમુદસુંદરી — 'તમે તેમને માટે શું ઇચ્છો છો?'

સરસ્વતીચંદ્ર — 'તેમનાં ગૃહરાજ્યમાં ગુણસુંદરીઓ, કુમુદસુંદરીઓ, સૌભાગ્યદેવીઓ ને ચંદ્રાવલીઓ ફરતી જોવા ઇચ્છું છું. તેમના વૈભવ વધેલા જોવા ઇચ્છું છું. તેમના ભંડાર ભરાતા જોવા ઇચ્છું છું. તેમને આધિ અને વ્યાધિથી મુક્ત, આરોગ્ય, સુશરીર, સ્વસ્થ અને સ્વતંત્ર જોવા ઇચ્છું છું. એમને ત્યાં સરસ્વતી અને લક્ષ્મીના સમાગમ દૃઢ જોવા ઇચ્છું છું. એમને ત્યાં પ્રીતિ ને સદ્ગુણના સહચાર થતા જોવા ઇચ્છું છું. એમનામાં દેશોન્નતિની વાસનાઓને વીર્યવતી અને ફલવતી થતી જોવા ઇચ્છું છું. કુમુદસુંદરી! રાત્રે આપણે જે મહાન રાફડાઓ જોયા તે રાફાડઓની ધૂળ તેમનાં શરીરની ચારે પાસથી ઊડી જાય અને સોનાની ખાણોના પ્રદેશ ઉપરની કાંચનની રેતીનાં વાદળ એમની આસપાસ ઊડી રહે એવું જોવા ઇચ્છું છું. એ રેતી કાંચનમયી થાય ને આ રાફડાઓમાંના સર્વ જન્તુઓને એ કાંચનની સમૃદ્ધિ મળે, શ્વેત પ્રકાશના માર્ગોમાં પ્રવૃત્તિ મળે, અને સ્થાનેસ્થાને જે મણિમય ઉદ્યાનમાં આપણે ઊભાં હતાં એવું અહીં થઈ જાય એ જોવાની મારી તીવ્ર વાસના છે.'

કુમુદસુંદરી — 'એ વાસના કેવાં સાધનથી તૃપ્ત કરવા ધારો છો?'

સરસ્વતીચંદ્ર — 'એ સાધનનું બીજ દ્રવ્ય મારી પાસે હતું તે મેં નાંખી દીધું.'

કુમુદસુંદરી — 'તમે મને ઓસ્ટેનનું વાક્ય એક કાળે સંભળાવ્યું હતું કે It is a truth universally acknowledged, that a single man in possession of a good fortune must be in want of wife . આમાં પણ તમારા સાધનનું બીજ કંઈ રહ્યું નથી?'

સરસ્વતીચંદ્ર — 'છે તો છે, ને નથી તો નથી.'

કુમુદસુંદરી — 'તમે ઘડી ઘડી કહેતા હતા કે આર્યદેશની સ્ત્રીઓને આર્યાપદને યોગ્ય ઉત્કર્ષ આપવાની તમારી વાસના છે તે હજી એ છે કે નથી?'

સરસ્વતીચંદ્ર — 'શું કહું? એ વાસનાની વસ્તુ વળી એથી પણ વધારે દુર્લભ છે ને તેની પ્રાપ્તિના માર્ગને માટે પૂર્વે કરેલાં મનોરાજ્યને સ્મરું છું તેની સાથે જ તમારા પણ સંસ્કારો હૃદયમાં ખડા થાય છે તે કહેવડાવે છે કે

'इदमसुलभवस्तुप्रार्थनादुर्निवारम्

प्रथममपि मनो मे पञ्चबाण: क्षिणोति।।' [૧]

કુમુદસુંદરી — 'જે વસ્તુ આપને આજ નહીં તો બે વર્ષે પ્રાપ્ત થવી સુલભ છે તેને દુર્લભ ગણવા જેવી અધીરતા તમારામાં નક્કી નથી જ. The time will come; you need not fly .'[૨]

સરસ્વતીચંદ્ર — 'કાળ તેને સુલભ કરશે પણ આપણી ધર્મબુદ્ધિ શું સુઝાડશે તે કોણ જાણે છે? કુમુદસુંદરીનો ત્યાગ ન કર્યો હોત તો પંચબાણથી નિર્ભય રહી તેમને જ સ્વરૂપે — તેમના જ દ્વારા — મારો જીવ સર્વ સ્ત્રીસૃષ્ટિનાં સુખદુ:ખના દુર્લભ દર્શનને સુલભ કરી લેત અને તેના ઉપાય શોધત. પવિત્ર પ્રિયજન! એ નિર્ભયતા હવે મને મળવામાં જેટલી શંકા છે તેટલી જ દેશની સ્ત્રીસૃષ્ટિનાં સૂક્ષ્મ શરીરની ચિકિત્સા થવી અવિવાહિત વૈદ્યને માટે દુર્લભ અને અનુચિત છે. સ્ત્રીની નાડી જોતાં તે નાડીના સ્પર્શથી જ જ્યારે તે નાડી કે વૈદ્યની પોતાની નાડી ચમકે ત્યારે વૈદ્યે નાડી જોવી જ મૂકી દેવી યોગ્ય છે. મન્મથનો પરાભવ કરવો કેવો વિકટ છે તે આપણે આજ પ્રત્યક્ષ કર્યું છે. તમારી અપૂર્વ સહાયતા મને ન મળી હોત તો મન્મથે આજ મારી ધજા તોડી પાડી હોત. સ્ત્રીસૃષ્ટિનાં દુ:ખ દૂર કરવાનાં સાધનમાં આવી સહાયતા ન મળે તેને એ સાધન દુર્લભ છે — છતાં એ સાધનના સાધ્યને પ્રાપ્ત કરવાની મારી વાસના ખસતી નથી માટે જ હું અસુલભ વસ્તુની પ્રાર્થના કરનાર મૂર્ખ છું. કોઈ નિમિત્તે કોઈ સ્ત્રીનું મારે દર્શન થાય છે ત્યાં તમને દેખું છું, ને તમને સમરું છું ત્યાં સર્વ

સ્ત્રીજાતિનાં સુખદુ:ખ સ્મરું છું, તમને દેખું છું કે સ્મરું છું તેની સાથે સ્વયંભૂ મન્મથ મારા સામો ધનુર્ધર થઈ ઊભો રહે છે ને તેના ભયથી તમારું સ્મરણ કરાવનાર કંઈ પણ મનોરાજ્ય લાગે તે પડતું મૂકું છું. પણ પેલા રાફડાઓમાંથી જે દિવ્ય મૂર્તિઓ નીકળી કાલ આપણી પાસે ઉપદેશ કરતી ચાલી ગઈ એવી અનેક મૂર્તિઓ નીકળતી જોવાની મારી વાસના તો ખસતી જ નથી.

કુમુદસુંદરી — 'તમારાં નેત્રપુટમાંથી આ અશ્રુધારાઓ વહી જાય છે તે મારા હૃદયને વીંધે છે. તે સ્વસ્થ થાઓ. તમારા સાધ્યમાં હું સાધનભૂત થઈશ ને ધર્મને જ માર્ગે થઈશ.'

સરસ્વતીચંદ્ર — 'કુમુદસુંદરી! આ પત્રોના ઢગલા પ્રિય ચંદ્રકાંતના હાથમાંથી પ્રારબ્ધે મારા હાથમાં ખેંચી આણ્યા છે તે વાંચું છું ને હૃદય ફાટે છે. મારા પ્રિય મિત્રો ને દેશનાં નીવડ્યાં રત્નો ધૂળમાં રગદોળાય ને તે આજ સુધી હું જાણતો ન હતો તે આ પત્રોથી માત્ર કંઈક જાણ્યું ને કેટલું હજી દૃષ્ટિ બહાર હશે? પ્રમાદધને તમને સુખી કર્યાં હોત તો હું જાતે બહુ સુખી થાત — પણ તેમણે અવળું કર્યું તેથી જ સ્ત્રીજાતિની દુ:ખસૃષ્ટિનાં કંઈક કિરણ મારા નેત્રમાં આવવા પામ્યાં. આ સૃષ્ટિમાં કેટલી સ્ત્રીઓની કેટલી વેદનાઓ ઊભરાતી હશે, કેટલાં કોમળ હૃદય દળાઈ જતાં હશે, કેટલાં આંસુની નદીઓ ચાલતી હશે? ચંદ્રકાંતના દુ:ખના પત્ર વાંચ્યા પણ આ દુ:ખો કયા પત્રોમાંથી જડવાનાં હતાં? લક્ષ્મીનો અને તમારો ત્યાગ કરતી વેળા આ ચિત્રો પ્રત્યક્ષ હોત તો મારો ધર્મ કંઈ જુદો જ પ્રાપ્ત થાત. હું મારા રાફડામાંથી છૂટવા પામ્યો પણ તેની સાથે આ સર્વ જોવાના પ્રકાશ જોવાનું મારું નેત્ર પણ મેં હાથે કરી ફોડી દીધું અને આર્યલોકની અર્ધી વસ્તીની અને તે પણ સુન્દર અનાથ વસ્તીની દશા સુધારવાનું મારું સાધન મેં જાતે ભાંગી નાખ્યું. હવે તો 'બની બનાઈ બન ગઈ' એ વાત સત્ય છે. પણ — તોપણ — હવે આ વિષયનું શું કરવું, આ સર્વનાં દુ:ખ કેવાં હશે, એ કેમ જાણવાં, એ કેમ મટાડવાં, એ સર્વ વિચાર થાય છે ત્યારે તમે અત્યારે દેખો છો એવી અશ્રુધારા આ નયનોમાં ચાલે છે; કહ્યું માનતી નથી અને અટકતી નથી. હું એ ધારાઓ જોઈને જ તૃપ્ત થાઉં છું. જે વાતમાં મારો ઉપાય નથી તેમાં કંઈ ધર્માધર્મ પણ નથી ને જેવી રીતે મારી વાસનાને શાંત કરતી વેળા તૃપ્ત થાઉં છું તેથી ઊલટી રીતે આ અશ્રુઓને વહેવા દઈને તૃપ્ત થાઉં છું.'

કુમુદસુંદરી — 'જે ત્યાગ જાતે ધર્મબુદ્ધિથી કર્યો તેના અણધાર્યા પરિણામથી ખિન્ન થવું એ અધર્મ નથી?'

સરસ્વતીચંદ્ર — 'જે વાત હાથમાં છે તે કરવા ન કરવામાં ધર્માધર્મ છે. જે હાથમાં નથી તેમાં ધર્મ પણ નથી, અધર્મ પણ નથી. સીતાનો ધર્મબુદ્ધિથી ત્યાગ કરી રામચંદ્ર પ્રીતિને બળે રોયા હતા. કુમુદસુંદરી, ધર્મ પ્રમાણે આપણે પ્રીતિને લાત મારી પ્રવૃત્તિના વિષયમાંથી બહાર કાઢવા

સમર્થ થઈએ છીએ પણ પ્રીતિને હૃદયમાંથી કાઢવી તે આપણા હાથની વાત નથી. પ્રીતિની ઉત્પત્તિ જેવી અનિવાર્ય છે તેવી તેની નિવૃત્તિ પણ અસાધ્ય છે. અને એટલા માટે જ પ્રમાદધનના મંદિરમાં સરસ્વતીચંદ્રની અનુકંપા તમે કરી તે ધર્મરૂપ જ હતી.'

કુમુદસુંદરી — 'શુદ્ધ ઔષધબળે આંખનાં પડળ ખરી પડે છે તેમ શુદ્ધ પરમ જ્ઞાનથી પ્રીતિનો પટ હૃદયમાંથી સરી પડે છે એમ મહાત્માઓના અનુભવ છે.'

સરસ્વતીચંદ્ર — 'તે સત્ય છે. પણ પ્રારબ્ધવાદનો અને જ્ઞાનનો પણ દુરુપયોગ થાય છે. જે કાળે ધર્મથી કંઈ ક્રિયા કર્તવ્ય થાય છે તે કાળે પ્રારબ્ધવાદી થઈ બેસી રહેવું ને ક્રિયાના આરંભમાંથી નિવૃત્ત થવું એ મહાન અધર્મ છે. પ્રારબ્ધવાદનો ઉપયોગ સુખદુ:ખની નિવૃત્તિને માટે છે, ધર્મની નિવૃત્તિને માટે નથી; તેમ જ જ્ઞાનનો ઉપયોગ અલક્ષ્ય સ્વરૂપના પ્રબોધને માટે છે, લક્ષ્યધર્મની નિવૃત્તિને માટે નથી; અહંકાર અને મમતાના પ્રધ્વંસને માટે છે, સર્વ ભૂતાત્મકતામાંથી ઉત્પન્ન થતા પંચમહાયજ્ઞના ધ્વંસને માટે નથી. આરંભવાચક પ્રારબ્ધમાં અનારંભના ધર્મ જોનાર, કર્મ શબ્દનો અકર્મ ભાગ્યવાચક અર્થે પ્રયોગ કરનાર, ઊંધી પૂતળીની આંખોવાળા જન્તુ આપણે પેલા રાફડાઓમાં જોયા. તેમણે આ દેશનાં સજીવ પવનને અને પાણીને સ્થાને જડ ચીકણી માટીના ખડક ઊભા કર્યા છે. તેમની તામસી દૃષ્ટિના પ્રભાવથી જ જ્ઞાનનો આવો દુરુપયોગ થયો છે, આત્માગ્નિના યજ્ઞ હોલાઈ ગયા છે, ને દેખીએ છીએ એ દેશકાળ આપણે શિર ખડો થયો છે. અહંકાર ને મમતામાંથી ઉત્પન્ન થયેલી સકામ અને વાસનાયુક્ત પ્રીતિ આપણા સૂક્ષ્મ શરીરમાંથી ખસી જાય તો તે જ્ઞાનનું સાફલ્ય છે. નિરહંકાર અને નિર્મમ સર્વ ભૂતાત્મકતાના પરિણામ રૂપ નિષ્કામ ફલ-અભોગી મહાયજ્ઞોમાં પ્રીતિ જ્યારે સાધન થાય છે ત્યારે જ એ યજ્ઞમાં આહુતિ શુદ્ધ સત્વર અને સંપૂર્ણ થાય છે. જીવ, ઈશ્વર ને બ્રહ્માની જેવી ત્રિપુટી ગણી છે તેવી જ ક્રિયા, ધર્મ, ને જ્ઞાનની ત્રિપુટી છે. ધર્મ, ને ક્રિયાના નિયંતાનો અધિકાર છે, ને જ્ઞાન તે નિર્ગુણ અને કૃતકૃત્ય ધર્મનું ફળ છે. ધર્મ કૃતકૃત્ય થાય ત્યાં સુધીનું જ્ઞાન સંસિદ્ધ દશામાં સોળે કળાથી પ્રકાશ પામતું નથી અને ધર્મ વિનાનું સંપૂર્ણ કહેવાતું જ્ઞાન તે, ગ્રસ્ત થયેલા સંપૂર્ણ ચન્દ્ર જેવું, છતે પ્રકાશે અંધકારરૂપ છે. એકલા આવા જ્ઞાનનું સેવન કરનારની ગતિને શ્રુતિમાં અંધતિમિરથી ભરેલી કહી છે અને તેવા જન્તુ 'અસૂર્ય' લોકને પ્રાપ્ત કરે છે એમ કહેલું છે. અહીંના સાધુજનો આના મર્મ સમજે છે. આવા ગ્રહણથી મુક્ત થયેલું જ્ઞાન તે જ સાત્ત્વિક જ્ઞાન છે અને એ જ જ્ઞાનપદને પામનાર સાધુજન બ્રહ્મદ્વૈત પામે છે. એવા સાત્ત્વિક જ્ઞાનરૂપ થયેલાં સાધુજનોના મનુષ્યયજ્ઞોમાં પ્રીતિ સોમરસનું કામ કરે છે, અને કુમુદસુંદરી, શું તમારે માટે, કે શું આ દેશને માટે, માંડેલા મારા મહાયજ્ઞને

માટે પ્રાપ્ત થયેલા મારા સોમરસને હું ધર્મરૂપ જ ગણું છું, ને તે ઉપરથી અંગ્રેજ કવિનું વાક્ય સમજજો કે

"This is better to have lov'd and lost ,

Than never to have lov'd at all .' *

કુમુદસુંદરી — 'પ્રીતિ પણ શું વાસના નથી?'

સરસ્વતીચંદ્ર — 'સકામ વાસનારૂપ પ્રીતિ તે વાસના છે. તે કામથી ઉત્પન્ન થાય છે ને કામક્ષયથી ક્ષીણ થાય છે. નિષ્કામ પ્રીતિ જ્વાલારૂપ છે, પૃથ્વી અને ચંદ્રની વચ્ચેના પરસ્પરના ગુરુત્વાકર્ષણના જેવી સહચાર પ્રદક્ષિણાની સાધક છે, અને કેવળ સ્વયંભૂ છે. એ સ્વયંભૂ છે માટે જ જ્ઞાનવિના અન્યથી નિવાર્ય નથી, ને પ્રીતિ ધર્મ્ય હોય છે ત્યારે જ્ઞાન પણ એનું નિવારક નથી. માતાપિતાની પ્રીતિનું નિવારણ કોઈ જ્ઞાન કરતું નથી. તે સૌ આ કારણની કલ્પનાથી. સ્ત્રીપુરુષની પ્રીતિને આપણા લોક ક્ષુદ્ર ગણે છે તે તેમાં વાસનાની કલ્પનાથી. આર્ય સંસાર એવો ક્ષુદ્ર થઈ ગયો છે કે દંપતી વચ્ચે પ્રીતિનું મૂળ કામવાસના વિના કે પુત્રવાસના વિના અન્ય હોવાનો સંભવ પણ સ્વીકારતું નથી એવું ચંદ્રકાંત કહેતો હતો અને તેના કહેવામાં કોણ જાણે કેટલું સત્ય હશે?'

કુમુદસુંદરી — 'ત્યાગકાળે આપે દેશહિત દ્રવ્ય વિના કેવી રીતે કરવા ધારેલું?'

સરસ્વતીચંદ્ર — 'સંસારમાં સ્થાનેસ્થાને યાત્રા કરી, અવલોકન કરી, બોધ આપી -'

કુમુદસુંદરી — 'ભગવાન બુદ્ધની પેઠે?'

સરસ્વતીચંદ્ર — 'કંઈક એમ જ.'

કુમુદસુંદરી — 'હવે વિચાર શાથી ફર્યો?'

સરસ્વતીચંદ્ર — 'નવા જોયેલા રાફડાના ગઠ્ઠા એવા તો બાઝી ગયા છે કે તે પ્રકાશથી પીગળે એમ નથી, અગ્નિથી બળે એમ નથી ને કુહાડાથી ખોદી નંખાય એમ નથી. જ્યાં નાગલોકનું મણિ અને વિષ પણ નિષ્ફળ થાય છે ત્યાં મારા જેવાના શબ્દોદ્ગારની શી શક્તિ? બુદ્ધ ભગવાનની વાણી પ્રકાશમય જંતુઓમાં ફરી વળતી હતી. આ કાળની વાણીના જડ રાફડાઓમાં પડઘા પણ નથી થતા.'

કુમુદસુંદરી — 'હવે કઈ શક્તિ તમારી પાસે હોય તો કામ લાગે એવી છે?'

સરસ્વતીચંદ્ર — 'વિદ્યા, સાધુતા અને લક્ષ્મી એ ત્રણ શક્તિઓ જોઈએ તેમાં ત્રીજી નથી ને ચોથી તમારા હૃદયમાં છે તે જાણો છો.'

કુમુદસુંદરી — ‘ત્રીજી ચોથી ન હોય તો ન જ ચાલે?’

સરસ્વતીચંદ્ર — ‘સોમરસનું પાન જે સુઝાડે તે ખરું.’

કુમુદસુંદરી — ‘કેવા પ્રકારનો સોમ?’

સરસ્વતીચંદ્ર — ‘દેશયજ્ઞમાં દેશપ્રીતિ એ જ સોમરસ.’

કુમુદસુંદરી — ‘તે ક્યારે સુઝાડશે?’

સરસ્વતીચંદ્ર — ‘એ રસથી આ હૃદયમાં સમુદ્રમન્થન થઈ રહેશે ત્યારે.’

કુમુદસુંદરી — ‘આજે આપણે વિકાર વગર ફલાહાર લઈ લીધો.’

સરસ્વતીચંદ્ર — ‘દેશની પ્રીતિમાં વ્યક્તિની સ્થૂલ પ્રીતિ પેલા રાફડામાંના કુહાડાની દશાને પામે.’

કુમુદસુંદરી — ‘હું ત્યારે તમારા આ દેશપ્રીતિના નવા રાફડાનું પોષણ કરીશ ને તેના આ કુહાડાને તેમાં ડૂબવા દઈશ.’

સરસ્વતીચંદ્ર — ‘મેં તમને કહ્યું હતું કે તમે કંઈ કરશો તે શુદ્ધ અને સુન્દર જ હશે.’

કુમુદસુંદરી — ‘હું તો આપની પાસે રહી શકવાના મારા લોભી સ્વાર્થને માટે આમ કરવાની છું.’

સરસ્વતીચંદ્ર — ‘સૂક્ષ્મ સુન્દર વાસનાઓમાંથી પારકાનું પણ કલ્યાણ થવા પામે છે તેનું આ દૃષ્ટાંત.’

કુમુદસુંદરી — ‘સૂક્ષ્મ કે સ્થૂલ સર્વ વાસનાઓની વાત જ ન કરવી; ‘સ્વાર્થ’ શબ્દ કરતાં ‘વાસના’ શબ્દ વધારે સૂચક અને ઉદ્દીપક છે.’

સરસ્વતીચંદ્ર — ‘એમ લાગે છે.’

કુમુદસુંદરી — ‘એ વિક્ષેપશક્તિનો જ વિક્ષેપ કરવાનો માર્ગ એ કે મારે હવે જવું અને આપે આપનો લેખ હાથમાં લેવો.’

સરસ્વતીચંદ્ર — ‘તમે ક્યારે આવશો?’

કુમુદસુંદરી — ‘સાધુજનો પ્રસાદ તૈયાર કરે છે તેમાં હું સહાયભૂત થઈશ ને સાંયકાળે આવીશ.’

સરસ્વતીચંદ્ર — ‘સાયંકાળ પણ સૂચક ને દીપક છે.’

કુમુદસુંદરી — ‘હું ઊઠવા જાઉં છું ને જતી જતી બેસું છું. આપનો હાથ લાંબો થયો છે ને મારો પાલવ તેમાં પકડાયો છે.’

સરસ્વતીચંદ્ર — ‘અલકબહેન પાસે એ હાથને જે શક્તિએ પવિત્ર રાખ્યો તે આજ પણ રાખી શકશે.’

કુમુદસુંદરી — ‘આપે આપની મેળે જ પાલવને છોડ્યો છે. મારા કરતાં આપની સમર્થતા વિશેષ છે.’

સરસ્વતીચંદ્ર — ‘પવિત્ર રહેવામાં પણ આપણું અદ્વૈત જ સહાયક છે.’

કુમુદસુંદરી — ‘એ પણ સત્ય છે. પણ શું આપણે એવાં અનાથ અને ક્ષુદ્ર પામર પ્રાણી છીએ કે ઘડીઘડી આમ આટલા પ્રયાસ કરીએ છીએ ત્યારે જ આમ વ્યવસ્થિત રહી શકીએ છીએ?’

સરસ્વતીચંદ્ર — ‘સર્વ સુવ્યવસ્થાનો લાભ અહંકારના ત્યાગથી, દીર્ઘ સૂક્ષ્મ તપથી, અત્યંત સાવધતાથી અને સંસિદ્ધિસાધક બુદ્ધિપ્રયોગથી જ થાય છે. માન અને મદનો ત્યાગ કરી બુદ્ધિથી મુદિતાશય માર્ગે પ્રવર્તવું એવી મને દીક્ષા છે.’

કુમુદસુંદરી — ‘તેની સિદ્ધિ અસ્તુ! હું આજ્ઞા માગું છું.’

સરસ્વતીચંદ્ર — ‘જવાની ત્વરા જ છે?’

કુમુદસુંદરી — ‘પોતાનો પણ વિશ્વાસ નહીં ત્યાં ધર્મની ગતિ ત્વરિત કર્યાથી જ લાભ છે.’

સરસ્વતીચંદ્ર — ‘મેં તમને દુ:ખમાં નાખ્યાં તેને સાટે તમે મારું કલ્યાણ સાધો છો.’

કુમુદસુંદરી — ‘ને સાથે મારું પણ સાધું છું.’

સરસ્વતીચંદ્ર — ‘ઈશ્વર તેમાં સિદ્ધિ આપો.’

---

[1] . Audacity .

[૧] . Shelley .

[૧] . *अलमेष विलोकित; प्रजानां सहसा संततिमंहसां विहन्तुम्।*
धनवर्त्म सहस्त्रवेव कुर्वन् हिमगौरैचलाधिप: शिरोभि:।।
वीतजन्मजरसं परं शुचि ब्रह्मग: परमुपैतुमिच्छताम्।
आगमादिव तमोपहादित: संभवन्ति मतयो भवच्छिद:।।

-किरातार्जुन; इन्द्रकीलवर्गनम्

[૧] . કાલિદાસ. ૨. Thomson's ‘Summer ’.

[*] Tennyson's ‘In Memoriam .’

૩૪ અર્જુનના [૧] વાયુરથ અને દાવાનળ

For, while the tired waves, slowly breaking ,
Seem scarce one painful inch to gain ,
Far back, through creek and inlet making ,
Comes silent , flooding in, the main .

- *Quotation* .

एवमुक्त: स भगवान् दशार्हेणार्जुनेन च।
तैजसं रुपमास्थाय दावं दग्धुं प्रचक्रमे।।
सर्वत: परिवार्याथ सप्तार्चिर्ज्वलनस्तथा।
ददाह खाण्डवं दावं युगान्तमिव दर्शयन्।।
तौ रथानाभ्यां रथिश्रेष्ठौ दावस्योभयत: स्थितौ।
दिक्षु सर्वासु भूतानां चक्राते कदनं महत्।।

- મહાભારત —આદિપર્વ

(ઉપરના શ્લોકોમાં કૃષ્ણ અને અર્જુને ખાંડવવનમાં દાવાનળ લગાડી તેમાંનાં ચારે દિશાનાં ભૂતોનો સંહાર કરી અગ્નિને તૃપ્ત કર્યાનું વર્ણન છે.'

नानाश्रान्ताय श्रीरस्तीति रोहित शुश्रुम।
पापो नृषद्वरो जन इन्द्र इश्चरत: सखा।।
पुष्पिण्यौ चरते जड्धे भूष्णुरात्मा फलग्रहि:।
शेरेऽस्य सर्वे पाप्मान; श्रमेण प्रपथे हता:।।
आस्ते भग आसीनस्योर्ध्वस्तिष्ठति तिष्ठत:।
शेते निपद्यमानस्य चराति चरतो भग:।।
कलि: शयानी भवति संजिहानस्तु द्वापर:।
उत्तिष्टंस्त्रेता भवति कृतं संपद्यते चरन्।।

અર્થ: હે રોહિત! એવી શ્રુતિ છે કે જુદી જુદી અનેક રીતોથી શ્રાન્ત થાય તેને માટે શ્રી છે — ફરે તે ચરે! બેસી રહેનાર ને ન ફરનાર લોક પાપી છે. ઇન્દ્ર તો ફરનાર ચરનારનો જ સખા છે. જ્યારે બે પુષ્પિણી જંઘાઓ ચરે છે ત્યારે આત્મા ફલગ્રહી થાય છે. પ્રવાસમાં શ્રમ વડે કરીને એનાં સર્વ

પાપ સૂઈ જાય છે. બેસનારનું ભાગ્ય બેસી જાય છે; ઊઠનારનું ઊઠે છે; સૂનારનું સૂઈ જાય છે; અને ચાલનારનું ભાગ્ય ચાલવા-વધવા-માંડે છે. સૂઈ રહેનાર કલિયુગ થાય છે; બેસનાર દ્વાપર થાય છે; ઊઠનાર ત્રેતા થાય છે. અને ફરનાર ચાલનાર — ઉદ્યોગી લોક કૃતયુગને — સત્યયુગને પામે છે — કૃતયુગરૂપ થાય છે.'

- ઐતરૈય બ્રાહ્મણ: ઇન્દ્રે કરેલો ઉપદેશ

સાધુજનોના પ્રસાદમાં ભળી જઈ સરસ્વતીચંદ્ર સાધુઓ સાથે ચિરંજીવશૃંગના પ્રદેશો જોવા એક દિશામાં ફરવા ગયો, અને કુમુદસુંદરીને લઈ સાધ્વીઓ પણ બીજી દિશામાં ફરવા ગઈ. શૃંગના કોટની બહાર એક નાનું સરખું તળાવ હતું તેની ચારે પાસ આરા હતા. એ આરા ઉપર સરસ્વતીચંદ્ર સર્વની સાથમાં ફરતો હતો તેવામાં શંકાપુરી ને શાન્તિદાસ પણ ત્યાં આવી ચડ્યા. સરસ્વતીચંદ્ર જરાક સૌથી છૂટો પડી ઊભો ત્યાં શંકાપુરી એની પાસે આવી પહોંચ્યો ને ધીમે રહી એના કાનમાં કહેતો હોય તેમ બોલ્યો:

'નવીનચંદ્ર! સાધુનો વેશ લઈ આવાં કામ કરે છે? પણ સરત રાખજે કે પસ્તાવું પડશે. See how you dissipate yourself under this mask !'

એને અંગ્રેજી બોલતો જોઈ અને આવાં વાક્ય ઉચ્ચારતો જોઈ સરસ્વતીચંદ્ર કંઈક ચમક્યો, પણ તરત સ્વસ્થ થઈ બોલ્યો: 'ભાઈ! હું ધારું છું કે સાધુતાનું રહસ્ય તમે જાણશો તેમ તેમ મને ઓળખશો, અને તેમ તેમ આ શબ્દો તમને દુ:ખ કરશે; માટે સંસારની પ્રપંચજાળનાં સ્વપ્ન જોવાનો અભ્યાસ નીચલા દેશમાં પડ્યો છે તે ભૂલી જઈ સુન્દરગિરિના અભ્યાસના સંસ્કાર પામવા જેટલું ધૈર્ય આણો ને તે પછી મારો ન્યાય જે કરવો હોય તે કરજો.

સુરદાસ અને માયાપુરી સાધુઓ આમની પાછળ ઊભા હતા તેમણે આ ચર્ચા સાંભળી ને કંઈક ક્રોધ કરી આગળ આવ્યા ને માયાપુરી શંકાપુરીનો હાથ ઝાલી બોલ્યો: 'ઉત્તમાધિકારી સાધુજનની સાથે રાખવાનો વિનયધર્મ જે સાધુ પાળી શકતો નથી તે સુન્દરગિરિનો પણ અધિકારી નથી અને પુન: આવું વર્તન કરશો તો મણિરાજ મહારાજે આપેલા અધિકારથી ગુરુજી તમને નિમ્ન પ્રદેશમાં મોકલી દે એવી સૂચના મારે કરવી પડશે.'

શંકાપુરી શાંતિદાસને લઈ બોલ્યા વિના ચાલ્યો ગયો અને કોટની બીજી પાસ સાધ્વીઓ હતી ત્યાં જઈ તેમનાથી છેટે એક રસ્તાને છેડે બેસી કુમુદસુંદરી સામે તાકી તાકીને જોવા લાગ્યો. કુમુદસુંદરી જરાક ચમકી ને એને છળતી જોઈ બીજી સાધ્વીઓએ, એની આસપાસ વીંટાઈ વળી, ભક્તિ અને વામનીને શંકાપુરી પાસે મોકલી.

વામની — 'બિન્દુમતીને ત્રાસ દેનાર તમે ખરા કની?'

શંકાપુરી — 'તે પૂછવાનો તમને શો અધિકાર?'

ભક્તિ — 'તમે સંસારમાંથી નવા આવેલા જાણી સાધ્વીઓએ એક વાર તમને ક્ષમા આપી છે. જ્યાં સાધ્વીજનો વિશ્રાંતિ લેવા કે વિહાર કરવા બેઠી કે ફરતી હોય ત્યાં આમ બેસી રહેવું ને દૃષ્ટિને નિરંકુશ રાખવી તે સંસારીઓમાં નિર્દોષ ગણાતું હશે, પણ અમારે ત્યાં અસાધુતા ગણાય છે. માટે તમને પૂછવાનો તો શું પણ અવશ્ય લાગે તો ઊંચકીને આ શિલાઓ ઉપરથી નીચલા પ્રદેશમાં પડો એમ ગબડાવી પાડવાનો પણ અમને અધિકાર છે, તે અધિકાર વાપરવા જેટલી અમારી સંખ્યા અને શારીરિક શક્તિ છે. માટે કૃપા કરી ચાલ્યા જાવ — નહીં તો અમારો પૂર્ણ અધિકાર અમે વાપરીશું.'

શંકાપુરી — 'ક્ષમા કરજો. અમે સહજ બેઠા હતા તે જઈએ છીએ.'

આ બનાવો ગુફામાં જઈ સૌ ભૂલી ગયાં, અને સાયંકાળે સરસ્વતીચંદ્ર પોતાની ગુફામાં છેક ઉપલી અગાશીમાં બેસી ચારે પાસની સુંદર ચિત્ર જેવી સૃષ્ટિને શાંત વૃત્તિથી એક પાસથી જોતો જોતો બેઠો અને પોતાની પાછળ આવી ઊભેલી કુમુદસુંદરીના પગનો ઘસારો આ જોવાની લેહમાં સંભળાયો નહીં. થોડી વારે કુમુદ જ ધીમે રહી બોલી:

'સરસ્વતીચંદ્ર!'

સરસ્વતીચંદ્રે પાછળ જોયું, કુમુદ થોડે છેટે બેઠી, ને બે જણ સૃષ્ટિને જોવા લાગ્યાં. થોડી વારમાં આકાશમાં ચંદ્રબિમ્બ દેખાયું ને અંધકાર વધ્યો તેમ તેમ, પ્રકાશમાં વધવા લાગ્યું. તોપણ દિવસ હજી અસ્ત થયો ન હતો અને ચારે પાસનાં પર્વતનાં શિખરો, આઘેનાં ઝાડો, અને તેથી આઘેની ભૂરેખા, એ સર્વે ઉપરથી રંગ ખસી જતા દેખાતા હતા અને સાટે એકલા આકાર અને છાયાની સૃષ્ટિ દૃષ્ટિમર્યાદામાં ઊપસી આવતી હતી. પક્ષીઓ પૃથ્વીમાં સમાઈ ગયાં લાગ્યાં ને માત્ર છેક ઊંચે કોઈક પક્ષી દેખાતું ન દેખાતું. આ સર્વ સૃષ્ટિ ઉપર ઊંચેથી આવતી ચંદ્રની ચાંદની પથરાતી હતી — બિડાતી હતી. થોડી વારમાં તે બિડાઈ જ ગઈ અને દિવસ દબાઈને બે પડની વચ્ચે થઈને બહાર નીકળી ગયો લાગ્યો. આ શાંતિને પોતે વધારતી હતી કે તોડતી હતી એની સમજણ કોઈને પડે નહીં એવી રીતે આ સર્વ જોતી જોતી કુમુદ બોલી:

'વિવાહવિધિમાં વર કન્યાને કહે છે કે હું આકાશ ને તું પૃથ્વી — તે શાથી? આ મનોરથનું રહસ્ય શું હશે ને વિવાહથી એ મનોરથ કેવી રીતે પુરાતો હશે?'

સરસ્વતીચંદ્ર — 'આકાશ પૃથ્વીનું આચ્છાદન કરે છે ને જળ વર્ષે છે, ને પૃથ્વી તે ધારે છે.'

કુમુદ જરાક અચકી, ને અટકી, કંઈક ઓઠ કરડી, અંતે બોલી: ‘એટલો સ્થૂલ અર્થ જ હશે?’

સરસ્વતીચંદ્ર આ પ્રશ્નથી સજ્જ થયો ને વિચાર કરી બોલવા લાગ્યો: ‘ના સ્તો! આપણાં શાસ્ત્ર પ્રમાણે પૃથ્વીના અંગભૂત સમુદ્રનું પાણી આકાશમાં ચડે છે, ને આકાશ મેઘરૂપ ગર્ભનું ધારણ કરે છે; તે મેઘ પૃથ્વી ઉપર વર્ષે છે ને પૃથ્વી એ વૃષ્ટિના સિંચેલા જળને ગર્ભરૂપે ધરે છે ને તેમાંથી અનેક સમૃદ્ધિઓને રસિક રૂપરંગ આપી પરમ પુરુષના મહાયજ્ઞને સમૃદ્ધ કરે છે; એ જ પ્રમાણે સૂક્ષ્મ અર્થ જોતાં પૃથ્વી જેવી સ્ત્રીના હૃદયના રસ આકાશ જેવા આચ્છાદક પુરુષના હૃદયમાં ચડે છે, ત્યાં ગર્ભરૂપે રહે છે અને ત્યાંથી પાછા સ્ત્રીના હૃદયમાંથી સુવૃષ્ટ થાય છે. સ્ત્રી પણ એ રસથી સગર્ભ થઈ નવીન સમૃદ્ધિઓને જન્મ આપે છે તે દંપતીના યજ્ઞોમાં ઉપયોગી થાય છે. કુમુદસુંદરી! સૂક્ષ્મ રસની પ્રથમ ઉત્પત્તિ જેવી સ્ત્રીના હૃદયમાં છે તેમ એ રસનો લય પણ એ જ હૃદયમાં છે ને ફળદાતા પણ એ જ હૃદય છે. પુરુષ તો માત્ર મધ્યકાળે એ રસનો લેનાર થઈને તેનો જ પાછો આપનાર થાય છે.’

કુમુદસુંદરી — ‘એટલો બધો વિચાર આ ઉપમામાં હશે?’

સરસ્વતીચંદ્ર — ‘એની સાથે જ બીજી ઉપમા છે કે સ્ત્રી તે ઋચ્ છે ને પુરુષ તે સામ છે. ઋક્સંહિતાના સાગરમાંથી સામની ઉત્પત્તિ છે ને સ્થિતિ છે તેવી જ સમુદ્રવાળી પૃથ્વીમાંથી આકાશના મેઘની, ને તેવી જ સ્ત્રીના હૃદયમાંથી પુરુષના હૃદયની ઉત્પત્તિ સ્થિતિ છે.’

કુમુદસુંદરી — ‘જો એટલું હોય તો બીજું આ પણ તેમાં ખરું કે પૃથ્વીના સાગરનું ખારું પાણી આકાશના જ પ્રતાપથી મીઠું થાય છે ને ઋક્સંહિતાના ઉચ્ચાર સામરૂપ પામીને ગાનરૂપ થાય છે. સ્ત્રીહૃદય પણ પુરુષના હૃદયને પામીને અને પુરુષના હૃદયની શક્તિથી જ જીભને ને કાનને માટે મધુર થઈ જતું હોય તો હોય.’

સરસ્વતીચંદ્રે સ્મિત કર્યું: ‘સ્વપ્નનું મંગળસૂત્ર અત્યારે પણ તમારા હૃદયને શક્તિ આપતું દેખાય છે. તમે કહો છો તે પણ સત્ય છે, માટે જ લોકયાત્રામાં પ્રીતિરથના બે અશ્વ પેઠે એક ધુરીએ જોડાયેલાં દંપતીહૃદય રથમાં બેઠેલાં દંપતીજીવનનું વહન કરે છે ને તેમના યજ્ઞ તેમના પરસ્પરબળથી વેગ પામે છે.’

કુમુદસુંદરી — ‘લોકયાત્રાને માટે આવી ધુરીએ જોડાવું તે વિવાહ. એમ જ કે નહીં?’

સરસ્વતીચંદ્ર — ‘એમ જ.’

કુમુદસુંદરી — ‘આપણા દેશમાં તેની અવસ્થા કેવી હશે?’

સરસ્વતીચંદ્ર — ‘આ પ્રશ્ન મારું દુ:ખ તાજું કરે છે. કુમુદસુંદરી! આવી ધુરીઓ આપણા દેશમાં તો પેલા રાફડાઓમાંથી નીકળેલી તેજસ્વી છાયાઓ જેવી જ છે — ને બાકી તો રાફડાઓમાંનાં માટી ને જન્તુ તમે જોયાં.’

કુમુદસુંદરી — ‘આપણે તે રાફડામાંથી મુક્ત થયાં છીએ.’

સરસ્વતીચંદ્ર — ‘આપણાં સૂક્ષ્મ શરીર તમારા જ રસને ધારે છે.’

કુમુદસુંદરી — ‘પણ એ રાફાડઓને સ્થાને તેની પાસેના પ્રકાશમય કુંડ કે તળેના મણિમય માર્ગ શું કોઈ દિવસ પણ નહીં ઉત્પન્ન થાય?’

સરસ્વતીચંદ્ર — ‘ઈશ્વરને શું અશક્ય છે? પણ એ રાફડાઓ પ્રકાશમય થતાં ઘણી વાર ઢીલ થશે ને તેટલામાં પરદેશી પવનથી એ રાફડા સુદ્ધાંત તેમના આધારભૂત ખડકોની શી સ્થિતિ થશે તે કલ્પાતું નથી. પરદેશી અગ્નિરથમાંનાં મનુષ્યોની ત્વરા આગળ આપણાં ક્ષુદ્ર જંતુઓ પહોંચી વળવાનાં નથી ને જ્યારે ચારે પાસથી પવન વાશે ત્યારે સર્વ દોલાયમાન થશે. કુમુદસુંદરી! પાશ્ચાત્ય પવનોના ઝપાટાઓ વચ્ચે આપણા રાફડાઓ ઊભા છે તેના કણેકણ આકાશમાં ઊડશે. એ રાફડાઓની રેતીનાં ઊડતાં વાદળ આ પૃથ્વી પરના અત્યારના અંધકાર પેઠે જામી જશે ને આટલો ચંદ્ર દેખાય છે તે પણ પાછલી રાત્રે અસ્ત થશે.’

કુમુદસુંદરી — ‘આ રાત્રિનો અંધકાર ચંદ્રની ચંદ્રિકાથી ચંપાય છે ને ચંદ્રના અસ્ત પછી થોડી વારે જ સૂર્ય ઉદય પામશે.’

સરસ્વતીચંદ્ર — ‘તમારું મંગળસૂત્ર આજના જાગૃતમાં ઉજ્જૃંભણ પામે છે ને મારા નેત્ર આગળ આપણી અને આકાશની વચ્ચે કંઈ નવાં સત્ત્વ તરતાં ઊડતાં દેખાય છે.’

કુમુદસુંદરી — ‘આ ગુફાઓમાંનાં પૂતળાં જીવતાં થઈ ઊંચે ઊડતાં હોય એમ લાગે છે. મારી આંખો નિદ્રાથી ઘેરાય છે.’

કુમુદ અગાશી વચ્ચે નિદ્રાવશ થઈ ગઈ, સૂઈ ગઈ.

સરસ્વતીચંદ્ર પણ નિદ્રામાં પડ્યો.

ચંદ્રિકા ચળકતા પાણીમાં રમતી હોય તેમ આમનાં શરીર ઉપર રમવા લાગી. આકાશમાં ચંદ્ર ચળકતા રૂના ઢગલા જેવા એક લાંબા વાદળાથી છવાતો હતો. થોડી વારે કોણ જાણે ક્યાંથી થોડું થોડું ચારે પાસ ઝાકળ પડવા લાગ્યું ને કોણ જાણે ક્યાંથી આમનાં મસ્તિકમાં સ્વપ્ન સરવા લાગ્યાં. થોડી વારમાં કુમુદ ઝબકી ઊઠી ને સરસ્વતીચંદ્રને ઉઠાડી કહેવા લાગી:

‘અહીં ઝાકળ પડે છે, આપણે નિદ્રાળુ છીએ, નીચે જઈ સૂઈએ — ચાલો.’

નિદ્રામાં ડોલતો ડોલતો સરસ્વતીચંદ્ર આગળ ચાલ્યો. એને સંભાળતી સંભાળતી કુમુદ પાછળ ચાલી. નીચે જઈ એક ઓટલા ઉપર સરસ્વતીચંદ્ર સૂઈ ગયો ને બીજી પાસને ઓટલે કુમુદ સૂઈ ગઈ. પળવારમાં નિદ્રા આવી તો તેને પગલે સ્વપ્ન પણ આવવા લાગ્યું — બેને એક જ સ્વપ્ન થયું.

સ્વપ્નનો પ્રથમ ચમકારો થયો તેની સાથે સિદ્ધાંગનાઓની પ્રસાદીઓ જાતે પ્રાપ્ત થઈ. તેજોમય વમળના છેડાઓથી બે જણ સંધાયાં, પાંખો પ્રાપ્ત થઈ અને તેની સાથે જ સૌમનસ્યગુફાની અગાશીમાંથી બે જણ ચંદ્રલોક ભણી ઊડવા લાગ્યાં. થોડી વારમાં તેમની અને પૃથ્વીની વચ્ચે ઘણું અંતર પડી ગયું. ઊડ્યાં તેવામાં તો ક્વશ્ચિત્ ઘુવડ અને ક્વચિત્ ચકોર વિના બીજું કોઈ પક્ષી તેમને મળતું ન હતું. ધીમે ધીમે તે સર્વ પણ બંધ થયાં અને માત્ર ચંદ્રના પ્રકાશથી ચળકતાં વાદળાં ચાર પાસ છૂટાંછવાયાં ઊડતાં મળ્યાં. ધીમે ધીમે તે પણ બંધ થઈ ગયાં. નીચેની પૃથ્વી છાયા અને ચંદ્રિકાના સંયોગથી દ્વિરંગી લાગવા લાગી અને ઉપરનું આકાશ ઊંચું જતું દેખાયું ને તારામંડળ પાસે આવતું લાગ્યું.

આવે સ્થાને બે જણ દસે દિશાઓની સુંદરતા જોવા ઊડતાં ઊડતાં અટક્યાં ને અધ્ધર લટક્યાં — ત્યાં તેમની સામે ક્ષત્રિય વેશધારી છાયા આવતી દેખાઈ. મલ્લરાજના ભાયાત સામતરાજની તે મૂર્તિ હતી. સરસ્વતીચંદ્રે તેને ઓળખી ને એ બોલે તે પહેલાં આ છાયા જ બોલી:

‘સરસ્વતીચંદ્ર! મારી રાજભક્તિથી આ દેશ સુધી હું આવ્યો છું પણ સિદ્ધનગરમાં પ્રવેશ પામવાનો અધિકાર સાત્ત્વિક દ્રષ્ટાઓને જ છે ને હું તેવો દ્રષ્ટા થાઉં ત્યાં સુધી આ બાહ્ય દેશમાં ફરું છું. મને જે અધિકાર મૃત્યુ પછી પણ મળ્યો નથી તે તમને આજથી છે તો મારા ઉપર એક કૃપા કરજો. આ મારા પોપટને તમારી જોડે આવવા દેશો તો આવશે. મારી વાસનાઓ ને જિજ્ઞાસાઓ તેને જિહ્વાગ્રે છે ને તમે જ્યાં જશો ત્યાં તે તેના ઉચ્ચાર કરે ત્યારે ત્યારે સાંભળજો ને તેને કોઈ ઉત્તર ન આપે તો તમે આપજો. એની જિહ્વા એ ઉત્તર મને કહી બતાવશે એટલે મારી વાસના શાંત થશે ને જિજ્ઞાસા તૃપ્ત થશે તેની સાથે મારી દૃષ્ટિ સાત્ત્વિક થશે એવો સિદ્ધાદેશ છે.’

સરસ્વતીચંદ્ર — ‘એટલું હું આનંદથી કરીશ. પણ અમે કેણીપાસ જઈએ છીએ તે તમે કહી શકશો?’

સામન્તરાજ — ‘આ સ્થાને પૃથ્વીના વાયુ બંધ થાય છે ને જરીક ચડશો કે સૂર્યમંડળનાં એકલાં આકર્ષણના મહાસાગરમાં તમે જશો. આપણા મૃત્યુલોકનાં ભાગ્યનાં આકર્ષણ કરનાર ચિરંજીવો જ સિદ્ધનગરમાં દર્શન આપે છે તે તમને થોડી વારમાં મળશે. આખી પૃથ્વીનાં મનુષ્યલોકનાં ભાગ્યની દોરીઓ તમે અહીં જોશો ને આપણા દેશની દોરીઓ પણ તમે જોશો.’

આટલું બોલતાંમાં એ છાયા દૃશ્ય થઈને મોટા વાદળા જેવું વાયુવિમાન-બલૂન-દૃષ્ટિએ પડ્યું. એ વિમાનમાંથી અનેક સોનારૂપાની ને અન્ય ધાતુઓની દોરીઓ નીચે લટકતી હતી ને પૃથ્વીના ગોળા ભણી ખેંચાતી હતી. તેમ પૃથ્વીને ખેંચતી હતી આ વિમાનમાંના આસન ઉપર પ્રકાશમય ધનુર્ધર મૂર્તિઓ દેખાતી હતી. તેમનું ધ્યાન તેમની ક્રિયાઓમાં હતું અને તેમની ક્રિયામાત્ર આ દોરીઓ દ્વારા થતી હતી.

સરસ્વતીચંદ્ર — ‘કુમુદ! મલ્લરાજ મહારાજે જે મહાત્મા અર્જુનનો સાક્ષાત્કાર પામી પોતાની રાજવેધશાળા બંધાવી છે તે અર્જુનદેવનું આપણે આ વિમાનમાં દર્શન કરીએ છીએ. તું તેમનું કલ્યાણકારક મુખ તો જો!’

કુમુદસુંદરી — ‘સંસાર એમ જાણે છે કે ગાણ્ડીવધનુનો ધરનાર અસ્ત થયો છે.’

સરસ્વતીચંદ્ર — ‘આપણા દેશમાંથી તે અસ્ત થયો છે પણ સૂર્ય અને ચંદ્ર જેવો જ તે ચિરંજીવ પૃથ્વીની પ્રદક્ષિણા જ કરે છે.’

કુમુદસુંદરી — ‘આજ એમની ચંદ્રિકા કયા ગોલાર્ધમાં સ્ફુરે છે?’

સરસ્વતીચંદ્ર — ‘નીચેની પૃથ્વી જોઈશ તો તે દેખાશે. આ વિમાનમાંથી લટકતી દોરીઓ જે જે પ્રદેશમાં ખેંચાય છે ત્યાં અર્જુનના મુખચંદ્રની ચંદ્રિકા સ્ફુરે છે.’

કુમુદસુંદરી — ‘પૃથ્વી ઉપર એની દોરીઓ ખેંચનાર તો બહુ દેખાય છે. એ ખેંચનાર તે તે મનુષ્યો છે કે ઇતર પ્રાણીઓ છે?’

સરસ્વતીચંદ્ર — ‘તેમની મનુષ્યક્રિયાઓ ને શુદ્ધ રૂપરંગ તો પૃથ્વી ઉપર ઊતરીશું ત્યારે જણાશે, પણ અહીંથી તો વિચિત્ર પ્રાણીઓ જ દેખાય છે. આપણે જે પૃથ્વી દેખીએ છીએ તે પૃથ્વી નથી પણ પિતામહપુરમાં પડેલી પૃથ્વીની ગોળ છાયાઓ છે ને આ વિમાનની દોરીઓ તે પ્રતિબિંબ રૂપ છાયાઓ સુધી જ દેખાય છે ને તે પછી તો ગુરુત્વાકર્ષણ પેઠે જાતે દૃશ્ય સ્વરૂપે અને ફલપરિપાકમાં જ દૃશ્યરૂપે જણાય છે.’

કુમુદસુંદરી — ‘આ દોરીઓ કોણ ખેંચે છે?’

સરસ્વતીચંદ્ર — ‘એક પાસ પૃથ્વીનો પૂર્વ ભાગ છે ને બીજી પાસ પશ્ચિમ ભાગ છે તે બેનાં પ્રાણીઓ જુદાં જુદાં છે તેમાંથી કોઈ ખેંચે છે ને કોઈ નથી ખેંચતાં.’

કુમુદસુંદરી — ‘આ પેલી પાસ કયો પ્રદેશ છે?’

સરસ્વતીચંદ્ર — ‘એ ભૂમધ્યસમુદ્ર પાસેના ગિરિરાજ છે તે અહીંથી પાળો જેવા લાગે છે. તેના પશ્ચિમ તટ ઉપર અર્જુનનો વાયુરથ આજ ચાલે છે. એના પૂર્વ તટ ભણી એ રથની પૂઠ છે.’

કુમુદસુંદરી — ‘પૂર્વ તટે કોણ વસે છે ને પશ્ચિમમાં કોણ વસે છે?’

સરસ્વતીચંદ્ર — ‘આ રથ પ્રથમ એ પાળોના પૂર્વ ભાગમાં ને દક્ષિણ ભાગમાં ચાલતો હતો. હાલ તમે જુઓ છો કે એ પશ્ચિમ તટથા પણ પશ્ચિમમાં જતાં છેક પશ્ચિમે દ્વીપ છે ત્યાં કપિલોક વસે છે ને આ રથનાં સુવર્ણસૂત્ર એ કપિલોક અતિબળથી ખેંચે છે. એની નીચે જે પક્ષિરાજ બીજું સૂત્ર ખેંચે છે તે દિવસે ગરુડ થાય છે ને રાત્રે ચકોર થાય છે. આપણને તે આજ ઉભય રૂપે દેખાય છે તે આ ચિન્તામણિની શક્તિથી, ત્રીજી પાસથી ઉપરનું સૂત્ર પેલો ગજરાજ ખેંચી રહેલો છે ને તેની દક્ષિણે ટૌકા કરતો રસિક મયૂર એક સૂત્ર ખેંચે છે.’

આ વાક્ય નીકળી રહ્યું તેની સાથે સામન્તનો પોપટ ઊડવા ને ગાવા લાગ્યો:

‘હા! હા!’

केकाभिर्नीलकण्ठस्तिरयति वचनं ताण्डवादुच्छिखण्ड:।

कान्तामन्त: प्रमोदादभिसरति मदभ्रान्ततारश्चकोर:।।

गोलाबगुल: कपोलं छुरयति रजसा कौसुमेन प्रियाया:।

कं याचे यत्र तत्राप्यनवसरग्रस्त एवार्थिभाव:।।१।। [१]

કુમુદસુંદરી — ‘આ વૃદ્ધ શુક શું કહે છે, તે કોની વાતો કરે છે અને એને શું જોઈએ છે?’

સરસ્વતીચંદ્ર — ‘આપણા દેશની દેશવત્સલ રાજસી વાસનાઓનું સૂક્ષ્મ જીવન તે આ સિદ્ધનગરનો પુરાણ પોપટ છે. આપણા દેશનો ઉદ્ધાર કેમ થાય તે વિષયનું એ રાત્રિદિવસ રટણ કર્યાં કરે છે. એ વાસનાની તૃપ્તિને માટે એ અર્થી છે ને એ તૃપ્તિને માટે જ યોગ્ય સ્થાને યાચના કરે છે.

આ પોપટ વળી બોલવા લાગ્યો:

‘હું કાંઈ જેની તેની પાસે યાચના કરતો નથી. પણ મારી યાચના સાંભળી તેને સફળ કરવાના અધિકારી પાસે જ જવાનો વિચાર કરું છું. પરંતુ ત્યાં પણ તેમની પોતાની પ્રવૃત્તિને લીધે મારું કોઈ સાંભળે એમ નથી તેથી આ આંખો ઉપર એક વૃક્ષથી બીજે વૃક્ષે આથડું છું. આ પુરાણ પ્રાચીન મયૂર મૂળ કાર્તિકસ્વામીનું વાહન હતું ને રોમના રાજ્યમાં એના ટૌકા થતા હતા ત્યારે અર્જુન ત્યાં મેઘ પેઠે વર્ષતો હતો. કાર્તિકસ્વામી ત્યાંથી ગયા તો પણ મયુરને પાછળ મૂકીને ગયા ને આજ સુધી એ મયૂર ચિરંજીવ

રહ્યો છે. તે ઘડીકમાં પીંછાનો કલાપ કરી નૃત્ય કરે છે ને ઘડીકમાં કલાપને સંકેલી દે છે ને ઘડીકમાં પાડી નાખે છે. હાલમાં તેનો કલાપ ઊઘડે છે, પણ એ મયૂરનામાં પોતાની મયૂરીનું પોતાના જ વૃક્ષ ઉપર રંજન કરવા ઉપરાંત વધારે શક્તિ, વૃત્તિ કે ગતિ કાંઈ જ નથી તેની યાચના કરીને શું કરું? એ દેશના સંસારથી મારા દેશના સંસારે શી સૂચના લેવી? એ મયૂરની પોતાની ગતિ બહુ ઊંચી હવે નથી. તે જાતે રમણીય, સુંદર ને રસિક છે. પણ મારા દેશમાં એના જેવા મયૂર થઈ ગયા છે ને નાશ પણ પામ્યા છે.'

પોપટ આટલું બોલ્યો ત્યાં મયૂરે ઝાલેલા સૂત્રમાંથી સ્વર નીકળવા લાગ્યા:

'મૂર્ખ પોપટ! દેખે તેને માટે સ્થાને સ્થાને ઉપદેશ છે ને વધારે દેખનાર આત્મપરીક્ષકને તો પોતાના જીવનમાં જ ઉપદેશ છે. તારો દેશ મારા દેશ જેવો એક કાળે હશે, પણ તું જોતો નથી કે તારા દેશમાં જે અનેક ખડકો બંધાયા છે ને તેના પર રાફડા બંધાય છે તે તમારાં જન્તુઓને જડ કરી નાખે છે, તેમની ગતિને રોકે છે, તેમની દૃષ્ટિને અંધ કરે છે, તેમના કાનને બધિર કરે છે, ને તેમનાં રસેન્દ્રિયને માટીનાં રસિક કરી મૂકે છે? કયા અધિકારથી આવો દેશ અર્જુનનો પ્રસાદ ઇચ્છે છે? મારા દેશની સ્થિતિમાંથી તારા જેવા વ્યાધિ મેં વેળાસર દૂર કરેલા છે. ઘડીમાં પડી, ઘડીમાં ઊઠી, અસ્તોદયનાં અનેક ચક્રોમાં ફરી હું સજીવ રહ્યો છું ને આજ અર્જુનના વિમાન સાથે ઊડું છું.'

પોપટ બીજી દોરી જોવા લાગ્યો ને કહેવા લાગ્યો: 'આ દોરી ઝાઝી રાખનાર પારીસ નગરના અને તેના દેશના ચકોર! તું દિવસે ગરુડની ગતિ ને શક્તિ ધરાવે છે ને રાત્રે ચકોર થઈ ચંદ્રબિંબ ભણી ઊડે છે! તારામાં બળ અને રસ ઉભય છે. મારા દેશમાં પણ એક કાળે તેવું જ હતું. મારા દેશનો એવો શો દોષ છે કે આ દોરીઓ ઝાલવા જેમ જેમ એ દેશ પ્રયત્ન કરે છે તેમ તેમ હાથમાં આવી ન આવી દોરીઓ સરી પડે છે, હેલારે ચડે છે, ને અમારી પાસે તેનો તંતુ પણ રહેતો નથી?'

ચકોરપક્ષી અર્જુનના રથની દોરી ઝાલી ઊડતું હતું તે ઊભું રહ્યું.

'પૂર્વના પવનના અનુભવી પોપટ! પશ્ચિમની મારી સ્વતંત્ર ઉદાર પ્રજાના ઉચ્ચગ્રાહ રાત્રે ચકોર જેવા થાય છે ને દિવસે ગરુડ જેવા થાય છે. મારી પ્રજાના ભવિષ્યમાં પૃથ્વીની સર્વ પ્રજાઓનું ભવિષ્ય બંધાયેલું — છે એમ હું ગણું છું તે સત્ય હો કે ન — હો પણ અમારી આવી શ્રદ્ધા જ ઉચ્ચાગ્રાહિણી છે ને અર્જુનના રથમાં રત્નજડિત સૂત્રો ઝાલવાની વૃત્તિ અને શક્તિ આપનાર તે એ જ શ્રદ્ધા છે! પૃથ્વીની સર્વ પ્રજાઓ મળી જે સમષ્ટિ થાય છે તે શરીરના ઉત્તમાંગનું મસ્તિક — મગજ — તે અમે છીએ! અમારા સંસ્કારી અભિલાષ અમે સર્વ મનુષ્યજાતિઓમાં વીજળીના તારથી મોકલીશું ને જેની શક્તિ હશે તે તેને ઝીલશે ને સચેતન

થશે. અમે તારા જડ દેશ ઉપર રાજ્ય કરવા ઇચ્છતા નથી, પણ ચંદ્ર જેવા અભિલાષ ભણી ઊડીએ છીએ ને તારા દેશને એ અભિલાષ જોઈતો હોય તો તેનાં સાધન સંપાડવાં એ તારા હાથની વાત છે. પોપટ! મિથ્યાધર્મની અને અવિચારની જાળમાંથી તું જાતે મુક્ત થા ને તારા દેશને મુક્ત કર.'

પોપટ — 'અરે ભૂંડા ચકોર! મેં જાણ્યું કે આ મયૂર મને પોતાના જેવો જાતે કલાપ કરવાનું શીખવશે ને તું તારા સમર્થ ગરુડરૂપ જેવું પ્રજાસત્તાક રૂપ ધારવાની કળા શીખવીશ. તમે બે જણે મારી આશાને નષ્ટ કરી ને ઊલટા મારા દોષ દર્શાવો છો.'

ચકોર — 'મૂર્ખ પોપટ! તારે ગરુડ જેવું થવું હોય તો તારા દોષ પહેલાં જાણી લે — આત્મપરીક્ષક થા. આત્મપરીક્ષક શક્તિ અને આત્મદોષદર્શક દૃષ્ટિ મારાં પ્રિય સાક્ષર બાળકોને હું ધાવણમાં [૧] આપું છું તેમ તું આપ. મારા પ્રજાસત્તાક સ્વરૂપથી તું મોહ પામીશ નહીં. એ સ્વરૂપ તો આ ચંદ્રિકાના પાનને માટે હું ધરું છું અને જ્યારે પરાક્રમ કરવું હોય ત્યારે નેપોલિયનો જેવાઓ જ મને ગરુડનું સ્વરૂપ આપે છે. તારે ગરુડ જેવા થવું હોય તો જે કપિલોક સાથે તું સંધાયો છે તેને ખભે બેસી જા ને તે લઈ જાય ત્યાં જા. રાજા નામના અનેક સામંતોના ચક્રના ચક્રવર્તી ગરુલોકનું સ્વરૂપ તારા કપિલોક ક્યાં ધારતા નથી જે ગરુડનો લોભ તું અન્યત્ર કરે છે? ચંદ્રિકાનું પાન કરવું પ્રિય હોય તો મારા જેવું સ્વરૂપ કર્યા વિના મારા કરતાં વિશે પાન ચંદ્રકાંતની શિલાઓ કરે છે — તેમાં તારે તો માત્ર ચંદ્રિકાનાં સ્થાન જાણવાની આવશ્યકતા છે, મારું સ્વરૂપ પામવાની કંઈ જરૂર નથી.'

પોપટ — 'અમે અસ્ત્રહીન લોક એ ચંદ્રિકાને શું કરવાના હતા?'

ચકોર — 'તું આશ્વાસન પામ. જે લોક અને પ્રાણીઓ આજ અસ્ત્ર ધરે છે તેમનાં અસ્ત્ર જાતે એમના હાથમાંથી ખરી પડશે. એક કાળ એવો આવશે કે જ્યારે સર્વ પૃથ્વીમાં એક શાંત ચંદ્રિકા પ્રકાશશે અને મનુષ્યને હાથે મનુષ્યનું શરીર ક્ષત નહીં થાય. ક્ષત્રતા ક્ષત કરવામાં નથી પણ ક્ષતથી ત્રાણ કરવામાં છે — *क्षतात्किल त्रायत इत्युदग्रः क्षत्रस्य शब्दो भुवनेषु रुढः* — એ તારા દેશનું વાક્ય સર્વ પૃથ્વીમાં સત્ય થશે અને કેવળ સત્ય, અને શાંતિનો યુગ થોડા કાળમાં પ્રવર્તશે — એ મારું ચંદ્રબિંબ અને એ જ મારી ચંદ્રિકા! જો સાંભળ — આ મારું ઝાલેલું અર્જુનરથનું સૂત્ર બોલવા માંડે છે તે સાંભળ.'

એ સૂત્ર કંપવા લાગ્યું ને તેમાંથી શાંત શ્વેત પ્રકાશના અંકુર ફૂટવા લાગ્યા ને તેમાંથી શબ્દોચ્ચાર નીકળવા લાગ્યો.

'In the twentieth century, there will be an extraordinary nation. This nation will be great but its greatness will not prevent it from being free ...In the twentieth century, the country of this nation will be called Europe, and in after

centuries, as it still and ever develops, it will be called Mankind ...Throughout historical times, the world has ever had a city which has been The City. The brain is a nesessity. Nothing can be accomplished without the organ whence come both initiative and will. Acephalous civilization is beyond conception. It is from three cities ; Jerusalem , Athens , Rome , that the modern world has been evolved. They did their work. Of Jerusalem there now remains but a gibbet, Calvary; of Athens a ruin, the Parthenon; of Rome , a phantom, its empire. Are these cities dead, then? No. A broken eggshell does not necesarily imply that the egg has been destroyed; it rather signifies that the bird has come forth from it, and lives. From out of those shells lying younder - Rome , Athens and Jerusalem - the human ideal has sprung and soared. From Rome has come Power; from Athens , Art; from Jerusalem , Freedom; the great, the beautiful, the true ... And they live anew in Paris, which in one way has resuscitated Rome, in another Athens, and in another Jerusalem; for from the cry of Golgotha came the Principle of the Rights of Man. And Paris also had had its crucified; one that has been crucified for eighteen hundred years- its People. But the function of paris has been to spread ideas. Its never-ending duty is to scatter truth over the world, a duty it incessantly deschanges. Paris is a sower, sowing the darkness with sparks of light. It is paris which, without a pause, stirs up the fire of Progress. It casts supersitions and fanaticism, and hatred and folly and prejudice on to this fire, and from the darkness comes a blaze of light ... Moreover, Paris is like the centre of our nervous system; each of its quivers is felt throughout the world ... and, further, it is like a ship sailing on through storms and Whirlpools to unknown Atlantides, and ever to wing the fleet of mankind in its wake. There can be no greater ecstasy than that which comes from the perception of the universal advance, when one hears the echoes of the recedings of tempests, the creaking of the rigging and the panting of the toiling crew, when one feels the straining of the timbers and realises the speed with which, in spite of all, one happily travels onward. Search the whole

world through; it is ever upon the deck of Paris that one may best her the flapping and quivering of the fullspread, invisible sails of human Progress .'*

આ સ્વર બંધ પડ્યો તેની સાથે અર્જુનરથની દોરીઓમાં નવા તેજના ચમકારા થવા લાગ્યા ને તેને વળગી રહી તેને ખેંચનાર ચકોરની પાંખો વધતી વધતી ગરુડના જેવી થવા લાગી. અંતે ચકોર બોલ્યો:

'પોપટ! તું કપિલોકની ભીતિ રાખીશ નહીં. જે કલ્યાણયુગ અમારા સત્ત્વથી સંસારમાં બેસવાનો છે તેના આગમન પહેલાં આ વહી જતાં યુગમાં જાદવાસ્થળી થશે; દીવો હોલાતાં ઝબૂકે, મનુષ્ય મરતોમરતો સન્નિપાત ને ત્રિદોષથી લવવા માંડે; તેમ આ યુદ્ધકાળ ઉન્માદ પામશે ને જગતને કંપાવશે. *We shall then witness War's last agony* + *and war will kill war* * *and the spirit of war* . જ્યારે સંસાર આમ પ્રસવવેદના ભોગવશે ત્યારે નવો યુગ બેસવાનો અને જે સૂત્રો અમે તાણીએ છીએ તે આખી પૃથ્વીનાં મનુષ્યોને ખેંચશે. તે કાળે, પોપટ, તારા દેશનું પણ સર્વના ભેગું કલ્યાણ થશે. એ કલ્યાણ પ્રાપ્ત કરવાને માટે અસ્ત્રની કે શસ્ત્રની આવશ્યકતા નથી, અને બીજાં જે સત્ત્વથી એ કલ્યાણ પ્રાપ્ત કરાય છે તે તારા દેશમાં છે કે નથી તે તારા લોકના ઇતિહાસને પૂછ, તારા લોકનાં મનોરાજ્યને પૂછ, અને તારી નૌકાના સુકાન આગળ બેઠેલા કપિલોકને પૂછ. જેમાં સર્વ મનુષ્યલોકને આશા છે તેમાં પણ તું આશા બાંધી ન શકે તો આ સિદ્ધનગરમાં છેટે તારા દેશના ચિરંજીવો છે તેમને જઈને પૂછ. પણ આત્મપરક્ષાનો ત્યાગ કરી પારકા દોષ જ વિચારવાની મૂર્ખતા ન કરીશ.'

ચકોર પોતાના રજ્જુ ઉપર હીંચકા ખાવા લાગ્યો, ને પોપટે ઉત્તર દીધો નહીં. સરસ્વતીચંદ્ર ને કુમુદ સુવર્ણસૂત્ર ભણી ઊઠ્યા ને એના આમળા ઝાલ્યા તેની સાથે તેનાં ઉપસૂત્ર જુદાં પડી ગયાં. એ ઉપસૂત્રો દહીં વલોવવાના વલોણાની દોરીઓ પેઠે ચારે પાસ ઊડવા લાગ્યાં ને તેના છેડાઓ પૃથ્વીની ચારે પાસના સમુદ્રમાં બોળાવા લાગ્યા. એ સમુદ્ર પોતાના ભવ્ય વિસ્તાર સાથે નીચે અને ચારે પાસ ખળખળ બોલતો પ્રત્યક્ષ થયો ને તેના તરંગો ઊંચા ઊંચા ઊછળવા લાગ્યા ને ચન્દ્રનાં અસંખ્ય પ્રતિબિંબોનાં વક્રીકરણ પામેલાં કિરણથી ચળકવા લાગ્યા. આ કેવળ સમુદ્ર નહીં પણ ક્રમે ક્રમે મહાસાગર જણાયો. થોડીવારમાં એ મહાસાગર પૃથ્વીના પંચમહાસાગરથી ભરેલો દેખાયો.

સરસ્વતીચંદ્ર — 'આ દિવ્ય સ્વપ્નની સહચારિણી પ્રિયા! આ મહાસાગરોનો ઠાઠ તો જો! કેટલા દ્વીપ! કેટલા ખંડ! તરંગોનો ને ખડકોનો તો પાર જ નથી!'

કુમુદસુંદરી — ‘ઓ મારા પ્રિયતમ? આ મહાસાગરો ઉપર ચારે પાસ કપિલોકનાં યૂથનાં યૂથ ચાલે છે! જ્યાં દ્વીપ ત્યાં દિવ્ય શક્તિવાળા વાનરોને જ દેખું છું! આ લોક ઘડીકમાં વાયુને વશ કરે છે તો ઘડીકમાં એનાં મોજાને જ વશ કરે છે ને ત્રીજે સ્થાને અગ્નિને ને આકાશમાંની વીજળીને વશ કરે છે!’

સરસ્વતીચંદ્ર — ‘વરુણ, વાયુ, અગ્નિ અને ઇન્દ્ર સર્વ અર્જુનને સાધનભૂત થયા છે ને અર્જુને તેમના દેશમાં પોતાનો રથ ફેરવેલો છે. કુમુદ! આવા આ રથ જ્યાં ફરે ત્યાં સત્યયુગ સમજવો એવો અર્જુનના પિતા ઇન્દ્રનો ઉપદેશે છે.’ [૧]

પોપટ — ‘પણ બીજા લોકને મૂકી આ કપિલોકમાં આજ કેમ આટલું બળ છે?’

સરસ્વતીચંદ્ર — ‘અર્જુન કપિકેતન છે તેનું બધું રહસ્ય આપણા ચિરંજીવો કહેશે. પણ એ કપિલોક ચરે છે તેથી ઇન્દ્રપુત્ર તેનો પક્ષપાત કરે તે જ સ્વાભાવિક છે. આપણા લોક સૂઈ રહે છે માટે તેમાં કલિયુગ છે અને આ લોક ચરે છે માટે સ્વર્ગનો મહારાજ તેમનો મિત્ર જ છે. *इन्द्र इच्चरत: सखा!* એ ઇન્દ્રનું જ વચન છે. એ ઇન્દ્રનો પુત્ર આવા પ્રવાસ ન કરે તો બીજું કોણ કરે? કુમુદ! ઉત્તમ સ્વપ્નની સહચારિણી પ્રિય કુમુદ! ઇન્દ્રરાજે કહેલા કૃતયુગના તીર ઉપર ચરતાં આ અનેક સત્ત્વોને જોઈ લે. આ મયૂર અને ચકોર કેવલ પક્ષીધર્મથી ઊડે છે ને પેલા છેટેના ઋક્ષ [૨] અને ગજરાજ મહાબળથી ચાલે છે ને તેમના પંજામાં ને પગલાંમાં વિકટ બળ છે ત્યારે આ કપિલોકનાં કમાન જેવાં અસ્થિપંજર ને સ્નાયુઓ તેમને પક્ષીની પેઠે સમુદ્ર ઓળંગવાની શક્તિ આપે છે ને તેમની સ્થિતિસ્થાપકતા તેમને સર્વ ક્લેશને સહન કરવાની શક્તિ આપે છે. આફ્રિકાના તાપને ને હિમાલયના હિમને તેઓ વેઠી શકે છે, ને જ્યાં કૂદે છે ત્યાં રહી શકે છે. કુમુદ! ઋક્ષ અને ગજ જ્યારે પગે ચાલે છે ત્યારે વાનરલોક મોટી મોટી ફાળો ભરે છે ને ઝાડે ઝાડે, પર્વતો ઉપર, રણોમાં ને સમુદ્રો ઉપર કૂદાકૂદ કરી આ ચોખંડ પૃથ્વીમાં તેઓ અર્જુનના રથનાં અસંખ્ય સૂત્રો ખેંચી જાય છે. તું જુએ છે કે આ મહાસાગરમાં જ્યાં જ્યાં નૌકાઓના સઢ ને ધુમાડાના ગોટ ચાલે છે ત્યાં તૂતક ઉપર કે સુકાન ઉપર કે સંચા ઉપર કપિલોક જ હોય છે?’

કુમુદસુંદરી — ‘આ ચિત્રદર્શન હું મહાવિસ્મયથી જોઉં છું. અર્જુનદેવ તેમને બહુ લાડ લડાવે છે.

પોપટ — ‘અર્જુન આટલો પક્ષપાત શા માટે કરે છે?’

‘તારા ચિરંજીવોને પૂછજે.’ આકાશવાણી થઈ.

સરસ્વતીચંદ્ર — ‘આ એમનાં ખેંચેલાં અર્જુનરથનાં સૂત્ર તો જો! તેમાં શી ક્રિયા ચાલે છે?’

કુમુદસુંદરી — ‘આ વાનરોએ એ દોરડાંના તન્તુમાત્રને છૂટા કરી નાખ્યાં છે. અને એના ઝીણામાં ઝીણા તન્તુ તે મારા હાથ જેવા જાડા છે. કોઈ તન્તુમાંથી વિદ્યા વીજળીના ચમકારા પેઠે નીકળે છે તો કોઈમાંથી ધનના ઢગલા વાદળાં પેઠે નીકળે છે. બીજા તન્તુઓની ક્રિયાઓનો પાર નથી. હું જોઉં છું, મોહું છું, પણ વર્ણન કરી શકતી નથી. પેલા ગજ અને ઋક્ષ કોણ છે?’

સરસ્વતીચંદ્ર — ‘ઋક્ષ લોક રશિયાના છે ને પેલો પ્રાચીન ગજ તે જર્મનીના મહારાજ્યનું સ્વરૂપ છે. આ કપિલોકમાં જ્યારે પાંચાલીનું રાજ્ય છે ત્યારે ઋક્ષ અને ગજલોકમાં દુર્યોધનનું રાજ્ય છે.’

કુમુદસુંદરી — ‘એ લોક શું અર્જુનના રથથી ખેંચાતા નથી?’

સરસ્વતીચંદ્ર — ‘એ રથનાં દોરડાં ઝાલવા ને ખેંચવા એમના દુર્યોધન મહાપ્રયત્ન કરે છે, પણ જ્યાં પાંચાલી સુખી નથી ત્યાં અર્જુનના રથની ગતિ ધીમી હોય છે. આ ઋક્ષલોકનાં રીંછની શંખાણી જેવી રીંછડી પાંચાલીની કાંઈ પણ સમૃદ્ધિ પામી નથી. ગજરાજની પાંચાલી હસ્તિની છે ને હસ્તી અને હસ્તિની ઉભયની પ્રીતિ ઝાઝી છે પણ તેની પ્રીતિક્રિયાના સંસ્કાર સંપૂર્ણ નથી.’

કુમુદસુંદરી — ‘શી રીતે?’

સરસ્વતીચંદ્ર — ‘હાથીની સૂંઢમાં જે ક્ષેત્ર છે તેનો જ સ્વર નીકળે છે તે સાંભળો.’

એ સ્વર સંભળાયો:

> ‘ [१] *लीलोत्खातमृणालकाण्डकवलच्छेदेषु संपातिता:।*
>
> *पुष्यत्पुष्करवासितस्य पयसो गण्डूषसंक्रान्तय:।।*
>
> *सेक: सीकरिणा करेण विहित: कामं विरामे पुनर्न*
>
> *स्नेहादनरालबालनलिनीपत्रातपत्रं धृतम्।।’*

સરસ્વતીચંદ્ર — ‘આપણે અહીં બહુ વેળા વીતી ગઈ. આપણા ચિરંજીવોને જોવાને તેટલો વિલંબ થાય છે.’

કુમુદસુંદરી — ‘સત્ય છે — પણ પોપટ કંઈક બોલે છે.’

પોપટ — 'અમેરિકાના અને મહાસાગરો વચ્ચે ઊભેલા દ્વીપોમાંના કપિલોક! તમને મારી વાસના અને જિજ્ઞાસા તૃપ્ત કરવાનો અવકાશ નથી?'

દોરડે દોરડે કપિલોકનાં ટોળાં વળગી પડેલા હતાં તે ગર્જી ઊઠ્યાં:

'England expects every man to do his Duty. Do thou thine !'

પોપટ — 'મારો દેશ ક્યારે મોટી સ્થિતિમાં આવશે? એની જન્મપત્રિકા કરો.'

એક કપિ દોરડે વળગી ચડતો ચડતો ઊંચે આવ્યો ને બોલવા લાગ્યો:

'પોપટ! તને કહ્યું કે તારો ધર્મ જાણ ને તે પ્રમાણે વર્ત એટલે તારા દેશનું કલ્યાણ થશે. ટૂંકી શિખામણ શા માટે સમજતો નથી?'

પોપટ — 'આ ચકોરે લાંબી શિખામણ દઈ પોતાની બડાશો મારી ને અંતે આખી દુનિયામાં જાદવાસ્થળી થવાની બતાવી ને છતાં મારે કરવાનું તો કંઈ ન બતાવ્યું. તમે એક પાસથી લડો છો ને અનેક દેશનાં અનેક પ્રાણીઓ ઉપર અનેક અધર્મ કરો છો ને મને ટૂંકો ધર્મ બતાવો છો તે શું તમારો કપટદંભ નથી?'

વાનર — 'અમે શો અધર્મ કર્યો? અર્જુનના રથને દેશે દેશ ખેંચવો એ અમારો ધર્મ છે ને જે લોક એ રથનાં સૂત્ર જાતે ઝાલતા નથી તેને અમે લલચાવી, બીવડાવી, નખ ભરી એ સૂત્ર ઝાલતાં શીખવીએ છીએ. આમાં અમે અધર્મ જોતા નથી. તમે તમારા દેશમાં જ અર્જુનની ક્રિયાઓ જુઓ. અનેક રાજાઓને અને રાજ્યોને, અનેક ભૂતોને અને સત્ત્વોને વશ કરવામાં તમારા અર્જુને જો અધર્મ કર્યો હોય તો અમે તે કરીએ છીએ ને તેનો માર્ગ જો ધર્મનો હોય તો અમારો પણ ધર્મનો છે. મૂર્ખ પોપટ! જે અર્જુનનો રથ અમે ખેંચીએ છીએ તે અર્જુન તારા જ દેશમાં જન્મેલો છે ને તારો દેશ ભ્રષ્ટ થયો એટલે અર્જુને એનો ત્યાગ કર્યો. એ અર્જુને જ અમારા લોકને પોતાના અધિકારી ગણ્યા છે. તેની નીતિ ક્રિયા તારા દેશમાં બીજરૂપે હતી તેને અમારા લોકની બુદ્ધિએ વૃક્ષનું રૂપ આપ્યું છે, ને તેનાં ફલપુષ્પનો તારા દેશને પણ સ્વાદ અમારો આપ્યો પડવા લાગ્યો છે. છતાં તારા રાફડાઓમાં આ વાયુરથનાં લંગર નાખવા જેટલી ખીલી તેમાં ઠોકીએ તેટલામાં તારો દેશ રોકૂટ કરવા બેસે છે તો તારા દેશના માનેલા ધર્મ તે ધર્મ કે અમારા ધર્મ તે ધર્મ તેનો વિચાર તારા દેશના ચિરંજીવોને પૂછી જોજે.'

સરસ્વતીચંદ્ર — 'કપિરાજ! તમારા લોકમાં બે યૂથ દેખાય છે. તેનો શો વિવેક છે?'

વાનર — 'તમારા દેશના વાલી અને સુગ્રીવના જેવા અમારામાં પણ બે ભેદ છે. અમારા વાલી અને સુગ્રીવ ઉભય અમારી પાંચાલીની અનન્ય સેવા કરે છે પણ એ સેવાના વિધિમાં તમારા શ્રૌત સ્માર્ત વર્ગ જેવા ભેદ છે;

સુગ્રીવપક્ષ સનાતન ધર્મને દિવસે દિવસે વધારે વધારે સંસ્કાર આપી તે પ્રમાણે વર્તવા ઇચ્છે છે; વાલીપક્ષ દેશકાળના ધર્મને અનુકૂળ હોય તેટલો જ સનાતન ધર્મ સ્વીકારે છે. પેલા ચકોર પક્ષીએ જે અભિલાષ બતાવ્યો તેમાં તે પોતાના રાજનગરને ઉત્કર્ષ આપે છે તે બાદ કરશો તો બાકીનો ઉત્કર્ષ સુગ્રીવના અભિલાષનો વિષય છે. હું વાલીપક્ષમાં છું.'

પોપટ — 'વાલી ધર્મની વાર્તા કરે તે કોણ સાંભળે?'

વાનર — 'અમારા અભિલાષ અમારી પાંચાલીના કલ્યાણને માટે બંધાય છે; તમારા દેશના પાંડવો વચ્ચે પાંચાલીની કાલક્રમથી સેવા કરતા ન હતા. અમે બે ભાઈઓ કાલક્રમથી નહીં પણ પાંચાલીની મનોવૃત્તિ પ્રમાણે તેની સેવાનો અધિકાર પામીએ છીએ. સુગ્રીવપક્ષ સેવા કરે છે અમારી પાંચાલીની, પણ તેમનું ચિત્ત સર્વ મનુષ્યજાતિને જ પાંચાલી ગણે છે ને શશશૃંગ જેવા અભિલાષો બાંધી અનેક મૃગતૃષ્ણાઓ પાછળ દોડે છે.

'We believe in the survival of the fittest and labour to be fittest. They believe in their power of making the unfit fit and fail, and by failures fall among the unfit class. Unless the vigorous nation or race can continue, as throughout history, to expand and grow stronger at the expense of the decaying nation or race, the fundamental condition of human advance will not be fulfilled, and a stage of stagnancy, ending in social death, will be substituted for a State of Progress . The only means, revealed to us by past experience, whereby the vigorous people has supplanted the weaker, has been war, without which change and movement must have ceased. Thus viewed, it will be seen that war appears simply a phase in that tremendous and ceaseless process of competition which prevails alike on sea and land-in the ocean-depths, in the paths of the air, in field and forest, throughout insect and animal and vegetable life. The recoil from war, which is felt by so many minds, is only another instance of the eternal contrast between the upward tread of the human spirit and the physical environment by which that spirit is conditioned. But to strive to reach the ideal by a short cut, is not only to fail to attain it, but also actually to postpone its arrival ." [૧]

પોપટ — 'The cat is out of the bag at last. Enough! I can hear or bear no longer. My country has no hope from thee .'

વાનર — 'Nor from thee and thy people, either .'

પોપટ — 'You wish my extinction, then ?'

વાનર — 'It is a not a question of my wish but a matter inevitable in the long run unless you strive to benefit by our Society which I am sure you won't .'

પોપટ — 'Would you struggle then to hasten my extinction - if you believe in my doom as an inevitable result of an inexorable law? Why waste your strength to achieve what is sure to come to you without that waste ?'

વાનર — 'You are a fatalist; I am not .'

પોપટ — 'You would commit a sin because it is destined .'

વાનર — 'I do my duty even when I know the result .'

પોપટ — 'I am undone .'

વાનર — 'I can't help it. It is your own doing .'

આ ઝપાઝપી ચાલે છે એટલામાં એક બીજો વૃદ્ધ વાનર એક બીજા સુવર્ણરજ્જુ ઉપર ચડી આવ્યો ને બોલવા લાગ્યો.

વૃદ્ધ વાનર — 'રંક પોપટ! હું સુગ્રીવ પક્ષનો વૃદ્ધ વાનર તારા આશ્વાસન માટે ઉપર ચડી આવ્યો છું.'

પોપટ — 'બધા ઠગ છો. શું તું અમારા સ્વાર્થ કરતાં તારા સ્વાર્થને ઓછો ગણે એવો છે? અમારા કેટલા બધા દેશી રાજાઓને તમારા લોકે વચન આપી આપી ઠગ્યા છે? કરાર કરી તોડ્યા છે? દિવસે દિવસે પાયમાલ કર્યાં છે? અમારી પ્રજાને કેવી કેવી આશાઓ આપી તોડી છે? કેટલી પ્રતિજ્ઞાઓ મિથ્યા કરી છે?'

વૃદ્ધ વાનર — 'પોપટ! તારી વાસનાનાં તીવ્ર દુ:ખે તને ઘેલો કર્યો છે. એક મનુષ્યના આયુષ્યમાં પણ એવું થાય છે કે ધર્મથી કરેલી પ્રતિજ્ઞાઓનું પાલન ગમે તો અશક્ય થાય છે ને ગમે તો અધર્મ્ય થાય છે; અને તેવી સ્થિતિમાં જ તમારા દેશના કૃષ્ણે પોતાની અને ધર્મરાજાની પ્રતિજ્ઞાઓ મિથ્યા કર્યાના પ્રસંગો આવ્યા કહેવાય છે. તો પછી જીવતાં મનુષ્યોએ મૂએલાં મનુષ્યોએ કરેલી પ્રતિજ્ઞાઓને સર્વથા પાળવી એવો જો તું ધર્મ સમજતો હોય તો તારી ભૂલ છે. તારા કહેવાતા રાજાઓને માટે અમારા લોકે કરેલી પ્રતિજ્ઞાઓનું શાસ્ત્ર આ વાલીપક્ષના હાથમાંના સૂત્રમાંથી નીકળે છે તે સાંભળ.'

એ સૂત્રમાંથી સ્વર નીકળ્યો.

'In truth, there are the seeds of decay in every protectorate, however light is the controlling hand and serious at the cutest is the desire to keep alive native Government. Insensibly goes on an attenuation of authority and a paralysis creeps over the native Administration when a civilized Power, strong and ambitions, daily confronts a weak, apathetic Government, and efficient and honest European officials press reforms on functionaries incapable, dilatory, and corrupt. Insensibily a protectorate approximates to annexation and all the more quickly if the agents of the protecting power are active and capable. Not necessarily from ambition or bad faith, but in obedience to an inexorable law, the weak power becomes weaker, and an education goes on fitting the subject for continued subjection ... Legal forms refuse to lend themselves to the contradictory conditions such as are found arrayed against eachother in conficts between facts and documents, and diplomacy has to recognise facts to see what is really good for the people ." [૧]

વૃદ્ધ વાનર — 'આવે કાળે પ્રતિજ્ઞાઓને વળગી રહેવું એ અહંકાર છે. કોઈને ભોજન આપવાની પ્રતિજ્ઞા કરી હોય ને તે પ્રતિજ્ઞાનું પાલન કરવાથી તેનું મરણ થવાનું લાગે તો તેને મારવાને માટે પ્રતિજ્ઞા પાળવી એવો ધર્મ નથી. અસત્ય વચન ન ઉચ્ચારવું અને સત્ય જ બોલવું એ સનાતન ધર્મ છે પણ પ્રતિજ્ઞા અને સત્ય વચન જુદાજુદા પદાર્થો છે તે તારા ચિરંજીવો તને શીખવશે. આ અર્જુન ધર્મનો સેવક છે પણ ધર્મ કૃષ્ણનો સેવક છે ને કૃષ્ણને જ આ શાસ્ત્રમાં સિદ્ધિ હતી. તે પણ તારા ચિરંજીવોને પૂછજે.'

પોપટ — 'ભલે આ સર્વમાં ધર્મ ન હો, પણ કયો તે ધર્મ છે કે જે તમારો અર્જુન પાળે છે ને પળાવે છે?'

વૃદ્ધ વાનર — 'વાલીના ખેંચેલા તારમાંથી નીકળેલા સ્વર તેં સાંભળ્યા. એ સ્વરનું તારતમ્ય તમારા અર્જુનનાં પરાક્રમથી પણ જોઈ લે.

ખાંડવવનમાં અસંખ્ય ભૂતોને જે દાવાગ્નિએ અર્જુન અને કૃષ્ણનું સાહાય્ય પામી બાળ્યાં હતાં તે જ સર્વ ભૂતનો સંહારક દાવાગ્નિ આ કાળમાં સર્વ સંસારને વીંટી લે છે. સમુદ્રના દેવ વરુણની પાસેથી અગ્નિને પ્રતાપે તમારા અર્જુનને જે રથ અને અસ્ત્ર મળ્યાં હતાં તે જ અમારા અર્જુનને એ જ વરુણ પાસેથી એ જ અગ્નિના પ્રતાપથી મળ્યાં છે અને એવો જ દાવાગ્નિ સર્વ ભૂતોની આસપાસ સળગાવતો એવો જ રથ આ યુગમાં ફરી વળે છે. એ વરુણના આપેલા અને આ મહાસાગરો ઉપર ચાલતા આ

રથની ધ્વજયષ્ટિ ઉપર અમે કપિલોક અમારા સિંહકેતનનને-British Lion ને— લઈ બેસીએ છીએ. [૨] અમારી જોડે એ જ રથને શિરે બીજાં પ્રાણી પણ બેસે છે તે તમે જોયાં ને જોશો. ભાઈ પોપટ! તારામાં ઊડવાની શક્તિ હોય તો ઊડીને આ રથ ઉપર બેસી જા. તારો અમારો અર્જુન જુદો નથી, પણ પ્રવાસે નીકળેલો અર્જુન તારા દેશને છોડીને આણી પાસ આજ ફરે છે ને પંચમહાસાગર અને વચલી પૃથ્વી ઉપર એના વાયુરથનાં ચક્ર જેવાં આ અસંખ્ય સૂત્રો સર્વ દેશના વાતાવરણમાં ફરી વળે છે તેનો ધર્મ હજી વધારે સમજવો હોય તો તારા ચિરંજીવોને પૂછજે. મયૂરે તને કહ્યું તે સત્ય છે, ચકોરે કહેલું તે પણ સત્ય છે, આ વાલીએ કહેલું સત્ય છે, ને હું કહું છું તે પણ સત્ય છે. અમે પાળીએ છીએ તે ધર્મ તારા દેશમાં પ્રવર્તશે તો તું આ રથની ધ્વજયષ્ટિ ઉપર બેસશે ને જો તે તેમ નહિ પ્રવર્તે તો તે અને તું બે જણ અર્જુને પ્રગટાવેલા દાવાગ્નિની જ્વાલાઓમાં ભસ્મ થઈ જશો. તેમાં અમારો દોષ કાઢશો નહીં... અમે તો માત્ર એ રથ દોડે છે તેમ તેને માથે ખેંચાઈએ છીએ ને કલ્લોલ કરીએ છીએ. તારે અમારા આનંદમાં ભાગ લેવો હોય તો મારા કપિલોકને તેટલા માટે જ તારે ત્યાં મોકલ્યા છે-'

આદિ પર્વ, ખાંડવદહનપર્વ, અર્જુનને મળેલા રથનું વર્ણન.

પોપટ — 'તે તમે તે વાલી મોકલ્યા છે કે સુગ્રીવ? તમારે ત્યાં પણ તમે વૃદ્ધ થયા છો ને તમારા કરતાં સંખ્યામાં ને બળમાં વાલીલોક વધી ગયા છે ને તમારો ભાવ કોણ પૂછે છે કે અમારો પૂછશે? માટે જ મારું પ્રથમથી કહેવું છે કે

'कं याचे यंत्र तत्राप्यनवसरग्रस्त एवार्थिभाव:।।'

આટલું બોલતાં બોલતાં પક્ષીના નેત્રમાંથી અશ્રુધારાઓ ચાલી અને નીચેના મહાસાગરમાં ટપકવા લાગી. તેની સાથે વૃદ્ધ વાનર નીચે ઊતરવા લાગ્યો, વાયુરથનાં સૂત્રો પવનના ઝપાટાથી દૂર ખેંચાઈ જઈ દૃશ્ય થઈ ગયાં, અને માત્ર ઉપર વાયુરથનું તળિયું ને નીચે મહાસાગરનો અપાર વિસ્તાર દૃષ્ટિવિષયમાં બાકી રહ્યાં. પોપટની અશ્રુધારાઓ કોઈ વાદળાં પેઠે નીચે વરસવા લાગી, કુમુદ તે જોઈ રોવા જેવી થઈ, ને માત્ર સરસ્વતીચંદ્ર ઘડીક ઊંચે ને ઘડીક નીચે જોઈ રહ્યો. પોપટને અને કુમુદને જોતાં એ પણ દયાર્દ્ર થયો ને કુમુદને છાતીસરસી દાબી તેને, પોપટ સાંભળે એમ કહેવા લાગ્યો:

'કુમુદ! પ્રિય કુમુદ! પ્રસન્ન થા! આપણા દેશ ઉપર ઈશ્વરની કૃપા થશે. પાંડુરાજાએ પાંચ પુત્ર માગ્યા ત્યારે પ્રથમ પુત્ર જે ધર્મ માગ્યો તે જ ધર્મને આ અર્જુન પણ પોતાનો જ્યેષ્ઠ બંધુ ગણે છે. આપણો દેશ દ્રવ્યહીન છે, દુ:ખી છે, ક્લેશી છે, અધર્મી છે, શસ્ત્રહીન છે, પ્રાસહીન છે, પ્રારબ્ધવાદી છતાં પ્રારબ્ધહીન છે, વિદ્યાહીન છે અને તેનો નાશ સમીપ દેખાય છે તેવે કાળે પણ આશાનાં ચિહ્ન જો! આટલે દિવસે જે ધર્મને આ પાશ્ચાત્ય અર્જુને મોટો ભાઈ ગણ્યો છે [૧] તેનો અવતાર આપણા દેશમાં પાંડુરાજાએ

સર્વથી પહેલો માગ્યો છે. એ ધર્મના અવતાર ગઈ કાલ આપણે પિતામહપુરમાં દીઠા. મહારાજ મલ્લરાજની વેધશાળામાં તેનું જ શોધન છે. એ પુણ્ય અવતાર આપણા રાફડાઓમાં થશે ત્યારે આપણે ત્યાં પણ અર્જુનનો રથ આવશે.'

It must be noticed that the conclusion which is here empasized is the same towards which the historian with the methods hither to at his command has been already slowly feeling his way. Said Mr. Lecky recently, speaking of the prosperity of nations and the causes there of as indicated by history , 'Its foundation is laid in pure domestic life, in commercial integrity, in a high standard of moral worth and of public spirit, in simple habits, in courage, uprightness; and a certain soundness and moderation of judgment which springs quite as much from character as from intellect. If you would form a wise judgment of the future of a nation, observe carefully whether these qualities are increasing or decaying ... It is by observing the moral current that you can best cast the horoscope of a nation .'

This is the utterance of the department of knowledge which sooner or later, when its true foundatiosn are perceived, must become the greatest of all the sciences. It is the still small voice which anticipates the verdict which will be pronounced with larger knowledge, and in more emphatic terms, by evolutionary science, when at no distant date it must enable us, as we have never been enabled before , 'to look beyond the smoke and turmoil of our petty quarrels, and to detect, in the slow developments of the past the great permanent forces that are bearing nations onward to improvement or decay .'

The Fuller light in which we are thus able to view the great fundamental problems of society cannot be without a strengthening and steadying influence on character. We see that under all the complex appearances our Western Civilization presents, the central process working itself out in our midst is one which is ever tending to bring for the first time in the history of the race, all the people into the competition of life on a footing of equality of opportunity ...

For in the vast process of change in progress it is always the conditions of social efficiency, and not those which individuals or classes may desire for themselves, that the unseen evolutionary forces at work amongst us are engaged in developing. It is by the standard of social efficiency that we as individuals are ever being rested. It is in this quality of social efficiency that nations and people are being continually, and for the most part unconsciously, pitted against eachother in the complex rivalry of life. And it is those sections of the race where, for the time being, this quality obtains the highest development, that we have present all the conditions favourable to success and ascendancy .

- " Social Evolution ', by Benjamin Kidd .

કુમુદ સરસ્વતીચંદ્રની છાતીએ જ વળગી રહી બોલવા લાગી: 'ઓ મારા પ્રિયતમ આશ્વાસક! મને તેની કાંઈ આશા પડતી નથી. ધર્મનો અવતાર આપણા દેશમાં થાય, તે પછી અર્જુનનો થાય, ને તેટલામાં જે યુગ વહી જશે તેટલામાં તો આ દાવાગ્નિની જ્વાળાઓ એમાં ફરી વળશે ને આ પોપટ, હું અને તમે સર્વ તેમાં સપડાઈ જઈશું! ઈશ્વર અનાથનો નાથ કહેવાય છે ને રંકનો બેલી કહેવાય છે એ શાસ્ત્ર અને તેની સાથે આપણી સર્વ આશાઓ આ જ્વાળાઓનાં ભયંકર મુખમાં હોમાઈ જશે! મરવા પછી વરવાની આશા જેવી આ આશા ખોટી છે! *दैवं दुर्बलघातकम्।।* '

સરસ્વતીચંદ્ર — 'કુમુદ! તું શા માટે ગભરાય છે? આ પોપટને મન એમ વસેલું છે કે આવા સાધારણ ધર્મના પાલનથી દેશનું શું કલ્યાણ થવાનું હતું? એ પોપટ ક્ષત્રિય છે. ક્ષત્રિય સત્તાના મહાસાગરનાં મોજાંની ગતિ જુએ છે, ને તેમાં આપણા દેશની દીનતા જોઈને નિરાશ થાય છે. પણ તું મને ભેટે છે ને તારું મંગળસૂત્ર મારા મુદ્રામણિ સાથે ઘસાય છે તેના પ્રતાપથી થતું આ નવું જ દર્શન થાય છે તે જો. આ આપણી પાંખો હવે ઊડે છે ને આપણને જુદા દેશમાં આણે છે. આપણા હિમાચલ ગિરિરાજના શિખર ઉપર આપણે જઈએ છીએ. જો તો ખરી! અર્જુનના વિમાનની દોરીઓ દશે દિશાથી ખેંચતાં પ્રાણીઓ ઉત્તર પ્રદેશમાં છેટે પૂર્વ મહાસાગર પાસે કોલાહલ કરી મૂકે છે ને આ કચ્ચરઘાણ વળી રહ્યો છે તે કાનને બહેરા કરી મૂકે છે. આ ગિરિરાજ નીચે દક્ષિણમાં આપણા દેશની સુંદર વાડી ખીલી રહી છે ને લોક દેખતા નથી પણ કપિલોકની ચતુરતા પેલી દોરીઓને વાળ જેવી વણી મૂકી આખી વાડીના કૂવાઓને માથે જાળ પેઠે ભેરવે છે ને તેનું ફળ થોડા કાળમાં કંઈ અદ્ભુત જ થશે. પેલા મયૂરનાથી વધારે કલાપ આપણા દેશે કર્યા છે પણ તે જોનારી આપણા દેશની પાંચાલી મૂર્છાવશ થઈને સૂતી છે ને આ મયૂરના કલાપ ભૂતકાળના સ્વપ્ન જેવા થઈ ગયા છે

— પણ તું જો કે પેલા કપિલોક જ એ કલાપ જોવાના રસિક થાય છે! આપણી પાંચાલીનું આરોગ્ય અને શરીરસૌન્દર્ય આપણા સાત્ત્વિક દ્રષ્ટાઓને નાગલોક જોતા ને રચતા હતા અને તે કાળે પણ આપણો કલાપી કલાપ કરતો હતો! ચકોરના અભિલાષ પાર પડે કે ન પડે, પણ તું જોતો ખરી કે પેલા રાફડાઓ વચ્ચે થઈને નીકળેલો આપણી ગીર્વાણ સરસ્વતીના પ્રકાશનો બંબો અર્જુનના દાવાનળમાંથી આપણને રક્ષે છે ને અર્જુનના પક્ષમાં આપણને લેવાનો અભિલાષી થાય છે; એટલું જ નહીં પણ કપિલોકનું અને આપણા આર્યોનું આર્યત્વ અને બન્ધુત્વ એ બંબામાંથી નીકળી કપિલોકને તો શું પણ પેલા મયૂરને અને ચકોરને પણ છાંટે છે! ચકોરને ચંદ્રદર્શન છેટેથી થાય છે. પણ આપણે ત્યાં તો બુદ્ધ ભગવાન ચંદ્રલોકમાં જાતે ગયા છે ને તેમની સાથે પચાસ કોટી મનુષ્યોને ચંદ્રયોગ થયો છે. આપણા આવા દેશનાં બાલક ચંદ્રલોક પામશે. ક્ષત્રિય યુગનો નાશ પરશુરામે કર્યો, જાદવાસ્થલીથી થયો, તેમ આ ચકોર પણ આ કાલમાં સનાતન ધર્મને બળે આવા યુગનો નાશ દેખે છે તેમાં તું અસંભવિત શું જુએ છે? જો! જો! સર્વ પૃથ્વીના લોકો બ્રાહ્મણ થઈ જશે ને આપણા બ્રાહ્મણો શૂદ્ર થયા છે તે પણ બ્રાહ્મણ થશે. શૂદ્ર ને મ્લેચ્છ સર્વ લોક એક બ્રહ્મરંગની શાંતિમાં રંગાશે. સર્વત્ર અલખ લખ થશે. જો! જો! કપિલોકના પરસ્પર કોલાહલ આપણને બહેરા કરી મૂકે છે, કપિલોકે આપણાં શસ્ત્ર લઈ લીધાં છે, આપણા ધનસંગ્રહ તેમના તેજમાં તણાય છે, આપણાં અનેક રત્ન તેમની દોડાદોડમાં ચંપાઈ જાય છે ને ધૂળધાણી થાય છે, આપણાં અન્નમાં તેઓ ભાગ પડાવે છે! પણ આ સર્વની સાથે કપિરાજે તને વચન કહ્યાં તેથી સમજ કે આપણો ને તેમનો અર્જુન મૂળ એક છે — એ અર્જુન ધર્મરાજનો ભાઈ છે — તેમને તેમ આપણે *यतो धर्मस्ततो जय* :ની જ સિદ્ધિ માન્ય છે. આટલું આટલું છતાં આપણે અર્જુને આ ખાંડવવનમાં સળગાવેલા દાવાગ્નિમાં સપડાઈશું તો તે કોનો દોષ? કપિલોકનો? તેમનામાં વાલી ને સુગ્રીવ ઉભય છે ત્યારે આપણામાં હાલ તો રાફડાઓ જ છે, તેમાંનાં જંતુઓ ક્ષુદ્ર અશક્ત ને જડ છે, ને આપણી પ્રકાશમયી મૂર્તિઓ છે તે આ મલિન રાફડાઓમાં દટાઈ ગઈ છે! આપણે તેને કાઢીશું! કુમુદ! તારા મારા હૃદયોનું અદ્વૈત આપણા રાફડાઓમાંનાં રત્નોને ધૂળથી છૂટાં કરી સંસ્કારી કરશે ને તેમના વધતા પ્રકાશથી આ રાફડાઓની માટી ઓગળી જશે ને તેને સ્થાને તારા આ સ્પર્શમણિ જેવા અનેક સ્પર્શમણિના પર્વત આ દેશના ધરતીકંપને અંતે ઊભા થશે. કુમુદ! કુમુદ! આપણી આંખોથી આ પાસેનાં ખ-જેવાં-આકાશ જેવાં-સુખદુ:ખ એકલાં દેખાય છે તે જોવાં મૂકી દે, તેમનાં મોજાં ગણવાનો વ્યર્થ શ્રમ છોડી દે, અને તારા સ્પર્શમણિની સત્તાથી પેલા વિશાળ આકાશની પણ ઉપરના આકાશમાં વસતી આકાશગંગાનાં રત્ન જોવા માંડ ને આપણા દેશના ચિરંજીવોના તપોવનરૂપ કુરુક્ષેત્રમાં — ચાલ! — આપણે ત્યાં ફરી લઈએ! વીતી વેળા ફરી નહીં આવે! આજ દ્યૌ હું છું — તું પૃથ્વી છે.'

‘અખંડ રહો આ, અખંડ રહો આ, આપણી માઝમ રાત!’

---

[૧] . પ્રકરણ ૧૧ થી આ પ્રકરણનો બોધ થશે.

[૧] . માલતીમાધવ

[૧] . In M. Zola's case it has always been his purpose to expose the ovils from which society, suffers, in the hope of directing attention to them and thereby hastenig a remedy, and thus, in the course of his works, he could not do otherwise than drag the whole frightful mass of human villainy and degradation into the full light of day .

B.A. Vizetalli's Preface to his translation of zola's ' Paris '.

[*] Victor Hugo + Zola

[૧] . આ પ્રકરણને મથાળે મૂકેલા ઐતરેય બ્રાહ્મણના શ્લોક.

[૨] . ઋક્ષ=રીંછ (રશિયાના મહારાજ્યની સંજ્ઞા ‘રીંછ’ છે.)

[૧] . માલતીમાધવ.

[૧] . From the ‘Nineteenth Century.’ Feb. 1899, p. 222 .

[૧] . “The Nineteenth Century’ for Dec. 1898, p. 912 .

[૨] . *तापनीया सुरुचिरा ध्वजथष्टिरनुतमा।*
तस्या तु वानरो दिव्य: सिंहसार्दूलकेतन:।
दिधक्षन्निव तत्र स्म संस्थितो मूर्ध्न्यशोभत।।
ध्वजे भूतानि तत्रासन् विविधनि महान्ति च।
तन्नादैरिपुसैन्यानां श्रुत्वा संज्ञा प्रणश्यति।। महाभारत

[૧] . In like manner it is such as humanity, strenth, and uprightness of character, and devoition to the immediate calls of duty without thought of brilliant ends and ideal results which have largely contributed to render English rule in India successful when similar experiments else where have been disatrous. It is to the exercise of qualities of this class that we must also chiefly attribute the success which has so far attended the political experiment of extraordinary defficulty which England has under taken in Egypt. And it is upon just the name qualities, and not upon any ideal schemes for solving the social problem, that we must depend to carry us safely through the social revolution which will be upon us in the twentieth century, and which will put to the most severe test which it has yet had to endure, the social efficiency of the various sections of the Westerm people .

પ્રકરણ ૩૫ [૧]
કુરુક્ષેત્રના ચિરંજીવો અને ભારતવર્ષનું ભવિષ્ય

Such is the aspect of this shore ;
"Tis Greece, but living greece no more !
So coldl sweet, so deadly fair ,
We start, for soul is wanting there .
Here is the loveliness of death
But beauty with that fearful bloom ,
That hue which haunts it to the tomb ,
Expression's last receding ray ,
A gilded halo hovering round decay .
The farewell beam of feeling past away !
Spark of that flame, perchance of heavenly birth
Which gleams, but warms no more its cherish'd earth !

****

Approach thou craven crouching slave !

****

These scenes, their story not unknown ,
Arise and make again your own ;
Snatch from the ashes of your sires ,
The embers of the former fires !

- Byron ' s Giaour

And thou Delhi, whom I am looking down upon from the top of a minaret! Delhi, the barbarous, the cultivated, the heroic! What do I see? A fortress, a mosque, a plain! A fortress where through centuries of glorious deeds or fearful crimes, dark plots and secret tragedies, the great figures of thine Emperors have retained uninterrupted power. A mosque-the Great Mosque-Jumma Musjid, the majestic symbol of the crescent whose conquests thou, less favoured than Viena, wert unable to arrest. A plain watered with blood, the scene of struggles which have more than once decided the fate of millions of human beings. That is what thou wert. This is what thou art now-a broken mirror reflecting the destinies of India. x x x x x x

'But it is not the contingency of Russian aggression that would disturb me, if I were an Englishman. The internal policy to be pursued in India is the subject that would absorb my attention. I confess that certain ideas which enjoy great favour in certain quarters would give me food for reflection, and none more than the scheme of welding into a single nation the diverse races which inhabit *the peninsula, of creating a new nation, and of creating her in the image of the English* . x x x British rule is firmly seated in India; England has only one enemy to fear - *herself* .

— Through the British Empire :
by Baron Von Hubner, formerly austrian
Ambassador in Paris and Rome

'In their national life the Indians have exhibited down to our days their long-practised and often-tied courage of patience ... With this they have retained a costly possession, that inclination towards the highest intellectual attainments which runs through their whole history. This treasure is still vigorous in the hearts of the best Indians, and appears the more certainly to promise a brighter future as the government which now controls the nation has come to an earnest though late resolution to rule with the help of the Indians for the good of the people, while the intellectual

force and cultivation of their western tribesmen are disclosing themselves more clearly to the eager activity of eminent Hindus .

— Prof Max Duncker's Ancient History of India '.

translated from the German by E. Abbott .

'To the Aryans I give the world !' So ran the prophecy of an ancient Hindu seer, and on this prophecy, which history attests, Herr Arnoldson builds his theory as to the fulfilment of the Hope of the Ages — the World's Peace. x x the Aryans were homed together once x x x x x The Utopia of Vcitor Hugo's vision x x x x means no more, no less, than the tardy reunion of the Aryan family divided now against itself .

— Review of Reviews, 15th July 1901, P. 92 .

अथ धृतराष्ट्र उवाच।

धर्मक्षेत्रे कुरुक्षेत्रे समवेता युयुत्सवः।

मामकाः पाण्डवाश्चैव किमकुवत सञ्जय।

- महाभारत, भीष्मपर्व

સ્વપ્નનાં સરસ્વતીચંદ્ર, કુમુદ અને પોપટ ઊડ્યાં, તે છેક કુરુક્ષેત્રની સામેના હિમાલયના શિખર ઉપર આવી તેનાથી પણ ઊંચે લટક્યાં. તેની પાછળનો મધ્ય એશિયાનો ભાગ, તિબેટ, તાતાર ને ચીન ત્યાંથી દૃષ્ટિએ પડતાં હતાં અને તેમાં દૂર દૃષ્ટિમર્યાદામાં રીંછનાં ઝુંડ ઊભાં થઈ પાછલા પગ ઉપર ચાલતાં દેખાયાં. તેમાંથી કોઈક પૂર્વ સમુદ્ર ભણી જતાં હતાં ને કોઈક હિમાલય ભણી આવતાં હતાં. બીજાં પણ અનેક પશુઓ પૂર્વ, પશ્ચિમ, ઉત્તરમાં દોડાદોડ કરી મૂકતાં હતાં અને માત્ર રીંછને દેખી આઘાંપાછાં થઈ જતાં હતાં. પશ્ચિમમાં પર્વતોની ખીણોમાં અનેક વરુ ટોળાંબંધ ફરતાં હતાં, તેમના ભણી પૂંઠ કરી આપણાં સ્વપ્નચારી પાત્રો દક્ષિણ દિશા ભણી દૃષ્ટિ કરી ઊભાં, તો નીચે ત્રિકોણાકાર ભારતવર્ષ ને તેની ત્રણે પાસ મહાસાગરની છોળો ઊછળતી દેખાઈ ને એ છોળોના પછાડાની ગર્જના છેક આમના કાનના પડદા સાથે અથડાવા લાગી. આ સર્વ જોવામાં તેઓ રોકાયાં છે તેવામાં પોતે ઊભેલાં હતાં તે તટની નીચે પાસેથી જ સ્વર સંભળાયો ને તેનો પ્રથમ અક્ષર કાનમાં આવતાં બે જણ કાન માંડી સાંભળવા લાગ્યાં ને સ્વરનું મૂળ આંખ વડે શોધવા લાગ્યાં. સ્વર સ્પષ્ટ હતો.

उत्फुल्लार्जुनसर्जवासितवहत्पाश्चात्यझंझामरुत्-

प्रेङ्खोलस्खलितेन्द्रनीलसकलास्निग्धाम्बुदश्रेणयः।

धारासिक्तवसुन्धरासुरभयः प्राप्तास्त एतेऽधुना

धर्माम्मोविगमागमव्यतिकरश्रीवाहिणो वासराः।।' [१]

સરસ્વતીચંદ્ર — 'કુમુદ! આ જોયું છેટે કુરુક્ષેત્ર? ત્યાંથી આ ધીરગંભીર સ્વર આવે છે.'

કુમુદસુંદરી — 'આપણી પેઠે પૃથ્વીનો સ્પર્શ કર્યા વિના એના ઉપર દૃષ્ટિ રાખી જોતી જોતી આ કોઈ દિવ્ય છાયા છે.'

સરસ્વતીચંદ્ર — 'આ મારો ચિન્તામણિ એ છાયાનું પ્રતિબિંબ ધારે છે ને અત્યાર સુધી અદૃષ્ટપૂર્વ હતી એવી કોઈ સુંદરતા એ મણિમાં પ્રત્યક્ષ થાય છે.'

કુમુદસુંદરી — 'હા, હું પણ આપણા અદ્વૈતથી જોઉં છું.'

સરસ્વતીચંદ્ર — 'એ તો ભગવાન પરશુરામ પોતે જ! વિષ્ણુના સર્વ અવતાર પોતપોતાનો યુગનો ઉદ્ધાર કરી સ્વધામમાં ગયા ત્યારે આટલો અવતાર સર્વ યુગમાં આ દેશનો ઉદ્ધાર કરવા ચિરંજીવ રહેલો છે. રામાવતારમાં શ્રી રામે આ અવતારનું તેજ શાંત કરી, પોતાનું તેજ પ્રગટ કર્યું ત્યારથી આ શાંત જ્યોતિ પુરુષરૂપે પૃથ્વીનો ત્યાગ કરી પૃથ્વીના વાતાવરણમાં આ દેશના શિર ઉપર પોષક મેઘ પેઠે ફર્યાં કરે છે. રાત્રે રાત્રે આ કુરુક્ષેત્રના ઉપરના ભાગમાં આવી વાસો કરે છે ને આ દેશની અને આ ક્ષેત્રની ચિન્તા કર્યાં કરે છે.'

કુમુદસુંદરી — 'એમણે કરેલા ઉદ્ધાર સમજાયા નહીં.'

સરસ્વતીચંદ્ર — 'અનેક યુગોના ચિરંજીવ આ અવતારની એકેકી ઘડીમાં આપણાં વર્ષોનો સમાસ થાય છે. બ્રાહ્મ તપમાં વિઘ્નકર થતાં સહસ્રાર્જુન જેવો મર્દનીય પણ સંસારના કલ્યાણને અર્થે અન્ય પ્રસંગે કૃષ્ણાવતારમાં પ્રિય ગણેલો અને હવે પરિપાક પામી ઉત્ફુલ્લ થતો અર્જુનદેવ અર્જુનવૃક્ષ પેઠે ચારે પાસ પોતાના વાસથી સંસારને સુવાસિત કરી રહ્યો છે તે સુવાસને સંસારમાં પ્રસારતો પશ્ચિમનો પવન આ નીચેના પ્રદેશમાં વેગથી વાઈ રહ્યો છે. મહાસાગરોમાંથી ઉત્પન્ન થમેલી સમૃદ્ધ મેઘમાળાઓને આ પવન આ દેશમાં આણે છે ને વરસાવે છે, તેની ધારાઓથી પૃથ્વીની સુગંધ ઊંચે ઊડે છે, અને મનુષ્યોનાં શરીરો ઘડીમાં પરિસ્વેદ-પરસેવા-થી નહાય છે ને અકળાય છે ને ઘડીમાં પવનના ઝપાટાથી પરસેવાને સુકાતો અનુભવે છે. આ દેશનાં મનુષ્યોમાં કલ્યાણકારક સુખદુ:ખના આવા વારાફેરા થતા પરશુરામજી અત્યારે પ્રત્યક્ષ કરે છે અને કુરુક્ષેત્ર ઉપરની મેઘમાળાઓ વચ્ચે પોતાના આશ્રમમાં ફેરા ફરે છે, તેમની આ ગંભીર વાણી આપણે સાંભળી.'

કુમુદસુંદરી — 'આ કુરુક્ષેત્ર એમને શાથી આટલું પ્રિય છે?'

સરસ્વતીચંદ્ર — 'આ એમના આશ્રમ નીચે જે વિશાળ મેદાન દેખાય છે તેને આપણા લોક હાલ પાણીપતનું મેદાન કહે છે. એ જ સ્થાન પ્રાચીન કાળમાં કુરુક્ષેત્ર નામે પ્રસિદ્ધ હતું. કુમુદ! જ્યારે જ્યારે આપણા દેશના ક્ષત્રિયોના ભાગ્ય અને દુર્ભાગ્યનાં બીજ રોપવાને ક્ષત્રિયો અને ક્ષત્રિયોના પ્રતિભટોનાં મહાભારત જેવાં યુદ્ધો થયાં છે ત્યારે આ રણક્ષેત્રમાં તે યુદ્ધોનો ટૂંકો પણ ભયંકર અને છેલ્લો નિર્ણય થયો છે. પાંડવો અને કૌરવોનાં પ્રચંડ યુદ્ધ અઢાર દિવસ સુધી આ સ્થાને થયાં. લાખો શૂરવીરોનાં ધડ એ જંગમાં પડ્યાં અને મહાભારતના સ્ત્રી પર્વમાં એ અસંખ્ય શૂરવીરો પ્રેતરૂપે દેખાયા વર્ણવેલા છે. બીજી વાર ઉત્તર દેશમાંથી બાબર બાદશાહે આવી આ દેશમાંના મહારાજ ઈબ્રાહિમ લોદી સાથે મહાયુદ્ધ કર્યું તે પણ આ જ રણક્ષેત્રમાં થયું અને ચાળીસ હજાર વીરોનાં મડદાં આ સ્થાને રોળાયાં છે. આ મરનારાઓની ભૂતાવળો ઘણા કાળ સુધી આ સ્થાનના યાત્રાળુને કારમી ચીસો પાડી ચમકાવતી હતી. [૧] અકબર બાદશાહના બહેરામખાને હેમુને હરાવ્યો તે પણ આ સ્થાને. પેશવાઓની મૂછનો વાળ સદાશિવરાવ ભાઉ પણ આ સ્થાને જ રણજંગમાં રોળાયો ને બે લાખ યોદ્ધાઓ એની સાથે લોહીની રેલોમાં દટાયા! આ ભયંકર પણ સિદ્ધ રણક્ષેત્ર પાસેનાં પ્રાચીન હસ્તિનાપુર અને અર્વાચીન દિલ્હીના ચક્રવર્તી મહારાજાના દિવ્ય વૈભવ આ યુદ્ધોમાંનાં લોહીની સિન્ધુ જેવી મહાનદીઓને તળિયે હજી સુધી દેખાય છે! ક્ષત્રિયોના સંહારના આ ક્ષેત્રમાં, પોતાના કૃષ્ણાવતારના પ્રિયસખા અર્જુનની શરવૃષ્ટિઓના આ વિજયસ્થાનમાં, ચિરંજીવ ભગવાન પરશુરામ આટલી પ્રીતિથી રાત્રે રાત્રે વાસો કરે તેમાં શી નવાઈ છે?'

કુમુદસુંદરી —'એમના આશ્રમ નીચે કયાં સત્ત્વ ફરતાં દેખાય છે?'

સરસ્વતીચંદ્ર — 'સૂર્યબિંબનાં કિરણ જેમ ચારે દિશાનાં સત્ત્વોને પ્રકાશિત કરે છે તેમ આ આશ્રમનો પ્રભાવ એની નીચે ચારે પાસના પ્રદેશમાં જણાય છે. એની નીચે તો આવું કુરુક્ષેત્ર છે જ પણ એ ક્ષેત્રની એક પાસ સિન્ધુ સુધી ને બીજી પાસ ગંગા સુધીના પ્રદેશમાં આ ચિરંજીવ મહાત્માની છાયામાં કુરુક્ષેત્રના બીજા અનેક ચિરંજીવો હજી સુધી વસે છે. પૂર્વમાં આપણે જોયેલા પિતામહપુર નીચે ગંગાનો પ્રદેશ છે ને ગંગાના પાણીમાંથી પેલો તેજરાશિ દેખાય છે તે ભીષ્મપિતામહના હજી સુધી ચિરંજીવ રહેલા ગંગામાં સૂતેલા શરીરમાંથી નીકળે છે. એમની આસપાસ શેષનાગ ચિરંજીવ થઈને એમનું સમાધિસ્થ દશાને વશ થયેલું શરીર જાળવી રાખે છે. વચ્ચે પેલો ધૂમકેતુ જેવો દેખાય છે તે ચિરંજીવ ગાંડો અશ્વત્થામાં આખા દેશમાં — હિમાલયથી કન્યાકુમારી સુધી — દોડાદોડ કરી રહેલો છે. તે અત્યારે અત્યારે કુરુક્ષેત્રમાં આવે છે ને કોઈ દિવસ ડાહ્યો થાય છે તો કોઈ દિવસ ઉશ્કેરાય છે ને કોઈ દિવસ વળી અનેક પશ્ચાત્તાપથી તપ્ત થઈ માટે સ્વરે રુએ છે.'

પાંડવોએ હિમાલયમાં થઈ ત્રિવિષ્ટપમાં સ્વર્ગારોહણ કર્યું અને ત્યાંથી મેરુપર્વત ઓળંગી ઉત્તરમાં ગયા છે. પારસી દેશમાં, યવન દેશમાં અને બીજા અનેક દેશોમાં તેઓએ ફર્યાં કર્યું છે ને પાંચાલીની લક્ષ્મી પણ તેમની જોડે છાયા પેઠે ગઈ છે. પણ એ જ દેવીનો આ દેશમાં અવતાર હજી ચિરંજીવ છે તેની છાયા ગાન્ધર્વનગરીની છાયા પેઠે આ ક્ષેત્રના શિરોભાગમાં પ્રતિબિંબત થાય છે. તે કાળે ત્રિવિષ્ટપમાંથી અહીં આવવાના માર્ગ સુધી પાંડવોની છાયા પણ જ્યાં હોય છે ત્યાંથી અહીં સુધી પથરાતી આવે છે. તે કાળે સર્વ ચિરંજીવો આ પાંચાલીની આસપાસ તેનાં દર્શન કરવા આવે છે. એ કાળે વાનપ્રસ્થ દશામાં આ દેશમાં ચિરંજીવિની થયેલ કુંતી પાંચાલીની છાયા પાસે આવી બેસે છે. પાંચાલીની છાયા નીચે છેક પૃથ્વી પર કુરુક્ષેત્રમાં અર્જુનનો રથ ચાલતો હતો ત્યાં આજ એવા જ રથનું છત્ર બનાવતો અને બાંધતો ચિરંજીવ હનુમાન ઊભો છે. આ સર્વ ચિરંજીવોને આપણે થોડી વારમાં પ્રત્યક્ષ કરીશું.'

કુમુદસુંદરી — 'આપણે પ્રથમ કોને મળીશું? આપણે શું કંઈ બૂમાબૂમ જેવું સંભળાય છે?'

સરસ્વતીચંદ્ર — 'અશ્વત્થામા રડે છે ને પરશુરામ એક પાસથી તેને જોઈ રહે છે ને બીજી પાસથી ક્રૌંચરન્ધ્ર ભણી દૃષ્ટિ કરે છે ને તેમના શરીરમાંથી અગ્નિના તણખા નીકળે છે. વળી પેલી પાસ ભીષ્મપિતામહની સ્થિતિ જોઈ ઓઠે રામ આંગળી મૂકે છે. પાંચાલીની છાયા જુએ છે ત્યારે દયાથી અશ્રુપાત કરે છે ને ઉપાય શોધે છે. કુંતીને દેખે છે ત્યારે તેને આશ્વાસન આપે છે. પાંડવોની છાયાઓને દેખે છે ત્યારે કંઈક સંજ્ઞાઓ કરે છે, ને હનુમાનને દેખે છે ત્યારે પાસે જઈ કંઈક વાતો કરે છે.'

કુમુદસુંદરી — 'પાંડવોની છાયા કેણી પાસથી આવે છે?'

સરસ્વતીચંદ્ર — 'કૌંચરન્ધ્ર ભણીથી તેઓ ગયા છે ને એમની છાયાઓ ફરતી ફરતી પશ્ચિમ સમુદ્રમાં વાદળાં પેઠે ભમે છે ને કુરુક્ષેત્ર ઉપર ઉપરનાં વાદળાંઓ ભેગી એ છાયાઓ આવતી દેખાય છે.'

કુમુદસુંદરી — 'આપણે પિતામહ પાસે પ્રથમ ચાલો.'

સરસ્વતીચંદ્ર — 'આ પાંખો અભિલાષની સિદ્ધિ અભિલાષની સાથે જ આપે છે. જો આપણે ઊડીએ છીએ. ગંગાના મૂળ આગળ આવ્યાં.'

આ સ્થાને ગંગાનો પ્રવાહ ઝીણો ઝીણો હિમાલયના એક છિદ્રમાંથી નીકળતો હતો. એક લાંબી રેખા જેવી એ નદી દેખાતી હતી. ઉપર પહાડી ઝાડોની ઘટા હતી ને તેમાંથી ચંદ્રાનાં કિરણ નદીના પાણીમાં ટપકતાં હોય તેમ ચળકતાં હતાં. આ સ્થાને પેલા છિદ્ર આગળ સરસ્વતીચંદ્રનો પાવડો જરીક અડક્યો ને છિદ્ર ઉપરની શિલાઓ ખસી ગઈ. તેની સાથે ગુપ્તગંગા પ્રકટ થઈ. પેલા છિદ્રને સ્થાને મોટો કુંડ દેખાયો. તેમાંથી મહાનદી મહાસ્વર કરી નીકળતી હતી અને તેની વચ્ચોવચ શેષનાગ પિતામહના શરીરની ચારેપાસે પોતાનું શરીર વીંટી ફણાનું તેમના શરીર ઉપર છત્ર ધરી બેઠો હતો. તેમના દિવ્ય પ્રચંડ શરીરમાં ઘણા યુગ ઉપર અર્જુને મારેલાં બાણ ખૂંપી ગયાં હતાં તેના બહાર રહી ગયેલા પાછલા ભાગ હજી દેખાતા હતા ને તેમની નીચે પણ શરશય્યા જ હતી. એમનું શરીર ઘણા યુગથી ક્ષુધાથી સુકાઈ ગયું હતું અને અચેતન જેવું લાગતું હતું, પણ ગંગાનો એક ઝરો તેમના મુખમાં નિરંતર વહ્યાં કરતો હતો તેના પાનથી એમનું શરીર

અમૃતમય થઈ ગયું હતું. શરીરની નસો, અસ્થિ, અને અન્ય સર્વ શારીરિક તત્ત્વો પારદર્શક રત્નોના વાસણમાં રાખેલા ચિત્ર પેઠે દેખાતાં હતાં, અને તેમાં ડૂબેલાં બાણ સોનાની ખીલીઓ જેવાં દેખાતાં હતાં. વચલા રત્નની આસપાસની સુવર્ણમુદ્રા પેઠે વીંટાયેલા નાગની સહસ્ત્ર ફણાઓ ઉપર ડોલી રહી હતી.

છેક નાગનાં મુખો આગળ આવી સિદ્ધનગરનું અતિથિજોડું ઊભું ને નાગ કંઈક ચમક્યો.

નાગ — 'માનવીઓ, કેમ અહીં આવ્યાં છો?'

સરસ્વતીચંદ્ર — 'પિતામહનાં દર્શન કરવાની વાસનાથી. અમે તેમનું પુર અને તેના કુંડમાં રહેલા ચમત્કાર જોયા ને તે પછી એમનાં પોતાનાં દર્શન કરવા ઇચ્છીએ છીએ. તમે શા માટે અહીં કેટલા કાળથી એમને વીંટી વળ્યા છો?'

નાગ— 'જ્યારથી પાંડવોએ આ દેશ છોડ્યો ત્યારથી પિતામહ અહીં છે. તમે રાફડાઓ નીચે વડવાઈઓને બઝેલાં નાગ દીઠા છે તેમનો હું આદિ પુરુષ છું. જે કારણથી તેઓ વડવાઈઓને બાઝી રહ્યા છે તે જ કારણથી હું પિતામહનું આમ રક્ષણ કરું છું. કારણ જે ગંગામાં હું વસું છું તેની મને આવી આજ્ઞા છે.'

સરસ્વતીચંદ્ર — 'પિતામહનું રક્ષણ કોનાથી કરો છો?'

નાગ — 'તમે થોડે છેટે અશ્વત્થામાને જોશો. એ બ્રાહ્મણ શ્રીકૃષ્ણના શાપથી ઉન્માદદશા ભોગવે છે ને તમે જે રાફડાઓ જોયા તે આ બ્રાહ્મણની જ કરેલી અવ્યવસ્થાઓનું પરિણામ છે.

પોપટ બોલી ઊઠ્યો: 'સત્ય કહ્યું, નાગરાજ, સત્ય કહ્યું. બ્રાહ્મણબુદ્ધિએ જ આ દેશમાંથી પાંડવોને કાઢ્યા છે.'

નાગ — 'હું પણ બ્રાહ્મણ જ છું. તારી બુદ્ધિમાં જે આ બ્રાહ્મણબુદ્ધિનો તિરસ્કાર સ્ફુરે છે તે પણ અશ્વત્થામાને જ પ્રતાપે. પિતામહની છાયામાં ને એમના યુગમાં બ્રાહ્મણો અને ક્ષત્રિયો એક યજ્ઞમાં પરસ્પર સહાયભૂત થતા ને એ શરશય્યા પર પડ્યા એટલે ગાંડા અશ્વત્થામાએ આ રાફડાનાં જાળાં બાંધી દીધાં-ને-પોપટ! તારી બુદ્ધિ પણ એ રાફડાના અધિકારીએ જ બાંધી દીધેલી છે. હું તને આ પવિત્ર ગંગાજળ છાંટું છું તેથી તારા બંધ છૂટી જશે.'

ગંગાનું પાણી ઊછળવા લાગ્યું ને સર્વને તેના પવિત્ર જલના છાંટા ઊડ્યા.

સરસ્વતીચંદ્ર — 'તમે અશ્વત્થામાને શરીરે આ પવિત્ર જળનો અભિષેક કેમ કરતા નથી?'

નાગ — 'હડકાયેલા સત્ત્વને પાણી જોયાથી જે અસર થાય ને પિશાચગૃહીત સત્ત્વને અડદ છાંટ્યાથી જે અસર થાય તે અસર આ ગંગાજળથી આ ઉન્માદ દશાવાળા ચિરંજીવને થાય એમ છે. આ બ્રાહ્મણનો અને તેની સાથે આ દેશનો ઉદ્ધાર તેનો અવધિ આવ્યે થશે.'

સરસ્વતીચંદ્ર — 'એ બ્રાહ્મણમાં ને ઋષિમુનિઓમાં શો ફેર છે? એ શા માટે ગાંડો થયો છે? તમે કહો છો તે અવધિ ક્યારે આવશે?'

નાગ — 'આજકાલ આ રાફડાઓમાં બ્રાહ્મણજાતિને માથે તમારાં સર્વ દુ:ખોને માટે આરોપ મુકાતો સાંભળું છું. તે આરોપકતા એકદેશીય જ્ઞાનને લીધે છે. ક્ષત્રિયો ધર્મ ચૂકે તે જેટલું નિન્દ્ય ગણાતું તેટલું જ બ્રાહ્મણ પોતાનો ધર્મ ચૂકે તે ગણાતું. કુરુક્ષેત્રમાં પ્રથમ આર્યલોક હતા, પછી મ્લેચ્છલોક આવ્યા, અને હવે પાછા આર્યલોક આવ્યા છે.'

પોપટ — 'શું હવેના કપિલોક આર્યો છે?'

નાગ — 'હા, આ ત્રણે જણના યુગમાં એકલા બ્રાહ્મણો તો શું પણ સર્વ અન્ય વર્ણોમાં જે જે સુવ્યવસ્થાઓ રચાય છે તે સ્વધર્મસ્થ બ્રાહ્મણોથી જ રચાય છે. એ બ્રાહ્મણો મ્લેચ્છોમાં પણ અવતરે છે ને રાક્ષસોમાં પણ અવતરે છે. તેમના બ્રાહ્મણાવતરા ને તેમની બ્રાહ્મણબુદ્ધિની સિદ્ધિ અને પરિણતિ જોનાર ઓળખી શકે છે. તે જ રીતે સાધુજનોમાં દુષ્ટજનનો અવતાર પણ તેની બુદ્ધિથી અને વાસનાથી ઓળખાઈ આવે છે. [1] શૂદ્ર મહારાજાઓમાં અશોક જેવા અવતાર ક્ષત્રિયરૂપે બ્રાહ્મણના જ થયા છે; મ્લેચ્છ મહારાજાઓમાં અકબરશાહ જેવા અવતાર પણ એવા જ થયા છે; કપિલોકમાં પણ એવા જ અવતાર થયા છે, થાય છે, ને થશે. તમે જે ચકોરની વાણી સાંભળી તે પણ બ્રાહ્મણનો અવતાર છે. પક્ષી! તું ક્ષત્રિયનો અવતાર છે ને અશ્વત્થામા બ્રાહ્મણના દોષ અંશનો અવતાર છે. એ દુષ્ટ બ્રાહ્મણે પરશુરામ જેવાઓના સુદૃષ્ટાંતમાંથી કુદૃષ્ટાંતનો બોધ લીધો. ધર્મસ્થ ક્ષત્રિયોનો નાશ કરવા આ બ્રાહ્મણ અને તેના પિતા વિધર્મસ્થ થઈ યુદ્ધ કરવા નીકળ્યા. પણ દ્રોણ મહાત્માએ જ્યારે માત્ર ધર્મયુદ્ધ જ કર્યું ત્યારે આ દુષ્ટ બ્રાહ્મણે અધર્મહત્યાઓ જ કરી, સૂતેલા નિદ્રાવશ શત્રુઓને હણ્યા, ઉત્તરાના ગર્ભને હણ્યો, રાત્રિએ વિમાર્ગગામી થઈ આ કૃત્ય કર્યું, બ્રહ્માસ્ત્રને દુષ્ટ કાર્યમાં યોજ્યું, અંતે અભિમાનથી શ્રીકૃષ્ણનું ચક્ર લેવાની પણ વાસના રાખી. અહંકાર અને મમતા એ આસુરી સંપત્તિનાં બીજ છે તે આ બ્રાહ્મણમાં ઉજ્જૃમ્ભણ પામ્યાં અને પાંડવોઓ સમાપ્તિ પર આણેલા ધર્મવિજયનું કલ્યાણફળ નિષ્ફળ કરવા આ બ્રાહ્મણરૂપ અસુરે માયિક પ્રપંચ આરંભ્યા. અર્જુન અને કૃષ્ણ પરમાત્મા જેવાઓને આનો નાશ કરવો કઠણ ન હતો. પણ અનેક પરિપાકના સંઘરૂપ સંસારની વ્યવસ્થા જાણનાર આ બે મહાત્માઓએ એને જીવતો મૂક્યો ને શ્રીકૃષ્ણે તેનાં જે જે પાપ તેને મોઢે ગણી બતાવી શાપ દીધો તે શાપમાં એના મૃત્યુ કરતાં એની ચિરંજીવિતા વધારે શાપસાધક ગણી. આ દુષ્ટે બાળકોનો અને ગર્ભનો નાશ કર્યો તેટલા માટે જ શ્રીકૃષ્ણે શાપ દીધો હતો તે શબ્દો આ કુરુક્ષેત્રમાં રાત્રે સંભળાય છે — તે સાંભળો.'

રાત્રિને આ પ્રસંગે શ્રીકૃષણ શાપના શબ્દ [2] કુરુક્ષેત્રનાં કોતરોમાંથી સંભળાવા લાગ્યા અને તેના નાદના પ્રતિધ્વનિ છેક ક્રૌંચરન્ધ્ર સુધી થવા લાગ્યાં.

'દુષ્ટ બ્રાહ્મણ! સર્વ મનીષી લોક તને કાપુરુષ ગણી ઓળખે છે! અનેક વાર પાપ કર્મના કરનાર! બાલજીવિતના ઘાતક! તું હવે તારા પાપકર્મનું ફલ સાંભળ! ત્રણ સહસ્ત્ર વર્ષો સુધી આ પૃથ્વી ઉપર તું ચિરંજીવી થઈ ભૂતપ્રેતના જેવો

સંચાર કરતો ફર્યાં કરીશ. કદી કોઈની જોડે કાંઈ ઓળખાણ તું પામવાનો નથી. નિર્જન દેશોમાં જ્યાં કોઈની જોડે બોલવાનું નહીં હોય ત્યાં સાહાય્ય વિના તું ભટકીશ. જનપદમાં તારી સ્થિતિ નહીં થાય! પર્વતોમાં ને અરણ્યોમાં, સર્વ વ્યાધિઓથી પીડા પામતો પામતો, લોહી અને પરુથી દુર્ગન્ધ મારતો, તું આ સંસારમાં ભટકજે! અને જે ગર્ભનો તેં ઘાત કરેલો છે તે ગર્ભે મારા તપના બળથી હું પુનર્જાવન આપીશ ને તે ગર્ભ — તારી સર્વ આશાઓને ધ્વસ્થ કરી — આ દેશમાં જ્ઞાન પામશે, અસ્ત્રસિદ્ધિ પામશે ને દીર્ઘકાળ રાજ્ય કરશે! ને તે સર્વ જોતો જોતો તું બળ્યાં કરજે!'

આ શાપનો ઉચ્ચાર શાંત થયો તેની સાથે ચારે પાસથી બીજા નાદ સંભળાવા લાગ્યા. છેક કાનપુરનાં સ્મશાનોમાંથી મરેલી સ્ત્રીઓની અને મરેલાં બાળકોની કારમી મરણચીસો સંભળાવા લાગી અને સર્વનાં કાળજામાં વાગવા લાગી.

નાગ — 'પોપટ! અશ્વત્થામાએ જે ઘોર કર્મ કૃષ્ણાવતારમાં કર્યું હતું તે પેલા કૃષ્ણપુરમાં — કાનપુરમાં — બીજા બ્રાહ્મણનામધારી અશ્વત્થામાએ આ યુગમાં કર્યું છે તેનાં મારેલાં સ્ત્રીબાલસમુદાયની આ ચીસો સાંભળ. એ જ અશ્વત્થામા કૃષ્ણાવતાર પછી અનેક વેળાએ આમ પોતાનું સ્વરૂપ આ સ્થાનમાં પ્રગટ કરે છે ને આ યુગના અશ્વત્થામાને પણ પુરાણ અશ્વત્થામા પેઠે ભટકવું પડ્યું છે કે નહીં તે શોધી લેજે! આ કુરુક્ષેત્રમાં અશ્વત્થામા આ રીતે ઘડીક બ્રાહ્મણ થયો છે તો ઘડીક મુસલમાન થયો છે ને બાકીનો કાળ આર્યદેશના પેલા રાફડાઓ રચવામાં ગાળે છે, બ્રહ્મબંધુઓનાં મગજમાં પેસી ધૂણે છે, ક્ષત્રિયોને વ્યસની કરે છે, વૈશ્યો પાસે ખોટાં ગણિત ને ખોટા વ્યાપાર કરાવે છે, ને શૂરોને ભીખ માગતા ને ચોરી કરતા કરે છે. આ દેશનાં મનુષ્યોને તે એકબીજા સાથે હળીમળી ખાવાપીવા દેતો નથી. કોઈ પરણે કે મરે કે ગમે તે કાંઈ નવું થાય એટલે તેનાં સગાંવહાલાંનાં મગજમાં ભરાય છે ને તેમનાં ધન અનેક જડ માર્ગે તેમને જ હાથે માટીમાં ઢોળાવી દે છે ને કમાનારને કપાળે ફરી કમાવાનો પરસેવો જ રાખે છે. પોપટ! અશ્વત્થામા બાળકોને દંપતી બનાવી એક-શય્યામાં સુવાડે છે ને તેમનાં શરીરનો નાશ કરે છે. જેનામાં બળ હોય તેને મસ્ત કરે છે. જેનામાં વિદ્યા હોય તેને લોભી કરે છે. આ તો મેં દૃષ્ટાંત કહ્યાં. પિતામહે તો શાંતિપર્વમાં અને અનુશાસન પર્વમાં કેવા કેવા ધર્મ કહેલા છે? એ સર્વ વ્યવહાર આ ઘેલો થયેલો અશ્વત્થામા જ્યાં જ્યાં ફરે છે ત્યાંથી ધ્વસ્ત કરે છે. એ અશ્વત્થામા હવે બ્રાહ્મણ નથી. ઘડીમાં તે જનોઈ પહેરી રાખે છે ને ઘડીકમાં તોડી નાંખે છે ને વળી પહેરે છે. ઘડીમાં તે શૂદ્ર થાય છે ને ઘડીમાં મ્લેચ્છ થાય છે. સ્ત્રીઓની અને બાળકોની, ધનની ને ધર્મની વિદ્યાની અને કળાની, મનની અને તનની, ગૃહસંસારની ને રાજ્યોની, બ્રાહ્મણોની અને ક્ષત્રિયોની, કળાની ને શક્તિની, અવ્યવસ્થાને આ ગાંડો દિવસે દિવસે છાનોમાનો અનેક વેશોથી વધારતો જ જાય છે અને પોતાના સર્વ વ્યાધિઓમાં આર્યદેશને ભાગિયો કરીને જ રાજી થતો એકલો એકલો નાચે છે ને કૂદે છે! અને કાળે કાળે આખા દેશનાં ભાગ્યનાં બીજ રોપવાના આ ક્ષેત્રમાં આવી કંઈ કંઈ નીચ કર્મ કરે છે, દુષ્ટ બીજ વાવે છે, ને ફાવે છે ત્યારે પ્રકટ પણ થાય છે. જ્યાં સુધી એ ગાંડો ભમ્યાં કરે છે ત્યાં સુધી હું ગંગામૈયાના પવિત્ર જળમાં રહી પિતામહનું રક્ષણ કર્યાં કરું છું. ક્યાં પિતામહની ભવ્ય સૃષ્ટિ અને ક્યાં આ ગાંડાના રાફડાઓ! ક્યાં સૂક્ષ્મ અને મહાન અનુભવની વ્યવસ્થા અને ક્યાં ઘેલછાની કલ્પનાએ રચેલા ધુમાડાના ગોટા જેવા વહેમની, અને શુદ્ર ગતિવાળા અંધ જન્તુઓએ પાડેલા ચીલાઓથી પડેલી રૂઢિઓની, અવ્યવસ્થા! એ ગાંડો અહીં આવે છે ત્યાંથી મારે મારી હજારો ફણાઓ માંડી સજ્જ થવું પડે છે.'

પોપટ — 'એ રાફડાઓને કોઈ તોડી પાડે કે બાળી નાખે તો?'

નાગ — 'એ રાફડાઓ અસંખ્ય જંતુઓથી ભરેલા તેમના માળાઓ જેવા છે, તેમના મધપૂડાઓ જેવા છે. તેનો નાશ કરવો એ શિવશક્તિનું કામ છે. મનુષ્ય તેનો સહસા નાશ કરશે તો એ રાફડા જેટલી વ્યવસ્થા પણ નહીં રહે અને સર્વ જન્તુઓના સંસાર ક્લેશમય થશે. પોપટ! એ રાફડાઓને એક પાસથી કપિલોક ધીમે તાપે શેકે છે ને બીજી પાપથી અશ્વત્થામાનું આયુષ્ય પૂરું થતું જાય છે તે વ્યવસ્થા કલ્યાણકારક છે.'

પોપટ — 'આ અવ્યવસ્થા આજ સુધી વધારનાર તો આ બ્રાહ્મણ જ!'

નાગ — 'ના, ના. મેં કહ્યું કે અશ્વત્થામા તો પૂર્વ અવતારથી આસુરી સંપત્તિવાળો છે. પૂર્વ જન્મનો એ અસુર બ્રાહ્મણકુળમાં જન્મી અનેક વેશે ફરે છે. શુદ્ધ બ્રાહ્મણો તો મારા જેવા નાગકુળમાં જ છે — તેને આ માનવીઓએ જોયા છે. અમે સર્વ સત્ત્વોમાં સર્વ ભૂતોનો એક જ આત્મા પ્રત્યક્ષ કરીએ છીએ, પણ વ્યવહારમાં માતાએ પુત્રની બાલ્યાવસ્થામાં વ્યવસ્થા રાખવાની છે તે પ્રમાણે આ લોકમાં અમે જન્મ્યા માટે તેની વ્યવસ્થા રચીએ છીએ.

સરસ્વતીચંદ્ર — 'તમારી વ્યવસ્થામાં ને પિતામહની વ્યવસ્થામાં શા ફેર છે?'

નાગ — 'આર્ય ઋષિમુનિઓના અને રાજાપ્રજાઓના સૂક્ષ્મ અનુભવો વડે પિતામહનું આ દિવ્યશરીર ઘણાં વર્ષોના બ્રહ્મચર્યથી બંધાઈ સમૃદ્ધ થયેલું છે. સ્વર્ગમાંથી આવેલી દિવ્ય બુદ્ધિગંગાથી એમનો જન્મ છે, પૃથ્વીના અનુભવથી એમનું આયુષ્ય ભરાયું છે. અમુક શાસ્ત્ર અમુક વર્ગના જ અનુભવથી બંધાય છે. ગંગાનાં શતમુખ જેવા શતમુખ અનુભવથી ભીષ્મપિતામહે વ્યવસ્થાનો ક્ષીરસાગર ભર્યો છે તેમાં સર્વ શાસ્ત્રની નદીઓનાં પાણી ભળેલાં છે. અમે નાગલોક આ નદીઓ જેવા છીએ; ગંગાપુત્ર સાગર જેવા છે. એ સાગર ઉપર બંધાયેલી મેઘજાળથી અમારી નદીઓ પુષ્ટ થાય છે. સાધારણ ભૂતસંઘને માટે નદીઓ છે; પણ સર્વ કૂવાનાં, વાવોનાં, સરોવરનાં અને નદીઓનાં મૂળમાં વહેનાર અનન્તસલિલનો ઝરો તો મનુષ્યની સંસ્કારી બુદ્ધિરૂપે ગુપ્તગંગા-પાતાળગંગા-ને રૂપે જ પ્રવાહ પામે છે ને પિતામહ એ ગંગામાંથી પ્રગટ થયા છે. જ્યારે અશ્વત્થામાનું આયુષ્ય સમાપ્ત થશે ત્યારે અર્જુન આ દેશમાં ગાણ્ડીવ ધનુષ્યનો ટંકાર કરશે. પિતામહના શરીરમાં રોપાયેલાં આ અર્જુનનાં બાણ એ ટંકારથી જાગૃત થશે — સજીવ થશે. પણ સજીવ થતાંમાં જ આ બાણ પિતામહના શરીરમાંથી પાછાં છૂટશે ને રાફડાઓમાં થઈને જ પોતાનો ઊર્ધ્વ માર્ગ કરશે અને રાફડાઓને વીંધી નાંખી આરપાર નીકળી જતાં જતાં એ રાફડાઓને સ્થાને નવી રચના કરશે. એ બાણ તે કાળે અર્જુનના ભાથારૂપ સ્વયોનિને પાછાં પ્રાપ્ત કરશે તે પિતામહનું શરીર આ દેશમાં નવા યૌવનથી ઊભું થશે, ઉપરના પોતાના પુરમાં સંચાર કરશે, અને તમે ત્યાં જે જે પદાર્થ જોયા છે તે તે નવું શુદ્ધ સમર્થરૂપ ધરશે. જે કૌરવોની સેવાના ધર્મથી એમને અર્જુનના પ્રતિરથી થવું પડ્યું હતું તે કૌરવોની છેલ્લી છાયા અશ્વત્થામાના આયુષ્ય સાથે આ દેશમાંથી સમાપ્ત થઈ નિવૃત્ત થશે ને

પિતામહ કેવળ પાંડવોની જ ચિન્તા કરશે. માનવીઓ! પિતામહ પાસે ધર્મરાજ પણ બાળક છે ને ધર્મરાજાને ધર્મનો ઉપદેશ પિતામહ પાસેથી પ્રાપ્ત થયેલો છે. આજના તમારા દેશકાળમાં અશ્વત્થામા, જાતે જ ધર્મરાજાના અને ધર્મના અસંખ્ય વેશધારી ભમે છે ને લોકસંઘને ભમાવે છે. એ અશ્વત્થામાનું આયુષ્ય સમાપ્ત થશે ત્યારે જ શુદ્ધ સનાતન ધર્મ અને તેનો પિતામહ તમારા લોકસંઘને પોતાના પ્રકાશમય સંસ્કારોથી દ્વિજત્વ આપશે, ત્યારે જ વ્યાસનારાયણ જેવા યોગદર્શી સર્વભૂતાત્મક બ્રાહ્મણો આ દેશને પોતાના ચરણસ્પર્શનો અને ઉપદેશનો અધિકારી ગણશે, ત્યારે જ આ દેશમાં સત્યયુગ પાછો આવશે! નિરાશ થયેલાં માનવીઓ! તમારી આશાઓનાં બીજ આ સિદ્ધ ક્ષેત્રમાં જ છે; તે બીજને સફળ કરવાની કળા આ ગંગામાં સ્નાન કરી પામો.'

શેષનાગ બોલતો બંધ પડ્યો ને તેની સાથે આ બે જણની પાંખોએ તેમને ઊંચક્યા ને ગંગામાં સ્નાન કરાવી બહાર કાઢ્યાં, ને પાણીમાં ડૂબકી મારતી વેળા મીંચાયેલી આંખો ઊઘડી ત્યાર પહેલાં તો એ પાંખોએ એમને વાયુના વેગથી બીજે સ્થાને લીધાં ને આ દેખાવ દૃશ્ય થયો. આંખો મીંચાઈ ને ઊઘડી તેના વચગાળાની વેળામાં એમના કાનમાં ચીસો, ગાન અને રો-પીટના સ્વર પેઠા ને આંખો ઊઘડ્યા પછી પણ બંધ ન પડ્યા પણ વધ્યા. પરંતુ આંખ આગળ તો માત્ર ચન્દ્રિકાને ચાદર પેઠે ઓઢી સૂતેલા મેદાન વિના બીજું કાંઈ દેખાયું નહીં. એ સ્વરો વચ્ચે આ શૂન્ય ચન્દ્રપ્રકાશિત મેદાનમાં એમની પાંખો એમને વાયુના વેગથી ધક્કેલવા લાગી — ધક્કેલવા લાગી કહેવાનું કારણ એ કે એમનાં હૃદય આ સ્વરોથી એક દિશામાં ખેંચાતાં હતાં ને શરીરને બીજી દિશામાં આ ઝાડ કે પહાડ કે અન્ય પદાર્થથી શૂન્ય દેખાતા મેદાન ઉપર પાંખો લેતી હતી. સ્વરો પોતાની સંખ્યા ને મિશ્રતાથી જેવા ભયંકર લાગતા હતા તેવું જ આ મેદાન પોતાની આવી શૂન્યતાથી અને સાદાઈથી આ રાત્રિની વેળાએ ભંયકર લાગતું હતું.

આ મેદાનમાં નક્કર પૃથ્વી ઉપર તેઓ હવે ઊભાં તો થોડે છેટે એક અતિ વૃદ્ધ બ્રાહ્મણ લાંબો પડી ચતો સૂતેલો દેખાયો. આમને જોઈ તે ઊભો થયો ને એટલો તો ઊંચો વધવા લાગ્યો કે એના વાળ વાદળમાં પહોંચવા લાગ્યા. સરસ્વતીચંદ્ર અને કુમુદને આ રાક્ષસી મનુષ્યે હથેલીમાં ઊંચાં ઊંચકી લીધાં ને પોતાના મુખ સામાં ધરી, વાદળું ગાજતું હોય એવા મોટા સ્વરથી કહેવા લાગ્યો:

'મને ઓળખ્યો? હું પેસો અશ્વત્થામા — જેણે સર્વ ક્ષત્રિયો, બ્રાહ્મણો અને વૈશ્યોનું અને તેમની કળાઓનું — નિકંદન કર્યું — અં! હં! હં! હં! હં! તમે પેલી વૈતરણીના જળમાં નાહ્યાં છો, ખરું? કેવી દુર્ગન્ધ તમારા શરીરમાં એ જળની પેઠી છે! એમાં નહાય છે તે ઘેલા થાય છે. ખસો! ખસો!'

એણે આ બે જણને હાથમાંથી અધ્ધર મૂકી દીધાં ને જ્યાં મૂક્યાં ત્યાં પાંખો ઉપર ટકી ઊભાં.

સરસ્વતીચંદ્ર — 'ચિરંજીવી! અમે ગંગાજળમાં નાહ્યાં છીએ.'

અશ્વત્થામા — 'ગાંડા માણસ! એ જ મારી વૈતરણી! એમાં જે ડાહ્યું હોય તે મારે મન ગાંડું અને એનું ગાંડું તે મારું ડાહ્યું. મારી સૃષ્ટિ બ્રહ્માની સૃષ્ટિથી જુદી છે. બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર ત્રણેનું કામ સાથે લાગું એકઠું એકલો કરું છું ને આ સ્થાને તમે આવ્યાં છો તો મારું પરાક્રમ જોઈ લો.'

અશ્વત્થામાએ વેગથી દોટ મૂકી ને દૃશ્ય થયો તેની સાથે એક પાસથી રાફડાઓ નીચેનો મણિમય પ્રદેશ દૃષ્ટિગોચર થયો, બીજી પાસથી અકબર પાદશાહની બાંધેલી હવેલીઓ આકાશ વચ્ચે સટકવા લાગી, ત્રીજે સ્થાને પૃથ્વી ઉપર શિવાજીનું સિંહાસન અને છત્ર શિવાજીની જીવતી મૂર્તિ સાથે ઊભાં થયાં, ચોથે સ્થાને કુરુક્ષેત્રમાં અર્જુનનો જયધ્વજ ઊડવા લાગ્યો, અને સર્વ સ્થાને સર્વવ્યાપક ઈશ્વરનું પરમજ્યોતિ પ્રકાશતું લાગ્યું. એ દેખાવ દેખાયો તેની સાથે જ ઉપરથી અનેક રૂપ ધરી અશ્વત્થામા તે સર્વના ઉપર કૂદકા મારી ભૂસકા મારવા લાગ્યો. અને તે જ ક્ષણે જોતજોતામાં આ સર્વ દિવ્ય વ્યવસ્થાને ઠેકાણે અનન્ત અવ્યવસ્થા વ્યાપી ગઈ. મણિમય પ્રદેશનાં મણિયંત્ર ત્રુટી ગયાં, મણિ ચારેપાસ ગબડી ધૂળમાં ને સમુદ્રમાં છૂટાંછૂટાં ડૂબી ગયાં, અને નાગલોક કોઈ ચંપાઈ ગયા તો કોઈ પાતાળમાં અનેક દરોમાં થઈ સરી ગયા, અકબરની હવેલીઓના કટકા થઈ છત્ર વિનાના ખંડેર ઊભાં રહ્યાં ને તે સર્વ ઉપર કેદખાનામાંથી પાદશાહ શાહજહાન રોવા લાગ્યો ને દારાનું છૂટું પડેલું કાપેલું લોહીવાળું મસ્તક લઈ એક થાળી આરતી પેઠે અધ્ધર ફરવા લાગી. શિવાજી મહારાજ પોતાના છત્ર અને સિંહાસનના કટકાઓ નીચે દટાઈ ગયા અને તેમના વંશજોમાંનો એક મોગલ જનાનામાં રમવા લાગ્યો ને બીજો સતારાના પારદર્શક બંદીખાનામાં, શીશીમાં ઉતારેલા ભૂતના જેવો દેખાવા લાગ્યો. નીચે અર્જુનના રથધ્વજ ઉપર અશ્વત્થામા કૂદ્યો ને તેની સાથે રથ દૃશ્ય થયો, અર્જુન જાતે સ્વર્ગમાં ગયો, અને પાંડવોનો વંશ નાશ પામ્યો- સૌપ્તિક પર્વનાં ભયંકર ચિત્ર ખડાં થયાં. જ્યાં વ્યાસમુનિએ વેદની સંહિતા કરી હતી, મહાભારતની વ્યવસ્થા કરી હતી, અને એક ઈશ્વરનું જ્યોતિ થોડી વાર ઉપર અનવચ્છિન્ન એક શુદ્ધ પ્રકાશથી પ્રકાશતું હતું ત્યાં તે સર્વ વ્યવસ્થાદર્શનનું મંદિર આ બ્રાહ્મણના કુદકારાથી કંપવા લાગ્યું. પળવારમાં એ સુંદર મંદિરના સર્વ ભાગોના સાંધેસાંધા છૂટા થઈ તેના કટકે કટકા થઈ ગયા ને તે કટકાનો અવ્યવસ્થિત ઢગલો થઈ પડ્યો. એ ઢગલામાંના કટકા થોડી વારમાં ચારે પાસ લૂંટાવા લાગ્યા ને આખા કુરુક્ષેત્રમાં અશ્વત્થામાની શક્તિથી નવી જાળ પથરાઈ ગઈ. એકેકી શ્રુતિના અનેક પરસ્પર વિરોધી અર્થ થઈ ગયા. એક સ્મૃતિની ગાંઠોમાં બીજી સ્મૃતિની ગાંઠો ગૂંચવાઈને ગાંઠો ઉકેલનારાથી જ ગાઠં ઊકલે નહીં ત્યાં તેઓ છરી લઈને કાપ મૂકવા લાગ્યા, અને અંતે તે પણ ગૂંચવાડાનાં જાળને પડતાં મૂકી ચાલી જવા લાગ્યા ને બીજા વટેમાર્ગુઓ એ જાળમાં ચાલતાં ચાલતાં ઊંધે માથે પડવા લાગ્યા. વહાણ ખડક ઉપર અથડાય ને ઉતારુઓ તેનાં ત્રુટેલાં છૂટેલાં પાટિયાં ને સાકડાં હાથમાં આવે તે ઝાલી તરવાનું સાધન શોધે ને બાથોડિયાં મારે તેમ એક ઈશ્વરનાં અનેક સુઘટિત નામોમાંથી અનેક ઈશ્વરને પકડી કુરુક્ષેત્રના વાતાવરણમાં અનેક જંતુઓ સમુદ્રનાં માછલાં પેઠે તરવા લાગ્યાં. આવા આવા અસંખ્ય દેખાવ કુરુક્ષેત્રમાં ઉત્પન્ન થઈ દેશપારના મહાસાગરો સુધી બીજા મહાસાગરો પેઠે રેલાવા લાગ્યા, અને કયા મહાસાગરનું પાણી કયા મહાસાગરને ધકેલે છે તે જોવા જેવું થયું.

અંતે આ મહાસાગરોમાંથી વચ્ચોવચ અશ્વત્થામા નીકળ્યો અને વાદળાં સુધી વ્યાપી રહી ગર્જવા લાગ્યો:

'માનવીઓ! મહારુદ્રનાથી અધિક સંહારક શક્તિ મારી છે. તે મેં દેખાડી. હવે બ્રહ્માની પેઠે આ મહાસાગરની સૃષ્ટિ ઘડી તે પણ તમે જુઓ છો. અકબર પાદશાહની હવેલીઓનાં ખંડેર કરી તેમાં પેલો ઔરંગઝેબ બાદશાહ ઊભો થાય છે તે જુઓ! એ કોણ? એ મ્લેચ્છોમાં મારો પ્રકટ અવતાર! આ સમુદ્રમાં હું ઊભો થાઉં છું તેમ શિવાજીના સિંહાસન ઉપર પેલા ઊભા થાય છે તે કોણ? પેશવાઓ? એ તો પેશવાઓરૂપે હું પોતે! રઘુનાથરાવ તે હું જ — આ કુરુક્ષેત્ર સુધી ધ્વજા ઉરાડનાર ને અટક આગળ સેનાના ઘોડાઓને પાણી પાનાર એ તે હું! ને પેલા મણિ અને નાગને સ્થાને — તેમનાં માથાં ઉપર — રાફડા દેખો છો તે સૃષ્ટિનો બ્રહ્મા પણ હું! હવે મારી વૈષ્ણવી માયા જુઓ!'

થોડી વારમાં કુરુક્ષેત્રમાંના સર્વ દેખાવ દેખાતા બંધ થઈ ગયા ને પ્રથમ હતું તેવું શાંત એકાંત થયું ને ધીમે ધીમે તેમાં યાત્રાળુઓ, વણજારાઓ, વ્યાપારીઓ, વસવાયા લોક, રજપૂતો, રાજાઓ, રાણીઓ, બ્રાહ્મણો, ભિખારીઓ, શૂદ્રો, સ્ત્રીઓ ને બાળકો એ સર્વનો મોટો મેળો તરવરવા લાગ્યો. તે સર્વ વસ્તીની વચ્ચે એક મોટો ચકડોળ ફરતો હતો ને તેને ફેરવવાના ચક્ર ઉપર એક વૃદ્ધ બ્રાહ્મણ બેઠો હતો.

'આ બ્રાહ્મણના [૧] જીર્ણ શરીરને કોઈ ઝાડનું બળી ગયેલું થડ ધારીને તેમાં ઘરોળીઓનાં ટોળાં વસતાં હોય તેમ એનાં જાડાં જાડાં નાડીઓનાં ગૂંચળાંથી તેમાં જાળાં પડી ગયાં હતાં અને કદી કદી તો તે જીવતી ઘરોળીઓ જેવાં જ થતાં હતાં. દેવદેવીઓને પગે લાગવાથી તેના શ્યામ કપાળ ઉપર સોજો આવેલો હતો. કોઈ કુવાદીએ આપેલું સિદ્ધાંજન આંજવાથી એની એક આંખ ફૂટી ગઈ હતી તો યે બીજીમાં કંઈ અંજન આંજવાની સળીને અહર્નિશ ઝીણી કર્યા કરતો હતો. કોઈક કડવા પદાર્થની વાટનો પ્રયોગ કરી આટલી આંખમાં પણ તે દિવસે દિવસે વધારે અંધકાર આણતો હતો. જંગલનાં પ્રાણીઓના દાંત ને ઝાડોમાંથી જાણ્યાં અજાણ્યાં અનેક અંજન ને ઔષધનો સંગ્રહ કરી પોતાની ચારે પાસ પાથર્યો હતો. લીલા પત્રનો રસ ને કોયલાની શાહીથી ભરેલો મેલો ખડિયો લઈ તે ઘડી ઘડી ઊઠબેસ કરતો હતો. ફરતો ફરતો ઝાડોનાં પાંદડાં તોડી તે ઉપર ગમે તો દેવોનાં સ્તોત્ર લખતો હતો ને ગમે તો ભૂતપ્રેતના મંત્ર લખતો હતો. કોઈ સ્થાને એકદમ દ્રવ્ય મેળવવાના લોભથી એને નિધિવાદનો વ્યાધિ લાગ્યો હતો ને ધાતુવાદનો વાયુ વાયો હતો. પર્વતોમાંનાં અને જંગલોમાંનાં અનેક ખંડેરોના ચમત્કારની વાતોમાં તે માહેર હતો. ભૂત વળગેલાં માણસો ઉપર રાઈ નાંખતો નાંખતો તેમની લપડાકો ખાઈ ખાઈને એના કાન ચટાપ થઈ ગયા હતા. એક જૂનો તંબૂરો આડોઅવળો રાખી તેને બેસૂર કરી વગાડતો હતો. આખો દિવસ માથું હલાવી હલાવીને તે મચ્છરના જેવો ગણગણાટ કરી મૂકતો હતો. એણે અશ્વ-બ્રહ્મચર્ય લીધેલું હતું ને તેથી પ્રવાસ કરતાં કરતાં અહીં આવી એની આસપાસ વસતી વૃદ્ધ સંન્યાસિનીઓના ઉપર ને આવતી જતી શ્રદ્ધાળુ વિધવાઓ ઉપર વારંવાર સ્ત્રીવશીકરણનું ચૂર્ણ નાંખ્યા કરતો હતો. એની પૂજાનો સામાન કોઈ જરીક આડોઅવળો કરે તો ક્રોધ કરી દાંતિયાં કરતો ને કોઈ વેળા તો પૂજવાની દેવીના પણ ચાળા પાડતો હતો. કોઈ વટેમાર્ગુઓ એટલામાં ઉતારો રાખવાનું કરે તો તેમની સાથે લડતો અને લડતાં લડતાં મારામારીમાં પડી જવાથી એનો વાંસો ભાંગી ગયો હતો ને દાંત કોઈ પડ્યા હતા તો કોઈ હાલી ગયા હતા. બીજા કોઈ નવા આવેલા ધાર્મિકનો લોક આદર કરે તે જોઈ તેમના ઉપર દ્વેષ રાખતો હતો ને સંસ્કારરહિત હોવાથી ગમે તેમ વર્તતો હતો. એ લંગડો હોવાથી ધીમે ધીમે ચાલતો હતો ને બહેરો હોવાથી સંજ્ઞાથી — સાનથી — વાત કરતો હતો. શૂન્ય દેવાલયમાં સૂવા જતો ત્યાં એને કૃષ્ણ સર્પ કરડ્યા હતા ને પુષ્પો તોડતાં ભ્રમરોએ દંશ દીધા હતા. હોળીમાં લોક એને ભાંગીતૂટી ખાટમાં બેસાડી કોઈ વૃદ્ધ, દાસી સાથે પરણાવતા હતા. ઘણાં ઘણાં મંદિરમાં પ્રતિશયન કર્યાં છતાં તે કંઈ ફળ પામ્યો ન હતો. અનેક બાધાઓ રાખેલી નિષ્ફળ ગયેલી તે છતાં નવી નવી બાધાઓ રાખતો હતો. વિવિધ વ્યાધિઓથી, આધિઓથી, ને ઉપાધિઓથી પીડાની દુ:સ્થિતિને પણ તે પોતાના કુટુંબની પેઠે પાળતો હતો. બહુ વ્યસનયુક્ત મૂર્ખતાએ જાણે અનેક પુત્રપુત્રીઓ પ્રસવી હોય એમ દર્શાવતો હતો. અનેક દંડ વાગ્યાથી શરીરે ઢીમણાંને લીધે, ક્રોધને પણ ફળ આવ્યાં હોય તેમ એ બતાવતો હતો. સર્વ અવયવ ઉપર દીવાથી દાઝ્યાનાં ચાંદાં પડેલાં તેથી પોતાના ક્લેશને પણ તેટલાં મુખ આવ્યાં હોય એમ જણાવતો હતો. વગર કારણે બૂમો પાડીને લોકને બોલાવવાથી તેમણે પગ ઝાલીઝાલીને તેને સેંકડો વાર ખેંચેલો તેથી તેની પ્રવાહ પણ જાણે સપ્રવાહ હોય એમ દેખાડતો હતો.' આ બ્રાહ્મણની આ સ્થિતિ જોઈ પોપટ હસવા લાગ્યો, કુમુદ દયાથી રોવા લાગી અને સરસ્વતીચંદ્ર સૂક્ષ્મ વિચારમાં પડ્યો. ત્યાં એટલામાં તો અશ્વત્થામાના મેળામાં સ્થાને સ્થાને ગાઢ અંધકાર વ્યાપી ગયો અને તેની વચ્ચોવચ અનેક હોળીઓના ભડકા જેવાં દેરાં ઊભાં થયાં અને તેના ઉગ્ર પ્રકાશથી આખો મેળો નવા રંગોથી ચળકવા લાગ્યો. દેરે દેરે નવીન રાગ નીકળવા લાગ્યા ને આકાશના તારાઓ પણ સાથે ગાનમાં ભળવા લાગ્યા. તેની સાથે પિતામહપુરના રાફડાઓમાંથી અનેક પ્રકાશની નળીઓ ને છાયાઓ ચમકવા લાગી ને સૌની વચ્ચોવચ વરસતા વાદળા ઉપર એવા જ વાદળા પેઠે તરતો અશ્વત્થામા ઘડીમાં હૃદયવેધક ને ઘડીમાં શાંતિવર્ષક વાંસળી વગાડતો ગાવા લાગ્યો. આ જોતો સાંભળતો વિસ્મિત બની સરસ્વતીચંદ્ર બોલ્યો:

'કુમુદ! બ્રાહ્મણ કવિએ જે વર્ણનબીજ ચૌદસો વર્ષ ઉપર લખેલું તે આજના આ વૃદ્ધ પુરુષમાં વિકાસ પામ્યું છે. ચિરંજીવી અશ્વત્થામાનું જ આ પણ એક સ્વરૂપ. જે વિષ્ણુએ એને ચિરંજીવી કર્યો તેની કૃતિની એ આમ અનુકૃતિ કરે છે. આર્ય સંસારનું પાલન-પોષણ આ ઘેલો માણસ આ વેશથી કરે છે. તું જો કે આ વસ્તીથી તરવરતા મેળામાંનાં કેટલાં મનુષ્ય આને પૂજે છે, એની ચેપ લઈને જાય છે, અને એ ચેપને આપણા લોકના સંસારમાં પ્રસારે છે! આપણા આખા દેશે, ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળની આપણી સર્વ પ્રજાએ, એવાં તે શાં પાપ કર્યાં હશે કે જેથી આવા દુષ્ટ રોગીએ વિષમય કરેલા આ પ્રબળ અનિવાર્ય વાતાવરણમાં આપણા આટલા કરોડો આર્યોને જન્મી વસવું પડતું હશે? આને તે શા મેળે ચિરાયુષ્ય મળ્યું હશે? એને આયુષ્ય આપી સર્વ લોકના આયુષ્યમાં ઈશ્વરે શાથી વિષપ્રવાહ રેડ્યો હશે? મને કંઈ સમજણ પડતી નથી. અથવા આ સુન્દર દેરાં, આ તેજસ્વી છાયાઓ, ને આ ઊંડું ગાન — એ સર્વ તો મનને ભ્રાંત કરી નાખે છે! એ નથી સમજાતો ઘેલો ને નથી સમજાતો ડાહ્યો!'

'એ તો તમારા બ્રાહ્મણ! મલ્લરાજના પ્રિય બ્રાહ્મણ!' પોપટ બોલી ઊઠ્યો. દુ:ખી સ્ત્રીપુરુષે તેને ઉત્તર આપ્યો નહીં. જોતજોતામાં એ મેળા ઉપર વાદળા પેઠે એક પલંગ તરવા લાગ્યો. તેમાં પાંચાલીની ક્ષીણશીર્ણ મૂર્તિ મૂર્છાવશ ચતી સૂતી હતી ને તેનાં ને નેત્રમાંથી કાન ઉપર થઈને આંસુની ધારા ટપકતી હતી. પલંગની બે પાસ થઈને નીચે વૃષ્ટિ પેઠે આ આંસુ ટપકતાં હતાં અને પેલા મેળાનાં માણસ એ આંસુની ધારાઓના ખારા પાણીને સત્ય મેઘરાજનું શુદ્ધ જળ જાણીને

જ આનંદથી પીતાં હતાં. આ પાંચાલીના શરીરને પગના નખથી તે છાતી સુધી વસ્ત્રોથી ઢાંકતો અને સુરક્ષિત કરતો એક મહાન વાનર પલંગની એક પાસે બેઠો હતો, ને એના મુખ ઉપર પંખો નાખતો હતો. પણ એની છાતી બધી ઉઘાડી હતી અને વાનર એક પાસના સ્તનને ધાવતો હતો, ને બીજી પાસ પેસો વૃદ્ધ બ્રાહ્મણ નીચેથી આવી બેઠો ને એ પાસના સ્તનને અતિ બળથી ધાવવા લાગ્યો. એના શિર આગળ ઉશીકે ક્ષમા અને ધીરતાની મૂર્તિ કુન્તી બેઠી હતી. આ અતિ શ્વેત કેશવાળી અતિ વૃદ્ધ ડોશી આ દુ:ખથી વિકલ થઈ માત્ર દુ:ખી વધૂનાં કમળપત્ર જેવાં મીંચાયેલાં નયનો ભણી ઘણા યુગથી જોઈ રહી હતી અને એ મીંચાયેલાં નયનોમાંથી ગરતાં આંસુ લોહીલોહીને એના વૃદ્ધ કરચલીઓવાળા હાથ, ઘણો કાળ પાણીમાં રાખ્યાથી થાય તેમ, ધોળા ને પોચા પડી ગયા હતા ને એની વૃદ્ધ છાતીનો પાલવ એ આંસુ સૂકવતાં સૂકવતાં ભીનો થઈ કોહી ગયો હતો. ઘડીમાં એ પેલા કપિનું માથું જરીક આઘું ખસેડી ધાવણથી વછોડતી હતી ને તેના સામું કંઈક ઠપકાભરી આંખે જોઈ રહેતી હતી તો ઘડીકમાં પેલા વૃદ્ધ બ્રાહ્મણનું માથું આઘું ખસેડવાનો મિથ્યા પ્રયત્ન કરતી હતી. કુન્તીનો આશ્વાસક હાથ વધૂના શરીર ઉપર ફરતો ત્યાં સુધી પાંચાલી આંખો મીંચી સ્વસ્થ પડી રહેતી હતી, અને એ હાથ કંઈ કારણથી દૂર થાય ત્યાં તેને પાછો ખેંચી રાખતી હતી ને કંઈક ધીમુંધીમું ઝીણુંઝીણું ન સંભળાય તેવું બોલતી બોલતી ઓઠ ફફડાવતી હતી.

કુમુદથી જોઈ રહેવાયું નહીં અને તે સરસ્વતીચંદ્રનાથી આગળ આવી પાંચાલીના પગ આગળ બેસી વાનરને પગે લાગી હાથ જોડી દીન વચન કહેવા લાગી.

‘કપિરાજ! પાંચાલીમાતાની શરીરસંપત્તિ આ બેવડા ધાવણ આગળ નહીં ટકે. આ દુષ્ટનું નિવારણ અશક્ય છે પણ આપ તો માતાના ભક્ત છો.’

કપિ — ‘સુન્દર બાળકી! હું અર્જુનના ધ્વજનો હનુમાન છું ને આટલું નાનું રૂપ ધરી માતાજીની પાસે થોડોક કાળ થયાં આમ બેસું છું. જ્યાં સુધી કુરુક્ષેત્ર આ અશ્વત્થામાની માયાથી અને વરુનાં ટોળાંથી ભરાયેલું હતું ત્યાં સુધી હું માત્ર સાગરના તીર ઉપર ફરતો હતો. એ વરુંના ટોળાંએ માતાનું સર્વસ્વ લૂંટી લીધુ છે. ને જ પરમાત્માએ કૌરવોની સભામાં માતાનાં પટકૂળ પૂર્યાં તે જ પરમાત્માએ માતાનું શરીર અનેક ચિંતાઓથી ને સાધનથી આમ આવું રક્ષિત રાખ્યું છે અને જેણે જેણે માતાનો પરાભવ કરેલો છે તે સર્વને અનેક સાધનથી ધ્વસ્ત કર્યાં છે. એ સર્વનો ધ્વંસ કરવાને માટે હાલ મને આજ્ઞા થઈ છે ને અમ વાનરલોકને જેટલી કળાઓ આવડે છે તે કળાઓથી માતાના સુખનું પોષણ કરીએ છીએ. પણ આ ફળમૂળ વગરના સ્થાનમાં આટલા ધાવણ વિના અન્ય રીતે અમારી પ્રાણયાત્રા થાય એમ નથી ને અમારી પ્રાણયાત્રા થાય નહીં તો માતાનું સંરક્ષણ આ લોકમાં અન્ય કોઈ કરનાર નથી માટે જ અમે આટલો સ્વીકાર કરીએ છીએ.’

કુમુદસુંદરી — ‘પણ કંઈ મર્યાદા રાખો તો ઠીક.’

હનુમાન — ‘મર્યાદા તો અમે રાખીએ છીએ, પણ ભીમસેન જેવા વાયુપુત્ર વૃકોદર છે તેમ હું પણ વાયુપુત્ર છું ને મારું હૃદય અર્જુનની પ્રિયપત્નીનું ભક્ત છે પણ મારો જઠરાગ્નિ મારા ઉદરને વૃકોદર [૧] કરી મૂકે છે.’

સરસ્વતીચંદ્ર — ‘ચિરંજીવ! તમારા દેશના અનેક કપિલોક પણ આ રીતે જ સ્તન્યપાન કરે છે ને આ દેશનાં બાળક ભૂખે મરે છે.’

હનુમાન — ‘તે સત્ય છે. પણ જેમ જેમ પાંડવોનો સંચાર આ દેશમાં વધશે તેમ તેમ ગમે તો અમારો વાલીપક્ષ સુગ્રીવને માન્ય કરશે, ગમે તો આ દુષ્ટ સ્થાનથી દૂર થશે ને અમારે ને બાકીના આ દેશને માટે માનું ધાવણ બસ થશે, અને ગમે તો સ્વામીસંયોગથી માનાં આરોગ્ય અને શરીરસંપત્તિ એમને સર્વનાં અક્ષયપાત્ર જેવાં કરી મૂકશે.’

પોપટ — ‘પણ આ બ્રાહ્મણનું શું કરશો? તમારી બ્રાહ્મણબુદ્ધિના અર્જુને એને જીવતો મૂક્યો!’

‘હું કાંઈ બ્રાહ્મણ નથી. હું તો કપિ જેવો ગમે તો એકે વર્ણનો નથી ને ગમે તો ચારે વર્ણનો છું ને તેના ઉપરાંત મ્લેચ્છ વર્ણનો પણ છું. કુરુક્ષેત્રમાં મેં કેટલા કેટલા અવતાર લીધા છે તે શું તમે લોક જાણતાં નથી?’ અશ્વત્થામા ગર્જી ઊઠ્યો ને ધાવવાનું છોડી, પોતાનું રાક્ષસી સ્વરૂપ લઈ, પલંગથી આઘો ભમવા લાગ્યો.

તેની પાછળ હનુમાને પણ નીચે પ્રૌઢ સ્વરૂપ ધરી ફેરા ફરવા માંડ્યા ને મુખે ગાવા માંડયું.

‘કોણ એ સમાના કામિની દત્ત-ફળિયેલ રામા?’ [૧]

‘કુન્તીમાતા! આટલી ક્ષમા ને ધીરતા રાખી તો થોડી વધારે રાખો. જુઓ! જુઓ! પાંચે ભાઈઓની છાયાઓ દેખાય છે ને ક્ષિતિજમાં રામમૂર્તિ પણ પાંચાલીમાતાના ભાગ્યને તેનું સૌભાગ્યફળ આપવા હેરાફેરા કરે છે. એમનાં પટકૂળનો પૂરનાર અર્જુનનો સારથિ જ્યાં સુધી આપણી સર્વની ચિન્તા કરે છે ત્યાં સુધી શોક નિષ્કારણ છે.’

પાંચાલીનો સ્વર આવવા લાગ્યો:

‘હરિ! હરિ! ત્યજીને ગયા તમે;

હૃદયની વ્યથા શી પછી શમે:

હરિ! [૨] *હરિસમાં સર્વ બાળ એ*

રજનીમાં હણ્યાં બ્રહ્મરાક્ષસે!’ [3]

કુન્તીનો સ્વર સંભળાયો:

‘દુ:ખ ન આમ તું ધાર, દીકરી!
હરિ તમે ત્યજીને ગયા નથી.

હરિસમાં હણી બાળને, કદી
સુખ થકી સૂતો વિપ્ર આ નથી.'

પાંચાલી - *'પ્રિયતમા તું છે એવું કંઈ કહી*
હિમગિરિશિરે મુજને મૂકી!
મૂકી ગયા પતિ પાંચ એકલી
શબ સમી, ગયા યુગ કંઈ વહી!'

કુન્તી - *'મૂકી તને, મૂકી સર્વ ભાઈને,*
શરીરી સંચર્યો ધર્મ જો ઊંચે;
કુરુતણે કુળે ધર્મ જે ત્યજે,
જીવી જીવી ઘણું તે અહીં ઝૂરે.'

પાંચાલી - *સ્મરણમાં નથી આવતો મને*
કદી ય તેમનો કંઈ અધર્મ જે!
ક્રૂર સભા વિશે તે જ સંયમે
સુરસમાં જ જે શું અધર્મી તે?' [1]

કુન્તી - *'દીકરી, ડાહી તું; ધર્મની ગતિ*
ભૂલી ગઈ કંઈ હોઈશ તું રતિ;
કંઈ ભૂલ્યા હશે બન્ધુ ચાર એ;
ટચલી આંગળી ખોઈ ધર્મીએ.'

પાંચાલી - *'નથી ખમાતું આ સ્તન્યપાન જે,*
વળગી પાસ બે દુષ્ટ આ કરે,
સુત જ હોત જો પાંચ જીવતા,
ધરત મુજ શું આ સમે દયા.'

કુન્તી - *'દીકરી ડાહી તું! ધર્મની ગતિ,*
પૂછી શ્રીકૃષ્ણને જાણી લે બધી.
હરિ [2] *વસ્યો* [3] *ગુડાકેશને ધ્વજે,*
નવી જ દુષ્ટ એ, ધર્મ જોઈ લે!'

પાંચાલી - *'મુજ સુતો હણ્યા શત્રુ બ્રાહ્મણે,*
વળગી પાન એ સ્તન્યનું કરે.
નથી હું પૂતના, ના જ કૃષ્ણ એ.
ક્યમ જ દુષ્ટ એ જીવને હરે?'

કુન્તી - *'દીકરી કાહી તું; ધારની ક્ષમા;*
કંઈક કર્મના યોગ એ થયા.
ગતિ પ્રભુ તણી કંઈ કળાય ના;
દ્વિજ જીવે પીતો સ્તન્ય તુજ આ!
ગતિ જ સૂક્ષ્મ એ અંતરાત્મની,
પ્રગટ થાતી જ્યાં પાકતી ઘડી;
સમય પાકતો, ધર્મ પાકતો,
નરહરિ [1] *થતો પાકીને છતો!*
દીકરી, ડાહી તું; ધૈર્ય ધારની!
પ્રભુ સમીપ તે, દૃષ્ટિ નાખતી!

યુગ ગયા, ગયા કલ્પ કટિ કંઈ,
પ્રભુની દૃષ્ટિ તો છે જ જે હતી! '

અશ્વત્થામા ઉત્તરાનો વેશ લઈ આમના ખાટલા ઉપર બેઠો ને કપિની નિંદા ગાવા લાગ્યો:

‘કહું છું રોઈને, ઓ પિતામહી!
સ્વજન આ કપિને ગણો નહીં,
કપિ અને હરિ મુજ કાંતને
મૂકી રણે ગયા, લેઈ પાર્થને;
હૃદયના ઋજુ [૨] પાર્થનો લઈ
રથ, ગયા કંઈ માયી બે હરિ [૩] !
કપટજાળ તો કૌરવે રચ્યું!
હતું અજાણ્યું શું વિશ્વનાથનું?
ક્યમ જ નાથને એકલા મૂકી,
સમય સાધીને એ ગયા સુધી [૪] ?
જરૂર જાણજો, ઓ પિતામહી!
જરૂર જાણજો, મારી માવડી!
કપટમાં રમે કૃષ્ણ તે કપિ,
સ્તનથી લે કપિ પ્રાણને ચૂસી! '

પાંચાલીએ આંખ ઉઘાડી, પણ માંહીનાં આંસુને લીધે જોઈ શકી નહીં, ને આંખ પાછી મીંચી. કુન્તી તે જોઈ રહી પાંચાલીને માથે હાથ ફેરવતી બોલવા લાગી:

‘દીકરી ડાહી! દુ:ખમાં ડૂબી;
કપટ-ઉત્તરા આ! ન જા ભૂલી;
ભગિનીની કૂખે દૈત્ય જન્મીઓ,
હરિ જ જાગતા! ફેંકીએ દીધો [૫] !
કુરુકુળે ઉગ્યો શત્રુ ધર્મનો, [૬]
ભરી જ લોહીથી પૃથ્વીને શમ્યો.
હત જણી હણ્યો જન્મતાં જ જો,
જીવત પૃથ્વી ને યુગ સત્યનો. [૧]
કુરુકુળે ઉગ્યો વૃક્ષ ધર્મનો, [૨]
જગતી જીવતી સોંપીને ગયો.
ભગિની-પુત્રને જે હરિ હણે,
હત સુગર્ભને તે જ પ્રાણ દે! [૩]
કુરુસ્થળે ઊગ્યો કૌચનો જથો! [૪]
જીવી જીવી રચે ધ્વંસ વિશ્વનો!
કુરુસ્થળે ઉગ્યાં વૃક્ષ ધર્મનાં, [૫]
નમી નમી બધાં વિશ્વમાં ખીલ્યાં!
કુરુકુળે મૂઓ શત્રુ ધર્મનો, [૬]
જીવી જીવી ઘરે ધર્મ પ્રેતનો.
પવનરૂપ એ સંચરે બધે!
ડર ન, દીકરી! ધ્વસ્ત એ થશે!
કુરુકુળે ઊગ્યાં દેવવૃક્ષ [૭] જે,

નમી નમી બધાં યુગમાં ખીલે!
બળથી ઝાપટે વાયુ તેમને!
અમર વૃક્ષ એ ઝાપટ્યાં વધે!
ભરતવર્ષની માત! ધર્મની
દિવિજ દેવી તું! [૮] *પૂજ્ય દીકરી!*
નયનપદ્મને કંઈ ઉઘાડને!
પવન વાય આ સ્પર્શી પાર્થને!
ઊઠ તું, દીકરી! જો, કિરીટનો [૯]
રથ ક્ષિતિજમાં દૂર ઓ ઊભો!
ફરફરે કપિહસ્તમાં ધ્વજ!
સુભટ સારથિ ઓ ઊભા અજ [૧૦] *!'*

આ સ્વર બંધ પડ્યા ત્યાં નીચેથી હનુમાનનો સ્વર સંભળાયો:

'મારે એક શ્રદ્ધા છે રામની સાચી!
જેણે પાળ જગમાં છે ધર્મની બાંધી.
પ્રભુ એક; જુદાં ધરે બહુ નામ,
મારે સર્વનામમાં એક જ કામ.
વહ્યો હું સ્કન્ધે લઈ રામસીતા;
વહી સ્કન્ધે પાળના શૈલની શિલા.
વહી સ્કન્ધે કિરીટીની મેં પતાકા;
ચીસો પાડી સુભટ કુરુના ઢાળ્યા.
હૃષીકેશ [૧] *રણમાં વહે રથ જ્યારે,*
હનુમાન હરિકેતન [૨] *ધ્વજ ધારે!*
ફરે ચક્ર કાળનાં ગોળ ગતિમાં,
આવ્યો કાળ એનો એ આ ધરતીમાં.
આવ્યા રામ દ્વિજ અદૃશ્ય-શરીરી,
પ્રદક્ષિણ કરતા રથ લઈ કિરીટી! [૩]
આપે મને સારથિપણું પ્રભુ એનું;
રણક્ષેત્ર ચોગમ દીસતું મચેલું!
કુરુક્ષેત્ર એ રણમધ્ય રહે છે,
ચારે પાસ અર્જુનનો રથ વહે છે,
મહારથી બહુ બહુ, યુદ્ધે ધસે છે,
કુરુક્ષેત્ર ચક્રનો અક્ષ [૪] *બને છે.*
કપિ, રીંછ, ને અન્ય કંઈ કંઈ પ્રાણી.
કુદે કપિકેતનનો રથ તાણી.
સોંપી મને તેવે સમે પટરાણી,
કુરુવીર ખેડે સમુદ્રનું પાણી.
રોતાં જોયાં સીતા અશોકની નીચે,
પાંચાલીનો રાખું પલંગ હું ઊંચે.
ધરતીપર યુદ્ધો મચે આજ જ્યારે,
દેવીને સ્પર્શે નહીં બાણ ત્યારે.

એને ઉરે દુ:ખ પુરાણ જ દીસે,
ખેંચું વાયુરથની લગામો હું રીસે.
ખેંચી પાંચે બંધુઓને હવે આણું,
ઝાલ્યું મેં કો કાર્ય મૂક્યું નથી જાણ્યું! '

આ ભક્ત ચિરંજીવનો સ્વર સાંભળી પાંચાલીના પલંગ આગળથી સર્વ નીચે ઊતર્યાં તો પાંચાલીના પલંગમાં છેક પૃથ્વી સુધી લાંબા લાંબા તારની જાળી ગૂંથવામાં રોકાયેલી હનુમાનની મોટી જીવતી મૂર્તિ દેખાઈ. એ જાળીના કેટલાક તાર ઠેઠ સમુદ્રની પેલી પાર સુધી આ પલંગને સાંધી દેતા હતા અને તેના ઉપર મોટાં મોટાં વહાણો, આગબોટો અને વીજળીના ચમકારા ચાલતા હતા અને આવજા કરતા હતા. કેટલાક તાર ઉપર સોના, રૂપા, અને મણિમુક્તાના મૂલ્યવાન ભંડાર સરતા હતા તો કેટલાક ઉપર રૂ, કાપડ, સૂતર અને વિલાયતી દેશી માલની અનેક જાતો બે પાસ ખેંચાતી હતી. કેટલીક વાર તો ચારે પાસ સમુદ્રના તીર ઉપર ને બંદર પર અનેક રચનાઓથી આ તાર ઝૂલતા હતા ને અગ્ન્યસ્ત્રના ચમત્કારોથી દિવાળીની ફૂલકણીઓ પેઠે અથવા અગ્નિકેલ- આતસબાજી-નાં ઝાડો પેઠે દૃષ્ટિમર્યાદામાં પ્રકાશ પણ રૂપ, રંગ ને આકાર પામતો હતો અને અનેક શક્તિઓ વૈભવ અને ચિત્ર ભરતો હતો. આ સાગરતીરની વચ્ચેના પ્રદેશમાં ખૂણે ખૂણે મોટી મોટી અગ્નિરથ — આગગાડી-ની હારકટારો, કીડીઓની હારો પેઠે ઊભરાતી હતી, દેશ અને કાળનાં અંતર દૂર કરતી હતી અને મનુષ્યોને, માલને અને બુદ્ધિઓને પણ પ્રવાસ કરાવતી હતી, ફેંકી દેતી હતી, ફેરવતી હતી, તીવ્ર કરતી હતી ને તેમનાં મૂલ્ય વધારતી હતી. ચારે પાસ પર્વતો ઉપર ને સમુદ્રોમાંના દ્વીપો ઉપર, મેદાનમાં ને ખીણોમાં, અરણ્યોમાં ને નગરોમાં, નગરોમાં ને ગામડાંઓમાં આંગળીને વેઢે ગણાય એટલા દેખાતા પણ સંખ્યાગર્ભ વાનરમાળીઓ અનેક જાતની મોટી વાડીઓ રચતા હતા અને તેમાં અનેક પુષ્પો, ફળો અને વૃક્ષો ગોઠવતા હતા તેનું ચિત્ર પાંચાલીના પલંગની અને ભૂમિના મધ્યભાગે, કાચ જેવા થયેલા વાતાવરણમાં, પ્રતિબિંબિત થતું હતું. સંસ્કૃત અને અંગ્રેજી વિદ્યાઓની સુવાસ ચારે પાસથી પવન ખેંચી આણતો અને છેક પાંચાલીના પલંગ સુધી લઈ જતો હતો. વેદના અર્થ અને ઐતિહાસિક તારતમ્યનો ઉદ્ધાર કપિલોકને હાથે થઈ પશ્ચિમ પવનની લહરીઓમાં તરતોતરતો પવિત્ર વારાણસીના વિદ્વાનોના કાનમાં આવવા લાગ્યો હતો. શાસ્ત્રોના બોધ વારાણસી આદિ સ્નાનોમાંથી કપિલોકના દેશ ભણી એ જ પવન લઈ જતો હતો. ઠેકાણેઠેકાણે રાજકીય વિષયોમાં કસરત કરવાનાં તાલીમખાનાંના તંબૂઓ અને અખાડા ઉઘાડી હવામાં જમાવવામાં આવ્યા હતા. કેટલેક સ્થાને વસુંધરા પૃથ્વીના અંતર્ભાગ ઉઘાડી તેમાંથી મૂલ્યવતી ધાતુઓનાં પ્રદર્શન સર્વને દૃષ્ટિગોચર કરવાના સ્થાનક રાખવામાં આવતાં હતાં. આ તારોમાં, વાડીઓમાં, સુગંધી પવનના પ્રવાહોમાં, સમુદ્રોમાં, તંબૂઓમાં, અખાડાઓમાં અને પૃથ્વીના અંતર્ભાગમાં, આ વિસ્તીર્ણ દેશની અનેકરંગી ઘાડી મોટી વસ્તી કપિલોકના આકર્ષણથી ખેંચાતી હતી, પોષણ પામતી હતી. કળાઓ શીખતી હતી, દ્રવ્ય ઉત્પન્ન કરવાના માર્ગ જાણી લેતી હતી, રાજ્યવ્યવસ્થાને પામતી હતી. એકાકાર સર્વ સામાન્ય જનસમુદાય મહાસાગરનું રૂપ પામતી હતી, અને પવન અને ગુરુત્વાકર્ષણને બળે સમુદ્રના તરંગો જેવા પછાડા મારતી હતી. અશ્વત્થામાના મેળાને સ્થાને આ ભવ્ય ચિત્ર કુરુક્ષેત્રના છેડાથી છેડા સુધી ખડું થયું, અને પાંચાલી ચતી સૂતી હતી તેના ઉપલા ભાગના આકાશમાં આ ચિત્રનું પ્રતિબિંબ વાદળા પેઠે તરવા લાગ્યું અને ચતી સૂતેલીની આંખોમાં પેસવા લાગ્યું. એ વાદળું મોટું થવા લાગ્યું ને છેક હિમાલયના શિખર ઉપર સુંદર આરસા જેવા બરફના ખડકોમાં ને થાંભલાઓમાં, કોઈ રમણીય ભવ્ય ચિત્રનાં પ્રતિબિંબ પેઠે વ્યાપવા લાગ્યું.

આ સર્વ ચિત્રની વચ્ચોવચ ને છેડાઓ ઉપર અનેક ચતુર કપિલોક દોડતા દેખાતા હતા. માત્ર એકલો હનુમાન એ સર્વના મધ્યબિંદુમાં પાંચાલીના પલંગ નીચે, ઘડીકમાં આ સર્વ નાટકના સૂત્રધાર પેઠે, કવિ પેઠે, ઘડીમાં યોગસ્થ યોગી પેઠે, ઘડીક સામાન્ય શ્રમજીવી- મજૂર-પેઠે, ઘડીમાં કોઈ સેનાના સેનાપતિ પેઠે, આ સર્વ ચમત્કારોથી ભરેલા વાતાવરણને વીજળીથી ભરતો હતો, અને એ વાતાવરણમાંના મેઘને ઘસડતો ગર્જાવતો વર્ષાવતો હતો.

સરસ્વતીચંદ્ર અને કુમુદ આ સુન્દર ચિત્ર જોઈ આશ્ચર્યથી સ્તબ્ધ થયાં, આનંદમાં લીન થયાં અને અશ્વત્થામાનું દુ:ખ ભૂલી ગયાં. હનુમાને ઉત્સાહમાં આવી કહ્યું:

'માનવીઓ! હું શ્રીરામની આજ્ઞાથી આ સર્વ સૃષ્ટિને રચું છું. રામાવતારમાં અમારા લોકે સમુદ્ર ઉપર પાળ બાંધી હતી. આ યુગમાં આખી પૃથ્વી ઉપર અર્જુનના રથને ફરવાને આ તાર ને સડકો અમે બાંધીએ છીએ ને સર્વ સૃષ્ટિને સાંધી લઈએ છીએ. આ દેશની પાંચાલીની પ્રસન્નતાને માટે અને એની પ્રાચીન સંસ્કારિણી મહાપ્રજાના કલ્યાણને માટે આ મહાયજ્ઞકપિલોક સાધે છે તેનો હું હોતા છું.'

આ વચન સાંભળી પોપટ બોલી ઊઠ્યો:

'કપિરાજ! તમે આ સુન્દર ચિત્ર બતાવ્યું પણ તે કેવી ભિત્તિ ઉપર કાઢેલું છે તે દર્શાવ્યું નથી. અહો ચિરંજીવ! *સૈવેયં તવ ચિત્રકર્મ રચના ભિત્તિં વિના વર્તતે* . [1] તમારા કપિલોક આ દેશનું શું કલ્યાણ કરે છે જે? તમે ચિરંજીવ છો પણ નિત્ય નથી. ઉદય-અસ્તના કાળચક્રના ચીલા બહાર નથી. એવો કાળ આવશે કે પેલા પહાડ પાછળના રીંછલોક સાથે તમે લડી મરશો ને તેને પહોંચી નહીં વળો તો અમારું પોતાનું રક્ષણ કરવાની અને તમને સહાય થવાની અમારી શક્તિ તમે જાતે નષ્ટ કરી છે. તમારી શક્તિની મર્યાદા આવશે ત્યારે અમારી પાસે તમને અખૂટ સહાયતા આપવાની શક્તિ તમે નષ્ટ કરી છે એટલે તમે સહાય વિના કેટલા શત્રુને પહોંચી વળશો? તમારા ચિત્રને ભિત્તિ નથી ને તમારા પૂરેલા રંગ પાણીમાં ને પવનમાં ઢોળાય છે.'

હનુમાને ઉત્તર ન દીધો પણ પશ્ચિમમાંના આઘેના અંધકારમાંથી કઠોર તીવ્ર સ્વર સંભળાયો.

'અમે અમર છીએ. અમે અમારું રક્ષણ કરવા ને તમને વશ રાખવા સમર્થ છીએ. સર્વ મહાસાગરોમાં તરંગે તરંગે ને ખડકે ખડકે કપિલોક ગર્જે છે ને અર્જુનનો રથ તાણે છે — એ અર્જુન કપિલોકથી છે, કપિલોક અર્જુનથી નથી. તમારા

જેવાં તો ઘણાંય પક્ષીનાં ટોળાં અમે ચગદી નાખ્યાં છે.'

પોપટ — 'હનુમાનજી! સાંભળો.'

હનુમાન — 'જે અશ્વત્થામા તમારે ત્યાં છે તેના જેવો કપિ દુર્યોધન અમારે ત્યાં છે તેની આ મિથ્યા ગર્જના છે.'

પોપટ — 'મિથ્યા છે, પણ અમારા કાનમાં વાગે છે, અમારાં કાળજાંને કુદાવે છે, ને અમારાં લોહીને ઉકાળે છે. એના વેગથી — જુઓ — આ મારાં પીછાં ખરી પડે છે!'

હનુમાન — 'વિષનું ઔષધ વિષ. તમને આનો ઉત્તર દેવા સ્વતંત્રતા છે.'

પોપટ — 'સાંભળ રે દુર્યોધન! શાને માટે અહંકાર કરે છે? એ અર્જુન તારા દેશને અમારે માથે ચડાવે છે તે અમારા દેશમાં આવશે.'

અદૃષ્ટ દુર્યોધન — 'અમારા બાહુબળમાં અમારો યોગ્ય અહંકાર છે. પાંડવો જગતનું કલ્યાણ કરશે પણ રાજ્ય તો દુર્યોધન જ કરશે — ને અર્જુનના બળથી આશા ધરનાર માનવીઓ! તમારાં શરીરમાં સત્ત્વ નથી, તમારા હાથમાં અસ્ત્ર કે શસ્ત્ર કાંઈ નથી. તમારા ઘરમાં દ્રવ્ય નથી, સંસારનું ઋત [૨] એવું છે કે વનસ્પતિ પ્રાણીના પેટમાં જાય, શૂદ્ર પ્રાણીઓ વીર્યવાળાં સત્ત્વોના જઠરાગ્નિમાં જાય, અને વીર્યહીન પ્રજાઓ વીર્યવતી પ્રજાઓનું દાસત્વ કરી ધીમે ધીમે કાળને વશ થાય.'

પોપટ — 'તેનો ન્યાય કરનાર તમને થોડી પળમાં દૃષ્ટ થશે. પણ તમે કંઈ ન્યાયને માનો છો કે નહીં?'

અ૦ દુ૦ — 'ન્યાય એ પાંડવવાદીનો દંભ છે! તમારું સર્વસ્વ અમે નહીં લીધું હોય તો લઈશું ને અમે નહીં લઈએ તો બીજું કોઈ લેશે.'

પોપટ — 'હાસ્તો, દુર્યોધન! સરત રાખજે કે તું કુરુક્ષેત્રમાં ઊભો ઊભો ઉચ્ચાર કરે છે — ને પાંચાલીનો બીજી વાર પરાભવ થાય છે.'

અ૦દુ૦ — 'એ તો કેટલી વાર થયો ને થશે! તું જોતો નથી કે અમારામાંનો અશ્વત્થામા હજી તમારે ત્યાં જ ચિરંજીવ છે? તમારા તો નથી પાંડવ ને નથી કૌરવ! એ તો મારો શેતાન ને ઝરથોસ્તનો આંગ્રમન્યુ! એનાથી અમે જીત્યા ને જીવીશું. તમે તો કુરુક્ષેત્રની માટી છો ને કૌરવપાંડવોના યુદ્ધકાળે તેમના પગ નીચે કણક પેઠે મસળાવા યોગ્ય છો. પાંડવો અમારે વશ છે ને તમારી તેમને પરવા નથી.'

હનુમાન — 'દુર્યોધન! હું તને કહું છું કે કુરુક્ષેત્રની માટી મસળવાની વેળા આવશે તો તેમાં પ્રથમ લોહી આપણા લોકનું, પાણી પેઠે રેડાશે. પણ આ બ્રહ્મયુગમાં આ બ્રાહ્મણોનો દેશ તો ક્ષેત્રમાં પડેલાં ટિટોડીનાં [૧] બચ્ચાં પેઠે જીવશે.

Let the Sword of the wored be brandished as it may ,

It cannot cut one vein Without the permission of God .' [2]

પોપટ — 'આ તમારા દુર્યોધનમાં ને વાલીમાં શો ફેર છે?'

હનુમાન — 'દુર્યોધનમાં અહંકાર, મમતા અને પશુદર્પ ત્રણ અવગુણ છે. વાલીમાં અહંતા અને મમતા બે છે. કર્ણમાં મમતા નથી પણ અહંકાર છે. પાંડવોમાં તેમાંનું કાંઈ નથી.'

અ૦દુ૦ — 'આ સંસારમાં એકનું જઈને જ બીજાને આવે છે, અને ઘોડાઓની શરત પેઠે એક લક્ષ્ય શોધવા અનેક ઘોડાઓ દોડે છે — એ ઘોડાઓમાં અહંતા ન હોય તો આ શરત બંધ પડે અને સર્વની પ્રવૃત્તિ અને તેની સાથે જીવનવૃત્તિ બંધ પડે. મમતા એ પ્રીતિનું મૂળ છે, ઉદ્યોગની ને આગ્રહની પોષક છે, શક્તિ અને ફળના પરસ્પર પ્રમાણની રક્ષક છે, અને એ રક્ષણથી ને પોષણથી જ અહંતા સફળ થાય છે. પશુદર્પ હુંકાર એ યજ્ઞમાં સોમપાન છે, એ રણમાં શંખનાદ છે, ને એ સંસારનું સત્ત્વ છે. હનુમાને કરેલા એ સર્વના ત્યાગથી આવા નિર્માલ્ય પોપટે પણ આપણા શરીરમાં ચાંચો મારવા શીખશે.'

હનુમાન — 'અહંતા, મમતા, ને દર્પના બળના પક્ષવાદી! જે અંધકાર સરોવરમાં ભરાઈ પેસી તું આ કઠોર વાક્યોથી સાધુજનોને મર્મપ્રહાર કરે છે તે તું તારા સરોવરમાંથી બહાર આવી પ્રગટ થા, અને આપણા દેશમાં કે આ કુરુક્ષેત્રમાં પ્રગટ થઈ પછી આ દુષ્ટ ઉચ્ચાર તું કરે નહીં ત્યાં સુધી અમે તારી ઉપેક્ષા જ કરીશું. ત્હારી તારા ત્હારા દેશમાં વાલી કે સુગ્રીવ બેમાંથી જે વિજયી નીકળે છે તેને વરે છે ત્યારે કુરુક્ષેત્રની પાંચાલી ધર્મને ને તેના બન્ધુઓને જ અમર સૌભાગ્યથી વરેલી છે! એ ભાઈઓએ અને પરમાત્માની ઇચ્છાએ એને સર્વ કાળમાં બચાવી છે ને તેને હજી બચાવશે. મારા તારા જેવા અનેક ચિરંજીવીઓનાં આયુષ્ય મળી આના આયુષ્યથી ટૂંકાં થાય છે તે ગણી જો. ઈજિપ્ત, ગ્રીસ, રોમ, બાબીલોન, બાઈઝેણ્ટાઈન, સર્વ આગિયા કીડાઓ પેઠે નાની મોટી રાત્રિમાં પ્રકાશ પામી અસ્ત થઈ ગયાં છે ને આજના યુરોપને પણ બહુકાળ થયો નથી — જેણે તેણે ચારસો પાંચસો વર્ષના પલકારા સુધી આંખો ઉઘાડી રાખી છે ત્યારે આ ઉપરની પાંચાલી આ સર્વના પહેલાં જન્મેલી તે હજી સુધી આયુષ્યમતી છે. એવા દીર્ઘતમ આયુષ્યમાં ઈશ્વરનો કંઈક ગૂઢ મહાન મર્મ જ રહેલો હોય છે.'

આકાશમાં બીજો સ્વર થયો — કુન્તી ઉપરથી બોલતી હતી.

'એ જ સત્ય છે — દુર્યોધન! એ જ સત્ય છે. તું મને ઘેલી ગણતો હોય તો તારી માતાને પૂછજે — કે જેણે તને માત્ર *યતો ધર્મસ્તતો જય:* એટલા જ શબ્દથી આશીર્વાદ આપ્યો હતો. મને ઘેલી ગણી મારા શબ્દ સાંભળ્યા ન સાંભળ્યા ન કરીશ.

Lay not that falttering unction to thy soul ,

That not thy trespass, but my madness, speaks .[૧] Know that even in thy country the truth-seers of history and social evolution have realised that the best guarantee for political prosperity in a nation is the growth of the sense of Duty[૨] among its individuals; and long before that sense was born in thy country, it was fully recognised in this country with successful yearning by my lord and husband that high Duty was to be the eldest and ruling one among the five Sovereign Spirits whom he had brought down from Heaven to succeed to his glorious inheritance. Nay, the very mother of those who then represented thy party could only venture to bless this Duty-this Dharma-with success, and could not put in a single word to bless three and thy numerous crew in that terrible conflict which then shook the earth and has so often been repeated in this battle-field with a singularly uniform result. Short-sighted flash of the National Ego! in vain dost thou believe that India is doomed to destruction. Thou art bound and destiend, in spite of thy deep-drawn grunt, to take India up the heights of Progress until you can both co-operate in furtherance of the common weal of the still vaster world .'

પુત્રી પાંચાલી! આ દુષ્ટનાં કઠોર વચનનું ગ્રહણ કરજે પણ ગભરાઈશ નહીં! એનાં વચનથી તું સચેત થજે — એ તો માતલિ દુષ્યન્તના મિત્રને પકડી સંતાઈને બોલતો હોય એમ જ સમજજે ને સચેત થજે. પુત્રી! તારી પ્રજા અનાથ નથી! દુર્યોધનની નીતિ સર્પરૂપ હશે તો તારી પાસે પુષ્પમાલા થઈ જશે!'

કુમુદસુંદરી — 'કુન્તીમાતા અંગ્રેજી બોલે છે તે નવાઈ જેવું નથી?'

સરસ્વતીચંદ્ર — 'સિદ્ધનગરમાં સર્વ ભાષાઓ સર્વને સાધ્ય થાય છે.'

પાંચાલી — 'માતાજી! હું આર્યપુત્રોની છાયાઓને સામે હિમાલયના હિમરાશિ ઉપર દેખું છું.'

કુન્તી — 'હા. પશ્ચિમ સાગર ઉપર તેઓ ફરે છે ને હનુમાને તારા પલંગ નીચે ગોઠવેલા યન્ત્રને બળે ક્રૌંચન્દ્ર ઉપર તેમની છાયાઓ પડે છે. બહુ રમ્ય મૂર્તિઓ તેમની દેખાય છે.'

પાંચાલી — 'ઓ મારા કનિષ્ઠ પ્રાજ્ઞ સ્વામી સહદેવ! તમે ક્યારે આણી પાસ આવશો?'

સહદેવની છાયા છેટે બોલી હોય ને તેની પ્રતિધ્વનિ થયો હોય તેમ સંભળાયું.

'પાંચાલી! થોડા કાળમાં આપણો યોગ નિર્મેલો છે. જે શકુનિ મારી ગોસંખ્યતામાં ભૂલો પડાવે છે તેનો પ્રતિકાર કરવા હનુમાને આ દેશમાં આ મારી પ્રતિમા પાડી છે ને એ પ્રતિમામાં જીવ મૂકવાની શક્તિ પ્રથમ ભગવાન ભૃગુપતિની છે, ને પછી હનુમાનની છે. તું જુએ છે કે તારા રાજભંડારમાં આય-વ્યયના ચિત્રની વચ્ચોવચ મારી છાયા પડી છે — ને હનુમાન મને પોતાના કપિલોકનાં 'બજેટ' સાથે પ્રકટ કરે છે ને તારી પ્રજા એ છાયા આગળ રમત રમતાં શીખે છે. પણ જ્યાં સુધી મોટા ભાઈઓ તારી પાસે આવી શકતા નથી ત્યાં સુધી મારી ગતિ અશક્ય છે. બાકી આટલા આટલા મ્લેચ્છો ઉત્તરમાંથી આ દેશમાં આવી ગયા તેમાંથી કયા નરે તારી પ્રજા પાસે આ નાટકનો પડદો ઊંચો કર્યો છે? દેશી કે પરદેશી કયા રાજાએ પોતાના રાજભંડારમાંના રથનાં ચક્રને, કે અશ્વને, કે સારથિને તારી પ્રજાનો હાથ અડકવા સરખો દીધો છે? આજ સુધી આ ધર્મવિષયમાં જે ધર્મ ચલાવવા કોઈ રાજાની આ ભૂમિમાં છાતી ચાલી નથી તે ચલાવવા હનુમાને કપિલોકને આટલે સુધી પ્રેર્યા છે તો એવો કાળ આવશે કે મોટા ભાઈઓ અહીં આવશે તેની પાછળ હું પણ મારે ક્રમે આવીશ ને મારાં અનેક રૂપની છાયાઓ તેને સ્પર્શવા લાગી છે, તેને સ્થાને આ શરીરે તારા મંદિરમાં યથાધર્મ વાસ કરીશ અને આપણી સ્થૂલ સૂક્ષ્મ પ્રીતિનાં ફળ આપણે ભોગવીશું! પાંચાલી! લાંબો વિયોગ વેઠ્યો છે પણ કુન્તીમાતાના આશ્રયથી તું તે વેઠી શકી છે. તો થોડી વધારે વેળા ધૈર્ય રાખ અને તારા પ્રાજ્ઞ પતિ નાના સહદેવનું ગણિત તારા હૃદયમાં આશા પૂરો કે -

[૧] शापान्तो नौ भुजगशयनादुत्थिते शाङ्गँपाणौ।

शेषान्मासान् गमय चतुरो लोचने मीलयित्वा॥

આ વાક્ય પૂરું થયું કે એ છાયા એક પાસે ખસી ગઈ ને સાટે રૂપવાન સુન્દર નકુળની છાયા, પાંચાલીના પલંગ ઉપર આવી, એના હૃદય ઉપર પ્રસરવા લાગી, ને એના કાનમાં પ્રથમ ગાવા ને પછી બોલવા લાગી.

'[૨] पश्चादावां विरहगुणितं तं तमात्माभिलाषम्।

निर्वेक्ष्याव: परिणतशरचन्द्रिकासु क्षपासु॥

મારા મન્દિરમાં તારા વાસને કાળે આપણે કેવી કેવી કળાઓથી રમતાં! એ કાળ ફરી આવશે. બુદ્ધાવતાર પછીના કાળમાં આપણે આ દેશમાં કેટલો કાળ વિહાર કરેલો છે અને આજ સુધી એ વિહારનાં કેટલાં કેટલાં સ્થાન આ દેશમાં હજી મનુષ્યોને આશ્ચર્યમાં નાંખે છે? મુસલમાનોના કાળમાં પણ આપણે છેક વિયોગી રહેલાં નથી, ને આ યુગમાં તો તારા પલંગ નીચે આપણા યોગને માટે કેટલી કેટલી રચનાઓ અને સામગ્રીઓ કરી મૂકી છે તે તું નીચે ઊતરે ત્યારે જોજે. અરે! હું તારી પાસે તરત આવું ને કંઈ કંઈ અભિલાષા રચું ને પૂર્ણ કરું! પણ શું કરું? મોટા ભાઈઓ આવે ત્યાં સુધી તો મારા ચરણ ચાલે એમ નથી એટલું જ નથી પણ મારા સહોદર નાના સહદેવને પૂછ્યા વિના, એને મૂકીને, કે એનું કલ્યાણ થતાં સુધી, હું એકલો તારી પાસે આવી શકું એમ નથી. હાલ તો તું મારી છાયાથી જ સંતોષ પામજે ને આપણા શૃંગારગૃહને માટે હનુમાન જે જે ચિન્તાઓ કરે છે તેનું અનુમોદન કરજે. તારું સ્તન્યપાન કરવા એ આવે ત્યારે

અકળાઈશ નહીં, પણ સહદેવના આગમ માટે શી શી રચનાઓ કરવી તે ધીમે ધીમે હનુમાનના કાનમાં સૂચવજે. બાળક સહદેવના કલ્યાણ પછી જ મારું કલ્યાણ સંભવશે. પાંચાલી! મારી પ્રીતિનો વિશ્વાસ છોડીશ નહીં — હું બધા અરતાચલ ઉપર રાત્રિ દિવસ ફર્યાં કરું છું પણ કુરુક્ષેત્ર ભણીથી હિમાલયનો પવન આવે તે વેળા -

' [1] *आलिङ्ग्यन्ते गुणवति मया ते तुषारादि्रवाताः।*

पूर्व स्पृष्टं किल यदि भवेदङ्गमेभिस्तवेति॥'

નકુલનો સ્વર બંધ પડ્યો, ને છાયા આગળ ચાલી. તેની સાથે પવનના ઝપાટા આવવા લાગ્યા ને વારણાવતીમાંના લાક્ષાગૃહમાંથી ચાર ભાઈઓને અને પાંચમી કુન્તીને ખભે લઈ ભીમસેન પ્રાચીન કાળમાં દોડ્યો હતો ત્યારે જંઘાના વેગથી વાયુ જાતે ઝપટાતો તેવું ચારે પાસ અત્યારે થતું હોય તેમ લાગ્યું ને પાંચાલીનું ચિત્ત પ્રથમ આશાને અનુભવવા લાગ્યું. જોતજોતાંમાં વેગવાળા પવનની ચીસો પેઠે ભીમસેનનો સ્વર આકાશમાં ગર્જવા લાગ્યો; ને એની પ્રચંડ છાયા, સાગરના ત્રણે તીરથી, વાદળાં પેઠે આવવા લાગી ને પાંચાલીના શરીરને પોતાના વીજળી જેવા તેજથી નવરાવી છેક ક્રૌંચરંધ્ર સુધી વ્યાપીને ઊભી રહી ત્યારે જ એની ગર્જનાના અક્ષર સ્પષ્ટ સમજાવા માંડ્યાં.

'પાંચાલી! તારી પ્રજાના હાથમાં શસ્ત્ર ગયાં છે તેથી તું બીશ નહીં. તું જુએ છે ને અમો બધા ભાઈઓની પ્રવૃત્તિને પેલો અશ્વત્થામા નિષ્ફળ કરે છે ને જે શસ્ત્ર તારા શત્રુઓ સામાં પ્રહરવાં જોઈએ તે અશ્વત્થામાની પ્રેરણાથી અમારા સામાં જ ઊપડે છે. બાળક જ્યારે પોતાના જ પેટમાં તરવાર ખોસે ત્યારે તે લઈ લેવા જેવી નથી? સત્ય છે કે કપિલોકે પોતાનાં કલ્યાણને માટે તારાં બાળકના હાથમાંથી તરવારો લઈ લીધી છે, પણ એ કપિલોકને આપણા ધનુર્ધર અર્જુનના રથ ઉપર ધ્વજાઓને અને ઘોડાની લગામોને બેને ઝાલવાને પરમાત્માએ બેસાડ્યા છે ને આપણું કલ્યાણ તેના કલ્યાણમાં જ રાખ્યું છે તો દુષ્ટ અને ગાંડા અશ્વત્થામાના હાથમાંથી આ શસ્ત્ર લઈ લીધાં સમજજે ને મિથ્યા શોક ન કરીશ. આજ જે અવિશ્વાસનો વા વાય છે તે કાળે તારી પ્રજાના હાથમાં શસ્ત્ર નથી તેમાં જ તારું કલ્યાણ કેમ ન હોય? આજ મોટાં મસ્ત રાજ્યોની જાદવાસ્થળી થવાનો સંભવ છે. ને સર્વ સુરાપાન કરનાર યાદવો લડી મરશે તે કાળે સુરાનો મદ ચડાવનાર શસ્ત્ર તારી પ્રજાના હાથમાં નથી ને એ સુરાપાનમાંથી અને તેના ક્રૂર ફળમાંથી તને ને તેમને બચાવવાને માટે જ પરાત્માએ આ યોગ કેમ ન આણ્યો હોય? અને જ્યારે કપિલોકને પોતાને તારા બળનો ખપ પડશે ત્યારે પણ એ બળનું સાધન આપ્યા વિના બેસી રહે એવા તેઓ મૂર્ખ નથી. પાંચાલી! જે કલ્યાણકારક વાયુનો હું પુત્ર છું તે જ વાયુનો હનુમાન પુત્ર છે અને તે તને વેદના ક્યાં ક્યાં થાય છે તે તે જાણવાને ને તારા શત્રુઓની આશા નિષ્ફળ કરવાને હનુમાન જાગે છે. તેને તું મારો બન્ધુ ગણજે. રામચંદ્રની સેનામાં કપિ ને રીંછ બે હતાં તે આજ એશિયા ખંડની પૃથ્વીને વહેંચી લે છે, પણ જ્યારે તેમનાં યુદ્ધ થશે ત્યારે કપિલોક તારા પુત્રો ઉપર વિશ્વાસ કરતાં શીખશે ને તેમનું મૂલ્ય જાણશે ને તેમને શસ્ત્ર અને અસ્ત્ર ઉભય પોતાની ગરજે આપશે. તારા બીજા શત્રુ કોણ છે? અશ્વત્થામા? દુર્યોધન? દુષ્કાળ? પવન પેઠે સર્વવ્યાપી થઈ ઊડતા વ્યાધિઓ? જો, પાંચાલી! હનુમાને તે સર્વને માટે પાંડવોની છાયાઓ ઊભી કરવા માંડી છે ને અમે સર્વ ભાઈઓ, વાદળાંની છાયાની પાછળ તેમના જળની વૃષ્ટિ થાય તેમ, અમારી છાયાઓની પાછળ આવવા માંડીશું.

અશ્વત્થામાની સ્થિતિ શું તારી પોતાની જ દયાનું પરિણામ નથી? એનો માર્ગ પરમાત્મા કાઢશે. તેં એનો ઘાત કરવાની ના કહી તે કાળે અર્જુન ને કૃષ્ણ બે જણે મળી એના મસ્તકનો મણિ કાઢી લઈ એને જીવતો મૂક્યો તે શા સંકેતથી તે તો પરમાત્મા જાણે! પણ તે જ પરમાત્માનો વિશ્વાસ રાખી હવે આનો પણ કંઈ માર્ગ નીકળશે એવી શ્રદ્ધા રાખ. એની વાતમાં મારા અભિપ્રાય પ્રમાણે થયું નથી. પણ આ દુર્યોધન દુષ્ટ થાય તો તેની જંઘા કુટવી એ મારું કામ ખરું. પણ એક વારની શિક્ષાથી એ સુધર્યો નથી એમ નથી. *મનસા* એની પ્રકૃતિનાં બીજ નષ્ટ થતાં નથી. પણ એ બીજની સાથે તેનાં નિરોધક બીજ અને ધર્મરાજની મર્યાદા કંઈક ઊગવા લાગે છે ત્યાં લગી ધર્મરાજ મને મારું પરાક્રમ દર્શાવવા દે એમ નથી. આ જ નિરોધને લીધે એનાં *કર્મ* પણ એ જાતે કંઈક જાણ્યો અજાણ્યો નિરોધ રાખે છે ત્યાં સુધી એ ધર્મની જ આણમાં છે. બાકી માત્ર *વાચા* એ એવો ને એવો છે તે એક રીતે સારું છે, કારણ એની વાણીનો પણ નિરોધ થાય તો એના મનનાં સત્ત્વ તું દેખી ન શકે તો તું છેતરાઈ જાય. માટે તે બોલે છે તે તેને માટે ખોટું છે પણ તારે અને તારી પ્રજાને માટે સારી જ વાત છે. વાલી પણ દુર્યોધનનો બીજો અવતાર છે ને તારી સેવા કરતાં પોતાની તારાની સેવાને પોતાનો ગુરુતર ધર્મ ગણીને પ્રવર્તે છે તે પણ એક રીતે ધર્મ્ય છે. એ માર્ગ તને દુઃખકર છે, પણ કાલપરિપાકથી સુગ્રીવ ને ચકોરના જેવી એની બુદ્ધિ પણ થાય એવી છે માટે જ તારા ઉપરનો એનો પક્ષપાત ઈશ્વરને ક્ષમાયોગ્ય લાગતો હશે. દુષ્કાલ અને વ્યાધિઓ તારી સર્વ પ્રજાને સમયે સમયે અતિપીડા કરે છે ને ક્ષીણ કરે છે — પણ તું જાણે છે કે અશ્વત્થામાએ કરાવેલાં પાપનું પણ ફળ ઘટે છે, પૃથ્વીથી ઊંચકાય નહીં એટલો ભાર થાય ને એનાં આપેલાં અન્નવસ્ત્રનો ભંડાર કૂટવા માંડે ત્યારે આ વસ્તીનો ભાર ઓછો કરવો, તેમ આ ભંડાર જેટલાં મનુષ્યોને પહોંચી શકે એટલાંને જ માટે રાખી બાકીની વસ્તીનો સંહાર કરવો એવો ઈશ્વરનો મર્મ પૂર્વના યોગીઓ ને પશ્ચિમના અર્થશાસ્ત્રીઓ સમજે છે ને તે માર્ગે કોઈને સંપન્ન અને કોઈને વિપન્ન કરવું ઈશ્વરને ગમે તો તે માર્ગ અયોગ્ય છે એવું સિદ્ધ કરવા કયા માનવની બુદ્ધિ સમર્થ છે?

આવું છતાં મારો બંધુ હનુમાન તારા આ શત્રુઓને વિષયે મારા જેટલો જ જાગૃત રહે છે તે જો. દુષ્કાળ અને વ્યાધિઓને કાળે એની ચિંતાઓનું, ઉજાગરાનું, અને શ્રમનું સૂક્ષ્મ અવલોકન તું કરીશ તો તને દયા આવ્યા વિના નહીં રહે. વાલી પેલા પશ્ચિમ દેશમાં રહી હનુમાનને રામને નામે આજ્ઞાઓ કરે તો તેને વિષયે જાગૃત રહેવાને માટે હું હાલ એ દેશમાં ફર્યાં કરું છું, કપિલોકનાં હૃદયને જાગૃત કરું છું, ને તારાની પોતાની ધર્મબુદ્ધિનું ને દયાનું પ્રોત્સાહન કરું છું.[1] તારાં બાળકને મેં આ દેશમાં આ જ કાર્યને માટે આકર્ષવા માંડ્યાં છે તે તું જાણે છે. [2] પૂર્વ દેશ — જ્યાં તું અમારાથી વિયુક્ત થઈ આજ રોતી સૂતી છે — એ આર્યોના પૂર્વ દેશમાં પણ વર્તમાનપત્રો કૉન્ગ્રેસના [3] સમાજ અને એવે અનેક રૂપે મારી જાગૃતિની છાયાઓ સ્થળે સ્થળે ફરવા લાગી છે અને તે પણ હનુમાનની ઇચ્છાથી જ થયું છે તે શું તું નથી જાણતી?

એ હનુમાનનો અને સુગ્રીવનો સંયોગ કરાવી વાલીલોક પાસે જ તારી પ્રજાને હનુમાનના અમાત્યયૂથમાં મેં અધિકાર અપાવ્યો [૧] છે ને તેથી જ તે અમાત્યોને અનેક પ્રશ્નો [૨] પૂછી તારા પુત્રો તેમને ઊંચાનીચા કરે છે એ પણ મારી જ છાયા છે — માટે પાંચાલી ધૈર્ય રાખ ને આશ્વાસન પામ. જ્યાં સુધી જ્યેષ્ટબન્ધુ ધર્મનો અવતાર તારે ત્યાં પ્રકટ થયો નથી ત્યાં સુધી હું જાતે તો શી રીતે આવું? તારા સ્વયંવરમાં પ્રકટ પરાક્રમ કરનાર અર્જુન અને હું ધર્મરાજની પાછળ સાથે સાથે આવીશું — પણ હાલ તો મારી છાયા જ!'

આ શબ્દ બંધ પડ્યો તેની સાથે ચારે પાસના પવનમાં, વૃષ્ટિની ધારાઓ પેઠે, દોરીઓ લટકવા માંડી, વીંઝાવા લાગી, ને તે દોરીઓને સર્વ દિશામાં ઉરાડનાર પવન ત્રણે પાસના સમુદ્રમાંથી વાવા લાગ્યો ને માત્ર હિમાલયે રોકેલી દિશામાંથી જણાયો નહીં પણ હિમાલય સુધી જઈ તેનાં ક્રૌંચરન્ધ્ર જેવાં અનેક રન્ધ્રમાં પેસવા લાગ્યો, વાંસળીઓમાં પેસી સ્વર કરતો હોય તેવા સ્વર કરવા લાગ્યો. આ પવનમાં ઝોલાં ખાતી અર્જુનના વાયુરથની દોરીઓ હનુમાન ચારે પાસ કૂદી કૂદી પકડવા લાગ્યો ને પાંચાલીના પલંગ નીચે તેમ અન્યત્ર પોતે બાંધેલાં તાર, તંબૂ અને બીજાં સર્વ યંત્રોના મર્મભાગ સાથે એ દોરીઓને બાંધવા લાગ્યો અને તેની ક્રિયાનું અનુમોદન કરતી વાયુરથમાંની અર્જુનમૂર્તિ રથમાંથી નીચી દૃષ્ટિ કરી, પાંચાલીની આંખો સાથે આંખો મેળવી કહેવા લાગી:

'પ્રિયા! હું હાલ પ્રવાસી છું, વરુણલોકમાં ને વાયુલોકમાં પર્યટન કરું છું પણ આપણો સમાગમ હવે પાસે છે. સર્વ દેશની સર્વ સમૃદ્ધિઓથી મારો રથ ભરાય એટલી વાર ધૈર્ય રાખજે ને તારા પલંગ નીચે હનુમાનનાં સુકુત્યની, ને મારે ઊગી નીકળવાના ક્ષેત્રની, કૃષિલેખાઓ[૫] જોઈ, મારા ધ્વજસારથિ કપિરાજ ઉપર વિશ્વાસ રાખજે. દેશદેશથી જે સામગ્રીઓ હું તારે માટે આ રથમાં એકઠી કરી સાચવી રાખું છું તેના સત્કાર માટે કુરુક્ષેત્રમાં જે રચનાઓ ને વ્યવસ્થા કરવાની તે હનુમાન સારી રીતે જાણે છે, કારણ મારી પ્રકૃતિનો તેને ઘણા કાળથી પરિચય છે.

પાંચાલી! આ ચિરંજીવ અશ્વત્થામાથી પણ ત્રાસીશ નહીં. અતિકૃપા કરી મેં એનું મરણ નિવાર્યું; મેં એનું શિર છેદવાની ના કહી; અને શ્રીકૃષણ યોગેશ્વરે તેને ગાંડો કરી ચિરંજીવ રાખેલો છે તે શું નિરર્થક છે?

'There is a method in his madness which time and effort only will uncavel and then shall dawn before the civilization of these days the wonders we had sown in our honeymoon days! His madness will, in the fulness of time, burst like a volcano and pour over this boasting age the contents of that unquenched genius which has been burning all along beneath the surface of this man's madness. Progress will then be lifted up for ever .'

પાંચાલી! હું હાલ તારી પાસે આવી શકતો નથી. મારો પ્રવાસ હજી આટોપાયો નથી, કામ બહુ છે ને વેળા ઓછી છે. ને-ને-જ્યેષ્ઠ બન્ધુ ધર્મરાજાના અને ભીમના પહેલો હું તારી પાસે શી રીતે આવું? મને પામવાને તરત તો તારા પુત્રોને સમુદ્રમાં ચરવા મોકલ. *इन्द्र इच्चरत: सखा* [૬] ! મારા પિતા ઇન્દ્ર હરનાર ફરારના મિત્ર છે — બેસી રહેનારના નથી — એવું શ્રુતિવચન છે — ને પાંચાલી! એ શ્રુતિની તું દાયાદ છે! ને એ શ્રોત ઇન્દ્રનો હું પુત્ર છું, એ પિતાનાં અંગમાત્રમાંથી ઉત્પન્ન છું, એના હૃદયમાંથી જોયેલો છું. પુત્ર નામે હું એનો આત્મા જ છું! કલિયુગરૂપે તારી પ્રજા સૂઈ રહી છે તેને બેઠી કર, ઊભી કર, હરતીફરતી કર -અને ફરશે ત્યાં કૃતયુગને — સત્યયુગને — પામશે એવો મારા પિતાએ રોહિતને ઉપદેશ કરેલો છે તે તારી પ્રજાને માટે જ છે — તે સફળ થશે જ! તે કાળ આવે ત્યાં સુધી તો -મને અવકાશ નથી — કામ બહુ છે ને વેળા ઓછી છે! ત્યાં સુધી વિયોગ જ — પણ ધૈર્ય રાખજે — જાગૃત થજે — પૂર્વે તારી કન્યાવસ્થામાં તારા સ્વયંવરમાં જેણે તને મેળવી હતી તે હવે દીર્ઘકાળ સુધી તને સૂની નહીં મૂકે.'

આ શબ્દ બંધ પડ્યો પણ વાયુરથનો વાયુ ચાલતો જ રહ્યો. તેવામાં ક્રૌંચરન્ધ્ર ઉપર આવીને ધર્મરાજની કેવળ છાયા નહીં પણ મૂર્તિ જ આવીને ઊભી ને અર્જુનના રથને સ્થિર રાખી તેની દોરીઓને રાજદંડ પેઠે ઝાલી ઊભી રહી. તેની સાથે મુકુટધર ધર્મનો સ્વર તે દોરીઓના તારમાં વીજળીના ધક્કા પેઠે ગયો ને ચમકવા લાગ્યો.

'પાંચાલી! ચારે ભાઈઓનું અહીં આવવું મારા આવવા ઉપર આધાર રાખે છે ને મારું આવવું મારા હાથમાં છે એ સત્ય છે, પણ મારા હાથપગ મારા હૃદયના સૂત્રધારની ઇચ્છાનુસાર ચાલે છે તેનો તને અનુભવ ક્યાં નથી? મારી તારી પ્રીતિ આપણા ધર્મસહચારમાં જ છે, ને તે પ્રમાણે સહચાર ન થઈ શક્યો ત્યારે જેવી રીતે આ ચાર બંધુઓને મૂક્યા તેમ જ તને પણ હિમાલયમાં પડેલી મૂકી હું આગળ ચાલ્યો ગયો છું. મેં તને આપણા વનવાસ સમયે [૧] સ્પષ્ટ કહેલું હતું કે ધર્મને સાટે હું તારો પણ ત્યાગ કરું — તે ત્યાગ કરવાનો મારે પ્રસંગ આવ્યો ત્યારે મેં તને ત્યજી. એ જ ધર્મથી હું તારી પાસે તરત આવી શકતો નથી. તારી પ્રજાને અશ્વત્થામાએ ભ્રષ્ટ કરી છે — તે મારા સંસર્ગની અધિકારી નથી. તું પૂછીશ કે હું કયો ધર્મ છું? તું પૂછીશ કે અશ્વત્થામા ભ્રષ્ટ કેમ અને અનેક મ્લેચ્છોના દેશોનો પ્રવાસી હું ધર્મરૂપ કેમ? તો સાંભળી લે. આ શરીર યમરાજના તેજથી જન્મ પામેલું છે; યશસ્વી પાંડુ મહારાજના રાજ્યનું દાયાદ થયેલું છે; વ્યાસમહાત્મા, કૃષણ પરમાત્મા, ભીષ્મપિતામહ અને ઋષિમુનિઓના ઉપદેશનું ધારક થયેલું છે. એ જ પરમાત્માએ બુદ્ધાવતાર ધર્યો ત્યારે મને પોતાના હૃદયમાં રાખી સંસારને સંસ્કારી કર્યો. તેમનાં હૃદયમાં ઊગેલાં પુષ્પોનો પરાગ લઈ હું બાખડીના ઝરથોસ્ત અને જેરૂસલમ નગરના બ્રહ્મર્ષિ — અવતારના રચેલાં ઉદ્યાનોમાં પવન પેઠે દૃશ્ય પણ સફળ આવાસ કરી રહ્યો. મારા મુખ આગળ ત્યાં પણ સામો અશ્વત્થામા આવી ઊભો. ત્યાર પછી હું આરબ લોકના દેશમાં થોડો કાળ ગયો ને ત્યાં પણ અશ્વત્થામા વધારે રૌદ્રરૂપ ધરી આવ્યો એટલે હું ત્યાંથી પણ નીકળ્યો. યુરોપના અમેરિકાના અગ્રણી લોકે સ્વબુદ્ધિબળથી અશ્વત્થામાને હાંકી કાઢ્યો અને હું ત્યાં પાછો નવીન રૂપે ગયો તે ત્યાં ફરું છું. મેં હવે સર્વ ધરતીને જોઈ લીધી છે, હાલના પ્રયાણમાં અમે પાંચે ભાઈઓ એકઠા છીએ તેથી અમે અનેક રીતે સંસિદ્ધ થઈ નિર્ભય વિચરીએ છીએ. પણ એ સર્વ વિરોચનનો અને બલિરાજાનો પ્રદેશ છે ને યદ્યપિ અહંતાનો ત્યાગ તે કરી શક્યો છે તો પણ એથી વધારે દુસ્તર મમતાનો ત્યાગ તેનાથી થઈ શકતો નથી. કાળ આવ્યે તે પણ થશે. પાંચાલી! પણ એ દેશની ધર્મસંપત્તિઓ સ્થૂલ છે ને સૂક્ષ્મ નથી, ત્યારે તારી પાસે હાલ સ્થૂલ કે સૂક્ષ્મ બેમાંનું કાંઈ નથી. હું તારી પાસે કેવી રીતે આવું?

કપિલોક તેમના યૂથથી પરોક્ષ હોય, દૂર હોય તો પણ યૂથગતિના શાસનની નિયંત્રણા [૨] માં તેમનાં હૃદય રહે છે ને તેમનો યૂથપતિ જાણે છે કે શૂદ્રમાં શૂદ્ર, દૂરમાં દૂર, અને મત્તમાં મત્ત કપિ તેનાં શાસનને સ્વીકારશે. England expects every man to do his duty . તમારે ત્યાં ઐક્યવાળાં યૂથ નથી, અને એવાં યૂથ થવાં ને ટકવાં કઠણ છે, તો પછી યૂથપતિની તો વાત જ શી? શાસનનિયંત્રણા વિના વ્યવસ્થા નથી ને વ્યવસ્થા વિના ધર્મ નથી. તમારે ત્યાં તેમાંનું કાંઈ નથી તો તારી પાસે હું કેવી રીતે આવું? Let Indian’s sons learn too to know their duty and to do it .

પણ તારે નિરાશ થવાનું કારણ નથી, તારી આશા ને નિરાશા થોડી થોડી તારા હાથમાં છે. અનેક અનુભવથી બંધાયેલા પિતામહના સૂક્ષ્મ ઉપદેશ સંભળાવે એવા પિતામહના જડ થયેલા શરીરને સચેતન કરવાના માર્ગ લે અને આજ સુધીના તારા ને સર્વ સંસારના ઇતિહાસથી એ શરીરને પુષ્ટ કરી તેનાથી ઉપદેશ લેવાને સમર્થ તારા પુત્રોમાંથી એક નીકળશે તો તેવા બીજા અનેક પુત્રો સમર્થ થશે ને ઉપદેશ લેશે. શ્રીકૃષ્ણે યુદ્ધનો ત્યાગ ન કરવાનું અર્જુનને સમજાવ્યું ત્યારે આ દેશમાં અશ્વત્થામાએ જ્ઞાનનું ફળ ઐહિક ધર્મમાત્રનો ત્યાગ કરવામાં જ સમજાવ્યું છે! — અને ધર્મના શરીરમાં કોઈક અન્ય જીવને જ વસાવ્યો છે! પાંચાલી! અહંતા ને મમતાનો નાશ થાય ને તેમના નાશથી કૃતકૃત્યતા આવિર્ભાવ પામે તે રજોગુણનો નાશ છે ને તે યોગ્ય છે; પણ એ નિમિત્તે લોકસંગ્રહની નિષ્કામ ક્રિયાઓમાંથી નિવૃત્ત થવું એ તો સાત્ત્વિક વૃત્તિને સ્થાને તામસી તન્દ્રાનો જ વિકાસ ગણી લેવો. એ વિકાસ નથી ઇચ્છ્યો વ્યાસે, નથી ઇચ્છ્યો કૃષ્ણે, ને નથી ઇચ્છ્યો રામે કે જનકે. એ વિકાસનો આવિર્ભાવ આ દેશમાં છે ત્યાં સુધી ધર્મનાં બીજ ઉપર ભૂમિમાં પડે છે, સાધુઓના સનાતન ધર્મને સ્થાને જડ પદાર્થોના આલસ્યધર્મ પ્રકટ થાય છે, અને અશ્વત્થામાના વિકાસને માટે અનુકૂળતા થઈ જાય છે. અલક્ષ્ય પરમાત્માની ઇચ્છાથી આ લક્ષ્ય સ્વરૂપનો સમારંભ જામી રહેલો છે તેમાં કેવળ સત્યનો ધર્મ નથી પણ સત્ય અને ઋતનો સમાગમ જ ધર્મરૂપ છે. એ ઋતચક્રમાં ફરવું અને એ ઋતચક્રનો પ્રજાપતિ જે પ્રવાહમાં પાડે તેના ધર્મને જાણી લેવા અને સ્વીકારવા એ જ મહાબુદ્ધિનું લક્ષણ છે તે આ પાસે ઊભેલા નવા બાલક [૧] ની દીક્ષાથી એને આ દેશના જ ધર્મે સમજાવેલું છે ને તારી પ્રજા સમજી નથી.

ઋતનો મર્મ પશ્ચિમ દેશ સમજે છે; તારી પ્રજા ઉક્તકાળે સમજતી હતી પણ હવે ભૂલી ગઈ છે. નિત્ય સત્યનો મર્મ પશ્ચિમ સમજ્યો નથી ને આ દેશ સમજ્યો હતો ને હાલ કંઈક સમજતો હશે — તેથી જ મારો આ દેશને માટે પક્ષપાત છે, પણ પશ્ચિમ જ ઋત સમજે છે, તેનું આ દેશને વિસ્મરણ છે — તેમાં આ દેશનો પ્રમાદ છે; માટે ધર્મનું બીજ મરુસ્થળમાં પડ્યું છે. ત્યાં હું ઊગું શી રીતે?

પાંચાલી! આ દેશના પ્રત્યગ્દર્શી મહાત્માઓએ મારું જે તત્ત્વ અને સત્ત્વ સુદૃષ્ટ કરેલું છે તેનું પશ્ચિમને સ્વપ્ન નથી, ને એ મહાત્માઓએ મારો જન્મ યમરાજના તેજમાંથી જોયો છે તે કપિલોક સમજતા નથી. તે કપિલોક પાસેથી તારે અમ ભાઈઓનાં કલ્યાણની વ્યવસ્થાઓ અને ઋતધર્મ શીખવાનો છે તો તારે પણ તારારાણીને અનેકધા શીખવવાનું છે. તને શીખવવાનું તે તારા જાણે [૨] છે; પણ દીર્ઘ મૂર્છાને બળે તારા મહાત્માઓએ તને શીખવેલું, તારે શીખવવાનું, તું જાણતી નથી તે જાણ, અને પરસ્પરનું ઉદ્બોધન કરાવી કપિલોકનું અને અહીંના આર્યોનું કલ્યાણ કર — એ તારો ધર્મ છે. તે, ધર્મનો આચાર પરિપાક પામશે ત્યારે આ કુરુક્ષેત્રરૂપ ધર્મક્ષેત્રની તટભૂમિમાંથી આ ક્ષેત્રમાં જ પ્રવેશ પામવા જેટલું અન્ન અને સામર્થ્ય મારું શરીર પામશે અને તે પછી જ આપણે પરસ્પરયોગનાં અધિકારી થઈશું. આ આ ક્રૌંચરન્ધ્રથી થોડે છેટે અનેક નદીએ નીકળે છે તેમ અનેક ઉપદેશમાંથી હું પોષિત થયો છું પણ તે સર્વ નદીઓને લઈ સિન્ધુ અને ગંગા સમુદ્રનો યોગ પામે છે તેવો યોગ મારું શરીર પામશે ત્યારે હું તને કહી શકીશ કે ‘પાંચાલી! હું દ્યૌ ને તું પૃથ્વી.’ મારા ઉપર પ્રીતિ હોય તો આ તારા હાથની વાત આ દેશમાં ઉત્પન્ન કરવાની તે તને દર્શાવી. આ દેશમાં જન્મેલો હું ધર્મ સંપૂર્ણકળાના પાશ્ચાત્ય જગતમાં સંભૃત થઈશ ને મારા સાંપ્રત સ્વરૂપનાં આ કાળનાં સર્વ કલંક નષ્ટ થશે, ત્યારે પાંચાલીની આંખોની કીકીઓ તેના પ્રકાશથી ચળકવા ને ચમકવા માંડશે ને એ આંખોમાં પહોંચેલો એ પ્રકાશ, મારી પાંચાલી! તારી હૃદયવેદીમાં અખંડ જ્વલમાન રહેલા અનાદિ અગ્નિ સાથે સમાગમ પામશે! — ત્યારે — ત્યારે તારા સર્વ અંગમાં તારો અન્તરાત્મા સર્વ મહાયજ્ઞોને માટે અનેક જ્વાલાઓથી ભભૂકી ઊઠશે. પાંચાલી! તારા હાથની વાત તને સમજાવી અને ઈશ્વરના હાથની વાત પણ સમજાવી.

પાંચાલી! હવે હું પશ્ચિમ દેશોમાં એવે રૂપે ઊભો થયો છું કે આસ્તિક અને નાસ્તિક સર્વલોક મારું સ્વરૂપ જોઈ શકે છે ને મારી આજ્ઞા તે સર્વનાં હૃદયોમાં વર્તે છે. સર્વ દેશના અનુભવનું માખણ વલોવી કાઢી આ પરિણામ મેં આણ્યું છે; ધર્મ આ દેશમાં જ સમાઈ બેસી રહેતો નથી એવું સિદ્ધ કરવા હું હિમાલયની પેલી પાર પ્રવાસે નીકળ્યો તેથી આ પરાક્રમ કરી શક્યો.

પાંચાલી! અરણ્યોમાં ને નગરોમાં, રંક લોકનાં ઝૂંપડાંઓમાં ને રાજાઓના મહેલમાં, વીર લોકનાં અસ્ત્રોમાં અને વ્યાપારીઓના વ્યવહારમાં, મહાત્માઓનાં ચરિતમાં ને બાળકના વિનોદમાં, ત્યાગીના ત્યાગમાં ને કામીના ભોગમાં, હૃદયમાં તેજ જિહ્વા ઉપર, જ્ઞાનેન્દ્રિયોમાં તેમ કર્મેન્દ્રિયોમાં, પુરુષોમાં તેમ સ્ત્રીઓમાં, આસ્તિકોમાં તેમ નાસ્તિકોમાં, જ્યારે એવું ચારિત્ર્ય સ્ફુરે કે તેથી તેના ચરનારના સૂક્ષ્મ શરીરની સંસિદ્ધિ થાય, સમીપસ્થ દેશનું કલ્યાણ થાય, અને દૂરતમ લોકનું પણ અહિત ન થાય — ત્યારે એ ચારિત્ર્યમાં તું. મારા શુદ્ધ સ્વરૂપને જોજે. આવા ચારિત્ર્યના પોષણથી વ્યક્તિની, દેશની અને લોકમાત્રની સુવ્યવસ્થા છે. એ વ્યવસ્થાના ધર્મ ઈશ્વરને પોતાની પૂજાના કરતાં વધારે પ્રિય છે અને પોતાની ભક્તિના કરતાં વધારે ઇષ્ટ છે. પોતાના સાક્ષાત્કાર કરતાં આ ધર્મમાં ઈશ્વર કોઈ રીતની ન્યૂનતા જોતો જ નથી, પણ પરમાત્માના સાક્ષાત્કારનું તેમ સાયુજ્યનું પ્રધાન લક્ષણ આ ધર્મના ઉપરથી જ ગોચર થાય છે. સર્વ દેશોમાં સર્વ કાળમાં થયેલા સર્વ અવતારોના ઉપદેશમાંથી આ દોહન મેં કાઢ્યું છે. સર્વ ઉપનિષદોનું દોહન કરનારે જેને બ્રાહ્મી સ્થિતિ કહી હતી, [૧] જેને માટે પ્રસાદાત્મક નિસ્ત્રૈગુણ્ય વ્યવસાયાત્મક બુદ્ધિથી જ પર્યાપ્તિ છે, [૨] જેને માટે વેદવાદની પુષ્પિત વાણીને ગીતામાં ભગવાન પોતે અપર્યાપ્ત ગણે છે,[3] જેને માટે એ ભગવાને પોતે બુદ્ધ થઈ વેદ અને બ્રાહ્મણોના અધર્મમાર્ગને દૂર કર્યા, જેને લીધે પશ્ચિમના લોક આજના સંસારમાં વ્યવસ્તાનું પોષણ કરી શકે છે, જેના યોગને ‘કર્મમાં કૌશલ’ કહેલું છે: [૪] એ જ ધર્મ મારો આત્મા છે ને એ જ આત્માના તેજથી મારું આ બ્રાહ્મી સ્થિતિવાળું શરીર તું જુએ

છે. એ ધર્મ જ્યારે તારા બ્રાહ્મણો જોશે ત્યારે હું તારી પાસે આવીશ, ને ત્યાં સુધી તો એ બ્રાહ્મણયુગને આણવાને સંસારચક્રને ફેરવનાર પરમાત્મા તારી સંભાળ લેશે — અને તે પણ તું તે સંભાળની અધિકારિણી હોઈશ તો!

ક્ષત્રિયાણી! રખે તું તારા અસહ્ય દુ:ખથી ત્રાસી અકર્તવ્ય કરતી! દુ:ખથી તું ડરીશ નહીં, ભયથી છળીશ નહીં, સુખથી ફુલીશ નહીં. સુખ, દુ:ખ અને ભયની ત્રિપુટી પાસે તને સંસિદ્ધ કરાવે એવા ચમકારા કરનારી વીજળી તારા સર્વાંગમાં ગૂઢ છે. તે કાળપરિપાકે આપણો યોગ કરાવશે. અમર કુંતીમાતા પ્રવાસે ન નીકળતાં તારી પાસે અનેક યુગથી બેઠાં છે ને તને અસ્તકાળે પણ ઉત્સાહ આપશે.

સૂક્ષ્મતમ યજ્ઞમાંથી ઉત્પન્ન થયેલી રાજપુત્રી! પૂર્વે તને કહેલું હતું તે જ સ્વરૂપ આજ મારું છે. તે સ્મરણમાં આણી મારી છાયાનું તારા હૃદયમાં પોષણ કરજે! હું ક્રિયાહીન શુષ્ક જ્ઞાન નથી, જ્ઞાનહીન કર્મ નથી, નીતિહીન ભક્તિ નથી, કેવળ પરલોકવાચક ક્રિયા નથી, કેવળ ફ્લાન્વેષી નીતિ નથી, પૃથ્વીની માટી ને આકાશના જળ જેવાં ઐહિક આમુત્રિક જ્ઞાનમાંથી પ્રગટ થયેલા નીતિવૃક્ષ ઉપર હું પુષ્પ પેઠે ઉદય પામું છું, ને મારી પાછળ ફળ પેઠે અર્જુનની ક્રિયા પ્રકટ થાય છે. એ ક્રિયાનું કારણરૂપ કર્તવ્યતાભાન તે હું છું.

I am Duty incarnate and neither more, nor less! Born in this sacred land, fed nourished with its best fruits, but self-developed and matured and enlightened by travelling through the space and time outside our nativity! Gone but to return when thou shalt shake off thy sleep and want me in the heart of thy heart! and not till then! Sleep on, my love, but hear the ditty I whispered in the ears in the hour of our love, and dream of it! - dream on! - until it fills thy soul !

नाहं कर्मफलान्वेषी राजपुत्रि चराम्युत।

ददामि देयमित्येव यजे यष्टव्यमित्युत।।

अस्तु वात्र फलं मा वा कर्तव्यं पुरुषेण यत्।

गृहे वा वसता कृष्णे यथाशक्ति करोमि तत्।।

धर्म एव मन: कृष्णे स्वभावाच्चैव मे धृतम्।

धर्मवाणिज्यको हीनो जधन्यो धर्मवादिनाम्।।

न धर्मफलमाप्नोति यो धर्म दोग्धुमिच्छति।

यश्चैनं शङ्कते कृतवा नास्तिक्यात्पापचेतन:।।

अते हि धर्ममे वादौ वर्णयन्ति सदानधे।

कर्तव्यममरप्रख्या: प्रत्यक्षागमबुद्धय:।। [૧]

આટલી વાણી વાયુરથની દોરીઓમાંથી નીકળી રહી તેની સાથે ધર્મરાજાનું મુખ આકાશમાં ચન્દ્રની પેઠે અને ચન્દ્રની જોડે જ પાંચાલીના મુખચન્દ્ર ઉપર લટકી રહ્યું; આની સાથે ચારે દિશામાં બીજા ચારે ભાઈઓનાં મુખ પણ ચાર ચન્દ્ર જેવાં પ્રકાશવા લાગ્યાં ને સાતમું પાંચાલીનું પોતાનું મુખ આકાશ અને પૃથ્વીના મધ્યભાગે ચળકવા લાગ્યું. કુરુક્ષેત્રનો દેખાવ આ સર્વના સમાગમથી કંઈ નવીન દિવ્ય રમણીયતા ધરવા લાગ્યો. સાતે ચન્દ્રના શાંત પ્રકાશથી રાત્રિમાં અને પૃથ્વીમાં અપૂર્વ શાંન્તિ પ્રસરી રહી. ચોપાસનો પવન શાંત થઈ ગયો. દૂરનો ત્રણ પાસનો મહાસાગર શાન્ત સરોવર જેવો થઈ આ સમૃદ્ધ આકાશનું પ્રતિબિંબ પોતાના આખા વિસ્તારમાં લેવા લાગ્યો. હનુમાન પાંચાલીની એક પાસ હાથ જોડીને ઊભો ને અશ્વત્થામા પણ ડાહ્યો થઈ બીજી પાસ ઊભો, ને આકાશમાં સ્વર સંભળાવા લાગ્યો:

‘પાંડવો! ઊભા રહો ને ત્રિકાલદર્શી વ્યાસમુનિએ કાબે લૂંટેલા અર્જુનનું આશ્વાસન કરતી વેળા તમારી સંસિદ્ધિ દર્શાવી અર્જુનને કહ્યું હતું [૧] કે, તમે ભાઈઓ હાલ સંસિદ્ધ થયા છો તો તમારે જવું જ ઉત્તમ છે, ને પાછો કાળ આવશે ત્યારે અર્જુનનાં ગયેલાં અસ્ત્ર પોતાની મેળે એના હાથમાં આવશે! આ સત્ય પડવાની વેળા ચાલી આવે છે તે જુઓ.’

આ સ્વર સાંભળતાં પલંગ પર સૂતી સૂતી પાંચાલી હાથ જોડી હૃદયમાં સ્તવન કરવા લાગી અને વૃદ્ધ કુન્તી એને માથે અને છાતીએ હાથ ફેરવતી સામી દિશામાં જોવા લાગી ને આવેશથી, ઉત્સાહથી ને આનંદથી, ઊછળતી કહેવા લાગી: ‘વત્સા! ઊઠ — ઊઠ — ને આ આપણા પુણ્ય દૈવતની ઝાંખી કરી લે.

કરથકી ગયાં શસ્ત્ર તો ભલે!

ગૃહથકી જશે લક્ષ્મી તો ભલે!

કુરુભૂમિ વિશે સર્વ તે વૃથા;

સ્મરની સારથિ શસ્ત્રહીન ત્યાં!

મૂક તું મોહને! લે ઉમંગને!

હરિ ચિરંજીવી ઓ જુએ તને;

પટકૂળો લઈ એ ઉભા હજી;

ઘર ચમત્કૃતિ બુદ્ધિની નવી! ’

એવામાં પૃથ્વી પર ચરણ મૂક્યા વિના વાદળાંની જાજમ ઉપર કોઈ ભવ્ય દેવની મૂર્તિ ચાલી આવતી જણાઈ. તેને જોતો જોતો સરસ્વતીચંદ્ર કુમુદના કાનમાં ધીમે સ્વરે કહેવા લાગ્યો:

‘કુમુદ! સર્વ ચિરંજીવોનો સૂત્રધાર ચિરંજીવ ભૃગુપતિ દયાળુ ગંભીર વેશે આવે છે તેને હૃદયમાંથી પ્રણામ કરજે. આપણી સર્વનિરાશામાં આશા મૂકવાનું સામર્થ્ય એક એ મહાત્મામાં જ છે.

We are now in the all-hallowing presence of that almighty Spirit of Harmony, whom Shelley hailed as the Life of Life ! પરમજ્યોતિનો બ્રાહ્મણાવતાર તે આ જ!’

પળવારમાં પરશુરામની તેજોમયી મૂર્તિ, સર્વ ચન્દ્રને ઊંચા કરતી પાંચાલીની પાસે આવી અધ્ધર ઊભી; થોડી વાર પાંચાલીની આંખો ઉપર અને કંપતા હૃદય ઉપર અમીદૃષ્ટિ કરી ઊભી રહી; અને અન્તે એના ધીર ગંભીર અક્ષર — એના દાંતનાં કિરણ પેઠે — જગતમાં પ્રસરવા લાગ્યા.

‘I am much more than all that, my little children ! પાંચાલી! જે સર્વવ્યાપી એક સત્ત્વ, આ દશે દિશાઓમાં વ્યાપતાં અને તરવરતાં અસંખ્ય બ્રહ્માંડોમાં સ્ફુરે છે તેની છાયા તારી પાસે ઊભેલી તું દેખે છે તેને — મને — જોઈને તું શાંત થા. જે અજ અજર અમર, શાશ્વત તેજોમય પટ જેવો પુરુષ અનંત કાલને વ્યાપીને સ્થાણુરૂપે ઊભો છે તેના તન્તુને તું અત્યારે સ્પર્શે છે. તું કોઈ રીતે ભીતિ રાખીશ નહીં! આ દેશમાં ધર્મ પાછો આવશે ને તેની પાછળ તેના સર્વ બન્ધુઓ આવશે! હું તેમની ગતિનો સૂત્રધાર તારા આશાતન્તુને ત્રુટતા અટકાવવા આ દિવ્ય મુહૂર્તમાં તને પ્રત્યક્ષ થાઉં છું.

હું ધર્મની આશા છું; ઋતનો સૂત્રધાર છું; સત્યનું સ્વરૂપ છું; અને એ ત્રણેની વ્યવસ્થાના માર્ગનું અધિષ્ટાન છું. કુરુક્ષેત્રમાં જેણે અર્જુનનું સારથિપણું કર્યું હતું તેનો જ હું વૃદ્ધ અવતાર છું, ને અર્જુનના વાયુરથની ગતિ અને આ ચંદ્રવાળાની વિભૂતિ તને દર્શાવવા આવ્યો છું. તારા સ્વયંવરમાં અર્જુનનો સૂચક થનાર કૌરવસભામાં તારાં ચીર પૂરનાર, અને પાંડવોના વિજયનો સારથિ — તે હું જ હતો અને છું! માટે આશા ધર! જેને આવી સૂક્ષ્મ સુન્દરતા અને આવું આયુષ્ય મેં આપ્યાં છે તે મારો પ્રસાદ નિષ્ફળ ન થાય માટે હું ચિરંજીવરૂપે આ ક્ષેત્રમાં અનેક યુગો થયાં વસું છું! પાંચાલી! આશાના ઉદયને પ્રત્યક્ષ કર!

આ અશ્વત્થામાને જોઈ તું ગભરાઈશ નહીં. કુરુક્ષેત્રમાં અનેક રણસંગ્રામ થયા છે, પણ મહાભારતના સંગ્રામોમાં જેવા વીરો હતા તેવા પાછળથી નથી આવ્યા. એ સંગ્રામમાં આ ક્ષેત્રનું પૈતામહકજ્યોતિ અસ્ત થયું તેને બાણશય્યાપાર સૂતેલું ગંગાએ જાળવી રાખ્યું છે. એ સંગ્રામમાં બ્રાહ્મણોનું વીર્ય હારી ગયું ને એમનું તેજ ધ્વસ્થ થયું. પણ એ તેજનો કેવળ સબીજ નાશ થાય નહીં માટે તેને ગાંડા ગાંડા પણ અશ્વત્થામાના મસ્તિકમાં રાખી એને ચિરંજીવ રાખેલો છે તે એટલા માટે કે અર્જુન ફરી અસ્ત્રને પ્રાપ્ત કરે ત્યારે ‘બ્રહ્મશિરોસ્ત્ર’નું જ્ઞાન આ ગાંડાના મસ્તિકમાંથી અર્જુનને મળે. અર્જુનનાં સર્વ અસ્ત્ર બળવાળાં છે, પણ બ્રાહ્મણના શિરમાંથી જે દિવ્ય અસ્ત્ર ફેંકાય છે તેની શક્તિ કોઈથી પ્રાપ્ત થાય એવી નથી માટે એ અસ્ત્ર અશ્વત્થામાના શિરમાં પ્રતિષ્ઠિત થયું છે ને આ યુગમાં કૌરવ વિનાનો અર્જુન ફરવાનો છે તેને આ અસ્ત્ર અપૂર્વ લાભ આપી શકે એમ છે. પાંચાલી! ભૂતકાળમાં કૃષ્ણાવતારે શુદ્ધ કરેલા યુગની ને આવતા યુગની વચ્ચે પુરાણ પુલ પેઠે રાખેલા અશ્વત્થામાના મસ્તિકમાંથી અર્જુને લીધેલો મણિ એમાં અર્જુન જ પાછો મૂકશે એટલે આ યુગનાં સત્ત્વોને પુરાણ યુગની સમૃદ્ધિ આપવા આના મસ્તિકમાં એનું પ્રાચીન તેજ આવશે, ને અર્જુન તેમાંથી બ્રહ્મશિરોસ્ત્રનું ગ્રહણ કરી લેશે. પાંચાલી! જો જો! જેને મેં પ્રિયસખા ગણેલો તે અર્જુનના હાથમાં દિવ્ય મણિ લટકે છે ને તેનાં કિરણના બાહ્ય સ્પર્શથી જ અશ્વત્થામા સચેત થવા લાગે છે! ચિરંજીવનું અજ્ઞ આયુષ્ય બંધ થશે ને પ્રજ્ઞ આયુષ્ય થોડા કાળમાં સ્ફુરશે તે તારું કલ્યાણ જ કરશે. કાળ આમ પાકવા લાગે છે અને આ ચિરંજીવને માટે મેં કૃષ્ણાવતારમાં નિર્મેલાં ત્રણ સહસ્ત્ર વર્ષનું એની આ દશાનું આયુષ્ય પૂરું થવા આવે છે! કૃષ્ણાવતારને કેટલાં વર્ષ થયાં? ત્રણ સહસ્ત્ર વર્ષ તે મનુષ્યનાં કે દેવોનાં કે બ્રહ્માનાં કપિલોકને પૂછ. પૂર્વે કપિલોક અર્જુનના રથ ઉપર હતો તે આજ એની નીચે સૂત્રોથી લટકે છે — તે અર્જુનનું શુદ્ધ મુખ જોવાને સમર્થ થવા જેટલો ઊંચે ચડશે ત્યારે આ વર્ષોનું ગણિત કપિલોક કરી શકશે ને તને કહી શકશે. પણ એ ભૂતકાળને મૂકી વર્તમાનને હું પ્રત્યક્ષ કરાવું છું તે તો તું જાતે જો! પાંચાલી! એ ત્રણ સહસ્ત્ર વર્ષો પરિપાક પામી હવે પૂરાં થાય છે તે તું જો! પાંચાલી! જાગૃત થા. પાંચાલી! આ કાલપરિપાકનું મંગળમુહૂર્ત સમીપ છે તે તું જો ને ઉત્સાહિની થા. ક્ષત્રિયોનાં શિરમાંથી નીકળતાં અસ્ત્રો કરતાં બ્રાહ્મણના શિરમાંથી નીકળતાં અસ્ત્રની પરાક્રમવિભૂતિ જુદી જ છે! અનાર્યો એને ઈશ્વરે સૃજેલો માને છે ખરા, પણ એ સૃષ્ટિનું રહસ્ય સમજવાની શક્તિ તેમનામાં આવી નથી; એ પણ ઐશ્વર્યનો મર્મ છે. ગાંડા અને હત થયેલા બ્રહ્મશિરમાંથી જો આવાં અસ્ત્ર આટલા યુગ સુધી નીકળ્યાં છે તો તે જ શિર પાંડવને વશ, ડાહ્યું, સ્વસ્થ ને પ્રસન્ન હોય તો તેમાંથી કેવાં કલ્યાણકારક અસ્ત્ર નીકળે? પાંચાલી! આટલા યુગ સુધી તેં આને આપેલું સ્તન્યપાન નિષ્ફળ નહીં જાય. પાંચાલી! હવે બ્રાહ્મણયુગ પ્રવર્તવાનો છે, ને તે કાળે આ બ્રહ્મશિરોસ્ત્રની વિભૂતિનો તને કલ્યાણકારક અનુભવ થશે. આ યુગમાં ક્ષત્રિયોના શસ્ત્ર અને અસ્ત્ર વિરામ પામશે ત્યારે માત્ર શુદ્ધ બ્રાહ્મણો જ યુગના પ્રવર્તાવનાર થશે. કપિલોકે તારાં અસ્ત્ર લઈ લીધાં છે ત્યારથી એ ભાવી યુગના પગના ધબકારા થવા લાગ્યા છે અને કપિલોકના હાથમાં તારી પાસેથી લીધેલાં તો શું પણ તેમના પોતાના હાથમાં પોતે વસાવેલાં, અને મનુષ્યમાત્રના હાથમાં આજ દેખાતાં, શસ્ત્રાસ્ત્ર પણ વિરામ પામી જશે. એ યુગમાં તું કેવળ નિર્ભય થવાની છે. પણ તેની તને શ્રદ્ધા ન હોય, તારું સ્ત્રીનું હૃદય ભયની કલ્પનાથી આવી શ્રદ્ધા છતાં પણ ભાવી સંગ્રામના ભયથી કંપતું હોય, અથવા તારું ક્ષત્રિયાણીપણું તારા હૃદયને એવા સંગ્રામનો અભિલાષ કરાવતું હોય અને તે અભિલાષની સિદ્ધિનાં સાધનોમાં તારી ન્યૂનતાને લીધે નિ:શ્વાસ મૂકતું હોય — આ સર્વમાંથી ગમે તે કારણથી બ્રાહ્મયુગનો આવતો પવન તારા શરીરને સ્પર્શ ન કરતો હોય, તોપણ આ કુરુક્ષેત્રનું માહાત્મ્ય સ્મરણમાં આણી લે ને તેનાથી જ તને આશ્વાસન મળશે.

રામાવતાર કરતાં પણ મારો અવતાર જેમ પ્રાચીન છે તેમ બુદ્ધાવતાર કરતાં પણ મારું આયુષ્ય — લાંબું પહોંચ્યું છે ને હજી હું ચિરંજીવી રહીશ. તે સર્વ કાળમાં હું આ કુરુક્ષેત્રનું માહાત્મ્ય રચતો આવ્યો છું, જોતો આવ્યો છું, ને ન

જોનારને પણ દેખાડતો આવ્યો છું. તું એ માહાત્મ્ય જાણે છે, પણ તેના સ્મરણનો જીર્ણોદ્ધાર કરવા ફરી કહી બતાવું છું. તું એ નહીં જાણે તો કોણ જાણનાર સાંભળનાર હતું?'

પાંચાલી હાથ જોડી બેઠી થઈને સર્વ પાસના ચન્દ્ર અને તારાઓ, હનુમાન અને અશ્વત્થામા કાન માંડી સજ્જ થયાં. પરશુરામને ખભે પરશુની તીક્ષ્ણ ધાર સાત ચન્દ્રનાં કિરણમાં ચળકાટ મારવા લાગી ને ખભા પાસેના રામના મુખનો પ્રકાશ પણ તેના ઉપર એટલો બધો પડતો હતો કે પવનમાંના ભેજથી તેના ઉપર પડતો ડાઘ પણ સુકાયેલા લોહી જેવો જણાતો હતો. કુરુક્ષેત્રના શિર ઉપર આવે સમયે રામનો ધીર વીર સ્વર કોઈ ગરુડ પેઠે રામની મુખગુફામાંથી નીકળી ક્રૌંચરન્ધ્ર સુધી સ્થિર ગતિથી જવા લાગ્યો:

'કુરુક્ષેત્ર! આ પૃથ્વીના ગોળા ઉપર તું એકલું એક જ ધર્મક્ષેત્ર છે! તારા ચોગાનમાં સંગ્રામ થાય ત્યારે ધર્મરાજાનો જ જય થવાનો. *યતો ધર્મસ્તતો જય:* એ વાક્ય તારે માટે સર્વથા સિદ્ધ છે ને વ્યાસમુનિએ તને ધર્મક્ષેત્ર કહેલું છે તે નામ તર્કથી નથી આપ્યું, અભિમાનથી નથી આપ્યું, પણ તેમની યોગદૃષ્ટિમાં પ્રત્યક્ષ થયેલા દર્શનને લીધે એમણે એ નામ આપ્યું છે. અધર્મીઓ! કુરુક્ષેત્ર પ્રમાદ અને અધર્મને માટે નથી અને તેમાં જઈ યુદ્ધ માંડવાની છાતી ચલાવતાં સાવધાન રહેજો! આ ક્ષેત્રનું મૂળ પેલા ક્રૌંચરન્ધ્રમાં છે, ત્યાંથી કુરુક્ષેત્રની સિદ્ધભૂમિનો આરંભ થાય છે. પેલા નિત્ય હિમના ઢગલાઓને રૂપે કવચ અને ટોપ પહેરી રાખનારા હિમાલયના કૈલાસશિખર આગળ દેવોનાં, બ્રાહ્મણોનાં અને ક્ષત્રિયોઓનાં પરાક્રમની આદિભૂમિનો માર્ગ છે. એ માર્ગની આસપાસ આવાં કવચ અને ટોપ ધરનાર ઊંચાં ગિરિશૃંગ આવી રહ્યાં છે. એ શૃંગો વચ્ચે થઈને જે લાંબી ખીણ જેવો માર્ગ છે તેમાં થઈને દેવોનાં શરીર જેવા, બ્રાહ્મણની વિદ્યા જેવા, અને ક્ષત્રિયોના યશ જેવા, શ્વેત અતિશ્વેત રાજહંસો માનસ સરોવરમાં આવજાવ કરે છે, ને એ હંસના માર્ગથી જ માર્ગ શોધી છંદોદેવતાના આર્ય દ્રષ્ટાઓ અહીં આવ્યા છે; આ દેશના બ્રહ્મદેવ આ હંસોનું જ વાહન કરી ગાયત્રી ગાતા ગાતા આ દ્રષ્ટાઓને રૂપે આવ્યા છે [૧] તે કાળ આ દેશનો પ્રભાતકાળ હતો અને બ્રહ્મદેવ ધર્મની સ્થાપના કરી આ શુચિ તીર્થમાં શુભ નક્ષત્રમાં આવ્યા ત્યારથી આ ધર્મક્ષેત્ર બંધાયું. તે પછી ક્ષતિયોને નિયમમાં આણવા મેં અવતાર લીધો ત્યારે પણ આ ખીણ પાસેનાં શૃંગોમાં મેં મારા બ્રાહ્મણવતારનું પરાક્રમ દર્શાવ્યું. દેવોના સેનાપતિ કાર્તિકસ્વામીને હંફાવી આ સામું શિખર ભેદી ભીની માટી જેવું મેં કરી નાખ્યું!

ક્રૌંચગિરિમાં [૨] એ મોટું છિદ્ર પડ્યું ત્યાંથી તે પછી હંસોનો માર્ગ થયો ને બ્રાહ્મણના પરાક્રમથી બ્રહ્માવર્તની બ્રાહ્મી સ્થિતિને યોગ્ય નવી તપોભૂમિમાં બ્રાહ્મણવતારના યશનો ક્ષીરસાગર ઊભો થયો! એ ક્રૌંચરન્ધ્રની નીચેથી તે આણીપાસ આ બ્રહ્માવર્ત દેશ થયો. આ સ્થાનમાં પરમ પુરુષનું વિષ્ણુત્વ વધારે છે કે રુદ્રત્વ, સંસારનું સંરક્ષકત્વ વધારે છે કે સંહારકત્વ, જગતને દર્શાવવાને માટે વૈષ્ણવ ધનુષ્યનું અને શિવના ત્ર્યમ્બક ધનુષ્યનું સામાસામી બળ અજમાવ્યું ને વૈષ્ણવ ધનુષ્યનું બળ વધારે નીવડ્યું. [૩] પાંચાલી! આ ક્ષેત્રમાં શિવજી જગતનો સંહાર વધારે છે કે વિષ્ણુ સંસારનું રક્ષણ વધારે કરે છે તેની આમ પ્રથમથી તુલના થઈ છે ને તેમાં અંતે સિદ્ધ થયું છે કે આ ક્ષેત્રમાં સંહારને અન્તે ધર્મપક્ષનું રક્ષણ થયું છે ને થવાનું! આ બ્રહ્માવર્તમાં આ ધર્મક્ષેત્રનાં નામ પ્રત્યગ્દર્શી બ્રાહ્મણોએ મૂળથી આમ યથાર્થ પાડેલાં છે, તારા આદિયુગમાં આ ક્ષેત્ર, ક્ષત્રિયોનો ઘોર સંહાર કરી, ધર્મનું સંરક્ષણ કરી, શાંત થયું છે તે તેં દીઠેલું છે! આ બ્રાહ્મી સ્થિતિનું રક્ષક બ્રહ્માવર્ત, [૪] અને આ તેમાંનું ધર્મક્ષેત્ર — કુરુક્ષેત્ર — હજી એવું ને એવું છે ને એની પરીક્ષા કરી જોનારને એવા જ ચમત્કાર દર્શાવે છે! તારા કાળના સંહારની સંજ્ઞાઓ છેક કાલિદાસના કાળમાં પણ જણાતી ગણાતી હતી. [૫] બ્રાહ્મી સ્થિતિનું અને ધર્મનું પોષણ કરનાર આ સ્થાનમાં આર્ય અનાર્યનો ભેદ નથી, કહેવાતા બ્રાહ્મણ ક્ષત્રિયનો ભેદ નથી, દેવ દાનવનો ભેદ નથી. એમાં બેસવાનાં જ થાય છે — અધર્મનો ધ્વંસ થાય છે, અને પરિણામે ધર્મનો — અને અર્જુનની પાસે મેં જ કહેલી બ્રાહ્મી સ્થિતિનો — ઉદ્ભવ અને જય થાય છે તેથી આ નવા યુગનો આરંભ થાય છે.

મેઘદૂત. (એના ઉપર મલ્લિનાથની ટીકામાં પ્રથમ પંક્તિઓની આખ્યાયિકા આપી છે.)

પાંડવોએ નવો ધર્મયુગ બેસાડ્યો ને યુધિષ્ઠિરનો શક ચાલ્યો. તે પછી ઘણે કાળે વિદ્વાન અને ધર્મિષ્ઠ બાબર બાદશાહે આ સ્થાનમાં કૌરવ પેઠે ઊભા થયેલા લોદી રાજાઓનો પરાભવ કર્યો ને તેના પુત્રે પણ એ જ ક્ષેત્રમાં જય મેળવ્યો! મ્લેચ્છ દૈત્યોનો પરાભવ મ્લેચ્છરૂપે દેવોએ આ સ્થાનમાં કર્યો બાબર અને અકબરના ઉદયકાળે ને તેમના શત્રુઓના સંહારે આ ધર્મક્ષેત્રનો ચમત્કાર દેખાડ્યો! પાંચાલી! આ રાજાઓ ધર્મના જ અવતાર હતા ને મ્લેચ્છો છતાં બ્રાહ્મી સ્થિતિને માર્ગે ચડતા હતા. પાંચાલી! તારું કલ્યાણ તેજ કુરુક્ષેત્રમાંનો ધર્મ સમજવો ને આ રાજાઓ એ ધર્મને માર્ગે હતા. [૧]

એક કાળ એવો આવ્યો કે બ્રાહ્મણનામ ધરનાર રાજાઓ આ સ્થાન સુધી દક્ષિણમાંથી ચડી આવ્યા. તેમના નાયકને દક્ષિણદેશમાં જય અને વિભૂતિ મળ્યાં હતાં અને અહંકારથી તેણે મારું નામ ધારવા માંડ્યું. એ બ્રાહ્મણ નાયક ગમે તો આ ક્ષેત્રનું માહાત્મ્ય ભૂલી ગયો ને ગમે તો પોતાનો અધર્મપક્ષ સમજી શક્યો નહીં. શિવાજીના વંશરૂપ ધર્મવૃક્ષને અકારણ છેદનાર કૃતઘ્ન અને સ્વામીદ્રોહી રાજાના એ વંશજે, કૃષ્ણાવતારનું સુદર્શન લેવાને અશ્વત્થામાએ રાખેલા દુષ્ટ અભિલાષ જેવો અભિલાષ, આ ધર્મક્ષેત્રમાં રાખ્યો ને મારે નામે ઓળખાવા લાગ્યો. દુર્યોધનની નીતિ પાળનાર રાજાના આ સેનાપતિને આ વેળાએ કુરુક્ષેત્રે નવો જ ચમત્કાર દર્શાવ્યો. જેને તેણે જય આપ્યો તે રાજા કંઈ ધર્મી ન હતો પણ તેણે તારા સ્વામીત્વનો દુરભિલાષ રાખ્યો ન હતો. જય મળ્યો અને મારા નામધારીની સેનામાંની સ્ત્રીઓને લઈ તે ચાલ્યો ગયો. જે લોકને માટે એ રાજા લડ્યો તે અધર્મી હતા. જેની સામે લડ્યો તે અધર્મી હતા. એ ઉભય અધર્મીઓનો આ ક્ષેત્રે સંહાર કર્યો. તપાવેલા વાસણને અજાણતાં કોઈ અડકે ને દાઝી બેસે તેમ આ ઉભય અધર્મપક્ષ કુરુક્ષેત્રમાં લડવા ગયા તેવા જ તેના અંતર્ગૂઢ અગ્નિથી દાઝ્યા ને બળી મૂઆ. [૨] કુરુક્ષેત્રે ઉભય અધર્મીઓનો ધ્વંસ કર્યો ત્યારે કયા ધર્મનો ઉદય કર્યો? પાંચાલી! જાગૃત થા! સ્મરણશક્તિને સચેત કર! મારા અવતારનો દંભ કરનાર બ્રાહ્મણનો કુરુક્ષેત્રે ભોગ લીધો અને મારા ધર્મને પાળનાર મોટા માધવરાવને આ દંભી જનના રાજ્યકુળમાં મેં રાજપદ આપ્યું. પણ પ્રજાના પુણ્યરાશિના ક્ષયથી એ પરાક્રમી બ્રાહ્મણનું સદાયુષ્ય એ સ્વામીદ્રોહી વંશમાં ટક્યું નહીં. કુરુક્ષેત્રે એ વંશને દેખાડવા

માંડેલા ચમત્કાર આ બ્રાહ્મણના તેજ આગળ શાંત રહ્યા હતા, તે એના આયુષ્યની સમાપ્તિ પછી બમણા જોરથી એ વંશમાં ફાલવા લાગ્યા. [૧] વળી ઉભય અધર્મી પક્ષના રુધિરવર્ષથી કુરુક્ષેત્રમાં ધર્મઉદયનાં બીજ રોપાયાં, અને તેમાંથી ઊગેલાં વૃક્ષોને આવેલાં ફળને સાગરમાર્ગે આવેલા કપિલોકે એ વૃક્ષો ઉપર ચડી લઈ લીધાં! પાંચાલી! કુરુક્ષેત્રે અધર્મીઓનો મૂળસહિત નાશ કર્યો અને દૂર ઊભેલા ધર્મીઓને — અયસ્કાંત — લોહચુંબક -જેવી શક્તિથી આકર્ષી લીધા. [૨] ત્ર્યમ્બકાસ્ત્રે કુરુક્ષેત્રમાં ઘોર સંહાર કર્યો, ને વૈષ્ણવાસ્ત્રે અતિબળ કરી નવા ધર્મને આકર્ષી આણ્યો. પશ્ચિમના વિદ્વાનોએ ઘણા શોધનથી જાણ્યું છે કે રાજાઓના, રાજ્યોના અને પ્રજાઓના ઉત્કર્ષની જન્મપત્રિકા જોવી હોય તો તેમાં ધર્મનો ગ્રહ કયા સ્થાનમાં છે તે જોવું [3] પાંચાલી! તારા દીર્ઘદર્શી યશસ્વી શ્વસુર પાંડુરાજાએ સિદ્ધ સંસ્કારથી આ રહસ્ય જાણી લીધું ને ધર્મને જ્યેષ્ઠપુત્રને સ્થાને માગ્યો ને કુરુક્ષેત્રના એ રાજાએ આ પોતાના મહાક્ષેત્રનો પ્રતાપ સમજી એ પ્રતાપ સાચવવાનો અભિલાષ રાખ્યો ત્યારે અન્ધ ધૃતરાષ્ટ્રે એથી ઊલટી નીતિ સ્વીકારી પોતાની અન્ધતાને યથાર્થ કરી.

પાંચાલી! કપિલોકની તને ભીતિ લાગતી હોય તો કુરુક્ષેત્રનું આટલું રહસ્ય અને સામર્થ્ય ભૂલીશ નહીં. વગરશસ્ત્રે વગરઅસ્ત્રે ધર્મબીજનાં ફળ કપિલોકના હાથમાં ગયાં તે આ ક્ષેત્રની શક્તિથી ને કપિલોકમાં પ્રતિષ્ઠિત થતા ધર્મના બળથી અને અર્જુનના ચાતુર્યથી. એ ધર્મ તે તારાં દેરાંઓમાં ને મંદિરોમાંનો નથી — એ દેરાંમંદિરમાંનો ધર્મ પાટણના સોમનાથને કામમાં લાગ્યો નથી ને પવિત્રકાશીના વિશ્વનાથને પણ કામ લાગ્યો નથી. તારા જ્યેષ્ઠ સ્વામી ધર્મરાજાએ તને એ ધર્મનું સ્વરૂપ સમજાવ્યું છે, ને કુરુક્ષેત્રે તને પ્રત્યક્ષ દેખાડી આપ્યું છે કે લોકકલ્યાણને માટે પ્રકટ થતા સનાતન ધર્મનો માર્ગ એ જ આ ધર્મક્ષેત્રનો એક જ ધર્મ છે. અને એ જ ધર્મના ઉદયવડે આ ક્ષેત્રે વેળોવેળ તારું કલ્યાણ રચેલું છે. તો પછી તું કપિલોકથી બીહે છે શા માટે? તું જોતી નથી કે ક્રૌંચરન્ધ્રની પેલી પાસ [૪] ઋક્ષલોક બેઠા છે. રામાવતારમાં અધર્મ સામે ધર્મનું પ્રયાણ થયું હતું તે કાળે જેવા કપિલોક ધર્મપક્ષમાં હતા તેવા જ ઋક્ષલોક પણ તેમની સાથે હતા. આ યુગમાં શૈલાધિરાજ હિમગિરિની બે પાસનો પ્રદેશ કપિલોકને ઋક્ષલોક વહેંચી લઈને ભોગવે છે અને કપિલોક તેની દક્ષિણમાં છે તો ઋક્ષલોક ઉત્તરમાં છે. કપિલોક વા-નરલોક છે, તારા નરલોકથી જુદા છતાં નરધર્મમાં મળતા છે ને ચતુરતામાં ને વ્યવસ્થામાં વધતા છે. ઋક્ષલોક કઠોર છે અને નરધર્મમાં ઘણા પશ્ચાત્ છે, પણ તેમણે બોટેલા પ્રદેશમાં તેમના જેવાં જ અન્ય પ્રાણીઓ વસે છે તેમાં તે શ્રેષ્ઠ છે. રામાવતરામાં કપિ અને ઋક્ષ, ધર્મના એક રથના બે અશ્વ હતા. આજના કાળમાં તેમના વર્ણભેદને ને ચાતુર્યભેદને લીધે તેઓ જુદા જુદા વસે છે. તેઓ પરસ્પર મિત્ર છે કે શત્રુ છે તે વિશે તેઓ સંશયમાં છે ને આ અવિશ્વાસના યુગનું બળ તેમને શંક્તિ રાખે છે. સંહારકાળ અવિશ્વાસમાંથી ઊભો થાય છે, અને ઋક્ષ અને કપિની વચ્ચે પણ પેલું ક્રૌંચરન્ધ્ર અને આ કુરુક્ષેત્ર જ છે. જો આમનો અવિશ્વાસ એમને શિર સંગ્રામકાળ જ આણશે તો આ ધર્મક્ષેત્રમાં તેમણે ઊતરવાનું છે અને એમાં જ એમણે તોળાવાનું છે. પાંચાલી! ક્રૌંચરન્ધ્ર, બ્રહ્માવર્ત અને કુરુક્ષેત્રના યુદ્ધોમાં ધર્મના અને બ્રાહ્મી દશાના જ ઉદય થાય છે. તારા સ્વામીના જ રથો આ સ્થાનોમાં વિજયી થાય છે, અને મહારાષ્ટ્રના બ્રાહ્મણોને ને મુસલમાનોને તેમાં તોળીને તેમાં ન લડનાર દૂર ઊભેલા કપિલોકને આ ક્ષેત્રે લાભ અપાવ્યો. અને એક વાર તટસ્થતાથી તારું કલ્યાણ થયું, તેમ જ આ ક્ષેત્રમાંના જ્વાળામુખીને જાગવાનો વારો આવશે તો શસ્ત્રહીન દશામાં પણ તારું તો કલ્યાણ જ થશે અને તે કાળે જ્ઞાત કે અજ્ઞાત જે પક્ષમાં ધર્મ હશે તેનો જ ઉદ્ધાર થશે. તે કાળે કપિલોક ડાહ્યા થયા હશે અને તારી પ્રજાનો વિશ્વાસ કરવાનો ધર્મ શીખ્યા હશે તો એ લોક જાતે તારા પુત્રોને અસ્ત્રવિદ્યા શીખવશે અને તેમના ધર્મપક્ષમાં રહી તેમના શસ્ત્રુ સામે તારા પુત્ર વિજય થશે. જો આટલે સુધી કપિલોક અવિશ્વાસના યુગને તોડી નહીં શક્યા હોય તો, પાંચાલી, તારા હૃદયમાંના ધર્મને જ તું વળગી રહેજે, કુરુક્ષેત્રના જ્વાળામુખથી કપિલોક તને જેટલી દૂર રાખે તેટલી દૂર પ્રસન્નતાથી રહેજે, અને એ ધર્મક્ષેત્રને પોતાનું કર્તવ્ય જે માર્ગે લેવું હોય તે માર્ગે લેવા જ દેજે. તારું તેણે કદી અકલ્યાણ કર્યું નથી ને કરનાર પણ નથી.

તારા હૃદયના આશ્વાસન માટે આટલી કથા પર્યાપ્ત છે, પણ તારી જિજ્ઞાસાની તૃપ્તિને માટે વિશેષ જાણવાનું તે પણ તું જાણી લે અને જ બ્રાહ્મયુગનો પવન વાય છે તેનાં કારણ, સ્વરૂપ અને ફળ પણ જાણી લે.

આર્યલોક હિમાચલની પેલી પાસ રહેતા ત્યારે તેમના રક્ષણને માટે ઈશ્વરે વિષ્ણુરૂપે પોતે પ્રથમ ચાર અવતાર લીધા હતા અને પશુકર્મ કરનાર અસુરોને માટે તેમના જેવા અવતાર લીધા હતા. આર્યો આ દેશમાં આવ્યા તે પછી પ્રથમ બે અવતાર, વામનરૂપ અને મારો, થયા તે બે બ્રાહ્મણના અવતાર થયા. એ બે અવતારનાં પરાક્રમના પ્રદેશ ક્રૌંચરન્ધ્ર પાસે હતા. એક અવતાર દાનવોની અને દેવોની વ્યવસ્થા કરવા થયો, ને બીજો જે મારો અવતાર તે ક્ષત્રિયોની ને બ્રાહ્મણોની વ્યવસ્થા કરવા થયો. ક્ષત્રિયોનો સંહાર મેં ક્ષત્રિયોનાં શસ્ત્રથી કર્યો ને બ્રાહ્મણોને પૃથ્વી સોંપી હું નિવૃત્ત થયો. પાંચાલી! બ્રાહ્મયુગ રચવા માટે વિષ્ણુનું આ પ્રથમ પગથિયું હતું. વામન-અવતારમાં મેં બ્રાહ્મત્વથી કેટલું લઈ શકે તે દેખાડ્યું. મારા અવતારમાં બ્રાહ્મણ ક્ષત્રિયત્વથી કેટલું લઈ શકે તે દેખાડ્યું. બ્રાહ્મણોને મેં પૃથ્વી સમગ્ર આપી તેનો એમણે ત્યાગ કરી દીધો: વિષ્ણુએ આપેલું નિષ્કંટક સામ્રાજ્ય પણ પાસે રાખવાની નિર્ધન બ્રાહ્મણોએ ના પાડી. એ જ એમણે બ્રાહ્મી વિભૂતિ દેખાડી, એ જ એમણે તૃપ્તિ દેખાડી; એમની વિભૂતિ અને તૃપ્તિનાં દર્શન કરાવી મેં જગતને પવિત્ર અને શાંત કર્યું — દર્પવાળાં ક્ષત્રિયોને મેં દમ્યા; તેમનું દમન થયા પછી તેઓએ ક્ષાત્રતેજ ખોઈ દીધું તેનો ઉદ્ધાર કરવાને રામાવતાર થયો ને તે કાળે એ બે વર્ગની વિભૂતિની વ્યવસ્થા થઈ. વિશ્વામિત્રના અસ્ત્રબોધથી, વસિષ્ઠના જ્ઞાનબોધથી, ત્ર્યમ્બક અને વૈષ્ણવાસ્ત્રના સરખા શમથી, મારા જેવા બ્રાહ્મણને વાલી જેવા વાનર ને રાવણ જેવા રાક્ષસ — એ સૌના દમનથી, આ દેશના સર્વ વર્ગની રામચંદ્રે વ્યવસ્થા કરી. બ્રાહ્મણોનાં અને ક્ષત્રિયોનાં અસ્ત્રોથી સંસારની જે વ્યવસ્થા થાય તે મેં અને રામચંદ્રે મળીને કરી દીધી. તે પછી વ્યવસ્થા જાતે કરવામાંથી હું નિવૃત્ત થયો; કૃષ્ણાવતારમાં અસ્ત્ર ઝાલ્યા વિના મેં પાંડવોનું માત્ર સારથિપણું કર્યું. એ અવતારમાં રાજનીતિ અને રાજ્યનીતિના, તેમ અહંકાર અને નિરહંકારના, ભેદ જગતના સૂત્રધાર કેવા અધિકારથી થાય છે તે મેં ક્ષત્રિયોને પ્રત્યક્ષ રચી બતાવ્યું — એ અવતારમાં મેં પાંડવોને ઉત્પન્ન કર્યા, ઉપદેશ આપ્યો, સામર્થ્ય આપ્યું, અને એ યુગનું કાર્ય તેમની પાસે કરાવી, તેમને આ જ ક્રૌચરન્ધ્રને અને પેલા પશ્ચિમ સમુદ્રને માર્ગે પ્રવાસે મોકલ્યા. પાંડવો દેવ ન હતા પણ દેવોના પુત્રો હતા, ક્ષત્રિયના પુત્ર ન હતા પણ ક્ષત્રિયના દાયતા હતા, મનુષ્ય ન હતા પણ માનુષી આર્યોના મંત્રજાત પુત્ર હતા; એ બ્રહ્માની સૃષ્ટિનાં સત્ત્વ ન હતા પણ

બ્રહ્માની પોતાની પેઠે નવી સૃષ્ટિના સ્ત્રષ્ટારૂપે પ્રકટ થયા હતા. પાંચાલી! એમનું શુદ્ધ સ્વરૂપ તું જાણે છે. કૃષ્ણાવતારમાં તે મહાત્માઓએ એક પાસથી પિતામહ અને દુર્યોધન જેવા ક્ષત્રિયોની તો બીજી પાસથી દ્રોણ અને અશ્વત્થામા જેવા બ્રાહ્મણોની ઉગ્ર વ્યવસ્થા કરી દીધી હતી, અને એ બે વર્ણ ઉત્તમ રીતે ન વર્તે તો કોણે તેમનું પદ લેવું એ બતાવ્યું. કૃષ્ણાવતાર કેવળ યોગી ન હતો; એ યોગ બ્રાહ્મણ અને ક્ષત્રિયોના વ્યવહારને ઉદ્દેશીને સંસારને પરિપાક આપતો હતો. કૃષણાવતારે પાંડવાને માટે યુદ્ધ નથી કર્યું પણ તેમને માટે સારથિપણું કર્યું અને તેમને ત્યાગ તો કરવો પડ્યો નથી જ. એ સારથિપણામાંથી પણ મુક્ત રહીને, એ ત્યાગ સંપૂર્ણ કળથી કરીને, કેવળ યોગને બળે, કેવળ ઉપદેશને બળે, બુદ્ધાવતારે નવો યુગ પ્રવર્તાવ્યો. બ્રાહ્મણો અને ક્ષત્રિયો ઉભય દુષ્ટ થાય ત્યારે સંસારની વ્યવસ્થા કેવી રાખવી તે બુદ્ધાવતારમાં મેં દર્શાવ્યું. બ્રાહ્મણો અને ક્ષત્રિયો જેવા અવચ્છિન્ન વર્ગોને મૂકીને અનવચ્છિન્ન મનુષ્યજાતિ અને ભૂતમાત્રની વ્યવસ્થા એ અવતારમાં મેં કરી. બ્રાહ્મણનામ ધારનાર પણ અબ્રાહ્મણ હૃદયવાળા ખોટા બ્રાહ્મણોનો પરાભવ કરવા અને સર્વભૂતાત્મક સર્વવ્યાપી કેવળ બ્રાહ્મણહૃદયના વિજયની વ્યવસ્થાઓ મેં એ અવતારમાં ઊભી કરી દીધી, ને બોધિસત્ત્વોના હૃદયનાં બ્રહ્મતેજ પ્રભાતના સૌમ્ય સૂર્યપ્રકાશ પેઠે સ્ફુરવા લાગ્યાં. પાંચાલી! તારા આ દેશમાંથી મેં તે કાર્ય કર્યું. એ વ્યવસ્થા બ્રહ્માવર્તના ક્રૌંચરન્ધ્ર ભણીથી અને બીજી પાસની બ્રહ્મપુત્રાના બ્રહ્મદેશમાં થઈને ત્રિવિષ્ટપમાં [૧] અને ચીનમાં ગઈ અને સાગરને પણ તરી પેલે પાર ગઈ. પશ્ચિમમાં ગયેલા આર્યોએ અને તેમને માટે થયેલા અવતારે આ વ્યવસ્થાનો વ્યાવહારિક ભાગ એ ખંડમાં સંસિદ્ધ કર્યો.

આમ સર્વ અવતારો પોતપોતાના યુગનું કાર્ય કરી ગયા. હવે એ સર્વ યુગનાં કાર્ય એકઠાં કરી સર્વ અવતારનું કાર્ય એક અવતારે કરવાનું; તે કરવાને હું ચિરંજીવ રહેલો છું. હવે વર્ણાચારના વિરોધનું બીજ નષ્ટ કરી દેવામાં આવશે. બુદ્ધાવતારે આ દેશમાં સર્વ વર્ણને એકાકાર કરી અધર્મ અને દુ:ખમાંથી મનુષ્યમાત્રને નિર્વાણ આપ્યું. અને જીસસે પશ્ચિમ દેશમાં પણ તે કાર્ય કર્યું. તે છતાં વર્ણાચારના વિરોધ રહ્યા છે ને વધ્યા છે; આ દેશમાં અશ્વત્થ [૨] પેઠે વધી રહ્યા છે; તે અશ્વત્થામાને પ્રતાપે. પશ્ચિમ દેશોમાં રહેલા છે તે દુર્યોધનની નીતિને બળે પ્રકટ થતાં અટક્યા છે, પણ એ નીતિને ધ્રુજાવવા ભીમપુત્ર ઘટોત્કચની રાક્ષસી માયા ત્યાં જામવા માંડી છે. તે માયા, કોઈ શ્યામ દૈત્યની ઘોર છાયા પેઠે, ક્ષણે ક્ષણે પૃથ્વીમાંથી નીકળે છે ને દુર્યોધનના મુકુટને ધક્કા મારે છે અને કર્ણ જેવા સૂર્યપુત્રનાં અસ્ત્રને નિષ્ફળ કરવા પૃથ્વીનું તળ ફોડી ઊંચી આવે છે. એને એ લોક Nihilism વગેરે નામથી ઓળખે છે. દુર્યોધને ત્યાં અક્ષૌહિણી સેનાઓ ઊભી કરી દુ:શાસનને સોંપી છે. તેને ભ્રમિત કરવા આ ભીમપુત્રની માયા-છાયા દિવસે દિવસે વધે છે.

પાંચાલી! બુદ્ધાવતારે મનુષ્યજાતિને માત્ર આવાં દુ:ખમાંથી મોક્ષ પ્રાપ્ત કરતાં શીખવ્યો તે નિર્વાણ કહેવાયું. હું હવે એ જાતિને વધારે સિદ્ધ કરી કલ્યાણરૂપ ઉત્કર્ષ આપીશ — આનન્દમય ઉદ્ધાર આપીશ. બુદ્ધાવતારમાં મેં બ્રાહ્મણનાં હૃદયને દિગ્વિજય કરવા ચરતું મૂક્યું હતું; હવે હું બ્રાહ્મણની બુદ્ધિ પાસે દિગ્વિજય કરાવીશ, અને એ બુદ્ધિએ રચેલાં યજ્ઞોપવીત-હૃદય બહાર નહીં પણ હૃદયની માંહ્ય ધરનારા બ્રાહ્મણો અનેક દેશે અનેક વેશે આ સંસારનું સામ્રાજ્ય કરશે ને પાંડવરૂપ પંચાગ્નિની સાધના કરશે! હવે મનુષ્યમાત્ર ચાતુર્વર્ણ્ય પાળશે; શરીરમાં, ધૈર્યમાં અને શૌર્યમાં ક્ષત્રિય થશે; દક્ષતામાં અને વ્યવહારમાં વૈશ્ય થશે; લોકસેવામાં શૂદ્ર થશે; અને મનોવૃત્તિમાં, વિકારહીનતામાં, નિરહંકારમાં, વિદ્યામાં, બુદ્ધિમાં, તપમાં, આર્યતામાં અને તેજમાં બ્રાહ્મણ થશે. હવે મનુષ્યમાત્રના હૃદયમાં હું વસીશ, અને મારા ચારે હસ્તથી દરેક મનુષ્યમાં ચાર વર્ણ અને પાંચ પાંડવના ઉત્કર્ષ આવી રીતે ઊંચા કરી રાખીશ. એ યુગની ઉદ્ધારવ્યવસ્થા રચવા બ્રાહ્મણ વિના બીજા કોની બુદ્ધિ સમર્થ છે? પાંચાલી! સર્વ યુગના પરિપાકરૂપ આવા બ્રહ્મયુગને રચવાને હું ચિરંજીવ રહેલો છું ને મારા બ્રાહ્મણોને દેશેદેશ મેં જન્મ આપ્યા છે. એ યુગમાં સ્થૂલ અસ્ત્ર નકામાં પડશે અને અર્જુન પોતાનાં સૂક્ષ્મ અસ્ત્રનો યોગ ફરી પામશે — તેનાં અસ્ત્ર તેને પાછાં મળશે એવું વ્યાસ કહી ગયા છે તે આમ સત્ય પડશે. કૌરવો-અર્જુનની સેવા કરશે અને પાંડવ માત્ર ધર્મની સેવા કરશે. પેલા પશ્ચિમના ચકોર અને સુગ્રીવા ઉચ્ચગ્રાહ આ જ આવનાર યુગનું આજથી દર્શન કરે છે. તારા અશ્વત્થામાનો ઉદ્ધાર થયે એના મણિલાભ પછી એ જે બ્રહ્મશિરોસ્ત્રનો પ્રભાવ દર્શાવશે તે એ યુગને અપૂર્વ લાભ આપશે. આ પેલા રાફડાઓનો પરિપાક થયા પછી તેની નીચેના નાગલોક અને તેમના મણિના આવિર્ભાવ, અને તારા પિતામહનો ઉદ્ધાર — એ સર્વ પાંચાલી, તારા પુત્રો પાસે સર્વ સંસારના આ નવા યુગની વ્યવસ્થાના મહાયજ્ઞમાં અધ્વર્યુનું કામ કરાવશે. એ યુગ બ્રાહ્મયુગ થશે — તેમાંની સર્વ પ્રજામાં સર્વ દેશોમાં બ્રાહ્મણત્વ હશે ને મનુષ્યોનાં શસ્ત્રાસ્ત્ર કેવળ ભૂષણરૂપ થઈ જશે. મારી પૂર્વાવસ્થામાં મેં ક્ષત્રિયમાત્રનો નાશ કર્યો હતો અને તેમનાં શસ્ત્ર બ્રાહ્મણરૂપે મેં લીધાં હતાં. પણ હવેના યુગમાં ક્ષત્રિયત્વ નાશ નહીં પામે પણ બ્રાહ્મણત્વના ઉપકારક સાધનરૂપે સર્વ મનુષ્યોમાં ક્ષત્રિયતત્ત્વ રહેશે ને બ્રાહ્મણત્વની આજ્ઞાથી સર્વ મનુષ્યોનાં, શસ્ત્રાસ્ત્ર સર્વત્ર શાંત થઈ જશે. એવા બ્રાહ્મયુગમાં કપિલોકાદિ જેવાં ભૂતમાત્રના શસ્ત્રાસ્ત્ર નિષ્ફળ અને નિરર્થક થશે. તારાં શસ્ત્રાસ્ત્ર ખરી પડ્યાં છે ને એ અશસ્ત્રયુગ આવે છે તેનાં પગલાંનો ધબકારો પ્રથમથી દૂરથી સંભળાયો સમજ.

પાંચાલી! તું અને તારા પુત્રો તમારો ધર્મ સમજશો, ધર્મનું સ્વરૂપ જોશો, તો તમારાં વિકટ દુ:ખનો પરિપાક કલ્યાણરૂપ જ થશે અને તે પરિપાક થશે તેની સાથે તારો જ્યેષ્ઠસ્વામી યુધિષ્ઠિર તારા મન્દિરમાં આવવાની વાટ જોઈને જ બેઠો છે તે સામે જો! તારા પુત્રોનાં હૃદયને તેની છાયામાં, તેમની નીતિને અને ક્રિયાને અર્જુનની છાયામાં, તેમના શરીરને, બળને ને સજ્જતાને ભીમની છાયામાં, ને તેમના અન્ય અંશોને અશ્વિપુત્રોની છાયામાં સ્નાન કરાવી લે! એ સ્નાનની કળા તેમને હનુમાન શીખવે એવું એ કપિને પોષણ દેજે!

પાંચાલી! પાંચાલી! એ સર્વની તૈજસી છાયાઓમાં — એ સર્વ ચન્દ્રોની ચન્દ્રિકામાં — તારાં કંઈક બાળકો અપૂર્વ સ્નાન કરવા માંડે છે, દીપાવલીની શૃંગારિત જ્યોત્સ્ના જેવી જ્વાલાઓમાં તારાં આ મધુર બાળકો જ્વાલામાલી થઈ જાય છે — તે. રમ્ય ચિત્ર જો! પાંચાલી! એ નવા તૈજસ ચેતનનું પ્રેમથી પોષણ કરવા જાગૃત થા.

પાંચાલી! આ બ્રાહ્મયુગનું કારણ અને સ્વરૂપ તને કહ્યું તે સમજી તેના કલ્યાણફળમાં ભાગ લેવાનો અભિલાષ રાખ. શરીરાદિમાં તું ક્ષત્રિય સત્ત્વ અને તેજ પ્રાપ્ત કરીશ તો આજનાં મનુષ્યોના નખ [૧] જેવાં થનાર શસ્ત્રનું કે અસ્ત્રનું તારે બ્રાહ્મયુગમાં શું કામ પડનાર છે? દક્ષતામાં ને વ્યાપારમાં વૈશ્ય કપિલોકનાં શિષ્યત્વ ને સ્પર્ધા તારા પુત્ર સમજશે તો તારા

દેશને શાની ખોટ પડવાની છે જે? નિષ્કામ લોકસેવાનો મહાયજ્ઞ તું માંડીશ તો શૂદ્ર લોક કરે છે તેવા પણ સર્વ લોકના ને તારા સ્વામી પાંડવોના દાસત્વમાં પણ તને પરમાનંદનો અને પરમ કલ્યાણનો યોગ કેમ નહીં થાય જે? અને બ્રાહ્મણનું બ્રાહ્મણત્વ — જે શરીરને ક્ષત્રિયોની સંપત્તિ આપવા અને સર્વ વર્ણોનાં સત્ત્વ પોષવા સમર્થ છે — જે આ બ્રાહ્મયુગનું તત્ત્વ અને સત્ત્વ થઈ રહેશે — જેના મહાયજ્ઞોની જ્વાલાઓ સંસારે જોઈ છે અને જોશે — તે તો તારું કુલધન — તારું દાય — તારો વારસો — તેને સુધારવો વધારવો — એ શું તારાં જ હાથની વાત નથી? પાંચાલી! તું એક છે પણ તારા સર્વાંગમાં આ સર્વચન્દ્રોનાં કિરણ રમી રહ્યા છે તે સ્વપ્ન નથી પણ સત્ય છે. એ સત્યનું — એ ઋતનું — તું પોષણ કરીશ તો આવતા યુગને માટે તું આજથી અધિકારિણી થયાં કરીશ, અને આ ચન્દ્રોનું તેજ તારા શરીરમાં ગર્ભરૂપે સ્ફુરશે, તે ગર્ભનું સુપોષણ કરી તેને તું જન્મ આપીશ તો એ યુગની પૂજાને સમયે તેની આરતી તું જ કરીશ અને એ અલક્ષ્ય યુગનું સર્વને લક્ષ્ય દર્શન કરાવીશ!

પાંચાલી! આ સાત ચંદ્રના પ્રકાશમાં જેમ પેલા હિમાલયના શિખર ઉપરના હિમરાશિ સ્પષ્ટ દેખાય છે. આ બીજી ત્રણે પાસનું મહાસાગરનું પાણી આપણાથી સ્પષ્ટ દેખાય છે, તેમ જ આ બ્રાહ્મયુગના પણ ચારે પાલવ તેને સ્પષ્ટ નથી દેખાતા? પાંચાલી! એ યુગમાં તારું બહુ કામ છે! તારું જ કામ છે! તારી આસપાસના મહાસાગરનાં મોજાંની પેઠે તારી આસપાસ કપિલોક ઊછળી રહ્યા છે તે તારા દેશનાં હવાપાણીને સુધારશે, અન્ય દેશોમાં જવાનાં તારા પુત્રોને સાધન આપશે, અને રત્નાકર, તારો રત્નાકર જ થશે! તું અને તારી પ્રજા, આ હિમાચલના શિખર ઉપરનાં હિમ પેઠે જડ થઈ, સ્થિર થઈ, શીત થઈ બેઠાં છો. પણ તારું શાંત દૂર એકાંત પડી રહેલું હિમ અને કપિલોકના વિસ્તીર્ણ ઊછળતા સાગરનું ખારું પાણી — ઉભય પાણી જ છો અને તે એકઠાં થઈ નવી સુન્દર સૃષ્ટિ રચશો! પાંચાલી! અગસ્ત્ય જેવી તારી પ્રજાના શરીરમાં એ સાગર સંચાર પામશે, અને કપિલોકમાં જે કોઈ વર્ગ સગરપુત્રો જેવો ઉન્મત્ત હશે તેને તારા આ હિમાચલમાંથી વહી જતી ગંગા શાંત, શીત અને પવિત્ર કરી દેશે. પાંચાલી! એ પવિત્ર કાળને માટે અને તારા હિમરાશિના મીઠા જળના પ્રવાહોમાંથી ગંગાયમુનાઓના પ્રવાહ વહેતા મૂકવાને માટે ઉત્સાહિની થા, પ્રવૃત્ત થા! હું વિષ્ણુનો ચિરંજીવ બ્રાહ્મણાવતાર તને વહન આપવા તત્પર છું! મારી થોડી ઘટિકામાં કે થોડા દિવસમાં તું એ વહન પામીશ!

પાંચાલી! કુન્તી! પાંડવો! હનુમાન! અશ્વત્થામા! ભીષ્મ! નાગલોક! આ ગિરિ અને સાગરો વચ્ચેના જન્તુઓ!

किं दोर्भ्यां किमु कार्मुकोपनिषदा किं वैष्णवेनोर्जसा

किं वेदाधिगमने भास्वति भृगोर्वंशे च किं जन्मना।

किं वाऽनेन ममाद्भुतेन तपसा दूषां कृतान्तोपि चेद्

युष्माकं कुरुते किमप्यनुशयो यो मे स पुष्णातु व:।। [१]

तदिमां वै

पाण्ववैराहितं तेजो दधानां भूतये भुव:।

लोका जानीत पाश्चालीमग्निगर्भां शमीमिव।। [२]

પરશુરામનો સ્વર બંધ પડ્યો ને તેની સાથે આકાશના સર્વ ચન્દ્ર પાંચાલીની આસપાસ પ્રદક્ષિણા કરવા લાગ્યા અને એ સર્વ ચન્દ્રલોકમાંથી સૂક્ષ્મ સુન્દર ગાન નીકળવા લાગ્યું.

‘પાંચાલી! પાંચાલી!

कुलाचला यस्य महीं द्विजेभ्य:

प्रयच्छत: सीमदृषत्त्वमापु:।।

बभूवरुत्सर्गजलं समुद्रा:

स रैणुकेयो भवतीं धिनोतु [१] *।।’*

ચન્દ્રલોકમાં સ્વરો બંધ પડ્યા તે પહેલાં હનુમાન સર્વના સામે ઊભો રહી બોલવા લાગ્યો ને તેના પ્રતિધ્વનિ સમુદ્રોમાં ને પર્વતોમાં ઊઠવા લાગ્યા:

‘द्वारे कल्पतरुन गृहे सुरगवीश्चिन्तामणीनङ्गदे

पीयूष हृदयेषु पाण्डुतनयेष्वस्त्रोद्गमं ब्राह्मणम्।

एवं कत्तुमयं व्यवस्यति मुनिर्भूतेषु भाग्योत्क्रमम्।

पायोन्नोऽखिललोकबुद्धिसदनो देव: स्वयं भार्गव:।। [२]

‘These only will survive this Out-going Age of Destruction who are futest to live the Incoming Age of Construction, and the fitness, will consist, not in the mailed fist and its power to cestrcy, but in the Progressive Virtues of the brain and the heart. May we be fit for that Age, for there is no hope of survival for those not so trying to be so fit ! ’

આ સ્વર બંધ પડ્યો ને તેની સાથે સર્વ પવિત્ર સત્ત્વો દૃશ્ય થયાં. માત્ર કુરુક્ષેત્રનું ચન્દ્રિકાની ચાદર પાથરેલું વિશાળ ઉઘાડું મેદાન, એક ચન્દ્ર અને અનેક તારાવાળું આકાશ અને ઉત્તરમાં પૃથ્વીમાંથી ઊગેલા મોટા વાદળા જેવો હિમાચલ, એ સર્વની વચ્ચે સરસ્વતીચંદ્ર અને કુમુદ તેજોમય વસ્ત્રથી સંધાયેલાં, દક્ષિણ દિશા ભણી દિવ્ય પાંખો પર ઊડતાં જવા

લાગ્યાં. થોડી વારે રત્નનગરી પાસેના સમુદ્રમાં એ રાજ્યોનાં બંદર અને તેમાં સઢવાળા વહાણો અને ભૂંગળાવાળી આગબોટો અને બંદર ઉપરના બંગલા સર્વ આ શાંત રજનિમાં સૂતેલાં દેખાયાં અને માત્ર તેમાંના દીવા જાગતા હતા.

‘કુમુદ! તારા પિતાના સ્વામીના રાજ્યનો ભાવી ઉદય આ સ્થાને સૂઈ રહ્યો છે તે જો! પ્રાત:કાલે આ સ્થાને મોટો મેળો જામશે!’ સરસ્વતીચંદ્ર ઊડતો ઊડતો બોલવા લાગ્યો.

‘અસ્તુ! માત્ર ભગવાન ભાર્ગવની પળમાં આપણાં અનેક વર્ષ સમાય છે તેટલી વાર હૃદય ધૈર્ય ધરે એમ નથી.’ કુમુદ બોલતી બોલતી ઊડી.

સ્વપ્ન પૂરું થયું. બે જણ સૌમનસ્યગુફાના સામાસામી ઓટલાઓ ઉપર છૂટાં છૂટાં ગાઢ અને સ્વસ્થ નિદ્રામાં પડ્યાં અને સંગતસ્વપ્ન થઈ ગયું, અને કદી કદી કુમુદ પોતાનું એકલું સ્વપ્ન જોતી હતી ને લવતી હતી.

‘તમે બે વર્ષની ઢીલ બહુ લાંબી નાખી! પણ હશે! પાંચાલીના વિયોગમાં ને કુન્તીમાતાની ક્ષમામાં આપણી સર્વ સ્ત્રીઓએ લેવાના આશ્વાસનનાં દૃષ્ટાંત છે.’

---

[૧] . પ્રકરણ ૧૧, ૩૨ અને ૩૪થી આ પ્રકરણનો બોધ થશે.

[૧] . માલતીમાધવ ઉપરથી.

[1] . Sounds of wailing and terror were long heard by night on the field on battle (at Panipat) which was haunted. Abdul Kadar, the author of the Tarikhe Bedauni, mentions having himself heard them, while crossing the field with a party, who , filled with awe, repeated the holy name of God as a preservative, and passed on .

Erskine ' s History of lndia

Baber. Battle of Panipat .

[૧] . *अथोपपत्तिं छलनापरोऽपरामवाप्य शैलूष इवैष भूमिकाम्*
तिरोहितात्मा शिशुपालसंज्ञया प्रतीयते सम्प्रति सोऽप्यस: परै:।।
बलाबलेपादधुनापि पूर्ववत्प्रबाध्यते तेन जगजिगीषुणा।
सतीव योषित्प्रकृति: सुनिश्चला पुमांसमभ्येति भवान्तरेष्वपि।।

-माघ

[૨] . મહાભારત: સૌપ્તિક પર્વ.

[૧] . બાણકૃત કાદંબરીમાં વૃદ્ધ દ્રવિડ ધાર્મિકનું વર્ણન છે તેમાંથી ફેરફાર કરી હવેનું આ બ્રાહ્મણનું વર્ણન લીધું છે. રા. છગનલાલ પંડ્યાએ કરેલું ભાષાંતર: આવૃત્તિ ૩. પૃષ્ઠ ૨૭૪-૭૭ ઉપરથી.

[૧] . વરુ જેવા પેટવાળો, જેને ઘણું ખાવા જોઈએ તે.

[૧] . નરસિંહ મહેતાની લખેલી આ કડી છે. અર્થ: શેરડીની છોસ ઉતારતાં કૃષ્ણને છરી વાગી ને લોહી નીકળ્યું તે વેળા પાંચાલીએ પોતાનું પહેરેલું વસ્ત્ર ફાડી તેના કટકાથી એ લોહી અટકાવ્યું ને તેના બદલામાં શ્રીકૃષ્ણે કૌરવસભામાં અણીની વેળાએ ચીર ઉપર ચીર પૂર્યાં. આમ જેની દત્ત વસ્તુને ફળ આવ્યાં હોય તે ‘દત્તફળિયેલ’ કામિની પાંચાલી જેવી કોણ છે?

[૨] . હરિ એટલે સિંહ જેવા. [3] . અશ્વત્થામા તે બ્રહ્મરાક્ષસ.

[૧] . દુર્યોધનની ક્રૂરસભામાં પાંચાલીનાં વસ્ત્રહરણને કાળે ધર્મરાજાની આંખ ઉપરથી તેમની આજ્ઞા સમજી જઈ, બાકીના ચાર ભાઈઓએ ક્રોધ વશ રાખ્યો અને પોતાની પરાક્રમશક્તિરૂપ તેજનો સંયમ કર્યો - પોતાનું સર્વ બળ, યુદ્ધનાં સાધન, અને રાજ્યસંપત્તિ પોતાના હાથમાં છતાં માત્ર ધર્મરાજાની ઇચ્છાને વશ રહી, પોતાનું પરાક્રમ બતાવતાં અટક્યા, એવા ધર્મીઓને અધર્મી કેમ કહેવાય?

[૨] . કપિ, વાનર. [3] . અર્જુન.

[૧] . નરસિંહ, નૃસિંહ, વિષ્ણુ.

[૨] . ભોળા. [3] . માયી એટલી માયાવી, કપટી. હરિ શબ્દના બે અર્થ થાય છે: વાનર અને કૃષ્ણ, અભિમન્યુને યુદ્ધ કરવું પડ્યું તે પહેલાં હરિ એટલે કૃષ્ણ સારથિ અને હરિ એટલે ધ્વજ ઉપરનો કપિ, એમ બે હરિ અર્જુનના રથને કુરુક્ષેત્રમાંથી અન્ય કાર્યને માટે લઈ ગયા. [૪] . સુધી એટલે સુબુદ્ધિવાળા.

[૫] . અભિમન્યુ પૂર્વ જન્મે અસુર હતો તે પાંડવકુળમાં જીવવો યોગ્ય નહીં એમ ગણી એના મૃત્યુનો પ્રસંગ હરિએ આણ્યો ને તે અનુસાર મામાએ ભાણેજ મરાવ્યો; સગપણ કરતાં ધર્મ વધારે ગણ્યો. ૬. દુર્યોધન.

[૧] . દુર્યોધનને જન્મકાળે વ્યાસ મુનિએ ધૃતરાષ્ટ્રને અને ગાંધારીને સૂચવ્યું હતું કે આ પુત્ર અધર્મ વર્તાવશે અને તમારા સર્વ પુત્રના અને લોકના સંહારનું મૂળ થશે માટે એનો અત્યારથી જ ઘાત કરો. પુત્ર-વાસનાવાળાં માતાપિતાથી આ રાજધર્મ ન પળાયો અને વ્યાસની વાણી ફળી. ૨. ધર્મરાજા યુધિષ્ઠિર. ૩. જે કૃષ્ણે પાંડવોના મંદિરમાંથી અધર્મરૂપ અભિમન્યુને મરાવ્યો તે જ કૃષ્ણે એની સ્ત્રીના પરીક્ષિતરૂપ ગર્ભને અશ્વત્થામાએ મારેલો સજીવ કર્યો. એ બે કાર્ય ધર્મને માટે કરનાર શ્રીકૃષ્ણ એક જ હતા. ૪. અશ્વત્થામારૂપ કૌચ-કવચ. ૫. પાંડવ, ૬. દુર્યોધન. ૭. પાંડવો. ૮. સ્વર્ગમાં ઉત્પન્ન થયેલી તે દિવિજ; ધર્મરાજાની દેવી - તે પટરાણી. ૯. કિરીટી-અર્જુન. ૧૦. ન જન્મેલા; કૃષ્ણ;

[૧] . શ્રીકૃષ્ણ. ૨. સિંહની નિશાનીવાળો ધ્વજ. ૩. અર્જુન.

[૪] . ચક્રનો વચલો ભાગ.

[૧] . મુદ્રારાક્ષસ - ‘આ તારી ચિત્રકર્મરચના ભીંત-વગરની-ભોંય વગરની છે.’ ચિત્ર છે પણ માત્ર પવનમાં કાઢેલું છે.

[૨] . પ્રકરણ ૨૫.

[૧] . મરાઠા અને મુસલમાનો વચ્ચે પાણીપતનું યુદ્ધ થયું ત્યારે એ સ્થાનમાં એક ટિટોડીએ મેદાનની વચ્ચોવચ માળો બાંધી બચ્ચાં મૂક્યાં હતાં. આ જગ્યાએ રણજંગ ખરેખરો મચ્યો હતો તે વખતે એ ટિટોડી ને તેનો નર, બે પક્ષીનું જોડું, સર્વ યોદ્ધાઓના માથા ઉપર આ સ્થાને ભમ્યાં કરતું હતું. તેમણે પૃથ્વી પર બાંધેલા માળા ઉપર ઈશ્વરેચ્છાથી યુદ્ધમાંના એક હાથીનો ઘંટ ત્રુટી પડ્યો હતો અને તે ઘંટને તળિયે અને વચલા ભાગમાં આ માળો અને

બચ્ચાં ઢંકાઇ ગયાં હતાં ને ઘંટના છત્રને લીધે યોદ્ધાઓનાં અને તેમનાં વાહનોનાં પગલાં તળે છૂંદાઇ જવામાંથી બચ્યાં. છેક યુદ્ધ થઇ રહ્યું ત્યારે કોઇએ ઘંટ લઈ લીધો ને તે ઉપર ભમતાં રંક નરમાદા પોતાનાં બચ્ચાં પાસે જઈને બેઠાં. આવી કથા છે.

2 . Leyden .

૧ . Shakespeare

૨ . પ્રકરણ ૩૪ની છેલ્લી અંગ્રેજી ફૂટનોટ.

૧ . **મેઘદૂત:** 'આપણો વિયોગ જે શાપથી થયેલો છે તેનો એ અવધિ નારાયણ શેષશાયી શેષ ઉપરથી જાગે ત્યાં સુધી છે. એ અવધિ ચાર માસ પછી સમાપ્ત છે - તે બાકી રહેલો કાળ આંખો મીંચીને ગાળી નાખ!'

૨ . **મેઘદૂત:** 'આ કાળ વીતશે તે પછી, વિરહથી ગુણિત થયેલા - ગુણાકાર પામેલા - પેલા કંઈ કંઈ આપણા અભિલાષો છે તે સર્વ અભિલાષોને શરદની પૂર્ણિમાની પરિણામ પામેલી ચંદ્રિકામાં આપણે સિદ્ધ કરી દમ્પતીરૂપે ભોગવીશું.'

૧ . **મેઘદૂત:** 'ઓ ગુણવતી પ્રિયા! હિમાલયમાંથી આવતા પવન પ્રથમ તારા અંગનો સ્પર્શ કરીને આવ્યા હશે એવું જાણી હું તેમને આલિંગન દઉં છું.'

૧ . ઇંગ્લાંડમાં હિન્દુસ્તાનને વિષયે જ્ઞાન અને સમભાવ ઉત્પન્ન કરવા ઇન્ડિયન કમિટી વગેરેના યત્નો વડે.

૨ . આ દેશના દેશીઓ ઈંગ્લાંડમાં અને પોલર્મિંટમાં કેવળ દેશકલ્યાણને ઉદ્દેશી જવા લાગ્યા છે તે વિષયનો આ ધ્વનિ છે. ૩. હિંદુસ્તાનના ગવર્નર લોર્ડ ડફરીનની સૂચનાથી અંગ્રેજ મહાશયોએ કૉન્ગ્રેસની સ્થાપના કરી છે તે વિષયનો વિસ્તાર મદ્રાસમાં છપાયેલ 'Indian politics માં મિ. ડબલ્યુ. સી. બૉનર્જીએ લખેલી પ્રસ્તાવનામાં આપેલો છે.

૧ . નવા કાઉન્સિલ એક્ટથી. ૨. ઈંટરપેલેશનના પ્રશ્નો. ૩. હળ ફરવાથી ખેતરમાં પડેલી રેખાઓ.

૪ . 'ઇન્દ્ર ચરનારનો સખા છે'! પ્રકરણ ૩૪ને મથાળેના શ્લોક.

૧ . મહાભારત, વનપર્વ.

૨ . Discipline

૧ . સરસ્વતીચંદ્ર

૨ . Meanwhile the idea of a school should be borne in mind in every branch of the administration, civil and judicial, and especially in the foreign or political department. A British Officer at an Asiatic court is often the one solitary representative of civilization and progress; and this feeble light ought to be fed, strengthened and kept constantly burning like the firs of the Vestal virgins .

- Tolboys Wheeler .

૧ . ગીતા. ૨. ગીતા. ૩. ગીતા. ૪. ગીતા

૧ . વનપર્વ

१ . *कृतकृत्यांश्च वो मन्ये संसिद्धान् कुरुपुङ्गव।*
गमनं प्राप्तकालं च इदं श्रेयस्करं विभो।।
एवं बुद्धिश्च तेजश्च प्रतिपत्तिश्च भारत।
भवन्ति भवाकालेषु विपद्यन्ते विपर्यये।
कालो हि बलवान भूत्वा पुनर्भवति दुर्बल:।
स एवेशश्च भूत्वा हि परैराज्ञाप्यते पुन:।।
कृतकृत्यानि चास्त्राणि गतांन्यद्य यथागतम्।
पुनरेष्यन्ति ते हस्तं यदा कालो भविष्यति।।

— મહાભારત-મૌસલપર્વ

१ . *पूर्वाह्णे तु या सन्ध्या* x x *हंसस्कन्धसमारूढो*
ब्रह्मदेवता गायत्री छंदसां माता (इत्यादि 0 प्रात: सन्ध्योपासने)

२ . *प्रालियाद्रेरुपतटमतिम्क्रय तांस्तान् विशेषान्*
हंसद्वारं भृगुपतियशोवर्त्म यत्क्रौश्चरन्धम्
तेनोदीचीं दिशमनुसरेस्थिर्यगायामशोभी
* * *
गत्वा चोर्ध्वं दशमुखभुजोच्छ्वासितप्रस्थसन्धे:
कैलासस्य त्रिदशवनितादर्पणस्यातिथि स्या:।।

3 . રામાયણ

४ . *ब्रह्मावर्तं जनपदमथ च्छायया गाहमान:*
क्षेत्र क्षत्रप्रधनपिशुनं कौरवं तद्भजेथा:।।
राजन्यानां सितशरशतैर्यत्र गाण्डीवधन्वा।
धारापातैस्त्वमिव कमलान्यभ्यवर्षन्मुखानि।।

- મેઘદૂત

૫ . ઉપરના પદટિપ્પણના શ્લોકમાં કુરુક્ષેત્રને *क्षत्रप्रधनपिशुन* કહ્યું છે તેનો અર્થ કરતાં મલ્લિનાથ કહે છે - *अद्यापि शिर:कगलादिमत्तया कुरुपाण्डवयुद्धसूचकम्* - 'હજી સુધી ત્યાં મરેલાઓનાં માથાં ને કાપલ વગેરે જડી આવે છે તેથી કુરુપાંડવના યુદ્ધનું આ ક્ષેત્ર સૂચક થાય છે. કાલિદાસ કવિ કાશ્મીરમાં કોઈ રાજાના 'Viceory ', ટસૂબા' - ના કામ ઉપર હતો એમ કોઈની સૂચના છે.

૧ . Babar was the founder of a line of Kings under whom India rose to the highest pitch of prosperlty : *Elphinstone .*

૨ . Never was a defeat more complete, and never was there a defeat which diffused so mush consternation. Grief and despondency spread over the whole Mahratha people; most had to moum relations and all felt the destruction of the army as a death-blow to their national greatness .... The government of the Peishwas never regained its vigour ... The confederacy of

the Mohamedans, too, dissolved on the cessation of their common danger. Ahmedshah returned home without attemting to profit by his victory, and never afterwards took any share in the affairs of India .

- *Elphinstone's History of India*

[૧] . The plains of Panipat were not more fatal to the Mahratha Empire than the early end of this excellent price - *Grant Duff* .

[૨] . The actors in the last transactions having left the stage, the history of the Moghul Empire here closes itself. Its territory is broken into separate States, the capital is deserted; the claimant to the name of emperor is an exile and a dependent while a new race of conquerors has already commenced its career which may again unite the empire under better auspices than before .

- *Elphinstone's History of India on the results of the battle of Panipat* .

[૩] . પ્રકરણ ૩૪ની છેલ્લી અંગ્રેજી footnote . [૪] . રીંછ

[૧] . ત્રિવિષ્ટપ = તિબેટ.

[૨] . અશ્વત્થ = વડ.

[૧] . મનુષ્યો જંગલી હતાં ત્યારે નખને શસ્ત્ર પેઠે વાપરતાં; મનુષ્યો સુધર્યાં પછી નખ ભૂષણરૂપ જ છે.

[૧] . જ્યાં સુધી યમ પણ તમને દૂષિત કરી શકે છે ત્યાં સુધી મારું બાહુબળ શા કામનું છે? મારું અસ્ત્રજ્ઞાન શા કામનું છે? મારું મારું વૈષ્ણવ સામર્થ્ય શા કામનું છે? મારો વેદબોધ શા કામનો છે? ભૃગુમુનિના પ્રકાશમાન વંશમાં મેં જન્મ લીધો તે પણ શા કામનો છે? અથવા આ મારું અદ્ભુત તપ પણ શા કામનું છે? આવી જે અનિર્વચનીય ચિન્તા મારા મનમાં રહ્યાં કરે છે તે ચિન્તા તમારા પોષણનું સાધક થાઓ! (સુભાષિતરત્નભાંડાગાર ઉપરથી)

[૨] . તો, હે લોકો! શમી (વૃક્ષ) ગર્ભમાં અગ્નિનું ધારણ કરે છે તેવી જ રીતે પાંડવોએ અર્પેલા તેજનું, આ પાંચાલી, પૃથ્વીના કલ્યાણને માટે ધારણ કરે છે તે જાણો. (શાકુંતલ ઉપરથી)

[૧] . જેણે દ્વિજ એટલે સંસ્કાર પામેલી બુદ્ધિવાળા વર્ગને પૃથ્વી આપી તે વેળા તે દાનમાં આપેલી પૃથ્વીની સીમ ઉપર બાણના પથરાને સ્થાને કુલાચલ થયા (એ સીમવાળો દેશ આ છે) અને દાનકાળે સંકલ્પનું પાણી મૂકેલું તે આ ત્રણ પાસના સમુદ્રરૂપ થઈ ગયું (એ સમુદ્રના ઉપયોગથી જ આમ સંપત્તિ અને ઉદ્ધાર છે), તે પરશુરામ તથા આર્યોનું પોષણ કરો! (સુભાષિતરત્નભાંડાગાર ઉપરથી)

[૨] . આ પરશુરામ મુનિ ભૂતમાત્રમાં ભાગ્યનો ઉત્ક્રમ એટલે ઉન્નતિનો ક્રમ ઊંચો રચવાનો વ્યવસાય કરે છે! તે ઉત્ક્રમ કેવો છે? તે ભૂતો ગૃહ બહાર નીકળી બહાર પ્રવાસે નીકળે તે કાળને માટે તેમનાં દ્વારોમાં કલ્પવૃક્ષોને આ મુનિ રોપે છે; તેઆ પોતાનાં ગૃહમંદિરમાં કુટુંબ વચ્ચે અને સ્વદેશમાં હોય તે વેળાને માટે તેમનાં આ ગૃહોમાં કામધેનુઓને મૂકે છે; કંઈ પણ કાર્ય સાધવા તેમણે પોતાના હાથને ચલાવવા પડે ત્યારે કેણીપાસ ચલાવવા એ જાણવાને અને સાધન શોધવાને માટે તે ભૂતોના હાથ ઉપર સોનાનાં કડાને સ્થાને ચિન્તામણિ બાંધે છે; મનુષ્યો અરસપરસ સુખનાં સાધક થાય માટે તેમનાં હૃદયમાં અમૃત ભરે છે; લોકકલ્યાણની વૃદ્ધિને માટે સર્વત્ર પાંડવોમાં અસ્ત્રોના બ્રાહ્મણ ઉદ્ગમને મૂકે છે. એ ભાર્ગવ દેવ પરશુરામ પોતે સર્વ લોકની બુદ્ધિઓમાં વાસ કરે છે તે મુનિ આપણું રક્ષણ કરો. (સુભાષિતરત્ન ભાંડાગાર ઉપરથી)

૩૬ ચંદનવૃક્ષ ઉપર છેલ્લો પ્રહાર

Woodman, spare that tree !

Touch not a single bouth !

So long it sheltered me ,

And I'll protect it now. - G. P. Morris .

ચિરંજીવોનું દર્શન સ્વપ્નના સિદ્ધનગરમાં સમાપ્ત થયું તેની સાથે સરસ્વતીચંદ્ર ગાઢ નિદ્રામાં પડ્યો. એક સ્વપ્ન વિના આખી નિશા ગાળી અને પ્રાત:કાળે છેક આઠ વાગે એની આંખ ઊઘડી.

કુમુદ નિત્યને નિયમે ઊઠી હતી. પોતાને થયેલા સ્વપ્નની અદ્ભુત સામગ્રીઓ તેનાં બીજાં સ્વપ્નમાં પણ સાધનભૂત થઈ હતી અને ઊઠી ત્યારે સરસ્વતીચંદ્રને ઊઠવાની કેટલીક વાર સુધી વાટ જોઈ પાસે બેસી રહી. અંતે આની નિદ્રાનો ભંગ ન કરવો ઉચિત ગણી દંતધાવન આદિની સામગ્રી એની પાસે મૂકી, સાધુજનોનાં કામમાં ભળવા નીચે ગઈ. કેટલીક વારે ઉપર ફેરો ખાવા આવી તો સરસ્વતીચંદ્ર ઊઠેલો હતો તેની સાથે કાંઈ સહજ વાતચીત કરી પાછી ગઈ. અને બે ગુફાઓની વચ્ચેના પુલ ઉપર જતી જતી બોલી: 'કોઈને વધારે પરિચયથી વાસના વધે; આપણી ઘટી! દિવસ જ આજ કેવો સ્વસ્થ, સુન્દર અને પવિત્ર લાગે છે!'

સરસ્વતીચંદ્ર — 'જેવું મન તેવું જગત, અને જગત તેવું મન. આવાં પુણ્યસ્વપ્નનું જગત અને તમારા જેવું પવિત્ર મન! એ ઉભયનો સંયોગ આવા જ દિવસને દેખાડે.'

કુમુદસુંદરી — 'આપના પવિત્ર મનની છાયામાં ઉદય પામી સ્વપ્ન જાગૃતના કરતાં વધારે બોધક થાય છે ને મારા જેવીનાં મન દૃઢ થાય છે. આપ આજના સ્વપ્નનું વર્ણન પણ કાલની પેઠે લખશો?'

સરસ્વતીચંદ્ર — 'અવશ્ય લખીશ. પરમ દિવસના સ્વપ્ને મારા દુ:ખનો આવેગ વધાર્યો હતો. કાલના સ્વપ્ને સ્વસ્થ કર્યો છે, સંતુષ્ટ કર્યો છે, ને મારા ધર્મના માર્ગ મારી દૃષ્ટિ પાસે સ્પષ્ટ તરી આવે છે.'

કુમુદસુંદરી — 'ગુરુજીનો પ્રયાસ સફળ થયો.'

સરસ્વતીચંદ્ર — 'તેમની તો કૃપા જ છે; પણ તેમની શક્તિથી જે મને મળે એવું ન હતું તે આજને સ્વપ્ને આપ્યું. કુમુદસુંદરી! મારાં સર્વ પ્રિયજનને અને મારા દેશને કલ્યાણમાર્ગે લેવાની ક્રિયા મને સાધ્ય થશે.'

કુમુદસુંદરી — 'શી રીતે?'

સરસ્વતીચંદ્ર — ‘આજ હું બહાર જવાનો નથી. આખો દિવસ આ જ વિચાર કરી સર્વ વાત મારા હૃદયમાં સ્પષ્ટતમ સુવ્યવસ્થિત કરી દઈશ ને સાયંકાળે તમને સમજાવીશ.’

કુમુદસુંદરી — ‘એ સંધિનો સમય અને તે પછીનો સમય ગોષ્ઠી વિનોદથી દીપક થાય છે એ આપણે અનુભવ્યું છે; એ કાળે નિદ્રા વિયોગ કરાવે તે સારું, અને આપણી વાર્તા દિવસે કરીએ તે જ સારું.’

સરસ્વતીચંદ્ર — ‘વાંકી વાળેલી અત્તરની શીશીઓ ઢોળાતી ઢોળાતી બચી અને હવે તો દાટા દેવાઈ ગયા છે! હવે આપણે નિર્ભય નથી?’

કુમુદસુંદરી — ‘પવિત્ર સ્વપ્નોથી ભરેલું આપનું હૃદય આવા ભયને અવકાશ નહીં આપે એવું હું માનું છું. પણ હજી આપણું ત્રસરેણુક જીવન કેવળ સૂક્ષ્મ નથી થયું ને સ્થૂલ શરીરને ભવસાગરમાં તરતું રાખવા પ્રયત્ન કરવો પડે એવો સંભવ રહેતો મટી નથી ગયો.’

સરસ્વતીચંદ્ર — ‘આજનો દિવસ મારી વિચારસિદ્ધિને આવશ્યક છે ને રાત્રિ તો તમે કહો છો એવી છે.’

કુમુદસુંદરી — ‘હું હવે ધારું છું કે બે રાત્રિના કરતાં ત્રીજીને આપણે વધારે પવિત્ર અને સ્વસ્થ કરી શકીશું. તો ઠીક છે. હું તરત જવાની આજ્ઞા માગું છું.’

સરસ્વતીચંદ્ર — ‘અદ્વૈતમાં આજ્ઞા શી?’

કુમુદસુંદરી — ‘એ પણ સત્ય છે; તો હું જાઉં છું.’

કુમુદસુંદરી ચાલી. ચાલવા માંડ્યા પછી સરસ્વતીચંદ્રે તેને પાછી બોલાવી.

‘કુમુદસુંદરી! જશ આવીને જાઓ.’

કુમુદ પાછી ફરી.

‘શી ઇચ્છા છે?’

સરસ્વતીચંદ્ર — ‘તમારું મન સ્વસ્થ છે?’

કુમુદસુંદરી — ‘હા.’

સરસ્વતીચંદ્ર — ‘દૃઢ છે?’

કુમુદસુંદરી — ‘એ પ્રશ્ન જ મનને અદૃઢ કરે છે.’

સરસ્વતીચંદ્ર — ‘તમારા સંબંધમાં હું કાંઈ તમને કહું તે ખેદ વિના સાંભળી શકશો?’

કુમુદસુંદરી — 'આપના સંસર્ગથી આપે આપેલી મારી શૂદ્ર શક્તિઓનું બળ આપ જ જાણી શકશો ને વધારી શકશો.'

સરસ્વતીચંદ્ર — 'જ્ઞાનદૃષ્ટિએ અને જ્ઞાનને બળે જ મારું કહેવાનું સાંભળી તમારું હૃદય સ્થિર રહી શકશે?'

કુમુદસુંદરી — 'જો એમ હોય તો કલ્પનાનું કે શંકાનું કાંઈ કારણ નથી.'

સરસ્વતીચંદ્ર — 'તો બેસો ને આ વર્તમાનપત્રો આપું તે વાંચો.'

કુમુદ બેઠી. વર્તમાનપત્રો વાંચવા લાગી. સૌભાગ્યદેવી અને પ્રમાદધનના મરણના અને કુમુદના ડૂબી ગયાના સમાચાર એક પછી એક કુમુદે ધડકતે હૃદયે અને રોતી આંખોએ વાંચ્યા. પત્રો પાછાં મૂક્યાં અને રોતી રોતી નીચું જોઈ બેસી રહી. શું બોલવું, શું કરવું, કે શું પૂછવું — તે કાંઈ એને સૂઝ્યું નહીં. શોકનો એક કાળો રંગ એના હૃદયમાં વ્યાપી ગયો.

સરસ્વતીચંદ્ર — 'તમને આવો શોક થશે જાણીને જ મેં આ વાત તમને કહી ન હતી. હવે પરિપાક પામતા અદ્વૈતમાં આટલો પણ પડદો અધર્મ છે એમ જાણી હું આજ કઠણ હૃદયનો થયો ને આ વાત તમારી પાસે વંચાવવાની મેં ક્રૂરતા કરી.'

કુમુદનું મુખ લેવાઈ ગયું. એનાં આંસુ ખાળ્યાં રહ્યાં નહીં.

'દેવીના વિષયનો તો મારો શોક આપ સમજી શકશો. પણ હું સત્ય કહું છું કે મારા સ્વામીનાથને માટેનો પણ મારો શોક એવો જ છે એથી વિશેષ છે. તેઓ સ્વભાવે સુશીલ અને સદ્ગુણી હતા — કુસંગે તેમને અવળે માર્ગે ચડાવ્યા. એ માર્ગે એ ચડ્યા ત્યારે પણ મેં એમની સમજણનો દોષ કાઢ્યો ને એમના હૃદયમાં મને દોષ લાગ્યો નહીં. એમનામાં વિદ્યા ન હતી પણ હૃદય હતું — ને તમારામાં પણ તમારી વિદ્યા કરતાં તમારા હૃદયનો વધારે વિશ્વાસ કરું છું તે તમે જાણો છો! એ જીવ્યા હોત તો કોઈ દિવસ શું મને પાછી સ્મરત નહીં? પ્રિય સરસ્વતીચંદ્ર! આપના ઉપર મને દયા આવી ને એમના ઉપર પ્રીતિ હતી તેથી બે પાસનો વિચાર કરી મનમાં એમ ધારતી હતી કે આપ પાછા મુંબઈ જાવ તો સુખી થાવ એટલે મારે દયા કરવાનું રહે નહીં, અને હું પાછી કાળે કરીને એમનું હૃદય નરમ થાય ત્યારે એમની પાસે જ જાઉં! એવો કાળ આવશે એવી મને શ્રદ્ધા હતી અને હવે એ પાસની શ્રદ્ધા અને આશા સર્વ નષ્ટ થઈ ગયાં! જેમને માટે અત્યાર સુધી હું આપની પાસે આ શરીરને શુદ્ધ રાખી શકી તે ગયા, ને હવે હું સાસરે પણ શું જાઉં ને પિયર પણ શું જાઉં? મે એક સ્થાને વાંચેલું હવે સ્ફુરે છે ને અનુભવું છું કે

Jealous, jealous, yet the heart

Loves and weeps when all is past .

‘હરિ! હરિ! તને આ જ ગમ્યું?’

બે હાથે મોં ઢાંકી સંતાડી કુમુદ પુષ્કળ રોવા લાગી. સરસ્વતીચંદ્રથી તે જોવાયું નહીં. મર્યાદા મૂકી એની પાસે એ બેઠો ને એને વાંસે અને માથે હાથ ફેરવી કહેવા લાગ્યો.

‘તમારા હૃદયની શુદ્ધતા હું નહીં સમજું તો કોણ સમજશે? તમે ઉદાર છો, શુદ્ધ છો, ને ક્ષમાશીલ છો. હવે આ કાળનું ધૈર્ય પણ તમારામાં આવી શકે છે એટલું વધારે દેખાડી દ્યો.’

કુમુદસુંદરી — ‘હવે હું જે રોઈશ તે જગત અસત્ય જ માનશે.’

સરસ્વતીચંદ્ર — ‘જગત ગમે તે માને! શોક એ પોતાના હૃદયની સ્થિતિ છે — તેમાં સામાં માણસ સત્ય કે અસત્ય માને તેમાં આપણે શું? આપણી સંસારી સ્ત્રીઓ રોવાકૂટવાનાં ચિત્ર કાઢે છે, ને તેમાં કૃત્રિમ કળાઓ વાપરે છે તેવું આપણે ઓછું જ કર્યું છે. તમારો શોક શુદ્ધ છે, પણ સાધુજનો શોકને સ્વીકારતા નથી.’

કુમુદ આંસુ લોહતી લોહતી જશ દૂર ખસી બેઠી.

‘આપનું કહેવું યથાર્થ છે, પણ સંસારની રીતે મારે હવે જુદો આચાર ઘટે છે. પ્રથમ તો હું હવે સ્નાનને અને સૂતકને પાત્ર થઈ, ને આ હાથની બંગડીઓનો નાશ ઉચિત થયો, અને વૈધવ્યકાળને જે જે બીજા — ઉચિત સંસ્કાર છે તે કરવા પડશે. પણ મને તે કોણ બતાવશે અને કરાવશે?’ આટલું પૂછતી પૂછતી વળી તે રોવા લાગી.

સરસ્વતીચંદ્ર — ‘જે સંસાર તમે છોડ્યો છે તેના ધર્મ પાળવાની હવે આવશ્યકતા નથી. પવિત્ર સ્થાનમાં શુદ્ધ વિવાહથી વિવાહિત દંપતીનો મરણ પણ વિયોગ કરી શકતું નથી અને જેને સંસારમાં જન્મપર્યન્તનું વૈધવ્ય કહે છે તેને અહીંના સાધુજનો અવૈધવ્ય જ ગણે છે. માટે તમે સાધ્વીજનોમાં શ્રેષ્ઠ આર્યાઓને અને ચંદ્રાવલી મૈયાને પૂછીને તે દર્શાવે તે વિધિ પાળો.’

કુમુદસુંદરી — ‘શું આ વેશ રાખવો હવે એક પળ પણ ઉચિત છે?’

સરસ્વતીચંદ્ર — ‘તમે સાધુજનોની અધ્યાત્મદૃષ્ટિથી જુઓ. સર્વ વેશ સંસારના સંપ્રત્યયાત્મક કલ્પનાઓથી થયેલા છે. તેમ તેની કલ્પના માત્રનો નાશ કરવો અને ગમે તો, સર્વ વેશને સમાન ગણી, લીધેલા વેશનો ત્યાગ ન કરો અને ગમે તો, સાધુજનો આ પ્રસંગને માટે જે ઉચિત ગણતા હોય તેવો વેશ સ્વીકારો.’

કુમુદસુંદરી — ‘આપે ભગવાં ધર્યાં તો હું પણ હવે તેનું જ ધારણ કરીશ.’

સરસ્વતીચંદ્ર — ‘જે કરો તે સાધુજનોને પૂછીને કરજો.’

કુમુદસુંદરી — ‘આપનું વચન સત્ય અને ઉચિત છે.’

શોકની મૂર્તિ જેવી, અવસન્નતાની છાયા જેવી, અને નિ:શ્વાસની ધર્મની [૧] જેવી બાળા સાધુઓ પાસે જવાને ઊઠીને ગઈ; અને જતાં જતાં ચારે પાસની ભીંતોના પથ્થર પણ પોતાને જોતા અને કંઈક કહેતા હોય એમ તેમના ભણી આંખ અને કાન માંડતી, વસન્તગુફાની નિસરણી ઉપરથી ધીમે ધીમે ઊતરી. તેને જોનારને એવું જ ભાન થાય કે આ ગમે તો પગથિયાં ગણે છે ને ગમે તો પોતાનાં પગલાં ગણે છે — આમ એ ઊતરી.

એની પાછળ દૃષ્ટિપાત નાખતો, આંખનો પલકારો કર્યા વિના એને ન્યાળી રહેતો,

સરસ્વતીચંદ્ર બેસી રહ્યો ને એ દૃશ્ય થઈ એટલે વિચારમાં પડ્યો.

‘ધાર્યું હતું કે આવો શોક જોવો ન પડે માટે આ વાત ન કહેવી. નવી અવસ્થાએ નવો ધર્મ ઊભો કર્યો અને મારી ધારણ બદલાઈ. જ્યાંસુધી મને સ્થૂલ કામની ભીતિ હતી ત્યાંસુધી કુમુદ પોતાને અવિધવા ધર્મથી બંધાયેલી ધારે તે જ ઇષ્ટ હતું. એ ભીતિ હવે બે પક્ષની ગઈ. પોતાને અવિધવા સમજનારી હવે પોતાને વિધવા જાણે છે. સ્થૂલ કામનાં શસ્ત્ર અત્યારે ખડાં થયાં હોત, તો હું અત્યારે એમ જ સમજત કે હવે આ મારી ભોગ્ય વસ્તુ છે, અને અનેક ક્રૂર અપકારોએ ક્ષત કરવા માંડેલી પણ આત્મબળે અક્ષત રાખેલી પતિવ્રતા આ પળે ક્ષત થઈ જાત. અસ્વામિકા થયેલી અનાત બાળા કામનાં શસ્ત્રોનું અભિનંદન કરી બેસત! હવે એ ભય એનો પણ ગયો ને મારો પણ ગયો. ઈશ્વરની પરમ કૃપાએ અને ઉભય પક્ષની કલ્યાણબુદ્ધિએ આ શમ અને દમને પુણ્ય માર્ગ પ્રત્યક્ષ કરાવ્યો. સૂક્ષ્મ પ્રીતિએ સ્થૂલ પ્રીતિને ઉતારી નાખી અને પોતાનું જ નિષ્કંટક રાજ્ય કરી દીધું. કુમુદ! તું જે શોકથી અત્યારે ગ્રસ્ત થઈ છે તે હવે તારું કલ્યાણ કરશે એમ ધારીને મેં આ શસ્ત્રવૈદ્યના જેવી ક્રૂરતા વાપરી છે. એનાં અન્ય દુ:ખ એટલાં બધાં વધ્યાં હતાં કે તેમના પ્રહાર ખમતાં ખમતાં આ કોમળ હૃદયને તે દુ:ખોમાંથી જ બોધ લેવાનો અવકાશ મળી શક્યો ન હતો. એ પ્રહારોમાંથી છેલ્લો પ્રહાર એને મળી ચૂક્યો ને શોકમાંથી વિચારકાળ હવે ઉદય પામશે. ઈશ્વરે દુ:ખ અને શોકની સૃષ્ટિ મનુષ્યોનાં સૂક્ષ્મ જીવનને સિદ્ધ કરવાને માટે જ રચી છે. દુ:ખ અને શોક જાતે આમ પરિપાક પામીને પછી નષ્ટ થાય તે જ કલ્યાણકારક છે.

He that lacks time to mourn, lacks time to mend .

Etemity mourns that. Tis an ill cure

For life’s worst ills to have no time to feel them .

Where sorrow's held intrusive and turn'd out ,

There wisdom will not enter, nor true power ,

Nor aught that dignifies humanity . [૨]

કુમુદ! તારા આ દુ:ખમાંથી તારું હૃદય કોક પવિત્ર પરિણામ જ આણશે. પાંચાલી! ચિરંજીવ મહાત્માઓનાં સ્વપ્ન તને દુ:ખમાંથી સિદ્ધ થતી દેખાડે છે ત્યારે કુમુદ પોતાના સૂક્ષ્મ જીવનને પણ દુ:ખમાંથી જ સિદ્ધ થતું આ જાગૃત અવસ્થામાં દેખાડે છે.

કુમુદ! સંસાર તને વિરોધની મૂર્તિ ગણે તો તેનો શો દોષ? મારા ઉપર આટલી પ્રીતિ પ્રત્યક્ષ ધારનાર હૃદયમાં પ્રમાદને માટે અત્યારે તો તને શોક થાય છે તેને ગમે તો સંસાર સ્ત્રીચરિતના ચાળા જેવો માને ને ગમે તો ઈશ્વરે રચેલા અનેક પરસ્પર-વિરોધી ચમત્કારોમાંનો એક ગણે, નહીં તો બીજું શું કરે? તેને મન તો Woman's at best a contradiction still ! [૧]

પણ આ સાધુજનોની ચિકિત્સા તારી શુદ્ધ પરીક્ષા કરશે અને તને ઉત્તમ ઔષધ આપશે. તારા વિરોધમાં તેઓ માત્ર વિરોધાભાસ જ જુએ છે, અને હૃદયનાં અવિરોધી સત્ત્વોને શોધી કાઢી તેમનું સંગીત પ્રકટ કરશે. સંસાર! ચંદનવૃક્ષની શાખા જેવી કુમુદને તું કેટલા પ્રહાર કરે છે? બહુ બહુ પ્રહાર તેં કર્યા! તે પ્રહારથી ઊડેલો સુગન્ધ સુન્દરગિરિ ઉપરનાં પવિત્ર સત્ત્વોનાં હૃદય સુધી પહોંચ્યો છે! સંસાર! હવે તારા પ્રહારો બંધ કર! તારી કુહાડી હવે આ વૃક્ષને સ્પર્શ કરે એમ હું નહીં થવા દઉં! એમ ન થવા દેવાનો હું અધિકારી થયો છું, અને એમ ન થવા દેવું એ મારો ધર્મ તો છે જ.

---

૧ . ધમણ.

૨ Sir H. Taylor .

૧ Pope's *Moral Essays* . ૨ નર્મકવિતા.

૩૭ મિત્ર કે પ્રિયા?

प्रेयो मित्रं बन्धुता वा समप्रा सर्वे कामा: शेवधिर्जीवितं च x x x *धर्मदाराश्च पुंसाम्।*

— भवभूति

(**અર્થ:** ધર્મપત્ની પતિનો સર્વથી વધારે મિત્ર છે, સર્વ સગપણનો સરવાળો છે, સર્વ ઇચ્છાઓનું સ્વરૂપ અને સર્વ ભંડાર છે, ને પતિનું જીવન જ છે. — **ભવભૂતિ**)

પોતે ઉછેરેલું ચન્દનવૃક્ષ સંસારનો આ નવો પ્રહાર કેવી રીતે સહી શકે છે અને પોતે તેને કેટલું બળ આપેલું છે તેનું ગણિત કરતો કરતો એ વૃક્ષનો માળી સરસ્વતીચંદ્ર, અનેક વિચારોમાં મગ્ન થઈ, તેના અને પોતાના સહવાસ અને સંગત: સ્વપ્નોના સ્થાનભૂત ઓટલા આગળ ઊભા રહી, બહાર દૃષ્ટિ નાખવા લાગ્યો. ગુફાઓ વચ્ચેના ઝરાઓના આરા ઉપર સાધ્વીઓની વચ્ચે થઈને નીચી દૃષ્ટિથી ચાલતી કુમુદ જતી જણાઈ. છેટે એક સ્થાને તેણે પાણીમાં પેસી કેશ પલાળી સ્નાન કર્યું, સાધ્વીઓમાંનું કોઈપણ બોલતું દેખાયું નહીં. પૂતળીઓની પેઠે મૂગી રહી સર્વ સ્ત્રીઓ કુમુદની શોકપ્રવૃત્તિમાં સહાય થતી હતી. કુમુદનાં આંસુ ઝરાના પાણીમાં વહી જતાં માળ ઉપર ઊભેલા પુરુષે કલ્પ્યાં. કેડ સુધી લટકી રહેતે ભીને વાળે, ઊંચાનીચા અવયવોમાં ચોંટી જતે ભીને લૂગડે, બેસી જતા દેખાતા ગાલે, અસ્વસ્થ પણ મન્દ શિથિલ ક્રિયાએ, પાણીમાં નાહતી કુમુદમાં સરસ્વતીચંદ્રના હૃદયને તૃપ્ત કર્યું, લીન કર્યું, અભિલાષી કર્યું, દયાળુ કર્યું, તપ્ત કર્યું, શોકગ્રસ્ત કર્યું, અને અંતે અનેક ઊંડા નિ:શ્વાસોની ધમણથી ધમતું કર્યું,. પ્રીતિની નાડીઓ એના હૃદયમાં અને શરીરમાં નવા અને અપૂર્વ મન્દ વેગથી વહન પામવા લાગી અને દુ:ખી નર્મદના અનુભવને તેમાં પુનર્જન્મ આપતી હોય તેમ એની પાસે ધીમે ધીરે સ્વરે ગવડાવવા લાગી.

‘સલામ, રે દિલદાર! યારની, કબૂલ કરજે

રાખીશ મા દરકાર, સાર દેખી ઉર ધરજે.

ઘણા ઘણા લઈ ઘાવ, તાવમાં ખૂબ તવાયાં!

નહીં અન્ન પર ભાવ! નાવમાં નીર ભરાયાં.

સરખાસરખી જોડ, કોડનાં બંને માર્યાં

છૂટી પડી ગઈ સોડ! હોડમાં બંને હાર્યાં!

એક અંગીનાં અંગ, નંગ-કુંદન બન્યો છે!

છાજ્યો નહીં રે સંગ, રંગમાં ભંગ પડ્યો છે! [૨]

કુમુદ!કુમુદ!
પ્રિયા! તું શોક છોડી દે!
જગતના બન્ધ તોડી દે!
તું કાજે હું કરું શું? કહે!
હૃદય પર શલ્ય શાને વહે?
હવે ઊભાં નવે દેશે!
હવે ફરીએ નવે વેશે!
નથી સંસારની ભીતિ;
ત્યજી સંસારની રીતિ.
સગાં સંસારનાં છોડ્યાં;
છૂટ્યાં તેઓથી તરછોડ્યાં.
સુરમ્ય જ સાધુનો પન્થા;
ધરી લે-ચ્હાય તો-કન્થા.
હવે વિશ્વંભરે જ રચ્યો,
પ્રિયા, સંકેત, જો, આ મચ્યો!
પ્રિયા, સૌ શોક છોડી દે!
જડાઈ જા તું આ હૃદયે!
પ્રિયા! સૌ શોક ત્યજને તું!
પરાપ્રીતિયજ્ઞ યજને તું!

જૂના હૃદયમાંથી આ નવા ઉદ્ગાર નવા વેગથી નીકળતા હતા એટલામાં સાધ્વીઓએ કુમુદને અંચળો આપ્યો ને તેણે તે પહેરવા માંડ્યો. કુમુદની આંખોમા આંસુ છે કે નહીં તે આટલે દૂરથી દેખાતું ન હતું. પણ એણે ભીનું શરીર લોહ્યું, જૂનું રંગીન રાતું વસ્ત્ર બદલ્યું; ને નવું પહેર્યું — એટલામાં જ્ઞાતાજ્ઞાત સુંદર અવયવો, ઉપર ઊભેલાની આંખને, કંઈ કંપઈ સાનો કરવા લાગ્યા. અંચળો પહેરાઈ રહ્યો ને કુમુદ સાધ્વીને રૂપે ઊભી ત્યાં એ સાનો બંધ થઈ ગઈ ને સાટે વૈરાગ્યની મૂર્તિ જેવી બાળાનાં દર્શન આજ જોનારના હૃદયમાં પવિત્ર સંસ્કારોને ભરવા લાગ્યાં. શાંત સ્થિર થઈ સરસ્વતીચંદ્ર એને જોઈ રહ્યો ત્યાં કન્થા ધરેલી કુમુદના સામી સાધ્વીઓ ઊભી રહી અને પરિચિત પણ સ્ત્રીકંઠની કોમળ ગર્જના કરી ઊઠી તે ઉપર સુધી સંભળાઈ કે -

'નન્દકો નન્દન એક આનંદ દેત હૈ! વિષ્ણુદાસજીકો જય! ચન્દ્રાવલીમયાકો જય! મધુરીમયાકો જય!'

થોડી વારમાં સર્વ મંડલ ચાલવા લાગ્યું અને ગુફાઓનાં છજા નીચે દૃશ્ય થયું. સરસ્વતીચંદ્ર શાંત થયો અને થોડીક વારમાં અન્ય વિચારોમાં પડી અંતે પોતાના સ્વપ્નનો ઇતિહાસ લખવામાં મગ્ન થયો. બેચાર ઘડી એ લેખમાં ગાળી હશે એટલામાં કાને સ્વર સંભળાયો:

'જી મહારાજ! આજ્ઞા હોય તો ઉપર આવું.'

'નિરાંતે આવો.' સરસ્વતીચંદ્ર ઊભો થતો થતો બોલ્યો અને રાધેદાસ ઉપર આવ્યો.

રાધેદાસ — 'જી મહારાજ! વિહારપુરીજી સંદેશો મોકલે છે કે આપના પ્રિય મિત્ર પ્રાત:કાળે યદુશૃંગ ઉપર આવશે અને તેમને ક્યાં વાસ આપવો તે પુછાવે છે.'

'અવશ્ય જ્યાં હું છું ત્યાં જ લાવજો.' હર્ષમાં આવી સરસ્વતીચંદ્રે ઉત્તર દીધો.

રાધેદાસ — 'જેવી આજ્ઞા.'

રાધેદાસ ગયો.

સરસ્વતીચંદ્ર વિચારમાં પડ્યો.

'ચંદ્રકાંત પ્રાત:કાળે આવશે — પણ કુમુદનું તે પ્રસંગે શું કરવું? મિત્રના સમાગમકાળને પ્રિયાના વિયોગનો પ્રસંગ કરવો? કુમુદના સૂક્ષ્મ પરિતાપને કાળે, આટલા સહવાસને અંતે, તેને ક્ષણ પણ દૂર કરવી ધર્મ્ય નથી. પણ સંસારની દૃષ્ટિથી જોનાર અને સાધુઓની દૃષ્ટિનો અપરિચિત મિત્ર કુમુદને અહીં જોઈ શા શા સંકલ્પ નહીં કરે અને મારા ઉપરની એ મિત્રની પ્રીતિમાં શાં શાં વિઘ્ન નહીં આવે? મારા પોતાના ભાગ્યના એ પરિણામના તર્ક હું શા માટે કરું છું? પ્રિય કુમુદ! તારા સંપ્રત્યયની અનુકૂળતા તને ગુપ્ત રાખવામાં જ હશે, તારે એ મિત્રથી દૃશ્ય રહેવું હશે, તો જોડેની ગુફા તારે માટે છે ને નીચલો ખંડ મિત્રને માટે રહેશે. તારે તેને મળવાની ઇચ્છા હશે તો તો મારે કાંઈ વિચારવાનું જ નથી. મિત્ર મારી શુદ્ધ પરીક્ષા કરશે તો મને સાધુવત લેખશે ને કુમુદના યોગનું એ અભિનંદન કરશે. મારી કથામાં શ્રદ્ધા રાખશે, ને મારા પ્રીતિયજ્ઞમાં ઉત્તમ આશ્રય આપશે. મિત્ર મારી અશુદ્ધ પરીક્ષા કરશે તો મારો ત્યાગ કરશે, ને મેં તો સર્વનો ત્યાગ કરેલો જ છે તે હું મારો ત્યાગ બીજું કોઈ કરે તેમાં શો દોષ કાઢું? એ મારો ત્યાગ કરશે તેથી મારા હૃદયની એના પ્રતિની પ્રીતિ ન્યૂન થવાની નથી. સંસારના સંપ્રત્યયનો અનુભવી એ વિદ્વાન એ સંપ્રત્યયોથી દોરાય તેમાં એની પ્રીતિનો દોષ શો કાઢવો? કુમુદ સાથે હું નવીન ધર્મથી બંધાયો છું ને બંધાઉં છું ને તે ધર્મનો ઉદય, મેં ધર્મથી કરેલા આમંત્રણને લીધે ને ધર્મથી પ્રાપ્ત થયેલા અદ્વૈતને લીધે થયો છે તો

તેનો સત્કાર અનિવાર્ય છે ને તેને પ્રતિકૂળ થયા વિના મિત્ર સાથેના ધર્મનો જેટલો સત્કાર થશે તેટલો કરીશ ને નહીં થાય તેટલો નહીં કરું. સાધુઓનો સનાતન ધર્મ આ માર્ગ મને દર્શાવે છે તો બીજું કાંઈ વિચારવાનું નથી. સાધુજનો, તમારા સનાતન ધર્મના સર્વ પન્થ સુદૃશ્ય છે, ને સુખ તેમ શાંતિના ને કલ્યાણના દાતા છે. તમારા ધર્મમાં દૃષ્ટિને ભારે ગૂંચવાડા નથી ને જે ગૂંચવાડા નીકળે છે તે જાતે જેવા સૂક્ષ્મ અને રમણીય હોય છે તેવાં તેમનાં સમાધાન પણ સૂક્ષ્મ અને રમણીય થાય છે. સત્ય છે કે એ ધર્મનાં પાલન કઠણ અને કષ્ટસાધ્ય થાય છે — પણ એથી જ તે પાલન તપરૂપ છે, એથી જ તે સાધુજનોને સિદ્ધ કરે છે, અને એથી જ તે અસાધુજનોને ગમતા નથી. પણ એ ધર્મ જાણવામાં કે પાળવામાં આ તપ વિના બીજો ગૂંચવાડો નથી. કુમુદ! ચંદ્રાવલીમૈયાની રસબુદ્ધિએ આપણે માટે યોજેલા તપમાં, અને આપણાં સૂક્ષ્મ જીવનમાં, ‘આપણે કેવી રમણીયતા અને સંસિદ્ધિ ધર્મથી અનુભવી છે?’

૩૮ સ્ત્રીજનનું હૃદય અને એ હૃદયની સત્તા

I pass, like night, from land to land ;

I have strange power of speech ;

That moment that his face I see ,

I know the man that must hear me :

To him my tale I teach .

— Coleridge's Ancient Mariner .

शुश्रुवे प्रियजनस्य कातरम्

विप्रलम्भपरिशंकिनी वच:।

-रघुवंश :

आशाबन्ध: कुसुमसद्दशं प्रायशोऽह्यङ्गनानाम्

सद्य:पाति प्रणयि हृदयं विप्रयोगे रुणद्धि।।

-मेघदूत

ભગવી કંથા ધારી કુમુદ સાધ્વીઓ સાથે ગઈ અને સરસ્વતીચંદ્ર સૌમનસ્યગુફાના સંસ્કારદીપક ઓટલા ઉપર બેસી પોતે જોયેલાં સ્વપ્નોના પોતે લખેલા ઇતિહાસ વાંચવા લાગ્યો અને પોતાના દેશનું અને દેશની વસ્તીનું કલ્યાણ શામાં છે અને કેવાં સાધનથી સાધ્ય છે તેના વિચાર કરવા લાગ્યો. વિચારે વિચારે એની સ્વપ્નસામગ્રી સહાયભૂત થઈ ને આખો દિવસ પ્રસન્ન ચિન્તામાં ગયો. ભોજનકાળ વિના એમાં બીજું વિઘ્ન આવ્યું નહીં અને કુમુદના વિના બીજા સત્ત્વે તેમાં વ્યવધાનશક્તિ બતાવી નહીં. અપ્રત્યક્ષ રહીને પણ અત્યારે કુમુદ જે વ્યવધાનશક્તિ બતાવતી હતી તે પણ સાત્ત્વિક પ્રીતિના સંસ્કારોનાં જાગૃત સ્વપ્નો ઉત્પન્ન કરીને જ બતાવતી હતી, અને જેવી રીતે તે સ્વપ્નમાં સહચારિણી થઈ હતી તેવી રીતે આજના જાગૃત વિચારોમાં પણ માત્ર વિચારરૂપે જ સહચારિણી થતી. સૂર્યાસ્તથી પાંચ-છ ઘડી પહેલાં તેના વિચાર સમાપ્ત થયા ને તેને અન્તે પોતાની ગુફાની ઉપલી અગાશીમાં ચડી ચારેપાસના સૃષ્ટિસૌંદર્યને આ પુરુષ જોવા અને ભોગવવા લાગ્યો. એ ભોગ-મેઘના ઉપર વીજળી જેવી વાણી ચમકવા લાગી.

'શરીરની શક્તિઓ શરીરના ભોગથી વધે છે ઘટે છે, તેમ મનની શક્તિઓ મનના ભોગથી વધે છે ઘટે છે, અને શરીર અને મનના વિવાહથી સંયુક્ત અવસ્થાને પામેલી શક્તિઓ એ બેના સંયુક્ત ભોગથી વધે છે ઘટે છે. અમુક માત્રામાં ભોગને રાખવાથી આ સર્વ શક્તિઓ વધે છે ને તે

માત્રાની મર્યાદા તોડવાથી એ જ શક્તિઓને એ જ ભોગ ક્ષીણ કરે છે. આ માત્રાનું તારતમ્ય અહીંના સાધુજનો જાણે છે, પ્રાચીન આર્યો જાણતા અને આજના પાશ્ચાત્ય લોક જાણે છે. એ શક્તિઓના વિકાસથી ને સદુપયોગથી લોકનું કલ્યાણ છે. સર્વ શ્રમમાં, સર્વ તપમાં, સર્વ ઉદ્યોગમાં, સર્વ સુખમાં, સર્વ દુ:ખમાં, સર્વ ભોગમાં અને સર્વ ત્યાગમાં, યોગ્ય માત્રા રાખ્યાથી આ કલ્યાણ સધાય છે અને તોડ્યાથી અકલ્યાણ સધાય છે. મારા દેશમાં આ માત્રાના અજ્ઞાને દુ:ખની હોળી સળગાવી છે ને મારા દેશી બંધુઓની સર્વ શક્તિઓને ક્ષીણ કરી દીધી છે. તે શક્તિ વધારવાને મારા વિદ્વાન બંધુઓના અને રાજ્યકર્તાઓના સર્વ પ્રયત્ન નિષ્ફળ થાય છે તેનું કારણ આ અજ્ઞાન અને આ અશક્તિ! એ અજ્ઞાનનો ને અશક્તિનો નાશ અશક્ય નથી. આર્યલોક માનતા [૧] અને પાશ્ચાત્યો માને છે કે અગ્નિ દેખાતો હોય તોપણ કાષ્ઠમાત્રમાં ગૂઢ રહેલો છે તે પ્રમાણે આ દેશના આર્યોમાં જ્ઞાન અને શક્તિ સ્થળે સ્થળે ગૂઢ — dormant રહેલાં છે — અલખ રહેલાં છે. તે ગૂઢ દૈવતને પ્રકટ કરવાં, અલખને લખ કરવાં, કરાવવાં, એ હવે મારો અભિલાષ, મારો ધર્મ, અને મારે પ્રકટવાનો મહાયજ્ઞ — તે અભિલાષની સિદ્ધિને માટે હું પૂર્ણ પ્રયત્ન કરીશ, એ ધર્મવિચારના આચાર પાળીશ, અને મહાયજ્ઞમાં આહુતિઓ આપીશ.

અલખ રહ્યાં ગુણ શક્તિ નિરંતર
દેશકાળમાં સ્થળે સ્થળે;
તે સહુ અલખ જગાવું હવે હું!
અલખ બનો લખ! ભલે ભલે!
અલખ જગાવવા હું અધિકારી!
લક્ષ્મી મારી ભસ્મ કરું!
જનતા [૨] તે મુજ ભવ્ય દેહ, ત્યાં
ભસ્મ વિભૂતિ ધરી ફરું!
એ સંન્યાસ થકી પરિવ્રાજક
હું સંસાર-સ્મશાન તણો!
અલક ખેલનો સાક્ષી બનું છું.
લેખ રક્ત વૈરાગ્ય તણો.'

આ કવિતા ગાતાં ગાતાં સરસ્વતીચંદ્ર ઊભો થયો હતો. ઉત્સાહમાં આવી હાથ ઊંચા કરી કરી ફરી ફરી ગાતો હતો, અને પોતે ગાય છે તે કોઈ સાંભળે છે કે નહીં તેનો વિચાર કર્યા વિના ઉચ્ચ સ્વરે આકાશ સામું જોઈ

ગાતો હતો. પણ એનાં સ્વગતવાક્યોના [૧] આરંભકાળથી જ કન્થાધારિણી શોકગ્રસ્ત કુમુદ એની પાછળ આવી, બોલ્યા ચાલ્યા વિના આવી, ઊભી રહી હતી, ક્ષણમાં ઊભી ઊભી આંસુ સારતી હતી તો ક્ષણમાં નીચું જોઈ વિચારમાં પડતી હતી, ક્ષણ વાર સરસ્વતીચંદ્રના પૃષ્ઠભાગનું દર્શન કરી પ્રતિમાદર્શનકાળના જેવા યોગમાં લીન થતી હતી તો ક્ષણ વાર નિ:શ્વાસ મૂકતી હતી, અને પવનથી હાલતી કૂંપળ પોતાની ડાળને વળગી રહે તેમ આ સર્વ અવસ્થામાં એમની એમ એક જ સ્થાને ઊભી રહી હતી. અંતે દીર્ઘ નિ:શ્વાસ મૂકી આંસુ લોહી, આગળ આવી અને સરસ્વતીચંદ્રને પગે પડી.

સરસ્વતીચંદ્ર કંઈક ચમક્યો પણ સ્વસ્થ બની પોતાને પગેથી કુમુદને ઊંચી કરવા નીચો પડ્યો અને કોમળ કંપતી દેહલતાને હાથમાં સાહી ઉઠાડવા લાગ્યો.

‘કુમુદસુંદરી! સાધુજનોમાં આ આચાર પ્રશસ્ત નથી એવું ચન્દ્રાવલીમૈયાનું જ વાક્ય છે માટે તમે ઊઠો.’

કુમુદ ઊઠતી ઊઠતી બોલવા લાગી: ‘મને દીક્ષા આપો, મારા શોકનો એક વાર નાશ કર્યો તેવો ફરી કરો; હું હજી સંસારિણી જ છું. ને આ કન્થા પહેરવાથી કંઈ ઉત્કર્ષને પામી નથી. આપના ચરણસ્પર્શે એક વાર મને આપના મહાસ્વપ્નમાં સહચારિણી કરી પવિત્ર કરી છે તો બીજી વાર આ પવિત્ર ઉત્કર્ષક ચરણનો સ્પર્શ કરું છું. તે એવા અભિલાષથી કે મારા ઉદ્ધારના કોઈ અતિ પવિત્ર માર્ગે આપ મને લઈ જાવ, અને જેમાં સંસાર કે સાધુજન કોઈ દોષ ન દેખે અને મારું કલ્યાણ થાય એવું ફળ આપો. સંસારને આપ સ્મશાન ગણો છો તો હું પણ તેને સ્મશાન જ ગણું છું, પણ મારા શોકને બળવાની ચિતા તેમાં સળગતી નથી ને એક વાર સળગી તો આ પવનને ઝપાટે વધારે લાગવાને ઠેકાણે હોલાઈ ગઈ! મારો દુર્ગન્ધી શોક એ ચિતા ઉપર એવો ને એવો પડેલો દેખાય છે. મારા શોકને, મારા વિકારને, અને મારાં કલંકને હવે આપ ભસ્મરૂપ કરો અને માત્ર એ ભસ્મની પેઠે જ આપના સહવાસમાં ઊડવાની શક્તિ આપો! એ વિના વધારે જીવન મારે હવે નથી જોઈતું.’

એને વાંસે હાથ મૂકી સરસ્વતીચંદ્ર કહેવા લાગ્યો: ‘કુમુદસુંદરી! તમારો શોક તમને પાવન કરે છે તે પ્રત્યક્ષ કરો. આ મારા હાથનો ને તમારા શરીરનો સ્પર્શ બે દિવસ ઉપર આપણને વિકારથી ભરતો હતો તે બેને અત્યારે પ્રકૃત અવસ્થામાં રહેવા દે છે — આ તમારા શોકનું શુભ પરિણામ આપણે બે જણ આપણા સૂક્ષ્મ અદ્વૈતને બળે અનુભવીએ છીએ. એથી વધારે ફળ આ શોક આપે એમ નથી માટે તેને હવે નિષ્કારણ ગણી ત્યજો. કાલ પ્રાત:કાળે ચંદ્રકાન્ત અત્રે આવે છે ને મારે તમારે કંઈ પણ એકાન્ત

વાર્તા કરવાનો પ્રસંગ તે પછી ન્યૂન થશે. માટે, શોકને શમાવી દઈ, મળી વેળાનો ઉપયોગ કરો તો સારું.’

કુમુદ ઊંચું જોઈ બાવરી બની બોલી: ‘ચંદ્રકાન્તભાઈ ભલે આવે. આપણે શી વાત કરવી તે મને કંઈ સૂઝવાની નથી.’

સરસ્વતીચંદ્ર — ‘તમે શાંત સ્વસ્થ થઈ બેસો તો હું સુઝાડું.’

કુમુદસુંદરી — ‘આપ બેસો એટલે હું બેસીશ.’

સરસ્વતીચંદ્ર — ‘ચાલો. બે જણ બેઠાં. પ્રથમ કહો કે સાધુજનોએ તમને શો ઉપદેશ કર્યો?’

કુમુદસુંદરી —‘તેઓ મારા સ્વામીને સ્વામી ગણતાં નથી તો તેમના ઉપદેશ શા કામના?’

સરસ્વતીચંદ્ર — ‘પણ તે સ્વામી હોય તો શા વિધિ આવે પ્રસંગે પાળે છે?’

કુમુદસુંદરી — ‘સંસારીજન સાધુ થાય તે કાળે તેની પાસે સંસારનું સ્નાન કરાવે છે; ને એમની સંપ્રદાય આવે પ્રસંગે તો શબનો સ્પર્શ કરનારને જ સ્નાન કરાવે છે. સ્થૂલ શરીર પાછળ સાધુજનો શોક કરતા નથી. વિધવાઓ પતિના સૂક્ષ્મ શરીરને અમર ગણી તેના સ્થૂલ શરીરના મૃત્યુને માત્ર ક્ષણિક વિયોગરૂપ ગણે છે અને સ્થૂલ શરીરના કોઈ પણ અંશનો ક્ષય કરતી નથી. કેશકલાપ અને કરકંકણને, પતિસંયોગના સંસ્કારોનાં સ્મારક ગણી, પતિના જીવની પેઠે જાળવી મૂકે છે, અને બાકીના કૃત્રિમ અલંકારોને તો તેઓ સંયોગકાળે પણ પહેરતાં નથી તો વિયોગમાં તેનો ત્યાગ બાકી રહેતો નથી. આમરણાંત બાહ્ય શોકનો ત્યાગ કરવો એ સાધુજીવનનું રહસ્ય ગણાય છે અને અંત: શોકને પતિના સૂક્ષ્મ શરીરના યોગ વડે શમાવે છે. તેમની સૂક્ષ્મ પ્રીતિના અદ્વૈતથી આ યોગ વૈધવ્યકાળની સાથે જાતે પ્રાપ્ત થાય છે ને પ્રાપ્ત કરવો પડતો નથી. એમના વચનમાં શ્રદ્ધાથી અને આપની આજ્ઞાથી તેમનું વચન પાળી આ કન્થા મેં ધારી છે.’

સરસ્વતીચંદ્ર — ‘પ્રિયજનના મૃત્યુને ક્ષણિક વિયોગ ગણી તેઓ એકવેણી કેશકલાપ રાખે છે ને કેશનો ત્યાગ કરતાં નથી એવું મારા સમજ્યામાં છે. વિયોગકાળે એવી એકવેણી રાખવાનો સંપ્રદાય મેઘદૂતમાં છે [૧] તે અહીં પળાય છે.’

કુમુદસુંદરી — ‘તે સત્ય છે. સંસારિણીઓ નથી સમજતી વિયોગના ધર્મને નથી સમજતી સંયોગના મર્મ! દુષ્ટ સંસાર પતિવત્સલા પત્નીને વરઘેલી ગણી વખોડે છે ને દંપતીની પ્રીતિ જરી પણ પ્રકાશ પામે તો તેને સ્ત્રીચરિતના ચાળા ગણે છે! સાધુજનો એથી ઊલટા માર્ગને પ્રમાણે છે. મને તો કંઈ સમજણ ન પડતાં આ કન્થા ધારી અહીં આવી છું. મારા કેશ

છે કે નહીં તેનો હું વિચાર કરતી નથી. મારા અંત:શોકમાં ડૂબી બહારના વિધિની વાત ભૂલી જાઉં છું.'

સરસ્વતીચંદ્ર — 'તેથી જ તમે સાધુતાને પામો છો. તમે સાધુ છો.'

'કુમુદસુંદરી — જો આપનો એવો વિશ્વાસ હોય તો મારો શોક સરી જશે.'

સરસ્વતીચંદ્ર — 'હું માનું છું તે કહું છું.'

કુમુદસુંદરી — 'આપના જેવા સાધુજનમાં અન્ય સંભાવના સર્વથા અયોગ્ય છે તે મારા શોકે મને પળવાર કરાવી.'

સરસ્વતીચંદ્ર — 'તો વિચાર આરંભો અને છેલ્લો નિર્ણય કરી કહો કે આપણે હવે કેવી રીતે રહેવું છે ને કેવો આચાર પાળવો છે? કાલ સવારે ચંદ્રકાન્ત આવશે તેની પાસે હું તો પ્રકટ જ છું પણ તમારે ગુપ્ત કે પ્રકટ રહેવું અનુકૂળ છે?'

કુમુદસુંદરી — 'આપના મિત્ર આપના જેવા જ સાધુજન હશે. પણ મારા ચિત્તમાંથી સંસારની લજ્જા ને સંસારનો ભય ખસતો નથી. મને મરેલી કલ્પનાર માતાપિતા મને જીવતી અહીં આમ રહેલી જાણશે તો મારે માટે શી શી કલ્પના નહીં કરે? અતુલ મનોબળથી આપ જાતે શુદ્ધ રહી મારી વિશુદ્ધિનું પોષણ કરી રહ્યા છો તે કોણ માનશે? આપણને આશ્રય આપનાર સાધુજનોની કેટલી અપકીર્તિ થશે? આ પરંપરાએ અનેક પ્રશ્નો મારા હૃદયમાં ઊઠે છે ને મને કંપાવે છે. મારાં માતાપિતા આ સર્વ જાણી કેટલાં દુખી થશે ને પોતાની પ્રતિષ્ઠાનો કેવો નાશ થયો માનશે તે વિચારું છું ત્યારે તો હૃદય કોઈ રીતે કહ્યું નથી માનતું. મારા દુ:ખી સસરાજી કેટલા દુ:ખી થશે તેની કલ્પના તો કરી પણ જાય એમ નથી. સંસાર દુષ્ટ કુમુદને મૂએલી જાણે તેમાં સર્વનું કલ્યાણ છે.'

સરસ્વતીચંદ્ર — 'તમે કહો છો તે સત્ય છે ને તે પ્રમાણે કરવાનો માર્ગ તો એટલો જ છે કે ચાહો તો પરિવ્રાજિકાશ્રમમાં ને ચાહો તો ચંદ્રાવલીમૈયા પાસે તમારે આયુષ્યશેષ ગાળવું ને આપણે ચંદ્રકુમુદની કેવળ દૃષ્ટિની જ પ્રીતિથી સંતોષ માનવો.'

કુમુદસુંદરી — 'હરિ! હરિ! તું જે કરે તે ખરું.'

સરસ્વતીચંદ્ર — 'નિરાશ ન થશો. મેં તમારા મનનું લક્ષ્ય સાધવાનો એક માર્ગ બતાવ્યો.'

કુમુદસુંદરી — 'આપણે ઘણો વિચાર કરી નિર્ણય કર્યો હતો કે આપ કહો છો એવું આયુષ્ય માત્ર બે વર્ષ સુધી ગાળવું. ને તે પછીનું આયુષ્ય જુદી રીતે ગાળવું. હવે આપ કાંઈ જુદો જ માર્ગ બતાવો છો. મારું કોઈ નથી. આપ કહેશો તેમ કરવા હું તૈયાર છું.'

સરસ્વતીચંદ્ર — હું દ્વૈધીભાવ રાખી બોલતો નથી. આપણાં ખરા નામ વિનાની આપણી સર્વ કથા સુન્દરગિરિ ઉપર પ્રસિદ્ધ થઈ ગઈ છે ને જે કાળે મારું નામ પ્રગટ થશે તે કાળે તમારું પણ વગર કહ્યે પ્રસિદ્ધ થવાનું. મને તમને જાણનાર સ્નેહીજનોને અનુમાન કરવાનું કાંઈ બાકી નહીં રહે ને તમારાં માતાપિતા તમને ઓળખી કાઢશે ને મારા સમાગમમાં રહેલાં જાણી તેમની જે મનોવ્યથા તમે ટાળવા ઇચ્છો છો તે વ્યથાને તેઓ પામશે. મને પોતાને સંસારનો કે કોઈનો ભય નથી. સાધુજનો આપણા જે અદ્વૈતને માને છે તેને સ્વીકારી બે વર્ષ પછી પ્રસિદ્ધપણે તમારું પાણિગ્રહણ કરી મુંબઈ નગરીમાં જઈને પ્રકટપણે રહીશું તો તેમ કરવા સર્વ સાધન મારી પાસે છે ને મારા પ્રાયશ્ચિત્તની પૂર્ણાહુતિ તો તે વિના બીજી કોઈ પણ નથી. તેમાં મને ભય નથી પણ આવો લાભ છે, ને તમારાં માતાપિતાને મેં કહ્યો તે ભય છે. આ માર્ગોમાંથી જે તમને પ્રિય તે મને પ્રિય થશે.

કુમુદે નિ:શ્વાસ મૂક્યો. ‘આપની વાસના પ્રાયશ્ચિત્ત શોધનમાં જ સમાપ્ત થાય છે.’

સરસ્વતીચંદ્ર — ‘આટલું અદ્વૈત અનુભ્યા પછી દ્વૈતશંકા શા માટે કરો છો? એક માર્ગે અનેક ફળ મળતાં હોય તો શા માટે લેવાં નહીં? મારી વાસના કે પ્રીતિ કે જે કહો તે તમે પ્રત્યક્ષ કરી છે તો હવે તેમાં શા કારણથી શંકા રાખો છો? પ્રીતિની સિદ્ધિ સાથે પ્રાયશ્ચિત્તની પણ સિદ્ધિ સાથેસાથે થઈ જતી હોય તો શા માટે ન શોધવી? તમારો વિશ્વાસ ખોવા જેવું કાંઈ નવું કૃત્ય મેં કર્યું મને સાંભરતું નથી.’

કુમુદસુંદરી — ‘તો આ પ્રાયશ્ચિત્તનું નામ દેવું પડતું મૂકો અને એનો સંકલ્પ પણ તમારા મનમાંથી દૂર જાય તેને જ ગમે તો પ્રાયશ્ચિત્ત માનો ને ગમે તો મારા ઉપર પ્રીતિ કે કૃપા કરી માનો. મારે માટે આટલું દુષ્કર કરો.’

સરસ્વતીચંદ્ર — ‘એ પણ રમણીય કહ્યું અને હું તેમ વર્તવા પ્રતિજ્ઞા લઉં છું. તમારી પ્રીતિના બળ આગળ આટલામાં હવે મને કંઈ દુષ્કર નથી.’

કુમુદસુંદરી — ‘આજ સુધી એમ થતું હતું કે બે વર્ષ પછીનું આયુષ્ય કેવી રીતે ગાળવું તે વિચારવાને બે વર્ષ ઘણાં છે, ને તે વિચારવાની આજથી શી ઉતાવળ છે? હવે આજથી જ એ વાત વિચારવાની આતુરતા આપે ઉત્પન્ન કરી છે.’

સરસ્વતીચંદ્ર — ‘જો હું પ્રકટ થાઉં છું તો તમારે સંબંધ ગમે તો પ્રકટ કરવો પડશે ને ગમે તો ગુપ્ત રાખવો પડશે. તે બેમાંથી શું કરવું એ પ્રશ્નને અંગે આ બધા ભવિષ્યનો વિચાર કંઈક પ્રાપ્ત થયો તે તમને પૂછ્યો.’

કુમુદસુંદરી — ‘હું તો મારી જાતને અને જીવનને ગુપ્ત રાખવા જ ઇચ્છુ છું. જગત મને મૂએલી જાણે નહીં તો મારે જીવવાનો સંદેહ સમજવો. આપનાથી દૂર રહી જીવી શકું એમ નથી, ને આપની પાસે

પ્રકટપણે રહી કેવળ સૂક્ષ્મપ્રીતિનો સંબંધ રાખીશ તોપણ જગત અપકીર્તિ કરશે ને માતાપિતાને અને સસરાજીને દુ:ખ થશે તે જોવાની સહનશક્તિ મારામાં નથી — તે જોવા કરતાં મરવું સારું.'

સરસ્વતીચંદ્ર — 'વાણી અને સ્ત્રી બેની સાધુતાને માટે આ દેશના જન ભવભૂતિ જેવાના કાળથી શંકાશીલ અને દુર્જન જણાયા છે [૧] તેમ હજી પણ જણાશે એવી તમને બીક લાગે છે.'

કુમુદસુંદરી — 'એ બીક ખોટી નથી.'

સરસ્વતીચંદ્ર — 'કાળ આવ્યે એ બીકનો ઉપાય કરીશું.'

કુમુદસુંદરી — 'આપની છાતી એટલી ચાલતી હશે. મારી તો રજ પણ ચાલવાની નથી.'

સરસ્વતીચંદ્ર — 'આપણા લોકને સ્ત્રીનાં સાધુચરિત સમજાવવા આપણે પ્રયત્ન કરીશું.'

કુમુદસુંદરી — 'તેમ કરવા જતાં આપ રાફડાની ધૂળમાં દટાઈ જશો ને સ્વપ્નમાં એ ધૂળ પાસે જવાનાં સાધન હતાં તેમાંનું એક પણ આ જાગૃતમાં મારી પાસે આવે એમ નથી. મારું હૃદય તો એ કલ્પનાથી જ કંપે છે. અમે અબલાજાતિ સ્વભાવથી બીકણ છીએ તેથી સારું કામ પણ ગુપ્તપણે કરી સ્વસ્થ રહીએ છીએ ને તેને પ્રકટ કરવાથી ડરીએ છીએ.'

સરસ્વતીચંદ્ર — 'એ અનુભવ આજ તમે કરાવો છો તો કહો કે તમારા હૃદયને કયા માર્ગથી સ્વસ્થતા મળશે? જ્યાં મારી બુદ્ધિ નકામી છે ત્યાં તમારા હૃદયને પૂછવામાં કાંઈ બાધ નથી ને તેના વિના બીજા કોઈને પૂછવાનું ઠેકાણું નથી.'

કુમુદસુંદરી — 'શું કરવામાં મારી છાતી નહીં ચાલે તે હું જાણું છું, પણ શું કરવામાં ચાલશે તે સૂઝતું નથી. આપ લોકનું કલ્યાણ કરવાને શક્તિમાન થઈ શકશો — પણ તે, લોકમાં પ્રગટ થયા વિના, બને એમ નથી. એ કલ્યાણકાર્યમાં આપ પ્રવૃત્ત થાવ ત્યારે મારા સહવાસ વિના સ્વસ્થ રહી શકવાના નથી ને એવે કાળે આપની સર્વ નાની નાની વાતોની સંભાળ રાખવાને આપને કુમુદ જેવી સહચારિણી આવશ્યક છે. છતાં કુમુદના સહચારથી આપ જ્ઞાતિબહાર થશો, લોકની નિન્દાના પાત્ર થશો, ને આપે લોકને પહેરાવવા ધારેલી પુષ્પમાળાઓને લોક સર્પ જેવી ગણી ફેંકી દેશે. હું એવું ઇચ્છું છું કે આપ સંસારમાં પ્રગટપણે રહો ને લોકનું કલ્યાણ કરો — પણ મારો સહવાસ આપે સ્વીકારવાથી એ વાત આપને નિષ્ફળ થશે ને મારો સહવાસ ત્યજવાથી આપના મનનું સ્વાસ્થ્ય થવાનું નથી ને આપના વિના મારી પોતાની દશાની તો વાત જ શી પૂછવી? મારી ઇચ્છા એવી છે કે આપ ચંદ્રકાંતભાઈ જોડે જઈ મુંબઈમાં પ્રકટપણે રહો ને મારા જેવી પણ અકલંકિત અખંડિત કોઈ અન્ય સહચારિણીને ભાગ્યશાળી કરો ને મારા

શૂદ્ર દુષ્ટ શરીરને આ ગિરિરાજના ખડકોની કોઈ ઊંડી ખોમાં કે પેલા સમુદ્રમાં બહુ જ સમાસ મળશે! મારે માટે હવે સંસારમાં કોઈ પણ સ્થાન ખાલી નથી ને મારા શબને માટે કોઈ પણ સ્થાન નાનું પડે એમ નથી. ઓ મારા વ્હાલા! હું કહું છું એ જ સત્ય છે ને સર્વને માટે કલ્યાણકારક છે. હું તમને છેલ્લા પ્રણામ કરી લેવાની આજ્ઞા માગું છું ને ઊઠું છું. મેં આપને ઘણા દુ:ખી કર્યા છે તે સર્વથા ક્ષમા કરો એવા આપ ઉદાર છો. ઓ મારા વ્હાલા! મને ઊઠવા દો! આ એક કામમાં મારી છાતી ચાલે છે.'

આટલું બોલતી બોલતી આંસુથી ઊભરાતી રોતી કુમુદ ઊઠી હતી તે પાછી ફરી અગાશીના દાદર ભણી જવા લાગી. સરસ્વતીચંદ્રની આંખમાં આંસુ ઊભરાયાં. આ કરુણ દર્શન તે વધારે વાર જોઈ શક્યો નહીં, ને ધર્માધર્મની સર્વ શંકાઓને ગુફાની બહારના ખડકો ઉપર ફેંકી દઈ, કુમુદની પાછળ જ એને પોતાની બાથમાં લઈ લીધી ને અગાશીના મધ્યભાગમાં એને છાતી સરસી દાબી એનાં આંસુ લોહવા લાગ્યો, ને આંસુ લોહી એને છાતીથી જરીક દૂર કરી એનું મુખ પોતાના મુખ સામું ધરી પૂછવા જાય છે ત્યાં કુમુદ શબ જેવી થઈ પૃથ્વી ઉપર ઢળી પડી ને સરસ્વતીચંદ્રે પોતાના હાથમાં ઝીલી લીધી ન હોત તો અગાશીની બહાર વીસ હાથ નીચે પડી જાત ને એ નાજુક બાળા ચૂરેચૂરા થઈ જાત.

સરસ્વતીચંદ્ર હાથમાંની બાળાના મુખ ઉપર પોતાના મુખને નિ:શંક લટકાવતો લટકાવતો અને તેનાં બિડાયેલાં નેત્રમાં પોતાનાં નેત્રની અશ્રુધારા સારતો સારતો કહેવા લાગ્યો: 'ઓ મારા ચન્દનવૃક્ષ! ઓ મારી કુમુદ! હવે કાંઈ વિચારવાનું રહ્યું નથી, તારે વિચારવાનો કંઈ પણ શ્રમ લેવાનો બાકી નથી! સંસારના સર્વ પ્રકારોથી તું પોતાને મુક્ત થઈ સમજ — મને કોઈનો ભય નથી, હું કોઈ સાધુધર્મનું ઉલ્લંઘન કરતો નથી! એવા ભય વિના, એવા ઉલ્લંઘન વિના હું સર્વ રીતે તારો છું અને સર્વાવસ્થામાં લોકકલ્યાણ કરવાને સમર્થ છું — તેમાં તારો સહવાસ વિઘ્નરૂપ નથી એટલું જ નહીં પણ તારું અદ્વૈત મારા મંગલ કાર્યમાં આવશ્યક છે. તારું આયુષ્ય મારે માટે નહીં — પણ મારે માટે અને મારા સદભિલાષોની સિદ્ધિને માટે આવશ્યક છે! ઓ મારી કુમુદ! તું હવે ઉચ્છ્વાસ પામ! હું તારો જ છું! તું મારી જ છે! પવિત્ર સાધુ જનોએ, દિવ્ય સિદ્ધાંગનાઓએ, અને ચિરંજીવોના દર્શનાધિકારે જે વાત સિદ્ધ કરી છે તેમાં રજ પણ શંકા ન કરીશ.'

આ શબ્દોમાંના આશ્વાસનથી કે બોલનારના શબ્દોચ્ચાર સાથે નીકળતા શ્વાસથી, એના હૃદયના અંતર્ભાગના સ્પર્શથી કે પ્રાણવિનિમયથી, એની પ્રીતિના સંપૂર્ણ વિકાસથી કે પોતાના કરમાઈ જતા આશા-પુષ્પ ઉપર પડતી મેઘવૃષ્ટિથી કુમુદ જાગૃત થઈ, સરસ્વતીચંદ્રના સ્કન્ધ ઉપર પોતાના હસ્ત ટેકવી એના જ કંઠના આધારથી, નીસરણી ઉપરથી પાછે પગલે બાળક ઊતરે તેમ, સરસ્વતીચંદ્રના હાથમાંથી નીચે ઊતરી સામી ઊભી રહી ને હાથ દૂર લઈ, આંસુ લોહી બોલવા લાગી.

'ક્ષમા કરજો! વિચાર ન પહોંચવાથી હું આ દશાને પામી હતી. હું મૂર્છાવશ ન હતી પણ વિચારવશ હતી ને આપનું કહેલું સાંભળ્યું પણ ખરું ને વિચાર સૂઝ્યો છે પણ ખરો. આપના યોગને પામી, આપની સેવાનો અધિકાર પામી આપના દુ:ખનું કારણભૂત થનારી આત્મહત્યાને હવે હું શોધવાની નથી. સાધુજનો જે સત્ય ધર્મ પાળે છે તે ધર્મને માની હું સત્ય બોલવા, અને છું તેવી જગતની આંખે દેખાવા હવે તત્પર છું. જો સનાતન ધર્મ પ્રમાણે આપણું અદ્વૈત છે, જો આપણે વરણવિધાન વિના હૃદયના વિવાહથી વરી ચૂકેલાં છીએ અને એ વરણ આટલું અનિવાર્ય નીવડ્યું છે, જો આપ મારા હૃદયના સ્વામી છો, તો પછી પૃથ્વી જેવી હું જ્યાં દૃષ્ટિ કરીશ ત્યાં દ્યૌ જેવા આપને જ દેખીશ! માતાપિતા કરતાં અને એમનાં સુખદુ:ખ કરતાં પતિવ્રતાને મન સ્વામી જ વિશેષ છે, તો હું પણ એ ધર્મને અનુસરીને કંઈ પણ અન્ય વિચાર ન કરતાં લોકલજ્જાને કે કૃત્રિમ શાસ્ત્રોને ન સ્વીકારતાં, સર્વ શાસ્ત્રનું શાસ્ત્ર આપણી પ્રીતિ છે તેને જ વશ થાઉં છું! એ પ્રીતિ પિતાએ જ ઉત્પન્ન કરી છે, લોકવ્યવહારથી ભૂલ ખાઈ આપેલું દાન ન આપ્યું ગણી મારા કન્યાશરીરનું એ જ પિતાએ અન્યત્ર દાન કર્યું તે દાનના લેનાર પ્રતિ મારો ધર્મ સમાપ્ત થયો છે, અને હૃદય તો પિતાએ મૂલ પ્રકટ કરેલા યજ્ઞની વેદી ઉપર જ હોમાયું છે — અને આપના જેવા આટલા મનોબળવાળા સાધુજન એ હોમને ધર્મ્ય ગણો છો!- તો હવે હું કાંઈ વિચારતી નથી. આપના સન્મિત્ર પાસે મારાં નામરૂપ પ્રકટ કરો ને આપને અહીં સુધી શોધવા આવનાર મિત્ર આપના જેવા જ સજ્જન હશે અને કંઈ પણ સદ્‌વિચાર બતાવશે. મારું સર્વ આયુષ્ય આપની સૂક્ષ્મ પ્રીતિથી તૃપ્ત થશે ને સ્થૂલ પ્રીતિના સ્થૂલ ભોગની વાસનાને આપના આશ્રયથી હું દૂર રાખી શકીશ! મારા હૃદયમાંથી પ્રીતિનું વૃક્ષ ઉખાડી શકતી નથી ને કોઈ ઉખાડી શકે એમ નથી. આપની છાયાની પેઠે હું ચુડુબોધિની ધર્મપત્ની પેઠે, સૂર્ય પૃથ્વીને રાખે છે તે પૃથ્વીની પેઠે હું આપનો ધર્મસહચાર કરીશ. સંસાર કહેશે તે સાંભળી રહીશ, પિતામાતાનાં દુ:ખ જોઈ લોઈ રહીશ, પણ મારો ધર્મ તો આ દેખું છું તે જ પાળીશ. ઓ મારા પ્રાણનાથ! આપ હવે મારા સર્વ વિચારનો ત્યાગ કરી કેવળ લોકકલ્યાણના જ વિચાર કરો. આપના હૃદયમાં જે દેશ અને લોક વસી રહ્યા છે તેમની હું સપત્ની નહીં થાઉં — પણ એ દેશ અને લોકની સેવાને અર્થે આપ જે યજ્ઞ માંડશો તેમાં હું આપની સહધર્મચારિણી થઈશ! આજની રાત્રિ એ યજ્ઞના વિધિ સમજાવવામાં ગાળો. પ્રાત:કાળે ચંદ્રકાન્તભાઈ પાસે વગર શંકાએ મને બોલાવજો! આ સિદ્ધમન્દિરની પવિત્ર છાયાઓ મારા હૃદયનો સ્પર્શ કરતી અત્યારે હું અનુભવું છું ને એ સ્પર્શના તાત્પર્યના બોધને આપનો ચિન્તામણિ પ્રકટ કરશે. તે આપણા સંસ્કારોને શુદ્ધ કરશે. આપણા વ્યવહારનો નિશ્ચય તો આપના તટસ્થ મિત્રને જ સોંપજો.'

---

૧ . *अग्निस्तेजोमहांल्लोके गूढस्तिष्ठति दारुष।* ૨ . *જનસમુદાય.*

૧ . પોતાના મનને કહેલાં વાક્ય.

૧ . *आद्ये बद्ध्वा विरहदिवसे या शिखा दाम हित्वा*
शापस्यान्ते विगलितशुचा तां मयोद्वेष्टनीयाम्।
स्पर्शक्लिष्टामयमितनखेनासकृत्सारयन्ती
गण्डाभोगात्कठिनविषमामेकवेणी करेण।।

૧ . *यथा स्त्रीणां तथा वाचां साधुत्वे दुर्जनो जनः।*

૩૯ દેશપ્રીતિનું મનોરાજ્ય

शतेषु जायते शूर: सहस्त्रेषु च पण्डित:।

वक्ता दशसहस्त्रेषु दाता भवति वा न वा।।

इन्द्रियाणां जये शूरो धर्म चरति पण्डित:।

सत्यवादी भवेद्वक्ता दाता लोकहिते रत:।।

— વ્યાસ; મહાભારત

(**અર્થ** : સેંકડોમાં એક શૂર થાય; હજારોમાં એક પંડિત થાય; દશ હજારોમાં એક વક્તા થાય ને દાતા તો ઉત્પન્ન થાય કે ન થાય. શૂર તે ઇન્દ્રિયો જીતવામાં; પંડિત તે ધર્મ ચરવામાં; વક્તા સત્યવાદી થાય તે; અને દાતા લોકહિતને માટે દાન કરે તે.)

'Convinced as he was that 'success in the modern world was to be obtained only by adaptation to the needs of modern life, he wished his fellow-Hindus to unite an inner light of divine philosophy, drawn from their traditional sources, and generously interpreted, to a mastery of the physical science, and the means of natural improvement.' Jurist, statesman scholar, orator, poet, lover of Nature, and meditative sage, he remain to West the convincing proof that 'it is by the word and example of him and his like that India must be regenerated, and the moral endowments of her children made noble, serviceable for the general welfare of mankind .'*Fraser's Literary History of India on our late Mr. Justice Kasbinatb. T. Telang* .

'Year by year the leanders of Indian thought in India spread their influence over ever-widening circles, though what the final result may be when these leaders, infused with all the best of the spirit of the East and West, rise up to proclaim that East and West have met, and from the union new forms of thought, new modes of artistic expression, new ways of viewing life, new solutions of religious, social, and moral problems have been produced as they must be, is one that whole past history of the world teaches us to be watched with hope, not fear or doubt .'

- Ibid, On the Fusing Point of Old and New .

"On a poet's lips I slept ,
Dreaming like a love-adept .
In the sound his breathing kept .
Nor seeks nor finds he mortal blisses
But feeds on the aerial kisses
Of shapes that haunt thought's wildemesses .
He will watch from dawn to gloom
The lake-reflected sun illume
The yellow bees in the ivy bloom ,
Nor heed nor see what thing they be ,
But from these create he can
Forms more real than living man ,
Nursling of immortality .
One of these awakened me
And I sped to succour thee .'

— ' A Sprit of the Mind .'

Shell's Prometheus Unbound .

વૃક્ષના ઉપર વેલી વીંટાતી હોય તેમ અત્યારે સરસ્વતીચંદ્રના હૃદય ઉપર કુમુદ વીંટાઈ. તેનું સૂક્ષ્મ શરીર સ્થૂલ શરીરને ભૂલી ગયું. કેવળ હૃદય હૃદયને જોવા લાગ્યું, અને મુખ તો માત્ર હૃદયના ગાનિના વાજા જેવું થઈ ગયું.

સૂર્ય આકાશમાં પોતાનું તેજ મૂકીને પૃથ્વીના સીમાભાગની રેખા નીચે ઊતરી પડતો હતો અને તે તેજ પણ આ સૂક્ષ્મ દંપતીનાં અંતઃકરણમાં ઊતરી પડ્યું હોય તેમ થોડી વારમાં સ્થૂલ જગતમાં સ્થૂલ રાત્રિ પડી, અને એ રાત્રિ આ ચિરંજીવપ્રિય દંપતીને અજ્ઞાત આનંદ આપવાને શક્તિમતી થાય એવું કરવાને ચન્દ્ર અને ચન્દ્રિકા સંપૂર્ણ કલાથી ઉદય પામ્યાં.

'કુમુદ! પ્રિય કુમુદ! પુરાણ પુરુષની સત્તા જેમ જગત માત્રને એક કરી લે છે તે જ પ્રાણે આ ચન્દ્રિકા પણ જગતને એકાકાર એકાનન્દ કરતી નથી ભાસતી?' સરસ્વતીચંદ્ર ચારે પાસ દૃષ્ટિ ફેરવતો બોલ્યો.

કુમુદસુંદરી — 'એમ જ છે — ને એ ચન્દ્રની ચિરંજીવતાનું રમણીય ફળ છે.'

સરસ્વતીચંદ્ર — 'આ દીર્ઘ પ્રહરવાળી રાત્રિને આપણે એક ક્ષણ પેઠે ગાળીએ એવો અભિલાષ મારા હૃદયમાં આ ચંદ્ર પેઠે ઉદય પામે છે.'

કુમુદસુંદરી — 'આપણે આપણા સર્વ આયુષ્યને આનંદની ક્ષણ પેઠે ગાળી નાખીશું.'

સરસ્વતીચંદ્ર — 'હૃદયના વિવાહના એ મનોરથનું આપણે વિવહન કરીશું. મધુર મધુરી! કંઈક મધુર વસ્તુ ગા.'

કુમુદસુંદરી — 'વિધાતાએ તો લેખ લખ્યા છે!

પ્રાણનાથ શું પ્રાણ જડ્યા છે!

બન્યો એવો ચિરંજીવ યોગ!

જો જો તારા! ચન્દ્ર! ચકોર!'

સરસ્વતીચંદ્ર — 'એ સત્ય છે. આ તારા અને ચન્દ્ર પણ ચિરંજીવ છે. તેના ભણી આપણું ત્રસરેણુક જીવન ચકોર પેઠે ઊડશે અને સ્થૂલ ભોજન ત્યજી માત્ર સૂક્ષ્મ ચંદ્રિકાનાં કિરણનું પાન કરશે.'

કુમુદસુંદરી — 'લોકસંઘ આ તારાઓ પેઠે આપણી દૃષ્ટિમર્યાદામાં ઊભરાય છે પણ તે દૂરથી ચમકારા કરે છે અને આપણો દેશ ચંદ્રની પેઠે પાસે રહી આપણી દૃષ્ટિને ભરે છે. આપણે ચકોરદંપતી પેઠે તેને જોઈ રહીએ છીએ.

સરસ્વતીચદ્ર — 'એમ જ.'

કુમુદસુંદરી — 'આપણે અલ્પ દેહવાળાં પૃથ્વી પરનાં પક્ષી આ ચંદ્રનું શું કલ્યાણ કરી શકીશું?'

સરસ્વતીચંદ્ર — 'આખો દિવસ એ વિચાર કરી હું શાંત થઈ ગયો છું ને હવે એ ચંદ્રની ચંદ્રિકા મારા શરીરમાં અને મસ્તિકમાં નિદ્રાનો અભિષેક કરે છે. કુમુદ! નિદ્રા મને ઘેરે છે ને નીચે જવા જેટલી સત્તા મારામાં નથી.'

કુમુદસુંદરી — 'એ ચંદ્રિકામાં જ એટલી સત્તા હોય તો તેને ઓઢીને આપ અત્ર શયન કરો.'

સરસ્વતીચંદ્ર — 'હા.'

નીચે ઊગેલા ઘાસમાં એ સૂઈ ગયો ને ગમે તો નિદ્રામાં એણે જાતે મૂક્યું કે ગમે તો કુમુદે પડતું ઝીલ્યું — પણ એનું મસ્તક કુમુદના ખોળાનું ઉશીકું કરી સૂઈ ગયું.

એની નિદ્રા ગાઢ દેખાઈ. એના નિદ્રાવશ મુખ ઉપર ચંદ્રનાં કિરણ રમતાં હતાં અને પોપચાં ઉપર ભાર મૂકતાં હતાં. એની મૂછોમાં પવન સરતો હતો. એ સર્વ દર્શન કુમુદ આજ સ્વસ્થ ચિત્તથી કરતી હતી ને વિકાર વિના વિચાર કરતી હતી.

‘આજ સુધી મારી પ્રીતિ સ્વાર્થી હતી. ભોગમાત્રમાં સ્વાર્થ છે ને ભોગની તૃષ્ણાથી થનારી પ્રીતિ સ્વાર્થની જ પ્રીતિ છે; યૌવન થઈ રહેતાં એ પ્રીતિનો નાશ થાય છે. મારી પ્રીતિને હવે શારીરિક ભોગની વાસના નથી. આ પ્રિયજનનું કલ્યાણ જોવું, એને હાથે લોકનું કલ્યાણ થતું જોવું — એ જ હવે મારી વાસના છે. પાંચાલીદેવીના માથા આગળ કુન્તીમાતા બેઠાં હતાં તેમ આ મંગળમૂર્તિના શિરને લઈ હું બેઠી છું — તે એમના મહાપ્રયાણમાં એમને વિશ્રાન્તિ આપવાને જીવી છું ને જીવીશ. મન્મથ! તું હવે બે જણના ઉરમાંથી ભસ્મસાત્ થયો છે. પત્નીનું અર્ધાંગના સ્વરૂપ ઘણા પ્રકારે સધાય છે. જે મહાન કાર્ય એમને આરંભવું છે તેમાં હું એમની મંત્રી-મંત્રિણી-થઈશ, એમનાં સાધનમાં દાસી થઈશ, અનેક ક્લેશભરેલી એમની લોકયાત્રામાં એમના મનને અનુકૂલ થઈ, એમની વિશ્રાન્તિનું સ્થાન થઈશ, અપરિચિત પ્રયાસથી એ ગભરાયા હશે ત્યારે કુન્તીમાતા જેવી થઈ ક્ષમા અને ધીરતા એમની પાસે રખાવીશ, એમના ગૃહસંસારમાં ભોજનાદિ સર્વ પ્રસંગોમાં એમની વેદીને પુષ્ટ કરવામાં માતા વિનાના આ બાળકની માતા થઈશ, મારા ગુણથી એમના કુલનો ઉદ્ધાર કરીશ. સ્ત્રીએ કરવાનાં એ સર્વ કાર્ય કરીશ. [૧] એ સર્વ વાતમાં એમની સ્ત્રી છું તે થઈશ. માત્ર શયનકાળે રંભા થવાનો નિષેધ છે. ચંદ્રાવલીની પેઠે તે નિષેધ પાળીશ, ને એટલી વાતમાં મારા એમના દંપતીધર્મની કળા ન્યૂન રહેશે — તે પણ એમણે દર્શાવેલા બોધથી એમની સાથેના જ અદ્વૈતના બળથી — તેમાં દોષ નથી — ગુણ નથી. આખા દેશને એમણે પોતાનું કુળ કરી લીધું છે ને તેનો ઉદ્ધાર કરવા ઇચ્છે છે તેમાં હું એમની આમ ધર્મપત્ની થઈશ, ને સ્થૂલ ભોગમાં વિરક્ત રહીશ! પછી સંસાર મારો કે એમનો શો દોષ કાઢશે? ને મારામાં દોષ ન છતાં સંસાર દોષ દેખશે તો દેખો.

अपोपेऽहं कुले जाता मयि पापं न विद्यते।

यदि सम्भाव्यते पापमपापिन्या हि किं मया।। [૧]

આ મહાત્માને પ્રસંગે રંક કુમુદને આજ આટલું મનોબળ આપ્યું છે. કુમુદ! તારામાં કાંઈ સત્ત્વ નથી, સુન્દરતા નથી, કે પવિત્રતા નથી. તેમાં આ નરરત્ન સુન્દરતા જુએ છે, પવિત્રતા માને છે, ને સત્ત્વ મૂકે છે! તારું કર્તવ્ય એટલું જ કે એની પ્રીતિને-કૃપાને-પાત્ર થવું, એ દીવા પેઠે પરમ જ્યોત ધરે તેને માટે એમની વાટ સંકોરવી, ને એમાં તેલ પૂર્યાં કરવું! એટલો નિર્દોષ અધિકાર પામી છું તો તે પાળીશ.’

સરસ્વતીચંદ્રને કપાળે હાથ ફેરવતી ઊંચે જોઈ ધીરે સ્વરે ગાવા લાગી:

‘આકાશના ચંદ્ર! આ ચંદ્ર તારાથી વધારે છે.
મારે માટે આવું તે આનું વહાલ છે,
મારે માટે આવા તે આના હાલ છે!
પૂરો શ્રીમાન ને વિદ્વાન આ
મારી પ્રીતિમાં થયો બેહાલ આ!
મને સૂઝતાં નથી માતા ને પિતા,
ત્યજ્યા મારે માટે એણે તો પિતા!
ત્યજી લક્ષ્મી, ત્યજ્યાં ગૃહમિત્રને,
શોધી એકલી રંક કુમુદને,
એને માટે ઇચ્છું તે ઓછું પડે,
એને માટે શોધું તે ના જડે.
ચંદ્ર! તેજ તારું જડ સર્વ છે.
મારા ચંદ્રમાં ચેતનરસ બધે!’

ગાવું બંધ કરી હાથ ફેરવતી ફેરવતી બોલ્યા ચાલ્યા વિના બે કલાક એ જ દશામાં બેસી રહી ને પ્રિયમસ્તકનો ભાર એના ખોળાને જણાયો જ નહીં. અંતે સરસ્વતીચંદ્ર હાલ્યો, જાગૃત થયો, બેઠો થયો, ને બે જણ સ્વસ્થ થઈ નીચે ગયાં. ઓટલાને એક છેડે એ બેઠો ને બીજે છેડે કુમુદ બેઠી. કુમુદે વાત કાઢી:

‘હવે આપણે મારી વાતો કરવાની કાંઈ બાકી નથી. આપે આપનું આયુષ્ય શેષ કેવી પ્રવૃત્તિમાં ગાળવું ધાર્યું છે તે સમજાવો.

સરસ્વતીચંદ્ર — ‘ઘણાં વર્ષના મારા અભિલાષ સિદ્ધ કરવાનો માર્ગ આ સ્થાને અને તમારા અદ્વૈતે જ મને સુઝાડ્યો છે. મધુરી! મને એક વાર કહો — સ્પષ્ટ — અને અંત:કરણ ઉપર વાસેલા આગળા ઉઘાડી — કહી દો કે આપણાં જીવનનો સમાગમ તમે કેવળ સૂક્ષ્મ ઇચ્છો છો કે સ્થૂલ ને સૂક્ષ્મ ઉભય ઇચ્છો છો? તમે જે માર્ગ ઇચ્છશો તેને અનુકૂળ રહી મારી અભિલાષસિદ્ધિ શોધવાનું મને સૂઝ્યું છે.’

કુમુદસુંદરી — ‘જો આમ કે તેમ બે વાતને માટે અનુકૂળ માર્ગ આપને સૂઝ્યો છે તો આ પ્રશ્ન તેને માટે નકામો નથી?’

સરસ્વતીચંદ્ર — ‘જો આમ હોય તો એક માર્ગ છે ને તેમ હોય તો બીજો માર્ગ છે. એમ બે જુદા માર્ગ જડે છે માટે પૂછવાનું થાય છે.’

કુમુદસુંદરી — ‘સ્ત્રીજનના હૃદયનો સ્વભાવ આપ સમજો છો. મારી બુદ્ધિ અનેક નિર્ણય કરી એક નિર્ણય ઉપર આવી છે એ સત્ય છે; પણ સ્ત્રીનાં હૃદય દીવાની જ્યોત જેવાં છે તેનો શો વિશ્વાસ? અમારી બુદ્ધિઓ અમારા હૃદયના હાથમાં ને હૃદયનો દીવો પવનના હાથમાં આપના જેવા સમર્થ સત્પુરુષો અમારે માટે જેવાં ફાનસ રચશો તેમાં અમારી શક્તિ પ્રમાણે અમારા હૃદયના દીવા બળશે ને આપને પ્રકાશ આપશે. મારે માટે કેવું ફાનસ આપવું એ આપને સૂઝતું ન લાગ્યું માટે જ ચંદ્રકાંતભાઈને પૂછવા ઉપર રાખ્યું. જ્યારે વહાણના પોતાના સઢ ચાલતા નથી ત્યારે વહાણવટી ખાલસીઓને હલેસાં મારવા બેસાડે છે. જ્યારે આપણા સઢ ન જ ચાલ્યા ત્યારે આપના સન્મિત્રને હલેસાં ઉપર બેસાડવાનું મને સૂઝ્યું તે કહ્યું. મને લાગે છે કે હવે આપને જે જુદા જુદા માર્ગ સૂઝ્યા હોય તે સર્વ મને કહી દો. આ વિષયમાં આપના પૌરુષ હૃદયનું તેજ ધારવાને મારું સ્ત્રૈણ હૃદય ઉત્કટ આતુર થઈ ગયું છે. પ્રિય મેઘની વૃષ્ટિને માટે જેમ પૃથ્વી ઊકળે તેમ આપના હૃદયમાંથી થવાની વૃષ્ટિને માટે હું આતુરતાથી ઊકળું છું, ને આપની વૃષ્ટિ કલ્યાણકર જ હશે એવી શ્રદ્ધાથી તેની ધારાઓનું મારા હૃદયકમળમાં આધાન પામવાને માટે સજ્જ છું. રાત્રિના અંધકાર જેવા સંસારના અંધકાર આપણી બેની વચ્ચે અંતરાયરૂપ થાય છે તે છતાં આપની રસગર્જના એ અંધકારને ભેદી મારા હૃદયમાં સંભળાઈ છે, ને અનેક શોકથી શ્યામ થયેલા મેઘના જેવા આપના તેજને હું રંક પૃથ્વી જેવી નીચેથી દેખું છું. [૧] હવે એ પડદો ચીરી નાખો. આપના મનમાં જે પુરુષાર્થના અભિલાષ ઘણા કાળથી બંધાયા છે તે મારા હૃદયમાં રેડી દો ને શાસ્ત્ર પ્રમાણે વિવાહફલનો ઉચ્ચગ્રાહ — આપ દ્યૌ ને હું પૃથ્વી — તે સિદ્ધ કરી દ્યો! ઓ મારા પ્રિયતમ પ્રિય! આપની જે કુમુદ સ્વભાવે રંક, અજ્ઞાની ને લજ્જાશીલ છે તે આ સ્થાનના કોઈ સત્ત્વોને બળે આજ આપની પાસે બલવતી, પ્રબુદ્ધ અને ધૃષ્ટ થાય છે [૧] ’

સરસ્વતીચંદ્ર — ‘અવશ્ય આ સ્થાનનો અને થયેલાં સ્વપ્નોનો પ્રભાવ તમને આ નવી પ્રકૃતિ આપે છે! અથવા સિદ્ધાંગનાઓએ સ્વપ્નમાં આપેલા અદ્વૈત વસ્ત્રના છેડા તમને આ સૂક્ષ્મ પ્રીતિની વિકાસ-અવસ્થાનો અનુભવ આજના પરિપાક પામેલા જાગૃતમાં આપે છે!’

કુમુદસુંદરી — ‘જે હો તે હો. આપ હવે આપના મનોરથ મને કહી દ્યો કે એ મનોરથની ધરીએ જોડાવાના બે અશ્વને સ્થાને આપણે બે તરત જોડાઈ જઈએ. આપના હૃદયમાં મારું હૃદય પ્રવેશ કરે છે તેને માટે દ્વાર ઉઘાડાં મૂકો.’

સરસ્વતીચંદ્ર — ‘મધુરી! પ્રિયા! એમ જ છે તો સાંભળ. મારી જનની જેને આપણે સિદ્ધરૂપિણી જોઈ તેની પાસેથી અને મારાં પિતામહી પાસેથી મને મળેલું દ્રવ્ય હું મુંબઈ છોડતી વેળા ચંદ્રકાંતને આપતો આવેલો છું. એ તેમનું શુદ્ધ સ્ત્રીધન તેમના દાયાદ [૨] રૂપે હું પામેલો છું. કુમુદની સુંદર

મૂલ્યવતી છબી એને માટે કલ્પેલા રંગભવનમાં રાખી અને એને આપવાની મુદ્રા વિશેષ વ્યય કરી તૈયાર કરાવી તે આ દ્રવ્યના પ્રતાપથી. એ છબી મુંબઈમાં રહી, અને તે પ્રતિકૃતિની પ્રકૃતિરૂપ કુમુદને જ આજ હું આમ નવીનરૂપે પામું છું. એ તેને આપવાની મુદ્રા સુવર્ણપુરથી નીકળ્યા પછી એક દુ:ખી વણિકને દ્રવ્યવાન કરવાને મેં પહેરાવી દીધી છે અને કુમુદને માટે આ સિદ્ધાંગનારૂપ થયેલી શ્વસુર-જનનીએ આપેલી ચિન્તામણિ મુદ્રા જ તેમની પૌત્રીને આપવાને મારી પાસે શેષ રહી છે.

કુમુદસુંદરી — ‘સ્થૂલ સૂક્ષ્મ પ્રીતિના એ સ્થૂલ પ્રસાદ જાતે આમ છૂટા પડ્યા તે કેવળ — સૂક્ષ્મ પ્રીતિને ઉચિત જ થયું છે. હવે આ કંથાઓમાં જ આપણી સ્થૂલ સ્મૃદ્ધિની સમાપ્તિ રહે તેમાં ચન્દ્રાવલીમૈયાએ જિવાડેલી કુમુદના જીવનનું પરિપૂર્ણ સાફલ્ય છે.’

સરસ્વતીચંદ્ર — ‘કુમુદ-કુમુદસુંદરી! સિદ્ધ પ્રીતિના અદ્વૈતને બળે ઘડીમાં તમને તું કહું છું ને ઘડીમાં તમે કહું છું — ઘડીમાં કુમુદ કહું છું ને ઘડીમાં કુમુદસુંદરી કહું છું! ક્રમ વિના આમ ઘણુંક અર્થ વિનાનું મારાથી અને તમારાથી બેથી બોલાઈ બકાઈ જવાય છે. [3] તે ભાગ બાદ કરી બાકીનું સમજી સંગ્રહી લેજો. આજ સુધી અનેક વિચારો મનમાં ઘોળાયાં કરતા હતા તેમને સ્થાને હવે એક વિચાર પરિપાક દશામાં આવતો જાય છે — તેમાં તમે મારાં સહધર્મચારિણી થશો એવી શ્રદ્ધા થઈ છે. મારી જનનીએ ને માતામહીએ મળી મારે માટે ચાર-લક્ષ રૂપિયા મૂકેલા હતા તેના વ્યાપારાદિ સાધનથી મેં આજ લગભગ છ સાત લક્ષનો સુમાર વધારા સહિત કરેલો છે. એ સર્વ સંગ્રહ મારા સર્વ મનોરાજ્યની સિદ્ધિને માટે પૂર્ણ નથી. કાળ જતે, ચાર વર્ષે કે પાંચ વર્ષે, તે સંગ્રહ મારા મનોરાજ્યના એક અંગને માટે બસ થશે ત્યાં સુધી ચંદ્રકાંતના હાથમાં એ વધ્યો જશે ને આપણ આ સાધુજનોમાં એકાન્ત અપ્રસિદ્ધ સૂક્ષ્મ જીવન વ્યતીત કર્યાં જઈશું.’

કુમુદસુંદરી — ‘તે કાળ પરિપાક થયે એ દ્રવ્યનું શુ કરવા ઇચ્છો છો?’

સરસ્વતીચંદ્ર — ‘તમારું શરીર હવે અસ્પૃષ્ટ પવિત્ર રહેશે ને તમારી સૂક્ષ્મ કલ્યાણસમૃદ્ધિનું હું આસ્વાદન કરી શકીશ તે જ રીતે મારી એ લક્ષ્મીનું શરીર અસ્પૃષ્ટ રહેશે — તેનો વ્યય નહીં થાય અને તેના ઉત્પન્નનો વ્યય થશે. એ ઉત્પન્નમાંથી એક વર્ષે આ દેશમાં વિદ્વાન ધનવાન વ્યાપારી ઉત્પન્ન થઈ શકશે ને બીજે વર્ષે આ દેશની રંક પ્રજાના કલ્યાણનાં બીજ રોપાશે. એમ ઉત્પન્નમાંથી વર્ષે વર્ષે વારા ફરતી ચિરકાળની વ્યવસ્થા થઈ શકશે. ‘બી.એ.’ સુધીની પરીક્ષામાં તરી ઊતરેલા વિદ્વાનોમાંથી જેને વ્યાપારી થવાની શક્તિ અને વૃત્તિ હશે એવા બુદ્ધિમાન નરોમાંથી એક જણને કંઈ નિયમો પ્રમાણે શોધી કાઢી તેને વ્યાપારકાર્યમાં સિદ્ધ કરી શકાશે, અને એવી કલ્પના છે કે આવા નરને તે સિદ્ધિને અંતે ચાળીસ

હજાર રૂપિયાની ઓછામાં ઓછી મૂડી મળે. તે નરનું શોધન થાય કે તરત તેણે આ દેશમાં જ કોઈ સમર્થ વ્યાપારીઓ પાસે વ્યાપારમાં સિદ્ધ થવું અને તેણે માત્ર ત્રીસ રૂપિયાના માસિક વેતન-પગારથી પોતાના વ્યયનો નિર્વાહ કરવો. આ પ્રમાણે બે વર્ષ તેણે આ દેશમાં વ્યવહારમાં આવી રીતની કરકસરથી રહેતાં ને વ્યાપારીની કળાનું ઉપાર્જન કરતાં શીખવું. તે પછી તેણે ત્રણ વર્ષ યુરોપમાં કે અમેરિકામાં અથવા બે દેશમાં મળી ગાળવાં ને ચાળીસ હજારની મૂડીના વ્યાજમાંથી એ દેશોમાં તેણે નિર્વાહ કરવો અને વ્યાપારકળામાં નિપુણ થવું. તે પછી પૃથ્વીના બીજા કોઈ ભાગમાં એક વર્ષ, ને અંતે આ દેશમાં બે વર્ષ ગાળવાં. એના સર્વ પ્રવાસનું યોગ્ય ખરચ તે આ દેશમાં હોય ત્યાં સુધી માત્ર રૂપિયા ત્રીસનું અને પરદેશમાં ચાળીસ હજારના વ્યાજ જેટલું એને વેતન આપવું. આટલાં વર્ષ તેના પોતાના ધારેલા વ્યાપારમાં સિદ્ધ થવા માટે દ્રવ્યનાં કાંઈ વિશેષ સાધન, અને વ્યાપારમાં સિદ્ધ થયેલા પ્રતિષ્ઠિત અંગ્રેજ અને દેશી વ્યાપારીઓના આશ્રય અને અભિપ્રાય — એટલી વસ્તુઓ એને મારે અથવા મારા પ્રતિનિધિ પુરુષોએ પ્રાપ્ત કરાવવી. આટલાં વર્ષની આટલી સિદ્ધિ તે પૂર્ણ પ્રયત્નથી ને સદ્‌બુદ્ધિથી પામ્યો છે એવો નિર્ણય થાય કે તેને ચાળીસ હજારની રકમ આપી દેવી અને તેનો તે સારો ઉપયોગ કરી પોતાનું ને દેશનું કલ્યાણ કરવા સમર્થ થાય એવો આશીર્વાદ આપવો. જો આ ઉપરાંત તે નર કોઈ બીજી દ્રવ્યોત્પાદક કળા કે શાસ્ત્રીય વિદ્યા પરદેશમાંથી પ્રાપ્ત કરી આવ્યો હોય તો ચાળીસ હજાર ઉપરાંત બીજા દસ હજાર સુધીની રકમ આપવી. આટલા તપથી સિદ્ધ થયેલો વ્યાપારી આ દેશમાં અર્જુનનાં રથનાં સૂત્ર ખેંચવામાં સાધનભૂત અને સમર્થ થશે એવી મારી શ્રદ્ધા છે. પોતે પારકે દ્રવ્યે સિદ્ધ થયેલો વિદ્વાન વ્યાપારી, પોતાનું ને પુત્રાદિકનું પેટ ભરી બેસી રહેનાર કે મૂર્ખ વાસનાઓની તૃપ્તિ શોધનાર કે વ્યાજ ખાઈ અનાથ વિધવા પેઠે આળસુ ને મન્દ ગતિનો જન્તુ નહીં થાય પણ અર્જુન પેઠે ફરતો ચરતો અને અપૂર્વ દૃશ્ય અસ્ત્રો વસાવી ફેંકતો થશે ને આ દેશની પાંચાલીની ને પોતાના ચારે ભાઈની સ્મૃદ્ધિઓને ઉત્પન્ન કરનાર થશે. કુમુદસુંદરી! આવા નરો અંગ્રેજ હનુમાનના સમર્થ શિષ્યો થઈ દૃષ્ટા થશે, પોતાના યુગને ઉચિત નીતિ આપશે, મોટી ક્રિયાઓ રચશે, જિષ્ણુ થશે અને પોતાના જેવા અનેક નરોને ઊભા કરશે. મલ્લમહારાજની વેધશાળામાં અર્જુનનાં પાંચે આસન છે તે આવા નરોની ક્રિયાથી આ દેશમાં ઊભાં થશે. વિદ્યાથી ઋષિ, ક્રિયાથી રાજરૂપ, ને સૌમનસ્યથી ઈન્દ્ર જેવા લોક, આ નરોની સૃષ્ટિમાં અવતાર લેવાનું ધર્મક્ષેત્ર દેખશે. ઇન્દ્ર ચરનારનો મિત્ર છે, સત્યયુગ ચરવામાં છે — સૂવામાં નથી — એ મિત્રની અને એ યુગની પ્રાપ્તિનું બીજ આવા વિદ્વાન ધનવાન પુરુષોના ઉત્ક્રમથી થશે એવી મારી શ્રદ્ધા છે.'

કુમુદસુંદરી — 'જ્યારે આપના છ સાત લક્ષ અધૂરા લાગે છે ત્યારે પચાસ હજારની રકમમાંથી તે શી રીતે આ નર આવા થશે?'

સરસ્વતીચંદ્ર — ‘એ પચાસ હજાર તો એમને માત્ર રથ આપશે. પણ એ રથમાં બેસી પોતાની સિદ્ધિને બળે એ લોક કાળક્રમે પચાસ લક્ષ વસાવી શકશે. કુમુદસુંદરી! એ લોકના યોગ અને પરાક્રમ આ દેશને કલ્યાણકારક નીવડશે. દ્રવ્યવાન અપંડિતો, રંકપંડિતો, અને દ્રવ્યવાન અને એકલપેટા હાથપગ વિનાના વિદ્વાન અદ્રષ્ટાઓ-એ સર્વને સ્થાને માર્ગથી જ આ દેશમાં અર્જુનનું વીર્ય સફલ થશે. અનેક લોકને દ્રવ્ય કમાવાને માર્ગ સૂઝતા નથી તેને આવા દ્રષ્ટાઓની દૃષ્ટિ અને ક્રિયા ખાતાપીતા અને જોતાકમાતા કરશે. મારી ટૂંકી લક્ષ્મીની મર્યાદાને લીધે માત્ર બબ્બે વર્ષે આવો એક જ નર નીવડી શકશે તે તો ઈશ્વરની ઇચ્છા! પણ જે ઈશ્વર મને આટલા વિચાર સુઝાડે છે તે આટલા બીજથી બીજાઓને અનેકધા વિશેષ સમર્થતા આપશે. બાર વર્ષમાં આવા છ પુરુષો નીડવશે. તેઓ સમુદ્ર ઓળંગી પરદેશની કળાઓને અને વિદ્યાઓને આણશે તેની સાથે જ આ દેશનો ધનંજય પોતાની દૃષ્ટિ, જય અને વિભૂતિનું દર્શન કરાવવા માંડશે.’

કુમુદસુંદરી — ‘એ કાર્યમાં મારો ધર્મસહચાર કેવી રીતે કામમાં લાગશે?’

સરસ્વતીચંદ્ર — ‘પરદેશીય રસસામગ્રી લઈ આવેલાઓને માટે સુભદ્રાઓ ઊભી કરવી એ મારી કુમુદનું કામ — તે ભાવી કાળમાં વિચારીશું. હવે એક વર્ષ આવા નરો ઉત્પન્ન કરવા તો બીજે વર્ષે મારી ટૂંકી લક્ષ્મીના ઉત્પન્નનું શું કરવું તે સાંભળ. વૃદ્ધોની વૃદ્ધાવસ્થાનો આધાર તેમનાં યુવાવસ્થા પુત્ર-વધૂઓમાં છે; બાળકોનો આધાર તેમનાં યુવાવસ્થા માતાપિતામાં છે; રાજ્યનો આધાર પણ યુવક પ્રજાનાં સામર્થ્ય અને સન્મતિમાં છે. ચારે આશ્રમનો આધાર જેવો ગૃહસ્થાશ્રમ ઉપર છે તેમ સર્વ અવસ્થાઓનો આધાર યુવાવસ્થા ઉપર છે. તે જ ન્યાયે અને તેથી અધિક ન્યાયે એ સર્વ અવસ્થાઓનું તે સર્વ પ્રજાનું કલ્યાણ દેશના વિદ્વાનો ઉપર છે ને વિદ્વાનોનો આધાર તેમની યુવાવસ્થાના સાફલ્ય ઉપર છે.જો આપણે તેટલા સાફલ્યનાં બીજ રોપી શકીશું તો સર્વ વૃક્ષો જાતે સમૃદ્ધ અને બલવાન થશે. અંગ્રેજ લોકે ઘણી સૂક્ષ્મ બુદ્ધિથી, ઘણી દીર્ઘ દૃષ્ટિથી, અને અનેક નીતિધર્મના વિચારના દોહનને અંતે, આપણા વિદ્વાનોની જે વાડી આ દેશમાં ઊભી કરી છે તેના માળીનું કામ આપણે કરીશું. આપણે આપણાં સૂક્ષ્મજીવનની લોકયાત્રા આ વિદ્વાનોનાં મંદિરોમાં ને ઝૂંપડાંઓમાં કરીશું. એ લોકનાં ગુપ્ત અને પ્રકટ સ્થાનોમાં અને હૃદયોમાં આપણે આપણી બેની પરિવ્રજ્યા કરીશું અને એ ક્ષેત્રોમાંના અંતરાત્માની સ્થૂલસૂક્ષ્મ ગતિને જોઈ લઈશું. આપણા પુરુષવિદ્વાનોમાં હું ફરીશ, ને તેમની સ્ત્રીઓમાં તું ફરજે. તેમની સ્ત્રીઓના આધિ, વ્યાધિ અને ઉપાધિ તું જોઈ લેજે ને તેમના સ્વામીઓના આધિ, વ્યાધિ ઉપાધિ હું જોઈ લઈશ. આપણે તે બે વર્ગનું, તેમના કલ્યાણ માટે ને દેશના ઉદ્ધાર માટે, સંયુક્ત સખીકૃત્ય કરીશું. પિતામહપુરમાં જે પ્રતિબિંબ જોયાં તેના મૂળ પદાર્થ

આપણે જોઈ લેવા. તે પછી તેમનાં જે ઘરમાં જેવાં દુ:ખ હોય તે નષ્ટ કરવા આપણે તેમને શક્તિ આપવી.

એમની સ્ત્રીઓ પંડિત થાય, રસજ્ઞ થાય, કુટુંબપોષક થાય, સ્વસ્થ થાય, શરીરે બલવતી, રોગહીન અને સુંદર થાય, યોગ્યતાના પ્રમાણમાં કુટુંબબંધનમાંથી તેઓ મુક્ત-સ્વતંત્ર થાય ને તે મુક્તતાથી ને સ્વતંત્રતાથી કુટુંબની મૂર્ખ ઇચ્છાઓ અને ક્લેશમાંથી છૂટી એ કુટુંબના ખરાં કલ્યાણ કરવા શક્તિમતી અને ઉત્સાહિની બને, કુટુંબના બાળકવર્ગને પોષણ અને શક્તિ આપે અને વૃદ્ધ વર્ગની કલ્યાણવાસનાઓને તૃપ્ત કરે — એવા માર્ગ શોધવા ને લેવા તે મહાકાર્ય ગુણસુંદરીની પ્રિયપુત્રી નહીં કરી શકે તો બીજું કોણ કરી શકશે? એ કાર્યને માટે બબ્બે વર્ષે આપણે પચાસ હજાર રૂપિયાના યોગ્ય ભાગ ખરચી શકીશું. તે છે તો ઓછા — પણ ચલાવી લઈશું.'

કુમુદસુંદરી — 'આપણી સ્ત્રીઓ કુટુંબને પરવશ છે.'

સરસ્વતીચંદ્ર — 'એટલા માટે જ હું વિદ્વાન સ્વામીઓની સ્ત્રીઓને આ આશ્રય આપવા ઇચ્છું છું — કે સ્વામીને શક્તિ આપીએ તો તે સ્ત્રીને આપે. સ્ત્રીને રસોડામાંથી અને ગૃહકર્મમાંથી મુક્ત કરવાનાં સાધન વિદ્વાન સ્વામીને હોય તો તે સ્ત્રીને મુક્ત કરે, માટે તું જે સ્થાન યોગ્ય ગણે ત્યાં સ્વામીને હું આવાં સાધન આપીશ ને સ્ત્રીને તે સાધનનો ઉપયોગ કરી ઉચ્ચ જીવનમાં પ્રવેશ કરવાની શક્તિ ને વૃત્તિ તું આપજે.'

કુમુદસુંદરી — 'ગૃહનું વૃદ્ધ મંડળ આ વાતનો તિરસ્કાર કરશે ને ઇતર મંડળ આ સ્ત્રીની ઈર્ષા કરશે.'

સરસ્વતીચંદ્ર — 'એ સર્વ મંડળને પણ આ સાધનનો લાભ મળે તો તેમને પણ આવા જીવનનો લાભ આપણે આપીશું. હું ને તું એકલાં આ સમારંભને માટે બસ નથી. માટે આપણા દેશમાં સમર્થ સ્ત્રીઓ થાય ત્યાં સુધી અંગ્રેજોની કુલીન સ્ત્રીઓને સારા પગાર આપી આપણી આવી સ્ત્રીઓમાં જતી આવતી ને વાર્તાથી ને સહવાસથી ઉચ્ચ જીવન આપતી કરીશું. આપણી સ્ત્રીઓને ઘેર બેઠે આમ ગંગા પ્રાપ્ત કરાવીશું ને એ સ્ત્રીને પણ ધીમે ધીમે ગૃહકાર્યમાંથી મુક્ત કરી બહાર કાઢીશું ને પરદેશની ને આપણા દેશની પંડિત સ્ત્રીઓને એકઠી કરવાનાં ને બોધ અને રસ આપવાનાં સ્થાન રચીશું. આપણી વિધવાઓને આવા નવા ઉપદેશક ઉદ્યોગને માટે પાળી, પોષી, શક્તિમતી પરિવ્રાજિકાઓ કરીશું. આ વાડીમાં કાળક્રમે આપણી બાળકીઓ ઉત્સાહ માનતાં શીખશે ને તે બાળકીઓ નવયુગની તરુણીઓ થઈ જાતે જ આ સમારંભનો ભાર ઉપાડી લેતાં શીખશે. કુમુદ! આ કાર્યમાં તારા વિના હું કાંઈ કરી શકું એમ નથી. સ્ત્રીઓમાં આવા કાર્યને અર્થે પણ પુરુષ ભળે તો લોક અનાચાર ગણે અને

તેની સાથે જ એ સમારંભ ઉપર અશ્વત્થામાનો ભાર ઊછળી પડે ને સર્વ વાત ભાગી જાય.'

કુમુદસુંદરી — 'આ સ્થાનની સાધ્વીઓ તેમાં ન ભળે?'

સરસ્વતીચંદ્ર — 'સંસારને ભ્રષ્ટ ગણી તેનાથી દૂર રહે છે ને તેનો સંસર્ગ તેઓ ઇચ્છતી નથી. આ વિચાર કંઈ ખોટો છે? આપણું સ્થૂલ વરણવિધાન સંસારનાં પુનર્લગ્ન ગણાય ને તેની સાથે જ આપણો પોણો સમારંભ ભાંગી નાખવા જેવી આપણી અપકીર્તિ થાય -ને તેને સાટે સાધુઓ તો આપણા મન: સંયોગને જ લગ્નરૂપે ગણો છે. એ સાધુઓથી તો સંસાર દૂર રહે તે જ સારો! નીકર શંકાપુરીએ બિંદુમતી ઉપર દૃષ્ટિ કરી ને આપણી ગણના કરી તેવી ગણનાનાં પાત્ર આ સાધુજન થાય તો અનેક યુગોના કાલવિવર્ત વચ્ચે અખંડ રહેલો આટલો દીપ હોલાઈ જાય ને તે મહાઅનર્થ થાય. માટે જ મેં આપણાં જીવનની વ્યવસ્થા કલ્પી છે. વળી જુઓ. આ સમારંભને માટે આપણા શાસ્ત્રીપુરાણીઓને આપણે સંસ્કારોથી અને દ્રવ્યથી સંભૃત કરીશું અને ઘેરઘેર તેમની દ્વારા આર્ય સંસ્કારોને પ્રવર્તાવીશું. પાશ્ચાત્ય દેશની કુલીન વિદુષી સ્ત્રીઓના અને આ દેશના શાસ્ત્રીપુરાણીઓના, જળ અને અગ્નિ પેઠે અંતરપટથી સહવાસ પામતા, સંસ્કાર આપણાં કુટુંબોની આગગાડીઓને નવી સંગત ગતિ આપશે. આપણે આવાં એન્જિન આવી ગાડીઓમાં જોડીશું ને સડકો ને સ્ટેશનો બાંધી આપીશું. આપણાં કુટુંબો આ સડકો ઉપર થઈને નવા નવા જ્ઞાનપ્રદેશોમાં પ્રવાસ કરશે, નવી કલાઓ પામશે અને નવી સમૃદ્ધિઓ પામશે. જે કથાપુરાણો ઉપર આજ તેમની માત્ર સ્થૂલ દૃષ્ટિ પડે છે ત્યાં તેમની સૂક્ષ્મ દૃષ્ટિઓ પડશે અને પિતામહપુરમાં જોયેલા નાગલોકના મણિ અને વિષ ઉભયનાં સત્ત્વ તેમને શુદ્ધ આર્યજીવન આપશે ને અશ્વત્થામાના રાફડાઓ ઓગળવા માંડશે. જે પાશ્ચાત્યોની પરિણામ પામેલી બુદ્ધિના ઉગ્ર સૂર્યપ્રકાશ આગળ તેમનાં નેત્ર ઘુવડનાં જેવાં થઈ જાય છે તે પ્રકાશનું મન્દ સુધાકરસ્વરૂપ પાશ્ચાત્ય ચન્દ્રમુખીઓ આપણા લોકમાં અમૃતકિરણો દ્વારા પ્રત્યક્ષ કરાવશે. બાળક, સ્ત્રી, તરુણ અને વૃદ્ધ સર્વે વર્ગોના કલ્યાણના માર્ગ આ સાધનોથી આપણે યાવદાયુષ્ય શોધ્યા જઈશું. આ પ્રયોગ રાજનગરમાં આરંભી ધીમે ધીમે સર્વ જનપદમાં —જિલ્લાઓમાં ને દેશી રાજ્યોમાં — આપણે વડની વડવાઈઓ પેઠે વિસ્તારીશું. હું તેમાં સર્વના ઉત્કર્ષનાં બીજ જોઉં છું. આપણે જોયેલા અનેક ચિરંજીવોના આશય આપણા લોકના સંસારમાં આમ સાકાર થશે. કુમુદ! બબ્બે વર્ષે પચાસ હજારની રકમ મહાકાર્યને માટે આખરે ઓછી પડશે પણ તરત તેથી સારો આરંભ થશે. કુમુદ! આ વાત એકલો સરસ્વતીચંદ્ર કરી શકે એમ નથી. એમાં તો સિદ્ધાંગનાઓએ સંસ્કારેલી કુમુદનો જ અદ્વૈતયોગ જોઈએ. આ આપણાં જીવનનો — મારી હાલની ટૂંકી લક્ષ્મી વડે સાધવા યોગ્ય મુદિત આશય તને કહી દીધો.'

કુમુદસુંદરી — ‘આપની પાસેની લક્ષ્મીને ઓછી ગણી આપે આ અભિલાષ બાંધ્યો છે. પૂર્ણ અભિલાષ સિદ્ધ કરો તો તેમાં કેટલું સાધન જોઈએ ને કેટલા અભિલાષ કેવી રીતે સિદ્ધ કરી શકો?’

સરસ્વતીચંદ્ર — ‘મારા પિતાની લક્ષ્મી જગત જાણે છે તેનાથી ઘણી વિશેષ છે. તે મેં સ્વીકારી હોત તો મારા અભિલાષ બહુ ખંડિત ન થાત. પણ એ તો થઈ ચૂક્યું ને ધર્મથી થયું ને તેમાં *गत नं शोचामि* . એ લક્ષ્મી મારી પાસે આવી હોત તો હું અહીં આવ્યો ન હોત, અને આવ્યો ન હોત તો આ સ્વપ્નોને બળે મારા અભિલાષનો વિષય આ સ્થાને વધારી દીધો છે તે વધવા પામ્યો ન હોત, અને એટલી બધી લક્ષ્મીને ક્યાં વેરવી ને કોને આપવી તેની ચિંતા કાળ આવ્યે મારા સ્વભાવ પ્રમાણે મને કાંટાની પેઠે સાલત. એ લક્ષ્મી મારી પાસે હોત તો હું શું કરત કે ફરી આવે તો શું કરું એ વિચાર સોમશર્માના [૧] પિતાના વિચાર જેવો નિષ્ફળ છે. પણ હાલ તમને કહેલી કલ્પના કરતા પહેલાં મારા પૂર્ણ મનોરથનો મેં નકશો કાઢ્યો હતો અને તે પછી તેમાં જોઈતી લક્ષ્મીનું ગણિત કાઢતાં તે મારા પિતાની લક્ષ્મીથી કાંઈક સહજ અંશે વધ્યું — એ કાકતાલીય થયું. તે પછી મેં એ કલ્પનાને કાતરી નાંખી હાલની કલ્પના કરી છે. તે તમારે જાણવા જેવી ગણી તમને જણાવી છે, બીજી નિષ્ફળ છે.’

કુમુદસુંદરી — ‘નિષ્ફળ હો. તોપણ સ્ત્રીજાતિની સ્વાભાવિક જિજ્ઞાસા મને ઉશ્કેરે છે તેથી પૂછું છું તે કહો.’

સરસ્વતીચંદ્ર — ‘ભલે. તો સાંભળો. પરાયાને જેમાં હાસ્યરસ લાગે તેમાં પ્રીતિના હૃદયને અદ્‌ભુતરસ લાગે છે ને તમારું હૃદય મારા હૃદય વિના બીજા પદાર્થને જાણવા ઇચ્છતું નથી તો તમારી વાસના તૃપ્ત કરવી એ મારો રસ-ધર્મ છે. હવે વળી એમ પણ સૂઝે છે કે આપણાથી ન બને તો કોઈ વધારે શક્તિવાળાથી બની શકે એવી કથાઓનું કીર્તન પણ નિષ્ફળ નથી — તેમાંથી શક્તિમાનને સૂચના મળે ને અશક્તને ઉચ્ચ વિચારનું પગથિયું જડે. કુમુદસુંદરી! પ્રથમ વિચાર મેં એવો કર્યો કે આપણા અંગ્રેજી વિદ્વાનો, સંસ્કૃત શાસ્ત્રીઓ, અને નિરક્ષર કલાવાનોને માટે એક નાનું સરબું સુરગ્રામ જેવું ગામ કલ્યાણગ્રામ ઊભું કરવું. અંગ્રેજો જેમ સીમલા, દાર્જીલિંગ, મહાબળેશ્વર અને નીલગિરિ વગેરે સ્થાનોએ પોતાનાં તનમનને શક્તિ અને ઉત્સાહ આપવા જાય છે એવાં સ્થાનમાં અને ત્યાં ન બને તો સમુદ્રાદિને તીરે કોઈ બહુ આરોગ્ય-પોષક અને ઉત્સાહક સ્થાનમાં આવું ગ્રામ રચવું. તેમાં આ ત્રણે વર્ગને આધિવ્યાધિ-ઉપાધિથી મુક્ત રાખી તેમની સ્ત્રીઓ અને બાળક સહિત આયુષ્ય ગોળવાની અનુકૂળતા કરી આપવી. સુન્દરગિરિ ઉપર જે ત્રણ મઠની રચના છે એવાં જ ત્રણ રમણીય ભવન એવી જ વ્યવસ્થાથી આ સ્થાનમાં રચવા. એ ભવનમાં રહેવાનાં અભિલાષી સ્ત્રીપુરુષોને તેમાં રહેવાના અધિકારના કાંઈક નિયમ કરવા. અંગ્રેજી પાઠશાળાઓની છેલ્લી પરીક્ષામાં તરી આવેલા વિદ્વાનો અને

પરીક્ષા લઈ શોધી કાઢેલા શાસ્ત્રીઓ, વૈદ્યો અને કારીગરો — એ સર્વમાંથી પ્રતિવર્ષ અમુક સંખ્યાને આ ભવનમાં વાસ આપવો. વિહારભવનમાં દંપતીઓ વસે, કુમારભવનમાં સ્ત્રી વિનાના પુરુષો, અને સ્ત્રીભવનમાં વિધવાઓ અને -કાળ જતે આ દેશમાં વ્યવસ્થિત થાય તો — કુમારિકાઓ ને પરિવ્રાજિકાઓ વસે.'

કુમુદસુંદરી — 'એમણે ત્યાં વસીને શું કરવું?'

સરસ્વતીચંદ્ર — 'વિદ્વાનોએ ને શાસ્ત્રીઓએ પોતાનાં સર્વ આયુષ્ય આ ભવનમાં ગાળવાં. તે કાળમાં એક પાસથી તેમણે આપણાં વેદ, વેદાંત, શાસ્ત્રો, સાહિત્ય, પુરાણો, ધર્મો, આચારો, અને બીજી જે જે અક્ષરરૂપે કે આચારરૂપે વ્યવસ્થાઓ ને રૂઢિઓ આ દેશમાં પૂર્વ કે હાલ પ્રવર્તી કે દેખાઈ છે તેનું શોધન કરવું. આપણા લોકમાં તેમણે ફરવું, જોવું, અને સર્વ પ્રજાના અનુભવોનું તેના મૂળથી મુખ સુધીના પ્રવાહ પર્યંત તારતમ્ય કાઢવું. પાશ્ચાત્ય વિદ્વાનોના શોધ અને વિચારોનો પણ આમાં ઉપયોગ કરવો. પક્ષવાદનો ત્યાગ કરી આ વિદ્વાનોએ સત્યશોધન કરવું. સર્વ પક્ષ અને સર્વ સંપ્રદાય જાણી લેવા પણ પોતાની દૃષ્ટિતત્ત્વ અને નિષ્પક્ષપાત સત્ય નિર્ણય ઉપર રાખવી, પિતામહ અને અશ્વત્થામાના ગુણદોષ શોધવા, રાફડાઓમાં પેસી તેમના ગુણદોષ જોવા, તેમ તેમાંની પ્રકાશમયી નલિકાઓમાં પ્રવેશ કરી સર્વ ભાગ ધીમે ધીમે જોવા, નાગલોકનાં મણિ ને વિષ ઉભય જોઈ લેવાં અને આ દેશના સર્વ યુગોમાં, સર્વ સ્થાનોમાં જે જે પ્રવૃત્તિઓ ને નિવૃત્તિઓ થઈ છે તેનું શોધન સાત્વિક દૃષ્ટિથી કરી લેવું. આ દેશની અર્વાચીન અવસ્થાનાં સાંસારિક અને રાજકીય સર્વ અંગ તેમણે જાણી લેવાં અને દેશની સર્વત: ચિકિત્સા કરી ભવિષ્યને માટેનાં ઔષધનું શાસ્ત્ર ખડું કરવું. પિતામહના શરીરમાં પેઠેલા અર્જુનનાં શર કેમ છૂટે, પિતામહનું તેજ લોકમાં કેમ પ્રસાર પામે, અશ્વત્થામાના રાફડામાં કે તે શર કેમ જાય, પ્રકાશમયી નલિકાઓનો નાશ કર્યા વિના અશ્વત્થામાએ બાંધેલા રાફડાઓ કેવી રીતે ઓગળે ને અસંખ્ય હાલતા ખડકો અને તેની વચ્ચેના ચીરાઓને સાંધવાની કેમ વ્યવસ્થા થાય, નાગલોકનાં મણિ અને વિષનો કેમ પુનરુદ્ધાર થાય, નાગલોક અને તેમની વડવાઈઓમાંથી આપણને પોષણ અને શક્તિ કેમ મળે ને તે લોકની ને તેમની સૃષ્ટિનો સાક્ષાત્કાર કેમ થાય — અર્જુનદેવ અશ્વત્થામાના મસ્તિકમાં તેનો મણિ પાછો કેમ મૂકે, અને અશ્વત્થામાનાં બ્રહ્મશિરોસ્ત્રની સમૃદ્ધિ આપણે કેવી રીતે પ્રાપ્ત કરવી; આ સર્વ વિષયના ઊંડા શોધ ને પ્રયોગ કરવા — આ આપણાં ભવનના વિદ્વાનોનું એક કર્તવ્ય.'

કંઈક વિશ્રાન્ત લઈ વળી સરસ્વતીચંદ્ર બોલવા લાગ્યો: 'કુમુંદસુદરી! આટલું બસ નથી. આપણા દેશમાં ચાલતા સર્વ લોકપ્રવાહોનાં સ્વરૂપ અને ગુણદોષ જાણી લેવાં અને પરદેશની — આખી પૃથ્વીની — મહાપ્રજાઓના પ્રવાહો અને પ્રધાનપણે અંગ્રેજ લોકના પ્રવાહ પણ

સમજવા, એ આ સ્થાનના વિદ્વાનોનું બીજું કર્તવ્ય. આખી પૃથ્વીમાં આજ પાંડવોના રથ ફરે છે ને તેનાં ચક્રના સર્વ આરાઓમાંથી ને ભાગમાંથી ને તસુએ તસુની ગતિમાંથી નવાં શાસ્ત્રો, નવા શોધ, નવા પદાર્થ અને નવાં સુખદુ:ખ પળે પળે પ્રકટ થાય છે. સર્વ લોકની ને પ્રજાઓની શરીરસંપત્તિઓ, સાંસારિક અને રાજકીય વ્યવસ્થાઓ, ધર્મની સંસ્થાઓ, અને સ્થૂલ સૂક્ષ્મ શક્તિઓ, આ પાંડવોના ઘોડાઓના ખોંખારા અને ખરીઓ સંભળાતાં ધ્રૂજે છે, બદલાય છે, ને નવીન રૂપ અને પ્રકાશ ધરે છે. આ રથની સાથે ન દોડતી પ્રજાઓ પાછળ પડે છે, ભૂખે મરે છે, બુદ્ધિહીન થાય છે, બાળહીન થાય છે, પશુ જેવી થાય છે, માટી જેવી થાય છે, નષ્ટ થાય છે — ને અર્જુનના દાવાગ્નિમાં ખાંડવવન પેઠે બળી મરી નષ્ટ થાય છે! એ સર્વ ચમત્કારોનાં બીજ અને પ્રક્રિયાઓ આપણા ભવનના વિદ્વાનોએ પ્રાપ્ત કરવાં, ને આ પ્રાચીન દેશના કલ્યાણયોગને માટે પ્રાચીન નવીન યોગવિદ્યાથી એવો પ્રયોગ રચવો કે આ દેશ ખાંડવવનમાં બળવાને સાટે અર્જુનને પ્રિય થાય ને એના રથ ઉપરનાં કપિ — આદિ સત્ત્વોના ધારેલા જયધ્વજોનો ધારક થાય.

વિદ્વાનો અર્જુનના અસ્ત્રનું સંપાદન કરે તેને માટે આ ભવનોમાં આપણે પુસ્તકશાળાઓ રાખીએ, પ્રયોગશાળાઓ — Laboratories -ની સામગ્રીઓ સંપૂર્ણપણે ભરીએ, કારીગરોની પ્રાચીન કલાઓના જીર્ણોદ્ધારને માટે અને નવીન કલાઓની પ્રાપ્તિને માટે નકુલદેવના સર્વ સંગ્રહના સર્વ ભંડાર વસાવીએ, વ્યાપાર અને ઉદ્યોગના વ્યવહારમાં નિપુણ થવાને પૃથ્વીમાં વપરાતા સર્વ પદાર્થોના નમૂના આણીએ, અને પૂર્વ પાશ્ચાત્ય પ્રવૃત્તિઓમાં ભળવાને માટે અહીંના અને બહારના વિદ્વાનો અને અનુભવીઓ આ દેશને માટે જે જે વસ્તુનો સંગ્રહ ઉચિત ગણે તે સર્વ વસ્તુઓ આ આપણાં ભવનમાંના વિદ્વાનોના હાથમાં આપણ આપીએ. આ સર્વ આ સ્થાનમાં આપણું કર્તવ્ય થાય એ મારી કલ્પના અને એ વિદ્વાનો તે વસ્તુઓમાં અને કાર્યોમાં આપણે ખરચેલાં દ્રવ્યનો વ્યય સફળ કરે એ તેમનું ત્રીજું કર્તવ્ય. આ સામગ્રીશાલા સંભૃત કરવી એ મહાન વ્યયનું કામ.

આ વિદ્વાનોને અને કારીગરોને યોગ્ય શિક્ષણ, અનુભવ અને શક્તિ આ દેશમાંની અન્ય શાળાઓમાંથી જટલાં મળે એટલાં મેળવી રહે તે પછી આ આપણા ગામમાં રહેવાનો અધિકાર આપવો. તેમને નવા ગુરુ આપવાનું કામ માથે લેવાનું આપણે રાખવું નહીં. પણ તેઓ પોતાના વિષયમાં જાતે સ્વતંત્રતાથી ને સ્વાશ્રયથી પ્રવૃત્તિ થઈ શકે એટલી વિદ્યા અને બુદ્ધિ તેમને પ્રાપ્ત થાય ત્યારે તેમના પોતાના બળથી ને ઉત્સાહથી વેલા પેઠે વધવાને માટે વૃક્ષના જેવો જ આશ્રય આ સ્થાનમાં આપવો. આ સ્થાન આપણા કેવળ વિદ્યાર્થીઓ માટે નહીં, પણ શાસ્ત્રોના પાયા બાંધનાર અને લોકવ્યવસ્થાનો રથ રચનાર વિદ્વાનોને માટે જ સમજવું.

એ વિદ્વાનોને આપણે આ ભવનમાં સુન્દરગિરિના ત્રણ મઠોની વ્યવસ્થાથી રાખી તેમને, જીવતા સુધી જઠરાગ્નિને માટે ને વિદ્યાને માટે દ્રવ્ય કમાવાની ને કુટુંબપોષણની અને કુટુંબક્લેશની ચિંતામાંથી મુક્ત રાખવા. આટલાથી આર્ય દ્વિજલોકના જેવાં સંતોષ અને ધૈર્ય જેને હોય નહીં તેને માટે આ ગામ નથી વસાવવું. *असंतुष्टा द्विजा नष्टा:।* આ વાસમાં આવા સંતોષથી આવાસ શોધે તે આપણો દ્વિજ! તેને, તેની સ્ત્રીને અને તેનાં બાળક સંસારમાં પડે ત્યાં સુધી તેમને માટે આ ગામમાં ગૃહરચના રાખવી, ભોજન અને વસ્ત્રની વ્યવસ્થા રાખવી; વ્યાયામસ્થાન, વિશ્રાંતિસ્થાન, વિનોદસ્થાન, શયનસ્થાન અને સમાગમસ્થાન, તેમની સર્વની ઉન્નતિને માટે નિયમસર રાખવાં. તેમના માતાપિતા વૃદ્ધ કે અશક્ત હોય ને બહાર રહેતાં હોય ત્યારે તેમનાં ભોજન ઔષધાદિક સેવાની વ્યવસ્થા સારુ યોગ્ય દ્રવ્ય આપવું ને શરીર-સેવાને માટે પુત્રાદિકની તેમને આવશ્યકતા હોય તો તેટલો કાળ આ આપણા ગામના રોગાશ્રમમાં આવી રહે; આપણાં માણસ તેમની સેવા કરે, ને આ આશ્રમમાં વસતાં તેમનાં બાળક તેમની પાસે કાળક્ષેપ વિના જતાં આવતાં રહે. આ અહીં રહેનાર વિદ્વાનો અને તેમનાં સ્ત્રીપુત્રાદિક વ્યાધિગ્રસ્ત થાય તો તેમણે પણ એ જ રોગાશ્રમમાં રહેવું. તેમનાં બાળકને વિદ્યાદાન પણ, વિદ્વાન જીવતા સુધી અને તે પછી બાળક મોટાં થતાં સુધી, અમુક મર્યાદામાં આ સ્થાનમાં જ અપાય. જ્ઞાનનિયમ ભોજનાદિકમાં આ આશ્રમમાં પળાય પણ તે વિના બહારની સૃષ્ટિથી આ વિદ્વાનો સકુટુંબ દૂર રહે. માત્ર વર્ષમાં અમુક માસ સુધી પોતાના અવલોકન માટે ને લોકના બોધ, દૃષ્ટાંત, અને કલ્યાણને માટે આખા ભારતવર્ષના પ્રસિદ્ધ પ્રસિદ્ધ પ્રદેશોમાં તેઓ પરિવ્રજ્યા કરી આવે. આ કાળમાં બહારની સૃષ્ટિ સાથે યથેચ્છ પણ અનિન્દ્ય વ્યવહાર રાખે. તેમનાં બાળક યોગ્ય વયનાં થઈ સંમતિ આપે ત્યાં સુધી તેમને અહીંના આશ્રમીઓ વિવાહમાં યોજે નહીં તો તે બાળકોનાં લગ્નને માટે તેમના વેતનમાં જન્મપર્યંત વધારા કરવા.

આ વિદ્વાનો, શાસ્ત્રીઓ, ને કારીગરોને આટલા સ્વાર્પણથી આ સ્થાનમાં રહેવું ઈષ્ટ હોય તો તેમને માટે ઉક્ત પ્રકારે જે વ્યય થાય તે નિયમાનુસાર આપણે આપવું ને તે ઉપરાંત દસથી પચાસ રૂપિયા સુધી માસિક વેતન તેમને જીવતા સુધી આપ્યાં જવું. ને આશ્રમમાં આવે તે કાળે તેમનું ઓછું વેતન નક્કી કરી યોગ્યતા વધે તેમ તેમ નિયમસર વધારવું. ઓછામાં ઓછા અવિદ્વાન કારીગરને દસ અને વિદ્વાનને પચીસ રૂપિયા આપવા. તે ઉપરાંત કેટલા વધારવા તે પ્રથમ ત્રણ વર્ષની સ્થિતિને અંતે એક વાર નક્કી કરવું ને દસ વર્ષને અંતે બીજી વાર નક્કી કરવું. એમ તે નક્કી કરેલી વધારેલી રકમ આશ્રમમાં પ્રવેશ કરે ત્યાંથી તે દસ વર્ષ સુધીની, વ્યાજ સહિત, એમને વરણકાળે તેમનાં સ્ત્રીપુત્રને કે પૌત્રને મળે, તે ન હોય તો તેમણે કરેલાં અનુમૃત્યુપત્ર-વિલ-પ્રમાણે આપવી, ને વિલ ન હોય તો આ આપણો આશ્રમ તેમની દાયાદ થઈ લે. દસ વર્ષ પછીની રકમ પૂરેપૂરી તેમને

માસે માસે મળે ને તેમનાં મરણ પછી રાજ્યના ધારા પ્રમાણે દાયના અધિકારી હોય તે લે. દસ વર્ષ પહેલાંની વધારાની રકમ તો કોઈ લોકકલ્યાણના કાર્યમાં વાપરવી હોય તો જ તેના અધિકારી વિદ્વાનને કે કારીગરને હાથે જીવતાં વાપરવા દેવી.

આ વિદ્વાનોના સમાગમસ્થાનને માટે અનેક ભવનવાળું એક અતિથિપુર અથવા અતિથિપરું રાખવું. તેમાં યોગ્ય પુરુષોનું આતિથેય કરવું. સર્વ પ્રકારના સંભાવિત ગૃહસ્થોને નિયમાનુસાર આ અતિથિભવનમાં આમંત્રણથી આપણે ખરચે બોલાવી તેમનો સત્કાર કરવો. તેમાં એક ભાગમાં સાંપ્રત ભક્તિમાર્ગને યોગ્ય દેવમન્દિરો રાખી એ મન્દિરોમાં આ દેશના ધર્મિષ્ઠજનોનો સત્કાર કરવો. આપણા આશ્રમના સર્વ આશ્રિતજનોનાં માતાપિતાનાં હૃદય પુત્રવત્સલતાથી દ્રવે અને પુત્રોની કે પુત્રીઓની પાસે રહેવા ઇચ્છે ત્યારે આ મન્દિરોમાં તેમને વાસ આપવો ને તેમનાં બાલકના વેતનમાંથી તેમનું ભોજનખરચ કાળનો અવધિ બાંધી આપવું ને જે માતાપિતા પોતાના દ્રવ્યથી આવું ખરચ નિભાવી શકે એમ હોય તેમને ન આપવું. આ અવધિ ઉપરાંત માતાપિતાને વાસ આપવો ને ભોજનખરચ તેમનાં બાળકની શક્તિવૃત્તિ હોય તો તે આપે. માતાપિતા વિના ભક્તજનો, ધર્મવ્યવસ્થાપકો, શાસ્ત્રીઓ, પુરાણીઓ, સંન્યાસીઓ, આદિ અન્ય સજ્જનો આ સ્થાનમાં આદરસત્કાર પામે અને પોતપોતાના સંપ્રદાયના મંદિરમાં આવાસ પામે — આપણા આશ્રિત જનોમાંથી જેમને તેમના સમાગમનો લાભ લેવો હોય તે લે.

વળી આ દેશની અનેક અવ્યવસ્થાનો કર્તા અશ્વત્થામા દુ:ખી આર્યોના આશ્વાસન અને સદ્ગતિને માટે આ દેશની વિપત્તિઓના અંધકારને માથે આ મંદિરોમાંની વીજળી પાસે ચમકારા કરાવી રહે છે. તે વીજળીનો ભૂલ્યે ચૂક્યે નાશ કરવા જેવું નથી. એ વીજળી ઘડીકમાં આકાશમાં ચમકારા કરે છે, ઘડીક પૃથ્વી ઉપર આવે છે, અને તેવે સમે અશ્વત્થામા ઉન્માદ છોડી શાંત થઈ અનેક ઊંડાં ગાન કરે છે ને દુ:ખી અને અનાથ આર્યોનાં કંપતાં હૃદયોમાં અનેકધા અમૃતવૃષ્ટિ કરે છે તે મેં સુરગ્રામનાં મંદિરોમાં પ્રત્યક્ષ કરેલું છે. કુમુદસુંદરી! આ મંદિરોના આવા મંગલ ભાગનો આપણે અનેકધા સત્કાર કરીશું અને આપણા આશ્રમના આશ્રિતો પામે તે મંદિરોને નવા સંસ્કાર અને નવા ઉત્કર્ષ અપાવીશું. આ મંદિરોમાંના અતિથિઓ અને આપણા આશ્રિત આશ્રમીઓનો સમાગમ તે ઉભય વર્ગ વચ્ચે અનેકધા પરસ્પર લાભની આપલે કરાવશે અને પ્રજાઓમાં નવા સંપ ને નવા જંપ આપશે. આપણા દેશના પાસેના અને દૂરના ભાગોના અને જ્ઞાતિઓના વર્ગ; વૃદ્ધો, યુવાનો અને બાળકો; ભાતભાતની જાતજાતની સ્ત્રીઓ; નાતજાતના પટેલો, શેઠો અને ગોરગોરાણીઓ; તીર્થવાસીઓ ને યાત્રાળુઓ; જૂના મતનાં અને જૂની ચાલનાં અને નવા મતનાં નવાં ચાલનાં મનુષ્યો; સાધુઓ, સંન્યાસીઓ અને યોગીઓ; આદિ અનેક વર્ગની અનુભવી અને

અનુભવહીન વ્યક્તિઓનો સત્કાર, એ જ મંદિરોમાં અને તેને જોડેલી ધર્મશાળાઓમાં કરવો ને તેમની પાસેથી જાણવાનું જાણી લેવું. આપણા આ સર્વ લોક ખાય છે, પીએ છે શું અને કેવી રીતે, તેમનાં ગૃહ અને ગૃહસંસાર કેવી રીતે બંધાય છે અને મંડાય છે, તેમાં શી શી છત છે ને શી શી ખામી છે. તેઓ દ્રવ્ય તેમ વિદ્યા અને અનુભવ કેમ આણે છે, કેમ સુધારે છે, કેમ ખરચે છે, ને કેમ બચાવે છે, આ અને આવી આવી અનેક નાનીમોટી વાતો અંગ્રેજી અને દેશી વૈદ્યકશાસ્ત્રની દૃષ્ટિથી અર્થશાસ્ત્રની અને વ્યાયામશાસ્ત્રની દૃષ્ટિથી, નીતિશાસ્ત્ર અને સંસારશાસ્ત્રની દૃષ્ટિથી, કવિ અને કારીગરની દૃષ્ટિથી, રાજકીય અને પારમાર્થિક વિદ્યાની દૃષ્ટિથી શોધવાની છે, જોવાની છે. ચારેપાસથી તપાસી લેવાની છે, રક્ષણીય મર્મમાં રક્ષવાની છે, અને વર્જનીય ભાગમાં કાપી નાખવાની છે. દેશકાળ પ્રમાણે બદલવાની ને સુધારાની છે, અને ટૂંકામાં અનેકધા સુવ્યવસ્થિત કરવાની છે. આ રંક દેશનું ધન અનેકધા નષ્ટ થયું છે, થાય છે, ને થવાનું હશે, પણ તે સર્વ વમળ વચ્ચે સ્વસ્થ અને નિર્ધન જીવન ગાળી જીવવાની કળા અશ્વત્થામાના રાફડાઓમાં વ્યાપી રહી છે તે અમૂલ્ય કળાનો પાશ્ચાત્ય સંસર્ગથી નાશ થશે તો મહાહાનિ થશે. માટે તે કળાના મર્મ પણ જાણી સાચવી રાખવાનાં છે. આ સર્વ કર્તવ્યમાં આ મન્દિરોના અતિથિઓનો સમાગમ બોધક અને ફળપ્રદ થાય એ આપણા આશ્રમના વિદ્વાનોનું એક બીજું મોટું કર્તવ્ય. એક પાસથી ધનનો ક્ષય થાય, બીજી પાસથી ધન કમાવાની કળામાં આપણા લોક હારી જાય, ત્યારે ત્રીજા પાસથી નિર્ધન જીવન ગાળવાની, નિર્ધન જીવનમાં શરીર અને સંસારના ધર્મ અને મર્મ રક્ષવાની કળા પણ નષ્ટ થાય તો આ દેશનું આયુષ્ય પૂરું થયું સમજવું. પ્રિય કુમુદસુંદરી! પિતામહના શરીરમાંથી અર્જુનનાં શર છૂટો કે ન છૂટો, પણ તેમના કાળમાં આ દેશ સમૃદ્ધ અને સ્વતંત્ર હતો પણ હાલ નથી. માટે અશ્વત્થામાનું આયુષ્ય પૂરું થાય ત્યાર પહેલાં તેની આવી આવી કળાઓનું જ્ઞાન આવા વિદ્વાનોના હૃદયમાં સ્ફુરે એ કામ કરવા યોગ્ય છે. આપણા લોક કહે છે કે પચાસ પોણોસો વર્ષ ઉપર આપણાં દાદાદાદીઓ અનેકધા રંક જીવન ગાળવા છતાં શરીરસંપત્તિમાં ને સુખમાં સંપન્ન હતાં એવાં આજના લોકનાં માતાપિતા ન હતાં ને માતાપિતા હતાં એવાં આપણે નથી ને આપણે છીએ તેવી હવેની પ્રજા નહીં થાય. નવા યુગને તેવા જીવનની કળા આવડતી નથી, દ્રવ્ય કમાતા કંઈક વધારે આવડતું હશે પણ ખરચતાં ને ખોતાં વધારે આવડે છે. આ શું નવા યુગની વિદ્યાએ શીખવ્યું કે નવી વિસ્મૃતિએ શીખવ્યું? નવી વિદ્યાએ શીખવ્યું હોય તો તેનું આટલું વિષ આપણે ઉતારી દેવું જોઈએ ને નવી વિસ્મૃતિએ શીખવ્યું હોય તો સ્મૃતિનો જીર્ણોદ્ધાર કરવો જોઈએ. આપણા આશ્રમના આશ્રિત વિદ્વાનોનું આ મહાકાર્ય આપણા આ અતિથિપુરમાં અને એમની પરિવ્રજ્યાઓમાં જ સિદ્ધ થાય.'

કુમુદસુંદરીએ એને બોલતો અટકાવ્યો. 'આપના મસ્તક ઉપર હું છાયાઓ ફરતી દેખું છું — અશ્વત્થામાની સ્વસ્થ થયેલી છાયા ને ભગવાન પરશુરામના ચરણ ફરતા દેખું છું!'

સરસ્વતીચંદ્ર — 'તમારા મસ્તક ઉપર કુન્તીમાતાનો હસ્ત ફરતો દેખું છું ને તેમનું ગાન મારા કાનમાં આવે છે!

કુમુદસુંદરી — 'અશ્વત્થામાની છાયાથી કંઈક છેટે ભવ્ય મણિ કોકના હાથમાં દેખું છું.'

ઊંડા વિચારમાં પડી સરસ્વતીચંદ્ર બોલી ઊઠ્યો: 'આ છાયાઓ તે આ સ્થાનનો પ્રતાપ છે, આપણાં સ્વપ્નનો આવિર્ભાવ છે. કુમુદસુંદરી! મારો ચિન્તામણિ અને તમારો સ્પર્શમણિ આપણા હૃદયોમાં સંધાય છે. જુઓ! જુઓ! આ મારો અભિલાષ આ જાગૃત સ્વપ્નના મનોરાજ્યમાં વધારે પ્રદીપ્ત થતો અનુભવું છું. મારા પિતાના દ્રવ્યથી પણ અનેકધા અધિક દ્રવ્ય મારા હાથમાં ઊછળતું દેખું છું, ને તેને લોકહિતના પરમાર્થમાં વેરવા પોતાને પ્રવૃત્ત થતો કલ્પું છું! અનુભવું છું! આ નવા ચમત્કારને બળે આપણા અતિથિપુરના બીજા ભાગમાં હું હવે બગીચાઓ અને મહેલો ઉઠાવું છું! એમાં હું આ દેશના અને પરદેશના મોટા મોટા વિદ્વાનોને, કવિઓને, ગ્રન્થકારોને, શાસ્ત્ર અને 'સાયન્સ'ના અનુભવી સમર્થ વેત્તાઓને બોલાવીશ, વર્તમાનપત્રોના અને માસિક-ત્રૈમાસિક પત્રોના તંત્રીઓને બોલાવીશ. રાજકીય વિદ્વાનોને અને અધિકારીઓને, દેશવત્સલ અને દેશાભિમાની તેમ સર્વદેશાભિમાની અને સર્વલોકહિતચિન્તક મહાત્માઓને, અતિ સમર્થ અને અતિ શ્રીમાન વ્યાપારીઓને અને વતનદારોને, એક ધર્મગુરુને અનેક ધર્મવેત્તાઓને અને સત્યશોધકોને, યોગીઓને અને સંન્યાસીઓને આ સ્થાનમાં અત્યંત આદરથી હું બોલાવીશ અને આપણા આશ્રમીઓને તે સર્વના ગાઢ સૂક્ષ્મ સમાગમનો લાભ અપાવીશ. આ દેશમાંથી, પરદેશમાંથી, આર્યોમાંથી, અનાર્યોમાંથી, પુરુષસૃષ્ટિમાંથી તેમ સ્ત્રીસૃષ્ટિમાંથી, સર્વ વર્ગમાંથી બોલાવીશ. એ મહાસમુદ્રનું મંથન કરી તેમાંનાં રત્ન પામવાની કળા, સનાતન અને વિશેષ ધર્મોના વિચાર અને શુદ્ધ સાધુજનના આચારની ઉન્નતિ, શારીરિક અને માનસિક સમૃદ્ધિઓ અને ઉત્કર્ષ - એ સર્વ આ મહાસમાગમમાંથી આપણા આશ્રમના વિદ્વાનો પામે એવા માર્ગ શોધીશું. ધર્મરાજના ધર્મ, ભીમસેનની સતત ગતિ અને જાગૃતતા, અર્જુનની ક્રિયા, નકુલની ચિત્રમાર્ગ કલાઓ, સહદેવની પ્રાજ્ઞતા, હનુમાનની બંધુતા અને હિતચિંતકતા, કુન્તીનાં ક્ષમા અને ધૈર્ય, અને આ દેશના અને આંગ્લદેશના લોકનું હૃદયઐક્ય — આ સર્વ ફળનાં બીજ આપણા ત્રણે આશ્રમોનાં પુરુષોમાં, સ્ત્રીઓમાં અને બાળકોમાં આપણે રોપીશું. આ સ્થાનમાં સર્વ પૃથ્વીનાં જ્ઞાન અને રસ ફુવારા પેઠે ફૂટશે. મહાલક્ષ્મીના ચરણ કુંકુમ સાથે ફરશે, અને આર્યદેશની ચિંતા ભગવાન પરશુરામે ચિરંજીવ રહી જૂના કાળથી ભરાતા મેઘ પેઠે રાખી છે તેની પ્રથમ

વૃષ્ટિના છાંટા થવા માંડશે! કુમુદ! પ્રિય કુમુદ! આ વૃષ્ટિથી સચેત થયેલી પાંચાલી આખી પૃથ્વીનું કલ્યાણ કરી શકશે. ભારતવર્ષની એ શક્તિ અનેક યુગોથી તપ કરતી દુ:ખ પામતી જીવી છે તે આ અર્જુનના કપિલોક — અંગ્રેજના બંધુત્વથી કલ્પલતા જેવી થશે અને આખા જગતનું કલ્યાણ કરવાનાં બીજ પુરાણ પાંડવોના સહચારથી પોતાના ઊંડા ગર્ભકમળમાં સાચવી રહી છે તેને જન્મ આપશે! અને તે તેજસ્વી સુજાતનું સર્વ જગત અભિનંદન કરશે!'

કુમુદસુંદરી - 'આપણા ચકોર જેવાંની શૂદ્ર ચાંચો ચંદ્રલોકનું તેજ આમ ધરે છે, અને ચંદ્રના તેજમાં લીન થઈ સર્વ તારાઓના તેજને તે ભેગું પીએ છે.'

સરસ્વતીચંદ્ર - 'આપણે ચકોર જેવાં હતાં તે યોગસિદ્ધિને પામીએ છીએ ને યોગારૂઢ ચકોર ચંદ્રલોકમાં અને ત્યાંથી તારામંડળમાં ઊડે છે ને સર્વ તારાઓના હૃદયના તારમાં પોતાના ગાનના સ્વર ભરે છે - કુમુદ! તું સાંભળે છે? આપણા કલ્યાણગ્રામના આશ્રમીઓ પોતાની વિદ્યાઓથી, કલાઓથી અને વ્યાપારથી, આ ગ્રામને માટે મેં કાઢેલા દ્રવ્યમાં ઘણો વધારો કરશે. તેમને જોઈતાં દ્રવ્ય આપી આપણે જે દ્રવ્યની વૃદ્ધિ કરાવીશું તેમાંથી એક ભાગ આશ્રમના કલ્યાણ માટે લઈશું, ને બાકીનો ભાગ તેમના સ્વામિત્વમાં - તેમનાં વેતન ઉપરાંત — સોંપી દઈશું. આ દેશનાં રત્ન એ ક્રિયાથી આ સ્થાનમાં પ્રીતિથી આકર્ષાશે, સંસ્કારી થશે, મૂલ્યમાં અમૂલ્ય થશે, અને દેશને લક્ષ્મીવાન, કલાવાન, વિદ્યાવાન અને રાજકીય વિષયોમાં અપ્રતિહત કરશે. એમની પ્રજા શરીરે અને બુદ્ધિમાં સુંદર અને સમર્થ થશે. તેમનાં દૃષ્ટાંત પ્રત્યક્ષ કરનાર સંસારીઓની સંખ્યા વધતી જશે તેમ તેમ આપણા સર્વ લોક એવી પ્રજાના ફાલને આ દેશની વાડીઓમાં ને ક્ષેત્રમાં પોષતા જશે. સ્વતંત્રતાથી, સ્વાસ્થ્યથી, અતિથિઓના સમાગમથી, આપણા આશ્રમીઓ સાધુતાને પામશે અને આ સ્થાનની સાધુતાના દીવાઓ આર્ય સંસારમાં, અંગ્રેજોમાં અને આ દેશના અન્ય વર્ણોમાં પોતાની જ્યોત પ્રકટશે! અને સાધુતાની એ સર્વવ્યાપિની હુતાશનીની આસપાસ નવા પ્રકાશ, નવા આનંદ અને નવા મેળા એકરંગે જામશે. આપણા લોક અશ્વત્થામાએ ગૂંથેલી અનેક ધર્મની જાળમાં ગૂંચવાયા છે તે 'સંપ' અને 'ઐક્ય' અને 'દેશાભિમાન' અને 'જાત્યભિમાન' અને 'સુધારા'ના નામની માયાથી લોભાઈ અનેક વિગ્રહમાં પડે છે. પણ એ સર્વ માયાની કમાનો અહંતા અને મમતાની શક્તિથી બંધાઈ છે. મનુષ્યો પોતપોતાનાં સંસ્કાર અને સામર્થ્ય સાથે આણી અવતરે છે તે જાણ્યાથી તેમને પરિપાક આપવામાં સુલભતા આવે છે. તેમ જ આપણી જાતિએ અને આપણા દેશે આપણામાં અનેક યુગથી, અનેક પેઢીઓથી અને અનેક માર્ગોથી, જે શક્તિઓ અને સંસ્કાર આપણામાં ભર્યાં છે અથવા આપણા હસ્તગ્રાહ્ય કર્યા છે તે શક્તિઓને અને સંસ્કારોને શોધી કાઢી તેના કલ્યાણ

અંશને પરિપાક આપવામાં આ કમાનોને ચલાવવી એ કાર્ય મંગળ છે; પણ તે ઉપરાંત બીજી રીતે પોતાની કે પારકી, જાતની કે દેશની સર્વ અહંતા અને મમતાનો ત્યાગ કર્યાથી જ સાધુતાનો સનાતન ધર્મ ઉદય પામે છે અને એ ધર્મમાં સાધુતા વિનાની બીજી અહંતા મમતા નથી માટે જ ત્યાં સંપ અને જંપનો દૃઢ અનુભવ થાય છે. આપણે સળગાવવાની હુતાશનીમાં અહંતા અને મમતા કાષ્ઠ પેઠે બળી જશે અને તેમાંથી સાધુતાનો પ્રકાશ થશે, સંપનો મેળો થશે અને જંપની તાપણી થશે. અર્જુનના વાયુરથને વળગેલાં સત્ત્વોએ આપણને કહ્યું અને ચિરંજીવોએ પણ સ્પષ્ટ કહ્યું કે ધર્મના અવતાર વિના ભીમ કે અર્જુન કે નકુળ, સહદેવની આશા વ્યર્થ છે તેનું રહસ્ય આવું છે. સનાતન ધર્મ વિના, સંપનો તો માત્ર બક-જપ છે, અને સંપનો જપ તો મૃગજળ જેવો છે. આપણા કલ્યાણગ્રામમાં એ મૃગજળને સ્થાને અમૃત જળ ભરેલી ગંગાને આપણે ભગીરથ પેઠે ઉતારીશું.

કુમુદસુંદરી! આપણા કલ્યાણગ્રામમાં સિદ્ધ-સંસ્કારિણી થયેલી સ્ત્રીઓ પણ જાતે સ્વતંત્ર, સમર્થ, સ્વસ્થ, ધર્મિષ્ઠ વિદુષીઓ થઈ સંસારમાં પરિવ્રજ્યા કરશે અને ગામેગામ ઘેરેઘેર ભિક્ષા માગ્યા વિના, સ્ત્રીજાતિનો ઉત્કર્ષ-બોધથી, રસથી અને પોતાનાં દૃષ્ટાંતથી - કરશે. આ ગ્રામમાં દંપતીઓ અને બ્રહ્મચારીઓ પણ આવી જ પરિવ્રજ્યાઓને કાળે પાંડવોના વિજયધ્વજ આર્યલોકમાં દર્શાવશે અને કેળના થાંભલાઓ પેઠે ઘેરઘેર એ ધ્વજને રોપશે ને પાંચાલીને પતિસમાગમ આપી એનાં સર્વ અંગને અને આત્માને આરોગ્ય, સ્વસ્થતા, શક્તિ, સુંદરતા અને કલ્યાણભોગ આપશે. લોક એમ માને છે કે સ્ત્રીઓને અને રાજ્યને શો સંબંધ છે. પણ સ્ત્રી વિના ગૃહ નથી, ગૃહ વિના પ્રજા નથી, ને પ્રજા વિના રાજ્ય નથી, સ્ત્રીની સુસ્થિતિ વિના રાજાઓનાં મંદિરો મોડાંવહેલાં ભ્રષ્ટ થાય છે; સ્ત્રીના ઉત્કર્ષ વિનાનાં પ્રજાનાં ગૃહોમાં ક્લેશ અને ચિંતા જાળાં બાંધે છે; અને અસ્વસ્થ ગૃહનો સ્વામી ગૃહ બહાર ગૃહની ચિંતાઓથી ગ્રસ્ત રહી ફરે છે ને બહારની ચિંતાઓમાંથી, શ્રાન્તિઓમાંથી, કે મનના ગૂંચવાડાઓમાં મુક્ત થવા અજ્ઞગૃહિણીના ધર્મસહચારની આશા રાખી શકતો નથી. મહારાજ્યોના ઇતિહાસના મર્મ શોધતાં સ્ત્રીદૂષક પુરુષવિદ્વાનો કહે છે કે રાજ્યોનાં મોટાં યુદ્ધો સ્ત્રીને લીધે થયાં છે ને સ્ત્રીસ્તોત્ર પાઠકો કહે છે કે સ્ત્રીની ઉન્નતિ વિના દેશની ઉન્નતિ અશક્ય છે. સાધુજનો સ્ત્રીની નિંદા કે સ્તુતિ કરતા નથી, પણ પુરુષ અને સ્ત્રી ઉભયને અધ્યાત્મદૃષ્ટિથી જોઈ ઉભયનાં અલખ જગવે છે. સ્ત્રીદૂષક વિદ્વાનો પણ તેમ કરતા હોત તો એક આંખે જોયાથી માલૂમ પડેલા દોષનો પ્રતિકાર સાધુજનોની પેઠે જ કરત, અને સ્ત્રીસ્તોત્રપાઠકો આ પૌરુષદંભી પુરુષોની ઈર્ષાના પાત્ર પણ ન થાત અને સ્ત્રીજાતિ અને પુરુષજાતિ વચ્ચેના કલહમાં નવાં ઈંધન નાખવાના દોષમાંથી ઊગરત. સાધુજનોના ધર્મ આ વિષમયાં પણ સંપ અને જંપ ઉભયનું પોષણ કરે છે તે પોષણનું વૃક્ષ આપણા કલ્યાણગ્રામના આશ્રમોમાંથી ઊગવા માંડશે.

અહંતા મમતા વિનાનું આર્યલોકનું સર્વ પ્રકારનું બંધત્વ આપણી આ આર્યભૂમિમાં સર્વ સંસારમાં રેલાશે — અને કુમુદ! મારા દ્રવ્યસંચય અને આપણી અદ્વૈત વાસનાઓ આ મહાન સમારંભના પાયાને ચણશે —એ પાયામાં ઈંટો અને વજરલેપનું કર્મ કરશે. રખેને આ દાનશક્તિમાં ન્યૂનતા આવે, રખેને સ્થૂલ સમાગમથી આપણને કોઈ જાતની સંતતિ થાય અને પુત્રયજ્ઞના ધર્મબંધનથી આ લોકયજ્ઞમાં અર્પવાની સામગ્રીમાંથી કંઈ પણ અંશ પુત્રાદિકને માટે રાખવો પડે! રખેને લોકોને અર્પવાનાં આપણાં આયુષ્યનો કોઈ પણ અંશ આપણા સ્થૂલધર્મમાં રોકવો પડે! રખેને આપણી પૂર્ણાહુતિમાં કંઈ પણ સંકોચ રાખવો પડે એ — ભીતિથી આપણાં સૂક્ષ્મ જીવનનું આપણે સૂક્ષ્મ અદ્વૈત રચ્યું છે તેમાં સ્થૂલ અદ્વૈત નહીં ઉમેરીએ! પ્રિયતમા! સૂક્ષ્મ હૃદયની પ્રિયતમા! તારું હૃદય મારા હૃદયમાં આ રીતે પ્રાપ્ત થંયુ છે કે નહીં તે કહી દે કે આપણે હરિ, કુન્તી અને પાંડવો જેવા પાંચાલીના સપ્તાચલનું પૂજન કરવા નીકળીએ અને આપણું સૂક્ષ્મ લગ્ન સંપૂર્ણ થાય! આપણાં આયુષ્યના એ સપ્તાચલની યાત્રામાં હું તને પગલે પગલે મારા સામી અચલ ઊભી દેખું છું! હું પણ તારી સામે એવે જ પગલે ઊભો છું. મારી પાછળ પગલે પગલે તું આવે છે અને હું તારી પાછળ પગલે પગલે સ્થિર પગલે આવું છું! આપણાં પગલાં સાથે સાથે ઊપડે છે! હું તને પગલે પગલે સાથે લઉં છું ને તું આવે છે. તું તેજરૂપ છે ને મારા હૃદયરૂપ તેજને તું પ્રાપ્ત થાય છે. [૧] પ્રિયતમા! આયુષ્યની સહચારિણી! આપણો શુદ્ધ સંપૂર્ણ વિવાહ થયો. આપણે તેજરૂપ થઈ વરી ચૂક્યા!'

આ ઉચ્ચાર કરતો કરતો સરસ્વતીચંદ્ર બંધ પડ્યો ત્યાં એની આંખો અર્ધી મીંચાઈ ને અર્ધી ઉઘાડી રહી તે માત્ર કુમુદના હૃદયભાગને જોઈ રહી. એ વાણીરૂપ મટી દૃષ્ટિરૂપ થયો; જડરૂપ મટી તેજરૂપ ગયો. કુમુદની પણ એ જ અવસ્થા થઈ. સૌમનસ્યગુફાના ઉપલા માળાના ઓટલાને એક છેડે બેઠેલા સરસ્વતીચંદ્રને બીજે છેડે બેઠેલી કુમુદની વચ્ચે, પૂર્ણિમાની મધ્યરાત્રિના પૂર્ણચંદ્રની ચંદ્રિકા અને મધુર પવનલહરી વિના કાંઈ પણ પદાર્થ અંતરાયરૂપ રહ્યો નહીં અને સંસારમાત્ર એ ઓટલા નીચેના અંધકારમાં ભળી જઈ સંતાઈ ગયો.

કોઈ પણ સત્ત્વ બોલતું ન હતું, દેખાતું ન હતું, અને હૃદય હૃદયમાં સૂક્ષ્મરૂપે ભળી ગયું હતું તેવે આ પ્રસંગે તે એક થયેલાં હૃદયોમાં માત્ર એક જ ધ્વનિ આકાશવાણીરૂપે જતો હતો.

'પુત્ર-વધૂ! હું પાંચાલી તમારા યોગથી જાગૃત થઈ બોલું છું તે તમારા હૃદયમાં ઊતરે. હું સર્વ ભારતવર્ષની શક્તિ છું, ભારતવર્ષની માતા છું! મારાં બાળક જેને પોતાના રાજાઓ અને મહારાજાઓ કહે છે — તે માત્ર મારાં સ્વપ્નોમાંનાં પક્ષી છે! જે લોક મારી ચતુર્દિશામાંથી આવી મને અડકે છે ને મારા બાળકનું મંથન કરવા પ્રયત્ન કરે છે, જે લોક દેશપરદેશમાંથી આવી

મારા શરીર ઉપર સામ્રાજ્ય કરવાની વાસના રાખે છે, તે સર્વને મારાં બાળકનું રૂપ આપી મોડીવહેલી મારા સ્વામીની પર્ણકુટીમાં ઘોડિયામાં નાંખી હિંદોળા ખવડાવું છું. આત્રેયી અનસૂયા દેવીએ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વરને બતાવેલો ચમત્કાર મારા શરીરની વાસના રાખનાર સર્વ માનવીઓને, આજ સુધી મેં બતાવ્યો છે ને બતાવીશ! મારા શુદ્ધ પતિ તો માત્ર પેલા પાંચ અમરવૃક્ષ પાંડવો ને તેનો ત્રાતા તે સર્વલોકનો ત્રાતા જનાર્દન છે! સુગ્રીવલોકના દેશમાંના મૂર્ખ દુર્યોધન ગમે તે બોલતા કરતા હશે, પણ એ કપિલોક તો માત્ર મારા સ્વામીના રણરથ ઉપરના ધ્વજવાહક છે! મારી કૂખમાં જન્મેલાં સૂક્ષ્મ શક્તિવાળાં મારાં બાળકો! તમે આ દુર્યોધનને તેનું કર્તવ્ય શીખવતાં ડરશો નહીં! તેની જાતિચેષ્ટા જોઈ અકળાશો નહીં, પણ તેની સાથે સ્વતંત્રતાથી, ચતુરતાથી, શક્તિથી, અને સાધુતાથી વર્તી તેનામાં સુબુદ્ધિનો ઉદય કરજો! તે લોકનો હનુમાન મારા તમારા છત્રરૂપ ભીમસેનનો ભાઈ છે ને એની વાણીમાં બળ મૂકે છે. [૨] મારા ચક્રવર્તી પતિ અર્જુનના રથ ઉપર કીર્તિધ્વજરૂપ થાય છે ને તેના શત્રુઓનો ધ્વંસ કરે છે! અનસૂયા દેવી જેવી મારી દેહલતામાંથી એ કપિને હું સ્તન્યપાન આપું છું તો અશ્વત્થામાને પણ આપું છું! તો મારે માથે કોઈ મનુષ્ય રાજા કે મહારાજા નથી ને મારા શુદ્ધ સ્વરૂપના પતિ થવા ચારે યુગમાં ને ચાખૂંટ પૃથ્વીમાં કોઈ મનુષ્યની કે પ્રજાની શક્તિ નથી. કાળ જે સર્વનો નાશ કરે છે ને સ્થૂલ શક્તિવાળા રાજાઓને અને મહારાજાઓને ટૂંકા સ્વપ્ન દેખાડે છે તેણે મારે માથે અમરવૃક્ષ જેવા અમરપતિ મૂકેલા છે તેની જ આણમાં રહેજો! તેને જ શોધજો! તેને જ માટે તપ તપજો! ચિરંજીવોમાં ચિરંજીવ ભગવાન જગતત્રાતા મારા મહાપરાક્રમી પતિઓનો પાલક છે તેનું જ દાસત્વ કરજો! તમે સ્થૂલ સૃષ્ટિને માનશો મા. તેમ સ્થૂલ સૃષ્ટિની અવગણના કરશો મા. સ્થૂલ દેહને સમર્થ કરી તમારાં સૂક્ષ્મ સ્વરૂપને સાચવશો તા તેને દાસત્વ કે બન્ધન કાંઈ થવાનું નથી!

સ્થૂલરૂપે સર્વ આર્યોનું અને અનાર્યોનું બન્ધુત્વ સ્વીકારજો. તમે મારે પેટ જન્મ લીધો છે તો પૂર્વકાળના યવનો અને શકલોક તેમ આ કાળના મુસલમાનો અને અંગ્રેજો - એ સર્વેને મેં મારા ઘરના પારણામાં બાળક કરી તમારાં ભાઈબહેન કરી હિંદોળ્યાં છે અને હિંદોળવા માંડ્યા છે તેમની સાથે નિષ્ફળ કોલાહલ અને ક્લેશ કરશો મા. તમારી સર્વ આશાઓને પરિપાક આપી સફળ કરે એવો મેં તમને સાથ આપ્યો છે તેમાંથી છૂટા પડશો મા. તમારી સૂક્ષ્મ સાધુ શક્તિઓ તમારા સાથીઓને અને અન્ય સંસારને સિદ્ધ કરી આપો! તમારી સ્થૂલ શક્તિઓને વધારજો પણ વધતાં વધતાં પરબળથી કે દૈવબળથી હીન થાય કે ધ્વસ્ત થાય તોપણ ચંદન જેવા તમારા સૂક્ષ્મ સમર્થ સુગંધને ત્યજશો મા ને હૃદયને નિર્બળ કરશો મા! ધર્મક્ષેત્રની ભૂમિમાં વસનારાં બાળક! મોક્ષમાર્ગને પ્રત્યક્ષ કરનારા મહાત્માઓ! તમારી ભૂમિને માથે દુઃખની વૃષ્ટિ થાય તો બ્હીશો મા! દુષ્ટ પ્રાણીઓની ગર્જનાઓથી કંપશો મા! અનન્ય સૂક્ષ્મ શક્તિનાં અને સમૃદ્ધિનાં દાયાદો!

મારા સ્વામીઓની છાયામાં ચાલશો અને આપણા ચિરંજીવોની ધર્મસંભાવના કરશો તા તમારે માટે *अमर शान्ति* છે! — એ શાંતિ તમારે માટે જ છે. તમારા ઋષિઓની તે અમરપુત્રી કુંવારી રહી તમારું જ ભગિનીકૃત્ય કરે છે ને કરશે! તમારાં હૃદય અને બુદ્ધિ સ્વતંત્ર છે તે સ્વતંત્ર રાખજો! તમારો સાથ એ સ્વતંત્રતાનો પોષક છે. સૂક્ષ્મ મનુષ્યત્વવાળા તમ આર્યોને બીજું શું જોઈએ? આ ભૂમિનાં અમરવૃક્ષ થોડો કાળ દૈવદુષ્કાળથી ફાલતાં બંધ થયાં છતાં આર્યોનાં હૃદયોમાં તે વૃક્ષોનાં સૂક્ષ્મ થડ મૂળ સહિત અમર છે ને તેનું સેવન કરશો તો તમને કોની ભીતિ છે? એ પરદેશનાં કે આ દેશનાં સ્થૂલ સત્ત્વો એ અમર વૃક્ષોના સ્થૂલ ભાગને કાપશે તેમ તેમ તેનાં સૂક્ષ્મ અમર મૂળ કાપ્યાં વધશે!'

આ વાણી બંધ થઈ અને બોલનારી દૂર જતી રહેતી લાગી, પણ તેની પાછળ તેના મુખનું ગાયન લંબાતું સંભળાયાં કર્યું:

'અંધકારનો સમો પ્રબળ! આ દશા થઈ મારી!.

સુંદર, કોમળ, સબળ બધી મુજ સંતતિ કરમાઈ!

શું કરું? શું કરું? નવ ચાલે કંઈ! પ્રહર બહુ વીત્યા!

પ્રહાર બહુ મુજ સુંદરતાએ તિમિરતણા ઝીલ્યા!

તોય હરિનો હાથ અમારે! અંધકારમાં જીવું!

પોષણ પામું! રહું સુવાસિત! અંતર્બળ ના મૂકું!

દઉ-પામું-આનંદ વિજનમાં; ભલે લોક ના દેખે!

અંધકારની મધ્ય અંક મુજ બાળ-સમૃદ્ધિ બહેકે.

મનવંતર [1] *ભર, અંધકાર, તું ભલે રહે ઊભો!*

છવાય તેટલું છાય ભલે તું! ભલે જ તું ખીજો.

અંધકાર! તુંજને હંફાવું વર્તમાનમાં' આજે!

મન્વંતર પળસમા ગણું, પળ પળમાં પૂરી થાશે!

પ્રભાત પળમાં થયું દેખાડું! ઉષા પણે આવે!

અંધકાર! તુજને હંફાવી ધકેલી કાઢે.

જાત મુજ, મુજ પ્રજા સુકોમળ, હતી તેવી થાશે.

અંધકારને હંફાવી, જય ભવિષ્યનો ગાશે' [2]

---

૧ . *कार्येषु मन्त्री कारणेषु दासी*
भोज्येषु माता शायनेषु रम्भा।
मनोनुकूला क्षमया धरित्री
गुणैश्च भार्या कुलमुद्धरन्ती।।

૧ . મુચ્છકટિક ઉપરથી.

૧ . વિશ્વંભરા પ્રિયતમા પ્રિયમેઘ કાજ
આતુર સજ્જ થઈ ઉપરથી ઊકળે છે;
આ અંધકાર યમતુલ્ય પડ્યો જ વચ્ચે;
દેખે ન મેઘ અવનિ, અવનિ ન મેઘ.
એ મેઘ તો ય પુરુષાર્થ ઘણો રચે છે,
ઉરે જમાવી રસ, ગર્જનને કરે છે.
એ ગર્જના કરી પ્રતિધ્વનિને સુણે છે,
ને કૃષ્ણકાય યમ સૌ સુણતો ધ્રૂજે છે.
સુણી પતિતણી ગંભીર જ વીરહાક,
આલ્હાદ પૃથ્વી ધરતી, ત્યજતી વિષાદ;
અત્યન્ત તેજ રસશ્યામ ધરે પયોદ;
તે પૃથ્વી પહોંચતું ચીરી પટ અન્ધ સન્ધો!

— સ્નેહમુદ્રા, કાંડ ૮૨ (શ્લોક ૩૮-૪૦)

૧ . *अन्यदाभूषणंद पुंसां क्षमा लज्जेव योषिताम्।*
पराक्रम: परिभवे वैयात्यं सुस्तेव्विव।। - **માઘ**

૨ . વારસ

૩ . *जल्पतोरक्रमेण* - ઉત્તરરામચરિત.

૧ . પંચતંત્રનો ‘શેખચલ્લી’

૧ . ॐ *प्रतिपदसि प्रतिपदं त्वानुपदस्यनुपद त्वा संपदेसि संपद त्वा तेजोसि तेजसे त्वा ||* સપ્તાચલપૂજનનો મંત્ર

૨ . વનપર્વ,અધ્યાય ૧૫૧, શ્લોક ૧૫-૧૮.

૧ . મન્વંતર = મનુનું વય, ને બ્રહ્માના દિવસનો એક અંશ.

૨ . સ્નેહમુદ્રા કાંડ ૮૭ (૧૪-૨૨).

૪૦ ન્યાયધર્મની ઉગ્રતા ને સંસારના સપ્રત્યયની કોમળતા

निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु

लक्ष्मी: समाविशतु गच्छतु वा यथेष्टम् /

अद्यैव वा मरणमस्तु युगान्तरे वा

न्याय्यात्पथ: प्रविचलन्ति पदं न धीरा:// - **भर्तृहरि**

Flat Justitia ruat caelem! (Justic shall be done though the heavens fall!)- A Maxim of Law

'એ તો જ્ઞાન મને ગમતું નથી! ઋષિરાયજી રે'

- પ્રેમાનંદ: સુદામાચરિત

ચંદ્રકાંતને મળનાર સાધુજન પાછો ચંદ્રકાંતને મળ્યો ને તેમના સંકેત પ્રમાણે તે ગયો ને તે વાતમાં પોતાને જિજ્ઞાસા ન હોય એવું પોલીસના ઉપરી સરદારસિંહે દર્શાવ્યું. ચંદ્રકાંત, ચાર પાસનો દેશ જોવા જાય છે એવું પ્રસિદ્ધ કરી; પાછલે પહોરે નીકળી વિદ્યાચતુરની એક ગાડીમાં ગયો, અને તેને સુન્દરગિરિની પૂર્વ તળેટીમાં એક થાણામાં રાખી એક માંચીમાં બેસી ઉપર ચડવાનું હતું ત્યાં આગળ રસ્તામાં પોતાની સાથે સંકેત કરનાર સાધુએ એની જોડે મળવાનો સંકેત કર્યો.

જે સાંજે ચંદ્રકાંત રત્નનગરીથી નીકળ્યો તે પછીને પ્રાત:કાળે થોડી વાર પછી વિદ્યાચતુરે પોતાના ભવનમાં પોતાના ખંડમાં ગુણસુંદરીને બોલાવી. આરામખુરશી ઉપર તે પડ્યો ને સામે ખુરશી પર ચિન્તાતુર ગુણસુંદરી બેઠી.

'ગુણિયલ! સરસ્વતીચંદ્રસો એ નવાણું વસા વિદ્યમાન છે. પણ તે સાધુ થયા છે ને વિષ્ણુદાસ બાવાના મઠમાં છે. હવે આપણે તેમની આશા રાખવી વ્યર્થ છે.'

ગુણસુંદરી — 'મા વિનાના એ બાળકને પાછા સંસારમાં આણવાને મા જોઈએ. એમના દુ:ખથી હદ વળી! હું કુમુદનું દુ:ખ ભૂલવા જાઉ છું ત્યાં કુસુમનું દુ:ખ ઊભું થાય છે ને તે ભૂલું છું ત્યાં સરસ્વતીચંદ્રનું દુ:ખ કાળજું વીંધી નાંખે છે. આપ આજ્ઞા આપો તો બાવાજીના મઠમાં જઈશ ને મારું મોં બાવાજી કે એ બેમાંથી કોઈ નહીં તરછોડે.'

વિદ્યાચતુર — ' કુસુમનો લોભ તને ભુલાવતો નથી?'

ગુણસુંદરી — 'તે ભૂલવતો હશે તો ભુલાવવા દ્યો. જે વાતમાં કાંઈ હાનિ નથી ને લાભ કોઈ પણ અંશે થાય એમ હોય તો તે કામ કરવું જ. મારું હૈયું એમ કહે છે કે મારાં આંસુ એ જોઈ નહીં રહે.'

વિદ્યાચતુર — 'પણ તેમને ઘેર આણી તું શું કરવાની હતી? તેમને ત્યાં જ સુખ હશે ત્યારે?'

ગુણસુંદરી — 'આપ શું બોલો છો તેની મને કંઈ સમજણ પડતી નથી.'

વિદ્યાચતુર — 'હું તને કંઈ વિચિત્ર સમાચાર કહું, પણ તે તું કેવી રીતે સાંભળી શકીશ તે મારાથી સમજાતું નથી ત્યાં સુધી મારું બોલ્યું તારાથી સમજાવાનું નથી.'

ગુણસુંદરી - 'મને જે હોય તો કહી દ્યો. આટલાથી ન ફૂટેલા કાળજાને હવે ઘા યે વાગવાના નથી.'

વિદ્યાચતુર — 'મારી જીભ ઊપડતી નથી.'

ગુણસુંદરી — 'હા! આ પણ એક નવો અનુભવ કે મારી સાથે આપ ભેદભાવ રાખો છો. આ ભેદભાવ મારા કાળજાને જેટલું વલોવે છે તેટલું આપે કહેવાના સમાચારથી નહીં વલોવાય. સ્ત્રીજાતિ અબળા છે — સ્વામીની પ્રીતિ છતાં પણ અનાથ છે — તે હું આજ સમજી.'

વિદ્યાચતુર — 'કુમુદ જીવતી છે -'

'હેં!' — ગુણસુંદરીએ મલકાઈને ઉદ્‌ગાર કર્યો.

વિદ્યાચતુર — 'ઘણું કરીને છે.— ને સરસ્વતીચંદ્રની પાસે જ તે છે.'

ગુણસુંદરીનું મોં લેવાઈ ગયું. તેણે ઉત્તર ન દીધો. નીચું જોઈ રહી ને નેત્રમાંથી આંસુનાં મોટાં બિન્દુ ટપકવા લાગ્યાં.

વિદ્યાચતુર — 'તને આ સમાચારથી શું થશે તે હું જાણતો હતો માટે જ અચકાતો હતો. હવે તારા હૃદયમાં સરસ્વતીચંદ્રનો કેટલો લોભ છે ને કુસુમનું શું કરવું છે તે કહે.'

ગુણસુંદરીનાં આ આંસુ ઊડી ગયાં દેખાયાં ને સાટે તેમાં ક્રોધની રતાશ દેખાઈ ને એ રતાશ ઉપર ક્રોધનાં નવાં આંસુ લોહીની તસરોવાળાં દેખાયાં.

'હું જાઉં છું! હવે મારે કાંઈ કહેવાનું નથી. આપને ઠીક લાગે તે કરો ને જેને જે ગમે તે કરે. કુમુદની સુવાવડમાંથી હું ઊઠી એ જ ખોટું થયું. હવે જીવવાં સાં ને જોવાં સાં? હું જાઉં છું. એ દીકરીને તમે બાપ. હું છૂટી ને છૂટીશ.'

ગુણસુંદરી ઊઠી અને દ્વાર ભણી ક્રોધના વેગથી ચાલી. વિદ્યાચતુર તેવા જ વેગથી એની પાછળ ચાલ્યો ને એને બાથમાં લઈ એક ટેબલ પર બેસાડવા લાગ્યો.

‘ગુણિયલ! ક્રોધનો કાળ નથી. આ વાતમાં તું જ શાંત થઈ મને આશ્રય અને અભિપ્રાય નહીં આપે તા કોની પાસે હું આ વાત કરીશ? આપણી પ્રતિષ્ઠા અને આપણો ધર્મ અને આપણે પેટે જન્મેલાં બાળક! — તેની વ્યવસ્થામાં શું તારા ધર્મસહચારનો લાભ મને નહીં મળે?’

ગુણસુંદરી — ‘હવે તે શું કરવાનું હતું? પ્રતિષ્ઠા પાણીમાં પડી ધર્મ ધોવાઈ ગયો, ને આપણી અપ્રતિષ્ઠા જોવામાં સહચાર જ છે સ્તો! હવે આપ પ્રધાનપદ છોડી દ્યો ને બે જણ કાશીવાસ કરી આ સંસાર આગળથી મોઢું સંતાડી ચાલ્યાં જઈએ.’

વિદ્યાચતુર — ‘આપણી કલ્પના મિથ્યા કેમ ન નીવડે? વિષ્ણુદાસબાવાની છાય!માં કદી અધર્મ કે અનાચાર થયો નથી ને જીવતી નીકળેલી કુમુદને સરસ્વતીચંદ્રે કેવળ ધર્મનો આશ્રય આપ્યો હોય તો તેમાં કંઈ અશક્ય છે?’

ગુણસુંદરી કંઈ નરમ પડી. ‘એમ પણ હોય. પણ જગત કેમ માનશે?’

વિદ્યાચતુર — ‘આપણે માનીશું તો જગત પાસે પણ મનાવીશું.’

ગુણસુંદરી — ‘આપણે માનવાનો કાળ પણ આવે ત્યારે આવે.’

વિદ્યાચતુર — ‘જો આપણાં હૃદય વિશુદ્ધ જ છે ને આપણો સ્નેહ સત્ય જ છે તો આપણી કુમુદનું હૃદય અન્ય સંસ્કારોથી ભરાવાનો સંભવ બહુ જ ઓછો છે.’

ગુણસુંદરી —’આપણાં જે હૃદયે વિશુદ્ધિને પોષી છે તે જ હૃદયે દૃઢ સ્નેહને પણ પોષેલો છે. કુમુદના હૃદયમાં આપણે જ આપણા જેવો સ્નેહ અતિઉત્સાહથી સફળ થઈ ભરેલો તેને ત્યાંથી સરવાને અને નિષ્ફળ કરવાને પ્રમાદધન જેવાની શક્તિ ક્યાંથી હોય?’

વિદ્યાચતુર — ‘એ પણ સત્ય છે. “નવીનચંદ્ર” નામના બુદ્ધિધનભાઈના અતિથિની વાતો સાંભળી છે તે તારી કલ્પના સાથે મળતી આવે છે.’

ગુણસુંદરી — ‘લોક કહે છે તે ખરું યે હોય ને ખોટું યે હોય. પ્રમાદધનની પોતાની કટેવોએ આ રાંક જાતને માથે અપવાદ આણ્યો હોય તો સંસારને જરી જરીમાં આવી વાતો સાચી માનવાની ટેવ ક્યાં નથી? સૌભાગ્યદેવીએ આ વાત સાચી માની નથી ને નવીનચંદ્રને કોઈએ હીન વચન કહ્યું નથી. છતાં અપવાદ સાંભળી તેમણે સુવર્ણપુર છોડ્યું. પણ જો અપવાદ સાચો હોય તો એ અપવાદને પણ ગાંઠે નહીં ને સુવર્ણપુરને પણ છોડે નહીં. રાતદિવસ ઘરમાં રહેનારાં સતી સૌભાગ્યદેવીથી એ વાત છાની રહે નહીં ને તેમણે જાણી હોય તો કુમુદને માટે કલ્પાંત કરવામાં જ દેહને પાડે નહીં. બુદ્ધિધનભાઈને ઘેર કુમુદનાં પગલાં દૂધે ધોવાયાં છે. એણે આ અપવાદ ન સહેવાતાં જ જળશાયી કરી હોય તે સંભવે છે. માત્ર વહેમ એટલો રહે છે કે આપ કહો છો તેમ તે જીવતી હોય તો સરસ્વતીચંદ્રને

સમજાવીને આપણે ઘેર લાવ્યા વિના અને જાતે પાછી આવ્યા વિના રહે નહીં.'

વિદ્યાચતુર — 'તેમ કરી શકવા જેટલો સંપૂર્ણ અવકાશ તેને ન મળ્યો હોય.'

ગુણસુંદરી — 'તેમ કરવામાં ખોટો અપવાદ ખરો કરવાની પણ બીક એને લાગતી હોય.'

વિદ્યાચતુર — 'હોય.'

ગુણસુંદરી — 'આપ આજ્ઞા આપો તો હું જ સુન્દરગિરિ ઉપર જાઉં.'

વિદ્યાચતુર — 'શા નિમિત્તે તું ત્યાં જઈશ?'

ગુણસુંદરી — 'કુસુમને એ સ્થાનોમાં મોકલવાનું કહેલું છે તેને સાથે લઈ હું અને સુન્દરભાભી જઈએ.'

વિદ્યાચતુર — 'પણ લોકાપવાદ ખરો હશે તો?'

ગુણસુંદરી — 'ખરો હશે તો આપણું ભાગ્ય ફૂટ્યું ને મારી અક્કલને આગળા દેવાયા સમજજો.'

વિદ્યાચતુર — 'તને કંઈક યથાશક્તિ વિદ્યા આપી છે તેમાંથી આથી વિશેષ ફળની આશા રાખું છું.'

ગુણસુંદરી — 'આપે તો ઘણી આપી પણ મારી અબુદ્ધિમાં તે સમાઈ નથી.'

વિદ્યાચતુર — 'તારી બુદ્ધિ ભવ્ય છે. માત્ર તે દુ:ખના આવરણથી ચંપાઈ ગઈ છે.'

ગુણસુંદરી — 'એમ હો. તોપણ તે આપને તો કામ લાગે એવી નથી.'

વિદ્યાચતુર — 'તરવાર યુદ્ધમાં કામ લાગે ને તારા જેવીની વિદ્યા અને બુદ્ધિ આવે કાળે કામ લાગે. ગુણિયલ! જે કાર્યથી મારે મણિરાજ મહારાજનું પ્રધાનપદ છોડવાનો વારો આવે છે તે કાર્યના વિચારમાં — પ્રધાનપદ છોડી માત્ર સામાન્ય મનુષ્ય થઈ તારા આશ્રય ઉપર જ આધાર રાખવાનો કાળ આવે છે તેવા પ્રસંગમાં — મારી ગુણિયલની બુદ્ધિ અને વિદ્યા મને કામમાં નહીં લાગે ત્યારે વિદ્યાચતુરનું પોતાનું માણસ બીજું કોઈ રહ્યું નહીં.'

ગુણસુંદરી — 'સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ. મહાકાર્યમાં આપે સ્ત્રીની બુદ્ધિએ ચાલવું ઘટતું નથી.'

વિદ્યાચતુર — 'લોક તેમ માને છે. પણ આપણાં હૃદય જુદી બુદ્ધિથી સંધાયાં છે તેને તોડવાને શું મારી ગુણિયલનું કાળજું કહ્યું કરે એમ છે?

ગુણિયલ! મારા કુટુંબમાં જયારે અનેકધા ક્લેશ અને દુ:ખ હતાં ને મારી પેટીમાં જયારે પાઈની છત ન હતી ત્યારે ગુણિયલની ઉદાર બુદ્ધિએ મારી અને મારા કુટુંબની સંભાળ લીધી છે ને મને આ મહાન પદને પહોંચવાને સમર્થ કર્યો છે! તે દિવસ તું મારી હતી ને હું તારો હતો. આજ શું તે સંબંધ મટી ગયો? ને તું મારી હવે નહીં?'

ગુણસુંદરી વિદ્યાચતુરને ખભે માથું મૂકી રોઈ પડી ને રોતી રોતી કહેવા લાગી:

'પ્રાણનાથ! ક્ષમા કરો! હું કૃતઘ્ન થઈને આપનો મહાન અપરાધ કર્યો. દુ:ખે મારી બુદ્ધિને ડહોળી નાખી ને આપે હવે તેને નિર્મળ કરી. આપ બોલો તે સાંભળવા ને શૂદ્ર બુદ્ધિથી જે બનશે તે કરવા હું સજજ છું. હું સત્ય કહું છું કે —કુમુદ, કુસુમ ને સંસાર એ સર્વને તુચ્છ ગણી હું આપનામાં જ ચિત્ત પરોવીશ. આપને શાને પ્રધાનપદ છોડવા કાળ આવે છે?' માથું ઊંચું કરી ગુણસુંદરી સામી બેઠી.

વિદ્યાચતુંર — 'તું સજજ છે તો મારા હૃદયના સર્વ પડદા દૂર કરી વાત કરું છું તે સાંભળી લે. કુમુદનો અપવાદ અસત્ય હશે તો તો કાંઈ દુ:ખ છે જ નહીં — મારી શ્રદ્ધા છે કે તું, સુન્દર અને ચંદ્રકાંત મળી સરસ્વતીચંદ્રને પલાળી શકશો ને કુસુમનું ભાગ્ય ઊઘડશે. ફ્લોરા અને કમલારાણીજી પાસે આશ્રય શોધીશું. તે નહીં ફાવે તો કુમુદની ઇચ્છાથી અવળી ચાલે એટલું કુસુમના હૃદયનું ગજું નથી. પણ લોકોનો અપવાદ ખરો હોય તો મેં ઘણા સૂક્ષ્મ વિચાર કરી મારા ધર્મને માર્ગે પ્રવર્તવા નિશ્ચય કર્યો છે. સરસ્વતીચંદ્ર ઉપરથી કુમુદનું હૃદય દૂર થઈ શક્યું ન હોય તો દોષ કોનો? સર્વથા આપણો. આપણા દોષનું ફળ ચાખતાં આપણે ડરવું ન જોઈએ. આપણા દોષનાં વિષફળ બીજાને ચાખવાં ન પડે એવું કરવું એ આપણો ધર્મ છે. અન્ય સંસારથી કંટાળી આત્મહત્યા કરવા જતાં જીવતી રહેલી કુમુદ પોતાની વિધવાવસ્થામાં સરસ્વતીચંદ્રના આશ્રયથી જ સુખી થવા ઇચ્છતી હોય તો તેમાં વિઘ્ન નાખવું નહીં પણ સાહાચ્ય આપવું એ આપણો ધર્મ છે એવું હું માનું છું, અને સર્વ સુધરેલા દેશો તો એને કેવળ ધર્મ નહીં પણ માતાપિતાની ખરી પ્રીતિની કસોટી માને છે — તે તારાથી ક્યાં અજાણ્યું છે? કુમુદના દુ:ખી જીવનને માટે સુખનો જો એ જ માર્ગ હશે તો આપણે તે લેવો — ગુણિયલે તે આપવામાં મારી સાથે ભળવું — એ હું ઇચ્છું છું. મેં તને વિદ્યા આપવા પ્રયત્ન કરેલો છે તે આવા ધર્મના બોધને માટે.

હું જાણું છું કે આ કાર્યમાં અપકીર્તિ છે, આપણા લોકનું બીજી રીતે કલ્યાણ કરવાને આપણે આ કાર્યને લીધે અશક્ત થઈશું, અને આ કાર્ય કરી મહારાજના પ્રધાનપદમાં રહેવું તે મહારાજને ગૂંચવાડામાં નાખવા જેવું છે. એમની પ્રજા આ કાર્યનું અભિનંદન નહીં કરે અને મને ભ્રષ્ટ ગણશે. પ્રજા જેને ભ્રષ્ટ ગણે એવા મનુષ્યને અધિકારથી દૂર કરવો એ મહારાજનો ધર્મ છે. એ ધર્મનો મહારાજને બોધ કરવો એ મારો ધર્મ છે. એ ધર્મ હું

પાળીશ ને કુમુદને સુખી કરવાનો આવો ધર્મ પ્રાપ્ત થશે તો પ્રધાનપદનો ત્યાગ પરમ સંતોષથી કરીશ — તે પછી હું અને તું બે જણનો જ સહવાસ રહ્યો તે સહવાસનો તું મને અધિકારી ગણીશ તો!

એ પ્રસંગ આવશે તો કુસુમનો અભિલાષ પણ હું પૂર્ણ કરીશ. એની ઇચ્છા હશે તો મોહનીમૈયાના પરિવ્રાજિકા મઠમાં યોગ્ય વ્યવસ્થાથી તે રહેશે, મરજી હશે તો હું એને યુરોપ અમેરિકામાં કુમારિકાઓને અભ્યાસમાં અને પરમાર્થમાં જીવન ગાળવાનાં સ્થાન છે ત્યાં મોકલીશ, ને મરજી હશે તો સ્વતંત્ર મુંબઈનગરીમાં રહી નીતિ, પરમાર્થ અને વિદ્યાનું સેવન કરવામાં આયુષ્ય ગાળવાની એને અનુકૂળતા કરી આપીશ. એ કાર્યને અંગે પણ પ્રધાનપદ છોડવું પ્રાપ્ત થશે.

ગુણિયલ! ધર્મને નામે પ્રચાર પામેલા લોકાચારથી દોરાઈ આપણે એક વાર કુમુદને કૂવામાં નાખી! એની સ્વતંત્રતાનો નાશ કર્યો! એને અધમ પુરુષના કર-પંજરમાં પૂરી દીધી. એ સર્વથા પાપ થયું — મહાપાપ થયું. હવે એ પાપ ફરી કરવાની મારી વૃત્તિ નથી. જે અધ્યાત્મદૃષ્ટિથી મનુષ્યમાત્રને વૃદ્ધ મહારાજ જોતા, જે અધ્યાત્મદૃષ્ટિથી તેમને જોવાનો બોધ આટલી વાર સુન્દરગિરિના સાધુજનોને મુખેથી આપણે સાંભળ્યો છે, તે દૃષ્ટિથી જોતાં પૂર્વ અને પાશ્ચાત્ય બુદ્ધિનો સંગમ થાય છે અને એ સંગમસ્થાન આગળના પ્રવાહમાંના પાણીમાં જોતાં જે ભૂમિ પર પથ્થર જેવાં પાપ છે ત્યાં આપણે સંચાર નહીં કરીએ. જો લોકાપવાદ સત્ય હોય તો કુમુદનું સરસ્વતીચંદ્ર પાણિગ્રહણ કરે એ જ યોગ્ય છે ને યોગ્ય વર વિનાની તેમ કૌમારવ્રતની અભિલાષિણી કુસુમનો અભિલાષ સિદ્ધ થાય તે જ યોગ્ય છે. તે જ બે આપણા બેના ધર્મ છે.

તો એ ધર્મના આચારમાં બીજો શો અંતરાય છે? પ્રધાનપદની વાસનાને લીધે શું આ ધર્મ ત્રુટવો ઘટે છે? લોક ગમે તે માનતા હશે પણ કામન્દકીને મુખે પવિત્ર ભવભૂતિએ અધિકારના લોભી પિતાઓના સ્નેહનું વર્ણન કરાવ્યું છે તે તને લક્ષ્યમાં હશે.

गुणापेक्षाशून्यं कथमिदमुकान्तमथवा

कुतोऽपत्यस्नेहः कुटिलनयनिष्णातमनसाम्।

इदं त्वैदंपर्यं यदुत नृपतेर्नर्मसचिवः

सुतादानान्मित्र भवतु स हि मे नन्दन इति //[१]

ગુણિયલ! પ્રધાનપદના લોભથી તો શું પણ સંસારમાં કોઈ પણ પદાર્થના લોભથી અથવા રાજા કે માતાપિતા કે દેશ કે કોઈને પણ પ્રસન્ન કરવાના લોભથી જે માતાપિતા પુત્રીનું વિવાહમાં દાન કરે છે તેમનો અપત્યસ્નેહ શૂન્ય ગણવો અને તેમણે પુત્રી પ્રતિના પોતાના ધર્મમાં ધૂળ ભેળવી સમજવી! પુત્રીનું દાન કરતાં પુત્રીના સ્વાર્થ વિના બીજો સ્વાર્થ કે

બીજો લોભ રાખે છે તે માતાપિતારૂપે શત્રુ જ સમજવાં તેવા પિતાને માથે માલતીના જેવા નિ:શ્વાસ ભમ્યાં કરે છે ને કહે છે કે — 'ઓ પિતા! તમને અન્યનું આરાધન પ્રિય છે — તમારી પુત્રી પ્રિય નથી!' [૨] - 'ઓ તાત! તમે પણ આવા છો તો સર્વથા ભોગતૃષ્ણા જ જય પામી છે!' [3] ગુણિયલ! નક્કી તું મારા પ્રધાનપદને આપણી પુત્રી કરતાં ને આપણા ધર્મ કરતાં અધિક નહીં ગણતી હોય.'

ગુણસુંદરી — 'સત્ય જ કહો છો! પ્રધાનપદ ને વૈભવની વાસનાથી પ્રિય ગણવાનું કહું તો તો આપ કહો છો તે દોષ આવે જ. પણ મહારાજ પ્રતિ — રાજ્ય પ્રતિ — આપનો ધર્મ છે ને પુત્રી પ્રતિ પણ છે ને તે બે વચ્ચે વિરોધ આવે ત્યારે મોટા ધર્મ આગળ નાનાનું બલિદાન કરવું એ ધર્મ શું પ્રાપ્ત થતો નથી?'

વિદ્યાચતુર — 'એ પ્રશ્નનું સમાધાન પણ એ જ કવિએ કરેલું છે. પુત્રીનું કલ્યાણ કરવામાં પોતાની શક્તિની ન્યૂનતાનું બલિદાન થયેલી પુત્રીની પાછળ અગ્નિમાં પડવા માંડતા પિતાએ પોતાને ચરણે પડેલા રાજાની પણ અવગણના કરી અને તે જ અવગણના કરનારા પિતાએ પુત્રીની સુસ્થિતિ સાંભળી તે વધામણીને રાજાએ કરેલા ચરણપાત કરતાં અધિક ગણી. [૧] ગુણિયલ! એક જણની પ્રતિ ધર્મ કરવાને માટે બીજાની પ્રતિ અધર્મ કરવો પડે ત્યારે એમ જ સમજવું કે જેને આપણે ધર્મ ગણીએ છીએ તે અધર્મ જ છે! માતાપિતા કે દેશ કે લોકસમસ્ત — સર્વના કલ્યાણ કરતાં પણ એક નાના સરખા આપણા બાળક પ્રતિનો આપણો ધર્મ નાનો છે એવી બુદ્ધિ દૂષિત છે. સામા મનુષ્યોની સંખ્યાથી કે તેમના ગૌરવથી તેમના પ્રતિના ધર્મ મપાતા નથી! સર્વ લોકના કલ્યાણને માટે પણ અસત્ય બોલવું પડે કે ચોરી કરવી પડે તો તે કરવું અધર્મ મટી ધર્મરૂપ થતું નથી. ધર્મનું આચરણ કરવામાં અથવા અધર્મથી દૂર રહેવામાં પ્રાણીમાત્રનો સંહાર વળી જતો હોય તો તે થવા દેવો એ જ ધર્મ છે. શ્રુતિ અને સ્મૃતિ, જ્ઞાન અને ભક્તિ, વ્યવહાર અને પ્રીતિ, સર્વ આવા ધર્મના આગળ ક્ષણિક અને ક્ષુદ્ર છે.'

ગુણસુંદરી — 'જો એમ છે તો સ્ત્રીઓને વૈધવ્યના ભયમાં આણી વીરપુરુષો દેશના કલ્યાણ માટે યુદ્ધમાં મરવું ઉત્તમ કેમ ગણે છે? સ્ત્રીનું સૌભાગ્ય સાચવવું એ શું પતિનો ધર્મ નથી? અનાથ બાળકોને સંસારમાં એકલાં મૂકી જતાં અટકવું એ શું ધર્મ નથી? તો એ સર્વ ધર્મનો ભંગ કરી વીરપુરુષો યુદ્ધના ધર્મની પ્રશંસા કેમ કરે છે? બે દીકરીઓને કારણે આપ પ્રધાનપદ છોડો ને રાજ્યનું અકલ્યાણ થાય અને મહારાજ પ્રતિ કૃતઘ્નતા થાય એ કામ પ્રધાનપદના અધિકારીની બુદ્ધિને છાજતું હોય એવું મને દેખાતું નથી. પછી મારી સ્ત્રીબુદ્ધિને લીધે જ મને આમ લાગતું હોય તો ઈશ્વર જાણે.'

વિદ્યાચતુર — 'તારી બુદ્ધિ સૂક્ષ્મ છે તેથી જ આ પ્રશ્નોને દેખે છે. એ પ્રશ્નો જેવા સગર્ભ છે તેવું જ તેમનું સમાધાન છે. ગુણિયલ! ધર્મ ક્રિયારૂપ નથી પણ ક્રિયાનું કારણ છે. જે ક્રિયા કર્તવ્ય થાય છે તે ક્રિયામાં ધર્મ રહેલો નથી, પણ આપણા મનમાં એવી બુદ્ધિ થાય કે આ કર્તવ્ય છે ને આ નથી ત્યારે આપણે તે ક્રિયા કરીએ છીએ કે નથી કરતાં; માટે એ બુદ્ધિ એ ક્રિયાનું કારણ છે. એ બુદ્ધિ સુવિદિત શુદ્ધ સત્ય ધર્મને અનુસરે ત્યારે ધર્મસ્થ ગણવી. આપણી ક્રિયાઓ ત્રણ પ્રકારની છે, આપણે કોઈ પદાર્થનો ત્યાગ કે અસ્વીકાર કરીએ છીએ, અન્ય જીવોને સુખદુઃખ કરીએ છીએ, અને આપણા જીવનની અધોગતિ કે ઉન્નતિ કરીએ છીએ. આપણા જીવનનાં સુખદુઃખ તો આ ત્રણે ક્રિયાઓથી થાય છે માટે તે જોવાનાં કે જુદાં ગણવાનાં નથી. ત્રણે ક્રિયાઓને અંગે આપણે સુખદુઃખ પામીએ તેને પ્રારબ્ધફળ ગણી લઈ લેવાં — આ પવન જેવો આવે તેવો આપણે સંસ્કારી લઈએ છીએ તેમ.

જ્યારે આપણાં પોતાનાં મન કે શરીર પોતાને માટે કોઈ પદાર્થનો ત્યાગ કે સ્વીકાર કરે ત્યારે તું કહે છે તેવા ધર્મવિચાર પ્રાપ્ત થાય છે. જેમાં આપણી મમતા છે, જેમાં આપણી અહંતા છે એ સર્વ પદાર્થનો ત્યાગ કે સ્વીકાર કરતાં ફળનો વિચાર યોગ્ય છે કે આ મારા ત્યાગથી માતાપિતાને લાભ છે અથવા દેશને લાભ છે અથવા પારકા જીવને લાભ છે. જ્ઞાતિભોજનનું વ્યય કરતી વેળા આપણે સ્વતંત્ર છીએ તેનું કારણ પણ એ કે એ ક્રિયા ધર્મ વિચારની આ કોટિમાં [૨] આવે છે.

આ પ્રમાણે પોતે ત્યાગ કે સ્વીકાર કરી અન્ય જીવોને સુખ આપવું એ આપણો અધિકાર છે. પણ કોઈ જીવને દુઃખ દેવું કે તેનું અકલ્યાણ કરવું તો શું પણ તેની ઇચ્છાવિરુદ્ધ માર્ગે તેનું કલ્યાણ કરવા પ્રયત્ન કરવો, એ સર્વ ક્રિયાઓને માટે સામાન્ય રીતે આપણો અધિકાર નથી.

પારકા જીવને દુઃખ દેવું કે તેને અજ્ઞાત પણ હાનિ કરવી એ ક્રિયાનો ધર્મ તો લોકવ્યવસ્થાના અધિકારીને જ પ્રાપ્ત થાય છે. સંસારની વ્યવસ્થાઓ સામાન્ય રીતે રાજાઓના અને તેમણે સ્વીકારેલા અધિકારીઓના અધિકારની વાત છે. માતાપિતા પુત્રાદિક ઉપર અધિકાર વાપરે છે તે પણ રાજાએ આપેલા જ અધિકારથી. રાજાએ જ્યાં આજ્ઞા કે નિષેધ કાંઈ ન કર્યું હોય પણ માત્ર અધિકાર આપ્યો હોય ત્યાં અધિકારીએ સામા જીવનું કલ્યાણ ઇચ્છી ક્રિયા કરવાની છે — એ વિના સર્વ વિષય અને વિચાર તેના અધિકારથી બહાર છે. સેનાધિપતિ અને ન્યાયાધીશ પોતાના અધિકારના વિષયનું જ કલ્યાણ ઇચ્છી અન્ય જીવોને દુઃખ કરે છે અને તેમનાં શરીરને મૃત્યુવશ કરે છે તે ક્રિયાઓથી થતાં સુખદુઃખ વિચારવાનો તેમને અધિકાર નથી; તેમનો અધિકાર માત્ર એટલો જ કે સેનાધિપતિએ અમુક માર્ગે વિજય મેળવવો અને ન્યાયાધીશે ન્યાય કરવો. રાજાને પણ લોકવ્યવસ્થાને માટે જ ઈશ્વરે અધિકાર આપેલો છે તે છોડી

અન્યથા કામ કરે ને પ્રજાને દુ:ખ થાય ત્યારે રાજાને સ્વમાર્ગે આણવાને માટે પ્રજા છે, અને પ્રજા વિમાર્ગે ચાલે ત્યારે તેને માથે રાજા છે. આ સર્વ પ્રશ્નોમાં માત્ર લોકવ્યવસ્થાને માટે યોગ્ય સ્થાનમાંથી પ્રાપ્ત થયેલા અધિકારને અને અધિકારના વિષયનો વિચાર છોડી બીજો કાંઈ વિચાર કરવાનો નથી. જેની બુદ્ધિ પહોંચતી નથી તેને માર્ગ દર્શાવવાને પ્રાચીન શાસ્ત્રો, અર્વાચીન મહાત્માઓ અને આસપાસના મહાજન છે. જ્ઞાતિના અજ્ઞાનીજનોને માટે જ્ઞાતિ એક જાતનો મહાજન છે. બાળકને માટે માતાપિતા મહાજનતુલ્ય છે. બાળકનાં વય, બુદ્ધિ અને વિદ્યા વધે તેમ તેના અધિકાર વધે છે ને માતાપિતાના ઘટે છે; તે જ રીતે જે મનુષ્યોની બુદ્ધિ અને વિદ્યા વધે છે તેમનો અધિકાર વધે છે અને જ્ઞાતિના, લોકાચારના, શાસ્ત્રના અને મહાત્માઓના અધિકાર ખસવા માંડે છે. દેશકાલની કાંઈક સ્થિતિ વિચારી પૂર્વકાળના વિદ્વાનોએ અને મહાજનોએ બાળલગ્ન અને વૈધવ્યસહનના આચાર પાડેલા તે કાયમ રાખવાનો તેમનો અધિકાર નવી વિદ્યા અને નવી બુદ્ધિના હાથમાં છે. મને મળેલો આ અધિકાર હું વેળાસર સમજ્યો નહિ અને એ અધિકાર મને હોય નહિ એમ વિશ્વાસે રહી કુમુદનું ભાગ્ય સુવર્ણપુરમાં મેં બાંધ્યું તે મારાથી અધર્મ થઈ ગયો, ને હવે મારી શક્તિ વિચારી મારો અધિકાર શોધી વેળાસર ચેતું છું તેથી હું મારો ધર્મ કરીશ. અધિકાર કોટિથી પ્રાપ્ત થયેલા આવા ધર્મને અંગે મારા પ્રધાનપદના ધર્મ વિચારવા એ મારા અધિકારમાં નથી. રાજ્યના સામાં હુકમનામાં કરતાં ન્યાયાધીશે ડરવાનું નથી તેમ પ્રધાનપદના અને રાજ્યહિતના વિચારમાં પડી કુમુદ-કુસુમ-ના જીવનનું અકલ્યાણ કે દુ:ખ રચવું તે મારા અધિકારથી બહારની વાત છે. કુમુદ રાજ્યાપરાધ કરી મહારાજના ધર્માસન આગળ આવે અને એને દેહાંતદંડની શિક્ષા કરવાનો મારે પ્રસંગ આવે ત્યારે મારો પિતૃધર્મ વિચારવાનો મને અધિકાર નથી; તે જ રીતે યુદ્ધમાં જનાર સેનાપતિએ સ્ત્રીપુત્રાદિકને માથે પોતાના મરણથી આવી પડનાર ભયના વિચાર કરવાનો પણ તેને અધિકાર નથી. આમાંનું એક કાર્ય અથવા કાર્યનું ફળ બીજા કાર્ય કરતાં મોટું કે નાનું છે માટે મોટું કરવું ને નાનું ન કરવું એ વિચાર અયોગ્ય છે. લોકવ્યવસ્થાના અધિકારીએ તો નાના કે મોટા પોતાના જેવા હોય તેવા અધિકારનો વિષય અને ધર્મ વિચારી ક્રિયામાં પ્રવૃત્ત થવાનું છે.

અને જ્યાં જીવાત્માના આત્મધર્મના વિચાર પ્રાપ્ત થાય ત્યાં તો આ અધિકારનો પણ પ્રશ્ન અનુચિત છે. પ્રત્યેક જીવાત્માનો ઉત્કર્ષ થાય તો તે સર્વ જીવોનું કલ્યાણ છે. એક જીવના અધર્મથી સર્વ જીવનું કલ્યાણ થતું હોય તો કલ્યાણમાં અકલ્યાણનું બીજ રોપાયું ગણવું. એ જીવના ધર્મથી અનેક જીવોને દુ:ખ થતું હોય તોપણ તે જ માર્ગે સર્વનો ઉત્કર્ષ ગણવો. સર્વભૂતાત્મક પરમાત્માના અંશરૂપ જીવાત્માનો અભેદ માનો કે સર્વ જીવોના ભિન્નભાવ માનો તોપણ સર્વના ધર્મથી થયેલો સર્વનો ઉત્કર્ષ જ કલ્યાણરૂપ છે. પોતે અધર્મ કરે છે તેથી જગતનું કલ્યાણ થશે એવું

માનનાર જીવ મૂર્ખ છે. કારણ સર્વ જગતને જોઈ શકવાની શક્તિ વગરનો ક્ષુદ્ર જીવ એ જગતનું કલ્યાણ ક્યાં છે ને ક્યાં નથી એ જાણવાની શક્તિ શી રીતે પામવાનો હતો? આવા દંભી મિથ્યાભિમાની જીવોએ સંસારને માથે અનેક અવ્યવસ્થાઓ અને વિપત્તિઓ આણી મૂકેલી ઇતિહાસમાં સુપ્રસિદ્ધ છે. ગુણિયલ! જે ક્રિયાથી જીવાત્માની પોતાની અધોગતિ છે સર્વથા વર્જ્ય છે, ને જેથી તેની ઉન્નતિ છે તે કર્તવ્ય છે, ને તેમાં કોઈ પણ અન્ય વિચાર કર્તવ્ય નથી.

ઈશ્વરે કુમુદનો જીવ આપણા અધિકારમાં સોંપ્યો. ઈશ્વરે નિર્મેલા સ્નેહની ગતિથી યોગ્ય વયે એ — નદી સમુદ્રમાં ભળે તેમ — પોતાના હૃદયના સ્વામીને ધર્મથી પ્રાપ્ત થઈ હોય તો તેમાં વિઘ્નરૂપ થવા મારો કે તારો અધિકાર નથી. અધિકાર વિનાની ક્રિયામાં પ્રવૃત્ત થઈ એ જીવને પરતંત્ર કરવો એ ક્રિયાથી આપણી અધોગતિ સમજવી. કોઈ જીવ આપણે પેટે બાળકરૂપે જન્મ્યો માટે તેને આપણી ઇચ્છા પ્રમાણે બંધનમાં નાખીએ એવો અધિકાર માતાપિતાએ ધારવાનો નથી. કુમુદ-કુસુમના જીવ હવે આમ સ્વતંત્ર છે. માટે તું અન્ય વિચાર અને દુ:ખ છોડી દઈ મેં દર્શાવેલા માર્ગનો શાંત વિચાર કરી લે.'

વિદ્યાચતુર બોલી રહ્યો ને થોડી વાર સુધી થાક્યો હોય તેમ ખુરસીમાં પડી રહ્યો ને માત્ર ગુણસુંદરીના સામું જોઈ રહ્યો. ગુણસુંદરી ઊંડા વિચારમાં પડી બોલ્યાચાલ્યા વિના, બેઠી હતી ત્યાં જ નીચું જોઈ બેસી રહી. અંતે ઊંચું જોઈ બોલી:

'ચંદ્રકાંત મુંબઈથી આવ્યા તેવામાં તેને સરસ્વતીચંદ્રને વિષયે આપે કઠણ વચન કહ્યાં હતાં. [૧] તે કાળે વૃદ્ધાચાર આપને પ્રિય હતો તે ઘણી થોડી વેળામાં અપ્રિય થઈ ગયો. આપે કરેલો બોધ અસત્ય છે એમ સિદ્ધ કરવા જેટલી મારી શક્તિ નથી. પણ જૂના સંપ્રદાયમાંથી નવામાં આપ આટલી વેળામાં જતા રહ્યા તેથી મને કાંઈ ભ્રાંતિ થાય છે.'

વિદ્યાચતુર — 'તેમાં તારો દોષ નથી. સરસ્વતીચંદ્ર ઉતાવળ કરી નાઠા અને કુમુદને હાનિ પહોંચી તે સહન કરવાની અશક્તિને બળે મને કાંઈક ક્રોધ થયો હતો, અને સરસ્વતીચંદ્રનો જ દોષ મારા હૃદયમાં વસી ગયો હતો. શાંત થયા પછી અને કુમુદ-કુસુમનાં હૃદય અને સુખદુ:ખ જાણી વિશેષ વિચાર કરતાં મને જે લાગ્યું તે તને અત્યારે કહી દીધું.'

ગુણસુંદરી — 'નાનપણમાં બાળક પરણાવવાનો પ્રાચીન કાળથી ચાલતો આવેલો સંપ્રદાય આપ હવે દુષ્ટ ગણો છો?'

વિદ્યાચતુર — 'લોકવ્યવસ્થા રચનારાઓએ આ પાળ દુષ્ટતાથી નથી બાંધી, પણ લોકહિતની જ બુદ્ધિથી દેશકાળની કંઈક પરીક્ષા કરી બાંધેલી હોવી જોઈએ. હાલમાં તે વ્યવસ્થાને બે પિતાઓ બદલી નાખવા જાય તા એકની પુત્રી દુ:ખી થાય ને બીજાની સુખી થાય. દ્રવ્યહીન, વિદ્યાહીન,

પક્ષહીન પિતાની રંક કે વિદ્યાહીન પુત્રીને આપણી જૂની વ્યવસ્થા તોડ્યાથી સુખ કરતાં દુ:ખ અનેકધા અસહ્ય થઈ પડે. નવી વ્યવસ્થાના અધિકારી કુટુંબમાં જન્મેલી બાળકી નવી વ્યવસ્થાથી દુ:ખ કરતાં સુખ વધારે પામવાની. સર્વ વાત શક્તિ અને અધિકારની છે. હું નવી વ્યવસ્થાથી પુત્રીઓને સુખી કરવા શક્તિમાન છું અને પુત્રીઓ સુખી થવાની વૃત્તિ તથા શક્તિવાળી છે એવું જાણવાની સાથે તેમને નવી વ્યવસ્થાનું જીવન આપવા હું અધિકારી થાઉં છું ને તેમ કરવું એ મારો ધર્મ થાય છે.'

ગુણસુંદરી — 'આપે વડીલોના અભિપ્રાય લીધા?'

વિદ્યાચતુર — 'સરદારસિંહે વડીલને પૂછ્યું; ને મહારાજે મામાને પૂછ્યું. આપણે આવો પ્રશ્ન પૂછીએ છીએ તેટલાથી જ મામાને આશ્ચર્ય લાગ્યું ને એવા પ્રશ્ન પૂછનારની વૃત્તિ મનગમતો ઉત્તર જ ઇચ્છે અને તે આપવો કે ન આપવો એ વિચારતાં પોતાની નિવૃત્તિમાં વિઘ્ન આવે માટે આ વિચાર મહારાજને અને મને જ સોંપ્યો, અને મહારાજનું અપમાન ન થાય માટે સ્મિત કરી કહ્યું કે 'હું હવે વૃદ્ધ થયો છું ને નવા યુગનું માહાત્મ્ય જોવું ઘણા કાળથી મેં મૂકી દીધું છે, માટે એ જોવું જુવાનમંડળને જ વધારે અનુકૂળ થઈ પડશે —રાજ્યનો કોઈ મોટો પ્રસંગ હોત તો હું નિવૃત્તિ તોડી અભિપ્રાય આપત; પણ નવા યુગનાં નાનાં મોટાં થયેલાં બાળકોના પરિપાકનો મને અનુભવ નથી ને તેના વિચારનો પણ મને અધિકાર નથી.'

ગુણસુંદરી — 'આ ઉત્તરમાં એમનો અભિપ્રાય જણાતો નથી?'

વિદ્યાચતુર — 'એ તો સ્પષ્ટ છે. પણ પિતાજીનો અભિપ્રાય જુદો થયો. તેમણે કહ્યું કે કાગડાના માળામાં મૂકેલી હંસી, કાગડો મરતાં હંસને શોધે તો એ એક જુવાનીનો વેગ છે. લોક પોતે પોતાની જુવાનીના વેગને અટકાવતા નથી પણ પારકાં બાળક એ વેગને અટકાવે એવું જોવાને ઇચ્છે છે. લોકના કહ્યા પ્રમાણે કરીએ તો બાળક દુ:ખી થાય ને બાળકના કહ્યા પ્રમાણે કરીએ તો લોક ચૂંટી ખાય. માટે ડાહી વાત એ છે કે લોક જેને મૂએલી જાણે છે તેને જીવતી કહી લોકની ભૂલ ભાંગવાને આપણે કંઈ બંધાયા નથી, માટે આ બે જણે સુન્દરગિરિમાં જે વાસ શોધી કાઢ્યો હોય ત્યાં તેમને નિરાંતે રહેવા દેવાં ને આપણે તેમની કુથલી કરવી નહીં ને લોકમાં થવા દેવી નહીં. મરેલાં ગણાતાં છોકરાં ભલે સુખી થાય ને લોકની આંખમાં ધૂળ નાખે. લોકને રીઝવી છોકરાંને મારવાં નથી ને લોકમાં સત્યવાદી થઈ કારભારને આંચ આવવા દેવી નથી. ગુણિયલ! આ એમના શબ્દેશબ્દ તને કહી દઉં છું.'

ગુણસુંદરી — 'સંસારને ધર્મથી પાળનાર મામાજીએ સંસારનું રક્ષણ કર્યું, ને સંસાર અને સંસારના ખેલને ઓળખનાર વડીલે એ સંસાર સાથે રમવાનો ખેલ બતાવ્યો.'

વિદ્યાચતુર — 'હવે તું કહે આપણે શું કરવું?'

ગુણસુંદરી — 'મેં કહ્યું છે તે પ્રમાણે અમને સર્વને સુંદરગિરિ ઉપર જવા દ્યો. લોકાપવાદ ખોટો હશે તો તો સર્વ સારાં વાનાં જ છે. લોકોનું કહેવું ખરું હશે તો મારાથી કાંઈ પુત્રીને અફીણ ઘોળી પવાવાનું નથી. જો એ પસ્તાશે અને ડાહી થશે તો આપણી જંઘા ઢાંકી એને તેડી લાવી બુદ્ધિધનભાઈને ઘેર મોકલી દઈશ ને તેમ નહીં થાય તો તો વડીલની સૂચના સ્વીકાર્યા વિના છૂટકો નથી. લોકાપવાદ હજી સુધી પ્રકટ નથી ત્યાં સુધી તેનો ઘા નિવારી શકાશે.'

વિદ્યાચતુર — 'વચલો માર્ગ પડતો જ મૂકજે.'

ગુણસુંદરી — 'જન્મારો સાપનો ભારો સાચવવા જેવું હવે એને સાચવવું વિકટ છે તે વિચારું છું ત્યારે હિંમત હારી જાઉં છું, ને વશે કે કવશે વડીલનું વચન પળાશે ને બાકીનું મારું દુ:ખી આયુષ્ય ગળાશે તેમ ગાળી પૂરું કરીશ એવું સૂઝે છે. આપે બતાવેલા ધર્મ મારી બુદ્ધિને સત્ય લાગે છે, અને આપને આપવા જેવો ઉત્તર મારી પાસે નથી, પણ મારા હૈયાની હોળી આપના બોધથી શાંત થાય એમ મને તો લાગતું નથી. આપ પુરુષ છો ને હું સ્ત્રી છું. શરીરમાં અને હૃદયમાં એટલો ભેદ તો બ્રહ્માએ ઘડ્યો તે હું શી રીતે ભાંગવાની હતી? માત્ર એટલી બંધાઉ છું કે આપનો બોલ મારા હૃદયમાં ઊતરશે તેટલો ઉતારવા પ્રયત્ન કરીશ અને પછી તો ઈશ્વર, આપ, અને આ મારું દુ:ખઘેલું હૃદય — ત્રણ જણ મળી જે કરો તે ખરું.'

વિદ્યાચતુર — 'એ કાંઈ ઓછું નથી. ઈશ્વર આવી વેળાએ પણ સામું જુએ છે ને જોશે.'

---

૧ . આ પિતાએ જમાઈના ગુણની અપેક્ષા રાખ્યા વિના આ વિવાહનો ઉપક્રમ કેમ કર્યો? અથવા તો કુટિલ રાજનીતિમાં ઝબકોળાયેલાં મનવાળા પુરુષોને પોતાના બાળક ઉપર શુદ્ધ સ્નેહ તે શાનો હોય? આ પિતાના મનનો સાર તો આટલામાં જ આવી ગયો છે કે મારી દીકરીના વિવાહથી રાજાનો નર્મસચિવ નંદન મારો મિત્ર થાય! — **માલતીમાધવ** .

૨ . *'राजाराधनं खलु तातस्य गुरुकं न पुनर्मालती.'*

3 . *हा तात त्वमपि नाम ममैवमिति सर्वथा जितं भोगतृष्णया॥*

૧ . *अविंगण्यय नृपं सहनन्दनम्*
चरणयोर्नमतमग्निमुखे पतन् /
सपदि भूखिसुविंनिवर्तितो
मम गिरा गुरुसंमदविस्मय : //

- માલતીમાધવ, અંક ૧૦

૨ . class, category .

૧ . પ્રથમ ભાગ, પ્રકરણ ૧૫.

૪૧ ખોવાયેલાં રત્નો ઉપરની ધૂળ

કાળવર્ષ વીત્યું તે મેહ ગાજ્યો,

મારા હઈડાનો ધ્રાશકો ભાગ્યો!

'સરદારસિંહા! હવે તા તમારો શોધ પૂરો થઈ રહ્યો હશે.' વિદ્યાચતુર, ગુણસુંદરી પાસેથી ઊઠી, પોતાના પ્રધાન ખંડમાં જઈ, ત્યાં પોતાની વાટ જોઈ બેસી રહેલા રત્નનગરીના દેશપાલને પૂછવા લાગ્યો.

ઊભો થઈ પ્રણામ કરતો કરતો સરદાર બોલ્યો: 'લગભગ પૂરો થયો છે.'

વિદ્યાચતુર — 'હવે કંઈ ત્વરાથી તમારે જાતે જવા જેવું બાકી છે?'

સરદારસિંહ — 'ના જી. રાત્રે માત્ર કુમુદબહેન વિદ્યમાન છે ને સરસ્વતીચંદ્રની છાયામાં છે એટલા જ સમાચાર હતા. આજની ટપાલમાં અને આજ આવેલાં આપણાં માણસોથી ઘણી વીગત એકઠી થઈ હાથ લાગી છે. બુદ્ધિધનભાઈના ઘરમાં જે નવીનચંદ્ર હતા તે જ આજ સુંદરગિરિ ઉપર છે. છસાત દિવસ ઉપર વિહારપુરી જોડે એ સુરગ્રામ ગયા હતા અને ત્યાંના મહેતાજીને પોતાનું નામ નવીનચંદ્ર કહ્યું અને બુદ્ધિધનભાઈના ઘરમાં પોતે હતા તે પોતે જ મહેતાજીને કહ્યું. વર્તમાનપત્રોમાં શોધાતા સરસ્વતીચંદ્ર તે પોતે જ કે નહિ એવો મહેતાજીનો પ્રશ્ન તેમણે ઉડાવ્યો. તેઓ અંગ્રેજી અને સંસ્કૃતમાં વિદ્વાન છે ને વિષ્ણુદાસજીએ પોતાની પાછળ તેમને યદુશૃંગના મહન્ત કરવા ધાર્યા છે ને તેને માટે સિદ્ધ કરવા ચિરંજીવશૃંગ ઉપર સાધુઓ જોડે મોકલ્યા છે.'

'બુદ્ધિધનભાઈના ઘરમાં તેઓ કેવી રીતે રહ્યા તેની હકીકત સુવર્ણપુર ગયેલા આપણા દૂતે મોકલી તે આ પત્રમાંથી જડશે. કુમુદબહેન અને તેમની બાબતમાં સુવર્ણપુરમાં લોકાપવાદ પ્રમાદધનભાઈએ અને કૃષ્ણકલિકાએ જ ચલાવ્યો હતો તે ત્યાં કોઈ માનતું નથી, અને બુદ્ધિધનભાઈ પોતાના દ્રવ્યની વ્યવસ્થા એવી રીતે કરવાના છે કે તેમાંથી એક અંશ એમના બાળક પુત્રને માટે રહે, એક અંશની ઊપજ સુવર્ણપુરમાં સંન્યાસીઓના અન્નસત્રમાં જાય અને તેમાંથી પોતાની ભિક્ષા તથા પરિવ્રજ્યાના ખરચનો નિર્વાહ થાય, બાકીનો એક અંશ અલકકિશોરીને મળે, અને બાકીનો એક અંશ પ્રમાદધનભાઈ જીવતા નીકળે તો તેમને મળે ને ન નીકળે તો તેમનો અંશ અને બાકીનો એક બીજો અંશ કુમુદબહેન જીવતાં નીકળે તો તે તેમને મળે. કુમુદબહેન જીવતાં ન નીકળે તો એમના અને પ્રમાદભાઈના અંશની વ્યવસ્થા કંઈ ધર્મ માર્ગે કરવાની આપને સોંપવાની છે. તેમને સંન્યાસ લેવામાં માત્ર મહારાણા ભૂપસિંહે તેમને દીધેલા સોગન નડે છે.

કુમુદબહેનના રથમાંથી એક પોટકું ગુણસુંદરીબાની પાસે આવેલું છે તે મારે જાતે જોવું બાકી છે. તેમાં તેમની પોતાની લખેલી કવિતાઓ કહેવાય છે પણ કોઈનું નામ તેમાં નથી. સુભદ્રાના મુખ આગળ માતાના બેટ આગળથી તેમનું, કે બીજી કોઈ એમના જ વયની અબળાનું, શરીર ચંદ્રાવલીને હાથ આવ્યું જણાય છે ને એ સાધ્વીએ તેનું નામ મધુરી પાડ્યું છે. મધુરી સુન્દરગિરિ ઉપર ત્રણ ચાર દિવસથી પરિવ્રાજિકા મઠમાં છે, તેમના શરીર ઉપર માતાની ચૂંદડી છે પણ આપણા જેવાની પુત્રીને યોગ્ય અલંકાર પણ તેમણે અંગે રાખેલા છે. હાલમાં ચિરંજીવશૃંગ ઉપર વસન્તગુફામાં તેમને લઈ કેટલીક સાધ્વીઓ રહેવા ગઈ છે ને સાધુઓ સાથે તેમની જોડેની સૌમનસ્યગુફામાં નવીનચંદ્ર છે.

મધુરીનો વિવાહ નવીનચંદ્ર સાથે થયેલો હતો અને તેમનાં લગ્ન પહેલાં નવીનચંદ્ર ગૃહ છોડી નીકળી ગયેલા હતા. અને તે પછી મધુરીનું લગ્ન બીજા પુરુષ સાથે થયું, પુરુષે મધુરીને બહુ દુ:ખ દીધું ને મધુરીએ સુભદ્રામાં જળશયન કર્યું અને સંસાર ઉપર કંટાળી બીજી વાર બેટની માતાની પેલી પાસે સમુદ્રમાં પણ શરીરનો ભોગ આપવા પ્રયત્ન કરતાં સાધુસ્ત્રીઓએ તેમને બચાવ્યાં. હવે માતાપિતાને ઘેર જઈ તેમનાં અને સ્વામીની પાસે જઈ તેનાં દુ:ખનું સાધન ન થવું એવા વિચારથી અને નવીનચંદ્રનું દુ:ખ જોઈ ન શકાયાથી આમ કર્યું કહેવાય છે. સાધુજનોએ આ દુ:ખમાંથી તેમને ઉદ્ધારવાને માટે પોતાને અશક્ત સમજી છેલ્લી પળે તેમણે બોધ અને આશ્વાસન આપવા માટે નવીનચંદ્રનો સમાગમ કરાવેલો છે. તેમની પાસેથી પોતાના સ્વામીના મૃત્યુના સમાચાર એમણે ગઈ કાલના જાણ્યા અને તે પછી સાધ્વીનો ભેખ ધર્યો છે. પરિવ્રાજિકામઠમાં કે ચંદ્રાવલી પાસે રહી સત્સમાગમમાં અને પરમાત્માના ચિન્તનમાં બાકીનું આયુષ્ય ગાળવું એવો તેમનો વિચાર સાધ્વીઓમાં સંભળાયો છે.

તેમના સ્વામીના મૃત્યુના સમાચાર નવીનચંદ્રે તેમને કહ્યા. સુરગ્રામનો વર્તમાનપત્રોમાં પ્રમાદભાઈના સમાચાર નવીનચંદ્રે વાંચેલા જ હોવા જોઈએ. આ અને બીજી વાતો ઉપરથી પણ સ્પષ્ટ છે કે નવીનચંદ્ર તે સરસ્વતીચંદ્ર અને મધુરી તે કુમુદબહેન જ. હવે આજ ચંદ્રકાંતભાઈ કોને મળે છે ને શા સમાચાર કહાવે છે તેટલી, સોળે આના નિશ્ચય થવાને વાર છે.

મહેતાજી અને શંકાપુરી નામના સાધુથી તેમ બીજાઓથી આ સમાચાર મળેલા છે. શંકાપુરી યદુશૃંગ ઉપર ગયેલો કોઈ નવો સાધુ છે તે તો આ બેની ગમે તેવી વાતો કરે છે, પણ તે જાતે જ શુદ્ધ નથી અને હાલ વિષ્ણુદાસજી યોગસ્થ છે તે તેમાંથી જાગશે એટલે આ સાધુનો મઠમાંથી બહિષ્કાર કરશે એવું સર્વ સાધુઓ બોલે છે. એણે મધુરી ઉપર કુદૃષ્ટિ કરી કહેવાય છે ને સાધ્વીઓએ મધુરીનું રક્ષણ કરેલું છે. આવા દુષ્ટ મનુષ્યની કરેલી વાતોમાં વિશ્વાસ રજ કરવા જેવો નથી અને આપણાં મનુષ્યોને

એવી શંકા છે કે એ વેશધારી સાધુ હીરાલાલનો કોઈ બાતમીદાર છે. તે સૌ જોવાશે, પણ એટલું સત્ય છે કે સર્વ સાધુજનો અને સાધ્વીજનો નવીનચંદ્રને પૂજ્ય ગણે છે ને મધુરીને દુ:ખી પણ અતિ પવિત્ર માને છે. તેમના આવા વિષયમાં નિર્ણય ક્વચિત જ ભૂલભરેલા હોય છે અને કૂતરાઓ શિકારને સૂંઘી કાઢે તેવી જ ત્વરાથી વિષ્ણુદાસજીના સાધુજનો અપવિત્ર માણસને સૂંઘી કાઢે છે.

'પ્રધાનજી! આપ જેવાનાં નેત્રમાં દીનતા આજ જ દેખું છું.'

વિદ્યાચતુર —'સરદાર! પુત્રી જીવતી છે એટલું જ નહીં પણ આવા સાધુજનો પણ તેની પવિત્રતાને અભિનંદે છે એ જાણી ઈશ્વરનો ઉપકાર મારા હૃદયમાં ઊભરાય છે ને આ દીનતાને આણે છે. બીજી પાસથી આવી પુત્રીને મારા ઘરમાં સુખની આશા નથી ને સાધુનો ભેખ અને ભિક્ષાનું અન્ન તે પ્રિય ગણે છે અને તેમ કરવાનો તેને વારો આવે છે તે માત્ર આપણા લોકના સંસારની વ્યવસ્થાને લીધે જ છે એ પ્રત્યક્ષ કરું છું ત્યારે કુમુદના અને આપણા દેશના વિચાર મારા હૃદયને દીન કરી મૂકે છે. એ પુત્રીનું સુખ મારા હાથમાં છે છતાં હું તેને તે આપી શકતો નથી તે માત્ર આપણા સંસારની માનુષી વ્યવસ્થાને લીધે! — એ અશક્તિ ઈશ્વરે નથી આપી. ઈશ્વરની કલાને લીધે મનુષ્યને માથે અનેક અનિવાર્ય દુ:ખનાં વાદળ ફરે છે તેમાં આપણા લોકે હાથે કરીને આ વ્યવસ્થાને ધુમાડાની પેઠે ફેલાવી છે.'

સરદારસિંહ — 'વડીલની સૂચના આપ સ્વીકારશો તો દહીં અને દૂધ બેમાં પગ રહેશે.'

વિદ્યાચતુર — 'એવા ચોરિકાવિવાહનું, મારી કુમુદ કે સરસ્વતીચંદ્ર બેમાંથી કોઈ અભિનંદન નહીં કરે. તેમનાં હૃદય એટલાથી તૃપ્ત થાય એમ હોત તો સરસ્વતીચંદ્ર અને કુમુદને ભગવી કન્યાઓ અને ભિક્ષાનાં અન્ન પ્રિય લાગત નહીં. એવી ચોરી કરતાં તેમને આ સ્થિતિ વધારે પવિત્ર અને ઉત્કૃષ્ટ લાગી ન હોત તો એમને હું પામર ગણત અને તેમને માટે શોક ન કરત ને વડીલનું વચન પાળવું જ ઉત્તમ ગણત.'

સરદારસિંહ — 'વડીલનું વચન હૃદયનું છે, કુમુદબહેન ઉપરની તેમની પ્રીતિનું છે, અને મર્મનું નથી એવું હું માનું છું.'

વિદ્યાચતુર — 'હું પણ એમ જ માનું છું. એમની પ્રીતિ બાળકને સુખી જોવાને ઇચ્છે છે ને લોકના વ્યવહારશાસ્ત્રને જાળવી તેને જ તોડવાનો માર્ગ શોધે છે. મારામાં એ જાળવવાની વૃત્તિ નથી, તોડવાની શક્તિ છે, અને સંતાનનાં સુખ લોકમાં અનિન્દિત ગણાય એવું જોવા ઇચ્છું છું. આ ઇચ્છા વ્યર્થ છે ને તે સફળ થાવ કે નિષ્ફળ થાવ તેની પરવા કર્યા વિના મારે શક્તિ અને વૃત્તિ પ્રમાણે વર્તવું પડશે — મને મારો ધર્મ એવો લાગે છે. આવી મોટી વાતમાં મારે મામાજીથી જુદો મત રાખી તેમને કુપથ્ય લાગતે માર્ગે પ્રવર્તવું પડશે, અને વડીલની ઇચ્છામાં બે વાત સાચવવી ઠીક લાગી

છે તેને સ્થાને એક વાત સાચવી બીજીને પડતી મૂકવી પડશે. એક પાસ આ કાર્યથી વડીલોનાં મનને માનેલો ક્લેશ થાય અને બીજી પાસ એ કાર્ય ન કર્યાથી પુત્રી પ્રતિ મારો માનેલો ધર્મ ત્રુટે છે — એ વિચાર મને ગૂંચવાડામાં નાખે છે ને દીન બનાવી મૂકે છે.'

સરદારસિંહ — 'સુધારાના વમળમાં એવી અવસ્થાઓ વશે કે કવશે સર્વને અનુભવવી પડશે.'

વિદ્યાચતુર — 'એ વમળનાં ખેંચાણ સહીને પણ ધારેલું કાર્ય ધર્મ ગણું છું માટે તે કાર્ય વિના છૂટકો નથી.'

સરદારસિંહ — 'પુત્રીને સાધુના ભેખમાં જોઈને આપને આમ થાય તે સ્વાભાવિક છે.'

વિદ્યાચતુર — 'છતાં મહારાજના ધર્મભવનની આજ્ઞાઓ જેવી તીવ્ર છે તેવી જ અનિવાર્ય છે. હીરાલાલે ધારેલો પુરાવો તે રજૂ કરશે તો કુમુદની પ્રતિષ્ઠા ચીંથરેહાલ થતી જોવાનો ભય મને કંઈક કંપાવે છે. ન્યાયાસનનો વેગ સામાન્ય મનુષ્યો અનુભવતાં તે આજે મારે અનુભવવો પડશે.'

સરદારસિંહ — 'એ અનુભવથી આપને બીવાનું કાંઈ કારણ નથી.'

વિદ્યાચતુર — 'કારણ તો નીવડ્યે જણાય. બાકી જ ધૈર્ય અને સહનશીલતા ન્યાયાસન પાસેના પક્ષકારોમાં હું ઇચ્છતો હતો તે સખતા કેટલો પ્રયાસ અને ક્લેશ પડે છે તેનો આજ મને જાત અનુભવ પ્રથમ થાય છે.'

સરદારસિંહ — 'આપ જેવાને ક્લેશના અનુભવ થાય તેમાંથી પણ આપ જગતને કલ્યાણકારક દૃષ્ટાંત બતાવી શકશો.'

વિદ્યાચતુર — 'આ અનુભવથી દુષ્ટ લોકની હું દયા રાખતાં શીખીશ. આવા આવા ગૂંચવાડામાંથી મુક્ત થવાની શક્તિ ન મળતાં અને માર્ગ ન સમજાતાં સામાન્ય બુદ્ધિનાં મનુષ્યોને દુષ્ટ માર્ગમાં પ્રવૃત્ત થવાની લાલચને નિવારી નહીં શકતાં હોય ને દુષ્ટ થતાં હશે.'

સરદારસિંહ — 'એમ જ.'

વિદ્યાચતુર — 'મારી જે ફજેતી થશે ને જે તમાશા લોકને જોવાનો રસ પડશે તેને માટે હું હવે સજ્જ છું. બોલો સરદારસિંહ! નિર્ભય થઈને તમારો ધર્મ કરજો ને રાજસેવામાં ને લોકસેવામાં પ્રવર્તતાં કોઈ જાતનો ભય કે પક્ષપાત ન રાખશો. ભીમભવનની દૃષ્ટિમાં તમે વજ્ર જેવા લાગો એવું કરજો.'

સરદારસિંહ — 'આપના બાળકની પવિત્રતા એવી છે કે અમારા દેહ અતિ કોમળ હોય તો પણ ગદાનો ભય રહે એમ નથી.'

વિદ્યાચતુર — ‘જે હો તે હો. એ ગદાની શક્તિમાં ન્યૂનતા આવે એવું કંઈ કરવું નહીં.’

સરદારસિંહ — ‘યથાર્થ બોલો છો તે થશે. રત્નનગરીના મહારાજ અને અધિકારીઓ એવું જ ઇચ્છે છે.’

વિદ્યાચતુર — ‘હવે શી નવાજૂની છે અને શું કરવા ધારેલું છે તેની યોજનાઓ કહો.’

સરદારસિંહ — ‘હા જી. એજન્સીમાં ધૂર્તલાલના પ્રતિનિધિરૂપે હીરાલાલે એવી અરજી કરેલી છે કે અર્થદાસના અપરાધનો ન્યાય અંગ્રેજી ન્યાયાસન પાસે થવો જોઈએ. તેના કારણમાં તેણે એવું બતાવેલું છે કે કુમુદબહેન અને સરસ્વતીચંદ્રનો પ્રસંગ બુદ્ધિધનભાઈના ઘરમાં પડેલો તે આપના અને બુદ્ધિધનભાઈના જાણવામાં આવવા પછી અર્થદાસે કે બહારવટિયાઓએ સરસ્વતીચંદ્રનું ખૂન આપ બેમાંથી કોઈના તરફની સૂચનાથી કરેલું હોવું જોઈએ. અને આપના રાજ્યમાં આ તપાસ ચાલે તો તે વાતનો શુદ્ધ નિષ્પક્ષપાત નિર્ણય થઈ શકે એમ નથી. આ કારણને લીધે અર્થદાસનું ન્યાયાન્વેષણ આપણી પાસે ન ચલવવું અને બહારવટિયાઓનું સુવર્ણપુરમાં ન ચલવવું પણ એ સર્વેનું શોધન અંગ્રેજી અધિકારી પાસે ચલવવું એવી સૂચના એજન્સીમાંથી આપણા ઉપર અને સુવર્ણપુરના રાજ્ય ઉપર ગઈ છે ને બુદ્ધિધનભાઈએ આ વિષયમાં ઉત્તર આપતાં પહેલાં આપનો અભિપ્રાય મંગાવ્યો છે. પ્રથમ પ્રશ્ન માત્ર કોની હદમાં કામ ચલાવવું એવો હતો તેને સ્થાને આ વધારે મોટો પ્રશ્ન હવે ઊભો થયો છે.’

વિદ્યાચતુર — ‘આવી તપાસ ત્યાં થાય તો કામના રૂપના સંભવાસંભવ તમને કેવા લાગે છે?

સરદારસિંહ — ‘સરસ્વતીચંદ્રનું એક પોટકું બહારવટિયાના હાથમાં ગયેલું તેમાં કુમુદબહેનના હાથની એક પત્રિકા છે તેમાં એમના હાથની કવિતા છે. તે આપણે સરકારી અધિકારી પાસે રજૂ કરવું કે ન કરવું તે એક પ્રશ્ન છે.’

વિદ્યાચતુર — ‘તેની પાસે કામ ચલવવું જ પ્રાપ્ત થાય તો તે રજૂ કરવું એ આપણો ધર્મ છે. આપણે સામાન્ય પુરુષો પેઠે આવી વાતો ન્યાયાસનથી ગુપ્ત રાખવાનું કામ નહીં કરીએ.’

સરદારસિંહ — ‘એ પોટકું રજૂ કરીએ ને પત્રિકા આપણી પાસે રાખીએ તો કાંઈ બાધ છે? પરરાજ્યને આવા વિષયમાં આવી રીતે સાહાય્ય આપવાને આપણે કયા ધર્મથી બંધાઈએ છીએ?’

વિદ્યાચતુર — ‘ચક્રવર્તી ભવનના ધર્મથી. સરદારસિંહ, એ પત્રિકામાં શું લખેલું છે?’

સરદારસિંહ —‘કવિતા કઠણ છે ને જેવો અર્થ લઈએ તેવો લેવાય એમ છે. આપને જોવી હોય તો આ રહી.’

પત્રિકા લેતો લેતો વિદ્યાચતુર બોલ્યો: ‘જે હો તે હો — જે થાવ તે થાવ. પ્રતિષ્ઠા જાવ તો જાવ. સરદાર, આ પત્રિકા રજૂ તો કરવી જ. કાંઈ ગુપ્ત ન રાખવું. વિદ્યાચતુર ન્યાયને પ્રિયતમ ગણે છે ને તેને માટે સર્વ વસ્તુનો ભોગ આપવા તત્પર છે.’

સરદારસિંહ — ‘આપ વાંચો તો ખરા.’

વિદ્યાચતુર વાંચવા લાગ્યો.

‘અવનિ પરથી નભ ચડ્યું વારિ પડે જ પાછું ત્યાં ને ત્યાં!’ [૧] વગેરે પંક્તિઓ આ પત્રિકામાં કુમુદના સુંદર હસ્તાક્ષરથી સ્પષ્ટ લખેલી હતી. તે વાંચી રહી એ પત્રિકા હૃદય સાથે ચાંપી વિદ્યાચતુર આનંદગર્વથી બોલ્યો:

‘સરદારા! આપણી પવિત્ર કુમુદની આ પવિત્ર કવિતા અવશ્ય અંગ્રેજી ન્યાયાસન પાસે આપણે મૂકીશું અને અગત્ય પડશે તો હું તેનો અર્થ સમજાવવાને જાતે ન્યાયાસન પાસે સાક્ષી થઈશ! સરસ્વતીચંદ્રે બુદ્ધિધનભાઈનું ગૃહ કેવી પવિત્ર કુમુદની કેવી પવિત્ર વાસનાની સૂચનાને બળે છોડ્યું તે આથી સ્પષ્ટ સમજાશે.’

સરદારસિંહ — ‘સત્ય છે. પણ એક વાર ખોટા આરોપ મૂકનારને મુખેથી સર્વ દુષ્ટ આરોપ સાંભળવા પડે અને તે પછી તેના ઉત્તરમાં આ કામ લાગે. મેં ધાર્યું છે કે સરસ્વતીચંદ્ર આયુષ્યમાન છે એટલું આપણે સંપૂર્ણ રીતે પ્રથમ સિદ્ધ કરી આપવું, અને તે આપણા જ રાજ્યમાં કરી આપવું — એટલે પછી એમના ખૂનનો કે આપણા અંગ્રેજી ન્યાયાસનનો પ્રશ્ન નહીં રહે, અને કુમુદબહેનનું આમ કે તેમ નામ સરખું દેવાનો પ્રસંગ ઊભો નહીં રહે, અને તે પછી કુમુદબહેનના વિષયમાં વડીલની સૂચના સ્વીકારવી કે આપની કલ્પના સિદ્ધ કરવી કે અન્ય માર્ગ લેવો તેને માટે વિચાર કરવાને અને યથેચ્છ વર્તવાને પુષ્કળ અવકાશ રહેશે.’

વિદ્યાચતુર — ‘જો તેમ થાય તો સર્વ વાંધા દૂર થાય ખરા. તમે તેમ કેવી રીતે કરવા ધારો છો?’

સરદારસિંહ — ‘નવીનચંદ્ર સરસ્વતીચંદ્ર જ નીવડે તો તેમને અર્થદાસના આયુષ્યના રક્ષણને માટે અને કુમુદબહેનની પ્રતિષ્ઠાને માટે પોતાનું નામ ને શરીર પ્રસિદ્ધ કરવું પડશે એવું તેમને કહેવાને મેં ચંદ્રકાંતભાઈને કહેલું છે ને તેમણે તે કહેવા સ્વીકાર્યું છે. તે પછી આપણે વચ્ચે પડવું ન પડે એવો માર્ગ છે. યદુશૃંગના સાધુજનોનો પ્રથમ ન્યાય કરવાનો આપણે હાથમાં રાખેલો નથી, પણ એક આપણો અધિકારી યદુશૃંગના મહન્તની સાથે બેસે અને સાધુજનનો ન્યાય એ બે જણ મળી કરે અને તે પછી આપની પાસે તે વિષયનો શુદ્ધતર ન્યાય — અપીલ —

થાય એવી વ્યવસ્થા નાગરાજ મહારાજના સમયથી આપણે સ્વીકારી છે ને બ્રેવ સાહેબની તેમાં સંમતિ છે. કોઈ પણ સાધુજનને આજ્ઞા કરી આ વિના બીજા ન્યાયાસન પાસે કોઈ પણ પ્રસંગે કે પ્રકારે મોકલવાનો અધિકાર આપણે આપણા હાથમાં રાખેલો નથી. આ ન્યાયાસન પાસે જેનો પ્રાથમિક ન્યાય — ‘પ્રાઈમાફેસી કેસ’ — થાય તેને તે પછી જ આપણે સરકારને સોંપી શકીએ છીએ. નવીનચંદ્ર પણ યદુશૃંગના સાધુજન છે અને આ વ્યવસ્થા તોડી તેમને સરકારમાં મોકલી શકીએ તેમ નથી, ને એજન્સીમાં આ કારણ વિદિત થશે એટલે તેમને પણ એ જ માર્ગે ઊતર્યા વિના છૂટકો નથી.’

‘નવીનચંદ્ર ઉપર કાંઈ આરોપ નથી. તેમનું તો માત્ર અસ્તિત્વ જ સિદ્ધ કરવાનું છે. વિષ્ણુદાસજી અને શંકરશર્મા સાથે બેસી એમનાં અસ્તિત્વનો અને તે સંબંધી સર્વ વાતનો નિર્ણય કરશે તો બીજી કાંઈ કથા કે કૂથલી રહેવાની નથી. એ જ સરસ્વતીચંદ્ર છે, અને સાધુ થયા છે, એટલી વાતથી કુમુદબહેનનું નામ દીધા વિના એમની પ્રતિષ્ઠાનું રક્ષણ છે. માટે આ વિના બીજું કાંઈ કરવાનું નથી. અર્થદાસ અને બહારવટિયાઓ સરસ્વતીચંદ્રના કે નવીનચંદ્રના ખૂનના અપરાધી નથી એટલું સિદ્ધ કરવા આટલું બસ છે. અર્થદાસ પાસે આવેલી મહામૂલ્યવાળી મુદ્રાનો યોગ સરસ્વતીચંદ્ર વિના બીજાના નામથી મનાવો જેવો કઠણ છે તેવો જ સરસ્વતીચંદ્ર અને નવીનચંદ્ર એક જ પુરુષ છે તેટલું સિદ્ધ થયાથી એ યોગ માનવાનાં કારણમાં કાંઈ ન્યૂનતા નહીં રહે.’

‘આપ આ વિષયમાં પ્રસિદ્ધ આજ્ઞાપત્ર કાઢો તેની સાથે જ સરસ્વતીચંદ્રનાં માતાપિતા અને દેશીપરદેશી પ્રતિષ્ઠિત મિત્રો એમનું અભિજ્ઞાન સિદ્ધ કરી સાક્ષી થવા સુંદરગિરિ ઉપર આવવા મુંબઈથી નીકળી પડે એવી યોજના કરી રાખી છે. આપ તેમનું આતિથેય કરજો અને એવાં પ્રતિષ્ઠિત મનુષ્યો એક વાર સરસ્વતીચંદ્રને ઓળખી કાઢી તે વિષયે પ્રતિજ્ઞાપૂર્વક આપણા આવા ન્યાયાસન પાસે ઉદ્ગાર કરશે તે પછી સરકારી અધિકારીઓને અને હીરાલાલ કે ધૂર્તલાલને બોલવાનો અક્ષર પણ નહીં રહે અને સરકારને આટલાથી સંતોષ ન વળે તો આ સર્વ ગૃહસ્થોને ભલે મુંબઈની કોર્ટોમાં જ બીજી વાર પ્રતિજ્ઞા આપી પૂછી લે.’

‘સુવર્ણપુર અને રત્નનગરી ઉપરથી તેમ કુમુદબહેન ઉપરથી સર્વ વાદળાં આટલા સહેલા પ્રયોગથી ખસી જશે, અને આપના ગૃહસંસારની વ્યવસ્થા તે પછી આપને યોગ્ય લાગે તે માર્ગે ઉતારજો.’

સરદારસિંહ બોલી રહ્યો. થોડી વાર વિચારમાં પડી અંતે વિદ્યાચતુર બોલ્યો:

‘સરદારસિંહ! તમે ઘણી દૂર અને સૂક્ષ્મ દૃષ્ટિ વાપરી આ યોજના કરી કાઢી છે. રાજ્યને અને અન્ય સર્વને તે હિતકારક છે અને ચક્રવર્તીભવનમાં

પણ એ જ અનુકૂળ પડશે. તેમ મહારાજને તે વિસ્તારથી સમજાવજો. મને તો હવે તમારે માત્ર એટલું જ કહેવાનું બાકી છે કે મારું કુટુંબ તમને આ ન્યાયકાર્યમાં શી રીતે સાહાય્ય આપી શકે એમ છે અથવા મારા કુટુંબની પોતાની વ્યવસ્થાને માટે મારા સ્વમિત્રરૂપે તમે મને શી સૂચના કરો છો?'

સરદારસિંહ — 'એ તો ટૂંકી વાર્તા છે. ગુણસુંદરીબાને અને સુંદરબાને વડીલની સાથે આપે સુંદરગિરિ ઉપર મોકલવાં. કુસુમબહેને પણ સાથે જવું. તેઓ સર્વ પોતાની મનોવૃત્તિઓ પ્રમાણે ત્યાં જઈ પ્રયોગ કરશે, અને વડીલ સાથે હશે, એટલે લોકમાં વાંધો પડે એવું કામ અથવા સાહસ નહીં થાય તેમ કોઈ શીઘ્રકાર્યનો પ્રસંગ ચૂકી જવાય એવું પણ નહીં થાય. આપના મનનો સંકેત ચંદ્રકાંતભાઈને પત્રદ્વારા લખી જણાવજો ને તેને અનુસરી સરસ્વતીચંદ્ર જોડે વાત કરવાની સૂચના લખજો. મિસ ફ્લોરાને પણ જુદાં મોકલજો ને તેમને આપની મનોવૃત્તિ જણાવી ગુપ્ત રાખવા કહેજો, ને પ્રસંગ પ્રમાણે ગુણસુંદરીબા સાથે અને કુમુદબહેન તથા કુસુમબહેન સાથે તેમ ચંદ્રકાંત સાથે ખુલાસો રાખવાનું અને વાત કરવાનું સૂચવજો. આટલી વ્યવસ્થા તરત રચશો તો પછી આપે ત્યાં આવવાની કે જાતે બીજી ચિંતા કરવાની કાંઈ અગત્ય નથી. આપ જેવા સુજ્ઞ અને પવિત્ર છો તેવી જ આપની પાસે પવિત્ર, સુજ્ઞ અને ચતુર પરિવારની સંપત્તિ છે માટે સુસ્થ રહી શકો એવું ભાગ્ય પણ આપને અનુસરે છે અને અનુસરશે.'

વિદ્યાચતુર — 'તમારી બુદ્ધિ બહુ ઉપયોગી અને ક્ષેમકારક માર્ગ ઘણી ત્વરાથી જોઈ શકે છે. તમે પણ રત્નનગરીનું રત્ન જ છો.'

સરદારસિંહ — 'મહારાજની અને આપની સાત્ત્વિક દૃષ્ટિ અને પ્રીતિ છે તો આપના સર્વ અધિકારીઓ આપ મહારત્નોની આસપાસ રત્નકણિકાઓ પેઠે રહેવા યોગ્ય થવાનો પ્રયત્ન કરે છે. આપનો વધારે અવકાશ રોકવા જેવું હવે કાંઈ કામ બાકી જણાતું નથી.'

વિદ્યાચતુર — 'ના. તમે નિરાંતે હવે જાઓ અને સ્વકાર્યમાં યોગ્ય લાગે તે કરો.' સરદારસિંહ ગયો.

---

૧ . પ્રથમ ભાગ, પ્રકરણ ૧૯.

૪૨ મિત્રના મર્મપ્રહાર

સુહૃદર્થમહિતમજિહ્મધિયાં
પ્રકૃતેર્વિરાજતિ વિરુદ્ધમપિ।। - માઘ

પાંચાલીની વાણીને જાગૃત યોગમાં પ્રત્યક્ષ કરી સરસ્વતીચંદ્ર અને કુમુદ સૌમનસ્યગુફાના વર્ણવેલા ઓટલા ઉપર કેટલીક ઘડીઓ સુધી આનંદયોગની નિદ્રામાં હાલ્યાચાલ્યા વિના રહ્યાં. અન્તે પાછલી રાત્રે કુમુદ જાગી એ ખંડના વચલા ભાગમાં જાતે સૂઈ ગઈ અને સરસ્વતીચંદ્ર ઓટલા ઉપર પોતાના હાથનું ઉશીકું કરી સૂઈ ગયો. પ્રાત:કાળમાં વહેલી ઊઠી કુમુદ સરસ્વતીચંદ્રની પાસે ઊભી રહી તેને જગાડવા ઇચ્છતી કહેવા લાગી:

'સરસ્વતીચંદ્ર, પ્રાત:કાળ થયો, ઊઠો.'

એ ન જ ઊઠ્યો. કુમુદે તેને કપાળે હાથ મૂક્યો ને મુખેથી બોલી ઉઠાડવા જાય છે તે પહેલાં હાથના સ્પર્શથી પુરુષ જાગી ઊઠ્યો તેની સાથે કુમુદે હાથ લઈ લીધો.

'મને સ્વપ્નમાં મારી જનની દેખાઈ. મારે કપાળે હાથ મૂકી કંઈ કહેવા જતી હતી એટલામાં હું જાગ્યો.'

કુમુદ કંઈ સ્મિત કરતી કરતી બોલી: 'આપની સાથે આપનાં જનનીના પણ કંઈક ધર્મ કેટલાક વિષયમાં મારે પાળવા, અને આપને જનનીની ખોટ પડેલી મને દેખાઈ છે તે મારે પૂરવી, એવો અભિલાષ કાલ રાત્રે જ મને થયો હતો. આપને કપાળે મેં મૂકેલા મારા હાથને આપે આપનાં જનનીનો હાથ સ્વપ્નમાં જાણ્યો તે મારા અભિલાષને બહુ શુભ શકુન થયા. હવે ચંદ્રકાંતભાઈની પાસે વસી આપને આપનું — આપણું — કુટુંબ બહુધા સાંભરવાનું.'

સરસ્વતીચંદ્ર — 'એથી કુટુંબ ગમે તો વધારે સાંભરશે ને ગમે તો તે જેટલું સાંભરે છે તે સર્વ ભુલાશે. મને લાગે છે કે આહ્નિક કરી લઈ હું તેના સામો જાઉં.'

કુમુદસુંદરી — 'અવશ્ય પધારો.'

સરસ્વતીચંદ્ર બોલવા જાય છે એટલામાં બહાર કંઈ સ્વર સંભળાયો અને ઓટલા બહાર દૃષ્ટિ કરી જુએ છે તો ગુફાઓની વચ્ચેના ઝરાઓની પાળી પર થઈને બે ત્રણ સાધુઓની વચમાં ચાલતો ચંદ્રકાંત આવતો દૃષ્ટિએ પડ્યો.

'કુમુદસુંદરી! ચંદ્રકાંત આવે!' સરસ્વતીચંદ્રે આનંદનો ઉદ્ગાર કર્યો.

'આપ મોડા થયા ને એમની પ્રીતિએ એમના પગને ઉતાવળા ઉપાડ્યા. આજ્ઞા હોય તો હું હવે સાધ્વીઓમાં જઈને બેસું ને આપ તરત એમના

સામા જાઓ. મારું નામ બધાનાં દેખતાં દેશો નહીં ને એકાંતમાં તેમને યથેચ્છ કહેજો.'

કુમુદ ગઈ ને સરસ્વતીચંદ્ર નીચે ઊતર્યો ત્યાં ગર્જનાઓ થતી હતી: 'નન્દકો નન્દન એક આનન્દ દેત હૈ!' આ ગર્જનાઓ પોતાની ગુફામાંથી નીકળતી હતી અને બહારથી પ્રત્યુત્તરમાં પણ એવી જ ગર્જનાઓ આવતી હતી. પોતાની સાથેના સાધુઓને લઈ સરસ્વતીચંદ્ર ગુફા બહાર નીકળ્યો ને ચંદ્રકાંતની સામે વાધ્યો. બે મિત્રોના ચરણ વેગથી સામસામી ધસવા લાગ્યા, બે પાસની વધતી અને પ્રતિધ્વનિ પામતી ગર્જનાઓ વચ્ચે અને સાધુઓ અને ગુફાઓ વચ્ચે મિત્રોના જીવ માત્ર એકબીજા ઉપર દૃષ્ટિરૂપ જ થઈ ગયા અને ક્રિયા માત્ર ચરણરૂપ જ થઈ ગઈ. જોતજોતામાં બે જણ પાસે આવ્યા. પરસ્પર ભેટવા માટે ઊછળી પડ્યા અને સરસ્વતીચંદ્ર એ ભેટ સ્વીકારે ત્યાર પહેલાં વીજળીની ત્વરાથી ચંદ્રકાંત સરસ્વતીચંદ્રની કોટે વળગી પડ્યો અને એની આંખોમાંની આંસુની ધારાઓ મિત્રના ખભાને નવરાવી અંચળાને ભીનો કરી તેમાંથી ગેરુના નીગાળા ઉતારવા લાગી:

'Is it you, my dearest, Whom I see in this plight ? સરસ્વતીચંદ્ર! સરસ્વતીચંદ્ર! આ શું? છેક આમ જ?' ચંદ્રકાંત તેને ભેટીને ગાજી ઊઠ્યો, છૂટો પડી સામો ઊભો રહી, બોલ્યા વિના, મુખથી કે કંઠથી નહીં પણ નેત્રથી નિર્ભર રોવા લાગ્યા, ને એનું મુખ અતિ રંક થઈ ગયું ને પોતાની સાથેના બાવાને કહેવા લાગ્યું:

'બાવાજી, આ જ મારો મિત્ર! આ અંચળાથી ઢંકાયો ન રહ્યો. આ હૃદયથી સંતાયો ન રહ્યો. સરસ્વતીચંદ્ર! આ શું?'

સરસ્વતીચંદ્રની આંખોમાં પણ પાણી ભરાયું હતું અને કંઠ ગદ્ગદ થઈ ગયો હતો.

'ચંદ્રકાંત! આ સાધુજનોની કૃપાએ મને નવો દેહ આપ્યો છે ને મારા અંતરાત્માને નવો જન્મ અને નવો સંગ આપ્યો છે. તેની વાતો કરવાને ઘણો અવકાશ મળશે. આ સાધુજનો આપણા લોકમાં હરતા ફરતા બાવાઓ જેવા નથી, પણ જે ઋષિલોક આ દેશની સંપત્તિને કાળે વસતા હતા, જે ઉદાર બૌદ્ધો આર્યદેશના ઉપદેશના મેઘને વર્ષાવવા આ દેશની ચાર પાસના દેશોમાં પરિવ્રજ્યા કરતા હતા, જે લોકના ઉચ્ચગ્રાહ ભવભૂતિ જેવાઓના ગ્રન્થોમાં આપણે પાઠશાળામાં વાંચ્યા હતા — તે મહાત્માઓના વિચાર અને આચારના કલ્યાણઅંશ આ સાધુજનોમાં અખંડ જ્યોતથી હજી દીપ્યમાન છે! એ સાધુજનોમાં આવી હું પરમ ભાગ્યશાળી થયો છું ને મારા ઉપર જે પ્રીતિ ને શ્રદ્ધા તારા હૃદયમાં છે તે સર્વને સાકાર કરી આ સાધુજનોનો સત્કાર કરી લે. પછી આપણી વાતોનો અવકાશ એ જ સાધુજનોની કૃપાથી અનેકધા પામીશું.'

ચંદ્રકાંત સાધુજનોના સામો ફરી ઊભો અને પ્રણામ કરી કહેવા લાગ્યો: ‘સાધુજનો, આ મિત્રરત્ન ઉપર મારો પક્ષપાત છે ને એનો આપના ઉપર પક્ષપાત છે, માટે એના ઉપરની પ્રીતિથી અને શ્રદ્ધાથી હું, ચંદ્રકાંત, આપ સર્વને પ્રથમ પ્રણામ કરું છું, અને તે પછી આપનો ઉપકાર માનું છું — કારણ આ મારું અને અનેક સજ્જનોનું રત્ન શોધવાનો મારો પ્રયત્ન આપની કૃપાથી સફળ થયો છે. મુંબઈના વિદ્વાન મંડળનું આ રત્ન મુંબઈમાંથી ખોવાયું તેને આપે આવી પ્રીતિથી અને પ્રયત્નથી જાળવી રાખ્યું તેને માટે અનેક હૃદયો આપને માટે ઉપકારથી દ્રવશે!’

રાધેદાસ આગળ આવી બોલ્યો: ‘આ રત્નની પ્રાપ્તિથી સાધુજનો પોતાનો ઉત્કર્ષ માને છે અને તમે પણ તમારો ઉત્કર્ષ માનો છો — એ રત્નને પૂર્વાશ્રમમાં તમારા જેવાએ સંસ્કારેલું છે અને અમે તો માત્ર તેના ગ્રાહક થયા છીએ. ચંદ્રકાંતજી, અમે સાધુજનો સંસારની વ્યવસ્થાના ભોમિયા નથી, પણ આપના સન્મિત્ર જેવા સાધુજનો જે સંસારમાંથી આવે છે તે સંસાર પણ ઉત્કૃષ્ટ જ હોવો જોઈએ એવું માની આપનો સત્કાર યથાશક્તિ યથામતિ કરશું. સ્વીકારવાની કૃપા કરજો.’

સરસ્વતીચંદ્ર ચંદ્રકાંતનો હાથ લઈ બોલ્યો: ‘ચંદ્રકાંત! આ સાધુજન રાધેદાસે જંગલમાં અંધકારમાં શબવત્ હું પડ્યો હતો ત્યાંથી આ શરીરને સાચવી આણેલું છે. આ એમની જોડે સાધુદંપતીઓના મઠના ઉપરી જ્ઞાનભારતી છે — તેમને મનુષ્યોનાં સ્થૂલ, સૂક્ષ્મ રસશાસ્ત્રમાં, દંપતીઓના ધર્મશાસ્ત્રમાં અને જ્ઞાનમાં, અતિશય નિપુણતા અને અનુભવ છે. તેમની જોડે આ અમારા સુંદરદાસજી અનેક પ્રાચીન કલાઓના વેત્તા છે. આ સુરદાસજી ભક્તિરહસ્યના શાસ્ત્રીય જ્ઞાનના ભંડાર છે, અને આ માયાપુરી લોકસંગ્રહના શાસ્ત્રની વ્યવસ્થાઓમાં પ્રવીણ છે ને સંગીતકલા પણ સુંદર જાણે છે. યદુશૃંગના આ સર્વ રત્ન છે.

My dear Chandrakanta, there is nothing in or among these learned saints that is low or vulgar. The very air they breathe is impregnated With the sweet and solemn fragrance of their holy and ennobling souls. Their mode of living is simple and yet refined, and their minds are culture, to an extent of which none on our Indian plains has any idea or even a dream. Not you but your heart will love and revers them as you are allowed the rare privilege of living among them, and unhappy and repentant will be the man that thinks of marring the picture of innocence, sweetness, and sanctity of life which thrives on these hills and is ever kept warm by the high and unheard-of attainments of these modest and simple-looking anchorites .

ચંદ્રકાંત - 'You may rest assured that my fortnight's residence with that noble lady-your once mother-in-law-whom you have so cruelly wronged, has taught me at least this one thing , *VIZ* , not to disturb pictures of peace and innocence such as I found there or may find here as you say. After the hard lesson which your conduct has taught to the world, it scarcely remains for poor chandakanta to follow your tuition in the rare art of making happy people unhappy-that is the art in which you have excelled as an expert of such superior eminence and unrivalled fame .'

સરસ્વતીચંદ્રે ઉત્તર દીધો નહીં. માત્ર નીચું જોઈ ચંદ્રકાંતને આંગળીએ વળગાડી પોતાની ગુફાભણી ચાલ્યો અને સાધુઓ પાછળ પાછળ ચાલ્યા. આ બે જણની અને સાધુઓની વચ્ચેનું અંતર આમની કે તેમની ઇચ્છાથી વધ્યું તે જોઈ સરસ્વતીચંદ્ર બોલ્યો — ચાલતા ગયા ને વાતો કરતા થયા.

'ચંદ્રકાંત! તું સત્ય બોલે તેમાં હું ના કેવી રીતે કહેવાનો હતો? મેં ઘણાક જીવને દુ:ખી કર્યા. તારે પણ અહીં સુધી ધંધો છોડી, ગંગાભાભીને ઘેર એકલાં મૂકી, મારે માટે આથડવું પડ્યું.'

ચંદ્રકાંત — 'હાસ્તો. સ્વજનને દુ:ખી કરી દમવાની આપની કળાની આ તો એક નાનામાં નાની ને થોડામાં થોડી ખૂબી છે.'

સરસ્વતીચંદ્ર — ગંગાભાભી ખુશીમાં છે?'

ચંદ્રકાંત — 'તેમને મળો તો માલૂમ પડે.'

સરસ્વતીચંદ્ર — 'તેમને મારે માટે બહુ લાગ્યું હશે.'

ચંદ્રકાંત — 'તે તમે ક્યાં ગાંઠો એવા છો?'

સરસ્વતીચંદ્ર — 'કહે તો ખરો.'

ચંદ્રકાંત — 'એ તો મૂઆં હશે કે જીવતાં હશે.'

સરસ્વતીચંદ્ર — 'શું આમ બોલે છે? તું ઘણું કઠણ બોલનારો છે તે હજી એવો ને એવો રહ્યો.'

ચંદ્રકાંત — 'તમે કહો છો કે આ સાધુલોક બોલવામાં તેમ ચાલવામાં બેમાં મધુર છે. મને મધુર બોલતાં નથી આવડતું પણ મારી ચાલ હજી સુધી કોઈને કડવી નથી થઈ પડી. આપ મધુર બોલવાની કળા જેવી ઉત્તમ રીતે જાણો છો તેવી જ કડવી ચાલ કેમ ચાલવી તે પણ જાણો છો. આપના જેવી આવી બેવડી સમૃદ્ધિ મારી પાસે નથી-'

સરસ્વતીચંદ્ર — 'પિતાજી સુખી છે?'

ચંદ્રકાંત — 'હેં! તેમની ચિન્તા પડે છે? પણ તે તમારે પૂછવાનો હક શો?'

'સુખી તે તો તમારે શું?

દુ:ખી તે તો તમારે શું?'

'વર્તમાનપત્રો કોઈ દિવસ આ સુંદર દેશમાં વાંચવા મળે છે?'

સરસ્વતીચંદ્ર — 'કોઈ દિવસ.'

ચંદ્રકાંત — 'ત્યારે તેમાં જ વાંચજોને કે આપનાં પરાક્રમનાં વાવેલાં બીજ કેવાં ઊગી નીકળ્યાં છે તે જણાય.'

સરસ્વતીચંદ્ર — 'મારા હૃદયને જાણનાર ચંદ્રકાંત હસવું આવે એવું બોલે છે.'

ચંદ્રકાંત — 'તમને હસવું આવ્યું ને ન ચડ્યો ક્રોધ કે ન લાગ્યું દુ:ખ ત્યારે ગમે તો તમારું હૃદય જાણવાનું હું ભૂલી ગયો છું, ને ગમે તો તમારું હૃદય અહીંની સાધુતાના પૌષ્ટિક પવનથી વધારે કઠણ થયું છે. તે હતું તેવું નથી ને હું ઓળખી શકતો નથી. બાકી તમારા વિના બીજાં ઘણાંકનાં હૃદયને તો હું જાણું છું. કોના કોના કાળજામાં કેવી કેવી લાતો આપના શાણપણે મારી છે તે હું સારી રીતે જાણું છું. તે તમારા પોતાના હૃદયનું પોત તો હવે જવું પ્રકટો તે ખરું.'

સરસ્વતીચંદ્ર — 'તારું કટુ પણ સત્ય ભાષણ મારાં કર્મના પાપઅંશનું વિષ ઉતારી દે છે ને એ સર્વ સાંભળવાથી હું બહુ તૃપ્ત થાઉં છું. કુમુદસુંદરીના શબ્દોમાં પણ એવી કટુતા હોત તો હું હજી વધારે ભાગ્યશાળી થાત.'

ચંદ્રકાંત — 'ચૂપ! તમારા દુષ્કર્મનો ભોગ થઈ નળમાંથી કપાઈ કહોઈ જઈ ડૂબી મરેલા એ દુ:ખી કમળનું નામ તમારી જીભ ઉપર આવવું ઘટતું નથી.'

સરસ્વતીચંદ્ર — 'ચંદ્રકાંત! એ પણ સત્ય જ કહ્યું. પણ મારા તારા ભાગ્યથી એ જીવ જીવે છે ને આ સુન્દરગિરિની સાધ્વીઓએ એ કમળ કરમાતું હતું તેને સ્થાને, પોતાની સાધુતાથી એને પાછું પ્રફુલ્લ કરવા માંડ્યું છે.'

ચંદ્રકાંત — 'શું સ્ત્રીલોકનું એ રત્ન જીવે છે? સરસ્વતીચંદ્ર! મને એમનાં પુણ્યદર્શન તરત કરાવ કે તારા જેવા ક્રૂર હૃદયવાળા મિત્રનો મિત્ર હોવાને માટે હું તેમની ક્ષમા માગું અને એમનાં માતાપિતાને વધામણી મોકલી તેમનાં નિરાશ અંત:કરણમાં આશાના વૃક્ષને રોપું.'

સરસ્વતીચંદ્ર — ‘હું તને તેમનું દર્શન અવશ્ય કરાવીશ. તેમની પણ એવી જ ઇચ્છા છે. માત્ર તને સૂચવવાનું એટલું કે એમની સાથે એકાંતમાં વાત કરી એમની અનુમતિ લીધા વિના એમનું કે એમના કુટુંબનું નામ આ સાધુજનોમાં પ્રકટ ન કરવું અને એમના અસ્તિત્વની વાત તો કોઈને પણ એ અનુમતિ વિના કહેવી નહીં. એમને સાધુજનો ‘મધુરીમૈયા’ને નામે ઓળખે છે.’

ચંદ્રકાંત — ‘અવશ્ય સાધુજનો સુજ્ઞ છે ખરા કે મધુર જીવને આવું મધુર નામ આપે છે, અને હું પણ એવા જીવને સંબંધે કંઈ પણ વાત એમને પૂછ્યા વિના નહીં કરું. બાકી તમારું નામ પાડવામાં તો સાધુજનો ભૂલ્યા છે ને તમને તો મેં જાણી જોઈ વગર પૂછ્યે પ્રકટ કરી દીધા છે.’

સરસ્વતીચંદ્ર — ‘મારું નામ મેં પાડ્યું છે — સાધુજનોએ નથી પાડ્યું.’

ચંદ્રકાંત — ‘લાગે છે. આપની જ ચતુરતા લાગે છે.’

સરસ્વતીચંદ્ર — ‘આ કન્થા પહેરીને હું કેવો દેખાઉં છું તે મેં જાતે જોયું નથી — પણ આ નીચે પાણીમાં પ્રતિબિંબ જોઉં છું તેમાં તો તું કહે છે એવું હીનભાગ્ય નથી દેખાતું.’

ચંદ્રકાંત — ‘શું કરવા દેખાય? એ પ્રતિબિંબ તો તમારા હૃદયમાં જુઓ, અમારા જેવાનાં અને તમારા પિતાના અને કુમુદસુંદરીના હૃદયમાં જુઓ — પછી કહો કે તમારા આ અંચળાનો રંગ તે તે એ સર્વેના હૃદયનાં મર્મસ્થાનને ચીરી તેમાંથી કાઢેલી લોહીની ધારાઓનો જ રંગ નથી?’

સરસ્વતીચંદ્ર — ‘કુમુદસુંદરીએ પોતે પણ આવી જ કન્થા ધારી છે.’

ચંદ્રકાંત — ‘તેં યોગ્ય જ કર્યું છે. જે ચિતા ઉપર તમે શબ થઈને પડ્યા છો તેના ઉપર એ તમારી જોડે જ જીવતાં બળવા માંડે છે! સરસ્વતીચંદ્ર! તમારું હૃદય શાનું ઘડેલું છે? મને એ દુ:ખી જીવની પાસે સત્વર લઈ જાઓ.’ ચંદ્રકાંતની આંખોમાંથી આંસુ વહ્યાં કરતાં હતાં તેને લ્હોવાની પરવા એણે કરી નહીં.

સરસ્વતીચંદ્ર એને લઈને વસન્તગુફા ભણી ચાલ્યો; અને એક સાધુને આગળ સમાચાર કહેવા મોકલ્યો. ત્યાં જતાં સુધી કોઈ બોલ્યું નહીં. સર્વ ક્લાંત ગંભીર બની, સૂર્યને ઢાંકી દઈ આકાશમાં એકલાં ચાલતાં જળ વગર પણ કાળાં દુકાળનાં વાદળાં પેઠે ચાલતા હતા. થોડી વારમાં ગુફાનું દ્વાર આવ્યું. ત્યાં જતાં પહેલાં ધીમે રહીને સરસ્વતીચંદ્રે ચંદ્રકાંતના કાનમાં કહ્યું: ‘સર્વ આપણી વાટ જોઈ સામાં આવે છે; ભૂલથી એમનું નામ દેશો નહીં. મધુરીમૈયા કહેજો. સૌની વચ્ચોવચ એ ઊભાં છે ને સૌથી જુદાં પડે છે તે ઓળખી કાઢજો.’

‘બેસો, બેસો, તમે શું કહેતા હતા?’ એવું કહેવા જતો જતો ચંદ્રકાંત અટક્યો ને ઉત્તર દીધા વિના સરસ્વતીચંદ્ર ઉપર માત્ર કડવી દૃષ્ટિ કરી

આગળ ચાલવા લાગ્યો.

પળ વારમાં સ્ત્રીમંડળ પ્રત્યક્ષ થઈ પાસે આવ્યું. સાધુઓ પાછળ ખમચ્યા અને ઊભા રહ્યા ને ગર્જ્યાઃ ‘નન્દકો નન્દન એક આનંદ દેત હૈ! મધુરીમૈયાકો જય!’

‘મધુરીમૈયા’નો જય પોકારાયો સાંભળીને હર્ષથી, અને એની ભગવી કન્થા જોઈ દુ:ખથી ચંદ્રકાંતનાં આંસુ વધ્યાં. વાલુકેશ્વર ઉપર સરસ્વતીચંદ્રના બંગલામાં જોયેલી કુમુદસુંદરીની મોટી છબી પોતાના સામી જીવતી થઈ ઊભી લાગી ને તેની સુંદરતા, મધુરતા અને દીનતાના સંસ્કાર એના હૃદયને, વંટોળિયો વહાણના સઢને ઉછાળે તેમ, ઉછાળવા લાગ્યા. સૌ છેક પાસે પાસે આવ્યાં ત્યાં સરસ્વતીચંદ્ર આગળ વધી બોલ્યો:

‘મધુરી! આ મારા પરમ મિત્ર ચંદ્રકાંત!’

કુમુદસુંદરી — ‘ચંદ્રકાંતભાઈ! સુખી છો?’

ચંદ્રકાંત રોઈ પડ્યો — તેનાથી ઉત્તર દેવાયો નહીં — એ કુમુદસુંદરીને પગે પડ્યો ને એની પૃથ્વી પર પડેલી પાઘડી સરસ્વતીચંદ્રે ઊંચકી લીધી.

‘કુ...મુ...મધુરીમૈયા! મારા કઠણ હૃદયના મિત્રના અતિદુષ્ટ અપરાધની ક્ષમા કરજો. એણે તો તે નહીં માગી હોય — પણ એને માટે હું ક્ષમા માગું છું! અમે તમારો અસહ્ય અપરાધ કર્યો છે ને પેટમાં ઉતારેલાં વિષ રગેરગમાં ચરવા માંડ્યાં છે.’

પોતાનાં નેત્રમાં આંસુની અવગણના કરી કુમુદસુંદરીએ ચંદ્રકાંતના શરીરને ઊંચું કરવા માંડ્યું, અને એના કોમળ હાથમાં તેમ કરવાની અશક્તિ પ્રત્યક્ષ કરતો ચંદ્રકાંત એને વધારે પ્રયત્ન કરાવ્યા વિના જાતે જ ઊભો થયો ને પોતાનો રૂમાલ આંખે ફેરવી બોલતો બોલતો ઊભો.

‘મધુરીમૈયા! તમે ક્ષમા કરજો! મારા મિત્રે કરેલો અપરાધ આ ઉપરના આકાશ પેઠે હદ વિનાનો છે અને મીઠા જાણેલા એના હૃદયમાં સાગર જેવી ખારાશ જ ઊંડી ભરાઈ છે અને સર્વ પાસ ઊભરાઈ છે તેને માઠી કરવા હું કેવળ અશક્ત નીવડ્યો.

આંસુ લોહી કુમુદસુંદરી બોલી:

‘ચંદ્રકાંત! આપનું આ રત્ન સાધુજનોની સત્પરીક્ષામાં પણ રત્ન જ નીવડ્યું છે ને તેમનાં પુણ્યે તેને નવા સંસ્કાર અને નવા ઓપ આપ્યા છે તે આપ ધીમેધીમે પ્રત્યક્ષ કરશો. એમના અત્યંત દુ:ખી જીવને મહાપ્રયાસે સાધુજનોએ અને મેં લગભગ શાંત કર્યો છે. ને બાકી રહ્યું છે તે આપ કરી શકશો. મારું રંક અનાથ હૃદય એમણે અતિ ઉદારતાથી સ્વસ્થ અને સનાથ કર્યું છે. માટે હવે એ એમના નિર્મળ થયેલા હૃદયસરોવરને ડહોળી તેમાંની મહાપ્રયાસે નીચે ગયેલી માટીને પાછી ઉપર આણશો નહીં. ઈશ્વરકૃપા છે

તો આપ, સાધુજનો અને હું સર્વ મળી અવકાશે સારું જ પરિણામ આણીશું.’

૪૩ ન્યાયાધિકારીનાં આજ્ઞાપત્ર

સરસ્વતીચંદ્ર અને ચંદ્રકાંતે આખો દિવસ સૌમનસ્યગુફાને ઉપલે માળે ગાળ્યો. કુમુદ તેમાં આવતી જતી ભાગ લેતી હતી અને ઘડી બેસી પાછી જતી હતી. કંઈ વાત ગુપ્ત રાખ્યા વિના સરસ્વતીચંદ્ર પોતાનો અને કુમુદસુંદરીનો સર્વ ઇતિહાસ ચંદ્રકાંતની પાસે અથથી ઇતિ સુધી વિદિત કરી દીધો. ગુપ્ત કથા જેમ જેમ પ્રકટ થતી ગઈ તેમ તેમ ચંદ્રકાંતે ખેદ, આશ્ચર્ય, આનંદ અને ગૂંચવાડાઓ વારાફરતી અનુભવ્યાં અને પ્રાત:કાળે દર્શાવેલી મનોવૃત્તિઓને સ્થાને કંઈક અપૂર્વ તરંગોમાં ચડ્યો.

‘ત્યારે તમે બે જણે મળી આ સ્થાનમાં આવી સિદ્ધિ પ્રાપ્ત કરી, અને તમે જે કરો અને જગતને તમારે માટે જે માનવા ન માનવા જેવું લાગે તેને માટે ગાળો ખાવાનું મારે માથે નાંખ્યું! વાહ! વાહ! ભોળા દેખાતાં કુમુદસુંદરીએ પણ ઠીક જ તાલ રચ્યો!’

ચંદ્રકાંત આ બોલતો હતો તે કાળે કુમુદ વસન્તગુફામાંથી આવી એની પાછળ ઊભી હતી. એના પગનો ઘસારો લાગતાં ચંદ્રકાંતે પાછું જોયું અને ચમકી ઊભો થયો.

‘આવો, બેસો.’ ચંદ્રકાંત બોલ્યો. કુમુદ એક પાસ બેઠી. ચંદ્રકાંત પણ બેઠો.’

‘ચંદ્રકાંતભાઈ! નીચે કોઈ આવેલા છે ને આપને બેને મળવા ઇચ્છે છે.’ કુમુદે સમાચાર કહ્યા.

‘અમને બેને!’ સરસ્વતીચંદ્ર કંઈક ચમકી બોલ્યો.

‘હા જી,’ કુમુદ બોલી. બે જણ ઊતરી નીચે ગયા. ઓટલા ઉપર કુમુદ એકલી તેમને પાછા આવવાની વાટ જોતી બેઠી. બહાર દૃષ્ટિ કરવાની વૃત્તિ થઈને અટકી.

સરસ્વતીચંદ્ર અને ચંદ્રકાંત નીચે ગયા તો ભોંયતળિયે સાધુઓ ઊભા હતા ને ગુફા બહાર ઊભેલા એક સવાર સાથે વાતો કરતા હતા. એ સવાર પોતાનો ઘોડો આ ગુફાઓની બહારના ભાગમાં એક થાંભલે બાંધી આવ્યો હતો. એને શરીરે, અંગ્રેજી પોલીસના સવારના જેવો ‘ડ્રેસ’ હતો ને પગે ઘોડાને પાછળથી મારવાની ‘સ્પર્સ’ — એડીઓ-વાળાં ઢીંચણ સુધીનાં ‘બૂટ’ હતાં. ચંદ્રકાંતને દેખી એણે સલામ કરી અને સરસ્વતીચંદ્ર ભણી જોઈ બોલ્યો: ‘જોગીરાજ! સાધુ નવીનચંદ્ર તે આપ?’

સરસ્વતીચંદ્ર — ‘હા, હું જ.’

સવાર — ચંદ્રકાન્તજી, નવીનચંદ્રજી આ જ?’

ચંદ્રકાંત — એ જાતે કહે છે પછી શું પૂછો છો?’

સવાર — ‘નવીનચંદ્ર મહારાજ! અમારા ન્યાયાધીશે મોકલેલું આ આમંત્રણ-આજ્ઞાપત્ર [૧] લો અને તેની નકલ ઉપર આ કલમ અને શાહી વડે આપની સહી કરી આપો. ચંદ્રકાંતજી, આ આપના ઉપરનું આજ્ઞાપત્ર.’

બે જણે પોતપોતાનાં આજ્ઞાપત્ર વાંચ્યાં, પળ વાર એકબીજા સામે જોઈ રહ્યા, અને અંતે સહીઓ કરી નકલો પાછી આપી.

સવારે બીજા સાધુઓનાં નામ પૂછી લખી લીધાં ને એકદમ પાછો ગયો.

રાધેદાસ — ‘જી મહારાજ! આ શું છે?’

સરસ્વતીચંદ્ર — ‘ચંદ્રકાંત! આ વાંચી બતાવ.’

ચંદ્રકાંતે વાંચવા જેવા ભાગ વાંચી બતાવ્યા.

‘ચૈત્ર વદ ૧૦ને રોજ શ્રી યદુનંદનના આશ્રમમાં મહારાજ શ્રી મણિરાજની આજ્ઞાથી અને મહન્ત શ્રી વિષ્ણુદાસના આશ્રયથી આ રાજ્યના વરિષ્ઠ ધર્માધિકારી અને વિષ્ણુદાસજી પોતે અથવા તેમના કોઈ પ્રતિનિધિ સાધુ તમો નવીનચંદ્ર સાધુને પ્રશ્નો પૂછશે તેના ઉત્તર આપવા, અને તે દિવસે અને તે પછીના જે જે દિવસો એ બે જણ નીમે તે દિવસોએ, બે જણ જે જે સાક્ષીઓ પાસે તમારું અભિજ્ઞાન કરાવે તે કરવા દેવા, તમો સાધુ નવીનચંદ્રે પ્રત્યક્ષ રહેવું. તેમ કરવામાં પ્રમાદ કરશો તો તમને અસાધુ ગણી સંસારી જનોને માટે કરેલા આ રાજ્યના ધારાઓ પ્રમાણે આ રાજ્યના અધિકારીઓ પાસે બલાત્કારે બોલાવવામાં આવશે.’

જ્ઞાન૦ — ‘આટલું તો આપણા ગુરુજીના અધિકાર પ્રમાણે પ્રશસ્ત છે. પણ આમ કરવાનું પ્રયોજન પણ એ લેખમાં કોઈ સ્થાને આવતું હશે.’

ચંદ્રકાંત વાંચવા લાગ્યો.

‘સુવર્ણપુર સંસ્થાનમાં બહારવટિયા ચંદનદાસ અને બીજાઓ ઉપર એવો આરોપ છે કે તેમણે નવીનચંદ્ર નામના મનુષ્યનો વધ કર્યો છે; આ રાજ્યમાં અર્થદાસ નામના વાણિયા ઉપર એવો આરોપ છે કે મુંબઈના સરસ્વતીચંદ્ર લક્ષ્મીનંદનનો વધ કર્યો છે. આ કામમાં ન્યાયાર્થી [૨] મુંબઈના ધૂર્તલાલ અને હીરાલાલ નામના છે. તેમનું કહેવું એમ છે કે આ સરસ્વતીચંદ્ર નવીનચંદ્રનું નામ ધારી ગુપ્ત વેશે ફર્યા કરતો હતો પણ તે બે નામનું મનુષ્ય એક જ છે. આ વિષયનું ન્યાયશોધન ઉપલાં બે રાજ્ય અને સરકારી રાજ્ય એ ત્રણમાંથી એક અથવા અનેક સ્થાને થવાનું છે તેમાંથી જ સ્થાને શોધન થાય ત્યાં સરસ્વતીચંદ્ર અને નવીનચંદ્રના અસ્તિત્વ અને અભેદના પ્રશ્નોનું નિરાકરણ થવામાં ઉપયોગી પ્રશ્નો સાક્ષીઓને પૂછવાને માટે મહારાજ મણિરાજે પોતાનાં વરિષ્ઠધર્માધિકારી શંકરશર્મા અને મહન્ત વિષ્ણુદાસજીને અધિકારી નીમેલા છે. તે આજ્ઞાની નિર્વાહ કરવાને માટે

નાગરાજ મહારાજના યદુશૃંગના સાધુજનો ઉપરના શાસનપત્રને આધારે આ આમંત્રણાજ્ઞાપત્ર કાઢેલું છે.'

જ્ઞાન૦ — 'જી મહારાજ! ગુરુજીની છાયામાં રહેનાર સાધુજનોને નાગરાજ મહારાજે આપેલા અભયપત્ર પ્રમાણે જે ન્યાયશોધન થાય તેમાં જ ગુરુજી સાહાય્ય આપે છે, અને ગુરુજી જેમાં સાહાચ્ય આપે નહીં તેવાં સર્વ આજ્ઞાપત્ર વૃથા છે, માટે આપની શાંતિ કે સ્વસ્થતામાં કોઈ જાતની ન્યૂનતા થવી ઘટતી નથી.'

સરસ્વતીચંદ્ર — 'ના સ્તો.'

એટલામાં એક બીજો સાધુ આવ્યો ને સરસ્વતીચંદ્રને કહેવા લાગ્યો:

'જી મહારાજ! વિહારપુરીજીએ કહાવ્યું છે કે પ્રાત:કાળે ગુરુજી સમાધિમાંથી જાગશે તે પછી આપને અને આપના મિત્રને તેમનાં દર્શન માટે બોલાવીશું. આપના ઉપર આવેલું આજ્ઞાપત્ર આપને પહોંચ્યું હશે અને તે સંબંધમાં ગુરુજી ઉપર આવેલા લેખ પણ ગુરુજી કાલે જોશે. આપના જેવા પરમ સાધુજનને તો ગુરુજીની છાયામાં સર્વથા અભયછત્ર છે. બીજું આપના મિત્રના ઉપર પ્રધાનજીને ઘેરથી અને પ્રધાનજીએ મોકલેલા કેટલાક પત્રો આશ્રમમાં આવેલા હતા તે વિહારપુરીજીએ મારી સાથે મોકલેલા છે.'

સરસ્વતીચંદ્રે તે પત્ર લઈ ચંદ્રકાંતને આપ્યા.

સાધુ — 'ચંદ્રાવલીમૈયા પણ રાત્રિએ ઘણું કરી આપને મળશે.'

સરસ્વતીચંદ્ર — 'તે ઉત્તમ જ થશે.'

---

૧ . સમન્સ.

૨ . ફરિયાદ કરનાર, વાદી.

૪૪ કોઈને કાંઈ સૂઝતું નથી

क: श्रद्धास्यति भतार्थे लोकस्तु तुलयिष्यति।।

- મૃચ્છકટિક ઉપરથી

બે મિત્રો પાછા ઉપર ચડ્યા. ચડતાં ચડતાં સરસ્વતીચંદ્ર ધીમે રહી બોલ્યો:

‘ચંદ્રકાંત! મારું અને મારા નામનું પ્રકટીકરણ કરવાની મારા સાધુજને તને ના કહી ન હતી?’

ચંદ્રકાંત — ‘કહી’તી.’

સરસ્વતીચંદ્ર — ‘ત્યારે?’

ચંદ્રકાંત — ‘તમે જાણતા હશો કે તમારું શરીર, તમારી વિદ્યા અને બુદ્ધિ અને તમારાં પરાક્રમ ગુપ્ત રહી શકે એવાં છે.’

સરસ્વતીચંદ્ર — ‘મને એમાં કાંઈ શંકા નથી.’

ચંદ્રકાંત — ‘ક્ષમા કરો. મુંબઈ રહીને મેં આપને શોધી કાઢ્યા ને રત્નનગરીની પોલીસે આપના કેવા કેવા પત્તા મેળવ્યા છે તે જાણશો ત્યારે હબકશો.’

સરસ્વતીચંદ્ર — ‘મને શોધી કાઢ્યો પણ કુમુદસુંદરી તો ગુપ્ત જ છે કની?’

ચંદ્રકાંત — ‘મારાથી તો ગુપ્ત ન હતાં. બીજાંની વાત બીજાં જાણે.’

આટલું બોલતાં તેઓ છેક ઉપલા દાદરને ઉપલે પગથિયે આવ્યા. ઓટલા ઉપર કુમુદ બેઠી હતી. એ ઓટલે થોડે છેટે બે મિત્રો બેઠા.

ચંદ્રકાંત — ‘કુમુદ — અથવા તમારું નામ ગુપ્ત રાખી બીજે નામે બોલાવવાની ટેવ પાડીશ કે કોઈ સાંભળે તોયે વાંધો નહીં. મધુરીમૈયા, અમે નીચે ગયા હતા ત્યાંના સમાચાર આ વાંચીને જાણો.’

સરસ્વતીચંદ્ર ઉપર આવેલું આજ્ઞાપત્ર કુમુદને આપ્યું, પોતાના ઉપર આવેલું સરસ્વતીચંદ્રને આપ્યું, અને પોતે પોતાના ઉપર આવેલા પત્રો ઉઘાડવા વાંચવા લાગ્યો — કંઈક ભાગ મનમાં વાંચવા લાગ્યો ને કંઈક મોટેથી વાંચવા લાગ્યો.

સરસ્વતીચંદ્ર — ‘કુમુદસુંદરી! તમારું અહીંયાં હોવું ચંદ્રકાંતને વિદિત હતું.’

કુમુદસુંદરી — ‘કંઈક નવાઈની વાત. પણ મારે પ્રકટ રહેવું કે નહીં ને મેં કે આપે શું કરવું તે વિચારનો ભાર આપણે માથેથી આપણે કાઢી નાખ્યો

છે. આપના સુજ્ઞ મિત્રને હવે જે ગમે તે ઠરાવે. આપના ચિત્તની, મારા ચિત્તની, આપણાં સ્વપ્નની, અને આપણા જાગૃતની, સર્વ વાતો એમણે જાણી, વાંચી, અને હવે જે એમને યોગ્ય લાગે તે કરે. આપણી હોડીમાં હવે સુકાનપર ચંદ્રકાંતભાઈ બેસશે ને એ સંજ્ઞા કરશે તે પ્રમાણે આપણે સઢ ચડાવીશું ને હલેસાં હલાવીશું.'

સરસ્વતીચંદ્ર — 'સ્વસ્થતાનો માર્ગ એ જ છે. ચંદ્રકાંત! આ વ્યવસ્થા મેં શોધી કાઢી નથી.'

ચંદ્રકાંત — 'એ તો હું જાણતો જ હતો. આપ કાંઈ શોધી કાઢો તેમાં કાંઈ નવી જ છાશ વલોવવાની નીકળે ને તેમાં શ્રમ વિના ફળ ન મળે. મધુરીમૈયાની બુદ્ધિ વિના તેમાંથી માખણ નીકળવાનું નહીં — એમની ચતુરાઈએ એવું માખણ કાઢ્યું કે તમે વલોણું બંધ કરી નિરાંતે બેઠાં ને ચંદ્રકાંતને માથે ચિંતાનું ચક્ર બેઠું. હવે તો ચંદ્રકાંતને *चक्रं भ्रपति मस्तके!* આમ માર્ગ દેખાડું તો આમ ગૂંચવાડો ને એમ દેખાડું તો એમ ગૂંચવાડો.'

કુમુદસુંદરી — 'આપ મિત્ર છો, વ્યવહારજ્ઞ છો, વિદ્વાન છો, અને અમારાં ને અમારાં હિતચિન્તક માતાપિતાદિક સર્વનાં ચિત્ત જાણો છો ને સર્વના વિશ્વાસના પાત્ર થઈ ચૂક્યા છો. આપના જેવા વૈદ્યને આ કાર્ય ન સોંપીએ તો બીજા કોને સોંપીએ?'

ચંદ્રકાંત — 'હાસ્તો. લો ત્યારે પ્રથમ આ સાંભળો તમારા પિતાના પત્રમાંનો લેખ.'

'કુમુદને માટે એની મા શું ઇચ્છે છે તે તમે જાણો છો. વડીલ શું ઇચ્છે છે તે યે તમે જાણો છો. સરસ્વતીચંદ્ર અને કુમુદ પોતે શું ઇચ્છે છે તે તમે હવે જાણી ગયા હશો. મારી પોતાની ઇચ્છા અથવા વૃત્તિ કુમુદની પોતાની કોઈ પણ પવિત્ર ઇચ્છાને પાર પાડવામાં તત્પર થવાની છે — તે વિના હું કાંઈ બીજું ઇચ્છતો નથી. કુમુદને સરસ્વતીચંદ્રે જે હાનિ પહોંચાડી ને જે અન્યાય કર્યો છે તેનો બદલો વાળવા તેમની ઇચ્છા હોય તો કુમુદનું પ્રસિદ્ધ પાણિગ્રહણ કરવું, એને હવે સર્વથા સુખી કરવી અને આપણા લોક બોલે અથવા વેઠાવે તે સાંભળવું અને વેઠવું — એ જ માર્ગ એમની વિદ્યાને અને ન્યાયબુદ્ધિને યોગ્ય છે. જો આ માર્ગ તેઓ લેવાને તત્પર હશે તો હું અને કુમુદની માતા આ વ્યવહારથી થવાનાં સર્વ સુખદુ:ખમાં તેમની સાથે જ રહીશું અને મારી સમૃદ્ધિમાત્ર મને કુમુદ-કુસુમના કરતાં વધારે પ્રિય નથી. કુસુમને કુંવારાં રહેવાનો તીવ્ર અભિલાષ છે તે તમે જાણો છો અને મારી સર્વ સમૃદ્ધિ એ બે પુત્રીઓના ધર્મ્ય અભિલાષ પૂરવામાં સાધનરૂપ કરવા હું સર્વ રીતે અને આ પળે શક્તિમાન અને તૈયાર છું.'

'કુસુમને લઈ તેની માતા અને કાકી કાલ સુન્દરગિરિ ઉપર આવશે. વડીલ પણ તેમની જોડે આવશે. મિસ ફ્લોરા પણ આવશે. સર્વને માટે

તંબૂઓ મોકલી દીધા છે.'

'ધર્મભવનની આજ્ઞા થઈ છે તેથી વિષ્ણુદાસજી પાસે સરસ્વતીચંદ્રનું અને તમારું તેમ અન્યજનોનું સાક્ષ્ય [1] લેવામાં આવશે અને તમારા જેવું જ આજ્ઞાપત્ર મારા ઉપર છે એટલે હું પણ તે પ્રસંગે આવીશ. બુદ્ધિધનભાઈને પણ એ પ્રસંગે સાક્ષ્ય આપવા આવવા વિજ્ઞપ્તિપત્ર લખેલું છે.'

'સરસ્વતીચંદ્રને પ્રગટ થયા વિના છૂટકો નથી. કુમુદનું નામ અતિગુપ્ત છે તે એની ઇચ્છા હશે તો પ્રગટ થાય ને તે ઇચ્છા જાણ્યા વિના પ્રકટ ન થાય એવી વ્યવસ્થા કરી છે.'

'બાકીના સમાચાર બીજા પત્રોમાંથી મળશે.'

'સરસ્વતીચંદ્રને અને કુમુદને આ પત્ર વંચાવજો. સરસ્વતીચંદ્રે પોતે કાંઈ ખોટું કર્યું છે એમ જાતે સમજતા હોય તો તેનું પાપ ધોઈ નાખવાનો એક જ માર્ગ ઉપર લખ્યો છે; ને કુમુદના પિતાને ઈશ્વરે આપેલા અધિકાર છે તે વાપરી હું તેમની પાસે મારી કુમુદને માટે એટલો ન્યાય માગું છું કે તેમણે કુમુદને એની ઇચ્છા પ્રમાણે ધર્મથી શીઘ્ર ન્યાય આપવો.'

સરસ્વતીચંદ્ર — 'ચંદ્રકાંત! તને કહ્યું છે કે આથી કુમુદસુંદરીને તૃપ્તિ હોય તો તેમ કરવા હું સજ્જ છું. એમના પિતાની સંમતિના અભાવને લીધે જે કાંઈ બાધ હતો તે આમ નીકળી જાય છે તો પછી હું તો કુમુદસુંદરી પાસે પ્રતિજ્ઞા કરી ચૂક્યો જ છું.'

કુમુદસુંદરી — 'ચંદ્રકાંતભાઈ! મારા મનની તૃપ્તિની વાત જવા દેજો અને એમને પ્રાયશ્ચિત્તરૂપે મારો સમાગમ આપવાની તો કલ્પના પણ જવા દેજો. એ વિના બાકીનાં અમારાં મનોરાજ્ય તમે જોઈ લીધાં છે ને તેની સિદ્ધિમાં અમારો ધર્મસહચાર કેવે રૂપે વધારેમાં વધારે કામ લાગશે, સ્ત્રીના પુરુષપ્રતિ અનેક ધર્મ છે તેમાંથી ક્યાનો ત્યાગ અને કયાનો સ્વીકાર એમના ધારેલા મહાયજ્ઞને સફળ કરી શકશે અને એમને એમની સર્વાવસ્થામાં સૌમનસ્ય આપશે અને એમને કૃતકૃત્ય કરશે, એમની કીર્તિ અને અમારું બેનું કલ્યાણ કરવામાં કયો માર્ગ ધર્મ્ય છે. અને ટૂંકામાં આપના પરમ મિત્રની સાથે કેવા પ્રકારથી મારી મૈત્રી રચાય તો એમનું સુખ, એમનું સ્વાસ્થ્ય, એમની કીર્તિ, એમનું સદ્‌ભાગ્ય અને સત્પરાક્રમ સંપૂર્ણતાથી રચાય એટલું જ વિચારજો. મારું શું થાય છે, મારી કીર્તિ થશે કે અપકીર્તિ, મારાં અતિપ્રિય અને મારે માટે આટલું કરવા તત્પર થયેલાં માતાપિતાને હું વહાલી થઈશ કે અળખામણી, એ અથવા એવો કાંઈ પણ મારા સુખનો કે દુ:ખનો વિચાર કરશો નહીં. અમારી તકરારમાં તમે પંચ, તમે કન્યાદાનના અધિકારી, તમે વરના પિતા, તમે બેના મિત્ર, તમે અમારા વિવાહનો હોમ, અને તમે અમારા અગ્નિસ્વરૂપ! તે એવે રૂપે તમે મને શુદ્ધ અને સંસ્કારિણી કરી આ મારે માટે ત્યાગી થમેલા શરીરનો જન્મ જે રીતે સફળ થાય તેટલું કરજો. પછી હું સર્વાવસ્થામાં સુખ અને સંતોષ જ જોઈશ. એમનો જન્મે સફળ

થાય તે વિના બીજા ભોગની મને તૃષ્ણા નથી, બીજો વૈભવ મને ગમતો નથી, ને બીજાં ભાગ્યના ન્યૂનતાથી કુમુદને લેશમાત્ર પણ દુ:ખ થનાર નથી તે સત્ય સમજજો. આટલું મારું ઇષ્ટ કરશો તો અપકીર્તિ, અધર્મ અને દુ:ખ — એ સર્વનો મને રજ પણ ભય નથી. ચંદ્રકાંતભાઈ, મારાં પિતા માતા અને સહોદર થઈ, મારા વકીલ થઈ, આટલું કામ કરજો અને તમારામાં એમનો તેમ મારો સંપૂર્ણ વિશ્વાસ સમજજો.

આટલું બોલતાં બોલતાં એની આંખમાં આંસુ આવ્યાં. ચંદ્રકાંત પણ કંઈક ગળગળો થયો અને બોલ્યો:

'કુમુદસુંદરી! જેનો જન્મ સફળ કરવાને તમે આટલાં તરસ્યાં છો તેના જ જન્મને સફળ જોવાથી ચંદ્રકાંત પણ પોતાનો જન્મ સફળ થયો માનશે. માટે તમે રજ પણ ચિંતા ન કરશો. આ વિનાના બીજા પત્ર વાંચી વિચાર કરવાનો અવકાશ શોધીશું.'

બીજો એક પત્ર લીધો — તે ઉપર ચંદ્રકાંતનું સરનામું ને કુસુમના અક્ષર! પરબીડિયું ફોડ્યું તો માંહ્ય બીજું પરબીડિયું હતું તે ઉપર લખ્યું હતું કે — 'ચંદ્રકાંતભાઈ! કુમુદબહેન જ્યાં હોય ત્યાં જઈ એને હાથોહાથ આપજો. જડે નહીં તો જડે ત્યાં સુધી સાચવી રાખજો. ન જ જડે તો પાછો લાવજો. આણી પાસ ન આવો તો ફાડી નાંખજો.

લિ. કુસુમ.'

ચંદ્રકાંતે પત્ર કુમુદને આપ્યો ને એણે તે મનમાં વાંચ્યો.

'પ્રિય કુમુદબહેન,

હું ધારું છું કે તમારા સ્વહસ્તમાં આ પત્ર પહોંચશે. આ ભણીના બધા સમાચાર ચંદ્રકાંતભાઈ તમને કહેશે, પરંતુ તે પણ તમને બધું કહે કે ન કહે, ને કહેવા ઇચ્છે તો પણ બધું જાણતા ન હોય માટે હું જ લખું છું.

તમારે વિશે સર્વ કુટુંબનો જીવ ઊંચો થયો હતો તેમાં હવે આશા આવી છે. પણ પ્રમાદધનભાઈના સમાચાર પછી આ સંસારને મન તમારા ડૂબ્યાના સમાચાર કરતાં જીવ્યાના સમાચાર વધારે વહાલા લાગતા નથી તે હું બે આંખે જોઉં છું ને કાને સાંભળું છું. તેમાં વળી તમારો અને સરસ્વતીચંદ્રનો સુન્દરગિરિ ઉપર યોગ થયો સાંભળી સૌ આનંદને સાટે ખેદ પામે છે ને બીજું તો હું લખતી નથી.

પ્રમાદધનભાઈ આયુષ્યમાન હતા ત્યારે તેમના ભણીના તમારા દુ:ખને લીધે ગુણિયલ દુ:ખી હતાં. સરસ્વતીચંદ્રને ગુણિયલ સુખી જોવા ઇચ્છે છે પણ તમારાથી તે સુખી થાય એ એમના હૃદયને ગમતી વાત નથી. પણ પિતાજીનું મન પ્રસન્ન રાખવાને માટે પિતાજી જે કહેશે તેમાં ગુણિયલ ભળશે.

તમારું ને સરસ્વતીચંદ્રનું તો હવે પુનર્લગ્ન થાય ને તેથી તમે બે જ્ઞાતિબહાર થશો ને આપણાં માતાપિતાને માથે અપયશ આવશે એટલે પછી તેમનાથી નીચેથી ઊંચું નહીં જોવાય. જો પિતાજી તમારો તે પછી સ્વીકાર કરે તો તેમને જ્ઞાતિબહાર રહેવું પડે અને પ્રધાનપદ પરથી પણ ખસવું પડે. જયશંકરમામાને આ વાત રજ ગમતી નથી, પણ પોતે નિવૃત્ત છે એટલે હા કે ના કહેવાના નથી ને નાતમાં તો આમે ને તેમે પણ જતાં નથી. દાદાજીથી તમારું દુ:ખ વેઠાતું નથી, પણ આ સર્વ હરકતો એમને ગમતી નથી; તેથી તેમણે એવો રસ્તો કાઢ્યો કે તમે તમારું નામ અને કુટુંબનું નામ છાનું રાખી સરસ્વતીચંદ્ર જોડે સુન્દરગિરિ ઉપર આયુષ્ય ગાળો એટલે પિતાજીને બીજી રીતે હરકત ન પડે ને તમે સુખી થાવ. કાકી તો એવું જ કહે છે કે એમના જેવાં તમારાથી શા માટે ન રહેવાય? તમે જો પુનર્લગ્ન કરશો તો કાકી તમારું મોં જોવાનાં નથી ને ગુણિયલ પણ માત્ર પિતાજીને લીધે જોશે. સરસ્વતીચંદ્રના બાપા ગાંડા થયા છે ને તમને બેને ઝંખે છે. પિતાજી તો બધી હરકત વેઠીને પણ તમારું સુખ જોવાને ઇચ્છે છે ને તેમના મનની વાત ચંદ્રકાંતને આજ લખી હશે કે લખશે. તમારા સસરા સંન્યસ્ત લેવાના કહેવાય છે.

આ સર્વ તમને કોઈ કહે નહીં માટે મેં લખ્યું છે. મને પૂછો તો આ બધી દુગ્ધામાં હવે પડશો નહીં. છૂટ્યાં છો તે બંધાશો નહીં. મારે પોતાને પણ બંધાવું નથી. ગમે તે થાય પણ લગ્નના ફાંદામાં પડવું નથી. આજ સુધી પિતાજી એમ કહેતા હતા કે કુસુમને સરસ્વતીચંદ્ર જોડે પરણાવીશ — હવે ઈશ્વરકૃપાથી તે વાત ગઈ છે. મને કૌમારવ્રત પાળવા દેવાની પિતાજીએ હવે સ્પષ્ટ હા કહી છે. મારા મનમાં એમ છે કે મારે યે ન પરણવું ને તમારે યે ન પરણવું ને આપણે બે બહેનો ઠીક પડશે ત્યાં સુધી ગુણિયલ પાસે રહીશું, ઠીક પડશે ત્યારે ચંદ્રાવલી પાસે રહીશું, ને ઠીક પડશે ત્યારે મોહનીમૈયાના મઠમાં રહીશું, નવા અભ્યાસ કરીશું, ને સંસારના મોટા ખાડામાંથી ઊગરી ખરા કલ્યાણને માર્ગે જઈશું.

તમે સરસ્વતીચંદ્ર સાથે યોગ પામો તેમાં મને તો લાભ છે. કારણ તમે તેમની સાથે જોડાવ તો એવું પણ થાય કે મારે માટે યોગ્ય વર નથી માટે કુંવારી રાખવાની પિતાજી હા કહેતા હશે; ને તમે વિધવાવ્રત પાળશો તો વખત છે ને પાછું મારે માથે ચક્ર બેસે ને સૌ મને કહેશે કે આ વર છે ને તું પરણ. પણ મેં તો નિશ્ચય કર્યો છે કે પિતાજીએ એક વાર હા કહી છે તેમાંથી ફરવા નહીં દઉં; ને તમે ને હું બે સરખાં હોઈએ તો મરજી પડે ત્યાં રહીએ ને બેને ગમે.

અમે સૌ એક બે દિવસમાં ત્યાં આવીશું. તમને હજી છતાં કરવાં નથી માટે તમને એકાંત રાખવાને માટે ગુણિયલે મોહની અને ચંદ્રાવલી ઉપર છાનો સંદેશો મોકલ્યો છે. ફ્લોરા પણ આવવાનાં છે; કારણ સમજાતું નથી, પણ મને, તમને સમજાવવાને માટે એમને મોકલવાનું ઠર્યું હોય એવું કાને

આવ્યું છે. પણ એ એવું સુજ્ઞ માણસ છે કે તેમના ભણીની કંઈ ચિંતા રાખવા જેવું નથી.

તમને આ વાત કોઈ કહેવાનું નહીં ને ત્યાં બધાં વચ્ચે આપણે વાત કરવાનો જોઈએ તેવો પ્રસંગ મળે કે ન મળે માટે આટલું આ પત્રમાં લખ્યું છે. સરસ્વતીચંદ્ર પણ સુજ્ઞ છે; કુંવારાં રહેવાનો મારો મૂળ વિચાર એમની વાતોથી થયો છે ને હવે એ મારા મત્સ્યેંદ્રગુરુ ભૂલી જશે તો હું ગોરખ થઈને ગાઈશ કે ‘દેખ મછેંદર, ગોરખ આયા!’

કુમુદબહેન! બાકીનું તમારા દુ:ખથી હું શીખી છું ને મારા સુખથી તમે શીખજો — કે પછી બેમાંથી એક પણ ડગીએ નહીં ને ડગવા દઈએ નહીં.

બાકીની વાતો મળીએ ત્યારે આખો જન્મારો છે.’

લિ. કુમુદની કુસુમ તે બીજા કોઈની નહીં.’

પત્ર વાંચતાં વાંચતાં કુમુદ કંઈ હસતી હતી, કંઈ ખિન્ન થતી હતી, અને બીજા પણ અતકર્ય વિચારો એના હૃદયમાં આવતા હશે એવું તેના કપાળની કરચલીઓથી, ભ્રમરના ભંગથી, આંખોનાં પોપચાંના પલકારાથી, અને ગાલ પર ફરતા સ્પષ્ટ રંગોથી, જોનારને સમજાય એમ હતું, અને તે જુએ એવી વસ્તી એની પાસે પ્રત્યક્ષ હતી. વાંચીને એ પત્ર એણે ચંદ્રકાંતને આપ્યો ને આપતી આપતી બોલી:

ચંદ્રકાંતભાઈ! આપ જે વિચાર કરો તેમાં આમાંથી પણ કંઈ કંઈ વિચારવાનું જડશે તે શોધી કાઢજો.’

બે મિત્રોએ પત્ર વાંચ્યો. સરસ્વતીચંદ્ર ગંભીર થઈ બોલ્યા ચાલ્યા વિના બેસી રહ્યો. ચંદ્રકાંતે પોતાના ઉપરના બીજા પત્રો ઉપર આંખ ફેરવવા માંડી ને એકેકો પત્ર વાંચી વાંચી મૂકતો ગયો તેમ તેમ સાર કહેતો ગયો.

‘ઉદ્ધતલાલ, તરંગશંકર, વીરરાવ, લક્ષ્મીનંદનશેઠ, હરિદાસ, બુલ્વરસાહેબ અને બીજાઓ પણ સરસ્વતીચંદ્રને ઓળખી જુબાની આપવા આવવાના છે. — સરસ્વતીચંદ્ર! તમારે માટે તો મોટો મેળો ભરાશે! મુંબઈ છોડી સાધુ ન થયા હોત તો આ વેળા ક્યાં આવવાની હતી? બહુ જ ભાગ્ય તેમનાં ને આપણાં કે આ શંભુમેળાનો સંઘ આપણી પાછળ આવી જાત્રાએ આવશે.’

સરસ્વતીચંદ્ર ગંભીર રહ્યો ને માત્ર એટલું જ પૂછ્યું કે ‘ગંગાભાભીનો પત્ર નથી?’

ચંદ્રકાંત — ‘છે, પણ સંતાડવાનો છે.’

સરસ્વતીચંદ્ર — ‘કુમુદસુંદરીને તો વંચાવો.’

કુમુદસુંદરી — ‘ગંગાભાભી-’

ચંદ્રકાંત — ‘અમારા ઘરનાં એ ઘરવાળાં — જેમની સાથે ઊભાં રહેતાં તમે શરમાશો.’

કુમુદસુંદરી — ‘વાંચવા દેવામાં હરકત છે?’

ચંદ્રકાંત — ‘છે તો બધી યે છે ને નથી તો કાંઈ નથી. આપું? લો ત્યારે!- થાય તે ખરું! - નીકર હું જ વાંચું છું. સાંભળો.

‘હું મરવા પડી હતી એટલું જ નહીં પણ તમારાં સગાં ને વહાલાંએ ધૂર્તલાલ સાથે મારો ઘાટ ઘડવો ધાર્યો હતો. તે જાણતાં છતાં તમે ન આવ્યા તે બહુ જ સારું થયું. કારણ હું મોઈ હોત ને સરસ્વતીચંદ્ર જડ્યા હોત તો છોકરાં ભૂખે ન મરત, પણ જીવું છું ને નહીં જડે તો તમે ઘરનાંની શરમ તોડી મને કે છોકરાંને કંઈ કોડી બતાવવાના નથી. માટે તેમને શોધવાનું પડતું મૂક્યું નહીં ને આવ્યા નહીં તે જ સારું થયું.

તમારો કાગળ આવ્યા પછી મને અને છોકરાંને ઉદ્ધતલાલ પોતાને ઘેર લઈ ગયા છે; તેથી તેમની ને તમારાંની વચ્ચે રમઝટ ચાલી, પણ ઉદ્ધતલાલ કોઈનાથી જાય એવું રત્ન નથી. ને હવે તો હું પણ સાજી થઈ છું. સરસ્વતીચંદ્ર જડ્યા કહેવાયા સાંભળી સાજી થઈ. ખરેખર જડ્યા હશે તો ઉદ્ધતલાલ ત્યાં આવશે ને હું પણ સાથે આવીશ.

એવું પણ સંભળાય છે કે કુમુદસુંદરી જીવતાં નીકળ્યાં છે. પણ હવે તો તે વૃથા. નાતરિયા નાત હોત તો જુદી વાત હતી. તમે સુધારાવાળા નાતરાં કરાવો તો ના કહેવાય નહીં -પણ, એ નાતના ઘોળમાં પડવાની ને છૈયાંછોકરાં પરણાવવાની એમ બે વાતો સાથે બને એવી નથી. ઉદ્ધતલાલ કહે છે કે આપણે નાતરિયા નાતનો, વિલાયત જઈ આવનારાનો, નાતબહાર રહેલા લોકનો, ને એવા એવાઓનો સૌનો શંભુમેળો કરી નવી મોટી નાત કરીશું ને તેમાં નાતબહાર મૂકવાનો ચાલ કાઢી નાખી એ નાતમાં આવે તેને માટે સૌને સદર પરવાનગીનો પાસ આપી બારણાં ઉઘાડાં મૂકીશું એટલે આપણી નાત વધ્યે જ જશે ને જૂની નાતોમાં ઘરડાં રહેશે ને નવીમાં નવાં નવાં જુવાનિયાં આવશે. મને તો આ બધી વાત મશ્કરીની લાગે છે, પણ તમારું ઠેકાણું નહીં માટે જણાવું છું કે આવું તો કંઈ ઠીક નહીં. એ તો પછી છોકરવાદી નાત થાય. ગાયગધેડા ભેગાં થાય એ કંઈ મને ગમે નહીં. મને તો લાગે છે કે એવું થાય તો ભાયડાઓ એ નવી નાતમાં જાય પણ કંઈ કંઈ બાયડીઓને તો તેમનાથી જુદાં પડી જૂનામાં રહેવાનું ગમશે. એવી વર્ણશંકર નાત થાય તે તો કંઈ સારું નહીં. માટે એવો કલજુગ ભૂલ્યે ચૂક્યે બેસાડશો નહીં.’

કાગળ ખીસામાં મૂકતો મૂકતો પાછો કાઢી કુમુદસુંદરીને એક ઠેકાણે કાગળમાં આંગળી મૂકી બોલ્યો: ‘આટલું તમે વાંચી જુઓ — ને મનમાં રાખજો — સરસ્વતીચંદ્રને યોગ્ય વેળાએ જણાવીશું.’

કુમુદે તે મનમાં વાંચ્યું.

‘ગુમાનબાના દીકરા ધનભાઈ ગુજરી ગયા છે. લક્ષ્મીનંદન ગાંડા થયા છે પણ ગુમાનબા તેમની ચાકરી કરે છે ને એ પણ હવે જાણે છે કે સરસ્વતીચંદ્ર વિના એમનું કોઈ બીજું થાય એમ નથી. ધૂર્તલાલ ઉપર ફોજદારી ચાલે છે ને મોટા મોટા લોકને એમાં રસ પડે છે. દાક્તર કહે છે કે સરસ્વતીચંદ્ર જડશે તો લક્ષ્મીનંદન ડાહ્યા થશે માટે એમને ત્યાં લાવવા ધાર્યા છે. સરસ્વતીચંદ્ર જડે તો ધનભાઈનું સ્નાન કરાવજો ને બીજા આ બધા સમાચાર કહેજો. શેઠની જોડે ગુમાનબા પણ ઘણું કરી આવશે ને લખશો તો હું પણ આવીશ ને સરસ્વતીચંદ્રને ઘેર આણવા જશ ધમકાવવા હશે તો તે આવડશે. બાકી અંગ્રેજી ભણેલાને સમજાવવાનું તો નહીં આવડે. એ તો પથ્થર પલાળવાનું કામ.’

કુમુદે પત્ર પાછો આપ્યો ને કંઈક ઊંડા વિચારમાં પડી ગઈ. અંતે તેમાંથી જાગીને બોલી:

‘ચંદ્રકાંતભાઈ! પત્રો વાંચવાના થઈ રહ્યા. તમારે વિચારવાની સર્વ વસ્તુ મળી ગઈ. ચંદ્રાવલીબહેન રાત્રે આવશે ને પ્રાત:કાળે ગુરુજી સમાધિમાંથી જાગશે ને તમારે ત્યાં જવું થશે ને મારે ચંદ્રાવલીબહેન જોડે જવું પડશે. કાલ ગુણિયલ પણ બધાને લઈને આવશે, અને હવે એકાંત વિચાર કરવાનો ને વિચાર કરવા બેસવાનો આવો કાળ થોડાંક પહોરનો રહ્યો છે તે વિચારમાં ગાળી નાખીશું તો સિદ્ધાંત ઉપર આવવાનો ને તમારો નિર્ણય જાણવાનો અવકાશ પછી મળવો દુર્લભ. બીજાંને અમારો બેનો સ્વપ્ન અને જાગૃત સંસાર કહેવો કઠણ છે ને તે તેમનાથી સમજાવો મનાવો અશક્ય છે.’

ચંદ્રકાંત કંઈક વિચાર કરી બોલ્યો: ‘તો સાંભળો. વિચારનો જ સાપ તમે મારે માથે નાંખ્યો તે ઉછાળી મારે તમારે માથે નાંખવાનું થાય એમ છે. તમારા યોગ અને ચિરંજીવોનાં ઇન્દ્રજાળને હું માત્ર માનસિકશાસ્ત્ર — Psychology -ના ચમત્કાર માનું છું પણ તેમાં ઘણો અને ઊંડો બોધ જેટલો ભરેલો છે એટલો જ તમારાં હૃદયના રસનો સમાગમ પણ તેમાં ફુવારાની ઊંચી ધારાઓ પેઠે ઊડી રહેલો છે. આ સુન્દર પવિત્ર સ્વપ્ન ચિત્ર પ્રત્યક્ષ કરી તમને વિવાહના સમાગમમાંથી પળવાર પણ દૂર રાખવાને ચંદ્રકાંતનું હૃદય કહ્યું કરે એમ નથી. તમારા ભવ્ય અને લોકકલ્યાણેચ્છક અભિલાષો સિદ્ધ થાય તો આ દેશમાં નવી રમણીય અને સુખકારક સૃષ્ટિ ઊભી થવાની, તેમાં વિલંબ પડે છે તેથી પણ હું અધીરો થઈ જઉં છું. પણ આપણા હાલના આર્ય સંસારમાં એ સર્વ સુન્દરતાનું તેજ, તમારાં ‘પુનર્લગ્ન’ કહેવાતા તમારા નવા લગ્નની છાયાથી કાળું પડી જશે, તમે શૂદ્ર હો તેમ લોક તમારા સંસર્ગથી દૂર રહેશે, અને તમારા અપકીર્તિને લીધે, પૃથ્વી ઉપર વૃષ્ટિ કરવા નીકળેલાં વાદળાંની ધારાઓ ખારા સમુદ્રમાં પડી જાય ને પૃથ્વીને બિંદુ પણ ન અડકે તે રીતે તમે વરસાવવા ધારેલા કલ્યાણમેઘ લોકને ઉપયોગી ન થતાં નકામે સ્થાને ગળી જશે અથવા જાતે વેરાઈ જશે.

જો તમારું લગ્ન નથી થતું તો તમારાં સુંદર પવિત્ર સ્વપ્ન નિષ્ફળ જશે, તમે વેઠેલું તપ નિષ્ફળ થશે, તમારા રસોત્કર્ષની વીજળીના ચમકારાને સ્થાને અમાસની રાત્રિ જેવું થઈ જશે, અને સ્ત્રીસૃષ્ટિ દ્વારા આર્ય લોકને તમે કરવા ધારેલાં કલ્યાણ કરવામાં અવિવાહિત સરસ્વતીચંદ્રનાં સાધનહીન રહેશે. અને જો તમારો વિવાહ થશે તો સાધનવાળા થયેલા સરસ્વતીચંદ્રનાં સાધનમાત્ર લાકડાની તરવાર જેવાં થઈ જશે.

સ્થૂલ પ્રીતિને દૂર રાખી, તમારાં સૂક્ષ્મ શરીરનો સમાગમ રાખી, શરીરના સંબંધમાત્રનો ત્યાગ કરી મનોમનની મિત્રતાથી જ, આ લોકકલ્યાણમાં પ્રવૃત્ત થવા ઇચ્છતાં હો તો તે પણ તમારી વૃથા કલ્પના જ સમજવી. આપણા લોક કોઈ પણ સ્ત્રી અને પુરુષને સાથે ઊભેલાં દેખે એટલે સ્થૂલ સમાગમ જ માને છે. તેમની તુલામાં બીજાં કાટલાં નથી. સેંકડો વર્ષના સંસ્કારોથી અને અભ્યાસથી યુરોપનાં સ્ત્રીપુરુષો એકાંતમાં પણ મન મારીને સાથે વસવાની કળાને પામ્યાં છે અને તેવી કળા આ સાધુજનોમાં અથવા તમે કહો છો તેવા પ્રાચીન આર્ય સંસારમાં એક કાળે હશે. પણ આજ તો આ દેશકાળમાં તે અભ્યાસનું સ્વપ્ન પણ નષ્ટ થયું છે ત્યાં એવો બલિષ્ઠ અભ્યાસ થોડા કાળમાં કેવી રીતે ઊગવાનો કે સમજાવાનો? માટે તમે વરણવિધાનથી વિવાહિત થાવ તેથી જેમ લોકનું કલ્યાણ કરવામાં તમારી તાકેલી બંધૂકોના બાર ખાલી જવાના, તેવી જ રીતે વિવાહ વિના કેવળ સૂક્ષ્મ સમાગમ રાખી કરવા ધારેલા બાર પણ ખાલી જ જવાના, અને તમારે બેને સ્થૂલ શરીરનું નિષ્ફળ બ્રહ્મચર્ય-તપ તપવું પડશે તે વધારામાં.

આ ત્રણે માર્ગથી તમારા અભિલાષ અસાધ્ય છે. એ અભિલાષ સિદ્ધ કરવાનો માર્ગ તો એક જ છે કે ગુણસુંદરીના અને સુન્દરગિરિના અભિલાષને તૃપ્ત કરવો. સરસ્વતીચંદ્ર ને કુસુમસુંદરીનો સ્થૂલસૂક્ષ્મ વિવાહ થાય અને કુમુદસુંદરી પરિવ્રાજિકાવ્રત પાળી તેમને સાહાય્ય આપશે તો લોકમાં પ્રશંસા થશે અને લોકકલ્યાણના અભિલાષમાં સરસ્વતીચંદ્રને એકને સાટે બે સહાયિનીઓ મળશે. તેમાં વિઘ્ન ત્રણ. કુસુમસુંદરીને કુંવારાં રહેવું છે, કુમુદસુંદરી સાથે અદ્વૈત પામેલું સરસ્વતીચંદ્રનું હૃદય નવા અદ્વૈતને શોધવા જૂના અદ્વૈતનો ત્યાગ નહીં કરી શકે, અને જૂના અદ્વૈતનો ત્યાગ કરવા નવા અદ્વૈતને શોધી કે સાધી નહીં શકે. બાકી એકનો ત્યાગ ને બીજાની સાધનાને સાટે કોઈના ત્યાગ વિના નવા અદ્વૈતની જ યોજના કરવી હોત તો કુમુદસુંદરીના પોતાના સ્વીકારની વેળાએ અને મુંબઈથી રત્નનગરી આવતી વેળાએ તેમનું સંવનન પણ નહોતું થયું ને પરિશીલન પણ નહોતું થયું. બે મનુષ્યોના સ્વાર્થ સંધાય ને સમાગમ રચાય ત્યારે થોડોઘણો સ્નેહ, થોડોઘણો અભેદ અને થોડુંઘણું અદ્વૈત એટલાં વાનાં ક્યાં આર્યો નથી પામી શકતાં? મારી ગંગાનો પત્ર તમે હમણાં જ વાંચ્યો ને અમારું કંઈક અદ્વૈત છે તો કુસુમસુંદરી જેવી શિક્ષિત રસિક મેધાવિની સાથે સરસ્વતીચંદ્રનું અદ્વૈત થવા પામે અને મારા ને ગંગાના કરતાં તો

અનેકધા વધારે કલ્યાણકર થઈ શકે એમાં શો સંદેહ છે? પણ જે વાતમાં નથી પ્રવૃત્તિ વરને ને નથી કન્યાને, અને વધારામાં જે વાત સાધવા માટે તમારો આવો અપ્રતિમ યોગ તોડવો પડે એ — વાત કરવા કરતાં તો તમારાં ધારેલાં લોકકલ્યાણ બધાંયે અગ્નિમાં પડે તે સહી શકાશે.

તમારામાં તમે ધારેલાં લોકકલ્યાણની જ વાસના તીવ્ર હોય, ને તમારો સમાગમ તેને માટે રાખવો પણ ખરો ને તે રાખવાથી કલ્યાણકાર્યમાં વિઘ્નરૂપ ન થાય એ બે વાનાં સાથેલાગાં કરવાં હોય, તો મને એક જ માર્ગ સૂઝે છે કે સરસ્વતીચંદ્રે કુસુમસુંદરી સાથે દેખીતું લગ્ન કરવું, ને પછીથી કુસુમસુંદરીને ચંદ્રાવલી પેઠે સ્વતંત્ર રાખવાં, અને એ બે આટલાં પરસ્પર ભેગાં રહે એવે કાળે તમે બે હાલ રાખો છો તેવી સૂક્ષ્મ પ્રીતિ ભલે કાયમ રાખો ને સૂક્ષ્મ કે સ્થૂલ એક પણ પ્રીતિ વગરનાં સ્વતંત્ર કુસુમસુંદરી ભલે પોતાની સ્વતંત્રતા જાળવે. આપણા લોકની દૃષ્ટિના વિષનો પ્રતિકાર, લોકનું કલ્યાણ, તમારો સૂક્ષ્મ સમાગમ, વિદ્યાચતુરની અને ગુણસુંદરીની સ્વસ્થતા, અને મારા જેવાને જોવાનું અને તમારું તપ જોઈ બળવાનું કે હસવાનું; એ સર્વ કાર્ય સાથે લાગા થવાનો એક આટલો માર્ગ છે — તે તમને પ્રિય હોય તો.'

સરસ્વતીચંદ્ર — 'લોકના કલ્યાણ માટે પણ તેમની વંચના કરવી તે અધર્મ છે. પોપટ અને મેના જેવાં પક્ષીનું કલ્યાણ ઇચ્છી તેમનું કલ્યાણ કરવાને માટે પણ તેમની સ્વતંત્રતા બંધ કરવા હું ઇચ્છતો નથી. તે મારે કુસુમસુંદરીને સપ્તપદીની પ્રતિજ્ઞાઓમાં પૂરી પછી તે તોડવામાં સહાયભૂત થવું અને જાતે પણ મિથ્યા પ્રતિજ્ઞાઓ લેવી એ મહાન અધર્મ કરવા કરાવવા હું ઇચ્છતો નથી. કલ્યાણકારક દાનશક્તિરૂપ કર્ણને પણ પિતામહે કહેલું હતું કે ધર્મલોપથી તારો જન્મ થયો છે માટે તારો પરિપાક આવો દૂષિત થયો છે — એ વ્યાસવાક્ય મને સત્ય લાગ્યું છે. ધર્મ પ્રથમ અને કલ્યાણની વાસના પણ પછી — ચંદ્રકાંત! Duty first and then only our most cherished dreams. To act otherwise is to place the cart before the horse. To believe otherwise is to be under a self-delusion and pernicious fallacy. I have learnt this invaluable lesson to this sacred lodge and have taught it to this dear partner of my dear dream, and I never promised or proposed to follow an invitation from Chandrakanta or any mortal or immortal being to allow any further dissolution of this partnership of mine whatever name or form you be pleased to give to that dissolution .'

ચંદ્રકાંત — 'I only proposed the adoption of a ceremonial fiction analogous to the thousand and one legal and religious

fictions which our people have so often adopted to effect their reforms .'

સરસ્વતીચંદ્ર — 'The holy people of this place detest such fictions, and I think their ethics is the purest and highest on this as on several other points .'

ચંદ્રકાંત — 'You have floored me. Ihave nothing to add . કુમુદસુંદરી! જેના હૃદયમાં તમે આમ વસો છો તેના હૃદયમાં સાથિયા પૂરવાનું કામ તમારું. એ કળા મને ન આવડી.'

સરસ્વતીચંદ્ર — 'ચંદ્રકાંત, તને પ્રશ્ન પૂછ્યો છે કે અમારે બે જણે કેવી રીતે વ્યવહાર રાખવો, તેટલાનો તું ઉત્તર દે. તટસ્થ થઈને દે કે મિત્ર થઈને દે.'

ચંદ્રકાંત — ' કુમુદસુંદરી, પુરુષોની બુદ્ધિ આમાં નહીં ચાલે. હવે તો તમારે જ માથે સૌ આવ્યું.'

કુમુદ વિચારમાં પડી હતી. તેણે સાંભળ્યું નહીં.

ચંદ્રકાંત — 'કુમુદસુંદરી, આ યોગમાંથી જાગો ને નવો યોગ સાધો. અમ પુરુષોની બુદ્ધિ ચાલતી નથી માટે તમારે એકલાંએ હવે વિચાર કરવાનું બાકી રહ્યું એટલે તમે કહેશો તેમ મારો મિત્ર કરશે.'

કુમુદસુંદરી — 'આપનો ઉપકાર માનું છું. જાણવાનું સર્વ જાણ્યું. હું વિચાર કરીશ પણ સરસ્વતીચંદ્ર! આપ બંધાવ છો કે જે નિર્ણય હું કરીશ તે તમે સ્વીકારશો?'

સરસ્વતીચંદ્ર — 'મારા ને તમારા યોગ સંબંધમાં જે નિર્ણય કરશો તે હું પાળીશ.'

કુમુદસુંદરી — 'તમારા વચનમાં આટલી મર્યાદા કેમ મૂકો છો?'

સરસ્વતીચંદ્ર — 'એ આપણી પ્રીતિની મર્યાદા છે. એ મર્યાદાની બહારના સર્વ વિષયમાં, મારા તમારા બેનાં હૃદયમાં સંયુક્ત સંગીતથી જે સ્વર નીકળે તે ખરા.'

કુમુદસુંદરી — 'આપણાં સંગીત જુદાં નથી.'

સરસ્વતીચંદ્ર — 'સંગીત એક છે પણ કંઠ બે છે.'

કુમુદસુંદરી — 'ભલે એમ હો. હું તમારા હૃદયમાં હોઈશ તો કંઠમાં પણ આવીશ. ચંદ્રકાંતભાઈ! મેં સર્વ વિચાર કરવાનો માર્ગ શોધી કાઢ્યો છે. આ કંથા ધારી તો ધર્મ પણ કંથાનો જ ધારીશ. હું મારા કુટુંબમાં નહીં ભળી શકું, પણ તેનાથી ગુપ્ત પણ નહીં રહું. દંપતીના હૃદયમંત્ર વિના કંઈ પણ અન્ય વાત સાધુજનો ગુપ્ત રાખતાં નથી — તો હું ગુણિયલથી ગુપ્ત નહીં

રહું ને એ કાલ આવશે ત્યારે તેમને મળીશ, તેમને શાંત કરીશ, અને હું અને મારી કુસુમ મળી કાંઈક યોગ્ય માર્ગ કાઢીશું તેમ ચંદ્રાવલીબહેન રાત્રે આવવાનાં છે તેમને પણ અમારા મંત્રમાં ભેળવીશું.

સરસ્વતીચંદ્ર જોઈ રહ્યો.

કુમુદસુંદરી — 'જેની સાથે આવા આટલા અદ્વૈતથી મારું હૃદય એક થયું છે તેને શંકા ઉપજાવવા જેવું હજી સુધી તો મેં કાંઈ કર્યું કે કહ્યું નથી.'

સરસ્વતીચંદ્ર — 'હું જાણું છું કે તમે સાધુજન છો, અને ચિત્તે *વાચિ क्रियाथां च साधूनामेकरूपता* [૧] એ સાધુજનનું લક્ષણ પામવા આપણે પ્રયત્ન કરીએ છીએ. પણ લોકના સંસારમાં અનેક અનર્થસ્થાન હોય છે માટે કહ્યું છે કે *—धनाम्बुना राजपथे हि पिच्छिले क्वचिद्बुधैरप्यपथेन गम्यते* [૨] ।તમે જે સ્થાનમાં જવાનાં છો તેમાં તમારું ક્ષેમ છે, પણ આપણા યોગ કે વિયોગને માટે જે કાંઈ યોજના થશે તેથી તમે ગમે તો હૃદયમાં મૂંઝાશો, ગમે તો લાજશો, અને ગમે તો બીજાના હૃદયનું અનુવર્તન કરવા તમારા પોતાના હૃદયનો ભોગ આપશો. તમારા હૃદયની કે તમારી વાણીની કે ક્રિયાની એ અવસ્થા થશે તો તેમાંથી તમને મુક્ત કરવા મારી વૃત્તિ જેટલી મારી શક્તિ હશે કે કેમ તે હું શી રીતે કહી શકું? પણ પાર્વતીને શિવજીએ કહ્યું હતું કે *વિમાનના શુભ્રુ કુત: પિતુર્ગૃહે* [૧] તે છતાં પૂર્વાવતારમાં તેને પિતાના ગૃહમાં વિમાનના થઈ હતી ને તેણે દેહત્યાગ કર્યો હતો તેમ તમારે કરવાનો અવસર ન આવે એટલું લક્ષ્યમાં રાખજો. તમારું કુટુંબ, તમારાં મન, વાણી અને ક્રિયાને પ્રતિકૂળ નહીં હોય ત્યાં સુધી હું સ્વસ્થ રહીશ. મારા ઉપર ને બીજાં ઉપર આ આજ્ઞાપત્ર તમે જોયાં ને જાણ્યાં તેનો મને લેશ પણ ભય નથી. ને સુજ્ઞ પુત્રીવત્સલ માતાપિતા ભણીથી તમને પણ ભય નહીં થાય. પણ સંસારની રૂઢિઓ અન્યથા છે ને તેમાંથી તમારી સ્વાધીનતાને કંઈ ભય પ્રાપ્ત થશે કે સંસાર તમારા સ્થૂલ કે સૂક્ષ્મ શરીરને કોઈ પણ રીતે પ્રહાર કરશે તો મારાથી જોઈ નહીં રહેવાય.'

કુમુદ કંઈ સ્થિત કરી બોલી: 'એની ચિંતા ન કરશો. સાધુજનોએ રાંક કુમુદને નવી શક્તિ આપી છે ને એની સાધુતા આપના અદ્વૈતથી પરિપુષ્ટ થઈ છે — તો હવે શા માટે ઊંચો જીવ રાખો છો?'

---

૧ . જુબાની.

૧ . ચિત્ત, વાણી અને ક્રિયામાં સાધુજનોનું એકરૂપ હોય છે. ૨. વાદળાંની વૃષ્ટિથી રસ્તા ઉપર દેખાય નહીં એવું થાય ત્યારે જાણીતા રાજમાર્ગ ઉપર પણ વિદ્વાનો જેવા ભૂલ પડે છે અને ન જવાને રસ્તે ચડી જાય છે. નૈધષ૦

૧ . હે સુભ્રુ! પિતાના મંદિરમાં તો તારું અપમાન શી રીતે હોય? - કુમાર૦

૪૫ કંઈક નિર્ણય અને નિશ્ચય

The Star of the unconquered will ,
He rises in my breast ,
Serene, and resolved, and still ,
And calm, and self-possessed .

- Longfellow

આ વાર્તાપ્રસંગ ધીમે ધીમે પૂરો થયો ત્યાં કુમુદ સાધ્વીઓમાં ગઈ ને બે મિત્રો બહાર ફરવા નીકળી પડ્યા. વિદ્યાચતુરના ઘરના, બે પુત્રીઓ અને ત્રીજા સરસ્વતીચંદ્રના સંબંધમાં ગુણસુંદરીના હૃદયના દુ:ખના, કુસુમના તીવ્ર અભિલાષ સાથેની એની બુદ્ધિના, સરસ્વતીચંદ્રના ગૃહત્યાગવિષયે કુસુમના દૃઢ પક્ષવાદના, અને અંતે લક્ષ્મીનંદનના દુ:ખના અને ધૂર્તલાલની ધૂર્તતાના ઇતિહાસના, સર્વ સમાચાર ચંદ્રકાંતે ધીમે ધીમે સરસ્વતીચંદ્રને વિસ્તારથી કહી દીધા અને એ શ્રોતાના હૃદયના મર્મભાગમાં એ વક્તાએ બેસાડી દીધા — ચોંટાડી દીધા.

રાત્રે ચંદ્રાવલી કુમુદને મળી, પોતાની મધુરીને પ્રધાનપુત્રીરૂપે ઓળખી લીધી, અને ગુરુજીની કૃપાથી મળેલી પંચરાત્રિના પ્રસાદની વાર્તા જાણી લીધી. તે પછી છેક મધ્યરાત્રિ સુધી બે મિત્રો, ચંદ્રાવલી અને કુમુદ, ચાર જણ સૌમનસ્યગુફામાં બેઠાં અને એ વાતો જેટલા અંતરપટ અને જેટલા પ્રકાશ યોગ્ય લાગ્યા તેટલાથી કરી; હવે શું કરવું તેની ચર્ચા ચલાવી તેમાં પણ કોઈને કાંઈ સૂઝ્યું નહીં અને અંતે કુમુદ અને ચંદ્રાવલી વસંતગુફામાં સૂઈ ગયાં અને બે મિત્રો સૌમનસ્યગુફામાં સૂઈ ગયા; શું કરવું તેના વિચારમાં કુમુદ એકલી આખી રાત્રિ ઊંઘી શકી નહીં, પણ ઉઘાડી આંખો રાખી જાગતી સૂઈ રહી અને ચંદ્રાવલીની આંખો વચ્ચે વચ્ચે ઊઘડે ત્યારે તેની સાથે આ જ પ્રકરણ કાઢતી. બે મિત્રો તો સ્વસ્થ નિદ્રા પામીને જ સૂતા. માત્ર એકાદ વેળા ચંદ્રકાંતની આંખ ઊઘડતાં તેને કંઈક હસવું આવ્યું પણ તરત પાછો નિદ્રાવશ થયો.

પ્રાત:કાળે કંથા પહેરી કુમુદ સરસ્વતીચંદ્ર પાસે આવી અને હાથ જોડી પગે લાગી બોલી:

‘મારી દુ:ખી જનની પાસે જઈ આવવાની આજ્ઞા માગવાને હું આપની પાસે આવી છું અને એવી પણ વિજ્ઞપ્તિ કરું છું કે અવકાશે આપ પણ ત્યાં પધારશો અને તેને આશ્વાસન આપશો. આપ હવે ગુરુજીને મળી, જ્યાં રહેવાના હો તે, અને આપ બે મિત્રોના એકાંત સમાગમનો જે અવસર આપને અનુકૂળ હોય તે, ચંદ્રાવલીબહેનને કહાવશો તે પ્રમાણે હું આપને

મળીશ અને કુમુદ, કુસુમ અને ચંદ્રાવલી ત્રણ બહેનોનો વિચાર જે થશે તે જણાવી આપની આજ્ઞા શોધીશ.

ચંદ્રકાંતભાઈ, આપે કંથા પહેરી નથી તોપણ સાધુજન છો અને સર્વ જાણો છો તો વધારે શું કહેવું? પિતાજીને લખવું યોગ્ય લાગે તે લખશો. મારે ભાઈ નથી પણ અમે બે પુત્રીઓ એમની દૃષ્ટિમાં પુત્રથી પણ અધિક લાગીએ છીએ અને એમના હૃદયને સંતાપનું કારણ થઈએ છીએ તે પણ એમના સ્નેહને લીધે. આપના મિત્ર ધર્મને અધિક માને છે ને હું સ્નેહને માનું છું — કારણ ધર્મ સમજવા જેટલી મારી વિદ્યા કે બુદ્ધિ નથી. પણ એમના ધર્મનો ને મારા સ્નેહનો સાર એક જ આવે છે ને આપ પણ સ્નેહને માનો છો તો આ કંથા પહેરીને પણ મારાં ગુણિયલને અને કુસુમને મળવા જાઉં છું, ને જ્યારે મારા હૃદયનું નિરાકરણ આપ બેને સૂઝતું નથી ત્યારે હું અને મારી બહેન અમારી બાળકબુદ્ધિથી અને સ્ત્રીબુદ્ધિથી જે કાંઈ નિર્ણય કરી લાવીએ તે આ મારા હૃદયના યોગના યોગીરાજના હૃદયમાં ઊતરે એટલો આશ્રય આપજો.'

આટલું બોલતી બોલતી કુમુદની આંખોમાં આંસુ સરતાં હતાં અને નીચું જોઈ તે ઊભી રહી. બે મિત્રો પરસ્પર સામું જોઈ રહ્યા અને અંતે બોલવા લાગ્યા:

સરસ્વતીચંદ્ર — જ્યાં સુધી તમારાં નેત્રમાંથી આંસુ સુકાયાં નથી ત્યાં સુધી મારા હૃદયનો તાપ શમતો નથી, અને તે માટે તમારી હૃદયગુહામાંનાં ઊંડાં મર્મસ્થાનની અવગણના કરી તમે મારે માટે સ્વાર્પણ કરવા તત્પર થશો એ ભય મને છે, તેથી જ હું તમારા મુખના ઉદ્ગાર પ્રમાણે ચાલવાનું વચન આપતાં એ વચનમાં મર્યાદા મૂકું છું. તમે સાધુજન છો, મારી સાથે અદ્વૈત પામેલાં છો, અને તમે પૃથ્વીસ્વરૂપ છો તેમ હું દ્યૌસ્વરૂપ છું એ પરિણામ સંસિદ્ધ થયો છે તો તમારે મારી આજ્ઞા માગવાની બાકી રહેતી નથી, પણ તમારી ઇચ્છા પ્રમાણે સુવૃષ્ટ થવું એ મારો સ્વભાવ જ બંધાયેલો સમજજો.'

ચંદ્રકાંત — 'કુમુદસુંદરી! શુભ કાર્યે સીધાવો અને હવે ભૂતકાળમાં જે મિત્ર વજ્ર થયો હતો તે હવે તમારા હૃદયથી ભિન્ન થઈ શકે એમ નથી. ઈશ્વર તમને સદ્બુદ્ધિ આપો અને પવિત્ર અને ઉત્કૃષ્ટ રસનો તો તમારા હૃદયમાં ઈશ્વરે જ ઝરો નિર્મેલો છે. તમને અમારા બેના આશર્વાદ છે.

કુમુદસુંદરી નેત્ર લોહતી લોહતી ગઈ. વળી પાછી ફરી. 'આપણાં સ્વપ્નના આપે લખેલા લેખ આપશો? હું તે સર્વ કુસુમની પાસે વંચાવીશ અને તેની બુદ્ધિનું સાહાય્ય લેવાને સાધનવતી થઈશ. એ છે તો બાળક પણ એની બુદ્ધિ અપૂર્વ ચમત્કારથી ભરેલી છે.'

'ભલે.'

લેખ લઈ, કંથામાં ગુપ્ત રાખી, કુમુદ ગઈ, દૃશ્ય થઈ.

‘સરસ્વતીચંદ્ર, આપણે હવે તમારા ગુરુજી પાસે જઈશું?’ ચંદ્રકાંતે પૂછ્યું.

‘અવશ્ય.’

બે જણ ઊતર્યા ને થોડી વારમાં તેમણે અને નીચેના સાધુઓએ સૌમનસ્યગુફાને હતી તેવી શૂન્ય કરી દીધી. તેમાંથી નીકળીને પળવાર સરસ્વતીચંદ્ર પાછો ફરી, ઊભો રહી, ઉપરથી નીચે સુધી પોતાના અપૂર્વ સંસ્કારોની સાધક આ ગુફાનાં દર્શન કરવા લાગ્યો અને તેને હૃદયમાં નમસ્કાર કરી સૌની સાથે ચાલ્યો.

માથે ચૈત્રી પ્રાત:કાળનો સૂર્ય, પર્વતના ઊંચામાં ઊંચા ભાગના પવનની ઉત્સાહક લહેરો, આસપાસની નેત્રને શીતળ કરનારી ને રમણીય લીલીછમ લીલોતરી વચ્ચે વચ્ચે તપ કરવા બેઠેલા જટાધર વૃદ્ધ યોગીઓ જેવા કાળા ખડકો, સામે દૂર સમુદ્રની ઝીણી — આકાશમાં મળી જતી — જળરેખા, અને પગ ખસે નહીં એટલું લક્ષ્યમાં રાખવાનું આવશ્યક કરતો સાંકડો ઊતરતો માર્ગ; એ સર્વ વચ્ચે એ માર્ગ ઉપર શાંત સાધુઓ અને તેમની વચ્ચે બે મિત્રો એટલું મંડળ, એક શબ્દ બોલ્યા વિના ચાલતું ઊતરતું હતું, ને સર્વ વચ્ચે સરસ્વતીચંદ્રનું હૃદય, નવી શાંતિથી ને નવી સમૃદ્ધિથી, એના પગ ઊપડતા હતા તેની સાથે ઊપડતું હોય તેમ, ધડકતું હતું, અને ચારેપાસનાં ઝાડોને ગિરિશિખરનો પવન વાળતો હતો તેમ, એના વિચારને વાળતું હતું. આવી શાંતિથી તે નીચું જોઈ ચિરંજીવશૃંગથી યદુશૃંગ ભણી ઊતરતો હતો, માત્ર સામે થઈને રંગબેરંગી પક્ષીઓ આવે ત્યારે આંખો ઊંચી કરતો હતો, અને તે મધુર સ્વર સંભળાવે ત્યારે સાંભળતો હતો.

૪૬ અલકમંદિરનો શંખનાદ અને આયુષ્યની પૂર્ણાહુતિ

Tell me not in mournful numbers ,
"Life is but an empty dream !'
For the soul is dead that slumbers ,
And things are not as they seem
.
Life is real, life is earnest !
And the grave is not its goal ;
"Dust thou art, to dust returnest '
Was not spoken of the soul .
Not enjoyment, and not sorrow ,
Is our destined end or way ,
But to act, that each to-morrow ,
Find us farther, than to-day .
Art is long, and Time is fleeting ,
And our hearts, though stout and brave ,
Still, like muffed drums, are beating
Funeral marches to the grave .
In the world's broad field of battle ,
In the bivouac of Life ,
Be not like dumb, driven cattle !
Be a hero in the strife !

- Longfellow

વિષ્ણુદાસ બાવાની યોગાવસ્થાની ચાર રાત્રિ અને ચાર દિવસનો સર્વ કાળ, એમની કોટડીમાં વિહારપુરી અને બીજા બે ઉત્તમાધિકારી બાવાઓએ એમનું યોગસ્થ શરીર સાચવવામાં વારાફરતી અપ્રમત્ત જાગરણ કરી ગાળ્યો. આજે એ કાલ પૂરો થયો અને વિષ્ણુદાસ

સમાધિમાંથી ધીમે ધીમે જાગ્યા તે કાળે એકલો વિહારપુરી તેમની પાસે બેઠો હતો.

સમાધિમાંથી જાગૃત થતાં પહેલાંનો આખો દિવસ અને આખી રાત્રિ તેમના મુખ ઉપર અપૂર્વ આનંદ સ્ફુરી રહેલો હતો અને જાગ્યા તેની સાથે, થયેલા મેઘની પાછળ રહેલી શીતળતા પેઠે, એમની શાંતિ અને સ્વસ્થતા દેખાઈ. શરીરની ઇંદ્રિયો બહિર્મુખ થવા લાગી તેમ તેમ એમનું શરીર હાલવા લાગ્યું, આસપાસના સ્વર કંઈક તેમના કાનમાં જતા જણાયા, અને અંતે આંખો ઊઘડી ત્યાં વિહારપુરી સામો હાથ જોડી ઊભો. વિહારપુરી ભણી થોડી વાર જોઈ રહી વિષ્ણુદાસ બોલ્યા:

‘વિહારપુરી, મૈંને અપૂર્વ ચમત્કાર દેખા ઔર ઈસ મુખસે ઓ કહા નહીં જાતા હૈં! નવીનચંદ્રજી અપના મઠકા ઉત્કર્ષ કરેગા ઓ તો સચ હૈ, કિંતુ ઉસકા સ્વકીય મઠયજ્ઞકા વિષય ઔર મઠ ઈતના છોટા નહીં! ઉસકે મઠકી ઔર મહાયજ્ઞકી વિભૂતિ સંસારમેં મહતી જ્વાલાસે જ્વલમાના હોનેવાલી હૈ, ઔર મૈં ઔર તૂં તો માત્ર દૂરસે ઉસકા દર્શન કરનેકા અધિકારસે જાસ્ત અધિકારકો પ્રાપ્ત ભી નહીં હોનેવાલા! જા, ઓ મહાત્માકુ ઈધર લા દે ઔર ઈસકી વેદિકા સંપૂર્ણ આધ્યાયન કરનેકા સમારંભ સબ સાધુલોગ લગા દે ઈસ તરહકી વ્યવસ્થામેં ન્યૂનતા નહીં હોવે ઐસા કર.’

‘જૈસી ગુરુજીકી આજ્ઞા!’

વિહારપુરીએ દ્વાર ઉઘાડ્યું અને અન્ય સાધુઓ ગુરુની કાલોચિત શુશ્રૂષા કરવા લાગ્યા. વિહારપુરી કેટલાક સાધુઓને લઈ સરસ્વતીચંદ્ર સામો ગયો, અને તેને અર્ધમાર્ગે મળી, તેને અને ચંદ્રકાંતને સાથે લઈ સાધુઓની ગર્જનાઓ વચ્ચે પાછો આવ્યો. સરસ્વતીચંદ્રે વિષ્ણુદાસને દેખતાં નમસ્કાર કર્યા, અને વિષ્ણુદાસ એને દેખી એકદમ ઊભા થયા, એને અત્યંત પ્રેમથી આલિંગન દીધું, અને મૂર્ધભાગનું ઉપાઘ્રાણ [૧] કરી, પાસે બેસાડી વાતો કરવા લાગ્યા.

‘નવીનચંદ્ર! શરીરસંપત્તિ તો સારી છે? આ તમારા મિત્ર છે?’

સરસ્વતીચંદ્ર — ‘જી મહારાજ! આપની કૃપાએ અપૂર્વ લાભ હું પામ્યો છું તો શરીરસંપત્તિ પણ સારી હોય એમાં શી નવાઈ? અને તેમાં આવા મિત્રરત્નનાં દર્શનથી તો શરીરની સાથે મન પણ પ્રફુલ્લ છે. એ મારા વિદ્વાન મિત્ર ચંદ્રકાંત નામના છે — જે માટે મેં સાધુજનોને શ્રમ આપ્યો હતો.’

વિષ્ણુદાસ — ‘ચંદ્રકાંતજી, તમારા આગમનથી અને ચિરંજીવશૃંગની સિદ્ધિથી તમારા મિત્રના દુ:ખનો ધ્વંસ થયો હોવો જોઈએ.’

ચંદ્રકાંત — ‘આ સ્થાન સર્વને શાંતિપ્રદ જ છે.’

સરસ્વતીચંદ્ર — ‘મારી પ્રબળ વાસનાઓ અને મોહ પણ નષ્ટ થયાં તો તે કારણના કાર્યરૂપ દુ:ખનો ધ્વંસ થાય એ તો એ વસ્તુનો સહજ પરિપાક છે.’

વિષ્ણુદાસ — ‘નવીનચંદ્ર! તમે અતિ જ્વલમાન મહાયજ્ઞના અધિકારી છો.’

સરસ્વતીચંદ્ર — ‘જ્યાં આપનો આશીર્વાદ એ અધિકારનું બીજ છે, ત્યાં એ બીજની સફળતા જ નિર્ધારી શકાય છે.’

વિષ્ણુદાસ — ‘મહાત્મન્! આ લઘુમઠની મર્યાદાથી તમારી યજ્ઞવેદિને કુંઠિત કરી ન નાખશો. અપૂર્વ ચિરંજીવોના અપૂર્વ બોધને સફળ કરવામાં તમારી બુદ્ધિની ગતિ જેટલી દૂરગામિની થશે એટલી અમારી દૃષ્ટિ પણ નહીં થાય. સૂર્યના તેજ પેઠે તમારી બુદ્ધિ જ્યારે સંસારમાં પ્રસરશે ત્યારે અમે માત્ર તેના પ્રકાશને અને ઔષ્ણ્યને સ્વીકારીશું.’

સરસ્વતીચંદ્ર — ‘જી મહારાજ, અલક્ષ્ય પરાવર લક્ષ્ય તરંગો ઉપર આ નામરૂપાદિ વડે લક્ષ્ય થયેલા હું મત્સ્યને જ્યાં રાખશે ત્યાં રહેવાને તત્પર છું.’

વિષ્ણુદાસ — ‘સ્વાધીન મનવાળા મનસ્વી! એ જ વૃત્તિ રાખવી. અલખ મઠનો સંપ્રદાય લખ અધિકારનું પોષણ કરનાર શમને જ ‘શમ’ માને છે અને કહે છે કે *लौकिकसर्वबुद्धिव्यापाराणां स्वाधिकारानुपयुक्तानामफलत्वबुद्धि पूर्वकस्त्याग: शम*[1] । જે વ્યાપાર લખ અધિકારને ઉપયુક્ત છે તેનું રક્ષણ કરીને જ અન્ય અન્તર્બાહ્ય વ્યાપારોના ત્યાગને શમ દમ કહીએ છીએ ને કૃષ્ણ પરમાત્માએ સાંખ્ય અને કર્મયોગનો સમાગમ ગીતામાં દર્શાવેલો તે આ જ. સ્વાધીનમનસ્કતા તે જ છે ને વિરાગ પણ તે જ છે. વિહારપુરી!’

વિહારપુરી — ‘જી મહારાજ!’

વિષ્ણુદાસ — ‘તું કાંઈ કહેવા ઇચ્છે છે? — મધુરીમૈયા સ્વસ્થ છે?’

વિહારપુરી — ‘ચિરંજીવશૃંગના અધિકારી જીવને સ્વસ્થતા જ પ્રાપ્ત થાય છે, અને આવા સુન્દર જીવોને તો આપે ધારેલી પંચરાત્રિને સાટે ચાર રાત્રિમાં એ સ્વસ્થતા થઈ તે તેમના અંત:સૌંદર્યનો પ્રતાપ! આપની મુખમુદ્રાથી કાલનું અમે જાણી ગયા હતા કે પાંચમી રાત્રિની અપેક્ષા નહીં રહે. મધુરીમૈયા સર્વથા સ્વસ્થ છે. પણ નવીનચંદ્રજીના પૂર્વાશ્રમસંબધે કંઈક પ્રશ્ન ઊઠવાથી મહારાજના ધર્મભવનમાંથી આપે પૂછવાનાં પ્રશ્નપત્ર અને નવીનચંદ્રજી ઉપર આજ્ઞાપત્ર આવેલાં છે.’

વિષ્ણુદાસ — ‘તે ધર્માજ્ઞાનો નિર્વાહ જ્ઞાનભારતીને સોંપી દેજો. નવીનચંદ્રજી! અહીંના સાધુજન પૂર્વાશ્રમના પ્રકાશને લજ્જાસ્પદ કે

વિસ્મરણીય ગણતા નથી પણ તેને, આ આશ્રમનું બીજ ગણી, પ્રસિદ્ધ કરતાં સંકોચ રાખતા નથી.'

સરસ્વતીચંદ્ર — 'આ સ્થાનમાં જે કાંઈ આચાર હોય છે તેમાં સાધુતા જ હોય છે.'

વિષ્ણુદાસ — 'ઉત્તમ સાધુઓ માનનો કે મદનો સંગ્રહ કરતા નથી ને યજ્ઞકાર્યે અહીંના આશ્રમીઓ યોગીપણાનું માન મૂકી પૂર્વાશ્રમમાં પણ ગયા છે, ને પૂર્વાશ્રમમાં જઈ ત્યાં જવા છતાં, અધ્યાત્મદૃષ્ટિમાં તો તેઓ આ આશ્રમવાસી જ છે એવું ભાન ભુલાવનાર મદને વશ થયા નથી. નવીનચંદ્રજી! આથી જ અલક્ષ્યાત્માના લક્ષ્યવિહારનો આદર યદુશૃંગ ઉપર સધાય છે.'

સરસ્વતીચંદ્ર — 'એ માન અને મદ ઉભયનો ત્યાગ કરવાની તો આપે મને દીક્ષા આપેલી છે ને આજ તેનું હાર્દ સમજાવવાની કૃપા કરો છો એ આપનો પરમ પ્રસાદ છે.'

વિષ્ણુદાસ — 'એ માનના અને મદના ત્યાગી સાધુઓ કંથાને લોકયજ્ઞના અધિકારના તામ્રપટ જેવી ગણે છે તે અજ્ઞાની જનને પોતાનું અભિજ્ઞાન આપવાને માટે, આપણા મઠના દંભને માટે નહીં. એ આ કંથાનો કાર્યકારણભાવ, અને કારણને અભાવે કાર્ય શબવત્ થઈ જાય છે.'

વિહારપુરી — 'જી મહારાજ! કાલ શ્લોક વાંચ્યો કે

आत्मोपाधिभिरेव कीलित इति स्मृत्या मन: शीर्यत्।

तत्कीला: सुमन:शरा इव शिवे भस्मीकृतारौ कृता:।।

धानुष्के तु हते धनुर्न हि धनुर्बाणा न बाणा इमे।

मायानाटकभमिकासु रमतां साक्षी पुनर्वा न वा [२] *।।*

વિષ્ણુદાસ — 'નવીનચંદ્ર, આ જીવનમુક્તિ! અને તે આપણા સાધુજનોને જ સાધ્ય છે! અન્ય જીવનમુક્તિની કથા તો તમે પ્રત્યક્ષ કરેલા અશ્વત્થામાનું નિવૃત્તિસ્થાન તેમ નિગ્રહસ્થાન છે. આ સ્થાન શોધવા યોગ્ય છે — પામવા યોગ્ય છે, પણ કમલોદરમાં ભ્રમર બંધન પામે તેમ આ આટલી જીવનમુક્તિમાં બંધન પામનાર જીવસ્ફુલિંગો આત્મવંચનાને પામે છે. ઉપાધિરૂપ ખીલાઓમાંથી નહીં પણ એના બળમાંથી મુક્ત થવાથી, ગર્ભસ્થાનમાંથી મુક્ત થયેલા શરીર પેઠે, જીવસ્ફુલિંગ નિષ્કામ યજ્ઞકાર્યને માટે સમર્થ થાય છે અને તે સમર્થતા પ્રાપ્ત થતાં એ યજ્ઞકાર્ય એનો લક્ષ્ય

ધર્મ થાય છે. અલક્ષ્યપરાવર — પરમબ્રહ્મ — લક્ષ્યાત્મનિધિસ્વરૂપ જેને સંસાર ઈશ્વરને નામે ઓળખે છે, જેને શ્રુતિ સુવર્ણયુગધર્મનું ઈશ અંગ કહે છે, તે સ્વરૂપ સાથે સાયુજ્ય પામ્યા વિના અલક્ષ્ય પરાવરમાં સાયુજ્ય પામવાની કલ્પના મિથ્યા છે. સમુદ્રમાં પવનાદિ કારણથી તરંગો ઉત્પન્ન થાય છે તેની શાંતિ સમુદ્રમાં જ છે — સ્વયોનિમાં છે અને પ્રલયકાલે સમુદ્રાદિક પણ પરમ સ્વયોનિમાં પ્રાપ્ત થાય ત્યારે જ તરંગો પણ તેની સાથે એ પરમ યોનિમાં પરમ લય પામે છે તેમ જીવ અંગ ઈશઅંગરૂપ સ્વયોનિમાં પ્રાપ્ત થઈ તે દ્વારા જ અલક્ષ્ય પરાવરરૂપ પરમ યોનિમાં પ્રાપ્ત થાય છે. પરમ લક્ષ્યાત્મક ઈશને પ્રાપ્ત કરવાનો આ એક જ માર્ગ છે — તે માર્ગ નિષ્કામ મહાયજ્ઞવિધિ વિના અન્ય સમજશો નહીં. તમને મુદિત આશય પામવાની દીક્ષા છે તે લોક-મુદિત આશયની નહીં પણ ઈશ-મુદિત આશયની સમજજો. લોક અજ્ઞાની છે તેમના મોદ કે અનુમોદ સાથે સાધુજનોને સંબંધ નથી, પણ તેમના કલ્યાણ સાથે ઉત્તમાધિકારીઓ સંધાય છે. લોકનું કલ્યાણ એ જે પરમ લક્ષ્ય ઈશનો મુદિત આશય છે અને તે આશય તમારા હૃદયમાં વ્યાપી રહ્યો છે તો તમે તે પરમ સ્વરૂપનો યોગ પામવાના માર્ગમાં છો અને તમારા આયુષ્યના સર્વ અંશ એ માર્ગને ઊતરી રહેશે ત્યારે તમે એ યોગનું અવસાન પામશો.

નવીનચંદ્રજી! શ્રી યદુનંદનની પૂજનવેળાના આ ઘંટારવ અને શંખનાદ તમે સાંભળો છો. એ પૂજનવિધિ લક્ષ્યમહાયજ્ઞનો સાંકેતિક [૧] છે જે લોકમાત્રના રક્ષક-પોષક પરમાત્માસ્વરૂપની આ સ્થાનમાં સાંકેતિકી પ્રતિમા છે. તે જ સ્વરૂપની શુદ્ધ પ્રતિમા ભૂતમાત્રનાં અંત: કરણોના સદ્ભાગ્યરૂપ મંદિરમાં વ્યાપી રહી છે. ષોડશોપચારથી અને અન્યવિધિથી ભક્તજનો સાંકેતિક પ્રતિમાને અન્નવસ્ત્રાદિકનું અને પોતાના સર્વસ્વનું નિષ્કામ અર્પણ કરે છે તે જ રીતે સાધુજનો શુદ્ધ પ્રતિમાની સર્વ રીતે સર્વ ચિંતાઓ કરી પોતાના સર્વસ્વનું એ પ્રતિમાને નિષ્કામ અર્પણ કરે છે. સાંકેતિક મંદિરમાં પુષ્પધૂપાદિના સુગંધ અને અન્ય સુંદર સામગ્રી પૂજક અને પૂજિતને અધ્યસ્તસ્વભાવથી તૃપ્ત કરે છે તેમ શુદ્ધ પ્રતિમાના મહામંદિરમાં રસ જ્ઞાન અને ક્રિયાની સામગ્રી પૂજ્ય અને પૂજકને સ્વભાવથી તૃપ્ત કરે છે. સાંકેતિક મંદિરમાંનું આરાત્રિક[૨] મંગલમૂર્તિને સુદ્રષ્ટ કરવાને માટે છે તેવા જ, શુદ્ધ મંગલમૂર્તિને સુદ્રષ્ટ કરવાના, આરાત્રિકથી તમારા જેવા વિદ્યાસંપન્ન સાધુજનો મહામંદિરના સુંદર ભાગોને અને શુદ્ધ પ્રતિમાના સર્વ અવયવને સુદ્રષ્ટ કરી લે છે. તે આરાત્રિકને પ્રસંગે મંદિરના શુદ્ધગર્ભાગારાદિ ભાગમાં અમારા જેવા સાધુજન સૂક્ષ્મ ઘટાંનાદ કરે છે ત્યારે તમારા જેવા સમર્થ સાધુજનોના શંખનાદ એ પૂજનની કીર્તિનાં સંગીત, લય અને પ્રતિધ્વનિ વડે એ મંદિરને તળથી ઘૂમટ સુધી ભરે છે અને બહારના માર્ગોને અને દૂરની ગિરિગુફાઓને અલખ ગર્જનાના ગાનથી ગજવી શકે છે.

નવીનચંદ્રજી, આવો અપ્રતિહત શંખનાદ કરવાને ચિરંજીવોએ તમને અધિકાર આપેલો છે તે વાપરતાં અમારા લઘુ મઠને ભૂલશો મા, તેમ એ મઠમાં તમારી ગતિને સંકુચિત કુંઠિત કરી રાખશો મા, સાંકેતિક કન્થાનું મૂળ શુદ્ધ સ્વરૂપ પ્રકટ કરતાં શંકા રાખશો મા, સંસારના કોલાહલથી ભડકશો મા, પામર અજ્ઞ જીવોની કરેલી સ્તુતિથી કે નિન્દાથી ઠગાશો મા, એકદેશીય કે એકકાલીન અનુભવ અને વિદ્યાર્થી તેમ એકમાર્ગી બુદ્ધિથી જ સંભૃત થયેલા જીવોના પવન જેવા ઝપાટાથી તણાશો મા, સર્વ વસ્તુનો યોગ્ય આદર કરનારી સર્વાસ્તિકતા વિનાની શ્રદ્ધાથી [૧] બંધાશો મા, મનુષ્યરૂપે વિચરતાં પશુપક્ષીઓના સ્થૂલ બળના ભયથી કે પ્રહારથી કંપશો મા, કોઈની કે કશાની ઉપેક્ષા કરશો મા, તેમ તેને આધારે બેસી રહેશો મા, અને સર્વથા અધ્યાત્મબળમાં અચળ રહી, તમારા મહાયજ્ઞના વિધિમાં અખંડ સજ્જતાથી પ્રવૃત્ત રહી, એ યજ્ઞના અતિથિમાત્રનું કલ્યાણ સાધ્ય કરી, એ યજ્ઞમાં તમારા આયુષ્યના સર્વ અંશને હોમી દેજો!

નવીનચંદ્રજી! એ પરમ યજ્ઞથી તમને ચિરંજીવોએ આપેલી મહાસિદ્ધિ સફળ થશે, એ પૂર્ણાહુતિથી તમે લક્ષ્યાત્માને લક્ષ્ય કરશો, અને પરમ અલક્ષ્ય પરાવરમાં ત્રિયોગસાધનાથી સાયુજ્ય પામશો! એ પરાવરને પામવાને યોગ, કર્મ અને જ્ઞાન ત્રણે સાધનને પામી ત્રિયોગ સાધજો!'

---

૧ . મૂર્ધભાગ તો માથાનો ઉપલો ભાગ તેનું ઉપાઘ્રાણ કરવું એટલે તેને સૂંઘવું. પ્રાચીનકાળમાં આ દેશના આર્યવડીલો પુત્રના મૂર્ધભાગનું ઉપાઘ્રાણ કરતા. ૧૮૭૦-૭૧માં ફ્રાન્સમાં એક મહાયુદ્ધમાં વિજય પામ્યા પછી જર્મનીના મહારાજે પણ પોતાના પ્રધાન બિસ્માર્કના મૂર્ધભાગનું ઉપાઘ્રાણ કર્યું હતું.

૧ . શારીરકભાષ્ય ઉપર આનન્દગિરિની ટીકા.

૨ . આત્મા ઉપર ઉપાધિઓના ખીલા જડેલા છે એવી સ્મૃતિ થતાં મન જાતે શીર્ણ થઈ જાય છે. શિવરૂપ મહાદેવે પોતાના શત્રુકામદેવને ભસ્મ કર્યો તે પછી તેનાં બાણ નકામાં પડ્યાં રહ્યાં તે પ્રમાણે મન શીર્ણ થઈ જતાં પેલા ખીલાઓ પેલાં બાણ પેઠે નકામા થઈ જાય છે. એ ખીલારૂપ બાણનો મનરૂપ ધનુર્ધર આમ મરી જાય છે એટલે તેનું ધનુષ્ય તે ધનુષ્ય નથી ને તેનાં બાણ તે બાણ નથી. તો પછી માયાનાટકની રંગભૂમિ ઉપર સાક્ષીસ્વરૂપ પોતે રમો કે ન રમો - તે બે સરખી જ વસ્તુ છે.

૧ . Symbolical . સંકેતવાળો ૨. આરતી

૧ . *સર્વાસ્તિકતા શ્રદ્ધા* - શારીરક ભાષ્ય ઉપર આનંદગિરિની ટીકા.

૪૭ મોહનીમૈયાનો ઉગ્ર અધિકાર

"I, through the ample air in triumph high

,

shall lead hell captive, mauger hell, and show

The powers of darkness bound .'

— Milton

જે ચોકમાં ને કુંજવનમાં કુમુદસુંદરીનું સાધ્વીઓએ સખીકૃત્ય કર્યું હતું તે જ સ્થાનમાં પ્રધાનકુટુંબને માટે મોટા બેવડી કનાતના તંબુઓ માર્યા હતા; અને કુમુદ વસન્તગુફામાંથી નીકળી તે પહેલાં તો આ તંબુઓમાં એનું કુટુંબ દાખલ થઈ ગયું હતું. ત્યાંના કદંબવૃક્ષને વચ્ચે રાખી ચાર પાસ ચાર તંબુઓ ને વચ્ચે માંડવા અને રાવઠીઓ ઊભી કરી દીધી હતી ને છેટે કનાતના માંડવા રસોઈને માટે બાંધ્યા હતા.

મોહનીમૈયાને સંદેશો આ પહેલાંની રાત્રિએ કહાવ્યો હતો અને તંબુઓ આગળ પથરાઓ ઉપર નાની શેતરંજીઓ પાથરી સર્વ દાતણ કરવા બેઠાં તે વેળા મોહની અહીં આવી, અને એને જોઈ દાતણ કરી રહેલી ગુણસુંદરી સામી ઊઠી.

'જય શ્રી યદુનંદન' — કહી બે જણાં સામસામી પથરાઓ ઉપર બેઠાં. મોહનીએ યદુનંદનનો પ્રસાદ પડિયામાં ભરેલો આપ્યો.

'સાધુજનોમાં શાંતિ અને સ્વસ્થતા છે? — પરિવ્રાજિકાઓના ધર્મવ્યવહાર સુખથી નિર્વિઘ્ને પ્રવર્તે છે?' ગુણસુંદરીએ પૂછ્યું.

મોહનીમૈયા — 'મહારાજની આણ વર્તે છે ને પ્રધાનજી હિતચિંતન કરે છે ત્યાં સાધુજનોને બાહ્ય ભય તો નથી જ અને વિષ્ણુદાસજી જેવા ગુરુજન જાગૃત છે ત્યાં સુધી પરિવ્રાજિકાઓ સાધુતાનો ઉત્કર્ષ જ અનુભવે છે.'

ગુણસુંદરી —'મોહનીમૈયા! હું કાંઈ કાર્યસર આવી છું ને તેમાં તમારો આશ્રય શોધવાનો છે.'

મોહનીમૈયા — 'ગુણસુંદરી જેવાં પ્રધાનપત્ની કાંઈ પણ સત્કાર્યની જ વાસના રાખશે. સામાન્ય જનને પણ સત્કાર્યમાં આશ્રય આપી સાધુજન કૃતકૃત્યતા માને છે તો આપની વાસનાની તૃપ્તિમાં તો સાધુજનોને ઓર આનંદનું કારણ છે.'

ગુણસુંદરી — 'મારાં માતા અને મારી બહેન ગણી તમારી સાથે વાત કરું છું.'

મોહનીમૈયા — 'પરિવ્રાજિકામઠની અધિષ્ઠાત્રીને એવી વત્સલતાની ચિંતાઓ પ્રકૃતિ થઈ પડી છે.'

ગુણસુંદરી — 'તમારી પાસે કાંઈ ગુપ્ત વાત કહેવી છે ને ગુપ્ત વાત પૂછવી છે.'

મોહનીમૈયા — 'દંપતીનાં પરસ્પર રહસ્ય વિના અન્ય વાત સાધુજનોને પોતાને ગુપ્ત નથી. તેમ વિશ્રંભથી અને ગુપ્ત રાખવા દુ:ખીજનોએ કહેલી કથા ગુપ્ત રાખી એ તો દુ:ખીજનને માટે પ્રથમ ઔષધ છે તેમાં સાધુજનોની વૈદ્યવિદ્યા ચૂકે એમ નથી. બાકી આ તો આપનું જ મંડળ છે તેનાથી શું યોગ્ય છે તે આપ જાણો.'

ગુણસુંદરી — 'આ મંડળથી કાંઈ ગોપ્ય નથી. મોહનીમૈયા! મધુરીમૈયા નામની બાળા તમારે ત્યાં છે?'

મોહનીમૈયા — 'એણે અમારા આતિથેયનો સત્કાર કર્યો છે, એ સર્વ સાધુજનોનું અને સાધ્વીઓનું જીવન થઈ પડી છે, અને પરમ દિવસે જ એ સ્વયંભૂ અભિલાષથી કન્યાધારિણી થઈ છે.'

ગુણસુંદરી — 'અમે ડૂબી ગઈ ધારેલી એ મારી પુત્રી હોવાનો સંભવ છે.'

મોહનીમૈયા — 'કમળમાં પરાગ ઉદ્ભવ પામે તો તે ઉચિત જ છે.'

ગુણસુંદરી — 'એનું મૂળ નામ કે એના કુટુંબનું નામ કોઈ સાધુજન જાણે છે?'

મોહનીમૈયા — 'એક જાણે છે એ પોતે ને બીજા ગુરુજીના પરમ પક્ષપાતનું સ્થાન થયેલા પરમ સાધુજન નવીનચંદ્રજી જાણતા હોય એવું અનુમાન છે.'

ગુણસુંદરી — 'એ મારી પુત્રી હશે તો સાધુજનોએ એને અમારે સ્વાધીન કરવી પડશે.'

મોહનીમૈયા — 'સ્વાધીન થવાની એની ઇચ્છા હશે તો સાધુજનોનો ધર્મ તેમાં અંતરાય થઈ પડવાનો નથી. પણ સાધુજનોને શરણે આવેલી મધુરીને એની ઇચ્છા ઉપરાંત કોઈને સ્વાધીન કરવાનો સાધુજનોનો ધર્મ નથી અને તેમ કરતાં તેમના જીવ ચાલે એમ પણ નથી. સાધુજનને આશ્રિત થયેલાં સાધુ જીવનને દુભવવાનો કે પોતાને વશ કરવાનો અધિકાર રત્નનગરીના મહારાજોને પણ નથી એ સુપ્રસિદ્ધ વાત આપનાથી અજાણી નહીં હોય.'

સુન્દરગૌરી — 'શું મોહનીમૈયા, આ મારી કુમુદ તમારામાં સાધુડી થઈને રહેશે ને તમે અમને પાછી નહીં સોંપો?'

મોહની સ્મિત કરતી બોલી: ‘સુન્દરગૌરી! અમે કોઈને શરણે લઈએ છીએ ખરાં પણ પારકાંને શરણે મૂકતાં નથી.’

કુસુમસુંદરી — ‘હાશ, કાકી હાર્યાં! હવે તો કુમુદ ને કુસુમ બે જણ બાવીઓ થશે ને કાકીનું કંઈ ચાલવાનું નથી.’

ક્રોધમાં બોલવા જતી સુન્દરને ગુણસુંદરીએ અટકાવી ને પોતે બોલી.

‘મોહનીમૈયા! તમે સત્ય બોલો છો; પણ મારા જેવી માતાના હૃદયના દુ:ખને શાંત કરવું તે તમારો ધર્મ છે.’

મોહનીમૈયા — ‘જો તે કાર્ય ધર્મથી સધાશે તો મોહની તેમાં સજ્જ છે. પણ, પ્રધાનપત્નીજી! માતાનો ધર્મ એ છે કે સંવનનથી વનિતા થઈ હૃદયથી વરેલા દયિત જનથી પુત્રીને છૂટી કરવા પ્રયત્ન કરવો નહીં, અને મધુરી તમારી પુત્રી હોય તો તમે મધુરીને એક વાર વિયોગિની કરી, તે પછી એનો પરજન સાથે વંચના-વિવાહ કરાવી, એની પાસે પરગૃહમાં વાસી વસાવી, અને એક વાર આ મહાન અપરસ અનર્થ અધર્મ કરી, હવે ફરીથી એવું કાર્ય આરંભવા ઇચ્છશો તો સાધુજનો મધુરીનું પરમ રક્ષણ કરશે. જો મધુરી જાતે જ તમારી ઇચ્છાને આનંદથી સ્વીકારશે તો સાધુજનો તેને પતિત્યાગના પરમ અધર્મમાંથી નિવારવા ગુરુ પ્રયત્ન કરશે અને એ પ્રયત્નમાં નહીં ફાવે તો મધુરીને અધર્મિણી અને સ્વૈરિણી ગણા એનો ત્યાગ કરવો ઉચિત ગણશે તે આપને પણ ગમશે. આપના ભયથી કે લજ્જાથી કે સ્ત્રીહૃદયની ગુહાઓ ઉપરના અનેક પટમાંના કોઈ પણ પટના આકર્ષણથી તે આપની જોડે આવવાની મુખથી હા કહેશે તો સાધુજનો એની અબળા જિહ્વાનો આધાર ન રાખતાં એના હૃદયના અંતર્ભાગની શુદ્ધ વાસનાને સૂક્ષ્મ ચિકિત્સા કરી જાણી લેશે, ને તે ચિકિત્સાને અંતે એને જો આપની જોડે આવવું ઇષ્ટ જણાશે તો સાધુજનો વાંધો નહી પાડે; પણ સાધુજનોના શુદ્ધ ધર્મને અનુસરી નવીનચંદ્રજી સાથે કે અમારા મઠમાં રહેવાની એની અંતર્વાસના જણાશે તો સુન્દરગિરિ એને સુંદર આશ્રય આપશે, એ આશ્રય આપતાં સ્થૂલ બળના જે પ્રહાર પડશે તે સાધુજનો સહી લેશે, ને બાહ્ય શીતૌષ્ણ્યથી જેમ આપે એને નવ માસ સુધી ગર્ભમાં સુરક્ષિત રાખી હતી તેમ સાધુજનો એના આયુષ્ય પર્યંત એને પોતાની વચ્ચોવચ, પરમ બળતી અને અલખના અધિકારથી સુરક્ષિત રાખી શકશે ને રાખશે. પણ અધર્મ જેમાં પ્રાપ્ત નહીં થતો હોય એવો કોઈ માર્ગ આપને કે મધુરીને મધુર બુદ્ધિને સૂઝશે તો યદુનંદનના સર્વ પ્રસાદની સામગ્રી આપના દુ:ખની શાંતિને માટે જ સર્વથા સ્વાધીન સમજવી.’

ગુણસુંદરી — ‘સાધુજનોનો અધિકાર એના ઉપર શી રીતે આવ્યો? એનું વૈધવ્ય ગણો તો એણે શ્વશુરકુટુંબમાં જવું જોઈએ ને કૌમાર ગણો તો અમારી પાસે એણે વસવું જોઈએ એવી સંસારની વ્યવસ્થા છે, ધર્મશાસ્ત્રનો આદેશ છે, ને મહારાજ મણિરાજની સાર્વજનિક આજ્ઞા છે.

સાધુજનો સાધુજનો ઉપર પોતાનો અધિકાર વાપરે તે યોગ્ય છે પણ સંસારીઓનાં કુટુંબ ઉપર તમે અધિકાર વાપરો તેથી તમારી મર્યાદાનું ઉલ્લંઘન નહીં થાય? ક્રોધ ન કરશો.'

મૌહનીમૈયા — 'પ્રધાનપત્નીજી, પ્રશ્ન પૂછો છો તેમાં સાધુજનો શા માટે ક્રોધ કરે? તેમાં આ તો ઉચિત પ્રશ્ન છે. તો ઉત્તર સાંભળો. સંસારને માટે બંધાયેલાં ધર્મશાસ્ત્રમાં તો *न स्त्री स्वातन्त्र्यमहंति* એટલે સુધી છે; પણ અલખ માર્ગનું ધર્મશાસ્ત્ર સ્ત્રીને અધ્યાત્મદૃષ્ટિથી જુએ છે ને આ સૂત્રને ક્ષુદ્ર ગણે છે. સંસારની વ્યવસ્થા તો ત્રીસ વર્ષના પુત્રને પણ માતાપિતા પાસે બાળક ગણાવે છે ને એવા પુત્ર ઉપર સંસારી માતાપિતા આજ્ઞા કરતાં લજ્જાનું કારણ જોતાં નથી. અલખ યોગીઓની મઠવ્યવસ્થામાં વયોબાલ યુવાન થાય છે તેની સાથે પોતાના હૃદયકમળમાં રહેલા પરમજ્યોતિને પ્રત્યક્ષ કરે છે ને એ જ્યોતિના પ્રકાશને મનુષ્યની આજ્ઞાથી અવચ્છિન્ન કરવા કે અસ્વતંત્ર કરવો તેને અમારો સાધુસંપ્રદાય એક મહાન અધર્મ અને અનર્થ માને છે. મહારાજ મણિરાજની આજ્ઞાઓ સંસારમાં આવશ્યક છે પણ સુન્દરગિરિ ઉપરના સાધુજન સાધુતાને વશ રહે ત્યાં સુધી મહારાજની આજ્ઞાઓ પણ માત્ર સૂચનારૂપ ગણાય છે એવા વિચાર, લેખ અને આચાર પરાપૂર્વથી છે.'

ચંદ્રાવલીમૈયાને આપનો સંદેશો કાલ પહોંચ્યો હતો તે એમણ મને વિદિત કર્યો હતો તે ઉપરથી આપને દર્શાવવાને માટે આ લેખોમાંના પ્રતિલેખ [૧] પરિવ્રાજિકામઠમાં રહે છે તે મેં આણ્યા છે તે દેખાડીશ. જે શરીર બાળક છે ને સંસારીને ત્યાં જન્મ પામેલું છે તેના ઉપર અમારો અધિકાર નથી. પણ એ શરીર બાળકવય મૂકી તરુણ થઈ અમારો આશ્રય શોધે ને અમે આપીએ તો એ શરીર ઉપર તેનાં જનકજનનીના અને સર્વસાંસારિક સંબંધીઓના સંબંધ ત્રુટી જાય એવો અમારો અધિકાર આ લેખોએ વારંવાર સિદ્ધ કરેલો છે. મહારાજ મણિરાજનું બાળક તરુણ થઈ આ સ્થાને શરણ માગે તો તેના ઉપર પણ અમારો અધિકાર પ્રાપ્ત થાય છે ને મહારાજની આજ્ઞાઓ તેને પહોંચતી નથી.'

સુન્દર વીલી અને દુ:ખી થઈ બોલી: 'ત્યારે શું મારી કુમુદ અમારી મટી?'

મોહનીમૈયા — 'સુન્દરગૌરી! શા માટે શોક કરા છો? એ મમતામૂલક પ્રશ્ન અમારે ત્યાં નિષ્ફળ છે. સંસારિકી મમતાનો અમે ત્યાગ કરીએ ને કરાવીએ છીએ.'

સુન્દરગૌરી — 'ત્યારે શું કુમુદનું કલ્યાણ કરવાનો અમારો અધિકાર ઊતરી ગયો?'

હસીને મોહની બોલી: 'તમે વળી કયે દિવસે એ અધિકાર તમારી પાસે રાખ્યો છે જો તમે વિવાહની વંચના કરી એના કહેવાતા પતિને એને સોંપી

દીધી તે દિવસથી તમારો અધિકાર તમે એ કહેવાતા પતિને સોંપી દીધો. તમારી પાસે તે હવે ક્યાં છે? સત્ય જોતાં તો એ સોંપવાનો અધિકાર પણ તમારી પાસે તમે માન્યો તે તમારો મહાન દૃષ્ટિદોષ થયો, એ દોષ જે કાર્યનું કારણ થયો તે મહાન અને ક્રૂર અધર્મ થયો, એથી તમારી નિર્દોષ પ્રિય પુત્રીને જે પ્રહાર વેઠવા પડ્યા તેથી સિદ્ધ થયું કે તમે એનું કલ્યાણ કરવાને શક્તિહીન છો, અને જે કલ્યાણ કરવા માતાપિતા અશક્ત નીવડ્યાં તે કલ્યાણ અમ સાધુજનોએ એને પ્રાપ્ત કરાવ્યું. હજી વધારે સૂક્ષ્મ વિચાર કરો તો આ અધર્મ અને અકલ્યાણનું પાપ આવી વ્યવસ્થાની કારણભૂત રાજનીતિ અને એ નીતિ પાળનાર રાજાને પણ સ્પર્શે છે. ભારતવર્ષના મહારાજ ભરતના પિતા દુષ્યંતનું વાક્ય [૧] છે કે જ્યારે જ્યારે માતાપિતા આદિ સ્નિગ્ધ સંબંધીઓનો મારી પ્રજાને વિયોગ થશે ત્યારે ત્યારે તેમનું અપાપ સંબંધિ કૃત્ય હું કરીશ. આ વિયોગ તે કેવળ મૃત્યુજન્ય નહીં પણ બુદ્ધિભ્રમાદિજન્ય ગણવો; એટલે બુદ્ધિશ્રમથી માતાપિતાદિક વર્ગ પુત્રાદિકનું સ્નેહથી કલ્યાણ કરવું મૂકી દે ત્યારે પણ એ સ્નેહમય માતાપિતાદિકનો પુત્રાદિકને વિયોગ થયો જ ગણવો અને એ માતાપિતાદિકે પડતું મૂકેલું કાર્ય રાજાએ આરંભવું એવું અમારા પ્રાચીન રાજધર્મવેત્તાઓ લખી ગયા છે. આપણા મહારાજે એ ધર્મ પાળતા નથી તે તમારા ભ્રષ્ટ સંસારને ગમતું હશે, પણ અમારા સુંદરગિરિ ઉપર તો મહારાજે પડતો મૂકેલો એ ધર્મ પાળવાનું કામ અમે ત્રિમઠનું અધિષ્ઠાતૃમંડળ કરીએ છીએ ને એવા એવા રાજધર્મથી સાધુજનોનાં કલ્યાણ સાધીએ છીએ. સુંદરગૌરી, તમે મધુરીનું જે કલ્યાણ ધારો છો તે તેના હૃદયને પણ કલ્યાણરૂપ ભાસશે તો અમે એના હૃદયના જ્યોતિને પરવશ નહીં કરીએ, પણ તેમ નહીં હોય તો તમે તેને પરવશ કરો એવું થવા પણ નહીં દઈએ.'

ગુણસુંદરી — 'મારા સ્વામીનાથે તમારો આ અધિકાર મને કહી દીધો છે ને એ અધિકારને વશવર્તિની થઈને તમારો આશ્રય માગવાનું કહ્યું છે.'

મોહનીમૈયા — 'તેઓ શુદ્ધ ધર્મજ્ઞ છે.'

ગુણસુંદરી — 'તો તમે કેવે પ્રકારે આશ્રય આપી શકશો?'

મોહનીમૈયા — 'ગુરુજીની આજ્ઞાથી નવીનચંદ્રજી ચિરંજીવશૃંગ પર વસતા હતા અને અમારા સખીકૃત્યથી મધુરીમૈયાને તેમનાં દર્શનનો ને સમાગમનો લાભ થયેલો છે. મધુરીમૈયાએ કંથા ધારી તે પણ આ પુણ્ય સમાગમનું જ ફળ થયું છે. નવીનચંદ્રજી અત્યારે ત્યાંથી પાછા ફરી ગુરુજી પાસે ગયા હશે, અને મધુરીમૈયાને લઈ ચંદ્રાવલીમૈયા અમારા મઠમાં પાછાં આવશે. મારું કામ ન હોય તો હું ત્યાં જઈ તેમને અહીં મોકલીશ અને મધુરીમૈયા આપની પુત્રી જ નીવડે તો તેના હૃદયની ઇચ્છા જાણી લઈ ચંદ્રાવલીને કહેશો અને તેનાથી તે જાણી, શો નિર્ણય કરવો તે વિચારવા હું સમર્થ થઈશ.'

સુન્દરગૌરી — ‘કુમુદ અમારે ઘેર આવવાની હા કહેશે તો યે તમે એને નહીં આવવા દો?’

મોહનીમૈયા — ‘એ હા એના હૃદયની હશે તો આવવા દઈશું — નીકર નહીં. એનું મુખ એના હૃદયનો મંત્ર પ્રકટ કરે છે કે નહીં તે અમારે વિચારવાનું.’

સુન્દરગૌરી — ‘ઠીક. ભાભીજી, એટલી છોકરી કહેશે તે ખરું ને તમે એનાં મા કહેશો તે ખોટું. આપણે કોઈને મળ્યા વિના અહીંથી જ પાછાં જઈએ તો હવે શું ખોટું? એ રાંક છોકરીને આ બાવાબાવીઓએ સાંઢ જેવી કરી.’

મોહનીમૈયા — ‘તમને ન રુચતું હોય તો પણ અમે અવશ્ય એ મહાફળ સાધ્યું છે ને તમારે જવું કે રહેવું તે તમારી સ્વતંત્રતાની વાત છે.’

ગુણસુંદરી — ‘મોહનીમૈયા! ચિરંજીવશૃંગ ઉપર કુમુદ નવીનચંદ્ર જોડે કેવી જાતના સંસર્ગથી રહી હતી?’

મોહનીમૈયા — ‘અન્ય જનથી તો તે ગોપ્ય જ હોવું જોઈએ પણ તમે તેની જનની છો ને ચંદ્રાવલી ખરા સમાચાર જાણતાં હશે તે તમને આ વાત કહેશે.’

ગુણસુંદરી — ‘કુમુદને તમારે ત્યાં રહેવાનું ઠરે તા ક્યાં રાખશો?’

મોહનીમૈયા — ‘વિહારમઠમાં નવીનચંદ્રજી જશે તો તેની સાથે, ત્યાં નવીનચંદ્રજી નહીં જાય તો મધુરીમૈયા મારી સાથે પરિવ્રાજિકામઠમાં રહેશે, અને ગુરુજી અન્યત્ર વાસ આપશે તો ત્યાં જશે. પણ જ્યાં જશે ત્યાં સુંદરગિરિની છાયામાં રહેશે.’

ગુણસુંદરી — ‘જ્યાં સુધી અમે આ સ્થાનથી રત્નનગરી જઈએ ત્યાં સુધી અને અમને અવશ્ય લાગે તો તે પછી કુમુદનું નામ અને તેનો અમારો સંબધ ગુપ્ત રાખવાનું બનશે? તમે જેને પુણ્યસમાગમ કહો છો તેને અમે અધોગતિ કહીએ છીએ તે વસ્તુ કુમુદ પામી હોય તો તેને પણ ગુપ્ત રાખી શકશો?’

મોહનીમૈયા — ‘એનો પૂર્વાશ્રમ પ્રકટ ન કરવો એ તો અમારો ધર્મ જ છે. એનો સમાગમ જાતે સર્વને પ્રત્યક્ષ થશે તો અમે તટસ્થ રહીશું ને પરોક્ષ રહેશે તો અમે પ્રકટ નહીં કરીએ. તેને ઉન્નતિરૂપ ગણવો કે અધોગતિરૂપ ગણવો એ તો હૃદયહૃદયનો પોતાનો જેવો અધિકાર.’

ગુણસુંદરી — ‘એટલું બહુ છે. તેટલું ગુપ્ત રાખજો ને તમે જઈને એને મોકલો.’

મોહનીમૈયા — ‘અમારા અધિકારના ઉલ્લેખ આપને જોવા છે?’

ગુણસુંદરી — 'એ જોવા કરતાં ન જોવા સારા છે. કુસુમ! એમાં તારે વાંચવા જેવું નથી — જે હોય તે એમને આપી દે.'

કુસુમ આપતી આપતી વાંચતી રહી નહીં ને મોટેથી વાંચતી વાંચતી એક પછી એક પત્ર આપતી ગઈ.

'These anchorites live an innocent, free, unalloyed holy and refined life which is quite anomalous, not only in this province, but in the whole of modern India. Probably they are a relic of some very ancient stage of the glorious days of Indian civilisation. The Chiefs of this State have always not only extended to them liberal assistance and encouragement; but have also, with genuine veneration, allowed to them all the sphere and privileges of self-government and all protection against any trespasses by a depraved outside world which a microscopic but nobly planned indigenous republic might have the rare luck of desiring and enjoying in the midst of the semi-barbarous age surging outside their castlewalls. The British Government has therefore wisely, not only comfirrned, but even guaranteed the independence and intrerity of this body of holy men, lest a change of views among the rulers of the State should ever tempt any future incumbents of the *gadi* to contaminate or crush so noble and well deserving an institution .'

— *Extract from the Correspondence of the British Representive to H.H. the Mahararal Nagaraja .*

---

૧ . નકલ

૧ . *येन येन वियुज्यन्ते प्रजा: स्निग्धेन बन्धुना।*
स स पापादते तासां दुष्यन्त इते धुष्यताम्।। - शाकुन्तल

૪૮ બે યુગ વચ્ચેના પડદામાં પડતા ચીરા

"Some force whole regions, in despit .

Of geography, to change their site ;

Make former times shake hands with latter ,

and that which was before, come after .'

— Butler's Hudibras

ચાર તંબુઓમાંથી એક સ્ત્રીવર્ગને માટે હતો, બીજો માનચતુરને માટે હતો; ત્રીજામાં સાધુઆદિના સત્કારને માટે યોજના હતી; અને ચોથો રાજ્યનાં માણસો અથવા પુરુષવર્ગના અતિથિઓને માટે હતો અને એમાં ચંદ્રકાંતને રાખવા કલ્પના હતી. મોહની ગઈ તેની સાથે સુન્દર અને કુસુમને સાથે લઈ ગુણસુંદરી પોતાના તંબુમાં ધીમે પગલે ગઈ અને એને પગલે વૃદ્ધ માનચતુર આવ્યો ને પૂછવા લાગ્યો.

'ગુણસુંદરી! મોહની પાસેથી કાંઈ નવીન જણાયું?'

ગુણસુંદરી — 'ચંદ્રાવલી એને લઈ થોડી વારમાં આવશે અને આપણાં નાક રહેવાનાં છે કે કપાવાનાં છે તે કહેશે.'

માનચતુર — 'તમે અમસ્તો શોક કરો છો. સંસારને તો ઝુલાવનાર હોય તો ઝુલાવીએ તેમ ઝૂલે એવો છે. આપણાં નાકબાક છે એવાં ને એવાં રહેશે ને દીકરીને નકામાં ડામ દેશો નહીં. બહારવટિયામાંથી બચી ને જળમાંથી જીવી તો સાધુઓમાં સમાશે ને જગતને તે જણાવવાની કાંઈ જરૂર નથી. માટે મૂંઝાશો મા ને હું સૌ સવળું ઉતારીશ.'

ગુણસુંદરી — 'બહારનાં નાકને આપ રાખશો પણ હૃદયમાં પડ્યા ઘા રુઝાવાના નથી. આપણે જેને અધર્મ ગણીએ છીએ તેને આ સાધુલોક ધર્મ ગણે છે ને કાંઈ કાંઈ ગાંડાં કાઢી બેઠા છે ને હજી ગાંડાં કાઢશે ને તેમને નિવારવાનું કાંઈ સાધન આપણી પાસે નથી. ખરું પૂછો તો કુમુદનું નામ દેવું મને ગમતું નથી. એ આવશે તો જોવી નહીં ગમે, ને બોલશે તો સાંભળવું નહીં ગમે. મારા મનની બીક ખરી છે એવું મારું કાળજું કહે છે. ને મારી કૂખને લજવનારી આ પુત્રી ન પડી પેટ પથરો ને ન ગઈ મરી!'

માનચતુર — 'તમે ભોળાં છો ને જગતની માયા સમજતાં નથી. એ દીકરીને મોઈ ઇચ્છો છો તે હવે તમ સ્ત્રીજાતને શું કરીએ? પણ બોલોને, કે એણે તે શો વાંક કર્યો? એક જણની સાથે એનો જીવ જોડી પછી એના શરીરને બીજે ઠેકાણે આપણે ફેંક્યું, ને ત્યાં આવો કર્મ કુટ્યો માટી મળ્યો. ગુણસુંદરી, કહેવું બધાંને સારું છે પણ કરવું તો મહા કઠણ છે. તે છતાં આ

છોકરીએ આટલી આટલી ટક્કર ઝીલી પોતાનું ને તમારું પણ સાચવ્યું. હવે જ્યારે ઈશ્વરે જ એને જોઈતો જન્મારો આપ્યો ત્યારે આપણે હજીયે આપણું નાડું પકડી રહીએ તો આપણાં જેવાં મૂર્ખ કોણ? ક્યાં બહારવટિયા, ક્યાં સુભદ્રા, ક્યાં માતાનો બેટ, ક્યાં સુન્દરગિરિ, ક્યાં સરસ્વતીચંદ્ર, ને ક્યાં એ? જ્યારે ચારે પાસથી આટલાં ચક્ર ગોઠવાઈને મળ્યાં ત્યારે આ ઘડિયાળ ચાલવા માંડ્યું ત્યાં શું તમે જ મા થઈને કમાન તોડી નાખશો? લોક તો પારકા ઘરમાં હોળી સળગાવે ને ચારે પાસ નાચી નાચી તાળીઓ પાડે, માટે આપણે પણ શું એ ઘર સળગતું જોવું ને લોકમાં ભળવું? માટે ઊઠો, ને આ ઘેલછા મૂકી દો. જુઓ, બળીઝળી મહામહેનતે કંઈ શીતળ થવા આવેલી રાંક દીકરી તમારી પાસે આવે ત્યારે એને પાછી બાળવા માંડશો નહીં, એને વઢશો નહીં, એની સાથે અબોલા રાખશો નહીં, મોં ભારેખમ કરશો નહીં, થોડાબોલાં પણ થશો નહીં — એવું એવું કરશો તો એ ચકોર જાત તરત તમારા ગુપ્ત રોષને ચેતી જશે ને પ્રકટવા માંડેલી જ્યોત ચરચર થઈ હોલાવા માંડશે. માટે ડાહ્યાં થઈ એને ખોળામાં બેસાડી દિલાસો આપજો. એને એના સુખનો માર્ગ મા થઈને બતાવજો, ને એનાં આંસુ લોહજો. ગુણસુંદરી! તમે આમ મારું કહ્યું કરવામાં ચૂકો તો તમને મારા — એટલે ગણતાં હો તો તમારા વડીલના — સોગન છે. હું જાણું છું કે તમને હું બહુ વહાલો છું ને મારા સમ તમે પાળ્યા વિના નહીં રહો. તો તમારો આટલો વિશ્વાસ રાખી હું જાઉં છું ને પરિવ્રાજિકા મઠમાંથી આવવાનો માર્ગ રોકી વચ્ચે બેસું છું ને એ આવશે તેની સાથે પાછો આવીશ. તમારી સાથે બધી વાત કરતાં એ શરમાશે, માટે એને ને કુસુમને સાધુજનોને માટેના તંબુમાં જવા દેજો ને બે બહેનો એકબીજાની વાત જાણી લેશે. બેટા કુસુમ! બહેનની અમૂંઝણ ટાળજે ને પછી ગુણિયલને કહેવું હોય તે એકાંતમાં કહેજે — આપણે સૌ સવળું કરીશું; ને બહેનને કહેજે કે કોઈ એના ભણી નહીં રહે તો દાદાજી તો રહેશે જ ને જેમ બહારવટિયાઓમાંથી તેને ઉગારવા ઘોડે ચડ્યા હતા તેમ હવે સંસારના દુ:ખમાંથી તેને ઉગારવા તારા દાદાજી આખા સંસાર સામી બાકરી બાંધવાના છે, માટે એને કહેજે કે રજ ચિંતા કરીશ નહીં. ગુણસુંદરી, એ બે બહેનો વાતો કરે એટલી વાર તમે ને સુન્દર ચંદ્રાવલીને અહીં બેસાડી એની પાસેથી સૌ વાત જાણી લેજો ને એની સલાહ લેજો. એ પણ બહુ ડાહ્યું ને વહાલવાળું પરગજુ માણસ છે. કુમુદ અહીં આવે એટલી વેળા કોઈ એની પૂછપરછ ન કરે માટે આપણાં માણસોને પણ તંબુઓની પેલી પાસ માંડવાઓમાં રાખ્યાં છે ને તમારા બોલાવ્યા વિના કોઈ આમ ડોકિયું પણ ન કરે એવો હુકમ આપ્યો છે. હું હવે જાઉં છું — ને — તમે જોજો હોં! — મેં કહ્યું છે તેમાં રજ ચૂક ન થાય — મેં મારા સોગન દીધા છે!’

માનચતુર ગયો.

ગુણસુંદરી નિ:શ્વાસ મૂકી બોલી: ‘સુન્દરભાભી! શું થવા બેઠું છે તે સમજાતું નથી. સંસારના સર્વ પ્રવાહથી અવળે માર્ગે આમ ખેંચાઈએ છીએ ને ઘરના વૃદ્ધ અને વિદ્વાન પુરુષો પણ આપણને ખેંચવામાં ભળે છે. તમારા દિયરની ઇચ્છા પ્રમાણે વર્તવામાં પતિવ્રત રહેલું છે ને તેમની ઇચ્છા આપણી વૃત્તિથી છેક અવળી! તેમને નિવારવાનો અધિકાર વૃદ્ધોને રહ્યો તેમાં મામાજીએ નિવૃત્તિનું મૌન ધાર્યું ને વડીલ તો ચાલતી વહેલમાં બેસી ગયા! આ કાળે સાસુજી હોત તો આપણી આ અવસ્થા ન થાત!’

સુન્દરગૌરી — ‘ભાભીજી, કાંઈક યુગ જ નવો બેસવા માંડે છે. જે આપણે સ્ત્રીઓએ કરવાનું કામ તે પુરુષોએ હાથમાં લેવા માંડ્યું!’

ગુણસુંદરી — ‘અંગ્રેજી વિદ્યા સ્ત્રીઓની સ્વતંત્રતાનું સાધન ગણાય છે. તેણે મારા તમારા અધિકાર જડમૂળથી કાપી નાખવા માંડ્યા ને હવે તો દીકરીઓ પણ બાપની ઠરી ને આપણી મટી.’

સુન્દરગૌરી — ‘અધિકારને લક્ષ્મીના તેજમાં સૌ તણાય. મહારાજના પ્રધાને અને કમાતે દીકરે જે કહ્યું તે વડીલ પણ કરે તો દીકરીઓ કરે તેમાં શી નવાઈ? એ કાલ દીકરીઓને મહેલ ચણાવી આપશે પણ આપણ રંક જાતના હાથમાં શું હોય જે કોઈ આપણું કહ્યું કરે? સંસાર સ્વાર્થનો સગો છે ને ભોગની તૃષ્ણામાં જુવાનિયા બધો સ્વાર્થ દેખે છે.’

ગુણસુંદરી — ‘સુન્દરભાભી, સ્વામીની નિન્દા વિચારમાં પણ થાય તો પતિવ્રત ભાંગે છે. માટે આ વાત જવા દો. હવે તો આ કાળજું વલોવાઈ જાય છે ને કંઈક દોહ્યલું થઈ આવે છે તેમાંથી છુટાય તો સારું. સૌભાગ્યદેવી ગયાં ને હું રહી!’

બોલતાં બોલતાં ગુણસુંદરીની આંખોમાં આંસુની ધારાઓ ચાલી રહી.

સુન્દરગૌરી — ‘ભાભીજી, તમારે પતિવ્રત છે પણ હું તો કુમુદને સમજાવવાને છૂટી છું. શું એ મારું કહ્યું નહીં માને?’

ગુણસુંદરી — ‘મોહનીએ કહ્યું તે ન સાંભળ્યું સુન્દરભાભી? જવા દો એ વાત. હવે પ્રાણ ને પ્રતિષ્ઠા સાથે લાગાં જ જશે. બીજો માર્ગ નથી. જોઉં છું, જરીક આ કનાત પાછળ જઈને આવું છું — જઈશ — રોઈશ! મારી જોડે ન આવશો — મને એકલી પડવા દો.’

ગુણસુંદરી ઊઠી ને એણે જવા માંડ્યું. એ ગઈ — ‘ભલે જશ જઈ આવો, મોકળું મૂકશો ત્યારે કળ વળશે.’ સુન્દર બોલી એક કોચ ઉપર બેસી રહી ને ક્રોધ ભરેલા મુખથી, ઉછાળો મારી, એક ખુરસી ઉપર બેસી રહેલી કુસુમને કહેવા લાગી:

‘તમને જન્મ આપ્યા તે આ માટે! જા! વડીલે આજ્ઞા આપી છે તે જોડેના તંબુમાં જઈને તારી બહેનને જે પૂછવું હોય તે પૂછજે ને કાન ફૂંકવા

હોય તે ફુંકજે. હવે તમે બે જણીઓ માની મટી છો ને આપે બે બળદિયા આંક્યા તે મ્હાલાય તેમ મ્હાલો.'

કુસુમ ધીરે રહી બોલી: 'કાકી, આકળાં શું કરવા થાઓ છો? બહારની વાતો સાંભળી બહેનને માથે વગરન્યાયનો આરોપ શું કરવા મૂકો છો? હજી એના મોંની વાત તો જાણી નથી ને પૂછી પણ નથી.'

સુન્દરગૌરી — 'શું જાણવાનું હતું? ફ્લોરા, તું, મોહની અને ચંદ્રાવલી મળી જ કહો તે ખરું, અને હું અને તારી મા ખોટા — ત્યાં સાંભળવાનું યે શું રહ્યું? એ ને તું ને બધાં શું કહેશો તે ન સમજીએ એવી નાની કીકી હું યે નથી ને તારી મા પણ નથી! વટલી જઈને આવી થઈ તે વંઠી જઈને નાતરું કરશે; ને તારે બાવી થઈને મીરાંબાઈ થઈ નાચવું છે! દીકરો સપૂત ઊઠ્યો તેણે સૌભાગ્યદેવીને સ્મશાન દેખાડ્યું ને દીકરીઓ કુળદીપક નીવડી તે ગુણસુંદરીને સ્મશાન દેખાડશે! કુસુમ! અમારા હાથ નીચા પડ્યા ને હવે તો દીકરીઓ કરશે તે માવરો વેઠશે; માટે તું જા અને જેમ તને સૂઝ તેમ કરજે ને કરાવજે!'

કુસુમ — 'હા, હું જાઉં છું! ને કુમુદબહેનને બધાં તરછોડશો ત્યારે હું એની થઈશ. નથી તેને પૂછતાં કે બેટા, શું થયું? ને નથી તેને કહેતાં કે તું ગભરાઈશ નહીં. મને મારી રજ ચિંતા નથી — આ તંબુની પેલી પાસની ખોમાં કુસુમને ગબડાવી પાડશો તે ખમાશે પણ આટલી આટલી દુ:ખની ચેહમાં ગરીબડી કુમુદબહેનને નાખી તેને હવે શાંતિ વાળવાની વાત તો રહી પણ દાઝ્યા ઉપર ડામ દો છો ને નથી કોઈ જોતું ન્યાય કે અન્યાય — તે તો કુસુમથી નહીં ખમાય.'

સુન્દરગૌરી — 'જા બાપુ, જા.'

કુસુમ — 'તે જાઉં છું જ. પણ સરત રાખજો કે ગુણિયલને શાંત કરવાને સાટે નકામાં ઊકળવા દો છો ને મા અને કાકી જ કુમુદબહેનની વાત સરખી સાંભળવાની વાટ જોતાં નથી તે સૌ પસ્તાશો.'

'કળિયુગનું માહાત્મ્ય પૂર વેગથી બેઠું!' એવા શબ્દો કાકીના મુખમાંથી પોતાની પૂઠ પાછળ નીકળતા સાંભળતી સાંભળતી કુસુમ સુન્દરને મૂકીને બીજા તંબુમાં જઈ તેની બહાર માર્ગ ઉપર દૃષ્ટિ જાય તેમ ખુરશી માંડી બેઠી. બે પાસ ઝાડોવાળા લાંબા સાંકડા રસ્તાનો વાંક ઘણો આછો આછો થઈને છેક આઘેથી દૃષ્ટિની હદ બાંધતો હતો. ઉપર ઝાડોની ઘટા, નીચે લાલ માટી વચ્ચે દબાયેલા પથરા ને પથરાઓની વચ્ચે માટી, આખે રસ્તે ઝાડની શીતળ લાંબી પથરાયેલી છાયામાં વચ્ચે વચ્ચે પાંદડાંઓમાં થઈને આવતા તડકાની-કરોળિયાની હાલતી જાળ જેવી — જાળીઓ અને કંઈ કંઈ ડાળો વચ્ચેના માર્ગમાં થઈને આવતા તડકાના સાપ જેવા લિસોટાઓ: કુસુમની આતુરતાને સ્થાને તૃપ્તિ ભરવા લાગ્યાં. રસ્તાની છેક પેલી પાસ તડકામાં કંઈક છાયાનો આકાર દેખાય કે ત્યાં થઈને કોઈ માણસો આવતાં

હશે એવી કલ્પનાથી તે ચમકતી હતી ને ઊભી થઈ થઈને, આંખો ઝીણા કરીને, દૂર દૃષ્ટિ નાંખતી હતી; કોઈક વેળા કલ્પના ખોટી પડતાં બેસતી હતી; કોઈક વેળા માણસને સાટે ગાયો, ઘેટાં, હરિણ ને કૂતરાં આવતાં દેખાતાં; કોઈ વેળા ભીલ, સાધુઓ, યાત્રાળુઓ વગેરે આવજા કરતાં નીકળતાં; પણ બહેનને જોવાની આતુર આંખો થાકી નહીં.

એ માર્ગના છેડાની પેલી પાસ માનચતુર રસ્તાની એક પાસ ‘માઈલ’ દર્શાવવાના પથરા ઉપર, હાથમાં લાકડી ને લાકડીની ટોચ ઉપર હડપચી ટેકવી બેઠો હતો, ને જે આવે તેને તેની પાછળ કોણ છે એવું પૂછતો હતો.

અંતે ચંદ્રાવલી અને કુમુદ માનચતુરની દૃષ્ટિમર્યાદામાં દેખાયાં. કુમુદે ભગવી કંથા ધારી હતી ને ચંદ્રાવલીની આંગળીએ વળગી ધીરેથી વાતો કરતી કરતી આવતી હતી. એના મુખ ઉપર શોકને સ્થાને ધૈર્ય, શાંતિ, સ્થિરતા અને આગ્રહ હતાં, ને એના કપાળ વચ્ચે ઊભા તિલક પેઠે બે ત્રણ ઊભી કરચલીઓ વળી હતી. થાકેલી લાગતી હતી પણ એના પગ થાકને ન ગાંઠતાં નવા પ્રાણથી ઊપડતા લાગતા હતા. એની દૃષ્ટિ છેટેથી માનચતુર ઉપર પડી તેની સાથે એ ઊભી રહી, વાતો કરતી અટકી, ને ચંદ્રાવલીને ચાલતી અટકાવી.

‘કેમ, બેટા, અટકી?’ ચંદ્રાવલીએ ચિંતાથી પૂછ્યું.

કુમુદસુંદરી — ‘મારા વૃદ્ધ પિતામહ જેવું કોઈ છેટે દેખાય છે.’

ચંદ્રાવલી — ‘એ તો એ જ. બેટા, જે અતિવત્સલ ધર્મિષ્ઠ પિતાની તું પુત્રી છે તેના પુણ્ય શરીરનું આ ઉદ્ભવસ્થાન તું પરમતીર્થ જેવું ગણજે. સંસારના અભ્યાસ એમની પાસે બે કઠોર વચન બોલાવે તો હિમાચલના કર્કશ કઠિન પથરાઓ વચ્ચે વચ્ચેના અવકાશમાં ગંગાજીનું મિષ્ટ અમૃત જળ પોતાનો માર્ગ કરે તેમ, તું પણ મિષ્ટતા છોડ્યા વિના ચતુર ગતિથી ચાલજે.’

કુમુદસુંદરી — ‘પ્રલયને પ્રસંગે સૃષ્ટિની ચિંતા કરતા પરમપુરાણ વૃદ્ધતમ નારાયણ એકલા જાગે છે તેમ એ મારા પરમવત્સલ વડીલ મારી ચિંતા કરતા જ બેઠા હશે.’

તે બોલતી હતી એટલામાં તો માનચતુર જ તેની પાસે આવ્યો ને એનું મુખ જોવા નીચો વળી બોલ્યો: ‘મારી કુમુદ!’

‘હા! વડીલ! આપ ખુશી છો?’ બોલતાં બોલતાં કુમુદની આંખોમાં આંસુ ભરાયાં ને એ રોઈ પડી. — ‘મેં આપને સર્વને બહુ દુ:ખી કર્યાં!’

માનચતુર એને માથે અને વાંસે પોતાનો કરચલીઓવાળો વૃદ્ધ હાથ મૂકતો ફેરવતો બોલ્યો:

'બેટા! તું રજ ગભરાઈશ નહીં. જેણે તને બહારવટિયાઓમાંથી ઉગારી તે જ હું છું. કોઈ તારું નહીં થાય તો હું થઈશ — પણ તારો આ ભેખ મારાથી જોવાતો નથી!'

માનચતુરનાં વૃદ્ધ નેત્રમાં પણ આંસુ ભરાયાં તે ઊંચું જોઈ ઊંચે હાથે લોહતી લોહતી પૌત્રી બોલી: 'દાદાજી, વિધવાના વસ્ત્ર કરતાં આ ભગવી કંથા વધારે સારી છે. ને ચંદ્રાવલીબહેન જેવાં સાધુજનના સત્સમાગમ મારા સંસારના ઘા રુઝાવી બહુ શાંતિ આપે છે — માટે આપ સ્વસ્થ થાવ. આપે મારા બાળપણમાં ગુણિયલની આટલી આટલી ચિંતા કરી ને આટલે વર્ષે હજી પણ અમારી ચિંતા કરવાનું આપને બાકી રહે એ મને ગમતું નથી. આપ સર્વ આટલે સુધી મારે માટે આવો અને હું આપનાથી ગુપ્ત રહું તો કૃતઘ્ન થાઉં માટે આપને મળીને સાધુસમાગમમાં આયુષ્ય પૂરું કરવા આજ્ઞા માગીશ તેની આપ ના નહીં કહો!'

'કુમુદ! બેટા! તારા સુખને માટે જ કહીશ તે કરીશું. આ ઊંચેથી આભ પડશે તેની તારા દાદાને ચિંતા નથી, પણ તારી આંખમાં આંસુનું ટીપું સરખું દેખું છું ત્યાં મારો જન્મારો ધૂળ વળ્યો સમજું છું.'

શોક સમેટી વાતો કરતાં કરતાં સૌ તંબુ ભણી વધ્યાં ને સૌ છેટેથી દેખાતાં, હરિણ પેઠે કુસુમ દોડતી દોડતી આવીને 'બહેન! તમે આવ્યાં?' કરી બળથી કુમુદને વળગી પડી ને કુમુદે એને છાતી સરસી ચાંપી. બે બહેનોની આંખોમાં હર્ષનાં આંસુ હતાં. પણ કુમુદનો હર્ષ અપ્રકટ હતો ત્યારે કુસુમનો હર્ષ ઊછળતો હતો. બે બહેનોને અત્યંત પ્રેમથી મળેલી જોઈ રહેલા માનચતુરનું હૃદય નવા આનંદથી તૃપ્ત થતા તૃપ્ત થયું નહીં.

'કુસુમ! બહેનની તું હવે એકલી જ રહી! હવે એનાં ભગવાં કઢાવવાં એ તારી ચતુરાઈની કસોટી!'

કુસુમ કુમુદથી છૂટી પડી, પળ વાર એનો ભેખ જોઈ રહી, ને વડીલ સામે કમળનાળ જેવો કંઠ ફેરવી બોલી:

'દાદાજી! અમે બે બહેનો જ હવે એકબીજાંની એકલી રહી એ તો ખરું કહ્યું. હવે ગુણિયલ પણ બહેનનાં નથી. બાકી ભગવાં તો મને પણ ગમ્યાં ને હવે તા આપના મોંની વાણી ફળો ને બહેનનાં જેવાં ભગવાં મને પણ મળે એટલું હું મારાં કુમુદબહેનની ને કુમુદબહેન મારાં! દાદાજી! ચતુરાઈ તો ભગવાં રાખવામાં છે — ઉતારવામાં નથી!'

વાર્તાવિનોદ આ નવા રૂપથી પ્રવાહ પામ્યો અને ચારે જણ વાતો કરતાં કરતાં આગળ ચાલ્યાં. તંબુ આવ્યો એટલે કુસુમ બોલી:

'દાદાજી, આપે ગુણિયલને શિખામણ દીધી તે શેઠની શિખામણ ઝાંપા સુધી રહી છે. માટે હવે આ ચંદ્રાવલીમૈયાને ગુણિયલ પાસે બેસાડો કે બધી વાત કહી એમનો ઓરતો પૂરો કરે ને એમને ને કાકીને ટાઢાં પાડી માદીકરીને

હસતાં મળવાનો પ્રસંગ આણે. બાકી હમણાં બહેનને ત્યાં લઈ જશો તો ગુણિયલ મનના ઊભરા કાઢ્યા વિના નહીં રહે, ને ઊભરા નહીં કાઢે તો નહીં બોલે ને નહીં હશે, ને કંઈ નહીં બોલવાનું બોલી બેસશે. આટલા દુ:ખમાંથી છૂટી બહેન આવ્યાં છે તેમનાથી આ જોઈ નહીં શકાય ને એમનું કાળજું કહ્યું નહીં કરે ને હું આવીશ તો ગુણિયલ જોડે લડી પડીશ. માટે અમે બે અમારી મેળે આ તંબુમાં બેસી વાતો કરીશું ને આપને ગુણિયલનો વિશ્વાસ પડે ત્યારે અમને બોલાવજો — તે વાતો કરી રહ્યાં હોઈશું તો આવીશું. બહેન, ગભરાશો નહીં. ગુણિયલને હમણાનું આવું આવું બહુ થાય છે ને પાછાં જાતે જ શાંત થાય છે. તે આપણે એ શાંત થશે ત્યારે જઈશું ને તે પછી આવું થવાનો એમને ફરી વારો નહીં આવવા દઈએ; આપણે ધારીશું તે કરીશું.’

ચંદ્રાવલી ભણી જોઈ કુમુદ બોલી: ‘ચંદ્રાવલીબહેન, મને લાગે છે કે કુસુમ યોગ્ય માર્ગ દર્શાવે છે. મારે માટે અનેક ઊડતી કથાઓ સાંભળી અનેક સંકલ્પવિકલ્પથી મારાં વત્સલ ગુણિયલનું ચિત્ત મંથન પામતું હશે અને તેમની પાસે બધી વાત મારે સ્વમુખે કહેવી તે સંસારની નીતિથી અને રીતિથી વિરુદ્ધ છે ને આપના સમાગમથી ચિત્તના પડદા તોડવાનો જે અધિકાર હું પામી છું તે અહીં તોડીશ તો સુલટાને સ્થાને ઊલટું પરિણામ આવશે. માટે તમે દાદાજી જોડે પ્રથમ ગુણિયલ પાસે જાવ અને મારા સંબંધમાંનો સર્વ ઇતિહાસ તમે એમને અથથી ઇતિ સુધી જાણો છો તેવો કહી બતાવજો ને પવનથી કંપતા દીવા પેઠે અનેક વાતોથી કંપતા એમના કોમળ હ્રદયને તમારી સાધુવૃત્તિની દક્ષતાથી સ્થિર કરજો ને તેની સ્થિરતા પ્રત્યક્ષ કરો એટલે તેની આજ્ઞા માગી મને બોલાવજો. એમની પાસે તરત આવવાનો મને ભય નથી, પણ એમના પોતાના સ્નેહમર્મને મારું દર્શન જ ત્રાસ આપશે તે મારાથી જોઈ નહીં શકાય. પણ તમારી અચલ પવિત્રતા ઉપર એમને પરમ પ્રીતિ છે, તમારાં વચન ઉપર એ અત્યંત શ્રદ્ધા રાખશે, અને તમારી સુજનતા એને શાંત કરશે.

દાદાજી! ચંદ્રાવલીબહેનને માટે આપને બહુ કહેવાની અગત્ય નથી. મને બે વાર એમણે આયુષ્ય આપ્યું અને ત્રીજી વાર આયુષ્યની સફળતા આપી. રાંક કુમુદને માટે આપે આ વૃદ્ધ શરીરને અત્યંત ભયમાં નાંખ્યું અને આપના મનને પરમ ચિંતામાં નાંખ્યું છે ને નાંખો છો તો હું વધારે શું કહું? ચંદ્રાવલીબહેને મારી વીતેલી વાતો સર્વ પોતાના હ્રદયમાં લખી રાખી છે તેમાંના લેખ આપ વાંચજો — ને આપ, પિતાજી અને ગુણિયલ, ત્રણ જણ મળી મારા ધર્મનો ન્યાય કરજો એટલે તે પછી મારે કાંઈ જોઈતું નથી. સંસારનો ત્યાગ કરવો મારે હવે બાકી નથી પણ ત્યાગી જનોના સંપ્રદાયમાં સ્વસ્થતા પામી છું ને આ ભેખ એક વાર સ્વીકાર્યો છે તેનો હવે ત્યાગ થાય એમ નથી. દાદાજી! હવે મારી ચિંતામાંથી સર્વને મુક્ત થવા વારો આવે છે ને હવે આપે મારે માટે એક ચિંતા કરવી બાકી રહી છે તે

ચિંતાને ચંદ્રાવલીબહેન પાસેથી સર્વ વાત સાંભળીને આટોપી લેજો. ગુણિયલને કહેજો કે કુમુદ જેવી રાંક હતી તેવી જ રાંક હજી છે, પણ એને માથે ધર્મ પ્રાપ્ત થાય છે તે ધ્યાનમાં લઈ એનું મોં દેખાડવાનો એને અધિકાર આપશો તો એ આપનાં પવિત્ર પ્રેમાળ દર્શનનો લાભ પામશે ને એ અધિકારને યોગ્ય કુમુદને નહીં ગણો તો આજ સુધીનાં એનાં નવ્વાણું ટૂંકાં ભાગ્યમાં સોમું એક ઉમેરાશે. દાદાજી, કુમુદ હવે પોતાનાં ટૂંકાં ભાગ્યને કરેલાં કર્મનાં ફળ જ ગણે છે ને એ કડવાં ફળ ખાતાં મોં બગાડતો નથી. દાદાજી, સાધુજનનો સમાગમ ફરીથી આવા અવતારમાંથી મને મુક્ત કરશે ને ધારેલાં ભગવાંનો ત્યાગ હવે કરું તે ફરી એવા અવતારના કૂવામાં પડવા જેવું છે તે ન કરવું એ હવે મારો નિશ્ચય છે, અને નિશ્ચય કર્યો છે તેટલી ક્ષમા કરજો. મારાં વચનથી આપની વૃદ્ધ આંખોમાં આંસુ આવે છે તે ન આણશો. દાદાજી, હું પરમ સુખી થઈ છું તે જાણી આનંદ પામો.'

પોતાનાં આંસુ લોહતો લોહતો માનચતુર નરમ પડી જઈ બોલ્યો: 'બેટા! તારું એકેકું વેણ મારું કાળજું કોરી નાખે છે. મારાથી નથી બોલાતું!'

ડોસો નીચે બેસી કપાળે હાથ દઈ હૃદયમાં રોવા લાગ્યો ને કુમુદ એને ગળે વળગી એનાં આંસુ લોહવા લાગી.

'દાદાજી, કુમુદને આવી વહાલી ન કરશો. આપે આવે આવે પ્રસંગે કદી આવું પોચું મન દેખાડ્યું નથી તે હવે આપના ઘડપણમાં આપના હૃદયને આમ હલમલાઈ જતું જોવાનું હું બાળકનું ગજું નથી.'

કંઈક સ્વસ્થ થઈ, ઊભો થઈ, માનચતુર બોલવા લાગ્યો: 'ચિંતા નહીં. કુમુદ, તારે ભગવાં રાખવાં હશે તો હું પણ ભગવાં લઈ આ સાધુઓમાં રહીશ. મારા કુટુંબનો આટલો આટલો વિસ્તાર હતો તેમાંથી સર્વ હવે તારા અને કુસુમના ઉપર આવી રહ્યું ને તેમાં પણ તેં ભગવાં ધર્યાં ને કુસુમ કોણ જાણે શું કરશે! બેટા! હવે હમણાં આ વાત નકામી છે. થોડી ઘડીમાં, અને થોડી ઘડીમાં નહીં તો એક બે દિવસમાં સૌ વાતનો ફેંસલો થઈ જશે તો હું એટલા માટે અધીરો નહીં બનું. પણ તમે બે બહેનો મારા ઘડપણનો છેડો કેવી રીતે આણો છો તે જોઈશું, ને તે પછી તારા જેવી બાળકને જ્યારે ભગવાં જ ગમશે ત્યારે હું પણ જ્યાં તું ત્યાં હું -મને પણ ભગવાં ગમશે. ભગવાં ધરીશ, પણ જે બે ચાર વર્ષ જીવવાનાં બાકી હશે એટલાં તને જોતો જોતો પૂરાં કરીશ ત્યારે જ મારો જીવ ગતે જશે.'

કુમુદસુંદરી — 'દાદાજી, આપ સાધુ થશો તો સુખી થશો ને આપ અહીં વસશો તો હું વધારે સુખી થઈશ. હું મારે માટે જે કહું છું તે સંસારથી કંટાળીને નહીં પણ મારા અંત:કરણથી કહું છું તેની હવે આપને શંકા નહીં રહે.'

માનચતુર — 'ના, બેટા હવે નહીં રહે. તો કુસુમ તું કુમુદને લઈ સાધુજનને માટેના તંબુમાં જા અને હું ચંદ્રાવલીને લઈ ગુણસુંદરી પાસે જાઉં

છું.’

કુમુદસુંદરી — ‘ચંદ્રાવલીબહેન મોહનીમૈયાએ ગુણિયલને જે વાક્યપ્રહાર કર્યા તેવા તમે નહીં કરો એવું મને અભયવચન આપીને જાઓ. મને જન્મ આપી એણે અનેકધા દુ:ખ વેઠ્યું છે તે દુ:ખોમાંથી એને મુક્ત કરી મારે ઋણમુક્ત થવું છે.’

ચંદ્રાવલી — ‘મધુરી! ચંદ્રાવલીથી તને અભયવચનની સર્વથા પ્રાપ્તિ જ છે ને તે પણ વગર માગ્યે મળી સમજવી. માનચતુરજી! આપની મધુર પુત્રીનું નામ અમે મધુરીમૈયા પાડ્યું છે.’

૪૯ પુત્રી

‘મારી માવડી! શાને તું આમ

આંસુડાં ઢાળે રે?’

એક તુંબમાં માનચતુર, ગુણસુંદરી, સુન્દર અને ચંદ્રાવલીની વાતો ચાલી. બીજામાં બે બહેનોની ચાલી. એક ઠેકાણે ચંદ્રાવલી જ બોલતી હતી. બીજામાં કુમુદ જ બોલતી હતી. દસ વાગ્યા, અગિયાર વાગ્યા, બાર વાગ્યા ને ભોજનની વેળા થઈ. ચંદ્રાવલીએ ગુણસુંદરીને બુદ્ધિધનના ઘરના કાળથી માંડી આજની સવાર સુધીની કુમુદની કથા કહી દીધી ને ગુણસુંદરી ભૂતકાળનો શોક છોડી શાંત થઈ, પુત્રી નીતિથી ભ્રષ્ટ નથી થઈ જાણી નિવૃત્તિ પામી, અને માત્ર ભવિષ્યના વિચારમાં પડી. એ વિચાર ભોજન પછી કરવાનો ધાર્યો.

કુમુદ પોતાની વાત અર્ધી પણ પૂરી કરી શકી નહીં અને પોતાને થયેલાં સ્વપ્નનો ઇતિહાસ સરસ્વતીચંદ્રે લખેલો આણ્યો હતો તે બહેનને બતાવવાનો તો બધો યે બાકી રહ્યો. ભોજનવેળા થઈ ને તેડું આવ્યું.

ત્યારે કુસુમે કહાવ્યું: ‘તમે બધાં ત્યાં જમી લ્યો અને અમારે માટે જોડેની રાવટીમાં બે થાળીઓ ભરીને મૂકો.’ સુન્દર તંબુ બહાર તેડવા આવી ઊભી — કુસુમ બહાર જઈ બોલી: ‘બહેનને હજી પોતાનું મોં બતાવવાનો અધિકાર મળ્યો નથી. કાકી, અમારી થાળીઓ મોકલો. તે જમવું હશે તો જમીશું ને નહીં જમવું હોય તો જે જમનાર સુન્દરગિરિ ઉપર અભ્યાગત ઘણા બોલાવીએ એમ છે. બહેન વટલી તો કુસુમ પણ વટલે — બહેન મોઈ જાણી તો કુસુમને પણ એવી જ જાણજો! કાકી મારું હવે ત્યાં કામ નથી.’

સુન્દરગૌરી — ‘હું તમને બેને બોલાવાને આવી છું.’

કુસુમસુંદરી — ‘કામ વગર બોલાવો તે નકામું ને અધિકાર વિના આવીએ તે ખોટું.’

સુન્દરગૌરી — ‘બોલાવીએ તે અધિકાર ને જમવાનું એ કામ.’

કુસુમસુંદરી — ‘મન વગરનું માન ને નામ વગરનો પરોણો એ દૂરથી જ નમસ્કાર કરવા જેવાં છે.’

સુન્દરગૌરી — ‘તું નહીં માને. મારી કુમુદ માનશે — મને માંહ્ય આવવા દે.’

કુસુમસુંદરી — ‘અમે બે જણ જઈએ ત્યારે આવજો. હવે કુમુદબહેનને મારી કહેવાનું ખાલી સવાસલું નહીં જોઈએ.’

સુન્દર કુસુમને હડસેલી નાખી તંબુમાં ગઈ. કુમુદ ઊઠી સામી આવી. કાકીભત્રીજી ભેટી પડ્યાં ને રોઈ પડ્યાં ને સુન્દરે કુમુદને છાતીસરસી દાબી દીધી. બે છૂટાં પડ્યાં ને એક કોચ ઉપર બેઠાં. કાકી સામી આંખો કાઢતી કુસુમ એક પાસ સામી ઊભી. થોડી વાર ત્રણમાંથી કોઈ બોલ્યું નહીં. અંતે સુન્દર બોલી: ‘કુમુદ! અમે તને બહુ દુ:ખી કરી, ખરું?’

કુમુદસુંદરી — ‘ના, કાકી. હું હવે સાધુસંગતિમાં પરમ સુખી છું, પણ મોઈ જાણેલી દીકરીને જીવતી જાણી સૌને જે ક્લેશ થયો હશે તેનું હું કારણ થઈ પડી.’

સુન્દરગૌરી — ‘બેટા; હવે એ ગઈ ગુજરી જવા દે. ચંદ્રાવલીએ ભાભીજીના હૃદયમાં અર્ધું અમૃત રેડ્યું છે ને બાકીનું રેડવું એ તમે બે બહેનોના હાથમાં છે. તમારા વિના કોઈ જમે એમ નથી — કહે તો તારી ગુણિયલને પોતાને મોકલું, ને ગમે તો તે બોલાવે છે માટે મારી જોડે ચાલ.’

કુમુદસુંદરી — ‘કાકી, હું સાધુઓ ભેગી જમી છું ને મારી હયાતી પ્રકટ કરવાથી સૌને સુખ છે કે દુ:ખ તે જોવાનું બાકી છે.’

સુન્દરગૌરી — ‘તે સૌનું થઈ રહેશે. હમણાં તો તું ચાલ. નક્કી તું કુસુમ જેવી કઠણ નથી.’

કુમુદસુંદરી — ‘જેવી આજ્ઞા. બહેન! ચાલો.’

બે જણ ગયાં. ગુણસુંદરી એની વાટ જોઈ ઊભી હતી. કુમુદ પાસે ગઈ ને માતાને ચરણે માથું મૂકી એને પગે પડી, પણ બોલાયું નહીં.

હાથવતે એને ઉઠાડતી ઉઠાડતી ગુણસુંદરી બોલી: ‘ઊઠ, કુમુદ! ઘેલાં ન કાઢ. જેને માથે પુરુષો, અને તેમાં પણ વડીલ જેવા વૃદ્ધો, છત્રની પેઠે વરસાદ અને તડકામાંથી રક્ષણ કરનાર છે તેવી સ્ત્રીઓએ પોતાનાં બાળકની પણ ચિંતા કરવી અયોગ્ય છે. તારે ને મારે બેને પગે લાગવાનું સ્થાન વડીલ છે માટે તેને પગે લાગ.’

કુમુદ ઊઠ્યા વિના રોતે થડકાયેલે સ્વરે બોલી: ‘તેમને તો પ્રથમથી જ પગે લાગી ચૂકી છું.’

ગુણસુંદરી — ‘તેમને પગે લાગી તો મને હજાર વાર તું પગે લાગી. હવે તો મારે તેમને પગે લાગવાનું બાકી રહ્યું છે કે મારે માથે એમના જેવું છત્ર છતાં મારું હૃદય હાથમાં ન રહ્યું. ગમે એટલું પણ હું યે સ્ત્રી તે સ્ત્રી જ.’

માનચતુર પાસે આવી કુમુદને ઉઠાડવા લાગ્યો: ‘કુમુદ! બેટા, હવે ઊઠ — હવે તો જેટલી વધારે વાર તું પગે પડી રહીશ એટલી ગુણિયલને શિક્ષા થાય છે.

કુમુદ તરત ઊઠી ને રોતી રોતી નીચું જોઈ સામી ઊભી રહી. એની આંખોમાં અને ગાલો ઉપર આંસુ છલકાઈ રહ્યાં હતાં.

માનચતુર — ‘કુમુદ! ચંદ્રાવલીએ તારા દુ:ખની જે વાત કરી છે ને તારા સદ્‌ગુણની જે વાત કરી છે તે પછી મારે કે ગુણસુંદરીએ તને કાંઈ કહેવાનું રહ્યું નથી. હવે થઈ ગયું ભૂલી, કરવાનું શું તે જ વિચારવાનું છે. માટે આપણે જમી લઈએ તે પછી તારે જે કહેવું હોય તે કુસુમને કહી દેજે ને ચંદ્રાવલી પણ અહીં જ ભોજન લેશે. તેમણે જ અમને તને જિવાડીને સોંપી છે તો તારી ચિન્તા કરવામાં તેમને પૂછ્યા વિના ડગલું નહીં ભરીએ. સુન્દર! ત્યાર સોરાં સંભારજો કે ચંદ્રકાતને પણ બોલાવીએ ને આપણા વિચારમાં એમને યે ભેળવીએ.’

૫૦ ગંગાયમુના

‘બહેની! એ તો કામણગારો રે!

તારે માટે સર્વથી ન્યારો રે! ’

‘કુમુદબહેન! આ સંસારના દંભને છોડી જે રાત્રિ જોવાનો સરસ્વતીચંદ્રને અભિલાષ હતો અને જેને માટે એમણે સર્વસ્વનો ત્યાગ કર્યો એ રાત્રિને તમે પણ એમની સાથે જઈ જોઈ આવ્યાં ખરાં!’ તંબુની અંદરની કનાત અને બહારની કનાત આગળની દોરીઓ વચ્ચે તંબુના દ્વારમાં થઈને આવજા કરતી અને એના એક સ્તંભને ઝાલતી ઝાલતી કુસુમ બોલી — ‘લ્યો પાછા આ એમના લેખ.’

‘હા, હું જોઈ આવી ને એ લેખ તો તને જ આપવાને માટે લાવી છું.’ કુમુદ એક ખુરસી ઉપર બેઠી બેઠી બોલી.

‘મને આપીને શું કરશો? ને તેમ આપવાનો તમને શો અધિકાર?’ સામી ખુરસી ઉપર બેસતી બેસતી કુસુમ બોલી.

કુમુદસુંદરી — ‘મેં ઘણો વિચાર કરીને અને ઘણા અધિકારથી તને એ લેખ આપ્યા છે તે રાખ.’

કુસુમસુંદરી — ‘તે કહેશો તો ખરાં કની?’

કુમુદસુંદરી — ‘તે કહેવાનું છે જ. હું એમની જોડે જઈ એમના હૃદયના અલખ ભાગને જોઈ આવી, અને હવે એમના લેખમાં એ અલખ જગવવાનો અધિકાર મને નથી તે તને સમજાવ્યું. સંસારનું પરમ કલ્યાણ કરવાનો એમનો પરમ અભિલાષ મારાથી સિદ્ધ કરાવાય એમ નથી તેના સાક્ષી ચંદ્રકાંતભાઈ, ને તારાથી કરાવાય એમ છે તેના સાક્ષી પણ એ જ.’

‘ઓત્ તમારું ભલું થાય! ધીમે ધીમે લાંબી વાતો કરીને ભોળાં બહેને અહીં વહાણ આણ્યું કે?’ આંખો ચગાવી ઊંચું જોતી, મોં પહોળું કરી, બોલતી બોલતી કુસુમ ઊભી થઈ અને અંતે વિચાર કરતી કરતી બોલતી હોય તેમ, હાથ લાંબો કરી ધીરે પણ દૃઢ સ્વરે બોલી ઊઠી: ‘એ તો તમારો મર્મ સમજી, પણ કુમુદબહેન! એમાં તો તમારું કાંઈ વળે નહીં, હં! બોલો હવે.’

કુમુદસુંદરી —’જો, આ કાગળમાં એક સાધુજને કવિતા લખી આપી છે તે ગા જોઈએ -’

કુસુમ તે લઈ ગાવા લાગી:

‘મોરલી અધર ચડી રે

મોરલી અધર ધરી રે

સો મોરલી અધર ચડી રે!

સો મોરલી અધર ધરી રે!

વારુ, ઠીક આ બધું લાંબું લાંબું હું કંઈ નથી ગાતી — એ મને આપીને શું કહેવાનું કરો છો?

કુમુદસુંદરી — ‘અલખ હૃદયનું ગાન શ્રીકૃષ્ણજીવનના ઓઠ ઉપર મોરસી ચડે ત્યારે જ સંસાર એ ગાનને લખ કરે. કુસુમ! જેના હૃદયમાં આવું અલખ ગાન ભરેલું તેં આ લેખમાં જોયું તેને લખ કરાવનારી મોરલી મારાથી થવાતું નથી તે વિચારી મારું હૃદય ફાટી જાય છે.’

કુસુમસુંદરી — ‘એટલી વાત તો હું માનું છું. તમે જો આટલો સંસાર જોયો ન હોત તો તમે આ દુ:ખમાં ન પડત. *नि:स्नेहो याति निर्वाणं स्नेहोऽनर्थस्य कारणम्* - નિ:સ્નેહી નિર્વાણનું સુખ પામે છે ને સ્નેહ અનર્થનું મૂળ છે. પણ પિતાજી કહે છે કે *अनारम्भो हि कार्याणां प्रथमं बुद्धिलक्षणं અને आरब्धस्यान्तगमनं द्वितीयं बुद्धिलक्षणं.* તમને સૌએ મળી આરંભના ખાડામાં નાખ્યાં તે હવે તમારું બુદ્ધિલક્ષણ એ કે તમારે અંત સુધી જવું; ને હું તો તમારાથી ચેતી ગઈ છું ને અનારંભ જે પ્રથમ બુદ્ધિલક્ષણ છે તેને જ પકડી લીધું છે અને હવે તો ભૂલ્ચે ચૂક્ચે એ રસ્તે કભી ભી ન જાઉંગી — કભી ભી ન જાઉંગી.’

કુસુમે ખભા વીંઝ્યા.

કુમુદસુંદરી — ‘જો એ બીંજુ બુદ્ધિલક્ષણ પકડ્યાથી મારું દુ:ખ મટે એમ હોત તો હું આરબ્ધના અંત સુધી જાતે જાત જ. પણ તેમ કર્યાથી તો ઊલટું સર્વ કાર્ય વણસે છે ને સંસારનું કલ્યાણ કરવાની મહાશક્તિ અને અપૂર્વ વૃત્તિવાળા મહાત્માની શક્તિ અને વૃત્તિ પથ્થર ઉપર પડતી વૃષ્ટિ પેઠે નિષ્ફળ થાય છે. મારે તો હવે એક અધિકાર — વિહારપુરી અને ચંદ્રાવલીના સંસાર જેવો સંસાર કરી નાખવાનો — રહ્યો છે. મહાશક્તિ મહાલક્ષ્મી જગદંબાસ્વરૂપે આકાશથી પૃથ્વી સુધી વ્યાપી રહે છે ને આવાં નવરાત્રિમાં આ સંસારનો ગરબો રમવા નીકળે છે ત્યારે એ મહાત્મા ચંદ્ર પેઠે આકાશમાં ફરશે અને રંક કુમુદ છેક નીચેના તળાવમાં તેને જોઈને જ વિકસશે — ઈશ્વરે મને એ જ અધિકાર આપ્યો છે — મહેશ્વર કે મહેશ્વરીને કપાળે સરસ્વતીચંદ્ર ચંદ્ર પેઠે ચળકશે ને દૂર પૃથ્વી પર ખાબોચિયામાં પડી પડી રંક કુમુદમાળ તો એ પિતા કહે કે માતા કહે તે દેવને ચરણે રહી એ ચંદ્રનાં માત્ર કીર્તિકિરણને પોતાના હૃદય પર ધારશે -

ગરબે રમવાને ગોરી નીસર્યાં રે લોલ,

શિરે ચંદ્ર ને પગે તે કુમુદને ધર્યાં રે લોલ!

- એ ભાલતિલક ને હું ચરણકમળ — એમ જ નિર્માણ થયેલું છે.’

કુસુમ — 'એમ રહેવાનું તમારું ભાગ્ય હોય તો તે પણ શું ખોટું છે?'

કુમુદસુંદરી — 'સુન્દરગિરિનાં આભલાંમાં એ ચંદ્ર ઢંકાઈ રહે તો કુમુદ તેની કીર્તિના પ્રકાશનો ફાલ જોઈ શકે એમ નથી, ને તે નહીં જોઈ શકે તો અકાળે કરમાશે. કુસુમ! વગર વાદળાંના સ્વચ્છ આકાશના તારામંડળમાં જ્યારે ચંદ્ર પૂર્ણ પ્રકાશથી રાજ્ય કરી રહેશે ત્યારે જ કુમુદ એની સંપૂર્ણ કીર્તિને પ્રત્યક્ષ કરી ખીલી રહેશે.'

કુમુદસુંદરી — 'એ તો ખરું.'

કુમુદસુંદરી — 'તો કુસુમ! એ વાદળાંને વિખેરનારી પવનલહરી થઈ મારી કુસુમ શું એની કુમુદને પ્રફુલ્લિત નહીં કરે? કુસુમ! તારી કુમુદ સંસારની દૃષ્ટિએ કલંકિતા થઈ છે, એ ફુલ હવે નિર્માલ્ય થયું છે, એનો સુગંધ એમાંથી લેવાઈ ગયો છે ને બીજા દેવને એક વાર ધરાવેલું નૈવેદ્ય આ મહાત્મા ધરશે તો લોકની દૃષ્ટિમાંથી એ મહાત્માનું માહાત્મ્ય ઊતરી જશે. કુસુમ! તું દોષ હીન અણસૂંઘ્યું કુસુમ એ મહાત્માનું માહાત્મ્ય સુરક્ષિત રાખવાને સમર્થ છે.'

કુસુમ કંઈક વિચારમાં પડી હતી તે જાગી.

'કુમુદબહેન, એમાંનું કંઈ ન વળે. તમે કોઈ રીતે કલંકિતા થયાં નથી, તમારાં હૃદય નંગકુંદન પેઠે જોડાયાં છે તે જોડાયેલાં રહે તો જ મારું હૃદય તૃપ્ત રહેશે, ને જે સંસાર તમારામાં કલંક ન છતાં કલંક ગણે એવો આંધળો છે તેનું કલ્યાણ કરવાનું તમારે કાંઈ કામ નથી. એ સંસારની સાથે તમારે શી લેવાદેવા છે? એ સંસાર એવાં કલ્યાણ પામવાને યોગ્ય જ નથી.'

કુમુદસુંદરી — 'આવા મહાત્માના અલખ ગાનને પ્રગટ કરવાની લક્ષણવતી મોરલી શું મારી કુસુમ નહીં થઈ શકે? મારી અને મારા ચંદ્રની વચ્ચે અંતરાય નાખનારી વાદળીને વિખેરનારી પવનની લહેર જેવી શું મારી કુસુમ નહીં થાય?'

કુસુમસુંદરી — 'મારે સુખનો તિરસ્કાર છે ને તેને તમારે સુખી કરવી છે, ને તમે દુ:ખી છો તેમણે દુ:ખમાં પડી રહેવું છે. સરસ્વતીચંદ્રને સુખી કરવાની શક્તિ મારામાં નથી ને સંસાર જેને સુખ ગણે છે તે સુખ મને સુખી કરી શકે એમ નથી. હું જેવી છું તેવી જ પરમ સુખી છું.'

કુમુદસુંદરી — 'બહેન, તું સ્વાર્થી નથી?'

કુસુમસુંદરી — 'જો સ્વતંત્ર રહેવામાં સ્વાર્થીપણું આવી જતું હોય તો એ સ્વાર્થ મને બહુ વ્હાલો છે.'

કુમુદસુંદરી — 'જે સ્વતંત્રતા તને પ્રિય છે તે આ મહાત્મા સંપૂર્ણ રીતે આપશે.'

કુસુમસુંદરી — 'એ તા છોકરાં સમજાવવાની વાત છે.'

કુમુદુસુંદરી — 'મારી સાથે આવો આવો પ્રસંગ પડવા છતાં અત્તરની શીશી ઉપર ડાટો વાસી રાખે તેમ જેણે મને પવિત્ર રાખી છે તેને તારી ઇષ્ટ સ્વતંત્રતામાં રજ પણ ન્યૂનતા થતાં તે કંટક પેઠે સાલશે એવું શું તું નથી ધારતી?'

કુસુમસુંદરી — 'ન્યૂનતા થાય એ પછી સાલે તે નકામું. એ ન્યૂનતાનો પ્રસંગ જ દૂર રાખવો.'

કુમુદસુંદરી — 'એણે આજથી ચંદ્ર કુમુદના જેવો, વિહારપુરી ને ચંદ્રાવલી જેવો, અશરીર- કેવળ માનસિક- સ્નેહનો યોગ મારી સાથે જન્મારો રાખવાની સજ્જતા દર્શાવી છે તે તારા ભયનો પ્રસંગ સરખો નહીં આવવા દે એવું તું ધારતી નથી?'

કુસુમસુંદરી — 'સજ્જન હોય માટે સમર્થ પણ છે એમ કંઈ કહેવાય?'

કુમુદુસુંદરી — 'હું અનુભવની વાત કહું છું કે તે મહા સમર્થ ત્યાગી છે.'

કુસુમસુંદરી — 'મને કાકીએ કહ્યું છે કે સ્ત્રીઓ જેવી દૃઢતા પુરુષોમાં નથી — પુરુષો ભલે પોતાની સ્તુતિ કરે.'

કુમુદસુંદરી — 'કાકીએ સત્ય કહ્યું છે. પણ જેમ સામાન્ય રીતે પુરુષો કરતાં સ્ત્રી નીચી હોય છે છતાં પુરુષો કરતાં ઊંચી સ્ત્રી પણ મળી આવે છે તેમ પુરુષોમાં પણ આવા ત્યાગી હોય છે-'

કુસુમસુંદરી — 'બહેન, તમે જે અણીશુદ્ધ પવિત્ર રહ્યાં છો તે તમારી જ શક્તિનું ફળ છે ને તમારા હૃદયની પ્રીતિ તમારી જીભને તમારી આત્મસ્તુતિના માર્ગથી આડી વાળે છે.

કુમુદસુંદરી — 'મેં તને સત્ય કહ્યું હતું તે ફરી કહું છું કે હું અત્તરની શીશી પેઠે ઢોળાઈ જવા જેવી થઈ હતી તેને આ સમર્થ ત્યાગીએ સીધી કરી ને મારી પવિત્રતાનું અત્તર અમર રાખ્યું. જેણે અઢળક લક્ષ્મીનો, મારો અને ઇન્દ્રપુરી જેવી મુંબઈનો ત્યાગ કર્યો તે મહાત્મા મન્મથના અગ્નિ ઉપર દાઝ્યા વિના ચાલી શકે એમાં તને શું આશ્ચર્ય લાગે છે?'

કુસુમસુંદરી — 'આશ્ચર્ય તો કાંઈ નથી. માત્ર અનુભવીઓનો અભિપ્રાય કહું છું.'

કુમુદસુંદરી — 'તેં એમનાં સ્વપ્નોનો સાર જાણ્યો ને એમણે ધારેલા સમારંભનો સાર જાણ્યો તે કામમાં ખરચવા રાખેલી લક્ષ્મી તેમને ઓછી પડે છે માટે પુત્રાદિ ઉપાધિ પણ જોઈએ નહીં એવો તેમનો નિશ્ચય છે તે પણ તેં જાણ્યું છે; અને કુમુદ સાથેનો સંસાર પણ ઇચ્છતા નથી પણ

કુમુદને દીધેલા દુ:ખના પ્રાયશ્ચિતરૂપ ગણીને જ સ્વીકારવા ધારે છે — તે તને કહ્યું.'

કુસુમસુંદરી —'તે પણ હશે, પણ મને આ કથાનો જ કંટાળો આવ્યો છે. તમે બીજી વાત કાઢો.'

કુમુદસુંદરી — 'જો આ વાતનો તને કંટાળો હોય તો મારું દુ:ખ નિવારવા તું રાજી નથી ને મારે હવે બીજી વાત શી કરવાની છે? કુસુમ, આપણો સમાગમ આટલાથી પૂરા થશે અને કુમુદ પરિવ્રાજિકામઠમાં કરમાતા સુધી રહેશે. જેનું કલ્યાણ જીવન સફળ કરવાની મારી છેલ્લી આશા તેં ધ્વસ્ત કરી છે તે મહાત્માએ સગી માતાને અભાવે સંસાર છોડ્યો, પ્રીતિ છોડી, મુંબઈનગરી જેવું ઉત્કર્ષસ્થાન છોડ્યું, અને સુપાત્ર સહધર્મચારિણીને અભાવે સંસારનું મહાકલ્યાણ કરવા તેણે ધારેલું છે ને સમર્થ છે તે મહાકલ્યાણ ઈશ્વરને સોંપી દઈ પોતે યદુશૃંગના બ્રહ્મચારી બાવા થઈને એ સુગંધવાળું ફૂલ રણની ઊકળતી રેતીમાં ચીમળાઈ આયુષ્ય પૂરું કરશે. હવે આ વિના બીજો માર્ગ તેમને પણ નથી ને મારે પણ નથી.'

કુમુદસુંદરી — 'ને તમારી ધારણા પ્રમાણે હું વર્તું તો તમે તમારો જન્મારો ક્યાં પૂરો કરશો?'

કુમુદસુંદરી — 'મારા અને મારાં પવિત્ર દેવીના દુ:ખથી મારા સસરાજી સંન્યસ્ત લેવા ધારે છે તેમને આશ્વાસન આપવા હું તેમને ઘેર જઈશ. મારાં અલકબહેન અશિક્ષિત છે પણ તારા જેવાં જ તીવ્ર અને તારા જેવાં જ માયાળુ છે તેમની જોડે ત્યાં કાળક્ષેપ કરીશ. મારાં દેવી નાનો પુત્ર મૂકી ગયાં છે તેને ઉછેરવામાં, વિદ્યા આપવામાં અને સદ્ગુણી કરવામાં તારા બનેવીના જીવનું શ્રાદ્ધ અને તર્પણ માનીશ. બાકીનો કાળ સુવર્ણપુરમાં રહી તમ દંપતીના સમારંભનો લાભ સુવર્ણપુરનાં કુટુંબોમાં પ્રસારવા યત્ન કરીશ અને મારા સસરાજી તેમાં ધનથી અને રાજ્યથી આશ્રય આપશે. વર્ષમાં કંઈક કાળ ગુણિયલ પાસે, કંઈક તારી પાસે, અને કંઈક ચંદ્રાવલીબહેન અને મોહનીમૈયા જેવાના સત્સમાગમમાં ગાળીશ, અને યથાશક્તિ તેમને અને તમને સુવર્ણપુરમાં બોલાવીશ. બાકી મારું આયુષ્ય જેટલો અવકાશ આપશે તે સર્વકાળ સારા ગ્રંથો જોવામાં અને પરમાત્માના ચિંતનમાં ગાળીશ. કુસુમ, મારું આયુષ્ય મારા ચંદ્રને અને તને કલ્યાણપ્રવૃત્તિઓમાં સફળ લોકયાત્રા કરતાં જોઈ નિવૃત્ત અને તૃપ્ત થશે; તમને બેને, ગુણિયલને, પિતાજીને અને મારા શ્વસુર કુટુંબને સુખી જોઈ સુખી થશે, અને તને કહેલાં કાર્યમાં તમારા જેવી જ પ્રવૃત્તિ રાખતાં મારા ચંદ્રનો અહોનિશ ધ્યાનયોગ પામશે. કહે વારુ, એ પછી કુમુદનું આયુષ્ય સફળ કરવાને શું, બાકી રહ્યું?'

કુસુમસુંદરી — 'તમે જ શાસ્ત્ર કાઢ્યું છે કે પ્રીતને આગળ કર્યા વિનાનું તમારું લગ્ન સાધુજનો વંચનાલગ્ન ગણે છે ને મારું એવું લગ્ન કરાવવા તમે

ઊભાં થાઓ છો તે શું?'

કુમુદસુંદરી — 'એ પ્રીતિનું બીજ તારામાં નથી એવું નથી.'

કુસુમસુંદરી — 'ખોટી વાત! ખોટી જ વાત!'

કુમુદસુંદરી — 'ચંદ્રકાંતભાઈએ સરસ્વતીચંદ્રને તારી કેટલીક વાતો કહી છે તેથી હું સમજી છું કે એ મહાત્મા રત્નનગરી આવ્યા હતા તે કાળે તારો બાળભાવની જે ઉમળકો એમના ઉપર બીજરૂપે વવાયો હતો ત્યાં ઈશ્વરે એકાંતમાં પણ ઉચિત વૃષ્ટિ કરી છે ને એ બીજના અંકુર ફૂટી નીકળ્યા છે. હું તમારો યોગ કરાવીશ ત્યારે એ અંકુર વિકાસ પામી પુષ્પફળ ધારવાને સમર્થ થશે.'

કુસુમસુંદરી — 'ચંદ્રકાંતભાઈ મારા કાળજાની વાત શી સમજે? બધાં સરસ્તીચંદ્રનો દોષ કાઢતાં હતાં ત્યારે મેં તેમનો જરી પક્ષ કર્યો એટલે કાકીએ ને બધાંએ એનો ગમે તેવા અર્થ કર્યો — તે સૌ ફોકટ.'

કુમુદસુંદરી — 'હેતુ વિનાનો પક્ષપાત તે જ સ્નેહ એવું સાધુજનો લક્ષણ કહે છે. એવો પક્ષપાત તારા હૃદયમાં ઉદય પામ્યો છે એની શું તું ના કહે છે? આપણા લોક નાનાં બાળકોમાં વિવાહના વાગ્દાનકાળથી આવા પક્ષપાત રાખવાના પ્રસંગ આણે છે તે સપ્તપદીકાળે એ પક્ષપાત પરિપાક પામ્યા ગણી લગ્ન કરે છે — લોકની અધોગતિને લીધે તેઓ આ મર્મ સમજતા નથી ને આવા પ્રસંગો આણવાના યોગ્ય વિધિ કરતા નથી. ભગવાન મન્મથ સંકલ્પયોનિ છે અને આવા પ્રસંગોથી ઉત્પન્ન થયેલા સંકલ્પો પરિપક્વ કરવામાં આવે ને યોગ્ય વયે લગ્ન કરવામાં આવે તો સપ્તપદીની પ્રતિજ્ઞાઓ યથાર્થ રૂપે લેવાય એવું મારા સ્વપ્નના નાગલોક ગણતા, એવા જ પ્રસંગોએ મારી અને સરસ્વતીચંદ્રની પ્રીતિને પ્રકટ કરી, ને એવા જ પ્રસંગોથી તારી પ્રીતિનાં બીજ રોપાયાં છે તે યોગ્ય વિધિથી પરિપાક પામ્યા વિના રહેવાનાં નથી.'

કુસુમસુંદરી — 'એ તમારું શાસ્ત્ર જે હો તે હો. પણ મારામાં તે પ્રીતિ નથી જ. ને સામા પક્ષમાં તો એ પ્રીતિનું મૂળ પણ નથી એવું તમારે કહ્યા વિના ચાલે એમ નથી. કુમુદબહેન, ફોકટ ફાંફાં શાને મારતાં હશો?'

કુમુદસુંદરી — 'તેં જ લખ્યું હતું કે "દેખ મછેન્દર ગોરખ આયા" એવું તેમને કહેવાનો તારે અધિકાર છે.'

કુસુમ ખભા ઊંચા કરી મોં મરડી બોલી: 'વા...રુ! એવું કહ્યું તેમાં શું આવી ગયું જે! આમ ઊંધા ઊંધા અર્થ કરતાં આ સાધુઓમાં રહી શીખ્યાં હશો!'

કુમુદસુંદરી — 'જે સાધુઓમાં રહીને હું શીખી તે તને ઊંધા અર્થ કરનાર લાગતા હોય તો તેમના ભેગાં જવાને ઠેકાણે હું કહું છું ત્યાં જા.'

કુસુમસુંદરી — ‘હવે આ પ્રકરણ બંધ કરીશું?’

કુમુદસુંદરી — ‘ગમે તો એ પ્રકરણનો અને આપણો બેનો — બે સમાગમ સાથે લાગા બંધ કર, અને ગમે તો બે સમાગમને સાથે લાગા ચાલવા દે.’

કુસુમસુંદરી — ‘જાઓ. પિતાજી, તમે, ગુણિયલ ને સરસ્વતીચંદ્ર એ ચારનો એક જ મત થાય તો તે કરું — ને ચારમાંથી એક જણનો મત જુદો પડે તો મારી મરજી પ્રમાણે કરું — તો?’

કુમુદસુંદરી — ‘આટલું કરીશ તા બહું છે.’

કુસુમસુંદરી — ‘જોજો હોં! છેતરાશો. એ ચાર મત એક થવાના નથી; ને નહીં થાય તો તમે મારી મરજી પ્રમાણે ચાલવા બંધાઓ છો? — ને ભૂલી, પાંચમો દાદાજીનો મત પણ ખરો. એક કાકીનો નહી.’

કુમુદસુંદરી — ‘હા, હું યે બંધાઉ ને તું યે બંધા.’

કુસુમસુંદરી — ‘બંધાવ જોઈએ.’

કુમુદસુંદરી — ‘આ હું બંધાઈ — મારું વચન છે.’

કુસુમસુંદરી — ‘બંધાવ છો? જોજો, હોં!

કુમુદસુંદરી — ‘હા, બંધાઈ. પણ તું બંધાને!’

કુસુમસુંદરી — ‘હું યે નહીં બંધાઉ ને તમે યે ન બંધાશો, બે જણ મોકળાં રહીશું.’

કુમુદસુંદરી — ‘મને બાંધી હવે કાંઈ છુટાશે?’

કુસુમે નિ:શ્વાસ મૂક્યો: ‘ત્યારે શું હું બંધાઈ જ?’

કુમુદસુંદરી — ‘શું કરવા નિ:શ્વાસ મૂકે છે? બે જણ બંધાયાં છીએ.’

કુસુમસુંદરી — ‘એ તો કાંઈ ઠીક ન થયું.’

કુસુમને ગળે હાથ મૂકી, એને ઉઠાડી, એને સાથે લઈ કુમુદ તંબુબહાર નીકળી.

‘કુસુમ! આ સામેની વાડોપાર ગુલાબના છોડ તું દેખે છે?’ કુમુદે પૂછ્યું.

કુસુમ — ‘હા.’

કુમુદસુંદરી — ‘આપણે આગળ વંટાળિયામાં છૂટી ધૂળ ઊડે છે ને કાંટાવાળાં દીંટાં ઉપર આ ગુલાબ બંધાઈ રહ્યાં છે તે પણ વાથી હાલે છે. એ બેમાંથી સારું જીવન કોનું?’

કુસુમસુંદરી — 'મને આજ કાંઈ સૂઝતું નથી. તમારે માથેથી ઊતરેલું ચક્ર મારે માથે આવી બેઠું છે તેની વેદનામાં મને તમારું ગુલાબ પણ ગમતું નથી ને ધૂળ પણ સૂઝતી નથી.'

કુમુદસુંદરી — 'આ ધૂળ છૂટી છે તે સ્વતંત્રતાથી સુખમાં મહાલે છે! ને ગુલાબ લોકનું કલ્યાણ કરવાને સરજેલાં છે તે બિચારાં આમ કાંટાઓ વચ્ચે બંધાઈ વીંઝાઈ રહ્યાં છે!'

કુસુમ બોલી નહીં.

કુમુદસુંદરી — 'લોક ઘણુંખરું સ્વતંત્ર સુખ પાછળ દોડે છે તે આવા વંટોળિયામાં આ ધૂળ પેઠે ગૂંચવાય છે.'

કુસુદસુંદરી — 'એ તો સત્ય.'

કુમુદસુંદરી — 'તેમાંનો સમજુ ભાગ સુખને સ્થાને સ્વતંત્રતા શોધે છે અને સમજુઓમાં પણ દૂરદર્શી હોય છે તે અન્ય સ્વતંત્રતાને સ્વચ્છંદ જેવી માને છે ને માત્ર ઉપાધિથી દૂર રહેવાની આ ઉપલા આકાશના જેવી સ્થિતિને જ સ્વતંત્રતા ગણા સંન્યાસ અથવા ત્યાગ જ શોધે છે.'

કુસુમસુંદરી — 'મારે એ જોઈએ.'

કુમુદસુંદરી — 'એવા પણ જીવ છે કે જ જીવરાજ શેઠના પ્રવાસને સફળ કરવા તેમના ઉપાધિઓમાં ગુલાબ પેઠે બંધાઈ વીંઝાઈ રહે છે — પાણીમાં ને પવનમાં કમળ પેઠે રહે છે! પણ કમળ ઉપર પાણી રહે ને હાથેલીમાં પારો રહે એમ ઉપાધિઓ ચારે પાસ તરવરવા છતાં આ જીવો એ ઉપાધિઓથી અસ્પૃષ્ટ રહે છે અને તે છતાં પોતાનો સમાગમ પામેલા પાણીને સુશોભિત અને સુગંધિત કરે છે અને પારાના વિષથી નિર્ભય રહી પારાનો લોકકલ્યાણકર પ્રયોગ કરે છે. કુસુમ! સરસ્વતીચંદ્ર સ્વતંત્રતા ઇચ્છતા નથી પણ આવી અસ્પૃશ્યતાનું અને કલ્યાણવૃત્તિનું ધારણ કરે છે. જીવન્મુક્તિ અને મનુષ્યધર્મનો સમાગમ આવી રીતે જ થાય છે. તું સંન્યાસની સ્વતંત્રતા ઇચ્છે છે. હું તને, સરસ્વતીચંદ્ર જેવી — ગુલાબ અને કમળ જેવી — થયેલી જોવા ઇચ્છું છું. તારી ઇચ્છા પ્રમાણે સર્વનો એક મત થશે તે પ્રમાણે સ્વીકારવા તેં સમજીને હા કહી છે તો હવે શા માટે મુંઝાય છે? તું કહેની કે તું સ્વતંત્ર રહી શું કરીશ? તારા આયુષ્યનો સુકાળ કેમ ગાળીશ?

કુસુમસુંદરી — 'સદ્વસ્તુ વાંચીશ, ને જાણીશ. ને સ્વસ્થ રહીશ.'

કુમુદસુંદરી — 'બીજી કાંઈ કલ્યાણકર ક્રિયા કે ફળ વિના આટલા એકલપેટા સ્વચ્છંદી નિષ્ફળ જીવનથી તને સંતોષ છે? તારા વાંચ્યાંનું અને જાણ્યાનું ફળ બીજા કોઈને શું થશે? પાણી ભરેલાં વાદળાં વાદળમાં જ વેરાઈ જાય તેમ તારા સુંદર જીવનને વેરી નાખવાને માર્ગે તું ચડતી નથી?

કુસુમ! આ સામે સુભદ્રાનો અને રત્નાકરનો પુણ્ય સંયોગ આ ગિરિરાજ ઉપરથી આપણે જોઈ શકીએ છીએ તે જરી જો.'

કુસુમે દૃષ્ટિ કરી પણ ઉત્તર ન દીધો.

કુમુદસુંદરી — 'સુભદ્રા મીઠા જળની ભરેલી છે પણ પોતાના તીર ઉપરના પ્રદેશ વિના બીજાને તેનો લાભ મળતો નથી — મળી શકે એમ નથી — પણ એનાં વેગભર્યાં જળ મહાસાગરમાં ભળે છે, ભળે છે પણ મહાસાગરને મીઠો કરી ન શકતાં, એનું પોતાનું જળ ખારું બની, દેખાતું બંધ થાય છે અને જ્યાં ત્યાં મહાસાગરનું જળ ખળખળતું દેખાય છે! પણ ત્યાં જ એમનું અદ્વૈત સમજવું! સુભદ્રા પોતાની શક્તિ પ્રમાણે આ મહાસાગરની જળસમૃદ્ધિને પોષે છે — તેમાં વધારો કરે છે, પૃથ્વી ઉપરનાં દૂરનાં અનેક ગુપ્ત સ્થાનોમાંથી કંઈ કંઈ પદાર્થો ખેંચી આણે છે ને — તે શા શા છે તે જાણવા હોય તો ચાર દિવસ ચંદ્રાવલીબહેનના ચોતરા આગળ ઊભી ઊભી જોયાં કરજે — એ ખેંચી આણેલા પદાર્થોથી રત્નાકરનાં ઊંડાં મર્મસ્થાન ભરાય છે — એ રત્નાકર રત્નાકર થાય છે. એ રત્નાકર ઉપર પૃથ્વીની નૌકાઓ દોડ્યાં કરે છે ને સંસારને સાંકળે છે. એ રત્નાકર પૃથ્વી ઉપરના આ સર્વ વાતાવરણને પલાળે છે ને પ્રાણીમાત્રનાં જીવનમાં પળે પળે નવા જીવ ભરે છે. એ રત્નાકર એથી પણ વધારે ઊંચે ચડી આકાશની મેઘમાળાઓનું સ્વરૂપ ધરે છે અને મેઘમાળાઓના ભવ્ય સંચય સંસારનું શું શું કલ્યાણ નથી કરતા? કુસુમ, તું એકલી કૌમારવ્રત પાળી શું કરવાની હતી? એકલો પડેલો પાણીનો રેલો ધૂળમાં ભળી જાય છે, મનુષ્યોના ચરણથી રજમાં ચંપાઈ જાય છે, ને તડકામાં ઊડી જાય છે, તેવું તારું જીવન થશે. જે મહાત્માનાં અંત:સ્વપ્ન તેં જોયાં અને જેનાં કલ્યાણકાર્યનું મનોરાજ્ય તેં દૃષ્ટિગોચર કર્યું તે મહાત્માનાં હૃદયરત્નાકરની તું રંક સુભદ્રા થઈશ તો પણ ઓછી વાત નથી; તો આ તો એની ગંગા, એની બ્રહ્મપુત્રા, અને એની સિન્ધુ એ સર્વ મહાનદીઓનું કામ કરવાને તું એકલી જ સમર્થ છે ને તારા વિના એ કામ કરવાને આખા ત્રિભુવનમાં કોઈ સમર્થ નથી! તો કુસુમ, શું એવું પુણ્યજીવન પ્રાપ્ત કરવા તને અભિલાષ નથી થતો? કુમુદથી એ બનવું અશક્ય છે — એ તો તું ગંગા થઈશ તો તારી યમુના થશે, અને તું એ બેની ગંગા નહીં થાય તો તું પાણીનો રેલો ને કુમુદ પણ પાણીનો રેલો! આપણે આ રત્નાકરનાં ગંગાયમુના જેવાં થઈશું તો ગુણિયલના સુખનો સમુદ્ર ઊભરાશે. આપણે પુત્રીઓ જ એના હૃદયને આજ જડમૂળથી તોડી પાડીએ છીએ તે એ હૃદયરૂપ રત્નછત્રને ટકાવનાર નાના દાંડા થઈશું. — અને આપણા પિતા આપણે માટે સર્વસ્વનો ત્યાગ કરવા તત્પર થયા છે તેને આપણે પરમ પ્રતિષ્ઠા આપીશું! બાકી લક્ષ્મીનંદનની વૃદ્ધાવસ્થાના આશીર્વાદ આપણા ઉપર રેલાશે. મારા શ્વસુરને તું આટલા આશીર્વાદ દે છે તેના કુટુંબના કલ્યાણનાં આપણે સાધન થઈશુ, — અને એવાં અનેક સત્કાર્ય — જેને તું નાનાં ગણતી હોય તો નાનાં ને

મોટાં ગણતી હોય તો મોટાં -એ સત્કાર્યનાં આપણે સાધક થઈશું. અને — કુસુમ, આ સર્વ મહાફળની આપણે ઉપેક્ષા કરીએ તો પણ જે મત્સેંદ્રનાથ જેવા મહાત્માનું ગોરખકૃત્ય કરવા તું તત્પર થઈ છે, જે મહાત્માના પુણ્યજીવનથી — આ તંબુના દંડથી તંબુની આ દોરીઓ રહી છે તેમ — ટકી રહેલી મારી અને સુન્દરગિરિપરના સંસારમાંના સાધુજનોની આશાઓ એ મહાત્માના ટકાવી ટકી રહી છે — તે મહાત્માના જીવનને અને તેની સાથે મારી અને આ સર્વની પવિત્ર આશાઓના મનોરાજ્યને સફળ કે નિષ્ફળ કરવાં એ એક કુસુમના હાથમાં છે! તે તું નિષ્ફળ કરીશ, સ્વચ્છંદ કુમારિકા રહી પેલી ધૂળ પેઠે આથડીશ, તો — પિતા પોતાની ઉદારતાને લીધે ને ગુણિયલ પોતાના પતિવ્રતને લીધે તને સ્વતંત્રતા આપે છે ખરાં — પણ તેમનાં ભાગ્યની અવદશા મારે તારે હાથે થયેલી જોઈ આપણે સંસારમાં સ્વછંદ અને ક્રૂર પુત્રીઓનાં દૃષ્ટાંન્તરૂપ થઈશું, નવી કન્યાઓને વિદ્યા અને સ્વતંત્રતા મળવાનો સંસાર નિષેધ ગણશે તેનાં કારણ થઈ પડીશું. એ કન્યાઓનાં અદૃષ્ટ દુર્ભાગ્યને ઉપરથી પૃથ્વી ઉપર ઊતરી આવવાની નિસરણીઓ થઈશું, અને તેમના મહાપ્રયત્ને ચડતાં સદ્ભાગ્યને રોકી દેવાના દાદરા થઈશું! અને કુમુદને કપાળે તો તારા વિના એકલા પડનાર આ મહાત્માનું સર્વ સામર્થ્ય અને મનોરાજ્ય પડી ભાંગ્યું જોવાનું જ બાકી રહેશે. હવે વધારે કહેવાની મારી શક્તિ નથી -ડુબાડ કે તાર, જિવાડ કે માર — જ્યાં સુધી સંપૂર્ણ પ્રસન્ન થઈ પ્રીતિથી એ મહાત્માને તારા ગંગા જેવા નિર્મળ હૃદયમાં સ્વીકારવા તું તત્પર થાય, ત્યાં સુધી એ મારું કહ્યું માને એમ નથી, હું એમને ઠગું એમ થવાનું નથી, તેમ જ ત્યાં સુધી આ રાજહંસ આકાશમાં સંચરવા સમર્થ થાય એમ નથી અને કુમુદ, એમને જડ પૃથ્વી ઉપર નિરાહાર આયુષ્ય ગાળતા જોઈ, પોતાના રંક આહારનો કોળિયો પામે એમ નથી. કુસુમ! હું કહેવાનું કહી રહી — તારું મનોગત કહી દે એટલે ગમે તો હું તરત જાઉં ને ગમે તો તારી પાસે રહું ને સર્વથા નિશ્ચિંત અને કૃતકૃત્ય થાઉં. હું તારા ઉપર બળ કરતી નથી ને કરવાની નથી. સર્વના એકમત પ્રમાણે ચાલવાની તે હા કહી છે, અને તું તે પ્રમાણે ચાલીશ એ પણ હું જાણું છું. પણ તે વસ્તુ સર્વને ગમતી હોય પણ તારા હૃદયમાં જરી પણ અણગમતી હશે તો તેથી તારો જન્મારો બગડશે તે મારાથી નહીં ખમાય. માટે જ હું, તારા મનને બુદ્ધિ આપી તારા મનને આ વાત ગમતી થાય તો જ તેમાં પ્રવૃત્ત થવા ઇચ્છું છું. તારા હૃદયને એક ખૂણે પણ આ વસ્તુ ન ગમતી હોય તો દુ:ખી કુસુમ કરતાં દુ:ખી કુમુદ સારી. માટે મને તારા મનની ખરેખરી વાત કહી દે કે તું સુખી શાથી થઈશ? અનેક જનના કલ્યાણના આ કાર્યથી તું સુખી થાય એમ હોય નહીં તો મારે એ કાર્ય નથી આરંભવું. મારો પોતાનો સંકલ્પ તો એટલો જ છે કે એ કાર્ય આરંભવાની ના ઠરશે તો હું માતાપિતાને અપકીર્તિ કે હાનિ ન વેઠવાં પડે ને આ મહાત્માની મારાથી દૃષ્ટિસેવા થાય એવી રીતે — પૃથ્વીનો સ્પર્શ કર્યા વિના ચંદ્ર તેની પ્રદક્ષિણા કરે છે તેમ — પરિવ્રાજિકામઠમાં આયુષ્ય પૂરું

કરીશ! કુસુમ, તને કયે માર્ગે સુખ થશે તે કહી દે! કુમુદ તો દુ:ખમાં જન્મી છે, દુ:ખમાં વસી છે, ને દુ:ખમાં મરશે. પણ સુખમાં જન્મેલી મીઠા જલની માછલી જેવી કુસુમને ખારા પાણીમાં નહીં નાખું. તું હસતાં મુખથી કહી દે — મારું મુખ હસે કે રુએ તેની રજ ચિંતા તું કરીશ નહીં. કુસુમ, તારું મનોગત કહી દે ને મુક્ત કર! હવે બીજો એક શબ્દ નહીં પૂછું ને પૂછ્યું તેટલાની ક્ષમા કરજે.'

કુસુમસુંદરી — 'બહેન! તમારા બોલેબોલ સાચા છે ને અનુભવના છે. તમે મારું કલ્યાણ ઇચ્છો છો એવી મારી શ્રદ્ધા છે ને એ કલ્યાણનો માર્ગ તમે બતાવો છો તે પણ સાચો છે એ તમે સ્પષ્ટ કર્યું તે હું પ્રત્યક્ષ કરી શકું છું. વાંધો માત્ર એટલો છે કે મારા હૃદયની કેવી વૃત્તિ છે તે હું સમજી શકતી નથી. વૈદ્ય આપણી નાડી જોઈ રોગ પારખી ઔષધ કરે તેમ તમે સર્વ મારા હૃદયની પરીક્ષા કરી જે ઔષધ કરશો તેથી મારું કલ્યાણ થશે એમ હું હવે માનું છું. મારા શરીરમાં માંહ્ય શું છે તે હું જાણતી નથી તેમ મારા હૃદયમાં કેવી નાડીઓ છે તે પણ જાણતી નથી. મારો વૈદ્ય શોધી કાઢો કે તમે જ ઔષધ કરો — મને કાંઈ સમજાતું નથી.'

કુમુદસુંદરી — 'એ ચિકિત્સા ને ઔષધ સુન્દરગિરિના સાધુજનોને મન સહજ છે ને તેમનો અભિપ્રાય પણ હું લઈશ.'

એકબીજાંને ગળે હાથ મૂકી બે બહેનો તંબુની દોરીઓ વચ્ચે ને દોરીઓ બહાર ફરતી ફરતી વાતો કરી રહી એટલામાં તો પાછલો પ્રહર થઈ રહેવા આવ્યો, સૂર્ય નમવા લાગ્યો અને બે જણીઓ છૂટી પડી. કુમુદ જે માર્ગેથી આવી હતી તે માર્ગ ઉપર દૃષ્ટિ કરી, વાતો બંધ કરી, આસપાસનો દેખાવ જોતી, ઊભી રહી ત્યાં તંબુમાં કાંઈક શબ્દ થયો. બે જણીઓ તંબુમાં પાછી ફરી તો એક ચંદ્રાવલી ઊભેલી હતી.

૫૧ સમાવર્તન

'What am I to quote, Where quotation itself is staggered at my situation ?'

- Anonymous .

સરસ્વતીચંદ્રને અને ચંદ્રકાંતને એક જુદી પર્ણકુટીમાં ઉતારો મળ્યો તેમાં તેમણે બાકીનો દિવસ ગાળ્યો. તે દિવસે આવેલા પત્રોમાં ચંદ્રકાંતને આવેલા ઘણાક પત્રો ભેગા સરસ્વતીચંદ્ર ઉપર પણ પત્રો હતા. તેમાં બુલ્વરસાહેબના, લક્ષ્મીનંદનના, હરિદાસના, ઉદ્ધતલાલના, તરંગશંકરના અને બીજાઓના પણ હતા. સરસ્વતીચંદ્ર હવે સર્વના મનમાં પ્રગટ થયો અને સર્વ સુન્દરગિરિ ઉપર આવવાના એ પણ નક્કી થયું. છેક સાયંકાળ સુધી બે મિત્રોએ મુંબઈની અને રત્નનગરીની વાતો કરી અને સાંજે છ સાત વાગતાં બહાર નીકળવાનો વિચાર કરે છે ત્યાં કમાડ ખખડ્યું અને પૂછવા જાય છે એટલામાં તે ઉઘાડી એક સાધુ દીવો કરી ગયો ને તેની પાછળ ચંદ્રાવલી આવી.

એને દેખતાં બે જણ ઊભા થયા અને પ્રણામ કર્યા. સર્વ બેઠા.

ગુણસુંદરી સાથે પોતાને, અને કુસુમ સાથે કુમુદને થયેલી સર્વ વાતો ચંદ્રાવલીએ કહી બતાવી અને અંતે બોલી:

'સાધુજન! બે બહેનોએ, પરમ સ્વતંત્રતાથી, પરમ કલ્યાણબુદ્ધિથી, અને પરમ વ્યવહારનિપુણતાથી એવો નિર્ણય કર્યો છે કે મારી મધુરીમૈયા — તે સંસારની કુમુદસુંદરી — પરિવ્રાજિકાજીવન ગાળશે ને કુસુમબહેનની પ્રીતિનો આપે પરમ દયાથી સ્વીકાર કરવો યોગ્ય છે. આપ જેવા મહાસાગરનો કુસુમબહેન ગંગામૈયા પેઠે સમાગમ પામશે અને કુમુદબહેન તેમની પાછળ યમુનામૈયા પેઠે પ્રવાહિત રહેશે. સર્વનું કલ્યાણ આમાં છે. મેં પણ સૂક્ષ્મ ચિકિત્સાથી બે બહેનોનાં હૃદયમર્મ સમજી લીધેલાં છે ને તેમનું માગેલું ઔષધ તે જ સર્વના કલ્યાણનું અને સર્વના ધર્મનું સાધન થશે એવો સિદ્ધાંત કરેલો છે. કહો જી આપની શી આજ્ઞા છે?'

ચંદ્રકાંત આનંદમાં આવી બોલ્યો: 'મિત્ર! કંથા તમારે રાખવી હોય તો કુસુમસુંદરી પણ રાખશે, અને સર્વનાં મનોરાજ્યના મનોરથ પૂર્ણ થાય એવી તમે પૂર્ણાહુતિ પણ કરી શકશો. લક્ષ્મીનંદનશેઠ કાલ પ્રાત:કાળે આવી પહોંચશે અને બે સદ્ગુણી વિદુષી પરમ સંસ્કૃત આર્યબહેનોની વિજ્ઞપ્તિ સ્વીકારશો તો તમારા હૃદય વિના સર્વનાં હૃદય પ્રફુલ્લ થશે અને તમારા મહામહાયજ્ઞની અદ્વૈતવેદિ ઉપર મહાજ્વાલાઓ પ્રકટ થશે. તમારા હૃદયની વૃત્તિ આ વિજ્ઞપ્તિ સ્વીકારવાની ના પાડે તો આ યજ્ઞમાં એ વૃત્તિનું પણ બલિદાન આપો અને સર્વનું કાર્ય કરો. તમે અને કુમુદસુંદરીએ પ્રથમ સર્વ નિર્ણય મારા ઉપર નાખ્યો હતો તે હું હવે નિર્ણય કરું છું — મને પંચ

ઠરાવ્યો હતો તે હું હવે આજ્ઞા આપું છું કે આ વિજ્ઞપ્તિ સ્વીકારો. બે બહેનોની ઇચ્છા પ્રમાણે ચાલવા તમે સ્વીકારેલું છે તે બહેનોની પણ ઇચ્છા જણાઈ ગઈ. તેમની ઇચ્છા તેમનાં હૃદયની છે કે માત્ર મુખની છે તે વિષેય પણ ચંદ્રાવલીમૈયા જેવાં સૂક્ષ્મમર્મજ્ઞ સત્પરીક્ષકે સત્ય નિર્ણય કરી કહ્યો! હવે તો તમારા હૃદયને પણ પૂછવાનું બાકી રહ્યું નથી તો માત્ર મુખથી હા ભણો. ગુરુજીની પણ અનુજ્ઞા જ છે — તેમણે તો તમને દીક્ષા આપતાં જ કહેલું છે કે માન અને મદનો ત્યાગ કરો અને અવશ્ય હોય તો આ સાંકેતિકી કંથાનો પણ ત્યાગ કરો ને ચંદ્રાવલીમૈયા જેવાં યાચકને નિર્મુખ કાઢવાનું અકાર્ય કરશો નહીં!'

ચંદ્રાવલી — 'સાધુજન! આપના વિષયમાં જ્ઞાનભારતી અને વિહારપુરીનો અભિપ્રાય પણ જાણતી આવી છું. તેઓ ગુરુજીના ઉત્તમાધિકારી શિષ્યો છે ને તેમણે ઉભયે મારા વિચારમાં અનુમતિ કહી છે. ચિરંજીવોની કૃપાથી આપ જે ઉત્તમયજ્ઞના અધિકારી છો તે અધિકારની કથાનું ગુરુજીને સ્વમુખે તેમણે શ્રવણ કરેલું છે; અને મધુરીમૈયાના અભિલાષને ઉત્તમ ગણી, એની ભગિનીને આપ સ્વીકારો એટલું જ નહીં, આપના દુ:ખી પિતાને શાંત કરો એટલું જ નહીં, પણ એ બે કર્તવ્યને તો આપના મહાયજ્ઞને અંગે સ્વીકારવા જેવા સાધન ગણી, આપના સાધ્યના સંબંધમાં બીજી પણ ભવ્ય સામગ્રીઓ સંભૃત કરો, અને શ્રીઅલખના લખસ્વરૂ પની વિભૂતિઓને સંસારમાં — વસંતોત્સવના અબીલગુલાલ પેઠે — ઉરાડો, તો તેમાં પણ ગુરુજીના લઘુ મઠનો અપૂર્વ ઉત્કર્ષ જ છે એવું કહાવ્યું છે.'

સરસ્વતીચંદ્ર — 'મૈયા! તે મહાત્માઓની મારા ઉપર બહુ કૃપા છે.'

ચંદ્રાવલી — 'મહાશય! કલ્યાણાશયની અનન્તતા મેં આપને તે દિવસ વર્ણવી હતી તે હશે. આપે સંસારને પ્રત્યક્ષ કરાવવાનો પ્રસંગ સમીપ આવે છે તે જોઈ વિહારમઠના અધિષ્ટાતૃપદથી જ્ઞાનભારતીએ કહાવ્યું છે કે -

'गुणागारे गौरे यशसि परिपर्णे विलसति

प्रतापोऽकल्याणं दहति तव लक्ष्यस्वतिलक।

नवैष द्रव्याणीत्यकथयदहो मूढतमधी -

श्चतुर्धा तेजोऽपि व्यभजत कणाद: कथमसौ।। [१]

અને વિહારપુરીએ તો એમ જ પૂછ્યું છે કે -

'वातं स्थावरयन्नभ: पुटकयन्स्रोतस्वतीं सूत्रयन्

सिन्धुं पल्वलयन्वनं विटपथन्भूमण्डलं लोष्टयन्।

शैलं सर्षपयन्दिशं चपलयंल्लोकत्रयं क्रोडयन्

हेलारब्धरयो हयस्तव कर्थकारं गिरां गोचर:।। [१]

'મહાત્મા! પ્રધાનજી પિતા અને પ્રધાનજીનાં પત્ની આપના મુખોચ્ચારની વાટ જુએ છે તેમને શો સંદેશ કહું?'

સરસ્વતીચંદ્ર — 'મૈયા! એમને કહેજો કે હું તો કન્થાધારી સાધુજન છું. આ શરીરને અર્થે જે કાઈ દ્રવ્ય પ્રાપ્ત થયું હતું અથવા થશે તે સર્વ લોકયજ્ઞમાં વેરી નાખવાની પ્રતિજ્ઞાથી બંધાઈ ગયો છું, અને રત્નનગરીના લક્ષ્મીવાન્ પ્રધાનજીનાં ભાગ્યશાળી રહેલાં પુત્રનું ભાગ્ય મારા ભાગ્ય સાથે જોડાશે તો તેમને સૌન્દ્રર્યોદ્યાન જેવા ભવ્ય આવાસમાંથી ઊતરી આવી પર્ણકુટીમાં રહેવાનો પ્રસંગ આવશે તો દુ:સહ થશે! પ્રધાનજીનાં એક પુત્રી મારા દુશ્ચરિતથી ભાગ્યહીન થઈ ગયેલાં છે તે તેમનાં આ એક પુત્રીનું દૃષ્ટાંત પ્રત્યક્ષ છતાં એમનાં બીજા પુત્રીના વિષયમાં મારો હવે ફરી વિશ્વાસ કરવાનો પ્રસંગ પાડતાં તેમણે ઘણું વિચારવાનું છે તે સાવધાન રહી સર્વ અનુભવી વડીલવર્ગે વિચારવું જોઈએ છે. અને તે પછી કુમુદસુંદરીના હૃદયની આજ્ઞા અને કુસુમસુંદરીના હૃદયની ઇચ્છા એક થાય તો હું તો ગુરુજીની ઇચ્છાથી દૂર નથી.'

ચંદ્રાવલી — 'યોગ્ય સંદેશ કહાવ્યો. મહાશય, તમને આશીર્વાદ દેઈ હું જાઉં છું.'

સર્વ ઊઠ્યાં. સરસ્વતીચંદ્ર પ્રણામ કરતો કરતો બોલ્યો: 'ચંદ્રાવલીમૈયા! આપ રસની અને ધર્મની અપૂર્વ ચેતનમૂર્તિ છો અને હું આપના મંદિરમાં ઉપાસક પેઠે ઊભો છું તો આપની પાસે રહેલી આ બે પવિત્ર દીવીઓના દીપ મારા અ-દક્ષિણ મુખપવનથી કંપે કે હોલાય એવું કરાવાનો પ્રસંગ ન આવવા દેશો.'

'અસ્તુ.' કહી ચંદ્રાવલી ચાલી ગઈ. ચંદ્રકાંત સ્તબ્ધ થઈ સૌ જોયાં સાંભળ્યાં કરતો હતો તે પોતાને માટેની પથારીમાં બેસી ગયો ને લાંબો થઈ સૂઈ ગયો.

'સરસ્વતીચંદ્ર! હવે વિચારવાનું નથી, ચર્ચવાનું નથી, ને રાત્રિ પડી તે બહાર જવાનું નથી. માત્ર ફલાહાર કરી સ્વસ્થ નિદ્રા પામવાનું છે.'

આખી રાત બે મિત્રોએ બોલ્યા ચાલ્યા વિના ગાળી. ચંદ્રકાંતે આખી રાત્રિ એક અસ્વપ્ન નિદ્રા વડે પૂરી કરી. સરસ્વતીચંદ્ર જરી નિદ્રા પામતો હતો, વળી જાગૃત થતાં કાંઈક સ્તવન કરતો હતો, અને વળી નિદ્રાવશ થતો હતો. માત્ર એક વાર સરસ્વતીચંદ્ર નિદ્રામાં અશ્રુપાત કરતો કરતો લવ્યો; 'પુરુષ વજ્ર જેવો કઠણ છે ત્યારે સ્ત્રીની દયાનો પાર નથી. કુમુદસુંદરી! તમે તમારો અભિમત પતિવ્રતાધર્મ પાળવાનો નિશ્ચય છોડી સાધુજનનો બોધેલો ધર્મ સ્વીકારવા તત્પર થયાં તે શાથી? માત્ર મારા ઉપરની પ્રીતિથી અને મારી આ સ્થિતિ જોવાની તમારી અશક્તિથી! પવિત્ર

માતાપિતાની અવગણના કરવા તત્પર થયાં — દેવી અને બુદ્ધિધન જેવી તમારા હૃદયની મૂર્તિઓને ભૂલી જવા તત્પર થયાં, અપકીર્તિ અને હૃદયનું મર્મવેધન સ્વીકારવા ઊભાં થયાં — તે સર્વ શાને માટે? હવે આવું વૈધવ્ય અને આ પરિવ્રજ્યા લેવાની તીવ્રતમ પ્રતિજ્ઞા કરી બેઠાં તે શાને માટે? મારું મનોરાજ્ય જોઈ સંસાર ઉપર તમારા હૃદયની કૃપા થઈ તે માટે, મારા મનોરાજ્યની અનાથતા જોઈ શક્યાં નહીં તે માટે, માતાપિતાની ઉદારતાની પરાકાષ્ઠા જોઈ આર્દ્ર થયાં તે માટે, ને કુસુમ જેવી બહેનની કુમારાવસ્થાનું કારણ ઇંગિતથી જાણી — જોઈ — શક્યાં નહીં તે માટે! સર્વથા એ જ તમારી સૂક્ષ્મતમ પ્રીતિનું મૂળ, એ જ તમારી આર્દ્રતા, કોમળતા, દયા! એ દયાએ મારી ને કુસુમની વચ્ચે તમારી પાસે આ દૂતીકર્મ કરાવ્યું! એ દયાએ કુસુમનાં મારે માટે સંવનન -પરિશીલન કરાવ્યાં! કુમુદ! તમે જ આર્યા છો. કુમુદસુંદરી! આર્યતા તમે જ સમજ્યાં છો.' એવું લવતાં લવતાં એની રાત્રિ ગઈ. સર્વની રાત્રિ ગઈ અને પ્રાત:કાળ થયો. લક્ષ્મીનંદન શેઠ અને ગુમાન દસેક વાગે આવે છે એવા સમાચાર મળ્યા. પહેલાં હરિદાસ આવ્યો હર્ષના આંસુ ભર્યો 'ભાઈ 'ને ભેટ્યો ને સાથે પાઘડીલૂગડાં આણ્યાં હતાં તે અંચળો કાઢી, પહેરવા 'ભાઈ! 'ને કહેવા લાગ્યો. સરસ્વતીચંદ્રે ચંદ્રકાન્ત સામું જોયું. ચંદ્રકાંતે સ્થિત કરી કહ્યું — 'ભાઈ! હવે ગુરુજીની આજ્ઞા છે તે સાધુતાના માનનો ત્યાગ કરો અને, કંથાને અને પાઘડીલૂગડાંને એક ગણી, તમારે માટે ઘેલા થયેલા પિતાને ડાહ્યા અને સુખી કરવાને માટે હરિદાસનું કહ્યું સત્વર કરો.' કંથાનો ત્યાગ કરી, સંસારનાં વસ્ત્ર પહેરતો પહેરતો સરસ્વતીચંદ્ર બોલ્યો: 'હરિદાસ! પિતાશ્રીની પાસે હું આ વસ્ત્ર પહેરીશ ને અન્ય પ્રસંગે કંથા પહેરીશ. તું આ કંથાને રત્નપેઠે જાળવી રાખજે ને માગું ત્યારે આપજે.'

સર્વ શેઠને સામા લેવા ગયા. પિતા, માતા અને પુત્ર, માર્ગ વચ્ચે ભેટ્યાં અને રોયાં અને અનેક હૃદયવેધક વાતો કરતાં કરતાં શેઠને માટે ઊભા કરેલા તંબુમાં ગયાં. સાધુજનોનાં ટોળેટોળાં સરસ્વતીચંદ્રનું રૂપાંતર જોવાને નીકળી પડ્યાં હતાં અને જ્યાં ત્યાં 'અલખ', 'યદુનન્દન', 'વિષ્ણુદાસજી' અને 'નવીનચંદ્રજી'ના જયની ગર્જનાઓ ઊઠી રહી હતી.

બે દિવસમાં વિદ્યાચતુર આવ્યો, બીજા બે દિવસમાં બુદ્ધિધન આવ્યો, બીજા બે દિવસમાં મુંબઈથી બોલાવેલું ને અણબોલાવેલું મંડળ આવ્યું, અને સુન્દરગિરિ ઉપર મણિરાજના કર્ણભવનને અને વિદ્યાચતુરને ખરચે તંબુઓનું ગામ ઊભું થયું. જ્ઞાનભારતી અને શાંતિશર્મા પાસે પચાસેક સાક્ષીઓ લેવાયા ને સરસ્વતીચંદ્રનું અભિજ્ઞાન ન્યાયવ્યવહારથી સિદ્ધ થયું. તેને બીજે દિવસે આ મંડળ જાનૈયાને અને સામૈયાને રૂપે બદલાઈ વહેંચાઈ ગયું ને સરસ્વતીચંદ્ર અને કુસુમનું વરણવિધાન — લગ્ન — સાધુજનોના સંપ્રદાય પ્રમાણે સધાયું — ને બાકીનો વ્યવહાર તેનાં માતાપિતાની ઇચ્છા પ્રમાણે સચવાયો.

વરકન્યા વિષ્ણુદાસજીને ચરણે કંથાઓ પહેરીને નમ્યાં. લક્ષ્મીનંદન શેઠે યદુનંદનજીની પ્રતિમા પાસે વીસ હજાર રૂપિયાની ભેટ મૂકી અને વિષ્ણુદાસજીએ તેમાંનો અર્ધો ભાગ સુરગ્રામનાં મન્દિરોમાં વહેંચવા આજ્ઞા કરી.

કુસુમના કન્યાદાન પ્રસંગે બુદ્ધિધને પ્રમાદધનને માટે પોતાના દ્રવ્યમાંથી રાખેલો અંશ 'મયાદત્તમાં' આપ્યો, કુમુદે શ્વસુર પાસેથી પોતાને મળેલો અંશ આપ્યો અને વરકન્યાને વિદાય કરતી વેળા ગુણસુંદરી અને સુન્દર રોઈ પડ્યાં તો વિદ્યાચતુર ગંભીર મૌન ધારી પાણીથી ભરેલી આંખે જોઈ રહ્યો, અને નિર્દોષ ઠરેલા અર્થદાસ પાસેથી સરસ્વતીચંદ્રવાળી મુદ્રા વેચાતી લીધી હતી તે કુસુમની આંગળીએ પહેરાવી પોતાનાં આંસુ ભણીથી સર્વની દૃષ્ટિને ચુકાવવા લાગ્યો.

ગુમાન વહુઘેલી બની અને વરના પક્ષનો સાથ થોડા દિવસ સુન્દરગિરિ ઉપર ટક્યો. વરકન્યાને માટે મણિરાજે કસબી ઝાલરોવાળો તંબુ મોકલ્યો હતો.

ધનનંદનના મૃત્યુથી સરસ્વતીચંદ્ર એકલો લક્ષ્મીનંદનનો વારસ હતો ને 'ટ્રસ્ટ ડીડ' કરી શેઠે એને પોતાનું સર્વસ્વ આપી દીધું હતું. સરસ્વતીચંદ્રે પિતામાતાની સેવાને માટે રખાય એટલું દ્રવ્ય રાખી અન્ય ભાગ પોતાના મનોરાજ્યની પૂર્ણાહુતિમાં નાંખવાની કલ્પનાઓ કરી અને તેની યોજનાઓમાં કુમુદ, કુસુમ અને મિત્રમંડળ સર્વ મળ્યાં. તે યોજનાઓની વાતો ચલાવતાં ચલાવતાં સર્વ રત્નનગરી જવા નીકળ્યાં.

રત્નનગરીમાંથી નીકળતી વેળા એક પાસ કુસુમ ને બીજી પાસ વિદ્યાચતુર, ગુણસુંદરી અને સુન્દર વચ્ચે મનોવેધક પ્રસંગ રચાયો. કુસુમનું ચિત્ત કુમુદમાં હતું — કુમુદ વરકન્યાના રથમાં બેસી થોડાક ગાઉ સુધી વળાવવા ગઈ. સરસ્વતીચંદ્ર બધો માર્ગ વિચારમાં હતો ને બે બહેનો જ વાતો કરતી હતી. અંતે કુમુદ પણ પાછી જવા નીકળી અને રથમાંથી ઊતરી ઊભી રહી ત્રુટતે સ્વરે બોલી:

'કુસુમ! ચિંતા ન કરીશ. હું ત્યાં આવતી રહીશ ને નીકર તો યે સંસારનું આ રત્ન તને સોંપ્યું છે તેને જીવની પેઠે જાળવીને રાખજે, અને એ સદ્ભાગ્યની યોગ્યતા તારામાં છે તે વધારજે!'

બે બહેનો એકબીજીને ખભે માથાં મૂકી રોઈ. કુમુદ સરસ્વતીચંદ્રને ચરણે પડી. પડતી પડતી અને ચરણથી ઊઠતી ઊઠતી બોલી: 'મહાત્મા! આ સંસારની જાળમાં આપને નાખ્યા છે તેટલા મારા કાર્યની ક્ષમા કરજો. આ મારી ગંગાના રત્નાકર સાગર થયા છો તે રમ્ય સમાગમથી તેનું અને સંસારનું પોષણ કરવા આપના સમગ્ર મનોરાજ્યને સફળ કરજો ને હું મારી ગંગામાં યમુના પેઠે ભળવા અવશ્ય સજ્જ રહીશ. આપ ધર્મના સુજ્ઞ છો ને પ્રીતિરસમાં પૂર્ણ છો તો આ મેધાવિની પણ મુગ્ધાના હૃદયકોશને સાચવીને

ઉઘાડજો. બીજું શું કહું? આપણાં સર્વ સ્વપ્ન મેં આ મારી બહેનનાં કરી દીધાં છે! હું વિધવાએ પોતાનું ભાગ્ય શોધવું મૂકી આ દિવ્યકુમારીકાને માટે ઉઘાડું રાખ્યું છે. ને મેં તો આપણી ચતુર્થ રાત્રિને પ્રભાતે આપના કપાળ ઉપર આપને જગાડવા હાથ મૂક્યો હતો ત્યારે આપના સ્વપ્નમાં મારો હાથ આપને આપની માતાનો લાગ્યો હતો — તે જ પ્રમાણે હવે હું આપનાં જાગૃત સ્વપ્નની માતા થઈ છું! આપની સાથે જોયેલાં સ્વપ્ન, આપનું અને કુસુમનું માતૃકર્મ કરવામાં મારાં પ્રિયતમ સાધન બની, મારા હૃદયમાં ચિરંજીવ રહેશે! આપનો બેનો યોગ રમણીય અને કલ્યાણકર થશે અને એ યોગનો યોગ પામી આર્યસંસાર સમૃદ્ધ થશે એ આશાથી કુમુદનાં સર્વ દુ:ખ અને કષ્ટ તપ અત્યંત સફળ થશે, ને આટલે સુધી મારે માટે — મારી તૃપ્તિને માટે -આપે અને કુસુમે આટલી મારા પર આ આહુતિ આપી છે તો હવે વધારે માગવું તે અતિલોભ જ થાય.'

પગેથી ઊઠેલી કુમુદ શાંત અને સ્વસ્થ વૃત્તિથી ઊભી રહી ત્યાં સરસ્વતીચંદ્ર પોતાનાં આંસુથી નવાતો નવાતો ગદ્ગદ કંઠથી બોલવા લાગ્યો:

'કુમુદસુંદરી! ઘોર પાપ કરી મેં તમને અસાધ્ય દુ:ખમાં નાખ્યાં તેના બદલામાં અપૂર્વ પ્રીતિજીવનનું બલિદાન આપો છો અને અતિ ઉદાર પુણ્ય કરી તમે મારા મનોરાજ્યને પાર પાડવાનાં દ્વાર ઉઘાડી આપ્યાં તે દ્વારમા હું વ્રજ જેવાં કઠણ હૃદયનો દુષ્ટ રાક્ષસ ઊભો રહું છું! ઓ મારી માતા! તમે આ મારી જનનીનું કામ કર્યું તો હું હવે તમારા દુષ્ટ પુત્રના અધિકારથી પગે પડી ક્ષમા માગવાને કહું છું કે *कुपुत्रो जायेत क्वचिदपि कुमाता न भवति!* તમારી ક્ષમા મને તમે મારી માતા થઈને જ આપી, મારું સ્વાસ્થ્ય અને સુવૃત્ત તમારા ઉદાર મનોબળથી જ તમે સાચવ્યું, અને જટલાં જટલાં મેં તમને ક્રૂરમાં ક્રૂર દુ:ખ દીધાં તેટલાં તેટલાં પરમ સુખ અને પરમ કલ્યાણ તમે મને સોગણાં વધારી આપ્યાં. તમારાં માતુશ્રીની દક્ષતા અને તમારાં દેવીની ઋજુતા અને ઉભયની ઉદાર ક્ષમા તમારામાં મૂર્તિમતી થઈ ને ચંદ્રાવલીમૈયા પાસે સંસ્કાર પામી તમે હું અનાર્ય ઉપર અવર્ણનીય આર્યતા પ્રગટ કરી! તો મારા શિરને — મારા ઉત્તમાંગને — ઓ મારાં આર્યમાતા — આર્યતમા! — આ મારા અનાર્ય શિરને તમારા આર્ય ચરણના સ્પર્શનો અધિકાર આપો.'

આમ બોલતો બાલતો, બોલવાની શક્તિ બંધ થતા આંસુથી નહવાઈ ગયેલો જ સરસ્વતીચંદ્ર કુમુદને ચરણે પડ્યો ને એનો ઉઠાડ્યો ઊઠ્યો.

'સરસ્વતીચંદ્ર! ઈશ્વરલીલાના ચમત્કારથી એક ભવમાં અનેક ભવ થાય છે તેમ મારે તમારે થયું! પણ સર્વ અવતારમાં — સર્વ ભવમાં — તમે મને તમારી કહી તે હું તમારી રહી છું ને રહીશ! — ને મેં તમને મારા કહ્યા તે મારા જ રહ્યા છો ને રહેજો. હૃદયથી આપણે હતાં તેવાં સર્વથા સર્વદા એક જ છીએ અને આપણી બેની વચ્ચે આપણી બેની પરમ પ્રીતિનું સુપાત્ર આ

મારી — મારી જીવનમૂર્તિ — મારા હૃદયનો આધાર — મારી કુસુમ છે તે તેવી જ રહેશે અને એને એવી જ આપના હૃદયમાં રાખજો! કુસુમ! મહાત્માની તું અહોનિશ હૃદયપૂજા કરીશ તે કાળે સર્વદા આ તારી પરોક્ષ બહેનને અવશ્ય સ્મરજે જ.'

બે બહેનો ફરી ભેટી.

'બહેન! તમે મુંબઈ આવજો જ, હાં! હું હવે માતાપિતાથી અને તમારાથી વિખૂટી પડું છું.'

'કુસુમ, ભર્તા એ સ્ત્રીની પરમ ગતિ છે, ને તું આવા મહાત્માના હૃદયમાં વસી તેની સેવા કરીશ અને તેમના મહાયજ્ઞોમાં સહધર્મચાર કરીશ ત્યારે માતા, પિતા, અને હું સર્વે સગાંની અને તારી પોતાની પણ એમનામાં જ પ્રતિષ્ઠા કરી લેજે. એમના વિના બીજા કોઈની ઝંખના કરી એમની સેવામાં પળ વાર પણ ન્યૂનતા આણીશ નહીં! હવે એ જ તારું દૈવત છે અને એ પણ તને તેવી જ ગણશે! એમનામાં ને તારામાં હવે તું ભેદભાવ રજ પણ ગણીશ નહીં ને એમની આરતી કરે ત્યારે કુમુદને તા માત્ર ઘંટા પેઠે તારા હૃદયમાં વગાડજે!'

---

૧ . હે લક્ષ્યરૂપના પોતાના તિલક! તારું ગુણમંદિર એવું તો ગૌર છે — એ તારું પરિપૂર્ણ યશ એવું તો વિલસી રહ્યું છે — કે તારો પ્રતાપ અકલ્યાણમાત્રને બાળી ભસ્મ કરી નાખે છે. ગુણોનું અધિષ્ઠાન થયેલું એ અપૂર્વ દ્રવ્ય અને એ પ્રતાપ — તે જ કણાદના ન્યાયમાં ગણાવ્યાં નથી; તે એ મૂઢમાં મૂઢ બુદ્ધિવાળા મુનિએ કોણ જાણે શાથી નવ જ દ્રવ્ય કહ્યાં ને તેજના પણ માત્ર ચાર જ ભાગ પાડ્યા.

— સુભાષિતરત્નભંડાગાર

૧ . તારો અશ્વ કેવો દોડે છે! પવનને તે સ્થાવર કરી મૂકે છે, આકાશને પડિયા-દડિયા જેવું કરી દે છે, નદીને સૂત્ર-તાંતણા-જેવી કરી દે છે; મહાસાગરને નાની તળાવડી જેવો કરી દે છે, આખા વનને એક શાખા જેવું કરી દે છે, ભૂમંડલને માટીના દગડા જેવું કરી દે છે, પર્વતને રાઈના દાણા જેવા કરી દે છે, દિશાને પલ-માત્રા જેવી કરી દે છે, અને ત્રણ લોકને પોતાની ફાળમાં ભરી લે છે! રમતમાં જ જેણે એવો વેગ આરંભ્યો છે એવો તારો અશ્વ વાણીથી શી રીતે વર્ણવી શકાય?

- સુભાષિતરત્નભંડાગાર.

પર આરાત્રિક અથવા આરતી

સુંદરવેણ વાગી! વેણ વાગી!
વેણ વાગી ને હું જાગી!- સુંદર૦

(પ્રાસ્તાવિક)

શું નટવર વસંત થેઈ નાચી રહ્યો રે!
નાચી રહ્યો! જગ નચાવી રહ્યો! નટવર૦

(પ્રાસ્તાવિક)

મને રાસ જોયાના કોડ, વહાલા!
મને રાસ રમ્યાના કોડ, વહાલા!
મને થેઈ થેઈ રાસ રમાડ, વહાલા!

(પ્રાસ્તાવિક)

વાંચનાર! ઘણો લાંબો પ્રયાસ કરી આપણે પાછા મુંબઈનગરીમાં આવીએ છીએ. કુસુમને લઈ મુંબઈ આવ્યે સરસ્વતીચંદ્રને એક વર્ષ પૂરું થઈ ગયું. એમના ઉપર ગુણસુંદરીના પત્રો આવતા તેથી એ આર્યાને આખા જન્મારાના મહાતપનું ફળ મળ્યું હોય એમ કુસુમના સુખથી અને કુમુદના સ્વાસ્થ્યથી, એના સુખનો પ્યાલો ઊભરાતો હતો. રત્નનગરીમાં ગુણસુંદરીનો કાળ હવે વિદ્યાનંદમાં નિર્વિઘ્ન જતો હતો ને પરદેશ પડેલી ભત્રીજીઓની વાતો સુંદર ભાભીજીના કાનમાં આખો દિવસ ખુશ ખુશ કર્યા કરતી તે વિના ગુણસુંદરીને બીજી ચિંતા કે કામ રહ્યું નહીં. વિદ્યાચતુંર રાજ્યકાર્યમાં રોકાયેલો હોવાથી બહુ પત્ર લખી શકતો ન હતો; પણ જ્યારે જ્યારે કંઈ લખવાને અવકાશ મળતો અને એના પત્ર આવતા ત્યારે ત્યારે તે સુતા-જામાતાનાં કલ્યાણકાર્યની વૃદ્ધિના સમાચાર પુછાવતો ને પોતાના ભણીની અનુભવભરી સૂચનાઓ કરતો. સુન્દરગૌરી કુસુમ ઉપર પત્ર લખતી અને કાકીભત્રીજી વચ્ચે જુદી જાતની પણ ટપાટપી અને ટકોરો તો હજી સુધી ચાલ્યાં જ કરતી તે કુસુમ સરસ્વતીચંદ્રને વંચાવી વિનોદ આપતી હતી. સરસ્વતીચંદ્ર પાસે, શાસ્ત્રી ને સાધુજનો પાસે, ને મડમો પાસે પોતાનાં જ્ઞાન, કળાઓ અને ઉચ્ચગ્રાહ વધતાં હતાં તેનું કુસુમ પોતાના ઉત્તરમાં સવિસ્તર વર્ણન માતાને ને બહેનને લખતી હતી.

સુન્દરગિરિ ઉપર બુદ્ધિધન અને નરભેરામ બે આવ્યા હતા. તે પાછા સુવર્ણપુર ગયા ત્યારે માર્ગમાં વાત નીકળતાં નરભેરામે કબૂલ કર્યું હતું કે પ્રમાદધનને વિદ્યાચતુરની સૂચના પ્રમાણે રાખ્યો હોત તો સુન્દર ફળ નીવડત ને વિદ્યાચતુરને લાગ્યું હતું કે વધારે સૂક્ષ્મ ચતુરતા વાપરી હોત તો ન્યાય થાત, પ્રમાદ સુધરી જીવત, ને કુમુદ સુખી થાત. કુમુદસુંદરી સુવર્ણપુર ગયા

પછી બુદ્ધિધને સંન્યાસનો વિચાર માંડી વાળ્યો; અને નણંદભોજાઈ -બુદ્ધિધન સ્વસ્થતાથી કારભાર કરે એમ તેની સંભાળ રાખવા — ને દેવીએ મૂકેલા બાળકને રમાડી કલ્લોલ કરવા — લાગ્યાં. અને એ બાળક મોટો થાય તેમ તેમ શી શી ચિંતાઓ કરવી તે કદી કદી આજથી વિચારતાં. સંસ્કૃત અને અંગ્રેજી પુસ્તકોમાંથી અનેક જ્ઞાનવાર્તાઓ અને શૃંગાર વિનાના સર્વ વિષયો કુમુદસુંદરી ઘરમાં બેસી વાંચતી, ને અનેક સ્ત્રીઓ આવતી તેને સમજાવતી અને શીખવતી. થોડો કાળ એ ગુણસુંદરી પાસે જઈ આવતી અને સુન્દરગિરિ ઉપર પરિવ્રાજિકાશ્રમની — તેમ સુભદ્રાના મુખ આગળ માતાના બેટમાં જઈ પોતાના, સરસ્વતીચંદ્રના, અને સંસારના કલ્યાણનું બીજ વાવનારી ચંદ્રાવલીની — અતિથિ થઈ આવતી અને એ પરમ સાધુજન પાસેથી એ નવાનવા ઉપદેશ આણતી ત્યારે કોઈ કોઈ વેળા અલકકિશોરી પણ એની સાથે જતી. હવે તો કુસુમનાથી છૂટાં પડ્યે વર્ષ થવા આવ્યું ને કુસુમના પત્ર ઉપર પત્ર આવવા લાગ્યા, તેથી મુંબઈ જઈ આવવાનું ઉઘાડું ધાર્યું. બાકી કુસુમનું સુખ, સરસ્વતીચંદ્રની સ્વસ્થતા અને જીવનસફળતા, અને કલ્યાણગામના મનોરાજ્યના મહાયજ્ઞની જ્વાલાઓ અને તેનાં હોમહવનકાર્યની વૃદ્ધિ એ સર્વ વિષયે સરસ્વતીચંદ્રના સ્વહસ્તાક્ષર સહિત કુસુમના બીજેત્રીજે સવિસ્તર પત્ર આવતા. એ પત્રોમાંના સમાચારના વિષય પ્રત્યક્ષ કરવા એ બે જણ કુમુદને મુંબઈ આવવા ફરી ફરી લખતાં હતાં. પોતાને પણ એ સમારંભમાં ગંગા જેવી કુસુમનું યમુનાકૃત્ય કરવાનો અભિલાષ હતો તે સિદ્ધ કરવા મુંબઈ જવાનો કુમુદના મનમાં ઘણા દિવસનો સંકલ્પ હતો તે આ પ્રસંગથી ઉઘાડો કરવાનું નિમિત્ત મળ્યું. કુમુદની સાથે અલકકિશોરીને પણ મુંબઈ આવવા તેડાં થતાં હતાં અને તેને પોતાની સાથે મોકલવા કુમુદે શ્વસુર પાસે માગી લીધું હતું એટલે પોતાના ઘરમાં નવીનચંદ્ર થઈ ઠગ પેઠે વેશ ધારી રહી ગયેલાને મહેણાં દેવાને અલકે પણ ભાભીની સાથે મુંબઈ જવાને ધાર્યું.

મુંબઈમાં સરસ્વતીચંદ્રના કલ્યાણગ્રામની યોજના ચર્ચાઈ ચર્ચાઈને પૂરી થવા આવી હતી, અને તેના 'ટ્રસ્ટ'ના લેખ ઉપર પિતાપુત્રની સહીઓ પણ થઈ ગઈ હતી. હવે મુંબઈની ભરવસ્તીથી આઘે સ્વચ્છ સુંદર સ્થાને સમુદ્રની પાસે એ ગ્રામ માટે જગા વેચાતી રાખવાનો વિચાર ચાલતો હતો. કોટમાં સરસ્વતીચંદ્રની ઑફિસને માટે એક આખો પથ્થરનો મહેલ રાખવામાં આવ્યો હતો—તેમાં લક્ષ્મીનંદનની 'મિલ'ની 'ઑફિસ' હતી, એના બીજા વ્યાપારની 'ઑફિસ' હતી, અનેક દેશના વિદ્વાનોને અને દેશભક્ત જનોને તેમ આ દેશના હિતચિંતક પરદેશીઓને એકઠાં મળવાને અને લોકહિતના વિચાર ચર્ચવાને માટે પણ એક 'ઑફિસ' હતી, એ ઑફિસોનું નામ 'કક્ષાઓ' પાડ્યું હતું, અને સૂત્રયંત્રકક્ષા, વ્યાપારકક્ષા અને સમાજકક્ષા નામોથી એ ઑફિસો ઓળખાતી હતી. આખા મહેલનું નામ 'લક્ષ્મી- સરસ્વતી- વિલાસ-મન્દિર' રાખ્યું હતું. એ મન્દિરના ગોપુરદ્વારને શિખરભાગે લક્ષ્મીનંદનની મુખાકૃતિ કોતરી હતી. એને પહેલે માળે એક

આગલી કક્ષા કલ્યાણગ્રામના સ્થપતિઓ- [૧] architects - ને માટે હતી. વિદ્વાન દીર્ઘદર્શી સ્થપતિઓ તેમાં આખો દિવસ બેસી, નકશાઓ લઈ યોજનાઓ કરતા ને આ કક્ષાને સામાન્ય મનુષ્યો ઇજનેરી ઑફિસને નામે ઓળખતાં. તેની જોડે એક બીજી કક્ષામાં કલ્યાણગ્રામના આશ્રમીઓને અને અંતેવાસીઓને માટે યોજનાઓ થતી અને તેમાં દેશદેશના અને ભાતભાતના સમર્થ વ્યાપારીઓ અને વિદ્વાનો ભરાતા અને ચર્ચામાં ભળતા. સૌની પાછળ એક મોટી કક્ષા સરસ્વતીચંદ્રને પોતાને બેસવાની હતી. તેમાં બે ખંડ હતા. તેમાંથી એકમાં પોતે બેસતો, અન્ય કક્ષાઓના કાર્યની નિરીક્ષા રાખતો, ને વિહારપુરી અને જ્ઞાનભારતી દ્વારા વિષ્ણુદાસજી સાથે જ્ઞાનમાર્ગનો પત્રવ્યવહાર રાખતો. બીજા ખંડમાં કુસુમ અને તેને મળવા આવનારી સ્ત્રીઓ બેસતી. આ બે ખંડનાં પાછલાં દ્વાર સમુદ્ર ભણી પડતાં અને તેમની ને સમુદ્રની વચ્ચે કોઈ પડદો ન હતો. ગુમાન આવતી ત્યારે કુસુમની સાથે બેસતી ને કલ્યાણગ્રામની યોજનાઓ સમજતી. લક્ષ્મીનંદન આવતા ત્યારે નીચેની અને ઉપરની સર્વ કક્ષાઓમાં ફરતા અને દેખરેખ રાખતા, પણ એનું મુખ્ય ધ્યાન પુત્રના મહાકાર્યમાં વાપરવાનું સરવાયું જોવામાં હતું, અને એને પણ એ કાર્યમાં અંશભાગી થવાનો અને આવા પરોપકારી પુત્રને જોઈ કૃતકૃત્યતા માનવાનો અભિલાષ થયો હતો. આ સરવાયું પૂરું તો નીકળ્યું ન હતું પણ અડસટ્ટે લોકમાં માત્ર દસપંદર લાખ ગણાતી મિલકતની ઊપજ જ બેત્રણ લાખની જણાઈ, અને પાંચેક લાખની મિલકત તો ઊપજ વિનાની હતી. તે ઉપરાંત સરસ્વતીચંદ્રની પાસેની મિલકત જુદી અને કુસુમને મળેલાં કન્યાદાન ને મણિરાજના કર્ણભવનમંથી મળવાનું હતું તે જુદું.

આ ઉપરાંત બહારકોટમાં, વાલકેશ્વર અને મહાલક્ષ્મી આગળ પણ શેઠના બંગલા હતા. તેમાંથી જ્યાં જ્યાં પોતે જાય ત્યાં ત્યાં આઘેની ને પાડોશમાંની સર્વ સ્ત્રીઓને બોલાવી, આકર્ષી, કુસુમ તેમને વિદ્યા, કળા અને વિનોદની રસિયણ કરી દેતી હતી. સરસ્વતીચંદ્રને માટે વાલકેશ્વરનો બંગલો રાખેલો હતો અને તેના શૃંગારની યોજના કરવામાં ગુમાન પોતાનો બધો કાળ ગાળતી. ભાઈને આ જોઈ શે ને વહુને આ દીપશે — આ ચિંતામાં ગુમાન ઝવેરીઓને ત્યાં અને કાપડિયાઓને ત્યાં આથડતી. વાલકેશ્વરના બંગલાના ખંડેખંડમાં ફરી વળતી, અને તેની સામગ્રીમાં દેશી સ્ત્રીઓ, પારસી ‘બાનુઓ’ અને અંગ્રેજ મડમોના બંગલા અને તેના ખંડો જોઈ જોઈ રોજરોજ નવા ફેરફાર કરાવતી. ગુમાન, અદેખી અપરમાતા મટી, વહુઘેલી સગી માતાની પેઠે હવેરી હવેરી ફરતી અને આવી અનેક મડમોને અને દેશી હિંદુ સ્ત્રીઓને પૂછી કુસુમના ને એના ગૃહના શૃંગાર વધારતી. કુસુમને પગલે લક્ષ્મીનંદનના મંદિરમાં આનંદની અહોનિશ વૃષ્ટિ થઈ રહી ને ધનાઢ્ય શેઠની વૃદ્ધાવસ્થામાં ઉદ્યોગ, સુખ અને શાંતિની વ્યવસ્થા દેખી હરિદાસ પણ પોતાની સેવા સફળ થઈ માનતો.

એ સર્વ સુખમાં લક્ષ્મીનંદનને માત્ર એકબે વાતનો ઊંડો અસંતોષ હતો. જ ખંડમાં સરસ્વતીચંદ્રે કુમુદસુંદરીની મોટી છબી રાખી હતી તે ખંડમાં એ છબી આગળ કન્થા પહેરી ઊભો રહેતો અને ક્વચિત્ અશ્રુપાત કરતો એને લક્ષ્મીનંદને દીઠેલો હતો. તેમ કેટલીક વાર તો કુસુમની પાસે પણ કન્થા પહેરીને ફરતો. વળી થોડા દિવસ થયાં તો કુસુમને માટે પણ કન્થા કરાવી હતી ને કુમુદસુંદરીની કન્થા પહેરેલી એક મોટી છબી કઢાવી વરકન્યા સજોડે ભગવી કન્થા પહેરી આ છબી પાસે ઊભાં રહીને પગે લાગતાં હતાં ને એક વેળા તો પાદરી લોકની પેઠે ઘૂંટણે પડી હાથ જોડી આ છબી પાસે કંઈ ભાષણ કરતાં હતાં એવું નોકરોએ શેઠના કાનમાં કહ્યું હતું. આ સર્વ વિચારી લક્ષ્મીનંદનનું પૌત્રલાલસાવાળું હૃદય ચિંતાતુર રહેતું, અને ચંદ્રાવલી અને વિહારપુરી પેઠે રહેવાની લાલસા પોતાનાં પુત્ર-વધૂમાં છે જાણીને તો છેક નિરાશ રહેતો ને કળે કળે નિમિત્તે નિમિત્તે ગુમાન કુસુમવહુને ઉપદેશ અને ઉદ્દીપન કરવાને ચૂકતી નહીં.

અંતે સરસ્વતીચંદ્રના લગ્નનું વર્ષ પૂરું થયું તે દિવસે ગુમાને વાલકેશ્વરની મહાપૂજા કરાવી ને બંગલામાં પોતાની ઇષ્ટસિદ્ધિ થઈ માની સત્યનારાયણની પૂજા કરી હરદાસની કથા માંડી તેમાં પુત્રના સર્વ મિત્રોને ને આશ્રિતોને આમંત્ર્યા. વાલકેશ્વરના બંગલામાં બે મડમો કુસુમને અંગ્રેજી કલાઓ શીખવવાને આવતી ને અંગ્રેજ, પારસી, મુસલમાન વિદ્વાન ગુણી મિત્રો આવતા તેમને માટે પણ ‘પાર્ટી’ આરંભી. ત્યાં ‘પીઆનો’નું ગાયન આરંભાયું ને શ્રીમતી ત્યાંના અતિથિમંડળનું આતિથેય કરતી હતી.

હરિદાસ કુસુમને લેઈ સ્ટેશન ઉપર ગયો હતો — કુમુદ અને તેની સાથનું મંડળ મુંબઈ આવી માંહ્યમાંહ્યથી નાશક યાત્રાર્થે ગયું હતું તે અત્યારે આવવાનું હતું.

પોતાની દેશપ્રીતિના મનોરાજ્યના પ્રથમ ઉદયકાળે કરેલી કલ્પના પ્રમાણે ઉદ્ધતલાલે વ્યાપાર શીખવા વિલાયત અને અમેરિકા જવાનું સ્વીકાર્યું હતું. તરંગશંકર અને વીરરાવે કલ્યાણગ્રામમાં સહકુટુંબ રહેવાનું સ્વીકાર્યું હતું. ચંદ્રકાંતે વકીલાત છોડી કલ્યાણગ્રામની વ્યવસ્થાના તંત્રીનું કામ સ્વીકાર્યું હતું, ને ગંગાભાભી સાથે એ ગ્રામમાં રહેવાને એ બંધાઈ ચૂક્યો હતો. આ મંડળ, અને ભૂત તથા વર્તમાનમાં સરસ્વતીચંદ્રની ગુણજ્ઞ ઉદારતાએ ઉપકૃત કરેલું વિદ્વાનો — કારીગરો — ને — વ્યાપારીઓનું મંડળ આજ ભેગું થયું હતું.

કુમુદ અને તેની સાથના મંડળને લેઈ કુસુમ અને હરિદાસ આવ્યાં તેની સાથે ગુમાનની આજ્ઞાથી વાજાવાળાનું ‘બૅન્ડ’ વાગવા મંડ્યું. કુમુદ વિના બીજા કોઈને ન દેખતી ઘેલી કુસુમ બંગલામાં એની સાથે લપાઈ લપાઈને વાતો કરતી ચડી. પોતાના બંગલાની એક પાસ વેલાઓ વચ્ચે માંડવામાં ઊભો ઊભો ચાંદનીના અજવાળામાં અત્યારે સરસ્વતીચંદ્ર કાશીનગરીથી પોતે આમંત્રેલા એક પરમહંસ પરમજ્ઞાનરૂપ જીવન્મુક્ત મહાત્મા પાસેથી

કંઈ ઊંડો બોધ લેતો હતો તે બૅન્ડ સંભળાતાં એ મહાત્માની આજ્ઞાથી ઊઠ્યો અને, સામો જઈ, કુમુદનું કુશળ પૂછી, કુમુદ-કુસુમની પાછળ અલકબહેનની સાથે વાતો કરતો કરતો પોતાનાં પગથિયાં પર ચડવા લાગ્યો અને સૌભાગ્યદેવીના બાળક પુત્રને પોતાના હાથમાં લેઈ તેને પ્રીતિથી વિનોદપ્રશ્ન પૂછવા લાગ્યો.

જુદાજુદા ખંડમાં મેવા મીઠાઈ, હરિકથા, કીર્તન, ધૂપ, અત્તર, ‘સેન્ટ’, ગાનતાન અને અનેક જાતના વિનોદમાં રાત્રિનો દોઢ પ્રહર વીત્યો ને ધીમે ધીમે સર્વ વેરાયાં. સ્ત્રીમંડળનો મોટો ભાગ કથામાં હતો તે પૂરી થતાં સુધી સમુદ્રભણીની બારીઓ ઉઘાડી મૂકી સર્વથી ઉપલા માળના એક ખંડમાં આરામાસના ઉપર પડ્યો પડ્યો સરસ્વતીચંદ્ર બારીમાંથી આવતી સમુદ્રના પવનની લહેરોથી નિદ્રાવશ થયો. નિદ્રામાં તેને પાંચ મિનિટ સ્વપ્ન થયું તેમાં તે સુન્દરગિરિ ઉપર એક પલંગ ઉપર બેસી સામી ઊભેલી કુસુમને કહેતો હતો: ‘ કુસુમ! આખો દેશ જ્યાં સુધી પૃથ્વી ઉપર સૂએ છે ને તેને પહેરવાને વસ્ત્રો નથી ને ખાવાને અન્ન નથી ત્યાં સુધી આપણે આ પલંગ, આ મિષ્ટાન્ન, અને આ વસ્ત્ર શાં? *भूतलशय्या तरुतलवासः कस्य सुखं न करोति विरागः’* આટલું બોલે છે તેની સાથે પલંગનો પથરો થઈ ગયો અને બેનાં શરીર ઉપર વસ્ત્રોની કન્થાઓ થઈ ગઈ ને સ્વપ્ન પૂરું થયું.

કથાને અન્તે ઘીની વાટોથી ને કપૂરથી પ્રકટેલી ઘણાં ખાનાંવાળી મોટી ચાંદીની આરતી ઉપર હાથ ફેરવી — ઓવારણાં લઈ — સર્વ મંડળે નીરાજનનું વંદન કરી આંખે લીધું. તે આરતી લેઈ ગુમાને કુસુમને સરસ્વતીચંદ્ર પાસે મોકલી. સરસ્વતીચંદ્ર એકલો આરામાસનમાં નિદ્રાવશ સુખી થઈ સૂતો હતો તેના સામી આરતી લઈ કુસુમ ઊભી, પણ એ જાગ્યો નહીં. એના મુખ ઉપર આરતીનો પ્રકાશ પડતાં કુસુમ એ મુખ ઉપર મોહિત થઈ એમની એમ ઊભી રહી.

પ્રિયમુખ જોતાં એનું પોતાનું મુખ આનન્દથી મલકાતું હતું, પણ તેનું એને ભાન ન હતું. દેવને કરવાની આરતી પતિદેવને જ કરવા ઇચ્છતી હોય — સર્વ દેવના કરતાં પતિદેવને જ શ્રેષ્ઠ અને પ્રિયતમ ગણતી હોય — તેમ — અથવા એમ ગણીને જ — માત્ર પતિમુખ ભણી આરતી ધરીને — આરતીના અનેક દીવાઓના એક થયેલા પ્રકાશથી એ મુખને જોતી જોતી ઊભી જ રહી ને ગણગણી.

[૧] *‘વ્રજ વહાલું રે! વૈકુંઠે નથી જાવું!*

ત્યાં મુજ નન્દકુંવર ક્યાંથી લાવું?- વ્રજ૦’

ઘણાને આરતીનું વંદન લેવું રહી ગયું હતું ને વહુ પાછી આવી નહીં એટલે ગુમાન એને તેડવા ઉપર આવી અને દૂરથી આ દેખાવ જોઈ પગ અટકાવી આનંદના ઉમળકાથી જોઈ રહી, અંતે કુસુમને બોલાવવાનું લૂલી શેઠની ચિંતા દૂર કરનાર આ દેખાવની વધામણી ખાવા દોડી ગઈ, દોડતાં

દોડતાં પડતી પડતી રહી જઈ શેઠ પાસે પહોંચી ગઈ. બધાં બેઠાં હતાં એટલે શેઠના કાનમાં જ ઉતાવળું કંઈક અમૃતવચન કહી દીધું.

કુમુદે સુન્દરગિરિ છોડ્યો પછી પણ ભગવી કંથા મૂકી ન હતી તે પહેરીને, અત્યારે કુસુમ એકલી હશે જાણી, એને ખોળતી ખોળતી એ ઉપર આવી અને કુસુમના દ્વાર આગળ આવી ઊભી. પોતાના સ્વાર્પણનું — પોતાની પૂર્ણાહુતિનું — પુણ્યફલ દેખી અંજાઈ ગઈ હોય એમ પ્રતિમા પેઠે સ્તબ્ધ થઈ એક કમાડમાં લપાઈ રહી ઊભી જ રહી.

ઘેલી કુસુમ હજી સુધી આરતી લઈ મલકાતી મલકાતી પતિમુખને ન્યાળી રહી હતી તે અચિન્તી કાંઈ ઊર્મિ ઊઠવાથી — એ ઊર્મિના અસહ્ય વેગના હેલારાથી — દેવની આરતી વડે જ પતિદૈવતની આરતી ઉતારવા મંડી ગઈ, પતિના મિત્રો અને આશ્રિતોની ચારે દિશાઓમાં નીચે તરવરતી દીઠેલી મોટી સંખ્યાને સ્મરતી સ્મરતી, તેના આધારભૂત પોતાના પતિના ગર્વથી ફૂલતી ફૂલતી, આરતી ઉતારતી ઉતારતી ગાવા લાગી:

‘જાગો કન્થા...ધા...રી!

હવે મારા જાગો કન્થા...ધા...રી! ’

વળી આરતીનો વેગ વધારતી વધારતી ગાતી ગઈ, ને શ્રીકૃષ્ણને કરવાનું સંબોધન પતિને જ સંબોધી, તેમાંની ત્રીજી પંક્તિ ગાતાં તો આરતીવાળો હાથ, બારી ભણી કાંઈ બતાવતી હોય તેમ લંબાવ્યો:

‘जयति तेऽधिकं जन्मना जगत्

श्रयत इन्दिरा शश्वदत्र वै।

दयति दृश्यतां दिक्षु तावकास्

त्वय धृतासवस्त्वां विचिन्वते॥ [२]

‘विचिन्वते’ શબ્દ બોલતાં પહેલાં તો તેનાથી રહેવાયું નહીં ને આરતી ફેંકી દઈ, ‘ઇન્દિરાના — લક્ષ્મીના — શાશ્વત આશ્રય’ રૂપ માનેલા પતિ-ઉર ભણી, નદી સમુદ્રમાં ધસે તેમ, ધસતી અધીરી બનેલી મુગ્ધા, લજ્જાને પ્રથમ છોડી, સૂતેલા પતિના રાત્રિના કમળપુટ પેઠે બિડાયેલા અધરપુટ ઉપર પોતાના અધરને બીજી આરતી પેઠે ધરવા જાય છે ને એનું પોપચું કંઈક ઊઘડતું દેખે છે ત્યાં એને ચમકાવનાર શબ્દ પોતાની પાછળ સંભળાયો.

કુમુદ, આ સુખસ્વપ્નથી પોતાની મર્યાદા ભૂલી જઈ ઊભી રહી હતી તે હજી વધારે ભૂલી ને તેનાથી હસી પડાયું. પરમ આનન્દનાં આંસુ તેની આંખોમાં આવી ગયાં ને મુખ વડે મોટેથી કહેવાઈ જવાયું — ત્યાંથી તો તે પાછે પગલે ખસી ગઈ પણ ખસતાં યે કહેવાઈ જવાયું કે -

‘ઘેલી મારી કુસુમ! ’



પ્રિય વાંચનાર! પંદર વર્ષે આપણો સમાગમ હવે સમાપ્ત થાય છે. તું પુરુષ હો કે સ્ત્રી હો, સાક્ષર હો કે પ્રાકૃત જન હો, રાજા હો કે પ્રજા હો, શ્રીમાન હો કે રંક હો, ત્યાગી હો કે ભોગી હો, જૂના સંપ્રદાયનો હો કે નવા વિચારનો હો-હો તે હો-સર્વથા તું જે હો તેને માટે યથાશક્તિ યથામતિ થોડી થોડી સામગ્રી આ ગ્રંથના કોઈક કોઈક પાનામાં તને મળી આવે, કે કંઈ પણ ભાવતું ભોજન ન મળવાથી કેવળ નિરાહાર પાછાં જવાનો વારો તારે ન આવે, તારે જોઈતા પદાર્થથી આવે સ્થાને બની શકે એટલી તૃપ્તિ અને એટલો બોધ અને બોધ નહીં તો સૂચના ને સૂચના નહીં તો અભિલાષસ્થાન પણ તને આ ચાર ગ્રંથોમાંથી મળી આવે, અને મનની જે વાતો પૂછવાને તારા મનને કોઈ અનુભવી, રસિક કે જ્ઞાની સન્મિત્રની અપેક્ષા હોય એ વાતોનાં સમાધાન કંઈક કરવાને તને આ ગ્રંથો કોઈ સ્થાને કંઈક અંશે મિત્ર જેવા નીવડ્યા હોય, તો આપણી મિત્રતા અને તારી સેવા કંઈક થઈ છે એમ સમજાશે; અને તેનું શુભ ફળ તારા આયુષ્યમાં કાંઈ પણ સુખનો અને કલ્યાણનો અંશ ભરશે તો આ લેખ સફળ થશે. એક નવલકથાનો લેખક તે કોઈનું એથી વધારે કલ્યાણ શું કરી શકે? — અથવા કરવાનો અધિકારી હોઈ શકે?

Farewell! A word that must be, and hath been -

A sound which makes us linger, - yet farewell !

Ye who have traced the pilgrim to the scene

Which is his last, if in your memory dwell

A thought which once was his, if on ye swell

A single recollection not, in vain

He wore his sandal-shoon and scallop-shell ;

Farewell I With him alone may rest the pain .

If such there were-with you, the moral of his strain .

— Byron's Childe Harold's Pilgrimage

નડિયાદ: વિક્રમાર્ક ૧૯૫૭: પૌષ શુક્લ ૩, સોમવાર ૨૩-૧૨-૧૯૦૦

ગો.મા.ત્રિ.

• • •

---

१ . ઘર બાંધવાનું શાસ્ત્ર જાણનારા.

१ . પ્રાસ્તાવિક

२ . તારા જન્મથી જગત અધિક જય પામે છે. ઇન્દિરા એટલે લક્ષ્મી અહીં જ શાશ્વત આશ્રય પામી વસે છે. હે પ્રિય! તારામાં જેનો જીવ છે એવાં તારાં આશ્રિતજન બધી દિશાઓમાં તરવરે છે તે જો. (શ્રીમદ્‌ભાગવત-ગોપિકાગીત ઉપરથી)

પરિશિષ્ટ
ગોવર્ધનરામની કૃતિઓ ઉપરનાં મહત્ત્વનાં લખાણોની યાદી

ગોવર્ધનરામ (અંગ્રેજી) - રમણલાલ જોશી.

ગોવર્ધનરામ - મનસુખલાલ ઝવેરી.

ગોવર્ધનરામ: ચિંતક ને સર્જક - વિ. ર. ત્રિવેદી.

ગોવર્ધનરામનું મનોરાજ્ય - રામપ્રસાદ બક્ષી.

ગોવર્ધનરામનું સાલવારી જીવન અને સમકાલીન જીવન - કાન્તિલાલ છ. પંડ્યા.

ગોવર્ધનરામભાઈ: સ્મરણાંજલિ - ચન્દ્રશંકર પંડ્યા.

ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી અને તેમની સાહિત્યસેવા - મણિશંકર દલપતરામ જોષી.

ગોવર્ધનરામ શતાબ્દી સ્મારક ગ્રંથ - સંપાદકો: વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, મગનભાઈ દેસાઈ, ઉપેન્દ્ર પંડ્યા અને યશવંત શુક્લ.

ગોવર્ધનરામ શતાબ્દી ગ્રંથ - સંપાદક: ઉપેન્દ્ર પંડ્યા

જગત્ કાદંબરીઓમાં ‘સરસ્વતીચંદ્ર’નું સ્થાન - ન્હાનાલાલ કવિ.

પંડિતયુગનું મહાકાવ્ય - વિ. મં. ભટ્ટ, ‘નિકષરેખા’માં પુનર્મુદ્રિત.

‘વસંત’નો ગોવર્ધન સ્મારક અંક (‘વસંત’, વર્ષ ૬, અંક ૩)

વિવિધ વ્યાખ્યાનો ગુ. ૧: ગો. મા. ત્રિપાઠી અને તેમની કૃતિઓ - બલવંતરાય ક. ઠાકોર.

શ્રીયુત ગોવર્ધનરામ - કાન્તિલાલ છ. પંડ્યા.

‘સમાલોચક’નો ગોવર્ધન સ્મારક અંક.

સરસ્વતીચંદ્ર - એ ક્રિટિકલ એસ્ટિમેટ - આર. આઈ. પટેલ

‘સરસ્વતીચંદ્ર’નું અવલોકન - વિશ્વનાથ પ્ર. વૈદ્ય.

‘સરસ્વતીચંદ્ર’નો મહિમા: એની પાત્રસૃષ્ટિમાં - રસિકલાલ છો. પરીખ.

SARASWATICHANDRA

Gujarati Classic fiction

Written by Goverdhanram M. Tripathi

Published by **R. R. Sheth & Co. Pvt. Ltd** .

Mumbai □ Ahmedabad

આવૃત્તિ: નવેમ્બર, ૨૦૧૩

ગોવર્ધનરામ ત્રિપાઠીનાં લખાણોની યાદી

(૧) ગ્રન્થો:

૧. સરસ્વતીચંદ્ર ભા. ૧ (૧૮૮૭)

૨. સરસ્વતીચંદ્ર ભા. ૨ (૧૮૯૨)

૩. સરસ્વતીચંદ્ર ભા. ૩ (૧૮૯૮)

૪. સરસ્વતીચંદ્ર ભા. ૪ (૧૯૦૧)

૫. સ્નેહમુદ્રા (૧૮૮૯)

૬. લીલાવતી-જીવનકલા (૧૯૦૫)

૭. દયારામનો અક્ષરદેહ (૧૯૦૮)

૮. સાક્ષર-જીવન (૧૯૧૯- ‘સમાલોચક’માં ૧૮૮૯-૧૯૦૩).

૯. Classical Poets of Gujarat and their influence of Society and Morals . (૧૮૯૪)

૧૦. નવલરામ લક્ષ્મીરામની જીવનકથા (૧૮૯૧)

૧૧. ગુજરાતના પ્રાચીન સાહિત્યના ઇતિહાસનું દિગ્દર્શન - પુરુષોત્તમ વિશ્રામ સાહિત્યમાળા, અંક ૪. (પહેલી ગુ.સા.પ.ના પ્રમુખ તરીકેનું ભાષણ (૧૯૦૫)

૧૨. યૂરોપ, એશિયા વગેરે ખંડોમાંની મહાપ્રજાઓના જનસ્વભાવનાં લાક્ષણિક દૃષ્ટાન્ત. (૧૮૯૩)

૧૩. માધવરામ-સ્મારિકા (૧૯૦૦)

૧૪. The Effects of the Custom of Early Marriages on the educational Progress of the Natives of India . કરસનદાસ મૂળજી પારિતોષિક નિબંધ (૧૮૭૬).

૧૫. Marriage Forms under Ancient Hindu Law . (૧૯૦૬)

૧૬. Betrothal among the Vadnagara Nagar Brahmins of Nadiad . (૧૮૮૮)

૧૭. Conflicts of laws between Converts and Non converts . (૧૯૦૩)

૧૮. Higher Brahminism in Ancient India . (૧૯૦૩)

(૨) લેખો:

૧. કવિતા, કાવ્ય અને કવિ એ વિષયે મિતાક્ષર. (સમાલોચક ૧૮૯૬, અંક ૧ લો)

૨. આ કાળનાં આપણાં આદિનાટકો. (સમાલોચક-૧૮૯૬, અંક બીજો, ૧૮૯૬, અંક ત્રીજો)

૩. ગુજરાતી શબ્દોની લેખનપદ્ધતિનો વિવેક. (સમાલોચક-૧૮૯૬, અંક ચોથો)

૪. ગુજરાતી લેખનપદ્ધતિ અને રા. નરસિંહરાવ ભોળાનાથ. (સમાલોચક-૧૮૯૭, અંક ચોથો, ૧૮૯૮, અંક ૧, ૨, ૩)

૫. પાશ્ચાત્ય હાસ્યરસ અને તેનું એતદ્દેશીય રૂપાંતર. (સમાલોચક ૧૯૦૪, અંક ૧લો)

૬. મિ. કેખુશરો નવરોજજી કાબરાજીની ટૂંક પિછાન (ગ્રન્થાવલોકન સમાલોચક, ૧૯૦૪, અંક ૪થો)

૭. આપણી જીવનભાવનાનાં વ્યવહારમાં જણાતાં સ્વરૂપ. (ભાષણનું ભાષાંતર-વસંત, ભાદ્રપદ સં. ૧૯૫૮, કાર્તિક સં. ૧૯૫૯)

૮. પ્રાચીન હિન્દનો ઉચ્ચ બ્રાહ્મણધર્મ (વસંત, જ્યેષ્ઠ સં. ૧૯૫૯)

૯. ગુજરાતી ક્રિયાપદની વ્યુત્પત્તિના નિયમો (વસંત, ચૈત્ર સં. ૧૯૬૦)

૧૦. કર્મ, ધર્મ ને જ્ઞાન-તત્સંબંધે દેશકાલનો વિવેક. (ગુજરાતી તા. ૨૧ તથા તા. ૨૮-૧૦- ૧૮૯૪)

૧૧. વેદ અને વેદાન્ત. (શેમાં છપાયો?)

૧૨. Rules of Conduct (સમાલોચક-૧૯૦૯, અંક ૧-૨)

૧૩. Letters to Dayaram Gidumal Esq . (ગુજરાતી ભાષાંતર સાથે - સમાલોચક ૧૯૦૯, અંક ૨, ૩, ૪; ૧૯૧૦, અંક ૧, ૨.)

૧૪. Letters to Purushottam Vishram Mavji Esq . (સમાલોચક-ગોવર્ધનસ્મારક, અંક, જુલાઈ ૧૯૦૭. ગુજરાતી સારાંશ એ જ અંકમાં, તેમ જ વસંત, ચૈત્ર સં. ૧૯૬૩માં)

૧૫. Chuni the Satee (ઈસ્ટ એન્ડ વેસ્ટ-જુલાઈ, સપ્ટે; ઓક્ટો, નવેમ્બર, ૧૯૦૨)

૧૬. The Hindu Ideal of Poverty . (ઈસ્ટ એન્ડ વેસ્ટ-જૂન-જુલાઈ, ૧૯૦૩)

૧૭. The Keystone of the Economics of Hinduism (ઈસ્ટ એન્ડ વેસ્ટ-જાન્યુ. ફેબ્રુ. ૧૯૦૫)

૧૮. The Gulf between Englishmen and Indians . (ઇન્ડિયન રિવ્યુ-જાન્યુ. ૧૯૦૬)

૧૯. The Hind Sovereign as Parent of his People . (ઇન્ડિયન રિવ્યુ-જાન્યુ. ૧૯૦૩)

૨૦. Review of Mr. Mallik's 'Problem of Existence .' (ઇન્ડિયન રિવ્યુ. એપ્રિલ, ૧૯૦૪)

૨૧. The Hindu Ideal of Sovereignty and State . (ઇન્ડિયન રિવ્યુ. એપ્રિલ ૧૯૦૫)

૨૨. Review of Mr. Manilal N. Dvivedi's Monism of Advaitism ' (ગુજરાતી- તા. ૧૬ તથા ૨૩-૨-૧૮૯૦)

૨૩. Review of Mr. Manasukharam's 'Gokulji Jhala's Life .' (રાસ્તગોફતાર તા. ૧-૬-૧૮૮૪)

(૩) કાવ્યો:

૧. કવિભોગ્ય કવિતા. (સમાલોચક-૧૯૦૪, અંક ૨)

૨. આધ્યાત્મિક કવિ અને તેની કવિતા. (એજન)

૩. અનુપમ તિમિર. (સમાલોચક-૧૯૦૪, અંક ૩)

૪. અનુપમ તેજ (એજન)

૫. પ્રણવપુરુષ. (સમાલોચક-૧૯૦૫, અંક ૧)

૬. કુરુક્ષેત્ર. (સમાલોચક-૧૯૦૫, અંક ૪)

૭. રસસુંદરી અને તત્ત્વાનંદ સ્વામી. (વસંત-ફાલ્ગુન, વૈશાખ-સં. ૧૯૬૧)

૮. સંસારપ્રતિબિંબકાવ્ય. (અરુણોદય-૧૮૯૩.)

સંપર્ક સૂત્ર



આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ.

પેઢીઓથી ઉત્તમ પુસ્તકો માટે

મુંબઈ ઑફિસ

૧૧૦/૧૧૨, પ્રિન્સેસ સ્ટ્રીટ,

અર્થ બાગ, મુંબઈ ૪૦૦ ૦૦૨

ટેલિ. +૯૧ ૨૨ ૨૨૦૧૩૪૪૧

અમદાવાદ ઑફિસ

'દ્વારકેશ' રૉયલ ઍપાર્ટમૅન્ટ પાસે,

ખાનપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૧

ટેલિ. +૯૧ ૭૯ ૨૫૫૦૬૫૭૩

E-mail: sales@rrsheth.com

Visit us at : www.rrsheth.com